RÁSA MÁLÁ

OR

THE HINDU ANNALS OF THE PROVINCE OF GUJARÁT

BY

ALEXANDER KINLOCH FORBES

TRANSLATED INTO GUJARÁTI

BY

DIWAN BAHADUR RANCHHODABHÁI UDAYARÁM

WITH A MEMIOR OF THE AUTHOR

BY

MANASSUKHARÁM SURYARÁM TRIPÁTHI

THIRD EDITION

VOL. I.

FOR

THE FORBES GUJARÁTI SABHÁ

1922

RÁSA MÁLÁ

OR

THE HINDU ANNALS OF THE PROVINCE OF GUJARÁT

BY

ALEXANDER KINLOCH FORBES

TRANSLATED INTO GUJARÁTI

BY

DIWAN BAHADUR RANCHHODABHÁI UDAYARÁM

WITH A MEMIOR OF THE AUTHOR

BY

MANASSUKHARÁM SURYARÁM TRIPÁTHI

THIRD EDITION

VOL. I.

FOR

THE FORBES GUJARÁTI SABHÁ

1922

Printed by Manilal Itcharam Desai at
THE GUJARATI PRINTING PRESS
No. 8, SASSOON BUILDINGS, CIRCLE, FORT,
BOMBAY.

Published by Uttamalal Keshavlal Trivedi, B.A., LL.B.,
High Court Pleader; Hon. Secretary, The Forbes Gujarati Sabha,
Morarji Buildings No. 5, Sandhurst Road,
BOMBAY.

Price Rs. 5-8-0.

एलेक्झान्डर किन्लॉक फार्बस रचित

रासमाळा

અથવા

ગૂજરાત પ્રાન્તનો ઇતિહાસ

તેનું ગૂજરાતી ભાષામાં ભાષાન્તરકર્ત્તા

દીવાન બહાદુર રણછોડભાઈ ઉદયરામ

મનઃસુખરામ સૂર્યરામ રચિત ફાર્બસજીવનચરિત્ર સહિત

છપાવી પ્રસિદ્ધ કરનાર

ફાર્બસ ગૂજરાતી સભા

પુનઃ શોધિત તથા વર્દ્ધિત

ત્રીજી આવૃત્તિ

ભાગ ૧ લો

સંવત્ ૧૯૭૮. સન ૧૯૨૨.

પ્રકટકર્તા
ફાર્બસ ગૂજરાતી સભાની વતી
માનદ મંત્રી
રા. રા. ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી
બી. એ. એલ. એલ. બી. હાઈકોર્ટ પ્લીડર,
મોરારજી ગોકુળદાસ ચાલ નં૦ ૫, સેન્ડહર્સ્ટ રોડ, મુંબઈ

'ગુજરાતી' પ્રિંટિંગ પ્રેસમાં
મણિલાલ ઇચ્છારામ દેશાઇએ છાપ્યું
સાસુન બિલ્ડિંગ, સર્કલ, કોટ, મુંબઇ.

મૂલ્ય રૂપિયા ૫-૮-૦

ગ્રંથકર્ત્તાની પ્રસ્તાવના.

પ્રાચીન હિન્દનો વિષય—જે ઇતિહાસકર્ત્તા અને પંડિતોનું ધ્યાન ખેંચે એવો છે તે વિષે વધારે લક્ષ આપવામાં આવ્યું છે; પરંતુ તેની સાથે સરખામણી કરતાં, તેના મધ્યકાલિક ઇતિહાસનો શોધ કરવાના, એ કરતાં જરા ઉતરતી પંક્તિના કામ ઉપર, પ્રમાણમાં ઓછું ધ્યાન આપવામાં આવ્યું છે. જો કે અશોક અને ચંદ્રગુપ્તનો સમય, શોધ કરવાને માટે વિશેષ ઉંચો વિષય છે, તો પણ તેટલા સારૂ, જે સમય ઓછો પ્રાચીન છે તે ચાલતા હિન્દ સાથે વધારે વ્યાવહારિક સંબંધ ધરાવે છે, તે વાત ભૂલી જવી જોઇયે નહિ. વળી વિશેષ એ છે કે, અર્વાચીન હિન્દથી પ્રારંભ કરીને, તેથી ગયલા પાછળના સમયો ઉપર ઉતરિયે તો તેથી આપણને પાકો આધાર મળે છે; તેમ છતાં, જ્યાં સુધી તે સમયો અંધારામાં રહી ગયેલા રહે ત્યાં સુધી, તેમના પછીના સમય ઉપર પડેલું અજવાળું ગમે એટલું પ્રકાશમાન હોય તથાપિ તે અજવાળું ગ્રહણ કરી લેવાનું કામ સંશયજનક થઈ પડે. કોઈ પરદેશી જન હિન્દની ભૂમિમાં ગમે તેટલી મુદત સુધી વસ્યો હોય તો, હાલના લોકોની ઘણી રીતભાતો અને રહેણિયો—જે લોકો થઈ ગયાને ઘણી મુદત થઈ નથી—તેઓની સ્થિતિની રહી ગયેલી નિશાનિયો છે એવું ખુલ્લી રીતે તેના જોવામાં આવ્યા વિના રહેશે નહિ—જેમ કે, દબદબાભરેલા વ્હાણનો પ્રાતિભાસિક આકાર, કે જે માત્ર આવરણે કરીને વાતાવરણમાં ચમત્કારિક રીતે વક્રીભવન થવાથી થયેલો, તે જેવી રીતે વ્હાણના નાના વિધના દેખાવ ઉંચ સ્થાને પરાવર્ત્તન પામેલા દેખાડી આપે છે (ઇટલીમાં થાય છે તેમ) તેવી રીતે, હવણાંની હૈયાત વસ્તુઓ, લાંબો વિચાર કરતાં, મૂલ વસ્તુઓનું ભાન કરાવે છે. જે લોકોનું રાજ્ય લઈ પડીને મુસલમાનોએ તેમને ઠેકાણે પોતાનું કર્યું તે જ લોકોનાં લક્ષણ, મુસલમાનના રાજ્યની નિશાનિયો હાલ રહેલી છે તેમાં, ઘણી મજબુતાઈથી અંકિત થયેલાં છે, અને તે જ ઉપરથી, પશ્ચિમના પર્વતો ભણીથી મુસલમાન લોકોના હુમલાનું ધાડું આવીને દેશમાં પડ્યું તેના પ્હેલાં આર્યાવર્ત્તની ભૂમિ ઘણાં દબદબાભરેલાં નગરોથી શણગરાયેલી હશે એવી સત્યતા ફહાડી શકાય છે. આ પ્રમાણે છતાં પણ આગળના દિવસોનો એવો મહિમા બતાવી આપનાર, વધારે ચોક્કસ નિશાનિયો છે, અને તે ઉપરથી, મહાપ્રતાપવાન કનોજ, ભોજનું કલ્પિત કથાઓમાં વર્ણવેલું નગર, ગહન યોગિનીપુર, એઓનો, છાયા રૂપે ચિતાર આપણે ધારી શકિયે છિયે. અમે લખ્યાં તે શહેરોની માત્ર હૈયાતી જ નથી, એઓની શ્રેષ્ઠતા માન્ય કરી તે દેશ કરતાં પણ

વધારે વિસ્તારવાન પ્રદેશ ઉપર કલ્યાણના રાજાઓએ પોતાનું રાજ્ય વિસ્તાર્યું હતું, અને ક્રમીમાં ક્રમી, પરમાર, ચોહાણ, અથવા રાઠોડની પંક્તિમાં આવી જાય એવા અણહિલપુરના સોલંકી હતા.


અમારા આ પુસ્તકમાં અમે વનરાજના નગરની વાત લખિયે છિયે. તેમ જ તેનો નાશ થવા ઉપરથી તેમાંથી હિંદુનાં બીજાં રાજ્ય અને સંસ્થાન સ્થપાયાં તથા જે માહેલાં કેટલાંક તો આજ સુધી ચાલતાં આવ્યાં છે તે સંબંધી પણ લખીને એ બંને ઉપર અમારા વાંચનારનું લક્ષ અમે ખેંચિયે છિયે. હું સારી પેઠે સમજું છું કે મારો વિષય,–ઇણ્ડિયન છતાં પણ માત્ર એક ચોક્કસ સ્થાન વિષે છે તે સર્વને રસિક થઈ પડવો કઠિન છે. તેમ જ, તેનું વર્ણન કરવાની મારી પોતાની ખામિયો વિષે પણ હું અજાણ છું એમ નથી. તથાપિ હું આઠ વર્ષ સુધી ગૂજરાતમાં રહ્યો છું અને તાપી નદીના કિનારાથી તે છેક બનાસ નદીના કિનારા સુધી વસનારા જૂદા જૂદા લોકોના ઘાડા સંબંધમાં કામની રૂઇયે તથા ખાનગી રીતે આવેલો છું, તેથી મને મારા આ કામમાં યોગ્ય થવાને કેટલોક લાભ મળેલો છે.

પૂર્વની વિદ્યાનું જ્ઞાન મને છે એવું ડોળ હું પ્રથમથી જ ઘાલતો નથી, તો પણ, તે સાથે મારે લખવું જોઇયે કે હિન્દુ વિદ્વાનો પાસેથી મને જોઈતો આશ્રય મળ્યો છે, અને એ વાતથી જો કે પુસ્તક રચનારની કુશળતા ઓછી થઈ જણાઈ આવે છે, તો પણ, તેથી કરીને પુસ્તકની કદર ઓછી થઈ ગયેલી વિચારવામાં આવશે નહિ.

વ્યાપારી લોકો ઘણું કરીને વિદ્યા સંબંધી વિષયમાં નિસ્પૃહી હોય છે તો પણ એક વ્યાપારી વીરચંદજી ભંડારી કરીને મારવાડનો રહેવાશી જૈન-ધર્મ પાળનારો હતો તે સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં કુશળ હતો, તેણે મને પ્રબંધ ચિંતામણિનું પુસ્તક આપીને જ માત્ર ઉપકૃત કર્યો છે એટલું જ નહિ પણ તેનું ભાષાન્તર કરવામાં તેના આશ્રયની ખરેખરી અગત્ય હતી તે તેણે પૂરી પાડી છે.

સોરઠની સીમા ઉપર વઢવાણ આવેલું છે ત્યાંના રહેવાશી દલપતરામ ડાહ્યાભાઈ છે તેમનો ઉપકૃત હું વિશેષ કરીને થયેલો છું.

મને ગૂજરાતમાં રહ્યાને ઘણા દિવસ થયા નહિ એટલામાં હું સરકારી અધિકાર ઉપર હતો તેવે પ્રસંગે મારા મ્હોં આગળ એક કાગળ રજુ કરવામાં



આવ્યો, તેમાં બે ભાટની સહિયો સાથે કટારિયોનાં નિશાન ક્હાડેલાં હતાં, તે જોઈને મારી જિજ્ઞાસા ઉદિત થઈ; પછી મેં પૂછપરછ કરવા માંડી

અને એ જાતિના લોકોમાંથી જેઓનો સમાગમ કરવો બની આવ્યો તેઓનો મેં સમાગમ કર્યો. ભાટ લોકોના ભંડારની આ પ્રમાણે મને ઝાંખી થઈ એટલે, મારી જિજ્ઞાસા શમી જવાને બદલે ઉલટી વધી. જે લોકોની પાસે રાસના ભંડાર હતા, અને જે મેળવવાની મારી ઇચ્છા હતી તે લોકોને સમજાવવાને અને ભંડારના ડાબલાનો ખુલાસો કરી લેવાને ભાટની વાતોનું જ્ઞાન મેળવી લેવાની અગત્ય હતી, તે મેળવવા માટે કોઈ દેશી માણસના આશ્રયની મને ખરેખરી અગત્ય જણાઈ. સારા ભાગ્યે કરીને, તરત જ કવીશ્વરનું નામ મને જાણ કરવામાં આવ્યું–કેમકે દલપતરામને તેમના દેશના લોકોએ એ પદ આપેલું છે, એમને મેં ઈ૦ સ૦ ૧૮૪૮ માં ઠરાવ કરીને રાખ્યા, તે દિવસથી મારા એ ઉપયોગી સાહાય્યક ઘણું કરીને મારી પાસે જ રહેતા. રાસ, વાર્ત્તા, એકઠી કરવાને, અને લેખનો ઉતારો કરી લેવાની મતલબે, ગૂજરાતના ઘણા ખરા ભાગમાં ફરવાની મેં દલપતરામને ગોઠવણ કરી આપી, તોય પણ અમારા શ્રમનો બદલો મળવાને કેટલીક વાર થઈ. અજ્ઞાનતા, અદેખાઈ, અને લોભ નડવાથી અમારે ઘણીક હરકતો વેઠવી પડી છે, તેનું વર્ણન આ ઠેકાણે જો હું આપું તો તે કદાપિ વાંચનારને ગમતભરેલું થઈ પડે ખરૂં, પણ તે નિશ્ચય કંટાળો ઉપજાવે; તથાપિ તે વિષેનો જોઇયે તેવો વિચાર, હું નીચે થોડી હકિકત લખું છું તે ઉપરથી, લક્ષમાં આવશે. મારા શોધ ઉપર 'વ્હેમાઇને' કેટલાક એમ ધારતા હતા કે છૂપો ખજાનો શોધી ક્હાડવા સારૂ સરકારે મને ઠરાવ્યો છે; વળી કેટલાક એમ ધારતા કે, આપણી જમીન સરકાર ખાલસા કરી દેવા સારૂ આપણા હક્ક સંબંધી કાંઈ સબબ શોધી ક્હાડવાનો હેતુ છે; વળી જે વહિવંચા લોકો પાસે હકિકત લખેલી હતી તેનો ઉતારો કરવા દેવાના બદલામાં ગામ ઈનામ આપવામાં આવે તો તે યોગ્ય બદલો આપ્યો ક્હેવાય એવી ઘણી વાર મને સૂચના કરવામાં આવતી હતી. છેવટે મારા સરકારી અધિકારને લીધે હું વાઘેલા, ઝાલા, અને ગોહિલ વંશના ઠાકોરોના સંબધમાં આવ્યો, અને તુરત જ મારા જાણવામાં આવી ગયું કે ભાટ લોકોને ગમે તેવી લાલચ બતાવવા કરતાં, અને ગમે તે પ્રકારે તેઓને વિનવવા કરતાં, તેમને જો તેઓ વંશપરંપરાના જેના ધરિયાગત છે એવા આ સંસ્થાનિકો ભણીથી જરા સૂચના મળે તો કામ થાય. હું મહીકાંઠાનો પોલિટિકલ એજન્ટ હતો, તેથી, ઉપરના વિચાર પ્રમાણે મારૂં કામ તે પ્રાન્તના રાજકર્ત્તાઓની સાહાય્યતાથી ક્હાડી લેવાને શક્તિવાન્ થયો એટલું જ નહિ, પણ ગાયકવાડના મુલ્કમાંથી પણ એવા પ્રકારની સુલભતા મને મળી ગઈ. (પ્રથમ તો એક વાર મને ત્યાંના કારભારિયો ભણીથી ચોખ્ખી ના ક્હેવામાં આવી હતી.) અને

વડોદરા સરકારના પાટણના સૂબા બાબા સાહેબની કૃપાથી, અણુહિલપુર જે ખરેખરી વિનોદજનક જગ્યા છે ત્યાંથી એક દ્વયાશ્રયનું પુસ્તક અને બીજી મૂલ્યવતી સામગ્રી મળી આવી.

મારૂં સરકારી અધિકારનું કામ, જે ઘણું કરીને બહુ વધારે હતું, તે-માંથી અવકાશ મળતી મારી વેળામાં, મેં વહિવંચાના ચોપડાના અને જૈનના રાસના શોધ પછવાડે જ પ્રયત્ન કર્યો છે એટલું જ નહિ પણ હિન્દુઓમાં ચાલતી પ્રત્યેક રીતભાત, અને તેમાં મુખ્યત્વે કરીને જે મારા શોધની વાતોમાં અને પુસ્તકોમાં આવતી, તેનું જ્ઞાન મેળવવાને કરેલો છે; દેવાલય, કૂવા, વાવ, અને છત્રિયો ઉપરના લેખના ઉતારા મેં કરાવ્યા છે; અને હિન્દુ શિલ્પચા-તુર્યનાં સ્થાનનાં પ્રત્યેક ખંડેર, જે જોવાને મને બની આવેલું છે તે, મેં તપાસેલું છે. આ છેલ્લા કામની મારી તપાસના કામમાં અમદાવાદનું નવું જૈનનું દેરૂં બાંધનાર કુશળ સલાટ પ્રેમચંદનો મને ઘણો આશ્રય મળ્યો છે; તેમ જ, ઘણા બુદ્ધિશાળી એવા બે સુતાર, ત્રિભોવનદાસ અને ભૂધર દયારામ કરીને હતા તેઓનો પણ એવો જ આશ્રય મળેલો છે.

આવા સમયમાં ગૂજરાત વર્નાકયુલર સોસાઇટીની સ્થાપના થઈ, અને આપણા કવીશ્વર જે એના કામને માટે સારી પેઠે તૈયાર થયેલા હતા, તેમણે ગૂજરાતમાં ચાલતા વ્હેમ સંબંધી અને જ્ઞાતિ સંબંધી બે ઇનામના નિબંધ રચ્યા; એ બંને પુસ્તકોનો ઘણો ઉપયોગ મેં આ પુસ્તકના ચોથા વિભા-ગમાં કરેલો છે.

મને ઇંગ્લંડ જવાની થોડી રજા મળી તેમાં ઇણ્ડિયા હાઉસનું દફતર-ખાનું જોવાની મને આનરેબલ ઇસ્ટ ઇણ્ડિયા કંપનીના કોર્ટ ઑફ ડીરેકટરોએ આજ્ઞા આપી, તેથી તેમાંથી મારા સંગ્રહના ઉપયોગની સામગ્રી મેળવીને મારો પ્રયત્ન હું પરિપૂર્ણ કરવાને શક્તિમાન્ થયો. મારી મ્હેનતનું ફળ હું લોકોની સેવામાં મૂકું છું, તે જેવું તેવું છે, તો પણ તે સ્થાનિક અધિકારિ-યોના ઉપયોગનું થઈ પડશે, અને વિલાયતમાંના પણ મારા થોડાક દેશિયો, જેઓના સરખી પ્રજા ગૂજરાતના હિન્દુઓ છે તેઓના લાભમાં, તેમનું લક્ષ ખેંચાવનાર સાધન થઈ પડશે.

મારો સંગ્રહ મેં જે રાસોમાંથી કરેલો છે તેઓને નામે નામ મારા સંગ્રહનું નામ મેં "રાસમાળા" રાખ્યું છે.

ભાષાન્તરકર્ત્તાની પ્રસ્તાવના.

ગૂજરાત સરખો વિસ્તીર્ણ દેશ, જેવો સૃષ્ટિસૌંદર્યથી ભરપૂર અને ચિત્તાકર્ષક છે તે પ્રમાણે ઐતિહાસિક વિષયમાં પણ તેવો જ છે. પરંતુ તે વિષે જ્ઞાન મેળવવાને જ્યાં સુધી આપણને સાધન મળ્યાં હોય નહિ, ત્યાં સુધી તે વિષેનો વિચાર આપણા મનમાં પૂરેપૂરો આવી શકે નહિ. જે પરદેશી રાજ્યોની અને આપણી વચ્ચે હજારો ગાઉનું અંતર આવી પડેલું, અને મહા વિશાળ સાગરે વચ્ચે પડીને એક બીજાને જૂદા પાડેલા, એવા દેશોનો પ્રાચીન, મધ્યકાલિક, અને અર્વાચીન ઇતિહાસ, આપણી નજર આગળ બનેલા વૃત્તાન્તની પેઠે આપણે જાણિયે, અને આપણો પોતાના જ દેશનો ઇતિહાસ, તેવાં જ રાજ્યોના ઇતિહાસ સાથે સરખાવતાં, તેવો જ મનોરંજક, તેવો જ બોધકારક, તેવો જ ખેદકારક, અને તેવો જ દેશભક્તિ ઉત્પન્ન કરાવે એવો છતાં, તેનાં ચમત્કારિક પૃષ્ઠો ઉપર દૃષ્ટિ ફેરવવાને આપણને સાધન મળે નહિ એ કેવું શોકાસ્પદ કહેવાય? આનરેબલ મિ૰ ફાર્બસે અતિશય રટણ કરીને ગૂજરાતનો મહિમા બતાવી આપનાર રાસમાળા રૂપી સાધન કરીને ગૂજરાતની સારી સેવા બજાવી છે. એ સદ્‌ગૃહસ્થે ઘણાં પુસ્તકોનું[1] મથન કરીને તેમાંથી પોતાનો અભિષ્ટ સંગ્રહ કરી લીધો છે. તે ઉપરાન્ત વહિવંચાના ચોપડા અને બીજા લેખ, તેમ જ બીજાં પુસ્તકો જોવાં હશે તે તો જૂદાં.

આ૰ મી૰ ફાર્બસે ઘણો શ્રમ વેઠીને અંગરેજી પુસ્તક બે ભાગમાં તૈયાર કર્યું છે. તેમાં તેમણે આ દેશના લોકો ઉપરનો પોતાનો ભાવ બતાવી આપ્યો છે. એવા સદ્‌ગૃહસ્થનું જીવનચરિત્ર આ પુસ્તક સાથે જોડવાને લખવાનો મારો વિચાર હતો, પણ તે કામ ઉપાડી લેવાનું કામ સભાના માનદ મંત્રી ભાઈ મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠીએ માથે લીધું તેથી મને ઘણી ખુશી થઈ, કેમકે, એ ભાઈનો એ ગૃહસ્થ સાથે ઘાડો સંબંધ થયેલો હતો તથા સભા સ્થાપન કરવાના શુભ ઉદ્દેશમાં એ ભાઇને પ્રેમપૂર્વક આશ્રય આપ્યો હતો

---

૧ પ્રબંધ ચિંતામણિ, દ્વયાશ્રય, શત્રુંજયમાહાત્મ્ય, કુમારપાળ ચરિત્ર, કુમારપાળ પ્રબંધ, ભોજપ્રબંધ, વસ્તુપાળ તેજપાળનો રાસ, કુમારપાળ રાસો, ગરૂડપુરાણની પ્રેત મંજરી, ઇત્યાદિ સંસ્કૃત તથા પ્રાકૃત પુસ્તકો, તેમ જ મારવાડી ભાષાનો પૃથુરાજ રાસો, હિન્દી ભાષામાં રત્નાવલી રત્નમાળા અને જગદેવ પરમારની વાત. અંગરેજીમાં ટૉડ રાજસ્થાનના બે ભાગ, આઇન અકબરી, મિરાતે અહમદી, એલ્ફિન્સ્ટન કૃત હિન્દુસ્તાનનો ઇતિહાસ, ફાર્બસ કૃત ઓરિએન્ટલ મેમ્વાર, ગ્રાન્ટ ડફકૃત ઇતિહાસ, ટૉડ વેસ્ટર્ન ઇન્ડિયા, ઇત્યાદિ, ઇત્યાદિ.

તેથી પ્રફુલ્લિત થતા મને કરીને, એવા સદ્દગૃહસ્થનું ચરિત્ર ઉમળકાભરેલી રીતે લખાય તે નિઃશંક ઉત્તમ જ થાય; અને થયું છે પણ તેમ જ, તે આ પછીનાં પૃષ્ઠો તેમની મેળે જ બતાવી આપશે.

અમદાવાદના મગનલાલ વખતચંદે કુમારપાળ રાસા ઉપરથી રાસમાળાના ધોરણે ગૂજરાતનો લઘુ ઇતિહાસ રચ્યો છે. પરંતુ તે કરતાં વધારે વિસ્તારવાળો એક ઇતિહાસ રચવાની ઘણી અગત્ય હતી અને તે રચવાનાં સાહિત્ય એકઠાં કરીને તેમાં આજ સુધી ડાકટર ભાઉ દાજી સરખા વિદ્વાનના નવા કરેલા શોધનો ઉપયોગ કરવાનો મારો વિચાર હતો, પણ તેમ કરવાને કેટલોક વિલંબ હોવાને લીધે ફાર્બસ ગૂજરાતી સભાએ રાસમાળાનું ભાષાન્તર કરાવવાનો ઠરાવ કર્યો તેનો મેં લાભ લીધો છે. નજરચૂકથી અથવા જૂદી રીતે અર્થ સમજવાથી અંગરેજી પુસ્તકમાં જે જુજ ચૂકો રહી ગઈ છે તે મારાથી બની આવ્યું તેમ મેં સુધારી લીધી છે, અને તે વિષે ટીપમાં જણાવેલું છે, તેમ જ, જે ઠેકાણે વિશેષ સૂચન આપવાનું મને યોગ્ય જણાયું છે તે ઠેકાણે ટીપ આપીને તે પણ જણાવેલું છે. આ પ્રમાણે બનતી કાળજી રાખતાં છતાં પણ, આવડા મ્હોટા પુસ્તકમાં અલબત્ત મારાથી ચૂકો થઈ ગઈ હશે તો "મનુષ્ય પ્રાણી ભૂલ કરવાને પાત્ર છે" એ વાત ધ્યાનમાં રાખીને વિદ્વાનોએ ક્ષમા કરવી.

રાસમાળાના બે ભાગમાં થઇને ચાર વિભાગ છે, તેમાં ત્રણ વિભાગ તો ઇતિહાસવિષયક છે, અને ચોથો રીતભાત અને વ્હેમ વિષે છે.

આ પુસ્તકમાં જે ચિત્ર આપ્યાં છે તે સિવાય બીજી આકૃતિયો દાખલ કરવાની ધારણા હતી અને તે વિષેનું વર્ણન લખતાં આકૃતિ જેવાનું સૂચન પણ કરવામાં આવેલું છે, પણ તે આકૃતિયો વિલાયતથી આવી શકી નથી.

રણછોડભાઈ ઉદયરામ.

બીજી નવી આવૃત્તિ વિષે સૂચન.

પ્રથમ આવૃત્તિ પ્રસિદ્ધ થયાંને આજે ત્રીશ વર્ષ થઈ ગયાં છે. હવણાં તે મળી શકતી નથી, વળી તેનું મૂલ્ય ભારે હોવાથી ધનના ઓછા સાધનવાળા સામાન્ય પુરૂષો લઈ શક્યા નથી. ગૂજરાત વર્નાક્યુલર સોસાઈટીના સ્થાપકે રચેલો ગૂજરાતનો ઇતિહાસ, બને તેટલો વધારે પ્રસિદ્ધિમાં લાવવાના હેતુથી, ગૂજરાત વર્નાક્યુલર સોસાઇટિયે ફાર્બસ ગૂજરાતી સભા પાસેથી નવી આવૃત્તિ પ્રસિદ્ધ કરવાની પરવાનગી મેળવી છે; અને મૂલ્ય ઘણું ઓછું કરી નાંખ્યું છે, તેથી આ પુસ્તકનો લાભ ઘણા જન લઈ શકશે. આ પુસ્તક છપાતાં પ્હેલાં તેમાં જે સુધારોવધારો કરવાનો હોય તે કરવાને મને સૂચવવામાં આવવાથી મેં તે કામ પ્રીતિપૂર્વક કર્યું છે, અને તેમ કરવામાં જ્યાંથી જેજે પુસ્તકનો મેં આશ્રય લીધો છે તેનું નામ તે પ્રસંગમાં જણાવ્યું છે. હજી પણ કેટલાંક સ્થળ સંશયભરેલાં રહ્યાં છે. પૃથ્વીરાજ રાસામાં આવેલી કેટલીક વાતો સંશય ભરેલી છે તે વિષે ઝઘડો મચી રહ્યો છે તેનું જોઇયે તેવું નિરાકરણ હજી લગણ થયું નથી.

સસ્તું પુસ્તક થવા માટે પ્રથમ આવૃત્તિમાં આપેલાં ચિત્ર આમાં દાખલ થઈ શક્યાં નથી.

ભુજ–કચ્છ.
માઘ શુદિ ૧૩ સંવત્ ૧૯૫૫.

રણછોડભાઈ ઉદયરામ.

ત્રીજી આવૃત્તિ વિષે
ભાષાન્તરકર્ત્તાના બે બોલ

આજે લગભગ ૨૩ વર્ષે ત્રીજી આવૃત્તિ છપાવાનો અવસર આવ્યો છે. અને ગૂજરાતી ફાર્બસ સભાએ જ એ કામ ઉપાડી લઈને પોતાની અમદાવાદી બ્હેનને ખોળે મૂકેલું બાળક પાછું પોતે સંભાળી લીધું છે. ચિત્રરૂપી અલંકાર સહવર્ત્તમાન બાળકને અડવું નહિ રાખતાં ચિત્રરૂપી અલંકાર પાછા તેને અંગે ધારણ કરાવ્યા છે.

ફાર્બસ મહાશયને રાસમાળાનું ભાષાન્તર ગૂર્જર ભાષામાં કરાવવું હતું. આ કામની યોગ્યતા જોઈને તેવા પુરૂષની ભલામણ કરવા વિષે તેમણે તે વેળાના ઉત્તર પ્રાન્તના એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર મિ૦ હોપને લખ્યું. તેમણે મારૂં નામ નિવેદન કર્યું. જે સમયે હું અમદાવાદમાં હતો. એટલે ન્યાય ખાતામાં ગોપાળરાવ હરિ દેશમુખ હતા તેમને તેમણે લખ્યું. એઓ પણ મારા પરિચિત હતા. મને પત્ર બતાવીને મુંબઈ જવાની ભલામણ કરી તે સમયે મારાથી અમદાવાદ છોડાય એમ ન્હોતું. મારી વાત તો અહિંથી અટકી.

પછવાડેથી મારા જાણવામાં આવ્યું કે ફાર્બસ મહાશયે બીજા કોઈને શોધી ક્હાડવામાં તેઓ પોતાના અવસાન સુધી ફાવ્યા નહિ. આ રીતે કામ મોકુફ રહેલું ફાર્બસ ગૂજરાતી સભાએ ઉપાડ્યું. પરીક્ષકસમિતિ નીમીને ભાષાન્તરના નમુના મંગાવ્યા. મારી પાસે ભાષાન્તર કરાવવાની સાહેબ મોસુફની સબળ ઇચ્છા હતી એ વાત લક્ષમાં રાખીને મેં પણ મારો નમુનો મોકલ્યો, અને તે સફળ નિવડ્યો.

બીજી અને ત્રીજી આવૃત્તિ સુધીનું કાર્ય મારા જ હસ્તક ચાલતું રહી શક્યું છે.

લોકોપયોગી સસ્તી આવૃત્તિ છપાવાની વૃત્તિ અમદાવાદની ગૂજરાત વર્નાક્યુલર્ સોસાઇટીને થઈ અને તે સમય સુધીના નવા ઐતિહાસિક બનાવો તેમાં ઉમેરી આપવાનું કામ મને સુપ્રત કર્યું, એ વિષે બીજી આવૃત્તિના સૂચનમાં એ વાત નિવેદન કરી છે.

બીજી આવૃત્તિમાં, ઘણાં પુસ્તકોનું સંશોધન કરીને મેં જ્યાં જે દાખલ કરવાનું હતું ત્યાં તે કર્યું છે. પરંતુ માથા કરતાં મનોહર મ્હોટું થાય નહિ એ વ્યવહારસ્થિતિને અનુસરીને અંગરેજી મૂળ ગ્રંથમાં જેટલો વિષય હતો તેટલો જ આ આવૃત્તિમાં રાખવાનો હેતુ સાચવ્યો છે, છતાં જ્યાં અગત્ય જણાઈ ત્યાં એવો ઉમેરો રહેવા દીધો છે અને તે કાંઈ ઓછો નથી.

જે ફાડી લીધો તે ભાગ **રાસમાળાપૂર્ણિકા** એવું નામ આપીને રાસમાળાનો ત્રીજો ભાગ જૂદો પાડવાની અગત્ય આવશ્યક જણાઈ છે.

વાઘેલાઓનો વિશેષ વૃત્તાન્ત મૂળ અંગરેજી પુસ્તકમાં દાખલ કરી શકાય એવાં સાધન ફાર્બસ સાહેબ પાસે મોજુદ હતાં, છતાં, તે ગમે તે કારણથી પરિપૂર્ણ તેમને હાથે બની શક્યું નથી. આ વૃત્તાન્ત લગભગ ૧૦૦ પૃષ્ઠ ઉપરાન્તનો મેં બીજી આવૃત્તિના પ્રથમ ભાગમાં લખીને દાખલ કર્યો હતો તે તે સ્થાનેથી ફાડી લઈને રાસમાળાપૂર્ણિકામાં ગોઠવી દેવામાં આવશે.

મુંબઈ ચોપાટીને માર્ગે નેમાણી
ભવન તા૦ ૧૮ મી જુન
સન ૧૯૨૨, જેઠ વદિ
૯ મી સંવત ૧૯૭૮.

રણછોડભાઈ ઉદયરામ

અનુક્રમણિકા

વિભાગ ૧

फार्बसजीवनचरित्र.[1]

A MEMOIR OF THE LATE HON'BLE ALEXANDER KINLOCH FORBES.

શાર્દૂલવિક્રીડિત.

જેવી રીતિથી પુષ્પવાસ તિલમાં સ્થાયી થઈ જાય છે;
નિરાકાર સગુણ આવી ગુણીમાં આકારી દેખાય છે;
વિવેકી ગુણગ્રાહી તે અતરની લે મસ્તકે વાસના;
સત્પાત્રો ગુણ નિર્ખિ સદ્દ્વત્ બને, ધન્યાંગી સદ્દ્વાસના.[2]

આપણા દેશનું કલ્યાણ ઈચ્છનાર અને કરનાર, સમભાવી, દેશીઓના પ્રતિપાલ, ઉદાર, ગુણી, સહૃદયહૃદયવાન્, પ્રેમી, કુલીન, અને સ્વધર્મજ્ઞ, વિરલ પરદેશીય રાજપુરૂષોમાંના એક; ગૂર્જરાતની કીર્તિનો જીર્ણોદ્ધારકર્તા, અને ગૂર્જરના અસ્ત પામતા સ્તુતિપાઠક-ભાટ ચારણાદિ કવિઓની કૃતિને સ્તંભાવીને તે કવિઓના પણ કવિનો અર્થ સારનાર અલેક્સાન્ડર કિન્લાક ફાર્બસ, મૂલ એક કુલીન વંશમાં તારીખ ૭ મી જુલઈ સન ૧૮૨૧ માં લણ્ડન નગરમાં અવતર્યા હતા. 'પૂર્વજ પ્રમાણે પ્રજા, પવન પ્રમાણે ધ્વજા,' એ યથાર્થ છે. ફારસીમાં પણ એવા જ અર્થની કહેવત છે કે: 'તુખ્મ તાસીર સોબત અસર,' એટલે જેવું બીજ તેવો ગુણ; જેવો સંગ તેવો રંગ.

ફાર્બસ વંશના આજથી સાતસેં વર્ષ ઉપરના મૂલ પુરુષોમાંથી એક જોન નામનો પુરુષ સ્કાટલંડમાં આવી રહ્યો. તેના પરાક્રમથી તેને એક પ્રગણું ભેટ આપવામાં આવ્યું. તેનો એક પ્રપૌત્ર સ્કાટલંડના રાજાની કન્યાને વર્યો હતો. તે બેના પુત્રનું નામ જેમ્સ ફાર્બસ હતું. તેના ઉત્તરાધિકારીઓએ કેટલાંક ઉચ્ચ પદ રાજદ્વારમાં મેળવ્યાં હતાં. તેઓમાંના કેટલાકે ધર્મોપદે-

---

૧ આ જીવનચરિતની પ્રથમાવૃત્તિ વિક્રમ સંવત્ ૧૯૨૫ માં પ્રસિદ્ધ થઈ હતી, તેની શુદ્ધિ વૃદ્ધિ થઈ દ્વિતીયાવૃત્તિ વિક્રમ સંવત્ ૧૯૫૩ માં મુદ્રાંકિત થઈ હતી, અને આ તૃતીયા આવૃત્તિ પુનઃ સંવત ૧૯૭૮ માં મુદ્રાંકિત થાય છે.

૨ સદ્દ્વાસના અંગી ધન્ય છે, અર્થાત્ જેના અંગમાં સારા ગુણોના વાસ છે એવા ધન્ય-સાબાશ-છે.

વિભાગ ૨.

પ્હેલા ભાગનાં ચિત્રોની અનુક્રમણિકા

શકનું પવિત્ર કામ પણ કરેલું છે. ફાર્બસ વંશના મુખ્ય ક્રમાનુયાયી અજી ભારે ભૂમિસ્વામી-વતની-છે અને લાર્ડ ફાર્બસનું પદ ભોગવે છે.

આપણા ફાર્બસની પાસેની શાખા શોધતાં તે નીચે પ્રમાણે જાણ્યામાં આવે છે.

પૂર્વે સર. એન્ડ્રુ. મિચેલ નામે એક ગૃહસ્થ ગ્રેટ બ્રિટનનો રાજ-પ્રતિનિધિ મંત્રી, (Envoy Extraordinary and Minister Plenipotentiary to the Court of Prussia) પ્રસ્સિયાના રાજદ્વારમાં સન ૧૭૫૬ થી ૭૧ સુધી હતો. તેને અને સર. આર્થર ફાર્બસને દૃઢ મૈત્રી હતી. તેના સ્મરણમાં સર. એન્ડ્રુ. મિચેલે પોતાનાં ભૂમિ, ધન આદિ સર્વસ્વ તે સર. ફાર્બસને અર્પણ કર્યું. સર. આર્થર ફાર્બસે પોતાના બીજા પુત્રને અને તેના દાયાદોને (વારસોને) તે વતન દાયાદમાં (વારસામાં) આપ્યું. તે એવા નિયમથી કે વારસા સાથે તેના મિત્રનું મૂલ મિચેલ નામ પણ તે દાયાદ ધારણ કરે. આપણા ફાર્બસનો પિતા મિ. જાન ફાર્બસ મિચેલ તે એ સર આર્થર ફાર્બસનો પૌત્ર થાય. તેઓનો સ્વદેશ સ્કાટલન્ડમાંનો આબરડીન નામે પ્રાન્ત છે, તે પ્રાન્ત ભણીથી પ્રતિનિધિ થઈ સર આર્થર ફાર્બસ બહુ વર્ષ સુધી રાજ્યસભામાં વિરાજ્યા હતા. સર આર્થર ફાર્બસ, બીજા લાર્ડ ફાર્બસનો અને સ્કાટલન્ડના પ્રથમ અર્લ મારશાલ ઉલિયમની પુત્રી લેડી કીથનો પુત્ર, ધી. આનરેબલ સર પાટ્રિક ફાર્બસ, તેના વંશમાંનો એક પુરુષ હતો. તે સર આર્થર ફાર્બસ, બુચાનના અર્લ અર્સ્કિન્સ અને લાર્ડ ફ્રેઝરના વંશમાંની કન્યા સાથે પરણ્યો હતો.

ફાર્બસનાં માતાજી સર થામસ બ્રાઉનના વંશનાં હતાં, જે ગૃહસ્થે Hydriotophia અને Religio Medici નામે સારા ગ્રંથો રચેલા છે, અને જે અજી પ્રશંસાપાત્ર ગણાય છે. એમ ઉભય પ્રકારથી-રાજમૂલક કુલીન પિતૃવંશથી અને વિદ્વાન્ માતૃવંશથી-ફાર્બસ ઉત્તમ કુલના હતા; અને પોતાની કુલદીપકતાથી 'પૂર્વજ પ્રમાણે પ્રજા' એ વાક્ય સપ્રમાણ કર્યું હતું.

એ રીતિએ જે ઉત્તમ રાજમૂલક કુલમાં આપણા ફાર્બસ જન્મ્યા હતા, તે ઉત્તમ વંશોના શુભ અંશ તેનામાં કેવા હતા, એ તેના સુચરિત્ર ઉપરથી આપણને સ્પષ્ટ જણાશે જ. બાલ્યાવસ્થાનું તેનું ભવિષ્યસૂચક ચરિત્ર જાણવાને આટલે દૂર દેશ આપણી પાસે કંઈ સાધન નથી. તથાપિ વિદ્યાસંપાદને કરતાં, પોતાની વિદ્યા ઉપરની રુચિને લીધે, તે દીપતા હતા, એ આદિ કંઈક જાણ્યામાં આવ્યું છે. ઉચ્ચા વિદ્યા અને ઉચ્ચા કલાઓ ઉપર તેને બહુ ભાવ હતો. એ વિદ્યાર્થી હતા ત્યાંથી જ એનું મન, સ્વાભાવિકી રીતિએ એવા

દૃઢ સંસ્કાર પામ્યું હતું કે, તે વિદ્યામૃતનું પાન કરતાં મરણ સુધી તૃપ્ત થયું ન હતું. એક સમયે એની વૃત્તિ શિલ્પશાસ્ત્રી (Architect) થવાની થઈ હતી; અને તેથી ઈંગ્લન્ડના પ્રખ્યાત શિલ્પશાસ્ત્રી મિ. જ્યાર્જ. બાસ્સેવિની પાસે એક શિષ્ય રૂપે અષ્ટ માસ સુધી તે રહ્યા હતા.

પછી અત્ર રાજ્યકર્ત્રી મંડલી ધી આનરેબલ ઇસ્ટ ઇન્ડિયા કમ્પની, તેની 'સિવિલ સર્વિસ'માં એનું નામ નોંધાયું, તેથી હેલીબરી પાઠશાલામાં અભ્યાસ કરવા તે ગયા. ત્યાં તેણે સારી ખ્યાતિ મેળવી હતી. પારિતોષિક (ઈનામ) પણ ત્યાં તેણે બહુ મેળવ્યાં હતાં. યુરોપમાં સંસ્કૃત ભાષાનો મધુર સ્વાદ ચખાડનાર પ્રખ્યાત ન્યાયાધીશ સર ઉલિયમ જોન્સના સર્વ ગ્રંથો, એના શાલાસ્નેહીઓથી કે પછી પાઠશાલામાંથી એને અર્પણ કરવામાં આવ્યા હતા. એ ગ્રંથો ફાર્બસને બહુ માનીતા હતા. એક પ્રસંગે પોતાની પુસ્તકશાલા દેખાડતાં એ ગ્રંથો આવ્યા ત્યારે સદભિમાનથી પ્રસન્ન મુખે ફાર્બસ સાહેબે કહ્યું કે 'મને એ પ્રીતિદાનમાં મળ્યા છે; અને એમાંના વિષયો ઉત્તમ છે.' 'મિત્ર પ્રમાણે મતિ અને ગ્રંથ પ્રમાણે ગતિ,' એ સત્ય છે. સારા મિત્રો, અને ગ્રંથો, સારા સંસ્કાર કરે છે અને તેથી અંતઃકરણ, સારૂં થાય છે. અને તે સારા અંતઃકરણમાંથી બહુ કલ્યાણકારી પ્રવાહ નિઃસરી અનેકને સુખી કરે છે. ફાર્બસ સાહેબને મહાકવિ શેક્સપીઅરના લેખ ઉપર બહુ પ્રીતિભાવ હતો. તેનો દૃઢ અભ્યાસ ફાર્બસના લેખ ઉપરથી સ્પષ્ટ પ્રતીત થાય છે. ફાર્બસના લેખોમાં શેક્સપીઅરની કવિતાનાં અવતરણો વારંવાર આવે છે.

તા૰ ૩૦ મી ડિસેમ્બર સન ૧૮૪૨ ને દિને મુંબઈ પ્રાન્તની સિવિલ સર્વિસમાં ફાર્બસ સાહેબ નિમાયા, અને સન ૧૮૪૩ ના નોવેમ્બરની ૧૫ મી તારીખે તેણે ભરતખંડમાં પ્રથમ પગ મૂક્યો. તે જ માસની તા૰ ૨૦ મીને દિને અહમદનગરના કલેક્ટરની નીચે,—હિન્દુસ્થાની ભાષામાં પરીક્ષા આપી પ્રસાર થાય ત્યાં સુધી,—ફાર્બસ સાહેબને રાખવામાં આવ્યા. ધારણાશક્તિ તેનામાં અસાધારણ હતી, તેથી થોડાક જ માસમાં હિન્દુસ્થાની ભાષા શીખી લીધી. તા૰ ૧૦ મી જાન્યુઆરી સન ૧૮૪૪ માં પરીક્ષા ઉત્તર્યા. હાલમાં આપણી ધારા બાંધનાર અને ચલાવનાર મંડલીના સભાસદ ધી આનરેબલ બી. એચ એલિસ, એ પરીક્ષામાં આપણા ફાર્બસની સાથે હતા. એ બન્ને ગૃહસ્થો એવી સારી રીતિએ પરીક્ષા ઉત્તર્યા કે તે વિષે તા૰ ૧૭ મી જાન્યુઆરી સન ૧૮૪૪ ના બામ્બે ગવર્નમેન્ટ ગાઝેટમાં સરકાર તરફથી લખવામાં આવ્યું છે કે—

"ધી ગવર્નર ઈન કૌન્સિલ ધારે છે કે, આ પરીક્ષાનો પરિણામ મે૦ ફાર્બસ અને એલિસને બહુ કીર્ત્તિકર છે. હિન્દુસ્થાનમાં આવ્યા પછી ફાર્બસ બે માસમાં અને એલિસ એક માસમાં પાસ થયા છે."

પરીક્ષામાં ઉત્તર્યાં પછી ત્રીજે જ દિવસે અહંમદનગરના ત્રીજા આસિસ્ટન્ટ કલેક્ટરની જગ્યા મિ૦ ફાર્બસને આપી. ત્યાર પછી તા૦ ૧૦ મી અકટોબર સ૦ ૧૮૪૪ ને દિને તેણે મહારાષ્ટ્ર ભાષાની પરીક્ષા આપી. તા૦ ૮ મી નોવેમ્બર ૧૮૪૪ માં ખાનદેશના બીજા આસિસ્ટન્ટ કલેકટર નિમાયા. પછી તા૦ ૬ ઠી એપ્રિલ સ૦ ૧૮૪૬માં સદર અદાલતના આક્ટિંગ ડેપ્યુટી રેજિસ્ટ્રાર, અને તેને ત્રીજે જ દિવસે એટલે તા૦ ૮ મીને દિને અમદાવાદના 'આસિસ્ટન્ટ જજ'(સહાયકારી ન્યાયાધીશ)નું પદ મળ્યું, પણ તેજ વર્ષના નોવેમ્બર માસ સુધી 'ડેપ્યુટી રેજિસ્ટ્રાર'નું કામ ચલાવવા તેને મુંબઈમાં રાખ્યા હતા.

પ્રથમ સન ૧૮૪૬ ના નોવેમ્બર માસમાં અમદાવાદમાં ફાર્બસની શુભ ચરણ થયાં. ગૂર્જરાતના ભાગ્યોદયનો અવતાર થયો તે એ જ સમયમાં એમ કહિયે તો ચાલે.

ગૂર્જરત્રા અથવા ગૂર્જરાષ્ટ્ર—'ભરતખંડની દુજણી ગાય;' ગૂર્જરાષ્ટ્ર—ઈશ્વરલીલાની એક વાટિકા; ગૂર્જરાષ્ટ્ર—જેનાં, થોડાં જ વર્ષો ઉપર મહાપ્રતાપી વનરાજ, ક્ષત્રિયકુલદીપક ભીમદેવ, અને સિદ્ધરાજ જેવા મહાકીર્ત્તિમન્ત રાજાધિરાજો સ્વામી હતા; ગૂર્જરાષ્ટ્ર-જેમાં સોમનાથ જેવું જગતવિખ્યાત દેવાલય એક સમયે અખિલ જગતનું ચિત્ત આકર્ષતું; ગૂર્જરાષ્ટ્—જેમાંના ક્ષત્રિય રાજપુત્રો, એક સમયે ક્ષત્રિય ધર્મ યથાર્થ સમજી, કીર્ત્તિનો દેહ પામવા જયના કુંડ આગળ સર્વસ્વ મહાપ્રેમપૂર્વક અર્પણ કરતા; આ ક્ષણિક સ્થૂલ દેહ કરતાં અમર યશોદેહને નિષ્કલંક રાખવાનું લક્ષ જેઓને સદાકાલ લાગી રહ્યું હતું; જે શૂરવીર રાજપુત્રોના છત્રની છાયા નીચેનાં ધ્વજાપતાકાએ અને વાદિત્રઘોષે—નિશાન ડંકાએ—સુભટોના કાનમાં કેટલાંક વર્ષ સુધી તો "જય જય જય"ના મંગલ સિંહનાદ વિના અન્ય શબ્દ જ પડવા દિધેલા નહિ, જેઓએ વિમુખ એ શબ્દ જાણેલો નહિ; કાલધર્મથી અસ્ત પામતાં પણ જે સુવંશના કરણ રાજાએ ક્ષત્રિય ધર્મના બહુ અંશ પોતામાં દર્શાવેલા, દુર્દૈવ અંતે અજય અને વિનાશ થયો તથાપિ તેના અંતઃપટમાં જે ક્ષત્રિય વંશના શૌર્યાદિ પુરુષાર્થના,—તેજ ક્ષીણ થઈ શાન્તિ પામતા, પણ લોહીવર્ણ લાલ ઉષ્ણ—કિરણો, દેશાભિમાની મર્મજ્ઞ દેશીયો અને અનુકંપાવાન્ ઉદાર પરદેશીયોનાં મનને અદ્યાપિ ખેદાત્મક આનંદ આપે છે, તે ક્ષત્રિયોનાં જ્યાં સન

૧૩૦૦ સુધી રાજ્ય હતાં; એવો ગૌરવાન્વિત ગૂર્જર દેશ; જે ગૂર્જર દેશ સંબંધમાં રત્નમાલાનો કૃષ્ણજિત્ કવિ, શંકર કવિના મુખદ્વાર કાન્યકુબ્જની રાજધાની કલ્યાણમાં આવી મહારાજશ્રી ભૂવર સમીપ પંચમ રત્ન વિષે વદે છે કેઃ—

"મહીકો ઉત્તમ અંગ કહાવે, જહાં સુ ગૂર્જરદેશ સુહાવે,
જલ–તૃણ–દ્રુમયુત મહી રસાલા, ધન સંપૂર્ણ હિ લોક દયાલા. ૨૦
+ + + + +
તહાં બડી વિદ્યાકી શાલા, રહી પ્રત્યક્ષ તહાં અજબ્બાલા. ૨૭
દ્રવ્યસાર પારસમણિ, વપુમેં વદન કહાત,
સાર તરુનકો ફલ જ્યુંહિ ઉર્વીસાર ગૂજરાત" ૨૫

અહો! એવી ગુર્વી ગૂજરાત! જહિ પછી ઉદયાસ્તનો નિયમ લાગુ પડી અન્ધકાર થયો. જે અન્ધકારના કાલમાં, સદ્‌ગુણ માત્ર ઉપર ત્રાસદાયક બલાત્કારના પ્રહાર પડતા તે રૂઝવા વેલા જ આવતી નહિ. જે અન્ધકારના રાજ્યમાં મનુષ્ય પ્રાણીને સાર્થક કરનાર ગુણો ઉપર,–અથવા જે ગુણોથી મનુષ્યપ્રાણી અવર પ્રાણીથી ઓળખાઈ મનુષ્ય કહેવાય છે, એવા વ્યાવર્તક ગુણો ઉપર–દુઃસહ ભાર આવી પડ્યો તેથી પાંચસે ઉપર વર્ષ લગી તે ગુણો ચગદાઈ રહ્યા હતા, તે અન્ધકારનો અંત આવવાની ક્રિયાઓનો આરંભ આલ્યો, તેવા સંધિમાં આપણા ફાર્બસ સાહેબનું અમદાવાદમાં પધારવું થયું.

ગાયકવાડ અને પેશવાની વારા ફરતી ચડતી પડતી ગૂર્જરાતમાં થતી, તે તે વારામાં તેઓના અધિકારીઓ ગૂર્જરાતને ચૂસતા; ગૂર્જરાત એક અને તેને ચૂસનાર ક્ષુધાતુર અનેક. એટલે ગૂજરાતની દુર્દશામાં શી ન્યૂનતા! સન ૧૮૧૮ સુધી ગૂર્જરાતવાસીથી નિર્મલ વસ્ત્ર પણ પહેરાતાં નહિ. કોઇને ઊજળો દીઠો તો ચાડિયા તૈયાર હતા. તેઓ ચાડી ખાય અને તે પ્રમાણે તે કાલના મૂર્ખ રાજાના અતિ મૂર્ખ અધિકારીઓ તેને લુંટે. ધન નામ ધરનારા સર્વે પદાર્થોને પૃથિવીમાં ડટાઈ રહેવું પડતું હતું. તહિ પૃથિવીના સંગમાં સંતાઈ રહેતો ક્ષય, પોતાનું પરિપૂર્ણ બલ ચલાવી પૃથિવીને અધીન થયેલા ધનનો નાશ કરતો. તે કાલમાં સર્વે વિપરીત જ દીઠામાં આવતું. લક્ષ્મી–જે અંતરમાં મલિના પણ ઉપરથી પ્રકાશી બહુનાં મન હરણ કરી ફાંફાં મરાવે છે, તે લક્ષ્મીએ બાહ્ય–ઉપર–પણ મલિન રહેતી, એટલું જ નહિ પરંતુ સરસ્વતી જે ઉજ્જ્વલ પ્રકાશવતી, કાન્તિમતી અને સદા ઉચ્ચ સંગે સ્વતંત્ર વસનારી–તેની પણ વિપરીતા દશા તે કાલે હતી. સરસ્વતી બંધનમાં બંધાઈ ભૂયરાં રૂપા બંદિશાલામાં પડેલી! જેને સુગડ પંડિતો સેવે તેને કનિષ્ઠ કીટોએ–ઉધાઇઓએ–સેવવા માંડેલી! ગૂર્જરાતમાં જ્યાં ત્યાં અક્ષર–શત્રુ વિના બીજું

કોઈ દીઠામાં જ આવે નહિ, અદૂરદૃષ્ટિ રાજાના દુષ્ટ બિલાડા જેવા કાર્યભારીઓના ત્રાસથી રંક પ્રજા ઉંદરની પેઠે પોતાના દરમાં જ ભરાઈ બેસી રહે. જ્યાં ત્યાં બલાત્કાર, અન્યાય, અનીતિ, વ્યભિચાર, આદિ દુર્ગુણોનો પરિવાર મહાલી રહેલો. અરે! ઇતિહાસમાં વાંચતાં, અને કોઈ ઘરડા માણસનાથી સાંભળતાં, આજ પણ કમકમી આવે એવી અવસ્થામાં ગૂર્જરાત પડી રહ્યું હતું. એવા અંધકારમાં ઇસ્વી સન ૧૮૦૦ ના વર્ષથી કહિં કહિં કિરણ દેખાવા માંડ્યાં. અને સન ૧૮૧૮ માં આપણા ગૂર્જરાતમાં ઈંગ્લિશ રાજ્ય થયું, અને અંધકાર ખસવા માંડ્યો. એ સંધિમાં ફાર્બસ સાહેબ આવ્યા. ગૂર્જરાતની ફલદાત્રી વાટિકા દૂરસ્થ રાજાના જંગલી કાર્યભારીઓથી ભિલાડી મૂકાઈ હતી. ઘણાં વર્ષ સુધી ગૂર્જર ક્ષેત્ર વાવેતર વિનાનું પડતર પડી રહી અધિક ફલ આપે એવું થયું હતું. તે સમયમાં ફાર્બસ જેવા 'માલી'નું ત્યાં આવવું થયું.

ફાર્બસ સાહેબ વિદ્યામાં અને કલામાં ઉભયમાં કુશલ હતા. વિદ્યાનો પ્રકાશ કલા ઉપર અને કલાનો પ્રકાશ વિદ્યા ઉપર નાંખી, ઉભયના સાધનથી પ્રકટતા સિદ્ધાંતો કરવા ફાર્બસ સાહેબ સમર્થ હતા. ગૂજરાતની ભવ્યા શિલ્પકૃતિ જોઈ તેઓને લાગ્યું કે કોઈ પૂર્વે થઈ ગયેલા પ્રતાપી લોકના મહિમાનાં એ અવાચિક ચિહ્ન છે. પોતે કુલીન તેથી કુલીન ચિહ્નવાન્ પણ દીન થઈ ગયેલા ગૂર્જરાતસહ સમભાવ થઈ તેને અંતઃકરણથી દયા આવી. તેનો પરિણામ એ થયો કે ગૂર્જરાતનો અનુગ્રહ કરવા તે તત્પર થયા. તેનું આધુનિક સમયને અનુકૂલ સમર્થ સાધન ઐતિહાસિક લેખ છે. તે ઐતિહાસિક લેખ–**રાસમાલા** નામે–પ્રીતિભાવથી લખી ગૂર્જરના સમર્થ મહાકવિનો અર્થ ફાર્બસે સાર્યો છે.

દુહો–કરનલ ટાડ કુલીન વિણ, ક્ષત્રિયયશ ક્ષય થાત;
ફાર્બસ સમ સાધન વિના, ન ઉદ્ધરત ગૂજરાત.

કલા ઉપર વિદ્યાનો પ્રકાશ (તાપ અને તેજ) પાડી તેને વાગ્મિની કરવાનો ફાર્બસે નિશ્ચય કર્યો. એ હેતુથી દેશીયવિદ્યાનો શોધ કરવા માંડ્યો. પ્રથમ રા. ભોગીલાલ માસ્તર પાસે શીખવા માંડ્યું. તેમાં સ્વાદ લાગ્યાથી વિશેષ અભ્યાસ કરવા સારૂ અભિરુચિ થઈ, અને રા. ભોલાનાથ સારાભાઈની ભલામણ ઉપરથી ક૦ દલપત્તરામને સન ૧૮૪૮ ના નવેમ્બર માસમાં પોતાની પાસે તેડાવ્યા. રાજ્યકાર્ય કરતાં અવકાશ મળતો તે વિદ્યાભ્યાસ કરવામાં ગાળતા. ગૂર્જરાતનો પૂર્વનો મહિમા તેના જાણવામાં આવવા માંડ્યો તેમ તેમ, તેને ગૂર્જરાત ઉપર અધિક અધિક અનુકંપા અને સ્નેહમમતા

થવા માંડ્યાં. તેનું ફલ એ થયું કે ગૂર્જરાતનું કલ્યાણ કરવામાં તેણે પોતાનું તનુ, મન અને ધન અર્પણ કરવા સંકલ્પ કર્યો. હસ્તલિખિત ગ્રંથના શોધ અને સંગ્રહ થવા માંડ્યા. ખુણે ખોચલે ભરાઈ રહેલા ભાટ ચારણાદિ કવિઓને ખોળવાના પ્રયત્ન ચાલ્યા. માનવેલીનાં મૂળિયાં જેવા સુકાઈ જતાં જતાં કોઈ કોઈ વંચી ગયેલા કવિલોકને પણ આમંત્રણ-જલ જઈ પહોંચ્યું. કવિઓનો આદર સત્કાર થવા માંડ્યો.

જે કવિઓના સમર્થ પૂર્વજો દીર્ઘદૃષ્ટિ રાજ્યકર્તાઓના પ્રીતિપાત્ર હતા. અને તેઓને સ્વધર્મમાં સ્થાપિત કરતા, અને સદભિમાનથી પ્રતાપી યશોલોભી રાજા પાસે માન માગી સૂચવતા કે:—

'કવિ ના મિલે તાહિકું કોન જાને,'
અને આવા આશયનું કવતા કે:-
"માનત હૈં સુજાન, સકલ જાનત હે જહાન,
જસકે જો ગરજવાન્ તો આપ હિ બોલાવેંગે;
સુજાન બી અજાન હોય (અત્રનું ચરણ હસ્તગત નથી).
દેયંગે ન મોજ તો નિદાન પસ્તાવેંગે;
કીર્તિકા કટાર શિક્કા સહિ હે અમારે હાથ,
જેસે જેતી દેયંગે તેસે તેતી પાવંગે;
કહતહે કલ્યાણ ભૂપ માનિયો સુજાન
અમ માગેંગે દાન તો કવીન્દ્ર કયું કહાવેંગે.
માંગ માંગ લેનહાર, માંગે પર દેનહાર,
એસે બેશહુરદાર જહાન બીચ જેતે હે,
માગે બિન દેનહાર, દીયે બીન લેનહાર
એસા મેં શોધતા હું નીતિમાન કેતે હે:
માગે નામરદ જાય, મરદ જાય માગે ન,
મરદાંકું મરદ દાન મના મના દેતે હે;
કહેત હે કલ્યાન ભૂપ માનિયો સુજાન તુમ
હમ મરદુંકા દાન તો માન સહિત લેતેં હૈં."

પૂર્વેના સ્વતંત્ર કવિઓ દીનદાન લેતા નહિ, અને મિથ્યા માન દેતા નહિ, પરંતુ બલદાન લેતા, અને ખલને દંડ દેતા, તેઓ માનવાન્, માનદ અને માન્ય હતા. તેઓ સ્વબલ સમજતા અને અયાચક તથા પ્રૌઢ રહેતા અને જ્યારે યાચના કરતા ત્યારે પણ તે કોઈ સામાન્ય જન પાસે નહિ,

કિન્તુ અધિક ગુણવાન સ્વગ્રાહક યશોધન રાજાઓ સમીપ જ કરતા, પછી તે સફલા થાય વા નિષ્ફલા જાય. કવીશ્વર કાલિદાસ કવે છે કેઃ—

"याञ्चा मोघा वरमधिगुणे नाधमे लब्धकामा." मेघदूत. ६

For, better far, solicitation fail
With high desert, than with the base prevail,"

પરંતુ તેવા યશોલોભી રાજાઓનો દુર્ભાગ્યે અભાવ થતાં, તેવાને યોગ્ય કવિઓનો પણ દુષ્કાલ પડ્યો. તેઓની પ્રજા રંક અધમો પાસે યાચના કરવા લાગી, અને સ્થાનભ્રષ્ટ થઈ ઉતરી ગઈ. તે એટલે સુધી કે, કવિ શ્યામલભટ્ટનો ભોજ–રખિદાસ પટલ–તેના વર્ગના મુખીપટલો પણ તેવા કંટકવત્ પતિત કવિપુત્રોથી કંટાળી જઈ કહેવા લાગ્યા કેઃ—

"ભાટ બ્રાહ્મણનું લાકડું વણ પેસાર્યું પેસે,
કહ્યું હોય ચોરે આવજો તો ઘેર આવીને બેસે."

દેશીય રાજ્યમાં વિદ્યાના અભાવે કવિઓનાં ગ્રાહક ન હતાં તેથી તે ઉચ્ચ વર્ગ નીચ થઈ ક્ષય પામ્યો હતો. કોઈ કોઈ નામના કવિ તેમાંથી બચી ગયેલા તેઓ પાછા ફાર્બસથી પ્રોત્સાહન પામી ગર્જના કરી ઉઠ્યા, અને ફાર્બસને ભોજની ઉપમા આપવા લાગ્યા. અને કવવા લવવા લાગ્યા કે,—

"કરેલ કીર્ત્તિમેર, દુનિયામાં તે દેખવા
ફાર્બસ રૂપે ફેર, ભોજ પધાર્યો ભૂમિમાં."

કવિઓની પ્રતિભાશક્તિમાં (Imaginative Power) અથવા કલ્પનાશક્તિમાં પાછો જરા જરા જીવ આવવા માંડ્યો. તેઓએ કઈ કઈ કલ્પનાઓ કરવા માંડી. એક કવિ ઉધાઈને (પુસ્તકો ખાઈ જનાર કીડાને) કહે છે,—

"કુથ્યા પુસ્તક કાપિને, એનો ન કરીશ અસ્ત;
ફરતો ફરતો ફારબસ, ગ્રાહક મળ્યો ગૃહસ્થ."

એ પ્રકારે ગૂર્જરાતમાં થઈ રહ્યું. મધ્ય સમયના રાજ્યના ત્રાસદાયક બલાત્કાર દૂર થયા તેથી લોકો જંપી નિરાંતે બેસવા લાગ્યા. તેઓને સર્વ નવું નવું લાગવા માંડ્યું. ક્યાં જંગલી, મૂર્ખ સ્વછંદી સરદારોનો તિરસ્કાર અને અન્યાય! અને ક્યાં વિદ્વાન્, નાગર, પ્રજાહિતૈષી અને વિવેકી ફાર્બસ જેવા અધિકારીઓનો સત્કાર અને ન્યાય! ક્યાં પહેલાંનો દુઃખદ ત્રાસ! અને ક્યાં બીજાની સુખદા માયા મમતા! જાણે નવા વાયુચક્રમાં આવ્યા હોય એવું વૃદ્ધ લોકોને લાગવા માંડ્યું. શાન્તિનાં પરિવાર–વિદ્યા, કલાકૌશલ્ય, સાંસારિક સુખ આદિ–વધવા માંડ્યાં. ફાર્બસ સાહેબ એ સુખદા સામગ્રી વધારવામાં એક

મુખ્ય સાધન થઈ રહ્યા. સ્વદેશનો જે સાધનથી ઉત્કર્ષ થયો હતો, તેવાં જ સાધનનાં બીજ ગૂર્જરાતમાં વાવવાનો પોતે આરંભ કર્યો. કર્નલ ફુલજેમ્સ, કર્નલ વાલેસ, અને રેવરેન્ડ પીરીટ આદિ ગૃહસ્થોને સામીલ રાખી પ્રથમ સન ૧૮૪૮ માં 'ગૂજરાત-વર્નાકયુલર-સોસાઈટી' સ્થાપી. તેણે ગૂર્જરાતમાં વિદ્યાવૃદ્ધિ સારૂ આજ સુધીમાં કેટલું બધું કર્યું છે, તે આ દેશમાં અજાણ્યું નથી, એટલે તે વિષયે વિશેષ લખવું અત્ર આવશ્યક નથી. એ જ 'સોસાઈટી'-ના સંબંધમાં સન ૧૮૪૯ માં સરસ્વતી મંદિરનું પુસ્તકમાલાનું-સ્થાપન, ગૂર્જરાતમાં પ્રથમ જ અમદાવાદમાં ભદ્રના દરવાજા ઉપર થયું.

પૂર્વે ભટ્ટ ચારણાદિ જેઓ સંદેશવાહકાદિનું કર્મ કરતા હતા, જેઓ રાજ્યના સંધિવિગ્રહનું કાર્ય કરતા હતા, જેઓ અન્યના અભાવે રાજ્યકર્તાને મર્યાદામાં વર્તાવનાર ઉપયોગી અંકુશ જેવા હતા, અને પ્રજાને પ્રોત્સાહક તથા મનોરંજક હતા, જેઓ બહુ કારણથી રાજ્યનું એક અંગ જ ગણાતા, તેઓ અંતર્ધાન પામ્યા હતા; અને તેઓને સ્થાને તેવા કોઈ સાધનની સંપૂર્ણ અપેક્ષા હતી. આ દેશકાલના રાજ્યકર્ત્તા તથા પ્રજા એઓને અનુકૂલ અને ઉપયોગિ થાય એવું સાધન, વર્તમાનપત્રનો અવતાર જ હતો. તે વર્ત્તમાન-પત્ર,-જે આજ કાલ અન્ય દેશોમાં પૃથિવી ઉપરની વૃદ્ધિનું અને સુધારાનું મુખ્ય અને મહાબલવત્ સાધન ગણાય છે; જે રાજાનો સબલ શિક્ષક અને પ્રજાની રક્ષિણી ઢાલ ગણાય છે; જે સ્વતંત્રતાનું અનુપમ વાહન ગણાય છે; અને જેનું સામર્થ્ય આપણા રાજ્યકર્તા દેશમાં એટલું બધું છે કે તે રાજ્યકર્ત્તાથી પણ કોઈ કોઈ પ્રસંગે શિરોમણિ અને રાજ્યનું ચતુર્થ અંગ ગણાય છે, તેવું વર્તમાનપત્ર તો નહિ, કિંતુ તેની છાયા ગૂર્જરાતમાં પ્રથમ ફાર્બસ સાહેબથી લોકે દીઠી. એક વારપત્ર (Weekly Paper) પ્રત્યેક બુધવારે ફાર્બસની સહાયતાથી નિઃસરવા માંડ્યું. તે બુધવારે પ્રકટતું તેથી ગૂર્જરાતમાં વર્ત-માનપત્રોને લોકો અજી બુધવારીઆને નામે ઓળખે છે. યૂરોપમાં જેવી પ્રવીણતાથી પત્રો પ્રકટ થાય છે, અને જેવો તે પત્રોનો ભાર અને પ્રતાપ પડે છે, તેની તુલના કરે એવાં પત્ર અજી પણ આ દેશમાં વિરલ છે, તો આરંભમાં તો આશા જ શી! તથાપિ પ્રથમ સર્વ બીજ વેરવાં જોઇયે તેમાં એ બીજ વેરવામાં પણ ફાર્બસ સાહેબ ચૂકયા ન હતા. વર્તમાનપત્રનો મુખ્ય ધર્મ આ છે કેઃ-રાજા પ્રજાનો પરસ્પર સદ્ભાવ વધારી પ્રજાની અપેક્ષાઓ અને ઇચ્છાઓ રાજ્યકર્તાને નિવેદન કરવી, અને એ પ્રકારે રાજ્યકર્તાને સહાયભૂત થઈ, તેઓને સ્વધર્મમાં જાગ્રત્ રાખવા. ફાર્બસ સાહેબ રાજ્યકર્તૃવર્ગમાં હતા, પણ જે સમયે વર્તમાનપત્ર લખાવવાનું કામ કરતા, તે સમયે પ્રજાવર્ગમાં આવી રાજ્યના

તેજમાં ન તણાતાં, તે ધર્મ નિષ્પક્ષપાતથી યથાર્થ બજાવતા. રાજ્યકર્તૃવર્ગના સર્વ અધિકારીઓ ફાર્બસ જેવા મહાત્મા અને ઉદાર હોવા દુર્લભ જ. યૂરોપમાં નથી તો આ દેશમાં તો આશા જ શી? વર્તમાનપત્રમાં એક બે વિષય, રાજ્યકર્ત્તા ઉપરિ અધિકારી વર્ગને પ્રતિકૂલ લાગે એવા આવ્યા. તેનો જાગ્રત્ કરે એવો ગંધ 'સદર અદાલત'ના ન્યાયાધીશો સુધી ગયો, તેથી તેઓ ચમકયા. તેઓએ જાણ્યું કે કોઈ પ્રતાપી સૂત્રધાર પટાંતરમાં છે, તેથી તેઓએ તત્કાલ 'સર્કયુલર' કહાડ્યો કે "સરકારી નોકરે વર્તમાનપત્રના કામથી દૂર "રહેવું." ફાર્બસ સાહેબને "કનિષ્ઠા સેવા" કહેવાય છે તેનો અનુભવ તે વેળા યથાર્થ થયો હશે. ફાર્બસને પોતાના મનના માન્યા કામથી દૂર થવું પડયું. સોસાઇટીના (સભાના) મંત્રીનું કામ ડાક્ટર સીવર્ડને સોંપ્યું.

સોસાઇટીએ એક નિશાલ પણ સ્થાપી હતી, તે નિશાલમાં ડાકટર સીવર્ડે પોતાના એક ઢેડ ચાકરનો છોકરો પોતાની ચીઠી સાથે ભણવા મોકલ્યો. મહેતાજીએ ડાકટર પાસે જઇને કહ્યું કે, છોકરાને દાખલ કરતાં એથી ભારે હાનિ થશે. બીજા નિશાલીઆ ઉઠી જશે. પણ કેટલાક યુરોપીઅનો આપણી રીતિભાતિથી કેવલ અજાણ્યા હોય છે. તેઓ ધીરતા રાખીને માનસિક શાસ્ત્ર શીખ્યાનો ઉપયોગ કરી સામાના મનોભાવ જોવા રહેતા નથી. પોતાના મતથી વિરૂદ્ધ તે ખોટું માની પ્રતિપક્ષીના ઉપર કોપાયમાન થાય છે. ડાક્ટર સીવર્ડે તેમ જ કર્યું. મહેતાજીને મૂર્ખ ગણી કહાડી, તેને શિક્ષકસ્થાનેથી કહાડી મૂકવાની ધમકી આપી. કોને શરણ જવું એ તે મહેતાજી જાણતો હતો. ફાર્બસ સાહેબનાં ગુણજ્ઞાન ત્યાં સર્વના જાણ્યામાં હતાં, તેથી તત્કાલ ત્યાં ગયો. વિવેકી અને ક્ષમાવાન પુરુષની બલીહારી છે. મહેતાજીએ ફાર્બસ સાહેબ આગળ માંડીને વાત કરી. અન્યોઅન્યના વિચારથી અજ્ઞાત એવા બન્ને જણ વચ્ચે થયેલી કેવળ તુચ્છા વાર્તાએ ભારે રૂપ ધર્યું છે જાણી, વિચારવાન્ ફાર્બસ સાહેબને બહુ જ હસવું આવ્યું. પછી ડાક્ટર સીવર્ડના ઉપર એક પત્રિકા લખી, તેમાં લખ્યું છે કે,—આ દેશમાં એવું થવાને અજી બસેં વર્ષનો અવકાશ જોઇયે, હાલમાં એવું બની શકવાનું નથી ઇત્યાદિ. તેથી ડા. સીવર્ડનો ક્રોધ શાન્ત થયો.

તા૦ ૨૨ મી નોવેમ્બર સન ૧૮૪૯ થી તા૦ ૨ જી જાન્યુઆરી સન ૧૮૫૦ સુધી 'જજ્જ અને સેસ્શન્સ જજ્જનું' કામ ફાર્બસ સાહેબે અમદાવાદમાં ચલાવ્યું. પછી તા૦ ૧૫ મી એપ્રિલ સન ૧૮૫૦ માં સુરતના આસિસ્ટન્ટ જજ્જ અને સેસ્શન્સ જજ્જ થયા. જ્યાં સુધી પોતે અમદાવાદ રહ્યા ત્યાં સુધીમાં ત્યાં અત્યુપયોગિની વિદ્યાકલાનાં બીજ નાંખી તેનાં

અંકુર ફુટેલાં જોયાં હતાં. ગૂર્જરાતની પૃથિવી રસાલા દીઠી હતી. સુરતમાં આવ્યા ત્યાં પણ એ પરોપકારી ગૃહસ્થે પ્રજાને સુખદાતા પ્રયત્ન ચાલતો રાખ્યો. સુરતમાં એક "સુરત અષ્ટાવિશી સોસાઇટી" ઉભી કરી પોતે તેના મંત્રી (Secretary) થયા તે સભાને અંગે વિચારનું અને સ્વતંત્રતાનું વાહન જે વર્ત્તમાનપત્ર તે કહાડવાનો નિશ્ચય કર્યો. રા. મુકુંદરાય મણિરાય હાલ વઢવાણમાં એકસ્ટ્રા આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટ* છે, તેઓને તન્ત્રી (Editor) ઠરાવી "સુરત સમાચાર" નામે એક પત્ર પ્રકટ કરાવ્યું. હિતૈષી માતપિતાદિ સંબંધીઓ પોતાનાં બાલકને ઢીંગલાં પુતળાં આપી રમત સાથે સંસારની રીતિભાતિમાં પલોટાવા શિખવે છે, તે જ રીતિએ ફાર્બસે અમદાવાદમાં અને સુરતમાં કર્યું. અનુભવ વિનાનાં શિખતાં બાલક બહુ ઠોકરો ખાય; કેટલાક વાંઝિયા અદેખા લોકોથી પેલા નિર્દોષ બાલકોને અનાયાસે નિર્જીવ પદાર્થથી કલ્લોલ પામતાં જોઇને ખમાય નહિ, તેથી તેઓના ઉપર કમળાવાળી ક્રૂરદૃષ્ટિથી જોયાં કરે, અને તેઓની અલ્પ ભૂલનો પણ લાભ લઈ તેઓને સંતાપવા ધારે, એમાં કંઈ આશ્ચર્ય નથી. તેઓની ઇર્ષાલુ પ્રકૃતિનો એ સ્વાભાવિક પરિણામ છે. સુરતમાં એ સમયે એ જ પ્રકારે હતું. ફાર્બસ જેવા કુલીન હૃદયના ઉદાર ગૃહસ્થો કેટલાક હતા, તેઓ દેશીયોને ભવિષ્યત્ કાલમાં કર્તવ્ય કાર્ય ઢીંગલાં પુતળાંથી શીખવવા સારૂ નહાની નહાની સભાઓ, વર્તમાનપત્રો, પુસ્તકશાલાઓ, નિશાલો આદિ કઢાવતા. ક્ષુદ્ર મનના સગર્વ અધિકારીઓને તે ગમતું નહિ. તેથી સુરતમાં બે પક્ષ થયા. દ્વેષી પક્ષવાળા છિદ્રો શોધ્યાં કરતા હતા. તેઓએ 'સુરત સમાચાર'ના અધિપતિ અને તંત્રી રા. મુકુંદરાયજીના ઉપર એક તુચ્છ અપરાધ મૂકયો અને કામ ચલાવ્યું. ફાર્બસ સાહેબ કુલીન હતા. પોતાના આશ્રિતો ઉપર મમતા રાખવી એ કુલીન પુરુષોનો મૂળથી જ સ્વભાવ હોય છે: તેમાં આ વેલા તો ધર્મપક્ષ હતો. ફાર્બસ સાહેબે સર્વ પ્રકારનો આશ્રય રા. મુકુંદરાયજીને આપ્યો. તેથી તે નિરપરાધી, શિક્ષામાંથી વંચી ગયા. રા૦ મુકુંદરાયજી પોતાના ઉપકૃત હૃદયથી આજ લખે છે કે "તે સમય પ્રમાણે મારા ઉપર કામ ચાલ્યું. તે "કામ પોતાના ઉપર ચાલતું હોય એવી મિ. ફાર્બસને કાળજી હતી * * * "એ રીતિની તેમની કાળજીથી આખર સત્ય હતું તે તરી આવ્યું, ને પ્રપંચી "અમલદારો વગર અપરાધે કુટી મારવાની પેરવી કરે છે તે ચાલી શકી નહિ."

સુરતમાં 'એન્ડ્રુસ પુસ્તકશાલા' સ્થપાઈ તે પણ ફાર્બસ સાહેબના જ પ્રતાપ. એ પ્રકારે સ્વસંબંધનાં કાર્ય ઉદારતાથી કરતા એટલું જ નહિ, કિંતુ

* એ લખ્યા પછી તેઓ સુરતના પ્રિન્સીપલ સદર અમીન થયા છે.

રાજ્યસંબંધનાં કામ પણ પ્રજાને સમજણ આપી પરસ્પર રાજાપ્રજાને પ્રીત વધે એમ કરતા.

શહેરસુધરાઈ વિષેનો સન્ ૧૮૫૦ નો ૨૬ મો આક્ટ સુરતમાં ચલાવવા સારૂ સરકારે નિશ્ચય કર્યો. પૂર્વેનાં રાજ્યની જકાત લેવાની રીતિથી લોકો ત્રાસી, ઇંગ્લિશ રાજ્યમાં નિરાંતમાં બેઠા હતા, તેઓએ પાછું જકાતનું નામ સાંભળ્યું એટલે તેઓ બીની ઉઠ્યા, અને કોલાહલ કરવા મંડ્યા. ફાર્બસ સાહેબના યોગ્ય મનોહર સ્વભાવની વાર્તા સરકારના કાન સુધી જઈ પહોંચી હતી, તેથી કઈ નવું કાર્ય કરતાં પ્રજાને પ્રસન્ના રાખી તે કરવા ફાર્બસ જેવા બીજા યોગ્ય અધિકારી મળવા દુર્લભ છે, એવું સમજી, સન ૧૮૫૧ માં ફાર્બસ સાહેબને જ એ શહેરસુધરાઇનો ધારો ચલાવનાર અધિકારી નિમ્યા. તેઓએ યથેષ્ટ કાર્ય કરયું. કવિ દલપતરામને તથા દુર્ગારામ મહેતાજીને એ ધારાનો આશય સમજાવી, બીજા લોકોને સમજુત આપવાનું કામ તેઓએ સોંપ્યું. પોતે પણ તેઓની સાથે જઈ શેરીએ શેરીએ ઉભા રહી, લોકોને સમજાવતા. સાહેબના સત્કારપૂર્વક મધુર વચનથી લોકોના મનમાં વિશ્વાસ વધી ભયનો ભાર દૂર થતો, અને તેઓના મનનું સમાધાન થતું. કેટલાક અવિચારી અજ્ઞાની લોકો અસમજે તુમુલ કોલાહલ કરી મૂકતા, અને ગમે તે ગમે તે બકતા, પણ તેથી મહામનના ફાર્બસ કોપ કરતા નહિ, એટલું જ નહિ પણ ઉલટા પોતે હસતા અને અજ્ઞાનીઓ ઉપર કૃપાદષ્ટિથી જોતા હતા. એક રાજ્યાધિકારીના આવા સારા સદ્વર્તનથી પ્રજાની રાજા ઉપર કેટલી ભક્તિ અને કેટલો વિશ્વાસ થાય છે, તે અનાયાસે સમજાશે. સુરતના લોકોએ રાજી થઈ અનુમત આપ્યું કે,—અમારા નગરમાં એ ધારો ચલાવો. વિરૂદ્ધ બોલી કોલાહલ કરી હાંશી કરવાને આવેલા અજ્ઞાની લોકો પોતાનો ધારેલો હેતુ ભૂલી જઈ, પાછા વળતાં બોલતા કે,—'આ તો સાહેબ કંઈ અપર જ છે, એઓના જેવું તો અમે કોઈ માણસ 'દીઠું નથી. આ તો પ્રજાના માબાપ જેવા છે.' એ પ્રમાણે પ્રજા રાજી રહી; અને રાજ્યકર્તા પણ પ્રસન્ન થયા. તારીખ ૩ જી જુલાઈ સન્ ૧૮૫૧ અંક ૨૨૭૧ નું એક પત્ર લખી સરકારે પણ ફાર્બસ સાહેબનો, એ સૂક્ષ્મ કાર્ય ઉત્તમ પ્રકારે કરી, પશ્ચિમ પ્રાન્તમાં પ્રથમ જ સુરતમાં એ ધારો લાગુ કર્યો માટે, ભારી આભાર માન્યો. તેના બીજા ખણ્ડમાં લખે છે કેઃ—

"I have been directed to convey to you the thanks of Government for the tact and judgment which you have displayed in conducting this deiicate commission."

તા૦ ૧ લી મે સ૦ ૧૮૫૧માં તેઓ અમદાવાદના પહેલા આસિસ્ટન્ટ કલેક્ટર અને માજીસ્ટ્રેટ નિયોજાયા; અને તેજ વર્ષના જુલાઈ માસમાં ધોલકા અને વિરમગામ એ બે મંડલ એઓને સ્વાધીન થયાં. પછી સન્ ૧૮૫૨ ના આગસ્ટ માસમાં મહીકાંઠાના પોલિટિકલ એજન્ટનું સ્થાન ફાર્બસને મળ્યું. સન્ ૧૮૫૩ ના જુન માસમાં અમદાવાદના આકૂટિંગ જડ્જ અને સેસ્શન્સ જડ્જ ઠરયા.

અમદાવાદમાં પ્રથમ પગ મૂક્યો ત્યાંથી જ હસ્તલિખિત ગ્રંથની પૃચ્છા ચાલુ હતી. પ્રાકૃત મહાકવિ ચંદનો પૃથુરાજરાસ મળવો દુર્લભ હતો. તે સારૂ સાનંદ, વિજાપૂર આદિ ગ્રામોમાં ઘણી ખોળ કરાવી. પરંતુ તેનું ફલ થયું નહિ. પછી જ્યાં તે છે, એવા સમાચાર સાંભળતા, ત્યાં માણસો મોકલતા, પણ કહિંથી અખણ્ડ પુસ્તક હાથમાં આવ્યું નહિ. 'રાયલ એશિયાટિક સોસાઇટી'ની મુંબઈની શાખામાં એ પુસ્તક છે, એવું સાંભળ્યાથી ત્યાંનું પુસ્તક પણ મંગાવ્યું. તે પણ સંપૂર્ણ નહોતું. પછી સાંભળવામાં આવ્યું કે બુંદીકોટાના રાજા પાસે એ પૃથુરાજરાસનું આખું પુસ્તક છે, તેથી ત્યાંના રેસિડેન્ટની વગ પહોંચાડી તે પુસ્તક મહાપ્રયત્નથી મંગાવ્યું. તે પુસ્તક પણ અર્ધ આવ્યું. તેની પ્રતિકૃતિ કરાવી. તે સંપૂર્ણ પુસ્તક આશ્રયે એંશી હજાર શ્લોકપૂરનું છે. પુસ્તક મંગાવતાં રૂ ૧૧૦) તો માત્ર ટપાલ ખર્ચના થયા. એ દુર્લભ ગ્રંથ બહુ નાણાં ખરચી લખાવી લીધો છે. તે હાલ મુંબઈમાં "ફાર્બસ ગૂજરાતીસભા"ના સ્વાધીન પુસ્તકસંગ્રહમાં મુંબઇના પુરાલયમાં (ટાઉનહાલમાં) બીજાં સંસ્કૃત ગૂર્જરાતી અને વ્રજ ભાષાનાં પુસ્તકોનો શોધ અને સંગ્રહ કરવા ફાર્બસ સાહેબે બહુ શ્રમ લીધો જણાય છે.

ગુણપદ ગ્રંથોના સંગ્રહ સમાન અન્ય સંગ્રહ અત્ર કોઈ નથી. ગુણગ્રાહી ગુણવાનોએ દેશદેશાંતરના અને કાલકાલાંતરના પૂર્વજ ગુણીઓના અન્તઃ-કરણમાંના વિવેકવિચારના અને અનુભવના સુખપ્રદ અમૂલ્ય અમર સારનું અતિપ્રયાસે દોહન કરી, દેશદેશાંતરના અને કાલકાલાંતરના ઉત્તરજ લોક સારૂ સંગ્રહી, રક્ષુ છે, જેમાં, એવા ગ્રંથ, જે અજ્ઞોને અચેતન મૃતવત્ મૂક જડ છે, પરંતુ જે વિદ્વાનોને સચેતન અમર વાગીશના સમ છે–તે ગ્રંથના અનેક અક્ષય ભવ્ય ભાંડારોથી આ ભરતખંડ ભરપૂર હતો. રત્નખાનિ, સુવ-ર્ણાદિધાતુખાનિ, રૂપસંપત્તિ પણ જેની તુલના કરી શકે નહિ, એવા મહાન્ અનુપમ અમર ગ્રંથનિધિ આ દેશમાં હતા. પુસ્તકસંગ્રહ સંબંધમાં ઈંગ્લિશ કવિઓ કવે છે કેઃ—

"With awe, around these silent walks I tread;
These are the lasting mansions of the dead:
"The dead;" methinks a thousand tongues reply;
These are the tombs of such as cannot die!
Crowned with eternal fame, they sit sublime.
And laugh at all little strife of time."

The Library by George Crabbe.

"The animate spirit has even consented to shut itself up in the inanimate thing-a book—and there retains its ancient prerogative of befriending and teaching, encouraging and delighting, its fellow-spirits."

Culture and Self-culture by Samual Neil, page. 51

"Coal has been beautifully described as the treasured sun-beams of pre-Adamite eras,—capable of glowing, brightening and heating now, even as before their prisoned light was packed and sealed up for the behoof of coming ages; yea, made all the more useful and precious by their portability and adaptability. If coal may thus be said to cast forth the latent sun-rays of long by-gone times, what shall we call those treasure-cities of the soul-books which send forth from each page, as if from a deftly painted window, the light and glory of thought-the thought of those who have partaken.

"Of that immortal death that leads to life?"

How brilliant yet substantial are the textures with which the intellect, "plying fast her golden shuttles" in the loom of time, weaves for herself as raiment, and adorns herself, while transforming thought into literature, feeling into music, and investigation into science!"

*Culture and Self-culture by Samuel Neil, page 72

પુસ્તકપ્રિય પુરુષોને એ ઉપરથી અનેક વિચારસંકલનાનું પ્રતિભાન થશે.

ફાર્બસ સાહેબ પુસ્તકનું નામ જાણે, અને તે ઉપયોગનું છે એવું તેઓને લાગે, એટલે તેના સંગ્રહ સારૂ અનેક યુક્તિઓ અને પ્રયત્ન કરતા, વગ લગાડતા, ધન આપતા, અને પોતે જાતે સામાને ઘેર જઈ યાચના કરતા, પણ ધારેલું પુસ્તક મેળવતા. પાટણમાં પુસ્તકોના ભવ્ય ભંડાર છે એવું તેઓના જાણવામાં આવ્યું હતું. તેમાંથી પુસ્તકો મંગાવવા બહુ ઉપાય કર્યા, પણ તે નિષ્ફલ થયા ત્યારે પિંડે ત્યાં ગયા. પૃચ્છા કરતાં પુનમિયા-ગચ્છ અને સાગરગચ્છના બે ઉપાશ્રય (અપાશરા) મુખ્ય જણાયા. સાહેબ પિંડે અપાશરાના શ્રીપૂજ્ય પાસે ગયા, નમ્રતા અને અમૃત જેવાં મધુર વચનથી શું અસાધ્ય છે? સાહેબને ખુરશી આપવા માંડી, પણ દેવસ્થાનને માન આપી ખુરશિયે ના બેસતાં, એક ચાકળા ઉપર લાંબે પગે બેઠા; સાહેબે શ્રીપૂજ્યોને માનવસ્ત્ર આપ્યાં અને મધુર વાણીથી તેઓને રુચે એવી વાર્તાઓ કરી. બન્ને ઉપાશ્રયના શ્રીપૂજ્યો પ્રસન્ન થયા. પછી સાહેબે પુસ્ત-કોનાં નામની ટીપ માગી. શ્રીપૂજ્યોએ એક ડાબલાનાં પુસ્તકોની ટીપ આપી, તેમાં આશ્રયે ૫૦૦ પુસ્તકોનાં નામ હતાં. પુસ્તકો બહુ ઉપયોગી હતાં, પણ સાહેબે જાણ્યું કે વધારે માગીશ તો લોભ જેવું લાગશે, તેથી **દ્વયાશ્રય** નામનું અત્યુપયોગી પુસ્તક માત્ર માગ્યું. શ્રીપૂજ્યોએ આનાકાની તો કરી, પણ અંતે લખાવી લેવા દેવાની હા કહી. તે પ્રમાણે ઉપાશરામાં લેખક બેસારી ઉતારી લેવરાવ્યું. તે એક **સાગરગચ્છના** ઉપાશ્રયમાં જ ૬૫,૦૦૦ પુસ્તકો છે! ભરતખંડની અમરકીર્તિકરા અનુપમસમૃદ્ધિ **સરસ્વતી** છે. તે **સરસ્વતીના** ભંડારના ભંડાર મધ્યકાલની આ દેશની દુર્દશામાં લુંટાયા છે. અને બળાયા છે, ચોરાયા છે અને દ્વીપાન્તરે ગયા છે. અને અજી પણ જો અજ્ઞના હાથમાં હોય છે તો ગંધીનાં હાટોમાં જઈ પડીકાં બંધાઈ ચૂરો થાય છે.

પાટણમાં બીજા પુસ્તકભંડાર છે તે પણ સાહેબે જોયા. સર્વ કરતાં એક મહાભવ્ય અને અસંખ્ય પુસ્તકનો ભંડાર જયપુરના રાજદ્વારમાં છે—જે જયપુરમાં આર્યવંશના દેશીય રાજા પૂર્વથી અદ્યાપિ પર્યંત એક ક્રમે રાજ્ય કરે છે, જે જયપુરના પૂર્વના રાજા ભારતીના ભારે ભક્ત હતા, જે જય-પુરમાં મુસલમાનોથી નાશ કરવા અવાયું નથી, એટલે પુસ્તકોનો નાશ પણ થયો નથી, તે જયપુરના રાજદ્વારમાંનો પુસ્તકભંડાર, અને તેવા જ કાશ્મીર અને નેપાલના પુસ્તકભંડાર મિ૦ ફાર્બસના જોવામાં આવ્યા હોય એવું લાગતું નથી. માત્ર ગૂર્જરાતમાં ખંભાત, વડોદરા, અને અમદાવાદના ભંડારો થોડા ઘણા સાહેબે જોયા હોય એમ લાગે છે. તેઓએ મુખ્યત્વે ઇતિહાસ

સંબંધિ પુસ્તકોનો પોતાની પાસે સંગ્રહ કર્યો હતો. તેમાં પ્રબંધચિંતામણિ, ભોજપ્રબંધ, દ્વ્યાશ્રય, પૃથુરાજરાસ, કુમારપાલરાસ, રત્નમાલા, પ્રવીણસાગર, જગદેવપરમાર, બાબીવિલાસ, શ્રીપાલરાસ, કેસરરાસ, હમીરપ્રબંધ, આદિ મુખ્ય છે. તેઓને સમજી લઈ તેનો રાસમાલામાં સારો ઉપયોગ કર્યો છે.

અમુક જીર્ણ અને છિન્નભિન્ન થઈ ગયેલાં સ્થાન, અથવા રીતિભાતિ સાહેબના જોવામાં આવતાં કે તત્કાલ એક કવિના જેટલી કલ્પનાઓ તેઓના મનમાં ઉત્પન્ન થતી, અને ભારે ઉત્કંઠાથી તેનું પૂર્વનું માહાત્મ્ય શોધી કહાડવા પ્રયત્ન કરતા. શિલ્પકલામાં પોતે પ્રથમ અભ્યાસ કરેલો તેથી પ્રવીણ હતા. કોઈ પણ દેશના પૂર્વેના મહિમાને તત્કાલ દર્શાવનાર શિલ્પકલા જેવાં અન્ય સૂચક ચિહ્ન ઓછાં છે.

આ નિરન્તર ભ્રમતી પૃથિવીની પેઠે તે ઉપર આવેલા ખંડો અને દેશો પણ અનેકને અધીન થાય છે. જેમ પૃથ્વી રાત્રિને અધીન થઈ અન્ધ-કારને વશ થાય છે, અને દિનને અધીન થઈ પ્રકાશને વશ થાય છે; તેમ દેશો પણ કોઈ વાર પ્રજારંજક રાજ્યકર્તાને હસ્તગત થઈ રક્ષાઈ સુખી થાય છે, અને કોઈ વાર પ્રજાભંજક રાજ્યકર્તાને હસ્તગત થઈ ભક્ષાઈ દુઃખી થાય છે. તે રાજ્યકર્તાનું દેશીય હોવું કે પરદેશીય હોવું, સ્વધર્મી હોવું કે વિધર્મી હોવું, એ રક્ષકભક્ષક થવામાં વાસ્તવિક નિમિત્ત નથી હોતું. મુખ્ય આધાર રાજ્યકર્તાના જ્ઞાન, સુસ્વભાવ અને દૂરદષ્ટિ ઉપર રહે છે. જે રાજ્યકર્તા પ્રજાભંજક હોય છે, તે અન્તે સ્વાર્થભંજક અને શત્રુરંજક થાય છે. આ દેશમાં અનેક રાજ્યકર્તા થયા છે. પ્રખ્યાત મુસલમીન મહારાજ અકબર વિધર્મી હતા તોપણ તેના સમયમાં આ દેશ શ્રીમાન, વર્ધમાન અને સમૃદ્ધિમાન્ હતો. આપણા હાલના બ્રિટિશ રાજ્યના વારામાં પાછો તેવો થાય છે. સારા રાજ્યકર્તાનાં રાજ્ય અધિક સુસ્થાયિ અને ચિરંજીવ પણ થાય છે. પરંતુ મધ્યના અન્ધકારકાલના રાજ્યકર્તા તેવા ન હોવાથી, આ દેશને અને તેઓને ઉભયને ભારે હાનિ થઈ છે. નાશ કરવો એમાં જ કીર્તિ છે, એવું સમજેલા અવિચારી કેટલાક રાજ્યકર્તાઓ જેમાંના ખલીફ ઓમર સંબંધમાં યૂરોપીઅન ઐતિહાસિકો લખે છે કે,-તેણે ટાલેમીનું પુસ્તકાલય બાળી મૂકી અખિલ જગતના ઇતિહાસને ભારે હાનિ કરી છે. અને અનેક વિદ્યાકલાનો નાશ કર્યો છે, તે અજી ૧૨૪૦ વર્ષે પણ આપણે વિસારી મૂકાતો નથી, તેવા રાજ્યકર્તાઓએ આ ભરતખંડનું પણ ઓછું સત્યાનાશ વાળ્યું નથી. મધ્યકાલના અંધકારના ત્રાસદાયક ઝપાટામાંથી મરણ તુલ્ય થઈ વંચી ગયેલાં કોઈ કોઈ વિશીર્ણ સ્થલો અને ખંડિત ચિહ્નો પણ,

વિચારવાનોને, આર્ય લોકોની ગતકીર્તિ અને મહિમાનાં અનુમાન કરાવવાને પરિપૂર્ણ લાગ્યાં છે. કુલીન કરનલ ટાડ અને ફાર્બસના ગ્રન્થ વાંચ્યેથી પૂર્વોક્ત લેખની સત્યતા સહસા ધ્યાનમાં આવશે. ફાર્બસ સાહેબે સિદ્ધપુર, અણહિલપુર, પાલીટાણા, આબુ આદિ સ્થળોએ સ્વતઃ જઇને ત્યાંનાં ભવ્ય ખંડેરો, કીર્તિસ્તંભો, દેવાલયો, જલાશયો આદિ નિરખી જોયાં હતાં. પોતે ચિત્રકલામાં પણ પ્રવીણ હતા. તેમણે પોતાને હાથે કેટલાંક ચમત્કારિક સ્થાનોનાં ચિત્ર આલેખી લઇને રાસમાલામાં મૂકેલાં છે.

તેઓ એવાં રમણીય સ્થળે જોવા જતા ત્યાં કોઈનું મન દુઃખાવતા નહિ. પોતાનાં 'બૂટ' કહાડી જ્યાં સુધી જવાનો બાધ ન હોય ત્યાં સુધી જ જતા. અને તે પણ સામાની આજ્ઞા લઇને. જે જે સ્થળ જોતા તેના સંબંધિની જે દંતકથા ચાલતી હોય તેની, અને કંઈ તેનું માહાત્મ્ય લખાયલું હોય તો તેની પૃચ્છા કરતા, અને તેમાંથી ઉપયોગનો સાર કહાડતા. સાહેબનો સ્વભાવ હાસ્યવિનોદી પણ હતો. એક સમયે પંચાસરા પાર્શ્વનાથમાં વનરાજની મૂર્ત્તિ જોવા પોતે ગયા હતા. ત્યાં એક હીરજી નામે ઘરડો ભાટ સાહેબની કીર્તિ સાંભળી એક પુસ્તક લઈ ભેટ કરવા આવ્યો, અને બોલ્યો કે, "એક વાર "ગાયકવાડને અમારા વૃદ્ધે એક જુનું સરસ પુસ્તક દેખાડ્યું હતું, તેથી સરકારે "ખુશી થઈ એક ગામ બખશીશ આપ્યું છે. તો અંગ્રેજ તો મહોટો રાજા "છે, માટે અમને એથી કંઈ વધારે આશા છે." સાહેબને આ વાત સાંભળી બહુ હસવું આવ્યું. પછી કવિ દલપત્તરામને કહ્યું કે 'હનુમાન્ નાટક'ની પેલી વાર્તા એ બારોટને તમે સંભળાવો. તે આ હતીઃ–"એક સમયે નાટકમાં "હનુમાનનો વેશ આવ્યો. તેને એક માણસે કહ્યું કે 'ઓ હનુમાન્ બાપજી! "તમે મને બાયડી મેળવી આપો તો હું તમને તેલ સિંદૂર ચડાવું.' હનુમાને "ઉત્તર આપ્યું કે–તને પરણાવવા મારી પાસે સ્ત્રી હોય તો હું જ કુંવારો "રહું!" સાહેબે પેલા બારોટને કહ્યું કે,–"ભાઈ! તમને ગામ આપવાની મારી "શક્તિ હોત તો હું જ ચાકરી શા વાસ્તે કરત?" એ પુસ્તકાદિના સંગ્રહ સંબંધમાં એક વૃત્ત લક્ષમાં રાખવાનું છે કે સાહેબ તેમાં જે વ્યય કરતા હતા તે સ્વોપાર્જિત સ્વધનમાંથી જ કરતા હતા.

પ્રવાસમાં પગે ચાલવાનો સાહેબને અનુરાગ હતો. પાસે નકશો, નાણાંની કોથળી, પીસ્તોલ અને લાકડી રાખતા. માર્ગમાં ભાત ભાતના વિવિધ વાટેમાર્ગુઓ મળે તેની સાથે, એક સાધારણ મનુષ્યની પેઠે, વાર્તા કરતા, અને તેઓને સર્વ સમાચાર પૂછી લેતા; તેથી તેઓની રીતિભાતિ, તેઓના અંતરના અનેક મનોભાવ, તેઓની ધારણાઓ, તેઓનાં દુઃખસુખની

૨

વાર્તાઓ, તેઓના સરકાર વિષયના વિચાર કેવા છે તે, એ આદિ અનેક વિષયો સ્પષ્ટ જાણ્યામાં આવતા. કોઈ અનાથ દરિદ્રી વાટેમાર્ગુ હોય તો તેને પેલી કોથળીથી સહાય કરતા; અસમજુને સમજણ આપી તેના મનનું સમાધાન કરતા; અને નિર્બલને સ્વબલનું સહાય આપતા. એક સમયે વન-વગડામાં એક બાઈ માથે ભાર ઉંચકી જતી હતી. તે બહુ થાકી ગઈ હતી, પણ તેનો ભાર ઉતરાવનાર એક ઈશ્વર વિના કોઈ ન મળે. ફાર્બસે તેને દીઠી. તેની પાસે પોતે ગયા. અને પોતાને હાથે તેનો ભાર ઉતાર્યો. આ વાર્તા તો સાધારણ છે, પણ એ ચારિત્ર્ય કેવું ઉત્તમ અંતઃકરણ દર્શાવે છે, તે વાચનારે જ વિચારી લેવું. માયાળુ સ્વભાવના મનુષ્યનો એક પલ વાર પણ સમાગમ થયો હોય તો તે વર્ષ સુધી વિસરતો નથી, તો જેને માયાળુ સ્વભાવમિશ્રિત અનેક સદ્‌ગુણશીલ ફાર્બસનો સમાગમ બહુ વર્ષ રહ્યો હોય, તેની શી વાર્તા કહેવી! ફાર્બસની સાથે અનેક પ્રકારના સંબંધમાં આવેલા અનેક લોકોને મળવાનું બની શક્યું છે, તેઓને મુખેથી ફાર્બસની પ્રશંસા વિના બીજું કશું કાને પડ્યું નથી. ફાર્બસના પરિચયવાળાં સર્વે મનુષ્યો એક સ્વરે તેના ગુણ ગાય છે. ધન્ય છે ફાર્બસનું જીવન! તેનાથી અધિક ભાગ્યશાળી નર તે કિયો! કહ્યું છે કે—

"જબ તુમ આયે જગતમેં, લોક હસે તુમ રોય;
ઐસી કરણી કર ચલો, ઓસેં વિપરીત હોય."

ફાર્બસ સંબંધમાં એવું જ થયું છે. ફાર્બસ સદ્‌ગત થયા પછી તેનું નામ અને ગુણ સંભારીને અશ્રુપાત રૂપ અવાચક સતે ચિત્તવેધક શબ્દવતે ગુણ ગાતા કેટલાક ગૃહસ્થોને પ્રત્યક્ષ દીઠા છે. 'અને ફાર્બસ અન્ય દેહમાં લોકનું કલ્યાણ કર્યાથી થતા સંતોષના અકલ સુખથી, હસતો હશે.

મહીકાંઠાના પોલિટિકલ એજન્ટ પોતે હતા તેવામાં, રાજકુમારોને વિદ્યાભ્યાસ કરાવવો, એ બહુ આવશ્યકી વાર્તા તેઓએ પ્રથમ લક્ષમાં લીધી. સાદરામાં એક નિશાળ સ્થાપી. તે અદ્યાપિ "ફાર્બસ શાલા" નામે પ્રસિદ્ધ છે.

સન્ ૧૮૫૨ માં સાહેબની અશ્વારી ઈડર ગઈ. ઈડરના ક્ષત્રિય રાજાઓ પૂર્વે મહાપ્રતાપી અને યશોધન હતા. તેઓ કવિઓનાં લાડ પાળનારા હતા. તેઓએ પોતાના રાજ્યનો અર્ધો ભાગ તો કવિઓને ત્યાગ(પ્રીતિદાન)માં આપ્યો હતો. એ વાર્તા સાહેબના જાણ્યામાં આવી; તે ઉપરથી કવિઓનો મેળો કરવાનું એ ઈડર યોગ્ય સ્થાન ગણી ત્યાં કવિમેળો કર્યો. મહારાજ ભુવન-સિંહજી પાસે કવિઓને પત્ર લખાવી નિમંત્ર્યા. તેઓની કવિતા પોતે સાંભળતા. તેમાંથી પોતાને ઉપયોગિની વાર્તા તારવી કહાડતા. પોતાની શક્તિને

અનુસરી કવિઓની યોગ્યતા પ્રમાણે તેઓને માનવસ્ત્ર આપી વિદાય કરતા; તે સાથે તેઓને નમ્રતાપૂર્વક કહેતા કે "હું તેમને તમારા ગુણ પ્રમાણે "આપી શકતો નથી."

ફાર્બસનો સ્વભાવ દયાળુ અને ધર્મનિષ્ઠ હતો. પોતાના આયપતમાંથી ધર્માદાય કહાડવાનો આપણા લોકમાં ચાલ છે, તે પ્રથા ફાર્બસે પકડી હતી. તેઓ એક સમયે પ્રવાસ કરતાં દાંતામાં આવી પહોંચ્યા. તહિં એક તીર્થવાસી બ્રાહ્મણ સાંજની વેળાએ આવી યાચતો આખા ગામમાં ફર્યો, પણ અન્ન મળ્યું નહિ, તેથી નિરાશ થઈ એક બાગમાં ગયો. ત્યાં પડ્યો પડ્યો પોકાર કરતો હતો કે "ભલા ભગવાન્! તેં શું ધાર્યું છે! આખા "ગામમાં કોઈ દયાળુ દાતા ન મળે! ભર વસ્તીમાં મારે ભુખ્યાં આલોટવા "કાલ! કોઈ ઈશ્વરનો લાલ નહિ હોય!" ઇત્યાદિ કહી નિ:શ્વાસ નાંખતો અંતરમાં ઈશ્વરને નિર્દય માનવા લાગ્યો. પણ ઈશ્વરના લાલ નીકળ્યા. ફાર્બસને કાને તેના શબ્દો પડતાં જ તેણે ઈશ્વરનો મહિમા દેખાડ્યો. અંતરિક્ષથી ઉત્તરે એમ કવિ દલપતરામને મોકલીને, તે બ્રાહ્મણને પાકું સાકરનું શીધું અપાવ્યું; પછી ત્યાં સદાવ્રત બાંધ્યું. જે કોઈ અનાથ હિન્દુ, મુસલમાન કે પછી ગમે તે આવે તેને ઘી સાકર સાથે પાકું સીધું ફાર્બસના સદાવ્રતમાંથી મળતું. શુભ કાર્યોમાં ફાર્બસનો બધો પગાર ખરચાતો હતો એટલું જ નહિ પણ ઉલટા વિલાયતથી રૂપીઆ મંગાવવા પડતા, એવા ઉદાર મનથી તે ખરચ કરતા.

દાંતેથી ફાર્બસ સાહેબ અંબા માતાએ જઈ આબુજી ગયા. આબુજીના શાન્ત, શીતળ અને ઈશ્વરલીલાથી ભરપૂર પર્વતને નિરખી, અમદાવાદ ભણી આવવા સારૂ દાંતામાં પાછા આવ્યા. સાહેબની અમદાવાદ બદલી થઈ તેથી આખો મહીકાંઠો ખેદ પામ્યો. રાજાથી તે રંક સુધી જેને સમાન રીતિએ ફાર્બસના સ્નેહે સુખી કર્યા હતા, તે સર્વ તેના વિયોગથી ભારે શોકાતુર થયા હતા.

સન ૧૮૫૩ ના જુન માસમાં ફાર્બસ સાહેબ અમદાવાદના ન્યાયાધીશ થયા. ત્યાં પોતાનું કાર્ય કોમલ અને સૂક્ષ્મ દૃષ્ટિથી (પણ જોઇએ તે કરતાં જરા વધારે વિશ્વાસ કાર્યભારીઓ ઉપર રાખી) ચલાવી સર્વને સદય ન્યાય આપતા એ તો પ્રસિદ્ધ છે.

ગૂર્જરાતના મહિમાનો જીર્ણોદ્ધાર કરવાના હેતુથી, પોતે તેનાં અનેક માર્ગેથી સાધન સંપાદન કરતા હતા, તે આપણા જાણ્યામાં ઉપર આવ્યું છે. તે સર્વ સામગ્રી સાથે લઈ તા૦ ૨૮ મી માર્ચ સન ૧૮૫૪ માં યૂરોપ સિધાવ્યા. ગૂર્જરાતથી તેનું તનુ દૂર યૂરોપ ગયું, પણ તેનું મન ગૂર્જરાતમાં

જ હતું. ત્યાં રહીને પણ ગૂર્જરાતની જ સેવા કર્યાં કરી. 'રાસમાળા' નામે સુંદર પુસ્તક ત્યાં રચ્યું. 'ઇસ્ટ ઇન્ડિયા કુંપની'ની 'કોર્ટ આવ ડીરેક્ટર્સ'ને સ્વાધીન આ દેશને લગતાં લેખ-પત્રો હતાં, તે અતિ શ્રમ વેઠી વાંચી તેમાંનો આ દેશને લગતો સાર કહાડી, રાસમાળાનું પુસ્તક પરિપૂર્ણ કર્યું. તે સન ૧૮૫૬ માં બે ભાગમાં લંડનમાં રિચર્ડસન બ્રધર્સના મુદ્રાયંત્રાલયમાં સુંદર મુદ્રાંકિત કરાવી સચિત્ર પ્રસિદ્ધ કર્યું. એ પુસ્તકના ઉપર વિલાયતનાં પત્રોએ અને હિન્દુસ્તાનનાં પત્રોએ* તથા બીજા કેટલાક સંભાવિત વિદ્વાન્ પુરુષોએ† બહુ સારા અભિપ્રાય આપ્યા છે. સ્થળસંકોચને લીધે તેનો અત્ર સમાવેશ કરી શકાતો નથી. અને તેમ કરવાનું આવશ્યક પણ જણાતું નથી, કારણ કે જે સારૂં જ છે, તેને સંમતિની આવશ્યકતા બહુ રહેતી નથી. એક કવિ કહે છે કે:—

"કવિતા ને કસ્તૂરી તે સાક્ષી વિના સિદ્ધ થાય."

એ સત્ય છે. રાસમાળા વાંચેથી તેના ગુણો રસજ્ઞોને તત્કાળ જણાશે જ. રાસમાળામાં પોતાની બન્ને પ્રકારની કલમથી (ચિત્રની અને લેખનની) ગૂર્જરાત ઉપર પ્રકાશ નાંખ્યો છે. ટાડની પેઠે તેઓએ ગૂર્જરાષ્ટ્રના પ્રાચીન કાળનો મહિમાભરેલો ઉત્કર્ષ, અને અર્વાચીન કાળની તેની પતિતા દશા, એ ઉભયનો વિલક્ષણ વિરોધ જોતાં, તેઓના મનમાં અનુકંપા પ્રકટ થઈ, તેથી રસાર્દ્ર હૃદયે, તેણે કોઈ કોઈ પ્રસંગે જે ગૂર્જરાતના ગુણ ગાઈ તેનો જીર્ણોદ્ધાર કર્યો છે, તે અખિલ ગૂર્જરાતી મંડળને ઉપકારી કરવાને પરિપૂર્ણ છે.

સ્વદેશના નિર્બંધ સ્વચ્છ અને શીતળ વાતાવરણમાં પોણા ત્રણ વર્ષ રાસમાળાની રચના રચવામાં સફળ કરી પાછા સન ૧૮૫૬ ના નોવેંબર માસમાં આ દેશમાં પધાર્યા. તા૰ ૧૦ મી જાન્યુઆરી સન ૧૮૫૭ માં સુરતના ન્યાયાધીશ થયા, અને એક માસની અંદર પાછા સરકારની પ્રતિનિધિ (એજન્ટ) થયા. ફાર્બસની તીવ્ર બુદ્ધિ અને ન્યાય કરવામાં તેનો વિવેક જોઈ, સરકારને તેઓના ઉપર એવો વિશ્વાસ આવી ગયો હતો કે, કોઈ પણ કઠિન કાર્ય હોય તો તે ફાર્બસને સ્વાધીન કરવામાં આવતું. સન ૧૮૫૭ ના મે માસમાં ભરૂચના મુસલમીનો અને પારસીઓ વચ્ચે જે મ્હોટો કલહ થયો હતો, તેમાંના અપરાધીઓનો નિર્ણય કરવા મિ. ફાર્બસને નિયોજ્યા. તે કાર્ય

* Overland Mail. The Athenæum. The Daily News. The Saturday Review. The Calcutta Review. &c.

† The Director of Public Instruction. Sir. H. M. Lawrence, K. C. B. Dr. Wilson. Lord Elphinstone &c.

કરતાં જરા અધીરતા અને ઉતાવળ થઈ હતી, તો પણ તેઓએ એવી સારી રીતિએ દીર્ઘદૃષ્ટિથી અને વિવેકથી સત્ય શોધી, નિરપરાધી અને અપ-રાધીઓને વિણી કહાડ્યા કે, સર્વને આશ્ચર્ય લાગ્યું, અને કોઈ પક્ષવાળાને 'અન્યાય થયો' એવું કહેવા અવકાશ રહ્યો નહિ. તેણે સન ૧૮૫૭ ના આગસ્ટમાં કામ ચલાવી તે જ માસમાં પૂરૂં કર્યું. એ ભારે કાર્ય સારૂ મારિસના 'સદર અદાલતના ફેંસલાના' આઠમા ભાગના પૃષ્ઠ ૪૭૬ મે લખે છે કે—

"એ કામમાં કરેલી પરીક્ષા (તપાસ) મિ. ફાર્બસને એટલી બધી માનદ "છે કે તેની અસંકુચિત પ્રશંસા કોર્ટ (સદર અદાલત) કરી શકતી નથી તેથી "વિશેષ ખેદ પામે છે."

કોઈનું કલ્યાણ કરવું તે અનેક પ્રકારે થાય છે. તેમાં મુખ્ય બે છે. અજ્ઞાત કિંવા પરોક્ષ, અને પ્રત્યક્ષ કિંવા અપરોક્ષ. આપણે ઉપર જે વૃત્તાંત જાણ્યો તે ફાર્બસે આપણું અપરોક્ષ કલ્યાણ કર્યું તેનો છે. સ્વાર્થ રહિત ઉત્તમ પ્રકૃતિના પુરુષોનો, કર્તાનું નામ જણાય નહિ એવું પરોક્ષ કલ્યાણ કરવું, એ પણ એક સ્વભાવ હોય છે. પરોક્ષ કલ્યાણકારી થવું એ સાત્વિક ધર્માત્માઓનાં હૃદય ઉપર આવતાં સુવાસિત પુષ્પફલવત્ છે. અને તેનો પરિણામ બહુને કલ્યાણકારી થાય છે.

ફાર્બસે આપણું પરોક્ષ કલ્યાણ કરવામાં પણ ન્યૂનતા રાખી નથી; અને તે પણ એવા અવસરે કે જેનું મૂલ્ય થાય નહિ. સન ૧૮૫૭ ના વર્ષમાં બળવો થયો. તે વેળા ક્રોધાવેશમાં આવી પડી યૂરોપીઅનો સર્વ દેશીય લોકને ધિક્કારવા લાગ્યા. અપરાધી વા નિરપરાધીના વિવેકને વિસારી મૂકી, કોઇને લાભ નહિ અને મન સર્વનાં દુઃખાય એવાં લખાણ વર્તમાન પત્રાદિમાં લખી અત્રના અને યૂરોપના લોકોનાં મનમાં સર્વ દેશીયો વિષે નીચા અભિપ્રાય તેઓ કરાવવા મંડ્યા. એવાઓએ દેશીયોને મહાઘાતકી પ્રાણી જેવા વિરૂપ ચિતરી, તેઓના ઉપર સારા લોકોનો તિરસ્કાર અને કોપ થાય એવું કરવા માંડ્યું. બરછીની અણી કરતાં, ક્રૂર કલમની અણી કોઈ કોઈ વેળા વિશેષ બલતી અને ત્રાસદાયિકા જણાઈ છે, અને તોપોના ધડાકા કરતાં વિચારના તુમુલ ગંભીર ઘોષો બહુ દૂર દેશ જઈ પહોંચ્યા છે, અને ભારે રોળ વાળી દીધો છે. બળવાનો કાલ પણ વિલક્ષણ હતો. નિર-પરાધી દેશીયોને શસ્ત્રઅસ્ત્રથી બળવાની વેળા જેટલી હાનિ થતી, તેના કરતાં સહસ્રગુણિત અધિક હાનિ વર્તમાનપત્રોમાં વિરુદ્ધ લખનારા કરી શકતા. તે વિષમ કાલે વિવેકી ફાર્બસે ન્યાયપક્ષ પકડ્યો હતો એ થોડાના જ જાણ્યામાં

હશે. પોતે તે વેળા ગૂર્જરાતમાં હતા. ચોપાસથી, દેશીયો કુભાંડી છે, દેશીયો ઘાતકી છે, દેશીયો કોઈ પ્રકારનો વિશ્વાસ રાખવા યોગ્ય નથી, દેશીયોને પશુ જેવા ગણી તે પ્રમાણે તેઓના પ્રતિ વર્ત્તવું જોઇયે, ઇત્યાદિ એવા અવિવેકી અને અવિચારી શબ્દોની ગર્જનાઓ, સેતુબંધ રામેશ્વરથી તે હુરદ્વાર સુધી, અને જગન્નાથજીથી તે દ્વારિકા સુધી, યૂરોપીયોમાં પથરાઈ રહી હતી. તેને ભેદીને સત્ય સંભળાવવા અને દર્શાવવાને વિરલ વીરો શક્તિમાન્ હતા. પરંતુ તે વિરલ વિવેકી વીરોએ ધર્મપક્ષની ઢાલથી ઘણું જ કર્યું છે. તેમાં કલકત્તામાં 'હિંદુ પેટ્રિઅટ'વાળો હુરિશ્ચંદ્ર, મુંબઇમાં 'બૉમ્બે ટાઇમ્સ' (જે પાછળથી 'ટાઇમ્સ આવ ઈંડીઆ' કહેવાય છે) તેનો તંત્રી મિ. રાબર્ટ નાઇટ આદિ હતા. ફાર્બસે તે સમયે પ્રત્યક્ષ નહિ પણ પરોક્ષ રીતિએ લેખનવતે આપણા દેશની સારી સેવા કરી છે. રાજનીતિ સંબંધમાં ફાર્બસ સાહેબના વિચાર, આપણાં તત્રભવતી મહારાજ્ઞી અને તેઓના કેટલાક ઉદાર રાજપુરુષોના ઉચ્ચ વિચારો હોય છે, તેને અનુસરતા હતા. તેવાઓના રાજનીતિ સંબંધના વિચારો રાજાપ્રજા ઉભયને લાભકારી અને પ્રશંસનીય હોય છે. તેઓનો નિર્ણય છે કે,—શસ્ત્રાસ્ત્રના બળથી કોઈ પણ પ્રજાને ચિરકાલ સુધી સ્વાધીનમાં રાખી શકાતી નથી. તેઓ સર્વ જાતિની પ્રજા ઉપર સમાન ભાવ રાખે છે. તેઓ દેશીય વિદેશીયમાં અથવા જાતીયવિજાતીયમાં અંતર્ ગણતા નથી. સર્વાં પ્રજાનું દુ:ખભંજન કરવું અને મનરંજન કરવું એ જ રાજધર્મ માને છે. તેઓ પ્રજાની પ્રીતિમાં જ સબલા રાજનીતિ ગણે છે. ઉતરતા વર્ગના સામાન્ય લોક રાજ્યાધિકાર પામે છે ત્યારે તેઓની દૃષ્ટિ એવી રહી શકતી નથી, તેઓ ગર્વી હોય છે અને તાત્કાલિકી સ્વાર્થસિદ્ધિ સારૂ ભેદબુદ્ધિ ઉપજાવે છે; અને રાજ્યાધિકારનો આશ્રય આડે લઈ સ્વચ્છંદતાથી વર્તે છે. પરંતુ આપણાં તત્રભવતી મહારાજ્ઞીના પ્રધાનમંડળમાં કેવા સારા અને યોગ્ય વિચારો વર્તે છે, એ પ્રસંગોપાત્ત અનેક વાર પ્રસિદ્ધ થયાં જાય છે, તે લક્ષમાં ન રાખી તેઓ રાજદ્રોહના દોષમાં આવે છે. મહારાજ્ઞી શ્રી રાજ્યાસને વિરાજ્યાં તેનાં દશ વર્ષ પશ્ચાત્ અને આ દેશમાં બળવો થયો તેનાં દશ વર્ષ પૂર્વે, સન ૧૮૪૭ માં એક રાજલેખ લખાયો છે. તે લેખ સર્વ રાજ્યકર્તાના હિતાર્થે અને સ્મરણાર્થે અત્ર અવતારાય છે.

યૂરોપમાં પોર્ટુગાલ દેશમાં રાજકર્ત્રીના પક્ષપાતથી અવ્યવસ્થા ચાલતી હતી. તે વેળા આપણાં તત્રભવતી મહારાજ્ઞીના મંત્રી લોર્ડ પામર્સ્ટને સ્વરાજ્યન: રાજદૂત દ્વારા પોર્ટુગલની રાજ્ઞીને જે સંદેશો લખ્યો હતો તે આ પ્રમાણે છે:

Lord Palmerston's despatch to Sir H. Seymour, the English minister at Lisbon, dated 5th February 1847.

"The Queen should remember that unless she "shows herself to be the Sovereign of the whole nation, "she cannot expect the whole nation to regard and "love her as their Sovereign; and that a throne whose "stability rests on the point of the bayonet has a very "ticklish and uncertain basis. Pray preach all these things, "and such others as may occur to you in the same spirit."

Life of the Prince Consort. People's Editiom. Part I. page 70.

જેણે અન્યાય કર્યા હોય છે, તેને એવા કોઈ અસાધારણ સૂક્ષ્મ સમયમાં ભારે ભય રહે છે. પેલા પોતે જ કરેલા અન્યાય તે કાલે ભયનો વેશ ધરી બેસે છે; અને તેને બીવરાવે છે. ફાર્બસે તો ન્યાય અને લોકનું કલ્યાણ જ કર્યાં કર્યું હતું, તેથી એવા ભયંકર કાલમાં પણ તેનું મન સદા નિર્ભય રહેતું હતું. પોતાના અન્ય યૂરોપીય મિત્રોને પણ પત્ર દ્વારા નિર્ભય રહેવાનું કારણ સહિત લખી તેઓની ચિંતા ઓછી કરાવતા. એ રીતિએ પોતાના અનુભવથી તેઓના મનનું સમાધાન કરી બહુ યૂરોપીયોને અને તેઓની સુકુમારી સ્ત્રીઓને ભયના ભારે દુઃખથી મુક્ત કર્યાં છે. એક મિત્રને ફાર્બસ લખે છે કેઃ–"We are all right here, though some of us very absurdly alarmed, and people who know nothing of what has gone on for the last thirty years, are very distrustful of the Gaekwad, the Rajput chiefs and every body in general." "અમે તો નિર્ભય સ્વસ્થ "છિયે, જો કે આપણુમાંના કેટલાક નિરર્થક ભયભીત થઈ રહે છે; અને જે "લોકોને ગયાં ત્રીશ વર્ષમાં શું શું થયું છે તેની કંઈ જાણ નથી તેઓને ગાય- "કવાડનો, રજપૂત રાજાઓનો અને સાધારણતઃ કોઈ એકનો પણ વિશ્વાસ "આવતો નથી." એમ રાજ્યકર્ત્તા લોકને ધૈર્ય આપતા અને તેથી વિશ્વાસ ન ત્રુટી સમાધાન રહેતું. ભારે બળવાના સમયમાં પણ ગૂર્જરાતમાં શાંતિ રહી હતી તેમાં,–ફાર્બસ જેવા સદ્‌ગૃહસ્થોના સદ્‌ગુણથી અને વિવેકથી રાજ્ય-કર્તાનો અને પ્રજાનો સંબંધ ગૂજરાતમાં સજ્જડ રહેતો–એ એક મુખ્ય કારણ હતું. એ સંબંધમાં ફાર્બસને એક પત્ર લખી સરકારે ઉપકાર માન્યો છે.

"મુંબઈ ત્રૈમાસિક વાર્તિકપત્ર"માં (Bombay Quarterly

Review) પણ ફાર્બસ સાહેબના લેખો આવતા. તે એવા સમભાવથી લખાતા કે તેના વાચકને આ દેશ ભણી સદ્ભાવ થાય. "મુંબઇ ત્રૈમાસિક વાર્તિક-પત્ર" ના એપ્રીલ સન ૧૮૫૭ માં, દશમા અંકમાં, 'ભરતખંડનું કલાકૌશલ્ય' 'Indian Architecture' ઉપર ફાર્બસે વાર્તિક લખ્યું છે. તે એવા હેતુથી કે, ગૂર્જરાતનો મહિમા તેનાં બાંધકામોનાં ખંડિત ચિહ્નથી પોતે જાણ્યો, તેમ અખિલ ભરતખંડનો મહિમા તેનાં અલૌકિક કલાકૌશલ્યનાં પ્રાચીન ચિહ્નથી, રાજ્યકર્તા લોક જાણે; અને તેનો મહિમા અને તેની કુલીનતા જાણી તેના ઉપર અનુકંપા આણી પ્રીતિ કરે. કલ્યાણ કરવું એ તો પછી પ્રીતિનું અનિવાર્ય ફલ છે.

તે જ પત્રના સન ૧૮૫૭ના જુલાઈ માસવાળા ૧૧ મા અંકમાં તેમણે સર જોહ્ન માલ્કોમ જેવા એક હિતકારી રાજ્યકર્તાના જીવનચરિત્ર ઉપર વાર્તિક લખ્યું છે. રાજ્યાધિકારીઓએ પ્રજા પ્રતિ કેમ વર્ત્તવું, એ સંબંધિની સારી સૂચનાઓ તેમાં છે. સત્પુરુષનાં જીવનચરિત્ર છે તે દર્પણસમ છે. તેમાં દૃષ્ટિ નાંખ્યાથી મનુષ્ય પોતાના દોષો પોતે જુવે છે. બીજું કોઈ આપણા દોષ આપણને દેખાડે છે ત્યારે આપણને રુચતું નથી. દોષ દેખાડનાર ઉપર રોષ આવે છે, મન પીડા પામે છે અને કોપાઈ સામું થવાનું કરે છે. તેથી પેલા દોષ સુધરતા નથી પણ ઉલટા સજ્જડ થાય છે. એ આદિ બાધ સદ્-ગુણીનાં સચ્ચરિત્ર દૂર કરે છે. પોતાના દોષ પોતે દીઠા કે તેને દૂર કરવાનું સમજણાને સ્વાભાવિક મન થાય છે. ફાર્બસે, માલ્કોમનું ચરિત યૂરોપીયો આગળ ધરી, એ અર્થ સાધવા યત્ન કર્યો છે. તેમાં સમાવેશ કરેલાં થોડાં વાક્યો અત્ર નિરર્થક નહિ કહેવાય—

માલ્કોમનો સ્વભાવ—"[૧]જય મેળવાય તો તે પ્રત્યેકને રાજી રાખી

---

૧. 'Morever it was as much a principle as it was a pleasure with him to achieve success, whenever he could, by keeping every one in good humour". page 112.

× × × × × ×

"He was personally a man of simple habits and unostentatious demeanour". page 112.

× × × × × ×

"If it did not change the destinies of kingdoms, it certainly left "in the mirror of perpetuity" the image of a brave, frank Englishman." page 114.

× × × × × ×

"મેળવવો એવો તેનો નિયમ હતો એટલું જ નહિ પણ તેમાં જ તેને આનંદ "થતો. તે પિંડે સાધુસ્વભાવનો અને આડંબર વિનાના આચારનો હતો." (રાજદૂત થઇને ઈરાનમાં તે ગયો હતો અને ત્યાં બ્રિટન દેશનો મહિમા તેણે સ્થાપિત કર્યો હતો, ઇત્યાદિ લખી ફાર્બસ કહે છે કે:)—"જો કદાપિ તેથી રાજ્યનાં "ભવિષ્ય નહિ બદલાયાં હોય પણ તેણે 'સદા કાલના દર્પણમાં' એક શૂરવીર "અને નિર્મલ મનના સરલ ઇંગ્લિશ જનનું પ્રતિબિંબ પાડ્યું છે. કોઈ દેશીયો "મળવા આવતા તેઓનો માલ્કોમ બહુ વિનયપૂર્વક આદરસત્કાર કરતો "એટલું જ નહિ, કિંતુ મળવા આવનાર પ્રત્યેક મનુષ્યનો સ્વભાવ અને તેની "દશા યથાર્થ સમજી તે પ્રમાણે વર્તતો; ... મળવા આવનારા પાછા વળતાં "સંતોષ અને આનંદ પામતા," ઈરાનમાં પોટેટોઝની પ્રથમ વાવણી માલ્કોમે કરાવી છે, તેથી તેનું નામ સારૂં રહેશે એવું સર જેમ્સ માકિન્ટાશ લખે છે. પણ ફાર્બસ સાહેબ કહે છે કે:—" માલ્કોમે એક એથી પણ વિશેષ "ફલપ્રદ બીજ રોપ્યું છે. * * માલ્કોમના ઈરાનમાં પ્રવાસથી એવા તો "પ્રખ્યાત ગ્રંથ ઉત્પન્ન થયા છે કે, જેણે એશિયા ઉપર પ્રકાશ નાંખ્યો છે, "જેણે યૂરોપને ઉપદેશ આપ્યો છે, અને જેણે આપણા દેશના (ઇંગ્લાન્ડના) "સાહિત્યને શોભાવ્યું છે." * * "માલ્કોમ પંથનું મુખ્ય તત્ત્વ બે શબ્દમાં "છે.—સુગમ્યતા અને પરકાર્યની અચર્ચા—"Accessibility and non- "interfernce.—તે પોતે દશે દ્વાર ખુલ્લાં મૂકી પોતાના સ્થાનમાં વિરાજતો. જે દેશીયો મળવા આવતા, તે સમાધાન અને સંતોષ લઈ પાછા વળતા." ફાર્બસ કહે છે કે "એ ખેદકારક વાર્તા છે કે હાલમાં એવા પુરુષ ભરત- "ખંડમાં થોડા છે. પ્રથમ તો દેશીયોને સારૂ દ્વાર જ ખુલ્લાં ભાગ્યે હોય છે; "તેમ કરતાં કોઇને પ્રવેશ કરવાનું બની આવ્યું તો, અંદર, પોતાના વિષે "જાણનાર અને સમભાવવાન્ પુરુષ મળવા એ તો તેથી પણ ક્વચિત્. રાજા "પ્રજામાં અંતર પડે છે તે એ જ કારણથી. પછી ધુંધવાતા ઢગલા ઉપર એક "તનખો પડે છે એટલે તે સળગી ઉઠે છે. જે મનુષ્યો માલ્કોમ સારૂ પ્રાણ "પાથરવા તત્પર હોત તે જ મનુષ્યો કંટાળીને રાજ્યબંધનથી નરમ પડી, બલ- "વામાં અને ઘાતકી કામોમાં સામીલ થાય છે. ઇત્યાદિ ઈ૦ ઈ૦" અનેક

"His native visitors he was wont always to receive not only with unfailing courtesy but with that thorough understanding of the character and circumstances of each individual,........ he seldom failed to send them away gratified." page 117.

સપ્રમાણ વાર્તાઓ લખી માલ્કોમનું જીવન વખાણ્યું છે; અને તેવા ગુણોનું પ્રતિબિંબ પોતે જ હતા, તેથી પોતાનું લખેલું પાછું પોતે જ સ્પષ્ટ સિદ્ધ કરી આપ્યું છે. ફાર્બસ સાહેબ માલ્કોમપંથી હતા. તે પંથ અથવા સંપ્રદાયના ગૃહસ્થો પરમાર્થી, વિનયી, પરોપકારી, કૃપાલુ, વિવેકી, દીનના નાથ, સર્વને પોતાના બાંધવ જેવા માનનાર, સ્વતંત્ર, તથા આ દેશનું કલ્યાણ ઇચ્છનાર અને કરનાર હતા.

રાજાપ્રજા વચ્ચેનાં કાર્યોમાં, તાત્કાલિક સ્વાર્થસાધક અધિકારીઓ ભણીથી, પ્રજાને થતા અન્યાય વિષે ફાર્બસ સાહેબના વિચાર દૂરદષ્ટિવાળા, સર્વને લાભકારક, અને યથાર્થ હતા. તે કહે છે કેઃ*–"ન્યાય કરવામાં કિઞ્ચિત્ "પણ પક્ષપાત કર્યાથી આપણા વિશ્વાસ ઉપર જેટલો ધક્કો લાગે, અને "તેનો જે પરિણામ થાય, તે પચાશેક આખા પ્રાન્તો હાથમાંથી જાય, તેના "કરતાં પણ વિશેષ હાનિકારક છે એવું માલ્કોમ માનતા. અરે! આપણી જ "પ્રજા સાથેના, અને બીજા માંડલિક રાજા સાથેના, આપણા કરારોના અર્થ "કરવામાં, બ્રિટિશ સરકાર અને તેના કાર્યભારીઓ કેટલો બધો પક્ષ કરે "છે; તેઓ પોતાને ફાવે એવા અર્થ કહાડે છે, કારણ કે બળ પોતાના પક્ષમાં "છે. આપણે આપણી મેળે વિશ્વાસ વિષે અહંકારની વાતો ગમે તે કરિયે,

---

* "He believed that if we determine a case of disputable nature in our own favour, because we had the power, we should give a blow to the existing reliance upon our faith that would be more injurious to our interests than the loss of fifty provinces. We fear that in things small as in things great, in times present as in times past, with individuals as with states, the British Government in India and its officials have too often been guilty of–shall we call it only?–the mistake of interpreting treaties and agreements in a one-sided manner, because on that one side lay all the power. We boast, and with general truth, of our faith; but no one who has been in the habit of conversing with the natives of India, and who has the capacity of appreciating their feelings, can fail to be aware that *in their opinion* serious deductions should be made from the claim to unsullied integrity which we assert and that the picture would be coloured some-what less brightly were the lion painting the portrait of the man." Page 119-120.

"પણ કોઈ દેશીય સાથે જેને બરાબર સમાગમ હોય, તેના જાણ્યામાં આવશે "કે, દેશીયો આપણી પ્રામાણિકતા વિષે કેવા વિચાર રાખે છે. સિંહ મનુષ્યની "લડાઈના ચિત્રમાં મનુષ્ય સિંહને સહસા જિતે છે, એવું મનુષ્યો ચિત્રે છે, "પરંતુ તે જ ચિત્ર જો સિંહ ચિત્રે તો કંઈ બીજા જ પ્રકારનું ચિત્રે."

પ્રખ્યાત આર્થર વેલેસ્લી (ડ્યુક આવ વેલિંગટન) અને માલ્કોમનું પણ એ જ મત હતું. એક પ્રસંગે ગોવાલિયેર વિષેની ચર્ચામાં વેલેસ્લી માલ્કોમને લખે છે કે–[૧]"આપણી પ્રામાણિકતાની કીર્ત્તિ જાળવવાને સારૂ ગોવાલિયાર અને "હિન્દુસ્થાનના બીજા દેશો દશ વાર નોછાવર કરિયે તો પણ કંઈ નથી. ઈ૦" મદ્રાસ પ્રાન્તમાં વેલોરનો બળવો થયો તે સમયે તે બળવો કરનારાએ બળવો બ્રિટિશ અધિકારીઓના અન્યાય અને અજ્ઞાનથી કર્યો હતો, એવું માની, તે દેશીયોને માલ્કમ આદિ કેટલાક ગૃહસ્થો નિરપરાધી ગણતા, તે વિષે લખતાં ફાર્બસ લખે છે કે–"તે[૨] (માલ્કોમ) માનતો કે કઠોરતાનાં અથવા "બળનાં વિશેક ઉદાહરણનાં કરતાં મનની મહત્તા અને દયા જો સરકાર બતાવે "તો તેથી ઉદાર મન ઉપર અધિક અસર થાય." મધ્યપ્રાંતમાં સમાધાન થયું તે પ્રસંગે માલ્કોમ એલ્ફીન્સ્ટનને લખે છે કે:—"જે સારૂં થયું છે તેનું મુખ્ય "રહસ્ય તો આ છે કે, પોતાની મેળે કોઈના દોષો ક્ષય થાય એમ હોય તો "તેમ થતાં સુધી હું ધૈર્યથી સહન કરૂં છું. અકસ્માત્ સહસા સુધારા અને "વેગવાન્ પરિવર્તનનો હું પક્ષવાદી નથી."[૩] ઈ. ઈ. ઈ. માલ્કોમના ચરિત્ર વિષે લખતાં પોતાના આભ્યંતર વિચાર દર્શાવ્યા છે.

---

(૧) Arthur Wellesley writes to Malcolm that:—"I would sacrifice Gwaliar or every other frontier of India, ten times over, in order to preserve our credit for scrupulous good faith ....What brought me through many difficulties in the war and the negociations of peace? The British good faith, and nothing else," page 120.

(૨) "He (Malcolm) believed that the clemency and magnanimity of Government would have had more effect in the minds of liberal men, than twenty examples of severity." Page 125.

(૩) Malcolm to Elphinstone:—But the chief secret is—I am very tolerant of abuses, and can wait with patience to see them die their natural death. I am no advocate, God knows for sudden reforms or violent charges. These are, indeed, the rocks of the sea in which we are now afloat."

એ માલકોમના જીવનચરિત ઉપરનું વાર્તિક સમાપ્ત કરતાં ફાર્બસ લખે છે કેઃ—

"It is melancholy to think how little our late conduct in India has acorded with the wise principles of Sir John Malcolm......We cannot especially regard without anxiety the rapid growth, among both our military and civil officers, of a supercilious contempt for every thing which relates to the customs and feeling of India......It is seldom that a native now finds the 'four doors open,' less often perhaps still that when he gains admittance he meets with either knowledge of or sympathy with *himself*, within." Page 139.

પૂર્વોક્ત **'મુંબઈ ત્રૈમાસિક વાર્તિક પત્ર'**ના સન ૧૮૫૮ ના જુલાઈથી સપ્ટેંબરવાળા અંક ૧૪ માં" 'આઉડ' (અયોધ્યા) એવા નામના મથાળા નીચે ફાર્બસે જે નિષ્પક્ષપાતથી રાજાપ્રજાને હિતકારક ઉત્તમ વિચારો દર્શાવ્યા છે તેમાંનો કિઞ્ચિત્ સાર લઈ સ્થલસંકોચને લીધે અત્રે આ વિષય સમાપ્તિ ઉપર લાવવો પડે છે.

"જે રજપૂત રાજાઓનો અને ઠાકુરોનો, મુસલમીનથી કે મરાઠાથી કોઈ કાલે પણ પૂરો પરાભવ થઈ શકયો નથી, તેવા રજપૂતોનું, ચિરકાલના અને વંશપરંપરાના સ્થાવર ગ્રાસ-વતન અથવા જાગીરો-ઉપરનું સ્વામિત્વ, અને સાધારણ ખેડુતોનો પોતે સાંથેલી જમીન ઉપરનો હક્ક, તેમાં આપણ કશું અંતર ગણતા નથી! એક દેશ ગમે તે પ્રકારે આપણને મળ્યો, એટલે તેમાં બીજાના સ્વત્વ (હક્ક) વિષે આપણે ગમે તેમ અર્થ કહાડી આપણું ફાવતું કરિયે છિયે. * * * અયોધ્યાના નામના મુસલમાન રાજાને જિત્યો. તેનું અર્ધ રાજ્ય ખુંચાવી લીધું અને અર્ધ પાછું આપ્યું. એમ કરીને, જે રજપૂત ભૂમીશ્વરો-વતનદારો-પૃથુરાજ ચોહાણના સમયથી મુસલમીનોને અટકાવી રહ્યા હતા, અને જે રજપૂતોનું મુસલમીનોથી નામ ન દેવાતું; તે રજપૂતોને, આપણા સૈન્યના બળની સહાયતાથી મુસલમીનોને સ્વાધીન કરિયે છિયે. આપણે લઈ લીધેલા ભાગમાં પણ, શસ્ત્રઅસ્ત્રના સાધનથી નહિ તો, તેના જેવાજ પણ જરા શાન્ત ધારાના સાધનથી, આપણે પણ એ જ કામ કરિયે છિયે. તેથી પ્રાચીન કુટુંબોનો મૂલમાંથી નાશ થઈ ગયો છે. ગૂજરાતમાં ગાયકવાડે પણ આપણને થોડી લાલચ આપી, આપણી પાસે

એ જ રીતિએ કરાવવા પ્રયત્ન કર્યો હતો. જો આપણે એમ કર્યું હોત તો કાઠિયાવાડ(સુરાષ્ટ્ર)ના રાજાઓનું ઉચ્છેદન વા નિકર્તન થયું હત, કિંવા જે અવ્યવસ્થા-દુર્દશા-અયોધ્યામાં થઈ છે, તે દશા ગૂર્જરાતમાં થાત. લાર્ડ વેલેસ્લીના પ્રતાપથી સંકટ દૂર થયાં. તેણે ગાયકવાડને અને સુરાષ્ટ્રના રાજાને ઉભયને અનુકૂલ આવે એવું સમાધાન કરવાનું સૂચવ્યું. સાત્ત્વિકી વૃત્તિના જોનાથાન ડંકન અને પ્રવીણ કર્નલ વાકરે લાર્ડ વેલેસ્લીનો વિચાર સિદ્ધ કર્યો. જેથી ઝાલા અને ગોહિલ વંશો અમર રહ્યા, ગાયકવાડ ઋણમુક્ત થયા અને ગૂર્જરાતમાં પંચાશ વર્ષ સુધી એવી શાન્તિ રહેવાની કે જેવી શાન્તિ અણહિલપુરનો રાજદંડ દ્વિતીય ભીમદેવના હાથમાંથી પડ્યો ત્યારથી ગૂર્જરાતે દીઠી નથી * * અયોધ્યામાં અવ્યવસ્થા થઈ તેમાં વાંક આપણો જ છે. પંચાશ વર્ષ પછી સ્વાર્થે સાધી (અયોધ્યા) દેશ લઈ લેવો, તેના કરતાં પરમાર્થ બુદ્ધિથી મધ્યસ્થ થઈ, પ્રથમથી જ સમાધાન રખાવ્યું હોત તો, તે કંઈ ઓછો ન્યાય ન કહેવાત. અયોધ્યાના રાજ્યનો આપણા રાજ્ય સાથે સંયોગ કર્યો તેનો હેતુ બહુ પવિત્ર દેખાડ્યો છે કે,-(મુસલમાની રાજ્યથી) પ્રજા પીડા પામતી હતી તેને મુક્ત કરવી. આ વિચાર જે કર્નલ સ્લીમાનના લખવા ઉપરથી ઉઠ્યો હતો, તેના લખાણ ઉપર જોતાં અયોધ્યાને આપણા રાજ્ય સાથે જે પ્રકારે મેળવવામાં આવ્યું છે તે પ્રકાર કેવલ અન્યાયી દેખાય છે.[૧]

૧ "Having acquired territory in Western India by conquest from one native prince, or cession from another, and finding therein a body of Rajput Chiefs who had never been wholly subdued by either Mahommedan or Mahratta, we drew no distinction between their hereditary and long-maintained rights and the temporary title of mere revenue farmers".—P. 184.

× × × × × ×

"We were to enable him (the ruler of Oude) by our arms to do that which neither he nor his master had ever been able to do for themselves, *viz.*, to complete the subjection of the Hindu landholders, who, from the time of Pruthuraj the Chohan had continued with more or less success to resist the Mahommedan". P. 185.

× × × × ×

The Gaikwar agreed to increase his subsidiary force, and entrapped us into the stipulation that one of the battalions

એપ્રિલ સન ૧૮૫૮ ના લાર્ડ કાનિંગના ગુપ્ત રાજલેખ,–જેથી બળવા પછી લખનોર હાથમાં આવ્યું એટલે અયોધ્યામાંના વતનવાળા (ભૂમિસ્વામી) કુલીન ગૃહસ્થોનું સર્વસ્વ હરી લેવાનું અથવા જપ્તી કરવાનું હતું, એવું સમજી તે

---

should proceed against *his* "domestic enemies" in Kathiawar whenever necessity required. If the British Government had really acted upto this contract, the result must have been either the annihilation of the Rajput aristocracy throngout Guzerat, or else a state of affairs similar to that which has so long obtained in the dominions of the Nawab Vazir of Oude. The catastrophy was fortunately averted. Lord Wellesly had himself suggested that an amicable arrangement might be effected which should guarantee to the Gaikwar Government its revenue and at the same time preserve the rights of the half subdued chiefs for whose reduction that Government sought our assistance. The suggestion approved itself alike to the sagacity of Colonel Walker, and to the honest-mindedness of Jonathan Duncan, and these two eminent men together worked out a settlement well known at least on this side of India, which while it has preserved the estates of the Jhalas and the Gohils, and rescued the Gaiekwar Government from bankruptcy, has also ensured to Guzerat for half a century such tranquillity as was hitherto unknown to her, at least since the day on which the sceptre of Unhilpur was struck from the hand of Bhim Deva II". Page 185.

× × × × × ×

We suppose it must be the party which alone had the power of preventing it,—that is to say, the British Government. It was not necessary that we should have left the king and chiefs to tear each other unchecked in Oude any more than in Guzerat; a disinterested intervention in 1801 would not have been less just than annexation (not perhaps *wholly* disinterested) half a century afterwards; and certainly it is in the tranquillity of the territories of Baroda for the last half century that we behold the fruits of a wise and righteous policy rather than in the turbulence of those of Lucknow.

વિષે-તથા તેની વિરુદ્ધ લાર્ડ એલેન્બરોએ લખેલો લેખ, એ ઉભય લેખો વિષે વિચાર આપતાં ફાર્બસ લખે છે કે-"ઈંગ્લંડમાં આ સમયે પૂર્વપક્ષ (conservative) અને ઉત્તરપક્ષ(Liberal)માં વાક્યુદ્ધ મચ્યું છે. અમે ત્યાં સમીપ હત, તો આનંદથી પોકારત કે-"જય સ્ટાન્લી." પરંતુ દૂરથી તે લાભ લઈ શકતા નથી, પણ અમને પૂર્ણ વિશ્વાસ છે કે એમાંથી આ ભરતખંડનું કલ્યાણ થાય એવું પરિણામ થશે; પછી જય ગમે તે પક્ષનો થાઓ, તે સાથે અમારે સંબંધ નથી. આવા વિલક્ષણ સમયમાં લાર્ડ કાન્નિંગે જે ગંભીરમહત્તા દર્શાવી નિરપરાધી દેશીઓના ઉપર કૃપાળુ દૃષ્ટિથી જોયાં કર્યું છે, તે સારૂ અમે લાર્ડ કાન્નિંગની સ્તુતિ કરીએ છીએ. પરંતુ અયોધ્યાના* સંબંધમાં એઓની રાજ્યનીતિ ઉપર અમને ખેદ થાય

The ground upon which the British Government proceeded in at length annexing the kingdom of Oude was that of humanity, it felt in 1855, though not in 1801, that "it would be guilty in the sight of God and man if it were any longer to aid in sustaining by its countenance and power a system fraught with suffering to millions," and its anxiety was to deliver itself from the reproach which the people of Oude may justly cast upon it" Page 189.

× × × × × ×

* લાર્ડ કાન્નિંગના એ રાજ્યલેખ વિષે ફાર્બસના અને તે સમયે સર્વના સમજ્યામાં આવ્યું હતું તે યથાર્થ ન હતું. લાર્ડ કાન્નિંગે એ વિષે એક ઉત્તરલેખ (Defence) લખ્યો છે, તેમાં પોતાના વિચાર સ્પષ્ટ જણાવી સિદ્ધ કર્યું છે કે, એનો શુભ હેતુ યથાર્થ ન સમજી અર્થનો અનર્થ કરવામાં આવ્યો હતો. તે ઉત્તરલેખ ફાર્બસના વાંચવામાં આવેલ નહિ, તેથી કુલીન કાન્નિંગના ઉપર અગમતો દોષ અનિચ્છાથી ફાર્બસે મૂકવો પડ્યો હોય એવું લાગે છે. સર્વ આર્યપ્રિય કાન્નિંગ જેવા નિષ્કલંક, ઉદાર, વિદ્વાન્, રાજ્યધર્મજ્ઞ, નિષ્પક્ષપાતી, દીનના નાથ અને સંક્ષેપમાં મહાત્મા, વિરલ જ રાજપ્રતિપુરુષો (Vice-roy) થયા હશે ને થશે. લાર્ડ ડેલહાઉસી જેવા સ્વછંદી, સ્વાર્થી અને રાજા પ્રજા વચ્ચે અંતર પાડનાર ગવર્નર જનરલે વિનાશકારક સુરંગ ખોદેલી, તેમાં જામગરી મૂકવાના સંધિ જેવા, વિષમ અને વિકટ કાલમાં રાજ્યના અનેક સંકળાયલા રથોના મુખ્ય યંત્રની લગામ અમર લાર્ડ. કાન્નિંગને સ્વાધીન કરવામાં આવી. મહાત્માનાં અંતઃકરણ અને બુદ્ધિ કસવાની ખરી કસોટી એવા વિષમ અને અસાધારણ સૂક્ષ્મ સમયો છે. ખરૂં હીર તે સમયે જણાય છે. શુદ્ધ કાંચનની પેઠે સર્વ પ્રકારથી તેની પરીક્ષા થાય એવા સંયોગો આવી મળ્યા હતા. તેમાંથી વિજય પામી અધિક મૂલ્યવાન્ થઈ નિર્મલ કુંદન જેવો તે લાર્ડ કાન્નિંગ

છે. અમે ધારીએ છીએ કે એ કામ એમનું નહિ પણ એમના મંત્રીઓનું હશે. આ દેશના કુલીન ગૃહસ્થ કુટુંબોનું સર્વસ્વ લઈ લઈ સાધારણ રંકપ્રજા જેવા કરી દેવા, એવા પંથવાળા અધિકારીઓનું પ્રબલ અહુણાનું આ દેશમાં વિશેષ છે. એ હેતુ સિદ્ધ કરવા સારૂ જ્યારે લાગ આવે છે ત્યારે તેઓ દેશીય રાજ્ય ખાઈ જાય છે, અને વતનદારોનાં વતન જપ્ત કરી લે છે. આ વિષય ઉપર ઈંગ્લંડમાં હાલ ન્યાયથી નિર્ણય થવાનો છે. અમને આશા છે કે નિષ્પક્ષપાત ન્યાય કરી ઈંગ્લંડ પોતાની સંપાદિતા કીર્તિને પાત્ર ઠરશે." ફાર્બસની આ આશા પૂર્ણ થઈ હતી. અત્રેના લોકના લાભમાં ન્યાય થયો હતો કે–'કોઇનું લઈ લેવું નહિ.'

લોકોના ઉપર અનેક પ્રકારના અન્યાય થયા તેથી જ બળવો થયો એવું સિદ્ધ કરી ફાર્બસ લખે છે કેઃ–"અન્યાય થાય છે એવું સમજીને જે 'દેશની પ્રજા શત્રુ થઈ હોય, તે દેશમાં કદાપિ રાજ્ય રખાઈ શકાય નહિ' "(માટે અન્યાય કરવો નહિ) એવું લાર્ડ એલેન્બરો વદે છે તે યથાર્થ અને સત્ય છે."[૧] ઇ. ઇ. ઈ.

જણાયો છે. તેણે આપણા દેશમાં એવાં લાભદાયક બીજ નાંખ્યાં છે અને એવા ઉપકારો વર્ષાવ્યા છે કે તેનાં ફલ બહુ સુખદ થાય છે અને થશે. લાર્ડ કાન્નિગના ગુણ વર્ણવતાં પાર આવે એવું નથી. પુસ્તકોમાં પણ સમાવેશ થવો દુર્લભ છે. અત્ર એટલું સૂચનાર્થ લખવાનું પ્રયોજન આટલા સારૂ થયું છે કે,–ફાર્બસથી અજાણે મૂકાઈ ગયેલો આરોપ તે આરોપ જ હતો–ખરો દોષ ન હતો–એમ સમજાય. ફાર્બસને ઠેકાણે બીજા કોઇએ એ લખ્યું હત તો, તેને કોઈ ખરૂં તો શાનું જ માને, પણ તેની અવજ્ઞા કરી ઉલટું તે ઉપર ધિઃકારથી જુવે, એવા કાન્નિંગના શુભ ગુણ પ્રસિદ્ધ પ્રકાશે છે. "કાન્નિગનું કલ્યાણ થાઓ." એવું કયો સુજાણ દેશીય ઈશ્વર પાસે નહિ માગતો હોય.

૧. "While we are yet writing, the post brings us the celebrated secret despatch of April 19, 1858, and close at its heels follows another with the announcement that Lord Ellenborough has resigned, and that England is the scene of a party struggle on the question of Oude, that Liberal and Conservative, Peelite and men of Manchester, have fixed their feet against each other, and that in the thickening strife—

Crests rise and stoop and rise again,
Wild and disorderly."

What are we to say to these things? Were we nearer to the strife, the gladiator's soul which we are told dwells in

એ આદિ આપણા દેશને લાભકારક અને રાજ્યકર્ત્તાની આંખો ઉઘાડે એવા અનેક ઉત્તમ વિચારો સ્વતંત્રતાથી પ્રસિદ્ધ રીતિએ ફાર્બસે આપ્યા છે. આ પ્રસંગે ખેદાનંદયુક્ત હૃદયથી કહેવું પ્રાપ્ત છે કે–આ દેશના લોક ઉપર, તેમાં મુખ્યત્વે કરીને ઉચ્ચ વર્ગના કુલીન રાજા, ભૂમીશ્વરો (વતનદારો) આદિ લોક ઉપર, કુલીન ફાર્બસે, મનસા, વાચા, અને કર્મણા એ ત્રણે કરી જે ઉપકાર કર્યા છે, તે અજી કદાપિ તેઓ જાણતા નહિ હોય, પણ જે દેશાભિમાનીઓ જાણી શકયા છે તેઓને સંતોષિત કરે છે. તે ઉપકાર જેમ

---

all men might manifest its presence in us,—we might be incited to cheer "Stanley on," and to shout

"Fight, gentlemen of England! fight boldly, ye men!"

But fortunately we are not called upon to snuff the battle from afar, and we can afford to await philosophically the termination of the contest, trusting that it may result in good to India by some means which are not apparent to us, and meanwhile caring very little whether

"Roderigo kill Cassio Or Casslo him, or each do kill the other."
Page 193-94.

× × × × × ×

"This is no new thing; the party which has been more influential than any other in India of late years, holds as its creed that it is just and advisable to reduce society in this country to a dead level of labouring ryots, and in order to carry out this theory, it would in every case, when it had the opportunity, annex the territories of native princes and confiscate the lands of their vassal chieftains." Page 195.

× × × × × ×

"It is upon this question that the home legislature are now called upon to decide, and we can only hope that the decision will not be influenced by either private friendship for Lord Canning or any other form of party spirit, but will be based upon justice, and when it is promulgated be recognised by India and by the world as not unworthy of the ancient reputation of England for wisdom and generosity." Page 195.

જેમ આપણો દેશ ઉદય પામતો જશે, તેમ તેમ તેની સાથે અધિક અધિક પ્રકાશી તેના ઉપર ઉત્તરોત્તર અધિક પ્રીતિ કરાવશે એમાં સંશય નથી.

પૂર્વોક્ત "ધી બૉમ્બે ક્વાર્ટરલી રેવ્યુ"ના–ત્રૈમાસિક વાર્ષિક પત્રના ભાગ. ૩, જાન્યુઆરી અને એપ્રિલ સન ૧૮૫૬ ના અંકમાં પૃષ્ઠ ૩૫૩ થી ૩૭૭ સુધીમાં 'ધી રેવાકાંઠા' નામે વિષય છે, તેમાં રેવાકાંઠાનાં રાજપીપળા આદિ રાજ્યો અને શ્રીમન્ત ગાયકવાડ સરકાર સંબંધમાં વિસ્તારથી લખ્યું છે તેના અન્ત ભાગમાં બ્રિટિશ રાજ્યકર્ત્તાનાં દેશીય રાજ્ય પ્રતિનાં કર્તવ્યો વિષયે કેટલાક વિચાર આપ્યા છે. એ વિષય ફાર્બસ સાહેબે લખ્યો હશે એમ કોઈ અનુમાન કરે છે, પરંતુ તે અજી સંદિગ્ધમાન છે, નિશ્ચિત થયું નથી તેથી તેમાંથી અત્ર કંઈ અવતાર્યું નથી.

તત્રભવતી મહારાજ્ઞીએ આ દેશનું રાજ્ય સ્વાધીન લેતાં પ્રધાન લાર્ડ સ્ટાન્લીની કલ્યાણકારિણી સંમતિથી જે રાજ્ય–નીતિ–દર્શક–પત્ર પ્રસિદ્ધ કર્યું હતું, તેમાં કરેલી પ્રજાલાભની પ્રતિજ્ઞાઓથી ફાર્બસ બહુ આનંદ પામ્યા હતા. તે આવા આશયનું લખે છેઃ–"એમાં આપેલાં વચન પ્રમાણે જો "રાજ્ય ચાલશે તો, (અને હું વિશ્વાસ રાખું છું કે ચાલશે જ) બલવો એ "નામ જ સંભળાનાર નથી."[૧]

સુરતના ન્યાયાધીશને સ્થલેથી એઓને સરકારના કોઈ એક ગુપ્ત કાર્યમાં શોધ કરવાને બીજા બે ગૃહસ્થો–કરનલ પોપ અને ઈ. આઈ. હાવર્ડ સાથે યોજ્યા હતા, તે કાર્યમાં પણ એઓએ સારો યશ મેળવ્યો છે.

તા૦ ૨૪ મી માર્ચ સન ૧૮૫૮ માં તેઓ ખાનદેશના ન્યાયાધીશ ઠર્યા. ત્યાં એવી સારી રીતિએ કામ કર્યું કે સન ૧૮૫૯ ના સપ્ટેમ્બરમાં તે સ્થાન છોડી જવા વેલા, સદર અદાલતના ન્યાયાધીશોએ ફાર્બસની સારી પ્રશંસા લખી છે, અને તે સરકારે બહુ રાજી થઈ માન્ય કરી છે. ફાર્બસ સાહેબ દક્ષિણમાં–ખાનદેશમાં–ગયા, ત્યાર પછી થોડા સમયે તેઓને આવો સંકલ્પ થયો પ્રતીત થાય છે કે,–ગૂર્જરાતમાં વસીને તે દેશ વિષયે જાણ મેળવી, અને પછી તે ભાગના ઇતિહાસાદિનાં સાધન મેળવી, રાસમાલા પ્રસિદ્ધ કરી, તેમ સુરાષ્ટ્રમાં (કાઠિયાવાડમાં) થોડું વસી, તે પ્રાચીન દેશ

૧. "The (Queen's) proclamation itself seems to me to have done wonders already. It acts as a sedative visibly and if these principles continue to be acted upon, as I trust they may, we shall be able to laugh rebellions to scorn. It will have no sympathy any where."

વિષયે પણ જાણ મેલવાય તો સારૂં. તેથી ત્યાંના 'પોલિટિકલ એજન્ટ'ના સ્થાને જવાની ઇચ્છા સરકારને દર્શાવી. તે વેલા એ સ્થાનનો પગાર ભારે ન હતો; અને પોતે જે ન્યાયવિભાગમાં હતા તેમાં રહેવાથી લાભ અધિક હતો. તે ઉપર દૃષ્ટિ ન રાખતાં, કેવલ વિદ્યાના વ્યસનથી જ્ઞાનસંગ્રહાર્થે સુરાષ્ટ્ર જવા વૃત્તિ કરી હતી, પરંતુ તે વેલા તે સ્થાન ખાલી ન હોવાથી મલ્યું નહિ.

ત્યાર પછી થોડેજ સમયે સરકારનેજ કોઈ સૂક્ષ્મ પ્રસંગને લીધે ફાર્બસ જેવા દેશીય રાજા તથા પ્રજારંજક ગૃહસ્થને સુરાષ્ટ્રમાં મોકલવાનું આવશ્યક લાગ્યું. અને તે વેલાના ગવરનર લાર્ડ એલ્ફિન્સ્ટને તા૦ ૨૨ મી સપ્ટેમ્બર સન ૧૮૫૯માં પુનેથી ધુલિયે તાર મૂકાવી લખ્યું કેઃ—

"તમારો તે વિષયે વિચાર લીધા વિના તમને કાઠિયાવાડના પોલિ-"ટિકલ એજન્ટનું કામ ચલાવવા નિમવાની મને અગત્ય પડી છે. જેમ બને "તેમ સત્વર તમારે એ સ્થાન સ્વાધીન લેવું એ બહુ અગત્યનું છે. કૃપા કરીને "મુંબઈ આવતાં જરા વિલંબ કરશો નહિ. ટપાલમાં પત્ર લખું છું."[1]

સૂચવેલા પત્રમાં ગવર્નર લાર્ડ એલ્ફિન્સ્ટન લખે છે કેઃ–"એક નવાબ "આપણી સત્તા માનવાની ના કહે છે, અને ઓખામંડલના વાઘેરોએ કાઠિ-યાવાડમાં ગાયકવાડ સામું ધીંગાણું કર્યું છે, એવે સમયે કાઠિયાવાડમાં સમા-"ધાન રહેવાની અગત્ય છે. તે જ કારણ સારૂ તમને નિયોજવાની મારી વૃત્તિ "થઈ છે. ઇ૦" ફાર્બસ સાહેબે વિના વિલંબે તા૦ ૧૧ મી અકટોબર સન ૧૮૫૯ માં કાઠિયાવાડ જઈ પોલિટિકલ એજન્સિનું કામ સ્વાધીન લીધું. સુરાષ્ટ્ર પ્રાન્તમાં જુનાગઢના નવાબ સાહેબના રાજ્યમાં ત્યાંની સીબંદી નિરંકુશ થયાથી અવ્યવસ્થા થઈ હતી, તેનું શાન્તિથી એવું સમાધાન કર્યું કે, જે સીબંદી સરકારના સામે થશે એવું ભય મુંબઈ સરકારને લાગ્યું હતું તે જ સીબંદી વાઘેર સામે થવામાં સરકારના ઉપયોગમાં આવી. ઓખામંડલમાં વાઘેરો શ્રીમન્ત ગાયકવાડ સામે થયા હતા. તે સંબંધમાં પણ યોગ્ય ઉપાયો યોજી, વાઘેરનું ભય તે પાસ બહુ થયું હતું તેઓની ઉપર જય મેલવી, તેઓને મર્યાદામાં લાવી મૂક્યા. જુનાગઢ સંબંધમાં પોતે એક સ્પષ્ટ વિજ્ઞપ્તિપત્ર સરકારમાં લખી મોકલ્યું તેમાં એવી ઉપયોગિની અને સારી સૂચનાઓ હતી કે તેથી સરકાર

---

૧ "I have been obliged to appoint you to act as Political Agent in Kathiawad without consulting your wishes on the subject. It is of great importance that you should take up the appointment as soon as possible. Pray lose no time in proceeding to Bombay. I write by post."

બહુ રાજી થયા. ત્યાં કાર્ય પણ એવી મનમાનતી રીતિએ કર્યું કે, સરકારે તા૦ ૨૪ મી ફેબ્રુઆરી સ૦ ૧૮૬૦ માં નિર્ણય કર્યો તેમાં લખ્યું છે કેઃ– "ફાર્બસ જેવા વિચારવાન્ અને શક્તિમાન્ અધિકારીને કાઠિયાવાડ સ્વાધીન "કર્યેથી જે લાભ થવાની આશાએ તેઓને નિયોજવામાં આવ્યા હતા તે સર- "કારની આશા કેવી યથાસ્થિતા હતી તે* એઓના જુનાગઢ સંબંધના સારા "લેખ ઉપરથી જણાય છે." સેક્રેટરી–આવ–સ્ટેટ–ફોર–ઈન્ડિયા(વિલાયતના ભરતખંડના મંત્રી)એ ઉપલા મતમાં અનુસરી ફાર્બસને માન આપ્યું છે.

કાઠિયાવાડમાં ફાર્બસનું બહુ રહેવું થયું ન હતું; તો પણ ત્યાં વિદ્યાની રુચિ કરાવવા એઓએ શ્રમ લીધો હતો. લોકોને સારા થવાને ઉપદેશ કરતા અને તેથી થતા લાભો તેઓને સમક્ષ સમજાવતા. તેની સુશીલતાએ તેના સ્વલ્પ આવાસમાં પણ કાઠિયાવાડના રાજાઓ અને ઠાકુરોનાં મન હરણ કર્યાં હતાં. સુરાષ્ટ્રવાસીનો તે એક પ્રિય મિત્ર થઈ ગયો હતો. જુનાગઢનાં અને ગોંડલનાં રાજ્યો સંબંધમાં જે વ્યવસ્થા કરવાની હતી તે કરી. એ પ્રકારે જે અવશ્યનાં મહત્ કાર્ય હતાં તે સમાપ્ત કરી, પછી લાર્ડ એલ્ફિન્સ્ટનને લખ્યું, એટલે તેઓને સુરતના ન્યાયાધીશ નિયમ્યા. સુરાષ્ટ્ર મૂકતાં તે વિષે કેટલાક વિચારો લખી એક વિજ્ઞપ્તિપત્ર (રીપોર્ટ) સરકારને લખ્યું છે. તેમાં પણ તેમણે ઉપયોગિની અને લાભકારિણી સૂચનાઓ કરી છે. તા૦ ૨૫ મી માર્ચ સન ૧૮૬૦ માં તેઓ સુરતના ન્યાયાધીશને સ્થાને આવ્યા. એક વર્ષ ત્યાં રહ્યા. સન ૧૮૫૯ ના ૮ મા નવા સિવિલ પ્રોસીડ્યુઅર આકટ ઉપર ગુણદોષપત્ર (રીપોર્ટ) લખવાનું સરકારે કહ્યાથી ત્યાં તે લખ્યું; તેમાં પણ સારો યશ મેળવ્યો છે. પછી સન ૧૮૬૧ માં સર જ્યાર્જ કલાર્કના વારામાં રાજકીય, ગુપ્ત, વિદ્યા, ન્યાય, અને પરક્રિયા સંબંધી વિભાગોના સરકારના મંત્રી ઠર્યા. તે કાર્ય પણ એવી સારી રીતિએ કર્યું કે ઉચ્ચ પદ આપવાની ગવર્નર સર જ્યાર્જ. કલાર્કને સ્વાભાવિકી વૃત્તિ થઈ, તે તા૦ ૧૩ મી ડિસેંબર સન ૧૮૬૧ માં લખેછે કેઃ—

---

* "The Lucid report of the Acting Political Agent on the affairs of Junagadh and the arrangements suggested by him for the future administration of the State, show how well-founded were the expectations of the Goverment of the benefits to be anticipated from the appointment to the charge of Kathiawod of an officer of Mr. Forbes' ability and judgment."

"મારા પ્રિય ફાર્બસ,"

"સદર કોર્ટમાં જવું તમને અનુકૂલ પડશે? જો પડે તો, હું એમ ધારૂં "છું કે મારે તમને નિયમવા જ જોઇયે. જો કે સરકારના મંત્રિસ્થાન "ઉપરથી તમને ખોવા એથી મારૂં મન બહુ દુઃખાશે."[૧]

તા૦ ૨૩ મી ડિસેંબરે 'સદર-અદાલતના' ન્યાયાસન ઉપરિ 'આકટિંગ' ન્યાયાધીશ નિયોજાયા. તા૦ ૧૨ એપ્રિલ સન ૧૮૬૨ માં મુસ્થ ન્યાયાધીશ થયા.

મુંબઈમાં ફાર્બસનું પધારવું થયું. ત્યાં પણ તેના ફલપ્રદ હસ્તથી ફલ થયા વિના રહ્યાં નથી. એક નિષ્ઠાથી રાજાપ્રજાને સંતોષ પમાડી પોતે કરેલી સેવાનું એક સારૂં ફલ તેઓને પોતાને પ્રાપ્ત થયું. બહુ માનભરેલું અને વિશ્રાન્તિ સાથે લાભકારક "વરિષ્ઠ ન્યાયસભાના" (High Court) ન્યાયાધીશનું ઉચ્ચ પદ છે. ફાર્બસ જેવા વિચારવાન, શાન્ત સ્વભાવના દયાવાન્ ન્યાયી પુરુષને એ સ્થાન યથાયોગ્ય હતું, તેનો સંયોગ થયાથી સ્થાનકને અને સ્થાનીને ઉભયને શોભવાનું થયું. ફાર્બસના સહન્યાયાધીશોએ પ્રસંગોપાત્ત દર્શાવેલા ઉત્તમ ઉદ્‌ગાર ઉપરથી સ્પષ્ટ જણાય છે કે, ફાર્બસનું બુદ્ધિબલ, ન્યાયનિર્ણયશક્તિ, સૂક્ષ્મદૂરમર્મજ્ઞદષ્ટિ, બહુ સારી હતી. આપણી સરકાર વારંવાર નવા નવા અનેક ધારા કરે છે, તથા ન્યાય આપવામાં વિલંબ બહુ કરે છે, એટલું જ નહિ પણ ન્યાય બહુ જ મોંઘો છે, એ પ્રજાને પીડાકારી છે, એવું બહુ યૂરોપીયોનું મત છે; તેવું ફાર્બસનું પણ હતું. પક્ષવાદીઓએ (હાઇકોર્ટના વકીલ, પ્લીડર, બારિસ્ટરો) પણ ફાર્બસના સારા સ્વભાવ અને કુશલતા વિષે એકસ્વરે ગુણ ગાયા છે.

જીલ્લાના વાતાવરણમાં, અને મુંબઈ જેવા મુખ્ય નગરના વાતાવરણમાં બહુ અંતર છે. જીલ્લામાં ગયેલા અધિકારીઓ ત્યાંના વાતાવરણમાંના ઝેરી ભાગનું શોષણ કરે છે, અને તેથી તેઓનો સ્વભાવ "અન્ન તેવો ઉદ્‌ગાર" પ્રમાણે સારો નથી હતો. મુંબઈમાંના યૂરોપીયો પ્રાયશઃ ઉદાર, સભ્ય, અને સુશીલ હોય છે. તેવા સમુદાયમાં એક સાધારણ ગૃહસ્થ દીપી નીકળવો દુર્લભ. મિ૦ ફાર્બસ મુંબઈમાં પણ શુભ કાર્યો કરવામાં એક અગ્રેસર થવા માંડ્યા.

---

૧. "My dear Forbes,

Would it suit you to go to the Sadar Court? If so, I consider that I ought to nominate you; very sorry, as I shall be, to lose you as Judicial and Political Secretary to the Government.

Believe me, your sincerely,
George Clerk."

સન ૧૮૬૪ માં ધી. આનરેબલ ઉલિયમ ફ્રીયર ગયા, ત્યારે તેમના "બામ્બે-બ્રાન્ચ-આવ-ધી-રોયલ-એશિઆટિક-સોસાયટી"ના પ્રમુખસ્થાને ફાર્બસ સાહેબને સ્થાપવાની સર્વ ગૃહસ્થોની ઇચ્છા હતી. પરંતુ પોતાનો સ્વભાવ મિષ્ટ વિનીત હોવાથી, તે ઉચ્ચ પદ બીજા કોઈ ગૃહસ્થથી અધિક શોભશે એવું માની ઉપકાર સાથે નમ્રતાથી તે માન્ય કરવા ના કહી; ત્યારે તેઓને એક ઉપપ્રમુખ ઠરાવ્યા. તેજ વર્ષમાં અત્રેની સમસ્તશાલાના (યુનિવર્સિટીના) ઉપપ્રમુખનું (Vice-Chancellor) મહામાનદ પદ સરકારે એઓને આપ્યું.

વિદ્યાસંબંધિની, કલાકૌશલ્યસંબંધિની અને લોકહિતકારિણી બહુ સભાઓ સાથે મુંબઈમાં પણ ફાર્બસનો સંબંધ હતો. બહુધા ઉપયોગિ કૃત્યોમાં ફાર્બસનું નામ દીઠામાં આવે છે. અત્રેની સર જમસેદજી 'કલાશાલા'ના પણ તે પ્રમુખ હતા.

ભરતખંડના પ્રખ્યાત અને મહાન્ પુરુષોનાં સચરિત ચિત્રોનો સંગ્રહ કરી પ્રસિદ્ધ કરવા સારૂ એક મંડલ થવા વિચાર થયો હતો. તેના પ્રમુખસ્થાને પણ ધી. આનરેબલ મિસ્ટર જસ્ટિસ ફાર્બસનું નામ મૂકવામાં આવ્યું હતું. એ પ્રમાણે મુંબાઈ નગરીમાં પણ ફાર્બસની બહુ પ્રકારની યોગ્યતાને લીધે તે એક અગ્રેસર ગૃહસ્થ ગણાતાં શુભ કાર્યોમાં સામીલ રહી શોભા લેવા દેવાનું તેઓને બહુધા વિનવવામાં આવતું. કારણ તેનો સ્વભાવ અપિ અનુકૂલ, સભ્ય અને લાવણ્યભરેલો હતો.

ફાર્બસ સાહેબના રાજકીય વિષયમાં કેવા ઉત્તમ વિચાર હતા તે યદ્યપિ તેઓનાજ સ્વલેખો ઉપરથી સ્પષ્ટ જણાય છે, તથાપિ તે સંબંધમાં વલી 'ધી બૉમ્બે સાટર્ડે રેવ્યુ' નામે વિદ્વાન્મંડલનું એક પત્ર પ્રસિદ્ધ થતું હતું, તેના મુખ્ય ભાગમાં લખે છે તે અત્ર અવતારાય છે.

"He (the Hon. Mr. Justice Forbes) recognised fully that, come what might, England could rule India on no other principles than those under which her own institutions have grown up and made her mighty upon the earth,—subject of course to the practical restrictions of a state of pupilage until subjection gradually and slowly passess into federation, which is perhaps the ultimate form which the connection of Britain with India will take."—The Bombay Saturday Review. 9th Sep. 1865.

સાંસારિક કિંવા સામાજિક વિષયમાં ફાર્બસ સાહેબના વિચારો સ્થિતિપાલક–જે યૂરોપમાં Conservative કહેવાય છે તેવા–પ્રતીત થતા; કારણ કે યૂરોપમાં પણ ઉચ્ચ કુલોમાં પ્રાયશ: સ્થિતિ–પાલકતા ઉપર અધિક મમતા રહે છે. તેવામાં યૂરોપીયો સાથેનો સહવાસ ગૂજરાતમાં નવો જ હતો. યૂરોપીયો અન્ત્યજ વર્ગના નોકરો રાખતા, એટલે તે વર્ગનો સહવાસ તેઓને રહેતો. તેથી ઉચ્ચ વર્ગના કુલીનો તેઓના સંબંધમાં આવવાની ઉપેક્ષા કરતા. જે અન્ય દેશીયો રાજ્યસેવાર્થે કંઈક જાણી તેઓના સંબંધમાં આવતા, તે બહુધા સામાન્ય વર્ગમાંના હતા. તેવા દેશીયો ઉચ્ચ સ્વકુલના સંપ્રદાયથી અજ્ઞ, અને સારાસાર સમજી સમજાવવા અશક્ત; અને યૂરોપીયોને અનુમત રહેથી અને તેઓનું અનુકરણ કરેથી સ્વાર્થસિદ્ધિ થશે એમ માનતા તેથી, તેઓમાંના કેટલાક યૂરોપીયનોની ભ્રાન્તિ ન ભાગી, તેઓનું અનુકરણ કરવા તત્પર રહેતા. સામાન્ય યૂરોપીયોમાં તેઓને ઉત્તેજન મળતું. એમ થયાથી આ દેશમાં સર્વત્ર તેમ ગૂર્જરાતમાં પણ ‘જુનો’ અને ‘નવો’ એમ બે પક્ષ થયા. જીર્ણપક્ષીઓ પઠિત ન હતા. તેથી તેઓના આચારવિચાર યથેચ્છ તો ન હતા, પરંતુ તેઓ રૂડી કે કૂડી રૂઢિને વળગી રહેવા આગ્રહી હતા. અને તેઓને લોકસંખ્યાનું અનુબલ હતું. નવીન પક્ષીઓ પણ પઠિત ન હતા તેઓ રૂઢિને કૂડી અને ભુંડી ગણી ધિઃક્કારતા અને તેઓને પાદરીઓનું અને તેઓ દ્વારા કોઈ કોઈ યૂરોપીય રાજ્યાધિકારીનું અનુબલ રહેતું. દેશીયોમાં તેવામાં ધર્મનું જ્ઞાન તે સારૂં ન હતું, પરંતુ મૂલ ધર્મના આચારવિચારરૂપ સૂર્યમાંથી આવેલાં કિરણો, ચંદ્રમારૂપા કેટલીક શાસ્ત્રમૂલિકા રૂઢિમાં પ્રતિફલિત થઈ સ્થિત હતાં. તેઓને સજ્જડ વળગી રહેલા લોકો ઉપર પાદરીઓનો પ્રયત્ન નિષ્ફલ થતો. તેથી તે રૂઢિને કોઈ પ્રકારે પણ નિર્મૂલ કરવા તેઓ પ્રયત્નવાન્ હતા. સામાન્ય યૂરોપીયોને ઉચ્ચ વર્ગના લોકોનો સહવાસ ન્યૂન રહેતો. તે સંબંધમાં તેઓને એમ સમજાવવામાં આવતું કે,–ઉચ્ચ વર્ગવાલા દેશીયો જ્ઞાતિનું અભિમાન રાખી યૂરોપીયોને ઉતરતા ગણે છે. એ સૂચનાને ખરી માનનાર યૂરોપીયોને તેવા દેશીયો ઉપર અભાવ થાય એ સ્વાભાવિક છે. એ સર્વનું મૂલ રૂઢિ છે તેનો ઉચ્છેદ થયે,–પાદરીઓને, સામાન્ય યૂરોપીયોને, અને તેમ થયે યથેચ્છાચરણમાં પ્રતિબંધ ન આવે તેથી નવીન પક્ષીઓને,–એ ત્રણેને અનુકૂલ પડે એમ હોવાથી, તેઓનો સમભાવ રહી, રૂઢિનો ઉચ્છેદ કરવામાં તેઓને પરસ્પરનો આશ્રય મળતો.

આ ભરતખંડ સ્થિતિપાલક (conservative) છે એ તો નિઃસંશય છે. કારણ કે અનેક અનુભવથી શિક્ષિત થઈ આ પરિપક્વ દેશના કેટલાક

સબલ સુખદ સંપ્રદાય દેશકાલાવિકારાનુસાર બંધાયા છે અને બંધાશે. એ સંબંધમાં વિચારકોનો કંઇક આવો અભિપ્રાય પ્રતીત થાય છે.

આ સૃષ્ટિના પ્રાયશઃ સર્વ વિષય સંબંધમાં મધ્ય માર્ગ નિર્બાધ તથા ક્ષેમતર લાગે છે અને તે માર્ગ આ સૃષ્ટિના સ્રષ્ટાના માર્ગને અનુસરતો છે. આ સૃષ્ટિમાંનાં પ્રાણિપદાર્થોની પ્રકૃતિના સંબંધમાં એક અબાધ્ય નિયમ આવો જણાય છે કે,–જેટલા જીવત્ પદાર્થો છે તેમાં 'બલ' ઉપાદેય અને 'મલ' હેય હોય છે. મૂલ ઉત્પન્ન પદાર્થ અવિચ્છિન્ન રાખવો અને તેમાં દેશકાલાનુસાર જે સ્વાભાવિકી સંપત્તિનાં બીજ હોય તેનું બલ વધારવું, અને તેમ થતાં જે મલભાગ આવ્યો હોય તેનો ત્યાગ કરવો. એમ થયે શોધનવર્ધન થાય છે અને તે મૂલ પદાર્થ સતત સજીવ વર્તે છે. અને એ જ યથાક્રમ છે. સજીવ વૃક્ષમાં એ ક્રિયા સર્વને પ્રત્યક્ષ દેખાય છે. તે સ્વસ્થાનમાંથી બલપુષ્ટિ લીધાં કરે છે, અને શુષ્ક પત્રાદિ રૂપ મલનો ત્યાગ પણ કરે છે, અને વૃદ્ધિ પામ્યાં કરે છે, અને મૂલ વૃક્ષ બન્યું રહે છે. મનુષ્ય–શરીરમાં પણ સ્વદેશકાલ અને સ્વશક્તિ અનુસાર સ્વપ્રકૃતિને અનુકૂલ પદાર્થના સેવનથી બલ વધે છે, અને નખાદિ મલનો ત્યાગ કરવામાં આવે છે, અને શરીરસંતતિ થયાં કરે છે. એ સૃષ્ટિના નિયમાનુસાર યથાક્રમ છે.

એ જ પ્રકારે સંપ્રદાય સંબંધમાં છે. આ દેશકાલને અનુકૂલ આચારવિચાર, સ્વભાવ, સંસ્થિતિ, શીલ, વ્યવહાર, રીતિભાતિ, ગતાનુગતિ, રૂઢિ, ઈત્યાદિ નામથી ઓળખાતા જે સંપ્રદાય છે, તે સંબંધમાં પણ સૃષ્ટિનો જે યથાક્રમ નિયમ છે તદનુસાર થયે, અનાયાસ યથેચ્છ થવા સંભવ છે.

અહુણાં જીર્ણપક્ષીઓ અજ્ઞાનને લીધે દેશકાલને પ્રતિકૂલા એવી કૂડી રૂઢિઓ,–જેમાં આચારવિચારાદિનાં પ્રતિફલ, વિકલ, વ્યંગ, અને વિચ્છિન્ન થઈ રહેલાં પણ દીર્ઘ વિચાર કર્યાં પછી જ વર્તાય છે–તેને વળગી રહી, ઉદયના બાધક પ્રતિબંધને સહે છે અને વહે છેઃ તેમ નવીન પક્ષીઓ અનુભવના અને સંપૂર્ણ વિવેકવિચારના અભાવે જે જે પૂર્વસ્થિત હોય છે તેમાં દોષદૃષ્ટિ કરી તેમાં ફેરફાર કે તેનો ત્યાગ કરવા ઇચ્છે છે; અને અપરીક્ષિતા અને અપરિચિતા સ્થિતિઓને આણવા પ્રયત્નવાન્ હોય છે. કર્તવ્યની સિદ્ધિમાં એ ઉભયપક્ષનું આચરણ ઈષ્ટ નથી. સૃષ્ટિના નિયમનો મધ્યમાર્ગ જ ઈષ્ટપ્રદ માર્ગ છે. પ્રથમ તો સંપ્રદાય શબ્દમાં અન્તર્ગત થતા પૂર્વોક્ત આચારવિચારાદિને રાગદ્વેષ વિના યથાવિધિ સમજવા અને પછી સ્વદેશ, સ્વકાલ, સ્વસ્થિતિ, સ્વશક્તિ આદિ ઉપર લક્ષ રાખી તેમાંથી ગુણપ્રદ હોય તેનો સંગ્રહ કરવો અને દુષ્ટ હોય તેનો ત્યાગ કરવો. તેઓમાં પ્રથમથી દોષદૃષ્ટિ

તો ન જ કરવી. સંપૂર્ણ અનુભવ વિના દોષદૃષ્ટિ કરનાર લોકને ભારે હાનિનો સંભવ છે. સાર અસાર સમજ્યા વિના જે, પરિવર્તન-ફેરફાર-વાનરવિદ્યા કરવા ઇચ્છે છે, તેનામાં સ્વસ્થિત જે ઈષ્ટ હોય છે તે બહુ કરી જાય છે અને પરસ્થિત અનિષ્ટ હોય છે તે આવે છે, તથા સ્વસ્થિત અનિષ્ટ હોય છે તે રહે છે, અને પરિસ્થિત ઈષ્ટ હોય છે તે આવતું નથી. એમ દુર્ભાગ્યે વાનરવિદ્યાથી સર્વ પ્રકારે અનિષ્ટની પ્રાપ્તિ થાય છે. એથી બહુ સાવધાનતાથી અને સ્વસ્થતાથી સંપ્રદાય સંબંધમાં વર્તવાની આવશ્યકતા છે. યૂરોપમાં પણ વિવેકી અને અનુભવી વિચારકો એવા આશયના જ અભિપ્રાયથી વર્તે છે.

આપણાં તત્રભવતી મહારાણીના સ્વામી પ્રિન્સ કોનસોર્ટ આલ્બર્ટના વિદ્યાગુરુ બેરોન સ્ટોકમાર સન ૧૮૪૮ માં પોતાના શિષ્ય પ્રિન્સ કોનસોર્ટને લખે છે કેઃ—

"Your Royal Highness, in your political argument, uses the phrase "Conservative" several times. Conservetive, in a strict sense, is *Nature* and *Nature* only, *which maintains, uninterruptedly and in continuous action, a portion of the old, rejects a porton of what has grown too old, and in its stead Creates and establishes a portion that is new.*" The Life of Prince Consort. People's Edition part. I p 80.

ફાર્બસ સાહેબના સાંસારિક કિંવા સામાજિક વિચારો પૂર્વોક્ત પ્રકારને અનુસરતા વિવેકપૂર્વક સ્થિતિપાલક હતા.

સવિવેક પુરાણપક્ષ અને સવિવેક નવીનપક્ષ ઉભય પ્રકૃતિસિદ્ધ છે તથા પરસ્પર ઉપયોગી છે. તેઓમાંના વિવેકી અગ્રણીઓએ લક્ષમાં રાખવાનું આ હિતકારક છે કેઃ-અન્યોન્યના આચારવિચાર ઉપર રાગદ્વેષ અને દુરાગ્રહ બની શકે એટલા ઓછા કરી, સ્વપક્ષ ઉપરિ પ્રીતિ ભલે કરાઓ પણ પરપક્ષ ઉપર અપ્રીતિને લીધે તિરસ્કાર ન કરવો, એમાં દક્ષતા છે. કારણ અન્તે તો સ્વાભાવિકનો સંગ્રહ અને વિવેકથી વિવર્જન[1] થઈ સત્યમૂલક યોગ્યતમ હશે તે જ ચિરંજીવિ રહેવાનું. એ સિદ્ધાન્ત છે.

કારણ-અવસ્થામાં વિવેચન ન થઈ શકે, પણ પરિણામ પામી કાર્ય-અવસ્થામાં આવેથી સમજાય, એવા થોડાક અપૂર્વ ગુણનો ફાર્બસમાં સંયોગ

1 Natural Selection and Rational Elimination.

થયો હતો. આ જગત્‌માં તેજદ્વેષી લોકો બહુ હોય છે. જેનામાં સ્વબલ નથી, અને પોતામાં શક્તિ હોય તે કરતાં અધિક શક્તિમાનમાં ખપવા ઈચ્છે છે, એવા દંભી આ જગત્‌માં બહુ છે. તેઓ પોતાના કરતાં અધિક ગુણવાન્ મનુષ્યો ઉપર દ્વેષ રાખે છે. તેઓથી સંગીનો ઉત્કર્ષ સહન થતો નથી; તેથી સદાગ્રહથી ગુણનું આધિક્ય કરવાની સ્પર્દ્ધા, (જે ખરો માર્ગ છે) તે માર્ગે ન ચઢતાં, કુટિલ માર્ગે જાય છે. પેલા અધિક ગુણવાનના પ્રતાપની અને પોતાની વચ્ચે, જેમ સૂર્યનો પ્રતાપ જેવા વચ્ચે કઈં કાલા કાચનું અંતરપટ લેવાય છે તેમ, કઈં દોષ આરોપણ કરી પોતે જુવે છે, અને બીજા તે જ પ્રકારે જુવે એમ ઈચ્છે છે. એવું આ જગત્‌માં વારંવાર દીઠામાં આવે છે. ફાર્બસ પ્રતાપી પુરુષ હતા. તેના ઉપર પણ દુષ્ટા દૃષ્ટિએ જેનારા હોય જ. પણ આશ્ચર્યકારક આ છે કે તેમ જણાતું ન હતું. જેમ ક્ષિતિજમાં પૃથ્વીના સપાટ ઉપર દેખાતા પ્રાતઃકાલના સૂર્યને સર્વ લોક સુખથી જેઈ શકે છે, તે વેલા મધ્યપટની અપેક્ષા રહેતી નથી, તેમ જે પુરુષ પ્રતાપી (અર્થાત્ વિદ્વાન, અધિકારવાન્, પદવાન્) સતે નમ્રતા, મધુરતા, અને વિનયવિવેકમાં રહી ઉદ્ધત નથી થતા, તેઓના ઉપર દ્વેષ ઉંચી દૃષ્ટિ કરી શકતો નથી. એ સત્ય છે. પોતાના સંગીઓમાંથી કેટલાકને પાછળ મૂકી ફાર્બસ આગળ નીકળી આવ્યા હતા. અને જે તે કાર્યમાં ઉપર તરી આવી તે એક અગ્રેસર ગણાતા, તો પણ તેના ઉપર યૂરોપીયો દ્વેષ રાખતા નહિ. ફાર્બસના સુખમાં અને ઉદયમાં તેઓ ભાગ લેતા હોય એમ જણાતું. ફાર્બસને પોતાના પ્રતિનિધિ સમ ગણી, તેનો ઉત્કર્ષ દેખી, સર્વે પ્રસન્ન થતા. એથી પણ સિદ્ધિ થાય છે કે ફાર્બસમાં પૂર્વોક્ત કેટલાક મનોહર શુભ ગુણોનો સંગમ અસામાન્ય હતો. આપણા પંડિતો કહે છે કેઃ—

"दानं प्रियवाक्सहितं ज्ञानमगर्वं क्षमान्वितं शौर्यम् ।
वित्तं त्यागेन युक्तं दुर्लभमेतच्चतुष्टयं लोके ॥"

'પ્રિય વચન સહિત દાન, ગર્વ રહિત જ્ઞાન, ક્ષમાયુક્ત શૌર્ય, ત્યાગયુક્ત ધન, એ ચાર આ લોકમાં દુર્લભ છે.'

કુલીના સ્ત્રીઓનું પરમ ભૂષણ એવા મૃદુ ગુણો, ફાર્બસની વિદ્યા અને અધિકાર આદિ સાથે, એવા સુંદર પ્રકારે મળ્યા હતા કે સીમા. તેઓ સર્વનું શુભ ઈચ્છતા. સર્વના સુખમાં પોતાનું સુખ માનતા. તેથી તે અજાત-શત્રુસમ હતા. અર્થાત્ જગત્‌માં તેને શત્રુ ન હતો એમ કહિયે તો ચાલે. તેઓ ધર્મનિષ્ઠ હતા. યૂરોપમાં તે વેલા ધર્મ ઉપર અનાસ્થા થાય એવા લેખો પ્રસિદ્ધ થવાનો આરંભ વેગથી ચાલ્યો હતો. અમુક પવન આવી જલમાં

તરંગ ઉઠે છે તેમ, અમુક સમયે અમુક દેશોમાં પણ અનેક પ્રકારના તરંગો આવે છે. કોઈ વાર વિવિધ પ્રકારની મહામારી આવી ત્યાંના નિવાસીઓનાં શરીરને પીડા કરે છે; કોઈ વાર કોઈ પ્રકારના મતમતાન્તર વા ભ્રાન્તિઓ આવે છે. તે તત્રત્ય નિવાસીઓનાં અન્તઃકરણને ચલિતં કરી લાભહાનિ કરે છે. તેના ઝપાટામાં આવતાં, અપક્વ લોકોનો અભિઘાત અધિક થાય છે. યૂરોપમાં એ પ્રકાર વારંવાર જોવામાં આવે છે; કારણ ત્યાંના લોકોનો સ્વભાવ સ્થિતિપાલક કરતાં સ્થિતિચાલક અધિક છે. આપણા રાજકર્તાના દેશીય લોક ઉદ્યોગમાં, વ્યાપારમાં અને ધનોપાર્જનમાં કુશલ અને સુસ્થિર છે. પરંતુ ધર્મવિચારમાં અને તત્ત્વજ્ઞાનમાં તેવા નથી. તેથી ત્યાં કોઈ વાર ધર્માધર્મના, કોઈ વાર જડ વિદ્યાના, અને કોઈ વાર ચૈતન્યવિદ્યાના, તરંગો આવે છે. અને તેમાં મગ્ન થતા લેખકો તત્પ્રધાન લેખ લખે છે. ફાર્બસ સાહેબ ધર્મનિષ્ઠ હતા તેથી જડના કરતાં ચૈતન્યના પક્ષને ઉત્તમ માનતા. એક સમયે "Buckle's History of Civilization" નામે પુસ્તક કોઈ મિત્રે વાચવા સારૂ તેઓને મોકલ્યું. પોતે તેનો કેટલોક ભાગ વાચ્યો અને પછી નીચે ઉતારેલાં શેકસપીઅરનાં બે ચરણ તે ઉપર લખી તે પુસ્તક પાછું મોકલ્યું:

"There are more things in heaven and earth, Horatio,
Then are dreamt of in *our* philosophy."

'આપણી સમજણના સ્વપ્નમાં આવ્યા હોય એથી વિશેષ વિષયો આ લોકમાં અને પરલોકમાં છે.' અર્થાત્ સ્વપ્નમાં કિંવા કલ્પનામાં પણ ન આવી શકે એવા વિષયો આ લોક પરલોકમાં અસંખ્ય છે.

ફાર્બસના ઉપર ઈશ્વરની કૃપા સારી હતી તેથી તે બહુ ભાગ્યશાલી હતા. ઉપકૃત થયેલાના આશીર્વાદથી તેનું જીવન સુખમાં અને શાન્તિમાં વીતી ગયું છે. મહાવૃક્ષ રોપનારાઓને તેનાં ફલ ચાખવાનો સમય ભાગ્યે જ આવે છે. એવા વૃક્ષને ફલતાં વિશેષ વાર લાગે છે; એટલામાં રોપકના અસ્થિર દેહનો અંત આવે છે. પોતાનાં વાવેલાં બીજોનાં વૃક્ષો થઈ તે ઉપર ફૂલ ફલ બેસતાં દેખી થતા ગુપ્ત સંતોષાનંદનો અલભ્ય લાભ સુકૃતી ફાર્બસને મળ્યો હતો.

બહુ કરી મનુષ્યો એકાન્તમાં હોય છે ત્યારે પોતાની સ્વાભાવિકી સ્થિતિમાં હોય છે. કોઈ ઉપરિની દૃષ્ટિ તેના ઉપર પડેલી છે એવું તેના જાણ્યામાં હોય છે, ત્યારે તે કૃત્રિમ સ્થિતિમાં આવે છે. મનુષ્યોનાં કર્મને પણ એ જ નિયમ લાગુ પડે છે. એ ભૂતાર્થ ફાર્બસના જાણ્યામાં તેથી પોતે વાવેલાં બીજ કેવી સમૃદ્ધિ પામ્યાં છે, તેને તેઓની સ્વાભાવિકી સ્થિતિમાં જોવા સારૂ, ગૂર્જરાત ભણી પોતાના અવસાનકાલના થોડા જ માસ પૂર્વે ફાર્બસ અજ્ઞાત

(કોઈ જાણે નહિ એવી રીતિએ) આવ્યા હતા; અને પોતાની પ્રેમભરી દૃષ્ટિએ સર્વ યથાવિધિ નિરખી જોયું હતું. પોતાનાં વાવેલાં સૂક્ષ્મ કણોનાં ફાલીને સજ્જડ વૃક્ષ થયેલાં જોઈ ફાર્બસને જે સંતોષ થયો હશે તેનો અનુભવ તો વિરલ ભાગ્યશાલીને હોય.* એ એક શ્રેષ્ઠ પ્રતિના સંતોષનું વર્ણન કરવું કઠિન છે, તે માત્ર અનુભૂત કરી શકાય છે. તેના અજાણો તે સમજી શકે પણ નહિ.

ફાર્બસનું છેલું પ્રસિદ્ધ લેખન જગતવિખ્યાત **સુરાષ્ટ્રના સોમનાથ** વિષેનું છે. તે **એશિઆટિક સોસાયટીની મુંબઇની** શાખામાં સન ૧૮૬૪ માં તા૦ ૧૪ એપ્રિલને દિને વાંચવામાં આવ્યું હતું, અને તેથી તે જ સભાના પુસ્તકના ૨૩ મા અંકમાં સન ૧૮૬૫ માં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

કૃષ્ણજીતકૃત **રત્નમાલા** નામે એક સુંદર વ્રજભાષાનો ગ્રંથ છે. જેમાં પત્તનના મહારાજોનો ઇતિહાસ છે. તેમાંનાં જેટલાં રત્ન હાથ આવ્યાં છે તેટલાંનું ઇંગ્લીશ કવિતામાં ફાર્બસે ભાષાન્તર કર્યું છે. અને તે છપાઈને અહુણાં જ પ્રસિદ્ધ થયું છે.

જે સભા "**ફાર્બસ**" નું પ્રતાપિ નામ ધારણ કરે છે, જે સભાના સંબંધમાં આ જીવનચરિત્ર પ્રસિદ્ધ થાય છે, અને જે સભાને ફાર્બસના મરણથી અસાધારણી હાનિ થઈ છે–કારણ 'મનના મનોરથ મનમાં રહ્યા' એવું જે સભાને થયું છે–તે સભા સંબંધિ થોડું જણાવી આ લેખ સમાપ્તિ પામશે.

મુંબઇમાં લક્ષ્મીની ભરતી આવી હતી, તે સમયે તેનો લાભ લઈ દેશહિતનાં કાર્ય કરવાને, ધનરૂપ જલ, સભા કે મંડલી રૂપ પાત્રોમાં ભરી લેવાનો વિચાર, કોઈ કોઈ ગૃહસ્થોના મનમાં આવ્યો હોય એવું થયું હતું. અને તે પ્રમાણે કેટલાક ગૃહસ્થોએ પરોક્ષ અપરોક્ષ કાર્ય સાધી પણ લીધાં છે; ઉદાર શ્રીમંતોને પ્રાર્થના કરીને અને કેટલાકોને પ્રેરીને લક્ષાવધિ ધન પરોપકારનાં કાર્યોમાં કઢાવ્યાં છે. ધન્ય છે ઉદાર શ્રીમંતો અને ધન્ય છે તેઓના દૂરદર્શી પ્રેરકો. ભરતીનો તો ઓટ થઈ ગયો, પણ પેલાં શુભ કાર્યો સારૂ ભરી લીધેલાં પાત્રો અજી વિદ્યમાન છે. તે લખલખિત આનંદદાયક પાત્રો અનેક પ્રકારના વિચાર ઉત્પન્ન કરે છે. તે વિચારો અત્ર સ્ફુટ ન કરતાં અનુભવી

* પૂર્વે ફાર્બસે અમદાવાદમાં સરસ્વતીને તરત બંધનમુક્તા કરી હતી, પણ તેને પોતાનું મંદિર ન હોવાથી તે વેલા ત્યાંથી બહુ દૂર ગઈ નહોતી. પોતે છૂટી થઈ ભદ્રની બંદિશાલામાં જ રહી હતી. પરંતુ ફાર્બસ ફરીથી છેલ્લા ત્યાં ગયા ત્યારે તેને પુષ્ટ થયેલી અને પોતાનું જ એક સુંદર મંદિર (હીમાભાઈ ઈન્સ્ટિટયુટ) કરી મિ. કર્ટિસ જેવા પૂજારીના સાધનથી મહાલતી દીઠી. એવા અનેક સારા ફેરફાર ફાર્બસે પોતે જોયા હતા.

વાંચનાર વિવેકીને માત્ર તેની સ્મૃતિ કરાવવી એટલું પૂર્ણ વિચારાય છે. ઈશ્વિરની લીલા અકલિતા અને અપરંપારા છે, એ સત્ય છે.

અખિલ જગતમાં સર્વોપરી સંસ્કૃત તેની પુત્રી ગૂર્જરી ભાષા,–જે વિચારની વાચકમુદ્રા, અથવા જ્ઞાનના ભંડારની મંજૂષાનો આપણા ગૂર્જર બાંધવોનો અર્થ સારશે, એવું અતિ ઉપયોગી સાધન–તેને સર્વે પ્રકારે પોષવી અને શૃંગારવી એવો સંકલ્પ ઉઠ્યાથી, તેમ કરવાનાં સાધન ઉપર પ્રથમ આ લેખકનું લક્ષ ગયું. તેમ કરવામાં પ્રથમ એક મિત્ર[1] (જે પોતાનું નામ પ્રસિદ્ધ કરવા ઇચ્છતા નથી) જે દેશીઓનો મિત્ર, ધાર્મિક અને જે અજ્ઞાત રહી લોકનું યથાશક્તિ કલ્યાણ કરવા સદા તત્પર રહે છે, તેઓનું સંમત લીધામાં આવ્યું. તેણે એ શુભ યોજનામાં ઉત્તેજન આપ્યું. સંકલ્પ સિદ્ધ થાય એવી આશા થવા માંડી. વિદ્વાન્, ઉદાર, પરોપકારી, દેશીઓના મિત્ર, અને સંક્ષેપમાં આપણે જેનું જીવનચરિત્ર વાંચીએ છીએ તેવા વર્ગના પુરુષોમાંનો એક, ડાકટર ઉલસન, તેને એ વિચાર સંભળાવ્યો. તેણે પણ પોતાની સમ્મતિ આપી. એમ સંકલ્પ બળવાન્ થઈ સારૂ રૂપ ધારણ કરવા લાગ્યો. એવામાં ગૂર્જરાત અને ગૂર્જરાતી ભાષા સાથે સજ્જડ એકીભૂત થઈ ગયેલું ફાર્બસનું પ્રતાપી નામ સ્વાભાવિક રીતિએ જ, આ લખતાં આ જ શોકમિશ્રિત આનંદ પામનારને, સ્ફુરી આવ્યું. તેણે ફાર્બસ સાહેબને મિલીને સર્વ યોજના નિવેદન કરી. તે શુભ સમયે અંતઃકરણમાં આનંદ પામી તદ્દર્શક પ્રસન્ન મુખે ફાર્બસે કહ્યું કેઃ—"મારા મનમાં એ વિચાર નિરંતર રમ્યાં કરતો હતો, પરંતુ "મારી પાસે સાધન ન હતાં તેથી સિદ્ધ કરી શક્યો નથી, અવે એ કામમાં * * * "હું પણ યથાશક્તિ પરંતુ બહુપ્રીતિથી સર્વ પ્રકારે સામીલ રહીશ. ઇ० ઇ०" પછી એ વિચાર સિદ્ધ કરવા ફાર્બસે પોતાનું બહુ લક્ષ આપવા માંડ્યું. મુંબઈના કેટલાક શ્રીમંત ગૃહસ્થોને કાને એ વિચાર આ લેખકે નાંખ્યો, તેઓએ નાણાંનો આશ્રય આપવા સ્વીકાર્યું. તે શુભ સમાચાર મિ० ફાર્બસને કહ્યા એટલે તેઓને અધિક ઉત્સાહ થયો. સંકલ્પિત સભાના ઉદ્દેશ શા શા છે તે વિષયનાં પ્રસિદ્ધિપત્ર છપાવી સર્વને જાણ કર્યું. સુરાષ્ટ્રના રાજાઓ પાસે નાણાંનો આશ્રય લેવા ત્યાંના અધિકારીઓ દ્વારા ફાર્બસે પ્રયત્ન કર્યો. રા० મુકુંદરાયે તે કાર્ય

૧. એ સંભાવિત ગૃહસ્થનું નામ ધી રેવરેન્ડ મિસ્તર ધનજીભાઇ નવરોજી છે. પ્રથમાવૃત્તિમાં તેની નામ ગુપ્ત રાખવાની ઇચ્છાનું ઉલ્લંઘન કરી શકાયું ન હતું. પરંતુ તેવા સદ્ગૃહસ્થનું નામ ગુપ્ત રહે એ અંતઃકરણને ભારકારી હતું. આ વા[illegible] પણ તેઓની અનુજ્ઞા લીધા વિના તેઓનું નામ પ્રસિદ્ધ કરાય છે. આશા છે કે તેઓ એ દોષને ક્ષંતવ્ય ગણશે

ઉત્સાહથી માથે લીધું. ફાર્બસ સાહેબનું નામ સુરાષ્ટ્ર દેશના રાજાઓને એવું પ્રિય હતું કે ફાર્બસ સારૂ 'જે કરે તે ઓછું,' એવું તેઓ માનતા હતા. તેઓએ ઉદાર મનથી 'ગૂજરાતી સભા' અર્થે નાણાં ભર્યાં. એ સભાના ઉપયોગ સારૂ એક લાખ રૂપિયાનો સંગ્રહ કરવા વિચાર હતો. તેમાંથી રૂપિયા ૨૮,૨૦૦* અઠાવીશ હજાર બસે સુરાષ્ટ્રમાં ભરાયા; અને માત્ર થોડાક જ દિવસમાં મુંબઈના શ્રીમંતોએ રૂ. ૩૭,૫૦૦ ભર્યા. બીજા ગૃહસ્થો પણ એ વિષયે જાણુતા તેમ સારો આશ્રય આપવાની ઇચ્છા દર્શાવી આશા આપતા, તે ઉપરથી ધાર્યા કરતાં અધિક નાણાંનો આશ્રય મળશે એવું એક સમયે ભાસ્યું હતું.

પ્રથમ મુંબઈમાં વાલુકેશ્વર સમીપ ફાર્બસને બંગલે થોડા ગૃહસ્થો મળ્યા. અને પછી તા૦ ૨૫ મી માર્ચ સન ૧૮૬૫ ને દિને પ્રસિદ્ધ ગૃહસ્થોને આમંત્રણ કરી એક સભા મુંબઈના પુરાલયમાં મેળવી. સર્વના એકમતથી "ગૂજરાતી

---

* એ રીતિએ ભરાયલાં નાણામાંથી જે આજ સુધીમાં વસુલ થયાં છે તેની વિગત.

૫૦૦૦ શ્રી જુનાગઢના નવાબ સાહેબ.
૫૦૦૦ શ્રી ભાવનગરના ઠાકુર સાહેબ.
૪૦૦૦ શ્રી નવાનગરના જામ સાહેબ.
૨૫૦૦ શ્રી ધરાંગધરાના રાજ સાહેબ.
૨૦૦૦ શ્રી પોરબંદરના રાણા સાહેબ રૂ. ૨૫૦૦ માંથી.
૧૭૫૦ શ્રી ગોંડલના ઠાકુર સાહેબ.
૧૨૫૦ શ્રી વઢવાણના ઠાકુર સાહેબ.
૧૨૫૦ શ્રી લિંબડીના ઠાકુર સાહેબ.
૧૦૦૦ શ્રી મોરબીના ઠાકુર સાહેબ.
૧૦૦૦ શ્રી પાલીતાણાના ઠાકુર સાહેબ.
૩૦૦ શ્રી ચુડાના ઠાકુર સાહેબ.
૩૦૦ શ્રી સાયલાના ઠાકુર સાહેબ.
૩૦૦ શ્રી જસદણના ખાચર સાહેબ.
૨૦૦ શ્રી બજાણાના મલેક સાહેબ.
૨૦૦ શ્રી માલિયાના ઠાકુર સાહેબ.
૧૦૦ શ્રી કોટડાના ઠાકુર સાહેબ.
૧૦૦ શ્રી વીરપુરના ઠાકુર સાહેબ.

એ રીતિએ કાઠિયાવાડનાં, અને બીજાં મુંબઈનાં નાણાંમાંથી માત્ર રૂ. ૫૦૦) સદ્ગત શેઠ. ગોકુલદાસ તેજપાલના વસુલ થયાં છે. તેની સરકારી નોટો લઈ મુંબઈ બેંકમાં રાખવામાં આવી છે.

સભા" સ્થપાઈ. તેમાં મિ૦ ફાર્બસ પ્રમુખ, બીજા સંભાવિત પુરુષોની એક વ્યવસ્થાપક મંડલી, અને આ લખનાર મંત્રી, એમ નિયમન થયું; અને હર્ષ-ભરી સભા વિસર્જિતા થઈ. તે સમયે સર્વેએ તેના પ્રતિ એવી પ્રીતિ દેખાડી કે એ શુભ કાર્ય યથાર્થ સિદ્ધિ પામશે એમાં કોઇને પણ શંકા થાય નહિ.

પરંતુ મનુષ્યનું ધાર્યું શું થાય છે! ઈશ્વરની અકલિતા માયા કોનાથી કલાઈ છે! ઉપરનો વિચાર કરીને ઉઠ્યા તે જ વેલા મુંબઇને માથે એક સંકટચક્ર અદૃશ્ય ભ્રમતું હતું. તેની ગતિ કોઈના જાણ્યામાં નહતી. એવા સંધિમાં વલી ફાર્બસની પ્રકૃતિ બગડી તેથી તેઓને મુંબઈ છોડી પુને જવું પડ્યું. મંત્રીને પણ કંઈ અવશ કાર્ય સારૂ સ્વગ્રામ જવું પડ્યું. એ વિઘ્નોથી કાર્ય વિલંબાઈ સમય ચ્યુત થયો. તેનું પરિણામ તો હાનિ હોય જ. પછી કેટલેક માસે મુંબઇમાં પાછું આવવું થયું ત્યારે, મુંબઇની દશા વિપરીતા દીઠી. અદૃષ્ટદેવીએ શોકનો પડદો અકસ્માત્ નાંખેલો દેખાયો. જે જે ગૃહસ્થોને થોડાક જ માસ ઉપર સુખમાં દીઠેલા, તે તે ગૃહસ્થોને સંકટમાં મુઝાતા દીઠી. અનુભવી પંડિતો કહી ગયા છે કે "धर्मस्य त्वरिता गतिः" તેને અનુસરી જે ગૃહસ્થોએ ટીપમાં નાણું ભર્યાં હતાં તેઓને તત્કાલ સૂચવવામાં આવ્યું; પણ તેઓને પોતાની પીડાની વેદના એટલી બધી વધી ગઈ હતી કે, તે બીજા કશા ઉપર લક્ષ રાખી શકતા ન હોતા. તેનો પરિણામ એ થયો કે નાણું વસુલ આવી શક્યાં નહિ.

એ પરિણામથી સભાને ભારે હાનિ થઈ એવું ન ગણાત. કારણ એ સાધનને તો પાતાલમાંથી પકડી લાવે એવા ગૃહસ્થો એ સભામાં સામીલ હતા. પરંતુ એક અસાધ્ય હાનિ એ સભાને તે જ કાલે થઈ.

બહુ વિચારો કર્યાથી મસ્તકમાં રોગ ઉત્પન્ન થયો તેથી, થોડા દિવસ તેની પીડા ભોગવી તા૦ ૩૧ થી આગસ્ટ સન ૧૮૬૫ ને ગુરુવારને દિને પુનામાં ધી આનરેબલ એલિસના બંગલામાં ફાર્બસનો દેહ પડ્યો, અને તે સદ્ગતિ પામ્યા. ફાર્બસના અકાલે સદ્ગમનથી સભાને એવો તો અસહ્ય ધક્કો લાગ્યો કે તેની મૂર્છા વળવી એ દુર્લભ થઈ પડ્યું.

ફાર્બસને એ સભા કેવી પ્રિયા હતી અને તેના ઉપર અંતઃકરણથી તેનાં સ્નેહમમતા કેવાં હતાં તેની સાક્ષી પૂરવા નીચેનું ફાર્બસનું માત્ર એક વચન અનેકનો અર્થ સારે એવું છે. અંતકાલ વેલા જે જે કાર્યો સાથે ફાર્બસને સંબંધ હતો, તે તે કાર્યો એઓના મિત્રોએ સંભાળી લીધાં, ત્યારે "ગૂજ-રાતી સભાનું" કામ પણ સંભાળી લેવા એઓના મિત્રોએ કહ્યું. તે સમયે ફાર્બસે ઉત્તર આપ્યું કેઃ—"**સર્વ કાર્ય તમને સોંપીશ, પણ મારી ગૂજ-**

"રાતી સભાનું કાર્ય તો અંત સુધી કોઈને સોંપવા હું રાજી નથી." એ વાક્ય કેવા હૃદયમાંથી નીકળ્યું હશે, તે દર્શાવવા તેમાંનો પ્રત્યેક અક્ષર એવો તો સમર્થ છે કે, એક માત્રા પણ અધિક કહી પુષ્ટિ કરવાની અપેક્ષા રહેતી નથી.

એ પ્રકારે ફાર્બસના સદ્ગમનથી ગૂજરાતી સભાને જ એકલીને અસાધ્યા હાનિ થઈ એવું નથી. જેની જેની સાથે તેનો સંબંધ હતો તેને તેને એઓના મરણથી અભિઘાત અને શોક થયા છે. અને કવિ દલપતરામ કવે છે તેમ, "કીરતી કોટ કિલ્લાક જવા થકી આખી થઈ ગુજરાત ઉદાસી." કાઠિયાવાડમાંથી રા. રા. મુંકુંદરાય લખે છે કે "ફાર્બસનું મરણ જાણી "અત્રના ઘણા રાજારજવાડામાં પોતાના કુટુંબનું એક ઉપયોગી મનુષ્ય "ગયાથી જેટલો શોક થાય એટલો થયો છે." ગૂર્જરાતમાં તેને વધારે સહવાસ હતો એટલે ત્યાંના લોકોને શોકસંતાપ થાય એમાં તો નવાઈજ શી. જે બહુ વર્ષ ફાર્બસ સાથે રહ્યા, અને જેઓનાથી ફાર્બસના વૃત્તાન્તમાં બહુ સાધન મળ્યાં છે, તે ક૦ દલપતરામે **"ફાર્બસવિરહ"** નામે એક પ્રશસ્ય કાવ્ય લખ્યું છે. તે વાચવાની આ પ્રસંગે સર્વને ભલામણ છે. એ પ્રશસ્ત પુસ્તકમાંની સરસા કવિતા પ્રાસંગિકી અને સ્વાભાવિકી છે. ફાર્બસ દલપતરામના ભોજ હતા. દલપતરામનું કવિત્વ ફાર્બસથી ખરૂં પ્રકટ થયું અને ફાર્બસ સંબંધી લખતાં તે પૂર્ણ, દશા પામ્યું છે. ફાર્બસના વિયોગથી ક૦ દલપતરામને અનેક પ્રકારની હાનિ થઈ છે, અને તેઓનું હૃદય સવિશેષ કોમલ થઈ નિર્મલ સ્નેહ દર્શાવતાં વદે છે કે;—

(ઈંદ્રવિજય)

ગામ, ગરાસ, ધરા, ધન, ધામની ખોટનું દુઃખ ખરૂં,–પણ ખોટું;
સંતતિહીન, કુટુંબકુસંપનું, છાતિતણું દુઃખ, તે પણ છોટું;
ક્રોડ રિપુતણું કોણ ગણે કદિ ચોગણું આવી ચડી દુઃખ ચોટયું;
મેં મનમાં અનુમાન (અનુભૂત?) કર્યું દુઃખ મિત્રવિયોગનું સર્વથી મોટું.

'ગુજરાતી સભાએ' ફાર્બસનો શોક તેનું શુભ નામજ તેણે પોતાનામાં કોતરાવી દર્શાવ્યો છે, અર્થાત્ **"ફાર્બસ** ગૂર્જરાતી **સભા"** એવું નામ ધારણ કર્યું છે. 'એશિયાટિક સોસાઇટી'ની શાખાએ પણ પોતાના વૃત્તાન્ત પત્રમાં ફાર્બસશોકદર્શક લેખ, વિદ્વાન્ અને બહુશ્રુત ડાકટર ઉલસનના મતને અને રા. રા. વિશ્વનાથ મંડલિકના અનુમતને અનુસરી લખ્યો છે. તે ઉભય ગૃહસ્થોએ એ પ્રસંગે ભાષણો કર્યાં છે, તેમાં ફાર્બસ સાહેબના ગુણ ગાયા

છે. મુંબઇની સમસ્તશાલાના (યુનિવર્સિટીના) વાર્ષિક સમાજમાં તેના પ્રમુખ ગવર્નર સર બાર્ટલ ફ્રેર જેવા ગૃહસ્થે પણ ફાર્બસના સદ્ગમનથી વિદ્યોપાસક વર્ગને થએલી હાનિ સખેદ વર્ણી છે.

"That this society place on record the expression of their deep sorrow for the death of the Hon'ble Mr. Justice Forbes, one of their Vice-Presidents, and their testimony to his eminent abilities, varied accomplishments, and grace of manner; to his important services in the illustration of the literature and antiquities of Gujarat; and to his high character, and exemplary life, which reflected honor on the British Government in India, and won the affection of all classes of the natives with whom he held public or social intercourse."

The Journal of the Bombay Branch of the Royal Asiatic Society Vol VIII 1863-65. p. lxxxiv (84).

"The report which the registrar has read alludes in fitting terms to the loss of our late Vice-Chancellor (the Hon'ble Mr. A. Kinlock Forbes) and he could have no more fitting eulogy than the sorrow thus expressed, of the senate over which he presided*. But I may be pardoned if I point the late Mr. Alexander Kinlock Forbes out to those of my own countrymen who desire to aid in the great work of the University, as a bright example of what they have it in their power to do. It was not his intellectual ability, great as that was, nor his learning and accomplishments, though we know them to have been profound and

* "The Syndicate cannot conclude this report without an expression of feeling at the untimely decease (at Poona in August 1865), of the late Vice-Chancellor the Hon'ble A. Kinlock Forbes after a brief tenure of office during which his refined accomplishments and judicial equability of mind endeared him to the University."

varied; but it was the innate English love of justice which, with such singular modesty, was his great characterstic which gave him such a hold on the sympathy of all with whom he came in contact, and which was the true secret of his power." The speeches and addresses of Sir H. B. E. Frere, p. 147.

એ આદિ વિદ્યાસ્થાનોમાં અને વિદ્વાનોના વિચારોના વાહક અને વર્તમાનપત્રોમાં મરણ પશ્ચાત્ તેઓ વિષયે સ્મરણલેખ પ્રસિદ્ધ થયો છે, તેઓમાં પણ ફાર્બસ સાહેબના શુભ ગુણનું એકસ્વરે ગાન થયું છે. તેમાંથી એક વાનગી રૂપે તા૦ ૯ મી સપ્ટેમ્બર સને ૧૮૬૫ના ધી બાગ્બે સાટર્ડે રેવ્યુ નામે પ્રતિષ્ઠિત પત્રમાંથી અત્ર ઉતારાય છેઃ—

"Here (in Bombay) he at once entered into the confidence of the higher classes of Natives.............. At the time of his death it may be said of him that he was unequalled for the individual affection entertained for him by his friends of all classes of men with whom he was brought either in official or social intercourse, as well as in the general esteem and respect of the inhabitants of Bombay and people of Gujarat."

એ સર્વનો સંક્ષિપ્ત સાર સ્વલ્પ શબ્દોમાં,—લાર્ડ મેકાલેએ સન ૧૮૩૫માં લાર્ડ ઉલિઅમ બેન્ટિકના સ્મરણલેખમાં લખ્યું છે તેનો બહુ ભાગ આપણા ફાર્બસને યથાવિધ લાગુ પડે છે. તેથી તેના શબ્દમાં જ—અત્ર અવતારાય છે.

"Who never forgot that the end of Goverment is
The happiness of the Governed:
× × × × × ×
Who effaced humiliating distinctions:
× × × × × ×
Whose constant study it was to elevate the
intellectual
And moral character of
The Nations committed to his charge:"

(Macaulay's Writings and Speeches p. 469)

સુરતના લોકોએ ફાર્બસનું સ્મરણ રાખવા સારૂ થોડું નાણું એકઠું કર્યું છે, અને પ્રતિવર્ષ તેમાંથી તેને પ્રિય એવી જે ગૂર્જરી ભાષા, તેને પુષ્ટિ મલે એવી યોજનાઓ કરે છે. મુંબઇમાં યૂરોપીયો અને દેશીયોએ એકત્ર મળી અન્ય માર્ગે પણ ફાર્બસનું સ્મરણ રહેવા એક સ્મારક સંગ્રહ કર્યો છે. તેમાંથી રૂ. ૫૦૦૦) આ પ્રાન્તની સમસ્તશાલાને (યુનીવર્સિટીને) સ્વાધીન કરયા છે. તેના વૃદ્ધિ–દ્રવ્યમાંથી ન્યાયશાસ્ત્રમાં પ્રવીણ નીકળે તે વિદ્યાર્થીને પ્રતિષ્ઠાર્થે એક ફાર્બસના નામની 'સુવર્ણમુદ્રા' આપવી એવો નિશ્ચય થયો છે. પોતાના જીવનમાં જ સારાં બીજ વાવવામાં ફાર્બસ એવા એક સાધનભૂત થયા છે કે, તેઓનાં વૃક્ષ દિનપ્રતિદિન વૃદ્ધિ પામતાં જશે, તેમ તેમ તેનું અધિક અધિક સ્મરણ કરાવતાં જશે, એટલે તેના મરણ પછી સ્મરણ કરાવવા અન્ય કોઈની સહાયતાની ઝાઝી અપેક્ષા રહી નથી. કવીશ્વર શેક્સ્પીઅર કવે છે કે:—

"Not marble nor the gilded monuments
Of princes shall outlive this powerful rhyme."

એ યથાર્થ છે. કવિ. દલપતરામ પણ કવે છે કે:—

(કવિત.)

"મળ્યાં હશે બીજાઓને મોટાં મોટાં માનપત્ર,
ચીંથરાં થઈ જશે તે ચુંથાઈ ચુંથાઈને;
બનાવી બનાવીને બેસાર્યાં હશે બાવલાં તે,
પાવલાની કીંમતે કદિ જશે વેચાઈને;
મસીદો મીનારા કે કરાવેલા કીરતીથંભ,
ઘણે દાડે તે તો જશે સમૂલા ઘસાઈને;
કવિતાથી ઠામ ઠામ કહે દલપતરામ,
ફારબસ તણા જસ રહેશે ફેલાઈને."

ફાર્બસનો સ્વભાવ મહાશય અને માયાલુ હતો તે તો આપણે જોઈ લીધું છે. તે એક ખરા ગૃહસ્થ હતા. દેશીય પરદેશીયમાં કંઈ અંતર ગણતા નહિ. સર્વ સાથે યોગ્ય સન્માનથી વર્ત્તતા. તેના અંતઃકરણ જેવું તેનું મુખ પણ સદા સલજ્જ, પ્રસન્ન અને આકર્ષક રહેતું. પ્રારંભમાં તેનું ચિત્ર મૂક્યું છે એટલે તેના આકારનું વર્ણન કરવાની અગત્ય નથી.

મિ॰ ફાર્બસ પૂર્વે વયમાં વહેલા પરણ્યા હતા. તેઓને ચાર પુત્ર અને બે પુત્રીઓ છે.* તેમાંથી જ્યેષ્ઠ પુત્રનું વય ૨૧ વર્ષનું છે. તેનું નામ જાન. ફ્રેજર ફાર્બસ, તે વિલાયતમાં છે. બીજો ૧૯ વર્ષનો હેન્રિ ડેવિડ અર્સ-

ફીન ફાર્બસ સિંધમાં 'સરવે' ખાતામાં અહુણાં જ નોકર થયો છે. ફાર્બસની વિધવા અને બીજું કુટુંબ વિલાયતમાં છે. ફાર્બસ સાહેબ સંતોષી હતા. મુંબઈમાં ખરા સટ્ટાના સમયમાં ઘણા યૂરોપીયોએ હસ્તે પરહસ્તે સટ્ટામાં ભાગ લીધો હતો, પણ ફાર્બસ સાહેબે તેનું નામ પણ ન હોતું દીધું. પરંતુ કુસંગાસંગદોષ જેવી એક મહાખેદકારિણી વાર્તા બની છે. પોતાના સર્વ ધનના ફાર્બસે મુંબઈ બેંકના 'શેર' લઈ રાખ્યા હતા. ફાર્બસની સદ્દગતિ પછી શેરસટ્ટાનો ઉભરો શમી જઈ જે ધનનો વિનાશ થયો તેમાં મુંબઈ બેંકનું પણ સર્વસ્વ ગયું, એથી તેના 'શેર'નું મૂલ્ય કંઈ રહ્યું નહિ, તેથી મૂલ્યવાન્ ગણી સંગ્રહેલા તે શેર ઉપર ફાર્બસના કુટુંબના નિર્વાહનો જે આધાર હતો, તેમાંથી 'સોનાનો સર્પ થઈ જાય' તેમ થયું. તેથી તેના કુટુંબને એ હાનિ પણ અકસ્માત્ દુઃસહા થઈ પડી.

મનુષ્યપ્રાણી સંપૂર્ણ નથી. તેમ સતે ઉપરના જીવતચરિત્રમાં કંઈ દોષ દેખાતો નથી, એટલું જ નહિ પણ કોઈ કોઈ પ્રસંગે, જ્યાં જ્યાં સદ્ગુણ દેખે ત્યાં ત્યાં ગુણરાગથી વશ થનાર મનથી, કોઈને અધિકા લાગે એવી કહીં પ્રશંસા પણ થઈ હશે; તે વિષે તટસ્થ થઈ વિચાર કરતાં આ લેખક છેક અભાન છે એમ નથી. તો પણ, આ લેખકના સ્મરણમાં ફાર્બસના દોષ સ્ફુરતા નથી; એટલે, સારા ગુણના પ્રકાશથી જંખાઈ જવાની નિર્બલતાનો પોતે સ્વીકાર કરવો એ તેને સુતર લાગે છે. વિશેષમાં સ્વાર્થ વિના અને કામના વિના, કલ્યાણકારી મહાજનો આપણા દેશ ઉપર ઉપકાર કરે, તેઓની સુજનતાની તથા મહત્તાની તુલના અને મૂલ્ય હોય તેથી અધિક કદાપિ ગણાયું હોય, તો તે આપણ જેવા કૃતજ્ઞ લોકને દૂષણરૂપ નહિ, કિંતુ ભૂષણરૂપ છે. એ વિચારાનુસારી આ લેખક છે.

(શિખરિણી).

ભરેલા સદ્ગુણો કશુ મન અભિમાન ન વર્યું,
મને જેને તો લોકહિત કરતાં પ્રિય ન કર્યું.
પ્રજા રાજા વચ્ચે પ્રીતિ સબલ સુબંધન બને,
સહુ ઘો આશીર્ફાર્બિસવદધિકારી પુરુષને.

મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી.
ફાર્બસ ગૂજરાતી સભાનો માનદ મંત્રી.

અનુલેખન.

'ફાર્બસ ગૂજરાતી સભા'ની ટીપમાં તુરતમાં રૂપિયા પાંસઠ હજાર સાતસેં અંકે રૂા. ૬૫,૭૦૦) ભરાયા હતા: એમાં સુરાષ્ટ્રમાંના રાજ્યકર્તાઓએ રૂા. ૨૮,૨૦૦) ભર્યા હતા, તેમાંથી રૂ ૨૬,૨૫૦) આવ્યા હતા; અને મુંબઈમાં ભરાયલા રૂ. ૩૭,૫૦૦)માંથી માત્ર રૂ. ૫૦૦) આવ્યા હતા. કુલ રૂ. ૨૬,૭૫૦) અક્ષરે રૂપિયા છવીસ હજાર સાતસેં અને પચાસ વસુલ થયા હતા. તેમાંથી રૂ. ૧૮૩૮)માં હસ્તલિખિત ગ્રંથોનો સંગ્રહ લઈ મુંબઈના પુરાલય–ટાઉનહાલ–માં 'ફાર્બસ ગૂજરાતી સભા'ના એક કપાટમાં એ જ ફા૦ ગૂ૦ સભાના હસ્તકમાં છે. રૂ. ૧૪૦૦૦) તે આશ્રયે **રાસમાલાનું** ભાષાંતર કરાવી સચિત્ર પ્રસિદ્ધ કરવામાં વ્યય થયો હતો. **રાસમાલાના** વેચાણનાં નાણાં પાછાં વળ્યાં તેની, તથા મૂલમાંથી જે શેષ હતું તેની, સરકારી નોટો લઈ મુંબઈ બૅંકમાં રાખેલી છે. એ સભાનું કાર્ય યથેચ્છ કરવામાં એ નાણાં ઉપર આવતું વાજ પહોંચી શકે એમ ન હોવાથી નાણાં આપનાર સુરાષ્ટ્રના રાજ્યોએ સભાના મંત્રીને સૂચના કરી હતી કે "એ નાણાંના વાજમાંથી "સારાં કામ કરી શકવા જેટલો સંગ્રહ થાય ત્યાં સુધી એ નાણાનું મૂલ દ્રવ્ય "વાજથી વધારવામાં આવે છે એમ અજી થોડાંક વર્ષ ચલાવવું." તે અનુસાર એ નાણાં વાજથી વધારવાનું જ લક્ષ રાખેલું છે. આ વિ. સંવત્ ૧૯૫૩ ઈ. સ. સ. ૧૮૯૭ના વર્ષના અન્ત સુધી મૂલ દ્રવ્ય અને વૃદ્ધિદ્રવ્ય (વાજ) મલીને કુલ રૂપિયા બાસઠ હજાર અને પાંચસે અંકે રૂ. ૬૨,૫૦૦)ની સરકારી નોટો લેવાઈ. 'ધી બૅંક આવ બોમ્બે'માં એ જ ફા. ગૂ. સભાના નામથી સુરક્ષિત રાખવામાં આવી છે. અને અજી તેમાં પ્રતિવર્ષ વધારો થતો જશે.

'પ્રબન્ધચિન્તામણિ' નામે સંસ્કૃત પુસ્તક છે. તેમાં ઐતિહાસિક વૃત્તાન્ત હોવાથી પ્રખ્યાત ડાકટર ભાઊ દાજીના તંત્રિત્વ નીચે પ્રસિદ્ધ કરવાનો 'ફાર્બસ ગૂજરાતી સભા'એ નિર્ણય કર્યો હતો. પરંતુ તે ગ્રંથ ડા. ભાઉ દાજી સદ્ગત થયાથી પ્રસિદ્ધ થઈ શકયો નથી.

'રાસમાલા'નું ગૂજરાતીમાં ભાષાન્તર આપણા પ્રખ્યાત ગ્રંથકાર રા. રા. રણછોડભાઈ ઉદયરામે બહુ પરિશ્રમ લઈ કર્યું છે; અને તે સુંદર તથા રુચિકર ગણાયું છે. તેની શુદ્ધિ–વૃદ્ધિ–સહિતા દ્વિતીયાવૃત્તિ માત્ર એક વાર પ્રસિદ્ધ કરવા ફા. ગૂ. સભાની ભગિની અમદાવાદમાંની 'ગૂજરાત વર્નાક્યુલર સોસાઇટી'ને અનુજ્ઞા આપી છે.

ગિરગામ, મુંબઈ. } **મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી.**
સંવત્ ૧૯૫૩. આશ્વિન વદિ ૧૩. } ફા. ગૂ. સ. માનદ મંત્રી.

रासमाळा.

પ્રકરણ ૧.

ગૂજરાતની સ્વાભાવિક સીમા–શત્રુંજય–વલ્લભીપુર

ગૂજરાત પ્રાન્ત પશ્ચિમ હિંદુસ્થાનમાં છે, તે બે ભાગ મળીને થયેલો છે–તે માંહેલો એક ભાગ ખંડસ્થ છે, અને બીજો દ્વીપકલ્પસ્થ છે; તેમાંથી દ્વીપકલ્પસ્થ ભાગ ઘણોખરો **ઓ**મનના કિનારાની સામે, અને **સિન્ધ** તથા **મ**કરાનના કિનારાની નીચે, **આ**ર્બી સમુદ્રમાં વધી ગયેલો છે. ખંડસ્થ ભાગ અથવા ખરા ગૂજરાતની દક્ષિણ સીમા **હિંદુ** લોકો **ન**ર્મદા નદી ગણે છે. તથાપિ એ પ્રાન્તની ભાષા, દક્ષિણમાં બહુ આઘે લગી, **ન**ર્મદાના મુખથી તે **મું**બઈ ભણીના અર્ધા રસ્તા સુધી છેક **દં**મણ અથવા **સે**ણ્ટર્જાન (**સં**જાણ) લગણ બોલાય છે. **વિં**ધ્યાચલ અને **આ**રાવલિ પર્વતને સાંધનારી ડુંગરિયોની હાર, **ન**ર્મદા નદીના કિનારાની ઉત્તરમાં આગળ વધીને ગૂજરાતની ઉત્તર, અને પૂર્વ સીમા બને છે; અને **મા**ળવા, **મે**વાડ, તથા **મા**રવાડથી ગૂજરાતને નાખો પાડી દે છે. એની પશ્ચિમ અને વાયવ્ય સીમાએ, **ક**ચ્છનો **અ**ખાત અને ખારૂં **ર**ણ, જે કોઈ કોઈ વેળાએ ઘણું ખરૂં પાણીથી ભરાઈ જાય છે, તે છે; એની દક્ષિણ ને નૈર્ઋત્ય સીમાને કિનારે **ખં**ભાતનો **અ**ખાત, અને **આ**ર્બી સમુદ્ર છોળો મારે છે. ગૂજરાતની આ પ્રમાણેની સીમામાંહેથી એનો વાયવ્ય કોણ ભણીનો ભાગ છેક બંધ વિનાનો છે, અને ત્યાંથી એ પ્રાન્ત ઉપર હલ્લા થયેલા છે. ત્યાં આગળ સપાટ રેતીનું મેદાન છે, તે **ક**ચ્છના **ર**ણની અને **આ**બુ પર્વતની તલાટી વચ્ચે આવેલું છે.

જે પર્વત, ગૂજરાતની ઉત્તર અને પૂર્વ સીમાએ આવેલા છે, અને જેની અનેક શાખાઓ એ પ્રાન્તના છેક પાસેના ભાગ સુધી પ્રવેશ થઈ છે, તે પર્વત ઉભા, ખડબચડા, અને દુર્ગમ છે. ડુંગરાના સ્કંધ અને શિખરો વચ્ચેની ખીણો જંગલોથી પખરાઈ ગયેલી છે. આ **જં**ગલોની ઘોરઘટા છાયામાંથી અનેક નદિયો વૂહે છે, તેઓની ઉંચી તેડા તોડીને લાંબા, ઉંડા અને ગુચપુચિયા વહેળા

બની રહેલા છે, અને તેઓના ઉપર ઝાડ તથા વનસ્પતિ ઉગીને ઘણાં ખરાં ઘાડાં ઉપવન બની રહેલાં છે. જેમ સપાટ ભાગ નજર આવતો જાય છે, અને વન દેખાતું બંધ થતું જાય છે, તેમ, નદિયો પ્હોળી અને ઓછી આરણ્યક થતી જાય છે; અને આગળ જતાં **સા**બ્રમતી, **મ**હી અને **ન**ર્મદા એ ત્રણ ધોરી નદિયોમાંથી જેની સમીપમાં આવી જાય છે તેનો સંગમ કરી, અંતે **ખં**ભાતના **અ**ખાતને મળે છે. ગૂજરાતનો ઘણો ખરો નૈર્ઋત્ય કોણનો આખો સાઠ માઈલનો પ્રદેશ, **ક**ચ્છના રણથી માંડીને તે **ન**ર્મદાના કિનારા સુધી, દ્વીપકલ્પને મોખરે, અને **ખં**ભાતના **અ**ખાતને ઉત્તર અને પૂર્વ કિનારે આવી રહ્યો છે, તે ખુલ્લો અને પૂર્ણી થયેલો સપાટ છે; આ ફલદ્રૂપ પ્રદેશનો ઘણો વિભાગ, અને મુખ્યત્વે કરીને જે **સા**બ્રમતી અને **મ**હીની વચ્ચે આવ્યો છે તેટલો, ઝાડની સરસ ઘટાથી છવાઈ ગયેલો છે, તે ઝાડોમાં ઘણાં તો આંબાનાં છે, અને બાકીનાં બીજી જાતિનાં છે, તેઓના ઉપર ફૂલ લટકતાં દેખાય છે અને ઘણા જ દેદીપ્યમાન રંગનાં પાંદડાં ઝળકી રહે છે. આ પ્રદેશ, **મ**હારાષ્ટ્રનો ઇતિહાસ લખનાર કહે છે કે, "ઇંગ્લંડના **ઉ**મરાવોના સર્વોત્તમ ચોગાનોની હારે સેંકડો માઈલ સુધી ઉતરે એવો છે." વળી ડુંગરાવાળા પ્રદેશમાં ખેતીવાડી કરવામાં આવતી નથી, તો પણ, જ્યાં જ્યાં વાવણી કરવામાં આવે છે, ત્યાં ત્યાં, બહુ જ સારી ફળદ્રૂપતા જોવામાં આવે છે, ખેતરોની સારી સંભાળ લેવામાં આવે છે, અને સરસ પાકથી ભરચક જણાય છે; અહિયાં પણ આંબા અને બીજાં રોપેલાં ઝાડ બહુ જ વધારે જોવામાં આવે છે; અને સપાટી ચડતી ઉતરતી છે, તથા જંગલ અને ડુંગરા નજરે પડે છે તેથી મિસ્તર **એ**લ્ફિન્સ્ટન લખે છે તે પ્રમાણે "**હિં**દુસ્થાનના બીજા કોઈ પણ ભાગનો એના કરતાં વિશેષ ફળદાયક અને વધારે રમણીય દેખાવ નજરે આવતો નથી."

કચ્છના ન્હાના રણના છેડાથી સુમારે વીશ માઈલને અંતરે અગ્નિકોણમાં, ખારા પાણીનું એક મ્હોટું સરોવર શિરૂ થાય છે, તે ઠેઠ **ખં**ભાતના **અ**ખાતના મથાળા સુધી જઈ પ્હોંચે છે, અને ખરા ગૂજરાતની તથા **સો**રઠ અથવા **કા**ઠિયાવાડના દ્વીપકલ્પની સીમા બની રહે છે. અસલને વારે આ બન્ને ભાગ એક બીજાથી પૂરી રીતે છૂટા પડેલા હશે, અને ખરૂં જોતાં **સો**રઠ એ એક બેટ હશે એવો સંભવ જણાય છે[1].

---

૧ આ વિષય સંબંધી સૂચના મેળવવા કાજે, **બૉમ્બે બ્રાન્ચ** આવ ધી **રોયલ એ**-શિયાટિક **સોસાઇટી**ના **જ**ર્નલના ભાગ **૫**માને પૃષ્ઠ ૧૦૯મે **મેજર** ફુલ જેમ્સનો લેખ છે તે જુવો. **તેમ** જ વળી, **એ**લ્ફિન્સ્ટન્સ ઇંડિયાના સન ૧૮૪૧ની આવૃત્તિના પૂહેલા **ભાગને** પૃષ્ઠ ૫૫૮મે જુવો.

ખંભાતના **અ**ખાતના પશ્ચિમ કિનારા ઉપર, **ભા**વનગરની ઉત્તરમાં, થોડેક માઇલને અંતરે, ગ્રેનિટ (કઠણાશ ભરેલા) પથ્થરના ડુંગરાની હાર છે, તે સ્થિર સરોવર સરખા સપાટ પ્રદેશમાં, જાણે દરિયાનાં મોજાંની વચ્ચોવચ્ચ બેટનું ઝુમખું તરતું હોયની એવી દેખાય છે. આ ખરબચડાં શિખરોની ટોચ જે **ચ**મારડી ગામ ઉપર ઝોકી રહી છે ત્યાંથી જે દેખાવ નજરે પડે છે તેના કરતાં ચડિયાતા દેખાવ, આખા **હિં**દુસ્તાનમાં, ઇતિહાસ સંબંધી તથા દંતકથાઓ વિષેની વિચારસંકલનામાં રમુજ પાડે એવા, તથા વિવિધ પ્રકારના બીજા થોડા જ હશે.

ચમારડીના ખરાબાને એક વાર દરિયાના પાણીની છોળો વાગતી હતી એવી દંતકથા ચાલે છે તેને ત્યાંની બખોલોથી પુષ્ટિ મળે છે, કેમકે, તે બખોલો દરિયાનાં મોજાંથી પોલી થઈ હોય એવી ખુલ્લી રીતે જણાય છે, તેની વચ્ચે ઉભા રહીને જોનારની નજર આગળ, ઉત્તર અને પૂર્વમાં આવી રહેલું, અને ઠેઠ ક્ષિતિજમાં જઈ અડેલું એવું કાળી ભૂમિનું વિશાળ અને સપાટ મેદાન જણાય છે, તે પ્રતિ વર્ષે ઘઉં અને રૂની વાવણીથી ભરપૂર થયલું રહે છે (જે ભાગ ઉપર અખાતની ભારે ભરતીનો ધસારો થાય છે, અને જે ખારો અને ઉજ્જડ પડેલો દેખાય છે તે ભાગ વિના) અને તેની સપાટી ઉપર પૂર્વ ભણીની દિશાએ રસ્તો કરવાને વ્યર્થ પ્રયત્ન કરનારા જળપ્રવાહથી જ માત્ર ખંડિત થયલું જોવામાં આવે છે. વળી, એ **ચ**મારડીના ડુંગર ઉપરથી, પ્રતાપવંતી **વ**લભીના ગઢ આગળ થઈને વ્હેતી, અને ઉનાળાના દિવસમાં પોતાના વાંકાચૂકા માર્ગે મંદ મંદ ગતિ કરતી તથા વર્ષાઋતુમાં ઘણા પ્રવાહબળથી દરિયા ભણી ધસારા સહિત માર્ગ કરતી, એવી નદી જોવામાં આવે છે. તેમ જ વળી, કનકસેનના હજી સુધી ગુપ્ત રહેલા વંશનાં મ્હોટાં વ્હાણ દરિયા ભણી લઈ જતી, અને જે હવણાં થોડી અને ન્હાની હોડિયોથી ખેડાય છે, તો પણ જે નગર ઉપરથી તેનું નામ પડ્યું છે તેની પડખે થઈને જતી, અને **ગો**ઘાના બંદરને પસાર કરતી, જે ખાડી **પી**રમના ચમત્કારિક અને મનોરંજક ન્હાના બેટને **સો**રઠના દ્વીપકલ્પથી જૂદો પાડે છે તેને ધસી આવી ઘણા વેગથી મળતી, અને પોતાની અસલની મ્હોટાઈની નિશાનિયો બતાવતી, એવી ખારા પાણીની **ભા**વનગરની ખાડી, પણ ત્યાંથી ઓળખાઈ શકાય છે. આ સપાટ ભૂમિમાં, **ચ**મારડીની ઉત્તરે થોડાક માઈલને છેટે હાલનું **વ**ળા નામનું ગામ છે (જે હાલમાં **ગો**હિલ રજપૂત ઠાકોરની સત્તામાં છે;) તથા પુરાતન નગર **વ**લભીપુરનાં ખંડેર પડી રહ્યાં છે. અને એથી આગળ વળી, જાણે ઇતિહાસવિષયક દેખાવનો સંબંધ ચાલતો રાખવાની તેની મતલબ હોય તેમ, એક ઊંચો મિનારો **લો**લિયાણા

નામે નગર દર્શાવે છે, આ ઠેકાણે અસલને વારે મુસલમાન પાદશાહના સરદારો પ્રાન્તની જમાબંદી વસુલ કરતા હતા. એક પડી ગયલી મસ્જીદની પાસે અસભ્ય મરાઠાએ એક દેરૂં બાંધ્યું છે. અને મોખરે અશુદ્ધ જોડણીનો અને કઢંગી રીતે કોતરેલો નીચે લખેલો લેખ છે;–

"શ્રી **શિ**વનાં પગલાં પ્રયાસથી **દા**માજી **ગા**યકવાડ અહરનિશ પૂજે છે. સંવત્ ૧૭૯૪. (સન. ૧૭૩૮.)"

ચમારડીના ડુંગર ઉપર ઉભો રહીને જોનાર, દક્ષિણ ભણી નજર કરે તો, પર્વતની હારોથી ચિત્રવિચિત્ર થયલો આકાર તેની નજરે પડે છે. ભૂમિ ઉપર થોડાક માઈલ સુધી, અને **પી**રમની દક્ષિણમાં, **ખો**ખરાના ડુંગર દૃષ્ટિએ આવે છે; છેક પાસે, અને બહુ પશ્ચિમમાં ખડકમય હાર **સિહો**રને વિંટલાયલી દેખાય છે, અને એથી પણ પશ્ચિમમાં, આઘે, પવિત્ર પર્વત **શ**ત્રુંજયનો ઉત્તમ આકાર, જેના ઉપર ખડકવાળો ઉપરનો ડુંગર, જે રાજમંદિરના જેવી બાંધણિયોથી ભરપૂર છે એવો વિરાજતો છતો **પા**લીટાણાના બુરજ અને મિનારા કરતાં પણ ઉંચો ઝોકાં ખાતો દેખાય છે.

જૈન લોકોના **૨૪ તી**ર્થંકર થયા, [૧] તેમાંથી આદિ **આ**દિનાથે [૨] **શ**ત્રુંજયના પર્વત ઉપર તપશ્ચર્યા કરી હતી તેથી તે પવિત્ર ગણાય છે. તે સમુદ્રની સપાટીથી સુમારે બે હજાર ફૂટ ઊંચો છે. યાત્રાળુ લોક અહિં આવે છે તે **પા**લીટાણા શહેરમાં થઈને પર્વતની તલાટિયે આવે છે, તે રસ્તે બન્ને બાજુએ વડનાં

---

૧ **જૈન** ધર્મના ચોવીશ **તીર્થંક**રોનાં **નામ**, **તે**મનાં માતપિતાનાં **નામ**, લાંચ્છન, એટલે તીર્થંકરની પ્રતિમા નીચે તેનું ચિહ્ન **થાય છે તે**, કે જેપરથી કયા તીર્થંકરની પ્રતિમા છે **તે** ઓળખાય છે, એ સઘળી વિગત માટે જુવો **રાસમાળા** પૂરણિકા **પ**રિશિષ્ટ અંક. ૧.

૨ **હિં**દુઓના ચાર યુગને મળતા, **જૈ**નોના ૬ આરા છે. ત્રીજા આરામાં **ક**શ્યપ ઋષિના વંશના **ઇ**ક્ષ્વાકુ રાજાનો વંશજ **ના**ભી રાજા થયો. તેને **મ**રુદેવી નામે રાણી હતી અને **ઋ**ષભ દેવ નામે પુત્ર હતો તે જ જૈનના પહેલા **તી**ર્થંકર **આ**દિનાથ. ઋષભ દેવના પહેલાં પૃથ્વી ઉપર વર્ષાદ વર્ષતો નહિ, અગ્નિની ઉત્પત્તિ હતી નહિ, કોઈ કાંટાવાળું ઝાડ થતું નહિ; વિદ્યા તેમ જ ચતુરાઇનો ધંધો જગતમાં હતો નહિ. આ સર્વ **ઋ**ષભ દેવે દાખલ કર્યાં, માણસોને ત્રણ કર્મ શીખવ્યાં––ઉષીકર્મ, અથવા લડાઈ અને રાજ્યની વિદ્યા; **મ**શી કર્મ અથવા શાસ્ત્રવિધા; કશીકર્મ (કૃષિકર્મ) ખેતીવાડીની વિદ્યા. આ વેળાએથી મનુષ્યોએ નિયમિત ધંધો કરવા માંડ્યો. છેલ્લા **તી**ર્થંકર **મ**હાવીર સ્વામી **વિ**ક્રમાદિત્યના સંવત્‌ની પેહેલાં ૪૭૦ વર્ષમાં (ઈ. સ. ની પૂર્વે ૫૨૬) નિર્વાણ પામ્યા; ત્યાર પછી ત્રણ વર્ષ, આઠ માસ, અને બે અઠવાડિયે પાંચમા આરાનો પ્રારંભ થયો તે એકવિશ હજાર વર્ષ સુધી ચાલવાનો છે.

(ઋષભ દેવનું સ્થાપન **લા**ટ દેશમાંના ભૃગુકચ્છ(ભરૂચ)ની પાસે **ન**ર્મદાના તટ ઉપર **વ**જ્રસેન મુનિયે **શ**કાવતાર તીર્થમાં કર્યું, આ સ્થાન હાલ **નિ**કાવિહાર કહેવાય છે.

ઝાડની હારો છે તેની ઘટાઓથી સૂર્યનો તાપ લાગતો નથી. પર્વતના સ્કંધ અથવા ચડાવ ઉપર, એથી તે ત્રણ માઈલ સુધી થાક લાગે એવો રસ્તો છે, પણ બે બાજુએ વિસામો લેવાની ઘણી જગાઓ છે. પાણીનાં ન્હાનાં તલાવ અને કૂવા છે, તથા ન્હાનાં દેરાસર બંધાવેલાં છે. આ ચૈત્યમાં તીર્થંકરનાં પગલાં છે. આવો રસ્તો વટાવીને યાત્રાળુ છેવટે બેટના જેવા ઉપરના ડુંગર આગળ આવી પહોંચે છે. આ ડુંગર ઘણા સુંદર રંગના ખરાબાનો બનેલો છે, તેના ઉપર તેના ધર્મનું ચૈત્ય છે. આ ડુંગર બે શિખરોનો છે તેની વચ્ચે એક ખીણ છે તે ઘણી ખરી પૂરાઈ ગઈ છે, અને દેવાલય, અગાશિયો, અને વાડિયોથી છવાઈ ગઈ છે. બધાયની આસપાસ કોટ છે, અને તોપને માટે તેમાં કોશિકાં મૂક્યાં છે. આ ઘેરાવામાં બીજા ન્હાના કોટ છે તેથી ઘણાં દેરાસરો, પોતપોતાની મેળે સ્વતઃ કોટના જેવાં બની રહેલાં દેખાય છે. દક્ષિણ શિખર ઉપર મધ્ય સમયનાં દેરાસર છે, તે કુમારપાળ અને વિમલશાહનાં બંધાવેલાં છે, ત્યાં એક તલાવ છે તે, તે જગ્યાની દેવી ખોડિયારના મહિમાને લીધે પવિત્ર ગણાય છે, તેની પાસે જૈન તીર્થંકર ઋષભ દેવની વિશાળ કદની મૂર્ત્તિ છે, તેના પગ આગળ જીવતા ખરાબામાંથી કોરી ક્હાડેલો પોઠિયો છે. ઉત્તર શિખર ઉપર મ્હોટામાં મ્હોટું અને ઘણું પુરાતન ચૈત્ય છે તે દંતકથામાં ક્હેવાતા સમ્પ્રતી રાજાએ બંધાવ્યું છે એમ ક્હેવાય છે. શત્રુંજય ઉપર જૂનાં દેવાલયો થોડાં છે; અને વારે વારે જીર્ણોદ્ધાર થાય છે તેથી તેમની આજુ બાજુએ હાલનાં દેરાસર છે તેમાંથી ઓળખી ક્હાડવાને બહુ કઠણ પડે છે, પણ જે આધુનિક છે તે સર્વ ટૂંકને નામે ઓળખાય છે. હિંદુસ્થાનમાં, ચારે મગથી–સિન્ધુ નદીથી તે પવિત્ર ગંગા નદી સુધી, અને હિમાલયના હીમનાં મુકુટધારી શિખરોથી તે તેની કન્યાકુમારી, જે રૂદ્રને સારૂ સૂજેલી અર્દ્ધાંગના, તેના ભદ્રાસન સુધીમાં એકે નગર એવું નહિ હોય કે જ્યાંથી એક અથવા બીજી વેળાએ, પાલીટાણાના ડુંગરને વિરાજમાન કરનાર દેરાસરોને નાણાંની ભેટ નહિ આવી હોય; એક ગલી પછી બીજી ગલી, અને એક ચોક પછી બીજો ચોક, એ પ્રમાણે જૈન ધર્મનાં દેવાલય તેઓના ભવ્ય કોટ સહિત વિસ્તાર પામ્યાં છે, તે અર્દ્ધાં મ્હેલ જેવાં, અર્દ્ધાં કોટ જેવાં, એકાન્ત અને મહિમાવાન્ પર્વત ઉપર દેદીપ્યમાન આરસ પાહાણનાં બાંધેલાં, અને સ્વર્ગના મહાલય સમાન, છેક ઊંચે હવામાં મૃત્યુ લોકને પગ દેવાને દુર્લભ, એવાં છે. પ્રત્યેક ચૈત્યના ગંભારમાં અજિતનાથની, આદિનાથની અથવા કોઈ બીજા તીર્થંકરની એક અથવા વધારે મૂર્ત્તિઓ છે, તેનો ઉદાસીન વૃત્તિ ધારણ કરેલો, આરસ પાહાણની મૂર્ત્તિનો આકાર, રૂપેરી દિવિયોના ઓછા અજવાળાથી ઝાંખો દષ્ટિએ પડે છે, અગરબત્તીની સુગંધ હવામાં

બ્હેકી રહે છે, અને ચકચકિત ફરસબંધી ઉપર ભક્તિમાન સ્ત્રિયો, સોનાના શૃંગાર સજેલી અને વિચિત્ર રંગનાં વસ્ત્રથી ઝઘઝઘાટ મારતી, એક સ્વરી પણ મધુર સ્તવન ભણતી એવી, ઉઘાડે પગે પણ ધિમેધિમે પ્રદક્ષિણા ફરે છે. **શ**ત્રુંજય, ખરેખાત પૂર્વ ભણીની અદ્ભુત કથાના એક કલ્પિત ડુંગરની ઘટિત રીતે ઉપમા આપી શકાય એવો છે, એના રહેવાસિયો જાણે એકાએક આરસનાં પુતળાં બની ગયલા હોય, પણ તે ઉપર આવીને અપ્સરાના હાથ, સર્વ સ્વચ્છ અને ચકચકિત રાખતા હોય, અને સુગંધીવાળા પદાર્થોના ધૂપ કરતા હોય તેમ જ તે અપ્સરાના સુસ્વર, દેવનાં શૃંગારિક ગીત ગાઇને હવાને ભરી દેતા હોય એવો ભાસ થાય છે.

પાલીટાણાના ડુંગરની ટોચ ઉપરથી, પશ્ચિમ ભણી જોતાં, ચોખ્ખે દહાડે **ને**મીનાથને લીધે **પ**વિત્રતા પામેલો એવો દબદબાભરેલો **ગિ**રનાર દૃષ્ટિએ પડે છે. ઉત્તર ભણી **સિ**હોરની આસપાસના ડુંગરા, નાશ પામેલી **વ**લભીપુરીના દેખાવને ભાગ્યે જ રુન્ધન કરે છે; **આ**દિનાથના પર્વતની તલાટીની જોડાજોડ, **પા**લિટાણાના મિનારા, જે ઘનઘટાની આરપાર તડકામાં ચળકાટ મારે છે તે, દૃષ્ટિએ પડતા દેખાવનો અગ્રભાગ બને છે; અને નજર છે તે ફરેરી **શ**ત્રુંજય નદીના વાંકાચૂકા પૂર્વ ભણીના પ્રવાહ સાથે સહજ ચાલતી ચાલતી **ત**લાજાનાં સુંદર અને દેવાલયોથી શોભી ઉઠતા ખરાબા ઉપર થોડી વાર આવીને ઠરે છે, અને ત્યાંથી પેલી પાર, જ્યાં પ્રાચીન **ગો**પનાથ અને **મધુમાવતી**–(મહુવા)ને ઉછળતા દરિયાની છોળો વાગે છે ત્યાં સુધી જઈ ભમે છે.

શત્રુંજય ઘણુંજ પ્રાચીન અને **જૈ**ન ધર્મનું અતિ પવિત્ર ધામ છે. સર્વ તીર્થ કરતાં એ અગ્રેસર ગણવામાં આવ્યું છે, અને જેનો નિરંતર નિવૃત્તિ સાથે સંબંધ થાય છે તેનું એ મુખ્યસ્થાન ગણાય છે. વળી તે મુમુક્ષુઓનું મહામંદિર મનાય છે, અને **અં**ગરેજોના પવિત્ર [1]**અ**યોનાની પેઠે દુનિયાના નાશની વેળાએ પણ એનો નાશ થવો સરજ્યો નથી એમ કહેવાય છે. પૌરાણિક રાજાઓની લાંબી લાંબી ઘણી વાતો કહેવામાં આવે છે કે, **હિં**દુસ્થાનની સર્વે જગ્યાએથી તેઓએ આવીને આ પવિત્ર ભૂમિ ઉપર તપશ્ચર્યા ને ધર્મની ક્રિયાઓ

---

૧ જૂદા જૂદા લોકોના ઘણા રાજાને **અ**યોના પોતાના સ્મશાનની જગ્યા તરીકે પસંદ કરવાનું કારણ નીચેના પ્રાચીન ભવિષ્યકથન ઉપરથી ઉત્પન્ન થયેલું કહેવાય છે:

"જગતનો પ્રલય થતાં પ્હેલાં સાત વર્ષ અગાઉ, રેલથી લોકો ડૂબી જશે: એક જ "ભરતીથી દરિયો **આ**યર્લ્યાણ્ડ ઉપર ફરી વળશે; અને લીલોતરીવાળા ઈસલેનું પણ "એમ જ થશે. તથાપિ કોલમ્બાનો બેટ રેલના પાણી ઉપર તરશે."–**આ**ઇામ્સ **આ**ન્ટીક્વિટિ આફ **અ**યોના એ નામના પુસ્તક ઉપરથી.

કરેલી તેથી તે વધારે ફળપ્રદ થયેલી અને તેના પ્રતાપથી તેઓ પોતાના પાપના ભારથી નિવૃત્ત થઈને મુક્તિ પામ્યા છે. આ ચમત્કારિક અકળ સ્થાનનો પાર પામવાને તીર્થંકરના ભક્તો સરખાની પણ ધીરજ ચાલી શકે એમ નથી, તો કપર્દિ યક્ષ, કંડુ રાજા, અને તેના ઉપર પ્રસન્ન થયલી અંબિકા, સમુદ્રવિજય યાદવ, અને કલ્યાણના[1] સુન્દર રાજા તથા તેની અનુપમ રાણી એઓએ આ પવિત્ર ડુંગર ઉપર બંધાવેલાં દેરાસર, એ સર્વ વિષે અમે પણ લખાણ કરીને અમારા વાંચનારાઓને સમજાવવાનો યત્ન કરતા નથી.

સૌરાષ્ટ્રના રાજા શીલાદિત્યની આજ્ઞાથી, પ્રખ્યાત વલભીપુરના શ્રી ધનેશ્વર સૂરિયે શત્રુંજયમાહાત્મ્યનો ગ્રંથ રચ્યો છે, તેના ઉપરથી સાર ક્હાડીને રચેલા પુસ્તકમાંથી થોડી વધારે મનોરંજક વાત જાણી અમે અહિં આપિયે છિયે:

ઋષભ દેવનો પુત્ર, ભરત રાજા, અયોધ્યામાં રાજ્ય કરતો હતો, તે શત્રુંજયની ઉત્તર ભણી સેના લઈ જઈને મહાશક્તિમાન્ મ્લેચ્છ રાજા સાથે યુદ્ધ કરવા મંડ્યો. પ્હેલી લડાઈમાં તો ભરત હાર્યો, પણ પછીથી બીજી લડાઈ થઈ તેમાં તે જય પામ્યો, અને દુ:ખની વેળાએ છોકરૂં જેમ પોતાની માતા ભણી દોડી જાય તેમ, મ્લેચ્છ રાજા, પોતાની હાર થઈ એટલે, સિન્ધુ નદી ભણી દોડી ગયો.[2]

ચોમાસામાં ભરતને એક જગ્યાએ ખમચી ર્‌હેવું પડ્યું, પણ ચોમાસુ ઉતરવા આવ્યું એટલે, તેના પ્રધાન સુખેણે[3] સિંધુ નદીની ઉત્તરમાં, સમુદ્ર અને પર્વતની વચ્ચે, એક કિલ્લો હતો તે લીધો. ભરતના ન્હાના ભાઈ બાહુબલિના પુત્ર સોમવશાએ ઋષભ દેવનો પ્રાસાદ બાંધ્યો (શત્રુંજય ઉપર) અને ભરતે તીર્થના ખર્ચને સારૂ સૌરાષ્ટ્રની વાર્ષિક ઉપજ અર્પણ કરી, તે દિવસથી સૌરાષ્ટ્ર, દેવદેશ[4] કેહેવાયો. ભરતનો સગો શક્તિસિંહ કરીને સોરઠનો અધિકારી હતો, તેને રાજાની સેના સહિત સુખનનો આશ્રય મળ્યો એટલે તેણે ગિરનાર ઉપરથી રાક્ષસોને ક્હાડી મૂક્યા, અને ત્યાં મેરૂ પર્વતના જેટલા ઊંચા, આદિનાથ

---

૧ શત્રુંજયમાહાત્મ્યમાં મહિપાળ રાજાના સંબંધમાં તેના સસરા કાન્યકુબ્જ દેશના રાજા કલ્યાણ સુંદર તથા તેની રાણી કલ્યાણ સુંદરીનું લખાણ આપ્યું છે ખરૂં પણ તેઓએ સિદ્ધાચલ પર્વત ઉપર એક પણ દેવલ બંધાવ્યું હોય એવો લેખ નથી.

૨ વિસ્તારપૂર્વક વર્ણન માટે જુઓ રાસમાળા પૂરણિકા પરિશિષ્ટ અંક ૨. ર. ઉ.

૩ પ્રધાન સુખેણ નહિ, પણ સુબુદ્ધિ નામનો હતો. લડવામાં સેનાપતિ સુષેણ હતો તેને બદલે સુખે(ષે)ણ લખ્યો છે તે ભૂલ છે. કિલ્લાને બદલે સિંધુનિષ્ટુર એવું નામ છે.

૪ દેવ એટલે સ્વર્ગમાં વસનાર. આ વિષેનો વિશેષ ખુલાસો સમાપ્તિના પ્રકરણમાં જુવો.

અને અરિષ્ટનેમીના પ્રાસાદ બાંધ્યા. પછીથી, શત્રુંજય ઉપરનાં દેવાલયોનો મ્લેચ્છ લોકોએ નાશ કર્યો, અને કેટલાક કાળ સુધી, પવિત્ર પર્વત ઉપર ઉજ્જડપણાનું રાજ્ય ચાલ્યું.[૧]

જેવામાં વિક્રમ રાજા પૃથ્વીને રણમુક્ત કરવાને ઉઠ્યો, તેવામાં, એક ગરીબ શ્રાવક ભાવડ કરીને હતો તે અને તેની સ્ત્રી ભાવલા, કામ્પિલ્ય પુરમાં વસતાં હતાં, તેમની સૂચના પ્રમાણે તેમને ઘેર આવી ચડેલા બે યતિઓની તેઓએ સારી સેવા કરી, તેથી ચમત્કારિક ગુણની એક ઘોડીની તેઓને પ્રાપ્તિ થઈ. ભાવડ, ત્યાર પછી, થોડી વારમાં ઘોડાનો મ્હોટો વ્યાપારી થઈ પડ્યો. તેણે વિક્રમાદિત્યની ઘોડશાળામાં સારા ઘોડા આપ્યા, તેથી તે રાજાએ તેને મધુમાવતી (અથવા મહુવા) જે સોરઠમાં છે તે જાગીરમાં આપ્યું. આ નગરમાં તેને જાવડ નામે એક પુત્ર થયો. તે તેના બાપના મરણ પછી તેનો વારસ થયો. તે જાણે ડ્હાપણનો બીજો દેવ ના હોય એ પ્રમાણે પોતાના નગરનો કારભાર ચલાવવા લાગ્યો. નઠારી વેળામાં મુદ્‌ગલ[૨] લોકોની સેના સમુદ્રની ભરતીની પેઠે આખા દેશ ઉપર પથરાઈ ગઈ, ને તેઓ સોરઠ, લાટ,[૩] કચ્છ[૪] અને બીજા દેશોમાંથી ગાયો, અનાજ બધા પ્રકારની માલમિલક્ત, છોકરાં, સર્વે જાતિની સ્ત્રિયો અને વળી પુરૂષોને પણ લઈ પોતાને "મુદ્‌ગલ" દેશ જતા રહ્યા. તેઓ બીજી જાતિના લોકો સાથે જાવડને પણ પકડી ગયા હતા; ત્યાં ગયા પછી પણ એ વ્યાપારિયે દ્રવ્ય મેળવ્યું; તે ધર્મક્ષેત્રમાં હતો ને જે પ્રમાણે ધર્મ પાળતો તે પ્રમાણે જ અહિં પણ પાળવા લાગ્યો, અને જૈનનું એક દેરૂં બાંધ્યું. ધર્મી પુરૂષો ત્યાં જઈ પ્હોંચતા તેનો જાવડ સારો સત્કાર કરતો હતો તેથી તેના મ્હોં આગળ તેઓએ શત્રુંજયનાં વખાણ કરવા માંડ્યાં, અને ભવિષ્ય વર્ત્યું કે એની ફરીથી પ્રતિષ્ઠા કરવાનું તમારે માથે નિર્માણ થયું છે. વળી તેઓએ તેને કહ્યું કે, પવિત્ર પર્વતના રક્ષક દેવ પ્રાણઘાતક, માંસાહારી અને દારૂડિયા થઈ પડ્યા છે; સ્વધર્મત્યાગી કમડ યક્ષ, જૈનધર્મનાં માણસો જે ત્યાં જવાની હિંમત ચલાવે છે તેઓનો નાશ કરે છે; શત્રુંજયની ચોગરદમ કેટલાક ગાઉ સુધી ભૂમિ ઉજ્જડ થઈ ગઈ છે; અને ઋષભ દેવની પૂજા કરવાને

---

૧ વિસ્તારપૂર્વક વર્ણન માટે જુવો રાસમાળા પૂરણિકા અંક ૨.

૨ મૂળ પુસ્તકમાં એમ છે. ગૂજરાતી ભાષામાં "મુગલ" અથવા મોગલ લખાય છે.

૩ મહી અને નર્મદા નદી વચ્ચેનો પ્રદેશ.

૪ કચ્છનાં નામ પ્રાચીન ગ્રન્થોમાં અનુપ દેશ, જર્ત દેશ, ભોજકટ, ઉદ્દમ્દેશ, સાગરદ્વીપ જેવામાં આવે છે, અને વાગડ જે કચ્છનું એક પ્રગણું છે તેનું જૂનું નામ વચ્છા દેશ મળે છે. ૨. ઉ.

કોઈ નથી. આ પ્રમાણે તેઓના કહેવા ઉપરથી **જા**વડે **ચ**ક્રેશ્વરી દેવીની આરાધના કરી, અને મેલા દેવને બલિદાન આપ્યાં. **ત**ક્ષશિલા નગરીમાં રાજા **જ**ગન્મલ્લ રાજ્ય કરતો હતો ત્યાં **ઋ**ષભ દેવની મૂર્ત્તિ સંતાડી હતી તે જગ્યા તેઓએ તેને બતાવી. **જા**વડે મહાપ્રયત્ને રાજા પાસેથી એ મૂર્ત્તિ લીધી. રાજાના આશ્રયથી તેણે એક સંઘ કહાડ્યો અને તેમાં પોતે પોતાની જાતિના કેટલાકને સંગાથે લઈ **શ**ત્રુંજય ભણી મૂર્ત્તિ લઈ ચાલ્યો. ઘણાં સંકટ વેઠીને, **જા**વડ અને તેના સાથી, **સો**રઠમાં **મ**ધુમાવતી છે ત્યાં આવી પહોંચ્યા. તેઓ એવા ભાગ્યશાળી કે, આગળ **જા**વડે **ભો**ટ અને **ચીન** વહાણોનો કાફલો મોકલ્યો હતો તે સોનું અને બીજી મૂલ્યવાન વસ્તુઓ ભરીને આ વેળાએ બંદરમાં આવી પહોંચેલાં તેઓએ જોયાં. આ જ વેળાએ વળી મહામુનિ **શ્રી વ**જ્રસ્વામી **મ**ધુમાવતીમાં આવી પહોંચ્યા, તેઓએ **ક**મડ યક્ષને પોતાના ધર્મમાં પાછો આણ્યો હતો, તે પણ દેવ અને યક્ષોના સાથ સહિત મુનિની સાથે હતો. **જા**વડ અને પવિત્ર **વા**યરસ્વામી તેમના સાહાય્યકારક **ક**મડ સહિત તાબડતોબ **શ**ત્રુંજય ઉપર ગયા; ત્યાં મડદાં, લોહી અને ધોળાં હાડકાંથી પર્વત પથરાઈ જઈ અપવિત્ર થયેલો હતો તે જોઈ તેઓ સર્વે ભયભીત થઈ ગયા. પોતાનું હૃદય જેવું ચોખ્ખું હતું તે પ્રમાણે પર્વતને ચોખ્ખો કર્યો. અને **શ્રી વ**જ્રસ્વામિયે મુહૂર્ત્તનો દિવસ ઠરાવ્યો ત્યારે યાત્રાળુ લોકો મૂર્ત્તિ લઈને વાજતે ગાજતે ઉત્સવ કરતા પર્વત ઉપર ચઢ્યા. તથાપિ રાક્ષસોની પાપબુદ્ધિના જાથુ અટકાવને લીધે, યાત્રાની જગ્યાની ફરી સ્થાપના કરવાને માટે તેઓએ ફરી ફરીને પ્રયત્ન કર્યા, પરંતુ તે સર્વે નિષ્ફળ ગયા. **જા**વડ છેવટે બળતા અંગારા લઈ ને વિક્રમ સંવત્ ૧૦૮ (ઇ૦ સ૦ ૫૨)માં મરણ પામ્યો. અને તેના નિરંતર પ્રયત્ન અફળ ગયા તેથી જે કાર્ય કદિ સંપૂર્ણ થાય નહિ તેને "એ તો જાવડ ભાવડ કામ છે[1]" એવી કહેવત કહેવાનો દેશમાં વહિવટ પડ્યો તે અદ્યાપિ સુધી ચાલે છે.

જાવડના મરણ પછી કેટલેક વર્ષે, **બૌ**દ્ધમાર્ગિયોએ **સૌ**રાષ્ટ્રના રાજાઓને પોતાના ધર્મમાં લઈ લીધા અને **શ**ત્રુંજય તથા બીજી સર્વે પવિત્ર જગ્યાઓ પોતાને સ્વાધીન કરી લીધી. આખરે **ધ**નેશ્વર સૂરિ થયા તેમણે **વ**લભીપુરના રાજા **શી**લાદિત્યને પોતાના ધર્મમાં કરી લીધો, અને **બૌદ્ધ** પંથિયોને દેશપાર કરીને, યાત્રાનાં સ્થાન પાછાં હાથ કરી લઇને ઘણા પ્રાસાદ બાંધ્યા.

માહાત્મ્યમાં લખ્યા પ્રમાણે આ છેલ્લું કાર્ય, વિક્રમ સંવત્ ૪૭૭ (ઇ૦ સ૦

---

૧ સ્કાટલંડમાં એના જેવી જ કહેવત ચાલે છે, "સેન્ટ મંગોના કાર્યની પેઠે એ કદિયે સંપૂર્ણ થશે નહિ."

૪૨૧)માં નીપજ્યું. શીલાદિત્ય કિયે સમયે[1] થયો એ વાત અદ્યહ્ દ રાખીને, બૌદ્ધ ધર્મમાંથી એનો પરધર્માશ્રય થયો અને તેનો તથા તેના રાજ્યનો મ્લેચ્છ લોકોના હલ્લાથી નાશ થયો તે સંબંધી જૈન પુસ્તકોમાંથી અમે લખિયે છિયે:[2]

---

૧ આ સયયે વલભી વંશની સ્થાપના પણ થઈ ન હતી. ગુપ્ત સંવત્સર આ ગણત્રિયે. ૨૩૭ થાય, અને ઈ૦ સ૦ ૫૫૬ થાય છે. સંવત્ ૪૭૭માં ગ્રંથ સમાપ્ત થયો છે તે છે. ર. ઉ.

૨ સૌગત અથવા બૌદ્ધ, અને આર્હત અથવા જૈન એ નિરીશ્વરવાદી મત માંહેલાં બે, વેદ અને બ્રાહ્મણોના મતથી વિરુદ્ધ હતાં, તે સંબંધી અત્રે લખવું યોગ્ય દીસે છે. હિંદુ ધર્મ માનનારા આગ્રહી પુરુષો અને બૌદ્ધ મતવાળાઓ વચ્ચે જૂસ્સા ભેર લડાઇયો ચાલેલી છે તેમાં હિંદુસ્તાનના બૌદ્ધોનો નાશ થયો છે. જૈન લોકો જો કે તોફાનના ત્રાસમાંથી જીવતા રહ્યા અને હવણાં તેઓ સામા થઈ શકે તેવા હતા તથાપિ તેઓ ઘણી મુશ્કેલાઈથી ઉગરયા હતા. વિલસન કહે છે કે, (એશિ. રીસ. પુ. ૧૬ હિંદુઓના પંથ વિષે વિષય.) "બૌદ્ધ અને સૌગત વચ્ચે માધવાચાર્ય કાંઈ ભેદ ગણતો નથી, તથાપિ કદાપિ ઘણો અગત્યનો ભેદ બંને વચ્ચે નથી તો પણ કાંઇક પણ છે ખરો: આનંદગિરિના અભિપ્રાય પ્રમાણે સૌગતોએ સુગત મુનિનું મત ધારણ કરેલું હતું, તેથી તેઓનું મુખ્ય મત એ હતું કે પ્રાણિયો ઉપર દયા કરવી એમાં સર્વે નીતિ અને ભક્તિધર્મ આવી જાય છે. આ મત ઘણે પ્રકારે બૌદ્ધ અને જૈન એ બન્ને સંપ્રદાયને મળતું છે." વલભીમાં બૌદ્ધ અને સૌગત એક હતા એમ જણાય છે. અને પ્રતિપક્ષીપણું માત્ર એમની અને જૈનની વચ્ચે થયું છે. કાંઈ આ નિરીશ્વરવાદી ધર્મ અને ધર્માગ્રહી હિંદુઓ વચ્ચે થયું નથી. સૌર પંથ કહેવાય છે તેના પંથી, સૂર્યને જગત્નો ઉત્પન્નકર્ત્તા અને કારણ માને છે–અને તેમનામાંના થોડા, મુખ્યત્વે કરીને બ્રાહ્મણ છે–તેઓનો આજે પણ એક પંથ છે–તેઓ આ વેળાએ સૌરાષ્ટ્રના દ્વીપકલ્પમાં બહુ હતા. આનંદગિરિએ આ પંથના ભેદ ગણાવ્યા છે તે, હવણાં પ્રસિદ્ધ નથી એમ મનાય છે. પાઠક વિલસન કહે છે કે એ ભેદ આનંદગિરિ નીચે લખ્યા પ્રમાણે ગણાવે છે:—

"જેઓ ઉદય પામતા સૂર્યને પૂજે છે અને બ્રહ્મ અથવા ઉત્પન્નકર્ત્તા શક્તિનું તેને પ્રતિરૂપ ગણે છે તે: જેઓ મધ્યાહ્નના સૂર્યને રૂદ્ર-નાશ કરનાર ગણે છે તે; અને જેઓ અસ્ત પામતા સૂર્યને વિષ્ણુ રૂપ અથવા પાલનકર્ત્તા ગણી માને છે તે.

"ચોથા ભેદવાળા ત્રિમૂર્તિનો પક્ષ માને છે. તેઓ સૂર્યની ઉપર લખેલી ત્રણે સ્થિતિને ઈશ્વરી ત્રણ ગુણ ગ્રહણ કરનારૂં પ્રતિરૂપ માને છે.

"પાંચમા ભેદવાળાનો શો આશય છે તે સાફ રીતે કહ્યો નથી, તથાપિ સૂર્ય જેવો ખરેખરો અને વાસ્તવિક છે, અને તેની સપાટી ઉપર ચિહ્ન છે તે તેના વાળ અને દાઢાડી ઇત્યાદિ છે એમ ગણી તેની આરાધના કરે છે. આ મતના માનવાવાળા લોકો હવણાંના સૌર મતવાળાની સાથે જે વિષયમાં મળતા આવે છે તે વિષય એ છે કે સૂર્યનાં દર્શન કર્યા વિના તેઓ ભોજન કરતા નથી.

"સૌરનો છટ્ટો ભેદ છે તે માનવાવાળા, ઉપર લખેલા પક્ષવાળાથી વિરુદ્ધમાં

કથામાં કહે છે કે, ગૂજરાતમાંના **ખેડા** નામના મ્હોટા નગરમાં દેવાદિત્ય કરીને **વેદ**પારંગત બ્રાહ્મણ રહેતો હતો. તેને **સુભગા** નામે એક પુત્રી હતી, તે બાળવિધવા હતી. તે નિત્ય સવાર, બપોર અને સાંજે (ત્રિકાળ) **સૂર્ય**ને દૂર્વા, પુષ્પ, અને પાણીના અર્ઘ્ય આપતી હતી. આ બાળવિધવાનું સ્વરૂપ જોઈને **સૂર્ય** દેવને ઘણું આશ્ચર્ય લાગ્યું અને મનુષ્યનો દેહ ધારણ કરીને તેને ભોગવવા પૃથ્વી ઉપર આવ્યા. આથી તેને ગર્ભ રહ્યો. **સુભગા**એ પોતાના કુળને લાંચ્છન લગાડ્યું એવું જાણીને તેનાં માબાપ તેના ઉપર કોપ્યાં તો ખરાં, પણ તેને પોતાના એક ચાકરની સાથે **વલભી**પુર પ્હોંચાડી તેના પોષણની વ્યવસ્થા કરી. ત્યાં દિવસ પૂરા થયા એટલે તેને બે બાળક (પુત્રપુત્રી જોડવે) અવતર્યાં. આ દેદીપ્યમાન બાળકોને આઠ વર્ષનાં થતાં જરા પણ વાર લાગી નહિ. તેઓમાંથી છોકરાને ગુરુની પાસે ભણવા મૂક્યો; પણ બીજા છોકરાઓની સાથે ભળી જતાં તેઓ તેને "નબાપો" કહી ખીજવવા લાગ્યા. તેથી તેના કુમળા મન ઉપર ખરેખરી અસર એ થઈ ગઈ કે હું "નબાપો છું." તે એક વાર ઘણો ખીજવાઈને **સુભગા** પાસે જઈ કહેવા લાગ્યો કે "શું મા! મારે બાપ નથી કે મને લોક નબાપો કહે છે?" તેણિયે જવાબ દીધો કે "હું જાણતી નથી, તું પૂછીને મને શું કરવાને અમથો બળાપો કરાવે છે?" છોકરો સંતાપ ભર્યો ત્યાંથી તો ગયો, પણ તે દિવસથી તેણે એવો નિશ્ચય કર્યો કે ઝેર ખાઈને અથવા ગમે તે પ્રકારે મારે મારા દેહનો ત્યાગ કરવો કે લાંચ્છન સાંભળવાનું રહે નહિ.

એક દિવસે તે ખેદ કરતો બેઠેલો હતો તેવામાં **સૂર્ય**નારાયણે આવીને દેખા દીધા અને તેને પુત્ર કહીને બોલાવી કહ્યું કે હું તારૂં રક્ષણ કરીશ. પછી તેને કાંકરા આપીને કહ્યું કે આથી તારા શત્રુનો નાશ કરવાને તું શક્તિમાન્ થઈશ. **સૂર્ય**ના આપેલા આવા અસ્ત્રની કીર્ત્તિથી તે **શીલાદિત્ય**ને[1] નામે પ્રસિદ્ધ થયો. **શીલાદિત્યે** એક વાર **વલભી**ના કોઈ રહેવાશીને મારી નાંખ્યો તેથી ત્યાંનો રાજા તેના ઉપર કોપ્યો, પણ **સૂર્યે** આપેલા અસ્ત્રવડે તે માર્યો ગયો એટલે **સુભગા**નો પુત્ર પ્રકાશિત તો હતો પણ ત્યારથી **સૌરાષ્ટ્ર**નો રાજા

એટલા છે કે તેઓ દેખાતા અને ખરેખરા સૂર્યની આરાધના કરવાની અગત્ય છે એમ ગણતા નથી, પણ માનસિક તેજનો અંબાર કલ્પી તેનું ધ્યાન ધરીને આરાધના કરે છે. તેઓ કપાળે, હાથે અને છાતિયે ગોળાકાર તપ્ત મુદ્રાની છાપો લે છે. આ ચાલનો **શંકરાચાર્યે** ધિઃકાર કરેલો છે. કેમકે તે **વેદ**મતના અભિપ્રાયથી અને **બ્રાહ્મણ**ની આંગિક અને પૂજનીય યોગ્યતાને જે માન યોગ્ય છે તેનાથી વિરુદ્ધ છે."

૧ શીલ=સદ્ગુણ + આદિત્ય=સૂર્ય, એમ ખરો અર્થ થાય તેને બદલે એ ધિક્કારપૂર્વક નામ છે એવું બતાવવાને શીલા=પત્થર=પથરાના કાંકરાનો આદિત્ય એટલે સૂર્ય. એવો સમાસવિગ્રહ કેટલાક કરે છે.

થયો. અને **સૂર્ય**નારાયણના આપેલા ઘોડા ઉપર બેશીને આકાશમાં પ્રવાસ કરનારાની પેઠે પોતાની ઇચ્છામાં આવે ત્યાં વિચરવા લાગ્યો. અને પોતાના પરાક્રમથી ઘણા દેશ જિતી લઈ ઘણા દિવસ તેણે રાજ્ય કર્યું.

કોઈ એક વેળાએ, **બૌદ્ધ** ધર્મના કોઈ ઉપદેશકો વિદ્યાનું અભિમાન ધારણ કરીને **શી**લાદિત્ય પાસે આવ્યા અને બોલ્યા કે, આ **શ્વે**તામ્બર[1] જો અમને વિવાદમાં જિતે તો એમને અહિં રહેવા દેજો, ને જો હારે તો દેશપાર કહાડી મૂકજો. તેઓનું આવું બોલવું રાજાએ સ્વીકારીને [2]ચાર પ્રકારના મનુષ્યોની તેણે સભા કરી. પોતે તેમાં પ્રમુખ થયો અને બોલ્યો કે, બે પક્ષવાળામાંથી જે હારે તેણે **વલભી**ના રાજ્યની સીમા પાર થવું. બનવાકાળ તેથી **બૌદ્ધો** જય પામ્યા, અને **શ્વે**તામ્બરોને પરદેશ જવું પડ્યું, પણ મનમાં આશા રાખી કે વળી કોઈ વાર ફરીથી વિવાદ કરીશું. **શી**લાદિત્ય ત્યારથી **બૌદ્ધ** ધર્મ પાળવા લાગ્યો, પણ તે **શ**ત્રુંજયના મહાન્ **ઋ**ષભ દેવને આગળ પ્રમાણે માનતો હતો.

શીલાદિત્યે પોતાની બેલડે જન્મેલી તેની બ્હેન હતી, તેને **ભૃ**ગુપુર-(ભરૂચ)ના રાજા વેરે પરણાવી હતી, તેને દેવના જેવી કાન્તિનો અને ગુણનો એક પુત્ર થયો. કેટલાક દિવસ વિત્યા પછી, પોતાનો ધણી મરી ગયો એટલે તેણે કોઈ તીર્થની સારી જગ્યામાં જઈને સારા ગુરુ પાસે ધર્મની દીક્ષા લીધી. તેનો દીકરો પણ આઠ વર્ષની વયે દીક્ષા લઈ ને બેઠો. પછી તેઓને જેમ પ્રસંગ મળતો ગયો તેમ સારી ચાલના અને ડાહ્યા મનુષ્યોના મ્હોં આગળ પોતાના ધર્મના અભિપ્રાય જણાવવા માંડ્યા. એક દિવસે પેલા છોકરાનું નામ **મલ્લ** હતું તે પોતાની સાધ્વી માતા પ્રતિ ઘણી આતુરતાથી કહેવા લાગ્યો કે, "શું આપણા ધર્મ પાળવાવાળાની અવસ્થા મૂળથી જ આવી માઠી છે?" તેણિયે આંખમાં આંસુ સહિત પ્રત્યુત્તર આપ્યું કે, "બાપુ! મારા જેવી પાપિણી તને શો ઉત્તર આપે? આગળ આપણા યશસ્વી **શ્વે**તામ્બર ગામે ગામ અગણિત રહેતા હતા, પણ નામીચા ગુરુ **વીર સુ**રેન્દ્ર જગતનો ત્યાગ કરીને ગયા ત્યારથી અન્ય ધર્મ વાદિયોએ, તારા પૃથ્વીપતિ મામા **શી**લાદિત્યને વશ કરી લીધો છે. તીર્થની પવિત્ર જગ્યા જે **શ**ત્રુંજય, જ્યાંથી મોક્ષ પ્રાપ્ત કરી લેવાનો લાભ મળતો તે **શ્વે**તામ્બરોના જવાથી ભૂતના જેવા **બૌદ્ધ** લોકોનું સ્થાન થઈ પડ્યું છે. **શ્વે**તામ્બરો પરદેશ જઈ વશ્યા છે, તેઓનું અભિમાન નરમ પડ્યું છે, અને તેઓનો મહિમા જતો રહ્યો છે." **મલ્લ ક્ષ**ત્રિય કુળમાં જન્મ્યો હતો તેથી પોતાના

---

૧ જૈન. ૨ સાધુ અને સાધવી અથવા જૈન ધર્મનાં ત્યાગી પુરુષ (સાધુ) અને સ્ત્રી (સાધવી) અને શ્રાવક અને શ્રાવિકા એટલે પુરૂષ અને સ્ત્રિયો જેઓએ કોઈ પણ આશ્રમ ધારણ નહિ કરેલો એ પ્રમાણે ચાર પ્રકારના મનુષ્યોની સભા.

ધર્મ વિષેનો કલહ નહિ વીસરી જતાં, વિજયી થવાનાં સાધનો મેળવવાના કામમાં ગુંથાયો. તપશ્ચર્યાથી, અને એકનિષ્ઠાથી આરાધના કરવાથી, **સ**રસ્વતી દેવી તેને પ્રસન્ન થયાં, અને **વિ**ષ્ણુનો ગરુડ જેમ સાપને વશ કરે છે તેમ **બૌ**દ્ધોને વશ કરવાને **ના**યચક્ર નામનું એક પુસ્તક તેને આપ્યું. આ હથિયાર લઈને **અ**ર્જુન જેમ **શિ**વનાં શસ્ત્ર ધારણ કરવાથી શોભતો હતો તેવો શોભાયમાન **મ**લ્લ, **સૌ**રાષ્ટ્રની શોભા જે **વ**લ્લભીપુરી ત્યાં આવી **શી**લાદિત્યની દરબારમાં જઈ પૂહોંચ્યો, અને રાજાને ક્‌હેવા લાગ્યો કે "હે રાજા! **બૌ**દ્ધ લોકોએ આખા જગતને ભમાવીને વશ કરી લીધું છે, માટે હું **મ**લ્લ, તારો ભાણેજ, તેઓનો પ્રતિપક્ષી ઉઠ્યો છું." તેના આવા કથન ઉપરથી આગળની પેઠે વિવાદ કરવા સારૂ, રાજાએ સભા ભરી, અને પોતે સાંભળવા બેઠો. **મ**લ્લને દેવીની સાહાય્યતા હતી તેના જોરથી તેણે **બૌ**દ્ધોને વિસ્મય પમાડી દીધા, અને **શ્વે**તામ્બરના ધર્મની હોલાઈ જતી ચીનગારીમાંથી આવો જુસ્સાભેર ભભુકો ઉઠ્યો તેથી તેઓ કંપવા લાગ્યા. લોકપ્રસિદ્ધ હાર થાય તેની અપકીર્તિ વધારે સમજીને તેઓએ પોતાના પ્રતિપક્ષીને જગ્યા સોંપી જવાનો નિશ્ચય કર્યો. તેઓ બોલ્યા: "પોતાના દેશનો નાશ, પોતાના કુળનો નાશ, પોતાની સ્ત્રીનું હરણ, અથવા પોતાના મિત્રોનું દુ:ખ, એ સર્વેનો દેખાવ જેની દૃષ્ટિયે પડતો નથી તેનું મ્હોટું ભાગ્ય." આ પ્રમાણે **નિ**રીશ્વરવાદિયો હારી ગયા, એટલે, રાજાની આજ્ઞાથી તેઓને દેશપાર કર્યા અને **જૈ**ન ઉપદેશકોને પાછા બોલાવ્યા. **મ**લ્લે **બૌ**દ્ધોને હરાવ્યા તેથી રાજાની આજ્ઞા ઉપરથી વિદ્વાનોએ તેને **સૂ**રિનું પદ આપ્યું. પછી સર્વે તીર્થસ્થાનોમાં શ્રેષ્ઠ એવો જે **શ્રી શ**ત્રુંજય તેનો અપાર મહિમા જાણીને તેણે પોતાના મામા **શી**લાદિત્યની સાહાય્યથી તેની ફરીને પ્રતિષ્ઠા કરી. **શ્રી**મલ્લ **સૂ**રિની કીર્તિ સારી પ્રસરી પછી, પુરોહિતસભાએ, તેમને **ખં**ભાત અથવા **સ્તં**ભતીર્થ જે **શ્રી** અભયદેવ **સૂ**રિયે સ્થાપ્યું હતું ત્યાં મોકલ્યા. ત્યાં **શ્રે**ણિક અને બીજા **શ્રા**વકો સાથે પોતાના આત્માનો ઉદ્ધાર કર્યો.[૧]

---

૧ આ લખાણ વિષે મુનિશ્રી **ધ**ર્મવિજયનું વિવેચન લક્ષમાં લેવા જેવું છે તેઓ નીચે પ્રમાણે ક્‌હે છે:–

૧ ફાર્બસ સાહિબે વિદ્વાનોએ **સૂ**રિપદ આપ્યા વિષે જે લખ્યું છે **તે** જૈનોના મન્તવ્યથી તદ્દન વિરૂદ્ધ છે, કારણ કે **સૂ**રિપદની બાબતમાં જૈનોની એવી માન્યતા અને પ્રાચીન પ્રથા છે કે–એવું પદ ગુરૂ શિવાય, અથવા આચાર્ય વિના કોઈ આપી શકે નહિ તેમ જ, **સૂ**રિપદની બાબતમાં કોઈ પણ રાજાની આજ્ઞાનો અધિકાર નથી. કિંતુ વિદ્વાન અને સુશીલ સાધુને રાજા **પ્ર**સન્ન થયો હોય તો તેને પદવી આપવા માટે રાજાની આજ્ઞા નહિ પરન્તુ આચાર્યને વિનયથી નમ્રપણે પ્રાર્થના કરી શકે છે અને શિષ્યની યોગ્યતા પ્રમાણે ગુરૂ તેના ઉપર **પ્ર**સન્ન થઈને યોગ્ય પદવી આપે છે.

આ સમયે (મરૂમંડલ) મારવાડમાં પાલી (પલ્લી) નામે શહર છે; ત્યાંનો *કાકૂ નામે એક ધંધાર્થી, પોતાનું વતન છોડીને, પોતાના ઉચાળા લઈને વલભી આવ્યો, અને નગરના દરવાજા પાસે ગોવાળિયાના કુબા હતા ત્યાં તેમના ભેગો રહ્યો, તે પોતાની ઘણી જ ગરીબાઈને લીધે રંકના નામથી ઓ-

---

૨ શ્રીયુત્ લખે છે કે–શ્રી **મલ્લ સૂરિ**ની કીર્તિ સારી થયા પછી પુરોહિત સભાએ તેમને **સ્તંભ**તીર્થ મોકલ્યા, આ પણ અસત્ય છે. કારણ કે–આચાર્ય, ઉપાધ્યાય અથવા ગમે તે ત્યાગી સાધુ હોય તેને એક સ્થાને રહેવાનો અધિકાર નથી. તે જ હેતુથી તેઓ સ્વયં ગામે ગામ વિચરે છે. કોઈ વખતે જરૂરી કાર્ય માટે ગુરૂની આજ્ઞા હોઈ શકે છે, પરન્તુ તેમાં **મલ્લ સૂરિ**ને તેવો કોઈ પણ બનાવ બન્યો હોય તેવું તેમના વિષે આપવામાં આવેલ કથાઓમાં વર્ણવ્યું નથી. તેમાં વળી પુરોહિતસભા તો હોઈ શકે જ નહિ.

૩ વળી **અભયદેવ સૂરિ**એ સ્થાપેલા **સ્તંભ**તીર્થમાં તેમનું ગમન સંભવતું જ નથી; કારણ કે–**મલ્લ સૂરિ** અને **અભયદેવ સૂરિ** વચ્ચે આસરે ૭૦૦ વર્ષનું અંતર છે તો ૭૦૦ વર્ષ પછી સ્થપાએલા **સ્તંભ**તીર્થમાં તેમનું આવવું આકાશપુષ્પવત્ સંભવતું નથી. જો કે તે ગામ ઘણું જુનું છે અને તેનું પ્રાચીન નામ ત્રંબાવતિ હતું તેથી તે ગામમાં તેઓ પધાર્યા હોય તો તે અસંભવિત કહી શકાય નહિ. પરન્તુ ૭૦૦ વર્ષ પછી પડેલું **સ્તંભ**તીર્થ નામ **પ્રબંધચિંતામણિ**કારે તેના પ્રબંધમાં લખ્યું છે તેનો હેતુ તેને ફક્ત વર્તમાન સમયના પ્રખ્યાત નામથી ઓળખાવવાનો પ્રયત્ન કર્યો હોય તેમ લાગે છે.

૪ શ્રેણિક અને બીજા શ્રાવકો સાથે પોતાના આત્માનો ઉદ્ધાર કર્યો એમ જે લખ્યું છે, તેથી તેઓ શું કહેવા માગે છે તે સમજી શકાતું નથી. મ્હને એમ લાગે છે કે–**ચતુર્વિંશતિ પ્રબંધ**માં **શીલાદિત્ય** રાજાએ જ્યારે શ્રાવકનાં વ્રતો માંહેનાં કેટલાંક વ્રતો લીધાં, અને ધર્મની અનેક પ્રકારે ઉન્નત્તિ કરવાના પ્રયાસો કર્યા, ત્યારે ચોવિસો વર્ષ ઉપર થએલા **મગધ** દેશના પ્રખ્યાત જૈનધર્મી મહારાજા શ્રેણિક અને અન્ય શ્રાવકોની તેને ઉપમા આપી છે તે નહિ સમજતાં તેઓએ આ વાક્ય લખી નાંખ્યું હોય તેમ લાગે છે. **મુનિશ્રી ધર્મવિજય.**

* એના ન્હાના ભાઈનું નામ **પાતાલ** હતું, તે, ધનવાન્ હતો તેથી તેના ઘરનું કામકાજ કરવા **કાકૂ** રહેતો. એક દિવસ તેના કયારડામાં પાણી ભરાયું હશે અને **કાકૂ** તો નિશ્ચિન્ત સૂતો હતો તેને ઉઠાડી ઠપકો આપ્યો એટલે તે ખેદ પામી ચાલી નીકળી **વલભીપુર** સમીપે આહીરોમાં જઈ વસ્યો. એક સમયે કોઈ (કાર્પટિક) કાપડી કલ્પ પુસ્તક પ્રમાણે, **રૈવતક (ગિરનાર)** પર્વતે જઈને, એક તુંબડીમાં **સિદ્ધ** રસ ભરી લાવ્યો. **વલભી**માં આવતાં '**કાકૂય** તુમ્બડી' એવી આકાશવાણી સાંભળી ભડકયો ને પોતાની ચોરી પકડાઈ એમ માની તેણે તે તુમ્બડી **કાકૂ**ને ત્યાં થાપણ મૂકી. એક પર્વને દિવસે **કાકૂ** રસોઈ કરતો હતો તેવામાં ચૂલા ઉપર ખીંટિયે તુમ્બડી ભેરવી હતી તેમાંથી ચૂલા ઉપર મૂકેલી તપેલીમાં **સિદ્ધ**રસનું ટીપું પડયું એટલે તે તપેલી સોનાની થઈ ગઈ. પછી ધનવાન્ થવાનું સાધન મળ્યું એટલે બીજે ઠેકાણે, તુમ્બડી આદિ

ળખાવા લાગ્યો. પણ પછીથી તેને કૃષ્ણ **ચિત્રક**[1] અને બીજી કાર્મિક વસ્તુઓ મળી, એટલે **કાકૂ** રંકે પોતાની ઘાસની ઝુંપડી બાળી મૂકી, અને નગરમાં જઈ બીજા દરવાજા પાસે એક મહેલ બંધાવી ત્યાં રહ્યો. તેની પુંજી દિન દિન પ્રતિ વધવા લાગી, અને કોટ્યધિપતિ કહેવાયો; પણ તે એટલો બધો લોભી હતો કે કોઈ ઠેકાણે કશો ખર્ચ કરતો નહિ,–'નહિ પવિત્ર મનુષ્યોના લાભને અર્થે ખર્ચતો,' નહિ યાત્રા કરવામાં વાવરતો, કે નહિ કોઈ ગરીબને આપતો. પણ ઉલટો કહેતો કે જેનું ભાગ્ય હોય, તેને ધન મળે. એવું જણાવી પોતાના ગરીબ પડોશીનું ધન પણ તે પડાવી લેતો. એક દિવસે **કાકુ** રંકની [2]દીકરી રત્નજડિત સોનાની ભવ્ય કાંશકીવતે માથું ઓળતી હતી તે રાજાની કુંવરીના જોવામાં આવી, અને તે લેવાનું તેને મન થયું, પણ તેના બાપે તે આપવાને ના કહી એટલે **શી**લાદિત્યે બલાત્કારે ખુંચી લીધી. આ કજિયો થયો તેથી **કાકુ** રંક, **મ્લે**ચ્છ દેશમાં ગયો અને ત્યાંના રાજાને જઈને કહેવા લાગ્યો કે

પોતાનો સામાન મૂકી આવ્યો ને પોતાની જૂના ઝુંપડી હતી તે સળગાવી મૂકી. નગરને બીજે નાકે ઘર રાખી ત્યાં વેપાર કરવા લાગ્યો. એક સમયે એક ઘી વેચનારી ઘીનો ગાડવો લઈને આવી, તેની પાસેથી ઘી જોખી લેવા માંડતાં જોખતાં જોખતાં ઘીનો-પાર આવ્યો નહિ તે જોઈ તેને આશ્ચર્ય લાગ્યું અને જે ઇંઢાણી ઉપર ગાડવો મૂક્યો હતો તેમાં ચમત્કાર લાગવાથી તે લઈ લીધી. એ ઇંઢાણી **ચિત્રક**વેલની ગુંથેલી હતી તેથી તેને આ પ્રમાણે **ચિત્રક** સિદ્ધિ પ્રાપ્ત થઈ. તેમ જ પૂર્વેના કોઈ પુણ્યના પ્રતાપથી તેને બીજી સુવર્ણપુરુષસિદ્ધિ પણ પ્રાપ્ત થઈ.–ર ઉ. નો ઉમેરો.

૧ **ફિટલીકૃત** "ફેરી મૈથાલાજી" નામનું એક પુસ્તક છે તેમાં ઉપરના વિચારને મળતી વાત છે, "ઘણાં વર્ષ ઉપર **નેથરવિટ્ટન** પાસે (**નાર્થમબર**) એક છોકરી રહેતી હતી, તે દૂધ દોહીને તેની ભરેલી વટલોઈ માથે મૂકી પાછી આવતી હતી, તેવામાં એક ખેતરમાં પરિયો રમતી તેણે જોઈ, ને પોતાની સાથે જે હતાં તેમને બતાવી, પણ તેને કોઈ જોઈ શક્યું નહિ. પેલીના જોવામાં આવ્યું તેનું કારણ એવું હતું કે, વટલોઈ મૂકવાની ઇંઢોણી ચતુષ્પત્રી નામની વનસ્પતિનાં પાંદડાંની ગુંથેલી હતી. એ વનસ્પતિથી પરી જોવાની શક્તિ આવે છે.

૨ આ વાર્તાને રા. ઠક્કુર **નારાયણે** "**ગુજરાતી**" પત્રની વાર્ષિક ભેટના પુસ્તકમાં બહુ સારી રીતે ઓપીને એવી **ર**સિક બનાવી છે કે બે ઘડી પણ વાંચવાનું આપણને મન થાય. એનું નામ તેમણે "**અ**નંગભદ્રા અથવા **વલ**ભીપુરનો વિનાશ" રાખ્યું છે. આ મ્લેચ્છ રાજા **તે સિન્ધુ** દેશનો (**અલ્મન્સુરનો હાકેમ**) અરબ **અમરુબીન જમાલ** છે; **વલભીપુરનો** નાશ ઈ. સ. ૭૭૦ માં થયો છે. આ સમયે **સિન્ધનો હાકિમ અમરૂ** બિન **હફ્સર** બિન **ઉસમાન હઝારમર્દ** હતો અને તે હિજરી સન ૧૫૧–ઈ. સ. ૭૬૭ માં ત્યાંનો ૧૨ મો હાકિમ હતો. એના પછી ૧૩ મો હાકિમ હિ. સ. ૧૫૪=ઈ. સ. ૭૭૦–૭૧માં રૂહબિન હાકિમ હતો. (જુઓ Reinand પૃ–૨૧૩) **ર. ઉ.** નો ઉમેરો.

જો તમે **વ**લભીપુરનો નાશ કરો તો હું એક કરોડ મ્હોરો આપું. રાજાએ તે કરાર કબૂલ કરીને સેના તૈયાર કરી કુચ કરવા માંડી. રસ્તે જતાં મેલાણ કરી રાજા પોતાના તંબુમાં અર્ધો જાગતો ને અર્ધો ઉંઘતો સૂતો હતો તેવામાં, છત્રધારને **કાકુ** રંકના ભણીથી કાંઈ ઇનામ મળ્યું ન હતું માટે અગાઉથી વિચાર કરી રાખ્યા પ્રમાણે બોલવા લાગ્યો:—"આપણા રાજાની દરબારમાં કોઈ ડાહ્યું માણસ નથી, નહિતર એક અજાણ કુળના અને જેની રીતભાતની કોઈને ખબર નથી, તથા તે સારો છે કે નઠારો તે કોઈ જાણતું નથી એવા એક **રંક** નામના વેપારીના ભમાવ્યાથી, પૃથ્વીના મહાન્ ઇન્દ્ર સમાન આ અશ્વપતિ **સૂર્ય**ના પુત્ર **શી**લાદિત્ય ઉપર ચડાઈ કરવાને આવે નહિ." રાજા આ સુખદાયક ઔષધના જેવાં વચન સાંભળી બીજે દિવસે આગળ વધ્યો નહિ. પછી **રં**કના સમજવામાં ખરૂં કારણ આવ્યું એટલે બ્હીને ચાકરની ઇચ્છા પ્રમાણે મ્હોરો આપીને તેને તૃપ્ત કર્યો, ત્યારે તે રાજાની હુઝૂરમાં બીજે દિવસે ઉપરના જેવો જ લાગ જોઈ બોલ્યો કે:–"વિ-
"ચારીને કે વિના વિચારે એક વાર પગલું ભર્યું તે ભર્યું, આ સિંહ સમાન
"મહાન્ રાજાએ એક ડગલું ભર્યું તો હવે આગળ ચાલવામાં શોભા છે.
"જ્યારે સિંહ રમતાં રમતાંય પણ હાથીનો નાશ કરી શકે છે ત્યારે પછી
"તેને મૃગપતિ અથવા મૃગવધ કરવાનું નામ ક્હેવરાવી શા માટે હલકાં
"પડવું જોઇયે? એમાંથી એક નામમાં પ્રતિષ્ઠા નથી. આપણા રાજાનાં પરાક્રમ અપાર છે, એના સામો કોણ ટક્કર લઈ શકે એવો છે?" આવાં વચનથી ખુશી થઈને **મ્લે**ચ્છ રાજા, ડંકાના ગડગડાટથી આકાશ અને પૃથ્વીને ગજવી દેતો આગળ ચાલ્યો.

આણીમગ **વ**લભીમાં, સંકટ આવી પડવાનું છે એવું જાણીને **શ્રી**ચંદ્રપ્રભુ, **શ્રી**વર્દ્ધમાક દેવ અને બીજી મૂર્ત્તિયોએ **શિ**વપટ્ટણ (પ્રભાસ), **શ્રી**માલપુર, અને બીજાં નગરો ભણી પ્રયાણ કર્યું. **શ્રી**મલવાદી મહામુનિ પણ, પોતાના ભકતો સહિત **પં**ચાસર જતા રહ્યા.[1] **મ્લે**ચ્છની સેના નગરની પાસે

---

૧ "જ્યારે રાજ્યમાં કાંઈ સંકટ આવી પડવાનું હોય ત્યારે, તેમના દેવની મૂ-
"ર્ત્તિયો જતી રહે નહિ એટલા માટે અસલી લોકો તેમને સાંકળી લેતા. ફિનિશિયન
"લોકો મેલકાર્થની મૂર્ત્તિ નિરંતર સાંકળી લીધેલી રાખતા."—**આન્થનની** ક્લાસિકલ ડિક્શનેરી પૃ. ૬૦૧.

"ભ્રષ્ટ બુદ્ધિના **યાહુદી** લોકોને તેમના કોપકારણને લીધે શિક્ષા થવાની હતી
"ત્યારે તેમના દેવલના જે અદૃશ્ય રક્ષકો હતા તે ક્હેવા લાગ્યા કે ચાલો આપણે
"અહિંથી જતા રહિયે."—**હિગ્રસ સર્મન** ઇન ઈંગ્લંડ પૃ. ૬૦

આવી પૂહોંચી, અને રંક જે પોતાના દેશના નાશનો ધિઃકારવા યોગ્ય કારણરૂપ હતો તેણે દગો દઈ **મ્લેચ્છો**ને શીખવ્યું, તેથી તેઓએ **સૂર્યકુંડ**[1] ગાયના લોહીથી ભર્યો, એટલે **શીલાદિત્ય**ની ચડતી કળાનું કારણ જે તેનો પવિત્ર ઘોડો હતો તે ત્યાંથી રાજાને તજી દઈ **વિષ્ણુ**ના ગરૂડની પેઠે આકાશમાં જતો રહ્યો. આ પ્રમાણે **શીલાદિત્ય** નિરૂપાય થઈ ગયો, તેથી મરાયો ને **મ્લેચ્છો**એ, જાણે રમત કરતા હોય તેમ, **વલ્લભીપુર**નો નાશ કર્યો.

વલ્લભીપુરીના નાશ વિષે **હિન્દુ**ઓમાં દંતકથા ચાલે છે તે ઉપર લખેલા **જૈન**ના વૃત્તાન્ત કરતાં કેવળ જૂદી જ છે, અને ઘણું કરીને તેમાં ઇતિહાસ-વિષયક કશો આધાર નથી. આ દંતકથા, મેદાનનાં નગરોની વાત સાથે અને **લોટ**ની સ્ત્રીના મરણની વાત સાથે, એટલી બધી મળતી આવે છે કે એ અદ્દભુત વાતની છાયા અને ઇસારાથી ઉપજેલી વાત કરતાં કોઈ બીજી હોય એવું તો ભાગ્યે જ ધારી શકાય. આપણે જાણિયે છિયે કે, જેનો એકા-એક પત્તો લાગી શકે નહિ, અને ભાગ્યે જ માનવા જોગ હોય એવી વાતો **એશિયા** ખંડના પ્રાચીન અને ઘણા અર્વાચીન લોકોમાં ચાલતી આવી છે. અને **હિન્દુ** લોકો, જે ચમત્કારિક વાતોનો ગમે તે પ્રકારે પત્તો લગાડવાને નિરંતર આનંદ માની લે છે, અને જેઓ જાણે છે, કે **શક્તિમાન્** ઈશ્વર જે "ભૂમિ ઉપર વસનારા લોકોનાં પાપકર્મને લીધે, તે ભૂમિ ફળદ્રુપ હોય તેને ઉજ્જડ કરી નાંખે છે" તેના કોઈ પણ કોપને લીધે જ એક વાર દબદબાભરેલી **વલ્લભી** સકડો વર્ષથી ઉજ્જડ થઈ પડી રહી એવું માની, ગોઠતું આવતું કારણ ઠરાવી દેવાને તેઓને સ્વાભાવિક વલણ થયા વગર રહે નહિ.

[2]તે દંતકથા એવી છે કે, "**ધુંડીમલ્લ** નામે સાધુ, પોતાનો એક શિષ્ય લઈને "**વલ્લભીપુર** આવ્યો. આ પવિત્ર પુરૂષે **વલ્લભી**ની છેક પાસે તે વેળાયે **ચમારડી** "નામે એક જગા હતી, તેની પાડોશમાં ઈશાવળાના ડુંગરની તલાટીમાં નિવાસ

---

૧ **પ્રબંધચિંતામણિમાં એમ છે કે, પંચશબ્દવાદકોને** (બેંડ વાજાં જેવું વગાડનારા-ઓને) લાંચ આપીને ફોડ્યા એટલે સૂર્યના આપેલા અશ્વ ઉપર ચડીને **શીલાદિત્ય** યુદ્ધ કરવા આવ્યો કે તરત જ તેમણે જ જોરથી વાજાં વગાડ્યાં તેથી ઘોડો ભડકીને આકાશમાર્ગે ઉડતાં રાજા પડ્યો ને સૂર્યલોકમાંથી અશ્વ આવ્યો હતો તે ત્યાં જતો રહ્યો.--ર. ઉ.

૨ કચ્છ માંડવી પાસે **રાયણ** ગામ છે, તેની સમીપ એક પાટણ હતું તેના તથા **ભદ્રાવતી**ના નાશ વિષે આવી જ દંતકથા ચાલે છે, તેમાં સાધુનું નામ ધુધણીમલ્લ કહેવાય છે.–

આ દંતકથાને લગતી અવધૂતના અભિશાપની વાત "**અનંગ પ્રભા**"માં પૃ. ૧૪૧થી ૧૪૭ સુધીની The Indian Antiquery ઉપરથી લખી છે તે વધારે સારી છે. ર. ઉ.

" કર્યો. શિષ્ય નગરમાં ભિક્ષા લેવાને ગયો પણ તે તો કહિં મળી નહિ; ત્યારે તેણે
" જંગલમાં જઈને લાકડાં કાપી આણી વેચ્યાં, ને તેના પૈસાનો લોટ લીધો પણ
" તેના રોટલા કોઈ ઘડી આપે નહિ. આખરે એક કુંભારણ મળી તેણે ઘડી
" આપ્યા. આ રીતે પ્રતિદિવસ કરતાં કેટલાક દિવસ વીતી ગયા, એટલે લાકડાના
" ભારા જાથુ ઉચકવાથી શિષ્યના માથાના વાળ ઘસાઈ જવા માંડ્યા તે જોઈ
" સાધુએ તેને તેનું કારણ પૂછ્યું, તેનું પેલાએ ઉત્તર આપ્યું કે, મહારાજ! આ
" નગરમાં કોઈ ભિક્ષા આપતું નથી, તેથી મારે જંગલમાં જઈ લાકડાં કાપી
" લાવી વેચવાં પડે છે, તેનો લોટ આણું છું, ને એક કુંભારણ મને તેના
" રોટલા ઘડી આપે છે, આ કારણથી મારા માથાના વાળ ઘસાઈ જવા માંડ્યા
" છે. સાધુ પુરુષ બોલ્યો: 'હું મારી મેળે આજે માગવા જઈશ.' એમ કહી
" પોતે ગયો, પણ તેને કોઇએ ભિક્ષા આપી નહિ, માત્ર પેલી કુંભારણે આપી.
" આ ઉપરથી સાધુને ઘણો ક્રોધ ચઢ્યો. તેણે શિષ્યને કહ્યું કે, કુંભારણને
" જઇને કહે કે, તું તારા કુટુંબનાં સર્વે માણસો લઈને નગર છોડી જતી રહે.
" આજે આ નગર ડટાઈ જશે. કુંભારકુંભારણ પોતાના દીકરાને લઈને વલભી
છોડી ચાલ્યાં. કુંભારણને સાધુએ ચેતાવી હતી કે તારે નગર ભણી પાછું
" વાળી જોવું નહિ, પણ દરિયાકિનારે, હાલમાં જ્યાં **ભા**વનગર છે ત્યાં
" જઈ પહોંચી ત્યારે સાધુ પુરુષની તેણે આજ્ઞા ઉલ્લંઘીને **વ**લભી ભણી પાછું
" જોયું, એટલે તત્કાળ તે પાષાણની પુતળી બની ગઈ. તે ત્યાં હજી સુધી
" **રૂ**વાપરી માતાના નામથી પૂજાય છે. આણીમગ પેલો સાધુ કમંડલુ ઉંધું
" કરીને બોલ્યો કે–'નગર! તું ઉંધું વળી જા, ને તારો ધનમાલ ધૂળ થઈ જાઓ!'
" આવું કહેતાં વેંત જ **વ**લભીનો નાશ થયો."

હાલમાં **વ**ળા નામે કસ્બો છે તેની પશ્ચિમ અને ઉત્તર ભણીની બાજુએ એક વિશાળ પીલુડીનું જંગલ છે. તેમાં આડા અવળા રસ્તા છે, ને તેમાં **વ**લભીપુરના ખંડેરનો મુખ્ય ભાગ આવ્યો છે તે બધો ઉઘાડી રીતે નજરે પડે છે. ઘર બાંધવા સારૂ ઈંટો વગેરે કાટ કહાડી લેવાને કસ્બાના લોકોએ ખોદી ખોદીને ઘણાં પોલાણ કરી મૂકયાં છે. તેમાં ભીંતોના પાયા જણાયા છે તે ઘણા ખરા તો સાડાચાર ફુટ પહોળા, પકવેલી ઈંટોના, માટીથી ચણેલા છે. કેટલાએક ખાડાની ઊંડી ખાણો થઈ જાય છે ને તેમાંથી ખારૂં પાણી નીકળે છે. કહે છે કે **વ**ળા કસ્બાની આસપાસ ત્રણ ચાર માઇલ સુધી ઈંટોના ચણતરનું કામ જોવામાં આવે છે. ઈંટો ઘણી ખરી ૧૬ ઇંચ લાંબી, ૧૦ ઇંચ પહોળી અને ૩ ઇંચ જાડી જોવામાં આવે છે.

આ પીલુડીના **જં**ગલ પાસે **ઘે**લારો નદી વહે છે. તેમાં ચોમાસામાં પૂર

આવે છે ત્યારે આખા જંગલ ઉપર તેનું પાણી ફરી વળે છે. આ પ્રમાણે એકઠા થયેલા પાણીનાં જૂદાં જૂદાં વહન સપાટ મેદાનમાં વહી જતાં ખંડેરને છેક ઉઘાડું કરી મૂકે છે, તેથી નાશ પામેલી વલભી ઉઘાડી થઈ પડે છે.

વળા કસ્બાની ઉત્તરમાં એક કુંડની જગ્યા છે. તે ઘોરારદમન કહેવાય છે, અને નૈર્ઋત્ય કોણમાં સપાટ વિસ્તીર્ણ જગ્યા છે તે શિયાળાની ઋતુમાં લીલાછમ જેવા ઘઉંના છોડથી છવાઈ ગયેલી દેખાય છે. આ જગ્યા, રત્ન તલાવ કહેવાય છે અને કેટલેક ઠેકાણે તેની પાળ હજી સુધી જોવામાં આવે છે.

પીલુડીના ઝાડથી છવાઈ ગયેલી જગ્યા છે, તેમાં અને વળાની બધી બાજુએ, શિવ અને પોઠિયાની ગ્રાનિટ પાષાણની બનાવેલી મૂર્ત્તિયો ઘણી જોવામાં આવે છે. તે કદમાં ઘણી જ મ્હોટી છે. આ સર્વે, જમીનની સપાટી ઉપરના ચોત્રા ઉપર બેસારેલી જોવામાં આવે છે, તેજ ઘણુંકરીને અસલના દેવાલયની સપાટી હશે એમ લાગે છે. તેથી જણાય છે કે નગર કંઈ દટાઈ ગયેલું નથી. શિવલિંગ તો ઘણાં ખરાં આખાં છે પણ પોઠિયા અથવા નંદી જે તેમની સામે છે તે ખંડિત થયા વિનાના નથી. એક ગ્રાનિટ પાષાણની નંદીની મૂર્ત્તિ છે તેને માથું નથી અને શરીરમાં ચીરો છે, આ નંદી બુદ્ધેશ્વર મહાદેવના લિંગની[1] સામે છે. જેટલાં લિંગ શોધી કહાડવામાં આવ્યાં છે તે સર્વેને બ્રાહ્મણોએ નામ આપ્યાં છે, જેમ કે વૈજનાથ, રત્નેશ્વર, ઈશ્વરિયા મહાદેવ ઇત્યાદિ. નંદીની મૂર્ત્તિયો હવણાંની મૂર્ત્તિયો કરતાં ચતુષ્પાદી પ્રાણીની સરસ બેસવાની ઢબમાં કોત્રી કહાડેલી છે.

કર્નલ ટાડના લખવા પ્રમાણે, સૂર્યવંશનો કનકસેન રાજા સન ૧૪૪ અથવા ૧૪૫ માં, પોતાની રાજધાની અયોધ્યા હતું અને જ્યાં રામચંદ્રજિયે રાજ્ય કરેલું એવું પોતાનું કોશલનું રાજ્ય છોડીને, વૈરાટ જઈ વસ્યો. આ સ્થાનમાં પાંડવના પુત્રો પોતાના વનવાસની વેળાએ આવી રહ્યા હતા તેથી તે પ્રખ્યાત છે, અને હવણાં ધોળકા[2] કસ્બો છે તેજ એ હશે

૧ વળાની પાસેનાં લિંગ, હાલનાં દેહેરાંમાં હોય છે તેવાં જ છે. પણ તે કદમાં મ્હોટાં છે, અને ગ્રાનિટ જાતના પાષણાના એક કડકાનાં ઘડેલાં છે. તે બે ફૂટ ઉચી જળાધારીમાં ત્રણ ફૂટ ઉંચાઇનાં અને ૮ ફૂટ ઘેરાવામાં ગોળાકારે છે. એમાંનાં કેટલાંક ચોખુણથી અષ્ટ ખુણ થઈ પછીથી ગોળાકાર થયેલાં છે.

૨ કચ્છમાં વાગડ કહેવાય છે તેમાં ગેડી (ઘ્રતપદી) ગામ છે તે, તથા બાહાર પ્રાન્તમાંનાં દીનાજપુર અને રંગપુર, તેમ જ, જયપુર પાસેનું વૈરાટ, અને ધારવાડ પાસેનું હનગળ પ્રણ વૈરાટ નગર કહેવાય છે. ર. ઉ.

એવી ધારણા કરવામાં આવી છે. કનકસેને **પ**રમાર વંશના રાજા પાસેથી રાજ્ય ખૂંચાવી લીધું અને **વ**ડનગરની સ્થાપના કરી. ચાર સૈંકડાં વહી ગયા પછી તેના વંશજ **વિ**જયે, [1]**વિ**જાપુર અને **વિ**દરભા વસાવ્યાં, તેમાં છેલ્લું શહર પછીથી **સિ**હોર કહેવાયું. અને એ જ વંશવાળાઓએ પ્રખ્યાત **વ**લભી નગર વસાવ્યું તથા **ખં**ભાત પાસે **ગ**જની શહર સ્થાપ્યું, અને તેનો પણ **વ**લભીના નાશ સાથે જ નાશ થઈ ગયો.[2]

બીજે ઠેકાણે એ જ ગ્રંથકર્ત્તા કહે છે કે, કનકસેને **સૌ**રાષ્ટ્ર જઈને **ઢાં**કમાં પોતાનું રહેઠાણ કર્યું. એ શહર પ્રાચીન કાળમાં **મુ**ગરીપટ્ટણ કહેવાતું હતું. અને **બા**ળખેતર (હજી સુધી **ભા**લ કેહેવાય છે) રાજ્યની જિત કરી લીધા પછી, એના વંશે **બા**ળ રજપૂતનું પદ ધારણ કર્યું. **વ**લભીનો નાશ થવાથી ત્યાંના થોડા **ર**હેવાસિયો, **બ**લી નામે **જૈ**ન શહર, જે **મે**વાડ અને **મા**રવાડની સીમા ઉપર છે ત્યાં જઈ વસ્યા, અને બીજા હતા તે **મા**રવાડ પ્રાન્તના **સાં**દરા અને **નાં**દોલમાં જઈ રહ્યા.[3]

જે **જૈ**ન ગ્રંથકારોનાં લખેલાં વર્ણનોમાંથી અમે ઉતારો લીધો છે તે ગ્રંથકારો, **વ**લભીનો નાશ વિક્રમ સંવત્ ૩૭૫ (ઈ૦ સ૦ ૩૧૯)માં થયો કહે છે. એ જ વર્ષમાં **વ**લભી સંવત્સર નામે એક સંવત્સર ચાલ્યો,[4] અને આ ગ્રંથકારોએ **વ**લભીના નાશનો દહાડો, એ નગરના નામથી કહેવાતા સંવત્સરના પ્રારંભના દહાડા સાથે ભેળભેળ કરી દીધો હોય એવો સંભવ છે. **શ**-ત્રુંજયમાહાત્મ્ય ઉપરથી જણાય છે કે **પા**લીટાણાના ડુંગર ઉપરનાં દેરાસરોની પ્રતિષ્ઠા જે **શી**લાદિત્ય નામે રાજાએ કરી, તે **વિ**ક્રમ સંવત ૪૭૭ (ઈ૦ સન ૪૨૧)માં ગાદિયે બેઠો. **વ**લભીના જે રાજા થઈ ગયા તેઓનાં નામની જૂદી જૂદી ટીપો તામ્રપટ[5] ઉપરથી ઉપજાવવામાં આવિયો છે, તેમાં **શી**લાદિત્ય નામના **ચાર** રાજાઓ નોંધેલા છે. આ રાજાઓમાંથી અરાદનાં નામ નોંધેલાં

---

૧ જુવો **રાસમાળા પૂરણિકામાં** પરિશિષ્ટ અંક ૩ **માં વ**લભીપુરનો ઇતિહાસ.

૨ **આનલ્સ** ઑફ **રાજસ્થાન** એ નામના ગ્રંથના પૂહેલા પુસ્તકને પૃષ્ઠ ૮૩ તથા ૨૧૫ થી ૨૧૮ સુધીમાં લખ્યા પ્રમાણે.

૩ "**વેસ્ટર્ન** ઇંડિયા" નામના પુસ્તકને પૃ. ૫૧, ૧૪૮ ૨૬૮, ૩૫૨, પ્રમાણે તથા **રાજસ્થાન** પુસ્તક પૂહેલું પૃ. ૨૧૭ પ્રમાણે.

૪ **ટૉડ**કૃત **વેસ્ટર્ન** ઈન્ડિયાને પૃ. ૫૦૬ **બિ**લાવળના લેખ ઉપરથી.

૫ **બંગાલની એશિયાટિક સોસાઇટીના જર્નલ**. ૪ ના પૃ. ૪૭૭ તથા એના જ પુસ્તક ૭ માના પૃ. ૯૬૬, અને **મુંબઇની એશિયાટિક સોસાઇટીના જર્નલ** ૩ ના પૃ. ૨૧૩ ઇત્યાદિ પ્રમાણે.

છે તેમાંના પ્હેલા બેને **સે**નાપતિ કરીને લખ્યા છે, તે ઉપરથી કલ્પના થાય છે કે તેઓ ઉજ્જણના[૧] **પ**રમાર રાજાઓના આશ્રિત હશે. બાકીના રાજાઓએ "**મ**હારાજા"નું પદ ધારણ કર્યું છે. તેઓ વળી "**શ્રી ભ**ટ્ટાર્ક" ક્‌હેવાતા હતા અને એમ જણાય છે કે તેઓ (તેઓમાંના ઘણા ખરા) **મ**હેશ્વર અથવા **શિ**વના ભક્ત હતા; કેમકે તેઓની રાજમુદ્રા અને વાવટા ઉપર **શિ**વના **પો**ઠિયાનું[૨] ચિત્ર છે, અને આપણા જોવામાં આવ્યું તે પ્રમાણે તેમની નાશ પામેલી રાજધાનીમાં **શિ**વલિંગ ઘણાં જોવામાં આવે છે. ઉપરના લેખ ઉપરથી વર્ષ ક્‌હાડવામાં આવ્યાં છે (આશરેથી) તે ઈ૦ સ૦ ૧૪૪ થી તે ઈ૦ સ૦ ૫૫૯ સુધી શાલો થાય છે. એમાંની છેલ્લામાં છેલ્લી, જો **વ**લભીના નાશની ખરી શાલ ગણિયે તો તે ઘણી જ વ્હેલી છે. **હિ**ન્દુસ્થાન વિષે **ચિ**નમાં લખેલા વૃત્તાન્તમાં લખે છે કે:—"**ટાં**ગ વંશના રાજ્યની વેળાએ, ઈ૦ સ૦ ૬૧૮ થી
" ૬૨૭ સુધી હિંદુસ્થાનમાં ઘણો ક્લેશ ચાલ્યો હતો. રાજા (**શી**લાદિત્ય ?)
" ઘણી લડાઈયો લડ્યો હતો. **હુ**યેનસાંગ (હુએનસંગ) નામે **બૌ**દ્ધ મતના **ચીન**
" દેશના એક સાધુએ પોતાના પ્રવાસનું પુસ્તક લખ્યું છે, (ઈ. સ. ૬૪૦) તે
" આ વેળાએ **હિ**ન્દુસ્થાનમાં આવ્યો હતો અને **શી**લાદિત્યને મળ્યો હતો."[૩]

મોનશોં **જા**કવેટે **ફ્રે**ન્ચ[૪] ભાષામાં વૃત્તાન્ત ઉતારી લીધો છે તેમાં લખે છે કે "**વ**લભી દેશ [૫]**લા**રિસની (લાટ) ઉત્તરમાં છે, તેનો ઘેરાવો છ હજાર
" લી (૧૩૦૦ માઇલ) છે. તેનું રાજધાની નગર ૩૦ લી (પાંચ માઇલ) કરતાં
" પણ ઘેરાવામાં વધારે છે. ત્યાંના ર્‌હેવાસિયોની રીતભાત, ઉત્પત્તિ, ગરમાઈ,
" અને તેમના શરીરની પ્રકૃતિ એ સર્વ [૬]**મા**ળવા દેશ પ્રમાણે છે. વસ્તી ઘણી
" છે; કુટુંબો દ્રવ્યવાન છે; ત્યાં સો કરતાં પણ વધારે ઘર કોટ્યધિપતિ ગણાય છે. આ રાજ્યમાં ઘણા દૂરદેશાવરોમાંથી અત્યંત "સંપત્તિ આવી એકઠી

---

૧ અમને વધારે સંભવ કલ્યાણના સોલંકિયોનો લાગે છે.

૨ અમારી પાસે એવી મુદ્રા છે. ર. ઉ.

૩ રોયલ એશિયાટિક સોસાઇટીના જર્નલનું પુસ્તક છઠ્ઠું પુ. ૩૫૧.

૪ ચીનના બૌદ્ધ સાધુએ ત્રાન્સોક્સિયાના બાકત્રિયા અને ઈન્ડિયામાં ઇ. સ. ૬૩૨ અને ત્યાર પછીનાં વર્ષોમાં પ્રવાસ કર્યો હતો તેના વૃત્તાન્ત ઉપરથી બેંગાલની એશિયાટિક સોસાઇટીના જર્નલના પુ. ૫ માને પૃ. ૬૮૫ મેં વલભી વિષેની એની નોંધ છપાઇ છે, તે ઉપરથી; પણ તેમાં એની સૂચના પ્રમાણે નામનો ફેરફાર કરયો છે.

૫ વલભીપુરનો આસપાસનો પ્રદેશ તલાજા, ભાદ્રોદ અને આખું ગોહિલવાડ એ સર્વેના બધા ભાગનું પ્રાચીન નામ વાળાક ક્ષેત્ર છે.

૬ માળવાનું પ્રાચીન નામ અવંતિ દેશ છે. ર. ઉ.

થાય છે. એકસો કરતાં પણ વધારે સંઘારામ (**બૌદ્ધ**મતના મઠ) જોવામાં "આવે છે; ત્યાં છ હજાર કરતાં પણ વધારે સાધુ છે; તેઓમાંના ઘણાખરા "સમાત્ય સંપ્રદાયના અનુયાયી છે, અને તે મત **હી**નયાન મતના પેટાનો "છે. ત્યાં સેંકડો દેવાલયો તો દેવનાં છે; તેના સાધુની સંખ્યા મ્હોટી "છે. **ગૌતમ બુદ્ધ** જ્યારે **મૃ**ત્યુ લોકમાં હતા (ઈ. સ. પૂર્વે ૫૬૦ થી "૪૮૦) ત્યારે આ દેશમાં ઘણી વાર આવેલા હતા. અને તેમણે જે જે "ઝાડની છાયા નીચે વિશ્રામ કરેલો, તે તે ઠેકાણું ઓળખાઈ આવવા સારૂં "**અ**શોક રાજાએ (ઈ. સ. પૂર્વે ૨૮૦) સ્તૂપો બંધાવી છે. રાજ્યકર્ત્તા વંશ "ક્ષત્રિય કુલનો છે. આગળનો રાજા, **મા**ળવાના **શી**લાદિત્યનો ભત્રિજો હતો, "અને હાલમાં જે રાજ્ય ચલાવે છે તે **ક**નોજ (કાન્યકુબ્જ) દેશમાં **શી**લા-"દિત્ય રાજા રાજ્ય કરે છે તેના કુંવરનો જમાઈ થાય છે; તેનું નામ **દ્રૌ**વ ભટ "(**ધ્રુ**વપટુ **ધ્રુ**વભદ્ર) છે. **મો**નશોં **જા**કવેટ ધારે છે કે, **વ**લભીના રાજાઓના "વંશમાં અગિયારમો રાજા, જે બીજો **દ્રૌ**વ સેન થઈ ગયો, તે જ આ "રાજા જાણવો. **વ**લભીનો નાશ એ વંશના જે છેલ્લા રાજાની વેળામાં "થયો તે ચોથો [1]**શી**લાદિત્ય રાજા હતો, એનું રાજ્ય (એકેકા રાજ્યનો "સુમાર વીશ વીશ વર્ષનો ગણતાં) મોડામાં મોડું સુમારે ઈ૦ સ૦ ૭૭૦ "(૭૬૬) સુધી હતું. પણ મિસ્તર **વા**થન આશરો બાંધીને એ સૈંકડાં પ્હેલું ધારે છે.

રાજસ્થાનનો કર્ત્તા ધારે છે કે, **વ**લભી ઉપર **મ્લે**ચ્છ લોકોએ ચડાઈ કરી હતી તે **સિથિઅન** લોકો હતા. મિસ્તર **વા**થન કહે છે કે તેઓ "**બા**ક્ટ્રો ઇન્ડિયન" જાતિના લોક હતા, એઓના સિક્કા **સો**રઠમાંથી ઘણા મળી આવ્યા છે. અને મિસ્તર **એ**લ્ફિન્સ્ટન ધારે છે કે, તેઓ મ્હોટા **ન**શિરવાન પાદશાહના હાથ નીચેના **ઇ**રાનિયો હશે. ચડાઈ કરનારા લોકો **મ્લે**ચ્છ અથવા **હિ**ન્દુ વિના બીજી જાતિના હતા એવું જો લખ્યું હોત નહિ તો, અમે એવી ધારણા કરત કે, **સો**રઠમાં પોતાની સત્તા ફરીથી સ્થાપન કરવાનો પ્રયત્ન કરતાં, દક્ષિણ માંહેલા **ક**લ્યાણના **સો**લંકિયોએ **વ**લભીનો નાશ કરેલો હશે. **વ**લભીનો નાશ થયાની સાલ નક્કી કરવામાં, અનિશ્ચિતપણું એટલું બધું આવી પડે છે કે, તેનો નાશ કરનારા લોકો વિષે જે જે કલ્પના કરિયે તે સર્વ ઢેદળા પાયા ઉપર જ થાય એમ છે. **હિ**ન્દુસ્થાનના આ ભાગમાં એક બીજો

---

૧ છઠ્ઠો **શી**લાદિત્ય **ધ્રુ**વ ભટ કહેવાતો હતો. ગુપ્ત સં. ૪૪૧=ઈ૦ સ૦ ૭૬૦ જુઓ ઇં૦ આ૦ ભાગ. ૧૫ પૃ. ૩૩૮. ૨. ઉ.

રાજકર્ત્તા વંશ હતો તે અણહિલપુરના ચાવડા રજપૂતોનો હતો. આ અણહિલપુર રાજધાની ઈ૦ સ૦ ૭૪૬ માં સ્થાપવામાં આવી એમ કહેવાય છે. હવે અમે જે વૃત્તાન્ત લખિયે છિયે તે ઉપરથી જણાશે કે ચાવડાઓની રાજધાનીની સ્થાપના વલભીપુરનો નાશ થયા પછી બહુ મોડી થઈ નથી.

પ્રકરણ ૨.

જયશિખરી ચાવડો[1], પંચાસરનો રાજા.

કચ્છના રણ પાસે પંચાસર છે ત્યાં વલભીથી શ્રીમલસૂરિ અને બીજા નાસેડુ આવીને રહ્યા હતા, તે વેળાના પ્રારંભથી, અમે લખવાનું શરૂ કરિયે છિયે. અમારૂં પ્રમાણ "રત્નમાળા" અથવા રત્નનો હાર એવા નામનો ગ્રંથ છે તે છે. એ ગ્રંથ કૃષ્ણાજી નામના બ્રાહ્મણે, ગૂજરાતના મહાનસિંહ રાજાનાં વખાણને અર્થે, કવિતામાં રચ્યો છે.

તે કવિ કેહે છે કેઃ—"સોલંકી વંશની કીર્ત્તિ ઘણી છે; એ વંશ દેવનો "છે. તેમાં સિદ્ધરાજ એ એક કુળદીપક થઈ ગયો છે." વળી તે કહે છે "કે ખરી વાત છે કે, જે રસ્તામાં મારે ચાલવાનું છે તે રસ્તો, મારા પુહેલાં "થયલા કવિયોના ગ્રંથોથી પાંશરો દોર જેવો થઈ ગયેલો છે, અને જે મોતી "મારે પરોવવાનાં છે તે મોતી પુહે'લા કવિયોની હીરા સરખી બુદ્ધિથી "વિંધાયલાં છે; તો પણ, આ વીર રાજાનાં ફરીથી ઘટિત વખાણ કરવાને "સરસ્વતી દેવીના પ્રતાપથી જ હું શક્તિમાન થઈશ" પણ કૃષ્ણાજી પોતે પોતાની રચનાથી તૃપ્ત થયો હોત નહિ તો તે ખરો કવિ કૂહેવાત નહિ. તેણે આત્મવખાણ એવા શબ્દોથી કર્યાં છે કે, તે ઉપરથી ખુલ્લું જણાય છે કે, અગર જો તેણે બીજાના ગ્રંથનાં વખાણ ઉદારતાથી કર્યાં છે, તો પણ તે પોતાના ગ્રંથની બુજ કરવામાં કોઈ પણ પ્રકારે અજાણ ન હતો.

"જે માણસ સમુદ્રમાં ન્હાયો તેણે સર્વ તીર્થ કર્યાં; જેણે અમૃતપાન "કર્યું તેને બીજું કશું ખાવાને જોઈતું નથી; જેની પાસે પારસમણિ છે તેની "પાસે સર્વ ધન છે, એજ રીતે જે માણસે રત્નમાળા વાંચી તેણે સર્વ "પુસ્તક વાંચ્યાં. આરસ પહાણથી બાંધેલું જળાશય હોય પણ તે જળ વિના

[1] ચાવડા, શૌચ, ચૌરાનો સૌરાષ્ટમાં પ્રવેશ અને તેમની ઓળખ માટે જુઓ રાસમાળા પૂરણિકા અંક ૪.

"શોભતું નથી; તથા દીપાયમાન દેવાલય હોય પણ તેના ઉપર શિખર ચડ્યું "હોય નહિ તો તે શોભતું નથી, તેમ જ કોઈ માણસના શોધ ઘણા ભારે "હોય પણ તેણે જો રત્નમાળા વાંચી નહિ તો તેની પંડિતાઈ શોભતી નથી.[૧]"

અમને લખવાને દિલગીરી ઉપજે છે કે મૂળ આ રત્નમાળાનાં ૧૦૮ રત્ન હતાં તેમાંથી માત્ર આઠ રહ્યાં છે.

. સંવત્ ૭૫૨ અથવા ઈ૦ સ૦ ૬૯૬માં કલ્યાણ[૨] નગરમાં સોલંકી વંશનો ભૂવડ રાજા રાજ્ય કરતો હતો. તેની પાસે સોળ પટાવત હતા, તેમને નિરંતર તે પોતાની પાસે રાખતો હતો. તેઓ રાજભક્ત હતા, અને રાજાની ચડતી થયલી જોવાને ઇચ્છતા હતા. લડાઈની વેળાએ મૂઠિયો વાળીને નાશી જાય એવા ન હતા; પણ આકાશના સ્તંભની પેઠે ડગે નહિ એવા હતા. એમનાં નામ નીચેના દુહામાં છે.—

(**દુહો**)-ચંદ, દ્વંદ, ભટ, વેદ, વીર, સિંહ, સિંધુ, ગિરિ, ધીર;
સામત, ધીમત, ધન્વિ, પટુ, ભીમ, મહારથી, મિહિર.

આમાં, **મિહિર** હતો, તે મુખ્ય હતો તેને કોઈ દિવસ બ્હાર કામગિરી ઉપર મોકલવામાં આવતો નહિ. બાકી બીજાઓને, જિત કરવા સારૂ ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ ચારે દિશાયે મોકલવામાં આવતા હતા. આસપાસના સર્વે રાજા-

---

૧ **छपय**–सजित सोळ सिनगार, नारी बिन चंद्र न सोहें;
पुरुष धरे पोषाक, पाग बिन लसत न जोहे,
आरस रचित जलाश्र, पानों बिन मानिय उना,
रेंनी पति बिन रेंनी, भुक्त घृत बिन सब न्युना,
सब ग्रंथ पंथ पंडित लखे, रत्नमाल नहि जो पढे,
बहु दिसमान देवळ बन्यो, न लसे बिनु शिखर चढे.
ज्यौं निधि में अन्हात, तीर्थ सब सो नर कीना;
जो जिवित दिय दान, दान सब ही तिन दीना,
परधन पर त्रिय त्याग, सबे व्रत पूरन पारे,
अमृत मिळे आहार, स्वाद सब ओरं बिसारे;
सब धन तिनके गृह जानिहु, जिनकु चिंतामणी मिळे,
अस ग्रंथ पंथ सब सो पढयो, रत्नमाल घर ही दिळे.

૨ પ્રબન્ધ ચિન્તામણિના કર્તા મેરૂતુંગ કાન્યકુબ્જ દેશના કલ્યાણકટક નગરને રાજા ભૂદેવ (ભૂય, ભૂવડ અથવા ભૂયડ) હતો એમ લખે છે; તેમ જ કુમારપાલ ચરિતમાં પણ એમ જ છે અને ઇતિહાસોમાં એ નગર દક્ષિણનું કલ્યાણ એમ ગણેલું છે. ર૦

ઓમાં **ભૂ**વડની આણ વર્ત્તાઈ ગઈ હતી. માત્ર એક **ગૂ**જરાતનો રાજા જિતાયા વિના રહ્યો હતો. તે **ચા**વડા વંશનો હતો; તેનું નામ **જ**યશિખરી હતું; અને તેની સ્ત્રી **રૂ**પસુંદરી કરીને હતી. તેનું રાજધાની નગર **પં**ચાસર હતું. પોતે બળવાન્, તેજવાન્ અને બુદ્ધિમાન્ હતો; તેનો ભંડાર અખૂટ હતો, અને તેની ફોજ અગણિત હતી. આવો એક રાજા ભૂતળમાં છે એટલી જાણ પણ **ભૂ**વડના પટાવતોએ તેને પડવા દીધી નહિ, તેથી તે જાણતો હતો કે આખી **પૃ**થ્વી મારી સત્તા નીચે છે.

જિતી લીધેલા દુશ્મનોને ત્યાં લૂટ કરી તે લૂટથી અને ઊંટ, ઘોડા, રથ, અને હાથિયોથી આખું કલ્યાણ નગર ભરાઈ ગયું હતું; ઝવેરી, વણકર, સૂતાર, અને સુશોભિત વાસણ બનાવનારા ત્યાં વસતા હતા. અને ઘરની ભીંતો રંગિત ચિત્રોથી શણગારેલી હતી. વૈદ્ય, અને કારીગર ઘણા હતા, તેમ જ ગવૈયા પણ ત્યાં વસતા હતા, અને વિદ્યા ભણવાને અર્થે નિશાળો પણ હતી. **સૂ**ર્ય છ મહિના **ઉ**ત્તરાયનમાં ચાલે છે ને છ મહિના **દ**ક્ષિણાયનમાં ચાલે છે તેનું કારણ માત્ર એટલું જ કે **લં**કાપુરી અને [1]કલ્યાણપુરીની શોભા સરખાવાને તેનાથી બની આવે.

બીજા સદ્ગુણોની સાથે, રાજા **ભૂ**વડ, પંડે સર્વ જાતના ડ્હાપણનો લોભી હતો, અને તે સાથે વિદ્યાનો મ્હોટો પોષક હતો. તેમાં મુખ્યત્વે કરીને ડાહ્યા **હિ**ન્દુરાજાને આશ્રય આપવાને ઘટિત એવાં જે વ્યાકરણ અને કાવ્યશાસ્ત્ર તેનો તે પૂરો પોષક હતો. વિદ્વાન લોકોને તે એટલું બધું ઉત્તેજન આપતો કે, જે પ્રમાણે ચોમાસાનું બધું પાણી દરિયા ભણી ચાલી જાય છે તે જ પ્રમાણે બધા પ્રકારની પ્રવીણતા તેના દરબારમાં ચાલી ચાલી આવતી હતી.

એ રાજાને એક બાગ હતો, તે **શિ**વની **કૈ**લાસપુરી જેવો હતો; તે પરમાનંદ પમાડે એવાં ફૂલ અને ફળનાં ઝાડથી શોભાવેલો હતો. તેમાં એક સમયે રાજા નૃત્ય, ગીત, ગાયનથી ઉમંગ પામતો બિરાજમાન થયો હતો. તેનો યુવરાજ, **ક**ર્ણ કુંવર, રાજપોષાક પૂહેરી, એક પડખે બિરાજ્યો હતો, અને **ચં**દ અને બીજા પટાવતોથી આખી મંડળી શોભાયમાન્ દેખાતી હતી. તેમાં વળી બુદ્ધિ અને ડ્હાપણમાં એક બીજાથી ચડિયાતા એવા વિદ્વાન અને કવિયોનો સમાજ બેઠેલો હતો, પણ સર્વમાં શ્રેષ્ઠ **ક**વીશ્વર **કા**મરાજ, જે રાજાનો મિત્ર હતો તે હતો; રાજા **ભૂ**વડ જેમ સુભટોમાં શોભાયમાન દેખાતો હતો તેમ એ કવીશ્વર વિદ્વાનોમાં શોભાયમાન દેખાતો હતો. તેવામાં એક પર-

૧ આ ઉપરથી જણાય છે કે કલ્યાણપુરી ઉત્તરમાં (કનોજ દેશમાં) હતી. ૨. ઉ.

દેશી કવિએ આવીને રાજાના વખાણનાં કવિત કહેવા માંડ્યાં. તેમાં જે ચતુરાઈ બતાવી હતી તે સમજીને રાજા પોતે રીઝયો, અને પોતાની આસ-પાસ કવિયો બેઠેલા હતા તેઓને તેનું ઉત્તર કહેવા કહ્યું, પણ તેમાં કોઈની હિંમત ચાલી નહિ. પછી **ભૂવડે** પેલા કવિને મૂલ્યવાન્ શિર-પાવ આપ્યો અને પૂછ્યું કે "તમારૂં નામ શું? અને જે દેશમાં તમે આટલાં બધાં વર્ષ છાના રહ્યા તેનું નામ શું?"

કવિએ જવાબ દીધો કે, "મારૂં નામ **શંકર** છે. **ગૂર્જર્** દેશ જે **પૃથ્વીનો** " ઉત્તમોત્તમ ભાગ છે, જેની ભૂમિ પૂર્ણ "રસાલ છે, પાણી, ઘાસ, અને ઝાડથી " અતિ શોભાયમાન છે, જ્યાં ધન "તો ઢગલે છે, અને જ્યાં મનુષ્યો ઉદાર છે, તે " **ગૂર્જર** દેશથી હું આવ્યો છું, ત્યાં **પંચાસર** છે તેમાં **સમુદ્રપુત્રી** જે **લક્ષ્મી** તેનો " નિરંતર વાસ છે, તે સર્વ પ્રકારે દેવનગરી જે ઇન્દ્રપુરી તેની સમાન છે. જે ત્યાં " વસે છે તેને **સ્વર્ગ**માં જવાની પણ ઇચ્છા થતી નથી. ત્યાં **ચાવડો** રાજા રાજ્ય " કરે છે તે બધી સુભટ જાતિમાં અગ્રેસર છે, અને જેણે પોતાનાં અદ્ભુત કામથી " **જયનો** શિખર (પર્વત) ઉભો કર્યો છે તેથી તેને કવિયો '**જયશિખરી**' કહે છે, " તેની **પટ્ટરાણી** 'રૂપસુંદરી' કરીને છે તેની શોધી જોડ જડે એમ નથી. રાણીનો " ભાઈ **શૂરપાળ** છે તે ડાહ્યો અને શૂરવીર છે. **જયશિખરી** અને **શૂરપાળ** " જો ભેગા ભળે તો ઇન્દ્રને તેના ઇન્દ્રાસન ઉપરથી ઊઠાડી મૂકે, પણ તેમને તેની " ગરજ ઓછી જ છે; કેમકે તેઓની પોતાની **ગૂજરાત** છે તે આખી **પૃથ્વીનું** " તત્ત્વ છે. ત્યાં **સરસ્વતીનો** નિરંતર વાસ છે; મેં મારી વિદ્યા મેળવી છે તે " ત્યાં જ, અને ત્યાંથી જ હું દિગ્વિજય કરવા નીકળ્યો છું."

રાજા **ભૂવડે**, **ગૂજરાત**નાં આવાં વખાણ સાંભળીને મૂછે હાથ નાંખ્યો. તે જોઈ **કામરાજે** તેના **અંતરની** છાના વેરની વાત જાણી લીધી ને **શંકર** સાથે કવિતાવિવાદ કરવા લાગ્યો, પણ એકલો તો તેનાથી હાર્યો એટલે **શિવે (શંકરે) કામને** જિત્યો હતો તે **શંકરે કામરાજનો** પરાજય કર્યો.

ભૂવડ રાજા, તે દિવસની ગંમતનું આવું પરિણામ આવેલું જોઈ, ના-ખુશીની સાથે મહેલમાં ગયો. સાંજે તેણે પોતાના પટાવતોને બોલાવ્યા ને ગૂજરાત સંબંધી વધારે વૃત્તાન્ત સાંભળવાની ઇચ્છા બતાવી. એકઠા થયેલા પટાવતોએ રાજાને જૂઠું સમજાવવા માંડ્યું કે, અમે **જયશિખરીને** હરાવી **પંચાસર** લીધું હતું, પણ રાજા શરણ થયો એટલે તેનો નાશ અમે કર્યો નહિ. રાજાને ગળે આ વાત ઉતરી નહિ, તેથી **ચંદને** દબાવીને કહ્યું કે સાચે સાચું બોલ. ત્યારે તેણે કહ્યું કે, **અર્બુદ** ગિરિ અથવા **આબુ** પર્વતની દક્ષિણ

ભણી જતાં, આપણા પટાવતોનો ને શૂરપાળનો ભેટો થયો હતો. શૂરપાળ સાથે તેના બંનેવીની ફોજ હતી, તેની સાથે લડાઇ કરવાનું ભયભરેલું લાગ્યાથી આપણા પટાવતો આડે રસ્તે સોરઠ આવ્યા. આવી વાત સાંભળીને તુ સત્વર ફોજની તૈયારી કરવાની રાજાએ આજ્ઞા કરી, તે પ્રમાણે લશ્કર તૈયાર થયું. ને જયશિખરી ઉપર ચડાઈ કરવા ચાલ્યું. જતાં વેંત જ અપશકુન થયા, પણ, સત્વર જવાની રાજાની આજ્ઞા હતી એટલે લશ્કરને ઉપરિયો અટકાવી શકયા નહિ.

શંકર કવિ આવામાં ઘેર જઈ પહોંચ્યો હતો, અને તેણે પોતાના રાજાને સર્વ વૃત્તાન્ત માંડીને કહ્યો હતો, જયશિખરી શૂરવીર હતો, તેથી લડાઈ કરવાની તક મળી એટલે ઘણો આનંદ પામ્યો, અને પોતાના સુભટોને કંકણ, કુંડળ, અને બીજા અલંકારોનો તથા વસ્ત્રોનો શિરપાવ આપ્યો.

રાજા ભૂવડની સેના ચાલી આવી. તેમાં હાથી, ઘોડા ઘણા હતા; ચાર હજાર રથ હતા, ઘોડેસવારો પાસે શસ્ત્ર અસ્ત્ર હતાં; પાયદલનો તો કાંઈ પાર ન હતો. જે જે ગામ થઈને લશ્કર આવતું ગયું તે તે ગામલોકો લશ્કર જોઈને ઘરબાર મૂકી નાશી ગયા, ને જે ગામવાળા સામા થયા તેમની ઉપર છાપો મારીને તે ગામ લૂટયાં. જ્યાં થઈને ચડેલું લશ્કર ગયું ત્યાંની પાણીવાળી જમીન સૂકી થઈ ગઈ, ને સૂકી જમીન ભેજવાળી થઈ ગઈ; જ્યાં મેલાણ થતું ત્યાં મલ્લવિદ્યાની કસરતો થતી ને શસ્ત્ર-અસ્ત્રનો અભ્યાસ થતો. દુશ્મનના દેશની પાસે આવી પહોંચ્યા એટલે મોખરાનું એક શહર લૂટયું, અને પંચાસરથી છ માઇલને છેટે પડાવ કર્યો, ત્યાંથી આસપાસનાં ગામડાં લૂટી સ્ત્રીપુરૂષોને કેદ કરી રાખ્યાં.

આ વાત સાંભળીને જયશિખરીને નખથી તે શિખા સુધી ક્રોધ ચડ્યો. હલ્લો કરનારાનો સેનાપતિ મિહિર હતો તેને તેણે કાગળ લખ્યો, તેમાં ગરીબ લોકોના ઉપર જુલમ કર્યો તે વિષેનો ઘણો ઠપકો દઈ લખ્યું કે શૂરવીર તો આવું અઘટિત કામ કરે નહિ, પણ કૂતરાને પથરો માર્યો હોય તો મારનારના ભણી નહિ થતાં તે પથરાને બચકાં ભરે તેમ તું કરે છે. મિહિરે ઉત્તરમાં લખ્યું કે "મ્હોમાં લીલું તરણું ઘાલી તારે રાજા ભૂવડને શરણ થવું, નહિતર લડવાને સામા થવું." જયશિખરિયે તરત લડવાનું કબૂલ કર્યું, ને પોતાના ભાયાત અને સુભટોને બોલાવીને બીજે દહાડે લડાઈ કરવાની તૈયારી કરી.

મિહિરનો કાગળ આવ્યો ત્યારે શૂરપાળ ત્યાં હતો નહિ, તેથી રાજાની જાણમાં ન છતાં રાત્રિની વેળાએ, એકાએક શત્રુ ઉપર તૂટી પડવાનો તેણે નિશ્ચય કર્યો. વાત પણ એમ બની કે, તે વેળાએ શત્રુઓ તૈયાર હતા નહિ,

કેટલાક પાસેનાં ગામડાં લૂટવા ગયા હતા, કેટલાક ખાવા પીવામાં પડ્યા હતા, કેટલાક ઊંઘતા હતા, કેટલાક નાચમજરામાં ગુલતાન થયા હતા, તેથી તેને ફાવી ગયું. **શૂ**રપાળના માણસો હાથમાં તરવારો લઈને ટૂટી પડ્યા, તેમાં ઘાસ કાપનારા ઘાસ કાપી નાંખે તેના કરતાં શત્રુઓને કાપી નાંખવાને તેઓને વધારે મ્હેનત પડી નહિ. **શૂ**રપાળે **ચં**દને કહ્યું કે, શસ્ત્ર ઝાલીને સાવધાન થઈ તારા ઇષ્ટ દેવને સંભાર, એમ કહી, તેના પેટમાં તરવાર ખોશી, અને **ચં**દને સખત ઘાયલ કર્યો; ઢોરના ઘેરમાં જેમ વાઘ પડે ને તેઓ અસ્તવ્યસ્ત થઈ જાય તેમ શત્રુની ફોજમાં ભંગાણ પડ્યું. **ચં**દને જખમ વાગ્યા હતા તેથી નાસતાં મરણ પામ્યો. **વેદ** જે **પ**રમાર રાજાનો સગો થતો હતો તે ફજેતીનો માર્યો નિરાશ થઈને પોતાનો લશ્કરી પોષાક ઉતારી **સં**ન્યાસીને વેશે **કાશી** નાશી ગયો. **મિહિર** જે **સે**નાપતિ હતો તેણે જાણ્યું કે મારૂં કાળું મ્હોં થયું તેથી તેણે પોતાના રાજાની રાજધાનીથી આઠ દિવસની કુચને છેટે પડાવ કર્યો રાજા **ભૂ**વડ હાર થયાના સમાચાર જાણીને **મિહિર**ની છાવણીમાં આવી પ્હોંચ્યો, ને નાશી આવેલા લશ્કરને હિંમત આપી ક્હેવા લાગ્યો કે એક વાર પાછું હઠવું પડે તો તે બીજી વાર જિત થવાની નિશાની છે, કેમકે હથિયારને પાછું છટકાવ્યા વિના તેનો જબરો ઘા થઈ શકતો નથી. **ભૂ**વડ, પોતાના સુભટો અને લશ્કરને ફરીથી શૂર ઉપજાવવામાં ફતેહ પામ્યો, એટલે લડાઈની મસલહત કરવાને સુભટોની સભા કરી, તેમાં એવો ઠરાવ કર્યો કે રાજાએ-પિંડે તત્કાલ **ગૂ**જરાત ઉપર હલ્લો કરવો. ઘેરથી નીકળતાં રસ્તામાં સારા શકુન થયા અને વાદિત્રના, રણશિંગાના અને દુન્દુભીના નાદના ધડધડાટ આકાશમાં થવા લાગ્યા.

સેના પાસે આવી પ્હોંચી, એટલે, **જ**યશિખરી **પં**ચાસરના દરવાજા બંધ કરીને માંહે પેઠો, પછી રાજા **ભૂ**વડે નગરને ઘેરો ઘાલ્યો. પ્રથમ **મિહિરે** હલ્લો કર્યો, તેને **શૂ**રપાળે પાછો હઠાવ્યો. **પં**ચાસરના રાજાએ પોતાના સુભટોને એકઠા કરીને કહ્યું કે, જેમને પોતાનો જીવ વ્હાલો હોય તેમણે સુખેથી ઘેર પાછા જવું, પણ સર્વેએ સરખું ઉત્તર આપ્યું કે અમે ઊંચા કુળના રજપૂત છિયે અને અમે સર્વે તમારી સાથે મરવાને તૈયાર છિયે. આવી અાપટીની વેળાએ જે પૂઠ દઈને પોતાના નામને અબ લગાડે તેનું માંસ કાગડા પણ ખાય નહિ અને તે કોટી કલ્પ સુધી નર્કમાં ર્‌હે. બાવન દિવસ સુધી હલ્લા કર્યા પણ કાંઈ વળ્યું નહિ, એટલે રાજા **ભૂ**વડે **મિહિર**ને સલાહ પૂછવા બોલાવ્યો, તેણે કહ્યું કે **શૂ**રપાળને ફોડવાની મ્હેનત કરવી. પછી આકડાના દૂધ વતે કાગળ લખીને **શૂ**રપાળ ઉપર મોકલ્યો તે તેણે કંકુ ચોળીને વાંચ્યો; પણ રાજા

ભૂવડનું લખેલું તેણે સ્વીકારયું નહિ, અને જવાબમાં લખ્યું કે "પાણી એક વાર જે દૂધ સાથે મળી ગયું તે તેમાંથી જૂદું પડતું નથી તેમ હું જયશિખરીનાથી જૂદો પડી શકતો નથી. ઓ! મૂર્ખના શિરોમણિ! હું ઊંચ કુળનો છું, મને ફોડવાની આશા તું કેમ રાખે છે? ત્રણ લોકનું રાજ્ય આપવા કરે પણ જે વર્ણસંકર હોય તે જ લેવાનું મન કરે."

રાત પડે ત્યારે બન્ને રાજાઓ, પોતપોતાના લશ્કરને લડવાને શૂર છૂટે, અને યુદ્ધ કરવાની રીત જાણવામાં આવે, એટલા માટે મહાભારતની કવિતા ગવરાવે. જે વેળાએ ભીમનાં અદ્‌ભુત પરાક્રમની વાતો ગૂજરાતના સુભટોના સાંભળવામાં આવે ત્યારે તેમને ઘણો જુસ્સો ઉત્પન્ન થાય, અને તેઓ પૂછે કે "રાત ક્યારે ખૂટશે; સવાર ક્યારે થશે, કે અમને લડવાનું મળે?"

(દુહા).

વાટ જુવે નિજ પતિ તણી, વનિતા વિયોગી જેમ;
વ્યાકુળ થઈ વ્હાણાતણી, સુભટ જુવે સૌ તેમ.
રણસંગ્રામે જે પડે, ભારથમાં છે સાર;
તેને તો ઇદ્ર જ તણી, વરે અપ્સરા નાર.
અધીરા થઈ આનંદથી, એમ કરે ઇચ્છાય;
કાષ્ટ ધૂળનાં ઘર તજી સ્વર્ગે જઈ વસાય.
આજ્ઞા જયશિખરી તણી થઈ તે થતાં સવાર
સુભટ શોભિતા સૌ થયા, તત્પર તેણી વાર.
રણમાંથી જિતી કરી, વળવાની નહિ આશ;
પણ વહી મરી જઈ અપ્સરા વરવા કેરી આશ.
નિહાળી નિશ્ચય સુભટના, સ્વર્ગતણી સૌ નાર;
પ્રીત થકી સૌ પરણવા, સજ્જ થઈ રહી તૈયાર.
સૌ સુભટોએ સ્નેહથી, કવચ ધરયાં જે વાર;
સજી શણગાર બની રહી, સર્વ સ્વર્ગની નાર.
સૌ સુભટોએ સ્નેહથી, શસ્ત્ર સજ્યાં જે વાર;
વરમાળા કરમાં ગ્રહી, રહી શોભી સૌ નાર.
સુભટોએ જ્યારે ગ્રહી, તુરીતણી લગામ;
બેઠી ઝટ વિમાનમાં સ્વર્ગ તણી સૌ શ્યામ.

રૂપસુંદરિયે અંતઃપુરમાંથી ચાલતા યુદ્ધના ભયંકર અવાજ સાંભળ્યા, એટલે પોતાના પતિને બોલાવ્યો, અને તેને વિનવીને કહ્યું કે "સ્વામીનાથ! જ્યાં સુધી સારા શકુન થયા નથી, ત્યાં સુધી રણસંગ્રામમાં પડવાની હામ

બકવી કહિ." પણ જયશિખરી બોલ્યો કે, "કન્યાકાળને સમયે અને રિપુ દરવાજા સુધી આવી પહોંચ્યો હોય ત્યારે શકુન જોવા નહિ, પણ શ્રીકૃષ્ણનું નામ લેવું." એમ કહી તેના મનનું સમાધાન કરયું. જેમ ગાજવીજનાં તોફાનની વેળાએ વાદળાં એક બીજાની સાથે અથડાય છે, તેમ એક બીજાની ફોજ સામાસામી આવી ગઈ; તેમનાં હથિઆર વીજળીની પેઠે ચમકારા દેવા લાગ્યાં; જેમ મેઘની ગર્જના થાય તેમ ધરતી, પગના ધમકારાથી, ધમધમવા લાગી; લડાઈનાં વાદિત્ર વાગી રહ્યાં; તેથી બીકણ હોય તેનામાં પણ શૂર આવે. જેમ વર્ષાઋતુમાં વર્ષાદ વરશી રહે છે તેમ બાણ અને અસ્ત્રનો વર્ષાદ વરશી રહ્યો; હળ, મુશળ ને ફરશીથી તેઓ લડવા લાગ્યા; હાથી સામા હાથી, ઘોડા સામા ઘોડા; ને રથી સામા રથી. લોહીની નદિયોમાં કપાઈ મરેલાનાં મુડદાં તરવા લાગ્યાં; રણસંગ્રામનો પોકાર જેમ વધવા લાગ્યો તેમ સુભટો, આનંદ પામવા લાગ્યા. જેઓ હિંમત હારી જતા તેઓને ભાટ લોકો લલકારતા હતા. તેઓ કહેતા કે "ઓ શૂરવીરોના પુત્રો! રંગ છે તમને, આ રણભૂમિ રૂપી તીર્થ તમને ફરી ફરીને મળવાનું નથી, માટે જગત્‌માં જશ મેળવો, ને સ્વર્ગ પામો. દેવતાઓના મુખમાંથી વાહ! વાહ!ના અવાજ કઢાવો અને અમર થાઓ."

યુદ્ધનો ધુંધવાટ આકાશમાં પહોંચ્યો ને દેવતાઓને કાને જઈ લાગ્યો; તેઓને લાગ્યું કે આ તે કુરૂક્ષેત્રમાં[1] ફરીને યુદ્ધ થયું કે શું? અપ્સરા નાચવા લાગી, ગાંધર્વ હતા તે ગાવાવગાડવા લાગ્યા. ને પાતાળવાસી નાગ અને દેવતાઓ કંપવા લાગ્યા. શિવ આવે ટાણે રણભૂમિ ઉપર ભટકવા લાગ્યા ને પોતાની કદિ પૂરી થાય નહિ એવી જે રૂંઢમાળા તેમાં શૂરવીરોનાં મસ્તક લઈ પરોવવા લાગ્યા. ડાકણો અને ભૂત તેની આસપાસ વિંટાઈ વળ્યાં. જોગણિયો અને માંસ ભક્ષણ કરનારા, પોતાનાં ખપ્પર લોહીથી ભરવા, ગીધ પક્ષીની પેઠે લલચાઈ આવી પહોંચ્યાં.

શૂરપાળે પોતાના સદાના શૂરપણાથી, ભટની સેનાને પાછી હઠાવી; પણ જે લોકો પાછા હઠતા હતા તેઓનો ધિક્કાર કરી ધમકાવીને રાજા ભૂવડે કહ્યું કે "જો પાછા હઠયા તો તમને મારે હાથે પૂરા કરીશ." ભટ મરણિયો થઈને શત્રુની ફોજમાં ટૂટી પડ્યો; ત્યાં તેણે ઘણા જણને માર્યા પણ તેના ઉપર બાણનો વર્ષાદ વર્ષવાથી તે પડ્યો ને શૂરપાળના હાથથી મરણતોલ થવાયો. ભટની ઉંધે માથે ઝોકાવાની હિંમતથી કામ સર્યું. કેમકે

૧ પાંડવકૌરવોનું મહાભારતમાં વર્ણવેલું યુદ્ધ કુરૂક્ષેત્રમાં થયું હતું. ર. ઉ.

તેની સેના, જયશિખરીની સેનાને હઠાવવામાં જિત પામી, અને કિલ્લાની પશ્ચિમ બાજુએ જઈ કિલ્લો તોડ્યો.

જયશિખરિયે, જાણ્યું કે આ લોહીલોવાણ લડાઈમાં મારા ઘણા સુભટો માર્યા ગયા, તેથી હવે જિતવાની આશા રહી નહિ, એટલે શૂરપાળને બોલાવીને કહેવા લાગ્યો કે, "તારી ગર્ભવંતી બ્હેન રૂપસુંદરીને કોઈ નિર્ભય ઠેકાણે લઈ જા, કે મારા વંશનું બીજ રહે." શૂરપાળે પ્રથમ તો ના કહી, પણ રાજાએ તેને પોતાના સોગન દઈને કહ્યું કે "મારી ખાતર તું એટલું કામ "કર. મારા વંશમાં કોઈ શ્રાદ્ધ કરનાર નથી, તેથી હું મોક્ષ નહિ પામું, ને "મારા વંશમાં કોઈ હશે નહિ તેથી અરે ભાઈ! મારા શત્રુ નિષ્કંટક રાજ્ય "ચલાવશે."

આ પ્રમાણે આગ્રહ કરવાથી શૂરપાળ, પોતાની બ્હેનને લઈને કિલ્લામાંથી નીકળી ચાલ્યો; પણ નાશી જવાનું કારણ રૂપસુંદરીના જાણવામાં આવ્યું એટલે આગળ ડગલું ભરવાને પણ તેણે ના કહ્યું ને પોતાના પતિની સાથે સતી થઈ બળી મરવાનો પોતાનો દૃઢ નિશ્ચય હતો તે તેણે નિવેદન કર્યો. પણ વંશનો નાશ થવાના કારણથી શૂરપાળને અસર થઈ હતી તે જ કારણ તેણે પોતાની બ્હેનને સમજાવીને શાન્ત પાડી. તેને પછી એક રણમાં મૂકીને જયશિખરીની સાથે મરવાને પોતે પાછો આવ્યો.[૧]

તે દરમિયાન, રાજા ભૂવડે જોયું કે, કિલ્લાનું રક્ષણ હવે થઈ શકે એવું નથી, એટલે જયશિખરીને કહેણ કહાવ્યું કે, "ચાલ પ્રમાણે જો તું મોંમાં તરણું લઈ, અવળા હાથ બાંધી, મારે શરણે આવી પગે પડે તો ગુજરાતનું રાજ્ય પાછું તને સોંપી દઉં." જયશિખરિયે ઉત્તર વાળ્યું કે "એ રીતે શરણ "થયા પછી મને જીવવું સારૂં લાગવાનું નથી, ગૂજરાતને બદલે સ્વર્ગ "પામીશ તો તે સારો બદલો થશે, અને હું ચાવડા વંશનો છેલ્લો છું તે તેની કીર્ત્તિ મારી પછવાડે મૂકતો જઈશ."

---

૧ શેકસપિયર કવિકૃત ઈંગ્લંડના ૬ ઠ્ઠા હેનરી રાજાના નાટકના ત્રીજા ભાગના ચોથા અંકના ચોથા પ્રવેશમાં પણ આવો જ વિચાર છે:–

"મારા ગર્ભસ્થાનમાં એડવર્ડ રાજાનો વંશજ છે, તેના ઉપરના પ્રેમને લીધે હું "નિરાશા તજું છું. અને એ જ કારણે કરીને મારા મનના ઉછાળા હું વશમાં રાખું છું, "તથા મારા ઉપર જે આપત્તિ આવી પડી છે તે નરમ થઈને સહન કરૂં છું; અરે! "એ જ કારણને લીધે હું મારાં આંસુ પડતાં અટકાવું છું અને લોહી ચૂશી ખાતો "નિશ્વાસ ઉડતો અટકાવું છું; કે રખે ને નિશ્વાસ નાંખવાથી એડવર્ડ રાજાનો વંશ "અને ઈંગ્લંડની ગાદીનો ખરો વારસ મારા ગર્ભસ્થાનમાંથી સરી પડે અથવા મારાં "આંસુમાં બૂડી જાય."

આવું સાંભળી **ભૂ**વડને ઘણો ક્રોધ ચઢ્યો એટલે પોતાની જિત પૂર્ણ કરવાને તત્કાળ તૈયાર થયો. **જ**યશિખરીની પાસે થોડી સેના રહી હતી તેનું ઘણી સેના આગળ કાંઈ ચાલ્યું નહિ. રાજાએ પોતે શત્રુની સેનાને ઘાસની પેઠે કાપી નાંખીને સારો ટકાવ કર્યો, પરંતુ છેવટે તે મરાયો, ને તેના શરીર ઉપર થઈને શત્રુ **પં**ચાસરમાં પેઠો. [1]કિલ્લાના રક્ષકો અને દરબારના રક્ષકોએ મરતાં સુધી તેમને પેસવા દીધા નહિ, પણ છેવટે ભારે મારામાર થયા પછી, **ભૂ**વડે મ્હેલમાં પ્રવેશ કર્યો. ત્યાં દાસિયો ઘણા જુસ્સાથી સામી થઈ. ને હાથમાં **ભૂં**ગલ કે જે કાંઈ આવ્યું તે લઈને દુશ્મનોને શહરના દરવાજા બ્હાર હઠાવી દીધા. તેમની ઇચ્છા **જ**યશિખરીની લાશ લેવાની હતી તે અહિં પૂરી થઈ. પછી તેમણે ચંદનની ચિતા ખડકી માંહિ નાળિયેર નાંખ્યાં, અને **જ**યશિખરીની સાથે તેઓ સર્વે બળી મુઈ, તેમાં વળી ચાર **રા**ણિયો, દાસદાસિયો સાથે ચિતામાં પડી. **ન**ગરના લોકોમાંથી જેઓ રાજાના ઉપર ઘણો સ્નેહ રાખતા હતા તે પણ પોતાના રાજાની સાથે **સ્વ**ર્ગના રાજાની હજુરમાં જવા બળી મુવા. છેલ્લી વારે **ભૂ**વડ, પોતાની ફોજ સહિત અંદર ધશી ગયો ને ચિતા બળતી બંધ કરાવી, ઘટિત રીતે **ચા**વડા રાજાની મૃત્યુક્રિયા પોતાને હાથે કરીને તેનાં વખાણ કર્યાં કે આવા ખરા શૂરવીરને **જ**ન્મ આપનારને ધન્ય છે. તેને જ્યાં અગ્નિદાહ કીધો તેના ઉપર **શિ**વનું દેવલ ચણાવી તેમાં **શિ**વની સ્થાપના કરીને તેમનું નામ "**ગૂ**ર્જરેશ્વર" પાડ્યું. જે દિવસે **જ**યશિખરી પડ્યો તે દિવસે **સૂ**ર્ય ઝાંખો દેખાયો, ચારે દિશાઓ ભયંકર દેખાવા લાગી, ને પૃથ્વી કંપવા માંડી; ને નદિયોનાં પાણી ડ્હોળાયલાં જેવાં થઈ ગયાં; પવન ઊંનો વાવા માંડ્યો; હોમના અગ્નિમાંથી ભારે ધૂમાડા નીકળવા માંડ્યા; આકાશમાંથી તારા ખરવા માંડ્યા, આ બધા ઉત્પાત જોઈને લોકોએ જાણ્યું કે આજે કોઈ મ્હોટો પુરૂષ પડ્યો.

---

૧ કૃષ્ણદાસ કહે છે કે, જયશિખરિયે ત્રણ દિવસ સુધી લડાઈ કરી, પછી બે હાથ કપાયા તેથી શસ્ત્ર વિનાનો થયો, તો પણ તેણે ભૂવડની છાતીમાં લાતોનો પ્રહાર કરચો, એટલે ભૂવડ મૂર્છિત થઇને પડચો ને લોકોએ જાણ્યું કે જમને ઘેર ગયો. એટલામાં જયશિખરીને પછવાડે રહીને બે મલ્લોએ તરવારોના ઘા કરીને માથું કાપ્યું. પછી ત્રણ દિવસ સુધી ધડ ઝુઝીને પડ્યું, ત્યારે ભૂવડે જાગીને એવું કહ્યું કે "ઓ ક્ષત્રિય પુત્ર! તારાં માબાપને ધન્ય છે. તું બહુ પરાક્રમી કોઈ દેવનો અંશ છે. અરે બુદ્ધિશાળી! તારે અંતસ્થાને ગૂર્જરેશ મહાદેવનો શુદ્ધ પ્રાસાદ કરાવીશ." એમ કહીને વારે વારે પ્રણામ કરીને નિઃશંક થઈ નગરમાં પેઠો. ર. ઉ.

રાજા **ભૂવડે કચ્છ** અને **સોરઠ**ના રાજાને જિત્યા[1] અને **ગૂજરાત**ની શોભા જોઈને તેને ત્યાં રહેવાનું મન થયું; પણ તેના સલાહકારોના કહેવાથી તેણે જાણ્યું કે હજુ તો **શૂરપાળ** એક બાજુમાં કાંટાની પેઠે ખુંચતો રહ્યો છે તેથી આસપાસના રાજાઓ ઉપર ખંડણી બેસાડીને અને **ગૂજરાત**માં પોતાનો એક સૂબો ઠરાવીને પોતાને દેશ ગયો.

શૂરપાળ, પોતે, પોતાની બ્હેનને નિર્ભય ઠેકાણે રાખીને પાછો આવ્યો ત્યારે **જયશિખરી** મરાયો હતો, તેથી પ્રથમ તો એકાએક તેના મનમાં ઉભરો ભરાઈ આવ્યો કે, " મારે પણ લડાઈમાં પડવું ને એની પછવાડે મરવું." પણ પછી તેણે વિચાર્યું કે, " હું જો લડાઈમાં માર્યો જઈશ તો **ભૂવડ**નું રાજ્ય "નિષ્કંટક થશે; જે બનવાનું હતું તે બની ચૂક્યું છે, આગળને માટે હવે વિચાર-"વાનું છે. જો ભાગ્યયોગે મારી બ્હેનને પુત્ર પ્રસવશે તો ગૂજરાતનું રાજ્ય "હું પાછું મેળવીશ; મારા આશ્રય વિના એ કામ બનશે નહિ." પછી તે પોતાની બ્હેનને ખોળવાને નીકળી પડ્યો. પણ તેને તેનો કશો પત્તો લાગ્યો નહિ. કેટલાક કહે છે કે તેને મ્હોં બતાવવાની શરમ લાગી તેથી તે સારી વેળાની વાટ જોતો **ગિરનાર** પર્વતના વનમાં ઉપરકોટમાં રહેઠાણ કરી રહ્યો.

આણીમગ **શૂરપાળ**ના ગયા પછી **રૂપસુંદરી**ને એક **ભીલડિયે** જોઈ, તેને કોઈ મ્હોટું માણસ જાણી માન દઈ કહેવા લાગી:-" બ્હેન ! આ વનમાં મારા " ભેગાં તમે રહો. ફળફુલ, શાકપાન ખાવા સારૂ પર્વતમાંથી મળી આવશે. " અહિં તમારે કાંઈ ભય નથી. " આવી વાત સાંભળીને પ્રસવ થાય ત્યાં સુધી રહેવાને તેણે માન્ય કર્યું, પછી તેને પુત્રનો પ્રસવ થયો. સંવત્ ૭૫૨ ના વસંત ઋતુમાં વૈશાખ શુદિ ૧૫ ને દિવસે સૂર્યના ઉદયની વેળાએ આ **પૃથ્વી**ના **સૂર્ય**નો ઉદય થયો; તે મહાપરાક્રમી અને ગૌબ્રાહ્મણપ્રતિપાળ થવાને જ સૃજાયો. તે દિવસે સૂર્ય નિર્મળ ઉગ્યો, આકાશ પણ નિર્મળ થયું, નદીનાં જળ પણ નિર્મળ વ્હેવા માંડ્યાં, અને બ્રાહ્મણોના યજ્ઞકુંડમાંથી ધુમાડો નીકળવા માંડ્યો નહિ, તેથી, લોકોએ જાણ્યું કે કોઈ વીર પુરૂષનો જન્મ થયો.

જેવામાં કુંવર છ મહિનાનો[2] થયો હતો તેવામાં, રણમાંથી જતાં એક યતિએ, ઝાડની ડાળિયોએ બાંધેલું ખોયું દીઠું અને ત્યાં આવીને જુવે છે તો

---

૧ **કચ્છ** અને **સૌરાષ્ટ્ર**ના રાજા **જયશિખરી**ની મદદમાં આવ્યા હતા તે હાર્યા તેથી **ભૂવડે કચ્છ**માંના **વાગડ** ભાગમાં ગેડી (ધૃતપદી) તથા **ગરડા**માંના હાલના **નખત્રાણા** તાબાના **ગુંતરી**માં **સોલંકી** રજપૂતનાં થાણાં બેસાર્યાં. **વનરાજ ચાવડે** પોતાનું રાજ્ય પાછું મેળવ્યું ત્યારે આ થાણે આવેલા **સોલંકિયો** ત્યાંના ધણી થઈ પડ્યા. **ર. ઉ.**

૨ અંગ્રેજીમાં છ વર્ષ છે તે **ભૂલ** છે. **ર. ઉ.**

૨

નિદ્રાવશ થયલો કુંવર જાણે **સ્વર્ગ**ના રાજાના દરબાર માંહેલો કોઈ દેવ હોયની એવો દીસવા લાગ્યો. તેથી આશ્ચર્ય પામીને તપાસ કર્યો તો તેની માતા, રાજાની રાણી છે એમ વાત નીકળી આવી. તેને પછી એ યતિ ઘટિત માનથી નગરમાં લઈ આવ્યો. પછી **જ**યશિખરીના મરણની વાત તેણે રાણીને કહીને ઘણી ધીરજ આપી, ને ખાતરીપૂર્વક જણાવ્યું કે હું બાળકનું રક્ષણ કરીશ. વનમાં જન્મ્યો તેથી પેલા યતિએ કુંવરનું નામ "**વ**નરાજ" એટલે વનનો રાજા એવું પાડ્યું. પછીથી તેના જન્મની વાત **શૂ**રપાળના જાણવામાં તરત આવી ગઈ. તે જ્યાં બ્હારવટે રહીને **ભૂ**વડ રાજાના સૂબાને હેરાન કરતો હતો, ત્યાં પોતાની બ્હેનના કુંવરને છાનોમાનો લઈ આવ્યો. પછી તેની સંભાળમાં, કુંવર ચૌદ વર્ષનો થતાં સુધી, સિંહના બચ્ચાની પેઠે તે હિમ્મત, બળ અને ડહાપણ વધારતો ઉછર્યો. તે દરમિયાન પોતાના પિતાનું રાજ્ય પાછું મેળવવાના વિચાર તેના મનમાં થતા હતા.[1]

---

૧ **શાસ્ત્રી વ્રજલાલ કાળિદાસે** પ્રાચીન ગ્રન્થો ઉપરથી કરેલા શોધ પ્રમાણે–

"**વિક્રમ રાજાના સંવતનાં સાતસેં વર્ષ વીત્યાં, તે સમયે ગૂર્જર** દેશનું રાજ્ય **કાન્યકુબ્જ (કનોજ)** દેશના **રાજાએ ખેટકપુર**(ખેડા, જે ગૂજરાતનું તે વખતે રાજ્ય-નગર હતું તે)માંથી **ગૂર્જરવંશી રાજાને નસાડીને** પોતાનું રાજ્ય સ્થાપ્યું. **વલભીપુરમાં** તે સમયે **સૂર્યવંશી ધ્રુવપટુ** નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને **કનોજના આમ** રાજાએ પોતાની **રત્નગંગા** નામની પુત્રી પરણાવી અને બીજી પુત્રી **લાટ** દેશના (ભૃગુકચ્છના) રાજાને પરણાવી હતી. **કનોજનો રાજા રાષ્ટ્રકૂટ** વંશનો **ક્ષત્રિય** હતો. તે ગોપગિરિ દુર્ગમાં રહેતો ને **સાર્વભૌમ રાજા** થયો હતો. તે **બૌદ્ધ** આચાર્યના પ્રસંગથી **વેદધર્મ** છોડી **બૌદ્ધધર્મી** થયો હતો. તેણે **વલભીપુરના ધ્રુવપટુ** અને **ભૃગુકચ્છના ચૌલુક્ય** રાજાને પુત્રી દઈ **બૌદ્ધધર્મી** બનાવ્યા અને પોતે મેળવેલું **ગૂર્જર** દેશનું **રાજ્ય** પોતાની **રત્નગંગા** પુત્રીને કાંચળીમાં આપ્યું. તેથી તે **વલભીરાજ્ય** સાથે જોડાયું. **ગૂર્જરવંશી** રાજાએ બ્રાહ્મણોને દાનમાં આપેલી ભૂમિ ઉપર આ **બૌદ્ધધર્મી** રાજાએ કર નાંખ્યો તે ન લેવા બ્રાહ્મણોએ તેને વિનવ્યો પણ તેમનો કર માફ ન થવાથી નારાજ થઈ **ગૂર્જર** દેશના **વઢિયાર** પ્રાન્તમાં **પંચાસરપુરમાં ચાપોત્કટ** વંશનો **જયશિખરી** નામનો **વેદધર્મી** રાજા રાજ્ય કરતો હતો તેની પાસે ગયા. તેનું રાજ્ય જો કે ન્હાનું હતું પણ તે બહુ બળવાન હોવાથી બ્રાહ્મણોને આશ્રય આપી **વલભીરાજા** પાસેથી **ગૂર્જર** દેશનું રાજ્ય જિતી લઈ, ત્યાંનો પોતે રાજા થઈ, બ્રાહ્મણોનો કર માફ કર્યો. આથી **ધ્રુવપટુ** રાજાએ પોતાના **સસરા કનોજના સુધન્વા** રાજાને એ વૃત્તાંત કહાવી મોકલ્યો. તે ઉપરથી **રાષ્ટ્રકૂટ** રાજા મ્હોટી સેનાથી **ગૂર્જર** દેશના **જયશિખરીને** જિતવાને આવ્યો. તેણે **પંચાસરને** ઘેરો ઘાલ્યો. **જયશિખરી** રાજાએ પોતાનો પરાજય થયો એવું જાણી મરતી વેળાએ પોતાના **સાળા શૂરપાળને** કહ્યું કે "જે થવાનું તે થયું પણ હવે તમારે કોઈએ યુદ્ધ કરવું નહિ. તારી બ્હેન (રાણી) "ગર્ભિણી છે તેને અહિંથી થોડે દૂર **પ્રચ્છન્ન** પ્રદેશમાં **ધર્મારણ્ય** ક્ષેત્ર છે ત્યાં મોકલ

"બ્રાહ્મણ ઋષિયો તપ કરે છે અને પિલુડિયોના વનમાં રહે છે તેમને મારૂં નામ આપી "સોંપી આવો, એટલે તેનું ત્યાં રક્ષણ થશે." તે ઉપરથી શૂરપાળ પોતાની બ્હેન અક્ષતા રાણીને બ્રાહ્મણોના આશ્રમે મૂકી આવ્યો. બ્રાહ્મણોએ તેનું સારી રીતે સંરક્ષણ કર્યું. શૂરપાળ બ્હારવટે ગયો. રાણી અક્ષતા(છત્તા)ને કુંવર જન્મ્યો. તે વનમાં જન્મ્યો માટે બ્રાહ્મણોએ તેનું વનરાજ નામ પાડ્યું, અને જાતકર્માદિક સર્વ સંસ્કાર કરયા. એ આશ્રમ પાસે ઈન્દ્ર નામનું સરોવર હતું. તેને કાંઠે વનરાજ બ્રાહ્મણોના છોકરાઓ સાથે રમતો અને મસ્તી કરતો. બ્રાહ્મણો પાસે વનરાજ વિદ્યાભ્યાસ કરવા લાગ્યો. જનોઈ દીધા પછી વેદ ભણ્યો, વિષ્ણુગુપ્તાદિક પંડિતોએ રચેલા નીતિગ્રન્થ શીખ્યો. તે ઇતિહાસની પુરાતન વાતો સાંભળતો. પછી તેણે પોતાનું ગૂર્જર દેશનું રાજ્ય હસ્તગત કરવાનો વિચાર કરયો. એક સમયે ઈન્દ્ર સરોવરને કાંઠે ગ્રીષ્મ ઋતુમાં વડના ઝાડ નીચે વનરાજ સૂતો હતો. સૂર્ય નમ્યા પછી વનરાજના મ્હોં ઉપર તડકો આવ્યો ત્યારે એક નાગે આવી તેની ઉપર ફેણ કરી હતી. ફેણની છાયા વનરાજના મ્હોં પર બ્રાહ્મણોએ જોઈ વિચાર્યું કે "આ બાળક બ્હારના શત્રુઓને હણીને ગૂર્જર દેશનો રાજા થશે, અને તે સાથે સૌરાષ્ટ્ર "અને લાટ દેશના રાજાને પણ જિતશે. આ રાજાના જન્માક્ષરમાં જેમ રાજ્યપદ લખેલ "છે તેમ પરાક્રમીપણું પણ જણાય છે." પછી વનરાજ પોતાના મામા શૂરપાળને સાથે લઈને બ્હારવટે નીકળ્યો. પ્રથમ દશ યોદ્ધા સંગાતી થયા, પછી થોડે થોડે સૈન્ય વધ્યું. એક વખત કનોજ દેશના ભૂભટ રાજાનું સૈન્ય ગૂર્જર દેશની ખંડણી ઉઘરાવવા આવ્યું હતું. તે ચોવીશ લાખ સુવર્ણની મ્હોરો અને ચારસેં જાતવંત ઘોડા લઈને સ્વદેશ જતું હતું તેને વનરાજે જિતીને સઘળું લૂટી લીધું. પછી એક વર્ષ સુધી કાલુંભર વનમાં વનરાજ છુપાઈ રહ્યો, ને પછી ગૂર્જર દેશનો રાજા તે બળથી થયો. મોઢેરા બ્રાહ્મણોના ગ્રન્થમાં, વનરાજની માતા છત્તા (અક્ષતા) આશ્રમમાં આવી અને વનરાજ મ્હોટો થયો તે સંબંધી હકીકત સવિસ્તર લખી છે. જૈન લોકોના ગ્રન્થમાં જૈન સાધુ શિલગુણ સૂરિએ વનરાજની માતાને આશ્રય આપ્યો એમ લખેલ છે, એ વાત ખોટી છે. કેમકે જૈન સાધુઓનો એવો ધર્મ છે કે એનાથી વનમાં રાણીને આશ્રય આપી શકાય નહિ. વળી જૈન ગ્રન્થકાર લખે છે કે "तद्द्वेषी नैव मन्यते" અમે રાણીને આશ્રય આપ્યો તે ષી બ્રાહ્મણ માનતા નથી. આ લખવા ઉપરથી રાણીને વનમાં બ્રાહ્મણોએ આશ્રય આપ્યો છે એ વાત સાચી ઠરે છે. વનરાજ ચાવડો પોતે નવીન નગર બાંધવાને શૂરવીર ભૂમિ ખોળતો હતો, એવામાં અણહિલ્લ રબારિયે એને "यत्र शशकेन श्वा त्रासितः" જ્યાં શશલે કૂતરાને નસાડ્યો છે, એવી શૂરવીર ભૂમિ દેખાડી. પછી વનરાજે એ સ્થાનમાં અણહિલ્લ રબારીને નામે અણહિલ્લપુર વસાવ્યું તે સમયે વનરાજ વર્ષ ૫૦ ની ઉંમરનો હતો, ત્યાં વિક્રમ સંવત ૮૦૨ આષાઢ શુદિ ૩ દિને વનરાજનો રાજ્યાભિષેક થયો." ર. ઉ.

પ્રકરણ ૩ જું

વનરાજ અને તેના ક્રમાનુયાયી-અનહિલપુરનો ચાવડા વંશ.[1]

વનરાજની ઉત્પત્તિ વિષે, જૈન ગ્રન્થકાર લખી ગયા છે તે, તથા ગૂજરાતમાં જે દંતકથા ચાલે છે તે, રત્નમાળામાં આપેલા વર્ણન સાથે મળતું આવે છે. **ચા**પોત્કટ અથવા **ચા**વડાનો વંશ જેમાંથી પંચાસરના રાજા થયા, તેની ઉત્પત્તિ, સિંધુ નદીના પશ્ચિમ ભણીના દેશમાંથી થઈ હશે એવી ધારણા થાય છે. તે વંશ સૂર્યવંશમાંથી કે ચંદ્રવંશમાંથી થયો નથી, ને તે માત્ર પશ્ચિમ હિન્દુસ્તાનમાં જ પ્રસર્યો હતો. સોરઠને કાંઠે, દેવ અને પટ્ટણ-

[1] રાસમાળા પ્રમાણે રાજાવલિ :-

	ગાદીપતિ સંવત્	ગાદીપતિ સન	સુધી સંવત્	સુધી સન	કેટલાં વર્ષ રાજ્ય કર્યું
૧ વનરાજ	૮૦૨	૭૪૬	૮૬૨	૮૦૬	૬૦
૨ યોગરાજ	૮૬૨	૮૦૬	૮૯૭	૮૪૧	૩૫
૩ ક્ષમરાજ	૮૯૭	૮૪૧	૯૨૨	૮૬૬	૨૫
૪ ભુવડ (પિથુ)	૯૨૨	૮૬૬	૯૫૧	૮૯૫	૨૯
૫ વૈરીસિંહ (વિજયસિંહ)	૯૫૧	૮૯૫	૯૭૬	૯૨૦	૨૫
૬ રત્નાદિત્ય (રાવતસિંહ)	૯૭૬	૯૨૦	૯૯૧	૯૩૫	૧૫
૭ સામતસિંહ (ભૂયડદેવ)	૯૯૧	૯૩૫	૯૯૮	૯૪૨	૭
					૧૯૬

(રા. બા. ગોવિન્દભાઇકૃત પૃ. ૧૪૧.) પ્રાચીન ગુજરાત (Early Gujarat) નામના ગ્રન્થમાં નવા શોધ અને કલ્પના પ્રમાણે નીચે મુજબ છે:-

વનરાજ જન્મ્યો સન ૭૨૦, ગાદિયે બેઠો ઈ. સન ૭૬૫ ને તેનું મરણ ઈ. સ. ૭૮૦ અને વર્ષ ૧૫ રાજ્ય કર્યું. પછી
છવીશ વર્ષનું અંતર
|
યોગરાજ ઈ. સન ૮૦૬ થી ૮૪૧

રત્નાદિત્ય	વૈરીસિંહ	ક્ષેમરાજ
ઈ. સ. ૮૪૨ થી ઈ. સ. ૮૪૫	ઈ. સ. ૮૪૫-૮૫૬ (ભૂયડ ?) ઇ. સ. ૮૮૦	ચામુંડ ઇ. સ. ૮૫૬-૮૮૦

ઘાઘડ અથવા રાહડ ઇ. સ. ૯૦૮-૯૩૭
|
ભૂભટ
સન ૯૩૭ થી ૯૬૧

સોમનાથ એવાં બે બંદર છે તેના ઉપર, જયશિખરી અથવા જશરાજ ચાવડાના પ્હેલાંના રાજા રાજ્ય કરતા હતા એવું કહેવાય છે. કદાપિ તેઓ

આ રીતે તેનો વંશ બતાવેલ છે. તે રાજાઓએ નીચેના અનુક્રમ પ્રમાણે રાજ કર્યું--

	ગાદીપતિ		મરણ		
	સંવત્	સન	સંવત્	સન	રાજ્ય કર્યું વર્ષ.
વનરાજ	૮૨૧	૭૬૫	૮૩૬	૭૮૦	૧૫
*ચામુંડ યુવરાજ	૮૩૬	૭૮૦	૮૬૨	૮૦૭	૨૬
યોગરાજ	૮૬૨	૮૦૭	૮૯૧	૮૩૬	૨૯
રત્નાદિત્ય	૮૯૧	૮૩૬	૮૯૪	૮૩૯	૩
વૈરીસિંહ	૮૯૪	૮૩૯	૯૦૫	૮૪૯	૧૧
ક્ષેમરાજ	૯૦૫	૮૪૯	૯૩૭	૮૮૧	૩૪
ચામુણ્ડરાજ	૯૩૭	૮૮૧	૯૬૪	૯૦૮	૨૭
ઘાઘડ	૯૬૫	૯૦૮	૯૯૨	૯૩૬	૨૭
તેનો કુંવર ભૂભટ	૯૯૩	૯૩૭	૧૦૧૭	૯૬૧	૨૪
					૧૯૬

* हिन्दी कवितामां राजमंडलग्रंथ अम्रचंद्र मुनिये રચ્યો છે તે પ્રમાણે ચામુંડ યુવરાજ જેનો જન્મ સં. ૮૨૫ નો છે, જેણે ગાળામાં જણાવેલાં ૨૬ વર્ષ રાજ્ય કર્યું.

"સુકૃત સંકીર્તન" નામના ગ્રન્થમાં ચાપોત્કટ વંશના રાજા આ રીતે લખ્યા છે:-

૧ વનરાજ, ૨ યોગરાજ, ૩ રત્નાદિત્ય, ૪ વૈરીસિંહ, ૫ ક્ષેમરાજ, ૬ ચામુંડરાજ, ૭ રાહુરાડ અથવા રાહડ, અને ૮ ભૂભર અથવા ભૂભટ. એને સંવત્ ૧૦૨૨-(ઈ. સ. ૯૬૬)માં ચાલુક્ય વંશના મૂળરાજે મારી રાજ્ય લીધું.

["પ્રબંધચિન્તામણિ" સંસ્કૃત ગ્રન્થ મેરૂતુંગાચાર્યનો બનાવેલો શાસ્ત્રી રામચંદ્ર દીનાનાથે ટીકા કરેલ સન ૧૮૮૮ માં છપાયો છે, તેમાં ચાવડા વંશ આ રીતે આપ્યો છે:-

વનરાજ—સંવત્ ૮૦૨ વૈશાખ શુદિ ૨ સોમને રોજે અણહિલવાડમાં ગાદિયે બેઠો અને સં. ૮૬૨ માં દેવ થયો. એણે વર્ષ ૧૦૯ માસ ૨ અને દિવસ ૨૧ની ઉમર ભોગવી અને વર્ષ ૫૯ માસ ૨ દિવસ ૨૧ રાજ કર્યું.

યોગરાજ--સંવત્ ૮૬૨ ના આષાઢ શુદિ ૩ ગુરૂ, અશ્વિન નક્ષત્ર, સિંહ લગ્નમાં રાજ્યાભિષેક થયો. અને [સંવત ૮૭૮ (૮૭૯) શ્રાવણ સુદિ ૪ સુધી એટલે] વર્ષ ૧૭ માસ ૧ દિન ૧ રાજ્ય કર્યું. એને ક્ષેમરાજ વગેરે ત્રણ પુત્રો હતા.

રત્નાદિત્ય--સંવત્ ૮૭૯ શ્રાવણ શુદિ ૫ ઉત્તરાષાઢા નક્ષત્ર, ધનુર્ લગ્નમાં ગાદિયે બેઠો

વલભીના રાજાના ખંડિયા હશે અને તે શહરનો નાશ થયા પછી, કોઈ અડચણ કરે નહિ એવા પંચાસર નગરમાં નાશી આવ્યા હશે, અને આગળ લખ્યા પ્રમાણે, વલભીના જૈન લોકો આદિ બીજી પ્રજા પણ પોતાનું રક્ષણ થવાને અર્થે ત્યાં આવીને રહી હશે. પંચાસર નામે એક ન્હાનું શહર રાધનપુરના નવાબના તાબાનું, કચ્છના ન્હાના રણની એક કોરે હજી લગણ

| તે સં. ૮૮૧ (૮૮૨) કાર્તિક શુદિ ૯ સુધી વર્ષ ૩ માસ ૩ રાજ્ય કર્યું.
(ગાળો) (સંવત્ ૮૮૨ કાર્તિક શુદિ ૧૦ થી સંવત્ ૮૮૭ સુધી વર્ષ ૫ માસ ૩ અને દિવસ ૧૯)

ક્ષેમરાજ દેવ-સંવત્ ૮૯૮ (સં. ૮૮૭) જ્યેષ્ઠ શુદિ ૧૩ શનિવાર, હસ્ત નક્ષત્ર સિંહ
| લગ્નમાં ગાદિયે બેઠો તે સંવત્ ૯૨૨ (સં. ૯૨૫) ભાદ્રપદ શુદિ ૧૫ રવિવાર સુધી વર્ષ ૩૮ માસ ૩ દિન ૧૦ રાજ્ય કર્યું.

ચામુણ્ડરાજ દેવ--સંવત્ ૯૨૫ (સં. ૯૩૫) આશ્વિન શુદિ ૧ સોમે, રોહિણિ નક્ષત્ર,
| કુંભ લગ્ને પટ્ટાભિષેક થયો. તે સં. ૯૩૮ (સં. ૯૩૯) માઘ વદિ ૩ સોમવાર સુધી વર્ષ ૧૩ માસ ૪ ને દિવસ ૧૬ રાજ્ય કરયું.

શ્રી આકડ દેવ—સં. ૯૩૮ (૯૩૯) માઘ વદિ ૧૪ મંગલવાર, સ્વાતિ નક્ષત્ર, સિંહ
| લગ્ને રાજ્યાભિષેક થયો ને સં. ૯૬૫ પૌષ શુદિ ૯ બુધ સુધી વર્ષ ૨૬ માસ ૧ ને દિવસ ૨૦ રાજ્ય કરયું.

ભૂયગડ દેવ—સંવત ૯૯૦ (સં. ૯૬૫) પોષ શુદિ ૧૦ ગુરૂવાર, આર્દ્રા નક્ષત્ર, કુંભ લગ્ને, પટ્ટાભિષેક થયો. એણે "ભૂયગડેશ્વર" પ્રાસાદ નામનું દેવાલય બંધાવ્યું. એણે સં. ૯૯૧ (૯૯૩) આષાઢ શુદિ ૧૫ સુધી વર્ષ ૨૭ માસ ૬ દિવસ ૧૦ રાજ્ય કર્યું. એને સોલંકી મૂળરાજે મારી પોતે તેની ગાદિયે સંવત્ ૯૯૩ આષાઢ શુદિ ૧૫ ગુરૂવારે અશ્વિની નક્ષત્ર, સિંહ લગ્નમાં, બે પોહોર રાત્રિ ગયે એકવીશ વર્ષની ઉંમરે બેઠો.

એ રીતે ચાપોત્કટ વંશના સાત રાજાઓએ વર્ષ ૧૯૦, માસ બે, દિવસ ૭, રાજ્ય કર્યું.]

(આમાં જે કૌંસમાં આંકડા લખ્યા છે તે પ્રમાણે સાલ ગણવાથી રાજ્યગાદીનાં વર્ષ મળશે.)

શાસ્ત્રી વ્રજલાલ કાળિદાસના કહેવા પ્રમાણે ચાપોત્કટ (ચાવડા) વંશના રાજા--૧ વનરાજ, ૨ યોગરાજ, ૩ વૈરસિંહ, એણે પોતાની કુંવરી, પંડિત બિલ્હણને પરણાવી હતી, ૪ ક્ષેમરાજ, ૫ ચામુંડરાજ, ૬ આહ્લડ, અને ૭ ભૂભટ. એને કુંવર ન હોવાથી તેની પછી તેનો ભાણેજ ચૌલુક્ય (સોળંકી) મૂળરાજ ગાદિયે બેઠો.

મેરૂતુંગના "પ્રબંધચિંતામણિ," જિનમંડન ઉપાધ્યાયના "કુમારપાળ પ્રબંધ," અને "પટાવલિ"માં ચાવડાવંશના રાજાઓનો ક્રમ અને રાજ કરયાનાં વર્ષ "રાસમાળા" પ્રમાણે જ છે. ફક્ત "પટાવલિ"માં યોગરાજે ૩૨ વર્ષ રાજ્ય કરયાનું જણાવેલ છે અને બીજામાં વર્ષ ૩૫ છે.

જ્યાં સુધી વધારે આધાર રાખી શકાય એવો વૃત્તાન્ત અજવાળામાં આવ્યો નથી ત્યાં સુધી ચાવડાવંશનો ગોટાળો નક્કી થઈ શકે એમ નથી. ર. ઉ.

છે. **ચંદુર** ગામ જે **પંચાસર**ની ઉત્તરે થોડેક માઈલને અંતરે છે તે **વનરાજ**ની જન્મભૂમિ કહેવાય છે; અને બીજું એક ન્હાનું શહર જે **વનરાજ**ના નામ ઉપરથી **વનોડ** કહેવાય છે તે જ તેનું ન્હાનપણનું રહેઠાણ હશે. ત્યાં આગળ તેની કુળદેવી **વનાવી** માતાનું દેવાલય છે, ને ત્યાં **વેન** કરીને એક કૂવો છે તે તેની આજ્ઞાથી કરાવ્યો હશે, એમ કહેવાય છે. **ગૂજરાત**નો આ ભાગ **વઢિયાર**ને નામે હજી લગી ઓળખાય છે, તે નામ **જૈન ગ્રંથકારો**એ આપેલું છે. ત્યાંની ધરતી સપાટ છે, વાવેતર ઘણું સારૂં થતું નથી, કેમકે તેની પડોશમાં રણ છે તેના જેવી તેની ભોંય છે. તેમાં ન્હાનાં ગામડાં ઘણાં પાસે પાસે છે, ને ઝાડની ઘટા લગભગ આવી રહી છે, તેથી તેઓ છેટેથી પણ ઓળખાઈ આવે છે. **પંચાસર**ની થડમાં **શતોજ** અને **શંખેશર** કરીને ગામ છે ત્યાં હજી સુધી **જૈન**નાં દેરાસરનાં ખંડેર છે. તે એક બે વાર ફરી બંધાયાં હશે, તથાપિ તેનો અસલ પાયો તો એ જ ઠેકાણે હશે. **વળા**ની આસપાસ જેવાં ખંડેર હાલમાં દીઠામાં આવે છે તેવાં જૂનાં શહરોનાં ખંડેર **વિસરોડા** અને બીજાં ગામોની પડોશમાં જોવામાં આવે છે.

જે **જૈન** સાધુએ **વનરાજ**નું રક્ષણ કરયું તેનું નામ **શીલ**ગુણસૂરિ (**શીલ**ાંગ-સૂરિ) હતું, ને તેના જ અપાસરામાં આ રાજકુંવરે પોતાની બાલ્યાવસ્થાના દિવસ ક્હાડ્યા હતા એવું કહેવાય છે. અસલના વારામાં જેમ [1]**સાયરસ**ની વાતો ચાલતી અને હવણાંના લખાણમાં જેમ [2]**ગાઇડેરિયસ**, [3]**આરવીરેગસ** અને [4]**નાર્વલ**ની વાતો ચાલે છે તે પ્રમાણે આ રાજવંશી બાળકના અસાધારણ

---

૧ **સાયરસ ઈરાન**નો રાજા હતો. તેણે **એશિયા**નો પૂર્વ ભાગ જિતી લીધા પછી તેને **સિથિયામાં મા**સેજિટીની રાણી **ટામિરિસે** હરાવીને તેનું માથું કાપી નાંખ્યું, અને તે મનુષ્યપ્રાણીના લોહીથી ભરેલા વાસણમાં નાંખીને કહ્યું કે હવે તારી ઇચ્છામાં આવે એટલું મનુષ્યપ્રાણીનું લોહી પીને તૃપ્ત થા. ર. ઉ.

૨–૩ **બ્રિટન**ના રાજા **સિમ્બેલાઇન**ના એ બે કુંવર હતા. આ બે ભાઈને **બિલે-રિયસ** નામનો એ જ રાજ્યનો અમીર ચોરી ગયો હતો, તેનું કારણ એ હતું કે, એ અમીરને રાજાએ વિના અપરાધે દેશનિકાલ કરયો હતો. આ કુંવરોને તેણે ગુફામાં ઉછેરયા હતા. જ્યારે તેઓ મ્હોટા થયા ત્યારે એવો બનાવ બન્યો કે એ જ અમીરે રાજાને **રોમન** લોકો પાસેથી છોડાવ્યો હતો તેથી તેની એ અમીર ઉપર કૃપા થઈ એટલે તેણે બે કુંવરો રાજાને પાછા સોંપી દીધા તેથી તે ઘણો રાજી થયો. ર. ઉ.

૪. **નાર્વલ** નામે એક ભરવાડ હતો તે **સર માલકમ**ની જાગીરમાં રહેતો હતો. ત્યાં તેને એક સુંડલામાં સંતાડેલું એક બાળક મળી આવ્યું તેને તેણે પોતાના પુત્ર પ્રમાણે ઉછેર્યું. આગળ જતાં તેના જાણવામાં આવ્યું કે આ બાળક **સર માલકમ**નો દોહિત્ર છે એટલે તેની પુત્રી **લેડી રેન્ડાલ્ફ**ના પ્હેલા ધણી **લાર્ડ ડગલસ**થી થયેલો પુત્ર છે. એ વાત તેની માના જાણવામાં આવી હતી.

જુરસાની વાતો ચાલી, અને તે રાજવંશી છતાં, તેનો દેખાતો જૂદો ડોળ માત્ર નામનો જ છે એવું તે જ ઉપરથી જણાઈ આવવા લાગ્યું. બ્હારવટિયાને જે આફ્તો વેઠવી પડે છે તે વેઠી શકાય એવડો તે મ્હોટો થયો ત્યારે પોતાના મામા શૂરપાળની સાથે હલ્લા કરવામાં સામેલ થયો. તેમાં તેણે સ્વપરાક્રમથી સારૂં નામ કાહાડ્યું; શૂરવીરપણાનો ભાસ કરાવતું તેણે રાજચિહ્ન ધારણ કર્યું તેથી તેના સાથિયોને ઘણી હિમ્મત આવી. વળી પોતાના સ્વાધીનમાં જે રાજ્ય થવાનું છે તે જાણે તાબામાં આવી ગયું હોયની એમ સમજીને માન અને અધિકારની જગ્યાઓની વ્હેંચણ તેણે અત્યારથી કરવા માંડી. શ્રીદેવી [1]એક વ્યાપારીની સ્ત્રી હતી, તેણે તેની સારી પરોણાગત કરી હતી તેથી તેને કહ્યું હતું કે "હું જ્યારે પાટ બેસીશ ત્યારે તારે હાથે રાજતિલક કરાવીશ." [2]જમ્બ અથવા ચાંપો કરીને એક વ્યાપારી હતો, જે સ્વપરાક્રમથી અને યુદ્ધકળાથી પ્રખ્યાત થયો હતો, અને જે પછી ચાંપાનેરનો વસાવનાર થયો તેને પ્રધાનપદવી આપી. અનહિલ જે પોતાની

આ બાળક જ્યારે મ્હોટો થયો ત્યારે તેણે લાર્ડ રેન્ડાલ્ફનો જીવ બચાવ્યો તેથી તેણે લશ્કરમાં તેને નોકરી આપી, પણ એ લાર્ડનો વારસ ગ્લેનલેવન હતો તે આ છોકરાને ધિઃકારતો હતો તેથી તેણે લાર્ડને એમ સમજાવ્યું કે આ છોકરો લેડી રેન્ડાલ્ફ સાથે ઘણી અયોગ્ય છૂટ લે છે. આ વ્હેમ ભરાયો તેથી એક સમયે પે'લો છોકરો પોતાની ખરી મા લેડી રેન્ડાલ્ફ પાસે ગયો હતો તેવામાં તે લાર્ડે તેને ઘેરી લઈ તેના ઉપર હુમલો કર્યો. આ મારામારીમાં ગ્લેનલેવનને છોકરાએ મારી નાંખ્યો. એટલે લાર્ડ રેન્ડાલ્ફે તે છોકરાને મારી નાંખ્યો. પાછળથી જે ખરી વાત હતી તે લાર્ડના જાણવામાં આવી ગઈ ને લેડી રેન્ડાલ્ફ ઉંચી જગ્યાએથી પડતું મેલીને મરી ગઈ. આ વેળાએ ડેનમાર્કને સ્કાટલંડ વચ્ચે લડાઈ ચાલતી હતી તેમાં લાર્ડ પોતે જતો રહ્યો.

૧ કુમારપાલ ચરિતવાળો તથા મેરુતુંગ એમ લખે છે કે, વનરાજ કાકર ગામમાં પોતાના મામા સાથે એક વેપારીના ઘરમાં ચોરી કરવા ગયો હતો. ત્યાં ઘરેણાં આદિ માલ કહાડયો ને દહીંના ગોરસમાં તેનો પંજો પડતાં તે બધો માલ મૂકીને જતો રહ્યો. બીજે દિવસે વાણિયાની બ્હેને ગોરસમાં પંજાની રેષાઓ જોઈ ધાર્યું કે "આવી રેષાવાળો આ "કોઈ ભાગ્યવાન્ મહાપુરુષ છે અને એ મારા ભાઈ જેવો છે માટે તેને જોયા વિના મારે "ભોજન કરવું નહિં." શોધ કરાવતાં વનરાજનો પત્તો લાગ્યો, તેને પોતાને ઘેર બોલાવી ભાઈ ગણી ભોજન કરાવ્યું, અને આશ્રય માટે નાણું આપી ઉપકૃત કર્યો. વનરાજે પોતાને રાજ્ય પ્રાપ્ત થાય તો પોતાના પટ્ટાભિષેકસમયે તેને પોતાની બ્હેન ગણી તેના હાથથી તિલક કરાવવા વચન આપ્યું. ર. ઉ.

૨ કુમારપાલ ચરિતના લખનાર અને મેરૂતુંગના લખવા પ્રમાણે એક દિવસ વનરાજ પોતાના બે સોબતિયો સહિત વગડામાં ફરતો હતો ત્યાં માર્ગમાં જમ્બને (જામ્બાક) લૂટવા રોક્યો, તે વેળા જમ્બની પાસે પાંચ બાણ હતાં, તેમાંથી, બે વિફળ જાણી ભાગી નાંખ્યા, તેનું કારણ પૂછતાં તેણે કહ્યું કે એકેકાને માટે એકેક બસ છે માટે વધારાનાં બે મેં ભાગી નાંખ્યાં. આ જમ્બ વાણિયો કેવો તાકોડી છે તેની પરીક્ષા કરાવી તેથી પ્રસન્ન થઇને વનરાજે તેને કહ્યું કે "મારા પટ્ટાભિષેકને સમયે તમને મારા મુદ્દામાત્ય ઠરાવીશ." પછી શસ્ત્રલાદિ આપીને વાણિયો ચાલ્યો ગયો. ર. ઉ.

ટોળી માંહેલો એક હતો, અને જેણે રસ્તા બતાવ્યા હતા, તેથી તેનો તે ઉપકૃત થયો હતો, માટે પોતાના રાજધાની નગરનું નામ એના નામ ઉપરથી પાડવાનો ઠરાવ કરી રાખ્યો. રઝળતાં રઝળતાં ઘણાં વર્ષ વહી ગયાં; વનમાં તેના પરાક્રમી અને વિશ્વાસુ મામા શૂરપાળનો નાશ થયો, પણ બીજા મિત્રો આવી મળવાથી તેની ખોટ પૂરી પડી. **વ**નરાજ તો નામના જ **વ**નરાજ રહ્યા અને ખરેખરી રાજપદવી મેળવવાનાં કાંઈ ચિહ્ન જણાયાં નહિ, તો પણ તેણે પોતાનો મમત મૂક્યો નહિ. તેની મમતા હતી તો તેને તેનું ફળ મળ્યું. રાજા **ભૂ**વડે ગૂજરાતની ઉપજ ખાવાનું પોતાની કુંવરી [1]**મિલણ**દેવીને સોંપ્યું હતું, અને તે કુંવરીની વતી બ્યવસ્થા કરનારા સલાહકાર હતા તેઓએ ચાવડા સરદારને "સેલભ્રત" અથવા બરછીદારનો અધિકાર સોંપ્યો હતો, અને તેનો બદલો છેક હાલની વેળાના ઠાકુરો પેઠે એવી મતલબથી કરાવ્યો હતો કે જેણે કરીને તેના વિષેનો ઉચો જીવ રહે નહિ ને રક્ષણ પ્રાપ્ત કરી લેવાય. પણ એથી કરીને એકે મતલબ સરી નહિ. કલ્યાણના પ્રતિનિધિઓ દેશમાં છ મહિના રહ્યા તેટલી વારમાં પુષ્કળ દ્રવ્ય, અને **સો**રઠમાં જાતવાન ઘોડા થાય છે તે, પાર વિનાના લઈને ઘેર જતા હતા, તેઓના ઉપર **વ**નરાજે હલ્લો કર્યો, તેમને [2]લૂટ્યા અને જીવથી મારી નાંખ્યા. આ ઉપરથી કલ્યાણના રાજા સાથે તેને વૈરભાવ ઉત્પન્ન થયો, તેમાંથી બચી જવા, ઉપરનો બનાવ બન્યા પછી કેટલીક વારે તેને વગડામાં અથવા પ્હાડમાં જ્યાં સંતાઈ રહેવાની સારી જગ્યા મળી ત્યાં રહેવાની જરૂર પડી પણ તેને જે લૂટ મળી હતી તેથી તુરત જ પોતાની આગળની ધારી મૂકેલી ધારણા પાર પાડવાને શક્તિમાન્ થયો, તે એ કે, નવું રાજધાની નગર **અ**ણહિલપુર અથવા અણહિલવાડ (અનહિલ પાટણ) બાંધવાનું તેણે શિરૂ કર્યું.

એક કવિત છે તેમાં કહ્યું છે કે "સંવત ૮૦૨માં (ઇ૦ સ૦ ૭૪૬) "સદાકાળ રહે એવું નગર સ્થાપવામાં આવ્યું; મહા વદિ ૭ અને બલિષ્ટ "શનિવારે, ત્રીજે પોહોરે, **વ**નરાજની આણ વરતાઈ," એક જૈન સાધુ, "જે જ્યોતિષ્ શાસ્ત્રમાં કુશળ હતો તેની પાસે શહરની જન્મોતરી કરાવી પૂછ્યું.

---

૧ **મે**રુતુંગ "**મહ**ણિકા" નામ લખે છે, અને કુમારપાલ ચરિતમાં **મહ**ણલદેવી એવું નામ છે.

૨ પ્રબંધ ચિન્તામણિમાં લખે છે કે, **વ**નરાજે તેમની પાસેથી એક લાખ રૂપાનાણું અને જાતવંત ચાર હજાર તેજી ઘોડા લીધા. વળી કુમારપાલ ચરિતમાં ૨૪ લાખ સોનામોહોર અને ૪૦૦ ઘોડા લખે છે, તેમ જ એક બીજા પુસ્તકમાં ૧ લાખ કેરી જણાવી છે. ૨. ઉ.

તેણે જોઈને કહ્યું કે ૧૨૯૭ ની સાલમાં અનહિલપુર ભાગશે." **અ**લ્લાઉદીન ખુનીની વખતમાં આ ભવિષ્ય કેવી રીતે ખરૂં પડ્યું તે વિષે આગળ લખવામાં આવશે.

વનરાજનો જ્યારે રાજ્યાભિષેક* થયો ત્યારે વચન આપ્યા પ્રમાણે તેણે **શ્રી**દેવી પાસે રાજતિલક કરાવ્યું અને **જા**મ્બને પ્રધાનપદવિયે સ્થાપ્યો. પછી **વ**નરાજનું મન પોતાના જૂના રક્ષણહાર **શીલ**ગુણસૂરિ ભણી ગયું. તેની પાસે એની માતા **રૂ**પસુંદરી રૂહેતી હતી. **જૈ**નધર્મના ખરા ઉપાસકને પોતાના ધર્મનિયમથી શાન્તિ મળે છે તે પ્રમાણે **રૂ**પસુંદરી પોતાની વિધવાવસ્થામાં અને પડતી દશામાં શાન્તિ પામેલી હતી. વૃદ્ધ રાણી અને તેનો ધર્મગુરૂ જે મૂર્ત્તિની પૂજા કરતાં હતાં તે મૂર્ત્તિ સુદ્ધાં, તેમને **અ**ણહિલ્લપુરમાં તેડી લાવ્યો. ત્યાં એક દેરાસર બંધાવ્યું તેમાં પેલી મૂર્ત્તિની પ્રતિષ્ટા કરીને તેનું નામ "**પં**ચાસર **પા**રસનાથ" પાડ્યું. પ્રદક્ષિણા ફરવાની જગ્યામાં **વ**નરાજની મૂર્ત્તિ રાજછત્ર સહિત સેવકના ડાળથી પધરાવી છે, તે હજુ સુધી છે.



* **મે**રૂતુંગના લખવા પ્રમાણે સંવત્ ૮૦૨ વૈશાખ શુદિ ૨ સોમે, **પા**ટણના ગણેશના લેખમાં સં. ૮૦૨ ચૈત્ર શુદિ ૨ અને "**પા**ટણની રાજાવલિ" માં સં. ૮૦૨ શ્રાવણ શુદિ ૨ સોમે વૃષભ લગ્ને વસાવ્યું લખેલ છે. શાસ્ત્રી વ્રજલાલના કહેવા પ્રમાણે સંવત્ ૮૦૨ આષાઢ સુદિ ૩ છે.

જૈનધર્મને આવી રીતે તેણે આશ્રય આપ્યો તેથી **જૈન** ગ્રંથકાર ક્હે છે કે "ઇર્ષાથી કોઈ માનતું નથી પણ **વ**નરાજની વેળાથી ગૂજરાતનું રાજ્ય **શ્રા**વકોએ સ્થાપ્યું છે." આ પ્રમાણે જાત્યાભિમાન બતાવવાને તેને કારણ છે. **વ**નરાજ પોતે કિયો ધર્મ પાળતો હતો તેનો કાંઈ નિશ્ચય થતો નથી. પણ તે દેવભક્ત ક્હેવાતો અને જે **કા**મદેવે થોડી વાર પણ શિવ સરખા ઉપર જિત મેળવી હતી તે **કા**મદેવને તેણે જિત્યો હતો તેથી તેનાં વખાણ થયાં છે. **ઉમામ**હેશ્વર અને ગણપતિની મૂર્ત્તિયો હજુ સુધી **પા**ટણમાં છે; તેમના ઉપર લેખ (સં. ૮૦૨ નો) છે. તે ઉપરથી જણાય છે કે **અ**નહિલવાડ સ્થાપ્યું તે વેળાએ **વ**નરાજે તેની પ્રતિષ્ઠા કરી છે. કદાપિ એમ પણ હશે કે એના પછી જે રાજાઓ થયા તેમની પેઠે આ પ્હેલો **ચા**વડો રાજા પણ પોતાના ધર્મ વિષેના અભિપ્રાયમાં જરા પણ મતાભિમાની નહિ હોય; અને અગરજો તે શિવભક્ત હતો તોપણ કૃતજ્ઞતા અને પુત્રભક્તિથી ઉશ્કેરાઈને, તેમ જ રાજનીતિને અનુસરીને, તેણે કદાપિ તીર્થંકરોના ધર્મના આચાર્યોને ઉત્તેજન આપ્યું હશે.

ઈ૦ સ૦ ૬૯૬ માં [1]**વ**નરાજ જન્મ્યો અને ઈ૦ સ૦ ૮૦૬ માં દેવ થયો અને અણહિલવાડમાં ૬૦ વર્ષ સુધી રાજ્ય કર્યું. [2]તેના પછી તેનો કુમાર **યો**ગરાજ પાટ બેઠો.

---

૧ **મેરુ**તુંગના લખવા પ્રમાણે **વ**નરાજે ૧૦૯ વર્ષ ૨ માસ ને ૨૧ દિવસનું આયુષ્ય ભોગવ્યું તેમાં તેણે ૫૯ વર્ષ ૨ માસ ને ૨૧ દિવસ રાજ્ય કર્યું. સંવત્ ૭૫૨ વૈશાખ શુ. ૧૫ જન્મ; સંવત્ ૮૬૨ આષાઢ શુદિ ૩ ગુરૂવારે યોગરાજને રાજ્યાભિષેક થયો છે તે લગભગ **વ**નરાજની મરણતિથિ. ર. ઉ.

૨ રત્નમાળા પ્રમાણે **વ**નરાજ ઈ. સ. ૬૯૬ માં જન્મ્યો. **આઈ**નઅકબરી ગ્રંથ ઉપરથી **વુઈ**લફોડ ક્હે છે કે ૭૪૬ માં તેણે **ન**રવાળા બાંધ્યું. તે વેળાએ તેની ઉંમર ૫૦ વર્ષની હતી. એ રીતે તે સન ૬૯૬ માં જન્મેલો એ વાત ખરી. **પ્ર**બંધ **ચિં**તામણિમાં લખ્યું છે કે **વ**નરાજે ૭૪૬ થી ૮૦૬ સુધી ૬૦ વર્ષ રાજ્ય કર્યું. આ ગણતરી પ્રમાણે તે ૧૧૦ વર્ષની ઉંમરે મરણ પામ્યો ગણવો જોઇયે. કર્નલ **ટા**ડ લખે છે કે તેણે ૭૪૬ થી રાજ્ય કરવા માંડ્યું તે ૫૦ વર્ષ સુધી કર્યું અને ૬૦ વર્ષનો થઈ તે મરણ પામ્યો. પણ છેક ૧૦ વર્ષની ઉંમરે તો **અ**ણહિલ્લપુર સ્થાપ્યું નહિ હોય, તેમ જ આ ગણતરિયે તેના મરણનું વર્ષ બીજા પ્રમાણ સાથે મળતું આવતું નથી. સો વરા **વ**નરાજનો જન્મદિવસ જે નક્કી કરયો છે તે ખરો નથી. **બ**લ્હાર રાજાઓના ઘણા દિવસ સુધીના રાજ્ય સંબંધી **ટા**ડ્સ **વે**સ્ટર્ન ઈન્ડિયા નામના પુસ્તકમાં અને **આ**ર્ય-સ્થાનના પ્રવાસિઓના લેખમાં જોવું.

વનરાજના પુત્ર સંબંધી થોડી જ વાત જાણવામાં આવી છે; તથાપિ તેટલી થોડી વાત ઉપરથી પણ જણાય છે કે તે જે સમયમાં થયો તે કરતાં પણ વધારે સારા સમયને યોગ્ય હતો. તેણે નિરંતર પોતાનું રાજ્ય વધાર્યું, ને ઉપજમાં પણ વધારો કરયો; તે યુદ્ધકળામાં પ્રવીણ હતો, ને ઈન્દ્રના જેવો બાણાવળી હતો, તે સાથે વળી અસાધારણ એ હતું કે, તે વિદ્યામાં નિપુણ હતો. યોગરાજનું રચેલું પુસ્તક, તેના સંબંધી ઇતિહાસ લખનારાઓની વેળા સુધી હૈયાતીમાં હતું, પણ તે શા વિષેનું હતું તે સંબંધી કાંઈ ખબર પડી નથી. સો વશા તો તે ચાવડાવંશની વંશાવળી વિષે હશે, અથવા એમ નહિ તો વિશેષે કરીને [1]ઉમાપતિની પ્રાર્થનાનું અથવા રાધાના અવતારી [2]પ્રિયતમ કે જે સંબંધી ઘણી કવિતા થઈ છે, તેના વિષે હશે.

યોગરાજ જેવામાં અણહિલવાડમાં રાજ્ય કરતો હતો, તેવામાં બનેલી માત્ર એક વાત ગૂજરાતના ઇતિહાસ લખનારાઓએ લખી રાખી છે. સોરઠ માંહેલા પટ્ટણ બંદરે કેટલાંક પરદેશી વ્હાણ આવી પ્હોંચ્યાં, તેમાં વ્યાપારનો મૂલ્યવાન્ માલ ભરયો હતો, તેઓ કિયે બંદરથી કિયે દેશ જવાને હંકારી આવ્યાં તેની કંઈ ખબર ન હતી, તો પણ રાજાની મનાઈ છતાં, તેનું ઉલ્લંઘન કરીને, ક્ષેમરાજ કુંવર જે યુવરાજ હતો તેણે વ્યાપારિયો ઉપર હલ્લો કરીને તેમનો માલ લૂંટી લીધો. તેણે [3]આ એક પરોણાગતનો નિયમ તોડ્યો તેથી રાજાને અતિ ખેદ થયો, અને ક્ષેમરાજ તથા તેના બીજા બે ભાઈ લૂટ કરવાના કામમાં સામેલ હતા તેઓને ઠપકો દઈને કહ્યું કે "મારા આખા "જિવતરમાં મેં જે કાંઈ કરયું હતું તે સર્વ ઉપર તમે પાણી ફેરવ્યું." વળી તેણે કહ્યું: "દૂર દેશાવરોમાં જૂદા જૂદા રાજાઓની કારકીર્દિ વિષેની ડાહ્યા "પુરૂષોએ જ્યારે તુલના કરી હતી ત્યારે ગૂજરાતના રાજા ચોર લોકો ઉપર "રાજ્ય કરે છે એવું કહી તેમને ધિક્કારી ક્હાડ્યા હતા. હું પણ તે રાજાઓની "હારમાં ગણાઉં, એટલા માટે આપણા પૂર્વજોનું લાંછન મેં ધોઈ નાંખવા "માંડ્યું હતું. પણ તમારા લોભથી તે પાછું તાજું થયું છે. નીતિશાસ્ત્રમાં "કહ્યું છે કે:—

શ્લોક—आज्ञाभङ्गो नरेंद्राणां वृत्तिच्छेदोऽनुजीविनाम्
पृथक्शय्या च नारीणामशस्त्रो वध उच्यते.

અર્થ:—રાજાની આજ્ઞાનો ભંગ થાય, અનુજીવી(સેવક જન)ની આજીવિકાનો છેદ અને સ્ત્રીની પૃથક્ શય્યા એ વણ હથિયારે ત્રણેને ઘાત થયા ક્હેવાય."

---

૧ મહાદેવ અથવા શિવ. ૨ શ્રીકૃષ્ણ, જે વિષ્ણુનો અવતાર થયો તે.

૩ મેરૂતુંગના લખવા પ્રમાણે સોમેશ્વર પત્તનને બંદરે વ્હાણ આવેલાં તેમાં તેજી હજાર એક ઘોડા અને ૧૫૦ હાથી આદિ કરોડોનો માલ હતો. ર. ઉ.

યોગરાજ[1] ઘણાં વર્ષ સુધી જીવ્યો અને પાંત્રીશ વર્ષ રાજ્ય કરીને ચિતા ખડકાવી બળી મુવો.[2]

યોગરાજની પછીના તરતના થનારા ક્રમાનુયાયી વિષેની વાત, **યોગરાજની** વાત કરતાં પણ આપણા હાથમાં થોડી આવી છે. તેનો કુંવર **ક્ષેમરાજ** ક્રોધી સ્વભાવનો હતો, અને તેને લીધે તેને કોઈની સાથે બનતું નહિ. તે પોતાનાં સગાંનાથી જૂદો પડ્યો હતો. તેમ છતાં પણ તેણે પોતાના રાજ્યભંડારનો વધારો કર્યો હતો. તે **૨૫** વર્ષ રાજ્ય કરીને ઈ૦ સ૦ ૮૬૬ માં મરણ પામ્યો.

પછી **ક્ષેમરાજનો** પુત્ર **શ્રીભૂવડ**[3] ગાદિયે બેઠો. તેણે ઈ૦ સ૦ ૮૯૫ સુધી રાજ્ય કરયું. તેનું રાજ્ય સલાહશાન્તિથી ભરેલું અને ચડતું થતું ચાલ્યું. તેની સામો કોઈ શત્રુ થયો નથી.

તેના પછી **વૈરીસિંહ**[4] થયો તેનું રાજ્ય તેના પિતા **ભૂવડના** કરતાં વધારે માથાકૂટભરેલું ચાલ્યું. તે જંગલિયોના સામો થયો અને તેમાં તે જિત પામ્યો.—"યુદ્ધમાં લડતાં તે કદિ હાર પામ્યો નથી." તેને તેના બુદ્ધિશાળી પ્રધાનનો આશ્રય હતો. અહિં જે પરદેશના લોકો સાથે લડાઈ થવાનું લખ્યું છે તે વિષેનો કશો પત્તો હાથ લાગ્યો નથી.

વૈરીસિંહની પછી તેનો પુત્ર **રત્નાદિત્ય** અથવા મુસલમાની ઇતિહાસ

---

૧. **યોગરાજના સમયમાં ચિત્તોડમાં ખોમાન રાજા** (ઈ. સ. ૮૧૨થી ૮૩૬ સુધી) **રાજ્ય** કરતો **હતો** તેના ઉપર **મુસલમાનોએ** હલ્લો કરયો **હતો** એમ કહે છે; તેમાં ગૂજરાતમાં પછીથી પ્રસિદ્ધિ પામેલા **રાજાઓ** સાથે નીચે લખેલા પણ ગેહેલોટી રાજાને આશ્રયે આવ્યા **હતા—માંગરોલથી મકવાહન; તારાગઢથી** (તારિંગા ?) **રેહેવર; પટ્ટણથી** રાજવંશી **ચાવડા; સિરોહીથી દેવડા; જુનેગઢથી જાદવ, પાટડીથી ઝાલા, ચોટિયાલાથી (ચોટયલા) બલ્લ; પિરમગઢથી ગોહિલ. મુસલમાનોની** સામે **યોગરાજને** બોલાવ્યો હતો એવું અમને મળેલા **આધાર** ઉપરથી જણાતું નથી, તેમજ ગૂજરાતમાં એટલા બધા પ્રાચીન કાળથી, **સૌરાષ્ટ્રના યદુ** અને **બળવંશ** સિવાય જે જાતિના રાજાઓનાં નામ ઉપર લખ્યાં છે તે જાતિયો ત્યારે હૈયાતીમાં હોય એમ જણાતું નથી. (ગ્રન્થકર્ત્તા.)

ઉપરની ટીપમાં **તારાગઢનું** નામ કૌસમાં **તારિંગા** લખ્યું છે **તે** ભૂલ છે કારણ કે **પૃથીરાજ રાસામાં અજમેરનું** નામ **તારાગઢ** લખેલું છે માટે કૌસમાં **અજમેર** જોઇએ. **ર. ઉ.**

૨. પોતાના કુમારોની ઉપર લખ્યા પ્રમાણે અયોગ્ય વર્ત્તણુંક ઉપરથી પ્રાયોપવેશન વ્રત **ધારણ** કરી ૧૨૦ વર્ષની વયે સં. ૮૯૭ માં ચિતાપ્રવેશ કર્યો. **ર**. ઉ.

૩ તેનું બીજું નામ રાજા **પીથુ** હતું. ૪ **મુસલમાન** ઇતિહાસકારે **બૈહીરસિંગ** અથવા **વીરસિંહ** નામ લખ્યું છે, વળી **વિજયસિંહ** નામ પણ લખવામાં આવ્યું છે. **ર. ઉ.**

લખનારાઓ જેને [1]રેશાદત કરીને કહે છે તે ઇ૦ સ૦ ૯૨૦ માં ગાદિયે બેઠો.

"તે પૃથ્વીને વિષે સૂર્ય જેવો હતો, તેની શોભા અતુલ્ય હતી, તેણે "દુનિયાનું દુ:ખ નિવારણ કર્યું, તે બળવાન, હિમ્મતવાન, અને વચન "પાળવામાં પ્રખ્યાત હતો. તે પોતાના રાજ્યમાં ચોર, ઠગારા, સ્ત્રીલંપટ અને જૂઠાઓને વસવા દેતો નહિ." તે સન ૯૩૫માં મરણ પામ્યો. તેના પછી તેનો કુંવર [2]**સા**મતસિંહ ગાદિયે બેઠો. તે **વ**નરાજના કુળનો છેલ્લો રાજા હતો. તેની સાથે **ચા**વડા વંશની સમાપ્તિ થઈ.

એમ. રેનોડોના લખ્યા પ્રમાણે, **આ**ર્બસ્તાનના પ્રવાસિયોએ **હિ**ન્દુસ્થાનની ભેટ લીધી હતી તે, **ક્ષે**મરાજ અને **ભૂ**વડની કારકીર્દિમાં લીધી હતી; અને આ બંને રાજ્યોનો વૃત્તાન્ત થોડો મળ્યો છે, તેવામાં વળી તે પ્રવાસિયોની નોંધ અગર જો આ જગ્યાએ લાગુ પાડવી કઠણ છે, તો પણ **વ**નરાજના વંશજોને લાગુ પડે છે એવી ધારણા કરવામાં આવી છે, માટે આ જગ્યાએ દાખલ કરવા યોગ્ય છે. પૂહેલો પ્રવાસી નીચે પ્રમાણે કહે છે:-

"**હિ**ન્દુ અને ચીનાઈ બંને લોક કબુલ કરે છે કે, પૃથ્વી ઉપર ચાર "મહાન અથવા મુખ્ય રાજાઓ છે; તેમાં **આ**ર્બસ્તાનનો રાજા મુખ્ય છે, "અને નિ:સંશય બીજા રાજાઓ કરતાં તે ઘણો જ શક્તિમાન, ઘણો દ્રવ્ય-"વાન, અને સર્વ વાતે સર્વોત્તમ છે, એવું પણ તેઓ માન્ય કરે છે; તેનું "કારણ એ જ કે, તે મ્હોટા ધર્મનો અધ્યક્ષ અને રાજા છે, તેમજ તેનાથી "મ્હોટાઈમાં અને સત્તામાં કોઈ પણ ચડિયાતો નથી.

"**ચી**નનો અધિરાજા, **આ**ર્બસ્તાનના રાજા પછીની પોતાની પદવિ "ગણે છે, તેના પછી **ગ્રીક** લોકોનો રાજા છે; અને છેલ્લો, **મો**હરમી **અ**લ

---

[1] **અઇનઅકબરીમાં ચાવડાવંશની** વિગત આપી છે **તેમાં રાવતસિંહ** નામ લખ્યું છે:—

રામરાજ (વનરાજ)	૬૦ વર્ષ રાજ્ય કર્યું.	
યોગરાજ—	૩૫	,,
ક્ષેમરાજ (ભીમરાજ)	૨૫	,,
રાજા પિથુ (ભૂવડ)	૨૯	,,
રાજા વિજયસિંહ	૨૫	,,
રાજા રાવતસિંહ (રત્નાદિત્ય)	૧૫	,,
રાજા સાવંતસિંહ (સામતસિંહ)	૭	,,
	૧૯૬	

[2] **મેરૂતુંગ એતું નામ ભૂયગડ દેવ** કહે છે. **ર. ઉ.**

"આદન, અથવા જેઓ પોતાના કાન વિંધાવે છે, એવા (કાનફટા) લોકોનો "**બ**લ્હાર રાજા છે. આ **બ**લ્હાર રાજા આખા **હિ**ન્દુસ્તાનમાં વિખ્યાત છે; "અને ત્યાંના બીજા રાજાઓ, અગર જો કે પોતપોતાના રાજ્યમાં સ્વતંત્ર "છે, તો પણ, **બ**લ્હારની આ અસાધારણ શક્તિ અને શ્રેષ્ઠતા માન્ય કરે છે. "જ્યારે તે પોતાના પ્રતિનિધિ મોકલે છે ત્યારે તેના માનની ખાતર તેઓ "તેમનો અતિ સત્કાર કરે છે. **આ**ર્બ લોકોની રીતિ પ્રમાણે આ રાજા "દેદીપ્યમાન તુષ્ટિદાન આપે છે, તેની પાસે હાથી, ઘોડા ઘણા છે, અને તેનો "ભંડાર પણ ભરપૂર છે, તેને ત્યાં **થા**રતેરિયન દ્રામ નામનું રૂપાનાણું ચાલે છે. "આ શિક્કો **આ**રેબિક દ્રામ કરતાં અર્ધો દ્રામ વજનમાં વધારે છે; રાજાની "મ્હોરનો તેમાં સિક્કો પાડવામાં આવે છે, તેનાથી પ્રથમ થયેલા રાજાના છેલ્લા "વર્ષથી એટલે તે જે સાલમાં ગાદિએ બેઠો હોય તે સાલ તેના ઉપર છપાય "છે. **આ**ર્બ લોકોની પેઠે **મુ**સલમાની સનથી તેમનાં વર્ષ ગણાતાં નથી, પણ "પોતાના રાજાઓના વર્ષથી ગણે છે. તેમના રાજાઓમાંથી ઘણા રાજાઓ "બહુ વર્ષ સુધી જીવ્યા છે. અને ઘણાઓએ પચાસ વર્ષ ઉપરાંત રાજ્ય કર્યાં "છે. **આ**ર્બ લોકો ઉપર તેઓ કૃપાદૃષ્ટિ રાખતા હતા તેથી તેઓ માને છે કે "અમારો લાંબો આવરદા થયો અને અમે ઘણાં વર્ષ સુધી રાજ્ય ભોગવ્યું. ખરૂં "જોતાં, આ રાજાઓ કરતાં **આ**ર્બ લોકોના ઉપર અંતઃકરણથી વધારે પ્રીતિ "રાખનારા બીજા કોઈ નથી, અને તેઓની પ્રજા પણ આપણે માટે તેવો જ "ભાવ રાખે છે.

"જેમ **ખુ**શરૂ અને બીજાં સામાન્ય નામ હોય છે તે પ્રમાણે **બ**લ્હાર એ "નામ પણ આ સર્વ રાજાઓને સામાન્ય રીતે લગાડવામાં આવે છે, તે કંઈ "વિશેષ નામ નથી. જે દેશમાં આ રાજાની સત્તા ચાલે છે તે દેશ **ક**મકમ "(Kamkam) નામના **પ્રા**ન્તના કિનારાથી શિરૂ થાય છે, તે ભૂમિને માર્ગે "**ચીન**ની સરહદ સુધી જઈ પૂહોંચે છે. તેની આસપાસ તેની સાથે લડનારા "ઘણા રાજાઓનાં રાજ્ય છે, તો પણ તે તેઓના સામો ચડતો નથી. આ "રાજાઓ માંહેલો એક રાજા **હ**રઝ (Haraz) કરીને છે તેની ફોજ ઘણી "વધારે છે. અને **હિ**ન્દુસ્થાનના બીજા સર્વ રાજાઓ કરતાં તેનું જોર ઘોડા-"ઓની બાબતમાં ઘણું છે; પણ તે **આ**ર્બોનો શત્રુ છે; અગર જો તેવો "છે ખરો, તો પણ તેની સાથે તે કબૂલ કરે છે કે **આ**ર્બોનો રાજા સર્વ "રાજાઓમાં શિરોમણિ છે; **મુ**સલમાનો વિષે એના જેટલો ધિક્કાર **હિ**ન્દુ-"સ્થાનના બીજા કોઈ રાજાને નથી. તેનું રાજ્ય ભૂશલાકા ઉપર છે. તેમાં "ઘણું દ્રવ્ય છે [illegible] ઊંટ તથા બીજાં ઢોર પણ ઘણાં છે. ત્યાંના લોકો [illegible]

"ધોઈ કુહાડે છે. તેનો વ્યાપાર ચલાવે છે અને તેઓ કહે છે કે ખંડસ્થ
"ભાગમાં તેની ખાણો છે. આ દેશમાં ચોર વિષેની વાત તો ચાલતીજ નથી.

"આ રાજ્યની એક બાજુએ તાફેક (Tafek)નું રાજ્ય છે, તેનો
"વિસ્તાર ઘણો નથી; ઈન્ડિઝના સર્વ ભાગ કરતાં, અહિના રાજાને ત્યાં
"અતિસુંદર, ગોરી સ્ત્રિયો છે. પણ તેની ફોજ થોડી છે તેથી તેની આસ-
"પાસના રાજાઓની સત્તા એના ઉપર છે. બલ્હારના જેવો તેને આર્યોના
"ઉપર પ્રીતિ ભાવ છે.

"રાહમી (Rahmi) નામના રાજાના રાજ્યની સરહદે આ રાજ્યો
"છે. આ રાજા છે તે, હુરઝના રાજા સાથે તેમજ બલ્હાર સાથે લડે છે.
"તે તેના કુળ વિષે અથવા તેના રાજ્યના પ્રાચીનપણા વિષે ઘણો મોભા-
"વાળો ગણાતો નથી, પણ તેની ફોજ બલ્હાર રાજાની ફોજ કરતાં તો શું
"પણ હુરઝ અને તાફેકના રાજાઓની ફોજ કરતાં વધારે છે. કહે છે કે
"એ રાજા જ્યારે રણસંગ્રામમાં ચડે છે ત્યારે પચાશ હજાર હાથીને મોખરે
"તે ચાલે છે, અને ઘણું કરીને તો તે શિયાળાની ઋતુમાં કુચ કરે છે,
"બીજી એક ઋતુમાં કરી શકતો નથી; કેમકે હાથિયો તરસ સહન કરી
"શકતા નથી. લોકો કહે છે કે તેની ફોજમાં દશથી પંદર હજાર સુધી તંબુઓ
"છે. આ જ દેશમાં તેઓ રૂનાં લૂગડાંના પોશાક એવી ચમત્કારિક રીતિથી
"બનાવે છે કે તેવા બીજી કોઈ જગ્યાએ જોવામાં આવતા નથી. આ પોશા-
"કનો ઘણોખરો ભાગ સફાઈદાર હોય છે અને તે એવા બારીક વણતરના
"હોય છે કે સાધારણ કદની વીંટીમાંથી પાર કાહાડી શકાય.

"આ દેશમાં હલકા શિક્કાને ઠેકાણે કોડિયો ચાલે છે, તથાપિ સોના-
"રૂપાના શિક્કા તેમનામાં છે. ઘોડાનો સામાન કરવામાં અને ઘર છાજવામાં
"કુંવાર અને કાળાં રૂવાટીનાં ચામડાં વાપરે છે. આ જ દેશમાં પ્રખ્યાત
"કરકનદન Karkandan અથવા ગેંડા હોય છે. * * *

"આ રાજ્ય પછી બીજું એક રાજ્ય છે, તે કિનારેથી દૂર જમીન
"ઉપર છે તેને કાશબિન (Kashbin) કહે છે. ત્યાંના રહેવાશિયો ગૌર વર્ણના
"હોય છે ને તેઓ કાન વિંધાવે છે. તેઓ ઊંટ પાળે છે અને તેમનો દેશ
"ઉજ્જડ અને પહાડી છે.

"કિનારેથી વળી વધારે છેટે, હિત્રંજ (Hitrange) નામનું એક
"ન્હાનું રાજ્ય છે, તે ઘણું ગરીબ છે; પણ તેમાં એક અખાત છે, ત્યાં
"દરિયામાંથી અમ્બરના દગડ દગડ આવે છે. વળી તેમને ત્યાં, હાથીદાંતની

"છત છે અને મરી પણ થાય છે, પરંતુ મરી થોડાં નીપજે છે, તેથી, ત્યાંના
"રહેવાશી, તે લીલાં ને લીલાં, ખપમાં આણે છે.

"**બલ્હાર**[1]" એ નામ ઉપરથી, **અ**નહિલવાડના અસલી **ચા**વડા રાજાઓ સાથે કશોય સંબંધ બેસારવો કઠણ છે. **બ**લ્હારનું રાજ્ય કમકમના કિનારાથી તે **ચી**નની સરહદ સુધી પ્હોંચ્યું છે, એવું જે એનું વર્ણન આપ્યું છે, તે ઉપરથી પણ પત્તો લાગે એમ નથી. બીજા રાજાઓ ઉપર **બ**લ્હારના ઉપરીપણા વિષેની ગણના લોકોમાં માન્ય કરવામાં આવેલી છે, તેના કરતાં પ્રવાસિયોએ તે વિષે હદ બાંધીને લખ્યું છે. તેઓએ લખ્યું છે કે "ત્યાંના રાજા, અગર જો **બ**લ્હારની શ્રેષ્ઠતા માન્ય કરે છે તો પણ પોતપોતાનાં રાજ્યમાં સ્વતંત્ર છે." અને ફરીથી બીજી જગ્યાએ લખે છે કે "આખા "ઇન્દીઝમાં **બ**લ્હાર રાજાધિરાજ છે;" તથાપિ "ત્યાંનાં ઘણાંએક રાજ્ય છે "તે એક જ રાજાના સ્વાધીનમાં નથી, પણ દરેક પ્રાન્તનો જૂદો જૂદો રાજા "છે." **હુ**રઝના રાજા વિષે લખ્યું છે કે, **ભૂ**શલાકાના ઉપર તેનું રાજ્ય હતું, અને તેની પડોશના રાજાઓ કરતાં તેની પાસે ઘોડા ઘણા હતા. આ વૃત્તાન્ત **સો**રઠના **યાદવ** કુલના **રાહ**, કે જેની રાજધાની **ગિ**રનાર પાસેના ડુંગર ઉપર જૂનો કિલ્લો હતો તે હતી, તેની સાથે મળતું આવે છે. **તા**ફેક અથવા **કા**શબિનના રાજાઓના વૃત્તાન્ત સાથે મેળવી જોવાને કશું સાધન હાથ લાગતું નથી; તેમ જ **રા**હમી વિષે કાંઈ મળતું નથી. કર્નલ **ટૉ**ડ **કા**શબિનને **ક**ચ્છ **ભૂ**જ ઠરાવે છે, પણ તે "કિનારેથી દૂર જમીન ઉપર" આવેલું હોતાં ભાગ્યે જ ઠરાવી શકાય એમ છે. એ જ ગ્રંથકર્ત્તા કલ્પના કરે છે કે **હિ**ત્રંજ તે **શ**ત્રુંજયને લાગુ પડે છે. **રે**નોડોએ જે સામાન્ય વિષય ઉપર પોતાનો અભિપ્રાય આપ્યો છે તે હજી કંઈક વધારે લાગુ પડે છે. તે કહે છે કે, "આ દેશોનાં "નામ જે આપણને મળી આવ્યાં છે, તેનો ઘણોખરો ભાગ અપભ્રંશ થઈ "ગયો છે; અને **આ**ર્બી અક્ષરમાં તે લખી બતાવવાને કઠણ છે તેથી શક-"ભરેલી કલ્પના કરવામાં કશો માલ નથી."

તો પણ એ પ્રવાસિયે ચાલતા આવેલા રેવાજ વિષે લખ્યું છે તે ગૂજરાતના **હિ**ન્દુઓને લાગુ પડી શકે એવું છે. અગ્નિ અને પાણીમાં પડવા

---

૧ **બલ્હાર** એ શબ્દ **બાળક** રાય(સૂર્ય રાય)નો **અપભ્રંશ** થયો **હશે** એવી બહુધા ધારણા થઈ છે; **બળી**રાય (વલભીરાય એટલે વલભીના રાજાને અર્થે,) ભૃતાર્ક (ભૃત + અર્ક=પોષક સૂર્ય, રાજાનો ખિતાબ,) અથવા ભાળ નામના પરગણા ઉપરથી ઓળખાવાતી ખુણ, રોયલ એશિયાટિક સોસાઇટીના જર્નલ બારમાને પૃષ્ઠ ૭ મે અને બીજાં ત્યાં પ્રમાણ આપ્યાં છે તે ઉપરથી.

૪

વિષેનો જે વૃત્તાન્ત છે તેનો ઉતારો અમે હવે કરિયે છિયે, અને આ ઉપરાન્ત વળી મુડદાંને બાળવાનો ચાલ છે, તેથી સ્ત્રિયો પોતાના ધણીની પછવાડે તેની ચિતામાં બળી મરે છે; તપસ્વી નગ્ન અથવા માત્ર મૃગચર્મ ધારણ કરીને સૂર્યના તાપ સામું કેટલાક કાળ સુધી જોઈ રહેવાનું તપ આચરે છે એ આદિ ચાલ છે તે વિષેનો ઉતારો પણ અમે આપિયે છિયે. તે પ્રવાસી લખે છે કે,

"આ સર્વે રાજ્યોમાં રાજ્યસત્તા રાજાનાં કુટુંબિયોમાં જ રહે છે, "ત્યાંથી છૂટી પડતી જ નથી; અને એક જ કુટુંબના, એક બીજાની પછવાડે "ગાદિયે બેસે છે. એ જ પ્રમાણે વિદ્વાન્, વૈદ્ય, અને બધી જાતનાં શિલ્પશાસ્ત્ર "જાણનારા બધા કારીગરોની જૂદી જૂદી નાતો છે, અને જેઓનો ધંધો "જૂદો છે તેઓ એકબીજાની નાતમાં કદિ મળી જતા નથી." એક કરતાં વધારે સ્ત્રિયો પરણવાનો ચાલ, ખાવામાં માત્ર ચોખા વાપરવાનો સાધારણ ચાલ, મૂર્ત્તિ પાસેથી પ્રત્યુત્તર લેવાનો ચાલ, ખાતાં પ્હેલાં ન્હાવાનો ચાલ અને બીજા ચાલ વિષે પણ લખ્યું છે. વળી લખ્યું છે, કે "હિન્દુસ્તાનનાં રાજ્યોમાંથી "રાજાઓને જોઈયે એટલા મફત સિપાઈયો મળી શકે છે, ને તેઓને લડાઈ ને "સારૂ એકઠા કરવામાં આવે છે ત્યારે તેઓ પોતાને ખર્ચે રણભૂમિ ઉપર જાય "છે, ને રાજાને માથે કાંઈ પડતું નથી."

અબુઝીદ અલહસન, બીજો પ્રવાસી ઉમેરો કરે છે કે, "હિન્દુઓમાં "એક સાધારણ ચાલ છે કે, સ્ત્રી અથવા પુરૂષ, જ્યારે ઘરડાં થાય અથવા "જાણે કે ઘણાં વર્ષ થવાથી હવે મરી જવાશે ત્યારે પોતાના કુટુંબનાં માણ-"સોને કહી રાખે છે કે અમને અગ્નિમાં હોમજો, અથવા પાણીમાં જળપાત "કરજો, કારણ કે તેઓને નિશ્ચય હોય છે કે અમારો બીજો અવતાર થશે." તે કહે છે કે, "હિન્દુઓમાં યોગી અને વૈદ્ય હોય છે તે બ્રાહ્મણને નામે "ઓળખાય છે. તેમનામાં કવિઓ હોય છે, તેઓ રાજાઓનાં જૂઠાં વખાણની "કવિતા કરે છે. તેઓનામાં જોશી છે; વિદ્વાન, ભવિષ્યવર્તનારા, અને પક્ષિ-"યોનું ભ્રમણ જાણનારા પણ છે, અને બીજા, જન્માક્ષરની ગણતરી બાંધવાનો "ફાંકો રાખનારા પણ છે, તેઓ મુખ્યત્વે કરીને ગોરાઝના રાજ્યમાં કનુજ[1]

---

[1] "એશિયા ખંડના ઘણા ખરા લોકો જ્યોતિષ્ વિદ્યાની તરફેણમાં એટલા બધા, "ઘેલા હોય છે કે, તેઓના ક્હેવા પ્રમાણે, તેઓ એવું માને છે કે જે જે બનવાના "લેખ, ઉપરથી લખાયા હોય છે તે તે લેખ નીચે બને છે. હરેક કામ કરતાં પ્હેલાં "તેઓ જોશીને પૂછે છે; લડાઈ કરવા સારૂ બે સેના, સજ્જ઼ને સામસામી તૈયાર થઈ રહી "હોય પણ શકુનની ઘડી નક્કી કરવા વિના લડાઇનો પ્રારંભ કરવાનો વિચાર સેનાપતિ-"ના મનમાં આવેજ નહિ-તેમ જ જોશિયોને પૂછ્યા વિના કોઈ સેનાપતિ ઠરાવવામાં

"નામનું મ્હોટું નગર છે ત્યાં છે." તે ચોમાસાના લક્ષણ વિષે લખે છે કે,- "ચોમાસું છે તે હિન્દુઓનું જીવન છે; જો વર્ષાદ વરસે નહિ, તો તેઓને "ઘણી આપદા વેઠવી પડે."

યોગી લોકોનો વૃત્તાન્ત અબુઝીદે લખ્યો છે તે અમે નીચે દાખલ કરિયે છિયે. અબુઝીદ તેઓને "બિકાર" કહે છે, કર્નલ ટાડ કલ્પના કરે છે કે એ શબ્દ ફકીર એ શબ્દનો અપભ્રંશ થઈ ગયો છે, પણ આવા ભીખી ખાનારા લોકોને "**ભીખારી**" કહે છે તે બિકારની સાથે સારી રીતે મળતો આવે છે.

"હિન્દુસ્થાનમાં એક જાતના માણસો હોય છે તે બિકાર કહેવાય છે, "તેમના જીવતર સુધી તેઓ નાગા ફરે છે, અને તેમનું શરીર ઢંકાય એટલા "તેમના વાળ વધારે છે. તેઓ તેમના નખ વધારે છે, તે અણીદાર અને "તરવારના જેવા તીના થાય છે, કદિ તેઓ તેમને લેવરાવતા નથી, પણ તેમની "મેળે ખરી પડવા અથવા કપાઈ જવા દે છે. આમ કરવામાં તેઓ ધર્મ "માને છે. તેઓ માટીના શકોરાને દોરીમાં પરોવીને ગળામાં ઘાલે છે; જ્યારે "તેઓને ભૂખ લાગે છે ત્યારે કોઈ હિન્દુને બારણે ઉભા રહે છે, અને જેઓ "અંદર હોય છે તેઓ ત્વરાથી રાંધેલા ચોખા આણી આપે છે, ને તેમાં "ઘણું પુણ્ય સમજે છે; શાણકામાં ખાઈને જાય છે તો પછી ઘણી અગત્ય "પડ્યા વિના પાછા આવતા નથી. પ્રવાસિયોની સોઈને માટે ધોરી રસ્તા "ઉપર ધર્મશાળા બંધાવામાં પુણ્ય ગણવામાં આવે છે; ત્યાં દુકાનદારોને "વસાવે છે એટલે જે જે વસ્તુ જોઈયે તે તે પ્રવાસિયોને ખરીદવાને બની "આવે છે." બીજી જગ્યાએ લખે છે કે, "કેટલાક હિન્દુઓ એવા છે કે "એક ભાણામાં બે જણા ભેગા બેશીને જમતા નથી, એવી રીતે જમવામાં "તેઓ મ્હોટું પાપ સમજે છે. જો સો જણા જમવાને એકઠા થયા હોય તો "દરેક જણાને એકબીજાને અડ્યા વિના જૂદે જૂદાં ભાણાં જોઈયે છિયે. તેમના "રાજા, અને ધાર્મિક માણસોને માટે રોજ રોજ તાજી રસોઈયો થાય છે. ને "નાળિયેરિનાં પાંદડાંનાં બનાવેલાં પત્રાળાં અને પડિયામાં તેઓ જમે છે. જમી

"આવતો નથી. લગ્ન થતાં નથી, અને પ્રવાસ કરવાને પણ નીકળતા નથી. ગુલામ વેચાતો "લેવો હોય, અથવા નવું લુગડું પ્રથમ પ્હેરવું હોય એ આદિ ઘણાં હલકાં કામમાં પણ "જોશીને પૂછ્યા વિના ચાલતું નથી. આ મૂર્ખાઈભરેલો વ્હેમ સર્વેને એટલો બધો દુ:ખ- "દાયક થઈ પડ્યો છે, અને તેથી એવાં અગત્યનાં અને અણગમતાં પરિણામો નીપજે "છે કે, મને આશ્ચર્ય લાગે છે કે, એટલું છતાં પણ એ વ્હેમ આટલી લાંબી મુદ્દત સુધી "જારી રહ્યો છે. છાની અને ઊઘાડી સર્વે વાત જોશીને ઉઘાડી કરીને કહેવી પડે છે, "તેની સાથે વળી, જે જે ઉપાય કામે લગાડવાના હોય તે પણ કહેવા પડે છે."- બર્નિયરનું ઈરવિંગ બ્રાક કરેલું ભાષાન્તર.

"રહ્યા પછી પત્રાળાં પડિયા અને જે કાંઈ વધેલું હોય તે સર્વ પાણીમાં નાંખી "દે છે. આ પ્રમાણે હમેશાં નવી સામગ્રી જોઇયે છિયે."

"હિન્દુ રાજાઓ હીરે જડેલી સોનાનાં કડકિયાં પ્હેરે છે. વળી "તેઓ જૂદા જૂદા રંગના રત્નના મૂલ્યવાન ગલુબંધ પ્હેરે છે, તેમાં મુખ્યત્વે "કરીને લીલમ અને લાલો હોય છે; પણ તેમને મોતી વધારે પસંદ પડે છે. "અને તેનું મૂલ બીજાં બધાં જવાહીર કરતાં ચડે છે. હાલમાં તેઓ પોતાની "બીજી મૂલ્યવાન વસ્તુ સાથે રાખી મૂકે છે. દરબારના રાજશ્રી લોક, મ્હોટા "અધિકારી અને વ્યૂહપતિઓ એવા જ જવાહીરના હાર પ્હેરે છે; તેઓ ટૂંકી "ચાળનાં કેડિયાં પ્હેરે છે, અને પોતાના પરિવાર સહિત બ્હાર નીકળે છે "ત્યારે સૂર્યનો તડકો અટકાવવા મોરનાં પીછાંનું છત્ર ધરાવે છે."

——:o:——

પ્રકરણ ૪.

મૂળરાજ સોલંકી (ઇ. સ. ૯૪૨ થી ૯૯૭)

સોલંકી વંશ.[1]

ઇતિહાસકર્ત્તા સામતસિંહનું સારૂં લખતા નથી. તેઓએ તેને માટે એવું લખ્યું છે કે, તે કીર્ત્તિમાન્ રાજા ન હતો; તેને રાત કે દાહાડો બોલવામાં

[1] રાસમાળા પ્રમાણે.

	ક્યારે ગાદીપતિ થયા		ક્યાં સુધી ભોગવી		કેટલાં વર્ષ રાજ્ય કર્યું
	સંવત્	સન	સંવત્	સન	
૧ મૂળરાજ	૯૯૮	૯૪૨	૧૦૫૩	૯૯૭	૫૫
૨ ચામુણ્ડરાજ	૧૦૫૩	૯૯૭	૧૦૬૬	૧૦૧૦	૧૩
૩ વલ્લભસેન	૧૦૬૬	૧૦૧૦	૧૦૬૬	૧૦૧૦	০॥
૪ દુર્લભસેન	૧૦૬૬	૧૦૧૦	૧૦૭૮	૧૦૨૨	૧૨
૫ ભીમદેવ (પ્હેલો)	૧૦૭૮	૧૦૨૨	૧૧૨૮	૧૦૭૨	૫૦
૬ કર્ણ	૧૧૨૮	૧૦૭૨	૧૧૫૦	૧૦૯૪	૨૨
૭ સિદ્ધરાજ (જયસિંહ)	૧૧૫૦	૧૦૯૪	૧૧૯૯	૧૧૪૩	૪૯
૮ કુમારપાળ	૧૧૯૯	૧૧૪૩	૧૨૩૦	૧૧૭૪	૩૧
૯ અજયપાળ	૧૨૩૦	૧૧૭૪	૧૨૩૩	૧૧૭૭	૩
૧૦ મૂળરાજ (બીજો) (બાળ મૂરાજ)	૧૨૩૩	૧૧૭૭	૧૨૩૫	૧૧૭૯	૨
૧૧ ભીમદેવ (બીજો) (ભોળો ભીમ)	૧૨૩૫	૧૧૭૯	૧૨૯૮	૧૨૪૨	૬૩
૧૨ ત્રિભુવનપાળ	૧૨૯૮	૧૨૪૨	૧૩૦૦	૧૨૪૪	૨
					૩૦૨

કશો વિચાર નહતો; તેનામાં વિવેક અને ટેક તો હતા જ નહિ; સારૂં કે નરસું, હિત કે અહિત એમાં કશો ભેદ તે સમજતો નહિ; અને જાણે તે પોતાનું મન ફેરવ્યાં કરતો. તેણે સાત વર્ષની ટુંકી મુદત સુધી રાજ્ય કર્યું તેમાં શું શું બન્યું તે નોંધી રાખ્યું નથી, માત્ર એટલું જ લખ્યું છે કે, તેને

"પ્રાચીન ગૂજરાત"નો કર્ત્તા **ચાલુક્ય (સોલંકી)** વંશની વંશાવળી આ રીતે આપે છે–

	ક્યારે ગાદીપતિ થયા.		ક્યાં સુધી રાજ્ય કર્યું.		કેટલાં વર્ષ રાજ્ય કર્યું.
	સંવત	સન	સંવત	સન	
૧ **મૂળરાજ**	૧૦૧૭	૯૬૧	૧૦૫૨	૯૯૬	૩૫
૨ **ચામુણ્ડરાજ**	૧૦૫૨	૯૯૭	૧૦૬૬	૧૦૧૦	૧૩
૩ **વલ્લભસેન**	૧૦૬૬	૧૦૧૦	૧૦૬૬	૧૦૧૦	૦
૪ **દુર્લભસેન**	૧૦૬૬	૧૦૧૦	૧૦૭૮	૧૦૨૨	૧૨
૫ **ભીમદેવ (પ્હેલો)**	૧૦૭૮	૧૦૨૨	૧૧૨૦	૧૦૬૪	૪૨
૬ **કર્ણદેવ**	૧૧૨૦	૧૦૬૪	૧૧૫૦	૧૦૯૪	૩૦
૭ **સિદ્ધરાજ જયસિંહ**	૧૧૫૦	૧૦૯૪	૧૧૯૯	૧૧૪૩	૪૯
૮ **કુમારપાળ**	૧૧૯૯	૧૧૪૩	૧૨૩૦	૧૧૭૪	૩૧
૯ **અજયપાળ**	૧૨૩૦	૧૧૭૪	૧૨૩૩	૧૧૭૭	૩
૧૦ **મૂળરાજ (બીજો)**	૧૨૩૩	૧૧૭૭	૧૨૩૫	૧૧૭૯	૨
૧૧ **ભીમદેવ (બીજો)**	૧૨૩૫	૧૧૭૯	૧૨૯૮	૧૨૪૨	૬૩

દ્વયાશ્રયની ટીકાની ટીપ અને સુરથોત્સવમાં **મૂળરાજ** સં. ૯૯૩ માં ગાદિયે બેઠો એમ લખ્યું છે.

"**પ્રબંધ ચિન્તામણિ**" (**મેરૂતુંગાચાર્યનો**), જિનમંડન ઉપાધ્યાયના "**કુમારપાળ** પ્રબંધ" અને "પટાવલી"માં **મૂળરાજે** ૫૫ વર્ષ, **ચામુંડરાજે** ૧૩ વર્ષ, **વલ્લભરાજે** છ માસ, દુર્લભરાજે વર્ષ ૧૧ ને માસ ૬, **ભીમરાજે** વર્ષ ૪૨ (પ્રબંધચિન્તામણિની એક પ્રતમાં વર્ષ ૫૨ લખેલ છે) રાજ્ય કર્યું લખ્યું છે.

"કુમારપાળ પ્રબંધ" અને "પટાવલી"માં કર્ણદેવે ૨૯ વર્ષ રાજ્ય કર્યું કહે છે.

સિદ્ધરાજે રાજ્ય કર્યાનું **પ્રબંધ ચિન્તામણિ** ૪૯ વર્ષ; અને "**પટાવલી**" વર્ષ ૪૮, માસ ૮, અને દિવસ ૧૦ કહે છે.

કુમારપાળે **પ્ર૦ ચિ૦** અને **કુ૦ પ્ર૦** વર્ષ ૩૧; અને **પટાવલી** વર્ષ ૩૦, માસ ૮ ને દિવસ ૨૭ રાજ્ય કર્યું કહે છે.

અજયદેવે પ્ર૦ ચિ૦ વર્ષ ૩; અને **પટાવલી** વર્ષ ૩; માસ ૧૧, ને દિવસ ૨૮ રાજ કર્યું કહે છે.

મૂળરાજ (બીજો) **પ્ર. ચિ.** વર્ષ ૨; **પટાવલી** વર્ષ ૨, માસ ૧, ને દિવસ ૨૪ રાજ્ય કર્યાનું લખે છે.

ભીમદેવ (બીજો) **પ્ર. ચિ.** વર્ષ ૬૩; **પટાવલી** વર્ષ ૬૫, માસ ૨, ને દિવસ ૮ રાજ્ય કર્યું લખે છે.

"**પટાવલી**" **ભીમદેવ** (બીજા) પછી **પાદકારાજ** ગાદિયે બેઠો તેણે છ દિવસ રાજ્ય કર્યાનું; **તે** પછી **ત્રિભુવનપાળે** માસ બે ને દિવસ બાર રાજ્ય કર્યાનું કહે છે. તે પછી **ચાલુક્યની** બીજી **શાખાના વાઘેલાને હાથે ગૂજરાતની** ગાદી ગઈ.

કાંઈ [1]સંતાન નહતું. તે ઉપરાન્ત અણહિલવાડની ગાદિયે સોલંકી વંશ શી રીતે આવ્યો તેનો વૃત્તાન્ત પણ લખ્યો છે.

કલ્યાણના [2]ભૂવડ રાજાની ચોથી પ્હેડિયે ભુવનાદિત્ય કરીને રાજા થયો, તેને ત્રણ કુમાર હતા, એકનું નામ રાજ, બીજાનું નામ બીજ, અને ત્રીજાનું નામ દંડક (દડક્ક). તેઓ સોમનાથ મહાદેવની યાત્રા કરીને પાછા વળતાં સામતસિંહના દરબારમાં આવ્યા. સો વશા તો એકલી યાત્રાને માટે જ તેમણે પોતાનું ઘર છોડ્યું નહિ હોય, પણ રજપૂત રાજવંશિયોના ન્હાના ભાઈયોનો

---

૧ ચાવડાના ભાટના કથન ઉપરથી એમ જણાય છે કે,

સામંતસિંહને સંતાન ન હતું એમ કહેવામાં આવે છે તો પછી મૂળરાજને તેના પછી પાટે બેસવાનો સંભવ છતાં તે તેને મારી નાંખત નહિ, પરંતુ સામંતસિંહને એક કુંવર હતો તેનું નામ અહિપત હતું. જ્યારે મૂળરાજે સામંતસિંહને મારચો ત્યારે અહિપતને લઇને તેની મા, જે ભાટી રજપૂતાણી હતી તે, પોતાને પિયર તણોત (સિન્ધ અને મારવાડની વચ્ચેના રણમાં છે) ગઈ. કેમકે જેસલે જેસલમેર વસાવ્યું તે પ્હેલાં ભાટી રજપૂત ત્યાં રાજ્ય કરતા હતા. અહિપતનું વય આ સમયે સુમારે એક વર્ષનું હતું. કેટલેક વર્ષે તે કચ્છમાં લાખા ફૂલાણીને શરણે આવ્યો તેથી મોરગઢ ગામ તથા તેની આસપાસની ભોંય તેના નિર્વાહને અર્થે આપી. મૂળરાજ અને લાખા ફૂલાણીને વેર બંધાવાનું આ પણ એક કારણ હોય એવો સંભવ છે. લાખો ફૂલાણી આટકોટ પાસેની લડાઈમાં ઇ૦ સ૦ ૯૭૯માં મરાયો, અને મૂળરાજે કચ્છ ખાલસા કર્યું, તેવામાં અહિપતે તેનાં ઘણાં ગામ કબજે કરી લીધાં (કેટલાક કહે છે કે ૯૦૦ ગામ લીધાં) અહિપતની પંદરમી પ્હેડિયે પૂંજોજી ચાવડો થયો; પોતાના સમયમાં તે મોરગઢ ખોઈ બેઠો. આ સમયે કચ્છમાં જામ ધાવજી અને પછી વેણજી હતા, તેમના સમયમાં, જામ અબડાજિયે ઘણી લડાઈયો કરી છે. તેણે ચાવડાઓને નસાડયા હશે એમ સંભવ છે. પૂંજોજી મોરગઢથી ધારપુર (પાલણપુર તાબામાં) ગયો અને ત્યાં ૮૪ ગામનો તાલુકો જમાવ્યો, પણ અલ્લાઉદ્દીને ગૂજરાત લીધી તે સમયે પૂંજાજીનો તાલુકો પણ ગયો અને તે પાદશાહની નોકરીમાં રહ્યો. પછી સારી નોકરી જોઈને પાદશાહે તેને અંબાસર નીચે ૨૫૨ ગામ આપ્યાં. અંબાસરમાં તેના પછી પાંચમો ઠાકોર જયસિંહ ચાવડો થયો તેને ત્રણ કુંવર હતા, તેમણે ત્રણે ભાગે ગામ વ્હેંચી લીધાં. ઈશ્વરદાસ વડીલ હતો તે અંબોડમાં, સુરજમલ વરસોડામાં, અને સામતસિંહ અંબાસરમાં જ રહ્યો. સામતસિંહથી પાંચમો પુરૂષ સુરસિંહજી થયો, તેણે હાલના મહિકાંઠાના ગામ માણસામાં ગાદી કરી. હવણાં ઠાકોર રાજસિંહજી ચાવડા માણસામાં છે તે સુરસિંહજીથી ૧૨ મા પુરૂષ છે.

૨ પ્રબંધચિન્તામણિમાં ભૂદેવ–ભૂયડદેવ એવું નામ લખ્યું છે. અને એનો વંશ ભૂયડરાજવંશ (ભૂદેવક) એમ લખ્યું છે. ભૂવડનો, કર્ણાદિત્ય, તેનો ચંદ્રાદિત્ય, તેનો સોમાદિત્ય, અને તેનો ભુવનાદિત્ય થયો એમ રત્નમાળામાં કહ્યું છે.

૨. ક્રિ.

ગાદીની સાથે હક્કને લીધે સંબંધ હોય છે, તેથી અદેખાઈને લીધે, તેઓનો ભાગ્યોદય પોતાના દેશમાં થતો નથી, માટે તે લાભ પરદેશમાંથી પ્રાપ્ત કરી લેવા જવાનો તેમનામાં સાધારણ ચાલ છે, તે પ્રમાણે તેઓ પણ નીકળી પડ્યા હશે. **રત્નમાળ**માં લખ્યા પ્રમાણે, આ ત્રણ કુંવરોમાં જે મ્હોટો હતો તે, મધ્યમ કદનો, ગોરો, અને સ્વરૂપવાન્ હતો. વળી તેના વિષે લખ્યું છે કે, "તે પોતાનો ધર્મ પાળતો હતો, નિત્ય **શિવ**ની પૂજા કરતો હતો; પણ "તેને સ્ત્રિયોની પાંતીનું દુ:ખ હતું, તેમ જ સુખ નહતું." તેના કુળને લીધે, અને તેનામાં શૂરવીરના સારા ગુણ હતા તેથી, **અણહિલવાડ**ના [1]રાજાએ પોતાની **લી**લાદેવી બ્હેન તેને વ્હેરે પરણાવી. આ કુંવરીને તેનો ગર્ભ રહ્યો, અને પ્રસુતવેદનાથી મરણ પામી. પણ તેના ગર્ભસ્થાનમાંથી કુંવર હતો તે ફ્હાડી લીધો, તે મૂળ નક્ષત્રમાં આવ્યો તેથી તેનું **મૂળરાજ** નામ પાડ્યું[2] **સામંતસિંહે** તેને દત્તક કરી લીધો, તે ઉદય પામતા સૂર્યના

---

૧ **રત્નાદિત્યે** સન ૯૨૦ થી ૯૩૫ સુધી પંદર વર્ષ રાજ્ય કર્યું છે, ત્યાર પછી **સામતસિંહે** સન ૯૩૫ થી ૯૪૨ સુધી સાત વર્ષ રાજ્ય કર્યું છે. **મૂળરાજે** ૯૪૨ માં તેને મારી રાજ્ય લીધું તે વેળાએ તેનું વય ૨૧ વર્ષનું હતું, એ ઉપરથી સન ૯૨૧ માં તેનો જન્મ થયેલો નીકળે છે. આ વેળાએ **રત્નાદિત્ય** પાટે હતો પણ **સામતસિંહ** કુંવરપદે હોવાથી રાજકાર્યમાં સામેલ રહેતો હશે એમ જણાય છે તેથી પોતાની બ્હેનને પરણાવવામાં આગેવાન હોવાથી તેને તે વેળાનો રાજા ગણ્યો હશે; પણ ખરૂં જોતાં **રત્નાદિત્ય** પાટે બેઠો કે તરત જ **રાજ**, અને **બીજ**, ત્યાં આવેલા હોવા જોઇયે. **લીલાદેવી**ને સન ૯૨૦માં પરણાવી હોય તો ૯૨૧માં **મૂળરાજ**ને જન્મવાનો સંભવ બને ખરો. **સામંતસિંહ** ગાદિયે બેઠો ત્યારે **મૂળરાજ**નું વય ૧૪ વર્ષનું હતું તે સમયથી સાત વર્ષમાં તે પોતાના મામાના રાજકાજમાં કર્ત્તા થઈ પડવાથી, તેણે એને સારો આશ્રય આપ્યો હશે, પણ જો **સામંતસિંહ** પાટે બેઠા પછી **લીલાદેવી**ને પરણાવી હોય તો **મૂળરાજ**નું વય ઘણામાં ઘણું છ વર્ષનું હોય તેવો બાળક **સામંતસિંહ**ને મારીને પાટે બેસે એવો સંભવ હોય નહિ. ર. ઉ.

૨ **સોલંકી** વંશ વિષે ભાટ લોકોની કથા એવી છે કે,—**અંતર્વેદ** અથવા **ગંગા** યમુનાની વચ્ચેના (દોઆબ) પ્રદેશમાં **ટુકટોડા–મહાવતી** નગરીમાં **સોલંકી**નું રાજ્ય હતું તે વંશમાં **રાજ** તથા **બીજ** થયા. તેઓને પોતાના ભાયાત સાથે ટંટો થયો અને પિત્રાઇયોને ત્રાસ કાજે માર્યા. પછી ગોત્રહત્યા બેઠી તેનો પસ્તાવો થયો. તેના નિવારણને અર્થે **દ્વારકા** અને **કાશી**ની યાત્રા કરવા નીકળ્યા. પ્રથમ **કાશી**માં જઈ એક વર્ષ રહ્યા ને પુણ્યદાન કર્યું, પછી ગંગાજળની કાવડો ભરી **દ્વારકા** જતાં, રસ્તામાં **પાટણ**ને ગુંદરે ઉતર્યા. તેવામાં રાજાનો ખાસદાર ઘોડી પાવા આવ્યો. તે ઘોડી **રાજ**, તથા **બીજ**ના ભગવા વેષથી ભડકી તેને ખાસદારે ચાબુક માર્યો. તે જોઈ **બીજ**, જે ઘોડાંની પરીક્ષાનો **શાલિહોત્ર** નામનો ગ્રન્થ ભણેલો હતો તે ખેદ પામીને બોલ્યો કે "જા "ભૂંડા! તેં ચાબુક મારીને આ ઘોડીના પેટમાં પંચકલ્યાણી વછેરો છે તેની ડાબી

જેવો પ્રતાપ બતાવીને, પોતાના મામાના રાજ્યની વૃદ્ધિ કરીને, અને સર્વને પ્રિય થઈ પડીને, બાલ્યાવસ્થામાં પ્રખ્યાતિ પામ્યો. રત્નમાળાનો કર્ત્તા તેને વિશ્વાસઘાતી, દયાહીણ અને પોતાની જ ચડતીમાં તત્પર રહેનારો કથે છે તે તેનાં પાછળનાં કૃત્ય ઉપરથી સિદ્ધ થાય છે. "તે વર્ણે કાળો પણ દેખાવમાં "સ્વરૂપવાન્ હતો; કામદેવને વશ હતો; કંજુસ હતો તેથી તે દ્રવ્ય ભોંયમાં "દાટી મૂકતો; યુદ્ધકળામાં કુશલ નહતો, પણ શત્રુની સામે થતો તો ઠગા- "ઈથી વિશ્વાસ ઉત્પન્ન કરાવીને તેનો નાશ કરતો." જ્યારે તે પાકી ઊંમરનો થયો ત્યારે સામતસિંહે દારુની ધૂનમાં તેને રાજ્યાભિષેક કરાવ્યો; પણ જ્યારે શુદ્ધિ આવી ત્યારે રાજાએ તેની પાસેથી રાજ્ય પાછું લીધું. જૈન ગ્રંથકર્ત્તા કહે છે કે, તે દિવસથી ચાવડાઓએ દાનનો મહિમા ઘટાડી દીધો એવી કહેણી ચાલી. મૂળરાજે એક વાર રાજ્યનો સ્વાદ ચાખ્યો, તે તેને મૂકવો ગમ્યો નહિ. તેણે ફોજ એકઠી કરીને પોતાના મામા ઉપર હલ્લો

"આંખ ફોડી નાંખી." ખાસદારને અચરજ લાગ્યું અને તેણે ઘેર જઈને રાજાને સમાચાર કહ્યા. રાજા તેમને મહાપુરૂષ સમજીને તેમની પાસે આવ્યો, અને તેમનું મુખ જોઈ વરતી ગયો કે, આ કોઈ કુલીન અને પ્રતાપી પુરૂષો છે એમની પાસે કાંઈ હશે ખરૂં, માટે સરત બકીને તે પડાવી લેવું. પછી તે બોલ્યો કે, 'તમારા કહેવા પ્રમાણે મારી ઘોડીને જો પંચકલ્યાણી વછેરો અવતરે તો પાટણનું અર્ધું રાજ્ય મારે તમને આપવું, ને તે ઉપરાન્ત મારી સેનાજી (કુમારપાળ રાસામાં લીલાદેવી લખી છે.) બ્હેન પરણાવું. ને જો તમારી વાત જૂઠી પડે તો તમારૂં સર્વસ્વ લુંટી લઉં. આ ઠરાવ અન્યોન્યે માન્ય કરચો, ને બન્ને ભાઈ દરબારમાં રહ્યા. પછી સુમારે પંદર દિવસે ઘોડીને પ્રસવ થયો. તેને ચાર પગ તથા મ્હો ધોળું એવો પંચકલ્યાણી અને ડાબી આંખ ફૂટેલી એવો વછેરો અવતરચો. આ બનાવ જોઇને સામંતસિંહ ચાવડાએ અર્ધું રાજ્ય આપવાની હા કહી, પણ જાતિ, કુળ જાણ્યા વિના બ્હેન પરણાવવાની ના કહી, પણ પેલા રજપૂતોએ પોતાની સર્વ વાત તેને કહી દીધી તેથી રાજા ખુશી થયો ને બીજને વેરે કન્યા પરણાવવાનો ઠરાવ હતો. પણ તે એક આંખ્યે કાણો હતો, તથા તેણે પોતાના ભાઈ રાજ વેરે કન્યા પરણાવવાની ઇચ્છા જણાવી તેથી તેની સાથે લગ્ન કર્યું. પછી બન્ને ભાઈ, કેટલાક દિવસ સુધી, ત્યાં જ રહ્યા, તેવામાં સેનાજી બાઇને મૂળરાજ અવતરચો.

મેરૂતુંગ એમ કહે છે કે, સામંતસિંહે ઘોડો ફેરવતાં અજ્ઞાતપણે ચાબુક મારી તેથી પેલા ભાઇયોમાંથી એક હં હં કહીને માથું ધૂણાવી પીડા પામતો બોલ્યો "ન્યુન્છન "લેવા યોગ્ય" તમારા ઘોડાની ગતિ છતાં તમે ચાબુક મારી તેથી મને પોતાને વાગી હોય એમ થયું. સામંતસિંહે કહ્યું "ત્યારે તમે આ ઘોડો ફેરવો." કુંવરે ઘોડો એવો સરસ ફેરવ્યો કે સર્વે દંગ થઈ ગયા ને સામંતસિંહે પોતાની બ્હેન લીલાદેવી તેને પરણાવી.

ર. ઉ.

કરી તેને મારી નાંખ્યો, અને જે ગાદી ઉપર તેને ઘણી ભયંકર રમત કરવામાં બેસાડ્યો હતો તે ગાદી ઉપર તે પોતાને હાથે ચડી બેઠો.[૧] આ વિષે કુમારપાળ ચરિતનો કર્ત્તા કહે છે કે, "સાત વસ્તુ નિર્ગુણી છે-૧ જમાઈ, ૨ વીંછી, ૩ વાઘ, ૪ મદિરા, ૫ મૂર્ખ, ૬ ભાણેજ, અને ૭ રાજા. એમાંના દરેક જણને ગુણની પરીક્ષા નથી." નિષ્કંટક રાજ્ય ભોગવવાને માટે એક બ્રાહ્મણના વચન ઉપરથી મૂળરાજે વળી મોસાલ પક્ષનાં સર્વને મારી નાંખ્યાં. આ ઘાતકી કર્મ વિષે, તેના ઇતિહાસ લખનારાએ, મરનારાઓને કલંક દઈ તેઓનું દુઃખ ઓછું કરી બતાવવા છાવરી નાંખ્યું છે કે, તેઓ પાપી, ગર્વિષ્ટ, મદિરાપાન કરનારા, લોકોને દુઃખ દેનારા, બ્રાહ્મણ, અને દેવનો તિરસ્કાર કરનારા હતા;[૨] તો પણ મૂળરાજને આ પાપકર્મનો પસ્તાવો થયા વિના રહ્યો નથી.

---

૧ આ વિષે ભાટની કથા એવી છે કે,—મૂળરાજ મ્હોટો થયા પછી તેને લઈને રાજ તથા બીજ દ્વારકા ભણી ગયા હતા. રસ્તામાં તેનો બાપ રાજ, લાખા ફૂલાણીથી મરાયો હતો તેવામાં મૂળરાજ અગિયાર વર્ષનો થયો હતો તેને તેના કાકા બીજે કહ્યું કે "તારા મામાએ અર્ધું રાજ્ય આપવાનું કહ્યું છે માટે તેની પાસે જઇને તે પ્રમાણે "માગી લે". મૂળરાજે તે પ્રમાણે મામાને કહ્યું ત્યારે તે બોલ્યો, "મેં તારા બાપને લીંબુ "ઉછાળ એટલે લીંબું ઉછાળિયે ને પાછું ભોંય પડે એટલી વાર સુધી રાજ્ય આપવાનું કહ્યું "હતું. તે પ્રમાણે હું તને આપવાને રાજી છું." મૂળરાજે આ વૃત્તાન્ત પોતાના કાકાને કહ્યો ત્યારે તેણે સલાહ આપી કે, "લીંબું ઉછાળ રાજ્ય આપે એટલી વારમાં તારે સામંત "અને પટાવતોને શિરપાવ અને ગ્રાસ આપવા, એટલે તેઓ તારી પક્ષમાં થઈ જશે" મૂળરાજે નિત્ય લીંબું ઉછાળ ગાદી મળે તેટલી વારમાં સર્વે કારભારિયોને શિરપાવ અને ગ્રાસ આપવા માંડ્યા તેથી તેઓ સર્વે એવી કલ્પના કરવા લાગ્યા કે સામંતસિંહની ગાદી મૂળરાજને મળે તો બહુ સારૂં થાય. એક વર્ષ સુધી આ પ્રમાણે ચાલ્યું. એટલે રાજાએ જાણ્યું કે આ તો રાજકોશ ખાલી કરી નાંખશે. મૂળરાજને તેના કાકાએ વળી એક બીજી સલાહ એવી આપી હતી કે, "માંસના કડકા નાંખી ગરધવોને તારે સાધવી, "તે હળી જશે એટલે તારા માથા ઉપર ભમ્યાં કરશે, પછી લીંબુને લોહીવાળું કરીને "ઊછાળજે એટલે તેને માંસરૂપ જાણી ગરધવ લઈ ઉડી જશે તેથી સદા ગાદી તારા સ્વાધીનમાં રહેશે." છ મહિનામાં તેણે કાકાની સલાહ પ્રમાણે ગરધવો સાધી લીધી હતી. તે દરબારમાં ગયો ત્યારે એક દિવસ લોહીવાળું લીંબું ઊછાળ્યું તે ગરધવ લઈને ઊડી એટલે પાછું ભોંય પડ્યું નહિ. મામાએ તેને ગાદી ઉપરથી ઊઠવાનું કહ્યું પણ તે ઉઠ્યો નહિ ને કહ્યું કે, લીંબું પડેલું દેખાડો તો હું ઊઠું. આ ઉપરથી મામા ભાણેજને ટંટો થયો. દરબારી લોકો મૂળરાજને મળી ગયા, ને મૂળરાજે તે વેળાએ સામંતસિંહને ઠેર કર્યો.

મેરૂતુંગના લખવા પ્રમાણે સંવત્ ૯૯૮ માં ૨૧ વર્ષને વયે તે સ્વતંત્ર રીતે ગાદિપતિ થયો. ર. ઉ.

૨ શેકસપિયર કવિ, પોતાના જોન રાજાના નાટકના ત્રીજા અંકના ચોથા પ્રવેશમાં એવા જ પ્રકારનો વિચાર લખે છે:-

ચાવડા વંશનો નાશ થઈ જવાથી, આસપાસના સર્વે રાજાઓને ગૂજરાતનું રાજ્ય લઈ લેવાનો લોભ લાગ્યો, તેમાં **મૂળરાજે**, પોતાનું નવું મેળવેલું રાજ્ય તેના શત્રુઓથી રક્ષવાને ઘણી ખંદાઈભરેલી યુક્તિઓ કરવા માંડી. ઉત્તરમાં [1]**નાગોર** અથવા **શાભર**(સામ્બર)નો રાજા જે એક લાખ ગામનો (સપાદલક્ષ) ધણી હતો, અને પછીથી તેનું રાજ્ય અજમેરને નામે પ્રસિદ્ધ થયું છે, તેણે એના ઉપર પ્રથમ હલ્લો કર્યો. તે જ વેળાએ [2]**તિલંગાના** રાજા **તૈલિપના**[3] સેનાપતિ **મારપે** ગૂજરાત ઉપર ચડાઈ કરી. **મૂળરાજનો** ઇતિહાસ લખનાર કહે છે કે, તેના પ્રધાને તેને સમજાવ્યો કે, ઘેટો જેમ પાછો હઠી

"જે રાજદંડ અન્યાયથી ખુંચાવી લીધો હોય, તે જેવા કલહભરેલા પ્રકારથી
"મેળવી લેવામાં આવ્યો હોય તેવા જ પ્રકારથી સાચવી રાખવો પડે છે, અને જે લપશી
"પડાય એવી જગ્યા ઉપર ઉભો રહે છે તેને નિર્બળ આધાર ટકાવી શકતો નથી."

૧ મેરૂતુંગ સપાદલક્ષ જણાવે છે, **ચોહાણરાજ વિગ્રહરાજ**.

૨ મિસ્તર **વાલ્ટર** એલ્લિયટે (રોયલ એશિયાટિક સોસાઇટીના પુસ્તકના ૪ ભાગના પાના. ૧ પ્રમાણે) **કલ્યાણના ચાલુક્ય** અથવા **સોલંકી** વંશનું વર્ણન કરતાં "**તૈલપદેવ**" નામના રાજા વિષે લખ્યું છે, તેણે શક ૮૯૫ થી ૯૧૯, (અથવા સન ૯૭૪ થી ૯૯૮) ૯૭૩-૯૭ સુધી રાજ કર્યું, તેથી તે **મૂળરાજના** સમયનો હતો, માટે બેશક અહિં **તૈલપ** લખ્યો છે તે જ એ **તૈલપદેવે માળવાના** બહાદુર રાજા **મુંજને** મારચો હતો એવું લખ્યું છે. મિ૦ એલ્લિયટે, કલ્યાણ રાજ્યની ઉત્તર દિશાની સીમા નર્મદા નદી લખી છે. (પ્રાચીન ગૂજરાતનો કર્ત્તા લાટ દેશનો **બારપ** કહે છે.)

૩ કીર્ત્તિકૌમુદીમાં લખ્યું છે કે, **લાટેશ્વરનો** સેનાપતિ **બારપ** જે બીજા કોઈનાથી હઠે નહિ એવો હતો તેને અસાધારણ પરાક્રમવાળા **મૂળરાજે** હણીને તેના હાથિયોનો સમૂહ લઈ લીધો.

ભાષાન્તરમાં **આચાર્ય વલ્લભજીની** કવિતા બીજા સર્ગમાં નીચે પ્રમાણે છે:-

હવે ચૌલુક્ય ભૂપાળ, પુરને પાળતો હતો
જીતી રાજ-સમાજોને, મૂળરાજ કરી છતો ૧
જિત-શત્રુથી છૂટેલી, કૃષ્ણનીવત્ ગુણે કરી
ગૂર્જરેશ્વર-રાજશ્રી, જેને પોતા થકી વરી- ૨
સેનાની લાટેશ્વરનો, અસામાન્ય પરાક્રમી;
તે બાર્પને હણી જેણે, હાથીસેના ગ્રહી દમી. ૩
પીડેલા છે શત્રુ જેણે, તે સ્વબાણોતણું રણે
નિશાન કચ્છભૂપાળ, લાખાનું કર્યું જેહણે ૪
હર્યું દારિદ્ર્ય દાનો દઈ, જિત્યા શૌર્યથી દુર્જનો
કીર્ત્તિએ રામને ઢાંકી, કર્યું રાજ્ય ઘણા દિનો. ૫

(પૃષ્ઠ ૧૩). ૨. ઉ.

વધારે જોરથી ટક્કર મારે છે અથવા વાઘ જેમ ક્રોધાયમાન્ થઈને નમી સંકોચાય છે તેમ વધારે મારાત્મક અસર કરે એવી તલપ મારી શકે છે તેમ તમારે તમારૂં પરાક્રમ પાછું ખેંચી રાખવું. આમ કહેવા ઉપરથી અથવા પોતાની નિત્યની પ્રપંચી રીત પ્રમાણે મૂળરાજ અણહિલવાડ તજીને, ઘણે આઘે અને કોઈનો હલ્લો થઈ શકે નહિ એવા કચ્છના નાકા ઉપર કંથકોટ[1] કિલ્લો છે તેમાં ભરાઈ પેઠો, તે એવી આશાથી કે ચોમાસામાં હરકત પડશે તેથી અજમેરના રાજાને પાછા જવું પડશે. પણ તે રાજાએ તો ચોમાસામાં પણ ટકાવ કર્યો ને જ્યારે નવરાત્ર આવ્યાં ત્યારે હલ્લો કરવાની તૈયારી કરી. મૂળરાજે કાંઈ [2]લાલચ આપીને અજમેરના લશ્કરને પાછું ક્હાડયું, પણ

---

૧ કચ્છના ભચાઉ તાલુકામાં આ કિલ્લો છે તે કંથાદુર્ગ અથવા કંથાગઢ પણ ક્હેવાતો હતો. ઇ. સ. ૯૪૩ માં જામ સાડજિયે પૂરો કર્યો અને તેના પિતા જામ મોડજિયે આરંભ કર્યો હતો. ૨. ઉ.

૨ મેરૂતુંગના લખવા પ્રમાણે (લાલચ આપી ક્હાડ્યા નથી પણ) નીચે પ્રમાણે બન્યું છે:—

નાગોર અથવા સપાદલક્ષના રાજાએ જ્યાં પડાવ નાંખ્યો હતો ત્યાં જ, શાકંભરી નામે નગરી વસાવી, પોતાની ગોત્રદેવીને ત્યાં જ મગાવી નવરાત્ર કરી મૂળરાજે લક્ષ-ણિકા કરવાના મિષે પોતાના સામંતોને સંકેતયુક્ત કંકોતરિયો લખી. તે પ્રમાણે ત્યાં જે આવે તેમનો સત્કાર કરવા માટે, રાજપુત્રોને અગાઉથી મોકલ્યા, અને પોતે પણ મુહૂર્તને સમયે સાંઢણી ઉપર બેશી આવી પ્હોંચ્યો. ને સપાદલક્ષની છાવણીમાં પેશી, તેના તંબુ આગળ જઈ, તેમાં પ્રવેશ કર્યો. સંકેત પ્રમાણે તેના સામંતો પણ ચાર હજાર ઘોડેસ્વાર સહિત આવીને તેના તંબુની આસપાસ વિંટળાઈ વળ્યા. મૂળરાજે સપાદલક્ષના ઉત્તરમાં કહ્યું કે, "આ ભૂમંડળમાં મારા સામો થાય એવો બળવાન્ મુકુટધારી હજી મેં "જોયો નથી. પણ આપ અહિં યુદ્ધાર્થે પધાર્યા છો તેથી યુદ્ધ કરવાનો પ્રસંગ મને પ્રાપ્ત "થયો તેથી હર્ષ થાય છે. પરંતુ તૈલિપનો સેનાપતિ બારપ અહિં ચડી આવ્યો છે તેને "શિક્ષા કરીને હું પાછો આવું ત્યાં સુધી આપે સુખે અહિં થોભવું. પછીથી યુદ્ધનો રસ "પરસ્પર આપણે ચાખીશું. આ વાત નિવેદન કરવાને હું આવ્યો છું." સપાદલક્ષે કહ્યું કે, "એક કટાર ઉપર ઝુઝવી આપ મારા જેવા શત્રુના અગણિત સૈન વચ્ચે થઈને આવ્યા "તો આપના સાહસિક ધૈર્યને ધન્ય છે! આપની સાથે મિત્રતા રાખવી યોગ્ય છે." મૂળરાજ ત્વરાથી ત્યાંથી ઉઠી પોતાના સામંતો સહિત સાંઢણી ઉપર પાછો સવાર થઈ બારપની છાવણી ઉપર તૂટી પડ્યો, ને તેની સેનાનો ઘાણ વાળી દઇને હર! હર! મહાદેવ! કહેતો જય મેળવી પાછો ફર્યો અને શાકંભરી ભણી આવ્યો તો સપાદલક્ષ તેનું બારપ સંબંધનું પરાક્રમ જાણી જતો રહ્યો હતો. આ બનાવથી પોતે ઘણો પ્રસન્ન થયો, અને આ પરિણામ અમર કરવાને તેણે મૂળરાજ વસહિકા અને મુંજાલદેવ સ્વામીનો પ્રાસાદ કરાવ્યો. કહે છે કે તેનો ભક્તિભાવ જોઈ સોમેશ્વર મહાદેવ તેના ઉપર પ્રસન્ન થયા અને મંડલિક નગરમાં તેને દર્શન આપ્યાં અને કહ્યું કે, "તારા અણહિલપાટણમાં

આ વિષે ધ્યાનમાં ઉતરે એવો કાંઈ લેખ નથી. પછી પોતાના પટાવતોને એકઠા કરીને **બારપ**ના લશ્કર ઉપર હલ્લો કર્યો ને તે સેનાપતિને ઠેર કર્યો તથા તેની ફોજમાં કાપાકાપ કરીને ભંગાણ પાડ્યું.[1]

"હવે નિવાસ કરું છું. તેનો પરચો તને સત્વર જણાશે." ત્યાં જોયું તો કૂવાનાં પાણી બધાં ખારાં થઈ ગયાં એટલે **સોમેશ્વર** પોતાના સેવક **સમુદ્ર** સહિત ત્યાં પધાર્યા સમજી તેણે ત્યાં **ત્રિમૂર્તિ**પ્રાસાદ કરાવ્યો એટલે સર્વે જળ પાછાં મીઠાં થઈ ગયાં.

ત્રિપુરુષપ્રાસાદને માટે પૂજારી ખોળતો, તે શ્રી **સરસ્વતી** કિનારે **કંથડી** નામે પવિત્ર તપસ્વી હતો તેની પાસે ગયો, પણ તેણે કહ્યું કેઃ-

अधिकारात्रिभिर्मासै र्माठपत्यात्रिभिर्दिनैः।
शीघ्रं नरकवाञ्छा चेत् दिनमेकं पुरोहितः ॥

"અધિકારીને ત્રણ માસે, અને મઠપતિને ત્રણ દિવસે, નર્કની પ્રાપ્તિ થાય "છે, પણ જો તે કરતાં એ તુરત નર્કપ્રાપ્તિની ઇચ્છા થતી હોય તો એક દહાડો જ "પુરોહિત થવું. માટે હે રાજન્! સંસારસમુદ્ર નિર્વિઘ્ને તરવા હું એવા લો- "ભથી દૂર રહ્યો છું." રાજાએ ધાર્યું કે સત્પાત્ર તો આ છે, ને એ માનતો નથી તો શું કરવું? પછી તેને ભિક્ષા આપવાના રોટલામાં તેના નામનું તામ્રપટ્ટ કરાવીને ઘાલ્યું, ને તે ભિક્ષામાં આપ્યું, ત્યારે છેવટે તેણે પોતાના એક રાજવંશી શિષ્ય **વયજલ્લદેવ**ને લઈ જવાની આજ્ઞા કરી. તે પ્રમાણે તેની પાસે જઈ તેને સેવા માટે ૩૨ વારાંગના, ૮ પલ કેસર, ૪ પલ કસ્તુરી, ને ૧ પલ કપૂર ન્હાવા માટે, તથા આચ્છાદન કરવા માટે સિતાતપત્ર (શ્વેતછત્ર), ગ્રામ સહિત આપવાનો કરાર કરી તેડી લાવ્યા અને **ત્રિપુરુષ**-ધર્મસ્થાનના અધિકારીનો તેને અભિષેક કર્યો. તે સ્થાન, કંકરૌલ એટલે **કાંકરોલ** નામના ગામથી આજે પણ ઓળખાય છે.

આ પૂજારી રાજવંશી હતો તેથી દેવાલયમાં રાજવૈભવ જેવી ધામધૂમ રાખતો હોવાથી **મૂળરાજ**ની રાણીને તેના બ્રહ્મચર્ય વિષે શક ઉત્પન્ન થયો હતો, તેથી એક રાત્રિયે ત્યાં પૂજાપો લઇને ગઈ, પણ **વયજલ્લદેવ** તેની વૃત્તિ સમજી ગયો ને તેના ઉપર પાન ખાધેલા મુખની પીચકારી મારી. તેના ઓગળનો સ્પર્શ જે જે સ્થલે થયો તે તે સ્થલે તે રાણીને કોઢ નીકળ્યો. પણ બ્રહ્મચારીની અતિ પ્રાર્થના કરવાથી તેણે પોતાના ન્હાયલા પાણીથી તેને ન્હાવાની આજ્ઞા કરી તે પ્રમાણે કરતાં તેને થયેલો કોઢ મટી ગયો.

ર. ઉ.

૧ **નાંદોલ**ના **ચોહાણો**ની દંતકથા વિષે નીચેનું કથન છે તે ઘણું કરીને આ વિષે છેઃ-

"સંવત્ ૧૦૩૯ મા (સન ૯૮૩), **પટ્ટણ** શેહેરના આથેના દરવાજા આગળ **લાખણરાવ ચોહાણ** જકાત ઉઘરાવતો હતો. તેણે **મેવાડ**ના રાજા પાસેથી ખંડણી લઈને તેની મરજી પ્રમાણે જે કરવાનું હશે તે કર્યું.—**ટૉડ**કૃત **રાજસ્થાન** ભાગ ર જો પૃષ્ટ ૪૪૬.

મેરુતુંગ પ્રબંધ ચિન્તામણિમાં લખે છે કે **સપાદલક્ષીય** (**ચોહાણ** રાજા **વિગ્રહરાજ** બીજો) રાજાએ **મૂળરાજ** ઉપર ચડાઈ કરી, તેવે સમયે **તૈલપ** દેશના રાજા **તૈલપ**ના સેનાપતિ **બારપે** પણ તેના ઉપર આક્રમણ કર્યું પણ તેમાં તે મારયો ગયો. તેના ઘોડા ને હાથી **મૂળરાજે** લઈ લીધા.

શત્રુઓથી મુક્ત થયા પછી, **મૂળરાજે અણુહિલવાડમાં** કેટલાંક ધર્મનાં સ્થાન બંધાવવા માંડ્યાં, તેમાં પ્રખ્યાત **મહાદેવનું** દેરૂં **સિદ્ધપુરમાં રૂદ્રમાળા** છે, તે પૂરૂં કરવાને તે જીવ્યો નહિ. એમ ક્હેવાય છે કે, **શિવની** તેણે ઘણી ભક્તિ કરી હતી, તેથી તે **શિવે** તેના ઉપર પ્રસન્ન થઈને, જેમાં **સોમનાથ મહાદેવનું** સર્વ દેરાંઓમાં સ્મરણયોગ્ય દેરૂં છે તે સુધાંત, **સોરઠ** દેશનું રાજ્ય આપ્યું. **સોરઠ** મળવા વિષેનો વૃત્તાન્ત પ્રખ્યાત **હેમાચાર્યે** પોતાના **દ્વ્યાશ્રયમાં** આપ્યો છે તેમાંથી એક ભાગ અમે નીચે આપિયે છિયેઃ—

જૈન આચાર્ય ક્હે છે કે, "**મૂળરાજ** જગત્પ્રતિપાલ હતો; તે ઉદાર "મનનો, સદ્ગુણોથી ભરેલો હતો. સર્વ રાજા **સૂર્યની** પેઠે તેની પૂજા કરતા "હતા, ને જે લોક પોતાનો દેશ તજીને ત્યાં આવી વસતા હતા, તેઓ "એના રક્ષણ નીચે સુખ પામતા હતા; તે કારણથી તેને ચક્રવર્તી એવું પદ "મળ્યું, તેના શત્રુમાંથી અર્ધા તો તેણે ઠ્ઠર કર્યા, ને અર્ધાને ભીખ માગતા "કરીને, નાત બ્હાર ક્હાડી મૂકેલાની પેઠે, શહર બ્હાર કર્યા. તેમની "સ્ત્રિયોએ કુવાનાં દેડકાંની પેઠે, ઘરના આંગણા બ્હારનું કાંઈ પણ જોયું "ન હતું તેઓને વગડામાં ભટકતાં, ભીલોએ પકડીને શેહેરમાં ગુલામની પેઠે વેચી."

એક સમયે **સોમનાથ મહાદેવે મૂળરાજને** સ્વપ્નમાં દેખા દઈ, આજ્ઞા કરીકે, "**ગ્રાહરિપુ**[1] અને બીજા દૈત્યોએ **પ્રભાસતીર્થનો** નાશ કર્યો છે માટે "તેઓને પૂરા કરય, મારા પ્રતાપથી તું જય પામીશ."

---

૧ **ચંદ્રવંશમાં આદિ નારાયણથી** ચોથા પુરૂષ **ચંદ્રમા** થયા તેના વંશજ **ચંદ્ર**-વંશી ક્હેવાયા. દશમા પુરૂષ **યદુ** થયા તેના કુળના **યાદવ** અથવા **જાદવ** ક્હેવાયા. ૫૪ મા પુરૂષ **શ્રીકૃષ્ણ યાદવ** થયા તેમનો કુમાર, ૫૫ મો પુરૂષ **સામ્બ** થયો તે **મિશ્ર** (ઈજીપ્ત) દેશમાંના **શોણિતપુરના** રાજા **બાણાસુર** પછી થયલા રાજા **કૌભાણ્ડની** કુંવરી રામા વેરે પરણ્યો હતો, તેથી તેને ૫૬ મો પુરૂષ ઉષ્ણીક નામે કુંવર થયો, તે **યાદવા**-સ્થલી થઈ ત્યારે પોતાને મોસાળ **શોણિતપુરમાં** હતો. તે **કૌભાણ્ડને** કુંવર ન હોવાથી તેની પછી ગાદીનો વારસ થયો. તેના વંશમાં ૧૩૫ મો **દેવેન્દુ** નામે ઇસવી સનના છઠ્ઠા સૈકાને અંતે **શોણિતપુરમાં** રાજા થયો; તેને ચાર કુંવર ૧ **અસપત** (**અશ્વપતિ**) ઉર્ફે ઉગ્રસેન, ૨ ગજપત (ગજપતિ), ૩ **નરપત** (નરપતિ), અને ૪ **ભૂપત** (ભૂપતિ) નામે થયા. તેમના વખતમાં હજરત **મહમદ** પેગમ્બરે **મુસલમાન** ધર્મ ચલાવ્યો. **મિશ્ર** દેશની કેટલીક પ્રજા **મુસલમાન** થઈ. આ ચારે ભાઈઓને **મુસલમાન** થવાની ફરજ પાડવામાં આવી ત્યારે પોતાનું રાજ્ય છોડ્યું અને ત્યાંથી નાઠા. મ્હોટો ભાઈ **અસપત** મુસલમાન થયો, બાકીના ત્રણ ભાઈ આગળ ચાલતા હાલના **અફગાનીસ્તાનમાં** આવ્યા, ત્યાં, એ ત્રણમાંથી મ્હોટા ગજપતે પોતાને નામે, વિક્રમ સંવત્ ૭૦૮ (ઈ. સ. ૬૫૨)ના **વૈશાખ** શુદિ ૩ શનિવારે રોહિણી

બીજે દહાડે સવારમાં, મુકુટધારી રાજાઓ રીત પ્રમાણે દરબારમાં હાજર થઈ ગયા. એટલે સોલંકી રાજાએ પોતાના પ્રધાન જંબક અને ખેરાલુના

નક્ષત્રમાં ગજની નામે શહર વસાવ્યું. અને નરપતને ત્યાંનો જામ (રાજા) સ્થાપ્યો. ગજની અને ખુરાશાન વચ્ચેના પ્રદેશમાં ભૂપતે પોતાનું રાજ્ય સ્થાપ્યું. તેના વંશના ભટ્ટી કે ભાટી કહેવાયા. તેમને કેટલીક મુદતે ખુરાસાનના રાજાએ ત્યાંથી હાંકી કહાડ્યા, એટલે પંજાબમાં આવી સલભાણ્ણા શહર (લાહોર કે તેની નજીકમાં હશે) આબાદ કરી રાજ્ય સ્થાપ્યું. પરંતુ ત્યાંથી પણ તેમને દુશ્મનના ભયથી ભાગવું પડ્યું તે સિંધ અને મારવાડ વચ્ચેના પ્રદેશમાં આવ્યા. ત્યાં ઉમરકોટના પરમાર રાજા તથા ઝાલોરના સોનિગરા સાથે લગ્નસંબંધ બાંધ્યા. આ પ્રમાણે કરી રણમાં "તણોત"નો કિલ્લો સંવત્ ૭૮૭ માં બાંધી રાજધાની કરી. તણોતથી રાવળ દેવરાજે પોતાના નામ ઉપરથી દેવરાજ કિલ્લો બાંધી રાજધાની કરી. તેની છઠ્ઠી પેહેડિયે રાવળ જેસલ થયો, તેણે તે શહરથી દશ માઈલ ઉપર પોતાને નામે સારા બચાવવાળો જેસલમેર નામે કિલ્લો ઇ. સ. ૧૧૫૬ માં બાંધ્યો. ત્યારથી તેના વંશજોની રાજધાની ત્યાં છે.

ઉપર કહેલ ગજપત પોતાના કુંવર—૧ સાલબાહન, ૨ બલંદ, ૩ રસલુ, ૪ ધર્મગંધ, ૫ બાચા, ૬ રૂપ, ૭ સુન્દર, ૮ લેખ, ૯ જસકર્ણ. ૧૦ નેમા, ૧૧ માત, ૧૨ નિમક, ૧૩ ગંગેવ, ૧૪ જગેવ, અને ૧૫ જયપાળ એમ પંદર કુંવર સહિત હિન્દમાં આવ્યો. તેની કેટલીક પેહેડિયે નગર કઠ્ઠામાં ચૂડચંદ્ર, (ચૂડાચંદ્ર) જાદવ થયો, તે સૌરાષ્ટ્રમાંના વામનસ્થલી(વંથલી)ના રાજા બાલારામ ચાવડાનો ભાણેજ થતો હતો; તે ઉપરથી બાલારામે, પોતાના કુંવર સાથે સંતોષ ન હોવાથી, ચૂડચન્દ્રને પોતાનો વારસ બનાવ્યો. એના વંશજો ચૂડાસમા કહેવાયા.

श्री चन्द्रचूडे चूडाचन्द्रे चूडा समानमवृत यतः

जयति नृपहंसवंशात्तंसः संसत्प्रशसितो वंशः

(ચૂડચન્દ્ર એટલે શિવ, કેમકે શિવે ચન્દ્રને પોતાને મસ્તકે ધારણ કરયો છે, તેમ આને બીજાએ કબૂલ્યો તેથી ચૂડચન્દ્ર થયો.) આ સંસ્કૃત કવિતા અશુદ્ધ છે.

વામનસ્થલીની ગાદિયે ચૂડચન્દ્ર ઈ. સ. ૮૭૫થી ૯૦૭ સુધી. તેનો કુંવર હમીર પોતાના પિતાની હૈયાતીમાં મરણ પામવાથી તેનો કુંવર ૨ મૂળરાજ ચૂડચન્દ્ર પછી ગાદિયે બેઠો, ઈ. સ. ૯૦૭થી ૯૧૫ સુધી. તે પછી તેનો કુંવર ૩ વિશ્વવરાહ ઈ. સ. ૯૧૫થી ૯૪૦ સુધી. તેણે રાહ પદવિ ધારણ કરી. તે પછી ૪ ગ્રહઅરિસિંહ (રાહગારિયો ૧ લો કે ગ્રહરિસિંહ) ઉર્ફે ગ્રાહરિપુ થયો. તેણે ઈ. સ. ૯૪૦થી ૯૮૨ સુધી રાજ્ય કર્યું. એ મહા બળવાન્ હતો એનાથી દિલ્હી, દેવગઢ, લંકા વગેરેના રાજા ડરતા હતા. એ અણહિલવાડના રાજા મૂળરાજ સોલંકી સાથેની લડાઈમાં ઈસવી સન ૯૭૯ માં હાર્યો. એણે જૂનાગઢનો ઉપરકોટ બાંધ્યો છે.

ગજની શહરની ગાદિયે જામ નરપત બેઠો તે પછી તેનો કુંવર (૧૩ મો) પુરૂષ સામ્પત ઉર્ફે સમો થયો, તેના વંશના સમા કહેવાયા (જે પાછળથી જાડેજાને નામે પ્રસિદ્ધ થયા). જામ સમાને મુસલમાનો સાથની લડાઇમાં ગજની ખોવું પડ્યું. ત્યાંથી

રાજા જેહુલને પૂછ્યું કે, "મહાદેવની આજ્ઞા પાળવાને શો ઉપાય કરવો જોઇયે" વળી તેણે કહ્યું કે[1] "આહરિપુને મેં આગળ પાડ્યો છે; પણ તેનો

તેણે બલોચીસ્તાન અને સિન્ધ વચ્ચેની હદમાં આવી રાજ્ય સ્થાપ્યું. તેની દશમી પ્હેડિયે (૧૪૬મો) લાખિયારભડ થયો, તેણે સમે નગર (પાછળથી નગરઠઠ્ઠા) વસાવી રાજગાદી કરી. તેનો કુંવર (૧૪૭) લાખોજી (ઉર્ફે લાખો ધુરારો) થયો, તેની પછી તેનો ન્હાનો કુંવર ઉન્નડજી ગાદિયે બેઠો અને મ્હોટો કુંવર (૧૪૮) મોડજી કચ્છમાં આવી પાટગઢનો રાજા વાઘમ ચાવડો જે તેનો મામો થતો હતો તેનું રાજ્ય લઈ ઇ. સ. ૮૧૯ માં ગાદિયે બેઠો. તે પછી તેનો કુંવર ૧૪૯ સાડજી થયો, તેણે કચ્છના વાગડમાં કંથકોટનો કિલ્લો, ઇ. સ. ૮૪૩ માં તેના બાપે બાંધવા માંડ્યો હતો તે, પૂરો કર્યો. તે પછી તેનો કુંવર (૧૫૦) ફૂલજી થયો, તેણે ઇ. સ. ૮૫૫ થી ૮૮૦ સુધી રાજ્ય કર્યું. તે પછી તેનો કુંવર લક્ષરાજ (લાખાક) ઉર્ફે લાખોજી કે લાખો ફૂલાણી થયો. તેણે ઇ. સ. ૮૮૦ થી ૯૭૯ સુધી રાજ્ય કર્યું.

આ ઉપરથી જણાશે કે લાખો ફૂલાણી અને આહરિપુ પોતપોતામાં પિત્રાઈ થતા હતા.

૧ "મેં જ આહરિપુને ગાદિયે સ્થાપ્યો છે, પણ એ કુલક્રમમાં જન્મેલો માટે "નિર્લજ્જ, પરિવ્રાજકોનો હિંસક નિકળ્યો; ત્યારે હું પૂછું છું કે, હું એનો નાશ શી રીતે "કરૂં? કેમકે, પોતે જ જેને સ્થાપેલો છે, તેને પોતેજ ઉખેડે એમ હું એનો વિનાશક શી "રીતે થાઉં? એમ કયો ઉર્જ (સાત્વિક) પુરૂષ કરે? વધ્યત્વ અને અવધ્યત્વરૂપ વિરૂદ્ધ "કાર્યની પ્રાપ્તિ થઈ માટે શું કરવું જોઇયે તે તમે કહો.

"ભીતિના અસ્થાન અને મતિના પરમ ધામ, શત્રુના સંહારનારા, હે મહાશય! "જંબક! તમે બૃહસ્પતિ જેવા છો, અને જેહુલ! તમે શુક્ર જેવા બુદ્ધિમાન્ છો, તો તમે "એક પણ ક્ષણ વિલંબ કર્યા વિના જ યોગ્ય હોય તે કહી દ્યો." ત્યારે જેહુલ બોલ્યો:-

"ચર્મવતી નદી(રૂધિરની ચર્મ સહિત વ્હેતી નદી)ના સર્જનાર (બહુ યજ્ઞ "કરનાર રંતિદેવ) જેવા, તથા રૂમણ્વાન્ (પર્વત) જેવા અતિ ઉન્નત, અને કક્ષિવાન્ "જેવા સંપૂર્ણ ધાર્મિક! હે સર્વ ભૂપતિએ ઘુંટણ વાળીને નમન કરાયલા! એ આહીર "(આભીર) ગયેડા(ચક્રીવાન્)ને ઉદ્દેશીને જે શંભુએ આપને કહ્યું તે યુક્ત જ છે.

"ઉદનવાન્=ઋષિ (જેનામાં પાણી છે એવો) તેના અપત્ય=ઔદનવત તેમનો દ્રોહ "કરનારો-ઔદનવત=એ નામના આશ્રમમાં થયેલા ઋષિઓનો દ્રોહ કરનાર એ સુરાષ્ટ્ર "દેશના રાજાએ મારી નાંખેલા (તીર્થપાંથ) તીર્થયાત્રા કરનાર લોકનાં અસ્થિચર્માદિથી "છવાયલી, સમુદ્રકિનારે આવેલી પ્રભાસભૂમિ પ્રયત્નવાન્ને પણ અગમ્ય થઈ પડે છે.

"જે સુરાષ્ટ્રભૂમિ શ્રીવિષ્ણુએ કરીને ઉત્તમ રાજાથી યુક્ત (રાજનવતી) હતી, તેને "દલિમ નામના અસ્ત્રવાળા હોવાથી ઉર્મિ (લહેરો) સહિત સમુદ્ર જેવા ભયંકર જણાતા, "અને કૃમિના રોગવાળાના જેવી શૌર્યની ગરમીની ચેળ થયેલા, આ રાજાએ, નઠારા "રાજાવાળી કરી નાંખી છે.

"હાથમાં યવ લીધેલા એવા જે મુનિયો તેમની ગાયો, માહિષ્મતીપુરીના ઈશ (કાર્ત- "વીર્ય-સહસ્રાર્જુન) પેઠે હરનારો, વૃષભના જેવો સ્કંધવાળો, ભાનુમતીના પતિ (દુર્યોધન) "જેવો આ, ગરૂડધ્વજ (કૃષ્ણની ધ્વજા ઉપર ગરૂડનું ચિહ્ન છે), અને કપિધ્વજ (અર્જુનની

"કોઈ એવા ચોઘડિયામાં જન્મ થયો છે કે તે નિર્લજ્જ થઈને યાત્રાળુ "લોકોનો નાશ કરે છે. મેં એને અધિકાર આપ્યો છે એ વાત ખરી, પણ

"ધ્વજા ઉપર હનુમાનનું ચિહ્ન છે (કૃષ્ણાર્જુને વસવા યોગ્ય વામનસ્થલીમાં (ગ્રાહરિપુ "જેવો નઠારો રાજા) વસે છે.

"રાત્રિયે હુમલો કરનારો, રાત્રિયે પણ ન સૂઈ જનારો, અને ઉગ્ર બાહુવાળો, તથા આસન વાળીને પણ બેસતો નથી એવો ગ્રાહરિપુ હોતાં, વીશ હાથવાળા (રાવણ)નો "ભાઇ વિભીષણ જે ચિરાયુ છે તેથી તીર્થોમાં ભ્રમણ કરે છે તે પણ મને લાગે છે કે "(આ નઠારાને હાથે) પ્રભાસમાં મહિનો કે દોઢ મહિનો રહેવા ઇચ્છે તો પણ તે રહી "શકે એમ નથી.

"હૃદયથી જ દુષ્ટ, લોકોના હૃદયને સાલતો, ને રાવણથી ચતુર્થાંશ કે અષ્ટાંશ ઓછો "હોય તેવો, અને સમુદ્રના જળથી પણ ન અટકાવી શકાય એવો, આ, લોહી પીનાર "(રાક્ષસો)ને શત્રુના લોહીથી ખુશી કરે છે.

"અને નીકળી પડતાં લીડાં તથા આંતરડાંવાળા, લાંબા દાંતવાળા, શત્રુના હાથીના "સમૂહને, યમના દંત જેવાં અસ્ત્રથી હણતો, મદ્યપાનાદિના જેવા રક્તપાનથી, તેમ વિષ્ઠા "જેમાંથી નીકળી ગયેલી છે એવાં આંતરડાંથી પિશાચીને (આ રાજા) સંતોષ પમાડે છે.

"તીર્થમાં ફરનાર જનોના શત્રુએ, (ગ્રાહરિપુએ), વ્યાઘ્રપાદના અપત્ય ઋષિ, જેમની "દૃષ્ટિ નિરન્તર નાસાગ્ર ઉપર જ ઠરી રહે છે, જેમનું મન નિરંતર દ્વિપદ્યાદિ છંદો રચ- "વામાં રમે છે, ને જે મનુષ્ય માત્રના હિતમાં જ નિરત છે, તેમનો, નાક કુંગરાવીને "અનુચિત વચન બોલી તિરસ્કાર કરયો.

"મનુષ્ય માત્ર પ્રતિ, દુષ્ટતા કરતા એવા, કેવલ અક્કલ વિનાના તથા સર્પનાં જેવાં "કુટિલ કર્મ કરનારા, તેમ ચતુર્થાંશ ભાગ લેવાનો કહીને લોકો પાસેથી આખુંએ તાણી "લેનારા, આ દુષ્ટથી ધર્મ કેમ આપત્તિમાં ન આવે?

"પશ્ચિમ દિશાનો પતિ (એ ગ્રાહરિપુ) દક્ષિણ તથા ઉત્તર દિશાના રાજાને પશુની "પેઠે પોતાની આગળ પગે ચાલતા કરીને, અતિ અહંકારભર્યો, હૃદય તથા ચક્ષુ તેમાં "નાથી ઊંચાં ને ઊંચાં રાખીને સ્વર્ગને જ રસ્તે જતો હોય, તેમ અદ્ધર ચાલે છે.

"ઘણા વિદ્વાનો છતાં પણ કેવળ પાપિષ્ટની સંગતિમાં રહેનારા, પુરૂષોને વિષે "ધર્મનો જાણનાર છતાં પણ, પાપમાં જ રમનારા, એવા અતિ રૌદ્ર અસ્ત્રાદિના નૈપુણ્ય- "વાળા, આ રાજાનાં ચરિત્ર, તેનાથી ત્રાસીને નમી જતી પૃથ્વી જ જાણે છે. (બીજો કોઈ "જાણી શકતો નથી.)

"અતિ ક્રૂરતાએ કરીને વરૂ જેવા, તથા ઈન્દ્રના વૈભવની ઇચ્છા રાખનાર, આ "યુવાનની, કૂતરાના પુચ્છડા જેવી વાંકી બુદ્ધિ, ઇન્દ્રાણીને ભોગવતા ઇન્દ્રને પણ કાંટાની "પેઠે સાલે છે.

"જવાનીના મદથી શ્વાનના જેવી ઉન્મત્તતાવાળા, અને યુવતિયોના લંપટ, તથા "ઇન્દ્રથી પણ ન બ્હીનારા, એણે, રાજાઓને લોહીથી ભરેલા (રૂધિરાક્ત) બાણોવતી હણી "હણીને તેમની રોતી રાણિયોને પોતાના અંતઃપુરમાં રાખી છે.

"એનાં કર્મ આવાં છે ત્યારે મારે એનો નાશ કરવો કે નહિ." આ પ્રશ્નના ઉત્તરમાં જેહુલે ગ્રાહરિપુનાં દુષ્ટ કર્મ ગણાવીને ઉત્તર આપ્યું કે:-

---

"સામવેદમાં (રથંતર અને બૃહદ્રથંતર) સામ જેવા, વૃત્ર તથા અર્જુનના બળ-
"વાળા, રાજાઓને બંદીવાન્ કરી રાખનારા, સુંદર અશ્વવાળા, દુષ્ટ કર્મ કરનારા, એવા
"આ પાપના દિવસ રૂપ રાજાને જોઈ કોણ નમતું નથી?

"શતઘ્ની એ નામના આયુધથી હજારો બ્રાહ્મણને મારી નાંખવાને લીધે, યજ્ઞ માત્ર
"બંધ થયાથી પૃથ્વીને પ્લીહ રોગ જેવા આ રાજાનાથી (ત્રાસીને) પોતાનો યજ્ઞભાગ ન
"મળવાથી ક્ષુધાતુર થયેલો ઈન્દ્ર, આજ ને આજ જ, આ દુષ્ટને પૃથ્વીપતિ બનાવનારા
"વિધિને ધિક્કારશે.

"વિશાળતાથી દીપતાં, મદથી ડોલતાં, ચલવિચલ થતાં, ને એમ યમની પણ
"સ્પર્ધા કરતાં, અને પૃથ્વી તથા આકાશને ગળી જવાને તત્પર, એવા એનાં નેત્ર, તે
"પણ, એવા જ એના તનુને યોગ્ય છે.

"જ્યારે એની પાસેના ભાથામાંની ચપલતા શત્રુઓ પ્રતિ ધૂણે છે, દળે છે, ફેંકી દે
"છે, ત્યારે દેવતાઓ પણ જ્યાંથી નાશી ગયા છે એવું સ્વર્ગ, દેવતાના પુનરાગમનને
"ઇચ્છતું સર્વ, સ્વર્ગ કેમ કહેવાઈ શકાય?

"કારક જેમ અનેક ક્રિયાઓનો, તેમ તે મહા મહા પાપનો હેતુ છે, સ્વતંત્ર છે.
"કુકર્મનો કર્ત્તા છે; ને વિશ્વને અતિ તાપ આપે છે, દિશા માત્રમાં રખડે છે, સમુદ્રને
પણ તરી જાય છે, દુર્ગુણમાં પણ પેસે છે, ને જરાએ ભય પામતો નથી.

"રમતમાં પણ ફરતાં ભૂપતિઓને ભડકાવે છે, પૃથ્વીમાંથી દ્રવ્ય માત્ર ખેંચી લે છે, તેમ તે ઉપર અધર્મ જ પ્રવર્તાવે છે, મુનિઓ પાસે કાંઈ ભણતો નથી (એટલું જ નહિ) પણ તેમની વૃત્તિનો પણ રોધ કરે છે, તેમને સન્માર્ગ પૂછતો નથી, ને ઉલટું તેમની પાસેથી કર લે છે.

"રત્નાકરમાંથી રત્ન તાણી લે છે, (છતાં) કૂબેરના ભંડારની ઇચ્છા કરે છે, યુદ્ધમાં પ્રતિપક્ષિયો એની પાસે પોતાના પ્રાણ યાચે છે ને એને પોતાના સ્વામી રૂપે સ્વીકારે છે.

"રાવણ પોતાનાં પુરમાં પરસ્ત્રીને ખેંચી ગયો હતો; કાર્તવીર્ય મુનિની ગાય ચોરી ગયો હતો; પોતાની બ્હેનના બાળકને કંસ મારી નાંખતો હતો; શું એ ત્રણે પાસેથી અનીતિ આ દુષ્ટ શીખ્યો છે?

"સિંધુપતિને મથી નાંખીને ગજ, અશ્વ, ગાય આદિ દંડમાં લઈ લીધાં, ને એની યુક્તિથી મહીધરો પરસ્પર વિરોધવાળા થઈ પડ્યા; એમ એણે સિંધુપતિ અર્થાત્ સમુદ્રનું મંથન કરી ઐરાવત, કામધેનુ, અને ઉચ્ચૈ:શ્રવા લેનાર, તથા મહીધર એટલે પર્વતની પાંખો તોડી નાંખનાર ઇન્દ્રના ગુણ, દંડ રૂપે ગ્રહણ કર્યા છે. યમને પણ ઘાત કરવા પ્રેરે છે, પણ પોતે યમથી પ્રેરાતો નથી.

"એણે પૃથ્વીને સૈન્યના સમૂહથી ખેદ પમાડ્યો છે, શેષનાગને ભારથી પીડા બતાવી છે, શત્રુને યમપુરી બતાવી છે, ને પિશાચોને તેમનું માંસ ખવડાવ્યું છે.

"કેદ કરેલા રાજાદિને એણે અતિ કઠોર વચન સંભળાવ્યાં છે, ને તેમને એણે દંડની રકમો કહી સંભળાવી છે; વૈરીના માથા ઉપર પગ મૂકતાં એણે ઉગ્ર તેજથી કોને રાંધી નાંખ્યા નથી?

"એ ભરવાડ[1] ઘણો જુલ્મી છે;" શ્રીકૃષ્ણના રાજ્યના વારાથી, જે "ગાદી પ્રતાપથી પ્રકાશ પામતી એના વખત સુધી ચાલતી આવી છે તે

"એ, ઉજ્જયંત ઉપર મૃગયા રમતાં કૂતરાનાં ટોળાં પાસે ચમરીવાળી ગાયોને મરાવી, તેમને જ તે ખવરાવે છે; ને એ ચિત્ર રંગના કૂતરાનાં ટોળાંને પ્રભાસના આશ્રમોમાંની ચીસો પાડતી હરિણિયો પણ ખવરાવી દે છે.

"જગત્ માત્રને અભક્ષ્ય એવું ભક્ષ કરનાર, અને અખિલ જગતને પણ કુકર્મમાં પ્રેરનાર એવા એને હવે દૂત પાસે કેહેવરાવવું કે બોલાવવો એ કામનું નથી. પલાણ સહિત હાથીની સેના તૈયાર કરાવો, અને તેને કબજે કરવા માટે સેનાપતિને આજ્ઞા કરો!

"જે પ્રજા માત્રને કુમાર્ગે ચડાવે, તેવાને મૃત્યુમાર્ગે ચડાવવો જોઇયે. જે જે એવા એવા કુમાર્ગે વર્તાવનારને દંડ ન કરે, તે તેના પાપથી પોતાનો ધર્મ ખૂએ.

"તમે જો એને દંડ નહિ આપો, તો એ, પોતાના બળથી યમને પણ ગણકારશે નહિ (તો તમ જેવાની શી દશા?) કેમકે સત્પુરૂષોએ ઉપેક્ષિત એવા દુષ્ટ લોકો કોને કોને પોતે ખરાબ કરતા નથી?

"દુષ્ટ નીતિવાળા (છતાં બાહ્યાચારથી અનુકૂલ જણાતા) એવાને તમે કેમ અદ્યાપિ પ્રસન્નતાથી નિહાળો છો? એવા કપટીનો જરા પણ સત્કાર કરો નહિ; જે ન્યાયી છે, તે ન્યાયને જ નમે છે.

"હે નાથ! રાત્રિયે તમને જેણે કહ્યું છે તે નાયને અર્થાત્ શિવને જો તમે (પ્રસન્ન કરવા) ઇચ્છતા હો, કે ઉત્તમ યશ પ્રાપ્ત કરવા ઇચ્છતા હો, કે તમારા વંશના ધર્મને, કે સ્મૃતિપ્રોક્ત ધર્મને સંભારતા હો, તો આ સંબંધે તો ક્રોધ ઉપર દયા કરો, ક્ષમા ઉપર નહિ.

"શ્રી શંભુ તમારા સ્વામી થઈ તમને 'તું જ તેને શાસન કરવા સમર્થ છે' એમ કહી ગયા છે, તો સૈન્ય તેમ બુદ્ધિ ઉભયને એના વધ માટે શુદ્ધ કરી તૈયાર કરો, કેમકે શત્રુની ઉપેક્ષા રૂપી વ્યાધિ (તે ઉપેક્ષા કરનાર રાજાને જ નહિ) પણ આખા રાજ્યને પીડા કરે છે.

"પૃથ્વીને સંતાપ કરનાર તથા તેને ચૂશી ખાનાર એવા એ વ્યાધિને હણવાના સંબંધે આપને ઉપદેશ કરવાની જરૂર નથી, પૃથ્વીને પીડા કરનાર પર્વતગણની પાંખ છેદવામાં ઇન્દ્રને કોણે પ્રેરણા કરી હતી?

"લોકને પીલી નાંખનાર શત્રુને દંડ ન દેનાર રાજા આખી પૃથ્વીને પીલે છે. માટે જો એમ ન કરવું હોય તો પ્રજાને રંજાડનાર આ દુષ્ટને રંજાડો.

જેમ ઇન્દ્રે જમ્ભને હણ્યો, જેમ જલશાયી વિષ્ણુએ મધુને હણ્યો, અને પુર દૈત્યને શંભુએ હણ્યો, તેમ હે રાજા! પૃથ્વીને પીડનાર આ પાપને તું હણ." (શ્લોક ૫૯ થી ૯૫ સર્ગ ૨ જો.) દ્વ્યાશ્રયનું ભાષાન્તર પૃ. ૩૭ થી ૪૩. પ્રો. મણિલાલ નભુભાઇ દ્વિવેદીકૃત.

૧ ઉપર જણાવ્યા પ્રમાણે ગ્રાહરિપુ યાદવ કુલનો હોવાથી તેને આભીર (આહિર) એટલે ગાયો ચારનારો ગણી આ ઠેકાણે ભરવાડ લખ્યો છે.

"ગાદિયે બેશીને **સૌરાષ્ટ્ર**માં તે રાજ્ય કરે છે. યાત્રાળુ લોકો **પ્ર**ભાસ ભણી "જાય છે તેઓને મારીને તેમનાં હાડકાં અને માંસ ધોરી રસ્તામાં વેરે છે. અને "જે **વામન**સ્થળીમાં હનુમાન અને ગરૂડની ધજાઓ ફરૂકતી તેમાં **રાવણ**ની[1] પેઠે "નિર્ભયપણે રાજ્ય કરે છે, અને ચોરોને બીજી પવિત્ર જગ્યાઓમાં વસવા "દે છે; બ્રાહ્મણોનો તે તિરસ્કાર કરે છે, અને વટેમાર્ગુઓને રસ્તા વચ્ચે "લૂંટી લે છે; તેથી ધાર્મિક લોકોનાં હૃદયમાં તે તીર પ્રમાણે ખટકે છે. તે "જવાન છે, કામી છે, અને મોહનો ભરેલો છે; તેથી, પોતાના શત્રુઓનો નાશ "કરીને તેઓની સ્રીયોને જોરાવરીથી પોતાના અંતઃપુરમાં ખેંચી જાય છે. "આ જંગલી પુરૂષ **ગિર**નારના પર્વત ઉપર ભટકતો ફરે છે, અને **પ્ર**ભાસ "આગળનાં હરિણોનો શિકાર કરે છે. તે ગાયનું માંસ ભક્ષણ કરે છે, દારૂ "પિયે છે અને લડાઈમાં તેના શત્રુનું રૂધિર ભૂત, પ્રેત અને તેમના ચરને "પાય છે. આ પશ્ચિમ દિશાના રાજા **ગ્રાહરિપુ**એ[2] **દ**ક્ષિણ અને **ઉ**ત્તરના "ઘણા રાજાઓને તેમના રથ મૂકીને નસાડી મૂક્યા છે; તેથી, જાણે તે કોઈની "પરવા રાખ્યા વિના સ્વર્ગના રાજ્યની જિત મેળવવા ધારતો હોય તે પ્રમાણે "ઉંચું જોઈ ચાલે છે. **ગ્રાહરિપુ** **ય**મપુરીના **ય**મરાય જેવો વિકાળ શરીરનો "છે, સ્વભાવમાં પણ તે તેના જેવો જ છે, ને આખી **પૃ**થ્વીને જાણે હવણાં "ગળી જશે અને વૈકુંઠને જતોને બાઝશે એવો દેખાય છે. ને તેના રાજ્યમાં "હુન્નરી માણસો છે, તેઓ એ દુષ્ટના સંગથી પોતાનો હુન્નર બધી જાતનાં "એવાં હથિયાર બનાવવામાં વાપરે છે કે તેના ઝપાટામાંથી કોઈ પણ બચ્યા "શકે નહિ, ને ધર્મ-અધર્મનો વિચાર પણ તેઓ કરતા નથી. તેની ફોજ "ઘણી છે, તેથી સર્વ રાજા તેને નમે છે. તે ઘણો આરોગ્ય છે; તેણે **સિં**ધના "રાજાને પકડીને તેની પાસેથી દંડમાં હાથી, ઘોડા છીનવી લીધા છે; તેમ જ

---

૧ સમજફેરથી લખાયલું છે, ખુલાસો નીચે પ્રમાણેઃ—

જે **સુરાષ્ટ્રની ભૂમિ** શ્રી **વિ**ષ્ણુ (**કૃ**ષ્ણ) જેવા **ઉત્તમ રાજાથી રાજન્વતી હતી અને** શ્રીકૃષ્ણની ધ્વજા **ઉપર ગરૂડ**નું ચિહ્ન હોવાથી **ગરૂડ**ધ્વજ કેહેવાતા કૃષ્ણ, **અને અ**ર્જુનની ધ્વજા **ઉપર હ**નુમાનનું ચિહ્ન હોવાથી કપિધ્વજ કેહેવાતા એવા **અ**ર્જુન એમ કૃષ્ણાર્જુન(**નરનારાયણ**)ને વસવા યોગ્ય **વામન**સ્થલીમાં **ગ્રાહરિપુ** જેવો નઠારો રાજા વસે છે. **ર. ઉ.**

૨ ગ્રાહરિપુ એ કોઈનું નામ નથી પણ ઉપનામ છે. **દ્વયાશ્રય**નો ટીકાકાર, **ગ્રાહ**= જળચર (મગર) રિપુ=શત્રુ, જળચરનો શત્રુ એવો અર્થ કરે છે. તેનો અભિપ્રાય એવો કે "શત્રુનો પકડનાર" **અ**જમેરના એક રાજાએ કોઈ મુસલમાન રાજાને હરાવ્યો હતો તેથી તે "**સુલતાન ગ્રાહ**" એટલે **સુલતાનનો** પકડનાર કહેવાતો હતો. **ર. ઉ.**

"તેણે ઘણા રાજાને વશ કર્યા છે; મને લાગે છે કે, યમપુરીના રાજા સાથે "તે જો યુદ્ધ મચાવવાનો હોય તો યમને પણ તેને ખંડણી આપીને નમી પડ્યા "વિના છૂટકો થાય નહિ. પ્હાડોમાંના મ્હોટા કોટ અને નિર્ભય જગ્યાઓ તે "તોડી પાડે છે; તે આખો દરિયો ખુંદી વળે એવો છે તેથી લોકોને તેનાથી "ઉગરવાનો એક ઉપાય નથી. જગતમાં જ્યારે દૈવ કોપે છે ત્યારે ઉગરવાનો "એક ઉપાય ર્‌હેતો નથી, તેમ થયું છે. તેના પાપના ભારથી પૃથ્વી કંપે છે. "ઘાતકોને શિક્ષા કરવાની જે રાજામાં સત્તા હોય તે તેઓનો ઘાત કરે નહિ "તો પોતે પણ તેવો જ ઘાતક ઠરે છે; તેટલા માટે અહો ! રાજન્ તમે જો "એનો નાશ કરશો નહિ તો એનાં પાતક તમને લાગશે. તમે એનો નાશ "કરી શકો એવા છો, માટે શિવે તમને તેમ કરવા આજ્ઞા કરી છે, તો તમે "તમારી સેના એકઠી કરીને એને રાજ્ય ઉપરથી ઉઠાડી મૂકો, નહિતર પછી "દિન દિન પ્રતિ એનું જોર એટલું બધું વધી પડશે કે છેવટે તમારાથી પણ "વશ કરી શકાશે નહિ."[1]

આ પ્રમાણે મૂળરાજે જેહુલની સલાહ સાંભળી, એટલે તેણે દેવતાઓના સલાહકાર ઋષિ જેવો જે પોતાનો પ્રધાન જંબુક[2] તેને પૂછ્યું. એટલે તે પણ નીચે પ્રમાણે બોલ્યો:—

---

૧ કેટલાક બારોટોનું એવું કહેવું છે કે, ગ્રહારિસિંહ આગ્રહી શિવભક્ત હતો, તેથી તેને જૈન લોકો સાથે પૂરું વેર હતું માટે તે ધર્મના યાત્રાળુ ત્યાં આવતા ત્યારે તે તેમને મારકૂટ કરીને લુંટતો. જૈન ગ્રંથકારોએ એને વખોડ્યો છે તેનું કારણ પણ એ જ છે.

૨ "દ્વ્યાશ્રય"માં આ રીતે વિસ્તારથી છે:—

"પોતાના વામનસ્થલીપુરમાં વસતા એને, એક ગાઉ ઉપર જ ફરતો ઉજ્જયંતાદ્રિનો દુર્ગ છે, અને એક યોજનને અંતરે સમુદ્રરૂપી દુર્ગ છે. એમ એ બધાં એનાં રક્ષણસ્થાન છે. એ સર્વદા ઉદ્ધત ર્‌હે છે. જરા વાર પણ, એટલે ભાત રંધાઈ જવા જેટલી વાર લાગે એટલી વાર પણ તે સૂતો નથી; એવાને સાધવો સહજ ન જાણવો.

"ગાય દોહોવા જેટલી વાર પણ વિરામ પામ્યા વિના, રાજાઓ એને સેવે છે; સો કોશ જેટલે છેટેથી, સૈનાપતિને આજ્ઞા કરવાની રીતિથી, તમે એને સંહારવામાં માત્ર એક દાતરડાથી વૃક્ષ કાપવા જેવું કરો છો.

"જો તમે જયની સ્પૃહા રાખતા હો, કે યશની સ્પૃહા રાખતા હો તો લોકના ઉપર કોપ કરતા, તેમની ઈર્ષા કરતા, તેમનો દ્રોહ કરતા, એવા આ દુષ્ટને સંહારવા સારૂ જાતે જ કોપ કરીને ઉઠો.

"વનની ગુહામાંથી નીકળીને સિંહ બધાં વનપશુનાં યૂથમાંથી ઉદ્દામ હાથીને જ શોધીને મારે છે; માટે તમારે જગતનું રક્ષણ કરવા સારૂ જાતે જ એની સામા જવાના વિચારથી પાછા હઠવાનું નથી, તે વાતમાં પ્રમાદ કરવાનો નથી, કે તે વાતમાં કાંઈ હલકાઈ ગણી તેને ફેરવવાની નથી.

"આહરિપુ જ્યાં રહે છે તે વામનસ્થલી[1] મહા ગિરનારની છાયા નીચે છે, "ત્યાંથી દરિયાના ઘુંઘાટ સંભળાય છે. ને તેણે ઉપર એક કોટ બાંધીને પોતાના "રહેઠાણની મજબૂતી કરી છે, તે કોટ વળી પર્વત અને સમુદ્ર બંનેથી વધારે રક્ષાયો "છે. આહરિપુ એવો છે કે રાત્રે તે આંખ મીંચી સૂતો નથી. મ્હોટી ફોજ વિના "એને જિતવો તે ઘાસ કાપવાના દાતરડાથી મ્હોટું ઝાડ કાપવું અશક્ય છે તેના "જેવું છે. તેના શહરથી ઘણે ગાઉને છેટે પણ આપણી ફોજ છાવણી કરી શકશે "નાહ ને ભોગજોગે તેમ થયું તો તે ઘેરો ઘાલીને તમારૂં પણ ચાલવા દેશે "નાહ. કચ્છ છે તે સોરઠની પાસે જ છે; ત્યાંનો મહારાજા લાખો જે ફૂલનો[2]

" યુદ્ધમાં અપરાજિત, શત્રુથી ભય ન પામનાર, કચ્છાધિપતિ જે સર્વ જગત્‌ને ભયંકર, મ્લેચ્છ ખંડિયા રાજાઓનું પણ રક્ષણ કરનાર, તથા કશાથી પાછો ન હઠનાર, એવો પ્રસિદ્ધ લક્ષ રાજા (લાખોજી) છે તે એક માનો જણ્યો ભાઈ હોય તેવો એનો સખા છે.

"આશ્વિન પૂર્ણિમાથી જેમ દીપોત્સવ એક પક્ષ માત્ર દૂર છે, તેમ માત્ર આઠ જ યોજન કચ્છથી સૌરાષ્ટ્ર દૂર છે, એટલે ફૂલ મહારાજનો કુમાર એ લક્ષરાજ, જે પૃથ્વી ઉપરના ભૂપતિ થકી બળવડે કરીને અધિક છે તે એનાથી દૂર નથી.

"પર્વત ઉપર, સમુદ્રને કિનારે રહેનારા, જે જે નૃપો ક્ષત્રિયત્વ ધારણ કરી રહ્યા છે, ને એની આંખ આગળ રમી રહ્યા છે, તે સર્વે એના યુદ્ધમાં ઝંપલાવશે, માટે તમારા પ્રતિપક્ષી એક કે બે છે એમ ન જાણશો, પણ ઘણા છે એમ સમજજો.

"એક મિત્રની સમીપે, કે એક દુર્ગમાં ભરાયલો, કોઈ રાજા હોય તો તેને પણ જિતવો કઠિન છે, તો એ ઉભય રીતે સંપન્ન, આને મારવાને સમર્થ આકાશ અને પૃથ્વીની વચમાં તમારા પોતાના વિના બીજું કોઈ હાલ જણાતું નથી.

"સુરાષ્ટ્રમાં જે આભીર લોક ગ્રાહરિપુ આદિ ક્ષત્રિય વસે છે તેમના પતિ, અર્જુનને પણ પરાક્રમથી અતિક્રાન્ત કરનાર તમે, જ્યારે લડવા માટે ચડશો ત્યારે તેમની સ્ત્રિયો "હે પ્રાણનાથ! ધિક વિધિ?" એમ પ્રલાપ કરવા મંડશે, એવું હે પ્રભુ! મારી કલ્પનામાં આવે છે" (શ્લોક ૧૦૧ થી ૧૦૯, સર્ગ ૨ જો.) પ્રો. મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ કરેલું ભાષાંતર.

૧ વામનસ્થળી તે હાલમાં જુનાગઢ પાસે વનથળી છે તે જ. કર્નલ વાકર પોતાના સોરઠના પ્રગણાં વિષેના વિજ્ઞાપનમાં લખે છે કે સોરઠના અસલી રાજાઓનું પ્રથમ રહેઠાણ વનથલીમાં હતું.

૨ કચ્છના જાડેજાના ભાટ નીચે પ્રમાણે કહે છે:-"કચ્છ-વાગડના કંથકોટમાં સમા (જાડેજા) રાજા જામ સાડને ગેડીના (છત્રપતી) સોલંકી ઘરણે પોતાનો બનેવી જાણી વધારે સહવાસ રહેવા માટે, કંથડ યોગી તપશ્ચર્યા કરતો હતો તે ડુંગર રહેવા માટે સોંપ્યો હતો; પણ સાડે તો તે ઉપર કોટ બાંધીને પોતાની સત્તા વધારવાનું કરવા માંડયું તેથી ઘરણે તેને જમવા બોલાવી મારી નાંખ્યો ઈ. સ. ૮૪૩. આ વેળાએ ઘરણની બ્હેનને ફૂલ નામે કુંવર હતો તેને પણ તે મારી નાંખશે એવા ભયથી

"કુમાર થાય છે તે કોઈથી જિતાયો નથી, તે તથા ગ્રાહરિપુ જાણે એક માના

તે સોલંકી રાણિયે પોતાની ફારક નામની ખવાસણને સોંપીને તેને નસાડી મૂકી; પણ ધરણને જાણ થતાં તેણે પછવાડે મારા મોકલ્યા, તેમને સમીપ આવતા જોઈ, ફારકે પોતાના દીકરાનાં લૂગડાં ફૂલ કુંવરને પેહેરાવ્યાં ને કુંવરનાં લૂગડાં પોતાના દીકરાને ઝટ પેહરાવી દીધાં અને તેઓ પાસે આવ્યા એટલે છોકરો આપી દીધો, અને તેને મારાઓએ મારી નાંખ્યો. તેમના ગયા પછી સિંધમાં રણ પાસે બાંભણાસરના રાજા જે પરમાર સોઢા કહેવાતા હતા તે ધલુરાના ગામમાં કરાડ જાતના વાણિયા અજા અને અણગોર નામે બે ભાઈ તથા બોલાડી નામે બ્હેન હતી તેને ઘેર દાસી થઈને ફારક ફૂલ સહિત રહી. અને અજા અણગોરે ફૂલને ઢોર ચારવાનું સોંપ્યું. તે ગાયો સાથે ફૂલ એક લવારની ગાયો ચારતો હતો તેની ચરામણીના બદલામાં તેની પાસે એક સાંગ (બરછી) ઘડાવી લીધી. તેને સ્વાભાવિક રીતે શિકારનો શોખ વધવા લાગ્યો. એક વાર સોઢો ધલુરો સિંહનો શિકાર કરવા નીકળ્યો તેની સાથે ફૂલ પણ ગયો અને બનાવ એવો બન્યો કે ધલુરે જેવો સિંહ ઉપર ઘા કર્યો તેવો જ તે છલંગ મારી હાથ ઉપર જઈ ધલુરાને વળગ્યો, એવામાં જ, ફૂલે સમયસૂચક થઈને ઉછાળો મારી સિંહને સાંગવતે વીંધી નાંખ્યો. આ તેનું પરાક્રમ જોઈને ધલુરો તેના ઉપર બહુ પ્રસન્ન થયો અને પૂછપરછ કરતાં તેના જન્મની ખરી વાત જણાઈ આવી એટલે તેને ધાણ સોઢી નામની પોતાની કુંવરી પરણાવી. ર. ઉ.

પ્રબંધ ચિન્તામણિમાં મેરુતુંગ ફૂલના લગ્ન-સંબંધમાં લખે છે કે, પૂર્વે પરમાર વંશનો કોઈ કીર્તિરાજ નામે રાજા હતો, તેને કામલતા નામે કુમારી હતી, તે પોતાની સખિયો સાથે સંધ્યાકાળે કોઈ પ્રાસાદમાં બાલરમત રમતી હતી તેમાં બાલકિયો સ્તંભોને બાઝી "આ મારો વર," "આ મારો વર", એમ બોલતી હતી. તેવામાં ફૂલડો નામનો એક ગોવાળીઓ અંધારામાં જે એક સ્તંભને ટેકો દઈ બેઠો હતો તેને બાઝીને કામલતાથી એમ કહેવાઈ ગયું કે "આ મારો વર". ફૂલડો તો ત્યાંથી શરમાઈને ચાલતો જ થયો, પણ કામલતાએ તેને બરાબર ઓળખી લીધો ને મનમાં સંકલ્પ કરયો કે હવે તો એ જ મારો પતિ.

વર્ષાન્તરે કામલતાના વિવાહની વાત નીકળતાં, તેણે પોતાનાં માતાપિતાને એ સર્વ વૃત્તાંત જણાવીને કહ્યું કે, ફૂલડા ગોવાળીયા વિના બીજા મારે ભાઈબાપ સમાન છે. આવો કુમારીનો આગ્રહ જોઈ છેવટે તેમણે તેની સાથે કન્યા પરણાવી. તેને એક પુત્ર થયો તેનું નામ લાખો (લાષાક:) પાડ્યું હતું તે આજે લાખા ફૂલાણીને નામે ઓળખાય છે. કાલાન્તરે તે કચ્છદેશાધિપતિ થયો. માળવાનો યશોરાજ મેવરપ્રસાદથી અજિત મહા સમર્થ રાજા થયો. તેણે ૧૧ વેળા મૂળરાજના સૈન્યને હરાવ્યું હતું. એક સમયે કપિલકોટ(કેરા કેરાકોટ)ના દુર્ગમાં (જેમાં આજે ભૂજ તાલુકાનું ગામ કેરો નામનું છે) તે હતો તે લાગ જોઇને મૂળરાજે તેને ત્યાં ઘેરી લીધો. આ વેળાએ તેનો શૂરો ભૃત્ય માહેચ નામનો હતો તેને, બીજે દેશ જિતવા મોકલ્યો હતો તેનું લાખાએ સ્મરણ કર્યું, એટલે મૂળરાજે તેને આવતો રોકવાની ગોઠવણ કરી; તો પણ શસ્ત્ર મૂકીને પોતાના રાજાને મળવાની

"[૧]કુંવરો હોયની તેમ તેઓને એક બીજાથી છૂટા પાડી શકાય એમ નથી. વળી "બીજા જંગલી રાજાઓ જે જગતને ભય ઉપજાવે છે તે એની પક્ષમાં છે. "ઓ રાજા ! જે શત્રુને પ્હાડ, જંગલ અને સમુદ્રનો આશ્રય છે તેને જિતવો બહુ "કઠિણ છે એ વાત પ્રસિદ્ધ છે. ને ગ્રાહરિપુ આ ત્રણને પોતાના સાહાયકારક "ગણે છે. તેથી એના ઉપર ચડાઈ કરવાનું બીજાના ભરોંસા ઉપર નહિ નાંખતાં "તમે જાતે ચડીને જિત મેળવો. આ ભરવાડ વંશના શૂરવીરો બીજાના વશમાં "રહે એવા નથી, તો પણ જે ઘડિયે તેઓના ઉપર તમારી ચડાઈ થઈ છે "એવું સાંભળશે તે જ ઘડિયે તેઓ કંપવા માંડશે અને તેમની સ્ત્રિયો વિધ-"વાના શોકના રાજિયા ગાવા માંડશે."

આ યુદ્ધવિષયક ઉશ્કેરણીથી મૂળરાજને શૂર છૂટ્યું, ને તેના હ્રદયમાં યુદ્ધ કરવાની અગ્નિમય ઉત્કંઠા જે ક્યારની ધુંધવાયાં કરતી હતી તેમાં બળતણ હોમાયું. એટલે તે ગાદી ઉપરથી ઊઠ્યો ને દિનકરનાં કિરણની ગરમાઈથી પૂર્ણ ખિલાયમાન થયેલા ફૂલની પેઠે દેદીપ્યમાન થતો, અને રણસંગ્રામમાં પડ્યો હોય તેની પેઠે ભુજા ઠોકતો, મંત્રશાળામાંથી ફલંગ મારતો, બ્હાર આવ્યો અને તેની સાથે તેના સુભટો પણ નીકળ્યા.

શરદ ઋતુ આવી પ્હોંચી હતી, ઘણા વાવેતરથી પૃથ્વી ઢંકાઈ ગઈ હતી; નદી અને તળાવનાં જળ નિર્મલ થયાં હતાં, આકાશ વાદળાં વગરનું સ્વચ્છ હતું, કમળ પૂર્ણ પ્રકાશમાન થયાં હતાં, તેઓનો રંગ કોઈ પ્રિયાના પ્રકાશિત ઓઠનું સ્મરણ કવિને કરાવતો હતો. સોરઠના કિનારા ઉપર વર્ષાદનાં

આજ્ઞા મળતાં તે ખાલી હાથે જઈને તેને મળ્યો. તે વેળાએ બન્નેનું દ્વંદ્વ યુદ્ધ ચાલતું હતું તે પ્રસંગ જોઈ લાખાને તેણે નીચે પ્રમાણે લલકાર્યો:—

ऊग्या ताविउ जहिं न किउ लक्खउ भणइ निघट्ट
गणिया लब्भद दीहडा के दहक अहवा अट्ठ

ગીતિ-રવિના પ્રકાશ પેઠે, પ્રકટ છતાં કદિ અસ્તિમ જો ન હણ્યું,
તો લાખાના નામે, અધમપણાનો અતિશય દોષ ગણ્યું.

પોતાના નગરમાં જવાને પણ કરેલા દિવસમાં આઠ દશ દિવસ બાકી રહ્યા છે, તેટલામાં શત્રુનો નાશ કરી નાંખવાને માહેચે લાખાને અનેક પ્રકારનાં શૌર્યગર્ભિત વચન કહી બહુ ઉશ્કેર્યો, પણ મૂળરાજના શરીરમાં રુદ્રકલાનો આવેશ આવવાથી તેણે લાખાને મારી પાડ્યો. ર. ઉ.

૧ ગિરનારના ગારિયા ઉર્ફે ગ્રાહરિપુ, કચ્છનો લાખો અને સિન્ધનો આ વેળાએ જામ સમો રજપૂત હતો તે સર્વે એક જ જાદવ વંશના ભાયાતો હતા. જુવો ટીપ પૃષ્ઠ ૬૨ મે. ર. ઉ.

વિલમ્બિત ફોરાં મોતી[1] રૂપ થતાં પડતાં હતાં. હંસ પક્ષી જે વર્ષા ઋતુમાં માન સરોવર ઉપર જઈ રહે છે તે હવે ગંગા અને બીજી નદીઓ ઉપર આવ્યા હતા. ખેડુતોની સ્ત્રિયો ડાંગરના ખેતરની રખેવાળી કરતી ગીત ગાઈને વનને આનંદદાયક કરી દેતી હતી. એવા સમયમાં દેવના મંદિરમાં બ્રાહ્મણોએ વેદનાં અને ચંડીપાઠનાં પારાયણ કરવા કુંભસ્થાપના કરી ને પથારીએ સૂઈ બ્રહ્મચર્યવ્રત પાળી નવરાત્રી પૂર્ણ કરીને, દસરાને દિવસે પારણાં કરી કુંભજળ-માંથી રાજાને માથે અભિષેક કર્યો. વૈકુંઠપતિના ઉત્સવ થવા લાગ્યા, અને દેવાલયો ઉપર ધજાઓ ફરકવા લાગી. વામન અને બળી[2] રાજાનું સ્મરણ થવાથી ભૂતળે આનંદ વ્યાપી ગયો, અને મહાવિષ્ણુ પોતાની ક્ષીર સમુદ્રની લાંબી સમાધિમાંથી ઉઠ્યા.

મૂળરાજને દ્વારે નગારાં વાગ્યાં ને નોબતો ગડગડવા લાગી. શુભ શકુન દર્શાવતા શંખનાદ થવા લાગ્યા; ને વિવિધ વાદિત્રોના ઘોર નાદ સ્વર્ગે જઈ પ્હોંચ્યા, તેથી સ્વર્ગવાસી લોકોએ જાણ્યું કે, રાજા પોતાના સુભટોનો અ-ગ્રેસર થવા તૈયાર થયો. અણહિલવાડના વાવટા નીચે ચાલનારા રાજાઓ પણ પોતપોતાની સેના લઈ, સોરઠ ઉપર ચડાઈ કરવાની આતુરતાભર્યા ઉભ-રાઈ આવ્યા. રાજા ગાદી ઉપર બેઠો; તેના સામા મોતિયે સ્વસ્તિક[3] પૂરાયા,


---

૧ કેટલાક કહે છે કે જ્યારે વર્ષાદ વરસે છે ત્યારે કાલુ માછલી સપાટી ઉપર આવે છે ને મ્હોં ઉઘાડી રહે છે તેમાં વર્ષાદનાં ફોરાં પડે છે તે મોતી થાય છે. રનોડિ પૃષ્ઠ ૯૭.

ઉપરની ટીપ ઉપરથી ગમે ત્યારે વર્ષાદ વરસે ને કાલુ માછલીના મ્હોંમાં તેનાં ફોરાં પડે તો મોતી થાય છે એવું ભાન થાય છે, પણ વાત એમ ચાલતી નથી. પરંતુ કહે છે કે, શરદ ઋતુમાં સ્વાતી નક્ષત્રને વિષે સૂર્ય છતાં જો વર્ષાદ થાય ને તેનાં ફોરાં છીપના મ્હોંમાં પડે તો તેનાં મોતી થાય છે. ર. ઉ.

૨ બળી રાજાને ત્રિલોકનું રાજ્ય મેળવતાં અટકાવવા માટે વિષ્ણુએ વામન અવતાર લીધો.

૩ આવી નિશાની હિન્દુઓમાં આનંદનું ચિન્હ ગણાય છે તે "સ્વસ્તિક" (એટલે



મંગળકારી) કહેવાય છે અને સ્ત્રીની સહિતું એ સાધારણ ચિહ્ન છે. તેમજ જૈનના સાતમા તીર્થંકર સુપાર્શ્વનું ચિહ્ન પણ છે. અસલની વેળાથી હિન્દુસ્થાન ને ચીનમાંના ધાર્મિક તાપસોમાં તે ગુહ્ય ચિહ્ન હતું. તે ઉપ-રથી સો વસા યુરોપમાં છઠ્ઠા સૈકડામાં તે દાખલ થયું હશે. એશિ. રિસર્ચીઝ પુસ્તક ૯. પૃ. ૩૦૬ જૂવો. ચીનના પંદરમા સૈકાનાં હસ્તલિખિત પુસ્તકમાં એ નિશાનીને 'ફેલફાટ' કરીને લખેલી છે. મિ૦ વાલ્ટર કહે છે કે "ઘણા જૂના સમયની ખ્રીસ્તી લોકો-ની ઘોર ઉપર એ હોય છે અને સન ૧૦૭૭ ની સાલના પાદરીના પટા ઉપર તે જોવામાં

બન્ને બાજુએ ગાંધર્વ ગાન કરવા લાગ્યા; અને ચાકરો પંખાથી વા ઢોળવા લાગ્યા. જે જોશિયોએ તેમના જન્મથી જ્યોતિષ્નો અભ્યાસ કરેલો તેઓ મુહૂર્ત શોધી ક્હાડવા સૂર્યના તડકામાં શંકુ માંડીને ઘડીનું માપ ક્હાડવા બેઠા. કુળગોરે હાથી અને ઘોડાની રાજા પાસે પૂજા કરાવી. છેવટે છડીદારો આગળ ચાલ્યા; સૈનિકો હથિયાર સજી દરવાજા આગળ હારબંધ ઉભા રહ્યા. ફરી વાદિત્રના નાદ થયા. રાજા ગાદી ઉપરથી ઉઠ્યો એટલે "જયજયના" શબ્દ ઉચ્ચારી તેને કપાળે પુરોહિતે તિલક કર્યું. આગળ ચાલતાં મૂળરાજે અને તેના સુભટોએ, બ્રાહ્મણ અને ભાટ જે યશ ગાનારા ક્હેવાય છે તેઓને દાન આપ્યાં. પર્વત જેવા કાળા અને કદાવર હાથી ઉપર ચડતાં રાજાએ કુળદેવીને નમસ્કાર કર્યા, માથે મેઘાડંબર છવાયા; આગળ ચાલતાં ઘોડાઓના હણહણાટ થવા લાગ્યા; સર્વે જયજયના પોકાર કરવા લાગ્યા; મ્હેલથી તે નગરના દરવાજા સુધી કેસરના પાણીના છંટકાવ થયા; પૌરાણિકો અને વેદિયા આશીર્વાદ દેવા લાગ્યા કે, "તમારો જય થાઓ, અને તમારા શત્રુઓ દક્ષિણમાં યમને દ્વાર પૂહોંચજો." જેમ જેમ અશ્વારી આગળ ચાલવા લાગી તેમ તેમ નગરમાં વધારે ભીડ થવા લાગી; કસુંબલ લૂગડાં પ્હેરેલી અને ઘરેણાંના ચમકાટથી શોભતી એવી સ્ત્રિયોની ભીડ શેરિયોમાં થવા લાગી. ભીડાભીડમાં ફૂલના અને મોતિયોના હાર તૂટવા લાગ્યા; ચૌટામાંથી જતાં લોકો ફૂલફૂલથી રાજાને વધાવા લાગ્યા; નગરની સ્ત્રિયો ઘરના કામધંધા છોડીને અને છોકરાંને રડતાં મૂકીને અશ્વારીનો ઠાઠ જોવાને ચાલિયો; રસ્તે ચાલતાં કેટલાંક ગામ સુધી, ગામડાના લોકો, પોતાના રાજાને જોવાને આવ્યા. કેમકે દેવતાઓમાં જેમ ઇન્દ્ર શોભે છે તેમ મનુષ્યોમાં મૂળરાજ રૂપમાં, ગુણમાં અને સત્તામાં શોભતો હતો.

અણહિલવાડનો રાજા મ્હોટી સેના સહિત આવે છે એવું સાંભળી ગ્રાહરિપુએ[1] પોતાની ફોજ એકઠી કરી. તેના મળતિયા, ખંડિયા અથવા

આવ્યું છે' બીજા **રીચર્ડ** રાજાના ગાદી ઉપર બેસવા પ્હેલાં પીતળ ઉપર તે સાધારણ શૃંગાર હતો–રેવરંડ **ચાર્લ્સ બુટલ**. એમ. એ. કૃત '**મૉન્યુમેંટલ** બ્રાસીઝ અન્ડ સ્લ્યાબ્સ,' **ઓકસફોર્ડ**; **પાર્કર**, ૧૮૪૭. પૃ. ૨૮ માની ટીપ.

૧ **દ્વયાશ્રયમાં** આનો વિસ્તાર આ પ્રમાણે છે:–"**ગ્રાહરિપુએ** પોતાની તરફથી **મૂળરાજની** છાવણીમાં દૂત મોકલ્યો, તેણે ત્યાં જઈ વિવેકથી જણાવ્યું કે:—

"શૌર્યમાં **અર્જુન** રૂપ! **હે** ન્યાય વિરૂદ્ધ વર્ત્તનારને દંડ **દેનાર**! તમારા આવવાનું કારણ અતિ **રસથી** જાણવાની ઇચ્છાવાળા, **સૂર્યસમા ગ્રાહરિપુએ** (આપની **હુઝૂર**) હું **દુણસને** મોકલ્યો છે.

સાહાય્યકારી રાજાઓ, તેને આવી મળ્યા; વગડાના ભીલ પણ તેની સાથે

"ઋગયન પઠન કરતા, દુષ્ટ નાસિકાવાળા, અંતનાં વનોમાં વસેલા, અમારાં આમ્રવન અને ઈક્ષુવન ઉખેડી નાંખનારા, દ્વિજોએ મિથ્યા વાર્તા બનાવીને આપને ચલિત કરયા છે શું?

"ખદિરવન, અગ્રવન, દ્રાક્ષવન, શાલવન, પ્લક્ષવન, શરવન, શિગ્રુવન, એ બધાં વનોમાં રહેતા અમારા રાજાઓએ શું તમારો કોઈ અપરાધ કરયો છે?

"અમારાં શિગ્રુવનમાં, કે બદરી આદિ વનમાં, બોરડીને હોય છે તેવા, આપના કંટકો ભરાયા નથી, અડદના વનને શોધતો કોઈ પણ મનુષ્ય કદાચિત્ પણ નમારના વનમાં અડદના વનને પામતો નથી.

"નીવારવન, તથા ફૂલી રહેલાં વિદારીવન, સુરદારૂવન, ઇરિકાવન, ઇત્યાદિ વનોમાં મૃગયા સારૂ, ગિરિનદીના વેગથી (જંબુમાલીનું) સુંદર જળ પીવા પધાર્યા છો?

"અથવા જળને સ્થાને મધુ પીતા, હાથમાં મદ્યના પ્યાલાવાળા યદુઓએ શું આપને કાંઈ ભરવ્યું છે? પણ હાથમાં મદ્યપાનના પ્યાલાવાળા, દારૂડિયા સોરઠિયા ગમે તેમ લવે તેમાં શો દોષ?

"અથવા ધનુર્ધારિ વાહન, તેમ વીરોને લઈ જનારાં વાહન, એ સર્વના અતિ પ્રશસ્ત સમુદ્ર જેવો, તથા હાથીના વાહનવાળો, જર્તાધિપ (કચ્છભૂપતિ) જે અમારો આશ્રિત છે, તે શું શરદ ઋતુના અપરાહ્નની પેઠે આપને પીડા કરે છે?

"ત્રણ ત્રણ ચચ્ચાર વર્ષથી ચાલતા શત્રુવિગ્રહને શમાવવાને આપ પધાર્યા છો? પણ ચાર કે ત્રણ વર્ષના જુવાન ઘોડાવાળો એ (ગ્રાહરિપુ) શત્રુથી અપરાજિત છે. કે અતિ ગર્વિષ્ઠ એવા કોઈ સમુદ્રતટાધિપતિને જિતવા આપ પધાર્યા છો? રિપુના સંઘને સંહારતાં બાણના સમૂહ સહિત પૃથ્વી માત્ર ઉપર ફરતો એ શું તેને જિતી નહિ શકે?

"અથવા બધી પૃથ્વીમાં ફરતા આ ક્ષત્રિય કુમારને આ શરદ ઋતુના દીર્ઘ દિવસોમાં (મળવાની) ઉત્કંઠાવાળા હોઈ આપ પધાર્યા છો? (જો એમ હોય) તો તો બહુ સારૂ. આજ અમારાં પુણ્ય પક્વ થયાં, ને અમારાં સર્વ શુભ કામ સફળ થયાં.

"વૃષભવાહન શ્રી(સોમનાથ)નાં દર્શન કરવા અતિ ઉગ્ર ઇચ્છાવાળા સારા નૃપો સહિત, (આપ પધાર્યા હો તો), સુરાષ્ટ્રના ઇન્દ્રને કોઈ સારા પ્રધાન દ્વારા ખબર શા સારૂ ન અપાવી?

"શું આપ શંખોદ્ધારથી સારી રીતે પક્વ થયેલી શેલડીના રસ જેવું મિષ્ટ, તીર્થજળ લઈ જવા ઇચ્છો છો? તો આપને નમસ્કાર કરી હું જ ત્યાં જાઉં, ને જળ મોકલી આપું, આપ વનોનો નાશ ન કરો.

"ઉત્તમ હયવાળી તથા ઉત્તમ નાયકોવાળી સેના, અન્યાયથી અતિ દૂર એવા જે આપ, તે મિથ્યા જ લઈ ચાલ્યા આવ્યા ન હો. પણ જીવ જતાં પણ અંતરમાં રહેલી મૈત્રી, નાશ પામતી નથી, કે એક વાર થયલી તે મટતી નથી.

"એ (ગ્રાહરિપુ) ચારે દિશા (ભણી) પોતાના સૈન્યથી ફરી વળે છે, જેની પાસેથી

સામેલ થયા; તેની નીલી રાણીના અને બીજી રાણિયોના કુમાર જે સોરઠ

લે છે, તેનું લઈને જ બેશી રહેતો નથી, બીહીક પામતાનું રક્ષણ કરે છે, શત્રુનો નાશ કરે છે, એવી દૂતની વાણીથી આપ ઈર્ષા શા માટે ધરો છો?

"શત્રુને સંહારતો તેમનો યશ માત્ર પી જાય છે, ને પોતાને નમનારને લક્ષ્મી આપે છે, ન્યાયવ્યવહાર બહુ સારી રીતે સમજાવે છે, એવા ગર્જતા હાથીની સેનાવાળા (ગ્રાહરિપુ) ઉપરની મૈત્રીનો નાશ ન કરશો.

"નિરંતર જાગૃત અને અત્યંત શાન્ત કરી દીધેલા શત્રુવાળા, તથા ઘણા કાળથી વૃદ્ધિ પામતો અત્યંત મૈત્રીભાવ ધરતા આ(ગ્રાહરિપુ)ની ધનધાન્યાદિથી પૂર્ણ પૃથ્વીને, વિપુલ રેણુસમૂહને ઉડારતાં સૈન્ય સહવર્તમાન તમે, શા માટે નુકસાન કરો છો?

"અથવા જો તમારા અંતરમાં ન કહી શકાય એવો કાંઈ છલ જ હોય, તો મારે બોલવાની કાંઈ જરૂર નથી. તમારે ઉત્તર આપવાની પણ અગત્ય નથી. હવે તો માત્ર યમરાજ જ એ બધાનો બદલો વાળવા તમારા પ્રતિ શત્રુ થાઓ.

"અમારી કીર્ત્તિને અતિશય ઉખેડી નાંખવાની ઇચ્છાથી તમે અતિ ઉકળી ઉઠે એવો કોપ ચડાવનારૂં (કૃત્ય) કર્યું છે. એટલેથી જ તમારા ઉત્તરની કશી જરૂર નથી. તમારી હકીકત, મારા મનમાં વારંવાર બળતો હું (મારા સ્વામીને) કહેવા આ આવ્યો."

જીવતું બાજુએ મૂકીને, પ્રાણ જાય એવું, આ રીતે બોલીને દૂત અટક્યો. એટલે તેને જીવાડતો સતો (મૂળરાજ) રાજા આ પ્રમાણે બોલ્યો:–

"આ સર્વ જીવતામાં પણ જીવતા, હે આવું વદનાર! તું સર્વ જીવતામાં ખરો જીવતો છો.

"તેં તારા સ્વામીનો પક્ષ સારી રીતે કર્યો તેમ તેં તારો ધર્મ પણ સારી રીતે બજાવ્યો. કેમકે પૃથ્વી ફાટી જાય તેવું આમ બોલતાં, આ સભામાં કદિ હણાય નહિ એવા પણ હૃદયમાં હણવાનો ભય આવે છે.

"આને સહજ હણું, અંદર મારી નાંખું, અંદર મારી નાંખિયે, બહુ હણિયે, આપણે બે મારિયે, એમ હણવાની ઇચ્છાવાળી નૃપમંડળી છતાં; તું જે આમ, આ સભામાં બોલી શકયો તે ખરેખર બડો બહાદૂર છો.

"પોતાના સ્વામીના કાર્યને પક્ષપાતપૂર્વક સ્થાપન કરતાં લેશ પણ ભય ન ધરીને તારી પેઠે મદ્યપાનથી અતિનિંદ્ય લોકવાળા(તમારા દેશના લોકો)માંથી કેવળ અનિંદ્ય અને કોઇયે પણ આગળ ન વદેલું એવું કોણ વદી શકે?

"તારો સ્વામી બુદ્ધિહીણ થઈ પોતાની જાતને પણ હીણ કરનારો, અમો ચડ્યા છિયે તેમાં શું પોતાની જાતને ચડાઈ કરવા યોગ્ય નથી જાણતો? કે અમારી ચડાઈ ને માટે વળી સામો તેવો ભય દેખાડે છે?

"કુટિલ ધનુષવાળા એ પાપિયે તીર્થમાં જનારા યાત્રાળુના ગમનનો રોધ કર્યો છે તેની શિક્ષા કરવા માટે ચડાઈ કરવી યોગ્ય છે.

"કોપ કરે તેવા દુષ્ટ આચરણવાળાને, જો હું અકોપ થઈ જોઈ રહું તો અવશ્ય રક્ષણ કરવા યોગ્ય, જે આ પૃથ્વી તે મારાથી કેમ રક્ષાય?

માંહેલી પ્રસિદ્ધ **ભાદર** નદીને કાંઠે વસતા હતા તે કવચ સજીને ત્યાં આવ્યા.

"બ્રાહ્મણોને હિંસાએ પ્હોંચાડનાર, એ રાજાને મારે જરૂર શાસન કરવું જોઈયે, કેમકે એના જેવા હિંસકના રાજા આગળ તો હિંસકો પણ કંટાળી જાય છે.

"ધર્મકર્મથી પરવારેલાં (કેમકે) અત્યંત પીડાથી થરથરતાં અને પોતાના ગોત્રાભિધાનાદિ પણ વિસરી ગયલાં તથા નિસ્તેજ, એવાં એણે અત્યંત વિપત્તિમાં દબાવેલાં, કયાં કયાં બ્રહ્મસ્થાનો અમને પીડા નથી કરતાં?

"દુષ્ટ કર્મની ઇચ્છા રાખનારા એનાં, અન્યદારગમનાદિ અપવિત્ર અને કહીં પણ પ્રકાશ ન કરી શકાય તેવાં કુકર્મ અતિ પ્રબળ થઈ પડ્યે સતે, તે અમારા મનમાં ચિંતાનું કારણ થઈ પડેલાં છે. ને તેથી એ, અમારી મૈત્રીને અત્યંત અયોગ્ય છે.

"અત્યંત પાવન કરનાર અને લક્ષ્મ્યાદિથી ભપકી રહેલા **પ્રભાસને** અનેક ત્રાસથી તથા તેની મધ્યે ગયલા લોકને હણવાના રીવાજથી એણે અતિદુષ્ટપણાની કીર્ત્તિ સંપાદન કરવાની ઇચ્છાવાળાએ રંજાડી નાંખ્યું છે.

"જનોની, અંદર જવારૂપ યાત્રાને અત્યંત બંધ પાડતા, એનાથી **સુરાષ્ટ્ર** દેશ યાત્રાળુને અંદર જઈ શકવા યોગ્ય રહ્યો નથી માટે એ દેશના મધ્યમાં જ હણવારૂપી દંડ, એવા ઘી પીપીને મસ્ત થયલાને કેમ ન દેવો?

"જે યજ્ઞકર્ત્તા(બ્રાહ્મણો)ને તેમણે ભેગાં કરેલાં સૂકાં છાણાંથી મારીને હર્ષથી વારંવાર નાચે છે, એવા નિર્ભય મનવાળા, અને તરવાર નચાવતાનું, બીજું શું દુષ્કર્મ જોઇયે!

"ગર્ભના ભારથી નમી જતા પેટથી નાસવા અશક્ત, એવી હરિણીના ઉપર શસ્ત્ર ફેંકી તેના રૂધિરથી પ્રસિદ્ધ ઉજ્જયંત તીર્થને અભડાવી, અતિ દુર્ગંધવાળું જેણે કરી મૂક્યું છે એવો, મ્લેચ્છીને પેટ જન્મેલો હોય તેવો, તે શું અમારો મિત્ર થઈ શકે?

"ભયથી નાશી છૂટતાને પોતે મારી નાંખે છે, ને તેને બીજા વળી ખાય છે ને ત્રીજા ખાય છે; એવી માછલાંની નીતિ ચાલતી રહેશે ત્યારે અમારા અર્ગલાતુલ્ય ભુજના જાડા પરિઘ પણ શા કામના છે?

"લૂકિડ ઋષિ, જે સર્વ યોગ જાણનારના ગુરૂ હતા, જે માત્ર ધરતીને જ પોતાનો પલંગ કરીને રહેતા, ને જાતે અષ્ટાંગયોગ સિદ્ધ હતા, તેમને જેણે પીડ્યા. તથા તેમનાં સ્ત્રીપુત્રાદિને પણ પીડ્યાં એવા (રાત દિવસ ક્રોધથી રાતી) જપા પુષ્પ જેવી અક્ષિવાળા પાપના પલંગને હું કેમ સહન કરી શકું?

"આ ઉછળી રહેલી, રિપુના રૂધિર રૂપી જપા પુષ્પથી પૂજાયલી વિજયવતી અને આઠે દિશાને પ્રકાશતી, યમરાજની સગી બ્હેન, મારી બલિષ્ટ તથા સારી રીતે હણનારી તરવાર, આજ એને ખાઈ જવા ભૂખી થઈ છે.

"જેમ સૂર્યને ધારણ કરતી, રાત્રીની પાર ઉતરેલી, પૂર્વ નિશા, તમો રૂપ દુઃખથી સંપૂર્ણ મુક્ત થાય છે; તેમ આણે અનેક રૂપે પીડેલી પ્રજા પણ મારા દર્શનથી સર્વ પીડાથી મુક્ત થાઓ!

"થોડા જ સમયમાં આ **સુરાષ્ટ્ર** ભૂમિ, એનો સ્વામી બંદીવાન્ થાય તેવી, કે એનો

કચ્છનો **જામ** [૧]**લા**ખો જે તેનો મિત્ર હતો તે પણ તેને આવીને મળ્યો. તેનું રણસંગ્રામમાં મોત થશે એવું જોશિયોએ તેને ભવિષ્ય કહ્યું હતું તો પણ રણક્ષેત્રમાં પડીને વૈકુંઠવાસ કરવાની તેનામાં ઇચ્છા ઉત્પન્ન થઈ. **લા**ખાએ કહ્યું છે કે "જેનાં યુવાવસ્થાનાં પરાક્રમ કોઇયે જોયાં નહિ તેને ધિઃક્કાર છે. મારા જીવતરનો અંત આવ્યો છે તેનું શું પારખું?" દરિયાકિનારે જેનું રાજ્ય હતું તે **સિં**ધુ રાજા પણ લશ્કર લઈને આવ્યો, અને દક્ષિણનો મોરચો પકડીને ઉભો રહ્યો.

શીલપ્રસ્થનો રાજા **મૂ**ળરાજની ભણી લડવાને આવ્યો તે નિપુણ બાણાવળી હતો; (**મા**રવાડનો) રાજા, સાથે પોતાના વગર ઓડાવેલા માથાના

સ્વામી મરે તેવી થાઓ! અને એમાં દ્વિપદી ને ચતુષ્પદી ગાતા ચારણોનો સમૂહ ઘડા જેવાં બાવલાંવાળી ગાયોને સુખે ચારો!

"ઘડા જેવાં બાવલાંવાળી સો ગાયો આપીને ખરીદેલી, જે ત્રણ ત્રણ વર્ષની ઘોડિયો છે તેમને, બાળકોને તજાવી તજાવીને રથે જોડો તથા ત્રણ વર્ષનો જૂનો દારૂ કોરે મૂકી, ગળે માળા બાંધેલા અશ્વ ક્ષણમાં તૈયાર કરો!

"જા, મ્હોટા રાજાઓ સહિત, તેમ બહુસામ નામની પુરીના અધીશ્વરો સહિત સો રાજાવાળી કે હજાર રાજાવાળી, સદા સામોપાયથી વિરહિત એવી, અને સર્વદા યુદ્ધ માટે તૈયાર એવી, તેમની સેના તૈયાર કરીને સીમાડે યુદ્ધ માટે આવે, એમ તારા સ્વામીને કહે."

એમ રજા પામેલા દૂતે પોતાના સ્વામી પાસે જઈ સર્વ હકીકત કહી લડાઈની તૈયારી કરાવી. (દ્વયાશ્રય-પ્રો. મ. ન. દ્વિવેદીનું ભાષાંતર)

૧ દ્વયાશ્રયમાં ગ્રાહરિપુની મદદમાં કચ્છના જામ લાખોજી આવ્યાનું જણાવ્યું છે તે આ રીતે-

"બે પુરૂષ જેટલા ઉંચા ભાલાથી પ્રકાશતો, નીલ ઘોડી ઉપર ચડેલો, અને નીલ વસ્ત્ર ધારણ કરતો નીલાદ્રિ જેવો જણાતો, ને રોહિણીનાથના શત્રુને (રાહુને) પણ દૂર મૂકે તેવો લક્ષરાજ, રેવતીમાં આવ્યો." શ્લોક ૪૭, સર્ગ ૪ થો.

આ ઉપર ટીકાકાર લખે છે કે-"રેવતીમાં એટલે જ્યારે ચંદ્ર એ નક્ષત્રમાં હતો ત્યારે, અર્થાત્ લક્ષરાજાની રાશી મેષ છે કેમકે અશ્વિનીમાં જન્મેલો છે. ને રેવતીમાં ચંદ્ર મીન રાશીનો તેથી તે લક્ષરાજને બારમો થયો. માટે આ અશુભ કાળે આવ્યાથી એનું મરણ થશે એમ સૂચવ્યું છે."

વળી જ્યારે જામ લાખોજી યુદ્ધમાં જવા તૈયાર થયો ત્યારે કહ્યું છે કે:—

"અહો! આજનો દિવસ, ચંદ્રયુક્ત પુષ્ય નક્ષત્રવાળો ન છતાં તેવો છે કેમકે પૌષ અને તૈષ એવા સર્વ નરને સિદ્ધિદાતા છે; એમ ગર્ગાચાર્યની ઇચ્છા કરતા યાદવોને, ગર્ગની ગરજ સારવા લવતો, લક્ષરાજ તૈયાર થયો." શ્લોક ૯૦, સર્ગ ૪ થો.

આ ઉપર ટીકાકાર લખે છે કે-"પૌષતૈષ એટલે પુષ્ય અને તિષ્યમાં જન્મેલા. એવો સંપ્રદાય છે કે બારમો ચંદ્ર છે તે પુષ્ય નક્ષત્ર હોય તો સર્વાર્થસાધક છે."

અને લાંબાં કાંનછેરિયાંવાળા માણસો લઈને આવ્યો; વળી કાશી દેશનો રાજા, [1]શ્રીમાલનો સર્વોત્તમ રાજા, આબુ પર્વત અને ઉત્તરનો પરમાર રાજા પણ આવ્યો; અણહિલવાડના રાજાનો ભાઈ ગંગામહ એ સર્વે ત્યાં આવ્યા, પણ સોલંકીના પિત્રાઈ [2]બીજ અને દંડક હતા તેઓએ આવવાને ના કહી.

જેવામાં મૂળરાજની સેના ચક્રને આકારે અને ગરૂડને આકારે થતી હતી તેવામાં આબુના સુભટો જે હિંમતમાં આગેવાન ગણાતા હતા તેઓએ મુખ્ય સેનાસમુદાયથી છૂટા પડી [3]જંબુમાલી નદીને તટે હાર બંધાઈ યુદ્ધ મચાવ્યું. તેમાં આના રાજાએ ઘણા યોદ્ધાઓને ઠેર કરીને શત્રુ પાસેથી જિતનો ઝંડા હાથ કરી લીધો. ગૂજરાતના યોદ્ધાએ પણ ઘણી હિંમત અને શસ્ત્ર-વિદ્યાની કુશલતા બતાવી. તેમના શત્રુ, અસુરો પણ જો કે તેમનાં રક્ષણ થાય એવાં કવચ અને વજનદાર ઢાલો સહિત હતા અને અગર જો તેઓ મેઘની પેઠે ગર્જના કરતા હતા તથા બાણોનો વર્ષાદ વરસાવી દેતા હતા, તો પણ, મૂળરાજે તેઓના સુભટને હાથી ઉપરથી મારી પાડ્યો એટલે તેને શત્રુના હાથમાં રહેવા દઈને તેઓ ત્રાસ પામીને નાઠા.[4]

---

૧ શ્રીમાલ એને ભિન્નમાલ પણ કહે છે, તેનો જે રાજા તે જ અર્બુદેશ્વર એમ અભયતિલક ગણી કહે છે. એટલે શ્રીમાલ ને આબુના રાજા જૂદા નહિ. ૨. ઉ.

૨ મૂળરાજનો પિતા રાજ, તથા બીજ અને દંડક એ ત્રણે ભાઈ થતા તેથી બીજ તથા દંડક તેના સગા કાકા થાય.

૩ કાઠિયાવાડમાં આટકોટ પાસે લડાઈ થઈ છે ત્યાં લાખા ફૂલાણી તથા તેના સાથીઓના પાળિયા છે.

૪ દ્વયાશ્રયમાં આ પ્રસંગ આ રીતે વર્ણવેલો છેઃ–"મૂળરાજ અને ગ્રાહરિપુની લડાઈ શરૂ થઈ ત્યારે પ્રથમ મૂળરાજની સેનાએ પરાક્રમ બતાવ્યું. તે જોઈ ગ્રાહરિપુએ પોતાના સૈન્યને ઉશ્કેર્યું તે ખૂબ જુસ્સાથી લડ્યું, મૂળરાજે પોતાની હાર થતી જોઈ શંખનાદ કર્યો અને ગ્રાહરિપુની પેઠે પોતે પણ હાથી ઉપર ચડ્યો.

"એ શ્રેષ્ઠ નૃપે હાથી ઉપર રહે રહે, પૂર્વે કલેશ ન પામેલા એવા શત્રુસૈન્યને ઉત્તમ અસ્ત્રોથી કલેશિત તથા પરમ વિહ્વલ કરી નાંખ્યું.

"એટલે ઉત્કૃષ્ટ અસ્ત્રો વર્ષાવતો દૈત્યનો રાજા (ગ્રાહરિપુ) ક્રોધ પામી, ઉત્તમ યોદ્ધાથી વીંટળાયલા રાજકુંવર (મૂળરાજ) તરફ ધસ્યો.

"હે ક્ષુદ્ર નૃપ! આપણામાંના કોણ હવે કઠ છે ને કોણ ઉત્સ છે,' એમ અન્યોન્યને આક્ષેપ કરતા, એ બે રાજા લડવા લાગ્યા. (કઠ અને ઉત્સ એ શસ્ત્રભીરૂ બ્રાહ્મણોનાં નામ છે).

"જવાન હસ્તિનીઓની પેઠે કેટલાએક ઘોડાથી, ને કેટલાએક હાથીથી વીંટાએલા, એ બેના રાજા તો દૂર ઉભા રહ્યા.

"જે, એ યુદ્ધમાં ભળ્યા ન હોતા તેમને, એક વાર વાયલી ગાય, ગૃદ્ધવત્સા

કચ્છના લાખા જામે આ સમયે કહેણ કહાવ્યું કે જો મારા મિત્રને મૂકી દો તો હું ખંડણી આપું, પણ અણહિલવાડના રાજાએ તે સ્વીકાર્યું

દોહોવાની ગાય, વાછડાંને ખાતી ગાય, વાંજણી ગાય, તેની પેઠે એ બે પૃથ્વી રૂપ ધેનુના પાળનાર, હણતા નહતા.

"શ્રોત્રિય કઠ, કાલાપ પાઠક, કૌત્સોપાધ્યાય, એમને જેમ ધૂર્ત કઠ છેતરે છે તેમ સૌરાષ્ટ્રે (ગ્રાહરિપુએ) ચૌલુક્ય(મૂળરાજ)નાં અસ્ત્રોના પ્રહારથી વંચી જવા માંડ્યું.

"એ દૈત્યશ્રેષ્ઠે ગર્ભિણી ઘોડીના ગર્ભ છૂટી પડ્યા એ રીતે, ઉત્તમ ગદા, ગર્જના કરીને ગૂર્જરભૂપતિ ઉપર ફેંકી.

"યુવાન છતે પણ માથે તાલવાળો, યુવાન છતે પણ બુદ્ધિથી વૃદ્ધ, જુવાન છતાં પળિયાંવાળો, એવા રાજપુત્રે (મૂળરાજે) હસીને તેનો (ગદાનો) શક્તિથી ભંગ કર્યો.

"તીખું ભોજન કરવાથી પાણીવાળી થઈ હોય તેમ અશ્રુ સહિત આંખવાળો ગ્રાહરિપુ ક્રોધથી કપાળે ચઢાવેલી કરચલીથી યુવાન છતે વળિયાં પડેલો વૃદ્ધ જણાયો.

"સરખે સરખા જાડા બે હાથથી, ખાવાનું અન્ન હોય તેમ, લીલા માત્રથી જ, એણે લોઢાના સર્પ જેવાં બે શંકુ પકડીને (મૂળરાજ ઉપર) ફેંક્યાં.

"કુમારી પરિવ્રાજિકાના શાપ જેવાં દુ:સહ, કે કુમારી શ્રમણાના શીલ જેવાં તીક્ષ્ણ તીરથી તેને (શંકુને) ચૌલુક્યે તોડી નાંખ્યાં.

"અન્યોન્યને છેતરવાની બુદ્ધિથી ફેંકાયલા તીરથી એ ઉભયે, પક્ષી સહિત પ્લક્ષ અને ન્યગ્રોધના વૃક્ષ જેવા રાજે છે.

"તેમને સ્નિગ્ધ વાણી અને અંગવાળા તથા પીઠછત્રોપાનહાદિ ધારણ કરતા, નારદ મુનિએ, ધવખદિરપલાશાદિમાં ભરાઈ રહીને જોયા.

"પછી ભમર ચડાવીને, રોષથી વાંકી દાઢી કરીને, ભયાનક અને ફાટી ગયેલા ડોળા સહિત, અતિ ભયાનક ભુજવાળો, એ દૈત્ય, વાનરની પેઠે કૂદીને, કીર્તિ તથા યુદ્ધનાં માતા રૂપ છરી અને ખડ્ગ લઈ, જે હાથી ઉપર ચૌલુક્ય બેઠો હતો તે ઉપર ચડ્યો.

"એ બે અતિ દર્પવાળા, યમપુત્ર જેવા, હાથમાં તરવાર અને છરી લઈ, પિત્રાઈ બાઝ્યા હોય એમ, એક જ હાથી ઉપર લડવા લાગ્યા.

"સ્કંદકુમારનાં માતાપિતા (શિવ પાર્વતી) અને પ્રદ્યુમ્નનાં માતપિતા (વિષ્ણુલક્ષ્મી) તારા ઉપર આજ રૂઠ્યાં છે એમ કહેતાં ચૌલુક્યે દૈત્યને (ગ્રાહરિપુને) ભૂમિ ઉપર પાડ્યો.

"શિવનાં સાસુસસરાના પુત્ર (મૈનાક) જેવા દુર્ધર એવા એણે, કૂદી પડીને, જેનાં સાસુસસરો રડતાં રહ્યાં એવા(ગ્રાહરિપુ)ને હાથીની વરતથી બાંધ્યો.

"ઈન્દ્ર અને ઇન્દ્રાણીના રિપુને બલિની પેઠે બાંધનારને, એને, વિષ્ણુની પેઠે, ઇન્દ્ર તથા ઇન્દ્રાણી તેમ ગાર્ગ્ય અને વત્સ કુટુમ્બના બ્રાહ્મણો સ્તવવા લાગ્યા.

"આ ગાયો, આ વાછડાં, આ ઘોડા, આ રૂ, સર્વ ત્વરાથી લ્યો! એમ એ (ગ્રાહરિપુ) પકડાયા પછી બોલતો ક્રોધ કરીને લક્ષરાજ (લાખો ફૂલાણી) ધાયો.

"વસ્ત્ર, અંગરાગ, માલા, એ બધાંને શ્વેત કરતો (તે), ચૌલુક્ય પાસે આવી બોલ્યો:-

"હે મૂળ નક્ષત્રમાં જન્મેલા! આજ હું યુદ્ધે ચડ્યો છું, ત્યાં તારો ચન્દ્ર પુષ્ય અને

નહિ, એટલે, લાખાએ ક્રોધાયમાન થઈને મૂળરાજ ઉપર આક્રમણ કર્યું. પણ મૂળરાજનામાં દેવશક્તિ પ્રકટ થઈ હતી તેથી આ વિષમ લડાઈમાં લાખો

પુનર્વસુમાં છે (અર્થાત્ આઠમો ચન્દ્ર છે તેથી તારું મરણ થશે) એમ જાણ, કેમકે મારા અને ગ્રાહરિપુનામાં તિષ્ય અને પુનર્વસુની પેઠે કશું અંતર નથી.

"તારા પોતાના લાભાલાભ વિચારી, એને, તેમ તારા માન અને કીર્ત્તિને મૂક, લાભાલાભ વિચાર કરીને જ સુખકર કે દુઃખકર વસ્તુનું ગ્રહણ કરાય છે.

"ઘોડાઘોડીની પેઠે એને બાંધીને ઘોડાઘોડીની ઇચ્છા કરતો હોય તો તારા આગળ-પાછળનામાં કોઇએ એમ કર્યું હોય તે કહે, અમે તો (મિત્રને છોડાવવા રૂપી કાર્ય રૂપ) આ યુદ્ધથી જ તે કહી બતાવીએ છીએ.

"ઉચું કે નીચું જો નહિ, ત્યાં હવે તારું કોણ છે? પાડે પાડા બાઝે તેમ હવે મારી સાથે યુદ્ધ કર.

"પછી ચૌલુકય કોપમાં પણ વાણીથી દધિ અને ઘૃત ખવરાવતો બોલ્યો કે જેને ગાયો એ જ દધિ ઘીને સ્થાને ખપે છે તેવા એ દુષ્ટને કેમ મૂકી શકાય?

"એ પાપી કુશકાશ જેવો છે, ને એના સાહાય્ય નૃપો પણ તેવા જ છે એને છોડાવવાની ઇચ્છાવાળા એક તમે જ, ધવાશ્વકર્ણ (વૃક્ષ) જેવા સસાર જણાઓ છો.

"તમે જો યુદ્ધ કરશો તો તમને તિલ અને અડદના છોડની પેઠે આ મારો હાથ પીશી નાંખશે; ધવાશ્વકર્ણ(વૃક્ષ)ને ભાગી નાંખનારો મહાવાયુ શું તિલ અડદના કર્ષણ આગળ પાછો હઠશે?

"એક પ્રકારના હરિણ જેવા અશ્વ સહિત તે હરિણની પેઠે જ જો નાશી જવાની તારી ઇચ્છા હોય તો અત્યારથી જ નાશ, અહિં તિત્તિર અને કપિંજલની પેઠે ટક ટક ના કર.

"એમ સાંભળીને એણે (લક્ષરાજાએ) અશ્વરથાદિમાં બેઠેલા શત્રુને મગતરાં જેવા કે તિત્તિર કપિંજલ જેવા પણ ન ગણ્યા, ને પોતાના હાથમાં ધનુષ્ લીધું.

"બોર અને આમળાની પેઠે, કે ધાણી અથવા જલેબીની પેઠે, શત્રુને ખાઈ જવા માટે એણે તીર વરસાવા માંડ્યાં. ત્યારે ત્યાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર સર્વે ત્રાસ પામ્યા.

"બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રના પાળનારે (મૂળરાજે) પણ ધનુષ્નો ટંકારવ કર્યો, અને ભેરી તથા શંખના વગાડનારાએ જયનાદ કરતાં ભેરી અને શંખ ફુંક્યાં.

"માથું અને ડોક ન હલાવતા એવા એના ધનુષ્ની પણછના ઉચ્ચનાદથી જાણે એમ કહેવાવા માંડ્યું કે હવે કઠ અને કાલાપ એ (બ્રાહ્મણો) પ્રતિષ્ઠા તથા ઉન્નતિ પામ્યા.

"વાજપેય ચયનમાં કે અર્કાશ્વમેઘમાં હોય તેમ રણમાં એ ઉભયે વજ્ર જેવા ઇશુ-બાણથી માંડવો બનાવી નાંખ્યો.

"વિરોધને લીધે નોળિયા અને સર્પની પેઠે બાઝેલા, તથા (અનુક્રમે) દેવતા અને દાનવથી સ્તવાયલા, એ ઉભયે, યુદ્ધ રૂપી સંહિતાના વિસ્તાર માટે પદક્રમ કરવા માંડ્યો.

(સંહિતા, પદક્રમ એ શબ્દો દ્વયર્થ છે. સંહિતા એટલે સંધિપૂર્વક લખેલો વેદમંત્રનો સમૂહ; તેનો વિગ્રહ કરી બોલાય તે પદ; અને તેની અમુક પ્રકારે બબ્બે બબ્બેથી આવૃત્તિ કરાય તે ક્રમ-એવા ઘણા પ્રકાર છે. જેમ વેદ સંહિતા, પદ ને ક્રમથી વિસ્તારવાળી થાય તેમ યુદ્ધકાર્ય પદક્રમ એટલે અમુક અમુક સ્થાનાદિ પ્રક્રિયા તેથી વિસ્તરે.)

સોલંકીના ભાલાથી વિંધાઈ ગયો. આ જાડેજા રાજાને ગદડીને મૂળરાજે તેને ગળે પગ મૂક્યો. લાખાની માએ પોતાના કુંવરનું મુડદું દેખી, અને તેની

"ગૂર્જરત્રાના અને કચ્છના એ બે નાથે, દ્વારિકાનાથ અને કુન્દિનપુરના અધીશની (રૂકિમયાની) પેઠે, શર રૂપી મોજાંની પરંપરાથી જાણે ગંગાશોણ વેહેવરાવ્યો.

"વારાણસી અને કુરૂક્ષેત્ર રૂપી સંગ્રામભૂમિ પામીને એ બે, જેમ શૌર્યપુર અને કેતવતના નાથ તેમને પામીને ખુશી પામે તેમ, ખુશી થવા લાગ્યા.

"દૃઢતાથી ગૌરી અને કૈલાસ પર્વત જેવા, અંગે અક્ષત, એ બે સૂતાર અને લુવારનું અનુકરણ, પરસ્પર શસ્ત્ર ભાંગીનાંખી કરતા હતા.

"સુભટોએ બળદ, અશ્વ, ઊંટ, ગર્ધવાદિ ઉપર બાણ આણીઆણીને દર્હી અને દૂધ જેવી ઉજ્જ્વલ કીર્ત્તિની આકાંક્ષા રાખતા તેમને આપ્યાં.

"દશ જેની સમીપ છે (એટલે નવ કે અગીઆર) એટલા હાથીના જેટલા બલવાળા, તથા દધિ અને સર્પિષ (ઘ) જેવાં અક્ષુવાળા લક્ષે (લાખા ફૂલાણીએ) છ બળદ અને પાડાથી ઉચકાયલો ભાલો ઉપાડ્યો.

"એણે (લાખાજીએ) લગભગ દશ હાથી તથા ઘોડાને કચરી નાંખતાં, તથા દશેક રથને છુંદી નાંખતાં, અતિ પ્રકાશવાળા દંતથી હોઠ કરડતાં, ભાલો ઉંચો કરીને ફેંક્યો.

"ષડંગે ઉન્નત (શુભ લક્ષણયુક્ત મહાપુરૂષોનાં માથું, હૃદય, ખભા, અને પગ એ છ ઉન્નત હોય છે.) એવા ચુલુક્યરાજે (મૂળરાજે) ચારે દિશાને કીર્ત્તિથી સુવાસિત કરી લીપી લેતા, સર્વ સારમય લોહના ભાલાથી લક્ષરાજને (લાખા ફૂલાણીને) હણ્યો."

[કચ્છના ભાટો પણ એમ જ કહે છે કે મૂળરાજે લોઢાના ભાલાથી લાખા ફૂલાણીને મારચો:—

[अची फूलाणी फरोरचो, रारो मंडाणुं; मूलराज सांग उखती, लाखो मराणुं.]

"ઉગ્ર રિપુના નિગ્રહથી પોતાનું પ્રિય કરેલા એવા એના ઉપર તે જ ક્ષણે બબ્બે ત્રણ ત્રણ દેવાંગ[illegible] સહિત દેવતાઓએ પુષ્પવૃષ્ટિ કરી.

"બાળકે [illegible] આંગળિયે વળગાડીને એની (ગ્રાહરિપુની) પરણેલી સ્ત્રિયોએ પતિ રૂપ ભિક્ષા માગવાથી એણે (મૂળરાજે) ગ્રાહરિપુને અંગુલી કાપી લઈ છોડી દીધો.

"સૌરાષ્ટ્રનાં વૃદ્ધ તેમ બાલ સર્વેએ, એ સમયથી ધારણ કરેલો સ્ત્રીવેશ (આડિયું; કાછડી ન ઘાલવા રૂપી) રાજપુત્ર(મૂળરાજ)નો યશ પ્રકાશ કરે છે.

"એ ભૂપતિએ (મૂળરાજે) યતિ તથા વિપ્રોને યથાર્થ વ્યવસ્થાપૂર્વક, દુ:ખહીન કરી સુખસંપન્ન કર્યા.

"પછી પ્રજાને પુત્ર સમાન ગણતો અને તેજરૂપી અગ્નિથી સર્વને હિતકારી, એ પુત્રપ્રસવથી જાણે સંતોષ પામ્યા હોય એવા અગ્નિહોત્રિયો સાથે પ્રભાસ (યાત્રાએ) ગયો." પછી અણહિલપુર ગયો. (દ્વયાશ્રય-શ્લોક ૮૬ થી ૧૩૨ સર્ગ ૫ મો. પ્રો. ન. મ. દ્વિવેદીકૃત ભાષાંતર.)

મૂછો વાથી ફરકતી જોઈ, મૂળરાજને શાપ દીધો કે "તેં મારા પુત્રને માર્યો માટે તારા કુટુંબનો કોઢથી નાશ થજો."[1]

જામ લાખાને સોરઠના રાજા સાથે મિત્રતા હતી, તે ઉપરાંત તેને **મૂળરાજ** સાથે શત્રુવટ બાંધવાનાં બીજાં કારણ પણ હતાં. કહે છે કે, **રાજ સોલંકી** પોતાની રાણી (**લીલાદેવી**) મરી ગઈ એટલે **દ્વારિકામાં વિષ્ણુનું** દેવાલય છે તેની યાત્રા કરવાને ગયો. ત્યાંથી પાછા વળતાં[2] તે **લાખા ફૂલાણીના** દરબારમાં ગયો ને તેની બ્હેન **રાયાંજીની** સાથે પરણ્યો, ને તેને પેટ પછી **રાખાઇચ** (**લાખાઈત** ઉર્ફે **ગંગામહ**) નામે પુત્ર થયો. તેના પછીના ઇતિહાસ લખનારાએ તેના દુર્ભાગ્યની વાત લખી છે તે તેના આ બીજા લગ્નને લાગુ પડે છે. એકબીજાની વડાઈ વિષેનો વિવાદ કરતાં **રાજ સોલંકીને** તેના રજપૂત સાથિયો સુદ્ધાંત, **લાખાએ** મારી નાંખ્યો, અને **જાડેજી** રાણી **રાયાંજી** તેની પછવાડે સતી થઈ. **બીજ સોલંકી**, જે મૂળરાજનો કાકો થાય તેણે આ કજિયાનું વૈર લેવા પોતાના ભત્રિજાને ભંભેર્યો. અને **લાખા જામ રાવે** પોતાના દરબારમાં **રાજના** ન્હાના કુંવર **રાખાઇચ**(**લાખાઈત** ઉર્ફે **ગંગામહ**)ને તેના ઓરમાઈ ભાઈ, **મૂળરાજની** સામો કરવાને રાખ્યો હતો. એ રાજકીય કારણને લીધે પણ **લાખાની** સામે થવાને **મૂળરાજ** ઉશ્કેરાયો હતો.

મૂળરાજે લાખાને દ્વંદ્વ યુદ્ધમાં ઠેર કર્યો છે, એવી જે કીર્ત્તિ તેને મળે છે તે સામે વાંધો ઉઠાવાયો છે. જેમ **ક્લારેન્સના** ડ્યુકને **બકન** તથા તેના **નાઈટોએ બોગી** આગળ ઠેર કર્યો, તે પ્રમાણે જે સુભટોએ **લાખા** ઉપર હાથ ચલાવ્યો હતો તેઓમાંથી માત્ર એકના જ ઘાથી નહિ પણ ઘણા જણાના

---

૧ લૂતા એટલે કોઢ વિષે **હિન્દુઓ** એમ ધારે છે કે **સૂર્ય**, જેણે તેનો કોઈ અપરાધ કર્યો હોય તેને તેની શિક્ષા કરવા એ રોગ કરે છે. **પ્રબંધ ચિંતામણિમાં ભાણ**(**મયૂર**) નામનો કવિ જે **માળવાના ભોજરાજાના દરબારમાં** હતો તેને કોઢ થયો હતો તે **સૂર્યની** શાંતિ કરવાથી મટી ગયો. **સોરઠમાં સોમનાથ** મહાદેવની વધારે પૂજા થતી હતી. **ઈરાની** લોકોનો એવો વિચાર છે એવું **હિરોડોટસે** (ક્લિયો) કહ્યું છે. જો કોઈ પણ નગરવાસીને કોઢ અથવા કંઠમાળી રોગ થયો હોય તો તેને નગરમાં રહેવા દે નહિ, તેમ જ કોઈ ઈરાની સાથે વાત પણ કરવા દે નહિ, કારણ કે તે લોક એમ માને છે કે સૂર્યનો કાંઈ અપરાધ કરીને એ રોગ એણે પોતાના ઉપર ખેંચી લીધો છે. એ જ રીતે જ્યુ(યાહુદી)લોક માને છે કે અમુક પાપને લીધે કોઢ થાય છે.

૨ જે **દ્વારિકાની** યાત્રા કરે તે જ્યારે કચ્છમાં **નારાયણસરોવર** જે **આદિધામ** ગણાય છે ત્યાં યાત્રા કરી આવે ત્યારે જ તેની **દ્વારિકાની** યાત્રા સફળ ગણાય છે તેથી **રાજ** પોતે **શેરોગઢ** એટલે હાલના **નારાયણસરની** યાત્રાએ ગયેલો, ત્યાંથી વળતાં **કપિલકોટ** (કેરાકોટ) આવેલો હતો. **ર. ઉ.**

વાથી તે ઠેર થયેલો હશે. જેને વિષે હેમાચાર્યે લખ્યું છે તે જોધપુર અને ઈડરના રાજવંશનો પૂર્વજ સિયોજી રાઠોડ જે મારવાડમાં રાજ કરતો હતો અને અણહિલવાડ આવ્યો હતો તેણે મૂળરાજની પુત્રી સાથે લગ્ન કર્યું હતું, તેથી તે ત્યાં લડાઈની વેળાએ હાજર હતો, અને લાખા ફૂલાણીને તેણે ઠેર કર્યો હતો એવું તેના દસોંદી ભાટ કહે છે.[1]

---

૧ કચ્છનો લાખો ફૂલાણી શિયાજી રાઠોડના હાથથી મરાયો એમ રાઠોડના ભાટ કહે છે તે વાત ખોટી છે, કેમકે, કનોજના રાઠોડ જયચંદ્રનું રાજ્ય શાહબુદ્દિન ઘોરિયે ઇ૦ સ૦ ૧૧૯૪ માં જિતી લીધું, તેથી, તેણે ગંગા નદીમાં પડીને પ્રાણત્યાગ કરયો. તેનો કુંવર શેખ રાઠોડ હતો તેને (શ્યોજી ને સેતરામ) શિયોજી અને સાઈતરામ એવા બે કુંવરો હતા, તે પાદશાહ સામે બ્હારવટામાં હતા. પણ છેવટે સન ૧૨૧૨ માં થાકીને તેઓ પોતાની સાથે ૨૦૦ રજપૂતો લઈને હાલના વિકાનેર શેહેરથી ૨૦ માઈલ ઉપર પશ્ચિમમાં (काल्मद्द) કાલૂમદમાં આવ્યા. ત્યાં તે વેળાએ સોલંકી જાતનો રજપૂત રાજ્ય કરતો હતો, તેની કુંવરી સાથે સિયોજી પરણ્યા. પછી મેહેવામાં ડાભી જાતિના રજપૂત રાજ્ય કરતા હતા તેમને લૂણી નદી ઉપર ઉજાણીમાં બોલાવ્યા ને પછી તેમનો નાશ કરયો, તેમ જ પછી સાચોરના દેવડા, ઝાલોરના સોનીગરા, અહીંતના મોહિલ, સિંધલના સંકલા અને જૂના ખેરગઢના ગોહિલોનો નાશ કરીને મારવાડનું રાજ્ય સ્થાપ્યું. પાલીવાડ બ્રાહ્મણોને જાગીરમાં પાલી મળ્યું હતું તેમને મેર અને મીણા જાતના લોક ઉપદ્રવ કરતા હતા માટે તેમનો નાશ કરવા બ્રાહ્મણોએ સિયાજીને પાલીમાં વસાવ્યો. પણ તેણે તો ઉલટું લોભાઈને બ્રાહ્મણોને જ મારીને પાલીના ધણી થઈ પડી રાવનું પદ ધારણ કર્યું અને ત્યાં જ પોતાનું રાજ્ય સ્થાપ્યું. સિયાજીને અસોથામ, સોનીંગ અને અજમાલ એવા ત્રણ કુંવરો હતા, તેમાં અસોથામ પાલીની ગાદિયે બેઠો, અને સોનીંગે ઈડરનું રાજ્ય લીધું. તેના વંશજ હવણાં મહીકાંઠામાંના પોલમાં છે. અજમાલને વાઘાજી, અને વાઢેરજી એવા બે કુંવરો હતા તેમના નામથી વાઘ્જી અને વાઢેર એવી બે રજપૂતની જાતિ થઈ. અસોથામના વંશજ રાવ ચાંદોજી થયા તેમણે પાલીથી રાજગાદી ઉઠાવીને પડિહાર જાતિના રજપૂત રાજાને મારીને મણ્ડુરમાં રાજધાની કરી. તે ચાંદોજી ઇ. સ. ૧૪૦૨માં મરાયો. ચાંદાજીના રણમલજી થયા ને તેમના કુંવર જોધાએ ઇ૦ સ૦ ૧૪૫૯(સં. ૧૫૧૬ જેઠ શુદિ ૧૧)માં જોધપુર વસાવી ત્યાં ગાદી કરી.

આ પ્રમાણે રાઠોડ સિયોજી જોધપુર અને ઈડરના રાજવંશીઓના પૂર્વજ હતા એ વાત ખરી, પરંતુ તે મૂળરાજ સોલંકીના સમયમાં હતા નહિ; કારણ કે તેના પછી ૨૩૩ વર્ષે આ સિયોજી થયો છે તે કાલુમદના સોલંકીની કુંવરી પરણ્યો હતો, તે ઉપરથી મૂળરાજ પણ સોલંકી હોવાથી ભાટોએ એ ચોકડું બેસારી દીધું છે; કેમકે લાખો તો ઇ૦ સ૦ ૮૫૫ માં જન્મ્યો છે અને ૯૭૯ માં સવાસો વર્ષનું આયુષ્ય ભોગવી મૂળરાજના હાથથી જ મરાયો છે.

લાખાના જન્મમરણ વિષે નીચે પ્રમાણે જૂની કવિતા છે:–

શાકે સાત સતોતરે, (શુદ) સાતમ શ્રાવણ માસ;
સોનલ લાખો જન્મિયો, સૂરજજોત પ્રકાશ.

"શેખ[1] (સલખોજી) રાઠોડના પ્રતાપવાન પુત્રે સેના સહિત યાત્રા કર-

સોનલ રાણી જે કુડધર રબારીને ત્યાં ઉછરેલી કોઈ અપ્સરા કહેવાતી કન્યા હતી તેની વેરે ફૂલ જામ, પરણ્યો હતો. તેનો પુત્ર લાખો સૂર્યની જોતના પ્રકાશ જેવો શાકે ૭૭૭ ના શ્રાવણ સુદી ૭(ને સોમવારે)ને દિવસે જન્મ્યો હતો.

છપ્પય–શાકે નવ એકમેં, માસ કાર્ત્તિક નિરંતર,
પિતાવેર છલ ગ્રહે, સાહડ દાખે અતસધર,
પડે સમા સો પનર (૧૫૦૦) પડે સોલંકી સોખટ (૬૦૦)
સો ઓગણિસ (૧૯૦૦) ચાવડા, મૂવા રાજરક્ષણવટ
પાતલે ગાવવા મંગલ લઈ, હાથમલ સેલસિંહના આશરે;
આઠમે પક્ષ શુક્ર ચાંદણે, મૂળરાજ હાથ લાખો મરે.

આ ઉપરથી જણાશે કે શિયાજીને હાથે લાખો મરાયો નથી પણ મૂળરાજના હાથથી મરાયો છે. જુવો પૃ. ૮૧ ની નોંધ–કચ્છી કવિતાઃ–

અચી કુલાણી ફેરેરચો, રારો મંડાણું,
મૂળરાજ સાંગ ઉખતી, લાખો મરાણું.

(લાખો) ફૂલાણી આવીને ફર્યો, એટલે પોરસમાં આવ્યો, લડાઈ મંડાઈ, મૂળરાજે સાંગ (બરછી) મારી તેથી લાખો મરાયો.

વળી પ્રબંધ ચિંતામણિમાં મેરૂતુંગથી પણ આધાર મળે છે કે,–

અનુષ્ટુપ્–स्वप्रतापानले येन लक्षहोमं वितन्वता ।
सूत्रितस्तत्कलत्राणां बाष्पावग्रहनिग्रहः ॥
आर्या–कच्छपलक्षं हत्वा सहसाधिकलम्बजालमायातम् ।
संगरसागरमध्ये धीवरता दर्शिता येन ॥

જેમ અગ્નિમાં લાખ હોમ કરનાર અનાવૃષ્ટિનો નિગ્રહ કરે છે તેમ પોતાના પ્રતાપ રૂપી અગ્નિમાં લક્ષ(લાખો ફૂલાણી)નો હોમ કરનાર (મૂળરાજ) તેણે તેની સ્ત્રિયોનાં આંસુવડે અનાવૃષ્ટિનો નિગ્રહ કર્યો (એટલે અતિવૃષ્ટિ કરી).

જેમ સમુદ્રમાં માછી પોતાની પસારેલી જાળમાં આવતાં લક્ષ કચ્છપ એટલે કે કાચબા આદિ જળચરોને મારે છે તેમ કચ્છપતિ લક્ષ–લાખા ફૂલાણીને (મૂળરાજે) પોતાની વિસ્તારવાળી જાળમાં લઈને સંગ્રામ રૂપી સાગરમાં હણીને (ધીવરતા) માછીપણું પ્રકટ કર્યું.

વળી कीर्तिकौमुदीनो કર્તા સોમેશ્વર લખે છે કેઃ–

सपत्त्राकृतशत्रूणां संपराये स्वपत्त्रिणाम् ।
महेच्छकच्छभूपालं लक्षं लक्षीचकार यः ॥

શત્રુઓનાં અંગમાં ઠેઠ પીંછાં સુધી પ્રવેશ કરનારાં પોતાનાં બાણોનો મૂળરાજે મ્હોટી ઇચ્છાવાળા કચ્છભૂપાલ(લક્ષ–લાખા)ને યુદ્ધમાં લક્ષ કર્યો (તાક્યો).

૧ જયચંદ્રનો કુમાર શેખ (સલખોજી) રાઠોડ તે સિયાજીનો બાપ. ૨. ઉ.

"વાનો નિયમ લીધો, ત્યારે મૂળરાજે નાળિયેર[૧] મોકલીને તેને કહાવ્યું કે હે
"કનોજના ધણી! આજે તું મને સાહાય્ય થા. રાકોડે કહ્યું હવણાં તો હું
"ગોમતિયે (દ્વારિકા) યાત્રા કરવા જાઉં છું–વિવાહ સંબંધીની વાત વિષે હું યાત્રા
"કરીને ઘર ભણી પાછો વળીશ ત્યાર પછી થઈ રહેશે. પાછાં વળતાં પાટણ-
"માં મૂળરાજને ઘેર સિયો રાકોડ પરણ્યો. પછી જાડેજાનો કિલ્લો રાકોડે તોડી
"પાડ્યો. શત્રુના હૃદયમાં તે બાણની પેઠે સાલવા લાગ્યો. [૨]રુક્મધજને ને
"યાદવને વાંધો ક્યાં હતો? એ તો સોલંકી રાજાને એણે આશ્રય આપ્યો
"હતો. યુદ્ધમાં સિયાએ લાખાને ઠેર કર્યો; એ વાત કાળના કાળ વહી જશે
"પણ વિખ્યાત રહેશે."

પછી મૂળરાજે પોતાના લશ્કર સહિત પ્રભાસની યાત્રા કરી, પવિત્ર સોમેશ્વરનું પૂજન કર્યું, ને શત્રુ પાસેથી મળેલી લૂંટ તથા હાથિયો લઈને પોતે ઘેર પાછો આવ્યો.

અણહિલવાડે આવ્યા પછી, કેટલેક દિવસે, મૂળરાજને ચામુંડ નામનો કુમાર જન્મ્યો. બાલ્યાવસ્થામાંથી જ એ કુંવરની અસાધારણ બુદ્ધિ જણાઈ આવવા માંડી. તેને વારંવાર રૂદ્રમાળ જવામાં અત્યંત આનંદ ઉપજતો હતો. તેથી ત્યાં બ્રાહ્મણો મહાભારતની કથા કહેતા હતા તે સાંભળવાનો તેને સારો લાગ મળી આવ્યો હતો.

એક દિવસ, એ કુંવર, રાજદરબારમાં જઈ, પોતાના બાપને નમન કરી બેઠો હતો તેવામાં અણહિલવાડના રાજાની કૃપા સંપાદન કરી લેવા, આઘા આઘા દેશના રાજાઓએ પોતાના પ્રતિનિધિયો સાથે ભેટ મોકલાવી હતી તે લઈને તેઓ દરબારમાં આવી પ્હોંચ્યા. અંગ દેશના રાજા ભણીથી શણગારેલો રથ, દરિયાકિનારેથી[૩] રત્ન, અને વનવાસ દેશના ભર્ત્તા ભણીથી સોનું ભેટ થયું. દેવગિરિના રાજાએ વાર્ષિક[૪] ખંડણી મોકલાવી, કોલ્લાપુર

---

૧. વિવાહ સંબંધી વાત કરવાને નાળિયેર મોકલવાનો ચાલ છે. ર. ઉ.

૨ રાકોડ.

૩ સિન્ધુરાજ ભણીથી રત્ન ભેટ આવેલાં તેને બદલે દરિયાકિનારેથી આવ્યાનું લખાયું છે તે એવા કારણથી કે દ્વયાશ્રયમાં સિન્ધ દેશના રાજાને "અબ્ધિસ્વામી (દરિયાનો ધણી)" લખ્યો છે તેથી સમજફેર થયું છે. ર. ઉ.

૪ શરજ એટલે, મહાદેવના પુત્ર કાર્ત્તિકસ્વામી(સ્કંદ)ની ગુફા દેવગિરિ પર્વત ઉપર છે તે ઉપરથી ત્યાંનો રાજા શરજાચલ અથવા દેવગિરિનો રાજા કહેવાય છે, તેને કાર્તિકસ્વામીની સેવા કરવાના ફળ રૂપે દેવતાઈ કમળપુષ્પની પ્રાપ્તિ થયેલી. એવાં કમળ દેવતાઈ હોવાથી સંધ્યાકાળે પણ મિંચાઈ જાય નહિ એવા પ્રતાપવાળાં હોવાથી વાર્ષિક

નામના મહાપુરના અધિપતિએ મૂળરાજના પગ આગળ પદ્મરાગમણિ ભેટ કર્યા. કાશ્મિરના રાજા (કીર) ભણીથી પોતાના દેશની વખણાતી કસ્તુરી ભેટ થઈ. કુરૂક્ષેત્રના રાજાએ વિવિધ રંગનું છત્ર મોકલાવ્યું. પાંચાલના રાજાએ[1] ગાયો અને દાસ પ્હોંચાડ્યાં. છેલ્લી વેળાએ દક્ષિણ માંહેલા લાટ દેશનો પ્રતિનિધિ આવ્યો તેણે પોતાના રાજા દ્વારપ ભણીથી એક હાથી ભેટ કર્યો, તે એવો અપશકુનિયાળ હતો કે જોશિયોએ[2] જોતાં વેંત જ

દંડ રૂપે તેણે તે મૂળરાજને ભેટ મોકલ્યાં. આ પ્રમાણે મૂળ ગ્રન્થમાંથી અર્થ નીકળે છે તેને બદલે વાર્ષિક ખંડણી લખવામાં આવી છે.

ઉપર જે રાજાઓ ભણીથી ભેટ આવ્યાનું લખ્યું છે તે ઉપરાંત વિન્ધ્ય દેશનો રાજા જે હાથિયોને બાંધનારા એટલે વિન્ધ્યાચળ પર્વતમાં થતા હાથિયોને વશ કરીને બાંધી લેનારો, તેવાને પણ મૂળરાજે હાથે કરીને બાંધેલો, તેણે વગર મિંચાયલા કમળના અગ્ર જેવી સુંઢવાળો શકુનિયાળ હાથી ભેટ મોકલ્યો હતો.

મૂળરાજની પાદુકાનું અર્ચન કરનાર પાન્ડુ દેશના અધિપતિએ ચાંદરણીની શોભા ધારણ કરનાર એવા દેદીપ્યમાન હાર અર્પણ કરવા મોકલ્યા હતા.

તેજ નામના દેશ(જે ઘણું કરીને અર્બસ્તાન હોવો જોઈએ કેમકે તેનું બીજું નામ તાજ કેહેવાય છે)ના રાજાએ તેજી ઘોડા ભેટ મોકલ્યા હતા.

૧ પાંચાલ દેશમાં કાંપીલ્ય નામે નગર હતું ત્યાંનો સિદ્ધ એટલે વિખ્યાત એવો પાંચાલ રાજા, તેણે મૂળરાજની આજ્ઞાને અનુસરીને દાસ્યા:પુત્ર ખસ (કોઈ એક ક્ષત્રીય જાતિ) જે ચોરનું ટોળું કરીને વટેમાર્ગુઓને લૂટવાનો ધંધો માંડી બેઠા હતા તેઓને હણીને અને જડમૂળથી ઉખેડી નાંખીને તેમની એકઠી કરેલી રિદ્ધિ લાવીને મૂળરાજને અર્પણ કરી દીધી છે. દાસ્ય:પુત્ર એ ખસનું વિશેષણ મૂળમાં છે તે બરાબર નહિ સમજાયાથી દાસ (ગુલામ) અને ગાયો લખાઈ ગયાનું સમજાય છે અથવા તો રિદ્ધિની ગણનામાં દાસ, ઢોરનો સમાવેશ કરચો હોય. ર. ઉ.

૨ મૂળરાજે ચામુંડ સામું જોઈને એ કેવા પ્રકારનો હાથી છે તે જાણવાની ઇચ્છા બતાવી એટલે—

"તેણે બૃહસ્પતિ(વાચસ્પતિ)કૃત 'ગજલક્ષણ શાસ્ત્ર' જોયું હતું તેને આધારે કહ્યું કે આવો લાંબી સૂંઢવાળો (દીર્ઘ હસ્ત) હાથી જેને ઘેર હોય તેને ત્યાં ઈન્દ્રનું સ્વર્ગાધિપત્ય હોય તો પણ તે નાશ પામે! આ હાથીને જેવા દંતુસલ છે તેવા અસ્થિદંતુસલનો હાથી (નિ:શ્રીક-હાડકાંની પેઠે શોભા રહિત દંતવાળો) જેને ત્યાં હોય તેના પિતાના શિષ્ય, પુત્ર, બ્હેન, બનેવી તથા ભાણેજો એ સર્વેનું ઉચ્છેદન કરી નાંખે. આ હાથી ઓતુનેત્ર (પિંગલ નેત્ર-બિલાડા જેવી પીળી આંખો) હોતાં, પોતાના માતા, પિતા, બ્હેન, ભાણેજને ક્લેશકારક છે. આવો શુકપિછપુચ્છ એટલે પોપટપૂંછો હાથી બ્રાહ્મણ દક્ષિણામાં પણ લે નહિ તો આપણાથી તે લેવાય જ કેમ? આ હાથી કૃષ્ણનખો (કાળા નખવાળો) છે તેથી તેનો જે ધણી થાય તેનું એવું રિષ્ટ થાય કે તેનું નિવારણ કરવાને

કર્યું કે એ તો "કાળ રૂપ" છે.—આ ભેટથી જે માનશકુન થયા તેથી સર્વે દરબારિયોના મનમાં ત્રાસ ઉપજ્યો; અને **દ્વારપ** રાજાએ આવી રીતે અપમાન કર્યું તેથી **ચામુંડ યુવરાજને** એટલો બધો ક્રોધ ઉપજ્યો કે, એકદમ તેના ઉપર ચડાઈ કરવાની તેની વૃત્તિ થઈ, અને તે અટકાવવાને **મૂળરાજને** મહા મહા પ્રયત્ન કરવો પડ્યો. કેમકે તરત નીકળવાને મુહૂર્ત્ત સારૂં **આવતું** ન હતું. એથી **લાટના** પ્રતિનિધિને તેની અપશકુનવાળી ભેટ પાછી લઈ જવાની ધિક્કારથી આજ્ઞા કરીને **મૂળરાજ** શાન્ત પડ્યો. પણ જ્યારે શુભ મુહૂર્ત્ત આવ્યું ત્યારે **દ્વારપને** તેના ગર્વની શિક્ષા કરવા સારૂ **મૂળરાજ** અને **યુવરાજ (ચામુંડ)** કુંવર સેના સહિત ચડ્યા. તેઓના રાજ્યની સરહદ [1]**નર્મદા** નદીના કિનારા સુધી હતી ત્યાં તેઓ આવી પ્હોંચ્યા; તે એટલી ઝડપથી કે, ઉંચી કદણો ઉપરથી નીચે નદીમાં સુભટો ઉતર્યા ત્યાં સુધી નદીમાં સ્ત્રિયો ન્હાતી હતી તેઓના જાણવામાં કશું આવ્યું નહિ. **સૂર્યપુર (સુરત)** અને **ભૃગુકચ્છ**[2] **(ભરૂચ)** એ બે શહરો વચ્ચે થઈને સેના ચાલી તે **દ્વારપના** રાજ્યપ્રદેશમાં આવી પ્હોંચી. તે દેશ તે વેળાએ નકારાં પગલાંવાળી સ્ત્રિયોએ કરીને પ્રખ્યાત હતો. તેઓની બેડોળ કંમર અને કાળો મેંશ જેવો બેડોળ

અગ્નિસોમોપમ અને **અગ્નિવરૂણોપમ** પુરોહિત અગ્નિ અને સોમ અથવા અગ્નિ અને વિષ્ણુ જેના દેવતા એવી વૈદિક ક્રિયાઓ કરે તથાપિ **તેમ** કરવા સમર્થ થઈ શકે નહિ. આ અલ્પવંશ એટલે લઘુપીઠવાળો હાથી સર્વ પ્રકારે નિંદવા યોગ્ય છે.

"આ હાથીને હોઠે રેખા છે એવો ઓષ્ટવલિમાન હાથી મહા દોષિત ગણાય છે, તે એટલો બધો કે સૂર્ય અને ચંદ્ર પૂર્વમાંથી ફીટીને પશ્ચિમમાં ઉગે ત્યારે જ તે શુભ ગણાય. મૃગ જાતિના હાથી ક્હેવાય છે તેમાંથી એની ઉત્પત્તિ છે, એનો શ્વાસ દુર્ગંધ મારે છે. એવો હાથી રાખવાથી દુઃખની પ્રાપ્તિ થાય આવો અમંગલકારી કુલક્ષણો હાથી આપણને હીનત્વ પમાડવાને જ **દ્વારપે** ભેટ મોકલ્યો છે."

આ રીતે **દ્વયાશ્રયમાં** લખ્યા પ્રમાણે **ચામુણ્ડે** હાથીના અપશકુનિયાળપણાનું ઉત્તર આપ્યું છે, પણ જોશિયોએ નહિ. રાજકુમારોએ રાજનીતિ, અશ્વવિદ્યા, ગજવિદ્યા આદિ જાણવું જોઇયે અને **ચામુણ્ડ** તે પ્રમાણે જાણતો હતો એમ બતાવવાનો પણ ઉક્ત ગ્રંથના કર્તાનો હેતુ છે.

દ્વારપ અથવા **બારપને** "**દ્વયાશ્રય**"નો કર્તા **લાટ** દેશનો **રાજા** ક્હે છે; "**પ્રબંધ ચિંતામણિ**"માં તેને **લિંગાનના** રાજા **તૈલપનો** સરદાર ક્હે છે; "**સુકૃતસંકીર્ત્તન**"માં તેને **કાન્યકુબ્જના** રાજાનો સરદાર અને "**કીર્ત્તિકૌમુદી**"નો કર્ત્તા **લાટ** રાજાનો સરદાર ક્હેછે. પરંતુ **પ્રબંધ ચિંતામણિનો** અભિપ્રાય અમને ખરો લાગે છે. **ર. ઉ.**

૧ **શ્વભ્રમતી** ગુજરાતના **રાજ્યની** સીમા હેમાચાર્યે ગણી છે અને **તે સાભ્રમતીનું** બીજું નામ હશે એમ સમજાય છે. આ ઠેકાણે સેનાએ મેલાણ કર્યું છે.

૨ ગ્રીક લોક **ભરૂચને હિન્દુ** નામ ઉપરથી **બર્યગઝ** ક્હેતા તે નામ **ભૃગુકચ્છને** બહુ જ મળતું આવે છે.

સ્હેરા ચૂલાની ધૂણીથી જાણે તેવા થઈ ગયા હોય એમ માની તેઓને જોઈને ગૂજરાતના સુભટો હસવા લાગ્યા. [1]લાટના રાજાને ઘણા બેટના રાજાઓનો આશ્રય હતો તો પણ તેને જિતવો કઠિણ ન હતો. મૂળરાજની સરદારી નીચેની એક ટુકડીની માત્ર સાહાય્યથી ચામુંડ કુંવરે ગૂજરાતી સેનાને આગળ કરીને તેના ઉપર હલ્લો કરી તેને હેર કરયો. આ પ્રમાણે ચામુંડે પોતાની કુંવારી તરવારને લોહી પાયું તેથી તેનો પિતા તેના ઉપર પ્રસન્ન થયો; પછી તરત જ સેના અણહિલવાડ ભણી પાછી ચાલી.

મૂળરાજના ધાવનસ્થાનની હવે હદ આવી. તેણે પોતાના મોસાલપક્ષવાળી પોતાના રાજ્યની સરહદ ચારે દિશાએ વધારી દીધી. કચ્છ તેણે જિતી લીધું; સોરઠની પવિત્ર ભૂમિમાં પણ તેની આણ વર્ત્તાવા માંડી; દક્ષિણના લોકોએ, તેનો જિતનો વાવટો નર્મદા અને સહ્યાદ્રિ પર્વતના ઘાટની પેલી પાર ફરકતો દીઠો; પવિત્ર આબુના શિખર ઉપર દુર્જય અચળગઢના દુર્ગમાં પરમારરાજા[2] રાજ્ય કરતો હતો તેણે એની શ્રેષ્ટતા સ્વીકારી, અને મારવાડ તથા ઉત્તર હિન્દુસ્થાનના મહા શૂરવીરો ગૂજરાતના વાવટા પાછળ તેની સરદારી નીચે પ્રથમ જ ચાલવા લાગ્યા. વળી તેને ઘરનું સુખ પણ સારૂં હતું, અને હિન્દુઓ જેને અત્યંત સુખ ગણે છે અને જે સુખ તેના પછી થનારા અણહિલપુરના રાજાઓને હતું નહિ તે સુખ પણ તેને હતું, તે એ કે તેની પછવાડે તેની ગાદી ઉપર બેસનાર યોગ્ય કુમાર હતો.

મૂળરાજે પોતાના મોસાલપક્ષનાં સગાંને કતલ કરી નાખ્યાં હતાં, તેનો પૂર્ણ પસ્તાવો તેને હવે પોતાના રાજ્યના છેલ્લા દિવસોમાં થવા લાગ્યો ને તેનું પ્રાયશ્ચિત્ત ગમે તેટલું ખર્ચ થાય તોયે તે કરીને પણ કરવાની માત્ર હવે તેના મનમાં આતુરતા રહી; તેથી તે દુઃખનો મારયો એક યાત્રા પછી બીજી યાત્રા કરવા સારૂ ભટકવા લાગ્યો; પણ ઘરડપણને લીધે, ભટકવાથી થાકી ગયેલો, પાપ અને સંકટનો મારયો, અજ્ઞાની, આરામની ઇચ્છાએ સિદ્ધપુર જઈ વશ્યો, ને ત્યાં તેણે આગળ લખ્યા પ્રમાણે, મહાદેવની કૃપા સંપાદન કરવા સારૂ એક દેવલ બાંધવાનું શિરૂ કર્યું.

---

૧ કીર્તિકૌમુદીમાં લખ્યું છે કે (જુવો સર્ગ૦ ૨ જો શ્લોક-૩ ભાષાન્તર પૃ. ૧૩)
સેનાની લાટેશ્વરનો, અસામાન્ય પરાક્રમી
તે બાપને હણી જેણે હાથીસેના ગ્રહી હળી. ૨. ૩.

૨ ધારમાં સીયક બીજો (હર્ષ) સન ૯૪૧ થી ૯૭૩ સુધી, ત્યાર પછી મુંજરાજ (વાક્પતિ બીજો) ૯૭૩ થી ૯૯૭ સુધી હતો.

ન્હાની પણ સ્વચ્છ **સરસ્વતી** નદી, વિખ્યાત **કોટેશ્વરમહાદેવના** દેવલ આગળથી નીકળી, **આરાસુરના** પ્હાડમાં થઈ પશ્ચિમ ભણી **કચ્છના** રણમાં વૂહે છે. **સરસ્વતી** મૂળથી તે મુખ સુધી પવિત્ર ગણાય છે, પણ **સિદ્ધપુર** આગળ કેટલીક લંબાઈ સુધી **સૂર્યના** ભણી પૂર્વ દિશા ભણી વળે છે તેથી તેટલી જગ્યાના પ્રવાહનો મહિમા બહુ વધારે ગણવામાં આવે છે.

સરસ્વતીને ઉત્તર કાંઠે ભેખડ ઉપર રમણીય **સિદ્ધપુર** શહર છે, તેમાં નદીની બાજુએ હાલમાં વ્હોરા[1] આદિ દ્રવ્યવાન્ વ્યાપારીઓનાં ઘર છે, તે અર્ધાં યુરોપ ખંડનાં ઘરના જેવા આકારે દેખાય છે. તેના ઉપર ગચ્છીની અગાશિયો છે અને બારીનાં બારણાંને ફરેરી હોય છે; વળી આ તીર્થનગરમાં **હિન્દુનાં** શિખરવાળાં દેવાલય વચ્ચે વચ્ચે આવી રહ્યાં છે તેથી રમણીય દેખાવ દેખાય છે. અહિં તહિં વાડિયો નજરે આવે છે, તેમાં કેળ અને બીજાં મેવાનાં ઝાડ છે. તે સાથે આંબાનાં પ્રૌઢ વૃક્ષોની તેમાં ન્યૂનતા છે નહિ. પુરાતન **રૂદ્રમાળાના** વિક્રાળ અને રાક્ષસી કદનાં ખંડેર તો વળી હજી સુધી ઝોક્યાં કરે છે, તેનાં પગથિયાંની હારો નદીની બાજુએ છેક આઘે સુધી જઈ પ્હોંચી છે. દક્ષિણ કાંઠાની સપાટીમાં શિવપંથીના રમણીય ચોગાનવાળો આશ્રમ છે, તેમાં જે સરસમાં સરસ છે તે **હોલ્કર** રાજાની વિધવા રાણી **અહલ્યાબાઈએ** બંધાવ્યો છે, ત્યાંથી આઘે **આરાસુર** અને **આબુ** ભણી ડુંગરની હાર ચાલે છે, પછી દેખાવ પૂરો થાય છે.

સિદ્ધપુર અસાધારણ પવિત્રતાનું ધામ છે:—

"સર્વ તીર્થમાં **શ્રીસ્થળ(સિદ્ધપુર)**નું તીર્થ છે તે શ્રેષ્ઠ છે, એવું મહાન્ "ઋષિઓ કહી ગયા છે. એ સર્વ પ્રકારનું ધન આપનાર છે; તેનું માત્ર "દર્શન કરે છે તેને મુક્તિ મળે છે. વળી કહ્યું છે કે:—

શ્લોક–"गयाया योजनं स्वर्गः प्रयागाचार्द्धयोजनम् ।
श्रीस्थलाद्धस्तमात्रं स्याद्यत्र प्राची सरस्वती ॥"

"ગયાજીથી એક યોજન **સ્વર્ગ** વેગળું છે, **પ્રયાગથી** અર્ધું યોજન "રહે છે, અને **શ્રીસ્થળમાં** જે ઠેકાણે **સરસ્વતી** નદી ઉગમણી દિશામાં વહન "કરે છે ત્યાંથી માત્ર એક હાથને છેટે છે."

---

૧ આ **વ્હોરા** પ્રથમ **ઔદિચ્ય** બ્રાહ્મણ હતા, **તેમને અલાઉદ્દીને** વટાળ્યા ત્યારથી મુસલમાન ગણાયા. **તેમ જ નાગર** બ્રાહ્મણ પણ વટલ્યા છે **તે** પણ વ્હોરા થયા છે. **તેઓ** આજે પણ બ્રાહ્મણોમાં ચાલતી અવટંકથી ઓળખાય છે. **તેમના** એક મોહોલ્લામાં સઘળાં **તેમનાં** ઘર આવેલાં છે છતાં વચ્ચે હનુમાનનું દેવળ છે. **ર. ઉ.**

મરણકાળ પાસે આવ્યો જાણી શુદ્ધ થવા સારૂ આ પવિત્ર તીર્થમાં જઈ વસવાને, વયે પ્હોંચેલા રાજાએ વિચાર કર્યો. પણ દેહકષ્ટ એકલાં જ પાળવાથી અથવા ભોગવવાથી કાર્યસિદ્ધિ થાય છે એવું તેના સમજવામાં આવેલું, પરંતુ તે પ્રમાણે કરીને બેશી રહેવાથી ફળસિદ્ધિ થઈ નહી. "ન્હાવુંધોવું, અપવાસ "કરવા, બાધા આખડી રાખવી, યાત્રા કરવી, અને તપ કરવું એ સર્વ બ્રાહ્મણો "જ્યારે માન્ય રાખે ત્યારે ફળદાયક છે, બીજી રીતે નથી. બ્રાહ્મણો કહે છે "તેટલું દેવ માની લે છે. જેમ જળથી મલીન માણસ સ્વચ્છ થાય છે તેમ "તેઓના વચનથી પાપી માણસ શુદ્ધ થાય છે."

આ રહસ્ય સમજાતાં મૂળરાજ તીર્થવાસી બ્રાહ્મણોને તેઓનાં કુટુંબ સહિત માનથી તેડી લઈ જવાને એકઠા કરવા લાગ્યો. તેઓને ઉત્તરના પર્વત ભણીથી અને અરણ્ય અથવા જળાશય પાસેની તીર્થની જગ્યાઓમાંથી આગ્રહ કરીને લાવ્યો. ઋષિઓના પુત્ર, વેદમાં કુશળ, પરણેલા, જવાન, સેવા કરવા યોગ્ય એવા, કુમારિકા નદી નીતીરે જવાને તૈયાર થયા. એકસો ને પાંચ ગંગા-યમુનાના સંગમ[1] પાસેથી આવ્યા, સો સામવેદી ચ્યવનાશ્રમમાંથી આવ્યા, બસેં કાન્યકુબ્જથી, સૂર્યના જેવા તેજસ્વી એકસો કાશીથી, બસેં ને બોતેર કુરૂક્ષેત્રથી, એક સો ગંગાદ્વારથી, અને એક સો નૈમિષારણ્યમાંથી આવ્યા. કુરૂક્ષેત્રમાંથી વળી એકસો ને બત્રીસ વધારે બ્રાહ્મણોને રાજાએ તેડાવ્યા. આ બ્રાહ્મણોના અગ્નિહોત્રના કુંડમાંથી ધુમાડા ગગનમાં ગોટાવા લાગ્યા.

તેઓના આવી પ્હોંચ્યાના સમાચાર રાજાએ જાણ્યા, એટલે તેણે જઈ તેમને સાષ્ટાંગ નમસ્કાર કર્યા, અને તેઓએ તેને આશીર્વાદથી વધાવી લીધો. પછી હાથ જોડીને તે બોલ્યો.–"તમારી કૃપાથી મારૂં જન્મ્યાનું સાર્થક્ય થયું છે. "મારી આશા હવે પૂર્ણ થશે; માટે હે બ્રહ્મદેવો! તમારી કૃપાના બદલામાં "મારૂં રાજ્ય જોઇયે તો લ્યો, મારૂં દ્રવ્ય લ્યો, મારા હાથી લ્યો, મારા ઘોડા "લ્યો, જે જે તમારી ઇચ્છા હોય તે અંગિકાર કરો. હું પશ્ચાત્તાપભરેલો "તમારો રંક દાસ છું." તેઓએ પ્રત્યુત્તર આપ્યું: "અહો મહાન્ રાજા! "રાજ્યનો કારભાર ચલાવવાને અમે શક્તિમાન્ નથી, ત્યારે તેને ધૂળધાણી "કરી નાંખવાને શા માટે અમારે લેવું જોઇયે? જમદગ્નિના પુત્ર પરશુરામે "ક્ષત્રિયો પાસેથી જોરાવરીથી રાજ્ય લેઇને એકવીસ વાર અમને આપ્યું." રાજા બોલ્યો: "હે મહાન્ બ્રહ્મદેવો! હું તમારૂં રક્ષણ કરીશ; તમે નિર્ભયપણે તમારી મેળે જપતપ કરો." બ્રાહ્મણો બોલ્યા: "ડાહ્યા પુરૂષો કહી ગયા છે કે,

---

[1] અલાહાબાદના કિલ્લા આગળ ગંગા અને જમના નદીનો સંગમ થાય છે, તે તીર્થ હિન્દુઓમાં પ્રયાગને નામે પ્રસિદ્ધ છે.

"જે રાજા પાસે રહે છે તે સંકટ પામે છે; રાજા અભિમાની, ડગાઈભરેલા, "અને ગરજમતલબી હોય છે; જો તમારે અમને આપવાની કાંઈ ઇચ્છા હોય "તો આ મહાન્ અને હૃદયને આનન્દ ઉપજાવે એવું **શ્રી**સ્થળ આપો. હે "રાજાધિરાજ! ત્યાં અમે આનન્દમાં રહીશું. સોનુંરૂપું અને રત્ન જે તમે બ્રાહ્મણોને "આપવા ઇચ્છો છો તે નગરની શોભા વધારવા પછવાડે વાવરો."

પોતાની ઇચ્છા પૂર્ણ થઈ. એટલે **મૂ**ળરાજે બ્રાહ્મણોની અર્ઘ્યપાદપૂજા કરી તેઓને કંકણ કડકિયાં ભેટ કર્યાં, તેઓને **શ્રી**સ્થળપુર આપી દીધું, અને તે સાથે ગાયો, અને સોના તથા રત્નના હારથી શણગારેલા રથ અને બીજી વસ્તુઓ પણ ભેટ કરી.

મૂળરાજે વળી બીજા દશ બ્રાહ્મણોને સુંદર અને દ્રવ્યવાન્ **સિં**હપુર નગર (**સિ**હોર) આપ્યું, તે સાથે બીજી કેટલીક વસ્તુઓ પણ ભેટ કરી. તેમ જ બીજા બ્રાહ્મણોને **સિ**દ્ધપુર અને **સિ**હોરની પાસેનાં ન્હાનાં ગામ આપ્યાં. બીજા બધા બ્રાહ્મણોએ આ સર્વ તુષ્ટિદાન લીધું, તો પણ, છ બ્રાહ્મણોએ કેટલીક વાર સુધી તે લેવાની આનાકાની કરી; તથાપિ રાજાના કાલાવાલા આગળ છેવટે તેમનું કાંઈ ચાલ્યું નહિ, એટલે તેઓએ **ખં**ભાત અને તેની પાસેનાં બાર ગામ લીધાં. **સ્તં**ભતીર્થ જે **ખં**ભાત કહેવાય છે તે જેઓ સોમવલ્લી[1] પીવામાં આનન્દ માનતા હતા તેવા છ બ્રાહ્મણોને આપ્યું, તે સાથે તેઓને સારૂ ઘોડા આપ્યા.

આ પ્રમાણે પુણ્યદાન કર્યા પછી **મૂ**ળરાજે પોતાના પુત્રપૌત્રોને બોલાવી બ્રાહ્મણોનું રક્ષણ કરવાની તેઓને આજ્ઞા કરી. પછી પોતાના કુમાર **ચા**મુંડને રાજ્ય સ્વાધીન કરી, પોતે **સિ**દ્ધપુરમાં જઈ વસ્યો, ત્યાં **ર**મ્યાશ્રમ (આનન્દની જગ્યા) નામે મ્હેલ પોતે બંધાવ્યો હતો તેમાં પોતાના બાકીના જીવતરના દિવસ નિર્ગમન કર્યા પછી, લક્ષ્મીપતિની પાસે **ના**રાયણપુરમાં વાસ કર્યો.

હેમાચાર્ય[2] કહે છેઃ—

अथ प्राचीं गत्वा द्रुहिणतनयां श्रीस्थलपुरे ।
वपुः स्वं हुत्वाग्नौ स्थपिहितपिनद्धापरयशाः ॥
ययौ राज्ञः स्तुर्दिवमनपिनद्धापिहितधीः ।
महीतुं स्वर्गादप्यवनविधिना वक्रयमिव ॥

---

૧ હોમહવન કરતી વેળાએ બ્રાહ્મણોમાં એવો ચાલ હતો કે જે ક્રિયા કરાવનાર હોય તે સોમવલ્લી પીયે. તેનું કારણ એમ ધારવામાં આવતું હતું કે ખરા બ્રાહ્મણ વિના બીજા કોઈનાથી તે પી (જીરવી) શકાય નહિ. **ર. ઉ.**

૨ **દ્વ્યાશ્રય સ**ર્ગ ૬ શ્લોક ૧૦૭. અંગરેજી મૂળમાં અર્થફેર જણાય છે. અહિ પ્રસ્તુત રાજાના અંતરિક્ષારોહણના વર્ણન કરતાં અપ્રસ્તુત સૂર્યના અંતરિક્ષારોહણનું વર્ણન નીકળે છે, માટે સમાસોક્તિ અલંકાર થાય છે. **ર. ઉ.**

સર્વે શત્રુઓને જિતી લેવાથી જેણે શત્રુઓના યશને જાણે શૃંખલાવતી બદ્ધ કરેલો છે એવા **મૂળરાજે** **સિદ્ધપુરમાં** પ્રાચી દિશામાં વ્હેનારી (પૂર્વ-વાહિની) **સરસ્વતી** નદીને કાંઠે જઈને પોતાના શરીરની અગ્નિદેવને આહુતિ આપી, અને જ્ઞાનને લીધે જેની બુદ્ધિ મોહમાં ફસાઈ નથી એવો એ રાજપુત્ર અથવા નભમાં **સૂર્ય** જેવો (**મૂળરાજ**) (દેવતાનું) રક્ષણ કરી જાણે સ્વર્ગમાંથી પોતાનો કર લેવા માટે અંતરિક્ષમાં ગયો. જેમ **સૂર્ય** સાંઝે પોતાનું કિરણ-માળા રૂપ અગ્નિમાં રાખીને પ્રભાતે પ્રાચી દિશામાં આવી અંતરિક્ષમાં આરો-હણ કરે છે તેમ આ રાજા પણ **સૂર્ય**વંશી હોવાથી તેણે **સૂર્ય**ની પેઠે અંતરિ-ક્ષમાં આરોહણ કરવાનો ક્રમ ગ્રહણ કર્યો.

મૂળરાજે સન ૯૪૨થી ૯૯૭ સુધી પંચાવન વર્ષ રાજ્ય કર્યું.[1]

---

૧ **મેરૂતુંગ** **મૂળરાજ** વિષે નીચે પ્રમાણે કહે છેઃ-

मेदिन्यां लब्धजन्मा जितबलिनि बलौ बद्धमूला दधीचौ ।
रामे रुढप्रवाला दिनकरतनये जातशाखोपशाखा ॥
किञ्चिन्नागार्जुनेन प्रकटितकलिका पुष्पितासाहसाङ्के ।
आमूलान्मूलराज त्वयि फलितवती त्यागिनि त्यागवल्ली ॥

ત્યાગ (દાન) રૂપી લતા, ભૂમિ ઉપર પ્રથમ મહાબલિષ્ઠ **બલિ** રાજાથી જન્મ પામી, **દધીચિ** ઋષિયે તે લતાને બદ્ધમૂળવાળી (દૃઢ) કરી, **પરશુરામે** તેને કુંપળવાળી કરી. **દિનકરના પુત્રે (કરણે)** શાખા અને ઉપશાખાવાળી કરી, **નાગાર્જુને** તેને કેટ-લેક અંશે કલિકાવાળી કરી, **સાહસાંકે** તેને પુષ્પોવાળી કરી, અને હે **મૂળરાજ**! દાને-શ્વર! આપે તો ત્યાગલતાને મૂળથી લઈ શિખર લગણ ફળદ્રૂપ બનાવી આપી છે.

स्नाताः प्रावृषि वारिवाहसलिलैः संरूढदूर्वाङ्कुर-
व्याजेनात्तकुशाः प्रणालसलिलैर्दत्वा निवापाञ्जलीन् ॥
प्रासादास्तव विद्विषां परिपतत्कुड्यस्थपिण्डच्छलात् ।
कुर्वन्ति प्रतिवासरं निजपतिप्रेताय पिण्डक्रियाम् ॥

હે **મૂળરાજ**! તમારા શત્રુઓના ઉજ્જડ થયેલા રાજમ્હેલો વર્ષા ઋતુમાં મેઘના જલથી સ્નાન કરીને તેના ઉપર ઊગેલી દૂર્વાના મિષે જાણે દર્ભ ધારણ કરેલા હોય તેવા થઈ પ્રણાલિકાનાં વ્હેતાં પાણીથી મરણ પામેલા પોતાના સ્વામિયોને જાણે પ્રેતાં-જલિ દેતા હોય અને પડતી ભીંતોમાંથી ઢળી પડતા પથ્થરરૂપી પિંડોવડે જાણે પિંડદાન આપતા હોય એવા દેખાય છે.

અહિં પ્રાસાદનું વર્ણન કરતાં મરણ પામેલા પુરૂષની પાછળ જે ક્રિયા કરાય છે તેનું પરિસ્ફુરણ થવાથી સમાસોક્તિ અલંકાર થાય છે.

મૂળરાજનો સમય "વિચાર શ્રેણી" પ્રમાણે સંવત્ ૧૦૧૭ (ઇ. સ. ૯૬૧)થી સંવત્ ૧૦૫૨ (ઇ. સ. ૯૯૬) સુધી હોતાં તેણે પાંત્રીશ વર્ષ રાજ્ય કર્યું. અને "પ્રબંધ

મૂળરાજના ક્રમાનુયાયી જેઓ થયા તેઓની ટીપ એક તામ્રપટ ઉપરથી અમે નીચે આપિયે છિયે. તે લેખ સંવત્ ૧૨૬૬(સન ૧૨૧૦)ની સાલનો છે તે અમદાવાદના ભંડારમાંથી થોડાં વર્ષ ઉપર જડ્યો હતો ને તે આ ગ્રન્થ-કર્ત્તાએ લંડનની રૉયલ એશિયાટિક સોસાઇટીને બક્ષિસ આપ્યો છે.

समस्तराजावलीसमलंकृतमहाराजाधिराजपरमेश्वरपरमभट्टारकचौलुक्यकुलकमल-विकासनैकमार्त्तण्डश्रीमूलराजदेव.

पादानुध्यातमहाराजाधिराजपरमेश्वरपरमभट्टारकश्रीचामुण्डराजदेव.

पादानुध्यातमहाराजाधिराजपरमेश्वरपरमभट्टारकश्रीवल्लभराजदेव.

पादानुध्यातमहाराजाधिराजपरमेश्वरपरमभट्टारकश्रीदुर्लभराजदेव.

पादानुध्यातमहाराजाधिराजपरमेश्वरपरमभट्टारकश्रीभीमराजदेव.

पादानुध्यातपरमेश्वरपरमभट्टारकमहाराजाधिराजत्रिलोकीमल्लश्रीकर्णदेव.

पादानुध्यातपरमेश्वरपरमभट्टारकमहाराजाधिराजअवन्तीनाथत्रिभुवनगंडबर्बरक-जिष्णुसिद्धचक्रवर्त्तिश्रीजयसिंहदेव.

पादानुध्यातमहाराजाधिराजपरमेश्वरपरमभट्टारकउमापतिवरलब्धप्रसादप्राप्तराज्य-प्रौढप्रतापलक्ष्मीस्वयंवरस्वभुजविक्रमरणांगणविनिर्जितशाकंभरीभूपालश्रीकुमारपालदेव.

पादानुध्यातमहाराजाधिराजपरमेश्वरपरमभट्टारकपरममाहेश्वरप्रबलबाहुदंडदर्प-रूपकंदर्पहेलाकरदीकृतसपादलक्षक्ष्मापालश्रीअजयपालदेव.

पादानुध्यातपरमेश्वरपरमभट्टारकमहाराजाधिराजम्लेच्छतमोनिचयच्छन्नमहीवलय-प्रद्योतनबालार्कआहवपराभूतदुर्जयगर्जनकाधिराजश्रीमूलराजदेव.

पादानुध्यातमहाराजाधिराजपरमेश्वरपरमभट्टारकाभिनवसिद्धराजसप्तमचक्रवर्त्ति-श्रीमद्भीमदेव. इत्यादि

ઉપરના લેખ પછીના લેખ છે, તેમાં છેલ્લા ત્રિભુવનપાળને માટે નીચે પ્રમાણે લખ્યું છે:

पादानुध्यातमहाराजाधिराजपरमेश्वरपरमभट्टारकशौर्यौदार्यगांभिर्यादिगुणालंकृत-श्रीत्रिभुवनपालदेव.

રાજાવલી (રાજવિરૂદ) ધારણ કરનાર સઘળા રાજાઓની પંક્તિથી સુશો-ભિત મહારાજાધિરાજ પરમેશ્વર પરમભટ્ટારક (ચક્રવર્તી) ચૌલુક્ય કુળ રૂપી કમળોને ખીલવવામાં એક સૂર્યરૂપ શ્રી મૂલરાજદેવ.

ચિન્તામણિ" પ્રમાણે સંવત્ ૯૯૮(ઈ. સ. ૯૩૨)થી સંવત્ ૧૦૫૩ (ઈ. સ. ૯૯૭) સુધી પંચાવન વર્ષ રાજ્ય કર્યું.

(**મૂ**ળરાજ દેવના) ચરણનું ધ્યાન કરનાર મહારાજાધિરાજ પરમેશ્વર પરમભટ્ટારક શ્રી **ચા**મુંડરાજદેવ.

(**ચા**મુંડરાજ દેવના) ચરણનું ધ્યાન ધરનાર મહારાજાધિરાજ પરમેશ્વર પરમભટ્ટારક શ્રી **વ**લ્લભરાજ દેવ.

(**વ**લ્લભરાજ દેવના) ચરણનું ધ્યાન ધરનાર મહારાજાધિરાજ પરમેશ્વર પરમભટ્ટારક **દુ**ર્લ્લભરાજદેવ.

(**દુ**ર્લ્લભરાજ દેવના) ચરણનું ધ્યાન ધરનાર મહારાજાધિરાજ પરમેશ્વર પરમભટ્ટારક શ્રી **ભી**મરાજદેવ.

(**ભી**મરાજ દેવના) ચરણનું ધ્યાન ધરનાર પરમેશ્વર પરમભટ્ટારક મહારાજાધિરાજ ત્રણ લોકને જિતવામાં મલ્લ જેવા શ્રી કર્ણદેવ.

(કર્ણદેવના) ચરણનું ધ્યાન ધરનાર પરમેશ્વર પરમભટ્ટારક મહારાજાધિરાજ **અ**વંતિપતિ ત્રિલોકને પીડનાર, **બ**ર્બરકને જિતનાર **સિ**દ્ધના ચક્રવર્ત્તી શ્રી **જ**યસિંહદેવ.

(જયસિંહ દેવના) ચરણનું ધ્યાન ધરનાર મહારાજાધિરાજ પરમેશ્વર પરમભટ્ટારક **ઉ**માપતિના વરદાનથી મળેલા પ્રસાદથી રાજ્ય મેળવનાર, પ્રૌઢ પ્રતાપવાલી લક્ષ્મીના સ્વયંવર, પોતાના બાહુબળથી રણભૂમિમાં **શા**કંભરી ભૂપાલને જિતનાર શ્રી **કુ**મારપાલદેવ.

(કુમારપાલ દેવના) ચરણનું ધ્યાન ધરનાર મહારાજાધિરાજ પરમેશ્વર પરમભટ્ટારક પરમમાહેશ્વર (ઘણા શિવભક્ત) પ્રબળ બાહુદંડના અભિમાનરૂપી કામદેવની ચેષ્ટાવડે **સ**પાદલક્ષ દેશના રાજાને કરદાનવાળો કરનાર શ્રી **અ**જયપાલદેવ.

(અજયપાળ દેવના) ચરણનું ધ્યાન ધરનાર પરમેશ્વર પરમભટ્ટારક મહારાજાધિરાજ, મ્લેચ્છ લોકો રૂપી ગાઢ અંધકારથી છવાઈ ગયેલ ભુમિવલયને પ્રકાશવામાં તરૂણસૂર્ય, લડાઇમાં દુર્જય **ગ**જનીના અધિપતિને હરાવનાર શ્રી **મૂ**લરાજદેવ.

(**મૂ**લરાજ દેવના) ચરણનું ધ્યાન ધરનાર મહારાજાધિરાજ પરમેશ્વર પરમભટ્ટારક અભિનવ (નવીન) **સિ**દ્ધરાજથી સાતમા ચક્રવર્ત્તી શ્રીમાન્ **ભી**મદેવ.

(**ભી**મદેવના) ચરણનું ધ્યાન ધરનાર મહારાજાધિરાજ પરમેશ્વર પરમભટ્ટારક શૌર્ય, ઔદાર્ય, ગાંભિર્ય આદિ ગુણોથી અલંકૃત શ્રીમાન **ત્રિ**ભુવનપાલ દેવ.

પ્રકરણ ૫ મું.

*ચામુંડ-વલ્લભ-દુર્લભ-સોમનાથનો નાશ.

(ઈ. સ. ૯૯૭થી ૧૦૧૦); (ઈ. સ. ૧૦૧૦); (ઈ. સ. ૧૦૧૦-૧૦૨૨)

હિન્દુઓના ઇતિહાસ સંબંધી વાત લખનારાઓ, (પછીથી તે વાત જૈન અથવા બ્રાહ્મણોના લખાણ ઉપરથી ફલાડેલી હોય, અથવા રાજપૂત વંશના વખાણની નોંધ રાખનારા ભાટ લોકોના કવનમાં હોય) સઘળી બિના લખવાને ખરેખરી ચૂપકી પકડી બેઠેલા જણાય છે, પછી તે બિનાથી પરિણામ ગમે તેટલો અલાભકારી અથવા ગમે તેટલી સારી અસરવાળો થયો હોય, પણ તે બિના લખવાથી, જેઓનું તેઓ વર્ણન કરતા હોય તેઓની કીર્ત્તિને આંચ લાગશે એવું તેમને લાગ્યું, એટલે પછી તે બિના તેમને મન લખવા જેવી રહી નહિ. અપરાધી, ડહાપણ વિનાના, અને અભાગિયા રાજાની વર્તણુંક ઉપર ઢાંકપિછોડો થાય છે, ને વેનેશિયન લોકોની સંક્ષેપમાં લખવાની રીતિ કરતાં પણ વધારે ટુંકામાં, રાજા ક્યારે જન્મ્યો ને ક્યારે મરી ગયો, એટલી જ વાત માત્ર નોંધવામાં આવે છે. આ વિષેનું ઉદાહરણ જોવું હોય તો પ્રબંધ ચિંતામણિ નામના ગ્રંથમાં, તેના કર્ત્તા, વઢવાણના રહેવાસી જૈન સાધુએ મૂળરાજના ક્રમાનુયાયી, ચામુંડના રાજ્ય વિષે જે લખ્યું છે તેમાંથી બરાબર મળી આવે છે, એના કરતાં વધારે લાગુ પડતાં બીજાં ઉદાહરણ થોડાં જ છે. મુસલમાનોના વાવટા નીચે રાજપૂતનો સૂર્ય અસ્ત પામવા માંડ્યો તે આ રાજાનીજ વેળામાં, હિન્દુસ્થાનનાં મેદાનો ઉપર એક અજાણ્યો અને ઉન્મત્ત હલ્લો કરનારો ટૂટી પડ્યો તે આ રાજાનીજ વેળામાં, અને પ્રાચીન રાજવંશો ડડળી ગયા, તથા અવિનાશી દેવ મહાકાળેશ્વર પોતે અસ્ત પામી ગયા તે પણ આ રાજાનીજ વેળામાં; અને એવા વૃત્તાન્ત જેની

---

* બીજા સર્ગમાં કીર્ત્તિકૌમુદીના ભાષાન્તરમાં આચાર્ય વલ્લભજી કહે છે કે,–

થૈ ગયે એ કથા-શેષ, નિઃશેષ કરી દુશ્મન,
રાજા ચામુંડ રાજશ્રી પછે થયો મહી-મંડન. ૬
શત્રુસ્ત્રિયોનાં ચિત્તોને, જે ડો'યાં તાપ આપવે,
ઈન્દ્રને ભય દેનારા, જેના સેનાગ્ર ભાગ છે. ૭
પાણી-પદ્મે રહી જેના, શોભી આશ્રયકારાને,
અસિ-ભ્રમરની હોય, ભેદ્યા ભૂભૃત-વંશને. ૮

એક શત્રુને જીવતો રહેવા ન દઈને જ્યારે મૂળરાજ મરણ પામ્યો ત્યારે તેની પછવાડે પૃથ્વીના ભૂષણરૂપ ચામુંડ રાજા થયો.

વેળામાં બનેલા એવો **અ**ણહિલવાડનો સત્તાવાન્ રાજા, જે પોતે દુઃખના રંગમંડપ ઉપર મુખ્ય ખેલ કરનાર હતો તેનું વર્ણન, થોડા શબ્દોમાં, કાંઈ સૂચના મળે નહિ એવા પ્રકારે લખીને ગ્રંથકારે પતાવી દીધું છે તે, **લં**ડનના **વે**સ્ટ-મીનિસ્ટર દેવળના શાન્ત ચોગાનમાં, આરામ પામેલા ક્રિશ્ચિયન સાધુઓને (એબટ) ડાટે છે તેમની ઘોર ઉપર પાષાણની પટ્ટી ચ્હોડીને સ્મરણપ્રશસ્તિ કોરવામાં આવે છે તેના જેવું છેઃ—

"વિક્રમસંવત્સર એક હજાર ત્રેપનથી (સન ૯૯૭ થી ૧૦૧૦ સુધી) તેર વર્ષ પર્યંત **ચા**મુંડરાજે રાજ્ય કર્યું.[૧]"

રત્નમાળાના એક **ખં**ડમાં **ચા**મુંડ રાજાની રીતભાતનું વર્ણન ચિતર્યું છે, પણ તેમાં બીજી વધારે સૂચના થોડી જ મળે છે. તથાપિ આ રાજાના રાજ્યમાં મુસલમાન **ગૂ**જરાતમાં આવ્યા હતા એવું **હિ**ન્દુના હાથથી લખાયલું પ્રમાણ મળી આવે છે એ એક કારણને લીધે તે અગત્યનું છે. તે નીચે પ્રમાણેઃ—

"**મૂ**ળરાજનો પુત્ર **ચા**મુંડરાજ હતો; તે શરીરે દૂબળો અને પીળા "ચ્હેરાનો હતો; ખાવાપીવાનો અને સુંદર પોશાક પ્હેરવાનો તેને ઘણો "આદર હતો. પોતાની વાડીમાં તેણે સારાં ઝાડ ઉછેર્યાં હતાં; તેણે વાવ "અને તલાવ બંધાવ્યાં હતાં; કેટલાંક કામ અધુરાં મૂકીને તે **ય**મને દ્વાર "પ્હોંચ્યો. તેના પિતાના કરતાં તેનો યશ વધારે સારો હતો. **ય**વન વિના તેને "કોઈ શત્રુ ન હતો; પ્રજામાં તેનું સંભારણું ઘણા દિવસ રહ્યું."

ચામુંડના રાજ્ય વિષેનું થોડું વર્ણન, જે **દ્વ્યા**શ્રયમાં છે તેમાં અમે ઉપર લખ્યું છે તે રીતે, મૂકી દીધા બાબતનો ઠપકો આપવા જેવો વાંક ઘણો કર્યો છે, તથા તેમાં કેટલુંક કથન કર્યું છે તે સો વશા તો સાચી વાત ઢાંકી દેવા, **શ્રો**તાવક્તાના મનને ગમતી આવે એવી વાતો ઉમેરી, ફેરફાર કર્યો છે તો પણ તે વર્ણન ઘણું મૂલ્યવાન છે, કેમકે, **હિ**ન્દુસ્થાનમાં મુસલમાનોએ પ્રથમ હલ્લો કર્યો તેના ઇતિહાસ સંબંધી ઘણી અડચણોનો ખરો ખુલાસો એ વર્ણનમાંથી મળી આવે છે.

કહે છે કે, તેના બાપના મરણ પછી, **અ**ણહિલવાડનું રાજ્ય તેણે સારી રીતે ચલાવ્યું; તે સાથે તેણે પોતાના ભંડારમાં, ફોજમાં અને કીર્ત્તિમાં પણ વધારો કર્યો. તેનામાં એકે વાતની ખોડ ન હતી; અને **મૂ**ળરાજે ભૂમિદાન

---

૧ **મેરૂતુંગ પ્રબંધ ચિંતામણિમાં કહે છે કે, સં. ૧૦૫૩ માં શ્રાવણ શુદિ ૧૧ શુક્રવાર પુષ્ય નક્ષત્ર ને વૃક્ષભ લગ્નમાં ચા**મુંડ પાટે બેઠો. તેણે શ્રી**પ**ત્તનમાં **ચ**ન્દ્રનાથ દેવના તથા પોતાની બ્હેનને નામે **ચા**ચિણેશ્વર દેવના પ્રાસાદ બંધાવ્યા. **ર. ઉ.**

કરેલાં તે તેણે પાળ્યાં. **ચામુંડને વલ્લભરાજ**[1] નામે પુત્ર થયો; તે પણ, રાજનીતિમાં કુશળ, અને ગાદિયે બેસવાને યોગ્ય થયો. તે નમ્ર અને શૂરવીર હતો તેથી રાજા પોતાના હૃદયમાં ઘણો ખુશી થતો હતો, અને આણીમગ ગાદીના શત્રુ જે **ચામુંડના** મરણ પછી સુખે રહેવાને તકાવી રહ્યા હતા તેઓએ પોતાની આશા છોડી દીધી હતી.

કૃષ્ણાજી બ્રાહ્મણ લખે છે કે.––"**વલ્લભરાજ** ઘાટે ઠીંગણો હતો, પણ "પ્રબળ બુદ્ધિનો હતો; પાપકર્મથી તે દૂર રહેતો. તેના શરીરનો રંગ રાતો "હતો; તેને આખે શરીરે તલ હતા; તેને રાજ્યનો ઘણો લોભ હતો, તો પણ તે "બોલ્યું અબોલ્યું કરતો નહિ. પોતાનાં કામ અધુરાં મૂકીને તેણે દેહત્યાગ કર્યો."

હેમાચાર્ય કહે છે કે, **ચામુંડને દુર્લભરાજ** નામે બીજો કુંવર હતો. એ પણ એવો પરાક્રમી ઉઠ્યો હતો કે એની બ્હીકે કોઈ અસુર પોતાની મુંડી ઊંચી કરી શકતો નહિ. જોશિયોને તેની જન્મોત્રી બતાવી હતી ત્યારે તેઓએ છાતી ઠોકીને કહ્યું હતું કે, એ કોઈ મ્હોટો પરાક્રમી ઉઠશે. તે તેના શત્રુઓના ઉપર જય મેળવશે; ડહાપણના માર્ગને ઉત્તેજન આપશે, અને રાજાધિરાજ થશે. આ દુર્લભરાજ અને તેનો વડો ભાઈ **વલ્લભરાજ** તેઓએ પોતાનો અભ્યાસ એકઠા મળીને કર્યો હતો, અને પોતાના બાપનો દાખલો લઇને અન્યોન્ય ઘણો પ્રેમ રાખતા હતા. પછીથી **ચામુંડરાજને** ત્રીજો કુમાર થયો તેનું નામ **નાગરાજ** હતું.

એક સમયે **ચામુંડરાજે** કામને વશ થઇને પોતાની બ્હેન **ચાચિણી** (**વાચિણી**) દેવી સાથે ભોગ કર્યો. આ પાપનું પ્રાયશ્ચિત્ત કરવા, **વલ્લભરાજને** ગાદિયે બેસારીને પોતે **કાશીની** યાત્રા કરવાને ચાલ્યો, રસ્તે જતાં, **માળવાના** રાજાએ તેની પાસેથી છત્ર, ચંમર અને બીજાં રાજચિહ્ન ખુંચાવી લીધાં. **ચામુંડ** યાત્રા કરીને **અણહિલવાડે** આવ્યો એટલે પોતાના પુત્ર **વલ્લભરાજને** પિતૃભક્તિથી ઉશ્કેરી, પોતાને અપમાન કરનારને શિક્ષા દેવાનું કહ્યું. તે ઉપરથી, **વલ્લભરાજ** સેના એકઠી કરીને **માળવા**[2] ઉપર ચઢ્યો. પણ દૈવયોગે

---

૧ મેરૂતુંગ કહે છે કે, તેણે માળવા ઉપર ચડાઈ કરીને ધારા નગરીનો કોટ ઘેરી લીધો પણ તે શીળી રોગથી મરણ પામ્યો. તેને "રાજમદનશંકર" તથા "જગઝંપણ" એવાં બે વિરૂદ હતાં. એના પછી એના ભાઈ દુર્લભરાજને અભિષેક થયો. તેણે પોતાના ભાઈના શ્રેયને અર્થે મદનશંકર પ્રાસાદ કરાવ્યો, તથા શ્રી પત્તનમાં સપ્તભૂમિધવલગૃહ (સાત માળનો) કરાવ્યો, તેમાં વ્યયકરણ (દાનશાળા), હસ્તિશાળા, અને ઘટિકાગૃહ કરાવ્યાં હતાં. વળી દુર્લભસર નામે સરોવર પણ તેણે કરાવ્યું હતું. ર. ઉ.

૨ ધારાનગરીમાં મુંજનો ભાઈ સિન્ધુરાજ (સિન્ધુલ) સન ૯૯૭ થી ૧૦૧૦ સુધી હતો, ત્યારપછી ભોજદેવ પહેલો ૧૦૧૦ થી ૧૦૫૫ સુધી હતો. ર. ઉ.

રસ્તામાં તેને શિતલા નીકળી તે મટાડવાને કોઈ વૈદ્ય શક્તિમાન્ નહતો. તેથી વલ્લભરાજે યુદ્ધ કરવાની આશા છોડીને પરમેશ્વરની પ્રાર્થના કરવા માંડી ને ધર્મદાન કરવા માંડ્યું, તે ત્યાંનો ત્યાં મરી ગયો ને સેના પશ્ચાત્તાપ કરતી અણહિલવાડે પાછી આવી.[1] પોતાના વડા પુત્રની હાણથી ચામુંડના હૃદયમાં ઘા લાગ્યો તેથી પોતાના બીજા કુમાર દુર્લભરાજને ગાદિયે બેસારી પોતે પાપ-નિવારણાર્થે નર્મદાકિનારે ભરૂચ પાસે શુકલતીર્થ છે ત્યાં જઈ વશ્યો. આ જગ્યાએ ચન્દ્રગુપ્ત અને તેનો ઘાતકી પ્રધાન ચાણક્ય[2] એઓ પાપખેદને અર્થે રહ્યા હતા તેથી એ જગ્યા પ્રસિદ્ધ છે, ત્યાં ચામુંડ દેવ ગયો. (ઈ. સ. ૧૦૧૦)

૧ જેસલમેરના ઇતિહાસમાં લખ્યું છે કે, મહમૂદ ગજનવિયે હિન્દુસ્થાન ઉપર ચડાઈ કરી ત્યારે રાવલ બેચર, જે બીજાઓની સાથે મહમૂદ સામો થયો હતો તે, સન ૧૦૧૦ માં પટ્ટણના સેન સોલંકી રાજા વલ્લભની પુત્રી વ્હેરે પરણ્યો હતો. ટોડ રાજસ્થાન ભાગ બીજો પૃષ્ઠ ૨૪૦ અને તેની નીચેની ટીપ.

૨ "કહે છે કે આઠ રાજવંશી ભાઇયોને (ચન્દ્રગુપ્તના) ચાણક્યે મારી નાંખ્યા; "વળી લખ્યું છે કે, ચાણુક્યનો વૈરના જુસ્સાનો આવેશ નરમ પડ્યો એટલે તે મનમાં "ઘણો બળાપો કરવા લાગ્યો, અને પાપકર્મના પસ્તાવાનો દંશ તેને એટલો બધો "નડવા લાગ્યો અને તેથી કરીને તેના શરીરનું લોહી એટલું બધું ઉકળી આવ્યું કે, "દરિયાની પાસે નર્મદા નદીને કાંઠે ભરૂચથી સાત ગાઉ પશ્ચિમ દિશાએ શુકલતીર્થ "નામની ધર્મની પ્રખ્યાત જગ્યા છે ત્યાં પોતાનાં પાપકર્મનું પ્રાયશ્ચિત્ત કરવાને ગયો. "ત્યાં કેટલાંક ઉગ્ર તપ અને પાપશુદ્ધિની ક્રિયાઓ કરયા પછી તેને સૂચવવામાં આવ્યું કે, "એક હોડીમાં બેશી તેને ધોળો શઢ ચડાવી નદીમાં હંકારવી; જો શઢ ધોળાનો કાળો "થઈ જાય તો પાપની ક્ષમા મળ્યાની ખરી નિશાની મળી જાણવી; પાપની કાળાશ "છડીને શઢને વળગશે. આ પ્રમાણે નિપન્યું અને તેણે આનંદથી પોતાના પાપ સહિત હોડીને સમુદ્રમાં તરતી મૂકી દીધી."

"આ ક્રિયા અથવા તેના જેવી જ બીજી (હોડીનું ખર્ચ ઘણું બેસે માટે) આજે "પણ શુકલતીર્થે કરવામાં આવે છે; પણ હોડીને બદલે માટીની માટલિયોમાં દીવા "કરી પોતાનાં પાપ એકઠાં કરી મૂક્યાનો સંકલ્પ કરી તે વ્હેતી મૂકે છે."

(આવી રીતે દીવા નદીમાં વ્હેતા મૂકવામાં આવે છે તેનું કારણ ઉપર લખ્યું છે તેમ નથી, પણ બીજું છે, તે એ કે-કુટુંબનું કોઈ માણસ મરી જવાથી અવગતિ પામી ભૂત થયું હોય તે ઘરના જીવતા માણસને વળગી બોલે ત્યારે તેને ગતિ પમાડવા તેને કહેવામાં આવે છે કે, "તને રેવાજીમાં ઉદ્ધારીશું." પછી રેવાજી જઈ ઓરસંગને આરે જેને ભૂત આવતું હોય તેને બેસારી તેના માથા ઉપર માટીની ન્હાની માટલી અથવા ઘડો ઉતારી તેમાં દીવો અને ભૂતને જે પદાર્થની ઇચ્છા હોય તે પદાર્થ મૂકી ઘડો નદીમાં વ્હેતો મૂકે છે, તે તરતો તરતો કેટલેક આઘે જઈ બુડી જાય છે તો તે ભૂત થયેલા માણસની સારી ગતિ રેવાજી માતાએ કરી એવું માનવામાં આવે છે. હોડીને સાટે

એ વાત બન્યા પછી, દુર્લભરાજે રાજ્ય સારી રીતે ચલાવ્યું, અસુરોને તેણે બહાદુરીથી જિત્યા, દેરાં બાંધ્યાં, અને ઘણાં ધર્મનાં કામ કર્યાં. અણહિલવાડમાં તેણે એક **દુર્લભ** સરોવર બાંધ્યું. **શ્રીજી**નેશ્વરસૂરિ પાસે તે ભણતો હતો, તેથી, જૈન ધર્મનો બોધ પામી, જીવતાં પ્રાણિયો ઉપર દયા કરવાના સારા માર્ગમાં ચાલતો. તેની બ્હેનને પરણાવવા સારૂ સ્વયંવરમંડપ રચાવ્યો હતો, તેમાં **માર**વાડના રાજા **મ**હેન્દ્રને તે પસંદ કરીને પરણી હતી.[1] **મ**હેન્દ્ર રાજાની બ્હેન **દુર્લભ**દેવિયે **દુ**ર્લભરાજને પસંદ કર્યો ને તેની સાથે પરણી તેથી તેને પરણવાને ઇચ્છનાર બીજા રાજાઓ સાથે એને શત્રુતા બંધાઈ. આ જ વેળાએ વળી તેની ન્હાની બ્હેન, (**લ**ક્ષ્મી) **ચા**મુંડના ન્હાના કુંવર **ના**ગરાજ સાથે પરણી.

પછીથી **દુ**ર્લભના ન્હાના ભાઈ **ના**ગરાજને એક પુત્ર થયો તેનું નામ **ભી**મ પાડ્યું. માણસને માથે ત્રણ ઋણ છે, તે પવિત્રતાથી અને બુદ્ધિ વધારવાથી, યજ્ઞ કર્યેથી, અને પુત્ર પ્રસવ્યેથી છોડી શકાય છે. માટે જ્યારે **ભી**મ જન્મ્યો ત્યારે પિતૃઋણમાંથી છૂટ્યા એવું જાણી **દુ**ર્લભ અને **ના**ગરાજને ઘણો આનંદ થયો, ને દરબારમાં મહોત્સવ કર્યો; કુંવરના જન્મની વેળાએ આકાશવાણી થઈ કે, એ મહા પરાક્રમી નીપજશે.

પડિયામાં દીવો કરીને વ્હેતો મૂકવામાં આવે છે તે પાપને માટે છે; પણ હજારો લોકો એવા વ્હેતા દીવા મૂકે છે તથાપિ તેનું ખરૂં કારણ જાણતા નથી; માત્ર એટલું જ સમજે છે કે, દેવાલયમાં જેમ દીવો માની કરિયે છીયે ને તેમાં પુણ્ય છે તેમ રેવાજી માતા છે માટે તેમની પ્રજા અર્થે તેમાં આવી રીતે વ્હેતો દીવો મૂકવાથી પુણ્ય થાય છે. ર. ઉ.

"એમ જણાય છે કે **ચન્દ્રગુપ્ત** પણ પોતાની રાજગાદીનો સારો કબજો કરી પાપ- "શુદ્ધિ કરવા **ચાણક્ય** સાથે શુકલતીર્થ ગયો હતો." વુઈલફર્ડના **મ**ગધના રાજાઓ વિષે નિબંધમાં લખ્યા પ્રમાણે. એશિયાટિક રીસર્ચીઝ ભાગ. ૯ પૃ. ૯૬ ઉપરથી.

૧ દ્વયાશ્રયમાં લખ્યું છે કે, **માર**વાડના રાજા **મહેન્દ્રે** પોતાની બ્હેન દુર્લભદેવીના સ્વયંવરમાં દુર્લભરાજને તેડયો હતો, તે પોતાના ભાઈ **ના**ગરાજ સહિત, સેના લઈ ગયો હતો. ત્યાં અંગરાજ, કાશીરાજ, અવંતીશ, ચેદીરાજ, કુરૂરાજ, હુણાધિપ, મથુરેશ, વિન્ધ્યદેશાધિપ, અંત્રરાજ, વગેરે રાજાઓ હતા, તેમાંથી રાજકુમારી દુર્લભસેનને પસંદ કરી પરણી. **મ**હેન્દ્રે પોતાની બીજી બ્હેન દુર્લભસેનના ભાઈ **ના**ગરાજને પરણાવી. ત્યાંથી પાછા આવતાં ઉપર કહેલા રાજાઓ સાથે યુદ્ધ થયું તેને હરાવી વિજયવાન્ થઈ દુર્લભસેન સ્વદેશ આવ્યો.

જબલપુરની પાસે ત્રિપુરી(તેવરી)માં ચેદી રાજ્ય હતું તેની સ્થાપના કોકલ્લદેવે નવમી સદીમાં કરી હતી મુંજે આ વંશના દશમા રાજાને યુવરાજ ઠરાવ્યો હતો.

ભીમ જ્યારે મ્હોટો થયો ત્યારે [૧]દુર્લભે પોતાની ઇચ્છા તેને કહી "કે "આત્માના કલ્યાણને અર્થે કોઈ તીર્થમાં જઈ વસું. પાપશુદ્ધિ મારે કરવી છે, "માટે મને રાજ્યના ભારમાંથી મુક્ત કર." ભીમે પ્રથમ તો ના કહી, પણ દુર્લભ અને નાગરાજનો અતિ આગ્રહ જોઈ, પોતાને રાજ્યાભિષેક કરવા દીધો. આ સમયે આકાશમાંથી ફૂલનો વર્ષાદ વરસ્યો. ત્યાર પછી દુર્લભ અને નાગરાજ સ્વર્ગે ગયા.

રત્નમાળા ઉપરથી દુર્લભરાજનો નીચે જણાવેલો વૃત્તાન્ત અમારા હવે પછીના અનુસંધાનમાં ઉપયોગનો થઈ પડશે. તેમાં જણાવેલું છે કે, "દુર્લભ "કદમાં ઉંચો હતો અને તેનું અંગ ગોરૂં હતું; તેનું વલણ વૈરાગ્ય ભણી ઘણું "હતું; તે પાર્વતીપતિનો ઉપાસક હતો; તે જ્ઞાની હતો તેથી તેને એકાએક "અભિમાન ચડી આવતું નહિ; તેને સાધુ પુરૂષની સંગત, ન્હાવુંધોવું, પુણ્યદાન "કરવું, અને ગંગા નદીનો કિનારો એ બહુ પ્રિય હતું. તેને જન્મથી જ યુદ્ધનો લોભ નહતો."

હેમાચાર્યે ચામુંડ રાજા વિષે જે વાત કહી છે તેવી જ વાત પ્રબંધચિંતામણિના કર્ત્તાએ દુર્લભરાજ સંબંધી કહી છે; તે કહે છે કે, ભીમદેવને રાજ્ય સોંપીને તે કાશીયાત્રા કરવા ગયો, ને રસ્તે જતાં માળવાનો મુંજરાજ જે ત્યાં તે સમયે રાજ્ય કરતો હતો તેણે તેને અટકાવ્યો, ને તેનાં રાજચિહ્ન વેગળાં મૂકાવ્યાં. (મુંજે પાડેલી ફરજ પ્રમાણે) દુર્લભ પછી કાપડીનો (વૈરાગીનો) વેષ ધારણ કરીને, કાશિયે યાત્રા કરવા ચાલ્યો ગયો, ત્યાં તે મરણ પામ્યો. તો પણ માળવાના રાજાની અપમાનભરેલી ચાલ વિષે તેણે ભીમદેવને જાણ કરી હતી, તેથી, ત્યારથી, ગૂજરાતના અને માળવાના રાજાઓ વચ્ચે શત્રુતાનું મૂળ રોપાયું.

ભોજચરિત્રમાં કહ્યું છે કે, દુર્લભરાજ મુંજને મળ્યો ત્યારે તેણે તેને રાજ્ય પાછું લેવાની સલાહ આપી, તેથી ભીમને છેવટે ખોટું લાગ્યું.[૨] અસલની વેળાએ રજપૂત રાજાઓમાં આ પ્રમાણે રાજ્ય છોડી દેવાનો સાધારણ ચાલ હતો એમ દીસે છે; કેમકે ગયા ને પવિત્ર ભૂમિમાં મોત પામ-

૧ દુર્લભરાજ ગાદીયે બેઠો તે વખતમાં તેના કુટુમ્બની રાણિયો અને કુંવરિયો સોમનાથની યાત્રાએ ગએલાં ત્યારે જુનાગઢનો રાહ દયાસ ઉર્ફે મહીપાળ ૧ લો (ઇ. સ. ૧૦૦૩ થી ૧૦૧૦) હતો તેણે અપમાન કર્યું, તેટલા માટે દુર્લભસેને લશ્કર સાથે સોરઠ ઉપર ચડી જઈ તેની રાજધાની વામનસ્થલી (વંથલી) જિતી લીધાથી રાહ જુનાગઢના ઉપરકોટમાં ભરાયો હતો તેને ઘેરો ઘાલી જિત્યો હતો.

૨ ટોડ કૃત વેસ્ટર્ન ઈન્ડિયા પૃષ્ઠ ૧૭૦-૧૭૧ જુવો.

વામાં તેઓ મોક્ષનો ખરો માર્ગ સમજતા હતા. પરંતુ પછીથી તો તેમ કરવાને બદલે, જ્યારે ઇસલામના પંથિયોએ તેમના ધર્મની સામે લડાઈ કરવા માંડી ત્યારે પોતાના ધર્મના શત્રુઓની ઉપર ચડાઈ કરી તેમનો નાશ કરવાનો ચાલ તેઓએ લાગુ કરી દીધો. તો પણ એકાએક ધ્યાનમાં આવતું નથી કે દુર્લભ ફરીથી ગાદી ઉપર બેસવાને કેમ યોગ્ય ગણાયો હશે. રજપુત લોકોના ધારા પ્રમાણે કોઈ રાજા જો એક વાર રાજકારભાર છોડીને જાય તો પછી ફરીથી પાછો કદિ રાજધાનીમાં ડગલું દે નહિ તે તો મુવા જેવો જ થયો; તે રૈયત થઈ શકે નહિ ને રાજા તો હવે રહ્યો નહિ. તે પોતાનું આગલું નામ તજે છે અને ત્યાગીને ઘટે એવું નામ ધારણ કરે છે. વળી વધારે નિશ્ચયાત્મક કરવા સારૂ તેનું પુતળવિધાન કરવામાં આવે છે. તેને બાર દિવસ થાય છે ત્યાં સુધી શોક પાળવામાં આવે છે. પુતળાને ચિતા ખડકી બાળી મૂકે છે. એટલે કે તેનો ક્રમાનુયાયી વાળ અને મૂછો બોડાવે છે અને અંતઃપુરમાં સ્ત્રિયો રડારોળ કરી મૂકે છે.[1]

કૃષ્ણાજી કવિએ **ભીમ** રાજાનું વર્ણન દેખીતા પ્રીતિભાવથી લખ્યું છે. અને **ભીમ**ના રાજ્ય વિષે હિન્દુઓનું લખેલું પ્રથમ દાખલ કરવા માટે મુસલમાન ઇતિહાસકારોની **સોમ**નાથ સંબંધી વારે વારે કહેલી વાત લખવાને અમે મુલતવી રાખિયે છિયે તેથી કૃષ્ણાજીના લખેલા ભાગનો અમે અહિં ઉતારો કરિયે છિયે, કેમકે ગજનીના ક્રૂર દેવમૂર્તિભંજક, **મહમૂદ**ના સાનો એણે ટક્કર લીધી હતી એવું એમાંથી નીકળે છે.

"દુર્લભનો ક્રમાનુયાયી **ભીમ**દેવ (પ્હેલો) હતો; તે ઇન્દ્ર જેવો પ્રતાપી "હતો; યુદ્ધકળામાં પ્રવીણ અને બાણાવળી હતો; તે શરીરે જાડો અને ઉંચો "હતો, તેનું આખું શરીર રૂવાટાંથી ભરાયલું હતું તેનો ચ્હેરો થોડો ઘણો "શ્યામ વર્ણનો હતો, પણ દીપાયમાન હતો. તે ઘણો અભિમાની અને "યુદ્ધાસક્ત હતો; મ્લેચ્છોની સામે બાથ ભીડવાને તે ડરતો નહિ."

ઈંગ્લાંડમાં ડેન લોકોની હાર થઇ ત્યાર પછી, જેવામાં કયાનુટ કે ગ્રેટ વુઇન્ચેસ્ટરનું જૂનું દેવલ શૃંગારવાના કામમાં લાગ્યો હતો, તે એવ.

---

૧ ટોડ રાજસ્થાન ભાગ ૧ લો પૃષ્ઠ. ૨૭૭; ભાગ. ૨ જાના પૃષ્ઠ ૪૫૦, ૪૯૬.

જો વૈરાગી થઈ ગયો હોય અને જતો રહ્યો હોય તો તેની ૧૨ વર્ષ લગણ રાહ જોવાનું ધર્મશાસ્ત્રમાં કહ્યું છે. ત્યાર પછી પત્તો ન લાગે તો જ પુતળવિધાન કરવામાં આવે છે. અને તે જ દિવસે તેને અગ્નિસંસ્કાર કરી સૂતક અને શોક પાળવામાં આવે છે, ચોથે દિવસે ઉત્તરક્રિયા કરે છે. ર. ઉ.

ભભકાથી કે સોનારૂપાના દેખાવથી અને જવાહીરના તેજથી અજાણ્યાનાં મન ગભરાઈ જતાં હતાં, તેવામાં, એક બીજો **પાદશાહ**, તેના જેવો જ જયવંત યોદ્ધો, અને ઇમારતોનો ભભકો બતાવવાને તેના જેવો જ અભિલાષી હતો, તેણે, આથે, પૂર્વમાં, એક સાહસિક કામ માથે લઈ તેમાં મૂર્તિ સ્થાપેલા દેવાલયનો નાશ કરીને પોતાનું નામ **અમર** કરવાની ઇચ્છા કરી. આ દેવળ, પશ્ચિમ ભણીનો વ્યવહારકુશળ **કયાનુટ** રાજા જે **ક્રિશ્ચિયન** દેવળ સ્થાપવાના કામમાં લાગ્યો હતો, તેના કરતાં વધારે શોભાયમાન હતું. ઇસલામના શત્રુ **હિન્દુ** ઉપર ગજનીના **સુલતાને** અગિયાર **અશ્વારિયો** કરી હતી તેમાં પ્રત્યેક વાર તેનો લોભ તૃપ્ત થયો હતો અને તેની હોંસ પરિપૂર્ણ થઈ હતી; પણ મૂર્ત્તિપૂજકોનો ધર્મ તૂટયા વિના રહ્યો હતો, અને **મહાકાળેશ્વરની** પ્રાચીન વધાવાની જગ્યાએથી પણ એવો વધાવો આવતો હતો કે, મહાન **સોમેશ્વરની** ખરા ભાવથી પૂજા કરવાને ઘણા લોકો કાળજી રાખતા નથી માટે તેની શિક્ષા થવા સારૂ **મુસલમાનોનો** જય થવા દેવામાં આવે છે. આવા પ્રસંગમાં આ વેળાએ, **મુસલમાની** ધર્મના હિમાયતિયે પોતાનું એક વાર વધારે પરાક્રમ દાખવી છેલ્લો પ્રયત્ન એવા પ્રકારનો કરવાનો નિશ્ચય કર્યો કે જેથી કરીને, થતી પ્રજામાં કદાપિ તે ઇસલામી ધર્મના વિસ્તારનાર તરીકે લેખવામાં આવે અથવા એમ નહિ તો મૂર્ત્તિપૂજા ઉપર મહા કોપ આણનાર તો કહેવાય જ.

સોમનાથ ઉપર ચડાઈ કરવા સારૂ સન ૧૦૨૪ ના સેપ્ટેમ્બર મહિનામાં **મહમૂદે ગજની** છોડયું; તેની અગણિત સેનામાં, સ્વેચ્છાથી લડનારા **તુર્કસ્તાનના** પસંદ કરવા યોગ્ય લડવાઈયા પણ સામેલ થયા. એક મહિનામાં તેઓ **મુલતાન** આવી પ્હોંચ્યા, અને હજી તેમની અને **હિન્દુસ્થાનના** મેદાનની વચ્ચે વિશાળ અરણ્ય પડયું હતું તો પણ તે વટાવવાના કઠિન કામને માટે પણ તેઓ તેમની મેળે સજ્જ થયેલા તૈયાર જ હતા, તેથી તેની સરહદ વટાવવામાં તેઓ જય પામ્યા. અજમેર નગર ત્વરાથી તેમના હાથમાં આવી ગયું.[1] અને, જે

૧ રજપૂત ઇતિહાસમાં લખ્યું છે કે, **ચૌહાણ** રાજા **વીરબીલનદેવ**, અથવા ધર્મગજ જે લડાઈમાં મારયો ગયો તેણે **મહમૂદને** અજમેરથી પાછો હઠાવ્યો હતો. (જુઓ) '**ટૉડ રાજસ્થાન** ભાગ ૨જો પૃષ્ઠ ૪૪૭, ૪૫૧. (પણ, પછીથી), "**મહમૂદે અજમેર** "ઉપર હલ્લો કરયો, તેને તજીને લોક નાશી ગયા હતા. અને તેની આસપાસનો "દેશ લૂંટને વાસ્તે અને નાશને કાજે ખુલ્લો મૂકયો હતો. ગઢ દીલ્લીનો કિલ્લો '(અજમેરનો તારાગઢ) રાખી દેવામાં આવ્યો હતો, અને મહમૂદ હારયો હતો.

કિલ્લો પાસેના ડુંગર ઉપર આવી રહ્યો હતો.તેના ઉપર કાંઈ લક્ષ નહિ આપતાં, તેઓએ આગળ કુચ કરવા માંડી, તથા આરાવલી પર્વતની તલાટી ઓળંગીને આગળ આવ્યા એટલે અદ્ભુત આબુ પર્વત તેમના મ્હોં આગળ ઝોકાં ખાતો દેખાયો, ત્યાંથી ગૂજરાતના મેદાનમાં થઇને આગળ ચાલ્યા એટલે અણહિલવાડ મ્હોં આગળ આવી પડેલું દેખાયું. ચામુંડ[1] રાજા ખરેખરો સપડાઈ ગયો. એના પટાવતો વિખરાઈ ગયેલા હતા, અને લડાઈના દિવસને માટે સજ્જ થઈ રહેવાને બદલે તેનું મન પોતાની વાડીનાં ઝાડમાં, અને પોતે જે જળાશય બંધાવતો હતો તેમાં ગુંથાયું હતું, તેથી પોતે પોતાની રાજધાનીના વિશાળ મોરચા સાચવવાને અને આવા સૈન્યની સામે ટકવાને સાધન વિનાનો હતો. તેથી રાજા ત્યાંથી નાઠો ને મુસલમાનની ફોજ શહરમાં દાખલ થઈ તેને કોઈએ અટકાવ કર્યો નહિ.

મહમૂદે આ લડાઈ ઉભી કરી હતી તે હિન્દુઓના રાજા ઉપર નહિ પણ તેમના દેવ ઉપર કરી હતી; તેથી વનરાજની નગરી પછવાડે મૂકીને તેના સૈનિક વાવટા સોમનાથ ભણીને માર્ગે ઘણી ત્વરાથી પ્રયાણ કરતી સેનાને મોખરે ફરકવા લાગ્યા.

સૌરાષ્ટ્રના નૈઋત્ય કોણના કિનારા ઉપર વેરાવલનું ન્હાનું બંદર અને અખાત છે. તેની જમીન ઘણી જ સરસ ઘાડી ઝાડીવાળી, અને ખેતીવાડીના કામમાં ચડિયાતી છે. આ ન્હાનો અખાત, તેની નિર્ભય અને રમણીય વક્રતાને લીધે, અને તેની સોનેરી રેતી પાણીની છોળોથી સદા તળે ઉપર થયાં કરે છે તેથી કરીને, આખા હિન્દુસ્થાનમાં બીજો કોઈ તેની બરાબરીનો નથી એમ ગણાય છે. આ અખાતની દક્ષિણ ભણીની સરહદ ઉપર જમીનનો ભાગ આગળ વધી ગયેલો છે, તેના ઉપર દેવપટ્ટણ અથવા પ્રભાસ નગરી આવી રહી છે. તેને સાંધ્યા વિનાના પથ્થરોનો કિલ્લો છે તેમાં બેવડા દરવાજા છે, અને પાર વિનાના સમકોણ બુરજોથી તેને રક્ષી લીધો છે. તેમાં લગભગ બે માઇલના

"તથા ઘાયલ થયો હતો તેથી તેને નાંદોલ નાશી જવાની અગત્ય પડી. નાંદોલ ચો-"હાણના તાબાનું હતું તે તેણે લુટયું અને ત્યાંથી નેહલવાડ ભણી ગયો." એ જ પુસ્તક પૃ. ૪૪૮.

૧ મહમૂદ ગજનવી સોમનાથ ઉપર ચડી આવ્યો ત્યારે અણહિલવાડની ગાદિએ ચામુંડ નહિ પણ ભીમદેવ રાજા હતો. આ ચડાઈ ઈ. સ. ૧૦૨૪ માં થઈ અને ચામુંડ ઈ. સ. ૧૦૧૦ માં દેવલોક પામ્યો હતો. તે પછી વલ્લભ, અને પછી દુર્લભ થયો. તે પછી ભીમદેવ ઈ. સ. ૧૦૨૨ માં ગાદિયે બેઠો. એટલે ચડાઈ વખતે તેને ગાદિયે બેઠે બે વરસ થયાં હતાં. ર. ઉ.

ઘેરાવાનું યોગાન આવી ગયું છે; એ કિલ્લાની આસપાસ પચીસ ફૂટ પ્હોળાઈની અને સુમારે તેટલી જ ઉંડાઈની ખાડી છે, તેને મોખરે ચણતર કરી લીધું છે, અને જ્યારે ગમે ત્યારે તેમાં દરિયાનું પાણી ભરી દેવાય એવી ગોઠવણ કરી છે. આ શહરની બધી યોજના તથા ખંડિત થયેલી મૂર્તિયો જે અહિંતહિં વિખરાયલી પડેલી છે તે, અને ઇમારતની બાંધણીની શોભા જે હજી સુધી મસ્જીદો અને રહેવાનાં ઘરમાં ફેરવાઈ ગયેલી જોવામાં આવે છે એ સર્વ આપણે ભૂલ ખાઈએ નહિ એવી ભાષામાં, જિતનારાઓની નવી રીતિ દાખલ થઈ છતાં પણ સોમનાથના શહરના હિન્દુઓનું મૂલારંભપણું દેખાડી આપે છે. કિલ્લાની ભીંત જે સમુદ્રમાં પડે છે તેની સજ્જડ અને શહરના નૈઋત્ય કોણના ઉંચા અને સમુદ્રમાં ધપેલા ખરાબા ઉપર મહાકાળેશ્વરનું પ્રખ્યાત દેવાલય આવી રહ્યું છે. એનું હવણાં તો છેક પડી ગયેલું ખંડેર પડેલું છે, તે ઉપરથી, તેની અસલની યોજના અને બાંધણીની ઢબ અતિ શોભાયમાન હશે, એવી કલ્પના થઈ શકે છે. કેટલેક છેટે સુધી આખી જગ્યા, થાંભલાના શેષ રહેલા ટુકડાઓથી કોતરેલા પથ્થરથી, અને અસલ દેવાલયના બીજા કકડાથી રોકાઈ ગઈ છે. આગળ ચાંચવા લોકો આ કિનારા ઉપર હરકત કરતા હતા, માટે પાસેના વેરાવળ બંદરનું રક્ષણ કરવા સારૂ, એના ઉપર ભારે તોપો ચડાવવામાં આવી હતી, અને તે ઉપરથી ચલાવેલો તોપોનો મારો એની બાંધણીની ચમત્કારિક મજબુતાઈની પરીક્ષા કરવાને પરિપૂર્ણ છે.

સોમેશ્વર મહાદેવના કીર્ત્તિમાન્ દેરાની આ તો હવણાંની સ્થિતિ લખી; પરંતુ મુસલમાનોની ફોજની આંખે પડેલો તેનો દેખાવ તો એક ન્યારો જ હશે; તે વેળાએ તો તેનું ગગનમાં ઝોકાં ખાતું શિખર, તેની પછવાડેના દરિયાની આશમાની આકાશકક્ષાથી પાર નીકળી ગયેલું દેખાતું હશે, તેની ટોચ ઉપર શિવની ભગવી ધ્વજા ફરફારા દેઈ રહી હશે, તેનો દ્વારમંડપ, તેનો રંગમંડપ, અને શંકુ આકારનો ઘુમટ તથા તેની ચોગરદમ ફરતો ચોક, અને થાંભલાએ ટેકાવેલી અડાળિયો, તે સાથે વળી, ગ્રહની આસપાસ ઉપગ્રહ હોય તેમ તેને ફરતાં અગણિત ન્હાનાં દેરાં, એ સર્વ વડે સોમનાથના મનમાનતા દેવલની અતિ રમણીય શોભા ખીલી ઉઠતી હશે—પણ આ બધુંએ હવણાં તો ભોંયની સાથે સપાટ થઈ પડ્યું છે, તેની ભીંતોને મસ્જીદની ભીંતો કરી દીધી છે; અને ત્યાં માણસને રહેવાનાં હલકાં રહેઠાણ થઈ પડ્યાં છે.[1]

૧ સોમનાથનું આ વર્ણન ટોડકૃત "વેસ્ટર્ન ઈન્ડિયા"માંથી અને કીટોના ગિરનારના પ્રવાસની નોંધ ઉપરથી લીધું છે; બેંગાલ બ્રાન્ચ આવ ધી એશિયાટિક સોસાઇટીના જૅર્નલ (પુસ્તક) ૮ માનું પૃષ્ઠ ૮૬૫.

મહમૂદ ઘણી ઉતાવળથી પાસે આવી પ્હોંચ્યો, અને જે દેશમાં થઈને તે આવ્યો તે દેશ સાચવવાને માટે કોઈ હતું નહિ તો પણ સોમનાથનું રક્ષણ કરવા સારૂ, અને આક્રમણ કરનારાઓને શિક્ષાએ પ્હોંચાડવા કાજે, જીવને જોખમ પ્હોંચાડીને પણ હથિયાર સજેલાં માણસો લડવાને તૈયાર થઈ રહેલાં જોવામાં આવ્યાં. રજપૂતોએ શત્રુના દૂતને પાસે આવવાની સંજ્ઞા કરી ને તેને તેઓએ યુદ્ધ કરવાની ઇચ્છા બતાવી અને અભિમાન દર્શાવ્યું કે હિન્દુસ્થાનના દેવતાઓને મુસલમાન લોકો અપમાન પ્હોંચાડે છે તેનું વૈર લેવાને અને એક પળમાં તમને ભોંયભેગા કરી નાંખવાને સારૂ શક્તિમાન્ સોમેશ્વરે તમને પોતાની પાસે ઘસડી આણ્યા છે. બીજે દિવસે સવારમાં પેગંબરનું લીલું નિશાન ચડ્યું અને મુસલમાનોએ કિલ્લાની લગભગ જઈને હલ્લો કરવાનું મંડાણ કર્યું. થોડી વારમાં તો તિરંદાજોએ મોરચા સાફ કરયા અને હલ્લાનો આવો અણધારેલો જુસ્સો જોઈને હિન્દુઓ આશ્ચર્ય પામ્યા અને નરમ થઈ ગયા એટલે કિલ્લો છોડીને દેરામાં ખીચાખીચ પેશી જઈને આંખ્યમાં પાણી આણી મહાદેવને પગે પડી તેમને વ્હારે ધાવાને પ્રાર્થના કરવા લાગ્યા. આણી-મગ મુસલમાનો પણ આવો લાગ આવેલો જોઈને, “અલ્લા અકબર” ના પોકાર કરતા નિસરણિયો માંડી કિલ્લા ઉપર ચડી ગયા; પણ રજપૂતો જેમ એકાએક નરમ પડી ગયા હતા તેમ જ એકાએક શૂરા થઈ પડ્યા, અને અવ્યવસ્થિત થઈ ગયા હતા તે બચાવ કરવા સારૂ વ્યવસ્થિત થઈ ગયા, ને સૂર્ય અસ્ત પામતાં પ્હેલાં તો મહમૂદના સિપાઈયો પોતાના પગ ટકાવી શકયા નહિ તથા થાકથી કાયર થઈ ગયા એટલે ચારે બાજુએ પાછા પડીને પાછા નાઠા.

બીજે દહાડે સવારમાં લડાઈ પાછી ચાલી; પણ મુસલમાનો જેવા કિલ્લા ઉપર ચડવા લાગ્યા કે લાગલા જ હિન્દુઓએ તેઓને ઉંધે માથે નીચે ઢોળી પાડ્યા તેથી આ બીજા દિવસની તેમની સર્વ મહેનત પ્હેલા દિવસ કરતાં પણ છેક બરબાદ ગઈ.

ત્રીજે દિવસે, પાસેના રાજાઓ જે દેવલના રક્ષણને સારૂ ત્યાં એકઠા થયા હતા તેઓ લડાઈના આકારમાં, મહમૂદની છાવણીમાંથી દેખાઈ શકાય તેવી રીતે હારબંધ ઉભા રહ્યા. સુલતાન પણ તેઓનો ઘેરો ઉઠાવવાનો આ પ્રયત્ન અટકાવવા નિશ્ચય કરી બેઠા, ને રખવાળોને દાબ દેવાને એક ટુકડી ત્યાં મોકલી, પોતે જાતે શત્રુઓ સાથે લડવાને આગળ ચાલ્યો. ઘણા જુસ્સાથી યુદ્ધ ચાલ્યું, તેમાં કોનો જય થતો હતો તે જણાતું નહતું. એટ-

લામાં **વલ્લભ**સેન **યુ**વરાજ, અને તેનો શૂરવીર ભત્રીજો જુવાન **ભીમ**દેવ, બલવાન્ નવી સેના લઇને આવી પ્હોંચ્યા, તેથી **હિ**ન્દુઓમાં તાજી હિમ્મત આવી. આ સમયે **મ**હમૂદે પોતાની સેનાને ડચુપચુ થતાં જોઈ, પોતે ઘોડા ઉપરથી નીચે કૂદી પડ્યો, અને ભોંય ઉપર લાંબે પગે પડીને અલ્લાની મદદ માગી; પછી પાછો ઘોડે ચડી, એક શૂરો **સિર**કાશિયન સરદાર હતો તેને હિમ્મત દેવાને હાથે પકડી રજપૂતો ઉપર આગળ ધસ્યો ને પોતાની સેનાને તેણે એવી ઉશ્કેરણી આપી કે તે ઉપરથી તેઓને લાગ્યું કે જે પાદશાહની સાથે રહીને આપણે વારેવારે લડાઈમાં લડ્યા છિયે અને લોહીલોહાણ થયા છિયે તેને આવે પ્રસંગે છોડી દેવો એ ઘણું શરમભરેલું છે. તેથી તેઓ એક-સંપ કરી **હિ**ન્દુઓ ઉપર તૂટી પડ્યા. આવા જુસ્સાભરેલા હલ્લાની સામે **હિ**-ન્દુઓથી ટકી શકાય એમ નહતું; **મુ**સલમાનોએ **હિ**ન્દુઓ ઉપર તૂટી પડીને પાંચ હજારને કતલ કરી નાંખ્યા, એટલે સર્વ ઠેકાણે ભંગાણ પડ્યું. **સો**મનાથના રખેવાળોએ પણ **અ**ણહિલવાડનું નિશાન ભોંય ઉપર પડેલું જોઇને રક્ષણ કરવાની જગ્યા છોડી દીધી, અને દરિયા ભણીને દરવાજે થઇને નીકળ્યા ને ચાર હજાર માણસની ઝુંડી બાઝીને નાઠા, તેમ કરતાં પણ તેઓનો ઘણો નાશ થયો.

ગજનીના યશસ્વી **સુ**લ્તાને, આ વેળાએ, કિલ્લાની આસપાસ અને સર્વ દરવાજે ચોકી મૂકી દીધી, અને પોતાના પુત્રને અને બીજા થોડા ઉમ-રાવોને સાથે લઇને પોતે **સો**મેશ્વરના દેવલમાં પેઠો. તેણે આરસપાહાણની બાંધેલી ભવ્ય જગ્યા જોઈ. તેના ઉંચા મંડપને ચમત્કારિક કોતરણીથી કોત-રેલા અને રત્નજડિત થાંભલા હતા. માંહલા નિજમંડપમાં બ્હારનું અજવાળું આવી શકતું નહતું, ત્યાં સોનાની સાંકળે દીવાનું ઝુમરૂખ લટકાવેલું હતું તેને અજવાળે **સો**મેશ્વરનું **લિંગ** જોવામાં આવ્યું; તે નવ ફીટ બ્હાર દેખાતું હતું ને છ ફીટ ભોંયમાં હતું. **પા**દશાહના હુકમથી લિંગના બે કડકા કરવામાં આવ્યા તેમાંનો એક **હિ**ન્દુસ્થાનમાં જાહેર મસ્જિદના પગથિયામાં જડવાને અને બીજો **ગ**જનીના પોતાના મેહેલની કચેરીના દરવાજા સારૂ રાખ્યો. બીજા કડકા **મ**ક્કા અને **મ**દિના શહર જે તેઓનાં ધર્મનાં મથક છે તેઓને માન આપવા સારૂ ત્યાં મોકલવા રાખ્યાં. **મ**હમૂદ આ પ્રમાણે કડકા કરવાના કામમાં લાગ્યો હતો તેવામાં બ્રાહ્મણો ત્યાં આવીને તેની પ્રાર્થના કરવા લાગ્યા કે, તમે જો લિંગ હવે તોડો નહિ તો અમે તમને ઘણું ધન આપિયે. આ સાંભળી **મ**હમૂદનું મન જરા ડચુપચુ થયું. એવામાં તેના ઉમરાવો તેને સલાહ આપવા લાગ્યા તે એવા મનસુબાથી કે તે સ્વીકારશે; ને તે જ પ્રમાણે થોડોક વિચાર કરીને **સુ**લતાન પણ બોલ્યો કે, મૂર્તિ વેચવાની કીર્તિ મેળવવા

કરતાં મૂર્તિ ભાંગવાની કીર્તિ મારે જોઇયે છિયે. પછી લુંટાલુંટનું કામ ચાલ્યું અને લિંગ નીચેથી તેઓને ઘણું ધન મળ્યું.

મુસલમાન ઇતિહાસકર્તા પણ કબુલ કરે છે કે, ઘેરો ઉઠાવવાના પ્રયત્નમાં **ભી**મદેવ પાર પડ્યો ન હતો તો પણ તેણે ત્રણ હજાર **મુ**સલમાનોને કાપી નાંખ્યા હતા, અને **દે**વપટ્ટણ લેવાયા પછી તે સર્વસ્વ હરી લીધેલા દેવાલયથી ૧૨૦ માઇલ(૪૦ પરસંગ)ને છેટે, [1]કુંડહત (કચ્છના કંથકોટ) નામના કિલ્લામાં જઈ પેઠો. તે શૂરા રાય, **ભી**મદેવની પછવાડે જવાને **સો**મનાથનું ઉપર પ્રમાણે દ્રવ્ય એકઠું કરીને, **મ**હમૂદ તૈયાર થયો. **સુ**લ્તાન ત્યાં આવી પ્હોંચ્યો તો ખરો, પણ કિલ્લાની પાસે જવાનું તેને દેખીતું અશક્ય લાગ્યું, કેમકે તેની ચોમેર (રણનું) પાણી આવી રહ્યું હતું ને માત્ર એક જ જગ્યાએ થઈને ઉતરીને જવાય એવું હતું. તો પણ **મ**હમૂદે પોતાના લશ્કર સહિત નિમાજ

૧ મૂળ અંગ્રેજીમાં **ગણ્દાબા** લખ્યું છે તે ભૂલ છે, તે ફિરીસ્તા ઉપરથી લખ્યું છે. **બ્રિગ ગણ્દેવી** ટેવે છે એ પણ માત્ર કલ્પના છે. ફિરીસ્તાની કેટલીક પ્રતોમાં ખડાબ અથવા ખંડાવ-ખંડવ જોવામાં આવે છે. આસપાસના વૃત્તાન્તો ઉપરથી એમ સિદ્ધાન્ત થયો છે કે, આ લખાણ તે કચ્છમાં આવેલા કંથકોટને લાગુ પડે છે. આ કિલ્લો ઉંચી ડુંગરી ઉપર ત્રણ માઈલના ઘેરાવામાં મજબૂત બાંધણીનો હોતાં તથા રણના પાણીથી રક્ષાયલો હોતાં ભીમને વધારે યોગ્ય લાગ્યો હશે, કેમકે મૂળરાજ ઉપર બારપે હલ્લો કરયો ત્યારે તે પણ ત્યાં ગયો હતો. જુવો પાછળ પૃષ્ઠ ૫૯.

વળી કચ્છ તે વેળાએ ભીમના તાબામાં હતું. એ વાત તેના એક તામ્રપટ ઉપરથી સિદ્ધ થાય છે. આ લેખ ઇન્ડિયન આન્ટીકવેરીના ભાગ ૬ ઠ્ઠાને પૃ. ૧૯૩ મે, તેમ જ બર્જેસે અણહિલવાડના ચૌલુકયોના લેખનું ન્હાનું પુસ્તક છપાવ્યું છે તેને પૃષ્ઠ ૪૮-૫૨મે છે. તે સંવત્ ૧૦૮૫ કાર્તિક સુદિ ૧૫ નો છે. તેમાં કચ્છ મંડલમાં આવેલું મસૂર ગામ ભટ્ટારક અજયપાલને આપ્યાનું જણાવ્યું છે.

આ સ્થાનને કંથકોટ ઠરાવવામાં હવણાંની સ્થિતિ ઉપરથી કેટલાકને શક ઉપજે છે. ત્યાં આગળ પાણીમાં ભરતી ઓટ થવાનું ચોકકું બંધબેસતું તેમને લાગતું નથી. કચ્છ એટલે બેટ, અને તેની આસપાસ પાણી પણ રહેતું તથાપિ ધીરેધીરે તે ઉત્તર અને પૂર્વમાં ઓછું થતું ગયું છે. હવણાં વળી કચ્છના અખાતનો ધસારો પૂર્વ ભાગમાં વધતો જતો જણાય છે અને રણમાં પાણી વિસ્તારાય છે. શિકારપુર આગળ કેટલીક મુદતથી મછવા ફરે છે અને કદાપિ હવે પછી તે અંદર પણ થઈ શકશે. કર્નલ વૉટ-સન (કાઠિ. ગેઝે. પૃ. ૮૦) કાઠિયાવાડના કિનારા પર મિયાણીની ઈશાનકોણ થોડા માઈલને અંતરે આવેલ ગાંધવી હોય એમ ધારે છે તેમ જ બીજા કેટલાક જૂદી જૂદી કલ્પના કરે છે. સર્વ વાત લક્ષમાં લેતાં આ સ્થાન કંથકોટ હોવું જોઇયે એમ મારો અભિપ્રાય થાય છે. આ સ્થાનનું મેં સારી રીતે અવલોકન કરયું છે. **ર. ઉ.**

પડીને, અને કુરાન ઉપર પોતાના ભાગ્યનો આધાર રાખીને, પાણી જે વેળાએ ઉતરતું થવા માંડ્યું તે પ્રસંગ સાધી, સેના સહિત પાણીમાં ચાલ્યો, તે સામી બાજુએ હેમક્ષેમ આવી પ્હોંચ્યો ને તાબડતોબ હલ્લો કરયો. મુસલમાનો પાસે આવ્યા કે તરત **ભીમ**દેવ નાઠો. એટલે હલ્લો કરનારાઓના હાથમાં સહેલાઇથી કબ્જે આવ્યો. તે વેળાએ જ કિલ્લાનું રક્ષણ કરનારા હતા તેમના ઉપર કાળો કેર વર્ત્તાવી દીધો. સ્ત્રીછોકરાંને કેદ કરી લીધાં ને **મહમૂદે** કંડહત (કંથકોટ) લુંટીને પોતાના ખજાનામાં ઉમેરો કરયો.

એ પ્રમાણે જય પામીને **મહમૂદ** **અણહિલવાડ** પાછો આવ્યો અને ત્યાં તેણે ચોમાસું ગાળ્યું એમ લાગે છે. તેને ત્યાંની જમીન એવી ફલદ્રૂપ લાગી, અને હવા એવી સ્વચ્છ અને નિરોગી જણાઈ, તથા સીમ એવી એડેલી અને રમણીય દેખાઈ કે, કહે છે કે તેણે પોતાના કુંવર **મસાઉદ**ને ગજનીનું રાજ્ય સોંપીને ત્યાં પોતાની રાજધાની ઠરાવી કેટલાંક વર્ષ રહેવાનો મનસુબો જણાવ્યો. **લંકા**ના જવાહીરની અને **પેગુ**ની ખાણોની વાતો સાંભળીને **મહમૂદ**ના વિચાર ઘણા બ્હેકી ગયા, અને તેને જવાહીર એકઠું કરવાનો છોકરવાદી ભરેલો શોખ હતો, તેથી તે દેશો જિતવાને સારૂ કહે છે કે તેણે દરિયાઈ ફોજ તૈયાર કરવાનો પક્કો મનસુબો કરયો; પણ તેના સરદારોની ગંભીરાઈભરેલી સલાહ ઉપરથી તેણે પોતાનો વિચાર ફેરવ્યો, અને તેમના કહ્યા પ્રમાણે માન્ય કરીને પોતાના રાજ્ય ભણી જવાનો ઠરાવ કરયો.

વિલાસી [1]**ચામુંડ** રાજાએ પોતાનું રાજ્ય છોડી દીધું તે તેની બ્હેન

---

૧ **મહમૂદ ચડી આવ્યો ત્યારે ચામુંડ** અથવા **જામુંડ, અણહિલવાડનો રાજા** હતો એવું કેટલાકનું ભૂલભરેલું માનવું છે તે ઉપરથી પોતાના દેશની દુર્દશા થઈ તે સહન નહિ કરી શકવાથી તે કાપડી (અતીત) થયો. પણ ખરી હકીગત એમ નથી. **મહમૂદ** ચડી આવ્યો તે વેળાએ તો **ભીમ**દેવ ગાદિયે હતો એમ ઇબ્ન અસિરે પોતાની કામિલુ તવારિખમાં જણાવ્યું છે; તેમ જ **તારીખી અલ્ફીનો** કર્ત્તા કહે છે કે, "સોમનાથની ચડાઈ પૂરી થયા પછી **મહમૂદને** ખબર પડી કે **નહરવાડ(અણહિલવાડ)**નો રાજા **ભીમ** નાશી ગયો છે અને કંદમ(કંથકોટ)ના કિલ્લામાં પેશી ગયો છે એટલે ત્યાં ચડી ગયો."

દ્વયાશ્રયના ગુજરાતી ભાષાન્તરને પૃ. ૧૨૩ મે નીચે પ્રમાણે ટીપ છેઃ–"**ચામુંડ**રાજ બહુ કામી હોવાથી તેને તેની બ્હેન **વાચિણી** દેવિયે પદભ્રષ્ટ કરી તેના પુત્ર **વલ્લભરાજ**ને ગાદી આપી. **ચામુંડરાજ** આથી વિરાગ પામી કાશી તરફ જતો હતો, તેવામાં માર્ગમાં એને **માળવા**ના લોકોએ લુંટયો તે ઉપરથી એણે પાછા આવી **વલ્લભ**ને આજ્ઞા કરી કે **માલવરાજ**ને દંડ દેવો." ર. ઉ.

સાથેના ક્હેવાતા ગોત્રગામી સંબંધને લીધે નહિ, પણ તેના દેશની આ પ્રમાણે દુર્દશા થઈ તેથી કદાપિ છોડી દીધું હશે એમ લાગે છે. આ વિષે ગમે તેમ હોય, પણ પછીથી એનું નામ કશામાં આવતું નથી, અને ગુજરાતમાં પોતાના ભણીનો ખંડિયો રાજા સ્થાપવા સારૂ, **મહમૂદ** અને તેના કારભારિયોનું લક્ષ હક્કદાર પુરૂષ શોધી ક્હાડવામાં લાગ્યું હતું તેવામાં પણ **વલ્લભ** અને **દુર્લભસેન** એ બેઉ ભાઇયો વાસ્તે ભાંજઘડ થઈ હતી. **વલ્લભ**, જે **યુવરાજ** હતો તેના ડહાપણ સંબંધી સર્વ બ્રાહ્મણોને ઘણો ભરોંસો હતો, માટે તે ડાહ્યો અને વિદ્વાન્ છે એવું તેનું વર્ણન કરવામાં આવ્યું. વળી આગ્રહથી ક્હેવામાં આવ્યું કે, તેને એક પરગણાનો અધિકાર ક્યારનોય આપેલો છે, ત્યાં પણ વાજબી રીતે અને ન્યાયથી વર્તે છે; તેથી ખંડણી આપવાનું એક વાર જો તે માન્ય કરે તો તે પ્રતિ વર્ષે ગજની મોકલી દેવાને ચૂકે નહિ. બીજા ક્હેવા લાગ્યા કે, **દુર્લભસેન** જ્ઞાન મેળવવા અને યોગાભ્યાસ કરવામાં લાગેલો છે, માટે રાજ્ય એને સોંપવું જોઇયે–પણ સામા પક્ષવાળા તેનો અપવાદ કરી ક્હેવા લાગ્યા કે, તે દુષ્ટ સ્વભાવનો પુરૂષ છે, ઇશ્વરની તેના ઉપર અકૃપા થઈ છે, અને તે દુનિયાથી વિરક્ત થયો છે તે પોતાની ઇચ્છાથી થયો નથી, પણ ગાદી ઉપર બેસવા માટે તે પ્રયત્ન કરતો હતો તેથી એના ભાઇયે એને ઘણી વાર કેદ કર્યો હતો, માટે પોતાનો જીવ ઉગારવાને અર્થે એણે ઢોંગ કર્યો છે. આ બધો વિવાદ સાંભળીને **સુલતાન** બોલ્યો કે, જો કદાપિ **યુવ-રાજે** પંડે આવીને રાજ્યને માટે વિનતિ કરી હોત તો તેને આપવામાં આવત. પણ એણે તો કશી ચાકરી કરી નથી, તેમ જ પોતે સલામ સરખી કરવાને પણ આવ્યો નથી, તેને આવડું મ્હોટું રાજ્ય સોંપવામાં આવશે નહિ. આમ કહીને તેણે વનવાસી **દુર્લભસેનને** ગૂજરાતનું રાજ્ય સોંપવાને પસંદ કર્યો, અને તેણે પણ **કાબુલ** અને **કંદહારના** જેટલી ખંડણી આપવાનું કબુલ કર્યું. વળી **સુલતાનને** તેણે વિનવ્યો કે, મારી સત્તા સારી પેઠે બેઠી હશે નહિ એટ-લામાં તો **વલ્લભસેન** બેશક મારા ઉપર હલ્લો કરશે, માટે મારા રક્ષણને અર્થે, થોડા ઘોડેસ્વાર મૂકી જાઓ. **દુર્લભસેને** આવું કહ્યું તે ઉપરથી **સુલતા-નના** મનમાં આવ્યું કે, આપણે આ દેશ છોડીને જઇયે તેના પ્હેલાં **વલ્લભ-સેનને** જેર કરવાનો ઉપાય કરવો જોઇયે, તેના આવા ક્હેવા ઉપરથી થોડી વાર પછી, [૧]**વલ્લભસેનને** કેદ કરીને **મહમૂદની** આગળ આણ્યો.

---

૧ ગત પૃ. ૧૦૮ મે ટીપ આપી છે તે પ્રમાણે વલ્લભ માલવાના રાજા ઉપર ચડ્યો પણ ત્યાં તેને શાળી નીકળાથી મરણ પામ્યો. આ વિષે દ્વયાશ્રયના ભાષાન્તરના પૃ. ૧૨૫મે જુવો–"દૈવયોગે કરીને એને એવો કોઈ દુષ્ટ રોગ થયો કે જેને કોઈ વશ કરી

મહમૂદ એક વર્ષ કરતાં પણ વધારે વાર **ગૂજરાત**માં રહ્યો, ત્યાર પછી ઘરભણી પગલાં ભરવાને તે વિચાર કરવા લાગ્યો, અને **દુર્લભસેન**ની વિનતિ ઉપરથી યુવરાજ **વલ્લભસેન**ને પોતાની સાથે **ગજની** લઈ જવાનો તેણે નિશ્ચય કર્યો. જે રસ્તે થઇને તે જવાને નીકળ્યો તે રસ્તો અજિત **ભીમ**દેવે અને તેના સહકારી **અજમેર**ના રાજા **વિસલદેવે** રોક્યો હતો. આટલી વારમાં **મુસલમાન**ની ફોજ, લડાઇથી અને હવાના ફેરફારથી ઓછી થઈ ગઈ હતી તેથી લડાઈ મચાવવાના જોખમમાં પડવાને બદલે **સિન્ધ**ની પૂર્વનો રેતીનો નવો માર્ગ શોધી કહાડી, તે માર્ગે થઇને જવાને **મહમૂદે** નિશ્ચય કર્યો. આ રસ્તે જતાં પણ ઉજ્જડ મેદાન આવી પડ્યું, ત્યાં પાણી વિના તેની ફોજનો ઘાણ વળી ગયો, અને તેના ઘણા ઘોડેશ્વારો હતા તેઓના ઘોડા માટે ઘાસ-દાણો ખૂટી પડ્યો; ત્રણ દિવસ અને ત્રણ રાત્રી સુધી એક **હિન્દુ** ભોમિયો, તેના

"શક્યું નહિ. આ રોગને વૃદ્ધિ પામતાં કોઈ ઔષધ અટકાવી શક્યું નહિ. કાળને પરાજય "પમાડતો, મિત્રો સાથે વાર્ત્તાનંદ કરતો, તત્ત્વવિચારમાં નિમગ્ન રહેતો એ (વલ્લભરાજ) "પરમાત્મામાં લીન થયો." મરણસમયે તેણે સેનાપતિને કહ્યું કે, "મારૂં મરણ છૂપાવીને "સૈન્યને તું અણહિલપુર લઈ જા, તને અમુક પારિતોષિક આપું છું." અણહિલવાડ આવી આ માઠા પરિણામની વાત ચામુંડને કહેતાં 'અત્યંત પ્રજ્વલતા અગ્નિની પેઠે "સળગી રહેલા શોકથી રાજાનું (ચામુંડનું) અંગ તપવા લાગ્યું. એટલે ધર્મોપદેશક ઋષિ-"ઓનો સમાગમ કરવા માંડ્યો; ને પુણ્યતીર્થ(શુક્લતીર્થ)ને સંભારવા માંડ્યું, પછી શત્રુનો "પરાજયકર્ત્તા દુર્લભસેનને રાજ્ય સોંપી સર્વને વિસ્મય પમાડનાર એ રાજાએ, વિસ્મય "પમાડે તેવા ઉગ્ર તપોગુણથી, નર્મદા તટ ઉપરના શુક્લતીર્થમાં જઈ આત્મધ્યાન "ધરવા માંડ્યું."

દુર્લભરાજે કેટલાંક વર્ષ રાજ્ય કરયા પછી પોતાના ન્હાના ભાઈ **નાગાનંદ**ના **ભીમ** નામે ન્હાના પુત્રને કહ્યું કે "પૃથ્વીને તારા ગુણથી વશ કરીને પ્રસન્ન કરતો, શત્રુને તેજથી "શોષી નાંખી પરાજય પમાડતો તું પૃથ્વીને ગ્રહણ કર, હું હવે તીર્થમાં જઈ કર્મપાશને "કાપીશ." **ભીમે** રાજ્ય લેવાની આનાકાની કરી પણ છેવટે દુર્લભરાજે અને **નાગરાજે** "ભીમને સમજાવીને અભિષેક કર્યો. "એ નવા રાજાએ એવી શોભા વિસ્તારી કે જેવી એના પછી કોઈ કરી શકનાર નથી. પછી દુર્લભરાજ **સ્વર્ગ**પુરને શોભાવવા લાગ્યો અને "તેનો ન્હાનો ભાઈ (**નાગરાજ**) પણ **સ્વર્ગ**નો અલંકાર થયો."

આ ઉપરથી જણાય છે કે, **મહમૂદ** આવ્યો ત્યારે વલ્લભસેન તો માત્ર છ માસ રાજ્ય કરીને મરણ પામ્યો હતો, અને દુર્લભરાજ, **ભીમ**ને રાજ્ય સોંપી તીર્થમાં જઈ વસ્યો હતો. માત્ર એટલો સંભવ રહે છે કે **મહમૂદ** ચડી આવ્યો ત્યારે ધર્માભિમાનને લીધે દુર્લભસેન તીર્થવાસી થયો છતાં પણ લડવામાં ભેગો મળ્યો હતો એમ કેટલાએક લખ્યું છે તેનો સંભવ હોય ખરો. **ર. ઉ.**

લશ્કરને રેતીના મેદાનમાં આડે રસ્તે ઘસડી ગયો; ઘણા સિપાઈયો તો સહન થાય નહિ એવી ગરમાઈ અને તરસથી આકુળવ્યાકુળ થઇને મારયા ગયા; સાથે ભોમિયો લીધો હતો તેને દારૂણ દુઃખ દેવા માંડયું. તે **સોમનાથનો** પૂજારી હતો અને **મહાદેવના** દેરાને હરકત કરી તેનું વૈર લેવાને **મુસલમાનની** ફોજનો પૂરો ઘાણ વળાવી દેવાનો તેણે આવી જાતનો પ્રયત્ન કર્યો હતો એવું તેણે માની દીધું; તેથી **પાદશાહે** તેને ગર્દન મારયો અને સાંજ પડવા આવી હતી માટે નિમાજ પઢી સર્વેને ઉગારવા બાબત, **ખુદાની** અરજ કરવા લાગ્યો. **મુસલમાન** ઇતિહાસકારો કહે છે કે, તરત જ ઉત્તરમાં એક તારો ખરતો દેખાયો, તે ભણી તેણે પોતાનો રસ્તો ચલાવ્યો અને સવાર થતાં પહેલાં એક સરોવર અથવા પાણીના તલાવને કાંઠે આવી પહોંચ્યો.

છેવટે, **સોમનાથને** જિતનારા લોકો **મુલતાન** પહોંચ્યા, અને ત્યાંથી ગજની પાછા ગયા.[1]

---

૧ **સોમનાથ** ઉપર **મહમૂદની** ચડાઇનો વૃત્તાંત, **બ્રિગ્ગકૃત ફીરિસ્તા, અઈન અકબરી, બર્ડકૃત મિરાત અહંમદી,** અને **એલ્ફિન્સ્ટનકૃત હિન્દુસ્થાનનો ઇતિહાસ** ઇત્યાદિમાંથી લીધો છે.

સફાઈ થાય એવી રીતે અઈન અકબરીના અને **મિરાતે અહંમદીના** બનાવનારાઓએ લખ્યું છે કે, **મહમૂદ ગજનવિયે, અણહિલવાડ** પોતાના સ્વાધીનમાં કરી લીધું ત્યારે ત્યાં **ચામુંડ** (અથવા તેને તેમાં જામુંડ લખ્યો છે) રાજ્ય કરતો હતો. આપણે જોયું કે **હિન્દુના** ગ્રન્થોમાં, **મહમૂદની** ચડાઈ વિષે કાંઈ લખ્યું નથી, પણ **ચામુંડ** રાજા પોતાના કુંવર **વલ્લભસેનના** મરણ પછી જીવતો હતો એમ જણાવ્યું છે. **મુસલમાન** ઇતિહાસકારોએ બે **દાબીશલીમ** વિષે લખ્યું છે તે, **વલ્લભસેન** અને તેનો ભાઈ **દુર્લભસેન** હશે એવું માની લેવાને, અમને લાગે છે કે, કાંઈ હરકત નથી, અને **ભીમદેવ** લખ્યો છે તે **ભીમદેવ** વિના બીજો કોઈ નહિ હોય. **વલ્લભ** અને **દુર્લભ** એ બન્ને ભાઇયો સંબંધીની વાતોમાંથી કોને કેઈ લાગુ કરવી એ જરા કઠિન કામ છે. **ચામુંડના** રાજ્ય પછી, તરતજ, **વલ્લભસેને** થોડી વાર રાજ્ય કર્યું એ વાત જૂદાં જૂદાં વર્ણનથી મળતી આવે છે. પૃષ્ઠ ૯૮ ની ટીપમાં તામ્રપટ ઉપરથી પેહેલા **મૂળરાજથી** તે બીજા **ભીમદેવ** સુધી **અણહિલવાડના** રાજાના નામની વિગત આપી છે તેમાં **વલ્લભસેને** રાજ્ય કર્યું હોય એમ જરાય નીકળતું નથી, પણ **દુર્લભસેન** ગાદિયે હતો એવું [1]નીકળે છે. **વલ્લભસેન** જે યુવરાજ હતો તેની વતી **ચામુંડ** રાજ્ય કરતો હશે. વલ્લભસેન

---

૧ એ તામ્રપટ અમે મૂકી દઈને બીજું પરિપૂર્ણ છે તે પૃ. ૯૮ મેં છાપ્યું છે અને તેમ વલ્લભસેનનું નામ દાખલ છે. ગ્રન્થકારની ઉપરની ટીપ નકામી થઈ પડે છે, એમ જણાવવાને અમારી પછવાડે આપેલી ટીપો વાંચવાથી જણાઈ આવશે. ર. ઉ.

પોતે ભીમદેવની સાથે, મહમૂદની સામે લડવાના કામમાં ગુંથાયલો રહ્યો હતો ને તેણે કોઈ વાર પણ નમી પડવા જેવું કર્યું નથી એવી ધારણા કરતાં એ સર્વ વાત શકય છે એમ લાગે છે. અને હિન્દુઓના વૃત્તાન્તમાંથી હાથ લાગેલી થોડી વાતને લાગુ પડતા મુસલમાનના વૃત્તાન્ત ઉપરથી પણ વાજબી રીતે એવી કલ્પના થઈ શકે છે, તેથી મહમૂદે પોતાના ખંડિયા રાજ્યને માટે સ્વાભાવિક રીતે દુર્લભસેનને વધારે યોગ્ય ગણ્યો હશે. દુર્લભને પોતાના ભાઇના પ્રતિપક્ષપણામાં પોતાના દેશના માણસો બેશક મળતિયા હોય ખરા, પણ મહમૂદે યુવરાજને રાજા કરવાને પસંદ કર્યો હોય એવી કલ્પના કરિયે તો એક અડચણ નડે છે, તે એ કે રાજ્યના ઉપર તેનો ખરો હક્ક જ હતો એ વાતમાં કોઈનાથી ના કહેવાય નહિ. એમ છતાં, તેને ઉઠાડીને તેની જગ્યાએ તેના ભાઇને સ્થાપવામાં આવશે એવી ભારે બ્હીક રાખવાનું તેને કારણ રહે નહિ; વળી વનવાસી દાબિશલીમ(દુર્લભસેન)ને પસંદ કરવામાં ગાદિયે બેસનારાઓનો ચાલતો અનુ-ક્રમ તૂટતો હોય એવું મુસલમાન ઇતિહાસકારોના લખાણ ઉપરથી જણાય છે.

આવાં કારણ હોવાને લીધે જે ફેરફારથી બન્ને પક્ષકારોની સ્થિતિઓ ઉલટા સુલટી થઈ જાય છે અને દુર્લભસેન સાધુએ જે કેદખાનાની કોટડી વલ્લભસેનને માટે તૈયાર કરાવી રાખી હતી તેમાં તેને જ પડવાનું થાય છે, અને અગર જો, મિ. એલ્ફિન્સ્ટનના લખવા પ્રમાણે,-તે વાત કોઈ પણ પ્રકારે અશક્ય હોય એમ નથી, અને સત્તાવાન્ હિન્દુ આચાર્યની દાંભિક દયાનો એ એટલો બધો ખરો ચિતાર છે કે મુસલમાન ઇતિહાસ લખનારાએ કલ્પી કહાડીને લખ્યો હોય એવો શક લેવાની કાંઈ અગત્ય નથી, તો પણ એ વાત રદ કરવાની અમને અગત્ય પડે છે.

રત્નમાળાના કર્ત્તાએ, વલ્લભરાજનાં વખાણની વાત લખતાં, લખ્યું છે કે "તે બોલ્યું અબોલ્યું કરતો નહિ" અને તેના એ જ ગુણને લીધે મહમૂદના સલાહકારોએ, વલ્લભરાજને રાજ્ય સોંપવાની ભલામણ કરી હતી પણ મહમૂદે તે સ્વીકારી ન હતી.

તારીખ સંબંધી હજી એક મ્હોટી અડચણ આવી પડી છે, તે તારીખ અમે અહિં લખિયે છિયે પણ તેનો ખુલાસો અમે આપી શકતા નથી. મુસલમાનોના વૃત્તાન્ત પ્રમાણે, મહમૂદે ગૂજરાતમાં જિત કરી તે સન ૧૦૨૪ ની સાલમાં કરી, પણ હિન્દુ ગ્રન્થકર્તા, વલ્લભસેને (જેણે છ માસ રાજ્ય કર્યું.) અને દુર્લભસેનનો ગાદિયે બેસવાનો સન ૧૦૧૦ લખે છે અને ભીમદેવનો ૧૦૨૨ લખે છે.*

* દાબિશલીમનો અર્થ દુર્લભસેન ગણાયો છે પણ દાબિશલીમ ફારસી શબ્દ છે અને હિન્દુસ્તાનના સારા રાજાઓને ફારસી ગ્રન્થોમાં તે નામે ઘણે પ્રસંગે વિશેષણ લખવામાં આવ્યું છે. તેથી આ નામ દુર્લભસેનને જ આપેલું છે એમ ખાત્રીથી કહી શકાય નહિ. તો પણ રોઝતુલસફાના કર્ત્તાએ બે દાબીસલીમની હકિકત લખીને ગુંચવાડો કરી નાંખ્યો છે. તેના પ્હેલાં થઈ ગયેલા ગ્રન્થકારોએ તો ભીમદેવ તે વેળાએ હતો એમ લખ્યું છે, તેમ છતાં, આ લેખકે આવી ગુંચવાડાભરેલી બીના કોઈ આધાર ઉપરથી લખી હોય એમ નીકળતું નથી. ઈન્ડિયન આન્ટીકવેરીના ભાગ. ૮ ને પૃ. ૧૫૩ મે મરહૂમ વાટ્સને એક મુસલમાની લાવણીનો ભાવાર્થ છાપ્યો છે તેમાં પણ પાટણ સોમનાથના નાશ વિષે લખતાં પ્રમાણ વિનાની વાતો લખી છે.

પ્રકરણ ૬.

પ્હેલો ભીમદેવ (ઇ. સ. ૧૦૨૨ થી ૧૦૭૨)-૫૦ વર્ષ.[1]

(સંવત ૧૦૭૮-૧૧૨૮).

પ્હેલા **ભીમ**દેવે સન ૧૦૨૨ થી ૧૦૭૨ સુધી રાજ્ય કર્યું, તેની કારકીર્દિનો સારાંશ **દ્વ્યા**શ્રયના કર્ત્તાએ આપ્યો છે. તેમાં પોતાના પક્ષકારના લાભની વાત જે હોય નહિ તે મૂકી દેવાનો હિન્દુ ગ્રન્થકારોમાં દૂષણ છે તે

ગત પૃષ્ઠ ૫૨-૩ મે સોલંકી વંશમાં કોણ રાજા ક્યારે થયા એવી ટીપ આપી છે. તે સંબંધમાં નીચે પ્રમાણે વિશેષ હકીકત આપવાની અગત્ય જણાય છે:--

પ્રબંધ ચિન્તામણિ પ્રમાણે ચામુંડરાજ સં. ૧૦૬૫ આશ્વિન શુદિ ૫ સોમવારે દેવ થયો, તેને બીજે દિવસે એટલે શુદિ ૬ ભોમે જ્યેષ્ઠા નક્ષત્રે મિથુન લગ્ને શ્રી વલ્લભરાજદેવ રાજ્યે બેઠો અને સંવત્ ૧૦૬૫ ચૈત્ર શુદિ ૫ દેવ થયો, એટલે તેણે ૫ માસ, ૨૯ દિવસ રાજ્ય કર્યું. ત્યાર પછી શુદિ ૬ ગુરૂવારે, ઉત્તરાષાઢા નક્ષત્રે, મકર લગ્ને તેના ભાઈ દુર્લભરાજને રાજ્યાભિષેક થયો. તેણે ૧૨ વર્ષ રાજ્ય કર્યું. ત્યાર પછી સં. ૧૦૭૭ જ્યેષ્ઠ શુદિ ૧૨ ભોમવારે અશ્વિની નક્ષત્રે, મકર લગ્ને શ્રી ભીમને રાજ્ય સોંપીને તીર્થવાસ કરવા માટે વાણારસી (કાશી) ગયો. પંડિત જેષ્ઠારામ પાસેથી મને બે જૂદી જૂદી પટ્ટાવલીનાં જૂનાં પાનાં મળ્યાં છે તેમાં નીચે પ્રમાણે છે:--

	એક પટ્ટાવલી	બીજી પટ્ટાવલી.
મૂળરાજ	૧૦૧૭-૧૦૫૨=૩૫	૯૯૮-૧૦૫૩=૫૫
ચામુંડ	૧૦૫૨-૧૦૬૫=૧૩	૧૦૫૩-૧૦૬૬=૧૩
વલ્લભ	૧૦૬૫-૧૦૬૫=૦ાા	૧૦૬૬-૧૦૬૬=૦ાા
દુર્લભ	૧૦૬૬-૧૦૭૮=૧૨ાા	૧૦૬૬-૧૦૭૮=૧૧ાા
ભીમ	૧૦૭૮-૧૧૨૦=૪૨	૧૦૭૮-૧૧૨૦=૪૨

સુકૃત સંકીર્ત્તનમાં સોલંકી રાજાઓનો ક્રમ ઉપર પ્રમાણે જ છે પણ તેમાં સંવત્ આપેલા નથી.

દ્વ્યાશ્રયમાં પણ ઉપર પ્રમાણે જ ક્રમ છે, પણ વર્ષ આપ્યાં નથી. એની ટીકાના અન્તે એક ટીપ છે તે ઉપરથી ગૂજરાતી ભાષાન્તરકર્ત્તા પ્રો. મણિલાલે નીચે પ્રમાણે સાલમાં આંકડા આપ્યા છે:-

મૂળરાજ સંવત્	૯૯૩-૧૦૫૨=૫૯	દુર્લભરાજ	,,	૧૦૬૬-૧૦૭૨=૬
ચામુંડ ,,	૧૦૫૨-૧૦૬૭=૧૪	ગાળો	,,	૧૦૭૨-૧૦૮૦=૮
વલ્લભરાજ ,,	૧૦૬૬-૧૦૬૬ ૬ માસ	ભીમ	,,	૧૦૮૦-૧૧૨૦=૪૦

આવા ફેરફારથી ભ્રમમાં પડવાનું કારણ નથી. પ્રકરણ ૮ થાની ટીપમાં ઔલેલી રાજાવલિ માન્ય રાખવા સરખી છે. ર. ઉ.

જોવામાં આવે છે ખરો, તો પણ જે સમયનું તે લખે છે તેની લગભગ તે થયો છે. અને તેણે જે વર્ણન આપ્યું છે તેમાંથી બીજું સૂઝી આવે છે, તથા જૂદે જૂદે ઠેકાણેથી એકઠી કરેલી સામગ્રીની ગોઠવણી કરવાનું સાધન, તે ઉપરથી મળી આવે છે એ કારણને લીધે તે ખપનું છે.

હેમાચાર્ય કહે છે કે, "**ભીમ**દેવે સારી રીતે રાજ્ય ચલાવ્યું. તે વ્યભિચારનો અપરાધ જતો કરતો નહિ. ચોરોને તે યુક્તિથી પકડીને શિક્ષા "કરતો હતો, તેથી તેના રાજ્યમાં ચોરીઓ ઓછી થતી હતી. તે જીવરક્ષા "બહુ સારી રીતે કરતો, તેથી વનમાં વાઘવરૂથી પણ કોઇનો જીવ લેવાતો "નહિ. જે રાજાઓ શત્રુની બ્હીકથી નાસેડું લેતા તે **ભીમ**ને શરણે આવી "રહેતા: કેટલાક રાજા તેના રાજ્યમાં ચાકરીએ રહ્યા હતા તેથી તે "**રાજા**-"ધિરાજ" કહેવાયો. **પુંડ્ર** અને **અંધ્ર**ના રાજાઓએ તેને નજરાણાં મોકલ્યાં "હતાં. **મગધ**માં પણ તેની કીર્ત્તિ પ્રસરી હતી; કવિયોએ માગધી અને બીજી "ભાષામાં એનાં પરાક્રમનાં વખાણની કવિતા કરી હતી, તેથી તેની કીર્ત્તિ "એટલી બધી પ્રસરી હતી કે તેને જાણે નજરે દીઠો હોયની એમ આખેના "દેશના લોકો તેને ઓળખતા હતા.

"એક વાર **ભીમ**ના બાતમીદારોએ આવીને તેને કહ્યું કે, ભૂમિ ઉપર "અતિ કૂલાઈ જઈને **સિન્ધુ** પતિ અને **ચેદી**ના[1] રાજા આપની કીર્ત્તિનો "ધિક્કાર કરે છે. અપયશ આપે છે, આપના ગુણોનો અપકર્ષ કરે છે અને "આપનામાં દોષ આરોપણ કરે છે. **સિન્ધુરાજા**[2] તો કહે છે કે 'એક વાર હું "**ભીમ**ની ખબર લઈશ.' આ રાજાની ધારણાઓ જેવી મોટી છે તે પ્રમાણે "તેનામાં બળ પણ છે. **શિવશાણ**ના રાજાને તેણે જિતી પોતાના કટકમાં "રાખ્યો છે, તેમ જ ઘણાએક બીજા **બેટ**ના રાજાઓ અને ગઢપતિઓને તાબે કર્યા છે."

આ બધી વાતો **ભીમે** જ્યારે સાંભળી ત્યારે તેણે પોતાના પ્રધાનને બોલાવી એ વિષે વિચાર કરવા માંડ્યો, ને એકદમ સેના એકઠી કરીને

---

૧ **ચેદી તે હાલનું ચંદેલ, ગોંડવાણામાં છે તે હશે એવી કલ્પના થાય છે. શ્રી** કૃષ્ણના શત્રુ **શિશુપાલનો** તે દેશ **હતો.** (ચંદેલ દેશ એ હાલનો બુંદેલખંડ.) વળી જુઓ પાછળ પૃ. ૧૦૫ ની ટીપ.

૨ ધારાનગરીના **સિન્ધુરાજ**(સિન્ધુલ)નો સમય ૯૯૭ થી ૧૦૧૦ નો છે. એના પછી ભોજદેવ થયો છે (૧૦૧૦–૧૦૫૫), તેનો અહિં સંભવ છે. આ સ્થાને સિન્ધુરાજ તે સિન્ધદેશના રાજાને લાગુ પડે છે.

પોતે ચઢ્યો. **સિંધ**ની જોડાજોડ **પંજાબ** છે ત્યાંથી "પાંચ[1] નદીઓના સંગમનું "વ્હેતું પાણી એકઠું મળીને દરિયાના જેવું બની રૂહે છે. **સિન્ધુ** રાજા "પોતાના શત્રુઓને જિત્યા પછી આ જોરાવર કિલ્લાના જેવા પ્રવાહના બળને "લીધે જ સુખે બેસે છે. પર્વત તોડી તોડીને તેના મોટા પથ્થરોથી **ભીમ**ની "સેનાએ પુલ બાંધવા માંડ્યો, તે પૂરો થવા આવ્યો એટલે જેમ અગ્નિ ઉપર "મૂકેલું દૂધ ઉભરાઈ જાય છે તેમ પ્રવાહના પાણીના ભાગ પડી ગયા ને તે "બીજે ઠેકાણે વ્હેવા લાગ્યો. લીલાં અને સૂકાં બંને જાતનાં લાકડાં, માટી, "તેમ જ પથ્થર, પુલ બાંધવાના કામમાં વાપરવા લાગ્યા. જ્યારે કામ પૂરૂં "થવા આવેલું **ભીમે** જોયું ત્યારે તે ખુશી થયો, અને સર્વેને રાજી કરવા "સારૂ સાકર અને મીઠાઈ વ્હેંચાવી. પછી, પુલ ઓળંગીને પોતાની સેના સહિત "તે **સિન્ધ**માં ચાલ્યો. ત્યાંનો રાજા **હુમ્મુક**[2] તેની સામે થયો ને લડાઈ ચાલી. "**ચંદ્ર**વંશી **ભીમ** ઘણા શૌર્યથી લડ્યો, અને ઘણાને કેદ કરીને **સિન્ધ**ના "રાજાને પોતાના તાબામાં કરી લીધો."

"ત્યાર પછી **ભીમ**દેવ **ચેદી** ઉપર ચડાઈ કરીને રસ્તામાં જે દેશ આવ્યા "તેના રાજાને તાબે કરતો ગયો. ચેદીના રાજા **કર્ણ**[3] **ભીમ**ને પાસે આવતો "સાંભળ્યો એટલે પાહાડી અને જંગલી લોકોની સેના એકઠી કરી પણ તેણે "**ભીમ**ની કીર્ત્તિ વિષે સાંભળ્યું હતું, અને તેને લાગ્યું કે તે જિતાય એવો નથી "તેથી તેની સામે તેને લડવાનું મન થયું નહિ, પણ સલાહ કરવાને વિનતિ "કરી. એટલામાં તો એના ઘોડેસ્વાર અને પાયદળ લશ્કર લડવાને તૈયાર થયાં "હતાં તે આગળ ચાલ્યાં, અને રાજાની નોબત ગડગડી, તેમ જ બીજા "વાદિત્રના નાદ થવા લાગ્યા. આ વેળાએ **ભીમ**દેવનો સંધિવિગ્રહી

---

૧ એ પાંચ નદિયોનાં નામ-જેલમ (ઝડલમ), ચંદ્રા (ચીનાબ), રાવી (ઉરાવા), બિયા (બાહ), અને સતલજ (સતલદુર) એ સિન્ધુ (સિહૂર કે ઈંડસ) ને મળે છે.

૨ હુમ્મુક એ સિંધનો હમીર સુમરો (બીજો) હશે. કેમકે તેનો સમય એક જ છે. હમીર સુમરે કચ્છ તાબાના કીર્ત્તિગઢના કેશર મકવાણાને મારયો. અને તેનો કુંવર હરપાળ મકવાણો ત્યાંથી નાશી અણહિલવાડના રાજા કર્ણ સોલંકીને શરણે આવ્યો કે ત્યાં તેણે ઇનામમાં ઝાલાવાડ પ્રાંત મેળવ્યો.

૩ કર્ણના પિતાનું નામ ગાંગેયદેવ અને એના પુત્રનું નામ યશકર્ણ હતું. દાહલ એ ચેદી દેશ કહેવાય છે.

હમીર સુમરો સન ૧૦૫૩-૫૮ સુધી હતો. જુવો આગળ જગડુ અને વીરદેવ પીઠદેવ એ નામના પ્રકરણમાં.

"**દા**મોદર[1] કરીને હતો તેને **ચે**દીના રાજા ભણી મોકલી કહાવ્યું કે ખંડણી "આપવાનું માન્ય કરશો તો અમે સલાહ કરીશું. **દા**મોદરે જઇને કહ્યું કે "અમારા રાજાએ, **દ**શાર્ણવનો રાજા, **કા**શીના રાજા, અને બીજા ઘણા "રાજાઓને તાબે કરી લીધા છે. વળી **ભ**દ્રભટ્ટ નામે ગજબંધના રાજાએ દૂર "દેશથી આવીને પોતાનું શરણાંગતપણું બતાવ્યું છે; તૈલીંગનો રાજા **તં**તીક "પોતાનાં હથિયાર છોડી દઇને નમી પડ્યો છે; **અ**યોધ્યાનો રાજા, જેણે "આગળ કોઇને ખંડણી આપેલી નહિ તેણે **ગા**ર્દના રાજા પાસેથી લીધેલો "ખજાનો **ભી**મદેવને આપી દીધો છે. કર્ણ રાજાએ, થોડી ઘડભાંજ કર્યા "પછી, બીજા મ્હોટા રાજાઓ સંબંધી તેને કહેવામાં આવ્યું હતું તેમની "પ્રમાણે વર્તવાને માન્ય કર્યું અને **ભી**મને તાબે થયો, તથા **દા**મોદરની "સાથે તેણે સોનું, હાથિયો, પવનવેગી ઘોડા. અને બીજા મૂલ્યવાન્ પદા-"ર્થોનો નજરાણો મોકલ્યો; તે સાથે વળી તેણે **મા**ળવાના રાજા **ભો**જ "પાસેથી સોનાની પાલખી[2] લીધી હતી તે મોકલી. આ બધી ભેટ લઇને "સિદ્ધાર્થ પ્રતિનિધિ, **ભી**મદેવ પાસે પાછો આવ્યો. તેણે સલાહના કરાર "સ્વીકારીને, પોતાના પ્રધાન પાસે બાહાલ રખાવ્યા અને જયોત્સવ કરતો "**અ**ણહિલવાડે પાછો આવ્યો. ત્યાં નગરના લોકો ઉત્સવનો દિવસ હોય તેમ "સારાં લુગડાં લતાં પેહેરીને આનંદભર્યા તેના સામા ગયા; કેમકે **ભી**મના "રાજ્યમાં તેઓ ઉપર કાંઈ સંકટ આવ્યું ન હતું તેથી તેના પ્રતિ પ્રજાની "પ્રીતિ હતી. માત્ર છુપા ચોરથી જ તેઓને રક્ષવામાં આવતા હતા એટલું જ "નહિ પણ ઉઘાડા શત્રુઓ તેમનાં શહર ઉપર લુંટ કરી શકે નહિ અને આગ "લગાડી દઇને ભયંકર આપત્તિમાં નાંખે નહિ એવી રીતે તેઓને રક્ષવામાં "આવતા હતા."

એ પ્રમાણે **હે**માચાર્યે વૃત્તાન્ત આપ્યો છે, તેમાં **ભી**મ અને **મા**ળવાના પ્રખ્યાત રાજા **ભો**જ તથા છેક પૂર્વ ભણીના રાજા **ક**ર્ણના રાજ્ય વિષે તેણે લખ્યું છે તેની સાથે બીજાઓનું લખવું મળતું આવે છે; અને **હે**માચાર્યે પોતાના વર્ણનમાં **પં**જાબ અને **સિ**ન્ધની લડાઇયો વિષે સૂચવ્યું છે તે ગજનીના **સુ**લતાન **મો**દુદના માણસો અને **હિ**ન્દુઓ વચ્ચે **મુ**સલમાનોને

---

૧ મેરૂતુંગ ડામર નામ આપે છે. ર. ઉ.

૨ ભોજે સોનાની પાલખી કર્ણને ભેટ આપી હતી પણ ભીમે જ્યારે ભોજની પાસેથી રાજ્ય લઈ લેવાનો પ્રપંચ રચ્યો ત્યારે તે ભીમ સાથે મળી ગયો હતો અને ભીમને કેટલીક ભેટ (જુવો ધાર રાજ્યકા ઇતિહાસ પૃ. ૬૪) આપી તે સાથે પેલી પાલખી પણ ભીમને અર્પણ કરી હતી.

ધર્મક્ષેત્રમાંથી ફહાડી મૂકવાને માટે **ભીમ**ના સમયમાં લડાઈ ઉઠી હતી તેની સાથે સંબંધ ધરાવતું હોય એમ જણાય છે; આ લડાઈમાં **ભીમ**દેવે કશો ભાગ લીધો ન હતો, એવું બીજે ઠેકાણે લખેલું છે તે ઉપરથી જોવામાં આવશે, પણ ઉલટી તેણે તેમાં સામેલ થવાને ના કહી તેથી એકઠા મળેલા રજપુત રાજાનાં હથિયાર પોતાના ઉપર ખેંચવાનું તેણે કારણ ઉત્પન્ન કર્યું હતું. આ વૃત્તાન્તનો સંબંધ બીજાં પ્રમાણો ઉપરથી મળી આવે છે તે અમે હવે લખિયે છિયે.

માળવાનો **પર**માર રાજા, **સિંગ**ભટ[1], આ વેળાએ પુત્ર વિનાનો હતો. તેને મુંજ-ઘાસની ઝાડીમાંથી કોઇયે કાહાડી નાંખેલો એક છોકરો જડ્યો તેનું નામ તે ઉપરથી **મુંજ** પાડીને તેણે નિજપુત્ર કરી લીધો. ત્યાર પછી **સિંગ**ભટને **સીં**ધલ[2] નામે એક કુમાર થયો. પોતાના મરણાવસરે **સિંગ**ભટે **મુંજ**ને પાસે બોલાવીને તેને પોતાની પછવાડે ગાદિયે બેસારવાનો મનસુબો હતો તે કહી બતાવ્યો અને તે જ વેળાએ તેના જન્મ સંબંધી અને તેને નિજપુત્ર કરી લેવા સંબંધી સર્વે જે ખરેખરૂં હતું તે તેને કહી દીધું, ને તેને સમજાવ્યો કે, તારા ભાઈ **સીં**ધલ સાથે પ્રીતિભાવથી રહેજે.

મુંજે ગાદિયે બેઠા પછી, તેના ડાહ્યા પ્રધાન **રૂ**દ્રાદિત્યના આશ્રયથી પોતાનું રાજ્ય વધાર્યું, પણ **સિંગ**ભટે તેને છેલ્લી શીખામણ દીધી હતી તેથી અને તેના જન્મ વિષેની વાતથી તેની સ્ત્રી જાણીતી હતી, એટલા માટે તેને મારી નાંખીને, અને ગાદીના ખરા વારસ **સીં**ધલને **માળવા**માંથી ફહાડી મૂકીને પોતાનો નિર્દય સ્વભાવ દર્શાવ્યો. **સીં**ધલ સ્વભાવનો ઉન્મત્ત હતો માટે, અને **મુંજ**ની આજ્ઞાનું ઉલ્લંઘન કરતો હતો તેથી, **મુંજ**ને ક્રોધ ચડ્યો હોય એમ જણાય છે. કેટલાક સમય સુધી તો તે ગૂજરાતમાં **કાસદ** કરીને ગામ છે ત્યાં રહ્યો (સો વશા **અમદાવાદ**થી સુમારે ચૌદ ગાઉ ઉપર કાશિંદ્રાપાલડી છે તે હશે.) છેવટે **સીં**ધલ **માળવા**માં પાછો આવ્યો ત્યાં **મુંજે** તેનો સત્કાર કરી રાખ્યો, અને રાજ્યનો ભાગ તેને સ્વાધીન કર્યો પણ આ મેળાપ ઘણા દિવસ ચાલ્યો નહિ. **મુંજે** આખરે **સીં**ધલને પકડીને કેદ કર્યો અને તેની આંખો ફહાડી લીધી.

પ્રસિદ્ધ **ભોજ** રાજા, **સીં**ધલનો પુત્ર હતો. તે તેની બાલ્યાવસ્થામાં યુદ્ધકળામાં પ્રવીણ થયો, તેમ જ શાસ્ત્રોનો તે જાણ થયો, પણ જોશિયોએ

૧ સિહભટ, સિંહદન્ત, શ્રીહર્ષ એવાં પાઠાન્તરે નામ છે.
૨ સિન્ધુલ, સિન્ધુરાજ.

તેના નીચે પ્રમાણે બળિષ્ટ જન્માક્ષર વર્ત્યાં, તેથી, **મુંજ** રાજાનો તેના ઉપર ક્રોધ ઉત્પન્ન થયો.

पंचाशत्पंचवर्षाणि सप्तमासं दिनत्रयम् ।
भोजराजेन भोक्तव्यः सगौडो दक्षिणापथः ॥

અર્થ–"**ભોજ**રાજા, પંચાવન વર્ષ, સાત માસ[1] અને ત્રણ દિવસ સુધી દક્ષિણા પથ અને ગૌડનું રાજ્ય ભોગવશે."

રાજાએ જાણ્યું કે, **ભોજ** ગાદિયે બેસશે તો મારા પુત્રને રાજ્ય મળશે નહિ તેથી તેને મારી નાંખવાનો નિશ્ચય કર્યો, પણ એનો પ્રાણ લેવાને જેઓને[2] મોકલ્યા હતા તેઓ એની સુંદરતા અને સદ્ગુણ જોઇને એને મારી નાંખવાનું કામ કરી શક્યા નહિ. રાજાએ તેમને સોંપેલા કામ વિષે પૂછ્યું ત્યારે તેઓએ તેને કહ્યું કે અમે અમારૂં કામ પૂર્ણ કર્યું છે. એમ કહીને **ભોજે** તેઓને કાગળ[3] આપ્યો હતો તે રાજાના હાથમાં મૂક્યો તેમાં નીચે પ્રમાણે લખેલું હતું:–

मान्धाता स महीपतिः कृतयुगालंकारभूतो गतः
सेतुर्येन महोदधौ विरचितः क्वासौ दशास्यान्तकः ।
अन्ये चापि युधिष्ठिरप्रभृतयो याता दिवं भूपते
नैकेनापि समंगता वसुमती मन्ये त्वया यास्यति ॥

અર્થ–સત્યુગના અલંકાર રૂપ **માન્ધાતા** મહીપતી મરી ગયો; જેણે મહા સમુદ્રની ઉપર પાજ બાંધી, અને જેણે દશ મસ્તકવાળા **રાવણ**નો નાશ કર્યો એવો પૃથ્વીપતિ **રામ** પણ કયાંય જતો રહ્યો; તેમ જ, એ વિના **યુધિષ્ઠિર** આદિ લઇને બીજા રાજાઓ **સ્વર્ગે** ગયા પણ તેમનામાંથી કોઈની સાથે પૃથ્વી ગઈ નહિ, તથાપિ મને લાગે છે કે, હે **મુંજ** રાજા! એ પૃથ્વી હવે તારી સાથે આવશે.

---

૧ અંગ્રેજીમાં છ માસ લખ્યા છે તે ભૂલ થયેલી જણાય છે. ર. ઉ.

૨ આ વિષે એવી કથા છે કે બંગાલાના (વંગ અથવા બંગ દેશના) ભૂપાળનો વત્સરાજ નામે યોદ્ધો હતો તેને એક ગામ આપવાની લાલચ દઈ મુંજે ભોજને મારી નાંખવાનું કામ સોંપ્યું હતું. તેને આ કામ અયોગ્ય લાગ્યું હતું, પણ રાજાની મરજી રાખવાને એ કામ તેણે નામનું જ માથે લીધું, ને ભોજને વનમાં લઈ ગયો પણ માર્યા વિના છાનોમાનો પાછો આણી એક ભોંયરામાં સંતાડી મૂક્યો ને રાજાની ખાતરી કરી આપવા સારૂ તેને એક કૃત્રિમ માથું કરીને બતાવ્યું. ર. ઉ.

૩ કાગળ નહિ પણ વડના પાંદડા ઉપર લોહીવડે ભોજે લખી આપ્યું હતું એવી કિંવદંતિ છે. ર. ઉ.

આ શ્લોક વાંચીને મુંજને ઘણો ખેદ થયો અને આવા કુમારને મારી નંખાવ્યો તેથી તેની આંખમાં આંસુ આવ્યાં. પછીથી તેને કહેવામાં આવ્યું કે ભોજનો જીવ લીધો નથી. આ સાંભળીને તેને ઘણો હર્ષ થયો ને ભોજને પોતાની પાસે મંગાવીને તેને યુવરાજ કરી સ્થાપ્યો. દંતકથા એવી છે કે, કચ્છના ન્હાના રણની પૂર્વમાં એક પ્રદેશ છે તેને બ્રાહ્મણો ધર્મારણ્ય[1] કહે છે તેની યાત્રા કરી, મુંજ રાજાએ પોતાનાં પાપનિવારણની વાત પ્રસિદ્ધ કરી, ત્યાં તેણે એક નગર વસાવ્યું તે હજી સુધી મુંજપુર કહેવાય છે.

તિલંગાના[2] દેશના રાજા તૈલપદેવ ઉપર ચઢાઈ કરવાને મુંજ હવે તૈયાર થયો. તે વેળાએ તેના પ્રધાન રૂદ્રાદિત્યે તેને ઘણો સમજાવ્યો અને આગળની લડાઇયોમાં નાશ થયો હતો તે કહી બતાવ્યું, તથા આગળનું એક ભવિષ્ય વર્ત્તેલું હતું કે, માળવાનો રાજા જો ગોદાવરી નદી ઉતરીને પાર જાય તો તેનો નાશ થાય, તે વચન આ વેળાએ તેને ફરીથી કહી સંભળાવ્યું. રૂદ્રાદિત્યનું વાર્યું મુંજે ગણકાર્યું નહિ તેથી ખોટા પરિણામની અગમ વેદનાનો ખેદ તેના મનમાં ભરાઈ ગયો એટલે પોતાની પ્રધાનપણાની જગ્યા ઉપરથી તેણે હાથ ઉઠાવ્યો અને તરત જ પછી મરણ પામ્યો. મુંજ રાજાએ હઠીલાવેડા કરીને પોતાનું ભાગ્ય ખોવ્યું, અને તૈલપદેવની સેના સામો લડ્યો, તેમાં તે હાર્યો, ને કેદ પકડાયો. આ વેળાએ એના પ્રધાને એને બચાવાની યુક્તિ[3] કરી હતી તેથી છૂટી ગયો હોત, પણ એને કેદમાં છતાં, તૈલપદેવની બ્હેન મૃણાલવતીની સાથે પ્રીતિ બાંધી હતી તેને છાની વાત કહી, એટલે તેણિયે તેને દગો દીધો. હવે તો મુંજની ઘણી જ હલકી[4]

---

૧ પાટણ પાસેના મોઢેરા અને તેની આસપાસની ભૂમિને ધર્મારણ્ય કહે છે. ર. ઉ.

૨ પૃષ્ઠ ૫૮ ની ટીપ જુવો.

૩ કાષ્ઠપિંજરમાં મુંજને પૂરયો હતો ત્યાં સુધી ભોંયમાં સુરંગ ખોદાવી હતી તેમાં થઇને માળવામાં નાશી જવા મૃણાલ દેવીને મુંજે કહ્યું પણ તે વયે મુંજના કરતાં મ્હોટી હતી તેથી તેને લાગ્યું કે હવણાં મને પટરાણી કરવાનું મુંજ કહે છે પણ ઘેર જઈ જવાન રાણિયોનો સમાગમ થયેથી મારા ઉપર અભાવ યશે માટે એની સાથે જવામાં માલ નથી; આવો વિચાર કરીને તેણે પોતાના ભાઇને મુંજના પલાયન સંબંધી સુરંગ વિષેની વાત કહી દીધી, તેથી નુકસાન થવાથી મુંજ બોલ્યો કે–

जा मति पच्छइ सम्पज्जइ, सा मति पहिली होइ,
मुञ्ज भणइ मुणालवइ, विघन न वेटइ कोइ.

૪ સાત દિવસ સુધી તૈલપ દેવે બિચારા મુંજને ખાવાનું આપ્યું નહતું આખા નગરમાં ઘેર ઘેર ભીખ મંગાવી હતી. આ વેળાએ જૂદે જૂદે પ્રસંગે મુંજના મનમાં જે વિચાર ઉત્પન્ન થયેલા તે સર્વે વાંચવા જોગ છે, કેમકે તે તેનાં અનુભવનાં વાક્ય છે. રું હિં

અને માઠી વલે કરી, અને છેવટે જ્યાં હલકા અપરાધિયોને ફાંસી દેવામાં આવતા હતા ત્યાં લઈ જઇને તેનું માથું કાપી નાંખ્યું અને **તૈ**લપ રાજાના મેહેલની પડોશમાં, પ્રેતમાંસ ખાનારા પક્ષિયો પાસે ચુંથાવા સારૂ તેનું માથું એક લાકડીમાં ખોશી રખાવ્યું.

કહે છે કે, **મુંજ** રાજાએ, **પૃ**થ્વીના **ભૂ**ગોળશાસ્ત્ર વિષે વર્ણન લખ્યું છે. તે પછવાડેથી **ભોજ** રાજાએ સુધારીને પાંશરૂં કર્યું છે.[1] તેણે વિદ્યાને ઘણો આશ્રય આપેલો જણાય છે, તે તેના મરણ પછી નીચે પ્રમાણે લખવામાં આવ્યું છે તે ઉપરથી પણ દેખાઈ આવે છેઃ–"સદ્‌ગુણસંચય **મુંજ** "મૃત્યુ પામ્યો ત્યારે **લ**ક્ષ્મી **શ્રીકૃ**ષ્ણની પાસે જતી રહી, શૌર્ય **શ્રી**વીરને ઘેર ગયું; પણ સરસ્વતીને કોઇનો આશ્રય લેવાનું રહ્યું નહિ."[2]

મુંજની પછવાડે **શ્રીભો**જ રાજા ગાદીપતિ થયો, તે **અ**ણહિલવાડના **સો**લંકી પ્હેલા **ભી**મના સમયમાં થયો. ગ્રંથકર્ત્તાઓને તેઓના વર્ણવ્યા પ્રમાણે સર્વ રાજગુણનો ભરેલો **ભો**જ રાજા મળી આવ્યો. તેને વિષે તેઓએ એવું કહ્યું છે કે, તે નિત્ય નિત્ય પ્રતિ એવા વિચાર કરતો કે, ભાગ્ય છે તે સદા સરખું ચાલતું નથી, અને જિવતર જળતરંગની પેઠે [3]ક્ષણભંગુર છે. આવા વિચાર ઉપરથી, તેની પાસે જેઓ આવતા તેમને તે મનમાન્યું આપતો. માંગણ, ખેલાડી, બ્રાહ્મણ, ચોર આદિ તેની પાસેથી હણી લેવાને જે તેના મેહેલમાં જતા તેઓને શ્રી **ભો**જની ઉદારતાને લીધે સમાન રીતે મળતું. આવો છૂટો હાથ નહિ મૂકવા વિષે તેને તેના પ્રધાને વિનતિ કરી તે ઉપરથી તેને અધિકારથી દૂર કર્યો. તેના મનમાં આવતું કે, **બ**લિરાજા, કર્ણ અથવા **વિ**ક્રમાદિત્ય એ સર્વથી વધીને, કોઈએ આગળ નહિ આપેલાં એવાં દાન મેં આપ્યાં છે. આથી તેને આનન્દ થતો હતો. એના અમર્યાદ મોકળા હાથનો ઉપાય એની મેળે જ થયો, કેમકે એક કવિ આવ્યો કે તેના એક પ્રકાશમાન્ ગુણાનુવાદ કાવ્યનો રાજાએ બદલો આપ્યો કે તે જ વેળાએ એક બીજું વધારે સરસ કાવ્ય કહી સંભળાવ્યું, તેથી **ભો**જરાજાની છેલ્લી વારે હાર

૧ એશિયાટિક રીસર્ચીઝ ભાગ ૯ મો પૃષ્ઠ. ૧૭૬ મા ઉપરથી.

૨ મુંજને ફાંસી દેતી વેળાએ ઇષ્ટદેવનું સ્મરણ કરવા કહેતાં તે બોલ્યો કેઃ–

लक्ष्मी यास्यति गोविन्दे वीरश्रीर्वीरवेश्मनि ।
गते मुंजे यशःपुंजे निरालंबा सरस्वती ॥

(ગીતિ.) યશ ઢગ મુંજ જવાથી, લક્ષ્મી ગોવિંદને ઘરે ગઇ છે.
વીર શ્રીવીરઘર ગઈ, સરસ્વતી તો નિરાશ્રયી થઇ છે.

૩ श्रियश्च चलतां निज चेतसि चिन्तयन् कल्लोललोलं निजं जीवितं च

થઈ, અને પોતાની આટલી બધી પ્રશંસા કરનારની સાથે, બરાબરીપણું રાખવા સારૂ કવિને છાના રહેવાનું કહેવાની અગત્ય પડી.[1]

ભોજની સાથે સલાહ કરવા સારૂ **ભી**મદેવે **સં**ધિવિગ્રહ કરવાવાળા પ્રતિનિધિયો મોકલ્યા હોય એમ જણાય છે; પણ આ બન્ને પ્રતિપક્ષી રાજાઓ વચ્ચે કહેણ ચાલ્યું તેમાં એક બીજાને સવિનય લખવાને ઠેકાણે વધારે ઉપમા-ભરેલી કવિતાઓ લખી મોકલવામાં આવી એ વિના બીજો કશો પરિણામ થયો નથી. અને આવી કવિતાની લડાઈ ચલાવવામાં **અ**ણહિલવાડના ચંચળ યોદ્ધા કરતાં કદાપિ **ભો**જ રાજા વધારે યોગ્ય ધારવામાં આવ્યો હશે એ વાત ખરી, તથાપિ સર્વ જોતાં **ભી**મદેવનો હાથ ખરેખરો ઉપર રહ્યો છે એ વાત માન્ય કરવી જ જોઇયે.

એક સમયે **મા**ળવામાં મોંઘવારી ઘણી વધી ગઈ એટલે **ભો**જરાજા **ગૂ**જરાત ઉપર ચઢાઈ કરવાને તૈયાર થયો, પણ **ભી**મદેવના પ્રતિનિધિ **ડામરે** (અમને લાગે છે કે **હે**માચાર્યે જેને **દા**મોદર લખ્યો છે તે) તેનો વિચાર

[1] **મેરુતુંગ** પ્રમાણે મૂળ વાત એમ છે કે, **જે નવી કવિતા કરી લાવતું તેને** એક લાખ રૂપિયા **ભોજ આપતાં, તેથી મતિસાગર પ્રધાને** ચાર એવા પંડિત **રાખ્યા કે કોઈ** નવી કવિતા એક **વાર બોલે કે** એક પંડિત **તુરત જ તેની તે** કવિતા **તે જ** વેળાએ કહી **સંભળાવે, પછી બીજાના સાંભળવામાં બે વાર આવે એટલે તે પણ ધારણ કરીને** નવી કવિતા **તે** જ વેળાએ કહી સંભળાવે **તેમ જ** ત્રીજાને ત્રણ **વાર શ્રવણ** થતાં તે **પણ** આવેલા કવિની નવી કવિતા **તે** જ વેળાએ કહી સંભળાવે, ચોથાને **ચાર વાર** શ્રવણ **થતાં** તે ધારણ **કરીને** તેની તે જ કવિતા **તેનો** વારો આવતાં કહી **સંભળાવે. આમ** થવાથી ખરું જોતાં, આવેલો કવિ નવી કવિતા **કરીને** બોલે **પણ એક પછી એક** ચારે પંડિતો તે પાછી કહી **સંભળાવે, એટલે** નવી ગણાય નહિ. આ **યુક્તિ** એક કવિના **સમજવામાં** આવી, એટલે **તેણે** નીચે પ્રમાણે નવી કવિતા કહી **સંભળાવી.**

देव त्वं भोजराज त्रिभुवनविजयी धार्मिकः सत्यवादी ।
पित्रा ते मे गृहीता नवनवतियुता रत्नकोट्यो मदीयाः ॥
तांस्त्वं मे देहि राजन् सकलबुधजनैर्ज्ञायते वृत्तमेतत् ।
त्वं वा जानासि नो वा नवकृतिरथचेल्लक्षमेकं ददस्व ॥

અર્થ-**હે** દેવ ભોજરાજ! તું ત્રણે ભુવનનો વિજેતા છે, ધાર્મિક **અને સત્યવાદી** છે; તારા પિતાએ મારી **પાસેથી ૯૯ અયુત રત્નો** છીનાં **લીધાં છે. હે રાજન!** એ રત્નો **મને** પાછાં **આપ;** આ **રત્નો** છીનાં આપ્યાનું વૃત્તાન્ત તારી **સભાના** બુધજન કવિ અને જાણે છે, **અગર** તો તું જાણે **છે;** પણ જો તમે **કોઈ ન** જાણતા હો તો **મને** આ નવો શ્લોક ગણીને એક લાખ આપ.

પેશ જવા દીધો નહિ તે એવી રીતે કે **તિલંગાના** રાજા[1] **તૈલપ**ની સાથેનો અસલી કજિયો પાછો ઉભો કરવાની યુક્તિ કરી. આ રાજા જ્યારે **માળવા** ઉપર ચડાઈ કરવાને તૈયાર થયો ત્યારે, **ભીમ**દેવે જેવા કહ્યા તેવા કરાર કરી તેની સાથે રાજીથી સલાહ કરવાને **ભોજ** તૈયાર થયો. આ સર્વ વિષયની ચિંતાથી **ભોજ** જ્યારે છૂટો થયો ત્યારે, **ધારા નગર** જે ત્યારથી **ધાર**ને સાધારણ નામે ઓળખાય છે તે સ્થાપવાના અથવા તેની ફરી સ્થાપના કરવાના કામમાં તે રોકાયો.

પછી, જ્યારે **ભીમ**દેવ **સિન્ધ** ઉપર ચડાઈ કરવાના કામમાં મંડ્યો (સોવશા તો જેને વિષે આગળ સૂચના કરવામાં આવી છે તે જ હશે.) ત્યારે **ભોજ**રાજાએ ગૂજરાત ઉપર ચડાઈ કરવાનો લાગ સાધ્યો. કુળચંદ્ર કરીને એક સાહસિક પુરૂષ સેના લઇને ચાલ્યો અને રાજાના જન્માક્ષરમાં આવતું હતું કે તે **દક્ષિણ** અને **ગૌડ**દેશનો ધણી થશે તે ભવિષ્ય પૂર્ણ કરવાને તેણે કોલ આપ્યો. **ભીમ**દેવ **અ**ણહિલપુરમાં હતો નહિ તેવામાં કુળચન્દ્ર નગરમાં પેઠો, અને તે લુંટીને મેહેલના દરવાજા આગળ જ્યાં ઘડી ઠોકાતી હતી ત્યાં કોડિયો દાટીને જયપત્ર લખાવી લઈ **માળવે** પાછો ગયો. ત્યાં **ભોજે** તેનો આદરસત્કાર કર્યો, પણ નાશ થયેલી જગ્યામાં મીઠું ડાટવાને બદલે કોડિયો ડાટી તેથી તેને ઠપકો દીધો અને કહ્યું કે, એથી તો ઉલટા આપણને માનશુકન થયા, કેમકે, આગળ ઉપર **માળવા**નું ધન **ગૂજરાત**માં જશે. આગળ આપણા જોવામાં આવશે કે, **યશોવર્મા** જે **ભોજ**ના વંશમાં થયો તેના વારામાં આ ભવિષ્યકથન પૂર્ણ થયું છે.

એમ કહે છે કે. **ભીમ**દેવ છાનોમાનો **ભોજ**ના દરબારમાં ગયો

---

[1] જુવો પાછળ પૃ. ૧૧૯ **મુંજના સમયમાં કલ્યાણના સોલંકીયોનો તૈલપ રાજા સન ૯૭૩ થી ૯૯૭ સુધી હતો. તેથી આ તૈલપ રાજા ભોજના સમયમાં હતો નહિ, પરંતુ તૈલપથી બીજો રાજા સત્યાશ્રય સન ૧૦૦૯ સુધી હતો. ભોજરાજનો સમય સન ૧૦૧૦ થી ૧૦૫૫ સુધીનો છે એટલે તે પણ નહિ તેમ જ ત્રીજા વિક્રમાદિત્ય પછી થયો તે પણ નહિ તથા પછી જયસિંહ અથવા જગદેકમલ્લ જે તૈલપનો પૌત્ર તે સન ૧૦૧૯ થી ૧૦૪૩ સુધી હતો, તથા તેનો પુત્ર સોમેશ્વર ૧૦૪૩ થી ૧૦૬૮ સુધી હતો. આ છેલ્લા બેમાંથી એકનો સંભવ જણાય છે. ભોજચરિત્રમાં લખ્યું છે કે ભોજના દરબારમાં એક નાટક ભજવી બતાવવામાં આવ્યું તેમાં તૈલપે મુંજને મારી નાંખ્યાનો પ્રસંગ પ્રત્યક્ષ કરી બતાવ્યો તે જોઇને ભોજે સેના સહિત તૈલપ ઉપર આક્રમણ કરી તૈલપને પકડી તેનો શિરચ્છેદ કરયો. અહિ તૈલપ લખ્યો છે તે નહિ પણ તેને બદલે જયસિંહ સમજવો. જયસિંહનો કુમાર સોમેશ્વર થયો તેણે માળવા ઉપર આક્રમણ કરયું છે એ પણ ચાલતા આવેલા વૈરભાવને લીધે જ.**

હતો; ત્યાં તેણે પ્રતિનિધિ ડામરના **માણસનો** વેષ લીધો હતો, પણ આ **સાહસિક** કૃત્યનું કાંઈ ફળ **થયું** હોય **એમ** જણાતું નથી. એક બીજી વેળાએ એવો બનાવ બન્યો હતો કે, **ધારાનગરીના** દરવાજાની પાસે, **ભોજની** કુલ-દેવીની **પૂજા** કરવા તે ગયો હતો, તેવામાં, **ગૂજરાતના** ઘોડેસ્વારો જે તેના રાજ્યમાં એટલા બધા આગળ પેશી ગયા હતા કે તેઓએ તેને લગભગ પકડીને કેદ કર્યો હોત એવો અવસર આવ્યો હતો. આ બન્ને રાજાઓ પોતપોતાના આખા રાજકારભારની વેળામાં એક બીજાના સામા હતા એમ ખુલ્લું દીસી આવે છે.

દેલવાડા અથવા **આબુ** પર્વતની સપાટ ભૂમિ ઉપર દેવાલયોનો જે પ્રદેશ કહેવાય છે તેમાં **શ્રાવક** લોકોનાં આરસપહાણનાં દેરાસરો છે. તે-માંનું એક અતિ ભવ્ય છે; તે ઉપરનો લેખ લેતાં, સન ૧૦૩૨ (સં. ૧૦૮૮)-માં **વિમળશાહે** બંધાવ્યું હતું.[૧] **આખ્યાયિકામાં** લખ્યા પ્રમાણે, એ ઠેકાણે **શિવ** અને **વિષ્ણુનાં** દેવાલય હતાં, પણ **વિમળશાહે આબુ** ઉપરની બીજી જગ્યા પસંદ કરવાને બદલે આ જગ્યા પસંદ કરી, અને તેના ધર્મનો જય થવા સારૂ **લક્ષ્મીનો** તેણે આશ્રય લઈ, બાંધવા ધારેલાં પવિત્ર દેરાસરો સારૂ જેટલી જગ્યા જોઈએ તેટલી જગ્યા ઉપર પથરાઈ રહે એટલા રૂપિયા આપવાનું સાટું કર્યું. આ તેની માગણી સ્વીકારાઈ; પણ આ શાસ્ત્રાનુસાર દેવતાઓને પવિત્ર સ્થાને **આદિનાથની** પેહેલ વેરકી જ સ્થાપના થઈ. આ વેળાએ **અચળેશ્વરનો** કિલ્લો જે રાજાના કબજામાં હતો તે રાજાનું નામ ઢંઢુરાજ[૨] **પરમાર** હતું, તે અગ્નિકુંડમાંથી પ્રકટ થયેલા ક્ષત્રીના વંશમાંથી થયેલા **કાન્હડદેવને** ત્યાં જન્મ્યો હતો. ઢંઢુરાજની **ચંદ્રાવતીપુરી** હતી, તેનાં ખંડેર હજી સુધી છે. આપણે જોયું કે એના પૂર્વજોએ **અણહિલવાડના** રાજા-ઓનું અધિપતિપણું માન્ય કર્યું હતું, પણ લેખમાં લખ્યું છે કે ઢંઢુરાજે **ભીમદેવની ચાકરી** છોડી દીધી હતી અને **ભોજની** સાથે મિત્રાઈ કરી હતી. આ કારણ માટે ગૂજરાતના રાજાએ **વિમળશાહને** દંડપતિનો અધિકાર આપીને **આબુ** ઉપર મોકલ્યો. અને તે આ અધિકાર ઉપર હતો તેવામાં જ અંબાભવાની માતાએ રાત્રે સ્વપ્નમાં તેને દેખા દીધી અને યુગાદિનાથનું દેરાસર બાંધવાની આજ્ઞા કરી.

---

૧ એને **વિમલવસહિ** એટલે **વિમલશાહનાં** દેરાં કે **દેલવાડાનાં દેરાં કહે** છે.

૨ **આબુ ઉપર ધન્દુક રાજા રાજ્ય કરતો હતો.** એણે **ભીમદેવની** હુકુમત કબુલ કરી હતી અને તે એનો ઉમરાવ બન્યો હતો તેથી **આબુના** પરમારોની પ્રસિદ્ધતા બહુ કમી થઇ ગઈ હતી. (**ધાર** રાજ્યનો ઇતિહાસ, પૃ. ૩૭.) ર. ઉ.

આરાસુરના પર્વત ઉપર, **અંબા ભવાની**ના પ્રસિદ્ધ દેરાની પાસે, કુંભારિયામાં દેરાં બંધાવનાર પણ એનો એ જ **વિમળશાહ** હતો. **દેલવાડા**માં તેણે ભવ્ય દેરૂં બાંધ્યું છે તેના જેવી જ બાંધણીનાં આ પણ છે, અને ક્હે છે કે એ બંનેની વચ્ચે ભીતર રસ્તો છે. આ સંબંધી વૃત્તાન્ત હવે પછી લખવામાં આવશે.

આ વેળાએ, **દાહલ** ભૂમિ જે હાલમાં **તિ**પેરા કેહેવાય છે તેની ઉપર અને પવિત્ર ક્ષેત્ર કાશીનગર અથવા **વાણારસી**માં **કર્ણ** નામે રાજા રાજ્ય કરતો હતો, તે **દેવતદેવી**નો પુત્ર હતો. આ રાણી પોતાના ધર્મનિષ્ઠપણાને લીધે પ્રસિદ્ધ છે, તે આ રાજાનો પ્રસવ કરતાં જ મરણ પામી હતી. શુભ લગ્નમાં એનો જન્મ થયો હતો તેથી તેનું રાજ્ય ચારે દિશામાં વધી ગયું હતું ને એકસો ને છત્રીસ રાજાઓ કર્ણના કમળપાદની પૂજા કરતા હતા.

ઉજ્જયિનીના રાજા **ભોજ**ની કીર્ત્તિની **કર્ણ**ને અદેખાઈ આવી તેથી તે તેના ઉપર ચડાઈ કરવાને તૈયાર થયો, અને એટલા માટે સરહદના એક ગામડામાં **ભીમ**દેવનો સમાગમ કરીને તેની સાથે બંદોબસ્ત કર્યો કે, પશ્ચિમ દિશાએથી **માળવા** ઉપર હલ્લો કરીને તમારે એનું લક્ષ ખેંચવું, એટલે બીજી બાજુએથી હું હલ્લો કરીશ. **ભીમ**દેવે તેમ કરવાને હા કહી. આ પ્રમાણે **ભોજ**રાજાના ઉપર બે રાજાઓનાં આક્રમણ થયાં, અને તેઓની સામે લડાઈ કરવાને તેને મન અનુકૂળ આવે એમ હતું નહિ તેથી પોતાના દેશમાં આવવાના પ્હાડી રસ્તા હતા તેને નાકે ઘોડેશ્વારો મૂકીને તે તો બેસી રહ્યો. આ સમયે **ભીમ**દેવે ડામરને પોતાનો પ્રતિનિધિ ઠરાવીને રાજા **કર્ણ**ની છાવણીમાં રાખ્યો હતો. તેની પાસેથી સમાચાર મેળવવા સારૂ **ભીમે** પોતાના દૂતને મોકલ્યો; તેને ડામરે એક ગીતિ શીખવી તે તેણે આવીને **ભીમ**દેવને કહી સંભળાવી[૧]:—

गाथा—अम्बय फलं सुपक्कं, त्रिण्टं सिढिलं समुच्भडो पत्रणो
साहा मिल्हणर्सीला, न याणिमो कज्ज परिणामो ॥

આંબે કેરી પાકી, ડીંટું ડોડળી ગયું છેક તેનું;
પવને ડાળી ધ્રુજે, શુંય છેવટ આવશે અરે એનું.

ભીમદેવે આ ગીતિ સાંભળીને શાન્ત ર્‌હેવાનો નિશ્ચય કર્યો. **ભોજ** રાજાને લાગ્યું કે હવે મારે પરલોકમાં જવાની તૈયારી છે એટલે પુણ્યદાન કરાવ્યું, અને રાજ્ય ચલાવવાનું કામ પોતાના સુભટોને સોંપીને તેઓને આજ્ઞા

૧ પાણીપતની લડાઈ થતાં પ્હેલાં ભાઉ સાહેબે પણ એ જ પ્રમાણે સમશ્યા કરી છે તે એશિયાટિક રીસર્ચીઝના ભાગ ત્રીજાને પૃષ્ઠ ૧૫૫ મે પાને નીચે પ્રમાણે લખી છે. ૧ "પ્યાલો ટકોટક ભરાયો છે,ને હવે બીજું એક ટીપું તેમાં સમાઈ શકે એમ રહ્યું નથી."

કરી કે હું મારી સાથે કાંઈ લઈ જતો નથી એવું બતાવવાને સ્મશાનમાં શબ લઈ જતાં મારા હાથ ઉઘાડા રખાવજો.[1]

ભોજ રાજાના મરણની કર્ણને જાણ થઈ એટલે તે **ધાર** ઉપર ચડીને આવ્યો, તેનો તેણે નાશ કર્યો, અને રાજભંડાર બધો પોતાના કબજામાં કરી લીધો. **ભીમ**દેવની વતી ડામરે લુંટનો ભાગ માગ્યો, તેનો એવો ઠરાવ કર્યો કે **માળવા**નાં દેવાલયોની ઉપજ ગૂજરાતના રાજાએ ખાવી.

કેટલાંક વર્ષ **સુલતાન મહમુદ**ના ક્રમાનુયાયિઓનું ધ્યાન પોતાના દેશના કજિયામાં ગુંથાયું હતું તેથી **હિન્દુસ્તાન**ના કારભારમાં વચ્ચે પડવાને તેમને બની આવ્યું નહતું, અને તેના મરણ પછી તેરમે વર્ષે તેનો પૌત્ર **સુલતાન મોદૂદ** જ્યારે ગાદી ઉપર હતો ત્યારે **હિન્દુ**ના ઉપર જુલમ કરનારૂં પરરાજ્યનું ધુસરૂં ફ્હાડી નાંખવાને તેઓએ મહા પ્રયત્ન કર્યો હતો. સન ૧૦૪૩ માં, **ફેરિસ્તા**ના લખવા પ્રમાણે, **દિલ્હી**ના રાજાએ બીજા હિંદુ રાજાઓની સાથે મળીને, **મોદૂદ**ના સરદારો પાસેથી **હાંસી**, **તાહનેસર** (**સ્થાનેશ્વર**) અને તેઓના તાબાનાં રાજ્ય પાછાં લઈ લીધાં. ત્યાંથી રજપૂતો **નગરકોટ**ના કિલ્લા ભણી ચાલ્યા, તેને ચાર મહિના સુધી ઘેરો ઘાલ્યો એટલે કિલ્લેદારોને ખાવાપીવાનું દુ:ખ પડવા માંડ્યું, અને કોઈના ભણીથી આશ્રય મળવાનો રહ્યો નહિ, તેથી તેમને શરણ થઈ જવાની અગત્ય પડી. હાથમાં પાછા આવેલા દેવાલયમાં મહાદેવની પાછી સ્થાપના થઈ, અને આવો ધર્મનો વિજય થયો, તેથી, લોકોને એટલી બધી હોંસ છૂટી કે, **હિન્દુસ્થાન**ના સર્વે ભાગમાંથી હજારો યાત્રાળુ લોકો સોના, રૂપા, ને જવાહીરની ભેટ કરવાને, અને **ભીમ**ના કિલ્લાના દેવળનો મહિમા પાછો ચલાવવાને ત્યાં આવી મળ્યા.

રજપૂત રાજાઓનો આ જય થયો તેથી તેમના મનમાં ઘણો વિશ્વાસ આવી ગયો, અને **મુસલમાન** ઇતિહાસકર્ત્તા ક્હે છે કે, **મુસલમાનો**નાં હથિયારથી ડરી જઇને શિયાળની પેઠે તેઓ પોતાની ભરાઈ પેસવાની જગ્યામાંથી મુંડી ઉંચી કરી શકતા નહિ તે હવે સિંહનો દેખાવ ધારણ કરીને ઉઘાડી રીતે પોતાના ઉપરીની સામે થયા. ત્રણ રાજાઓએ દશ હજાર અશ્વાર અને અગણિત પાયદલની સેના લઇને **લાહોર** ઉપર ચડાઈ કરી. સાત મહિના સુધી **મુસલમાનો**એ શેરિયે શેરી, અને ખંડેરે ખંડેરનો બચાવ

---

૧ આ પ્રસંગે તેણે નીચે પ્રમાણે કથન કહ્યું:

कसु कर रे पुत्र कलत्र धिक मु कर रे कररळवाडी
एकला आइवो एकला जाइवो हाथ पग बे झाडी.

કરીને તેમનાથી બનતો પ્રયત્ન કર્યો અને છેવટે તેઓ હારી જવાની અણી ઉપર આવી પૂહોંચ્યા એવું લાગ્યું, એટલે જિત મેળવવી કે સ્વધર્મને અર્થે દેહત્યાગ કરવો એવા સોગન ખાઇને બેઠા અને વ્યૂહબંધ આગળ ધશી આવીને તેઓના દુશ્મનોને પાછા હઠવાની અગત્ય પાડી.

હિન્દુ ગ્રંથકારોના લખવા પ્રમાણે, એકઠી મળેલી સેનાની આગેવાની કરનાર, અજમેરનો ચોહાણ રાજા, વિસલદેવ હતો. હિન્દુઓના ધર્મનું અને સ્વતંત્રતાનું રક્ષણ કરવા માટે છેલી ટક્કર લેવાને એકસંપ થવા સારૂ તેણે જેમ બીજા રાજાઓને તેડ્યા હતા તેમ, એમ કહેવામાં આવે છે કે, અણહિલવાડના રાજાને પણ બોલાવ્યો હતો, પણ અગરજો આગળની વેળામાં જ્યારે સોમનાથનો નાશ કરનાર માથા ઉપર આવી પ્હોંચ્યો હતો ત્યારે સામાન્ય શત્રુની સામે લડવાને ભીમદેવ સામ્ભરના રાજા સાથે મળી ગયો હતો, તો પણ બંને વચ્ચે ચાલતી આવેલી અસલની અદેખાઇને લીધે, ચોહાણ રાજાએ જ્યાં આગેવાની લીધી ત્યાં તેની પછવાડે ચાલવાને ભીમદેવને ઠીક લાગ્યું નહિ, અને ગૂજરાતની સેના અલગ રહી. આણીમગ, વિસલદેવ તો પોતાના અસ્વારો સહિત ઉત્તરોત્તર જય મેળવતો ચાલ્યો, અને અધર્મી લોકોના નાશથી "ધર્મક્ષેત્ર" કહેવાતી ભૂમિ એક વાર ફરીથી તેવી કરવાનું અભિમાનભરેલો લેખ પોતાના કીર્ત્તિસ્તંભ ઉપર કોતરાવાનો માનવંતો દાવો તેણે પ્રાપ્ત કરી લીધો.[1]

ચંદ બારોટનાં રચેલા પૃથુરાજ રાસાના ૬૯ અધ્યાય છે, તેમાંથી એકમાં, અજમેરના રાજાની વાતનો ઉઠાવ તથા જય પામેલા એકસંપી રાજાઓની સાથે, ભીમદેવના અતડા રહેવાથી લડાઈ ઉઠી તે સંબંધી જે લખેલું છે તે અમારા વાંચનારાઓને નજર કરિયે છિયે.

ચંદ બારોટ કહે છે કે "આબુ પર્વત ઉપર યજ્ઞકુંડમાંથી ઋષિયોએ "એક પુરૂપ ઉત્પન્ન કર્યો, ને તેને રાજપદ આપ્યું. તેના વંશમાંથી મહાન "અને ધાર્મિક રાજા બાલણ[2] નામે ઉત્પન્ન થયો. તેનો પુત્ર વિસલદેવ થયો

૧ એશિયાટિક રીસર્ચીઝ પુ. ૭ પૃ. ૧૮૦.

૨ આ તે કર્નલ ટાડે જેને બીર બીલમદેવ લખ્યો છે તે. એણે મહમૂદ ગજનવી સામે બીટલીગઢ અથવા અજમેરનો ડુંગરી કિલ્લો (તારાગઢ) રક્ષ્યો હતો. ફિરોઝશાહના સ્તંભ ઉપર, એશિયાટિક રીસર્ચીઝના પુસ્તક, ૭ માના પૃષ્ઠ ૧૮૦ પ્રમાણે એનું નામ "વિશ્વ.દેવ" અથવા "વેલદેવ" લખ્યું છે, 'વ' 'ને' 'બ' બે મળતા છે તેથી વિસલદેવ સામાન્ય રીતે બીસલદેવ કહેવાય.

"તે વૈશાખ માસના શુદ્ધ પક્ષની પ્રતિપદા અને શુક્રવારે ગાદિયે બેઠો. છત્રીસે "શાખાના રજપૂત અને ભાટ લોકો એકઠા થયા; વિસલને રાજછત્ર અર્પણ "કર્યું; તેને કપાલે રાજતિલક કર્યું; અને બ્રાહ્મણો વેદ ભણવા લાગ્યા "તથા ચંડીનો પાઠ કરવા લાગ્યા.

"વિસલના મસ્તક ઉપર રાજછત્ર ધરાયું ત્યારે બ્રાહ્મણોએ યજ્ઞકુંડ "તૈયાર કરી તેમાં પંચસર મૂક્યા. ધુમાડો નીકળ્યો, જ્વાળા ચાલી, બ્રાહ્મ-"ણોએ મંત્ર ભણતાં અને આશીર્વાદ દેતાં રાજ્યાભિષેક કર્યો; અને સર્વ "જન બોલી ઉઠ્યા-વિસલ, પૃથ્વીપાલ યશવંત થાઓ! યશવંત થાઓ!"

"વિસલે ઇન્દ્રના જેવું સુખ ભોગવ્યું; યશ અને ન્યાય તેણે પાછાં "આણ્યાં; અજમેર નગરમાં રહેતાં, શત્રુને વશ કરતાં, વિસલે નિર્વિઘ્ન "રાજ્ય કર્યું. ઘણાં મહાન્ નગર તેણે લીધાં; એના રાજ્યમાં આખું જગત્ "એક છત્ર નીચે આવી ગયું."

"વિશ્વકર્માએ જાણે તેનું નગર શોભાવ્યું ન હોય, એવું તેણે શોભા-"વ્યું હતું. અધર્મ ક્હાડીને તેણે ધર્મ વાસ્યો હતો; પાપનું કામ તેણે એકે "કર્યું નહિ. પોતાનો જેટલો હક્ક તેટલું તેણે લીધું, હક્ક વિના તેણે લોભ "કર્યો નથી, ચારે વર્ણ[1] ચોહાણને તાબે હતી; ૩૬ શાખા[2] તેની ચાકરીમાં "હતી. વિસલરાજા, ધર્મધુરન્ધર, પૃથ્વીના ઉપર દેવ જેવો પ્રતાપી હતો."

"એક સમયે, વિસલરાજા અરણ્યમાં હરિણનો શિકાર કરતો હતો, "ત્યાં એક સારી જગ્યા જોઈ તે ઠેકાણે તલાવ બંધાવાની તેના મનમાં "ઇચ્છા થઈ. એક સારી જગ્યા તેણે શોધી ક્હાડી, ત્યાં પર્વતમાંથી ઝરણું

---

૧ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણ.

૨ ૩૬ શાખાના રજપૂત ક્હેવાય છે. રજપૂતોની છત્રીશ શાખાનાં નામ રાસા પ્રમાણે નીચે પ્રમાણે છે:—

છપ્પય.

રવિ[૧], શશિ[૨], જાદવ[૩] વંશ, કોકસ્થ[૪], પરિમાર[૫], સદાવર[૬],
ચહુઆણ[૭], ચાલુક્ય[૮], ચંદ[૯], સેલાર[૧૦], અભિયર[૧૧];
દોયમત[૧૨], મકવાણ[૧૩], ગરૂઅગોહ[૧૪], ગોહેલપત[૧૫];
છાપોકટ[૧૬], પરિહાર[૧૭], રાવ રાઠોડ[૧૮] સુરોસજુત;
દેવડા[૧૯], ટાંક[૨૦], સિંધવ[૨૧], અનંગ[૨૨], પોતક[૨૩], પડિહાર[૨૪], દધિખટ[૨૫];
કારટપાલ[૨૬], કટ્ટપાલ[૨૭], હુન[૨૮], હરિતક[૨૯], ગોર[૩૦], કમાંખ[૩૧], મટ[૩૨].

" વ્હેતું હતું. અને અરણ્ય પણ સારૂં હતું. અહિયાં પોતાના મુખ્ય પ્રધાનને
" બોલાવ્યો, ને તેને કહ્યું કે, પુષ્કરના જેવું અહિં એક જળાશય બંધાવો. આ
" પ્રમાણે આજ્ઞા કરીને તે ઘેર પાછો વળ્યો; તેના મનમાં અનહદ આનંદ
" થયો. ધર્મના પુત્ર યુધિષ્ટિરના જેવું તેણે રાજ્ય કરયું. વિસલ એ એક પૃથ્વી
" ઉપર ઇન્દ્ર થઇ ગયો. માથે છત્ર ધારણ કરેલો અને બે પડખે ચંમર જેને
" ઢળતાં એવો, અશ્વનીકુમારના જેવો, રળિયામણો આંખે દેખાય છે.
" પુતાસર, તુંવર છત્રીસે શાખા ત્યાં એકઠી મળી, શૂરવીર રાજાએ તેમને
" પોતાની પાસે બોલાવ્યા; તેમને પાનનાં બીડાં આપ્યાં; ગાંધર્વ લોકો તેની
" કીર્ત્તિનું ગાન કરવા લાગ્યા; રાજા, હસતે મ્હોડે, નીચું ઘાલી રહ્યો; દરબાર
" આકાશ મંદર જેવો દેખાવા લાગ્યો, તેમાં ચોહાણ એ ચંદ્ર હતો. સર્વેની
" સલામ લઇને તેઓને રજા આપી. સર્વે ઉઠ્યા એટલે માંગણો આશીર્વાદ
" દેવા લાગ્યા. એક પ્રહર રાત્ર ગઈ એટલે રાજા મેહેલમાં પધાર્યો, ત્યાં
" કપૂર, સુખડ, કસ્તુરી અને બીજા સુગંધવાન્ પદાર્થો બેહેકી રહ્યા હતા.
" ભોંય ઉપર મૂલ્યવાન્ અત્તર છાટ્યું હતું. દીવાનેખાનું ભભકદાર રંગેલું
" હતું, તે આનંદ ઉપજાવવાને યોગ્ય હતું, તેમાં રાજા પધાર્યા. ત્યાં નાટક-
" કાર, ગવૈયા અને બીજા ગમ્મત કરાવનારાઓને બોલાવ્યા. તેની માનવંતી
" રાણી, પરમારપુત્રીનું સુખ તે ભોગવતો તે રૂપ યૌવનમાં અપ્સરા જેવી
" હતી, તેને તે પ્રાણના જેવી પ્રિય હતી, તેને એક ક્ષણ પણ તે વિસારતો
" નહિ, બીજી કોઇના ઉપર તે કદિ દૃષ્ટિ કરતો નહિ."

પરમાર રાણિયે સારંગદેવ નામે પુત્રને જન્મ આપ્યો, તે જ્યારે પાકી

દુહો.

૩૩ ૩૪ ૩૫
ધ્યાનપાલક, નિકુંભવર, રાજપાલ કવનીશ;
૩૬
કાલચ્છર, કે આદ દે, બરને બંસ છત્તીશ.

૧ સૂર્યવંશી, ૨ ચંદ્રવંશી, ૩ યાદવ, ૪ કકુસ્થ (કછવા), ૫ પરમાર, ૬ સદાવર (તુંવર), ૭ ચહુઆણ, ૮ ચાલુકય (સોલંકી), ૯ છંદ (શાંદેલ), ૧૦ શિલાર, ૧૧ આભિ-યર, ૧૨ દોયમત્ત (દાહિમા), ૧૩ મકવાણા (ઝાલા), ૧૪ ગોહિલ, ૧૫ ગહિલોત (સીસોદિયા), ૧૬ ચાપોત્કટ (ચાવડા), ૧૭ પરિહાર, ૧૮ રાઠોડ, ૧૯ દેવરા, ૨૦ ટાંક ૨૧ સિધવ, ૨૨ અનિધ (અગન), ૨૩ પોતિક, ૨૪ પઢિહાર (પ્રતિહાર), ૨૫ દધિખટ, ૨૬ કાર્ટપાલ (કારટ), ૨૭ કોટપાલ, ૨૮ હુન (હુલ કે હુણ), ૨૯ હરિતક (હાડા), ૩૦ ગોર (ગોડ), ૩૧ કમાખ (કમાડ કે જેઠવા), ૩૨ મટ (જટ), ૩૩ ધ્યાનપાલક (ધાન્ય-પાલક), ૩૪ નિકુંભ, ૩૫ રાજપાલ, અને ૩૬ કાલછુર (કાલછર).

ઉંમરનો થયો ત્યારે **કિરપાળ કાયસ્થને** સુપ્રત કરીને તેને **સામ્ભર** નગરમાં મોકલ્યો. આ નગર **સાકંભરી** દેવીને મનગમતું હતું, અને તે કુંવરના રહેઠાણ સારૂં ઠરાવી રાખ્યું હતું. તેને યોગ્ય કન્યા મેળવી આપવામાં આવી હતી તે "**રાવળ દેવરાજની** પુત્રી નામે **ગૌરી, કામની** પાસે **રતિ** શોભે, તેમ **સારંગદેવને** પડખે શોભતી હતી."

આ પ્રમાણે કલ્યાણકારી શકુનિયાળ ચિહ્નથી **વિસલના** રાજ્યનો પ્રારંભ થયો; પણ તેની ચડતી કળા પછવાડેથી વધારે ઘેરાઈ ગઈ, અને **ચંદ** બારોટ ક્હે છે કે, એને ગાદી ઉપરથી ઉઠાડી મેલ્યો હતો તેનું કારણ દેખીતું છે, તે એ કે, તેની એક રાણી **પરમારપુત્રી** હતી, તે એકલીના ઉપર જ તે સર્વ રાણિયો કરતાં વિશેષ મોહિત થઈ ગયો હતો તેથી બીજી રાણિયો અને તેમનાં સગાંવાહાલાંઓને અદેખાઈ ઉપજી. તો પણ **શિવના** આશ્રયથી તેને તેની સત્તા પાછી મળી, ત્યાર પછી તેનો ઉપયોગ તેણે ત્રાસદાયક રીતે કરવા માંડ્યો, તેમાં મુખ્યત્વે કરીને તે નિર્મર્યાદ કામને વશ થઈ ગયો ને એની પ્રજા દેશ છોડીને ટોળે મળી ઉચાળાભરી જવાને તૈયાર થઈ.

"નગરવાસી લોકો, ટોળેટોળાં મળીને, પ્રધાનને ઘેર ગયા, અને ક્હેવા
"લાગ્યા: 'સ્ત્રી અને પુરૂષ બંનેના ઉપર સંકટ ગુજરે છે માટે અમે અહિં
"રહીશું નહિ અને ક્રોધનાં માર્યાં જતાં રહીશું.' ઉકળેલા લોકોને પ્રધાને
"ધીમા પાડ્યા. તેમનામાંથી જે મુખ્ય હતા તેઓને અને રાણિયોને લઇને
"સર્વે વાજું રાજા પાસે આવ્યું. તેઓ ક્હેવા લાગ્યા કે [1]ભૂમિનું રક્ષણ
"કરવાને રાજાએ બ્હાર ફરતાં રહેવું. ભૂતળમાં ઘણા રાજાઓ છે; એવા
"કાંટાનો નાશ કરવા અધિરાજાએ આક્રમણ કરીને તેઓનાં નગર અને
"પ્રાન્ત સ્વાધીન કરી લેવાં જોઇયે.' તેમના ક્હેવાનો ભાવાર્થ રાજા સમજ્યો.
"તે બોલ્યો:–'મારામાં જે ભડકો ઉઠ્યો છે તે તમને દઝાડે છે. વારૂ તમે
"ક્હો છો તે પ્રમાણે હું કરીશ; હું કિરપાળને તેડવા મોકલું છું ને જે જે
"દેશ જવાને તમને ઘટિત લાગતું હોય તે તે દેશ હું ઘોડે ચડીને તમારી
"સાથે આવું છું.'

"પછી તેણે પોતાના સર્વે મંત્રિયોને આજ્ઞા આપી, અને કિરપાળને

૧ મુસલમાનોએ હિન્દની સીમા ઉપરની કેટલીક જગ્યાઓ લઈ લીધી હતી તે પાછી હસ્તગત કરવા માટે વિસલદેવના ઉપરીપણા નીચે બધા હિન્દુ રાજા ભેગા મળ્યા હતા પણ ગુજરાતનો **ભીમદેવ** ભળ્યો ન હતો, કોઈ સોલંકી માન આપવા આવ્યા નહિ વગેરે લખાણ ચંદે કર્યું છે તે ઉપરથી પણ સ્પષ્ટ થાય છે. જો **ભીમદેવ** ભેગો ભળ્યો હોત તો મુસલમાનનો પગ હિન્દમાંથી નીકળી જાત. ર. ઉ.

૯

"તેડું મોકલ્યું. તે **સામ્ભર**થી **અજમેર** નગરમાં આવ્યો. આવીને
"રાજાના ચરણનો તેણે સ્પર્શ કર્યો. નજરાણામાં એક તરવાર લાવીને તેના
"મુખ આગળ મૂકી, તેની મૂઠ અને મિણિયું રત્નજડિત હતાં, રાજાએ
"તે કેડે બાંધી; મુહૂર્ત્ત જાણનારા પ્રવીણ જોશિયોએ શુભ મુહૂર્ત્ત વર્ત્યું.
"રાજા બોલ્યો:–'સારૂં મુહૂર્ત્ત આપ્યું તે પ્રમાણે નવખંડ **પૃ**થ્વીમાં હું મારી
"તરવાર ચલાવીશ, ને આખું જગત્ હું મારે સ્વાધીન કરી લઈશ; **મે**રના
"જેવા અચલ રાજાઓ હશે તો પણ હું તેઓને ખંડિયા કરી દઈશ."
"અરે! **કિ**રપાળ! મારૂં કહ્યું સાંભળ, ખજાનો લઇને મારી સાથે ચાલ—"
"**વિ**સલ સરોવરે આપણા તંબુ ઠોકાવો.'

"દશે દિશાયે તેણે તેડાં મોકલ્યાં કે બધાએ આવીને મને **અજમેર**
"મળવું. મહાન્ શ્રી**પ**રિહાર આવીને તેના વાવટાને મળ્યો, **મંદો**વરના ધણિયે
"આવીને તેનો ચરણ–સ્પર્શ કર્યો, બધા **ગ**હિલાટ (ઘેલોટી) મેળાને માથે થઇ
"આવ્યા. **રા**મગોર, **તું**વર, **પા**વાનો ધણી, **મે**વાડનો રાજા **મ**હેશ, **દુ**નાપુરનો
"**મો**હિલ[1] પોતાના સાથ સહિત આવ્યા. **બ**લોચ પણ પોતાનું પાયદલ લઇને
"આવ્યો, **સિં**ધનો રાજા નાશીને **સિં**ધ જતો રહ્યો, **ભટ**નેરના રાજાએ
"નજરાણો મોકલ્યો, **મુ**લતાન સુધીના રાજાઓ તેને આવી મળ્યા. **જે**સલમેર
"આજ્ઞા પ્હોંચી, બધા મ્હોટા ભૂમિયા તાબે જ હતા; **યા**દવ, **વા**ઘેલા, **મો**રી,
"મહાન્ **ગૂર્જ**ર, સર્વેએ તેના તેડાનું પણ રાખ્યું. **અં**તરવેદમાંથી **કુ**રંભ
"આવ્યો. બધા **મ્હે**રે તાબે થઇ તેનો ચરણસ્પર્શ કર્યો. જેતસિંગ આજ્ઞા માથે
"ચડાવી નીકળ્યો; ને સાથે **ત**ચિપુરના રાજાને લેતો આવ્યો. ઘણા **પ**રમાર
"ઘોડે ચડ્યા; દોર તેની પાછળ ચાલવા આવ્યા; **ચં**ડેલ, **દા**હીમ એઓએ
"તેની પૂજા કરી, તરવાર ઘૂમાવીને સર્વે **ભૂ**મિયાને સ્વાધીન કરી લીધા.

"કોઈ **સો**લંકી માન આપવા આવ્યા નહિ, તેઓ કરૂણાશથી તર-
"વાર પકડી આઘા રહ્યા. આવું જોઇને **જે**તસી **ગો**લવાલ બોલ્યો: '**અજ**-
"મેરમાં આપણાં ઘર અને નગરને સાચવવા થોડી ફોજ મૂકી, આપણે
"ચાલો, **ચા**લુક્ય બચી જવાનો નથી.' કુચ ઉપર કુચ કરતા યોદ્ધાએ
"ચાલ્યા પર્વતને રસ્તે, રાજા પોતાનો પ્હેલો ઘા **સો**લંકી ઉપર કરવાને
"ચાલ્યો. ઘણા કિલ્લા તેણે જમીનદોસ્ત કરી નાંખ્યા. તેણે **ઝા**લોર લીધું
"ને તેનો કોટ તોડી નાંખ્યો; પ્હાડોમાં અને જંગલોમાં શત્રુઓ નાશી ગયા.

---

૧ **મોહિલ** છે તે મનિક જાતથી ઉત્પન્ન થયેલી **ચોહાણ**ની એક શાખા છે—**ટૉડ રાજસ્થાન**, ભાગ ૨, ૪૪૫ એ પ્રમાણે જ બીજા ભાગના પૃષ્ઠ ૪૪૯ માં છે.

" **આબુ** ઉપર ચડી તેણે **અચળેશ્વર** જોયા; **વાગડ** તેણે તાબે કરી લીધું, **સોરઠ** જે
" ગિરનારની ભૂમિ ત્યાંથી એને માન મળ્યું અને ખંડણી મળી—લડાઈ મળી નહિ.

" ગુજરાત જે સીત્તેર નગરની ભૂમિ હતી તેમાં **ચાલુક્યરાવ બાલુક**
" યોદ્ધો હતો. સમાચાર સાંભળીને **બાલુક** ઘોડે ચડી આવ્યો, **શિવ** અને
" **દૂર્ગાની** તેણે પૂજા કરી. પોતાને ખભે તેણે ભાલો મૂક્યો, તેની સાથે ત્રીસ
" હજાર ઘોડેશ્વાર હતા. સીત્તેર મદઝરતા હાથિયો હતા; બે ગાઉને છેટે તેણે
" છાવણી નાંખી. **ચોહાણે** ધુંવ્રાટ સાંભળ્યો—**ચાલુક્ય** રાવના ધપવાનો
" ધુંવ્રાટ રાજા **વિસલે** સાંભળ્યો. રણઘોડો મંગાવીને તે અશ્વાર થયો. રાજ્ય-
" ડંકો ગજવ્યો, સેનાને ક્રમમાં ગોઠવી દઈ તે આગળ ચાલ્યો. વર્ષા ઋતુમાં
" જેમ તમરાં અવાજ કરે છે તેવું દેખાવા લાગ્યું; ઢાલો ચકચકવા લાગી,
" ભાલા ઝળકારા દેવા લાગ્યા; યોદ્ધાઓને મન આનંદ હતો, કાયરને મન
" કષ્ટ હતું, **ચાલુક્યની** ભૂમિનો નાશ કરી દરિયાની ભરતીની પેઠે સેના આગળ
" ધશી. રસ્તે જતાં નગર, શહર અને ગામડાં જે આવ્યું તે લૂંટતા ગયા.

" **ચાલુકયે સમાચાર** સાંભળ્યા એટલે ધુંધવાઇને જેમ ભડકો થાય છે
" તેમ ધુંધવાઇને તે સાવચેત થયો, **બાલુકરાય ચાલુક્ય** યોદ્ધો, પાણી મંગાવી
" ન્હાયો; **વિષ્ણુનું** ચરણામૃત લીધું. **હરિને** ગળામાં પ્હેરી લીધા અને બોલ્યો
" જે **अर्थं साधयामि वा देहं पातयामि.** (આજે હું જય પામવા કે મરવા
" જાઉં છું.) જો હું નાસું તો મારા કુળની લાજ જાય. આખી ભૂમિમાં કોઈ
" યોદ્ધો નથી જ, કે હથિયારથી હરક્ત થયા વિના **વિસલ** ચાલ્યો જાય છે?

" **શ્રીકંઠ** બારોટને શત્રુની પાસે મોકલ્યો, તે **વિસલદેવ ચોહાણને** જઈ
" મળ્યો; હાથ ઉંચા કરી તેણે આશીર્વાદ દીધો; **બાલુકરાયની** હાલચાલ વિષે
" તેણે તેને કહ્યું: 'તમારે જે કરવાનું છે તે રાજા સાથે કરવાનું છે, રૈયતની
" સાથે તમારે શું કામ છે? તમે તેમને બહુ હાનિ કરી છે. કોઈ **હિન્દુ** રાજા
" એવું કરે નહિ. રૈયતને દુઃખ દેતો બંધ થા ને ઘેર પાછો જા. **અજમેર**
" જઈ પ્હોંચ ને ત્યાં રાજ્ય કર. **બાલુક** રાજાએ કહ્યું છે કે, 'હું ક્ષત્રીય જાતિનો
" છું, લડાઈ ચલાવવાનો મારો ધર્મ છે, નાસવું એ મને દુઃખદાયક છે, પણ
" મોતનો દિવસ તો મારો ઉત્સવનો દહાડો છે, મારી આસપાસ સામંતો છે
" તે કુલીન જાતના છે. અમે તમારાથી પાછા હઠવાના નથી. જો તને એમ પર-
" વડે નહિ તો પાછો જા ને લડાઈ કરવી છોડી દે. રણક્ષેત્રમાં સામો થઈશ નહિ.'
" **ચોહાણને** આવો નિરોપ પ્હોંચ્યો એટલે તેણે રાજડંકા વગડાવ્યો. ઘોડા અને
" હાથિયો ઉપર સામાન સજાવ્યો. યોદ્ધાઓએ હથિયાર ધારણ કર્યાં. અને
" સેના પાસે પાસે આવી ગઈ. તે દરિયાનાં મોજાંની પેઠે શિખર નમાવતી

"દેખાવા લાગી. **ચોહાણે ચક્રાવો** રચાવ્યો. અને બોલ્યો:–'હવે આપણે જોઈયે "છીએ કે **બાલુકરાય**, અભિમન્યુની[1] પેઠે તે કેવો ભાંગે છે. જેવો લેખ "લખ્યો હશે તેવું નિપજશે.

"બંન્ને સેના મળી; યોદ્ધાઓ પોતાના મિત્રોને કહેવા લાગ્યા: ભાઈયો! "ભાઈયો! મારો, મારો!' તેઓ લડ્યા ને એક બીજાને કત્લ કર્યા. **ચાલુક્યની** "સેના પાછી હઠી; **બાલુકરાય** તેઓની ઓથે આવી પહોંચ્યો, ગાઢ વ્યૂહ તેણે "હલાવ્યો. **પરિહાર** અને **ગહિલાટે** પૂઠ બતાવી. **પરિહાર** તુંવરના ઠેકાણા ભણી "દોડ્યો; ગાઢ વ્યૂહ તૂટ્યો, અને એકઠો લોચો વળી ગયો. આ વેળાએ "**ખંધાર** અને **બલોચ** શૌર્ય રાખી કંઈ ગણકાર્યા વિના **બાલુક** સામા થયા. "યોદ્ધાઓના ડગલા, જેમ તેઓ હોળી રમ્યા હોય તેમ લાલ રંગાયા; તેઓ "લોહીલોવાણ થઈ ગયા. વસંતઋતુમાં જેમ પાલાશ(કેસુડાનું)નું ઝાડ લાલ "ફૂલથી છવાઈ જાય છે તેમ હાથિયો લોહી વહેતા ચળકતા દેખાયા. **બાલુક** "અને **વિસલ** એક બીજાને દેખાવા લાગ્યા. તે જાણે **સૂર્યના** સામા થયાથી "**ચંદ્ર** ઝાંખો દેખાય છે તેમ દેખાવા લાગ્યું. **ચાલુક્ય** ઘોડે ચડેલો હતો, "**ચોહાણ** હાથી ઉપર બેઠો હતો; બન્ને રાજાઓ ભયંકર લડાઈ લડ્યા. **બાલુકે** "જઈને જ્યારે પોતાના ઘોડાને હાથીના દંતુશળે બઝાડ્યો ત્યારે એક બીજાનાં "હથિયાર ભેગાં અથડાયાં. રાત્રિ પડી એટલે યોદ્ધાઓ છૂટા પડ્યા; તેઓ પોત-"પોતાની છાવણીમાં ગયા અને ઘાયલ થયેલાની સારવાર કરવા લાગ્યા."

"બીજે દાહાડે સવારમાં **ચાલુક્યના** મંત્રિયો ભેગા થઈને આવ્યા. અને "તેમનો રાજા જાણે નહિ એમ **ચોહાણને** નિરોપ મોકલ્યો. **પાવાનો** ધણી "આ સાંભળીને રાજા પાસે ગયો. તેણે કિરપાળને બોલાવ્યો. **ચાલુક્યના** "મંત્રિયો તેઓને મળવાને ગયા; તેઓ બોલ્યા, જે જે માગો તે તે અમે "લાવીને તમારે પગે મૂકિયે. રાજાએ પ્રત્યુત્તર આપ્યું: 'સાંભળો, અહિં હું "એંધાણી રાખી જાઉં છું; એક માસ પછી હું અહિ એક નગર બાંધીશ— "આ માન્ય કરો ને ભેટ લઈ આવજો. આ પ્રમાણે કોલકરાર થયા. **ચોહાણ** "રણક્ષેત્ર જિત્યો—**ચાલુક્ય** ઘાયલ થયો હતો. **વિસલનગર** સ્થાપીને **વિસલ** "પાછો ઘેર ગયો.[2]

---

૧ **ચક્રવ્યૂહ મહાભારતમાં કૌરવની** સેનાએ રચ્યો હતો, **અર્જુનનો** પુત્ર **અભિમન્યુ** છ કોઠા પાર પડી ગયો હતો ને સાતમાના નાકા આગળ મરાયો હતો.

૨ **કર્નલ ટૉડના વેસ્ટર્ન ઈન્ડિયા** નામના ગ્રંથને પૃષ્ઠ ૧૭૨ મે લખ્યું છે કે, કરાર થયો તેમાં એક કલમ એવી હતી કે, **ચાલુકયે** પોતાની કન્યા **વિસલદેવને** પરણાવવી. વળી **હમિર** રાજાના પરાક્રમના એક **હમિર** રાસાનું પ્રમાણ આપી લખ્યું છે કે, **ભીમના** પુત્ર **કર્ણને વિસલદેવ** કેદ કરી લઈ ગયો હતો.

વિસલ **અજમેર** પ્હોંચ્યા પછી, તેણે થોડી વાર છોડી દીધેલી ચાલ પાછી ચલાવી, એક વૈરાગણ સ્ત્રીનું પતિવ્રતાપણું ભંગ કરાવ્યું. તે દુર્ગુણની શિક્ષા તેને કેવી થઈ અને મનુષ્યનો અવતાર છોડી મનુષ્યનું ભક્ષણ કરનાર અસુર અથવા દાનવ કેવો થયો તે વિષે **ચંદ** બારોટ વર્ણન કરે છે. તો પણ લોકમાં સામાન્ય વાત એવી ચાલી હતી કે સાપના કરડવાથી તે મરણ પામ્યો ને **પરમાર** રાણી પોતાના પતિની પછવાડે સતી થઈ.

વિસલની પછવાડે **સારંગદેવ** ગાદિયે બેઠો. તેણે પ્હેલું કામ તો એ જ કર્યું કે પોતાની સ્ત્રી જે ગર્ભવંતી હતી તેના રક્ષણ સારૂં **રણથંભોર**ના દુર્ગમ કોટમાં પ્હોંચતી કરી. એ કોટ તેના કુટુંબનું સ્થાન હતું. **અજમેર**માં એક દાનવ ભરાઈ પેઠો હતો તેનો નાશ કરવા ઉપર તેણે પછીથી લક્ષ દોડાવ્યું. આ દાનવે પોતાના ઉન્મત્તપણાથી અને અકરાંતિયાપણાથી **અજમેર**ને ઉજ્જડ કર્યું હતું; પણ તે આ કામમાં જય પામ્યો નહિ એટલું જ નહિ પણ તે રાક્ષસનું બલિદાન થઈ પડ્યો.

સારંગદેવ અને **ગૌરી**નો પુત્ર **આનો** હતો તે એની ધારણામાં વિશેષે કરીને પાર પડ્યો. તેણે પોતાના બાપના કરતાં ઉલટો જ માર્ગ પકડ્યો, અને હથિયાર પકડી દાનવની સામે થવાને બદલે તે તેને શરણ થયો, અને પોતાનું રક્ષણ કરવાની તેને પ્રાર્થના કરી. આવી તેની સભ્યતા જોઇને દૈત્ય તેની ઉપર ખુશી થયો, અને **આના**ના વંશના પિતા પછી પુત્ર એ પ્રમાણે **અજમેર**નું રાજ્ય કરશે એવું વરદાન આપીને તે આકાશમાર્ગે **નિગમબોધ** જે **જમના** નદી ઉપર છે ત્યાં ગયો અને **અનંગપાળ તુંવારે દિલ્હી** સ્થાપી ત્યાં સુધી ૩૮૦ વર્ષ લગણ પાપનું પાયશ્ચિત્ત કરવાને રહ્યો. તેના શરીરના ભાગમાંથી, **ચંદ** બારોટ કહે છે કે, **પૃથ્વીરાજ**ના સામંતો પ્રકટ થયા અને કવિ પોતાને વિષે કહે છે કે હું તેની જીભથી ઉત્પન્ન થયો છું.[1] આના પછી તેનો પુત્ર

૧ પૃથીરાજનો જન્મ સં. ૧૨૧૫ માં થયો. તે વિષે દંતકથા નીચે પ્રમાણે છે:-- વિસલદેવ એક નાગકન્યા પરણ્યો હતો અને તેના ઉપર બીજી રાણિયો કરતાં વિશેષ પ્રેમ રાખતો તેથી નાગકન્યાને ઝેર દઈ મારવાની ધારણા કરી તે જણાઈ આવતાં તલાવમાં મૂકેલ હતો તેમાં પોતાની પાસેના મણિના મહિમાથી નાગકન્યા વિસલદેવને લઇને તેમાં વસવા લાગી. મણિનો મહિમા રાણિયોના જાણવામાં આવતાં રાજાની પાઘડીમાં તે મણિ રાખતો તેમાંથી કહાડી લઇને બાળી નાંખ્યો. મણિના મહિમાથી રાજાને જલમાં માર્ગ મળતો તે હવે બંધ થયો તેથી નાગકન્યાનો વિયોગ થતાં ઘેલો બની ગયો. એક વાર કોઈ ઋષિકન્યા તેના જોવામાં આવી. તે નાગકન્યા જેવી સ્વરૂપમાં હોતાં તેને વળગવા જતાં તેણે શાપ દીધો એટલે રાક્ષસ બની ગયો. આ

જયસિંહદેવ ગાદિયે બેઠો તેના પછી તેનો પુત્ર **આ**નંદદેવ ગાદિપતિ થયો તે, **પૃ**થિરાજનો દાદો થાય, અને બીજા **ભી**મદેવનો સામાવાળિયો જે **સો**મેશ્વર તેનો બાપ થાય.

પ્હેલો **ભી**મદેવ ઉદયામતિ વ્હેરે પરણ્યો હતો. એને પેટ **ક**ર્ણ નામે કુંવર પ્રસવ્યો હતો. આ રાણિયે **અ**ણહિલવાડમાં એક વાવ કરાવી છે તે એકલી જ માત્ર ખંડેર અવસ્થામાં હાલ રહેલી છે, બાકી **વ**નરાજના વંશનાં સ્મરણાર્થ થયેલાં બધાં બાંધકામનો નાશ થયો છે. આ વાવને **રા**ણીની વાવ કરીને ક્હે છે. **ભી**મદેવને વળી બીજા બે કુંવર હતા, તેમાં એકનું નામ **મૂ**ળરાજ અને બીજાનું નામ **ક્ષે**મરાજ હતું. આગળ વાંચતાં જણાશે કે આ બન્ને કુંવર **ક**ર્ણના પ્હેલાં જન્મ્યા હતા. **મૂ**ળરાજની માતાનું નામ જાણવામાં આવ્યું નથી; **ક્ષે**મરાજની માતાનું નામ **બ**કુલાદેવી હતું, તે સો વશા તો રાખ હતી અને નીચા કુળની હતી. **પ્ર**બંધચિંતામણિનો કર્ત્તા ક્હે છે કે, તે ગણિકા હતી, અને **ભી**મદેવે એક ગુલામ તરીકે વેચાતી લીધી હતી. **ક્ષે**મરાજનું નામ કેટલીક વાર **હ**રિપાળદેવ લખવામાં આવ્યું છે, તે તેની વાનપ્રસ્થ અવસ્થામાં **વિ**ષ્ણુની પૂજા કરવા ઉપરથી કદાપિ પડ્યું હશે.

એમજ આચાર્ય, **મૂ**ળરાજની નીચે પ્રમાણે વાત ક્હે છે, તે આશ્ચર્યકારક છે, પણ તેના ઉપરથી પ્હેલા **ભી**મદેવના વારામાં ઉપજની વસુલાત વિષેની વ્યવસ્થા કેવી હતી તે જાણવાને બની આવે છે; અને વળી ગૂજરાતના ખેડુત, હાલ ઉપજ ઉઘરાવતી વેળાએ હઠીલાપણું બતાવે છે, અને કુમળી નજરથી બુજ કરનારા જણાય છે તેવા જ તે વેળાએ હતા. એક વેળાએ, "એક વર્ષ ગૂજરાતમાં વર્ષાદ પડ્યો નહિ ત્યારે ડંડાઈ અને **વિ**શો-
"પક ગામના કુટુંબિકો (કણબિયો) રાજાને ઉપજનો ભાગ આપવાને

પ્હેડી **પછી સોમેશ્વર થયો તે** રાક્ષસ સંબંધી વૃત્તાન્તથી જાણીતો થયો હતો. એક સમયે એક **બ્રાહ્મણ** પોતાની સ્ત્રીના દુઃખથી કંટાળીને **પેલા રાક્ષસ** પાસે ગયો તેને તે પૂછવા લાગ્યો કે, તું શા દુઃખનો માર્યો મારી પાસે મરવા આવ્યો છું? તે ક્હે કે, મને સ્ત્રીનું દુઃખ મ્હોટું છે. રાક્ષસે તેને દ્રવ્ય આપી કહ્યું કે, આ દ્રવ્યથી તારી સ્ત્રી રાજી રહેશે પણ તેના બદલામાં તું **સો**મેશ્વરને મારી વતી ક્હેજે કે, હું સૂવર રૂપે વનમાં ફરીશ તે પ્રસંગ જોઈ મારો વધ કરી તે માંસનું ભક્ષણ કરીશ તો મારો ઉદ્ધાર થશે અને જે માંસ ભક્ષણ કરશે તેઓને પુત્રોની પ્રાપ્તિ થશે. **સો**મેશ્વર પોતાના વિશ્વાસુ સાથિયો લઇને ત્યાં ગયો અને રાક્ષસની ઇચ્છા પ્રમાણે કર્યું એટલે તેને **પૃ**થિરાજ થયો તેમ જ તેના સાથિયોના પુત્ર **પૃ**થિરાજના સોળ સામંત અને સૂરમા થયા. સૂવરની જીભ **ભા**ટના ખાવામાં આવી તેથી દેવીનો વરદાયી **ચંદ** ભાટ તેને થયો. ર. ઉ.

"શક્તિમાન્ ન હતા. એક મંત્રીને (હાલમાં મ્હેતો અથવા તલાટી કહેવાય છે) "તપાસ કરવાને મોકલવામાં આવ્યો, તે જે લોકોની પાસે કંઈ માલ- "મિલકત માલમ પડી તેમને રાજધાનીમાં લાવ્યો, અને **ભીમ**ના આગળ "રજુ કર્યા. એક દિવસે સવારમાં **મૂળરાજ** કુંવર સત્યવક્તા અને વચન- "પાલક ગણાતો હતો તે, તે જગ્યાની પાસે ફરતો હતો; તેની સાથે રાજાનો "સોંપેલો એક દાસ હતો તેણે આ સર્વ માણસોને ડરીને માંહોમાંહે વાત "કરતાં જોયા, તેની પૂછપરછ કરતાં, પોતાના ચાકરની હસ્તક સર્વ વાત "**મૂળરાજ**ના જાણવામાં આવી, તે સાંભળીને તેની આંખમાં આંસું આવ્યાં. "તરત જ પછી રાજાને પોતાની ઘોડા ઉપર બેસવાની કળા ઉપરથી પ્રસન્ન "કરીને, તેણે કંઈ માગવાનું કહ્યું તેના બદલામાં, રાજાની પાસે માગી લીધું કે "પેલા કુટુંબિકો(કણબિયો)નાં નાણાં પાછાં આપો. રાજાની આંખમાં હર્ષનાં "આંસું આવ્યાં, અને તેના કહેવા પ્રમાણે કર્યું, તથા તેને હઠ કરીને "કહ્યું કે તું પોતાને વાસ્તે બીજું કંઈ માગી લે."

"પેલા લોકોને કેદમાંથી છોડી મૂક્યા એટલે તેઓ **મૂળરાજ**ને ચ- "રણસ્પર્શ કરવાને આવ્યા. કેટલાક તો જાથુ તેની ચાકરી કરવાને તેની પાસે "રહ્યા. બાકીનાએ તેની કીર્ત્તિ ચોમેર પ્રસારી."

"પછી તરત જ **મૂળરાજ** મરણ પામ્યા પછી પોતાના દયાળુ સ્વભા- "વને લીધે સ્વર્ગમાં ગયો. રાજા અને તેનો દરબાર તેમ જ જે લોકોનો તેણે "વચ્ચે પડીને છૂટકારો કર્યો હતો, તે સર્વે તેના મરણથી દુઃખના દરિ- "યામાં પડ્યા; રહેતાં રહેતાં વિદ્વાન્ લોકોએ જે જ્ઞાનનો ઉપદેશ કર્યો "તે ઉપરથી, હાથીના સરખી દિલગીરીનો દંતુશળ દબાવી દીધો. બીજે વર્ષે "પુષ્કળ વર્ષાદ પડવાથી ખેડુતો રળિયાત થયા, ને બધી જાતનું અનાજ "સારી પેઠે પાક્યું; એટલે ગયા વર્ષનો અને ચાલતા વર્ષનો રાજભાગ રાજાને "આપવાને લોકો આવ્યા. ચડેલું લેવાને **ભીમ**દેવે ના કહી, પણ ખેડુતોની "પ્રાર્થના કરવા ઉપરથી, બંને પક્ષકાર રાજી રહે એવો ઠરાવ કરવાને ખેડુ- "તોના સંબંધમાં પંચ ઠરાવવાની છેવટે તેણે હા કહી. પંચે ઠરાવ કર્યો કે "બન્નેને વર્ષની ઉપજનો ભાગ રાજાને હસ્તગત કરવો ને **મૂળરાજ** કુંવરના "સુખને અર્થે ત્રિપુરુષપ્રાસાદ નામનું દેવાલય બંધાવવાના કામમાં તે વાપરવો."

દ્વયાશ્રયનો કર્તા લખી ગયો છે કે, **ભીમ**દેવે પોતાના રાજ્યની સમા- પ્તિની વેળાએ, **મૂળરાજ** જે **સોલંકી** વંશનો પ્રથમ રાજા થયો તેની અને તેના બીજા પૂર્વજોની રીતિ પ્રમાણે, પોતાના પાટવી કુમાર **ક્ષેમરાજ**ને રાજ્ય સોંપીને સ્વર્ગ મેળવવા સારૂ તપશ્ચર્યા કરવાનો અભિપ્રાય જણાવ્યો પણ **ક્ષેમ**-

રાજ, આપવા ધારેલી સત્તા લેવાની ના કહીને બોલ્યો: "હું આપનાથી વિખુટો પડવાનો નથી, પણ હું આપના એકાન્ત વાસમાં આપની સાથે આવીશ." કેટલીક રકઝક થયા પછી ભીમદેવ અને ક્ષેમરાજે મળીને કર્ણને ગાદી ઉપર બેસાર્યો, અને બંને ત્યાગી થયા. પછી તરત જ ભીમદેવ સ્વર્ગવાસી થયો.

ક્ષેમરાજને પોતાના પિતાનો વિયોગ થયો તેથી દુઃખ પામીને સરસ્વતીને કિનારે મુન્ડિકેશ્વર (મંડુકેશ્વર) નામે પવિત્ર સ્થાન છે ત્યાં જઇને રહ્યો; આ સ્થાન દાધસ્થલી અથવા દેથલી નામે ગામ છે તેથી બહુ આઘે નથી, માટે આ ગામ ક્ષેમરાજના કુંવર દેવપ્રસાદને કર્ણરાજાએ એટલા માટે આપ્યું હતું, કે ત્યાં વસવાથી પોતાના પિતાના વાનપ્રસ્થ આશ્રમમાં તેની સેવા કરવાને બની આવે.

પ્રકરણ ૭.

રાજા કર્ણ સોલંકી—મયણલ્લદેવીનો રાજ્યકારભાર—

(ઈ. સન. ૧૦૭૨ થી ૧૦૯૪)

સિદ્ધરાજ.

રાજા કર્ણ રાજ્ય કરતો હતો તેવામાં (ઈ૦ સ૦ ૧૦૭૨[1]થી ૧૦૯૪) પરભાર્યા લોકોના ભણીથી ગૂજરાતમાં લડાઇયો ચાલી નહોતી; એમ કહેવાય છે કે, એની પહેલાં થઈ ગયેલા રાજાઓએ, પોતાના ખંડિયા રાજાઓ ઉપર ચડાઇયો કરવા માંડેલી, તે આ રાજાએ ચાલતી રાખી, પણ આસપાસના સત્તાવાન્ રાજાઓ સાથે તેણે લડાઈ કરી હોય એવું લખેલું નથી. તથાપિ કર્ણને આવો પ્રસંગ મળ્યો તેથી મેવાસનો ઉજ્જડ અને પેસાય નહિ એવો દેશ તાબે કરી લેઇને પોતાના રાજ્યનું બળ દૃઢ કર્યું.

સામાન્ય રીતે એવું માનવામાં છે કે, ઘણા પ્રાચીન કાળથી ગૂજરાતમાં જંગલી લોકો વસતા હતા, તેમના વંશજ હજી જોવામાં આવે છે, તેઓનો બધો દેખાવ એક બીજાને મળતો આવે છે, પણ તેઓનો ધર્મ અથવા રાજ્યનો પ્રકાર કેવો હતો તે વિષે કથારૂપ વૃત્તાન્ત પણ થોડો જ મળેલો છે. બિશપ હેબરના અભિપ્રાય પ્રમાણે તેઓ પશ્ચિમ અને મધ્ય હિન્દુસ્થાનના મૂળ રહેવાસી હતા

૧ સંવત્ ૧૧૨૮ ના ચૈત્ર વદિ ૭ સોમવાર, હસ્ત નક્ષત્ર, મીન લગ્નમાં રાજ્યાભિષેક થયો એમ મેરૂતુંગ લખે છે. ર. ઉ.

એમાં કશો વાંધો નથી, અને બ્રાહ્મણનો ધર્મ પાળનારા લોકો, પછીથી તે ગમે ત્યાંથી આવ્યા, પણ તેનના આક્રમણથી તેઓ પોતાના કિલ્લાઓમાં ભરાઈ પેઠા, અને તેમનું દુઃખદાયક અને નિરૂપાય જીવતર થઈ ગયું; "આ વાત રજપૂત લોકો "તેમની મેળે ખરી રીતે માન્ય કરે છે અને તેમના કથારૂપી ઇતિહાસમાં પણ "કબુલ કરે છે કે તેમનાં ઘણાં ખરાં મુખ્ય મુખ્ય નગરો અને કિલ્લા ફલાણા ફલાણા ભીલ સરસૂબાએ વસાવ્યાં હતાં અને તેમની પાસેથી સૂર્ય વંશિયોએ જિતી લીધા હતા." ભાટ લોકો ક્હે છે કે, ઊત્તાનપાદ જે કોઈ ઋષિના શાપથી મરણ પામ્યો હતો તેના વંશમાં વેણ થયો, તેના શરીરમાંથી ભીલ અથવા કૈયો ઉત્પન્ન થયો હતો તેનાથી તેઓની એક શાખા ચાલી. કૈયો આબુની આજુબાજુના વગડાઓમાં રાજ્ય ચલાવતો હતો, તેણે એક છોકરો મૂક્યો હતો તેનું નામ અજાનબાહુ હતું, તે ઘણો બળવાન્ હતો અને તે પણ એના બાપવાળા પ્રાન્ત ઉપર જ રાજ્ય ચલાવતો હતો. તેનાથી ગોહો થયો તે તારક અથવા ખારવાનો ધંધો કરતો હતો, અને જ્યારે રામે પ્રથમ અયોધ્યા છોડ્યું ત્યારે એને ઘેર વાસો કર્યો હતો, ગોહાથી બધા ભીલ લોકોની ઉત્પત્તિ થઈ. ત્યાર પછી તેઓની દશ શાખાઓ થઈ.

મહાભારતમાં લખ્યું છે કે, કૈયાની જાત ગૂજરાતમાં વશી હતી. મત્સ્યનગર અથવા વૈરાટપુર, જેની જગ્યાએ હવણાં ધોળકા કસબો છે એવું માનવામાં છે, ત્યાંના વૈરાટ રાજા પાસે જ્યારે પાંડવો જઇને રહ્યા, ત્યારે સુદિષ્ણા નામે કૈયા જાતની રાણી તેમના જોવામાં આવી હતી, અને તેના ભાઈ કૈયા કીચકે દ્રૌપદી ઉપર બળાત્કાર કરયો એટલા માટે ભીમ પાણ્ડવે તેનો જીવ લીધો હતો. આ કૈયા વિષે એવું લખ્યું છે કે, તે પોતાની જાતિના લોકો સાથે રહી, સર્વ લડાઇમાં જિત મેળવીને, અને રાજા દુર્યોધન અથવા તેના મિત્ર સુશર્માના તાબાના ત્રિગર્ત[1] દેશનો નાશ કરીને તરત જ પાછો આવ્યો હતો.

માન્ધાતા રાજાના બાપ યૌવનાશ્વથી કોળી લોકોની ઉત્પત્તિ થઈ એવું ઉપરના સરખું નહિ માનવાજોગ કથન ચાલે છે. તેઓનો પૂર્વજ કોળી હતો, તેને એક ઋષિએ વગડામાં ઉછેર્યો હતો, તે હમેશાં જંગલમાં રખડી ખાતો. ભાટ લોકો ક્હે છે કે, તેના વંશજ જો કે તે વસ્તીમાં થોડા જ ઉપયોગના હતા તો પણ જંગલમાં સિંહના જેવા હતા. આ કોળી લોકો સિંધુ નદીની પડોશમાં દરિયા કિનારે ઘણાકાળ સુધી રહ્યા, પણ હિંગળાજ માતા તેઓને નળ પાસેના દેશમાં લાવી, અને તેઓ પોતાની સાથે બિરડ નામે બીજ લાવ્યા તે એવું હતું કે દુકાળની વેળામાં પણ અફળ જાય નહિ. આ વેળાએ આ લોકો મ્હેર

૧ હવણાંનું તિર્હુત જે નેપાળની દક્ષિણે છે.

તેમ જ કોળી કહેવાતા હતા, અને સોનંગ મ્હેર તેઓનો ઉપરી હતો. તેને બાર છોકરા હતા, તેમાંથી દરેક, એકેકા કુળનો ઉપરી કહેવાયો. મ્હોટો છોકરો નરવાન કરીને હતો તે નળ બાવલીમાં જઇને વશ્યો. ત્યાં હિંગળાજ દેવિયે પોતાને માટે બંધાવેલા દેવલમાં નિવાસ કરચો હતો. આ દેરૂં હવણાં નથી પણ નળમાંના એક બેટ ઉપર તેનું સ્થાન બતાવવામાં આવે છે, ત્યાંનો એક આરો હવણાં હિંગળાજનો આરો[1] કરીને કહેવાય છે. બીજો છોકરો ધન મ્હેર અથવા ધાંડ હતો, તેણે ધંધુકા વસાવ્યું, તે ઘણાં વર્ષ સુધી તેના વંશજોના કબજામાં રહ્યું, અને તે એટલો બધો બળવાન્ થયો કે પોતે રાજાનું પદ ધારણ કરી લીધું. "તેની પાસે પંદર હજાર પાળા હતા, અરાડ હજાર "અશ્વાર હતા, અને તેના કિલ્લા આગળ આઠ હાથિયો માથાં ઝોકાવતા હતા." બીજા ભાઇઓને દરેકને એકેકું ગામ હતું. ભાટ કહે છે કે, આ સમયે ગૂજરાતમાં ભારે વસ્તી નહતી, પણ મ્હોટો વગડો હતો તેથી ભીલ અને કોળિયોથી નિર્ભયપણે રહી શકાતું હતું. તેઓ હાલની પેઠે તે વેળાએ પણ લુંટ કરવાનો વંશપરંપરાનો ધંધો જ લઈ બેઠા હતા, અને પોતે પોતાની મેળે "રાત્રિના દૂત" (નિશાચર) ગણે છે તેવા જ હતા. આ જંગલી જાતના લોકોને દાબમાં રાખવા સારૂ, ગૂજરાતના રાજા કર્ણ સોલંકિયે પોતાનું ધ્યાન પ્હોંચાડવાની આગેવાની કરી હતી. તેમ જ એના આજ સુધી થયેલા ક્રમાનુયાયિયોને એ સંબંધી થોડી ઘણી કાળજી રાખવી પડી છે.

લૂટારૂ જાતિને વારે વારે લપાઈ રહેવાનાં રહેઠાણોમાંનાં મુખ્યમુખ્ય રહેઠાણ, કચ્છના ન્હાના રણની પૂર્વ ભણીથી તે સાભ્રમતી સુધીના દેશમાં હતાં. આશો ભીલ, જે ભીલોનો આગેવાન હતો તે, આશાપલ્લીમાં રહેતો હતો, હવણાં તે આશાવળ કહેવાય છે અને અમદાવાદ શહરની પાસે છે. એ ભીલ ઉપર કર્ણ રાજાએ ચડાઈ કરી હતી એવું કહેવાય છે. તે સમયે અગણિત કામઠીવાળાની સેના તેની સાથે હતી એમ છતાં પણ તે ભીલ હારચો અને કર્ણને હાથે મરાયો. કર્ણને અહિં સારાશકુન[2] થયા એટલા માટે

---

૧ બોંબે બ્રાન્ચ આવ ધી રોયલ એશિયાટિક સોસાઈટીનું પુસ્તક. ૫મું પૃષ્ટ ૧૧૩.


૨ કર્ણ સોલંકી, નગર વસાવવાનું સ્થાન નક્કી કરવા ઘોડે બેશી નીકળ્યો ત્યારે તેની સાથે એક શિકારી કૂતરો હતો તેની પછવાડે સસલાં પડ્યાં ને તે નદીની સામી બાજુએ પાણીમાં થઇને નાઠો, તે જોઈ સસલાંને મારવા કર્ણે તેમની પછવાડે ઝોંકાવી નદીમાં સસલાં હતાં તેમના ઉપર તરવારનો ઘા કરયો, તો તરવારનું પાનું જેટલા ભાગમાં પાણી અડ્યું હતું તેટલા ભાગમાં ગળી ગયેલું જણાયું. સાથે ભોમિયો હતો તેને કારણ પૂછતાં તેણે જણાવ્યું કે આ સ્થાનનો મહિમા એવો છે કે, સસલાં કૂતરાંને હંફાવે છે અને અહિંનું પાણી એવું પાચનકારક છે કે લ્હોડાને પણ ગાળી નાંખે છે. ર. ઉ.

કોચરવ દેવનું તેણે એ ઠેકાણે દેરૂં બંધાવ્યું. અમદાવાદની પાસે, નદીને કાંઠે એક આવા નામની જગ્યા છે તેથી હજી સુધી ઓળખાઈ આવે છે. મેરૂત્તુંગ (પ્રબંધ ચિંતામણિનો કર્ત્તા) લખે છે કે, આ ઠેકાણે રાજાએ જયવંતી દેવીનું એક દેવલ બંધાવ્યું હતું, અને પોતાના ઇષ્ટદેવ કર્ણેશ્વર તથા કર્ણમેરૂપ્રાસાદને નામે બે દેવળો ચણાવ્યાં હતાં, તેમ જ કર્ણસાગર નામનું એક સરોવર બંધાવ્યું હતું, અને વળી, કર્ણાવતી નામે એક નગરી વસાવીને તેણે તે પોતાનું રહેવાનું ઠેકાણું કર્યું હતું. કર્ણાવતીની[1] જગ્યા તો, નિશ્ચય થાય એવી રીતે ઠરાવી શકાતી નથી. પરંતુ કર્ણસાગર નામના મહાન્ સરોવરનું ખરેખરૂં સ્થાન નક્કી કરવાને કશો શક રહ્યો નથી. અણહિલપુર પાટણની દક્ષિણમાં થોડે મૈલને છેટે, મોઢેરા શહરની પાસે એક ગામડું છે તે હજી સુધી કર્ણસાગર કહેવાય છે, તેની સીમમાં મહાન્ સરોવરની ભાંગી ગયેલી નિશાનિયો છે, અને આસપાસનાં ગામડાંનાં લોકો તેને દસ મૈલનું તલાવ કરીને કહે છે. વળી તે સિદ્ધરાજના બાપ, ભલા માણસ કર્ણનું તે છે એવી હજી સુધી ત્યાંના લોકોમાં દંતકથા ચાલે છે.

રાજા સરખાને ઘટિત એવી એ યોજના હતી, અને, કદાપિ બાંધણીના ભાગનું હવણાં થોડું જ કંઈ રહેલું છે તો પણ તે યોજના કેવા પ્રકારની હતી તેનો સાફ રીતે પત્તો લાગી શકે એમ છે. ખેરાલુની પેલી પારના ડુંગરમાંથી રૂપેણ નદી વેહેતી આવે છે તેનો રણ ભણી ચાલતો પ્રવાહ આ ઠેકાણે રોકી લીધો હતો તેથી તેનું સર્વ પાણી કર્ણસાગરમાં એકઠું થતું હતું. યોજના કર્યા પ્રમાણે કામ નહિ બની શક્યું હતું એમ નહતું; કેમકે સેંકડા પછી સેંકડાં વહી ગયાં, વનરાજના વંશની વિસ્મૃતિ થઈ ગઈ, મુસલમાનોએ દેશ


---

૧ કર્ણની પછવાડે મુસલમાન ક્રમાનુયાયી શાહ અહંમદ થયો તેનું શહર હવણાં જ્યાં છે તેની જગ્યા ઉપર કર્ણનું નગર હશે એવો સંભવ છે. કોચરવ અને આશાવળીના નામથી આ જગ્યાનું ભાન થાય છે. અને જે ઠેકાણે હવણાં અમદાવાદ છે તે ઠેકાણે જૂનું હિંદુ નગર હશે એમાં શક નથી. મુસલમાની કથામાં શાહ અહંમદની સાથે આશાવળીનાં નામ મેળવ્યાં છે તે કદાચિત્ રાજા કર્ણની જૂની વાતને લાગુ પાડીને મેળવી દીધાં હશે. હવણાંના હિન્દુઓમાં અને જૈન પુસ્તકો અને લેખોમાં અમદાવાદને શ્રીનગર કરીને લખવામાં આવે છે. જેમકે, અમદાવાદની પાસે "દાદા હરિની વાવ કહેવાય છે તે ઈ. સ. ૧૫૦૦ માં બેગડાના ઘરમાંની એક સ્ત્રી નામે બાઈ હરિએ બંધાવી છે. તેના ઉપરના લેખમાં લખ્યું છે કે' "શ્રીનગરની ઈશાણ કોણમાંના હરિપુરમાં એ વાવ છે." શ્રીનગરનું નામ વળી સિદ્ધરાજના રાજ્યના વર્ણનમાં આવેલું આપણા જોવામાં આવે છે. એ ખરી વાત છે કે શ્રીનગર એ માત્ર ઉપમાનું નામ છે, એનો અર્થ એવો થાય છે કે, રિદ્ધિસિદ્ધિવાળું નગર અથવા શહર.



મોઢેરાના દેવળનો દ્વારમંડપ

પૃ. ૧૪૦



મોઢેરાના દેવળની સામેનો કુંડ

પૃ. ૧૪૧

રાજા દરબારમાં જઇને બેઠો કે તરત જ ચોપદારે આવીને તેને કહ્યું કે, એક છબી ચીતરનારો, ઘણા દેશોમાં પ્રવાસ કરતો કરતો આવી આપણે દરવાજે ઉભો છે, અને આપની હુઝરમાં આવવાની આજ્ઞા માગે છે. રાજાએ આવવા દેવાની હા કહી, એટલે ચીતારાને દરબારમાં આણી રજુ કરયો; તેણે આવતાં વાંત જ, રાજાને નમન કર્યું, અને નીચે બેશીને બોલ્યો: "અહો! મહારાજા, આપની કીર્ત્તિ દેશેદેશ જઈ પુહોંચી છે, તેથી ઘણા લોકો આપના "વિષેનો જ વિચાર કરે છે, અને આપનાં દર્શન કરવા ઘણા આતુર થાય "છે; મારા મનમાં પણ ઘણા દિવસથી એવી જ ઇચ્છા હતી." એવું કહીને ચીતારાએ રાજાના મુખ આગળ છબિયોનો કાગળ મૂકયો. તેમાં એક રાજાના મ્હોં આગળ **લક્ષ્મી** નાચતી ચીતરી હતી, અને તેની એક બાજુએ એક કુમારિકાનું ચિત્ર આલેખ્યું હતું તે લક્ષ્મીના કરતાં પણ ઘણું જ સુંદર હતું. રાજાએ ચિત્ર જોતાં જ પેલી કુમારિકાના ચિત્રનાં અત્યંત વખાણ કર્યાં અને તે કેઈ જાતિની છે તે વિષે પૂછપરછ કરી. ચીતારાએ ઉત્તર આપ્યું:

"દક્ષિણમાં **ચન્દ્રપુર** નામે એક નગર છે. તેનો રાજા **જયકેશી**[૧] છે, તેની "આ કુમારી છે, એનું નામ મીનલદેવી[૨] છે. તે તેની યુવાવસ્થામાં છે. ઘણા "રાજકુંવર એને વરવાને ઇચ્છે છે પરંતુ કોઇનું માગ્યું તે માન્ય કરતી નથી. તેનાં "સગાંવ્હાલાંએ તેને કહ્યું કે, તારી યુવાવસ્થાના દિવસ વહી જાય છે માટે "તું પરણવાની હા કહે. આ ઉપરથી, પોતાને મહા ગુણનો ભરેલો વર મ"ળે એટલા માટે તે ગૌરીની પૂજા કરવા લાગી. બૌદ્ધ પંથના જતિઓ જે "પોતાનું માથું અને દાઢી મુંડાવે છે તેઓએ પણ ઘણા રાજકુમારોની છબિ"યો ચીતરીને તેને બતાવી. પછીથી કોઈ અતિ કુશળ ચીતારો **ચન્દ્રપુર** "આવ્યો તેણે રાજકુંવરીને આપની છબી બતાવી, તે જોતાં વાંત જ મનમાં "પ્રસન્ન થઈ ગઈ. અને પોતાની માતાને કહ્યું કે, મેં તો કર્ણરાજાને વરવાને "પસંદ કર્યા છે. ઉત્તરમાંથી ઉડતા પક્ષિયો આવે છે તેઓ તમારી પાસેથી "આવ્યા હશે એમ જાણી તેઓને પૂછે છે. તમારી સાથે પરણવાની તેની ઇચ્છા "ત્વરાથી પૂર્ણ થતી નથી, તેથી તે ખાતી નથી, ને પીતી પણ નથી. તે "ગ્લાની પામી ગઈ છે, એટલા માટે તેણે મને છાનોમાનો તમારી પાસે "મોકલ્યો છે, અને **જયકેશી** રાજાની પણ એમાં ખુશી છે." આ પ્રમાણે કહીને ચીતારાએ સોનું, રત્ન અને બીજી જે કંઈ ભેટ **જયકેશિયે** આપી હતી

૧ બીજી જગ્યાએ **જયકેશીને** કર્ણાટકનો રાજા **શુભકેશી** જે દાવાગ્નિમાં બળી મૂવો તેનો પુત્ર કરીને લખ્યો છે.

૨ સંસ્કૃતમાં એનું શુદ્ધ નામ **મયણલ્લદેવી** છે. ૨. ઉ.

તે મુખ આગળ મૂકી. કર્ણ રાજાએ તે સ્વીકારી અને રાજકુમારીને પરણવાની તેના મનમાં ઘણી ઉત્કંઠા થઈ.

તરત જ પછી કુમારીને **કર્ણ** રાજા સાથે પરણાવવા સારૂ **અણહિલ**પુર પાટણ લાવ્યા. રાજાએ પણ માન્ય કરવા પ્રમાણે તેનો ઘણો સત્કાર કર્યો અને તેને પટ્ટરાણી કરી સ્થાપી. તથાપિ **મ**યણલ્લદેવીનાં વખાણ સાંભળીને રાજા જે મોહિત થઈ ગયો હતો તેને હવે તે ઘણી જ કદરૂપી જણાવા લાગી.[1] અને અગર જો તેણે પરણેતર માન્ય કરીને પોતાનું વચન પાળ્યું તો પણ સંસારવ્યવહાર ચલાવવાની તેણે ના પાડી. અને પોતાની આંખોથી પણ તેને પૂરી નિહાળી નહિ. પોતાના પતિના આવા નિશ્ચયને લીધે **મ**યણલ્લદેવીને ઘણું દુઃખ થયું, તેથી પોતાની દાસિયો સહિત અગ્નિમાં બળી મરીને કર્ણરાજાને માથે હત્યા ચોંટાડવાને તૈયાર થઈ. કર્ણની માતા ઉદયામતી પણ પોતાની વહૂનું દુઃખ જોઈ શકી નહિ એટલે તે કહેવા લાગી કે, હું પણ એની સાથે મારો પ્રાણત્યાગ કરું છું. તેની પ્રજા પણ તેના ઘાતકીપણાની ખુલ્લે મ્હોંડે વાતો કરવા લાગી, અને કહેવા લાગી કે, ગાદીને શોભાવનાર વારસ થાય તેવો મળવાની જોવડે કરીને આશા અને તેથી વળી રાજ્યની દ્દઢતા પણ થાય એવું છતાં, રાજા ના કહે છે તે ઠીક કરતો નથી. આવું કહેતાં છતાં પણ રાજાને કશી અસર થઈ નહિ, અને જેવી ઠગાઈ **ટામરે જુડાહ** ઉપર કરી, અને **મે**રિયાનાએ (કવિ કહે છે તે પ્રમાણે) **એન્જે**લોના ઇચ્છા વિનાના પ્રેમ પ્રતિ કરીને બલાત્કાર કર્યો તેવાં પ્રકારની ઠગાઇથી જો તે ઠગાયો હોત નહિ તો તેને પોતાની માનો અને સ્ત્રીનો છેવટ સુધી આગ્રહ અને પ્રજાની આતુરતા એઓની પરીક્ષા કરવાનો તેનો અભિલાષ પરિપૂર્ણ થયો હોત નહિ.

નમુંજાલા નામે એક ઘણી સુંદર [2]**ન**ટી સાથે રાજા પ્રેમમાં લુબ્ધાયો!

---

૧ **દ્વયાશ્રયમાં** લખ્યું છે કે, **મયણલ્લાનું** રૂપ જોઈ રાજા **પ્રસન્ન** થયો. રાજાને પરણ્યે ઘણાં વર્ષ થયાં પણ પુત્ર થયો નહિ તેથી તેણે ઘણાં વ્રત કર્યાં ને લક્ષ્મી દેવીની ઉપાસના કરી. લક્ષ્મીદેવિયે **પ્રસન્ન** થઈ પુત્ર થવા વરદાન આપ્યું તેથી જયસિંહ નામે કુંવર થયો.

૨ **વિ**હ્લણ અથવા **બિ**હ્લણ નામે કવિ **કાશ્મીર**નો રહેવાશી હતો. તે ફરતો ફરતો **અણહિલવાડ**માં આવ્યો, તે વેળાએ **કાશ્મીર**માં **અનંતદેવ**નો કુમાર **કળશદેવ** રાજ્ય કરતો હતો. આ કવિ ત્યાંથી નીકળીને પ્રથમ **મ**થુરા, વૃંદાવન, કાન્યકુબ્જ, **કાશી**, પ્રયાગ, અયોધ્યા, ડાહલ, ધારાનગર, ગૂર્જરદેશ, સોમનાથપત્તન અને સેતુબંધ સુધી ફર્યો હતો. એ જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં એને કવિ લેખે માન મળ્યું હતું. દક્ષિણ દિશાનું આભૂષણ અને **ચૌલુક્ય** વંશના રાજાની રાજધાની **કલ્યાણ** નગરમાં તે આવ્યો,

એટલે તેને એકાન્તમાં મળવાનો સંકેત કર્યો. આ વાત એના એક **મુંજાલ** નામે પ્રધાનના જાણવામાં હતી તેથી તેણે નટીને સાટે **મયણલ્લદેવીને**

ત્યારે ત્યાં **કર્ણાટક** દેશનો અધિપતિ **ચૌલુક્ય** વંશનો **ભૂષણ** એવો **કુન્તલેન્દુ** અથવા જેનું બીજું નામ **ત્રૈલોક્યપદ્મ** હતું તેણે અને તેના કુમાર **વિક્રમાંકદેવે** તેનો સારો આદરસત્કાર કરીને રાખ્યો, અને ઘણા પ્રકારની સંપત્તિ સાથે વિદ્યાધિપતિની પદવી આપી. આ ઠેકાણે તેણે **વિક્રમાંકદેવ ચરિત** નામનું મહાકાવ્ય રચ્યું છે. તેમાંથી ઉપર પ્રમાણે વૃત્તાન્ત નીકળે છે. **વિહ્લણ ચરિત*** નામનું ખંડ કાવ્ય છે, તેમાં એને માટે નીચે પ્રમાણે વૃત્તાન્ત આપ્યો છે. ગુર્જરદેશમાં **અણહિલપત્તન** નામના નગરમાં વૈરીસિંહ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેની રાણી, **અવન્તિ** ભૂપાલની કુમારી સુતારા (સુનારી) હતી, તેને **શશિકલા** નામની કન્યા હતી, તેને ભણાવવાને માટે એ કવિને રાખ્યો. કેટલેક સમયે બંનેને પ્રીતિ બંધાઈ, કેમકે, પ્રથમ ભવે તે બંને દંપતિ હતાં. રાજાના જાણવામાં આ વાત આવવાથી તેણે વિહ્લણને શૂળિયે ચડાવાની આજ્ઞા કરી, પણ શશિકલાએ પોતાની માતા પાસે સર્વ વૃત્તાન્ત કહીને તેની પછવાડે મરવાની ઈચ્છા બતાવી એટલે તેણે રાજાને સમજાવ્યો તેથી રાજાએ તેની વાત માન્ય રાખીને પોતાની કુંવરી **વિહ્લણ** વેરે પરણાવી.

આ વૃત્તાન્ત માન્ય રાખવા યોગ્ય નથી, કેમકે, **વિહ્લણ** ઈ. સ. ૧૧ મા શકના ઉત્તરાર્ધમાં **કાશ્મીર** છોડીને **અણહિલપત્તનમાં** આવેલો છે, તે વેળાએ **ભીમદેવનો** કુમાર **કર્ણરાજા** રાજ્ય કરતો હતો. (ઈ. સ. ૧૦૭૨) **વૈરીસિંહ** નહતો, કેમકે **ચાપોત્કટ** વંશમાં ઉત્પન્ન થયેલો **વૈરીસિંહ** તો ઈ. સ. ૯૨૦ માં દેવ થયો હતો, માટે કર્ણના સમયમાં તે ગૂજરાતમાં આવ્યો હતો એ વાત સિદ્ધ છે.

મયણલ્લદેવી કર્ણને ગમતી ન હતી અને એક નટીના ઉપર તેનો પ્રેમ બંધાયો હતો, તેનો યોગ કરાવવાની યુક્તિમાં તેને ઠેકાણે પ્રધાને **મયણલ્લદેવીને** દાખલ કરી દેતાં, **સિદ્ધરાજ જયસિંહની** ઉત્પત્તિ થઈ છે, એ વાતનો પ્રસંગ લઇને **વિહ્લણે** **કર્ણસુન્દરી** નાટિકા રચેલી જણાય છે. તેની વસ્તુ નીચે આપવામાં આવે છે તેથી જાણવામાં આવશે!

એક સમયે કર્ણ, **ચંદ્રચૂડેશ્વર** મહાદેવનું પૂજન કરતો હતો તેવામાં આકાશમાર્ગે ગંધર્વકન્યાઓ વિચરતી હતી, તેમાંથી એક શિવલિંગ ઉપર થઇને પસાર થઈ, તેથી તેના પુણ્યનો ક્ષય થતાં તે ભોંય ઉપર પડી ગઈ. રાજા પરિક્રમણ કરવા જતાં આ સુન્દરીને દીઠી, એટલે મોહિત થયો. પણ પોતાનું પૂજન પરિપૂર્ણ થતા સુધી તેણે પોતાનું મન વશ રાખ્યું. આ સમયે રાણીની પરિચારિકાઓ હાજર હતી તે સુન્દરીને રણવાસમાં લઈ ગઈ. રાજા પૂજનથી પરવાર્યા પછી જોવા ગયો તો સુન્દરી દીઠી

---

* **સોર** અથવા **સુન્દર** કવિકૃત 'સુરત પંચાશિકા' જે 'સોર પંચાશિક' પણ કહેવાય છે. એનો કર્તા **સુન્દર** કવિ હતો એવો પણ લેખ છે. આ ૫૦ શ્લોકનું દ્વિઅર્થી કાવ્ય છે. એક અર્થ રાજકુંવરીને લાગુ પડે છે અને બીજો દુર્જનને લાગુ પાડવામાં આવે છે.

અડાવી દીધી. કર્ણ જાળમાં સપડાયો, રાણી સગર્ભા થઈ, તેણે એંધાણીને માટે પોતાના પતિની રાજમુદ્રા યુક્તિબન્ધ મેળવી લીધી કે આગળ ઉપર વાંધો પડે તો કામમાં લાગે. રાજાના જાણવામાં નહી જ હતી તેથી પછવાડેથી તેને ઘણો પશ્ચત્તાપ થયો, અને બ્રાહ્મણની સલાહ પ્રમાણે પીતળની સાત

નહિ, પણ રાત્રે તેને તેનું સ્વપ્ન લાગ્યું અને પૂર્ણ પ્રીતિનો પ્રસંગ આવતાં તે જાગી ગયો, એટલે એના અંકુર રાજામાં રહી ગયા. તેના અમાત્ય સંપત્તિકરના જાણવામાં હતું કે ગંધર્વ કન્યા મળે તો રાજા ચક્રવર્તી થાય તેથી તેવી સ્રીના શોધમાં રહેવા, અને તેની સાથે રાજાનો યોગ કરાવવા તેણે પોતાના પ્રણીધિને સૂચવી રાખ્યું હતું. એટલે પેલી સુન્દરીનું ચિત્ર રાજાના શરદુદ્યાનના લતામંડપની એક ભીંત ઉપર ચીતરી રાખ્યું હતું, તે રાજાના જોવામાં આવે છે અને વિદૂષક સાથે ગુપ્ત વાતોનો વિનોદ ચલાવે છે. એટલામાં દેવી (રાણી) ત્યાં આવી પૂહોંચે છે અને સુન્દરી વિષેની વાતો થતી સાંભળે છે. વળી સુન્દરીનું ઢાંકેલું ચિત્ર તેના જોવામાં આવે છે એટલે રીસાઇને જતી રૂહે છે.

બીજા અંકમાં રાજા રીસાયલી રાણીને મનાવે છે. અને વિદૂષકને કૂહે છે કે, જે સ્રીમાં મારૂં ચિત્ત પેઠું છે, તે સ્રી મારા વિષે અનુકૂળ છે કે નહિ તેનો તપાસ કર, વિદૂષક તે પ્રમાણે કરે છે તો, અંતઃપુરમાં તેને સંતાડી રાખેલી વિરહાકુળ સ્થિતિમાં આવી પડેલી તેને જણાય છે. તે વાત તેણે કર્ણને કહી પછી કર્ણ શરદુદ્યાનમાં ચિત્ર જોઈ મનનું સમાધાન કરવા જાય છે, પણ રાણિયે તે ચિત્ર ઘશી નાંખ્યું હતું, તેથી રાજાને તે પણ જોવાનું બન્યું નહિ એટલે ખેદ પામે છે. આણી તરફ સુન્દરીને પણ અતિશય વિરહાગ્નિ વ્યાપી રહેલો હોતાં બાગના કુંડમાં નહાવા માટે સખિયો સહિત જાય છે, અને પોતાની સ્થિતિ તેમને જણાવે છે. પણ છેવટે તે સ્થાને ફાંસો ખાઇને મરવાને પ્રવૃત્ત થાય છે. એટલામાં વિદૂષક રાજાને લઇને ત્યાં આવે છે અને તેને મરતી ઉગારે છે. ત્યારે એક બીજાને વાતો કરવાનો પ્રસંગ આવ્યો. આ પ્રમાણે જ્યારે ઓચિંતી ત્યાં રાણી આવી પૂહોંચે છે એટલે રંગમાં ભંગ થાય છે.

ત્રીજા અંકમાં, સુન્દરી રાજા ઉપર પ્રેમપત્રિકા લખીને મોકલે છે, તે લઈ જનાર સખી, જઇને રાણીને આપે છે, અને જે સંકેતસ્થાનમાં એક બીજાએ મળવું એવું પત્રિકામાં લખ્યું હતું તે સ્થાને રાણી પોતે, સુન્દરીનો વેશ પૂહેરીને જાય છે, અને રાજાને પેલી પત્રિકા પૂહોચાડી દે છે એટલે તે વાંચીને રાજા પણ ત્યાં આવે છે. રાત્રીનો અંધારાનો સમય હોતાં રાજા તેને સુન્દરી માને છે અને તેનાં વખાણ અને રાણીની નિંદા કરે છે. તે પ્રસંગ જોઇને રાણી છતી થાય છે, એટલે તેની પાસે રાજા ક્ષમા માગે છે, પણ તેનો તિરસ્કાર કરીને દેવી ચાલી નીકળે છે.

ચોથા અંકમાં, અમાત્યને ચિન્તા થાય છે કે, ગંધર્વ કન્યા આવી છતાં, રાજાની સાથે તેનો વિવાહ થઈ શકતો નથી; અને તે રાણીની ઈચ્છા વિના બની શકે એમ નથી તેથી તે રાણીને કૂહેવા લાગ્યો કે, આપે ત્રણ વેળા રાજાનું અપમાન કરીને તેમને ક્રોધાયમાન કર્યા છે માટે તમારે તેમને મનાવવા જોઇયે. ઘણું સમજાવતાં પણ

ઉન્હી ધીકાવેલી [૧]મૂર્ત્તિયોને બાઝવાનું ભયંકર પ્રાયશ્ચિત્ત કરવાને રાજા તૈયાર થયો. પ્રધાને પછી, તેને યુક્તિથી ઠગ્યો હતો તે વાત કહી દીધી. આ પ્રમાણે મયણલ્લદેવી, પ્રતાપવંત સિદ્ધરાજ જયસિંહદેવની માતા થઈ, અને તેનો જન્મ પાલણપુરમાં થયો.

સિદ્ધરાજના પિતા કર્ણે, વિષ્ણુમાં પોતાના વિચાર રમમાણ કરીને ઈન્દ્રપુર(સ્વર્ગ)માં વાસ કર્યો [૨] ત્યારે તે છેક બાળક હતો. તેની બાલ્યાવ-

---

રાણી માનતી નથી. ત્યારે અમાત્યે તેને એમ સમજાવી કે, આપનાં બ્હેનનો પુત્ર વયે અને આકારે સુન્દરીના જેવો છે તેને સુન્દરીનાં આભૂષણ અને પોષાક પ્હેરાવીને રાજા વેરે પરણાવીને તેમને રાજી કરો. આ પ્રમાણે રાજાની મશ્કરી કરવાનું રાણીને ગમ્યું અને અમાત્યના કહેવા પ્રમાણે ગોઠવણ કરી. અમાત્યે પણ રાણીને ઠગી અને પેલા છોકરાને અંતઃપુરમાં વેષ પ્હેરાવાને મોકલ્યો અને તેને બદલે સુન્દરીને આણીને રાજા વેરે પરણાવી દીધી. પછવાડેથી કપટની વાત રાણીના જાણવામાં આવી પણ તેને ખરું કારણ સમજાવ્યું, એટલે તે પણ સંતોષ પામી.

વિવાહવિધિ પરિપૂર્ણ થયો એટલે ગર્જનનગર જિતવાને માટે કુચિકને મોકલ્યો હતો. તેની પાસેથી પ્રધાન વીરસિંહ આવીને જય મેળવ્યાના સમાચાર કહે છે. એ પ્રમાણે નાટિકાની સમાપ્તિ થાય છે. આ નાટિકા ત્યાંના મહામાત્ય સંપત્કર જે સાન્તૂના નામથી જાણીતો હતો. તેની સૂચનાથી અણહીલપુરમાં આદિનાથની યાત્રાના મહોત્સવમાં ભજવી બતાવવા માટે રચી હતી. ૨. ઉ.

૧ સિદ્ધરાજ પ્રબંધમાં મેરૂતુંગ લખે છે કે, अथ प्रातस्तद्दुर्विलसितात् प्राणपरित्यागोद्यतो नृपतिः स्मार्त्तांस्तत्प्रायश्चित्तं पप्रच्छ । तैस्तप्ततास्रमयपुत्तलिकालिंगनमिति । બીજો પાઠ એમ છે કે, उद्यताय नृपतये स्मार्त्तैस्तप्तताम्रमय पुत्तलिकालींगनमिति प्रायश्चित्ते–આમાં સાત પૂતળિયો પિત્તળની કહી નથી, પણ स्तप्त એ શબ્દને सप्त સમજીને સાત અર્થ થઈ ગયેલો જણાય છે. ૨. ઉ.

૨ કર્ણે સંવત્ ૧૧૨૦ ચૈત્ર શુદિ ૭ થી સંવત્ ૧૧૫૦ પોષ વદિ ૨ સુધી ૨૯ વર્ષ, ૮ માસ, અને ૨૧ દિવસ રાજ્ય કર્યું. સિદ્ધરાજને સં. ૧૧૫૦ વર્ષે પોષ ૩ શનિવારે શ્રવણ નક્ષત્રે, વૃષ લગ્ને પટ્ટાભિષેક કર્યો તેનું કારણ પ્રબંધમાં એમ લખ્યું છે કે સિદ્ધરાજ રમતો રમતો કર્ણની ગાદિયે બેશી ગયો એટલે તે શુભ સમય સમજી તેને રાજ્યાભિષેક કરી કર્ણ પોતે કર્ણાવતી નગરી નવી સ્થાપી ત્યાં રાજ્ય કરવા લાગ્યો.

કર્ણ સોલંકીના સમયમાં કચ્છ તાબાના કીર્ત્તિગઢનો રાજા કેશર મકવાણો, સિંધના રાજા હમીર સુમરા (બીજા) સાથેની લડાઈમાં મારચો ગયો તેથી તેના કુંવર હરપાળ, વિજયપાળ, અને સાંતાજી ગૂજરાતમાં આવ્યા. હરપાળ કર્ણરાજાનો માશીનો દીકરો એટલે મશીઆઈ ભાઈ થતો હતો. કર્ણ સોલંકીની રાણી ફૂલાંદેવીને બાબરો નામનો ભૂત નડતો હતો. તેની સાથે હરપાળે લડીને તેનો પરાજય

સ્થામાં રાજસત્તા મેળવી લેવા સારૂ સામસામા પક્ષકારો વચ્ચે વાંધો ઉઠેલો જણાય છે. કર્ણના ભાઈ ક્ષેમરાજના પુત્ર દેવપ્રસાદે રાજાના મરણની વાત સાંભળી એટલે તે સરસ્વતીને કિનારે ચિતા ખડકાવીને બળી મુવો. તેણે ત્રિભુનપાળ નામનો એક પુત્ર પોતાની પછવાડે મૂકયો હતો તે, બાળ રાજકુમારની પાસે ને પાસે રહેતો હતો. અને પછવાડેથી, જ્યારે સિદ્ધરાજ, સમુદ્ર સુધી આખી પૃથ્વી જિતતો જિતતો ગયો ત્યારે ત્રિભુવનપાળ યુદ્ધમાં પોતાના રાજાની અગાડી રહેતો. પ્રથમ તો રાજ્યની લગામ કર્ણની માતા ઉદયમતીના ભાઈ મદનપાળના હાથમાં રહેતી, પણ આ રાજવંશી ત્રાસદાયક રીતે વર્ત્તતો હતો, અને મુખ્ય તો, દરબારનો પ્રખ્યાત અને મળતાવડો વૈદ લીલો કરીને હતો તેને દુઃખ દઈને તેની પાસેથી ઘણો પૈસો[1] લઈ લીધો તેથી તેના સામી એક ટોળી બંધાઈ, અને સાન્તૂ પ્રધાને યુક્તિથી બાળ રાજકુમારને કબજામાં કરી લઈને પોતાને ઘેર રાખ્યો. મદનપાળને તેના સિપાઈયોને હાથે મારી નંખાવ્યો.[2]

આ વેળાએ, સર્વ રાજસત્તા, બાળરાજાની માતા મયણલ્લદેવીની સ્વાધીનતામાં આવી. તેને સાન્તૂ, મુંજાલ અને બીજો એક ઉદો[3] (ઉદયન) કરીને

કરી પોતાની આજ્ઞામાં રહેવા કબૂલાત લીધી. એ જય મેળવવા બદલ કર્ણ સોલંકી તરફથી હરપાળને ઘણાં ગામો મળ્યાં. આજે એ હરપાળના વંશજ ઝાલા કહેવાય છે, અને તેના નામ પરથી ઝાલાવાડ નામે ઓળખાય છે. હરપાળના વંશજ ધ્રાંગધરા, વાંકાનેર, લીંબડી, વઢવાણ, ચૂડા, સાયલા, લખતર, વગેરેના રાજકર્તા છે. અને હરપાળના ભાઈ વિજયપાળનો વંશ હાલ મહીકાંઠામાં ઇલોલ વગેરે ગામોમાં છે, તથા સાંતાજીના વંશજ કટોસણ વગેરેના મકવાણા તાલુકદારો છે. ર. ઉ.

૧ બાવીશ હજાર રૂપિયા દંડ લીધો હતો. ૨ સિદ્ધરાજ પ્રબંધમાં એમ છે કે, મદનપાળને કર્ણપુત્રે (સિદ્ધરાજે) માર્યો બીજી પ્રતમાં એવો પાઠ છે કે, સાન્તુ મંત્રિયે મદનપાળને પોતાને ઘેર બોલાવી સેવકો પાસે મારી નંખાવ્યો. ર. ઉ.

૩ ઉદો અથવા ઉદયન મારવાડનો શ્રીમાળી વાણિયો હતો. તે એક સમયે ચોમાસામાં ઘી વેચાતું લેવા રાતે જતો હતો. માર્ગમાં ચાલતાં કેટલાંક માણસોને એક કયારામાંથી બીજા કયારામાં પાણી વાળતા દીઠા. તેમને જોઈને તેણે પૂછ્યું કે તમે કોણ છો? તેમણે કહ્યું કે અમે અમુક માણસના કામુક (દાહાડિયા) મજૂર છિયે. ઉદાએ કહ્યું કે મારા કયાં છે? તેઓએ સહજ ઉત્તર આપ્યું કે કર્ણાવતીમાં. આ કથન ઉપરથી તેને એવા શકુન સમજાયા કે હું કર્ણાવતીમાં જઈશ તો સેવકાદિની સમૃદ્ધિ પામીશ. પછી તે કટુંબ સહિત કર્ણાવતી ગયો. ત્યાં વાયટા જ્ઞાતિએ બંધાવેલા વાયટ ગચ્છના શ્રી અજિતનાથના પ્રાસાદમાં દર્શન કરીને બેઠો હતો, એટલામાં શ્રાવક ધર્મ પાળનારી એક લાછિ નામની છીપણે સાધર્મિક જાણી નમન કરી પુછ્યું કે, તમે કોને ત્યાં અતિથિ

હતો. એ સર્વે પ્રધાનોનો આશ્રય કારભારમાં રાણીને મળતો હતો. આ સર્વે, જાતિના વાણિયા હતા, અને **જૈન** ધર્મ પાળતા હતા. **વીર**મગામ આગળ **મીન**લસર (મયણલ્લ) અથવા **માન**સર અને **ધોળકા** આગળ **મલાવ**[1] અથવા **મીનલ** નામે બે સરોવર **મીન**લદેવિયે પોતાનું નામ આપી બંધાવ્યાં છે, તે તેણે પોતાના કારભારની વેળામાં જ બંધાવ્યાં હતાં.

મીનલસરની પૂર્વમાં એક ગણિકાનું ઘર હતું, તે પોતાની યોજના પ્રમાણે તલાવ બંધાવામાં નડતું હતું, તેથી આકારની ખામી મટાડવાને રાણિયે ઘણું દ્રવ્ય આપીને વેચાતું લેવા માગ્યું, પણ ગણિકાએ આપવાને ના કહી અને કહ્યું કે, રાણીનું નામ સરોવર બાંધવાથી જેવું પ્રખ્યાત થશે, તેવું મારૂં નામ, ઘર આપવાની ના કહેવાથી પ્રસિદ્ધ થશે. **મયણલ્લદેવી** ન્યાયી હતી તેથી તેણે લેવાને બળાત્કાર કર્યો નહિ. આમ કરવાથી તલાવના આકારમાં વિરોધ આવી પડ્યો ખરો, પણ તેથી તેના રાજ્યની[2] કીર્ત્તિ થઈ અને

થયા છો? તેણે ઉત્તર આપ્યું કે, હું પરદેશી છું તેથી જે બોલાવે **તેનો પરોણો** થાઉં. **લાછિ તેને પોતાને** ઘેર તેડી ગઈ **અને પોતાના એક ખાલી** ઘરમાં **ઉતારો** આપ્યો. **કોઈ વાણિયાને** ઘેર રંધાવી તેને જમાડ્યો. થોડો **સમય ગયા પછી ઉદા પાસે** કંઈ પૈસો ભેળો **થયો** એટલે તેણે **પીઢરિયું ઘર** પાડી નાંખી ઈંટોનું **ઘર** બંધાવવા પાયો ખોદાવ્યો. તેમાંથી એક દ્રવ્યભંડાર મળ્યો. વાણિયાએ તે **લાછિને** આપવા માંડ્યો, પણ તેણે કહ્યું કે એ **તો** તમારા ભાગ્યનું છે.

कृतप्रयत्नानपि नैव कांश्चन स्वयं शयाना नपि सेवते परान् ।
द्वयेऽपि नास्ति द्वितयेऽपि विद्यते श्रियः प्रचारो न विचारगोचरः ॥

ભાવાર્થ–**લક્ષ્મી** પ્રયત્ન કરતાં છતાં પણ કેટલાએકને સેવતી **નથી;** બીજા કેટલાએક **સૂતેલા હોય છે, એટલે કે,** પ્રયત્ન **નથી** કરતા તોય **પણ (લક્ષ્મી)** પોતાની મેળે તેમને સેવે છે. **ઉપર** જણાવેલા બન્ને પ્રકારના માણસો પાસે **નથી** હોતી **અને** હોય છે પણ ખરી, માટે **લક્ષ્મીના** પ્રચારનો વિચાર થઈ શકે તેમ **નથી.**

એણે પછી કર્ણાવતીમાં ૭૨ જિન[illegible]રવાળો જિનપ્રાસાદ બંધાવ્યો. **સિદ્ધરાજે** એને મંત્રી ઠરાવીને **સ્તંભતીર્થ** મોકલ્[illegible]ા વેળાએ **કુમારપાળ** ભટકતો ખંભાતમાં આવ્યો ત્યારે ઉદયને એને પોતાને ઘેર [illegible]હમાન તરીકે રાખીને તેને સંતોષ પમાડ્યો. આ ઉપકારના બદલામાં આગળ જતાં જ્યારે કુમારપાળ રાજા થયો ત્યારે ઉદયનને પોતાનો મુખ્ય અમાત્ય ઠરાવ્યો.

૧ ખેડા જીલ્લામાં ઉમરેઠ કસબો છે તેમાં પણ મલાવ નામનું તલાવ છે. **ર. ઉ.**

૨ નોશિરવાનને પોતાનો મ્હેલ ચણાવતાં એક ડોશીની ઝુંપડી નડી હતી, પણ તે તેણે તોડી પડાવી નહિ તેથી તેની કીર્તિ હજી પણ ગવાય છે. જુવો મારી પ્રસિદ્ધ કરેલી **પાદશાહી રાજનીતિને** પૃ. ૧૫૩ થી ૧૫૪ સુધી. **ર. ઉ.**

ત્યાં એક કહેવત ચાલી કે, "જો તમારે ન્યાય જોવો હોય તો જઈને મલાવ જુવો." તેના પ્રધાનોએ પણ તેનું જોઇને મૂલ્યવાન સ્થાન બંધાવવા માંડ્યાં, તેમાં આપણો ગ્રંથકર્ત્તા[1] કર્ણાવતીમાં ઉદયનવિહાર નામના અપાસરાનું નામ દે છે અને "શ્રીમુંજાલેશ્વર" અને સાન્તૂનું સ્થાનક એવાં નામ લખે છે, તે સો વશા તેજ નગરમાં હશે.

શુક્લતીર્થની જરા ઉપર નર્મદા નદીનો એક આરો છે, તે બાહુલોદને (હવણાં ભાલોદ કહેવાય છે) નામે ઓળખાતો હતો, ત્યાં આગળ સોમેશ્વરના દેરાની યાત્રા કરવાને જનારા પાસેથી વેરો લેવામાં આવતો હતો, તે બંધ કરવા સારૂ શિવના એક પૂજારિયે મયણલ્લદેવીને પોતાનો દેશ છોડતાં પહેલાં ઉત્તેજી હતી, તે ઉપરથી વેરો માફ કરવાનું તેણે વચન આપ્યું હતું. તેના ધર્મગુરૂએ તેને કહ્યું હતું કે ગયા ભવમાં તું બ્રાહ્મણી હતી, અને દેવપટ્ટણ યાત્રા કરવા જવા સારૂ તું બાહુલોદ આગળ આવી હતી. પણ તારી પાસે દાણ માગ્યું તે આપવાને કંઈ હતું નહિ, તેથી તને આગળ જવા દીધી નહિ, તેથી તેના પરિતાપમાં અપવાસ કરવાથી તારૂં મૃત્યુ થયું હતું. હવણાં તેનો કોલ પાળવાનો લાગ આવ્યો એટલે મયણલ્લદેવી પોતાની સાથે સિદ્ધરાજને લઈને બાહુલોદ ગઈ, અને યાત્રાળુઓને જે અડચણો નાંખવામાં આવતી હતી તે જાતે જોવાને તેને પ્રસંગ મળ્યો. સિદ્ધરાજે કર ઉઘરાવવાનું કામ જે પંચને સોંપ્યું હતું તેઓને હિસાબ લઈ રજુ થવાની આજ્ઞા કરી, અને હિસાબ જોતાં કર ઉઘરાવ્યો હતો તેની રકમ ઘણી મ્હોટી[2] થયેલી જોવામાં આવી, તો પણ, તેણે પોતાની માના હાથમાં જળ મૂકીને કહ્યું કે, તમારે મ્હાને ધર્મનું કામ કરવા સારૂ હું આ કર લેવાનું બંધ કરૂં છું. પછી મયણલ્લદેવિયે યથાવિધિ સોમેશ્વરની પૂજા કરીને એક હાથી, હાથમાં ત્રાજવાં ઝાલેલા એવા તુલા પુરૂષની[3] એક સોનાની મૂર્ત્તિ, અને બીજી મ્હોટી મ્હોટી ભેટ કરી.[4]

---

૧ મેરૂતુંગ. ૨ એ કરથી વર્ષે ૭૨ લાખ પેદાશ થતી હતી. ૩ અથવા કદાપિ મયણલ્લદેવિયે પોતાની તુલા કરીને તેટલું સોનું દેવાલયમાં અર્પણ કર્યું હશે. કેમ કે સાધારણ ચાલ તો એ પ્રમાણે કરવાનો છે. ૪ દ્વયાશ્રયના બારમા સર્ગમાં એવી વાત છે કે "એક દિવસ સિદ્ધપુરથી આવીને બ્રાહ્મણોએ ફરિયાદ કરી કે તમે જે સત્રશાલા સરસ્વતી તીરે બાંધી હતી તેને રાક્ષસોએ વણસાડી નાંખી; એ ઉપરથી રાજા પોતાના પ્રમાદને માટે પશ્ચાત્તાપ કરતો સેના લઈ ચાલ્યો. રાક્ષસોનો સ્વામી બર્બર અથવા બર્બરક જ્વાલાઓ કાઢતા રાક્ષસોની સેના લઈ સામો આવ્યો અને શિલા તથા વૃક્ષનો વરસાદ વરસાવવા મંડ્યો. એથી

જેવામાં ગૂજરાતનો બાળ રાજા આ પ્રમાણે રોકાયલો હતો, તેવામાં માળવાના રાજા યશોવર્માએ તેના રાજ્યના ઉત્તર ભાગ ઉપર ચડાઈ કરી. તે વેળાએ અણહિલવાડમાં સિદ્ધરાજની ગેરહાજરીમાં તેનો સાન્તૂ પ્રધાન કામ ચલાવતો હતો, તેની પાસે ચડાઈ કરનારાઓને પાછા હઠાવાનાં પૂરાં સાધન નહિ હોય તેથી, કે પછી તે સાધનોનો ઉપયોગ કરવા જેટલી તેનામાં

ભયભીત થઇને જયસિંહની સેના પાછી હઠી પણ પ્રતિહારે બહુ તિરસ્કાર કર્‍યાથી, તથા જયસિંહ પંડે યુદ્ધ કરવાને નીકળ્યો તેથી પાછી ભેગી થઈ. બર્બર અને સિદ્ધરાજ જયસિંહ સામસામે થઈ ગયા, તેમાં જયસિંહે બર્બરને તરવારથી ઘા કર્યો, પણ તરવાર ભાંગી ગઈ, હાથેહાથ દ્વંદ્વ યુદ્ધ થયું. તેમાં સિદ્ધરાજે બર્બરને બાંધીને કેદ કર્યો. બર્બરની સ્ત્રિયે પ્રાર્થના કરી કે હવેથી એ દુરાચાર તજી સારે માર્ગે ચાલશે. અને નિરંતર તમારો દાસ થઈ રહેશે. પછી જયસિંહ દેત્રે તેને છોડી દઈ, તે સ્થાનનો રક્ષક ઠરાવ્યો.

તેરમા સર્ગમાં કહ્યું છે કે "સિદ્ધરાજ જયસિંહ રાત્રિયે એક વખત નગરચર્યા જોવા ફરતો ફરતો સરસ્વતી પર ગયો ત્યાં તો એણે કોઈને એમ બોલતાં સાંભળ્યું કે, હું તમને મૂકીને જીવનાર નથી, તમે કુવામાં પડશો તો હું પણ તમારી પાછળ પડીશ. આ સાંભળી સિદ્ધરાજ ત્યાં ગયો, ને ત્યાં ઉભેલા નાગપુત્રને આશ્વાસન કરી, તેનું દુઃખ કાપવાની પ્રતિજ્ઞા કરી, હકીકત પૂછવા લાગ્યો. તેણે કહ્યું કે, મારૂં નામ કનકચૂડ છે ને વાસુકી નાગના ઇષ્ટ એવા રત્નચૂડનો હું પુત્ર છું. મારે મારા સહાધ્યાયી દમન જોડે વાદ થયો કે, જો એ હેમંતમાં લવલી દેખાડે તો મારે મારી ભાર્યા હારવી. એણે તો ગમે તે પ્રકારે તેમ કર્‍યું, અને હું હાર્યો. પણ એવામાં અમને બન્નેને બોલાવી નાગલોકે કહ્યું કે તમારામાંથી દમનનો વારો હુલ્લડ પ્રતિ જવાનો છે, માટે તેણે જવું. હુલ્લડ નામે એક વરૂણનું વરદાન પામેલો નાગ કાશ્મીરમાં રહે છે, તેણે એક વાર પાતાલને પાણીમાં ડૂબાવી નાંખવા માંડ્યું, ત્યારે નાગ લોકોએ તેની સાથે એવી શરત કરી કે, પ્રતિ વર્ષે તમારી પૂજા કરવા અત્રથી એક એક નાગ આવશે, ને જો તેમ ન થાય તો તમે ફાવે તે કરજો. હુલ્લડે આ વાત કબૂલ રાખી, પણ હવે તેના પ્રતિ જવું એ બહુ વિકટ છે, કેમકે કાશ્મીર હિમવાળો પ્રદેશ છે, તેથી ત્યાં જતાં મરી જવાય. આટલા માટે અત્ર આ કૂપ છે તેમાંથી ઉષ લઈ જઈ શરીરે લગડવામાં આવે તો બચી જઈ સાજા સમા પાછા અવાય. દમનને જવાનું ઠર્યું તેથી તેણે મને કહ્યું કે, તું જો મને ઉષ લાવી આપે તો હું તને હોડમાંથી મુક્ત કરૂં. એ ઉષ લેવા હું અત્ર આવ્યો છું. પણ વજ્રમુખી માખીઓથી ભરેલા આ અંધારા કૂવામાં પડ્યા પછી હું જીવું એવી મને આશા નથી. આ મારી પ્રાણપ્રિયા મને તેમ કરવામાં વિઘ્ન કરે છે ને સાથે આવવા તૈયાર થઈ છે. આ કથા સાંભળી સિદ્ધરાજે તેને ધીરજ આપી ઉષ આણી આપ્યો અને તે ન્હાના કુમારને બર્બર, જે એકનિષ્ઠાથી ભક્તિ કરતો હતો તેની સાથે પાતાળમાં પહોંચાડી દીધો." ર. ઉ.

શક્તિ નહિ હોય તેથી, **યશોવર્માને** પૈસાની રકમ આપીને પાછો ફ્હાડ્યો. પણ તરુણ રાજા પોતાની રાજધાનીમાં જ્યારે પાછો આવ્યો ત્યારે જે નીપજ્યું હતું તે સાંભળીને ઘણો ક્રોધાયમાન થયો અને તે દિવસથી **માળવાનો** પરાભવ કરવાની મનમાં ગાંઠ વાળી.

સિદ્ધરાજ જેવામાં **માળવા** ઉપર ચડાઈ કરવાની તૈયારી કરતો હતો તેવામાં, **અણહિલવાડમાં** **સહસ્રલિંગ** તલાવ[1] બંધાવાનું કામ ચાલતું કરયું હતું. આ તલાવની દંતકથાઓ અને વાતો ચાલવા ઉપરથી તે ઘણું પ્રસિદ્ધ થયું છે એને માટે ખોદાણ કરેલું તે હજી સુધી **પાટણ** આગળ જોવામાં આવે છે, પણ બાંધણી માંહેલું કશું રહ્યું નથી. આ તલાવ ગોળાકાર અથવા બહુબાજુવાળું હતું, અને થોડી અથવા ઘણી મળતી આવે એવી બાંધણિયો ગૂજરાતમાં ઘણી જોવામાં આવે છે. **વીરમગામના** **મીનલસરની** ચોગરદમ **મહાદેવનાં** દેરાં બાંધેલાં હજી સુધી છે, તે પ્રમાણે, આ તલાવની ચારેમેર ફરતાં ઘણાં જ દેરાં હશે, તે ઉપરથી, તેનું નામ **સહસ્રલિંગ** તલાવ ઘણું કરીને પાડવામાં આવ્યું હશે. આ તલાવને લગતી નીચે લખેલી વાત ગાવામાં અને ક્હેવામાં આજ સુધી પણ સાધારણ થઈ પડી છેઃ—

જશમા ઓડણની વાત.[2]

કોઈ એક સમયે **માળવાના** એક રહેવાશિયે આવીને **સિદ્ધરાજના** આગળ, જશમા ઓડણના રૂપનાં વખાણ કર્યાં, રાજાએ તેને મેળવવાને ઘણા પ્રયત્ન કર્યા, પણ સર્વ નિષ્ફળ ગયા. છેવટે **પાટણ** આગળ તેણે **સહ-**

---

૧ આ તલાવ **અકબરના** વારામા હતું. **મક્કે** જવા સારૂ તેનો **વજીર બેરામખાન** ગુજરાત્ત આવ્યો **હતો** અને **પાટણ (અણહિલવાડ)** આવી **ઉતર્યો હતો**. તે વેળાએ ત્યાં **મૂસીખાન લોદી** રાજ્ય ચલાવતો **હતો**. આ વેળાએ **બેરામખાન**, એક જગ્યા નામે **સહસનક**, જે તેની પાસે એક **હજાર** દેરાં બંધાવ્યાં **હતાં** તેથી, ક્હેવાતી **હતી**, તે જોવાને ગયો **હતો**. **બ્રિગની ફેરિસ્તા** ભાગ ૨જો. પૃ. ૨૦૩ **પાટણ** આગળ આ જ ઉમરાવે **ખાનસરોવર** બંધાવ્યું હતું એવું ક્હેવાય છે.

૨ જશમા ઓડણનો રાસડો.

આજ મિતિથી પૂર્વે પચાશ વર્ષ **પર** દીકરિયોના મુખથી **પંડિત** જેષ્ઠારામે ગવાતો **સાંભળેલો હતો**. અને **તેમનાં** બ્હેન સુમારે ૬૦ વર્ષનાં **હતાં તેમને** જેટલો **સાંભરતો હતો** તેટલો ઉતરાવી મંગાવતાં **પંડિત** જેષ્ટારામ લખે **છે** કેઃ—**મારી સમજણમાં** એમ આવે છે કે નીચે **લખી દર્શાવેલ રાસડામાં અર્થની આનુપૂર્વી ઉપર** લક્ષ્ય **રાખતાં કોઈ કોઈ** ઠેકાણે **આખી** તુકોની ન્યૂનતા પડે છે. **આ રાસડો** બનાવનારનો ઉદ્દેશ, **ઐતિહાસિક** વૃત્તાન્ત જાણવા **સાથે** ગાનારિયોને **સતીત્વનો** બોધ દેવાનો **અને** પાતિવ્રત્ય **પાસે** રાજ્ય-વિભવ આદિ **સઘળું** તુચ્છ છે, **એવો** સદુપદેશ **આપવાનો** છે.

સ્ત્રલિંગ તલાવ કરાવા માંડયું ત્યારે દૂધમલ ચાવડો જે પોતાનો બનેવી હતો તેને માળવેથી ઓડ અને ઓડણો લાવવાને મોકલ્યો. દૂધમલ તેમને તેડવા ગયો, અને તેમને ગામ જઈ તેઓને કહેવા લાગ્યો કે, સિદ્ધરાજ સોલં-

---

"સર્વે નારી ભણે રાજા" આનો અર્થ એવો ભાસમાન થાય છે કે સર્વે એટલે સમસ્ત લોક કહે છે કે, રૂપે, રંગે, વર્તે અને ધર્મે નારી તે જશમા જ છે એમ ભણે છે એટલે કહે છે.

રાસડો

રાજા બેઠો ભરિ રે સભાએ, જાચક આવ્યા જાચવા; સર્વે નારી ભણે રાજા. ૧
રાજા રે જશમાનું રૂપ, એ રે નારી તમ ઘર શોભતી; સર્વે નારી ભણે રાજા. ૨
રાજાએ મેલ્યા બારીગર બે ચાર, કે જાઓ રે જશમાને તેડવા; સર્વે નારી ભણે રાજા. ૩
ગાયો ચારતલ ભાઇ રે ગોવાળ, કે કયાંરે વાસો ઓડો તણો? સર્વે નારી ભણે રાજા. ૪
ખિરખિરીઆરડી વાડ, કે ઘૂઘરીઆળો ઝાંપલો. સર્વે નારી ભણે રાજા. ૫
કાગળ દીધો જશમાને હાથ, કે જશમાયે વાંચીને માથું ધૂણિયું. સર્વે નારી ભણે રાજા. ૬
જશમાએ દીધો સસરાને હાથ, સસરે વાંચિને માથું ધૂણિયું. સર્વે નારી ભણે રાજા. ૭
વહૂ! તારૂં રૂપ સુરૂપ, એણે રે રૂપે લાંછન લાગશે. સર્વે નારી ભણે રાજા. ૮
સસરા! હું હઇડે મ હાર, નહિ રે ટળું જશમા ઓડણી. સર્વે નારી ભણે રાજા. ૯
જશમાને વારે છે બાપ, મ જાજો ધીઅડી રે ગઢ માંડવે. સર્વે૦ ૧૦
હારો રે દળાવ્યા જશમાએ ઘઊં, કળશી દળાવ્યો જશમાએ બાજરો. સર્વે૦ ૧૨
ઘેલા બાપા ઘેલડું શું બોલ, એક વાર જાઉં ગઢ માંડવે. સર્વે૦ ૧૧
વિજયા દશમ કેરી રાત, ઓડોએ કુચાળા ખડકિયા. સર્વે૦ ૧૩
શરદ પૂનમ કેરી રાત, ઓડોએ ડચાળા પલાણિયા. સર્વે૦ ૧૪
ઓડાને ઉતારા દેવરાવો, કે જશમાને ઉતારા મેડિયે. સર્વે૦ ૧૫
મેડિયે તારી રાણીને બેસાડ, અમે રે ઓડાને ભલાં ઝૂપડાં. સર્વે૦ ૧૬
ઓડણોને દાતણિયાં દેવરાવ, જશમાને દાતણ દાડમી. સર્વે૦ ૧૭
દાતણ તારી રાણીને દેવરાવ, અમે રે ઓડાને ભલી ઝીલડી. સર્વે૦ ૧૮
ઓડણોને ભોજનિયાં દેવરાવો, જશમાને ભોજન લાડવા. સર્વે૦ ૧૯
લાડવા તારી રાણીને જમાડ, અમે રે ઓડાને ભલી રાબડી. સર્વે૦ ૨૦
ઓડણોને મુખવાસિયા દેવરાવ, જશમાને મુખવાસ એળચી. સર્વે૦ ૨૧
એળચી તારી રાણીને ખવરાવ, અમે રે ઓડાને ભલી મોથડી. સર્વે૦ ૨૨
ઓડણોને પોઢણિયા દેવરાવ, જશમાને પોઢણ ઢોલિયો. સર્વે૦ ૨૩
ઢોલિયે તારી રાણીને સુવરાવ, અમે રે ઓડાને ભલી ગોદડી. સર્વે૦ ૨૪
જશમા ઓડણ હાલો મારે દ્વાર, કહો તો બતાવું મારી રાણિયો. સર્વે૦ ૨૫
જેવું તારી રાણિયોનું રૂપ, તેવી રે મારે ઘેર ભોજાઇયો. સર્વે૦ ૨૬
જશમા ઓડણ અમારે ઘર હાલ, કહો તો બતાવું મારા કુંવરો. સર્વે૦ ૨૭

કીને વિશાળ તલાવ ખોદાવવું છે એટલા માટે ઘણા ઓડ અને ઓડણોનો ખપ છે. આવું સાંભળીને જશમા પોતાની નાતના લોકોને એકઠા કરીને પોતાના ધણીને લઈને પાટણ આવી. સિદ્ધરાજે આજ્ઞા કરી કે બીજા ઓડને નગરની બ્હાર ઉતારો આપવો, પણ જશમાને મ્હેલમાં આણવી. જશમાએ ના કહી, અને બોલી કે, "મ્હેલમાં તો રાણિયો સૂવે, ઓડણને તો ભોંય ઉપર જ પડી રૂહેવું શોભે."

જ્યારે તલાવ ખોદાવા માંડયું ત્યારે રાજા પોતે આવીને તપાસ રાખવા બેસતો; તેને જશમાનો ઘણો મોહ લાગ્યો. તેણે તેને કહ્યું "જશમા! આવડો બધો માટીનો ભાર ઉચકીશ નહિ, એથી તારૂં શરીર બગડશે." તે બોલી, "એ વાતની કાંઈ ચિંતા નથી" ત્યારે તેણે કહ્યું કે, તું તારા બાળકની સંભાળ રાખ ને બીજી ઓડણોને માટી વૂહેવા દે." તેણિયે ઉત્તર આપ્યું, "આમલીની ડાળિયે મેં એની ઝોળી બાંધી છે ત્યાં આવતી જતી હું એને હિચકા નાંખું છું."

જ્યારે ખોદવાનું કામ પૂરૂં થયું ત્યારે રાજાએ બધા ઓડને તેમની મજુરી ચૂકાવી આપી; પણ જશમાને કહ્યું કે, તું તો હવણાં રૂહે તને પછીથી આપીશું. બીજા ઓડને જવાની રાજાએ આજ્ઞા આપી, તેઓની સાથે જશમા પણ છાનીમાની જતી રહી. રાજાએ જ્યારે આ વાત જાણી ત્યારે, અશ્વાર થઈને મોઢેરા સુધી તેમની પછવાડે દોડ કરીને કેટલાક ઓડને ઠેર કર્યા. તે ઉપરથી જશમાએ પોતાના પેટમાં કટારી મારી અને મરતાં મરતાં શાપ દીધો કે, "તારા તલાવમાં પાણી ટકશે નહિ."

રાજા પાછો પાટણ આવ્યો ત્યારે તેણે તલાવ સૂકાઈ ગયલું જોયું. તેણે પ્રધાનને પૂછ્યું કે શું કરિયે તો તલાવમાં પાણી ટકે? પ્રધાને જોશિયોને

જેવું તારા કુતરોનું રૂપ, તેવા રે મારે ઘેર બત્રીજા. સર્વે૦ ૨૮
જશમા ઓડણ હાલો મારે દ્વાર, કહો તો બતાવું મારા હાથિયો. સર્વે૦ ૨૯
જેવું તારા હાથિયોનું* રૂપ, તેવી રે મારે ઘેર ભેંસડી. સર્વે૦ ૩૦
કેવડું ખણાવશો તળાવ? કેવડી ખણાવશો તલાવડી? સર્વે૦ ૩૧
લાખેં ખણાવશું તળાવ, અરધ લાખે તલાવડી. સર્વે૦ ૩૨
જશમા તારો પરણ્યો દેખાડ, કિયો રે જશમા તારો ઘરધણી. સર્વે૦ ૩૩
સોનઇયો હાંસ છે હાથ, રૂપલા વેઢ ઓડો તણા. સર્વે૦ ૩૪
જશમા માટી થોડેરી ઉપાડ, તારી રે કેડે લિચક લાગશે. સર્વે૦ ૩૫
ઘેલા રાજા દેલડું શું બોલ? એહ રે અમારો કસબ યયો. સર્વે૦ ૩૬

* કાઠિયાવાડના નાંધારા ભેંશો ન્હાના હાથી જેવા દેખાય છે.

પૂછીને કહ્યું કે, જો એક માણસનો ભોગ અપાય તો શાપ મટી જાય. આ વેળાએ ઢેઢ લોકોને નગરની બ્હાર વસવા દેતા. તેઓ ઓળખાય એટલા માટે માથે કાચું સૂતર બાંધતા અને હરિણનાં શીંગડાં કેડે લટકાવતા. તેથી લોકોને તેમને ઓળખી આઘા ખસી જવાનું ફાવતું હતું. રાજાની આજ્ઞા થઈ તે ઉપરથી **માયો** કરીને એક ઢેડ હતો તેનું માથું તલાવ વચ્ચે કાપી નાંખવાનો ઠરાવ થયો કે જેથી પાણી ટકી રહે. **માયો** વિષ્ણુની સ્તુતિ ગાતો મરી ગયો. ત્યારથી તલાવમાં પાણી રહેવા લાગ્યું. **માયાએ** મરતી વેળાએ રાજા પાસે માગી લીધું હતું કે, મારા બલિદાનના બદલામાં, ઢેડ ઉપર હવેથી શહર બ્હાર વસવાનો અને જૂદો પોષાક પ્હેરવાનો બળાત્કાર કરશો નહિ. રાજાએ આ વાત માન્ય કરી, તે દિવસથી **માયાની** ખાતર ઉપર લખેલી છૂટી આપી.

આ થઈ રહ્યા પછી, જયસિંહે ત્વરાથી ઉજ્જણ જવાની તૈયારી કરવા સારૂ ગામે ગામથી પોતાની સેના એકઠી કરી. અને કૂચ કરતો કરતો, રસ્તે જેનાં શહર આવે તે રાજાઓને જિતીને તેમને પોતાની સાથે લેતો લેતો, અને પોતાની સેનાને વધારે સપાટ રસ્તો મળે એટલા સારૂ ઉંચી જગ્યાઓને સપાટબંધ કરાવતો આગળ ચાલ્યો. કેટલાક ભીલના આગેવાનો પણ અત્યંત ચંચળાઈ બતાવતા રાજાની સાથે ચાલ્યા, તે જેમ **રામની** આસપાસ **હનુ**-માનની સેના ચાલતી દેખાતી હતી તેવા દેખાવા લાગ્યા. છેવટે **ગૂજરાતના** રાજાએ **ક્ષિપ્રા** નદીને કાંઠે પડાવ કર્યો, તંબુ ઠોકાયા, ઘોડા હારબંધ બંધાયા અને બીજું બાકીનું જે જ્યાં ઘટે તે ત્યાં ગોઠવાયું. પછી જયસિંહના તંબુમાં ગમત ચાલી-નૃત્ય કરનારિયોના નાચ તેના આગળ થવા માંડ્યા.

કહે છે કે, **સિદ્ધરાજે** [1]**માળવામાં** બાર વર્ષ સુધી લડાઈ ચલાવી, તેથી તેને ઘણી કીર્તિ મળી, પણ રાજધાની **ધારાનગર** લેવાના ઘણા હુમલા

૧ **સિદ્ધરાજે માળવા** સાથે લડાઈ ચલાવી તે **જુનાગઢના રાહ ખેંગાર** ઉપર જિત મેળવ્યા પછી કરેલી જણાય છે. કેમકે **સૌરાષ્ટ્રની** જિત કર્યાથી તેની યાદગીરીમાં પોતાને (જયસિંહને) નામે **સિંહ સંવત્સર (સંવત્)** ચલાવ્યો. તેની શરૂઆત સંવત્ ૧૧૬૯-૭૦ એટલે ઇસ્વી **સન** ૧૧૧૩-૧૪ માં થયલી છે અને **માળવા** સાથની લડાઈ ત્યાંના રાજા **યશોવર્મા** સાથે વર્ણવી છે. પણ ખરૂં જોતાં તે લડાઈ તેના પિતા **પરમાર નરવર્મા** જે સંવત ૧૧૬૦ થી ૧૧૮૯ સુધી (એટલે ઇસ્વી સન ૧૧૦૪ થી ૧૧૩૩ સુધી) હતો તેના સમયમાં શરૂ થઈ અને, તે પછી, તેની ગાદિયે આવનાર તેના કુંવર **યશોવર્મા** સાથે ચાલુ રહી તેમાં તેને કેદ કરી **અણહિલપુર** લાવ્યા.

કર્યા તે નિષ્ફળ ગયા, તેથી તેનું મન પાછું હઠી ગયું, અને તેનો મુંજાલ મંત્રી જે તેની સાથે આવ્યો હતો તેની સલાહ પૂછવા લાગ્યો કે હવે આપણે

યશોવર્મા સંવત્ ૧૧૮૯ થી ૧૧૯૯ સુધી (એટલે ઇસ્વી સન ૧૧૩૩થી ૧૧૪૨–૪૩ સુધી) હતો. મતલબ કે સિદ્ધરાજે માળવાની જિત પોતાની છેલ્લી અવસ્થામાં કરેલી છે.

કુમારપાલ પ્રબંધમાં એમ લખે છે કે, "બારમા રુદ્રનો પ્રસિદ્ધ સિદ્ધચક્રવર્તી બિરુદ ધારણ કરનાર સિદ્ધરાજે દિગ્વિજય કરવા જતાં બાર વર્ષે ધારાનગરી લીધી; તેને ત્રણ કોટ હતા તે તોડી નાકામાં પ્રવેશ કરવા જતાં તેનાં કમાડોને લોઢાના આગળા હતા તે તોડતાં તેનો યશઃપટહ નામે હાથી હતો તે મરણ પામ્યો; ને માળવાનો રાજા નરવર્મા જીવતો પકડાયો."

નરવર્મા ઇ. સ. ૧૧૦૪ થી ૧૧૩૩ સુધી હતો તેના ઉપર સિદ્ધરાજે પ્રથમ ચડાઈ કરેલી જણાય છે. અને ત્યાર પછી તેનો કુંવર યશોવર્મા ઇ. સ. ૧૧૩૩ થી ૧૧૪૩ સુધી હતો તેની સાથે લડાઈ ચાલતી રહેતાં સિદ્ધરાજની તરવાર બાર વર્ષ ખુલ્લી રહી માટે તેનું મ્યાન કરાવવા તે રાજાના પગની થોડી ચામડી ઉતરાવી: એટલામાં તેના પ્રધાનોએ કહ્યું કે મહારાજ ! નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે, "રાજા અવધ્ય છે", માટે આપે એને મૂકી દેવો. આ ઉપરથી તેને જીવતો રાખી કાષ્ટપિંજરમાં પૂરાવ્યો. ચતુર્વિંશતિ પ્રબંધના અંતર્ગત મદનવર્મ પ્રબંધમાં પણ એમ જ લખ્યું છે અને વિશેષમાં જણાવે છે કે, સિદ્ધરાજે મહારાષ્ટ્ર, તિલિંગ, કર્ણાટ, પાંડ્ય આદિ રાજ્ય વશ કર્યાં.

બુંદેલખંડમાં હમણાં જ્યાં મહોબા છે ત્યાં ચંદેલ કુલના રાજા થયા છે અને જેના સંવત્ ૧૧૮૬ થી ૧૨૨૦ સુધીના લેખો મળી આવે છે તે પ્રસંગમાં કુમારપાળ પ્રબંધમાં લખે છે કેઃ–

એક સમયે તેની (સિદ્ધરાજની,) સભામાં આવીને કોઈ ભાટે ચિત્રકૂટની પાસેના મહોબક નગરના રાજા મદનવર્માનાં વખાણ કર્યાં એટલે પોતાના એક મંત્રીને ભાટની સાથે મહોબકપત્તન જોવા મોકલ્યો. તેણે પાછા આવીને તેનાં ઘણાં વખાણ કર્યાં, એટલે મોટું સૈન્ય લઈને સિદ્ધરાજ ત્યાં ગયો. મદનવર્માને ખબર થઈ કે સિદ્ધરાજ આવે છે એટલે તે બોલ્યો કે, બાર વર્ષ સુધી ધારાનગરી આગળ પડ્યો રહ્યો હતો તે જ કે બીજો? એ કબાડી રાજાને કહો કે, તમારે પૂર કે ભૂમિ જોઈતી હોય તો યુદ્ધ કરિયે અને જો એવી ઇચ્છા ન હોય તો ૯૬ કરોડ મહોરો લઈને ચાલ્યા જાઓ. સિદ્ધરાજે દંડ લીધો, પણ મદનવર્મા જેવા મોજીલા રાજાને મળવાની ઇચ્છા જણાવી. તેણે થોડા માણસો સહિત આવવાની હા કહી, એટલે તે તેને મળવા ગયો. મદનવર્મા ઉઠીને સામો આવ્યો (ભેટ્યો) અને સિદ્ધરાજને સુવર્ણના આસને બેસાર્યો. અને બોલ્યો કે, સિદ્ધેન્દ્ર ! આપ મારા પરોણા થયા એ અમારાં મ્હોટાં ભાગ્ય સમજિયે છિયે. સિદ્ધરાજે કહ્યું કે આવો વિવેક કરો છો પણ તમે તો મને કબાડી રાજા કહો છો એ શું? મદનવર્માએ કહ્યું આ કલિકાળ છે, આયુષ્ય ટૂંકું છે, રાજશ્રી પણ થોડી જ છે, બળ તુચ્છ છે, એમ છતાં ભાગ્યોદયે કરીને રાજ્ય મળે

પાછા વળી જવું યોગ્ય છે કે નહિ? તે પ્રધાનને યુદ્ધમાંથી નાશી જનાર એક સામા પક્ષના માણસ પાસે સમાચાર મળ્યા તે ઉપરથી એવી આશા ઉત્પન્ન થઈ કે, જો કિલ્લાના દક્ષિણ દરવાજાને રસ્તેથી હલ્લો કરવામાં આવે તો કાંઈ વળે ખરું. આ હલ્લો કરવામાં સિદ્ધરાજ જાતે આગળ

છે, તો તેનો સારો ઉપભોગ કરવો, તેને બદલે વિદેશમાં ભટકીને કાળ ક્હાડવો એ કબાડીનું કામ ક્હેવાય, માટે મેં આપને એવું કહ્યું છે.

સિદ્ધરાજે કહ્યું, તમારૂં કથન સત્ય છે. હું કબાડી ખરો, ધન્ય તો તમને ક્હેવાય કે, તમે આ પ્રમાણે સુખ ભોગવો છો. પછી સિદ્ધરાજ પાછો ફર્યો, તેને ૧૨૦ પોતાના અંગરક્ષકો આપ્યા. તેઓ સુકોમળ હોતાં અર્ધા તો રસ્તામાં જ મરણ પામ્યા. ને સિદ્ધરાજ અણહિલપુરમાં આવ્યો.

હિન્દુસ્થાનના મધ્યકાલિક શિક્કાના પુસ્તકમાં મે. જ. સર. એ. કાન્નિંગહામે મહોબ અથવા જેહાહુતીના ચન્દેલ રાજાઓની ટીપ આપી છે તેમાં મદનવર્મદેવના શિક્કાની આકૃતિ આપી છે, તેમાં એક બાજુ ઉપર ચાર હાથની પાર્વતીની મૂર્તિ બેઠેલી આલેખેલી છે અને બીજી બાજુએ શ્રીમાન્ મદનવર્મદેવ એવા અક્ષરો છે.

જેહાહુતી, અથવા જેજાકભક્તિ એ ચન્દેલોનો પ્રદેશ છે અને તે તેની રાજધાની મહોબ અથવા મહોત્સવના નામથી પ્રસિદ્ધ છે. ઉત્તરમાં જમના નદી, અને દક્ષિણમાં કિયાન અથવા કેન નદી, પશ્ચિમમાં ધસાન નદી, અને પૂર્વમાં વિન્ધ્ય પર્વત એ દિશાઓની વચ્ચેનો પ્રદેશ તે છે. કેન અથવા કર્ણાવતી નદી ઉત્તરથી દક્ષિણમાં વ્હેછે તેથી એ પ્રદેશના પૂર્વ અને પશ્ચિમ એવા બે લગભગ બરોબર વિભાગ પડી ગયા છે. પશ્ચિમ વિભાગમાં રાજધાની, નગરો અને મહોબ અને ખજુરાહો આવી જાય છે, તેમ જ પૂર્વ વિભાગમાં કાલંજર અને અજયગઢ નામના મ્હોટા કિલ્લાઓ આવી જાય છે. આ પ્રદેશનું ક્ષેત્રફળ ૧૨,૦૦૦ માઈલ કરતાં પણ વિશેષ હતું. ખજુરાહોમાં હજી પણ ભવ્ય દેવાલયોના સમૂહ આવી રહ્યા છે, તે ઉપરથી તેની ધનાઢ્યતા જણાઈ આવે છે; તેમ જ કનોજ ઉપર જિત મેળવેલી તથા મહમૂદ ગજનવીના સામી ટક્કર ઝીલેલી તે ઉપરથી એની સત્તા જણાઈ આવે છે. મહોબખંડ ઉપરથી જણાય છે કે આ દેશના રાજા ચન્દ્રવંશી છે, અને બનારસના રાજગુરૂ હેમરાજની પુત્રી હેમાવતીનાથી તેઓની ઉત્પત્તિ છે એવી દંતકથા છે. પણ શિલાલેખો આદિમાં તેમને ચન્દ્રાત્રેય (ચન્દ્રક આત્રેય) વંશના ગણે છે અને એ લેખોથી ઉપરના કથનને કશો ટેકો મળતો નથી. ખજુરાહોના લેખમાં પ્રથમ પ્રાચીન રાજાનું નામ નન્નુક આપ્યું છે, જેનાથી છટ્ઠી પેહેડિયે ધંગદેવ ઇ. સ. ૯૫૩ થી ૯૯૯ સુધી થયો છે. અને તેનાં આપેલાં તામ્રપત્રમાં તો તેના દાદા હર્ષદેવનું જ પ્રથમ નામ છે. બારમો રાજા કીર્ત્તિવર્મદેવ થયો તેના શિક્કા મળી આવ્યા છે તેના પ્હેલાંના મળી આવ્યા નથી. ચેદીનો કર્ણદેવ રાજા જે કલચુરી વંશનો હતો તેનો એ ખંડિયો હતો પણ પછવાડેથી તેનો તે મ્હોટો શત્રુ થઈ પડયો હતો. આ રાજાના શિક્કા માત્ર સોનાના મળી આવ્યા છે,

નીકળ્યો. તેના જે માનીતા હાથી[1] ઉપર તે બેઠો હતો તે હાથિયે મનાય નહિ એવો યત્ન કરીને લ્હોડાની ભૂગળે જડેલા ત્રિપોળિયા દરવાજામાંથી એ તોડી પાડ્યા, પણ આવું પરિણામ આણતાં તેનો જીવ ગયો. આ પ્રમાણે ગૂજરાતના રાજાને પેસવાનું મળ્યું એટલે એકાએક

પણ ત્યાર પછીના રાજાના શિક્કા સોનાના અને ત્રાંબાના મળી આવ્યા છે. માત્ર ચૌદમા રાજા જયવર્મદેવનો એક શિક્કો રૂપાનો મળી આવ્યો છે. સોનાના શિક્કા ૬૦ થી તે ૬૩ ગ્રેન વજનના છે. ત્રાંબાના પણ એટલા જ વજનના છે. એ સિવાય ૧૫ ગ્રેનના વજનના ન્હાના શિક્કા પણ સોનાના અને ત્રાંબાના છે. ફેર માત્ર એટલો જ છે કે ‘ત્રાંબાના શિક્કા ઉપર પાર્વતીને બદલે હનુમાનનો આકાર આલેખ્યો છે.

મહોબના ચંદેલ રાજાઓનો વંશ નીચે પ્રમાણે છેઃ-

અંક	વર્ષ		નામ	લેખનું વર્ષ સંવત	
	વિક્રમ સંવત	ઇસ્વાસન.			
૧	૮૫૭	૮૦૦	નન્નુકદેવ.		ઇ. સ. ૮૩૧ ના
૨	૮૮૨	૮૨૫	વાક્પતિ.		સુમારમાં પરિ-
૩		૮૫૦	વિજય.		હાર રાજાને ઉથ-
૪		૮૭૫	રાહિલ.		લાવી નાંખ્યો –
૫		૯૦૦	હર્ષદેવ.		સ્મિથ–પૃ. ૩૯૦.
૬		૯૨૫	યશોવર્મદેવ.		
૭	૧૦૧૦	૯૫૩	ધંગદેવ.	૧૦૧૧–૧૦૫૫	
૮	૧૦૫૬	૯૯૯	ગડદેવ.	૧૦૫૬	
૯	૧૦૮૧	૧૦૨૫	વિદ્યાધરદેવ.		
૧૦	૧૦૯૭	૧૦૪૦	વિજયપાલદેવ.		
૧૧	૧૧૦૭	૧૦૫૦	દેવવર્મદેવ.	૧૧૦૭	
૧૨	૧૧૨૦	૧૦૬૩	કીર્ત્તિવર્મદેવ.	૧૧૫૪	
૧૩	૧૧૫૫	૧૦૯૭	હલ્લકશનવર્મદેવ.		
૧૪	૧૧૬૭	૧૧૧૦	જયવર્મદેવ.	૧૧૭૩	
૧૫	૧૧૭૭	૧૧૨૦	હલ્લકશનવર્મદેવ બીજો.		
૧૬	૧૧૭૯	૧૧૨૨	પૃથ્વીવર્મદેવ.		
૧૭	૧૧૮૬	૧૧૨૯	મદનવર્મદેવ.	૧૧૮૬–૧૨૨૦	
૧૮	૧૨૨૨	૧૧૬૫	પરમદદેવ	૧૨૨૪	
૧૯	૧૨૬૮	૧૨૦૩	ત્રૈલોકયવર્મદેવ.	૧૨૬૯–૧૨૯૭	
૨૦	૧૨૯૭	૧૨૪૦	વીરવર્મ પેહેલો.	૧૩૧૨–૧૩૩૭	
૨૧	૧૩૩૯	૧૨૮૨	ભોજવર્મ.	૧૩૪૫	
૨૨	૧૩૫૭	૧૩૫૦	વીરવર્મ બીજો.	૧૩૭૨	
૩૦	૧૫૭૭	૧૫૨૦	કિરતસિંહ (કીર્ત્તિ.)		

૧ આ હાથીનું નામ યશઃપટહ હતું, તથા મ્હાવતનું નામ શામળ હતું. તે હાથીની યશોધવલ અથવા શ્રશલદેવ ગણપતિરૂપે વળસર ગામમાં સ્થાપના થઈ. ર. ઉ.

તે કિલ્લાનો ધણી થઈ પડ્યો, અને યશોવર્માએ ટક્કર લેવામાં શૌર્ય બતાવ્યું છતાં પણ તે ઝલાઈ ગયો. એટલે સિદ્ધરાજની પૂર્ણ જિત થઈ, અને જેમ ચારસો વર્ષ પછી તેના મુસલમાન ક્રમાનુયાયીનાં નિશાન માન્ડુના[1]

---

૧ માળવાના રાજાઓની નીચેની વંશાવલિ, એક લેખ ઉપરથી મિ૦ એલા વિલકિનસને ભાષાન્તર કરી, બેન્ગાલ પ્રાન્ત આવ ધી એશિયાટિક સોસાઇટીના પુસ્તક ૫ માને પૃ. ૩૮૦ મે છપાવેલી છે તે ઉપરથી તથા બીજાં પ્રમાણ નીચે નોંધવામાં આવ્યાં છે તેને આધારે તૈયાર કરી છેઃ–

૯ મો રાજા ભોજદેવ. ઇ. સ. ૧૦૧૦–૧૦૫૫. ચાલુક્ય ભીમદેવ ગુજરાતનો રાજા આ સમયે હતો.

૧૦ મો જયસિંહ. ૧૦૫૫–૧૦૫૯ આ સમયે આ ગુજરાતમાં દેશનો ભાગ દાખલ થયો હતો.

૧૧ મો ઉદયાદિત્ય. ૧૦૫૯–૧૦૮૧.

૧૨ મો લક્ષ્મદેવ. ૧૦૮૧–૧૧૦૪.

૧૩ મો નરવર્મા સંવત ૧૧૯૦. (સન ૧૧૩૪)માં મરણ પામ્યો. ઉજ્જયણના લેખનું કોલબ્રુકનું ભાષાન્તર. ટ્રેનઝાકશન આવ ધી. રૉ. એ. સો. ૧. પૃ. ૨૩૨.

૧૪ યશોવર્મા ૧૧૩૩ થી ૧૧૪૨ સુધી. આ સમયે ગુજરાતના રાજાએ આદેશનો થોડો મુલ્ક જિતી લીધો.

ગાળો–૧૧૪૨–૧૧૫૫–બલ્લાલ દેવ કારભારી.

૧૧૪૩ થી ૧૧૭૯ સુધી ગુજરાતના રાજાઓનું સામ્રાજ્ય તેના પેટામાં લક્ષ્મીવર્મા હરિશ્ચન્દ્ર; ઉદયવર્મા.

૧૫ અજયવર્મા. "આ રાજાની કૃપથી વિદ્વાન અને નિપુણ રાજા શ્રી હરિશ્ચન્દ્રદેવને રાજ્ય મળ્યું." તેણે પોતાની નિલાગિરિ રાજધાનીથી બ્રાહ્મણોને દાન કર્યાં. સં. ૧૨૩૫. (ઇ. સ. ૧૧૭૯) જુઓ જર્નલ બેં. એ. સો. પુ. ૭. પૃ. ૭૩૬.

૧૬ વિન્ધ્યવર્મા "એણે ગુજરાત દેશ વશ કરી લેવાને મન કર્યું." (૧૧૬૦–૧૧૮૦)

૧૭ અમુશ્યાયન.

૧૮ સુભટવર્મ, અથવા સોહડ. "આ વિજયી રાજાની, સૂર્યના અગ્નિમય કિરણ "સરખી, ક્રોધમયી અતિ શકિત, જેણે તેનો ગર્જિત કોપ ગુજરાતના પાટણ–નગર– "(અથવા નગરો)માં ચલાવ્યો, તે ગુજરાતમાં હજી સુધી પણ દાવાનળ લાગે છે "તેથી આજ પર્યંત દેખાઈ આવે છે."

૧૯ અર્જુન રાજા. "આ રાજા જ્યારે બાળક હતો, ત્યારે રમતાં રમતાં પણ તેણે જયસિંહ રાજાને નસાડી મૂક્યો હતો." તેને માન્ડુના કિલ્લામાં સંવત્ ૧૨૬૭ ના ફાલ્ગુન શુદિ ૧૦ મે (ઇ. સ. ૧૨૧૦) રાજ્યાભિષેક કર્યો ત્યારે પોતાના કુલગોરને એક ગામ દક્ષિણામાં આપ્યું હતું. એણે ૧૨૧ વરસ રાજ્ય કર્યું.

બુરજાઓ ઉપર ચડ્યાં, તેમ તેનું નિશાન ભોજરાજાની નગરી ઉપર ફરકવા લાગ્યું.[1]

સિદ્ધરાજ ઘર ભણી પાછો આવતો હતો તેવામાં રસ્તે જતા યાત્રાળુ લોકોને જે નાયકો લૂંટી લેતા હતા તેમના કિલ્લા ઉપર તેણે હલ્લા કરીને તેઓને નસાડી મૂકી દેશને નિર્ભય કર્યો.

માળવાની જિત કરીને આવતાં, સીદ્ધરાજની અશ્વારી જયોત્સવ કરતી અણહિલવાડમાં પેઠી, તે અવસરે, જિતી લીધેલા યશોવર્મા રાજાને યશ-પતાકારૂપ ગણી રાજહસ્તી ઉપર બેસાર્યો હતો, તે જોવાને પુરવાસિયોની

માળવાની ધારાનગરીમાં બે વંશની સત્તાનો અન્ત સન ૧૧૧૨ માં આવ્યો. એટલે કે અર્જુનદેવ નિઃસંતાન ગુજરવાથી બીજી શાખાનો ૨૦ મો રાજા દેવપાળદેવ થયો, તેણે ૧૨૧૬ થી ૧૨૪૦ સુધી રાજ્ય કર્યું એ રાજા પ્રથમ શાખા સાથે જોડાઈ જવાથી હવે પ્રથમ પ્રમાણે માળવાનું રાજ્ય ચાલવા માંડ્યું. આ રાજા લક્ષ્મીવર્મદેવનો પૌત્ર હતો. હિન્દના પાદશાહ અલ્તમસે ૧૨૩૫ માં એના સમયમાં ઉજ્જણ અને ભીલસા કબજે કરી લીધાં. મહાકાળેશ્વરનું દેવળ એણે તોડી પાડ્યું. ચંદ્રાવતીના પરમાર રાજા સોમસિંહને દેવપાળદેવે હરાવી તેને કેદ કરવો હતો તેના વેરમાં તેણે ગુજરાતના રાજાને બોલાવીને તેના ઉપર આક્રમણ કર્યું.

૨૧ જયતુંગદેવ અથવા જયસિંહ બીજો. એ જયપાળદેવનો કુંવર હતો. એના સમયમાં મુસલમાનોનું બળ બહુ પ્રસરી ગયું. હિન્દુઓને ધર્મભ્રષ્ટ કરતા હતા. એનું રાજ્ય ઘણું ઘટી ગયું હતું.

૨૨ જયવર્મન્ બીજો. એનો સમય સન ૧૨૫૬ થી ૧૨૬૧ સુધી એ જયતુંગ-દેવનો અનુજ હતો. એણે પોતાના ન્હાના રાજ્યમાંથી ધરતીદાન કર્યું છે તેના તામ્રપટ મળી આવ્યા છે. એના સમયમાં મુસલમાનો ઘણા વધી પડ્યા અને માળવાની પીડાનો પાર રહ્યો નહિ.

૨૩ ત્રીજો જયસિંહદેવ થયો તેનો સમય સન ૧૨૬૧ થી ૧૨૮૦ સુધી થયો. એના સમયમાં ગુજરાતમાં વિશલદેવ વાઘેલો રાજ્ય કરતો હતો, તેણે ધારાનગરી ઉપર આક્રમણ કરીને તેને પરાજિત કરવો હતો તે વિષેનો એક શિલાલેખ છે.

૨૪ બીજો ભોજદેવ. એનો સમય સન ૧૨૮૦ થી ૧૩૧૦ સુધી હતો. એના સમયમાં હમીર સોલંકિયે એના ઉપર ચડાઈ કરીને એને હરાવ્યો હતો. મુસલમાનોથી પણ તે ઘણો પિડાયો હતો. છેવટે તે મુસલમાન થઈ ગયો હતો. ગુજરાતના રાજા સારંગદેવે એના ઉપર આક્રમણ કરીને હરાવ્યો હતો.

૨૫ ચોથો જયસિંહદેવ. એનો સમય સન ૧૩૧૦. તે ધારાનગરીની ગાદિયે બેઠો અને આ વંશના પણ રાજ્યનો અન્ત એનાજ સમયમાં આવ્યો.

૧ મુસલમાન સરદારોના હાથ નીચે માંડલિક બની ગયેલાઓ રાજ્યવહિવટ ચલાવતા હતા. અલાઉદ્દીન ખીલજીના સમયમાં ઉજ્જણ, ધાર, માણ્ડુ અને ચંદેરીનો એક સુબો ઠરાવ્યો હતો.

ઠઠ ભરાઈ હતી તેમાં **દ્વયાશ્રયને** ત્યાર પછી થનારો ગ્રંથકાર **હેમચન્દ્ર**-જૈનધર્મનો આચાર્ય, બીજા **શ્વેતામ્બરોમાં** મુખ્ય હતો, તેણે **ગૂર્જરરાષ્ટ્રના** શૂરવીરની કીર્તિ નીચે પ્રમાણે ગાઈ. તે વેળાએ તેના ઉપર પ્રથમ જ રાજાનું લક્ષ ગયું:–

> **भूमिं कामगवि स्वगोमयरसैरासिंच रत्नाकरा**
> **मुक्तास्वास्तिकमातनुध्वमुडुप त्वं पूर्णकुंभी भव**
> **धृत्वा कल्पतरोर्दलानि सरलैर्दिग्वारणास्तोरणा-**
> **न्याधत्त स्वकरैर्विजित्य जगतीं नन्वेतिसिद्धाधिपः ॥**

ભાવાર્થ—**સિદ્ધરાજ** પૃથ્વી જિતીને આવે છે. માટે અહો ! કામદુધા ! તમે તમારા ગોમયરસવડે ધરતીનું સિંચન કરો; **સમુદ્ર**, ! તમે મોતીના સ્વસ્તિક પૂરો; અહો **ચંદ્ર**. ! તમે તમારા પૂર્ણ તેજથી પ્રકાશ કરો; અહો ! દિશાના હાથિયો ! તમે તમારી સુંઢોવતી કલ્પતરુનાં પાદડાંનું તોરણ ધારણ કરો.[1]

જિત મેળવીને પાછા આવ્યાનો જયોત્સવ થઈ રહ્યો એટલે, હેમાચાર્યે એક [2]**વ્યાકરણનો** ગ્રંથ રચ્યો હતો તેના ગુણની પરીક્ષા કરાવવા સારૂ,

---

૧ **દ્વયાશ્રયના** ચૌદમાં **સર્ગમાં** કહ્યું છે કે "એક વખત **સિદ્ધરાજને નગરચર્યામાં** યોગિનિયોનો મેળાપ થયો; **તેમને સર્વ પ્રકારે પરાસ્ત કરવાની** એ ખંત રાખતો; કેમકે **તે** પોતાના લોકને કનડતી. જોગણીએ કહ્યું **કે તું અમારી** પૂઠે પડ્યો છે **તેમાં** તારૂં સારૂં **નહિ થાય.** જો કલ્યાણ ઈચ્છતો **હોય** તો **અવંતિના નાથ યશોવર્માને** પગે પડ અને **તેની** પેઠે **અમને** બલિદાનથી **તૃપ્ત કર. જયસિંહદેવે પ્રતિજ્ઞા કરી કે,** તમારાથી **થાય તે કરજો, પણ હું** તમારા **યશોવર્માનો** જ **પરાજય** કરીશ. પછી પોતે મોટી **સેના** લઇને ચાલ્યો. **રસ્તામાં** ભીલસેના **આવી** મળી. બધાંએ લશ્કરે **અવન્તિ** આગળ મેલાણ કર્યાં **અને અવન્તિ અથવા** ઉજ્જયિનીના કિલ્લાને **તોડવાની તૈયારી** ચાલી. એક દિવસ રાત્રે રાજા ફરતો ફરતો **સિપ્રા (ક્ષિપ્રા)** નદીના **તટ** ઉપર ગયો, ત્યાં **તો** યોગિનિયો ભેગી થઈ પોતાનું જ એક પૂતળું બનાવી, **તેના ઉપર** પોતે **(સિદ્ધરાજ)** હારે એવો પ્રયોગ કરતી હતી, તે દીઠું. પછી **જયસિંહ પોતે** છતો થયો ને યોગિનિયો **સાથે** યુદ્ધ કરી, **કાલિકા** જે બહુ બહુ રૂપ ધરી આવતી હતી તેને પરાસ્ત કરી. **કાલિકાએ** પ્રસન્ન થઈ કહ્યું કે, "તું સાક્ષાત્ **વિષ્ણુ** છે **અને યશોવર્માને** જિતશે. આ **સમાચાર** રાત્રિયે **યશોવર્માએ** સાંભળ્યા એટલે **યશોવર્મા** છાનોમાનો **ધાર**-નગરીમાં નાશી ગયો. પણ જયસિંહે **અવન્તિનો** કિલ્લો તોડી, તે લીધા પછી **ધાર**-નગરી પણ તેણે જિતી લીધી અને યશોવર્માને જિતી કેદ કર્યો."

૨ **વ્યાકરણ અષ્ટાધ્યાયી પાણિનિયે અષ્ટાધ્યાયી** રચી છે તેવી હેમાચાર્યે રચી. **અને તેમાં** રાજાનું વર્ણન નથી એમ બ્રાહ્મણોએ કહ્યું **તે** ઉપરથી **અષ્ટાધ્યાયીના** ઉદાહરણરૂપ **દ્વયાશ્રય** કાવ્ય રચ્યું તે ઉપર **અભયતિલક ગણીની** ટીકા છે. **ર. ઉ.**

અને તેણે જે ગ્રંથ રચ્યો હતો તે બ્રાહ્મણોના-ગ્રંથોના આધાર ઉપરથી લખ્યો છે એવું સામાવાળા કહેતા હતા તેઓનો બકવાદ બંધ કરવાને, એક સભા ભરી, તેમાં પ્રમુખ થઈ બિરાજવાની સિદ્ધરાજને વિનતિ કરવામાં આવી, તેનો પરિણામ આચાર્યના લાભમાં ઉતર્યો. રાજાની આજ્ઞા થવા ઉપરથી હેમાચાર્યનો ગ્રંથ એક રાજહસ્તી ઉપર અંબાડીમાં મૂકી તે ઉપર શ્વેતછત્ર ધરાવી અને ચામર આદિ બીજાં રાજચિહ્ન સહિત રાજમહેલને ભંડાર લઈ ગયા. તથાપિ દુર્જનો કહેવા લાગ્યા કે, એ પુસ્તકમાં કાંઈ રાજાના પૂર્વજોની કીર્ત્તિનું વર્ણન નથી. આવી વાત થતી સાંભળીને રાજાને જરા ખેદ થયો, પણ બીજે દિવસે **વ્યાકરણને** જ્યારે ફરીને તપાસ્યું, ત્યારે **હેમાચાર્ય** ખાંપણ સુધારવાને બરાબર તૈયાર થઈ રહ્યો હતો; તેના મુખમાંથી **સોલંકી** રાજાઓની કીર્ત્તિની ચતુરાઈભરેલી કવિતા નીકળવા લાગી. પછી તરત જ તેણે **દ્વયાશ્રય** ગ્રંથ રચીને મૂકી દીધેલા વિષયની પૂરતી કરી.

ત્યારપછી, **સિદ્ધરાજનું** લક્ષ **મૂળરાજને** અગ્નિદાહ દીધેલી જગ્યા ઉપર બાંધેલા **ત્રિપુરૂષપ્રાસાદ** અને બીજાં દરબારનાં દેવાલય ઉપર ગયું. તેણે તેમનો ખર્ચ ચલાવવામાં અને દેવની ઉપજમાં એટલું બધું ધન હદપાર વાપરવા માંડ્યું કે [1]**ક્રિસસે** જેમ **સાયરસને** ઉપદેશ કર્યો હતો તેમ નીચે પ્રમાણે **સિદ્ધરાજને** ભવિષ્યસૂચક ઉપદેશ કરવાની **યશોવર્માં** રાજાને અગત્ય પડી:–

"**માળવા** દેશ લાખો રૂપિયાની ઉપજનો છે, તો પણ, વાસણમાં જેમ સમુદ્ર "સમાઈ જાય તેમ **ગૂજરાતમાં** તે ખપી જાય છે. તેનું કારણ એ કે આ-

---

૧ **સાયરસ ઇરાનનો પાદશાહ હતો, તેણે ક્રિસસને જિતી લીધો અને ચિતા ખડકાવી બાળી નાંખવા હાજર કર્યો, એટલે ચિતામાં પડતાં પહેલાં તેણે સોલન! એમ ઉચ્ચાર કર્યો. ત્યારે તેને પૂછ્યું કે તેં સોલનને શા માટે સંભાર્યો? ક્રિસસે જણાવ્યું કે, હું જ્યારે મારી સંપૂર્ણ સમૃદ્ધિમાં હતો ત્યારે મેં સોલનને પૂછ્યું કે સુખી કોણ? ત્યારે તેણે અજાણ્યા કોઈ બે જણનાં નામ દીધાં. તેથી આશ્ચર્ય પામી મેં કહ્યું કે, તમે મને સુખી કેમ નથી કહેતા? તેણે કહ્યું કે મનુષ્ય જ્યાં સુધી જીવતો હોય ત્યાં સુધી તે સુખી છે કે દુઃખી તે કહી શકાય નહિ, કેમકે ભવિષ્યમાં શું નીપજશે? તેની કોઈને ખબર પડતી નથી. આ ઉપરથી તમે જોશો કે હું પોતાને ખરો સુખી સમજતો હતો તેને જીવતાં ચિતામાં બળી મરવું પડે છે, એવો સમય આવ્યો. તેથી સોલનના વાક્યની સત્યતા પ્રકટ થતાં મેં તેને સંભાર્યો. સાયરસને પણ આ કથનથી બોધ મળ્યો, અને ક્રિસસને તેનું રાજ્ય પાછું આપી પોતાના મિત્ર તરીકે માનવા લાગ્યો. ન. ઉ.**

"ગળ માળવો મહાકાળેશ્વર મહાદેવને[1] આપ્યો હતો તેથી તે દેવદ્રવ્ય થયું "તે અમે ભોગવ્યું; પણ સૂર્ય જેમ ક્ષિતિજમાં અસ્ત પામે છે તેમ અમારો "મહિમા અસ્ત પામી ગયો. તે જ પ્રમાણે તમારા વંશના રાજાઓ પણ "જ્યારે ધર્મનાં બધાં ખર્ચ, આગળ જતાં પૂરાં પાડી શકશે નહિ, અને "મૂળમાંથી સંકટ તમારો નાશ કરશે, ત્યારે એક એક દેવને ખાતે આપવા "ઠરાવેલો ખર્ચ તેમને ઓછો કરી નાંખવો પડશે."

શ્રીસ્થળમાં મૂળરાજે રૂદ્રમહાકાળનું દેવાલય બંધાવ્યું હતું તે જીર્ણોદ્ધાર કરાવ્યા વિના પડ્યું હતું અને બ્રાહ્મણોને પીડા કરવામાં રાક્ષસો[2] ચડી

---

૧ વનરાજના પિતા જયશિખરીના શત્રુ ભૂવડ રાજા વિષે આગળ લખવામાં આવ્યું છે. ઉજ્જયણમાં મહાકાળેશ્વરનું દેરૂં છે તેમાં એ ભૂવડે પોતાનાં અવયવની ખાંપણ સુધરી તેના બદલામાં આખું માળવા અને રાજધાની નગર ઉજ્જયણ મહાદેવને અર્પણ કરી દઈને તેનું રક્ષણ કરવાનું કામ પરમાર રજપૂતોને સોંપ્યું હતું.

૨ દ્વયાશ્રયમાં આ રાક્ષસોના નાયકને બર્બર અથવા બર્બરક કરીને લખ્યો છે અને પૃષ્ઠ ૯૩ ઉપર જે લેખનો ઉતારો કરચો છે તેમાં એ જ નામને ઠેકાણે માળવાના રાજા તરીકે બર્બરક કરીને લખવામાં આવ્યું છે; યશોવર્માએ ગૂજરાત ઉપર ચઢાઈ કરી હતી અને તેથી સિદ્ધરાજને ક્રોધ ઉપજ્યો હતો તેને આ વાત લાગુ પાડી શકાય છે. ગ્રન્થકર્ત્તાની આ ટીપ બરાબર નથી, તેનો નીચેના લખાણથી ખુલાસો થાય છે.

દ્વયાશ્રયમાં આ રાક્ષસોના નાયકને બર્બર અથવા બર્બરક કરીને લખ્યો છે અને પૃષ્ઠ ૯૩ માંના તથા ચૌલુક્ય વંશનાં બીજાં તામ્રપટોમાં જણાવ્યા પ્રમાણે સિદ્ધરાજને बर्बरकजिष्णु એટલે બર્બરકને જિતનાર કહ્યો છે. સાધારણ રીતે એમ માનવામાં આવે છે કે સિદ્ધરાજ મ્હોટાં પરાક્રમો બાબરા ભૂતના આશ્રયથી કરતો. તેને તેણે શ્મશાનમાં એક મડદા ઉપર બેશી વશ કર્યો હતો. સોમેશ્વર પોતાની કીર્ત્તિકૌમુદીમાં કહે છે કે આ મહાન્ રાજાએ ભૂતોના રાજા બર્બરકને શ્મશાનમાં કેદ કર્યો અને રાજાઓમાં સિદ્ધરાજ તરીકે પ્રખ્યાત થયો:

श्मशाने यातुधानेन्द्रं बद्ध्वा बर्बरकाभिधम् ।
सिद्धराजेति राजेन्दुर्यो जज्ञे राजराजिषु ॥ ३८ ॥

દ્વયાશ્રય કોષમાં આ બર્બરને રાક્ષસ અથવા મ્લેચ્છનો અધિપતિ કહે છે તે શ્રીસ્થળ(સિદ્ધપુર)ના બ્રાહ્મણોને દુઃખ દેતો. જયસિંહે તેને જિતી લીધો, અને તેની સ્ત્રી પિંગલિકાના કહેવાથી તેને ઉગાર્યો. પછી બર્બરે જયસિંહને મૂલ્યવાન ભેટો આપી, અને બીજા રજપૂતોની પેઠે તે પણ તેની સેવામાં રહ્યો.

ડાકટર બૂલર ધારે છે કે, બર્બરકો અનાર્યમાંની એક જાતિ છે, જે ઉત્તર ગૂજરાતમાં કોલી, ભીલ અથવા મેરની પેઠે સંખ્યાબન્ધ વસેલા છે. કાઠિયાવાડમાં જે ભાગમાં આ બર્બર લોક વશ્યા તે હમણાં બાબરિયાવાડ કહેવાય છે

આવ્યા હતા, તેથી હેમની જ્વાળાને આકાશમાં જવાનો વારો રહ્યો ન હતો. સિદ્ધરાજે બ્રાહ્મણોના શત્રુઓને ક્હાડી મૂકીને, પોતાના ઘણા કુશળ કારી-

ટૉડ સાહેબ (વેસ્ટર્ન ઇન્ડીયા પૃષ્ઠ ૧૭૩-૧૯૫) ગૂજરાતના મેદાન ઉપર અગિયારમા ને બારમા સૈકામાં પાહાડી અને જંગલમાં રહેનારા લોકોના હુમલા વિષે કહે છે કે તે બર્બરકની સાથેની સિદ્ધરાજની લડાઇયો હશે.

બર્બર નામ જૂના સમયનું છે, અને હિન્દુસ્થાનથી મોરોકો સુધી ફેલાયલું છે. (વિલ્સન પુ. ૭ મું પૃષ્ઠ ૧૭૬) બર્બરસ અને બારબેરિયન એ બન્ને નામ વચ્ચેનો સંબંધ માત્ર ઉચ્ચારના મળતાપણા ઉપરથી જ જણાય છે એમ નથી, પરન્તુ સઘળાં સંસ્કૃત પુસ્તકોમાં બર્બરોને, કાંઠે વસનારા પરદેશિયો અને અનાર્ય જાતિ કહી છે તે ઉપરથી સિદ્ધ થાય છે.

અરબ્બી ભાષામાં જંગલને બર ક્હે છે. તે ઉપરથી. બરમાં રહેનાર તે બરબરી એમ પણ ધારણા થઈ શકે છે. ઉત્તર આફ્રિકા અથવા બાર્બરી સંસ્થાન ક્હેવાય છે. તેમાં મોરોકો, આલજિરિયા, ટૂનિસ અને ત્રિપોલી આવી જાય છે. આ સંસ્થાનોમાંના ભૂમધ્ય સમુદ્રના કિનારા ઉપર વસનારા લોક બાર્બેરિયન ક્હેવાય છે. કર્નલ ટોડના ક્હેવા પ્રમાણે મોરોકો મરકા=મરૂ=મારૂ (રેતીનું રણ) તેનો જે દેશ તે મોરોકો અને ત્યાંના રહેવાશી મૂર ક્હેવાય છે. તે શબ્દ મૌરુ શબ્દનો અપભ્રંશ થઈ શકે છે. મૌર એટલે મારૂકાના રહેવાશી. ભેડ અથવા કે ભેર કે બેર એટલે ઘેટું; ઘેટાં રાખવાવાળા તે. (મી૦ બ્રૂસના અભિપ્રાય પ્રમાણે) બેરબેર એટલે ભરવાડ. મૌરીતાનિયાના નોમાડિક રાજાઓ, તે મારૂ થાન(આફ્રિકાનું મ્હોટું રણ)ના પલી અથવા પાલી ભરવાડ રાજાઓ હતા. બાર્બરી અને ઈજીપ્તના ફીલીટા અથવા પાલી રાજાઓ તે કોણ? રાતા સમુદ્રના દક્ષિણ કિનારા ઉપર વસનારા અને આબિસિનિયાના રહેવાશી બેરબેર લોક ત્યાંથી ખશીને ઉત્તરકાંઠા ભણી જઈ ત્યાં તેમ જ એટલાસ પર્વત ઉપર વશી કબજો કરી રહ્યા, એટલું જ નહિ પણ સહરાના રણ સુધી તેમની જાતિવાળા ધશી ગયા. અને તે ઉપરથી તેઓ વશ્યા તે સ્થાન બાર્બરી ક્હેવાયું. સોલોમન અને તેના સમકાલીન સિશાકના સમયથી આફ્રિકાના પૂર્વકાંઠા અને હિન્દુસ્તાન વચ્ચે ગાઢ વ્યવહાર ચાલતો હતો.

નીચેના શ્લોકોમાં બર્બર નામ આવે છે, અને ત્યાંના રાહુ જેવા ભયંકર દેખાવના લોકને બર્બર માન્યા છે:-

राहुर्बर्बरके देशे संजात: कामवर्जित: ।
गौत्रे पैटीनसे ह्येहि सिंहारूढो वरप्रद: ॥

બર્બરક દેશમાં પૈઠીનસ ગોત્રમાં જન્મેલો, શરીર વગરનો, સિંહારૂઢ થયેલો વરદાન આપનારો એવો હે! રાહુ! તું છું તે અહીં આવ.

નીચેનો હનુમાન નાટકનો શ્લોક છે, તેમાં પણ બર્બરોને જ રાક્ષસ માન્યા છે.

आसीदुद्भटभूपतिप्रतिभटप्रोन्माथिविक्रांतिको ।
भूप: पंक्तिरथो विभावसुकुलप्रख्यातकेतुर्बली ॥

ગરોને દેરૂં પૂરૂં બાંધવાના કામમાં લગાડ્યા. પછી જોષિયોને પૂછવા ઉપરથી તેને ચેતાવવામાં આવ્યો કે દેવપટ્ટણના દેવાલયને જેમ પારકા દેશના યોદ્ધાના આવવાથી નુકસાન પુહોંચ્યું હતું, તેમ આ નવા દેરાને કદાપિ થાય. આ ઉપરથી સિદ્ધરાજે અશ્વપતિયોની અને બીજા રાજાઓની મૂર્ત્તિયો કરાવીને દેરામાં મૂકાવી, તથા તેમની પાસે પોતાની પણ એક મૂર્તિ પ્રાર્થના કરતો હોય એવી ઢબમાં મૂકાવીને તે ઉપર લેખ લખાવ્યો તેમાં એવી વિનતિ કરી કે, "કદાપિ જો દેશનો નાશ કરવામાં આવે તો પણ આ દેવાલયનો નાશ કરવો નહિ." પછી મહાદેવની જયવંત ધ્વજા રૂદ્રમાળાના શિખર ઉપર ચડાવી, ને આગળ જૈનનાં દેરાંને ધ્વજા ચડાવવાની છૂટી અપાતી નહિ તે રાજાએ કૃપાદૃષ્ટિ રાખીને ચડાવવાની આજ્ઞા આપી. શ્રીસ્થળ શહરે પોતાના રાજવંશી જીર્ણોદ્ધારનું નામસ્મરણ રહેવાને આ વેળાથી પોતાનું સિદ્ધપુર નામ ધારણ કર્યું. જૈન લોકો આ વાતમાં એટલો વધારો કરે છે કે, આ જગ્યાએ રાજાએ મહાવીર સ્વામીનું દેરાસર બંધાવ્યું ને ત્યાં મેળો ભર્યો.

પછી તરત જ સિદ્ધરાજ [1]માળવે ફરી ગયો અને ત્યાં ચોમાસું ગાળ્યું. ત્યાં એને મનગમતા સમાચાર મળ્યા કે, સહસ્રલિંગ તળાવ પૂરૂં બંધાઈ રહ્યું-

---

उर्वीबर्बरभूमिभारहृतये भूरिश्रवाः पुत्रतां ।
यस्यारस्वमथा विधाय महितः पूर्णश्चतुर्धा विभुः ॥ १ ॥

પૃથ્વી ઉપરનો બર્બરોનો (રાક્ષસોનો) ઘણો ભાર ઉતારવા સારૂ પૂજનીય ઐશ્વર્યથી પરિપૂર્ણ અને યશસ્વી પરમાત્માએ પોતાનું સ્વરૂપ રામ, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન એવા ચાર પ્રકારે વહેંચી જેનું પુત્રપણું ગ્રહણ કર્યું તેવો યોદ્ધો, રાજાઓ રૂપ પ્રતિદ્વંદ્વિયોનું મથન કરે તેવાં પરાક્રમવાળો, સૂર્યકુળમાં પ્રખ્યાત ધ્વજરૂપ બળવાન્ દશરથ રાજા હતો. ર. ઉ.

૧ સિદ્ધરાજે માળવા સર કર્યા પછી મહોબક(બુંદેલખંડમાંના હાલના મહોબ)ના ચંદેલ રાજા મદનવર્મદેવને જિત્યો. એ મદનવર્મા સંવત્ ૧૧૮૬ થી ૧૨૨૦ સુધી (ઇ. સ. ૧૧૩૦ થી ૧૧૬૪ સુધી) હતો. ચંદેલ કુળના સૌથી પ્રખ્યાત રાજામાંનો એ એક હતો.

"કીર્ત્તિકૌમુદી"માં કહ્યું છે કે-સિદ્ધરાજ ધારાનગર(માળવા)થી કલંજર ગયો. મહોબકના રાજાએ સિદ્ધરાજને પોતાના પરોણા તરીકે માન આપ્યું ને પરોણાચાકરીની રીતે દંડ તથા ખંડણી આપ્યાં.

"કુમારપાળ ચરિત"માં કહ્યું છે કે-સિદ્ધરાજ ધારાનગરથી પાછો વળતો હતો ત્યારે પાટણ પાસે તેની છાવણીમાં એક ભાટ કચેરીમાં આવ્યો. તેણે કહ્યું કે "આપની કચેરી મદનવર્માની કચેરી જેવી આશ્ચર્ય પમાડનાર છે. એ મદનવર્મા મહોબક શહરનો રાજા છે. તે ઘણો હુશિયાર, ડાહ્યો, ઉદાર, અને આનંદી છે." આ વાતની ખાત્રી કરવા, સિદ્ધરાજે પોતાનો દૂત ત્યાં મોકલ્યો. છ મહિને દૂતે આવી રાજાને

છે ને પાણીથી ભરાયું છે. ચોમાસું વીતે ગૂજરાત આવતાં રસ્તામાં **શ્રીનગરમાં** તેણે વાસો કર્યો. ત્યાં ઘણાં દેરાં ઉપર ધ્વજાઓ ફરકતી જોઈ ને તજવીજ કરી, તે ઉપરથી બ્રાહ્મણોએ પોતાના ધર્મનાં જે જૂદાં જૂદાં દેરાં હતાં તે ગણાવ્યાં ને તે સાથે જૈન ધર્મનાં હતાં તેની પણ ગણના કરી તે ઉપરથી સિદ્ધરાજે ક્રોધાયમાન થઈને કહ્યું: "ગૂજરાતની ભૂમિમાં જૈનનાં દેરાસર ઉપર ધ્વજા ચડાવવા દેવાની આજ્ઞા કરી નથી તેમ છતાં તમારા નગરમાં મારી આજ્ઞા કેમ પાળવામાં આવી નથી?" આ ઉપરથી **શ્રીઋષભદેવના ચૈત્યની** વ્યવસ્થા કરનાર મહાજન હતું તેના નેતાઓ રાજસભામાં તામ્રપટ અને બીજા લેખ લઈને તેઓને પ્રાચીન કાળથી છૂટ મળી છે એવું સિદ્ધ કરવા આવ્યા. આ તકરારનું છેવટ આવતાં બ્રાહ્મણોએ પણ એ વાત માન્ય કરી, તે ઉપરથી ઉદાર મનના રાજાએ આજ્ઞા કરી કે આજથી એક વર્ષ પછી જૈન દેવાલયો ઉપર ધ્વજાઓ ચડાવવા દેવી.

સિદ્ધરાજના સેનાપતિયોમાં **જગતદેવ**[1] (જગદેવ) કરીને એક પ્રખ્યાત

ખાત્રી આપી કે ભાટનું કહેવું ખરૂં છે. આ સાંભળી સિદ્ધરાજ એકદમ મહોબક ઉપર ચડાઈ લઈ ગયો. અને શહરથી સોળ માઇલ ઉપરે પોતાનું મેલાણ કર્યું, અને પ્રધાન સાથે મદનવર્માને પોતાને તાબે થવાનું કહેણ મોકલ્યું. મદનવર્મા મોજમજાહ કરતો હતો તેણે આવેલા પ્રધાનની પરવા કરી નહિ.

મદનવર્માએ કહ્યું કે, આ રાજા તેજ છે કે જેને ધારાનગર સાથે બાર વર્ષ લડવું પડ્યું. તે કબાડી અથવા જંગલી રાજા હોતાં તેને પૈસા જોઈતા હશે: માટે તેને જોઈતું હોય તે આપો. પછી પૈસા આપવામાં આવ્યા. સિદ્ધરાજ તેની બેપરવાઈથી અજાયબ થયો, અને મળ્યા વગર રવાને ન થવાનું જણાવ્યું. મદનવર્માએ તેને મળવાનું કબૂલ કર્યું. સિદ્ધરાજ પોતાના ઘણા અંગરક્ષકો સહિત મદનવર્માની રાજ્યવાટિકામાં ગયો. ત્યાં મહેલ ખુશનુમા હતો. તેને ફરતી લશ્કરની ચોકી હતી. સિદ્ધરાજને ચાર અંગરક્ષકોથી મહેલમાં દાખલ કર્યો. આ રાજાએ સિદ્ધરાજની સારી રીતે પરોણાચાકરી કરી. પોતાનો મહેલ, બગીચો, ખુશકારક ઘરો બતાવ્યાં. સિદ્ધરાજની સારી બરદાસ્ત રાખ્યા પછી તે રવાના થયો ત્યારે તેને ૧૨૦ માણસ ચોકીવાન તરીકે આપ્યા. (જુઓ પાછળ પૃ. ૧૫૪થી ચાલતી નોટ).

દ્વયાશ્રયમાં કહ્યું છે કે સિદ્ધરાજે માળવા જિત્યા પછી સિંધ નામના જોડેના દેશના રાજાને પકડી કેદ કર્યો.

૧ જગદેવ વિષે મેરૂતુંગે એમ લખ્યું છે કે, તે ત્રિવીર એટલે દયાવીર, દાનવીર અને યુદ્ધવીર પુરૂષ હતો. તેને સિદ્ધરાજે પોતાના સામંત તરીકે તેનો સત્કાર કરીને રાખ્યો હતો. પણ કુન્તલના પરમર્દિ રાજાએ તેને બોલાવી લીધો. આ પરમર્દિ રાજા પટા (છુરીનો) ખેલવાનો અભ્યાસ કરતો હતો અને નિત્ય એક રસોઈયાને મારી નાંખતો હતો, તેથી તે કોપકાળાનળ કહેવાતો હતો. આ રાજાની રાણિયે જગદેવને

પરમાર હતો. તે આ સમયે હતો એવું કથન વઢવાણના ગ્રન્થકર્ત્તા આચાર્યે કર્યું છે. પછી તેમાં માત્ર એટલું જ જણાવ્યું છે કે તે ત્રિવીર એટલે બળવાન, બુદ્ધિમાન અને ધનવાન હતો; તથા સિદ્ધરાજ તેના ઉપર બહુ પ્રીતિ રાખતો હતો, પણ છેવટે તે રાજાની ચાકરી છોડીને પરમર્દી રાજાના દરબારમાં ગયો, તે રાજાની પટરાણી એને ભાઈ કહીને બોલાવતી હતી.

જે વાત અમે હવે અમારા વાંચનારાઓને માટે રજુ કરિયે છિયે, અને તેનો મુખ્ય નાયક આ શૂરવીર સેનાપતિ છે, તેમાં ઇતિહાસવિષયક કાંઈ સત્યતા નથી, તો પણ રજપૂતના છીત્રતરનું વીર્યવાન્ ચિત્ર આપણા આગળ તે ખડું કરે છે. અને અદ્ભુત કથાઓ જે ક્ષત્રિના પ્રત્યેક ખરા પુત્રને આનંદ પામવાનું મૂળ છે તેના નમુના તરીકે તે અણગમતું નહિ થઈ પડે.

પ્રકરણ ૮ મું.

જગદેવ પરમારની વાત.

માળવા દેશની ધારા નગરીમાં, ઉદયાદિત્ય રાજા રાજ્ય કરતો હતો, તેને બે રાણિયો હતી, તેમાં એક વાઘેલા શાખાની હતી ને બીજી સોલંકિણી હતી; વાઘેલીને રણધવલ[1] કુંવર હતો. વાઘેલી માનીતી હતી, ને સોલંકિણી

પોતાનો ભાઈ કરી માન્યો હતો. કુંન્તલેશ્વરે એને શ્રીમાલના રાજા ઉપર ચડાઈ કરવાની આજ્ઞા કરી તે પ્રમાણે તે ગયો. તે એવો શ્રદ્ધાળુ હતો કે દેવપૂજા કરવા બેઠો હોય તેવે સમયે ગમે તેવું સંકટનું ટાંકણું આવે તો પણ સેવા પૂર્ણ કરયા વિના તે ઉઠે નહિ. આ વાત શ્રીમાળના રાજાના જાણવામાં આવી એટલે એણે એવા પ્રસંગનો લાગ જોઈને તેનો નાશ કરવા પોતાની સેના મોકલી. તેણે જગદેવનું ઉપરીપણું ન હોવાને લીધે તેની સેનાનો નાશ કર્યો, પણ જ્યારે પૂજા પૂરી થઈ રહી ત્યારે ૫૦૦ સુભટો લઈને શત્રુની સેના ઉપર તુટી પડયો અને સૂર્ય જેમ અંધકારનો નાશ કરે, સિંહ જેમ હાથીના ટોળાને નસાડે, અને મહાવાયુ જેમ મેઘમંડળને ફીટાડી નાંખે એમ શત્રુની સેનાનો પલક વારમાં ઘાણ વાળી નાંખ્યો. આ સ્થાને વિશેષમાં એમ લખ્યું છે કે સપાલદક્ષના રાજાને પૃથ્વીરાજની સાથે સંગ્રામ થયો તેમાં પરમર્દી રાજા પણ સપાદલક્ષના પક્ષમાં હતો, પરંતુ તે ત્યાંથી હાર ખાઈને પાછો નાશી આવ્યો; જે પૃથ્વીરાજે ૨૧ વાર મ્લેચ્છોનો પરાજય કર્યો હતો; ઇત્યાદિ હકીકત લખી છે. પરંતુ પૃથ્વીરાજના સમય વિષે ગુંચવાડો થાય છે.

૧ કર્નલ ટૉડે, (રાજસ્થાન ભાગ ૨ જો. ૨૪૨, મદ્રાસ આવૃત્તિ પૃ. ૨૧૮) જેસલમેરની ઇતિહાસવિષયક કથાઓનો ઉતારો કર્યો છે તેમાં નીચે પ્રમાણે છે:–

"રાયધવલ, પુંવાર, ધારના ઉદયાદિત્યનો પુત્ર (અથવા વંશજ) હતો તેને ત્રણ

અણુમાનીતી હતી. સોલંકિણીને જગદેવ કરીને કુંવર હતો; તે કાંઈક સામળે રંગે હતો, પણ ફૂટડો હતો. રણધવલ મોટો કુંવર હતો તેથી તે યુવરાજ અથવા ગાદીનો વારસ હતો. બે ભાઈની વય વચ્ચે બે વર્ષનું છેટું હતું, જગદેવ બાર વર્ષનો થયો ત્યારે રાજાએ મુદાર નામના એક દાસને પૂછ્યું કે "સોલંકિણી રાણીને કુંવર છે કે નહિ?" મુદારે ઉત્તર આપ્યું: "સોલંકિણી રાણીને જગદેવ કુંવર છે, પણ તે કદિ દરબારમાં આવતા નથી." રાજા બોલ્યો: "જગતમાં પુત્રથી કાંઈ વધારે નથી," એવું કહીને તેણે જગદેવને તેડું મોકલ્યું, એટલે જગદેવ દરબારમાં આવ્યો. તેનું અંગરખું ચણોટિયાનું (જાડા ખદડ લૂગડાનું) હતું; તેને માથે ફેંટો હતો તે માત્ર એક રૂપિયાની મતાનો જ હતો; તેના હાથકાન અડવા હતા. આવી દશામાં તેણે આવીને નમન કર્યું. રાજાએ તેને છાતી સરસો ચાંપીને પોતાની પાસે બેસાર્યો, અને તેનો પોષાક જોઈને બોલ્યો: "કુંવર! તું આવાં લૂગડાં પ્હેરે છે એનું કારણ શું?" જગદેવે કહ્યું: "મારી તપશ્ચર્યામાં ખામી છે; મહારાજાને ઘેર "જન્મ પામ્યો તો ખરો, પણ તેજ મહારાજાના માળવા દેશમાં શેરભર "અન્ન અને પીવાને પાણી મળવાને પણ સાંસા પડે છે. મારાં માવજીને "આપે એક ગામ આપ્યું છે, એ જ તેમના ગુજરાનને માટે સાધન છે, ને "તેનો કારભાર પોતે ચલાવે છે. ગામ[1] એ નામ તો મ્હોટું છે, પણ તેની "ઉપજ થોડી છે. માત્ર આ એક જ ગામની ઉપજમાંથી ખાવાપીવાનું અને "લૂગડાંલત્તાંનું ખર્ચ, દાસદાસિયોના ગુજરાનનું ખર્ચ, અને રથ તથા બળ-"દોનું ખર્ચ નિભાવવું પડે છે. મારાં પોતાનાં લૂગડાં તો તેમાંથી પૂરાં પડી "શકતાં નથી." રાજાએ આ બધું સાંભળ્યું, અને પછી ભંડારીને કહ્યું: "એને

"પુત્રિયો હતી, તેમાંની એક જયપાળ (અજયપાળ) સોલંકી જે સિદ્ધરાજનો પુત્ર હતો તેને દીધી હતી. બીજી બીજરાજ ભટ્ટીને, અને ત્રીજી ચિતોડના રાણાને દીધી હતી."

આમ લખાણુ છે, પણ સિદ્ધરાજને પુત્ર ન હતો; અજયપાળ છેવટે તેની પછવાડે (કુમારપાળ પછી) ગાદિયે બેઠો છે તે તેનો સગો હતો; પણ તેનો વંશજ ન હતો. માળવાના રાજાઓની વંશાવલી પૃષ્ઠ ૧૫૭ ની છાપી છે તે જુઓ.

સિદ્ધરાજની વેળામાં જગદેવ થયો તે ભોજના ક્રમાનુયાયી ઉદયાદિત્યનો પુત્ર હતો. તથાપિ આ વાત ચાલે છે તે ખરેખરી અદ્ભુત કથા છે. લક્ષ્મણદેવ નામનો એનો એક ભાઈ, તેના બાપ પછી સન ૧૦૮૧ થી ૧૧૦૪ સુધી રાજ્ય કર્યું. બીજો ભાઈ નરવર્મા દેવ તેની પછવાડે ગાદિયે બેઠો તેનો સમય ૧૧૦૪ થી ૧૧૩૩.

૧ ત્રણ સારાં ગામ એવો અંગ્રેજીમાં અર્થ લીધો છે તે તીનસુ એ વિભક્તિ નહિ સમજવાથી ભૂલ થઈ છે. ર. ઉ.

નિત્યના બબ્બે રૂપિયા આપજો." જગદેવ બોલ્યો: "મહારાજ ! આપે મને "બક્ષિસ આપવાને કહ્યું તે તો મેં માથે ચડાવ્યું, પણ પ્રતાપવંતાં માવજી[1] "મારા ઉપર વ્હાલ રાખે છે, એટલે નભવાનું નથી, માટે હું કાંઈ લેનાર "નથી: લખ્યા લેખ હશે તે પ્રમાણે નિપજશે.' પછી રાજાએ ભંડારી પાસે રૂપિયાની એક થેલી મંગાવી અને હાથમાં આપી કહ્યું: "કુમાર ! પોષાક કરાવો અને સારા સલુકથી રહો." પછી જગદેવને જવાની આજ્ઞા આપી. જગદેવ આજ્ઞા લઈને ગયો ને જે બન્યું તે સર્વ પોતાની માતાજીને કહી થેલી આપી. વાઘેલીના એક ચાકરે આ બધું સાંભળ્યું, અને દીઠું તે જઈને તેને કહ્યું: "આજે રાજાએ જગદેવને બહુ પ્રીતિ બતાવી; નિત્યના બબ્બે રૂપિયા "બાંધી આપ્યા, અને રૂપિયાની એક થેલી બક્ષિસ આપી." આવું સાંભળીને તેને પગની ઝાળ માથે લાગી. તેણે એક ખવાસ મોકલીને રાજાને પોતાની પાસે તેડાવ્યો. તે આવ્યો એટલે તેને નમન કર્યું. રાજા આવીને ગાદીતકિયે બેઠો. વાઘેલી લાલચોળ આંખો કરીને બોલી: "તમે દુહાગણના[2] દીકરાને શું આપ્યું ?" રાજા બોલ્યો—"સોલંકિણી દુહાગણ તો છે, પણ એનો કુંવર મારે પ્હેલો. "રણધવલ તિલાયત[3] છે, પણ જગદેવ મારી આંખો ઠારે છે. એ સારો રજપૂત ઉઠશે." આવું સાંભળી વાઘેલી બોલી: "એનું મ્હોં કાળું છે ને એનું "ભાગ્ય પણ કાળા જ અક્ષરથી લખાયું છે, તમે એનાં વખાણ શા માટે "કરો છો ? થેલી પાછી મંગાવો." રાજાએ ઉત્તર આપ્યું: "એ તો મેં એને "પ્રસન્ન થઈને આપી છે; હવે બીજી વેળાએ તમને પૂછીને આપીશું."

આ વેળાએ ઉદયાદિત્ય માંડવગઢના (માન્ડુ) રાજાની ચાકરી કરતો હતો તેના ભણીથી ઉતાવળનો કાગળ આવ્યો કે તમારે તાબડતોબ આવવું. આ કામ સારૂ રાજા ત્વરા સહિત ત્યાં ચાલ્યો. બન્ને રાજકુંવર ઘેર રહ્યા. જગદેવના સોબતિયો સારા હતા; તે સર્વેની મુલાકાત આદરમાનથી લેતો, સારી સલાહ આપતો; તેની વર્ત્તણુંક સારી હતી, તેનો સ્વભાવ આનંદી હતો, તેથી જગત્માં લોકો તેનું સારૂં બોલવા લાગ્યા ને તેની કીર્ત્તિ વધી, દરબાર તો રણધવલ ભરતો હતો, પણ જગદેવ તો પોતાના ઘરમાં રહેતો અને ત્યાં જ બેસતો હતો; આ પ્રમાણે બે વર્ષ વહી ગયાં. આ સમયે, ગૌડ દેશનો રાજા ગંભીર કરીને ગૌડ કુળનો હતો તેણે જગદેવની કીર્ત્તિ સાંભળીને

---

૧ અહિં એનો ક્હેવાનો ભાવાર્થ વાઘેલી રાણી "મા" એ શબ્દનું વધારે માનવંતું રૂપ "માજી" અથવા "માવજી છે."

૨ માનીતી સુહાગણ ક્હેવાય છે ને અણમાનીતીને દુહાગણ કહે છે.

૩ તિલાયત એટલે રાજતિલક જેને થતું હોય તે, કુટુંબમાં મુખ્ય, પાટવી.

ધારાનગર નાળિયેર લઈને પોતાના કુળગોરને તથા પ્રધાનને મોકલ્યા. તેમની સાથે એક હાથી ને નવ ઘોડા હતા, ને જગદેવને નાળિયેર દેવાનું હતું તે સોને રૂપે મઢેલું હતું. તેઓ ધારા નગરમાં આવી પ્હોંચ્યા. ત્યાં તેમનો સત્કાર કર્યો, ર્‌હેવાને ઉતારો આપ્યો ને ઘાસચંદી આદિ જોઈતો સામાન પ્હોંચતો કર્યો. પછી કુળગોર, ખવાસ અને પ્રધાન એઓએ એકઠા મળી કહ્યું: "નાળિયેર વધાવો." ગૌડનો ગોર બોલ્યો: "અમારા "રાજાએ તો જગદેવને નાળિયેર આપવાનું કહ્યું છે માટે એમને આસને "બેસારો; હું એમને કપાળે તિલક કરીશ; અને નાળિયેર આપીશ." આ પ્રમાણે વાતચિત થયા પછી છૂટા પડ્યા. વાઘેલીની બહુ ભીતી લાગી: તેઓએ જઈને કહ્યું કે, "નાળિયેર તો જગદેવનું છે." આવું સાંભળીને વાઘેલી કોપાયમાન્ થઈને બોલી: "અરે, દૈવ! તું અમારામાંના કાળા કોઢિયાને નાળિયેર અપાવે છે? નાળિયેર તો મારા કુંવરને ઘટે છે. જાઓ જઈને આ વાત એ લોકોને સમજાવો અને રણધવલને નાળિયેર અપાવો, હું તેમનો ગુણ[1] વીસરીશ નહિ." મતુવી ગૌડનો કુળગોરનું નામ હતું તેની પાસે આણીમગનો ગોર ગયો, અને તેને નાણાંની રકમ અર્પણ કરીને કહ્યું કે, "જગદેવ તો દુહાગણનો દીકરો છે; એને પેટ ભરીને પૂરૂં ખાવાયે મળતું નથી; અને રણધવલ ગાદીનો વારસ છે; એમનાં માવજી પટરાણી છે; માટે એમને નાળિયેર આપો." પછી તેમણે પાટવી કુંવર રણધવલને નાળિયેર આપ્યું; તેને રાજ્યતિલક કર્યું, નોબત વાગી અને છત્રીસે વાદિત્ર વાગવા લાગ્યાં. પછી આવેલા ગોરે કહ્યું: "એક વાર મને જગદેવ દેખાડો." આ વાત વાઘેલીને કાન નાંખ્યા પછી, જગદેવને બોલાવી આણ્યો. મતુવી ગોરે તેને જોયો; અને ડોકું હલાવીને કહ્યું: "જગદેવ કેવો રૂપવાન્ છે! તે કેવો કલાવાન્ અને તેજસ્વી દેખાય છે? તો પણ તે બોલ્યો: "લખ્યા લેખ પ્રમાણે થાય છે." પછી તેણે જવાની આજ્ઞા લીધી; તેને શેલાપાઘડીનો શિરપાવ કરીને રજા આપી. તે પોતાને દેશ આવી પ્હોંચ્યો, અને રાજા ગંભિરને નીચે પ્રમાણે વાત કહી:—"અમે રણધવલને નાળિયેર આપ્યું. ગાદીનો વારસ રણધવલ "છે; પણ કાન્તિમાન્ તો જગદેવ છે. તેનો પોષાક સોહામણો નથી, પણ "સૂર્યના કિરણ જેવો તે દેદીપ્યમાન છે: પરંતુ લખ્યા લેખના સામું કોઈનું "જોર નથી." રાજા બોલ્યો: "તમે મ્હોટી ભૂલ કરી; પણ હવે આપ્યું તે ના આપ્યું થાય નહિ, વળી મારે બીજી કન્યા નથી." એ પ્રમાણે કહીને,

૧ મતલબ કે તેમને લાંચ આપીશ.

તેણે જોશીને તેડાવ્યો અને લગ્નનો દિવસ ઠરાવીને કંકોતરી **ધાર** મોકલી. બીજો કાગળ તેણે પ્રધાન ઉપર મોકલ્યો તેમાં લખ્યું કે, "જગદેવ કુંવરને "તમારી સાથે લેતા આવજો, જો નહિ લઈ આવો તો કામ થવાનું નથી." કામદાર કાગળ લઈને **ધાર** આવ્યો; કાગળ પ્રધાનને આપ્યો, તેણે તે વાંચ્યો, ને રાણીને આપ્યો. **વાઘેલી** બોલી: "કાળિયાને સાથે લઈ જાઓ." જાનની તૈયારી થઈને **જગદેવ**ને કહેવરાવ્યું:—"કુંવર! જાનમાં જવાને તૈયાર થજો." **જગદેવે** કહ્યું: "યોગ્ય લૂગડાંલત્તાં અને ઘરેણાં વિના હું શી રીતે તૈયાર થાઉં? વળી પાળાની પેઠે મારાથી કાંઈ અવાય નહિ." પ્રધાનોએ જઈને **વાઘેલી**ને કહ્યું. એટલે તેણિયે ભંડારમાંથી સારાં લૂગડાં, કડાં, મોતીની માળા અને સોનાની ઉતરી તથા જનોઈ[1] એટલું મોકલ્યું. તે સાથે વળી કહાવ્યું કે, "પાયગામાંથી "સારો ઘોડો લેજો, ચાકર પાર વિનાના છે તેમાંથી થોડા સાથે આવશે." પછીથી સુમારે વીસ હજાર માણસની જાન નીકળી. રસ્તે જતાં **ટુકટોડા** આગળ મેલાણ કર્યું. ત્યાં રાજા **રાજજી** કરીને રાજ્ય કરતો હતો, તે **ઢાંક ચાવડા** કુળનો હતો. તેનો કુંવર **બીરજ** રાજ્ય ચલાવતો હતો, ને **રાજા-રાજ** આંધળો હતો તો પણ બુદ્ધિની આંખવડે તે દેખતો હતો. તે રાજાને એક કુંવરી હતી, તેનું નામ **વીર**મતી હતું ને તે કુંવારી હતી ને વરવાને યોગ્ય થઈ હતી. તેનો પિતા તેને માટે સગાઈ કરવાનું શોધતો હતો, પણ યોગ્ય વર જડતો નહતો. અહિં જાન આવી પહોંચી. **રાજારાજે** કહ્યું: "આ "જાનમાં **જગ**દેવ છે તે સારો રજપૂત છે ને રાજ્ય કરવા યોગ્ય છે. તેની "સાથે કુંવરીને મંગળફેરા ફેરવો." કુંવર **બીરજે** પણ તેનું આવું કહેવું માન્ય કર્યું. તે જાનનો આદરસત્કાર કરવાને તેમની છાવણીમાં ગયો. ત્યાં પહોંચ્યો એટલે તે બોલ્યો: "મારી પરોણાગત માન્ય કર્યા પછી, સવારમાં વાધજો." આગ્રહપૂર્વક તેણે પોતાનું કહેવું માન્ય કરાવ્યું, પછીથી કોટમાં પાછા આવીને તેણે જોશીને પૂછ્યું ને નક્કી કર્યું કે આવતી કાલે સાંજની વેળાએ, ગૌધુલિક ટાણે સારૂં મુહૂર્ત છે. પછી તેણે ઘટતી તૈયારી કરી દીધી; બીજે દિવસે કુંવરી **વીર**મતીને પીઠી ચોળી ગણેશ બેસાર્યા. સાંજે ત્રીજે પોહોરે સર્વે જમવાને આવ્યા, તેઓ સર્વે જમી રહ્યા, ને મુહૂર્તની વેળા થઈ એટલામાં તેઓ હાથ ધોઈને ઉઠ્યા. પછી કુંવર **બીરજે** ગોરને અને પ્રધાનને કહ્યું: "હું મારી બેહેન કુંવર **જગ**દેવને દેઉં છું." એમ કહીને, તેણે નાળિયેર આપ્યું, અને ચાર ઘોડા આપીને કહ્યું કે, "તોરણ બાંધેલા બારણામાં

---

૧ સોના કે રૂપાની અને જેમાં નંગ જડેલાં હોય છે એવી હમેલ થાય છે તે. ર. ઉ.

થઈને ચોરી આગળ પધારો.” ધારના પ્રધાને જાણ્યું કે બહુ જ સારૂં થયું. તોરણુ નીચે થઈને વરરાજા ચોરી આગળ ગયા, લગ્ન થતાં સવાર થઈ. વરને એક હાથી, પચીસ ઘોડા, અને નવ દાસિયો આપી. પછી પરોણા-ઓએ જવાની આજ્ઞા માગી અને મુહૂર્ત ઉપર પહોંચવાનું હતું માટે ચાવડી વીરમતીને પિતાને ઘેર રહેવા દીધી ને કહ્યું કે પાછા વળતાં અમે એમને લેતા જઈશું. જાન આગળ ચાલી, અને ગૌડ પરગણામાં આવી પહોંચી. જગદેવના પરણ્યાના સમાચાર પ્રસિદ્ધ થઈ ગયા. રાજા ગંભિર જગ-દેવનો દેખાવ તપાશી જોઈને, તેને પરણેલો જાણી ધુંવાપુંવા થયો; પણ લખ્યા લેખ ફરતા નથી. ગૌડ રાજાએ પોતાની પુત્રીનાં લગ્ન કર્યાં, તેણે બમણી વરદક્ષિણા આપી, ઘોડા આપ્યા, હાથી આપ્યા, અને અગિયાર દાસિયો આપી. પછી જાનને તેણે વિદાય કરી. જાન ટોડે પાછી આવી પહોંચી. ચાવડીને રથમાં બેસારી સંગાથે લઈ તેઓ ઘર ભણી ચાલ્યા. જગદેવના પરણ્યાના સમાચાર સાંભળી વાઘેલી મનમાં બળવા લાગી. તેણે કહેવા માંડ્યું: “અરે એ કાળિયાને જોયા વિના રાજાએ શું જોઈને પોતાની કન્યા આપી દીધી?” સર્વે જાનના સામા ગયા; ગૌડકુમારિ અને ચાવડી પોતપોતાની સાસુને પગે લાગ્યાં, દેવની પૂજા કરી. એક મહિના પછી ગૌડ અને ચાવડા રાજાઓએ પોતાની કુંવરિયોને તેડવા મોકલી ઘેર બોલાવી લીધી. જગદેવે પોતાને ચાવડીની સાથે વરદક્ષિણામાં જે મળ્યું હતું તે પાછું મોકલાવી દીધું, ને તેમાંથી માત્ર પોષાક અને ઘરેણું રાખ્યું. તેણે કહ્યું કે “હમણાં હું અહિં કશું નહિ રાખું.”

જગદેવ જ્યારે પંદર વર્ષનો થયો, ત્યારે ઉદયાદિત્ય સોંપેલા કામ ઉ-પરથી ઘેર પાછો આવ્યો. તેના મનમાં ઘણી આતુરતા હતી. રણધવલ કુંવર તેને મળવાને સામો ગયો. રાજાને તે પગે પડ્યો, તેમ જ નગરવાસિયો પણ જઈને નમ્યા. આખી દરબાર એક બીજાને મળીને યથાયોગ્ય કર્યા, પણ જગદેવ તેમાં જોવામાં આવ્યો નહિ. તેણે ચાકરોને પૂછ્યું: “જગદેવ “કુંવર કયાં છે?” તેઓ બોલ્યા, એ તો સોલંકિણી રાણી પાસે હશે. એટલે ત્યાં ખવાસને તેને તેડવા મોકલ્યો; એટલે જગદેવ સાદાં લૂગડાં પ્હેરીને આવ્યો, ને તેને પગે પડયો. રાજાએ તેને છાતી સરસ્યો ચાંપ્યો, ને હાથમાં હાથ આપીને પોતાની પાસે બેસાર્યો, ને તેને કહ્યું: “મારા કુંવર! તું હજી આવાં લૂગડાં પ્હેરે છે?” કુંવરે હાથ જોડીને કહ્યું: “પિતાજી! તમે ઘેરથી નીકળ્યા ત્યારે મારા “નિત્યના ખર્ચને અર્થે નક્કી કરતા ગયા, પણ તેમની (સાવકાં માતાજીની) “આજ્ઞા વિના મને કાંઈ મળ્યું નહિ. જેનું જેવું ખાવું તેનું તેવું શરીર, એ

"વાત આપ સારી પેઠે જાણો છો. એક જ ગામની ઉપજમાં, ચાકરોનું "ખર્ચ છતાં મારાં લૂગડાં શી રીતે નીકળે?" આવું સાંભળી રાજાએ પોતાનું કવચ, મોતીનો કંઠો, કંદોરો, ઉતરી, હમેલ, પ્હોંચિયો, શિરપેચ, જડાવની કલગી, વળી પોતાની ઢાલ, જમૈયો અને તરવાર, તથા રત્નજડિત મૂઠની કટાર એ સર્વે જે પોતાને પોષાકમાં મળ્યું હતું તે આપ્યું. તે જગદેવે નમન કરીને લીધું; પણ હાથ જોડીને વિનતિ કરી;–"પિતાજી! આપે કૃપા કરીને "મને જે આપ્યું તે મેં લીધું તો ખરૂં, પણ વાઘેલી માજીનું મારા ઉપર હેત "ઘણું છે, તેથી આપ તેમને મહેલ પધારશો એટલે બધું પાછું લેવરાવાનો "ઘાટ ઘડશે. મને એક વાર જે આપ્યું તે, આપની આજ્ઞા થશે તોય પણ "હવે હું પાછું આપનાર નથી." રાજા બોલ્યો: "વાઘેલી છો એમ ક્હેતી; "પણ, કુંવર! રણધવલના કરતાં તું મને બહુ ગમે છે અને હું જે તને "આપું છું તે મારૂં પોતાનું છે. મારી અશ્વારીનો ખાસ ઘોડો છે તે હું "તને આપું છું, તે લે, અને સાંજે દરબારમાં આવજે." આ પ્રમાણે કહીને તેને રજા આપી. જગદેવે ઘોડો પોતાની સાથે દોરાવી લીધો, ને સોલંકિણીની પાસે જઈને તેને પગે લાગ્યો; તેના દેખાવમાં નિત્યના કરતાં જૂદી રીતનું સુંદરપણું જોઈને તે બોલી: "કુંવર! એ વાઘેલીના ભેગા રહે છે તો "તને એમનો વિશ્વાસ છે?"

પછી ખાન નાઝર હતો તે વાઘેલી પાસે જઈને ક્હેવા લાગ્યો: "આજે "રાજાજિયે પોતાની પાસે જે હતું તે સર્વે જગદેવને આપી દીધું, અશ્વારીનો "પાટવી ઘોડો હતો તે પણ આપ્યો." આ સાંભળીને, તેના હૈયામાં આગ લાગી, તેણે ક્હેવરાવ્યું કે, મહારાજ! ભોજનશાળામાં પધારો, ભોજન તૈયાર છે. વાઘેલિયે મ્હોં સરખું પણ ધોયું નથી; તે મહારાજાને સુખી જોઈને પછી આનંદની ઘડી ગણશે અને દાતણ પણ ત્યારે કરશે. આ પ્રમાણે સાંભળીને રાજા તત્કાળ સવારમાં તેને મ્હેલ ગયો. વાઘેલી રાણિયે તેને નમન કર્યું; ને સિંહાસન માંડયું હતું ત્યાં રાજા આવીને બેઠો, એટલે, વાઘેલી બોલી: "આપની સુરત ઉપર હું વારી જાઉં. તાજા થયાથી ઘરેણાનો મોહ "છોડી દીધો હશે; પણ પૃથ્વીપતિ ઘરેણા વિના શોભો નહિ." રાજા બોલ્યો: "મેં ઘરેણું તો બધું પ્હેર્યું હતું; પણ જગદેવ કુંવરને અડવો દીઠો, તેથી "સર્વે ઘરેણું મેં એને આપી દીધું." આ સાંભળીને રાણી બોલી: "એ કાળિ-"યામાં તે એવું શું કામણ ભર્યું છે! એને ઘરેણાનો બમણો ભાગ મળ્યો; "તે ઉપરાંત વળી, ભંડારમાંથી મેં નવાં મોકલ્યાં હતાં. ત્યાર પછી તેણે તે "ટોડી ચાવડીને આપી દીધાં, પણ મહારાજ! આ તમે વિના વિચારે કર્યું

"છે. મહારાજ! મારા કુંવરને તો તમે એકેય વાર ખુશી થઈને કાંઈ આપ્યું જ "નથી. માટે એ આપેલું ઘરેણું પાછું મંગાવીને રણધવલને આપો." રાજા બોલ્યો: "ગરીબ સરખોય પણ પોતે એક વાર રીઝીને આપેલું પાછું લેતો નથી; "ને હું તો પૃથ્વીપતિ છું, મારે મન તો રણધવલ ને જગદેવ બે સમાન છે. "એ વસ્તુ મારાથી મંગાય કે પાછી લેવાય નહિ." રાણી વાઘેલી બોલી: "કટાર, તરવાર, અને પાટવી ઘોડો, એ તો પાટવી કુંવરનાં કહેવાય, જ્યારે "તમે એ પાછાં મંગાવશો, ત્યારે હું દાતણ કરીશ." રાજાયે વિચાર કર્યો કે સ્ત્રીની હઠ છોડાવવાનું કામ ઘણું કઠણ છે, કહેવત છે કે—

आथ अनाथ न जानही, चडे जणा हठ चार
बाळक, मंगण, राजवी, लाडघेलडी नार. १
टाढी शीतल वन दहे, जल पथरा वेराय
महिला रुठी जे करे, सो दैवे न कराय. २
दंडत जन महिपत अने, सब दंडत संसार
पंडितकुं खंडित करे, महिलाचरित्र अपार. ३

પછી નાજરને મોકલીને રાજાએ જગદેવને કહાવ્યું કે, "બેટા! હું તને "એક બીજી સરસ તરવાર આપીશ, પણ જો તું મને આરામ પમાડવાને "ઇચ્છતો હોઉં, તો તને આપેલી તરવાર પાછી મોકલજે. બેટા! આ વાત-"માં તું હઠ કરીશ નહિ." આ પ્રમાણે તેણે કુંવરને વિનવ્યો. ત્યારે જગ-દેવે જાણ્યું કે, લડું વઢું તો કપૂત કહેવાઉં. માટે તેણે તરવાર પાછી આપી. પછીથી તે રોષમાં બોલ્યો: "હું રજપૂત બચ્ચો છું; હું ગમે ત્યાં જઈને "મારો રોટલો પેદા કરીશ:—

पान पदार्थ सुघड नर, वण तोळ्यां वेचाय
ज्युं ज्युं पर भुम संचरे, मूल मोंघेरां थाय. ४
सिंह न जोवे चंद्रबळ, नव जोवे धन रिद्ध
एकलडो सहसा भलो, ज्यां सहसा त्यां सिद्ध. ५
जवानीमां[1] परदेश जई, धनसंग्रह नव थाय
अवसर ते जिवतर तणो एळे गयो गणाय. ६
चंगा माडु घर रहे, तीउ अवगुण होय
कपडां फाटे रण वधे, नाम न जाणे कोय. ७

[1] અસલ કવિતા નીચે પ્રમાણે છે:—
ज्युं वनदरवन खडुआं, जो परदेशां जाय,
गमिया ओही दीहडा, मनख जमारा मांहि.

"એટલા માટે, પ્રિય માજી ! જો તમે આજ્ઞા આપો તો મારૂં ભાગ્ય ગમે "ત્યાં જઈને અજમાવી જોઉં." ત્યારે તેની મા બોલીઃ "કુંવર ! તું ન્હાનો "છે; તું તે ક્યાં જઈશ ? પારકા દેશમાં એકલાં જવું ઘણું ભયભરેલું છે." જગદેવે ઉત્તર આપ્યું: "માવજી ! ઈશ્વિર મારી ચઢતી કરશે, મને ગમે ત્યાં "ચાકરી મળશે. પ્હેલાં ઈશ્વિરે સારા કુલીનના દીકરાઓની પ્રતિષ્ઠા રાખી "છે તેમ મારી પણ રાખશે. માજી ! તમારા પુણ્યથી મારૂં ભાગ્ય ઉઘડશે." તેની માએ વિચાર્યું કે—

आपण कामे सियळा, परकामे समरथ्थ,
तेने साही न राखिये, आडो दे दे हथ्थ. ८

વળી તે બોલીઃ "દીકરા, તને જેથી સુખ થાય તે કર" પછી જગદેવે પાયગામાંથી એક સારો ઘોડો લીધો, અને ભંડાર ઉઘાડીને તેમાંથી સોનાની મોહોરોની બે કોથળિયો લીધી ! હથિયાર પણ લીધાં–એક ધનુષ્ય, અને બાણથી ભરેલો ભાથો લીધો. ભાથાને ખભે ભેરવી લીધો ને પોતાની માતાને પગે લાગીને, ઘોડે ચઢ્યો ને સીધો ટુકટોડાને માર્ગે ચઢ્યો. નગરની બાહાર વાડી હતી તેમાં વિસામો કર્યો; ઘોડો એક ઝાડે બાંધ્યો, ચોકડું ચાવતો તે ઉભો રહ્યો; અને પોતે પણ એક ઝીણું લૂગડું ઘાસ ઉપર પાથરીને તે ઉપર બેઠો ને પોતાની પાસે ઢાલને એક બાજુએ મૂકી, અને રાત્રી પડે ત્યારે શહરમાં જવાનો નિશ્ચય કર્યો. આ વેળાએ ચાવડી વીરમતી, પાલખીમાં બેસીને, પોતાની સાહેલિયો સહવર્ત્તમાન સહસા આવી ચઢી. બન્નેને પરણ્યાંને ત્રણ ચાર વર્ષ થયાં હતાં. તે વેળાએ ઝરમર ઝરમર વર્ષાદ વરસતો હતો, તેથી ચંબેલીના મંડપમાં શતરંજી પથરાવીને બેઠી. એક ખવાસ બારણા આગળ ચોકી કરતો બેઠો હતો. તેવામાં તેણે પોતાની દાસીને આજ્ઞા કરી કે, "જા કાંઈ મેવો લઈ આવ." દાસી ફળ લેવાને નીકળી પડી; તેણે એક અશ્વાર અને ઘોડો જોયો તે ચાર પાંચ હજાર રૂપિયાનો તેને લાગ્યો, ને પીળા પલાણનો ઉંચી જાતનો સામાન હતો તે પણ મૂલ્યવાન્ હતો. પછી દાસિયે ત્વરાથી જવાન કુંવરને નિહાળી લીધો, તેણે વિચાર્યું કે, "આ તો કુંવરીના વર "જેવો દેખાય છે; તેના નાકની ધારથી અને આંખોની લાલાશથી મને "નક્કી લાગે છે કે એ રાજકુમાર છે." તેણે દોડી જઈને બાઈજીને કહ્યું: "બાઈજી ! એક વધામણી ખાઉં છું; વીશ વશા તો અહિં રાજકુમાર પધાર્યા છે !" ચાવડી બોલીઃ "હું પરપુરૂષના મ્હોં સામું જોતી નથી; પણ તું ચોક્કસ "માણસ છે, માટે ફરીથી જઈને જોઈ આવ, અને ખરેખરા સમાચાર લાવ." દાસિયે ફરી જઈને જોયું, અને પાછી આવીને બોલીઃ "બાઈ! લાખ વાતે એ

રાજકુમાર છે." પછી કુમારી બોલી: "જો, તું સમજુ માણસ છે, તું ડાહી છે એટલે બસ છે." ત્યાર પછી, સંભાળથી ચંબેલીના ઝાડની ઘટામાંથી ધારીને જોયું એટલે એની ખાતરી થઈ કે, એ રાજકુમાર છે. ત્યારે ચાવડી સત્વર જઈને પગે લાગી બોલી—

वायस वास उडावती, झबकी आव्यो नाथ,
चूडी अर्धी नंदई पडी, अर्धी रही मुज हाथ. ९
सुखसज्या आलय शीतळ दे मुज प्रिय सन्मुख
मुज मन इच्छा आश ए दैवे दइ दिध सुख.[1] १०

ચાવડી વળી બોલી: "ધન્ય ઘડી! ધન્ય દાહાડો! આજે મારે આનંદનો "સૂર્ય ઉગ્યો કે તમારો પ્રતાપવંતનો મારે મિલાપ થયો; પણ તમારો સાથ "ક્યાં? એકલા, વાડીમાં, જાણે કાંઈ છાનો ભેદ હોય એમ બેઠા છો એનું "કારણ શું?" પછી કુંવરે **ચાવડીને** માંડીને વાત કહી, અને બોલ્યો: "હું ચાકરી મેળવવાની આશાએ નીકળ્યો છું, તારે એ વાત ચાસન કરવી નહિ." તથાપિ એટલી વારમાં તો, દાસી દોડી ગઈ, અને રાજમહેલમાં જઈને સમાચાર કહ્યા કે, "વધામણી! રાજવંશી જમાઈજી પધારયા છે." તરત જ તેને સામા લેવા જવાની તૈયારી થવા લાગી; વધામણીના બદલામાં દાસીને રાજી કરી. કુંવર **બીરજ** તો પગે દોડીને ગયો અને **જગદેવને** મળ્યો. **ચાવડી** પાછી મહેલમાં આવી, કુંવર **બીરજ** પોતાની સાથે **જગદેવને** લઈને ત્યાં આવ્યો. તેણે **રાજારાજને** નમન કરયું. ત્યાં પાંચ દાહાડા રહ્યો તે પછી વાધવાની આજ્ઞા માગી. ત્યારે **રાજારાજ** બોલ્યો: "આ દરબાર આપનો છે. "અમારી સર્વેની ઇચ્છા છે કે, મહારાજ! આપ અહિં રહો." ત્યારે **જગદેવ** બોલ્યો: "મને હઠ કરશો નહિ, એક વાર હું એકલો પરદેશ જઈશ, અને "મારૂં ભાગ્ય અજમાવી જોઇશ." માંહોમાંહે ઘણી હઠાહઠ થઈ; છેવટે **જગદેવને** જવાની હા કહેવાની અગત્ય પડી. તે પછી રાત્રિ પડી ત્યારે તેણે પોતાનો મનસુબો **ચાવડીને** કહી સંભળાવ્યો, અને તેની રજા માગી. તે બોલી: "આપની ચાકરી કરવાને આપની દાસી નિરંતર પાસે રહેશે." **જગદેવ** બોલ્યો: "શું તું ડાહી થઈને આવું કહે છે? પરદેશમાં સ્ત્રી છે તે પગબંધન છે.

---

૧ અસલ કવિતા નીચે પ્રમાણે છે:—

वायस वास उडावती जायो नाह झबकां,
आधीं चूडी कर लगी, आधीं गही तडकां. ९
सुख सज्जा सीतल मोहल, पियु सन्मुखे बताय,
लाव हाम दहीवें कंठरी, आस करी बन आय. १०

"માટે મારે એકલાં જવું જોઈએ. હું તને વ્હેલી તેડાવી લઈશ." ત્યારે **ચાવડી** પોતાનો હાથ તેની ડોકે વળગાડીને બોલી: "શું શરીરથી છાયા જૂદી "પાડી શકાય છે? જો છાયા શરીરથી જૂદી પડાય તો તમે મને અહિં "ર્‌હેવાનું ક્‌હેજો." જગદેવે **ચાવડીને** બહુ સમજાવી પણ તેનું ચાલ્યું નહિ. એ તો તેની સાથે જવાની હઠ લઈ બેઠી, પછી બે ઘોડા ઉપર પલાણ માંડ્યાં. તેઓએ પોતાની સાથે રત્નજડિત ઘરેણાં લીધાં. **ચાવડિયે** મુકનો[1] (ઓઝલ પડદો) નાંખી મુખ ઢાંક્યું; જગદેવ ઘોડે ચડ્યો ત્યારે તો એ તૈયાર થઈને રહી હતી. મોહોરોની બે કોથળિયો હતી તે ઘોડાના તોબરામાં નાંખી લીધી. તેમનો વાધવાનો મનસુબો સત્વર ચાસન પડી ગયો; તે વેળાએ કુંવર **બીરજ** ત્રણસેં ઘોડું લઈને વળાવા આવ્યો. નીકળતાં **ચાવડી** પોતાનાં માતાપિતાને ભેટી; પોતાની વડી સાહેલિયો હતી તેઓને મળી; પછી સાસુએ જગદેવને રૂપિયો અને એક નાળિયેર આપ્યું અને કપાળે તિલક કરયું. પછી પોતાની કુંવરી **ચાવડીની** સંભાળ રાખવાનું જગદેવને કહ્યું. પગે લાગી, આશીર્વાદ પામી, **રાજારાજની** આજ્ઞા લઈ તેઓ સિધાવ્યાં. શહરથી થોડેક ગાઉ ગયાં એટલે વળાવાને જેઓ સામે ગયા હતા તે ક્‌હેવા લાગ્યા: "મહારાજ! "જો આપને ઘેર વાધવું હોય તો, આ રસ્તે થઇને જવાનું છે." જગદેવે પોતાનો વિચાર જણાવ્યો: "હું **પાટણમાં સિદ્ધરાજ** જયસિહદેવ **સોલંકીની** ચાક- "રીમાં ર્‌હેવા જાઉં છું." પછી જવાનો સીધો રસ્તો પૂછ્યો ત્યારે એક અશ્વાર બોલ્યો: "સીધો રસ્તો ટોડડી ઉપર થઈને જવાનો છે તે અહિંથી "બાર ગાઉ ઉપર છે; ડુંગરો ફરીને નિર્ભય રસ્તે થઈને જવા ઇચ્છતા હો "તો તે **વીશ** કોશ છે." જગદેવ બોલ્યો: "ત્યારે સીધો રસ્તો તમે શા માટે છોડી દો છો? શું ઘોડાની તમને દયા નથી?" આવું સાંભળીને, રજપુતોનો નાયક હતો તે બોલ્યો: "સીધો રસ્તો તો વાઘ અને વાઘણે રોક્યો છે. તેઓએ "ગામડાં ઉજ્જડ કરી નાંખ્યાં છે; વાઘ તો દેવના જેવો છે; રાજા અને ઉમરાવો "તેની સામાં ઢોલનગારાં વગડાવીને ચડ્યા હતા પણ કોઈથી એ વાઘ કે વાઘણને "વશ કરી શકાયું નથી. તેમના ત્રાસથી કોઈ ઢોર તો પૂરૂં ઉછરતું નથી. "નવ વર્ષ થયાં રસ્તો બંધ પડી ગયો છે, ને ચાર (ઘાસ) ઉંચી વધી પડી છે. "પગરસ્તો તૂટી ગયો છે, માટે ફેરી ખાઈને લાંબે રસ્તે થઈને ટોડડી જાઓ; એ માર્ગ નિર્ભય છે." આવું સાંભળીને જગદેવ **બીરજની** આજ્ઞા લઈ અને રામરામ કરીને તે રસ્તે ચડયો. **બીરજે** તેને ઘણો સમજાવ્યો પણ તેની

---

૧ બુરખો.

કાંઈ અસર થઈ નહિ; જગદેવ બોલ્યો: "ગંડક ગંડકડીના ડરથી કાંઈ ચક્કર ખાવામાં આવશે નહિ." બન્ને જણાંએ સજોડે નિર્ભયપણેથી પોતપોતાના ઘોડા મારી મૂકયા. પછી જગદેવે ચાવડીને કહ્યું: "આપણે જઈયે તેમ ડાબા હાથ ભણી ઘાસ ઉપર તમે નજર રાખતાં રહેજો." આ પ્રમાણે છ ગાઉ સુધી તેઓ ગયાં; ત્યારે ચાવડી બોલી: "મહારાજ કુંવરજી! વાઘણ પેલી "મ્હોં આગળ રહી." જગદેવે એક બાણ ક્હાડીને ધનુષ્ય ઉપર ચડાવ્યો, ને બોલ્યો: "વાઘણ! તું રાંડની જાત છે મારા ઉપર આંખો ચડાવીશ નહી, માર્ગમાંથી "ખશી જા ને ડાબી કે જમણી ચાલી જા." વાઘણે જયારે રાંડ એવો શબ્દ સાંભળ્યો ત્યારે તેણે પૂછડું ઉંચું કરીને, માથું ભોંય સરસું નીચું કરી દઈને તેના ઉપર છલંગ મારી. આ વેળાએ લાગલો જ તેણે બાણ છોડયો; તે તેના ભ્રમર વચ્ચે જઈને વાગ્યો તે આરપાર વીંધીને સામી બાજુએ દશ ડગલાં દૂર જઈને પડયો એટલે વાઘણ ઉછળતીને મરદું થઈ પડી. સોએક ડગલાં તેઓ આઘાં ગયાં કે તેઓએ વાઘને બેઠેલો દીઠો, એટલે જગદેવે ભાથામાંથી બીજો બાણ ક્હાડીને તેને કહ્યું: "ડાબો કે જમણો જા, નહિતર, તારી ગંડકડીનો સંગાથ કરવાને તને મોકલીશ." ત્યારે વાઘ પૂછડું પટકાવતો, ભોંય સરસું માથું કરી દઈને તેના ઉપર તલપ્યો; પણ જગદેવે બાણ માર્યો તે માથામાં થઈને આરપાર નીકળી ગયો અને વીસ કદમ દૂર જઈને પડ્યો. વાઘ પણ વાઘણની પેઠે ઉછળતો ને શીંગડું થઈ પડયો. જગદેવ બોલ્યો: "મેં તે આ ગરીબ પ્રાણિયોને શું કરવાને મારી નાંખ્યા? મારે માથે હત્યા બેઠી." ચાવડી બોલી: "મહારાજ! એ તો ક્ષત્રિઓની રમતો છે." આ પ્રમાણે વાતો કરતાં તેઓ ટોડડી ગામના ગુંદરાના તલાવ આગળ આવી પૂહોચ્યાં; ત્યાં કેટલાંક વડ અને પીંપળાનાં ઝાડ હતાં; તલાવમાં પાણીની ન્હાનાં મોજાં સરખી લહરો ચાલતી હતી. આ જગ્યાએ એક વડ નીચે તેઓ ઘોડા ઉપરથી હેઠળ ઉતર્યાં ને હથિયાર છોડ્યાં; ગંગાજળીમાં[1] ટાહાડું પાણી ભરી આણ્યું, ઘોડાને પાયું; ને ચાવડી દાતણ કરી પોતાનું મુખ ધોવા લાગી.

---

૧ "ગંગાજળ સરખું ટાહાડું પાણી ક્હાડીને ઘોડાને પાયું" એવો ભાવાર્થ અંગ્રેજીમાં છે; પણ ઉલટું સમજવામાં આવ્યાથી એમ લખેલું જણાય છે. પાસે તલાવ મૂકી પાણી ક્હાડી લાવીને ઘોડાને પાવાની મહેનત કરે એમ બને નહિ. વળી તેઓ છડી અસ્વારિયે નીકળ્યાં હતાં તેથી પાણી પાવાને વાસણ જોઈએ તે તેમની પાસે કયાંથી હોય. આવો શક પડવાથી મૂળમાં જોયું તો "ગંગાજળી" શબ્દ ધ્યાનમાં નહિ ઉતરવાથી ભૂલ કરેલી જણાઈ. પ્રવાસમાં પાણી પીવા માટે સોરોઈ રાખવામાં આવે છે તે. ર. ઉ.

આણીમગ બીરજ ઘેર જઈ પૂહોંચ્યો ને તેણે રાજારાજને કહ્યું: "જગદેવ સીધે રસ્તે સિધાવ્યા." ત્યારે રાજાને ક્રોધ ચડયો અને કહ્યું: "તારી સાથે "બસેં ને પંચાવન અશ્વાર બંધુક ને ધનુષ્યબાણથી સજાવીને લઈ જા; જ્યાં "તમે તેમને મરેલાં પડેલાં દેખો ત્યાં અગ્નિદાહ દેજો, અથવા જીવતાં હોય "તો તેવા સમાચાર લઈ આવો."

આ પ્રમાણે આજ્ઞા થઈ એટલે, અશ્વાર ચઢ્યા. તેઓ જેવા બીનતા અને ચેતતા આગળ ચાલ્યા તેવામાં રસ્તાની બાજુએ વાઘવાઘણને મરેલાં પડેલાં દીઠાં. પણ ઘોડો કે માણસ કોઈ તેમના દીઠામાં આવ્યું નહિ. તેઓએ ધાર્યું કે જગદેવ ને ચાવડી જ્યાં પાણી હશે એવી જગ્યાએ વિસામો ખાતાં હશે, તેઓ કશા સંકટમાં નહિ હોય. અશ્વારો જે શોધ કરવા છૂટા છૂટા વિખરાઈ ગયા હતા તે સર્વે એક ઠેકાણે એકઠા થયા ને એક બીજાને રામરામ કરવા લાગ્યા. જે કામને માટે તેઓને મોકલ્યા હતા તે પૂરૂં કરવામાં તેઓને પોતાના જીવ ખોવાની ધાસ્તી હતી, તે કામ જોખમ વિના પૂરૂં થયું તેથી અરસ્પરસ મુબારકબાદી આપવા લાગ્યા. બન્ને બાણ લઈને, આનંદ પામતા, અને બીક રાખ્યા વિના તેઓ આગળ ચાલ્યા; તે જ્યારે તલાવ આગળ આવી પૂહોંચ્યા ત્યારે જગદેવને ત્યાં દીઠો. તેઓ પાસે આવ્યા એટલે ચાવડિયે તેમને ઓળખ્યા અને બોલી: "આ તો આપણા રાજ્યના રજપૂતો છે." અશ્વારોએ આવી નમન કર્યું, ને જગદેવને કહ્યું: "રાજકુમાર! તમે પૃથ્વીનો ને ગાયનો મ્હોટો ધર્મ રાખ્યો, "વાઘવાઘણ તો યમરાજાના દૂત જેવાં હતાં, તેઓને રાજા કે ઠાકોર કોઈ "મારી શકતું ન હોતું. હે કુંવર! તમારા વિના જગતનું દુઃખ બીજું કોણ ઓછું કરે?" તથાપિ જગદેવે તે બહુ પરાક્રમની વાત જાણી નહિ. તેણે રજપૂતોને પાછા જવાની આજ્ઞા આપી. તેઓએ પાછા જઈને વાઘવાઘણ મરાયાના સમાચાર કહ્યા. રાજારાજ અને જગદેવનો સાળો બીરજ આ સમાચાર સાંભળીને બહુ રાજી થયા.

આણીમગ જ્યારે દાહાડો આથમ્યો ત્યારે જગદેવ અને ચાવડી નગરમાં પેઠાં ને ખાવાનું કર્યું; તથા થોડા પૈસા આપીને ઘોડાની ચાકરી કરાવી. ત્યાં તેઓ બે રાત ને એક દિવસ રહ્યાં, ને ભોજન કરવામાં થોડા રૂપિયા ખર્ચ્યાં. આ પ્રમાણે મેલાણ કરતાં કરતાં તેઓ પાટણ આવી પ્હોંચ્યાં; ને સિદ્ધરાજે બંધાવેલા સહસ્ત્રલિંગ તલાવની પાળે એક વડનું ઝાડ હતું તેની નીચે ઉતરી પડ્યાં. ઘોડાને ત્યાં બાંધ્યા. મીઠું પાણી દેખાડયું, ને ઘોડા સંભાળ્યા. તેઓ ચોકડું ચાવતા ઉભા રહ્યા. પછી બંને જણ ખાનપાન કરીને તાજાં થયાં, એટલે જગદેવે ચાવડીને કહ્યું: "તમે અહિં ઘોડા પાસે રહો, હું નગર-

"માં જઈને એક ઘર ભાડે રાખું, તે પછી તમને નગરમાં લઈ જઈશ. "આપણ નટનટીની પેઠે સંગાથે ફરતાં સારાં દેખાઇશું નહિ." **ચાવડી** બોલી: "ત્યારે તમે સિધાવો, હું અહિં રહું છું." પછી **જગદેવ** કેડમાં કટાર ખોશીને અને તરવાર બાંધીને ઘર ભાડે લેવા નગરમાં ગયો; પછી શું નીપજ્યું તે સાંભળો:

હવે, **સિદ્ધરાજ**ના મુખ્ય પરગણાનો ધણી ડુંગરશી કરીને હતો તે **પાટણ**નો કોટવાળ હતો. તેને એક દીકરો હતો તેનું નામ **લાલ** કુંવર હતું, તેને મ્હોટાઈ ઘણી હતી. કાંઈક જુવાન, વળી ઘેર **પાટણ**ની કોટવાળી, વળી મહેલ મ્હોટો, તેથી બધી રીતના મદ ભેગા થયા હતા, એટલે તે પૃથ્વી ઉપર પગ પણ દેતો નહિ. **પાટણ**માં ગણિકાનાં પાંચસેં ઘર હતાં, તેમાં સર્વને માથે **જા**મોતી ગણિકા હતી, તેની પાસે ધન બહુ હતું, અને છોકરા અને છોકરિયો પણ ઘણાં હતાં. છોકરા પણ દ્રવ્યવાન્ હતા. એક સમયે કોટ-વાળનો દીકરો **જા**મોતીને ઘેર રમવા ગયો, ત્યારે તેણે તેણીને કહ્યું; "ઓ "**જા**મોતી! જો મને કોઈ ઘણી સુંદર અને કુલવતી સ્ત્રી મળે તો હું તેને "રાખું, અને તમને પણ રીઝ આપું." **જા**મોતી બોલી: "બહુ સારૂં હું એક "શોધી કહાડીને તમારી સેવા બજાવીશ." પછી **જા**મોતિયે પોતાની લુંડિયોને એ વાતની સૂચના કરી, ત્યારથી તેઓ કોઈ સુંદર સ્ત્રીની શોધમાં રહી હતી.

આ પ્રમાણે દિવસ વહી ગયા. જે દિવસે **જગદેવ** અને તેની સ્ત્રી **પાટણ** આવી પ્હોંચ્યાં તે દિવસે **જા**મોતીની એક લુંડી, બપોરી વેળાએ, પાણીનું બ્હેડું લઇને **સહસ્રલિંગ** તલાવે પાણી ભરવાને આવી. **ચાવડિયે**, મુખ ઉપરનો મુકનો ઉંચો કરીને જોયું તો કોઈ પુરૂષ પાસે જોવામાં આવ્યો નહિ એટલે બુરખો કહાડી નાંખ્યો ને તલાવની બાંધણી અને તેના પાણીનો પટ જોતી બેઠી. **જા**મોતીની આજ્ઞાનું સ્મરણ આણીને પેલી લુંડી **ચાવડી**ને જોવા લાગી. તે તેને ઈન્દ્રની અપ્સરા જેવી અને આકાશની વિજળી જેવી તેજસ્વી જણાઈ. **ચાવડી**ને જોઈને લુંડી રાજી થઈ ને માથે પાણીનું બ્હેડું મૂકીને તેની પાસે આવી તેને નમન કરી બોલી: "બાઈ! તમે ક્યાંથી પધાર્યાં "ને આ ઘોડાનો અસ્વાર ક્યાં ગયો છે?" **ચાવડિયે** ઉત્તર આપ્યો: "તમે પૂછનાર કોણ છો?" લુંડી બોલી: "હું તો **સિદ્ધરાજ જયસિંહ**ના દરબારમાં વડી વડારણ છું." **ચાવડી** બોલી: "હું ઉદયાદિત્ય **પરમાર** રાજાના કુંવર વ્હેરે પરણી છું." લુંડિયે કહ્યું: "તમારા વરને મ્હોટો ભાઈ છે?" તેણે કહ્યું: "હા, એમના મ્હોટા ભાઈ **રણધવળ** છે." ફરીને દાસી બોલી: "બાઈ "સાહેબ! કુંવરજીનું નામ શું?" **ચાવડિયે** ઉત્તર આપ્યું: "તમે કેવાં છો

"વળી વરનું નામ તે દેવાતું હશે?" દાસી બોલી: "સ્ત્રિયે પોતાના ધણીનું "નામ દેવું કે મહિમાવાન્ જગતના કર્ત્તારનું દેવું. તો પણ તમે દેશનાં ધણી "છો, તમને જેમ સારૂં દેખાય તેમ કરો." ત્યારે ચાવડી બોલી: "કુંવરનું "નામ જગદેવ છે." ફરી તે દાસિયે પૂછ્યું: "તમારૂં પિયર ક્યાં,?" ચાવડી બોલી: "ટોડામાં; હું રાજારાજની પુત્રી છું, અને બીરજની બ્હેન થાઉં." ત્યારે દાસી બોલી: "કુંવર નગરમાં ગયા છે તેથી મને લાગે છે કે તમે ઘોડાને "સાચવતાં બેઠાં હશો." ચાવડી બોલી. "કાળિયાર નાગના જેવા ઘોડા ઉપર "નજર નાંખવાની કોની તાકાત છે." દાસી ફરીને બોલી: "મહાન્ રાજાના "કુંવર તે વળી એકલા કેમ નીકળ્યા છે?" ચાવડી બોલી: "એમની ઓર-"માઈમા સાથે રીસાઈને નીકળ્યા છે." એમ કહીને માંડીને બધી વાત કહી.

દાસી બધી વાત પૂરેપૂરી સાંભળીને નમન કરી અને બ્હેડું પાણીથી ભરીને ઘર ભણી ચાલી. તેણે જામોતી ગણિકાને કહ્યું: "જો તમે તમારા "જુવાન શેઠને રાજી કરવાને ચાહતાં હો તો તલાવની પાળે એક સ્ત્રી બે "ઘોડા સાચવતી બેઠેલી છે, એના જેવી આખા દેશમાં મેં તો કહિં દીઠી "નથી. ને તમે જેવી વર્ણવતાં હતાં તેવી જ છે." એમ કહી, તેની જાત, તેના સસરાનું અને વરનું નામ, અને તેનું પિયર ક્યાં છે તે સર્વે કહ્યું. પછી જામોતિયે દાસીને ઘણા મોંઘા મૂલનાં લૂગડાં પ્હેરાવ્યાં અને જડાવનાં ગૂજરાતી ઘરેણાં ઘાલ્યાં. એક સુંદર રથ તૈયાર કરાવ્યો, તેમાં પોતે બેઠી. ચાકરોએ રથના પડદા બંધ કર્યા. એ પ્રમાણે બીજી દાસિયોને સુંદર લૂગડાં ઘરેણાં પ્હેરાવીને વીસ કે ત્રીસ દાસિયોને પોતાની સાથે લીધી ને ચાકરોને હથિયાર સજાવીને આગળ કર્યા, એક દ્રવ્યવાન્ ખવાસને ઘોડે બેસારી મોખરે કર્યો. આ પ્રમાણે ચાવડી જ્યાં બેઠી હતી ત્યાં ચાલી. અને તે જગ્યાએ આવી પ્હોંચી એટલે આડી કનાત ખેંચી દીધી, પછી જામોતી ઉતરી. ચાવડી જોડે પ્રથમ જે લુંડી વાતો કરી ગઈ હતી તે આગળ આવીને નમન કરવા લાગી. જામોતી બોલી: "વહૂ! ઉઠો, હું તમને "મળું, હું તમારી ફોઈ સાસુ થાઉં; આ વડારણે આવીને તમારા આવ્યાના "સમાચાર કહ્યા, ને તરત મેં મારો રથ જોડાવ્યો. હું રાજાની આજ્ઞાથી "આવી છું. મારો ભત્રીજો જગદેવ ટોડે પરણ્યા ત્યારે મારાથી આવી "શકાયું ન હતું, પણ હું રણધવળને મળી હતી, મારો ભત્રીજો જગદેવ ક્યાં "છે? એ ક્યાં ગયા છે? તમારે મારે ઘેર આવવું જોઈતું હતું. તમે નામ-"વતા કુટુંબમાં પરણ્યાં ને આવી જગ્યાએ બેસી રહેવું ઘટતું નથી."

તેણે ભભકાદાર સર્વે તાલમેલ કર્યો હતો તે જોઈને ચાવડી તો વિચારમાં

પડી, ને ઠગાઈ ગઈ. તેણે વિચાર્યું કે સિદ્ધરાજ જયસિંહને ને મારા પતિને સગ-પણ છે એવું તેમણે મને કદિ કહ્યું નથી, પણ રાજાના સગા રાજા હશે એમ જાણીને અને આવેલાં અજાણ્યાં માણસનાં લૂગડાંઘરેણાં ઉપર ફરીથી નજર કરીને, તેણિયે તેને નમન કર્યું ને મળી. જામોતિયે તેને આશીર્વાદ દીધો, અને રથમાં બેસવાનું કહ્યું; અને બોલી કે, "અહિં હું એક માણસ "મૂકતી જાઉં છું તે મારો ભત્રીજો આવશે એટલે તેને દરબારમાં તેડી "લાવશે." વળી તેણિયે એક ચાકર બોલાવીને ઘોડાની સંભાળ રાખવાનું કહ્યું. ચાવડિયે નાણાંની થેલિયો પોતાની પાસે રાખી, ને રથમાં બેઠી, એટલે રથ ચલાવ્યો. જામોતી તેને પોતાને ઘેર લાવી, ઘર મ્હોટું પોળબંધ હતું તેમાં તેઓ આવ્યાં ને રથ રાખ્યો. જામોતી ઉતરી ને પછીથી ચાવડી ઊતરી. ઘરમાંથી આદરમાન આપવાને માણસ આવ્યાં. દેખાવડો પોષાક પ્હેરેલી અને ઘરેણાંગાંઠાંથી શણગરાયલી સ્ત્રિયો ચાવડીને મળવા આગળ આવી, અને તેને નમન કર્યું, કેટલીક તેને પગે પડી, કેટલીક તેની આગળ આવીને ખંમા ખંમા કરતી આગળ ચાલી. એ પ્રમાણે તેઓ તેને ઘરમાં લઈ ગયાં.

ઘર ચાર માળનું ઊંચું હતું અને ઘણું શોભાયમાન દેખાતું હતું, ચારે બાજુએ કળી ચૂનો છાંટ્યો હતો; ચોમેર ભીંતો શણગારી લીધી હતી ને તેના ઉપર સોનેરી રૂપેરી ચિત્ર ક્હાડ્યાં હતાં; બારિયોમાં જાળિયો જડી લીધી હતી. ચાકરોએ એક સુંદર શતરંજી બીછાવી હતી તેના ઉપર ગાદી-તકિયા, ઉશીકાં અને ગાલમસુરિયાં કીનખાબથી મઢી લીધેલાં મૂકયાં હતાં. ચાવડીને તેઓએ ત્યાં બેસારી, તે પેલી બે કોથળિયો પોતાની પાસે રાખીને બેઠી. ઉનું પાણી તૈયાર થયું. એટલે જામોતિયે એક દાસીને બોલાવીને કહ્યું: "જા, રાજાજીને જઈ ક્હે કે પરમાર રાણીનો ભત્રીજો જગદેવ કુંવર આવ્યા "છે તે હમણાં તમને મળવાને આવશે. રાજાજીને ક્હેજે કે તેમને સારૂં માન "આપે, ને વળી ક્હેજે કે તેમનાં વહૂ ચાવડી મારે મહેલ છે." દાસિયે આ પ્રમાણે સાંભળી લીધા પછી નમન કર્યું ને ગઈ. એક ઘડી વીત્યા પછી તે પાછી આવી ને બોલી: "મહારાજ ઘણા ખુશી થયા ને આજ્ઞા "કરી છે કે, જગદેવે પ્રથમ મને મળીને પછી રાણી પાસે જવું."

પછી જમવાનું તૈયાર થયું એટલે જામોતિયે કહ્યું: "વહૂવારૂ ! જમવાને ઉઠો." ચાવડી બોલી: "હું પતિવ્રતા ધર્મ પાળું છું. જ્યારે કુંવર જમશે ત્યારે હું "જમવાનો વિચાર કરીશ. એ હજી સુધી આવ્યા નથી." પછી એક દાસી આવીને બોલી: "તમારા ભત્રીજા જગદેવ, મહારાજ પાસે જઈને તેમને "મળ્યા છે; તેઓ રાજાજી પાસે બેઠેલા છે,—રાજમહેલના રસોઈખાનામાંથી

"થાળ આવ્યા છે." જામોતી બોલી: "જા વેહેલી જા અને જગદેવને રાજા "સાથે જમતા બંધ રાખ, અને રાજાજીને વિનવીને જગદેવને અહિં તેડી "લાવ. આજે ફોઈ ભત્રીજાએ પાસે બેસીને જમવું જોઇયે. અહિં ભોજન "તૈયાર થયું છે." વળી તેણે પોતાની મેળે બોલ્યાં કર્યું: "મારો ભત્રીજો "જગદેવ આવ્યો નથી, તો એના ખાધા પ્હેલાં હું કેમ ખાઊં ? જ્યારે તેણે "ખાધું છે એવું હું સાંભળીશ ત્યારે મારી મેળે હું જમીશ." એટલી વારમાં જે દાસી ગઈ હતી તે પાછી આવી અને બોલી: "બાઈ સાહેબ! કુંવર "રાજાજી સાથે જમે છે, બન્ને મહારાજ પાસે પાસે બેઠેલા છે. હું તેમને મારી "નજરે જોઇને આવી; પણ તમારા ભત્રીજા તમારા ભણી આવવાના છે. એ "કેવા શ્યામ વર્ણના છે!" જામોતી બોલી: "મારા પિયરમાં એવું સાધારણ "છે. મારા ભાઈ ઉદયાદિત્ય પણ શ્યામ વર્ણના છે, પણ એ કુટુંબમાં જેવા "રૂપાળા છે તેવા બીજા કોઇને મેં જોયા નથી."

આ પ્રમાણે તેઓએ વાતો કરી. પછી જામોતિયે સુંદર થાળ મંગાવ્યા ને એક થાળ ચાવડીના મ્હોં આગળ મૂકીને બોલી: "વહૂ! જમો." ચાવડિયે થોડું ખાધું. પછી દાસી થાળ લઈ ગઈ. ત્યાર પછી વાતોચીતો પાછી ચાલી. જ્યારે પાછલો પ્રહર દાહાડો બાકી રહ્યો ત્યારે ચાવડી બોલી: "હજી સુધી કુંવર "પોતાની ફોઈને મળવાને આવ્યા નહિ. એમ કેમ?" જામોતી બોલી: "છોકરી! "જા, ને મારા ભત્રીજા જગદેવને તેડી લાવ." ફરીથી પાછી વહૂજી સાથે તે વાતો કરવાને મંડી ગઈ પણ જગદેવ વિના સર્વે વાતો ચાવડીને ફીકી લાગવા માંડી. બે ઘડી પછી પેલી દાસી પાછી આવીને બોલી: "રાજા એમની સાથે "વાતો કરે છે, એમને ઉઠવા દેતા નથી; તે કહે છે કે, પોહોર રાત્રે જગદેવ "સૂવાને આવશે ત્યારે એમની ફોઈને મળશે." આવું સાંભળીને જામોતી દાસીના ઉપર ક્રોધે ભરાઈને બોલી: "મહારાજને જઈને વિનવ કે, જગદેવને મળ્યા-"ને એમને ઘણાં વર્ષ થયાં છે ને સવારમાં આપની સાથે વાતો કરવાને "કુંવરને ઘણી વેળા મળશે, પણ હવણાં તો એમને મળવા આવવાને આજ્ઞા "આપવી જોઇયે." બે ઘડી રહીને દાસી પાછી આવીને બોલી: "રાજાજિયે "પ્હેલાંના જેવોજ ઉત્તર આપ્યો."

દરમ્યાન જામોતિયે લાલકુંવરને કહાવ્યું: "આજનો મુજરો છે, પ્હોર રાત્ર "જાય ત્યારે ચાલ્યા ચાલ્યા આવજો; મારે હાથ એક સ્ત્રી આવી છે તે જો "તમારી ખુશીમાં આવે તો રાખ કરી રાખજો, ને જો તમારી ખુશી નહિ "હોય તો હું મારે ઘેર સાગરીદ કરી રાખીશ."

આવું સાંભળીને લાલકુંવરે અફિણ ચડાવા માંડ્યું, તે ઉપર મક્કર

ને માજમ ખાધી. વળી તેણે સખત કેફનો ભરેલો દારૂ પીધો; સારાં સારાં લૂગડાંઘરેણાં વડે બની ઠણીને અત્તર કસ્તુરી શરીરે ચોળી. પછી ડોલતો ડોલતો, ભાલો ટેકવતો ત્યાં આવ્યો. તેના હાથમાં દારૂની ભરેલી બતક હતી. દાસિયે તેને જોયો એટલે, દોડી જઈને કહેવા લાગી "વહૂજી! મને "વધામણી આપો, કુંવર આવે છે." ચાવડિયે જાણ્યું કે ખરેજ તે આવતા હશે. પણે લાલકુંવર ઘરને આંગણે આવી પ્હોંચ્યો, તે દેખાય એટલે છેટે હતું. જ્યારે તે ઘરમાં પેઠો ત્યારે દાસિયે બારણાં દઈ દીધાં, ને સાંકળ પૂરીને ચાલતી થઈ. ચાવડિયે જાણ્યું કે એ મારો વર નથી. કાંઈ દગોફટકો થયો છે. પણ તેણે મનમાં વિચાર્યું કે મારે બહુ સાવચેત રહેવું જોઈયે, કેમકે મારામાં પુરૂષના જેટલું બળ નથી, ને આ તો કેફથી ચકચૂર છે. તેણે મનમાં એક કહેવત સંભારી કે ઠગની સાથે ઠગ થવું. પછીથી આવી સંકટની વેળાએ પોતાનું પાતિવ્રત્ય જાળવવાને જેવું સાવધાન રહેવું જોઈયે તેવું સાવધાન રહેવાનો નિશ્ચય કર્યો. એ પ્રમાણે મનસુબો કરીને તે ઉભી થઈને બોલી: "કુંવર! આવો પલંગે બેસો." તેણે ઉત્તર આપ્યો: "ચાવડી! તમે બેસો." તેને ઘણી સુંદર જોઈને ગોલો[1] રીઝયો. ચાવડિયે પણ તેને કટાક્ષ મારવા માંડ્યાં તે તેના કાળજા પાર નીકળી ગયાં.

नेन भलक भल लगिया, निसर गया दो सार
केउ घायल जाणसे, केउ नाखण हार.

ગોલો પાણીના જેવો પાતળો થઈ ગયો. ને ચાવડિયે પણ આંધળે મ્હેરૂં કૂટાવા દીધું. તે બોલી: "મારે માટે જામેતિયે બહુ સારૂં કર્યું." લાલકુંવર બોલ્યો: "ઓ ચાવડી! મેં એને કહી રાખ્યું હતું કે, મને જો "ઉંચા કુળની, સુંદર, નિપુણ જવાન સ્ત્રી મળશે તો હું તેને મારી રાખ "કરીને રાખીશ; અને મારે જેવાં જોઈતાં હતાં તેવાં જ તમે મળી ગયાં. તમે "કહેશો તે પ્રમાણે હું કરીશ."

આ ઉપરથી ચાવડિયે જાણ્યું કે મને આટલી બધી ઠગીને મને ને આને બળાત્કારે મેળવી આપનાર ગણિકા જ છે. લાલ પાસે બતક અને પ્યાલો જોઈને તથા કેફથી તેને ચકચૂર થયેલો દેખીને તેની પાસેથી બતક અને પ્યાલો લઈ લીધો ને પ્યાલાને ટંકોટંક ભરીને તેને ધર્યો ને બોલી: "કુંવર! મારા હાથનો એક પ્યાલો લ્યો." ત્યારે લાલે ઉત્તર

૧ લાલ મ્હોટા અધિકારીનો પુત્ર હતો તો પણ જણાય છે કે તે ગોલો અથવા ખવાસ જાતનો હતો. તેમને મ્હોટે અધિકારે ચડાવે છે ખરા પણ તેઓ ગુલામ અથવા તેમના વંશના હોય છે.

આપ્યું: "એ કેરી છે ને મેં બહુ કેફ કરી છે, ને તમે મને બીજો પ્યાલો "આપો છો? ના, ના, આપણે, વાતો કરિયે." ચાવડી બોલી: "વાતોમાં શું? "હું તમને પ્હેલ વેરફીજ આપું છું માટે મારો હાથ પાછો ઠેલશો નહિ; "હું જે તમને રાજી થઈને આપું છું તે મને હોંસ છે માટે તમારે લેવું જ "જોઇશે." જ્યારે તેણિયે આટલું બધું કહ્યું, ત્યારે તેણે પ્યાલો લીધો ને પી ગયો, અને પછી ધ્રૂજતે હાથે એક ભરીને ચાવડીને આપવા લાગ્યો. તેણિયે પોતાનો મુકનો આગળ ખેંચીને પ્યાલો પોતાની કંચુકી ઉપર રેડી દીધો. તેણિયે ફરી ભર્યો ને જોયું કે ગોલો પલંગે આડો થયો છે, પણ હજી સુધી સારી પેઠે ચકચૂર થયો નથી એટલે તેણિયે ફરીને એક પ્યાલો ભરીને આપ્યો, અને તે પીતાં પીતાં દાંત પીશીને પલંગ આગળ પડ્યો.

એટલે ચાવડિયે જોયું કે હવે એનો ઉપાય ચાલે નહિ એવો બેભાન બની ગયો છે એટલે તે તાબડતોડ ઉઠી ને તેની તરવાર લઈને તેનું ગળું વાઢી નાંખ્યું. પછી ગોદડાને પલંગ ઉપરથી લઈને તેમાં તેને વીંટી લીધો, અને ઝરૂખા નીચે રાજમાર્ગ હતો તેમાં એ વીંટો નાંખી દીધો. મધ્ય રાત્ર પડી એટલે ચોકીવાળા ચોકી ફરતા ફરતા આવ્યા; તેમણે પોતાના મ્હોં આગળ વીંટો પડેલો દીઠો, ને જાણ્યું કે કોઈ ચોર વેપારીના ઘરમાં ખાતર પાડવા પેઠેલા તે જાગી ઉઠી હોંકારા કરવાથી વીંટો નાંખીને નાશી ગયા હશે. તેઓએ ધાર્યું કે કોટવાળ આપણને સાબાશી આપશે તેથી વીંટો ઉંચક્યો. તે તેમને ઘણો ભારે લાગ્યો, એટલે માંહોમાંહે ક્હેવા લાગ્યા કે "આપણે એને હવણાં ઉકેલવો નહિ; "સૂર્ય ઉગતાં માલધણી ચોરનું પગલું ક્હાડવાને અને પોતાની માલમતા "સારૂ પૂછતો આવશે. માટે ચાલો આપણે જઈને આ વીંટો જેવો છે એવો "ને એવો કોટવાળના ચબુતરામાં મૂકિયે. સવાર થશે ત્યારે આપણે કહીશું."

આણીમગ ચાવડી ઉપરની મેડિયે, પોતાનાથી બને એવી રીતે દઢપણે પોતાનું રક્ષણ કરવાને તૈયાર રહેલી બેઠી.

હવે જગદેવનું સાંભળો—સાંજ પડતાં ઘર ભાડે રાખીને અને બધી ગોઠવણ કરીને જ્યાં ઘોડા અને પોતાની સ્ત્રી મૂકીને ગયો હતો ત્યાં આવ્યો. ત્યાં તેણે ગાડિયો ને ઘોડાની નિશાનિયો દીઠી. તેણે જાણ્યું કે કોઇયે ચાવડીને ઠગી છે, ને અહિંથી લઈ ગયું છે. જે બન્યું હતું તે ક્હેવાને પોતે દરબારમાં ગયો. અશ્વશાળા આગળ, દરબારને મોખરે અશ્વપાળ બેઠેલો હતો. તેણે જગદેવને ત્યાં આવેલો જોઈને ધાર્યું કે આ કોઈ ખરો રાજવંશી છે. પછી પોતે ઉઠ્યો અને તેને મળ્યો, અને પૂછ્યું; "તમે ક્યાંહથી પધાર્યા છો?" જગદેવ બોલ્યો: "હું મારો રોટલો મેળવવાની આશાએ અહિં આવ્યો

"છું. હું પરમાર રજપૂત છું." અશ્વપાળ બોલ્યો: "જો તમે આ ઘોડાની "સંભાળ રાખો તો આપણે એકઠા રહિયે, અને તમને પગાર અને ખાવાનું "મળશે." જગદેવનું હૃદય ને વિચાર ત્યાં હતાં નહિ; પણ તેણે ધાર્યું કે આ અધિકારી રાજાનો મેળાપ કરાવશે, અને તે પ્રમાણે તેણે હા કહી. એટલે પોતે તેની પાસે રહ્યો, પણ મનમાં ઘણો સંતાપ કરવા લાગ્યો. તો પણ—

ક્ષણમાં ક્ષિણ ક્ષણમાં વધે, ક્ષણે અર્ધ, ક્ષણ લીન;
દૈવે દીધા ન ચંદ્રને, સર્વે સરખા દિન.[1]

તેણે ધાર્યું કે, આ ખોટું છે, પણ શું કરિયે? જ્યારે સંધ્યાકાળ પડી ત્યારે તેણે ઘોડાને રાતબ ચંદી ખવરાવી. તે હાણિયો (અશ્વપાળ) પોતાને ઘેરથી જમણની થાળ લાવ્યો; પણ જગદેવને ભાવ્યું નહિ; તથાપિ પેલાની આગળ ખાધું ના ખાધું કરીને, તે થાળ પાછી મોકલી. આખી રાત તેણે પોતાની પથારીમાં ધડપછાડા નાંખ્યા.

આખરે પરોડિયું થયું. ડુંગરશી કોટવાળ ચબુતરે આવ્યો. ચોકી-વાળાઓએ નમન કરીને તેને વીંટો બતાવ્યો, અને કહ્યું: રાત્રે "ચોર "નાશી ગયા તેમની પાસેથી અમને મળ્યું." માલ પકડાયો તેથી કોટ-વાળ ખુશી થયો; ને બોલ્યો: "વીંટો છોડીને જુઓ, એમાં શું છે." ચાકરો ટપોટપ છોડવા મંડી ગયા; જ્યારે તેઓએ ત્રીજું પડ છોડવા માંડયું ત્યારે લોહી નજરે પડયું; તેઓ બધા ચમક્યા, અને ઝટોઝટ વીંટો છોડતાં તેમના જોવામાં આવ્યું કે કોઈ માણસને મારી નાંખીને તેનું મડદું તેમાં વીંટી લીધું છે. ડુંગરશિયે મડદું ઓળખ્યું અને બોલ્યો: "અરે! એ "તો નક્કી લાલડો! તે મારા હૃદયને કેવો વાહાલો હતો! તે જેવો હતો "તેવો જ દેખાય છે–ઘરેણાં ઘાલેલાં તેવાં જ છે." કોટવાળે છાતી કૂટી અને ચાકરોને કહ્યું: "દોડો જાઓ, તપાસ કરો ને ખરી ખબર લાવો આ તો "તમારા જવાન શેઠ લાલકુંવરનું મુખ દેખાય છે." તેઓ બોલ્યા: "એ "તો ઘરમાં ઉંઘે છે." તેઓએ જઈને તેના ખવાસને પૂછ્યું, ત્યારે તેણે કહ્યું કે, પ્રહર રાત્ર જતાં એ તો જામોતી ગણિકાને ઘેર ગયા છે. માણસોએ ત્યાં જઈને ગણિકાને પૂછ્યું. તેણિયે કહ્યું કે ઉપરની મેડિયે એ તો આરા-મમાં સુતેલા છે. તેઓએ કહ્યું કે એમને ઉઠાડીને બોલાવો. ત્યારે દાસિયે

૧ અસલ નીચે પ્રમાણે છે.

खण खीणो, खण बहलो, खण आधो, खण लीह,
दैव न दीधा चंदने, सबे सरीखा दीह.

જઈને કહ્યું: "**ચાવડી**! કુંવરને જગાડીને અહિં મોકલો." ત્યારે **ચાવડિયે** ક્રોધાયમાન્ થઈને કહ્યું: "માલજાદી રાંડ! તારા બાપને તે વેળાએ જ મેં "મારી નાંખ્યો છે ને વીંટો કરીને રસ્તામાં નાંખી દીધો છે. તેં **ચાવડાની** "દીકરીની સાથે આવી લુચ્ચાઈ કરવાની હામ બકી છે! રાંડ! મારો પતિ "કુંવર જાણશે ત્યારે તારી વલે છે. બીજી સ્ત્રિયો ગણિકાનું કામ કરતી "હશે અને તેમને ઘણા સાથે પ્રીતિ હશે પણ હું તો શાપ દઉં છું કે, "**નારાયણ** તારા ઘરનું સત્યાનાશ વાળો. મારી હઝુરમાં તેં **ગોલાને** મોક- "લવાની હામ ભીડી. એક ગોલો જે મારા ઘરના આંગણા બ્હાર "બેસવાને યોગ્ય! એની આંખ તેં મારા ઉપર નંખાવાને હિંમ્મત ચલાવી!"

ગણિકા આવું સાંભળીને મરણ તુલ્ય બની ગઈ. ચાકરોએ દોડી જઇ ને કોટવાલને કહ્યું: "કોઈ **ચાવડી** રજપૂતાણિયે જવાન કુંવરને મારી "નાંખ્યા છે." તે ઉપરથી કોટવાલ બસેં માણસ લઈને **જા**મોતીને ઘેર ગયો ને મેડા ઉપર ચઢ્યો. જે ઓરડામાં **ચાવડી** હતી તે તો સજ્જડ બંધ કર્યો હતો; પણ પછવાડેની પછી તે અક્કેક ફેરે માત્ર એક માણસ અંદર પેશી શકે એવી એક બારી હતી. ત્યાં નીસરણી મૂકીને, એક ચાકર ઉપર ચઢ્યો, અને ઓરડામાં જોવા લાગ્યો. ચાવડિયે તરવાર વતે તેને મારી પાડ્યો. તેનું માથું ઓરડામાં પડ્યું ને ધડ બાહાર જતું ને પડ્યું એ જ પ્રમાણે તેણિયે પાંચ છ માણસો કાપી નાંખ્યાં, પણ કોઇનાથી તેને પકડાઈ શકાઈ નહિ. સર્વે જણા કાંપવા લાગ્યા.

આ વાત તો બધે ચાલી અને **સિદ્ધરાજ** જયસિંહને જાણ થયું કે, કોઈ **ચાવડી** રજપૂતાણીના ઉપર ઠગાઈ કરવામાં આવી છે, અને કોટવાળના દીકરાને અને બીજા ચાર પાંચ માણસોને તેણે ઠેર કર્યાં છે; વળી તે ઉપરને માળે સંતાઈ પેશીને પોતાનું રક્ષણ કરે છે. રાજા બોલ્યો: "સત્વર દોડો અને આજ્ઞા કરો કે મારા આવતાં સુધી કોઇયે તેને કાંઈ કરવું "નહિ; હું સત્વર ત્યાં આવું છું." પછી **સિદ્ધરાજે** પોતાનો ઘોડો મંગાવ્યો ને અશ્વાર થયો; થાણિયે અને જગદેવે તેને નમન કર્યું. **જગદેવને** જોઈને રાજાને આશ્ચર્ય લાગ્યું, અને મનમાં વિચાર્યું કે,–"આ કોઈ સારો ઠકરાણો જણાય "છે; પણ મેં એને આગળ કોઈ દિવસ દીઠો નથી." જગદેવ ઘોડે ચડી રાજાની આગળ થયો. તેણે તેના ઉપર **જા**મોતીને ઘેર પહોંચતાં સુધી નિહા- ળીને જોયાં કર્યું. સિપાઇઓએ ભીડમાં રસ્તો કરાવ્યો. રાજા ઉતર્યો, તેની પછવાડે ઠાણિયો અને **જગદેવ** પણ ચાલ્યા. પછી **જયસિંહે** બોલ્યો: "**ચાવડી** દીકરી! મને કહે તારૂં પિયર ક્યાં? તારૂં સાસરૂં ક્યાં? અને તું

"કોને વ્હેરે પરણી છે?" ચાવડિયે જોયું અને જાણ્યું કે આ કોઈ મ્હોટો ઠકરાણો છે; તેથી તે બોલી: "મહારાજ! હું રાજારાજ ચાવડાની દીકરી; "અને બીરજની વ્હેન છું અને ધારના રાજા ઉદયાદિત્ય પરમારના ન્હાના "કુંવર વ્હેરે પરણી છું." ત્યારે રાજા બોલ્યો: "ચાવડી દીકરી! તેં મારાં "માણસને શા માટે મારી નાંખ્યાં?" તેણિયે રોષમાં ઉત્તર આપ્યો: "મહા-"રાજ! આ દુષ્ટ રાંડ મને ઠગીને અહિં લાવી અને એક ગોલો મારી "આબરૂ લેવા આવ્યો માટે મહારાજ! મેં એને મારી નાંખ્યો. હું રજપૂતની "પુત્રી છું; હું મરતાં પ્હેલાં ઘણાને ઠેર કરીશ. ને મરતાં સુધી હું લડીશ. "ઈશ્વરને જેમ સારૂં લાગશે તેમ કરશે. મારા સ્વામીરાજ પણ નગરમાં છે,"

તે વેળાએ, જગદેવે અગાડી આવીને કહ્યું: "ચાવડી! બારણાં ઉઘાડો, તમે "ઘણું સંકટ સોશ્યું છે." ત્યારે ચાવડિયે જગદેવનો અવાજ ઓળખીને બારણાં ઉઘાડ્યાં અને એના હાથમાં આવીને પડી. રાજાએ જાણ્યું કે આ જ જગદેવ હશે. પછી જયસિંહે ચાવડીને કહ્યું: "તને હું મારી પુત્રી ગણું છું," પછી તેણે પોતાના ચાકરોને બોલાવીને કહ્યું: "જાઓ જઈને રથ લઈ આવો, ને "સાથે દશ દાસિયો લાવીને એમને દરબારની હવેલિયે ઉતારો આપો,"

પછી ડુંગરશી કોટવાલ આવીને રાજાને વિનતિ કરવા લાગ્યો; "મહારાજ! "સલામત મારૂં ઘર ભાંગનારને માટે તમે શી આજ્ઞા આપો છો?" રાજા બોલ્યો: "આ ચાવડી પુત્રિયે પોતાનો પતિવ્રતાધર્મ સાચવ્યો છે. જ્યારે એક "ગોલો કોઈ રજપૂતની પુત્રીને બગાડવા ધારે છે ત્યારે ખચીત એને શિક્ષા "થવી જ જોઇયે. મેં નગર તમારા સ્વાધીનમાં કર્યું તે શું ખોટું કરવાને માટે?" એવું કહીને આજ્ઞા કરી કે, "એને કોટવાળી ઉપરથી ફ્હાડી મૂકવો, "અને એણે મને મ્હોં બતાવવું નહિ." પછી તરત જ તેની માલમતા જપ્ત કરી લીધી, ને તેને દેશપાર કરીને શિક્ષા દીધી, તથા તેનું ઘરબાર લુંટાવી લેવરાવ્યું. આ પ્રમાણે કોટવાળનું ઉદાહરણ બીજાઓને બતાવ્યું. પછીથી સિદ્ધરાજે ગણિકાઓને કેદ કરી અને સર્વેનાં નાક કાપી, માથું મુંડાવીને અને તેઓને શિતળાના[1] વાહન ઉપર બેસારીને આખા નગરમાં ફેરવી ફ્હાડી મૂકી, અને તેમનાં ઘરબાર લુંટાવી દીધાં.

ચાવડીને રથમાં બેસારીને અને દશ દાસિયો ચાકરીમાં આપીને રાજાએ તેને એક ભવ્ય ઘરમાં રાખી. જયસિંહ પોતે જાતે તેને ત્યાં લઈ ગયો અને કામકાજને સારૂ એક વૃદ્ધ ખવાસ તેને સ્વાધીન કર્યો તથા એક વર્ષ સુધી ચાલે એટલું ખાવાનું તેના ઘરમાં ભરાવ્યું, તેમ જ ઘરખટલાને

૧ શિતળાદેવીનું વાહન ગધેડું છે.

જોઇયે તેટલો સામાન પૂરો પાડ્યો. વળી તેણે, ઘરની ચોકી કરવાને એક બળવાન્ ચોકીદાર આપ્યો, તથા તેના સાથને માટે જે જે અગત્યનું હતું તે તે પૂરૂં પાડ્યું. અને ફરીને કહી સંભળાવ્યું કે મેં તને મારી પુત્રી કરીને સ્થાપી છે. પછી, જગદેવને પોતાની સાથે લઈને દરબારમાં ગયો. ત્યાં બેશીને જગદેવનો સર્વ વૃત્તાન્ત પૂછી લીધો. રાજા જગદેવથી અત્યંત પ્રસન્ન થયો. તેને પોતાની પાસે બેસારીને જમાડ્યો. જ્યારે પ્રહર રાત્ર ગઈ ત્યારે તેણે તેને પોષાક, કડાં, મોતીની માળા, કંઠો, એક શિરપેચ ઇત્યાદિ આપી રજા આપી. જગદેવ ઘેર ગયો, ને ચાવડીને ભેટયો, ને તેને મોતીની માળા આપીને કહ્યું કે તેં સત્વર આપણો મેળાપ રાજા સાથે કરાવ્યો; નહિ તો, દશ બાર દિવસની ઢીલ થાત ને વચ્ચે કોઈ ત્રીજાને રાખીને રાજાને કહાવવું પડત. આ પ્રમાણે દિવસમાં જે જે બન્યું હતું તે તે વિષે વાતો કરતાં રાત્રિ પડી.

ચાવડિયે પાતિવ્રત કરવા માંડ્યું હતું તેથી કાંઈ ખાધું ન હતું, એટલા માટે, સવારમાં ત્રણ વાગતાં તેણે ઉઠીને રસોઈ કરી, પાણી ઉન્હું મૂક્યું. બધું જ્યારે તૈયાર થયું ત્યારે તેણે જગદેવ કુંવરને જગાડ્યો; તે બોલ્યો: "આજે આટલી બધી ઉતાવળ કેમ?" ચાવડિયે કહ્યું: "રાજા તમને "તેડું મોકલશે; એમને તમારી સાથે વાતો કરવાને રસ પડે છે માટે આખા "દિવસમાં એક પળ પણ તમારા વિના તે રહેશે નહિ. મેં વ્રત લીધું છે તે "તો તમે જાણો છો, કાલનો મને અપવાસ છે; તમે ન્હાશો અને જમશો "ત્યાર પછી હું જમીશ." જગદેવે કહ્યું કે તમે ખરી વાત કહો છો; તે ઉઠીને ન્હાયો, અને બન્ને સંગાથે જમ્યાં, કે ઘોડાવાળો આવ્યો, ને બ્હાર રહીને બોલાવા લાગ્યો. જગદેવે પોતાની સ્ત્રીને કહ્યું કે હું જાઉં છું. તે પછી બારણા આગળ આવ્યો, ને ઘોડે ચડીને દરબારમાં ગયો.

રાજાએ ઉભા થઈને માન આપી બેસાર્યો. તેઓ એકઠા મળી જૂની વાતો કરવા લાગ્યા. રાજાએ પૂછ્યું; "તમે મારી પાસે રહેશો?" જગદેવે ઉત્તર આપ્યો: "મારો રોટલો પેદા કરવાને હું ઘેરથી નીકળ્યો છું." રાજા બોલ્યો: "તમે પટો "રાખશો કે ઉચ્ચક રકમ ઠરાવી તે પ્રમાણે લીધાં જશો?" જગદેવે કહ્યું: "મહારાજ! ઉચ્ચક પગાર લેવો મને ઠીક પડશે; નિત્યના એક હજાર રૂપિયા "આપશો ને ગમે તેવા જોખમવાળી જગ્યાએ મને ઠરાવશો; પાછી પાની દઉં તો "રજપૂત નહિ." રાજાએ કહ્યું: "બહુ સારૂં." પછી ભંડારીને બોલાવીને તેને આજ્ઞા કરી કે, "જગદેવને નિત્યના બે હજાર રૂપિયા ભંડારમાંથી આપજો; મહિ- "નાના સાઠ હજાર થયા. જોજો પગાર આપવામાં કાંઈ અડચણ થાય નહિ."

ફરીથી રાજાએ જગદેવને શરપાવ કર્યો ને પરવાનો લખાવી મ્હોર છાપ સુદ્ધાંત કરીને તેને હાથ આપ્યો.

જ્યારે જગદેવને ઘેર જવાની આજ્ઞા આપી ત્યારે પાટણના મ્હોટા સામંતો માંહોમાંહે બડબડવા લાગ્યા કે, "આને તે રાજાએ શું કરવાને ચાક-"રિયે રાખ્યો હશે?" વળી તેઓ ક્હેવા લાગ્યા કે, "સૂર્ય ઉગે છે કે રાજા "એને બે હજાર રૂપિયા આપે છે! એંશી લાખ ઘોડેશ્વારનું લશ્કર આવશે "તો એકલો તે શું હરાવશે?" આવું છતાં પણ, રાજા તો જગદેવનાથી ઘણો ખુશી થયો, તે તેને પોતાની એક બાજુએ કે સામો બેસારે અને તેને કાંઈ પણ તુષ્ટિદાન આપ્યા વિના ઘેર જવા દે નહિ. આ પ્રમાણે એક વર્ષ સુધી ચાલ્યું. ત્યાર પછી જગદેવને કુંવર થયો, તેનું નામ જગધવલ પાડ્યું; અને ત્રણ વર્ષ પછી, બીજો કુંવર જન્મ્યો તેનું નામ બીજધવલ પાડ્યું. ન્હાનકડા રાજકુમારોને રાજા ઘણું લાડ લડાવતો. તેને ન્હાનાં છોકરાંને અને સાદા લોકોને કાંઈ ઇનામ આપવાનો ચાલ હતો. તેઓ પોતાની ભોળાઈને લીધે હસવા સરખી વાતો કરતા; રાજા ધર્માદા કરવા સારૂ નિત્યના હજાર ખર્ચતો. આ વાત ભાટ લોકો કેમ નોંધી રાખે નહિ? કેમકે, "ધર્મગુરૂનું નામ, અને ભલું કરનારનું નામ સ્મરણ રાખવું એ છ વ્રત માંહેલું એક વ્રત છે."

મ્હોટો કુંવર પાંચ વર્ષનો થયો અને ન્હાનો બે વર્ષનો થયો, ત્યારે એક વાર ભાદ્રપદ મહિનો આવ્યો. તેમાં, વાદળાંથી રાત્ર અંધારી ઘોર જેવી બની રહી હતી, આકાશમાંથી વર્ષાદ વરસતો હતો, દેડકાં ડૂં ડૂં કર્યાં કરતાં હતાં, મોર કેકારવ કરી રહ્યા હતા, બપૈયા બોલી રહ્યા હતા, અને વિજળિયોના ઝબુકા થતા દેખાતા હતા. ભાદ્રપદની આવી રાત્રિ કાયરની છાતી ચાલે નહિ એવી હતી. આવી રાતની વેળાએ રાજાને કાને એક અવાજ ગયો. તે જાણે ચાર સ્ત્રિયો, પૂર્વ દિશામાં ખુશીમાં ગીત ગાતી હોય અને બીજી ચાર તેમ-નાથી થોડે છેટે રડતી હોય એવું સંભળાયું. રાજાએ ચોકીવાળાને બોલાવીને પૂછ્યું કે હવણાં કોણ જાગે છે? જગદેવે ઉત્તર આપ્યો,—"મહારાજ શી આજ્ઞા છે?" રાજા બોલ્યો: "જગદેવ! તમે ઘેર ગયા નથી?" કુંવર બોલ્યો: "આજ્ઞા આપ્યા વિના હું કેમ જાઉં?" રાજા બોલ્યો: "વારૂ ત્યારે "હવણાં ઘેર જાઓ." જગદેવે કહ્યું: "મહારાજ! ચોકીવાળાને શી આજ્ઞા "કરવાની હતી? હું તે આજ્ઞા પ્રમાણે કરીને ઘેર જઈશ." રાજાએ પૂછ્યું: "આપણને સંભળાય છે એ શાનો અવાજ છે?" જગદેવ બોલ્યો: "કોઈક સ્ત્રિયો ગાય છે, અને કોઈક રડે છે." રાજા બોલ્યો: "જોઈ આવીને "કહો કે કોણ રડે છે ને કોણ ગાય છે? સવારમાં મને બધા સમાચાર ક્હેજો."

જગદેવ, નમન કરીને, માથે ઢાલ મૂકી, હાથમાં તરવાર લઈ એકલો બ્હાર ચાલ્યો. રાજાએ પોતાના મનમાં વિચાર્યું કે, ભાદ્રપદ મહિનાની રાત્રિઓ તો ભય-ભરેલી છે; ચાલ, જઈને જોઉં કે એ જાય છે કે નહિ. આ પ્રમાણે મનસુબો કરીને અને અંધારપછેડો ઓઢીને જગદેવની પછવાડે સિદ્ધરાજ પણ ચાલ્યો. ઘણા સામંતો ચોકી કરતા હતા તેઓને દરેકને બોલાવીને રાજાએ કહ્યું કે કોણ ચોકી પ્હોરે છે? દરેક ઉમરાવે પોતાનાં નામ દીધાં. ત્યારે રાજા બોલ્યો: "પૂર્વ દિશામાં કેટલીક સ્ત્રિયો ગાય છે અને કેટલીક રડે છે તેની "બાતમી લઈ આવવા રાજાજી તમને ફરમાવે છે." એક સામંત બોલ્યો: "જે "નિત્યના બે હજાર ખાય છે અને જેને રીઝો મળે છે તેને મોકલવા દ્યો, "આટલા દિવસથી પગાર ખાધાં કરે છે તે શું મફત ખાય છે?" રાજાએ આ સાંભળ્યું. બીજા કેટલાક સામંતો હતા તે બોલ્યા: "અમે રાજાને "બાતમી આણી આપિયે છિયે." પછી જેવા તેઓ ચાર પાઇમાં સૂતા હતા તેવા ને તેવા એક બીજાને અમસ્થા ક્હેવા લાગ્યા. "ઠાકોર! ઉઠો, ઉઠો!" પછી હથિયાર સજતા હોય એમ ઠોકમઠોકા કરીને, અને ઢાલોનો ખડભ-ડાટ કરીને પાછા ઉંઘી ગયા.

એટલી વારમાં જગદેવ તો પૂર્વમાં જ્યાં ગાણું સંભળાતું હતું તેણી-મગ ચાલ્યો—સિદ્ધરાજ તેની પછવાડે પછવાડે ચાલ્યો ગયો. જગદેવ નગ-રના દરવાજા આગળ આવી પ્હોંચ્યો; દરવાને બારી ઉઘાડીને તેને બ્હાર જવા દીધો. સિદ્ધરાજ બોલ્યો: "હું એ સામંતનો ખવાસ છું મને પણ "જવા દે." એ પણ બાહાર નીકળ્યો, જ્યાં સ્ત્રિયો વિલાપ કરતી હતી તેણી-મગ જયદેવ ચાલ્યો ને તેમને કહ્યું: "તમે કોણ છો? તમે મૃત્યુલોકનાં "માનવી છો, કે દેવાંગના છો, કે ભૂતડી, પ્રેતડી, અથવા સિદ્ધ કે શિકો-"તર છો? આવી મધ્ય રાત્રિની વેળાએ તમે આવો બળાપો કરીને કેમ "વિલાપ કરો છો? મને કહો કે તમારે માથે શું સંકટ આવી પડ્યું છે?" તેઓ બોલિયો: "પુત્ર જગદેવ! તું પાસે આવ. તું અહિં શા માટે આવ્યો છે?" તે બોલ્યો: "હું તમારા વિલાપનું કારણ જાણવા આવ્યો છું." તેઓ ફરીને બોલિયો: "અમે પાટણની જોગણિયો છિયે. કાલે સવારમાં "દશને ટકોરે સિદ્ધરાજ જયસિંહનું મોત છે. એટલા માટે અમે વિલાપ "કરિયે છિયે. હવે ભક્તિ, બલિદાન, બાકળા, કોણ કરશે? પૂજા અર્ચા "કોણ કરશે? માટે અમે વિલાપ કરિયે છિયે." રાજા જ્યાં સંતાઈ રહ્યો હતો ત્યાંથી, તેઓએ કહ્યું તે બધું તેણે સાંભળ્યું. જગદેવ બોલ્યો: "પણ "પણે ગાય છે તે કોણ?" જોગણિયો બોલિયો: "જા જઈને તેમને પૂછ," જગદેવ

ગયો અને નમન કરીને બોલ્યો: "તમે વધાવાનાં ગીત ગાઓ છે, તમારામાં "મુખ્ય કોણ છે અને તમે એવડાં શાથી રાજી થયાં છો કે આ પ્રમાણે 'ગાઓ છો ?" તેઓ બોલિયો: "અમે દિલ્હીની ઇષ્ટ દેવિયો છિયે. અમે "સિદ્ધરાજ જયસિંહને લેવા સારૂ આવિયો છિયે. જો પણે વિમાન છે, એટલા "માટે અમે વધાવા ગાઇયે છિયે." જગદેવ બોલ્યો: "કોઈ વેળાએ એમનું મોત છે?" દેવિયો બોલિયો: "સવારમાં સવા પ્રહર દિવસ ચડતાં સેવા કરવા "સ્નાન કરી એ તૈયાર થશે અને પિતાંબર પ્હેરીને બાજઠ ઉપર ઉભો ર્‌હેશે "તે વેળાએ અમે એને મારીશું એટલે એ શરીર છોડશે." ત્યારે જગદેવ બોલ્યો: "હવણાંના કાળમાં સિદ્ધરાજ જેવો કોઈ રાજા નથી. કેટલું પુણ્યદાન "કે બાધા આખડી કરિયે કે જેથી સંકટમાંથી એ ઉગરે?" તેઓ બોલી: "એ ઉગરે એવો માત્ર એકજ ઉપાય છે; જો કોઈ રાજાની બરાબરિયો "સામંત પોતાનું માથું કાપીને અમને અર્પણ કરે તો સિદ્ધરાજ જયસિંહનો "આવરદા વધે." જગદેવ બોલ્યો: "જો મારૂં માથું કામ લાગે એમ હોય તો "તે લઈને સિદ્ધરાજનો આવરદા અને રાજ્ય-વધારો. જો એમ હોય તો હું "તૈયાર છું." દેવિયોએ કહ્યું: "જો તું તારૂં માથું ચડાવે તો સિદ્ધરાજ ઉગરે." ત્યારે જગદેવ બોલ્યો: "મને થોડી ઘડીની રજા આપો, હું જઈને "મારી સ્ત્રીને સર્વ વર્ત્તમાન કહું છું અને તેની આજ્ઞા લઈને પાછો આવું છું." દેવિયો ખડખડ હસવા લાગી. "કોઈ સ્ત્રી પોતાના ધણીનું મોત થાય "એવું માન્ય કરે નહિ; પણ જા અને પૂછ, અને સત્વર પાછો આવ."

આવી આજ્ઞા મળી એટલે જગદેવ પોતાની મેળે ઘર ભણી પાછો વળ્યો. સિદ્ધરાજે મનમાં વિચાર કર્યો કે, હવે એ પાછો આવે છે કે નહિ તે જોઉં છું, અને ચાવડી શું ક્‌હે છે તે પણ જણાશે. એમ ધારી તે પણ તેની પછવાડે ચાલ્યો. જગદેવ પાછો આવીને ઘરમાં પેઠો અને ઉપલે માળે ચઢ્યો, તે ચાવડીને ભેટ્યો; સિદ્ધરાજ જયસિંહ વહૂવરની વાત સાંભળતો સંતાઈ રહ્યો; નિત્યની રીત પ્રમાણે તેઓ ભેગાં બેઠાં. જગદેવ બોલ્યો: "ચાવડી! વાત આમ બની છે." ચાવડી હાથ જોડીને બોલી: "સ્વામીનાથ! શી આજ્ઞા છે?" પછી જગદેવે બધી વાત માંડીને કહી, ને બોલ્યો: "હું તારી રજા લેવાને આવ્યો છું." ચાવડી બોલી: "ધન્ય ઘડી! ધન્ય રાત! આવા દિવસને માટે જ આપણે "લૂણ ખાઇયે છિયે. તેમને જીવ આપો. જીવને સટે જ ખાવાનું, તુષ્ટિદાન "અને ભૂમિ પળે છે, તમે ઘણો સારો નિશ્ચય કરયો છે; રજપૂતનો એવો "ધર્મ છે: સિદ્ધરાજ જીવશે અને રાજ્ય કરશે તો સર્વે સારાં વાનાં છે. "એમ નહિ તો પછી જિવતર શા કામનું છે? પણ સ્વામીરાજ! મારી

"એક વિનતિ છે. મારે શા માટે જીવવું જોઇયે; બે પ્રહર માટે હું એટલું "બધું સંકટ વેઠું ?[1] તમારી સાથે હું પણ મારો જીવ આપીશ." જગદેવ બોલ્યો: "પણ બાળકોની શી વલે થશે ?" ચાવડી બોલી: "ત્યારે એમનું "પણ બલિદાન આપો." ત્યારે જગદેવે કહ્યું: "જો એમ જ હોય તો હવે "ઢીલ કરવી નહિ." જગદેવ મ્હોટા કુંવરને હાથે વળગાડીને ઉતર્યો; ચાવડી તેમની પછવાડે ન્હાના કુંવરને લઈને ઉતરી. સિદ્ધરાજ જયસિંહને ઘણું જ આશ્ચર્ય લાગ્યું, ને મનમાં કહ્યું: "બહુ સારૂં કર્યું રજપૂત ! અને ઘણું ઠીક "કર્યું રજપૂતાણી !"

તે પછી તે ચારે જણ આગળ ચાલ્યાં. શું બને છે તે જોવા રાજા પણ પછવાડે ચાલ્યો. જગદેવ અને ચાવડી દેવિયોની પાસે આવી પ્હોંચ્યાં. તેઓ બોલિયો; "જગદેવ ! તારૂં માથું કાપવાને તૈયાર છે ?" તે બોલ્યો: "મારા માથાને સટે સિદ્ધરાજના આવરદામાં કેટલાં વર્ષ વધારશો ?" તેઓ બોલિયો: "એ બાર વર્ષ સુધી રાજ્ય કરશે." ફરીને જગદેવે કહ્યું: "ચાવડી "અને બે બાળકોના જીવ મારા જીવ જેટલા જ અગત્યના છે, માટે ચાર "જીવને સટે સિદ્ધરાજને અડતાળીસ વર્ષનો આવરદા આપો; હું ચાર જીવ આપું છું." દેવિયો બોલી: "તથાસ્તુ." એટલે ચાવડિયે પોતાનો પ્હેલો કુંવર તેની આગળ રજુ કર્યો. જગદેવે પોતાની તરવાર ફ્હાડીને કુંવરનું માથું કાપી નાંખ્યું, ને બીજા કુંવરને તૈયાર કર્યો, એટલે દેવિયોએ તેને અટકાવ્યો અને કહ્યું: "જગદેવ ! અમે અડતાળીસ વર્ષ આપ્યાં ને તે સાથે તારી સ્ત્રી, ને કુંવર "પણ આપ્યાં." પછી તેઓએ મ્હોટા કુંવર ઉપર અમૃત છાંટયું એટલે તે સજીવન થયો. દેવિયો હશીને બોલી: "તારી અને તારી સ્ત્રીની સ્વામીભક્તિ અત્યંત છે." પછી તેના કુંવરના માથા ઉપર હાથ મૂકીને ચાવડીને આપ્યા. તેઓ બોલિયો: "જગદેવ ! તારી સ્વામીભક્તિને લીધે અમે સિદ્ધરાજને અડતાળીસ "વર્ષનું રાજ્ય આપિયે છિયે." એમ કહીને રજા આપી. જગદેવને અને ચાવડિયે નમન કર્યું, અને બન્ને કુંવરને લઇને ઘેર પાછાં ગયાં.

આણીમગ રાજા, જગદેવની સ્વામીભક્તિ અને ચાવડીનો પતિપ્રેમ જોઈને અત્યંત આનંદ પામ્યો. તે રાજમંદિર પાછો આવ્યો અને પોહોડ્યો; અને સૂતો સૂતો મનમાં વિચાર કરવા લાગ્યો: "જગદેવ ! ધન્ય છે તને, તેં મારે માટે અડતાળીસ વર્ષનું રાજ્ય મેળવી આપ્યું." આ પ્રમાણે વિચાર કરતાં તેની

---

[1] એનો ભાવાર્થ એવો કે, મારે પતિની સાથે ગમે તે વેળાએ એટલે કે તમારો જીવ દેવિયો લેશે તે પછી તો મારે તમારી સાથે સતિ થઈ બળી મરવું છે. તો શા માટે મારે તમારી સાથે જ જીવ ન આપવો ? ર. ઉ.

આંખમાં ઉંઘ આવવા લાગી નહિ. પાછલી ચાર ઘડી રાત્ર રહી એટલે જગદેવને બોલાવવાને ચાકર આવ્યો. તે ઉઠી દાતણપાણી કરીને ન્હાહ્યો અને સર્વશક્તિમાન્ ઇશ્વરની પૂજા કરી, માળા કરવા બેઠો ને કપાળે ટીલું કરીને પ્રહર ફાટ્યો એટલે રાજા પાસે ગયો.

જગદેવ દરબારમાં આવ્યો ત્યારે **સિદ્ધરાજ** દરબારમાં બેઠેલો હતો. તે પોતાની રાજગાદી ઉપરથી ઉઠીને તેને ભેટ્યો; અને પોતાની પાસે એક બીજી ગાદી પથરાવીને તેના ઉપર બળાત્કારે તેને બેસાર્યો. પછી જે સામંતોને તેણે ખબર ક્હાડવાની આજ્ઞા કરી હતી તેઓને બોલાવીને પૂછ્યું કે "તમે રાતોરાત "શા સમાચાર મેળવ્યા છે?" તેઓ બોલ્યા: "બે ગાડાંમાં ચાર માઉવો[1] હતી; "એક ગાડામાં જે હતી તેને દીકરો અવતર્યો હતો માટે ગાતી હતી, અને બીજા "ગાડાવાળીનો દીકરો મરી ગયો હતો તેથી તે વિલાપ કરતી હતી." સામંતોની આવી વાત સાંભળીને **સિદ્ધરાજ** ધિઃકાર સાથે હશીને બોલ્યો: "તમે લાખ "લાખના પટાવાળા છો; તમે મ્હોટા સ્તંભ છો; તમે ખબર લાવો નહિ તો "પછી લાવશે કોણ?" પછી જગદેવના ભણી ફરીને બોલ્યો: "રાતે જે "નિપજ્યું હોય તે તમે ક્હો." જગદેવ બોલ્યો: "સામંતોએ જેમ કહ્યું તેમ જ હશે." રાજા ફરીને બોલ્યો: "જેમ બન્યું હોય તેમ અથથી તે ઇતિ સુધી "માંડીને ક્હો; મેં બધું સાંભળ્યું છે." જગદેવ બોલ્યો: "જો મ કાંઈ પણ જોયું "હોય તો કહું,—બનાવીને વાત ક્હેતાં મને આવડતી નથી." પછી જગદેવની ઉદારતા કશીને, અને તેનું ધૈર્ય જોઈને **સિદ્ધરાજ** જયસિંહ બોલ્યો: "ઓ "સામંતો! ભાયાતો! અને ઠાકોરો! વાત સાંભળો. આજ સવારમાં પ્હેલે "પ્રહરે મારૂં મરણ થવાનું હતું; પણ હવેથી, જગદેવના પ્રતાપથી હું અડ- "તાળીશ વર્ષ સુધી વધારે રાજ્ય ભોગવવાનો છું. એના બે દીકરાનાં, એનું, "અને એની સ્ત્રીનું માથું દેવિયોને આપવાને એ તૈયાર થયો, મ્હોટા દીક- "રાનું માથું તો ખરેખરૂં એણે કાપીને આપ્યું હતું. આ ઉમરાવની હિમ્મત "અને સ્વામીભક્તિ તથા એની સ્ત્રીનો એના પ્રતિ અતિ પ્રેમ જોઈને દેવિ- "યોએ સર્વ ક્ષમા કર્યું અને મને આવરદા પણ આપ્યો. આજથી હું રાજ્ય "કરીશ તે જગદેવ કુંવરના પ્રતાપથી કરીશ. તમે કાંઈ લાભ મેળવી લેવા

---

૧ દુષ્કાળ અથવા કાંઈ સંકટ આવી પડવાથી ઘરબાર છોડીને જે માણસ ભટકતા ફરે છે તે માઉને નામે ઓળખાય છે. **મારવાડના** વાણિયા માઉ ક્હેવાય છે. અને તેઓ કચ્છ કે કાઠિયાવાડમાં આવી ર્‌હેલા છે, તે આજે પણ પોતાની અવટંક **"માઉ"** ક્હે છે. **માઉં** શબ્દનો અર્થ દુઃખી થાય છે. **મારવાડમાં** કાળ પડે છે ત્યારે ત્યાંના લોકો દેશાન્તરમાં નિર્વાહ અર્થ ભટકતા ફરે છે. તેઓને **મારવાડની માઉ** ક્હેવામાં આવે છે.

"સારૂં જૂઠું બોલ્યા. પણ આ બધો બનાવ મેં મારી નજરે દીઠો, ને મારા "કાને સાંભળ્યો. એમને ભારે પગાર બાંધી આપવામાં આવ્યો ત્યારે તમે બડ- "બડવા લાગ્યા. પણ હું જો નિત્યના એક લાખ અથવા એક કરોડ આપું તો પણ "એમના જેવો બીજો રજપૂત મને મળે નહિ."

આ પ્રમાણે સિદ્ધરાજે કહીને, પોતાની વડી કુમારીનું નાળિયેર જગદેવને આપ્યું, અને તે સાથે બે હજાર ગામ પણ આપ્યાં; વળી તે ઉપરાંત તેમના જાતખર્ચ સારૂ બીજાં પાંચસેં ગામ આપ્યાં. પછી જગદેવને કડાં, મોતીનો કંઠો, કલગી, અને બીજાં પાર વિનાનાં ઘરેણાં આપી ઘેર વિદાય કરયો. જગદેવે ઘેર આવીને સર્વ વૃત્તાંત ચાવડીને કહ્યો. તે બોલી: "તમે રાજા "છો, તમારા અંતઃપુરમાં બે ચાર રાજકન્યાઓ જોઇયે, તમે બહુ સારૂં કર્યું, "સંબંધ ઘણો સારો થયો."

પછી જગદેવે સારૂં મુહૂર્ત જોઈને લગ્ન કર્યું. પ્રજા સિદ્ધરાજને અને જગદેવને સમાન ગણવા લાગી. આ પ્રમાણે સુખ ભોગવતાં બે ત્રણ વર્ષ વીતી ગયાં.

ભૂજ[1] નગરમાં રાજા ફૂલજી રાજ કરતો હતો; તેને પુત્ર લાખો ફૂલ કરીને કુંવર હતો, તેને બે કુંવરિયો હતી. એક સમયે તેણે વિચાર કર્યો કે આપણી કુંવરિયો વરવાને યોગ્ય થઈ છે, તેથી હવે તો કોઈ યોગ્ય વર શોધી કાહાડવા જોઇયે. પછી પોતાના પ્રધાનને બોલાવીને સિદ્ધરાજ જયસિંહને નાળિયેર મોકલવાની સલાહ કરી. તે પ્રમાણે જાડેજીનાં નાળિયેર પાટણ આવ્યાં: સિદ્ધરાજે જાન તૈયાર કરીને સાથે જગદેવ અને બીજા મહાન્ સામંતોને લીધા. તે ચાલતાં ચાલતાં ભૂજનગર[2] આવી પહોંચ્યા. મહા

૧ કચ્છના બોલાડીમાં પ્રથમ અને પછી અણઘોરના ગઢમાં રાજધાની કરીને રાજા ફૂલે રાજ (ઇ. સ. ૮૫૫ થી ૮૮૦ સુધી) કર્યું છે. હબાયની એક ન્હાની ધાર ઉપર બોલાડીનો કોટ આજે પણ છે. અણઘોર પણ હબાયની ધાર ઉપર છે. આ કોટ ખંડેર થયો છે અને તેમાં જૈનનાં દેરાં પણ ખંડેર સ્થિતિમાં છે; પણ ફૂલની વાત આ પ્રસંગને મળતી આવતી નથી. જામ લાખા જાડાણીને સાત કન્યા હતી તેને યોગ્ય વર ન મળવાથી તેઓ બળી મોઈ, એ વાત પ્રસિદ્ધ છે. પણ તેમાંની મોટી બે કન્યાઓનાં લગ્ન થયાં હોય અને બીજીઓનાં ન થયાં હોય તેથી બળી મોઈ હોય એવો સંભવ પણ ધારી શકાય છે. જામ લાખા જાડાણીની રાજગાદી લાખિયાર વિયરામાં હતી. જાડેજા અવટંક આ રાજાથી પડી છે. તેમ સિદ્ધરાજના સમયમાં લાખો ફૂલાણી નહિ પણ આ લાખો જાડાણી હતો. એનો સમય ઇ. સ. ૧૧૪૭ થી ૧૧૭૫ સુધી હતો.

૨ તે વેળાએ લાખિયાર વિયરામાં રાજગાદી હતી.

હર્ષથી સામૈયું લઈ જઈ જાનને નગરમાં લાવ્યા. રાજા ફૂલને[૧] જગદેવના કુળની ખબર હતી, ને વળી પ્રધાને ફરીથી કહી સંભળાવીને તેને બધું સંભારી આપ્યું, તે સાથે કહ્યું: "એ મહાન્ રજપૂત છે, એક શૂરવીર, અને "એક ધીર પુરૂષ છે.—ન્હાની કુંવરી એને દ્યો." એ કુવરીનું નામ ફૂલમતી હતું, તેનું નાળિયેર જગદેવે લીધું. રાજા ફૂલ(જામ લાખા)ને માંડવે સિદ્ધરાજ સોલંકી અને જગદેવ પરમાર એ જાડેજી કન્યાઓ વ્હેરે પરણ્યા. કુળાચાર પ્રમાણે વરદક્ષિણા ઇત્યાદિ ભેટ કરીને પછી તેઓને રજા આપી. તેઓએ ઘણા દિવસ સુખમાં ફ્હાલ્યા. પછી ચાવડીને પિયેરથી તેડું આવ્યું એટલે જગદેવની આજ્ઞા લઈને ચાવડી પોતાના બાપને ઘેર ગઈ.[૨]

જગદેવની બાકી રહેલી વાત રસિકને બદલે જરા વિસ્મયજનક છે. સિદ્ધરાજની જાડેજી રાણીને કાળભૈરવનો વળગાટ હતો, તેની સાથે લડીને અને તેને વશ કરી લઈને જગદેવે સિદ્ધરાજને પોતાના વધારે ઉપકારના બોજા નીચે કેવા પ્રકારે આણ્યો તે સંબંધી ભાટ યથાસ્થિત વર્ણન કરે છે.[૩]

---

૧ જામ લાખાને.

૨ આ વાતના ઇતિહાસવિષયક ઉપયોગીપણાને લીધે આ જગ્યાએ ખુલાસો કરવાની અગત્ય દિસે છે, તે એ કે—જો લગ્ન થયું હોય નહિ તો રજપૂતના કુળમાં લગ્ન થયાનું જૂઠું ક્હેવાની એટલી બધી છૂટ લઈ ભાટથી હિંમત ચલાવી શકાય નહિ. જો એમ કરે તો જેટલાને સંબંધ હોય તેટલા બધાની અવકૃપા ભાટ તેના પોતાના ઉપર ખેંચી લે.

૩ આ વાતનો પ્રસંગ નીચે પ્રમાણે બંધબેસતો કરી શકાય છેઃ-

જાડેજી રૂપે રંગે સારી હતી. તે મૃગનયની, પદ્મની સમાન શોભતી. તેને અંગ પરાગ છતાં નિત્ય પાંચસેં રૂપિયાની સુગંધી ચોળી પ્હેરતી. ન્હાતી વેળા તેના પાણીના પ્રવાહની જગ્યા ઉપર ભોગી ભ્રમર ગુંજાર કરી મૂકતા. આથી રાણીને ઘણા પ્રકારનું દુઃખ થતું હતું. કાળભૈરવનો સિદ્ધરાજને વળગાટ હોતાં આ બળતરાથી સિદ્ધરાજ નિત્ય નિત્ય સૂકાવા લાગ્યો, તેનામાં ઉદાસીનો પ્રવેશ થયો. તેને કોઈ પ્રકારના રંગભોગ કે રાજકારભાર ઉપર પ્રીતિ રહી નહી.

આ પ્રમાણે પાંચ માસ વિત્યા, ત્યારે જગદેવે તેનું કારણ જાણવાનો નિશ્ચય કરયો. એક દિવસ રાત્રિ પડવા આવી એટલે સર્વ દરબારી લોક આજ્ઞા લઈ વેરાઈ ગયા, પણ જગદેવ ગયો નહિ. રાજાએ તેને જવાનું કહ્યું ત્યારે તે બોલ્યો: "મહારાજ! આપના મનમાં ઊંડી વેદના શી છે તે મને કહો. ત્યારે સિદ્ધરાજ નિઃશ્વાસ નાંખી બોલ્યો: "કુંવરજી! મારા મનનું દુઃખ મારૂં મન જ જાણે છે.

દુહો. હઈડા ભીતર દવ બળે, કોય ન જાણે સાર;
કે મન જાણે આપણું, કે જાણે કર્ત્તાર.

વળી ચામુંડા માતા એક ભાટની સ્ત્રીનો વેષ લઈને રાજાના દરબારમાં માગવાને આવ્યાં ત્યારે જગદેવે પોતાનું માથું તે દેવીને આપીને પોતાના ધણી સિદ્ધરાજના કરતાં ઉદારતાની લડાઈમાં પણ તે કેવી રીતે વધ્યો તે સંબંધમાં વળી આપણને ભાટ લોકોની દંતકથા અદ્ભુત હકીગત જણાવે છે.[1]

"કુંવરજી! એ વાત કોને થાય? કહેવાની અગત્ય લાગે પણ કોને કહેવી તે સૂઝે નહિ, પણ તમે મારા દાતા છો. તેથી આજે તમે આ ડોઢીમાં થઈ રાણીની સ્થિતિ જોજો એટલે મારા મનની વેદના સઘળી તમારા જાણવામાં આવી જશે."

પછી સિદ્ધરાજ પ્હોડ્યો એટલે જગદેવ ઢાલ, તરવાર અને શસ્ત્ર સજી, દાડમ તથા ચંબેલીની વાડીમાં બેઠો. પછી અર્ધ રાત્રિ વીતી એટલે કાળભૈરવે રાણીમાં પ્રવેશ કર્યો, એટલે તેને નાના પ્રકારની પજવણી અને અતિશય દુઃખ થવા લાગ્યું. તે જોઈ જગદેવે જાણ્યું કે આવું દુઃખ સિદ્ધરાજ કોની આગળ કહે? પછી તે હાથમાં તરવાર ઝાલી, ઢોલિયા ભણી કૂદી પડ્યો ને ચોટલો પકડીને ભૈરવને કહ્યું કે, પરકાયામાં પ્રવેશ કરનાર ચોર સાવધ થા. ઘણા દિવસથી તું બચી જતો હતો પણ આજે હું જગદેવ તને મળ્યો છું, એટલે તું ઉગરવાનો હવે નથી. પછી ભૈરવે ઘણો ચમત્કાર પ્રકટ કર્યો, છતાં જગદેવે તેનું કાંઈ ચાલવા ન દેતાં તેને એવો તો સપડાવ્યો કે ભૈરવ નિર્બળ થયો. એટલે તે બોલ્યો: "હવે મને છોડ. હું હવે પછી કદિ આ શરીરમાં નહિ આવું." પછી જગદેવે તેનો આવેશ ઉતારવા વળગાટવાળી રાણીને એક ભોંયરામાં ઉતારી વળગાટથી મુક્ત કરી પાછી બ્હાર આણી. બીજે દિવસે સવારમાં જગદેવ પરમાર દરબારમાં આવ્યો ત્યારે સિદ્ધરાજે તેને બે હજાર ગામ, કડાં, મોતીની માળા ઇત્યાદિ આપ્યું.

૧ કાળો ભૈરવ ને ગોરો ખેતરપાળ એ બે ચામુંડા માતાને અખાડે વીર રમે, અને ત્યાં બધા ચેલા નાચ કરે. તેમાં ગોરા ખેતરપાળને એકલો જોઈ માતાએ પૂછ્યું કે કાળો ક્યાં? ત્યારે તે બોલ્યો: "માતાજી! તમારાથી શું અજાણ્યું છે?" પછી માતાએ જ્ઞાનદૃષ્ટિએ વિચારી જોયું તો સર્વે વાત જાણવામાં આવી, અને બોલી: "મેં એને વાર્યો હતો કે જગદેવ પરમાર હોય ત્યાં તારે જવું નહિ પણ એણે મારૂં "માન્યું નહિ." એમ કહી પછી માતાએ તેને છોડાવવા ભાટડીનું રૂપ ધર્યું. તેણે કાળી ભૂત, દુર્બળ, અને ઘરડી ડોશીનું રૂપ ધર્યું. તેના દાંત લાંબા હતા. દેખાવમાં ઘણી બિહામણી હતી, માથે લટિયાં વિખરાયલાં ને તેલમાં લદબદાયલા ધોળા શેતર જેવા વાળ હતા. કપાળે સિંદૂરની પિયળ કરેલી હતી. ખભા ઉપર કાળી લોબડી ઓહોડી હતી અને કાળા ઉનનો કાંબળો પ્હેર્યો હતો તથા સિંદૂરમાં લદબદ કરેલી કાંચળી પ્હેરી હતી. એવે રૂપે હાથમાં ત્રિશૂલ લઈને સિદ્ધરાજને દરબાર આવીને ડાબે હાથે સિદ્ધરાજને આશીર્વાદ દીધો ને જમણે હાથે જગદેવને દીધો અને છેડો માથે ઓઢ્યો. એટલામાં કોઈ કામપ્રસંગે જગદેવ પોતાને ઉતારે ગયો; એટલે રાજાએ પોતાના કરતાં જગદેવ પ્રતિ તેની વધારે માનભરેલી રીતિ જોઈને માતાને એવી ન્યૂનાધિકતાનું કારણ પૂછ્યું. ત્યારે તેણે ઉત્તર આપ્યો: "મેં આપ્યું એટલું બધું માન જગદેવ પર- "મારને યોગ્ય છે." રાજાને આ વચનથી અંતઃકરણમાં ખોટું લાગ્યું અને તેને કહ્યું: "જા

જગદેવે આટઆટલા ઉપકારો સિદ્ધરાજ ઉપર કર્યાં છે તે છતાં એમ જણાય છે કે, ક્રીર્તિની લાલસાથી સિદ્ધરાજ જગદેવના ઉપર રોષે ભરાયો હતો, કેમકે, તેણે તેને પોતાના પગ નીચે કરી દઈને જગતમાં એની ક્રીર્ત્તિ ઓછી કરી દીધી; અને સિદ્ધરાજે ધારના ઉપર ચડાઈ કરી તે તે રોષને

"તું પ્રથમ જગદેવ પાસે, તારે જે માગવું હોય તે એની પાસે માગ, અને તને જે એ "આપશે તે કરતાં હું ચોગણું આપીશ." ત્યારે કંકાળી ભાટડી બોલી: "હે સિદ્ધરાજ! "પૃથ્વીમાં કોઈયે પરમારની બરાબરી કરી નથી માટે તમારે તેની બરોબરી કરવાની "વાતે કરવી નહિ, કેમકે:—

સોરઠો પ્રથમ વડા પરમાર, પૃથ્વી પરમારાં તણી,
એક ઉજેણી ધાર, બીજું આબુ બેસણું.

એટલે સિદ્ધરાજે કહ્યું: "અવશ્ય તને જગદેવ જે આપશે તેથી હું ચોગણું "ગણીને કે તોળીને આપીશ. માટે એનાં આટલાં બધાં વખાણ કરે છે તો પ્હેલી એની પાસે જા." ત્યારે કંકાળી ભાટડી તેનું પણ જોવા જગદેવ પાસે ગઈ અને તેને દરબારમાં બનેલા સર્વ વર્ત્તમાન કહી દાન માગ્યું. જગદેવે વિચાર્યું: "હું જે કંઈ ચીજ "એને આપીશ તે તે રાજા આપી શકશે. તેથી મારે એને એવું કંઈ અવનવું આપવું કે "જે રાજા આપી જ ન શકે." આવો વિચાર કરીને તેણે પોતાનું માથું આપવાનો નિશ્ચય કર્યો. તેને સોલંકિણી રાણિયે સમજાવ્યો કે, સર્વે વસ્તુ દાનમાં આપિયે પણ માથું આપિયે નહિ. પછી તેણે એ વિષે જાડેજી રાણીને પૂછ્યું તો તે ક્હેવા લાગી: "સ્વામીનાથ! એક તમારૂં માથું આપો ને એક મારૂં આપો. એટલે તમારાથી ચારગણું આપ- "વાને બંધાયલો રાજા આઠ માથાં ક્યાંથી આપશે?" ભાટડીનું કામ થવાનું છે, તેથી માંહોમાંહે રાણીઓ સાથે આવો કેટલોક વિવાદ થયા પછી જગદેવે થાળમાં માથું કાપીને તેને આપ્યું. તે લઈને રાજી થતી સિદ્ધરાજ ભણી ચાલી ગઈ. પણ રાણીને ક્હેતી ગઇ: "હું સિદ્ધ- "રાજ પાસે જઈ આવું એટલી વાર તમે એમના ધડનું રક્ષણ કરજો અને મંગળગીત ગાજો." સિદ્ધરાજ તો જગદેવનું માથું જોઈને આશ્ચર્ય પામ્યો. અને ઘણું ઘણું વિચારી એટલું જ કહી શક્યો: "હું મારૂં અને પાટવી ઘોડાનું માથું આપું છું, પણ મારૂં "માથું તું તારે હાથે ઉતારી લે." ભાટડી કહે: "હું જોગણી તથા ભિક્ષુક છું માટે આપેલું "દાન લઉં. મારાથી વગર આપેલું હાથે લેવાય નહી. માટે જો તારે માગ્યું આપવું જ "હોય તો તારે હાથે તારૂં માથું કાપી આપ." પરંતુ સિદ્ધરાજની પોતાને હાથે માથું આપવાની હિંમત ચાલી નહિ. ત્યારે ભાટડિયે કહ્યું: "તમારા ઊંચા મહેલ ઉપર ચડીને "બૂમ પાડો કે જગદેવ પરમાર જિત્યો ને હું હારયો ને પછી આ માથાવાળી થાળી "નીચેથી સાત વાર નીકળી જાઓ તો તમને જવા દેઉં." સિદ્ધરાજ ભારે સંકડામણમાં આવ્યો, અને આખરે તેણે તે પ્રમાણે કર્યું. એટલે માથાનો થાળ લઈ ભાટડી જગદેવને ઉતારે ગઈ અને ધડ ઉપર માથું મૂકીને જગદેવને સજીવન કર્યો. જગદેવ ઘણો પ્રસન્ન થયો અને બોલ્યો: "માગ્ય, માગ્ય, માગું તે આપું." ભાટડી કહે: "મારે કશું

લીધે જ કરી હતી. જગદેવના જાણવામાં રાજાનો આવો વિચાર આવ્યો એટલે તેણે રાજાની ચાકરી છોડવાનો નિશ્ચય કર્યો, કેમકે એક કહેવત છે કેઃ-

"ધારા ભીતર હું રહું, મુજ ભીતર યે' ધાર;
"જો ધારા પાછી દઉં, તો લાજે પરમાર[૧]

એ નિશ્ચય અમલમાં મૂકવા માટે જગદેવે ઘેર જઈને જાડેજીની સલાહ લીધી, તે બોલ્યોઃ "રાજાએ આપણી સાથે શત્રુતા કરવી ધારી છે; એથી અહિં વધારે "રહેવામાં હવે લાભ નથી; જો રાજા આગ્રહ કરશે તો પણ હવે આપણે રહેવું "નથી; આપણે આપણું ભાગ્ય અજમાવી ચૂક્યા." રાણી તેના કહેવાને સંમતિ આપતી બોલીઃ "રાજવંશી તરીકે તમારી કીર્ત્તિ જગતમાં વ્યાપી ગઈ છે "અને તમે સારી શોભા મેળવી છે. માટે ઘેર જઈને હવે માતાપિતાને ભેટવું "એ વિશેષ સારૂં છે. હું પણ મારાં સાસુસસરાજીનાં દર્શન કરીશ. તમારો "સંબંધ જ કહી બતાવશે કે કુંવરે સારૂં નામ કહાડ્યું છે; માટે મુહૂર્ત્ત જોઈને "આપણે ચાલવા માંડિયે."

પછી જગદેવે જોશીને બોલાવ્યો, અને મુહૂર્ત્ત ઠરાવીને નગરની બ્હાર પોતાનો તંબુ ઠોકાવ્યો. એટલામાં ચાવડી પણ પોતાને પિયરથી આવીને પોતાના સ્વામીને ભેટી; તેઓએ ઘણું સુખ ભોગવ્યું. જગદેવે તેને બધી વાત કહી, અને તેણે પણ તેની સાથે ચાલવા માંડયું. તેઓએ ઉંટો ઉપર પોતાની માલમતા લાદી, અને તેમની સાથે તેમના હાથી, ઘોડા, રથ, પાલખીઓ, ઢોર, દાસી, અને દાસ,-આખો ઘરવાખરો લઈને નીકળ્યાં. બધું જ્યારે નગરની બ્હાર આવ્યું ત્યારે જગદેવ ઘોડે ચડીને રાજાની હજૂરમાં ગયો. સિદ્ધરાજે ઉભા થઈને કહ્યુંઃ "આવો અહિં બેસો." પણ જગદેવે ઉત્તર આપ્યોઃ "મહારાજની સેવા મેં ઘણા દિવસ કરી, હવે મને ઘેર સીધાવવાની

"જોઈતું નથી, પેલા કાળભૈરવને છાડ્ય." જગદેવે તેને ભોંયરામાંથી મુક્ત કર્યો. તે ઓડિયો થયો હતો તેથી ઓડિયો ખેતરપાળ કહેવાયો. તેને લઈને ભાટડી ચાલી ગઈ.

દુહો.-"સંવત અગિયાર અમોતરે, ચૈત્ર ત્રીજ રવિવાર;
"શિશ કંકાળી ભાટને, દિય જગદેવ ઉતાર.

એક બીજો દુહો धारराज्यका इतिहास પૃ. ૪૫ में નીચે પ્રમાણે છેઃ

सम्बत ग्यारसौ इक्यावन जेत सुदी रविवार
जगदेव सीस समर्पियो, धारनगर पवांर २. ઉ.

૧ એક બીજો દુહો આ પ્રમાણે છેઃ—

જ્યાં પુંઆર ત્યાં ધાર હૈં, (ઔર) ધાર તિહાં પુંઆર;
ધાર બિના પુંઆર નહિ. (ઔર) નહિ, પુંઆર બિન ધાર.

"રજા આપવી જોઈયે." રાજાએ તેને પોતાની પાસે રાખવાને ઘણોય આગ્રહ કર્યો પણ જગદેવે માન્યું નહિ. પ્રધાન અને સામંતોએ પણ ઘણું કહ્યું, પણ જગદેવે તો જવાની રજા જ માગ્યાં કરી. છેવટે રાજાને નમન કરીને અને બધા સાથને રામ રામ કરીને જગદેવ ત્યાંથી ચાલતો થયો. સિદ્ધરાજની પુત્રી પણ તેનાં માબાપને, બન્ધુજનોને, બ્હેનપણિયોને ભેટીને જગદેવ સાથે ચાલી.

આવી રીતે જગદેવ પાંચ હજાર અશ્વાર સહિત પાટણથી સિધાવ્યો. તેની આગળ આઠ હજાર પાયદલ ચાલવા લાગ્યું. દર મંજલ ચાલતાં તેઓ ટુકટોડે આવી પ્હોંચ્યાં. કાસદે ચાવડા રાજાને સમાચાર કહ્યા; તેઓએ વધામણી માગી. કુંવર બીરજે તેમને વધામણી આપી; તેણે નોબત અને વાદિત્ર વજડાવ્યાં; નગરને શૃંગાર્યું, અને કુંવર મ્હોટી ધામધૂમથી સામો મળવાને ગયો; સર્વેએ તેને મોતિયે વધાવ્યો ને એક બીજાને મળ્યા. જગદેવ ત્યાં એક મહિના સુધી રહ્યો. લોકોએ પાટણના સમાચાર સાંભળ્યા હતા પણ ચાવડિયે પ્હેલેથી તે છેલ્લે સુધી સર્વે વાત માંડીને કહી. સર્વે ખુશી થયાં.

એક મહિના પછી જગદેવે જવાની આજ્ઞા લીધી ને ધાર ભણી ચાલ્યો. અગાઉથી જ જગદેવ આવવાના સમાચાર ધાર જઈ પ્હોંચ્યા હતા, તથાપિ રાજાને એ સમાચાર કહેવા તેઓએ એક વધામણિયો મોકલ્યો. રાજા તે સાંભળી ઘણો જ ખુશી થયો; વધામણિયાને રાજાએ ઘરેણાં, કડાં અને મોતી આપ્યાં. સોલંકિણી રાણીની હજૂરમાંથી વધામણિયાને બેવડી વધામણી મળી. પછી રાજાએ જગદેવને સામા તેડવા જવાની તૈયારી કરી; નગર શૃંગાર્યું. ઉદયાદિત્ય રાજા, પાલખી, ઘોડા, અને હાથી લઈને તેઓને તેડવા સામો ગયો. જગદેવ પોતાના પિતાને પગે લાગ્યો; પોતાના ભાઈભત્રીજાઓ, સામંત, ઠાકોર, રજપૂત, પ્રધાન, ધનાઢ્ય ગૃહસ્થો એ સર્વેને મળ્યો; તેણે પોતાના બન્ને કુંવરોને પોતાના બાપને પગે લગડાવ્યા, રાજા ઘણો ખુશી થયો. ઘણા ચારણભાટ લોકો જગદેવની કીર્ત્તિ ગાવા લાગ્યા.

આ પ્રમાણે તેઓ સર્વે ઠેકાણેથી રામ રામ લેતા ઘણા પાખરિયા, બખતરિયા મ્હોટા હાથીના સાથ સહિત નગરમાં પેઠા. જગદેવ પ્રથમ જઈને પોતાની માતા સોલંકિણી રાણીને પગે લાગ્યો. માતાએ તેનાં ઓવારણાં લીધાં; ત્રણે વહુ સાસુને પગે લાગી. સોલંકિણી રાણી પોતાના પુત્રને અને વહુઓને જોઈને અત્યંત હર્ષ પામી અને બોલી: "હું આ જગતમાં ભાગ્ય-
"શાળી કે મેં મારા પુત્રનાં આવાં કામ મારે કાને સાંભળ્યાં અને તેમને
"મારી નજરે દીઠાં." કુંવરો પોતાની વડીઆઈના ખોળામાં જઈને બેઠા. ત્યારે રાજા ખુશી થઈને બોલ્યો: "ઓ પુત્ર! તેં પરમારની પાંચસેં શાખાઓ ઉજ્વળી

"અહો પુત્ર! આપણા પરમાર વંશમાં તારા જેવો કોઈ થયો જ નથી ને થશે પણ "નહિ. તેં સિદ્ધરાજને ઉગાર્યો અને તેનો જીવ બચાવ્યો, અને ભૈરવને વશ "કરી લીધો. તું રાજા સાથે લઢ્યો અને તેનું અભિમાન બેસાડ્યું. સોલં-"કિણી રાણીને ધન્ય છે કે જેણે તારા જેવા કુંવરને ધારણ કરીને જન્મ "આપ્યો. તારૂં નામ અમર થયું છે."

પછીથી વાઘેલી રાણી રાજાને પગે લાગી ને તેણે જગદેવનો સત્કાર કર્યો. જગદેવ તેનો હાથ ઝાલીને બોલ્યો: "માજી! મારે તમારો પ્રતાપ "છે. હું તમારે ખોળે છું."

આ પ્રમાણે સારો માણસ નઠારામાંથી સારૂં માની લે છે:—

અવગુણ ઉર ધરિયે નહિ, જ્યમ બાવળનું ઝાડ;
સૂળ ન એની છાયમાં માટે લઈયે પાડ.

આ પ્રમાણે વિચાર કરીને, તે વાઘેલીને પગે લાગ્યો અને રણધવળને ભેટ્યો; વહુઓએ પણ તે બંન્નેને ઘટિત માન આપ્યું.

પછી તરત જ થોડા સમયમાં રાજા ઉદયાદિત્યને રોગનું જોર એટલું બધું વધી ગયું કે તેને લાગ્યું કે હવે હું ઘણા દિવસ કહાડીશ નહી. તેથી તેણે પોતાના સર્વે સામંતોને અને જગદેવ તથા રણધવળને પોતાની પાસે બોલાવ્યા. અને સર્વેની આગળ તે બોલ્યો: "હું રાજચિહ્ન જગદેવને આપું છું, અને રાજ્યનો અધિકાર એને સ્વાધીન કરૂં છું." પછી [1]રણધવળને તેણે સો ગામ આપીને કહ્યું કે, જગદેવના કહ્યામાં તારે રહેવું; તેમ જ રણધવળની સુપ્રત તેણે જગદેવને કરી. આ પ્રમાણે જગદેવ ગાદિયે બેઠો ને રાજા દેવલોક પામ્યો. વાઘેલી અને સોલંકિણી સતી થઈ; અને રાજા જગદેવ રાજ્ય ચલાવવા લાગ્યો.

પંદર વર્ષની વયે તેણે ઘર છોડયું હતું ને સિદ્ધરાજની ચાકરી અરાડ વર્ષ કરી હતી. ગાદિયે બેઠા પછી તેણે બાવન વર્ષ રાજ્ય કર્યું. તે પંચાશી વર્ષ સુધી જીવ્યો. છેવટે તેણે કુંવર જગધવલને ગાદિયે બેસાર્યો અને પોતે દેવલોક પામ્યો. ચાવડી સોલંકિણી અને જાડેજી રાણિયો ઘણા આનંદથી સતી થઈ, અને પોતાના સ્વામી સાથે સ્વર્ગે ગઈ.

આ પ્રમાણે ભાટોની કથાનો અંત આણે છે: "મેં સારી વાત કહી "છે. જગદેવની આ વાત સાંભળ્યાથી, સત્યતા, અરોષ, હિંમત, ધૈર્ય, શૌર્ય, "ડહાપણ, ઉદારતા, એ સર્વે નીકળી જાય છે. આ જગદેવની વાત રાવ અને

૧ રણધવલ ને નરવર્મદેવ જે ઈ. સ. ૧૧૦૪ થી ૧૧૩૩ સુધી થયો તે એક હશે.

"રાણા વાત સાંભળે તો તેનું કાયરપણું, કૃપણપણું અને તોછડાઈ એ સર્વે "નાશી જાય; તેઓને કદિ સંકટ આવી પડે નહિ. આ પ્રમાણે વિચાર કરીને "વાંચનાર વાંચશે, કવિ ગાશે, અને સામંતો સુણશે, તો અમરપુરીમાં જેઓ "વસે છે તેમને જેટલો આનંદ થાય છે તેટલો આનંદ થશે."

આ પ્રમાણે પ્રતાપી અને શૂરવીર જગદેવ પરમારની વાત છે.

પ્રકરણ ૯.

રા' ખેંગાર.

પ્રબંધ ચિંતામણિનો કર્ત્તા લખે છે કે, સિદ્ધરાજે આહિર રાણા અથવા ભરવાડ રાજા, નામે નવઘણ ઉપર ફોજ મોકલી. તે ફોજે જઈને વર્દ્ધમાન અથવા હવણાં જે વઢવાણ કહેવાય છે તેને અને બીજાં શહેરોને ઘેરો ઘાલ્યો; પણ ઘણી વાર પાછા હઠવું પડયું. છેવટે રા'ખેંગારના વારામાં સિદ્ધરાજ જાતે ચઢ્યો, અને તે રાણાના ભાણેજની કપટરચનાએ કરીને તેને ઝાલ્યો અને મારી નાંખ્યો. તેની રાણીયે ઘણો જ શોક કર્યો અને તેને રા'ખેંગારની સાથે જ જીવ આપવાનો પ્રસંગ મળ્યો નહિ, માટે વિલાપ કરવા લાગી જે,

(સોરઠો.)–વાહી તો વઢવાણ, વિસારતાં ન વિસરઈ;
સોના સમા પરાણ, ભોગવહ તઈ ભોગવીઈ.

અહિં નવઘણ (નોંઘણ) અને ખેંગારના નામ વચ્ચે ગુંચવણ પડે છે. એ નામ બે જૂદા જૂદા પુરૂપ—બાપ અને દીકરાને લગાડ્યાં છે. તેઓ યાદવ કુળના રાજા હતા અને સોરઠમાં ગિરનાર અથવા જૂનાગઢમાં રાજ્ય કરતા હતા, તેમાં સિદ્ધરાજનો સામાવાળિયો, જેને તેણે મારી નાંખ્યો તે ખેંગાર હતો, અને વઢવાણમાં જે રાણી મરણ પામી તેનો તે સ્વામી હતો.

એક ભાટ કહે છે કે, રા'ખેંગારના[1] પિતા રા'નવઘણે મહીકાંઠા ઉપ-

---

૧ જૂનાગઢના જાદવ (ચૂડાસમા) રાજાઓમાં ચોથો રાજા રા' ગ્રાહરિપુ (ગારિયો ૧ લો) ઈ. સ. ૯૪૦ થી ૯૮૨ સુધી હતો. તેણે મૂળરાજ સાથેની ઇ. સ. ૯૭૯ માં થયેલી લડાઈમાં હાર ખાધી. તે પછી તેનો કુંવર (૫) રા' કવાટ ઇ. સ. ૯૮૨ થી ૧૦૦૩ સુધી થયો. એણે આબુના આત્રા રાજાને દશ વખત પકડી છોડી દીધો હતો પરંતુ શિયાળ બેટના પરમાર રાજા વીરમદેવ (કોઈ એને મેઘાનંદ ચાવડો પણ કહે છે તે) રાજાઓને યુક્તિથી પકડી લાકડાંનાં પાંજરામાં પૂરતો, તેણે જાદવ સિવાયના છત્રીશ કુળના રજપૂત રાજાઓને પકડ્યા હતા. તેણે સોમનાથ પાટણમાં વહાણ બતલાવવાને બહાને રા' ને તેડી જઈ દગેથી પકડી ગયો અને કેદમાં

રના ઉમેટાના રાજા ઉપર શરણ થયાની નિશાની દાખલ, પોતાની કન્યા આપવાની જોરાવરી કરી હતી. કન્યાનો ભાઈ હંસરાજ મહીડો કરીને હતો,

---

નાંખ્યો. ત્યાંથી તેણે એક બારોટ સાથે પોતાના મામા ઉગા વાલાને તળાજે તે હકીકત કહાવી મોકલી, એટલે તેણે ત્યાં આવી રા'ને છોડાવ્યો.

તે પછી તેનો કુંવર (૬) રા' દયાસ ઉર્ફે મહીપાળ પ્હેલો ઈ. સ. ૧૧૦૩ થી ૧૧૧૦ સુધી. અણહિલવાડ પાટણથી સોલંકી રાજાની રાણીયો અને કુંવરિયો સોમનાથની યાત્રાએ આવેલાં ત્યારે તેનું અપમાન થાય તેવું આચરણ કરવાથી અણહિલવાડથી દુર્લભસેન સોલંકીએ લશ્કર સાથે ચડી આવી તેનું રાજનગર વામનસ્થલી (વંથલી) જિતી લીધું તેથી રા' દયાસ પોતાના કુટુમ્બ સહિત જૂનાગઢના ઉપરકોટમાં ભરાઈ બેઠો એટલે સોલંકી લશ્કરે ઉપરકોટને ઘેરો ઘાલ્યો.

ચૂડાસમાના ભાટ કહે છે કે, એ જિતવો મુશ્કીલ જણાયો ત્યારે એક બીજલ કરી ચારણ હતો તેણે દુર્લભસેનને કહ્યું: "મને મ્હોટું ઈનામ આપો તો હું એકલો "જે કામ લશ્કરથી નથી થતું તે કરી આવું." રાજાએ ઈનામ આપવાનું કબુલ કરવાથી ચારણ, માંગણ જાત હોતાં કોટમાં જવાની કોઈએ ના ન કહેવાથી ગયો.

રા' દયાસ સોરઠી રાણી ઉપર વિશેષ પ્રીતિ રાખતો હતો; તે રાણીની પણ રાજા ઉપર બહુ સત્તા હતી. એ રાણીને રાત્રિયે એવું સ્વપ્નું આવ્યું કે, રા' પાસે કોઈ ચારણે ત્યાગ(પરવા અથવા દાન)માં રા' નું માથું માગ્યું તે તેણે આપ્યું. એ સ્વપ્નું ખરૂં થવાનો ભય લાગ્યાથી એક કોઠામાં રા'ને રાખ્યો અને ત્યાં કોઈ પણ જઈ શકે નહિ તેવો બંદોબસ્ત કરચો.

ચારણને આ હકીકત જણાઈ એટલે તે સદરહુ બુરજ પાસે બેસીને રા'ના જશનાં કવિત બોલવા લાગ્યો. રાહે ઉપરથી બારીમાંથી જોયું તો ગઢવીને દીઠો. અને તેને ઉપર આવવા સારૂ એક લાકડી દોરડાને છેડે બાંધી, અને તે લોઢ અથવા દોરડું નીચે લટકતું મૂક્યું. ગઢવી લાકડી ઉપર દોરડું ઝાલીને બેઠો એટલે રાહે તેને ઉપર ખેંચી લીધો. તે વિષે સોરઠો છે કેઃ—

"ચારણ ચઢિયો લોઢં, મથો ગઢે માગણે;
સોરઠ રા' દયાસ, સે હણે ન કદિ કહાડે."

રાહે ચારણને કહ્યું: "જે ગમે તે માગ હું આપવા તૈયાર છું." ત્યારે ચારણે રાહનું માથું માગ્યું; રા' માથું આપવા તૈયાર થયો. તે વાતની રા'ના કુટુમ્બમાં ખબર પડતાં ત્યાં સૌ આવ્યાં. ત્યારે ચારણને રાણિયે કહ્યું:—

"અધા તું[૧] અધા થિયેં[૨]; ભાઈ યે છ મંગણિહાર[૩];
તાજી[૪] ડિયા તકડા[૫] ડિયા હાથી[૬] ડિયાં હલકાર;
ગિનની[૭] ચંદન હાર, દેં[૮] છડીંધા[૯] સરદાર[૧૦]."

(૧ ભાઈ. ૨ થાય. ૩ જણાય. ૪ ઘોડા. ૫ દઉં ૬ હાથી. ૭ લેને ૮ શરીર. ૯ મૂકશે. ૧૦ ધણી)

તેણે કહ્યું કે પિતાએ ડરી જઈને કન્યા આપી છે પણ કોઈ દિવસ હું નવઘણને

ચારણે ઉત્તર આપ્યો: "ગેમર[1] આય[2] ઘણા, તાજિ[3] આય તબીલમેં[4]
મોંકે[5] નાંય[6] મણા[7] આલો[8] શિર[9] વાલો[10] અબે[11]."

(૧ હાથી. ૨ છે. ૩ ઘોડા. ૪ તબેલામાં. ૫ મને. ૬ નથી. ૭ ઓછું. ૮ આપો. ૯ માથું. ૧૦ વાહાલું. ૧૧ હમણાં.)

રા'ની બ્હેને જાણ્યું કે ભાઈનું મન ડગશે તો અપકીર્તિ થશે તેથી બોલી:—

"વઢી[1] દેને વીર, મથો[2] મંગણિહાર[3] કે,
દાતારા મન ખીર[4], અદાતા ઘણું કઠણ જે."

(૧ વાઢી. ૨ માથું. ૩ માગણ. ૪ દૂધ.)

રા'ની માએ પણ કહ્યું:—"મથો મંગણિહાર કે, જતું દયાસ ન દે;
કેડે[1] બંધી[2] કિન્નજી[3], કીરત[4] કીંય[5] કરે."

(૧ તારી પછવાડે. ૨ બંદીજન=ભાટ. ૩ કેની. ૪ કીર્તિ. ૫ કેમ.)

રા'દયાસે માથું કાપી ચારણને આપ્યું તે લઈ તે જતો હતો ત્યારે સોરઠી રાણી સતી થતી હતી તેણે માગી લીધું ને દામોદર કુંડપર બળી મોઈ. સોલંકી લશ્કરે જૂનાગઢ કબજે કર્યું અને પોતા તરફથી થાણદાર નીમી લશ્કર પાટણ ગયું. રા'દયાસની બીજી રાણી પોતાના કુંવર નવઘણને લઈ આલિદર બોડીધરના આહિર દેવાઈતને ઘેર રહી. જૂનાગઢના થાણદારને ખબર પડવાથી દેવાઈતને પોતાની પાસે બોલાવી ખબર પૂછી ત્યારે તેણે કહ્યું કે જો મારે ઘેર કુંવર સંતાયો હશે તો હું લખું છું તેથી સોંપી દેશે. પછી તેણે સોરઠો એક લખી પોતાના દીકરા ઉગાને મોકલ્યો કે:-

"ગાડું ગાલણ ગા, ગાડાવત રાખે ગળે:
બાંકી ખૂબલિયાં જે ઉચેટિયે ઉદ્દાઉત."

(ગાડું હવે ગારમાં ગળી બેઠું છે, માટે ગાડાના હાંકનારને આપણે ગળે રાખવાનો છે, હે ઉદાના પોતરા! તારો બાહુ ખૂબ દેઈને ઉંચક.)

કાગળ પ્હોંચ્યો પણ નવઘણ તો થાણદારને ન મળ્યો ત્યારે લશ્કર લઈ, દેવાઈતને સાથે રાખી થાણદાર આલિધર બોડીધર આવ્યો ત્યારે દેવાઈતે નવઘણનો પોષાક પોતાના દીકરા ઉગાને પ્હેરાવી થાણદારને સોંપ્યો, અને તેણે તેને મારી નાંખ્યો.

પછી દશ વરસે એટલે ઈ. સ. ૧૦૨૦ માં દેવાઈતે પોતાની નાત એકઠી કરી તેની સલાહ પ્રમાણે પોતાની દીકરી જેસલનું લગ્ન કર્યું, તેમાં થાણદાર વગેરેને જમવા નોંતરી મારી નાંખ્યા અને જૂનાગઢની ગાદિયે રા' નવઘણને બેસાડયો.

(૭) રા' નવઘણ પ્હેલો ઈ. સ. ૧૦૨૦ થી ૧૦૪૪ સુધી. એના સમયમાં દુકાળ પડવાથી સૌરાષ્ટ્રના કેટલાક લોકો સિન્ધ અને માળવે ગયા. ત્યારે આલિધર બોડીધરના આહિર દેવાયતની દીકરી જેસલ (ઉર્ફે જાસલ) જેને રા' નવઘણે સાથે રહેતો ત્યારથી ધર્મની બ્હેન કરી હતી તે પણ પોતાના પતિ સંસ્તિયા સાથે સિન્ધ

મારી નાંખીશ. આવી બ્હીક તેણે પ્રસિદ્ધપણે બતલાવી; અને **નવઘણે** પણ તેના બદલામાં સોગન ખાધા કે, હું **હુંસરાજને** માર્યા વિના મૂકું નહિ.

આ રાણીને માટે **નવઘણને** માત્ર આ એક જ કજિયામાં પડવું પડ્યું એમ નથી, પણ એક બીજો કજિયો ઉભો થયો હતો, તે એ કે **જૂનાગઢ** જતાં જ્યારે જાન **જસદણની** પાસે **ભોંયરા** ગામ આગળ આવી ત્યારે ત્યાંના રાજાએ જાણ્યું કે **નવઘણ** કન્યા લઈને જાય છે, એટલે તે હશ્યો, અને બોલ્યો કે, જો કદાપિ મારો કોટ પૂરો થઈ રહ્યો હોત તો એ ઠકરાણાંને હું જ મારે પોતાને માટે રાખી લેત. **રા' નવઘણને** જ્યારે આ સમાચાર ક્હેવામાં આવ્યા ત્યારે તેણે પ્રતિજ્ઞા કરી કે એ કોટને હું તોડી પાડું નહિ અને એ રાજાને મારી નાંખું નહિ તો મારૂં નામ **નવઘણ** નહીં.

એક સમયે, **સિદ્ધરાજ સોલંકિયે નવઘણને નળની** બાજુએ **સોરઠ** દેશની સીમા ઉપર **પંચાળમાં** ભીડાવી દીધો, અને તેનાં હથિયાર ઉતરાવી દાંતે તરણું લઈ શરણ થવાની જરૂર પાડી. ત્યારે પણ **નવઘણે** સમ ખાધા કે હું **પાટણનો** દરવાજો તોડી પાડીશ.

તે જ વેળાએ **સિદ્ધરાજનો** દસોંદી ચારણ હતો તેણે **નવઘણના** હાસ્યની કવિતા બનાવી. તેથી **રા'** એટલો બધો ક્રોધાયમાન્ થયો કે તેણે ભાટના ગાલ ફાડી નાંખવાનું વળી પણ લીધું.

ગઈ હતી. ત્યાં **સિંધના** રાજા **હમીર સુમરા**(બીજા)એ તેનું રૂપ જોઈ પોતાના જનાનામાં લેવા યત્ન કર્યો ત્યારે કોઈ રીતે બચવાનો ઉપાય ન હોવાથી જેસલે પોતાને વ્રતનું કારણ જણાવી છ માસનો વાયદો કર્યો. અને પોતાના ધર્મના ભાઈ **નવઘણને**, પોતાની મદદે આવવા માટે નીચેનો સોરઠો લખ્યો—

"તું તુય જે ન હોય, તે હું હૂતે હૂઈ;
વીર વમાસી જોય, **નવઘણ** નવ **સોરઠના** ધણી."

તે ઉપરથી **રા'** મોટું લશ્કર લઈ **સિન્ધ** ચડી જઈ **સુમરા** રજપૂત રાજાને જિતીને બ્હેનને છોડાવી લાવ્યો.

તે પછી તેનો કુંવર, (૮) **રા' ખેંગાર ૧ લો** ઈ. સ. ૧૦૪૪ થી ૧૦૬૭ સુધી થયો. પછી **તેનો** કુંવર, (૯) **રા' નવઘણ** બીજો ઈ. સ. ૧૦૬૭ થી ૧૦૯૮ સુધી થયો, તેણે **પાટણનો** દરવાજો તોડવાની બારોટના ગાલ ફાડવા વગેરે પ્રતિજ્ઞા લીધી હતી. તેને ચાર કુંવર હતા: ૧ **રાયઘણ** ઉર્ફે **ભીમ**, તેને **ગાંફ**, ભડલી ગામ મળ્યાં. એના વંશજો **રાયજાદા** ક્હેવાયા. ૨ **શેરસિંહ** ઉર્ફે **સતરસાલ** તેને **ધંધુકા** મળ્યું, એના વંશના **સરવૈયા** ક્હેવાયા. ૩ **ચંદ્રસિંહજી** ઉર્ફે **દેવગણ** તેને **ઓશમ** ચોરાશી મળી. એના વંશના, પોતાની આગલી જ શાખા **ચૂડાસમાને** નામે ઓળખાય છે. અને ૪ **ખેંગારે** બીજો એ **સોરઠનો** જાદવ રાજા દશમો થયો. તે ઈ. સ. ૧૦૯૮ થી ૧૧૧૫ કે ૧૬ સુધી હતો. **ર. ઉ.**

રા' નવઘણ માંદો પડ્યો ને તેનું મોત પાસે આવ્યું પણ સોગન ખાધા હતા તેમાંથી કશું પણ કરવાની તેને જોગવાઈ મળી શકી નહિ. એટલા માટે તેણે પોતાના ચારે કુંવરને પાસે બોલાવ્યા ને કહ્યું કે મેં ચાર કામ કરવાને પ્રતિજ્ઞા લીધી છે તે પરિપૂર્ણ કરવાનું જે માથે લે તેને ગાદી ઉપર બેસવાનું છે. મ્હોટો કુંવર રાયઘણ હતો તેણે ભોંયરાનો કોટ તોડવાનું કામ માથે લીધું. રાહે તેને ચાર પ્રગણાં આપ્યાં, અને તેના વંશજની એક શાખા થઈ તે રાયજાદાને નામે હજી ઓળખાય છે. શેરસિંહ બીજો કુંવર હતો તેણે તે ઉપરાંત વળી કોલ કર્યો કે, હું હંસરાજ મહીડાને મારીશ; તેને પણ થોડાં ગામ આપ્યાં; અને તે સરવૈયા રજપૂતોનો વડિલ થયો. ત્રીજો કુંવર ચંદ્રસિંહ અંબાજીનો ભક્ત હતો અને તેને માનતા હતી તેથી [1]ચૂડી પ્હેરતો હતો. તેણે કહ્યું કે મારા ભાઈયોએ જે બે કામ માથે લીધાં છે તે ઉપરાંત હું પાટણનો દરવાજો તોડી પાડીશ, પણ ચારણના ગાલ ફાડી નાંખીશ નહિ; કેમકે એ કામ અપકીર્ત્તિ કરનારૂં છે; તેને પણ થોડાં ગામ મળ્યાં અને તે ચૂડાસમા રજપૂતોનો પૂર્વજ થયો. ખેંગાર જે સર્વ કરતાં ન્હાનો હતો તે એકલાએ જ એ ચારે કામ પૂર્ણ કરવાનું માથે લીધું એટલા માટે રા' નવઘણ પોતે જીવતાં છતાં તેને જુનાગઢની ગાદિયે બેસાર્યો અને પછી તરત જ મરણ પામ્યો.

રા' ખેંગારે પોતાની પ્હેલી જ સાંગ્રામિક ચડાઈમાં ભોંયરાનો કિલ્લો તોડી પાડ્યો અને ત્યાંના રાજાને મારી નાંખ્યો; પછીથી હંસરાજ મહીડાને કતલ કર્યો; ત્યાર પૂંઠે સિદ્ધરાજ જ્યારે માળવે ગયો ત્યારે ખેંગાર સેના લઈને પાટણ ઉપર ચડ્યો અને પૂર્વ ભણીનો દરવાજો તોડી પાડ્યો. પાછો વળતાં, સિદ્ધરાજને પરણવાની રાણક દેવડી (દેવી) કરીને કાલડીના દેવડા રજપૂતની પુત્રી હતી તેનું હરણ કરી ગયો, અને તેની સાથે પરણ્યો. જ્યારે તેણે આવાં પરાક્રમ કર્યાં ત્યારે પેલા દસોંદી ચારણે તેની ઘણી કીર્ત્તિ ગાઈ. તે ઉપરથી ખેંગારે હીરા મોતીથી તેનું મ્હોં એટલે સુધી ભરી નાંખ્યું કે પાસે ઉભા રહેલા બોલી ઉઠ્યા કે "એના ગાલ ફાટી ગયા, એના ગાલ "ફાટી ગયા." તે સાંભળી ખેંગાર બોલ્યોઃ "ચારણના ગાલ ફાડવાનો માત્ર "એ જ ઉપાય યોગ્ય છે, કાંઈ કટારવતે ફડાય નહિ."

પછી, સિદ્ધરાજ જૂનાગઢમાં સેના લઈને આવ્યો, અને બાર વર્ષ સુધી લડયો પણ જિત થઈ નહિ. છેવટે રા' ખેંગારના ભાણેજ દેસલ અને

1 દેવીનો ભક્ત હોવાથી ચૂડી પ્હેરતો તેથી ચૂડચન્દ્ર કહેવાયો અને તેના વંશના ચૂડાસમા કહેવાય છે. ર. ક.

વીસલ કરીને હતા તેઓ ખેંગાર ઉપર કોપીને સિદ્ધરાજ પાસે ગયા અને તેઓએ ભીતર રસ્તો બતાવ્યો ત્યાં થઈને તેણે પોતાની સેનાને કોટમાં ઘાલી. સિદ્ધરાજે ખેંગારને મારી નાંખ્યો ને રાણક દેવડીને વઢવાણ લઈ ગયો, તે ત્યાં સતી થઈ. સિદ્ધરાજે દેસલ અને વીસલનાં નાક કાપીને કહાડી મૂકયા.

સિદ્ધરાજે રાણક દેવીને ઝાલી ત્યારે તેના જાણવામાં આવ્યું નહોતું કે તેણે પોતાના પતિને મારી નાંખ્યો છે, પણ તે જાણતી હતી કે તેને કેદ કર્યો છે. તેઓ વઢવાણ આવ્યાં ત્યારે, સિદ્ધરાજે તેને કહ્યું કે મેં તારા પતિને મારી નાંખ્યો છે.[1] પછી તેણે તેને પોતાની સાથે પરણવાનું ઘણું કહ્યું પણ તેણિયે તેના અંતઃપુરમાં પેસવાની ના કહી, અને બોલી કે, મારા પતિનું મરદું મને આપીશ નહિ તો હું તને શાપ દઈશ. સિદ્ધરાજ ડરી ગયો તેથી મરદું અપાવ્યું; અને બોલ્યો કે મેં અપરાધ કર્યો તેના બદલામાં શું પ્રાયશ્ચિત્ત કરૂં? રાણકદેવી બોલી: "આ જગ્યાએ મારે માટે એક દેવાલય "બંધાવ, તારી ગાદી ઝાઝા દિવસ ટકશે, પણ તેં મારા કુંવર માર્યા છે "માટે હું તુને શાપ દઉં છું કે-તારી પછવાડે ગાદી ઉપર બેસનાર પુત્ર થયા "વિના તું મરણ પામીશ." પછી તે પોતાના પતિની પછવાડે સતી થઈ.[2]

સોરઠના લોક આજે પણ જૂનાગઢના જૂના રા'ને બહુ સંભારે છે અને એક કહેવત તેમનામાં ચાલી છે તે એ કે,

---

૧ સિદ્ધરાજે કદાપિ ઈંગ્લિશ રીચર્ડ રાજાની પેઠે રાણકદેવીને વિનવી હશે:-"હે "બાનુ! જેણે તને તારા પતિનાથી જૂદી પાડી તેણે તને તે પતિના કરતાં સારો પતિ "મેળવી આપવામાં મદદ કરવાને એ કામ કર્યું છે.

"હેનરી રાજાને મેં માર્યો પણ તેમ કરવાને ઉશ્કેરણી આપનાર તારી સુંદરતા "હતી * * * ન્હાના એડવર્ડને કટાર વતે મેં માર્યો પણ એ કામ તારા દિવ્ય "મુખે મારી પાસે કરાવ્યું."

૨ મેવાડના ઈતિહાસમાં લખ્યું છે કે, દ્વારકાની પાસે કાલિવાવના પરમાર રાજાની પુત્રીને ચિતોડવાળા બાપાથી અસિલ નામે પુત્ર થયો હતો તેને સોરઠમાં વતન મળ્યું અને તેણે અસિલ ઘેલાતીની જાતિ સ્થાપી. તેનો કુંવર વિજયપાળ સિંગરામ ડાભી પાસેથી બળાત્કારે ખંભાત લેવાના પ્રયત્નમાં માર્યો ગયો હતો એવું કહે છે. વિજયપાળની સ્ત્રિયોમાંથી એક સ્ત્રીનું અકાળ મૃત્યુ થયું, અને તેને અધુરે દિવસે સેતૂ નામે પુત્ર આવ્યો. આવી સ્થિતિમાં મરનાર ભૂત થાય છે એવું હિન્દુ લોકો માને છે અને તે ચૂડેલ કહેવાય છે તેથી સેતુનાથી જે જાતિ ચાલી તે ચૂડેલ કહેવાઈ. અસિલથી બારમો બીજ થયો તેના મામા ગિરનારના રા' ખેંગાર પાસેથી સૌનલ મળ્યું, પણ તે જયદેવસિંહને હાથે માર્યો ગયો.

સોરઠો: "જે સાંચે સોરઠ ઘડ્યો, ઘડિયો રા'ખેંગાર
"તે સાંચો ભાગી ગયો, જાતો રહ્યો લુહાર."

રા'ના નગરની નૈઋત્ય કોણમાં એક માર્ગ આવેલો છે, તે એક ઉત્કૃષ્ટ ખેતીવાડીના, અને ચિત્રોપમ પ્રદેશમાં કેટલાક ગાઊ સુધી ચાલે છે. તેમ દેશમાં, આંબાવાડિયાં, આંબલિયો અને બીજાં વિશાળ ઝાડ આવી રહ્યાં છે. મ્હોં આગળ ગ્રેનાઈટ જાતિના પથ્થરના ડુંગરાની હાર દેખાય છે, તેના ઉપર ભરચક વન લપેટાઈ રહ્યું છે, તે ઉત્તર અને પશ્ચિમમાં આઠ ગાઉ સુધી વિસ્તાર પામ્યું છે. ડુંગરાની ધારના સુમારે મધ્ય ભાગમાં એક મ્હોટું બાકોરૂં છે તે "દુર્ગાનું પ્રવેશ દ્વાર" કહેવાય છે. ત્યાં આગળથી એક રળિયામણી ખીણ નજરે પડે છે, તેના આગમમાં નેમીનાથનો પવિત્ર પર્વત, મહિમાવંત ગિરનાર છે, તે નીચી ધારની સાથે બે સાંધનારી પર્વતની શાખાઓથી સંધાયો છે. તેનો મજબુત ગ્રેનાઈટ પથ્થરનો સ્થૂળ ભાગ નીચેની ધાર કરતાં ઘણો ઉંચો આવી રહ્યો છે ને તેના ઉપર અણીદાર શિખરો અર્ધાં ધુંમસમાં અને વાદળામાં લપેટાઈ ગયલાં ઝોકાં ખાય છે.

આ ખીણના મુખ આગળ પ્રાચીન જૂનાગઢ શહર વસેલું છે, તેના કોટની નીચે આસપાસના ગાઢ વનથી ભીંતો ઘણીખરી ઢંકાઈ ગઈ છે. ઈશાન કોણમાં તેના બુરજાની નીચે સોનરેખા નદી વ્હે છે તેમાં તેની છાયા પડે છે, તેની પેલી મેર રજપૂતનો જૂનો કિલ્લો ઉપરકોટ કરીને છે, તે રા' ખેંગાર અને તેની ભાગ્યહીણ સ્ત્રીનું રહેઠાણ હતું. આ કોટ આ દેશના કિલ્લાની બાંધણીનો ઉત્તમ નમુનો છે.[1] ઘણાં વર્ષ થવાને લીધે પૂજ્ય, અને પોતાના સ્થાનકે કરીને અદ્ભુત, તેની ઘણી ઊંડી ખોદેલી ખાઈ, તેના અસંખ્ય અને સ્થૂળ બુરજ, તેની કોશીકાંવાળી કિલ્લાની ભીંત, કે જે તેનું બળ અને તેજ ધારણ કરી રાખેલી યોગ્યતા બતાવી આપે છે તે સર્વેથી, શ્રીકૃષ્ણની હજી લગણ પણ છાયા રહેલી એવા યાદવ કુળના ગુપ્ત મહિમા સાથે, તેઓની વિચારસંકલના થઈ સહવાસને લીધે જોનારની કલ્પના નહિ ઉશ્કેરાઈ હોય તો પણ તેના મનમાં તે અસર કરયા વિના રહે એમ નથી.

ખેંગારના નગરના દરવાજાથી સોનરેખા નદીને કિનારે કિનારે તેના મૂળ સુધીનો માર્ગ યાત્રાળુ લોકોના પગથી ઘસાઈ ગયો છે, ત્યાં થઈને ગિરનારની ટોંચે જવાય છે. ન્યાયી અને ઉદાર અશોકે બાકોરાં પડાવીને

---

૧ આ કોટ ગ્રાહરિપુ (ગ્રાહઅરિસિંહ ઉર્ફે ગારિયો) જેને મૂળરાજ સોલંકી સાથે આટકોટ પાસે લડાઈ થઈ હતી તેણે બંધાવ્યો છે.

ખરાબાઓમાંથી રસ્તો પાડ્યો છે ત્યાં થઈને પર્વતને તળિયે યાત્રાળુ લોકો પ્રવેશ કરે છે; ત્યાંથી સુમારે એક માઈલના વાંકાચૂકા અને ખડબચડા માર્ગે થઈને પર્વતનો ઢોળાવવાળો સ્કંધ થઈ રહે છે ત્યાં આગળની એક કરાડને તળિયે આવી પ્હોંચાય છે. આ પવિત્ર પર્વત અહિંથી મ્હોટા, કાળા ગ્રાનાઇટ પથ્થરના ભયંકર દગડનો વિલક્ષણ દેખાવ આપણી નજરે પાડે છે; એની ટોંચ ઉપર સપાટ જગ્યા છે તેની આસપાસ કોટ કરી લીધેલો છે, તે છેક કરાડ ઉપર આવ્યો છે ને તેમાં જૈન તીર્થંકરનાં ચૈત્ય (દેરાસર) છે. આ મેદાનથી ગિરનારના શિખર ઉપર ચડવાનો ઝાડીમાં માર્ગ છે. ત્યાં અંબા માતાનું દેરૂં છે. આ પર્વતને જૂદી જૂદી ૭ તૂકો છે તે ઉંડી ખાઇયોથી એક બીજાથી જૂદી પડેલી છે. આ તૂકોમાંથી ઉંચામાં ઉંચી છે તે ગોરખનાથને નામે પ્રસિદ્ધ છે, અને દૂરમાં દૂર છે તે કાલિકાને નામે જાણીતી છે. કાલિકાની તૂક ઉપર ઘણી ઘોર ક્રિયાઓ થાય છે, અને જો ચાલતી વાત ખરી હોય તો મનુષ્યમાં ભક્ષણ કરનારા અઘોરીના ઉપર કાલિકા પ્રસન્નતા જણાવે છે તેથી તે અઘોરેશ્વરી માતા કહેવાય છે. નીચેની તળેટીના મેદાનમાંથી માત્ર ચાર તૂકો નજરે પડે છે. આ તૂકો જૂદે જૂદી ગોરખનાથના દેવાલયથી સ્વતઃ દબદબાભરેલી દેખાય છે, પણ થોડે માઈલને છેટેથી તો ગિરનારનો શંકુ આકારનો દેખાવ કરી દેવાને રહેતાં રહેતાં સ્થૂળ ભાગ સાથે મળી ગયેલી દેખાય છે. નેમીનાથના પર્વતની અધિત્યકામાં બાંધેલાં દેરાસરોનું યથાસ્થિત વર્ણન આપવાની આ ઠેકાણે અગત્ય નથી, પણ માત્ર એટલું જ કહેવું બસ છે કે, એ ધર્મ માનનારા દ્રવ્યવાન્ લોકોએ, શત્રુંજયની પેઠે આ ઠેકાણે આ સર્વોત્તમ દબદબાભરેલાં પોતાના ધર્મનાં દેરાસર બંધાવવામાં અને તેને નીભાવવામાં જરા પણ ખાંપણ આવે એમ કર્યું નથી.[1]

નીચે ઉતારો કરેલી રાણકદેવડીની વાત, ભમતા ગવૈયા જે તુરીના નામે ઓળખાય છે તેઓની પાસેથી મળી છે. જેમ ઉચ્ચ વર્ણના હિન્દુઓ સાથે વધારે પ્રખ્યાતિ પામેલા ભાટચારણોનો સંબંધ હોય છે તે જ પ્રમાણે આ તુરી લોકોનો ઢેડની સાથે સંબંધ હોય છે, તેઓને તેમના યજમાનો પાસેથી ભીખ મળે છે તે માગી ખાતા આખા દેશમાં ભટકતા ફરે છે; અને તેના બદલામાં યજમાનોને અર્ધી કવિતામાં અને અર્ધી ચરડ(ગદ્ય)માં એવી ઢંગઢાળ વિનાની

---

૧ ટાડ્ડ્ઝ વેસ્ટર્ન ઇન્ડિયા નામના પુસ્તકમાંથી, અને કીટાની ગિરનાર ઉપરની નોંધ ઉપરથી લીધેલું આ વર્ણન બેંગાલ એશિયાટિ સોસાઇટીના સાતમા જર્નલને પૃષ્ઠ ૮૬૫ મે છે.

અને અમર્યાદ વાતો સારંગી સાથે ગાઈ સંભળાવે છે. એ ઉતારો નીચે પ્રમાણે છેઃ—

સિંધ દેશમાં **પાવર**[1] ધરતી છે તેનો **શેર પાવર** કરીને રાજા હતો. તેને મૂળ નક્ષત્રમાં એક કુંવરી અવતરી. જોશીયે રાજા **શેર**ને કહ્યું કે આ કુંવરી જેવા જોગમાં અવતરી છે તેવા જોગમાં કોઈ દીકરી અવતરી હોય તેને જે કોઈ પરણે તેનું રાજ્ય જાય. આ વાત સાંભળીને રાજા ઘણો ખેદ પામ્યો અને પોતાની કુંવરીને વનમાં મોકલાવી દીધી. તેને **હુડમતિયા** કુંભારે દીઠી, અને ઘેર લઈ જઈને ઉછેરી. તે એટલી બધી રૂપાળી હતી કે **લાખા**[2] **ફૂલાણિયે** પરણવાનું માગું મોકલ્યું. કુંભારે કહ્યું કે કન્યા દેતાં પેહેલાં મારે મારી નાતને પૂછવું પડશે. **લાખા**એ કુંભારને ઘણો ડર દેખાડ્યો એટલે તે ત્યાંથી નાશીને **સોરઠ**માં **મજેવડી** ગામમાં સહકુટુંબ આવીને રહ્યો.

એક સમયને વિષે **પાટણ**ના રાજા **સિદ્ધરાજ જયસિંહ**ના ચાર દસોંદી ભાટ–**લાલા** ભાટ, **ભંગડ** ભાટ, **ચંચ** ભાટ અને ડગલ ભાટ પરદેશમાં ફરતા ફરતા **મજેવડી**માં આવી પ્હોંચ્યા, ત્યાં **હુડમતિયા** કુંભારની રૂપવંતી દીકરી તેમના જોવામાં આવી. તે જ્યાં જ્યાં પગ મૂકતી ત્યાં ત્યાં કુમકુમ પગલાં પડતાં હતાં. તે ઉપરથી ચારે ભાટે વિચાર કર્યો કે, આ કન્યા **સિદ્ધરાજ**ના દરબારમાં શોભે એવી છે, તેથી આપણે **પાટણ**માં જઈને વધામણી ખાઈશું તો નક્કી રાજા આપણને રાજી કરશે. આમ ધારી તેઓ **પાટણ** આવ્યા, ત્યાં **સિદ્ધરાજે** તેમનો સારો સત્કાર કર્યો. રાજાને સોળ રાણીયો હતી. તે એકેકને મહેલ રાજાએ ભાટોને પોતાની સાથે જમાડ્યા. ભાટ જેવા એક એકને ઘેર જમી રહેતા કે એક બીજાના સામું જોઈને ડોકું હલાવતા હતા. આનું કારણ **સિદ્ધરાજે** તેઓને પૂછ્યું. ત્યારે ભાટ બોલ્યાઃ "અમે તમારી સોળે "રાણીયો જોઈ, પણ તેમાંની એકે પૂરી પદ્મિની[3] નથી." રાજા બોલ્યોઃ તમે "મારા દસોંદી ભાટ છો, માટે દેશાંતરમાં ફરીને એક ખરેખરી પદ્મિની ખોળી "ક્હાડો અને જ્યારે જડે ત્યારે માગું કરીને લગ્નનો દિવસ ઠરાવી આવો."

---

૧ **પાવર કચ્છ**માં છે. **શેર પાવર (શેર પરમાર)** આ સમયે થોડા ગામનો ગરાશિયો હશે. **લાખા જાડાણી**એ તરત જ **લાખિયાર વિયરો** રાજધાની કરી હતી તે વેળાએ **પાવર**માં **શેર પાવર** ત્યાંનો રાજા કહેવાતો હોય એમ સંભવે છે. અંગ્રેજીમાં રોર પાવર લખ્યું છે તે 'શે' ને બદલે 'રો' વાંચવાથી ભૂલ થયેલી જણાય છે.

૨ **લાખો જાડાણી** હોવો જોઇયે. ર. ઉ.

૩ સ્ત્રિયોની ચાર જાતિ છેઃ—૧ **પદ્મિની**, ૨ **ચત્રણી**, ૩ હસ્તિની, અને ૪ **શંખિની**, તેમાં **પદ્મિની** સર્વોત્તમ ક્હેવાય છે.

તે પછી ખરી પદ્મિની ખોળવાને ભાટ દેશદેશાંતરમાં નીકળી પડ્યા પણ કોઈ ઠેકાણે કોઈ એક પૂરેપૂરી પદ્મિની જોવામાં આવી નહિ; છેવટે પાછા તેઓ **સોરઠના મજેવડી** ગામમાં આવી પ્હોંચ્યા. અગાઉ આ ભાટો **મજે-વડી** તપાસ કરવા આવ્યા હતા અને ત્યારથી જ **હુડમતિયા** કુંભારના મનમાં ડર પેઠો હતો કે રખેને **સિદ્ધરાજ**ના ભાટે કન્યા દીઠી છે તેથી કદાપિ આપણને કાંઈ હરકત થશે તો. એ વિચારથી તે પોતાની કન્યાને તે સમયથી ભોંયરામાં રાખી મૂકતો હતો. પરંતુ આ વખતે તો ભાટ તેની પાકી ભાળ લાધતાં **હુડમતીયા** પાસે જઈ પ્હોંચ્યા, અને તેને કહ્યું: "તારી દીકરી **પાટણ**ના રાજાને દે." ત્યારે કુંભાર બોલ્યો: "મારે તો દીકરી નથી." ભાટોએ ઉત્તર આપ્યો: "અમે એને જોઈ છે, તેથી જો તું **સિદ્ધરાજ** સાથે તેનું સગપણ "કરીશ નહિ તો તે તને જંપીને બેસવા દેશે નહિ. વળી તારૂં કુંભારનું એવું "ભાગ્ય ક્યાંથી જે તું **સિદ્ધરાજ**નો સસરો થાય!"

આ પ્રમાણે ધમકી આપીને તેમ જ લાલચ દેખાડીને સગપણ કરવાનું તેના મનમાં ઉતાર્યું અને બે ત્રણ માસ ઉપરનો એક લગ્નનો દિવસ નક્કી ઠરાવીને તેઓ **પાટણ** આવી પ્હોંચ્યા ને રાજાને સર્વે વાત કહી. **સિદ્ધરાજે** કહ્યું કે અમારા કુળને બટ્ટો લાગે એટલા માટે હું તો કુંભારની કન્યાને નહિ પરણું. ત્યારે ભાટોએ ઉત્તર આપ્યો.—

દુહો–"આંગણુ આંબો મોરિયો, સાખ પડી ઘર બાર,
દેવે ઊપાઈ દેવડી, નહિ જાતે કુંભાર."

આવું સાંભળીને તથા તેઓએ તેના રૂપનું વર્ણન કર્યું તેથી રાજા રાજી થઈ ગયો અને લગ્નનો સામારંભ કરવા લાગ્યો, તથા માંડવો રચાવી ગણેશ બેસાર્યા.

આ પાસ આ પ્રમાણે બને છે તેવામાં **જૂનાગઢ**નો **રાહ ચૂડાસમો ખેંગાર** હતો, તેની બ્હેન **સિદ્ધરાજ**ના ભાયાત વેરે પરણી હતી, પણ તે **દેસલ** અને **વીસલ** નામના પોતાના બે કુંવર સાથે **જૂનાગઢ**માં રહેતી હતી. એક દિવસે **દેસલે** પોતાના મામાને કહ્યું: "આપણા દેશમાં **મજેવડી** ગામ નવું વશ્યું છે, માટે તે જોવાને અમે જઇયે છિયે." આ પ્રમાણે આજ્ઞા લઈને તે પોતાના ભાઈ **વીસલ**ને લઈને **મજેવડી** ગયો. ત્યાં કુંભારની દીકરીની બધી વાત તેના સાંભળ-વામાં આવી. પછી તેણે **જૂનાગઢ** જઇને **રા' ખેંગાર**ને એ હકીગત આમ કહી: "આપણા પરગણામાં એક કુંભારની દીકરી છે તે બહુ જ રૂપાળી "છે, અને આપના દરબારમાં શોભે એવી છે. **સિદ્ધરાજ**ના દસોંદી ભાટ તેને જોવાને

"આવ્યા હતા, તેઓએ સિદ્ધરાજની સાથે તેનું લગ્ન કરવાનો દિવસ નક્કી "કર્યો છે. જો આપણા દેશમાંથી પાટણનો રાજા આવી કન્યા લઈ જાય "તો પછી આપણી શોભા શી?" ચૂડાસમાએ દેસલને કહ્યું: "મારૂં ખાંડું લઈને જા ને કન્યાને મારા દરબારમાં લઈ આવ." એટલે દેસલ ખાંડું લઈને ગયો ને કુંભારને કહ્યું: "તારી દીકરી રા'ખેંગારના ખાંડા સાથે પરણાવ." ત્યારે કુંભાર બોલ્યો: "કન્યા તો પાટણના રાજા વ્હેરે પરણાવવી છે અને "થોડા દિવસમાં ત્યાંથી જાન આવશે. જો હું મારી દીકરી રા'ખેંગારને "પરણાવું તો બેશક સિદ્ધરાજ મને મારી નાંખે." દેસલે ઉત્તર આપ્યો: "હું જોરાવરીથી એને તારી પાસેથી લઈ જાઊં છું એટલે તને કાંઈ હરકત "થશે નહિ." કુંભાર બોલ્યો: "પાટણનો રાજા ગિરનારને જડમૂળમાંથી "ઉખેડી નાંખશે અને તેના પથરા ચારે બાજુએ વિખેરી નાંખશે. માટે "સિદ્ધરાજને દીધેલી કન્યા સામું તમારે જોવું નહિ—

સોરઠો—"જેસિંહ દેવે જાય, ધાર નગર ઢંઢોળિયો,
"કપરો તે કહેવાય, ખેંગાર તું ખેંધો મ કર."

ત્યારે દેસલે તેને તોછડાઈભરેલો ઉત્તર આપ્યો—

દુહો—"બાવન હજાર બાંધિયા, ઘોડા ગઢ ગિરનાર;
"ક્યમ હઠે સોરઠધણી, ખેહણુ[1] દળ ખેંગાર."

છેવટે પછી એમ જ થયું. દેસલ બળાત્કારથી કન્યાને રા'ખેંગાર પાસે લઈ ગયો. રાણકદેવડી જૂનેગઢ જઈ પ્હોંચી એટલે રથમાંથી નીચે ઉતરીને પોળમાં પેઠી. તે જ વેળાએ અચાનક તેને ઠેસ વાગી ને લોહી નીકળવા માંડ્યું. એટલે નિઃશ્વાસ નાંખીને તે બોલી: "ભાઈ! શકુન ઘણા માઠા થયા, આમાંથી કાંઈ નરસું નીપજશે."

"પ્રથમ પોળે પેસતાં, થયો ઠબકો ને ઠેશ;
"રંડાપો રાણક દેવીને (કે) સૂનો સોરઠ દેશ.[2]"

પછી સારી રીતે ધામધૂમ કરીને રા'ખેંગાર તેની વ્હેરે પરણ્યો, અને ત્રણ દિવસ સુધી આખું ગિરનાર નગર (ધુવાબંધ) જમાડ્યું. તે સમયે એવું

---

૧ અક્ષૌહિણી એટલે,—૨૧,૮૭૦ હાથી, એટલા જ રથ, ૬૫,૬૧૦ ઘોડા ને ૧૦૯૩૫૦ પાળા એટલું જેમાં હોય તેવી સેના. ર. ઉ.

૨ "ભાઈ! મને આ ઠીક લાગતું નથી; કેમકે ઘણા માણસો જેઓને ઘરને ઉમરે ઠેસ વાગી છે તેઓને, સંકટ આવી પડવા બાબતની અગમ ચેતના સારી રીતે મળી ચૂકી છે." છઠ્ઠા હેનરી રાજાના નાટકનો ત્રીજો ભાગ અંક ૪ થો. પ્રવેશ ૭ મો.

બન્યું કે પાટણના સો વાઘરી માટીનાં[1] વાસણ વેચવા સારૂ આવ્યા હતા, તેઓ ઉત્તર ભણીને દરવાજે ઉતરચા હતા, તેઓને પણ સર્વેની સાથે જમવાને તેડ્યા. ત્યારે તેઓએ પૂછ્યું: "રાજાને ઘેર શી બાબતની જમણવાર છે જે અમને જમવાને તેડ્યા છે?" ત્યારે ચાકરે કહ્યું:—

"સોરઠ સિંહલદ્વીપની, જાત તણી પરમાર;
"બેટી રાજા શેરની, પરણ્યો રા'ખેંગાર."

"એટલા માટે આજ ત્રણ દિવસથી ઢેડ સુદ્ધાં આખા નગરને રાજા "જમાડે છે. માટે તમને પણ જમવાને તેડ્યા છે." ત્યારે વાઘરિઓએ વિચાર કર્યો કે આ કન્યા તો આપણા રાજાને દીધેલી છે, ને તેના વ્હેરે રા'ખેંગાર જોરાવરીથી પરણ્યો. ને સિદ્ધરાજ સોલંકી કહેવાય છે ને આપણે પણ સોલંકી વાઘરી કહેવાઈયે છિયે માટે સોલંકીની સાથે સગાઈ કરેલી કન્યાના પરણેતરના જમણમાં આપણે ભળવું ઘટે નહિ. માટે આપણે સત્વર પાટણ જઈને બધી વાત ત્યાં રાજાને કહેવી.

આ પ્રમાણે મનસૂબો કરીને, ભૂખ્યા ને તરશ્યા, તરત જ તેઓ ત્યાંથી નીકળ્યા તે ચાલતે ચાલતે પાટણવાડામાં વાઘેલ ગામ છે તેની સીમમાં આવી પ્હોંચ્યા અને ત્યાં જનાવર પકડવા પાશ નાંખ્યો. એવામાં સિદ્ધ-રાજના ચાર દસોંદી ભાટ ઘોડે ચડીને નીકળેલા ત્યાં આગળ આવી પહોંચ્યા, તેથી ભડકીને પાશમાં એક રોઝ સપડાયો હતો તે નાશી ગયો. તે જોઈ વાઘરી બોલ્યા: "બાપજી! અમે રાત દહાડો ચાલતા જૂનાગઢથી આવિયે "છિયે. આજે અમને સાત લાંઘા થયા છે. તમે અમારો રોઝ શા માટે નસાડી "મૂક્યો?" ભાટોએ પૂછ્યું: "તમને સાત લાંઘા કેમ થયા છે?" એટલે તેઓ બોલ્યા: "રા'ખેંગારે રાજાને દીધેલી કન્યા બલાત્કારે લઈ લીધી છે." આવું સાંભળીને ભાટ ઘણા વ્યાકુળ થયા ને તત્કાળ અશ્વાર થઈને પાટણ જઈ સિદ્ધરાજને કહ્યું:—

(અમે) "નિરધણિયા ને નકોરિયા, ભણિયેલ જાતે ભાટ;
"ખોળી ફ્હાડી રાણક દેવીને, ખેંગારે પાડી વાટ."

આવું સાંભળીને સિદ્ધરાજે પોતાની સહાયતામાં [2]બાબરો ભૂત હતો તેને બોલાવીને કહ્યું: "હું રા'ખેંગારના સામો લડવા સારૂ જૂનેગઢ જાઉં "છું માટે તું મારી સાથે આવવાને તૈયાર થા." રાજા તૈયાર થઈને વાઘેલ

૧ આજે પણ પાટણમાં માટીનાં વાસણ ઘણાં સારાં થાય છે. * ર. ઉ.
૨ બાબરિયાવાડમાં રહેનારા લોક, તેમનો ઊપરિ તે બાબરો.

પ્હોંચ્યો એટલે બાબરો તેને ત્યાં આવી મળ્યો. તેણે પાંચ હજાર ને બસેં ભૂત એકઠાં કર્યાં હતાં. તેઓએ સિદ્ધરાજની આજ્ઞા ઉપરથી એક રાતમાં ત્યાં આગળ એક તલાવ બનાવી દીધું.[1] પછી વાઘેલથી સેના ઉપડીને મુંજ-પુર ગઈ ને ત્યાંથી ઉપડીને ઝીંઝુવાડે[2] ગઈ. ત્યાં ભરવાડનો મુખી ધાંધો

---

૧ ગૂજરાતમાં અસલનાં તલાવ તથા ધર્મની ઈમારતો છે; તેમાં જે હિંદુ ધર્મની હોય છે તે સિદ્ધરાજ જયસિંહે (તેના લોકપ્રસિદ્ધ સધરા જેશિંગના નામથી) બંધાવેલી ગણાય છે અને મુસલમાની ધર્મની હોય છે તો સુલતાન મહંમદ બેગડાની બંધાવેલી ગણાય છે, અને તેઓને ભૂતે અથવા જંદે મદદ કરેલી ગણવામાં આવે છે. એ જ રીતે બીજા દેશોમાં જે લોકપ્રસિદ્ધ શૂરવીર પુરૂષો થઈ ગયેલા છે તેમને વિષે પણ ક્હેવામાં આવે છે.

"ફ્રાન્સ અને ઈંગ્લંડમાં જે લશ્કરી ખાતાની ઈમારતો છે તેની મૂળની વાત
"અંધારામાં રહી ગઈ છે, એટલે સામાન્ય રીતે તેનો સંબંધ સીઝર સાથે લગાવી દે
"છે. કેમકે તે બહુ પ્રસિદ્ધ લડવૈયો થઈ ગયો છે અને તેનાં પરાક્રમથી તે દેશના
"આદિ ઇતિહાસમાં એક ભાગ બની રહ્યો છે. આ પ્રમાણે લંડનનો ટાવર તે મહા-
"યશવંત યોદ્ધાએ ચણાવ્યો છે એવું સામાન્ય રીતે ક્હેવામાં આવે છે. શેક્સપિયરના
"નાટકમાં બીજા રિચર્ડની ભાગ્યહીણ રાણી કહે છે કે,
"જ્યુલિયસ સીઝરના અપશકુનિયાલ ટાવરમાં પેસવાનો આ રસ્તો.
"વિન્ડસર કયાસલના નીચેના 'મેહેલ્લામાં બેલ ટાવર' છે તે પણ "સીઝરનો ટાવર"
"ક્હેવાય છે; પણ ઇતિહાસવિષયક અદ્ભૂત કથાઓના ખરેખરા માનનારા એના મૂળની
"વાત સીઝરને લાગુ કરવાને હિમ્મત ચલાવી શકતા નથી. તેમ જ ફ્રાન્સ દેશમાં ગમે
"તે ચમત્કારિક વસ્તુ હોય તો તેનો સંબંધ અસલથી પરિયો, ભૂત, કે સીઝર સાથે
"બેસારવામાં આવેલો છે." પારીસના ઇતિહાસ ઉપરથી.

૧ ચાતુર્વેદી મોઢ બ્રાહ્મણના વહીવંચા(બારોટ)ના ચોપડામાં લખ્યું છે કે "સરખેજના રૂહેવાશી મોઢ બ્રાહ્મણ ઉપાધ્યાય ભાણાએ પોતાના પિતા ઝુંડાને નામે સંવત્ ૧૧૪૯(સન ૧૦૯૩)માં સોલંકી કર્ણરાજની છેલ્લી કારકીર્દીમાં ઝીંઝુવાડા ગામ વસાવ્યું. અને તેની સાથે બીજાં અગિયાર ગામ ઓડું, મોલાડું, આદરિયાણ, ઝાડિયાણ, પાડીવાલું, રોજિયું, સુરેલ, ફતેહપુર, નગવાડું, ધામાદ, અને ભલગામ, એમ કુલ ૧૨ ગામ વસ્યાં.

"સોલંકી સિંદ્ધરાજ જયસિંહે સંવત્ ૧૧૬૫ સન(૧૧૦૯)ના મહા શુદિ ૪ રવિ-વારે ઝીંઝુવાડાનો ગઢ બાંધવાનું મુહૂર્ત્ત કર્યું અને તે કામ ઉપાધ્યાય ભાણાના પુત્ર વાસેશ્વર વોહરાને સોંપ્યું. અને ગઢના કામમાં સહાય થવાને માતાશ્રી રાજબાઈનું સ્થાપન ગઢને વચલે કોઠે કર્યું."

વળી એ ચોપડામાં વિશેષ વાત એ છે કે—"સંવત્ ૧૩૫૪(સન ૧૨૯૮)ના પોષ શુદિ ૧૧ ભોમવારે દિલ્લીના પાદશાહ અલાઉદ્દીન ખૂની(ખીલજી)નું લશ્કર આવ્યું તેણે ઝીંઝુવાડા જિતી લીધું."

હતો તે પોતાની નાતના લોકો સાથે ઝુંપડાંમાં રહેતો હતો. ત્યાં ધાંધોળનો તેઓએ કિલ્લો બાંધ્યો ને તલાવ બાંધ્યું. ત્યાંથી વિરમગામ ગયા ત્યાં માનસર તલાવ બાંધ્યું; ત્યાંથી વઢવાણ ગયા ત્યાં કિલ્લો બાંધ્યો. ત્યાંથી સાયલે ગયા ત્યાં કિલ્લો ને તલાવ બે બાંધ્યાં. પછી છેવટે કૂચ કરતા કરતા જૂનાગઢ દેશમાં આવ્યા. ત્યાં બાર વર્ષ સુધી લડાઈ ચલાવી, પણ જૂનાગઢમાં રા' ખેંગારનો મહેલ હતો ત્યાં જઈ ચડાયું નહિ. આ વેળાએ મયણલ્લ રાણી પોતાના કુંવરની સાથે હતી, તેણે ઘણી યુકિતયો કરી પણ કાંઈ વળ્યું નહિ.[1] છેવટે એવું બન્યું કે રા' ખેંગાર પોતાના ભાણેજ દેસલ ઉપર શક આણવા લાગ્યો અને રાણકદેવી સાથે તેને છૂપો સંબંધ છે એવો તેને માથે અપવાદ મૂકયો.[2] જ્યારે તેની માએ આ વિષે તેને કહ્યું ત્યારે તે બોલ્યો:

૧ તુરીની વાત એવી છે કે એક સુતારે લાકડાની સાંઢણી બનાવી આપી તે ઉપર બેશીને રાત્રિની વેળાએ સિદ્ધરાજ અને મયણલ્લ દેવી રાણકદેવીને મહેલ ગયાં. ત્યાં બારણાં બંધ હતાં તે ઠેલવા માંડ્યાં, ત્યારે રાણક દેવી બોલી:

સોરઠો–"કવણ ખટકાવે કમાડ, મેડી છે રાણક દેવની,
"જાણશે રા' ખેંગાર, ત્રાટક કાન જ તોડશે."

પછી મયણલ્લ દેવિયે કહ્યું:—

સોરઠિયા દુહા–"મારો એઢો* લાડકો, ઓખો† ગઢ ગિરનાર
"મારી રા' ખેંગાર, ઉતારવી રાણક દેવને."

* છોકરો. † અઘરો.

ત્યારે રાણકદેવડી બોલી:

સોરઠો–"આ મારા ગઢ હેઠ, કેણે તંબુ તાણિયા,
સઘરો મ્હોટો શેઠ, બીજા વત્તોઉ વાણિયા."

તે સાંભળી મયણલ્લદેવી બોલી:

"राणा सव्वे वाणिया, जेसलुं वड्डह सेठि,
"काहु वडिजड्डु माण्डीयउ अम्मीणा गढेहुठि."

સોરઠો–"વાણિયાના વેપાર, જાતે દાહાડે જાણશો.
"મારશું રા' ખેંગાર, ઉતારશું રાણક દેવને."

એ પ્રમાણે વિવાદ થયા પછી તેઓ ઉતારે આવ્યાં.

૨ આ વિષે તુરીની વાતમાં એમ છે કે, એક સમયે રા'ખેંગારે દારૂ પીધો ને પોતાના ભાણેજને પણ પાયો, અને રાણક દેવડીને પાવા સારૂ એક સીસો આપીને દેસલને મોકલવા માંડયો, ત્યારે તેણે કહ્યું કે મેં દારૂ પીધો છે માટે હું નહિ જાઊં. આ તેનું વાજબી કહેવું નહિ માન્ય કરતાં તેને આગ્રહથી મોકલ્યો. તેણે ત્યાં જઈને પોતાની મામીને સીસો આપ્યો. તેણિયે દેસલને હિંદોલાખાટ ઉપર બેસારીને આગ્રહથી દારૂ પાયો ને પોતે પણ પીધો. તેને કેફ ચડી ગઈ એટલે ખાટમાં તે સૂઈ ગઈ; ને દેસલ જવા સારૂ ઉભો થતો હતો તેવામાં તે પણ રાણક દેવડીની ખાટમાં બેભાન થઈ લોટી

"નથી મેં ઘોડા ગૂડિયા, નથી ભાળ્યા ભંડાર;
"નથી માણી રાણક દેવીને કયમ ઓળંભા દે ખેંગાર."

તેની મા બોલી: "તેં તારી મામી રાણક દેવડીને લાવીને તારા મામા "બ્હેરે પરણાવી પણ તે ગુણ વીસરી જઈને ઉલટો તારે માથે અપવાદ "મૂકે છે માટે હવે તારે આ નગરમાં રહેવું નહિ." પછીથી રા' ખેંગારે પોતે જ તેને ક્હાડી મૂકયો. એટલે દેસલ પોતાના ભાઈ વીસલને પોતાની સાથે લઈને રાત્રિએ ચાલી નીકળ્યો. દરવાજા આગળ આવ્યા ત્યારે દાદુ અને હમીર એ બે રજપૂત કિલ્લેદાર હતા તેઓએ તેમને પૂછ્યું: "તમે અત્યારે "ક્યાં જાઓ છો?" તેઓએ કહ્યું: "માળવેથી દરબારની અફીણની પોઠ "આવે છે તેના સામા અમે જઈયે છિયે, તે મધ્ય રાત્રીએ પાછા આવીશું તે "વેળાએ ઢીલ કર્યા વિના દરવાજા ઉઘાડજો."

પછી બન્ને ભાઈ બ્હાર નીકળ્યા ને સિદ્ધરાજ પાસે આવ્યા ને તેને કહ્યું: "કાકા! અમે જાણતા ન હોતા કે તમે અમારા કાકા થાઓ છો તેટલા "માટે અમે અમારા મામા સારૂ રાણકદેવીને લાવ્યા. પણ હવે તે અમારે "માથે અપવાદ મૂકે છે, માટે અમે તમારી પાસે આવ્યા છિયે. જો તમે "અમારી સાથે આવો તો આપણે રા'ખેંગારને મારી નાંખિયે અને રાણક- "દેવડી તમારે સ્વાધીન કરિયે."

પછી તેમણે તદબીરથી ૧૪૦ યોદ્ધાઓને ગુણમાં ઘાલ્યા અને પોઠિયા ઉપર નાંખી તે પોઠિયાઓને દુદા તથા હમીરની પાસે દરવાજે ઉઘડાવી કિલ્લામાં હાંકી આણ્યા, ને પેલા બે જણને તે જ ઠેકાણે ઠેર કર્યા. પછી તેઓએ રા'ખેંગારના મહેલ ભણી આવીને રણશિંગડું વગડાવ્યું, એટલે રા' ખેંગાર લડવાને આવ્યો:—

ગયો. આ પ્રમાણે નિર્દોષ પ્રકારથી બન્ને ઘસઘસાટ ઊંઘમાં પડ્યાં. એટલામાં ઘણી વાર થઈ એટલે રા' ખેંગાર ત્યાં આવ્યો અને જોયું તો બન્નેને એક પલંગમાં સૂતેલાં દીઠાં ને ક્રોધ વ્યાપી ગયો, કે તુરત તરવાર મ્યાનમાંથી ક્હાડીને બન્નેના ઉપર મારી પણ વચ્ચે ખાટની સાંકળ આવી ગઈ તે વઢાઈ ગઈ ને મામી ભાણેજને જરાય વાગ્યું નહિ તેથી તેને લાગ્યું કે એ નિર્દોષ છે. વધારે ખાતરી કરવા તેણે પોતાનો જમઇયો રાણીના ઉછેરેલા એક ચંપાને મારચો પણ તે વાગ્યો નહિ. પછી થાંભલામાં કટાર મારીને દેસલે જે પામરી ઓઢી હતી તે ખેંચી લઈને પોતાની પામરી બન્નેને ઓરાડીને પોતે ચાલી નિસર્યો. પણ મનમાં શક રહ્યો તેથી પોતાની બ્હેનને કહ્યું કે તારો પુત્ર મારા ઘર સામું જુવે છે.

દુહો—ઝાંપો ભાંગ્યો ભેળ પડી, ભેળ્યો ગઢ **ગિરનાર**;
દુદો **હમીર** મારિયા, **સોરઠના** શણગાર.

આ અવસરે બંને ભણીનાં ઘણાં માણસો માર્યાં ગયાં ને **રા'ખેંગાર** પણ પંડે મરાયો.

પછી **સિદ્ધરાજને** લઈને **દેસલ રાણક દેવડીને** મહેલ ગયો, ને તેને કહ્યું: "મામી! અમે બે ભાઈ અને મામો **ખેંગાર** આવ્યા છિયે, બારણાં ઉઘાડો." તેણે બારણાં ઉઘાડ્યાં. **રાણક દેવડીને** બે કુંવર હતા તેમાં **માણેરો** ૧૧ વર્ષનો હતો ને બીજો ડગાયચો પાંચ વર્ષનો હતો. **સિદ્ધરાજે** ન્હાનાને તેની પાસેથી ખુંચવી લઈને મારી નાંખ્યો. પછી જ્યારે તે **માણેરાને** ઝાલવા ગયો ત્યારે તેની પાસેથી છટકી જઈને પોતાની માની પછવાડે સંતાઈ ગયો ને રડવા લાગ્યો, ત્યારે તેની માયે કહ્યું:

સોરઠો—"**માણેરા** તું મ રોય, મ કર આંખ્યો રાતિયો,
"કુળમાં લાગે ખોય, મરતાં મા ન સંભારિયે."

સિદ્ધરાજે પછી આજ્ઞા કરી: "આ કુંવરને અહિં મારવો નહિ જો "**રાણકદેવી પાટણ** આવશે નહિ તો હું એને મારીશ." ખરૂં જોતાં તેણે કુંવરને છેવટે મારી નાંખ્યો છે; પણ કયાં આગળ તે જાણવામાં આવ્યું નથી.

પછી **સિદ્ધરાજે રાણકદેવીને** ગઢની બ્હાર કહાડી, એટલે **રા'ખેંગારના** ઘોડાને જોઈને તે શોકાતુર થઈ બોલી:—

સોરઠો—"તરવરિયા તોખાર! હઈયું ન ફાટયું **હંસલા**!
"મરતાં **રા'ખેંગાર**, ગામતરાં ગૂજરાતનાં."

પછી **રા'ખેંગારના** સાબરશૃંગાલને જોઈને બોલી:—
"રે સાબર**શિંગાલ**! એક દિન શિંગાળાં હતાં;
"મરતાં **રા'ખેંગાર**, ભવનાં ભીલાં થઈ રહ્યાં."

પછી મોરને બોલતો સાંભળીને તે બોલી:—
[1]"કાંઉ કેં ગરછ મોર! ગોખે ગરવાયે ચડી;
"કાપી કાળજ કોર, પિંજર દાઝ્યો પાણિયે."

---

૧ મોરની વાણીના શકુનથી પ્રિય પ્રિયા એકઠાં મળે એવું ધારવામાં આવે છે, માટે કહે છે કે **અરે મોર! ગિરનારને** ઝરૂખે રહીને હવે શું ટેંકાર કરે છે? મારા કાળજડાની કોર કાપી અને મારૂં રહેવાનું પાંજરૂં એટલે ઘર પાણીયે બળ્યું-ભાવાર્થ સગા ભાણેજે ઘર કયારનુંય ભંગાવ્યું. હવે હું કિયા પ્રિયને મળવાની છું જે?

પછી રા'ખેંગારની લાશ પડી હતી ત્યાં આવીને તેને કહેવા લાગી:

દુહો—"સ્વામી! ઉઠો સૈન્ય લઈ, ખડગ ધરો ખેંગાર;
"છત્રપતિએ છાઇયો, ગઢ જૂનો ગિરનાર.

જેમ તે ખીણમાં નીચી ઉતરતી ગઈ, તેમ તેણિયે દામોદર કુંડ[1] ધાર-ગર વાડી અને ચંપાનું વૃક્ષ ઇત્યાદિ પોતાનાં જે વ્હાલાં હતાં તેમની આજ્ઞા લીધી. પછી ગિરનાર પર્વતને જોઈને બોલી;—

સોરઠો—"ઉંચો ગઢ ગિરનાર, વાદળીથી વાતું કરે.
"મરતાં રા'ખેંગાર, રંડાપો રાણક દેવડી."

પછી રસ્તે જતાં થોડા ગાઉ ગયા પછી ગિરનારની બીજી બાજુએ પાછું વાળીને જોયું ને જાણ્યું કે એ વળાવાને આવે છે. તેથી તે બોલી:

સોરઠો—[2]"ગોઝારા ગિરનાર! વલામણ વેરીને કિયો,
"મરતાં રા'ખેંગાર, ખરેડી ખાંગો નવ થિયો."

જ્યારે તે ઘણે આઘે ગઈ, અને ક્ષિતિજમાં ઢંકાઈ ગયેલો ગિરનાર તેને દેખાયો ત્યારે તેણે જાણ્યું કે એ પડી જાય છે કે શું તેથી તે બોલી:

"મ પડ મારા આધાર, ચોસલાં કોણ ચડાવશે?
"ગયા ચડાવણહાર, જીવતા જાતર આવશે."

દેસલ અને વીસલે અગાઉથી સિદ્ધરાજ સાથે ઠરાવ કરી રાખ્યો હતો કે રા'ખેંગાર મરાયા પછી દેસલને જૂનાગઢની ગાદી સોંપવી. સિદ્ધ-રાજ જેવો ઘર ભણી વાળ્યો કે તે વેળાએ તેને પેલો ઠરાવ સંભારી આપ્યો. સિદ્ધરાજે પ્રથમ તો કહ્યું કે "તું લે." પણ પછીથી તેણે વિચાર કર્યો કે એ એ ભાઈયે પોતાના સગા મામાને દગો દીધો તો કોઈ દિવસ મારાથી ફૂટીને મારા સામા થાય ખરા. એથી પછી તેણે એ બન્નેને મારી નંખાવ્યા.

૧ આ નીચેનું થોડું કથન તુરીની વાતમાં વધારે છે: પછી દામાકુંડ આગળ આવીને બોલી:—

સોરઠો—"ઉતરયાં ગઢ ગિરનાર, તનડું આણ્યું તલાટિયે;
"વળતાં બીજી વાર દામો કુંડ નથી દેખવો."

પછી ધારગર નામની વાડી પાસે આવીને બોલી:

દુહો—"ચંપા! તું કાં મોરિયો, થડ મેલું અંગાર;
"મોહોરે કળિયું માણતો, મારયો રા'ખેંગાર." ર. ઉ.

૨ तैं इं गहूआ गिरनार, काहू मणि मत्सरु धरिऊ;
मारीतां ग्नंगार, एक्क सिंहरु न ढालिउं.

જ્યારે સાથ પાટણવાડે આવી પ્હોંચ્યો ત્યારે સિદ્ધરાજે રાણકદેવીને શાન્ત કરવાની અનેક યુક્તિયો કરવા માંડી, ને તેને સારી સારી જગ્યાઓ બતાવી, પણ તે બોલી:

સોરઠો—"મારૂં પાટણ દેશ, પાણી વિના પૂરા મરે;
સરવો સોરઠ દેશ, સાવજડાં સેજળ પિયે."

પછી તે પાટણને પાદરે આવી પ્હોંચ્યો ને ઉતારો કર્યો, અને નગરની બ્હાર ત્યાંનાં સર્વે માણસોને ઉજાણી આપી. સર્વે સારાં સારાં લૂગડાં પ્હેરીને ટોળેટોળાં થઇ આવ્યાં. પણ આ સર્વે શોભા જોઈને રાણક દેવડી રાજી થઈ નહિ, પણ તે બોલી:

સોરઠો—"બાળું પાટણ દેશ, જિસે પટોળા નીપજે;
"સરવો સોરઠ દેશ, લાખેણી મળે લોબડી."

ત્યારે કોઈ ગૂજરાતી સ્ત્રિયે તેને કહ્યું: "તમારે તો મ્હોટા સિદ્ધરાજ ધણી છે." ત્યારે તે બોલી: "હું મારા ધણીને તો આવી સ્થિતિમાં મૂકીને આવી છું.—

"વાયે ફરકે મુછડી, રયણ ઝબુકે દંત,
"જુઓ પટોળાં વાળિયો, લોબડી વાળીનો કંથ."

એટલે તે સ્ત્રિયે પૂછ્યું: "આવું છે ત્યારે તમારી આંખમાં આંસુ કેમ આવતાં નથી?" ત્યારે તે બોલી:

"પાયણને પડતે, કોહો તો કૂવા ભરાવીયે,
"માણેરા મરતે, શરીરમાં સરણાં વહે."

આ પ્રમાણે રાણક દેવડીનું મન કશાથી પ્રસન્ન થયું નહિ. સિદ્ધરાજે બહુ માનભરેલી રીતે તેની સંભાળ લેવા માંડી, અને તેને પૂછ્યું: "તમારે કિયે ઠેકાણે રહેવાનું મન છે?" ત્યારે તેણે કહ્યું: "હું વઢવાણ જઈશ." સિદ્ધરાજ પંડે તેને ત્યાં મૂકવા ગયો. પછી ભોગાવો[1] નદીની તીરે ચિતા ખડકાવી અને રાણકદેવિયે તેના ઉપર પોતાનું આસન કર્યું. સિદ્ધરાજે તેને

[1] જેસલ મોડિ મવાહ વલિ વલિ વિરૂપં માવયિઇ;
નઇ જિમ નવા પ્રવાહ નવ ઘણ વિણુ આવઇ નહિ.

એનો ભાવાર્થ એવો છે કે, હે નદી! હું જેમ મારો દેશ છોડી ધણી વિના વિરૂપ થઈ છું તેમ તું પણ નવા મેઘ વિના દુર્બલ થતી જાય છે; અને તેના વિના શોભા પામતી નથી. તેં તારા પર્વતરૂપી સ્થાનનો ત્યાગ કરયો છે એમ મેં પણ કર્યું છે માટે આપણે સરખાં છિયે.

જીવતી રાખવા છેવટનો ઉપાય એવો કર્યો કે, તેને અગ્નિદાહ માટે અગ્નિ ન અપાવતાં કહ્યું: "જો તું ખરી સતી હઈશ તો અગ્નિ વિના તારી ચિતા સળગશે." એટલે રાણકદેવી સૂર્યને પગે લાગીને ફરીથી ઉઠીને બોલી:

સોરઠો—"વારૂ શહર વઢવાણ, ભાગોળે ભોગાવો વહે;
"ભોગવતો ખેંગાર રાણ, ભોગવ ભોગાવા ધણી.[1]"

પછી તે સમયે એવો ઉન્હો વાયુ વાયો કે તેથી ચિતા બળવા લાગી.

વાયો વાયુ સવાય, વાયૈ વેળૂ પરજળે,
ઉભો ત્યાં સિદ્ધરાય, સત જોવા સોરઠિયાણિનું.

આ વેળાએ સિદ્ધરાજે પોતાની પામરી રાણકદેવી ઉપર નાંખી; તેણિયે અગ્નિમાંથી તેની ઉપર પાછી નાંખી દીધી ને બોલી: "જો આવતા "ભવમાં તારે મારા સ્વામી થવું હોય તો હવણાં મારી સાથે બળી મર." પણ સિદ્ધરાજે ના કહી.

પછી જ્યાં રાણકદેવી બળી મોઈ ત્યાં સિદ્ધરાજે એક દેવળ ચણાવ્યું. બધો સોરઠ દેશ તેને કબજે થયો; પણ રાણકદેવી સતીના હાથના થાપા તો ગિરનાર ઉપરના રા'ખેંગારના મહેલને થયા.

વર્દ્ધમાનપુર અથવા વઢવાણ હવણાં જે ઝાલા રજપૂતની શાખાનું મુખ્ય સ્થાન છે, તે કપાસ ઉગતા સપાટ પ્રદેશમાં છે. તે સોરઠની સીમાની માંહે છે પણ બ્હાર નથી. ઇતિહાસમાં તેને ઘણું જૂનું કહ્યું છે. અને વનરાજની રાજધાની કરતાં પણ તેની સ્થાપના પ્હેલી છે એવો નિશ્ચય થયો છે.

અર્દ્ધ સોરઠો—"વળા અને વઢવાણ, પછીથી પાટણપુર વસ્યું."

ભોગાવો નદીનો ઉત્તર ભણીનો ફાંટો શહરના બુરજની નીચે થઈને વ્હે છે અને દરિયામાં મળી જવા જેટલું જોર નહિ હોવાને લીધે, અથવા, ચોમાસા વિના, દક્ષિણ ભણીનો ફાંટો જે લીંબડીની બાજુએ વ્હે છે તે તેને મળ્યા વિના સાભ્રમતીના મુખની લગભગ સપાટ ખારી ભોંયમાં ફેલાઈ જાય છે. વઢવાણનો જૂનો કોટ હતો તેમાં હાલમાં થોડા સમકોણ કોઠા અને તેઓને સાંધનારી કોટની થોડી આડ એટલું જ માત્ર રહ્યું છે.

૧ આવો જ વિચાર પ્રબંધ ચિન્તામણિ નામનો સંસ્કૃત ગ્રંથ જે ઈ. સ. ૧૩૦૫ ની સાલમાં રચાયલો છે. તેમાં જોવામાં આવે છે. એ ગ્રંથ ત્યાર પછી જૈનના ભંડારમાં ભંડારી મૂકવામાં આવેલો તેથી તુરી સરખાના હાથમાં જઈ શકવો કઠણ, તેમ છતાં એ વિચાર તુરિયોના ગાણામાં એકને મ્હોંએથી બીજાને મ્હોંએ ચડીને આજ સુધી ચાલ્યો આવે છે, એ વખાણવા જેવી વાત છે. જુઓ પૃષ્ટ ૨૦૦ નો ૧ લો સોરઠો.

પણ હવણાં તેની ચોમેર વસ્તી વધી છે અને રાણક દેવડી સતીની દેરડી જે આગળ ભોગાવાના પ્રવાહની પાસે હશે તે હવણાં કોટ માંહે આવી ગઈ છે. આ દેરાનું શિખર ઘણું શૃંગારભરેલું છે, અને જે મોઢેરાના દેરાની બાંધણી સાથે ઘણું ખરૂં મળતું આવે છે તેટલું જ માત્ર રહેલું છે. આગળના મંડપનો ઘૂમટ બધોય જતો રહ્યો છે. અને ખેંગારની દુ:ખિયારી સ્ત્રીની ખંડિત થયેલી મૂર્ત્તિ ગંભાર(નિજગૃહ)માં છે; અને વઢવાણના દરબારની રાણિયો ઝાલા વંશના રાજાઓની સાથે સતી થઈને વૈકુંઠવાસ પામી, પાતિવ્રત્ય અમર કરી ગયેલી એ સતીઓની પૂજા તેમના દેવળમાં વાર ત્હેવારે થાય છે, સૌભાગ્યવંતીનો પોષાક પ્હેરાવાય છે અને મોડ ધારણ કરાવાય છે, ચુંદડી ઓરાડાય છે, અને રાજવંશી ઘરેણાં પ્હેરાવવામાં આવે છે. તે પ્રમાણે રાણકદેવીની મૂર્ત્તિને પણ સર્વે તેવા જ પ્રકારનો શૃંગારવિધિ કરવામાં આવે છે.

પ્રકરણ ૧૦

સિદ્ધરાજ.

રા'ખેંગારના મરણ પછી, સિદ્ધરાજે સોરઠનો કારભાર [1]સાજણ કરીને સુભટ હતો તેને સ્વાધીન કર્યો. તે વનરાજના સોબતી જમ્બ અથવા ચાંપાનો વંશજ હતો. મેરૂતુંગ લખે છે કે, આ કારભારિયે ગિરનાર ઉપર નેમીનાથનું દેરાસર ફરીને બાંધવા સારૂ ત્રણ વર્ષની રાજ્યની ઉપજ વાવરી દીધી; અને સિદ્ધરાજે તે વિષે તેને પૂછ્યું ત્યારે તેણે એવાં ખાતરીપૂર્વક કારણ બતાવ્યાં કે જેથી રાજાએ તેને તેની જગ્યા ઉપર કાયમ રહેવા દીધો.

૧ કુમારપાળ પ્રબંધમાં એમ લખે છે કે, કર્ણદેવે સૌરાષ્ટ્ર મંડળ પોતાને સ્વાધીન કર્યા પછી, વામનસ્થલી(વનસ્થલી)માં જઈ સજ્જનને ત્યાંનો દંડનાયક ઠરાવ્યો અને તેની જ આજ્ઞાથી સૌરાષ્ટ્રની ત્રણ વર્ષની ઉપજ શ્રી નેમીનાથના ચૈત્યનો જીર્ણોદ્ધાર કરવામાં વાપરી. સિદ્ધરાજ વિજયયાત્રા કરતો કરતો જ્યારે સૌરાષ્ટ્રમાં ગયો ત્યારે સજ્જનનો પુત્ર પરશુરામ ત્યાંનો દંડાધિપ (દંડનાયક) હતો તેની પાસે ઉપજ માગી. એટલે તે રાજાને રૈવતાચલ ઉપર લઈ ગયો અને કર્ણવિહાર બતાવી કહ્યું કે, આ બંધાવવામાં મારા પિતાએ ઉપજ વાપરી છે. જો પ્રાસાદ બંધાવવાનું પુણ્ય આપને લેવું હોય તો આ પ્રાસાદ આપની પ્રત્યક્ષ છે, અને જો ઉપજ લેવી હોય તો શાહુકારો પાસેથી અપાવું. રાજા પ્રસન્ન થયો અને બોલ્યો કે સજ્જને સારૂં કામ કર્યું, બાકીનું તમે પૂર્ણ કરો. સજ્જને છ માસમાં શ્રી નેમીશ્વરનું ચૈત્ય કળશ સુધી કરાવ્યું હતું. એટલામાં તો તેને જ્યેષ્ઠ શુદિ ૫ ને દિને શિરોવેદના થઈ આવી એટલે ધ્વજારોપણ આદિ કાર્ય કરવાની પરશુરામને આજ્ઞા આપી આઠમે દિવસે સ્વર્ગે ગયો. ર. ઉ.

અને મુખ્યત્વે કરીને શત્રુંજય અને [1]ઉજ્જયંતનાં પવિત્ર ધામ તેને સ્વાધીન કરવાં. ત્યાર પછી તરત જ, રાજા દેવપાટણના શ્રી સોમેશ્વરની યાત્રા કરીને પાછો વળતાં આવ્યો અને એ બન્ને પવિત્ર પર્વતોની ભેટ લીધી. ત્યાં ઋષભદેવની પૂજા અર્ચાના ખર્ચે સારૂ બાર ગામ આપ્યાં. તે વેળાએ અદેખાઈને લીધે બ્રાહ્મણોએ તેને સમજાવ્યો, પણ તેણે તેમનું કહ્યું માન્યું નહિ.

સિદ્ધરાજના વારામાં ધર્મના વિવાદ ચાલેલા જણાય છે, તે માત્ર બ્રાહ્મણનો ધર્મ માનનારા અને જૈન ધર્મ માનનારા વચ્ચે જ ચાલ્યા છે એટલું જ નહિ, પણ વિશેષે કરીને જૈન મતમાં દિગમ્બર અને શ્વેતામ્બર નામના સામસામા પક્ષના મત છે તેઓ વચ્ચે પણ ચાલેલો છે. પ્હેલા મતના સાધુઓની સંજ્ઞા, નગ્નાવસ્થામાં રહેવાથી અને દિશાઓ રૂપી વસ્ત્ર ધારણ કરવાથી દિગમ્બર કહેવાય છે, અને બીજા મતના, ધોળાં વસ્ત્ર પ્હેરવાથી શ્વેતામ્બર કહેવાય છે.

કુમુદચંદ્ર કરીને દિગમ્બર મતનો સાધુ હતો તે પોતાના પ્રતિપક્ષિયોને ચોરાશી સભાઓમાં જિત મેળવી કર્ણાટ દેશમાંથી ગૂજરાતમાં ધર્મનો દિગ્વિજય કરી વધારે કીર્ત્તિ સંપાદન કરવા આવ્યો. સિદ્ધરાજે તેને પોતાની માતાના પિતાનો ધર્મગુરૂ જાણી તેનો આદરસત્કાર કર્યો, અને મયણલ્લ દેવિયે પણ પ્રથમ તો તેના અભિપ્રાયને ઉત્તેજન આપ્યું. શ્વેતામ્બરની ભણીથી દેવસૂરિ કરીને કર્ણાવતીનો વિદ્વાન સાધુ અને હેમાચાર્ય એ બન્ને કુમુદચંદ્રની સામા થયા. સભા કરવાનો દિવસ ઠરાવ્યો હતો તે વેળાએ સિદ્ધરાજ આવીને રાજગાદી ઉપર બિરાજ્યો. તેની આજુબાજુએ ધર્મના ભેદ જાણે એવા કારભારિયો બેઠા. પછી વિવાદ કરવાને કુમુદચંદ્ર પાલખીમાં બેશીને આવ્યો. તે સમયે તેના ઉપર શ્વેત છત્ર ધરાવવામાં આવ્યું હતું અને વિજયપત્ર અથવા પત્રાવલંબ તેની આગળ ચાલતું હતું તથા જયડંકા વાગી રહ્યો હતો. દેવસૂરિ[2] અને હેમાચાર્ય પણ તે વેળાએ આવી પ્હોંચ્યા અને પોતાના પ્રતિપક્ષીની સામી ગાદિયે બિરાજ્યા. સામસામા પક્ષવાળાઓના મતની નોંધ આગલે દિવસે લખી રાખવામાં આવી હતી તે નીચે પ્રમાણે સભામાં વાંચી સંભળાવવામાં આવી:—

---

૧ ઉજ્જયન્ત અથવા રૈવતાચલ એટલે ગિરનાર. ૨. ઉ.

૨ દેવસૂરિ સં. ૧૧૩૪(સને ૧૦૭૮)માં જન્મ્યો, સં. ૧૧૫૨(સં. ૧૦૯૬)માં દીક્ષા લીધી, ૧૧૭૪(સને ૧૧૧૮)માં સૂરિની પદવી પામ્યો, અને સંવત્ ૧૨૨૬(સ. ૧૧૭૦) ના શ્રાવણ વદિમાં ગુરૂવારે નિર્વાણ પામ્યો. હેમાચાર્ય આ દેવસૂરિના શિષ્ય હતા. ૨. ઉ.

"કુમુદચંદ્રનો એવો પક્ષ છે કે, કેવલી ત્રિકાલદર્શી છે, અને જે કૈવલ્ય "અથવા મોક્ષ પામવાના માર્ગ ઉપર છે, તેણે આહાર કરવો નહિ; જે માણસ "વસ્ત્ર ધારણ કરે છે તે મોક્ષ પામતો નથી; સ્ત્રિયો મોક્ષ પામતી નથી."

"દેવસૂરિ એમ કહે છે કે, કેવલીને આહાર કરવાનો બાધ નથી; અને "જે માણસ વસ્ત્ર ધારણ કરે છે તે અને સ્ત્રિયો પણ મોક્ષ પામે છે."

કુમુદચંદ્રની અર્ધી હાર તો થઈ ચૂકી; અને તેણે પોતાનું મત કહી બતાવ્યું તેના જ સાધનવડે, તેના સામાવાળાઓએ ડહાપણથી રાણીમાતાનો જે આશ્રય તેને હતો તે બંધ કરાવી દીધો. મયણલ્લ દેવી પોતાના દેશીનો જય થયલો જોવાને ઇચ્છતી હતી, તેણે આસપાસ બેઠેલાઓને સૂચના કરી રાખી હતી કે, કુમુદચંદ્રની જિત થાય તેમ કરવું; પણ આ વાત હેમાચાર્યના જાણવામાં આવી એટલે તે જઇને તેને મળ્યો અને સમજાવ્યું કે દિગમ્બરનો એવો અભિપ્રાય છે કે સ્ત્રીનાથી ધર્મ પાળવાનું કશું કામ થઈ શકે નહિ અને શ્વેતામ્બર તો ખરેખરા એ મતના સામા છે. રાણીમાતાને આ પ્રમાણે સમજાવી એટલે "મનુષ્યના આચરણથી અજ્ઞાન માણસ" જે દિગમ્બર તેને આશ્રય આપતી બંધ પડી.

સામા પક્ષના વિદ્વાનોએ પોતાનો વાદ ચલાવતાં પ્રારંભમાં રાજાની અને ચાલુક્ય વંશની સ્તુતિ કરી, પછી તેઓ પોતપોતાના મતનો વિવાદ ચલાવવા લાગ્યા. કુમુદચંદ્રનું ભાષણ ટૂંકું અને કબૂતરના જેવી લથડતી ભાષામાં થયું; પણ દેવસૂરિની ભાષણ કરવાની છટા તો, જાણે જગતના પ્રલયની વેળાએ ભયંકર પવનનો ઝપાટો સમુદ્રનાં મોજાંને ઉછાળી નાંખતો હોય એવી ચાલવા લાગી. પછી કર્ણાટ દેશના સાધુને તરત જ માન્ય કરવું પડયું કે હું દેવાચાર્યથી હાર્યો. પછી અપશકુનિયાળ બારણે[1] થઈને હાર પામેલા વિદ્વાનને તત્કાળ નગરપાર કર્યો; આણીમગ સિદ્ધરાજે શ્વેતામ્બરના રક્ષકનાં વખાણ કર્યાં અને તેને પોતાની આંગળિયે વળગાડીને સાજન સહિત મહાવીરના દેરાસરમાં પૂજા કરવાને લઈ ગયો. તે વેળાએ છત્ર, ચામર અને આફ્તાબગિરિ (સૂરજમુખી) જે રાજચિહ્ન તે આગળ ચાલ્યાં, વાદિત્ર

---

૧ આવાં દ્વાર વિષેનો વ્હેમ બીજા દેશોમાં પણ હતો: "નગરના જે અપશકુ- "નિયાળ દરવાજામાંથી માત્ર, કુકર્મી, ફાંશિયા અને ત્રાસદાયક વલે થયેલી હોય "એવા જ જઈ શકે, અને જેમાં થઈ ને પવિત્ર અને નિર્મળ હોય તે જઈ શકે નહિ એવા "દરવાજા સાથે પ્લુટાર્ક જિજ્ઞાસુ અને હરકોઈ વાત સારી યા નરસી સાંભળી લેવા "જાણવાની તલપવાળા લોકોના કાનને સરખાવે છે. એ સરખામણી ભાગ્યે જ બંધ "બેસતી દેખાય." એવું જેરિમી ટેલર કહે છે.

વાગવા લાગ્યાં, અને યુદ્ધ સમયના શંખના વિજયનાદ થવા લાગ્યા. રાજાએ પણ સૂરિને ચાલાગામ અને પરાંતીજ તથા દહેગામની વચ્ચેનાં બીજાં અગિયાર ગામ આપ્યાં. સૂરિયે ઘણી વાર આનાકાની કરી પણ છેવટે તેને લેવાં પડ્યાં.

આ સમયે જૈન લોકોમાં માંહોમાંહે ઘણો ઝઘડો ચાલતો હતો, તો પણ બીજા ધર્મ વિષે પરિપૂર્ણ વિચાર જણાવવાને આ સમય તેઓને યોગ્ય લાગેલો જણાય છે. કહે છે કે, સિદ્ધરાજ સર્વ દેશમાંથી જૂદા જૂદા ધર્માચાર્યોને બોલાવી તેઓને પૂછતો કે, સારામાં સારા દેવ કિયા? સારામાં સારૂં શાસ્ત્ર કિયું? અથવા જ્ઞાનનો ભંડાર કિયો? અને પાળી શકાય એવો સારામાં સારો ધર્મ કિયો? પણ સર્વે પોતપોતાના મતનાં વખાણ કરતા, અને અન્ય મતની નિંદા કરતા, તેથી તેના મનમાં ઢચુપચુ થતું અને તે ડોલતું જ રહેતું.

છેવટે તેને વધારે ખાતરીપૂર્વક પ્રત્યુત્તર હેમાચાર્યે પાસેથી મળ્યું. આ સાધુએ રાજાને આ એક વાત કહી: "એક પુરૂષને તેની સ્ત્રિયે વશીકરણ કરવાને માટે કાંઈક પાયું તેથી તે બળદિયો થઈ ગયો. પણ એક સમયે ચરતાં ચરતાં ભોગજોગે એક ઔષધિ તેના ચરવામાં આવી, તેમાં દુર્ગાના પ્રતાપથી મનુષ્યત્વ આણવાની શક્તિ હતી તેથી તે પાછો પોતાની પ્રથમની સ્થિતિમાં આવી ગયો. હવે પેલા બળદે ઔષધિનાં પાંદડાં ખાધાં તેના ગુણની તેને ખબર નહતી તો પણ તેનો પરિણામ સુખભરેલો થયો; તેમ આ કળિયુગમાં મનુષ્ય ધર્માચરણ પાળે તો તેઓના મહિમાથી અજ્ઞાન છતાં પણ તેને મોક્ષ મળે એ વાત નક્કી છે."

કોઈના ધર્મને બાધ નહિ કરવાની જે સિદ્ધરાજની રાજનીતિ તેને અનુસરતું પ્રમાણ મેળવવાની આતુરતાને લીધે આવું પ્રત્યુત્તર મળવાથી તેણે કદાપિ વધારે પ્રસન્નતા જણાવી હશે.

અણહિલવાડની સ્થાપના થઈ ત્યારથી તે તેનો નાશ થયો ત્યાં સુધી શિવના અને જૈન તીર્થંકરના ધર્મ સંગાથે ચાલ્યા આવ્યા છે એમાં થોડો જ શક છે. તેમાં કોઈ વેળા એકનું પરિબલ ચાલતું તો કોઈ બીજી વેળા બીજાનું ચાલતું. સોમેશ્વર મહાદેવની તેણે યાત્રાઓ કરી છે તેથી અને શ્રીસ્થળના દેરાનો તેણે જીર્ણોદ્ધાર કર્યો છે તે ઉપરથી જણાય છે કે સિદ્ધરાજ શિવનો જૂનો ધર્મ માનતો હતો, પણ એના સંબંધી જે જે વાતો ચાલે છે તે ઉપરથી દીસી આવે છે કે તે ધર્માંધ ન હતો. પણ એથી ઉલટું વળી, પ્રબંધ ચિંતામણિનો કર્ત્તા એક વાત કહે છે કે, "સિદ્ધરાજ તે દિવસથી, આ

"ભવનાં પુણ્યપાપનાં ફળ મળે છે એવું માનવા લાગ્યો." આ ઉપરથી આપણને જણાય છે કે, હિન્દુ ધર્મનો આવો મુખ્ય અભિપ્રાય છતાં રાજાનો કોઈ વેળાએ પણ એથી ઉલટો અભિપ્રાય હશે ખરો.

સિંહપુર અથવા **સિહોર** શહર **મૂળરાજ સોલંકિયે ઔદિચ્ય** બ્રાહ્મણોને દાનમાં આપ્યું હતું તે વિષે આગળ લખવામાં આવ્યું છે. આ દાનનો **સિદ્ધરાજે** નવો લેખ કરી આપ્યો, અને **વાલાક** દેશ તથા **ભાલ**માં એક સો[1] ગામ બ્રાહ્મણોને દાનમાં દીધાં. ત્યાર પછી કેટલેક દિવસે બ્રાહ્મણોને **સિહોર** અને તેની આજુબાજુનો પ્રદેશ ઘણાં જંગલી જનાવરોના ભટકવાથી ભયંકર લાગ્યો અને જે છેક હવણાં સુધી પણ તેવો જ ચાલ્યો આવ્યો હતો તે છોડીને ગૂજરાતમાં આવી વસવાની **સિદ્ધરાજ** પાસે તેઓએ આજ્ઞા માગી. તેણે તેઓને તે પ્રમાણે આજ્ઞા આપીને **સાભ્રમતીને** કિનારે **આસાવલી**[2] કરીને ગામ છે તે આપ્યું, અને **સિહોર**થી દાણા લાવે તે ઉપર લેવાતી જકાત બંધ કરી.

જૈન ગ્રંથકર્ત્તા લખે છે કે, **સિદ્ધરાજ**ના દરબારમાં **યવનો**ના કારભારિયો આવ્યા હતા ત્યારે તેમણે એક ચમત્કારી ખેલ[3] કરી બતાવ્યો હતો. તેમાં

---

૧ "૧૦૬ ગામનો લેખ કરી આપ્યો." એમ **મેરૂતુંગ** કહે છે. ૨ **આસામ્બલી**.

૩ **દ્વયાશ્રયમાં** લખ્યા પ્રમાણે **સિદ્ધરાજે કેદાર**નો માર્ગ બંધાવ્યો. **સિદ્ધપુરમાં રૂદ્રમહાલય** એટલે **રૂદ્રમાલ** કરાવ્યો અને **જૈન** દેરાસર (ચૈત્ય) પણ બંધાવ્યું. પગે ચાલી **સોમેશ્વર**ની યાત્રાએ ગયો, ત્યાં મહાદેવનું ધ્યાન ધરીને બેઠો એટલે **શિવે** દર્શન આપ્યાં ને સુવર્ણસિદ્ધિ આપી તથા **સિદ્ધ** એવું પદ આપ્યું. તેણે તે વેળા પુત્રની યાચના **શિવને** કરી ત્યારે તેમણે એને એમ કહ્યું કે "તારો ભત્રિજો **કુમારપાળ** તારો ક્રમાનુયાયી થશે." ત્યાર પછી તે **ગિરનાર** ગયો. **વિભીષણ** કલ્પજીવી છે એટલે કે એક કલ્પ સુધી તે રાજ્ય કરે એમ છે. **હનુમાન, પરશુરામ, શુક દેવ, અશ્વત્થામા, સપ્ત ઋષિ, માર્કંડેય** આદિ પણ કલ્પજીવી કહેવાય છે. આમ હોવાથી **વિભીષણ** તેને માર્ગમાં મળ્યો તે પણ **ગિરનાર** સાથે ગયો એમ **હેમાચાર્ય** જણાવે છે.

પ્રબંધ ચિન્તામણિમાં લખ્યું છે કે આ સ્થાને લખ્યા પ્રમાણે **મ્લેચ્છ** પ્રધાનોને પોતાનો પ્રતાપ જણાય એટલા માટે વેષધારિયોને બોલાવી પોતાનું રહસ્ય સમજાવી તે પ્રમાણે નાટક ભજવી બતાવવા સૂચવ્યું. પછી ઇન્દ્રસભા જેવો ઠાઠ કરીને **સિદ્ધરાજ** જોવા બેઠો. તેણે **મ્લેચ્છ** પ્રધાનોને પણ જોવા બોલાવ્યા હતા. ખેલ ભજવી બતાવવાનો પ્રારંભ થયો તેમાં ઘણો વાદ્ય વાગ્યા પછી સુવર્ણની કાન્તિવાળા મસ્તક ઉપર સુવર્ણની ઇંટો ધારણ કરેલી એવા બે રાક્ષસ પ્રવેશ કરીને **સિદ્ધરાજને** પગે સોનાની ઇંટો મૂકી દંડવત્ પ્રણામ કરી હાથ જોડી બોલ્યા કે **લંકાના** રાજા **વિભીષણ** પાસેથી અમે આવ્યા છિયે. તેઓએ, દેવપૂજન કરવા પછી પોતાને શા-

લંકાના રાજા વિભીષણના દૈત્ય કારભારિયો, સોલંકી વંશનો શૃંગાર જે સિદ્ધરાજ તેને કહેવા લાગ્યા કે, તમે તો રામના અવતાર છો તેથી અમારા સ્વામી છો. આવો પ્રસંગ જોઇને યવન કારભારિયો ડર ખાઈ ગયા, તેમને પછી યોગ્ય શિરપાવ આપીને તેમની યોગ્યતા વધારી.

જેસલમેરના ઇતિહાસમાં લખ્યું છે કે ત્યાંનો રાજા લાંઝા બિજિરાય ગાદિયે બેઠો તેની અગાઉ સિદ્ધરાજ સોલંકીની કુંવરી[1] તેને દીધી હતી, તેનું લગ્ન થતી વેળાએ કન્યાની માએ વરને કપાળે રાજતિલક કર્યું, તે સમયે તેણે આશીર્વાદ દીધો. "મારા પુત્ર! અમારી અને જે રાજાની સત્તા બળવાન્ થતી જાય છે તેની વચ્ચેની સીમા જે ઉત્તર તેનો તું પ્રતિહાર થજે."

આ બધા બનાવોમાં માત્ર લાંઝા બિજિરાયનો પિતા દુસાજ ગાદિયે

જ્યાભિષેક કરનાર શ્રીરામચંદ્રજીનું ધ્યાન ધર્યું એટલે તેમણે જ્ઞાનદૃષ્ટિએ એમ જણાવ્યું કે, અમે તો ચાલુક્યકુલોત્પન્ન શ્રીસિદ્ધરાજ રૂપે અવતાર ધારણ કર્યો છે. આ ઉપરથી તેમણે આપની પાસે અમને મોકલી એવી વિનતિ કરી છે કે, આપનાં દર્શન માટે આજ્ઞા થાય તો હું સેવામાં હાજર થઈ જાઉં, અથવા એમ નહિ તો, પ્રભુ મારા ઉપર કૃપા કરી અહિં આવી મને દર્શન આપે. ત્યારે સિદ્ધરાજે જરા વિચારી કહ્યું: "અ-"મારી સોઇએ અમને જ્યારે આનંદની લ્હેર આવશે ત્યારે અમે ત્યાં આવી દર્શન આપીશું." એમ કહી પ્રસાદીમાં, પોતાના ગળામાં પ્હેરેલો એકાવલી હાર તેમને આપ્યો. એટલે તે લઇને વિદાય થતાં કહેવા લાગ્યા કે કોઈ પ્રસંગે અમારો ખપ પડે તે વેળાએ અમને સંભારશો તો અમે આપની સેવામાં હાજર થઈ જઇશું. એમ કહી ગયા. આ ચમત્કાર જોઈ મ્લેચ્છ પ્રધાનો તો દિગ્મૂઢ બની ગયા અને પોતાના સ્વામીને માટે જે સિદ્ધરાજ ભણીથી પ્રસાદી (પોષાક) મળી તે લઇને રવાને થઈ ગયા.

દ્વયાશ્રયમાં કહ્યું છે કે, "સિદ્ધરાજ પગે ચાલીને ઉજ્જયંત અથવા રૈવતાચલ, અથવા ગિરનાર લંકાધીશ વિભીષણ સહિત ગયો, ત્યાં નેમીનાથની પૂજા કરી, પછી વિભીષણને રજા આપી પોતે તે જ રીતે (પગે ચાલીને) શત્રુંજય ગયો. ત્યાં ઋષભદેવની પૂજા કરી નીચે આવ્યો, ને બ્રાહ્મણોને દક્ષિણાદિ આપ્યાં. તેમને સિંહપુર એટલે સિહોર ગામ સ્થાપી આપ્યું તથા તેના ગુજરાન માટે બીજાં પણ ગામ આપ્યાં. પછી અણહિલપુર આવી સહસ્રલિંગ સરોવર બંધાવી પૂરૂં કર્યું. તેને કાંઠે ૧૦૮ શિવાલય તથા શક્તિનાં દેવાલય, શત્રશાલા, મઠ વગેરે કરાવ્યાં, અને દશ અવતારની પ્રતિમાઓ સહિત દશાવતારી કરાવી.

૧ કીર્તિકૌમુદીમાં કહેલું છે કે શાકંભરીના રાજા અર્ણોરાજ સાથેની લડાઈ પછી સિદ્ધરાજે પોતાની કુંવરી અર્ણોરાજને આપી. પણ આ ભૂલ હોય એમ જણાય છે, કારણ કે, અર્ણોરાજની વ્હેરે દેવલદેવી નામે કુમારપાળની બ્હેન પરણાવી હતી. એ વૃત્તાન્ત ચતુર્વિંશતિ પ્રબંધમાં વિસ્તારથી છે. સિદ્ધરાજને જો કુંવરી હોય તો તે લાંઝા બિજયરાવને આપી હોય એવો સંભવ છે. (જુવો ગૂજરાતી ચતુર્વિંશતિપ્રબંધ પૃ. ૮૯) ર. ઉ.

બેઠો તે બનાવનું જ વર્ષ નોંધેલું છે; એ બનાવ, સંવત્ ૧૧૦૦ અથવા ઇ૦ સ૦ ૧૦૪૪ માં એટલે સિદ્ધરાજ ગાદિયે બેઠો તેની અગાઉ પચાસ વર્ષ ઉપર બનેલો લખ્યો છે. અને જ્યારે બિજિરાય[1] તેના બાપની વૃદ્ધાવસ્થામાં જન્મ્યો હતો એવું લખ્યું છે ત્યારે આ સર્વે બનાવ એક જ સમયમાં બન્યા હશે એવું આપણે માન્ય કરવું જોઇયે.

---

૧ નીચેની મારી ટીપ પ્રમાણે દુસાજ ગાદિયે બેઠો સંવત ૧૧૫૫(ઈ. સ. ૧૦૯૯)માં અને સિદ્ધરાજ ગાદિયે બેઠો ઈ. સ. ૧૦૯૪ માં, એટલે એ બે સમકાલીન ગણી શકાય, પણ મિ. ફાર્બસનો દુસાજની ગાદીનો સાલસંવત ૧૧૦૦ (ઈ. સ. ૧૦૪૪) ગણિયે તો ૫૫ વર્ષનો ફેર આવે છે.

શ્રી આદિનારાયણથી ૫૪ મા શ્રી કૃષ્ણચંદ્ર થયા. અને ૧૩૫મા દેવેન્દ્ર થયા, તેમના ત્રીજા પુત્ર નરપત એ કચ્છના જાડેજાના પૂર્વજ, અને ચોથા પુત્ર ભૂપત એ હવણાંના જેસલમેરના પૂર્વજ થયા; તેમાં ભાટી નામે એક કુંવરે લાહોરમાં સ્થાપના કરી અને પરાક્રમી હોતાં એના નામથી ભાટી અથવા ભટ્ટી રજપૂત કહેવાયા. પછી કેટલીક પેઢિયે રાવ તણુંજી થયો. તેણે સંવત્ ૮૮૭ માં તણોટનો કોટ બાંધી ત્યાં રાજધાની કરી. તેના વંશમાં મહારાવલ શ્રીસિદ્ધ દેવરાજજી થયો. એણે જૂદા જૂદા નવગઢ જિત્યા તેથી "નવગઢનરેશ" કહેવાયો. તણોટના શેઠ જશકર્ણને ધારાનગરના રાજાએ કેદ કરી તેનું અપમાન કર્યું તેથી દેવરાજજી સૈન્ય લઈ ધારા ઉપર ચડ્યા અને તે લૂટ્યું; ત્યાંથી પાછા વળતાં રસ્તામાં લુદ્રવે આવ્યા અને તે શહર રાજા જશભાન પાસેથી જિતી લીધું. વળી એણે સં. ૯૦૯ ના માઘ શુદિ ૫ સોમવારે પુષ્ય નક્ષત્રે પોતાના નામ ઉપરથી દેવગઢ અથવા દેવરાવળ બાંધ્યું. ત્યાર પછી મંધજી સંવત્ ૧૦૩૦માં થયો, તેના પછી વાછુજી સં. ૧૧૧૩ માં થયો, તેના પછી મહારાવળ શ્રી દુસાજ સં. ૧૧૫૫ માં થયા. એ દુસાજને જેસલજી નામે એક કુંવર થયો. ત્યાર પછી વૃદ્ધાવસ્થામાં મેવાડના રાણાવત કુટુંબમાંથી એક રાણી પરણ્યો, તેને લાંઝા બિજયરાવ નામે કુંવર થયો તે ન્હાનો હતો છતાં પણ રાજ્યના ભાયાતો અને મુત્સદ્દિયોએ મળીને તેને લુદ્રવાની ગાદિયે બેસાર્યો (સં. ૧૧૭૯). મ્હોટા કુંવર જેસલને ગાદી મળી નહિ એટલે તે રીસાઈને સિન્ધમાં નગરઠઠ્ઠે શાહબુદ્દિન ગોરીને આશરે જઈને રહ્યો. સિદ્ધરાજની કુંવરીથી લાંઝા બિજયરાવને ભોજદેવ નામનો કુંવર થયો તેની આસપાસ ૫૦૦ સોલંકિયોની ચોકી રહેતી હતી.

પ્રથમ તો જેસલ લુદ્રવાની ગાદી લેવામાં ફાવ્યો નહિ પણ પાછળથી ઠઠ્ઠાનું લશ્કર પાટણ ઉપર ચડાવી લઈ જવાની યુક્તિ કરવાથી ભોજદેવની ચોકીના સોલંકિયો ત્યાં મદદ માટે જશે એવી ધારણા કરી. મુસલમાનોનો આશ્રય લઈને જેસલે લુદ્રવાને ઘેરો ઘાલ્યો અને લડાઈ થઈ તેમાં ભોજદેવ કામ આવ્યો. એટલે તેણે લુદ્રવાથી પોતાનો સરસામાન લઈ જવાની ત્યાંની પ્રજાને બે દિવસની છૂટ આપી. ત્રીજે દિવસે મુસલમાન સરદાર કરીમખાન(મજ્જુજખાન)ના લશ્કરને લુદ્રવા લૂંટવા દીધું.

સિદ્ધરાજ રાજ્ય કરતો હતો તેવામાં મુસલમાનોએ ગૂજરાત ઉપર ચડાઈ કરવાને પ્રયત્ન કર્યો નથી એમ છે ખરૂં, તો પણ તેના દરબારમાં તેઓ પાસે પ્રતિનિધિ મોકલી શકે એટલી તેઓની સત્તા વધી હતી; તેમ જ, અણહિલવાડની રાણિયે, તેઓનો અટકાવ કરવા ઉત્તરમાં જેસલમેરનું ભાટી સંસ્થાન વધારવાની આતુરતા બતાવી હતી તેને માટે કાંઈ પણ કારણ હોવું જોઇયે તે તેજ હતું. ફેરિસ્તાએ લખ્યું છે કે, ત્રીજો સુલતાન મસાઉદ જેણે ઇ૦ સ૦ ૧૦૯૮ થી ૧૧૧૮ સુધી રાજ્ય કર્યું, તેના વારામાં હાજિબ તોઘાન તુગીન કરીને તેનો સરદાર અને લાહોરનો સરસૂબો હતો, તે ગંગા નદીની પાર લશ્કર લઈને ગયો હતો, અને મ્હોટા મહમૂદ વિના કોઈ પણ મુસલમાને જિત મેળવેલી નહિ એટલા આઘેના પ્રદેશ સુધી જય મેળવતો ચાલ્યો હતો, તથા ઘણાં ધનવાન્ નગર અને દેવાલયોમાંથી ધન લૂંટીને જયોત્સવ કરતો લાહોર પાછો આવ્યો હતો. ગજનીના રાજવંશિયોનો ઘણો ખરો પ્રાન્ત ઈરાણ અને તુરાણમાંથી લઈ લેવામાં આવ્યો હતો ત્યારથી આ વેળામાં લાહોર તે રાજ્યનું ઘણું ખરૂં રાજધાનીનું શહર થઈ પડ્યું હતું અને તેઓ ત્યાં આવી વસ્યા હતા. સન ૧૧૧૮ માં, લાહોર મહંમદ ભિલીમના તાબામાં હતું. તેને સુલતાન આર્સલામે એ શહરનો કબજો આપ્યો હતો અને તે બાદશાહ મરી ગયો તો પણ તેના ભાઈ બહેરામની સામે થઈને પોતે તે શહર રાખી રહ્યો હતો, તથાપિ બહેરામે તેનો કબજો કરી લીધો. પણ પછીથી તેને રાજ્ય પાછું સોંપીને તે ગજની ગયો; મહંમદ ભિલીમે શિવાલિકના પ્રાન્તમાં નાગોર કિલ્લો મજબૂત કરીને, પગાર આપી ફોજ રાખી, હિન્દુસ્થાનના બીજા રાજાઓનાં રાજ્યનો નાશ કરવા માંડ્યો. તેનો જય થતો ગયો તેથી તખ્ત લેવાની તેને આશા થઈ, પણ સુલતાન બહેરામે તેને મુલતાનની લડાઈમાં મળીને બંડ બેસારી દીધું.

સિદ્ધરાજે પોતાનાં હથિયારના બળવડે માળવા તાબે કરી લીધું, ત્યાર પછી તે દેશની તેણે ઘણી ભેટો લીધી, તે સંબંધી મેરૂતુંગે કેટલીએક વાતો લખી છે. એક વાર સિદ્ધરાજ માળવે જતો હતો તેવામાં, તેનો એક મુખ્ય રથ હતો તે ઘણો જ ભારે હતો તેથી પ્હાડી રસ્તામાંથી લઈ જઈ શકાય એમ

સોરઠો.–ગોરી શાહાબુદ્દિન, ભિડિયા રાવળ ભોજદે;
નામ ઉમર રખલીન, બારેસે નવ (૧૨૦૯)લુદ્રપુર.

આ ઠેકાણેથી પૂર્વ દિશાએ સુમારે ચાર ગાઉને છેટે ગોરહરા ઉપર જેસલમેર વસાવ્યું ને સંવત્ ૧૨૧૨ ના શ્રાવણ શુદિ ૧૨ રવિવારે તોરણ બાંધ્યું. (જેસલમેરના ઇતિહાસ ઉપરથી). ર. ઉ.

ન હતું માટે વારાહી નામનું એક ગામ વાટમાં આવ્યું ત્યાં મૂક્યો. પછી તે ગામના મુખ્ય માણસો હતા તેમાંથી કોઈ પણ રાજરથ સરખી ભારે જવાબદારીની વસ્તુ પોતાને ઘેર રાખી શકવાને કબૂલ થયું નહિ, એટલે એકેક કડકો બરાબર સાચવી શકાય એટલા માટે તેના કટકા કરીને પોતપોતાને ઘેર લઈ ગયા. સિદ્ધરાજ પાછો વળ્યો ત્યારે રાજરથ લઈ જવાને મંગાવ્યો તો ઉપર પ્રમાણે સમાચાર તેના જાણવામાં આવ્યા એટલે પોતાના રથનો નાશ થયો તેના બદલામાં તે લોકોને બુચ અથવા વારાહીના અબુધ એવું માત્ર ઉપનામ કહીને પોતાનો ક્રોધ જણાવ્યો. તેમનું આ ઉપનામ, પછીથી ઘણા દિવસ સુધી ચાલતું રહ્યું હતું.

એક બીજે સમયે, માળવેથી પાછાં આવતાં, સિદ્ધરાજે અણહિલવાડની પાસે ઊંઝા નામનું ગામ છે ત્યાં મેલાણ કર્યું. મેરૂતુંગ લખે છે કે, તે ગામના મુખીની અવટંક અને સિદ્ધરાજના મામાની અવટંક એક હતી; મયણલ્લદેવીનું લગ્ન થયું તે પહેલાં તેને ઊંઝાના મુખી હીમાળાના ઘરમાં રક્ષણ મળ્યું હતું એવી દંતકથા હજી સુધી ત્યાં ચાલે છે તે ઉપરથી મેરૂતુંગના લખાણને આધાર મળે છે. આ ગામ સિદ્ધરાજના વારામાં ગૂજરાતમાં જેવું ઘણું જ આબાદ હતું તેવું જ આજે પણ છે. અને ખેતીવાડી કરવામાં આગેવાન એવા કૈડવા કણબીની જ્ઞાતિનું તે મુખ્ય સ્થાન છે. રાત્રિની વેળાએ ગામડિયાઓ ત્યાંની પ્રસિદ્ધ જગ્યાએ એકઠા મળ્યા હતા તેમાં સિદ્ધરાજ, મહારાષ્ટ્રથી સોમનાથની યાત્રા કરવાને આવેલા એક યાત્રાલુનો વેશ લઈને ભળી ગયો. તેવામાં તેના સદ્ગુણનાં, તેની વિદ્યા વિષેની પ્રીતિનાં, તેના ચાકરોની સાથે માયાળુપણાથી વર્ત્તવાની ચાલનાં, અને સારી ચાલાકીથી રાજ્યનું રક્ષણ કરવા વિષેનાં વખાણ થતાં તેણે સાંભળ્યાં. ઊંઝાના ગામડિયાઓને પોતાના રાજા સંબંધી માત્ર એક જ ખામી જણાઈ તે વિષે તેઓ કહેવા લાગ્યા કે "આપણા "રાજાની પછવાડે ગાદિયે બેસવાને કુંવર નથી એટલા આપણે અભાગિયા "છિયે." બીજે દિવસે સવારમાં, ગામના મુખ્ય મુખ્ય લોકો પોતાના રાજાની ભેટ લેવા માટે રાજતંબુ આગળ ગયા; પણ રાજાને આવવાને વાર હતી તેથી દરબારના કારભારિયોએ મના કરી છતાં પણ પાસે પાથરેલી રાજગાદીનો મર્તબો નહિ સાચવતાં તેઓ સુંવાળી ગાદિયો ઉપર, પોતાને ઘેર બેસે એવી રીતે બેશી ગયા. પણ કોઈ ઉંચી પદવિના રજપૂતમાં સાદાઈ હોય અથવા તેવી સાદાઈ તે બતાવે તે કરતાં સિદ્ધરાજમાં વધારે સાદાઈનો ગુણ ઈશ્વિરે મૂક્યો હતો, અને વળી આગલી રાત્રે જે વાત બની હતી તેથી કરીને હમેશાંના કરતાં તે વધારે ઝીણો સભ્યાચાર બતાવે એમ નહતું, તેટલા માટે તે લોકોને

જ્યાં બેઠા હતા ત્યાં બેશી રહેવા દીધા અને મર્યાદાનો આવો અચરજ ઉપજાવે એવો ભંગ થયો તેથી ચોપદાર ઇત્યાદિને ઘણું વિસ્મય લાગ્યું.

એક બીજા સમયને વિષે **સિદ્ધરાજ માળવે**થી પાછો આવતો હતો ત્યારે "કોઇનાથી સામા થઈ લડી શકાય નહિ" એવા ભીલના ટોળાએ તેને રસ્તામાં અટકાવ્યો. તે સમયે તેનો પ્રધાન **સાં**તુ ગૂજરાતથી સેના લઈને તેમની સામો આવ્યો અને પોતાના રાજાને માટે રસ્તો કરાવી આપ્યો.

ગૂજરાતના આ મહાન્ રાજા વિષે તેનો વધારે વૃત્તાંત લખવા અમારી પાસે બીજું સાધન નથી એટલે તેનાં વર્ણન લખનારનાં સ્વસ્તિવાચન માત્ર અત્રે ઉતારી લઇયે છિયે.

ગાથા–सो जयउ कुडच्छरडो तिहुयण, मज्झम्मि जेसल नरिन्द्रो,[१]
छित्तूण रायंवस, इक्कं छत्तं कयं जेण. १

"ત્રણે લોકના શૂરવીર રાજાઓમાં મુખ્ય, અને જેણે સર્વે રાજવંશિ-
"યોનો નાશ કરીને, એકછત્ર નીચે આખું જગત્ આણી દીધું એવા જય-
"સિંહ નરેન્દ્રનો જય થાઓ."

महालयो महायात्रा, महास्थानं, महासरः ।
यत् कृतं सिद्धराजेन [२]क्रियते तत्र केनचित् ॥

"મ્હોટી મ્હોલાતો, મહાયાત્રા, મ્હોટાં સ્થાન, મ્હોટાં જળાશય સિદ્ધ-
"રાજે કર્યાં. તેની બરાબરીનાં બીજા કોઇયે કર્યાં નથી."

मात्रयाप्यधिकं किंचिन्न सहन्ते जिगीषवः ।
इतीव त्वं धरानाथ धारानाथमपाकृथाः ॥

"તે યશલોભી એવો કે, પોતાનો બરાબરિયો માત્ર એક કાનાએ
"કરીને વધારે ચડિયાતો હતો માટે ધરાનાથે (પૃથ્વીપતિએ) એટલે સિદ્ધરાજે
"ધારાનાથનો (માળવાની રાજધાની ધારાનગર છે તેના રાજાનો) નાશ કર્યો."

मानं मुञ्च सरस्वति त्रिपथगे सौभाग्यभंगीं त्यज,
रे कालिंदि तवाफला कुटिलता रेवे रकस्त्यज्यताम् ।
श्रीसिद्धशकृपाणपाटितरिपुस्कंधोच्छलच्छोणित–
स्रोतोजातनदी नवीनवनिता रक्तांबुधिर्वर्त्तते ॥

---

१ स जयतु कुटोच्छेदकः त्रिभुवनमध्ये जयसिंहनरेन्द्रः।
छित्वा राजवंशं छत्रं कृतं येन एकच्छत्रं राज्यं॥

२ धक्क्रियाम् तत्करोतु कः આવો પાઠ પણ છે તેનો અર્થ એ છે કે સિદ્ધરાજ પ્રમાણે પૃથ્વીમાં બીજું કોણ કરશે ?

"ઓ! સરસ્વતિ, તું માન મૂક; ઓ! ગંગા! તું તારા સૌભાગ્યપણાનો "ગર્વ તજી દે; ઓ! યમુના! તારી કુટિલતા નિષ્ફળ છે; ઓ રેવા! તું તારો "વેગ તજી દે, કેમકે શ્રી સિદ્ધરાજે પોતાની તરવાર વતે શત્રુઓનો ચ્છેદ કર્યો "છે તેના લોહીથી ઉત્પન્ન થયેલી નવીન વનિતા રૂપી નદી સમુદ્રને પ્રિયકર "થઈ પડી છે."

સિદ્ધરાજના શરીરના રંગ અને ઘાટ વિષે કૃષ્ણાજી નીચે પ્રમાણે લખે છેઃ—

"તે ગૌર વર્ણનો હતો, તે શરીરે દુબળો હતો પણ આકાર સારો હતો, "કાંડા સુધી તેના હાથના પોહોંચા કાળા હતા."

તેની વર્ત્તણુંક વિષે મેરૂતુંગ કહે છે કે—"તે સર્વે સદ્‌ગુણનો ભંડાર હતો, "જેવો યુદ્ધમાં તે મહાન્ હતો તેવો જ દયાના કામમાં પણ મહાન્ હતો; "સેવકોને તે કલ્પવૃક્ષ સમાન હતો."

"તેનો ઉદાર હસ્ત સર્વેને વિષે મોકળો હતો; તેના સંબંધિયો વિષે તે "મેઘની પેઠે વરસતો; અને રણસંગ્રામમાં તે સિંહના જેવો હતો."

તથાપિ એ જ ગ્રંથકર્ત્તા એના વિષયાસક્તપણાને માટે એને દોષ દે છે, અને પવિત્ર બ્રાહ્મણ જાતની સ્ત્રિયો સાથે એનાં કામચરિત્ર વિષે લખતાં હિન્દુ વૃત્તાન્તમાં એનો ધિઃકાર કર્યો છે. ધર્મ સંબંધી વિષયમાં તેનું અપક્ષપાતપણું હતું તે વિષે તો આગળ લખવામાં આવ્યું છે. તે સારા સ્વભાવનો હોય એમ જણાય છે, અને તેની ખાનગી વેળા પણ આળસમાં કહાડતો નહિ તેમ જ રાત્રિની વેળાએ વેષ બદલીને નગરચર્યા જોવાની અને નાટકશાળામાં અથવા સાંસારિક ગંમતોમાં ગુપ્ત રૂપે જવા સંબંધીની તેની વાતો કહેવામાં આવી છે. તેનામાં કીર્તિનો લોભ મુખ્ય હતો. તે સંપાદન કરવાનો તેણે યુદ્ધમાં સ્તુતિપાત્ર પરાક્રમ કરીને પ્રયત્ન કર્યો એ ઉપરથી માત્ર સિદ્ધ થાય છે એટલું જ નહિ, પણ વળી કવિના ઉપર તેનો પ્રેમ, અને પોતાના કુળનું રક્ષણ કરવાની અથવા તેમ જો બની શકે નહિ તો તેનું પોતાનું જ સંભારણું રાખવાની તેની ઉત્કંઠા ઉપરથી પણ સિદ્ધ થાય છે. કૃષ્ણાજી લખે છે કે, "એક પણ પુત્ર થવાની તેના મનમાં ઘણી ઇચ્છા હતી; અને મહા-"કવિની તે ઘણી ઉત્કંઠા રાખતો, પણ તેની એકે આશા પૂર્ણ થઈ નહિ; "તથાપિ પોતાના વંશનો ઇતિહાસ તેણે લખાવ્યો." અને પોતાનું નામ અંધારામાં રહી જાય નહિ એ જ તેની ઇચ્છા હતી તેથી તેણે ગૂજરાત અને સોરઠ

ઉપર ઉદારતાનો હાથ રાખી ભવ્ય દેવાલયો, અને સરોવરો [1]બંધાવ્યાં, તે એવાં કે તેઓનાં ખંડેર હજી લગી પણ હૈયાત રહીને સાદા મનુષ્યોને આશ્ચર્ય ઉપજાવે છે અને પ્રાચીન ઇતિહાસના અભ્યાસિયોને વિસ્મય પમાડે છે.[2]

સિદ્ધરાજની વર્ત્તણુંકમાં ગમે તે ખાંપણ હોય, તથાપિ એકંદરે તે **હિન્દુ** રાજાઓમાં ઊંચી પદવિને યોગ્ય છે એમાં કંઈ સંદેહ છે જ નહિ; તે શૂર-વીર, વીર્યવાન, અને સાહસિક રાજા હતો, અને તેનો ઇતિહાસ લખનારાએ તેને, "ગૂજરાત દેશનો શૃંગાર અને **ચાલુક્ય** વંશનો દીપક" કરીને લખ્યું છે તે ઘટિત જ લખ્યું છે. તેના રાજ્યના વિસ્તાર વિષે એકંદર આકારમાં નુમાર બાંધી શકાય છે, પણ ખાતરીપૂર્વક વિગતવાર ધારી શકાતું નથી. ખરા **ગૂજરાત** દેશના રાજ્ય ઉપર તે **વનરાજના** વારસ તરીકે બેઠો તે પ્રમાણે તેટલો દેશ તેણે મજબૂતાઈથી હાથ કરી રાખ્યો હતો, અને તેની આસપાસ કિલ્લાઓની હ્હાર આવી રહી હતી; તે કિલ્લાઓ કાંઈ થોડા વિસ્તા-રના કે બળના નહિ હતા. **અચળગઢ** અને **ચંદ્રાવતી** તેના **પરમાર** આશ્રિ-તોના હાથમાં હતા, તે **અણહિલવાડની** ઉત્તર દિશાની સીમાના કિલ્લાઓ હતાઃ **મોંઢેરા** અને **ઝીંઝુવાડા** પશ્ચિમમાં હતા, અને **ચાંપાનેર** અને ડભોઈ પૂર્વમાં હતા. તે સાથે બીજા કિલ્લાઓ પણ હતા તે ઉપર **સિદ્ધરાજની** ધ્વજાઓ ફરકતી હતી, અને તેના કોટપાળો તેમાં વસતા હતા; પણ તેઓને હસ્તગત જે ફળદ્રૂપ પ્રદેશ આવ્યો હતો તે વિજય પામતા સિંહ(**જયસિંહ**)ની માત્ર બોડ હતી. **મૂળરાજ** અથવા પ્હેલા **ભીમ**દેવના વારામાં તેઓના હાથમાં

---

1 રાવ સાહેબ **મહીપતરામ રૂપરામ નીલકંઠ** સિદ્ધરાજ જયસિંહનાં કરેલાં જાહેર કામો નીચે પ્રમાણે વર્ણવે છે—

ડભોઇનો કિલ્લો અને તેને **ચાર ચાર** માઈલને અંતરે ધર્માદા વીશીઓ, **કપડ**-વંજમાં કુંડ, **ધોળકામાં મલાવ** સરોવર, **રૂદ્ર** મહાલય, તથા દેરાં; **રાણીની** વાવ, **સહસ્રલિંગ** સરોવર, **સિહોરના** કુંડો, **સાયલાનો** કિલ્લો, દશ હજાર દેરાંનો દશાસહસ્ર, **વીરમગામનું મુન** તલાવ, દાધરપર, **વઢવાણ, અનંતપર,** ને ચુબારીના ગઢો; **સરખર** તલાવ, **ઝિંઝુવાડા, વીરપર,** ભદ્દુલા, **વેર્સીગપર,** ને થાનના ગઢો; કંડોલા, ને સિ-હિજકપુરના મહેલો; દેદાદ્રનો કીર્ત્તિસ્થંભ, જેતપુર, અને **અનંતપુરના** કુંડો એ સર્વે સિદ્ધરાજે બનાવ્યાં છે. ર. ઉ.

2 **લાર્ડ** બેકન લખે છે કે, "છોકરાં વિનાનાં માણસોએ સારામાં સારાં કામ કરેલાં અને પાયા નાંખેલા તેવામાં આવશે, તેનું કારણ એ છે કે જ્યારે તેઓના શરીરની પ્રતિમા બતાવવાને તેઓ ફળદ્રૂપ થાય નહિ ત્યારે તેમના મનની પ્રતિમા બતલાવવાને તેઓ પ્રયત્ન કરે છે."

જેટલું રાજ્ય હતું તે કરતાં **જયસિંહ**ના વારામાં કોઈ પ્રકારે ઓછું થયું ન હતું. તે ઉપરથી તેની ઉત્તર સીમા, **આબુ**ની પેલી પાર **ઝાલોર**ની પડોશ સુધી જઈ અડેલી અને તેમાં કચ્છ[1] તો આવી ગયેલું હતું. આપણે જોયું કે **સોરઠ** અને **માળવા**માં તેની આણ વર્ત્તાઈ હતી, અને દક્ષિણમાં તેનું રાજ્ય ઠેઠ દક્ષિણ દેશમાં વિસ્તાર પામ્યું હતું અને **મેરુતુંગ** કહે છે કે કોલાપુરના[2] રાજાને તેણે ભય ઉત્પન્ન કરાવ્યો હતો. કનોજના રાજાઓ સાથે તેને

૧ મૂળરાજે **લાખા** ફુલાણીને માર્યો ત્યાર પછી કચ્છ **ચાલુક્ય** વંશમાં આવ્યું છે. વળી ભીમદેવના સમયમાં પણ તેમને તાબે હતું એમ ભીમદેવનું એક તામ્રપટ સંવત્ ૧૦૮૬ ના કાર્ત્તિક શુદિ ૧૫ નું છે તે ઉપરથી જણાય છે. તેમાં જણાવેલું છે કે, કચ્છ મંડળ માંહેલા વણીસકમાંથી આવી રહેલા આચાર્ય **મંગળ શિવ**ના પુત્ર **અજયપાળ**ને **મસૂરા** ગામ આપ્યું છે. એ **મસૂરા**નું હાલનું સ્થાન મુકરર થઈ શકતું નથી. તેમ જ સિદ્ધરાજનું રાજ્ય પણ કચ્છમાં હતું, તેનું પ્રમાણ ભદ્રેસર માંહેલા એક શિલાલેખથી મળી આવે છે. સદરહુ શિલાલેખ સન ૧૧૩૯(સંવત્ ૧૧૯૫ આષાઢ શુદિ ૧૦ રવેઉ)ની મિતિનો છે. તે લેખ ઉપરથી જણાય છે કે-**દાદાક** તે વખતે સિદ્ધરાજનો પ્રધાન હતો અને કચ્છ ભદ્રેશ્વરમાં તે વખતે સ્થાનિક રાજ્યકર્ત્તા મોટા રાજા **આસપાળ**નો કુંવર કુમારપાળ હતો. કારણ કે એ ભાંગેલો શિલાલેખ જેની ૫-૬ લીટિયો વાંચી શકાય તેવી છે, તે ઉપરથી એ લેખ રાજા **આસપાળ**ના કુંવર કુમારપાળે બાંધેલ કુમારપાળેશ્વરના નવા દેરામાં ને ઉદલેશ્વરનાં જૂનાં દેરામાં પૂજા કરવાનો હક **ઔદીચ્ય** બ્રાહ્મણોને લખી આપેલો જણાય છે. ર. ઉ.

૨ શિલાર (શિલાહાર) અથવા કોલાપુરના મહામંડળેશ્વરો, કલ્યાણના સોલંકિયોના વંશપરંપરાના મુખ્ય જમીનદાર હતા. રોયલ એશિયાટિક સોસાઈટીના જર્નલના પુસ્તક. ૪ થાને પૃ. ૪, ૩૩ મે, અને ટ્રાનઝાક્શન્સ આફ ધી બૉમ્બે લિટરરી સોસાઈટીના પુસ્તક ત્રીજાને પૃ. ૩૯૪ મે નવી આવૃત્તિ પૃ. ૪૧૩. વળી જુવો રા. ગો. ભાં. દક્ષિણનો પ્રાચીન ઇતિહાસ પૃ. ૧૨૧-૧૨૫.

આ સમયે કોલ્હાપુરની પન્હાલા શાખાનો રાજા બીજો ભોજ હતો. તે વંશની ટૂંક હકિકત નીચે પ્રમાણે છે:—

વિદ્યાધરના રાજા જિમૂતકેતુનો પુત્ર જિમૂતવાહન જેણે **શંખચુડ** નાગનો જીવ ઉગાર્યો હતો, તેના વંશજ **શિલાર** અથવા **શિલાહાર** નામના મહામંડળેશ્વરો કહેવાયા; તેઓ વળી **તગરપુરવરાધીશ્વર** પણ કહેવાતા હતા. शिलाहाराख्यवंशोऽयं तगरेश्वरभूभुजाम्। આ શિલાહારોના ત્રણ વંશ થયા છે, તેમાં ત્રીજા વંશના રાજાઓ કોલ્હાપુર, મિરજ કર્હાદ ઉપર રાજ્ય ચલાવતા હતા. પછી તેમણે કેટલેક કાળે દક્ષિણ કોંકણ પોતાના રાજ્યમાં વધારી લીધું હતું. તેમની વંશાવલિ આ પ્રમાણે છે:-૧ જતિગ, ૨ નાયિમ્મ, ૩ ચન્દ્રાદિત્ય (ચન્દ્રરાજ), ૪ જતિગ બીજો, ૫ ગોંચારક, ૬ ગૂવલ ૧ લો, કીર્ત્તિરાજ, અને ચંદ્રાદિત્ય, એમ ત્રણ ભાઈ હતા.), ૬ મારસિંહ, એના પુત્રો ગૂવલ

લડાઇયો થઈ હતી, અને તે વેળાએ તેણે ગંગા નદીના જળમાં પોતાની તરવાર ધોઈ હતી એવું ચંદ બારોટ સૂચવે છે; તે સાથે વળી સર્વત્ર જય મેળવવાની જે તેની ધારણા હતી તેની સામે તેનો અટકાવ કરવાને મેવાડ અને અજમેરના રાજાઓએ સંપ કર્યો હતો એવું લખે છે. પ્રસિદ્ધ ચિતોડના એક લેખમાં લખ્યું છે કે, "જયકોશમાં તેનું અંગ જડી દીધું હતું. અને તેનાં કૃત્ય પૃથ્વીના પડ ઉપર ગાજી રહ્યાં હતાં." વળી તે દેશોના ઇતિહાસ લખનાર પણ સાક્ષી પૂરે છે કે તેનું નામ અને તેનાં પરાક્રમ રજપૂતસ્થાનના એકેએક રાજ્યના ઇતિહાસમાં નોંધાયાં છે.

સિદ્ધરાજે[1] ઈ૦ સ૦ ૧૦૯૪ થી ૧૧૪૩ સુધી ઓગણપચાસ વર્ષ રાજ્ય કર્યું.

બીજો, ભોજ પહેલો, બલ્લાલ અને ૭ ગડરાદિત્ય; આ છેલ્લાનો કુંવર ૮ વિજયાર્ક, તેનો ૯ ભોજ બીજો. એના લેખ શક ૧૧૦૧ થી ૧૧૨૭ સુધીના મળે છે. જાદવ સીંઘણે લગભગ શક ૧૧૩૬ (ઇ. સ. ૧૨૧૪)માં શિલાહાર વંશના રાજાઓનું રાજ્ય છીનાવી લીધું છે.

૧ સિદ્ધરાજ વિ૦ સં૦ ૧૧૯૯(ઈ૦ સ૦ ૧૧૪૩)ના કાર્તિક શુદિ ૩ ને દિવસે દેવ થયો. મયણલ્લ દેવી સગર્ભા થઈ હતી તેવામાં તેને સ્વપ્ન આવ્યું કે "જાણે મારા મુખમાં સિંહ પેઠો." આ ઉપરથી સિદ્ધરાજનું નામ જયસિંહ પાડવામાં આવ્યું અને કદાપિ સ્વપ્નાના આ સિંહનો બનાવ સ્મરણમાં રહેવા માટે, પછવાડેથી તેણે સિંહ સંવત્ ચલાવ્યો હોય એમ કલ્પના થઈ શકે છે.

જે મહા પરાક્રમી અધિરાજા થાય તેના નામથી સંવત્સર પ્રવર્ત્તે છે. સંવત્ ૧૧૭૦ એટલે ઈ. સ. ૧૧૧૪ માં સિદ્ધરાજ જયસિંહના નામથી "સિંહ સંવત્સર" આષાઢ શુદિ ૧ થી ચાલેલો જણાય છે. સૌરાષ્ટ્રના રા'ખેંગારને તેણે જિત્યો અને સજ્જન (સાજન)ને ત્યાંનો દંડાધિપતિ (દંડનાયક) ઠરાવ્યો. ત્યાર પછી તે પ્રાંતમાં આ સંવત્સરનો પ્રચાર થયેલો છે. આ સાજને સૌરાષ્ટ્રની ત્રણ વર્ષની ઉપજ ખર્ચીને જે દેરૂં બંધાવ્યું છે, તેનો સંવત્ ૧૧૭૬ નો છે તેમાં સિંહ સંવત્સર નોંધ્યો નથી. તેથી ત્યાર પછી સુમારે છ વર્ષે સારો જમાવ થયા પછી આ સંવત્સર તેણે પ્રવર્ત્તાવ્યો છે. અને પછી કુમારપાળ થયો તેના સમયમાં આ સંવત્સરનો પ્રચાર થયો; તે ઉપરથી કુમારપાળે તે નવો ચલાવ્યો, એમ અભયતિલક સૂરિયે પોતે સં. ૧૩૧૨ માં દ્વયાશ્રયનું પુનરાવર્તન કર્યું તેના ૨૦ મા સર્ગમાં જણાવ્યું છે. મંગળપુર અથવા જે હમણાં માંગરોળ કહેવાય છે, તેમાં સોઢલ નામની વાવ છે, તેના લેખમાં આ સિંહ સંવત્સર ૩૨, વિક્રમ સંવત્ ૧૨૦૨ લખ્યા છે. તે લેખ પ્રાચીન છે, તેથી એ ઠેકાણે વાવ હશે તે પડી જવાથી ફરીને ત્યાં જ વિ. સં. ૧૩૭૫ માં રાઓશ્રી મહિપાળ દેવના રાજ્યમાં મોઢ જ્ઞાતિના વલી સોઢલે આ વાવ (પાદશાહ સલીમશાહના રાજ્યમાં) કરાવી છે, એમ ભાવનગરના પ્રાચીન શોધસંગ્રહ ઉપરથી જણાય છે.

પ્રકરણ ૧૧.

કુમારપાળ.

સિદ્ધરાજને પુત્ર હતો નહિ તેથી, ભીમદેવને [1]બકુલા દેવીના પેટનો ક્ષેમરાજ કરીને કુંવર હતો અને જે કર્ણ સોલંકી રાજાનો ઓરમાઈ ભાઈ

શ્રીસિદ્ધરાજના પછી અદ્ભુત મહિમાવાળો અને પુણ્યે કરીને જેનો ઉદય નિશ્ચલ થયો છે એવો કુમારપાળ રાજ્ય કરતો હતો. તેના સમયમાં શ્રી ગૂહિલવંશમાં પ્રભૂત ગરિમાધાર(બહુ મહત્તાનું સ્થાન)ધરામંડન શ્રીસાહાર થયો તેનો પુત્ર ચૌલુક્યાંગનિગૂહક (ચૌલુક્યના અંગનો રક્ષક) અને વિખ્યાત એવો સહજિગ નામે થયો. તેના પુત્રો પૃથ્વીમાં બળવાન્ અને સૌરાષ્ટ્ર દેશની રક્ષા કરવામાં સમર્થ થયા. તેમાંથી સોમરાજ હતો. તેણે પોતાના પિતાના નામ ઉપરથી પ્રભાસપાટણના સોમનાથના દેરાના ચોકમાં દેરૂં બંધાવી તેમાં "સહજિગેશ્વર"ની સ્થાપના કરી છે. તેનો બીજો દીકરો મૂલુક હતો, તેણે સહજિગેશ્વરની પંચોપચાર પૂજાને અર્થે મંગળપુર એટલે માંગરોળની દાણ લેવાની માંડવી ઉપર પ્રતિ દિવસના કેટલાક લાગા કરાવી આપ્યા છે. એ લેખનો કાળ વિક્રમ સંવત્ ૧૨૦૨ આશ્વિન વદિ ૧૩ સોમવાર સાથે સિંહ સંવત્ ૩૨ છે. અણહિલવાડની ગાદીનો પ્રભાવ રહ્યો ત્યાં સુધી આ "સિંહ સંવત્સર" ચાલેલો જણાય છે. અર્જુન દેવના સમયનો વેરાવળનો લેખ છે. તેમાં વિક્રમ સંવત્ ૧૩૨૦, વલ્લભી સંવત્ ૯૪૫, સિંહ સંવત્ ૧૫૧ છે. ચૌલુક્ય મહારાજા અર્જુન દેવના રાજ્યમાં તેના મોટા કારભારી રાણક માલ દેવ હતા. ત્યારે સોમનાથ પાટણમાં પાશુપતાચાર્ય ગંડશ્રી પરમ વીરભદ્ર તથા મહંશ્રી અભયસિંહ આદિ પંચકુળની પ્રાપ્તિ માટે અમીર શ્રી રૂકનુદ્દીન રાજ્ય કરતો હતો. ત્યારે કંઈ કામ માટે હરમુજ દેશનો ખોજો અબુ ઇબ્રાહિમનો દીકરો પીરોજ તેણે મસીદ કરાવી વગેરે હકીકત તથા હિજરી સને ૬૬૨ છે, એમ ભાવનગર પ્રાચીન શોધસંગ્રહ ઉપરથી જણાય છે. આમ છતાં પણ આશ્ચર્યકારક વાત એ છે કે, ચૌલુક્ય વંશના ભોળા ભીમ આદિનાં તામ્રપટોમાં એકલો વિક્રમ સંવત્ કોતરવામાં આવેલો છે. આ ઉપરથી નક્કી થઈ શકતું નથી કે સિદ્ધરાજ જયસિંહના નામ ઉપરથી સિંહ સંવત્સર ચાલ્યો કે કોઈ બીજાના નામથી. બીજો કોઈ સિંહ નામધારી ખોળવા જઈએ તો પોરબંદરના એક લેખમાં સૌરાષ્ટ્રના મંડળેશ્વર સિંહનું નામ આવે છે, અને તેના કામ ઉપરથી સિંહ સંવત્સર ચાલ્યાનું કહેવાય છે. પણ સંવત્ ૧૧૭૦ માં તો સિદ્ધરાજે સૌરાષ્ટ્ર પોતાના સ્વાધીનમાં કર્યું હતું તેવા સમયમાં કોઈ બીજાને સંવત્સર ચલાવવા દે એવો સંભવ જણાતો નથી, તો પછી એવા ક્ષુદ્રક સિંહે સિંહ સંવત્સર ચલાવ્યો હોય એવો સંભવ જણાતો નથી. સિદ્ધરાજ જયસિંહે બ્રાહ્મણોને દાનમાં આપવા માટે એક ગામ વસાવી તેનું નામ સિંહપુર પાડ્યું તેવી રીતે નવા સંવત્સરનું નામ સિંહ સંવત્સર સ્થાપન કર્યાનો સંભવ વધારે બંધબેસતો જણાય છે. ર. ઉ.

૧ એક પુસ્તકમાં બઉલા એવું નામ છે તે બકુલાનો અપભ્રંશ છે, એમ છતાં મેરૂતુંગે તેનું નામ ચઉલાદેવી લખ્યું છે તે કદાપિ બ નો ચ વંચાયાથી ફેરફાર થઈ

થતો હતો તેના વંશમાં ગાદી ગઈ. **ક્ષેમરાજનો** પૌત્ર અને **દેવપ્રસાદનો** પુત્ર **ત્રિભુવનપાલ**[1] કરીને હતો તેને ત્રણ કુંવરો ને બે કુંવરીયો હતી. કુંવરનાં નામ **મહીપાલ, કીર્त्तિપાલ** અને **કુમારપાલ** હતાં; કુંવરિયોનાં નામ પ્રેમલદેવી અને દેવલદેવી હતાં. પ્રેમલદેવી કાન્હડદેવ (ઉર્ફે કૃષ્ણદેવ) વ્હેરે પરણી હતી, તે જયસિંહનો સેનાધિપતિ હતો; દેવળદેવીને કાશ્મિરનો[2] રાજા પરણ્યો હતો.

મેરુતુંગ લખે છે કે, સામુદ્રિક શાસ્ત્રવેત્તાઓએ **સિદ્ધરાજને** કહ્યું હતું કે, તમારા પછી કુમારપાલ ગાદિયે બેસશે. તથાપિ તે નીચા કુળનો હતો માટે **સિદ્ધરાજને** એ વાત ગમી નહિ અને તેને મારી નાંખવાનો તે નિરંતર લાગ ખોળ્યાં કરતો હતો. કુમારપાલ નાશી ગયો અને તાપસનો વેષ ધારણ કરીને પરદેશમાં કેટલાંક વર્ષો સુધી ફરતો ફર્યો. તે જ્યારે અણહિલવાડે પાછો આવ્યો ત્યારે શ્રી **આદિનાથના** અપાસરામાં નિવાસ કર્યો. **સિદ્ધરાજે** પોતાના પિતા **કર્ણના** શ્રાદ્ધને અવસરે પોતાની શ્રદ્ધા બતાવવા માટે સર્વે તપસ્વિયોને અર્ઘ્યપાદ્ય પૂજા કરવા સારૂ એકઠા કર્યા હતા; તેમાં કુમારપાળ તાપસના પગનું પ્રક્ષાલન કરતાં તે તેને કમળના જેવા સુંવાળા લાગ્યા અને ઉર્દ્ધરેખાઓ અને બીજાં લક્ષણ જોવા ઉપરથી તેની ખાતરી થઈ કે આ પુરૂષના

ગયો હોય એમ કલ્પના થાય છે. **ચઉલા** દેવી નામે એક રૂપવતી પણ્યાંગના **પાટણમાં** રહેતી હતી. તે વારાંગના છતાં ગુણવતી હતી. અને ધર્મમર્યાદા એવી પાળતી હતી કે પતિવ્રતા સ્ત્રી પણ તેને પ્હોંચે નહિ. **મૂળરાજે** તેનાં આવાં વખાણ સાંભળીને સવા લાખ રૂપિયાની કટારી સેવકો સાથે મોકલીને તેને (મુદતી) ઘરેણે રાખી. પછી બીજે જ દિવસે **મૂળરાજને માળવા** જિતવા જવું પડ્યું ત્યાં બે વર્ષ રોકાયો એટલી તેની ગેરહાજરીની મુદતમાં તેનાં વખાણ થતાં હતાં તે પ્રમાણે જ નિયમપૂર્વક રહી, તેથી રાજા તેના ઉપર પ્રસન્ન થયો, અને પોતાના અંતઃપુરમાં તેને દાખલ કરી. આ **ચઉલા** દેવીને **હરિપાલ** નામે પુત્ર થયો તે જ **ક્ષેમરાજ**.

1 ત્રિભુવનપાળની **કાશ્મીર** દેવીથી તેને ત્રણ પુત્રો અને બે પુત્રીઓ થઈ હતી.

2 રત્નમાળાનો કર્ત્તા કૃષ્ણજી લખે છે કેઃ—

(હરિગીતનાં બે ચરણ.)

इक पुत्री प्रेमलनामसो, जयसिंह सेनापति वरी,
काश्मीरदेशाधिपके कर पुत्री देवलकु धरी. १७

આ ઉપરથી **દેવલદેવીને કાશ્મીરના** રાજા વ્હેરે પરણાવ્યાનું લખ્યું છે, પણ ખરૂં જોતાં તે ત્રિભુવનપાળની **કાશ્મીરની** રાણીની તે પુત્રી હતી તેને બદલે તે **કાશ્મીરની** રાણી એમ *સરતચૂક થઈ ગયેલી જણાય છે, કેમકે **દેવલદેવીને શાકંભરીના આન્ન** અથવા **અર્ણોરાજ** સાથે પરણાવી હતી તે વિષે હવે પછી વૃત્તાન્ત આવશે.

ભાગ્યમાં રાજ્ય કરવું સર્જ્યું છે. કુમારપાળ, રાજાના મુખ ઉપરથી વર્ત્તી ગયો કે રાજાએ મને ઓળખ્યો, તેથી પોતાનો વેષ બદલીને પોતાને દેથલી (દેવસ્થલી) ગામ સત્વર જતો રહ્યો. કર્ણ રાજાએ તેના દાદા દેવપ્રસાદને જે ગામ આપ્યું હતું તે જ આ ગામ હતું. એને ઝાલવાને પછવાડે માણસો મોકલ્યાં હતાં તેથી ત્યાંનો આલિંગ (ઉર્ફે સાજન) કરીને એક કુંભાર હતો તેણે તેને વાસણ પકવવાની નિમા હતી તેમાં ઘાલી દીધો. અહિંથી લાગ જોઈને કુમારપાળ નાઠો તો ખરો પણ એક [1]ખેડુત હુડા દૂહોતો હતો તેણે તેને ખેતરની વાટે ઝીંટવાને માટે કાંટાનાં ઝાંખરાં એકઠાં કર્યાં હતાં તેના ઢગલામાં જો સંતાડી દીધો હોત નહિ તો તેની પછવાડે ઝાલનારા લગભગ આવી પહોંચ્યા હતા તે તેને પકડી પાડત. રાજાના માણસો પગલું ફ્હાડતા ફ્હાડતા જે ખેતરમાં તે સંતાઈ પેઠો હતો ત્યાં આવ્યા ને તપાસ કરી, તેમાં જે ઢગલામાં તેને ઘાલ્યો હતો તે પણ ભાલાવતી તપાશી જોયો. તથાપિ જેની ખોળ કરવાની હતી તેનો પત્તો લાગ્યો નહિ એટલે આ ઠેકાણે વધારે શોધ કરવાનું છોડી દઇને તેઓ ઘરભણી પાછા વળ્યા. બીજે દિવસે ખેડૂતે કુમારપાળને સંતાડ્યો હતો ત્યાંથી ફ્હાડયો એટલે વળી ત્યાંથી તે નાઠો. આગળ જતાં થાકયો ત્યારે તે એક ઝાડની છાયા નીચે થાક ખાવાને બેઠો. ત્યાં તેના જોવામાં એક ઉંદર આવ્યો તે પોતાના દરમાંથી એક પછી એક એવા એકવીસ રૂપિયા બાહાર લાવ્યો. આ પ્રમાણે પોતાના દરમાં જેટલા રૂપિયા હશે તેટલા ફ્હાડી રહ્યો એટલે પાછો દરમાં લઈ જવા લાગ્યો. ત્યારે કુમારપાળે ધશીને જેટલા રૂપિયા બાકી રહ્યા હતા તેટલા લઈ લીધા, અને આ પ્રમાણે ચમત્કારિક રીતે, સાધન મળ્યું એટલે પ્રવાસ કરતો આગળ ચાલ્યો. જતાં એક વાણિયાની સ્ત્રી[2] તેના જોવામાં આવી તેની સાથે ગાડિયો ને ચાકરો હતાં, તે પોતાને સાસરેથી પિયર જતી હતી. થાક ખાવાને માટે તે સર્વેએ રસ્તાની બાજુએ ઢાળો કર્યો હતો. કુમારપાળે ખાધાપીધા વિના ત્રણ દિવસ સુધી ચાલચાલ કર્યું હતું અને ભૂખ કડકડીને લાગી હતી તેથી માણસો ખાતું ખાતાં હતાં તેમની પાસે હાજરી કરવાનું માગ્યું, એટલે તેઓએ તેને સત્કારપૂર્વક ખાવાનું આપ્યું.

૧ એ ખેડુતનું નામ ભીમસિંહ હતું. કુમારપાળે તેને વચન આપ્યું કે સમય આવતાં તમારા આશ્રયનો બદલો હું વાળી આપીશ.

૨ આ સ્ત્રી ઉદમ્બર ગામની રહેવાશી હતી અને તેનું નામ દેવશ્રી (શ્રી દેવી) હતું. કુમારપાળે તેને બહેન તરીકે ગણવા વચન આપ્યું.

દેશમાં ઘણે આઘે પ્રવાસ કરતો[1] કરતો તે આખરે સ્તંભતીર્થ અથવા ખંભાતમાં આવી પહોંચ્યો. અને ઉદયન મંત્રીને ઘેર ખાવા સારૂ ગયો. ત્યાં સમાચાર મળ્યા કે મંત્રી તો પૌષધશાળામાં ગયા છે એટલે પોતે ત્યાં ગયો. ત્યાં ઉદયનને હેમાચાર્યના ભેગો દીઠો. આચાર્યે કુમારપાળને દીઠો કે તરત તેને આખા દેશનો હવે પછી થનારો રાજા કહીને બોલાવ્યો. કુમારપાળ પોતાની તે વેળાની સ્થિતિ જોઈને અને જે ભયમાં તે હતો તેનો વિચાર કરીને બોલ્યો કે આવું ભવિષ્યકથન તો મનાય નહિ એવું છે, પણ હેમાચાર્યે ફરીથી ખાતરી કરીને કહ્યું, ત્યારે કુમારપાળે કોલ આપ્યો કે જો તમારૂં ભવિષ્ય ખરૂં પડશે તો હું જૈન ધર્મ પાળીશ. પછી ઉદયન મંત્રિયે પૈસા અને જોઈતો સરસામાન આપ્યો[2] તે લઈને કુમારપાળ માળવે ગયો, અને કુડંગેશ્વરના પ્રાસાદમાં એક પથ્થર ઉપર નીચે લખેલી મતલબનો લેખ વાંચીને ઘણું આશ્ચર્ય પામ્યો:—

गाथा—पुण्णे वास सहस्से सयम्मिवरिसाण नव्वनवइ कलिये
होही कुमर नरिन्दो तुह विक्कमराय सारिच्छो

"પવિત્ર ૧૧૯૯ મું વર્ષ વીત્યા પછી હે! વિક્રમરાય! કુમારપાળ રાજા થશે, તે તારા જેવો થશે."

---

૧ રસ્તામાં કુમારપાળનો બોસરી નામનો મિત્ર મળ્યો. તે સાથે ચાલ્યો. તે ગામડામાં માગી આવી રાજાને ખવરાવતો. એમ ચાલતે બન્ને મિત્રો ખંભાત (સ્તંભતીર્થ) ગયા.

૨ કુમારપાળ ખંભાતમાં હતો તેવામાં તેને પકડવા સિદ્ધરાજનું લશ્કર આવ્યું, તેથી કુમારપાળ હેમચંદ્ર પાસે પાછો આવ્યો. તેને તેણે એક ભોંયરામાં સંતાડ્યો. ઉપર ખજુરી વગેરેનાં ડાળખાં ઢાંકી મૂક્યાં. શોધનારા ત્યાં આવ્યા ખરા, પણ કુમારપાળ તેને ન મળવાથી પાછા ગયા. ત્યાંથી કુમારપાળ વટપદ્રપુર (ઘણું કરી વડોદરા) ગયો. આંહી ભૂખ લાગવાથી કલુક નામના વાણિયાની દુકાને ગયો ત્યાં ભુંજેલા ચણાની પૃચ્છા કીધી. અને પૈસા સાથે ન હોવાથી ઉધારે ચણા માગ્યા, વાણિયે તે આપ્યા. ત્યાંથી ભૃગુકચ્છ (ભરૂચ) ગયો ત્યાં એક જોશીએ તેને એક દેરાની ધ્વજા ઉપર કાળી દેવી નામનું પક્ષી બેઠેલું જોઈ ભવિષ્ય કહ્યું કે તમે થોડા વખતમાં રાજા થશો. ત્યાંથી કોલ્હાપુર ગયો ત્યાં તેને એક યોગીએ ગુજરાતની ગાદી મળવાનું ભવિષ્ય કહ્યું અને બે મંત્ર શીખવ્યા. ત્યાંથી તે કાંચી અથવા કોંચેવરમ ગયો. ત્યાંથી કાલંબપટ્ટન ગયો. (એ ઘણું કરી કોલમ અથવા કિવલોન હશે.) ત્યાંનો રાજા પ્રતાપસિંહ તેને મ્હોટા ભાઈ તરીકે માન દઈ શહરમાં લાવ્યો અને તેના માનમાં શિવનું કુમારપાળેશ્વર નામનું દેરૂં બાંધ્યું તથા તેના નામનો સિક્કો પાડ્યો. ત્યાંના રાજાની રજા લઈ કુમારપાળ ચિત્રકૂટ અથવા ચિતોડ ગયો અને ત્યાંથી કુમારપાળ ઉજ્જન ગયો. ૨. ઉ.

તે જેવામાં માળવામાં હતો તેવામાં તેને સમાચાર મળ્યા કે સિદ્ધરાજ સ્વર્ગવાસ પામ્યો છે. એટલે ગૂજરાત જવાને તેણે નિશ્ચય કર્યો. પણ પેટ ભરવાને પૂરૂં સાધન હતું નહિ તેથી અણહિલવાડ જઈ પ્હોંચતાં તો તેને વાટમાં ઘણાં સંકટ આવી પડ્યાં.

એક કંદોઇએ દયા આણીને તેને ખાવાનું આપ્યું તે ખાઇને કુમારપાળ પોતાના બનેવી કાન્હડદેવને ઘેર ગયો. સિદ્ધરાજે પોતાના મરણ પ્હેલાં તેના પ્રધાન અને કારભારિયોને બોલાવીને પોતાને ગળે હાથ મૂકાવી સમ ખવરાવ્યા હતા કે મારી પાછળ કુમારપાળને ગાદી ઉપર બેસારવો નહિ. આ વાત ચાલતી હતી એટલામાં તો તેણે પોતાનો દેહ છોડ્યો. કાન્હડદેવે સમ ખાધા હતા કે નહિ તે જણાયું નથી, પણ કુમારપાળ આવ્યાના તેણે સમાચાર સાંભળ્યા કે તરત જ પોતાની હવેલીમાંથી બ્હાર આવીને તેને આદરમાનથી મળ્યો, અને તેને પોતાની આગળ ચલાવીને ઘરમાં લઈ ગયો. બીજે દિવસે સવારમાં પોતાના ચાકરોને એકઠા કરીને તે કુમારપાળને દરબારમાં લઈ ચાલ્યો. રાજાની પછવાડે કોને ગાદિયે બેસારવો તે નક્કી કરવાને, કાન્હડદેવે (કૃષ્ણદેવે) મહાન્ સિદ્ધરાજના આસન ઉપર પ્રથમ એક કુંવરને તે પછી બીજાને બેસાર્યો તે કદાપિ, કુમારપાળના ભાઈ મહીપાળ અને કીર્તિપાળ હશે. પ્હેલો તેના બાયલા પોષાક ઉપરથી સર્વની નજરમાં ઉતર્યો નહિ એટલે તેને બાતલ કરવામાં આવ્યો. બીજા કુંવરને ગાદી ઉપર બેસારીને એકઠા મળેલા કારભારિયોએ પૂછ્યું કે, "જયસિંહ અરાડ[1] દેશ

---

[1] कर्णाटे[१] गूर्जरे[२] लाटे[३] सौराष्ट्रे[४] कच्छ[५]सैन्धवे[६] ।
उच्चायां[७] चैव भम्भेर्यां[८] मारवे[९] मालवे[१०] तथा ॥ १ ॥
कौङ्कणे[११] च महाराष्ट्रे[१२] कीरे[१३] जालन्धरे[१४] पुनः ।
सपादलक्षे[१५] मेवाडे[१६] दीपा[१७]भीराख्ययो[१८]रपि ॥ २ ॥

૭ ઉચ્ચ–મુલતાનની નૈઋત્ય કોણની દક્ષિણમાં ૭૦ માઇલ ઉપર પંચનદના પૂર્વ કિનારા ઉપર ભાવલપુર સ્ટેટમાં જ્યાં સતલજ નદી સિંધુ નદને મળે છે તે ઠેકાણાનું પ્રાચીન નગર. હવણાં મિઠ્ઠણકોટ આગળ ચીનાબ નદીનો સિંધુ સાથે સંયોગ થાય તેને બદલે તૈમુર અને અકબરના સમયમાં ત્યાંથી ૬૦ માઇલ ઉપર ઉચ્ચ નગરની સામી બાજુએ થતો હતો. હાલના ચાલતા સૈકાની શિરૂઆતથી સિંધુ નદિયે પોતાનો માર્ગ બદલી નાંખ્યો છે અને અગ્નિકોણની દક્ષિણમાં વ્હેતો વ્હેતો જઈને પોતાના જૂના માર્ગને મિઠ્ઠણકોટ આગળ ફરીને મળતો જાય છે. આ પ્રમાણે ફેરફાર થવાથી ઉચ્ચથી ૨૦ માઇલનું છેટું પડી ગયું છે. જહલમ અને ચીનાબના સંગમથી પશ્ચિમમાં

મૂકીને ગયા છે તેનું રાજ્ય કેવા પ્રકારે ચલાવશો ?" ત્યારે તેણે ઉત્તર આપ્યો કે "તમે કહેશો તેમ તમારી સલાહ પ્રમાણે." સામંતોના કાનમાં સિદ્ધરાજના વીર્યવાન્ અવાજની આજ્ઞાઓ પડી ગયેલી હતી તેથી આ કુંવરનું કહેવું ઘણું રડતું અને પોચું જણાયું તેથી એને પણ પસંદ કર્યો નહિ. ત્યાર પછી કુમારપાળ બેઠો. તેને પણ એ જ પ્રશ્ન પૂછવામાં આવ્યો, એટલે એકાએક ચમકી ઉઠી પગે થયો ને તેની આંખ્યો શૂરના જુસ્સાથી લાલ અગ્નિ જેવી કરી દેતેકને તરવારને મ્યાનમાંથી અર્ધી ખેંચી કહાડી. તે વેળાએ ધન્ય ધન્યના અવાજથી રાજસભા ગાજી ઉઠી, અને કાન્હડદેવે તથા ગૂજરાતના બીજા

થોડે છેટે ઉચ્ચ નામની જગ્યા આજે પણ છે. ઉચ્ચ અથવા ઉછ નામ ઉત્તર હિન્દુસ્તાનમાં પ્રસિદ્ધ છે. ઉચ્ચ નગર જેનું મુખ્ય શહર એવા દેશને ઉચ્ચ દેશ કહ્યો જણાય છે.

૮ બમ્ભુરા—સિંધના કરાંચી જીલ્લામાં પ્રાચીન નગર હતું. તેની આસપાસ કોટ હતો, અને તેમાં પ્રસિદ્ધ દેવાલયો હતાં. મુસલમાનોએ ઈ. સ. ૭૧૧ ના હુમલામાં તોડી નાંખ્યાં. આજે પણ એ ઠેકાણેના લોકો દેવલ, દેબલ, દાવળ એવા નામથી તેને ઓળખે છે.

આ નગર જેનું મુખ્ય સ્થાન હતું તે દેશ તે બંભેરા, ભંભેરા, હોવો જોઇયે.

૧૪ જલંધર-પંજાબ દેશમાં આવેલો એક પ્રદેશ. તે સમયે જૂદો દેશ હતો. તેનું ક્ષેત્રફળ ૧૨, ૧૮૧ ચોરસ મૈલ ગણવામાં આવ્યું છે એની ઈશાન કોણમાં હોશિયારપુર જીલ્લો છે, વાયવ્ય કોણમાં કપુરથલા અને બિયાસ નદી છે. દક્ષિણમાં સતલજ નદી આવી છે. સતલજ અને બિયાસ નદીની વચ્ચે ત્રિકોણાકાર પ્રદેશ જલંધર દોઆબ કહેવાય છે અને તે ઘણો ફળદ્રુપ ગણાય છે. પ્રાચીન સમયમાં ચંદ્રવંશી રાજાઓના તાબાનો આ દેશ હતો. કાંગડા પર્વતના પ્રદેશમાં ન્હાનાં ન્હાનાં સંસ્થાનો છે. ત્યાં આજે પણ તેના વંશજો છે. અને તેઓ મહાભારતમાં આવેલા સુશર્મ ચંદ્રથી ઉતરેલા ગણાય છે. તેણે મહાભારતની લડાઈ પછી પોતાનું મુલતાનનું રાજ્ય છોડ્યું અને કાટોચ અથવા ત્રૈગર્ત્ત નામે રાજ્ય જલંધર દોઆબમાં સ્થાપ્યું.

સાતમા સૈકડામાં હ્યુએન્સંગ નામનો ચીનો યાત્રાળુ આવેલો તેના લખાણ ઉપરથી જણાય છે કે, હવણાં જે જલંધર જીલ્લો ગણાય છે તે ઉપરાંત હોશિયારપુર-કાંગડા પર્વતનો પ્રદેશ અને હવણાંનાં ચમ્બા, મંડી, અને સિરહિન્દ સંસ્થાનનો પ્રદેશ પણ તેમાં આવી જાય છે.

પદ્મપુરાણ ઉપરથી જણાય છે કે, જલંધર દૈત્યે તેની સ્થાપના કરી હતી.

જલંધર શહર ચીના મુસાફરે બે માઈલના ઘેરાવાનું લખ્યું છે. તેની પાસે બે જૂનાં પ્રાચીન તળાવ છે. ગજનીના ઇબ્રાહિમે મુસલમાનની ધૂંસરી નીચે તે આણી દીધું હતું. મોગલોના રાજ્યને સમયે સતલજ અને બિયાસ નદીના દોઆબની તે રાજધાની હતી. તેના જૂદા જૂદા વિભાગ પડેલા હતા અને તે પ્રત્યેક વિભાગની આસપાસ જૂદા જૂદા કોટ હતા.

સામંતોએ કુમારપાળની ગાદીને પંચાંગ પ્રણામ કર્યા, ને શંખનાદ અને વાદિત્ર વાગવા લાગ્યાં. એ રીતે તેને જયસિંહનો યોગ્ય ક્રમાનુયાયી માન્ય કર્યો.

કુમારપાળ ઇ૦ સ૦ ૧૧૪૩ માં પોતાની પચાસ વર્ષની વયે ગાદી ઉપર બેઠો.[1] તેના પાકા વયને લીધે અને પરદેશમાં દેશાટન કરવાથી અનુભવ મળેલો તેથી કરીને તેની અને દરબારી બીજા વૃદ્ધ કારભારિયોની વચ્ચે અણબનાવ થયો, તે ઉપરથી તેઓને તેમના અધિકાર ઉપરથી દૂર કર્યા. તેથી વેર લેવા સારૂ તેઓએ એકઠા મળીને તેને મારી નાંખવાનો મનસુબો કર્યો; અને જે દરવાજે થઈને તે રાતની વેળાએ નગરમાં આવવાનો હતો તે દરવાજે મારા મૂક્યા, પણ "આગલા ભવમાં તેણે શુભ કરણી કરેલી" તેથી તેને કાને વાત આવી ગઈ એટલે જે વાટેથી તેણે જવાનું ધાર્યું હતું તે વાટ રહેવા દઈને બીજી વાટે થઈને નગરમાં ગયો, એટલે શત્રુઓનો પ્રયત્ન નિષ્ફળ ગયો. પછી કુમારપાળે તરફડી લોકોને મારી નંખાવ્યા. કાન્હડદેવે રાજાને ગાદી ઉપર બેસાર્યો હતો, તથા તે તેનો બનેવી થતો હતો તેનું અભિમાન રાખી, કુમારપાળને અપમાન પ્હોંચે એવી રીતે તેના કુળ વિષે તથા તેની આગળની સ્થિતિ વિષે બોલવા લાગ્યો. રાજાએ તેને સમજાવ્યો પણ તડૂકીને તેનો ઉત્તર આપ્યો, અને તેનું કહ્યું નહિ માનવાનો તેણે ઠરાવ કર્યો હોય એવું આગળ જતાં જણાયું, એટલે તેને પણ કુમારપાળે મારી નંખાવ્યો. આ બનાવની અસર ઘણી સારી થઈ ને તે દિવસથી સર્વે સામંતો રાજાની આજ્ઞા ઉલ્લંઘન કરતાં ડરવા લાગ્યા, કેમકે,

उपजातिवृत्त—आदौ मयै वायम दीप्ति नूनं न तद्वहेन्मामवहेलितोऽपि ।

इति भ्रमादङ्गुलिपर्वणापि स्पृशेत नो दीप इवावनोदः ॥

---

૧ રાજ્યવંશાવલિમાં ગાદિયે બેસવાનો દિવસ સંવત્ ૧૧૯૯ના માગશર શુદિ ૧૧ લખેલ છે. એ ગાદિયે બેઠો ત્યારે આશ્રય આપનારને નીચે પ્રમાણે બક્ષિસો આપી તે ચરિત પ્રમાણે—

કુમારપાળ ગાદિયે આવતાં પોતાની રાણી ભૂપાલદેવીને પટરાણી સ્થાપી ઉદયને ખંભાતમાં મદદ કરી હતી તેને પ્રધાન નીમ્યો. તેના દીકરા બાહડ અથવા વાગ્ભટને મુખ્ય સભાસદ અથવા મહામાત્ય બનાવ્યો. આલિંગને બીજો સભાસદ અથવા મહાપ્રધાન નીમ્યો, ને ચિતોડના કિલ્લા પાસે સાતસેં ગામો બક્ષિસ આપ્યાં. ભીમસિંહે કાંટાની વાડ નીચે સંતાડ્યો હતો, તેને અંગરક્ષક સેનાનો મુખી નીમ્યો. વાણિયાણી દેવશ્રી (શ્રીદેવી) પાસે ગાદિએ બેસવાને સમયે બ્હેન તરીકે રાજ્ય તિલક કરાવ્યું ને દેવયો ગામ (પ્રબંધ પ્રમાણે ધવલક અથવા ધોળકા ગામ) આપ્યું. વડોદરાના વાણિયાએ ચણા આપ્યા હતા તેને વટપદ્ર અથવા વડોદરું બક્ષિસ આપ્યું. કુમારપાળના મુખ્ય સોબતી બોસરીને લાટ મંડળ આપ્યું, એટલે દક્ષિણ ગુજરાતનો સૂબો બનાવ્યો.

"દીવો મેં સળગાવ્યો છે માટે તે મને દઝાડશે નહિ એમ માનીને દીવેટને બળતી જોતે આંગળીનું ટેરવું ધરિયે તો તે બાળ્યા વિના રહે નહિ. તેમ જ રાજાને વિષે પણ સમજવું."

ઉદયન મંત્રિયે કુમારપાળને આગળ સારો આશ્રય આપ્યો હતો તેથી તેણે તેના પુત્ર **વાગ્ભટ્ટદેવને** પોતાનો મહામાત્ય ઠરાવ્યો. તેમ જ **આલિંગ** [1]કુંભારે અને બીજાઓએ સંકટની વેળામાં એનું રક્ષણ કર્યું હતું તેઓનો બદલો વાળ્યો. તથાપિ ઉદયનનો બીજો પુત્ર **વાહડ** કરીને જે **સિદ્ધરાજનો** ખરેખરો માનીતો હતો (પ્રતિપન્ન પુત્ર) તે કુમારપાળની આજ્ઞામાં નહિ રહેતાં, **નાગોરનો (અજમેર)** [2]**આના** રાજા અથવા **મેરૂતુંગ** જેને **વિસલદેવ ચૌહાણનો** પૌત્ર **આનાક** કરીને કહે છે, તેની ચાકરીમાં રહ્યો. **વાહડના** સમજાવ્યાથી **આનાને** ગૂજરાત ઉપર ચડાઈ કરવાનું મન થયું, અને તે દેશના ઘણા સામંતો પોતાની પક્ષમાં આવશે એવી આશા રાખીને તે મ્હોટી સેના લઈને ગૂજરાતની સીમા આગળ આવી પહોંચ્યો. **સોલંકી** રાજાએ શત્રુની સામે થવાને ચતુરંગ સેના એકઠી કરી, અને જેઓ શત્રુ હતા તેઓનાથી દેશને નિર્ભય કરવાને અથવા ગ્રંથકર્ત્તાના બોલમાં લખીયે તો "દેશ નિષ્કંટક કરવાને" **આનાની** સામે ભીંડાવાને તે ઉતરી પડ્યો. લડાઈ ચાલી ના ચાલી એટલામાં તો, ઘણાક ગૂજરાતના સામંતો રાજાને તજીને જવા લાગ્યા, તે ઉપરથી **વાહડનું** કપટ જણાઈ આવ્યું. કુમારપાળે પોતાની આખી સેના વિખરાઈ ગયેલી જોઈ એટલે પોતાના હાથીના મહાવતને આજ્ઞા કરી કે **નાગોરના** રાજાને માથે રાજછત્ર હશે એ નિશાની ધ્યાનમાં રાખીને હાથીને તેની લગભગ હાંકી જા કે તે રાજા સાથે જાતોજાત કાપાકાપી કરવાને બની આવે. આ સૂચના પ્રમાણે, જ્યાં આગળ રહીને **નાગોરનો** રાજા લડતો હતો, ત્યાં આગળ, સેનાની ભીંડમાં થઈને મહાવત હાથી હાકી લાવ્યો, તે જોઈને **વાહડ** બે રાજાઓની વચ્ચે આવીને પોતાના હાથી ઉપરથી, જે હાથી ઉપર કુમારપાળ બેઠો હતો તેના ઉપર કૂદી પડી તેને મારી પાડવા જતો હતો તેવામાં જ મહાવતે અંકુશથી હાથીને પાછો હઠાવી દીધો એટલે **વાહડ** ધીબાક લેતોને નીચે પડ્યો, તેને રાજાની આસપાસ વિંટળાઈ વળેલા પાળાઓએ ઝાલી લીધો. પછી કુમારપાળ સત્વર **આનાના** ભણી ધપી જતોકને, "સંભાળજે અલ્યા! સંભાળજે" એમ કહી પોતાના ધનુષ્યમાંથી એક બાણ એવું છોડ્યું કે તે

૧ કુંભારને માત્ર માનની ખાતર મહા પ્રધાનપદ અને સાતસેં ગામની ઉપજવાળું ચિત્રકોટ (ચિતોડ) આપ્યું એમ મેરૂતુંગ લખે છે. ર. ઉ.

૨ સપાદલક્ષનો રાજા અથવા આન્ન હેમાચાર્ય લખે છે.

જતુકને નાગોરના રાજાના મ્હોંડા ઉપર વાગ્યું ને તેને નીચે ભોંય ઉપર ગબડાવી દીધો. એટલે ગૂજરાતના ઘોડેસ્વાર જયજયના ઘોષ કરતા આગળ ધપ્યા; અને તરત તેઓના શત્રુઓની પૂરેપૂરી હાર કરીને તેઓને નસાડી મૂક્યા.

કુમારપાળના રાજ્યના પ્રારંભમાં જે લડાઇયો ચાલી તે વિષે દ્વયાશ્રયનો કર્ત્તા નીચે પ્રમાણે વૃત્તાન્ત આપે છેઃ—

જયસિંહના મરણ પછી, આન્ન[1] કરીને એક લાખ ગામના દેશોનો

[1] સપાદલક્ષ એટલે સવા લાખનો દેશ--શાકંભરીનો રાજા આન્ન, આનક, અન્ન, અર્ણોરાજ, અથવા ચતુર્વિંશતિ પ્રબંધમાં જેને શાકંભરીશ્વર ચાહમાન વંશનો આનાક રાજા કહ્યો છે તે; વળી કુમારપાળ ચરિત્ર ઉપરથી ટૉડે જેનું નામ પૂરણપાળ આપ્યું છે, તેમ જ ગૂજરાતી કુમારપાળ રાસામાં જેને પૂરણરાય કહ્યો છે, તે કુમારપાળની બ્હેન દેવળદેવી સાથે પરણ્યો હતો. દ્વયાશ્રયના કર્ત્તા સિવાય કુમારપાળ પ્રબંધનો ગ્રન્થકાર અને ઉપર જણાવેલા ગ્રન્થકારો લખે છે કે, એક સમયે આન્ન દેવળદેવી સાથે સોકટાં બાજી રમતો હતો તેવામાં, એક સોકટી મરતી હતી તે બતાવીને આન્ને કહ્યું કે, મુંડકાને મારો. રાણી મર્મ સમજી ગઈ અને બોલી કે, મારી સાથે આવું હાસ્ય કરો નહિ. છતાં રાજા ફરી ફરીને એમ જ બોલવા લાગ્યો, ત્યારે કોપ કરીને રાણી બોલી કે જંગડક! જીભ સંભાળીને બોલો. ગૂજરાતના દેદીપ્યમાન દેહવાળા સ્વચ્છ અને મધુર આલાપ કરનારા ભૂમિના દેવતા રૂપ સુશોભિત સાધુની સાથે તમારા દેશના જાડા, લંગોટિયા, વિવેકશૂન્ય, ક્રૂર વાણી બોલનારા, પિશાચ જેવા ભયંકર દેખાવના જોગટા શું બરાબરી કરી શકે એમ છે? તમને મારી શરમ નથી પડતી તો રહી, પણ શું મારા ભાઈ, રાજ-રાક્ષસ કુમારપાળનો પણ ભય નથી રાખતા? રાજાને તેનાં આવાં વચન સાંભળીને ક્રોધ ચડ્યો, અને રાણીને લાત મારી અને બોલ્યો કે, જા, તારા ભાઈને જે કહેવું હોય તે કહે. રાણિયે પ્રતિજ્ઞા લઈને કહ્યું કે, તમારી આવી જીભ ખેંચી કઢાવું નહિ તો હું રાજપુત્રી નહિ. એમ કહી પોતાના પરિવાર સહિત તે પાટણ આવી અને સખેદ સર્વ વર્ત્તમાન તેના ભાઈ કુમારપાળને કહી પોતે લીધેલી પ્રતિજ્ઞા નિવેદન કરી. એટલે તે બોલ્યો કે, એ દુષ્ટને તેની જીભનું ફળ ચખાડી તારી પ્રતિજ્ઞા હું પરિપૂર્ણ કરીશ. કુમાર-પાળે આન્નની ચર્ચા જેવા પોતાના આપ્ત મંત્રીને મોકલ્યો. તેણે આન્નની પરિચારકા તાંબૂલદાસીને સહવાસમાં લઈને મેળવી લીધી. તેણે એક વાર કહ્યું કે આજે પ્રહર રાત્રિ જતાં રાજાએ વ્યાઘ્રરાજને બોલાવ્યો અને તેને કહ્યું કે, તું કુલક્રમાગત સેવક છું, જા, હું તને ત્રણ લાખ સુવર્ણ આપું છું. જઈને ગૂજરાતના કુમારમાળને થાનક જઈને તેને મારી નાંખ. એવી આજ્ઞા પ્રમાણે તે ત્યાં ગયો તેના પ્હેલાં તો, પેલો આપ્ત મંત્રી જે વાણિયાનો વેષ ધારણ કરીને રહ્યો હતો, તેણે એક ચતુર દૂતને સત્વર ગૂજરાત મોકલી રાજાને ચેતાવ્યો કે, ભરટક (ભયડા) જેવો કોઈ અજાણ્યો માણસ આવે તેનાથી સાવ-ધાન રહેજો. કુમારપાળ કર્ણમેરૂ પ્રાસાદના ગંભારમાં પૂજા કરવા ગયો ત્યાં પેલો ભયડો જેવામાં આવ્યો. તેને મલ્લોએ ઝાલી લીધો, ને તેની પાસે કાતુકટારી હતી તે ખુંચવી લઈ તેને જતો મૂક્યો.

રાજા હતો અને તે જયસિંહનો માંડલિક હતો, તો પણ તેણે વિચાર્યું કે ગૂજરાતનું રાજ્ય નવું જ બંધાયું છે અને કુમારપાળ નબળો રાજા છે, તેથી પ્રસિદ્ધ

કુમારપાળે યુદ્ધની તૈયારી કરી, અને વિવિધ પ્રકારે પાર્ષ્ણિરક્ષા એટલે પછવાડે નગરાદિની રક્ષા થાય એવી ગોઠવણ કરીને આન્ન ઉપર ચડી ગયો. રસ્તામાં ચંદ્રાવતી આગળ આવ્યો. ત્યાંનો વિક્રમસિંહ કુમારપાળનો સામંત હતો તે કુમારપાળને વહ્નિયંત્રની યુક્તિથી દગો દેવા પ્રવૃત્ત થયો હતો પણ તે વેળાએ તે ફાવ્યો નહિ. પછી તેને પણ વશ કરી પોતાની સાથે લીધો અને શાકંભરીની સમીપના વનમાં મેલાણ કરી પડ્યો. આન્ન કડવાં વચન બકયો હતો તેથી નીચે આપેલી કવિતા તેણે લખી આપીને પોતાના દૂતની સાથે તેને મોકલી તેમાં લખ્યું હતું કે,

रे रे भेक गलद्विवेककटुकं किं रारटीष्युत्कटे ।
गत्वा क्वापि गभीरकूपकुहरे त्वं तिष्ठ निर्जीववत ॥
सर्पोऽयं स्वमुखप्रसृत्वरविषज्वालाकरालो महान् ।
जिह्वालस्तव कालवत्कवलनाकांक्षी यदा जग्मिवान् ॥

હે વિવેકરહિત દેડકા! તું આ કડવું કડવું શું બકે છે? કોઈ મ્હોટા કૂવાની બખોલમાં જઈ મરેલાની પેઠે પડ્યો રહે, નહિ તો મુખથી ફેલાતા વિષની જ્વાલાએ કરીને ભયંકર એવો મોટી જીભવાળો કાળ સરખો તારો કોળિયો કરી જવાની આકાંક્ષા કરનાર આ સર્પરાજ આવ્યો છે.

આ કવિતાનો મર્મ સમજીને, આન્ન રાજાએ, નીચે પ્રમાણે કવિતા લખીને કુમારપાળના દૂતને આપીઃ—

रे रे सर्प विमुच्य दर्पमसमं किं स्फारफूत्कारतो ।
विश्वं भीषयसे क्वचित्कुरु विले स्थानं चिरं नन्दितुम् ॥
नोचेत्प्रौढगदुत्स्फुरत्तरमरुद्व्याधूतपृथ्वीधर–
स्ताक्ष्यों भक्षयितुं समेति झटिति त्वामेष विद्वेषवान् ॥

હે સર્પ! તું આવો અસાધારણ ગર્વ છોડી દે. અત્યંત ફૂંફવાડા મારીને જગતને કેમ બ્હીવડાવે છે? ચિર કાલ આનંદ પામવો હોય તો કોઈ બિલમાં જઈ સ્થાન કર, નહિ તો મ્હોટી ફડફડતી પાંખના પવનથી પર્વતને ડોલાવનાર આ તારો શત્રુ ગરૂડ તારૂં ભક્ષણ કરવાને શીઘ્ર આવે છે.

ચતુર્વિંશતિ પ્રબંધમાં લખ્યું છે કે, જ્યારે સિદ્ધરાજની ગાદિયે તેની પાદુકા પૂજાતી હતી ત્યારે માળવાના રાજપુત્ર ચાહડે પ્રધાનો પાસે ગાદી મેળવવાની ઇચ્છા જણાવી, પણ તે તેને મળી નહિ, એટલે તે રીસાઈને આન્નની ચાકરીમાં જઈને રહ્યો. આ સખ્શનું નામ કુમારપાળ પ્રબંધમાં ચારભટ લખ્યું છે. પ્રબંધ ચિન્તામણિમાં એમ છે કે, સિદ્ધરાજનો પ્રતિપન્ન પુત્ર વાહડ કુમારપાળની આજ્ઞામાં ન રહેતાં સપાદલક્ષ-(આન્ન)ની સેવામાં રહ્યો અને આન્નને લઈને ગૂજરાતને સીમાડે આવી પડાવ નાંખ્યો. કુમારપાળ ચતુરંગી સેના લઈને શત્રુની સામે ઉભો રહ્યો.

થવાનો આપણને આ બહુ સારો લાગ હાથ લાગ્યો છે. આવી ધારણાને લીધે તેણે ઉજ્જણનો બલ્લાલ રાજા હતો તેની સાથે અને ગૂજરાતની પશ્ચિમ દિશાના દેશોના રાજાઓની સાથે, તેઓને બ્હીક બતાવીને, તેમ જ, આશા દઈને મિત્રાચારી કરવા માંડી. કુમારપાળના ચારે (હેરકે) તેને જાણ કરી કે, આન્ન રાજા સેના લઈને ગૂજરાતની પશ્ચિમ સીમા ભણી આવે છે અને તેની સાથે જે સામંતો છે તેમાંના કેટલાક આગેવાન તો પરભાષાઓમાં કુશળ છે, તથા વળી તેને કુડા ગામનો રાજા અને અણહિલવાડની સેનાનો સેનાપતિ વાહડ એ બે ક્યારનાય મળી ગયા છે. વળી તેઓએ કહ્યું કે ગૂજરાત અને માળવા વચ્ચે આવજાવ કરનારા વેપારિયોએ ઉજ્જણના રાજાને ગૂજરાત-ની સ્થિતિ વિષે સારી પેઠે માહિતગાર કર્યો છે, તેમ જ માળવાના રાજા બલ્લાલ સાથે તેણે ઠરાવ કરી રાખ્યો છે. તે ઉપરથી આન્ન રાજા ચડાઈ કરે

અર્ણોરાજ ચારભટને ક્હેવા લાગ્યો કે દુઃખે **કરીને** પણ જિતાય નહિ **એવા કુમાર**-પાળને સુખે જિતવાને શો ઉપાય કરવો? તેણે કહ્યું કે, કુમારપાળ કૃપણ અને અકૃતજ્ઞ છે તેથી દુલિયા **કેલ્હણ–મેલ્હણ** આદિ **સામંતો** તેની વિરૂદ્ધ છે, માટે તેમને લાલચ દઈને ફોડીશું. અને હું પણ સવારમાં દેવગજ ઉપર ચડીને સિંહનાદ કરી કુમારપાળના હાથીને ત્રાસ પમાડીશ. તે પછી તેણે કુમારપાળના સામંતોને દ્રવ્ય આપીને ફોડ્યા. યુદ્ધમાં કુમારપાળે પોતાના **સામંતોને** ઉદાસ જોઈ પોતાના મહાવત **શ્યામળને** તેનું કારણ પૂછ્યું. એટલે તેણે જાણ્યું હતું તે કારણ કહી સંભળાવ્યું; અને રાજાને ચેતાવ્યો. યુદ્ધ થતી વેળાએ **ચારભટે** દેવગજ ઉપરથી સિંહનાદ કર્યો એટલે કુમારપાળનો હાથી કલહપંચાનન પાછો હઠ્યો. **વાહડે ચકલિંગને** ફોડ્યો હતો પણ તેને બદલે **શ્યામળ** મહાવત ઠર્યો હતો; એ તેના જાણવામાં ન હતું તેથી **વાહડ** કુમારપાળના હાથી ઉપર ચડી જઈ તેને કતલ કરવા જતો તેને નીચે નાંખીને કાપી નાંખ્યો અને કુમારપાળે છલંગ મારીને **આન્નના** હાથીના ગંડસ્થળ ઉપર ચડી જઈ તેને નીચે પાડી નાંખી તેની છાતી ઉપર ચડી બેઠો. અને બોલ્યો કે રે, બકવા કરનાર–વાચાળ! મૂઢ! અધર્મી! પિશાચ! માર મુંડકાને એવું મારી બ્હેનને ક્હેનાર! તારૂં એ વચન સંભાર. હું હવણાં મારી બ્હેનની પ્રતિજ્ઞા પ્રમાણે તારી જીભનું છેદન કરૂં છું. **આન્ન રાજા** કરગરીને ક્હેવા લાગ્યો કે, હું તમારે શરણે છું, મને બચાવો." કુમારપાળને તેનાં આવાં દીન વચનથી દયા આવી ને તેને છોડ્યો, પણ આજ્ઞા કરી કે, તારા દેશમાં જે ટોપી પ્હેરવામાં આવે તેને બે જીભ જેવા આકારનાં છણગાં રાખી તેને કસણથી પછવાડે બાંધવી, એટલે તારી જીભ બાંધીને બંધ કર્યાથી મારી બ્હેનની પ્રતિજ્ઞા પૂર્ણ થશે. પછી કુમારપાળે તેને લાકડાના પિંજરામાં ત્રણ દિવસ પૂરી પોતાની સેનામાં રાખ્યો, અને તેને શાકંભરીનું રાજ્ય પાછું આપી કુમારપાળ **પાટણ** આવ્યો અને પોતાની બ્હેનને સમાચાર કહી વિનવી કે હવે તું તારે સાસરે જા, પણ તે અભિમાનને લીધે ત્યાં ગઈ નહિ; અને **સ્તંભનપુરમાં** તપ કર્યું. ર. ઉ.

કે તરત ગૂજરાતના પૂર્વ ભાગ ઉપર હલ્લો કરવાને તે તૈયાર થઈ રહ્યો છે. આ સમાચાર સાંભળીને કુમારપાળ ઘણો ક્રોધાયમાન થયો.[1]

---

૧ દ્વ્યાશ્રય ઉપરથી વિશેષ વૃત્તાન્ત–તેની ટીકા લખનાર અભયતિલક ગણિના અભિપ્રાય ઉપરથી ગૂજરાતી ભાષાંતરમાં જે ફેરફાર કરવો યોગ્ય જણાયો તે કર્યો છે. તે સંબંધમાં વિશેષ વર્તમાન નીચે પ્રમાણે છે,—

શરાવતી નદી જે ઈશાનથી નૈઋત્ય ભણી વ્હે છે તેના પૂર્વ ને દક્ષિણ ભણીના જે દેશ છે તે "પૂર્વના દેશ" ગણાય છે અને તે નદીથી પશ્ચિમના ને ઉત્તરના દેશ છે તે "ઉત્તરના દેશ" ગણાય છે.

સપાદલક્ષ દેશ ગૂજરાતની ઉત્તરમાં ગણ્યો છે અને ગૂજરાતને સપાદલક્ષ દેશથી પશ્ચિમમાં ગણ્યો છે, અવન્તિને ગૂજરાત ને સપાદલક્ષથી પૂર્વમાં ગણી છે.

સપાદલક્ષનો રાજા આન્ન, જયસિંહના દેવ થયા પછી, મદોન્મત્ત થઈ ગયો હતો. તેણે વિના કારણે વિરોધ આરંભ્યો. નૈકેતી, શાકલ, કાણ્વ, દાક્ષ, ચૈડકીય, કાશીય, આદિના હેરકો દ્વારા તેણે કુમારપાલની ચર્ચા જાણી લેવા માંડી અને તેના ચારો કાંડાગ્ન, પિપ્પલ, કુચ્છ, ઈન્દુવક્ર આદિ સ્થાને ફરવા લાગ્યા.

આન્ને માત્ર મંગલાલંકાર જે ગ્રૈવેયક (ગળે પેહેરવાનો ગળચવો, ગલુબંધ) તે પ્હેર્યો હતો અને કંકની કૂખમાં ઘાલીને ઘણા દિવસ સુધી ચૂર્ણ કરેલા લોહની બનાવેલી તરવાર જે કૌક્ષેયક કહેવાય છે તે બાંધી લીધી હતી. એ પ્રમાણે તે રાવણના ગર્વ કરતાં પણ અધિક ગર્વ ધારણ કરતો આલ્યો. શત્રુપક્ષને કળવા નહિ દેતાં તથા તેના ચાંડાલોને છેતરતો એક હેરક કુમારપાળ પાસે આવ્યો, અને તેણે નિવેદન કર્યું કે, ઘણાં વર્ષ વૈર ધારણ કરેલું પણ તે હવણાં જ પ્રકટ કરીને આન્ન સેના સહિત ચાલ્યો છે, તે આવતી કાલે આપના દેશને સીમાડે આવી પ્હોંચશે. કાંયિક એટલે કંથા ગામના–કન્થાગઢ અથવા (કન્થકોટના) તથા તે ગામની સમીપના, તેમ જ અરણ્ય દેશના, શિવ રૂપ દેશના રાજાઓ આપનાથી ભિન્ન થઈને આન્નને મળ્યા છે; અને હસ્તી ઉપર ચડવામાં ઈન્દ્રની બરાબરી કરી શકે એવો જે ચાહડ તે પણ તેના ઘોડા અને સુભટો સહિત કાલે જવાનો છે.

પૂર્વ મદ્રનો રાજા, અપરૈષુકામશમી ગામનો રાજા, ગોમતી નદીના પ્રદેશનો રાજા, ગોષ્ઠ્યા ને તૈકયા(ગામ)ના રાજા, તેમ જ પૂર્વ ભણીના દેશના ગામ વાહિક ને રોમકના રાજા, ચક્રુલ્લોમ દેશ જે ઉત્તર દિશામાં છે તેના રાજા, પટચ્ચર અને શૂરસેનના રાજા, આન્નના પક્ષમાં છે. અવન્તિ દેશમાં ગોનર્દ* ગામ છે તેનો ગોનર્દીય રાજા કુમારપાળથી ફીટીને આન્નને મળ્યો.

વૃજ, આગ્હન્તલ, મદ્ર, નાપિતવસ્તુના રાજા પણ આન્નના પક્ષમાં હતા. અવન્તિનો બલ્લાલ, આન્નના પક્ષનો હતો તેની સાથે કાકંટક, પાટલીપુત્ર, મલ્લવાસ્તના રાજા વળી આન્ન સાથે સામેલ થયા હતા.

ઉપર જણાવ્યા તે ઉપરાંત આન્નની ભણીના રાજાઓ નીચે પ્રમાણે હતા:—

ઉત્તર દેશના રાજા, શિવહાર નદીની અડખેપડખેના રાજા.

કુમારપાળને ઘણા રાજાઓ આવી મળ્યા, તેમ જ વળી કોળી, ઘણા કુશળ સવાર અને યોગરદમથી અરણ્યના લોકો સામેલ થયા. તેના ખંડિયા કચ્છ[1]ના લોક અને તેમની સાથે સિંધિયો પણ તેના વાવટા પછવાડે ચાલવા

ગ્રામેયક એટલે સત્ય બોલવામાં પ્રવીણ અને અગ્રામ્ય એટલે અસત્ય બોલવામાં પ્રવીણ એવા-ભાવાર્થ કે સત્યાસત્ય બોલવામાં નિપુણ એવા તથા કાત્રેયક એટલે ધર્મ, અર્થ, ને કામ એ ત્રણ જેમાં કુત્સિત છે એવા દેશમાં રહેનારા.

કુંશ્યા અને કુણ્યા એવા નામનાં બે ગામ એમ કેટલાક અર્થ કરે છે અને કેટલાક એ બે નામની નદીને કિનારે વસનારા એવો અર્થ કરે છે, તેઓ પણ હતા.

પૌરસ એટલે આગળના ભાગની સેનાનો સેનાપતિ, વલ્હિ દેશનો વાલ્હાયન રાજા હતો તેને ઠરાવ્યો; અને પાશ્ચાત્ એટલે પાછળના સૈન્યનો સેનાપતિ, ઉર્દ્દિ દેશના ઉર્દ્દાયન રાજાને ઠરાવ્યો. વળી પર્દિદેશનો રાજા સાથે હતો. આત્રનો એ પ્રકારે જમાવ હતો.

કુમારપાળની સહાય્યતામાં નીચે પ્રમાણે હતાઃ—યુગંધરનું પાયદલ; કુરૂ દેશના અશ્વારો; સાલ્વ દેશનું પાયદલ; ગૂર્જરાતની સમીપના મહિયડ જાતિના ક્ષત્રિયોનો નાટ્રહ દેશનો રાજા.

રાષ્ટ્રીય જાતિના રજપૂતોનો રાજા જે સમીપવાસી હતો તે નાન્દીપુર, સાંકાશ્યપુર ફાલ્ગુનીવહ દેશના ભૃત્ય રાજા, અલ્લાલ ઉપર ચડ્યા તેમ જ કાક નામનો બ્રાહ્મણ સેનાપતિ જે કુમારપાલનો દંડપતિ કહેવાતો હતો તે વાતાનુપ્રસ્થપુરના રાજા સહિત ચડી ગયો.

કુમારપાળ ચડ્યો તે વેળાએ તેની સાથે ઐરાવત, અભિસાર, દર્વસ્થલી, ધૂમ, ત્રિગર્ત, અભિસારાગર્તના રાજા પણ ચડ્યા.

સૌવીરના કુળ નામે ગામના ઉત્તમ અશ્વારો પણ કુમારપાળ સાથે આલ્યા.

આ વેળાએ ચક્રવર્ત્ત દેશના રાજાએ કુમારપાળને છત્ર ધર્યું હતું.

કચ્છના નામી બળદો સહિત કચ્છવાસિયો તથા સારા ઘોડા સહિત સિન્ધુ દેશના વતનિયો સંગાથે ચાલ્યા.

ઈક્ષ્વાકુ, શૃગાલગર્ત, આશ્વત્થિક, કટર્તક, દાક્ષિહ્રદ, દાક્ષિકંથા આયમુખના રાજાઓનાં સૈન્ય તેના ભેગાં મળ્યાં.

દાક્ષિ નગરથી પૂર્વ ભણીના રાજા તથા તે નગરથી પશ્ચિમ ભણીના, તેમ જ વાહિક ગામના ભૃત્યો અને દાક્ષિથી, પલદથી પશ્ચિમ ભણીના ગામના સુભટો તથા મૃગચર્મ, કામળિયો આદિ પર્વતવાસને ઉચિત એવા વેષવાળા પર્વતવાસિયો.

જ્યાં કૃકણ અને પર્ણ દેશના લોક વસે છે એવી અર્બુદ ભૂમિનો (આબુનો) રાજા વિક્રમસિંહ, જે કુમારપાળનો ભૃત્ય ગણાતો હતો, તે ગઢ દેશના પાયદલ સહિત તૈયાર થયો. ચંદ્રાવતી નગરીના પરમાર રાજા વિક્રમસિંહે એનો મુલક છીનવી લઈને એના ભત્રીજા અશોવલને આપી દીધો. ને કુમારપાળના ઉમરાવ યશોધવલે બલ્લાલ સેનને મારી નાંખ્યો છે. જુવો "ધાર રાજ્યનો હિન્દી ઇતિહાસ." યશોધવળ વિક્રમાદિત્યને ભત્રીજો થતો હતો. ર. ઉ.

૧. કચ્છના જામ લાખા જાડાણી અને સિંધના જામ ગાહીજી જાડાણીનાં લશ્કર હતાં. ર. ઉ.

લાગ્યા. રાજા ચાલતો ચાલતો આબુ સુધી ગયો એટલે મૃગના ચામડાનો પોષાક પ્હેરેલો એવા ત્યાંના પહાડી લોકો પણ તેને મળ્યા. આબુનો પરમાર ચંદ્રાવતી નગરીનો રાજા વિક્રમસિંહ કરીને હતો તે જાલંધર દેશનાં (ઝાલોરનાં) માણસો લઈને કુમારપાળને પોતાનો ધણી સમજી તેની પછવાડે ચાલ્યો. કુમારપાળ આવ્યો સાંભળીને આન્ન રાજા પોતાના પ્રધાનોની સલાહથી વિરૂદ્ધ ચાલીને લડાઈ ચલાવવાને તૈયાર થયો. પણ તેની ગોઠવણ પૂરી થઈ રહ્હેતાં પ્હેલાં તો લડાઈનાં વાદિત્રના નાદ સાંભળવામાં આવ્યા, અને ગૂજરાતી સેના પહાડોની છાયામાંથી નીકળતી દેખાવા લાગી. તે અવસરે રાજાના મસ્તક ઉપર શ્વેત છત્ર ધરવામાં આવ્યું હતું, તે ઉપર સૂર્યનો પૂર્ણ તડકો પ્રકાશમાન થતો દેખાતો હતો. આન્ન રાજાના યોદ્ધાએ કુમારપાળની સેના ઉપર બાણવૃષ્ટિ કરવા માંડી; નાગોરના રાજાએ આપોઆપ ધનુષ્ય ધર્યું પણ, ઉત્તર ભણીની હાર છત્રધારી રાજાઓની સરદારી નીચે હતી તો પણ ગૂજરાતના માણસોની આગળ ટકી શકી નહિ. ત્યારે આન્ન રાજા જાતે આગળ ધસ્યો અને સિદ્ધરાજનો વારસ કુમારપાળ તેને સામોસામ આવી મળ્યો, અને કહ્યું: "જ્યારે તું એવો યોદ્ધો હતો ત્યારે જયસિંહના આગળ તેં તારૂં "માથું કેમ નમાવ્યું હતું? આ ઉપરથી જ તારૂં ખરેખરૂં ડ્હાપણ જણાઈ "આવે છે. હવે જો હું તને જિતી લઊં નહિ તો જયસિંહની કીર્તિને ઝાંખ "લાગે." ત્યાં પછી બન્ને રાજાઓ મારામારી ઉપર આવી ગયા; અને સેના પણ ઉપરાચાપરી થઈ. ગૂજરાતના માણસોની સરદારી આહડ[1] કરતો હતો; અને મારવાડી તેઓના ગોવિંદ રાજ મંત્રીની સરદારી નીચે હતા. છેવટે એક બાણ આન્નને વાગ્યું એટલે તે ભોંયપર પડ્યો. અને તેના સામંતો કુમારપાળની આજ્ઞાને શરણ થયા.

ગૂજરાતનો રાજા, આન્નને આવો ઘા માર્યા પછી, કેટલાક દિવસ સુધી રણક્ષેત્રમાં રહ્યો; આન્ન રાજાએ કુમારપાળને હાથી અને ઘોડા ભેટ કર્યા; અને પોતાની કુંવરી તેની સાથે પરણાવાની ઇચ્છા બતાવી. રાજાએ કહ્યું કે આન્ને રણક્ષેત્રમાં ઘાયલ થયેલા માણસોને મારીને અપરાધ કર્યો છે માટે તેને ક્ષમા કરવામાં નહિ આવે; તો પણ તેણે જિતી લીધેલા રાજાની એ ઇચ્છા માન્ય કરી અને અણહીલપુર પાછો વળ્યો.

---

૧ ઉદયનના એક દીકરાનું નામ આસ્થલ દેવ છે તેનો અપભ્રંશ આહડ જણાય છે તે જ ચાહડ હોય તો કાંઈ વાંધો નથી, કારણ કે આ સ્થલે ચાહડ જોઈએ, કેમકે દ્વ્યાશ્રયમાં લખ્યું છે કે, ચૌલુક્યના ભૃત્યો (ચાહડ આદિ) આન્નની ભણી વળ્યા અને આન્નના (ગોવિંદ રાજા આદિ) ચૌલુક્યની ભણી વળ્યા. (દ્વ્યા. ભા. પૃ. ૩૬૩)

પછીથી તરત જ, આન્ન રાજાનો પુરોહિત, પોતાના સ્વામીની કુંવરી જલ્હણાને વનરાજના નગરમાં લઈ આવ્યો, અને શાસ્ત્રવિધિ પ્રમાણે તેને કુમારપાળ વ્હેરે પરણાવી દીધી. આ વિવાહ પૂરો મ્હાલી રહ્યા નહિ એટલામાં તો સમાચાર આવી પ્હોંચ્યા કે, રાજા પોતે જ્યારે આન્ન રાજા ઉપર ચઢ્યો હતો ત્યારે તેણે ઉજ્જણના રાજા બલ્લાલ[1]ની સામે વિજય

[1] આ વિષે દ્ધયાશ્રયમાં નીચે પ્રમાણે વિસ્તાર છે.–શિવિ એટલે નાના પ્રકારની જાતિ, જેમાં અર્થ અને કામની જ માત્ર વૃત્તિ છે તથા જેની આજીવિકા અનિયમિત એવા સંઘ(ટોળા)નો અગ્રણી એકાએક આવીને કુમારપાળને કહેવા લાગ્યો કે, માળવામાં (અવન્તિ) બલ્લાલ ઉપર આપે કાક જે આપના દંડનેતાને કુન્તિ(ભાલા ધારણ કરેલા એવી)સેના સહિત મોકલેલા તેમનો હું પ્રીતિપાત્ર છું. આપ જે વેળાએ આન્ન ઉપર ચડી ગયા અને કાકને બલ્લાલ ઉપર મોકલ્યા તે વેળાએ તેની સાથે ગોપાળ બ્રાહ્મણની જાતિના અપત્ય જે ગૌપાલિ કહેવાય છે તથા રાજન્ ક્ષત્રિયના અપત્યો જે રાજન્ય કહેવાય છે, તથા કાંચજાતિના અપત્યો કાંચવ્ય કહેવાય છે તે, તથા યુધાના અપત્ય જે યૌધેય અને શુભ્રાના અપત્ય શૌભ્રેય કહેવાય છે એ આદિ શસ્ત્રજીવી જાતિ હતી. કાક પોતાના ઉપર ચડી આવતો જાણી બલ્લાલ તેની સામે ચડ્યો તે વેળાએ તેની સાથે રક્ષસ્, પર્શુ, દામનિ, ઉલપિ, ઔમત્, અને શ્રેમત, એવા નામના શસ્ત્રોપજીવી સંઘના વંશજ જે અનુક્રમે રાક્ષસ, પાર્શવ, દામનેય, ઔલપેય, ઔમત અને શ્રૈમત કહેવાય છે તેઓ હતા.

શમીવત્, અભિજિત્, અને શિખાવત્ના વંશજ જે અનુક્રમે શામીવત્ય, આભિજિત્ય, અને શૈખાવત્ય કહેવાય છે તેઓની દ્વારાએ બલ્લાલે આપના વિશ્વાસપાત્ર વિજય અને કૃષ્ણ સામંતોને ફોડ્યા. અને શાલાવત્, ઉર્ણવત્, અને વિદભૃત્ના વંશજ જે અનુક્રમે શાલાવત્ય, ઔર્ણવત્ય, અને વૈદભૃત્ય કહેવાય છે તેમની પ્રેરણાથી બલ્લાલની પાસે જતા રહ્યા. પછી તે આપણા સૈન્યનો રસ્તો રોકીને તરવારે તરવાર, દંડે દંડ અને મુશળે મુશળ મેળવતો બહુ નૃપોની સહાયથી આપણી સેના ઉપર મારો ચલાવવા લાગ્યો. પણ આપણા કેટલાક સુભટો રૂંધાઈ ગયા હતા તેથી ચડી શકયા નહિ, એટલે આપણે મોખરે આપણા સુભટો કૃષ્ણભૂમ, પાંડુભૂમ, દ્વિભૂમ, આદિ જે હતા તે આડે રસ્તે ઉતરી નાઠા. શત્રુના શરસંપાતના અંધકારને લીધે, મૂર્છા રૂપી અંધકારમાં સ્પર્શાઈ જવાથી, બીજા યોદ્ધાઓ પણ છાની વાત પોતાના હૃદયમાં રાખી શકવાને સમર્થ નહિ હોતાં ગભરાઈ ગયા, એટલે બીજા કેટલાએક પર્વતાદિમાં અથવા જ્યાં માણસનો અવરજવર નહિ એવા વિજન સ્થાનમાં ભરાઈ પેઠા. આવો પ્રસંગ જોઈને, અનુસામ એટલે સામનો પ્રયોગ કરવામાં નિપુણ અને પ્રતિસામ એટલે શત્રુને સામને બદલે દંડ કરવામાં કુશળ એવો તથા જ્ઞાતાનુરહસ્ય એટલે શત્રુની છાની વાત જેણે ચાર દ્વારા જાણી લીધી છે એવો કાક સેનાપતિ, પોતાની ભણીના નૃપોને કહેવા લાગ્યો કે, અવલોમ એટલે શત્રુને પ્રતિકૂલ અને અવસામ એટલે શત્રુ પ્રતિ સામનો ઉપાય જે યોજે નહિ એવા મારા સ્વામિ કુમારપાળે મારા

અને કૃષ્ણ એવા જે બે સામંતો મોકલ્યા હતા તેઓ તે રાજાને મળી ગયા છે અને તે ગૂજરાત પ્રાન્તમાં આવી પ્હોંચ્યો છે તથા અણહિલપુર ઉપર

બ્રહ્મવર્ચસ્ એટલે બ્રહ્મતેજની સ્તુતિ કરી છે તેને ધિક્કાર છે, તથા તેમણે તમારા રાજવર્ચસ્ એટલે ક્ષત્રીવટની અને હસ્તીવર્ચસ્ એટલે હાથીના બળની પ્રશંસા કરી છે તેને પણ ધિક્કાર છે. હે નૃપો! તમોએ પલ્યેવર્ચસવત્વર્મ એટલે સાદડીના જેવાં તમે તમારે શરીરે જે બખ્તર પ્હેર્યાં છે તેને પણ ધિક્કાર છે કે તમારાં દેખતાં છતાં ઘરમાં બારીથી પેસે તેમ શત્રુઓ પેસતા જાય છે, તો આપણી પ્રત્યક્ષ, આપણી સમક્ષ, આપણી જાણે ગેરહાજરી હોય તેમ, આપણી સેનાનો ઘાણ નીકળી ગયો છતાં તમે નાસો છો, તો આપણા સ્વામિયે તમને શા માટે પોષ્યા છે? આ પ્રમાણે કાકે પ્રત્યેકને લલકાર્યા, એટલે પોતાના પ્રતિવર્મે ઉપર આદર લાવી અધ્યાજિકર્મે એટલે યુદ્ધ મચાવવાને તત્પર થઈ ગયા અને જેઓ ઉપનદિ, ઉપગિરિ, અંતર્નદ, અંતર્ગિરિ, એમ ભરાઈ પેઠા હતા અને જેઓ આગ્રહાયણીમાં એટલે માર્ગશીર્ષ મહિનાની પૂર્ણિમાને દિવસે આકાશમાં વાદળાં હોવાથી જેમ તારા મ્લાન દેખાય તેમ મ્લાન દેખાતા હતા એવા પોતાના ભટોને પાછા બોલાવ્યા. ઉપપૌર્ણમાસ એટલે ચૌદશે અને શુદિ કે વદિ પક્ષની એકમે સમુદ્ર જેમ ગર્જના કરે તેમ તે બલિષ્ઠ નૃપો ગર્જના કરતા શત્રુઓ ઉપર તુટી પડ્યા. અને દંડનેતા કાક પણ અહો! આ રણભૂમિ છે તે તો પંચનદ તીર્થ અથવા સપ્ત ગોદાવરનું તીર્થ જેમ સ્વર્ગે પ્હોંચાડવાનો હેતુ છે તેવા પ્રકારની છે એમ કહેતો, પૂર્ણમાસીના ચન્દ્ર જેવી કાન્તિ ધરાવતો, તેમનામાં ભેગો ભળી ગયો. તે દંડપતિ શરદ્ ઋતુમાં જેમ શશી શોભે અને વ્યાધ એટલે શિકારી જેમ કૂતરાંઓના ટોળામાં વિંટળાયલો શોભે, તેમ સેનામાં શોભતો હતો, અને શત્રુના સમૂહમાં જે બાળક અને વૃદ્ધ જોવામાં આવતા હતા તેમને જતા મૂકીને જેઓ માત્ર તરૂણ યોદ્ધા હતા તેઓને જ હણતો હતો. અસ્ત્ર જેમાં લાદેલાં અને બળદ જોડેલા એવાં ગાડાં ચાલવાથી જે રજ ઉડતી હતી તેથી છવાયલા ઘટાટોપથી મૃત્યુ જેમ ધોરી બળદને ગળી જાય તેમ બધું સૈન્ય ગળાઈ ગયેલું હતું. શુદ્ધ ક્ષત્રિયથી ઉત્પન્ન થયેલા એવા સુભટોએ, જે માલવો નાસેડુ લઈને ભાગી જતા હતા, કે જે વૃદ્ધ હતા કે જે બાળક હતા અથવા નપુંસક હતા તેઓની ઉપર પ્રહાર કર્યો નહિ, કેટલાએકોએ જીવ સાચવવા, પોતે બ્રાહ્મણ નહિ છતાં પણ તેમની ગણના બ્રાહ્મણમાં થાય એટલા માટે, ઋક્સામ કે ઋગ્યજુષ્ ગાવા માંડ્યા; અને કેટલાકોએ ગાય અને બળદની પેઠે દાંતે તરણાં લીધાં. કેટલાક પાદ અને ઉરૂના અષ્ઠીવ એટલે મર્મસ્થલોમાં ભેદાયલા, આંખમાં અને ભ્રૂકુટીમાં ઘા થયેલા એવા, રાત્રિદિવસ ચાલતાં ઘાથી થતી પીડાએ પીડિત થતા, પોતાનાં વાહન તથા દારાદિ તજીને જેમ લાગ આવ્યો તેમ નાશી છૂટ્યા.

દિવસે જેમ સૂર્ય શોભે છે, તથા અહર્નિશ સળગતો અગ્નિ શોભે છે, તેની પેઠે જાજ્વલ્યમાન થતો અને જેનું બળ અવાઙ્‌મનસગોચર છે એવો બહ્લાલ પછી ચડ્યો. આપણા સૈનિકોને અહર્નિશ ગોવાળિયા જેવા માનનારા બહ્લાલે અસ્થિ, ત્વક્, માંસ, રૂધિર આદિને સ્પર્શ કરનારાં તીર મારવા માંડ્યાં, અને બે દિવસમાં પણ ન ભેદી શકાય

ધસારો કરે છે. જયસિંહે જેમ યશોવર્માને જિતીને કીર્તિ મેળવી હતી તેમ કુમારપાળ, બલ્લાલને જિતીને કીર્ત્તિ મેળવવા તૈયાર થયો. તેણે પોતાની સેના એકઠી કરી અને માળવાના રાજા ઉપર ચડ્યો તથા લડાઈમાં તેને હરાવીને હાથી ઉપરથી મારી પાડ્યો.

ઇતિહાસકર્ત્તાનું આ જે લખવું છે તે આબુ પર્વત ઉપર તેજપાળના દેરાસરમાં એક લેખ છે તે ઉપરથી ખરૂં ઠરે છે,–તે લેખમાં લખે છે કે અચળેશ્વર અને ચંદ્રાવતીનો પરમાર રાજા યશોધવળ[1] નામે હતો " તેણે જાણ્યું

એવા અત્યંત દુર્ભેદ્ય સો રાજાના સમૂહને કાષ્ઠ કે પાષાણવત્ દૂર હઠાવી નાંખીને, તમારો શત્રુ સત્વર કાક દંડનાયકની પાસે જઈ પ્હોંચ્યો. આ વેળાએ કાકે તિરસ્કારપૂર્વક કહ્યું કે, અહો! બે કે ત્રણ અંજલિ મ્હોરો પ્રતિમાસે વેતન અપાય છે એવા સુભટો! શું તમારૂં આયુષ્ય બેવડું છે કે ત્રેવડું છે એમ તમે જાણો છો? હજી શું જુવો છો? પ્રતિ દિવસ બબ્બે કે ત્રણ ત્રણ અંજલિનું વેતન આપી રાખેલા સુભટો! મેં તમને હાથ જોડીને વિનવ્યા તે શું મિથ્યા જશે? આ પ્રમાણે લલકારવાથી, વૈરી કરતાં અધિક થઈ, તેઓએ યુદ્ધ મચાવ્યું, અને બે નાવ જેવા વ્યૂહ રચેલા એવા આપણા સુભટોએ રિપુના નાવાકારી વ્યૂહને અર્દ્ધનાવ જેવો કરી નાંખ્યો અને અવન્તિના ઉત્તમ પુરૂષ તથા તેના મ્હોટા સાહાય્યતા કરનારા માર્યા ગયા. એટલે ગૂર્જરવાસી બ્રાહ્મણ સેનાની સમક્ષ પાંચ નૃપોએ બલ્લાલને તેના હાથી ઉપરથી નીચે પાડી નાંખ્યો અને કુલીન મહા બ્રાહ્મણ કાક બીજા મહા બ્રાહ્મણોથી બલ્લાલને મારવાનો નિષેધ કરાવે તે પ્હેલાં તો કેટલાક બ્રાહ્મણોએ તેને હણી નાંખ્યો. પછી ગામના અને કૂટી એટલે કારખાનાંના સુતારોએ તૈયાર કરેલાં ગાડાં, શ્વાનની પેઠે ત્વરાથી ચાલે એવાં સૂતર કરાવીને અતિશૂર અને સ્વામિભક્તિવાળા એવા યોદ્ધાઓ સહિત, વાઘ જેવા કૂતરાઓ સહિત જેમ શિકારી નીકળે તેમ, યોદ્ધાઓ સહિત તે નીકળ્યો.

આ સમાચાર સાંભળીને કુમારપાળે દૂતને પારિતોષિક આપીને વિદાય કર્યો એટલે તે કુક્કુટની સાથળોને હસતો અને મૃગની સાથળનું અનુકરણ કરતો, ફલક જેવી સાથળ વાળો ત્વરાથી ચાલી ગયો. ર. ઉ.

૧ આબુ ઉપરના વશિષ્ઠના હોમકુંડમાંથી પરમાર ઉત્પન્ન થયો, તેનો ધૂમરાજ, તેનો ધંધુક, તેના ધ્રૂવભટ આદિ થયા. તેમના વંશમાં સુધન્વા (વિ. સં. પૂ. ૩૦૦) થયો, ભર્તૃહરિ (વિ. સં. પૂ. ૨૦) પછી વીર વિક્રમાદિત્ય ગંધર્વસેન થયો. તેની ૪૦ મી પેઢિયે રવપાળજી થયો. તેણે સિંધના નગર ઠઠ્ઠામાં રાજ્ય કર્યું (વિ. સં. ૮૬૫). તેનાથી ૧૪મી પેઢિયે ત્યાં જ દામોજી થયો. તેના કુંવર જસરાજે નગર ઠઠ્ઠામાંથી આવી ગૂજરાતમાં ગબરગઢમાં રાજધાની કરી. તેનો કુંવર કેદારસિંહ વિ. સં. ૧૧૨૫ સુધી હતો, તેણે ત્યાંથી તરસંગમામાં ગાદી કરી. તેનો કુંવર જસપાલ થયો, અને ત્યાર પછી કાન્હડદેવ પ્હેલો થયો તેણે અચળેશ્વર ચંદ્રાવતીમાં વિ. સં. ૧૧૩૦માં ગાદી કરી. તેનો કુંવર ઢંઢુરાજ થયો, ત્યાર પછી કાન્હડ દેવ બીજો; પછી વિક્રમસિંહ, રામદેવ અને

"કે ચાલુક્ય કુમારપાળ લડાઈ કરવાને આવે છે એટલે માળવાના રાજા બલ્લાલની પાસે તે દોડી ગયો." નાદોલમાં જૈનોનો એક પુસ્તકભંડાર છે તેમાં તામ્રપટ છે તે ઉપરનો એક બીજો લેખ ઈ. સ. ૧૧૫૭ નો છે તે ઉપરથી પણ જણાય છે કે, "રાજાધિરાજ પ્રખ્યાત કુમારપાળદેવ રાજકુળનો શૃંગાર, મહા "શૂરવીર, જેણે પોતાનાં હથિયારના બળવડે રણસંગ્રામમાં શાકંભરી રાજાને "જિતી લીધો હતો," તે વર્ષમાં જ્યારે શ્રીમંત અણહિલપુરની રાજગાદી ઉપર બિરાજેલો હતો ત્યારે મહા પ્રધાન ચાહડદેવ તેનો મંત્રી હતો. આ તામ્રપટમાં જે મંત્રીનું નામ લખ્યું છે તેમાં કંઈક ગરબડ છે. કેમકે મેરૂતુંગ કહે છે કે, ચાહડ દેવ ઉદયન મંત્રીનો ઓરમાઈ[1] ભાઈ હતો. દ્વ્યાશ્રયનો કર્ત્તા

યશોધવળ થયા. એમ 'રાજકાલનિર્ણય'માં કહે છે. કુમારપાલ પ્રબંધમાં કહે છે કે, (ભા. પૃ. ૧૦૩) કુમારપાળે વિક્રમસિંહને રાજસભામાં બોલાવી બધા સામંતોની સમક્ષ તિરસ્કાર કરી મલ્લો પાસે તેનાં અંગ ચડાવરાવી તેને બંધીખાને નંખાવ્યો અને તેના રાજ્ય ઉપર તેના ભત્રીજા યશોધવળને સ્થાપ્યો. આ ઉપરથી જણાય છે કે યશોધવળને તો કુમાળપાળનો પક્ષ હતો તેથી તેને બલ્લાલનો પક્ષ લેવા સરખું હતું નહિ, પણ વસ્તુપાળના લેખનો ૩૫ મો શ્લોક છે તેનો અર્થ કોઈ કારણથી જૂદો સમજાયાથી આ પ્રમાણે થયેલું જણાય છે. એ શ્લોક નીચે પ્રમાણે છે:-

(શાર્દૂલવિક્રીડિત વૃત્ત)

रोदःकन्दरवर्तिकीर्तिलहरीलिप्तामृतांशुद्युते—
रप्रद्युम्नवशो यशोधवल इत्यासीत्तनूजस्ततः ।
यश्चौलुक्यकुमारपालनृपतिप्रत्यर्थितामगतम्
मत्वा सत्वरमेव मालवपतिं बल्लालमालब्धवान् ॥ ३५

બ્રહ્માંડમાં રહેલી કીર્તિની લહરિયોથી વીંટાયલા ચંદ્રમાના જેવી કાન્તિવાળા એવાથી (રામદેવથી), કામને વશ ન થયેલો એવો યશોધવળ નામે પુત્ર થયો, જેણે માળવાના અધિપતિ બલ્લાલને, ચૌલુકય વંશના કુમારપાળ રાજાનો શત્રુ થયો છે એવું માનીને તુરત મારી નાંખ્યો.

૧. ઉદયનને જૂદી જૂદી સ્ત્રિયોથી ચાર પુત્ર હતા, તે પ્રબંધ ચિન્તામણિ ઉપરથી જણાય છે. તેમાં કહ્યું છે કે, तस्यापरमातृकाश्चत्वारः सुताः वाहडदेव आम्बड बोहड सोलाक नामानोऽभूवन्. તેના અપરમાતૃકાથી ચાર પુત્ર હતા:-૧ વાહડદેવ, ૨ આમ્બડ, ૩ બોહડ, અને ૪ સોલાક. અહિં જ્યાં બોહડ છે ત્યાં બીજી પ્રતિમાં ચાહડ હશે તેથી અંગ્રેજી રાસમાલામાં ચાહડને ઉદયનનો ઓરમાઈ ભાઈ લખ્યો છે પણ તે તો તેનો પુત્ર હતો.

પ્રબંધચિન્તામણિની એક પ્રતિમાં १ आस्थडदेव, २ आम्बडदेव, ३ बाहड, ४ सोल्हा એક પ્રતિમાં (सोलदेवमट) છે.

કુમારપાલ પ્રબંધમાં એક ઠેકાણે (ભા. પૃ. ૬૯) બાહડ, આંબડ, ચાહડ અને સોલા નામે ચાર પુત્રો હતા એમ જણાવે છે. બીજે ઠેકાણે લખે છે કે, ઉદયનને

કહે છે કે **ચાહડ, આન** રાજાને મળી ગયો હતો. પણ **મેરૂતુંગ** માત્ર એટલું જ લખે છે કે **વાહડ,** જે ઉદયનનો દીકરો હતો તેણે એમ કર્યું હતું.

આ સામંત પાછો પોતાના અધિકાર ઉપર ફરીને આવેલો આગળ આપણા જાણવામાં આવે છે અને તેને કુમારપાળે બાહાલ કર્યો છે, એ ઉપરથી જણાય છે કે, લેખ ઉપર જે સાલ છે તેના પ્હેલાં **વાહડ** પ્રથમ પોતાના રાજાની સામે બંડખોર હતો તેવામાં **ચાહડ** કદાપિ મંત્રી હશે.

સિદ્ધરાજના રાજ્યનો વૃત્તાન્ત લખતાં જે લેખ વિષે લખવામાં આવ્યું છે અને જે **ચિતોડ**ના **લાખણ**ના મંદિરમાં જોવામાં આવે છે તથા જેના ઉપર ઈ. સ. ૧૧૫૧[1] ની સાલ છે તેમાં કુમારપાલ **સોલંકી** વિષે આ પ્રમાણે લખ્યું છે: "એ તે કોના જેવો કહેવાય કે જેણે પોતાના દુર્જય

કુમારપાળે પોતાનો મહામાત્ય ઠરાવ્યો અને તેના પુત્ર **વાગ્ભટ**ને સર્વ રાજકારભારમાં સાહાય્યક નીમ્યો.

આ **વાગ્ભટ** વિદ્વાન્ હતો તેણે **વાગ્ભટાલંકાર** નામનો અલંકારનો ગ્રન્થ રચ્યો છે. તેની સમાપ્તિયે નીચે પ્રમાણે છે:—

बम्भण्ड सुत्ति संपुडमुक्तिअमणिणो पहासमूहव्व ।
सिरि वाहडत्ति तणओ आसि बुहो तस्स सोमस्स ॥
(ब्रह्माण्डशुक्तिसंपुटमौक्तिकमणेः प्रभासमूह इव ।
श्री वाहड इति तनय आसीद् बुधस्तस्य सोमस्य ॥)

બ્રહ્માંડરૂપી છીપનો મોતીમણિનો પ્રભા સમૂહ-સોમ એટલે ચન્દ્રનો જેમ બુધ તેમ સોમ (ઉદયનનો) વાહડ નામે પુત્ર હતો.

આ સંકરાલંકારનું ઉદાહરણ છે. બ્રહ્માંડરૂપી છીપનો મોતીમણિ એ રૂપક, તેનો જાણે પ્રભાસમૂહ, એ ઉત્પ્રેક્ષા. પ્રભાસમૂહ એવો સોમ-સોમ એટલે ચંદ્રમા તેનો પુત્ર બુધ તેવો સોમ એટલે ઉદયન તેનો બુધ એટલે બુદ્ધિશાળી બાહડ પુત્ર એમાં શ્લેષ અને જાતિ અલંકાર થયા. આ પ્રમાણે ચાર અલંકારનું મિશ્રણ થયું છે. સંવત્ ૧૮૪૪ ની સાલમાં લખેલી એક પ્રતિ અને બીજી ૧૮૪૮ની પ્રતિમાં જીવવર્ધન સૂરિની ટીકામાં વાગ્ભટનું પ્રાકૃત નામ વાહડ તેમ બાહડ પણ લખ્યું છે. આ ગ્રન્થ ઉપર પાંચ ટીકાઓ છે: તેમાંની સિંહદેવ ગણીની ટીકા સહિતનું પુસ્તક કાવ્યમાળા અં. ૪૮, નિર્ણયસાગર મુદ્રાયંત્રમાં છપાયું છે; તેના ૧, ૨ પૃષ્ઠમાં જુવો.

ઉદયનની પછવાડે મહામાત્ય થયો તે આ વાગ્ભટ-વાહડ અથવા બાહડ અને ઉદયનની મરણાવસરની ઇચ્છા પ્રમાણે જેને દંડનાયક બનાવ્યો તે આમ્રભટ-આમ્બડ અમ્બડ, ત્રીજો ચાહડ, અને ચોથો સોલદેવભટ-સોલાક-ટોલા. ર. ઉ.

૧ ટૉડકૃત વેસ્ટર્ન ઇન્ડિયામાં સંવત્ ૧૨૦૭ (ઇ. સ. ૧૧૪૧) દાખલ કરયો છે તે ભૂલ છે.

"મન વડે પોતાના સર્વ શત્રુઓને દળી નાંખ્યા; જેની આજ્ઞા પૃથ્વી ઉપર-
"ના બીજા રાજાઓએ માથે ચડાવી; જેણે શાકમ્ભરીના રાજાને પોતાને
"પગે પાડ્યો; જે પોતાનાં હથિયાર લઇને સેવાલક સુધી જાતે ચઢ્યો અને
"ગઢપતિયોની પાસે પોતાને નમન કરાવ્યું, સાલપુરા સરખા નગરમાં
"પણ જેણે એમ જ કર્યું."

મેરૂતુંગ લખે છે કે આ બનાવો બની રહ્યા પછી, કેટલેક દિવસે સોલંકી રાજા દરબારમાં બેઠો હતો, અને મુલાકાત લેતો હતો, તેવામાં, કેટલાક માગણ સભામાં આવી હાજર થયા, અને તેઓ કોંકણના રાજા મલ્લિકાર્જુનને રાજપિતામહ[1] કહી તેની કીર્ત્તિ ગાવા લાગ્યા. તેથી કુમારપાળ ઘણો આકુલિત થઈ ગયો, અને આ મલ્લિકાર્જુન[2] જે ગર્વિષ્ટ થઈ ખોટી રીતે પોતાને ચતુરંગી રાજા કહેવડાવતો હતો તેનો નાશ કરવા સારૂ કોઈ સામંત ખોળવા લાગ્યો. આમ્બડ અથવા આમ્રભટ કરીને ઉદયન મંત્રીનો શૂરવીર પુત્ર હતો તેણે બીડું ઝડપ્યું અને સેના લઈને મેલાણ કર્યા વિના કોંકણ જઈ પ્હોંચ્યો. તે કલવિણી[3] નદી ઘણી મહેનતે ઉતર્યો અને સામે કિનારે મેલાણ કર્યું, ત્યાં આગળ મલ્લિકાર્જુને તેના ઉપર હલ્લો કરી તેને હરાવી કહાડ્યો. આ પ્રમાણે હાર પામેલા સામંતે પાછા આવી રાજધાનીની પાસે પડાવ કર્યો, અને કાળો તંબુ ઠોકાવી, કાળો પોષાક પ્હેરીને કાળું છત્ર ધારણ કરવા લાગ્યો. આવો કાળો દેખાવ જોઈ કુમારપાળે તપાસ કરાવી કે એવું કોનું લશ્કર છે. ત્યારે તેને સૂચવવામાં આવ્યું કે આમ્બડ કોંકણમાં હાર ખાઈને આવી રીતે આવ્યો છે. આમ્બડનું માનભંગ થયું તે વિષે રાજાએ તેને દિલાસો આપીને તેનો આદરસત્કાર કર્યો અને બળવાન્ યોદ્ધાઓની એક બીજી સેના તૈયાર કરાવીને મલ્લિકાર્જુન ઉપર મોકલ્યો.

આમ્બડે બીજી વેળાએ કલાવણી નદી ઉપર સેના આવી પ્હોંચી એટલે પુલ અથવા સેતુ બંધાવ્યો, સાવધાનીથી બધી સેનાને પાર ઉતારી અને એ પ્રમાણે સામો હલ્લો કરવાનો લાગ લીધો. આ બીજા યુદ્ધમાં ગૂજરાતની સેના જય

---

૧ કોલ્હાપુરના મહામંડળેશ્વર વિષે પૃષ્ટ ૨૩૧ ની ટીપ જુવો.

૨ સમુદ્રવેષ્ઠિત શતાનંદના નગરમાં મહાનંદ રાજ્ય કરતો હતો તેનો કુંવર મલ્લિકાર્જુન તે કોકણના શિલાહાર કુળનો હતો. આ વંશનાં ત્રણ તામ્રપટ્ટમાં આ રાજાઓનાં બીજા પદ સાથે રાજપિતામહ પદ જોડેલું જોવામાં આવે છે. (ઈ. આ. ભા. ૯ મો પૃ. ૩૫, ૩૮)

૩ ચીખલી અને વલસાડ તાલુકામાં વ્હે છે તે કાવેરી નદી. દક્ષિણની કાવેરીથી જૂદી સમજવી. ર. ઉ.

પામી અને **મલ્લિકાર્જુન**[1] **આમ્બડ**ની તરવારથી માર્યો ગયો. તેની રાજધાની પણ લીધી અને તેમાં લૂંટ પાડી, તથા **સોલંકી** રાજાની આણ તે દેશમાં વર્ત્તાવીને **આમ્બડ અણહિલવાડ** પાછો વળ્યો. ખીચોખીચ રાજસભા ભરાઈ હતી તે વચ્ચે તે પોતાના સ્વામી **કુમારપાળ**ને ચરણે પડ્યો અને **કોકણ**ના રાજા **મલ્લિકાર્જુન**નું માથું રજુ કર્યું, તે સાથે સોનું, રત્ન, અને મૂલ્યવાન્ ધાતુનાં વાસણ, મોતી, હાથી, સિક્કા અને બીજી લૂંટ પણ સન્મુખ કરી દીધી.[2] રાજાએ દરબારમાં તેનો સત્કાર કર્યો અને મંડળેશ્વર **મલ્લિકાર્જુન**નું "**રાજપિતામહ**" એવું જે પદ હતું તે તેને આપ્યું. (ઈ. સ. ૧૧૬૧).

કુમારપાળના ઇતિહાસમાં આગળ ઉપર **હેમચંદ્ર**[3] આચાર્ય અગ્રેસર થઈ પડેલા છે; અને કહે છે કે "ચન્દ્રની કાન્તિથી દરિયાની લહરિયોને જેમ "આકર્ષણ પ્હોંચે છે તેમ રાજાને તેની વાણીથી આનંદની લહરિયો ઉઠતી હતી." એવા પુરુષ વિષેનો કાંઇક વૃત્તાન્ત અમને **વઢવાણ**ના સાધુ પાસેથી મળ્યો છે તે આ ઠેકાણે આપવાની અગત્ય જણાય છે. તેમનાં માબાપનું નામ **ચાચિગ** અને **પાહિણી** હતું. તેઓ જ્ઞાતિયે મોઢ વાણિયા હતા, અને **સોરઠ** તથા ગૂજરાતની દક્ષિણ સીમા ઉપર **અર્દ્ધાષ્ટમ** દેશમાં ધંધુકા કરીને ગામ છે તેમાં રહેતાં હતાં. બાપ મિશ્રી હતો અને મા **જૈન** ધર્મની જાણે દેવી (**જિન**શાસનની દેવી) ના હોય તેવી હતી. તેઓને પુત્ર થયો તેનું નામ તેમણે **ચંગદેવ**[4] પાડ્યું. જ્યારે છોકરાનું આઠ વર્ષનું વય થયું ત્યારે

---

૧ રા. **રતિરામ દુર્ગારામ દવે ઇન્ડિયન એન્ટીક્વેરી** ભાગ ૧૨ને પૃષ્ટ ૧૫૦ મે લખે છે કે **ઉત્તર કોકણ**ના **સીલાર** વંશનો સત્તરમો રાજા **મલ્લિકાર્જુન** હતો. તેનો એક શિલાલેખ **રત્નાગિરિ** જીલ્લાના **ચિપલુણ**નો શક ૧૦૭૮નો ને બીજો **વસઈ**નો શક ૧૦૮૨નો છે.

૨ શૃંગારકોટી નામની સાડી, માણકથી ટાંકેલો પછેડો, પાપક્ષય હાર, સંયોગ-સિદ્ધિ (વિષાપહાર) શિપ્રા, ૩૨ સુવર્ણ કુમ્ભ, મોતીની છ સેરોનો હાર, ચતુર્દંત હસ્તિ, ૧૨૦ પાતરો, ૧૪ કરોડ સોનૈયા.

૩ તેઓએ મનુષ્યની સ્તુતિ નહિ કરવાનો નિયમ કરેલો છતાં **આમ્બડ**નાં વખાણ કર્યા વિના તેમનાથી રહેવાયું નહિ. તેઓ તેના પ્રતિ વદ્યા કે–

कि कृतेन न यत्र यत्र त्वं किमसौ कलिः । कलौ चेद् भवतो जन्म, कलिरस्तु कृतेन किम्॥

૪ **ચામુંડા** તેની કુલદેવી હતી માટે **ચામુંડ** શબ્દનો च અને કુલદેવ ગોનસ હતા માટે તે શબ્દનો ग એ બે અક્ષર चग લઈને તે સાર્થક કરવા માટે ચંગ સાથે દેવ ઉમેરીને ચંગદેવ નામ પાડ્યું. એનો જન્મ સંવત્ ૧૧૪૫(સન ૧૦૮૯)ના કાર્તિક શુદિ ૧૫નો થયો; સંવત્ ૧૧૫૪(સન ૧૦૯૪)માં દીક્ષા લીધી ને સોમદેવ મુનિ નામ પાડ્યું. સંવત્ ૧૧૬૬માં સૂરિપદ મેળવ્યું અને સંવત્ ૧૨૨૯(સન ૧૧૭૩)માં ચોરાશી વર્ષની ઉમરે સ્વર્ગે ગયા.

દેવચંદ્ર આચાય તે દેશમાં વિચરતા ધંધુકે આવ્યા. આ વેળાએ ચાચિગ ઘેર ન હતો, તેવામાં આચાર્યને ચંગદેવની આકૃતિ જોઈને ઘણું આશ્ચર્ય લાગ્યું તેથી તેની સ્ત્રીને સમજાવીને તે છોકરાને જૈન સાધુની દીક્ષા આપવા સારૂ પોતાને સ્વાધીન લીધો અને કર્ણાવતીમાં પોતાનો અપાસરો હતો ત્યાં તેને લઈ ગયા. ચાચિગ પરદેશથી આવ્યો અને તેણે પોતાના દીકરા સબંધી સમાચાર જાણ્યા એટલે તેને ઘણો ખેદ થયો અને સમ ખાઈને બોલ્યો કે મારા દીકરાનું મુખ જ્યારે જોઈશ ત્યારે અન્ન ખાઈશ. પછી તે તે ધર્માચાર્યનું નામઠામ પૂછી લઈને કર્ણાવતી ચાલ્યો. અને ત્યાં જઈ પહોંચ્યો એટલે દેવચંદ્રની પાસે દીકરો પાછો લેવા ગયો. આ ટાણે ચંગદેવ ઉદયન મંત્રીને ઘેર હતા. તેમનો દીક્ષા લેવાનો વિચાર તેમના પિતાને ગળે ઉતારવામાં તેઓ જય પામ્યા, એટલે ચંગદેવે દીક્ષા લીધી અને હેમચંદ્ર નામ ધારણ કર્યું. તેઓ સત્વર પ્રખ્યાત થયા અને ન્હાની વયમાં હિન્દુ તથા જૈનનાં શાસ્ત્રોમાં નિપુણ થયા, એટલે તેમના ગુરૂ પાસેથી તેમને સૂરિનું પદ પ્રાપ્ત થયું.

હેમચન્દ્રે નીચે લખેલા ગ્રંથ[1] રચ્યા છેઃ—અભિધાનચિંતામણિ, જિન-

---

૧ કુમારપાલ પ્રબંધના અભિપ્રાય પ્રમાણેઃ—

કુમારપાળ ધાર્મિક હોવાથી તે રાજર્ષિ કહેવાતો હતો. તેણે ૨૧ જ્ઞાનભંડાર કરાવ્યા, તથા એક લેખકશાળા સ્થાપી હતી, તેમાં પોતાના ગુરૂ હેમાચાર્યનાં રચેલાં પુસ્તકો લખવાને માટે ૭૦૦ લેખકોને કામે લગાડ્યા હતા. તે વેળા ઘણું કરીને તાલપત્ર ઉપર પુસ્તકો લખાતાં હતાં. પણ એક વાર રાજા લેખકશાળા તપાસવા ગયો ત્યાં કાગળ ઉપર લહિયાઓને લખતાં જોઈ ખેદ પામ્યો અને જોઈતાં તાલપત્ર લેખકશાળામાં આવી પહોંચે ત્યારેજ ભોજન કરવું એવો નિયમ લીધો. એટલે ચમત્કારિક રીતે પોતાના બાગમાંથી તાલપત્ર મળી આવ્યાં તે લહિયાઓને આપ્યાં. પછી તેણે પારણું કર્યું. હેમાચાર્યના બનાવેલા ગ્રન્થોમાં હૈમવ્યાકરણ તથા હૈમકોપ આખા ભારતવર્ષમાં અતિ વિખ્યાત છે. હૈમવ્યાકરણના આઠ સૂત્રાધ્યાય છે. ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્રમાં ૬૩ શલાકા પુરૂષનાં ચરિત્ર છે. એ ગ્રન્થ તેમણે સોનેરી, રૂપેરી અક્ષરોથી ભવ્ય લાગે એવો લખાવ્યો અને પોતાના મ્હેલમાં લઈ જઈ રાત્રિ જાગરણ કરાવી સવારમાં પટ્ટગજ ઉપર તે પોથી પધરાવી મ્હોટી ધામધૂમથી મહોત્સવ કરી ધર્મશાળામાં આણ્યો, અને ત્યાં તેનું વિધિપૂર્વક પૂજન કરીને હેમાચાર્યના મુખથી તેનું શ્રવણ કર્યું. એ જ પ્રમાણે યોગશાસ્ત્ર, વિંશતિવીતરાગસ્તવન, અગિયાર અંગ અને બાર ઉપાંગની એકેકી પ્રત સુવર્ણાદિ અક્ષરોથી લખાવી ઉપર જણાવેલા વિધિપૂર્વક તેઓનું શ્રવણ કર્યું.

હેમાચાર્યના બનાવેલા ગ્રન્થની ટીપ નીચે પ્રમાણે થાય છેઃ

अध्यात्मोपनिषद् (યોગશાસ્ત્ર), योगानुशासन બાર પ્રકાશ (પ્રકરણ)માં ૧૨ હજાર શ્લોક પૂર પુસ્તક છે.

દેવનાં સ્તવન. (એના ઉપર ટીકા છે તે ઉપર ૧૨૯૨નો સન છે.) પવિત્ર યોગશાસ્ત્ર, ત્રિષષ્ઠિ શલાકા પુરૂષચરિત્ર, વિંશતિવીતરાગસ્તવન, વીતરાગસ્તોત્ર, દ્વયાશ્રય અને બીજાં પુસ્તકો. કુમારપાળ પોતાની સેના સહિત માળવામાં હતો તેવામાં હેમાચાર્ય પોતાની માના મરણોત્સવને[1] સમયે શૈવી સંન્યાસિયોએ મારંમારી કરી હતી માટે રક્ષણ સારૂ તેની પાસે ગયા. હેમાચાર્યનો એવો વિચાર હતો કે આપણું પોતાનું રાજ્ય થાય અથવા રાજા આપણે સ્વાધીન થઈ જાય તો જ અર્થ સરે. ઉદયન મંત્રિયે રાજાની સાથે આચાર્યનો મેળાપ કરાવી આપ્યો. તે અવસરે તેણે ખંભાતમાં જે કહ્યું હતું

अनेकार्थसंग्रह—(નિર્ણયસાગરના અભિધાનસંગ્રહના બીજા અંકમાં છપાયલ છે.)
अनेकार्थशेष.
अभिधानचिन्तामणि (हैमीनाममाळा.) ''
अभिधानचिन्तामणि परिशिष्ट ''
अलंकारचूडामणि काव्यानुशासनवृत्ति. (અલંકારનો ગ્રંથ.)
उणादिसूत्रवृत्ति। उणादिसूत्रविवरण। छंदोनुशासन અને वृत्ति.
देशीनाममाला रत्नावलि किंवा देशी शब्दसंग्रहवृत्ति. (મુંબઈ સંસ્કૃતમાળા અંક ૨૭)
धातुपाठ અને वृत्ति. धातु पारायण અને वृत्ति. धातुमाला. निघंटशेष.
बलाबल सूत्र बृहद्वृत्ति. विभ्रम सूत्र. (હેમચંદ્ર કર્ત્તા હશે કે નહિ?)
सिद्धहेमशब्दानुशासन बृहद्वृत्ति અને लघुवृत्ति. शेषसंग्रहमाला અને शेषसंग्रह सारोद्धार.
लिंगानुशासन. लिंगानुशासनवृत्ति અને लिंगानुशासनविवरण.
त्रिषष्टिशलाका पुरुष चरित्र. परिशिष्ट पर्व.
हेमन्यायार्थमंजूषा–मंजूषिका.
सं. द्वयाश्रय અને वृत्ति. } ઈતિહાસ અને વ્યાકરણ એમ બન્ને એકત્ર
प्रा. द्वयाश्रय અને वृत्ति. } શીખવવાના હેતુથી રચાયા છે.
महावीरद्वात्रिंशिका } લઘુ જૈનકાવ્યમાળામાં છપાઈ ગઈ છે.
वीरद्वात्रिंशिका. }
हेमवादानुशासन. वीतरागस्तोत्र (?) पांडवचरित्र (?)
जाति व्यावृत्ति. (न्याय) (?)
उपदेशमाला. (?)
अन्यदर्शन वादविवाद (?)
गणपाठ (?)

૧ સ્ત્રી અથવા પુરૂષ ગમે તે કોઈ ભક્તજન હોય છે તેના મરણને લઈ જતી વેળાએ શોક કરવાને બદલે ઉત્સવ કરવામાં આવે છે.

તથા કોલ આપ્યો હતો તે સાંભરી આવ્યું અને તેમનો આદરસત્કાર કરી તેમની સાથે ખુલ્લા મનથી વાતો કરવા લાગ્યો. હેમચંદ્રને રાજા ઉપર આ પ્રમાણે સત્તા મેળવતા જોઈને આસપાસ જે બ્રાહ્મણો હતા તેઓને ડર લાગ્યો, અને તેમના ઉપર કેટલાક અપવાદ મૂક્યા; તેમાંનો એક ભારે એ હતો કે, હેમચંદ્ર સૂર્યને માનતા નથી. હેમચંદ્ર રાજનીતિ જાણતા હતા, અને પોતાના સામા પક્ષવાળાઓના ધર્મની ઉપર ઉતરી પડવા કરતાં પોતાના ધર્મની છૂટ મેળવવાને ઘણા દિવસથી ઇચ્છતા હતા, તેથી તેમણે એવું પ્રત્યુત્તર આપ્યું કે જેથી ક્ષત્રિયના મહાન્ દેવ ઉપર તેમની આસ્થા છે એવું રાજાના સમજવામાં આવી ગયું. તેઓ વદ્યા કે,—"આ મહિમાવંત તેજના આલય[1]ને હું નિરંતર મારા "હૃદયમાં રાખું છું; અને તેમના અસ્ત પામવાથી હું ખાવાનું તજું[2] છું." તેમની આવી જ રાજનીતિને અનુસરીને તેમણે પોતાના કથનને હિન્દુ શાસ્ત્રમાંથી તેમ જ જૈન શાસ્ત્રમાંથી પ્રમાણ આપ્યાં. એક સમયે કુમારપાળે તેમને પૂછ્યું કે તમે પસંદ કરીને મને ધર્મનું કોઈ એવું કામ બતાવો કે તે ઉપર હું ધન ખર્ચું; ત્યારે દેવપટ્ટણના સોમેશ્વરનું દેવળ દરિયાનાં મોજાંના જોરથી તૂટી ગયું હતું તેનો જીર્ણોદ્ધાર કરવાની આચાર્યે તેને સલાહ આપી.[3]

---

૧ પૃષ્ઠ ૧૦, ૧૧, ની ટીપમાં સૌરપંથની હકીકત જુઓ.

૨ આ વ્રત અણાથમી કહેવાય છે. ૨. ઉ.

૩ અસલ લેખમાં નીચે પ્રમાણે છેઃ-જુઓ ભાવનગરનું પ્રાકૃત અને સંસ્કૃત લેખનું અંગ્રેજી પુસ્તક પૃ. ૧૮૯

अस्ति श्रीमती कान्यकुब्जविषये वाराणसी विश्रुता।
पुर्यस्यामधिदेवता कुलगृहं धर्म्मस्य मोक्षस्य च ॥
तस्यामीश्वरशासनाद् द्विजपतेर्गेहे स्वजन्मग्रहम् ॥
चक्रे पाशुपतव्रत च विदधे, नंदीश्वरः सर्ववित् ॥ ५ ॥

ભાવાર્થ-કાન્યકુબ્જ દેશમાં વારાણસી (કાશી) નામે વિખ્યાત પુરી છે. તે અધિદેવતા(વિશ્વનાથ)નું નિવાસસ્થાન, અને ધર્મ તથા મોક્ષનું ધામ છે. તેમાં શંભુની આજ્ઞાથી નંદીશ્વરે ભાવ બૃહસ્પતિ રૂપે, એક ઉત્તમ બ્રાહ્મણને ઘેર અવતાર ધારણ કર્યો, કેમકે જીર્ણોદ્ધાર કરવાની આજ્ઞા શિવે નંદીશ્વરને આપી હતી, અને તે વિદ્વાને મહાદેવની દીક્ષા ધારણ કરી. અને તે તપોનિધિ તીર્થયાત્રા કરવાને માટે અને રાજાઓને (શૈવી) દીક્ષા આપવા માટે અને ધર્મસ્થલોનું રક્ષણ કરવા માટે કાશીથી નીકળ્યો. તે ફરતો ફરતો ધારાપુરીમાં આવી પ્હોંચ્યો. (૫)

यद्यन्मालवकान्यकुब्जविषयेऽवंत्यां सुतप्तं तपो ।
नीताः शिष्यपदं प्रमारपतयः सम्यङ्मठाः पालिताः ॥

દ્ર્યાશ્રયમાં આ જીર્ણોદ્ધાર વિષે લખવામાં આવ્યું છે અને રજપૂત-સ્થાનના ઇતિહાસ લખનારના જોવામાં દેવપટ્ટણમાં ભદ્રકાળીના દેવાલયમાં

प्रीतः श्रीजयसिंहदेवनृपतिर्भ्रातृत्वमात्यंतिकम् ।
तेनैवास्य जगत्त्रयोपरिलसत्यद्यापि धीजृम्भितम् ॥ ८ ॥

ત્યાંથી તે ફરતો ફરતો માલવ, કાન્યકુબ્જ, અને અવંતીમાં આવ્યો; ત્યાં તપ કર્યું; અને પરમાર રાજાઓને પોતાના શિષ્યો બનાવ્યા અને મઠોનું સારી રીતે રક્ષણ કર્યું. અવંતીમાં તે વખતે જયસિંહદેવ રાજા રાજ કરતો હતો તે તેના ઉપર પ્રસન્ન થયો અને અત્યંત ભ્રાતૃત્વ તેમનામાં ધારણ કર્યું. તેને લીધે જ આજ દહાડા સુધી ત્રણે લોકમાં તેની બુદ્ધિનો મહિમા વખણાઈ રહ્યો છે. (૮)

ચક્રવર્તી સિદ્ધરાજ જયસિંહ જ્યારે સ્વર્ગે ગયો ત્યારે તેની ગાદિયે, અતિશય પ્રતાપવાળો અને ધારાધિપ બલ્લાદ(લ) તથા જાંગલભૂપરૂપી હાથિયોના મસ્તક ઉપર તલપ મારવામાં સિંહ જેવો કુમારપાળ બેઠો. કુમારપાળ ત્રણે લોકને કલ્પતરૂ જેવો હતો. તેના અમલમાં ભાવ (વિદ્વાન્) બૃહસ્પતિયે જીર્ણ થએલા દેવપટ્ટણના દેવાલયનો જીર્ણોદ્ધાર કરવાને કહ્યું. કુમારપાળે તેમના કામથી પ્રસન્ન થઈ ગાર્ગેય વંશમાં ઉત્પન્ન થયેલા તે ભાવ બૃહસ્પતિને સર્વેશ ગંડેશ્વરની પદવી આપી, અને તુષ્ટિદાનમાં કેટલાંક આભૂષણો આપ્યાં તથા તેની સાથે પોતાની રાજમુદ્રા (મોહોર) આપી. ભાવ બૃહ-સ્પતિયે કૈલાસ પર્વતના જેવો મહાદેવનો પ્રાસાદ તૈયાર કરાવી મૂકેલો જોઈ તે પ્રસન્ન થયો અને તેને વંશપરંપરાનું ગંડત્વ(શ્રેષ્ઠતા)નું પદ આપ્યું

स्वमर्यादां विनिर्म्माय स्थानकोद्धारहेतवे ।
पंचोत्तरां पंचशतीमार्याणां योऽभ्यपूजयत् ॥ २३ ॥
देवस्य दक्षिणे भागे उत्तरस्यां तथा दिशि ।
विधाय विषमं दुर्गं प्रावर्द्धयत यः पुरं ॥ २४ ॥

મર્યાદા નિર્માણ કરીને તે સ્થાનકના જીર્ણોદ્ધાર અર્થે ૫૦૫ આર્ય પુરૂષો(બ્રાહ્મણો)નું વરણ કર્યું. (૨૩) દેવ(મંદિર)ના દક્ષિણ અને ઉત્તર ભાગમાં દેવસ્થાનના કોટનો ભાગ વધારીને નગરનો વિસ્તાર કરયો. (૨૪)

गौर्या भीमेश्वरस्याथ तथा देवकपर्द्दिनः ।
सिद्धेश्वरादिदेवानां यो हेमकलशान् दधौ ॥ २५ ॥
नृपशालां च यश्चक्रे सरस्वत्याश्च कूपिकां ।
महानसस्य शुद्ध्यर्थं सुस्नापनजलाय च ॥ २६ ॥
कपर्दिनः पुरोभागे सुस्तंभां पट्टशालिकां ॥
रौप्यप्रणालं देवस्य मंडुकासनमेव च ॥ २७ ॥
पापमोचनदेवस्य प्रासादं जीर्णमुद्धृतम् ।
तत्र त्रीन् पुरुषांश्चक्रे नद्यां सोपानमेव च ॥ २८ ॥

એક લેખ આવ્યો હતો તેમાં પણ લખેલું છે. આ લેખ પ્રથમ સોમેશ્વરના દેરામાં હતો. તેના ઉપર વલભી સંવત્ ૮૫૦ (એટલે વિક્રમ સંવત્ ૧૨૨૫ અથવા ઈ૦ સ૦ ૧૧૬૯,) છે અને તેમાં નીચે પ્રમાણે લખેલું છે:—

"કનોજનો બ્રાહ્મણ ભાવ બૃહસ્પતિ યાત્રા કરવા સારૂ કાશીથી નીકળ્યો "તે અવન્તી અને ધારાનગરીમાં આવી પ્હોંચ્યો, તે સમયે ત્યાં જયસિંહ

येनाक्रियंत बहुशो ब्राह्मणानां महागृहाः ॥
विष्णुपूजनवृत्तीनां यः प्रोद्धारमचीकरत् ॥ २९ ॥
नवीननगरस्यांतः सोमनाथस्य चाध्वनि ।
निर्मिते वापिके द्वे च तत्रैवापरचंडिका ॥ ३० ॥ युग्मं
गंडेना कृतवापिकेयममला स्फारप्रमाणामृत-
प्रख्या स्वादुजला सहेलविलसद्युत्कारकोलाहलैः ॥
भ्राम्यद्भूरितरारघट्टघटिका मुक्तांबुधाराशतै-
र्यापीतं घटयोनिनापि हसतीवांभोनिर्धि लक्ष्यते ॥ ३१ ॥
शशिभूषणदेवस्य चंडिकां सन्निधिस्थितां ।
यो नवीनां पुनश्चक्रे स्वश्रेयोराशिलिप्सया ॥ ३२ ॥

ભાવાર્થ—ગૌરી, ભીમેશ્વર, દેવકપર્દિન્, સિદ્ધેશ્વર, આદિ બીજા દેવનાં દેવાલયો ઉપર હેમકળશ સ્થાપ્યા. ૨૫

નૃપશાળા તથા સરસ્વતીશાળા બાંધી અને પાકશાળા તથા સ્યાનાલયને પાણી પૂરૂં પાડવા માટે કૂવા ખોદાવ્યા. ૨૬

કપર્દિન્ના મંદિરના આગલા ભાગમાં સારા સ્તંભોવાળો રંગમંડપ કરયો, અને દેવની રૂપાની જળાધારી અને મંડુકાસન બનાવ્યું. ૨૭

પાપમોચન દેવના પ્રાસાદનો જીર્ણોદ્ધાર કરયો, અને ત્યાં ત્રણ પુરૂષની મૂર્તિ સ્થાપી અને નદીમાં પગથિયાં બાંધ્યાં. ૨૮

ઘણા બ્રાહ્મણોને બ્રહ્મપુરી કરાવી આપી, અને વૈષ્ણવ ધર્મવાળાઓનો નવીન નગરમાં ઉદ્ધાર કર્યો, એટલે ઉત્તેજન આપ્યું. અને સોમનાથની વાટમાં બે વાવ કરી અને ત્યાં અપરચંડિકાનું સ્થાપન કર્યું. ૨૯-૩૦

ગંડ બૃહસ્પતિયે જે વાવો કરાવી તે ઘણી વિસ્તારવાળી હતી અને તેનું પાણી સ્વચ્છ, સ્વાદિષ્ટ, અને અમૃતની ઉપમા અપાય એવું હતું તથા તેના ઉપર ઘણા રેંટો ચાલતા હતા અને જેમાં વિવિધ પ્રકારનાં જળજંતુઓના શબ્દો વડે અગસ્ત્ય મુનિયે જેનું પાન કરેલું છે એવા સમુદ્રને જાણે હસતી ન હોય એવી હતી. ૩૧

પોતાનું શ્રેય થવાને અર્થે મહાદેવની સમીપમાં રહેલાં ચંડિકા(પાર્વતી)નો જીર્ણોદ્ધાર કરયો. ૩૨

દેવ રાજ્ય કરતો હતો. પરમાર રાજાએ અને તેના આખા કુટુંબે તેમને
"પોતાના ગુરૂ કરીને સ્થાપ્યા અને રાજાએ તેમને ભાવર કરીને બોલાવા માંડ્યા."

સિદ્ધરાજ જયસિંહ જ્યારે સ્વર્ગે ગયો ત્યારે તે ચક્રવર્ત્તી રાજા હતો;
"તેની ગાદિયે **કુમારપાળ** થયો, **ભાવ** બૃહસ્પતિ તેનો મુખ્ય પ્રધાન થયો.
"કુમારપાળ ત્રણે લોકને કલ્પતરૂ જેવો હતો. તેણે પોતાની રાજમુદ્રા (મોહોર),
"ભંડાર અને બીજું સર્વ બૃહસ્પતિને સોંપ્યું અને તેને આજ્ઞા કરી કે દેવ-
"પટ્ટણનાં દેરાં પડી ગયાં છે તેઓનો જીર્ણોદ્ધાર કરો. **ભાવ** બૃહસ્પતિયે
"જઇને ત્યાં કૈલાસ જેવું કરાવી મૂક્યું. પછી તેણે પોતાનું કામ જોવાને
"**જગત્પતિને** બોલાવ્યો; જ્યારે તેણે આવીને જોયું ત્યારે તે પ્રસન્ન થયો
"અને ગુરૂનાં વખાણ કરતાં કહ્યું કે, મારૂં હૃદય ઘણું પ્રસન્ન થયું, તમને
"અને તમારા પુત્રોને હું મારા રાજ્યમાં મુખ્ય જગ્યા છે તે આપું છું."

સોમેશ્વર[1]ના દેરાનો પાયો નાંખ્યો ત્યારે જે પંચને કામ સોંપ્યું હતું

एतस्याभवदिंदुसुंदरमुखी पत्नी प्रसिद्धान्वया ।
गौरीव त्रिपुरद्विषो विजयिनी लक्ष्मीर्मुरारेरिव ॥
श्रीगंगेव सरस्वतीव यमुनेवेहाग्रकीर्त्या गिरा ।
कांत्या सोढलसंभवा भुवि महादेवीति या विश्रुता ॥ ३५ ॥

મહાદેવને જેમ **પાર્વતી**, કૃષ્ણને જેમ **લક્ષ્મી**, કીર્તિમાં ગંગા જેવી, વાણીમાં **સરસ્વતી** જેવી, અને કાન્તિમાં **યમુના** જેવી પ્રસિદ્ધ **સોઢલ** વંશમાં ઉત્પન્ન થયેલી ચંદ્રના જેવા સુંદર મુખવાળી તેની **મહાદેવી** નામે વિખ્યાત થયેલી સ્ત્રી હતી. ૩૫

सिद्धाश्चत्वारस्ते दशरथसमेनास्य पुत्रोपमानाः ॥
आद्यस्तेषामभवदपरादित्यनामा ततो भूद्रत्नादि ।
त्य...हे ॥
अन्यः सोमेश्वर इति कृती भास्करश्चापरोभू-
देतैरामादिभिरुपमिताः सत्यसौभ्रात्रयुक्ताः निः
द्रवं विनिहिता बाहवः श्री मुरारे ॥ ३८ ॥

દશરથની પેઠે તેના પણ ચાર પુત્રો હતાઃ તેમાં પેહેલો **અપરાદિત્ય** હતો, બીજો **રત્નાદિત્ય**, ત્રીજો **સોમેશ્વર** અને ચોથો **ભાસ્કર**.

૧ ભદ્રકાલીનો લેખ જે વલભી સંવત્ ૮૫૦ (વિ. સં. ૧૨૨૫-ઈ. સ. ૧૧૬૯) નો પાટણમાં છે તેમાં એમ કહેલું છે કે, એ દેરૂં સોમ એટલે ચંદ્રમાએ સુવર્ણનું કરાવ્યું હતું, ત્યાર પછી રાવણે રૂપાનું કરાવ્યું હતું, ભીમદેવે તેનો જીર્ણોદ્ધાર કરી તેમાં રત્નો જડાવ્યાં હતાં. એ દેવાલયનો ફરીને જીર્ણોદ્ધાર કુમારપાળે કરીને સુવર્ણના મેરૂ પર્વત સમાન બનાવ્યું હતું.

તેઓએ કુમારપાળને સ્વસ્તિપત્ર લખ્યું. રાજાએ તે પત્ર હેમચંદ્ર સૂરિને બતાવીને કહ્યું કે કામ પૂરૂં થઈ જતાં સુધી શું કર્યું હોય તો તે વચ્ચે વિઘ્ન આવી નડે નહિ? સૂરિયે રાજાને સલાહ આપી કે દેવલના શિખર ઉપર

શેખ સઅદી પોતાની ૪૭ વર્ષની ઉમરે ઈ. સ. ૧૨૬૬ માં હિન્દુસ્તાનની મુસાફરી કરવા નીકળ્યો ત્યારે તે પાટણ ગયો હતો એમ પોતાના બોસ્તાન નામના ગ્રંથના આઠમા બાબનું છેલ્લું પ્રકરણ "હિકાયત સફર હિન્દુસ્તાન અને મૂર્ત્તિ પૂજકોની ગુમાહી" નામનું છે તેમાં લખે છે કે, "એક હાથીદાંતની મૂર્ત્તિ સોમનાથમાં મેં દીઠી, તે જડાઉ હતી, અને મક્કામાં એક મનાત નામે મ્હોટી મૂર્ત્તિ હતી તેના જેવી એની સુરત બનાવેલી હતી, તે એવી કે, તેવી બીજી કોઈ થઈ શકે નહિ. આવી નજીવી સુરતનાં દર્શન કરવા હરતરફી યાત્રાળુ આવતા અને ચીન મહાચીનના માણસોનાં ટોળાના સરદારો તે ઉપર આશા રાખી આવતા." મારી પાસે એક સોબતી હતો તેણે મને કહ્યું કે આ મૂર્ત્તિ પરમેશ્વર પાસે માન્ય થયેલી છે, અને માણસોને આશીર્વાદ દેવાને તે પોતાના હાથ ઉંચા કરે છે; જો તમારે જોવું હોય તો અહિં રાત્રિ ગુજારો. હું રાત્રિ રહ્યો અને કોઈ પ્હેલવાન બલાના કૂવામાં પડે તેમ હું પણ પડ્યો. ઝંધી લોકો મારા પડખામાં પૂજા કરતા તેઓએ હાથ પણ ધોયેલા નહિ અને તેઓના સાધુઓ બિલકુલ પાણીનું નામ પણ લેતા ન હતા, જેથી તેઓની બગલોમાંથી મડદાના જેવી ગંધ આવતી હતી. સવાર થતાં ગામના અને બહારના લોકો મંદિરમાં આવ્યા એટલે એક સોય રાખવા જેટલી પણ તેમાં જગ્યા ખાલી રહી નહિ એમ મંદિર ભરાઈ ગયું અને હું રાત્રિના ઉજાગરાથી તથા ગુસ્સાથી ગભરાઈ ગયો. તે વેળાએ ઓચિન્તા તે મૂર્ત્તિયે પોતાના હાથ ઉંચા કર્યા એટલે મારા સોબતિયે મને હસીને કહ્યું કે, હવે તમારી ખાતરી થઈ હશે કે મૂર્ત્તિમાં કેવું સત્ય છે. હું તે વેળાએ હાથીદાંતની મૂર્ત્તિ પાસે ગયો અને હાથથી ચુંબન કર્યું અને થોડા દિવસ તેને માનવાથી કાફર બન્યો અને ઝંધ પુસ્તકની વાતો કરી બ્રાહ્મણ થયો. જ્યારે તે મંદિરમાં મારો ઈતબાર બંધાયો ત્યારે એક રાત્રિએ મંદિરના દરવાજા બંધ કરીને ચોતરફ દોડીને તપાસ કરવા લાગ્યો, અને મૂર્ત્તિની ઉપર નીચે જોવા લાગ્યો તો એક પૂજારો એક જરીના પડદા પછવાડે મુજાવર તરીકે બેઠેલો અને એક દોરી તેના હાથમાં રાખેલી એવો જોયો. તે દોરી ખેંચતો ત્યારે મૂર્ત્તિના હાથ ઉંચા થઈ જતા. બ્રાહ્મણે મને જોયો એટલે તે શરમીંદો થઈ ગયો અને નાસવા લાગ્યો. હું તેની પાછળ દોડી ગયો અને તેને પકડી પાડી કૂવામાં નાંખી દીધો. જે માણસ મારો સોબતી હતો તે પણ જો આ વાત જાણશે તો મને જીવતો રાખશે નહિ એમ સમજી તેને પણ મેં મારી નાંખ્યો અને બીકનો માર્યો હું તે દેશ મૂકીને યમનના મુલ્કમાં નીકળી ગયો. પછી અરબના મુલ્કમાં થઈને અહિં આવ્યો છું."

ઉપર પ્રમાણે શેખ સઅદીનું ટુંકામાં વર્ણન આપવામાં આવ્યું છે. આ ઉપરથી કેટલાક એ મૂર્ત્તિ તે સોમનાથ મહાદેવની મૂર્ત્તિ હતી એમ માને છે. પણ મહાદેવની મૂર્ત્તિ દેવળમાં હોતી નથી પણ લિંગની સ્થાપના કરેલી હોય છે. માટે આ વર્ણન જિનની મૂર્ત્તિને લાગુ પડે છે અને ઝંધ શબ્દ શેખ સઅાદિયે વાપર્યો છે તે જિનનો અપભ્રંશ

ધ્વજા ચ્હડે ત્યાં સુધી તમારે માંસાહાર નહિ કરવાની અથવા સ્ત્રીસંગ ત્યાગ કરવાની બાધા લેવી. રાજાએ તે માન્ય કરીને મહાદેવની મૂર્ત્તિ ઉપર જળ મૂક્યું કે હું માંસાહાર કરીશ નહિ. બે વર્ષ વીત્યા પછી, શિખર પૂરૂં બંધાઇ રહ્યું એટલે કલશ અને ધ્વજારોપણ કરવાને કુમારપાળ તૈયાર થયો ત્યારે

થયેલા જણાય છે તથા પૂજારિયોનું વર્ણન કરવામાં તેઓ ગંધાતા જણાવ્યા છે અને પાણી વાપરતા નથી એમ લખ્યું છે તે પણ તેમને જ લાગુ પડે એમ છે.

કુમારપાળ પછી, સુમારે એક સૈકડા સુધી, દેવાલયને કાંઈ અડચણ થયેલી જણાતી નથી, પણ ઈ. સ. ૧૨૯૭માં અલ્લાઉદ્દીન ખિલજિયે પોતાના ભાઈ અલફખાન, અને નસરતખાન જે તેનો મુખ્ય પ્રધાન હતો એ બેને ગૂજરાત જિતવા મોકલ્યા અને તે વેળાએ તેમણે સોમનાથની મૂર્ત્તિને હરકત કરી. આ બનાવ બન્યા પછી એક સૈકડે ઈ. સ. ૧૩૯૫માં મુજફ્ફરશાહ પ્હેલાએ પાટણ ઉપર ચડાઈ કરી, અને હિન્દુનાં સર્વ દેવાલયોનો નાશ કર્યો અને તે ઠેકાણે મસ્જીદો કરાવી અથવા તો તે દેવાલયોનો આકાર બદલી નંખાવ્યો. પછી વળી ઇ. સ. ૧૪૧૩માં, ફેરિસ્તાના લખવા પ્રમાણે અહંમદશાહ પ્હેલાએ જૂનાગઢના રા' ઉપર ચડાઈ કરી ત્યારે તેણે સોમપુરના દેવાલયનો નાશ કર્યો અને ત્યાંથી ઘણું જવાહીર લઈ ગયો. પછી મહંમદ બેગડાએ (ઈ. સ. ૧૪૫૯–૧૫૧૩ માં) દેવળ તોડીને તેને સ્થાનકે મસ્જીદ બાંધી. છેલ્લામાં છેલ્લો મુઝફ્ફર બીજાએ (૧૫૧૩–૧૫૨૬) દેવળ ઉપર હુમલો કરેલો જણાય છે. એ ઉપરથી એમ સમજાય છે કે, મુસલમાનો દેવાલય તોડી જતા અને પછવાડેથી પાછી સ્થાપના કરવામાં આવતી. આ બનાવ બન્યા પછી દેવાલયનો કેટલોક ભાગ મસ્જીદને મળતો કર્યો જણાય છે અને તેમ કરવાનું મુખ્ય કારણ એમ હશે કે મુસલમાની આકાર જોવામાં આવે તો પછી તે લોકો ભણીથી તેને કાંઈ હરકત થાય નહિ.

કુમારપાળ પછી, સરસ જીર્ણોદ્ધાર, જૂનાગઢના ચૂડાસમા રા' ચોથા ખેંગારે (સં. ૧૨૭૯—1333 માં) કર્યાનું ગિરનારના બે લેખો ઉપરથી જણાય છે.

સોરઠી તવારીખમાં જણાવે છે કે, સોમનાથના દેરાને મુસલમાનોએ મસ્જીદના આકારમાં ફેરવી નાંખ્યું હતું અને તે ખંડેર થઈ ગયું હતું. સંવત્ ૧૮૪૦ (ઈ. સ. ૧૭૮૩) સુધી શેખમીયાન જે ન્યામતખાનની પછી ગાદિયે બેઠો હતો તેમના સમય સુધી, તેનો જીર્ણોદ્ધાર થયો ન હતો. પણ અહલ્યા બાઈ–હોલ્કર મલ્હારરાવ બહાદુરની મહાગુણવતી રાણિયે તે ફરીથી બંધાવ્યું. આ અહલ્યાબાઈ (ઈ. સ. ૧૭૬૫–૯૫) પોતાના પૌત્ર મલ્લારરાવના મરણ પછી બધો કારભાર પોતે જ ચલાવતાં હતાં. તેણે સોમનાથના મંદિરના જીર્ણોદ્ધાર ઉપરાંત જગન્નાથ, નાસિક, ઇલોરા, નીમાર, મહેશ્વર, દ્વારકા, ગયા, કેદારનાથ, રામેશ્વર, ઇત્યાદિ ઠેકાણે પવિત્ર સ્થાનકો બંધાવ્યાં હતાં. નર્મદા નદીના કિનારા ઉપર તેની કુંવરી મુક્તા બાઈ પોતાના પતિ યશવંતરાવ પાંશિયાની પછવાડે સતી થઈ હતી, તેના સ્મરણાર્થે માહેશ્વરમાં તેણે સુંદર મંદિર બંધાવ્યું હતું. ત્યાર પછી ત્રીશ વર્ષે ગાયકવાડ સરકારના દિવાન વિઠ્ઠલરાવ દેવાજી જે કાઠિયાવાડના સૂબેદાર ઠર્યા હતા તેમણે મોટું નગારખાનું અને ધર્મશાળા વગેરે બંધાવ્યાં હતાં. ર. ઉ.

આચાર્યને કહ્યું કે મારી બાધા મૂકાવો. હેમચંદ્ર બોલ્યાઃ "જુવો! તમે આવું "વ્રત પાળ્યું છે તેથી મહાદેવની સન્મુખ ઉભા રહેવાને તમે યોગ્ય થયા "છો. તમે ત્યાં યાત્રાયે જશો ત્યારે બાધા મૂકવાનો અવસર આવશે." બ્રાહ્મણોએ રાજાને સમજાવ્યો કે સોમનાથને સૂરિ માનતા નથી, માટે રાજસંઘની સાથે યાત્રા કરવા સારૂ તેમને સાથે લેવા, એટલે સર્વે વાત જણાઈ આવશે. કુમારપાળે આ સલાહ પ્રમાણે કર્યું, ત્યારે હેમચંદ્ર તત્કાળ બોલી ઉઠ્યાઃ– "ભૂખ્યાને ભોજન ઉપર બેસવાનો બલાત્કાર કરવાની શી અગત્ય છે? યાત્રા "એ તો સાધુનું જીવતર છે; તો રાજા ભણીથી આજ્ઞા કરવાની શી અગત્ય "છે?" પછીથી ઠરાવ થયો કે જતાં ધીમે ધીમે પગે ચાલીને સૂરિયે શત્રુંજય અને ગિરનારનાં પવિત્ર સ્થાનનાં દર્શન કરતાં કરતાં કુમારપાળને દેવપટ્ટણમાં આવી મળવું. રાજા પોતાના સંઘ સહિત વાધતાં, સોમેશ્વરના નગર પાસે આવી પ્હોંચ્યો. શ્રી બૃહસ્પતિ જેને કામની દેખરેખ ઉપર મૂક્યો હતો તે રાજાને સારૂ તૈયાર કરી રાખેલી જગ્યામાં લઈ જવાને આ ઠેકાણે આવી પ્હોંચ્યો. હેમચંદ્ર પણ સંઘને આવી મળ્યા, અને કુમારપાળે પણ મ્હોટા આનંદથી, રાજશ્રીના દબદબા સાથે વાદિત્રના નાદ સહિત નગરમાં પ્રવેશ કરયો. પછી સોમેશ્વરના દેવળને પગથિયે ચ્હડીને મહાદેવને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. હેમચંદ્ર પણ બૃહસ્પતિની સાથે દેવળના બારણા આગળ ઉભો રહીને બોલ્યોઃ–"આ ભવ્ય દેવળમાં કૈલાસવાસી મહાદેવ નિઃસંશય બિરાજે છે." પછી અંદર પેશીને પવિત્ર લિંગ[1]નું વિધિપૂર્વક પૂજન કર્યા પછી, તે બોલ્યોઃ "તું ગમે

---

૧ કુમારપાળ પ્રબંધમાં આ સ્તુતિના શ્લોક નીચે પ્રમાણે છેઃ—

आर्या–भवबीजांकुरजनना रागाद्याः क्षयमुपागता यस्य ॥
ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥ १ ॥

रथोद्धतावृत्तम्–यत्र तत्र समये यथा तथा योऽसि सोऽस्यभिधया यया तया ॥
वीतदोषकलुषः सचद्भवा नेक एव भगवन्नमोऽस्तु ते ॥ २ ॥

કાવ્યમાળા ગુચ્છક સાતમામાં મહાવીરસ્વામી સ્તોત્ર છે તેનો ૩૧ મો શ્લોક આ છેઃ–

शार्दूलविक्रीडितं वृत्तम्–त्रैलोक्यं सकलं त्रिकालविषयं सालोकमालोकितम् ।
साक्षाद्येन यथा स्वयं करतले रेखात्रयं सांगुलि ॥
रागद्वेषभ[या]भयांतकजरालोलत्वलोभादयो ।
नालं यत्पदलंघनाय स महादेवो मया वंद्यते ॥ ३ ॥

स्रग्धरावृत्तम्–यो विश्वं वेदवेद्यं जननजलनिधेर्भंगिनः पारदृश्वा ।
पौर्वापर्याविरुद्धं वचनमनुपमं निष्कलंकं यदीयं ॥

"તેવી પ્રકૃતિનો હોય, તારૂં ગમે તે નામ હોય, તારો ગમે તેટલો કાળ હોય "તો પણ તારી સ્થિતિ છે. જેનામાં પાપકર્મ નથી, અને જેના કર્મથી પાપ- "વાસનાનો પરિણામ થતો નથી એવો તું, એક ઈશ્વર છે તે, તને મારી પ્રાર્થના "છે. માયા જે અવતારનું બીજક છે તે માયાનો પાશ જેણે તોડ્યો છે, તે "પછી બ્રહ્મા, વિષ્ણુ, કે શિવ ગમે તે હોય તેને પ્રાર્થના છે." તે આ પ્રમાણે પ્રાર્થના કરતો હતો તે જોઈ રાજા પોતાના કારભારિયો સહિત આશ્ચર્ય પામીને ઉભો રહ્યો. પછી શ્રીહેમાચાર્યે શિવને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. બૃહસ્પતિના કહેવા પ્રમાણે રાજાએ બહુ જ શ્રદ્ધાપૂર્વક પૂજા કરી અને પોતાની તુલા કરીને દાન કર્યું તથા હાથી આપ્યા અને કર્પૂરની આરતી કરી. પછી સર્વેને બ્હાર જવાની આજ્ઞા કરીને કુમારપાળ તથા હેમાચાર્ય દેવળના નિજ મંડપમાં બારણાં બંધ કરીને પેઠા.

કુમારપાળે હેમાચાર્યને કહ્યું: "આટલા બધા ધર્મ છે તેમાં જેથી "ખાતરી થાય એવો એક ધર્મ પ્રતિપાદન કરવાને હું બહુ આતુર છું. "સોમેશ્વર સરખો બીજો કોઈ દેવ નથી; મારા જેવો કોઈ રાજા નથી; અને "તમારા જેવો કોઈ સાધુ નથી; મારા ભાગ્યે કરીને ત્રણે વસ્તુ એકઠી થઈ

तं वंदे साधुवंद्यं सकलगुणनिधिं ध्वस्तदोषद्विषंतम् ।
बुद्धं वा वर्धमानं शतदलनिलयं केशवं वा शिवं वा ॥ ४ ॥

ભવબીજના અંકુરને ઉત્પન્ન કરનાર રાગ (૧ કામ, ૨ ક્રોધ, ૩ લોભ, ૪ મોહ, ૫ મદ, અને ૬ મત્સર) આદિ જેના ક્ષય પામેલા છે, તે બ્રહ્મા હો, અથવા વિષ્ણુ હો, અથવા હર હો વા જિન હો, તેમને હું નમસ્કાર કરૂં છું.

જે તે સમયે જેવો તેવો તું છું, જે તે નામવાળો છું, તે તું જો, દોષરૂપી કલુષ રહિત એક જ હોઉ તો હે ભગવન્! તને હું નમસ્કાર કરૂં છું.

પોતાની આંગળિયો સહિત હથેલીની રેષા સાક્ષાત્ દેખાય છે, તેમ જેને ત્રણ લોક (સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ) તથા અલોક (જ્યાં જીવની ગતિ નથી, તેવો આકાશ-પ્રદેશ) સાક્ષાત્ દૃશ્યમાન છે; અને રાગ, દ્વેષ, ભય, આમય (રોગ), અંત (કાળ) જરા (ઘડપણ), લોલત્વ (ચપળતા), અને લોભ આદિ જેના પદનું ઉલ્લંઘન કરવાને શક્તિમાન્ થતાં નથી, એવા મહાદેવને હું વંદન કરૂં છું. (૩)

જે વેદ્ય જગત્‌ને જાણે છે, જેણે વિશ્વની ઉત્પત્તિરૂપી સમુદ્રની રચનાનો પાર જોયો છે, જેનું વચન પૂર્વાપર અવિરૂદ્ધ છતાં અનુપમ અને નિષ્કલંક છે, જે સાધુ પુરૂષોને વંદન કરવા યોગ્ય છે, અને જેના દોષરૂપી શત્રુઓ નાશ પામ્યા છે, એવા સકલ ગુણ-નિધિ બુદ્ધ હો અથવા વર્ધમાન (મહાવીર), અથવા બ્રહ્મા હો કે કેશવ (વિષ્ણુ) હો, અથવા શંકર (મહાદેવ) હો, તેને હું વંદન કરૂં છું. ૨. ઉ.

"છે. એટલા માટે આ મહાદેવની સમક્ષ, જેનાથી મુક્તિ મળે એવો એક "દેવ સાચેસાચી રીતે મને બતાવો."

હેમાચાર્યે પ્રત્યુત્તર આપ્યું: "પુરાણમાં જે વાતો છે તેની હવણાં આ- "પણને અગત્ય નથી. હવણાં તો હું મહિમાવંત સોમેશ્વરને સાક્ષાત્કાર અહિં "લાવું છું કે તેમને જ મ્હોંડેથી તમે સત્યતા સાંભળો. નિઃસંશય આ જ- "ગ્યાએ દેવ સંતાઈ રહ્યા છે. ધર્માચાર્યે જે રીતે બતાવ્યું છે તે પ્રમાણે "આપણે બે જો અચળ ધ્યાન ધરિયે તો દેવ એમની મેળે દેખા દે. એમ "હું ધ્યાન ધરૂં છું; તમે આ અગરનો ધૂપ કરો તે શિવ પ્રત્યક્ષ આવીને "ના કહે ત્યાં સુધી બંધ રહેશો નહિ."

આ પ્રમાણે બન્ને જણા ધુનમાં મચ્યા અને મંડપ બધો ધૂપના ધૂમાડાથી ભરાઈ ગયો અને ત્રણે બાજુને ખૂણે અને બારણાંની આસપાસ દીવા શૃંગાર્યા હતા તે ઝાંખા થઈ ગયા. પછી એકાએક સૂર્યના તેજ સરખું ભભકદાર તેજ પ્રકાશી ઉઠ્યું. રાજા ચમકી ઉઠ્યો, અને તેજથી આંખે ઝાંઝવાં વળી ગયાં; તથા આંખે હાથ દઈને હળવે હળવે જોવાનો પ્રયત્ન કરવા લાગ્યો. તે અવસરે જળા- ધારીમાં જ્યાં પવિત્ર શિવલિંગ હતું ત્યાં યોગીનો આકાર તેના જોવામાં આવ્યો. તેને માથે જટા ગુંથેલી હતી! તેની શોભા અનુપમ હતી, ઉંચા સોનાના જેવો ચળકાટ હતો, તેની કાન્તિ મૃત્યુલોકના માનવીથી જોઈ શકાય નહિ એવી હતી. રાજાએ પોતાનો હાથ અડકાડીને તપાસી જોયું તો તેની ખાતરી થઈ કે દેહ ધારણ કરીને સાક્ષાત દેવ બિરાજમાન થયા છે. પછી અત્યંત ભક્તિ સહિત સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને તે આ પ્રમાણે પ્રાર્થના કરવા લાગ્યો: "હે જગતપતિ! આ પ્રમાણે તમારી આરાધના કરતાં, મારી આંખોને ઇચ્છેલી "વસ્તુ મળી; એટલા માટે હવે કૃપા કરીને કાંઈ આજ્ઞા કરી મારા મનની "ઇચ્છા પૂર્ણ કરો."

ઘનઘોર રાત્રિ વીત્યા પછી સવાર જેમ પ્રકાશ પામે તેમ દેવની મુખ- મુદ્રા પ્રકાશ પામી અને તેના મ્હોંમાંથી નીચે પ્રમાણે ઈશ્વરી શબ્દ નીકળ્યા:— "ઓ! રાજા! આ સાધુ સર્વ દેવતાઓનો અવતાર છે; એ કપટ વિનાનો "છે; જેમ એ પોતાના હાથમાં મોતી જોઈ શકે તેમ દેવત્વ જોવાનું એને જ "સ્વાધીન કર્યું છે; એ ભૂત, ભવિષ્ય, ને વર્તમાન જાણે છે. એ જે માર્ગ "બતાવે તે નિઃસંશય તારે મુક્તિનો માર્ગ જાણવો."

આ પ્રમાણે કહીને દેવ અલોપ થઈ ગયા. પણ તેથી રાજાને શોક થયો, અને હેમચંદ્ર ધ્યાનમુક્ત થઈ શ્વાસ લેવા લાગ્યા. ઇષ્ટ દેવે કહ્યું હતું તે લક્ષમાં રાખીને, કુમારપાળે પછી રાજાપણાનું અભિમાન મૂકી દઈને, ધર્મ-

ગુરૂને ચરણે મસ્તક મૂકીને, જે કરવાનું ઘટિત હોય તે કહેવા વિષે પ્રાર્થના કરી. એટલે તે જ ઠેકાણે હેમચંદ્રે તેને નિયમ લેવરાવ્યો કે, આજથી તે મરતાં સુધી માંસાહાર કરવો નહિ અને દારૂ પીવો નહિ.

બન્ને ઇતિહાસ લખનારા કહે છે, અને લેખમાં પણ લખ્યું છે કે બૃહસ્પતિ બ્રાહ્મણને સ્વાધીન સોમેશ્વરનું દેવળ કરયું હતું; પણ આગળ જતાં જ્યારે હેમાચાર્યની સત્તા કુમારપાળ ઉપર પૂરેપૂરી ચાલવા લાગી ત્યારે તે જૈનધર્મની નિંદા કરતો હતો એટલા માટે કેટલાક દિવસ સુધી તેને તેની જગ્યા ઉપરથી દૂર કર્યો હતો, અને જ્યારે તે આચાર્યને બહુ જ નમી પડ્યો ત્યારે તેણે કુમારપાળ સાથે તેનું સમાધાન કરાવી આપીને તેની જગ્યા પાછી અપાવી.

કુમારપાળ અને આચાર્ય અણહિલપુર પાછા આવ્યા ત્યાં હેમચંદ્રે કુમારપાળને જિનદેવના મુખમાંથી જે પવિત્ર વાણી નીકળી હતી તેનું જ્ઞાન કરયું અને અર્હત માર્ગિયોમાં તેને મહાન્ ઠરાવ્યો. આચાર્યની આજ્ઞા પ્રમાણે, ચૌદ વર્ષ સુધી, ગૂજરાતના અરાડે દેશમાં જ્યાં જ્યાં તેની આણ વર્ત્તાતી હતી ત્યાં ત્યાં તેણે જીવહિંસા કરવાની મના કરી. દ્વયાશ્રય[1]નો કર્ત્તા કહે છે કે બ્રાહ્મણો

---

૧ દ્વયાશ્રયના વીશમાં સર્ગમા કહ્યું છે: " કુમારપાળે એક દિવસ માર્ગમાં એક માણસને પાંચ છ બકરાં ખેંચી જતો જોયો. તેને પૂછ્યું કે આ મુવેલાં જેવાં બકરાં ક્યાં લઈ જાય છે? તો તેણે કહ્યું કે કસાઈને ઘેર વેચી થોડા પૈસા આવશે તે લાવી મારૂં દારિદ્રય ટાળીશ. આ ઉપરથી કુમારપાળે માંસાહારની બહુ નિંદા કરી, અને પોતાની જાતને પણ ઠપકો આપ્યો, કે મારા દુર્વિવેકથી જ લોકો આવી હિંસામાં પ્રવૃત્ત થાય છે. પછી પેલા માણસને જવા દઈ, પોતે તરત અધિકારિયોને આજ્ઞા કરી કે જે જૂઠી પ્રતિજ્ઞા કરે તેને તમારે શિક્ષા કરવી, જે પરદારાગમન કરે તેને તેથી અધિક શિક્ષા કરવી, અને જે જંતુ-હિંસા કરે તેને તેથી પણ અધિક શિક્ષા કરવી. આવી અમારી આજ્ઞા આખા રાજ્યમાં છેક ત્રિકૂટાચલ જે લંકામાં છે ત્યાં સુધી કરાવી, ને એને લીધે જેને નુકશાન થયું તેમને ત્રણ ત્રણ વર્ષ ચાલે એટલું પોતે અન્ન આપ્યું. દારૂ પીવાનો ચાલ પણ એણે બંધ પાડ્યો અને યજ્ઞયાગમાં પણ બકરાંને બદલે જવ હોમાતા થઈ ગયા. એક દિવસ રાત્રિયે પોતે સૂતો હતો, તેવામાં, કોઈને રોતું સાંભળ્યું તેથી એકલો જ તે સ્થાનમાં ગયો. તો ત્યાં એક સુંદર સ્ત્રીને રોતી જોઈ. તેને પૂછતાં જણાયું કે તે એક ધનાઢ્ય ગૃહસ્થની સ્ત્રી છે, તેનો પતિ અને પુત્ર મરી ગયા છે ને તેથી તે એવા કારણથી રૂએ છે કે પુત્ર વિના તેની નવારસી મિલકત રાજા લઈ લે છે, એટલે મારે જીવીને શું કામ છે? રાજાએ તેની આશ્વાસના કરી. તેની મિલ્કત રાજ્ય તરફથી નહિ લેવાય તેવું વચન આપ્યું, અને ધર્મ-કૃત્ય કરવાની તેને સલાહ આપી. પછી આખા રાજ્યમાં એવો જ કાયદો જાહેર કર્યો; જેથી પ્રજા બહુ ખુશી થઈ. પછી એક દૂતે ખબર કહી કે કેદારપ્રાસાદ ખસ રાજાએ ખંડેર થઈ જવા દીધો છે. તેથી તેણે ખસ રાજાને ઠપકો દઈ તેની, તેમ દેવપત્તનના

યજ્ઞમાં જીવનું બલિદાન આપતા હતા તે બંધ કરાવ્યું એટલે તેને ઠેકાણે દાણા હોમવાનો ચાલ નીકળ્યો. પછી દેશમાં પણ રાજાની આજ્ઞા પાળવામાં આવી તેથી જે યોગિયો મૃગચર્મવતે પોતાનાં શરીર ઢાંકતા હતા તેઓને તે મળવાને અશક્ય થઈ પડ્યું. વળી પંચાલના લોકો ઘણા હિંસક હતા તેઓ કુમારપાળને સ્વાધીન હતા તેથી એ કામથી દૂર રહેવાની તેઓને અગત્ય પડી. માંસ વેચનારાઓનો ધંધો બંધ કરાવી દીધો, અને તેના બદલામાં ત્રણ વર્ષની ઉપજ તેઓને સામટી આપી. હવે માત્ર કાશીની આસપાસના દેશના લોકોમાં જીવનું બલિદાન આપવાનું ચાલતું રહ્યું.

એક દિવસ કોઇયે આવીને કુમારપાળને સંભળાવ્યું કે કેદારનો ખસ રાજા પોતાના બળ વડે યાત્રાળુઓને લૂંટે છે એટલું જ નહિ પણ વળી તેણે કેદારેશ્વર મહાદેવનું દેવળ જીર્ણોદ્ધાર કરાવ્યા વિના ખંડેર થઈ જવા દીધું છે. રાજાએ ખસ રાજાને ઠપકો દઈને પોતાના પ્રધાનને મોકલીને જીર્ણોદ્ધાર કરાવ્યો. કોઈ બીજા સમયને વિષે મહાદેવે રાજાને સ્વપ્નમાં દેખા દઈને કહ્યું કે "તારી "સેવાથી, હું પ્રસન્ન થયો છું, અને મેં અણહિલપુર આવી વસવાનો નિશ્ચય કર્યો છે." આ ઉપરથી રાજાએ તે નગરમાં કુમારપાળેશ્વર મહાદેવનું દેવળ બંધાવ્યું. વળી અણહિલપુરમાં કુમારવિહાર કરીને પારસનાથનું દેરાસર બંધાવી તેમાં મૂર્ત્તિયોની પ્રતિષ્ટા કરી. વળી તેણે દેવપટ્ટણમાં જૈન ધર્મનું એવું ભવ્ય ચૈત્ય બાંધ્યું કે યાત્રાળુ લોકોનાં ટોળેટોળાં ત્યાં આવવાને ઉલટ્યાં.

કુમારપાળે આ વેળાએ જૈન ધર્મનાં બાર વ્રત[1] લીધાં. ત્રીજું વ્રત

સોમનાથનું દેવાલય જે જીર્ણ થઈ ગયું હતું તેની મરામત અમાત્ય વાગ્ભટ્ટ પાસે કરાવી. પછી દેવપત્તન તેમ અણહિલ્લપુરમાં એણે પાર્શ્વનાથનાં ભવ્ય ચૈત્ય બંધાવ્યાં. પછી શંભુએ સ્વપ્ન આપ્યું કે તારી ભક્તિથી પ્રસન્ન થઈ હું તારા પુરમાં વસવા ઇચ્છું છું. તેથી એણે એક કુમારપાલેશ્વર મહાદેવનું પણ દેવાલય કરાવ્યું." ર. ઉ.

૧ બાર વ્રત નીચે પ્રમાણે છેઃ-(કુમારપાળ પ્રબંધ ભા. પૃ. ૨૦૧)

૧ अहिंसात्याग—જીવદયા સરખો કોઈ ધર્મ નથી. માટે કુમારપાળે કર્ણાટક, ગૂજરાત, કોકણ, રાષ્ટ્ર, કીર, જાલંધર, સપાદલક્ષ, મેવાડ, દ્વીપ, અને આભીર એ આદિ અઢાર દેશ-જેમાં પોતાની આજ્ઞા મનાતી હતી ત્યાં અમરપડો વજડાવી, કાશી અને ગીજની આદિ ચૌદ દેશોમાં ધન, વિનય, અને મૈત્રીના બળથી જીવરક્ષા કરાવી, અણગળ પાણી વાપરવાની મનાઈ કરી.

૨ असत्यत्याग—જૂઠું બોલવાથી થતું પાપ બીજાં પાપ કરતાં વધારે છે.

૩ अदत्तग्रहणत्याग—જેને પારકાનું દ્રવ્ય હરણ કરવાની બુદ્ધિ હોય છે તેને ભવેભવ પરઘેર દાસત્વ મળે છે. પરદ્રવ્ય હરણ કરનારનું દાન, શીલ, તપ, અને ભાવનાથી ઉપાર્જન કરેલું મહાપુણ્ય નિષ્ફળ જાય છે. આ ઉપરથી કુમારપાળે નિઃપુત્રિ-

લેતી વેળાએ આચાર્યે તેને શીખામણ દીધી કે, પુરૂષ વારસ મૂક્યા વિના જે મરી જાય છે તેની માલમતા રાજકોષમાં ગ્રહણ કરવામાં મ્હોટું પાપ

યાનું ધન દરબાર દાખલ કરવાનો ચાલ ક્હાડી નાંખ્યો અને વાર્ષિક બોતેર લાખ જેટલી ઉપજનો ત્યાગ કર્યો, અને ધારાશાસ્ત્રમાંથી પણ તે કલમ ક્હાડી નાંખી અઢારે દેશોમાં ઢંઢેરો પીટાવ્યો કે, "ધણી મરી જવાથી રડતી સ્ત્રીને ઘાના ઉપર ક્ષાર જેવું લાગતું ધનહરણ પૂર્વે થઈ ગયેલા નિર્દય રાજાઓ બંધ કરી શકયા નથી તેનો પ્રજામાં દયાર્દ્ર હૃદય ધારણ કરનાર સમુદ્રમર્યાદિત પૃથ્વીનો રાજા કુમારપાળ ત્યાગ કરે છે."

૪ પરસ્ત્રીત્યાગ અને સ્વદારસંતોષ–ધર્માર્થી પુરૂષે પરસ્ત્રીનો ત્યાગ કરવો; જગત્માં અપકીર્ત્તિ, કુળનો ક્ષય, અને દુર્ગતિમાં ગમન એ સર્વ અબ્રહ્મણ્યનું ફળ જાણી સુજ્ઞ પુરૂષે પરસ્ત્રી ભણી નજર પણ ન કરવી.

બાર વ્રત લેતાં પ્હેલાં 'પરસ્ત્રી મા બ્હેન સમાન' એવું વ્રત તેણે અંગીકાર કર્યું હતું. ધર્મપ્રાપ્તિ પહેલાં તેને બહુ રાણિયો હતી, તો પણ તે સર્વેનું સ્વલ્પ આયુષ્ય હોતાં વ્રત ગ્રહણ કરતી વેળાએ એકલી ભૂપાલદેવી પટ્ટરાણી હતી. તે રાજર્ષિયે તે એકલીથી જ સંતોષ માની ફરીને પાણીગ્રહણ નહિ કરવાનો નિયમ લીધો.

૫ અપરિમિતપરિગ્રહત્યાગ અને ઇચ્છાપરિમાણ–ધનપર લાગેલા મનવાળા કિયા–હિંસક જીવે પાપ ઉપાર્જન નથી કર્યું? ધનના સંપાદન, રક્ષણ, અને ક્ષયથી થતા દુઃખાનળથી કોણ નથી બળ્યો? આનો પ્રથમ વિચાર કરી બાવરાપણાથી થયેલી સ્પૃહાનો ત્યાગ કરો કે પાપ અને સંતાપના વિષયમાં સ્થાનજ ન મળે. × × × તૃષ્ણાથી તપેલા મનવાળા પુરૂષોનું ડગલે ડગલે અપમાન થાય છે. પરિગ્રહથી થતો કલેશ અને તે થકી મમ્મણને નર્કગતિ પ્રાપ્ત થઈ એનો ખ્યાલ કરી ધર્મના શોધ અને સુખાર્થી પુરૂષે સ્વલ્પ પરિગ્રહ રાખવો.

કુમારપાળે પોતે જોયલા અને સાંભળેલા પુરૂષો મહાપુરૂષોના પરિગ્રહને અનુસરી પાપ થકી બીહીને તેણે નીચે પ્રમાણે પરિગ્રહનું પરિમાણ કર્યું:–

છ કોટી સોનૈયા,	એકહજાર હાથી.
આઠ કોટિ રૂપિયા,	એંશી હજાર ગામ.
એક હજાર તોલા મહા મૂલ્યવંત રત્નો,	પાંચસો ઘર.
બીજાં દ્રવ્યોની અનેક કોટિયો,	પાંચસો વખારો.
બે હજાર ઘડા ઘી, તેલ વિગેરે,	પાંચસો સભાઓ.
બે હજાર ખાંડી ધાન્ય,	પાંચસો ગાડિયો.
પાંચ લાખ ઘોડા,	એક હજાર ઊંટ.

ઉપર પ્રમાણે સામાન્ય પરિગ્રહ રાખ્યો. સૈન્યમાં અગિઆરસો હાથી, પચાસ હજાર રથ, અગિયાર લાખ ઘોડા, અને અઢાર લાખ પાયદલ રાખ્યું.

૬ दिग्गमनत्याग–દશ દિશાઓમાં ગમન કરવાની મર્યાદા બાંધવી, તેને દિગ્વિરતિ નામનું પ્હેલું ગુણવ્રત કહે છે. પ્રમાદી જીવ, લોખંડના ગોળાની પેઠે, સર્વ દિશાઓનો નિયમ નહિ કરવાથી તે તે દિશાઓમાં થતું કિયું પાપ ન બાંધે? લોભથી પરાભવ

છે. તેથી તેવા જ અર્થનું તેણે ત્રીજું વ્રત લીધું કે પોતાની જાતમહેનતથી

પામેલો પુરૂષ ત્રણે ભુવનમાં ગમન કરવાના મનોરથ કરે; માટે વિવેકી પુરૂષે સર્વદા અને વિશેષત: ચાતુર્માસમાં જીવદયા નિમિત્ત સર્વ દિશાઓમાં જવાની નિર્વૃત્તિ કરવી.

ચોમાસાના ચાર મહિનામાં પાટણના કોટની બહાર ન જવું અને ચૈત્યદર્શન તથા ગુરૂવંદન વિના બીજાં કામે પ્રાય: નગરમાં પણ ન ફરવું, એવો કુમારપાળે નિયમ લીધો હતો. મ્હોટો પ્રસંગ આવતાં પણ તેણે એ નિયમનો ત્યાગ કરયો નહતો. તેના આ નિયમની વાત સર્વત્ર પ્રસાર પામી. ગીજનીના દુર્ધર શકાનિક રાજાએ પણ પોતાના હેરકોની મારફત આ વાત જાણી; અને ગૂજરાતની સમૃદ્ધિથી લલચાઈને તેનો ભંગ કરવાના મનસુબાથી પ્રયાણ કર્યું. આ વાત કુમારપાળના ગીજનીથી આવેલા ચારોએ તેને જણાવી એટલે ચિન્તાક્રાન્ત થયેલો રાજા અમાત્ય સાથે ગુરૂના ઉપાશ્રયમાં કહેવા લાગ્યો:–"હે પ્રભો! બલવાન્ તુર્કાધિપતિ ગીજનીથી અહિં આવવા નીકળ્યો છે, પણ "વર્ષા ઋતુમાં નગરની બહાર જવું નહિ એવો મેં નિયમ લીધો છે તો હવે શું કરવું?" હેમાચાર્ય બોલ્યા કે, ચિન્તા ન કરો, તમે આરાધેલો ધર્મ જ તમને સાહાય્ય કરશે. થોડી વારમાં ત્હડી આવેલા રાજાને તેના પલંગ સહિત ત્યાં ઉપાડી આણ્યો હોય એવો દેખાવ કુમારપાળની દ્રષ્ટિયે પડયો અને કહેવા લાગ્યો, કે હે રાજેન્દ્ર! દેવતાની આપને આવી સાહાય્ય છે એ મને ખબર નહતી. હવેથી હમેશને માટે હું આપની સાથે સંધિ કરૂં છું. કુમારપાળે તેને પોતાના મહેલમાં લઈ જઈ તેનો સારો સત્કાર કરયો અને જીવદયાના સંબંધમાં શિક્ષા આપી. પોતાના આપ્તજનો સાથે તેની સેનાએ જ્યાં મેલાણ કર્યું હતું ત્યાં પ્હોંચાડી દીધો.

૭ भोगोपभोगनुं परिमाण–અન્ન, કુસુમાદિ એક વાર સેવવા યોગ્ય પદાર્થ તે ભોગ જાણવા, અને આભૂષણ, સ્ત્રી આદિ વારંવાર સેવવા યોગ્ય તે ઉપભોગ જાણવા, ભોગ અને ઉપભોગની શક્તિ પ્રમાણે સંખ્યા નક્કી કરવી, એ भोगोपभोगमान નામનું બીજું ગુણવ્રત કહેવાય છે. દયાળુ પુરૂષે ૨૨ અભક્ષ્ય અને ૩૨ અનંતકાયને ત્યાગ કરવા યોગ્ય જાણી તેમનાથી સમ્યક્ પ્રકારે દૂર રહેવું જોઇયે.

કુમારપાળે ભોજનમાં માંસ, મદ્ય, મધ અને માખણ આદિ ૨૨ અભક્ષ્ય અને ૩૨ અનંતકાય આદિનો નિયમ રોગાદિ મહાકષ્ટને સમયે પણ છૂટ રાખ્યા સિવાય લીધો.

૮ अनर्थदंडनो त्याग–આર્ત અને રૌદ્ર એ બે દુષ્ટ ધ્યાનને સેવવાં, હિંસાનાં ઉપકરણોનું આપવું, પાપયુક્ત આચારનો ઉપદેશ કરવો, અને પ્રમાદનું સેવન કરવું, એ નિરર્થક પાપનાં કારણ હોવાથી અનર્થદંડ છે, અને એમનું નિવારણ કરવું તે અનર્થદંડ-વિસ્મરણ નામનું ત્રીજું ગુણવ્રત કહેવાય છે, માટે વિવેકી પુરૂષે અનર્થદંડનો ત્યાગ કરવો.

કુમારપાળે સર્વત્ર સાત વ્યસનોનો નિષેધ કરાવ્યો અને પોતે પણ પ્રમાદ, ક્રીડા, હાસ્ય, ઉપચાર, શરીરનો અતિશય સત્કાર, અને વિકથા (એટલે જેમાં ધર્મનો સંબંધ ન હોય એવી દેશ, સ્ત્રી, અને ભોજન સંબંધી વાર્તા.) આદિ કરવાનો ત્યાગ કરી નિરંતર જાગતા ધર્મધ્યાન રૂપી અમૃતના સાગરમાં જ નિમગ્ન રહ્યો.

જે મેળવેલું હોય નહિ તે કશું મારે લેવું નહિ. આવા પ્રકારની ઉપજ બંધ

---

૯ સામાયિક વ્રત–મન, વચન, અને કાયાના પાપયુક્ત વ્યાપારનો ત્યાગ અને પાપ રહિત વ્યાપારના સેવનથી અથવા બીજી રીતે કહિયે તો પાપકાર્યોમાં કરવા યોગ્ય દુર્ધ્યાનનો ત્યાગ કરનાર પુરૂષને એક મુહૂર્ત સમતામાં રહેવાથી સામાયિક નામનું પ્હેલું શિક્ષાવ્રત થાય છે.

કુમારપાળે પ્રતિદિવસ બે સામાયિક કરવાનો નિયમ લીધો હતો. પાછલી રાત્રિના સામાયિકમાં તે યોગશાસ્ત્રના બાર પ્રકાશ અને વીશ વીતરાગસ્તવનનું સ્તવન કરતો અને ત્યાર પછી બીજું કામ કરતો. બીજું સામાયિક પોષધશાળામાં કરતો અને તે સમયે ગુરૂ વિના બીજાની સાથે મૌનપણે રહેતો.

૧૦ દેશાવકાશિક વ્રત–દિગ્વ્રતમાં કરેલા પરિમાણમાંથી દિવસે અથવા રાત્રિએ જે કમી કરવું તેને પુણ્યના કારણભૂત દેશાવકાશિક નામનું બીજું શિક્ષાવ્રત કહે છે. જેમ ઔષધ શરીરમાં વ્યાપેલા વિષયને આંગળી આદિમાં લાવી મૂકે છે તેમ વિવેકી પુરૂષ દિગ્વ્રતના પરિમાણને નિત્ય નિત્ય ઓછું કરે અને એ જ પ્રમાણે બીજાં વ્રતોના પરિમાણમાં પણ દિવસે અથવા રાત્રિએ ન્યૂનતા કરે. જેમ કે, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ જીવોની હિંસા અંશતઃ અથવા સર્વથા વર્જે. રાગદ્વેષથી દૂષિત અસત્ય ન બોલે; વિશેષે કરી ગૃહકાર્ય સંબંધી ન બોલે, અને ધર્મ સંબંધી બોલવામાં પ્રમાણ કરે. કાંઈ પણ ભોજન અથવા ધન કોઈના આપ્યા વિના ગ્રહણ ન કરે. ઇત્યાદિ પ્રકારે સર્વ વ્રતોમાં સમજવું.

૧૧ પોષધોપવાસ વ્રત–અષ્ટમી, ચતુર્દશી એ આદિ પર્વતિથિયોમાં સર્વ પ્રકારના આહાર, અંગસત્કાર, અબ્રહ્મ અને અસાવદ્ય વ્યાપારનો ત્યાગ કરવો, તેને ભવ રૂપી રોગના ઔષધ સમાન પોષધ નામનું ત્રીજું શિક્ષાવ્રત કહે છે.

કુમારપાળ સદા પર્વતિથિયોમાં પોષધ લેતો, અને તે દિવસે ઉપવાસ કરી રાત્રે જરા પણ સૂતો નહિ. ગુરૂને વંદન કરવામાં તત્પર રહેતો. ઉઘાડે મુખે બોલતો નહિ, પ્રમાર્જન કર્યા વિના ચાલતો નહિ, ઘણો કાળ કાર્યોત્સર્ગમાં રહેતો. અને તેમ ન બને ત્યારે દર્ભના આસન ઉપર બેશી પ્રાણાયામ કરતો.

૧૨ અતિથિસંવિભાગ–જે મહાત્મા સર્વ તિથિયો અને પર્વોત્સવનો ત્યાગ કરે છે તે અતિથિ અને બાકીના અભ્યાગત જાણવા. અતિથિયોને ન્યાયોપાર્જિત તૈયાર અન્ન, પાન, આશ્રમ, વસ્ત્ર, અને પાત્રાદિ વસ્તુનું દેશકાળના વિચારપૂર્વક શ્રદ્ધા અને સત્કારથી યુક્ત જે દાન કરવું તે અતિથિસંવિભાગ નામનું ચોથું શિક્ષાવ્રત કહેવાય છે.

કુમારપાળે પોતાના રાજ્યની અંદરના શ્રાવકો પાસેથી લેવાતો બોહોતેર લાખ રૂપિયાનો વાર્ષિક કર બંધ કર્યો. તૂટી ગયેલા પ્રત્યેક સધર્મિક આશ્રય માગવા આવ્યેથી એક હજાર દીનાર આપવાની આભડ શેઠને ભલામણ કરી. હેમાચાર્યને પણ નાગાભૂખ્યા શ્રાવક જણાય તેની ખબર રાખવાની વિનતિ કરી. પછી વર્ષનો આંકડો મંગાવ્યો તો એક કરોડ રૂપિયાનો આવ્યો. આભડ શેઠે તે લેવાની ના કહી, પણ પોતાનું વ્રત તૂટે નહિ એટલા માટે તેને આગ્રહથી આપ્યું અને ઘણાં વર્ષ સુધી પોતાનો અભિગ્રહ પાળ્યો. ર. છ.

કરીને તે સત્યયુગના રઘુ, નહુષ, અથવા ભરત કરતાં પણ વધ્યો એવું પોતાની પ્રજા પાસે કહેવરાવ્યું[1].

ત્યાર પછી સોરઠ[2]ના રાજા સમરશી અથવા સાઉસરને શિક્ષા કરવા સારૂ કુમારપાળે વઢવાણમાં સેના એકઠી કરીને તેનો નાયક ઉદયન મંત્રિને

૧ બર્નિયરે ઔરંગજેબનો તેના બાપ ઉપરનો કાગળ નોંધી રાખ્યો છે તેમાં તે લખે છે કે, "મારી ચાકરીમાંનો પ્રત્યેક માણસ મરી જાય તેનો હું વારસ છું એમ પ્રસિદ્ધ કરી મારે જૂની રીતિને બરાબર વળગી રહેવું જોઇયે એવી તમારી ઇચ્છા છે. આપણો એવો ચાલ છે કે, હરકોઈ ઉમરાવ અથવા ધનવાન્ વ્યાપારી જેવો દેહ છોડે કે તુરત અથવા-કોઈ વાર તો તેનો જીવ ગયો હોય નહિ તેની અગાઉ તેના કુટુંબના કારભારી અથવા ચાકરો જ્યાંસુધી સર્વ માલમિલ્કતની યથાસ્થિત નોંધ, ઘણી જ હલકી જાતનાં ઘરેણાં સુધાંતની પણ લાવી રજુ કરે નહિ ત્યાં સુધી તેની માલમતા જપ્ત કરવામાં આવે છે અને તેઓને કેદ કરવામાં આવે છે અથવા મારવામાં આવે છે. આ રીતિ આપણને લાભદાયી છે. પણ આ ઘાતકી કામ છે અને ન્યાયથી ઉલટું છે એ આપણાથી ના કહી શકાય એમ નથી; અને પ્રત્યેક ઉમરાવ, નેકનામખાનની રીત પ્રમાણે વર્ત્તે અને હિન્દુ વ્યાપારીની સ્ત્રીની પેઠે પ્રત્યેક સ્ત્રી પોતાની માલમતા સંતાડી દે તો આપણી ઘટે તેવી સેવા બજાવી એમ કહેવાય નહિ." આ બે વાતો બર્નિયરે બીજી જગ્યાએ લખી છે.

૨ સૌરાષ્ટ્રના સમર રાજાને પકડવા કુમારપાળે પોતાના મંત્રી ઉદયનને સેનાપતિ ઠરાવીને મોકલ્યો. પ્રબંધચિન્તામણિમાં આ રાજાનું નામ સુંવર (સુંબર) છે. એક પ્રતિમાં સઉસર છે. વળી કેટલેક ઠેકાણે સંસર અથવા સાસર છે અને તે મેર જાતિનાં નામ ચાચર-છાછર સાથે મળતું આવે છે એમ પ્રાચીન ગૂજરાતમાં જણાવે છે. આજ્ઞા પ્રમાણે ઉદયન સેનાપતિ ચડ્યો તે વઢવાણ આવ્યો ને સર્વે સામંતોને પૂછીને પોતે આગળ પ્રયાણ કરીને પાલીતાણે ગયો. ત્યાં તેણે ઋષભ દેવની ભાવપૂર્વક પૂજા કરી અને વિધિપૂર્વક ચૈત્યવંદન કરે છે, એટલામાં નક્ષત્રમાળા(દીપમાળ)થી એક ઉંદર બળતી દીવટ લઈને કાષ્ઠમય પ્રાસાદમાંના એક દરમાં પેઠો. તે જોઈને ઉદયનને એમ લાગ્યું કે, આવા જીર્ણ કાષ્ઠમય પ્રાસાદથી કોઈ વાર જોખમ ભરેલું છે. એટલે તેણે તે ચૈત્ય પાષાણનું કરાવ્યું હોય તો સારૂં એમ ધારણા કરી અને તે કરાવાય નહિ ત્યાં સુધી બ્રહ્મચર્ય, એકભક્ત, ભૂશયન અને તાંબુલત્યાગ એવા ચાર પ્રકારનો અભિગ્રહ લીધો. પછી શત્રુ સાથે લડતાં તેના સૈનિકો નાશી ગયા તો પણ સંગ્રામરસિક ઉદયને શત્રુનું સૈન્ય વિદાર્યું અને પોતે રિપુના પ્રહારથી જર્જરિત થયો છતાં પણ પોતાના બાણથી સમરને મારી તેના પુત્રને ગાદી ઉપર બેસાર્યો. સમરની સમૃદ્ધિ લઈ તે પાછો વળતો હતો, તેવામાં પોતાને થયેલા પ્રહારની વેદનાથી તેની આંખો મિચાઈ ગઈ, અને મૂર્છા ખાઈ પડ્યો. પવનાદિ ઉપચારોથી જ્યારે ભાન આવ્યું ત્યારે કરૂણા ઉપજે એવા સ્વરે રૂદન કરવા લાગ્યો. તેનું કારણ પૂછતાં તેણે સામંતોને કહ્યું કે, મારા મનમાં ચાર શલ્યો રહી જાય છે તે એ કે, મારી ઇચ્છા

કરાવ્યો. ઉદયને હાર ખાધી ને તેને કારી ઘા વાગ્યો. તેણે **શત્રુંજય** અને **ભરૂચ**માં દેરાસરો બાંધવાનું પણ લીધું હતું તે પૂર્ણ કરવાનું કામ તેણે પોતાના પુત્ર, **વાગ્ભટ્ટ**, **વાહડ**, અને **આમ્રભટ્ટ**ને સોંપ્યું. **શત્રુંજય**નું કામ **વાહડે** ઈ૦ સ૦ ૧૧૫૫(સં. ૧૨૧૧)માં પૂરૂં કરયું, તેણે **શત્રુંજય**ની પાસે એક શહર વસાવ્યું અને તેને પોતાના નામથી **વાહડપુર**[1] નામ આપ્યું. **ભરૂચ**નાં **શકુ**-

---

એવી છે કે ૧ અંબડ (આમ્રભટ) દંડનાયક થાય, ૨ **શ્રી શત્રુંજય** ઉપર પાષાણમય ચૈત્ય થાય, ૩ **શ્રી ગિરિનારપર** નવાં પગથિયાં બંધાય, અને ચોથું શલ્ય (સાલ) મારા મનમાં એ છે કે આ વેળાએ મારે કોઈ નિર્યામક (તારનાર) ગુરૂ વિના મરવું પડે છે. સામંતોએ કહ્યું કે પ્રથમનાં ત્રણ વાનાં તો તમારો પુત્ર બાહાડ (વાગ્ભટ, વાહડ) પરિપૂર્ણ કરશે. માટે એ વિષેની ચિન્તા દૂર કરો અને આરાધન સારૂ કોઈ ગુરૂને અમે હવણાં લઈ આવિયે છિયે. એમ કહી તત્કાલ કોઈ વંઠને સાધુનો વેષ આપી રજુ કરી દીધો. મંત્રિએ તેને **શ્રી ગૌતમસ્વામી**ની પેઠે વંદન કરી, સર્વ જીવોને ક્ષમાવી, પાપોની નિંદા અને અગ્રગણ્ય પુણ્યોની અનુમોદના કરી અને સમ્યક્ત્વને તેમાં લાગેલા દોષને વિશુદ્ધ કરનાર પશ્ચાત્તાપ રૂપ જળવડે અજવાળી ભાવના ભાવતાં (આત્મધ્યાન કરતાં) સ્વર્ગારોહણ કર્યું. (કુ. પ્ર. ગુ. ભા. પૃ. ૧૭૯)

પૃષ્ટ ૧૫૪ ની ટીપમાં જેનો પૂર્વ વૃત્તાન્ત આપ્યો છે તે ઉદો પીઠે ઘીનાં કુલ્લાંનો ભાર વહન કરી મહાકષ્ટે પોતાના કુટુંબનું પોષણ કરી શકતો હતો તે ઉદ્યોગમાં લાગુ રહ્યો અને તેના ભાવીને ખીલાવનાર સાધન આવી મળ્યાં તો વિસ્તાર પામેલી આખી ગૂજરાતનો પ્રધાન થયો અને રણસંગ્રામના પ્રસંગોમાં એક શૂરવીરની પેઠે ભીડ્યો રહ્યો તથા પોતાને મળેલા પદને બધી રીતે યોગ્ય હતો એમ કહેવાયું. ર. ઉ.

૧ બાહડે પોતાના પિતાની ઇચ્છા પ્રમાણે પોતાના ઓરમાઈ ભાઈ અંબડ(આમ્રભટ, આંબડ)ને દંડનાયક(સેનાપતિ)ની પદવિ અપાવી અને પોતે કુમારપાળની આજ્ઞા લઈને ગિરિનાર ઉપર ગયો. ત્યાં અંબિકાએ નાંખેલા અક્ષતને માર્ગે ત્રેસઠ લાખ નાણાં ખર્ચી નવીન સુગમ પગરસ્તો બંધાવ્યો. પછી કપર્દિ મંત્રીને પોતાનું કામ સોંપી શત્રુંજયની તળેટીમાં ચાર હજાર સ્વાર સહિત સૈન્ય સાથે પડાવ નાંખી પડ્યો અને ત્યાં અનેક સૂત્રધારો (સુતાર) એકઠા કરયા. બીજા શાહુકારો પણ તીર્થના ઉદ્ધાર માટે લક્ષ્મી વાપરી પુણ્યમાં ભાગ લેવા આવ્યા અને વાગ્ભટ મંત્રી પ્રતિ કહેવા લાગ્યા કે આપ એકલા તીર્થનો ઉદ્ધાર કરવા સમર્થ છો તો પણ અમને મહા પુણ્યમાં ભેગા રાખવા અમારૂં ધન તીર્થમાં વાપરી અમને કૃતાર્થ કરો. એમ કહી સોનૈયાનો ઢગલો કરયો. શુભ મુહૂર્ત્ત જોઈ મંત્રીયે જીર્ણ કાષ્ઠમય ચૈત્યને ઉતરાવી નાંખી પાયામાં વિધિપૂર્વક વસ્તુમૂર્ત્તિ પધરાવી તેના ઉપર શિલા ઢાંકી બે વર્ષે પાષાણચૈત્ય તૈયાર થયું પણ દેવપ્રાસાદમાં ફાટ પડી તેનું કારણ શોધી હાડીને પ્રદક્ષિણા ફરવાની જે ભમતી (ભ્રમ) તેની અને ભીંતની વચ્ચે જે ભ્રમ વિનાનો પ્રાસાદ કરાવે તે નિર્વંશ થાય એમ જાણતાં છતાં પથરા ઘલાવી દીધા. એટલે એકંદરે ત્રણ વર્ષે તીર્થોદ્ધારનું કામ પૂરૂં થયું. આ કામમાં બાહડે બે કરોડ સત્તાણું

નિકાવિહાર બાંધવાનું કામ આમ્રભટે પોતાને માથે લીધું; તેમાં નર્મદા નદી જે શહરના કિલ્લાની ભીંતની સજ્જડ વ્હે છે તેના ઓચિંતા પૂરને લીધે કેટલીક વાર સુધી અડચણ વેઠવી પડી; તથાપિ પૂર્ણ રીતે તે કામમાં તે જય પામ્યો. એ જ વેળાએ, રાજાએ ખંભાતમાં જ્યાં આગળ તે પ્રથમ ઉદયન મહેતાને અને હેમાચાર્યને મળ્યો હતો તે અપાસરાની જગ્યાએ એક નવું ચૈત્ય બંધાવ્યું.

કુમારપાળના રાજ્યમાં છેલી ચડાઈ તેણે સપાદલક્ષ દેશ ઉપર કરેલી જણાય છે. આપણા જોવામાં આવ્યું કે, ઉદયનનો પુત્ર વાહડ[1] કે દિવસ-

---

લાખ દામ ખર્ચ્યા, એવું વૃદ્ધ પુરૂષોનું કહેવું છે, પણ મેરૂતુંગ એક કરોડ સાઠ લાખ દામ બેઠા હતા એમ કહે છે.

પછી હેમાચાર્યને તથા સંઘને બોલાવીને સંવત્ ૧૨૧૧ ની સાલે શનિવારે સોનાના દંડકળશ ને ધ્વજ ચડાવી પ્રતિષ્ટા કરી અને દેવપૂજામાં ચોવીસ ગામ અને ચોવીસ બાગ ધર્માદા કર્યા, તથા તલેટીમાં પોતાના નામથી બાહડપુર નામનું નગર વસાવી ત્યાં શ્રી પાર્શ્વનાથની પ્રતિમાથી અલંકૃત ત્રિભુવનપાળ નામનો વિહાર બંધાવ્યો. આવાં તેનાં ઉદાર કૃત્યોથી કુમારપાળ પણ ઘણો રાજી થયો.

બાહાડપુરનું ખંડેર હવણાંના પાલીતાણા શહરની પાસે પૂર્વ દિશાયે છે. ઘરની ઈંટો તથા નળિયાં અને છીપો, બંગડિયોના કટકા જોવામાં આવે છે.

૧ પ્રબંધચિન્તામણિમાં બાહાડ (વાહાડ) નામ છે તે ઉપરથી અહિં પણ એ જ નામ દાખલ કર્યું છે. પણ કુમારપાળ પ્રબંધમાં (ભા. પૃ. ૧૮૯૦) એવો વૃત્તાન્ત છે કે, "સપાદલક્ષના રાજાને ઉત્તરાસન વસ્ત્ર મોકલ્યું તે તેણે રાખ્યું નહિ, તેથી કુમાર- "પાળને ક્રોધ ચઢયો, અને તેના ઉપર મંત્રીપુત્ર ચાહડ, જે બાહડ અને અંબડ(આમ્રભટ)થી "ન્હાનો હતો તેને મોકલ્યો." માળવાના રાજપુત્ર ચાહડ કુમારને સિદ્ધરાજની પાદુકા પૂજાતી હતી ત્યારે ગાદિયે ન બેસારયો તેથી તે રીસાઈને માળવાના આન્ન રાજાની સેવામાં જઈ રહ્યો એમ ચતુર્વિંશતિ પ્રબંધમાં લખ્યું છે. "માળવાનો રાજપુત્ર ચાહડ કુમાર" એમ લખવાથી એવી કલ્પના થાય છે કે તે કોઈ રજપૂત હોય અને તેને પોતાની પાછળ ગાદિયે બેસારવાની સિદ્ધરાજની ઇચ્છા હોય તેથી ધર્મપુત્ર કરી રાખ્યો હોય. ચાહડ ઉદાર હતો તેથી આગળ વધતાં તેના મેલાણમાં ઘણા માગણ એકઠા થયા તેમને ત્યાગ આપવા કોષાધ્યક્ષ પાસે રૂપિયા માગ્યા તે તેણે આપ્યા નહિ, એટલે તેને મારી કહાડી મૂકયો, અને માગણોને યથેચ્છ દાન આપી રાજી કરચા. પછી એક સાંઢણી ઉપર બે એમ ચૌદસો સાંઢણિયો ઉપર સુભટોને બેસારીને સત્વર બિમ્બેરા પાસે આવ્યો. ત્યાં ૭૦૦ કન્યાઓનાં લગ્ન થતાં હતાં તેથી તે કાર્ય પૂરૂં થવાને નગરને ઘેરો ઘાલીને બ્હાર પડાવ કરયો. કૈડવા કણબી બાર બાર વર્ષે લગ્નનો દિવસ ઠરાવે છે તેથી સામટી કન્યાઓ પરણાવવી પડે છે. એ ઉપરથી એમ જણાય છે કે એ નગરમાં કૈડવા કણબીની વસ્તી વધારે હશે. આ ગામ આજે બંબેરા અથવા બેબાર કહેવાય છે. જે સોનીંગે ઇડર લીધું તેના વંશના હવણાં રાવ રાઠોડ અભયસિંહ ઉમેદસિંહ કરીને છે, તે પાહાડા

નોય પોતાના રાજાની સેવામાં આવી હાજર થયો હતો, તેને તે દેશની માહિતગારી હતી એટલા માટે સેનાના નાયક તરીકે તેને પસંદ કરવામાં આવ્યો. તેણે બાબરા નગરનો કિલ્લો લઈને તેનો નાશ કરી દીધો, અને તે દેશમાં કુમારપાળની આણુ વર્ત્તાવી દીધી. તે પાછો આવ્યો ત્યારે રાજાએ

નામના ડુંગરની અર્દ્ધ ઉંચાઇયે વસેલા પાહાડા નામના ગામમાં રહે છે. તે બાર ગામનો ઠાકોર છે તેમાં અંબેરા આવી જાય છે. અંબેરામાં આજે સુમારે ૨૦૦ થી ૨૨૫ ઘરની વસ્તી છે; તેમાં આશરે ૧૫૦ ઘર કેડવા કણબીનાં છે; ત્યાંથી સુમારે ૧।। ગાઉ ઉપર શિયાળિયું ગામ છે તેમાં ૨૫ ઘર છે. એ રીતે અંબેરા અને તેની આસપાસ બીજાં ગામનાં થઈને ૪૦૦ ઘર કણબીનાં છે. આ ઉપરથી જણાય છે કે કુમારપાળના સમયમાં ત્યાં કેડવા કણબીની વસ્તી વધારે હશે. અંબેરા ગામની આસપાસ ઘરનાં ખંડેર જેવામાં આવે છે. ત્યાં બે જૂની વાવો છે તે પડી ગઈ છે, પણ પાણીનો ઉપયોગ થાય છે. ચાર શિવાલય છે તેનો ઘણો ભાગ પડી ગયેલો છે, પણ નિજગૃહ કાયમ હોતાં તેમાં સિવલિંગ છે. એક માતાના મંદિરનો ઓટલો મ્હોટો છે તેના ઉપર જૂદી જૂદી જાતની મૂર્તિયો છે. એક માતાની મૂર્તિ છે. તેને ૨૦ ભુજ છે. બે મૂર્તિયો વીરની છે. એક હનુમાનની છે.

ચાહડે સવારમાં નગર જિતી લીધું. ત્યાંથી તેને સાત કરોડ સોનૈયા અને અગિયાર હજાર ઘોડિયો મળી. આ હકીકત તેણે પાટણ લખી મોકલી. પછી ઘરટ્ટથી નગરના કિલ્લાનો ચૂરો ઉડાવી દેશમાં સર્વત્ર કુમારપાળની આણ ફેરવી અને નવીન અધિકારિયોની યોજના કરી, ત્યાંથી ૭૦૦ કુશળ સાળવી લઈ પાટણ આવ્યો. કુમારપાળ તેના પરાક્રમથી રાજી થયો અને તેને રાજઘરટ્ટનું બિરૂદ આપ્યું તથા તેના ન્હાના ભાઈ સોલાકને સામંતમંત્રી સત્રાગારનું પદ આપ્યું.

આ લખાણમાં બાહડ અને ચાહડ એ નામનો ગુંચવાડો થયો છે. અમારી પાસેની પ્રતિમાં નીચે પ્રમાણે છેઃ—

सपादलक्षं प्रति सैन्यं सज्जीकृत्य श्रीबाहडां बडानुजन्मा श्रीबाहडनामा मंत्री दानशौंडतया भृशं दूषितोपि बाढमन्नशिष्यश्री कुमारपालदेवेन सेनापतिश्चक्रे.

આ લખાણમાં बाहडांबडानुजन्मा તેમાં પ્રથમ बाहडां છે ત્યાં ગમે તો चाहडां એમ જોઇયે, અથવા श्री बाहड જોઇયે. આગળ લખતાં स बाहडमंत्री એમ લખ્યું છે, પણ ત્યાં चाहड નામ નથી તેથી અમારા પુસ્તક પ્રમાણે बाहड સિદ્ધ થાય છે. ગૂજરાતી ભાષાન્તરમાં પૃ. ૧૯૦ માં જ્યાં જ્યાં चाहड નામ આપ્યું છે ત્યાં મૂળ સંસ્કૃતમાં તેમ નથી પણ સર્વનામ મૂક્યું છે.

કુમારપાળરાસામાં જણાવે છે કે—

અંબેરી નગરના રાજા પાસે કોઈ પટોળું લેવા દૂતને મોકલ્યો તે તેણે ન આપ્યું તેથી તેના ઉપર બાહડને સૈન્ય સહિત મોકલ્યો. તેણે ત્યાં જિત કરી ત્યાંથી સાત હજાર સાળવી આણી પાટણમાં વસાવ્યા.

તેને સાબાશી આપી, તો પણ તેણે ચડાઈમાં અતિશય ખર્ચ કર્યો હતો એટલા માટે તેને ઠપકો દીધો. દિલ્હીમાં "ફિરોજશાહની લાટ" એવે નામે એક મિનારો છે. તે ઉપરના લેખમાં એક લેખ ઉપર સન ૧૧૪૬ ની સાલ છે, તેમાં તે વેળાએ શાકંભરીમાં વિગ્રહરાજ રાજ્ય કરતો હતો એવું લખેલું છે. અને આ મિનારા ઉપર બીજું એક વિસલદેવ નામ જોવામાં આવે છે; અને ભાષાન્તરકર્તાઓને શક રહે છે કે, વિગ્રહરાજ અને વિસલદેવ એ તે એક જ જણનું નામ હશે કે જૂદા જૂદા રાજાઓનાં હશે. પણ આ વિષે બીજી વધારે બાતમી મેળવ્યા વિના માત્ર લેખના અર્થ ઉપરથી નિર્ણય થઈ શકે એમ છે નહિ.[૧] વિસલદેવ ચોહાણના ક્રમાનુયાયીનાં નામ ચંદ બારોટે આપ્યાં છે, તેમાંથી કોઈ પણ નામ ખાતરી થાય એવી રીતે, લેખ ઉપરના નામ સાથે સરખાવી શકાય એમ નથી. આન્ન જે વિસલદેવનો પૌત્ર થાય તેને તો આપણે કુમારપાળની સામે થયેલો જોયો, અને આ ઠેકાણે જે રાજા વિષે લખવામાં આવ્યું છે તે ગમે તો વિસલદેવનો પુત્ર જયસિંહદેવ હોય અથવા તે નહિ તો તેનો પૌત્ર આનો અથવા આનંદ દેવ હોય. આ બંને નામ, તેમ જ વિગ્રહ-રાજ એ નામ પણ અર્થસૂચક છે, અને તેથી માત્ર ઉપમાનાં જ નામ હશે.[૨] પ્રબંધચિંતામણિમાં એક વાત લખેલી છે, તે ઉપર જણાવેલા ફિરોજશાહની લાટ ઉપરના લેખના સંશયભરેલા વિવાદવિષયની તકરારનો આશ્ચર્યકારક રીતે ખુલાસો કરી આપે છે. ગ્રંથકર્ત્તા કહે છે કે, એક બીજી વેળાએ સપાદલક્ષ દેશના રાજા ભણીથી તેનો પ્રતિનિધિ કુમારપાળની દરબારમાં આવ્યો. ત્યારે સામ્ભરના રાજાની કુશળતાના સમાચાર રાજાએ પૂછ્યા. તેના ઉત્તરમાં પ્રતિનિધિએ કહ્યું: "એમનું નામ વિશ્વલ (વિશ્વનો ધારણ કરનાર) છે, "તો પછી તે નિરંતર કુશળ હોય એમાં શો શક?" આ વેળાએ કુમાર-પાળનો માનીતો અને ઘણો વિદ્યાવંત કવિ કપર્દી મંત્રી પાસે ઉભો હતો તે બોલ્યો.—"શલ્ અથવા શ્વલ્ ધાતુનો અર્થ એવો થાય છે કે સત્વર "જનાર. એ ઉપરથી વિશ્વલ, એટલે જે (વિ) પક્ષીની પેઠે સત્વર ઉડી જાય છે "અથવા નાશી જાય છે તે." પછીથી પ્રતિનિધિએ ઘેર જઈને પોતાના રાજાના નામનું અપમાન કર્યું તે સર્વ વૃત્તાંત તેને કહી સંભળાવ્યો. તે ઉપરથી રાજાએ વિદ્વાનોને પૂછીને "વિગ્રહરાજ" એવું નામ ધારણ કર્યું. બીજે વર્ષે તેનો તે જ પ્રતિનિધિ વિગ્રહરાજની ભણીથી કુમારપાળના દરબારમાં આવ્યો ત્યારે

---

૧ એશિયાટિક રિસર્ચીઝ પુસ્તક ૭ મું. પૃ. ૧૮૦ ૨ જયસિંહ એટલે "ફતેહમંદ સિંહ." આનંદ એટલે ખુશી. વિગ્રહ=લડાઈ.

કપર્દિયે કહ્યું કે વિગ્રહરાજ એ નામનો અર્થ "નાક વિનાના શિવ અને "બ્રહ્મા (વિ=વિના, ગ્ર=નાક, હર=શિવ, અજ=બ્રહ્મા). એવો થાય છે." પછીથી તે રાજાને લાગ્યું કે, મારા નામની કપર્દી વળી ચેષ્ટા કરશે માટે તેણે "કવિ-બાંધવ" એવું નામ ધારણ કર્યું.

ત્યાર પછી એક વેળાએ કુમારપાળ શત્રુંજયની યાત્રાનો સંઘ કહાડવા સારૂ અણહિલવાડના ગઢની બ્હાર, એક દેવાલયની પાસે મેલાણ કરીને પડ્યો હતો, તેવામાં, તેને સમાચાર મળ્યા કે ડાહલ[1] દેશથી કર્ણ રાજા ચડીને આવે છે, તેથી તેને ડર લાગ્યો. રાજાએ વાગ્ભટ અને હેમાચાર્યની સલાહ લીધી, તેમાં હેમાચાર્યે વચન આપીને કહ્યું કે, સારા સમાચાર હવણાં આવી પ્હોંચશે. પછીથી તરત જ બીજા કાસદો આવ્યા તે સમાચાર લાવ્યા કે, રાત્રની વેળાએ કર્ણરાજા[2] હાથી ઉપર બેશીને આવતો હતો, તેવામાં, તેને ઊંઘનું ઝોકું આવ્યું તે સમયે એક વડના ઝાડ નીચે થઈને હાથી ઝડપથી ચાલ્યો એટલે તે ડાળમાં ભરાઈ ગયો (આબ સેલોમની પેઠે) ને મુંઝાઈને મરણ પામ્યો. કુમારપાળ[3] ચડાઈના ડરથી મોકળો થયો એટલે તેને યાત્રા કરવા સારૂ નીકળવાને બની આવ્યું. તે ધંધુકે આવી પ્હોંચ્યો, અને હેમાચાર્ય જે જગ્યાએ જન્મ્યો હતો તે જગ્યાએ ઝોલિકા[4] વિહાર એવા નામનું ચૈત્ય બાંધ્યું. પછી ત્યાંથી શત્રુંજય ગયો, ત્યાં શ્રીવાગ્-

---

૧ ચેદી, જબલપુરની આસપાસનો પ્રદેશ. ત્યાંના રાજાને કલચુરી, અથવા હૈહય.

૨ કલચૂરી વંશનો ગયાકર્ણ હોવો જોઇયે. એનો એક લેખ ચેદી સંવત્ ૯૦૨-(ઇ. સ. ૧૧૫૨)નો છે અને એના કુંવર નરસિહદેવનો લેખ ચેદી સંવત્ ૯૦૭ અથવા ઇ. સ. ૧૧૫૭ નો છે. ગયાકર્ણનું મૃત્યુ ઇ. સ. ૧૧૫૨-૫૭ સુધીમાં થયું છે.

૩ કુમારપાળ પ્રબંધમાં લખે છે કે માર્ગમાં રાત પડી, અને તે નિદ્રાવશ થયો. એવામાં કોઈ ઝાડની ડાળિયે તેના ગળાની સાંકળી પાશબંધની માફક ભરાઈ ગઈ. અને નીચેથી હાથી ચાલ્યો ગયો, તેથી તેનું શરીર અદ્ધર લટક્યું અને શ્વાસ રૂંધાવાથી તેનું મરણ થયું.

પ્રબંધચિન્તામણિમાં—તીર્થયાત્રા પ્રબંધ છે તેમાં લખે છે કે, કર્ણ ઝોકાં ખાતો હાથી ઉપર બેઠો હતો તેની સુવર્ણ શૃંખલા (હમેલ) વડની ડાળમાં ભરાવાથી હાથી નીકળી જતાં લટક્યો અને મરણ પામ્યો. ર. ઉ.

૪ તે સત્તર હાથ ઉંચો હતો ત્યાં સ્નાત્ર તથા ધ્વજારોપણ કર્યાં. ત્યાંથી વલભી-પુરની સીમમાં આવી તેની પાસે સ્થાપ અને ઇર્ષ્યાળુ નામની બે ટેકરિયો હતી તે ઉપર બે મંદિર બંધાવ્યાં, અને તેમાં અનુક્રમે શ્રી ઋષભદેવ અને મહાવીર સ્વામીની પ્રતિમાઓ મૂળ સ્થાને પધરાવી.

ભટની સૂચના પ્રમાણે પવિત્ર પર્વત ઉપર પ્હોંચવાનો નવો ઘાટ બાંધવામાં ઘણો પૈસો ખર્ચ્યો.

આ સમયે અણહિલવાડના દરબારમાં, પરાક્રમી સોલંકી વંશનો અંકુર આનાક અથવા અર્ણોરાજ જે કુમારપાળની માશીનો કુંવર થતો હતો તે હતો. તેણે રાજાની ચાકરી કરી હતી તેથી તેના બદલામાં તેને સામંતપદ આપવામાં આવ્યું હતું અને તે સાથે વ્યાઘ્રપલ્લી અથવા વાઘેલ (વાઘનું નગર) શહર આપ્યું હતું. આ ઠેકાણે તેના વંશજો ઘણાં વર્ષ સુધી રહ્યા હતા. એક દિવસે રાજા મહેલને ઉપલે મેડે પલંગમાં સૂતો હતો અને તેના બારણા આગળ સામંત આનાક ચોકી કરતો હતો, તેવામાં તેના જોવામાં આવ્યું કે કોઈ ઓરડામાં પેઠું. એટલે તે બોલ્યોઃ "કોણ છે?" આનાકે અંદર પેસનારને અટકાવ્યો અને જોયું તો તે પોતાનો દાસ જણાયો, એટલે તેને સમાચાર પૂછવાને બ્હાર લઈ ગયો. દાસે ભારે વધામણી માગીને કહ્યું કે આપને કુંવર અવતર્યા છે. આનાકે તેને જવા દીધો ને પછી પોતાની જગ્યાએ ગયો, "આ વધામણીથી તેનું મુખકમળ પ્રફુલ્લિત થઈને સૂર્યના જેવું તેજ મારવા લાગ્યું." રાજાએ પૂછ્યું કે શું થયું છે? આનાક બોલ્યોઃ– "મહારાજ! કુંવર અવતર્યો." એણે આવું કહ્યું તે ઉપર વિચાર કરીને રાજા આ પ્રમાણે બોલ્યોઃ—"એના જન્મની વધામણી ખાવાને ચાકર આવ્યો "તેને દ્વારપાળે અટકાવ્યો નહિ તેથી હું રાજી થાઉં છું, કેમકે તે પુત્ર મહા- "ગુણી થઈ ગૂજરાતનો રાજા થશે; પણ કુંવર જન્મ્યાની તમને વધામણી "ખાઈને તે આ જગ્યાએથી નીચે ઉતર્યો તેથી આ ધવળગ્રહમાં અને આ "નગરમાં નહિ, પણ કોઈ બીજા નગરમાં રાજ્ય કરશે." આવા પ્રકારના ભાગ્યવાળા કુંવરનું નામ લવણપ્રસાદ પાડ્યું, અને તેના વંશના થયા તે પછવાડેથી વાઘેલા વંશના કહેવાયા.

કુમારપાળ રાજાને રાજ્ય કરતાં ત્રીસ વર્ષ પૂરાં થઈ ગયાં, એટલે કચ્છના જામ લાખાફૂલાણીની માયે[1] મૂળરાજના વંશને શાપ દીધો હતો

[1] મેરૂતુંગ તેનું નામ કામલતા લખે છે, કુમારપાળપ્રબંધમાં કામલદેવી નામ આપ્યું છે, તેમ જ કચ્છમાં તે સોનલ નામે અપ્સરા ગણાઈ છે. લાખો ફૂલાણી આટકોટ પાસે મૂળરાજને હાથે ૧૨૪ વર્ષની વયે મરાયો ત્યારે તેની અપ્સરા માએ આવીને શાપ દીધો હતો. (જુવો પાછળ પૃ. ૮૨) કુમારપાળના મનમાં આ વાત વશી રહી હતી. તે અવસ્થાઈને ઘણો અનુભવી થયો હતો. હેમાચાર્યના ઉપર તે ઉપકારબુદ્ધિથી જોતો હશે. તેનાં વચન ઉપર તેની શ્રદ્ધા હતી, તો પણ પોતાના બાપદાદાના વંશમાં ચાલતો આવેલો શૈવ ધર્મ તેણે છોડેલો જણાતો નથી. તેણે પ્રભાસપાટણમાં સોમ-

તેની અસર થવાનો પ્રારંભ થવા માંડ્યો, અને રાજાને કોઢનો દુષ્ટ રોગ થવા લાગ્યો. આ વેળાએ હેમચંદ્રનું ચોરાશી વર્ષનું વય થયું એટલે

નાથ મહાદેવના દેવલનો જીર્ણોદ્ધાર કરાવ્યો. હેમચંદ્ર પણ દ્વયાશ્રયના છેલ્લા સર્ગના ૧૦૧ મા શ્લોકમાં કહે છે કે, શંભુએ કુમારપાલને સ્વપ્નમાં દેખા દઈને કહ્યું કે હું તારા પુરમાં આવીને વસવા ઇચ્છું છું. તેથી તેણે કુમારપાળેશ્વર નામનું દેવાલય બંધાવ્યું. વળી એ જ સર્ગના શ્લોક ૯૦, ૯૧ ૯૨ આદિથી જણાય છે કે, ખસના રાજાએ કેદારેશ્વરનો પ્રાસાદ ભાગી નાંખ્યાની વાત જાણવાથી તેણે પોતાના અમાત્ય વાગ્ભટને કહ્યું કે તારી ભક્તિ જેમ મારા પ્રતિ છે તેમ મારી ભક્તિ પણ અતિ ઉત્તમ એવા શ્રી શંભુ ઉપર છે, તે ખંડિત મંદિરમાં પડ્યા છે, ને હું મારી મોહોલાતમાં બેઠો છું તેનું મારે પ્રાયશ્ચિત્ત કરવું પડશે, માટે સૂતાર, મજુર સહિત એક નેતાને ધન આપીને મોકલો અને સત્વર દેવાલય બંધાવી દ્યો. આવા શ્રદ્ધાલુ રાજાને દેવી ઉપર પણ આસ્થા હોય એ સ્વાભાવિક છે. રાજાએ ધર્મના વિષય માટે તટસ્થ રહેવાની અગત્ય છે, પોતાની પ્રજામાં જૂદા જૂદા ધર્મના મત ચાલતા હોય તે સર્વેને માન આપવાની તેને અગત્ય રહે છે. પોતાની શ્રદ્ધા જે મત માનવા ઉપર વિશેષ હોય તે ઉપર તે ભલે વિશેષ શ્રદ્ધા રાખે પણ તેથી બીજા મતવાળાને તેણે તોડી પડાય નહિ. વળી જૂદા જૂદા મતના ધર્માન-યમ ઘણાખરા તો સામાન્ય હોય છે. જીવહિંસા કરવી એ આર્યધર્મ માનનારા સર્વને કમકમાટભરેલું લાગે છે, ધર્મને નિમિત્તે જીવહિંસા થતી હોય તે પણ તેમને સારી લાગતી નથી. તેમાં વળી જિનધર્મ ઉપર શ્રદ્ધા બેઠેલી એવા કુમારપાળને તે અપ્રિય હોય એ તો દેખીતું જ છે. એક સમયે નવરાત્રના દિવસમાં કંટેશ્વરી આદિ દેવિયોના મંદિરમાં સાતમ, આઠમ અને નવમીને દિવસે પશુનું બલિદાન આપવાને પૂજારિયો કહેવા લાગ્યા; પણ તેમ કરવાનો રાજાનો અભિપ્રાય થયો નથી. આ વિષેનું વિસ્તારથી વિવેચન કુમારપાળ-પ્રબંધ તેમ જ ચતુર્વિંશતિપ્રબંધમાં આપેલું છે, તેથી જણાય છે કે, જેટલાં પ્રાણીનું બલિદાન આપવાનું હતું તેટલાં પ્રાણી માતાનાં સ્થાનકોમાં બંધાવ્યાં અને જણાવ્યું કે જો દેવીને તેમનો ભોગ લેવાનો હશે તો પોતાની મેળે લેશે. પણ તેમ તો થયું નહિ, એટલે જીવતાં રહેલાં સર્વે પશુને વેચી નાંખતાં તેનાં નાણાં આવ્યાં તેમાંથી કર્પૂરાદિનું નૈવેદ્ય માતાને કરાવ્યું. આમ છતાં પણ આ શ્રદ્ધાલુ રાજાના મનમાં ઘડભાંગ થયેલી જણાય છે. તેના મનમાં અજંપો રહેલો હોવાથી દશમને દિવસે ઉપવાસ કરી ધ્યાનમાં બેઠો હતો, તેવામાં કંટેશ્વરી દેવિયે આવીને તેને પ્રત્યક્ષ દર્શન દીધાં અને તે ત્રિશૂલ-ધારી દેવી બોલ્યાં: "હે ચૌલુક્ય! હું તારી કુલદેવી કંટેશ્વરી છું. તારા પૂર્વજો પરા-
"પૂર્વથી મને બલિ આપતા આવ્યા છે તેમ છતાં તું તેમ કેમ કરતો નથી? તારે તો
"જીવ જતાં સુધી પણ કુલદેવીનું અને કુલક્રમાચારનું ઉલ્લંઘન કરવું જોઇયે નહિ." આવું સાંભળી રાજા બોલ્યો: "હે કુલદેવતે! વિશ્વવત્સલે! હું જીવહિંસા કરતો નથી, આપે
"પણ તેમ કરવું ના જોઇયે; કેમકે દેવતા પણ દયાથી પ્રસન્ન થાય છે! આપે મને જીવ-
"દયાના કામમાં સાહાય્ય થવું જોઇયે. મેં આપને કર્પૂરાદિ ભોગ આપ્યો છે તેથી જ
"આપે સંતુષ્ટ રહેવું જોઇયે." તેના આવા વચનથી દેવીને કોપ ચડ્યો અને મસ્તકમાં

તેણે જાણ્યું કે હવે મોત પાસે આવ્યું તેથી યમના તેડાની ખબર પડે એટલા માટે સંથારો લીધો (અન્ન જળ તજ્યું) ત્યારે રાજાએ અત્યંત ખેદ બતાવ્યો. તે ઉપરથી હેમચંદ્રે કહ્યું: "હવે તમારો આવરદા છ મહિનાનો "બાકી રહેલો છે; તમારે કુંવર છે નહિ; માટે તમે પણ કૃતાર્થ કરો." આ

ત્રિશૂલ મારી અંતર્ગત થઈ ગયાં. પણ દિવ્ય ઘાયી રાજાનું આખું શરીર લૂતાગ્રસ્ત થઈ ગયું–કોઢિયું થયું.

સવાર થતાં રાજાએ પોતાના અમાત્ય વાગ્ભટને બોલાવીને માતાના કોપનો સર્વ વૃત્તાન્ત કહી સંભળાવ્યો.

તેણે આત્મરક્ષણ કરવાનું વિસ્તારથી વિવેચન કરી સંભળાવી કહ્યું કે, ગમે તે પ્રકારે આત્મરક્ષા કરવી માટે તે થતી હોય તો દેવિયોને પશુ અર્પણ કરવાં. કુમારપાળે કહ્યું કે મેં દયામય ધર્મનું નિર્માણ કર્યું છે, હવે મને કશાની ન્યૂનતા રહી નથી તો હવે હું પાપકર્મ કરનારો નથી. અને એવું કર્મ ન કર્યું તેથી હું લૂતારોગગ્રસ્ત થયો એ વાત મને રૂચતી નથી. તેથી હું તો સવાર થતાં પ્હેલાં બળી મરીશ. માટે ચંદનની ચિતા તૈયાર કરાવો. વાગ્ભટે વિનતિ કરી કે આ વાત આપણે હેમાચાર્યને જણાવવી અને તે શી સલાહ આપે છે તે જોવું એકાએક સાહસ કરવું નહિ. હેમચંદ્રે પાણી મંત્રીને આપ્યું તે શરીરે ચોપડ્યું તથા થોડું પીધું તેથી લૂતારોગ એકદમ મટી ગયો અને આગળના જેવું દેદીપ્યમાન શરીર થઈ ગયું.

કુમારપાળપ્રબંધમાં બીજે સ્થલે એમ છે કે, એક વાર કુમારપાળ પોતાના પલંગમાં પોઢ્યો હતો તેવામાં તેને શ્યામ અંગ અને ક્રૂર રૂપ ધારણ કરેલું એવી એક દેવી પ્રત્યક્ષ થઈ અને ક્હેવા લાગી: "હું લૂતારોગની અધિષ્ઠાત્રી દેવી છું અને તારા વંશમાં "પૂર્વે થયેલા શાપને લીધે તારા અંગમાં પ્રવેશ કરવા આવી છું." આટલું બોલી તે અદૃશ્ય થઈ ગઈ અને રાજાને મહાવ્યથા થવા લાગી, તથા તેને બયરે રાઈના કણ જેવડી એક ફોલ્લી થઈ તેના ઘણા ઉપાય કર્યા પણ શાન્તિ થઈ નહિ, એટલે હેમચંદ્ર બોલ્યા કે આ રોગમાં મંત્ર અને ઔષધિનો પ્રભાવ ચાલે એમ નથી.

भावो भावी भवत्येव, नान्यथा सोऽमरेरपि । पूर्वं कामलदेव्या यच्छापितो मूलभूपतिः

જે ભાવીભાવ હોય છે તે બન્યાં જાય છે, દેવતાને પણ અન્યથા થતાં નથી; પૂર્વે કામલ દેવીએ મૂળરાજને શાપ દીધો હતો તેનો આ વિપાક છે. પણ એના નિવારણનો એક ઉપાય છે તે એ કે, બીજાને રાજ્ય આપવામાં આવે તો રાજાને કુશળ થાય, માટે (ततोऽस्माकमेव राज्यमस्तु.) ભલે મને જ રાજ્યની પ્રાપ્તિ થાઓ; કેમકે જગત્‌માં અભયદાન જેવું બીજું એકે નથી એમ કહી,

श्री गुरुः सर्वसंमतेन राज्ये स्वयमुपविष्टः तत्क्षणमेव राज्ञो व्यथा सूरिशरीरे संक्रांता ॥

શ્રી હેમાચાર્ય (ગુરૂ) સર્વની સંમતિથી રાજ્યાસન ઉપર બેઠા અને તે જ ક્ષણે રાજાની વ્યથા સૂરીના શરીરમાં પ્રવેશ થઈ. રાજાને આ જોઈને ઘણો ખેદ થયો. પણ કહે છે કે "સૂરિએ એક પાકું કોળું મંગાવી તેમાં પ્રવેશ કરીને લૂતાને ત્યાં મૂકી દીધી "અને કોળાને હવડ કૂવામાં નાંખી દેવરાવ્યું."

પ્રમાણે પોતાના રાજવંશી શિષ્યને ઉપદેશ કરીને હેમચંદ્રે દેહ છોડ્યો. રાજા ભાવથી પગે લાગ્યો ને ખેદ પામી મહા આચાર્યની દહનક્રિયા કરી અને તેણે તથા તેના સામંતોએ ચિતાની અનુપમ પવિત્ર રાખ કપાળે ચોપડી, ઘણા દિવસ સુધી શોક પાળ્યો. રાજાએ લૌકિક કામકાજ છોડી દઈને ત્યારથી ધ્યાન કરવા માંડ્યું. છેવટે તેનો આત્મા શરીરદ્વારમાંથી નીકળીને સ્વર્ગે ગયો.

વઢવાણનો સાધુ (**મેરૂતુંગ**) આ પ્રમાણે વૃત્તાન્ત લખે છે, પણ **મહા હેમ**-ચંદ્રના મરણ વિષે **જૈન** અથવા **બ્રાહ્મણોની** અદ્ભુત દંતકથાઓ ચાલે છે.

બ્રાહ્મણોના વૃત્તાન્તમાં લખે છે કે **કુમારપાળ મેવાડના** રાજાની કુંવરી **સિસોદિણી** વેરે પરણ્યો હતો. જ્યારે તેણે તેને પરણવાને ખાંડું મોકલ્યું ત્યારે તે કુંવરીના જાણવામાં આવ્યું કે રાજાનો એવો નિયમ છે કે રાણિયોએ પ્રથમ હેમાચાર્યને અપાસરે જઈને **જૈન** ધર્મની દીક્ષા લીધા પછી દરબારમાં પેસવું. આ ઉપરથી રાણિયે **પાટણ** જવાની ના કહી, ને કહ્યું કે મને આચાર્યને અપાસરે મોકલવામાં નહિ આવે એવી ખાતરી કરી આપો તો હું આવું. ત્યારે કુમારપાળનો દસોંદી ભાટ **જયદેવ** કરીને હતો તે વચ્ચે જામીન થયો. એટલે રાણિયે **અણહિલપુર** જવાની હા પાડી. તેને આવ્યાને કેટલાક દિવસ વીત્યા પછી **હેમાચાર્યે** રાજાને કહ્યું કે **સિસોદિણી** રાણી કદિ મારી પાસે આવ્યાં જ નથી. તે ઉપરથી કુમારપાળે તેને ત્યાં જવાનો આગ્રહ કર્યો; પણ તેણે ના કહી. પછી રાણી માંદી પડી ત્યારે ભાટની સ્ત્રિયો તેને જોવાને ગઈ. ત્યાં તેની વાત સાંભળીને તેઓએ પોતાના જેવો તેને પોષાક પ્હેરાવીને છાનીમાની પોતાને ઘેર તેડી આણી. રાત્રે ગઢની ભીંત **ભાટે** કોચી ને ત્યાંથી રાણીને લઈ ચાલ્યો. આ વાત જ્યારે કુમારપાળ રાજાના જાણવામાં આવી ત્યારે તે બે હજાર ઘોડું લઈને તેના ઉપર ચડ્યો. ઈડર દશ ગાઉ રહ્યું ત્યાં આગળ પેલાં નાશી જનારાંને રાજાએ ઝાલી પાડ્યાં. ત્યારે **ભાટે** રાણીને કહ્યું: "જો "તમે ઈડરમાં જઈ પ્હોંચો એમ હોય તો ઉગરાય. મારી પાસે બસેં ઘોડું છે. "જ્યાં સુધી અમારામાંનું એક પણ માણસ ર્‌હેશે ત્યાં સુધી અમે કોઈનો પણ

અજયપાળ કેવો હતો એ સર્વેના જાણવામાં હતું તેથી કુમારપાળ પછી ગાદિયે કોણ બેસશે એ ભાંજઘડનો નિવેડો આણવાને આ એક સારો ઉપાય યોજ્યો હતો. પણ આવું કૃત્ય જીર્ણ થઈ શકે નહિ. હેમચંદ્ર પ્રથમ જ દેવલોક પામ્યા અને ત્યાર પછી કુમારપાળ દેવ થયો. ઉપર **વાગ્ભટ્ટનું** નામ અમે આપ્યું છે તેને બદલે **ઉદયન** મંત્રીનું નામ કેટલાક આપે છે પણ અમે જે સંસ્કૃત પ્રતિ જોઈ છે તેમાં **વાગ્ભટનું** નામ છે. અને તે અમને ખરૂં લાગે છે, કેમકે આ સમયે તો ઉદયન દેવલોક પામ્યો હતો અને તેની જગ્યાએ તેનો પુત્ર **વાગ્ભટ—વાહડ** અથવા **બાહડ** ક્હેવાતો તે થયો હતો. ર. ઉ.

હાથ તમને અડકવા દઇશું નહિ." એ પ્રમાણે કહીને સામા ચડી આવેલા ભણી તે ફર્યો; પણ રાણીની હિમ્મત ચાલી નહિ, એટલે તેણે પોતાના રથમાં આપઘાત કર્યો. ત્યારે દાસી બોલી ઉઠી કે હવે લડીને શું કરો છો? રાણી તો ક્યારનાંય મરી ગયાં છે? પછી કુમારપાળ અને તેની ફોજ ઘર ભણી પાછી વળી.

જયદેવ ભાટે જાણ્યું કે મારી લાજ ગઈ, માટે હવે મારે જીવવું નહિ. તે સિદ્ધપુર ગયો, અને પોતાની નાતના લોકોને કંકોતરિયો મોકલી કે "આપણી નાતની પ્રતિષ્ઠા લઈ લેવામાં આવી; માટે જેઓ મારી સાથે "બળી મરવાને રાજી હોય તેઓએ તૈયાર થવું." પછી ત્યાં શેલડીનો ઢગલો કરયો, અને જેઓ પોતાની સ્ત્રી સહિત બળી મરવાના હતા તેમણે બબ્બે ઝંડા (સાઠા) લીધા; અને જે એકલા બળવાના હતા તેમણે દરેક અકેકો લીધો; તેમણે ચિતા અને ઝમોર ખડકી. પ્હેલી ઝમોર સિદ્ધપુરમાં સરસ્વતીની તીરે કરી. બીજી પાટણથી એક તીરવાને છેટે કરી, ને ત્રીજી તે નગરના દરવાજાની પાસે ખડકી. પછી અકેકી ઝમોરમાં સોળ સોળ ભાટ પોતાની સ્ત્રિયો સુધાંત બળી મૂવા. જયદેવનો ભાણેજ-કનોજ હતો. તેને પણ કંકોતરી મોકલી હતી, પણ તેની માએ તેને પ્હોંચાડી ન હતી, કેમકે તેને તે એકનો એક જ હતો; તથાપિ ભાટનો ગોર ઝમોરની રાખની ગુણો ભરીને ગંગામાં નાંખવાને નીકળી ચાલ્યો તે કનોજ આવ્યો. ત્યાં જયદેવનો ભાણેજ નાકાદાર હતો તેણે જાણ્યું કે માલ લઈ જાય છે તેથી દાણ માગ્યું. એટલે બ્રાહ્મણે જે માલ હતો તેનું નામ લીધું. એટલે ભાટે વધારે પૂછપરછ કરી ત્યારે તેણે જે નિપજ્યું હતું તે સર્વે કહી સંભળાવ્યું. પછી તે પોતાનું કુટુંબ એકઠું કરીને તેમને પાટણ લઈ આવ્યો અને કેટલીક ઝમોર ખડકીને સર્વે બળી મુવાં. એક સ્ત્રીને તરત જ એક પુત્ર પ્રસવ્યો હતો તે ગોરને સોંપીને પોતાના ધણીની સાથે બળી મોઈ; અને હાલમાં પાટણ પરગણામાં ભાટ છે તેઓ કહે છે કે અમે એ છોકરાની પ્રજા છિયે.

શંકરાચાર્ય અણહિલપુર પાટણમાં આવ્યા તે આ વૃત્તાન્ત સાંભળીને જ આવ્યા, ને તે પ્હેલાં પણ બ્રાહ્મણ અને જૈન સાધુઓ એકબીજાનો ધિક્કાર કર્યાં કરતા હતા. આ વેળાએ જૈન સાધુ એક લક્ષ હતા. એક દિવસે કુમારપાળ રાજા સુખપાલમાં બેશીને ચૌટા વચ્ચે થઈને જતો હતો તે વેળાએ હેમાચાર્યના એક શિષ્યને તેણે પૂછ્યું: "મહારાજ! આજે શી તિથિ "થઈ?" તે દિવસે અમાસ હતી પણ ભૂલથી જતિથી પૂનમ કહી જવાઈ. તે વાત પાસે બ્રાહ્મણો હતા તેમના સાંભળવામાં આવી એટલે હશી પડ્યા ને જતિની મશ્કરી કરી-બોલ્યા: "એ મૂડિયો તે શું જાણે? આજે તો અમાસ થઈ"

આવું સાંભળીને કુમારપાળે ઘેર જઈને હેમચંદ્રને તેડું મોકલ્યું ને એક મુખ્ય બ્રાહ્મણને પણ બોલાવ્યો. તેવામાં જ હેમાચાર્યનો શિષ્ય અપાસરે જઈ પ્હોંચ્યો અને ઘણો શરમીંદગો તથા શોકાતુર થઈ ગયો. તે ઉપરથી આચાર્યે પૂછ્યું કે શું થયું છે? ત્યારે જે નીપજ્યું હતું તે તેને કહી સંભળાવ્યું. એટલે આચાર્યે કહ્યું: "કાંઈ ચિંતા કરીશ નહિ." એવી વાત થાય છે એટલામાં તો રાજાનું તેડું આવી પ્હોંચ્યું ને હેમાચાર્ય તેની સાથે દરબારમાં ગયા. કુમારપાળે પૂછ્યું કે આજે શી તિથિ થઈ? બ્રાહ્મણે કહ્યું કે આજે તો અમાસ થઈ; પણ હેમચંદ્રે કહ્યું કે પૂનમ થઈ. બ્રાહ્મણોએ કહ્યું: "એનો નિર્ણય "રાત પડશે ત્યારે થશે જો પૂનમ હશે તો આખો ચંદ્ર દેખાશે ને અમે સર્વે "બ્રાહ્મણો આ રાજ્ય છોડીને જઈશું; પણ જો ચંદ્ર ઉગે નહિ તો જતિયોને "ફ્હાડી મૂકવા" હેમચંદ્રે આ ઠરાવ માન્ય કર્યો ને અપાસરે ગયા. તેને એક જોગણી પ્રસન્ન થઈ હતી તેની સાધના કરી. એટલે તેણે એવું આવરણ કરી દીધું કે ખરેખરો પૂર્વમાં ચંદ્ર ઉગ્યો છે એમ સર્વને લાગ્યું. આવો બનાવ બન્યો તેથી બ્રાહ્મણો હાર્યા એવું ઠરી ચૂક્યું ને તેઓએ રાજ્ય છોડીને જવું એમ ઠર્યું.[1]

ભાટોની વાતથી અણહિલવાડ ભણી શંકરાચાર્યનું[2] મન ખેંચાયું હતું; તે આ પ્રસંગે સિદ્ધપુર આવી પ્હોંચ્યા. બ્રાહ્મણોએ જાણ્યું કે સવારમાં તો આપણે રાજ્ય છોડીને નીકળી જવાનું છે એટલે રતોવાઈ તેમને પાટણ તેડાવ્યા. સવારમાં કુમારપાળે બ્રાહ્મણોને બોલાવ્યા અને આજ્ઞા કરી કે રાજ્ય છોડીને જાઓ. શંકરસ્વામી આગળ આવીને બોલ્યા: "કોઈને રાજ્ય છોડી, ફ્હાડી મૂકવાની શી અગત્ય છે? આજે નવ ઘડી જતાં સમુદ્ર પોતાની મર્યાદા "છોડીને આખા દેશ ઉપર ફરી વળશે" આવું સાંભળીને રાજાએ હેમાચાર્યને

---

૧ કુમારપાળ પ્રબંધમાં એમ છે કે, રાજાએ હેમચંદ્ર સૂરિને પૂછ્યું કે આજે કઈ તિથિ થઈ; ઉત્તરમાં સૂરિ અમાસને બદલે પૂનમ છે એમ બોલી ગયા. આવું સાંભળી દેવબોધિયે હાસ્યમાં કહ્યું કે જ્યારે સૂરિ આમ બોલે છે ત્યારે લોકોના સદ્ભાગ્યથી આજે પૂર્ણિમા જ થશે. સૂરિએ કહ્યું કે રાત્રે બધું જણાઈ રહેશે. પછી તેણે આ ચમત્કારની ખાતરી કરવા માટે એક ઘડીમાં એક યોજન (ચાર ગાઉ) ચાલે એવી સાંઢણી ઉપર સવાર કરીને પૂર્વ દિશા ભણી માણસો મોકલ્યાં. કહે છે કે હેમાચાર્યે પૂર્વે શ્રી સિદ્ધચક્ર મંત્ર જે તેને દેવ-તાએ આપેલો હતો તેનો ઉત્તમ પ્રયોગ કર્યો. તેથી પૂર્વ દિશામાં સંધ્યાકાળે ચંદ્રનો ઉદય થયો તે પરોઢિયે પશ્ચિમ દિશામાં અસ્ત પામ્યો. આ ચમત્કાર જોવાને મોકલેલા માણ-સોએ પણ આવીને વૃત્તાન્ત નિવેદન કર્યો તેથી સર્વને આશ્ચર્ય લાગ્યું. ર. ઉ.

૨ આદિ શંકરાચાર્ય નહિ પણ તેમના પરંપરાગત શિષ્ય દેવબોધાચાર્ય. ર. ઉ.

બોલાવીને પૂછ્યું: "સંન્યાસિયે પ્રલય થવાનું ભવિષ્ય વર્ત્યું છે તે પ્રમાણે થશે કે "નહિ ?" હેમાચાર્યે કહ્યું: "એમ બનનાર નથી." એમ કહી જૈન મતનો અભિપ્રાય કહી બતાવ્યો કે, "જગતને ઉત્પન્ન કર્યું નથી ને તે નાશ પામવાનું નથી." શંકરસ્વામી બોલ્યા: "ઘડી માંડો ને શું થાય છે તે જુવો." ઘડી માંડીને ત્રણ જણ પાસે બેઠા. જ્યારે નવમી ઘડી થવા આવી ત્યારે તેઓ મહેલને ઉપલે મેડે ચડ્યા અને પશ્ચિમ ભણીની બારીમાંથી જોયું તો દરિયાનાં મોજાં ઝડપથી ધશી આવતાં દેખાયાં. નગરનાં સર્વ લોક બૂડી મુવાં ત્યાં સુધી ઉપરાઉપરી મોજાં આવવા લાગ્યાં. રાજા અને બન્ને ધર્માચાર્ય તેમ તેમ ઉંચા ઉંચા જવા લાગ્યા. પણ પાણી તો તેમના ઉપર ચડી આવવા લાગ્યું. છેવટે તેઓ છેલ્લામાં છેલ્લે સાતમે માળે ગયા, ને નીચે જોયું તો આખું નગર, ઉંચામાં ઉંચાં ઝાડ, દેવાલયનાં શિખર એ સર્વ પાણીમાં બૂડી ગયાં ને સર્વ ઠેકાણે કશું નહિ પણ જળજળમય થઈ ગયું. કુમારપાળે ગભરાઈને શંકરસ્વામી ભણી જોઈને પૂછ્યું: "ઉગરવાનો કોઈ "ઉપાય છે ?" તેમણે કહ્યું: "પશ્ચિમ દિશામાંથી એક હોડી આવશે તે આ "બારી આગળ થઈને જશે. તેમાં જે કૂદી પડશે તે ઉગરશે." ત્રણે જણ કેડો બાંધીને હોડીમાં કૂદી પડવાને તૈયાર થઈ રહ્યા. તરત જ આઘે એક હોડી જણાઈ; તે પાસે આવવા લાગી, ત્યારે શંકરસ્વામિયે રાજાનો હાથ ઝાલીને કહ્યું: "આપણે એક બીજાને હોડીમાં ઉતારવાને આશ્રય આપવો જોઇયે." પછી તે હોડી બારી આગળ આવી પ્હોંચી. એટલે રાજાએ તેમાં કૂદી પડવાનો યત્ન કરવા માંડ્યો, પણ સ્વામિયે તેને પાછો ખેંચી રાખ્યો. પરંતુ હેમાચાર્ય તો જીવ બચાવવાને એકદમ બારિયેથી તે હોડીમાં કૂદી પડ્યા. દરિયો ને હોડી એ સર્વ કામિક હતું તેથી તે નીચે ફરસબંદી ઉપર પડ્યા ને તેના ભેંચા નીકળી ગયા. પછી જૈન ધર્મ પાળનારાઓને કત્લ કરવાનું કામ ચાલ્યું; અને કુમારપાળ શંકરસ્વામીનો શિષ્ય થયો.

અમે આ પ્રસંગ સંબંધી હવે જૈન લેખકોની વાત લખિયે છિયે, તેમાં બ્રાહ્મણોના આચાર્ય વિષે મુખ્યત્વે કરીને કથન આવે છે. એ વાત કોઈ જેવા તેવા પાસેથી મળેલી નથી પણ જૈન ધર્મની એક પુનમિયા[1] શાખાના શ્રીપૂજ નામે ઉમેદચંદજી અથવા ઉમેદપ્રભાસૂરિ કરીને પાટણમાં છે તેમની પાસેથી મળેલી છે.

સૂરિ કહે છે કે દંડિયો જોગી,[2] હેમાચાર્યને શાસ્ત્રવાદ કરીને જિત-

---

૧ અમાસને પૂનમ કહેનાર શિષ્યોના જે શિષ્ય થયા તે પૂનમિયા ગચ્છના કહેવાયા. ર઼ઃ ઉ.

૨ શ્રીશંકરસ્વામી, હાથમાં દંડ ગ્રહણ કરે છે તેથી તે દંડી કહેવાય છે તેને બદલે ધિઃકાર બતાવા તેમને દંડિયો જોગી કહ્યા છે.

વાનો યત્ન કરવા સારૂ કર્ણાટકમાંથી આવ્યો. તે આ અણહિલવાડ નગરમાં કેટલાક દિવસ સુધી રહ્યો, અને પોતાની ઇચ્છા પૂર્ણ કરવાને ઘણા ઉપાય કર્યા, પણ કશાથી વળ્યું નહિ. હેમાચાર્યને બે મુખ્ય શિષ્ય હતા, એક રામચંદ્ર[૧] ને બીજો બાળચંદ્ર; તેમાં બાળચંદ્ર તેને ઓછો ગમતો હતો. આ સમયે હેમાચાર્યની સૂચનાથી કુમારપાળ રાજા પારસનાથનું દેરાસર બંધાવતો હતો. દેરાસર તૈયાર થાય ત્યારે બાળચંદ્રે વચમાં અડચણ નાંખવાનો મનસુબો કરી રાખ્યો. પારસનાથની પ્રતિષ્ઠા કરવાનું મુહૂર્ત્ત હેમાચાર્યે નક્કી કરી રાખ્યું ને બાળચંદ્રને કહ્યું કે ઘડી માંડીને વેળા થાય એટલે

---

૧ કુમારપાળ પ્રબંધ અને ચતુર્વિંશતિ પ્રબંધ ઉપરથી જણાય છે કે, હેમચંદ્રના ગચ્છમાં વિરોધ પેઠો હતો. રામચંદ્ર મુનિ ઘણો વિદ્વાન્ હતો, તેણે પ્રબંધશત, નિર્ભય ભીમવ્યાયોગ આદિ પુસ્તકો રચેલાં છે. તે હેમસૂરિનો શિષ્ય હતો. ગુણચંદ્ર મુનિ જે દેવસૂરિનો શિષ્ય હતો અને જેણે તત્ત્વપ્રકાશિકા તથા હેમવિભ્રમસૂત્ર ટીકા ગ્રન્થ રચેલા છે, એ આદિનો એક પક્ષ હતો; તેમ જ બાળચંદ્ર સામા પક્ષમાં હતો. તેણે કુમારપાળના ભત્રિજા અજયપાળ સાથે મૈત્રી કરી હતી. એક સમયે કુમારપાળ, હેમચંદ્ર, અને આહડ રાત્રિની વેળાએ ગુપ્ત વિચાર કરવા લાગ્યા કે, પછવાડે ગાદીનો વારસ કોને કરવો? હેમચંદ્રે કહ્યું કે પ્રતાપમલ્લ તમારો ભાણેજ છે (ઘણું કરીને તેની કુમારી લીલુનો પુત્ર) તેને ગાદીપતિ કરશો તો તે ધર્મનું રક્ષણ કરશે. અજયપાળ દુરાશયી, અસત્યવાદી, અને અધર્મી છે. રાજનીતિમાં કહ્યું છે કે, ધર્મશીલ, ન્યાયી, પાત્રદાતા, ગુણાનુરાગી, અને પ્રજાવત્સલ રાજા હોય તે રૂડી રીતે રાજ્ય કરી શકે. અજયપાળ તમારાં કરાવેલાં ધર્મસ્થાનકોનો નાશ કરાવે એવો છે. આ વાત બાળચંદ્રના સાંભળવામાં આવી, એટલે તેણે અજયપાળને કહી દીધી, અને કુમારપાળે પ્રતાપમલ્લને ગાદિયે બેસાડવાની તજવીજ ચલાવી તે ઉપરથી રાજ્યમાં ખટપટ ઉઠી. અજયપાળે કોઈ દુષ્ટના હાથે રાજાને ઝેર દેવરાવ્યું, તેથી તેને કંપ થયો. રાજા સમજી ગયો કે મને ઝેર દીધું, તેથી વિષ ઉતારનારી છીપ જે મલ્લિકાર્જુનના ભંડારમાંથી આહડ લઈ આવ્યો હતો તેનું સ્મરણ થયું અને તપાસ કરાવ્યો તો જણાયું કે અજયપાળે તે છીપ પણ ચોરી લીધી છે. પ્રબંધચિન્તામણિમાં તો એમ છે કે, હેમાચાર્યે પોતાનું આયખું ૮૪ વર્ષનું વર્ત્યું હતું તે પ્રમાણે અવસર આવ્યો, એટલે અનશન કરી અંતકાલ સમયે કરવાની આરાધના ક્રિયા કરવા માંડી. તે જોઈ કુમારપાળને ઘણો ખેદ થયો. ત્યારે હેમાચાર્ય બોલ્યા:–"હે રાજન્! તમે કલેશ શું કરવા કરો છો? તમારૂં આયખું પણ "છ માસ પછી પૂરૂં થવાનું છે માટે તમે પણ જીવતાં ઉત્તરક્રિયા કરી લ્યો." એમ બોધ કરતા તે મરણ પામ્યા. કુમારપાળે પછવાડે ઘણો શોક કર્યો, અને જ્યારે પોતાનો અવધિ આવ્યો ત્યારે, હેમચંદ્રે સમજાવેલા વિધિ પ્રમાણે તે સમાધિસ્થ થઈ, દેવલોક પામ્યો. આ ઉપરથી તો એમ જણાય છે કે બેમાંથી એકેયને કોઇયે ઝેર દેઈ મારી નાંખ્યા નથી; પણ સ્વાભાવિક રીતે તેમનો દેહાન્ત થયો છે. ર. ઉ.

ક્‌હેજે. તેણે દગો રાખીને અશુભ વેળા બતાવી, તેથી પરિણામ એ થયો કે દેરાસરમાં આગ લાગી ને ઘણુંખરૂં નાશ પામ્યું. આ દુઃખદાયક સમાચાર સાંભળીને હેમાચાર્ય જે વૃદ્ધ થઈ ગયા હતા તેમના મનને ઘણો ધક્કો લાગ્યો. કુમારપાળે આવીને દેરાસર ફરી બાંધવાની તેને સલાહ પૂછી, ત્યારે ધર્માચાર્યે કહ્યું: "હવે ફરી શા સારૂં બાંધવું? તમારે ને મારે હવે જીવવાના છ[1] "મહિના રહ્યા છે." રાજા ઘણું આશ્ચર્ય પામ્યો ને તે મનસુબો જવા દીધો.

પછી તરત જ એક વાર રામચંદ્ર કંઈ કામે ગયો હતો તેથી શ્રાવકને ઘેર વોહોરવા હેમાચાર્યે બાળચંદ્રને મોકલ્યો. બાળચંદ્ર જેવો વોહોરવા જતો હતો તેવો તેને ઢુંઢિયો જોગી મળ્યો. તેણે પૂછ્યું:–"તું આવો ઉદાસ કેમ દેખાય છે? "હું જાણું છું કે તારા ગુરૂની તારા ઉપર કૃપા નથી પણ જો તારી ઇચ્છા "હોય તો હું તારા ગુરૂને વશીકરણ કરૂં." પછી તે પ્રમાણે બાળચંદ્ર દૂધ લઈ જતો હતો તેમાં તેણે, પોતાની આંગળી ફેરવી અને નખમાં ઝેર ઘાલી રાખ્યું હતું તે તેમાં મેળવી દીધું. શિષ્યે પાછા આવીને હેમાચાર્યને દૂધ ધર્યું, તેમણે તે પીધું ને મરણ પામ્યા. દેરાસર કદિ પૂરૂં થયું નહિ, અને હેમાચાર્યના મરણ પછી ઢુંઢિયો ધર્મને હરકત કરવા લાગ્યો.

---

૧ કુમારપાળ ગાદિયે બેઠો ત્યારે પચાશ વર્ષનો હોવાનું પ્રબંધચિન્તામણિનો કર્ત્તા ક્‌હે છે. તે આશરે ૩૧ વર્ષ રાજ કર્યા પછી સન ૧૧૭૪(સંવત્ ૧૨૩૦)માં મરી ગયો. લુતા નામે કોઢથી તે મરી ગયાનું ક્‌હેવાય છે. વળી કુમારપાળ પ્રબંધમાં આપેલી બીજી વાતમાં એમ ક્‌હેલું છે કે કુમારપાળને તેના ભત્રીજા અને તેના પછી ગાદિયે બેસનાર અજયપાળે કેદ કરચો. કુમારપાળ પ્રબંધમાં કુમારપાળનું રાજ્ય બરોબર ૩૦ વર્ષ ૮ માસ અને ૨૯ દિવસ ચાલ્યું એમ ક્‌હેલું છે. કુમારપાળના અમલનો પ્રારંભ સંવત્ ૧૧૯૯(ઈ. સ. ૧૧૪૩)ના માગશર શુદિ ૪ થી ગણાય તો કાર્ત્તિક શુદિથી બેસતું વર્ષ ગણતાં સંવત્ ૧૨૨૯ના ભાદ્રપદમાં તેના રાજઅમલના અંતની મિતિ થશે અને ગુજરાતી પંચાંગ પ્રમાણે આષાઢથી બેસતું વર્ષ ગણિયે તો તેના રાજઅમલના અંતની મિતિ સંવત્ ૧૨૩૦ના ભાદ્રપદમાં થશે. સંવત્ ૧૨૨૯ અને ૧૨૩૦ એ બેમાંથી ખરૂં વર્ષ કયું તે વિષે શક છે. કારણ કે ભિલ્સા પાસે ઉદયપુરમાં સંવત્ ૧૨૨૯ વૈશાખ શુદ ૩ ના લેખમાં એ સાલમાં અણહિલપુરમાં રાજ્યકર્ત્તા કુમારપાળના ક્રમાનુયાયી અજયપાળને વર્ણવ્યો છે. આથી કુમારપાળનું મૃત્યુ સંવત્ ૧૨૨૯ના વૈશાખ માસ પ્હેલાં એટલે સન ૧૧૭૩ માં થયું હશે. અમારી પાસે એક જૂનું પટ્ટાવલિનું પાનું છે તેમાં સં. ૧૧૯૯ ના કાર્ત્તિક શુદિ ૩ થી તે માર્ગશીર્ષ શુદિ ૪ સિદ્ધરાજની પાદુકા ગાદી ઉપર રાખીને કારભારિયોએ રાજ્ય ચલાવ્યાનું જણાવ્યું છે. ત્યાર પછી સં. ૧૨૨૯ ના પોષ શુદિ ૧૨ સુધી કુમારપાળે વર્ષ ૩૦, માસ ૧, અને દિવસ ૭ રાજ્ય કર્યું લખ્યું અને વિચારશ્રેણીમાં પણ એમ જ છે. ૨. ઉ.

કુમારપાળ વિષે વિશેષ વૃત્તાન્ત.

સોમેશ્વરકૃત કીર્ત્તિકૌમુદીમાં નીચે પ્રમાણે લખે છેઃ—**મહીમંડળમાં** માર્ત્તંડ જેવા સિદ્ધરાજની પછી કુમારપાળ ગાદિયે બેઠો. તે પ્રજારંજિતવાન્ એટલે પ્રજાને પોતાના પ્રતિ જેણે અનુરાગી કરી હતી. વળી **પૃથુ** આદિ પૂર્વે થયેલા રાજાએ પોતાના ગુણની સ્થાપના તેનામાં કરી હતી. તેણે રાજાઓને જેમ બાણથી જિત્યા હતા તેમ જ વળી લોકપ્રિય એવા પોતાના ગુણ વડે પણ જિત્યા હતા. તેમ પોતાના પૂર્વજોને પણ ગુણ વડે જિત્યા હતા. તેને **વી**તરાગ ઉપર પ્રીતિ હતી. તે **ઈન્દ્ર**ની પેઠે અમૃતાર્થી હતો, એટલે મૃતના પૈસામાં તમા રાખતો નહતો. **ત**રવારના પાણીથી ન્હાયેલી શૂરવીરોની લક્ષ્મીનું તે ગ્રહણ કરતો હતો; પણ બાષ્પજળધાર વડે ધોવાયલી કાયરની લક્ષ્મી લેતો નહિ. યુદ્ધપ્રસંગમાં શૂરની સામે પગલાં ભરતો તો પણ તેમની સ્ત્રિયોને પીઠ બતાવતો હતો, એટલે કે તેમના ભણી કુદૃષ્ટિ કરતો ન હતો. **જાંગલ** પતિના હૃદયમાં કુમારપાળનું બાણ ભોંકાયલું હતું તેથી તે શીશકારો ભણી ગયો હતો. કોકણ દેશના રાજાનું, (**મલ્લિકાર્જુન**) ચૂડારત્નની પ્રભાથી ચકચકિત થતું, અને ગર્વથી કોઇને નમેલું નહિ એવું માથું તેણે બાણવતી ટૂકડે ટૂકડા કરી નાંખ્યું હતું, અને **બલ્લાલ**ની પણ તેવી સ્થિતિ કરી હતી. **દ**ક્ષિણના રાજાને જિતીને બે હાથી લીધા હતા. દાંતે તરણાં લીધેલા રાજા અને મોંમાં તરણાં લીધેલાં પશુઓની જાણે પ્રાર્થનાથી અહિંસાવ્રત ધારણ કર્યું હતું.

કુમારપાળ પ્રબંધમાં કુમારપાળના દિગ્વિજય સંબંધી લખતાં કહે છે કે,—

પૂર્વમાં—**કુરૂ**, **સૂરસેન** (**મથુરા**), કુશાર્ત, **પાં**ચાલ, **વિ**દેહ, **દ**શાર્ણ અને **મગધ** આદિ દેશ.

ઉત્તરમાં—**કાશ્મીર**, **ઉડ્ડિયાણ**, **જાલંધર**, **સપાદલક્ષ**, અને પર્વત પર્યંતના દેશો.

દક્ષિણમાં—**લાટ**, **મહારાષ્ટ્ર**, અને **તિલંગ** આદિ દેશ.

પશ્ચિમમાં—**સુરાષ્ટ્ર**, **બ્રાહ્મણ** વાહક, **પંચનદ**, **સિન્ધુ** અને **સોવીર** આદિ દેશ.

એ સર્વે સાધ્ય કરી લઈને અનેક કોટી દ્રવ્ય લઈ આવ્યો. તે સાથે ૧૧ લાખ ઘોડા, ૧૧૦૦ હાથી, પાંચ હજાર રથ, ૭૨ સામંત અને અઢાર લાખ પાયદલ સહિત તે **અણહિલવાડ** આવ્યો.

આ દિગ્વિજયના પ્રમાણ વિષે **શ્રીવીર** ચરિત્રમાં લખ્યું છે કે,—

आगंगमैंद्रीमाविंध्यं याम्यामासिन्धु पश्चिमाम् ।
आतुरष्कं च कौबेरी चौलुक्यः साधयिष्यति ॥

પૂર્વમાં **ગં**ગા નદી, દક્ષિણમાં વિંધ્યાચળ, પશ્ચિમમાં **સિન્ધુ** નદી અને ઉત્તરમાં **તુર્ક**સ્થાન **સુ**ધીના દેશ **કુ**મારપાળ સાધી લેશે.

કુમારપાળના રાજ્યના વિસ્તાર વિષે દૂર દેશાવરોમાં જે શિલાલેખો છે તે સાક્ષી પૂરે છે.

ચારભટ અથવા જેનું પ્રસિદ્ધ નામ ચાહડ હતું અને જે કુમારપાળનો એક અમાત્ય હતો તેણે રંગાદિક તાબાના સગવાડ ગામનો અર્ધભાગ દાનમાં આપ્યો હતો. એ લેખ ભીલસાનીપાસે ઉદયપુરના એક દેવલમાં છે તે શ્રીકુમારપાળના નામનો છે, તે સંવત્ ૧૨૨૨(ઇ. સ. ૧૧૬૬)નો અક્ષય તૃતિયા, સોમવારનો એટલે વૈશાખ શુદિ ૩ સોમવારનો છે. બીજો લેખ ઉપરના લેખની નીચે છે, તે ઉપરનો નોંધેલો સંવત્ જતો રહ્યો છે પણ પૌષ શુદિ ૧૫ ગુરૂવારે જ્યારે ચંદ્રગ્રહણ હતું ત્યારે ઉદયપુરમાં કુમારપાળનિયુક્ત મહામાત્ય શ્રી જસોધવલ તે વિભાગનો સુબો હોતાં કારણાદૌ સમસ્તમુદ્રાવ્યાપાર (સહિ શિક્કો કરવાનું કામ) ચલાવતો હતો તેવામાં તેણે દેવશ્રી પ્રીત્યર્થે કાંઇક ધર્મનું કાર્ય કરાવ્યું છે. આ લેખના કેટલાક અક્ષરો જતા રહ્યા છે, તેમ જ છેવટની લીટિયો પણ જતી રહી છે, તેથી યથાસ્થિત વિગત આપી શકાતી નથી. પણ ભાવાર્થ એટલો જ છે કે, કુમારપાળનું તે સ્થાનમાં પણ રાજ્ય હતું. (પ્રાચીન ગૂજરાત.)

મારવાડમાં જોધપુરની પેટા જાગીર રતનપુરની છે, ત્યાં શહરની બ્હાર પશ્ચિમમાં શિવનું જૂનું દેરૂં છે, તેના ઘુમટમાં એક શિલાલેખ છે; તે ઉપર સંવત્ નથી પણ તે સંવત્ ૧૧૯૯ થી ૧૨૩૦ સુધીની ગમે તે સાલનો હોવો જોઇયે. આ લેખમાં નીચે પ્રમાણે કથન છેઃ—

સમસ્તરાજાવલીવિરાજિત મહારાજાધિરાજ પરમ ભટ્ટારક પરમેશ્વર નિજભુતવિક્રમરણાંગણ વિનિર્જિત.........પાર્વતીપતિવરલબ્ધ પ્રૌઢ પ્રતાપ શ્રીકુમારપાળદેવ કલ્યાણવિજયરાજ્યે.........રત્નપુર ચોરાશીના મહારાજ ભૂપાળ શ્રીરાયપાળદેવ થકી પ્રાપ્ત થયેલું છે મહા આસન (ગાદી) એવા શ્રીપૂનપાક્ષદેવ તેમની મહારાણી શ્રીગિરિજાદેવિયે અમાસ પર્વણીને દિવસે તથા શ્રેષ્ઠ તિથિએ પ્રાણીહિંસા કરવી નહિ એવું અભયદાન (અમારિદાન–પ્રાણી નામ અભયદાન આપ્યું. એટલે પ્રતિપક્ષની અગિયારશ, ચૌદશ, અને અમાવાસ્યા અને બીજી શ્રેષ્ઠ તિથિ હોય તે વેળાએ જીવહિંસા ન થવા, સંસાર અસાર છે એમ જાણી ઠરાવ કર્યો. તે સાથે વળી ઉપર જણાવેલી તિથિઓએ જીવ છોડાવવાને માટે ઉપજ થવા માટે ભૂમિદાન કર્યું, તથા એમ પણ ઠરાવ્યું કે એ તિથિઓએ જે જીવહિંસા કરશે તેનો ૪ દ્રમ દંડ કરવામાં આવશે. નડ્ડૂલપુર(નાડોલપુર)વાસી પ્રાગ્વાટ વંશનો શુભંકર નામે જે સુશ્રાવક સાધુ ધાર્મિક હતો તેના બે પુત્ર નામે પતિગ અને સાલિગ છે

તેમની હસ્તક જિવહિંસા ન કરવાનું શાસન પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. સ્વહસ્ત શ્રીપૂતપાક્ષદેવસ્ય લિખિતમિદં પારિ૰ લક્ષ્મીધર સુત ઠ. જસપાલેન પ્રમાણું ઇતિ.

મારવાડમાં બાડમેર તાબાના હુથમોની પાસે કેરાડુ ગામ બારમેડથી આશરે દશ ગાઉ ઉપર છે. ત્યાં ઘણાં જીર્ણ દેવલ અને ઘરોનાં ખંડેર છે. તેમાં એક દેવલના સ્તંભના પથ્થરમાં સંવત ૧૨૦૯ માઘ વદિ ૧૪ શનિવારનો કુમારપાળના સમયનો લેખ છે. તેમાં–રાજાધિરાજ પરમેશ્વર ઉમાપતિવરલબ્ધ પ્રૌઢપ્રતાપ–નિર્જિત સકલરાજભૂપાલ શ્રીમતકુમારપાળદેવ વિજયરાજ્યે શ્રીમહાદેવને હસ્તક શ્રીકરણાદૌ સમસ્તમુદ્રાવ્યાપાર હતો, તેવામાં શ્રીકિરાટકુપ, લાટ, હુદ, ઇશ્વિરકૃપાથી પ્રાપ્ત થયાં હતાં ત્યારે મહારાજશ્રી આલણદેવે મહાશિવરાત્રીને દિવસે પ્રાણિયોને માટે અભયદાનશાસન પ્રસિદ્ધ કર્યું. તેમાં એમ ઠરાવ્યું કે શુદિ અને વદિ પક્ષની અષ્ટમી, એકાદશી, અને ચતુર્દશીને દિવસે ત્રણે નગરમાં જીવહિંસા કરશે અથવા કરાવશે તેને દેહાંત દંડની શિક્ષા કરવામાં આવશે. કોઈ પાપિષ્ટતર જીવવધ કરશે તેનો પાંચ દ્રમ દંડ કરવામાં આવશે. રાજકુટુંબમાંથી કોઈ પ્રાણીનો વધ કરશે તો તેનો એક દ્રમ દંડ થશે. (આ કટારી) મહારાજશ્રી અલ્હણદેવના સ્વહસ્તની છે. મહારાજ પુતશ્રી કેલ્હણદેવની સંમતિ છે, તેના પુત્ર મહારાજ—લિ. સાંધિવિગ્રહિક ઠ. ખેલાદિત્ય. શ્રીનદ્રલપુર(નાડોલ)વાસી પ્રાગ્વટવંશના શુભંકર નામના શ્રાવકના પુત્ર જેઓ પૃથ્વીમાં ધાર્મિક ગણાયા તે પૂતિગ, તથા સાલિગ એ બંનેએ પ્રાણિયોનું અભયદાનશાસન પ્રસિદ્ધ કરાવ્યું. (ભાવનગરના પ્રાકૃત અને સંસ્કૃત લેખનું અંગ્રેજી પુસ્તક પૃ. ૧૭૨ તથા ૨૦૬). ર. ઉ.

ચિતોડમાં બ્રહ્માનું મંદિર છે જે લાખણમંદિર કહેવાય છે તેમાં સંવત્ ૧૨૦૭(ઇ. સ. ૧૧૪૧)નો કુમારપાળનો લેખ છે તે ઉપર મહિનો અને મિતિ કોરેતલો ભાગ ટૂટી ગયો છે. તેમાં એવો ભાવાર્થ છે કે મૂળરાજ પછી કેટલીક પેહેડિયે સિદ્ધરાજ થયો, અને તેના પછી કુમારપાળદેવ થયો. જેણે પોતાના અજિત મન અને બળવડે કરીને પોતાના સર્વ શત્રુઓને દળી નાંખ્યા, જેની આજ્ઞાઓ બીજા પૃથ્વીપતિયોએ પોતાને મસ્તક ચડાવી લીધી, જેના પાદે શાકંભરીના રાજાને પોતાનું મસ્તક નમાવવાની અગત્ય પડી, જે પોતે જાતે સેવાલક સુધી અને શાલપુરી નગરી સુધી ચડાઈ લઈ ગયો અને પર્વતપતિયોને તેણે નમાવીને પોતાને પગે પાડ્યા.

સાત ક્ષેત્રનું પોષણ કરવાનો ઉપદેશ હેમચંદ્રે કુમારપાળને કર્યો તેમાં તેને કહેવામાં આવ્યું કે ૧ જિનમંદિર, ૨ જિનપ્રતિમા, ૩ જિનાગમ, ૪

સાધુ, ૫ સાધ્વી, ૬ શ્રાવક અને ૭ શ્રાવિકા એ પ્રમાણે સાત ક્ષેત્ર કહેવાય છે તેના સંબંધમાં ન્યાય માર્ગે મેળવેલા ધનને ઉપયોગ કરવો.

૧ જિનમંદિર બંધાવનારના સમ્યકત્વની શુદ્ધિ થાય છે, તેને તીર્થંકરની પદવી અને ઋદ્ધિ મળે છે, માટે રાજાએ તો એવાં મંદિર બંધાવી તેના નિર્વાહ માટે મોટા ભંડાર, ગામ, નગર, તાલુકા અને ગોદૂધ આદિ અર્પણ કરવાં.

નવીન મંદિર બંધાવવા કરતાં જૂનાંનો જીર્ણોદ્ધાર કરાવવામાં આઠ ગણું પુણ્ય થાય છે.

૨ જિનપ્રતિમા જે હીરા, ઇન્દ્રનીલ, અંજન, ચંદ્રકાન્ત, સૂર્યકાન્ત, રૈયાંક, કર્કેતન, પ્રવાલ, સુવર્ણ, રૂપું, ચંદન, પથ્થર, અને મૃત્તિકા આદિ સારા પદાર્થોની બનાવે છે તે મનુષ્ય અને દેવલોકમાં મહાસુખ પામે છે, અને જે તીર્થંકરની પ્રતિષ્ઠા કરે છે તે તીર્થંકરની પ્રતિષ્ઠા પામે છે. જે એક આંગળથી કરીને તે ૧૦૮ આંગળ સુધીની મણિરત્ન આદિની પ્રતિમા કરાવે છે તે સર્વ પાપથી મુક્ત થાય છે. ઋષભ આદિ તીર્થંકરોની અંગુઠાપૂર વીર આસનવાળી મૂર્ત્તિ કરાવે તે પણ સ્વર્ગમાં ઉત્તમ પ્રકારની પુષ્કળ ઋદ્ધિ ભોગવી અનુત્તરપદ પામે છે.

૩ જિનાગમ,—જિનશાસ્ત્ર—જિનનું વચન, જિનાગમ લખાવનાર, તેનું વ્યાખ્યાન કરનાર, તે ભણનાર, અને બીજાને ભણાવનાર દેવ અને મોક્ષ ગતિ પામે છે. કુશાસ્ત્રથી થયેલા સંસ્કારરૂપ વિષનું સર્વ પ્રકારે ઉચ્છેદન કરવામાં જિનાગમ મંત્ર સમાન છે. ધર્મ, કૃત્યાકૃત્ય, ગમ્યાગમ્ય, અને સારાસાર આદિનું વિવેચન કરવામાં હેતુભૂત છે.

૪ સાધુ ઇત્યાદિ જે સંસારત્યાગ કરવાની ઇચ્છા રાખી મુક્તિને માટે યત્ન કરે છે, જેનામાં ઉપદેશ કરી પાવન કરવાનો ગુણ હોવાથી જે તીર્થ કહેવાય છે; જેની બરાબરી બીજાથી થઈ શકતી નથી, જેને તીર્થંકર પણ નમસ્કાર કરે છે, જેનાથી સત્પુરૂષોનું કલ્યાણ થાય છે, જેની સ્ફુર્તિ ઉત્કૃષ્ટ છે અને જેનામાં સર્વ ગુણોનો વાસ છે તે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા પૂજન કરવાને પાત્ર છે.

એ પ્રમાણે સાત ક્ષેત્રમાં ધન ખર્ચવાથી પુણ્ય થાય છે એવું જાણી કુમારપાળે તે પ્રમાણે કરવા માંડ્યું.

૧ પાટણમાં ૨૫ હાથ ઉંચો, ૭૨ જિનાલયથી યુક્ત, અને ૧૨૫ આંગળ ઉન્નત શ્રીનેમિનાથની પ્રતિમા સ્થાપન કરીને પોતાના પિતાના કલ્યાણાર્થે ત્રિભુવનપાલ નામનો વિહાર બંધાવ્યો.

૨ પૂર્વે ઉંદરનું દ્રવ્યહરણ કર્યું હતું (જુવો પૃ. ૨૪૭) તેના પ્રાયશ્ચિત્ત માટે ઉંદરવસાહિકા બંધાવી.

૩ માર્ગે ચાલતાં પૂર્વે દેવશ્રી નામની સ્ત્રિયે કરંબો (એક જાતનો સાથવો જવનો શેકેલો લોટ દહિમાં નાંખેલો) આપ્યો હતો તેના સ્મરણાર્થે તે સ્થાને તેણે કરંબવસાહિકા કરાવી.

૪ માંસભક્ષણ નહિ કરવાનો નિયમ લેતાં પહેલાં એ પ્રસંગમાં થયેલા પાપની શુદ્ધિ કરવા માટે એક વેદીમાં સામસામા સોળ એવા ૩૨ પ્રાસાદ બંધાવી તે પ્રત્યેકમાં ૨૪ વર્ત્તમાન તીર્થંકર, ૪ વિહરમાન તીર્થંકર, તથા રોહિણી, સમવસરણ, અશોક વૃક્ષ, અને ગુરૂપાદુકાની સ્થાપના કરી.

૬ ખેરાળાથી સુમારે પાંચ છ ગાઉ ઉપર ટીંબા ગામ છે, તેની સમીપમાં તારણ નામે પર્વત છે તેનો મહિમા શ્રી શત્રુંજય પર્વતના જેવો જાણી તે પર્વત ઉપર શ્રી અજિતનાથપ્રાસાદ ૨૪ હાથ ઉંચાઈનો બંધાવ્યો અને તેમાં પ્રતિમા ૧૦૧ આંગળની ઉંચાઈની સ્થાપી.

સ્તંભતીર્થ અથવા હવણાં જે ખંભાતને નામે પ્રસિદ્ધ છે ત્યાં હેમાચાર્યની દીક્ષાની જગ્યાએ આલીગ નામની વસતિ (વસી) બંધાવીને તેમાં શ્રી મહાવીર સ્વામીની રત્નમય મૂર્ત્તિ અને હેમાચાર્યની સુવર્ણમય પાદુકા પધરાવી.

૭ વાગ્ભટ—વાહડ—બાહડ જે તેનો મંત્રી હતો તેણે એક પ્રાસાદ બંધાવા માંડ્યો હતો તે જોવા કુમારપાળ ગયો; તેવામાં નેપાળના રાજા ભણીથી ૨૧ આંગળના માપની શ્રી પાર્શ્વનાથની ચંદ્રકાન્તમણિની પ્રતિમા ભેટ આવી, તે જોઈ કુમારપાળે વાગ્ભટને કહ્યું કે, તમે મને આ ચૈત્ય આપો, એટલે તેમાં હું આ પ્રતિમા પધરાવું. મંત્રિયે પ્રસન્ન થઈ નમ્ર વચનથી કહ્યું કે, આ મહાપ્રાસાદનું નામ કુમારવિહાર થાઓ. પછી આ પ્રાસાદને ૨૪ જિનાલયોથી યુક્ત અષ્ટાપદ જેવો કરાવ્યો.

આ સર્વ ચૈત્યોમાં મ્હોટા ઉત્સવપૂર્વક, શ્રી હેમાચાર્યે પોતાને હાથે વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરી. પૂજાને માટે ફુલઝાડથી સુશોભિત બાગ અર્પણ કરયા. પછી પોતાની આજ્ઞા પાળનારા રાજાઓ ઉપર મંત્રીની સહિથી આજ્ઞાપત્ર લખાવ્યાં કે, અમને આપવાની ખંડણીમાંથી તમારા દેશમાં હિમાલયના શિખર જેવા બહુ વિહારો કરાવો. ગૂજરાત, લાટ, સૌરાષ્ટ્ર, ભંભેરી, કચ્છ, સૈંધવ, ઉચ્ચ, જાલંધર, કાશી, સપાદલક્ષ, અન્તરવેદિ (ગંગાયમુના વચ્ચેનો પ્રદેશ), મારવાડ (મરૂ), મેવાડ (મેદપાટ), માળવા, આભીર, મહારાષ્ટ્ર, કર્ણાટક, અને કોકણ (કુંકુણ) એ અઢાર દેશોમાં કુમારપાળે કરાવેલા વિહારો શોભે છે.

એ પ્રકારે વિચિત્ર અને શુભ બિંબે કરીને વિરાજમાન ૧૪૦૦ (૧૪૪૪) નવા વિહાર (દેરાં) અને ૧૬,૦૦૦ જીર્ણોદ્ધાર કરાવ્યા.

(વિસ્તાર માટે જુવો કુમારપાળપ્રબંધ ભાષાંતર પૃ. ૨૨૩-૨૩૭.)

ટૉડસ ટ્રાવલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા પૃષ્ટ ૧૮૨મે અજાયબ જેવી એક શકભરેલી વાત જણાવે છે કે "કુમારપાલે લાર નામની જાત પોતાના રાજ્યમાંથી કાઢી મૂકી. આ લાર જાતને લાટ (દક્ષિણ ગૂજરાત) અથવા લાડ વાણિયાની જાત સાથે કંઈ સંબંધ હોય એ અસંભવિત જણાય છે.

"લારસ્તાન એ પૂર્વ રેખાંશ ૫૫-૫૮માં આવેલો પ્રદેશ છે, તે ઈરાની અખાતના બંદર અબ્બાસ ભણીના ભાગમાં એ અખાતથી ઉત્તરમાં કારમાન આવેલો છે, તેની વાયવ્ય કોણમાં ફાર્સ છે, ઈશાન કોણમાં, તથા પૂર્વમાં મકરાન આવેલો છે.

"ઈરાનના બીજા પ્રાંતો કરતાં આ પ્રાંતની ઉપજ ઘણી ઓછી થાય છે અને તે દુર્બલ સ્થિતિનું ગણાય છે. છેક ઈરાની અખાતના કિનારા સુધી તેમાં મેદાન અને ડુંગરા વારા ફરતી આવે છે. તેમાં મીઠા પાણીની એટલી બધી અછત રહે છે કે, વર્ષા ઋતુમાં ત્યાંના દેશિયો ટાંકાં ભરી રાખે છે ત્યારે તેમનો નિર્વાહ ચાલે છે, એને ખજુરિયો તથા થોડા ઘણા ઘઉ અને જવનું વાવેતર થાય છે. તે ઉપર તેમનો ગુજારો ચાલે છે, આટલું પણ નિપજતું હોત નહિ તો એ પ્રદેશ વસવાને માટે છેક અયોગ્ય ગણાત. (Kinneir's Memoir)

નોશીરવાનનો એક શાહજાદો લારીસ્તાનથી દરિયા રસ્તે આવીને ૧૮,૦૦૦ હજાર માણસો સહિત સુરત ઉતર્યો હતો. ત્યાં ત્યાંના રાજાએ તેનો સારો સત્કાર કર્યો હતો. (રા. મા. ભાગ ૧ લો પૃ. ૨૫૩)

વળી ટૉડસ ટ્રાવલ્સ ઈન વેસ્ટર્ન ઇન્ડિયા પૃષ્ટ ૧૮૩-૮૪માં લખ્યું છે કે કુમારપાળચ રત્રમાં કહે છે કે ગિજનીના ખાને તેના ઉપર ચડાઈ કરી પણ તેના જ્યોતિષિયે ચોમાસામાં લડાઈ કરવાની ના કહી, અને મંત્રશાસ્ત્રના જોરથી હલ્લો કરનાર ખાન જે પલંગમાં સૂતો હતો તેને તે પલંગ સુદ્ધાંત આવીને ચાલુક્ય રાજાના મહેલમાં મૂક્યો. પછી બન્નેની વચ્ચે ઘણી મિત્રાઈ થઈ. કુમારપાળરાસામાં લખે છે કે—

ચોપાઈ—વાત હવિ પરદેશિ જસિ, મુગલ ગિજની આવ્યો તસિ;
સબલ સેન લેઈ નિજ સાથ, ગજરથ ઘોડા બહુ સંઘાત.
ચાંકસ બાજી લેઈ કરી, વાટઈ મુગલ પાટણ ફરી;
આવ્યા મુગલ જાણ્યા જસિ, દરવાજા લઈ ભીડ્યા તસિ.

ચિંતાતુર હુવા જન લોક, પાટણમાંહિ રહ્યા સહિ કોક;
એક કહિ નર ખંડી જહિ, એક કહિ નર મંડી રહિ.
એક કહિ કાંઈ થાઇસેં, એક કહિ એ ભાગી જસે;
એક કહિ એ નિસન્તરાય, એક કહિ નૃપ ચઢી ન જાય;
એક કહિ નૃપ નાસિ આજ, એક કહિ ક્ષત્રીની લાજ.

મુસલમાન લસ્કરથી ત્રાસી લોક ઉદયન મંત્રી કને ગયા. તેણે ધીરજ આપી **અને** તે **હેમાચાર્યની** પાસે ગયો એટલે તેણે **ચક્રેશ્વરી** દેવીને મોકલ્યાં.

ગુરૂ વચન દેવી સજ થઈ, નિશ ભરી **મુગલ** દલમાં ગઈ;
આવી જહાં સૂતો સુલ્તાન, નિદ્રા દેઈ કીધું વિજ્ઞાન.
પ્રહિ ઊગમતી જાગે જસિ, પસિ કોઈ ન દેખી તસિ;
પેખઈ ક્ષત્રીનો પરિવાર, અસુર તવ હઇડિ કરી વિચાર.

આમ થવાથી પાદશાહને પશ્ચાત્તાપ થયો. પરંતુ **કુમારપાળે** જણાવ્યું કે હું **ચૌલુક્યવંશી** રાજા બાંધ્યાને મારવાવાળો નથી માટે તને મારીશ નહિ. એમ કહી માન રાખ્યું, તેથી બાદશાહ ખુશી થયો. અને કુમારપાળ સાથે મૈત્રી કરી પોતાનું લશ્કર પાછું લેઈ ગયો. આ બિના કુમારપાળે લીધેલા દશમા વ્રતમાં બન્યાનું જણાવ્યું છે.

આ ગ્રન્થકારો વિશેષ નામ ભાગ્યે જ લખે છે, પણ તેની પદવી કે ઇલ્કાબ લખીને જ ચલાવે છે. આ **ગજનીનો** ખાન કયો તેનું નામ આપ્યું નથી, તેથી ગુંચવારો થઈ પડ્યો છે, કેમકે **મુસલમાની** ઇતિહાસકોમાંથી કોઇયે **કુમારપાળના** સમયમાં **ગિજનીથી** હલ્લો કર્યાનું લખ્યું નથી. કહાડી મૂકેલા **કુંવર જલાલુદ્દીને સિંધ** ઉપર ચડાઈ કરીને ઉમરકોટના રાજાને સપડાવ્યો હતો. એ વિષે **હિન્દુઓનાં** અને **મુસલમાની** લખાણોમાં સૂચન આપેલું નીકળે છે. તે સાથે **ગિજનીના** ખાનનો કુમારપાળના ઉપર હુમલો થયાનું ગણ્યું હોય તો કોણ જાણે. કર્નલ **ટૉડ** કહે છે કે મંત્રશાસ્ત્રના બળની જે વાત ઉપર લખવામાં આવી છે તે **પાટણ** લેવામાં આવ્યું હતું એવું બતાવવાને માટે માત્ર જોડી કહાડેલી છે. વળી આ વાતની સમાપ્તિનો વૃત્તાન્ત વિશેષ ચમત્કારી છે. કહે છે કે કુમારપાળની **મુસલમાનો** સાથેની મિત્રાઈ એટલી હદમાં વધી પડી કે **મુસલમાની** ધર્મનાં મૂળતત્ત્વો ઉપર તેને પ્રેમ વધ્યો. તેમાં **હેમાચાર્યે** પ્હેલ કરી, અને તેના રાજના ૩૩ મા વર્ષમાં ઝેર દેવાથી તે મરણ પામ્યો હોત નહિ તો **હેમાચાર્યની** પેઠે એ પણ **મુસલમાની** ધર્મમાં વટલી ગયો હોત. વિશેષમાં એમ પણ જણાવે છે કે **હેમાચાર્ય** આગળે

વર્ષે ગુજરી ગયા અને પોતાના અવસાન સમયે અલ્લાહ અલ્લાહ ઉચ્ચારતા મરણ પામ્યા. આવા એક જૈન મહાન્ આચાર્યનું વલણ સંતાડવાને માટે અને તેના ઉપરનો આરોપ દૂર કરવાને માટે તેને મરણાવસરે સંન્નિપાત થયાથી એમ બકતો હોવાનું કહેવાય છે. પણ તેના વટલવાની તોડી ન પડાય એવી સાબિતી એ છે કે તેને બાળવાને બદલે દાટવામાં આવ્યો હતો.

કુમારપાળપ્રબંધમાં હેમાચાર્યને અગ્નિદાહ દેવામાં આવ્યો હતો એમ સાબિત કરવા માટે લખ્યું છે કે ચંદન, મલિયાગરૂ અને કર્પૂરાદિવડે સૂરિના દેહને સંસ્કાર કરવામાં આવ્યો હતો અને તેની ભસ્મ પવિત્ર માનીને રાજાએ તેનું તિલક કરીને નમસ્કાર કર્યો. તે જોઈ સામંતોએ પણ તેમ જ કર્યું. અને લોકોએ ભસ્મને અભાવે ત્યાંની માટી સુદ્ધાંત ખોદીને લઈ જવા માંડી, તેથી ત્યાં વિશાળ ખાડો પડ્યો તે પાટણમાં હેમખાડથી પ્રસિદ્ધ છે. ર. ઉ.

પ્રકરણ ૧૨.

અજયપાળ–બાળ મૂળરાજ–બીજો ભીમદેવ.

મેરૂતુંગ આચાર્ય લખે છે કે, સંવત્ ૧૨૩૦(ઈ૦ સ૦ ૧૧૭૪)માં અજયદેવ પાટ બેઠો.[1] કૃષ્ણાજી વળી એ કરતાં કાંઈ વધારે લખે છે: તે કહે છે કે,[2]

"સિદ્ધરાજની પાટ ઉપર કુમારપાળે બેશીને એકત્રીશ વર્ષ સુધી"
"રાજ્ય કર્યું. પછી તેને પણ કુંવર હતો નહિ તેથી તેનો ભત્રીજો અજય-"
"પાળ કરીને હતો તે અધિપતિ થયો, તેણે ત્રણ વર્ષ રાજ્ય કર્યું."

દ્વયાશ્રયનો કર્ત્તા કહે છે કે, અજયપાળ અથવા અજયદેવ મરણ પામેલા રાજાના ભાઈ મહીપાળનો પુત્ર હતો.

કુમારપાળના ક્રમાનુયાયિયે રાજ્યના આરંભમાં જ, જૈન ધર્મમાં જતા રહેલા રાજાએ ધર્મનાં સ્થાન બંધાવ્યાં હતાં તેઓની સામે જબરી લડાઈયો મચાવવા માંડી. ગ્રન્થકર્તા જૈન ધર્મના હતા તેથી તેઓ અજયદેવને ભ્રષ્ટ બુદ્ધિનો,

---

૧ સંવત્ ૧૨૨૯ ના પોષ સુદિ ૧૨ ને દિને ગાદિયે બેઠો અને સંવત્ ૧૨૩૨ ના ફાગણ સુદિ ૧૨ ને દિને મરણ પામ્યો. એટલે ત્રણ વર્ષ ને બે માસ રાજ્ય કર્યું.

૨ सिद्धराय आसन कुवरपाल, रह्यो वरस एकतीस ज्युं;
इनकुं पुनि नहि पुत्र भो, सुत भ्रातको होईस ज्युं. ॥ १७ ॥
तिन नाम है अजयपाल सो, तिहुं वर्ष राज्यकुले वहु;

પિતૃધર્મઘાતક[૧] અને નાસ્તિક કરીને વર્ણવે છે, પરંતુ જૂનો ધર્મ પાળનારાઓની વર્તણૂક ઉપર આવા પ્રકારનો દોષ આરોપિત કર્યો હોય એવી દંતકથા પણ ચાલતી આવેલી નથી.[૨] તે ઉપરથી લાગે છે કે, આવા રાજાના રાજ્યમાં તીર્થંકરોના ધર્મના અતિ પવિત્ર મતની સાથે વિવાદ ઉઠેલો ખરો. તથાપિ આ ઠેકાણે માન્ય કરવું જોઇયે કે, અજયપાળે પણ ક્રૂર, ઉન્મત્ત, અને દ્વેષીલી ચાલ ચલાવી છે ખરી. પ્રથમ કામ તો એણે એ જ કર્યું કે, કુમારપાળનો માનીતો મંત્રી કપર્દિ હતો તેને પ્રધાનપણાનું કામ હાથમાં લેવાને સમજાવી દીધો; પણ આવું કરવાની તેની ધારણા ઘણું કરીને એવી જણાય છે કે એ જો દબાયોચંપાયો રહે તો રાજાનો ધિક્કાર કરે નહિ; કેમકે મંત્રીયે પોતાનું કામ પૂરેપૂરૂં હાથમાં લીધું નહિ એટલામાં તો તેના ઉપર અપવાદ મૂક્યો કે એ તો મારી બરાબરી કરવાને યત્ન કરે છે, ને પછી

૧ કુમારપાળ જૈન ધર્મ પાળતો હતો તે તેણે નહિ પાળતાં શૈવધર્મ પાળવા માંડ્યો, માટે જૈનોએ તેને પિતૃધર્મઘાતક કહ્યો છે.

૨ સુકૃત સંકીર્તનનો કર્ત્તા અરિસિંહ પણ કહે છે કે;-"કુમારપાળ પછી, દક્ષ-(ડાહ્યો) અને અક્ષત બળવાળો અજયદેવ ગાદિયે બેઠો, જેના શત્રુ કારાગૃહ (કેદખાનાં) અને જંગલમાં માઈ શકતા ન હતા. સપાદલક્ષના રાજાએ તેને સોનાની મંડપિકા ભેટ આપી હતી તે એની સભામાં એવી શોભી રહેતી હતી કે તેની સ્થિરતાથી જિતાયલો અને તેથી જ મંદપ્રતાપી થયેલો મેરૂ પર્વત જાણે અજયદેવની સેવા કરવાને આવ્યો ન હોય!

કીર્ત્તિકૌમુદીનો કર્ત્તા સોમેશ્વર દેવ જેણે સુરથોત્સવ અને રામશતક આદિ ગ્રન્થો રચ્યા છે, તેનો પિતા કુમાર નામે હતો તેને અજયપાળે સૂર્યગ્રહણને અવસરે બહુ રત્નના ઢગલા આપવા માંડ્યા અને તે લેવાને ઘણો આગ્રહ કર્યો પણ તેણે તે લીધા નહિ. તે કટુકેશ્વર મહાદેવનું પૂજન કરતો હતો તેમને પ્રસન્ન કરીને, અજયપાળને લડાઈમાં પડેલા દારૂણ ક્ષતની વ્યથા થયેલી નિવારણ કરી હતી, એમ સુરથોત્સવમાં જણાવ્યું છે. તે સાથે વળી અજયપાળને કુમારપાળનો સુત કરીને લખ્યો છે, તે તેનો વારસ હોવાથી લખ્યું હશે.

કીર્ત્તિકૌમુદીમાં કહ્યું છે કે,-અજયપાળે સુવર્ણ આપીને લોકોને ધનવાન્ કર્યા હતા. જાંગલેશ (કુરુ દેશની સમીપનો પ્રદેશ) પાસેથી, તેણે ગળે લાત દઈને, દંડમાં સોનાની મંડપિકા અને મદોન્મત્ત હસ્તિયો લીધા; જેના પરશુરામ જેવા ઉદ્દામ પ્રતાપ આગળ સૂર્ય પણ ઝાંખો પડી જતો હતો; જેણે ક્ષત્રિયોના રૂધિરથી ધોવાયલી પૃથ્વી વેદપાઠી બ્રાહ્મણોને આપી દીધી હતી. ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરૂષાર્થને પ્રતિદિન સમાન દૃષ્ટિથી સેવતો હતો એટલે તે નિત્યનિત્ય દાન આપીને ધર્મ સાધતો હતો, રાજાઓને દંડીને અર્થ સાધતો હતો, અને નવીન સ્ત્રીઓ પરણીને કામ સાધતો હતો. ર. ઉ.

તરત જ તેલની કડાઈ ધિકધિકાવીને તેમાં તેને નાંખી મારી નાંખ્યો.[1] તેના મરણ પછી, રામચંદ્ર કરીને એક જૈન અધિકારી હતો અને જે એક સો પ્રબન્ધનો કર્ત્તા હતો તેને માથે આવી પડી. તેને અતિ દુઃખ દઈ મારી નાંખવા માંડ્યો, એટલે દુઃખમાંથી છૂટવા સારૂ તે પોતાની જીભ કરડીને મરી ગયો.[2]

---

૧. મહામાત્યપદ લેવાને તેને આગ્રહ કરવામાં આવ્યો ત્યારે તેણે કહ્યું કે, પ્રાતઃકાળે શકુન જોઈને પછી તેના અનુમત પ્રમાણે વર્ત્તીશ. પછી શકુનગૃહમાં દુર્ગાદેવી પાસે સપ્તવિધ શકુન યાચતાં તે પામીને તેની પુષ્પાક્ષત આદિથી પૂજા કરી. પછી નગરમાં આનંદ પામતો જેવો જાય છે તેવામાં ઈશાન કોણમાં ગર્જના કરતો આખલો જોયો, તેને તેણે શુભ શકુન માન્યા. પણ એક વૃદ્ધ મારવાડિયે તેને કહ્યું કે આ શકુન તો વિપરીત થઈ પડશે કારણ કે,

नद्युत्तीरेऽध्ववैषम्ये तथा संनिहिते भये ।
नारीकार्ये रणे व्याधौ विपरीतः प्रशस्यते ॥

મતિભ્રંશ થાય છે ત્યારે પ્રતિકૂલને અનુકૂલ માની લેવામાં આવે છે, તેમ વૃદ્ધ મરૂનું કહેલું તેને રૂચ્યું નહિ. જ્યારે તેને કઢાઈમાં નાંખવા માંડ્યો ત્યારે તે દૃઢતાથી નીચે પ્રમાણે બોલ્યો:—

आर्थिभ्यः कनकस्य दीपकपिशा विश्राणिताः कोटयो
वादेषु प्रतिवादिनां विनिहिताः शास्त्रार्थगर्भा गिरः ।
उत्खातप्रतिरोपितैर्नृपतिभिः शारैरिव क्रीडितम्
कर्त्तव्यं कृतमर्थिता यदि विधेस्तत्रापि सज्जा वयम् ॥

દીવાની શિખા જેવી પીળી સોનામ્હોરો કરોડો અર્થિયોને આપી; શાસ્ત્રવિવાદમાં શાસ્ત્રાર્થગર્ભિત વાણિયો પ્રતિપક્ષીને કહેવામાં આવી; શેતરંજ અથવા બુદ્ધિબળનાં મ્હોરાંની પેઠે રાજાઓને ઉત્થાપી તેઓને પાછા તેમને સ્થાને સ્થાપ્યા; એ પ્રમાણે જે કર્ત્તવ્ય તે કરી ચૂકયો અને હજી પણ વિધિને જે કરવાનું હોય તે કરવા દેવામાં અમો સજ્જ છિયે.

૨ રામચંદ્રને તપ્તતામ્રપટ્ટિકા—એટલે તપાવેલા ત્રાંબાના પતરા ઉપર બેસારીને મારી નાંખવા માંડ્યો, એટલે તે નીચે પ્રમાણે ગાથા બોલ્યો:

माहिवीढह सचराचरह जिण सिरि दिह्वा पाय,
तसु अत्थमणु दिणेसरह होवत होइ चिंतराय.
(महीपीठे सचराचरे येन श्रीः दत्ता प्रायः तस्यास्तमनं
दिनेश्वरस्य भवितव्यं भवत्येव चिराय)

સચરાચર મહી(પૃથ્વી)ની પીઠ ઉપર જેણે પોતાની પ્રતાપરૂપી લક્ષ્મીને ઘણું કરી રાખી છે એવા જે સૂર્ય તે પણ સાયંકાળે અસ્ત પામે છે, માટે જે ઘણે કાળે બનવાનું હોય છે તે જ બન્યાં જાય છે.

મેરૂતુંગ લખે છે કે, પછી સર્વ સામંતો આમ્રભટની ચડતી સહન કરી શક્યા નહિ, એટલે નવા રાજાને નમન કરવાને મિષે તેને રજુ કરી દેવાનો લાગ મેળવી શક્યા. તે જૈનધર્મી હતો તેથી તેના ઉપર અજયપાળનો કોપ થયો, તો પણ તે બેધડક બોલવા લાગ્યો કે, "મારો ધર્મ તો વીતરાગ છે, ગુરૂ હેમાચાર્ય છે, અને રાજા તો કુમારપાળ છે." અજયદેવે કોપાયમાન થઈને કહ્યું કે, "તું રાજદ્રોહી છે,"[૧] આમ્રભટ ખરેખરો શૂરવીર હતો તેથી યુદ્ધ મચાવ્યા વિના એકાએક ઘાતકનો શિકાર થઈ પડે એવો ન હતો, તેણે જીનેશ્વરની મૂર્તિની પૂજા કરીને પોતાનાં માણસોને હથિયાર સજાવ્યાં, અને પોતાને ઘેરથી ધશી નીકળીને રાજમહેલ ઉપર હલ્લો કર્યો, તથા વાવાઝોડાનાં તોફાનથી ફોતરાંનો ઢગલો જેમ ઘસડાઈ જાય છે તેમ મહેલનો ઘટિકાગૃહનો ભાગ ઘસડી પાડ્યો, અને તે ઘાતકીના સંસર્ગદોષનું પાપ તેણે ધારાતીર્થમાં ધોઈ નાંખ્યું, કે તરત અપ્સરાઓ જે કૌતુક જોવાને ત્યાં આવી હતી તે કહેવા લાગી કે "હું એને વરીશ, હું એને વરીશ." એવી રીતે ઉદયનનો પરાક્રમી પુત્ર દેવલોક પામ્યો. લોક તેના પડવાથી શોક-કરવા લાગ્યા અને કહેવા લાગ્યા કે "બીજા યોદ્ધાઓ તો થશે ત્યારે થશે પણ જ્યારથી "ઉદયનનો પુત્ર સ્વર્ગવાસ પામ્યો છે ત્યારથી તો પૃથ્વી ઉપર પંડિતો થતા બંધ પડી ગયા છે.[૨]"

---

૧ શ્રીમાન્ આમ્રભટ જેને રાજપિતામહનું વિરૂદ કુમારપાળે આપ્યું હતું, તેના પ્રતાપ ન સહન કરી શકનારા સામંતોએ, અજયપાળને નમન કરવાનો સમય સાધ્યો. તે વેળાએ તે બોલ્યો કે, આ જન્મને વિષે મારૂં મસ્તક દેવબુદ્ધિથી શ્રી વીતરાગને, ગુરૂબુદ્ધિથી શ્રી હેમચંદ્રને, અને સ્વામિબુદ્ધિથી શ્રી કુમારપાળને નમે છે.

૨ આમ્રભટનાં વખાણની કવિતા નીચે પ્રમાણે છે:–

वरं भट्टैर्भाव्यं वरमपि च खिङ्गैर्धनकृते
वरं वेश्याचार्यैर्वरमपि महाकूटनिपुणः ।
दिवं याते दैवादुदयनसुते दानजलधौ
न विद्वद्भिर्भाव्यं कथमपि वुधैर्भूमिवलये ॥

આ ભૂમિતળને વિષે ભટ્ટ થઈને ભીખ માગી ખાવી એ ઉત્તમ છે; ધનને માટે કુકર્મી થવું ઉત્તમ છે: દ્રવ્યપ્રાપ્તિ માટે વેશ્યાના.આચાર્ય થવું પણ ઉત્તમ છે; તેમ જ કૂડાં કર્મ કરવામાં નિપુણ થઈને નિર્વાહ ચલાવવો એ ઉત્તમ છે; પણ ઉદયનનો પુત્ર, જે દાનરૂપી સમુદ્ર જેવો, સ્વર્ગે ગયાથી બુદ્ધિશાળિયે વિદ્યાવાન્ થવામાં કાંઈ માલ નથી, કેમકે વિદ્વત્તાની બુજ કરનાર એના જેવો હવે કોઈ રહ્યો નથી.

જૈન મતના કારભારિયોને આ પ્રમાણે દૂર કર્યા પછી અજયપાળે સોમેશ્વરને પોતાનો મહામાત્ય ઠરાવેલો હતો, એમ ઉદયપુરના લેખ ઉપરથી નીકળે છે તેમાં નીચે પ્રમાણે છે:–

અજયદેવનો રાજકારભાર જેવો ઘાતકી અને કલહભરેલો હતો તેવો જ ટુંકો હતો.

त्रिभिर्वर्षैस्त्रिभिर्मासैस्त्रिभिः पक्षैस्त्रिभिर्दिनैः ।
अत्युत्कटैः पुण्यपापैरिहैव फलमश्नुते ॥

ગીતિ—ત્રણ વર્ષે, ત્રણ માસે, ત્રણ પક્ષે કે પછી ત્રણે વાસે;
પુણ્યપાપ અતિશયનાં, ફળ નિશ્ચય તો અહિં મળી જાશે.

શાસ્ત્રમાં આ પ્રમાણે કહ્યું છે અને બન્યું પણ તેમ જ. તેણે ત્રણ વર્ષ રાજ્ય કર્યા પછી તેનો દ્વારપાળ **વિજલદેવ** કરીને હતો તેણે **અજયપાળના** હૃદયમાં કટારી ખોશી. "અને ધર્મનું મંદિર તોડી પાડનાર પાપીને કીડાઓએ ખાધો, નરકમાં જવાનું પાસે આવ્યું જોઈને તે નજરે દેખાતો બંધ થઈ ગયો."

અજયપાળ[1]ની પછી **બીજો મૂળરાજ** અથવા **બાળ મૂળરાજ** ઈ૦ સ૦ ૧૧૭૭માં ગાદિયે બેઠો; અને બે વર્ષ (૧૧૭૯ સુધી) રાજ્ય કર્યું. **મેરૂતુંગે** તેના વિષે જે કાંઈ થોડું લખ્યું છે તેટલું પૂરેપૂરૂં અમે અહિં દાખલ

"संवत् १२२९ वैशाख शुदि ३ सोमे अद्येह श्रीमदणहिल्लपट्टके समस्तराजावलीविराजितमहाराजाधिराजपरमेश्वरअजयपालदेवकल्याणविजयराज्ये तत्पादपद्मोपजीविनिमहामात्य श्री सोमेश्वरे श्रीकरणादौ."

૧ **અજયપાળનાં** વિરૂદ ડા. બૂલરના લેખસંગ્રહમાં અંક ૫-૬-૭ ના લેખમાં પૃષ્ઠ ૭૦, ૭૫, અને ૮૪માં તથા ઇન્ડિયન આન્ટીકવેરીના ભાગ ૬ ને પૃષ્ઠ ૧૯૯ તથા ૨૦૧ અને ૨૦૩ મે નીચે પ્રમાણે છે:—

महाराजाधिराजपरमेश्वरपरमभट्टारक हेला-
करदीकृत सपादलक्ष क्ष्मापाल श्री अजयदेव ॥ ५ ॥
परमेश्वरपरमभट्टारकमहाराजाधिराजपरममाहेश्वर
हेलाकरदीकृत सपादलक्ष क्ष्मापाल श्री अजयपालदेव ॥ ६ ॥

परमेश्वरपरमभट्टारकमहाराजाधिराज परम माहेश्वर प्रबलबाहुदंडदर्पकंदर्पहेलाकरदीकृतसपादलक्ष क्ष्मापालश्री अजयपालदेव ॥ ७ ॥

અંક ૮, ૯ તથા ૧૦ ના લેખમાં 'परम' ને બદલે 'महा' શબ્દ મૂકયો છે, એટલો જ ફેર છે.

આ રાજાને "**પરમમાહેશ્વર**" અથવા "**મહામાહેશ્વર**"નું વિરૂદ તામ્રપટોમાં આપેલું છે, તે ઉપરથી જણાય છે કે-જૈનધર્મને તોડી **શૈવમાર્ગનો** ફરી પ્રચાર કરવાનો આરંભ એના સમયમાં તાજો થયો હતો. અને તેથી કરીને જૈનગ્રંથકારોએ એની નિંદા કરી વિશેષ વૃત્તાંત લખેલ નથી.

કરિયે છિયે,–"તેની માતા નાયકી દેવી, પરમર્દી[1] રાજાની પુત્રી થતી હતી, તેણે પોતાના ખોળામાં બાળ રાજાને બેસારીને ગાડરાઘટ્ટ ઉપર યુદ્ધ ચલાવા માંડ્યું. અને પોતાના ગુણવડે કરીને વર્ષાદ થયો તેથી કરીને તેણિયે મ્લેચ્છ[2] રાજાને હરાવ્યો.

બીજો મૂળરાજ અજયપાળનો પુત્ર હતો. આબુ પર્વત ઉપર અચળેશ્વરનું દેવાલય છે તેમાં એક લેખ છે[3] તેમાં લખ્યું છે કે, "તેના (કુમા-

---

૧ પાછળ પૃષ્ઠ ૧૫૬મે જેજાહુતી અથવા મહોબાના ચંદેલ રાજાઓની ટીપ આપી છે તેમાં અંક ૧૮ મે પરમર્દી દેવનું નામ છે, તે સંવત્ ૧૨૨૨, ૧૨૨૪ માં અને ઈ૦ સ૦ ૧૧૬૫ થી ૧૨૦૩ માં હતો. આ રાજાના લેખ તથા શિક્કા પણ મળી આવે છે. તેની કુંવરી હોય અથવા કાદમ્બ કુળનો રાજા પરમર્દી અથવા શિવચિત્ત જે ઈ. સ. ૧૧૪૭ થી ૧૧૭૫ (ઈ. સ. ૧૨૦૩–૧૨૩૧) સુધી રાજ્ય કરતો હતો તેની કુમારી પણ હોય. પાછળ પૃષ્ઠ ૧૭૦ માં અને તેની ટીપમાં, જગદેવપરમાર પરમર્દી રાજાના દરબારમાં ગયાનું લખ્યું છે અને તે કુંતલનો હતો; પણ તેનો સમય આઘો જાય છે. કલ્યાણના કલચુર્ય રાજા કૃષ્ણનો પુત્ર જોગમ, તેનો પુત્ર પરમર્દીન અથવા પરમાદી ઈ. સ. ૧૧૨૮ માં હતો. એનો પુત્ર ત્રિભુવનમલ્લ અથવા વિજ્જલ ઈ. સ. ૧૧૪૫–૧૧૬૭ માં હતો તેની બ્હેન હોય.

૨ આ મ્લેચ્છ રાજા તે મહમદગોરી (શાહાબુદ્દીન) હોવાનું જણાય છે, તે વિષે જુવો આગળ પૃ. ૩૦૧ ની ટીપ.

આ મૂળરાજને બાલાર્ક અથવા બાલ મૂળરાજ લખ્યો છે. ડા. બૂલરે ચૌલુક્યોના ૧૧ લેખ પ્રસિદ્ધ કર્યા છે, તેમાંના ત્રણ લેખમાં તેનાં વિરૂદ નીચે પ્રમાણે છેઃ—

લેખ અંક ૩ (સંવત્ ૧૨૬૩ શ્રાવણ શુદિ ૨ રવૌ.)

"परमभट्टारकमहाराजाधिराजपरमेश्वराहवपराभूतदुर्जयगर्ज्जनकाधिराजश्रीमूलराजदेवपादानुध्यात."

લેખ અંક ૪ (સંવત્ ૧૨૮૦ પોષ સુદ ૩ ભોમે.)

"महाराजाधिराजपरमेश्वरपरभट्टारक उमापतिवरलब्धप्रसादप्रौढप्रतापबालार्क आहवपराभूत दुर्ज्जय गर्ज्जनकाधिराज श्री मूलराजदेवपादानुध्यात."

લેખ અંક ૫ (સંવત્ ૧૨૮૩ શ્રાવણ શુદ ૧૫.)

"परमेश्वरपरमभट्टारकम्लेच्छतमनिचयच्छन्न (मही)वलयप्रद्योतनबालार्क महाराजाधिराजश्रीमूलराजदेवपादानुध्यात"

બીજા મૂળરાજને મુસલમાનો સાથે કજિયો ઉઠયાનું રાસાવાળાઓ લખે છે તેને આ લેખો પુષ્ટિ આપે છે. ઉપરના લેખથી જણાશે કે તેને "જિતવાને મુશ્કેલ એવા ગર્જનકના અધિપતિને યુદ્ધમાં હરાવનારો રાજા" કહ્યો છે.

૩ એશિયાટિક રીસર્ચીઝ ભાગ ૧૬ માનું પૃષ્ઠ ૨૮૮ મું જુવો.

"(રપાળના) પછી અજયપાળે રાજ્ય કર્યું, તેનો પુત્ર મૂળરાજ[1] હતો: તેનો
"ન્હાનો ભાઈ પ્રખ્યાત ભીમ[2] ભૂમિભાર ધારણ કરે છે."

---

૧ મિ. વીલ્સને આ લેખનું ભાષાન્તર કરતાં એક ટીપ આપી છે, "મૂળ શબ્દ "અનુજન્માનો ચાલતો અર્થ એવો છે, કેમકે, તેનો અર્થ 'પછવાડેથી જન્મેલો' એવો "થાય છે, તેથી તેનો અર્થ દીકરો એવો થાય અને તેવો અર્થ લેવાને કેટલાંક કારણ છે." જ્યારે બીજો મૂળરાજ બાળપણમાં મરણ પામ્યો ત્યારે બીજો ભીમદેવ પાકી વયે પ્હોંચેલો જણાય છે. તેથી અજયપાળ તેનો ભાઈ એમ એ અર્થમાંથી નીકળે છે તે પસંદ કરવા યોગ્ય છે. મિ. વિલ્સનનો ભાવાર્થ બીજી કલમમાં ખુલ્લી રીતે સમજાવેલો છે તેમાં તે ભીમ વિષે લખે છે કે, "અજયપાળના પુત્ર મૂળરાજનો ન્હાનો ભાઈ."

૨ અજયપાળનો કુંવર મૂળરાજ થયો, તેમ જ નીચેના પ્રમાણ ઉપરથી તો એમ જણાય છે કે-ભીમદેવ પણ તેનો કુંવર હતો. તથાપિ ભીમદેવની કારકીર્દિ જે...ં તેને કેટલાક અજયપાળનો નાનો ભાઈ હતો, એમ લખે છે તે ધ્યાનમાં લેવા જેવી વાત છે. પણ તેનું પ્રમાણ હજી લગણ મળી આવ્યું નથી.

જૂનાગઢ તાબાના પ્રભાસપાટણના મોટા-દરવાજા ઉપરના બીજા ભીમદેવના સંવત્ ૧૨૭૩ના લેખમાં જણાવ્યું છે કે:—

आखंडलप्राङ्गणिके च तस्मिन्भुवं बभाराऽजयदेवभूपः ।
उच्छारयन् भूपतरुप्रकांडान्नुवाप यो नैगमधर्मवृक्षान् ॥ २१ ॥
यत्खड्गधाराजलमग्ननानानृपेन्द्रविक्रांतियशःप्रशस्तिः ।
बभ्राज तत्पुष्करमालिकेव श्रीमूलराजस्तदनूदियाय. ॥ २२ ॥
तस्यानुजन्मा जयति क्षितीशः श्री भीमदेवः प्रथितप्रतापः
अकारि सोमेश्वरमंडपोऽयं येनात्रमेघध्वनिनामधेयः ॥ २३ ॥

કુમારપાળ, ઈન્દ્રનો પરોણો થયો ત્યારે અજયદેવે પૃથ્વીનો ભાર ધારણ કરચો, એ અજયદેવે પ્રકાંડ (ઉત્તમ) ભૂપરૂપી તરૂઓને ઉખેડી નાંખ્યાં અને વેદ ધર્મરૂપી વૃક્ષો વાવ્યાં. (૨૧)

એની (અજયપાળની) ખડ્ગધારારૂપી જળમાં નિમગ્ન થયેલા નાના પ્રકારના રાજાઓનાં પરાક્રમથી ઉત્પન્ન થયેલી યશપ્રશસ્તિ (વખાણ) તે જાણે અજયપાળની પુષ્પમાળા ન હોય! તે પ્રમાણે શોભતી હતી. અજયપાળ પછી-મૂળરાજનો ઉદય થયો.

તેનો "अनुजन्मा" (તેના પછી જન્મેલો) અર્થાત્ તેનો નાનો ભાઈ શ્રીભીમદેવ, જેનો પ્રતાપ વિખ્યાતિ પામ્યો હતો, તે ભૂપતિ થયો. તેણે મેઘધ્વનિ નામે સોમેશ્વરનો મંડપ કરાવ્યો.

સુકૃતસંકીર્તનના ત્રીજા સર્ગમાં લખેલ છે કે:—

तदंगजो दिग्गजदंतिशय्या विश्रांतकीर्त्तिः किल मूलराजः ॥
तुरुष्कशीर्षाणि शिशुर्जयश्रीलताफलानीव लसत्वगृह्णात् ॥ ४५ ॥

વઢવાણનો સાધુ મેરૂતુંગ, મ્લેચ્છ વિષે લખે છે, તે મુસલમાન હતા, અને તેઓ મહમૂદ ગજનીના વારા પછી દોઢ સકું વીત્યા પછી અણ-

---

એનો (અજયપાળનો) અંગજ એટલે ઔરસપુત્ર દિગ્ગજના દંતુષ રૂપી શય્યા ઉપર જેની કીર્ત્તિયે વિશ્રામ લીધો છે—એટલે દિશાઓના અંત સુધી જેની કીર્ત્તિ વ્યાપી રહી છે, એવો મૂળરાજ થયો. તેણે ન્હાનપણમાં તુરુષ્કો(તુર્કો)નાં માથાંને રમત કરતાં જયલક્ષ્મીરૂપ લતાનાં ફળ ન હોય! તેમ ગ્રહણ કર્યાં હતાં. ભાવાર્થ એ કે એણે તુર્ક લોકોનાં માથાં રમત કરતાં કરતાં કાપી નાંખ્યાં હતાં.

यस्मिन् सदोच्चैः शिरसि प्रतीची महीभृति स्फारबलांबुराशा ॥

अस्तं समस्तारियशःशशांक प्रतापचंडद्युतिमंडलाभ्यां ॥ ४६ ॥

જેનું સૈન્ય સમુદ્ર જેવડું વિસ્તારવાળું હતું, તેવો પશ્ચિમ દિશાનો રાજા રાજ-શિરોમણિ મૂળરાજ અરિના યશરૂપી ચંદ્ર અને તેમના પ્રતાપરૂપી સૂર્યમંડળની સાથે અસ્ત પામ્યો.

श्री भीमदेवोऽस्ति निरर्गलोग्रभुजार्गलग्रस्तसमस्तशत्रुः ॥

विभ्रत्करे भूवलयं पयोधिवेलामिलन्मौक्तिकमस्य बंधुः ॥ ४७ ॥

શ્રી ભીમદેવ, એનો ભાઈ બંધન વિનાના ઉગ્ર ભુજરૂપી ભૂંગળથી જેણે સમસ્ત શત્રુઓને ગ્રસ્ત કર્યા છે, એવો તે (ભીમદેવ) જે સમુદ્રની વેલુમાંથી મળી આવતાં મોતી સહિતના ભૂવલયને પોતાના હાથમાં ધારણ કરતો હવો.

आजन्म सद्मद्युसदां मदेकक्षणप्रदानात् क्षयमेषमागात ॥

इति स्मरन् यः कनकानि दातुमुन्मूलयामास न हेमशैलम् ॥ ४८ ॥

જે મેરૂ જન્મથી જ દેવોનું ઘર છે, તે મારા એક ક્ષણના દાનથી ક્ષય ન થાઓ, એમ મનમાં આણી જેણે સોનાનું દાન આપવા માટે તે પર્વતને નિર્મૂળ કર્યો.

यद्दानमश्रावि सदानुभूतमेवार्थिभिगातिषु खेचरीणां ॥

विलासहेमाद्रिसुमेरुपादधियागतानां स्वगृहोपकण्ठे ॥ ४९ ॥

દરબારની પાસે ક્રીડા માટે બનાવેલા સુવર્ણના પર્વત ઉપર મેરૂની શાખાની ભ્રાંતિથી આવેલી અપ્સરાઓની ગીતિયોમાં યાચકોએ પ્રથમથી અનુભવેલું જેનું દાન સદા સાંભળવામાં આવતું હતું. ૪૯

કીર્તિકૌમુદીમાં લખ્યું છે કેઃ–

"धृतपार्थिवनेपथ्ये निष्क्रान्तेऽत्र शतक्रतौ ।

जयन्ताभिनयं चक्रे मूलराजस्तदङ्गजः ॥ ५६ ॥

चापलादिव बालेन रिङ्गता समराङ्गणे ।

तुरुष्काधिपतेर्येन विप्रकीर्णा वरूथिनी ॥ ५७ ॥

यच्छिन्नम्लेच्छकङ्कालस्थलमुच्चैर्विलोकयन्

पितुः प्रालेयशैलस्य न स्मरत्यर्बुदाचलः " ॥ ५८ ॥

હિલવાડના પ્રાન્ત ઉપર પાછા આવ્યા હતા. ફેરિશ્તા લખે છે કે ઇ. સ. ૧૧૭૮ માં **મહંમદ શાહ**બુદ્દીન ગોરી ગજનીથી ઉચ્ચ અને મુલતાન

ઈંદ્રે **અજયપાળ**નું રૂપ ધારણ કર્યું હતું, તે જ્યારે (રાજ્યભૂમિરૂપી રંગભૂમિમાંથી) ગયો ત્યારે તેના પુત્ર **મૂળરાજે** જયન્ત(ઈંદ્રપુત્ર)નો અભિનય (વેષ) કર્યો. (૫૬)

રણભૂમિમાં બાલક્રીડા કરતાં કરતાં તેણે ચપળતાથી તુરુષ્ક રાજાની સેના વિખેરી નાંખી હતી. (૫૭)

મ્લેચ્છ લોકોના (લશ્કરના) જેનાથી કપાયલાં હાડપિંજરનો જ્યાં ઢગલો થયો હતો, તે સ્થળને જોતાં **અર્બુદાચલ** (આબુ) પોતાના પિતા હિમાચળને ભૂલી ગયો. ભાવાર્થ કે, શત્રુના માણસોનાં હાડકાંનો ઢગલો એટલો બધો ઉંચો થયો કે હિમાચલ પર્વત તેના આગળ ન્હાનો પડી ગયો. (૫૮)

"द्रुतमुन्मूलिते तत्र धात्रा कल्पद्रुमाङ्कुरे ।
उजगामानुजन्मास्य श्री भीम इति भूपतिः ॥ ५९ ॥
भीमसेनेन भीमोऽयं भूपतिर्न कदाचन ॥
बकापकारिणा तुल्यो राजहंसदमक्षमः ॥ ६० ॥
मंत्रिभिर्माण्डलीकैश्च बलवद्भिः शनैः शनैः ॥
बालस्य भूमिपालस्य तस्य राज्यं व्यभज्यत " ॥ ६१ ॥

કલ્પદ્રુમના અંકુરરૂપી(**મૂળરાજ**)ને વિધાતાએ શીઘ્ર ઉખેડી નાંખ્યો એટલે તેનો "अनुजन्मा" (ન્હાનો ભાઈ) શ્રી **ભીમ** નામે રાજા થયો. ૫૯

૬૦ મા શ્લોકમાં **શ્લેષાલંકાર** છે. પાંચ પાંડવો માંહેલો **ભીમ**, જેણે **બક** નામના રાક્ષસનો નાશ કર્યો હતો; એવા **ભીમ**ના કરતાં ગૂજરાતનો આ **ભીમદેવ** પરાક્રમમાં વધારે હતો, એમ બતાવવાનો આ કવિનો હેતુ છે, તેથી તે કહે છે કે,

"**ભીમસેને બક**(રાક્ષસ)નો અપકાર (નાશ) કર્યો હતો, અને આ **ભીમ** રાજા રાજહંસો(મહાન્ રાજા)નું દમન કરવાને શક્તિમાન્ હતો; માટે તેને કયારે પણ તેની તુલ્ય ગણી શકાય નહિ. **બક** એટલે બગલા કરતાં રાજહંસ પક્ષી શ્રેષ્ઠ ગણાય માટે પાંડુસુત **ભીમે બક** માર્યો અને આ **ભીમે** રાજહંસોનું દમન કર્યું તેથી પણ શ્લેષમાં આ રાજાની શ્રેષ્ઠતાનો ધ્વનિ નીકળે છે.

બક રાક્ષસ અને **બક** અસુર (દૈત્ય) એ બે જૂદા છે; એ વાત જેના જાણવામાં નથી, તે આ શ્લોકનો અર્થ જૂદા પ્રકારનો કરે છે. વળી તેઓ એવો વાંધો બતાવે છે કે, **બક**નો નાશ તો **શ્રી**કૃષ્ણે કર્યો છે, **ભીમે** કર્યો નથી. પણ જુવો **શબ્દસ્તોમ** મહાનિધિ પૃ. ૯૮૨.

वकः=राक्षसभेदे यो भीमेनैव हतः श्री कृष्णेन हते दैत्यभेदे च रक्षोविशेषः इति मेदिनी स च भीमेन हतः

આ વિષે જુવો **મહાભારત**ના પ્રથમ પર્વના ૯૫ અધ્યાયનો ૭૩ મો શ્લોક, રા. નવલરામના લખવા પ્રમાણે ડા. બુલર એમ અર્થ કરે છે કે, **બકાસુર**નો નાશ કરનાર

ઉપર ચડી આવ્યો અને ત્યાંથી રેતીના મેદાનને રસ્તે ગૂજરાત ઉપર ઉતરી આવ્યો. "**ભી**મદેવ રાજા (**મ**હમૂદ ગજનવીની સામે થનાર ગૂજરાતના **બ્ર**હ્મદેવનો વંશજ), **મુ**સલમાનોને અટકાવવાને સેના લઈને ચડ્યો અને તેઓને, ઘણી કતલ કરીને હરાવ્યા. તેઓને નાસેડું લઈ ગજની જઈ પ્હોંચતાં પ્હેલાં રસ્તામાં ઘણાં સંકટ વેઠવાં પડ્યાં. આ[1] વેળાએ

ભીમસેનના જેવો આ રાજા કાંઈ બળિયો ન હતો. અથવા **રાજ**હંસને વશ કરવાને પણ શક્તિમાન ન હતો. આ પ્રમાણે અર્થ કરવાને तुल्यः એ પદ પછી अराजहंसदमक्षमः એવો પદચ્છેદ કરવો પડે છે. પણ મૂળગ્રંથમાં અ ને બદલે (ऽ) અવગ્રહનું ચિહ્ન નથી

રા. **ન**વલરામ પોતે એવો અર્થ કરે છે કે, આ **ભી**મ **ભી**મસેનના જેવો કયારે પણ ન હતો, એ તો બગલાને (નબળાને) મારનારા જેવો અને **રાજ**હંસને (રાજવર્ગને નહિ) વશ કરવાને શક્તિમાન્ હતો.

ઉપર જણાવ્યા પ્રમાણે આ બધો ગુંચવારો (જુવો **ન**વલગ્રંથાવલિ ભાગ ૪ થો પૃષ્ઠ ૯૮) **બ**ક રાક્ષસ અને **બ**ક અસુર એ બે જૂદા હતા તે નહિ જાણવાથી થયો છે. (૯૦)

બલવાન્ મંત્રિયો અને માંડલિક રાજાઓએ ર્‌હેતાં હેતાં તે બાલ રાજાનું રાજ્ય વ્હેંચી લીધું. (૯૧) **ર. ઉ.**

૧ આ સમયનો **મુ**સલમાનનો ઈતિહાસ જાણવાની જરૂર છે માટે અમે અહિં તે વિસ્તારથી આપીએ છિએઃ—

ગોરી વંશનો **અ**લ્લાઉદ્દીન જહાંસોજ, ગજનીને પાયમાલ કરીને, જ્યારે **ફિ**રૂજ-કોહના તખ્ત ઉપર બેઠો, ત્યારે તેણે પોતાના બે ભત્રિજા, **ગ્યા**સુદ્દીન–**મુ**હમ્મદ શામ અને **મૌ**ઝુદ્દીન **મુ**હમ્મદ શામ ઉર્ફે **શા**હબુદ્દીન સુલતાન બહાઉદ્દીન શામના શાહજાદાઓ હતા, તેમને **વૈ**રીસ્તાનના કિલ્લામાં કેદ કર્યા. અને તેમના ગુજરાનને અર્થે સાલિયાણું બાંધી આપ્યું.

સુલતાન **અ**લાઉદ્દીનની પછી તેનો શાહજાદો સુલતાન **સૈ**ફુદ્દીન ગાદિયે બેઠો. આ પાદશાહે **ગ્યા**સુદ્દીન અને **શા**હબુદ્દીન (**મૌ**ઝુદ્દીન) જે પોતાના કાકાના દીકરા હતા તેમને કેદમાંથી છોડ્યા. શાહજાદો **ગ્યા**સુદ્દીન તો સુલતાન **સૈ**ફુદ્દીનની ચાકરીમાં **ફિ**રૂઝકોહમાં સલાહશાંતિથી રહ્યો. અને શાહજાદો **મૈ**ઝુદ્દીન પોતાના કાકા **ફ**ખરૂદ્દીન **મ**સુદની ચાકરીમાં **બા**મિયાન ગયો.

સૈફુદ્દીનના ત્રાસદાયક મૃત્યુના બનાવ પછી **ગો**રના તખ્ત ઉપર **ગ્યા**સુદ્દીન બેઠો અને તે વાત **ફ**ખરૂદ્દીનને પ્હોંચી ત્યારે તેણે પોતાના ભત્રીજા **શા**હબુદ્દીનને કહ્યું કે તમારા ભાઈ તો કામમાં પડ્યા. તમે શું કરવા ધારો છો? તમારે પણ તૈયાર થવું જોઇયે. તેણે માનપૂર્વક પોતાના કાકાને નમન કર્યું, અને તરત જ **ફિ**રોજકોહ જવાને રવાને થયો; તે ત્યાં આવીને પોતાના ભાઈને રીત પ્રમાણે નમન કરીને મળ્યો. એક વર્ષ તે પોતાના ભાઈ પાસે નોકરીમાં રહ્યો; પણ એક પ્રસંગે કંઈ અપમાન સરખું બનવાથી **સી**જીસ્તાનમાં **મ**લેક **શ**મશુદ્દીન સીજીસ્તાની પાસે જઈને એક સિયાળો ત્યાં રહ્યો. તેના ભાઈએ તેને પાછો બોલાવવાને માટે હલકારા મોકલ્યા; અને જ્યારે તે

અપ્ખ્યાત **ભીમે** રાજ્ય પોતાને હસ્તગત કર્યું ન હતું, પણ તેની ભાભીની વતી અને તેના રાજપુત્રની વતી, એક શૂરવીર તરીકે, રાજભક્ત થઈ રાજ-કારભાર ચલાવતો હતો.

આવી પ્હોંચ્યો ત્યારે તેને કસ્ર કઝૂરાન અને દાસ્તિયા(હિરાત અને ગજનીની વચ્ચેના ડુંગરોમાં ગોરનું એક શહર છે.)ના મુલકો સોંપી દીધા. ગ્યાસુદ્દીને જ્યારે ગર્મશીર ઉપર પોતાની સત્તા સ્થાપી ત્યારે પોતાના ભાઈને તકીનાબાદ શહર, જે ગર્મશીરમાં મ્હોટામાં મ્હોટું હતું તે, સ્વાધીન કર્યું; એટલે ગજનીનું લશ્કર અને તેના આગેવાનો ગજની ભણી નાશી ગયા; ત્યાં તેઓ બાર વર્ષ રહ્યા. અને ખુશરૂ શાહ અને ખુશરૂ મલેકના હાથમાંથી દેશ છીનવી લીધો. સુલતાન શાહીદ્દીને પણ તકીનાબાદથી તેમના ઉપર હુમલો કરવાનું અને દેશને હેરાન કરવાનું જારી રાખ્યું.

છેવટે ઈ. સ. ૧૧૭૩(હિ. સ. ૫. ૬૯)માં સુલતાન ગ્યાસુદ્દીને ગજની જિતી લીધું. અને પોતાના ભાઈ શાહબુદ્દીનને ત્યાં ગાદિયે બેસાડી ગોર પાછો આવ્યો. આ શાહજાદાએ ગજનીનો મુલક સ્વાધીન કરી લીધો, અને બે વર્ષ પછી ગુર્દેઝ જિતી લીધું. ત્રીજા વર્ષમાં (હિ. સ. ૫૭૧ ઈ. સ. ૧૧૭૫) પોતાની ફોજ તેણે મુલ્તાન ભણી લઈ જઈને કર્માતિયન (કરામના લોકો) પાસેથી તે જગ્યા હાથ કરી લીધી; તેમ જ ભાટિયા લોકો પાસેથી (ઉચ્ચ) લઈ પોતાને સ્વાધીન કરી લીધું, અને ત્યાં તથા મુલ્તાનને માટે અલીકરમાજને પોતાનો નાયબ ઠરાવીને પોતે ગજની પાછો વળી આવ્યો. આ બનાવ-નો સમય, ફેરીસ્તા હિ. સ. ૫૭૨ નો આપે છે અને કહે છે કે, ઉચ્ચનો રાજા કિલ્લામાં જઈને રહ્યો. એટલે મુલ્તાન તેને ઘેરીને તંબુ લગાવી પડ્યો. પણ તેના સમજ-વામાં આવી ગયું કે રાજાને સ્વાધીન લેવાનું કામ ઘણું કઠિણ છે, ત્યારે તેણે તેની રાણીને ફીટાડવાની યુક્તિ કરી, કેમકે તેના જાણવામાં આવ્યું કે રાણીનો કબજો રાજા ઉપર ઘણો છે. આવો પ્રસંગ જોઈને તેણે પોતાનો માણસ મોકલ્યો અને ઠગાઈભરેલી રીતે કહેવરાવ્યું કે જો તમારી મદદથી આ શહર મારા સ્વાધીનમાં આવશે તો તમને હું રાજ્યરાણી કરીશ. રાણિયે શાહબુદ્દીનનો દબદબો જોઈને વિચાર્યું કે, આ જિત કરી લીધા વિના જાય એવો નથી, એટલે તેણે તેના સંદેશાના ઉત્તરમાં કહેરાવ્યું કે હું તો તમારા યોગ્ય નથી પણ મારી દીકરી રૂપવાન્ છે, તેને જો તમે માન્ય રાખો તથા મારી સર્વે માલમતામાં તમે હાથ નાંખો નહિ તો હું રાજાને મારવાનો ઉપાય કરૂં. સુલતાને આ કરાર કબૂલ કર્યો; એટલે રાણિયે થોડા દિવસમાં રાજાને મારી નાંખીને ઉચ્ચ શહર તેને સ્વાધીન કરી દીધું, અને પોતાના કોલ પ્રમાણે તે રાણીની કુંવરીને મુસલમાની ધર્મમાં લઈને તેની સાથે નિકાહ કરી, પછી માદીકરી બંનેને ગજ-નીમાં મોકલી દીધાં. ત્યાં મા તુરત જ મરણ પામી અને તેના વિરહથી તેની દીકરી પણ બે વર્ષ પછી મરી ગઈ અને પાદશાહની મુલાકાતથી તે કાંઈ ફળ પામી નહિ.

એ જ વર્ષમાં સંકરાન(શંકરાન, સેનકરાન)ના લોકોએ દગો કરીને મ્હોટો ગડબડાટ કરી મૂક્યો તેથી તે તેમના ઉપર ચડી ગયો અને તેમાંના ઘણાખરાને તરવારની ધારે ચડાવી દીધા.

કુરાનમાં લખ્યા પ્રમાણે, સંકરાન લોકો પોતાના દેશને અર્થે લડ્યા છે, તેથી તેમને કેટલાક લખનારાએ ગાઝી ગણ્યા છે. તેમ છતાં, તેઓએ જ્યારે કજિયો ઉભો કરીને બંડ મચાવ્યું ત્યારે રાજનીતિને અનુસરીને શાહબુદ્દીનને આ પ્રમાણે કરવું પડ્યું.

ઉપરનું બંડ બેસારી દીધા પછી (હિ. સ. ૫૭૪ ઈ. સ. ૧૧૭૮) તે ઉચ્ચ અને મુલ્તાન થઈને થરપારકરની વાટેથી અણહિલવાડ (નરવાલ) ચડી આવ્યો. તે વેળાએ ત્યાંનો રાજા ભીમદેવ બાળક હતો. (તબકાતીનાસરી). ફેરિસ્તા લખે છે કે, રાજા ભીમદેવ જે ભીરમદેવના વંશનો હતો તેની પાસે ગૂજરાતની હકુમત હતી. (આ લડાઈ સન ૧૧૭૮માં થઈ છે, અને એ વખતે બાળ મૂળરાજ ગૂજરાતનો રાજા હતો. તેથી તેની કુમકે રહીને ભીમદેવે તેનું રાજ્ય નીભાવેલું જણાય છે. અને તે મરણ પામ્યા પછી ઈ. સ. ૧૧૭૯માં તે પંડે ગાદિયે બેઠેલો જણાયછે.) તેણે સુલતાનને છેક હરાવી દીધો. ઘણા મુસલમાન માર્યા ગયા. અને તે ઘણી મુશ્કેલીથી પાછો ગજની ગયો. અને હિ. સ. ૫૭૫માં પેશાવર ગયો. ખુલાસે તવારીખનો લખનાર આ બનાવ હિ. સ. ૫૭૭માં બન્યાનું લખે છે. અને તે પણ જણાવે છે કે ગૂજરાત લેવાનો ઇરાદો કરીને મુલ્તાન અને ઉચ્ચ થઈને થરપારકરની વાટે તે આવ્યો તેની સામે ભીમે લશ્કર તૈયાર કરીને મ્હોટી લડાઈ કરી. આ વેળાએ સુલતાનનું લશ્કર છેટેથી આવેલું અને રસ્તાની તકલીફ ભોગવેલી તથા પાણી અને અનાજની તંગી વેઠેલી અને આ તરફ ભીમદેવનું લશ્કર તાજું અને બેપરવાહ હોવાથી સુલતાનના લશ્કરને તલવારો અને નેજાની અણીથી તથા બંદુકની ગોળિયોના ઘાથી જખમી કરી નાંખ્યું, અને રાજા ભીમદેવ અચાનક જિત પામ્યો. સુલતાનનાં ઘણાં માણસો તરવારના ઘાથી મરાયાં અને પોતે નાશીને નાના પ્રકારનાં સંકટ વેઠી ગજની તરફ પાછો વળી ગયો.

જ્યારે સુલતાન મહમૂદ ગજનવી દેવપટ્ટણ ઉપર ચડી આવ્યો હતો ત્યારે જૂનાગઢનો રાજા મંડલિક જે પોતાના ધર્મનો રક્ષણહાર હતો તે અણહિલવાડના ૧ લા ભીમની સાથે તેની પૂંઠે લાગ્યો હતો. એમ સોરઠી તવારીખ લખનાર રણછોડજી દીવાને જે હકીકત લખી છે તે આ મહમદ શામ(શાહબુદ્દીન ગોરી)ના વખતને લાગુ પડે છે એમ સર બેલી પોતાના ગૂજરાતના ઇતિહાસમાં લખે છે. અમને પણ એમ લાગે છે કે તે વેળાએ અણહિલપુરનો રાજા ભીમ (૧ લો ભીમ) હતો અને આ વેળાએ પણ ભીમદેવ (બીજો ભીમ) રાજા હોવાથી નામના સરખાપણાને લીધે રણછોડજી દીવાને મહમદ-ગોરીની વાત મહમૂદ ગજનવીને લાગુ કરી દીધી હોય. રણછોડજી દીવાન લખે છે કે "મુસલમાનોની પછવાડે હિન્દુઓ વિજળીના જેવો ચમકાટ અને ચપળતા રાખીને અને વાયુના જેવો વેગ ધારણ કરી બુઢિયા વાનરોની પેઠે ફૂદકારા મારી અને બાળમૃગોની પેઠે ફાળો ભરી મુસલમાનોની પાછળ દોડી પકડી પાડ્યા; તેમાંના કેટલાએકને હિન્દુઓની કટારોથી મારી પાડ્યા. અને કેટલાએકને રજપૂતોની ગદાના પ્રહારવડે ભોંય ઉપર સૂવાડી દીધા. અને રાજાના ભાગ્યનો સૂર્ય ઉચ્ચ સ્થિતિયે પોંહોચ્યો; એટલે શાહ મહમદ બીકનો માર્યો છટકી ગયો. અને પોતાનો જીવ બચાવ્યો. પણ તેના લશ્કરમાંનાં ઘણાં સી

વાતો હતો; તે ઈ૦ સ૦ ૧૧૭૯ માં ગાદિયે બેઠો,[1] અને ૩૬ વર્ષ રાજ્ય કર્યું. મેરૂતુંગ લખે છે કે, એના વારામાં શ્રી સોહડ દેવ (સુભટવર્મા)

પુરૂષો પકડાઈ ગયાં. મુસલમાનોના ધર્મશાસ્ત્ર પ્રમાણે તુર્કી, અફઘાન અને મોગલો સ્ત્રિયો કુંવારી હોય તો પવિત્ર ગણાય છે તેટલા ઉપરથી એવી જે હતી તેમને સ્ત્રી તરીકે રાખી લેવાને કંઈ બાધ ગણવામાં આવ્યો નહિ. બીજી જે હતી તેમને પણ જુલાબ આદિથી પવિત્ર કરી તેમના ધર્મશાસ્ત્રની આજ્ઞા પ્રમાણે (કુરાનની ૨૪-૨૬ આયાત પ્રમાણે) જે દુષ્ટ સ્ત્રિયો હતી તે દુષ્ટને અને સારી સારા માણસોને પરણાવી; જે આબરૂવાળા માણસો હતા તેમની દાઢિયો બોડાવી નંખાવી અને તેમની ગણના શેખાવતોમાં કરી, અને શેખાવતોને વાઢેલ જાતના રજપૂતોમાં ભેળવી લીધા. અને જે નીચા હતા તેમને કોળી, ખાંટ, બાબરિયા, અને મેરની જાતમાં ભેળવી દીધા. અને પરણેતરની તથા મરણઅવસરની વિધિયો તેમના પોતામાં જે ચાલતી હતી તે ચલાવવા દેવાની છૂટ આપી, અને બીજાઓથી અળગા રહેવાને ફરમાન કરવામાં આવ્યું; પણ ખરૂં તો શું બન્યું હશે તે પરમેશ્વર જાણે. ર. ઉ.

૧ બીજા ભીમદેવના રાજ્યનો અંત ૩૬ વર્ષે એટલે ઈ. સ. ૧૨૧૫ માં આવ્યાનું ઉપર લખેલું છે, તે મેરૂતુંગના લખાણથી ખોટું ઠરે છે, એટલું જ નહિ પરંતુ તામ્રપટ્ટોના શોધ ઉપરથી પણ તે તેવું જ ઠરે છે; કેમકે ઈ. સ. ૧૨૩૧ ના આબુના લેખમાં ભીમદેવને "રાજાધિરાજ" લખ્યો છે, અને એ લેખનો આધાર આ પુસ્તકમાં મિ. ફાર્બસે લીધો છે, છતાં એ ભૂલ થયાનું કારણ એમ જણાયે છે કે ૬૩ ને બદલે અંક અવળાસવળી થઈ જતાં ૩૬ થઈ ગયા છે. મેરૂતુંગ પ્રબંધચિંતામણિમાં સાફ કહે છે કે–"संवत् १२३५ पूर्व वर्ष ६३ श्री भीमदेवेन राज्यं कृतं" એટલે વિ. સં. ૧૨૩૫ થી ૬૩ વર્ષ એટલે ૧૨૯૮ (ઇ. સ. ૧૨૪૧-૪૨) સુધી ભીમદેવે રાજ્ય કર્યું. ભીમદેવનાં તામ્રપટ્ટો મેરૂતુંગના કહેવા સાથે બરાબર મળતાં આવે છે. એનું છેલ્લું તામ્રપટ્ટ (ડૉક્ટર બ્યુલરે પ્રસિદ્ધ કરેલ ૧૧ તામ્રપટ્ટ પૈકી અંક ૯ નું) સંવત્ ૧૨૯૬(ઈ. સ. ૧૨૪૦)નું છે. એના પછીના રાજકર્ત્તા ત્રિભુવનપાળનું એક સં. ૧૨૯૯(ઈ. સ. ૧૨૪૨-૪૩)નું છે. એટલે ભીમદેવનું રાજ સંવત્ ૧૨૯૮ (ઈ. સ. ૧૨૪૧-૪૨) સુધી હતું.

અમારી પાસેની એક પટ્ટાવલિ પ્રમાણે બાળ મૂળરાજે સં. ૧૨૩૨ના ફાલ્ગુન સુદિ ૧૨ થી તે સં. ૧૨૩૪ના ચૈત્ર શુદિ ૧૪ સુધી ૨ વર્ષ ને એક માસ રાજ્ય કર્યું. ત્યાર પછી એના ભાઈ ભોળા ભીમે સં. ૧૨૩૪ ના ચૈત્ર શુદિ ૧૪ થી રાજ્ય કર્યું; એમ લખ્યું છે; અને વિચારશ્રેણીમાં પણ લખ્યું છે કેઃ—

"तत्स्तदेवोप श्री भीमदेव राज्या इति राजावली."

આ તથા અમારી પાસેનાં બીજાં જૈન પાનામાં સંવત્ ૧૨૩૫માં ભીમનું ગાદીનું વર્ષ લખ્યું છે, તેથી તે ઈ. સ. ૧૧૭૯ માં (સં. ૧૨૩૪ માં) રાજકર્ત્તા હતો, તે વિષે કાંઈ પણ શક નથી. કારણ કે અણહિલવાડના બાલમેર પાસે કેરાડુ નામના ઉજ્જડ ગામના ઈ. સ. ૧૧૭૯(સં. ૧૨૩૫)ના લેખ ઉપરથી જણાય છે કે, તે લેખ પ્રખ્યાત ભીમદેવના વિજયી રાજ્યસમયે લખાયો હતો. ર. ઉ.

માળવાનો રાજા હતો તે ગૂજરાત ઉજ્જડ કરવાના મનસુબાથી તેની ઉપર ચઢી આવ્યો, પણ **ભી**મે તેને ધડધડાવી નાંખતો સંદેશો ક્હાવ્યો કે,— "રાજા **માર્તંડ**, જે **સૂર્યવંશ**ને દીપાવે છે તે, માત્ર પૂર્વમાં જ પ્રકાશે છે; પણ "તે જ સૂર્ય જ્યારે પશ્ચિમમાં આવવા માંડે છે ત્યારે તેનું તેજ અસ્ત પામે "છે." આવો પ્રધાનના શબ્દચાતુર્યનો સંદેશો સાંભળીને તે પાછો જતો રહ્યો. **મેરુતુંગ** ક્હે છે કે, પછીથી તેના પુત્ર **અર્જુનદેવે ગૂજરાત** લૂંટયું. આ લખાણને **માળવા**ના **અર્જુન** રાજાના લેખ[1]નો પૂરાવો મળે છે. તે લેખ ઇ૦ સ૦ ૧૨૧૦ નો છે, ને તેમાં લખ્યું છે કે, "**સુભટવર્મ** (અથવા **સોહડ**) "જે **અર્જુન** રાજાનો પિતા થતો હતો તેણે પોતાના ક્રોધાયમાન્ પરાક્રમનો "ગર્જના કરતો કોપ ગૂજરાતનાં શહરો ઉપર ચલાવ્યો;" અને **અર્જુન** રાજા પણ છેક ન્હાનો હતો તેવામાં પણ, "તેણે **જયસિંહ** રાજાને (**માળવા** જિતી લેનાર રાજાની પછી થનાર **અણહિલપુર**ના રાજાને આ વાત બરાબર લાગુ પડે છે.) છોકરાંની રમતમાં પણ નસાડી મૂકયો હતો." એક બીજો લેખ પછવાડે દાખલ કરવામાં આવેલો છે તેમાં **બાળ મૂળરાજ**ની પછી થનાર **ભોળા ભી**મદેવે ગ્રાસ આપેલો તે વિષે લખ્યું છે, અને તે ઇ૦ સ૦ ૧૨૧૦ની સાલનો છે, તેમાં **ભી**મદેવને બીજો **સિદ્ધરાજ**દેવ અને **ના**રાયણનો અવતાર લખ્યો છે.[2]

એ પુસ્તકમાં **અણહિલવાડ**નો ભોળો પણ પરાક્રમી **સોલંકી** રાજા કાંઈ ઉતરતી પંક્તિમાં દાખલ થયો નથી. અમે હવે નીચે જે લખિયે છિયે તે **ચંદ**ના **રાસ** ઉપરથી લખિયે છિયે.

ભોળા ભીમદેવના રાજ્ય સંબંધી ગૂજરાતનો ઇતિહાસ લખનારાઓએ થોડું લખેલું છે; તથાપિ સારા ભાગ્યે કરીને તેટલો ગાળો **મુસલમાન** ઇતિહાસકોએ પૂર્યો છે, અને વળી ગૂજરાતની ધરીના **સામ્ભર**ના ચોહાણ રાજાઓનો જે રાસ **ચંદ બારોટે** લખ્યો છે તે વિપમ પણ ચિત્રોપમ પુસ્તકમાં **અણહિલવાડ**નો ભોળો પણ પરાક્રમી **સોલંકી** રાજા કાંઈ ઉતરતી પંક્તિમાં

---

૧ **બંગાળ એશિયાટિક સોસાઈટી**નું જર્નલ ૫ મું પૃષ્ઠ ૩૮૦ પ્રમાણે; વળી પૃષ્ઠ ૧૬૬ ની ટીપ જુવો.

૨ પાછળ પૃષ્ઠ ૯૩ મે અમે જે લેખ છાપ્યો છે તેમાં अभिनव सिद्धराज सप्तम चक्रवर्ति श्रीमद् भीमदेवः એમ છે. અને સંવત્ ૧૨૮૦ નો લેખ जयसिंहदेवू નો છે તેમાં नारायणावतार श्रीभीमदेव એવું વિરૂદ ભેળ્યું છે. (જુઓ ડા. બુલરની છપાવેલી ૧૧ લેખની ચોપડી.)

દાખલ થયો નથી. અમે હવેથી લખિયે છિયે તે ચંદના રાસ ઉપરથી લખિયે છિયે.

ચંદ બારોટ લખે છે કે, જ્યારે અનંગપાળ[1] રાજા દિલ્હીમાં રાજ્ય કરતો હતો ત્યારે કંધજ અથવા રાઠોડ રાજા વિજયપાળ તેના ઉપર ચડાઈ કરવાને તૈયાર થયો. તે સમયે સામ્ભરમાં આનંદ દેવનો પુત્ર સોમેશ્વર રાજ્ય કરતો હતો. તેના સાંભળવામાં આવ્યું કે કંધજ અને તુંવાર સામાસામી લડવાના છે, એટલે તેણે વિચાર્યું કે આવી વેળાએ ક્ષત્રિયે ઘેર બેશી રહેવું નહિ. તે બોલ્યો કે, "હું આના કુળની કીર્ત્તિ વધારીશ કે કૈલાસ અથવા ઇન્દ્રાસન પામીશ." તેણે નોબત વગડાવી અને દિલ્હીના રાજાની પક્ષે ચાલ્યો. સોમેશ અને અનંગપાળ ધવળ છત્ર ધારણ કરીને ભેગા થઈ વિજયપાળ[2]ના સામા ચઢ્યા. લડાઈ ચાલી તેમાં સોમેશ્વરે વિજયપાળને ઘાયલ કર્યો એટલે તે નાઠો. સોમેશ્વરે શક્તિમાન્ વિજયપાળને હરાવ્યો તેથી દિલ્હીમાં તેની કીર્તિ ગવાવા લાગી. અનંગપાળે પોતાની પુત્રી તેને વેરે પરણાવીને ઘાડો સંબંધ કર્યો, પછી તેનો સારો આદરસત્કાર કરીને વિદાય કર્યો. સોમેશ્વર જયનાં વાદિત્ર વગડાવતો પોતાને ઘેર અજમેર ચાલ્યો.

એમ જણાય છે કે, અનંગપાળને પુત્ર ન હતો. તેને બે પુત્રિયો હતી, તેમાંથી કમળાદેવી નામે હતી તેને અજમેરના સોમેશ્વર વેરે પરણાવી

---

૧ તુંવાર વંશમાં ત્રણ અનંગપાળ થઈ ગયા છે, તેમાં આ ત્રીજો અનંગપાળ હતો, જેને આઈન અકબરીમાં आकपाल એવું નામ આપેલું છે, અને એણે ઈ. સ. ૧૧૨૮ થી ૧૧૪૯ સુધી ૨૧ વર્ષ, ૨ માસ, અને ૧૬ દિવસ રાજ્ય કર્યું છે. અને દિલ્હીની રાજાવલિમાં એનો અંક ૧૯ મો આવે છે.

વિશેષ વૃત્તાંત માટે જુવો રાસમાળા પૂર્ણિકામાં દિલ્હી અને કનોજની રાજાવલિ.

૨ કનોજના રાઠોડની વંશાવલિ રાઠોડ રાજાની ટીપ છે, તેમાં વિજયપાળનું નામ આવતું નથી, પણ પૃથ્વીરાજરાસામાં એને જયચંદ્રનો પિતા કરીને લખ્યો છે. (Coins of Mediœval India) પૃ. ૮૪ તથા ૮૭ માં ચંદ્રદેવ(૧૦૫૦)ના પુત્ર મદનપાળની સાલ ઈ. સ. ૧૦૮૦–૧૧૧૫ સુધીની છે. ગોવિંદચન્દ્રની સાલ ઈ. સ. ૧૧૧૫–૧૧૬૫ સુધીની છે.

અજયચંદ્ર(જયચંદ)ની સાલ ઇ. સ. ૧૧૬૫–૧૧૯૩ સુધીની છે. એટલે વચ્ચે વિજયપાળ નામના કોઈ બીજા શખ્સને ઘુસાડી દેવાનો અવકાશ રહેતો નથી. રાજકાળનિર્ણયના પૃ. ૧૩ મે જયચંદ્રનો પિતા વિજયચંદ્ર રાઠોડ લખ્યો છે. અને તેની સાલ સંવત્ ૧૨૪૬ એટલે ઈ. સ. ૧૧૯૦ ની લખી છે, તે શા ઉપરથી તેનું પ્રમાણ તેમાં જણાવ્યું નથી; તેથી તે ઉપર પણ ભરોંસો રાખી શકાતો નથી. વિજયપાળ અથવા વિજયચંદ્ર એજ ગોવિંદચંદ્ર લેખિયે તો જ રાસાની વાત મનાય એમ છે.

હતી, બીજી રૂપસુંદરી હતી તેને કનોજના રાઠોડ રાજા જયચંદ્ર વેરે પરણાવી હતી. અનંગપાળની ફોઈને વિજયપાળ વેરે દીધી હતી તેનો જયચન્દ્ર પુત્ર થતો હતો. તુંવાર કુંવરીને પેટ સોમેશ્વરને નામાંકિત પૃથ્વીરાજ થયો. તેણે અજમેર અને દિલ્હીની ગાદી એકઠી કરી નાંખી, અને મુસલમાનોની સાથે આશ્ચર્યકારક લડાઈમાં ઉતરીને તે માર્યો ગયો. ચંદ બારોટ કહે છે કે, કનોજ, ગજની, અને અણહિલપુરમાં યમદૂતે પૃથ્વીરાજ જન્મ્યાના સમાચાર પ્રસિદ્ધ કર્યા. પૃથ્વીરાજને પ્રીથા કરીને એક બ્હેન હતી તેને તેના પિતા સોમેશ્વરે ચિત્તોડના રાવળ સમરસિંહ[1] વેરે પરણાવી હતી.

---

૧ જુઓ પાછળ પૃષ્ઠ ૨૨ની ટીપમાં છઠ્ઠો રાજા ગુહસેન (ઈ. સ. ૫૩૯ થી ૫૬૯) એને ગુહિલ પણ કહેતા. ગોહિલ અથવા ગેલોટી (જે હાલ સિસોદિયાને નામે ઓળખાય છે) જે કાઠિયાવાડ અને રજપૂતસ્થાનમાં રાજ્યકર્તા થયેલા છે, તે આ ગુહિલ વંશજ છે. આ ગુહસેનનો મોટો કુંવર ધરસેન (બીજો) વલભીપુરમાં તેના પછી ગાદીપતિ થયો. અને બીજા કુંવર ગોહાદિત્ય અથવા ગોહાએ ઈડરનું રાજ્ય મેળવ્યું. તેના વંશજ ઈડરથી ચિતોડ (મેવાડ) ગયા અને હજુ ત્યાં (ઉદયપુરમાં) રાજ્ય કરે છે. એ ગોહાદિત્યની કેટલીક પેઢીયે બપ્પ અથવા બાપો થયો, તેણે મેવાડમાં ચિત્તોડની ગાદી મેળવી.

"ભાવનગર પ્રાચીન શોધસંગ્રહ" માં લખ્યા પ્રમાણે એક બીજો અભિપ્રાય એમ પણ છે કે, વલભીનો છેલ્લો રાજા શીલાદિત્ય સાતમો મરાયો ત્યારે તેની સગર્ભા સ્ત્રી પુષ્પવતી આરાસુરમાં અંબા ભવાનીની યાત્રા કરવા ગઈ હતી, તે પતિનું મરણ સાંભળી ત્યાં જ રહી. ગુફામાં તેને કુંવર અવતર્યો તેથી ગોહાદિત્ય કહેવાયો. તેને રાજરીતિ પ્રમાણે અભ્યાસ કરવાને બની આવે તેટલા માટે રાણિયે યોગ્ય બ્રાહ્મણોને સોંપ્યો અને પોતે સતી થઈ. ગોહાદિત્ય મોટો થયો ત્યારે ભાંડેરના વનવાસી ભીલોનો તે રાજા થયો. તે બ્રાહ્મણના કુળમાં ઉછર્યો તેથી બ્રાહ્મણનો ધર્મ પાળતો હતો. તેનો પુત્ર બાપા રાવળ થયો તે પણ બ્રાહ્મણધર્મ પાળીને હારિત મુનિની સેવા કરવા લાગ્યો. આ હારિતને એકલિંગજી શંકરે પ્રસન્ન થઈને સુવર્ણનું કડું આપ્યું હતું, તે તેમણે બાપા રાવળને સેવાના બદલામાં આપવા માંડયું ત્યારે તેણે કહ્યું કે, મહારાજ! સોનાનું કડું તો ક્ષત્રિયોને જોઇયે, ને હું તો બ્રાહ્મણ છું એટલે પ્રસન્ન થઈને હારિત મુનિયે તેને ક્ષત્રીનું તેજ આપ્યું, ત્યારે બાપા રાવળે પોતાનું બ્રહ્મત્વ મુનિને અર્પણ કર્યું અને ક્ષત્રીપદ સાથે સોનાનું કડું પોતે ગ્રહણ કર્યું. ગોહિલકુળના પૂર્વજો પ્રથમ બ્રાહ્મણકુળને આનંદ દેનાર હતા એ વિષે મહારાણા કુંભકર્ણકૃત એકલિંગજી માહાત્મ્યમાં પ્રાચીન કવિનો શ્લોક દાખલ કર્યો છે તે ઉપરથી સિદ્ધ થાય છે.

आनंदपुरसमागतविप्रकुलनंदनो महीदेव ।
जयति श्रीगुहदत्तः प्रभवः श्रीगुहिलवंशस्य: ॥ •

આ સમયે ગૂજરાતમાં રાજા **ભોળો ભીમ અ**ણહિલપુરનો શૃંગાર હતો. તે અગાધ સમુદ્ર જેવો બળવાન્ હતો, તેની પાસે અજિત ચતુરંગી સેના હતી; એ **ચાલુકયરાયને** આશ્રયે ત્રિલોક રહ્યા હતા; ઘણા દુર્ગપતિઓ તેની સેવામાં હતા. **સિંધ** ભણી હંકારતાં વ્હાણ તેને સ્વાધીન હતાં; **ધારા** ધરતીમાં તેનાં આયુધિક સ્થાન હતાં; **અમરસિંહ શેવડો** કરીને **જૈન** સાધુ હતો તે **ભીમ**દેવની સેવામાં હતો, તે પોતાના મંત્રવડે સ્ત્રી, પુરૂષ અને દેવને વશ કરતો. **પારકરના યાદવ**,[1] અને **સોઢા** તેને વશ હતા. તેણે બ્રાહ્મણોનાં ઘર બાળીને તેમને દેશપાર કર્યા હતા. તે **માળવામાં (પલ્લી)** પાલી ધરતીમાં અને **આબુ** ઉપર ફરતો હતો.

આનંદપુર (વઢવાણ)થી આવેલો વિપ્રકુળને **આનંદ** આપનાર, **ગુહિલ** વંશનો ઉત્પન્ન કરનાર શ્રી **ગુહદત્ત** રાજા જય પામે છે.

બાપા રાવળથી નીચે લખ્યા પ્રમાણે ૨૯ મી પેઢિયે **સમરસિંહ** થયા. જુઓ **અચળેશ્વર આબુ** ઉપર **અચળગઢ**ની પાસેના મઠમાંનો લેખ (સંવત્ ૧૩૪૨. ઈ. સ. ૧૨૮૫) માગશર શુદિ ૧ વાળો (ભાવનગર **પ્રાચીન** શોધસંગ્રહને પૃ. ૫૨)

૧ **બાપા.**	૧૧ **નરવાહ.**	૨૧ વિક્રમસિંહ.
૨ ગુલિલ.	૧૨ શક્તિકુમાર.	૨૨ ક્ષેમસિંહ.
૩ **ભોજ.**	૧૩ શુચિવર્મ્મા	૨૩ **સામંતસિંહ.**
૪ **શીળ.**	૧૪ **નરવર્મ્મા.**	૨૪ કુમારસિંહ.
૫ **કાળભોજ.**	૧૫ કીર્ત્તિવર્મ્મા.	૨૫ **મથનસિંહ.**
૬ **ભર્તૃભટ.**	૧૬ **વૈરટ.**	૨૬ **પદ્મસિંહ.**
૭ **સિંહ**	૧૭ વૈરિસિંહ.	૨૭ જૈત્રસિંહ.
૮ **મહાયિક.**	૧૮ વિજયસિંહ.	૨૮ તેજસિંહ.
૯ ખુમાણ.	૧૯ **અરિસિંહ.**	૨૯ **સમરસિંહ.**
૧૦ **અલ્લટ.**	૨૦ ચોડસિંહ.	

ઉપરની વંશાવલિમાં આવેલા સર્વ પુરૂષો પુત્ર, પૌત્ર ને પ્રપૌત્ર, એવે ક્રમે નથી, પરંતુ કોઈ ભાઈ ભત્રીજા પણ છે.

[1] પારકરના યાદવ તે **સમા**; **કચ્છના** જાડેજાના ભાયાત. ર. ઉ.

આ સમયે આબુ ઉપર જેતસી પરમાર રાજ્ય કરતો હતો. તેને સલખ કરીને એક કુંવર હતો, અને ઇચ્છિનકુમારી નામે પુત્રી હતી, તે ઘણી રૂપવંતી હતી તેથી સર્વ તેનાં વખાણ કરતાં હતાં. તેને પરણવાની ઇચ્છા ભીમદેવને થઈ; આબુ વિષે અને પરમારકન્યા વિષે જે કોઈ કાંઈ કહેતું તે, પછી સાચું કે જૂઠું ગમે તેવું હોય પણ, ભીમદેવ આનંદથી સાંભળતો હતો; એને સ્વપ્ન આવતાં તે ઇચ્છિની વિષેનાં જ આવતાં. તેણે અમરસિંહને આબુ મોકલીને પરમારકુમારીનું માગું કર્યું; પણ તેનો વિવાહ ચૌહાણપુત્ર વેરે ક્યારનોય કરી મૂકયો હતો. તે સમાચાર ભીમદેવના પ્રતિનિધિને સૂચવવામાં આવ્યા ત્યારે તે બોલ્યો: "અહો! પર્વતપતિ, ભોળા વીર ચાલુક્યે ઇચ્છની વિષે જ્યા-"રથી સાંભળ્યું છે ત્યારથી તેને તે વીસરતી નથી; માટે તેની વેરે તમારી "કન્યાનું માગું કરે છે; જો તમે ચૌહાણને પરણાવશો તો આબુગઢના કોકા "ઉપરથી તમને ગબડાવી નાંખશે; પરમારની સાથે તેને લડાઈ કરવી, તે "અર્જુનને જેમ કોઈ ગરીબડાં સાથે લડાઈ કરવી હોય તે પ્રમાણે તેને મન "છે." પ્રધાનનું કહેવું જેતસિયે માન સહિત સાંભળ્યું; પાંચ દિવસ સુધી તેને માનભરેલી રીતે દરબારમાં રાખ્યો, અને પોતાના પ્રધાન સાથે વિચાર કર્યો કે, હવે શો ઉત્તર આપવો? છેવટે જેતસીનો પુત્ર હાથમાં તરવાર ગ્રહીને બોલી ઉઠ્યો: "જો મારી ધરતી માગી હોત તો હું તે આપત; પણ ભોળો ભીમ જૈન "ધર્મી થઈ ગયો છે, તે દગાફટકાનો ભરેલો છે, વશીકરણ કરે છે અને "ભુરકી નાંખે છે. આટલો બધો દેશ તેણે એ જ સાધનથી સ્વાધીન કરી "લીધો છે; તે ઉત્તર ભણીના શત્રુને ઓળખતો નથી." જેતસી વળી બોલ્યો: "મરૂ ધરતીમાં નેવુ લાખ યોદ્ધા પડેલા છે, અને આબુગઢને તાબે અરાડ "ગાદિયો છે. સામંતપતિ[1] મારી ઓથે આવશે. એમાંથી કોઈ પણ જો મારૂં "રક્ષણ નહિ કરી શકે તો જેણે પરિક્ષિતને તેની માના ઉદરમાં રાખ્યો, "બળતા જંગલમાંથી જેણે છોકરાંઓને ઉગાર્યાં, જેણે પોતાનાં માબાપનું "રક્ષણ કરી મામાને માર્યો, જેણે ગોવર્ધન તોળીને વ્રજનું રેલમાંથી રક્ષણ "કર્યું, તે ગોકુળનાથ શ્રીકૃષ્ણ મારૂં રક્ષણ કરશે. મારે મારૂં રાજપદ રાખવું "કે પછી મરવું." આવો ઉત્તર આપીને તેણે ભીમના પ્રધાનને વિદાય કર્યો.

જેતસિયે, પોતાના પાંચ સગા હતા તેમના સ્વાધીનમાં આબુ કર્યો. તેણે પોતાના પુત્રને કહ્યું: "આપણે ચૌહાણને આપણી ઓથે બોલાવવા જોઇયે." પછી સોમેશ્વરના પુત્ર વેરે ઇચ્છનીને સત્વર પરણાવી દેવા વિષેનો

૧ સામ્ભરપતિ=પૃથ્વીરાજ.

પોતાને હાથે કાગળ લખી મોકલ્યો. તેમાં લખ્યું છે કે,—"સલખની બ્હેન "અને જેતસીની પુત્રીનું ભોળો ભીમ માગું કરે છે, તે કહે છે કે,–ગમે તો "આબુને ઉજ્જડ થવા દે, કે ગમે તો ઇચ્છનીને મારે વેરે પરણાવ. ત્યારે શું "શિયાળ સિંહનો ભાગ લેશે? તે મારી મિલ્કત લૂંટે છે; મારા ગોવાળિયા "રોજ બૂમો મારે છે; મારી પ્રજા ગરીબ થતી જાય છે." પરમારનો ચોહાણે આદરસત્કાર કર્યો. પૃથ્વીરાજે દિલ્હી કહાવી મોકલ્યું કે, ભીમની સામે હું સલખ સાથે જાઉં છું. સોમેશ્વરનો પુત્ર નીકળી ચાલ્યો—તે સલખ પરમારની સાથે તેને ઘેર જવાને તૈયાર થયો.

ભોળા ભીમે જ્યારે આ સમાચાર સાંભળ્યા ત્યારે જાણે કોઇયે તેના મુખ ઉપર ઘા માર્યો હોયની એમ તેને લાગ્યું. તેણે પોતાના મંત્રિયોને બોલાવીને તૈયાર થવાની આજ્ઞા કરી; તેણે લડાઈની નોબત વગડાવી. "જે ઊંઘતા સિંહ ઉપર પડે છે; જે પૃથ્વી ધારણ કરનાર મણિધરને માથેથી મણિ લેવા ધારે છે; જે યમદૂતના પેટમાં પોતાનો હાથ ખોસે છે; તે જ ચાલુક્યના બારવટિયાનું રક્ષણ કરવાને ઈચ્છે છે." ભોળો ભીમ જેવો આ પ્રમાણે બોલ્યો તેવો તે શૂરે કરીને કંપ્યો. પાટણથી તેણે કચ્છ[1] અને સોરઠ સર્વ ઠેકાણે ચોમેર આજ્ઞાપત્ર લખી મોકલ્યાં.–ધૂળનાં વાદળાંથી આકાશ છવાઈ ગયું; ચારે બાજુએથી મોટી સેના એકઠી થઈ; ત્યાં ગિરનારનો ધણી આવ્યો, કતારિયો લોહાણો પણ આવ્યો, વીરદેવ (અથવા વીરધવલંગ) વાઘેલો, રામ પરમાર, પીરમનો ધણી, રાણીક ઝાલો, સોઢો સારંગદેવ, ગંગ ડાભી, અમરસિંહ શેવડો પણ ત્યાં હાજર થયા હતા; જૈન મંત્રેશ્વર ચાચિંગ પણ હતો. ભોળો ભીમ આબુ આવી પ્હોંચ્યો ને ત્યાં તંબુ ઠોક્યા; તેણે ચારે બાજુએ ગઢ ઘેરી લીધો પરમાર અને ચાલુક્યની સેનાએ યુદ્ધ મચાવ્યું; ઘણા દિવસ સુધી રણ-સંગ્રામ ચાલ્યો; છેવટે સલખ અને જેત પાછા હઠ્યા; પણ જેવા લડતા તેઓ પાછા હઠતા ગયા તેમ ધરતીને લોહીથી લાલચોળ કરતા ગયા. ભીમ આગળ ધસ્યો, તેણે અચળેશ્વરને જોયો; પરમાર મરૂધરતી ભણી નાશી ગયા ને ગઢ ચાલુક્યોને માટે મૂકતા ગયા. અને ભીમ જયવંત થઈ આબુની ટોચ ઉપર ચઢ્યો.

આ સમયે રજપૂત રાજાઓનાં માથા ઉપર, તેમનો સામાન્ય શત્રુ શાહબુદ્દીન ઘોરી મેઘની પેઠે ગર્જના કરી રહ્યો હતો તેથી માંહોમાંહનો કજિયો પતી જવો જોઈતો હતો. શાહબુદ્દીન કહે કે, "આ ધરતી નથી હિન્દુની કે

[1] આ સમયે કચ્છમાં જામ રત્તો રાયધણ ગાદીપતિ હતો, તેણે પોતાના જાડેજા સરદારના ઉપરીપણા નીચે કચ્છી લશ્કર મોકલાવ્યું હતું. ર. ઉ.

નથી મ્લેચ્છની, પણ જે તરવારથી રાખી શકે તેની છે." ભોળા ભીમદેવની પાસે તેને સારી સલાહ આપે એવા કેટલાક સામંતો હતા. તેઓનું ક્‌હેવું જો તેણે સાંભળ્યું હોત તો હિન્દુસ્થાનની પડતી થાત નહિ અથવા એટલું બધું નહિ તો તેમ થવામાં વાર થાત; પણ ભોળા ભીમે પોતાના નામનો મહિમા રાખીને કોઈના ક્‌હેવા ઉપર લક્ષ આપ્યું નહિ. પીરમના ગોહિલ સામંતે કહ્યું: "લડાઈ બંધ કરવી જોઇયે, પરમારે કાંઈ અપરાધ કર્યો નથી, સિંહકટિ "(ઇચ્છની) પાછી આપે એટલે પત્યું. માટે એ અર્થ સાધી લેવા વિષે આપણે "વિચાર કરવો જોઇયે." રાણીક ઝાલો ક્‌હેવા લાગ્યો: "યુદ્ધની વેળાએ "યુદ્ધ સંબંધી જ વિચાર કરવા જોઇયે, બીજી વાત કશા કામની નહિ. આપણે "સાવધાની માત્ર એટલી જ રાખવી કે શાહની સાથે શત્રુતા બંધાય નહિ." વીરદેવ વાઘેલો ક્‌હે: "ચૌહાણની સાથે આપણે પતાવી દેવું, અને એકઠા "મળીને સુલતાનના સામા થવું. યુદ્ધમાં એનો અંત આણવાથી આપણા "હાથમાં ઘણો દેશ આવશે, અને આપણી કીર્ત્તિ ઘણી વધશે." અમરસિંહ શેવડાએ ધીરે રહીને કાનમાં કહ્યું: "તમે ક્‌હો છો એ સર્વે વાત સાચી, પણ તે ભીમને રૂચશે નહિ." ગમે તે થાય પણ કલહ છોડવો નહિ એવો નિશ્ચય કરીને રાજા પોતે તો બેઠો હતો. તે બોલ્યો:–"જો "કોઈ રજપૂત એક વાર અપમાન સહન કરે તો પછી તે દરેક ઠપકાને પાત્ર "થાય છે; એક હજાર પાપનો દોષ તેને માથે બેસે છે; તે નરકમાં પડે છે તો "પછી તેને કોણ તારે? રજપૂતના ભાગ્યમાં તો જન્મમરણનો ફેરો પોતાની "તરવારથી ટાળવાનું લખ્યું છે. હિન્દુઓમાં ચૌહાણ અને પરમાર બે મ્હોટા "યોદ્ધા ગણાય છે, માટે જ્યારે ચૌહાણ પાસેથી તેનો સર્વે કબજો છોડાવીશ "ત્યારે ઘોરી સામો ચડીશ." પછી ભોળો ભીમ રાજા એ સંબંધમાં આકરા સોગન ખાઈ બેઠો અને નોબત વગાડવાની આજ્ઞા આપી.

પછી ચૌહાણના ઉપર તો બે બાજુએથી હલ્લા થયા; ઘોરી અને ગુર્જરની વચ્ચે સામ્ભરધણીની ઢોલના જેવી ગતિ થઈ. તેણે તેના હિન્દુશત્રુ સંબંધમાં ભવાની માતાને વીનવી:–"ઓ! દુર્ગા! જૈન ધર્મે સર્વ વસ્તુઓ "ઝાલી લીધી છે, તો એ ઘાતકિયોને તું ઝાલી લેજે. કોઈ રાજપદ્ધવિને માન "આપતું નથી; સામંતોની સત્યતાનો નાશ થયો; જ્યાં વેદની ધૂમ મચતી "હતી, અને ચંડીપાઠ થતા હતા ત્યાં જૈનની અપવિત્ર વાતો થાય છે. અહો! "ચામુંડા! ખડ્ગ ધારણ કરીને મારૂં રક્ષણ કર; ઓ! કાળી! મહાપ્રલયના "સમયના યમદૂતનું રૂપ ધારણ કરીને આ જૈનોને ઝબે કર! ઓ તું પાતકનો

"નાશ કરનાર! દેવતાઓની રક્ષણહાર! દૈત્યોની દમનાર! તેઓને હતા "ન હતા કરી દે! અને તારો જયજયકાર થાઓ!" રાત્રિની વેળાએ **ગૂજ**-રાતના લશ્કર ઉપર **ચંદ બારોટે** જાતે ચઢાઈ કરી, તેમાં **ચાલુક્ય**ની સેના કોટની પેઠે ઉભી રહી હતી, હાથિયો ચોમેર રાખ્યા હતા, અને જે **ઝાલા**-ઓએ **જાડેજા**ને હરાવીને **કચ્છ** અને **પંચાળ** લૂંટી લીધા હતા તે ઘોડે ચઢી રક્ષક થયા હતા એટલું છતાં પણ **દુર્ગા**ના પ્રતાપથી ચંદની ઘણી જિત થઈ. રાત્રિના ગડબડાટમાં **ભીમ**ના યોદ્ધા માંહોમાંહે કાપાકાપી કરવા લાગ્યા; અને અગર જો **ભીમ** પંડે યુદ્ધમાં આગળ પડ્યો, અને તેનો હાથી મરાયો, તથા તરવાર ટૂટી પડી ગઈ ત્યારે કટારવતે ગાંડોતૂર બનીને લડ્યો, તો પણ ભારે નુકશાન વેઠીને છેવટે તેને પાછા હઠવાની અગત્ય પડી.

પછી **ભીમ**ની હિલચાલ ઉપર નજર રાખવા **ચૌહાણ**ની થોડી ફોજ રહી ને બીજી મોટી સેના **સુલતાન**ની સામે લડવાને ચાલી, અને તેને પણ હરાવ્યો.

ભીમદેવનો કાકો **સારંગદેવ** મરણ પામ્યો ત્યારે તેને સાત કુંવર હતા,—**પ્રતાપસિંહ**, **અરિસિંહ**, **ગોકુલદાસ**, **ગોવિંદ**, **હરિસિંહ**, **શ્યામ**, અને **ભગવાન**. તેઓ પરાક્રમી શૂરવીર હતા, અને **રાણ** (અથવા **રાણીક**) કરીને સત્તાવાન્ ઝાલો હતો તેને ઠેર કર્યો હતો. તેઓ **ભીમ**દેવના ઉપર બાહારવટે નીકળ્યા હતા, પણ તેનું કારણ શું હશે તે જાણવામાં આવ્યું નથી. તેઓ **યાદવ**નો દેશ લૂંટતા અને **સોરઠ**ના ડુંગરોમાં રહેતા. છેવટે તેઓ એટલા બધા બળિયા થઈ પડ્યા, કે **ભીમ**ને આપોઆપ તેમના ઉપર ચઢવાની અગત્ય પડી. **ભીમે** એક નદીને કિનારે પડાવ નાંખ્યો હતો, ત્યાં એનો હાથી નદીમાં ન્હાતો હતો તેને મારી નાંખ્યો, અને તેના મ્હાવતને પણ **પ્રતાપસિંહે** અને **અરિસિંહે** ઠેર કર્યો. આ પ્રમાણે **ભીમ**દેવનું અપમાન કર્યું તેથી તેને હાડોહાડ લાગી ગઈ અને આગળ તો માત્ર તેઓને ઝાલી લેવાનો જ વિચાર કર્યો હતો, પણ હવે તો તેમને મારી નાંખવામાં દોષ ગણવા લાગ્યો નહિ. **ભીમ**નો આ મનસુબો સર્વે ભાઇયોના જાણવામાં આવ્યો, ત્યારે ગૂજરાત છોડી જવાની તેમને અગત્ય જણાઈ, અને તે પ્રમાણે તેઓ યુવાન **પૃથ્વીરાજ**ને આશ્રયે જઈ રહ્યા. **પૃથ્વીરાજે** તેઓનો આદર-સત્કાર કરી શિરપાવ કર્યા; તથા પટા કરી આપ્યા. એક સમયે **પૃથ્વીરાજ** ગાદિયે બિરાજમાન થયો હતો, અને નવા ચંદ્રની આસપાસ તારા ચકચકે તેમ તેના સામંતો બિરાજેલા હતા, તેવામાં **પ્રતાપ સોલંકી** અને તેના ભાઇ-યોએ આવીને તેને નમન કર્યું. તે વેળાએ **મહાભારત** ઉપર વાત ચાલતી હતી, તથા **ચૌહાણ**નાં પરાક્રમ ગવાતાં હતાં, તેવામાં, કહે છે કે, **પ્રતાપસિંહે**

મૂછે હાથ નાંખ્યો તે પૃથ્વીરાજના કાકા કન્હ ચૌહાણના જોવામાં આવ્યું, એટલે એને તો ખરેખરી લાગી ગઈ અને તરવાર મ્યાનમાંથી કહાડીને પ્રતાપસિંહના શરીરના બે ભાગ કરી નાંખ્યા, એટલે તે મરડું થઇને પડ્યો. તે જોઇને અરિસિંહ અને તેના ભાઇયો ક્રોધાયમાન્ થઈ વેર લેવાને ઊઠ્યા. તેમનાં માણુસો પણ અંદર ધશી આવ્યાં. પૃથ્વીરાજ ઉઠીને મહેલમાં જતો રહ્યો. પછી રણમાં જેમ દવ બળે તેમ જુસ્સાથી મારામારી ચાલી; જેમ દીવા ઉપર ફૂદાં ટૂટી પડે તેમ કન્હ ઉપર સોલંકિયો ટૂટી પડ્યા. એક પ્રહર સુધી તરવાર અને યમદન્ત અથવા જમઇયાથી કાપાકાપી ચાલી. પ્રતાપના ભાઇયો એક પછી એક સ્વર્ગે ચાલ્યા અને સોમેશ્વરનો ભાઈ કન્હ દૈવની પેઠે કાપતો ભીમના સાતે ભાઇયોને ઠેર કરીને જય પામ્યો ત્યારે તેનો કોપ શમ્યો.

પૃથ્વીરાજે આ સમાચાર સાંભળ્યા ત્યારે કન્હના ઉપર કોપીને બોલ્યો: "તમે આમ શું કરવાને કર્યું? સર્વે કહેશે કે ચૌહાણે ચાલુક્યોને "પોતાને ઘેર તેડ્યા ને પછી ઠેર કર્યા." અજમેર નગરમાં ત્રણ દિવસ સુધી હડતાલ પડી. જ્યાં ત્યાં અરે! અરે! ના અવાજ ઉઠવા લાગ્યા—રાજમાર્ગમાં લોહીની નીકો ચાલી. ચંદ બારોટ કીર્ત્તિ ગાવા લાગ્યો:–"ધન્ય છે ચાલુક્ય! ધન્ય છે તારાં માતાપિતાને; તારા મનમાં નાસી જવાનો વિચાર સરખો પણ આવ્યો ન હતો."

જેમ પવનથી સુગંધી પ્રસરે, તેમ દૂર દેશાવરોમાં એ વાત પ્રસરી. ભીમદેવ ચાલુક્યના સાંભળવામાં આવ્યું કે સારંગના પુત્રોને ચૌહાણે ઠેર કર્યા; તેથી તે શોક અને ક્રોધથી બળ્યોઝળ્યો થયો. વૈર વાળવાનો પ્રસંગ મળે એટલા માટે તેણે ચૌહાણને લખ્યું તે ઉપરથી સામાસામી લડવાની વાત તેણે સ્વીકારી. એકદમ અજમેર ઉપર ચઢવા, ભીમે પોતાના પટાવતોને કહ્યું; પણ વીર પ્રધાને તેને સમજાવ્યો કે ચોમાસું ચાલે છે ત્યાંસુધી વિચાર બંધ રાખવો. ભીમે તેનું કહ્યું માન્યું, અને નિશ્ચય કર્યો કે શિયાળો બેસતાં ચૌહાણ ઉપર ચઢવું. કાળ વીતી ગયો, અને ચાલુક્યનો ક્રોધ નરમ પડ્યો.

અહિંયાંથી ચંદ બારોટ ગૂજરાત વિષે લખવાનું જવા દે છે, અને અનંગપાળ બદ્રિકાશ્રમમાં જઇને રહ્યો ત્યારે પૃથ્વીરાજ દિલ્હીની ગાદિયે કેવી રીતિયે બેઠો; એ યુવાન શૂરવીરે શાહબુદ્દીન ઘોરીને કેટલીક વાર કેવી રીતે હરાવ્યો; કનોજના બળિયા રાજા જયચંદને હરાવીને તેને વેરે પરણવાની હતી તે દેવગિરિની કુમારી શશિવ્રતાને તે કેવી રીતે લઈ ગયો; અને રજપૂત

રોલાન્ડોને[1] ઘટે એવાં બીજાં કેટલાંક પરાક્રમ એણે કેવી રીતે કર્યાં એ વિષે વર્ણવ્યું છે. ત્યાર પછી છેવટે તે **ભીમ**દેવની ખબર લે છે, અને **ચૌહાણ** રાજાઓ સાથે કજિયાનાં કેટલાંક કારણ કેમ ઉત્પન્ન થયાં તે વિષે લખે છે; માટે અહિંથી **ચંદ**ના લખાણની ઢબ જાણવામાં આવે એવા હેતુથી આગળના કરતાં તેના લખાણને વધારે અનુસરીને અમે લખિયે છિયે.

ગૂજરાતી **ચાલુક્ય**, **ભીમ**ના સરખો બળવાન્ **ભીમ**, જેની સીમા કોઈ દબાવી શકે નહિ એવો, જેની કીર્ત્તિ ઘણી ભારે, એવાના હૃદયમાં **સામ્ભર**નો **સોમેશ્વર** ખટક્યાં કરતો હતો; અને **દિલ્હીપતિ પૃથ્વીરાજ** તેના હૃદયમાં અંગારા જેવો હતો. તેણે પોતાના પ્રધાનોને એકઠા કરીને તેઓને સલાહ પૂછી; પછી તેણે ચતુરંગી[2] સેના તૈયાર કરાવી. તે કહેવા લાગ્યો કે, "હવે હું શત્રુને કચરી નાંખીને તેનું રાજ્ય લઈ લઈશ, અને "એક છત્ર નીચે સર્વ રાજ્ય આણી મૂકીશ." **ચાલુક્ય** રાજાએ **રાણિકદેવ ઝાલા**ને તેડાવ્યો, અને અગ્નિથી તપી ગયો હોય તેમ ઘણો તપી જઈ આવેશમાં આવીને તેણે પોતાનું મન તેના આગળ ઉઘાડું કર્યું. સર્વ કુશળ યોદ્ધાઓને તેણે બોલાવ્યા. અને તે બોલ્યો:-"આપણે ત્વરાથી ચઢવાની તૈયારી કરિયે, અને બળિષ્ટ "હાથી જેમ પોતાની સૂંઢ વતે ધરતી ઉપરથી ધૂળ ઉછાળી નાંખે છે તેમ **ચૌહા**-"ણના દેશનો આપણે નાશ કરિયે; **ભીલ** લોકો ઊંદરના દરની જેમ વલે કરે છે "તેમ **સામ્ભર** દેશની તેવી વલે આપણે કરિયે." તેણે **કનકકુમાર**ને તેડાવ્યો; તેણે **રાણિક રાજ**ને તેડાવ્યો; **ચૌરાસિમ જયસિંહ**, **વીરધવલાંગદેવ**ને તેડાવ્યા; **સારંગ મકવાણા**ને તેડાવ્યો. આગળના કજિયાથી ઉકળીને **ચાલુક્ય** મુખથી બોલ્યો:-"**ભીલ** અને **કાઠી** રણસંગ્રામમાં ઘણા શૂરવીર છે; નિઃસંશય જય "અને કીર્ત્તિ આપણને મળશે; ચાલો આપણે શૂરવીરની પેઠે આપણું વૈર લઇયે. "યુદ્ધના ઘોષ મારા હૃદયને આનંદદાયક લાગે છે. જ્યાં મધમાખિયો ભમતી

---

૧ **રોલૅંડો** અથવા **રોલાન્ડ**-આઠમા સૈકામાં થઈ ગયેલા **ફ્રાન્સ**ના પ્રખ્યાત રાજા **શાર્લામન**નો પ્રખ્યાત સામંત હતો, તે સાથે તે વળી **શાર્લામન**નો ભત્રીજો પણ થતો હતો. તે ઘણો શૂર, નેકી ને નિમકહલાલ હતો. તેણે કરેલાં પરાક્રમનું વર્ણન "**ચાસન ઑફ રોલાન્ડ**" એવા નામની, આખા **યૂરોપ**માં પ્રસિદ્ધ થયેલી વીરરસ કથામાં કરેલું છે. **સ્પેન** દેશની જિત કરવા **શાર્લામન** ગયો ત્યારે **રોલાન્ડ** તેની સાથે હતો; ત્યાંથી પાછા વળતાં તે અને **શાર્લામન**ના પસંદ કરેલા સામંતોપર **સારેસન** (મુસલમાન) લોકોએ એકાએક હલ્લો કર્યો, તેમાં **રોલાન્ડ** માર્યો ગયો. (સન ૭૭૮) **ર. ઉ.**

૨ ઘોડેસ્વાર, પાયદલ, હાથી અને રથ એવા ચાર અંગની સેના.

"ફરે એવી ગુફાઓમાં ઉન્હાળામાં, શિયાળામાં, અને ચોમાસામાં મહા ઉગ્ર "તપ અને કષ્ટ કરવાથી તપસ્વી લોકોને મુક્તિ મળે છે તે જ મુક્તિ શૌર્યથી "એક ક્ષણમાં મળે છે." આ પ્રમાણે **ભીમે** પોતાના યોદ્ધાઓને પાણી ચઢાવ્યું. અને બોલ્યો:–"જેમ **ચંદ્રની સાથે રાહુ** લડે* છે તેમ **ચોહાણની સાથે** આપણે "યુદ્ધ મચાવીશું; જીવતરની આશા છોડીને આપણે લડીશું તો ધરતી હાથમાં "આવશે; સતી નિર્ભયપણે અક્ષત નાંખે છે તે પ્રમાણે જે પોતાનો જીવ ઝોકાવે છે "તેને ધરતી મળે છે." જેમ નદીમાં આવી મળનારાં વ્હેળિયાં આદિથી નદી ભરપૂર થાય છે, તેમ અહિં તહિંથી સેના એકઠી કરી. યોદ્ધાઓ તેમ જ હાથી અને ઘોડા પણ તેમાં બહુ હતા; ઘોડા તો જાણે પાંખો વડે ઉડતા હોયની એવા દીસવા લાગ્યા. હાથિયોની ચીસ તે જાણે પાણીનો ધોધાટ, અથવા, ચોમાસામાં પવનથી વાદળાં એકઠાં થવે ગર્જના થાય તેના જેવી હતી. સારા યોદ્ધાઓ આનંદભરેલા જણાતા હતા, અને સૂર્ય આથમતી વેળાએ સમુદ્ર રળિયામણો દેખાય છે તેવા તેઓ રળિયામણા દેખાતા હતા; તેઓના મનમાં માલમતા કે ઘર વિષેના વિચાર હતા જ નહિ, પણ બ્રહ્મના ઉપર તેઓનું લક્ષ લાગી રહ્યું હતું. ક્ષિતિજમાંથી જેમ વાદળ ચઢી આવે છે, તેમ ચારે બાજુએથી ભયંકર સેના ધશી આવવા લાગી. **ભીમને** માથે છત્ર ધારણ થયું, તે યુદ્ધના ઝરાનું પાણી પીવાને તરશ્યો થયો. ભયંકર દેખાવના ભીલો સેનાને મોખરે થયા. તેઓ હાથમાં કામઠાં લઈને કાજળના જેવા કાળા દેખાતા ચાલ્યા. તેમની પછવાડે હાથિયોની હાર ચાલી, તેમની ચીસથી જંગલ અને પર્વત ગાજી રહ્યા, તેમ જ તેઓના ઘંટના નાદ થવા લાગ્યા, અને તેમની સાંકળોના ખણખણાટ થઈ રહ્યા, જેમ ડુંગરા ને ડુંગરા ચાલતા હોય તેમ તેઓ દીસવા લાગ્યા. રસ્તે ચાલતાં તેઓએ ઝાડ તોડી પાડ્યાં, સારસની હારની પેઠે તેઓના દાંત ચકચકવા લાગ્યા, અને તેમના ચાલવાથી પૃથ્વી ધમધમી જવા લાગી. પછી ઢાલો બાંધીને પાળા કતારબંધ ચાલ્યા. યોદ્ધા જોઈને માણસોને શક ઉપજવા લાગ્યો કે આ દરિયો તો નથી ઉભરાઈ આવતો! સ્વર્ગ, મૃત્યુ, અને પાતાળ કંપવા લાગ્યાં; આવો સેનાનો દબ્દબો દીસવા લાગ્યો.

સોમેશ્વરના દેશમાં સેના આવી પ્હોંચી, ત્યારે ત્યાંના રહેવાશિયો ઘરબાર છોડીને નાશી ગયા; અને પછી દેશમાં લૂંટ ચાલી. પોતાની પ્રજાનો બૂમાટો સાંભળીને **સોમ** ઘોડે ચઢ્યો, અને સતી જેમ પોતાના

* હિન્દુઓના પુરાણમાં એમ છે કે ચંદ્રને રાહુની સાથે લડવું પડે છે તેમાં રાહુ ચંદ્રને ગ્રહી લે છે.

પતિની પછવાડે તૈયાર થાય તેમ તે તૈયાર થયો. કાપ રૂપ **પૃથ્વીરાજને** તેણે દિલ્હીમાં રાખ્યો; અને સામંતોને પોતાની સાથે લીધા,–**ખીચીરાવપ્રસંગ**, **જામ યાદવ, દેવરાજ**, શત્રુઓનો સંહાર કરનાર **ભાણુ ભાટી**, ઉદીગબાહુ, **બલિભદ્ર**; અને કયમાશ પણ **સોમની** સાથે ચઢ્યા. નાહી ધોઇને, ઇષ્ટદેવની માળા ફેરવી તથા પુણ્યદાન કરીને, સવારના અજવાળાથી કમળ જેમ વિકાસીને પ્રસન્ન દેખાય તેમ ઉઘાડે કમળનેત્રે પ્રસન્ન દીસતો સેના ચલાવવાને તૈયાર થયો. (કન્હ) **ચૌહાણ** પણ **સાથે** ચઢ્યો, અને **જયસિંહદેવ** જે લડાઈમાં પર્વતના જેવો અચળ હતો તે પણ સંગાથે ચાલ્યો. **પૃથ્વી** ડોલવા લાગી, **શેષનાગ** પણ ભારથી ગભરાવા લાગ્યો. **ચાલુક્ય** પાસે આવી પ્હોંચ્યો એવા સમાચાર **સામ્ભર** રાજાએ સાંભળ્યા; એટલે તેણે યુદ્ધનાં વાદિત્ર વજડાવ્યાં. **સોમની** સેના જોઇને શત્રુનાં હૃદય લૂલાં થઈ ગયાં.

બન્ને સેના યુદ્ધમાં જોડાઈ—**સોમ** યુદ્ધનો ઉત્સુક હતો, અને **ભીમ** તો યુદ્ધમાં કદિ પાછો જ હઠ્યો ન હતો. પવનથી જેમ નવાં તંબાકુનાં પાંદડાં ખડખડે તેમ યોદ્ધાની ઢાલો ખખડવા લાગી. **કન્હે** યુદ્ધનો પ્રારંભ કર્યો; નોબતો ગડગડી; તરવારો ખડખડી; ભયંકર મારામારી ચાલી; ત્રણ પ્રહર સુધી **કન્હ** ઉપર બાણુ અને બીજાં અસ્ત્રોનો વર્ષાદ વરશી રહ્યો. છેવટે **ભીમ**ની સેના પાછાં ડગલાં ભરીને નાઠી; એવું બળ **કન્હે** બતાવ્યું, અને તેની તરવાર વિજળીની પેઠે ઝબુકા લેઈ રહી. ખરા પણવાળાઓને તેણે પકડ્યા અને પવન જેમ ઝાડને પટકી પાડે છે તેમ તેઓને તેણે ભૂમિ ઉપર પટકી પાડ્યા; ઘણા ઘોડા, અશ્વાર વિનાના કરી નાંખ્યા; અને **યમરાજના** દૂતોની ભૂખ મટાડીને **ભીમ**ની સેના આછી કરી નાંખી. હાથમાં ખપ્પર લઈ આનંદથી નાચતી દેવિયો ત્યાં આવી અને તેઓની નોબતો ગડગડવા લાગી; અને માંસભક્ષણ કરનારાંઓને આહાર મળવાથી તૃપ્તિ થઈ.

સોમેશ્વર ચૌહાણ અને **ભીમે** ભયંકર યુદ્ધ મચાવ્યું, પૃથ્વી ઉપર ત્રાસ વરતાઈ ગયો, અને જાણે પર્વતની સાથે પર્વત ટીચાતા હોય એમ દીસવા લાગ્યું, મડદાં ઉપર મડદાં પડવા લાગ્યાં, લોહીની નદિયો વ્હેવા લાગી, અને પૃથ્વી જેમ વર્ષાદથી રસબસ થઈ જાય તેમ લોહીથી તર થઈ ગઈ. યુદ્ધના મદથી ઉશ્કેરાઈને યોદ્ધાઓ સરસ પાણીવાળા શસ્ત્રોવડે લડવા લાગ્યા. પ્રાણની સાથે પ્રાણ મળી ગયા, એકે અપ્સરા વર વિનાની રહી નહિ. બન્ને પક્ષના ઘણા ઘાયલ થયા, પણ કોઇયે રણક્ષેત્ર છોડ્યું નહિ, અથવા પીઠ બતાવી નાઠું નહિ. **યાદવ જામ** જાણે હવણાં પૃથ્વીનો નાશ કરી નાંખશે, એમ પોતાના મિત્રાની જમણી બાજુએ ગાજી ઉઠ્યો; તેના સામો **પંવાર**,

પૃથ્વી ઉપર અગ્નિના ભડકા સરખો થઇને આવ્યો; પ્રતિષ્ઠાની ઘાટીમાં બન્ને જણ સપડાઈ ગયા, અને જેમ બે ઉન્મત્ત સાંઢ લડે તેમ બન્ને જણા લડ્યા. તેઓએ હાથિયોને મારી પાડ્યા, તે કાળા પર્વતમાંથી જેમ લોહીનાં વ્હેળિયાં વ્હેતાં હોય એવા દીસવા લાગ્યા. દેવ અને દૈત્ય તથા પાતાલના નાગ તેઓને જોઈને આનંદ પામવા લાગ્યા. અને આકાશમાંથી ફૂલનો વર્ષાદ વરસવા લાગ્યો.

ડાબી બાજુએ ધોળા હાથી ઉપર બેશીને બલિભદ્ર લડવા લાગ્યો, તેના ઘોડા પણ ધોળા હતા, ઘંટમાળા અને ઘંટના નાદ ભારે થતા હતા.

સોમેશ્વર જાતે આગળ ધપ્યો; અને જ્યારે મુચકુન્દ[1] પોતાની ઊંઘમાંથી જાગી ઉઠ્યો ત્યારે તેની જેવી આંખો થઈ હતી તેવી આંખો થયેલી એવો ગૂજરાતનો ધણી તેણે જોયો. બૃહસ્પતિ અને શુક્રની લડાઈમાં મંત્ર ઉછળતા હોય તેમ બન્ને રાજાઓની વચ્ચે બાણ ઊડવા લાગ્યાં. દેશના રક્ષક બન્ને રાજા હતા; બન્ને છત્રપતિ હતા; બન્નેએ કવચ ધારણ કરેલાં હતાં; બન્નેના મુખ આગળ રાજડંકા થતા હતા; બન્ને ઘણા પદવાન્ હતા; બન્ને જણા હિન્દુઓનાં સીમાચિહ્નરૂપ હતા; અને બન્ને જણા ક્ષત્રિય પુત્રો હતા. ચોમાસાની

---

૧ કૃષ્ણે કંસને મારી નાંખ્યો ત્યારે કંસનો સસરો જરાસંધ કરીને હતો તેણે કૃષ્ણને મથુરાંમાંથી ક્હાડી મૂકવાને ઘણા પ્રયત્ન કર્યા પણ તેમાં તેનું કાંઈ વળ્યું નહિ, ત્યારે તે પોતાની સાથે કાળયવનને લઈ આવ્યો. તેણે કૃષ્ણને નસાડ્યા અને તે સોરઠ માંહેલા ગિરનાર ઉપર નાશી ગયા ત્યાં તેમની પછવાડે ધાયો. ત્યાં મુચકુન્દ રાજા ઊંઘતો હતો. તેણે ઋષિઓને સારૂ અસાધારણ પ્રયત્ન કરીને તેઓને પ્રસન્ન કર્યા હતા. પછી વિશ્રામ લેવાને તે સૂતો હતો તેને ઋષિઓએ એવું વરદાન આપ્યું હતું કે તારી ઊંઘમાંથી કોઈ તને ખલેલ પ્હોંચાડીને જગાડશે નહિ. જો જગાડશે તો તે તારી આંખની જ્વાળાથી બળીને ખાખ થઈ જશે. કૃષ્ણે ત્યાં આવીને મુચકુન્દના શરીર ઉપર પીતામ્બર ઓઢાડ્યું. પછી કાળયવન ત્યાં આવ્યો તેણે પેલા સૂતેલા રાજાને કૃષ્ણ જાણી એક લાત મારી અને તેના શરીર ઉપરનું પીતામ્બર ખેંચી લીધું; તેથી મુચકુન્દ જાગી ઉઠ્યો અને આંખ ઉઘાડીને કાળયવનના સામું જોયું કે તે બળીને ભસ્મ થઈ ગયો. ત્યાર પછી કૃષ્ણે મુચકુન્દને એવું વરદાન આપ્યું કે તું ફરીને એક વાર જન્મ ધારણ કરીને મારી સારી સેવા બજાવીશ, અને પછી તું મુક્ત થઈશ. પ્રેમસાગરના બાવનમા અધ્યાયમાં આ વાત છે. ગૂજરાતમાં એમ માનવામાં આવે છે કે જુનાગઢમાં નરસિંહ મ્હેતો કવિ થઈ ગયો તે જ એ મુચકુન્દનો અવતાર. નરસિંહ મ્હેતો વડનગરો નાગર હતો. અને મહાદેવની ભક્તિ છોડીને શ્રીકૃષ્ણની ભક્તિ કરનાર તે એ સત્તાવાન્ નાતનો પ્રથમ પુરૂષ જ હતો. એને માટે એને ઘણાં દુઃખ સોસવાં પડ્યાં છે. તે પાંચસે વર્ષ ઉપર થઈ ગયો ક્હેવાય છે અને તેની કવિતા ગૂજરાતી ભાષામાં ઘણી લોકપ્રિય થઈ પડી છે.

કાળી અને તોફાનની રાત્રિએ પર્વતો ઉપર દવ બળતો દેખાય છે તેમ રણક્ષેત્ર દેખાતું હતું. રણવાદિત્ર વડે મહાદેવ પોતાના ધ્યાનમાંથી જાગી ઉઠ્યા; અને નાચતા કૂદતા બહુ આનંદ પામીને પોતાની રૂંઢમાળામાં માથાં પરોવાને તૈયાર થયા. નારદ પણ આનંદિત થયા. અપ્સરાઓ પણ વિમાનમાં બેશીને આકાશમાં એક બીજા સાથે કજિયા કરવા લાગી. યક્ષ અને ગાંધર્વ પણ આ ચમત્કારિક દેખાવ જોઈને ગાભરા બની ગયા, અને તેમણે જાણ્યું કે હવે દુનિયાનો લય થવાની વેળા આવી. જે યોદ્ધાઓ આ રણયાત્રામાં પડ્યા તેઓ વૈકુંઠ પામ્યા. સોમેશ્વર ચૌહાણ, ખરો યોદ્ધો, રણસંગ્રામમાં પડ્યો. તેના સામંતોએ જાણ્યું કે શૌર્યથી લડતાં, લોહીલોહાણ થઇને તે ખરેખરો પડ્યો. અને તેની પછવાડે તેઓમાંના કેટલાક આ જગતમાંથી મુક્ત થવાને પડ્યા. ભારતમાં જેવું રણક્ષેત્ર થઈ પડ્યું હતું તેવું આ ઘનઘોર રણક્ષેત્ર થઈ પડ્યું. સોમેશ, સોમેશ પાસે જઈ પ્હોંચ્યો અને તેનું શરીર જે તત્ત્વોનું બન્યું હતું તે તત્ત્વોમાં ભળી ગયું. ભીમે હાથ ચાલતો બંધ કર્યો. જયજયના અવાજ પૃથ્વી ઉપર ગાજી રહ્યા અને દેવતાઓ "હાય! હાય!" ના પોકાર મારવા લાગ્યા, કેમકે સોમેશ્વરે સ્વર્ગ સંપાદન કરી લઈને તેઓને વિઘ્ન કર્યું.

પૃથ્વીરાજે લડાઈના સમાચાર જાણ્યા; એટલે પોતાની બાકી રહેલી સેના તેણે પાછી બોલાવી લીધી; પોતાના બાપને સારૂ તેણે સોળ **દીવા**[1] કર્યા; બાર દિવસ અને રાત્રિ તે ભોંય સૂઈ રહ્યો; તે આખા દિવસમાં માત્ર એક જ વાર ખાધું ના ખાધું કરવા લાગ્યો; પોતાની સ્ત્રિયોના સંસર્ગથી દૂર રહેવા લાગ્યો. બ્રાહ્મણોને દાનદક્ષિણા એવી આપી કે એના જેવી બીજા કોઇયે તેના આખા જીવતરમાં થઈને આપી હોય અથવા હવે પછી તે આપે તેના કરતાં પણ વધી ગઈ. ઊંચી જાતના ઓઢા ઓરાડીને શિંગડાં તથા સોનાના શૃંગાર પેહેરાવીને આઠ હજાર ગાયોનું દાન કર્યું. બાકીનાં સોળ દાન પણ તેણે આપ્યાં. પછી પોતાના બાપનું વૈર વાળ્યા વિના પાઘડી બાંધવી નહિ એવો તેણે નિશ્ચય કર્યો. "ચાલુક્ય ભીમને મારીને એનાં આંતરડાંમાંથી "મારા પિતાને ફુહાડી લઇશ. જે પોતાના પિતાનું વૈર વાળતો નથી તેને "ધિક્કાર છે," એવું તે વારે વારે બોલવા લાગ્યો. ક્રોધે કરીને તેની આંખો[2]

---

૧ આ વગેરે બીજી પાછળ ગયેલી કેટલીક વાતનો ખુલાસો આ પુસ્તકની સમાપ્તિના પ્રકરણમાંથી મળશે.

૨ કિંગ જોનનું નાટક શેકસપિયરે રચ્યું છે તેના ૪ થા અંકના બીજા પ્રવેશમાં લખ્યું છે કે:–"લાર્ડ બિગાટ અને લાડ સાલિસબરી જેઓની આંખો નવા પ્રકટેલા અગ્નિના જેવી લાલચોળ થઈ ગઈ હતી તેઓને મેં દીઠા."

લાલચોળ થઈ ગઈ અને તે ખરેખરો કોપ્યો. તેણે વૈર લેવાની પોતાની ઇચ્છા પૂરી પાડવા સારૂ સેના તૈયાર કરી, પણ ગાદીનો અભિષેક થયા પછી લડાઇ કરવા જવાનો તેણે નિશ્ચય કર્યો. તેણે જે બ્રાહ્મણો રાજાઓની રીતભાત, ધર્મની રીતભાત, હોમહવનાદિ બીજી ક્રિયાઓના જાણ હતા, તથા બ્રહ્મની પેઠે, પાપ નિવારણ કરવાનું જાણતા હતા, તથા ભૂત, ભવિષ્ય અને વર્તમાનના જાણ હતા તેઓને બોલાવ્યા. સોમેશને માટે સારી રીતે પ્રાયશ્ચિત્ત કરવાની અને બલિ આપવાની ભભકાભરેલી ક્રિયાઓ ચાલવા લાગી. બીજા દેશમાં જઇને લડાઈ કરવા જતાં જય પ્રાપ્ત થાય એટલા માટે રાજાએ દાન કર્યાં. આ આદર સહિત તેણે હજાર હજાર મ્હોરો અને હજાર હજાર રૂપિયા આપ્યા. નિગમબોધ આગળ જ્યાં યુધિષ્ઠિરને અભિષેક થયો હતો ત્યાં પૃથ્વીરાજને રાજ્યાભિષેક થયો. સ્ત્રિયો પવિત્ર ગીત ગાવા લાગી. તે મૃગાક્ષિયોને ગળે ફૂલના હાર સોહી રહ્યા હતા, તેઓનાં મુખ ચન્દ્રના જેવાં કાન્તિમાન હતાં, તેઓના અવાજ કોયલના જેવા હતા. "જય! જય! પૃથ્વીરાજ!" એવો અવાજ ગાજી રહ્યો. અને ઈન્દ્રને સ્વર્ગપુરીમાં અભિષેક થતો હોય એમ દીસવા લાગ્યું. ઈચ્છિનીનું વસ્ત્ર તેના વસ્ત્ર સાથે ગંઠાયું; તેઓ બન્ને ઈન્દ્ર અને ઈન્દ્રાણી જેવાં શોભવા લાગ્યાં. પોતાના સામંતોને તેણે ધન, હાથી, રથ, અને ઘોડા આપ્યા. દરબારી લોકોએ પણ રાજાને ભેટ કરી. કન્હ ચોહાણે હાથી આપ્યો; પૃથ્વીરાજને તેણે પ્રથમ રાજતિલક કર્યું; પછી નિર્ડર રાઠોડે કર્યું, અને ત્યાર પછી સર્વ સામંતોએ કર્યું. ચન્દ્રની પછવાડે સૂર્યનાં કિરણ પ્રકાશે છે તેમ મહાવીર, અને જેણે સુલતાનને પકડીને છૂટો મૂક્યો હતો એવા પૃથ્વીરાજના ઉપર ચંમર થવા લાગ્યું. તેના માથા ઉપર સોનાના દાંડાનું છત્ર ધારણ થયું. હોમહવનથી નડતા ગ્રહની શાન્તિ થઈ. સર્વ પ્રજાએ માન આપ્યું, અને મહોત્સવ થઈ રહ્યો.

પૃથ્વીરાજના હૃદયમાં ભીમ નિરંતર સાલવા લાગ્યો; શત્રુના મરણ વિના તેનો અગ્નિ સરખો કોપ શાન્ત પડ્યો નહિ. તે પોતાના સામંતોની વચ્ચે વારે વારે કહ્યાં કરતો:-"ભીમે સોમેશ્વરને માર્યો, હરિ! હરિ!" પરમારે તેને બહુ સમજાવીને કહ્યું:-"તમે તમારા પિતાને વાસ્તે શોક "કરશો નહિ, જેનું શરીર તરવારની ધારથી કપાય છે તેની કીર્ત્તિ પ્રસરીને "સુર લોકમાં જાય છે—ક્ષત્રિયનો એ જ ખરો ધર્મ છે." સિંધ પરમાર બોલ્યો:-"મારૂં કહ્યું માનો તો ગૂજરાત ઉજ્જડ કરો, કે જેથી સોમેશ "સ્વર્ગમાં રહ્યા રહ્યા રાજી થાય? સુલતાન સરખો તમારે નામથી ધ્રુજી "જાય છે તો ચાલુક્યના શા ભાર છે." પૃથ્વીરાજ બોલ્યો:-"સ્નાન કરીને મેં

"પિંડદાન દેતી વેળાએ સોગન ખાધા છે કે, મારે મારા પિતાનું વૈર લેવું. "હું **ભીમ**ને કેદ કરીશ ત્યારે એની પાસે હું **સો**મેશ માગીશ; હું યોગિની, "વીર, અને વૈતાલને આનંદ પામવા સરખું કરીશ." એમ કહી પછી પૃથ્વી-રાજ સૂતો. સૂર્ય ઉદય થતાં યોદ્ધાઓ એકઠા થયા. રાજાએ કન્હ **ચૌ**હાણને તેડાવ્યો; તે દરબારમાં આવી પ્હોંચ્યો એટલે સભા હાથ જોડી ઉભી થઈ, કેમકે કન્હને "નરવ્યાઘ્ર"નું પદ મળ્યું હતું. તે સાંકળેલા અને રાત્રદિવસ આંખે પાટો બાંધેલા વજ્રશરીરના સિંહના જેવો હતો. પછી **જામ યાદવ** આવ્યો, **બ**લીભદ્ર આવ્યો; જેની સેવા ઘણા રાજા કરતા હતા એવો કુરંભ દેવ પણ આવ્યો; **ચંદ** પુંડીર આવ્યો; **અ**તતાય **ચૌ**હાણ, જે **ભીમ**પાંડવના જેવો હતો તે આવ્યો; લડાઈની વેળાએ અગ્નિ જેવો **લં**ગરીરાય આવ્યો; પારકા દેશનો વિજય કરી લેનાર ગોવિંદરાવ ગેલોત આવ્યો; ન્હાના મ્હોટા સર્વે સામંતો આવ્યા, અને રાજસભામાં બેઠા. કૃપાળુ દુર્ગાદેવી જેને પ્રસન્ન હતી એવો **વ**રદાયી **ચંદ** પણ આવ્યો. પછી સર્વેને પૃથ્વીરાજ ક્‌હેવા લાગ્યો: "મારા પિતાનું વૈર લેવું છે, માટે ચાલો; આપણે સેના તૈયાર કરો, ગૂજરાતના "રાજા સાથે યુદ્ધ મચાવિયે અને **ચા**લુક્યનું મૂળ ક્‌હાડી નાંખિયે. સોમેશ્વરને "જિતીને **ભીમે** પોતાના દાહાડા પૂરા ભર્યા છે. સ્ત્રીના ગર્ભમાંથી શોધી "શોધીને પણ મારે **ચા**લુક્ય વંશનો નાશ કરવો છે. ગમે તેવા ધાડા અર-"ણ્યમાં તે ભરાઈ પેઠો હશે તો પણ તે મારે તોડી પાડવું છે. જો હું એ પ્રકારે ના "કરૂં તો બ્રાહ્મણોએ મારૂં નામ પૃથ્વીરાજ ખોટું પાડ્યું છે એમ જાણવું." પૃથ્વીરાજનું કહેલું સર્વે સામંતોએ માન્ય કર્યું અને "મુહૂર્ત્ત જોઇને નીકળિયે "તો આપણા કામનો જય થાય" એમ કહીને જોશી મહારાજને તેડું મોકલ્યું. મહારાજ આવ્યા, અને મુહૂર્ત્ત જોઇને બોલ્યા:—"જો આ ચોઘડિયામાં "નીકળો તો નિ:સંશય જય થાય." **જ**ગજ્યોતિ જોશી, રાજાને હિંમત આપીને બોલ્યો: "આ ચોઘડિયું ઘણું જ શુભ છે; મહારાજનો જય થશે, "અને વૈર વાળી શકાશે, એવું લગ્ન આવ્યું છે. આ પળે આપના મનમાં "જે કરવાનું ઇચ્છ્યું હશે તે પૂર્ણ થશે. શત્રુના ગ્રહ વાંકા છે, જો તે દેવ "હોય તો પણ બચે નહિ. માટે **ભીમ**ને આપ બાંધશો અને ગૂજરાત "જિતશો, હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે, આવો સારો યોગ છતાં, કાર્ય પૂર્ણ "થાય નહિ તો જોતિષ્ય શાસ્ત્ર શીખવવાનું કામ મારે હવે પછી કદિ કરવું "નહિ." જગજ્યોતિનું આવું બોલવું સાંભળીને પૃથ્વીરાજ બહુ રાજી થયો.

પૃથ્વીરાજે પોતાની સેના એકઠી કરી; અને નિશ્ચય કરેલે ચોઘડિયે

નોબત વગડાવી. તે નગર બ્હાર સેના લઈ ચાલ્યો; અને જ્યાં વિશાળ ઝાડ હતાં અને બળવાન્ જગ્યા હતી ત્યાં મેલાણ કર્યું.

દેવદૈત્યોએ જયજયના નાદ કર્યા! સવાર થઈ એટલે સામ્ભરમાં સર્વે દિશાએથી સેના આવી એકઠી મળી, અને ચૌહાણની ચોગરદમ આવીને પડી. લડાઈનાં ગીત ગવાવા લાગ્યાં; પાંચ પ્રકારનાં વાદિત્રના નાદ થવા લાગ્યા. પૃથ્વીરાજ સેના લઇને ગૂજરાતનો નાશ કરવા ચઢ્યો. ભીમના હેરકોએ જઈને તેને સમાચાર કહ્યા કે યુદ્ધશીલ ચૌહાણ ચોસઠ હજાર યોદ્ધા લઇને ચઢ્યો છે, અને સમુદ્રનાં મોજાંની પેઠે એની સેના ધસતી આવે છે. વળી પૃથ્વીરાજે જે બાધા રાખેલી તથા કન્હા તથા ગોવિંદરાયે મહાદેવના ઉપર જળ મૂકીને પ્રતિજ્ઞા લીધી હતી તે સર્વે સમાચાર નિવેદન કર્યા અને બોલ્યો: "અહો મહારાજ! આપણે પણ ત્યારે "એઓને તરવારથી મળવાને તૈયારી કરવા માંડિયે."

ભીમ ઘણો ક્રોધાયમાન થયો, તેનું અંગ શરથી કંપવા લાગ્યું, તેની આંખો લાલચોળ ગઈ થઈ, અને તેણે રાજમંત્રિયોને બોલાવીને લડાઇને માટે તૈયાર થવાની આજ્ઞા આપી. પ્રગણે પ્રગણે આજ્ઞા પ્હોંચી. ઘણા રાજાઓ ચઢી આવ્યા; બે હજાર માણસ તેજી ઘોડા ઉપર ચઢીને ધનુષ્યબાણ અને શસ્ત્રઅસ્ત્ર સજીને આવ્યા; કચ્છમાંથી* ત્રણ હજાર અશ્વાર પાખરિયા ઘોડાથી આવ્યા; સોરઠમાંથી પંદરસેં આવ્યા; કદિ નિશાન ચૂકે નહિ એવા કાકરેજથી કોળી આવ્યા. સદા યુદ્ધના ઉત્સુક અને કદિ લડાઈમાં પીઠ દે નહિ એવા ઝાલાવાડથી ઝાલા આવ્યા; જેનું ચડવું સાંભળીને આખો દેશ નાશી જાય એવો કાવાનો નાયક મુચકુંદ પણ આવ્યો; રાત્રિદિવસ જેના શત્રુને જંપ વળે નહિ એવો કાઠિયાવાડનો કાઠી રાજા આવ્યો; બીજાં પ્રગણાંમાંથી ન્હાની મ્હોટી અગણિત ગૂજરાતની સેના એકઠી થઈ.

સામ્ભરના હેરકે પૃથ્વીરાજને કહ્યું: "સમુદ્રની પેઠે ગર્જના કરતી "ચાલુકયની સેના તૈયાર થઈ છે. ગણી શકાય નહિ એટલા એક લાખ લડવૈયા "છે; એક હજાર હાથી છે, તે હું મારી નજરે જોઇને આવ્યો." તે સાંભળી પૃથ્વીરાજ બોલ્યો: "જો ભીમ લડાઈમાં મારા સામો આવે છે તો ઉન્હાળામાં "વાયુના આશ્રયથી વન બાળી મૂકે છે તેમ હું તેનો અને તેના વંશનો નાશ "કરીશ અને હું ભીમને ચીરી નાંખીને તેનાં આંતરડાંમાંથી મારા પિતાને " કાહાડી લઈશ. જો એમ કરૂં તો જ મારૂં નામ પૃથ્વીરાજ ખરૂં."

* કચ્છના જામ રાયધણજિયે આ લશ્કર મોકલ્યું હતું. ર. ઉ.

સાંજ પડવા આવી; પછી જ્યાં તેઓ ઊભા હતા ત્યાં જ આગળ તંબુ ખડા કરાવ્યા; સર્વે જમ્યાં ને કોઈ પાસે ને કોઈ જરા આઘે એ પ્રમાણે સૂતા. કયમાશ તરવાર બાંધીને રાજાની પાસે સૂતો. અને જેમ ચિત્ત, મોહ પમાડનાર સંભ્રમને વશ થઈ જાય છે તેમ સર્વે ઊંઘને વશ થઈ ગયા. કન્હ પણ રાજાની પાસે જ હતો; આબુપતિ જેત અને સલખ; પુંડીર અને દાહીમ; ચામુંડ; હમીર; શૂરવીર કુરંભ, સારંગ, પાહાડ તુંવાર; લોહાણો; લંગરી રાજા સર્વે ત્યાં હતા. જ્યારે એક પ્રહર રાત્રિ બાકી રહી ત્યારે શિકાર પછવાડે લાગવાનો તેઓએ નિશ્ચય કર્યો. સામંતોનાં મન ખાટાં થયાં; તેઓ કહેવા લાગ્યા કે કોઈ જીવતું પ્રાણી અહિં જણાતું નથી તેથી આપણું કામ સરાડે ચડશે નહિ. આવું બોલતાં વાંત જ એક જનાવરનો શબ્દ સંભળાયો. ત્યારે કન્હ બોલ્યો:–"સાંભળો હવે પછી જે નીપજવાનું છે તે વિષે આ "પ્રાણિયો અગમ સૂચના કરે છે. કાલે સવારે મહાભારત યુદ્ધ થશે." સર્વે સામંતો આશ્ચર્ય પામીને કહેવા લાગ્યા: "સવારમાં તે યુદ્ધ ક્યાંથી થશે ?" કન્હ બોલ્યો: "સોમેશ્વરનું મરણ થતાં પેહેલાં જેવાં ચિહ્ન થયાં હતાં તેવાં જ "ચિહ્ન ભીમ સંબંધી થાય છે. માટે જો રાજા આ શકુનનો લાભ લઇને "યુદ્ધ મચાવે તો યમદૂત પણ એના સામા થઈ શકે નહિ."

આ પ્રમાણે વાતો કરતાં સૂર્યોદય થયો, યોદ્ધાઓએ નારાયણને નમસ્કાર કર્યા; અને જેમ કમળ પ્રફુલ્લિત થાય છે તેમ સૂર્યને જોઇને તેઓનાં મન પ્રફુલ્લિત થયાં. આ વેળાએ એક બીજા શકુન થયા ને ત્યાર પછી તરત જ ત્રીજા થયા. તે ઉપરથી સામંતો કહેવા લાગ્યા કે આજે નક્કી એક પ્રહરની માંહ ભયંકર યુદ્ધ થશે. પૃથ્વીરાજ કહે: "શકુન જોવાની અગત્ય નથી. શૂરવીરને લડાઇનો "દિવસ એ ઉત્સવનો દિવસ છે. માણસ જીવતું હોય કે મુવેલું હોય પણ "તેનો આત્મા આપણા જોવામાં આવતો નથી. કીર્ત્તિ પણ આવે છે ને "જાય છે, એવી દૈવની કૃતિ છે. જે હારશે તે દુર્યોધનનું પદ પામશે, અને "જે જિતશે તે પાંડવનું પદ પામશે; માટે શકુનનો વિચાર કરશો મા. આપણે "સોયના એક અગ્ર જેટલી જગ્યા છોડવાના નથી. આપણે ભારતના જેવું "યુદ્ધ મચાવીશું. શકુનનો કાંઈ પાર નથી તેઓ થાય છે ને જાય છે. માટે "આપણે તો આગળ ધપો."

રાજાની આજ્ઞા ઉપરથી સામંતોએ યુદ્ધના પોકાર અહિં તહિં ઉઠાવી મૂક્યા. તેમાં ભેરી નોબતો, રણશિંગાંના યુદ્ધમય અવાજ, વાદિત્ર અને બીજાંના નાદ થવા લાગ્યા; ઊંટ અને હાથીની ડોકની સાંકળોનો ખણખણાટ થવા લાગ્યો; ઘોડા ખોંખારવા લાગ્યા; અને સર્વ સેના ઉપડી. મુકામે મુકામ

તેઓ પાટણ દેશનો નાશ કરતા, પૃથ્વી ઉપર ખરતા તારા પડે તેમ, શત્રુ ઉપર તૂટી પડવા ચાલ્યા. સર્વે મળીને ચોસઠ હજાર ગણતરીમાં હતા; શેષ નાગ પણ તેના ભારથી અકળાઈ ગયો. પૃથ્વીરાજને ચંમર ઢળાતું હતું; રાજછત્ર તેના સગા (કાકા) કન્હને માથે ધરાયું હતું; કન્હને વ્યૂહરચક ઠરાવીને સેનાને અગ્ર ભાગે રાખ્યો; તેની પછવાડે પૃથ્વીરાજ જાતે રહ્યો; તેની પછવાડે નિડ્ડર રાય રહ્યો; અને તેની પછવાડે પરમાર રહ્યો. જેમ જોશી જન્મોતરી ઉકેલતો આગળ જાય છે તેમ મેલાણે મેલાણ આગળ ચાલતા ગયા તેમ તેઓ તેમના જીવતરનો ભાવ પછવાડે મૂકતા ગયા. ચૌહાણ શૂરવીર, જેના હાથ દેવના હાથ જેવા, અને જે શત્રુનો ત્રાસ તે આગળ ચાલ્યો.

ભીમદેવના દેશમાં ભય વ્યાપી ગયો, અને જંગલ તથા ન્હાનાં ગામડાંમાંથી, શિકારનાં પક્ષિયો ટોળે મળીને ઊડી જાય તેમ લોક નાશી જવા લાગ્યા; ગરદ ઉડવાથી માર્ગ છવાઈ ગયા; નદીના પૂરની પેઠે સેના આગળ ચાલી; ઘોડા ધીમે ધીમે ચાલતાં સારસ જેવા દીસવા લાગ્યા, અને દોડમાં ચલાવતાં હરિણની પેઠે છલંગો મારતા ચાલ્યા; ભાલા, તરવારો, બરછિયો સૂર્યથી ઝગઝગવા લાગી. વૈર વાળવાનો પ્રસંગ મેળવવા સારૂં પૃથ્વીરાજે ચંદ બારોટને ભીમની પાસે મોકલ્યો. ચંદ પોતાની સાથે જાળ, નીસરણી, કોદાળી, દીવો, અંકુશ અને ત્રિશૂલ લઇને ગૂજરાતની રાજધાનીમાં જઈ પ્હોંચ્યો. અને ભોળા ભીમના દરબારમાં ગયો; લોકો ચમત્કાર જોવાને એકઠા થયા. ચંદે ભીમને કહ્યું કે સામ્ભર રાજા આવી પ્હોંચ્યો છે. ત્યારે ભીમ બોલ્યો: "ઓ ભાટ! આ વસ્તુઓ તું શા માટે લાવ્યો છે તે ઝટપટ "કહી દે." ચંદે ઉત્તર આપ્યો કે, પૃથ્વીરાજ કહે છે: "જો તમે પાણીમાં "પેસશો તો આ જાળ વતે તમને ઝાલીશું; આકાશમાં જશો તો આ નીસરણીથી; પાતાળમાં જશો તો કોદાળીથી; અંધારામાં પેશી જશો તો "આ દીવાથી શોધી ઝાલીશું; આ અંકુશ વડે તમને વશ કરી લઈશું, ને "આ ત્રિશૂલ વતે તમને પૂરા કરીશું. જે જે દેશમાં સૂર્ય ઉગતો હશે તે તે "દેશમાં તમે જશો તો તે તે દેશમાં પૃથ્વીરાજ તમારી પછવાડે પડશે."

આવું સાંભળી ભીમ બોલ્યો: "હું ભીમ જે બ્હીવરાવે તેના ભૂકા "કુહાડી નાંખું અને યુદ્ધમાં જેનાથી સર્વ માણસ ડરી જાય એવો ભયંકર "છું માટે ચર્‌યું ચર્‌યું બોલ નહિ, પણ નમ્ર થા અને આગળ શું નીપજ્યું હતું તે દિવસ સંભાર."

ચંદ બોલ્યો: "ઉંદર કદાપિ કોઈ વાર મિલાડી ઉપર જિત મેળવે? ગીધ "પક્ષી કદાપિ પવિત્ર હંસના માથા ઉપર થનથનાટ કરે? હરિણ કદાપિ લક્કા-

"ર્જીમાં સિંહની બરાબરી કરી શકે ? સાપની સાથે લડતાં દેડકું કદાપિ જય "પામે ?—એ સર્વે વાત કદાપિ દૈવી યોજનાથી બને, પણ એવું સદા નીપજે "છે એમ ધારવું નહિ. પર્વત ઉપર છવાઈ ગયેલા અરણ્યને બાળીને ભસ્મ "કરનાર અગ્નિની સાથે દીવાનો મુકાબલો થઈ શકે ?"

ભીમ બોલ્યોઃ—"ભાટના છોકરા શબ્દો વતે લડે, દૈત્ય ગાળો વતે લડે, "અથવા ભાઇયો વારસાનો ભાગ વેહેંચી લેતાં મુક્કિયોથી લડે; પણ સોમે- "શ્વરવાળો આ કજિયો તો મરણ સાથે લડવાનો છે. જા, તારા સામ્ભર "રાજાને કહે કે તારા બ્હીવરાવ્યા બ્હીકણ હોય તે બ્હી જાય."

આવો ઉત્તર સાંભળીને ચંદ બારોટ જરા ગભરાઇને ઉઠી ઉભો થયો, અને રોપથી તેની આંખો લાલચોળ થઈ ગઇ. તે ઝટપટ પૃથ્વીરાજ પાસે આવ્યો અને તેને પાણી ચડાવાના વિચારથી જે જે બન્યું હતું તે યથાસ્થિત કહી સંભળાવ્યું, અને બોલ્યોઃ "ભોળો ભીમ કહે છે કે, સૂતેલા સાપ "ઉપર દેડકું કૂદીને પછી જાગતાં તેની જેવી વલે થાય તેવી વલે તમારી હું "કરવાનો છું; ગૂજરાતનો ધણી તો ચતુરંગી સેના લઇને ચડે છે. મેં આવતાં "આવતાં સર્વ જેયું. મેં તમારી તરફથી જે કહેવા જેવું હતું તે કહ્યું પણ "તે ઉપર રાજાએ કાંઈ લક્ષ આપ્યું નહિ. મેં તેને દીવો જાળ, કોદાળી સર્વે "બતાવ્યું. તેણે પૂછ્યું કે આનો ભેદ શો છે ? કુશળ પ્રધાન કયમાશને "તારી સાથે કેમ મોકલ્યો નથી ? અથવા ચામુંડરાય કે કુશળ કન્હને "મોકલવા જોઈતા હતા. સામ્ભરનો ધણી પોતે ચાલ્યો ચાલ્યો શા "માટે આવ્યો નહિ ?" વળી ભીમ બોલ્યોઃ "મેં ઘણી વાર લડાઇયો "મારીને ગૂજરાતને માટે જય મેળવ્યો છે. તેં જેવા રાજા જિત્યા છે તેવો "મને ગણીશ નહિ. સામ્ભર રાજા જેવા તો મેં હજારોને કત્લ કરી "નાંખ્યા છે. આ સર્વે સાંભળીને પછી મેં ભીમને કહ્યું કે ચૌહાણ ચતુરંગી "સેના લઇને ચઢ્યો છે."

પૃથ્વીરાજે નિર્ડર રાયને પોતાની પાસે બોલાવ્યો. તેણે તેને હાથે ઝાલીને કહ્યુંઃ "આ સર્વે યોદ્ધામાં તમે મુખ્ય છો; તમે અસલ જાતના "છો, અને તમારા પૂર્વજો જેવા શૂરવીર હતા તેવા તમે છો. જો તમારી "સાથે દેવ અથવા દેવદૂત લડે તો પણ તમે તેને વશ કરી લ્યો એવા છો. "પાન્ડુપુત્રોના જેટલું તમે યુદ્ધમાં બળ બતાવો છો. આ જગત્ ઉપર પ્રીતિ "તમે રાખશો નહિ; પણ સ્વર્ગનો માત્ર વિચાર રાખી તમારા સામંતો સાથે "એક ચિત્ત થઇને લડજો."

નિર્ડર રાયે ઉત્તર આપ્યોઃ "આપણા સામંતો શત્રુને ઘાસની પેઠે કાપી

"નાંખે એવા છે. અહો! પૃથ્વીરાજ! આપ સ્મરણ રાખો કે આપ પોતે "દાનવ વંશના છો. આપના બળવડે જ આપના યોદ્ધાઓ બળિયા છે. "કન્હ બાલ્યાવસ્થામાં, યુવાવસ્થામાં અને વૃદ્ધાવસ્થામાં પણ યુદ્ધને વિષે "આનંદ પામતો આવ્યો છે. જે સેનાની સામે તે લડે છે તેના ચૂરેચૂરા "કરી નાંખે છે;—તે મહાપદધારી, જેને જગત્ નરવ્યાઘ્ર કહે છે એવો "ભીષ્મનો તે અવતાર છે."

પૃથ્વીરાજે નિર્ડરનું આવું બોલવું સાંભળીને પોતાની કોટમાં મોતીની એક અમૂલ્ય માળા હતી તે કહાડીને તેને તુષ્ટિદાનમાં આપી. તે તેની ડોકમાં સૂર્યની પછવાડે ગંગા વિંટાયલી દેખાય એમ દેખાવા લાગી. પછી મહા શૂરવીર નિર્ડર રાઠોડે નોબત વગડાવી. નોબતના નાદથી વીર પુરૂષો જેમ એકઠા થાય તેમ સેના પણ એકઠી થઈ. જેમ તારામાં ધ્રુવ શોભે તેમ તે વીર પુરૂષોમાં શોભી રહ્યો.

કન્હને પૃથ્વીરાજે પોતાનો રાજઘોડો અર્પણ કર્યો અને તેના ઉપર તેને આગ્રહથી બેસાર્યો. કન્હ બોલ્યો: "અહો! રણપતિ! હજી સુધી મેં સોમેશ્વરના "શત્રુને માર્યો નથી, તેમ જ મારા શરીરમાંથી હંસને રમી જવાનો રસ્તો કરી "આપ્યો નથી તેથી મને ધિક્કાર છે."

પૃથ્વીરાજે ઉત્તર આપ્યો:–"કોઈ એક વેળાએ સુગ્રીવ પોતાના બળથી "પોતાની સ્ત્રીનું રક્ષણ કરી શક્યો ન હતો; કોઈ એક વેળાએ દુર્યોધન પણ "કર્ણનું રક્ષણ કરી શક્યો ન હતો; કોઈ એક વેળાએ શ્રીરામે પોતે વનમાં "સીતા ખોઈ; કોઈ એક વેળાએ પાંડવ સરખા પણ દ્રૌપદીનાં ચીર રખાવી "શક્યા નહિ. અહો! કન્હ! એવા બનાવ માટે દુઃખી થશો નહિ; હું તમને "મારા ઇષ્ટ દેવ સરખા ગણું છું. જેમ મોરની આંખો જોઇને સાપ ત્રાસી "જાય છે તેમ તમારી આંખનો ક્રોધાગ્નિ જોઇને શત્રુ ત્રાસી જશે."

પૃથ્વીરાજ આ પ્રમાણે નિર્ડર અને કન્હને માન આપતો હતો તેવામાં તેને સમાચાર મળ્યા કે ભીમ ભારે સેના લઇને પાસે આવી પ્હોંચ્યો છે. જેમ છંછેડેલો સર્પ કોપાયમાન્ થાય, અથવા સિંહને ખીજવીને તેને ઊંઘ-માંથી જગાડવામાં આવે, અથવા ઉન્હાળામાં અગ્નિની એક ચિનગારીથી આખું વનનું વન સળગી ઉઠે તેમ ભીમ કોપથી પ્રજ્વલિત થયો. તેણે જે સાંભળ્યું હતું તે પોતાના યોદ્ધાઓને એકઠા કરીને કહી સંભળાવ્યું. તે સાંભળીને સર્વે, જગત્નો ત્યાગ કરનારા યોગિયોના જેવા દેખાવા લાગ્યા. બન્ને સેના એક બીજાની સન્મુખ આવી ગઈ. જંજીરા છૂટવા માંડ્યા, અગ્નિ-

બાણ આકાશમાં ઉડી રહ્યાં. બંને બાજુએથી અશ્વારોની અડમઅડા થઇ ગઈ, અને સામસામે તરવારો ચાલી.

ભીમે પોતાની સેનાની એવી વ્યૂહરચના કરી હતી કે, તે ભેદીને શત્રુનાથી નગર જઈ પ્હોંચાય નહિ; તેમ જ ચૌહાણની હાર પણ દૂટે એવી ન હતી. યુદ્ધ ચાલ્યું; કેટલાકના સાંગોથી ભેંચા નીકળી ગયા; કેટલાકનાં તરવારોથી ડીગલાં નીકળી ગયાં, "મારો! મારો!" ના પોકાર ચાલી રહ્યા; કેટલાક મલ્લની પેઠે બાથમબાથા આવી પડ્યા; કેટલાકના શરીરમાં થઇને બાણ આરપાર નીકળી ચાલ્યાં. શિવ અને કાળી આનંદ પામ્યાં; કાળિયે લોહીલોહાણ થયેલાઓનું લોહી પીધું; અને શિવે રૂંઢમાળામાં માથાં પરોવવા માંડ્યાં. ઉચ્છિષ્ટ માંસને બદલે ગિદ્ધ પક્ષિયો મનુષ્યમાંસ તોડી ખાવા લાગ્યા; જેમ મ્હોટા નગરના ધોરી માર્ગ ભીડથી ખીચોખીચ ભરાઈ જાય છે તેમ સ્વર્ગનો માર્ગ ત્યાં જનારાઓથી ખીચોખીચ થઈ રહ્યો. યોદ્ધાઓ લૂટ કરી, દેવું આપી રણમુક્ત થયા,

મેઘમાંથી જેમ વિજળી ઝબુકે તેમ કન્હની તરવાર ઝબુકા લઈ રહી. એક બાજુએ કન્હ ચૌહાણ અને બીજી બાજુએ સારંગ મકવાણો બંને જણા ખરા શૂરવીર સિંહની પેઠે લડ્યા. તેઓએ તરવારો ચલાવિયો. સારંગે રણ વાળ્યું અને કન્હની જિત થઈ. હાથીની પેઠે ગર્જના કરી રહેલા શૂરવીરોની વચમાં મકવાણ રાજા પડ્યો. પૃથ્વીરાજના સુભટોએ કિકિયારી કરી; શત્રુ તેથી ત્રાશી ગયા; યોગિયો તપશ્ચર્યા કરીને થાકી જાય છે ત્યારે તેઓને જે સ્થાન મળે છે તે સ્થાન એક ક્ષણ વારમાં શૂરવીરોએ મેળવ્યું. જેમ પરછાયાની દરકાર કરવામાં આવતી નથી તેમ માલમતાને તુચ્છ ગણીને તેઓ લડાઈમાં તૂટી પડ્યા. તેઓએ ખરેખરી તરવાર ચલાવી; અને એક બીજાના ઉપર આવી ગયા. તેઓ એક મુક્તિ જ ઈચ્છતા હતા; જીવતરને માત્ર સ્વપ્નવત્ સમજતા હતા. "આજ રાત્રે આપણે મરવું, કાલે સવારે શું નીપજશે તેની કોને ખબર છે?" પવનથી આગ પ્રસરે તેમ જુસ્સાથી લડાઈ ચાલી.

યોદ્ધાઓએ જાણ્યું કે આપણી કીર્ત્તિ રહેશે; તરવારની ધારથી કપાઈ જતું શરીર રૂપી પાંજરૂં હવે આત્મારૂપી હંસને ફરીને પૂરી મૂકનારૂં નથી. જ્યારે હંસ ઊડી જશે ત્યારે પાંજરૂં કશા કામનું નથી. લડાઈ અતિશય જુસ્સાથી ચાલી. માણસોનાં મસ્તક ઉપર તરવારો ચાલવા લાગી. કેટલાંક કવચ અને કેટલાંક પલાણ કપાઈ ગયાં. ભીરૂઓને ઘા વાગતાં તેઓ અરે! અરે! ના પોકાર મારવા લાગ્યા; પણ તેઓની બૂમો નોબતોના નાદ આગળ દબાઈ જતી હતી. પૃથ્વીરાજ શાબાશ! શાબાશ! કહી

પોતાના યોદ્ધાઓને ઉત્તેજન આપવા લાગ્યો. **સાબ્રમતી** નદી ગૂજરાતમાં વ્હે છે તે બે કાંઠે લોહીથી વ્હેવા લાગી. અને તેના પ્રવાહમાં હાથિયો, ઘોડા, ને માણસ તણાવા લાગ્યાં. ફરીને વળી લડાઇનાં વાદિત્ર વાગવા લાગ્યાં; અર્ધો પ્રહર સુધી તુમુલ યુદ્ધ મચ્યું; હવામાં ભમરાની પેઠે બાણ હમહમાટ કરવા લાગ્યા; **ચૌ**હાણના ઘણા યોદ્ધા મરાયા; **ચા**લુક્યની ઘણી હારો હાથિયોની પેઠે રણમાં પડી.

આ પ્રમાણે **પૃ**થ્વીરાજે પોતાના પિતાનું વેર વાળ્યું. દૈવે હાથમાં પ્યાલા લઇને મંત્ર ભણ્યા; હિંસ્ર પ્રાણિયોએ તેમની ભૂખ તૃપ્ત કરી; યોદ્ધાઓનાં શરીર લાલચોળ પુષ્પવાન્ ઝાડના વન જેવાં દેખાવા લાગ્યાં. **પૃ**થ્વીરાજે કોપીને પોતાનો ઘોડો મારી મૂક્યો; તેની ખરીની પડઘીથી **પૃ**થ્વી ધ્રૂજવા લાગી, જેમ પીપળાનાં પાંદડાં પવનથી ધ્રૂજી જાય તેમ શત્રુની હાર ડગમગવા લાગી; બાણથી આકાશ એવું તો છવાઈ ગયું કે પક્ષિયોને ઉડવાને પણ માર્ગ મળવા માંડ્યો નહિ; ભયંકર યુદ્ધ મચ્યું. યોદ્ધાઓના એક બીજા ઉપર ઘા પડવા લાગ્યા, તે જાણે લોહારની એરણ ઉપર ઘાણ પડતા હોય એમ દીસવા લાગ્યું; આ યુદ્ધમાં જે **સામં**તો પડ્યા તે જ જીવ્યા. છેવટે **ચા**લુક્યની સૈના સ્વર્ગમાં જવાનો માર્ગ છોડીને પાછી નાઠી. દૈવ અને દાનવો બોલી ઉઠ્યા: "જે ક્ષત્રિય સૂર્યનો માર્ગ ભેદીને **સ્વ**ર્ગમાં પ્રવેશ કરે છે તેને ધન્ય છે." ઘોડા ખોંખારવા લાગ્યા; તરવારો ખડખડવા લાગી; સુભટો રાજાના સોગન દઇને એક બીજાને શૂર ચડાવા લાગ્યા. **વા**મને જ્યારે ત્રણ ડગલાં ભરયાં ત્યારે એક જગત્ જિત્યા, પણ યોદ્ધાઓ માત્ર એક જ ડગલું આગળ ભરવાથી ત્રણે જગતમાં **વી**રોની સાથે **રુ**દ્ર જેમ રમે છે તેમ તેઓ નાચવા લાગ્યા. જેમ **ચા**લુક્યની સેનાની હાર તૂટવા લાગી તેમ **ચૌ**હાણની હાર બળિષ્ટ થવા લાગી; ઘણાએક યોદ્ધા ઘવાઇને પડ્યા ખરા, તથાપિ ધ્રુવના તારાની પેઠે સેના અચળ થઈ રહી. જેમ ઘડી ઠોકવાની ઝાલર ઉપર મોગરીનો માર પડે તેમ તેમના ઉપર ઘાનો વર્ષાદ વરશી રહ્યો, તથાપિ તેમની હારો ડગમગી નહિ. તે જોઈ **ચૌ**હાણ બોલી ઉઠ્યો કે આજે હું મારી ઇચ્છા પૂર્ણ કરીશ, અને ગૂજરાતની ધરતીને રંડાપો આપીશ. **ભી**મને તેણે કહ્યું: "હવે તું બચવાનો નથી; **સ્વ**ર્ગમાં જ્યાં "સોમ બેઠો છે ત્યાં હું આજે તને મોકલીશ." કન્હે પોતાના રાજાની પછવાડે રહીને તેને હિમત આપી. **સામ્ભર** રાજાએ **ભી**મના ઉપર ઘા કરયા; જ્યાં પુનર્જન્મનું બંધન હતું તેના ઉપર તરવાર ફરી વળી. **સ્વ**ર્ગમાં દેવતા જય-જયના પોકાર કરી રહ્યા. **ભી**મદેવ પડ્યો. જેવો ધપકારો થયો કે **શંભુ**એ

પોતાનાં નેત્ર ઉઘાડ્યાં. અપ્સરાઓ જોવાને આગળ ધસી આવી; વિજયી પૃથ્વીરાજના ઉપર સ્વર્ગમાંથી પુષ્પનો વર્ષાદ થયો અને ભીમદેવ વિમાનમાં બેસીને દેવલોકમાં ગયો.

આનંદ ભર્યાં પાંચે વાદિત્રના નાદ થવા લાગ્યા; ભાટચારણ પૃથ્વીરાજનાં વખાણ ગાવા લાગ્યા; તેનો રોષ ઉતરી ગયો; તેણે ઘાયલ થયેલાને ઉચકાવ્યા. એ પ્રમાણે પૃથ્વીરાજે પોતાના પિતાનું વૈર લીધું. રાત્રિ પડી; અને તે જ જગ્યાએ યોદ્ધા વાસો રહ્યા. ૭ સામંતો બહુ સખ્ત ઘવાયા હતા તેઓની સારવાર કરી. સવાર થઈ કમળ ખીલવા લાગ્યાં; સૂર્યોદયથી ચન્દ્ર અને તારા ઝાંખા પડવા લાગ્યા; દેવાલયના દરવાજા ઉઘડ્યા; ચોર, ચકોર અને કુટિલ ચતુરા તેમની મેળે સંતાઈ પેઠાં. પૂજાના સ્થાનમાં શંખનાદ થવા લાગ્યા. પથિકો પંથે ચાલવા લાગ્યા; સર્વે ઝાડ ઉપર પક્ષિયો કલોલ કરવા લાગ્યાં. સામંતો પૃથ્વીરાજને પાયે પડ્યા; ઘણા એક યોદ્ધાઓ દેવલોક પામ્યા; ભીમ રાજા માર્યો ગયો; પૃથ્વીરાજની કીર્ત્તિ પ્રસરી; ભૂમિભાર ઓછો થયો; પંદરસે ઘોડા માર્યા ગયા; પાંચસે હાથી, અને પાંચ હજાર પાળા પડ્યા.

ચંદ બારોટ પૃથ્વીરાજનાં અને સુભટોનાં વખાણ ગાવા લાગ્યો કે: "આ જીવતર સ્વપ્નવત્ છે; જે નજરે દેખિયે છિયે તેનો નાશ થવાનો "છે; માટે જે સામંત પોતાના ધણીનો સ્વામિભક્ત છે તેને ધન્ય છે; અને "જે કવેળાએ સ્વર્ગને આપનારો પંથ લે છે તેને પણ ધન્ય છે."

પૃથ્વીરાજે જયપત્ર લખાવ્યું અને પછી પોતે દિલ્હી ભણી ચાલતો થયો; સાંજની વેળાએ પોતાના યોદ્ધાઓ સહિત તે નગરમાં પેઠો. એ પ્રમાણે તેણે પોતાના પિતાનું વૈર લીધું.

ઉપર પ્રમાણે ચંદ બારોટ વર્ણન લખે છે પણ બીજા ઇતિહાસ ઉપરથી જણાય છે કે મુસલમાનોની સાથે લડતાં પૃથ્વીરાજ ચૌહાણની હાર થઇને તે માર્યો ગયો ત્યારે ભીમ જીવતો હતો તથા ત્યાર પછી તેના જિતનારા મુસલમાનની સાથે લડતાં તેનો પણ પૃથ્વીરાજના જેવો જ માઠો પરિણામ થયો હતો.

મહમ્મુદ શાહબુદ્દીન ગોરિયે ગૂજરાત લેવાને મિથ્યા પ્રયત્ન કર્યો ત્યાર પછી આઠ વર્ષે (ઇ૦ સ૦ ૧૧૮૬ માં), દગાથી પોતે લાહોરનો ધણી થઈ પડ્યો, અને સુલતાન ખુશરૂ મલેકને તથા કુટુંબને કેદ કરીને ગ્યુરજીસ્તાન મોકલી દીધાં. પછી કેટલાક દિવસ વિત્યે તે સર્વને મારી નાંખ્યા એટલે સહ

મ્મૂદના વંશનો સંપૂર્ણ નાશ થવાથી સર્વ રાજ્ય ગજનવી વંશને બદલે ગોરી[1] વંશના હાથમાં ગયું.

હિન્દુસ્થાનના રજપૂત રાજાઓ ઉપર વાદળ ટૂટી પડવાનું હતું, અને તેની નિશાની દાખલ ગૂજરાત ઉપર બે હલ્લા થયા હતા તે એક ચેતવણી રૂપી સપાટા હતા, તે હવે ખરેખરૂં ટૂટી પડવાનો સમય આવ્યો. સોમનાથનો નાશ થયાંને વચ્ચે ઘણાં વર્ષ વહી ગયાં હતાં તેથી મુસલમાનની શક્તિ સિદ્ધ થઈ હતી, તથાપિ, તેનો ભોગ થઈ પડનારાઓએ, જાથુ અનુભવ મળ્યા છતાં, તેની સામે અટકાવ કરી રાખવાને કાંઈ પણ ચેતવણી લીધી નહિ એટલું જ નહિ, પણ ભ્રાતૃઘાતી લડાઇયો કરીને ઉલટો તેને આવી પ્હોંચવાને રસ્તો ઉઘાડી આપ્યો. ગૂજરાત અને માળવા, દિલ્હી, સામ્ભર અને કનોજ માંહોમાંહે કજિયા કરીને નિર્બળ થઈ ગયાં હતાં, અને માંહોમાંહની એકબીજાના ઉપર જિત અને હાર થવાને લીધે એકબીજાના મનમાં ઝેર વસી ગયાં હતાં તેનો સ્થાયી પરિણામ માત્ર એ જ થયો કે ખરા અંતઃકરણનો એકસંપ થવાની વેળા કદિ આવી નહિ.

સ્થાનેશ્વર અને કર્નાલની વચ્ચે તિરૌરી આગળ મહમદ ગોરીના પહેલા હલ્લાની સામે પૃથ્વીરાજે ઉત્કૃષ્ટ રીતે ટક્કર ઝીલી, (ઇ. સ. ૧૧૯૧) અને

---

૧ આપણા જોવામાં આવ્યું કે જેસલમેરનો લાંજા બિજિરાય મ્હોટા સિદ્ધરાજ જયસિંહની પુત્રી વ્હેરે પરણ્યો હતો. અણહિલવાડની એ રાજકુમારીને પેટ તેને ભોજદેવ કરીને એક પુત્ર હતો તે પોતાના બાપના મરણ પછી લોદરવાની ગાદીએ બેઠો; તેને હડાડી મૂકવાને તેનો કાકો જેસલ પ્રયત્ન કર્યાં કરતો હતો, પણ પાંચસેં સોલંકી રજપૂતો ભોજદેવનો ટકાવ કરી રહ્યા હતા. જેસલમેરના ઇતિહાસમાં લખ્યું છે કે, "આ સમયે, અણહિલવાડનો રાય, તાતારથી આવેલા ત્યાંના રાજાની ફોજ સાથે વારે "વારે લડાઇમાં મચતો હતો. તે ઉપરથી જેસલે પોતાની મતલબ પાર પાડવા સારૂ "તાતારના રાજા સાથે મળી જઇને અણહિલવાડ ઉપર હલ્લો કરવાનો નિશ્ચય કર્યો, "કેમકે એમ કરવાથી જ માત્ર સોલંકી રજપૂતો હલ્લા સામે થવાને ભોજદેવને મૂકીને "જાય એમ હતું. જેસલ પોતાના એક સગા સુભટ સાથે, બસેં અશ્વારો સહિત પંચનદ "ભણી ચાલી નીકળ્યો, ત્યાં ગોરના રાજાએ ઠઠ્ઠાના રાજાને જિતીને પોતાનું થાણું મૂક્યું "હતું તે તેને મળ્યો; તેની સાથે તે સિન્ધની પ્રાચીન રાજધાની અલોરમાં ગયો "ત્યાં તેણે પોતાના વિચાર જણાવી દીધા અને તે રાજા સાથે નિમકહલાલ રહેવાના "સોગન ખાઇને પોતાના ભત્રીજા પાસેથી દેશ ખૂંચી લેવા સારૂ ફોજ લીધી. લોદરવાને ઘેરો ઘાલ્યો અને તેનું રક્ષણ કરતાં ભોજદેવ મરાયો. રહેવાશી લોકો બે દિવસ "પોતાની માલમિલકત લઈ જાય ત્યાર પછી ત્રીજે દિવસે ગોરની ફોજ લૂંટ કરે એવો "પરવાનો મળ્યો. પછી લોદરવા લૂંટીને કરીમખાન લૂંટ લઇને બક્કર જવા નીકળ્યો."

દિલ્હીના રાજપ્રતિનિધિ (સુબા) **ચામુંડરાજની** સહાયતાથી તેણે **મુસલમાનોની** પૂરેપૂરી હાર કરી. ત્યાર પછી બે વર્ષે (ઇ. સ. ૧૧૯૩), ફરીને લડાઈ થઈ તે વેળાએ દૈવે હાથબદલો કર્યો. બન્ને સેના **સરસ્વતીના** કિનારા ઉપર મળી અને ઘણી વાર સુધી લડાઈ ચાલી તેમાં શત્રુની કુશળ વ્યૂહરચનાથી રજપૂતો ટક્કર ઝીલી શકે નહિ એવા થઈ ગયા હતા તેવામાં, સૂર્ય અસ્ત પામવા આવ્યો તે વેળાએ, બાર હજાર વીણી કૂહાડેલા કવચધારી અશ્વારો સહિત **મહમ્મદ ગોરિયે** જાતે હલ્લો કર્યો તેથી **હિન્દુની** સેનાનો કચ્ચરઘાણ વળી ગયો. **ચામુંડ** મરાયો, અને **ચૌહાણની** વિશાળ સેના "એક વાર ડગમગી એટલે મ્હોટી ઇમારતની પેઠે, એકદમ ધસી પડીને પોતાના જ ખંડેરમાં સમાઈ ગઈ." શૂરવીર **પૃથ્વીરાજને** પકડી પાડીને ત્યાં જ પૂરો કર્યો. પછી **મહમ્મૂદ** ગોરી જાતે **અજમેર** ગયો અને ત્યાં ઘાતકી રીતે કત્લ કરવાનું કામ ચલાવ્યું, ત્યાર પછી ગજનવી પાછાં જતાં રસ્તામાં દેશ લુંટતો અને નાશ કરતો ચાલ્યો. **હિન્દુસ્થાનમાં** પોતાના પ્રતિનિધિ તરીકે **મલેક કુતુબુદ્દીનને** પછવાડે મૂકતો ગયો, તેણે **મિરતનો** કિલ્લો અને **યોગિનિપુર** રાજનગર એ બે લઈ લીધાં. પછી જતે દિવસે પોતાના ધણીના મરણ પછી ગાદી ઉપર બેશીને **દિલ્હીમાં** ગુલામ વંશની સ્થાપના કરી.

બીજે વર્ષે (ઇ. સ. ૧૧૯૪માં) **મહમ્મૂદ** ગોરિયે **હિન્દુસ્થાનમાં** પાછાં આવીને **યમુના** નદીના કિનારા ઉપર **જયચંદને** હરાવીને **કનોજ** અને **કાશી** લીધાં; અને ત્યાંનાં એક હજાર દેવાલયોમાંથી મૂર્ત્તિઓ ભાગી નાંખીને નિમાજ પડવાની મસ્જીદો કરી દીધી. **રાઠોડ** રાજાએ, **હિન્દુને** પસંદ પડે એવું, પવિત્ર નદીમાં બૂડી જઇને, મરણ પ્રાપ્ત કરી લીધું. અદ્ભુત **કનોજ** શહેર **હિન્દુ**ઓનું કહેવાતુ બંધ થઈ ગયું, પણ તેમ ચાલતાં ઘણાં વર્ષ થયાં નહિ એટલામાં તો દુર્દૈવ થયેલા રાજાના પૌત્રોએ[1] **રાઠોડનો** વાવટો તેના ઉપર ફરીને ચડાવ્યો અને ત્યાર પછી ત્યાંથી લઈ જઇને **મરૂ** દેશમાં **જોધપુરના**[2] કિલ્લા ઉપર રોપ્યો. ત્યાં તેણે નિર્ભયપણે કુતુબુદ્દીનના રાજ્યનો નાશ થતો જોયો.

મુસલમાનના હલ્લાનો પ્રહાર ખમવાનો હવે **ગૂજરાતનો** વારો આવ્યો. "ઇ. સ. ૧૧૯૪ માં **કુતુબુદ્દીન** પોતાનું લશ્કર લઇને **ગૂજરાત** પ્રાન્તની "રાજધાની **નેહરવાલા** (**અણહિલવાડ**) ઉપર ચડ્યો, તેમાં **ભીમદેવને** હરા- "વીને પોતાના ધણીને પ્રથમ તેણે વીતાડયું હતં તેનું પૂરેપૂરૂં વૈર લીધું. તે

---

૧ **શ્યોજી** અને **સેતરામ;** જુઓ પૃષ્ઠ ૭૨ ની ટીપ **ર. ઉ.**

૨ **જોધપુરનો** કિલ્લો તો પછીથી બંધાયો છે, પણ એ વંશની હાલ **રાજધાની જોધપુર** હોવાથી એમ લખાયું છે.

"કેટલાક દિવસ સુધી દ્રવ્યવાન્ ગુજરાત દેશ લુંટવા મંડી ગયો, પણ ગજ-
"નવીથી આજ્ઞા આવ્યા પ્રમાણે તે છોડીને તેને તાબડતોબ દિલ્હી જવું પડ્યું."

બીજે ઠેકાણે એનો એ જ મુસલમાન ઇતિહાસકર્ત્તા લખે છે કે, કુતુબુદ્દીને અણહિલપુરમાં આવીને છાવણી નાંખી એટલે ભીમદેવનો સેનાપતિ જીવણરાય ત્યાંથી નાશી ગયો; પણ તેની પછવાડે લાગલી જ દોડ કરવાથી ફોજ લગભગ થઈ ગઈ એટલે જીવણરાય સામો થઇને લડ્યો તેમાં તે માર્યો ગયો તેથી તેની ફોજે નાસેડું લીધું. આ હારના સમાચાર ભીમદેવે જાણ્યા એટલે પોતાના રાજ્યમાંથી તે નાશી ગયો.

કુતુબુદ્દીનની જિત થઈ, તથાપિ ગૂજરાતમાં તેનો જાથુ કબ્જો થઈ ગયો નહતો; અને કદાપિ ભીમદેવને હાર ખાઇને નાસવું પડ્યું તો પણ તેની સત્તા કાંઈ ઓછી થઈ ગઈ નહતી. બે વર્ષ પછી, અથવા ઈ. સ. ૧૧૯૬ માં એ જ ગ્રન્થકાર લખે છે: "નાગોરનો રાજા, નેહરવાલાનો રાજા, અને
"બીજા કેટલાક હિન્દુ રાજાઓ તે દેશ માંહેલા મેર જાતના લોકો સાથે
"એકસંપ કરીને મુસલમાનો પાસેથી અજમેર ખુંચી લેવાનો વિચાર કરે છે
"એવા સમાચાર કુતુબુદ્દીનને મળ્યા. આ વેળાએ તેનું લશ્કર તેના પ્રાન્તમાં
"વિખરાઈ ગયું હતું તેથી દિલ્હીમાં તેની પાસે જેટલું હાજર હતું તેટલું લઇને
"જો બની શકે તો નેહરવાલાની ફોજ મળી જતાં અટકાવવાને માટે પોતે
"પિંડે ચડ્યો; પણ તેનું કાંઈ ચાલ્યું નહિ. લડાઈમાં ઘોડા ઉપરથી તે કેટલીક
"વાર પડી ગયો, અને તેને છ ઘા વાગ્યા તો પણ તે તેના સદાના ધીર-
"પણાથી લડ્યો, પણ પછી તેના માણસો તેને પાલખીમાં ઘાલીને બળાત્કાર-
"થી રણક્ષેત્રમાંથી અજમેર લઈ ગયા."

"મેર લોકો આ જિતથી બહુ રાજી થયા, અને ગૂજરાતની ફોજ સાથે
"મળી જઇને અજમેર આગળ જઇને અડાવીને બેઠા. એ વાત ગજનવીમાં
"રાજાના જાણવામાં આવી એટલે કુતુબુદ્દીનને છોડાવાને બળવાન્ ફોજ
"મોકલી. આશ્રય આવી પ્હોંચતાં સુધી તે અજમેર રાખી રહ્યો અને
"શત્રુઓએ તેને ઘેરો ઘાલ્યો. કુતુબુદ્દીનને ઘા વાગ્યા હતા તે રૂઝી ગયા
"એટલે ઘેરો ઘાલીને બેઠેલી ફોજ પછવાડે નેહરવાલા સુધી દોડ કરી, અને
"રસ્તે જતાં બાલી અને નાદોલના કિલ્લા લીધા. પછી તેને એવા સમાચાર
"મળ્યા કે વાલિન અને દારાબઝ, નેહરવાલાના રાજા સાથે મળી જઇને
"સિરોહી પ્રાન્તમાં આબુગઢ પાસે છાવણી કરીને ગૂજરાતમાં જવાના માર્ગ
"રોકી બેઠેલા છે. કુતુબુદ્દીનને રસ્તાની હરકતો અને જગ્યાના બાધ નડ્યા,
"તો પણ તેઓના ઉપર હલ્લો કર્યો; કહે છે કે આ પ્રસંગે શત્રુનાં સુમાર

"પચાસ હજાર કરતાં પણ વધારે માણસ રણમાં પડ્યાં; તે વિના વીસ "હજારને કેદ કરી લીધાં. જિત કરી લેનારાઓના હાથમાં ભારે લૂંટ આવી. "પછી પોતાની ફોજને થોડોક થાક ખાવા દીધા પછી કુતુબુદ્દીને ગૂજ- "રાતનો રસ્તો પકડ્યો તે દેશનો તેણે નાશ કરી નાંખ્યો, તેમાં કોઈ તેના "સામું થયું નહિ, ને નેહરવાલા પોતાને સ્વાધીન કરી લઈ એક સરદારને "બળવાન્ કિલ્લેદાર સહિત ત્યાં મૂકયો. પછી અજમેર થઇને તે દિલ્હી "ગયો અને ગજનીના રાજાને રત્ન, સોનું અને કેટલાક ગુલામ મોકલી દીધા."

ફેરિસ્તાના લખ્યા પ્રમાણે પરમાર વંશના ધારાવર્ષ અને પ્રલ્હાદનદેવ અણહિલવાડના ખંડિયા રાજા હતા, તેમને સ્વાધીન ચંદ્રાવતી અને આબુ એ બન્ને હતાં. કુમારપાળના વારામાં યશોધવળ થઈ ગયો છે એવું આગળ લખવામાં આવ્યું છે તેના તેઓ કુંવર હતા. ન્હાના કુંવર પ્રલ્હાદનને વિષે ઉપર લખેલા લેખમાં એમ લખ્યું છે કે શ્રીગૂર્જર દેશનો રાજા જે હતુજ, મુસલમાન હલ્લો કરનારનો કટ્ટો શત્રુ હતો તેનો તે બલવાન્ રક્ષક હતો. આબુ પર્વત ઉપર બીજો લેખ છે તેમાં પ્રલ્હાદનદેવ, તે વેળાએ યુવરાજ હતો એમ લખ્યું છે, કેમકે ધારાવર્ષનો પુત્ર સોમસિંહ તે વેળાએ જન્મ્યો ન હતો.

મહમ્મૂદ ગોરી સન ૧૨૦૫ માં મરણ પામ્યો ત્યારથી કુતુબુદ્દીન ઈબુક પાંચ વર્ષે મરણ પામ્યો ત્યાં સુધી દિલ્હીના પાદશાહ તરીકે તેણે રાજ્ય કરયું. બીજા ભીમદેવના રાજ્ય સંબંધી બીજું કાંઈ લખવા જેવું નથી. તે ૧૨૧૫માં મરણ પામ્યો. તે પોતે મૂલરાજના ચાલુક્ય વંશમાંનો છેલ્લો રાજા હતો: કુતુબુદ્દીને અણહિલવાડમાં મુસલમાન કિલ્લેદાર મૂકયા હતા તે કદાપિ પાછા બોલાવી લીધા હશે, અથવા રહેતાં રહેતાં તેઓનો નાશ થઈ ગયો હશે, કેમકે તેઓ ત્યાં રહ્યા હોય એવું બીજે કોઈ ઠેકાણે લખેલું જોવામાં આવતું નથી; અને ભીમદેવના મરણ પછી પચાસ વર્ષે દિલ્હીમાં ગ્યાસુદીન બુલ- બુલ રાજ્ય કરતો હતો ત્યારે ફેરિસ્તા લખે છે કે, ગૂજરાત અને માળવા પ્રાન્તો જે કુતુબુદ્દીને પોતાના રાજ્ય સાથે જોડી દીધા હતા પણ ત્યાર પછી તેઓએ મુસલમાનોનું ઝુંસરૂં કાહાડી નાંખ્યું હતું તે રાજ્યો ઉપર ચડાઈ કરવાની તેના પ્રધાનોએ તેને સલાહ આપી. પણ તેના રાજ્યની ઉત્તર દિશાના તાતારના મોગલોની બીકને લીધે ગ્યાસુદ્દીનને તે પ્રમાણે અમલ કરવાને બની આવ્યું નહિ.

તેરમા સૈકડાની સમાપ્તિ થતાં સુધી અણહિલવાડ મુસલમાનોના સ્વા- ધીનમાં થયું ન હતું, પણ તે પછી અલ્લાઉદ્દીન ખીલજી જે ગૂજરાતના

એકુતોને ખૂનીને નામે જાણીતો થઈ પડ્યો છે તેના સાહસિક હાથ નીચે તે આવી પડ્યું.

ભાષાન્તરકર્ત્તાની ટીપ.

બીજા ભીમદેવના ઉપર ઘણી આપત્તિયો આવી તેથી તે નબળો પડી ગયેલો જણાય છે. આ વાતને **કીર્ત્તિકૌમુદી** ઉપરથી ટેકો મળે છે. આગળ જણાવ્યા **પ્રમાણે** તેમાં લખ્યું છે કે, બળવાન્ મંત્રિયો અને માંડલિક રાજાઓએ રહેતાં રહેતાં તે બાળરાજાનું રાજ્ય વ્હેંચી લીધું. વળી **સુકૃત સંકી**ર્તનમાં લખ્યું છે કેઃ—

सततवितत दानक्षीणनिःशेषलक्ष्मी रितसितरुचिकीर्त्तिभीमभूमिभुजंगः ॥
बलकवलितभूमीमंडलो मंडलेशश्चिरमुपचितचिन्ता चांतचित्तांतरोऽभूत् ॥ ५०॥

નિરંતર ઘણું દાન આપવાથી જેની સમગ્ર લક્ષ્મી ક્ષીણ થયેલી છે, અને અતિ શ્વેત કાંતિવાળી છે કીર્ત્તિ જેની અને માંડલિક રાજાઓએ જેનું ભૂમિમંડળ બળે કરીને લીધું છે એવો **ભીમ ભૂ**મિપતિ લાંબા સમયથી પ્રાપ્ત થયેલી ચિંતાવડે ઘેરાયલા ચિત્તવાળો થયો.

સંવત્ ૧૨૮૦ ના પૌષ શુદિ ૩ ભોમવારનું તામ્રપત્ર ડા. **બ્યુ**લરની **ચૌલુ**ક્ય લેખાવલિને પૃ. ૫૮ થી ૬૮ સુધી છે તેમાં **જ**યંતસિંહને श्रीमदणहिलपुरराजधानी अधिष्ठित अभिनव सिद्धराज श्रीमज्जयंतसिंहदेव કરીને લખ્યો છે. આ ઉપરથી જણાય છે કે **બીજા ભીમ**દેવનું રાજ્ય તે દબાવી પડ્યો હતો. પણ ત્યાર પછી સંવત્ ૧૨૮૩, ૧૨૮૮, ૧૨૯૫, અને ૧૨૯૬ ના લેખ **ભીમ**દેવના છે તેથી જણાય છે કે, **જ**યંતસિંહની પાસે રાજા તરીકેનો કબ્જો ઝાઝી વાર રહ્યો નથી.

સંવત્ ૧૨૯૯ ના ચત્ર શુદિ ૬ સોમનો લેખ એ જ પુસ્તકમાં પૃ. ૧૦૫ થી ૧૧૨ સુધી છે તેમાં–

श्री भीमदेवपादानुध्यातमहाराजाधिराजपरमेश्वरपरमभट्टारकशौर्योदार्यगांभीर्यादि गुणालंकृतश्रीत्रिभुवनपालदेवः

આ પ્રમાણે લેખ છે તેથી જણાય છે કે **બીજા ભીમ**દેવ પછી **ત્રિ**ભુવનપાળદેવ રાજા થયો છે. તેમ જ એ લેખની રાજાવલિમાં **જ**યંતસિંહ દેવનું નામ પણ દાખલ કરવામાં આવ્યું નથી.

ત્રિભુવનપાળ કોણ હતો એની ખબર પડી નથી, પણ તેણે સંવત ૧૨૯૮ થી ૧૩૦૦ (સન ૧૨૪૨ થી ૧૨૪૪) સુધી બે વર્ષ રાજ્ય કર્યું એમ કેટલાક કહે છે. પરંતુ ડા. **ભાઉ દાજી**એ એક પટ્ટાવલી પ્રસિદ્ધ કરી છે તે

પ્રમાણે ભીમદેવ બીજા પછી ૭ દિવસ સુધી તેની પાદુકા ગાદિયે મૂકીને કારભારિયોએ રાજ્ય ચલાવ્યું ત્યાર પછી ત્રિભુવનપાલ ગાદિયે બેઠો તેણે ૨ માસ અને ૧૨ દિવસ રાજ્ય કર્યું.

આ સમયનાં લખાણોમાં મુખ્ય કીર્તિકૌમુદી, સુરથોત્સવ, સુકૃતસંકીર્તન, અને ચતુર્વિંશતિપ્રબંધ અંતર્ગત વસ્તુપાલપ્રબંધ, વસ્તુપાલ તેજપાલચરિત, પ્રબંધચિન્તામણિ આદિ છે.

કીર્તિકૌમુદીનો કર્ત્તા, સોમેશ્વર, ચૌલુકયનો વંશપરંપરાનો પુરોહિત હતો તેણે સુરથોત્સવ કાવ્ય રચ્યું છે તેમાં બીજા ભીમદેવના સમયમાં થઈ ગયેલી રાજ્યની અવસ્થાની લાગણી તેને થવાથી આ કાવ્ય તેણે રચ્યું હોય એમ સમજાય છે. સુરથના અમાત્યો, તેના શત્રુઓની સાથે મળી જવાથી તેનું રાજ્ય જતું રહ્યું, એટલે તે, અરણ્યમાં જઇને વશ્યો છે ત્યાં તેને એક મુનિનો સમાગમ થતાં, તે મુનિ તેને ભવાનીની આરાધના કરવાની સલાહ આપતાં ચંડીપાઠ અથવા સપ્તશતીમાં જે પરાક્રમ વર્ણવેલું છે તે કહી સંભળાવે છે એટલે સુરથ તપશ્ચર્યા કરે છે તેથી ભવાની પ્રસન્ન થાય છે અને તેને તેનું રાજ્ય પાછું મળશે એવો આશીર્વાદ આપે છે તેવામાં તેના જે સ્વામિભક્ત માણસો હતા તેઓ તેના કૃતઘ્ન અધિકારિયો આદિનો નાશ કરીને સુરથને ખોળવા નીકળે છે, અને તે હાથ લાગતાં, તેને મ્હોટી ધામધુમથી તેની રાજધાનીમાં પાછો આણીને તેની રાજ્ય ઉપર સ્થાપના કરે છે.

સુરથ પ્રમાણે બીજા ભીમદેવની સ્થિતિ થઈ છે. તેને તેના અમાત્યો અને માંડલિક રાજાઓએ બહુ પજવણી કરી છે. જયંતસિંહ અણહિલવાડનો કબજો કરી બેઠો, પણ છેવટે તેને ખશેડવામાં આવ્યો, અને ભીમદેવની સત્તા પાછી ચાલતી રહી.

કુમારપાળના પ્રકરણમાં આપણા જોવામાં આવ્યું કે, તેની માશીનો પુત્ર અર્ણોરાજ જે વાઘેલમાં મંડલિક રાજા તરીકે રહીને કુમારપાળનો રાજભક્ત થઈ રહ્યો હતો તેનો પુત્ર લવણપ્રસાદ પરાક્રમી નીવડશે એવું ભવિષ્ય કથવામાં આવ્યું હતું તે લવણપ્રસાદ ભીમદેવની પાસે રાજ્યકારભારમાં સારો ભાગ લેતો હતો. ધોળકા, ધંધુકા આદિ પ્રદેશ તેના મંડળમાં જોડાયો હતો અને તેના પુત્ર વીરધવળે પણ પોતાના પિતાની પડખે રહીને જે ભાગમાં અવ્યવસ્થા ચાલતી હતી તે ભાગમાં વ્યવસ્થા સ્થાપી દીધી હતી. ગુર્જરધરાની રાજ્યલક્ષ્મિયે ભીમદેવને સ્વપ્નમાં દેખા દઇને વીરધવલને પોતાનો યુવરાજ સ્થાપવાની સૂચના આપેલી હતી. આ સમયમાં લવણપ્રસાદ અને વીરધવલનું પૂર્ણ ચલણ થઈ ગયેલું જોવામાં આવે છે તેના સમયના છેલ્લા

તામ્રપટોમાં **વી**રધવલના પૂર્વજના નામથી સ્થપાયલી **આ**નલેશ્વર અને **સલ**-ખણેશ્વર દેવનાં ધર્મસ્થાનકોમાં ગામગ્રાસ અપાયો છે.

વીરધવલે ઘણો દેશ હાથ કર્યો અને કચ્છમાં આવેલા **ભદ્રે**શ્વરના **ભી**મસિંહ પ્રતિહાર સાથે, ગોધ્રાના ઘુઘુલ સાથે, અને દક્ષિણના **યાદ**વ રાજા સિંઘન સાથે તથા તે પ્રસંગે મારવાડમાંથી આવી પ્હોંચેલા ચાર શત્રુરાજા સાથે યુદ્ધ મચાવ્યું અને મોટું પરાક્રમ પ્રાપ્ત કરી લીધું ત્યારે એને **અ**ણહિ-લપુરના **મ**હારાજાધિરાજનું પદ ધારણ કરવાનું કહેવામાં આવ્યું પણ **ભી**મ-દેવ પ્રતિ કૃતજ્ઞતા દાખવીને પોતાનું **રા**ણક–**રા**ણાપદ એ જ પોતાને યોગ્ય છે એમ કહીને તેણે તે વાત સ્વીકારી નહિ અને પોતાના જીવતર સુધી તે **રા**ણો જ રહ્યો. **ભી**મદેવ સ્વર્ગે ગયો અને તેની પછવાડે ત્રિભુવનપાલ સંવત ૧૨૯૮ થી ૧૩૦૦ (ઈ. સ. ૧૨૪૧–૪૨ થી ૧૨૪૩–૪૪) ગાદિયે રહ્યો ત્યાર પછી **વી**સલદેવ (**વી**રધવલનો પુત્ર) **અ**ણહિલવાડનો રાજા થયો.

પ્રકરણ ૧૩ મું

અણહિલપુરના રાજ્યનું પશ્ચાદવલોકન

બીજા **ભી**મદેવનું મરણ થયું ત્યાં સુધી અમે લખતા આવ્યા, એ સંધિ **અ**ણહિલપુરની વાતનું વિવેચન કરવાને ઠીક પડે એવી છે. **સિદ્ધ**રાજ અને **કુ**મા-રપાળના રાજ્યનો છેલ્લો પરાભવ થયો ત્યાર પછી ઘણી મુદત સુધી ગૂજરાતમાં નિર્ધણિયો કારભાર ચાલવા લાગ્યો. **મુ**સલમાનોની જિત થતી ચાલુ રહી; અને મુખ્ય રાજ્યની નબળાઇને લીધે ન્હાના ન્હાના હલ્લા થવા લાગ્યા તેથી ગડબડાટમાં વધારો થવા લાગ્યો. આ સમયે કોઈ કોઈ વાર **વ**નરાજના નગ-રના દેવાલય અને બુરજો ઉપર તેની આબાદાનીનો પ્રકાશ ચકચકી રહ્યો હતો, પણ હવે પછી તો તે અસ્ત પામતા સૂર્યનું પ્રકાશસ્થાન થઈ પડ્યું; હૃદય માત્ર ધીરૂંધીરૂં ધડકી રહ્યું પણ અવયવો તો થંડાંગાર થઈ પડ્યાં—

"મરવા પડેલા પશુ ઉપર કાગડો રાહ જોઈ રહે તેમ ભાગી પડેલી
"ધામધુમની ઝુમી રહેલી પડતી દશા ઉપર મહા વિનાશ અથવા ગડબડાટ
"વાટ જોઈ રહે છે." (એમ એક કવિના કથન પ્રમાણે સ્થિતિ થઈ પડી.)

જે ગ્રંથકારોના પુસ્તકો ઉપરથી અમે વર્ણન આપ્યું છે તે ગ્રંથકારો વિષે પ્રારંભમાં અમે થોડુંક લખિયે છિયે,—**ર**ત્નમાળાનો કર્ત્તા કૃષ્ણાજી જે જાતે બ્રાહ્મણ હતો તેનો વૃત્તાન્ત કાંઈ જાણવામાં આવ્યો નથી. તેણે બીજા **ભી**મદેવના મરણ પછી પોતાનો ગ્રંથ રચ્યો છે, પણ તે વાત બન્યાને ઘણી

વેળા વીતી ગઈ હોય ને ત્યાર પછી તેણે લખ્યું હોય એમ લાગતું નથી. તેણે પોતાની પ્હેલાં થઈ ગયેલા ગ્રંથકારોના પુસ્તકોનો આધાર લઇને લખ્યું છે તે નીચેના છપ્પય ઉપરથી જણાય છે.

छप्पय—"ज्यौं दधिमंथन करत, हरत घृत तक्र तजीकें;
इक्षु पीडी रस ग्रही नहि लह शेष सजीकें;
रजतें कंचन लेत, देत रज दूर ही डारी;
कूकसतै कन ब्हैं, तीलतें तैल निकारी;
सब ग्रंथ पंथ अवलोकिकें, सार युक्ति सची;
अस ग्रंथ एहि अभिधानकी, रत्नमालिका शुभ रची"

દ્ધયાશ્રયનો પ્રારંભ, પ્રસિદ્ધિ પામેલા **હેમાચાર્યે** કરેલો જણાય છે. તે કુમારપાળના રાજ્યની સમાપ્તિએ ઈ૦ સ૦ ૧૧૭૪ ની પ્હેલાં મરણ પામ્યો હતો. ત્યાર પછી **પ્રલ્હાદનપટ્ટણ**(સોવશા **પાલણપુર**)માં **લેશાજયતિલકગણી** કરીને **જૈન** સાધુ હતો તેણે તે અધૂરા ગ્રંથનું સાંધણ ચલાવીને ઈ૦ સ૦ ૧૨૫૬ અથવા સંવત્ ૧૩૧૨ ની દિવાળીને દાહાડે પૂરો કર્યો. ત્યાર પછી તેના ઉપર **લક્ષ્મીતિલક** કવિએ, શુદ્ધ કરીને, ટીકા રચી છે, એવું ઉપરનો સાધુ લખી ગયો છે. શ્રી **દુર્લભરાજ** રાજ્ય કરતો હતો તે વેળા શ્રી **વર્દ્ધમાન** આચાર્ય ગૂજરાતમાં પ્રવાસ કરતો હતો તેની **દીક્ષાવલિમાં**નો નવમો **લેશાજ્ય** પુરૂષ હતો એવું પોતે માને છે. **દ્ધયાશ્રય**માં **સંસ્કૃત** ભાષાના વ્યાકરણની રચના વિષેની સમજણ આપી છે તથા **સિદ્ધરાજ**ના વંશનું વર્ણન કરેલું છે. એવા દ્વી (બે) હેતુ ઉપરથી એ ગ્રંથનુ નામ **દ્ધયાશ્રય** પાડ્યું છે. આવા દુષ્પટ વિષયની રચના તેણે શ્લોકબંધ, ક્રમ પ્રમાણે રચી છે, તો પણ વિષયને અનુસરીને અર્થ લગાવી લેવાનો છે.

પ્રબન્ધ ચિન્તામણિ નામનો ગ્રંથ **દ્ધયાશ્રય** પછી જરા મોડો થયો છે. તે **વર્દ્ધમાનપુર**, જે હવણાં **વઢવાણ** કહેવાય છે ત્યાં ઈ. સ. ૧૩૦૫ અથવા સંવત્ ૧૩૬૧ ના વૈશાખ શુદિ ૧૫ ને દિવસે પૂર્ણ કરવામાં આવ્યો છે તેનો કર્ત્તા ત્યાંનો **મેરૂતુંગ** કરીને **જૈન** ધર્મનો આચાર્ય હતો તે છે. શ્રી ગુણચંદ્ર આચાર્યે આ ગ્રંથ જેવો, અને એવા જ નામનો ગ્રંથ લખ્યો છે. અથવા એમ નહિ તો કદાપિ એ જ ગ્રંથનો તેણે પ્રારંભ કરયો હશે એવું **મેરૂતુંગ** પોતે લખે છે. ગ્રંથકર્ત્તા પોતાની પ્રસ્તાવનામાં લખે છે કે, "પૂર્વની વાતો સાં-
"ભળીને પંડિતોનાં મન તૃપ્તિ પામ્યાં નથી, એટલા માટે, હું મારા પ્રબન્ધ-
"ચિંતામણિ ગ્રંથમાં હવણાંના મહારાજાઓની વાતોનું વર્ણન મારી અલ્પ
"મતિ છતાં શ્રમ લઇને કરૂં છું."

આ બન્ને ગ્રંથોનો મુખ્ય આધાર અમે લીધો છે, પરંતુ તેમાં લખેલી વાત ખુલાસાથી સમજાવવાને અને તેનો સંબન્ધ બતાવવાને, જૂના લેખો, તામ્રપટો, મુસલમાન ઇતિહાસકારોએ લખેલું વર્ણન, ચંદ બારોટનો રાસ, તથા ભાટચારણોની મ્હોડાની વાતો અને દંતકથાઓ પણ દાખલ કરી છે.

વઢવાણ અને પાલણપુરના જૈન સાધુઓના ગ્રંથોની રચનાની ઢબ જેવી મળતી આવવી જોઇયે તેવી મળતી આવે છે. ધર્મપ્રકરણ કરતાં રાજ-પ્રકરણને તેઓ ઉતરતી પંક્તિનું ગણે એમાં નવાઈ નથી; પણ એ બન્ને વિષયમાં સંબંધપૂર્વક લખવાનો પ્રયત્ન કરવાને બદલે તેઓ માત્ર વાતો લખીને સંતોષ પામ્યા છે. તેઓએ લખેલું સંક્ષિપ્ત વર્ણન બધુંય ખોડીલું છે, તથાપિ અમારે આ ઠેકાણે લખવું જોઇયે કે તે અસત્ય નથી; કેમકે ઘણું કરીને જેટલા દાખલાનો મુકાબલો કરવાને બની આવ્યું છે તે દરેકમાં તેઓનું લખાણ અને સૂચન બીજા ગ્રન્થોના પ્રમાણથી ખરૂં ઠર્યું છે અને તેનો ખુલાસો થઈ ગયેલો છે, તેમ જ વળી, જેમ વધારે શોધ થતો જશે તેમ આથી પણ વધારે મળતાપણું સિદ્ધ થતું જશે, એવી કલ્પના કરવી અઘટિત નથી. દ્ર્યાશ્રયમાં હેમચન્દ્રનો રચેલો કેટલો ભાગ હશે એ જાણ-વાને બની આવે, અને લેશાજય અને લક્ષ્મીતિલકના હાથથી ફેરફાર થયા વિનાનો તેમાંનો કેટલો ભાગ હાલના પુસ્તકમાં હશે, એ જણાય તો મુખ્ય રાજ્યો માંહેલાં એ રાજ્ય વિષે તે જ વેળા થયેલા ગ્રંથકારના અભિપ્રાય આપણા જાણવામાં આવે. પણ આવો પત્તો લાગવો અશક્ય છે; માટે આ જૈનોનાં લખેલાં વર્ણન, જે સમયે લખવામાં આવેલાં તે જ સમયના નોંધી રાખેલા રાસ તરીકે માની લેવાં જોઇયે. આવા પ્રકારની એ વર્ણનની તુલના કરિયે તો પણ તેઓ મૂલ્યવાન નથી એમ નથી. એ વર્ણન વડે, બીજાં સાહિત્યોનો ખુલાસો થાય છે અને સંબંધ બેસે છે એટલું જ નહિ પણ ઘણી વાર તો તેઓનો પત્તો બેસારવાનાં સાધન થઈ પડે છે; અને અગર જો તેમાં આવેલી વાતો બીજી કેટલીક વાતો સાથે જેટલી મળતી આવે તેટલી પૂરેપૂરી માનવામાં આવે તો પણ જે સમયે તે લખવામાં આવ્યું તે સમયે ચાલતા વિચાર અને મનોભાવનું વલણ, રાજકાર-ભાર, અને રીતભાત એ વિષેની સામટી સૂચના પૂરી પાડે છે, એની ના કહેવાય એમ નથી. તેમ જ અમને લાગે છે કે, મુસલમાનોની જિત થતાં પ્હેલાંના સૈક-ડામાં મધ્યકાલીન હિન્દુસ્થાન વિષે કેટલું જુજ જાણવામાં આવેલું છે, અને તે સમયનું જે કાંઈ રહેલું હોય તે હવણાંના હિન્દુ લોકો વિષે ખરી માહિ-તગારી મેળવવાને કેટલું બધું ઉપયોગનું છે તે વિષેનો વિચાર જે કરશે તેની નજરમાં એ વર્ણનનું ખરૂં મૂલ છે તે કરતાં ઓછું કરી નાંખવામાં આવશે નહિ.

ચંદ બારોટનો રાસ જેવો ભભકદાર વર્ણન ભરેલો અને રમુજ પમાડે એવો છે તે જ પ્રમાણે તે વિષે કાંઇકિ વિશેષ વિચારથી અભિપ્રાય આપવાની અગત્ય છે. ભાટ અને ચારણો રાસ લખનારા થઈ ગયા તેમાં **ચંદ બારોટ** કીર્ત્તિમાં પ્રથમ ગણાય છે, અને એના રાસમાં ખામિયો છે તે પ્રમાણે ખુબિયો પણ છે. એને વિચારશીલ વર્ણનકર્ત્તા ગણી શકાય નહિ, પણ એ **ચૌહાણ**નો દસોંદી હતો તેથી કસુંબાની કેફથી ઉશ્કેરાયેલો ના ગણિયે તો પણ ઓછામાં ઓછો અને પોતાના પક્ષના મમતથી ઉશ્કેરાયેલો અને યુદ્ધની કેફથી કેફી થયેલો ગણવો જોઇયે. એનો રાસ એવો અશુદ્ધ છે કે કોઈ કોઈ ઠેકાણે સમજાઈ શકાતો નથી, અને જ્યાં ભાવાર્થ સમજાય એવો છે ત્યાં પણ **ચંદ**નું મૂળ લખેલું કેવું હશે તે, પછવાડેથી થઈ ગયેલા બહુ ફેરફાર આગળ ઓળખી ક્હાડવું ઘણું કઠિન છે—તે એટલું બધું કે આખા પુસ્તકના ખરાપણા વિષે ઠેકાણે ઠેકાણે ઘણું કરીને સંશય ઉત્પન્ન થયા વિના ર્‌હેતો નથી. આગળ આપણા જોવામાં આવ્યું કે **ચંદ**ના લખવા પ્રમાણે **પૃથ્વીરાજ ચૌહાણ**ના હાથથી બીજો **ભીમ**દેવ માર્‍યો ગયો છે, પણ ખરૂં જોતાં **પૃથ્વીરાજ** મરણ પામ્યો ત્યાર પછી પણ તે કેટલાંક વર્ષ સૂધી જીવતો હતો. તેમ જ બીજે ઠેકાણે ગૂજરાત માંહેલી જાતિયોનાં કુટું-બોનાં નામ જે બનાવવાના સંબંધમાં લખેલાં છે તે બનાવો, બીજા બધા લખનારાઓના અભિપ્રાય પ્રમાણે, **ચંદે** લખેલી જાતિયોના સ્થાપનારા જીવતા હતા તેની પ્હેલાં સેંકડા ઉપર બની ગયેલા છે. **ચંદ બારોટ**ના રાસના ખરાપણ વિષે શંકા આણ્યા વિના કદાપિ **ભીમ**ના મરણ વિષેના ફેરફારવાળા લખાણનો ખુલાસો થઈ શકે છે, તે એવી ધારણા કરવાથી કે **ચંદે** પોતાના રાજાની કીર્ત્તિ વધવાની આતુરતાથી એવું લખ્યું હશે; તેમ જ બીજા પ્રકારની જે ફેરફારી છે તે માંહેલી કેટલીકને સાચી ઠરાવવાને એમ કહી શકાય છે કે જે વેળાને અનુસરીને **ચંદ** લખે છે તે વેળાએ, તેણે લખેલી જાતિયો હૈયાતીમાં નહિ હોય પરંતુ તેના સમયમાં હશે; તથાપિ, **પીરમ**ના **ગોહિલ**નાં પરાક્રમનાં ગીત **ચંદ બારોટ** ગાય છે અને એ **બારોટ**ના વારાના સમય પછી લગભગ એક સેંકડા સુધી ગોહિલે **પીરમ**નો કબજો લીધેલો જોવામાં આવતો નથી, ત્યારે આવા દાખલા સંબંધી શો ખુલાસો કરવો? અમને લાગે છે કે આખો રાસ જે **ચંદ બારોટ**ના નામથી ઓળખાય છે તે બધોય તેનો લખેલો નહિ હોય, એવું માન્ય કરયા વિના સિદ્ધિ નથી; અને જ્યારે આવી વાત ઉઘાડી પડે છે ત્યારે ખરૂં કિયું અને ઉમેરો કિયો અથવા ઉમેરો થયો તે કેઈ વેળાએ થયો એ જૂદું પાડવું બહુ કઠિણ થઈ પડે છે.

ઉપર લખેલા ચિતાર આપનારાઓના હાથથી અણહિલવાડનો ચિતાર જે આપણને મળે છે, તેમાંનો મુખ્ય ચિતાર રાજા વિષેનો છે. તેની ઓથે શ્વેતામ્બરધારી જૈન સાધુઓ અથવા બ્રાહ્મણો આવી રહ્યા છે; સાકશન ફરશી વડે રક્ષાયલા અને અનૌરસ ઉલિયમના નાઇટ જેવા, ચોયણા પ્હેરેલા રજપૂત જાતિના યોદ્ધાઓ વિંટળાઈ વળેલા છે, અથવા યુદ્ધમાં તેમના સરખા જ શૂરા, અને સલાહ આપવામાં વિશેષ ડાહ્યા, વ્યવહારમાં સરલ પણ ક્ષત્રીના સરખું એટલું બધું જુસ્સા ભરેલું લોહી જેઓની રગોમાંથી ફરતું નહિ એવા વાણિયા મંત્રીશ્વરો આવી રહ્યા છે. વળી શૂરવીર મંડળની એક બાજુએ અર્ધાપર્ધાં પોતાની મેળે શૂરવીર એવા બંદીજનો અને ગાંધર્વો ઉભા રહ્યા છે, અને તેથી જરા છેટે, બોલવામાં જ માત્ર જુસ્સાથી ભરેલા, એવા સલાહસંપવાળા ખેડુતો પૃથ્વીની ઉપજની ભેટ સહિત ટોળે વળી રહ્યા છે; તેમની પછવાડે, જેઓના જોરજુલમને લીધે વિશ્વાસ કરેલો, તો પણ જેઓની ધાસ્તી પેટમાં પડતી, અને જેમના વિના ચાલે નહિ એવા તેઓના રક્ષક, અને તેના તેજ તેમને લૂટનારા, રંગે કાળા મેશ જેવા, અને ડુંગર-તથા કોતરના મૂળ ર્‌હેવાશી એવા કામઠિયોવાળાની હાર આવી રહી છે.

રાજાના પિંડનો ચિતાર દબદબા ભરેલો છે; લાલ ચટક જેવું રાજ-છત્ર તેના ઉપર ધારણ થઈ રહ્યું છે; તેના મસ્તકની પછવાડે મૂર્તિમાન્ સૂર્ય સોનામાં ચકચકી રહ્યો છે; તેનો કંઠો વિલાસમય મોતિયોનો શોભી રહ્યો છે; અને તેના બાજુબંધ ચળકતા હીરાના આવી રહ્યા છે; આવું છતાં પણ તેનો આકાર નિષ્પુરૂષ જેવો દેખાતો નથી, તેના પિંડદાર ભુજને ભાલો અને તર-વાર એ બન્ને સારાં શોભતાં આવે છે; તેની આંખ યુદ્ધના અંગારાથી લાલ ચટક બની રહી છે; મહેલનાં ચોઘડિયાંનો સહવાસ તેને જેવો પડી ર્‌હેલો છે તે પ્રમાણે યુદ્ધનાદ તેને થઈ ર્‌હેલો છે; તે રાણીબચ્ચો, ક્ષત્રીનો પુત્ર, અભિષેક થયેલો રાજા, અને ઢાલવાળો માણસ છે.

સુંદરીનો ચિતાર જોવાને બીજા પડદા ઉપર નજર કરિયે તો તે સ્વ-યંવરમંડપમાં પોતાના મનમાનતા શૂરા પુરૂષને પસંદ કરતી, કામની સાથે રતિ શોભે તેમ, તેની સાથે શોભતી, આપણા જોવામાં આવે છે. પછીથી જોઇયે તો તે માનવંતી માતા થયેલી, અને પોતાના યુવાન્ પુત્રનું રાજ ચલાવતી, અથવા તેની પાકી વયની વેળાએ રાજકાજમાં તેને સલાહ આપતી, અને ધર્મનાં અને દયાનાં કામ તેની પાસે કરાવતી જણાય છે; અથવા ફરીને પાછી જોઇયે તો શી દુઃખની વાત! તેનો દેખાવ કેવળ જૂદો જ બની ગયેલો દેખાય છે. બ્હાવરાપણાથી વિલક્ષણ રીતે ઘેંઘાયલી આંખ થયેલી અને

પોતાના ખોળામાં પોતાના ધણીના મડદાનું માથું મૂકેલું જોવામાં આવે છે, તે સાથે વળી, રણશિંગાનો કઠોર અવાજ તથા વ્હેમ ભરેલી ઘેલછાની એ કરતાં પણ વધારે કઠોર ચીસો કાનને ખેદ પમાડે છે; તેમ જ ચિતાનો ભડકો જુસ્સાથી સળગતો ચાલે છે અને કાળો મેશ જેવો ધુમાડો ઉપર છવાતો દેખાય છે તેથી જાણે આવો કમકમાટ ભરેલો દેખાવ આકાશની નજરે પડવાથી સંતાડી રાખવાનો હેતુ હોય એમ લાગે છે.

હિન્દુઓનાં વર્ણનમાં, જમીનના વહિવટ વિષેનો વિષય, મુખ્યત્વે કરીને જાણવા જેવો છે. જે પુસ્તકોના આધારથી અમે લખિયે છિયે તેઓના બનાવનારાના ધારવામાં બેશક એમ આવેલું કે એ વાત તો આખા જગતને જાણીતી છે; તેથી તેઓનું નિરાળું વર્ણન કરવાની કાંઈ અગત્ય નથી. અહિંતહિંથી અનાયાસે અમારા જાણવામાં આવ્યું છે કે ઉપજમાં રાજાનો ભાગ હતો; કોઈ વેળાએ તો રાજા પોતાના મંત્રિયોની મારફત ઉઘરાવી લેતો હતો અને કોઈ વેળાએ ગામના અધિપતિયો, ખેડુતો પાસેથી દાણાનો ભાગ ઉઘરાવી લેતા તેની પાસેથી રાજા પોતાનો ભાગ લેતો. દેશમાં "ગ્રામ" અથવા ગામ વશેલાં હતાં અને ત્યાંના રહેવાશી કૌટુંબિક (કણબી), અથવા ખેડુત (કાર્ષક) કહેવાતા; ગામના મુખી, પટકીલ અથવા પટેલ હતા. ખેડુતો જેવા હવણાં પોતાના કામમાં રોકાયલા રહે છે તેવા ત્યારે પણ રહેતા હતા. પાક ઉગવા માંડે એટલે કાંટા અથવા થોરિયાની વાડો પોતાનાં ખેતરોને કરતા. અને ત્યાર પછી તે વધારે વધવા માંડે એટલે પંખિયોને ટોહોવા મંડી જતા. ખેડુઓની બાયડિયો, આજની પેઠે, ખેતર માંહેના ડાંગરના પાકનું રખેવાળું કરતી, પોતાના ગીત વડે સીમને આનંદમય કરી દેતી. વર્ષાદ વરસતો નહિ તો રાજાનો ભાગ આપવામાં વાંધો ઉઠતો અને તે લેવાને ખેડુતોને કેદમાં નાંખ્યા વિના સિદ્ધિ રહેતી નહિ. તોય પણ તેઓ હઠીલાઈ પકડી રહેતા અને લાચાર છોકરાંની પેઠે ઘોરણ પકડીને પોતાના ઉપર રાજાની દયા ઉપજાવતા. આથી કરીને બંને બાજુવાળાઓને રડાકૂટારા થતા અને છેવટે પંચાત કરાવીને છૂટકો કરવામાં આવતો તે હાલમાં કેટલાંક દેશી રાજ્યો છે ત્યાં જે વહિવટ ચાલે છે તેને બરાબર મળતું આવે છે.

દેવસ્થાન અને ધર્મગુરૂઓને મુખ્યત્વે કરીને રાજાના તરફથી ભોંય આપવામાં આવતી. એ વિષેના ઘણા દાખલા નોંધી રાખવામાં આવેલા છે; જેમકે બ્રાહ્મણોને સિદ્ધપુર અને સિહોર આપવામાં આવ્યાં હતાં; અથવા જૈનોને ચાલી ગામ આપવામાં આવ્યું હતું—આવી રીતનું મળેલું દાન, "ગ્રાસ" કહેવાતો હતો અને તે સમયે એ શબ્દ "ધર્મદાન"ને ઠેકાણે વાપરવામાં આવતો.

જ્યારે મૂળરાજે અણહિલવાડમાં ત્રિપુરુષપ્રાસાદ નામનું મહાદેવનું દેવલ બાંધ્યું હતું ત્યારે તે જેના સ્વાધીનમાં કર્યું હતું તેને "ગ્રાસ" બાંધી આપ્યો હતો; અને કુમારપાળના રાજ્યમાં ઉદયનના પુત્ર વાગ્ભટ્ટે પાલીતાણાની પાસે વાહડપુર આગળ જૈન ચૈત્ય બંધાવીને તેનું નામ, રાજાના પિતાને નામે, ત્રિભુવનપાલ વિહાર કરીને રાખ્યું હતું તે ચૈત્યના માણસોને ખાવાને માટે ભોંય આપી હતી તે પણ "ગ્રાસ" કહેવાતો હતો. ભોજ રાજાના દરબારમાં માઘ કવિ થઈ ગયો તે એક બ્રાહ્મણની દરિદ્રતા વિષે લખતાં કહે છે કે "ગ્રાસ આપવાનું વિસરી જવાથી ગૃહસ્થનો સૂર્ય અસ્ત પામે છે." આ કાર્ય "શાસન" કહેવાય છે.

રાજકુટુંબના ભાયાતોને પણ ભોંય આપવામાં આવતી. જેમકે, દેથલી અને વાઘેલ. કુમારપાળ વિષે પણ એવું કહ્યું છે કે, "તે વેળાએ દાતારોનો અધિરાય—સોલંકી રાજાએ આલિગ નામના કુંભારને સાતસેં ગામનો લેખ કરી આપ્યો હતો. તેને પોતાના કુળને લીધે શરમ આવી તેથી તેના કુળના, આજે પણ "સગરા" એવું નામ રાખી રહ્યા છે. આવું છતાં પણ આ તુષ્ટિદાન વિષે કાંઈ પત્તો હાથ લાગતો નથી. એક વાઘેલના દૃષ્ટાંત વિના યુદ્ધમાં સેવા બજાવ્યા વિષેનું વંશપરંપરાનું તુષ્ટિદાન કોઈને આપવામાં આવ્યું નથી એ પણ એક જાણવા જેવું છે. ઘણાખરા ગૂજરાતના કિલ્લાઓમાં પટાવતોના ભણીથી અંતરાય નડ્યા વિના રાજા ભણીનાં થાણાં મૂકવામાં આવતાં; અને સર્વ રજપૂત જાતિયોવાળા, જેઓ માંહેલા મુખ્ય પુરૂષો પછવાડેથી મ્હોટા જમિનદાર અને ન્હાનકડા રાજા થઈ પડેલા છે તેઓમાંથી કોઇને પણ અણહિલવાડના રાજાએ જમીનની બક્ષીસ કરી હોય એવું તેમના પોતાના જ વર્ણન કરનારાઓના લેખમાંથી પણ નીકળતું નથી. પણ માત્ર એક ઝાલા રજપૂતોને આ વાત લાગુ નથી. તેઓને ગૂજરાતના છેલ્લા રાજા બીજા કર્ણ[૧] પાસેથી જમીન મળી હતી એવો દાવો તેઓ કરે છે. મુકુટધારી રાજાઓ મૂળરાજના દરબારમાં હતા એવું આપણા જોવામાં આવ્યું; અને મંડળેશ્વર અથવા પ્રાન્તના અધિપતિયો વિષે પણ બીજે ઠેકાણે લખવામાં આવેલું છે. કુમારપાળના બનેવી ક્હાનદેવને એવું પદ

---

૧ સિદ્ધરાજના પિતા કર્ણ સોલંકી (૧૦૭૨–૧૦૯૪) પાસેથી ગામ ૧૮૦૦ મળ્યાં હતાં, બીજા કર્ણ પાસેથી નહિ. આ વિષેનો વધારે પૂરાવો એ છે કે, પૃથ્વીરાજની સેનામાં ઝાલા હતા. એમ ઘણે પ્રસંગે લખાયલું જોવામાં આવે છે. બીજા કર્ણનો સમય ઇ. સ. ૧૨૯૬–૧૩૦૪ છે. રાસો તે પ્હેલાં ઇ. સ. ૧૧૯૩ માં લખાયલો એટલે તે પ્હેલાં ઝાલા હોવા જોઇયે. ર. ઉ.

આપેલું છે. અને જ્યારે ઉદયન મંત્રી **સોરઠના** **સાઉસર** ઉપર ચઢ્યો છે ત્યારે **વઢવાણ** આવીને તે “**મંડળેશ્વરો**” એકઠા કરે છે એવું લખેલું છે. આ પુરૂષો પ્રાન્તના અધિપતિ હતા એમ જણાય છે; આ વિના બીજા **મંડલિક** રાજાઓ વિષે લખવામાં આવેલું છે, તેઓના દેશ અગર જો **અણહિલવાડના** રાજાના સ્વાધીનમાં હતા તો પણ ગૂજરાતના પેટામાં તેઓની ગણના કરવામાં આવી નથી. **આબુ** અને **ગિરનારના** અધિપતિયો, **કોકણનો** રાજા **મલ્લિકાર્જુન**, અને બીજાઓની ગણના આ વર્ગમાં થાય છે.

સામંત અથવા લડાઈના સરદારોને ઘણું કરીને ખજાનામાંથી પગાર મળતો, અને પછવાડેથી **દિલ્હીના** **મોગલ** પાદશાહ થયા તેઓની રીત પ્રમાણે જેટલા માણસો ઉપર તેઓ સરદારી બજાવતા તે પ્રમાણે તેઓની પદવી ગણવામાં આવતી. **સિદ્ધરાજે** પોતાના એક ચાકરને “સો અશ્વારનું સામંતપદ” આપ્યું હતું; અને જ્યારે **કુમારપાળ**, **આન્ન** રાજા ઉપર ચઢ્યો ત્યારે, એવું લખેલું છે કે, “તેની સેનામાં વીસ અને ત્રીસ માણસના ઉપરિયો **મહાભટ્ટ**, “અને એક હજાર માણસના ઉપરિયો **ભટ્ટરાજ** હતા.” એથી મોટા અધિપતિયો “છત્રપતિ” અને “ડંકાપતિ” કહેવાતા; એટલે તેઓને છત્ર અને ડંકો જે રાજચિહ્ન કહેવાય છે તેનો ઉપયોગ કરવાની આજ્ઞા આપવામાં આવતી હતી. સ્વતંત્રપણે અધિપતિપણું ધારણ કરનારા અને ઉંચી પદવીવાળા સરદારોમાંથી ઘણા, જ્ઞાતિયે વાણિયા હતા એ પણ એક જાણવા જેવી વાત છે; જેવી કે **વનરાજનો** સોબતી **જામ્બ**; અને તેનો વંશજ **સજ્જન**; જયસિંહનો ભૃત્ય **મુન્જાલ**; ઉદયન અને તેના પુત્ર; અને બીજા. જેઓ કોઈ પ્રસંગે ચાકરી કરવાને આવતા અને જેઓ નોકરો નહિ પણ ઘણું કરીને સહકારી ગણાતા એવા–કલ્યાણના રાજાઓ, અને **રાઠોડ** **સિયોજી**[1] એ હતા. રજપૂત અને પાળા, એવાં બે નામ જૂદાં લખવામાં આવેલાં છે તે ઉપરથી એમ જણાય છે કે રજપૂત એ અશ્વારને ઠેકાણે હશે.

રાજાની મુખ્ય મતલબ એવી જણાય છે કે પારકી ચડાઇયોથી અને દેશ માંહેલા બખેડાથી પ્રજાનું રક્ષણ કરવું; આસપાસનાં સંસ્થાનોને પોતાનાં ખંડિયાં કરી દઈને પોતાના રાજ્યનો વિસ્તાર કરવો; અને દાખલો લેવાજોગ **વિક્રમાદિત્ય** રાજાએ “આસપાસના દેશમાં ચોગરદમ ફરીવળીને **રાજમંડળને** “તાબે[2] કરી દીધું.” તેની રીત પ્રમાણે વર્તણૂંક ચલાવવી. યુદ્ધને માટે

---

૧ **મૂળરાજ** અને **ગ્રાહરિપુની** લડાઈમાં **કચ્છના** **લાખા** **ફૂલાણીને** મારનાર **સિયોજી** હતો એમ આગળ લખાઈ ગયું છે તેથી આ ઠેકાણે એને **સહકારી** ગણ્યો છે. પરંતુ તે વેળાએ **સિયોજી** થયો ન હતો પણ ઇ૦ સ૦ ૧૨૧૨ માં થયો છે.

૨ **પ્રબંધચિન્તામણિ**. ૨. ઉ.

ચડાઇયો કરવામાં આવતી તેનું નામ "વિજયયાત્રા" કરીને કહેવાતું. કોઇ કોઈ સમયે તો વિશેષ અગત્યનાં કારણોને લીધે લડાઇયો થયેલી છે; જેવી કે ગ્રાહરિપુના ઉપર ધર્મને માટે ચડાઈ કરવાની સલાહ રાજાને આપવામાં આવી હતી; તેમ જ યશોવર્માએ સિદ્ધરાજને ક્રોધે ભરાવાનું કારણ ઉત્પન્ન કર્યું ત્યારે તેના ઉપર તેનો કોપ થયો; તો પણ શત્રુવટ થવાની મતલબ તો તેની તે જ જણાય છે; અને શત્રુ પોતાના મ્હોમાં લીલું તયણું ઘાલે છે અને ખંડણી આપવાનું માન્ય કરે છે એટલે જિતનાર તૃપ્ત થાય છે અને શત્રુનો દેશ સદા કબજે કરી લેવાને તકાસતો નથી. એક દેશ ઉપર એક વાર ચડાઈ કરવામાં આવી હોય ને તેના ઉપર પછીથી ચડાઇયો કરવામાં આવતી તે કાંઇક મુલકગીરીની જાતની હતી. જિત એટલે એ જ કે ભોંયની વાર્ષિક ઉપજમાંથી ભાગ લેવાનો દાવો બેસારવો. આવો દાવો ફરી ફરીને ઉભો થયેલો રહ્યા વિના રહે નહિ, અને જે પ્રમાણે પોતાના રાજ્યના ખેડુતો પાસેથી એવી જાતનો કર તેમને કેદમાં નાંખીને લેવામાં આવે તે જ પ્રમાણે પારકા દેશના રાજાના પ્રાન્ત ઉપર હુમલા કરીને તેની પાસે કબુલ કરાવવાની અગત્ય પડે. આ પ્રમાણે જયશિખરીના ઉપર ભૂવડ રાજાના હુમલા થયેલા છે, તે તે વેળાથી થતું આવેલું જણાય છે; અથવા જ્યારથી કલ્યાણના રાજાને પોતાના કર તે કામને સારૂ ઠરાવેલા અધિકારિયો પાસેથી ઉઘરાવી લેવાને સવળ પડે એટલા માટે ગૂજરાત દેશના યુવાન રાજા વનરાજને તેનો "સેલભ્રત" ઠરાવ્યો હતો ત્યારથી એમ થયેલું દેખાય છે. ગૂજરાત એક ખંડિયા પ્રાન્ત તરીકે ગોદાવરીની દક્ષિણના રાજાઓને સ્વાધીન હતો એવી જે દંતકથા ચાલતી હતી તે ચાવડા વંશની હૈયાતી સુધી ચાલતી હતી, અને છેક સોલંકી વંશના પ્હેલા રાજાની વેળાએ તિલિપ દેશના રાજાના સેનાપતિ બાર્પે ગૂજરાત ઉપર હલ્લો કર્યો ત્યાં સુધી ચાલુ રહી હતી. તેમ જ પછીથી કચ્છ, સોરઠ, ઉત્તર કોકણ, માળવા, ઝાલોર, અને બીજા દેશો ઉપર વનરાજના ક્રમાનુયાયી ઘણાક હુમલા કરીને ફરી વળ્યા છે પણ સદા તેઓનો કબજો કરી લીધેલો નથી. કદાપિ મૂળરાજે ગ્રાહરિપુને જિતી લીધો અને લાખાને કત્લ કર્યો તથાપિ જાડેજા અને યાદવ વંશની સમાપ્તિ તેથી થઈ નથી; કદાપિ જયસિંહે યશોવર્માને જિતી લીધો અને ધાર લઈ લીધું, તોય પણ ત્યાર પછી ઘણાં વર્ષ નહિ થયાં એટલામાં માળવાના અર્જુનદેવે ગૂજરાત ઉચ્છિન્ન કર્યો છે; અને કદાપિ સપાદલક્ષના દેશમાં અણહિલવાડના વાવટા જયવંતપણે ફરકવા લાગ્યા તથાપિ અજમેરના રાજા વનરાજના વંશ સાથે કટ્ટી શત્રુતા રાખી રહ્યા તે છેક મુસલમાન હલ્લો કરનારની આગળ ચૌહાણ અને સોલંકિયો પડ્યા ત્યાં સુધી ચાલુ રહી.

અણહિલવાડના રાજાઓએ પોતાની પડોશના વધારે શક્તિવાન્ રાજાઓની દરબારમાં "સાંધિવિગ્રહિક" એટલે સલાહ અને લડાઈ કરાવનારા (એલચી) મૂકેલા હતા, તેઓનું કામ ત્યાંના રાજકાજની બાતમિયો આપવા વિષેનું હતું,—આવી જાતનું કામ સ્થાનિક પુરૂષો (દેશના રહેવાશી) અથવા હેરક રાખી સાધી લેવામાં આવતું અને તેઓ કોના માણસો છે તે કોઇને જાણ પડવા દેતા નહિ.

અણહિલવાડના રાજાઓ જેમ ભોંયની ઉપજ લેતા તેમ દેશમાંથી જતા માલ ઉપર દાણ લેતા; તેમ જ યાત્રાળુ લોકો પાસેથી કર ઉઘરાવતા. સમુદ્રગમન અને વ્યાપારના કામકાજ સંબંધી થોડુંક જ લખવામાં આવેલું છે. તોપ પણ વ્હાણ, વ્હાણવટી અને ચાંચવાનાં નામ આવે છે; અને વ્યાપારી,—વ્યવહારી બહુ ધનવાન્ હતા એમ લખેલું જણાય છે, કેમકે જે વ્યાપારિયે ધન એકઠું કર્યું હોય તેને ધનવાનપદ આપવાને માટે તેના ઘર ઉપર "કરોડપતિનો વાવટો"[1] ચડાવવાની છૂટ આપેલી હતી. યોગરાજની વેળામાં પરદેશી રાજાનાં વ્હાણ, ઘોડા, હાથી અને બીજો સામાન ભરેલાં સોમનાથપટ્ટનના બંદરમાં આવી ચડયાં હતાં. સિદ્ધરાજના સમયમાં વ્હાણવટિયો અથવા સાંયાત્રિક, ચાંચવાઓની બ્હીકથી પોતાની માલમતા કોથળામાં સંતાડીને દેશમાં મજીઠ લાવતા હતા. અણહિલવાડના રાજાઓના સ્વાધીનમાં ઉત્તર કોંકણમાંની તેમ જ ગૂજરાત અને તેના દ્વીપકલ્પ ભાગ માંહેલી સમુદ્રકિનારાની જગાઓ હતી. તેઓનાં સ્તંભતીર્થ અને ભૃગુપુર એ બે બંદર ખંભાત અને ભરૂચના નામથી પ્રસિદ્ધ છે; સૂર્યપુર તે સુરત હશે, અને ગંબાડા (ખંડહત) તે સોવશા ગણદેવી[2] હશે, તેમ જ બેટ દ્વારકા દેવપટ્ટન, મહુવા, ગોપનાથ અને બીજી જગાઓથી સૌરાષ્ટ્રને કિનારો ભરાઈ રહેલો છે.

જૈન અને બ્રાહ્મણોના પ્રસરેલા બે ધર્મ, એક બીજાની સામે થતા અને જ્યારે જેનો વારો આવે ત્યારે એક બીજાના ઉપર ઉપરીપણું મેળવતા આવેલા છે. જૈન ધર્મ પ્હેલા રાજાના વારામાં પ્રબલ થઈ પડ્યો હતો

---

૧ એક લાખથી માંડીને તે નવ્વાણું લાખ સુધી જેના ઘરમાં રૂપિયા હોય તે જેટલા લાખ હોય તેટલા દીવા કરે એવો રિવાજ હતો. સિદ્ધરાજે એક જણના ઘરમાં ૯૯ દીવા બળતા જોઈ પૂછપરછ કરી તો તે ૯૯ લાખની આશામી છે એમ કહેવામાં આવ્યું એટલે તેને ઘણા દીવા કરવાની કડાકૂટ મટાડવા પોતાનો કોશમાંથી ચાર લાખ રૂપિઆ મોકલી કરોડપતિ કરયો એટલે પછી માત્ર એક વાવટો ચડાવવો પડયો.

૨ ગંડાબા (ખંડહત) એ ગણદેવી નહિ પણ કચ્છના વાગડ પરગણાનો કંથકોટ નામે કિલ્લો છે તે. ર. ઉ.

તે વિશેષે કરીને તો રાજા બાળરાજાને એવું રક્ષણ મળ્યું હતું અને રાણી જે તેની મા હતી તે તે ધર્મમાં હતી તેની સત્તાથી કદાપિ તેમ થયું હશે. તો પણ વનરાજ અને તેના ક્રમાનુયાયિયો શિવધર્મ માનતા હતા, પણ પછીથી અરિહંત મતનું શ્રવણ સિદ્ધરાજે કર્યું અને કુમારપાળે તેનો સ્વીકાર કર્યો, તે સમયથી તેમાં ફેરફાર થયો. આ વેળાથી તે અમે લખતા લખતા જે સમય સુધી આવ્યા છિયે ત્યાં સુધી, વચ્ચે અજયપાળના ટુંકી મુદતના રાજ્યને બાતલ કરતાં, જૈન ધર્મની ચડતી ચાલી છે અને રાજાઓ તે ધર્મમાં દાખલ થવા લાગ્યા છે. તેઓના અતિ ઉગ્ર વિવાદ ઘણા દબદબાથી અને નિયમથી ચાલેલા છે, અને રાજા હિન્દુ હોવાને લીધે આવી ધર્મસભાના અધ્યક્ષસ્થાને બિરાજેલો છે; જેમ આપણા જોવામાં આવ્યું કે સિદ્ધરાજ શૈવી અથવા ઉદાર મતનો હોવાથી બંને ધર્મના ખરાખોટાનો ન્યાયાધીશ થઈને બેઠો હતો.

યાત્રા કરવાનાં ઠેકાણાંમાં ઘણાં પ્રસિદ્ધ તો સોમનાથ અને દ્વારકામાં શિવ અને વિષ્ણુનાં દેવાલય ગણાયાં છે.[૧] આરાસુરમાં અંબાજી અને ચાંપાનેરમાં કાલિકાજીનાં દેવાલય હૈયાતીમાં હતાં, અને તે જ દેવીનું હિંગલાજને નામે નળબાવલી આગળ પ્રસિદ્ધ દેરૂં છે; પણ માતાનાં દેરાં હવણાં ઠેકાણે ઠેકાણે છે તે સંબંધી કાંઈ લખેલું જોવામાં આવતું નથી. જૈનનાં શત્રુંજય અને ગિરનારનાં તીર્થ વિષે તો લખવામાં આવેલું છે. કચ્છના રણની સરહદ ઉપર શંખેશ્વરનું ધામ છે તે તે જ સમયનું છે, અને જેને મેરૂતુંગ આચાર્ય શંખપુર કરીને લખે છે તેનો જીર્ણોદ્ધાર તેની વેળાએ થયેલો છે. તે વિના જૈનનાં તીર્થ ખંભાત, કાવી, મહીને સામે કિનારે, અને ઢાઢરને કિનારે ગંધારમાં છે. આબુ પર્વત ઉપર પ્હેલા ભીમદેવના વારામાં જૈન દેરાસર બંધાયું. અને કુમારપાળે તારિંગાના ડુંગર ઉપર શ્રી અજિતનાથની સ્થાપના કરી.

કુમારિકા સરસ્વતીના ચકચકિત પણ ન્હાના વહનથી તે પૂજ્ય નર્મદાના મહા ભારે પ્રવાહ સુધી પવિત્ર નદીયો ઘણી છે. તાપી, મહી, સાબ્રમતી અને બીજી કેટલીક એથી ઓછી પ્રસિદ્ધ નદીયો પવિત્ર સ્થાનથી વ્યાપી રહી છે અને ત્યાંના માહાત્મ્યથી પ્રસિદ્ધ છે.

ગૃહકાર્ય સંબંધી અહિંતહિંથી થોડીક સૂચના મળેલી છે. રાજાને ઉંઘ-

---

૧ કચ્છના પશ્ચિમ કિનારા પર શેરોગઢ (હાલનું નારાયણ સરોવર) પણ જૂના વખતથી યાત્રાનું ધામ છે. મૂળરાજનો પિતા પોતાની રાણી ગુજરી ગયા પછી દ્વારકાની યાત્રા કરી કચ્છના શેરોગઢની યાત્રાએ ગયો. જ્યાંથી વળતાં કપીલકોટ (કેરકોટ) માં આવતાં કચ્છના જામે પોતાની બ્હેન રાયાજી પરણાવી હતી. ર. ઉ,

માંથી ઉઠાડવાને રાજનોબત વાગે છે, અને શંખનાદ થાય છે. તે ઉઠે છે, અને ઘોડાને કસરત કરાવવા જાય છે. તેનો મહેલ એક કિલ્લામાં હોય છે તે દરબારગઢ કહેવાય છે, તેમાં બીજાં પણ રાજગૃહ હોય છે. કીર્ત્તિસ્તંભથી તેને શોભા મળે છે. એક દરવાજો જે ઘટિકા અથવા ઘડી કહેવાય છે તેનો રસ્તો શહરમાં પડે છે અને તેના મુખ્ય આગળ મ્હોટા માર્ગમાં ત્રિપોલ્ય અથવા ત્રણ દરવાજાનો ઘોરો હોય છે. દિવસે રાજા દરબાર (કચેરી) ભરે છે; ચોપદાર દરબારને નાકે ઉભો રહે છે, અને આવનારા લોકોને અંદર દાખલ થવાની હા કે ના કહે છે; યુવરાજ, રાજાની પાસે જ હોય છે, અને મંડલેશ્વરો અને સામંતો તેની આસપાસ બેસે છે. મંત્રીરાજ અથવા પ્રધાન બીજા કારભારિયો સહિત ત્યાં હોય છે, તે કરકસરની રૂડી રીતે સલાહ આપે છે, અને લખી રાખેલાં પ્રમાણ અને જેની અવગણના કરાય નહિ એવા આગળ બનેલા દાખલા રજુ કરી દેવાને સદા તૈયાર હોય છે. કામકાજ ચાલી રહ્યા પછી પંડિતો અથવા વિદ્વાન્ પુરૂષોને બોલાવવામાં આવે છે, પછી સર્વને આનંદ નહિ ઉપજાવનારી તેઓની વિદ્યા અને વ્યાકરણની દાંભિક વાતો ચાલે છે; અથવા નહિ તો કોઈ ફરતા બંદીજનને અથવા ચિતારોને દરબારમાં દાખલ કરવામાં આવે છે એટલે અસલના વારાની રામ અને વિભીષણની વાતો ચાલે છે, અથવા કોઈ વિશેષ તાજી વાસનાવાળી પરદેશી સુંદરી વિષે વર્ણન કરતાં તેના સર્વ પ્રકારના સુંદરપણાની બરાબરી કોઈ કરી શકે એમ નથી એવી તેની વાત ચાલે છે; દરબારમાં વારાંગનાને દાખલ કરવામાં આવતી નથી એમ નથી. તે માર્મિક વચનની ભરેલી અને જેની બહુ પ્રશંસા થયેલી એવી જગત્માં પ્રાપ્ત કરી લેવાની ચતુરાઈમાં તો જે વખણાયલી એવી વારાંગના, જ્યારે વિદ્વાનો હાર ખાઈ જાય ત્યારે, પોતાના રસિક ઉત્તરની તીક્ષ્ણ ધાર વડે પ્રશ્નની ગોથાં ખવરાવતી ગુંચવણને કાપી નાંખવાને સદા તૈયાર હોય છે. કેમકે,

देशाटनं पंडितमित्रता च, वारांगना राजसभाप्रवेशः ।
अनेकशास्त्राणि विलोकितानि, चातुर्यमूलानि भवन्ति पंचः ॥

ભાવાર્થ—દેશાટન, પંડિતની મિત્રાઈ, વારાંગના, રાજસભામાં જવર અવર, અને અનેક શાસ્ત્રનું અવલોકન કરવું, એ પાંચ ચતુરાઈનાં મૂળ છે.

રાજા બ્હાર નીકળે છે ત્યારે હાથી ઉપર બેસે છે અથવા સુખાસનમાં બીરાજે છે. ઉત્સવને દિવસે તેને જવાના રસ્તા ઉપરની દુકાનો શૃંગારવામાં આવે છે. સંધ્યાકાળે દેવની પૂજા થયા પછી અને આરતી ઉતરી રહ્યા પછી તે ચંદ્રશાળામાં જાય છે, ત્યાં ભોજનની સામગ્રી તૈયાર કરી રાખી હોય છે, તેમાં દારૂ અને માંસ પણ હોય છે, કેમકે સામંતસિંહ બહુ કેફથી ચકચૂર realpatidar.com

થઈ ગયેલો આપણા જોવામાં આવેલો છે. તેમ જ કુમારપાળ તીર્થંકરનો ધર્મ પાળતો હતો તેથી તેણે માંસાહારનો ત્યાગ કર્યો હતો. ભોજન થઈ રહ્યા પછી તેને અંગે સુખડ લગાડવામાં આવે છે; તે પાન સોપારી ખાય છે છે અને હિંડોળા ખાટ ઉપર પડે છે. તેનો રંગીન ઝભ્ભો પલંગ અને તેના ઉશીકા ઉપર નાંખી દેવામાં આવે છે. પ્હેરેગીર મૂકી દેવામાં આવેલા હોય છે, અને એક બાજુએ દીવો ઝરમર બળ્યાં કરે છે.

એટલેથી હવે રાજાને કાંઈ કરવાનું રહ્યું નથી એમ નથી હજુ તો તેને વીરચર્યા અથવા નગરચરચા કરવા તે જ પલંગ છોડીને જવાનું હોય છે. તે હાથમાં તરવાર લઈને એકલો આગળ નીકળી પડે છે, અથવા હાથમાં પાણી વાસણ લઇને એક ચાકર સાથે જાય છે ! અને આ પ્રમાણે પોતાના નગરની જળજંપેલી શેરિયોમાં ભમે છે, અથવા દરવાજો છોડીને કિલ્લાની બ્હાર જ્યાં રાત્રિમાં ગંદાં પક્ષી ફરતાં હોય છે અને યોગણી તથા ડાકણોની જગ્યાઓ હોય છે ત્યાં સુધી જઈને, તેઓની પાસે પોતાના પ્રશ્નોનો ઉત્તર આપવાની, અને હવે પછી નીપજવાની વાતો બલાત્કારે ક્હેવરાવે છે. દ્વયાશ્રયના કર્ત્તાએ સિદ્ધરાજના રાત્રિના ભ્રમણ વિષે લખ્યું છે કે;–"રાત્રિયે જે લોકો વિષે તેના "જોવામાં આવ્યું હોય તેને સવારે બોલાવી તેમાંથી એકને ક્હે કે 'તને ફલાણા "કારણને લીધે શોક થાય છે,' અને બીજાને ક્હે કે 'તને ફલાણા કારણને લીધે "હર્ષ થાય છે.' આ ઉપરથી લોકોએ જાણ્યું કે એ તો સર્વનાં હૃદયની વાત "જાણે છે, તેથી એ દેવતાનો અવતાર હશે." વેશ બદલેલા રાજાને ભૂત-ડાકણોના સહવાસ કરતાં અને મનમાં પોતાની પ્રજાનાં સુખદુઃખ વિષેનો વિચાર કરવા કરતાં પણ ઘણી વાર તેને ઓછા શોકનાં ગંમત પામવાનાં સાધન મળી જાય છે. ધનવાન્ વ્યાપારીની હવેલીના ચકચકિત દીવા જોઈને તે લલચાય છે અને સરસ ગંમતને ઠેકાણે વગર ઓળખવે તેની આગતાસ્વાગતા થાય છે; અથવા એમ નહિ તો રાગરાગિણી અને વાદિત્રના અવાજથી અને હસાહસથી શિવના કોઈ દેરાના મંડપમાં ખેલાડિયો પોતાની તાત્કાલિક બુદ્ધિથી લોકોને આનંદ પમાડતા હોય છે ત્યાં વળી જાય છે. મહા જયસિંહની વાત આપણને એવી ક્હેવામાં આવી છે કે, એક સમયે તે કર્ણમેરૂપ્રાસાદમાં નાટક થતું હતું ત્યાં જઈ પ્હોંચ્યો, ત્યાં એક વાણિયા સાથે તે હળી ગયો, પછી ખેલથી હદ ઉપર થતી ગંમતની વેળાએ તે વાણિયો રાજાના ખભા ઉપર ભાર મૂકીને ઉભો રહ્યો અને જે હાથથી ખેંગાર અને યશોવર્માનો ગર્વ બેસારી દીધો હતો તે હાથથી અપાતી સોપારીની ચૂરી તે ખાવા લાગ્યો. સ્વારે જ્યારે તેને દરબારમાં બોલાવ્યો ત્યારે આગલી રાતના નાટકમાં પો-

તાના ભાઈબંધ થયેલા પુરૂષને રાજ્યાસન ઉપર બીરાજેલા જોઈને આભો બની ગયો, પણ તે તરત જ નમ્રતાપૂર્વક બોલવા લાગ્યો એટલે રાજાને ખડખડીને હસવું આવ્યું અને તેનો સત્કાર કરીને વિદાય કર્યો. આવા ખેલ કરવાને ઘણો ખર્ચ થાય છે અને તે માત્ર ધનવાન્ માણસો જ કરાવી શકે છે. બીજી એક વેળાએ, એક વ્યાપારિયે શિવના દેવળમાં નાટક કરાવ્યું હતું તે વેળાએ પણ જયસિંહ રાજા જોવાને જઈ પ્હોંચ્યો હતો, અને એમ લખેલું છે કે, માળવા ઉપર ચડાઈ કરવાને સેના તૈયાર કરવામાં એ વ્યાપારી પાસેથી આશરે કેટલી રકમ કઢાવવી પડશે તેની તે ગણતરી કરતો હતો.

મેરૂતુંગ, અથવા દ્વયાશ્રયનો કર્તા એ બેમાંથી કોઇયે પણ પોતે જે સમયનું લખ્યું છે તે સમયની રહેવાની કે પ્રસિદ્ધ ઇમારતો વિષે કશું વર્ણન આપ્યું નથી. પણ નીચે લખેલું રાજધાનીનું વર્ણન છે તે કુમારપાળચરિત્ર ઉપરથી ઉતારી લીધેલું છેઃ—

"અણહિલપુર બાર ગાઉ ઘેરાવામાં હતું, તેમાં ઘણાં દેવાલય અને "પાઠશાળાઓ હતી; ચોરાસી ચોક હતા; ચોરાસી ચૌટાં (બજાર) હતાં, તે "સાથે સોનારૂપાના શિક્કા પાડવાની ટંકશાળ હતી. નાત પ્રમાણે જેમ ઘરના "ઇલાયદા જથ્થા હતા તેમ હાથીદાંત, રેશમ, મણિ, હીરા, મોતી ઇત્યાદિ "જૂદી જૂદી વ્યાપારની વસ્તુઓનાં જૂદાં જૂદાં ચૌટાં હતાં; એક નાણાવટીનું "ચૌટું હતું; સુવાસિત અને લેપ કરવાના પદાર્થોનું એક હતું; એક વૈદ્યોનું "હતું; એક કારીગર લોકોનું હતું; એક સોનિયોનું હતું અને બીજું રૂપાનાં "કામ કરનારાઓનું હતું; નાવિક, ભાટ અને વહિવંચા એ સર્વનાં રહેઠાણ "જૂદાં જૂદાં હતાં. નગરમાં અરાડે વર્ણ સુખે વસતી હતી; મહેલની આસપાસ "આયુધાગાર, હાથીથાન, ઘોડાર, તથા હિસાબી અને બીજા ખાતાના અધિ- "કારિયોની કચેરિયો જથ્થાબંધ આવી રહી હતી. દરેક જાતના માલને માટે "જૂદી જૂદી વખારો હતી. ત્યાં નગરમાં, આવતા જતા તથા વેચાણના "માલ ઉપર જકાત ઉઘરાવવામાં આવતી, જેમકે, તેજાના, મેવા, વસાણાં, "કપૂર, ધાતુ અને દેશની તથા પરદેશની દરેક મૂલ્યવાન્ વસ્તુ. તે સર્વ "વ્યાપારનું ઠેકાણું હતું. નિત્યની જકાત એક લાખ ટકા થતી હતી. જો તમે "પાણી માગો તો દૂધ લાવીને આપે. ત્યાં જૈનનાં ઘણાં દેરાસર હતાં અને "તલાવને કિનારે સહસ્રલિંગ મહાદેવનું દેરૂં હતું. ચંપા, નાળિયેરિયો, જામ- "ફળી, ચંદનનાં ઝાડ અને આંબા ઇત્યાદિ તથા તેમાં નાના પ્રકારની વેલ અને "અમૃત સરખા પાણીના ઝરા આવી રહેલા એવી વાડિયોમાં નગરવાસી લોકો "ફરતા અને આનંદ પામતા. અહિંયાં વેદશાસ્ત્રની ચર્ચા થતી તેથી શ્રોતા-

"જનોને બોધ મળતો. જૈન સાધુઓની પણ અહિંયાં અછત ન હતી; તેમ જ "કહેવા પ્રમાણે પાળનારા અને વ્યાપારમાં કુશળ એવા વ્યાપારિયોની પણ "અછત ન હતી; વ્યાકરણ શીખવાની ત્યાં ઘણી નિશાળો હતી. અણહિલ- "વાડ એ મનુષ્યોનો સાગર હતો, જો તમારાથી સાગરનું પાણી માપી શકાય "તો તમારે તેની વસતીની ગણતરી કરવાની મહેનત કરવી. ત્યાંની સેના "અસંખ્ય હતી અને ત્યાં ઘંટધારી હાથિયોની અછત ન હતી."૧

લખતાં ખેદ ઉપજે છે કે, આટલા બધા દબદબાની નિશાની સરખી પણ રહી નથી; અણહિલવાડનું ખંડેર હવણાંના પાટણ શહરના કિલ્લાની માંહની અને બ્હારની બાજુએ સપાટ પ્રદેશમાં પડેલું છે; પણ તે વલ-ભીપુરના ખંડેરની પેઠે માત્ર ખોદાણ ઉપરથી શોધી કઢાય છે. વનરાજની રાજધાનીનાં ખંડેર બાબેલનના જેવી ઈંટોને બદલે કોરેલા આરસપાહા-ણોનાં બની રહ્યાં છે. સો વશા તો આરાસુરના ડુંગરાની આસમાની રંગની જે સરહદ આ રેતાળ ઉજ્જડતાના દેખાવની ક્ષિતિજ ઉપર જોવામાં આવે છે તે ડુંગરા ઉપરથી એ આરસપાહાણનો બધો નહિ તો કેટલોક ભાગ પણ આણ્યો હશે. પ્હેલા ભીમદેવની રાણિયે જે વાવ બાંધી હતી તેનો ભાગ હજી લગણ રહેલો છે, અને એથી જરા છેટે સિદ્ધરાજના શોભાયમાન કુંડની જગા જણાય છે, તેની વચ્ચેના ટેકરા ઉપર મુસલમાનની અષ્ટ કોણ કબર છે. બાકી રહેલી જગા ઉપર છ સૈકડાના કાળે અને મુસલમાનોના જુલ્મે તેમની સત્તા ચલાવેલી છે. જેને "કમ્બાઈસિસ અથવા કાળે વંચાવી "રાખ્યાં હતાં, તેને લોભ હવણાં સ્વાહા કરી જાય છે," અને અણહિલવાડની બિચારી ઠંડી પડેલી રાખ તેના અસભ્ય મરાઠા ધણી, જેવા તેના મહિમાથી અજ્ઞાન છે તેવા જ પોતાની અપ્રતિષ્ઠાથી પણ અજ્ઞાન છે તેઓ તુચ્છ નફો મેળવવાને માટે વેચી દે છે.

ખરેખરા હિન્દુ સમયની રહેવાની ઇમારતો વિષે, તેમના પછી થનારા વંશજોએ જે ઢબની બાંધણી ચલાવી છે તે ઢબ ઉપર આધાર રાખીને, અમે સામાન્ય વિચાર બાંધી શકિયે છિયે.

જેવી રીતે ખેડુતની ઝુંપડીનો નાશ થઈ ગયો છે તેવી જ રીતે રાજાના મહે-લનો પણ સમૂળગો નાશ થઈ ગયો છે, પણ સાર્વજનિક ઇમારતોની શોભા વિષે તો હાલમાં રહેલા ખંડેરનું ઉઘાડું પ્રમાણ છે; તેથી કૂવા, તલાવ, કીર્તિસ્તંભ, દેવાલય અને અણહિલપુરના રાજાઓના કિલ્લા એ સર્વ આખેઆખાં કેવાં હશે તેના ચિતાર અમે થોડી મહેનતે અને સંપૂર્ણ ખાતરીથી મનમાં ધારી શકિયે છિયે.

૧ ટૉડકૃત વેસ્ટર્ન ઈન્ડિયા પૃષ્ટ ૧૫૬–૮ ઉપરથી.

આ ખંડેરોમાં અતિ મનોરંજક, ડભોઈ અને ઝિંજુવાડાના જોડિયા કિલ્લા છે. તેઓ બાંધણીમાં તેમ જ વિસ્તારમાં સરખેસરખા છે; તથાપિ ઝિંજુવાડાનો કિલ્લો વિશેષ નિયમસર બંધાયેલો અને એકાન્ત જગ્યાએ આવેલો હોવાથી તેને થોડું નુકસાન લાગેલું છે માટે આ ઠેકાણે વર્ણન કરવાને અમે એને પસંદ કરિયે છિયે.


ઝિંજુવાડાના કિલ્લાનો[1] આકાર ખરેખરો સમચોરસ છે. તેની એકેકી બાજુની લંબાઈ આસરે આઠસેં વાર છે. એની ભીંતો નકકર ગચ્છીની છે અને ઉંચાઈમાં પચાસ ફીટ છે.[2] દરેક બાજુની મધ્યમાં દરવાજો છે. તેના ઉપર મેડા છે તે, બંને બાજુની કૌંસાકાર હારો જે ટોચે મળે છે અને જે કમાનોનું કામ સારે છે તેઓને આધારે રહેલો છે. કિલ્લાની ભીંતની જાડાઈ-માં કૌંસાકાર છ હારો દરવાજામાં આવેલી છે, અને તેઓના ઉપર પથ્થરની ગચ્છી રહી છે. ઘુંમટ વાળી લેવાને સુલભ પડે એટલા માટે મુસલમાનોએ આવી બાંધણીને કમાનો કરવાનો ચાલ પાડયો હતો તેમ છતાં પણ ત્યાર પછી ઘણી મુદ્દત સુધી ઉપરના પ્રકારની જ બાંધણી બાંધવાનો ચાલ ચાલતો રહ્યો હતો. કિલ્લાના એકેકા ખૂણામાં એકેકો બુરજ છે, તેનો સામાન્ય આકાર તો સમચોરસ છે પણ હિન્દુ કારીગરોને ખાંચો પાડીને અસાધારણ આકાર કરવો પસંદ પડે છે તે પ્રમાણે તેને પણ કરેલું છે; વચલો દરવાજો

---

૧ મિ. બર્જેસ કહે છે કે ઝિંજુ નામના રબારીના નામ ઉપરથી એ નામ પડેલું છે. અણહિલવાડ પાટણના બલ્હાર રાજાઓના રાજ્યની સીમ ઉપરનો બારમા શતકમાં બંધાયેલો આ કિલ્લો હશે.

૨ સિબાસ્તીપોલના કિલ્લાના બચાવ વિષે સન ૧૮૫૫ ના નોવેમ્બર મહિનાના "યુનૈટેડ સ્ટેટસ જર્નલ"ના અંકમાં એક વિષય છપાયો હતો, તે સર જોન બર-ગોઇનનો લખેલો ગણવામાં આવ્યો છે, તે માંહેલો થોડોક ભાગ અમે નીચે ઉતારી લઇયે છીયે. તે ઉપરથી ઝિંજુવાડાના કિલ્લાની આવશ્યકતા તે સમયમાં કેટલી વધી હતી તે સહેજ વાંચનારના ખ્યાલમાં આવશે.

"બચાવ કરવાના કામનાં મુખ્ય સાધનો માંહેલું એક તો એ છે કે હલ્લો કર-
"નારાઓથી પાસે આવી શકાય નહિ એવો વચ્ચે કાંઈ અટકાવ આણી દેવો; અને
"આવો સર્વોત્તમ અટકાવ, ભીંત અથવા ઉભેડું મોખરો, ચડવાને મુશ્કેલ કરે છે.
"ભીંત જો ત્રીસ ફીટની ઉંચાઈ કરતાં વધારે ઊંચી હોય તો તે ખરેખાત બહુ ત્રાસ-
"દાયક થઈ પડે છે. અને તે જો આખેઆખી હોય તો તેના ઉપર ચડી ઉતરવા
"સિવાયનો બીજો એકે ઉપાય નથી. આ એક લશ્કરી સાહસકર્મ માંહેલો અતિ
"ઉગ્ર ઉપાય છે, અને તે એકાએક હલ્લો કર્યા સિવાય, અથવા બચાવ કરનારાઓની
"બાજુ ભણીની છેક નબળાઈ વિના સાધી શકાય એમ નથી."



ઝીંઝુંવાડાના ગઢનો દરવાજો

પૃ. ૩૫૦

અને ખૂણાના દરેક બુરજની વચ્ચે ચચ્ચાર સમચોરસ હાથણિયો અથવા વપ્ર છે. કિલ્લાની ભીંતને થોડે થોડે છેટે કોતરકામની આડી પટ્ટિયોથી ઠેઠ સુધી શણગારી છે ને ઉપલી બાજુએ અર્ધગોળાકાર કાંગરા મૂકેલા છે તે ભાગ જે પ્રાકાર ઉપર ચોકીવાળાને ફરવાનું હોય છે તેને ઓથો કરવાનું કામ સારે છે. દરવાજાઓમાં કોતરકામ એટલું બધું છે કે તેનો બરાબર ચિતાર માત્ર ફોટોગ્રાફીના હુન્નરથી જ લઈ શકાય. કિલ્લાની માંહ દક્ષિણ બાજુના દરવાજાની છેક સામે, પણ પાસે, એક ગોળાકાર અથવા બહુ બાજુનો કુંડ છે, તેનો વ્યાસ આશરે ત્રણસેં વારનો છે, તેની આસપાસ પગથિયાંનો ઘાટ છે અને નિયમિત અંતરે ખડિયાટ છે. ત્યાં આગળ થઈને ઢોર અથવા પયડાંવાળી ગાડી તલાવના પાણી સુધી જઈ શકે છે. દરેક ખડિયાટને બે મંડપ વડે શણગારેલો છે અને તે મંડપ ઉપર શંકુ રૂપ છત્ર છે. એ તળાવની પાસે એક વાવ છે તેનું વર્ણન અમે હવે પછી કરીશું. આ કિલ્લાને ચાર દરવાજા છે તે જૂદા જૂદા ખંડેરના આકારમાં હજી લગણ રહેલા છે. અને એઓ માંહેલા બે દરવાજાને ખૂણાની હાથણી સહિત જે ભીત સાંધી લે છે તે બધી આખે આખી છે. આ પ્રમાણે જે સમચોરસ જગ્યા બતાવવામાં આવી તે કિલ્લાની અસલ સ્થિતિના ક્ષેત્રફળનો સુમારે ચોથો ભાગ છે, તેની આસપાસ એક હલકી જાતનો કિલ્લો ફરીને કરી લેવામાં આવ્યો છે અને ગોળાકાર હાથણિયો ચણીને તેને મજબૂતી આપી છે, તથા વચ્ચે કમાનદાર દરવાજા કર્યા છે. આ ભાગમાં હાલનું શહર વસેલું છે, તે કોળી ઠાકોરના તાબામાં છે; પણ અસલના કિલ્લામાં જે ઈમારતો હતી તે તમામનો નાશ થયો છે, અને તે ઠેકાણે છેક જંગલ બની ગયું છે. આ ઠેકાણે અમારે જણાવવાને ભૂલી જવું જોઈયે નહિ કે પ્રાચીન કાળના ઘણા ભાગ છે તેમાં "महं श्री ऊदल" એવા લેખ છે, તે ઉપરથી ધારણા થાય છે કે ઉદયન મંત્રીના [illegible] તે બાંધવામાં આવ્યા હશે.

અમે લખ્યું છે કે ડભોઈ [illegible]મા અને વિસ્તારમાં ઝિંઝુવાડાને મળતું છે. તેનો [illegible] ઝિંઝુવાડા કરતાં ઓછો નિયમિત છે, તેની [illegible] બાજુઓ [illegible] છે ત્યાં આગળ સાંકડો ખૂણો થાય છે, અને બીજી બાજુ ઓના [illegible] લંબાઈમાં વધી જાય છે. પહોળાઈવાળી બાજુઓ [illegible] 'આઠસેં [illegible]વાળી [illegible] એક હજાર વાર લંબા[illegible] ઝિંઝુવાડાના કિલ્લા કરતાં [illegible] નીચો છે અને તેના ત્રણ [illegible] પણ ઝિંઝુવાડાના દરવાજા જે[illegible] તોય પણ [illegible] ચોથા દરવાજાથી વળી ગઈ છે.

તે હીરાનો દરવાજો કહેવાય છે. તેના બાજુના ... કદમાં બહુ ચડિયાતો છે. ખૂણાના બુરજા માંહેલો એક છે તેની અનુપમતા એટલી બધી છે કે આ ઠેકાણે તેનું ચિત્ર આપવાની અગત્ય છે. એ ઉપરથી જણાય છે કે કિલ્લાની ભીંત અંદરની બાજુએ ઝોકતી[1] છે. આ કિલ્લાની એક બાજુએ વખાણવા જેવું કામ એ છે કે એમાં એક સ્તમ્ભપંક્તિ છે. (માંહેની બાજુએ) તે કિલ્લાની ભીંતની હારોહાર ચાલે છે, અને તેના ઉપર કેટલાક ફીટ પ્હોળાઈની એક ગચ્છી આવી રહી છે. તેણે કરીને એક લાંબો અને ઢંકાયલો દ્વારમંડપ બનેલો છે તે હિન્દુ કિલ્લેદારોનું અમૂલ્ય આશ્રયસ્થાન થઈ પડ્યું હશે.[2] ડભોઈના કિલ્લામાં અનિયમિત આકારનો કુંડ અથવા તલાવ છે.

આ ઠેકાણે સ્મરણ રાખવું જોઇયે કે જે કિલ્લાઓનું અમે વર્ણન કર્યું છે તે માત્ર મોખરાનાં લશ્કરી સ્થાન છે અને ઘણું કરીને ધોળકા તથા બીજાં એવાં જ બીજી પંક્તિનાં શહરો કરતાં ભભકામાં, તેમ જ, વિસ્તારમાં અતિ ચડિયાતાં છે, તોય પણ આરસપાહાણના પથ્થરોથી શણગારેલી અણહિલપુરી રાજધાનીની સાથે સરખાવતાં તેને ઝાંખાં પડવાનો વારો આવે છે.

જે દેવાલયો હજી લગણ રહેલાં છે તે માંહેલું પ્રથમ તો સિદ્ધપુરની રૂદ્રમાળાનું દેવાલય છે. તે સાધારણ આકારનું ઘણું મ્હોટું અને દેખીતું ત્રણ માળની ઉંચાઈનું છે. તેનો મંડપ બ્હારથી સમચોરસ છે, પણ સ્તંભ એવા ગોઠવ્યા છે કે તેની રચના અંદરની બાજુએથી અષ્ટકોણ આકારની સેહેલાઈથી ધારી શકાય. દરેક ત્રણ બાજુઓની મધ્યમાં દ્વારમંડપ અથવા રૂપચોરિયો છે. અને ચોથી બાજુએ ગંભાર માંહેલો મૂર્ત્તિસ્થાનનો મંડપ આવ્યો છે, તે સ્થૂળાકાર શંકુ બાંધણીનો મધ્યમના મંડપ કરતાં અતિ ઘણો ઉંચો છે અને છેવટે શિખર વળેલું છે. એ રૂપચોરિયોના ઘુંમટ જતા રહ્યા છે, અને

---

૧ મિ. બર્જેસ કહે છે કે ઉદયન મંત્રી વાણિયો હતો અને જુવો તેના આ. સ. વે. ...નાં પૃ. ૨૧૭-૧૮મે. તે સિદ્ધરાજ જયસિંહનો મહામંત્રી હતો. ऊदल એવું નામ ઘણું કરીને ચારણોમાં હોય છે. માટે આ અભિપ્રાય માન્ય રાખવા જેવો નથી.

મિ. બર્જેસ કહે છે કે, આ ભીંત અંદર ઝોકતી જણાવી છે તે ભૂલ છે. કેમકે ... ઝોકતી નથી પણ સીધી લંબાકાર છે. ર. ઉ.

૨ "ઓરિયેન્ટલ મેમ્વાર" નો કર્ત્તા, પારપીઆઇમાં સૈન્યાલય છે તેના મ્હોં આગળ દ્વારમંડપ છે તેની સાથે આ સ્તંભપંક્તિનો મુકાબલો કરે છે. મૂળ આવૃત્તિના ...ના ...ને ૩૨૫ મે ...

બીજા પ્રકારે પણ તેની છિન્નભિન્ન સ્થિતિ થઈ ગઈ છે, માત્ર ગંભારના મોખરાનો ભાગ રહેલો છે.

પ્રત્યેક બાજુએ કીર્ત્તિસ્તમ્ભ છે, તે માંહેલો એક તો ઘણો ખરો અણી-શુદ્ધ છે. બે અતિ શોભાયમાન સ્તમ્ભના મથાળા ઉપર કોરણીનું કામ આવી રહ્યું છે. દરિયાઈ અદ્દભુત પ્રાણીના મસ્તકની નાગદંતિયો બનાવેલી છે તે તેઓની ઊંચાઈના બે તૃતીયાંશ ભાગ જેટલી સ્તમ્ભથી આગળ નીકળતી છે. નાગદંતિયો આગળથી નાજુક કારીગરીની કમાન ચાલે છે તેને તોરણ કહે છે, તેના મધ્ય ભાગ સાથે ઉપરના સીધા ભાગનો સ્પર્શ થાય છે. આ કીર્ત્તિસ્તમ્ભ સુમારે પાંત્રીસ ફીટ ઉંચાઈનો છે; તે ભોંયથી તે શિખર સુધી બહુ જ સંસ્કૃત કોરણીથી ભરપૂર છે.

જે મુખ્ય દેરાનું વર્ણન કરવામાં આવ્યું, તે સરસ્વતીની સામે એક વિશાળ ચોકની વચ્ચોવચ્ચ છે. ત્રણ દ્વારમંડપની સામે ત્રણ મ્હોટા દરવાજા છે ત્યાંથી બહાર નીસરાય છે; મોખરા આગળનો જે છે તે એક ધાબા અને ઘાટ આગળ પડે છે, તે ઘાટનાં પગથિયાંની હારો નદીમાં છેક આઘે સુધી ચાલેલી છે. ચોકની આસપાસ કેટલાંક શિખરવાળાં ન્હાનાં દેરાં આવ્યાં છે તે કિલ્લાનું કામ સારે છે. તે માંહેલાં ત્રણ ગંભારના પાછલા ભાગના મધ્ય સ્થાને છે તે હજી લગણ રહેલાં છે અને તેનો ભાગ ફેરવીને મુસલમાની મસ્જીદ કરી દીધી છે.

મોઢેરાનું દેવાલય જરા કાંઈ જૂદા નમુનાનું છે. તે એક માળની ઊંચાઈનું છે, તેને એક ગંભાર છે તેને લગતો એક રંગમંડપ આવેલો છે, અને એક દ્વારમંડપ નોંખો છે. એ દેવાલયનું શિખર પડી ગયું છે, અને ઘુંમટ હવે રહ્યા નથી; પણ બાકીનો ભાગ ઘણો ખરો આખો છે, તોપ પણ ધારદાર હથિયારથી જેમ લાકડાંમાં ઘા પાડી શકાય તેવા ઘા કેટલાક સ્તમ્ભોને પડેલા છે, તેને માટે મુસલમાનો એમ કહે છે કે અમારા દર્વેશોની તરવારની એ નિશાનિયો છે. વધારેમાં વધારે લંબાઈ સુમારે એકસો ને પચાસ ફીટ છે, અને પહોળાઈ પચાસ ફીટ છે. દેવાલયને આગલે ભાગે અને બન્ને બાજુએ સિદ્ધપુરના જેવા કીર્ત્તિસ્તંભોની નિશાનિયો છે.

દેવાલયના આગલા ભાગમાં કીર્ત્તિસ્તંભ છે ત્યાં આગળથી પગથિયાંનો ઘાટ ચાલે છે, તે બે શોભાયમાન સ્તંભ વચ્ચે થઈને કુંડ સુધી ગયેલો છે. આ કુંડનું ક્ષેત્રફળ, દેવાલય કરતાં લગભગ ચાર ગણું વધારે છે.

પગથિયાંનો એકસરખો અને સરખો દેખાવ જણાય નહિ એટલા માટે ન્હાની દેરડીઓ, ચોકડીઓ, અને શિખરવાળાં જરાક મ્હોટાં દેરાં ત્રણે

બાજુના મધ્ય ભાગમાં કરેલાં છે. કુંડની આસપાસ બીજી ઈમારતોની નિશાનિયો જોવામાં આવે છે; પણ તે કેવા પ્રકારની બાંધણીની હશે તેનો નિર્ણય થવા સરખું હાલમાં કશું ચિન્હ રહ્યું નથી. દેવાલયનો નોખો દ્વારમંડપ છે તે સીતાની ચોરી કહેવાય છે,[1] અને કુંડ તે રામકુંડ કહેવાય છે; તે વૈષ્ણવી સાધુઓનું પ્રસિદ્ધ યાત્રાસ્થાન છે.

વાઘેલમાં એક દેવાલય છે તે, ઉપર જે દેવાલયોનું વર્ણન કરવામાં આવ્યું તેવી જ જાતિનું છે; પણ તેમના કરતાં તે કદમાં ન્હાનું છે. તેને એક માળના જેટલી ઊંચાઈનો એક જ ખુલ્લો મંડપ છે, તેના ઉપર ઘુંમટ છે, ત્રણ દ્વારમંડપ છે, અને એક શિખરવાળો ગંભાર છે.

મોઢેરાના જેવા કુંડ, સીહોર અને બીજી જગ્યાએ જોવામાં આવે છે. તેઓ ઘણું કરીને રામકુંડની પેઠે દેવાલયના સંબંધમાં કરાવેલા હશે; પણ તે દેવાલયોનો ઘણે ઠેકાણે નાશ થયેલો છે. મોઢેરાની પાસે લોઘેશ્વર છે. ત્યાં આગળ એક ચમત્કારિક ચાર કુંડનો સંયોગ કર્યો છે. તેઓની વચ્ચે ગોળ કૂવો આવ્યો છે તેથી "ગ્રીક ક્રોસ"ના જેવો આકાર થાય છે. તલાવ અથવા કુંડનો આકાર ઘણો ખરો બહુ બાજુનો અથવા બિલકુલ ગોળાકાર હોય છે, તે પ્રમાણે ઝિંજુવાડાના કુંડનો દાખલો આપણા જોવામાં આવ્યો. એવા જ કુંડ, મુંજપુર, સાયલા, અને બીજી ઘણી જગ્યાએ છે; તેમાંના કેટલાએકના વ્યાસ લગભગ સાતસેં વારના છે. અણહિલપુર આગળ સહસ્રલિંગ તલાવ છે તે ઘણું કરીને આ જ વર્ગનું છે, અને આજે તેની નિશાનિયો જણાય છે, તે ઉપરથી તે બહુ જ મ્હોટા ઘેરાવાનું હશે એમ ધારી શકાય છે. તેની આસપાસ ન્હાનાં ન્હાનાં દેરાં હતાં, અને તેની સંખ્યા લગભગ એક હજારની હતી.

ગોધા આગળ દ્વીપકલ્પમાં એક સમચોરસ તલાવની નિશાનિયો છે તે સિદ્ધરાજનું બનાવેલું કહેવાય છે તેનું નામ "સોનેરિયા તલાવ" કરીને છે. જયસિંહની મા મયણલદેવીના કારભારની વેળાએ બે નામીચાં તલાવ બંધાવેલાં ગણવામાં આવેલાં છે. એ સમયમાં શોભાયમાન્ ઈમારતો બહુ બંધાઈ છે. ધોળકાનું મલાવ અને વીરમગામનું માનસર એ બે તલાવ તે માંહેલાં છે, તેમાંથી માનસર વર્ણવા યોગ્ય છે. તેનો આકાર અનિયમિત છે, અને તે હિન્દુઓનું રણ-

---

૧ બારોલીના દેવલના આગળના ભાગમાં એક ઇલાયદો દ્વારમંડપ છે. ફરગ્યુસનકૃત "હાન્ડ બુક આફ આર્કિટેકચર"ના પ્રથમ ભાગનું પૃષ્ઠ ૧૧૨, અને "ટૉડરાજસ્થાન"ના બીજા પુસ્તકના પૃષ્ઠ ૭૧૨ મા પ્રમાણે—બારોલીનો દ્વારમંડપ છે તે પણ લગ્નમંડપ છે, અને દંતકથા એવી ચાલે છે કે તે હૂણના કુંવરની રજપૂતાણ વહૂનો છે.

સંગ્રામનું વાદિત્ર જે શંખ, તેના આકારનું બાંધેલું લોકમાં કહેવાય છે. સામાન્ય ઘાટ, અથવા પગથિયાંની હારો સર્વ બાજુએ આવેલી છે; અને તેમાં ન્હાના ન્હાનાં શિખરવાળી દેરિયોથી (તે માંહેલાં ઘણાંક તો હવણાં નાશ પામ્યાં છે) શોભાવવામાં આવેલું છે. તેની સંખ્યા વર્ષના જેટલા દિવસ છે તેટલી ધારવામાં આવી છે, તેથી તે ખરૂં જોતાં ત્રણસેં કરતાં વધારે હશે. એ તલાવની એક બાજુના દેવાલયમાં મૂર્ત્તિ બેસારવાની બેઠકો છે અને બીજી બાજુનાં દેરાંમાં જળાધારિયો છે તે ઉપરથી એવી ધારણા કરવામાં આવે છે કે પ્હેલા પ્રકારનાં શ્રીકૃષ્ણને સારૂ હશે, અને બીજાં દેવલ મહાદેવને સારૂ હશે. આસપાસના પ્રદેશનું પાણી એકઠું થાય છે તે પ્રથમ તો એક અષ્ટકોણ કુંડમાં ભેગું થાય છે તેમાં સર્વ કચરો ઠરે છે. કુંડ પથ્થરનો ચણી લીધેલો છે, તેની દરેક બાજુ, કોરી કહાડેલી પ્રતિમાઓથી શોભાવેલી છે. પાણી ત્યાં થઈને એક ચણી લીધેલી નીકને રસ્તે ધરનાળામાં થઈને તલાવમાં જાય છે. તેમાં ત્રણ નળ કર્યા છે, તેના ઉપર ધાબું ચણી લીધું છે તે ધાબા ઉપર બેઠક કરી છે તેને ઘુંમટ વાળી લીધો છે. આ ઈમારતની મરામત મરાઠાઓની વેળાએ કરવામાં આવી હતી, અને તેની એક બાજુ બાંધી લેવામાં આવી હતી. ત્યાં માતા બહુચરાજીનું સ્થાનક કર્યું છે. આસપાસ ઘાટ છે તેમાં ઘણી જગ્યાએ ઠેઠ પાણી સુધી ખડિયાટ બાંધ્યા છે. એઓમાંથી એક ખડિયાટની એક બાજુએ વધારે મ્હોટું દેરૂં છે તેને શિખરવાળા બે ગંભાર અને એક સભામંડપ છે અને તલાવની બીજી બાજુ તેના સરખી બાકી રહી ત્યાં ધાબાવાળી સ્તંભપંકિત છે.

આ સમયના કૂવા જે દેશના જૂદા જૂદા ભાગમાં છે તે બે પ્રકારના છે. કેટલાક સામાન્ય બાંધણીના ગોળ કૂવા છે, પણ તેમાં જરૂખાવાળી બેઠકો છે; બીજા છે તે વાવ(સંસ્કૃતમાં વાપિકા)ને નામે ઓળખાય છે, તે ચિત્રોપમ, અને ભવ્ય તેમ જ તરેહવાર જાતિના છે. જમીનની સપાટી ઉપર એક બીજાથી નિયમિત અંતરે, હારબંધ એકલા ચાર અથવા પાંચ મંડપ દેખાય છે, તે બ્હારથી બહુધા સમચોરસ હોય છે, પણ કોઈ કોઈ વાર ઘણે ઠેકાણે અંદરથી અષ્ટકોણ આકાર બની જાય છે; તેઓના ઉપરનાં ધાબાં થાંભલા ઉપર રહે છે અને હિન્દુ સમયની બાંધણિયોમાં તો ઘુમટાકાર કરી દીધેલાં છે. સર્વનાથી છેલ્લા મોખરાના મંડપમાં થઈને વાવમાં ઉતરવાનું હોય છે; ત્યાં આગળથી પગથિયાં ચાલે છે તે ઉપરથી ઉતરતાં, બીજા મંડપનો ઘુંમટ જે બે થાંભલાની હાર ઉપર રહેલો જણાય છે તેની નીચે અવાય છે અને અહિં આગળ મ્હોટો પ્રસ્તાર હોય છે. ત્યાંથી નીચે પાછાં

પગથિયાં આવે છે તે ઉપરથી ઉતરતાં ત્રીજા મંડપના ઘુંમટ નીચે અવાય છે અને તે એક ઉપર એક એવા ત્રણ થાંભલાની હાર ઉપર દેખાય છે, આ પ્રમાણે એક પ્રસ્તાર ઉપરથી બીજા પ્રસ્તાર ઉપર નીચે ઉતરાય છે. તેમ ઘુંમટની નીચેના થાંભલાની હારો એક બીજા ઉપર વધતી જાય છે અને છેવટે જ્યાં પાણી હોય છે તે ભાગ આગળ જવાય છે. ત્યાંથી ઉપર નજર કરતાં ઊંચે કેટલાક માળ દેખાય છે અને દરેક માળે છજાં હોય છે. તે છેવટે સર્વની ઉપર છેલ્લો ઘુંમટ આવેલો હોય છે, અને તે આખી વાવનો અતિ શોભાયમાન્ ભાગ દેખાય છે. વાવની લંબાઈ કોઈ કોઈ વાર એંસી વાર હોય છે અને બધે છેવટમાં ગોળ કૂવો હોય છે.

આવી જાતિની વાવોમાં ઘણી વખાણવા જોગ અણહિલપુર આગળની રાણીની વાવ છે, પણ ખંડેર થઈ ગઈ છે. ગૂજરાત, અને સોરઠના ઘણા ભાગમાં બીજી વાવો છે તે જૂદી જૂદી સ્થિતિમાં રહેલી છે. એક બીજી જાણવા જેવી વાવ અમદાવાદ શહરની પાસે છે, તે ક્યારે બંધાઈ હશે તે જાણવામાં નથી, તથાપિ તેની બાંધણી ઉપરથી જણાય છે કે, જે સમયે સિદ્ધરાજના કુળના રાજ્ય કરતા હતા તે સમયની છે. તે "માતા ભવાનીની વાવ" કહેવાય છે. અને પાંડવોએ બંધાવી છે એવું લોકો કહે છે. ઝિંઝુ-વાડાના કિલ્લામાં એક વાવ છે તે વિષે તો સૂચવવામાં આવ્યું છે; વઢ-વાણના કિલ્લાની માંહલીમગ અને બાહલીમગ હિન્દુની વાવો છે; અને બીજાં ઠેકાણાંએ પણ લખતાં પાર આવે નહિ એટલી બધી છે.

કુંડ, કૂવા, વાવ, અને તલાવ એ સર્વનું વર્ણન અમે કર્યું તે બંધાવાનો એક સામાન્ય હેતુ એવો છે કે, "ચોમેરનાં મૃત્યુલોકનાં માનવી, પશુ, પક્ષી "આદિ [1]ચોરાશી લાખ જીવ તરશે મરતા હોય તે તેનો ઉપયોગ કરે." આવાં જળાશય, જ્યાં પાણીની તંગાશ હોય છે ત્યાં કરાવેલાં જોવામાં આવે છે. જેમ કે રાણકદેવિયે દૂષણ દઈને કહ્યું છે કે "મારૂં પાટણ દેશ પાણી વિના

१ जलयोनि नव लक्षाणि	જળજંતુ	૯,૦૦,૦૦૦
स्थावरा लक्ष विंशतिः	સ્થાવર	૨૦,૦૦,૦૦૦
क्रमयो रुद्र संख्याकाः	ક્રમિ-કીડા	૧૧,૦૦,૦૦૦
पक्षिणां दश लक्षकम्	પક્ષી	૧૦,૦૦,૦૦૦
त्रिंशल्लक्षं पशूनां च	પશુ	૩૦,૦૦,૦૦૦
चतुर्लक्षं तुं मानुषम्	મનુષ્ય જાતિ.	૪,૦૦,૦૦૦
		૮૪,૦૦,૦૦૦

પૂરા ભરે" આવે ઠેકાણે; અથવા જ્યાં વ્યાપારને લીધે ઘણો અવરજવર થાય છે તે જગ્યા–શહેરોના દરવાજા પાસેની અથવા ત્રિવટાને ઠેકાણે. વળી તે ધર્મનાં કામ ગણાય છે; કેમકે કહ્યું છે કે "નગરનો કિલ્લો ચણાવ્યાના "પુણ્ય કરતાં પાણીની જગ્યા બંધાવ્યાનું પુણ્ય દસ હજાર ઘણું વધારે છે." તે કૃષ્ણાર્પણ કરવામાં આવે છે; જે દુર્ગા "કુંડલિની[1] કહેવાય છે, અને જેનો "આકાર કૂવાના જેવો છે" તેને અર્પણ કરવામાં આવે છે. અથવા પાણીના દેવ વરૂણ જે "પુણ્યકર્મના સાક્ષીભૂત છે"[2] તેને અર્પણ કરવામાં આવે છે. વળી બીજા આધાર પ્રમાણે, તે બંધાવ્યેથી "એકસો ને એક પૂર્વજ નર્ક- "માંથી તરે છે, વંશપરંપરા કીર્ત્તિની વૃદ્ધિ થાય છે; દીકરા અને દીકરાના "દીકરાની વૃદ્ધિ થાય છે; અને [3]સૂર્યચંદ્ર તપે ત્યાંસુધી સ્વર્ગ ભોગવાય છે." વાવ છે તે કુંડની પેઠે સર્વત્ર નહિ તો બહુ કરીને દેવાલયને લગતી કરવામાં

૧ મૂળાધારની ઉપર અને નાભીની નીચે કુંડલિની નામની ગુંછળું વળેલી શક્તિ છે તેની અધિષ્ઠાત્રી દેવી દુર્ગા છે.

૨ વરૂણને આવું પદ આપવાનું કારણ એવું છે કે, નદીકિનારે અથવા તલાવને કે બીજા પાણીને આરે પુણ્ય કરવામાં આવે છે અને ધર્મની ક્રિયાઓ ત્યાં થાય છે. ચુલુક અથવા કોલની ક્રિયા કરતાં, માણસ હથેલીમાં પાણી લઈને મૂકે છે તે દાનના નિશ્ચયકરણની નિશાની છે.

૩ જળાશય બનાવવાનું પુણ્ય ઘણું છે. पूर्त्तोद्योत, पूर्वकमलाकर આદિ ગ્રન્થોમાં તેનો મહિમા વર્ણવ્યો છે. जलोत्सर्गमयूख કહે છે કેઃ-

विष्णुधर्मोत्तरे—उदकेन विना तृप्तिर्नास्ति लोकद्वये सदा ॥
तस्माज्जलाशयाः कार्याः पुरुषेण विपश्चिता ॥
यमः–कूपारामप्रपाकारी तथा वृक्षावरोपकः ॥
कन्याप्रदः सेतुकारी स्वर्गं प्राप्नोत्यसंशयम् ॥
तडागे यस्य पानीयं सततं खलु तिष्ठति ॥
स्वर्गे लोके गतिस्तस्य नात्र कार्या विचारणा ॥
नन्दिपुराणे–यो वापीमथवा कूपं देशे तोयविवर्जिते ॥
खानयेत्स नरो याति स्वर्गं प्रेत्य शतं समाः ॥
विष्णुः–कूपारामतडागेषु देवतायतनेषु च ॥
पुनः संस्कारकर्त्ता च लभते मौलिकं फलम् ॥
भविष्योत्तरे–सर्वस्वेनापि कौन्तेय भूमिष्ठमुदकं कुरु ॥
कुलानि तारयेत्कर्त्ता यत्र गौर्वितृषा भवेत् ॥
अतः शुभागतं द्रव्यं तडागादिषु योजयेत् ॥
धन्यः सपन्था विज्ञेयस्तडागं वृक्षमण्डितम् ॥ ૨. ઉ.

આવે છે; જે તલાવની આસપાસ મહાદેવની સ્થાપના કરેલી હોય છે તેમને તે તલાવ સમર્પણ થાય છે; અને શિવાર્પણ થવાથી તેનું પાણી પવિત્ર ગણાય છે. મેરૂતુંગે લખ્યું છે તે પ્રમાણે કાશીના રાજાએ સિદ્ધરાજના સાન્ધિ-વિગ્રહિકને અણહિલપુરનાં દેવાલયની બાંધણી, કૂવા અને બીજા જળાશય વિષે પૂછપરછ કર્યા પછી, અણહિલપુરના સહસ્ત્રલિંગ તલાવનું પાણી શિવ-નિર્માલ્ય[1] છે તેથી ઉપયોગમાં લેવાને યોગ્ય નથી એમ કહીને તેનો તિરસ્કાર કરવા માંડ્યો, ત્યારે તેના ઉત્તરમાં સાન્ધિવિગ્રહિકે પૂછ્યું:-"કાશીના "લોક પાણી ક્યાંથી લાવે છે ?" ત્યારે તેને ઉત્તર આપવામાં આવ્યું, કે "ગંગા-માંથી." એટલે તે ફરીને બોલ્યોઃ-"શિવાર્પણ કરવામાં દોષ હોય તો જે "પવિત્ર નદી મહાદેવના મસ્તકમાંથી નીકળે છે તેને પણ નક્કી દોષ લાગ્યા "વિના રહે નહિ. આ જળાશયો ખેતીવાડીના ઉપયોગને અર્થે બનાવેલાં નથી એ વાત તેઓની બાંધણીથી સારી રીતે જણાઈ આવે છે, તેમ જ જે જગ્યામાં તેઓ બાંધવામાં આવેલાં હોય છે તે ઉપરથી તેઓના બંધાવનારાઓનો હેતુ જણાઈ આવે છે.

અણહિલપુરના રાજાઓની બચી રહેલી નિશાનિયો માંહેલી કેટલીક આવા પ્રકારની છે. તેઓનો મ્હોટામાં મ્હોટો અને અતિ અચળ કીર્ત્તિ-સ્તંભ એ જ વાતમાં રહેલો છે કે, [2]આગસ્તસના ગર્વને વેગળો બેસારીને તેઓએ તેમનો ઉજ્જડ દેશ આબાદ કર્યો, અને ત્યાંની ધરતીને દૂધથી અને મધથી વ્હેતી મૂકીને તેઓ ગયા. આ વિરોધતા ઘણી આશ્ચર્યકારક છે; તોય પણ વચ્ચે જે ક્રમ ચાલ્યો તેનો પત્તો લગાડવાનું કામ ગમે તેવું વિકટ હો, તથાપિ સામાન્ય પરિણામ થયો છે તે વિષે શક લઈ જવાય એમ નથી. અણહિલવાડમાં વનરાજની સત્તા નીચે ચાવડા વંશની પ્રથમ

૧ શિવને કાંઈ અર્પણ કરવામાં આવે તે; અને તે અર્પણ કરનારથી પાછું લેવાય નહિ, અથવા લૌકિક કામમાં વપરાય નહિ.

૨ Augustus રોમ્યુલસ આગસ્તસ રોમની પશ્ચિમ શાહનશાહતનો છેલ્લો પાદશાહ. ઈ. સ. ૪૭૬ માં ગાદિયે બેઠો, પણ થોડા જ સમયમાં હેરૂલીના રાજા ઓડોઆસરે ઇટલીપર ચડાઈ કરી અને તેને ગાદી ઉપરથી ઉઠાડી મૂક્યો. પછીથી તેને ૭ હજાર સોનારનું વર્ષાશન કરી આપવામાં આવ્યું તે ઉપર નિર્વાહ ચલાવીને તેણે પોતાનું જીવતર પૂર્ણ કર્યું અને એની જ સાથે રોમના રાજ્યની પશ્ચિમ શાહ-નશાહતનો પણ અન્ત આવ્યો.

રોમન રાજ્યના બીજા પાદશાહ આગસ્ટસ આક્ટેવિયસ સિઝરના નામ ઉપરથી તેની પાછળ થયેલા બધા પાદશાહ આગસ્ટસ કહેવાયા. તેમના સમયમાં રોમન રાજ્ય બહુ ચડતી દશામાં આવ્યું હતું. ૨. ઉ.

સ્થાપના થઈ, ત્યારે આખા ગૂજરાત દેશમાં મૂળની જંગલી જાતિ વિના એક માણસ સરખું પણ વસેલું ન હતું. ઘણું કરીને તો વલ્લભીપુરીનો નાશ થયાને તે સમયથી વધારે કાળ થયો નહતો, અને ખંભાત, ભરૂચ તથા કિનારા ઉપરનાં બીજાં શહરો તેમનો થોડો ઘણો ઉદય સાચવી રહ્યાં હતાં. જે ખારૂં તલાવ સોરઠ અને ગૂજરાતની વચ્ચે આવ્યું છે તેના કિનારાની છેક ઉત્તર ભણીની ધરતીમાં, વસેલાં શહરોનો ગણગણાટ સાંભળવામાં આવ્યો હશેઃ—

"વળા અને વઢવાણ, તે પછી પાટણપુર વસ્યું."

પણ અંબા ભવાનીથી તે સાભ્રમતિના મુખ સુધી, જે ડુંગરા માળવાની સીમાએ આવેલા છે ત્યાંથી તે કચ્છના રણની લગભગની સપાટ ધરતી સુધી (કનકસેનના નગરનો નાશમાંથી રહેલા ભાગ તરિકે શંખપુર, પંચાસર અને કદાપિ તેની પડોસનાં થોડાંક ન્હાનાં શહર ઉજ્જડ મેદાનની કોર ઉપર રક્ષાયલાં હશે તે બાદ કરતાં) શિકારી પ્રાણિયોના રાજ્યની સામે, તેઓના કરતાં, જંગલનાં જરાક ઓચ્છા દરજ્જાનાં ફરજંદ જે જંગલી માણસો તે જ માત્ર વાંધો ઉઠાવવાને હતાં[૧] (એથી ઉલટું જોઇયે તો) સોલંકી વંશના છેલ્લા રાજાના સમયમાં, દેશનો એનો એ જ ભાગ એક બળવાન્ રાજ્યની સત્તા નીચે મળી ગયેલો, દ્રવ્યવાન્ શહરોથી છવાઈ ગયેલો, વસ્તી-ભરેલાં નગરોથી શોભતો, અને બળિષ્ટ કિલ્લાઓથી રક્ષાયલો આપણા જોવામાં આવ્યો. ઝાડીની જે ગહન ઘટા ઉપર હજી લગણ માત્ર ખખણાટ કરતો તાડ ડોકિયાં કરતો હતો, તેના ઉપર દેવળ, તેનું પ્રતિસ્પર્ધી શિખર ઉંચું કરે છે; જે જગ્યાઓ આગળ માત્ર વર્ષાદનાં ઝાપટાંથી જ ભીંજાઈ હતી, તેના ઉપર ઉત્કૃષ્ટ કલ્પનાથી રચના કરેલી અને તટે દેવાલય આવેલાં એવાં સરોવર અને ઝરૂખાવાળી વાવો અને કૂવા જોવામાં આવ્યા; તેમ જ જે હરિણોનાં ટોળાં આગળ વસ્તી વિના ઉજ્જડ મેદાનોમાં એકલાં ભમતાં હતાં, તેઓને, માલ લાદેલાં ઊંટોની હારો ને હારોનો, અથવા મૂલ્યવાન્ ભેટની વસ્તુઓ સાથે લીધેલી એવા યાત્રાળુ લોકોના સંઘના દેખાવનો, હવે એટલો બધો સહવાસ થઈ ગયો કે તેઓ હવે તેમનાથી ભડકીને નાશી જતાં નથી.

અણહિલવાડના મહિમાની કથા કહેવાઈ રહી; હવે તો તેના નાશ અને ઉજ્જડપણાની કથા બાકી રહી છે; તોય પણ આપણા જોવામાં આવશે કે, તેની તેજસ્વી સવાર, જેની પછવાડે, એકાએક ઉત્પન્ન થયેલા જુસ્સાથી

૧ ખરી વાત છે કે ખેડા અને વડનગરમાં બ્રાહ્મણો વસતા હતા તેની અપૂર્ણ દંતકથાઓ ચાલે છે.

તત્કાળ બદલાઈ ગયેલો અને વાતલ દિવસ થયો, તેને સાથે મૂકતાં, તે જ્યારે આગલી રાત્રીનું કાળું વાદળું હાંકી ફ્હાડીને પ્રથમ પ્રકાશી હતી તેની સાથે સરખાવી જોતાં, તેનાથી તે ઓછી પ્રકાશતી નથી. અગર જો વનરાજના જેવા નવા અને પ્રતાપી વંશની સ્થાપના કરનાર અહંમદને જોતાં છતાં; અગર જો તેના પૌત્ર મહમૂદને, અણહિલપુરના સિંહની પ્રતાપવાન્ પદવિની લગભગની પદવિ, કીર્તિની વહીમાં લખતો આપણા જોવામાં આવ્યો છતાં; અને અગર જો આ અને બીજા રાજકર્ત્તાઓ ગૂજરાતના વાવટા દૂર દેશોમાં યશવંતપણે લઈ જતા આપણા જોવામાં આવ્યા, તેમ છતાં પણ, આ સત્યતા આપણા લક્ષમાં ઉતરી ગયા વિના રહે એવી છે જ નહિ.—કે બીજા ભીમદેવના હાથમાંથી જ્યારથી રાજદંડ પડ્યો ત્યારથી તે, ઘણે કાળે જ્યારે રજપૂત, મુસલમાન અને મરાઠા છેવટે પોતાની તરવારો મ્યાન કરવાને કબુલ થયા, અને તેઓના કજિયાના ખરા ન્યાયનો આધાર "સમુદ્રવાસી પરદેશીજનો"(અંગ્રેજો)ની સત્તા, ડહાપણ, અને વિશ્વાસ ઉપર રાખીને શાન્ત રહેવા કબુલ થયા ત્યાંસુધી અણહિલપુરી માંહોમાંહના કજિયાથી એક ઘડી પણ ઘવાયા વિનાની રહી નથી.

પ્રકરણ ૧૪ મું

વાઘેલા,[1]—તેજપાળ અને વસ્તુપાળ—આબુ પર્વત, ચંદ્રાવતીના પરમાર.

સામંત આનાક સોલંકીના પુત્ર લવણપ્રસાદના જન્મ વિષે કુમારપાળના રાજ્યના ઇતિહાસમાં લખવામાં આવેલું છે, તે "શ્રી ભીમનો પ્રધાન

---

૧ ધર્મસાગરકૃત પ્રવચનપરીક્ષા પ્રમાણેઃ—

	પ્રારંભ		અન્ત		
	સંવત્	સન	સંવત્	સન	રાજ્ય કેટલું કર્યું
લઘુ ભીમદેવ	૧૨૩૫	૧૧૭૯	૧૨૯૮	૧૨૪૨	૬૩
તિહુણપાળ (ત્રિભુવનપાળ)	૧૨૯૮	૧૨૪૨	૧૩૦૨	૧૨૪૬	૬

એ પ્રમાણે ચાલુક્ય વંશે ૧૧ ભૂપ=૩૦૦ વર્ષ.

વાઘેલા.	પ્રારંભ		અન્ત		
વીસલદેવ	૧૩૦૨	૧૨૪૬	૧૩૨૦	૧૨૬૪	૧૮
અર્જુનદેવ	૧૩૨૦	૧૨૬૪	૧૩૩૩	૧૨૭૭	૧૩
સારંગદેવ	૧૩૩૩	૧૨૭૭	૧૩૫૩	૧૨૯૭	૨૦
લઘુકર્ણ	૧૩૫૩	૧૨૯૭	૧૩૬૦	૧૩૦૪	૭
					૫૮

હતો" એવું મેરૂતુંગે લખેલું છે. તેના સ્વાધીનમાં વાઘેલ (વ્યાઘ્રપલ્લી) હતી, અને વળી ઘણું કરીને ધવળગૃહ, અથવા ધોળકા પણ હતું, તે તેના વંશજોના હાથમાં ઘણા કાળસુધી રહ્યું. લવણપ્રસાદ મદનરાજ્ઞી વેરે પરણ્યો હતો અને તેને તેનાથી વીરધવળ નામે પુત્ર હતો. ચંદ બારોટે એનું નામ વીર-વાઘેલા, અથવા વીરધવલંગ કરીને લખ્યું છે. સન ૧૨૩૧ માં આબુ પર્વત ઉપર તેજપાળે દેરાસર બાંધ્યું તેના લેખમાં[1] વીરધવળનું, તેના બાપનું,

"પટાવલી" પ્રમાણે વીસલદેવે વર્ષ ૧૮, માસ ૭, અને દિવસ ૧૧ રાજ્ય કર્યું. અર્જુનદેવે વર્ષ ૧૩, માસ ૭, ને દિવસ ૨૬, રાજ્ય કર્યું. સારંગદેવે વર્ષ ૨૧, માસ ૮, અને દિવસ ૮ રાજ્ય કર્યું લખેલ છે.

ततः अलावदिसुरत्राणराज्यं.

વાઘેલાનું કચ્છમાં રાજ્ય હતું તે સમયનો અંજાર તાલુકાના ખોખરા ગામમાં એક પાળિયો હતો તે હમણાં ભુજમાં આણ્યો છે. તે લેખ મહારાજા શ્રી સારંગદેવના રાજ્યસમયનો, સંવત્ ૧૩૩૨ માર્ગશીર્ષ શુદિ ૧૧ શનૌ (તા૦ ૧ લી ડિસેમ્બર સન ૧૨૭૫ શનિવાર)નો છે.

આ ઉપરથી ઇં. આ. ભા. ૨૧ પૃ. ૨૭૭ માં છાપેલી હકિકત લક્ષ આપવા યોગ્ય છે કે સારંગદેવના રાજ્યનો પ્રારંભ પ્રવચનપરીક્ષા પ્રમાણે સંવત્ ૧૩૩૩ નો નથી પણ વાઘેલાના પ્રત્યેક રાજ્યમાંથી બબ્બે વર્ષ કહાડી નાંખવાં ઉચિત છે. અને તેમ કરતાં નીચે પ્રમાણે વંશાવલી ગોઠવાય છે.

વ્યાઘ્રપલ્લી અથવા વાઘેલા વંશ:—

ધવલ કુમારપાળની માશી સાથે પરણ્યો. સન ૧૧૬૦-૧૧૭૦
|
અર્ણોરાજ સન ૧૧૭૦-૧૨૦૦
|
લવણપ્રસાદ ધોળકાનો મહામંડળેશ્વર સન ૧૨૦૦ થી ૧૨૩૩
|
વીરધવલ ધોળકાનો રાણક-રાણો. સંવત્ ૧૨૭૬-૧૨૯૫ ઈ. સ. ૧૨૧૯-૨૦ થી ૧૨૩૮-૩૯ સુધી સ્વતંત્ર.
|

* પ્રતાપ મલ્લ જે વીરધવલનો પાટવી પુત્ર હતો તેનું નામ અહિં ઉમેરવાથી સં. ૧૨૯૫ થી સં. ૧૩૦૦ સુધીનો પાંચ વર્ષનો ગાળો પૂરાય છે.

* |	સંવત્.	સન	સંવત્	સન	કેટલું રાજ્ય કર્યું
વીસલદેવ	૧૩૦૦	૧૨૪૩	૧૩૧૮	૧૨૬૧	૧૮
અર્જુનદેવ	૧૩૧૮	૧૨૬૧	૧૩૩૧	૧૨૭૪	૧૭
સારંગદેવ	૧૩૩૧	૧૨૭૬	૧૩૫૩	૩૨૯૬	૨૨
કર્ણદેવ બીજો	૧૩૫૩	૧૨૯૬	૧૩૬૧	૧૩૦૪	૮
					૬૧

૧ આ લેખ સંવત્ ૧૨૮૭ ફાલ્ગુન વદિ ૩ રવિવારનાં છે. જુવો કીર્તિકૌમુદીનું પિરશિષ્ટ બ. ૨. ઉ.

અને દાદાનું નામ લખેલું છે; અને તે જ દેવાલયમાં એક બીજો લેખ છે તેમાં વીરધવળના નામને મહામંડળેશ્વર અને રાણાનું પદ જોડીને લખેલું છે.

મેરૂતુંગ લખે છે કે, મદનરાજ્ઞી પોતાના કુંવર વીરધવળને લઇને પોતાના ધણીનું ઘર છોડી તેની મરણ પામેલી બ્હેનના વર દેવરાજ પટ્ટકિલને ઘેર જઇને રહી;[1] પણ વીરધવળ જ્યારે પાકી વયનો થયો ત્યારે પોતાના બાપને ઘેર પાછો આવ્યો. સાંગણ, ચામુંડ, અને રાજ એવાં તેના ઓરમાઈ ભાઈયોનાં નામ લખવામાં આવેલાં છે અને તેઓ "કસબા અને દેશ "(રાષ્ટ્રકૂટ)ના ધણી હતા" એમ લખ્યું છે.[2] વીરધવળ વિષે એમ લખવામાં આવ્યું છે કે તેને તેના બાપ પાસેથી ઘણો દેશ મળ્યો હતો, તેમાં તેણે પોતાની જિતથી વધારો કર્યો. "દ્વિજ ચાહડ સચીવ" તેનો પ્રધાન હતો; અને તેજપાળ તથા વસ્તુપાળ કરીને બે ભાઈને પણ તેણે રાખ્યા હતા.

વીરધવળ વાઘેલાને પોતાના ક્રમાનુયાયિયોની પેઠે રાજપદવિ મળી ન હતી પણ ભીમના મરણ પછી ગૂજરાતના પટાવતોમાં તે મહા સત્તાવાન્ થઈ પડ્યો હતો, એમાં સંશય નથી. વીરધવળની વેળામાં થોડીક રાજ-

---

૧ પ્રબંધચિન્તામણિમાં વિશેષ એમ છે કે, લવણપ્રસાદની આજ્ઞા લઈને તે ગઈ હતી. તેને રૂપવતી જોઈને દેવરાજે પોતાની ગૃહિણી કરી. આ વાત જ્યારે લવણપ્રસાદે જાણી ત્યારે તે ત્યાં જઈને તેને મારી નાંખવા રાત્રે તેના ઘરમાં સંતાઈ પેઠો. એટલામાં ભોજનની થાળ આવી એટલે દેવરાજ બોલ્યો કે વીરધવલને બોલાવો, એના વિના હું જમીશ નહિ. તે આવ્યો તેને પોતાની થાળમાં ભેગો જમવા બેસાર્યો. આ પ્રમાણે પોતાના કુંવર ઉપર દેવરાજનું હેત જોયું તેથી લવણપ્રસાદનો ક્રોધ ઉતરી ગયો અને પોતે પ્રત્યક્ષ થયો. તેને યમ રૂપ જોઈને દેવરાજ ત્રાસી ગયો અને તેનું મ્હોં કાળુ મેંસ જેવું થઈ ગયું, તે ઉપરથી લવણપ્રસાદ બોલ્યો કે બ્હીશો માં, હું તમને મારવા આવ્યો હતો પણ આ વીરધવલ ઉપર તમારૂં વાત્સલ્ય મારી આંખે મેં સાક્ષાત્ જોયું તેથી હવે હું તમને મારનાર નથી. દેવરાજે તેનો આદરસત્કાર કર્યો છતાં તે જેવો આવ્યો હતો તેવો ચાલ્યો ગયો.

૨ वीरधवलस्यापरमातृकाः राष्ट्रकूटान्वयाः सांगणचामुंडराजादयो वीरव्रतेन भुवनतलप्रतीताः આવો પાઠ અમારી પાસેની જૂની પ્રતિમાં છે. તેનો અર્થ એમ થાય છે કે "વીરધવલના ઓરમાઈ ભાઈ જે રાષ્ટ્રકૂટ (રાઠોડ) વંશની તેની બીજી માના "પેટના સાંગણ, ચામુંડ રાજ આદિને લઈને પોતાના વીરવ્રતે કરીને ભુવનતલમાં પ્રસિદ્ધ થયા છે. પછી વીરધવલ ક્ષત્રિય, જેને કાંઇક સમજણ આવી એટલે આવા વૃત્તાન્તથી લજ્જા પામીને દેવરાજનું ઘર છોડી દઈને પોતાના જ પિતાને સેવવા ગયો. તે સત્વ, ઔદાર્ય, ગામ્ભીર્ય, સ્થિરતા, નય, વિનય, દયા, દાન અને દાક્ષિણ્ય આદિ ગુણવાળો હતો. ર. ઉ.

પ્રકરણીય વાતો બની હતી એવું મેરૂતુંગે લખ્યું છે, તે ઉપરથી એમ લાગે છે કે કોઈ બળવાન્ સત્તાધારી વચ્ચે જોઇયે ખરો. કોઈ "સૈયદ" (સઈદ, સદીક) નામે વેપારી જે સો વશા મુસલમાન હશે એમ જણાય છે તેને વસ્તુપાલ સાથે સ્તંભતીર્થ અથવા ખંભાતમાં કજિયો થયો ત્યારે તે પ્રધાનથી પોતાનું રક્ષણ કરવા સારૂ તેણે ભરૂચમાંથી શંખ[1] નામે સરદારને બોલાવ્યો એમ કહેવાય છે. વસ્તુપાળે પોતાની ભણી, આશ્રય સારૂ લુણપાળ કરીને એક ગોલો હતો તેને બોલાવ્યો; તેણે શંખ ઉપર હલ્લો કરીને તેને માર્યો, પણ પોતે લડાઈમાં ઘાયલ થયો અને થોડા દિવસ પછી મરણ પામ્યો. પછીથી તે જે જગ્યાએ મરણ પામ્યો તે જગ્યાએ વસ્તુપાળે "લુણપાળપતિ"નું દેવળ બાંધ્યું એમ લખેલું છે.

એક બીજે સમયે, મ્લેચ્છ સુલતાનનો ગુરૂ માલીમન્મખ કરીને હતો, તે યાત્રા કરવાને નીકળ્યો હતો તેવામાં ગૂજરાતમાં આવી પ્હોંચ્યો. આ યાત્રાની જગ્યા કેઈ હશે તે વિષે લખવામાં આવેલું નથી, પણ તેને ઝાલી લેવાનો વીરધવળે અને તેના બાપે વિચાર કરી રાખ્યો હતો, તેમાંથી-તેજપાળે અને વસ્તુપાળે તેનું રક્ષણ કર્યું, તે ઉપરથી આગળ ઉપર સુલતાનની તેમના ઉપર મહેરબાની થઈ.

પંચગ્રામ સંગ્રામભૂમિ (પાંચ ગામની લડાઈ) વિષે લખવામાં આવેલું છે. તેમાં એક બાજુએ લવણપ્રસાદ અને વીરધવળ હતા અને બીજી બાજુએ વીરધવળની રાણી જયતલદેવીનો બાપ શોભણદેવ હતો, તેમાં વાઘેલાઓની સંપૂર્ણ જિત થઈ, પણ તે થતાં પ્હેલાં જવાન રાજપુત્ર (વીરધવળ) પોતાના બાપની નજર આગળ ઘણી વાર ઘાયલ થઈને પડ્યો.

વીરધવળના મરણ ઉપર એકસો ને બાશી ચાકરો ચિતામાં પડીને મરણ પામ્યા, ત્યારે વધારે મરણ થતાં અટકાવાને તેજપાળને લશ્કર લઇને વચ્ચે પડવાની જરૂર પડી. પછી પ્રધાનોએ વીસલદેવને ગાદિયે બેસાર્યો. આ રાજા વિષેનો કાંઈ વૃત્તાન્ત ચાલતો આવી મળેલો નથી, પણ ગૂજરાતના વાઘેલા વંશનો તેને સામાન્યપણે પ્રથમ પુરૂષ ગણવામાં આવેલો છે.

ગૂજરાતની ભૂમિ ઉપર એક પછી એક તોફાન ફેલાઈ રહ્યાં હતાં, અને તેનાં વાદળાં તો વેરાઈ ગયાં ન હતાં, તેવામાં ફરીથી દર્શન દેતા સૂર્યના ચીરા જે તોફાની ઘોઘવાળાઓથી ફાટી ગયા હતા તે જરાક અમસ્થા ઉઘાડા કરવામાં આવ્યા એટલામાં તો હિન્દુઓ આગળની, બની ગયેલી

---

૧ ગોઘા પાસે વડવા બંદર છે ત્યાંનો આંબિયો સરદાર હતો. સિન્ધના રાજાનો કુંવર હતો એમ કેટલાક કહે છે. ર. ઉ.

વાતના શોકથી જાણે ઓછા જ જાણીતા હોય, તેમ જ હવે પછી આવી પડવાના ભયની ઓછી જ દરકાર કરતા હોય તેમ કોઈના યત્ન વિના, અને જાણે કે સ્વાભાવિક પ્રેરણા થઈ હોય તેમ, અસલને રસ્તે ચાલતા જોવામાં આવ્યા છે, એ આશ્ચર્યકારક વાત છે, અને તે ઉપરથી વળી તેઓની સહનશીલતા જણાઈ આવે છે. મહમૂદ ગજનવી અણહિલવાડ ધૂળધાણી કરીને અને સોમનાથનો નાશ કરીને સંકટ વેઠતો પોતાને દેશ પ્હોંચ્યો નહિ, એટલામાં તો આરાસુર અને આબુ ઉપર હથોડા અને ટાંકણાના અવાજ ગાજી રહ્યા, અને ભભકાદાર દેવાલયો કુંભારિયા અને દેલવાડામાં બંધાવા માંડ્યાં, તથા તેમાં મનાય નહિ એવા સુધારાના સંસ્કાર થયા અને સેલ્લિનિના[1] હાથની કારીગરી જેવી સફાઈ ચાલતી થઈ, તે ઉપરથી એમ દેખાવા લાગ્યું કે, મ્લેચ્છ હલ્લો કરનારા અથવા મૂર્ત્તિયોનો નાશ કરનારા માત્ર બેચેન પમાડનાર સ્વપ્નના ભયંકર ભૂત છે અને તેમની સ્વપ્નમાં જ ક્રિયા થઈ છે એવું તે દેવળ ચણાવનાર પક્કી રીતે માને છે. અને હવે તો બીજા ભીમની સંકટભરેલી કારકીર્દિ પૂરી થાય છે, તેની સાથે વાદળાં વિનાના તેના ચકચકાટમાં પાછો કદિ પ્રકાશવાનો નહિ એવો અણહિલવાડનો સૂર્ય અસ્ત પામે છે, પણ એક મગ તેની એક કોર તે રાજધાની ઉપર ટગુમગુ થઈ રહે છે, લડાઈના પોકાર પૂરેપૂરા નાશ પામ્યા નથી અને ભયની તથા દુઃખની બૂમોના પડઘા આખા દેશમાં હજુ સુધી ગાજી રહ્યા છે, તથા બીજી મગ આબુ અને શત્રુંજય ઉપર ફરીને કામ ચાલતું થયું છે, અને આગળના ભભકાને એક કોરે બેસારે એવાં દેવાલય અને સદા ચૂપકીદીથી બેશી રહેનારા સ્થિર તીર્થંકરોનાં ચૈત્યોનો ઉઠાવ થાય છે.

વસ્તુપાળ અને તેજપાળ જે વીરધવળ વાઘેલાના પ્રધાન હતા, પણ દેલવાડાનાં અતિ ભભકાભરેલાં દેવાલયોના સ્થાપનારા તરીકે વિશેષ પ્રસિદ્ધ હતા, તે શ્રાવક ધર્મના પ્રાગ્વાટ અથવા પોરવાળ વાણિયા હતા; તેમના પૂર્વજ ઘણી પેઢીથી અણહિલપુરમાં વસતા હતા. વીરધવળનો આગલો પ્રધાન ચાહડ તેમને રાજાની જાણવામાં લાવ્યો. તેમના ઉપર રાજાનો હદ પાર ભરોંસો બેઠો હતો એમ જણાય છે; અને જે શબ્દોમાં આ વાત લખી છે તે ઉપરથી લોકોની સ્થિતિ અને રાજા તથા કારભારીઓનો સંબંધ ઘણો

---

૧ Cellini–ઇટલીમાં આવેલા ફ્લોરેન્સ શહરનો પ્રખ્યાત શિલ્પકાર તથા ગવૈયો. તે ઈ૦ સ૦ ૧૫૦૦ માં જન્મ્યો હતો, અને ૧૫૭૦ માં મરણ પામ્યો હતો. આરસપ્હાણ તેમ જ ધાતુ ઉપર તે બહુ સરસ શિલ્પકામ કરી જાણતો હતો. પોપ ક્લિમેન્ટ સાતમાએ તેને પોતાનો સોની ઠરાવ્યો હતો. ૨. ઉ.

ચમત્કારિક દેખાય છે. તેઓના રાજ્ય ચલાવવાના ધોરણ વિષે મેરૂતુંગ આ પ્રમાણે લખે છેઃ—"જે પ્રધાન કોઈના માથા ઉપર હાથ મૂકયા વિના ભંડાર "વધારી શકે; કોઈનો દેહાંતદંડ કરયા વિના દેશનું રક્ષણ કરી શકે; અને લડાઈ "કર્યા વિના રાજ્ય વધારે તે કુશળ કહેવાય." એ જ ગ્રંથકર્ત્તા લખે છે કે—જ્યારે વીરધવળે પોતાનો રાજકારભાર તેજપાળને સોંપ્યો, ત્યારે તેણે નીચે પ્રમાણે રાજા પાસેથી લેખ કરાવી લીધો. "જો હું કદાપિ તમારા ઉપર કોપાયમાન "થાઉં તો તમે વિશ્વાસ રાખજો કે હાલમાં તમારી પાસે જેટલી માલમતા "છે તેટલી મારે તમારી પાસે રહેવા દેવી;" અને તેઓએ જે દેવાલય બંધાવ્યું છે તેમાં નીચે પ્રમાણે લખે છે,—"વીરધવળ ચાલુક્ય જેટલું ખરૂં હોય "તેટલું જ કરવાવાળો, બંને પ્રધાનોની સલાહ પ્રમાણે ચાલનાર હોવાથી, હેરકો "કાંઈ આડું અવળું કહેતા પણ તેઓનું તે સાંભળતો નહિ. બંને ભાઈયોએ "પોતાના રાજાનું રાજ્ય વધારી આપ્યું. ઘોડા અને હાથિયોની હારની હાર "તેઓએ તેના મેહેલ આગળ બાંધી, અને રાજાની પાસે જે હતું તેનો ઉપ- "ભોગ તેણે સુખેથી કરયો. એ બંને પ્રધાનોને તેના ઢીંચણ સુધી પ્હોંચે એટલા લાંબા હાથ હતા."[૧]

આબુના પ્હાડ ઉપર ચડવાનું સીરોઈ અને ઝાલોરની બાજુ ભણીથી ઘણું સહેલું છે. ગૂજરાતની બાજુનો ચડાવ ગિરવર ગામ ભણીથી છે તે ઘણો રળિયામણો દેખાય છે. તેના ઉપર છડિયાટ વિના બીજાથી ચડાઈ શકાતું નથી. અંબા ભવાનીના દેવાલય આગળ થઈને જવાનો રસ્તો, કેટલેક સુધી, ઊંચાણની વિચિત્ર રચનામાં થઈને એકાન્તમાં પર્વતના ધોધવાના પટને આકારે છે. "આ પ્રદેશમાં સર્વ કાંઈ શોભાયમાન, રમણીય અને સ્વાભાવિક છે; અહિં "મનુષ્યના મનોવિકાર આવી રચનાના એકત્રપણાનો ભંગ કરાવી શકે એમ નથી "તેથી જાણે કે પ્રકૃતિએ પોતાના માનવંતા વંશજને વસવાને માટે સૃજ્યું હોય "એમ લાગે છે. આકાશ નિર્મળ છે; કોયલ જાણે એક બીજાને ઉત્તર આપતી હોય "તેમ વનસ્પતિની ઘટામાંથી ટૌકા કરતી સંભળાય છે, તેમ જ જંગલનાં પક્ષિયો જે "વાંસની ઘટાઓમાં તેઓનું રક્ષણ થાય છે તે ઘટાઓમાં કિલકિલાટ કરી રહ્યાં "છે અને સૂર્ય જેવે પર્વતનાં શિખરોને સ્વચ્છ કરી પોતાના ઉગ્ર કિરણ વડે; "વ્યાપ્ત કરી દે છે તેવાં જ ભૂરાં તિત્તિરોનાં ટોળાં ઝાડ ઉપર જે માળા "બાંધીને રહ્યાં હોય છે તે આનંદ બતાવવામાં કબૂતરોની સાથે ચડશાચ- "ડશી કરે છે. બીજાં પક્ષિયો જે સપાટ ભૂમિનાં વાસી નથી હોતા તે અહિં

૧ સામુદ્રિકનાં પુસ્તકોમાં લખેલું છે કે "આજાનબાહુ અથવા લાંબા હાથના પુરૂષો ભાગ્યશાળી હોય છે."

"તહિં ભમ્યાં કરે છે, અને લક્કડખોદ પક્ષી પોતાની ચાંચનું બળ કઠણ
"લાકડા ઉપર અજમાવાને ટકોરા મારી રહે છે તેથી ઉપજતા પડઘાનો
"અવાજ સંભળાઈ રહે છે. નાના પ્રકારનાં અને રંગ રંગનાં ફૂલ, ફળને
"લીધે જંગલવાસી પશુ અને પક્ષી એકઠાં થાય છે; અને ઉદ્યોગી ભ્રમર
"વિશાળ પાંદડાં ઉપર ઉડતા ઉડતા, ધોળી અથવા પીળી ચંબેલીની અતિ
"મધુરતા ચૂસે છે, તેમ જ, ગોટા, ચમરિયોનાં ગુચ્છાદાર જાંબુરંગી અને
"ધોળાં ફૂલ જે ગુલબાસને મળતાં આવે છે તેનો મધુર રસ ચૂસે છે, અ-
"થવા બદામના જેવી સુગંધના કણ્હેર જે નદીકિનારે એરંડા અથવા સરકટ
"પુષ્કળ થાય છે તેનાં તીરોએ છવાઈ જાય છે તેનો રસ ચૂસે છે." આવા એકાન્તપણાના મોહ પમાડે એવા સૌન્દર્યમાં વિઘ્ન પાડવાને કોઈ મનુષ્ય-પ્રાણી દેખાતું નથી, માત્ર અંબાજી યાત્રા કરવાને આવેલો રજપૂત અશ્વારનો ગંભીર આકાર જોવામાં આવે છે. તેણે પોતાની પીઠે ઢાલ બાંધી દીધેલી છે, અને ખભા ઉપર ભાલો આવી રહેલો છે, એવી ઢબમાં, જે જગ્યામાં કઠણ હૈયાવાળાં થોડાં મનુષ્ય આખા લશ્કરની સામે થઈ શકે, એવા પ્હાડ વચ્ચેના સાંકડા અને લાંબા રસ્તામાં તે ચાલે છે,—અથવા એ વિના રમણીય અને આરણ્યક જગ્યા જ્યાં નિર્મળ પાણીના ઝરા છાટલાવાળા કિનારાના ન્હાના તળાવના આકારમાં વિસ્તાર પામેલા ત્યાં સિંચેલા કોથળા સહિત દાણા વહી જનારા શાન્ત માણસો, અને ચરતાં ઢોર દેખાય છે. આગળ ચાલતાં ઢાળ ફીટીને સપાટ ખીણ થઈ ગયેલી આવે છે, તે થોડી ઘણી રેતાળ છે તો પણ તેમાં ઘણી ફળદ્રૂપ જગાઓ છે, તેમાં દાણાનો પાક પુષ્કળ થાય છે. વળી અહિં તહિં ન્હાનાં ગામડાં આવે છે, અને પ્હાડમાંથી વ્હેતાં વ્હેળિયાં કેટલેક આઘે જતાં આગળ અને પાછળ વિશાળ થઈ પડેલાં જોવામાં આવે છે. ધુમ્મસના કાળા ઝબામાં વિંટળાઈ ગયેલો પ્રતાપવાન્ આબુ હવે પોતાના વિષેના જ વિચાર ઉત્પન્ન કરાવે છે. તેની ઉભેડુ મોખરાની શ્યામરંગી એકાન્ત જગ્યાઓ ઉપર વન ઉપવન અસ્તર રૂપ થઈ રહેલાં છે, અને તે રૂપેરી રંગના ઝરાથી વિચિત્ર બનેલી છે, તે છેવટે જ્યારે આપણી દૃષ્ટિએ પડવા આવે છે, ત્યારે તેનો ફેરફાર થતો આકાર હજારો મનકલ્પિત રૂપ ધારીને કલ્પનાને ભરપૂર કરી નાંખે છે; તેના એક બીજાથી પછાડી પડતા સ્કંધો મહત્તાથી અગાડી ધપેલા દેખાય છે અને તેઓનો શ્યામ પોષાક, સૂર્ય જેમ મધ્ય રેષા ઉપર આવતો જાય છે તેમ અતિશય ચળકાટ મારતા સુવર્ણના છાંટાથી બદલાતો જાય છે; આવા સર્વ દેખાવ ઉપર જોનારનું લક્ષ ખેંચાય છે. '

આ ટૂપો માંહેલી એક ટૂપ ઉપર ગિરવર ગામથી જવાનો માર્ગ છે, તે પર્વતની બાજુએ દોરડો વિંટ્યો હોય એવી રીતે એક વાર દેખાય છે અને એક વાર દેખાતો બંધ થાય છે. ત્યાંથી ગહન અને ઘટ ઝાડી વચ્ચે થઈને, છેક ઉભેડુ ઢોળાવની, નીચેની ન્હાની એક સપાટ જગ્યા ઉપર અવાય છે. ત્યાં અતિ શોભાયમાન્ પલ્લવની ઘટામાં વસિષ્ઠ મુનિનો આશ્રમ આવે છે. જે પંથીને સૂર્યનો તાપ લાગેલો હોય છે તે આ ઠેકાણેની ન્હાની વાડીમાં વિશ્રામ લે છે. એમાં પર્વત ઉપર ઊગનારા બહુ સુગંધવાળા ફૂલના છોડ ઘણા છે, તેમાં કેવડો તો મુખ્ય છે; આ પ્રમાણે તેની આંખ અને નાકને આનંદ પામવાનું સાધન મળે છે. તેમજ ખરાબામાંથી કોતરી કહાડેલા ગાયના મુખ-દ્વારે નીચે કોરી કહાડેલા પાત્રમાં મધુર અવાજ કરતું પાણી વહન કરે છે તેથી કાનને પણ ઓછો આનંદ મળતો નથી.

મુનિનું દેવાલય ન્હાનું સરખું છે તેમાં એ ઋષિની શ્યામ વર્ણના આરસપ્હાણની મૂર્ત્તિ સમાઈ રહે છે. આ મુનિએ અચળેશ્વરના અગ્નિ-કુંડમાંથી રજપૂતો ઉત્પન્ન કર્યા તેથી એ તેમના પૂર્વજ કહેવાય છે. વસિષ્ઠ મુનિની આગળ સવાર, બપોર, અને સાંજે ચોઘડિયાં વાગે છે, તેના મહા-ધ્વનિ વડે શોભાયમાન્ રચના ગાજી રહે છે, તેથી એ રચનામાં કાંઈ મણા રહેતી નથી. આબુ ગઢનો રણધીર શૂરવીર, "દનુજનો કાળકંત્રાણ" જે ધારાવર્ષ પરમાર તેની ધાતુની મૂર્ત્તિ પોતાની જાતિને ઉત્પન્ન કરનારા ઋષિની પ્રાર્થના કરતી હોય એવી ઢબમાં બેસારેલી છે.

વસિષ્ઠ મુનિના દેરા આગળ ઉતરતા ખરાબામાંથી કોરી કહાડેલાં પગથિયાં આવે છે તે ઉપર થઈને આબુના પૃષ્ટભાગના મેદાનમાં જવાય છે. પંથી આ ઠેકાણે આવ્યો એટલે કોઈ નવી દુનિયાં અથવા હવામાં અદ્ધર રહેલા બેટમાં તે આવ્યો હોય એમ તેને ભાસ થાય છે. આ અધિત્યકાની ચોગરદમ, તે જેવા ખરાબા ઉપર થઈને આવ્યો છે તેવા ઊંચા અને ભગ્ન ખડકનો કોટ છે; તેની માંહે કેટલાએક માઈલના વિસ્તારનો સમાવેશ થયો છે; ત્યાં ગામડાં અને કુવા છે; તળાવ અને વેહેળિયાં છે, તથા તે શિખ-રરૂપી મુકુટ પ્હેરે છે, તે માંહેલું એક ઊંચામાં ઊંચું છે તે તેના ઉપરના એક દેવળ ઉપરથી "ઋષિશૃંગ" કહેવાય છે. અને બહુ ચમત્કારી તો જેના ઉપર અચળગઢ છે તે છે.

દેલવાડા અને વસિષ્ઠ મુનિના દેરાની વચ્ચેના પ્રદેશનું રમણીય વર્ણન રજપૂતસ્થાનના ઇતિહાસકે[1] નીચે પ્રમાણે કર્યું છે: "આ મુસાફરિયે ની-

૧ કર્નલ ટાડના "ટ્રાવલ્સ ઈન વેસ્ટર્ન ઇન્ડિયા" નામના પુસ્તકના પાંચમા અને છઠ્ઠા પ્રકરણોમાંથી આ ઉતારા કરી લીધેલા છે.

'ફળવાથી આબુની અધિત્યકાનો રમણીય ભાગ મારા જોવામાં આવ્યો. 'અહિં ખેતીવાડી ઘણી છે, વસ્તી વધારે છે, અને વનસ્પતિ પુષ્કળ થાય 'છે. અહિંતહિં ધરતી ઉપર લીલી શેતરંજીયો પાથરી હોય એમ જ- 'ણાય છે, તેમ જ સ્વાભાવિક અથવા હસ્તકૃત નવા ચમત્કાર ડગલે ડગલે "જોવામાં આવે છે. કાનેરી પક્ષી નિત્યની રીત પ્રમાણે દેખા દીધા વિના "આદરસત્કારનો અવાજ કરે છે, અને કોયલના તીણા અને સ્પષ્ટ ટૌકા "ગહન જંગલમાં થતા સંભળાય છે, ત્યાં આગળથી નિર્મળ પાણીનું "વ્હેળિયું ચાલે છે. જે ધરતીના ભાગ અનાજ ઊગી શકે એવા છે તે ભાગ "સારી મહેનત લઇને ખેડેલા છે. આટલી ટૂંકી જગ્યામાં તો આબુનાં બાર "ન્હાનાં ગામમાંથી ચાર મેં મૂક્યાં. આ ગામડાં રચનાની શોભામાં મળી "જાય એવાં છે; રહેવાની જગ્યા ચોખ્ખી અને સુખાકારી ભરેલી છે, તેનો "આકાર ગોળ છે, તેને માટીથી થાબડી લઈને પીળી માટી વતે ધોળવામાં "આવે છે. પ્રત્યેક વ્હેતાં વ્હેળિયાંને કાંઠે જળસિંચનને અર્થે પાણી કહાડી "લેવાનો રેંટ રાખવામાં આવે છે, અને પાણી સપાટી ઉપર હોય છે તેથી બહુ "ઉંડું ખોદાવી કરવું પડતું નથી. આ ખેડવા યોગ્ય ખેતરોને ઘણું કરીને "કંટાળથોરિયાની વાડ કરવામાં આવે છે તેની ઉપર ખુજાની (અંતરવેલ) અને "હિન્દુસ્થાનની વાડિયોમાં બહુ થતી સેવતી(શિવને ચઢાવવામાં આવે છે.)ની "ઘટા બાઝે છે. કઠણ પથ્થરના ટેકરા ખરાબાની સપાટીનું પૃથક્કરણ થયેલું "એ વિના જ્યાં જરા પણ ધરતી નહિ ત્યાં દાડિમડી ઉગે છે. જરદ આળુ "જાણે કદિ પાકશે નહિ એવાં લીલાં કચ જેવાં અહિં જોવામાં આવે છે. "માણસો મારી પાસે દ્રાક્ષ લઈ આવ્યા તેના કદ ઉપરથી મને લાગ્યું કે "તેઓએ તેની વાવણી કરી હશે. આ તેમ જ ચીખોદરાં, જે મારા જોવામાં "આવ્યાં નહિ, પણ મને એક ઊંડી ખીણમાં વેગળેથી આંગળી કરી "બતાવ્યાં, એ સર્વ આબુનો સ્વાભાવિક પાક છે. અહિં આંબા બહુ છે, "તેની ડાળિયોમાં સુલલિત અંબત્રીવેલ થયેલી જોવામાં આવે છે, તેનાં કાળાં "અને ધોળાં સુંદર ફૂલ નીચે લટકી રહે છે. ત્યાંના પ્હાડી લોકો પણ તેને "અંબત્રી કરીને કહે છે. અને મેં જોયું કે તેઓને તે એટલી બધી પ્રિય લાગે છે "કે, તેનાં ફૂલ જ્યાં આગળથી હાથ આવી શકે એમ થયાં હોય છે ત્યાં "આગળથી ચૂંટી લઇને ગુંથીને કેશપાશમાં ઘાલે છે અને પાઘડીમાં ખોસે છે. "ઝાડમાં ઘણું કરીને અતિશય ભેજ હોય છે તેથી તેઓ લીલોતરીથી છવાઈ "જાય છે, અને અચળગઢ ઉપરની ખજુરિયો તો છેક ઉપર સુધી વિંટળાઈ "જાયછે. અંબત્રી પણ આ જ આધાનમાંથી ફૂટી નીકળે છે. ફૂલ તો ત્યાં

"ઢગલાગમે થાય છે. તેમાં ચમેલી અને પ્રતિ વર્ષે થનારી વિવિધ જાતિયોથી
"તે છેક ગોખરૂ સુધીની નીપજ થાય છે. ફૂલઝાડ માંહેલું મ્હોટામાં મ્હોટું
"સોનેરી ચંપાનું ઝાડ જે મેદાનોમાં કોઈક જ જગ્યાએ જોવામાં આવે છે,
"અને જે એળીયાની પેઠે સૈકામાં એક વાર ફૂલે છે એમ ક્હેવાય છે તે ફાળથી[૧]
"ભરેલું, હવાને સુગંધીમય કરી દેતું સો સો વાર છેટે જોવામાં આવે છે.
"ટૂંકામાં કહિયે તો, તે આ પ્રમાણે છે.—

(દુહા.)—'વન, ગહવર, ને વ્હેળિયાં, પલ્લવ, મેવા, થાય;
'ટૂંપો, પર્વત દ્રાક્ષ ને ખેતર બહુ શોભાય.
'જૂની પણ બની પત્રમય એવી કોટની ભીંત;
'જેઓ પર તાજો રહી નાશ વશ્યો બહુ રીત.
'દુર્ગ રાયવણ ત્યાં રહી, છેલ્લી કરે સલામ;
'સૌ સુંદરતાનું બન્યું એવું મિશ્રણ ઠામ.'

નખી તલાવ ઘણું રચનાભરેલું છે; તેની વચ્ચે લિલોતરીવાળા બેટ આવી રહ્યા છે અને તેમાંથી તાડનાં ઝાડ પોતાનાં માથાં લ્હેંકાવી રહ્યાં છે. આસપાસ વનની ઘટાવાળા ખરાબા વિંટળાઈ રહેલા છે. કર્નલ ટૉડે તે જોયું ત્યારે "તેમાં જળકૂકડિયો તરતી હતી. તેમનું ધ્યાન માણુસ ઉપર ન હતું અને "માણુસનું ધ્યાન તેમના ઉપર ન હતું; કેમકે આ પવિત્ર પર્વત ઉપર પારધીની "બંદુક કે માછીની જાળ એમાંથી એકેયની કોઈને ખબર નહતી; 'તારે કોઈનો "ઘાત કરવો નહિ' એવી ઈશ્વરી આજ્ઞા અહિં વર્ત્તાતી હતી, અને તેનો જે "ભંગ કરતું હતું તેની શિક્ષામાં તેનું મરણ હતું." આબુ પર્વતના આ તળાવની આસપાસ કેટલાક દિવસથી યુરોપીયન લોકોનાં રહેઠાણ થયાં છે; તેની પાસે મંદવાડ ભોગવી ઊઠેલા અંગ્રેજી સિપાઇયોને રહેવાને સૈન્યશાળા બાંધી છે! અને અચળેશ્વર તથા આદિનાથનાં દેવાલયોની સાથે પવિત્ર પર્વતના ભોગવટાની હરીફાઈ કરનાર ક્રિશ્ચિયન લોકોનું એક દેવળ છે.

આબુ પર્વતની તલાટી આગળ અણાદરા ગામ છે, ત્યાંથી અને પાસેની ડીસાની છાવણીથી ઉપર ચડવાનો એક પ્હોળો અને સારી રીતે બાંધેલો રસ્તો છે તે નખી તલાવ આગળ આવી મળે છે. આ રસ્તે થઈને ઉપર ચડવાનું સવળ પડે છે.

નખી તલાવની પાસે દેલવાડા અથવા દેવલોનો સમુદાય છે. વિમળશાહ

૧ ચંપો પ્રતિ વર્ષ ફૂલે છે; સો વર્ષે એક વાર ફૂલતો નથી. ર. ઉ.

અને તેજપાળે બે મુખ્ય દેરાસર બંધાવ્યાં છે તે વિના બીજાં કેટલાંએક છે, પણ એ બે તો ઘણાં પ્રાચીન અને અતિ શોભાયમાન છે. આગળ લખવામાં આવ્યું છે તે પ્રમાણે ઇ. સ. ૧૦૩૧માં વિમળશાહે પ્રથમ દેરાસર બંધાવ્યું તે પ્હેલાં આ પર્વત ઉપર જૈનનું એકે દેરૂં કોઈએ બંધાવ્યું હોય એમ દીસતું નથી. આ પ્રસિદ્ધ દેવળોનું ઉપર ઉપરથી વર્ણન આ ઠેકાણે કરિયે છિયે, વિસ્તારથી કરવાની કાંઈ અગત્ય નથી.[1] તેઓનું કદ અથવા બ્હારનો દેખાવ વખાણવા જેવો નથી, પણ સોની લોકોની કારીગરીની જેટલી સંસ્કૃત કુશળતા તેટલી બધી માંહેની બાજુએ વાપરવામાં આવેલી છે. પ્રત્યેક દેરાસરમાં દેવને બેસવાના ગંભારની આગળ સભામંડપ છે; તેના ઉપર અષ્ટકોણ ઘુંમટ છે, અને આસપાસ સ્તંભપંક્તિ ઉપર ઘણાએક ઘુંમટ આવ્યા છે. આખું દેરાસર ધોળા આરસપ્હાણનું છે અને કોરણીના શણગારથી ઉપરનો પ્રત્યેક ભાગ ભરપૂર છે. એ કોરણી એવી બારીકીથી કરેલી છે કે જાણે તે મીણનાં બીબાંમાં ઉતારી હોય નહિ એવો ભાસ થાય છે, અને તેઓની અર્ધ પારદર્શક કોરોની જાડાઈ જરાય જણાઈ આવતી નથી, તેથી લીટી વિષેની (યુકલીડની) વ્યાખ્યા ઘણી ખરી-સાર્થક કરે છે. તેજપાળના દેવળના ઘુંમટની વચ્ચેની કારીગરીથી તો આડો આંક છે, તેના ઉપર પ્રત્યેક જોવા જનારનું લક્ષ લાગી રહે છે. કર્નલ ટૉડ એનું યોગ્ય વર્ણન કરે છે કે, "તેનું ચિત્ર આલેખતાં કલમ હારી જાય છે, અને અતિ ઘણો પરિશ્રમ "સહન કરી શકે એવો કારીગર હોય તેની કલમને પણ તોબાહ પોકરાવે છે," અને અતિ અલંકૃત પદ્ધતિની ગાથિક ઇમારતનો કોઈ શણગાર એની શોભાનો મુકાબલો કરી શકે એમ નથી, એમ ખાતરીપૂર્વક કર્નલ લખે છે તે યોગ્ય જ છે. "તે અર્ધાં ખીલેલા કમળના ગુચ્છ જેવું દેખાય છે, તેનો કટોરા "જેવો વળેલો ભાગ, એવો પાતળો, એવો પારદર્શક અને એવો બારીકીથી "કોતરેલો છે કે, તે આંખને વિસ્મય પમાડીને સ્તબ્ધ કરી દે છે."[2] આ

---

૧ ફરગ્યુસનની "હ્યાન્ડબુક આફ આર્કિટેકચર"ના પ્રથમ ભાગને પૃષ્ઠ ૬૯ મે તેઓનું વર્ણન કરેલું છે, અને તેમનાં ચિત્ર આપેલાં છે. વળી એ જ ગ્રન્થકર્તાનું "પિકચરેસ્ક ઇલ્લસ્ટ્રેશનસ્ આફ એન્શિયન્ટ આર્કિટેકચર ઇન હિન્દુસ્થાન" એવા નામનું પુસ્તક છે તેમાં જૂવો.

૨ મી૦ ફરગ્યુસન તેજપાળના અને વસ્તુપાળના દેરાસર વિષે લખતાં કહે છે કે, "જે ધોળા આરસપ્હાણનું એ બનાવવામાં આવ્યું છે, તેમાં હિન્દુના અતિ પરિશ્રમ "સહન કરનારો ટાંકણાવતે ફીત સરખી બારીકીનાં એવાં સુંદર આકાર આલેખન "કર્યાં છે કે તેનો ચિતાર કાગળ ઉપર ઉતારી લેવાને કેટલાક કાળ અને કેટલાક પરિશ્રમ

દેરાસરોમાં કોરણી, નિર્જીવ સ્વાભાવિક વસ્તુઓનાં ચિત્રની કરી છે એટલું જ નહિ, પણ વળી સંસારવ્યવહારના દેખાવ, વ્યાપાર અને નૌકાશાસ્ત્રના પ્રયત્ન, અને રણક્ષેત્રના યુદ્ધનું આલેખન પણ કર્યું છે; અને આ ઠેકાણે બેધડક ખાતરી કરી આપી શકાય છે કે, પ્રાચીન કાળ વિષે અભ્યાસ કરનાર કોઈ આ કોરણી ઉપર પોતાનું જોઇયે તેટલું લક્ષ આપે તો તેનું મધ્ય સમયના હિન્દુસ્થાનની રીતભાતની ઘણી રમુજી બાબતોનું એટલું બધું જ્ઞાન વધે કે તેના એવા ભારે શ્રમનો બદલો વળી જાય.

આબુનું ઊંચામાં ઊંચું શિખર ઋષ્યશૃંગનું છે, તેના ઉપર કર્નલ ટૉડ ચડ્યો તેના પ્હેલાં કોઈ યુરોપિયને ત્યાં પગ દીધો ન હતો. "પર્વતના શિખર "ઉપર હોઇયે ત્યારે આપણને ઘણું ઊંચું લાગતું નથી, તો પણ મારવાડનાં "મેદાનોમાં થઈને આપણે જેવા પાસે આવિયે છિયે કે તે તેની તલાટીની "સપાટીથી સાતસેં ફીટ ઊંચો દેખાય છે. ઉપર ઠરી જઇયે એવો દક્ષિણનો "પવન વાય છે તેના સપાટામાંથી બચી જવાને સાવધાન પ્હાડી લોકો "એક ખરાબાને ઓથે પોતપોતાના કાળા કામળામાં લપેટાઈ જઈને ધરતી "ઉપર લાંબા થઇને પડે છે. દેખાવ ઘણો નવાઇભરેલો તેમ જ ભવ્ય છે. "વાદળિયો આપણા પગ નીચે થઇને સોંસરી નીકળી જાય છે. બહુ તેજથી "આપણને ઝાંઝવાં વળી જતાં અટકાવવાનો સૂર્યનો હેતુ હોય તેમ તે, વાદ- "ળની આરપાર પોતાનાં કિરણ પાડે છે. ચક્રી આણે એવી ઊંચાઈ ઉપર "આસપાસ એક ન્હાનો કોટ છે. તેની એક બાજુએ સુમારે વીસ ફીટ સમ- "ચોરસ એક ગુફા છે તેમાં યાત્રાળુને પામવાની જે મુખ્ય વસ્તુ વિષ્ણુ તેનો "અવતાર જે શ્રી દત્તાત્રય તેનાં એક પથ્થરની છાટ ઉપર પગલાં છે. બીજી "બાજુએ રામાનંદની પાદુકા છે. ત્યાં તે પંથનો એક ગોસાઈ રહે છે, તે ત્યાં "આગળ કોઈ આવે છે ત્યારે ઘંટ વગાડે છે તેને કાંઈ આપે છે ત્યારે બંધ "કરી દે છે. યાત્રાળુ લોકો ધૈર્ય ધરવામાં જયવંત થયા તેની નિશાની દાખલ "તેઓ આચાર્યની પાદુકાની આસપાસ પોતાના દંડ મૂકે છે તેનો ઢગલો ત્યાં

"પંડે પણ હું શક્તિમાન્ થયો હોત નહિ." "પિક્ચરેસ્ક ઈલસ્ટ્રેશનસ આફ એનશિ- "યન્ટ આર્કિટેક્ચર ઇન હિન્દુસ્તાન"માં લખ્યા પ્રમાણે.

તેના તાજા પુસ્તકમાં એ જ ગ્રન્થકારે હિન્દુના ઘુંમટ મધ્યેના કમળ અથવા લોલક વિષે નીચે પ્રમાણે લખ્યું છે—"તેના આકારમાં પણ સામાન્ય રીતે એવી નાજુકાઈ "અને સૌંદર્ય છે કે તેવી ગાથિક કારીગરીમાં હોય એમ કદી ધારી પણ શકાતું નથી; "તે ઘુંમટના મધ્યમાં આરસપ્હાણ અથવા પાષાણના નક્કર ઓઘને બદલે સ્ફાટિકના "સ્તોકનો જાણે ગુચ્છો હોય નહિ એમ વિશેષ દેખાય છે."

"પડ્યો હતો. પર્વત ઉપર ઘણે ઠેકાણે અસંખ્ય ગુફાઓ જોવામાં આવે છે તે
"ઉપરથી પ્રાચીન સમયોમાં ભોંયરામાં વસતી હતી એમ જણાય છે; અને ત્યાં
"નવાઈ સરખાં ઘણાં ગોળાકાર બાકાં છે તે કેવળ તોપના ગોળાનાં બાકાંની
"સાથે સરખાવી શકાય એવાં છે. હું ત્યાંના એક એકાન્તવાસી તપસ્વી
"સાથે અજવાળું થતાં સુધી વાતો કરવામાં પડ્યો. તેણે મને કહ્યું કે ચોમા-
"સામાં જ્યારે વાતાવરણ સ્વચ્છ હોય છે ત્યારે જોધપુરનો કિલ્લો અને
"લુણી નદીના ઉપર ભાલોતરા છે ત્યાં સુધીનું રણ અહિંથી દેખાય છે.
"અગર જો રહી રહીને સૂર્યનું તેજ પડતું હતું તેથી સીરોઈ ભણી વિસ્ત-
"રાયલી ભીતરીલની ખીણ અમે ઓળખી કહાડી; અને પૂર્વમાં લગભગ
"વીસ માઈલ ઉપર આરાવલીનાં વાદળની ટોપી પ્હેરેલાં શિખરોમાં અંબા
"ભવાનીનું પ્રસિદ્ધ દેરૂં અમે પરખી કહાડ્યું. તથાપિ ઉપરની વાત નાણી જોવાનો
"હવણાં સમય ન હતો. છેવટે સૂર્ય પોતાના પરિપૂર્ણ તેજથી બ્હાર નીકળ્યો,
"એટલે બધી શ્યામતા દૂર થઈ ગઈ, અને કાળા આસમાની રંગનાં વાદળના
"ઘુંમટની સાથે ઝાંખી સૂકી ધરતી મળી જવાથી ભાસ દેખાતો બંધ થવા
"લાગ્યો ત્યાં સુધી રણ ઉપર નજર ફરી વળી. ઉત્કૃષ્ટપણું બંધાવાને જે જોઈયે
"તે સર્વ હતું; અને શાન્તપણાને લીધે શોભા પાકે પાયે થઈ. જો દૃષ્ટિને
"હેઠળના અગાધ નીચાણમાંથી જમણી બાજુએ માત્ર અર્ધગોળ સુધી ફેર-
"વિયે તો જે પરમારના કિલ્લાની ઝાંખી પડી ગયેલી ભીંતો ઉપર સૂર્યનું તેજ
"હવે પરાવર્ત્તન પામતું નથી તે કિલ્લાનાં ખંડેર ઉપર જઈને તે ઠરે છે; અને
"ત્યાં આગળનું તાડનું ઝાડ, તેઓના નાશ ઉપર હસતું હોય તેમ, જે જાત
"પોતાનું રાજ્ય સદાકાળ નિભશે એમ ધારતી હતી તે જ જાતના ખંડેર થઈ
"ગયેલા દરબારની વચ્ચે, પોતાનાં વાવટા સરખાં પાંદડાં ફડફડાવે છે. જમણી
"બાજુએ જરાક આઘે દેલવાડાના ઘટાગુંમ થયેલા ઘુંમટ દેખાય છે; તેની
"પછવાડે, ગહન જંગલ આવી રહ્યું છે, અને જે મેદાનની સપાટી ઉપર
"વાંકીચૂકી ચાલતી કેટલીક નદિયો, પર્વતના ઉભા ખરાબા ઉપરથી પોતાનો
"આડો રસ્તો ચલાવે છે તે મેદાનના તાજ ઉપરથી સોયોની પેઠે ફૂટી નીકળતાં
"વિલક્ષણ શિખરો બધી બાજુએ તેઓને ટેકો આપે છે. આશમાની આકાશ
"અને રેતીવાળું મેદાન, આરસપ્હાણનાં દેવાલય અને હલકી જાતનાં ઝુંપડાં,
"ભભકાદાર જંગલ અને ખડબચડા ખરાબા, એ સર્વ એક બીજાથી ઉલટા
"ગુણનાં ત્યાં જણાઈ આવે છે."

ઋષ્યશૃંગથી ઉતરતાં તરત જ અગ્નિકુંડ અને અચળેશ્વરનું દેરૂં આવે છે, તે હિન્દુઓના કલ્પિત ઇતિહાસમાં બહુ પ્રખ્યાત છે: "અગ્નિકુંડ

"આશરે નવસેં ફીટ લાંબો, અને બસેં ચાળીશ ફીટ પ્હોળો છે, તેને
"નક્કર ખરાબામાંથી કોરી ફહાડીને તેમાં બહુ જ મ્હોટી છાટો જડી
"લીધી છે. કુંડની વચ્ચે ખણ્યા વિનાની ગચ્છી રાખેલી છે તેના ઉપર
"જગદંબાના દેરાનું ખંડેર છે. એ કુંડની ઉત્તર ભણીના નાકા ઉપર પાંડ-
"વનાં ન્હાનાં દેવાલયોનો જથ્થો છે, પણ પ્હેલાંની પેઠે તે પણ ખંડેર
"થઈ ગયાં છે. પશ્ચિમ દિશાએ આબુના રક્ષકદેવ અચળેશ્વરનું દેવલ છે,
"તે વિશાળ નથી તેમ જ તેમાં કાંઈ કારીગરી નથી, પણ તેનામાં સ્થૂળ-
"પણાની સાદાઈ છે, તે ઉપરથી, તે પ્રાચીન છે એમ જણાઈ આવે છે. તે,
"ચોકના મધ્ય ભાગમાં છે, તેની આસપાસ ન્હાની દેયડિયો એવા જ આકા-
"રની કાળા પથ્થરની બાંધેલી છે. * * * સિરોઈના રાવ ભાણને જૈનના
"એક દેરાસરમાં ઝેર દેવામાં આવ્યું હતું તેની છત્રી અગ્નિકુંડની છેક કોર
"ઉપર, દેરાસર ભણીની બાજુએ છે. એ રાણાને તેના કુળદેવના દેવાલય
"પાસે બાળ્યો હતો, અને સાથે તેની પાંચ રાણિયો સતી થઈ હતી. * * * *
"એ કુંડની પૂર્વ બાજુએ પરમાર વંશની સ્થાપના કરનાર પરમારોના મૂળ
"પુરૂષનું દેવલ ખંડેર થઈ પડ્યું છે. તેમાં આદિપાળની મૂર્ત્તિ છે તે પાદ-
"સ્થળ સાથે સજ્જડ છે, તે અસલી પોપાકનો અને પૂર્વના યથાર્થપણાનો,
"અસલના વારાનો નમુનો છે. એ મૂર્ત્તિ ધોળા આરસપ્હાણની સુમારે
"પાંચ ફીટ ઊંચી છે, અગ્નિકુંડનું રક્ષણ કરવાને પરમાર ઉપજાવ્યા હતા
"તેમાં મહિષાસુર રાક્ષસ રાત્રિની વેળાએ આવીને આ પવિત્ર કુંડનું પાણી
"પી જતો હતો તેથી આદિનાથ તેને બાણ વતે મારતા હોય એવી ઢબમાં
"તેમની મૂર્ત્તિ બેસારેલી છે. * * * * અચળગઢ જવાને હું અગ્નિકુંડ
"મૂકીને આગળ ચાલ્યો; તેના ખંડેર થઈ ગયેલા બુરજો અમારી આસપાસ
"વિંટળાઈ વળેલા વાદળાની ધ્વાડી ઘટામાં ઢંકાઈ ગયા હતા. આ જગ્યા
"ઉપર અમે ચડીને હનુમાન દરવાજે થઇને, એક વાર જેનો દબદબો હતો
"એવી જગ્યામાં પ્રવેશ કર્યો. આ દરવાજાને બે જબરા બુરજ છે તે
"કદાવર કાળા પથ્થરોના બનાવેલા છે, અને તે હજારો શિયાળાની ઋતુના
"વિકટ સપાટા લાગવાથી કાળા થઈ ગયા છે. બન્ને બુરજો મથાળે એક
"મેડાથી જોડાઈ ગયેલા છે, તે ચોકીનું સ્થાન છે. આ દરવાજામાં થઇને
"નીચેના કિલ્લામાં જવાય છે, તે કિલ્લાની તૂટી ગયેલી ભીંતો ઉપરના કઢંગા
"ચડાવ ઉપરથી જણાય છે. અહિં એક બીજો દરવાજો આવે છે, ત્યાં થઇને
"માંહલા કિલ્લામાં જવાય છે. આ દરવાજાના મ્હોં આગળ પારસનાથનું
"દેરાસર છે તે માંડુના એક શાહુકારે બંધાવ્યું છે, તે જીર્ણોદ્ધાર કરવાને

"યોગ્ય થઈ ગયું છે. ઉપરનો કોટ રાણા કુંભાનો કૂહેવાય છે. તેને જ્યારે "મેવાડમાંથી નાસવું પડ્યું, ત્યારે તેણે, પરમારોએ ઘણા કાળથી તજી "દીધેલા મોરચા ઉપર પોતાનો વાવટો ચડાવ્યો. તેણે આ અચળગઢના "કિલ્લાની માત્ર મરામત કરાવી, બાકી તે અને બીજાં હલકાં કામ બહુ "પ્રાચીન કાળનાં છે. આ કિલ્લામાં એક શ્રાવણભાદરવો એવા નામનું "તલાવ છે. ચોમાસાના બે મુખ્ય મહિનાનું નામ આ તલાવને બરાબર "છાજે છે, કેમકે, અર્ધો જુન મહિનો વીતતાં સુધી પણ તેમાં પાણી ભરેલું "હોય છે. પૂર્વ ભણીના ઘણા ઊંચા શિખર ઉપર પરમારોની ગઢીનાં ખંડેર "છે; આ ઠેકાણેથી, ત્વરાથી ચાલતાં વાદળાંની આરપાર નજર પ્હોંચાડિયે "તો, જે શૂરવીર જાતના પરમારોએ પોતાનું રક્ષણ કરવાને યુદ્ધ કર્યું હતું "અને લોહીલોવાણ થઈ ગયા હતા તેઓનાં ખંડેર થઈ ગયેલા મહેલો અને "વેદિયોનો આભાસ દેખાય છે."

રમુજ આપનાર આબુ અને અચળગઢને છેલ્લા રામરામ કરતાં પ્હેલાં, જે વંશના રાજાઓએ એટલાં બધાં વર્ષ સુધી તેઓના ઉપર રાજ્ય ચલાવ્યું છે તે પરમાર વંશ સંબંધી થોડા શબ્દ બોલવા ઘટિત છે. કોટવાળી ચંદ્રાવતી તેઓની રાજધાની નગરી હતી. આબુ પર્વતની તલાટીથી સુમારે બાર માઇલ ઉપર, અને અંબા ભવાની તથા તારંગાનાં દેરાસરોથી એ કરતાં જરાક વધારે છેટે, જંગલથી ઘટાગુમ બની ગયેલો પ્રદેશ છે તેમાં, તેનાં ખંડેર આજે પણ જોવામાં આવે છે. જ્યાં નગર હતું તે જગ્યા ઉપર ઘાડી વનસ્પતિ ઉગેલી છે, તેના કૂવા અને તલાવ પૂરાઈ ગયાં છે; તેનાં દેવાલયોનો નાશ થઈ ગયો છે: અને તેનાં ખંડેરમાંથી આરસપ્હાણ નિત્યે લૂંટાય છે. એક વિશાળ મેદાનમાં તેના ભાગ્યાટૂટ્યા ભાગ વિખરાઈ પડ્યા છે, તે ઉપરથી વિચાર કરતાં, તેનો વિસ્તાર ઘણો હશે એમ લાગે છે; જ્યારે યૂરોપિયન લોકોના જોવામાં એ જગ્યા પ્રથમ આવી, ત્યારે, આરસપ્હાણોની સુંદર ઈમારતોનાં વીસ ખંડેર ખોળી કહાડવામાં આવ્યાં હતાં, તે ઉપરથી તેનો ધનવૈભવ અને અતિ સૂક્ષ્મતા જણાઈ આવે છે. ધારાવર્ષના ભાઈ રણધીર પ્રલ્હાદનદેવે પ્રલ્હાદનપટ્ટણ અથવા પાલણપુર વસાવ્યું હતું તે પણ ચંદ્રાવતીના રાજવંશના તાબામાં હતું.

પરમારોમાં પ્રથમ [1]શ્રીધૂમરાજ અને તેના ક્રમાનુયાયી, ધંધુક, અને

---

૧ આબુ પર્વત ઉપર દેલવાડામાં શ્રી આદિનાથનું દેરૂં છે, તેની જમણી બાજુની ધર્મશાળાની ભીંતમાં એક લેખ છે, તે સંવત્ ૧૨૬૭ ફાલ્ગુન વદિ ૧૦

ધ્રુવ ભટ્ટ હતા એમ લખવામાં આવ્યું છે. "તેઓ હાથિયોના ટોળા સમાન તેમના શત્રુઓથી અજિત શૂર પુરૂષો હતા." તેઓના પછી રામદેવ થયો,

---

સોમનો વીરધવલના સમયનો શ્રી સોમેશ્વર કવિનો રચેલો છે તે ઉપરથી ચંદ્રાવતીના રાજાની વંશાવલી નીચે પ્રમાણે ઉપજાવી શકાય છેઃ-

श्री धूमराजः प्रथमं बभूव भूवासवस्तत्र नरेंद्रवंशे ।
भूमीभृतो यः कृतवानभिज्ञान्पक्षद्वयोच्छेदनवेदनासु ॥ ३३ ॥
धन्धुकध्रुवभटादयस्ततस्ते रिपुद्वयघटाजितोऽभवन् ।
यत्कुलेऽजनि पुमान्मनोरमो रामदेव इति कामदेवजित् ॥ ३४ ॥

इत्यादि.

વશિષ્ઠ મુનિના અગ્નિકુંડમાંથી
પરમાર નામનો પુરૂષ ઉત્પન્ન થયો તેના વંશમાં
શ્રી ધૂમરાજ ત્યાર પછી
ધંધુક
ધ્રુવભટ આદિ થયા ત્યાર પછી
રામદેવ
|
યશોધવલ (કુમારપાળનો શત્રુ માળવાનો રાજા બલ્લાલ હતો તેને મારયો.)
|
ધારાવર્ષ (સં. ૧૨૨૦, ૧૨૩૭, ૧૨૪૫, ૧૨૬૫ ના લેખ છે. એણે કોકણના રાજાને જિત્યો.)
|
સોમસિંહદેવ (સં. ૧૨૮૭, ૧૨૮૯, ૧૨૯૨)
|
કૃષ્ણરાજદેવ (સં. ૧૩૦૦)

પ્રલ્હાદનદેવ, (પાલણપુર વસાવ્યું, સામંતસિંહ સાથે લડયો.)

ઉદયપુરના રા. રા. ગૌરિશંકર હીરાચંદ ઓઝાના મારા ઉપરના પત્ર ઉપરથી વિમળશાના મંદિરના લેખનો થોડો ભાગ નીચે આપવામાં આવે છેઃ—

" समजनि वीराग्रणी धंधुः ॥ ५ ॥
स भीमदेवस्य नृपस्य सेवाममन्यमानःकिल धंधुराजः ।
नरेशरोषाच्च ततो मनस्वी धाराधिपं भोजनरं प्रपेदे ॥ ६ ॥
प्राग्वाटवंशाभरणं बभूव, रत्नप्रधानो विमलाभिधानः ।
यस्तेजसा दुःसमयांधकारे, मग्नोऽपि धर्म्मः सहसाविरासीत् ॥ ७ ॥
ततश्च भीमेन नराधिपेन, प्रतापभूमिर्विमलो महामतिः ।
कृतोर्बुदे दंडपतिः सतांप्रियः प्रियंवदो नंदतु जैनशासने ॥ ८ ॥
श्रीविक्रमादित्यनृपाद्यतीते ऽष्टाशीति याते शरदां सहस्रे ॥ १० ॥"

તે જે વેળાએ કુમારપાળ ખરેખરી સર્વોત્કૃષ્ટ સત્તા ચલાવતો હતો તે વેળાએ જે યશોધવલ આબુ ઉપર રાજ્ય કરતો હતો તેનો પિતા થાય. યશોધવલને બે નામાંકિત પુત્રો થયા; ધારાવર્ષ અને પ્રહ્લાદનદેવ; તેમાંથી પહેલાનો શ્રીસોમસિંહદેવ નામે કુમાર અને ક્રમાનુયાયી થયો. ઈ. સ. ૧૨૩૧ માં અણહિલવાડમાં બીજો ભીમદેવ જ્યારે મહારાજાધિરાજ હતો ત્યારે તે મહામંડળેશ્વર હતો એમ લખવામાં આવ્યું છે. સોમસિંહને કૃષ્ણરાજદેવ કરીને કુમાર હતો.

ધારાવર્ષના કુમારના રાજ્યમાં પરમારોએ નાદોલના ચોહાણોને માર્ગ આપ્યો. તે માંહેલા એક લુંડ અથવા લુણિગ પુરૂષે (ઈ૦ સ૦ ૧૨૨૨) ત્યાંના મંડલિકને મારીને આબુનું રાજ્ય લઈ લીધું એવું વિમળશાહના[1] દેરાસરના લેખમાં છે. લુણિગનો કુંવર તેજસિંહ કરીને હતો, તેના કુંવરનું નામ કાન્હડદેવ હતું અને તેના પૌત્રનું નામ સામંતસિંહ હતું એવું વસિષ્ઠના દેરાના

આ ઉપરથી જણાય છે કે સંવત્ ૧૦૮૮ માં વિમળશાહે દેવાલય બંધાવ્યું ત્યારનો આ લેખ છે. આ વિમળશાહ પ્હેલા ભીમદેવનો આબુનો દંડપતિ હતો. આ પછીનો વિમળશાહના દેરાનો લેખ છે તે તેના જીર્ણોદ્ધારનો છે.

૧ ફાર્બસ સાહેબને આ લેખનો સંવત્ વાંચવામાં ગુંચવારો પડ્યો છે. એમની પાસે જે નક્લ હતી તેમાં,

૮ ૭ ૨ ૧
"वसु मुनि कर शशि वर्षे"=૧૨૭૮ (ઈ. સ. ૧૨૨૨) છે. આ ઉપરથી ઈ. સ. ૧૨૨૨ લખવામાં ભૂલ થઈ છે; કેમકે ઉદયપુરના રા. રા. ગૌરિશંકર હીરાચંદ ઓઝાએ આબુ ઉપર જઈને એ લેખ જોયો છે. તેઓએ મને લખી જણાવ્યા પ્રમાણે

૮ ૭ ૩ ૧
"वसु मुनि गुण शशि वर्षे"=૧૩૭૮ (ઈ. સ. ૧૩૨૨) સો વર્ષના અંતરની ભૂલ જણાઈ આવી છે.

અચળેશ્વરનો લેખ અને વિમળશાગના દેરાનો લેખ મેળવતાં વંશાવલી નીચે પ્રમાણે થાય છેઃ—

અચળેશ્વરના લેખમાં જે નામ છે તેઃ—	વિમળશાહના દેરાના લેખમાં જે નામ છે તેઃ—
१ आल्हण	१ आसराज
२ कीर्तिपाल	
३ समरसिंह	समरसिंह
४ उदयसिंह	
५ मानसिंह	
६ प्रतापसिंह	प्रतापमल्ल
७ बीजड	बिजड
८ { लूणिग–लुंढिग / लुणवर्मा–लुढागर }	{ लूणिग–लुंढ / लुंभो }
लुंढाप.	तेजसिंह.

ર. ઉ.

(ઈ૦ સ૦ ૧૩૩૮) લેખમાં લખ્યું છે, અને કાન્હડદેવને ચંદ્રાવતીનો રાજા કરીને લખ્યો છે. નાદોલના ચોહાણ વંશની દેવડા રજપૂતની શાખાના ઇતિહાસમાં લખ્યું છે કે રાવ લુંભો આબુ અને ચંદ્રાવતી જિત્યો, અને બારૈલીના ગામ આગળ લડાઈ થઈ તે વેળાએ પરમારોનું રાજ્ય તેણે પોતાને સ્વાધીન કરી લીધું, "એ લડાઈમાં અગનસેનનો કુંવર મેરૂતુંગજી પોતાના સાતસેં સગા સહિત માર્યો ગયો." આ આધાર પ્રમાણે છેલ્લી લડાઈ ઈ૦ સ૦ ૧૩૦૩ માં થઈ, તેમાં ચંદ્રાવતી દેવડા ચોહાણોને તાબે થઈ; અને આબુ તો તેના પ્હેલાં સાત વર્ષ અગાઉ તેઓએ જિતી લીધો હતો. આ સમયમાં ચોહાણોએ રહેતાં રહેતાં "પર-"મારોની કનિષ્ટ પક્ષની જમીદારી ઓછી કરવા માંડી; અને પ્રત્યેક જિત થતી "ગઈ તેમ અકેકી નવી શાખા વધવા લાગી; એ માંહેલી કેટલીક તો તેઓના "મુખ્ય ધણિયોના આશરા વિનાની થયાથી, તેઓના વંશજ, જેવા કે, માદાર "અને ગિરવર ઠાકોરો જેવા તો તેના પ્રતિપુરૂષોને ઓછું નમવા લાગ્યા."

આબુ ઉપરના એક બીજા લેખમાં એવું છે કે, ઈ૦ સ૦ ૧૨૯૪ માં અણહિલવાડમાં જ્યારે સારંગદેવ રાજા હતો, ત્યારે વિસલદેવ અરાડસેં મંડલનો સુબો હતો; અને તેનું સ્થાન ચંદ્રાવતીમાં હતું. આ વિસલદેવ અણહિલવાડના રાજાનો માત્ર કામદાર હશે અને પરગણાની સત્તા થોડા દિવસ તેને સ્વાધીન હશે. એમ ધારી શકાય છે કે જ્યારે ચોહાણોએ હુમલો કર્યો ત્યારે સારંગદેવે પોતાની ફોજ વડે પોતાના પટાવતોનો તકરારી પ્રદેશ (મુલ્ક) સ્વાધીન કરી લીધો હશે. વળી એક બીજો લેખ છે તે ઉપરના લેખ સાથે મળતો આવે એવો નથી. અચળેશ્વરના દેરાના એક લેખમાં (ઈ૦ સ૦ ૧૩૨૧) એક બીજો લુંઢ દેવ લખેલો છે, તે સામ્ભરના ચોહાણ વંશનો હતો. તેના પૂર્વજનાં નામ પ્રથમના લુંડ અથવા લુણિગનાથી કેવળ જૂદાં જ છે. "તેણે ચંદ્રાવતીનું પરગણું અને રળિઆમણો અર્બુદ પર્વત મેળવી લીધો," અને અચળેશ્વરની સમક્ષ પોતાની અને પોતાની સ્ત્રીની મૂર્ત્તિઓ બેસારી.

આ વચ્ચેનું આડું કથન કરીને અમે હવે વાઘેલાની વાત લખવાનું પાછું જારી કરિયે છિયે. વીરધવલના કુમાર વિસલદેવ વિષે થોડું જ જાણવામાં છે, એમ લખાઈ ગયું છે. ભાટ લોકોની કથા એવી છે કે, એ રાજ્ય કરતો હતો તેવામાં દુકાળ[1] પડ્યો તે મટાડવામાં એ સાધનભૂત[2] હતો, અને

---

૧ પંદરોતરો દુકાળ (૧૩૧૫) કહેવાતો હતો તે વેળાએ કચ્છમાં ભદ્રેશર તાલુકો હતો, તે જગડુશાહ નામના વાણિયાને વોરાવટ પેટે આપ્યો હતો તેથી જે માગે તેને અન્નવસ્ત્ર પૂરાં પાડી તેણે વસાઈના જીનપ્રસાદનો જીર્ણોદ્ધાર કર્યો. ર. ઉ.

૨ પાટણના રાજા વિસલદેવનું નામ ડભોઈ સાથે જોડાયલું છે, તે વિષે ફાર્બસની ઓરિએન્ટલ મેમ્વારની પ્હેલી આવૃત્તિના બીજા ભાગને ૩૩૫–૭ મે પૃષ્ઠે જુવો.

એણે વિસલનગર અને દર્ભાવતી અથવા ડભોઈનો કિલ્લો વસાવ્યો અથવા મરામત કરાવી.

દેવપટ્ટણના સોમનાથના દેવલમાં એક લેખ ઈ૦ સ૦ ૧૨૬૪ ની સાલનો છે, તેમાં રાજાને મહારાજાધિરાજનાં સર્વ વિશેષણ જોડેલાં છે. "પરમેશ્વર, ભટાર્ક, શ્રીચૌલુક્ય, ચક્રવર્તી, મહારાજાધિરાજ શ્રીમદ્ અર્જુનદેવ." વાઘેલા વંશના દસોદી બારોટ પોતાની વહી ઉપરથી કહે છે કે, અર્જુનદેવ વિસલદેવની પછવાડે ગાદિયે બેઠો હતો; પણ તેના રાજ્યમાં શા બનાવ બન્યા તે વિષે કાંઈ કોઈ લખતા નથી. તેણે અણહિલવાડમાં રાજ્ય કર્યું અને તે શિવમાર્ગી હતો એમ જણાય છે. જે અગણિત રાજાઓ તેની આણ માનતા હતા તેમાં રાણક શ્રીસોમેશ્વરદેવ, સો વશા ચંદ્રાવતીનો પરમાર રાજા; અને ચાવડા ઠાકોરો પાલુકદેવ, રામદેવ, ભીમસિંહ અને બીજા-ઓનાં નામ છે. તેનો મહામાત્ય શ્રીમલ્લદેવ હતો, અને બીજા મુસલમાન કારભારી તેને હતા, જેવા કે વેલાકુલનો હુરમઝ, અને નાખુદા નુરૂદ્દીન ફીરોજનો દીકરો, ખોજા ઈબ્રાહિમ; પણ "નાખુદાના" પદથી આપણે તેના અધિકારની કલ્પના કરી શકિયે તે સિવાય તેઓ શા કામપર હતા તે જણાઈ આવતું નથી; તેમ જ હિન્દુ રાજાના હાથ નીચે રાજ્યના નોકર તરીકે ગૂજરાતમાં આવવાનું તેઓને શું કારણ ઉત્પન્ન થયું હશે તે પણ કાંઈ જણાતું નથી.[1]

વાઘેલાઓના ભાટ, અર્જુનદેવ વિષે લખ્યા પછી લવણરાજનું[2] નામ

૧ આ લેખનું ભાષાન્તર આ પ્રકરણના પરિશિષ્ટમાં આપ્યું છે. તે ઉપરથી જણાશે કે, આ સમયમાં મુસલમાનોનો પ્રવેશ થયો હતો. તેઓ વ્યાપાર અર્થે પણ આવતા હતા, તે પ્રમાણે ઈરાની અખાત માંહેલા ઓર્મઝ બંદર(વેલાકુલ)નો રહેવાશી નાખુદા નુરૂદ્દીન પિરોજ–જેના બાપનું નામ ખોજા નાખુદા અબુ ઈબ્રાહિમ હતું, તે આવ્યો હતો. તેણે સોમનાથ પાટણમાં એક મસ્જીદ બંધાવા માટે ભોંય વેચાતી લીધી, તે વેળાએ ત્યાંના મહાજનના આગેવાન–બૃહત્પુરૂષ (એટલે મોટા સભાવિત માણસ–મહાજન) ઠક્કર શ્રી રામદેવ, પલુગિદેવ, રાણાશ્રી સોમેશ્વર દેવ, ઠક્કર શ્રી ભીમસિંહ તથા રાજ૦ શ્રી છાડાની સમક્ષ એ ધરતી લેવાઈ હતી, તેથી તેમને એ કામના સાક્ષીભૂત ગણ્યા છે. ર. ઉ.

૨ રાજ્યવંશાવલી એવા નામની હસ્તલિખિત એક પ્રતિનો ઉતારો અમારી પાસે છે; તેમાં લખે છે કેઃ–"વીરધવલ વર્ષ ૧૨ રાજ્ય. સં. ૧૩૧૧ તેજપાળ વસ્તુ-"પાલ હવા, વીરધવલ પાટે રાજા વીસલદે હવા. તિણે વીસલનગર વસાયૌ, ડભોઈનો "ગઢ કરાવ્યો તેહ નહી પૂર્વ પોલે નવ કોડિ, નિવાણું લાખ નવ હજાર નવસો ને નવાણુ "ટકા ખર્ચ્યા. સં. ૧૩૨૭ વર્ષે અર્જુનદેવ વર્ષ ૩ રાજ્યં, રાજા લવણ વર્ષ ૪ રાજ્યં.

આપે છે, પણ તેનું નામ બીજા લેખમાં આવતું નથી, અને તેને વિષે ભાટ લોકો પાસે વિશેષ વર્ણન આપવા જેવું પણ નથી; તેના પછી [૧]સારંગદેવ આવે છે, તેને આબુના લેખમાં (ઇ. સ. ૧૨૯૪) અણહિલવાડનો રાજા કરીને લખ્યો છે, અને તેના હાથ નીચે **વીસલદેવને ચંદ્રાવતીનો મંડળેશ્વર** લખ્યો છે. **સારંગદેવની** પછી કર્ણ વાઘેલો, અથવા ઘેલાના ઉપનામથી જે પ્રસિદ્ધ થયો છે, તે અણહિલવાડના હિન્દુ રાજાઓમાં છેલ્લો રાજા થયો.[૨]

પ્રકરણ ૧૫.

રાજા કર્ણ વાઘેલો.

અણહિલવાડના નાટકની સમાપ્તિનો દેખાવ હવે ભજવી બતાવવાનો છે. **ઈ૦ સ૦ ૧૨૯૬ માં અલાઉદ્દીન** ખિલજિ, પોતાનો પાદશાહ **અને** જે તેનું ભલું કરનાર હતો તથા તેનો કાકો થતો હતો તેને મારી નાંખીને તે વૃદ્ધ માણસની પછવાડે પોતે દિલ્હીની ગાદી ઉપર બેઠો; અને પોતાના નામથી લોકોની પાસે ખુતબો પઢાવાનું જારી કરીને, ઘાતકીપણાથી અને ખુનરેજીભરેલી રીતિથી રાજ્ય ચલાવવાનો પ્રારંભ કર્યો; તેમાં દ્રવ્ય અને **સત્તા** આગળ ઉપર તેને એટલાં બધાં મળ્યાં કે **હિન્દુસ્થાનની** ગાદી ઉપર તેના પ્હેલાં, જે રાજા બેઠા હતા, તેમાંથી કોઈને પણ તેના જેટલાં મળ્યાં ન હતાં, **અને મહમૂદ** ગજનવિયે તેની દશ[૩] અશ્વારિયોમાં જેટલું ધન મેળવેલું લખે છે, તે કરતાં પણ તેનું ધન બહુ વધારે હતું. **મિરાતે અહમદીનો** કર્ત્તા કહે છેઃ–"ખુદાની એવી ઇચ્છા થઈ કે **પેગંબરની** શરિયત અને "દીન બધે પ્રસિદ્ધ કરવો. જે જાતના લોકો વિષે પછવાડે લખવામાં આવ્યું "છે તેમની **સત્તા** અને રાજ્યનો છેડો આવ્યો છે, અને આપણી ખુબીવંતી

"**સારંગદેવ** વર્ષ ૩ **રાજ્યં**. સં. ૧૩૩૭ વર્ષે લઘુ કર્ણ ગહિલડી વર્ષ ૬૦ **રાજ્યં**." **વીર**-ધવલ **પછી પ્રતાપ મલ્લ** થયો છે એ વાત આમાં નથી ર. ઉ.

૧ ઉપરની હકીકત જોતાં સારંગદેવનું રાજ્ય સં. ૧૩૩૪ થી ૧૩૩૭ સુધીનું થાય પણ સારંગદેવ ૧૩૫૩ સુધી હતો. તેના **સમયનો** કચ્છ માંહેલા **રાપર** ખોખરાનો લેખ સંવત્ ૧૩૩૨(ઈ. સ.)નો મળી આવ્યો છે; **તેમ જ** સંવત્ ૧૩૫૦ ઈ. **સ**. ૧૨૯૫નો આબુનો લેખ **અને** સંવત્ ૧૩૪૩ ઈ. સ. ૧૨૮૭ ના લેખથી પણ એ **લખવું અપ્રમાણ** ઠરે છે. આ **સમયે** તેનાં મહામાત્ય **મધુસુદન** હતો. લઘુ કર્ણનાં ૬૦ વર્ષ વિષે **પણ** "આઠ"ને બદલે "સાઠ" લખવાની ભૂલ થયાની આશંકા લેઈ સકાય છેઃ ર. ઉ.

૨ **વાઘેલા** વિષે ભાષાન્તર કર્ત્તાનો વધારો, જુવો **રાસમાળાપૂર્ણિકામાં પરિશિષ્ટ**.

૩ **સત્તર**. ર. ઉ.

"કલમો અને ખરા દીનના ચલાવનારાઓને તાબે તે થયું છે તે એટલા "માટે કે સૂર્યની પેઠે, કાફર લોકના અંધારાવાળા દેશમાં જે દીન ખોટું "કરવાને મના કરે છે તે દીનનું અજવાળું ખરા ચળકાટથી પ્રકાશ પામે; "અને આપણે તે દીનના ફરમાનને તાબે થવાથી અને સાચાઈભરેલી "કલમો (કલમે ઉલહક) જાહેર કરવાથી લોકોને ભૂલના ભયંકર મેદાનમાંથી "પાછા ફેરવિયે અને તરીકતના ઉંચા માર્ગ ઉપર દોરી જઇયે."

ઈ૦ સ૦ ૧૨૯૭ ના પ્રારંભમાં ગૂજરાત ફરીને જિતી લેવા સારૂ અલાઉદ્દીને પોતાના ભાઈ અલપખાનને[1] તથા પોતાના વજીર નુસરતખાન ઝાલેસરીને ફોજ આપીને મોકલ્યા. તેઓએ દેશ ઉજ્જડ કરીને વનરાજના નગરમાં ફરીને મુસલમાની મ્હેરેગીર મૂકીને તે કબજે લીધું; અને ત્યાંનો રાજા કર્ણ વાઘેલો દક્ષિણ માંહેલા દેવગઢના યાદવી રાજા રામદેવને આશ્રયે તેઓના આવતાં પ્હેલાં જતો રહ્યો.

રાજ્ય મેળવવાના લોભ આગળ, મુસલમાન હલ્લા કરનારાઓને પોતાનું ધ્યાન આપવાને એ કરતાં કંઈ બીજા કારણની જરૂર હોય નહિ. પણ હિન્દુના ભાટો રાજ્ય સંબંધી મ્હોટી વાતને ઘર વિષેનું ખાનગી કારણ લાગુ પાડી દેવાને આનંદ પામે છે. તેઓએ હાલના પ્રસંગને માટે પણ નીચેની વાત લખી રાખી છે:—"કર્ણ વાઘેલાને માધવ અને કેશવ કરીને બે પ્રધાન હતા. "તેઓ જાતના નાગર બ્રાહ્મણ હતા, અને વઢવાણની પાસે હજુ સુધી જે "માધવ કૂવો છે તે તેમણે બંધાવ્યો હતો. માધવની સ્ત્રી પદ્મિની[2] હતી "તેને તેના ધણીની પાસેથી રાજાએ લઈ લીધી, અને કેશવને તેણે ઠાર કર્યો. "માધવ પોતાના ભાઈના મરણને લીધે અલ્લાઉદ્દીનની પાસે દિલ્હી ગયો, "અને મુસલમાનોને તેડી લાવ્યો. આ વેળાએ ગૂજરાત માંહેલાં શહર અને "નગરના દરવાજા દાહાડે બંધ રાખતા હતા. નગરના કિલ્લાની માંહે ઢોર "ચરાવતા હતા, અને જ્યારે લડવું હોય ત્યારે લડી શકાય એટલા માટે "લોકો બોકાની ભીડીને તૈયાર રહેતા હતા. ઈ૦ સ૦ ૧૩૦૦[3]ના વર્ષમાં "તુર્ક લોકો ગૂજરાતમાં પેઠા. માધવે અલ્લાઉદ્દીનને ત્રણસેં ને સાઠ (કચ્છી) "ઘોડા[4] નજર કર્યા, અને તેણે દેશનો કારભાર મેળવી લીધો. અલપ-

૧ મિરાતે અહમદીમાં એનું નામ ઉલુઘખાન લખીને જણાવ્યું છે કે જે ગુજરાતમાં અલપખાનના નામથી પ્રસિદ્ધ હતો. ૨. ઉ.

૨ પૃષ્ઠ ૨૦૮ ની ટીપ જુવો.

૩ પ્રબંધચિન્તામણિ પ્રમાણે ૧૩૦૪ ઈ. સ. થાય છે. ૨. ઉ.

૪ જેમ કચ્છનાં ઘોડાં વખણાય છે, તેમ કાઠિયાવાડની ઘોડિયો પણ વખણાય છે.

"ખાનને લશ્કરી ખાતાનો સૂબો ઠરાવ્યો હતો. તેના તાબામાં એક લાખ "ઘોડેસ્વાર, પંદરસેં હાથી, વીસ હજાર પાયદળ અને જેના મ્હોં આગળ "ડંકો થવાને પરવાનગી મળેલી એવા પીસતાળીસ ડંકાપદવિધારક તેની સાથે "હતા. તેણે વાઘેલાઓ પાસેથી ગૂજરાત લીધું."

કર્ણ રાજા છૂટે હાથે નાઠો, તે વેળાએ તેને તેની રાણિયો, બાળકો, હાથી, સરસામાન, અને ભંડાર એ સર્વ મૂકીને નાસવાની અગત્ય પડી હતી, તેથી તે બધુંએ મુસલમાનોના હાથમાં ગયું. હિન્દુઓની જાતના અને ધર્મના શત્રુઓએ જે રાણિયો[1] કેદ કરી લીધી હતી તેમાં કૌલા દેવી પણ હતી,

---

કાઠિયાવાડમાં નીચે લખેલે સ્થળે નીચે લખેલી જાતની ઓળખાતી ઘોડિયો થાય છે–

ઢસામાં "માણકી" અને "વાગલી."
ગઢડામાં "ચમરઢાલ."
ભાડલામાં "મલ" અને "પતી."
ચોટીલામાં "ચાગી."
પાલિયાદમાં "હરણ."
ભડલીમાં "તાજણ."
જસદણમાં "રેડી" અને "ભૂતડી."
જેતપુરમાં "જબાદ."
ભીમોરામાં "કેસર," "મોરાણ" અને "આખડિયાલ."
મૂળી મેવાસામાં "એરી."
ચૂડામાં "ઓદલી."
ગોસલમાં "ફૂલમાલ."
મૂળી તાબાના સોમીસરમાં "રેશમ."
ધંધુકા તાબાના અગડમાં "વાંદરી"
પાટડી તાબાના ખેરવામાં "લાખી."
ગોંડલ તાબાના દરવામાં "બાચ."
બાબરામાં "ઢેલ."
જુનાગઢમાં મોળિયામાં "હીરાલ"
હળવદમાં "રામપાસા."
લીંબડીમાં "લાલ."
ભાવનગર તાબાના ગુંદરણમાં "મની."
લખતરમાં "સીંગાળી."
ધાંધલપુરમાં "લખમી."

૧ કર્ણની બે રાણી ત્યાં નહિ હોવાથી બચી ગઈ હતી: ૧ રાણી અમરકુંવરબા–કચ્છના કેરૂકોટના જાડેજા દેસલજીનાં પુત્રી, જેમને રાણીપદની જીવાઈમાં સરધાર અને ૬૫૦

"તે તેની બુદ્ધિ, સુંદરતા અને સુલક્ષણને લીધે હિન્દુસ્તાનની શોભા ગણાતી હતી." તેને સુલતાનના જનાનખાનામાં દાખલ કરી દીધી, અને તે તેના દેશને અને તેના કુટુંબને અધિક દુઃખનું કારણ થઈ પડી. અલપખાન તથા તે વજીર ખંભાત લુંટવાને ચાલ્યા. તે વેપારિયોનું ભરેલું અને દ્રવ્યવાન શહર હતું, તેથી તેમને ઘણી જ લૂંટ મળી. અહિંથી નુસરતખાને ખંભાતના એક વ્યાપારીના દેખાવડા ગુલામને જોરાવરીથી લઈ લીધો. તે ગુલામ પછવાડેથી સુલતાનની પ્રીતિ સંપાદન કરી લઇને મલેક કાફુરને નામે ઘણે ઉંચે દરજ્જે ચઢ્યો. મહમૂદની ગજનવીના પછી સોમનાથનું લિંગ જે ફરીને સ્થાપવામાં આવ્યું હતું, તેનો આ ફેરે પણ નાશ કરવાને મુસલમાન લોકો ચૂકયા હતા.[૧] (ઈ૦ સ૦ ૧૩૦૦)

ગામ મળ્યાં હતાં, તેથી તેઓ પોતાના પુત્ર વીરસિંહને લઈને પોતાના પિયરમાં રહ્યાં હતાં.

૨ રાણી તાજકુંવરબા ભટ્ટી, જેસલમેરના ગજસિંહજીનાં કુંવરી પોતાના કુંવર સારંગદેવને લઈને ભીલડી રહ્યાં હતાં, રાણીપદની જીવાઈમાં મારવાડની પાસે ભીલડી તથા ૬૫૦ ગામ તેમને મળ્યાં હતાં. જુઓ વાઘેલા વૃત્તાન્ત પરિશિષ્ટ.

૧ દિલ્હીના પાદશાહ અલ્લાઉદ્દીન ખીલજીના લશ્કરે વાઘેલા રાજા કર્ણને જિતીને અણહિલપુર પાટણ સર કર્યા પછી લશ્કરની જૂદી જૂદી ટુકડિયો થઈ, અને તે ગૂજરાત કાઠિયાવાડના જૂદા જૂદા ભાગ સર કરવામાં રોકાઈ હતી. તેમાંની એક ટુકડિયે મોઢેરાને ઘેરો ઘાલી કબજે કર્યું, તેનું વર્ણન શાસ્ત્રી વ્રજલાલ કાલિદાસ નીચે પ્રમાણે કરે છેઃ—

"અલપખાનનું સૈન્ય મોઢેરા ઉપર આવ્યું, અને શહરને ઘેરો ઘાલ્યો. મોઢ બ્રાહ્મણો તેની સાથે યુદ્ધ કરવાને મચ્યા. આ યવનો આપણા તીર્થનો ભંગ કરશે એવું જાણીને ક્રોધાવેશથી તેઓ યુદ્ધ કરવા સામા થયા. એ બ્રાહ્મણો ધનુર્વેદ, અને ષટ્ત્રિંશ દંડાદંડીયુદ્ધ શાસ્ત્ર, ચતુઃષષ્ઠીકળામાં પારંગત હતા. એમની સાથે યુદ્ધ કરી શકે એવો સમર્થ યોદ્ધો કોઈક જ હશે. ચાવડા વંશના સ્થાપક વનરાજ રાજાને ગૂર્જર દેશની પાટે એમણે જ (એમના જ પૂર્વજોએ) સ્થાપ્યો હતો. મોઢેરા બ્રાહ્મણોની છ જાતિ છે, તેમાંની એક જેઠીમલ નામની જાતિ છે; તેઓ પાંડવ જેવા મહા બળવાન મહારથી અને અતિરથી હતા. મુસલમાનોની સેના મોઢેરા પુર ઘેરવા આવે છે એવું જાણીને સૌ બ્રાહ્મણોએ પોતાનાં કુટુમ્બ, પશુ, ધન, ધાન્યાદિક વિકટ વનમાં મ્હોંચાડી દીધું હતું. પછી તેઓ એકમતે યુદ્ધ કરવા સજ્જ થયા હતા. એ મોઢેરા પુર અને તેની નીચે બીજાં છપ્પન ગામ એ બ્રાહ્મણોનાં હતાં. માંડવ્ય ગોત્રનો વિઠ્ઠલેશ્વર વિપ્ર હતો તે સર્વ બ્રાહ્મણમાં મુખ્ય હતો અને સૌ તેના કહ્યામાં રહેતા. તે બાણવિદ્યામાં બહુ કુશળ હતો. તેના મુખીપણા નીચે સઘળા બ્રાહ્મણો ઢાલ, તરવાર, ધનુર્બાણાદિક શસ્ત્ર સજીને શહરનું રક્ષણ કરવા લાગ્યા. દીવાળીના દિવસથી તે હોળી લગી શહરને ઘેરો

ઇ૦ સ૦ ૧૩૦૪ના વર્ષસુધી ગૂજરાતના કામકાજ સંબંધી કંઈ વધારેલું નથી, પણ એવું લખેલું છે કે, તેવામાં અલપખાનને તે દેશનો ફરીને સૂબો ઠરાવ્યો હતો, અને ત્યાં તેને મ્હોટી ફોજ આપીને મોકલ્યો હતો. મિરાત અહમદીનો કર્ત્તા લખે છે કે "તેણે અણહિલવાડમાં ધોળા આરસ-"પ્હાણની[1] જુમા મસીદ બાંધી તે આજ સુધી રહેલી છે, તેમાં એટલા બધા "થાંભલા છે કે ગણનારને ભૂલ પડ્યા વિના રહે જ નહિ. એવું લખેલું છે "કે તે એક મૂર્ત્તિનું દેવળ હતું અને તેમાં ફેરફાર કરીને તેનો મસીદનો "આકાર કરી દીધો છે; પણ ટુંકમાં એટલું જ કે તે ચમત્કારિક અને ભવ્ય "ઇમારત છે, અને હાલ વસ્તીથી છેટે છે તોય પણ તે વેળાએ નગરના "મધ્ય ભાગમાં હતી."

કાફૂર નામના ખંભાતના જે ગુલામને એક હજાર દિનાર માટે વેચાતો લીધો હતો, પણ હમણાં તો તે બાદશાહનો માનીતો અને ઉમરાવોને અદે-

રહ્યો અને તેમણે પોતાનું બહાદુરીથી રક્ષણ કર્યું. બાદશાહી સેનાના ઘણા માણસો બ્રાહ્મણોને હાથ માર્યા જવાથી ઘેરાના માણસો ઓછા થયા તેથી, નુસરતખાને બીજા માણસો વધારવાને લખ્યું ત્યારે માધવ મંત્રિયે અલપખાનને કહ્યું:—"બ્રાહ્મણો સાથે "યુદ્ધ કરવું એ રાજ્યધર્મથી ઉલટું છે. તમે તેમને જિતશો તેથી તમારી મ્હોટી આબરૂ "વધવાની નથી; લડાઈ લાંબી ચલાવવી એ રાજાઓ સાથે જ શોભે." એ ઉપરથી અલપખાંએ માધવ પ્રધાનને ત્યાં જઈ સમાધાની કરવાની આજ્ઞા આપી તે ઉપરથી તેણે ત્યાં જઈ બાદશાહી સૈન્યને થયેલ ખર્ચ પેટે પાંચ હજાર સોનૈયા બ્રાહ્મણો પાસેથી લેવા ઠરાવ્યા અને બ્રાહ્મણોએ તે આપ્યા. પ્રધાન માધવ પાટણ ગયા પછી મુસલમાનો બ્હાનું ક્હાડીને ફાગણ શુદ્ધિ ૧૫ ને રોજે સૂર્યાસ્ત સમયે મોઢેરા પુરમાં પેઠા. ત્યારે શાહરમાં પેસતાં બ્રાહ્મણોએ અટકાવ્યા. તે પરથી હથિયાર છૂટયાં, ભારે લડાઈ જામી ઘણા યવનો અને બ્રાહ્મણોનાં માથાં કપાયાં. છેવટે વિઠ્ઠલેશ્વર સહિત બ્રાહ્મણોનો પાછો પગ થયો. તેઓ મધ્ય રાત્રિયે મોઢેરા પુર છોડીને નાઠા તે સાભ્રમતીનાં કોતરોમાં જઈ ભરાયા. મુસલમાની ફોજે ઘરો ખોદીને ધન લૂંટી લીધું. મોઢેરાનો કોટ અને દેવાલયો પાડી નાંખી નગર બાળ્યું. મોઢેરા અને તેના તાબાનાં ગામો ખાલસા કર્યાં. લોકોને વટાળી મુસલમાન કર્યા. ત્યાંના નાઠેલા મોઢ બ્રાહ્મણો જૂદે જૂદે સ્થળે જઈ રહ્યા છે. સમાધાની થવા માટે વિઠ્ઠલેશ્વરને પાદશાહ તરફથી તેના નિર્વાહ માટે કેટલોક ગ્રાસ બાંધી આપી, લૂંટેલું ધન લઈ મુસલમાનો અણહિલવાડ ગયા. આ વાત મોઢ બ્રાહ્મણોના ગ્રન્થમાં લખી છે." ર. ઉ.

૧ આ આરસપ્હાણ પ્રથમ અજમેરથી મંગાવેલા હતા અને તેનાં દેવળ આદિ બંધાવેલાં હતાં; તેમાંથી અમદાવાદ જ્યારે રાજધાની થઈ ત્યારે ત્યાં વાપરેલા આરસપ્હાણ ઘણાખરા પાટણથી ઘણી મહેનતે ખોદાવી લીધેલા હતા. એમ મિરાતે અહમદિયા લખે છે. ર. ઉ.

ખાઈ કરવા જેવો થઈ પડ્યો હતો. તેને ઈ૦ સ૦ ૧૩૦૬ માં "મલેક નાયબ"નો ખિતાબ આપ્યો અને પ્રખ્યાત કામદારોવાળી એક સેના કે જેના ભાગ્યમાં દક્ષિણ હિન્દુસ્તાનનો દેશ જિતી લેવાનું લખેલું હતું તેનો સેનાપતિ ઠરાવ્યો. બીજા પ્રાન્તના સૂબાઓને પણ દક્ષિણની જિત કરી લેવામાં સામેલ રહેવાને સૂચના કરવામાં આવી હતી, તે પ્રમાણે ગૂજરાતના સૂબેદાર અલપખાનને પણ હુકમ થયો હતો. કૌલા દેવી જે અલ્લાઉદ્દીનની માનીતી બેગમ થઈ પડી હતી, તેના જાણવામાં આ ચડાઈની વાત આવી ત્યારે તે સુલતાનની પાસે ગઈ, અને તેના ગુલામ પાસેથી એક કામ કાઢી લેવાની તેને પ્રાર્થના કરી. તેણે કહ્યું કે હું કેદ પકડાઈ તેના પ્હેલાં મારા રજપૂત ધણીના પેટની મારે બે કુંવરિયો હતી. તેમાંથી મારા સાંભળવામાં આવ્યું છે કે મ્હોટી તો મરણ પામી છે, પણ દેવળ દેવી કરીને જે ન્હાની છે તેને મારાથી વિખુટી પાડી ત્યારે તે માત્ર ચાર વર્ષની હતી, માટે મારા ઉપર મહેરબાની કરીને સરદારોને એવો હુકમ આપો કે દેવળ દેવીને શોધી ક્હાડીને દિલ્હી મોકલાવી દે. મલેકનાયબ કાફૂરને સુલતાને તે પ્રમાણે હુકમ કર્યો, એટલે તેણે આવીને સુલતાનપુર મુકામ કર્યો, અને દુખિયારો કર્ણ રાજા જે નાસીને બાગલાણ ગયો હતો ત્યાં તેને ક્હાવ્યું કે દેવલદેવી કુંવરીને અમારે સ્વાધીન કરો, નહિ તો અમારી ફોજ સામા લડવાને તૈયાર થાઓ. રજપૂતને પોતાની પ્રિય પુત્રી હલકે ઠેકાણે આપવામાં દિલમાં દુ:ખ લાગે ખરૂં, તોય પણ માથે આવી પડે, એટલે જ્યારે "આકાશમાંથી અગ્નિનો "વર્ષાદ વરસે, ત્યારે બાપે પોતાનાં બાળકોના સાધનથી પોતાનું રક્ષણ કરવું," એ દિલગીરીભરેલી ક્હેવત પ્રમાણે કરવું પડે, પણ તેમ કરવાનો હજી સુધી ખરેખરો સમય આવ્યો ન હતો. ભીમદેવના વંશનો, સિંહહૃદયી સિદ્ધરાજનો ખરેખરો ક્રમાનુયાયી એવો જે કર્ણ રાજા, તે પોતાની સર્વ પ્રકારની દુર્દશામાં પોતાની જાતિની લાજ રાખી રહ્યો, અને ઉપર પ્રમાણેની માગણી કોઈ પણ સાધનથી કબૂલ કરે એમ બન્યું નહિ. કાફૂરને લાગ્યું કે ઘાયલ થયેલા સિંહની પેઠે શત્રુની સામે મુખ કરનારા અણહિલવાડના ભાગ્યહીણ રાજાને ધમકી આપવાથી કંઈ ફળ થવાનું નથી તેથી તેણે પોતાની કૂચ જારી રાખી, અને અલપખાનને આજ્ઞા કરી કે ગૂજરાતની ફોજ લઈને ધારેલી ઈચ્છા પૂરી કરવાને સારૂ તમારે બાગલાણના પર્વત ભણી પ્રયાણ કરવું.

અલપખાનના સામો કર્ણ રાજા થયો. તેણે બે મહિનાની મુદત સુધી જીવની દરકાર કર્યા વિના શૂરવીરપણાથી તેના સામી ટક્કર લીધી. એટલી વારમાં કેટલીક લડાઈઓ થઈ અને રસ્તો કરાવવાની અલપખાનની સર્વ

મ્હેનત વ્યર્થ ગઈ. આણીમગ આ પ્રમાણે અણહિલવાડનો છેલ્લો રાજા પછવાડેથી નિરાશ થવા જેવા કજિયા સામો શૂરવીરપણાથી ટકાવ કરતો હતો તેવામાં, એક બીજો રાજા જે જાતનો મરાઠો[1] હતો અને કર્ણ રાજાના સુખના દિવસોમાં ચાલુક્ય વંશની કુંવરી સાથે લગ્ન કરવાને જે બરાબરિયો ન હતો તેણે સમય ઓળખીને, દેવલદેવી પોતાને વ્હેરે પરણાવવાને તેને પ્રાર્થના કરવા માંડી, અને તેણે એવી આશા રાખી કે, કર્ણ રાજા ખેદ પામતો પામતો પણ આવી ઓપટીની વેળામાં માગું સ્વીકારશે. દેવગઢનો[2] રાજા શંકર દેવ આ માગું કરતો હતો તે ઘણા દિવસથી દેવલદેવી સાથે પરણવાની આશા રાખતો હતો. તેનો ભાઈ ભીમ આ વેળાએ કર્ણ રાજાની પાસે ભેટ લઈને આવ્યો, દેવગઢ ભણીથી તેને આશ્રય આપ્યો, તથા તેને સમજાવીને કહ્યું કે લડાઈનું કારણ માત્ર તમારી કુંવરી છે, તે તેના ધણીને સ્વાધીન તેના રક્ષણ નીચે જશે, એટલે મુસલમાનોનો સરદાર ધારશે કે હવે આપણી મતલબ બર આવવાની નથી, તેથી તે નિરાશ થઈ ઉત્તર હિન્દુ-સ્થાન પાછો જશે. આ રાજાના આશ્રય ઉપર કર્ણે ઘણો ભરોંસો રાખ્યો— તે બૂડતા માણસને ઝાલવા તણખલું નાંખે તેના જેવો હતો; વળી તેણે વિચાર્યું કે ધિક્કારવા લાયક અને દ્વેષ કરવા યોગ્ય મ્લેચ્છના કરતાં, નીચા કુળનો હિન્દુ કંઈક ઠીક છે, તેથી તેણે ખેદ પામતાં છતાં પણ શંકર દેવને પોતાની પુત્રી દેવાનું માન્ય કર્યું.

પણ આ ગોઠવણ કશા કામની રહી નહિ. કર્ણના ભાગ્યમાં માનભંગનો પ્યાલો કલંક પ્હોંચતાં સુધી પીવાનું સરજ્યું હતું. દેવલદેવીના લગ્નનો ઠરાવ સાંભળીને અલપખાનને ઘણી ચિન્તા ઉત્પન્ન થઈ, અને એ ઠરાવ પોતાની કસુરથી થયો હશે, એવું સુલ્તાનના મનમાં આવે નહિ એટલા માટે કુંવરીને, ઉત્તર હિન્દમાં જતાં પ્હેલાં ગમે તે કરીને પણ કબજે કરવાનો તેણે નિશ્ચય કર્યો. કૌલાદેવીની પાદશાહ ઉપર કેવી સત્તા હતી, તે એ સારી પેઠે જાણતો હતો; તેથી તેને ડર લાગતો હતો, અને જાણતો હતો કે મારી જિતની ઉપર મારા જીવનો આધાર રહેલો છે. તેણે પોતાના બીજા સરદારોને આ વાત જાહેર કરી, અને પોતાના જેટલું જ જોખમ સર્વને માથે છે, એવું તેઓને ગળે ઉતારીને, તેઓને એકમત કરીને તેઓનો આશ્રય સંપાદન કરી લીધો—

---

૧ ચંદ્રવંશી યાદવ શાખાનો રજપૂત મરાઠો.

૨ શંકર દેવ જે "દેવગિરિ યાદવ"ના કુળનો હતો, તેનું વર્ણન રોયલ એશિયાટિક સોસાયટીના પુસ્તક ૪થાને પૃષ્ઠ ૨૬મે છે. વળી જુઓ પાછળ વાઘેલા વંશનું પરિશિષ્ટ. ર. ઉ.

સર્વ બંદોબસ્ત ઘણી સંભાળથી કર્યો; પર્વતના માર્ગોમાં સર્વેએ સામટો પ્રવેશ કર્યો; કર્ણ રાજા નાશી જતો હતો ત્યાં જઈ પ્હોંચીને તેનો અટકાવ કર્યો; તેની સાથે જે સામિલ હતા તેઓને વિખેરી નાંખ્યા, અને તેને પોતાને, હાથી, તંબુ, અને સામગ્રી રણક્ષેત્રમાં મૂકીને દેવગઢ નાશી જવાની જરૂર પડી; પર્વતોના સાંકડા રસ્તામાં અલપખાને તેની પછવાડે દોડ કરી, અને આખરે દેવગઢના કિલ્લાથી માત્ર એક મંજલને છેટે આવી પ્હોંચ્યો. નાશી જનારા કયે રસ્તે ગયા તેનો એને બીલકુલ પત્તો લાગ્યો નહિ. તેથી તે છેક નિરાશ થઈ ગયો, અને જાણે તેનો એકે ઉપાય રહ્યો હોય નહિ એવો દેખાવા લાગ્યો, તથા સુલટો પ્રસંગ ફીટીને ઉલટો થયો એમ તેને લાગ્યું. પણ શૂરપણું અને સરસ કરી રાખેલી ગોઠવણથી પણ જે જય મેળવી લેવામાં નિષ્ફળ થઈ ગયો હતો, તે જય તેને અકસ્માત્ પ્રાપ્ત થઈ ગયો.

જેવામાં મુસલમાનોનો સરદાર પોતાની ફોજને આરામ આપવાને સારૂ ડુંગરાઓમાં મુકામ કરીને પડ્યો હતો, તેવામાં તેના સિપાઇઓની ૩૦૦ માણસની ટુકડી ઈલોરાની ચમત્કારિક કોરણી જોવાને નીકળી પડી. જે સાંકડા રસ્તાઓમાં થઈને તે ચમત્કારિક ગુફાઓ આગળ જવાતું હતું, તે રસ્તાઓમાં ચાલીને જેવા તેઓ આવ્યા કે એકાએક દેવગઢના વાવટાવાળા મરાઠા અશ્વારોની એક ટોળીની સાથે તેઓનો ભેટો થઈ ગયો. તે ભીમદેવની ટોળી હતી, અને તે પોતાના ભાઈની ઘણા દિવસથી ધારી રાખેલી કન્યાને ઘેર લઈ જતો હતો. મુસલમાનો જો કે ઘણા થોડા હતા, તો પણ તેઓ એટલા બધા આગળ આવી ગયા હતા કે, હવે તેમને પાછા નાશી જવાનો લાગ રહ્યો ન હતો, તેથી તેઓ શત્રુના ઉપર તૂટી પડવાને બદલે તેઓની રાહ જોતા પોતાનું રક્ષણ કરવાને તૈયાર થઈ ઉભા રહ્યા. ભીમદેવની સાથે દેવળદેવી હતી તેથી તેના મનમાં ઘણી ચિંતા હતી, માટે ખુશીથી લડાઈ કરવાનું તેણે માંડી વાળ્યું હોત, પણ દુશ્મનો મ્હોં આગળ આવી પ્હોંચ્યા હતા અને તેઓ દેવગઢ જવાના રસ્તા વચ્ચે જ હતા, તેથી લડાઈ કર્યાં વગર તેને સિદ્ધિ રહી ન હતી. તત્કાળ બન્ને ટોળીઓ યુદ્ધ કરવાને મચી ગઈ; પ્હેલા જ હલ્લામાં કેટલાએક હિન્દુઓ નાઠા, અને જે ઘોડા ઉપર દેવળદેવી બેઠી હતી તે ઘોડાને તીર વાગવાથી તે હેઠે પડી. ઘણું તુમુલ યુદ્ધ મચ્યું; શીરોઇ અને આર્બસ્તાનની તરવારો સરખેસરખી લોહીલોહાણ થયેલી, કર્ણ રાજાની પુત્રીના ચતાપાટ પડેલા શરીર ઉપર છવાઈ ગઈ અને ભૂલથી તેના ઉપર થતા ઘાએ તેનો જીવ લઇને તેના કુળની પ્રતિષ્ઠા બચાવી હોત, પણ તેની દાસિયે ગભરાઈને તેનું નામ દઈ દીધું, એટલે જેને તેઓ કેટલીએક મુદ્દતથી ખોળતા હતા પણ પત્તો લાગતો ન હોતો, અને

આખરે જેનો આવી ચમત્કારિક રીતે શોધ લાગ્યો, તે કોણ હતી અને તેનો મર્ત્તબો શો હતો તે તેઓના જાણવામાં આવી ગયું. તેઓ અણહિલવાડની રાજકન્યાને માનથી અને સંભાળથી અલપખાનની છાવણીમાં લઈ ગયા. જે પાદશાહ ઉપર આ કન્યાની માતા અતિ ઘણી સત્તા ચલાવતી હતી, તે પાદશાહને આ લૂંટમાં મળેલી વસ્તુ અર્પણ કરવામાં આવશે ત્યારે તે કેવો રાજી રાજી થશે તે એ સરદાર સારી પેઠે જાણતો હતો. તેથી પોતાનો લશ્કરી દમામ આગળ ચલાવવો નહિ એવો નિશ્ચય કરીને તે ગૂજરાત આવ્યો, અને આ જુવાન કુંવરીને લઈને દિલ્લી જઈ બેગમના હાથમાં સ્વાધીન કરી. તે રાજધાનીમાં આવી પ્હોંચી નહોતી તેના પ્હેલાં તો, પોતાની તુલના થાય નહિ એવી સુંદરતાને લીધે અલાઉદ્દીનના શાહજાદાનું હૃદય તેણે જિતી લીધું હતું. તે તેની સ્ત્રી થઈ, અને કેટલીક મુસલમાન સુંદરિયો જે પદ મેળવવાને બેશક આતુર થઈ રહી હશે, તે પદ તેણે મેળવ્યું. તો પણ, જેવામાં રાજસભાની વચ્ચે તેના મોહિની રૂપનાં વખાણ ગાજી રહ્યાં હતાં, અને અમીર ખુશરૂનો[1] સતાર ખીજરખાં અને દેવલ દેવીના ઉત્કૃષ્ટ

---

૧ એક સાહર એટલે કવિ હતો તેણે "ઇશ્કિયા" એવા નામની કીતાબ બનાવી છે, તેમાં ખીજરખાં અને દેવલ દેવીના પ્રેમનું વર્ણન છે તે આ રીતેઃ—

૧ દેવલ રાનીકે હસ્ત અંદર ઝમાંનાં   ઝતાઉસાને હિંદુસ્તાં ચગાંનાં
૨ બરસ્મે હિંદવી અઝનામ નાબશ   દરઅવ્વલબૂદ દેવલકી ખિતાબશ
૩ બનામેઆં પરીચું દેવરાહ દાશ્ત   ફિસું બંદાઝઆં દેવશ નિગહદાશ્ત
૪ ચુનાંરસ્મી બદિલ કરદમ મરાઆત   કિઅઝ હિંદી અલેમ બરઝદ બહિદાત
૫ ચકી ઇલ્લત દરો બફગંદમ અઝકાર   કિદેવલરા દરો કરદમ બહનજાર
૬ દેવલ ચુંજમા દોલતહાસ્ત દરશમા   દરીનામાસ્ત દોલતહા બસીજમા
૭ ચુરાની બૂદ સાહિબ દોલતો કામ   દેવલરાની મુરક્કબ કર્દમશ નામ
૮ ચુનામે ખાં બનામે દોસ્ત ઝમશુદ   ફલક દર ઝિલ્લે ઇં હરદો અલમ શુદ
૯ ખિતાબે ઇં કિતાબે આશકી મહર   દેવલ રાની ખિજરખાં માંદ દરદહર.

અર્થ.

૧. રાણી દેવલદેવી આ વખતમાં હિન્દુસ્તાનમાં મોર પક્ષીઓમાં એક્કો છે એટલે કે સૌંદર્યમાં સર્વોપરી છે.

૨. હિન્દુસ્તાનની રીતને અનુસરી દેવલદેવી એવા નામ મુબારકથી સર્વોપરી ઇલકાબ તેને મળ્યો હતો.

૩. આ પરીના નામ ઉપરથી દેવોમાં રસ્તો નીકળ્યો અને એ નામના મંત્ર ચકી બંધાયેલા દેવો તેની રક્ષા કરવા લાગ્યા.

૪. તે જ રીતને અનુસરી મેં પણ અંતઃકરણથી તેની નિગેહબાની કરી, અને હિન્દુસ્તાનની સઘળી સ્ત્રિયો ઉપર તેનું નિશાન ફરક્યું.

પ્રેમ વિષે વખાણ અમર કરી રહ્યો હતો તેવામાં, શંકર દેવના નિરાશ થયેલા પ્રેમનો વિચાર આવવાથી, અથવા પ્રતિષ્ઠાહીન થયેલા અને વિખૂટા પડેલા બાપ વિષે અતિ ઊંડા શોકમાં પડવાથી તેના ઉપર શોકનું આચ્છાદન નહિ થયું હોય એવું કોણ કહી શકે!

અણહિલવાડના સર્વથી છેલ્લા અને અત્યંત દુર્ભાગી રાજા વિષે ઇતિહાસમાં વિશેષ નોંધ થઈ નથી. તેને તેના દેશથી અને ગાદીથી હાંકી કહાડેલો, રજપૂતને તેના ઘર કરતાં અને તેની સત્તા કરતાં પણ વિશેષ વ્હાલી એવી તેની પ્રતિષ્ઠા લૂંટી લેવામાં આવેલી, તેની સ્ત્રિયે હેત ઉતારી તેનો ત્યાગ કરેલો, અને તેના દુર્ભાગ્યમાં છેલ્લામાં છેલ્લો અને દુસ્સહ ડંશ વેઠવાનું જેના ભાગ્યમાં લખેલું એવી તેની કુંવરિયે પણ છેવટે તેના ઉપરથી હેત ઓછું કરીને તેને જતો મૂકેલો, એવો તે કર્ણ રાજા કદાપિ કોઈ નામ ઠામ જાણે નહિ એવી સ્થિતિમાં રઝળતો મરી ગયો હશે. આવું છતાં પણ રાજા કર્ણનો ખેદ શાન્તિ પામ્યો નહિ હોય. અણહિલવાડના ખેદાનમેદાન થઈ ગયેલા બંદરમાંથી (ખંભાત) મુસલમાનો જે લૂંટ લઈ ગયેલા તેમાં એક સંતાઈ રહેલો નાગ (કાફૂર) જેના નસીબમાં તેઓના હૃદય વચ્ચે ડંશ દેવાનું સરજ્યું હતું તે પણ સાથે ગયો હતો.

વર્ષ પછી વર્ષ વીતી ગયાં, અને લોહીમાં રગદોળાયલા અલાઉદ્દીનના વાવટાઓની સાથે જિત બંધાઈ ગયેલી દેખાવા લાગી; તો પણ ભાગ્યદેવી પોતાનો ધીરે ધીરે ઊતરતો પણ નિર્દય ખડ્ગ લઈને આકાશમાં ભમ્યાં કરતી હતી. પાદશાહ "પોતાનાં હથિયારોની ફત્તેહ થતી જોઈને ફૂલી ગયો હતો અને તેના માથામાં "ઘણો પવન ભરાઈ ગયો હતો, તેના રાજ્યના આરંભમાં તે બીજાની સલાહ "સાંભળતો તે પ્રમાણે કરવાનું હવે તેણે છોડી દીધું, અને સર્વ તેના એક

---

૫. એ સંબંધમાં કારણને લઈ એક કામ મેં એ કર્યું કે દેવલદેવીને બધી સ્ત્રિયોના ભૂષણ રૂપ વર્ણવી.

૬. દેવલ શબ્દ દોલતનું બહુવચન છે એમ સાંભળવામાં છે તે ઉપરથી મેં પણ આ પુસ્તકમાં તેને નવ નિધિ રૂપે ગણી છે.

૭. તે લક્ષ્મી અને મુરાદ (ઈચ્છા) એ બંને બાબતો પૂરી પાડવામાં સરદાર હતી તે કારણને લીધેજ તેનું દેવલદેવી રાણી નામ મેં પ્રસિદ્ધ કર્યું છે.

૮. જ્યારે ખાનનું નામ મિત્રના નામ સાથે મળ્યું, એટલે કે જોડાયું ત્યારે એ બન્નેના નામની કીર્ત્તિ આસમાન સૂધી ફેલાઈ.

૯. આ પુસ્તકનું નામ આશકીનો સૂર્ય એટલે કે પ્રેમસૂર્ય એવું પાડ્યું તે એટલા માટે કે ખિઝરખાં અને દેવલદેવી એ બંને નામ સંસારમાં હમેશાં સૂર્ય જેમ કાયમ છે તેવાં કાયમ રહે. ર. ઉ.

"હુકમ પ્રમાણે થવા લાગ્યું. તો પણ એના રાજ્ય વિષે એવું લખેલું છે કે "એની વેળામાં રાજ્યની જેવી ચડતી કળા થઈ તેવી કદિ થઈ નથી; છેક "આઘેના પ્રાન્તોમાં વ્યવસ્થા અને ન્યાય વર્ત્તાઈ ગયાં, અને દેશમાં શોભા "વધવા લાગી. મહેલ, મસજીદો, પાઠશાળાઓ, સ્નાનશાળાઓ (હમામખાના), "મિનારા, કિલ્લા અને સર્વ જાતની સાર્વજનિક અને ખાનગી ઈમારતો જાણે "જાદુથી થતી હોય એમ બનવા લાગી. એના રાજ્યમાં વિદ્વાનોનો જેવો "મેળાવડો થયો હતો તેવો કોઈ કાળે પણ થયો ન હતો.

"પણ પાદશાહ તેના મહિમા અને સત્તાની ટોંચે પ્હોંચ્યો હોય "એમ દીસવા લાગ્યું; અને જેમ સર્વ વસ્તુ નાશવંત છે અને નિરંતરપણું "માત્ર ઈશ્વિરને જ છાજે છે, તેમ આ પાદશાહની ચડતી કળાની પરિપૂર્ણતા "હવે પડી ભાંગવાની અણી ઉપર આવી પડી, અને તેના રાજ્યનું તેજ ઝાંખું "પડવા લાગ્યું" મલેક કાફૂર, જે એક હજાર દિનારે ખરીદાયેલો ખંભાતનો ગુલામ હતો, અને જેને તે રાજનીતિથી ઉલટાં અને જુલમભરેલાં કામમાં આંધળો થઈને આશ્રય આપતો હતો, તેથી ઉમરાવોને અરૂચિ ઉત્પન્ન કરાવી હતી અને લોકોમાં સર્વત્ર અસંતોષ ઉપજાવ્યો હતો, તેને સ્વાધીન પોતાના સર્વ રાજકારભારની લગામ તેણે સોંપી દીધી. મલેક કાફૂર ઘણા દિવસથી રાજ્ય લઈ લેવાનું તકાસતો હતો, તે હવે પાદશાહના વંશનો છેડો આણવાના ઉપાય યોજવામાં ખરેખરો ગુંથાયો. દેવલદેવીનો ધણી ખીજરખાન, અને તેના બાપના રાજ્યનો નાશ કરનાર અલપખાન એ બન્ને સુલતાનનો જીવ લેવાનો સલાહ કરે છે, એવું તેમના ઉપર તોહોમત આણીને તે બન્નેનો ઘાટ તેણે પ્હેલો ઘડ્યો, અને લુચ્ચાઈની તથા દુષ્ટ બુદ્ધિની જાળ માત્ર ઈયાગોનો* હાથ વણી શકે એવી તૈયાર કરીને તેમાં તેઓને સપડાવી દીધા. આ વેળાએ સર્વના મનમાં રાજ્યના સામું બંડ મચાવાનો અગ્નિ, જે ઘણા દિવસથી ધૂંધવાયાં કરતો હતો, તે બ્હાર ફૂટીને સળગી ઉઠવાનો પ્રારંભ થવા માંડ્યો અને જે ગૂજ-રાતની ભૂમિયે વનરાજના ક્રમાનુયાયિયોની આજ્ઞા માન્ય કરેલી તેઓનું વૈર લેવા તેમના નાશ કરનારની ચિતા સળગાવવાને જાણે પ્હેલ કરતી હોય, તેમ તેની પ્હેલી ચિનગારી ગૂજરાતમાં સળગી અને આખી ગૂજરાત બંડ કરવાને ઉઠી. આ બંડ બેસારી દેવાને સુલતાને કમાલખાન નામના એક પ્રખ્યાત સરદારને મોકલ્યો, પણ મારી નાંખેલા અલપખાન સૂબાના માણસોએ

* શેક્સપિયરના "આથેલો" નામના નાટકમાં ઈયાગોનું કાવતરૂં ઘણું આશ્ચર્ય-કારક છે. જુવો અમારૂં શેક્સપિયર કથાસંગ્રહનું પુસ્તક. ર. ઉ.

બહુ ખુનરેજી કરીને તેને હરાવ્યો. આ સમયે ચિતોડના રજપૂતો પોતાની અસલની કીર્ત્તિનું અભિમાન મનમાં લાવીને ઊઠ્યા. અને પોતાના કિલ્લા ઉપરથી મુસલમાનોને ઉથલાવી પાડીને તેમણે તેમનું સ્વતંત્રપણું પાછું સ્વાધીન કરી લીધું; હરપાળ જે શંકર દેવનો બનેવી થતો હતો તેણે પણ દક્ષિણમાં બંડ મચાવીને મુસલમાન કિલ્લેદારોને હાંકી મૂકયા. આ સમાચાર અલ્લાઉદ્દીન ખુનીને કાને પડતાં જ ક્રોધનો ભર્યો તે નિષ્ફળ ધડપછાડા મારવા લાગ્યો. તેને ગુસ્સો અને શોક થવા લાગ્યા તેથી માત્ર તેના શરીરની અવ્યવસ્થા વધવા લાગી. તે ઉપર કોઈ પણ ઔષધની ટેકી લાગી નહિ, એટલે તે ઈ૦ સ૦ ૧૩૧૬ ના ડિસેમ્બર મહિનાની ઓગણીસમી તારીખની સાંજે મરણ પામ્યો. જે દુષ્ટને, તેણે પોતાના માંસ, લોહી, અને મહા રંજ ખેંચીને મેળવેલી રાજસત્તાનું સત્વ ખેંચી લેવાને, ધૂળમાંથી ઉંચો ચડાવ્યો હતો, તે દુષ્ટે (કાફૂરે) તેને ઝેર દીધું, એવો તેના ઉપર વ્હેંમ રહી ગયો.



શાહ આલમથી આવતાં મુસલમાની ભાગોળનો દરવાજો

પૃ. ૩૬૧

વિભાગ ૨ જો.

પ્રકરણ ૧.

મુસલમાનોની કારકીર્દિનો પ્રારંભ

જિત પામેલા મુસલમાનોએ રાજધાની નગર અણહિલપુર, તથા ખંભાત, ભરૂચ, અને સુરત એ બંદરો, તથા સિદ્ધરાજના વંશના રાજાઓના તાબામાં જે દેશ રહ્યો હતો તેનો ઘણો ભાગ તરત જ પોતાને સ્વાધીન કરી લીધો. પરંતુ દેશનો વીસ્તીર્ણ પ્રદેશ કેટલાક કાળ સુધી છેક સ્વતંત્ર ચાલ્યાં કર્યો, અને પાછવાડેથી અહમદાબાદના સુલ્તાનોએ કદાપિ રહેતાં રહેતાં એ ભાગ ખંડિયો કરી દીધો હશે ખરો, તોય પણ તેનો સંપૂર્ણ કબજો તો તેઓનાથી થઈ શકયો નથી, તેમ જ અણહિલવાડના રાજાઓના સમયમાં તેઓ મુખ્ય રાજ્યની સાથે જેવો સ્વાભાવિક સંબંધ ધરાવતા હતા તેવો સંબંધ તેઓએ આ સમય આવતાં લગી મુસલમાનો સાથે કર્યો ન હતો. રાજવંશી વાઘેલા રજપૂતોની એક શાખા, સાભ્રમતી નદીની પશ્ચિમ ભણીના દેશનો ઘણો ભાગ પોતાને સ્વાધીન રાખી રાજસત્તા ચલાવા લાગી. તેમ જ રજપૂતોની બીજી શાખાઓ—તરસંગમાના પરમાર અને ઈડરના રાઠોડની—થઈ હતી તે વીરપુરથી મહી નદીના કિનારા ઉપરથી, પોસીનાના કિનારા સુધી ડુંગરની ભીતરમાં આવેલાં અંબા ભવાનીના દેવલની પેલી પાર, ગૂજરાતની છેક ઉત્તર દિશાની સીમા સુધી જૂદેજૂદી પોતપોતાની હકુમત રાખી રહી. ઝાલા રજપૂતો પણ કચ્છના ન્હાના રણની ને ખંભાતના અખાતની વચ્ચેના સપાટ દેશમાં પાકે પાયે સ્થપાયા. આ રજપૂત જાતિઓની કોળી શાખાઓ તથા અસલ શુદ્ધ અથવા મિશ્ર વંશની બીજી જાતિયો ચુંવાળમાં પ્રસરી ગઈ, અને ડુંગર અથવા જંગલોની, પ્રવેશ થઈ શકે નહિ એવી અને ઘણી આઘેની જગ્યાઓમાં સ્થાપિત દેખાવા લાગી. પૂર્વ ભણી પાવાગઢના કોટ ઉપર કાલિકા માતાની ધ્વજા રજપૂત રાજાઓની રખવાળી નીચે ફરકતી હતી, તેમ જ પશ્ચિમમાં ખેંગારના વારસ (ચૂડાસમા) પોતાનો પ્રસિદ્ધિ પામેલો જુનાગઢનો કિલ્લો દઢતાથી પોતાને સ્વાધીન રાખી રહ્યા અને જે દ્વીપકલ્પ ઉપર તેઓ ઘણા કાળ સૂધી, કોઈના ભણીનો વાંધો ઉઠયા વિના પોતાનું રાજ્ય ચલાવતા હતા તેના ઘણા ભાગ ઉપર સત્તા ચલાવવા લાગ્યા; અને

અસલ તેમનાથી જે ઉત્પન્ન થયાનો ડોળ ધરાવનારા ઠાકોરો બાકી રહેલા પ્રદેશ ઉપર પ્રસરી ગયા. તેમાં ગોહિલ રજપૂતો વિખ્યાતિ પામેલા હતા. તેઓ ગોઘા અને પીરમ તથા દરિયા કિનારા ઉપરનો પ્રાન્ત જે તેમના નામ ઉપરથી ગોહિલવાડ કહેવાયો તેના ધણી હતા.

આ હિન્દુ સંસ્થાનો બંધાયાં તેનું વર્ણન કરવું એ અમારો મુખ્ય વિષય છે. તેઓને મુસલમાન ઇતિહાસકારોએ તો કાફર, રાજદ્રોહી, અને બંડખોરના ઉપનામથી ઘણા ખરા વર્ણવેલા છે. તોય પણ તેઓ જેવું લખી ગયા છે તે જ પ્રમાણે અમે અત્રે તેમના જ શબ્દોમાં દાખલ કરિયે છિયે, તે ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે કે, અલ્લાઉદ્દીન સરખાના સરદારોથી પણ તેઓના ઉપર જિત મેળવી શકાઈ નથી, તેમ જ તેની પછી થનારાઓએ તેનો તે જ ઉદ્યમ ચાલુ રાખ્યો છતાં, આગળ ઉપર આપણા જોવામાં આવશે તે પ્રમાણે તેઓ સંપૂર્ણ રીતે પોતાની ઇચ્છા પૂર્ણ કરી શકયા નથી.

અલ્લાઉદ્દીનના મરણ પછી મલેક કાફૂર થોડી વાર સુધી રાજ્ય બથાવી પડ્યો હતો. તેના મરણ પછી અલ્લાઉદ્દીનનો શાહજાદો મુબારક ખીલજી ઈ૦ સ૦ ૧૩૧૮ માં દિલ્હીની ગાદી ઉપર બેઠો, અને તેના રાજ્યના પ્હે-લા જ વર્ષમાં ફેરિસ્તાના લખવા પ્રમાણે ગૂજરાતમાં ચોગરદમ બળવો ઉઠ્યો હતો તે બેસારી દેવાને તેણે મલેક કમાલુદ્દીનને મોકલ્યો. પણ તે ગૂજરાત-માં ગયો ને તરત જ લડાઈમાં માર્યો ગયો, એટલે ઇનુલમુલ્ક મુલ્તાનીને બીજી ફોજ આપીને મોકલ્યો. એ સરદાર ઘણો વખણાયેલો અને કુશળ હતો. તેણે રાજદ્રોહી લોકોને હરાવ્યા, તેઓના સરદારોને કાપી નાંખ્યા અને દેશમાં શાન્તિ કરી દીધી. ત્યાર પછી પાદશાહે ગૂજરાતનું રાજ્ય પોતાના સસરા ઝફરખાનને[૧] સોંપ્યું. ઝફરખાન ફોજ લઈને અણહિલવાડે ગયો ત્યારે તો ત્યાં પાછું ફરીને બંડ મચી રહેલું હતું. તેણે બંડખોરોનો પરાજય કર્યો, તેઓની જાગીર જપ્ત કરી લીધી, અને તેમની પાસેથી લૂંટી લીધેલો ખજાનો પાદ-શાહને મોકલાવી દીધો. આ સરદાર રાજ્યને મુખ્ય આશ્રય આપનારો હતો અને તે કશા વાંકમાં આવ્યો ન હતો, પણ પાદશાહ ઢંગ વિનાનો હતો તેથી તેણે તેને પાછો બોલાવીને મારી નાંખ્યો. ત્યાર પછી પરમાર કોમનો વટલેલો એક હિન્દુ સરદાર હિસ્સામુદ્દીન કરીને હતો તે તેને

૧ મલેકે દુનિયા એવું પ્રથમ નામ હતું, તેને ઝફરખાને ફતેહનો સરદાર એવો ખિતાબ આપવામાં આવ્યો હતો. તેણે આવ્યા પછી ત્રણ ચાર માસમાં બંદોબસ્ત કરી દીધો. "મિરાતે અહમદી." ૨, ઉ.

ઠેકાણે નિમાયો, પણ તેનો અધિકાર સ્થિર થયાને થોડી વાર થઈ નહિ એટલામાં પરમારોનું ટોળું ભેગું કરીને તેણે બંડ મચાવ્યું તથાપિ ગૂજરાતમાં પાદશાહના બીજા ઉમરાવો હતા તેઓએ હથિયાર પકડીને તેને હરાવ્યો અને કેદ કરીને દિલ્હી મોકલી દીધો. મલેક વજીહુદ્દીન[1] કુરેશી એક શૂરો અને ચંચલ સરદાર હતો તેને હિસામુદ્દીનની જગ્યાએ ગૂજરાત મોકલ્યો; તેણે આવીને દેશમાં શાન્તિ ચલાવી દીધી. તેમ છતાં પણ તેને પાછો બોલાવીને મલેક ખુશરૂ જે હિસામુદ્દીનનો સગો[2] થતો હતો, અને જે કેટલીક વાર સુધી પાદશાહનો માનીતો થઈ પડ્યો હતો તેને ગૂજરાતનો સૂબો ઠરાવ્યો. પણ તે લોભે કરીને પોતાના ધણીની ગાદી છીનાવી લેવાના બેતમાં હતો તેથી તેણે જાતે આવીને સૂબાગીરી (?) કરી હોય એમ જણાતું નથી. મુબારક ખીલજીને ઈ૰ સ૰ ૧૩૨૧ માં મલેક ખુશરૂએ મારી નાંખ્યો. તે પોતાના વંશનો છેલ્લો બાદશાહ હતો.

ગ્યાસુદ્દીન[3] તુઘલુખના વારામાં તાજુલમુલ્કને[4] ગૂજરાતના રાજ્ય ઉપર સૂબો ઠરાવ્યો હતો તે એવા હેતુથી કે, "એ ત્યાં જઈને તે દેશ તાબામાં "કરી લે." અને મહંમદ તુઘલુખના વારામાં અહંમદ[5] અયાઝને ગૂજરાતની સૂબાગીરી આપી મલેક મુકબીલને તેનો વજીર ઠરાવ્યો. આ વેળાએ બીજા કેટલાક સરદારોને ગૂજરાતમાં જાગીરો મળી, તેમાં એક મલિક-કુત્તુજાર,[6] અથવા વ્યાપારીયોનો મુખ્ય એવા એલકાબવાળો હતો તેને સુરતની નીચેની નવસારીની જાગીર મળી. ઇ. સ. ૧૩૦૭ માં તુર્મુશરીનખાન કરીને એક

---

૧ પછવાડેથી તેને પાછો બોલાવીને કુતુબુદ્દીન મુબારક શાહે પોતાનો વજીર બનાવીને તેને તાજુલ્મુલ્ક એટલે દેશનો મુકુટ એવો ખિતાબ આપ્યો.

૨ બંને એક માના દીકરા હતા.

૩ 'તારીખે ફિરોઝશાહી' અને 'મિરાતે અહમદી'માં લખ્યા પ્રમાણે ગાઝી હલ મુલ્ક નામે અમીર હતો તેને ગ્યાસુદ્દીન તુઘલુખશાહ ખિતાબ ધારણ કરાવીને અમીરોએ ગાદીએ બેસાડ્યો.

૪ 'મિરાતે અહમદી'માં તાજુદ્દીન જાફરને ગૂજરાતનો સૂબો ઠરાવ્યાનું લખ્યું છે.

૫ ખાને જહાનનો અલ્કાબ આપીને પાદશાહે તેને ગૂજરાતનો સિપાહસાલાર (સેનાપતિ) બનાવ્યો. અને અહમદ અયાઝનો ગુલામ મલેક મુકબિલ હતો તેને ખાનેજહાનનો ખિતાબ આપીને ગૂજરાતનો વઝીર બનાવ્યો; તથા અખતિયાર નામનો કોઈ લંગ્રો હતો તેને મુલ્તાન તથા ગૂજરાતની સૂબાગીરી આપી, એમ ફિરિશ્તાએ લખ્યું છે.

૬ મલેક ઇફ્તખારનો ખિતાબ મલેક શાહબુદ્દીનને આપેલો તે આ શખ્સ છે. વાંચવામાં ભૂલ થવાથી મલેક કુત્તૂજ્જાર લખાયું છે. ૨. ઉ.

મોગલ સરદારે હિન્દુસ્તાન ઉપર ચડાઈ કરી તેને મહંમદ તુઘલુખે લગભગ આખા રાજ્યના મૂલ જેટલી લાંચ આપીને પાછો ફ્હાડ્યો તો પણ તેણે ગૂજરાત અને સિંધને રસ્તે જતાં બંને દેશ લૂંટ્યા અને ઘણા લોકોને પકડી ગયો.

વીસ વર્ષ પછી મલેક મુકબિલ જે ગૂજરાતની સૂબાગીરિયે ઠરેલો જણાય છે તેને અને અમીર જુડીદા[1] અથવા મોગલ લોહીના સરદારોને અણબનાવ થયા, તે ઉપરથી તે તેમનાથી ડરી ગયો, અને સરકારી ખજાનાનું રક્ષણ કરવા સારૂ સરકારી તબેલા માંહેથી ઘોડા એકઠા કરીને તે ઉપર ખજાનો લાદી દિલ્હી ભણી ચાલ્યો; તેને વડોદરા અને ડભોઈ ને રસ્તે જતાં અમિરોએ લૂંટી લઈને અણહિલવાડ ભણી નાશી જવાની જરૂર પાડી. આ તોફાન થયાના સમાચાર સાંભળવામાં આવતાં પાદશાહ ગૂજરાત ભણી જાતે નીકળી ચાલવાને તૈયાર થયો; પણ માળવાના સૂબેદાર અયીઝે કહ્યું કે હું અગાડી જઈને બંડ બેસારી દઉં છું, તે ઉપરથી તેને આગળ જવા દીધો. તે તે પ્રમાણે ગૂજરાતમાં પેઠો પણ અમીરોએ તેનો પરાભવ કરીને તેને ઠાર કર્યો, તે સમાચાર બાદશાહે જાણ્યા એટલે પોતે ચહડી આવ્યો.

મહંમદ તુઘલુખ આબુ ગઢને ડુંગરે આવી પ્હોંચ્યો, એટલે પોતાના સરદારોમાંથી એકને અમીરોની ઉપર મોકલ્યો. દેવી (ડીસા?) ગામની પાસે એક લડાઈ થઈ અને બંડખોરોની પૂરેપૂરી હાર થઈ. પાદશાહ પછી ધીરેધીરે ભરૂચ ભણી ચાલ્યો; નર્મદાના કાંઠા ઉપર એક બીજી લડાઈ થઈ તેમાં પણ પાદશાહની ફોજની જિત થઈ,—આ ફોજે પછીથી ખંભાત અને સુરત શહર લૂંટ્યાં. મહંમદ તુઘલુખ પછી દેવગઢ ઉપર ચડાઈ કરવાને ચાલ્યો. તેનું દૌલતાબાદ નામ આપીને દિલ્હીથી રાજધાની ઉઠાવીને ત્યાં કરવા સારૂ તેણે ઘેલાઈ ક્હાડીને બે વાર પ્રયત્નો કર્યા. આ શહરને ઘેરો ઘાલીને પડ્યો હતો તેવામાં તેને સમાચાર મળ્યા કે ગૂજરાતના અમીર જુડીદાની સાથે ઘણા હિન્દુ જમીનદારો મળી ગયા છે, અને તેણે અણહિલવાડ કબજે લીધું છે એટલું જ નહિ, પણ સરકારી અધિકારીને મારી નાંખ્યો છે; સૂબાને કેદ કરયો છે; અને ખંભાત લૂંટીને ભરૂચને ઘેરો ઘાલવાના કામમાં ગુંથાયો છે. બાદશાહ દૌલતાબાદ છોડીને ભરૂચ ભણી ચાલ્યો. એટલે બંડખોર લોકો ખંભાત જતા રહ્યા તેમની પછવાડે પાદશાહે જે સરદારો મોકલ્યા હતા તેમની સામે તેઓએ ટકાવ કરયો

૧ મહંમદ તુઘલુખના સમયમાં તુર્મશઝીન ખાનના જમાઈ મલિક નોરોઝ સાથે મોગલ અમીરો આવ્યા હતા અને તેના રાજ્યમાં નોકર રહ્યા હતા તેમાં જે ૧,૦૦૦ માણસનો અમીર હતો તે અમીરે સદા અથવા તુર્કીમાં યુજબાસી ક્હેવાતો અને જે ૧૦૦ માણસનો અમીર હતો તે અમીરે હજારા ક્હેવાતો. આવા અમીર ઘણા હતા. ર. ઉ.

અને તેમને હરાવ્યા. તે ઉપરથી વૈર વાળવાનો નિશ્ચય કરીને મહંમદ તુઘલુખ ખંભાત ભણી ચાલ્યો ત્યારે ફરીને પાછા બંડખોર લોકો તેનાથી ડરી નાશી ગયા, પણ ઋતુ સારી ન હતી અને રસ્તા પાંશરા ન હતા તેથી પાદશાહને પોતાની ફોજ સહિત આસાવલ (હાલનું અસારવા) આગળ છાવણી નાંખીને રોકાવાની અગત્ય પડી. આજે જે સ્થાને અમદાવાદ છે ત્યાં આગળ એ ગામ હતું; ત્યાં પાદશાહ પડયો હતો તેવામાં બંડખોર લોકોએ અણહિલવાડ જઈને ફોજ એકઠી કરી, પછી પાદશાહની સામે લડવાને ચડી આવ્યા; કડી આગળ લડાઈ થઈ તેમાં પાદશાહની ફોજની જિત થઈ; અને બંડખોરો સિંધ ભણી નાશી ગયા, એટલે મહંમદ તુઘલુખે વનરાજના નગરમાં પ્રવેશ કર્યો, અને સારી વ્યવસ્થા કરવા સારૂ કેટલીક વાર સુધી તે ત્યાં જ રહ્યો.

પાદશાહે તે વર્ષનો ઘણો ખરો ભાગ પોતાની ફોજ ઉભી કરવામાં ગૂજરાતમાં કહાડયો, અને બીજું વર્ષ જુનાગઢને ઘેરો ઘાલવામાં અને કચ્છ[1] તાબે કરી લેવામાં ગયું. જુનાગઢથી કેટલેક છેટે ગોંડલ છે તેમાં તેને નાશકારક રોગ થયો તેથી છેવટે તેનું મોત થયું છે પણ સિંધુ નદી સુધી તેની ફોજ લઈ જવાને તેને તે વેળાયે અડચણ થઈ નહિ. ત્યાં જઈ સિંધના સુમરા રાજાએ, નાશી પેઠેલા અમીરોને ઓથ આપી હતી, તેને તેણે શિક્ષા કરી.

ફિરોઝ તુઘલુખે પોતાના વારામાં નગરકોટની જિત કરી લીધા પછી સિંધ સાથે લડાઈ ચલાવવાનું ધાર્યું હતું, પણ ચોમાસાને લીધે તેને તે વિચાર બંધ પાડવાની અગત્ય પડી હતી. તેથી તે ચોમાસામાં ગૂજરાત જઈને રહ્યો ને ત્યાર પછી સિંધ પાછો ગયો. કેટલાંક વર્ષ વીત્યા પછી (ઈ૦ સ૦ ૧૩૭૬) ગૂજરાતની ઉપજ છેક ઘટી ગઈ, તે ઉપરથી શમસુદ્દીન દમઘાની નામના એક સરદારે કહ્યું: "મને જો ત્યાંનો સૂબો ઠરાવો તો હું મહેસુલ "ઉપરાંત ઘણી મ્હોટી[2] રકમ આપું." આ વાત પાદશાહને ગળે ઉતરી, એટલે જૂના સૂબા(સમસુદ્દીન અનવરખાન)ની તે પ્રમાણે આપવાને ખુશી છે કે નહિ તે તેને પૂછી મંગાવવા ઉપરથી તેણે ના પાડી, એટલે શમસુદ્દીનને તેની જગ્યાએ ઠરાવ્યો. તે ત્યાં ગયો તો ખરો પણ પોતાના ઠરાવ પ્રમાણે કાંઈ પણ વસુલ આપી શકયો નહિ ને ઉલટું તેણે બંડ મચાવ્યું. એટલે જે લોકોના ઉપર તેણે

૧ આ વેળાએ કચ્છમાં જામ કાયાજી રાજ્ય કરતા હતા ઈ૦ સ૦ ૧૩૫૦. મહંમદ તુઘલુખનો સમય ઇ૦ સ૦ ૧૩૨૫ થી ૧૩૫૧ સુધી હીજરી સન ૭૨૫-૭૯૧ ફિરોજશાહ ૧૩૫૧થી ૧૩૮૯ સુધી ર. ઉ.

૨ મિરાતે અહમદી પ્રમાણે અસલ રકમ ઉપરાંત ચાળીસ લાખ તુંકચા, એક સો હાથી, બસેં ઘોડા તાજી, ચારસેં ગુલામ વધારે આપવા અર્જ કરી હતી. ર. ઉ.

જુલમ ગુજાર્યો હતો તેઓ આ સમય સાધીને વેર લેવા સારૂ પ્રાન્તના પરદેશી અમીરો સાથે મળી ગયા તેથી શમસુદ્દીન હાર્યો અને માર્યો ગયો. ફરહત-ઉલ-મુલ્કને ત્યાર પછી સૂબાગીરી મળી, ને તે ઈ. સ. ૧૩૮૭ની સાલ સુધી તેની પાસે રહી. ત્યાર પછી તે વર્ષમાં તેની જગ્યાએ બીજો સૂબો ઠર્યો તેણે પણ બંડ મચાવ્યું, અને તેના ભેગા પરદેશી સરદારો મળી ગયા તેથી ફરહતે પોતાની જગ્યાએ ઠરેલા સૂબાને હરાવીને ઠાર કર્યો. ત્યાર પછી ગ્યાસુદ્દીન તુઘલુખે તેને ગૂજરાતની સૂબાગીરી ઉપર કાયમ કર્યો. એટલે ઈ. સ. ૧૩૯૦ સુધી કારભાર ચલાવ્યો. ત્યાર પછી સ્વતંત્ર થઈ પડવાની આશાએ તેણે ફરીને બંડ મચાવ્યું. તેણે પોતાની મતલબ સાધ્ય કરી લેવાની આશાએ હિન્દુઓના ધર્મને પુષ્ટિ આપીને તેઓને રીઝવવાની તે યુક્તિઓ કરવા લાગ્યો. તે ઉપરથી ધર્માંધ મુસલમાન લોકોને ડર લાગ્યો અને તેમણે પાદશાહને અરજી લખી મોકલી. તેમાં ગૂજરાતના સૂબાની રાજ્ય ચલાવવાની રીતિ વિષે અને મુસલમાની ધર્મને ધોકો લાગે એવી તે વર્ત્તણૂંક ચલાવતો હતો તે વિષે જાહેર કર્યું. તે ઉપરથી હિન્દુ લોહીનો તાક અથવા તક્ષક જાતિનો એક દરબારનો ઉમરાવ હતો તેને મુઝફ્ફરખાનનો ઈલ્કાબ આપીને ગૂજરાતનો સૂબો ઠરાવીને મોકલ્યો; અને તેનું માપ વધારવાને માટે રાજાથી ધારણ થાય એવાં રાજચિન્હ—રાજછત્ર અને ભગવા રંગનો શમિયાનો એ બે વાનાં અર્પણ કર્યા. મુઝફ્ફરખાન[1] ગૂજરાતમાં પેશીને રાજધાનીની લગભગ આવી પ્હોંચ્યો, એટલે તેનો સામાવાળિયો મુખ્યત્વે કરીને હિન્દુઓથી ભરચક થયેલી સેના લઈને તેને સિદ્ધપુર આગળ મળ્યો. ત્યાં આગળ લડાઈ થઈ તેમાં ફરહત ઉલ-મુલ્ક[2] હાર્યો અને માર્યો ગયો. એટલે મુઝફ્ફરખાને પોતાના પાદશાહને નામે અણહિલવાડના રાજ્યની લગામ પોતાને હસ્તગત કરી. (ઈ૦ સ૦ ૧૩૯૧.)

---

૧ એનું બીજું નામ નિઝામ મુફરા હતું, એને ગૂજરાતનો સૂબો બનાવ્યો તે વેળાએ લેખ લખાયો. તે વિષે ફ્રિરિસ્તાના લખવા પ્રમાણે પાદશાહે પોતાના હાથે લખ્યું:—"હમારા બિરાદર, મજલીએ આલી, ખાને મહઝમ, ઇન્સાફી, સખાવતે "ભરપુર, જંગે બહાદુર, શહાનશાહત અને મહજબે પાલનહાર, ઇસલામ, અને "ઇસલામીના શણગાર અઇન-ઉલ-મુમલકત."

૨ એને રાસ્તીખાનનો ખિતાબ હતો.

પ્રકરણ ૨ જું

વાઘેલા, લુણાવાડાના સોલંકી, સોડા પરમાર, કાઠી, ઝાલા, ઈડરના રાઠોડ, પીરમના ગોહિલ

સોલંકી વંશનું થડ ઉખડી ગયું હતું ખરૂં પણ "પોતાના સમાન વડનાં "ઝાડની પેઠે" તેની મૂળિયો અથવા શાખાઓ (વડવાઇયો) ભોંયમાં જડાઈ ગઈ હતી. ગૂજરાતની સીમાની પેલી પાર વાઘેલાની એક શાખાએ ગોંડવાણામાં એક પ્રાન્તને પોતાનું નામ આપી વાઘેલખંડ અથવા બાઘેલખંડ કહેવરાવ્યો એમ કહેવાય છે; અને મેવાડના એક સામંત રૂપનગરના ઠાકોરનો કિલ્લો જે તે દેશમાં જવાના રસ્તામાંથી એક માર્ગને નાકે આવેલો છે અને સીમાના કજિયા વિષેના ઇતિહાસમાં જેનું કુટુંબ પ્રખ્યાતિ પામેલું છે, તે હજી સુધી દાવો કરે છે કે અમે સોલંકી લોહીના છિયે, અને મહાન્ સિદ્ધરાજનો સાંગ્રામિક વિજયનાદ કરવાવાળો શંખ તેની પાસે છે તે વિષે અભિમાન ધરાવે છે કે વંશપરંપરા વારસાની રૂઈયે તે મારે સ્વાધીન આવ્યો છે.

ગૂજરાતમાં તો એમ જણાય છે કે, વાઘેલા પ્રથમ સાભ્રમતીની પશ્ચિમ ભણીનાં પરગણામાં અને ભાલમાં વસ્યા, તથા તેમ જ ત્યાર પછી જે દેશ ઝાલાવાડ કહેવાયો તેમાં પણ વસ્યા, ત્યાં, આપણા જોવામાં આવે છે કે તેમનામાંથી એક ઠાકોરે વઢવાણમાં સ્થાપના કરી, અને સાયલામાં પોતાનો બળવાન્ પટાવત સ્થાપ્યો. તો પણ તેઓ તેમની આ છેલ્લી કબજાની જગાએથી ઝાલા અને બીજાઓનાથી ડરીને થોડા કાળ પછી પાછા ગયા અને અહંમદશાહની કારકીર્દિમાં, કલોલ અને સાણંદનાં પરગણાં જે મુસલમાન લોકોનાં હથિયાર પ્હોંચે એમ મ્હોં આગળ પડેલાં હતાં ત્યાં વસેલા આગળ ઉપર આપણા જોવામાં આવશે.

સોલંકીની બીજી શાખા વીરભદ્રજીના નાયકપદે મહી નદી ઉપરના વીરપુરમાં સ્થપાઈ, ત્યાં અવતલ માતાને ડુંગરે તેઓ વસ્યા. અને વીરપુરા સોલંકીના નામથી ઓળખાવા લાગ્યા. આ શાખા વિષેની બીજી વધારે હકિગત અમારી પાસે નથી, પણ ભાટની પાસેથી મળેલા વૃત્તાન્ત છે તે ઉપરથી જણાય છે કે, તેઓ ઈ० સ० ૧૪૩૪ માં લુણાવાડામાં વસ્યા, તે શહર તેમણે શ્રી લુણેશ્વર મહાદેવના પ્રતાપથી વસાવ્યું.

સોલંકી વંશના બીજા કલ્પેલા ફણગા ચુંવાલના કોળી ઠાકોરોમાં જોવામાં આવે છે તે વિષે અમે હવે લખિયે છિયે.

પરમારવંશની સત્તાવાન્ શાખાના સોડા રજપૂતો પ્રાચીન કાળથી સિંધના એક ભાગમાં રાજ્ય ચલાવતા હતા. અને છેક હવણાંની વેળા સુધી તેઓ ઉમરકોટ અને ઉમડા-સુમડા કે જેમાં સિંધની પ્રાચીન રાજધાની આરોર આવી જાય છે તેના ધણી હતા. હિન્દુસ્તાનના જંગલમાં ધાટનું ઈલાયદું અને હવણાં પરસ્વાધીન સંસ્થાન છે તથા જેની રાજધાની ઉમરકોટ છે તે, ભાટિયોને જાડેજાથી જૂદા પાડે છે, અને તે હજુ સૂધી પરમાર વંશના અને સોડા જાતના રાજાને હસ્તગત છે.[1]

જે સમય વિષે અમે લખીએ છીએ તે સમયે સોડા પરમારની[2] એક બીજી શાખા ગૂજરાતમાં આવી. કહે છે કે આ વેળાએ વઢવાણ જે આગળ જતાં ઝાલાની મતા થઈ પડી તે વાઘેલાની એક શાખાને સ્વાધીન હતું; ત્યાંનો વાઘેલો રાજા વડલો કરીને હતો, તેણે સાયલા અને બીજાં ગામ ચભાડ રજપૂતોને પટે આપ્યાં હતાં. તે રજપૂતો સંબંધી ભાટ નીચે પ્રમાણે વાત કહે છેઃ—

પારકરમાં કાળ પડ્યો, એટલે બે હજાર સોડા પરમાર તેમના મુંજા અને લગધીર નામના નાયકના ઉપરીપદે તેમનાં છૈયાંછોકરાં અને સ્ત્રિયો સુદ્ધાંત પાંચાળ દેશમાં આવ્યા, અને મૂળીની પૂર્વ દિશામાં થોડે ગાઉને છેટે ધાગરિયા કરીને જગ્યા છે ત્યાં ઉંચાળો બાંધીને રહ્યા,[3] ત્યારે સાયલાના ચભાડ ઠાકોરે તેમને ધનવાન અને રક્ષણ વિનાના સમજીને લૂંટી લેવાનો લાગ તકાવ્યો. તેણે મૃગયા રમવા જવાનો ઠાઠ રચ્યો, અને એક તેતર તેણે ઘાયલ કર્યો, તે તેમના ઉચાળામાં નાશી પેઠો છે તે મિષે લેવાની માગણી કરી. આવી માગણીનો સ્વીકાર કરવો એ રજપૂતની પ્રતિષ્ઠાને ઝાંખ લગાડનાર છે, તેથી તેઓએ તે માગણી નકારી, એટલે લડાઈ ચાલી તેમાં ઘણાક ચભાડ અને સોડા માર્યા ગયા.

---

૧ ટૉડ રાજસ્થાન. ભા. ગ. ૧ પૃષ્ઠ ૪૩, ૪૫, ૯૨, ૯૩.

૨ જગદેવ પરમાર પાટણ હતો ત્યારે તેને ઓરમાઈ ભાઈ રણધવલ ધારા નગરીમાં રાજ્ય કરતો હતો. તેના વંશનો એક ભાયાત પારકરમાં જઈ વસ્યો તેના વંશમાં સોડો પરમાર થયો ત્યારથી તેની એક સોડા પરમારની શાખા કહેવાઈ. ર. ઉ.

૩ માર્તંડરાય અથવા માંડવરાય જે સૂર્યદેવની મૂર્ત્તિ કહેવાય છે (કેમકે મૃતંડનો વંશ જ સૂર્ય છે તેથી તેનું નામ માર્તંડ કહેવાય છે). તેના ઉપાસક બંને નાયક હતા. તેઓ જ્યારે પારકરથી નીકળ્યા ત્યારે બે મેલાણ સુધી મૂર્ત્તિની પૂજા કરવાને પાછા જઈ આવ્યા પણ તેમનો ભાવ જોઈને દેવે સ્વપ્નમાં કહ્યું કે તમે મને સાથે લઈ જાઓ. અને મારો રથ જ્યાં અટકી પડે ત્યાં આગળ વાસ બાંધીને રહેજો; તેથી આયરડીના નેસની પાસે મૂર્ત્તિનો રથ અટકી પડ્યો એટલે ત્યાં વાસ કરચો. ર. ઉ.

દુહા—જંગલ તેતર ઉડિયો, આવ્યો રાજદ્વાર;
ચભાડ સૌ ઘોડે ચડ્યા, બાંધી ઊભા બાર.
"મુંજા તેતર માહરો, માગે દુજણ સાર;
"ગર્વ ભર્યા ગૂર્જર ધણી, આપે નહિ એ વાર.
"પેહેલે પ્રહર ચડંતડે, સોડાનો સંગરામ;
"રત ઘેલે રતનાવતે, નિશ્ચળ કીધું નામ.
"સંવત સાત પનોતરો,[1] ટાઢાં ચણ તીજ;
"સોડાને ચભાડ શર, ધજવડ કીધી ધીજ.[2]
"પડ્યા ચભાહર પાંચસે, સોડા વીશું સાત;
"એક તેતરને કારણે, અલ રાખી અખ્યાત.
"ધ્રુવ ચળે, મેરૂ ડગે, ગમ મરડે ગિરનાર;
"મરડે કેમ મૂળીધણી, પગ પાછા પરમાર.
"થાન કંડોળો, ચોઢગઢ, થર મૂળરો વાસ;
"એ તો દે પરમારને, અવર ન દુજી આશ."

સાયલાનો ઠાકોર પડ્યો તેની બ્હેન વઢવાણના વાઘેલા વ્હેરે પરણાવી હતી. તેણિયે પોતાના ભાઈને મારનારાઓનું વેર વાળવા માટે પોતાના સ્વામીને આગ્રહ કર્યો; પણ વડલાએ સોડાના નાયકને કોલ આપ્યો હતો તેટલા માટે તેનાથી ઉઘાડાં પડાય એમ હતું નહિ. આ વેળાએ બે ભીલ નાયક આહો અને ફતો કરીને હતા, તે ગૂજરાતમાં ઘણા બળિયા થઈ પડ્યા હતા, અને સાભ્રમતી નદીની બખોલોમાં દુર્ગમ કિલ્લામાં રહીને વાઘેલાના દેશનો નાશ કરતા હતા. વઢવાણના રાજાએ સોડાઓનું કાટલું ફહાડવા સારૂ તેમને કહ્યું કે તમે આ ભીલોના કિલ્લા ઉપર હલ્લો કરો. સોડા યુક્તિ રચીને આહા ભીલના કિલ્લામાં પેઠા ને તેને તથા તેના ઘણા સાથીઓને ઠાર કર્યા. પછીથી ફતાની ઉપર તેઓ ચડ્યા ને તેને પણ પૂરો કર્યો. આ પરાક્રમના બદલામાં વઢવાણના વાઘેલાએ સોડાઓને મૂળી, થાન, ચોટીલા અને ચોબરી એવી ચાર ચોવીશિયો અથવા ચોવીસ ચોવીસ ગામના માહાલ આપ્યા.

કાઠિયો, સિંધનાં[3] સુમરા જામના પટાવત હતા અને પાવર ધરતીમાં

---

[1] ફાગણ વદિ ૩ સંવત્ ૭૧૫. [2] ઉપલી ત્રણ લીટીઓ અસલમાં નથી.

[3] પાવર ધરતી કચ્છમાં છે, માટે સિંધના નહિ પણ કચ્છના જામ (જાડેજા) રાજાના કાઠિયો પટાવત હતા. જામ લાખા ફૂલાણીના દરબારમાં ડાહી ડુમરી નામની ઢાઢણ ગાયન કરનારી હતી તેણે એક વાર જામ લાખાની નિંદાનું ગીત ગાયું તે ઉપરથી

રહેતા હતા. એક સમયને વિષે એક નાયકાએ મજરો કરતાં રાજાની મશ્કરી કરી તે ઉપરથી તેને પોતાના રાજ્યમાંથી દેશવટો દીધો. તો પણ તેના કાઠી પટાવતોએ તેને પોતાને ઉતારે બોલાવી અને જે ગાણાથી રાજાને ક્રોધ ઉપજ્યો હતો તે જ ગાણું તેની પાસે ગવરાવીને ગંમત કરવા લાગ્યા. આ વાત રાજાને જાણ પડી ત્યારે તેણે કાઠીઓને પણ દેશપાર કર્યા. તેવામાં સોરઠમાં ધોરાજીની પાસે ઢાંક ગામ છે તેમાં વાલા વંશનો રાજા રાજ્ય કરતો હતો. તેની પાસે એ કાઠી પટાવતો સિંધમાંથી નાશી આવ્યા અને તેના વર્તિયા થઈને રહ્યા. તેમનામાંનો[1] એક [2]અમરો પટગર કરીને કાઠી હતો, તેને એક ઘણી સુંદર દીકરી હતી તેનું નામ અમરાબાઈ હતું, તેને જોઇને વાલો મોહિત થયો, અને તેના બાપને કહ્યું કે એને મારી વ્હેરે પરણાવો. અમરાએ કહ્યું કે હું પરણાવું પણ તમારે અમારે રસોડે જમવું. પછી તે પ્રમાણે થયું એટલે વાલાના ભાઇયાતોએ એકસંપ કરીને, તે વટલ્યો એટલે તેને રાજ્ય ઉપરથી ક્હાડી મૂક્યો. પછી તેણે કાઠિયો સહિત બારવટું લીધું અને કાઠિયોએ તેને પોતાનો **નાયક** ઠરાવ્યો અને ભૂમિયાઓ પાસેથી મુલ્ક લેવાની તેઓ વાલાના ક્હેવા પ્રમાણે યુક્તિયો કરવા લાગ્યા. સૂર્યપૂજન કરવાનો પોતાના બાપ-દાદાનો ધર્મ વાલો રાખી રહ્યો હતો, તે તેના વર્ત્તિયા કાઠિયોએ પણ પાળવા માંડ્યો. એક વાર વાલો ઉંઘતો હતો તેવામાં પોતાના ખુંચી લીધેલા ગ્રાસનું તેને સ્વપ્ન આવ્યું, એટલે સૂર્યે તેને દેખા દઈને કહ્યું:—"મારા ઉપર આસ્તા "રાખીને તું લડવાને જા, હું તને સાહાય્ય થઈશ, તારો જય કરીશ, અને તું "મારી પૂજા કરવા સારૂ એક દેવાલય બંધાવજે." શ્રીસૂર્યની સાહાય્યતાથી વાલો અને તેના કાઠી વર્ત્તિયોએ ઘણાં ગામડાં જિતી લીધાં; અને બીજા

તેને ક્હાડી મૂકવામાં આવી, તેમ છતાં કાઠી પટાવતોએ એ ગીત તેની પાસે છાનું ગવરાવ્યું એટલે તેમને પણ ક્હાડી મૂક્યા. તેઓ ત્યાંથી વાગડમાંના ગેડીના સોલંકી રાણા પાસે રહ્યા, ત્યાંથી કેટલીક મ્હેડી વીત્યા પછી એટલે સંવત્ ૧૪૦૩ માં કચ્છના જામ સુળવાજી સાથે કજિયો કરી તેને મારચો એટલે તેના કુંવર કાયાજીયે ગાદી ઉપર બેઠા પછી ગેડીના રાણા ઉમી ઉપર ચડી જઈ તેને મારચો અને કાઠિયોને ક્હાડી મૂક્યા. તેઓ સૌરાષ્ટ્રમાં જઈ એભલવાળાને આશ્રયે રહ્યા. ર. ઉ.

૧ એ કાઠિયો આઠ શાખાના હતા: ૧ માંજરિયા, ૨ તોરિયા, ૩ નેહર, ૪ નાથા, ૫ પટગર, ૬ જેબિલિયા, ૭ ભાંભલા, કોઈ પારવા ક્હે છે. ૮ બાબરિયાને બદલે કોઈ બેલ ક્હે છે. ર. ઉ.

૨ અમરાને બદલે કોઈ વિસલો પટગર ક્હે છે અને અમરા બાઈને બદલે રૂપદે ક્હે છે. જે વાલાએ તેને પરણવા ઈચ્છા કરી તેનું નામ વેરા વાલો તથા તેના બાપનું નામ ધન વાલો હતું. આ પરણેતરથી જે વંશ ચાલ્યો તે સખાયત કાઠી ક્હેવાયો. ર. ઉ.

કેટલાએકના ભેગાં થાન અને ચોટીલો પણ સોડાઓ પાસેથી લઈ લીધાં. થાન પોતાની રાજધાની કરીને ત્યાં સૂર્યદેવનું દેવાલય બંધાવ્યું તેની પૂજા આજ સુધી ત્યાંના લોક કરે છે. રાઘો ચાવડો કરીને એક કાઠી સામંત હતો તેના નાયકપદે તેઓએ મૂળી ચોવીશી લેવાનો પ્રયત્ન કર્યો પણ રાજા સતમાલ સોડા પરમારે તેમના સામી લડાઈ કરીને રાઘાને હાર કર્યો.

"પોતાની સેના એકઠી કરીને, તેણે ચૂડાસમા અને ગોહિલને ધ્રુજાવી "દીધા—એ યોદ્ધો તો વશ થઈ શકે નહિ, તે પોતાનો ઘોડો બહુ આઘે "કૂદાવી ગયો. સતમાલનો દીકરો મહાદેવના સરખો શૂરવીર હતો.–ઓ રાઘા! "તેં આ રાજાજી શું સાંભળ્યા નથી?

"માણસને બરોબરિયો માણસ માત્ર કોઈ વેળાએ જ મળે છે. ઓ! "ચાવડા!—તું યોદ્ધો છે એ વાત ખરી; પણ પરમાર પણ બલવાન્ યોદ્ધો "છે. ભાલાની અણીથી વિંધાયા વિના તે પોતાની ધરતી કેમ છોડે! શું "આગળ તેણે તેતરને સારૂ વેઠયું નથી. સદાય ટેકીલી સોડા જાતિને માન હજો!"

વાલા રાજાને કાઠી રાણીના પેટના ત્રણ દીકરા હતા: ખુમાન, ખાચર, અને હુરસરવાળા તેઓએ તેનો મેળવેલો મુલક વ્હેંચી લીધો; અને તેમનું રહેઠાણ અનુક્રમે ચોટીલા, મીતિયાળુ અને જેતપુર કર્યું; પછી તેમના નામથી કાઠી વંશની ત્રણ શાખા પડી.[1] પ્રથમ તો કાઠિયોની આઠ શાખાઓ હતી. પણ તેઓનું હવણાં તો એક સામાન્ય નામ વર્ત્તિયા કહેવાયું, અને ઢાંકના રાજા અને તેની સ્ત્રી અમરાબાઈના વંશના વાળા કાઠી અથવા ઘરડેરા કહેવાયા તેથી એક બીજાથી ઓળખાઈ શકાય એમ થયું.

झाला

અણહિલવાડના રજપૂત વંશના જેવા વાઘેલા સગા થતા હતા, અને તે રાજ્યના પડી ભાગવાથી જેમ ઘણો મુલક તેઓના હાથમાં ગયો હતો તેમ જ ઝાલા પણ વાઘેલાની પછીના પાસેના સગા થતા હતા, અને તેમના હાથમાં પણ તે વંશના રાજ્યનો ઘણો મુલક આવ્યો હતો. પ્રથમ તો આ

---

૧ ખાચરના વંશમાં ઓઘડ ખાચર થયો તેને પાંચ પુત્ર હતા, તેમાંથી એક નિર્વંશ ગયો તથા બાકીના ચારમાંથી.—

રામો, ચોટીલાની ગાદિયે બેઠો તેના વંશના રામાણી કહેવાય છે.
લખો, જસદણની ગાદિયે બેઠો તેના વંશના લખાણી કહેવાય છે.
ડેબો, પાળિયાદની ગાદિયે બેઠો તેના વંશના ડેબાણી કહેવાય છે.
ગોદડ, ગઢડા તથા બોટાદની ગાદિયે બેઠો તેના ગોદડકા કહેવાય છે. ર. ઉ.

ઝાલા રજપૂતો કીર્ત્તિગઢ[1] અથવા કેરાકોટમાં મકવાણાના નામથી ઓળખાતા હતા. જ્યારે ગૂજરાતમાં રાજ્ય કરતા હતા ત્યારે ત્યાં એક વિહિયાસ મકવાણો કરીને પોતાના બાપદાદાઓનું ચાલતું આવેલું રાજ્ય ચલાવતો હતો.

ભાટ કહે છેઃ–વિહિયાસ જ્યારે મરણ પથારિયે પડ્યો હતો ત્યારે તેનો જીવ જતો ન હતો, તે સમયે તેના કુંવર કેસરે પૂછ્યુંઃ—"પિતાજી! "તમારો જીવ કેમ ગતિ પામતો નથી? ત્યારે વિહિયાસે ઉત્તર આપ્યું કે "સામઈયા નગરમાં મારો વૈરી હમીર[2] સુમરો (બીજો) રાજ્ય કરે છે, તેના "દૂધમલિયા વછેરા સવાસો લાવીને મારા તેરમાને દાહાડે ભાટચારણોને "આપવાનું પાણી મૂકો તો મારો જીવ ગતિએ જાય. આ વેળાએ પોતાના "ભાઈ, ભત્રીજા સર્વે પાસે બેઠા હતા તેમાંથી કોઈ કંઈ બોલ્યું નહિ. ત્યારે "કેસર જે ન્હાની વયનો હતો તે ઉઠી આગળ આવ્યો. તેણે પોતાના "પિતાના હાથમાં જળ મૂકીને કહ્યું કે હું તમારી ઇચ્છા છે તે પ્રમાણે "કરીશ. એટલે વિહિયાસના પ્રાણ છૂટી ગયા."

જ્યારે તેનું તેરમું આવવાનું થયું ત્યારે કેસરે શોક મૂકી દઈને પોતાના ભાયાતોને સામઈયે જવાને બોલાવ્યા ત્યારે તેમનામાંથી એક કહ્યું:–"તમારી "સાથે જીવ ખોવાને કોઈ આવે એવું નથી." કેસરે તેમની કોઈની પણ પરવા કરી નહિ, અને પોતાના બળ ઉપર માત્ર આધાર રાખ્યો. તેના હાથ ઢીંચણની હેઠળ

---

૧ કહે છે કે કેરાકોટ એ ન્હાનું ગામડું છે ને હજુ પણ એ જ નામ કહેવાય છે. તે કચ્છમાં ભચાઉની પાસે છે. અને વળા આગળ જેમ વિસ્તીર્ણ વલભીપુર જૂનું નગર કલ્પી શકાય છે તેમ ત્યાં પણ નિશાનિયો છે. સામ્ભર રાજાએ અણહિલવાડ ઉપર ચડાઈ કરી તે વેળાએ મૂળરાજ જે કંથકોટમાં સંતાઈ પેઠો હતો એવું પૃષ્ઠ ૫૯ મે લખ્યું છે, તે ને કેરાકોટ એ બે એક જ હોય તો નકશામાં તેનું નામ આવી શકે. બાકી કેરાકોટનું નામ નકશામાં જોવામાં આવતું નથી.

ઉપરની ટીપમાં જે ગુંચવારો જણાવ્યો છે તેનું નિરાકરણ એમ છે કે કીર્તિગઢ સિંધના થલ પ્રગણામાં હતું અને તે સમયે તે કચ્છના તાબામાં સં. ૧૮૧૯ સુધી હતું. કપીલકોટ અથવા કેરાકોટ હાલના ભુજ તાબાના કેરા ગામ પાસે હતું. અને કંથકોટ તો ભચાઉ તાલુકામાં હાલ પણ છે, જ્યાં ભીમદેવ અને મૂળરાજ રહ્યા હતા. આ પ્રમાણે ત્રણે સ્થાન જૂદાં છે. મકવાણા કીર્તિગઢમાં રહેતા હતા. ર. ઉ.

૨ સિન્ધમાં બે હમીર થયા છે. પ્હેલો હમીર કચ્છના લાખા ફૂલાણીના સમયમાં હતો, અને જેણે કચ્છના પુંઅરા જામને ધુંમલીના વિયડ ગુજર સાથેની લડાઈમાં આશ્રય આપ્યો હતો. એ હમીર પ્હેલો અને આ હમીર બીજો છે, તે સામઈયા અથવા ઓમતુરનો છે. એક નામ હોવાથી ઘણા જણ ગુંચવારો કરી નાંખે છે. આ હમીર ઉપર જુનાગઢના રાહ નૌઘણે (ઈ. સ. ૧૦૨૫થી ૧૦૪૪ સુધી હતો તેણે) ચઢાઈ કરી

ઢળકતા હતા. તેના હાથમાં સવામણ લ્હોડાનો ભાલો રહેતો હતો. અને ધનુષ્યબાણ ધારણ કરેલાં હતાં. તે એક ઘોડા ઉપર બેઠો તે વિષ્ણુના વાહન ગરૂડના જેવો હતો. તે સામઇયે જઈ પ્હોંચ્યો, અને ત્યાંથી વછેરા લાવીને અને ભાટચારણોને વ્હેંચી આપીને પોતાનું વચન પરિપૂર્ણ કરયું.

કેસરે જોશીને બોલાવીને પોતાની જન્મોતરી બતાવીને પૂછયું:–"મારો "આવરદા કેટલા વર્ષનો છે?" જોશિયે જોઇને કહ્યું:–"તમારૂં મોત ટુંકડું "આવ્યું છે." કેસર બોલ્યો:–"ઘરને ખુણે હું મરી જઈશ તો કોઈ મને ઓળ- "ખશે નહિ; પણ જો લડાઈમાં મરૂં તો મારૂં નામ રહે."

આ પ્રમાણે વિચાર કરીને કેસર ફરીને સામઇયે ગયો અને હુમીરની સાતસેં સાંઢો મેની નદીની તીરે ચરતી જોઈ તે લઈ આવીને[1] કીર્ત્તિગઢના ભાટોને આપી દીધી. તો પણ હુમીરની સેના સામઇયેથી ચડી આવી નહિ. ત્યારે કેસર ત્રીજી વાર બ્હારવટે નીકળ્યો. તે સમયે દસરાનું[2] પર્વ હતું, તેથી હુમીરની દીકરિયો અને વહૂઓ રથમાં બેશીને સલ કરવા નીકળી હતી, ત્યાંથી કેસર તેમના રથ હંકાવી ગયો. તેઓનો બધો મળીને ૧૨૫ સ્ત્રિયોનો સાથ હતો. પછી હુમીરે પોતાનો કારભારી કીર્ત્તિગઢ મોકલ્યો તે ત્યાં આવી પ્હોંચ્યો ત્યારે કહ્યું:–"એ સ્ત્રિયો તો હુમીરની દીકરિયો અને વહૂઓ છે માટે "જે રીતે લાવ્યા છો તે રીતે સાસરવાસા કરીને પાછી મોકલો." ત્યારે કેસર હશીને બોલ્યો:–"એ માલ તો પાછો નહિ મોકલાય. એ તો અમારા "ઘરની રાણિયો થઈ છે." પછી કારભારી આવું ઉત્તર સાંભળી લઈને સામઇયે ગયો.

કેસરે પછી, કીર્ત્તિગઢમાં જેટલા પોતાના ભાયાત હતા તેઓને બોલાવ્યા ને પોતાને માટે ચાર સુમરિયો[3] રાખીને બાકીની અકેકી અકેકી

હતી. એ હુમીર બીજાને કચ્છના જાડેજા રાજા જામ લાખા જાડાણીના કાકા હાલાજીના કુંવર હોથીજિયે લડાઈમાં મારયો.

જુવો મારા લખેલા સમયવિજયના હસ્તલિખિત ગ્રન્થનું પૃ. ૧૧૯; ફારસી હિ. સ. ૮૦૭(ઇ. સ. ૧૪૦૦)માં આ હુમીરનો ગાદીયે બેઠાનો સમય છે. ર. ઉ.

૧ સાંઢો અથવા ઊંટને સામટાં દોરી લાવવાની રીતિ એ છે કે ગમે તેના લોહીમાં લુગડું પલાળી તે લાકડીની ટોંચે બાંધી દોરનાર સર્વે ઊંટ જુવે એમ ઉંચી રાખી દોડતો જ્યાં જાય ત્યાં તેની પછવાડે આખું ટોળું દોડતું જાય. ર, ઉ.

૨ સુમરા રજપૂત હિન્દુ હતા, પણ અલાઉદ્દીન ખીલજિયે સુમરા, દુદા અને ચનેસરને જિતી સિન્ધનું રાજ્ય લીધું. તે પછી ઘણા સુમરા મુસલમાન થયા. ર. ઉ.

૩ ચારમાં એક તો ચારણની દીકરી હતી. ર. ઉ.

તેમને વ્હેંચી આપી. આ ચાર વિના કેસરને બીજી ઘણી રાણિયો હતી. દશ બાર વર્ષ એમ વીતી ગયાં ને કજિયો તો ચાલતો રહ્યો. કેસરને અને તેના ભાયાતોને થઈને સુમરિયોના પેટના અરાડ કુંવર[1] થયા.

છેવટે હમીરે તેને કહાવ્યું:–"હું તારી સામે લડવાને તો આવું પણ "કીર્ત્તિગઢ ખારા પાટમાં છે તેથી મારી સેનાને ખાવાનું ક્યાંથી મળે?" તેનું કેસરે ઉત્તર કહેવરાવ્યું:–"હું તમારી સેના સારૂ હજાર વિઘાં લીલા ઘઊં "વવરાવું છું." પછી હમીર કીર્ત્તિગઢ આવ્યો ને લઢાઈ ચાલી તેમાં ઘણા રજપૂતો માર્યા ગયા. બાકી રહ્યા હતા તેમાં કેસર અને તેના કુંવર પડ્યા, ને માત્ર એક કુંવર હરપાલ કરીને હતો તે ઉગર્યો. તેના ભાઈભત્રીજા પણ પડ્યા ને કીર્ત્તિગઢનો નાશ થયો તેથી સુમરી સ્ત્રિયો પોતપોતાના ધણિની સાથે બળી મોઈ.[2]

અણહિલવાડમાં ઘેલડો કર્ણ વાઘેલો[3] રાજ્ય કરતો હતો, ત્યાં

---

૧ તેમાં નવ કુંવર તો કેસરના હતા. ર. ઉ.

૨ મૂળ વાત એમ ચાલે છે કે કેસરના કુંવર હરપાળે સવાસો સુમરિયોને ઝમોરમાં બાળી દીધી ને કીર્ત્તિગઢ તોડી પાડ્યો. પછી તેણે પાટણમાં નાસેડું લીધું. એ જ વાતમાં તેઓના વંશની નવ શાખાઓ થઈ એમ ભાટ લખે છે—

(છપય.) મકવાણા રાણીંગ[1], બહો બાઅલ[2] બરદાળા,
લજ્જાવંત લુણંગ[3], ભલા અલો[4]અત્ર ભાઈ,
ખતરવટ રાખણ આંટ[5], જકે પારાકર[6] જાણું
વિહોડ[7] ને હાપેવ[8], જકે ઝલ રાણ[9] વખાણું,
નવ શાખાઓ નવ ખંડમાં, મકવાણો દશમો મણિ,
એટલી શાખ ઉજળતલ, તિલક શાખ ઝાલા તણી. ર. ઉ.

૩ કર્ણ વાઘેલો ઈ૦ સ૦ ૧૨૭૯ થી ૧૩૦૪ સુધી હતો, પણ આ સમય ઈ. સ. ૧૧ મા સૈકડાનો છે, માટે આ સ્થાને કર્ણ સોલંકી (૧૦૭૨ થી ૧૦૯૪) જે સિદ્ધરાજનો પિતા તે હતો. પૃથ્વીરાજ ચોહાણના સમયમાં ઝાલા હતા એમ પૃથ્વીરાજ રાસામાં આવે છે તે સમય પણ કર્ણ વાઘેલાથી પ્હેલાંનો છે. કેસરને મારનાર હમીર સુમરાને સિંધના સમા જામ હાલાજીના કુંવર હિંગોળજી અને હોથીજિયે માર્યો છે. તેઓ ઈ૦ સ૦ ૧૧૪૭ પ્હેલાં હતા, કેમકે એમના કાકા જાડાજીના દત્તક કુંવર લાખોજી અને લાખિયારજી જે તેમનાથી ન્હાની વયના હતા તે કચ્છમાં ૧૧૪૭ માં આવ્યા છે. આ લાખાજીની કુંવરી બે જે બચી હતી તેમાંથી એકને સિદ્ધરાજ સાથે પરણાવી હતી અને બીજી જગદેવ પરમારને દીધી હતી. સિદ્ધરાજ ઈ. સ. ૧૧૪૩માં દેવ થયો છે તે પ્હેલાં પરણ્યો છે, એ હિસાબે પણ કર્ણ સોલંકીનો સમય આવે છે.

વળી કર્ણ વાઘેલાના સમયમાં સિન્ધમાંના સુમરા રજપૂતોમાં હમીર નામે કોઈ હતો નહિ, પણ સિન્ધ સુમરાની ગાદીના વારસ દુદો અને ચનેસર નામે બે હતા,

* ડૉ. રા. યુ. મોદી [illegible] (વિ-૩ પૃ. ૧૮) આ મતને અનુસરે છે [illegible]

કેસરનો[૧] કુંવર હરપાલ નાસેડે ગયો. હરપાળનો ભાલો તેના બાપના ભાલા જેવો ભારે હતો અને એ તથા કર્ણ મશિયાઈ ભાઈ થતા હતા. તેથી પાટણમાં તેનો સારો આદરસત્કાર થયો. આ વેળાએ બાબરો ભૂત કર્ણને બહુ નડતો હતો, અને તેની માનીતી રાણી ફૂલાદેવી ઝાંઝમેર તલાજાની[૨] હતી તેના અંગમાં આવીને ભરાયો હતો. હરપાળે ભૂતના ઉપર હલ્લો કરીને તેની માથાની લટ ઝાલી, તેથી તે નિરૂપાય થઈ ગયો ને એવો દબાવ્યો કે

તેમાંનો ચનેસર પોતાને ગાદી ન મળવાથી દિલ્હીના પાદશાહ અલ્લાઉદ્દીન ખીલચી પાસે મદદ માગવા ગયો અને સુમરા પોતાની કન્યા મુસલમાનોને આપતા નહિ અને જેને માટે સુમરા આજ સુધી અભિમાન ધરાવે છે, તેમ છતાં અલ્લાઉદ્દીનને પોતાની બ્હેન પરણાવવાનું ઠરાવી લશ્કર લઈ આવ્યો, તેમાં દુદાનો નાશ થયો ને ચનેસરની મતિ ઠેકાણે આવતાં એ પણ ફોજ સામે લડીને માર્યો ગયો. પછી બચેલા જેટલા સુમરા હતા તેમને વટાળીને મુસલમાન કર્યા એટલે સુમરી સ્ત્રિયો જેટલી હતી તેટલી ત્યાંથી નાશીને કચ્છના જામ અબડાને શરણે આવી. તેમની પછવાડે પાદશાહી લશ્કર આવ્યું. અબડો શક્તિ ન છતાં પણ સુમરિયોને ન્હાસવાનો લાગ મળે એટલા માટે લશ્કરના સામો લડી મુવો, એટલામાં સુમરિયો નળિયા પાસેના વડસર ગામે જઈ પ્હોંચી અને ત્યાં પણ બચવાનો ઉપાય રહ્યો નહિ એટલે જીવતી ડટાઈ મોઈ. આ સ્થાને હજી લગણ પણ સુમરાઓનો ફાલ્ગુણ શુદિ ૧૫ મે મેળો ભરાય છે. અબડો આજે પણ શરણાધાર ક્હેવાય છે અને પીર તરીકે પૂજાય છે.

બાબરો ભૂત સિદ્ધરાજના સમયમાં હોવાનું પણ ક્હેવાય છે તો તે તેના પિતા કર્ણ સોલંકીના સમયમાં હોય એમ સંભવે છે. પણ કર્ણ વાઘેલાના સમય સુધી તે હોવાનું બની શકે નહિ. ર. ઉ.

૧ હરપાળ સિવાય તેને વિજયપાળ તથા શાન્તાજી એવા બે કુંવર હતા, તે પણ હરપાળ સાથે ગુજરાતમાં આવ્યા હતા. વિજયપાળના વંશજ મહિકાંઠાના ઇલોળ ગામમાં આજે પણ છે. તેમ જ શાન્તાજીના વંશજ કટોસણ આદિના મકવાણ તાલુકદારો ક્હેવાય છે.

હરપાળને ૨૩૦૦ ગામ મળેલાં તેમાંથી કર્ણની રાણીને ૫૦૦ ગામ કાપડામાં આપ્યાં તે જતાં ૧૮૦૦ ગામ રહ્યાં હતાં, તેમાંથી પાટડીમાં તેણે ગાદી કરી હતી. તેના કુંવર નીચે પ્રમાણે હતાઃ—

૧ સોઢોજી ઈ૦ સ૦ ૧૧૩૦–૧૧૬૦ પાટડીમાં. ૨ માંગોજી, લીંબડીમાં. ૩ શેખરોજી. ૪ ખવડજી—કાઠીમાં ભળી ગયો. ૫ ખોડોજી. ૬ જોગોજી. ૭ રાણોજી, ૮ બાપુજી; એના વંશજ મોલેસલામ થયા, તેઓ માંડવામાંથી પુનાદરા, ખડાલ, ઢાભા અને રમાસના તાલુકદારો થયા. ૯ બળવંત, ૧૦ લોણુકજી,. ૧૧ દેવોજી. ૧૨ વીસોજી. ર. ઉ.

૨ તળાજા અને તેની આસપાસના ભાગનું પ્રાચીન નામ "વાલાક ક્ષેત્ર" છે.

પાટણમાં ફરીથી કોઈ પ્રકારની પણ નડતર નહિ કરવાના તેણે સોગન ખાધા ત્યારે જતો મૂક્યો. વળી જ્યારે જ્યારે હરપાળને બાબરાના આશ્રયની ગરજ પડે ત્યારે ત્યારે આવીને હાજર થવાનો પણ કૉલ કરાવી લીધો. ભૂતે તે માન્ય કર્યું. હરપાળને શક્તિદેવી સાથે પછીથી એવા જ પ્રકારનો ઝગડો થયો હતો; તેને તેણે વશ કરી લીધી અને પોતાની સ્ત્રી કરીને રાખી.

એક દિવસ કર્ણ દરબારમાં બેઠો હતો, ત્યારે તેણે હરપાળ મકવાણાને તેડું મોકલ્યું. તે આવીને મ્હોં આગળ ઉભો રહ્યો. કર્ણે કહ્યું કે તેં કામ કર્યું તેના બદલામાં તારી નજરમાં આવે તે માગી લે. તેણે કહ્યું કે એક રાતમાં જેટલાં ગામે તોરણ બાંધું તેટલાં ગામ મને આપો. કર્ણે તે વિષેનો લેખ લખી આપ્યો. હરપાળ ઘેર ગયો ત્યારે શક્તિયે પૂછ્યું કે કર્ણે તમને શું તુષ્ટિદાન આપ્યું? તેણે તેને બનેલી વાત કહી, ત્યારે ગામે તોરણ બાંધવાનું કામ પોતે પોતાને માથે લીધું. વળી હરપાળે બાબરા ભૂતને[1] બોલાવ્યો, તે સવાલક્ષ સેના લઇને આવી હાજર થયો. રાત્રે નવ ઘડી રાત જતાં તેઓ નીકળી પડ્યાં, અને પ્હેલું તોરણ પાટડિયે બાંધ્યું, પછી તેના તાબાનાં છસેં ગામે બાંધ્યાં. સવારમાં ચાર ઘડી રાત રહી એટલે બેહજાર ગામે તોરણ બાંધીને આવ્યા. સવાર થતાં જ રાજાએ પોતાના એક કાર-

---

૧ જ્યારે શક્તિ દેવિયે કામ માથે લીધું ત્યારે બાબરા ભૂતની અગત્ય જેવું રહ્યું નહિ, પણ મૂળ વાત એવી છે કે, પ્રથમ બાબરાને ને તેને લડાઈ થઈ ને ઝગડો આખી રાત થયો હતો, તેથી તે છેક થાકી ગયો હતો ને તેને સારી પેઠે ભૂખ લાગી હતી. તેથી રબારીવાડે જઈ બે બકરાં લાવીને સ્મશાનમાં ગયો; તે મડદાની ચિતામાં શેકીને ખાવા લાગ્યો, ત્યાં સ્મશાનની દેવિયે હાથ ફ્હાડયો એટલે પેલું ભક્ષ સર્વ તેના હાથમાં મૂક્યું. તે દેવી ખાઈ ગઈ ને ફરીને હાથ ધરચો; ત્યારે કટારવતે પોતાની જાંઘ કાપીને કડકો હાથમાં મૂક્યો, તેથી દેવી પ્રસન્ન થઈ ને વર માગવાનું કહ્યું એટલે તે બોલ્યો કે, તું મારી સ્ત્રી થઈને રહે. દેવી બોલી અમે દેવતા ને તું મનુષ્ય પ્રાણી આપણું લગ્ન થાય કેમ? તે બોલ્યો: 'મારામાં જો દૈવત દેખો તો મારૂં ક્હેલું માન્ય કરજો,' શક્તિ તે કરાર પ્રમાણે હરપાળને ઘેર ગઈ. તે રાજા સાથે લેખ કર્યાના સમાચાર તેણે દેવીને કહ્યા ત્યારે તેણે જાણ્યું કે હવે હરપાળનું દૈવત જોવાનો લાગ આવ્યો છે-રાજા સાથે એવો ઠરાવ હતો કે એક રાતમાં જેટલાં ગામે ગાગરબેડિયું અને તોરણ બાંધે તેટલાં ગામ આપવાં. હરપાળે કહ્યું કે હું ગાગરબેડિયાં મૂકીશ અને તમે તોરણ બાંધજો. દેવિયે તે પ્રમાણે પાટડીથી આરંભ કરી છસેં ગામે તોરણ બાંધ્યાં. ત્યારે હરપાળે કૉલ પ્રમાણે બાબરા ભૂતને બોલાવ્યો તેણે પોતાની સેના સહિત તેવીસસેં ગામને ગાગરબેડિયાં મૂક્યાં. આ બનાવ બન્યો તેથી હરપાળનું દૈવત જાણી શક્તિ પરણી, નેમશાલી ગામના રાવળ ઔદિચ્ય બ્રાહ્મણે એમને પરણાવ્યાં. ર. ઉ.

ભારીને સાંઢ ઉપર બેસારીને, મકવાણાના હાથમાં કેટલાં ગામ ગયાં તે જોવાને મોકલ્યો. બે હજાર ગામની યાદી થઈ તે વાંચીને કર્ણે તે પ્રમાણે પોતાનો ઠરાવ બ્હાલ રાખ્યો.[1]

બપોરી વેળાએ રાજા અંતઃપુરમાં ગયો ત્યારે તેનું મ્હોં ઉતરી ગયેલું

---

૧ નવું ગામ જેને વસાવવું હોય છે, તે જોશિયોને પૂછીને મુહૂર્ત્ત નક્કી કરે છે, અને બે સ્તંભ કરાવીને તેને તોરણ બાંધે છે તે કીર્તિસ્તંભનું કામ સારે છે. તેમજ જળના એક કુંભની સ્થાપના કરીને પોતાની કુલદેવીનું તેમાં આવાહન કરીને તેની પૂજા કરે છે. પછી હનુમાનની પૂજા કરે છે, અને છેવટે જમણવાર કરે છે.

મૂળમાં જે વાત છે તેને મળતી વાત નીચે લખિયે છિયે:—

"ટિચબોર્નનો ધર્માદાનો ભાગ,—ટિચબોર્નના કુટુંબના તાબામાં ટિચબોર્નનું વતન' ઇ. સ. ૧૦૬૬ માં ઇંગ્લંડના નાર્મંડીના ડયુક વિલિયમે જિતી લીધું તે પ્હેલાં આશરે ૨૦૦ વર્ષથી તેમના હાથમાં આવેલું છે એમ તેઓ ક્હે છે. જ્યારે લેડી માબેલા ઘરડપણથી નબળી થઈ ગઈ હતી અને પોતાની મરણપથારીમાં પડી હતી ત્યારે તેણિયે પોતાના પ્રિય ધણીની પાસેથી છેલવેરકું એટલું માગી લીધું કે, મેરી કુમારિકાના મેળા ઉપર (તા૦ ૨૫ મી માર્ચને રોજ કુમારિકા મેરીને દેવદૂત મળ્યા હતા અને ક્રાઇસ્ટના અવતાર વિષેના સમાચાર તેને કહ્યા હતા) પ્રતિવર્ષે મારી પછવાડે ધર્માદા રોટલી આપવી. આ બાઈનો ધણી સર રાજર હતો તેણે એ વાત રાજી થઈને માન્ય કરી, અને કહ્યું કે, આ લાકડાનો કડકો બળી રહે એટલી વારમાં તમે જેટલી જગ્યા પછવાડે ફરી વળશો તેટલી જગ્યાની ઉપજ એ કામમાં આપવાને ઈલાયદી ક્હાડીશ. તે બાઈ ઘણાં વર્ષથી મંદવાડને લીધે પડી રહેતી તેથી તેના ધણિયે જાણ્યું કે નબળાઈને લીધે થોડી જમીનની પછવાડે તેનાથી ફરી વળાશે. પણ તેના ક્હેવાથી તેના ચાકરો તેને લઈને ખેતરોના એક ખૂણામાં ગયા એટલે તેનામાં તાજું જોર આવ્યું હોય તેમ દીસવા લાગ્યું, અને તેનો ધણી તો આશ્ચર્ય પામતો રહ્યો અને થોડી વારમાં તે કેટલાક બધા ઘણા સરસ એકર ધરતીની પછવાડે ફરી વળી. જે ખેતરમાં લેડી માબેલાનો આવા ચમત્કારિક મહત્કૃત્યનો બનાવ બન્યો તે આજે પણ "ક્રાલ્સ" એટલે ભાંખડિયે ચાલવાના કામને નામે ઓળખાય છે. એ જગ્યા પાર્ક અથવા ચોગાનના ઝાંપાની પાસે છે અને તે ૨૩ એકરની છે. પછી એ બાઈને તેના ખાટલામાં લઈ ગયા તે વારે તે પોતાના કુટુંબનાં સર્વ માણસોને પોતાની પાસે બોલાવીને ક્હેવા લાગી કે જ્યાં સુધી આ ધર્માદાયનો ભાગ આપવાનો વહિવટ ચાલશે ત્યાં સુધી કુટુંબનો વંશ રહેશે અને આપણા વંશ માંહેલો કોઈ એવો નીચ અને લાલચુ થશે અને એ ધર્મનો ભાગ બંધ કરશે, ત્યારે પુરાતન કુટુંબની પડતી દશા આવશે અને પુરૂષ વંશ રહેશે નહિ તેથી કુટુંબના હાલના નામનો નાશ થશે. તેની નિશાની એ કે, એવો બનાવ બનવાનો હશે તો સાત દીકરા થયા પછી સાત દીકરિયો થશે ને ત્યાર પછી દીકરો થશે નહિ. આ પ્રમાણે બીજા હેનરી રાજાની વેળાથી ચાલ પડ્યો તે

જોઈને રાણીને લાગ્યું કે, ખેદ પામવા સરખું કાંઈક નીપજ્યું છે ખરૂં. તેણે ખેદનું કારણ કહેવાને આગ્રહ કર્યો ત્યારે હરપાળને સ્વાધીન બે હજાર ગામ ગયાના સમાચાર તેને કહ્યા. રાણી હરપાળને ભાઈ કહીને બોલાવતી હતી તેથી પોતાનો રથ જોડાવીને તેની પાસેથી કાપડું લેવા ચાલી. હરપાળ તેને આવતી જોઈને હવેલીની બ્હાર આવી અંદર લઈ ગયો અને બોલ્યો:-"બ્હેન! "તમે શા કામે આવ્યાં છો?" તે બોલી:-"ભાઈ! હું ભાઈ પસલીમાં કાપડું "લેવા આવી છું." પછી તેણે પાંચસેં ગામનુ ભાલ પરગણું કાપડામાં આપ્યું.

બાબરા ભૂતે હરપાલને કૉલ આપ્યો હતો કે, મારો ખપ પડશે ત્યારે હું તમારી ચાકરીમાં આવી હાજર થઈશ તે સાથે તેણે એક બોલી કરી હતી:-" મને જે કામ કરવાને આજ્ઞા કરો તે કામ થઈ રહે એટલે હું "તમને ખાઈ જાઊં." તેથી હરપાલ ભૂતનો ઘાટ ઘડવાના ઉપાય શોધતો હતો; કેમકે ભૂતે તો ઠરાવ પ્રમાણે ખાઈ જવાની વાત કહાડી. ત્યારે છેવટે હરપાળે બાબરા પાસે એક ઉંચો ઝંડો મંગાવ્યો. ભૂત જઈને સત્વર એક "લઈ આવ્યો. હરપાળે કહ્યું:-"એને ભોંયમાં ડાટીને ચડઉતર કર; અને જ્યારે "એ કામ પૂરૂં થઈ રહે ત્યારે મને ખાઈ જજે." આ પ્રમાણે હરપાળને પોતાની ચિંતા દૂર થઈ ગઈ.[1]

કેટલાંક સૈકડાં સુધી ચાલ્યો; અને ૨૫ મી માર્ચનો દિવસ એ કુટુંબની મીજબાનીનો દાહાડો થઈ પડ્યો.

"ગયા સૈકડાનાં અર્ધાં વર્ષ વીત્યાં હતાં, તેવામાં એ દાન આપવાના ચાલનો ધિ:કાર થવા માંડ્યો; કેમકે ટિચબોર્નનો ધર્મભાગ લેવાને બ્હાને સર્વ ઠેકાણેથી સર્વ જાતિના રઝળી ખાનારા, ભટકનારા અને આળસુ લોકો આસપાસ ચોરિયો કરતા ત્યાં ભેગા થવા લાગ્યા, તેથી છેવટે સારા લોકોએ અને મ્યાજીસ્ટ્રેટોએ વાંધો ઉઠાવવા માંડ્યો, એટલે છેવટે ઇ. સ. ૧૭૯૬ માં એ ચાલ બંધ કરી દીધો. આશ્ચર્યકારક વાત એ બની કે તે દિવસે જે બારોનેટ હતો તેને સાત દીકરા હતા અને તેમાંથી વડો પુત્ર જ્યારે વતનનો ભોગવટો કરવા લાગ્યો ત્યારે તેને સાત દીકરિયો થઈ અને છેલ્લા બારોનેટે એક સગાના મૃત્યુપત્ર પ્રમાણે પોતાના કુટુંબનું નામ બદલીને ડોટી પાડ્યું. એ પ્રમાણે પેલી બાઈના ભવિષ્ય વર્ત્યાં પ્રમાણે થયું." "વુઇન્ચેસ્ટર ઓબઝરવર"માં ઉપર પ્રમાણે લખ્યું છે.

૧ એની સાથે નીચેની વાત મળતી આવે છે:-"મિચાયલ સ્કોટ, એક ભૂતને જાથુ કામમાં રોકેલું રાખવાની સંકડામણમાં આવેલો હતો, તેથી એક સમયે તે ઘણા ગભરાટમાં આવી પડ્યો. તેણે તેને કેલ્સો આગળ હવીડમાં જળબંધક બાંધવાની આજ્ઞા કરી, તે પ્રમાણે તે એક રાત્રિમાં તેણે તૈયાર કર્યું. અને ભૂતનું બાંધેલું તે હજી લગણ કહેવાય છે. મિચાયલે પછી ઇલડન ડુંગર જે તે વેળાએ એક સરખા શંકુ આકારનો હતો, તેના ત્રણ વિભાગ કરવાની આજ્ઞા કરી. તે પ્રમાણે તે ડુંગરની ટોચનાં ત્રણ

હરપાળ અને શક્તિનો વંશ સ્વર્ગવેલની પેઠે વિસ્તાર પામવા લાગ્યો; સોઢો[1] માંગો ને શેખડો તેમના કુંવર થયા; અને એક દીકરી બાઈ ઉમાદેવી કરીને થઈ. એક દિવસે શક્તિના કુંવર હવેલીના આંગણા આગળ રમતા હતા, તેવામાં રાજાનો એક હાથી છૂટી આવ્યો; એટલે શક્તિયે[2] પોતાનો હાથ આગળ ક્હાડતેકને કુંવરોને ઝાલી લીધા તે ઉપરથી તેઓ ઝાલા ક્હેવાયા.[3]

છપ્પય—"તું સુણિયો સામંત, દૈત્ય સબ ભાગ્યા ડોટે;
તું સુણિયો સામંત, ચડપડે લીધા ચોટે.
તું સુણિયો સામંત, શક્તિ રાખી કરી રાણી;
તું સુણિયો સામંત, અઢારસેં ઘર[4] ઘર આણી.
હરપાળ વડો જમરા હથો, દિનદિન અધિકો દાખિયે;
તુંઆરો તોલ કેસર તણા, ઈલા સામંત ન આખિયે."

ચિત્રોપમ શિખર જે આજે છે તેવાં એક રાત્રમાં કરી દીધાં. ત્યાર પછી દારેચાની રેતનાં દોરડાં બનાવવાનું કદિ બને નહિ એવું અને અપાર માથાકૂટનું કામ, કદિ થાકે નહિ એવા ભૂતને સોંપીને તેના ઉપર તેણે જિત મેળવી."–આયેન્ડિકસ ટુ ધ લે આવ ધ લાસ્ટ મિન્સ્ટ્રેલ.

૧ અંગરેજીમાં શેડો નામ લખ્યું છે પણ નીચેના છપયમાં સોઢો છે, માટે તેવું નામ રાખ્યું છે. 'તેં' અમરવેલ ઉત્પન્ન કરી, એવું છપયમાં છે તેથી અંગરેજી "સ્વર્ગ વેલી" કરીને લખેલું જણાય છે.

છપ્પય.—ગામ મશાલી તણે, બિરદ રાવળ બોલાવ્યો;
અંગ થકી ઔદીચ્ય, તેણે મંગળ વરતાવ્યો.
પોહો પાટણ પરણિયો, જગત કો નાત ન જાણી;
હુવા દેવ હરપાળ, શક્તિ રીઝી થઈ રાણી.
સંસાર વાત રાખી સહી, અમરવેલ ઉત્પન્ન કરી;
સોઢો, માંગો, ને શેખરો, બાઈ ઉમાદે દીકરી. ર ઉ.

૨ આ શક્તિ દેવી તે પ્રતાપ સોલંકીની પુત્રી થતી હતી તે સંવત્ ૧૧૭૧ના ચૈત્ર વદિ ૧૩ ને દિવસે મરણ પામી છે, તે દિવસે હજી પણ ઝાલા શોક પાળે છે. હરપાળ બીજી રાણી થર પારકરના સોઢાની કુંવરી રાજકુંવરબા વ્હેરે પરણ્યો હતો, તેને નવ કુંવર થયા હતા. તે ઇ. સ. ૧૧૩૦ માં દેવ થયો. પાટડીમાં હરપાળે ઇ. સ. ૧૦૯૦ થી ૧૧૩૦ સુધી રાજ કર્યું. ર. ઉ.

૩ પાસે ચારણનો દીકરો રમતો હતો તેને ટાપલી મારીને વેગળો કર્યો, તેથી ઝાલા રજપૂતોના તેના વંશના દસોંદી ચારણ થયા તે ટાપરિયા ક્હેવાયા.

૪ પ્હેલાં જણાવેલી હકીગત ઉપરથી જણાશે કે ત્રેવીશસેં ગામે તોરણ બાંધ્યાં છે ને પાંચસેં ગામ રાણીને આપ્યાં છે તે બાદ જતાં અઢારસેં ગામ રહ્યાં તે બરાબર છે. વળી અઢારસેં ગામની ઝાલાવાડ ક્હેવાય છે તે ઉપરથી અંગરેજીમાં બે હજાર ગામ લખ્યાં છે તે ભૂલ જણાય છે. ર. ઉ.

"પાટડિયે પોહોપાટ, મેહેલ કીધો મકવાણે;
રાણી ગોખ રહંત, ગતિ કો શક્તિ ન જાણે.
રાય તણા ગજરાજ, મેહ છૂટયા મદમંતા;
દૂર પંથ દેખિયા, રાજવી કુંવર રમંતા.
સોઢો, માંગો, ને શેખડો, લાંબે કર ઝાલી લિયા;
એ આપે શક્તિ આપણી, કુંવર સાખ ઝાલા કિયા."

ઈડર.

વિન્ધ્ય અને આરાવલીની હારોને સાંધી દે છે તે ડુંગરાની હારની નૈઋત્ય કોણના મ્હોં ભણી ઈડરનો કિલ્લો આવ્યો છે. મેદાનની ઉપર કેટલીક ઉંચાઈયે સપાટ ધરતીના ભાગ ઉપર તે છે, અને તેની આસપાસ ઉંચા ટેકરા વિંટળાઈ વળેલા છે તથા તે ટેકરાઓની વચ્ચે ઉઘાડા ભાગ રહેલા તે ચણીને પૂરી લીધા છે અને તેને પ્રાકાર કરીને બળવાન કરવામાં આવ્યો છે. ઈડર નગરની આસપાસ ગોળાકાર બુરજાવાળી સુંદર પત્થરની ભીંત આવી રહી છે, ને તે ડુંગરની તલાટિયે વસેલું છે; તે થોડે અંતરથી પણ ભાગ્યે જ દેખાઈ શકાય છે, કેમકે ન્હાના ખરાબાવાળા ટેકરાનો ઓથો પડે છે. આ ટેકરા ઉપર બાંધકામ છે તેના ઉપર તોપો ચડાવેલી છે અને જેતાવત, કુંપાવત, ચોહાણ અથવા રાજાના બીજા શૂરા માણસોની ચોકી રાખવાથી તે બીહામણું દેખાય છે. રાઠોડ રાજાઓનું રહેઠાણ, શહરને પાછલે ભાગે જળાશયની પાસે છે; ત્યાંથી ઉભો અને સહેલાઈથી બચાવ થઈ શકે એવો પગદંડિયો રસ્તો ચાલે છે, તે રસ્તે થઈને જતાં, એક કરતાં પણ વધારે દરવાજાના રસ્તા, તથા બાંધકામ આવે છે, ને ત્યાંથી કિલ્લાની સપાટી ઉપર જઈ પ્હોંચાય છે. ડુંગરનાં બે ઘણાં સ્ફુટ શિખર છે તેના ઉપર ઇમારતો છે; તેમાં ડાબી બાજુનું છે તે ઉપર હિન્દુનું દેવાલય છે, તે ઈડરના રાવ રણમલનું રક્ષણસ્થાન કહેવાય છે; જમણી બાજુનું છે તે ઉપર ન્હાની ઘુંમટાકારની બાંધણી છે તે "દોહાગણ રાણીનો મહેલ" કહેવાય છે. ઈડર શહરના મોખરા આગળ સપાટ મેદાન છે તે, હવણાં સૂધી, ગંઠાઈ ગયેલાં ઝાડની ઘાડી અને અભેદ્ય ઝાડીથી ભરાઈ ગયું હતું, તેનાથી કિલ્લાનો બચાવ પૂરો થયો હતો અને ગઢને મળેલું દુર્ગમ પદ અસલથી ચાલ્યું આવ્યું છે તે પદ મળવામાં એ પણ એક આધારભૂત હતું, તેની ખાતરી એથી થાય છે કે નિરાશ થવા જેવા માથે લીધેલા કોઈ ભારે કામમાં સિદ્ધિ થયેલી બતલાવવી હોય તો આખા ગૂજરાતમાં એક કહેવત ચાલી ગઈ છે કેઃ—

"અમેં ઈડરિયો ગઢ જિત્યો રે આનંદ ભયો."

ઈડર પ્રથમ તો ઇતિહાસમાં ઈલદુર્ગને નામે ઓળખાતું હતું, અને દ્વાપરયુગમાં, તે ઐલવણ રાક્ષસ અને તેના ભાઈ વાતાપીનું રહેઠાણ હતું. આ રાક્ષસો આજુબાજુના દેશને હેરાન હેરાન કરતા. આ રાક્ષસોમાં મનુષ્ય-ભક્ષણ કરીને રહેવાનો દુર્ગુણ હતો તેથી દેશ ઉજ્જડ થઈ ગયો; છેવટે અગસ્ત્ય ઋષિએ તેમનો નાશ કરયો; કળિયુગમાં જ્યારે યુધિષ્ઠિરનું નામ માણસોના સંભારણામાં તાજું રહી ગયું હતું, અને જગતને દેવામાંથી છોડવાને જેવામાં વિક્રમ થયો ન હતો તેવામાં ઈડરમાં વેણી વચ્છરાજ[1] રાજ્ય

---

૧ પ્રારંભકથા એવી છે કે, હરદ્વારની ઉત્તર ભણીના શ્રીનગરના રાજાને પુત્ર થતો નહિ ત્યારે એક બ્રાહ્મણે પ્રયોગ કરીને કહ્યું કે, રાણી રજસ્વળા થાય ત્યારે ચોથે દિવસે લોહીથી ન્હાવું ને ત્યાર પછી પાણી વતે ન્હાઈ રાજા પાસે જવું ને પાછું સવારમાં પણ તેમ જ કરવું. રાણી તેમ કરી સવારમાં જેવી લોહીથી ન્હાઈ કે એક મહાન ગિધ પક્ષી તેને માંસ જાણી લઈને ઉડ્યો ને ઈડરના ડુંગર ઉપર મૂકી. ત્યાંથી તે ધૂમાડાનો પૅ બાંધીને સિદ્ધ પુરુષોની ઝુંપડી હતી ત્યાં જઈ પ્હોંચી ને ધુંગાને ઓથે રહીને વિનતિ કરી લૂગડું માગ્યું. તે મળ્યું એટલે તે ન્હાઈને સિદ્ધો પાસે આવી. તેને તેઓએ દીકરી પેઠે પાળી. દશ માસ પૂરા થતાં તેને દીકરો અવતર્યો. પાંચ વર્ષનો થયો એટલે તેમના વચ્છ (વાછડાં) ચારવા જવા લાગ્યો. તેથી તેનું નામ વચ્છરાજ પાડયું. તેવામાં મહાકાળેશ્વરના ડુંગર ઉપર એક અઘોરી રહેતો હતો, તેથી તેણી મગ જવાની સિદ્ધોએ તેને ના કહી હતી. હાલ મદારશાનો ડુંગર ક્હેવાય છે ત્યાં તે ગયો તો એક સિદ્ધ તેણે જેયો. તેને નમન કરી ઉભો રહ્યો. સિદ્ધ તેને પરાક્રમી દેખીને મહાકાળેશ્વરના અઘોરી પાસે જવાનું કહ્યું, પણ તે બોલ્યો કે મારા ગુરૂએ ત્યાં જવાની ના કહી છે. સિદ્ધ બોલ્યોઃ પ્રથમ તો તે તારો સત્કાર કરશે ને, તેલની કડાઈ તપાવી તેની આસપાસ સાત પ્રદક્ષિણા કરવાનું ક્હેશે, ત્યારે તારે ક્હેવું કે તમે પ્હેલાં તેમ કરી બતાવો. પછી સાતમી વાર ફરી રહે એટલે કડાઈમાં તેને મારૂં નામ દઈ નાંખી દેજે, તેથી તે સોનાની મૂર્ત્તિ થઈ જશે. પછી તું તેનું અંગ કાપી જેમ જેમ વાવરીશ તેમ તેમ તે કાપેલો ભાગ પાછો હતો તેવો ને તેવો સોનાનો થઈ જશે. આ સાંભળી તે ત્યાં ગયો ને સિદ્ધના ક્હેવા પ્રમાણે કરી સોનાનો પુરૂષ લઈ ઘેર આવ્યો. સિદ્ધે કહ્યું કે એની સહાયતાથી તારૂં નામ રહે એવું કર. તે ઉપરથી ડુંગર ઉપર તેણે ઈડરગઢ બંધાવ્યો ને વસ્તી કરાવી. એક બાગ કરી ત્યાં કુંડ ને વાવ બંધાવ્યાં. બાગનાં પુષ્પ કોઈ છાનું-માનું લઈ જતું હતું પણ ઝલાતું નહિ એટલે વચ્છરાજ શસ્ત્ર સજી ચોકી કરવા ગયો. તે સમયે ગુફામાંથી એક નાગકન્યા આવી ફૂલ વીણવા લાગી. એટલે વચ્છરાજે તેની વેણ ઝાલીને કાપી લીધી ને તે તો જતી રહી. ઘેર આવી ચમત્કારિક સ્ત્રીની વેણ જાણી પૂજા કરવા લાગ્યો. નાગકન્યાએ પોતાને નિવાસ જઈ નાગને પોતાની વેણ એક જણે કાપી લીધાનું કહ્યું. તેણે વચ્છને ઝાલવા દૂત મોકલ્યા પણ તેઓ તેનું રૂપ જેઈ પ્રસન્ન

કરતો હતો. એની પાસે સોનાની એક કારમી મૂર્ત્તિ[1] હતી તેને લીધે ડુંગર ઉપર કિલ્લો બાંધવાને અને તેને લગતાં ઘણાંએક જલાશય કરાવવાને તેને સાધન મળ્યાં. વેણી વચ્છરાજની રાણી પાતાળના એક નાગની પુત્રી હતી. ત્યાં તેઓએ ઘણાં વર્ષ સુધી સુખમાં રાજ્ય કર્યું અને પછીથી નીચેની વાત ઉપરથી જણાશે કે તેઓ અલોપ થઈ ગયાં:—

"એક સમયને વિષે રાજા અને રાણી ઈડરગઢમાં પોતાના મહેલને "ઝરૂખે બેઠાં હતાં, તેવામાં તે શહરમાં એક માણસ મરી ગયો હતો તેનું "મુડદું શોક કરતા લઈ જતા હતા. રાણિયે પૂછ્યું કે આ બધા રડતા કકળતા "જાય છે તેનું કારણ શું છે? ત્યારે તેના સ્વામિયે કહ્યું કે, કોઈ મરી ગયું "છે એટલા માટે એ બધા રડે છે." તે સાંભળી રાણી બોલી: "જ્યાં માણસ "મરી જાય છે એવી જગ્યાએ આપણે રહેવું નહિ.' તે ઉપરથી વચ્છરાજ "અને તેની રાણી, તારણ માતાના ડુંગર ઉપર ગયાં, અને જ્યાં આગળ આજે "માતાનું સ્થાનક છે તેની પાસેના વિવરમાં થઈને તેઓ પાતાળમાં ઉતરી પડ્યાં, "તેથી ઘણા દિવસ સુધી ધરતી ઉજ્જડ રહી."

જ્યારે વલભીનગર તૂટ્યું ત્યારે, શીલાદિત્યની રાણિયો માંહેલી એક પુષ્પાવતી કરીને હતી તેણે પોતાને કુંવર થાય તો આરાસુરમાં અંબા ભવાની છે ત્યાં જવાની બાધા રાખી હતી, તે ઉતારવાને ગઈ હતી. તે પાછી આવી ત્યારે તો તેને પોતાના પતિના મરણના સમાચાર મળ્યા; અને દેવિયે તેની પ્રાર્થનાના બદલામાં વચન આપ્યું હતું કે તને કુંવર થશે, તેનું રાજ્ય કરવાનું પણ ગયું, તેથી તેને આશાભંગ થયાનો કારી ઘા લાગ્યો. તે ત્યાંથી ન્હાશીને એક પર્વતની ગુફામાં ગઈ ત્યાં તેને પુત્ર પ્રસવ્યો. તે ઉપ-રથી તેનું નામ ગોહો પાડ્યું. રાણિયે તે કુંવરને એક બ્રાહ્મણીને[2] સ્વાધીન કર્યો અને તેને વિનવી કે તારી જાતિના જેવી એને વિદ્યા ભણાવજે પણ પરણાવું તો તો રજપૂત જાતિની પુત્રી વ્હેરે પરણાવજે. પછી તે પો-તાના પતિ પછવાડે ચિતામાં બળી મોઈ. આ વેળાએ ઈડર, ભીલ લોકોના

યચા ને વેણ પૂજતો જોયો તેથી નાગને સર્વે સમાચાર કહી નાગકન્યા તેને પરણાવ-વાની ભલામણ કરી. પછી તેને તે કન્યા પરણાવી ને વેણી ઉપરથી તેનું નામ વેણી વત્સરાજ પડ્યું. ર. ઉ.

૧ આવી એક મૂર્ત્તિ કચ્છના જામ લાખા ફૂલાણી પાસે હતી, તેમાંથી જેટલું સોનું કાપી લેવાનાં આવે તેટલું પાછું નવું થઈ જાય. આ મૂર્ત્તિ સોનાના પુરૂષાને નામે પ્રસિદ્ધ છે અને તે ભુજ પાસેના ઝુડક નામે ધોધના દ્રોહમાં હોવાનું કહેવાય છે. ર. ઉ.

૨ આ બ્રાહ્મણીનું નામ કમળાવતી હતું. ર. ઉ.

હાથમાં હતું, ગોહો[૧] તો પોતાની બ્રાહ્મણી માતાને ખોળે રહીને ભીલ ભેગો વગડામાં ભટકવા લાગ્યો ને તેમનો તે માનીતો થઈ પડ્યો. ભીલોએ રમતમાં, કોઈને રાજા કરવાનો ઠરાવ કર્યો ને તે બધાયની મરજી ગોહા ઉપર થઈ. વગડાના એક છોકરાએ પોતાની આંગળી કાપીને તેના લોહી વડે ગોહાને રાજતિલક કર્યું.[૨] આ પ્રમાણે શીલાદિત્યનો પુત્ર વનનો અને ઈડરગઢનો રાજા થયો. તેના વંશજો આ દેશમાં ઘણી પ્હેડી સુધી રહ્યા એમ ક્હેવાય છે. પછીથી ભીલ પરદેશી રાજાના રાજ્યથી કંટાળી ગયા; અને ગોહાથી આઠમો રાજા નાગાદિત્ય[૩] રાજ્ય કરતો હતો તેના ઉપર હલ્લો કરીને તેને ઠાર કર્યો

---

૧ આ ગોહા ઉર્ફે ગુહાદિત્યને વલભીપુરના છેલ્લા રાજા શીલાદિત્ય સાતમાનો કુંવર ગણ્યો છે, પણ તેમ નથી. કેમકે શીલાદિત્ય સાતમો ઇ. સ. ૭૬૬(ગુપ્ત અથવા વલભી સંવત્ ૪૪૭)માં હતો. અને આ ગુહાદિત્યના વંશજો તે વખતે મેવાડના ચિતોડના રાજા હતા. આ ગુહાદિત્ય તો વલભીપુરના પ્હેલા રાજા વિજયસેન અથવા સેનાપતિ ભટ્ટાર્કનો પૌત્ર ગુહસેન, જે વલભીનો છઠ્ઠો રાજા ઇ. સ. ૫૩૯ થી ૫૬૯ સુધી હતો, એને ગુહિલ પણ ક્હેતા. તેના વંશજો ગોહિલ અને ગેલોટી (જે હાલ સીસોદિયાને નામે ઓળખાય છે તે) થયા. ગુહિલ પુત્ર ઉપરથી ગુહિલુત્ત કે ગેલોત અથવા ગેલોતી કે ગેલોટી થયા. આ ગુહસેનનો મોટો કુંવર ધરસેન બીજો વલભીની ગાદિયે તેની પછી બેઠો અને ન્હાના કુંવર ગુહા અથવા ગુહાદિત્યે ઈડરનું રાજ્ય મેળવ્યું. ર. ઉ.

૨ આ રમતની વાત ઈડરના ભીલ રાજા મંડલિકે જાણી; તેને કુંવર હતો નહિ એટલે સ્વાભાવિક રીતે રાજા થયેલા ગોહાને પોતાનો કુંવર સ્થાપી તેને રાજ્ય સ્વાધીન કરી દીધું.

૩ ઈડરની ગાદીયે ગેલોટી વંશના રાજા આ રીતે થયાઃ—

૧ ગુહાદિત્ય અથવા ગુહો. તે પછી ૨ કેશવાદિત્ય, એ પછી ૩ નાગાદિત્ય પ્હેલો, પછી ૪ ભગાદિત્ય અથવા ભોગાદિત્ય. પછી ૫ દેવાદિત્ય. તે પછી ૬ આશાદિત્ય, પછી ૭ કાલભોજાદિત્ય અથવા કલભોજ. અને તે પછી ૮ નાગાદિત્ય બીજો અથવા ગુહાદિત્ય બીજો થયો. તેનો કુંવર બપ્પ અથવા બાપો થયો તેને તેની માએ ઝાલોરથી એક માઈલને છેટે ભાંડીરના કિલ્લામાં લઈ જઈને એક બિલ્લ(ભીલ)ને સોંપ્યો. તેણે પારાસરના જંગલમાં હાલના ઉદેપુરની સમીપમાં નાગદા ગામ છે ત્યાં રાખ્યો. તે પંદર વર્ષનો થયો ત્યારે મેવાડના ચિતોડના મોરીવંશ(પરમાર)ના રાજા જે તેના મોસાળિયા થતા હતા તેણે સામંત ઠરાવી પોતાની પાસે રાખ્યો. તેવે સમયે ગજનીના મુસલમાનોએ ચિતોડપર ચડાઈ કરી ત્યારે બાપાએ તેને હરાવીને તેની પુંઠ પકડી ગજની સુધી ગયો. ત્યાં ગજની જિતી લઈ પોતા તરફથી એક ચાવડા સામંતને તે રાજ્ય સોંપ્યું. ઈસ્વી સન ૭૨૬ બાપાના પરાક્રમથી ચિતોડના સામંતો ખુશી થયાથી તેમ મોરીવંશના રાજાના જુલમથી કંટાળ્યાથી સામંતોની મદદથી બાપાએ ચિતોડનું રાજ્ય મેળવી "રાવળ" પદવી ધારણ કરી ગાદિયે ઇસવી સન ૭૨૮માં બેઠો. ર. ઉ.

(ઈ. સ. ૭૧૬). પણ તેનો બાપા કરીને એક ત્રણ વર્ષનો કુંવર હતો તે
મેવાડના વંશનો સ્થાપનાર થવા માટે વંચી ગયો.[1]

આ પ્રમાણે બનાવ બન્યા પછી મારવાડના મંડોવર શહરથી પરિહાર
(પ્રતિહાર) જાતના રજપૂતોએ આવીને ઈડરને દરવાજે તોરણ બાંધીને તેને
ફરી વસાવ્યું, ત્યાં તેઓએ કેટલીક પ્હેડી સુધી રાજ્ય કર્યું. પરિહાર અમ-
રસિંહના વારામાં કનોજનો જેચંદ દલપાંગળો પોતાની કુંવરી સંયોગિતાના
વિવાહસમયે રાજસૂય યજ્ઞ કરતો હતો. તેણે સર્વે રાજાઓને કંકોતરિયો મોકલી
હતી. આ વેળાએ ઈડર ચિતોડના તાબામાં હતું, અને સમરશી રાવળ ત્યાંના
રાજા, પૃથ્વીરાજના બનેવી થતા હતા, તેમને વિવાહમાં સાથે તેડી જવા
સારૂ પોતાના પટાવત અમરસિંહને તેડવા મોકલ્યો. પરિહાર રાજા પોતાના
કુંવરને સાથે લઈને પાંચહજાર ઘોડું લઈને ચિતોડ ગયો, અને મુસલમાનોની
સાથે લડતાં પૃથ્વીરાજ હાર્યો. તે લડાઈમાં તેઓ પણ તરત જ કપાઈ મુવા.
જ્યારે તે વાત ઈડરમાં જઈ પ્હોંચી ત્યારે કેટલીક રાણિયો તો સતી થઈ
ને કેટલીક તો ઈડરની ઉત્તરમાં ઉંચી ટેકરી છે ત્યાંથી પડી મોઈ. તે હજી
સુધી "રાણિયોના ઝોલાની ગોઝારી ડુંગરી ક્હેવાય છે."

હાથી સોડ કરીને એક કોળી અમરસિંહનો ચાકર હતો તેના ઉપર
તેનો ઘણો ભરોંસો હતો તેથી તેણે ઈડર તેને સોંપ્યું હતું. હાથિયે પોતાના
મરણ સુધી દેશ પોતાને કબજે રાખ્યો ને તે મરી ગયો ત્યારે તેનો
દીકરો શામળિયો સોડ રાજ્યનો વારસ થયો. તેની વેળામાં ઈડરમાં રાઠોડ
પ્હેલવારકા આવ્યા.

જેચંદ દલપાંગળાના મરણ પછી સિયોજી રાઠોડ જે તેનો પૌત્ર હતો,
તે કનોજ છોડીને મારવાડના રેતીના મેદાનમાં વશ્યો. તેને ત્રણ કુંવર હતા
તેમાં મ્હોટો આસ્તાનજી તેની પછવાડે ગાદિયે બેઠો; સોનંગજી અને અજી જે
બે ન્હાના કુંવર હતા તેઓએ વિચાર્યું કે, "આપણે આપણો રોટલો મેળ-
"વવાને કોઈ પરદેશ જવું." પછી તેઓ અણહિલવાડના દરબારમાં આવ્યા.
ત્યાંનો રાજા સો વશા બીજો ભીમદેવ તેઓનો મામો થતો હતો. સોલંકી
રાજાએ કડી પરગણાનું સામેતરા ગામ તેમને આપ્યું. અજી રાઠોડ પછી
ચાવડા રાજાની કુંવરી વ્હેરે પરણ્યો. તેઓનો ગ્રાસ દ્વારકાની પાસે હતો. આ
સંબંધ થયો તેથી તે દેશના તેટલા ભાગનો તે જાણીતો થયો એટલે ત્યાં કાંઈ
સંસ્થાન શોધવાનું તેને મન થયું; પછીથી તરત જ તેટલા માટે તેણે ભોજ-

---

૧ ટૉડ રાજસ્થાન ભાગ ૧ લો પૃષ્ઠ ૨૨૦.

રાજ ચાવડાને મારી નાંખ્યો, અને દ્વારકા તથા ઓખામંડળનો કબજો કરી લીધો. અજીને બે કુંવર હતા, વાગાજી ને વાઢેલજી. તેમના વંશના હવણાં ઘણા છે અને તેઓ વાજી અને વાઢેલ ક્હેવાય છે.

ઈડરમાં શામળિયો સોડ પોતાની પ્રજાને કનડતો હતો તેથી તે અણગમતો થઈ પડ્યો હતો. તે વેળાએ સોડના રાજ્યમાં નાગર બ્રાહ્મણ ઘણા વસતા હતા અને તેમનો જે મુખ્ય હતો તે રાજાનો મુખ્ય કારભારી હતો. તેને એક સુંદર દીકરી હતી. તેને એક દિવસ રાજાએ જોઈ તેથી તે મોહ પામ્યો. ને તેને પરણવાનું માગું કર્યું. કારભારીયે જાણ્યું કે જો હું પાંશરી ના કહીશ તો મારી દીકરીને શામળિયો બલાત્કારે લઈ જશે; તેણે ખોટું બ્હાનું ક્હાડીને કહ્યું કે છ માસની મને મહેતલ આપો. એટલી વારમાં હું વિવાહની ઘટે તેવી તૈયારી કરૂં. પછી તેટલી વારમાં કોઈ બળવાન રાજાને પોતાની સહાયતામાં લેવા સારૂ શોધી ક્હાડવાની તદબીર કરવા લાગ્યો. બ્રાહ્મણ આવા મનસુબાથી, સામેતરે સોનંગજીના દરબારમાં ગયો ને તેને મળીને કહ્યું કે જો તમારામાં હિમ્મત હોય તો નવલાખ રૂપિયાની ઈડરની ગાદી અપાવું. સોનંગજીએ હા ભણી. પછી નાગરે ઘેર આવીને એવી વાત જણાવી કે હું વિવાહની તૈયારી કરૂં છું ને તેટલા માટે મારાં સગાંવ્હાલાંને તેડાવું છું. પછી બબ્બે ત્રણ ત્રણ બેશી સો રથમાં, નાગર બ્રાહ્મણીઓ આવે છે એમ ઠરાવીને, મારવાડી યોદ્ધા અને તેઓના નાયક, પ્રધાનની હવેલીમાં આવ્યા. અને કણબીઓની પાસે પીવાનો દારૂ અને બકરાં મંગાવ્યાં. પછી પ્રધાને કહ્યું કે બધી તૈયારી થઈ ચૂકી ને શામળિયા સોડને ક્હેવરાવ્યું કે તમે તમારા સગાની જાન લઈને જમવા ચાલો. જાન આવી તેને ખૂબ દારૂ પાઈ તથા કેફી પદાર્થ ખવરાવી ચકચૂર કરી. પછી પ્રધાને પોતાના ચાકરોને સંકેત કરી રાખ્યા પ્રમાણે બીજાં ભાણાં પીરસવાની આજ્ઞા કરી એટલે રજપૂત બ્હાર ધશી આવ્યા ને જ્યાં બધાં જમતાં હતાં ત્યાં ઉભરાઈ ગયા. તે વેળાએ કોઈ ન્હાશી જાય નહિ માટે બારણાં બંધ કર્યાં હતાં, પણ કોળીની એક ટોળીએ બ્હારથી ધસારો કરીને બારણાં ઉઘાડી નાંખ્યાં ને શામળિયા સોડને બ્હાર ક્હાડી લાવ્યા. રાજાએ શત્રુનાં ટોળાંઓમાં થઈને ન્હાશી જઈ કિલ્લામાં ભરાઈ પેસવાનો પ્રયત્ન કર્યો, પણ ચડાવ ઉપર તેના માણસો મરાયા અને શામળિયો ઈડરગઢના દરવાજાથી થોડે છેટે પોતાની મેળે પડ્યો. જ્યાં તે તરફડિયાં મારતો હતો ત્યાં રાવ સોનંગજી આવ્યો, શામળિયો છેલ્લી જ વારને માટે ઉઠ્યો ને પોતાના લોહીથી જયવંત રાઠોડને કપાળે રાજતિલક કર્યું અને તેને વિનતિ કરીને મરતાં મરતાં કહ્યું કે મારૂં નામ રાખવા સારૂ ઈડરની ગાદિયે જે રાઠોડ રાવ બેસે તે વેળાએ

સોડના જમણા હાથના લોહી વડે તેને હાથે રાજતિલક કરાવવું, અને તેની પાસે ફહેરાવવું કે, "તપો શામળિયા સોડનું રાજ્ય." રાવ સોનંગજિયે તે વાતની હા કહી એટલે શામળિયાએ પોતાનો પ્રાણ છોડ્યો.

શામળિયાની સ્ત્રી જે ગર્ભવતી હતી તે ન્હાશીને મહાદેવ ખોખર નાથનો પવિત્ર ડુંગર હતો તેની તળેટીમાં ગુફા હતી તેમાં સંતાઈ રહી. ત્યાંના પૂજારિયે તેનું રક્ષણ કરવું. પછીથી તેને દીકરો અવતરચો. તેના વંશના મેવાડની સીમ ઉપર સરવાણમાં પાટણવાડામાં છે તે ખોખર કહેવાય છે.

ઈડરગઢના ચઢાવ ઉપર જ્યાં શામળિયો અને તેના માણસો કપાઈ મુવા હતા ને લોહીના છાંટા પડ્યા હતા તે જગ્યાએ કાળી ચૌદશને દિવસે તથા હનુમાનની પૂજા કરવાના શનિવાર આદિ દિવસે લોક તેલ સિંદૂર ચડાવવા જાય છે. રાવ સોનંગજીનું ઈડરમાં રાજ્ય રહ્યું ત્યાં સુધી, તથા ત્યાર પછી, તેઓ પોળે ગયા, ત્યાં પણ શામળિયાના વંશના સરવાણમાં છે તે ઠાકોર, જે રાવના વંશના ગાદિયે બેસે છે, તેને રાજતિલક કરે છે, તેથી શામળિયાના હજી સુધી પણ શરણ નહિ કરેલા રાજ્ય ઉપર તેનો દાવો સાબિત કરે છે.

કર્નલ ટૉડ લખે છે કે, "ગોહિલ રજપૂતો એવો ડોળ બતાવે છે કે, "અમે સૂર્યવંશી છિયે." પણ અમને જેટલો વૃત્તાંત મળી ચૂકયો છે તે ઉપરથી તેઓ વિક્રમાદિત્યની ઉપર જય મેળવનાર શાલિવાહનથી ચંદ્ર વંશમાં ઉત્પન્ન થયેલા છે. પ્રથમ તેઓનું રહેઠાણ મારવાડમાં લૂણી નદીને કાંઠે ભાલોતરાની પશ્ચિમમાં દશ માઇલને છેટે જૂના ખેડ ગઢમાં હતું તેમણે ત્યાંના મૂળ રહેવાશી ભીલ રાજા ખેડવાની પાસેથી જૂનું ખેડ ગઢ લીધું ને ત્યાર પછી વીસ પેહેડી સુધી તેમના હાથમાં રહ્યું; પછી ત્યાંથી તેમને રાઠોડોએ કહાડી મૂકયા.[1] પણ તેઓ ઘણા કાળ સુધી મરૂ ધરતીમાં રહ્યા તેથી મરૂ પદ પ્રાપ્ત થયું, તે હજી સુધી તેમના ઠાકોર એ નામથી ઓળખાય છે.

ગોહિલ રજપૂતો મારવાડ છોડીને ગયા તે ઝાંઝરશીના કુંવર સેજકના ઉપરીપણા નીચે ગયા હતા. તેનું કારણ એવું કે, બીજા સિયાજીનો કુંવર આસતાનજી હતો, તેના વારામાં રાઠોડોએ ગોહિલો તથા તેમની પાડોશના ડાભી એઓને લડાવી મારયા. ભાટની વાતમાં એમ આવે છે કે "ડાભિયોએ ગોહિલોની સાથે કપટ કર્યું-અને સેજકને કપટ કરીને "મારી નાંખવાનો લાગ ખોળવા લાગ્યા. સેજક મરૂને મારી નાંખવાને તેઓએ "જમવાને તેડયો. ડાભીની દીકરી ઘણી કુશળ હતી તે સેજકની રાણી થતી

૧ કનોજના જયચંદ્રના પુત્ર શેખજીનો પુત્ર શિયાજી રાઠોડ હતો તેણે મોહોદાસને મારીને જૂનું-ખેડ ગઢ લીધું. મોહોદાસના કુંવારનું નામ ઝાંઝરશી હતું. ર. ઉ.

"હતી. પોતાનાં સગાંનો મનસૂબો આ સદ્દગુણી સ્ત્રીના જાણવામાં આવ્યો, "એટલે રથ જોડાવીને તે પોતાના ધણીને ઘેર ગઈ અને સઘળી વાત સેજકને "કહી. મરૂ પોતે નીકળ્યો ત્યારે તેણે પોતાના સારા સારા યોદ્ધા બોલાવ્યા "અને તેમને બધી યોજનાથી જાણીતા કર્યા; તેઓ હથિયાર સજીને તેની "પાસે આવી હાજર થયા. ડાભિયો સેજકને મારવાને એકઠા થયા હતા; "પણ તે વાત તેના જાણવામાં હતી, માટે તેમના સામા થવાને તે ગયો. "યોદ્ધા એક બીજાને કત્લ કરવા લાગ્યા. સેજકને જમવા તેડયો હતો તેવા "સમયમાં એક બીજાને કત્લ કરે એ અચંબાભરેલી વાત છે. રસોડામાં "ભાણાં પીરસેલાં રહ્યાં, ને તરવારો ચાલી; ને મ્હોટી હવેલીની ઉઘાડી "બારિયોની પેઠે મ્હોં વકાશીને ઠાકોરોએ એક બીજાને શરીરે ઘા કર્યા; "ઝાંઝરશીના કુંવરે પોતાની કટારી ઉચકતેકને માનની છાતી વચ્ચે ઘોંચી. જેમ "મૃગયા રમતો હોય તેમ ગોહિલે ડાભિયોની સાથે લડીને પોતાની રમત "પૂરી કરી અને આનંદભર્યો પોતાને ખેડ ગઢ ગયો. માનને તેણે યમને દ્વાર "પ્હોંચાડયો."

રાઠોડોએ આ બન્ને ટોળિયો વચ્ચે શત્રુતા કરાવી હતી, તેઓ, આ બન્નેને કજિયાને લીધે હાનિ પ્હોંચવાથી નરમ પડી ગયેલા જોઈને આગળ ધપી આવ્યા ને લૂટનો લાભ પોતે લઈ લીધો ને લઢી મરનારી જાતને મરૂ ધરતીમાંથી કહાડી મૂકી. તે ઉપર કહેવત ચાલી કે,—

"ડાભી ડાબા, ને ગોહિલ જમણા."[1]

સેજકજિયે પોતાની જાતના લોકોને એકઠા કર્યા, ને પરદેશમાં જઈને કમાઈ શોધવા સારૂ ઉચાળા ભર્યા; તેની સાથે તેનો કારભારી શાહ રાજપાળ અમિપાળ તથા પરોત (પુરોહિત) ગંગારામ વલ્લભરામ ગયા. તેમાં પરોતના વંશના આજ સુધી સિહોરમાં છે. રસ્તે ચાલતાં પોતાના ઇષ્ટદેવ મુરલીધરની મૂર્ત્તિ તથા કુળદેવીનું ત્રિશૂળ, ખેત્રપાળ એ અગાડીના રથમાં મૂકયાં; કેમકે મુરલીધરે સેજકને સ્વપ્નમાં દેખા દઈને કહ્યું હતું કે

---

૧ (છપય.) ખેડ ગઢ ખેંખાટ, મરદ સેજકે મચાડયો,
ઝટકે નાંખ્યાં ઝુંડ, ડાભીયાં થાટ ઉડાડો,
રાઠોડા સંગ રાડ, કરી ગોહલપત કરમી,
ડગ ભરીયાં દેસોલ, ધરા સોરઠપર ધરમી
કરભાણ ભૂપ કરમેં કડા, ધન્ય લીધી સોરઠ ધરા
શાલીવાણ જેમ કીધો શકા, જગપે ઝાઝર સિંહરા.

મારો રથ જ્યાં ભાગે ત્યાં આગળ નગર વસાવીને રહેજે.[1] જ્યારે તેઓ પંચાળ દેશમાં આવ્યા ત્યારે દેવના રથનું પયડું નીકળી ગયું, તે જગ્યાએ એટલે જ્યાં સાપર ગામ છે ત્યાં આગળ નિવાસ કર્યો. અને શાહ રાજપાળને લઈને જૂનાગઢના રાવને નમન કરવાને ગયા. રા' કવાટ[2] તથા કુંવર ખેંગારે તેમનો આદરસત્કાર કર્યો, ને પૂછ્યું કે તમારે તમારો દેશ કેમ છોડવો પડ્યો? સેજકજિયે કહ્યું કે રાઠોડોએ ડાભિયોને ખોટી સલાહ આપીને મારા સામા લડાવ્યા ને છેવટે તો આસતાનજિયે ડાભિયોને પણ ક્હાડી મૂકયા ને ખેડ ગઢ પોતાને સ્વાધીન કરી લીધો. રા' કવાટે પછી સેજકજીને પોતાની ચાકરીમાં રાખ્યો ને સાપર તથા બીજાં અગિયાર ગામ આપ્યાં ને કહ્યું કે દેશના એટલા ભાગનું તમારે ખાંટ "ભીલ"નાથી રક્ષણ કરવું. તે વેળાયે કાઠી પાવર ધરતીમાંથી નીકળી આવ્યા ન હતા. અને ચોટીલાની પાસે થાંડલપુર એ જૂનાગઢના રાવ અને વાઘેલાના રાજ્યની સરહદ ઉપર હતું.

સેજકજી ઘણા દિવસ જૂનાગઢમાં રહ્યો, અને એ જેવામાં ત્યાં હતો તેવામાં, કુંવર ખેંગાર, જે તેર વર્ષનો હતો તે, મૃગયા રમવાને નીકળ્યો. તે સાપરની પડોશમાં જઈ પ્હોંચ્યો. ત્યાં એક સસલું તેના જોવામાં આવ્યું, તેની પછવાડે દોડતાં તે ગોહિલના ઉચાળામાં ભરાઈ પેઠું. ત્યારે ખેંગારે તેમને કહ્યું કે એ સસલું મને આપો, પણ સેજકના ભાઈભત્રીજાઓએ તેની ના કહી, ને બોલ્યા કે, પોતાને આશ્રયે આવેલાને કોઈ રજપૂત આપે નહિ. પછી લડાઈ થઈ; કુંવરના કેટલાક માણસો મરાયા ને તેને કેદ કરી લીધો. તેનું એક માણસ ન્હાશી જઈને જૂનેગઢ જઈ પ્હોંચ્યું ને જે બન્યું હતું તે રા' કવાટને કહ્યું ને બોલ્યો કે ખેંગાર જીવતો છે કે મરાયો છે તે હું જાણતો નથી. આ વેળાએ સેજકજી દરબારમાં બેઠેલો હતો; તેને ઘણો ખેદ થયો; ને જાણ્યું કે હવે આપણાથી

---

૧ (દુહા.) રથ ભાગો સમરથકો, સેજક કથ સંભાળ;
ધર સેજકપર નામ ધરી, પ્રથમ મુકામ પંચાળ;
હુતી કોન કુંવાર, વર બીજે વરતી નહિ;
બેડાં બાંધી બાર, સરેહુ સેજકને વરી.
પ્રીછસ તું પ્રથવીધણી, સરીખો સેજા;
વારો વીજ તણા ઝમકાં ઝાઝરસી આકતા.
સેજકપર સેજક તણું કોઈ અનમી અસા
નરપત નેજાણા ઝમકે, ઝાઝરસી આકતા. ર. ઉ.

૨ મહિપાળ ત્રીજો; ઈ. સ. ૧૨૩૦–૧૨૫૩માં થયો તે કવાટ ત્રીજો. ર. ઉ.

ગામનો પટો રખાય એમ નથી, એટલે તે ઝટ ઉભો થયો ને નમન કરીને પટો રાજાના ખોળામાં નાંખ્યો. કવાટે પૂછ્યું કે "તમે આમ શું કરવાને કરો છો?" સેજકે ઉત્તર આપ્યું: "મારાં માણસે તમારા એકના એક કુંવરને મારી નાંખ્યો; "તો હવે તમારા દેશમાં મારાથી કેમ રહી શકાય?" રાહે સેજકજીને પટો પાછો આપીને કહ્યું કે, કાંઈ ચિંતા નહિ. સેજક સત્વર સાપર ગયો તો કુંવર સાજો સમો જીવતો દીઠો, તેણે તેને નમન કર્યું ને પોતાની પુત્રી લાવીને તેને પરણાવી દીધી. કુંવરીનું નામ વાલમ કુંવરબા[1] હતું તેની સાથે કેટલોક દાયજો આપીને જૂનેગઢ પ્હોંચતાં કર્યાં. પછી સેજકજિયે રા'ની આજ્ઞા લઈને સાપરની પાસે એક શહર વસાવી તેનું નામ સેજકપુર પાડ્યું.

આ વેળાએ સેજકજીના ભાઇયો, તેમને આપેલાં ગામમાં જૂદે જૂદે ઠેકાણે વશ્યા હતા. હનુજીને બગડ ગામ મળ્યું. માનસિંહને બોટાદની પાસે ટાટમ ગામ મળ્યું; દુદાજીને તુરખા ગામ મળ્યું; અને દેપાલજીને પાલિયાદ મળ્યું.[2]

સેજકજીની પછી તેનો વડો પુત્ર રાણોજી ગાદિયે બેઠો. તેના ન્હાના ન્હાના કુંવર સાહાજી ને સારંગજી હતા, તેમને માંડવી(ચોવીશી) ને અરથીલા (ચોવીશી) અનુક્રમે મળી અને તેમનાં ગારિયાધાર ને લાઠી એવાં બે કુળ થયાં.

આ વેળાએ વાળા કુળનો એભલ અથવા અભી ઠાકોર હતો. તેના હાથમાં વાલાક ધરતી અને તેની રાજધાની વળા શહર હવણાં જે પ્રાચીન વલભીપુરીનાં ખંડેર આગળ છે, તે હતાં. વળી તેના હાથમાં પાસેનું તળાજા શહર પણ હતું. તે શત્રુંજય નદીને કાંઠે છે, દરિયાથી ઘણે છેટે નથી. શત્રુંજય નદી જૈનોના પવિત્ર પર્વતમાંથી નીકળીને સુંદર અને શંકુ આકારના ડુંગરાની પડખે વ્હે છે, તે પર્વતને તીર્થંકરના પંથવાળા સોરઠના બરડાના હાડનો એક ભાગ ગણે છે—અને જેનાં ગિરનાર અને શત્રુંજય એ બે બહુ પ્રસિદ્ધ શિખરો છે.

એ ડુંગરામાં ઘણી ગુફાઓ છે, તે ઘણું કરીને ઉત્તર અને પશ્ચિમ ભણીની બાજુએ, અને તેની તળેટી તથા ટોચની વચ્ચે છે. સર્વ કરતાં ઘણી ચમત્કારિક ગુફા સમકોણ આકારની છે તે ઘણી વિશાળ છે. તેનો બ્હાર-નો મોખરાનો ભાગ હતો તે ચોખંડા સ્તંભો ઉપર હતો, પણ હવણાં તે

---

૧ એ વિના બીજી કુંવરી ફુલ કુંવરબા હતી. ર. ઉ.

૨ એ વિના સોનજી હતા, ને વિસાજી અથવા વેજાજી કરીને હતા તેમને ખસ ગામ મળ્યું. આઠમો એક હતો તેનું નામ જાણવામાં આવ્યું નથી. વિસાજીના વંશના ખસ ગામ ઉપરથી ખશિયા કહેવાયા. ખશિયો ધંધુકિયા મેર કેરાળીની દીકરીને પરણ્યો હતો તેથી તેના વંશના ખશિયા કોળી થયા. ર. ઉ.

સાહાજીના વંશના હવડાં પાલીતાણે છે ને સારંગજીના વંશના લાઠીમાં છે. ર. ઉ.

સ્તંભ ફ્હાડી નાંખ્યા છે. સ્તંભ ઉપરનો ભાગ ચોખંડી તકતિયોથી શણગારેલો છે, ને તેને ચાર વાંકની પાંચ કમાનો છે. પ્રાચીન બૌદ્ધ કારીગરોએ શોભાને માટે જ આવા પ્રકારની બાંધણી પસંદ કરેલી જણાય છે, પણ એમાં મજબૂતાઈ ઇત્યાદિ ગુણ છે તેની અગત્ય તેમના સમજવામાં હોય એમ લાગતું નથી.[1] વલભીમાં શીલાદિત્ય રાજ્ય કરતો હતો તે સમયની જે યોગિયોને વિષે વાત ચાલે છે તે યોગિયોને આ ગુફા સાથે સંબંધ હતો તે વાત તો એક કોરે રહી જાય છે, ને દંતકથા એમ ચાલે છે કે એભલવાળાએ એ ગુફા બંધાવી છે. પાસે જ એક બીજી ગુફા છે તે દેવી ખોડિયારની (તેને વિષે હવે પછી લખવામાં આવશે) ક્હેવાય છે; એ વિના બીજી ઘણી ન્હાની ગુફાઓ અથવા પોલાણ છે તેમાં ભટકતા ગોંસાઇયો રહે છે; અને બાકીના પોલાણનો ઘણો ભાગ તો કુંડ અથવા તલાવ રૂપે થયેલો છે, તેમાં વર્ષાદનું સ્વચ્છ પાણી એકઠું થવા સારૂ ડુંગરની ચોગરદમ નીકો કરવામાં આવી છે. આ ડુંગરની ટોચે એક જૈનોનું દેરાસર છે-તે ઈ૦ સ૦ ૧૩૮૧ માં બંધાવેલું છે, તથા પશ્ચિમમાં એક સપાટ સ્કંધ છે તેના ઉપર હવણાંનું બંધાવેલું એક બીજું દેરાસર છે; આ બન્ને ઠેકાણે જવા સારૂ ચણીને અથવા જીવતા ખરાબામાંથી કોરી ક્હાડીને પગથિયાં કરાવેલાં છે. ઉત્તર અને પૂર્વ ભણીની બાજુએ તળાજાનું શિખર વનશોભાથી શણગરાયેલું છે, તેના સરસ અને નાના પ્રકારના રંગને લીધે, જે દેવાલયો ખરાબાની બેસણી ઉપર આવી રહ્યાં છે, અને કાળા આકાશની સામે સફેદ ચંદની જેવાં ચકચકિત થઈ રહે છે. તેઓની શોભામાં વધારો થાય છે. આ ડુંગરાની તળેટીમાં શહર આવેલું છે તેની ચોગરદમ સુંદર પ્રાકારનો કોટ છે, તેના ઉત્તર ભણીના બુરજો ભણી એક સ્વચ્છ નદી વ્હે છે, તેનું ડુંગરને નામે નામ છે,[2] અને તે શહરથી થોડેક છેટે, પાલીતાણામાંથી નીકળતી નદી ભેગી ભળી જાય છે. આ ડુંગરાને પૂર્વ ભણીને પાસે તાલવ દૈત્યનું એક ન્હાનું દેરૂં છે. એ દૈત્યના નામ ઉપરથી આ ડુંગરનું સંસ્કૃત નામ તાલધ્વજગિરિ પડ્યું છે. તે દૈત્યની આગળ પ્રત્યેક રાત્રે દીવો પ્રકટવામાં આવે છે. દંતકથા એવી ચાલે છે કે તાલવ દૈત્ય એભલ રાજાનો શત્રુ હતો અને એ રાજાએ પોતાનાં હથિયારથી તેને વશ કરી લીધો હતો, તો પણ એ કીર્ત્તિમાન્ જયવંત રાજા લોકોનાં સંભારણાંમાંથી વિસારે પડ્યો છે અને દૈત્ય તો પોતાના ડુંગરી ખરાબાના રાજ્યાસન ઉપર બેશીને હજી લગણ સત્તા ચલાવે છે; એના દેરામાં જે દીવો બળે છે તે, કદાપિ

૧ હિન્દુસ્થાનનાં પત્થરની કોરણીનાં દેવાલયો વિષે મિ૦ ફરગ્યુસન કૃત સચિત્ર પુસ્તક છે, તેને પૃષ્ઠ ૧૩ મે જુવો. ૨ એ નદીનું નામ તળાજી છે. ર. ઉ.

ચોમાસામાં વાવાઝડાનું ઘણું જ તોફાન હોય અને વર્ષાદની મુશળધારથી ડુંગરાની બાજુ તૂટી પડતી હોય તોય પણ કદિ તે હોલાઈ જવો જોઇયે નહિ, તલાજાના લોકોમાં મરકી ચાલે, અથવા ખરાબાના પથરા ગગડીને તેમનાં ઘર ઉપર પડે તો લોકો એમ સમજે છે કે તાલત્ર દૈત્યની આરાધના કરવાનું ભૂલી જવાથી તેનો કોપ આપણી ઉપર થયો છે.[1]

(બીજા) એભલવાળાની વેળામાં એક જૈન વાણિયાએ[2] દાણાની એટલી બધી વખારો ભરી હતી, કે તે વેચી કહાડીને નાણાં કરવાં તેને ઘણાં કઠણ લાગ્યાં. આવા સંકટમાં તેણે કામણટુમણમાં કુશળ એવા ગોરજીને વિનવ્યા, એટલે તેણે એક ચિઠ્ઠી મંત્રીને એક કાળિયાર હરિણને શિંગડે બાંધીને તેને વનમાં ફરતો મૂકયો. ત્યાર પછી વર્ષાદ વરસતો બંધ થયો; સાત વર્ષ સુધી દુકાળ પડ્યો; ઢોર મરી ગયાં; લોક માળવે ન્હાશી ગયા; અને ધરતી ઉજ્જડ થઈ ગઈ. પણ વાણિયાના દાણા તો વેચાયા. (બીજા) એભલવાળાને ઘણાં ઘોડાં હતાં પણ માત્ર પાંચ ઉગર્યાં હતાં. તેને ઘણો જ ખેદ થયો. એક દિવસ એક વનનાં લાકડાં કાપી લાવનારાએ દરબારમાં આવીને કહ્યું કે મેં વનમાં એક કાળિયાર હરિણ જોયો, તે જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં લિલોતરી હોય છે. ત્યારે સર્વે બોલી ઉઠ્યા કે, કોઈયે હરિણને શિંગડે વર્ષાદ બાંધ્યો હશે. રાજા અને તેના માણસ જંગલમાં ગયા, હરિણને પકડ્યો ને તેને શિંગડેથી મંત્રેલી ચિઠ્ઠી છોડીને વાંચી જોઈ તેમાં લખ્યું હતું કે,—"આ ચિઠ્ઠીને પાણીમાં બોળશે તો વર્ષાદ વરસશે." તેઓએ પછી ચિઠ્ઠીને પાણીમાં બોળી કે તત્કાળ વર્ષાદ વરસવા માંડ્યો. (બીજા) એભલવાળાનાં કેટલાંક માણસ તો વાવાઝોડામાં માર્યાં ગયાં, રાજા એક દૈવતાઈ ઘોડા ઉપર અશ્વાર થયો ને એક દીવાનું અજવાળું જોઈને તે દિશાએ ઘોડાને મારી મૂકયો તે એક ચારણના નેસડામાં આવ્યો. ત્યાંના પુરૂષો હતા એટલા બધાય માળવે ગયા હતા; પણ સ્ત્રિયોને ઘેર મૂકી હતી, તેમાંની એક સાઈ નેસડી કરીને હતી તેણે (બીજા) એભલને ઘોડા ઉપરથી હેઠે ઉતાર્યો. રાજા તો થાકથી અને શરદીથી બેભાન થઈ ગયો હતો. તેને ગરમી થવા આલિંગન દઈને તથા શેક કરીને સચેતન કર્યો. એભલ સાવધાન થયો ત્યારે સાઈને પૂછ્યું કે તું કોણ છે? તેણે કહ્યું કે હું ગઢવીની સ્ત્રી છું. તે બોલ્યો કે તેં

---

૧ એભલ ત્રણ થયા છે, તેથી ત્રણેની જૂદી જૂદી હકિકત એક જ એભલને નામે વર્ણવામાં આવી છે. પ્હેલા એભલનો કુંવર શૂરોજી, તેનો કુંવર તે બીજો એભલજી. હવે જે વાત ચાલે છે તે બીજા એભલજી સંબંધમાં છે માટે અમે કૌંસમાં જણાવ્યું છે. ર. ઉ.

૨ વાણિયાનું નામ મેઘાશાહ હતું ને ગોરજીનું નામ સુખવિજય હતું. ર. ઉ.

(બીજા) એભલવાલાનો જીવ ઉગાર્યો છે માટે ભાઈપસલીમાં[1] કાંઈ માગી લે. તે બોલી, જ્યારે ઘટિત સમય આવશે ત્યારે હું માગી લઈશ. પછી (બીજો) એભલ પોતાને ઘેર તલાજે ગયો.

કાળ મટ્યો એટલે ગઢવી ઘેર પાછો આવ્યો. તે વેળાએ કોઈયે તેને કહ્યું કે તમે ઘેર હતા નહિ તેવામાં તમારી સ્ત્રિયે કોઈ અજાણ્યા માણસને ત્રણ દિવસ સુધી ઘરમાં રાખ્યો હતો. ગઢવીને હાડોહાડ લાગી ગઈ અને તેને માથે અપવાદ મૂકીને ધમકાવા લાગ્યો. સાઈ બે હાથ જોડીને સૂર્યસન્મુખ જોઈ પ્રાર્થના કરવા લાગીઃ "સૂર્યનારાયણ! જો હું દોષિત થઈ હોઉં તો મને "કોઢ નીકળજો, નહિકર ગઢવીને નીકળજો." પછી તેનો ધણી કોઢિયો થયો. તેથી સાઈનું નિરપરાધીપણું સિદ્ધ થયું, એટલે તેને નિરાંત વળી અને પોતાના ધણીની સારી સંભાળ રાખીને તેને તળાજે એભલ રાજાને દરબાર લઈ ગઈ. દ્વારપાળને તેણે કહ્યું કે એભલને જઈને કહે કે તારી બ્હેન સાઈ નેસડી ભાઈપસલી લેવા આવી છે. આ સમાચાર તેને પ્હોંચ્યા ત્યારે તે પોતાના કુંવર અણા સાથે જમવા બેઠો હતો; તે તરત જ ઉઠીને બ્હાર આવ્યો ને નેસડીને વંદન કરીને પૂછ્યુંઃ "તમારે શું જોઇયે છિયે?" તે બોલીઃ "મારો "ધણી કોઢિયો થયો છે પણ બત્રીસ લક્ષણ પુરૂષના લોહી વડે ન્હાય તો તે "સારો થાય." એભલે પૂછ્યુંઃ "એવો પુરૂષ કહિંથી હાથ લાગે એમ છે?" તે બોલીઃ "તારો કુંવર અણો એવો છે." વાળો ખેદ પામતો અંતઃપુરમાં ગયો. રાણિયે પૂછ્યુંઃ "કોણ આવ્યું છે, ને એવું શું છે કે જેથી તમને આવડો બધો સંતાપ થયો છે." એભલ બોલ્યોઃ "એક ગઢવીની સ્ત્રીને મેં વચન આપ્યું "હતું તે પ્રમાણે માગવાને આવી છે, ને તે અણાનો જીવ માગે છે." આ સાંભળીને અણો તરત જ બોલી ઉઠ્યોઃ "તે ઠીક કહે છે. આપણી કીર્ત્તિ ફેલાશે અને નામ "અમર રહેશે." રાણિયે પણ તે વાત સ્વીકારી; ને લોક કહેશે કે,–"એવું રત્ન માત્ર "એવી જ માતાની કૂખે પાકે" તેથી તેને બહુ હર્ષ થયો. છેવટે પોતાનો કોલ પાળવાનો એભલે નિશ્ચય કરીને અણાનું માથું કાપી નાંખી ગઢવીને તેના લોહીમાં ન્હવરાવ્યો, એટલે તે જ ક્ષણે તેનો કોઢ મટી ગયો. યોગમાયાંના પ્રતાપથી ગઢવીની સ્ત્રી અણાને સજીવન કરી શકી; પણ તેનો અને તેના પુત્રનો ભાવ હજી સુધી સજીવન રહીને કવિતામાં ગવાય છેઃ—

સોરઠો—સોરઠ! કરો વિચાર, બે વાળામાં કિયો ભલો;
શિરનો સોંપણહાર કે વાઢણહાર વખાણિયે?

---

૧ ભાઈપસલીને કાઠીયાવાડમાં વીરપસલી કહે છે, અને ઘણું કરીને કમખો આપવાનો રીવાજ છે. ર. ઉ.

(બીજા) એભલના સમયમાં, વળામાં એક માઢ જાતનો મામડિયો કરીને ચારણ હતો, તેને સાત દીકરિયો શક્તિરૂપ હતી. તે જીવતી ભેંશ અને પાડાનું લોહી ચૂસે છે એવો શક લોકને ઉપજ્યો, એટલા ઉપરથી એભલ-વાળાએ તેમના બાપને બોલાવ્યો ને તેમને ગામ બ્હાર કહાડી મૂકવાની આજ્ઞા કરી. મામડિયાએ પોતાની દીકરિયોને બોલાવીને કહ્યું:–"તમે શક્તિ રૂપ "છો તેથી કોઈ તમને વરશે નહિ, અને રાજા પણ આજ્ઞા કરે છે કે તમે "અહિંથી જતી રહો." સાતે બ્હેનો આજ્ઞા પાળવાને તૈયાર થઈ અને નીક-ળતી વેળાએ માંહોમાંહે ઠરાવ કર્યો કે ગમે તે ગામમાં આપણામાંથી કોઈનું દેરૂં બંધાય તો બીજિયોએ ત્યાં રહેવું નહિ ને બીજે ગામ જવું. મ્હોટી દીકરી પગે ખોડી હતી ને તે ઉપરથી તેનું નામ ખોડિયાર હતું. બીજિયો આગળ ચાલી ને મ્હોટી તેમની પછવાડે રહી. પણ તેનું નામ એવું પ્રતાપવંતું હતું કે જ્યાં જ્યાં તેઓ ગઈ ત્યાં ત્યાં ખોડિયાર દેવીના નામનું દેરૂં જોવામાં આવ્યું.

આખા ગૂજરાતમાં ખોડિયાર માતાનાં દેરાં હજી પણ ઘણાં છે; બાધા આખડિયો રાખવામાં આવે છે, ભેંસપાડાનાં બલિદાન અપાય છે. તેના ઘણા ભૂવા હોય છે ને ગોહિલ ઠાકોરો પણ તેના બીજા ભક્ત ભેગા ગણ-વામાં આવે છે. તેની બીજી બ્હેન આવડનું દેરૂં કાઠિયાવાડમાં મામચી ગામમાં છે, અને તેની બીજી બ્હેનો પણ એમ જ પૂજાય છે.

અસલ વળામાં વાલમ બ્રાહ્મણનાં એક હજાર ઘર હતાં. તેઓ કાયસ્થ જ્ઞાતિના ગોર હતા અને વૈજનાથ મહાદેવનું દેવાલય તેમને સ્વાધીન હતું. તેમના યજમાનની દીકરીનું લગ્ન થતું ત્યારે તેઓ સો રૂપિયા દક્ષિણાના લેતા હતા તેથી કેટલીક કન્યાઓ ત્રીસ વર્ષની થઈ હતી પણ ગોરની દક્ષિણા આપવાની તેમના બાપની શક્તિ હતી નહિ તેથી તેઓ કુંવારિયો રહેતી. આખરે કાયસ્થની આખી નાત લગ્ન કરતાં અટકી પડી ને આશા રાખી કે ગોર દેવતા હવે દક્ષિણાનો ભાવ ઓછો કરશે. તથાપિ ગોર દેવતા તો આવું થતું જોઈને ત્રાગાં કરવાને અને શરીરવધ કરવાને ઉભા થયા ને કહેવા લાગ્યા કે બધું પાપ તમારે માથે ચોંટશે. હવે તેઓએ એક છેલ્લો ઉપાય હતો તે કર્યો, તે એ કે, તેઓ જઈને રાજાને પગે પડ્યા; (ત્રીજા) એભલ વાળાને[૧] સમજાવવામાં આવ્યું હતું કે એક કન્યાદાન દીધેથી અશ્વમેધ યજ્ઞ કર્યા જેટલું પુણ્ય થાય છે. તેણે જોશીને બોલાવીને મુહૂર્ત્ત જોવરાવ્યું ને

૧ બીજા એભલવાળા પછી તેનો કુંવર અણોજી ગાદિયે બેઠો ને તેની પછી તેનો કુંવર ત્રીજો એભલવાળો ગાદિયે બેઠો તેનો હવે પ્રસંગ ચાલે છે. ર. ઉ.

આજ્ઞા કરી કે એકે દિવસે સર્વ કન્યાનાં લગ્ન કરવાં ને કન્યાદાનનું જેટલું ખર્ચ થશે તે હું આપીશ. આવો ઠરાવ થયો છતાં પણ ગોર દેવતાએ કહ્યું કે અમારી દક્ષિણા અગાઉથી આપો તો અમે પરણાવિયે; આ ઉપરથી (ત્રીજા) એભલે જાણ્યું કે વળાના બ્રાહ્મણો ઘણા જ વકરી ગયા છે, માટે સર્વ કન્યાઓને તળાજે લઈ જઈને બીજી નાતના બ્રાહ્મણો પાસે લગ્ન કરાવ્યાં.

દુહો—અણકલ ત્રીજે એભલે, સાવટ સંકટ સોડ,
દિયાં તળાજા ડુંગરે, કન્યાદાન કરોડ.

આ પ્રમાણે મનોરથ પરિપૂર્ણ કરીને કાયસ્થ વળામાં પાછા આવ્યા ત્યારે, ગોર દેવતાઓએ જાણે પોતે જ લગ્ન કરાવ્યાં હોય એવી રીતે દક્ષિણા માગવા લાગ્યા ને ત્રાગાં તથા બીજા પ્રકારનો બલાત્કાર કરવા લાગ્યા. ત્યારે રાજાએ તેનું સમાધાન કરવાને સર્વે બ્રાહ્મણોને બોલાવીને સભા કરી. પણ ગોર દેવતાઓ ઘણા ક્રોધાયમાન થઈ ગયા ને રાજાને, મરજી પડે તેવા અપ-શબ્દ કહેવા લાગ્યા. તેથી (ત્રીજા) એભલવાળાને પણ ક્રોધ ચડ્યો ને પોતે વેગળો ખશી ગયો; એટલે કાયસ્થોએ ભીલોને કામે લગાડી દીધા. તેઓ ગોર દેવતાઓ ઉપર તૂટી પડ્યા ને ઘણા બ્રાહ્મણોને ઠાર કર્યા. જેટલા ગોર દેવતા ઉગર્યા તેટલા ઉચાળો લઇને વળામાંથી ગયા, અને પ્રતિજ્ઞા કરી કે આજ પછી કોઇયે વળામાં રહેવું નહિ તથા કાયસ્થ નાતનું ગોરપદું કરવું નહિ. પછી ગૂજરાતમાં ચાલતા ચાલતા તેઓ ધંધુકે આવી પ્હોંચ્યા, ત્યાં ધનમેર કોળી રાજ્ય કરતો હતો. તેને પછવાડે દીકરો હતો નહિ તેથી પોતાની સર્વે માલમતા બ્રાહ્મણોને શ્રીકૃષ્ણાર્પણ કરી દીધી. તેમાંના ચારસેં ધંધુકે વશ્યા, બીજાઓએ દાન લેવાની ના કહી તે ગૂજરાતમાં આગળ ચાલ્યા, ને વસો, સોજિત્રા, અને બીજે ઠેકાણે વશ્યા. જેઓ ધંધુકે રહ્યા તેમને રાજાએ ધંધુકાના ક્ષત્રિય તથા વૈશ્યનું ગોરપદું આપ્યું, અને મોઢ બ્રાહ્મણ બીજી જગ્યાએથી મોઢ વાણિયાનું ગોરપદું કરવાને આવ્યા પણ રાજાએ કરવા દીધું નહિ, અને આજ સુધી વાલમ બ્રાહ્મણ ધંધુકામાં સર્વે જાતનું ગોરપદું કરે છે.

આ વેળાએ રાણાજી ગોહિલે ગોમા અને ભાદર નદીના સંગમ આગળ ધંધુકાની પાસે એક શહર વસાવ્યું ને તેનું નામ રાણપુર પાડ્યું. તે બળવાન મેરોની સાથે મિત્રાચારી બાંધીને તેમને રાજી રાખવાને તેમના ઠાકોર ધનમેરની દીકરી વ્હેરે પરણ્યો. તેનાથી તેને એક દીકરો થયો તેને ખસ ગામ મળ્યું, તેના વંશના હજી સુધી છે તે ખશિયા કોળી કહેવાય છે.[૧]

---

૧ સેજકજી ગોહિલના ભાઈ વિસાજી ધંધુકિયા મેર કોળીની દીકરી વ્હેરે પરણ્યા હતા તેના વંશના શિયા કોળી થયા એમ પણ કહેવાય છે, તે વધારે ખરૂં છે.

ઉપરના વધારે ખુલાસા સારૂ પૃષ્ઠ ૪૨૧ ની ટીપ જુવો. ર. ઉ.

ત્રી(જા) એભલવાળાએ બ્રાહ્મણોને દુઃખ દીધું તેનું વૈર વાળવાને મિષે, રાણાજી ગોહિલ અને ધનમેર એ બંનેએ મળીને તેના ઉપર ચડાઈ કરી. ગોહિલના હાથ નીચે બે હજાર રજપૂત હતા અને મેરના નાયકપણા નીચે પાંચ હજાર મેર હતા. કેટલાક કહે છે તે પ્રમાણે, સવારના પ્રહરમાં પોતાના નિત્યના ચાલ પ્રમાણે (ત્રીજો) એભલ ઉગતા સૂર્યની પૂજા કરતો હતો તે વેળાએ તેના ઉપર હલ્લો થયો, તે સમયે પૂજા કરવાનું રહેવા દેવાને તેણે ના કહી તેથી તે મરાયો. પણ બીજા કહે છે કે, રણક્ષેત્રમાં, સંધ્યાકાળના અંધારામાં પડ્યો, અને તે આગળ ગયો ત્યારે તેણે સૂર્ય નારાયણની પ્રાર્થના કરી હતી કે હું જય મેળવીને પાછો ફરૂં ત્યાં સુધી તારે ચળવું નહિ. પણ સૂર્ય નારાયણ તો અસ્ત પામ્યા. આ ઉપરથી, એવું માનવામાં આવે છે કે, વલભીપુરનાં ખંડેરોમાં તેનો પાળિયો છે તે, સૂર્ય નારાયણે તેને દગો દીધો એટલા માટે સૂર્ય ઉગતાં, પોતાનું મુખ પશ્ચિમમાં ફેરવે છે ને સૂર્યનું મુખ જોવાય નહિ એમ ફરતાં આથમવાની વેળાએ પાછો પૂર્વમાં ફરી જાય છે!

એભલ વાળાએ કરેલાં કામ વિષે, ખોડિયારનો પિતા મામડિયો ચારણ નીચે પ્રમાણે વર્ણન કરે છેઃ—

ઝૂલણા છંદ.

પ્રથમ મેહ વાળિયો, કોહોડ ટાળ્યો પછે, વાળો સતવાદિયા જેત્ર વાદી;
તખત ભૂપાં શિરે શિરોમણ તળાજુ, ગાદિયાં શિરોમણ વળે ગાદી.
ક્રોડ પરણાવતલ, દીહ એકે કન્યા, ભયંકર ભાંજતલ શેર ભેભો;
શાપ ઉતારતલ નેસડી સાઇરો, અણારો આપતલ શિશ એભો.
પોતરો સૂરરો, સૂરજેરો પિતા, મોજ મેહેરાણ હિંદવાણ માજા;
વસારો ઊવસણ ઉવસણ વસાવણ, રાંકરો માળવો ધર્મરાજા.

વાલાક ધરતીને સહિયારી જિતી લીધી હતી, તો પણ ધનમેરે બધીએ પોતાના જમાઈને આપી દીધી; અને રાણાજી ગોહિલે પોતાની ગાદી વળામાં કરીને મરતાં સુધી ત્યાં રાજ્ય કર્યું.

રાણાજી[1] ગોહિલના પછી તેનો કુંવર મોખડોજી ગાદિયે બેઠો, તે તેના વંશમાં મહા પરાક્રમી ઉઠ્યો. "પીરમનો રાજા" એવું કીર્ત્તિવંત પદ મેળવી લેનાર તે પ્હેલો જ હતો. ખોખરાના ડુંગરો જે ખંભાતના અખાતની સમાંતર લીટીમાં તેના પાણીની અને પાલીતાણાના પર્વતની વચ્ચે છે તે માંહેલી

૧ સુમારે ઇ. સ. ૧૩૦૯માં અલ્લાઉદ્દીનના લશ્કરે રાણપુર લીધું અને તેને માર્યો.
ર. ઉ.

બળવાન્ જગ્યા કબજે કરી લેવાનું મોખડાજી ગોહિલે પ્હેલું જ પરાક્રમ કરયું. ત્યાંથી તેણે બધી બાજુએ જૂદી જૂદી જગાએ હલ્લા કરવા માંડ્યા, અને આસપાસના દેશમાં ત્રાસ વર્ત્તાવી દીધો. "જ્યારે ખોખરાની ગુફામાં "આપ સિંહ ગર્જના કરી ઉઠ્યા, ત્યારે ઓ! મોખડા! વિંધ્યાચળના રૂહે- "વાસિયોએ ખાવાનું તજ્યું."[1] તેણે ઉમરાળા અને લીમડાદ, માંડલ ગઢ અને મિતિયાળું કબજે કરી લીધાં હતાં; પણ તેની ખરેખરી અગત્યની જિત તો ગોઘા અને પીરમની હતી.

ગોઘા હવણાં સ્વચ્છ અને આબાદ થતું બંદરનું શહર છે, તેમાં આઠ હજાર કરતાં પણ વધારે માણસની વસ્તી છે, અને ખંભાતના અખાતમાં તેની સારી ખાડી છે. ત્યાંના ખારવા ગોઘારી કહેવાય છે. તેઓ કેટલાક મુસલમાન ધર્મના છે અને કેટલાક કોળી અથવા હિન્દુ છે અને જેઓને અણહિલપુરના રાજાઓએ આશ્રય આપીને તે નગરમાં વસવા માટે ઈલાયદો ભાગ સોંપેલો તેઓના વંશજ છે. તેઓ પોતાની પુરાતન પ્રતિષ્ઠા હજી લગણ જાળવી રહ્યા છે અને બ્રિટિશ રાજ્યના વાવટા નીચે હિન્દુસ્થાનના જે ખારવા પોતાનાં વ્હાણ ચલાવે છે, તેઓમાં તેઓ સારામાં સારા અને ઘણો જ વિશ્વાસ રાખવા યોગ્ય ગણાય છે. ગોઘામાં હવણાં ફેરફાર થયેલો છે તેમાં મોખડા ગોહિલના વારાની નિશાનિયો હજી લગણ કંઈક રહેલી છે. શહરના નૈરૃત્ય ખૂણામાં, અને હવણાંનો કોટ છે તેની આસપાસ, પ્રાચીન કિલ્લાની નિશાનિયો જેવામાં આવે છે. બુરજા તૂટી જઈને વિખરાઈ પડેલા હજી લગણ દેખાઈ આવે છે, પણ જેની ઉપર પીપળા ઉગીને તેનાં મૂળિયાં વિસ્તરાઈ ગયાં છે તેઓની નિશાનિયો દેખાતી નથી. શત્રુનાથી રક્ષણ કરી શકાય એવી જગ્યા ચમત્કારિક રીતે પસંદ કરીને શહર વસાયેલું જણાય છે. આસપાસની જગ્યા કરતાં ઊંચાણમાં છે તેથી એક બાજુએ પીરમનો બેટ અને ખાડીથી તે બીજી બાજુએ ખોખરાના ડુંગરા સુધીના આખા પ્રદેશ લગી બહુ આઘે, ચારે મેર નજર પ્હોંચી શકે એમ છે. તેમ જ વળી પીવાના અતિ સ્વચ્છ પાણીની સારી છત છે.

---

૧ (સોરઠો)—તળ ખોખરા તણે ગાળે, કેસર ગુંજિયો;
વિંધ્યાચલવાળે મૂકયો, ચારો હે મોખડા!

આ પ્રમાણે લોકાએ પોકાર કરેલો તેટલા જ શબ્દ લખ્યા છે તે ઉપરથી કદાપિ આ. મિ. ફાર્બસે એમ ધાર્યું હોય કે તે સિંહના જેવો બળવાન હતો તેથી વિન્ધ્યાચળમાં રહેવાસિયોએ તેનાથી ધ્રુજી જઇને ખાવાનું તજ્યું હશે. પણ મૂળ વાત તો એમ છે કે, પીરમ બેટમાં સાર્દૂલો સિંહ રહેતો હતો તેનું માથું કાપી લાવીને તેણે પીરમના દરવાજા વચ્ચે દાટયું હતું. ર. ઉ.

પીરમના બેટની અને ગોહિલવાડની વચ્ચે ત્રણ માઈલ પ્હોળાઈની એક ખાડી છે તે મધ્યમાં સુમારે ૬૦ વામ ઉંડી છે. વલભી નદી એ ખાડીમાં ભળી સમુદ્રને મળે છે. એવી વાત ચાલે છે, કે **પીરમ** બેટ જમીનની સાથે એકાકાર હતો. એ વાત ચાલવાનું કારણ કદાપિ એમ હશે કે જ્યારે ઓટ આવે છે ત્યારે ઘણા ખરાબા ઉઘાડા પડી જાય છે અને તે મુખ્યત્વે કરીને ગોઘા ભણીની બાજુએ ઘણા જોવામાં આવે છે. ખંભાતના અખાતના કિનારામાં જે ઘણા ચમત્કારિક ફેરફાર બન્યા છે તેનું છેવટનું કારણ ઇતિહાસ ઉપરથી કે પદાર્થવિજ્ઞાનશાસ્ત્ર ઉપરથી પણ કાંઈ સિદ્ધ થયું નથી; અને **પીર**મના બેટનું બંધારણ તથા વલભીનો નાશ એનો કોઈ અકળ રીતનો સંબંધ ધારવામાં આવે છે, તેમાં ખરેખરો ભેદ રહેલો ગણાય છે. રેતાળ ડુંગરા જે થોડી કાળી ભૂમિના તળ ઉપર છે તેનાથી **પીર**મ બેટ છવાઈ ગયેલો છે. પશ્ચિમ ભણીની આખી બાજુએ આ ડુંગરિયો કોટની ગરજ સારે છે, અને દરિયાથી રક્ષણ કરવા ખુલ્લી મોસમમાં પવન ચાલે છે તેથી કરીને રેતી વગેરે તણાઈ આવે છે તેને લીધે પણ આ ડુંગરા વધતા જાય છે; પણ પૂર્વ ભણીની બાજુ તો છેક રેતી વિનાની છે; અને ત્યાં આગળ વાવણી થાય એવી જમીન છે, તેથી ત્યાં રહેનારા લોકો જે થોડા છે અને માત્ર થોડી મુદત લગી રહે છે, તેઓને થોડો ઘણો ખોરાક પૂરો પડી શકે એટલી ખેતી થાય છે. રેતાળ ડુંગરાઓ ઉપર મોરણ છવાઈ જાય છે. વિસ્તાર પામેલાં થોડાં લીંબડાનાં ઝાડ છે તે ઉપર ત્યાંના લોકો ચાર ભરી રાખે છે, તે વિના કેટલાંક ઠીંગરાઈ ગયેલાં ઝાડ, અને પૂર્વ કિનારા ઉપર તમરિયાની ઝાડી છે, એટલું **પીર**મમાં ઝાડપાન છે. આ કિનારા ઉપર નૈઋત્ય કોણનો વર્ષાદ શરૂ થાય છે તે વેળાએ મુખ્યત્વે કરીને પાણીનો ધસારો ઘણો ભારી થાય છે, અને **પીર**મની ખાડીમાં, બલવાન ભરતીની નાશકારક અસર જેટલી થાય છે તેટલી તેની અસર કોઈ બીજે ઠેકાણે થતી નથી. મહા ઘોડાવાળી ભરતીનો પ્રથમનો ધસારો બળમાં દુર્નિવાર હોય છે, અને તે વેળાએ જોવાની રચના એવી થાય છે કે તે વિષેનો વિચાર માત્ર નજરે જોનારના મનમાં જ આવી શકે. ત્રણ અથવા ચાર ફીટ ઊંચાઈનાં ભીંતના જેવાં લંબાકાર મોજાં જોવાઈ શકે એવી રીતે વિસ્તાર પામતાં એક કલાકમાં બાર માઈલ કાપતાં ત્વરાથી આવી પ્હોંચે છે, અને અજાણતાં અથવા તેનો સુસવાટો સાંભળીને હડિલા ખારવા તેની દરકાર રાખતા નથી તો તેઓનો ઘાણ વાળી નાંખે છે.[૧]

૧ ફાર્બસકૃત ઓરિએન્ટલ મેમ્વાર ભાગ બીજાને પૃષ્ઠ ૨૨૧ મે જૂઓ; તેમ જ આખ્ખે પ્રાચ્ય ઓવ ધી રોયલ એશિયાટિક સોસાઇટીના જર્નલના પ્રથમ ભાગમાં પીરમ બેટ વિષે લખાણુ છે તે જૂવે.

ગોઘેથી પીરમ જે નાવ હંકારી જવામાં આવે છે તે પ્રવાહથી ખેંચાઈ જઈને સંકટમાં આવી પડે નહિ એટલા માટે નર્મદાના મુખમાં દેહેજ બારામાં હંકારી જતા હોય એમ સીધા ચલાવે છે. ઉછાળા મારતા દરિયાના સપાટામાં આવી જાય એવી સ્થિતિમાં નાવ આવી પડે છે, અને ઘણી વાર તો સપડાઈ પણ જાય છે. પાણીમાં ડૂબેલા ખરાબા ઉપર શંકુ આકારનાં મોજાં થાય છે તે ખરાબા ઉપર નાવ અથડાય નહિ તે માટે પણ તેઓને બહુ સાવધાન રહેવું પડે છે. મોખડાજી ગોહિલના પાળિયા આગળ એક ટેકરી ઉપર ધોળું નિશાન છે, તેની નીચે બેટની ઉત્તર દિશાએ રેતાળ તીરે ઘણું કરીને ઉતરી પડવામાં આવે છે. પીરમના કિલ્લાનાં ખંડેર હજી લગણ જોવામાં આવે છે તે, તે બેટની વચ્ચે, અને ચોગરદમ વેરાતાં પડ્યાં છે. થોડાક બુરજ, અને પશ્ચિમ બાજુના દરવાજાની જગ્યા ખુલ્લી રીતે જણાઈ આવે છે; એક દ્વાર જે એક પત્થરમાંથી કોરી કહાડેલા બે હાથિયોથી મૂળ શણગારેલું છે તે ગચ્છીના ખંડેરના નમુના તરીકે જોવા લાયક થઈ પડયું છે. જૂના કિલ્લાના ઘેરાવામાં તલાવ તથા કૂવાનાં ખંડેર દેખાઈ આવે છે; પત્થરકામની હિન્દી કોતરણીના ભાગી ગયેલા કડકા ચોગરદમ વેરાયલા પડેલા છે. મધ્યભાગમાં આશરે બારેક ઝુપડાંનો એક કુબો છે. કિલ્લાની નૈઋત્ય કોણમાં એક ઉંચો ટેકરો છે તે અસલને વારે ગઢીની જગ્યા હશે પણ હવણાં તો તે ઠેકાણે દીવાદાંડી છે. અસલના વારામાં દરિયાઈ અથવા ચાંચવાની સત્તાના વારામાં પીરમનો કિલ્લો કેવો ઉપયોગી થઈ પડેલો હશે, તે આ ઉપરથી જણાઈ આવે છે. એક બાજુએથી ગોહિલવાડનો કિનારો, ગોઘા બંદર, અને ઝાડની ઘટામાં આવી રહેલાં ઘણાં ગામડાં તથા ખોખરાના ડુંગરા ભણી ઊંચો ચડી જતો પ્રદેશ જણાઈ આવે છે; બીજી બાજુ ભણીથી નર્મદા અને ટંકારિયા નદીનાં મુખ ખુલ્લી રીતે દીશા આવે છે; તેમ જ ઉત્તર અને દક્ષિણ દિશાઓ ભણી પીરમમાંથી જોનાર ચોકીદારની નજરે આખો ખંભાતનો અખાત એવો દૃષ્ટિ તળે આવી જાય છે કે દ્રવ્યવાન ગૂજરાતનાં બંદરો ભણી દરિયામાંથી જે વ્હાણ હંકારી જાય છે તેઓના દિવસે ધોળા વાવટા, અને રાત્રીની વેળાએ ફાનસના ઝળકાટ તેની દૃષ્ટિમર્યાદામાં આવ્યા વિના રહેતા નથી.

આવી જગ્યામાં મોખડાજી ગોહિલ આખરે પોતાની મેળે વશ્યો. "રાણીનો કુંવર, બળવાન રાજાધિરાજ, એણે પોતાને વસવાને નવું શહર "બાંધ્યું ને ડુંગર ઉપર મજબૂત કિલ્લો બાંધ્યો. દરિયાનાં મોજાં તેની ચારે "બાજુએ છોળો મારતાં હતાં. ધરતીના ધણિયે કોળિયોનું રાજ્ય ખુંચી "લઈને પીરમના નામથી જગમાં જાણીતું કર્યું તેના પ્હેલાં ગોઘાના [illegible]

"પીરમના બારૈયા ધણી હતા. તે બે મોખડાએ લઈ લીધા; સાતસેં ખારવાને "તેણે તરવારની ધારે ચડાવ્યા; બધા કોળિયોને ઠાર કર્યા. પૂર્વ જન્મના "તપસ્વીયે એ બે શહર સ્વાધીન કરી લઇને પીરમની ગાદી પ્રતાપવાન કરી "દીધી. ઘણા દેશનો રસ્તો ત્યાં થઈને હતો તેથી તેણે પીરમમાં ઘણાં "વ્હાણ રાખ્યાં હતાં. ઘણાં વ્હાણ તેણે લૂટી લીધાં હતાં; સર્વ જગ્યાએ "તેનો ત્રાસ વર્તાઈ ગયો હતો. જે વ્હાણો હંકારીને આવતાં હતાં તેની "પાસેથી તે ખંડણી લેતો હતો; હનુમાનની મૂર્તિ તે બાજુબંધમાં રાખતો, "ને તેને કાલિકા માતાનો હાથો હતો."[1]

પીરમનો રાજા ખંડણિયો પડાવતો, તથા ચાંચવાનો ધંધો ચલાવતો હતો, તેથી છેવટે તે સરકારના હથિયારની ચંગરમાં આવી ગયો હતો. હિન્દુઓના વૃત્તાન્તમાં તુઘલુખ શાહને તેનો શત્રુ કરીને વર્ણવ્યો છે; પણ મુસલમાન ઇતિહાસ લખનારાઓએ પીરમના નાશ વિષે કંઈ લખ્યું નથી તેથી ગ્યાસુદ્દીનના શાહજાદા મહંમદ સંબંધી ગૂજરાતને લગતી જેટલી વાત હતી તેટલી અમે લખી ગયા છિયે તે મહંમદ અને હિન્દુઓએ લખેલો મુસલમાન સરદાર એ બે એક હશે, એમ માની લેવાને કાંઈ હરકત નથી.

મહંમદ તુઘલુખ પોતાના રાજ્યના આણીમગના ભાગમાં વ્યવસ્થા કરવાના કામમાં લાગ્યો હતો, ત્યારે મોખડાજી ગોહિલ ભણી તેણે પોતાનાં હથિયાર ફેરવ્યાં હશે એમાં શક નથી. હિન્દુની વાતમાં તક્ષણ વાંધો ઉઠવાનું કારણ એવું બતાવવામાં આવ્યું છે કે દિલ્હીનો એક વ્યાપારી તે જ મતુરીનાં ચૌદ વ્હાણ ભરીને પીરમ લાવ્યો હતો, તેનું રક્ષણ કરવાનું મોખડાજીએ વચન આપ્યું હતું અને વચ્ચે સમુદ્ર દેવને રાખ્યા હતા તો પણ પછીથી તેણે લૂંટી લીધાં.

"ગજનીની ભારે સેના પીરમ અને ગોઘા ઉપર ચઢી આવી; ડંકા "વાગવા માંડ્યા, અને રણસિંગાંના અવાજ થવા લાગ્યા; તથા દરિયો પોતાની સીમા છોડતો હોય એમ દેખાવા માંડ્યું. જૂદી જૂદી જાતના મુ- "સલમાનો ત્યાં આવ્યા હતા તેમાં પાળા, ઘોડા, અને હાથી સર્વે હતું. "સાગરના ધણીની સાથે લડવાને તેઓએ સમુદ્રકાંઠે ડેરા તંબુ ઠોક્યા. ગોહિલ "એકલો પોતાની પીરમની ગુફામાં સિંહની પેઠે ગર્જના કરી રહ્યો હતો. "તેનું તપ ભારે હતું તેથી જરા પણ ડગ્યો નહિ. સેના તૈયાર થઈ, આકા-

[1] અંગ્રેજીમાં એમ છે કે, મોખડાના હાથ ઉપર કાલિકાની મૂર્તિની છાપ હતી, પણ મૂળ ભાવાર્થ ધ્યાનમાં નહિ ઉતરવાથી ભૂલ કરી હોય એમ લાગે છે. ૨. ઉ.

"શમાં બાણ ઉડવા લાગ્યાં, પણ મોખડાના શહરને કશો ઘા લાગ્યો નહિ.
"દગાફટકા કરીને તુઘલુખ શાહ ઘણા દિવસ લડ્યો, પણ તેના લાખો પ્રયત્ન
"નિષ્ફળ ગયા; શાહ મ્હેનત કરતો થાકી ગયો; દરિયાનાં પાણીમાં તેની
"નાંખી નજર પ્હોંચી નહિ; પણ મોખડાએ હાથમાં તરવાર ઝાલીને
"રાજાઓની પ્રતિષ્ઠા રાખી."

મોખડાની પાસે જઈ પ્હોંચવાને શત્રુઓ પીરમમાં જઈ શક્યા નહિ, કેમકે, પાણીનો માર્ગ તેમનાથી ઓળંઘાય એમ હતું નહિ, તેમ જ ખેદ પામેલા વ્યાપારિયે અપવાસ કરયા, અને સમુદ્ર દેવને વચ્ચે સાક્ષી રાખ્યા હતા તેમને, પાણી પાછું ખેંચી લઈ મુસલમાન સેનાને રસ્તો આપવા વિનતિ કરી પણ કાંઈ વળ્યું નહિ.

મહંમદ શાહે પોતાની ફોજ પાછી હઠાવી, તે એવી આશાથી કે આમ કરવાથી ગોહિલો પોતાના અજિત કિલ્લામાંથી બ્હાર આવશે. આવી યુક્તિઓ મુસલમાનો વારંવાર કરતા આવ્યા છે અને તેમાં રજપૂત સરદારો ઘણી વાર સપડાઈ ગયા છે.

"ગોઘા અને ગુંડીની વચ્ચે મુસલમાનો ડર પામતા રહ્યા. ત્યારે
"રાજાએ વિચાર કરયો કે, એક દિવસ મોત તો આવવાનું જ છે, તેથી એક
"વ્હાણમાં બેશીને રાતમાં પીરમથી ગોઘે આવ્યો; ને લડવાને તૈયાર થયો;
"હાથમાં તરવાર લઈને, મોતના મુકુટને માથે બાંધ્યો. દરવાજા ઉઘડાવીને
"ઉંચા મનના ધણિએ પોતાની સેના બ્હાર ક્હાડી, તે યોદ્ધાઓને ધીરજ
'આપવા લાગ્યો, મોખડા મરૂયે પાદશાહની સેના ઉપર હલ્લો કરયો; તેણે
"મુસલમાનોને કાદવમાં કચરી નાંખ્યા. શરણાઇયો અને રણશિંગાંના નાદ
"થવા લાગ્યા; આકાશમાં નિશાન ફરકવા લાગ્યાં; લોહીની નીકો વ્હેવા
"લાગી. બન્ને સેનાના યોદ્ધાઓ શેળભેળ થઈ ગયા. પાદશાહનો ભાણેજ
"સેનાનો ઉપરી હતો તેને મોખડાએ જોયો; એટલે તેના હાથી ઉપરથી તેને
"નીચે મારી પાડ્યો. મોખડા ગોહિલે ઘા કરવા માંડ્યા ત્યારે મુસલમાનો
"અલ્લાની બંદગી કરવા લાગ્યા. અસુરની સેના ઉપર તેના ઘા વરશી રહ્યા;
"તુઘલુખના અર્ધા યોદ્ધાઓને તો રાણાના પુત્રે પોતાની તરવારથી કતલ કરી
"નાંખ્યા. રાજાની તરવારથી શત્રુની આડ તૂટી. તે વિજળીથી પર્વત તૂટી
"ગયો હોય એવી દેખાવા લાગી. પછી મોખડો પડ્યો તેનું માથું ગોઘાના
"દરવાજા વચ્ચે પડ્યું ને ધડ તરવાર ચલાવતું દોડમદોડ કરી રહ્યું. માથું જે
"ભોંય ઉપર પડ્યું હતું તે મુખમાંથી મારો! મારો! ના અવાજ કરતા
"લાગ્યું. શત્રુની સેના સામટી સટી ગઈ, ઘણા યોદ્ધાઓ પડ્યા. એકલો [illegible]

"શાહ બહુ મુસિબતે બચ્યો. ગળીનો દોરો આડો નાંખ્યો ત્યારે ધડ હેઠું પડ્યું, "ને ત્યારે જ તરવાર ચાલતી બંધ પડી. બીજા યોદ્ધા પછી પાછા ભાગ્યા ને "પીરમનો ધણી પોતાના કોલ પ્રમાણે પૂરેપૂરૂં કરી રહ્યો ત્યારે તે ધરણી "ઉપર ઢળ્યો. (૧૩૪૭) સેજકનો પૌત્ર દેવની કોટીનો ગણાયો; તેનો "શ્વાસમાં શ્વાસ સમાઈ ગયો, અને પાદશાહની સેનાના યોદ્ધા નાસતે પગે "કહેવા લાગ્યા કે, ધન્ય છે હિન્દુ! તને ધન્ય છે હિન્દુ!"[1]

મુસલમાનોએ પીરમનો કોટ તેના સ્થાપનારના મરણ પછી તોડી પાડ્યો, તે પછીથી ફરીને કદિ બંધાયો જ નહિ. મોખડાજીના નામની સાથે તેનો સંબંધ હજુ તાજો રહી ગયો છે. એનો પાળિયો જ્યાં ઉભો કર્યો છે ત્યાં આગળ હિન્દુઓ રાજી થઈને અફિણની કાંકરી કસુંબા તરીકે મૂકે છે અને પીરમ આગળ થઈને જે ખારવા જાય છે તે મોખડાજી ગોહિલને નામે થોડું ભાતું સમુદ્રમાં નાંખવાને ભાગ્યે જ ભૂલી જાય છે.

પ્રકરણ ૩.

ગૂજરાતના રજપૂત સુલ્તાન.[2]

૧ મુઝફ્ફરશાહ ૧ લો	૧૪૦૭—૧૪૧૦	૩
૨ અહંમદશાહ	૧૪૧૦—૧૪૪૨	૩૨-૬-૨૦

૧ આ મોખડાજિયે શૂરવીરપણું બતાવ્યું ને લડાઈમાં મ્હોં આગળ રહ્યા તેથી તે સ્થાન તેના નામથી મોખરો કહેવાય છે. ગોઘામાં હવણાં પણ તેની દેરી ઉભી છે. ભાવનગરના દરબાર જ્યારે એ જગ્યા ભણી જાય છે ત્યારે પ્રથમ ત્યાં દર્શન કર્યા પછી બીજું કામકાજ કરે છે. હજી ત્યાંના જે પૂજારીને દરબાર ભણીથી વર્ષાસન મળે છે. ર. ઉ.

૨ સહારન કરીને ટાંક (તક્ષક) જાતિનો રજપૂત જમીનદાર હતો. તે સૂર્યવંશી રામચંદ્રથી કેટલી પ્હેડિયે મડસુ થયો તેનો ક્રમે દુર્લભ, નાકત, ભૂકત, મંડન, સુલાહન, સીલાહન, ત્રિલોક, કુંવર, દરસપ, દરીમન, કુંવરપાલ, દરિન્દ્ર, હરપાલ,,કિન્દ્રપાલ, હરપાલ અને તેનો હરચંદ થયો, તેનો પુત્ર સહારન હતો. તે સ્થાનેશ્વરમાં રહેતો હતો. એક સમયે ફિરોજ શાહ જ્યારે કુંવરપદે હતો ત્યારે શિકારે જતાં પોતાના સાથથી વિખૂટો પડ્યો. અને સહારનના ગામ પાસે જઈ પ્હોંચ્યો તે સમયે તેનો ભાઈ સાધુ તથા બીજા કેટલાક રજપૂતો બેઠા હતા. ફિરોજ શાહના પગનાં રાજચિહ્ન અને તેનો દેખાવ જોઈને તેઓને લાગ્યું કે આ કોઈ પાદશાહ થાય એવો છે, તેથી, તેને પોતાને ઘેર લઈ ગયા અને તેની આગતાસ્વાગતા કરી. સાધુની બ્હેને તેને દારૂ પાયો તેની લ્હેરમાં તે કોણ છે એ કહ્યું તેથી સાધુની બ્હેન તેની વ્હેરે પરણી. ફીરોજ શાહની સાથે બંને ભાઈયો દિલ્હી ગયા. અને ત્યાં તેમણે મુસલમાની ધર્મ સ્વીકાર્યો, એટલે, સહારનને

૩ મહંમદશાહ ૧ લો	૧૪૪૨—૧૪૫૧	૯
૪ કુતુબુદ્દીન	૧૪૫૧—૧૪૫૯	૮
૫ દાઉદ	૧૪૫૯—૧૪૫૯	૦–૬ માસ
૬ મહંમદ બેગડો (બીજો)	૧૪૫૯—૧૫૧૧	૫૨
૭ મુઝફ્ફર ૨ જો.	૧૫૧૧—૧૫૨૬	૧૫
૮ સિકંદર.	૧૫૨૬—૧૫૨૬	૦–૨–૧૬
૯ મહંમદ ૩ જો.	૧૫૨૬—૧૫૨૬	૦
૧૦ બહાદુર શાહ.	૧૫૨૬—૧૫૩૭	૧૧
૧૧ મુહંમદ ફારૂકી.	૧૫૩૭—૧૫૩૭	૦
૧૨ મહંમદ શાહ ૪ થો.	૧૫૩૭—૧૫૫૪	૧૭
૧૩ અહંમદ શાહ ૨ જો.	૧૫૫૪—૧૫૬૧	૭
૧૪ મુઝફ્ફર ૩ જો.	૧૫૬૧—૧૫૭૨	૧૧

મુઝફ્ફર શાહ પ્હેલો; શાહ અહંમદ પ્હેલો.

ઈ૦ સ૦ ૧૪૦૭ થી ૧૪૧૦. ઈ૦ સ૦ ૧૪૧૦ થી ૧૪૪૨.

મુઝફ્ફરખાન ગાદિયે બેઠો કે તરત જ તેણે હિન્દુ ઠાકોરોને પોતાના ખંડિયા કરી દેવાનું કામ આરંભ્યું, અને તેમ કરવાને માટે પ્રથમ તેણે ઈડર ઉપર ચડાઈ કરી

રાવ સોનંગજીની પછી એહેમલજી, ધવલમલજી, લુણકરણજી, અને બરહતજી અનુક્રમે થયા. તેમના સંબંધી કાંઈ વિશેષ લખી રાખેલું નથી, પણ માત્ર એટલું જ લખી રાખવામાં આવેલું છે કે "રાવ બરહતજીના "વારા સુધી રાજ્યમાં વધારો થયો નથી, તેમ જ, ઘટાડો પણ થયો નથી." બરહતજીનો કુંવર રણમલજી વધારે પ્રસિદ્ધ થયો છે. ઈડર ગઢ ઉપર તેણે બેઠક ચણાવી હતી તે "રણમલની ચોકી" ક્હેવાય છે. તેની પાસે અગિયાર સરદારો હતા. તે રણમલ ક્હેવાતા હતા. તે સરદારો અને રણમલ સંબંધી ચમત્કારિક વાતો બનાવવાને ભાટને ઠીક સાધન મળ્યું છે. "રાવ રણમલે "ઈડર અને મેવાડ વચ્ચેનો ભાગર દેશ યાદવ વંશવાળા પાસેથી લઈ લીધો, "અને ત્યાંની રાજધાની ઝારડ ગઢમાં કેટલીક વાર સુધી પોતાનું ર્‌હેઠાણ કર્યું.

પાદશાહે વજીર ઉલ્મુલ્કનો ખિતાબ આપ્યો. એના દીકરા જફરખાન તથા શમશેરખાન થયા. આ જફરખાનને મુઝફ્ફરખાનનો ખિતાબ મળ્યો હતો. મિરાતે સિકંદરી.

આ લેખ ઉપરથી જણાય છે કે મુઝફ્ફરખાન એ તક્ષક કુળનો રજપૂત હતો, તેથી અમે એ વંશના રજપૂત સુલ્તાન એવું નામ જણાવ્યું છે. ર. ઉ.

"ત્યાંથી તે પાનોરે ગયો ને સોલંકી વંશના એક પટાવતને તેણે ભાગર "આપ્યું. મુસલમાનોએ સોનગરા ચોહાણોના ઠાકોરને હાંકી મૂકયો એટલે "તે ઝાલોરથી ઈડર આવ્યો, તેને પણ રણમલ્લે રાખ્યો, અને તેને જોરા-"મીરનો પટો કરી આપ્યો. આ ચોહાણ વંશના રાવના વંશવાળાઓ સાથે "પરણતા હતા, પણ પછી તેઓ ભીલની દીકરિયો સાથે પરણવા લાગ્યા "તેથી વટલાઈને જૂદા પડી ગયા."

ફેરિસ્તા કહે છે કે, "ઈ૦ સ૦ ૧૩૯૩ માં ઈડરના રાવે રીતિ પ્રમાણે "ખંડણી આપવાની ના પાડી, એટલે તે જોરાવરીથી લેવાને મુઝફ્ફરખાને તેના "ઉપર ચડાઈ કરી. કેટલીક ન્હાની ન્હાની લડાઇયો થઈ તેમાં મુઝફ્ફરખાન "જિત પામતો ગયો અને ઈડર શહરની લગભગ આવીને તેને ઘેરો ઘાલ્યો. "તે ઘણી લાંબી મુદ્દત સુધી રહ્યો તેથી કિલ્લેદાર ખોરાકને માટે એટલા બધા "હેરાન થયા કે પછી તેમણે બિલાડાં અને કૂતરાં ખાવા માંડ્યાં એમ કહેવાય "છે. પછી છેવટે રાવે પોતાના કુંવરને મુઝફ્ફરખાન પાસે મોકલ્યો. તે તેને "પગે લાગ્યો અને પોતાના લોકોના જીવ ઉગારવાની પ્રાર્થના કરી. પણ સોનું-"રૂપું, અને ઝવેરાત આપવાની સરત કરી ત્યારે તેણે તેની પ્રાર્થના સ્વીકારી."

ખાનદેશમાં સુલતાનપુર અને નંદુરબાર પરગણાં છે, તે બથાવી પાડ-વાને અદીલખાન[1] પ્રયત્ન કરતો હતો; તેના ઉપર છેક સિદ્ધરાજના સમયનો ગૂજરાતના રાજાઓનો દાવો સ્થાપવાના કામમાં મુઝફ્ફરખાન હવે લાગ્યો. તે પોતાની રાજધાનીમાં પાછો આવ્યો ત્યારે તેના જાણવામાં આવ્યું કે પશ્ચિમના પટ્ટણ પરગણામાંના જેહેરંદના (જહરંદ) રાવે મુસલમાની સત્તા માન્ય રાખી નથી, તે ઉપરથી તરત જ તેણે તે રાવના ઉપર ચડાઈ કરીને ખંડણી લીધી અને ત્યાંથી સોમનાથ ઉપર ગયો; ત્યાં તેણે હિન્દુ દેવાલયોને વળી પાછાં તોડી પાડી ત્યાં આગળ મસ્જીદો બનાવી[2] (ઇ. સ. ૧૩૯૪). ત્યાર પછી તે મંડલ ગઢ (ચિતોડ) ઉપર ચડ્યો ને તે પોતાને સ્વાધીન કરી લીધો.

---

૧ આદિલખાન જે મલેક રાજા કહેવાતો હતો તે બુરહાનપુરના સુલ્તાનનો દાદો થાય. તેણે બંડ મચાવી થાનેરનો કિલ્લો કબજે કર્યાનું જાણી મુજફ્ફર તેની ઉપર ચડ્યો. તેની સામા માણસો મોકલી સલાહ કરી, એકબીજાને સોગંદ મોકલી, બંને મિત્ર થયા. મલેક રાજા ખલીફા ફારૂકીની ઓલાદનો હતો તે વાત મુઝફ્ફર જાણતો હતો. ર. ઉ.

૨ અહીં રહ્યો એટલામાં તે લૂટફાટ કરવામાં કાંઈ બાકી રાખી નહિં ગયો. બાર બ્રાહ્મ-ણોની સ્ત્રી, દીકરિયોને અને પુરૂષોને કેદી બનાવી લઈ ગયો. બંદરે આવેલાં વ્હાણોને પણ લૂટી લીધાં. અભાસપાટણમાં પોતાનું થાણું બેસારતો ગયો. ર. ઉ.

ત્યાંથી અજમેરમાં જ્યારત કરવાને ગયો અને જલવાડાને રસ્તે પાછા આ-વતાં ત્યાંનાં દેવાલય તોડી પાડ્યાં અને ત્યાંથી ખંડણી લીધી.[૧]

ઈ૦ સ૦ ૧૩૯૮ માં ઈડરના રાવ રણમલ ઉપર તેણે ફરીને ચડાઈ કરી અને પ્રથમની પેઠે તેણે જ્યારે ખંડણી આપી ત્યારે તેને જવા દીધો. તૈમુરનો ભયંકર હુમલો આ સમયે થયો હતો, તેથી દિલ્હીના દરબારમાં ઘણી અવ્યવસ્થા થઈ પડી હતી અને ગાદીનો કબજો લેવાને ઘણા પ્રતિસ્પર્ધિયો લડી મરતા હતા. મુઝફ્ફરખાન અને તેના દીકરાએ પણ રાજગાદી ઉપર પોતાનો હક્ક બતાવવાનું બ્હાનું ધર્યું હતું, પણ તેઓ હદ બ્હાર ધપ્યા ન હતા અને મુઝફ્ફરખાન તો ગૂજરાતનો ખરેખરો રાજા હતો, એટલે ત્યાંનું રાજપદ ધારણ કરવાથી સંતુષ્ટ થયો હતો. તે વેળાએ તે પોતાને બાદશાહ કહેવડાવવા લાગ્યો અને મુઝફ્ફર શાહ પદ ધારણ કર્યું; પોતાના નામના શિક્કા પાડ્યા અને ખુતબો પઢાવ્યો.[૨]

ઈ૦ સ૦ ૧૪૦૧ માં ઈડરમાંથી ખંડણી વસુલ કરવા સારૂ મુઝફ્ફર શાહે ફરીને ચડાઈ કરી; ત્યારે રાવ રણમલજી શત્રુને માટે પોતાની રાજધાની મૂકીને વીસલનગર જતો રહ્યો. એક હિન્દુ રાજા દીવમાં રહેતો હતો, તેની ઉપર મુઝફ્ફર શાહે બીજે વર્ષે સોમનાથ આગળ જિત મેળવી. લડાઈ થયા પછી તે જગ્યા પોતાને સ્વાધીન થઈ, અને ત્યાંના કેટલાક કિલ્લેદાર અને રાજાને ઠાર કર્યા.

મુઝફ્ફર શાહે પોતાનું છેલ્લું પરાક્રમ માળવા ઉપર હલ્લો કરવામાં દાખવ્યું. ત્યાંના પાદશાહ હુસંગની સાથે ધાર આગળ તેણે લડાઈ કરી તેમાં તેને હરાવીને કેદ કરી લીધો. તે ઈ૦ સ૦ ૧૪૧૧ના જુલાઈ મહિનાની તારીખ ૨૭ મીએ મરણ પામ્યો.[૩]

---

૧ બાપા અથવા રાયદુર્ગાએ ઘેરાનો સારો બચાવ કરચો. મુસલમાનો મંજનીક ગોઠવણમાં ફાવ્યા નહિ અને પથ્થરનો વરસાદ વરસાવી થાકચા, ત્યાર પછી સુરંગ ખોદાવી. શહરમાં મરકી ચાલી તેથી પ્રજાનો ઘાણ વળી ગયો ત્યારે બાપાએ નમ્યું આપ્યું અને સલાહ કરી. ૨. ઉ.

૨ આ પછી ઈ. સ. ૧૩૯૬ માં તેણે સુલ્તાનનું પદ ધારણ કરીને મુઝફ્ફર શાહે પોતાના નામનો શિક્કો પાડ્યો તથા ખુતબો પઢાવવા માંડ્યો. એટલે જુમ્માને દિવસે કે ઇદને દિવસે નિમાઝ પડવાને જાય ત્યારે મિંબર ઉપર ચડીને ખુદાની બંદગી કરી તથા નબી(મહમદ)નાં વખાણ કરે છે, ત્યાર પછી એક પગથિયું નીચે ઉતરીને જે સુલ્તાન હોય તેનું નામ.દઈને તેની દુવા માગે છે. ૨. ઉ.

૩ હી. સ. ૮૧૩ તા૦ ૧૪ રમઝાન(ઇ. સ. ૧૪૧૦) માં સુલ્તાન અહ્‌મદ નાસરૂદ્દીન અબુલફત્ત અહ્‌મદ શાહ પદ ધારણ કરીને ગાદિયે બેઠો. તેના બાપનું નામ

મુઝફ્ફર શાહની પછી તેનો પૌત્ર **અહમદખાન** ગાદીએ બેઠો; પણ ફિરોજખાન કરીને તેનો એક પિત્રાઈ હતો તે રાજ્ય ઉપર પોતાનો હક્ક ધરાવીને **ભરૂચ**માં પોતાને **બાદશાહ** કહેવરાવવા લાગ્યો અને સાત આઠ હજાર માણસ સહિત **નર્મદા** ઉપર છાવણી નાંખીને પડ્યો. હાલ તરત જ આ બંડ તો સહેલાઈથી બેશી ગયું; અને **સાભ્રમતી**ના કિનારા ઉપર **યસાવલ** (આશાવલ) ગામની હવા અને જગ્યા બહુ મન વશ્યાથી તેણે ત્યાં એક નવા શહરની સ્થાપના કરી પોતાના રાજ્યને પ્રતિષ્ઠિત કર્યું. **આશાવલ** એ નવા શહરનું એક પરૂં થયું અને ત્યાર પછી તે શહર ગૂજરાતના બાદશાહોનું રાજધાની નગર થયું. તેનું નામ તેના સ્થાપનારના નામ ઉપરથી (અહમદાબાદ) **અમદાવાદ**[૧] પડ્યું (ઈ૦ સ૦ ૧૪૧૨)

અમદાવાદ વશ્યાની આખર સાલમાં ફિરોઝખાને ગાદી ઉપર પોતાનો દાવો કરીને **મોડાસા** આગળ કેટલીક ફોજ એકઠી કરીને બંડ મચાવ્યું, ઈડરનો **રાણો રણમલ** પોતાના પાંચ છ હજાર અશ્વાર અને બીજા પાયદળ સહિત તેને મળી ગયો. **અહંમદ શાહ** આવી પ્હોંચ્યો, એટલે ફિરોઝખાન અને **રાવ મોડાસે** થાણું મૂકીને ત્યાંથી દશ માઈલ ઉપર **રંગપુર** છે ત્યાં જતા રહ્યા. **અહંમદ શાહે** તેમની આસપાસ ઘેરો ઘાલ્યો અને કિલ્લા ઉપર ચડી ઉતરીને તે શહર લીધું, એટલે બંને જણને ડુંગરામાં ન્હાશી પેસવાની અગત્ય પડી. કહે છે કે ત્યાર પછી **રાવ રણમલ** અને ફિરોઝખાનને અણબનાવ થવાથી **રાવે** પોતાના સોબતીના હાથી, ઘોડા અને બીજો સરસામાન લઈને **અહંમદ શાહ**ની કૃપા સંપાદન કરી લેવાને તેને આપ્યો.

માળવાના સુલ્તાન હુશંગે અહંમદ શાહના સામાવાળિયાઓને આશ્રય આપ્યો હતો તેની સાથે લડાઈ મચાવવાના કામમાં પડ્યો. તેમાં **શાહ**નો જય થયો અને તેના શત્રુ વિખરાઈ ગયા. તે માંહેલો એક ગિરનારમાં સોરઠના રાહનો આશ્રય લઈને રહ્યો, તે ઉપરથી **અહંમદ શાહ**નું લક્ષ તેની ભણી ખેંચાયું.

સોરઠ દેશ હિન્દુઓનો મૂળથી માનીતો છે; તે તેમને મન આ પૃથ્વી ઉપરનું સ્વર્ગ છે. તે સ્વચ્છ નદીયોની ભૂમિ છે ત્યાં ઉત્તમ જાતિના ઘોડા નિપજે છે

તાતારખાન હતુ તેને ત્યાં તે હી સ. ૭૯૩(સ. ૧૩૯૦)માં જન્મ્યો હતો. ગાદિયે બેઠો ત્યારે તેનું વય ૨૨ વર્ષનું હતું.

૧ કર્ણ સોલંકીના કર્ણાવતીના સ્થાને આ શહર વસેલું જણાય છે, હી. સ. ૮૧૫-ની સમાપ્તિમાં. ર. ઉ.

આ સમયથી ચાર શતક અગાઉ **આલબી રૂમી** નામના પ્રવાસિયે **યેસાવલ** (આસાવલ) નગરનું કથન કરયું છે. ર. ઉ.

અને ત્યાંની સ્ત્રિયો સુંદર છે. વળી વિશેષમાં તે પવિત્ર ક્ષેત્ર છે. જૈન લોકોના આદિનાથ અરિષ્ટ મુનિનો આશ્રમ તેમાં છે. હિન્દુઓના મહાદેવ અને શ્રીકૃષ્ણનું રહેઠાણ પણ ત્યાં છે. તીર્થંકરને માનનારા જૈન લોકો યાત્રા કરવા સારૂ પોતાનું મન ગિરનાર અને શત્રુંજયના પવિત્ર પર્વતો ભણી દોડાવે છે; વિષ્ણુનો સેવક ગોપીચંદનનું તિલક કપાળે કરતી વેળાએ નિત્ય સવારમાં સોરઠ વિષેનો વિચાર કરે છે; શિવનો ભક્ત જયવંત શંકરના ગુણાનુવાદ શંખનાદથી કરે છે,[1] તેમ જ રજપૂત અને ચારણ રા' ખેંગારનાં પરાક્રમનાં વખાણ કરે છે, અથવા રાણિક દેવીના માઠા ભાગ્યનો શોક કરે છે, અથવા તો સાંજની વેળાએ ગામના એક ઝાડ નીચે બેશીને હુક્કા ગગડાવતાં કોઈ ભટકતો પરદેશી બીજા દેશની વાતો કરે છે ત્યારે તે નીચે લખેલી કવિતા ગાય છે:—

श्लोक–सौराष्ट्रे पंच रत्नानि, नदी, नारी, तुरंगमः,
चतुर्थं सोमनाथश्च, पंचमं हरिदर्शनम् ॥
પંચ રત્ન સોરઠ વિષે, અશ્વ, નદી ને નાર,
સોમનાથ ચોથા વસે, વળી હરિનો ઠાર.

મુસલમાન પણ સોરઠનાં વખાણ કરવાને થોડા આતુર નથી. મિરાતે સિકંદરીમાં લખે છે, કે "માળવા, ખાનદેશ, અને ગૂજરાત જે અતિ ફળદ્રુપ "છે તેમાં જે જે મુખ્ય વાત નિપજે છે તે સર્વ એકદમ એક ઠેકાણે દૃષ્ટિએ "પડે એવા હેતુથી આ દેશ પસંદ કરવામાં આવ્યો હોય એમ લાગે છે. "વળી એ પ્રાન્તોની ધરતીમાંથી થતા લાભ એ દેશની ધરતીમાંથી થાય છે "એટલું જ નહિ પણ તે સાથે એ દેશમાં બંદરો છે તેથી ત્યાંના વ્યાપારિયો "દ્રવ્ય મેળવે છે અને માંહેલા પ્રાન્તોમાં મોજશોખને સારૂ વસ્તુઓ પૂરી "પાડવામાં આવે છે, એવો લાભ આપવાનું અભિમાન ઉપરના ત્રણે દેશોથી "કરી શકાવાનું નથી."

૧ સોરઠના કિનારા ઉપર વેરાવળનું બંદર છે, તેને હિન્દુઓ "શોકનું સ્થાન" કરીને કહે છે, કેમકે શ્રી કૃષ્ણ અને તેના સોબતી યાદવોના મરણ ઉપર રૂકમણી અને યાદવોની સ્ત્રિયો પોતાના ધણીની સાથે બળી મોઈ છે. વેરાવળની પાસે એક કુંડ છે તે કૃષ્ણની માનીતી ગોપિયોના નામ ઉપરથી "ગોપિયોનો કુંડ" કરીને કહેવાય છે, તેની તર ધોળી છે અને તે ગોપીચંદન કહેવાય છે, તેનો ઉપયોગ વૈષ્ણવો કરે છે તેમાં મુખ્યત્વે કરીને રામાનંદી સાધુ તેનાં તિલક પોતાને કપાળે કરે છે.

શિવના દેશમાં જે શંખ રાખવામાં આવે છે તે દ્વારકાંની પાસે સોરઠના કિનારા ઉપરથી મળી આવે છે. ર. ઉ.

હરિવંશના એટલે ગિરનારના[1] યાદવ કુળના રાજાઓના ઇતિહાસ સંબંધી અમારી પાસે કશું સાધન નથી, એ શોચનીય છે. અમે તેમની રાજધાનીનું વર્ણન કરી ગયા છિયે. અમે રા' ખેંગારની વાત લખી ગયા છિયે; ગોહિલ અને બીજા, રા'હના પટાવત તરીકે સોરઠમાં પેઠા હતા અને ત્યાર પછી તેઓના ત્યાં ન્હાના ન્હાના વિભાગ થઈ ગયેલા આપણા જોવામાં આવ્યા છે. હવે તો માત્ર, મુસલમાનોએ જિત કરી લેવાને લાંબા પ્રયત્નો કર્યા અને તેમાં તેઓ જય પામ્યા તે તથા ચૂડાસમાવાળાએ કેવળ પોતાના ગ્રાસને વાસ્તે પોતાના અસલના ખેંગાર વંશના હક્કથી રાજ્ય ઉપર દાવો ઉઠાવ્યો અને પછી સર્વ પતી ગયું અને સોરઠમાં એકત્ર થયેલાઓનો (મુસલમાનોનો) વાવટો ફરુકવા લાગ્યો એટલું લખવાનું રહ્યું છે.

મુસલમાની ઇતિહાસકર્ત્તા કહે છે: "અહંમદ શાહને ગિરનારનો ડુંગરી "કિલ્લો જોવાની ઘણી જિજ્ઞાસા થઈ હતી. તે ઉપરથી બંડખોરોની પાછળ "તેણે તે દિશામાં દોડ કરી; અને કોઈ પણ રાજાએ મુસલમાની રાજ્યનું "ધુંસરૂં ધારણ કરવાને પોતાની ડોક નીચી નમાવી ન હતી, તેથી શેર મલીકને - "સોરઠના રાજાએ પોતાના રક્ષણ નીચે રાખ્યો માટે તેના દેશ ઉપર ચડાઇ "કરવાનો સારો સબબ મળ્યો. ડુંગરાઓની પાસે તે આવી પ્હોંચ્યો એટલે "હિન્દુ રાજા તેની સામો થયો, પણ મુસલમાનોના લડાઈ સમયના પ્રહારનો "તેને અનુભવ થયેલો ન હતો તેથી તે હાર્યો અને ગિરનારનો કિલ્લો હવણાં "જે જૂનાગઢ કહેવાય છે ત્યાં સંતાઈ પેઠો ત્યાં સુધી તેનો કેડો લીધો. "થોડી વાર પછી રાજાએ પ્રતિવર્ષ ખંડણી આપવાનું કબુલ કર્યું અને "પાદશાહના મુખ આગળ મ્હોટી ભેટ ધરી. રાજાએ કબૂલ કરેલી રકમ "ઉઘરાવી લેવાને અહંમદ શાહ પોતાના કારભારિયોને મૂકી, અમદાવાદ પાછો "ગયો; રસ્તે જતાં તેણે સિદ્ધપુરનાં દેવાલયોનો નાશ કર્યો, ત્યાંથી તેને "મૂલ્યવાન જવાહીર અને બીજું ધન મળ્યું."

---

૧ રોયલ એશિયાટિક સોસાઈટી(મુંબઈ બ્રાન્ચ)ના ટ્રાન્ઝાકશના પ્હેલા ભાગમાં, રા' ખેંગારના ગિરનાર ઉપરના મ્હેલના દરવાજા ઉપરના લેખની તક્તીનો એક ભાગ છે. તેમાં નવઘણ, ખેંગાર, અને મંડલિકનાં નામ છે તથા સિદ્ધરાજ જયસિંહ વિષે લખ્યું છે કે, "પૃથ્વીથી મળતી ચોખ્ખી મઝાહના ભોગના પ્રવાહથી એની આંખ્યો ભીંજેલી "અને ખુમારીભરેલી રહેતી; તેની કીર્ત્તિના મહિમાથી શત્રુ અંજાઈ જતા હતા, અને "જે રાજાઓ તેને પાદવંદન કરતા તેઓના ચકચકિત મુકુટ મણિયોમાંથી ઉત્પન્ન થતા "જળ વડે જેનું પાદપ્રક્ષાલન થતું હતું." ખેદકારક વાત એ છે કે આ લેખ ઉપર તારીખ નથી.

અહંમદ શાહે વિશેષ બળિયા હિન્દુ રાજાઓ સામે પ્રયત્ન કરવા માંડ્યો તે સાથે ગૂજરાતમાં જૂદે જૂદે ઠેકાણે ઘણાએક ઠાકોરો ઘણી અથવા થોડી ધરતીના ધણી હતા તેમની સામે પણ તેણે યત્ન કરવા માંડ્યો. તે માંહેલા કેટલાક તો જંગલ અને પર્વતના પ્રવેશ થઈ શકે નહિ એવા સ્વાભાવિક કિલ્લાઓથી રક્ષાયલા હતા, તેમની ઉપર બહુ સંકટથી ખંડણી બેસારી. પણ ઘણું લશ્કર આવ્યું હોય ત્યારે તેમને ખંડણી આપવી પડે, તે વિના મૂળ-માંથી જ તેઓએ ખંડણી આપવી બંધ કરી. બીજા કેટલાકનાં રહેઠાણ બરા-બર રક્ષણ થઈ શકે એવી જગ્યાએ હતાં નહિ તેથી તેઓને તેમની ધરતી-માંથી હાંકી ક્હાડ્યા, પણ તેઓએ બ્હારવટે નીકળીને ઉપરાચાપરી હુમલા કરવા માંડ્યા, તેથી ગર્વિષ્ટ બાદશાહને આખરે તેઓનું સમાધાન કરવાની જરૂર પડી અને તે લોકોએ પણ પોતાના વંશપરંપરાના ગ્રાસમાંથી ખંડણી આપવાનું કબૂલ કરીને તેની સત્તા માન્ય રાખી. કેટલાક હતા તેમને સમ-જાવીને અથવા બળાત્કાર કરીને તેમના પૂર્વજોનો ધર્મ બદલીને મુસલમાની ધર્મ કબૂલ કરાવ્યો; તેમના ઉપર સારી નજર રહી અને તેઓ મુસલમાની જમિનદાર થયા. તથાપિ તેમનાથી એ કામ સંપૂર્ણ કરી શકાયું નથી; એ તો સિસિફસના[1] જેવા પ્રયત્ન કરવા જેવું હતું; ઠાકોરો અને રાવના ઉપર રાજ-ભક્તિની સત્તા ઓછી બેઠી હતી તેમ જ જમિનદારો ઉપર પણ ઓછી બેઠી હતી, અને ઉદ્ધત મુસલમાનોને ઘણો ગર્વ છતાં પણ ગૂજરાતમાં સલાહ-શાન્તિ અને એકત્રપણું સ્થાપવાનું કામ લાંબા ભવિષ્યકાળ ઉપર થનારા, તેમના કરતાં વિશેષ ડાહ્યા, અને વિશેષ દયાવંત હાથથી થવાનું બાકી રહી ગયું.

મિરાતે અહંમદીનો કર્ત્તા ક્હે છે: "અલાઉદ્દીનના વારામાં મુસલ-"માની ધર્મ પશ્ચિમમાં નેહેરવલ પટ્ટણથી તે પૂર્વમાં ભડોચ સુધીના પ્રદેશમાં "દાખલ થયો હતો, એ વાત ખરી; પણ હજી લગણ ઘણી જગ્યાએ પાખંડી "ધર્મ ચાલતો હતો, ત્યાં ગૂજરાતના પાદશાહોના પ્રયત્નથી રહેતાં રહેતાં "ચોખવટ અને સુધારો થવા લાગ્યો; અને શાહ અહંમદની મ્હેનતથી કેટલેક "ઠેકાણે ધર્મનું અજવાળું થયું."

૧ Sisyphus નરકમાં પડેલો હતો તેને એક ચમત્કારિક પત્થર ડુંગરની ટોચ ઉપર પ્હોંચાડવાની શિક્ષા કરવામાં આવી હતી. તે પ્રમાણે તે પત્થર ઉપર લઈ જઇને મૂકે કે તેમાં એવો ચમત્કાર હતો કે પાછો નીચે ગગડી પડે, એટલે તેને ખાલી ચડઉતર કરવી પડતી હતી ને તેનો બધો શ્રમ વ્યર્થ જતો હતો. ર. ઉ.

ઈ૦ સ૦ ૧૪૧૪ ના વર્ષમાં તાજુલ-મુલ્કનો ઈલકાબ આપીને બાદશાહે પોતાના એક કારભારીને ગૂજરાતમાં મુસલમાની સત્તા સ્થાપવાનું અને મૂર્ત્તિ-પૂજકોનાં દેવળ તોડી પાડવાનું કામ સોંપ્યું. તે કામ તેણે એવી હોંશિયારીથી બજાવ્યું કે ફેરિશ્તાના માનવા પ્રમાણે આખા રાજ્યમાં મેવાસ અને ગ્રાસનું નામ સંભળાતું બંધ થયું.

રાજ્યના ફેરફાર સંબંધી અમે જે ઉપર પ્રમાણે લખવાને પ્રયત્ન કર્યો છે તે સંબંધી ભાટલોકો બોલ્યા વિના રહ્યા હોય એમ ધરાય નહિ, અને તેઓએ તેમ કર્યું પણ નથી, અને અગર જો તેમના સદાના સ્વભાવ પ્રમાણે તેઓએ ધર્મ અથવા રાજપ્રકરણના કરતાં સંસારી બાબતને મુખ્ય ગણી છે તોય પણ તેઓએ અહંમદ શાહની નીચે લખેલી વાતમાં એવા સમયનું વર્ણન આપ્યું છે અને કદાપિ તે ઇતિહાસમાં જોઇયે તે પ્રમાણે બારીક વિસ્તાર-વાળું નથી, તો પણ એટલા બધા દમવાળું છે કે તે આ ઠેકાણે પડતું મૂકાય એવું છે જ નહિ.

અહંમદ શાહનો વિવાહ સંબંધી આર્જવ

આ નીચેની ભાટની વાત ઉપરથી જણાય છે કે, જ્યારે પાદશાહે વાઘેલાઓનું રાજ્ય લીધું, ત્યારે તે વંશના વરસોજી તથા જેતોજી નામે બે ભાઇયો બ્હારવટે[1] નીકળ્યા. અણહિલવાડ પાટણની પાસે થળ પરગણાનાં

---

૧ કર્નલ વાકર કહે છેઃ-"બ્હાર=બારણે અને વાટ=રસ્તો, જે ગામ બારણે નીક-"ળીને રસ્તો પકડે તે બ્હારવટિયો. રજપૂત અથવા ગ્રાસિયા પોતાની રૈયતને અને "આશ્રિતોને પોતાનું ગામ છોડાવે છે એટલે તે ઉજ્જડ થઈ પડે છે. ત્યાર પછી ગ્રાસિયો "પોતાના ભાયાતોને લઈને પોતાનું રક્ષણ થાય એવી જગ્યાએ જઈને રૂહે છે અને "કોઈના સપાટામાં આવી જાય નહિ એવી રીતે ત્યાં રહીને લૂટફાટ કરવાનું કામ ચલાવે "છે. તેઓને દેશની માહિતગારી સારી હોય છે. અને પ્રત્યેક કુટુંબના માણસોને એ "પ્રમાણે પોતાના નુકસાનનો બદલો વાળી લેવાનું સામાન્ય સાધન છે તેથી, બ્હારવટિ-"યાના શત્રુના ભેગો જેઓનો સ્વાર્થ હોતો નથી તેઓનાથી ધાસ્તી રાખવાનું તેને "રહેતું નથી. તેટલા માટે તેનો નાશ થતાં સુધી અથવા તેના કુટુંબના મુખ્ય માણસને "નિકાલ કરવાની અગત્ય પાડતાં સુધી ઘણું નુકસાન કરવાને શક્તિમાન થાય છે. દેશમાં "ન્હાના ન્હાના કિલ્લાઓ હોય છે તેમાં ભરાઈ પેસવાનું મળે છે અને તેઓને શિક્ષા "કરનારાઓ પાસે તોપનું પૂરૂં સાધન હોતું નથી. કદાપિ હોય છે તો તેનો ઉપયોગ "કરવાની કુશળતા હોતી નથી તેથી પોતાના શત્રુનું કાંઈ ચાલે નહિ એમ બ્હારવટિયો "પોતાનું રહેઠાણ પકડી બેસે છે અને આ પ્રમાણે તેને સાધન મળે છે, તેથી તેને ઘણી "લૂટફાટ કરવાને ફાવે છે, પણું જો એમ હોય નહિ તો જરા પણ ફાવે નહિ."

ઈડરના ડુંગરી પ્રદેશમાં, અને ગૂજરાતની ઈશાન કોણમાં આવા બ્હારવટિયાને

ભીલડીગઢ અને **સરધાર** કરીને બે ગામ છે ત્યાં તેઓ કુટુંબ સહિત છાના રહ્યા, તેમાં વરસાજીનું કુટુંબ **ભીલ**ડીમાં રહ્યું, તેથી તેના વંશજ ભિલડિયા કહેવાય છે, અને જેતાજીનું સરધારમાં રહ્યું તેથી તેના વંશના **સરધારા વાઘેલા** કહેવાય છે. તેઓ કુટુંબ છોડીને સુમારે ૧૫૦ અશ્વારો સહિત **અમદાવાદ** સુધી ઉપદ્રવ કરતા હતા. કોઈ કોઈ વાર રાત્રે અને કોઈ વાર દાહાડે તેઓ અમદાવાદનાં ગામ લૂંટતા હતા; તથા કોઈ વાર બાન ઝાલી જતા હતા. તેઓને ઝાલવાને **સુલતાન અહંમદ પાદશાહ** ઘણી ઘણી યુક્તિઓ કરતો પણ તેનું કાંઈ ચાલતું નહિ. છેવટે તેમની ખર્ચી ખૂટી પડવાથી તેઓને ઘણું સંકટ સોસવું પડ્યું, અને રહેતાં રહેતાં તેમના અશ્વારો બહુ ઓછા થઈ ગયા. **સાંતજ** ગામની પાસે, અમદાવાદ અને કડીના રસ્તાની વચ્ચે **નાસમધ** કરીને ગામ છે તેના તલાવ ઉપર, એક રાત્રિયે બંને ભાઈ આવ્યા. તેવામાં તે ગામનો એક રજપૂત **ભંડારી** અખો કરીને પરોડિયે ખાતરનું ગાડું ભરીને પોતાના ખેતરમાં હાંકી જતો હતો; તેને આવતો જોઈને **વાઘેલા**નો એક માણસ સંતાઈ ગયો. તે અખાનો ખેડુત ગાડું હાંકતો હતો તેના જોવામાં આવ્યો એટલે તે બોલ્યો: "ભાઈ! તલાવ ઉપર બ્હારવટિયા આવ્યા હોય "એમ લાગે છે માટે આપણે વ્હેલા વ્હેલા જતા રહિયે તો બહુ સારૂં." અખો બોલ્યો: "તારે ડરવું નહિ, તેમનામાં મારા જેવો કોઈ રજપૂત "નથી, જો હોય તો ત્રીજે દાહાડે ગ્રાસ પાછો વાળ્યો હોય" વાઘેલાના માણસે આ વાત સાંભળી અને તે પોતાના ઠાકોરોને જઈને કહી. તેઓએ રજપૂતને પોતાની પાસે બોલાવ્યો. અખો **ભંડારી** તેમની પાસે આવ્યો એટલે તેમને પૂછ્યું: "ભાઈ! તમે શું કહેતા હતા?" અખાએ મનમાં વિચાર કર્યો:–"મેં સહજ મશ્કરીમાં કહ્યું હતું પણ હવે આપણે ફરી જવું નથી." તે બોલ્યો: "હા ઠાકોર! જો તમારામાં મારા જેવો રજપૂત હોય તો ત્રણ "દિવસમાં ગ્રાસ પાછો વાળી આપે." આવું સાંભળીને બન્ને ભાઈયોએ કહ્યું: "એક હજાર રૂપિયાનો ઘોડો તમને ચડવાને આપિયે અને બીજું તમે જે કહેશો "તે આપીશું." એમ કહીને તેને પોતાની સાથે અમદાવાદ લઈ ચાલ્યા.

"વખે છે" એમ કહે છે. તેના દાખલા આગળ ઉપર ઘણા લખવામાં આવશે. બ્હારવટિયાના જેવાં કામ કર્યા વિષેનું સામ્યુઅલના બીજા ભાગના ચૌદમા પ્રકરણમાં લખેલું છે:– "એટલા માટે આબસેલમે જોબને બોલાવા તેડું મોકલ્યું કે તેને રાજા પાસે મોકલવામાં "આવે. પણ તે તેની પાસે આવ્યો નહિ. ફરીને બીજી વાર તેડાવ્યો તો પણ આવ્યો "નહિ ત્યારે તેણે પોતાના માણસોને કહ્યું કે મારા ખેતરની પાસે જોબનું ખેતર છે ને "તેમાં જવ વાવેલા છે ત્યાં જાઓ અને તે સળગાવી મૂકો. આબસેલમના માણસોએ "જઈને ખેતર સળગાવી મૂક્યું."

હુરમ અથવા પાદશાહની બેગમ અને મુસલમાન સરદારોની બેગમો પાંચસેં રથ તથા બીજા માણુસ લઇને દર શુક્રવારે સરખેજની પાસે મકરબાને રોજે જતાં હતાં. પણ ચાકર નફરો થોડે છેટે ર્‌હેતા હતા, અને બેગમો એકલી પીરની કબર પાસે જતી હતી. આખા ભંડારિયે પેલા બે ભાઈયોને કહ્યું:–"તમે આ બેગમોને ઝાલી લેશો નહિ ત્યાં સુધી તમારો "ગ્રાસ પાછો વળવાનો નથી." જ્યારે ઓરતો મકરબા(મુકબરા)માં ગઈ ત્યારે રજપૂત અશ્વારોએ તેમને ચોમેર ઘેરી લીધી. હુરમાએ પૂછ્યું:–"તમે "કોણ છો?" તેઓ બોલ્યા:–"અમે વરસો અને જેતો છિયે. અમારો ગ્રાસ "ગયો છે તેથી અમે હવે મરવાનો ઠરાવ કર્યો છે, અને અમે તમારા રથ "હાંકી જઇશું." તે સાંભળીને હુરમ બોલી: "જો તમે મારી લાજ લેશો તો "મારે મરવું પડશે. હું હવણાં શહરમાં જઈને તમારો ગ્રાસ તમને તરત જ "પાછો અપાવીશ." આ વિષેના તેણે ખરેખરા સોગન ખાધા, એટલે તેઓ જતા રહ્યા. એટલામાં બેગમની સાથે માણસો હતા તેમના જોવામાં વાઘેલા આવ્યા એટલે લડવાને સામા થયા, પણ તે રજપૂતોને પજવવાની બેગમે ના કહી, તેથી તેઓએ તેની આજ્ઞા માની. હુરમ શહરમાં ગઈ અને રાત્રે દીવા શણગારવાની ના કહી ને ખેદ પામતી બેઠી. પાદશાહને આ વાતની જાણ થઈ, એટલે તે તેની પાસે આવ્યો, અને ક્‌હેવા લાગ્યો: "એવું તે શું થયું છે?" તેણિયે બધી વાત માંડીને કહી અને બોલી:–"મેં સોગન ખાધા "છે માટે તમે બન્ને ભાઇયોને બોલાવીને તેમનો ગ્રાસ તેમને પાછો આપો. "જો તેઓ મારો રથ હાંકી ગયા હોત તો પછી પાદશાહની શી શોભા ર્‌હેત?"

પાદશાહે બન્ને ભાઇયોને આદરમાન સહિત અમદાવાદમાં તેડાવીને શિરપાવ આપવાનું વચન આપ્યું. હુરમે તેમને પાલડીની પાસે ઘોડીકૂવો છે ત્યાં આગળ ર્‌હેવાનું કહી રાખ્યું હતું અને કહ્યું હતું કે સવારમાં હું તમારી પાસે બાંહધર મોકલીશ. તે પ્રમાણે તેઓ ત્યાં રહ્યા હતા, અને સવારમાં પાદશાહે પોતાના બે કારભારી માણેકચંદ અને મોતીચંદને તેમની પાસે મોકલ્યા. તેઓ ત્યાં ગયા અને એક માળીને કહીને વરસાજીને અને જેતાજીને પાસે બોલાવ્યા. વાઘેલા બોલ્યા: "અમને ઝાલીને કેદમાં નાંખશે "નહિ તેની ખાતરી કેમ થાય?" કારભારિયો બોલ્યા: "એ વિષેના અમે "જમાન થઇયે છિયે." એમ કહીને સોગન ખાઈને તેઓને શહરમાં તેડી લાવ્યા. દરવાજે આવ્યા ત્યારે સંધ્યાકાળ પડવા આવી હતી તેવામાં રસ્તાની એક બાજુએ એક સ્ત્રીને લાજ વિનાની રીતે બેઠેલી જોઈ એટલે વાઘેલાઓએ પૂછ્યું: "આ કેઈ નાતની હશે." ત્યારે કારભારિયો બોલ્યા: "સો વશા એ બ્રાહ્મણ

"કે વાણિયાની નાતની હશે." પછી રજપૂતોએ તેમને પૂછ્યું: "તમે શી નાતના છો?" ત્યારે તેમણે ઉત્તર આપ્યું: "અમે વાણિયા છિયે." પછી વરસાએ જેતાને કહ્યું: "ભાઈ! જેની બાયડિયો આવે ધોળે દિવસે ઉઘાડી બેસે છે "તેના દીકરા આ કારભારિયો છે, તેથી જો પાદશાહ આપણને કેદખાનામાં નાંખે "તો પછી તેમને શી શરમ રહી? અથવા પાદશાહના ઉપર તેમનું શું ચાલી "શકશે? માટે આપણે તો અહિંથી પાછા જવું જોઇયે." પછી તેઓએ કારભારિયોને કહ્યું: "અમે તમારી બાંહધરી ઉપર વિશ્વાસ રાખી શકતા નથી." એમ કહીને તેઓ પાછા વળી ઘોડીકૂવે ગયા. કારભારિયોએ જે બન્યું હતું તે જઈને પાદશાહને કહ્યું. ત્યારે પાદશાહે વિશ્વાસ નહિ આણવાનું તેમનું કારણ પૂછાવ્યું. તેઓએ ક્હાવ્યું કે પાકી બાંહધરી વિના અમે આવનાર નથી. પછી પાદશાહે બાંહધરીને સારૂ અમીરોને મોકલ્યા, એટલે રજપૂત અશ્વારો શહર ભણી આવ્યા. તે વેળાએ સાંજ પડવા આવી હતી અને રસ્તો સાંકડો હતો. જેવા તેઓ ખૂણામાં વળ્યા કે એક પઠાણની ઓરત બુરખો નાંખીને ચાલતી હતી; તેણે અશ્વારોને દીઠા એટલે સંતાઈ જવાને ફાંફાં મારયાં, પણ એવી કોઈ જગ્યા જોવામાં આવી નહિ. ત્યારે તેણે મનમાં વિચાર કરયો કે, હું પઠાણની દીકરી છું ને કોઈ મારૂં મ્હોં જૂવે તે ઠીક નહિ તેથી બીજો એકે ઉપાય રહ્યો નહિ એટલે પાસે એક કૂવો હતો તેમાં પડી. તેનો ધબકારો સાંભળીને ઘણા લોકો એકઠા થઈ ગયા. જ્યારે તેને બ્હાર ક્હાડી ત્યારે વરસાની ને જેતાની ખાતરી થઈ કે આવી સ્ત્રિયોના દીકરાની બાંહધરી જોખમ વિનાની છે. પછી તેઓ પાદશાહની કચેરીમાં આવ્યા ત્યાં તેમનાં જૂનાં લૂગડાંને બદલે તેમને નવાં પ્હેરાવ્યાં. જૂનાં લૂગડાંમાંથી ચાર શેર લીખો ક્હાડી નાંખી—આવું સંકટ તે રજપૂતોએ જંગલમાં વેઠ્યું હતું.

બન્ને ભાઇયોએ વિચાર્યું કે પાદશાહ આપણી ઉપર રાજી થાય એમ કરવું. પછી પોતાની બ્હેન લાલાં કરીને હતી તે તેને વ્હેરે પરણાવી. પછી પાદશાહે તેમને પાંચસે ગામનું તેમનું કલોલ પરગણું આપ્યું અને પૂછ્યું: "તમે શી રીતે વ્હેંચી લેશો?" વરસો અને જેતો બોલ્યા: "ચાલ પ્રમાણે "મ્હોટા ભાઈને વધારે ભાગ મળવો જોઇયે." પાદશાહે પૂછ્યું "મ્હોટાને મ્હોટો ભાગ મળવો જોઇયે તેનું કારણ શું? તેનું ન્હાના ભાઇયે ઉત્તર આપ્યું કે, બળાત્કાર એ જ એનું કારણ છે. અહંમદ શાહ બોલ્યો કે તમે બન્નેએ સમાન દુઃખ વેઠ્યું છે માટે બરાબર ભાગે વ્હેંચી લેવું. આ ઉપરથી વરસાએ કલોલ ને ૨૫૦ ગામ લીધાં. તેના વંશના પાટવી રાજા આજ લેંબોદરે છે અને કટાયા, પેથાપર અને પેંડાઈડે છે, તેમના તાબામાં હાલ બારબાર ગામ

છે. બાકીનાં કોળી લોકો દબાવી પડ્યા છે. ન્હાના ભાઇ જેતાને સાણંદનાં ૨૫૦ ગામ મળ્યાં. એ બેમાં ન્હાના મ્હોટાનો ભેદ એટલો રાખ્યો કે મ્હોટાને મીઠા પાટનો ભાગ મળ્યો ને ન્હાનાને ખારા પાટનો ભાગ મળ્યો. પણ જતે દહાડે ન્હાનાની ભોંયમાં સારા ઘહું પાકવા માંડ્યા ને મ્હોટાની ભોંયમાં મઠ સરખા પણ ભાગ્યે જ પાકવા લાગ્યા.

આ બનાવ બન્યા પછી, બિહોલો સામતસિંહ ફરીને ૩૫૦ ગામોનો ઠાકોર એક દિવસે પાદશાહના મ્હેલ નીચે થઈને જતો હતો. ઉન્હાળાનો દિવસ હતો તેથી તાપ ઘણો પડતો હતો, તેથી તેણે પોતાના માથા ઉપર લૂગડું નાંખ્યું હતું. કેમકે તે વેળાએ છત્રિયો રાખવાનો ચાલ ન હતો ને માત્ર મ્હોટા મુસલમાન ઉમરાવ લોકોને આફતાબગિરિ વાપરવાની પરવાનગી હતી. આ સમયે વરસો ને જેતો મ્હેલના એક છજામાં બેઠેલા હતા. તેઓ મશ્કરીમાં બોલ્યા: "આ માથાઢંકો કોણ જાય છે?" સામંતસિંહે આવું સાંભળીને કહ્યું: "અમે માથાઢંકા નહિ, જેની બ્હેન કે દીકરી તુર્કને દીધી "હોય તે માથાઢંકા કહેવાય." આ સાંભળીને વરસાને ને જેતાને ઘણો ક્રોધ ચડ્યો; અને ધાર્યું કે આપણે એની દીકરી તુર્કને અપાવીને આપણા જેવા કરિયે તો જ આપણે વરસો ને જેતો ખરા, નહિ તો આપણા જિવતરને ધિઃકાર છે. પછી સામતસિંહ તો પોતાને ઉતારે ગયો. વાઘેલા ભાઇયોએ લાગ મળ્યો, એટલે પાદશાહને કહ્યું: "બિહોલા ઠાકોરે અમારૂં અપમાન કર્યું છે "ને એને ચૌદ વર્ષની દીકરી ઘણી રૂપાળી છે, તેની સાથે આપના નેકા થાય "તો અમારે માથેથી ગાળ ઉતરે." પાદશાહે તેમનું કહેવું માન્ય રાખ્યું અને પોતાના કેટલાક મોગલ અમીરોને કહી રાખ્યું: "જ્યારે સામતસિંહ "કચેરીમાં આવે ત્યારે તેની દીકરી મારી વ્હેરે પરણાવાનું માગું કરવું." તેઓ બોલ્યા: "બંદેનવાજ! એ સામતસિંહ તો મેવાસનો રહેનાર છે; તેથી અમે "જે કહીશું તે તરત માનશે નહિ; અને એવી વાત અમારે મ્હોડેથી નીકળવી "ઘણી કઠિણ છે." પાદશાહ બોલ્યો: "વારૂ ત્યારે એ આવે એટલે મને યાદ "દેવરાવજો, અને હું એને કહીશ."

તે પછી એક દિવસ સામતસિંહ કચેરીમાં આવ્યો. એટલે મોગલ "અધિકારીયોએ સુલ્તાનને યાદ દેવરાવ્યું તેથી તે બોલ્યો: "સામતસિંહ! તમારે "શાં ફરજંદ છે?" ઠાકોરે ઉત્તર આપ્યું: "બંદેનવાજ! મારે એક દીકરો છે ને એક દીકરી છે." અહમદ શાહ બોલ્યો: "દીકરી કેટલા વર્ષની છે." તે બોલ્યો: "તે સાત વર્ષની છે:" પાદશાહે પૂછ્યું: "રજપૂતો પોતાની દીકરિયો પરણાવવાને એટલી બધી વાર કેમ કરે છે?" ઠાકોર બોલ્યો:—

"અમારે બે ત્રણ હજાર રૂપિયા દીકરી પરણાવતાં થાય, અને એટલા એકઠા "કરી રાખવાનું કામ ઘણું અઘરૂં છે; અને વળી વિશેષમાં એ કે જો તેને "ન્હાનપણમાંથી પરણાવિયે ને તે મરી જાય તો ખર્ચ કરેલો નિષ્ફળ જાય." પાદશાહ બોલ્યો:–"ત્યારે સામતસિંહ! તમે તમારી દીકરીને પાદશાહના "તખ્ત વ્હેરે પરણાવો." ઠાકોર બોલ્યો: "બંદેનવાજ! આપ ઠીક કહો છો, હું "જાણું છું કે હિન્દુ રાજાઓની ઘણી દીકરિયો આપના જનાનામાં છે. ઝાલો-"લના રાજાની, ઈડરના રાજાની અને બીજાની છે. તેથી મારી દીકરી પણ "તેમાં હોય તો તે પાંશરૂં છે, પણ હવણાં તે ઘણી ન્હાની છે, અને રૂપે રંગે "પાદશાહને લાયક નથી. પણ અમારા ભાઈભિત્રીજાઓમાંથી કોઈની પાદશાહ "લાયક હશે તો તેની અમે શાદી આપવાની સાથે કરીશું." પાદશાહ બોલ્યો:– "ગમે તેમ હોય પણ તમારી દીકરી મને પરણાવો." સામતસિંહે તેની ન્હાની વય માટે ઘણાં બ્હાનાં બતાવ્યાં, પણ પાદશાહ હઠે ચડ્યો, એટલે છેવટે તેણે તેનું કહ્યું માન્ય કરચું. ઠાકોર ઉતારા ઉપર ગયો; અને પાદશાહે વરસાને ને જેતાને બોલાવ્યા અને કહ્યું:–"તમે ના કહેતા હતા પણ સામતસિંહે પોતાની દીકરી "દેવાનું કબૂલ કરયું છે." તેઓ બોલ્યા: "એણે એટલે સુધી હા કહી છે "ખરી, પણ રજપૂતોમાં વસંત ચડાવવાનો ચાલ છે તે જો બિહોલો લઈ "જાય તો અમે માનિયે કે વિવાહ ચોક્કસ થયો."

કેટલાક દિવસ પછી, સામતસિંહ કચેરીમાં આવ્યો ત્યારે અહંમદ શાહે તેને કહ્યું: "સામતસિંહ! તમે તમારી દીકરીનું વસંત લઈ જાઓ." ત્યારે તેણે કહ્યું: "મારે ગામ જતી વેળાએ હું લેતો જઈશ." પાદશાહ બોલ્યો: "નહિ હવણાં ને હવણાં તમે તમારે ઉતારે લઈ જાઓ." પછીથી તેણે વસંત ઠાકોરને બલાત્કારે વળગાડ્યું. પછી પાદશાહે બન્ને ભાઇયોને કહ્યું: "તમારૂં "પ્હેલું ભવિષ્ય જેમ ખોટું પડ્યું તેમ આ પણ ખોટું પડ્યું, કેમકે બિહોલાએ "વસંત લીધું." તેઓ બોલ્યા: "તેણે વસંત તો લીધું ખરૂં પણ તે નક્કી લગ્ન "લેશે નહિ" આ ઉપરથી પાદશાહે સામતસિંહને બીજા મેળાપની વેળાએ કહ્યું: "તમે લગ્નનો દિવસ નક્કી કરો." તેણે ઉત્તર આપ્યું "હું દશ મહિનાથી "અહિં જ છું; માટે મારે ગામ જઈને મારી ઉપજનીપજ સંભાળું ને પછી "સરસામાન એકઠો કરતાં એક વર્ષ થશે; ને પાદશાહ મારે ઘેર પરણવા "આવે તેનો ખર્ચ ઉપાડવાનું હવણાં મારૂં ગજું નથી. માટે જરાક થોભો." પાદશાહ બોલ્યો: "તમારે જોઇયે એટલું અમારા ખજાનામાંથી લઈ જાઓ "પણ લગ્નનો દિવસ નક્કી કરો." તે બોલ્યો: "બંદેનવાજ! આપનાં નાણાંવતે "લગ્ન કરૂં તો મારી શોભા કહેવાય નહિ" પણ પાદશાહે તો ઊંટ ઉપર નાણાં

લદાવીને બિહોલ પ્હોંચાડ્યાં. તે પૈસા વડે સામતસિંહે બિહોલને કોટ ચણાવ્યો, બુરજ કરાવ્યા. અને યોદ્ધા રાખ્યા તથા દારૂ, ગોળી એ સર્વ એકઠું કરચું. પછી પાદશાહને ક્હાવી મોકલ્યું: "હવે પરણવા સારૂં પધારજો."

બિહોલથી આશરે ૧૪ માઇલ ઉપર એક ડુંગર છે, ત્યાંની જગ્યા ઘણી ભયંકર છે; અને ત્યાં "ઘોરીપાવટી" કરીને એક કિલ્લો છે. તે ઠેકાણે સામતસિંહે એક મ્હેલ બંધાવ્યો હતો અને કદાપિ બિહોલથી નાસવું પડે તો સંતાઈ પેસવા સારૂ એક વિશાળ ભોંયરૂં પણ કરાવી રાખ્યું હતું. મ્હેલ તથા ભોંયરાનાં ખંડેર હજી લગી ત્યાં છે. અને લોકો ક્હે છે કે ત્યાં ઘણું ધન ડાટેલું છે, પણ ભ્રમરના ભયથી તેમાં કોઈનાથી પેશી શકાતું નથી.[૧] ત્યાંથી બે ગાઉ ઉપર કેદારેશ્વર મહાદેવ છે, તે પાંડવના વારાના છે એવું ક્હેવાય છે તથા ત્યાંથી સાત ગાઉ ઉપર ઊંટડિયા મહાદેવ છે તે પાંડવના વારા કરતાં પણ પૂર્વના છે.

પાદશાહ પોતાની સાથે લશ્કર લઈને બિહોલ ભણી આવ્યા અને ગામથી બે ગાઉ ઉપર મેલાણ કરચું. સામતસિંહે પોતાના ભાઈભત્રીજા મોકલીને પાદશાહને ક્હેવરાવ્યું: "મુસલમાનની રીત પ્રમાણે નકા પઢશો

---

૧ પૂર્વ ભણીના દેશમાં અને બીજી એવી જ જગ્યાએ મધમાખિયો જે શત્રુ થઈ પડે છે તે કાંઈ જેવી તેવી નથી. ડયુટેરોનોમીમાં મોઝીઝે ઇસરાયલોને યાદ દેવરાવ્યું છે તેમાં પર્વતના ર્‍હેનાર આમોરૈટો મધમાખિયોની પેઠે કેવા તેમની ઉપર તૂટી પડ્યા હતા, અને તેમની પછાડી પડ્યા હતા તે જણાવ્યું છે, અને ભ્રમર અથવા વિષશૃંગી ઈશ્વરની સેનાના અગ્રગામિયોએ તેમના શત્રુઓને કેવા નસાડી મૂકયા તે વિષે જોશુઆએ લખેલું છે. કર્નલ ટૉડ પણ પોતાના વેસ્ટર્ન ઈન્ડિયા નામના પુસ્તકમાં અમદાવાદના સુલતાન મહમૂદ બેગડા વિષેની વાત લખે છે તથા આબુ પર્વત ઉપરની અચળેશ્વરના દેરામાંની પોઠિયાની વિશાળ મૂર્ત્તિ તોડવાનો પ્રયત્ન કરચો તે વિષે પણ આમ જણાવે છે: "અચળ ગઢનો નાશ કરીને આબુ પર્વત ઉપરથી "ઉતરતાં તેનો જિતનો વાવટો ફરકી રહ્યો હતો તેવામાં નહિ ધારેલી જગ્યાએથી એકા- "એક ગડબટાટ ઉઠ્યો. શિખરમાં ભરાઈ પેઠેલું મધમાખિયોનું સૈન્ય તેઓની ઉપર તૂટી "પડ્યું અને છેક ઝાલોર સુધી તેઓની પછવાડે પડ્યું. નાશ કરનાર ઉપર આવો જય "મેળવ્યો તેનું સ્મરણ ર્‍હેવા સારૂં તે ઠેકાણાનું નામ ભ્રમરથળ પડ્યું. ત્યાં એક દેવલ બંધાવ્યું અને લશ્કરે નાસતાં લઈ લીધેલાં હથિયાર નાંખી દીધાં હતાં તે સર્વ એકઠાં "કરીને તેનું એક વિશાળ ત્રિશૂળ બનાવ્યું અને નંદીનું આવું અપમાન કર્યું તેઓનું "વૈર લેનાર દેવ આગળ તે મૂકવામાં આવ્યું." ટૉડકૃત વેસ્ટર્ન ઇન્ડિયા પૃષ્ટ ૮૧.

ગુજરાતમાં ખેડા છે ત્યાં એક બ્રિટીશ આફિસરને ભૂમિદાહ દેવા લઈ જતા હતા, તેઓની ઉપર પણ મધમાખિયોનું ટોળું ટૂટી પડ્યું હતું અને તેથી ભંગાણ પડ્યું હતું.

"કે હિન્દુની રીત પ્રમાણે પરણશો." પાદશાહે કહ્યું: "મેં હિન્દુની પરણવાની "રીતિ જોઈ નથી માટે તે પ્રમાણે પરણવાની મારી ઇચ્છા છે." ત્યારે તેઓ બોલ્યા: "પાદશાહ અમારે ઘેર પરણવાને પધાર્યા છે; એટલા માટે, અમે "સારી રીતે વિવાહ કરીશું; બંદુકો વગેરે દારૂખાનું છોડીશું, અને ગુલાલ "ઉડાડીશું, તેમ જ વળી જાનૈયાઓની મશ્કરી કરવાનો, મીઠું છાંટવાનો, અને "કાંકરીચાળો કરવાનો અમારા હિન્દુઓમાં ચાલ છે, તે તમારા કોઈ માણસ- "ને ઠીક લાગે નહિ ને કોઇને મારે તો વિવાહને ઠેકાણે લડાઈ ઉઠે, એટલા "માટે, તમારે તેમને કહી રાખવું જોઇયે કે બિહોલનું કોઈ માણસ તેમની "મશ્કરી કરે તો તેની સાથે કજિયો કરી ઉઠે નહિ." પાદશાહે તે પ્રમાણે પોતાના લશ્કરને ચેતવણી આપી. પછી સામતસિંહનો ભાઈ બોલ્યો: "બંદે- "નવાજ! તમારા લશ્કરને ઉતરવા જેટલી બિહોલની પાસે જગ્યા નથી. "માટે મ્હોટા મ્હોટા ઉમરાવ અને પટાવતોને પ્હેલા મોકલજો; તેમની પછ- "વાડે આપ પધારજો, અને ફોજને પછીથી આવવા દેજો." એ પ્રમાણે જે કહેવાનું હતું તે સર્વ નિવેદન કરીને તેઓ ગામમાં ગયા. પાદશાહે પ્રથમ પોતાના અધિકારિયોને મોકલ્યા, તેમની પછવાડે પોતે ચાલ્યો ને લશ્કર પછવાડે રાખ્યું, તેઓ જ્યારે બિહોલની પાસે આવ્યા ત્યારે તેમને માટે પાંચ હજાર રજપૂતો, ગોળિયો ભરી રાખેલી બંદુકો સહિત ઉભા રહેલા જોવામાં આવ્યા. તેઓએ દરવાજા બંધ કરી દીધા, ને કોટ ઉપરથી બંદુકો છોડવા માંડી તેથી પાદશાહનું ઘણું લશ્કર માર્યું ગયું; પણ ઘણી વાર સુધી તો અહં- મદ શાહના સમજવામાં એમ આવ્યું કે, એ તો દારૂખાનું છોડે છે. પછી તો ઘણાં માણસો પડતાં જોયાં ત્યારે તેણે જાણ્યું કે આ તો દગલબાજી થઈ. સાત દિવસ સુધી લડાઈ ચાલી. છેવટે સામતસિંહે ઘણો માર ખાધો એટલે પોતાનો કબીલો ઘોરીપાવટિયે લઈ ગયો. પાદશાહનું લશ્કર બિહોલમાં પેઠું અને તે લૂટી લીધી; ઘવાયલાઓને ઔષધ કરવાને, અને લડાઈની સામગ્રી અને લશ્કર એકઠું કરવા સારૂ અહંમદ શાહ ત્યાં ત્રણ માસ સુધી પડાવ કરીને રહ્યો. પછીથી તે ઘોરીપાવટી ભણી લડવા ચાલ્યો. ત્યાં તેણે ઘણાં ઝાડ કાપી નંખાવ્યાં અને બે મહિના સુધી લડાઈ ચલાવી. લોકો કહે છે કે સીસું ખૂટવાથી સામતસિંહ સોનારૂપાની ગોળિયો કરાવીને મુસલમાનો ઉપર ચલાવવા લાગ્યો. છેવટે સામતસિંહ ઘોરીપાવટિયેથી ન્હાશીને ઘુનવાના ડુંગર ઉપર ભરાઈ પેઠો, અને પોતાની પુત્રીને ઈડરના રાવ સાથે પરણાવી. પાદ- શાહે તેનાં ૩૫૦ ગામ ખાલસા કરી દીધાં.

સામતસિંહ બાર વર્ષ સુધી બ્હારવટે રહ્યો તેટલામાં મુસલમાનોને કાયર

કાયર કર્યા, છેવટે પાદશાહે બાંહધરી આપીને ટંટો પતાવી દેવાને તેને તેડાવ્યો. સામતસિંહે કહ્યું કે મારાં ગામ પાછાં આપશો તો જ હું જંપીને બેશીશ. પછી પાદશાહે દેગામ પરગણાનો ૮૪ ગામનો વાંટો સામતસિંહને આપીને કજિયો પતાવી દીધો. પછી સામતસિંહ બિહોલ જઈને રહ્યો; અને આજ સુધી તેના વંશ જ છે તે બિહોલા રજપૂતને નામે ઓળખાય છે. અને તેઓનો વાંટો દેગામમાં હજુ છે.

પછી વરસા અને જેતાની બ્હેન લાલાં ગુજરી ગઈ; તેને વિષે કેટલાક લોક એમ કહે છે કે, ઉન્હું દૂધ પીતાં તેનાં આંતરડાં દાઝ્યાં તેથી તે મરી ગઈ. પાદશાહને તેના ઉપર ઘણો પ્રેમ હતો અને તેના રૂપગુણથી તે મોહિત થઈ ગયો હતો, તેથી બહુ ખેદયુક્ત થઈ ગયો. તેણે લાલાંના જેવી બીજી કોઈ હિન્દુની કન્યા ખોળવાને પોતાના કારભારિયો જૂદે જૂદે દેશ મોકલ્યા પણ તેના સરખી સુંદરી હિન્દુ કે મુસલમાનોમાં તેમના જોવામાં આવી નહિ. એટલે પાછા[1] આવીને તે પ્રમાણે વિચાર જણાવ્યો, તેથી પાદશાહ નિત્યના કરતાં વિશેષ શોકાતુર થયો. તેણે રાજકારભાર છોડી દીધો ને ખેદયુક્ત થઈને બેશી રહેવા લાગ્યો.

એથી કારભારિયોએ વિચાર્યું કે લાલાં વાઘેલીના જેવી બીજી સ્ત્રી આણી આપ્યા વિના બીજો કાંઈ ઉપાય નથી. તેથી તેના જેવી સુંદર કન્યા શોધવા તેમણે એક બ્રાહ્મણને દેશાવરોમાં મોકલ્યો. બ્રાહ્મણ ઘણા દેશ ફરતો ફરતો છેવટે માતર આવ્યો. ત્યાં ચિતોડવંશનો સિસોદિયો રાજા હતો તેનું નામ સત્રાસલજી હતું અને તે રાવળ કહેવાતો હતો. તે ૬૬ ગામનો ધણી હતો ને તેને રાણીબા કરીને એક દીકરી હતી તથા ભાણજી અને ભોજી કરીને બે કુંવર હતા. રાણીબા ઘણી જ રૂપાળી હતી. બ્રાહ્મણે તેને જોઈને ધાર્યું કે મેં સારી કન્યા શોધી કહાડી છે એવા શુભ સમાચાર કચેરીમાં જઈને કહીશ તો મને શિરપાવ મળશે તેથી તેને ઘણો જ આનંદ થયો. તે પાદશાહના કારભારિયો પાસે ગયો અને બોલ્યો કે લાલાં વાઘેલીના જેવી એક કન્યા મેં શોધી કહાડી છે. તેઓએ તેને શિરપાવ આપીને યથાસ્થિત સમાચાર પૂછ્યા. તે બોલ્યો, ચરોતરના[2] માતરગામમાં

---

૧ અંગ્રેજીમાં એવો અર્થ છે કે, "પાદશાહે અમદાવાદમાં આવીને આ વિષેનો "પોતાનો વિચાર જણાવ્યો." પણ એ તો અમદાવાદમાં જ હતો અને કારભારિયોને તેણે ખોળ કરવા મોકલ્યા હતા માટે તે ચૂક થયેલી છે. અને તે ચૂક થવાનું કારણ એમ લાગે છે કે, "પાછા આવીને ઈ." એવા ઉચ્ચાર ઉપરથી "પાછા"ને "પાદશાહ" ને ઠેકાણે સમજી લીધો છે કેમકે ઘણા લોકો પાછ્છા એવો ઉચ્ચાર કરે છે. ર. ઉ.

૨ ચારૂ+તર=ચારૂતર–વિશેષ સુંદર. ર. ઉ.

રાવળ સત્રાસલજીની દીકરી ઘણી રૂપાળી છે. કારભારિયોએ સત્રાસલજીને અમદાવાદ બોલાવ્યો, અને તેનો સત્કાર કરીને ગાદીવ્હેરે દીકરી દેવાને તેને સારી પેઠે સમજાવ્યો. ત્યારે સત્રાસલજી બોલ્યો કે હિન્દુની દીકરીને એ પ્રમાણે પરણાવાય નહિ. કારભારિયોએ તેને સમજાવ્યો કે પાદશાહના જનાનખાનામાં ઘણા હિન્દુ રાજાઓની કન્યાઓ છે. તેનું ઉત્તર સત્રાસલજિયે માત્ર એટલું જ આપ્યું: "તે જૂદા છે, અમે જૂદા છિયે." દિવાનોએ કહ્યું: "જો "તમે રાજીખુશીથી હા ક્હેશો નહિ તો પછી બલાત્કાર કરવો પડશે." આવું ક્હેતાં છતાં પણ રાવળે તો નાનીના જ કેહેવા માંડી એટલે છેવટે તેને કેદ કર્યો. તેની ઠકરાણીને જ્યારે આ વાતની જાણ થઈ ત્યારે તેણે પોતાના મનમાં વિચાર કર્યો: "આ એક દીકરી મરી ગઈ છે એમ હું સમજીશ; પણ "ગમે તે પ્રકારે ઠાકોરનો જીવ ઉગરે ને ગ્રાસ ર્‌હે એમ કરવું જોઇયે." તેણિયે પછી પોતાની દીકરીને અમદાવાદ મોકલી. જ્યારે તેને તેનો પૂરેપૂરો શૃંગાર સજાવીને પાદશાહની હુઝુરમાં દાખલ કરી ત્યારે તેની સુંદરતા જોઇને તે અચંબો પામ્યો અને બોલી ઉઠ્યો: "આ શું લાલાં પાછી આવી!" તે બોલી: "તે લાલાં તો ગઈ." પાદશાહને પછી ભાન આવ્યું. બીજે દિવસે તેણે કચેરી ભરી. સત્રાસલજીની બેડી તોડી નંખાવીને તેને કચેરીમાં બોલાવીને શિરપાવ કર્યો. તે સમયે સત્રાસલજિયે વિચાર્યું કે કેદખાનું તો ભોગવ્યું પણ મુસલમાનને દીકરી દેવી પડી નહિ, એ બહુ સારૂ થયું.

પછી તે રાજી થતો પોતાને ગામ ગયો. જ્યારે જમવાની વેળા થઈ ત્યારે તેણે રાણીબાને બોલાવી. ઠકરાણી, તેને બ્હારથી તેડી લાવવાનું ડોળ કરીને પાછી આવી ક્હેવા લાગી: "રાણીબા તો રમતમાં પડ્યાં છે તેથી હવણાં "આવશે નહિ." સત્રાસલજી બોલ્યો: "તે આવશે નહિ ત્યાં સુધી હું જમ- "નાર નથી." ત્યારે ઠકરાણી બોલ્યાં: "મહારાજ! જ્યારે રાણીબાને "અમદાવાદ મોકલ્યાં ત્યારે તમારા કેદખાનાના દરવાજા ઉઘડ્યા છે." આવું સાંભળીને સત્રાસલજી અતિ શોકાતુર થઈ ગયો. તે બોલ્યો: "હું ત્યાં "મરી ગયો હોત તો શી ચિંતા હતી? હું ચિતોડના રાણાના વંશનો છું; "હું નિષ્કલંકી ક્હેવાઉં છું ને અમારે સિસોદિયાને માથે આવું કલંક કદિ "આવ્યું નથી, માટે તને ધિક્કાર છે કે આવું કલંક તેં મારે માથે બેસાર્યું." ઠકરાણી બોલી: "તમારો જીવ જાત તે કરતાં આપણે હવે એમ સમજીશું કે એ "દીકરી મરી ગઈ છે." રજપૂત તાબડતોબ ખડો થયો, અને પોતાની તરવાર પકડી; તે જોઈ ઠકરાણી તેને વળગી પડી, પણ તેણે તેને તરછોડી નાંખી ને તરવાર ખેંચી ક્હાડી પોતાના પેટમાં ઘોંચીને મુડદું થઈને પડ્યો.

સત્રાસલ્લજીના કુંવર **ભાણજી** તથા **ભોજિયે** સારી રીતે તેનું ક્રિયાખર્ચ કર્યું; ને **માતરમાં** તેઓ રાજ્ય કરવા લાગ્યા. **અમદાવાદમાં** જ્યારે એ વાતની જાણ થઈ ત્યારે **રાણીબાએ** સ્નાન કર્યું ને તે ઘણો જ ખેદ પામી. તેને શોકાતુર જોઈને **પાદશાહ** રહેમિયતથી ક્હેવા લાગ્યો: "જ્યારે કોઈ **હિન્દુ** "રાજા મરી જાય અને તેનો કુંવર ગાદિયે બેસે ત્યારે તેને દિલાસો આપ-"વાને તેનું કોઈ સગું હોય તે શું શું કરે?" **રાણીબા** બોલી: "પૈસાવાળું "સગું હોય તો તે પોષાક મોકલાવીને તેના કુંવરોનો શોકનો ધોળો પોષાક "બદલાવે." **પાદશાહ** બોલ્યો: "ત્યારે તમારા ભાઈયોનો શોક મૂકાવાને માટે હું "પણ તેઓને અહિં બોલાવું છું." એમ કહીને તેઓને તેણે બોલાવ્યા. પછી બન્ને ઠાકોરો **અમદાવાદ** આવ્યા ને પોતાને ઉતારે ઉતર્યા; **પાદશાહે** ઘાસ, દાણો અને બીજો જોઈતો **સરસામાન** ત્યાં પ્હોંચાડ્યો; ને **રાણીબાને** કહ્યું: "હું આજે તમારા ભાઇયોને શિરપાવ આપીશ." તે બોલી: "ભાઈ કોણ ને "બ્હેન કોણ?" હવે હું તેમની સગી રહી નથી." **પાદશાહ** બોલ્યો: "એમ "કેમ! શું એ તમારા ભાઈ ન હોય?" **રાણીબાએ** ઉત્તર આપ્યું: "હવે હું "મુસલમાન થઈ ને તે હિન્દુ છે: અમે ભેગાં બેશીને જમિયે નહિ ને એક "પ્યાલા વતે પાણી પણ પિયે નહિ. ત્યારે અમે ભાઈ ને બ્હેન ક્યાંથી રહ્યાં?" **પાદશાહ** બોલ્યો: "તમે આજે તેમને સારૂં રસોઈ કરો." આવું સાંભળીને **રાણીબાએ** વિચાર કર્યો કે, મારી ક્હેવાની વાત પાંશરી હતી પણ આ તો આડું નીકળ્યું. જ્યારે **પાદશાહે** બન્ને ભાઇયોને તેડવા મોકલ્યું ત્યારે તેઓ શિરપાવ લેવાની આશાએ પોતાની બ્હેનને મ્હેલ આવીને બેઠા. તેઓને એકલા જોઈને **રાણીબા** બોલી: "ભાઇયો! તમને ધિઃકાર છે કે જ્યારે મને "**મુસલમાનને** દીધી ત્યારે તેના શોકમાં આપણા બાપ મરી ગયા; ને તમે "નાતબ્હાર નીકળવાને અહિં આવ્યા છો!" પછી **પાદશાહનો** જે મનસુબો હતો તે તેઓને જણાવ્યો. ન્હાનો ભાઈ **ભોજી** હતો તે એકદમ બારીમાંથી પડતું મૂકીને ન્હાઠો. મ્હોટો ભાઈ **ભાણજી** રહ્યો. પછી **પાદશાહ** આવ્યો ને તેને ક્હેવા લાગ્યો: "તમારી બ્હેને ખાવાનું કર્યું છે તે તમે ખાઓ." **ભાણજી** બોલ્યો: "સાહેબ! મારાથી ખવાય નહિ." **પાદશાહ** બોલ્યો: "તમે "આ પ્રમાણે વેગળા શું કરવાને થાઓ છો?" ત્યારે **ભાણજિયે** કહ્યું: "સાહેબ! જો હું અહિં ખાઉં તો કોઈ રજપૂત મને કન્યા દે નહિ." **પાદ-શાહ** ક્હે: "એ વિષેની તમે કાંઈ ચિંતા રાખશો નહિ, તમે ક્હેશો એટલા "રજપૂતને બોલાવીને તમારા ભેગા જમાડીશ." એમ ક્હીને તેણે **ભાણજીને** જમાડ્યો. તેથી ઠાકોર ઘણો ખેદયુક્ત થયો. તે ખેદ મટાડવાને **પાદશાહે** બન્ને

ગામના રજપૂતોને અમદાવાદમાં બોલાવ્યા. ત્યારે ઘણા રજપૂતોએ જાણ્યું કે આપણને બલાત્કારે વટલાવાનો પાદશાહનો વિચાર છે તેથી પોતાનાં ગામ-ગ્રાસ છોડીને બીજે દેશ જતા રહ્યા ને જેટલા પાદશાહના હાથમાં આવ્યા તેટલાને તેમની નાત છોડાવી દીધી. આ પ્રમાણે ઘણાં વર્ષ સુધી ચાલ્યું; ઘણી લડાઇયો થઈ, અને ઘણા રજપૂતોએ પોતાના પ્રાણ છોડ્યા.

ચાંપાનેરની પાસે રાજપીપળા[1] છે; તે ૩૫૦ ગામની રાજધાની છે. ત્યાંનો હરિસિંહજી ગોહિલ કરીને રાજા હતો. એક સમયે ઘણાં મૂલ્યવાન મોતી તેને ભેટમાં મળ્યાં તેનો તેણે પોતાની ઠકરાણી સારૂ હાર કરાવ્યો, ને ઠકરાણીને કહ્યું:–"આમાં ખરેખરૂં પાણી છે." પછી જ્યારે પાદશાહ સાથે કજિયો થયો ને બીજા ઠાકોરો સાથે તેને જંગલમાં નાશી જવું પડ્યું ને પાણી વિના તેઓ હેરાન થવા લાગ્યા ત્યારે રાણિયે શોકાતુર થઈને પોતાના મોતીના હાર સામું જોઇને કહ્યું:–"ઠાકોર! તમે એક વાર મને કહ્યું "હતું કે આમાં પાણી છે." આ બનાવ ઉપરથી એક ચારણે તે વિષે નીચેનું કવિત કર્યું છેઃ—

शाह जहां सुलतान कोपी चड्यो जबे तब,
शेष ना सहानो भार धरनी हलानी हैं;
मारे रजपूत शूरे महा पूरे रेवाहुके,
आसपास धूर लाल रंगसे रंगानी हैं;
सुलतान तेरे त्रास पाउनमे छाले परे,
कंदमूल खाने भागी भोमियोकी रानी हैं;
तोर तोर हार अपसरा ले नीचोवे मुख,
"तुमै ज्यों कहंत कंथ! मुगतामें पानी हैं."

હરિસિંહજી ગોહિલે ૧૨ વર્ષ બ્હારવટામાં ફહાડ્યાં, ત્યાર પછી, શાહ પાસેથી તેને પોતાનો ગ્રાસ પાછો મળ્યો, અને તેના વંશજ હજુ સુધી રાજપીપળામાં રાજ્ય કરે છે.

ભાટ વાતની સમાપ્તિ કરતાં કહે છે કે, ઉપર પ્રમાણે જે રજપૂતોને વટલાવામાં આવ્યા તેઓની એક જૂદી નાત થઈ અને તે "મોલે સલામ" કહેવાયા; કેમકે તેઓએ પાદશાહના મોહોલને સલામ કરી, અથવા નમી પડ્યા. તેઓ હજી લગી હિન્દુઓનો પોષાક રાખી રહ્યા છે; કેટલાક તો હિન્દુ ધર્મની ક્રિયાઓ પણ કરે છે, અને કેટલાક મુસલમાનની કરે છે; પણ તેમનાં

[1] આ સ્થાનના રાજવંશ વિષે જુઓ રાસમાળાપૂર્ણિકા.

મુડદાં સદા દાટવામાં આવે છે, બાળવામાં આવતાં નથી. તેઓની સ્ત્રિયો પણ હિન્દુનો પોશાક પ્હેરે છે. બીજા હિન્દુઓ તેમને મુસલમાનમાં ગણે છે; પણ પ્રથમ જેઓ જે વંશના હતા તે વંશનું નામ રાખી રહ્યા છે; અને તેઓને વહીવંચા ભાટ છે તે તેમનાં પેઢીનામાં વાંચે છે. પરણતી વેળાએ તેઓ અગ્નિની ક્રિયા કરતા નથી પણ કલમો પઢે છે. વળી ગણેશ-પૂજા તો તેઓ રાખી રહ્યા છે. તેમ જ બીજી કેટલીક હિન્દુઓની ક્રિયાઓ તેમનામાં છે. કેટલાક રજપૂત જે માલ વિનાના હતા તે બચ્યા ને વટલ્યા નહિ તેઓ કારડિયા કહેવાયા; અને બીજા જે શરણ થઈ શકે નહિ એવા બળવાન હતા તેઓએ કર ભર્યો એટલે રાજા રહ્યા અને હજી સુધી જીનું પદ તેમના નામને લગાડવામાં આવે છે. કેટલાક ગરીબ રજપૂત નરવા (નિર્વાહ) છોડીને ખેતી કરવાની પરવાનગી મેળવીને બચ્યા તે નાડોદા કહેવાયા; તેમ જ એ જ સમયે વાણિયા અને બ્રાહ્મણને વટલાવવામાં આવ્યા તે વોહોરાની જાતિમાં ભળી ગયા.[1]

---

૧ "પણ આ જિલ્લામાં (ભરૂચ) મુસલમાનની એક જાતિ છે તે ખેતીનું "કામ કરે છે. તેઓ વોહરા કહેવાય છે; તથાપિ જે વ્યાપારી વોહોરા છે તે કરતાં "તેઓ કેવળ જૂદી જ જાતિના છે. તેઓ કોઈ કોઈ વાર ગાડીતું કરે છે. તો પણ તેમનો "મુખ્ય ધંધો અને ઉદ્યોગ ખેતીવાડીનો છે. તેઓ ઘણા ચંચળ, ઉદ્યોગી અને આખા "જિલ્લામાં કુશળ ખેડુતો ગણાય છે; તેમનો પોષાક, રીતભાત, અને ભાષા એ સર્વે "કણબી અને બીજા હિન્દુ ખેડુતોના જેવાં છે; તેઓ બેશક મૂળમાં તો હિન્દુ જ "હતા તેઓમાંના ઘણા ખરાના પૂર્વજ કોળી અને રજપૂત હતા અને થોડાકના પૂર્વજ "કણબી હતા. તેઓ એવું કહે છે કે ગૂજરાતના મુસલમાન રાજ્યકર્ત્તા સુલતાન "મહમૂદ બેગડાના વારામાં અમને વટલાવવામાં આવ્યા હશે. આ વોહોરાઓ ગૂજરાતી "ભાષા બોલે છે, અને મુસલમાન ખેડુત જે મલેક, ખાન ઇત્યાદિ કહેવાય છે તેમની "પેઠે હિન્દુસ્તાની બોલી બોલતા નથી. ખેતી કરનારા બધાય વોહોરા સૂની છે." ભરૂચ જિલ્લા વિષે કર્નલ વિલિયમની યાદ પૃષ્ઠ ૯૧.

એશિયાટિક સોસાયટી(બંગાળ)ના જર્નલના પુસ્તક ૬ઠ્ઠાના પૃષ્ઠ ૮૪૨ મે કાન્નોલિયે (Cannoly) ઉજ્જણ વિષે વિષય લખ્યો છે તે ઉપરથી નીચે લખેલો વોહોરાઓની ઉત્પત્તિ વિષેનો વૃત્તાન્ત ઉતારી લીધો છે:—

"યાકુબ કરીને એક માણસને પોતાના ઘરના અથવા પક્ષના કજિયાને લીધે "પોતાનો દેશ તજવો પડયો. તે ઈજિપ્ત છોડીને હિ. સ ૫૩૨(ઇ. સ. ૧૧૩૭)માં "ખંભાતમાં ઉતર્યો. હિન્દુસ્થાનમાં પ્રથમ પગ મૂકનાર એના ધર્મના લોકોમાં એ "પ્હેલો જ હતો તે સમયે તે ધર્મનો મુખ્ય મૂલ્લા (જે કેટલાંક વર્ષથી ઈમનમાં વશ્યો "હતો) ઝોહરિબિન મુસા કરીને હતો. ઈજિપ્તમાં ખલિફ મોસ્તમસિર બિલ્લાહ અમલ "કરતો હતો, અને સહદાસિંગ હિન્દુઓના પિરાનપટ્ટણ ઉપર રાજ્ય ચલાવતો હતો.

આ વેળા પછી વાઘેલાની પાટવી શાખા બંધ થઈ પડી. પ્હેલા ઠાકોરનો આનંદદેવ પૌત્ર હતો, તેની પાસે કલોલનો વગર વ્હેંચાયલો ગ્રાસ હતો પણ તેના ન્હાના કુંવર રાણકદેવને બાપના વારસ તરીકે ૪૨ ગામ સાથે રૂપાલ મળી. ઈ૦ સ૦ ૧૪૯૯ માં શાહ અહંમદનો પૌત્ર મહમૂદ બેગડો ગાદી ઉપર હતો ત્યારે કલોલના ઠાકોર વીરસિંહ વાઘેલાની સ્ત્રી રૂડાં રાણિયે પાંચ લાખ ટકા ખરચીને એક ભવ્ય વાવ કરાવી છે તે અડાલજના ગામ આગળ હજી છે.

વીરસિંહ[૧] અને તેનો ભાઈ અજેત્રસિંહ(જેતસિંહજી) એ બે મુસલમાનો સાથે લડાઈમાં ઉતરચા હતા તેમાંથી મ્હોટા ભાઈને મુસલમાનોએ મારી નાંખ્યો અને તેને વારસામાં મળેલા શહર ઉપર કિલ્લેદાર મૂકયા. તથાપિ કેટલીક પેઢી પછી કલોલ વીરસિંહના વંશજોના હાથમાં આવી, તે છેક ઈ૦ સ૦

"ઘણાં ખરાં પ્રમાણ ઉપરથી જણાય છે કે મોરતમસિર હિ. સ. ૪૮૭ માં મરણ પામ્યો
"અને તેનો પૌત્ર હાફેધ ૧૧મો ખલિફ હતો તેણે હિ. સ. ૫૨૪થી ૫૪૪ સુધી અમલ
"કરયો. આ સમયનો ગૂજરાતનો ઇતિહાસક્રમ ગૂંચવણભરેલો છે તો પણ ઉપરનાં
"વર્ષ સાથે તે મળતો આવે છે, કેમકે સિદ્ધરાજ અથવા જયસિંહ કે જે નામ ઉપરથી
"સદરાસ એ અપભ્રષ્ટ થયેલો શબ્દ જણાય છે, તે અને ૧૦૯૪ માં અણહિલવાડ
"પાટણનો રાજા હતો.

હવે એ વિષય સંબંધી જ્યાંથી બાકી રહ્યું છે ત્યાંથી જોઇયે. એમ જણાય છે કે યાકૂબ ખંભાતમાં ઉતરીને એક માળી ભેગો રહ્યો તેને તેણે પોતાના ધર્મમાં કરી લીધો. પછીથી તેણે એક બ્રાહ્મણના છોકરાને પણ વટલાવ્યો. "સદરાસ રાજા," અને તેના બે દિવાન તારમલ અને ભારમલ જે બે ભાઈ હતા તે ખંભાતમાં એક દેવાલયમાં વારે વારે જતા હતા. ત્યાં એક લ્હોડાના હાથીને ચમક પથ્થરના આધારે અદ્ધર લટકતો રાખ્યો હતો. યાકૂબે ચમક પથ્થર કહાડી નાંખ્યો, અને બ્રાહ્મણો સાથે વિવાદ થયો તેમાં પણ જિત્યો. સદરાસ અને તેના દરબારીને આવા ચમત્કાર વડે જિતી લીધા એટલે તેનો ધર્મ તેઓએ સ્વીકાર્યો. તેમનો દાખલો બીજા ઘણાઓએ લીધો ને તે લોકોએ અર્બસ્તાનની સાથે વ્યવહાર જારી રાખ્યો, તેથી "વ્યવહારિયા" અથવા વોહોરા કહેવાયા.

આ વાતમાં ખરા નામનું અને વૃત્તાન્તનું અચંબાભરેલું શેળભેળપણું થઈ ગયેલું દેખાય છે, સદરાસિંહ એ ખરેખરો સદરા જેસિંગ હશે. સિદ્ધરાજ ગૂજરાતમાં એ જ નામથી ઓળખાય છે, પણ તારમલ અને ભારમલ બે દિવાન એ વીરધવલ વાઘેલાના પ્રધાન બે ભાઈ તેજપાળ ને વસ્તુપાળ હતા તે બે હશે. વળી, કુમારપાળ અથવા અજયપાળ સંબંધી વાતો બીજે ઠેકાણે લખી છે તે પ્રમાણે, રાજાએ બીજો ધર્મ ગ્રહણ કર્યો તે વાત તેઓને ઠીક લાગુ પડે છે. ર. ઉ.

૧ વિગત માટે જુઓ રાસમાળાપૂર્ણિકા. ર. ઉ.

૧૭૨૮ માં **ભ**ગતસિંહ ખોઈ બેઠો ત્યાં સુધી રહી. **ભ**ગતસિંહ **લિંબો**દરામા જઈ વશ્યો. એ ગામ તેણે **આં**જણા કણબી પાસેથી લીધું તે હજી સુધી તેના વંશજોના હાથમાં છે. તેઓ **વાઘેલા**ના મુખ્યપણાની પ્રતિષ્ઠાનો જે દાવો કરે છે તે ઘટિત કારણ ઉપરથી જ કરે છે.

આનંદદેવના ન્હાના કુંવર **રાણ**કદેવના મરણ પછી ત્રીજી પેઢિયે જેવામાં **સામ**તસિંહ થયો તેવામાં તેના કુંવરો વચ્ચે **રૂ**પાલના ગ્રાસના વિ-ભાગ થઈ ગયા; **વ**જેકરણજી પાટવી હતો તેણે **રૂ**પાલ રાખી, પણ ન્હાના કુંવર **સોમેશ્વર**ને પોતાના બાપના ગ્રાસમાંથી ૧૪ ગામ મળ્યાં અને તેને સારૂ કોલ-વડામાં હવેલી બંધાવી. **વ**જેકરણજિયે **રૂ**પાલ ખોયેલી જણાય છે, કેમકે તેના પાટવી કુંવર **ભીમ**જિયે **ઈડ**ર દેશમાં જઈને **પો**સીના તથા **હુ**રાદની શાખાઓ સ્થાપી; તેઓ પછી **ઈ**ડરના **રા**વના પટાવત થયા. અને ન્હાનો કુંવર **વ**ણોજી હતો તે **સાભ્ર**મતીને કાંઠે **આ**લુવામાં જઈ વશ્યો, તેના વંશજ હજી લગી ત્યાં છે.

સોમેશ્વરના પૌત્ર **ચાં**દાજીના હાથમાં હજી લગી કોલવડા છે. તેને એક **હિ**માળોજી કરીને કુંવર હતો તેના મામા **પે**થોગોલના હાથમાં **સાભ્ર**મતીની પાસે **સો**ખડા છે તેનો ગ્રાસ હતો. **પે**થોગોલને મટે નહિ એવો (અસાધ્ય) રોગ થયો હતો, ને તેને કાંઈ સંતાન ન હતું તેથી તે **હિ**માળાજીથી ડરતો હતો; કેમકે ભાટ કહે છે કે ગ્રાસને સારૂ મામાને મારી નાંખવાનો ચાલ તે વેળામાં અસાધારણ ન હતો. **પે**થુને ડર લાગતો હતો તે વગર પાયાનો ન હતો, પણ તે સાવધાની રાખતો હતો, તેથી તેના ભાણેજથી ઉઘાડાં પડાતું ન હતું. તોય પણ આખરે, **હિ**માળોજી **સો**ખડિયા **મ**હાદેવનાં દર્શન કરવા જવાને મિષે સ્ત્રિયો બેસે છે તે પ્રમાણે ઢાંકેલા પડદાના રથમાં કેટલાક રજપૂતોને લઈ ને **સો**ખડામાં પેઠો. તેઓ પછી ઠાકોરની હવેલીમાં પેઠા અને તેને ઠાર કર્યો. એટલે રાણીને સત્ય ચડયું, ને **હિ**માળાને શાપ દીધોઃ "તારી દીકરીનાં છોકરાં પણ અકાળ મરણ "પામશે." ઠાકોરે ક્ષમા માગીને પ્રાર્થના કરીઃ "માજી! તમારે કાંઈ સંતાન "નથી; હું તમારો દીકરો છું; જે બન્યું તે બન્યું; મારા ઉપર કૃપાદૃષ્ટિ કરો, "હવે તમે જે આજ્ઞા કરશો તે હું પાળીશ." સતિયે કહ્યુંઃ "તારા મામાના "નામથી તું ગામ વસાવજે, અને હું તને વરદાન આપું છું કે તારો પુરૂષવંશ તે "ગામમાં ચાલશે પણ મારૂં બોલ્યું મિથ્યા થાય નહિ માટે તારો દિકરિયોનો "વંશ ચાલશે નહિ." **પે**થાપુર સ્થાપાયાનું આ મૂળ કારણ છે. તે **અ**મદાવાદની ઉત્તરમાં થોડે ગાઉને છેટે **સાભ્ર**મતી ઉપર એક સુંદર ગામ છે, ત્યાં બંદુકો બનાવ-વાનું કારખાનું છે, અને ત્યાંના પગાર લઈ રહેનારા માણસોની સ્વામિભક્તિ અને શૌર્યને લીધે તે આજ સુધી પ્રખ્યાત છે. સતિનો શાપ ફલીભૂત થયેલો જણાય છે કેમકે **પે**થાપુરના ઠાકોરોની દિકરિયોને સંતાન થયાં નથી.

તેઓની કલોલની શાખા કરતાં સાણંદની શાખા વધારે ભાગ્યશાલી છે, તેઓ પોતાનો ગ્રાસ હજી સુધી રાખી રહ્યા છે. તેના બે મુખ્ય વિભાગ થયા છે, એક સાણંદનો (કોઠનો પણ કહેવાય છે) અને બીજો ગાંગડનો.[1]

---

૧ વાઘેલા સંબંધી ભાટ લોકોએ આપેલા વૃત્તાન્ત ઘણો ગુંચવણભર્યો થઈ ગયો છે. એટલે તે હવે બરોબર કરવો અશક્ય છે. એક વૃત્તાન્તમાં, કલોલ અને સાણંદનો પ્રથમ ગ્રાસ કર્ણ વાઘેલાના કુંવરોને મળ્યો હતો એમ લખે છે, અને તેઓની માનાં નામ સુદ્ધાંત આપે છે. તે વૃત્તાન્ત નીચે પ્રમાણે છેઃ—

"કર્ણના કુંવર, સારંગ અને વરસંગ બન્ને એક જ વેળાએ જન્મ્યા હતા. અને "તેથી તે બન્ને પાટવી હતા. સારંગની માનું નામ તાજકુંવરીજી હતું અને તે "જેસલમેરના ગજસંઘજી ભાટીની કુંવરી થતી હતી; વરસંગની મા અમર કુંવરબા "કરીને હતી, તે કેરાકોટના દેસલજી જાડેજાની કુંવરી થતી હતી. વરસંગને "તેના બાપની વેળામાં સરધાર જિલ્લો અને તેનાં ૬૫૦ ગામ મળ્યાં હતાં. સારંગને "તે જ પ્રમાણે ભીલડી જિલ્લાનાં ૬૫૦ ગામ મળ્યાં હતાં. ભીલડીમાં એકઠા મળીને "મુસલમાનો પાસેથી કડી લીધી. પણ બેગમને+ ગાદી ઉપર રહેવા દઈને બાંહધરી "લીધા વિના, પાટણ જઈને પાદશાહને મળ્યા. પાદશાહ રાજી થયો ને તેમને ૫૦૦ "ગામ આપ્યાં. સારંગદેવે કલોલ ને ૨૫૦ ગામ લીધાં ને વરસંગે સાણંદ ને તેટલાંજ "ગામ રાખ્યાં."

(+ મૂળ વાત એમ પણ છે કે, "કડી પરગણું હાથ કરીને કેટલીક બેગમોને કેદ કરી, અને બાંહધરી આપી, ત્યારે દીલ્હી જઇને અલાઉદ્દીનને મળ્યા એટલે તેઓને તેણે રાજી થઈને ૫૦૦ ગામ આપ્યાં.) ર. ઉ.

અડાલજવાવમાંની લેખ છે તેમાં નીચે પ્રમાણે પેઢિયો લખેલી છેઃ— ૧ મોકલસિંહ; ૨ કર્ણ; ૩ મૂળરાજ; ૪ મહીપ; તેના વીરસિંહ અને અજીતસિંહ બે પુત્ર હતા તેમાં વીરસિંહ એ રૂડાં રાણીનો વર થાય; ભાટ લોકોએ જેઓને વિષે વાત કહી છે તે આ વરસો અને જેતો બન્ને ભાઈ હશે એમાં કશો શક નહિ.

માણસાની વાવમાં એક બીજો લેખ છે, તેમાં નીચે પ્રમાણે પેઢિયો છેઃ-૧ મૂલરાજ, ૨ વિજયાનંદ, ૩ વેલો, ૪ ધવલ, ૫ વાંકો, ૬ ચંમક. તે સારંગદેવજીના દીકરા લુણકાની દીકરી ચંપાદેવી સાથે પરણ્યો હતો, તેને એક ધારા કરીને દીકરો થયો હતો તેણે ઇ. સ. ૧૫૨૬ માં વાવ બંધાવી હતી. કલોલની પાસે ઓગાણજમાં વાઘેલાની આ શાખા રહી હતી.

કર્ણ વાઘેલાને કુંવર હતા નહિ, એ આપણે પાછળ જોઈ ગયા છિયે, તેમ જ જેસલમેરના ભાટી ગજસંગજી તથા કચ્છના કેરાકોટના જાડેજા દેસલજીની કુંવરી વિષે લખ્યું છે તે પણ ગળત છે; કેમકે આ સમયે તે બંને સ્થાને તે નામના રાજા થયેલા હતા જ નહિ. તે સમયે જેસલમેરની ગાદિયે ભટી રાવલ ચાચકદેવનો પૌત્ર કરણ ઇ. સ. ૧૨૫૧ થી ૧૨૭૯ સુધી હતો. પછી રાવલ લખુધસેન ઈ. સ. ૧૨૭૯ થી ૧૨૮૩ સુધી હતો. પછી તેનો કુંવર પંપળ ઈ. સં. ૧૨૮૩ થી ૧૨૮૫ સુધી થયો તેને

પ્રકરણ ૪.

અહમદ શાહ ૧ લો.—મહંમદશાહ ૧ લો.—કુતુબશાહ.

ઈ૦ સ૦ ૧૪૧૮માં માળવાનો સુલ્તાન હોશંગ અને આશીરનો વાલી મળી જઈને સુલતાનપુર અને નંદુરબારનાં પ્રગણાંઓ લઈ લેવાને ધારતા હતા, તેઓનું રક્ષણ કરવાને અહમદ શાહ ગયો. તે અવસરે ચોમાસું બેઠું હતું તેવામાં, ઈડરનો રાવ, ચાંપાનેરનો રાવળ, અને મંડળગઢ તથા નાંદોદનો રાજા, સુલ્તાન હોશંગને ગૂજરાત ઉપર હલ્લો કરવાને બોલાવવા સારૂ એકઠા મળ્યા છે, અને તે વિચાર સોરઠના રાહના સાંભળવામાં આવ્યાથી, તેણે ખંડણી આપવાને ના પાડી છે, એવા સમાચાર અહમદ શાહના જાણવામાં આવ્યા. એટલે ચોમાસું હોવા છતાં પણ, તે નર્મદા નદી ઉતરી પોતાની ફોજની છાવણી મહી નદીના કિનારા ઉપર કરીને પોતે થોડી ફોજ લઈને તાબડતોબ અમદાવાદ ગયો; અને ત્યાંથી મોડાસે જઈ પ્હોંચ્યો. સોરઠનો રાહ, મંડળગઢનો રાજા, અને બીજા એકઠા મળી ગયેલા સંસ્થાનિકો ઉપર તેણે ફોજ મોકલી, અને ચોમાસું વીત્યા પછી, તે મોડાસેથી માળવે ગયો; ત્યાં હોશંગને હરાવીને મંદુના કિલ્લાની લગભગ તેની પછવાડે દોડ કરી. આવતા વર્ષમાં ગૂજરાત અને માળવાના પાદશાહો વચ્ચે

ભાયાતોએ ગાદિયેથી ઉઠાડી તેના ભાયાત જેતસીને ગાદિયે બેસારચો. તેણે ૧૨૮૫ થી ૧૩૦૩ સુધી રાજ્ય કરચું. કર્ણ વાઘેલો ૧૩૦૪ સુધી હતો; તો આ ઉપરથી જણાય છે કે ગજસંગજી આ સમયે ન હતો, પણ છેક ઇ. સ. ૧૮૨૦ થી ૧૮૪૬ સુધી થયેલો છે. બંનેનાં નામ એક (કર્ણ, કરણ) એક હોવાથી ભૂલ થયેલી જણાય છે. તેમજ તે સમયમાં કચ્છમાં નીચે પ્રમાણે રાજા થયા છેઃ—

જામ ગાવજી ઈ. સ. ૧૨૫૫ થી ૧૨૮૫ સુધી. જામ વેણજી ઈ. સ. ૧૨૮૫ થી ૧૩૨૧ સુધી.

આ ઉપરથી પણ જણાય છે કે તે વખતમાં દેસલજી હતા નહિ પણ છેક રાવ દેસલજી પ્હેલા તો ઈ. સ. ૧૭૧૯ થી ૧૭૫૨ સુધી હતા.

આ ઉપર વિચાર કરતાં ટીપમાં લખ્યું છે કે "ભાટ લોકોનો વૃત્તાન્ત ઘણો ગુંચવાઈ ગયો છે." એ વાત ખરી છે. પણ રેવાકાંઠાના ભાદરવાના ઠાકોર તથા કોઠના ઠાકોર, કર્ણ વાઘેલાના વંશજ હોવાનો દાવો કરે છે. કહે છે કે કર્ણ વાઘેલાને સારંગદેવ અને વરસિંહ એ બે કુંવરો હતા. તેમાંના સારંગદેવને તેના બાપના વખતમાં ભીલડી જિલ્લાનાં ૬૫૦ તથા વરસિંહને સરધાર જિલ્લાનાં ૬૫૦ ગામ મળ્યાં હતાં. જ્યારે કર્ણે ગૂજરાતનું રાજ્ય ખોયું ત્યારે એ બે કુંવરોનું શું થયું તે જણાયું નથી. . પણ હાલ જે ભીલડિયા અને સરધારા શાખાના વાઘેલા કહેવાય છે તે આ બંને ભાઈયોના વંશજ હોવાનો દાવો કરે છે. ર. ઉ.

સલાહ થઈ, એટલે, ગૂજરાતના પાદશાહને પોતાની પાસેના રાજાઓ ઉપર વૈર વાળવાનો લાગ ફાવ્યો. તેણે ઈડરનો કબજો કરી લીધો, અને ચાંપાનેર ઉપર ચડાઈ કરીને દર વર્ષે ખંડણી આપવાનું રાવળની પાસે કબૂલ કરાવ્યું. ત્યાર પછી, તે પોતાના દેશની સરહદ નક્કી કરવાને પાછો વળ્યો, અને હુલ્લડી લોકોને વિખેરી નાંખ્યા, તથા હિન્દુનાં દેવાલયો તોડી પાડીને તે ઠેકાણે મસીદો કરી. વળી ત્યાં કિલ્લા બાંધીને કિલ્લેદાર રાખ્યા; તેમાં બારિયા અને શિવપુરનાં પ્રગણામાં જીતોડ શહરનો કિલ્લો પણ હતો. પછીથી પર્વતોમાં કિલ્લો બાંધીને દાહમોદ નામે વ્યાપારી શહર વસાવ્યું. ત્યાર પછી, અલાઉદ્દીન ખિલજીની વતી અલપખાન રાજ્ય કરતો હતો તેના હુકમથી ઈ૦ સ૦ ૧૩૦૪માં કરીહ(ખેડા અથવા કડી)નો કિલ્લો બંધાવ્યો હતો તેની મરામત કરાવીને તેનું નામ સુલ્તાનાબાદ પાડ્યું.

ત્યાર પછી માળવા સાથે ઘણા દિવસ સુધી લડાઈ ચાલી, તેમાં અહમદ શાહ રોકાયો. આ લડાઈથી તેની ફોજને એટલો બધો ધોક્કો લાગ્યો કે, કેટલાંક વર્ષ સુધી પારકા દેશ ઉપર હલ્લો કરવાને તેનાથી બન્યું નહિ, તોય પણ એકંદરે તેની જિત થઈ. ઇ૦ સ૦ ૧૪૨૬ માં તે ઈડર પાછું લેવાને ચડ્યો, પણ તે શહર ટકાવી રાખવાને પોતાની શક્તિ નથી એવી તેની ખાતરી થઈ માટે, અને તે કિલ્લો તેને તાબે થયો ન હતો તે ઉપરથી, આ પ્રસંગે રાવના દેશ ઉપર દાબ બેસાડવાના વિચારથી, હાથમતી નદીના કિનારા ઉપર અને ઈડરગઢની ઉપર ઝોકી રહેલા ડુંગરાના શિખર ઉપરથી દેખાઈ આવે એવો વિશાળ અને સુંદર કિલ્લો બાંધવાનો પ્રારંભ કર્યો. અને તેનું નામ અહમદનગર પાડ્યું. વળી દંતકથા એવી છે કે તેણે સાદરાનો કિલ્લો બાંધ્યો, તે તેની રાજધાની અને અહમદનગરની વચ્ચે અર્ધા રસ્તા ઉપર એક મજબૂત જગ્યાએ સાભ્રમતીને કિનારે ઉંડી કંદરાઓથી રક્ષાયલો છે. તે સમયે ઈડરમાં રાવ પુંજો રાજ્ય કરતો હતો તેણે અહમદનગર ઉપર રાત્રે હલ્લાં કરીને, અને મુસલમાનોના તાબાના દેશમાં ઉપદ્રવ કરવા માંડીને શાહના કામમાં વિઘ્ન પાડ્યું, તે ઉપરથી, તેનું માથું કાપી લાવનારને ઈનામ આપવાનું ઠરાવ્યું. એક પ્રસંગે તેણે અહમદનગર ઉપર હુમલો કર્યો, એવામાં, મુસલમાની અશ્વારોએ તેને પાછો નસાડી મૂકીને તેની પછવાડે દોડ કરી. તે ઘોડો દોડાવીને ઈડર ભણી નાઠો, પણ એક કોતરની બાજુએ ત્વરાથી જતો હતો તેવામાં તેનો ઘોડો ભડકવાથી ઘોડા સહિત તે કોતરમાં ધસી પડ્યો, અને તે ઘોડા નીચે આવી પડ્યો તેથી મરણ પામ્યો. બીજે દિવસે એક કઠિયારો લાકડાં કાપવાને ગયો હતો તેણે કોતરમાં રાવજીનું મુડદું જોયું અને

સુલ્તાનના જાહેરનામાની વાત તેના જાણવામાં હતી તેથી તેનું માથું કાપીને સુલ્તાનને રજુ કર્યું. વીસલનગરના જે દેશમાં ડુંગરાઓની માંહે રાવ પુંજાને સંતાઈ રહેવાની ટેવ પડી હતી તે જગ્યા ઉજ્જડ કરવાને અહમદ શાહે એક ટૂકડી મોકલી.

રાવ પુંજાની પછી તેનો કુંવર નારણદાસ ગાદિયે બેઠો. તેને વિષે ફિરિશ્તાએ લખ્યું છે કે, ગૂજરાતના ખજાનામાં ત્રણ લાખ રૂપાના તનખાની ખંડણી દર વર્ષે આપવાનું તેણે કબૂલ કર્યું હતું. ઈડરથી સુલ્તાન ગઢવાડાના પરગણા ઉપર ચડ્યો અને બીજે વર્ષે ઇ૦ સ૦ ૧૪૨૮ માં નારણદાસ સાથે થએલી સલાહ તૂટી; "એટલે ઈડર ઉપર તેણે ફરીથી હુમલો કરીને ઈડરવાડાનો એક કિલ્લો નવેમ્બરની ૧૪ મી તારીખે છાપો મારીને લીધો અને ત્યાં એક ભવ્ય મસીદ બંધાવી."

દક્ષિણ માંહેલા બ્રાહ્મણી રાજા સાથે અહમદ શાહને લડાઈ થઈ, તેમાં ચાલુ રીત પ્રમાણે તેની જિત થઈ. છાણી અને માહીમ તથા મુમ્બા દેવીના બેટ મળીને હાલનો મુંબઈ બેટ બનેલો છે તે ગૂજરાતના રાજાઓના તાબામાં હતો એવી મનોરંજક વાત આ ઠેકાણે જાણવામાં આવે છે. એક ખંડિયો હિન્દુ રાજા જે રાય કહેવાતો હતો તેને સ્વાધીન તે વેળાએ માહીમ હતું, તે રાજાએ પછવાડેથી પોતાની પુત્રી શાહ અહમદના શાહજાદા વ્હેરે પરણાવી હતી. મુસલમાનોએ આ દેશની ઈલાયદી જિત કરી હોય એવો લેખ કહિયે જણાતો નથી, તેમ જ, ગૂજરાતના સુલ્તાન અથવા તેમના સૂબાઓમાંથી કોઈ આ સમય સુધી ખરેખરા જંપીને નવરા પડ્યા હોય એમ જણાતું નથી. તેમ જ, આ ઈલાયદા અને દૂરના પ્રદેશમાં તેમનું રાજ્ય વિસ્તારવાનું કામ માથે લેવાને શક્તિમાન થાય એવાં પૂરતાં સાધન મળ્યાં હોય એમ પણ જણાતું નથી. પાછળ આપણા જોવામાં આવ્યું છે કે અણહિલવાડના રાજાઓ છેક દક્ષિણ સુધી પોતાની ફોજ લઈ ગયા છે; અને જે ખાનદેશના ઉત્તર ભાગમાં કર્ણ ઘેલો ગૂજરાત ઉપર ચડાઈ થયા પછી, ઘણી વાર સુધી રહ્યો હતો તે તેઓએ પોતાને સ્વાધીન કરી લીધો એટલું જ નહિ, પણ તેઓએ આખું કોકણ કબજે કરી લીધું છે, અને કોલ્હાપુરના રાજ્યને પણ બ્હીક દેખાડી છે. આ ઉપરથી એવી કલ્પના થાય છે કે અણહિલવાડના રાજાઓના તાબાના દેશમાં મુંબઈ અને ઉત્તર કોકણ એ બે આવી ગયેલાં હતાં તે વાઘેલા વંશનો નાશ થયાથી તેમનું રાજ્ય મુસલમાનોના હાથમાં ગયું ત્યારે તે તેમના હાથમાં ગયાં; એ વાતની સાબીતીને માટે અણહિલવાડના રાજાઓની દરિયાઈ સત્તા ચાલતી હતી તેની થોડી

ઘણી વાત આપણને મળેલી છે તેના સંબંધ સાથે આ વાતનો વિચાર કરતાં, સિદ્ધરાજના પ્રસિદ્ધિ પામેલા વંશ સંબંધમાં ઓછી રમૂજ મળતી નથી.

અહમદ શાહની વતીનો કુતુબખાન કરીને માહીમનો સૂબો હતો તે મરણ પામ્યો, એટલે, બ્રાહ્મણી સુલ્તાને ખરેખરો લાગ જોઈને કંઈ નુકસાન વેઠ્યા વિના તે પોતાને સ્વાધીન કરી લીધું, અને વળી તેણે છાષ્ટી માંહેલું થાણા પોતાના હાથમાં કરી લીધું. અહમદ શાહે તરત જ દીવ, ગોઘા ને ખંભાતમાં સત્તર વ્હાણનો કાફલો તૈયાર કર્યો તેની સાથે ઉત્તર કોકણમાં ફોજ લઈ જઇને થાણા ઉપર હલ્લો કરીને તે પાછું સ્વાધીન કરી લીધું. બ્રાહ્મણી સરદાર માહીમ ન્હાશી ગયો. એ બેટનો આગલો ભાગ ખુલ્લો હતો તેથી તેણે લાકડાનો ઘણો મજબૂત કિલ્લો કરી લીધો અને પોતે અંદર રહ્યો, તેમ છતાં પણ, અહમદ શાહે પોતાની ફોજનો ઘણો નાશ થતાં પણ તે હાથ કરી લીધો, અને પોતે દક્ષિણની આખી ફોજની સામે આવી પડ્યો. એક ઘણી ખુનરેજીભરેલી લડાઈ થઈ, તેમાં કોની જિત થાય તે કહેવાઈ શકાય એમ ન હતું. છેવટે રાત પડી એટલે લડાઈનો છેડો આવ્યો; પણ અંધારાની વેળાએ દક્ષિણના સૂબેદારે પોતાનું રહેઠાણ છોડયું અને તે પાસેના મુમ્બાદેવી બેટમાં નાશી ગયો. ગૂજરાતની દરિયાઈ ફોજે તે બેટને ઘેરો ઘાલ્યો, અને ફોજને ચડી ઉતરવાને માટે સીડી ગોઠવી દીધી તેથી બ્રાહ્મણી શાહનો સરદાર બેટ છોડી દઈને ખંડસ્થ ભાગ ઉપર ન્હાશી ગયો. થાણાના કિલ્લા આગળ બીજી લડાઈ થઈ તેમાં દક્ષિણની ફોજે છેક હાર ખાધી, અને તે અસ્તવ્યસ્ત થઈ ગઈ એટલે ગૂજરાતની સેના માહીમના બેટમાંથી મળેલાં સોના અને રૂપાનાં ભરતનાં ભરેલાં કેટલાંએક સુંદર લૂગડાં લઈને ઘર ભણી પાછી વળી.

ઈ૦ સ૦ ૧૪૩૧ માં બ્રાહ્મણી રાજાએ, પ્રથમ ખાધેલી હારનું વૈર લેવા સારૂ ગૂજરાત તાબાના ખાનદેશ ઉપર એકાએક હલ્લો કર્યો; પણ અહમદ શાહ જાતે તેની સામો થયો અને પ્રથમ પ્રમાણે તેની હાર કરી દીધી.

બીજે વર્ષે અહમદ શાહે રાજસ્થાન ઉપર ચડાઈ કરીને ડુંગરપુરના રાવળ પાસેથી ખંડણી લીધી, અને ભીલના દેશમાં થઈને મેવાડના રાણા મોકલજીના પ્રાન્તમાં પેઠો, અને કોટા, બુંદી, અને નદુલયના રાવો પાસેથી ખંડણી ઉઘરાવી. અહમદ શાહે પોતાના રાજ્યની આખેરીમાં તેના જૂના શત્રુ સુલ્તાન હોશંગના વંશજો પાસેથી માળવાનું રાજ્ય લઈ લેવાનો પ્રયત્ન કર્યો; તેમાં છેવટનો સર્વ વખત રોકાયો પણ તેની ધારણા પ્રમાણે તે પાર પડ્યો નહિ. તે ઈ૦ સ૦ ૧૪૪૩ ના જુલાઈ મહિનાની ચોથી તારીખે

અમદાવાદમાં મરણ પામ્યો, અને તેને જુમા મસ્જીદની પાસે એક સુંદર કબરમાં દાટ્યો.

અહમદ શાહનો શાહજાદો અને તેનો ક્રમાનુયાયી મહંમદ શાહ[1] થયો, તેણે ઈડરના રાવ ઉપર ચડાઈ કરી એટલે તે કેટલીક વાર સુધી ડુંગરોમાં સંતાઈ રહ્યો પણ પોતાના વાંકને માટે ક્ષમા માગવા સારૂ સંદેશો મોકલવા ઉપરથી તેને ક્ષમા કરવામાં આવી, અને તેણે પોતાની કુંવરી સુલ્તાન વ્હેરે પરણાવી. મહંમદ શાહ ભાગર ઉપર ચડાઈ કરવાનું ચાલુ રાખીને ત્યાંથી ખંડણી લઈને અમદાવાદ પાછો આવ્યો. ઈ૦ સ૦ ૧૪૪૯માં ચાંપાનેરના રાવળ ગંગાદાસ ઉપર ચડાઈ કરીને તેને હરાવ્યો અને તેના કિલ્લામાં ભરાઈ પેસવાની તેને અગત્ય પાડી, પણ માળવાના ખિલજી પાદશાહને તે રાવળે સમજાવીને પોતાની ઓથે બોલાવ્યો. તે ઉપરથી મહંમદ શાહથી આ નવા શત્રુની સામે ટકાઈ શકાયું નહિ એટલે હીણપસ્તી પ્હોંચે એવી રીતે ન્હાસેડું લીધું.

માળવાના સુલ્તાન મહમૂદે ગૂજરાત સ્વાધીન કરી લેવાની હવે બ્હીક દેખાડી અને મહંમદ શાહ મરણ પામ્યો અથવા તેને ઝેર દેવામાં આવ્યું. ત્યાર પછી, તેનો શાહજાદો કુતુબ શાહ[2] ગાદિયે બેઠો કે તરત જ પોતાની-રાજધાનીની લગભગ થોડા માઈલ ઉપર સરખેજ અને વટવાની વચ્ચે શત્રુ આવી પ્હોંચેલો હતો તેની સામો ગયો; ત્યાં એક લડાઈ થઈ, તેમાં માળ-વાનો સુલ્તાન લગભગ જિતવાની અણી ઉપર હતો તેવામાં છેવટે તેને ન્હાસવાની જરૂર પડી. બંને સુલ્તાનો વચ્ચે સલાહ થઈ, અને તેમણે એવો કોલકરાર કર્યો કે હવેથી આપણે હિન્દુઓની સાથે સદા લડાઈ મચાવતાં રહેવું. તે પ્રમાણે મેવાડના રાણા કુંભા ઉપર તેઓએ એકઠા મળીને ચડાઈ કરી.

મેવાડ ઉપર એક પછી એક શૂરવીર રાજાઓએ રાજ્ય કર્યું તે માંહેલો કુંભો[3] રાણો પણ એક રાજા હતો, અને તેના શૂરવીર પૌત્ર સાંગના વારામાં

---

૧ ઈ૦ સ૦ ૧૪૪૨ થી ૧૪૫૧. ૨ ઈ૦ સ૦ ૧૪૪૫ થી ૧૪૫૯ સુધી.

૩ ઈડરના છેલ્લા ઘેલોટી રાજા ગ્રહાદિત્ય ઉર્ફે નાગાદિત્ય બીજાને ભીલોએ દગાથી મારી નાંખ્યાથી, તેની વિધવા રાણીયે પોતાના ત્રણ વર્ષની ઉંમરના બાળકુંવર બાપા અથવા બપ્પને છૂપી રીતે લઈને ઝારોલની નૈઋત્ય કોણના ભાગમાં એક માઈલને છેટે ભાંડીરના કિલ્લામાં એક ભીલના રક્ષણ તળે મૂકયો. પછી થોડા દિવસે હાલના ઉદયપુરની ઉત્તરે દશ માઈલને છેટે નાગદા ગામની પાસે પારાસરના જંગલમાં રાખ્યો. એના મોસાળ પક્ષના, મોરી વંશનાં પરમાર રાજા ચિત્તોડમાં રાજ્ય, કરતો હતો તેણે પંદર વર્ષની ઉંમરના બાપાને સરદારની પદવી આપી પોતાની પાસે રાખ્યો. ઇ. સ. ૭૨૬ માં ગજનીના મુસલમાન રાજકર્તાએ ચિત્તોડ ઉપર ચડાઈ કરી, તેને બાપાએ

મુસલમાની સત્તાની સામે, મેવાડે બહાદૂરીભરેલા ઠરાવ કર્યો છે. મેવાડના રક્ષણ અર્થે ચોર્યાંશી કિલ્લા બાંધવામાં આવ્યા છે તેમાંથી બત્રીસ

હઠાવીને છેક ગજની કોટ સુધી તેની પુંઠ પકડી ગઢને જિતી લઈ પોતાની તરફથી એક ચાવડા રજપૂતને ત્યાં રાખ્યો. ત્યાંથી વળી આવ્યા પછી, બધા સરદારોની ખુશીથી મોરી વંશના રાજાને મારી, ઇ. સ. ૭૨૮ માં રાવળ પદવી ધારણ કરી ચિત્તોડ-(મેવાડ)ની ગાદિયે બેઠો. એનાં "હિન્દુ સૂર્ય" "રાજગુરૂ" અને "ચક્રવર્તિ" એવાં ઉપનામ (વિરૂદ) છે. એણે મોટી ઉંમરે ચિત્તોડનું રાજ્ય પોતાના કુંવર અપરાજિત અથવા ગુહિલને સોંપી પોતે ગજની ગયો. ત્યાંથી લશ્કર લઈ જઈ ઈરાન ઉપર ચડાઈ કરી ત્યાંની રાજકન્યા પરણ્યો. તેના વંશના ઘેલોટી ગજનીની ગાદિયે થયા, જેમાંના ચિત્તોડના રાવળ ખુમાન (ઈ. સ. ૮૧૨ થી ૮૩૬) ઉપર જાબુલીસ્તાનનો અલ મામુન ચડી આવ્યો ત્યારે તેઓ ગજનીથી મદદે આવ્યા હતા.

ચિત્તોડની ગાદિયે (૨) અપરાજિત પછી નીચેના રાજા થયા: (તેઓ એકબીજાના બાપ દીકરો હતા એમ સમજવાનું નથી પણ કોઈ ભાઈ ભત્રીજા પણ હતા.) ૩ ભોજ, ૪ શીલ, ૫ કાલભોજ, ૬ ભર્તૃભટ, ૭ સિંહ, ૮ મહાયિક, ૯ ખુમ્માણ ઇ. સ. ૮૧૨ થી ૮૩૬ સુધી, ૧૦ અલ્લટ, ૧૧ નરવાહન, ૧૨ શક્તિકુમાર, ૧૩ શુચિવર્મા, ૧૪ નરવર્મા, ૧૫ કીર્તિવર્મા, ૧૬ યોગરાજ, ૧૭ વૈરટ, ૧૮ વંશપાળ, ૧૯ વૈરિસિંહ, ૨૦ વીરસિંહ, ૨૧ અરિસિંહ, ૨૨ ચોડસિંહ, ૨૩ વિક્રમસિંહ, ૨૪ રણસિંહ, ૨૫ ક્ષેમસિંહ, ૨૬ સામંતસિંહ, ૨૭ કુમારસિંહ, ૨૮ મથનસિંહ, ૨૯ પદ્મસિંહ, ૩૦ જૈત્રસિંહ, ૩૧ તેજસિંહ અથવા તેજસ્વીસિંહ, ૩૨ સમરસિંહ, એ દિલ્હીના ચહુઆણ રાજા પૃથ્વીરાજનો બનેવી અને મિત્ર થતો હતો. પૃથ્વીરાજ ઉપર ઈ. સ. ૧૧૯૩ મા શાહબુદ્દીન ગોરી ચડી આવ્યો. ત્યારે પૃથ્વીરાજ પકડાઈ કેદ થયો અને એ લડાઈમાં રાવળ સમરસિંહ તથા તેનો મોટો કુંવર કામ આવ્યા. બીજા કુંવરને બીદડની જાગીર મળી, ત્રીજા કુંવરે નેપાળમાં ગુરખા વંશની સ્થાપના કરી, અને ચોથો કુંવર ૩૩ મા અંકનો કર્ણ જે બાળક હતો તેને સરદારોએ મેવાડની ગાદિયે બેસાડયો. બાળ રાજાની પ્રતાપી માતા રાજ્ય ચલાવતી હતી. એ બહુ બહાદૂર હતો; એના સમયમાં દિલ્હીથી કુતુબુદ્દીનને (ઈ. સ. ૧૨૦૬ થી ૧૨૧૦ સુધી હતો) પોતાનું લશ્કર લઈ મેવાડ ઉપર ચડી આવતો જાણીને જેના લશ્કર સામે અંબર આગળ જઈ કર્ણે બહુ બહાદુરીથી લડી, ઘણા મુસલમાનોને કાપી નાંખ્યા. આ લડાઈમાં કુતુબુદ્દીન જખમી થયો હતો. રાવળ કર્ણે ઈ. સ. ૧૧૯૩ થી ૧૨૧૦ સુધી રાજ્ય કર્યું. કર્ણ મરણ પામ્યો ત્યારે તેનો કુંવર મહપ પોતાને મોસાળ હતો તેથી કર્ણના જમાઇ ઝાલોરના રાજાએ પોતાના દીકરાને ગાદિયે બેસારયો. તે ખબર કર્ણનો ભત્રીજો (૩૪) રહપ જે સિંધમાં રાજ્ય કરતો હતો તેણે જાણી, એટલે, મ્હોટા લશ્કરથી ચિત્તોડ આવી જિત કરી ગાદિયે બેઠો, અને તેણે રાવળને બદલે રાણા પદવી ધારણ કરી. તેથી આજ સુધી મેવાડના રાજા રાણા કહેવાય છે. એણે મુસલમાનો સાથે ઘણી લડાઇયો કરી હતી. એણે પોતાના કુળની શાખા જે ઘેલોત નામથી ઓળખાતી હતી તે બદલીને સીસોદીયા કહેવરાવી. એણે ઈસવી સન ૧૨૧૧થી ૧૨૩૯ સુધી રાજ્ય કર્યું. એના

તો રાણા કુંભાએ બંધાવેલા કહેવાય છે. તે માંહેલો મ્હોટામાં મ્હોટો કુંભો મેર અથવા કોમલમેર નામનો કિલ્લો છે; તેની સ્વાભાવિક જગ્યાને લીધે

પછી ૩૫ ભુવનસિંહ, ૩૬ જયસિંહ, ૩૭ લક્ષ્મીસિંહ ઉર્ફે લખમસી ઈ. સ. ૧૨૭૫થી ૧૩૦૩ સુધી થયો. એની ઉપર દિલ્હીના પાદશાહ અલાઉદ્દીન ખીલજી (ઈ. સ. ૧૨૯૫થી ૧૩૧૫ સુધી) ચડી આવ્યો પણ હાર ખાઈ પાછો ગયો. ફરી ઇ. સ. ૧૩૦૩ માં રાણા લખમસીના કાકા ભીમસિંહની રાણી, જે લંકાની પદ્મિની હતી તેને સ્વાધીન લેવા માટે તે ચડી આવ્યો હતો. એ ભારે લડાઈમાં રાણાના બાર કુંવરમાં એક કુંવર અજયસિંહ જે કેલવાડે હતો તે સિવાયનું તમામ કુટુમ્બ મરાયું. રાણીયો મ્હેલ સળગાવી બળી મોઈ તે પછી ૩૮ અજયસિંહ ઈ. સ. ૧૩૦૩ થી ૧૩૧૦ સુધી થયો, એને બે કુંવરો હતા; તેઓને રાણે બતાવેલું કામ ન થવાથી મોટો આપઘાત કરી મરણ પામ્યો અને ન્હાનો કુંવર ડુંગરપુર ગયો. તેનાથી તેરમો પુરૂષ સજ્જનસિંહ થયો તે દક્ષિણમાં વિજાપુર ગયો, ત્યાંના બાદશાહની સારી નોકરી બજાવ્યાથી તેના તરફથી ૮૪ ગામનું મોઘલ પરગણું પ્રાપ્ત કરી લીધું અને રાજાની પદવિ મેળવી. એના વંશમાં મરાઠા રાજ્ય સ્થાપનાર પ્રખ્યાત શિવાજી થયો. આજે એના વંશજ કોલ્હાપુરના મહારાજા છે.

મેવાડના રાણા અજયસિંહ પછી, તેના ભાઈ અરિસિંહનો કુંવર ૩૯ હમ્મીર ઈ. સ. ૧૩૧૦થી ૧૩૬૫ સુધી થયો. એણે ૩૭મા રાણા લખમસીના સમયમાં ગયલું ચિત્તોડ પાછું લીધું અને દિલ્હીના તુઘલુખ બાદશાહ મહમૂદ પ્હેલા(ઈ.સ. ૧૩૨૫થી ૧૩૫૧ સુધી)ને જિત્યો તથા તે પાસેથી અજમેર, રણસ્થંભોર, નાગોર, સુઇસોપુર લીધાં. હમ્મીર પછી તેનો કુંવર ૪૦મો ખેતસિંહ ઈ.સ. ૧૩૬૫થી ૧૩૮૩ સુધી થયો. એણે માંડલગઢ, દસોર છપ્પનનાં પ્રગણાં મેવાડ સાથે જોડ્યાં. એક વખત દિલ્હીના પાદશાહ તરફથી હુમાયુ નામનો સરદાર લશ્કર લઈ મેવાડ ઉપર ચડી આવ્યો, બાકરોલ આગળ લડાઈ થઈ તેમાં મુસલમાનોનો પરાજય થયો. તે પછી ૪૧મો લક્ષ અથવા લાખો રાણો થયો, તેણે મેવાડનો પ્હાડી ભાગ જિતી લઈ વેરાગઢ તોડી પાડી તેની નજીક બેદરનો કિલ્લો બાંધ્યો. રાણા લાખાના ઘડપણના વખતમાં મારવાડના રાજા રણમલ તરફથી રાણાના પાટવી કુંવર ચંદ્રસિંહ ઉર્ફે ચંદને માટે નાળિયેર (સગપણ) આવ્યું ત્યારે રાણાએ મશ્કરીમાં કહ્યું કે "તમે આવાં "રમકડાં મારા જેવા સફેત દાઢાડીવાળાને માટે લાવ્યા હશો." આવું કથન પિતાના મુખથી થયેલું જાણ્યાથી રાણાને કહ્યું કે એ કન્યાને આપ પરણો. રાણાએ ઘણી ના પાડી પણ કુંવર કહે કે એ તો મારી મા થાય,માટે તમારે તેને પરણવું જ જોઇશે. પછી તેનો કુંવર થાય તે રાજગાદિયે બેસે, એટલા માટે હું ગાદીનો હક્ક છોડું છું. રાણા લાખાને છેવટે આ વાત સ્વીકારવી પડી. નવી રાઠોડ રાણીથી કુંવર મોકલસિંહ થયો. તે પાંચ વર્ષની વયે પ્હોંચ્યો ત્યારે લાખા રાણાએ પ્રયાગ જઈ ત્યાં રહેવાનું ધાર્યું. કુંવર ચંદે ગાદી ન લીધી તેથી મોકલસિંહને ગાદિયે બેસારી રાજની લગામ ચંદને સોંપી, અને ઠરાવ્યું કે દરબારમાં પ્હેલી પદવી ચંદની, રાજ્ય તરફથી કોઈ પણ સરદારને જાગીર આપવામાં આવે તો તેની સનદો ઉપર રાણાની સહિની સાથે ચંદ અને તેના વંશજોએ ભાલાની નિશાની કરવી. બાળરાજાની વતી રાજકારભાર ચંદ કરતો હતો પણ તેની માને વ્હેમ આવવાથી ચંદ મેવાડ છોડી માણ્ડના

અને તે સાથે વળી તેણે એવું ચણતર કામ કરાવ્યું છે કે તેથી કોઈ દેશી ફોજનાથી જિતી શકાય એવો નથી. આબુ ગઢ ઉપર પરમારોનો કિલ્લો છે; તેમાં પણ તેણે એક કોટ બાંધ્યો, તેમાં તે ઘણી વાર રહેતો હતો. ત્યાંના તોપખાના ઉપર અને ગઢીના બુરજ ઉપર હજી લગણ કુંભાનું નામ છે; અને એક કઢંગું દેવલ છે તેમાં તેની પિત્તલની મૂર્ત્તિ છે, તેની આજે પણ પૂજા થાય છે. વળી કુંભા રાણાએ, આબુ અને પશ્ચિમ ભણીની સીમા વચ્ચેના રસ્તા, કિલ્લાવતે આંતરી લીધા છે. સિરોઈની પાસે વસંતી નામે એક કિલ્લો તેણે બાંધ્યો છે; અંબાજીના દેરા પાસે કુંભારિયામાં એક બીજો બાંધ્યો છે; અને બીજા કેટલાક બાંધ્યા છે તેથી આરાવલીના મેર અથવા ઝારોલ અને પાનોરાના ભીલ લોકોનાથી તેના દેશનું રક્ષણ થાય છે. આબુ પર્વત ઉપર કુંભાશ્યામ-નું દેવાલય છે એ પણ સિસોદિયા રાજાની નામના છે. તે ઉપરાંત તેણે ઋષભદેવનું પ્રખ્યાત ચૈત્ય બંધાવાના કામમાં ઘણો આશ્રય આપ્યો છે, એ દેરાસર[1] રાણાના માનીતા કોમલમેર કિલ્લાની નીચે આરાવલી પશ્ચિમ

રાજમાં ગયો. પછી તેની વતી મોકલસિંહનો નાનો રણમલ રાઠોડ રાજ્ય ચલાવવા લાગ્યો, પણ પાછળથી તેની દાનત સારી નથી એમ રાણીને લાગવાથી ચંદને તે હકીગત કહાવી મૂકી એટલે ચંદે આવી રણમલને મારી, તમામ રાઠોડોને કહાડી મૂકયા. એ ચંદના વંશજ ચંદાવત કહેવાય છે.

૪૨ મા મોકલસિંહ પછી ૪૩ મો કુંભકર્ણ ઉર્ફે કુંભોજી ઇ. સ. ૧૪૧૯ થી ૧૪૬૯ સુધી થયો. મેવાડના ચોરાસી કિલ્લામાંના ૩૨ કિલ્લા કુંભા રાણાએ બંધાવ્યા છે. એ બહાદુર હતો તેમ કવિ પણ હતો. કાઠીયાવાડમાંના ઝાલાવાડના ઝાલા રાજ જેતસિંહ(ઈ. સ. ૧૪૨૦થી ૧૪૪૧ સુધી)ની કુંવરીનું સગપણ મારવાડના રાજા સાથે કર્યું હતું, તેનું હરણ કરી કુંભોજી ચિત્તોડમાં લાવ્યા. આથી મારવાડના રાઠોળ મેવાડ ઉપર ચઢી આવ્યા પણ તેમાં ફાવ્યા નહિ. ઈ. સ. ૧૪૪૦માં રાણા કુંભાજીએ ગૂજરાત અને માળવાના એકત્ર મળેલા મુસલમાન લશ્કરને હરાવ્યું, એટલું જ નહિ પણ માળવાના મહા પરાક્રમી બાદશાહ મહમૂદને કેદી બનાવ્યો હતો. આ મ્હોટા જયની યાદગીરી માટે કુંભા રાણાએ ચિત્તોડ ગઢ ઉપર પત્થરનો એક મ્હોટો અને સુંદર કીર્તિસ્થમ્ભ અથવા જયસ્થંભ બંધાવ્યો, તે આજ સુધી છે.

૧ આ દેરાસરમાં એક લેખ છે તેમાં કુંભા રાણાને રાણાશ્રી કુંભકર્ણ, શ્રીબાપ્પ અથવા બાપા વિષે પૃષ્ઠ ૫૫૦ માં લખવામાં આવેલું છે તેનાથી થયેલો લખ્યો છે તથા તેમાં તેની વંશાવલી આપેલી છે. આ લેખ જે(જે ઈ૦ સ૦ ૧૪૪૦ ની સાલનો છે)માં કુંભ રાણાને બીજાં વિશેષણ આપવામાં આવેલાં છે, તે સાથે નીચે પ્રમાણે વિશેષણ આપવામાં આવેલાં છે: "સર્પ સરખા જંગલી રાજાઓના ટોળાનો નાશ કરનારો, "ગરૂડ અસત્ય રૂપી જંગલને બાળી નાંખનારો દાવાનળ, હિન્દુઓનો સુલ્તાન" મેવાડ-માં સાદી અથવા સાદરી શહરથી આસરે પાંચ માઈલ ઉપર રાણપુર નામના

ઢોળાવની ઉજ્જડ બ્રીણ, સાદરી રસ્તા ઉપર આવેલી છે ત્યાં આગળ છે. તે જાતે કવિ હતો અને તેની રાણી પ્રખ્યાત રાઠોડ કુંવરી મિરાંબાઈ[1] પણ કવિયણ હતી.

મુઝફ્ફર શાહના ભાઈના વંશનો શમ્સખાન કરીને કુતુબ શાહનો સગો થતો હતો, અને જેના તાબામાં નાગોર હતું તેણે મેવાડના રાણાની સામે થવાને કુતુબ શાહને પોતાની ઓથે બોલાવ્યો હતો. પ્હેલી ચડાઈ કરી તેમાં શાહ પંડે આવ્યો નહતો, તેનો પરિણામ એવો થયો કે રાણાએ ગૂજરાતની ફોજને છેક હરાવી દીધી, અને તેનું કશું ચાલવા દીધું નહિ. આવો કેર થયાના સમાચાર કુતુબ શાહે સાંભળ્યા એટલે તે જાતે ચડ્યો; અને સિરોઈના રજપૂતો તે સમયે મેવાડના પટાવત હતા તેમને હરાવીને ડુંગરામાં પ્રવેશ કરીને કોમલમેર ભણી ચાલ્યો. આ ઠેકાણે રાણાએ તેની ઉપર હલ્લો કર્યો, પણ તે કેટલીક લડાઇયોમાં જય પામ્યો નહિ એટલે છેવટે તેણે સલાહ કરવાને વિનતિ કરી.

માળવાના સુલ્તાન મહમૂદે આ વેળાએ કુતુબ શાહને પોતાનો એવો અભિપ્રાય જણાવ્યો કે આપણે બે મળીને રાણા કુંભાનો દેશ વ્હેંચી લઇયે. આ વિષેનો સલાહનો લેખ ચાંપાનેરમાં બન્નેના એલચિયોએ બંને એકમત થવાથી સોગન ખાઈને સહિ કર્યો. બીજે વર્ષે કુતુબ શાહે ચિત્તોડ ઉપર ચડાઈ કરીને આબુ ગઢનો કિલ્લો લીધો, અને ડુંગરાઓમાં પ્રવેશ કર્યો ત્યાં બે સામાન્ય લડાઇયોમાં તે જય પામ્યો. ત્યાર પછી બીજી વેળાએ તેણે પોતાને તાબે થઈ જવાની રાણાને જરૂર પાડી. બીજે વર્ષે ઈ૦ સ૦ ૧૪૫૮ માં નાગોર જેર કરવાને અર્થે રાણા કુંભાએ ફરીને હથિયાર પકડ્યાં. ત્યાર પછી ઘણી વારે કુતુબ શાહ તેની ઉપર ચડી આવ્યો, તે જય પામતો કોમલમેરના દુર્જય કિલ્લા આગળ આવ્યો એટલે તેનો ફરીને અટકાવ કર્યો. ત્યાંથી તે અમદાવાદ પાછો ગયો, ને થોડા દિવસ પછી મરણ પામ્યો. તેને તેના બાપ મહંમદ શાહની પાસે સુલ્તાન અહમદના રોજામાં દાટયો.

ગામમાં એક દેવલ છે તેના ચિત્ર અને વર્ણનને સારૂ ફર્ગ્યુસનની ઈલ્લસ્ટ્રેટેડ હાન્ડ બુક આફ આર્કિટેક્ચરના પ્રથમ ભાગનું પૃષ્ઠ ૭૯ મું અથવા તેના ઈલ્લસ્ટ્રેશન્સ ઓફ ઈન્ડિયન આર્કિટેક્ચરમાં જુવો.

[1] ઉદેપુરના કવિ સામળદાસના અભિપ્રાય પ્રમાણે મીરાંબાઈ કુંભા રાણાની રાણી ન હતી પણ કુંભા રાણાના કુંવર સાંગા રાણાના પુત્ર ભોજરાજજીની રાણી થાય. આ ભોજરાજજી કુંવરપદે જ દેવ થયા હતા, તેથી મિરાંબાઈ બાળવિધવા હતાં અને તે મેડતાના ઠાકોર વીરમદેની પુત્રી અને અકબર સામે થનાર ચિતોડના જયમલ્લની બ્હેન થાય.

વિશેષ માટે જુઓ રાસમાળા પૂરણિકા. ર. ઉ.

પ્રકરણ ૫.

મહમૂદ બેગડો ઈ. સ. ૧૪૫૯ થી ૧૫૧૧ સુધી.

કુતુબ શાહની પછી તેનો કાકો દાઉદ ગાદિયે બેઠો. (ઈ.સ. ૧૪૫૯) પણ તેણે થોડા દિવસ રાજ્ય કર્યું, તેમાં તે અયોગ્ય જણાઈ આવ્યાથી તેનો ન્હાનો ભાઈ મહમૂદ બેગડો, જે ગૂજરાતના સુલ્તાનોમાં પ્રતાપી થઈ ગયો તે, પાટ બેઠો. તે ત્યારે ચૌદ વર્ષનો હતો, એટલામાં, તરત જ, તેણે એવી હિમ્મત અને શક્તિ બતાવી કે તેથી તે આગળ ઉપર પ્રખ્યાતિ પામ્યો. તેનો એક નિમકહલાલ વઝીર હતો તેને મારી નાંખવાને તેના શત્રુઓ ભ્હાર પડ્યા હતા, તેને જો તેણે મારી નાંખવા દીધો હોત તો તે વઝીરની પછવાડે તેનો પણ નાશ થાત. એવા વઝીરનું તેણે રક્ષણ કરવું તેથી ત્રીસ હજાર બંડખોરો આ જુવાન સુલ્તાનના મ્હેલને ઘેરી રહ્યા. આ વેળાએ તેના કેટલાક સલાહ-કારોએ એવી સલાહ આપી કે ગમે તો આપણે આ કિલ્લામાં સંતાઈ રહેવું અથવા તો ખજાનો લઈને સટકી જવું. પણ મહમૂદ (બીજો) તો કોઈ જૂદા જ સ્વભાવનો માણસ હતો. તેણે કિલ્લાના દરવાજા ઉઘડાવી નંખાવ્યા, અને પછવાડે તીરનો ભાથો બાંધીને અને હાથમાં કમાન લઈને ન્હાનકડો સુલ્તાન બહાદૂરીથી બ્હાર નીકળી પડ્યો. તેની આગળ ડંકા થવા લાગ્યો, અને રાજમાર્ગમાં પોતાના શત્રુઓની વચ્ચે થઈને તેણે ધીરે ધીરે ચાલવા માંડ્યું, એટલે, તેના રાજભક્ત ઉમરાવો હતા તેઓને તેના વાવટા પછવાડે વિટળાઈ વળવાનો પ્રસંગ મળ્યો. ત્યાર પછી, ધીરજ અને ચતુરાઈથી તેણે એવી વ્યવસ્થા કરી કે, આખું બંડ બેશી ગયું.

તેના રાજ્યના આવા વખાણવા જેવા પ્રારંભ પછી, ત્રીજે વર્ષે મહમૂદ ફોજની સરદારી ધારણ કરીને ચડ્યો, અને તેણે ખાનદેશની ઉત્તરમાં જઈને, દક્ષિણના બ્રાહ્મણી શાહને માળવાના સુલ્તાનના પંજામાંથી ઉગાર્યો.

ઈ० સ० ૧૪૬૮ માં મહંમદ પેગંબરે તેને સ્વપ્નમાં દેખા દીધી અને સ્વાદિષ્ટ પક્વાન્નનું જમણ તેના મુખ આગળ મૂકીને, કાફરો અથવા મૂર્ત્તિ-પૂજકોને જિતી લેવાની આજ્ઞા કરી. તે પ્રમાણે, મહમૂદ શાહ સોરઠ જિતી લેવાને તૈયાર થયો. આગળ મહંમદ તુઘલુખે અને તેના પૂર્વજ અહમદ શાહે એ દેશ જિતવાને પ્રયત્ન કર્યો હતો પણ તે વ્યર્થ ગયો હતો. મહમૂદે તો આ ચડાઈને સારૂ ભારે દબદબાભરેલી તૈયારી કરવા માંડી, પાંચ કરોડ મ્હોરોની પેટિયો ભરાવી ઈજીપ્ત, આર્બસ્તાન, અને ખોરાસાનની રસેલી મૂઠ્યોની અઢારસે તરવારો; તે સાથે અમદાવાદની વખણાયલી ત્રણ હજાર

અને આઠસે તરવારો તથા એ જ પ્રમાણે સોને રૂપે રસેલી કટારિયો એકઠી કરી; ઘોડેશ્વારના સરદારના હાથ નીચે આર્બસ્તાન અને તુર્કસ્તાનના બે હજાર ઘોડા તૈયાર કરાવ્યા અને મહમૂદે ધાર્યું કે મારી સાથે જે યોદ્ધાઓ આવવાના છે તેઓને બદલો આપવાને આ સર્વ ઈનામ કદાપિ ઓછું ગણાશે, માટે તેણે તેઓને કહ્યું કે તમારા શૂરવીરપણાના બદલામાં સોરઠની બધી લૂંટ તમને વ્હેંચી આપવામાં આવશે.

ગિરનાર એંશી માઇલ દૂર રહ્યો ત્યાં સુધી મહમૂદ (બીજો) આવ્યો, એટલે પોતે ત્યાં જઈ પ્હોંચે તેના પ્હેલાં મોહાબિલા કરીને બ્હારની જગ્યા છે તે રોકી લેવાને તેણે પોતાના કાકા તુઘલુખ ખાનને સત્તરસેં માણસો આપીને મોકલ્યો. તેણે આ ઠેકાણે જે રજપૂતોનો પ્હેરો મૂકવામાં આવેલો હતો તેમના ઉપર છાપો મારીને તેમને કત્લ કર્યા. તે સમાચાર સોરઠના રાહના[1] સાંભળવામાં આવ્યા એટલે તેણે પોતાના ડુંગરી કિલ્લા ઉપરથી નીચે આવીને તુઘલુખ ખાનના ઉપર હુમલો કર્યો, અને તેને તે નસાડી મૂકવાની તૈયારીમાં હતો એટલામાં મહમૂદ શાહ (બીજો) જાતે ત્યાં આવી પ્હોંચ્યો, એટલે તે દિવસના બનાવનો ફેરફાર થઈ ગયો. રાહ સખ્ત ઘાયલ થયો, તેથી તે ન્હાસી ગયો. પાસેનો દેશ મહમૂદે ચોખ્ખો કરી દીધો, અને ઘાસદાણાને માટે ટોળિયો ફરી વળી તે તેની છાવણીને સારૂ પુષ્કળ સામાન લઈ આવી. પછીથી તેણે ઘેરો ઘાલવાની તૈયારી કરી. પણ તેણે ધારી હતી તેના કરતાં વધારે મુસીબતો નડવા માંડી, એટલે પુષ્કળ જવાહીર અને નગદી પોતાના આગળ ભેટ મૂકવાની અને જાતે આવીને શરણ થવાની તેણે રાહને છૂટ આપી. (ઇ. સ. ૧૪૬૭).

આ પ્રમાણે થયું છતાં ગિરનાર ઉપર ફરીને ચડાઈ કરવાનું બ્હાનું મહમૂદ શોધતો હતો, તેવામાં એક કારણ બીજે વર્ષે (ઈ. સ. ૧૪૬૯) તેને મળી આવ્યું, તે એ કે, રાહ મંડલિક રાજચિહ્ન ધારણ કરીને કોઈ દેવાલયમાં ગયો હતો, એવું તેના સાંભળવામાં આવ્યું, માટે તેને શિક્ષા કરવા સારૂ ચાળીસ હજાર ઘોડેશ્વારની ફોજ ગિરનાર ઉપર ચાલી. પણ રાવ મુસલમાનોની સામે થવાને રાજી ન હતો, તથા તેમ કરવાની તેનામાં શક્તિ પણ ન હતી તેથી તેની પાસે માગી એટલે ખંડણી આપી, અને છત્ર વિગેરે રાજચિહ્ન સુલ્તાનની આગળ મૂકી દીધાં. "જેમ માખિયોને ઉડતી મૂકવામાં "આવે છે ને તે પાછી આવે છે તેમ, શત્રુ પણ ફરીફરીને આવે છે," એવું

૧ જૂઓ રાસમાળાપૂર્ણિકા.

શૂરવીર પૃથ્વીરાજનું કહેવું સોરઠના રાહને પણ ખરેખરૂં લાગુ પડ્યું. કેમકે, એ જ વર્ષની આખેરિયે મહમૂદે જાતે સોરઠ ઉપર ફરીને ચડાઈ કરી. તેને રાહે કહ્યું કે, મારી પ્રજાને લડાઈના ત્રાસમાંથી મુક્ત કરો તો મારી પાસેથી જેટલું નીકળે એટલું ધન તમને આપી દઉં; પણ મહમૂદે (બીજાએ) ઉત્તર આપ્યું કે, "નાસ્તિક થવું તેના કરતાં વધારે વાંક બીજો એકે નથી, અને "જો તમે શાન્તિની ઇચ્છા રાખતા હો તો, ખુદા એક છે એમ માન્ય કરો." રાહે કાંઈ ઉત્તર આપ્યું નહિ, પણ જૂનાગઢના કિલ્લામાં પોતે સંતાઈ પેઠો. એટલે, મહમૂદે તેની પછવાડે ઘેરો ઘાલ્યો. રાહે વિચાર કર્યો કે આપણાથી અહિં પણ રહી શકાશે નહિ, તેથી, તે ગિરનારના ઉપરકોટમાં જતો રહ્યો; પણ તેના કિલ્લેદારો ભૂખે મરવાથી શરણ થયા. અને રાહના દુઃખનો પાર આવ્યો નહિ એટલે તે કિલ્લો છોડીને શરણ થયો અને સુલ્તાનની આગળ કુંચિયો મૂકી દીધી; અને મહમૂદે કલમો પઢાવ્યો તે પ્રમાણે પઢીને મુસલમાની ધર્મનો સ્વીકાર કર્યો. (ઇ૦ સ૦ ૧૪૭૩) મિરાતે સિકંદરીનો કર્ત્તા કહે છે કે, પાદશાહના કહેવાથી તે મુસલમાન થયો નથી પરંતુ પીરનો દાખલો લઇને, તેની ખરાબી થયા પછી તે થયો છે. તે ગ્રન્થકર્ત્તા કહે છે કે, "મંડલિક "રાજાને કેદ કરીને અમદાવાદ મોકલ્યો. એક દિવસે રસુલાબાદ શાહ આલ-"મનો મેળો જતો હતો ત્યારે રાહે પૂછ્યું કે શાહ આલમ કોણ છે, અને "તે કોની સેવા કરે છે? ત્યારે તેને ઉત્તર આપવામાં આવ્યું કે એ પીર "કોઇનું ધણીપણું માન્ય કરતો નથી, પણ સર્વશક્તિમાન ઇશ્વરનું ધણીપણું "માન્ય કરે છે. આવું ઉત્તર સાંભળીને તેને આશ્ચર્ય લાગ્યું અને તેની પાસે "જવાનો તેણે નિશ્ચય કર્યો; ત્યાં તે પીરે તેને મુસલમાન થવાનો બોધ "કર્યો." સોરઠના છેલ્લા રાહને "ખાનજહાન" અથવા "જગતનો ધણી" એવો મુસલમાનોએ ઇલ્કાબ આપ્યો, અને એક મુસલમાની પીરજાદા પ્રમાણે અમદાવાદમાં તેની કબર છે ત્યાં આગળ તેની આખી જીંદગાનીમાં જેઓએ દુઃખ દીધું હતું તેઓના જ વંશજ તેની[1] (બીજા પીરજાદાઓની પ્રમાણે) આજ સુધી પૂજા કરે છે.

---

૧ રાહ મંડલિક પાસેથી સુલ્તાને રાજ્ય લઈ લીધું, અને પછી તેનો કુંવર ભૂપતસિંહ ઉર્ફે મેલિંગદેવને જાગીરદાર બનાવ્યો. તે ઈ. સ. ૧૪૭૩ થી ૧૫૦૫ સુધી હતો. તે પછી તેનો કુંવર ખેંગાર પાંચમો ઈ. સ. ૧૫૦૫ થી ૧૫૨૫ સુધી હતો.. પછી તેનો કુંવર નોંઘણ પાંચમો ઈ. સ. ૧૨૨૫ થી ૧૫૫૧ સુધી રહ્યો. તે પછી તેનો કુંવર શ્રીસિંહ ઈ. સ. ૧૫૫૧ થી ૧૫૮૬ સુધી, અને તે પછી તેનો કુંવર ખેંગાર છઠ્ઠો ઈ. સ. ૧૫૮૬ થી ૧૬૦૮ સુધી હતો. એ બાગસરે તાલુકદાર થઈ રહ્યો.

મહમૂદ શાહે પોતાની ધારણા પ્રમાણે જિત મેળવ્યા પછી, સૈયદ અને અને બીજા વિદ્વાનોને **સોરઠ**માં વસાવવા માટે બોલાવ્યા. વળી તેણે ત્યાં એક શહર વસાવ્યું, તે થોડી વારમાં તેના રાજધાની નગર જેવું ઘણું ખરૂં થઈ ગયું, અને તેનું નામ તેણે **મુસ્તફાબાદ** પાડયું. આ નવા શહરમાં તે એક ઇમારત ચણાવતો હતો તેવામાં તેના સાંભળવામાં આવ્યું કે, **કચ્છ**ના રૂહેવાસીયોએ **ગૂજરાત** ઉપર હલ્લો કર્યો છે, તેટલા ઉપરથી ઇ. સ. ૧૪૭૨-માં તેણે તેઓના ઉપર ચડાઈ કરી,[૧] અને તેમને તાબે કરી લીધા. ત્યાર પછી તરત જ **સિંધના જટ** અને **બલુચી** લોકો ઉપર તે ચડ્યો. તે સમયે તે **સિંધુ** નદી પર્યંત જઈ પ્હોંચ્યો હતો.

નીચે લખેલો ભાટનો આપેલો વૃત્તાન્ત, અમે જે સમયનું લખતા આવ્યા છીએ તેના વિષે છેઃ—

સારંગજીના વંશના ગોહિલ **ભીમજી**ના હાથમાં **લાઠી** અને અઠીલાં હતાં. તેને ત્રણ કુંવરો હતા, અને એક કુંવરી હતી, તે **સોરઠ**ના **રાહ**ને દીધી હતી; માટે એ સંબંધને લીધે, તેનાં કુટુંબી સર્વે ઘણાં ખરાં **જૂનેગઢ** રૂહેતાં હતાં. જ્યારે **મુસલમાનો**ની સેના, રસ્તે ચાલતાં **હિન્દુઓ**નાં દેવાલયનો નાશ કરતી **લાઠી** પાસે આવી ત્યારે આખા કુટુંબમાં પુરુષમાં **ભીમજી** ગોહિલનો ન્હાનો કુંવર **હમીરજી** માત્ર ઘેર હતો. તેના સાંભળવામાં આવી નઠારી વાત આવી ત્યારે તે પોતાની ભાભીને કહેવા લાગ્યો કે, '**મુસલમાનો**ની સેના "**સોમનાથ**નો નાશ કરવાને મનસુબે ચાલી આવે છે; પણ ક્ષત્રિયનું બીજ "જો રહ્યું હોય તો, મ્લેચ્છ લોકો, **હિન્દુ**નાં દેવાલય તોડી શકે નહિ." તેની ભાભિયે ઉત્તર આપ્યું કે, "બીજું કોઈ ક્ષત્રિયનું બીજ નથી તો તમે તો "છોકની!" **હમીરે** આવા શબ્દ સાંભળ્યા એટલે તેનું લોહી ઉકળી આવ્યું. એક પણ શબ્દ તે બોલ્યો નહિ; પણ બસેં માણસને લઈને ચાલ્યો, તે **સિહોર**ની પશ્ચિમમાં, થોડે ગાઉને છેટે, **સરોડ**નો ડુંગર છે ત્યાં તેનો મિત્ર **વેગડો** ભીલ રૂહેતો હતો ત્યાં ગયો. **હમીરે** પોતાની વાત **વેગડા**ને કહી; પણ

---

૧ આ ચડાઈ કચ્છના તે સમયના **જામ હમીરજિએ** કરેલી નથી, તે તો તુરત-માં જ ગાદીપતિ થયા હતા, અને તેમના વિરોધી **વાગડ**માં **સાપર(રાપર)**ના **જામ અબડાજી**ના પિતાએ હમીરજી ઉપર સંકટ લાવવાના હેતુથી **અમદાવાદ**ના પ્રગણામાં લૂંટ કરી હતી. આ વેળાએ સુલ્તાન, **ગિરનાર**ના **મંડલિક રાઠ** ઉપર ચડી ગયો હતો.

જામ હમીરજીનો હેતુ **સુલ્તાન** વિરૂદ્ધ હતો તેથી સલાહસંપ થતાં **જામ હમીરજિએ** પોતાની રાખની કુંવરી પરણાવી, તેથી **મહમૂદ** પાછો ફરી ગયો. **ર. ઉ.**

ભીલ બોલ્યો: "જ્યારે કોઈ મ્હોટા રાજા લડવાને આગળ પડતા નથી ત્યારે "તું શું કરવાને જાય છે? આ મુસલમાન લોકોની સેના ઘણી બળવાન "છે; તારા એકલાથી કાંઈ પાછી ફ્હાડી મૂકાય એમ નથી." હમીર બોલ્યો: "હું તો ત્યાં જઈને લડીને મરીશ; પણ એક વાતનો મારા મનમાં ઘણો "ખેદ થાય છે, તે એ કે, હું હજી સુધી પરણ્યો નથી."[1] આ ઉપરથી વેગડા ભીલે પોતાની સ્ત્રીની સલાહ લઈને પોતાની મ્હોટી પુત્રી તેને વ્હેરે પરણાવી. હમીર ત્યાં એક રાત્રિ રહ્યો ને તેની સ્ત્રિયે ગર્ભ ધારણ કર્યો. તેના વંશના હાલ સુધી દીવ પ્રગણામાં નાઘેરમાં છે, તે ગોહિલ કોળી કહેવાય છે.

વેગડા ભીલે ત્રણસેં કામઠાવાળા ભીલ એકઠા કર્યા, અને હમીર તથા તેનાં બસેં માણસોના ભેગો સોમનાથનું રક્ષણ કરવા ચાલ્યો,[2] ખરે-ખરી લડાઈ જામી, ત્યારે વેગડો જે કિલ્લાની બ્હાર રહીને લડતો હતો તેને હમીરે બારિયેથી અંદર બોલાવ્યો, પણ ભીલે ઉત્તર આપ્યું કે, "મારૂં નામ "વેગડો (લાંબાં શીંગડાંવાળો બળદ) છે, તે હું બારીમાં શું કરવાને પેસું?" પછી જેને જેમ ફાવ્યું તેમ, વેગડો પડ્યો ત્યાં સુધી લડ્યા.

સોરઠો—વેગડ વડ ઝુંઝાર, ગઢ બારિયે ગયો નહિ;
શિંગ સમારણ હાર, અંબર[3] લગી અડાવિયાં. ૧

પછી તે લડાઈમાં હમીર પણ તરત જ મરાયો;

સોરઠા—વેહેલો આવે વીર, સખાતે સામૈયા તણી
હીલોલવા હમીર, ભાલા અણિયે ભીમાઉત. ૨
પાટણ[4] આવ્યાં પૂર, ખળહળતા ખાંડા તણાં
સેલ્લે માંહી શૂર, ભેંસાયણસો ભીમાઉત. ૩
વેળ્ય તાહરી વીર, આવી ઉવાટી નહિ;
હાકમ તણી હમીર, ભેખડ હતી [5]ભીમાઉત ૪

---

૧ શાસ્ત્રમાં લખ્યું છે કે પુત્ર વિના પિતાની મુક્તિ થતી નથી, અને સ્વર્ગ પણ તેને મળતું નથી.

૨ સુલ્તાન મહમૂદ બેગડે સોમનાથ ઉપર ચડાઈ ઈ. સ. ૧૪૯૦માં કરી. ર. ઉ.

૩ વેગડ વડો લડવૈયો ગઢબારિયે ગયો નહિ, પણ આકાશ લગી તેનાં શીંગડાં તેણે અડાવી દીધાં.

૪ શિવ પટ્ટણમાં ખખડતાં શસ્ત્રોનું પૂર આવ્યું; તેમાં ઉધમાતા પાડાની પેઠે ભીમ ગોહિલનો પુત્ર શૂરવીર સેલ કરવા લાગ્યો.

૫ ઓ વીર! ભીમના પુત્ર હમીર તારી વેળ આવીને પાછી વળી નહિ, શાથી કે હાકેમની ભેખડ આડી હતી.

ચંત[1] ચલણુ તે વાય, અંગ જે અણુસારો થયો;
ક્રમતોય કુળહેવાય, ભરતો આવે ભીમાઉત. ૫
વન કાંટાળાં વીર, જીવીને જોવા થયાં;
આંબો અળગ હમીર, ભાંગ્યો મોરી ભીમાઉત.[2] ૬

એભલ વાળાનો દીકરો ચાંપો જે જૂનાગઢની પાસે જેતપૂરનો રાજા હતો તે પણ એ જ લડાઈમાં મરણ પામીને પછવાડે મુસલમાનોને ત્રાસ ઉપજાવનારૂં નામ કરતો ગયો.[3]

"ઓ! બાદશાહ એ ફૂલ ગયું તેથી નીરાંતે રહીશ નહિ;
"ફૂલની ટોપલીમાંથી ચંપો[4] પાછો એક વાર ફરીને ઉછળશે,
"એભલનો પુત્ર"

એક બીજો ભાટ કહે છે કે મહમૂદ બેગડાના વારામાં, રાણજી કરીને ગોહિલ ઠાકોર હતો તેના કબજામાં રાણપુર હતું, તે ગોમા અને ભાદર નદીના

---

૧ મનમાં તો પાછા ફરવાનો વિચાર હઠીને શરીરમાં પ્રેરણા થઈ, પણ પોતાના કુળની ટેવથી ક્રમ એટલે ડગલાં ભરતો ગયો. અંગ્રેજીમાં એમ છે કે "તારા શરીરનો આકાર આલણીના જેવો થયો તો પણ તારાં પગલાં તારા કુળને ઘટે તેવી રીતે તું આગળ ભરતો આલ્યો." આ છે તો સાર્થક અને "ચંત આલણી તણા" એવા કોઈ પાઠ ઉપરથી કરચો હશે, પણ તેવો પાઠ ઘણી રીતે બરાબર બેસતો આવતો નથી.

૨ ઓ વીર! ભીમપુત્ર હમીર હવે જીવીને કાંટાવાળાં જંગલ જોવાનાં રહ્યાં, અને તું આંબા રૂપ હતો તે તને માર આવ્યા પછી તું વેગળો જતો રહ્યો. અંગ્રેજીમાં એવો ભાવાર્થ છે કે,—"ઓ વીર! જેઓ પછવાડે જીવતા રહ્યા તેઓએ કાંટાનાં વન જોયાં, કેમકે આંખનું રક્ષણ કરનાર પોપચા રૂપી હમીર પ્રથમ નાશ પામ્યો હતો." આવો અર્થ બેસારી દીધો છે તેનું કારણ એવું ધારવામાં આવે છે કે આંબો એ શબ્દને બદલે આંખે એવો શબ્દ "બ" ને "ખ"ના હસ્તદોષથી સમજવામાં આવ્યો હશે. ૬ ૨. ઉ.

૩ મહમૂદ ગજનવીની રીત પ્રમાણે ઘણા બલવાન મુસલમાન સરદારોએ સોમનાથ ઉપર ચઢાઈ કરેલી છે. તેમાં અમદાવાદનો સુલ્તાન મહમૂદ બેગડો આ સ્થળ ઉપર લશ્કર મોકલનાર છેલ્લો હતો એમ ગણવામાં આવ્યું છે. "એના સામો લાઠીનો "ગોહિલ ઠાકોર થયો હતો પણ તેનું કાંઈ ચાલ્યું ન હતું. તે મરાયો હતો, અને મહમૂદ "તેની જગ્યા કબજ કરી લેવામાં જય પામ્યો અને તે સમય ત્યાં એક દેવાલય હતું "તે જગ્યાએ તેણે એક મસીદ બાંધી. હોલકરની રાણી અહિલ્યાબાઇયે થોડા દિવસ "ઉપર એક બીજું દેવાલય બંધાવીને મહાદેવની સ્થાપના કરી છે." કર્નલ વાકરના રિપોર્ટ ઉપરથી.

૪ ચંપો એ ચંપાનું ફલ અને ચાંપો એભલનો પુત્ર એ બે શબ્દ ઉપર અલંકારમાં કહ્યું છે.

સંગમ ઉપરના કિલ્લામાં રહેતો હતો. એ ઠેકાણે પછવાડેથી અઝિમખાન ઉધેઈની[1] બાંધેલી ઈમારત હવણાં પણ છે. કહે છે કે, મારવાડના રાજાને બે કુંવરિયો હતી, તેમાં એક રાણજી ગોહિલને પરણાવી હતી, અને બીજી પાદશાહને દીધી હતી. એક સમયે પાદશાહની બેગમ અને તેની બ્હેન, રાણજીનાં ઠકરાણાં પોતાને પિયર ગયાં હતાં, ત્યાં બેગમે પોતાની બ્હેનને ભેગાં જમવા બેસવાનું કહ્યું, ત્યારે ગોહિલની રાણી બોલી કે, "તમે પાદશાહ વ્હેરે પરણ્યાં છો, અને મારા સ્વામી પાદશાહના પટાવત "છે તેથી તમારા ભેગાં જમવા બેસવા જેટલી મારી યોગ્યતા નથી." આ પ્રમાણે તેણિયે બીજાં કેટલાંક બ્હાનાં બતાવ્યાં પણ તેની મ્હોટી બ્હેને હઠ પકડીને ઘણો આગ્રહ કરવા માંડ્યો ત્યારે તેની ન્હાની બ્હેને તેની ક્ષમા માગીને ખરેખરૂં કારણ કહી દીધું કે,—"તમે મુસલ્લમાન વ્હેરે પરણ્યાં છો "તેથી હું તમારા ભેગી જમવા બેસું તો વટલું." આ વાત સાંભળીને બેગમને રીસ ચડી અને મનમાં એવો ઠરાવ કર્યો કે, ગમે તેમ કરીને એને અમદાવાદ બોલાવીને મારા ભેગી જમાડવી.

પછી બેગમ પોતાના રાજધાની નગરમાં પાછી ગઈ તેવામાં રાણજી ગોહિલ કાંઈ સરકારી કામ સારૂ ત્યાં ગયા. બેગમે પાદશાહને સર્વ વાત કહીને કહી રાખ્યું હતું કે, ગમે તેમ કરીને પણ મારી બ્હેન અહિં આવે તેમ કરવું. આ સમયે રાણજીએ પોતાના ઢોલિયાના એક ચાકરને વાંકમાં આવ્યાથી કહાડી મૂકયો હતો. તેને બેગમે પોતાની ચાકરીમાં રાખ્યો અને કહ્યું કે તું જઈને ઠકરાણાંને અહિં તેડી લાવ. ત્યારે ચાકરે કહ્યું કે રાણજીના કાગળ વિના તે અહિં આવે નહિ, પણ કદાચ જો તેની કાંઈ નિશાની દેખે તો આવે ખરાં. બેગમે આ વાત પાદશાહને કહી. તે ઉપરથી પાદશાહે રાણજી પાસેથી એક દિવસે તેની તરવાર જોવા સારૂ માગી લીધી, બીજે દિવસે કટાર માગી લીધો, અને ત્રીજે દિવસે હાથનું માદળિયું માગી લીધું. પછી ત્રણે વાનાં ચાકરને આપીને રવાના કર્યો. ચાકર રાણપુર ગયો અને ઠકરાણાંને કહેવા લાગ્યો કે, "હું તમારા ઢોલિયાનો ચાકર છું તે તમે જાણો છો;

---

૧ મુસલમાન સરકારનો અઝિમખાન ધાઝી સરદાર હતો. તેણે રાણપુરનો સુંદર કોટ બાંધ્યો, તે વિના (સન ૧૬૩૦ માં) અમદાવાદમાં મદરેસાને માટે એક ઇમારત બાંધી હતી (ત્યાર પછી તેને કેદખાનાની જગ્યા ઠરાવીને તેનું કદ હલકું પાડી નાંખ્યું છે.) અને બીજી એટલી બધી ઈમારતો તેણે બાંધી કે તેથી તેનું ઊધેઈ એવું ઉપનામ લોકોમાં પ્રસર્યું, કેમકે ઉધેઈ પોતાના ઉપર ઘર બાંધ્યા વિના રહેતી નથી, એવી તેની રીતિ છે તેને મળતી તેની રીતિ હતી.

"અને રાણજિયે મને તમને તેડવા સારૂ મોકલ્યો છે, તેની નિશાનીને વાસ્તે "આ ત્રણ વાનાં આપ્યાં છે. જો તમે રાણજીની આજ્ઞા લોપશો તો તે તમારો "ત્યાગ કરશે. વાસ્તે તમારે વ્હેલાં પધારવું જોઈએ." આ વાત સાંભળીને ઠકરાણાંએ પોતાનો રથ જોડાવ્યો અને ચાકરની સાથે ચાલી. તે જ્યારે અમદાવાદની પાસે આવી પ્હોંચી ત્યારે રસ્તામાં રાણજીનાં માણસ સામાં મળ્યાં તેઓએ રથ ઓળખ્યો એટલે તેની પાસે ગયાં. તે ઉપરથી પેલો ફ્હાડી મૂકેલો ચાકર ન્હાશી ગયો. પેલા માણસ ઠકરાણાંને રાણજીને ઉતારે લઈ ગયા. ત્યાં રાણજિયે પૂછ્યું કે તમારે શા કારણ સારૂ આવવું પડ્યું ત્યારે તે બોલી કે હું તો તમારા તેડાવ્યાથી આવી છું. જૂઓ આ તમારી નિશાનિયો. રાણજિયે જાણ્યું કે આમાં કાંઈ કપટ થયું.

પછીથી પાદશાહે રાણજીને ક્હેવરાવ્યું કે, "તમારાં ઠકરાણાંને અહિં "મળવા સારૂ મોકલો, જો પાંશરે પાંશરા મોકલશો નહિ તો હું જબરાઈથી "આણીશ." રાણજી ગોહિલે ના કહી તે ઉપરથી લડાઈ થઈ. પણ રાણજિયે જાણ્યું કે હવે સામા થવામાં કાંઈ માલ નથી માટે કાંઇક યુક્તિ રચવી. આમ ધારીને તેણે એક ચારણની દીકરીને ઠકરાણાંનો વેષ પ્હેરાવીને પાદશાહને ઘેર મોકલી અને પોતાની સ્ત્રી હેમક્ષેમ ઘેર પાછી લઈ આવ્યો.

ચારણની દીકરી કાંઈ સાધારણ સ્ત્રી ન હતી, પણ ખરૂં જોતાં શક્તિ હતી. તે ઉમેટાના દુદા ચારણની દીકરી થતી હતી. એક વાર રાણજી તેણી મગ ખંડણી ઉઘરાવાને ચઢ્યો હતો ત્યારે તેનું પરાક્રમ તેના જાણવામાં આવ્યું હતું. તે એવી રીતે કે વા વર્ષાદનું તોફાન થવાથી રાણજી પોતાના અશ્વારોથી વિખૂટો પડી ગયો, અને ફરતો ફરતો ઉમેટે આવી પ્હોંચ્યો, ત્યારે તેને તરસ લાગી; એટલે પાસે એક છોકરી દીઠી તેની પાસે પાણી માગ્યું, એટલે તે જ્યાં બેઠી હતી ત્યાંથી તેણે લાંબો હાથ કરીને પાણી આપ્યું તે રાણજીને ઘોડા ઉપર બેઠાં બેઠાં પાણી પ્હોંચ્યું. આ ચમત્કાર જોઈને રાણજી ઘોડા ઉપરથી ઉતરીને તેની પ્રદક્ષિણા કરીને તેને લાંબો થઈને પગે લાગ્યો. એટલે તે છોકરીનું નામ રાજબાઈ હતું તે પ્રસન્ન થઈને બોલી કે "વરદાન "માગ્ય." ત્યારે તેણે કહ્યું: "મારે સંકટની વેળા આવશે ત્યારે હું તમને "મારી ઓથે બોલાવીશ." તેણે તે વાત માન્ય કરી. અને ઉપર પ્રમાણે અમદાવાદમાં રાણજી સંકટમાં આવ્યો ત્યારે તેણે તેનું સ્મરણ કર્યું તે ઉપરથી તે ત્યાં આવી. રાણજી જ્યારે રાણપુર પાછો આવ્યો ત્યારે તેણે કિલ્લામાં રાજબાઈનું સ્થાનક કરાવીને તેમાં તેની મૂર્ત્તિ બેસારી અને તેને પોતાની કુળદેવી કરીને સ્થાપી.

ઉપર પ્રમાણે બનાવ બની રહ્યા પછી, એક ઘરડી મુસલમાન ડોશી અને તેનો દીકરો મક્કે યાત્રા કરવા સારૂ જતાં હતાં, તેમણે રાણપુરમાં રાતવાસો કર્યો. મળસકું થતાં વેંત જ છોકરાએ પોતાના સદાના નિયમ પ્રમાણે બાંગ પોકારવા માંડી. તે સાંભળીને બ્રાહ્મણોએ જઇને ગોહિલને કહ્યું: "આ મુસલમાને એવા યોગે બાંગ દીધી છે કે, આ ઠેકાણે મ્લેચ્છનું "રાજ્ય થાય." આવી વાત સાંભળીને ગોહિલને ક્રોધ ચડ્યો, અને તેણે ડોશીને તથા દીકરાને પકડી મંગાવીને ધમકી દીધી કે, તમે મારે દરવાજે બાંગ દીધી જ કેમ ? ડોશિયે ક્ષમા માગી કે, અમારા મનમાં કાંઈ કપટ નથી, પણ તેથી રાણજીનું મન માન્યું નહિ, અને તેણે તેના દીકરાને પોતાની તરવારના ઘાથી કાપી નાંખ્યો. તે ઉપરથી ઘરડી ડોશિયે અમદાવાદ જઇને સુલ્તાનને ફરિયાદ કરી. અને જે બન્યું હતું તે મહમૂદ બેગડાએ પોતાના સર્વ ઉમરાવોને કહી સંભળાવ્યું, પણ કોઇયે ગોહિલ સામે લડવાને હામ બકી નહિ. છેવટે પાદશાહનો ભાણેજ ભંડેરી ખાન તે જ દિવસે પરણ્યો હતો તેમ છતાં રાણપુર ઉપર ચડવાને તૈયાર થયો. એટલે સુલ્તાને તથા બીજા અમીરોએ તેને ના પાડી, પણ તેણે માન્યું નહિ ને કહ્યું કે, હું અલ્લાની ખાતર લડીશ. તે ફોજ લઇને ધંધુકા સુધી ગયો. ત્યાં રાણજી ગોહિલ સામો જઈ પ્હોંચ્યો અને ખરેખરી લડાઈ જામી. મારામારી ઘણી વાર સુધી ચાલી, અને રાણજી પાછો હઠતો હઠતો રાણપુરના દરવાજા સુધી આવ્યો. તેણે પોતાનાં ઠકરાંણાંને કહેવરાવ્યું કે મારૂં છત્ર તમારી નજરે પડતું બંધ થાય ત્યારે તમે તમારો જીવ કહાડી નાંખજો કે મુસલમાનોના હાથમાં પડો નહિ. પણ લડાઈ ચાલતી હતી, તેવામાં છત્ર ધરનારને તરસ લાગી, એટલે પાણી પીવાને તેણે છત્ર નીચે મૂક્યું. તે ઉપરથી રાણિયોએ જાણ્યું કે આપણા સ્વામી પડ્યા, એટલે કિલ્લામાં કૂવો હતો તેમાં સર્વે પડીને મરણ પામી. આ કેર ગુજર્યા પછી પણ રાણજિયે લડવાનું જારી રાખ્યું હતું તથાપિ આખરે તે રાણપુરના દરવાજા આગળ પડ્યો, અને મુસલમાનોએ કિલ્લામાં પ્રવેશ કર્યો, પણ તેના પ્હેલાં તેઓનો બ્હાદૂર સરદાર ભંડેરી ખાન માર્યો ગયો હતો. ત્યાર પછી મહમૂદ બેગડાએ રાણપુર, મૂળીના હાલાજી પરમારને આપ્યું હતું, તે હાલાજી રાણજીનો ભાણેજ થતો હતો.

હાલાજીની વાત નીચે પ્રમાણે છે:—જટ મ્હોટેરો તે સમયે સિંધમાં રહેતો હતો, તેને ઘણી રૂપવંતી દીકરી હતી, તેનું નામ સુમરીબાઈ હતું, તેને બલાત્કારથી બાદશાહે પોતાના જનાનખાનામાં આણવાનો પ્રયત્ન

કર્યો. તેટલા માટે સત્તરસેં જટ લોકો સિંધમાંથી ન્હાશીને મૂળી ગામ આવ્યા. તે વેળાએ સોડા પરમારના વંશના બે ભાઈના હાથમાં મૂળી હતી. તેમાં એકનું નામ લખધીરજી હતું અને બીજાનું નામ હાલોજી હતું. જટ લોકોએ કહ્યું કે, સિંધનો પાદશાહ નક્કી અમારી પછવાડે લશ્કર મોકલશે, માટે જો તમે અમારૂં રક્ષણ કરી શકો એમ હોય તો અહિં રહિયે, નહિ-કર અમે આગળ જઇશું. પરમારોએ પ્રતિજ્ઞા કરીને કહ્યું કે, જ્યાં સુધી અમારા ધડ ઉપર માથું હશે ત્યાં સુધી અમે તમને હરકત થવા દઇશું નહિ. આ ઉપરથી જટ લોકો મૂળીમાં રહ્યા.

પછી તરત જ સિંધના પાદશાહનું લશ્કર આવ્યું, અને તે ઘણું બળ-વાન હતું તેથી પરમારોએ જાણ્યું કે, આપણા ગામને કોટ નથી, માટે તેમના સામો ટકાવ કરવાને આપણને ઘણું કઠિનં પડશે. આવું વિચારીને મૂળીની પશ્ચિમમાં પંદર ગાઉ ઉપર માંડવનો ડુંગર છે તેની ઝાડીમાં જઈ રહ્યા. પાદશાહનું લશ્કર તેમની પછવાડે ત્યાં ગયું અને ઘણા દિવસ સુધી લડાઈ ચાલી. છેવટે પરમારનો એક હજામ ફૂટ્યો તે શત્રુને જઈ મળ્યો, અને માત્ર એક જ કૂવામાંથી પરમારોને પાણી પૂરૂં પડતું હતું તે કૂવો તેણે બતાવી દીધો. મુસલમાનોએ એક ગાયનું માથું કાપીને કૂવામાં નાંખ્યું. તેથી પરમારોને હવે સલાહ કરવાની અગત્ય પડી, એટલે તેઓએ જટની દીકરીને નસાડી મૂકાવી, અને લખધીરજિયે પોતાના ન્હાના ભાઈ હાલાજીને ઓળમાં મૂકયા. પેલી કન્યા ન્હાશીને વણોદ ગઈ, અને ત્યાં જીવતી ડટાઈ, તેના ઉપર દેવડી હજી સુધી જોવામાં આવે છે.

લખધીરજિયે જઈને ગૂજરાતના સુલ્તાનનો આશ્રય માગ્યો, તે ઉપરથી અમદાવાદથી લશ્કર નીકળ્યું.[1] ભૂજ દેશમાં લડાઈ ચાલી તેમાં સિંધિયો હાર્યા અને હાલાજીને મૂકાવીને રાજધાનીમાં લાવ્યા.

---

૧ આ વખતે કચ્છની ગાદિયે નીચેની વંશાવળીના દશમા રાજા–જામ હમીરજી હતા. તેની રાજધાની હબાયમાં હતી અને ભૂજ તે પછી વસ્યું.

૧ જામ લાખો જાડાણી (લાખોજી) (કચ્છની ગાદિયે)
| ઈ. સ. ૧૧૪૭–૧૧૭૫
૨ રાયધણજી
| ઈ. સ. ૧૧૭૫–૧૨૧૫

દેદોજી	૩ ઓઢોજી ઇ. સ. ૧૨૧૫—૧૨૫૫ (આના વંશજ કચ્છના રાજકર્તા છે)	ગજણજી (આના વંશજ જામ-નગરના રાજકર્તા છે.)	હોથીજી

હાલોજી પરમાર મુસલમાન ધર્મમાં ગયો તે ઉપરથી મહમૂદ બેગડાએ કેટલાંક પ્રગણામાં પસાયતાં આપ્યાં તે લેવાની તેણે ના પાડી અને કહ્યું કે મારા કુટુંબિયોના જાણવામાં નથી કે મારી કેવી સ્થિતિ થઈ છે, માટે રાણપુર શહર જે ઉજ્જડ થઈ ગયું છે અને જે મારા મામા રાણજી ગોહિલના તાબામાં હતું, તથા પાદશાહે ખેડાવીને તેની સીમ માંહ મીઠું વવરાવ્યું છે તે આપો. પાદશાહે રાણપુર તેને સોંપ્યું, ત્યારે હાલાજિયે તામ્રપટ ઉપર લેખ કરી આપવાનું કહ્યું, પણ પાદશાહે કહ્યું કે, તમે મુસલમાન થયા છો તે કંઈ વીસરી જવાય એવું નથી, માટે લેખની કશી અગત્ય નથી.

લખધીરજી પરમાર તો પોતાના જ ધર્મમાં રહ્યા અને તેના પૂર્વજોએ મૂળીની જાગીર મેળવી લીધી. તેનું મરણ કેવા પ્રકારે થયું તે નીચેની વાત ઉપરથી જણાય છેઃ—

સાણંદના ઠાકોરે એક ચારણને રાણીસર ગામ પસાયતું આપેલું તેના વંશમાં ગઢવી રળિયો નામે થયો, તે બુદ્ધિવાળો અને ખરેખરો મશ્કરો હતો. તે વેળાએ દેશમાં લુટફાટ બહુ ચાલતી હતી, પણ ચારણનું ગામ

૪ ગાહોજી	હાલોજી
ઈ. સ. ૧૨૫૫-૧૨૮૫	
૫ વેહેણજી	રાયધણજી
ઈ. સ. ૧૨૮૫-૧૩૨૧	
૬ મૂળવોજી	કુબેરજી
ઈ. સ. ૧૩૨૧-૧૩૪૭	
૭ કાંયોજી	હરધોળજી
ઈ. સ. ૧૩૪૭-૧૪૧૪	
૮ આમરજી	હરપાળજી
ઈ. સ. ૧૪૧૪-૧૪૨૯	
૯ ભીમજી	ઉન્નડજી
ઈ. સ. ૧૪૨૯-૧૪૭૨	
૧૦ હમીરજી	તમાચીજી
ઈ. સ. ૧૪૭૨-૧૫૦૬	
૧૧ રાવ ખેંગારજી	હરભમજી
ઈ. સ. ૧૫૧૦-૧૫૮૬	
(ભૂજમાં ગાદી સ્થાપી)	હરધોળજી
	લાખોજી

(નવાનગરની ગાદી સ્થાપી) જામ રાવળજી   હરધોળજી (ધ્રોળ)

કોઈ લુંટતું નહિ, તેથી આસપાસનાં ગામોના રહેવાસિયો પોતાની માલમતા સાચવવા માટે ત્યાં મૂકી આવતા. તે વાત બોડી મોગલના જાણવામાં આવી એટલે તે રાણીસર લૂંટવાને આવ્યો. ગામ લૂંટ્યા પછી હલ્લો કરનારાઓ રળિયા ગઢવીને તેના કબીલા સહિત બાંધીને ગામના બીજા લોકો સુદ્ધાંત લઈ ચાલ્યા. પછી પ્હેલે મુકામે રાત રહ્યા, ત્યાં રળિયો અર્ધી રાતે ઉઠીને રડવા કકળવા લાગ્યો. મુસલમાનોએ તેને પૂછ્યું કે તું શું કરવાને રડે છે? તે બોલ્યો, મારે કકળવાનું મ્હોટું કારણ છે, તે તમારા સરદાર વિના હું બીજા કોઈને ક્હેનાર નથી. બોડી મોગલને તે વાતની જાણ કરવા ઉપરથી તે પિંડે આવ્યો, ત્યારે ગઢવિયે કહ્યું કે મને અને મારા કબીલાને છોડી મૂકો તો તમે માગો એટલી ખંડણી આપું. મોગલે પૂછ્યું કે હવે તે તારો પૈસો ક્યાં રહ્યો હશે? તેણે કહ્યું કે માદળિયામાંથી મને ચિઠ્ઠિ જડી છે તેમાં મારા બાપની ડાટેલી પુંજીની નિશાની લખેલી છે. મોગલે તેની સાથે પાંચસો માણસો મોકલીને કહ્યું કે જો એ એક લાખ રૂપિયા આપે તો એને છોડી મૂકજો. બે ત્રણ મેલાણ કર્યા પછી તેઓ હળવદની પાસે ટીકરના રણ સમીપે આવ્યા, એટલે ગઢવી એક બેટ બતલાવીને બોલ્યો કે, મારૂં ધન પણે ડાટેલું છે, માટે ત્યાં ઘોડાં દોડાવીને આપણે જઈ પ્હોંચિયે. તેણે પોતાનો ઘોડો મારી મૂક્યો ને તેની પછવાડે બીજાઓએ પણ પોતપોતાના ઘોડા મારી મૂક્યા, તેમને એક કાદવવાળી જગ્યામાં લઈ ગયો, ત્યાં તેઓ સારી રીતે સપડાઈ ગયા એટલે ગઢવી વઢવાણ ભણી નાઠો. તેણે ત્યાં જઈ રાજાને કહ્યું કે, હું રજપૂતોનો ચારણ છું, માટે મારા કબીલાને મોગલો પાસેથી છોડાવો. વઢવાણના રાજાએ કહ્યું કે તું જઈને મૂળીના સોઢા પાસેથી આશ્રય લઈ આવ્ય, એટલી વારમાં હું મોગલો સામો જાઉં છું, તેણે તે પ્રમાણે કર્યું. રળિયો મૂળી ગયો, ને પોતાની વાત કહી, એટલે લખધીરજી પાંચસે પરમારો લઇને ચઢ્યો, તે નળકાંઠાની પાસે પનંગસર તલાવ પાસે બોડી મોગલને જઈ મળ્યો. ત્યાં સુધીમાં વઢવાણનો રાજા ત્યાં આવી પ્હોંચ્યો ન હતો; ત્યાં ભારે લડાઈ થઈ. છેવટે મોગલ પાસે થોડાં માણસ રહ્યાં તેથી તે રાણીસરના બ્રાહ્મણની એક દીકરી પોતાના ઘોડા ઉપર લઈને નાઠો. લગધીરજી પાછળ ધાયો અને અર્ધ ગાઉ જતાં લગભગ આવી પ્હોંચ્યો. મોગલે પાછું મ્હોં કરીને જોયું તો લખધીરજીને એકલો દીઠો, એટલે પાછો ઘોડો ફેરવીને તેની ઉપર ઘા કર્યો પણ તે ખાલી ગયો; લખધીરજિયે પણ પોતાના શત્રુ ઉપર ઘા કર્યો તે પણ ખાલી ગયો; બંનેના ઘોડા ભડકીને ઝાડ થયા એટલે બંને

નીચે પડ્યા, અને ઉઠીને બાથંબાથા કરવા લાગ્યા. પ્રથમ લખધીરજી નીચે પડ્યો પણ પેલી બ્રાહ્મણની દીકરિયે તેને આશ્રય આપ્યો તેથી મોગલને નીચે નાંખ્યો, ને તેણિયે તેને પોતાની કમર સંભાળવાનું કહ્યું, એટલે લખધીરજિયે કમરમાંથી કટાર ફહાડીને મોગલને માર્યો. તે મોગલે તે જ ક્ષણે પોતાની કમરમાંથી છરો ફહાડીને તેના પેટમાં ખોશ્યો. તેથી બન્ને મરણ પામ્યા. લખધીરજીના માણસોએ મોગલની છાવણી લૂંટીને પોતાના ઠાકોરની લાશ ખોળી ફહાડીને દાહ દીધો, તથા તે જગ્યાએ એક પાળિયો ઉભો કર્યો, ને બ્રાહ્મણીને રાણીસરમાં તેના બાપને સોંપી.

મૂળીના [1]પરમાર આજ સુધી તેમની હિમ્મતને લીધે પ્રખ્યાત છે.

---

[1] સોડા પરમાર ૧ લખધીરજી (મૂળી) સિંધના થરપારકરથી આવ્યા.

૨ રામોજી — દાજીજી (ગઢાદ)

૩ ભોજરાજજી — સુજોજી (માલોદ)

૪ સામતસિંહજી

૫ લખધીરજી (બીજા) — હાલોજી (પાછળથી મુસલમાન થયો. રાણપુર મળ્યું)
આ બન્ને ભાઈયોએ સિંધના જટ લોકોને આશ્રય આપ્યો હતો.

૬ ભોજરાજજી (બીજા) — સતોજી — વીશોજી

૭ આચોજી (એને સેજકપરના બાચાજિયે મારચો.)

૮ રત્નજી — રામોજી
(રત્નજીને અમીનખાન ગોરિયે મારી, રાજ્યમાં થાણદાર મૂક્યો હતો પણ તેના દોસ્ત જાળિયા ઝાલાએ થાણદારને મારચો ને પોતે પણ મરાયો. પછીથી પાછું પરમારોને રાજ્ય મળ્યું.

૯ કણજી
૧૦ જગદેવજી
૧૧ રામસિંહજી
૧૨ રાયસિંહજી
૧૩ રત્નજી (બીજા)

અને જટ લોકોનું રક્ષણ કરયું હતું, તેથી તે લોકો તેના સંભારણામાં ઘણું આદરમાન રાખે છે. લખધીરજી અને હાલાજીનો ન્હાનો ભાઈ પોતાના વચેટ ભાઈનું જોઈને મુસલમાન થયો; તેને બોટાદનાં ચોવીસ ગામ મળ્યાં. તે તેના વંશમાં ઘણી પેઢી સુધી રહ્યાં. પછીથી તેઓ ધોળકાના તાલુકદારને નામે ગૂજરાતમાં ઓળખાવા લાગ્યા.

---

૧૪ કલ્યાણસિંહજી

૧૫ મુંજોજી

૧૬ રત્નજી (ત્રીજા)

૧૭ કલ્યાણજીસિંહજી (બીજા) ઉરફે બાપજી

|

૧૮ રામોભા (ઇ. સ. ૧૮૦૭-૮ માં કર્નલ વૉકરનો કાઠિયાવાડમાં ખંડણી સંબંધી તપાસ ચાલતો હતો.)

|

૧૯ વખતસિંહજી ૨૦ સુરતાનજી

મૂળીના તાબામાં ૧૩૪ ચોરસ માઇલ જમીન, ૧૯ ગામ, આશરે વીશ હજાર માણસની વસ્તી, અને વાર્ષિક ઉપજ સુમારે પચાશ હજાર રૂપિયાની થાય છે. તેમાંથી અંગ્રેજ સરકારને જમાબંધી અને જૂનાગઢના નવાબ સાહેબને જોરતલબી મળી કુલ રૂ. ૯,૩૫૪ આપે છે.

પ્રકરણ ૬ ઠ્ઠું.

મહમૂદ બેગડો. (ચાલુ)

મહમૂદ સિંધ ઉપર ચડાઈ કરીને પાછો આવ્યો ત્યાર પછી તેણે જગત (દ્વારકા) અને બેટના ચાંચવા નાયકો ઉપર ચડાઈ કરી; તે કરવાનું કારણ એમ બન્યું કે, એક ધર્મી માણસ (મૌલાના મહંમદ સમરકંદી) બહુ ભણેલો ફિલસુફ હતો તે વ્હાણમાં બેશીને તેને દેશ ઓર્મઝ જતો હતો. તે વ્હાણને ચાંચવાઓએ જગતના બંદરમાં વાળી આણ્યું, "અને કાળા મનના બ્રાહ્મણોએ ખોટી સલાહ આપી તે ઉપરથી કાફરોએ" ત્યાં તેને લૂંટી લીધો. મુસલમાનોએ અતિ સંકટ સહન કરીને જગત અને બેટનો કબજો કરી લીધો, અને રજપૂતોનો સરદાર રાજા ભીમ હતો તેને કેદ કરી લીધો, ત્યાર પછી, પેલા ફિલસુફની ઉશ્કેરણીથી તેને અમદાવાદ શહરની આસપાસ તણાતો ઘસડાવીને ઠેર કર્યો કે, તેનો દાખલો જોઇને બીજા કોઈ એવી ચાલ ચલાવે નહિ.[1]

આ બનાવ બન્યા પછી તરત જ, મહમૂદને પદભ્રષ્ટ કરવાના, અને તેના શાહજાદા મુઝફ્ફરને ગાદી ઉપર બેસારવાના ઇરાદાથી મુસલમાન ઉમરાવો માંહેથી એક ટોળી ઉભી થઈ.[2] ચાંપાનેરના ગઢ ઉપર ચડાઈ કરીને

---

૧ સુલતાને દ્વારિકાનું મંદિર તોડી મસ્જીદ બનાવવાના કામમાં ફોજ રોકી. ત્રણ ચાર માસની રોકાણ થઈ, તેટલામાં, બેટ ઉપર ચડી જવાને વ્હાણો તૈયાર કરાવ્યાં. રાજા ભીમે બાવીસ વેળા જંગ મચાવ્યો. છેવટે મહમૂદ બેટમાં ઉતર્યો ને ઘણા રજપૂતોને કતલ કર્યા. ભીમ ન્હાની હોડીમાં બેશીને ભાગતાં પકડાઈ ગયો.

૨ મહમૂદે પોતાના રાજ્યનો ઘણો વિસ્તાર થયેલો જોઈને રાજ્યની સારી વ્યવસ્થા રહેવા માટે પોતે મુસ્તફાબાદ(જૂનાગઢ)માં રહેઠાણ રાખ્યું અને રાજ્યના વિભાગ નીચે પ્રમાણે ઠરાવ્યા,—

બેટ અને દ્વારકાં કર્હતુલમુલ્કને સોંપ્યું; સોનગઢ ઈમાદુલમુલ્કને સ્વાધીન કર્યું; ગોધરા કિવામુલમુલ્કના તાબામાં કર્યું; અમદાવાદ ખુદાવંદ ખાનના હાથમાં રાખ્યું.

આ ચાર સરદારોમાંથી ખુદાવંદ ખાન હતો તે સુલ્તાનના શાહજાદા મુઝફ્ફરનો ઉસ્તાદ હતો. તેણે રાયરાયાન અને બીજા સરદારોની સાથે મળી જઇને રમઝાન મહિનાની ઈદને દિવસે ગોઠવણ કરવા ઇમાદુલમુલ્કને પણ બોલાવ્યો. તેણે પોતાની ફોજ અમદાવાદમાં આણી, પણ શાહજાદાને ગાદિયે બેસારવાનું બન્યું નહિ. છેવટે કેશર ખાન કરીને ખાનગી ખાતાનો ઉપરી હતો, તેણે છાની રીતે સુલ્તાનને બધું જાહેર કરી દીધું, એટલે, તે લાગલો જ ગોધ્રે ગયો અને ત્યાંથી વ્હાણમાં બેશીને ખંભાત આવ્યો. દગો કરનારામાંથી ત્યાં તેને માન આપવા મુઝફ્ફર સહિત આવી પ્હોંચ્યા

તેના ઉમરાવોને કામે લગાડી દેવા વિષેની **પાદશાહને** આજ વેળાએ સલાહ આપવામાં આવી. પણ ટોળીવાળા તેમના દુષ્ટ કામમાં ફળદ્રુપ થાય એવું રહ્યું નહિ, તેથી કરવા ધારેલી ચડાઈ કેટલાંક વર્ષો સુધી મુલતવી રહી, તે ઇ૦ સ૦ ૧૪૮૨ માં કરવાને તૈયાર થયો; પણ આ વેળાએ **સુરતની** દક્ષિણના **વલસાડના** ચાંચવાઓનું બળ દરિયામાં એટલું બધું વધી પડયું હતું કે તેઓ વ્યાપારને ખલેલ પ્હોંચાડતા હતા એટલું જ નહિ, પણ તેમના તરફથી હલ્લો થવાની ધાસ્તી ઉત્પન્ન થઈ હતી, માટે **મહમૂદનું** લક્ષ તેમના ઉપર દોડયું. તે એક દરિયાઈ નાખુદા થતો; **ખંભાત** આગળ તેણે દરિયાઈ કાફલો તૈયાર કર્યો, અને કમાનવાળા, બંદુકોવાળા અને તોપવાળા સહિતની ફોજ વ્હાણોમાં ચડાવીને ચાલ્યો; પછી શત્રુઓને નસાડતાં તેમની સાથે કેટલીક ઘડી સુધી ઝપાઝપી થઈ; તેમાં તેણે ચાંચવાઓનાં કેટલાંક વ્હાણ પકડી લીધાં. ત્યાર પછી, એ જ વર્ષની છેક આખેરિયે તેણે **ચાંપાનેર** ઉપર ચડાઈ કરી, તે વિષે અહિં લખવા માંડિયે તે પ્હેલાં **ઈડર** સંબંધી આ ઠેકાણે થોડુંક લખવાની અગત્ય છે.

નારણદાસનો ભાઈ **રાવ ભાણ** હતો, તેના ઉપર, તેની કુંવરી, **મહમૂદના** બાપ **મહંમદ શાહ** વ્હેરે પરણાવવાનો બલાત્કાર થયેલો જણાય છે. **મુસલમાની** ઇતિહાસકારોએ તેને **બીર** અથવા **વીરરાજા** કરીને લખ્યો છે. ઈડરવાડામાં **જેભારાની** વાવ છે તેમાં એના વિષેનો લેખ છે. તે ઉપરથી તારીખ માલમ પડે છે એટલું જ નહિ, પણ તેના નામમાં ફેરફાર થઈ ગયો છે તેનો ખુલાસો થાય છે. રાવનાથી અચાનક એક ગાય મરાઈ ગઈ હતી, તેના પાપના નિવારણને અર્થે તેણે એક વાવ બંધાવી હતી, તેમાં લેખ રહેલો છેઃ–"સંવત્ ૧૫૩૨(ઇ. સ. ૧૪૭૬) ના ફાલ્ગુણ શુદિ ચોથને "સોમવારને દિવસે કામદુર્ગા માતા,—ઓ રામ, શ્રીરામ! પાણી પીવાને "આવી હતી તેને રાજા શ્રી શ્રી **ભાણવીરજિયે** રામ શરણે પ્હોંચાડી.

ત્યાં પ્હેલી કચેરી થઈ, ત્યારે **મહમૂદે** કહ્યું કે, **મુઝફ્ફર** હવે સમજુ થયો છે અને કેટલાક **સરદાર** મારા કરતાં **તેને** ગાદિયે બેસાડવાને પસંદ કરે છે તો **હું તેમ** કરી **મક્કે** જવાને રાજી છું, **પણ ઇમાદુલમુલ્કે તેને અમદાવાદ** જવાને **અરજ** કરી **તેથી** તેના ભણીનો ભય ન રાખતાં તે **અમદાવાદ** જવા નીકળ્યો અને કહ્યું કે મને **મક્કે** જવાની સરદારો કબુલાત આપશે નહિ ત્યાં સુધી હું કશું ખાઈશ નહિ. **સરદારો** તેનો ભેદ સમજી ગયા અને **ઇમાદુલમુલ્કના** કહેવાથી બુઢા **નિઝામુલમુલ્કે** સલાહ આપી કે **ચાંપાનેર** ઉપર જિત મેળવીને ત્યાંની લૂંટનો પૈસો આવે તે હજ કરવામાં વાપરવો. **ઈમાદુલમુલ્કે સુલ્તાન** આગળ બધો ભેદ જાહેર કરી દીધો. **ર. ઉ.**

"એટલા માટે, પાપનું નિવારણ કરવાને અર્થે તેણે સોનાની ગાયનું દાન કર્યું; "અને આ પાણી પીવાની જગ્યા બંધાવી." * * * ભાટ લોકો કહે છે કે, "રાવ ભાણુ ગાદિયે બેઠો કે તરત જ, તેણે પોતાના રાજ્યનો સીમાડો નક્કી "કર્યો. તેણે પ્રથમ તો શિરોઈનું લાસ ગામ મારીને રોહીડા અને પોસીના "વચ્ચે શેઢાનો ઘોડો બેસાર્યો. ત્યાર પછી, નાઈ નદી ઉપર રાવ જેઠીજીની "છત્રી છે ત્યાં બીજો શેઢો નક્કી કર્યો; અને તેની પેલી મેર, છપ્પનપાળનો 'દેશ જે આજે ઉદેપુરને તાબે છે તે લીધો, ત્યાંથી થાણા ઉપર ચાલ્યો, "તે પૂર્વે રાવનું થાણું કહેવાતું હતું, તે સોમા નદી ઉપર ડુંગરપુરથી સુમારે "ચાર માઇલને અંતરે છે. ત્યાંથી સોમા નદીને કિનારે કિનારે માલપુર "અને મગોડી આવીને તે ઈડરના રાજ્યમાં મેળવી દીધાં; તેમ જ કપડવણજ "અને સાભ્રમતી સુધીનાં બાવન પ્રગણાં પણ મેળવી લીધાં. પછી તારિંગા "કબજે કરી લઈને સાભ્રમતીને પોતાના રાજ્યની સરહદ કરી દીધી; અને "ત્યાંથી શિરોઈની હદને ઘોડે શીમાડો મેળવી દીધો." ઉપર પ્રમાણે તેણે પોતાનો સીમાડો નક્કી કર્યો, તે ઉપરથી આપણો જોવામાં આવે છે કે ઘણો પ્રાન્ત તેને સ્વાધીન હતો.

અહિયાં જે તારિંગાનું નામ લખવામાં આવ્યું છે, તે જૈનના પ્રસિદ્ધ પવિત્ર ડુંગરો માહેલો એક છે. જો કે તેનામાં શત્રુંજયનો દબદબો અને તલાજાની સુંદરતા નથી, તોય પણ, તે રળિયામણો અને મનોહર છે. કુમારપાળાનું બાંધેલું અજિતનાથનું ચૈત્ય છે તે ડુંગરની હારની વચ્ચે ઉંચી સપાટ ધરતીનો એક મ્હોટો ભાગ છે તે ઉપર આવી રહ્યું છે. પાલીટાણાના પ્રસાદોની પેઠે, જો કે, હવણાંના નવીન ફેરફાર કરનારાઓથી તેને ખામી પ્હોંચી છે, તોય પણ, તે તેમના કરતાં પૂર્વનો પૂજ્ય દેખાવ વધારે રાખી રહ્યું છે. તેની આસપાસ હવણાંનાં બનાવેલાં કેટલાંક ન્હાનાં ન્હાનાં દેરાસર છે, અને તેમને લગતા નિયમ પ્રમાણે તેની પાસે સ્વચ્છ પાણીના કુંડ છે. ડુંગરા ઉપર દેવી તારણ માતાનું દેવલ આવી રહ્યું છે, તેના ઉપરથી તારિંગા નામ પડેલું છે; અને તે વેણીવચ્છરાજ અને તેની સ્ત્રી જે નાગપુત્રી હતી તેની વેળાથી છે. કુમારપાળે શ્રી અજિતનાથની સ્થાપના કરી તેના પ્હેલાં તે જગ્યાએ કોઈ ઈમારત હતી એમ જણાય છે. ડુંગરાની ચારે મગ ધાડું જંગલ આવી રહેલું છે, તેથી તેમાં સર્વ કોઈને પેસવાને મહા કઠિન છે, અને તેની પાસે ભોમિયો હોતો નથી તેનાથી તો ઘણું કરીને પેસાય એવું છે જ નહિ. તેમાં વિશેષે કરીને ચડાઈ કરવાને શત્રુ આવ્યો હોય તેનાથી તો હામ બકાય એમ છે જ નહિ. સ્હેલાઈથી રક્ષણ થઈ શકે એવા બે માર્ગ છે, ત્યાં થઈને જયાં દેરાં છે ત્યાં

ચોગાનમાં જવાય છે. જેમ ઈડરમાં છે તે પ્રમાણે મૂળથી જેટલો ભાગ કોટ જેવો રક્ષિત ન હતો તેટલો ભાગ ચણી લેવામાં આવ્યો છે. આસ-પાસનાં શિખર છે, તેમાંથી ત્રણ ઉપર ધોળી છત્રિયો છે, તે એટલી બધી તેજ મારે છે કે, અજિતનાથના પવિત્ર સ્થાનની જગ્યા થાકી ગયેલા યાત્રાળુને દર્શાવવાને, અને અંધારી ઘોર કન્દરી (ગુફા) અને ધાડા જંગ-લમાં દિવસના ફાનસનું કામ સારવાને તે વારે ઘડિયે કામ લાગે છે.

ઈ૦ સ૦ ૧૪૭૧ માં મહમૂદ શાહે, ગિરનારની પાસેના મુસ્તફાબાદ નામના નવા શહરમાં પોતાની ગાદી કરી અને અમદાવાદમાં તેની વતી કામ ચલાવવાને મોહફેજ ખાનનું પદ આપીને પોતાના એક સત્તાવાન્ અધિકારીને ઠરાવ્યો. તેના દીકરા મલેક ખિઝરે પાદશાહની ગેરહાજરીમાં હુકમ વિના [1]વાગડ અને શિરોઈના ઠાકોર તથા ઈડરના રાવ ભાણ ઉપર ચડાઈ કરીને તેમની પાસેથી ખંડણી લીધી.

રાવ ભાણ આ વેળાએ ચાંપાનેરના રાવળ સામે લડાઈ કરવામાં ગુંથાયો હતો, તેને તે કેદ કરીને પોતાની સાથે ઈડર લઈ આવ્યો, અને છ મહિના સુધી તેને કેદમાં રાખીને પછી છોડી મૂક્યો. આ કજિયો થવાનું કારણ ઘણું નવાઈ જેવું છે. કહે છે કે, રાવ ભાણ શરીરે દુબળો અને રંગે કાળો હતો તેથી એક નાટક થતું હતું તેમાં વિદૂષકને રાવળે રાવ ભાણનો વેશ લેવરાવીને અને તેની ખાંપણો કહી સંભળાવીને સભાને ખુશી કરી. તે વાત રાવ ભાણના જાણવામાં આવી, એટલે તેને ક્રોધ ચડ્યો. નીચેની કવિતા રાવળની રાણી કહેતી હોય એવી ધારણામાં કરવામાં આવી છે; તે ઉપરથી રાવ ભાણની શક્તિનો તેના શત્રુના હૃદયમાં કેવો દાબ બેશી ગયો હશે તે બતાવી આપે છેઃ—

छपय—जब नेवर संचरहं, बडे हय खरके घुघर;
जब अलंगण अधिक, अंगडर सेवे भू भर;
जब कंकण खलकंत, पेख मन पटा पहारह;
जब कुंडल झलकंत, गणे शत्रु खरा अंगारह;
भडकंत थोहड राव भाणसे, करे वास अवासगर;
क्यम रखुं कंथ कामनी कहे, सेज सोहतां रंगभर.

રાવ ભાણ અને તેની રાણિયે ઈડરમાં ભાણસર અને રાણીસર નામે તલાવો બંધાવ્યાં હતાં; તેમ જ વડાલી, દધાલિયા અને બીજી જગ્યાઓએ

[1] આ વાગડ કચ્છનું નહિ પણ ઈડર નજીકનું જાણવું.

૩૧

પણ તેનાં બંધાવેલાં તલાવો છે. વળી ભાટ લોકો ખાતરીથી કહે છે કે, **મહમૂદ બેગડાએ ચાંપાનેરની** જિત કરી તેમાં **રાવ ભાણ** મુખ્યત્વે કરીને સાહાય્યકારી હતો, અને કદાપિ એ વિષે **મુસલમાન** ઇતિહાસકારોએ કાંઈ લખ્યું નથી, તોય પણ, તેને **રાવળ** સાથે પ્રથમથી કજિયો હતો, એ ઉપરથી ઘણું કરીને શકય લાગે છે કે **શાહ**ની ફોજમાં ઇડરનો **રાવ** પણ સામેલ હશે.

ચાંપાનેરનો કિલ્લો **વનરાજ**ના સાથી **જાંબ** અથવા **ચાંપા**એ સ્થાપ્યો હતો, માટે તેના નામ ઉપરથી તેનું નામ પડેલું છે. વળી તે **પવનગઢ-(પાવાગઢ)**ના નામથી પણ પ્રસિદ્ધ છે. તેની આસપાસ નિરંતર પવનના ઝપાટા લાગ્યાં કરે છે, એ ઉપરથી એ નામ તેને ખરેખરૂં યોગ્ય છે. **કાલિકા** માતાએ પોતાને મન ગમતું રહેઠાણ ત્યાં કર્યું છે, તેથી પણ તેની પ્રસિદ્ધિ છે. તેનું દેરૂં ડુંગરના શિખર ઉપર છે. અને આ પૂજ્ય પર્વતવાસી માતાની આણ બહુ માનથી તેના ઘણા રજપૂત પટાવતો માને છે. **પવનગઢ** બહુધા નોખો પડી ગયેલો છે, તે **ગૂજરાત**ના પૂર્વ પ્રગણામાં આવેલો છે. તેની કેટલીક બાજુએ ઉભા ખરાબા જેવામાં આવે છે; તેનો ઉભો ચડાવ સર્વ ઠેકાણેથી રક્ષાયલો છે, અને મેદાન ઉપર રહીને જેનારાને કૃત્રિમ કોટ જેવો દેખાય છે. તે અતિ ભયંકર ઉંડાઈની ખાઈનો ઢોળાવ થયેલો એવો જે ખર્ડું તેનો ખરેખરો સ્વાભાવિક જ બનેલો છે એમ દીસી આવે છે. તેની ઉત્તર ભણીની તલેટીમાં **હિન્દુ** રાજાઓના નગરનું ખંડેર છે. ત્યાં પડી ગયેલા ઘુંમટ અને ભાંગી ગયેલા મિનારા, વેરાન અને રેતાળ જંગલમાંથી દેખા દઈ એવું સૂચવે છે કે **મુસલમાન**ની રાજધાની તરીકે એ શહર એક વાર **મહમૂદાબાદ** કહેવાતું હતું.

સ્કાટલાણ્ડના **બાર** વંશની પેઠે, **ચાંપાનેર**ના **હિન્દુ** રાજાઓનું મૂળ તેમના પુરાતનપણાને લીધે હાથ લાગતું નથી. **ચાંપાનો** કિલ્લો **ચોહા-ણો**ના હાથમાં કયારે આવ્યો એ વિષેની કલ્પના કરવી નકામી[1] છે. **હિન્દુ-**

---

૧ કહે છે કે **ચહુઆણ**ના મૂળ પુરૂષ **અણહલ**ને વસિષ્ઠ મુનિએ **આબુ** ઉપરના અગ્નિકુંડમાંથી પેદા કર્યો. તેના પછીના **અજયપાળે અજમેર** વસાવ્યું ને ત્યાં રાજ્ય-ગાદી કરી. તેના વંશજ **માણકરાયે "સંભરના રાવ"** એવી પદવી ધારણ કરી. એના વંશમાં **વિસલદેવ** પ્રખ્યાત થયો. તેના વખતમાં રજપૂતોની જમીન **મુસલમાનોએ** દબાવવા માંડી, તે પાછી મેળવવા **વિસલદેવ**ના ઉપરીપદે **હિન્દુસ્તાન**ના ઘણા રજપૂત રાજાઓ ભેગા થયા હતા. પણ **ગૂજરાત**નો **સોલંકી** રાજા **ભીમદેવ** પ્હેલો આવ્યો નહિ. તેથી તેણે **ગૂજરાત**પર ચડાઈ કરી જય મેળવ્યો, ને પોતાને નામે **વિસલનગર (વિસનગર)** વસાવ્યું. એના વંશમાં પ્રખ્યાત **પૃથ્વીરાજ ચહુઆણ** થયો.

સ્તાનના સર્વે રાજ્યવંશોમાં જે વંશને રણ મધ્યેના શૂરપણાની શ્રેષ્ઠતા આપવામાં આવેલી તે વંશની શાખાના પવનગઢના પવાઈ છે, અને આ ઠેકાણે ખાતરી-પૂર્વક જણાવવું જોઇએ કે, તેવા વંશની શાખા હોવાનું ગણાવાને તેઓ અયોગ્ય છે એમ નથી. રાવળ ગંગાદાસ મહમૂદ શાહની સામે થયો હતો તે વિષે અમે લખ્યું છે. હવણાં અમે જેને વિષે લખિયે છિયે તે એનો કુંવર જયસિંહ છે. ફેરિસ્તા તેને બેનીરાય લખે છે, અને હિન્દુ દંતકથામાં તે ફ્ટાઈ (પતાઈ) રાવળને નામે મશહુર છે.

ચાંપાનેરના રાવળે જાણ્યું કે, મહમૂદ ચઢાઈ કરવાની તૈયારી કરે છે, કે તરત જ પ્રથમ તો જુસ્સાથી બ્હાર નીકળી પડ્યો, અને શાહના મુલકમાં આગ સરખી તરવાર ચલાવા લાગ્યો. પણ પછીથી તો તે જાણે પોતાનાં જ સાહસકર્મથી ભયભીત થઈ ગયો હોય તેમ તેણે શાહની પાસે ક્ષમા માગવાને દૂત મોકલ્યા. તેણે નાશ કર્યો હતો તેથી મહમૂદે કોપાયમાન થઈને કશું પણ સલાહનું કહેણ સાંભળ્યું નહિ, અને મુસલમાની ફોજની અગાડી થઈ આવેલા યોદ્ધાઓ ઈ૦ સ૦ ૧૪૮૩ ના માર્ચ મહિનાની ૧૭ મી તારીખે કાલિકાના ડુંગરની તલેટી આગળ આવી પ્હોંચ્યા. ત્યાર પછી શાહ પણ પિંડે પોતાની આખી ફોજ લઈને ત્યાં આવી પ્હોંચ્યો. રાવળ જય-સિંહે ફરીને પાછું શરણ થવાનું કહેણ કહાવ્યું, પણ તે તેણે સ્વીકાર્યું નહિ, એટલે રાવે સાહસિકપણે તેનો અટકાવ કરવાનો પ્રારંભ કર્યો. રજપૂતોએ ઘેરો ઘાલી બેઠેલા મુસલમાનો ઉપર નિરંતર હલ્લો કરવાનું જારી રાખ્યું, અને છેવટે તેઓએ એવા બળથી દેખાવ દીધો કે, એક વાર તેઓની સામે લડવાને મહમૂદને ઘેરો ઉઠાવવાની અગત્ય પડી. ઘણું તુમુલ યુદ્ધ મચ્યું તેમાં હિન્દુઓ છેક હઠી ગયા, તો પણ તેઓએ નિયમસર ન્હાસેડું લીધું. મહમૂદે હવે ફરીને ઘેરો ઘાલ્યો, અને અગર જો કે તે શત્રુને ઘાસદાણો અને ખોરાક

દિલ્હીમાં શાહબુદ્દીન ગોરિયે એ રાજ્યનો નાશ કર્યા પછી, પૃથ્વીરાજના વંશજ ત્યાંથી ન્હાશી જાળવામાં ગયા, અને "ગઢ ઘાઘરણ"માં ગાદી સ્થાપી. એ ગાદી સ્થાપનારનું નામ ખેંગારસિંહ હતું. એનો વંશજ ખીચી (ચહુઆણ) હમીર થયો. તેણે અલાઉદ્દીન ખીલજીની સામે "રણ થંભોર"ની લડાઈમાં ઘણી બ્હાદૂરી બતાવી નામ મેળવ્યું. તેના વંશજ પાલનદેવની સરદારી નીચે ખીચીઓ (ચહુઆણો) ગૂજરાતના પૂર્વ ભાગમાં આવ્યા, અને પાત્રાગઢની તલેટીમાં ચાંપાનેરનું રાજ્ય ભીલ પાસેથી જિતી લીધું. એના પછી રામદેવ, ચાંગદેવ, અર્ચીંગદેવ, સોનંગદેવ, પાલનસિંહ, જિતકરણ, કપુ રાવળ, વીરધવળ, શિવરાજ, રાઘવદેવ, ત્રિંબક ભૂપ, ગંગાદાસ, અને જયસિંહદેવ અનુક્રમે થયા. આ જયસિંહદેવ પતાઈ રાવળને નામે ઓળખાય છે. ર. ઉ.

પૂરાં પડવાનાં સાધન તોડી પાડવામાં કેટલેક દરજ્જે ફતેહમંદ થયો તોય પણ પોતાને ઘણી તંગી પડવા માંડી, તેથી નિરાશ થઈને તેના અસલના સાહાય્ય-કારી માળવાના સુલ્તાનને કહાવી મોકલવાની અગત્ય પડી. ગ્યાસુદ્દીને ફોજ એકઠી કરી, અને રાવળને આશ્રય આપવાની ઇચ્છા જણાવી, પણ મહમૂદ તેના ઉપર ચડી આવ્યો એટલે તેણે પોતાનો વિચાર છોડી દીધો, અને શાહ ચાંપાનેર આગળ પોતાની ફોજને આવી મળ્યો. ઘેરો રાખી મૂકવાનો પોતાનો જે નિશ્ચય હતો તેની યોજના રાવળના મનપર ઠસાવવા સારૂ, તેણે તે ઠેકાણે મસ્જીદ બંધાવવા માંડી. રજપૂતો ન્હાવાને કાજે નિત્ય સવારમાં જે ગુહ્ય દ્વારથી નીકળતા હતા ત્યાં સુધી ઠેઠ મુસલમાનો ધપેલા હતા તેથી તે જગ્યા તેમના જાણવામાં આવી. અને તે જ વેળાએ તેઓએ પશ્ચિમ ભણીની ભીંતમાં ભગદાળું પાડ્યું, અને ઈ૦ સ૦ ૧૪૮૪ના નોવેમ્બર મહિનાની ૧૭ મી તારીખની સવારમાં મુસલમાનો ગુહ્ય દ્વાર કબ્જે કરી બેઠા. આણી મગ મલેક ઈયાઝ સુલ્તાની, જે પછવાડેથી પોર્તુગીઝની સામે દરિયાઈ લડાઈ મચાવવામાં પ્રસિદ્ધિ પામ્યો છે, તેણે, પશ્ચિમ ભણીની ભીંતથી સીડિયો મૂકીને ચડી ઉતરવા માંડ્યું. રજપૂતોએ તેને હાંકી કહાડવાને અતિ શૂરથી પ્રયત્ન કર્યો પણ કાંઈ ફાવ્યું નહિ; મહમૂદ શાહ તે વેળાએ બીજી ફોજ લઈને તેની ઓથે જાતે આવી પ્હોંચ્યો, અને ચાંપાનેરના કિલ્લા ઉપર, મુસલમાનોનો બીજના ચાંદનો વાવટો ફરકવા લાગ્યો અને રાજાના મ્હેલ ઉપર કાલિકાના કોપ રૂપી મુસલમાનોના તોપના ગોળાના બ્હાર થવા લાગ્યા. માંહેલી બાજુએ ચિતા ખડકાઈ અને તેમાં રજપૂતની રાણિયો, બાળકો, અને ધનમાલ હોમાયાં અને તેના ઉપર અગ્નિ ઉઠીને તેના ભભુકા થઈને શાન્ત થવા લાગ્યા. તે વેળાએ પવનગઢના રક્ષકો સ્નાન કરીને, અને કેસરિયાં કરીને આંખો મીંચીને શત્રુઓની ઉપર તૂટી પડ્યા. થોડાક રજપૂતો જીવતા રહ્યા. મુસલમાનોનો પણ મરવાથી, ઘવાવાથી ઘાણ નીકળી ગયો, અને ચાંપાનેરનો રાવળ[૧] અને

---

૧ સુલ્તાન મહમૂદે (બેગડાએ) તા૦ ૧૭ મી નવેમ્બર સન ૧૪૮૪ ને રોજ ચાંપાનેરનો કિલ્લો સર કર્યો. આ સુલ્તાને પ્રથમ જૂનાગઢ ઈ. સ. ૧૪૭૩ માં અને પછી પાવાગઢ (ચાંપાનેર) એમ બે ગઢ જિત્યાથી "મહમૂદ બેગડો" કહેવાયો.

પતાઈ રાવળને ત્રણ કુંવરો હતા. તેમાં મ્હોટો રાયસિંહજી પોતાના પિતાની હયાતીમાં જ ગુજરી ગયો હતો. બીજો લિંબાજી, રાજ્યની પડતી થઈ ત્યારે ન્હાશી ગયો, અને ત્રીજો તેજસિંહ હતો તેને સુલ્તાને કેદ કરી મુસલમાન કર્યો. પતાઈ રાવળના મરહુમ કુંવર રાયસિંહજીને પૃથ્વીરાજજી અને ડુંગરસિંહજી બે કુંવરો હતા. તેઓ નર્મદાના ઉત્તર કિનારા પાસેના હાંફ ગામે ગયા ને ત્યાં પોતાનું રાજ્ય સ્થાપ્યું. ત્યાં

તેનો પ્રધાન (ડુંગરશી) પોતાના જ લોહીથી લદબદી ગયેલા શાહના હાથમાં સપડાયા.

મહમૂદે પોતાની જિતને માટે ખુદાની બંદગી કરાવી, અને માંદો તથા ઘવાયલો રાજા સાજો થતાં સુધી મસ્જીદ બંધાવાના કામમાં અને નવું નામ પાડેલા મહમૂદાબાદ શહરને મુસલમાની ઢબે આણવાના કામમાં પડ્યો. પણ મહમૂદે પોતાના જયને એક કલંક લગાડ્યું, તે એ કે, રાવળ જયસિંહના અને તેના પ્રધાનના ઘા રૂઝ્યા, ત્યારે તેમણે પાદશાહને વિનતિ કરી કે તમે જો અમને મારી નાંખો નહિ તો અમે મુસલમાની ધર્મ સ્વીકારિયે પણ તેઓનું કશું નહિ સાંભળતાં તેમને ઠાર કર્યા.

ચાંપાનેરના નાશ વિષેનું મુસલમાન ઉપર પ્રમાણે વર્ણન આપે છે. છેલ્લા બલિદાનમાં જે હિન્દુ રાજા હોમાયા,—અને તેવાં જ કૃત્ય લોહીના પ્રેમવાળી કાલિને પ્રિય છે–તેઓનાં નામ ભાટોએ રક્ષી મૂક્યાં છેઃ–

छपय—संवत पंदर प्रमाण, एकताळो संवत्सर[1]
पोस मास तिथि त्रीज, वढेहु वार रवि सुदन;
मरशिया खटभूप, प्रथम वेरसी पडीजे;
जाडेजो सारंग, करण, जेतपाल कहीजे;
सरवरियो चन्द्रभाण, पताइ काज पिंड ज दियो;
महमुदाबाद मेहेराण, लघु कटक सरपावो लियो.

આ ઉપરથી જણાય છે કે મહમૂદનાથી ડુંગર ઉપરનો કિલ્લો લેવાયો નથી, પણ માત્ર શહર લેવાયું છે. અને મુસલમાની ઇતિહાસકારો તે સંબંધી કાંઈ વિશેષ બોલતા નથી તોય પણ હિન્દુઓની દંતકથામાં કહે છે કે પવન-

---

રહી, તેમણે લૂંટફાટ કરવા માંડી. તેઓ તેમ ન કરે એટલા માટે, અમદાવાદના સુલ્તાને તેમને કેટલાંએક ગામોમાં ચોથ આપવા કબૂલી. ત્યાં તેમણે થોડે થોડે પોતાની સત્તા જમાવી અને એટલો વધારો કર્યો કે રાજપીપળાથી તે ગોધરા વચ્ચેનો તમામ પ્રદેશ તેમના હાથમાં આવ્યો. પછી બે ભાઈયોએ અર્ધોઅર્ધ રાજ્ય વ્હેચ્યું. મ્હોટા પૃથ્વીરાજજીના ભાગમાં મોહન (છોટા ઉદેપુર) અને ન્હાના ડુંગરસિંહજીની પાંતીમાં બારિયા આવ્યું. આ સ્થાનોએ આજ સુધી તેમના વંશજો રાજ્ય કરે છે. ર. ઉ.

૧ આ પ્રસંગે ભાટ લોકોએ ઘણી ચોક્કસ સાલ લખી છે, ફેરિશ્તાના લખવા પ્રમાણે ચાંપાનેરનો નાશ ઈ. સ. ૧૪૮૪ માં થયો. જો મિ. પ્રિન્સેપ્સના મત પ્રમાણે સંવત્ અને ઇસવી સનની વચ્ચે સત્તાવન વર્ષનું અંતર ગણવામાં આવે તો મુસલમાનોએ લખેલી સાલ ભાટ લોકોની સાલ સાથે બરાબર મળતી આવે. અને સાધારણ ચાલ છે તે પ્રમાણે છપ્પન વર્ષનું અંતર ગણવામાં આવે તો એક વર્ષનો ફેર પડે છે.

ગઢની આસપાસ ઘણા દિવસ સુધી માત્ર ઘેરો જ રહ્યો હતો, એ વાત સો વસા ખરી છે.

એક ભાટ વર્ણન આપે છે કે, પતાઈ રાવળ ચાંપાનેરનો રાજા હતો. એક દિવસે નવરાત્રીના દાહાડામાં તે ગરબા સાંભળવા ગયો. તે સમયે કાલિકાદેવી માનુષી રૂપ ધારણ કરીને ગાતાં હતાં. રાજા તેમને જોઈને મોહ પામ્યો, અને તેણે કૂડા વિચારથી માતાનો પાલવ પકડ્યો, ત્યારે માતાએ શાપ દીધો કે તારૂં રાજ્ય જશે.

એક સમયે સુલ્તાન ચાંપાનેરને રસ્તે થઈને જતો હતો તેવામાં, તેની નજર કિલ્લા ઉપર પડી અને મૂછે તર દીધો. ત્યાં એક બ્રાહ્મણનો છોકરો લોવો કરીને હતો તેના જોવામાં સુલ્તાનની વર્ત્તણુંક આવી તે ઉપરથી તે ચેતી ગયો કે ચાંપાનેર લઈ લેવાને એણે તકાસ્યું છે. તે પતાઈ રાવળ પાસે ગયો અને કહેવા લાગ્યો કે આ વર્ષમાં સુલ્તાન તમારૂં રાજ્ય લેશે. રાજાએ શહરની આસપાસ પત્થર, પાણી, લાકડાં માટી, અને જંગલના પાંચ કોટ કરાવ્યા. યુદ્ધનાં સાહિત્યો પણ તૈયાર રખાવ્યાં. અને સુલ્તાનની હિલચાલ ઉપર નજર રાખવાને લોવાને અમદાવાદ મોકલ્યો. સુલતાનના મ્હેલની સામે એક વ્યાપારીની હવેલી હતી તે તેણે ભાડે રાખી. એક વેળાએ પાદશાહ ઝરૂખે બેઠો બેઠો ચારે દિશાયે જોતો હતો, તેવામાં ચાંપાનેર ભણીની દિશાએ જોઈને મૂંછે હાથ નાંખ્યો, અને ફોજ તૈયાર કરાવવાને આજ્ઞા કરી. લોવો જાણી ગયો કે, સુલ્તાન હવે ચાંપાનેર ઉપર ચડવાની તૈયારીમાં છે; તે પતાઈ રાવળ પાસે પાછો ગયો; અને કહ્યું કે, સુલ્તાનની ફોજ તમારા ઉપર ચડી આવે છે. રાવળે બચાવ કરવાને બની શકે એવી સાવધાની રાખવા માંડી. સુલ્તાનની પાંચ લાખ ફોજ ચાંપાનેરની લગભગ આવી પ્હોંચી. પણ તેનો ઇરાદો શો છે તે કોઈના જાણવામાં આવ્યું નહિ. મધ્ય રાત્રિયે તેણે પોતાના સરદારોને એકઠા કરીને કહ્યું કે, આપણું નિશાન શહર ઉપર ચડાવો. ફોજે શહર ઉપર હુમલો કર્યો, અને તોપોનો મારો ચલાવ્યો, પણ તેમના મારા કરતાં શહરની માંહેથી ભારે મારો થવા લાગ્યો એટલે શહર લેવાઈ શકાયું નહિ; તેથી સુલ્તાને બાર વર્ષ સુધી ઘેરો ઘાલી રાખ્યો, પણ કાંઈ વળ્યું નહિ. પછી તેણે પતાઈ રાવળ સાથે સલાહ કરીને તેને પોતાની સાથે મળવાને બોલાવ્યો. તે વેળાએ તેણે તેને પૂછ્યું કે હું તમારા ઉપર ચઢાઈ કરવાનો હતો તે તમારા જાણવામાં શી રીતે આવ્યું? ત્યારે રાજાએ ઉત્તર આપ્યું કે લોવો કરીને મારો એક બ્રાહ્મણ છે તેના સમજવામાં તમારો ઇરાદો આવ્યો. એટલે તેણે મને ચેતવ્યો. શાહે કોલ આપ્યો કે મારે હવેથી ચાંપાનેરની બાબતમાં વચ્ચે પડવું

નહિ, અને તમે મને લોવાને સોંપી દ્યો. પતાઈ રાવળે તે વાતની હા કહી. પછી શાહે એક પાળિયો કરાવીને તેના ઉપર બે ગધેડાં કોતરાવ્યાં, અને નીચે લખાવ્યું: "જો કોઈ મુસલમાન આ શહર લે તો તેને ગધેડે ગાળ છે." પછી તે લોવાને પોતાની સાથે લઈ ગયો, અને તેને પોતાનો વજીર કર્યો. અને અગર જો તેણે ચાંપાનેર લીધું નહિ પરંતુ તેણે આસપાસનાં ગામો અને પ્રગણાં લઈ લીધાં અને એવો કાયદો કર્યો કે ચાંપાનેરમાં કોઈ કાંઈ લઈ જાય નહિ, તેમ જ ત્યાંથી પણ કાંઈ લાવે નહિ. આ ઠરાવથી લોકો ઘણા સંકટમાં આવી પડ્યા અને તેઓ અમદાવાદ જઈને વશ્યા.

ભાટ પોતાનું વર્ણન ચાલતું રાખીને કહે છે કે, સુલ્તાન ચાંપાનેરથી ઉમરાળે ગયો, અને ત્યાંના રાજાને પકડીને અમદાવાદ લઈ જઈ તેને બંધીખાને નાંખ્યો. ત્યાં તે બે વર્ષ કેદ રહ્યો, તેવામાં તેના તાબાના ભંડારીયા ગામનો એક કુંભાર અમદાવાદ ગયો, અને કેદખાના સાથે જે કુંભારને સંબંધ હતો તેની સાથે ઓળખાણ કર્યું, તેની ઓથથી તે રાજાને ગૂણમાં ઘાલીને બ્હાર લાવ્યો, અને અતીતની જમાતમાં તેને ભેળવી દીધો; પછી તેને તેની ફાઈને ઘેર ચાંપાનેર લઈ ગયા. તેણિયે અમદાવાદના સુલ્તાનને ખંડણી આપીને ઉમરાળાની ગાદિયે પાછો બેસાર્યો; તે દિવસથી પતાઈ રાજાનું અનુકરણ કરીને તેણે રાવળનું પદ ધારણ કર્યું, તે હજી લગણ તેના વંશવાળા રાખી રહ્યા છે. અને જ્યારે તેમના વંશમાંથી કોઇને ગાદિયે બેસવાનો પ્રસંગ આવે ત્યારે તેને રાજ્યાભિષેક કરતી વેળાએ કુંભારિયાનો કુંભાર તેને કપાળે રાજતિલક કરે છે.

આ વાતના પાછલા ભાગનો સંબંધ પીરમના ગોહિલોને લાગુ પડે છે માટે ફરીથી એક વાર પાછી તેમની ભેટ લઈયે છીયે—

મોખડાજી[1] ગોહિલની ઠકરાણી વદનકુંવરીબા કરીને પાલીટાણા પાસે

---

૧ મોખડાજી વિષે ભાટની વાત એવી છે કે–તેને કાલિકા માતાનો હાથો હતો તેથી સવા શેર સિંદુર પાણીમાં ઘોળીને પી જતો. તે પચાસ વર્ષનો થયો ત્યાં સુધી તેને કાંઈ સંતાન થયું ન હતું. તેવામાં એક સમયે બાલા શાહ કરીને એક ફકીર મુલતાનથી એક એક સિપાઈ લઈને આવ્યો અને મોજે ખરકડિયે બાના ઘાંચીને ઘેર મુકામ કર્યો. ઘાંચીની ડોશી આંધળી હતી તેની આંખે હાથ ફેરવીને તેને દેખતી કરીને તે અને ઘેર એક વરોલ ભેંસ હતી તેને દોહી. આ વાત મોખડાજીના જાણવામાં આવી એટલે ખરકડિયે જઈ ફકીરને મળ્યો, અને પોતાને દીકરાની ખોટ હતી તે પૂરી પડે એમ પ્રાર્થના કરી. ફકીરે કહ્યું કે, મને ગાય ચડાવાની માનતા કરો તો સંતાન થાય. મોખડાજીએ તે વાતની હા કહી. એટલે ફકીરે કાંઈક ઔષધ આપીને કહ્યું કે આથી તમને સંતાન થશે. પછીથી ઘેર આવ્યો. ત્યાર પછી સરવૈયાણી ઠકરાણીને નવ માસે પુત્ર અવતર્યો; તેનું

હાથસણી ગામના સરવૈયા રજપૂતના કુટુંબની હતી. તેનાથી તેને ડુંગરજી[1] કરીને કુંવર હતો તે તેની પાછળ ગાદીયે બેઠો. તે વિના તેને સમરસિંહજી અને ગોડમાલજી નામના બીજા બે પુત્ર હતા. તે પીરમમાં જન્મ્યા હતા. તેમાં સમરસિંહજી પોતાને મોસાળ રાજપીપળે જઈ રહ્યો, તેને છેવટે ત્યાંની ગાદી મળી, ને ગોડમાલજીનો વંશ ચાલ્યો નહિ.

પાટવી કુંવર ડુંગરજીયે પીરમ છોડીને ગોઘામાં પોતાનું રહેઠાણ કરચું. તેના પછી તેનો પુત્ર વિજોજી ગાદીયે બેઠો, તેને કાનજી, રામજી, અને રૂડોજી એ ત્રણ કુંવરો હતા. વિજાજી પછી કાનોજી ગાદીયે બેઠો. તેને સારંગજી અને ગેમલજી બે કુંવરો હતા, તે કાનોજી મરણ પામ્યો ત્યારે છેક ન્હાના હતા.

રામજીના ઉપર મુસલમાનોની ફોજ આવી. તેના સરદારને હિન્દુઓ બોડી મોગલ કહે છે, તેને તે શરણ થયો, અને પોતાના ભત્રીજા સારંગજીને ઓળમાં આપીને, જાણે પોતાનો જ ખરો હક્ક હોય તેમ ગોઘાની ગાદિયે બેઠો. સારંગજીને અમદાવાદ લઈ ગયા; પણ કોળિયાર ગામનો પાંચો ગૂજર

નામ ડુંગરજી પાડચું. તે છ માસનો થયો એટલે મોખડોજી ગાય શણગારીને ફકીરની માનતા કરવા આવ્યો. એ વાત જાણીને ફકીર બાલા શાહ ખાના ઘાંચીને તથા પોતાના સિપાઈને કહેવા લાગ્યો કે મોખડોજી ખરો ઈમાનદાર છે. હું તો ભોંયમાં સમાઉં છું, તમે એને કહેજો કે તું હિન્દુ છે માટે ગાયને બદલે, દક્ષિણ દિશામાંથી શિંગડે ધજા બાંધેલી એવો એક પાડો મળી આવશે તે મને ચડાવજે, એટલે મારી માનતા પૂરી થશે. પછી ફકીર ભોંયમાં સમાયો. તે આજે બાલા શાહ પીર કહેવાય છે, ને તેના પછી ખાનો ઘાંચી ગામના ઝાંપા પાસે ભોંયમાં સમાયો. તે ખાન પીર હવણાં સુધી કહેવાય છે. તેમની માનતા ચાલે છે. રોજામાં બે કબરો છે તેમાં એક બાલા શાહની છે ને બીજી તેના ભાઈ ઇબ્રાહીમ શાહની છે. ઇબ્રાહીમ શાહ પોતાના ભાઈની શોધ કરતો કરતો ખરકડિયે આવ્યો હતો ને બાલા શાહને પાછા વળવા કહ્યું હતું, પણ તે બોલ્યો કે, "હું અહિં સમાયો છું તેની ઘેર જાણ કરજે." ઈબ્રાહીમ શાહે ઉત્તર આપ્યું કે, હું એવા સમાચાર લઈ ઘેર નહિ જાઉં, ત્યારે બાલા શાહ કહે કે તું પણ મારી સાથે આવ; પછી તે પણ જોડે ભોંયમાં સમાયો. બાલા શાહે મોખડાજીને કહ્યું હતું કે, તારી માનતા ફળે તો તારા વંશના પુરૂષો ચામડાની બદી અંગ ઉપર રાખે અને તે મારો મલીદો કર્યા પછી કહાડી નાખે. તેથી તેના વંશના હજી સુધી તે પ્રમાણે કરે છે; અને પરણ્યા પછી બાલા શાહનો મલીદો કરીને બદી કહાડી નાંખે છે. મોખડાજીના મનમાં શક હતો કે મારી માનતા પૂરી થઈ હશે કે નહિ, પણ બાલા શાહની કબરમાંથી શબ્દ થયો હતો કે, "તારી માનતા પૂરી થઈ." પછી સંવત્ ૧૨૧૪ ની સાલમાં મોખડાજીએ પીરનો રોજો ચણાવ્યો ને તેમના મુલતાની સિપાઈ મુઝાવરને ખરકડી ગામ આપ્યું; ત્યાર પછી પોતે પીરમ ગયો, ત્યાં પછીથી તેને બીજા બે કુંવર થયા. ૨. ઉ.

૧ ડુંગરજી ઈ. સ. ૧૩૪૭–૧૩૭૦ વિજોજી ઈ. સ. ૧૩૭૦–૧૩૯૫
કાનોજી ઈ. સ. ૧૩૯૫–૧૪૨૦ સારંગજી ઈ. સ. ૧૪૨૦–૧૪૪૫ ૨. ઉ.

કરીને એક કુંભાર હતો તે અમદાવાદ ગયો ત્યારે તેનાં ગધેડાં માંહેથી એકના લગડામાં ઘાલીને તેને શહર બ્હાર ફ્હાડી ગયો. આ સમાચાર જાણવામાં આવ્યા એટલે પછવાડે અશ્વારો ચડ્યા. તે તેને પકડી પાડે એવા લગભગ આવી ગયા, તેવામાં સારા ભાગ્યે પ્રતાપ ગિરિ બાવાની જમાત જતી હતી તેમાં સારંગજીને ભેળી દઈને બાવાને કુંભારે કહ્યું કે, એ ગોઘાના રાજાનો વારસ છે તેથી હવણાં તમે ઉગારશો તો તે આગળ ઉપર તેનો બદલો વાળશે. એમ કહી કુંવર સોંપીને કુંભાર પોતાનાં ગધેડાં લઈ આગળ ચાલ્યો. તેને અશ્વારોએ પકડી પાડ્યો, પણ સારંગજી જોવામાં આવ્યો નહિ તેથી નિરાશ થઈ થોડેક આગળ જઈ પાછા વળ્યા. ડુંગરપુરનો પતાઈ રાવળ સારંગજીની ફોઈ વ્હેરે પરણ્યો હતો. તેથી પ્રતાપ ગિરિ બાવો તેને ત્યાં લઈ ગયો. તે વીસ વર્ષનો થતાં સુધી પોતાની ફોઈને ઘેર છાનો રહ્યો. પછી ફોઈને કહ્યું: "મને "હવે મારે ઘેર જવાની આજ્ઞા આપો ને સાથે થોડાંક માણસો મોકલો." પતાઈ રાવળે તેના રક્ષણ સારૂ ફોજ આપી. તેની ફોઈયે તેને કહ્યું: "જાઓ "કુંવર! તમે તમારી ગાદી સ્વાધીન કરી લ્યો. પણ અમારે અહિં તમારૂં રક્ષણ "થયું છે માટે તમારા વંશને રાવળનું નામ આપજો." સારંગજી પોતાની ફોઈનું ક્હેવું માન્ય કરીને ઉમરાળા ભણી વાધ્યો. એટલે તેના કાકા રામજીને ગોઘામાં જાણ પડી કે સારંગજી આવે છે તેથી સેજકજીના ન્હાના કુંવરના વંશના અને ગોહિલ જાતની બે પાસેની શાખાના ગારિયાધાર તથા લાઠીના ધણી હતા તેમને બોલાવ્યા અને કહ્યું કે, જો તમે સારંગજીને પાછો તગડી ક્હાડવામાં આશ્રય આપો તો તમને બાર બાર ગામ આપું. આ વાતની તેમણે હા કહી, એટલે ગારિયાધારવાળાને ત્રાપજ અને બીજાં ૧૧ ગામો લખી આપ્યાં, ને વાલુકડનાં બાર ગામો લાઠીના ઠાકોરને લખી આપ્યાં. પછી ગોઘેથી જતાં બન્ને ઠાકોર વિમાસી વિચારવા લાગ્યા કે, મુખ્ય હક્કદારને શેવરાવીને પેટા ભાગિયાને ગાદીનો હક્ક આપવો ઠીક નહિ. પછી એવો વિચાર કરીને તેઓ ઉમરાળે ગયા. ત્યાં જઈ પ્હોંચ્યા ને સારંગજીનો મેળાપ થયો, એટલે તેઓ બોલ્યા: "રામજીએ ગોઘારિયે બાર બાર ગામના પટા લખી આપીને "તમારી સામે થવા અમને મોકલ્યા છે, પણ તમે રાજગાદીના ધણી છો તેથી "એ પટા તમને પાછા આપિયે છિયે." સારંગજિયે કહ્યું: "લાવો તે પટા તમને "સહિ કરી આપું." એમ કહી સહિ કરી આપીને તેઓને પોતાની પક્ષમાં લીધા. પછી રામજી ગોઘારીના જાણવામાં તે આવ્યું ત્યારે તેણે જાણ્યું કે આ તો આપણો તાલ કથળી ગયો, એટલે તે પણ ઉમરાળે આવીને સારંગજીને શરણ થયો. કાકે ભત્રીજે કસુંબા પીધા, ને પાછલી વાત વીસારી દીધી. પછી સારંગજિયે

ગોધે જઈને પોતાની ગાદી સંભાળી લીધી. તેનો કાકો રામજી ગાદીને નમ્યો એટલે તેને ઉખરાળું, અગિયાળી અને ભડેલી એ ત્રણ ગામ જિવાઈ સારૂ આપ્યાં. ત્યાંના ગરાશિયા હજી લગણુ ગોધારી ક્હેવાય છે. રામજીને પછી મોણુપર પણ મળ્યું.

ઈ૦ સ૦ ૧૪૯૪માં [1]દક્ષિણુ સરકારના નાફરમાન સરદારે ગૂજરાતનાં વેપારનાં વ્હાણુ પકડ્યાં અને વળી માહિમનો બેટ પણ કબ્જે કરી લીધો. તેના ઉપર મહમૂદ શાહે લશ્કર અને દરિયાઈ ફોજ મોકલી. દરિયાઈ ફોજ જેવી બેટ આગળ આવી કે, તરત તોફાન લાગ્યું તેથી નાશ પામી; તેના સરદાર અને ખારવા જે બચ્યા તે કિનારે તણાઈ આવ્યા, તેઓને શત્રુએ કેદ કરચા કે પછી ઠાર કર્યા.

જે સરદાર ફોજ લઈને ઉત્તર કોકણુમાં થઈને જતો હતો તે માહિમ-ની પાસે આવી પ્હોંચ્યો ત્યારે દરિયામાં કેર થયાના સમાચાર તેના સાંભળ-વામાં આવ્યા. એટલે મુકામ કરીને તેણે મહમૂદ શાહના ભણી એક માણુસ મોકલી એ સમાચાર કહાવ્યા કે જેથી આગળ ઉપર હવે શું કરવું તેની સૂઝ પડે. પછીથી દક્ષિણુના રાજાએ બંડખોર લોકોને વશ કરી લીધા, અને તેમની દરિયાઈ ફોજ હતી તે નુકસાનના બદલામાં ગૂજરાતના સરદારને કેદમાંથી છોડાવીને તેને આપી દીધી.

બીજે વર્ષે "મહમૂદ શાહે વાગડ અને ઈડર એ બંને દેશો ઉપર ચડાઈ "કરીને ત્યાંના રાજાઓ પાસેથી ભારે ભેટ લીધી અને બહુ ધન લાદી "લઈ ને મહમૂદાબાદ (ચાંપાનેર) પાછો ગયો." આ સમયે ઈડરમાં રાવ ભાણુનો કુંવર સૂરજમલજી ગાદિયે હતો એમ જણાય છે. તે અરાઢ મહિના રાજ્ય ભોગવીને પોતાની પાછળ રાયમલજી નામે કુંવર મૂકીને મરણુ પામ્યો. તે કુંવરની બાલ્યાવસ્થામાં તેના કાકા ભીમે તેની ગાદી ખુંચાવી લીધી.

---

૧ બ્રાહ્મણી સુલ્તાન મહમૂદનો સરદાર બ્હાદૂર ઘેલાની કરીને હતો. તેણે બાર હજાર માણુસ તથા એક દરિયાઈ કાફલો લઈને ગોવા અને દાબલનાં બંદર લૂંટી લીધાં. તેના ઉપર બેગડાએ સફદરૂલમુલ્કને દરિયા રસ્તે મોકલ્યો અને કેવામુલમુલ્કને જમીન રસ્તે મોકલ્યો. સફદરૂલમુલ્કનાં વ્હાણોને તોફાન લાગ્યું અને બચીને કિનારે આવતાં ખારવાએ અમાન માગ્યું, પણ શત્રુઓએ તેઓને કત્લ કર્યા ને સફદરૂલમુલ્કને કેદ કરી લીધો. કેવામુલમુલ્કને ખબર થતાં તે માહિમ જઈ પ્હોંચ્યો અને બેગડાને લખી મોકલ્યું તે ઉપરથી તેણે કાગળ લખીને બ્રાહ્મણી સુલ્તાન પાસે એક એલચી મોકલ્યો. તે જાતે બળવાખોર બ્હાદુર ઘેલાની ઉપર ચડી ગયો અને તેને પકડીને મારી નાંખ્યો. બેગડાનાં માણુસ તથા વ્હાણો સફદરૂલમુલ્કને સ્વાધીન ગૂજરાત મોકલી દીધાં અને તે સાથે હદિયો પણ મોકલ્યો.

"ઈ૦ સ૦ ૧૫૦૭માં મહમૂદ શાહ ફરીને જળયોદ્ધાધિપતિ બન્યો. "પાખંડી યુરોપિયન લોકો, કેટલાંક વર્ષથી સમુદ્રનું રાજ્ય દબાવી પડ્યા હતા, "અને આ સમયે ગૂજરાતના કિનારાના કેટલાંક ભાગનો કબ્જો કરી લઈને "ત્યાં વસવા ઇચ્છતા હતા." તુર્કી પાદશાહ બીજા બાજાઝેતનો જળયોદ્ધાધિપતિ અમીર હુસેન બાર વ્હાણમાં પંદરસેં માણસની દરિયાઈ ફોજ લઈને ગૂજરાતને કિનારે આવી પ્હોંચ્યો અને મહમૂદ શાહ પરદેશી લોકોને હાંકી કહાડવાને બહુ ઇચ્છતો હતો તેથી જાતે પોતાની દરિયાઈ ફોજ લઇને દમણ અને માહિમ ભણી હંકારી નીકળ્યો. અમીર ઉલ ઉમરા મલિક ઈયાઝ સુલ્તાની પણ દીવ બંદરમાંથી ચાલ્યો, અને તુર્કી જળયોદ્ધાધિપતિના સૈન્યવ્યૂહ સાથે મળી જઈને, પોર્ટુગીઝ લોકોની દરિયાઈ ફોજ, મુંબઈની દક્ષિણમાં કેટલાક માઇલ ઉપર ચૌલ બંદર છે તેમાં હતી તેના ઉપર હુમલો કર્યો. મુસલમાનોની જિત થઈ; ને પોર્ટુગીઝોના ત્રણ ચાર હજાર માણસો માર્યા ગયા, તેથી તેઓ ન્હાશી ગયા એવું તેમના સામાવાળિયા લખે છે; પણ તેઓ તેમની મેળે કબૂલ કરે છે તે પ્રમાણે તેમનું એક વાવટાનું વ્હાણ તેમનો જળયોદ્ધાધિપતિ ડોન લારેન્સો આલમૈડા, અને એક સો ને ચાળીસ માણસનો નાશ થયો જણાય છે. તથાપિ ત્યાર પછીથી મુસલમાનોની એકઠી મળેલી દરિયાઈ ફોજે હાર ખાધી છે, અને સોરઠના કિનારા ઉપરના દીવ બેટની સમીપ લડાઈ થઈ તેમાં પણ તેના તાબાના ભાગનો કેટલોક નાશ થયો છે.

અમદાવાદના પાદશાહ થઈ ગયા તેમાં સુલ્તાન મહમૂદ એ કદાપિ સર્વોત્તમ તો નહિ, તો પણ ખચિત તે અતિલોકપ્રિય શાહ થઈ ગયો; જેને વિષે વાર્ત્તા અને કલ્પિત કથા જોડાઈ છે. જેવો હિન્દુમાં સિદ્ધરાજ થઈ ગયો તેવો જ મુસલમાનમાં એ થયો. તેના અંગનું શૂરવીરપણું, અને બળ, તેના ન્યાય, તેનો પરોપકાર, મુસલમાની વિધિશાસ્ત્ર પ્રમાણે તેનું ખરેખરૂં વર્ત્તવું, અને તેની વિચારશક્તિનું ઉત્તમપણું, એ સર્વનાં સરખાં જ વખાણ થાય છે.[1] કહે છે કે, તે વળી બહુ ખાઉધર હતો. તેના સંબંધી ઘણી વાતો કહેવાય છે; મુસલમાની ઈમારતનો આખા ગૂજરાતમાં એકે એવો કડકો નહિ

૧ કચ્છના જામ હમીરજીને મારી તેનું રાજ્ય તેના ભાયાત કચ્છના બારાવાળા જામ રાવલજી(એના વંશજ જામનગરના અધિપતિ છે) એ લઈ લીધું હતું; તે ઉપરથી જામ હમીરજીના કુંવર ખેંગારજી પોતાના ભાઈ સાહેબજી સહિત અમદાવાદ સુલ્તાન મહમૂદ બેગડાને આશ્રયે ગયા, ત્યાં સિંહના શીકારમાં બાદશાહને ઉગારવાથી સુલ્તાને તેને મહારાવનો એલકાબ અને રાજ્ય મેળવવા લશ્કર આપ્યું, જેથી મહારાવ ખેંગારજીયે જામ રાવળજી પાસેથી પોતાનું કચ્છનું રાજ્ય સંવત ૧૫૫૬માં જિતી લીધું. ર. ઉ.

હોય કે જેની સાથે મહમૂદ બેગડાનું નામ જોડાયલું નહિ હોય. મુસ્તફાબાદ અને મહમૂદાબાદ (ચાંપાનેર) એ બે મુસલમાની શહર વિના વાત્રક નદીના કિનારા ઉપર તેણે એક નવું શહર વસાવ્યું અને તેનું પોતાને નામે નામ પાડ્યું; અને મિરાતે અહમદીનો કર્ત્તા કહે છે કે, "એ નદીના કિનારા ઉપર "ઉંચી જગ્યા બંધાવીને ત્યાં તેણે ઉત્કૃષ્ટ જાતના મ્હેલ ચણાવ્યા, તેની નિશા- "નિયો અને ખંડેર આ લખતી વેળાએ એટલે ઈ૦ સ૦ ૧૮૫૬ ની સાલ "સુધી છે."[૧] આ મ્હેલોમાં તે ઘણી વાર આવીને રહેતો; પણ તે અચૂક "ઉન્હાળાની ઋતુમાં કાલિંગડી પાકવાની વેળાએ અમદાવાદ જતો, અને "ત્યાં છ મહિના રહીને પાછો આવતો." એ જ ગ્રંથકર્ત્તા એટલે સુધી ખાતરી- "પૂર્વક લખે છે કે, "ખુલ્લા દેશ માંહેલાં તેમ જ નગર, કસબા, અને ગામડાં "માંહેલાં સર્વ ઝાડ આ સુલ્તાનના વારામાં રોપાવવામાં આવ્યાં હતાં." ચાંપા- નેર અને ગિરનારના દુર્જય હિન્દુ ગઢ તેણે લીધા તે ઉપરથી તેનું બેગડાનું ઉપ- નામ પડ્યું; એ વાત યથાયોગ્ય અને શક્ય છે એવું ફેરિશ્તા કહે છે, અને એના જેવું બીજું કારણ બતાવાનું અમારી પાસે નથી તેથી અમે પણ એના પ્રમાણ ઉપરથી બાહાલ રાખિયે છિયે. યુરોપિયન લોકો ભણિથી તેને કીર્તિ મળી તે કદાપિ તેની દરિયાઈ લડાઈને લીધે મળેલી છે. મિ૦ એલ્ફિસ્ટન કહે છે કે, "તેના સમયના પ્રવાસિયોએ એ પાદશાહ સંબંધી ઘણા ભયાનક વિચાર "બાંધેલા છે. બાર્ટોમા અને બાર્બોસાએ વિસ્તારથી એનું વર્ણન કરેલું છે. "એમનામાંથી એક જણે એના જાતના દેખાવનું ભયંકર વર્ણન આપેલું છે; "અને તેના ખોરાકનો મુખ્ય ભાગ મનુષ્ય પ્રાણીને ઝેર ચડે એવો હતો, એ "વિષયમાં તો બંનેના એકમત થાય છે; આવો ખોરાક ખાવાથી એનું બંધારણ "એવું થઈ ગયું હતું કે, તેના અંગ ઉપર જો ઉડતી માખ આવીને બેસે તો "તત્કાળ મરી જઈને નીચે પડે. સત્તાવાન મનુષ્યને મારી નાંખવાની તેની "સાધારણ રીતિ એ હતી કે, પાનસોપારી ખાઈને તેના ઉપર મ્હોડાની પીચ- "કારી મારતો. બટલરે "ખંભાતના રાજા" વિષે વાત જણાવી છે તેમાં તેનું "નિત્યનું ભોજન બે જાતના ઝેરી સાપ અને એક જાતનો દેડકો, લખ્યું છે "તેના સરખો એ હતો.

---

૧ વાત્રક નદી ઉપર મેહેમદાવાદ તેણે વસાવ્યું છે, ત્યાં આજે પણ એ મ્હેલોનાં ખંડેર છે. એ સિવાય એ જ પાદશાહનો બંધાવેલો એક ભમરિયો કૂવો છે તેમાં થઈને અમદાવાદ જવાનો ભીતર રસ્તો છે એવું કહેવાય છે. અમે એ કૂવામાં ઉતરીને, પાણી ઉપરની તેની છજીમાં બેશીને ત્યાંની ઠંડકનો લાભ લીધો છે. બારીકીથી અંદર જોતાં તેમાંથી થઈને અમદાવાદ જવાની વાટના બારાનું કાંઈ ચિહ્ન અમને તે વેળાએ જણાયું ન હતું. ર. ઉ.


તેના મરણ વિષે નીચે લખેલો અહેવાલ મિરાતે અહમદીમાંથી લીધો છે.—"ઈ૦ સ૦ ૧૫૧૦માં સુલ્તાન પાટણ જવાને નીકળ્યો. ત્યાં તેની છેલ્લી "મુલાકાત હતી એવું તેને લાગ્યાથી તેણે રાજ્યના સર્વ મહાન્ લોકોને એકઠા "કરીને કહ્યું કે, હવે મારે મરવાનું પાસે આવ્યું છે. ત્યાંથી તે નીકળીને ચાર "દિવસમાં અમદાવાદ આવ્યો. રસ્તામાં શેખ અહમદ ખતુની કબરને પગે "લાગવા ગયો ત્યાં તેની કબર કરાવી રાખી હતી તે જોઈ તેને પોતાનાં કૃત્યોનો "પસ્તાવો થયો અને તેની આંખ્યોમાંથી આંસુ પડ્યાં. ત્યાર પછી અમદાવાદ ગયો "ત્યાં ત્રણ મહિના સુધી માંદો રહ્યો, એટલે વડોદરેથી તેણે પોતાના પુત્ર "ખલીલ ખાનને બોલાવ્યો. તેને છેલ્લી સલામ કરીને હીજરી સન ૯૧૭ "(ઈ૦ સ૦ ૧૫૧૧)ના રમઝાન મહિનાની ત્રીજી તારીખે સોમવારને દિવસે "આ દુનીયાનો ત્યાગ કરી ગયો;[1] તેને સરખેજમાં ડાટ્યો ત્યાં તેની કબર "આજે પણ છે."

---

૧ ફેરીસ્તા લખે છે કે તે જ્યારે માંદો પડયો ત્યારે તેણે વડોદરેથી પોતાના શાહજાદા મુઝફ્ફર શાહને બોલાવ્યો અને પાદશાહ તરીકે કેવી રીતે વર્તવું તે વિષેનો તેને બોધ આપ્યો. આવા સમયે ઈરાનના પાદશાહ ઇસમાઇલે ઘોડા અને માણસો સહિત કેટલીક કિમતી યાદગાર વસ્તુઓ સાથે બેગ કલઝેબાશને મોકલ્યો છે એમ તેને ફરહત-ઉલ-મુલ્કે જાહેર કર્યું. તે સાંભળીને તે બોલ્યો કે ખુદા મને એનું મ્હોં ન બતાવે. જેના વિષે એને ધિક્કાર ઉપજતો હોય તેવાને છેલ્લી વેળાએ મળવામાં તે રાજી ન હતો એમ જણાવીને તેના વિષે તે ધિક્કાર પ્રકટ કરતો હતો અને થયું પણ એમ જ. એલચીના આવી પ્હોંચતાં પ્હેલાં તે રમઝાનની બીજી તારીખે મંગળવારે (હિ. સ. ૯૧૭માં) મરણ પામ્યો. તે વેળાએ તેનું વય ૭૦ વર્ષ અને ૧૧ માસનું હતું. એણે કુલ ૫૫ વર્ષ, એક માસ, અને બે દિવસ રાજ્ય કર્યું. ખુદાની તે પોતાના મનમાં બ્હીક રાખતો હતો.

મુસલમાની ધર્મ એ જ સાચો છે અને બીજા પાખંડી ધર્મ છે એમ એ માનતો હતો, તેથી હિન્દુઓનાં દેવળોનો ઘાણ વાળવામાં અને તેમને વટલાવવામાં તે પુણ્ય સમજતો હતો. તે હમેશાં સાચું બોલતો અને મ્હોંમાંથી કોઈના વિષે ગાળનો શબ્દ ક્હાડતો નહિ. મરતાં સુધી એણે કુરાન વાંચવાનું બંધ કર્યું નહતું. એવી તેના વચન પર તેની આસ્થા હતી. તે સાથે તે શૂરો પણ તેવો જ હતો. તે અંગ ઉપર લોખંડનું કવચ પ્હેરતો. વર્ષના દિવસ જેટલા ૩૬૦ તીરનો ભાથો તે પોતાને ખભે ભરાવી રાખતો. તરવાર, કટાર આદિ ભેઠમાં બાંધતો અને તે ભાલો પણ રાખતો.

સરખેજમાં હઝરત શેખ અહંમદ ખતુના રોજામાં, એણે અગાઉ ગોઠવણ કરી રાખેલી હતી, તે પ્રમાણે દફનાવવામાં આવ્યો હતો. ર. ઉ.



સરખેજનો શાહ આલમનો રોજો

પૃ. ૪૯૩

પ્રકરણ ૭.

મુઝફ્ફર બીજો—સિકંદર-મહમૂદ બીજો-બ્હાદૂરશાહ-મેહમૂદ લતીફ્ખાન, અમદાવાદના રાજવંશની સમાપ્તિ—અકબર પાદશાહ.

મહમૂદ બેગડાની પછી તેનો શાહજાદો મુઝફ્ફર બીજો[1] ગાદિયે બેઠો, એના રાજ્યના પ્રારંભમાં માળવાના સુલ્તાન ભણીથી, એનો આશ્રય માગવાને માટે આતુરતાથી વિનતિ કરવામાં આવી. સુલ્તાને કહ્યું કે મારો હિન્દુ પ્રધાન મેદનીરાય છે તે એટલો બધો સત્તાવાન થઈ પડ્યો છે કે હું તો માત્ર નામનો જ પાદશાહ છું; પણ કશો અધિકાર મારી પાસે નથી, તેથી, પાખંડીપણાની સત્તા મારા રાજ્યમાં ઝડપથી ચાલવા માંડી છે. મુઝફ્ફરના મનમાં ખરા ધર્મની આસ્થાને લીધે લાગણી ઉશ્કેરાઈ આવતાં તરત જ ભોજના દેશ (માળવા) ઉપર ચડાઈ કરવાની તૈયારી કરી, અને અણહિલવાડ પાટણના સૂબેદાર એનુલ મુલ્કને અમદાવાદ આવી રહેવાને આજ્ઞા કરી. ઈડરનો રાઠોડ રાજા રાવ ભીમ જે રાવ ભાણનો પુત્ર થાય, અને જેણે પોતાના ભત્રીજા રાયમલજીની ગાદી છીનવી લીધી હતી એવું આગળ લખવામાં આવ્યું છે, તેણે સૂબેદારની ગેરહાજરીનો સારો સમય સાધી લઈને સાભ્રમતી નદી સુધી આસપાસનો દેશ લૂંટ્યો અને ઉજ્જડ કરી નાંખ્યો. એનુલ મુલ્ક આ સમાચાર સાંભળીને મોડાસે ચડી આવ્યો, ત્યાં આગળ રાવ ભીમે તેના ઉપર હલ્લો કરીને તેને હરાવ્યો અને તેના એક નામીચા અધિકારીને અને બસેં માણસોને ઠાર કર્યાં. મુઝફ્ફર શાહ આવા સમાચાર સાંભળીને પોતાના રાજ્યમાં તરત જ પાછો આવ્યો, અને મોડાસે મેલાણ કરીને ત્યાંથી આખો ઈડરવાડો ઉજ્જડ કરી નાંખ્યો. રાવ ભીમ પોતાની મેળે ડુંગરામાં સંતાઈ પેઠો; પણ ઈડરના કિલ્લેદાર મુસલમાનોના જ લખવા પ્રમાણે માત્ર દશ રજપૂત હતા, તેઓએ શત્રુઓની સામે આગ્રહપૂર્વક જગ્યાનું રક્ષણ કર્યું, તોય પણ ઈડર તો લેવાયું; ત્યાંનાં દેવાલય, મ્હેલ અને ઉદ્યાનગૃહો પાયમાલ કરી નાંખ્યાં, અને ત્યાંના શૂરવીર રક્ષકોને કત્લ કર્યા. તેવામાં રાવે મદન ગોપાલ નામના એક બ્રાહ્મણને પોતાના વકીલ તરીકે શાહની પાસે મોકલીને ક્હેવરાવ્યું કે, એનુલ મુલ્કે વગર કારણે જુલ્મ કર્યો, એટલા

---

૧ એનું નામ ખલીલ ખાન હતું, તે ઈ. સ. ૧૪૭૦માં એપ્રિલ મહિનાની ૧૦ મી તારીખે જન્મ્યો હતો. તે પોતાની ૪૧ વર્ષની ઉમ્મરે સુલ્તાન મુઝફ્ફરનું નામ ધારણ કરીને ગાદિયે બેઠો. મિરાતે અહમદીમાં ૨૭ મે વર્ષે ગાદિયે બેઠાનું લખ્યું છે તે ભૂલ છે. કેમકે ઇ. સ. ૧૫૧૧ માં ગાદિયે બેઠો છે. અને ૧૫૨૬ સુધી રાજ કર્યું છે. ૨. ઉ.

માટે આપણી વચ્ચે લડાઈ ઉઠવાનું કારણ થયું; પણ તેને માટે હું ઘણો દિલગીર છું. તે સાથે તેણે સો ઘોડા અને બે લાખ ટકા ભેટ મોકલ્યા. મુઝફ્ફર શાહે વિચાર્યું કે માળવાની ચડાઈ બંધ પડી છે તેથી રાવના દોષ ઉપર આંખઆડાકાન કરીને મોકલેલી ભેટનો સ્વીકાર કરવો એ યોગ્ય છે. તે પછી માળવા ઉપર ચડાઈ કરવાના કામમાં રાવની ખંડણીનો ઉપયોગ કરતો માળવા ઉપર ચાલ્યો. ઈડરનો રાવ ભીમ ત્યાર પછી મરણ પામ્યો એટલે તેનો કુંવર ભારમલ[1] તેની પછવાડે ગાદિયે બેઠો; પણ ચિતોડના સંગ રાણાની પુત્રી સૂરજમલના કુંવર રાયમલજી વ્હેરે પરણાવી હતી અને તે હવે પાકી ઉંમરે થયો હતો તેથી રાણા સંગે ભારમલને તરત જ ગાદી ઉપરથી ઉઠાડી મૂકયો. ભારમલે ઈ૦ સ૦ ૧૫૧૫ માં મુઝફ્ફર શાહની ભણી પોતાના વકીલ, આશ્રય માગવાને મોકલ્યા અને સંગ રાણો વચ્ચે પડ્યો તેથી પાદશાહ નારાજ થયો, અને પોતાની આજ્ઞાથી રાવ ભીમ ઈડરમાં રાજ્ય કરતો હતો એ વાત નક્કી કરી બતાવાનો લાગ મળ્યો; તેથી રાજી થઈને ઈડર ઉપર ફોજ મોકલવાનો નિશ્ચય કર્યો. નિજામુલ મુલ્ક તેનો સરદાર હતો તે આજ્ઞા પ્રમાણે ચડ્યો, અને ભારમલને ફરીથી ગાદિયે બેસાડયો. પણ ડુંગરામાં રાયમલજીની પછવાડે પડતાં તેની સાથે લડાઈ થઈ તેમાં તે હાર્યો અને ઘણો નાશ થયો. નિજામુલ મુલ્કને આજ્ઞા કરેલી તે ઉપરાંત તેણે પગલું ભર્યું તેટલા માટે પાદશાહે તેને ઘણો ઠપકો દઈને રાજધાનીમાં પાછો બોલાવ્યો, પણ ત્યાં તે આવી પ્હોંચ્યો એટલે તેને અહમદનગરનો સૂબો ઠરાવ્યો. ઈ૦ સ૦ ૧૫૧૭ માં રાયમલજિયે ફરીને ઈડરવાડામાં દેખા દીધી, તેની સામે થવાને એક ઘોડેશ્વારની ટુકડી આપીને જહીર-ઉલ-મુલ્ક અથવા હિન્દુઓની કથામાં જેને જેરખાન કહે છે તેને મોકલ્યો; પણ બસેં સાત માણસને મારીને તેને હરાવ્યો. તે ઉપરથી મલેક નુસરત-ઉલ-મુલ્કને વિસલનગર ઉપર મોકલ્યો અને શાહે પોતાના હુકમમાં જે દેશને બંડખોરોનું સ્થાન અને સ્વધર્મભ્રષ્ટ થયેલા લોકનું રહેઠાણ કરીને લખ્યું છે તે બધોએ દેશ લૂંટવાની ને ઉજ્જડ કરવાની તેને આજ્ઞા કરી.

મુઝફ્ફર શાહનાં ત્યાર પછીનાં બીજાં બે વર્ષો તો માળવાના સુલ્તાનને તેની ગાદી ઉપર ફરીને સ્થાપવામાં પ્રતિષ્ઠાપૂર્વક ગુજર્યાં. રજપૂતોને તેણે એક

---

૧ ટીંટોઈ અને રીંટોડાની વાવમાં આ રાજા વિષેના બે લેખ છે. પ્હેલી વાવ સંવત્ ૧૫૬૬(ઇ. સ. ૧૫૧૦)માં શ્રી મહારાય શ્રી શ્રી શ્રી ભીમ -અને કુંવર શ્રી ભારમલની આજ્ઞાથી બંધાવી છે. બીજી સંવત્ ૧૫૯૯ માં (ઇ. સ. ૧૫૪૩) જ્યારે મહારાજા રાવશ્રી ભારમલ જયવંતપણે રાજ્ય ચલાવતા હતા તે વેળાએ બંધાવી છે.

બે વાર હરાવ્યા, મંડુ ગઢ ઉપર હલ્લો કરીને તેનો કબ્જો કરી લીધો, અને રાણો સંગ તેનું રક્ષણ કરવાને પ્રયત્ન કરતો હતો તેને નાશી જવાની જરૂર પાડી. મુઝફ્ફર શાહ સુલ્તાન મહમૂદને ઓસિંગણ કરીને પોતાની રાજધાની તરફ પાછો વળ્યો હતો ત્યાં તે આવી પ્હોંચ્યો નહિ એટલામાં તેને એવા સમાચાર મળ્યા કે, ઈડરના રાયમલજિયે વિસલનગરના ડુંગરામાંથી નીકળી જઈને પાટણ પરગણું ઉજ્જડ કરી નાંખ્યું છે, અને ગિલવાડાનું શહર લૂંટી લીધું છે. રાયમલજીને છેવટે, મલેક નુસરત-ઉલ-મૂલ્ક જે ઈડર આગળ હતો તેણે પાછો ફ્હાડી મૂક્યો. પાદશાહે રાયમલજીને પકડવાનો નિશ્ચય કર્યો; તે જાતે વિસલનગર ઉપર ચઢ્યો અને દેશ ઉજ્જડ કરી નાંખ્યો. પરંતુ પોતાની મતલબ તેનાથી પાર પાડી શકાઈ નહિ. પછી તરત જ રાયમલજી રોગથી મરણ પામ્યો એટલે તેના વારસ તરીકે ભારમલ નિષ્કંટક રાજ્ય ચલાવવા લાગ્યો.

આ વેળાએ એવા સમાચાર સાંભળવામાં આવ્યા કે, માળવાના સુલ્તાન મહમૂદે ગૂજરાતની ફોજના આશ્રયથી મેદનીરાય અને રાણાસિંહની એકઠી મળેલી સેના ઉપર હુમલો કરવાની હિંમત ચલાવી તેમાં તેણે હાર ખાધી અને (જખ્મી થઇને) કેદ પકડાયો. પછી તરત જ નુસરત-ઉલ-મુલ્કને ઈડરના કારભાર ઉપરથી ખશેડીને મુબારિઝ-ઉલ-મુલ્કને તેની જગ્યાએ ઠરાવ્યો હતો તેના મ્હોં આગળ કોઇયે આવીને રાણા સંગના શૂરવીરપણા વિષે વખાણ કરવા માંડ્યાં. મુબારિઝનાથી તે સહન થઈ શક્યું નહિ, એટલે કિલ્લાને દરવાજે એક કૂતરો બંધાવીને તેનું રાણાને નામે નામ પાડીને તે પ્રમાણે બોલાવાની તેણે આજ્ઞા કરી. આ પ્રમાણે રાણા સંગનું અપમાન કર્યું, તે વાત તેના સાંભળવામાં આવી; એટલે તે એવો ક્રોધાયમાન થયો કે, ઈડર ઉપર હુમલો કરવાને ઇરાદે તે તરત જ નીકળી પડ્યો; અને શિરોઈ સુધીનો દેશ ખુલ્લી રીતે લૂંટી લીધો. તે વાગડ આગળ આવ્યો એટલે ત્યાંનો રાજા તેને મળી ગયો, તેને સાથે લઈને તે ડુંગરપુર ભણી ચાલ્યો; ત્યારે ઈડરના સૂબાને નવી ફોજ મંગાવવાની અગત્ય લાગી; પણ દરબારમાં તેના પ્રતિપક્ષી હતા તેઓએ તે મોકલવા દીધી નહિ, અને ઉલટું પાદશાહને સમજાવ્યું કે મુબારિઝે અયોગ્ય રીતે રાણાનું અપમાન કર્યું અને હજુ સુધી એના ઉપર હલ્લો તો થયો નથી એટલામાં તો હિંમત હારી જઈને આશ્રય માગે છે. આ પ્રમાણે આધાર મળ્યો નહિ એટલે મુબારિઝ ઉલ મુલ્કને ઈડર છોડી જવાની જરૂર પડી અને ત્યાંથી નીકળીને અહમદનગરના કિલ્લામાં જતો રહ્યો. બીજે દિવસે સંગ રાણે રાઠોડના રાજધાની નગરનો કબ્જો કરી

લીધો, અને ત્યાંના સૂબાના જુલ્મથી કેટલાક રજપૂત ઠાકોરો જતા રહ્યા હતા તે ત્યાં આવીને તેને મળ્યા. પછી રાણો સંગ પોતાના નવા મળતિયાને લઈને અહમદનગર ભણી ચાલ્યો, અને તેણે સોગન ખાધા કે હાથમતી નદીમાં ઘોડાને પાણી પાઉં, ત્યાં સુધી તેની લગામ મારે ખેંચી ઝાલવી નહિ. મુબારિઝ ઉલ મુલ્કની ફોજ તેના શત્રુના કરતાં ઘણી જ ઓછી હતી તોય પણ તે કિલ્લો છોડીને બ્હાર આવ્યો, અને પોતાની ફોજને નદીને આણી મગને કિનારે કિલ્લાની ભીંતે વ્યૂહબંધ સજ્જ રાખી. રાણા સંગની ફોજ ઉપર મુસલમાનોએ સ્થિરતાથી હલ્લો કર્યો, અને પછી મારો ચલાવા માંડ્યો. રજપૂતોના મહા વેગને લીધે મુસલમાનોની હાર તૂટી અને કેટલાક નામીચા અધિકારિયો માર્યા ગયા; મુબારિઝ ઉલ મુલ્ક પંડે સખ્ત ઘાયલ થયો; તેના હાથિયો પકડાયા, તેની આખી ફોજ અસ્તવ્યસ્ત થઈ ગઈ, અને તેને પછી હિન્દુઓએ અમદાવાદ હાંકી ક્હાડી. ત્યાર પછી રાણા સંગે મોકળાઈથી આસપાસનો દેશ લૂંટી લીધો; તેણે વડનગરા બ્રાહ્મણોને ઉગાર્યા; પણ વિસલનગરવાળાઓએ તેના સામી બાકરી બાંધી હતી માટે તેના ઉપર હલ્લો કરીને તે લીધું, અને ત્યાંના મુસલમાન સૂબાને ઠાર કર્યો. પોતાને અપમાન કર્યું તેનું આ પ્રમાણે વૈર વાળીને, વગર અટકાવ થયે તે ચિતોડ પાછો ગયો.

મુબારિઝ ઉલ મુલ્ક આ પ્રસંગે માળવાની સીમા ભણી જતો રહ્યો હતો. ત્યાં તેણે પોતાની ફોજની ભરતી કરી, અને ફૂતરો રાણો સંગ પાછો વળ્યો એવા સમાચાર તેના સાંભળવામાં આવ્યા એટલે પોતાની સૂબાગીરી પાછી લેવાનો તેણે પ્રયત્ન કર્યો. અહમદનગર જતાં રસ્તામાં ઈડર દેશના રજપૂત અને કોળિયોનું એક ટોળું તેની સામે થયું, તેને હાર ખવરાવીને તે ઈડરમાં આવી પ્હોંચ્યો, પણ આસપાસનો દેશ લૂંટાલૂંટથી એવો દૈવત વિનાનો થઈ ગયો હતો કે, ખાવાપીવાના સરસામાનને વાસ્તે તેને પરાંતીજ ઉપર આધાર રાખવો પડ્યો.

મુઝફ્ફર શાહે નિશ્ચય કર્યો કે, અહમદનગર છોડી દેવું નહિ. તેથી ગમે તે થાય તે વેઠીને પણ ચોમાસામાં તે રાખી રહેવાને માટે તેણે પોતાના અધિકારિયોને હુકમ કર્યો; અને ઈ૦ સ૦ ૧૫૨૦ ના ડિસેમ્બર મહિનામાં, જે ફોજથી રાણા સંગની આગળ ઉપર દુર્દશા થવા સરજી હતી તે ફોજ લઈને તે જાતે ત્યાં ચડી આવ્યો. ઈડરવાડો પાછો ફરીને મુસલમાનોએ લૂંટ્યો; પણ ચિતોડના રાણા ઉપર તેમનો ખરો જય થયો નહિ; અને મિરાતે અહમદીમાં લખ્યું છે તે પ્રમાણે "ફોજના ઉપર અધિકાર ચલાવનારા "અધિકારિયોના કપટભાવને લીધે તેની સાથે સલાહ કરી લીધી."

જેવામાં ઈડર મુસલમાનોના કબ્જામાં હતું, તેવામાં ત્યાંના રાજા,

૩૨

પોતાના કુટુંબ સહિત, મેવાડના સીમાડા ઉપરના ડુંગરી દેશમાં સરવણ ગામ આવ્યું છે અને જે સામળિયા સોડના વંશજના તાબામાં હતું ત્યાં રહેતા હતા. રીટોડાના લેખમાં લખ્યું છે તે પ્રમાણે, બીજો મુઝફ્ફર શાહ મરણ પામ્યો, અને તેના બે શાહજાદા સિકંદર (ઈ૦ સ૦ ૧૫૨૬) અને મહમૂદ ત્રીજો (ઈ૦ સ૦ ૧૫૨૬) મરણ પામ્યા ત્યાં સુધી રાવ ભારમલ જીવતો હતો, અને ઈ૦ સ૦ ૧૫૨૮ માં જ્યારે બ્હાદૂર શાહે ઈડર અને વાગડ[1] એ બન્ને દેશો ઉપર ચડાઈ કરી, અને ત્યાંથી ચાંપાનેરને રસ્તે ભરૂચ પાછો આવ્યો ત્યારે પણ તે જીવતો હતો; અને વળી ઈ૦ સ૦ ૧૫૩૦ માં જ્યારે સુલ્તાન પિંડે ઈડર ઉપર ચડી આવ્યો પણ પોતાના બે સરદારને મ્હોટી ફોજ આપીને વાગડ (બાગડા) ઉપર મોકલીને પોતે પાછો વળ્યો ત્યારે પણ તે હયાત હતો. તે છેક ઈ૦ સ૦ ૧૫૪૩ ના વર્ષ પછી મરણ પામ્યો તેની પછવાડે તેનો કુંવર રાવ પૂંજોજી થયો, તેના કારભાર સંબંધી બનાવોની નોંધ રહેલી નથી.

મુસલમાન ઇતિહાસકારોએ અમદાવાદના રાજવંશિયો વિષેનું હવે પછીનું જે વર્ણન આપેલું છે, તેમાં ગૂજરાતના હિન્દુ રાજાઓ સંબંધી વાતને ખુલ્લી રીતે લાગુ પડે એવું કાંઈ નથી, માટે તેમના વિષેનું વિસ્તારથી અત્રે વર્ણન આપવાનું અમારી મતલબને અનુસરતું નથી. સુલ્તાન બ્હાદૂરનું રાજ્ય અતિ અસ્વાભાવિક વિરૂદ્ધપણાને લીધે પ્રસિદ્ધ છે. એક સમયે તેને તેની પૂર્વે થઈ ગયેલા મહાન્ સિદ્ધરાજની કીર્તિની ચડસાચડસી કરતો આપણે જોઇયે છિયે, તેની શ્રેષ્ઠતા ખાનદેશ, વરાડ અને અહમદનગરના રાજાઓએ માન્ય કરેલી આપણા જોવામાં આવે છે; માળવાનું રાજ્ય ફરીને પાછું ગૂજરાતનાં હથિયાર વડે જિતાયલું એવું તેની સત્તા નીચે આવેલું જણાય છે; અને તેનો યશવંત વાવટો મંડુના ઉંચા મોરચા ઉપર ફરકતો આપણા જોવામાં આવે છે. બીજે સમયે, જે હુમાયૂન પાદશાહને તેણે તેના ઉદય-કાળમાં જીડાવ્યો હતો, તે જ પાદશાહે તેને તેના રાજ્યમાંથી હાંકી ફહાડેલો આપણા જોવામાં આવે છે, અને છેવટે ફિરંગી લોકો સાથે એક દુઃખદાયક લડાઈ થઈ તેમાં તે દગાથી મરાયો, અને તેનું મુડદું દરિયામાં ફેંકી દીધું; ઇતિહાસકર્ત્તા જે બ્હાદૂર શાહ વિષે લખે છે તે તેના પછી નબળાઈ ચાલશે અને ખરાબી થશે એવું પોતાના લખાણની અંત્યે ભવિષ્ય વર્ત્તે છે. "સુલ્તાન બ્હાદૂરના મરણ પછી ગૂજરાતના કારભારમાં અવ્યવસ્થા અને

૧ સાકરિયો વાગડ એવું દેશનું નામ છે. તેનાં ૩,૫૦૦ ગામ કહેવાતાં હતાં, હવણાં અર્ધો ભાગ ડુંગરપુરના તાબામાં છે ને અર્ધો ભાગ વાંસવાડાને સ્વાધીન છે. ર. ઉ.

"રાજદ્રોહે પોતાનો પ્રવેશ કર્યો; અને ત્યાર પછી દક્ષિણના રાજાઓ પાસેથી, "અને યુરોપિયનોએ કબ્જે કરી લીધેલાં બંદરોમાંથી ખંડણી મળતી બંધ "થઈ ગઈ."

કેટલાએક વર્ષ વીત્યા પછી, ઈ૦ સ૦ ૧૫૪૫ માં, બ્હાદૂર શાહનો ભત્રીજો મહમૂદ લતીફ્ખાન ગાદી ઉપર હતો તેવામાં, આગળ જેમ શાહ અહમદ અને મહમૂદ બેગડાના બલવાન દિવસોમાં, હિન્દુ જમીદારોના હક્ક ડૂબાવવાને સાવધપણે થોડોક પ્રયત્ન કરવામાં આવ્યો હતો, તે પ્રમાણે ગૂજરાતના આ છેડાથી તે પે'લા છેડા સુધી કરવાને તેણે પોતાનો અભિમાની તેમ જ નબળો હાથ ચલાવવાને ધાર્યું; અને એવી રાજનીતિ ચલાવી કે, તેમાં જે ખામી આવી ગઈ, તે આવી હોત નહિ અને તેનો પૂરેપૂરો અમલ થયો હોત તો સુલ્તાનનું તખ્ત ઊંધું વળવાને કાંઈ પણ બાકી ર્‌હેત એમ થાત નહિ. "આ "સમયે શાહે જનાનખાનાની મોજ મૂકી દીધી તેથી રાજ્યની સત્તા એટલી "બધી વધી ગઈ કે ઉમરાવ અને સિપાઈ સર્વે કોઈ વશમાં આવી ગયા "અને શાહની આજ્ઞાનું ઉલ્લંઘન કરવા જેટલી તેમનામાં સત્તા રહી નહિ. આ "વેળાએ માળવાનો કબ્જો કરી લેવાની પાદશાહે ઇચ્છા જણાવી; પણ તેણે "પોતાના વજીર આસફ્ખાનને સલાહ પૂછી ત્યારે તેણે કહ્યું કે, રજપૂતો, "ગરાશિયા, અને કોળિયોના તાબામાં ગૂજરાત પ્રાન્તની ચોથ અથવા "વાંટાની જમીન છે તે દબાવી પડવાથી માળવા જેટલો દેશ હાથ આવશે; "અને તે એક જાગીર થઈ પડવાથી તેની ઉપજમાંથી પચીસ હજાર અશ્વા- "રોનું પૂરૂં થઈ શકશે." આ પ્રમાણે વાંટા ખાલસા કરી દેવાનો હુકમ થયો. આનો પરિણામ સર્વ કોઈ ધારી શકે એમ એવો થયો કે, સર્વ ઠેકાણે બળવો ઉઠ્યો, અને હવે પછીના વૃત્તાન્ત ઉપરથી સિદ્ધ થાય છે તે પ્રમાણે તે લોકોનો જય થયો. કેમકે કદાપિ તે સમયે જાત્યભિમાનનાં અને જુલ્મનાં ગમે તે કામ કર્યાં હશે, અને હિન્દુઓને કચરી નાંખેલા અને વશ કરી લીધેલા, મુસલમાન રાજકર્ત્તાઓએ ગમે એટલા માનવાને પસંદ કર્યું હશે, અથવા મુસલમાન ઇતિહાસકારોએ તે પ્રમાણે લખવાને દુરસ્ત ધાર્યું હશે, તોય પણ વગર વાંધાની ખરી વાત તો એ જ છે કે તેમના વંશજો ઉપર પછવાડેથી ઘણાં સંકટ આવી પડ્યાં, તથાપિ જે જમીન તેમની પાસેથી છીનાવી લેવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો, તે જમીન હજી લગણ તેઓ ભોગવે છે; અને આણી મગ તો થોડી પણ ચીંથરે હાલ દરિદ્રતા અને ટગુમગુ થઈ રહેલાં ખંડેર શાહ અહમદના વંશના રાજ્યના એક સમયનો દબદબો બતાવાને માત્ર ર્‌હેલાં છે. "ઈડર, શિરોઈ, ડુંગરપુર, વાંસવાડા લુણાવાડા,

"રાજપીપળા, મહીકાંઠો, અને હુલવદ(ઝાલાવાડ)ના ગરાસિયાઓએ, પોતાનો "ગ્રાસ સાચવી રાખવાને દેશમાં પજવણી કરવા માંડી, માટે શિરોઈ, ઈડર, "અને બીજે ઠેકાણે થાણાં બેસાર્યાં અને ત્યાંથી રજપૂત અને કોળી નામે "નાશ કરવાની આજ્ઞા થઈ; માત્ર જેઓ દેશનું રક્ષણ કરવાને સિપાઈગીરીની "નોકરીમાં હતા, અથવા જેઓ વ્યાપાર કરતા હતા, અને ઓળખાવાને "માટે જેઓને જમણે હાથે કાંઈક નિશાની રખાવામાં આવી હતી "તેઓને જ જીવતા મૂકવાની છૂટ હતી. એ જાતના લોકોમાંથી જેઓને "તે નિશાની ન હતી તેઓને ઠાર કરતા હતા. આ પાદશાહના રાજ્યના "લગભગ છેલ્લા સમયમાં, ઉપર પ્રમાણે હુકમ હોવાને લીધે તેટલા ભાગોમાં "મુસલમાની ધર્મની શ્રેષ્ઠતા એટલી બધી વધી પડી હતી કે, શહર વચ્ચે "ઘોડા ઉપર બેશીને જવાની કોઈ હિન્દુને છૂટ ન હતી; અને જેઓ પગે "ચાલીને જતા હતા તેઓને પણ જમણે ખભે લાલ પટી લગાવ્યા વિના "લૂગડાં પ્હેરવા દેતા નહિ, અને વળી વિશેષમાં એ હતું કે હોળી, દિવાળી- "ના તહેવારનું પૂજા આદિકનું પ્રસિદ્ધ પાખંડીપણું કરવા દેવાની મના "કરી હતી. આ ઉપરથી એમ લખવામાં આવ્યું છે કે, દુષ્ટ બુરહાને "પાદશાહને મારી નાંખ્યો ત્યારે ગરાસિયા અને કોળિયોએ તે ખુનીની એક "મૂર્ત્તિ કરીને સ્થાપી અને તેની પૂજા કરી તેને કહેવા લાગ્યા કે, આ અમારો "રક્ષક છે, એણે અમને નાશમાંથી બચાવ્યા છે."

જે કોઈ ગૂજરાતમાં આવે છે, અને આવા જુલ્મનું ઠેકાણું જે રાજધાની નગર અમદાવાદ તે મુખ્યત્વે કરીને જુવે છે, ત્યારે ત્રાસ પમા-ડેલા હિન્દુઓનાં ભોંયનાં દેવળ અને મુસલમાનોના ઉંચા મિનારા તેઓના રાજ્યના અને ધર્મના જુલ્મના દિવસોમાં થયેલાં જોવામાં આવે છે, અને હાલમાં જે છે તેની સાથે તે દિવસના કારભાર ઉપરથી આ સર્વ જે લક્ષમાં આવે છે તેનો મુકાબલો કરવાને બની આવે છે. એક તરફ પડી જતી મસ્જીદનાં ખંડેર વધતાં જાય છે, અને બીજી તરફ તેની જ પાસે શિવ અને પારસનાથની મૂર્ત્તિયો તેમની અંધારી સંતાઈ રહેવાની જગ્યાઓમાંથી બ્હાર નીકળે છે અને નવાં બંધાવેલાં દેવાલયોમાં તેમની સ્થાપના થાય છેઃ અને અભિમાનનો પોકાર કરનારા પઠાણ મોગલોના છોકરા હિન્દુનાં દેવળ-માં આરસપાહાણ ગોઠવવાની મજુરી કરે છે, અથવા છેક હલકો રોજ લઈને, દેવની મૂર્ત્તિયોનો નાશ તેઓના પૂર્વજોએ કર્યો હતો એવું તેઓ ધારે છે તેઓની ફરી સ્થાપના થતી વેળાના સાજનમાં મશાલો ધરે છે અને નગારાં વગાડે છે.

મહમૂદ લતીફખાન(મહમૂદ શાહ ચોથા)ને ઈ૦ સ૦ ૧૫૫૪ માં મારી નાંખવામાં આવ્યો ત્યાર પછી તેના વંશના બે (અહમદશાહ બીજો ઈ૦ સ૦ ૧૫૫૪ થી ૧૫૬૧ સુધી અને મુઝફ્ફર ત્રીજો) નબળા ક્રમાનુયાયિયો થયા ત્યાં સુધી તેનો વંશ રહ્યો; ત્યાર પછી ઈ૦ સ૦ ૧૫૭૨ ના નોવેમ્બર મહિનાની ૧૮ મી તારીખે મહાન અકબરે પોતાનો વાવટો અહમદાવાદના નગરની પડોશમાં ફરકાવવા માંડ્યો, તે અવસરે ત્યાંના સર્વ પદવિના સર્વ લોક ટોળે મળીને તેને પોતાના પાદશાહ તરીકે માન આપવાને આગળ ગયા.

મિરાતે અહમદીનો કર્ત્તા કહે છે કે, “પંડિત અને અવલોકન કરનારા “સારી પેઠે જાણે છે કે, દુનિયાના પ્રારંભથી જે રાજ્યની સ્થાપના થયેલી “છે, તે દરેક રાજ્યનો નાશ થવાનું કારણ તેના અમીરો અને તેઓની “સાથે મળી ગયેલી બંડખોર પ્રજા થાય છે, તેઓનું બંડ અને પ્રયત્ન ઈશ્વરનો “પાડ કે ઘણું કરીને તેમના સામાં થઈ પડે છે; અને તેથી કરીને કોઈ “વધારે ભાગ્યશાળી પ્રતિસ્પર્ધીનું કામ થાય છે. આ પ્રમાણે ગૂજરાતના “રાજાઓના ઉમરાવોનો પાર આવ્યો. બળવાની વેળાએ માંહોમાંહે લડી “મરીને અન્યોન્યના સાચા સંબંધની અવગણના કરી, તેથી દૈવે રાજ્યનો “અને તેના ચાકરોનો નાશ કરાવ્યો; અને મિત્રતાને રૂપે તેઓએ ખુલ્લી “રીતે શત્રુતાનાં કર્મ કરવા માંડ્યાં, તેથી તે બન્ને બાજુવાળા વેગળા રહી “ગયા, અને આ રાજ્યની સત્તા અને રાજમુદ્રા તૈમુરના જગપ્રસિદ્ધ વંશજ, “જલાલુદ્દીન મહમૂદ અકબરના હાથમાં આવી.”

અકબરની સત્તાની સ્થાપના થતાં પ્હેલાંનો તરતનો જ જે સમય હતો તે ગૂજરાતના ઇતિહાસમાં ખરેખરો ખેદદાયક થઈ પડ્યો હતો. આ વેળાએ, મુસલમાની અમીરોએ મહમૂદ બીજાનો કૃત્રિમ શાહજાદો આણીને ગાદિયે બેસાડ્યો; અને તેનું નામ ત્રીજો મુઝફ્ફર (ઈ૦ સ૦ ૧૫૬૧ થી ૧૫૭૨) પાડ્યું. પણ ખરૂં જોતાં તો તેમણે પોતપોતામાં દેશ વ્હેંચી લીધો હતો. તેમનામાં અતિ બળિયો અયતેમાદખાન હતો, તેણે રાજધાની નગર અમદાવાદ અને ખંભાતનું બંદર તથા તે બે વચ્ચેના પ્રદેશનો કબ્જો કરી લીધો; એક બીજો હતો તે, અણહિલપુરનું ખંડેર અને સાબ્રમતી તથા બનાસ નદિયો વચ્ચેનો ઘણો પ્રદેશ દબાવી પડ્યો; ત્રીજાને સ્વાધીન સુરત તથા ભરૂચનાં બંદર, ચાંપાનેરનો ગઢ, અને મહી નદીની દક્ષિણ ભણીનાં પ્રગણાં આવ્યાં, ધંધૂકા અને ધોળકા, ચોથાના તાબામાં થયાં; અને પાંચમો હતો તે ખેંગારના કિલ્લા(જૂનાગઢ)માં રહીને સોરઠના દ્વીપકલ્પ ઉપર સત્તા વિસ્તારવાનું તકાસવા લાગ્યો. આ વેળાએ રાજ્યના

હિન્દુ લશ્કરી પટાવતો ઘણા હતા. કડીથી ડીસા સુધીનાં ઉત્તર ભણીનાં પ્રગણાંમાંથી ત્રણ હજાર રજપૂત ઘોડેસ્વારોનું લશ્કર પૂરૂં પાડવામાં આવતું હતું. બાગલાણના જમીનદાર બોહરજીના કબજામાં મુલર અને સાહલરના કિલ્લા હતા, અને ત્રણ હજાર ઘોડેસ્વારોના લશ્કર વડે તે ચાકરી કરતો હતો; સાંથના જમીનદાર અને છતરાલ કોળિઓ નોકરી કરતા હતા તેના બદલામાં ગોપરા ટપ્પાનાં બે પ્રગણાં તેમને આપ્યાં હતાં; નાગોર પ્રગણાના વતનદારો રજપૂત ઘોડેસ્વારોના મ્હોટા લશ્કર સહિત ચાકરી કરતા હતા, અને ઈડરનો પુંજો રાઠોડ, રાજપીપળાનો રાવ જયસિંહ, ડુંગરપુરનો રાવળ, ઝાલાઓનો ઠાકોર, જામ અને તેના ચારસેં ગરાસિયા આશ્રિતો, તેમ જ ભુજના ખેંગારજી (પ્હેલા) રાવ લશ્કર પૂરૂં પાડતા હતા તેમાં સોળ હજાર તો માત્ર ઘોડેસ્વાર હતા. આ સત્તાવાન રજપૂત ઠાકોરોએ અમદાવાદના પાદશાહોના ધસારામાંથી પોતાની જમીન અને સ્વતંત્રપણું બંને જાળવી રાખ્યાં હતાં. તેઓને મુસલમાનોની તૂટી પડેલી સત્તાના જોરથી થોડું જ ડરી જવાનું હતું, અને અસલની જંગલી જાતિયો જેને જે આગળ વધારે વજનથી દબાવી રાખી હતી, પણ તેનો કદિ નાશ થયો ન હતો તે આ વેળાએ ફરીને, અગ્નિની પેઠે, ધસી આવવા લાગી.

અકબરે ગૂંજરાતની જિત કરી લીધી ત્યાર પછી તેણે આખા દેશ ઉપર એક સૂબેદાર ઠરાવ્યો, અને તેના હાથ નીચે મ્હેસુલના અને લશ્કરી અધિકારી નિમ્યા. ઘણું કરીને સૂબેદાર ઉત્તમ પંક્તિના માણસો હતા. જેવા કે અકબરનો દૂધભાઈ ખાન અઝીઝ કોકા, અને તેનો શાહજાદો સુલ્તાન મુરાદબખ્ત એ જગ્યા ઉપર નિમાયા હતા; જહાંગીરના વારામાં તેનો શાહજાદો શાહજહાંન ઠર્યો હતો, અને તેના વારામાં તેનો શાહજાદો મુરાદ નિમાયો હતો. આ સમયના ઇતિહાસનો સમાવેશ દિલ્હીના સામાન્ય ઇતિહાસમાં થાય છે, અને આ પુસ્તકમાં રજપૂત ઠાકોરો સંબંધી લખવાનો જે હેતુ છે તેમના સંબંધી મુસલમાન લખનારાઓએ પોતાના લખાણમાં જુજ સૂચના આપેલી છે. આપણા જોવામાં આવે છે કે, જમીનની ઉપજ સંબંધી વ્યવસ્થા કરવાને અકબરે રાજા ટોડરમલને ગૂજરાતમાં મોકલ્યો, ત્યારે અકબરની મુસલમાનોના મુખ્ય તરીકે રાજ્ય કરવાની માત્ર ધારણા નહિ પણ આખા હિન્દુસ્થાનના એકઠા મળેલા લોકોના ઉપરી તરીકે રાજ્ય કરવાની તેની ઉદારતાભરેલી અને ડાહાપણભરેલી ધારણા તે પૂર્ણ થાય એટલા માટે રજપૂત ઠાકોરોનો સંબંધ રાજ્ય સાથે થાય અને તેઓની પ્રીતિ સંપાદન કરી લેવાય એવા હાથ આવેલા પ્રસંગો તેણે સાધી લીધા.

ઈ० સ० ૧૯૭૬ માં તે ગૂજરાતની સરહદ ઉપર આવી પ્હોંચ્યો ત્યારે "શિરોઈના જમીનદારે પાંચસે રૂપિયા અને સો મ્હોરોની ખંડણી આપી."[૧] રાજા ટોડરમલે તેના બદલામાં તેને શિરપાવ આપ્યો અને એક જડાવનો શિરપેચ અને એક હાથી આપીને દિલ્હીના રાજ્યની વતી ગૂજરાતના સૂબાની બે હજાર અશ્વારોથી ચાકરી કરવાનો બંદોબસ્ત કર્યો. રાજા ટોડરમલ ત્યાંથી સુરત જતાં રસ્તામાં "રામનગરના જમીનદારને ભરૂચમાં "મળ્યો, તેણે બાર હજાર રૂપિયા અને ચાર ઘોડાની ખંડણી આપી તેના "બદલામાં ઘટિત ઇનામ તેને આપ્યું. આ વેળાએ જમીનદારને પંદરસે "અશ્વારોની પદવિ ધારણ કરવાની છૂટ આપી અને તેણે એક હજાર ઘોડે- "શ્વારો સહિત ગૂજરાતના સૂબાની ચાકરી કરવાનું કબૂલ કર્યું."

ટોડરમલ ગૂજરાતથી દિલ્હી જતો હતો, તેવામાં ડુંગરપુરનો જમીનદાર, રાણો શાસમલ તેની મુલાકાત લેવા આવ્યો, તેને પણ શિરપાવ આપીને બે હજાર પાંચસે ઘોડેશ્વારની પદવિ આપવામાં આવી અને ગૂજરાત પ્રાન્તમાં ચાકરી કરવાને તેણે કબૂલ કર્યું એટલે મીરથા આગળથી પાછાં જવાની તેને રજા આપી.

આઇન અકબરીમાં લખ્યું છે કે, ઈડરના રાવ નારણદાસ પાંચસે ઘોડેસ્વાર અને બે હજાર પાયદળ ઉપર સરદારી ચલાવતો હતો, તે ઉપરથી જણાય છે કે, શિરોઈ અને ડુંગરપુરના ઠાકોરોની પેઠે એને પણ ગૂજરાતના સૂબાના આશ્રયમાં રહેવાને ઠરાવ્યો હશે. વીરમદેવ ચરિત્રમાં પણ ઈડરના રાવને દિલ્હીના પાદશાહનો લશ્કરી પટાવત કરીને લખેલો છે. અબુલ ફૂજલે ગૂજરાતના બીજા ઠાકોરોને એ જ પ્રમાણેનું પદ ધારણ કરેલી સ્થિતિના લખી જણાવ્યા છે. તે કહે છે કે, "ઝાલાવાડ પ્રથમ સ્વતંત્ર રાજ્ય "હતું, તેમાં બે હજાર બસેં ગામ હતાં, તેનો વિસ્તાર શિત્તેર કોસ લંબાઈ- "નો અને ચાળીસ કોસ પ્હોળાઈનો હતો; તેના તાબામાં દશ હજાર "ઘોડેશ્વાર અને તેટલું જ પાયદળ હતું. હવણાં તેના તાબામાં બસેં ઘોડે- "શ્વાર અને ત્રણ હજાર પાયદળ છે, અને તેમાં ઝાલા જાતિની વસ્તી છે. "હાલમાં તેના ચાર ભાગ કરેલા છે, તોય પણ તેને અમદાવાદ તાબાનું "માત્ર એક પ્રગણું ગણેલું છે. તેમાં શહરો ઘણાં છે." અહિયાં જે ચાર ભાગ ગણવામાં આવેલા છે તે હુલવદ, વઢવાણ, લખતર અને લીંબડીના

---

૧ મેળાપની વેળાએ "નજરાણો" અથવા ભેટ આપવામાં આવે છે તે આ હશે, કાંઈ (વાર્ષિક) ખંડણી નહિ. અહિં અને બીજા હવે પછી ફકરા ઉતારી લેવામાં આવવાના છે તેમાંના આંકડા નક્કી કરવા બહુ મુશ્કેલ છે.

છે, તે વિષે હવે પછી લખવામાં આવશે. એ જ ઇતિહાસકારના લખવા પ્રમાણે સોરઠના નવ ભાગ કરેલા જણાય છે. એ માંહેલો પ્હેલો, સામાન્ય રીતે, નવો સોરઠ ક્હેવાતો હતો, તેની તપાસ ધાડી ઝાડીના ગહનપણાને લીધે અને ડુંગરાઓની ગુંચવણુને લીધે ઘણા કાળ સુધી થઈ ન હતી. જૂનાગઢની ગણના આ ભાગમાં થઈ હતી. નવા સોરઠમાં તેમ જ પટ્ટણ સોમનાથમાં ઘેલોટી જાતના રજપૂતોની વસ્તી હતી; અને ત્યાં ઠાકોરોમાંથી દરેક એક હજાર ઘોડેસ્વાર, અને બે હજાર પાયદળની સરદારી કરતો હતો, તે સાથે કેટલાક આહીરો પણ હતા. આ આહીર તે ઘણું કરીને કાઠી લોક હશે, કેમકે તેઓ આહીર જાતના છે, અને ઘોડાની સંભાળ રાખવાનું તેમનું કામ છે, એવું બીજે ઠેકાણે લખવામાં આવેલું છે. ત્રીજા ભાગ વિષે અબુલ ફ્જલ લખે છે કે, "શિરોજ (શત્રુંજય) પર્વતની તલેટી આગળ એક વિશાળ "નગર છે, તેની જગ્યા ઘણી પસંદ પડે એવી છે તોપણ ફ્રી વસાવા "સરખું તે હવે રહ્યું નથી." આ સૂચન ઘણું કરીને વલભીપુરનાં ખંડેરને લાગુ પડે છે. તે લખે છે કે, "માબીડચીન અને ઘોઘાનું બંદર તેને સ્વાધીન "હતું. પીરમનો બેટ પણ આ ભાગમાં છે; તે નદીની વચ્ચે નવ કોસનો "ચોખૂણ ડુંગર છે, આગળ તેમાં રાજ્યની ગાદી હતી. આ ભાગનો જમીન-"દાર ગોહિલ જાતિનો છે, અને બે હજાર ઘોડેસ્વાર અને ચાર હજાર "પાયદલની સરદારી ભોગવે છે." ચોથા ભાગમાં વાળા રજપૂતની વસ્તી હતી; તેમાં મહુવા અને તળાજાનાં બંદર આવ્યાં હતાં, અને તે ત્રણસેં ઘોડેસ્વાર અને પાંચસેં પાયદલનું લશ્કર પૂરૂં પાડતો હતો.

એ ગ્રન્થકર્ત્તાના લખવા પ્રમાણે બીજા ભાગોનું વર્ણન અમે આપતા નથી, કેમકે તે સર્વત્ર સમજાય એવું નથી. તે લખે છે કે, વાઢેરના તાબામાં આરંભડાનું બંદર હતું તે ઘણી મજબૂત જગ્યા હતી, અને ફ્રોજ પૂરી પાડવાનો તેનો કરાર એક હજાર અશ્વાર અને બે હજાર પાયદલનો હતો. વાજાની મિશ્ર જાતિના તાબામાં ઝાંઝરનું બંદર હતું, અને બસેં ઘોડેસ્વાર અને તેટલું જ પાયદલ પૂરૂં પાડતા હતા. ચિતોડની જાતિના, એક હજાર અશ્વાર અને બે હજાર પાળા પૂરા પાડતા એમ લખ્યું છે, તે ધુમલીના જેઠવા લોકો વિષે સો વશા લખ્યું છે. વાઘેલા જાતિના એક ભાગમાં વસતા હતા અને બસ ઘોડા તથા તેટલા જ પાળાની સરદારી કરતા હતા; અને આણી મગ સોરઠના તે જ ભાગના કાઠી લોકો, છ હજાર અશ્વાર અને દશ હજાર પાયદળનું ઉપરીપણું ચલાવતા; તેમ જ આહીરની એક બીજી જાતિના લોકો ડુંડી નદીને કાંઠે વસતા હતા અને જે પુરંજા ક્હેવાતા હતા તે તેનાથી અંચું

લશ્કર પૂરૂં પાડતા. કચ્છ ભુજના રાવનું લશ્કર દશ હજાર અશ્વાર અને પચાસ હજાર પાયદલનું હતું; તેઓ ઉંચા અને દેખાવડા હતા તથા લાંબા કાતરા રાખતા. જામ "સત્તરસાલ" કચ્છ ભુજના રાજવી કુટુંબનો સગો થતો હતો, તે રાવલજીનો પૌત્ર થતો હતો, તેને રાવે[1] સાઠ વર્ષ પ્હેલાં તે દેશમાંથી હાંકી ક્હાડ્યો હતો, તે સોરઠમાં ચટવા, બદહીલ અને નવનીલના પ્રદેશની વચ્ચેના એક ફળદ્રૂપ દેશમાં વશ્યો હતો અને તેનું નામ તેણે "નાનું કચ્છ" (હાલાર) કરીને પાડ્યું હતું તેમાં તેણે તેનું રાજધાની શહર નવાનગર વસાવ્યું હતું. જામની ફોજનો કરાર સાત હજાર અશ્વાર અને આઠ હજાર પાયદળનો હતો.

મિરાતે અહમદીમાં લખ્યું છે કે, નવાનગરના જામે એક વેળાએ અમદાવાદના છેલ્લા સુલ્તાન, ત્રીજા મુઝફ્ફરને આશ્રય આપ્યો હતો, પણ છેવટે તેણે દગો કરીને તેના શત્રુઓને સ્વાધીન કર્યો. ઈ૦ સ૦ ૧૫૯૦ માં મુઝફ્ફર અને જામને ખાન અઝીઝ કોકાએ હરાવ્યા તેથી તેઓને ડુંગરામાં સંતાઈ પેસવાની અગત્ય પડી. આ જિત થયા પછી સૂબાએ નવાનગર લૂંટ્યું અને જૂનાગઢનો ઘેરો ઘાલ્યો, તે વેળાએ, ત્રીજા મુઝફ્ફરના સાથિયોએ તેનું રક્ષણ કર્યું તેથી તેનું કાંઈ ચાલ્યું નહિ, એટલે તે અમદાવાદ પાછો જતો રહ્યો, તેવામાં ઇતિહાસકર્ત્તા લખે છે કે, અમીરોને એક વાર તેમની પોતાની જાગીર ઉપર શાન્તપણે રહેવાને છૂટી આપી. બીજે વર્ષે જૂનાગઢ, સૂબાના હાથમાં આવ્યું, અને મુઝફ્ફર શાહ નાશી જઈને કચ્છના રાવ ખેંગારજીને આશરે જઈને રહ્યો;[2] તેને તેણે આશ્રય આપ્યો. અઝીઝ કોકાએ પોતાના દીકરાને ફોજ આપીને તેની પછવાડે મોકલ્યો. તે રસ્તે જતો હતો તેવામાં જામ તેને સ્વાધીન થયો, અને તેની સાથે સલાહ કરી, ત્યાર પછી નિરાશ્રય સુલ્તાન, જામના આશ્રયથી પકડાયો, તેને બદલે તેને તેનું આગળનું મોરબી પ્રગણું હતું તે ઇનામમાં મળ્યું.

ગૂજરાતની પૂર્વ સીમા ઉપર જે રજપૂતોનાં સંસ્થાન આવેલાં તેનું અબુલ ફ્જલે કરેલું વર્ણન નીચે પ્રમાણે છે,—"મેરવ અને મંગ્રીચની પાસે "એક દેશ છે તે પાલ ક્હેવાય છે, તેની વચ્ચે મેહીંદરી નદી વ્હે છે. આ

૧ પૃષ્ઠ ૪૭૪ મે આપેલી જાડેજાની વંશાવળીના ૧૧ મા રાજા રાવ ખેંગારજી પ્હેલાએ જામ રાવળજીને કચ્છમાંથી નસાડ્યા તેણે ઈ. સ. ૧૫૩૯ માં નવાનગર વસાવી ગાદી સ્થાપી. તે પછી તેનો કુંવર વીભાજી (ઇ. સ. ૧૫૬૨–૧૫૬૯) થયો. તે પછી તેનો કુંવર જામ સતાજી ઉર્ફે સત્તરસાલ (ઇ. સ. ૧૫૬૯ થી ૧૬૦૭) થયો. ર. ઉ.

૨ તે સમયે મહારાવ ભારમલજી ગાદીપતિ હતા. ર. ઉ.

"દેશની ગૂજરાત ભણીની બાજુએ એક સ્વતંત્ર જમીનદાર છે તે ડુંગર-
"પુરમાં રહે છે. આ દેશની માળવા ભણીની બાજુએ વાંસવાડા છે, ત્યાંનો
"રાજકર્ત્તા સ્વતંત્ર છે. આ બંને રાજકર્ત્તાઓની પાસે પાંચ પાંચ હજાર
"અશ્વાર અને એક એક હજાર પાયદળ છે; તેઓ બંને સિસોદિયા જાતિના
"હતા અને રાણાના સગા થતા હતા, પણ હવણાંના છે તે જૂદી જાતિના છે."

"પટ્ટણ સરકારની પડોસમાં એક દેશ છે તેની રાજધાની શિરોઈ
"છે. ત્યાંનો રાજકર્ત્તા એક હજાર અશ્વાર અને પાંચ હજાર પાયદળની
"હકુમત કરે છે, આબુગઢ નામના પર્વતની ટોચે તેનો કિલ્લો છે, તેમાં બાર
"ગામ આવ્યાં છે, ત્યાં પાણી અને ઘાસ પુષ્કળ છે. નન્દરબારની પૂર્વમાં,
"મન્ડુની ઉત્તરમાં, નાંદોદની દક્ષિણમાં, અને ચાંપાનેરની પશ્ચિમમાં વળી
"એક બીજો દેશ છે તેની લંબાઈ સાઠ કોસ છે, અને પ્હોળાઈ ચાળીસ
"કોસ છે. ત્યાંનો રાજકર્ત્તા ચોહાણ વંશનો છે તેની રાજધાની અલી-
"મોહન છે. અહિયાં ઘણા જંગલી હાથિયો છે. લશ્કરી ફોજ છસે અશ્વાર
"અને પંદર હજાર પાયદળની છે.

"સુરત અને નન્દરબારના સરકારની વચ્ચે એક સારી રીતે વશેલો
"પ્હાડી દેશ છે તે બગલાણા કહેવાય છે. ત્યાંનો ઠાકોર રાઠોડ વંશનો છે,
"અને ત્રણ હજાર અશ્વાર, તથા બે હજાર પાયદળના ઉપર હુકમ ચલાવે છે.
"અહિયાં જાંબુ, બોર, દ્રાક્ષ, રાંયણ, દાડમ, અને જમ્બીર ફળ બહુ થાય છે.
બગલાણામાં સાત કિલ્લા છે તેમાં મોલીર અને સાલીરના કિલ્લા અતિ-
"શય દૃઢ છે.

"નાંદોદ અને નન્દરબારના સરકારની વચ્ચે એક પ્હાડી દેશ છે તે
"લંબાઈમાં પચાસ કોસ છે, અને પ્હોળાઈમાં ચાળીસ કોસ છે, તે
"ગોહિલ રજપૂતની જાતિ વસે છે. હાલમાં રાજકારભાર એક ત્રવાડી કરી..
"બ્રાહ્મણ છે તેના હાથમાં છે, રાજા છે તે માત્ર નામનો જ છે. કોઈ વેળા
"તે રાજપીંપળામાં રહે છે અને કોઈ વેળા ધુલવામાં રહે છે. તેની પાસે ત્રણ
"હજાર અશ્વાર, અને સાત હજાર પાયદલ છે. ધુલવાનું પાણી ઘણું ખરાબ
"છે; પણ ત્યાં ડાંગર અને મધ બહુ સરસ થાય છે."[૧]

છેલ્લા સંસ્થાન વિષે ઉપર લખવામાં આવ્યું તે આપણા જોવામાં
આવ્યું છે કે પીરમના રાજા મોખડાજી ગોહિલના કુંવર સમરસિંહજિયે
સ્થાપ્યું હતું, અને પોતાની માતાના ભણીથી તેનો તે ઉપર હક્ક થયો હતો.

---

૧ અઇન અકબરીનું ગ્લૅડવુઇને ભાષાન્તર કર્યું છે, તેના બીજા ભાગના ગૂજ-
રાતના સુબા વિષેના વિષયમાં જુવો પૃષ્ઠ ૭૫ થી ૯૬.

પ્રકરણ ૮.

ઈડરનો રાજ્યકારભાર—રાવ નારણદાસ—રાવ વીરમદેવ—રાવ કલ્યાણમલ.

ઈડરના[1] રાવ પુંજાની પછી તેનો કુંવર નારણદાસ ગાદિયે બેઠો, અકબરે ખાન અઝીઝ કોકા નામના એક મુસલમાન ઉમરાવને ગૂજરાતનો

---

૧ ઈડરના રાવની વંશાવલિઃ—

જયચન્દ્ર રાઠોડ (ઇ. સ ૧૧૯૪ માં કનોજનું રાજ ગયું)
- શેખજી
  - ૧ શિયોજી
    - ૨ અસોધામ (મારવાડની ગાદિયે)
    - ૧ સોર્નીંગ (ભોળા ભીમે સામેત્રા આપ્યું, ત્યાંથી ઈડર જિતી સન ૧૨૫૭માં "રાવ" પદવી ધારણ કરી.)
      - ૨ રાવ એહમલજી
        - ૩ ધવલમલજી
          - ૪ લુણકરણજી
            - ૫ ખનહતજી
              - ૬ રણમલજી
                - ૭ રાવ પુંજોજી
                  - ૮ નારણદાસ
                    - ૯ રાવ ભાણ
                      - ૧૦ સૂરજમલજી
                        - ૧૧ રાયમલજી
                          - ૧૨ ભારમલજી
                      - ભીમસિંહજી (રાયમલજીને ગાદિયેથી ઉઠાડી મૂકી પોતે પચાવી પડ્યા, પણ પછીથી વળી રાયમલજિયે રાજ લીધું.)
    - અજમાલ (ઓખા લીધું.)
      - વાગાજી (વાજી)
      - વાઢેલજી (વાઢેલ)
  - સાઈતરામ (ઇ. સ. ૧૨૧૨ મારવાડમાં આવી રાજ સ્થાપ્યું.)

સૂબો ઠરાવીને મોકલ્યો હતો, તેના સામે બંડ ઉઠાવવાને નારણદાસે મદદ કરી હતી.[૧] (ઇ૦ સ૦ ૧૫૭૩). તે બંડ અકબરે જાતે ચડીને બેસારી દીધું, અને ઈડરના રાવને શિક્ષા કરવા સારૂ એક મોટી ફોજ મોકલી. બે વર્ષ પછી, અઝીઝ કોકાની જગ્યાએ મીરઝા ખાન સૂબો ઠર્યો ત્યારે ઈડર વશ કરી લેવાને જોઇયે તેટલી ફોજ મોકલવામાં આવી. પાદશાહની આવી મોટી ફોજનો જમાવ જોઈને નારણદાસ ગભરાઈ ગયો, તેથી ઈ૦ સ૦ ૧૫૭૬ માં તે ડુંગરાઓમાં સંતાઈ પેઠો. પણ છેવટે ત્યાંથી નીકળીને મુસલમાનોની સામે લડાઈ કરતાં હાર્યો, અને તેની રાજધાની પાદશાહના હાથમાં ગઈ.

આઈન અકબરીમાં રાવ નારણદાસ વિષે નીચે પ્રમાણે લખેલું છે:—
"ઈડરનો જમીનદાર, જેનું નામ નારણદાસ કરીને છે તે, બળદના પોદળા-
"માંથી વીણી ફહાડેલા દાણા ખાઈને રહેવાનું વ્રત આચરે છે; આવી જાતનું
"ભોજન બ્રાહ્મણો ઘણું જ પવિત્ર માને છે. આ નારણદાસ, રાઠોડ જાતિના

૧૩ રાવ પુંજોજી (બીજા)

૧૪ નારણદાસ (બીજા)

૧૫ વીરમદેવ — રાયસિંહજી — કિશોરસિંહ — ગોપાલદાસ — ૧૬ કલ્યાણમલ (ઉદેપુરના રાણા પ્રતાપની બ્હેનનો પુત્ર)

૧૬ કલ્યાણમલના પુત્ર: ૧૭ જગનનાથ — ૨૦ ગોપીનાથ — (રાવ અરજુનદાસ પછી ગાદિયે બેઠા.)

૧૭ જગનનાથના પુત્ર: ૧૮ રાવ પુંજોજી (ત્રીજો) — ૧૯ અરજુનદાસ

૨૦ ગોપીનાથ — કર્ણસિંહજી

કર્ણસિંહજીના પુત્ર: ૨૧ રાવ ચાંદોજી — માધવસિંહ
(આ રાવે ઈડરનું રાજ ગુમાવ્યું, પોળના પળીઆર પોતાના સસરાને દગેથી મારી ત્યાંનું રાજ લીધું અને તેના વંશજો આજ પણ પોળમાં છે.)

૧ જુઓ બર્ડની મિરાતે અહમદીનાં પૃષ્ઠ ૩૨૫, ૩૩૯, ૩૪૩ અને ૩૪૯.

"મુખ્ય રાજકર્ત્તાઓ માંહેલો એક છે; અને તે ૫૦૦ ઘોડેશ્વાર અને ૨૦૦૦ "પાયદલની સરદારી ભોગવે છે."

રાવ નારણદાસની પછી તેનો મ્હોટો કુંવર વીરમદેવ ગાદિયે બેઠો, તે ભાટ લોકોની દંતકથાનો માનીતો નાયક હતો. એક લાંબી કવિતામાં તેની યુવાવસ્થાનું ચરિત્ર વર્ણવેલું છે, તેમાં પચીસ વર્ષની ઉમ્મરે તે મારવાડની ઉત્તરના પુંગળ દેશમાં કેવી રીતે ગયો, અને ત્યાંના એક ધનવાન વ્યાપારીની પુત્રી પના કરીને બહુ સુંદર હતી તેનો પ્રેમ તેણે કેવી રીતે સંપાદન કરી લીધો, પોતાનાં હથિયારના બળથી તે સુંદરીને કેવો યશવંતપણે ઉપાડી ગયો, અને પુંગળની ફોજ લડવા આવી ત્યારે કેટલાક શૂરવીર સરદારોને તેણે કેવી રીતે માર્યા, એ વિષેનું વર્ણન કરવામાં આવ્યું છે. ત્યાર પછી એક બીજી ભાટની વાતમાં વીરમદેવની કથાનું સાંધણ સમાપ્ત થાય છે. આ વાત અમારાથી બની શકે, એમ બોલેબોલ વાંચનારાઓની આગળ રજુ કરિયે છિયે.

રાવશ્રી વીરમદેવનું ચરિત્ર.

વીરમદેવને પુંગળથી આવ્યાને દોહોડ વર્ષ થયું, તેવામાં અકબર પાદશાહે હિન્દુસ્તાનના સર્વ રાજાઓને દિલ્હી બોલાવ્યા. ઉદેપુર, જોધપુર, અને બુંદીના રાજાઓ તથા બીજાઓએ તે આજ્ઞા માથે ચડાવી. રાવ નારણદાસ અને કુંવર વીરમદેવ પણ ત્યાં ગયા. એક દિવસે, પાદશાહનો વાઘ પાંજરામાં ઘાલ્યો હતો ત્યાંથી છૂટી ગયો. અકબરે હુકમ કર્યો કે એને પકડી આણો, પણ તેના યોદ્ધાઓએ જવાબ દીધો કે "સાહેબ! વાઘ તો "પકડાય એવો નથી." કુંવર વીરમદેવ બોલ્યો: "વાઘ મરાય કે નહિ એ "નક્કી કહેવાય નહિ પણ રજપૂત હોય તે એને ઝાલી શકે. વાઘ રજપૂતને "મારે, કે રજપૂત વાઘને મારે." પાદશાહ બોલ્યો: "તમે ઠીક કહ્યું." પછી વીરમદેવ વાઘને ઝાલવા ગયો; તેણે ન્હાની સરખી ઢાલ હાથમાં ઝાલી લીધી, અને તે આગળ ધરીને શત્રુની સાથે મારામારી કરવા લાગ્યો; તેણે વાઘને મારી પાડવાને ડાબે હાથે લૂગડું વિંટીને તે હાથ વાઘના મ્હોમાં ઘાલ્યો અને તેને જમણે હાથે તરવારની અણીથી ચીરી નાંખ્યો તેથી મરણ પામ્યો. પાદશાહ બહુ જ ખુશી થયો અને તેને મૂલ્યવાન શરપાવ કર્યો. નારણદાસજી હલકે કાઠે હતો તેના સામું જોઈને અકબર બોલ્યો કે, "વીરમ- "દેવ સરખા પુત્રના તમે પિતા છો એવું હું જાણતો ન હતો, તેથી રાવનું "દુબળું શરીર જોઈને રાવને વિષે જેટલો વિચાર કરવો જોઇયે તે કરતાં "મેં ઓછો કર્યો હતો."

હવે **વીર**મદેવે **પાદ**શાહ પાસેથી માત્ર એક કબુલાત કરી લીધી. તેણે કહ્યું કે "હું જ્યારે અહિં આવું અને મારે જ્યારે ઈડર પાછાં જવાની મરજી "થાય ત્યારે લાગલા જ જવાની મને રજા આપવી." અકબરે તે વાત કબુલ કરી. રાવ અને **વીર**મદેવ પછી સલામ કરીને ઈડર ગયા તેવામાં તરત જ નારણદાસ મરણ પામ્યો અને **વીર**મદેવ રાજગાદિયે બેઠો. નારણદાસને ચાર રાણિયો હતીઃ—તેમાં ઉદેપુરના રાણા પ્રતાપસિંહની એક બ્હેન હતી, તેને બે મ્હોટા કુંવર હતા; બીજી જેસલમેરના ભાટી રાજાની કુંવરી હતી, અને તે રાયસિંહ અને કિશોરસિંહની મા હતી; ત્રીજી **શી**ખાવત વંશની રાણી હતી અને તે ગોપાળદાસની મા થતી હતી. તે વિના ચોથી રાણી કોટાના હાડાની પુત્રી હતી. આ ઉપરાંત ત્રણ રાખેલી હતી. તે સાતે નારણદાસની પછવાડે સતી થઈ. પછીથી રાવનો સરદાર હેમતસિંહ **બી**હોલો પોતાના બનેવી રાવળ રામસિંહને મળવા ડુંગરપર ગયો. જમવાની વેળા થઈ, એટલે, રામસિંહે તેને બોલાવ્યો, અને પોતાની સાથે એક થાળમાં જમવા બેસાર્યો. હેમતસિંહની આંખો નબળી હતી, તેથી જમતાં જમતાં તેમાંથી પાણી વ્હેવા માંડ્યું એટલે રામસિંહ બોલ્યોઃ "આના જેવું બીજું મને એક અણગમતું "નથી; હું જો પ્હેલેથી જાણતો હોત તો મારા ભેગા તમને જમવા બેસારત "નહિ." હેમતસિંહ આવા અપમાનના શબ્દ સાંભળીને ત્યાંથી ઉઠી ગયો; તેણે ઈડર જઈને રાવ **વીર**મદેવને કહ્યું કે "ડુંગરપુર મારવાને મારા એકલામાં "જોર નથી, માટે તમે કૃપા કરીને મારી સાથે આવશો? જો નહિ આવો તો "મારી પાસે જેટલો પૈસો અને માણસ છે તેટલા વડે હું જઈને ડુંગરપુર સાથે "લડીશ અને ત્યાં જ મરીશ." **વીર**મદેવ બોલ્યોઃ "નવા વર્ષના પડવા સુધી તમે "ધીરજ ખમો. ત્યાર પછી હું તમારી સાથે આવીશ."

તે દિવસ આવી ગયા પછી ઠરાવ પ્રમાણે તેઓ ચઢ્યા હતા, તેવામાં, મારવાડમાં દૂકાળ પડ્યો હતો તેથી ચારણના બે છોકરા ગૂજરાત આવતા હતા. એક છોકરો ભાતું લઈને રસ્તે ચાલ્યો જતો હતો તેવામાં **વીર**મદેવની અશ્વારી ત્યાં આવી પ્હોંચી; એટલે તે એક બાજુએ ખશી જઈને વાડની થડમાં લપાઈને બેશી ગયો. રાવ તેને જોઇને બોલ્યો કે, "તું કોણ છે. અને શા વાસ્તે વાડના "થડમાં બેઠો છે!" છોકરો બોલ્યોઃ—"મહારાજ! હું ચારણનો દીકરો છું. અને મેં "સાંભળ્યું છે કે **વીર**મદેવજી વાડમાં વરસે છે માટે હું જોઉં છું કે આપ આ વાડમાં "શું વરશ્યા છો." ત્યારે **વીર**મદેવે પોતાના હાથમાંથી સોનાનાં કડાં વાડમાં નાંખીને કહ્યુંઃ "તું વાડમાં શોધ્યાં કર, તને કાંઈ જડશે." પછી તે આગળ ચાલ્યા એટલે પેલા છોકરાના ભાઈને કૂવાને કાંઠે ઉભો રહેલો જોઈને રાવે

તેને પૂછ્યું આ કૂવો તમારો છે? તેણે ઉત્તર આપ્યું કે "મહારાજ! અમારે "કૂવા ક્યાંથી એ કૂવો તો આપનો છે." રાવે ત્યારે આજ્ઞા કરી કે, "જા એ કૂવો મેં તને બક્ષિસ કર્યો." વીરમદેવે આ બંને છોકરાઓને સારી રીતે પરણાવ્યા, તેમના વંશના હાલ સુધી તે કૂવાની ઉપજ ખાય છે.

ત્યાર પછી રાવે વડાલિયે આવીને આઠ દશ દિવસ મુકામ કર્યો. વીરમદેવ વડાલીમાં સમળેશ્વર તલાવની બાજુએ મેલાણ કરીને પડયો હતો તેવામાં તેનો ભાઈ રાયસિંહ મૃગયા રમતો ત્યાં આવી ચડયો. રાયસિંહ ખરેખરો શિકારી હતો. વીરમદેવે તેને દીઠો ત્યારે તેના મનમાં આવ્યું કે જો રાયસિંહ જીવતો ર્‌હેશે તો મારી ગાદી ખુંચાવી લેશે. પછી જ્યારે તે વડાલીથી પાછો આવ્યો ત્યારે રાયસિંહનો કાંઈ વાંક ક્‌હાડીને તરવારવતે તેને ઠાર કર્યો. આ રાયસિંહને એક બ્‍હેન હતી, તે જયપુર પરણાવી હતી, તેણીયે પોતાના ભાઈનું વેર મનમાં રાખીને વીરમદેવને મારી નાંખ્યો તે વિષે હવે પછી લખવામાં આવશે.

આ પ્રમાણે દિવસ જતાં નવા વર્ષનો પડવો લગભગ આવી પ્‍હોંચ્યો. અને રાવે પોતાની ફોજ એકઠી કરવા માંડી તેમાં તેના સરદારો સહિત ૧૮૦૦ અશ્વાર થયા. તેઓ નીકળ્યા અને કુચ કરતા વીંછીવાડે આવી પ્‍હોંચ્યા; તેમનો લડાઈનો સરસામાન,-માણસ અને ઘોડાનાં બખ્તર અને હથિયાર, તોપો અને જંજાળો એ સર્વ ઊંટ ઉપર લાદ્યું હતું, અને જે હેમસિંહને માટે ડુંગરપુર ઉપર ચડાઈ કરવાની અગત્ય પડી હતી તે પણ પોતાની ફોજ સહિત સંગાથે હતો. વિંછવાડાનો ઠાકોર ડુંગરપુરના તાબાનો હતો, તેણે તપાસ કરી કે રાવની અશ્વારી ક્યાં જાય છે, તેને એવો ઉત્તર મળ્યો કે રાવ પોતાના સસરાને ત્યાં મેવાડ અને માળવાની હદ ઉપર ચંબલ નદી છે તેને કિનારે રામપુર છે ત્યાં જાય છે. તોય પણ, તે ઠાકોરને હેમતસિંહ અને પોતાના રાજા વચ્ચે શત્રુવટ હતી તે તેના જાણવામાં હતું, તેથી તેણે મનમાં વિચાર્યું કે, "હેમતસિંહ પોતાના સર્વ માણસો સહિત એમની સંગાથે "છે, અને તોપો અને બીજો લડાઈનો સરસામાન છે, એ બધું રામપુર લઈ "જવાનું શું કારણ હશે!" આ પ્રમાણે તેના મનમાં સંશય આવ્યો.

પછી ઈડર તાબાના ઠાકોરોએ વીરમદેવને કહ્યું: "કોઈ ક્‌હેશે કે રાવે "ચોરની પેઠે આવીને ડુંગરપુર માર્યું, પણ જો તે ઉઘાડી રીતે આવ્યો હોત "તો તેનાથી મરાત નહિ. એટલા માટે વાત જાણ પાડવી." રાવે જવાબ દીધો કે, "ઠીક છે એમ કરો." પછી તેઓએ વિંછવાડાના ઠાકોરને કહ્યું કે "અમે ડુંગરપુર ઉપર ચડી જઇયે છિયે, માટે તમે ડુંગરપુર જઈને તેના રાવળને

"ઉઘાડી રીતે કહો કે રાવ તમારા ઉપર ચઢ્યા છે, અને તમે તેમની સાથે લડવાને "તૈયાર થઈ રહેજો." ઠાકોરે જઈને તે પ્રમાણે જાણ કરી અને રાવળે પોતાના તાબાના ઠાકોરોને બોલાવ્યા અને લડવાને તૈયાર થઈ રહ્યા, પછી વીરમદેવને માણસ મોકલાવીને કહેવરાવ્યું કે, "તમને ફાવે ત્યારે લડવાને આવજો. અમે તૈયાર છિયે." રાવ જ્યાં મેલાણ કરીને રહ્યા હતા ત્યાં આઠ દિવસ સુધી રહ્યા, અને પછી ડુંગરપુરની પાસે આવી પ્હોંચ્યા, એટલે બંને બાજુવાળાઓએ તોપો ચલાવીને લડાઈનો આરંભ કર્યો. વીરમદેવે ડુંગરપુરના કિલ્લાનો અને મ્હેલનો ઘણો ખરો ભાગ તોડી પાડયો, તે આજ સુધી તેવી જ ભાગી તૂટી અવસ્થામાં છે. આ પ્રમાણે દશ દાહડા ફ્હાઝ્યા પછી, રાવે માણસ અને ઘોડાઓને કવચ પ્હેરાવીને મારો ચલાવ્યો. તે સમયે બન્ને બાજુનાં સો સો માણસો મુવાં. રાવળ પોતાના કુટુંબ સહિત ન્હાશી ગયો અને રાવ ડુંગરપુરમાં સાડા ત્રણ દિવસ સુધી રહ્યો, અને શહર લૂટયું તથા જેટલો મળ્યો એટલો બધો ખજાનો લઈને ઈડર પાછો આવ્યો. જ્યારે તે ગયો, ત્યારે રાવળ ડુંગરપુરમાં પાછો આવ્યો.

ત્યાર પછી, પાદશાહનું લશ્કર ઉદયપુર ઉપર ચડીને આવ્યું, અને રાણા પ્રતાપસિંહ વિંછવાડે ન્હાશી ગયો. (આ વિંછવાડા પાનોરા પાસે છે તે). ઉદયપુરના રાણા બાપથી તે દીકરા સુધી એકેએક પાદશાહની ઉપર બ્હારવટે નીકળતા હતા, અને તે પાદશાહે ચિતોડના દરવાજાનાં કમાડ ફ્હાડી લીધાં હતાં, તે દિલ્હીના દરવાજાને બેસાર્યાં હતાં; આમ બાવન રાણા માર્યા ગયા હતા અને તેઓ તેમની આપત્તિની વેળામાં રાત્રે ભોંય ઉપર લૂગડું પાથરીને સૂતા, પલંગે પોઢતા નહિ, હજામત કરાવતા નહિ, અને ખાતા તો માટીના વાસણમાં કુશ્કા રાંધીને ભૂખ નિવારણ કરવાને ખાતા હતા. આ કારણને લીધે હજીસુધી ઉદયપુરમાં એ પ્રમાણે કરવામાં આવે છે; રાણાના પાથરણા નીચે લૂગડું પાથરવામાં આવે છે; તે દાઢી મુંડાવ્યા વગરની રાખે છે, અને તેના ભાણામાં નિત્યે બાફેલા થોડા કુસ્કા મૂકવામાં આવે છે, આજે પણ ચિતોડના દરવાજાને નવાં કમાડ કરાવવામાં આવ્યાં નથી, અને જ્યારે અંગ્રેજ સરકારે રાણાને કહ્યું કે, તમે નવાં કમાડ કરાવો, અથવા જો તમારી મરજી હોય તો તમારાં જૂનાં કમાડ મંગાવી લ્યો; ત્યારે તેણે જવાબ દીધો કે, હથિયારના જોરથી રાણો દિલ્હીથી જ્યારે કમાડ પાછાં લાવશે ત્યારે ફરીને બેસાડશે.[૧]

---

૧ મેવાડના રાણા પ્રતાપસિંહની વાત વિષે ટૉડ રાજસ્થાનના પુસ્તકના ૧ લા ભાગને પૃષ્ઠ ૩૩૧ થી ૩૫૦ સુધી મેવાડના ઇતિહાસનું અગિયારમું પ્રકરણ છે તે જૂવો. આ ગ્રંથના રા. રા. ભગુભાઈ ફ. કારભારીએ કરેલાં ગૂજરાતી ભાષાન્તરને પૃષ્ઠ ૩૧૨–૩૨૭ માં જુવો.

જ્યારે રાણો વિંછવાડે જતો રહ્યો ત્યારે ચાંપો કરીને એક મેવાડો ભીલ, જે રાણાની સામે બ્હારવટે નીકળ્યો હતો, તે તે દેશમાં ઘણી હરકત કરતો હતો. રાણાએ તેને ત્યાંથી ક્હાડી મૂક્યો, અને તે ઈડરવાડાના ઉજ્જડ ભાગમાં આવીને રહ્યો. ત્યાં તે વાટે લૂંટ કરીને અને રાત્રે ખાતર પાડીને પોતાનો નિર્વાહ કરતો હતો. જ્યારે તે ઈડરવાડામાં બહુ હરકત કરવા લાગ્યો ત્યારે, રાવ વીરમદેવે પોતાના ઠાકોરોને કહ્યું: "જે ચાંપા ભીલને પકડી લાવશે "તેને હું ઈનામ આપીશ." ત્યારે દધાળિયાના ઠાકોરે કહ્યું: "હું એને પકડી "લાવીશ." એ પ્રમાણે કહીને તે પોતાને ગામ ગયો. જ્યારે ચાંપા ભીલે આ વાત સાંભળી ત્યારે બીજે ઠેકાણે લૂંટફાટ કરવાનું જવા દઈને એકલા દધાળિયાને હરકત કરવા લાગ્યો. તે ઉપરથી ઠાકોરે તેને ખાનગી રીતે ક્હાવ્યું: "તારે મારૂં ગામ લૂંટવું નહિ, હું તને પકડીશ નહિ." કેટલાક મહિના ગયા પછી ચાંપાને માટે રાવે ફરીને પોતાના ઠાકોરોને કહ્યું. ત્યારે મોહનપુરનો ઠાકોર ક્હે કે, "હું એ ભીલને પકડી લાવું." એ પ્રમાણે કહીને તે પોતાને ઘેર જવાને નીકળ્યો, અને સાબળીના તળાવ પાસે આવી પ્હોંચ્યો. ત્યાં તે એક વડના ઝાડ નીચે, હથિયાર છોડીને વીસામો લેવાને બેઠો. તેની સાથે ત્રણ ચાર અશ્વાર હતા, તેમને કંઈ જોઈતું કરતું લેવાને ગામમાં મોકલ્યા હતા. જેમ છાંયડો ખસતો ગયો તેમ પોતાની નીચે પાથરણું પાથર્યું હતું તે ખેંચી લઈને તે પણ ખસતો ગયો તેથી છેવટે તેનાં હથીયાર ઘણે છેટે પડતાં ગયાં. એટલામાં ચાંપો ભીલ ત્યાં આવી પ્હોંચ્યો. રાવને ત્યાં જે વાત થઈ હતી તે એના જાણવામાં આવી હતી અને તે ઉપરથી તેણે ઠાકોરને મારી નાંખવાને ધાર્યું હતું. તેણે તેને કહ્યું: "ત્યારે તમે મને પકડવા આવ્યા "છો નહિ વારૂ?" ઠાકોર થરથરી ગયો અને બોલ્યો: "મારે તમને પકડવાનું "કાંઈ કામ નથી, પણ ઘણા દિવસથી હું તમારી સાથે વાતચીત કરવાને આતુર "છું." આ પ્રમાણે કહીને તેને વિશ્વાસ આપી, પોતાની પાસે બોલાવ્યો અને કસુંબો પાયો. ત્યાર પછી જ્યારે ચાંપો ઉઠ્યો અને જવા માંડ્યું ત્યારે ઠાકોરે મનમાં વિચાર્યું: "એ જો આ વેળાએ મારા હાથમાંથી છટકી જશે તો "પછી આવો બીજો લાગ ક્યારે આવશે?" એ પ્રમાણે વિચાર કરીને તરત જ તે ચાંપા ઉપર કૂદી પડ્યો અને તેના હાથમાં તરવાર હતી તે ઝાલી લીધી, અને તેની કેડમાં કટાર હતી તે બીજે હાથે ક્હાડી લઈને તેને મારી અને તરવાર વતે તેને ઘાયલ કરીને મારી નાંખ્યો. ત્યાર પછી ઠાકોરનો ઘોડાવાળો આવી પ્હોંચ્યો, તેની સાથે ભીલનું માથું ઈડર મોકલીને ઘેર પાછો ગયો. ચાંપા ભીલની સંતાઈ રહેવાની જગ્યા રાવે ઠાકોરને આપી દીધી. ત્યાં તેણે ચાંપાનળિયા કરીને ગામ વસાવ્યું. તે હજુ સુધી મોહનપુરના તાબામાં છે.

આ વેળાએ **વીરમદેવે** અહમદનગરના કિલ્લા ઉપર હલ્લો કરવાનો નિશ્ચય કર્યો અને તે ઈરાદા ઉપરથી તેણે પોતાના ઠાકોરોને એકઠા કર્યા. તેમાં મુખ્ય પોસીનાનો રતનસિંહ વાઘેલો હતો. ફોજ તૈયાર કરી, તોપો, અને અસબાબ તૈયાર થયો અને દશ બાર દહાડા સુધી અહમદનગર ઉપર હલ્લા કરીને છેવટે તે લીધું. બજાર લૂંટ્યું તથા બાન પકડ્યાં. જ્યારે **વીરમદેવ** પાછો વળ્યો, ત્યારે, શહરના વ્યાપારિયોએ નુકસાન થયેલું બંધ બેસાડવા માંડ્યું. ત્યારે **રાવ** બોલ્યો કે જો તમે ઈડરનું નામ રાખશો તો હું તમને કાંઈ હરકત કરીશ નહિ, તે ઉપરથી શહરના એક દરવાજાનું નામ "ઈડરિયો દરવાજો" પાડ્યું.

આ ચડાઈમાં **રાવની** સાથે પેથાપુરનો ઠાકોર હતો. એ શત્રુતાને લીધે અમદાવાદની એક ફોજે પેથાપુર ઉપર ચડાઈ કરી. **રાવ** તેની મદદે જઈ પ્હોંચ્યો, અને મુસલમાનની ફોજને પાછી ફહાડી મૂકી. તે ઉપરથી પેથા-પુરના ઠાકોરે **વીરમદેવને** પોતાની દીકરી પરણાવી. તે બહુ સુંદર હતી તેથી **રાવની** એના ઉપર બહુ પ્રીતિ હતી, તેથી તેના ભાઈને ઘઢા ગામ ઈનામ આપ્યું. તે હજુ સુધી પેથાપુરના તાબામાં છે. આ બનાવ બન્યા પછી પેથાપુરના ઠાકોરે **રાવનું** પ્રધાનવટું કેટલાક દિવસ સુધી કર્યું.[1]

ત્યાર પછી **વીરમદેવના** સસરા પાસેથી ખંડણી લેવા દિલ્હીની ફોજ **રામપુર** આવી, એટલે તેણે **વીરમદેવને** લખ્યું કે, "આ ફોજ આજે મારા "ઉપર આવે છે; પણ કાલે તે તમારા ઉપર આવશે; માટે તમે મારી મદદે "વ્હેલા આવજો." **વીરમદેવે** એક હજાર ઘોડેશ્વાર એકઠા કરીને **મોહનપુર** અને દધાળિયાના ઠાકોરો સાથે મોકલ્યા. એ વેળાએ પોશીનાનો રતનસિંહ રીસાવીને ઘેર રહ્યો હતો, તેનું કારણ એ હતું કે, **રાવને** કોઈયે એવું કહ્યું હતું કે તમે અહમદનગર લીધું તે રતનસિંહ સરખા ઠાકોર તમારી સાથે હતા તેથી. એનું ઉત્તર **વીરમદેવે** એવું આપ્યું હતું કે, રતનસિંહ શું કરી શકે? જે દેશ ઉપર હું રાજ્ય કરૂં છું તે શું એમણે મેળવેલો છે? આ વાત સાંભળીને ઠાકોરને ગુસ્સો ચડ્યો. હવે ઉપર લખેલા બે સરદારો **રામપુર** ગયા. ત્યાંના **રાવે** સોગન ખાધા હતા કે, જે રજપૂત પીઠે ઘાયલ થએલો

---

૧ પેથાપુર વિષે ભાટ નીચે પ્રમાણે લખે છે:—જ્યારે શકરદીને ઈડર ઉપર હલ્લો કર્યો, ત્યારે ઠાકોર દુદોજી ૭૦૦ રજપૂતો સાથે મારયો ગયો, અને તે વેળાએ ઘણા તુર્કો પણ પડ્યાં. ૧૨ વાઘેલા, ૧ ઠાકોર, ૧ ગોહિલ ને ૨ પરમાર, એટલા જણ દુદોજીની સાથે પડ્યા. ત્યાં ઈડરની જિત થઈ તે ઉપરથી ઈડરના રાવે દુદાજીના દીકરા વાઘજીને ૨૫ ગામનો ઘઢાનો તાલુકો આપ્યો, તે હજી લગણ પેથાપુરના તાબામાં છે.'

કે વગર ઘાયલ થએલો પાછો વળશે તેને હું મારી ચાકરીમાં રાખીશ નહિ. ચડી આવેલી ફોજની સામે લડાઈ ચાલી તેમાં તેને પાછી હઠાવી; પણ રામપુર અને ઈડર એ બંને ઠેકાણાના ઘણા રજપૂતો કામ આવ્યા; અને એક પણ ઘાયલ થયા વિના રહ્યો હોય એને માટે શક છે. લડાઈમાં જેઓનાં માથાં ગયાં હતાં તેમના વારસોને વીરમદેવે ગામ બક્ષિસ આપ્યાં. કેટલાએક લોકો એમ પણ કહે છે કે વીરમદેવે રામપુરના રાવને ઉપર પ્રમાણે આશ્રય આપ્યો તેથી તેણે તેની દીકરી તેને પરણાવી.

ત્યાર પછી મુસલમાનની ફોજ ચિતોડ ઉપર ચડી આવી, અને મેવાડના રાણાએ મરણિયા થઈને તેની સામે ટકાવ કર્યો, તેમાં બાવન રાજા કામ આવ્યા અને રાણા પ્રતાપસિંહને ઘણા ઘા વાગ્યા; પણ છેવટે, પાદશાહની ફોજને ન્હાશી જવાની અગત્ય પડી. આ પ્રતાપસિંહ વીરમદેવનો મામો થતો હતો તેથી રાવ તેને મળવાને ગયો. રાણો સાજો થયો ત્યાં સુધી ઘણા દિવસ લગી તે ઉદયપુર રહ્યો. ઉદયપુરમાં પીછોલું કરીને એક વિશાળ તલાવ છે. તેની વચ્ચે મ્હેલાત છે તેને જગમંદિર[1] કહે છે. ત્યાં રાણો અને રાવ નાવમાં બેશીને જતા હતા. એક દિવસે સીંચાણા પક્ષિયે આકાશમાં ઉડતાં ઉડતાં પાણીમાં ધબ પડતું મૂકીને માછલી પકડી લીધી, તે જોઈને રાવ બહુ જ રાજી થયા અને બોલ્યા: "વાહ! વાહ! આ ન્હાના પક્ષીની "હિંમત કેવી છે!" ત્યારે રાણાએ પૂછ્યું કે પક્ષિયે પાણીમાં ડબકી ક્યાં આગળ મારી. તે ઉપરથી રાવે પોતાના હાથમાંથી એક જડાવનું કડું કહાડીને પાણીમાં નાંખ્યું અને બોલ્યો: "પણે પેલી જગ્યાએ." ત્યારે રાણાજી બોલી ઉઠ્યા કે, "કડું ગયું, કડું ગયું." તે ઉપરથી રાવે બીજું નાંખ્યું અને બોલ્યા: "આ બ્હાદુર ન્હાના પક્ષીને રાજી કરવાને ઇનામ આપવું જોઇએ, કેમ નહિ "વારૂ?" આને ઉદારતાનું કામ ગણીને ભાટોએ ઘણાં વખાણ ગાયાં છે.

ત્યાર પછી વીરમદેવજી પાછો ઈડર આવ્યો. તે વેળાએ આલોજી કરીને એક મારવાડી ચારણ વીરમદેવ પાસે ત્યાગ લેવાને આવ્યો. રાણાનો એવો ધારો હતો કે પુનમનો દિવસ આવે ત્યારે વારાવાળી રાણીને ત્યાં જવું નહિ અને રામપુરવાળી રાણીને મ્હેલ જવું, ત્યાં ચન્દ્ર દેખાતાં સુધી પૂર્વ ભણીની બારિયે બેસવું, અને લાખ પસાવનું દાન કરવું. આવે પ્રસંગે રાવ પોતાના રિવાજ પ્રમાણે બેઠો હતો, તેવામાં, પેલા ચારણને જોઈને તે

૧ આ તલાવના વર્ણન અને દેખાવ વિષે ટૉડ રાજસ્થાનના પ્હેલા પુસ્તકને પાને ૩૭૩ મે જુઓ.

બોલ્યો: "અહિયાં એક ચારણ છે, લાખ પસાવ લાવો." પ્રધાને ઉત્તર આપ્યું: "હા ત્યાં એક ચારણ આવ્યો છે, બોલાવો એને." ચારણ તે પ્રમાણે આવ્યો, અને બોલ્યો: "રાતની વેળાએ તો ગણિકા કે કોઈ વેરાગણ હોય "તે દાન લે. આવી વેળાએ હું તો નહિ લેઉં." રાવ બોલ્યો; "હવણાં લ્યો, "સવાર થશે, એટલે હુ આપીશ પણ નહિ." ચારણે સોગન ખાઇને કહ્યું કે "દહાડો થતાં હું ઈડર છોડીને જઈશ, જો તમે મને એ લાખ આપશો તો પણ "હું તેને તુચ્છ ગણીશ." ત્યારે રાવ બોલ્યો: "જો મારા વાંકથી તમે પાછા જતા "હો તો તમને ખાવાનું મળજો; પણ તે તમારો વાંક હોય અને વગર કારણે "મારે માથે દોષ દઈને જતા હો તો તમને ખાવાનું મળશો નહિ." આ પ્રમાણે તેણે ચારણને શાપ દીધો અને કોઈ બીજા બંદીજનને લાખ પસાવ અને રેહેડું ગામ દાન કર્યું. પેલો ચારણ તો સવારમાં ઉઠ્યો અને તેણે પોતાનો રસ્તો ઝાલ્યો; તેની સાથે ચાળીસ ઘોડા, પાંચ ઊંટ, અને તંબુ તથા બીજો અશ્વારીનો સરસામાન હતો; પણ રાજવાડામાં જ્યાં જ્યાં તે ગયો ત્યાં ત્યાં તેનું અપમાન થયું અને પેટનું પૂરૂં કરવાને માટે પોતાનો સરસામાન વેચતો તે મેવાડ ગયો.

હવે પોશીનાનો રતનસિંહ જે ક્રોધે ભરાયો હતો તે રાવને દિવસે દિવસે વધારે અણગમતો થઈ પડ્યો, તે ઉપથી તે ઠાકોર પોતાને ઘોડે ચઢ્યો, અને અશ્વારી તૈયાર કરાવીને એકાએક શિરોઈ જતો રહ્યો. ત્યારે રાવે વિચાર કર્યો: "જો "પોશીનાનાં બ્હોતેર ગામમાંથી એક ગામ હું લઈ લઉં તો તે બ્હારવટે નીકળશે; "પણ બીજી મગ જોતાં મારે તે કશા કામમાં આવતો નથી." આ પ્રમાણે વિચારીને તેણે એક ભાટને રતનસિંહને તેડી લાવવા શિરોઈ મોકલ્યો. તેણે ઈડર આવવાની ના કહી; પણ ગઢે જવાની હા પાડી. તે ઉપરથી રાવ ત્યાં ગયો અને બંને મળ્યા. તે પ્રસંગે વીરમદેવે ઉપરઉપરથી બહુ હેત બતાવ્યું, અને તે જગ્યાએ એક જૂનું દેરૂં છે તેમાં તે તથા રતનસિંહ વાતો કરવાને બેઠા; પણ શિરોઈના બે રજપૂત, જે રાવની ચાકરીમાં હતા, તેમને અગાઉથી તૈયાર કરી રાખ્યા હતા. તેઓ તે પ્રમાણે એકાએક ધસી આવ્યા, અને ઠાકોરને તરવાર વતે ઠાર કરયા. પછી તેનો અઢાર વર્ષનો દીકરો હતો તેને તેનો ગ્રાસ આપ્યો. વીરમદેવે રતનસિંહને માર્યો તે વિષેની કવિતા એક ચારણે કરી છે તે નીચે પ્રમાણે છે:—

"महाराव रतन वोलाके मारत, खानी मल खहक्काज खत देवळ सहित भमत वीरमदे, भीमतणा हाथिया भत."

"જો તમે રતનસિંહને બોલાવીને છેતરીને માર્યો હોત નહિ તો ભીમે

"જેમ હાથીને ટીંગળાવ્યો તેમ તેણે તમને અને દેરાને એક હાથે ટીંગળાવ્યા "હોત." રાવ ઈડર પાછો ગયો; પણ આ કવિતા તેના કાનમાં અવાજ કરી રહી હતી. તેણે શોધ કરીને તે કવિતા કોણે કરી હતી તેનો પત્તો શોધી ક્હાડ્યો. પછી રાવે સોગન ખાધા કે જો એ ચારણ મારા હાથમાં આવશે તો હું એને માર્યા વિના છોડનાર નથી. તે પ્રમાણે તેણે જાહેર કરયું કે જે કોઈ એ ચારણના સમાચાર લાવશે તેને ઈનામ આપીશ. એક દિવસે જ્યારે તે ચારણ વડાલી અફીણ લેવાને ગયો હતો ત્યારે રાવ પણ ત્યાં અચાનક આવી ચડ્યો. ચારણે વીરમદેવના આવ્યાના સમાચાર જેવા જાણ્યા કે તરત ને તુરત પાછે પગે ન્હાઠો. તે સમાચાર રાવને કોઈયે કહ્યા. એટલે તે ઘોડેશ્વાર થઈને તેની પછવાડે દોડ્યો; અને થોડે આઘે જતા સોરો તેને પકડી પાડ્યો. પછી રાવે તેને કહ્યું: "તમે તમારા મરદાલ ટટુવા ઉપર બેશીને તે કેટલે આઘે "ન્હાશી જવાના હતા?" ચારણ નીચે ઉતર્યો અને કટાર ક્હાડી પેટ ઉપર ધરીને બોલ્યો: "મારા જેવા ગરીબ માણસને મારવાથી આપને કાંઈ યશ "મળવાનો નથી, તે કરતાં જો અગત્ય હોય તો હું મારે હાથે મરૂં." ત્યારે રાવજિયે કહ્યું કે "તું મરે તો તને મારા સમ છે" અને કહ્યું: "મારી "ઈતરાજી તારા ઉપર થઈ છે તે જાણતાં છતાં તું આવા ટટવા ઉપર "બેશીને કેમ ફરે છે?" ચારણ બોલ્યો: "મહારાજ! મારા જેવો ગરીબ "માણસ સારો ઘોડો તે ક્યાંથી લાવે?" રાવે તેને પોતાનો ઘોડો, વિવાવ ગામ અને શિરપાવ આપ્યો, તેમાં તે ગામ હજુ સુધી તેના વંશવાળા ભોગવે છે; પછી રાવ ત્યાંથી ઈડર ગયો.

ત્યાર પછી રાવે પાનોરા ઉપર ચડાઈ કરી. તેનું કારણ એવું હતું કે ત્યાંનો ભીલ ડેલોલ ઉપર રાતની વેળાએ હુમલો કરીને ઢોરાં વાળી ગયો હતો તેથી ડેલોલનો ઠાકોર જે રાવના તાબામાં હતો તે ઘોડે ચડીને લડાઈ કરવાને ગયો, અને ઢોર પાછાં છોડાવીને ઘણા ભીલોને ઠાર કરયા, અને તેના આગેવાનનું માથું કાપીને ઈડર મોકલ્યું. જે ભીલ ન્હાશી ગયા હતા અને મરી ગએલાના જે વારસો હતા, તેમણે ઈડરવાડાનાં ઘણાં ગામ લૂંટવા માંડ્યાં અને વેર રાખીને ડેલોલવાળાને પજવવા માંડ્યો. તે ઉપરથી ડેલોલના વાઘેલાએ રાવને કજિયો પતાવવાની આજીજી કરી, એટલે રાવ વીરમદેવે ભીલોને અટકાવવાનું પાનોરાના રાણાને લખ્યું. તેનું તેણે એવું ઉત્તર વાળ્યું કે એ લોકો મારા દાબમાં રહેતા નથી. ત્યારે રાવે તેના ઉપર ચડવાની તૈયારી કરી, અને પોળને રસ્તે સરવાણ જઈને ત્યાંથી પાનોરે ગયો. એક આખો દહાડો તોપો ચાલી. બીજે દિવસે બંદુકો અને તરવારો ચાલી; તેમાં બંને

બાજુના લડવઈયા મારચા ગયા અને પાનોરાને રાણો કામ આવ્યો. રાવ એક મહિનો પાનોરામાં રહ્યો અને તે ભાગના ઘણા ભીલોને મારી નાંખ્યા, બીજાઓને પકડીને શિક્ષા કરી, અને જેઓએ જમાન આપ્યા તેઓને છોડી મૂકયા. પછી તેણે રાણાના દીકરાને ગાદિયે બેસારયો. ત્યાર પછી તે ઈડર પાછો ગયો. સરવાણનો કોળી ઠાકોર પણ રાવની સાથે આ ચડાઈમાં હતો.

ત્યાર પછી રાવે પોતાના ભાઈ રાયસિંહ અને પોશીનાના ઠાકોરને મારી નાંખ્યા હતા માટે તે તેનું પ્રાયશ્ચિત્ત કરવાને દ્વારકા યાત્રા કરવા નીકળ્યો. તેની રાણિયો અને તેના ઠાકોરો સાથે હતાં. તેઓ દ્વારકા ગયા, અને ઘેર પાછા વળતાં હુલવદ મુકામ કરયો. રાવે ત્યાં સતિયોની છત્રિયો જોઈને હુલવદના રાજને પૂછ્યુંઃ "આ બધી રાણિયો સતી થઈ છે?" રાજે જવાબ દીધોઃ "એ તો મોચિયોની બાયડિયો સતી થઈ છે." રાવે પૂછ્યુંઃ "રાજવાડાની સતિયોની છત્રિયો કયાં છે!" રાજ બોલ્યોઃ "મારા કુટું-
"બમાં કોઈ સતી થઈ હોય એવું મેં સાંભળ્યું નથી." રાવ બોલ્યોઃ "આ
"ભોંયનો કાંઈ વાંક હશે. જ્યાં મોચિયોનાં ઘર છે ત્યાં આગળ તમારો
"મ્હેલ બંધાવો." રાજે કહ્યુંઃ "અમે તેમ કરયું છે તો પણ કોઈ સતી
"થઈ નથી." ત્યારે વીરમદેવ બોલ્યોઃ "તમારા વંશમાં કોઈ ખરી રજપુતણ
"વ્હેરે પરણ્યો નથી એ શું? જૂઓ ત્યારે મારી એક બ્હેન કુંવારી છે તેને હું
"તમારે વ્હેરે પરણાવું છું." એમ કહી વિવાહનો ઠરાવ નક્કી કરયો, અને જ્યારે રાવ પાછો ઘેર ગયો, ત્યારે ઝાલો ઠાકોર ત્યાં પરણવાને આવ્યો, અને જ્યારે તે દેવ થયો ત્યારે ઈડરના રાવની બ્હેન તેની પછવાડે સતી થઈ.

રાવ જેવામાં દ્વારકા ગયો હતો તેવામાં, માંડવાના લાલ મિયાંનો દીકરો જે ઘાતકી હતો, તે કેટલાક દિવસ કપડવણજ જઈને રહ્યો. ત્યાં તેણે એક વ્યાપારીની દીકરી દીઠી. તે ઘણી સુંદર હતી, તેને ફ્હાડી લઈને માંડવે લઈ ગયો. તેનો બાપ લાલ મિયાં તેના ઉપર બહુ ગુસ્સે થયો પણ ખોટું થવાનું તે થઈ ચૂકયું હતું, અને પેલી છોકરી વટલી ચૂકી હતી. કપડવણજ રાવના તાબામાં હતું, તેથી, તે જ્યારે દ્વારકાથી પાછો આવતો હતો ત્યારે પેલો વ્યાપારી તેની પાસે ફ્રિયાદ કરવાને આવ્યો. વીરમદેવ પોતાની અશ્વારી લઈને માંડવે ગયો, અને તેણે તે ગામ મારયું, તથા લાલ મિયાંના દીકરાને પકડીને મારી નાંખ્યો. લાલ મિયાં ત્યાંથી નાશી ગયો, અને રાવ માંડવે ત્રણ દિવસ રહીને પોતાની રાજધાનીમાં ગયો. આ બનાવ બનતાં પ્હેલાં, અને ત્યાર પછી પણ, માંડવા ઈડરને ખંડણી આપતું હતું.

રાવને કોઈ કુંવર ન હતો, તેથી દેવ અને દેવિયોની ઘણી બાધાઓ

રાખી, અને ઘણી યાત્રાઓ કરી, પણ કુંવર થયો નહિ. છેવટે કોઇયે તેને કહ્યું કે, રેવા નદીની તીરે ઓંકારેશ્વર[1] જઈને ત્યાં રાણી તથા તમે એક વસ્ત્ર પ્હેરીને ન્હાઓ તો તમને કુંવર થાય. તે ઉપરથી કુટુંબને લઇને રાવ ત્યાં ગયો. તેવામાં પાદશાહના શાહજાદાના[2] માણસો ત્યાં ઉતર્યા હતા અને કેટલાક કસાઇયોએ તેમને માટે આકદશ ગાયો એકઠી કરી હતી, તે રસ્તે હાંકી જતા હતા, તે વીરમદેવના ચાકરોના જોવામાં આવ્યા, અને તેમણે તેઓને પૂછ્યું કે તમે કોણ છો? અને આ ગાયો કયાં લઈ જાઓ છો? તેઓએ કહ્યું કે અમે કસાઈ છિયે અને શાહજાદાને માટે ગાયો લઈ જઈયે છિયે. જ્યારે રાવના જાણવામાં આ સમાચાર આવ્યા, અને કસાઇયોએ તેને કહ્યું, કે અમે સો ગાઉને છેટેથી ગાયો લઈ આવ્યા છિયે. ત્યારે તેણે તેઓને એકેક ગાયના સોથી તે હજાર રૂપૈયા સુધી આપવાના કહ્યા, પણ તેઓએ આપવાની ના પાડી. ત્યારે રાવે પોતાના મનમાં વિચાર્યું કે, "હું ગૌબ્રાહ્મણનો પ્રતિપાળ કહેવાઉં છું, માટે ગાયનો બચાવ કરતાં "તીર્થની જગ્યાએ મરવું સારૂં છે." આ પ્રમાણે વિચાર કરીને તે જોરાવરીથી ગાયો પડાવી લઈ ગયો, અને તરત જ તેણે પોતાના કુટુંબને ઈડર પ્હોંચતું કર્યું. તે વેળાએ રાણિયે તેને કહ્યું કે "ગાયનું રક્ષણ કરતાં કામ "આવશો તો હું આ જગત્માં તમારી પછવાડે એક પળ વાર પણ રહીશ "નહિ." હવે કસાઈ શાહજાદાની પાસે ગયા, અને તેને સર્વ વાત કહી, તે ઉપરથી તેણે ગાયો લેવાને માણસ મોકલ્યું. રાવે નમ્રતાથી જવાબ દીધો: "હું હિન્દુ છું, અને આવી તીર્થની જગ્યામાં મારામાં જીવ છે ત્યાં સુધી "મારાથી ગાયો આપી દેવાય નહિ, પણ તેને બદલે જેટલા રૂપિયા આપ- "વાનું મને ફરમાવશો તેટલા આપવાને હું તૈયાર છું." આવું ઉત્તર સાંભળીને શાહજાદાએ રાવના ઉપર તોપો ચલાવવાનો હુકમ કર્યો, પણ વીરમદેવ અને તેના માણસો તરત જ તેમના ઉપર તૂટી પડ્યા, અને તોપોના છિદ્રમાં (કાનમાં) ખીલા ઠોકી બેસાડ્યા, અને પછી તરવારો ચલાવી. બંને બાજુનાં ઘણાં માણસ માર્યાં ગયાં, અને થોડી વાર પછી રાવ પોતાનું મેલાણ બે માઈલને છેટે હતું ત્યાં ગયો. લડાઈ થતાં પ્હેલાં ગાયોને શ્રીસૂર્ય-

---

૧ ભરૂચની સામી બાજુએ નર્મદાના કિનારા ઉપર અંકલેશ્વર છે, તે જ આ સ્થાન એમ અંગ્રેજીમાં છે. પણ ઓંકારેશ્વર નામના મહાદેવનું ધામ ત્યાં છે. ર. ઉ.

૨ આ ઠેકાણે આ વેળાની વાતના સંબંધમાં ભાટોએ જે શાહજાદો લખ્યો છે તે વાત બેચક મિરઝાને લાગુ પડે છે. એ વર્ણન વિષે એલ્ફિન્સ્ટનકૃત અંગ્રેજી ઈતિહાસને પૃષ્ઠ ર૬૬ મે જુવો. ર. ઉ.

દેવને આસરે જંગલમાં છૂટી મૂકી હતી. રાતની વેળાએ તેણે વિચાર્યું કે અશ્વારીમાં ઘણા કસાઇયો છે તેથી જો હું તેમને મારી નાંખું તો ઘણી ગાયોનો જીવ ઉગરે. આ ઉપરથી અંધારૂં હતું તેટલી વારમાં તે તેઓના ઉપર તૂટી પડ્યો, અને ઘણા કસાઇયોને ઠાર કર્યા. આ લડાઈમાં **વીરમ**-દેવનો એક વ્હાલો ખવાસ હતો તે માર્યો ગયો. **રાવ** તેનું મડદું લઈને થોડા માઈલને છેટે ગયો, અને રેવાતીરે તેને અગ્નિદાહ દીધો. પછી તે **સીસો**દિયાના તાબાના **વ**ડવાણી ગામમાં છુપ્યો રહ્યો. એ ગામ મે'લાણની નજીક હોવાથી ત્યાંથી કેટલાએક દહાડા સુધી અને દરેક રાત્રે **શાહજાદા**ના માણસોને જઈને તે મારતો હતો અને લૂંટતો હતો. છેવટે તેની સવારી **અમ**દાવાદ જતી હતી તેને ઘર ભણી પ્હોંચી જતાં રસ્તામાં ઘણી વિપત્તિ વેઠવી પડી. **રાવે** ખવાસનું સપિન્ડ શ્રાદ્ધ અને બીજી ક્રિયા કરી અને તેના ઉપર એક તુળશીક્યારો ચણાવરાવ્યો; તે તેને જે જગ્યાએ બાળ્યો હતો તે જગ્યાએ આજે પણ જોવામાં આવે છે. ત્યાર પછી તે ઈડર પાછો ગયો.

હવે **શાહજાદાએ** જઈને **પાદશાહને** સર્વે સમાચાર કહ્યા તે ઉપરથી તેણે ઈડર ઉપર ભારે ફોજ મોકલી, તે **રામેશ્વર** તલાવ આગળ આવીને પડી અને શહરના સામા મોરચા બાંધ્યા. તોપખાનાની લડાઈ દશ દહાડા લગી ચાલી. પણ **રાવ** ઈડરગઢમાં રહેલો હતો તેથી **પાદશાહની** ફોજનો કશો ઉપાય ચાલ્યો ન હતો. એટલા માટે તેઓએ પ્હેરા મૂકી દીધા અને ત્યાં છ મહિના સુધી મે'લાણ કરીને પડ્યા. જ્યારે છ મહિના થઈ ગયા ત્યારે **રાવે** પોતાની સાથે રાણિયોને અને તેઓના ખટલાને લઈને ૧૮૦૦ ઘોડા સહિત ઈડરગઢ છોડીને છાને રસ્તે પોળે જઈને મેલાણ કર્યું, પણ તેણે પોતાના ન્હાનાભાઈ કલ્યાણમલને થોડા સિપાઈ સાથે ત્યાં રાખ્યો હતો. **પાદશાહની** ફોજે ઈડર શહર લઈ લૂટ્યું, પણ તેનાથી કિલ્લો લેવાયો નહિ. પછી તેઓના જાણવામાં આવ્યું કે **રાવ** તો પોળે જઈને રહ્યો છે, એટલે **શાહજાદાએ** ઈડરમાં થોડી ફોજ મૂકી **ભીલો**ડા ઉપર ચાલવા માંડ્યું, અને રસ્તામાં **વ**ડાલી, ગલોડુ, **અહમદનગર**, **મોડાસા**, **મેગરજ** અને બીજાં શહ-રોમાં થાણાં મૂકીને આખો ઈડરવાડો તાબે કરી લીધો. **રાવ** છ મહિના લગી પોળે રહ્યો. ખાવાની સામગ્રી ખૂટી જવા આવી, અને તેને આખા બે દિવસ સુધી ભૂખે રહેવું પડ્યું; ત્રીજે દિવસે તે **મહાદેવના** દેરામાં ગયો અને કમળપૂજા કરવા સારૂ તેણે પોતાની તરવાર ગળે મૂકી. આ વેળાએ "મા! મા!" એવો દેરામાંથી શબ્દ થયો. **રાવે** આસપાસ જોયું પણ કોઈ દીઠામાં આવ્યું નહિ; તે ઉપરથી તેને લાગ્યું કે મારો જીવ ભૂખનો માર્યો

અને ભૂલથાપ દેવરાવતો હશે. ફરીને તેણે ગળા ઉપર તરવાર માંડી, પણ ત્રણ વાર દેરામાંથી એનો એ શબ્દ ઉઠ્યો ત્યારે રાવે પૂછ્યું: "મને મના "કરે છે એ કોણ છે?" તેનું ઉત્તર મળ્યું કે, "હું મહાદેવ છું. તું શા માટે "આત્મઘાત કરે છે?" વીરમદેવે કહ્યું: "મારો જીવ ઉગરે એટલું પણ "ખાવાનું મારી પાસે નથી, માટે હું મરૂં છું.' મહાદેવે ઉત્તર આપ્યું કે "તું "જે ઇચ્છે છે તે તને કાલે મળશે." આવું સાંભળીને તે મ્હેલાણમાં ગયો. આ વેળાએ પ્રથમ લખેલો આલો ગઢવી જે લાખ પસાવ લેવાની ના કહીને ગુસ્સે થઈને જતો રહ્યો હતો તે ગરીબ અવસ્થા થઈ જવાથી પોળે રાવની પાસે પાછો આવ્યો, અને તેના વખાણનાં કવિત્ત કહીને ત્યાગ માગ્યો. જેઓ પાસે બેઠેલા હતા તેમણે કહ્યું કે, "આવી વેળાએ ત્યાગ માગતાં તમને "શરમ નથી લાગતી?" આના ઉત્તરમાં ચારણે તેજ વેળાએ એક સોરઠો કહીને જવાબ વાળ્યો.[1] એટલી વારમાં સમાચાર ઉદયપુર જઈ પ્હોંચ્યા હતા કે વીરમદેવ પોળમાં વખામાં છે અને ખાવા જેટલું પણ રહ્યું નથી. એ વાત સાંભળીને રાણાએ જે દ્રવ્ય અને બીજો સરસામાન ઊંટો ઉપરે લાદીને મોકલી દીધો હતો, તે આ વેળાએ ત્યાં આવી પ્હોંચ્યો. વીરમદેવે તેમાંથી સર્વ દ્રવ્ય ચારણને આપી દીધું.

ત્યાર પછી રાવે વિચાર કર્યો કે, પાદશાહની ફોજને આપણાથી હરાવાય એમ નથી, અને જો થાણું ઉઠાડી મૂકાવીશું તો તે ફરીને બેસારવામાં આવશે; તેથી, એક દિવસે સવારમાં ઉઠીને કટાર અને છરો કેડે ખોશી લીધો, તરવાર બાંધી અને કોઈને કહ્યા વિના ઘોડે બેશીને નીકળી ચાલ્યો. તેણે એક ઘોડાવાળો પોતાની સાથે રાખ્યો હતો તેને લઈને ભીલોડે ગયો. ત્યાં એક ઉંચી હવેલી હતી તેના ઉપર શાહજાદો બેઠેલો હતો. રાવે નીચે પોતાનો ઘોડો ઉભો રાખ્યો અને હેઠળ ઉતરી પડીને ઘોડાવાળાને કહ્યું કે તારે અહિયાંથી જરા પણ ખસવું નહિ. તે ઉપર ચઢ્યો અને પ્હેરગીરને કહ્યું કે મારે શાહજાદાને મળવું છે. પ્હેરેગીરે તે વાત શાહજાદાને કહી. તેણે કહ્યું કે, હથિયાર નીચે મૂકાવીને આવવા દ્યો. તે ઉપર ગયો અને વાતચીત કરવા લાગ્યો. એટલામાં એક ઘરના છાપરા ઉપરથી બીલાડી એક કબૂતરને પકડીને નીચે પડી. બિલાડી ઉપર હતી અને કબૂતર

---

૧ સોરઠો—વીરમદે વનવાસ, કાંસુ કીરતિયાં તણે;
લંકાં લીલ વિલાસ, રામ ન દીધી રયણફત

ભાવાર્થ—ઓ રણમલ વંશના વીરમદેવ! વનવાસમાં પણ કીર્ત્તિને વાસ્તે લીલાવિલાસવાળી લંકાં રામે આપી નથી કે શું? ર. ઉ.

નીચે હતું તેથી તે મરી ગયું અને બિલાડી જીવી. આવું જોઈને વીરમદેવે પોતાના મનમાં વિચાર્યું કે, "જો હું એને લઈને પડું તો કદાપિ જીવું તો "ખરો." તેણે શાહજાદાને ગળેથી પકડ્યો, અને બારિયેથી તેને નાંખીને તેના ઉપર પડતું નાંખ્યું. શાહજાદો મરી ગયો પણ રાવ ઘોડે ચડીને પોળે જતો રહ્યો. જ્યારે શાહજાદાના મરણની ખબર જાણવામાં આવી ત્યારે સર્વ ફોજ પાછી ગઈ. પછી રાવ ઈડર પાછો વળ્યો અને ત્યાં ઘણા દિવસ સુધી રહ્યો.

એક સમયે, એક વ્યાપારી, ઘોડા વેચવાને ત્યાં આવ્યો, તેમાં તેની પાસે બે ઘોડા હતા એકનું નામ નટુવો અને બીજાનું નામ ઝાલાહર હતું, તેમનું મૂલ ચુંવાળીસ[1] હજાર રૂપિયા વેપારિયે કહ્યું. તે આપીને, વીરમદેવે વેચાતા લીધા. જ્યારે દસરા આવી ત્યારે શમડીની પૂજા કરવાને અને ચોગાનિયા પાડાનો વધ કરવાને સવારી નીકળી. તે વેળાએ, આ બંને ઘોડાનાં બહુ વખાણ થયાં. ઈડરની રીત પ્રમાણે એક મ્હોટા અને સારી પેઠે ખવરાવેલા પાડાને છૂટો મૂકયો; રાવે પોતાના ભાલાની પીઠે તેને દોડાવ્યો અને તેને ભાલા મારવાને તેના ઉમરાવ પાડા પછવાડે દોડ્યા. પાડાનો વધ કર્યા પછી, શમીપૂજા કરી, અને સર્વેએ પોતાના ઘોડાનું પાણી અને પોતાની બેસવાની ચતુરાઈ બતાવી. આ ગમ્મત થઈ રહી, રાવ અને તેના ઉમરાવો સાંજ પડતાં સુધી ઝાડે હિંચકા બાંધ્યા હતા ત્યાં રહ્યા, ત્યાર પછી મશાલો થઈ અને સવારી સજાઈ રહી અને સર્વે મ્હોટા દબદબાથી દરબાર ભણી ચાલ્યા. ચૌદશને દિવસે રાવે ઝાલાહર ઘોડો સાયા ઝુલા ગઢવીને ભેટ તરીકે આપ્યો અને નટુવો પોતાને બેસવાને રાખ્યો. તે દિવસે રાવને ગોઠ આપવાનો વારો પેથાપુરવાળી વાઘેલી રાણીનો હતો. રાવે ત્યાં જઈને બે ત્રણ વાર કહ્યું કે, "આજે મેં મારો ઝાલાહર ઘોડો ભેટ "આપી દીધો છે." રાણી બોલી: "તમે એક ટટ્ટુનું ઇનામ આપ્યું તેમાં મને "બબ્બે ત્રણ ત્રણ વાર શું કહો છો ?" તે સાંભળીને રાવને ક્રોધ ચડ્યો અને બોલ્યો: "જ્યારે તમારો બાપ ચારણને ઝાલાહર જેવા ઘોડા બખશીસ "આપશે ત્યારે હું તમારે મ્હેલ આવીશ, નહિતર આવવાનો નથી." એ પ્રમાણે કહીને તે ઉઠીને ચાલતો થયો. રાણિયે સવારના પ્રહરમાં ઉઠીને પોતાનો રથ તૈયાર કરાવ્યો અને પેથાપુર જઈને તે વાત પોતાના બાપને કહી. તે ઉપરથી તેણે તેવો ઘોડો શોધવાને માટે કાઠિયાવાડમાં, મૂળી, ચોટીલા, થાન, રાધડુ, અને બીજી જે જે જગ્યાએ સારા ઘોડા નીપજતા હતા ત્યાં માણસ મોકલ્યાં; પણ એવો મૂલનો ઘોડો કહિ જડ્યો નહિ. ત્યારે ઠાકોર

[1] મારી પાસે વૃત્તાન્ત છે તેમાં ૩૬ હજાર રૂપિયા લખ્યા છે. ર. ઉ.

જાતે ચારણને ઘેર ગયા, અને બહુ મૂલ આપીને તે ઘોડો ઘેર લઈ આવ્યા. છ મહિના રાતબ દીધા પછી, તેણે તે જ ચારણને બોલાવ્યો, અને (આવો મામલો જોઈ સર્વે ચકિત થઈને જોવા લાગ્યા) તેને પેલો ઘોડો આપી દીધો. જ્યારે રાવને આ વાતની જાણ થઈ ત્યારે તે પિંડે પેથાપુર આવ્યો, અને બહુ સારૂં કર્યું, એવું પોતાના સસરાને કહીને રાણીને પોતાની સાથે ઘેર તેડી લાવ્યો.

પછી ચારણે રાવને કહ્યું કે ચોમાસામાં ઘોડાને સાચવવા રાખો. પણ રાવે કહ્યું કે મારો સરદાર માલજી ડાભી બહાર બ્રહ્મખેડમાં કામગિરી ઉપર છે તેને સાચવવાને ઘોડો આપો. તે ઉપરથી ચારણે ઠાકોર માલજીને ઘોડો આપ્યો. ત્યાર પછી, તરત જ, તરસંગમાનો રાણો વાઘ ખેડ સુધી ઉપદ્રવ કરવા લાગ્યો, અને ડાભી એ જ ઘોડા ઉપર ચડીને લડાઇયે નીકળી પડ્યો. તેમાં તે જિત પામ્યો, અને ઢોર પાછાં વાળ્યાં પણ ઘોડો ઘાયલ થયો; કેમકે વાઘવા ગામની પાસે મનદાવરી ડુંગર છે તેના ઉપર ઉપદ્રવ કરનારા ચડી ગયા હતા, અને પેલો ઘોડો ડુંગરા ઉપર અર્ધા રસ્તા સુધી કૂદી ગયો હતો તેની નિશાનિયો આજે પણ છે. એ જગ્યા ઘણી કઠોલી છે, અને ઘોડાથી ચડી શકાય એવી નથી. ત્યાર પછી ઘોડો ઘાયલ થયો હતો તેથી તે મરણ પામ્યો. તે ઉપરથી ચારણે થોડીક કવિતા કરેલી છે. આ રાણો વાઘ ઘણો શૂરવીર હતો, અને તે કહેતો હતો કે;—

"હું રાણો વાઘ, મારો હરણાવ સુધી ભાગ."

એટલે નદી હરણાવ, જે સતલાસણા પાસે ભાટિયોના ભાણપુર આગળ સાભ્રમતીને મળે છે, તેના ઉપર રાણો પોતાની સરહદ તરીકે દાવો કરતો હતો.

ત્યાર પછી બીજી દસરા આવી, ત્યારે રાણાએ પોતાને હાથે ચોગાનિયો પાડો માર્યો. તે દિવસે રાણી ચન્દ્રાવતીજીને મ્હેલ જવાનો વારો હતો ત્યાં જઈને રાણીને કહ્યું કે, "આજે મેં એક ઘણા મ્હોટા પાડાને માર્યો." ત્યારે રાણી બોલી: "પાડા તો જૂદી જાતના હોય છે, એ કાંઈ પાડો કહેવાય "નહિ." આવું સાંભળીને રાવ ઘણો ગુસ્સે થયો, અને બોલ્યો: "જ્યારે તમે "મને બીજી જાતનો પાડો બતાવો ત્યારે તમે ઈડર પાછાં આવજે, ત્યાં સુધી, "પિયર જઈને રહો." એમ કહીને તે ઉઠ્યો એટલે રાણિયે તેને કહ્યું કે, "આવતી દીવાળિયે રામપુર પધારવાનું વચન આપો." રાવ તે પ્રમાણે વચન આપીને ચાલતો થયો, અને સવાર થઈ એટલે રાણી પોતાને પિયર ગયાં, અને જબરામાં જબરો એક અરણો પાડો શોધાવીને તેને ખૂબ ખવરાવા માંડ્યું.

ત્યાર પછી દિવાળીની લગભગ રાવ ઈડરથી નીકળ્યા. તેવામાં જોધપુરનો રાજપુત્ર અમરસિંહ મૃગયા રમવાને નીકળ્યો હતો, તેણે એક વરાહને (સુવરને) ઘાયલ કર્યો તે દોડતો દોડતો વીકાનેરના રાજ્યમાં જઈ પ્હોંચ્યો, ત્યાંના રાજાએ તેને મારી નાંખ્યો. તે ઉપરથી અમરસિંહ ક્રોધાયમાન થયો અને બોલ્યો કે જેણે મારા ઘાયલ કરેલા વરાહને માર્યો છે તેને હું મારી નાંખ્યા વિના છોડનાર નથી. આવો નિશ્ચય કરીને તે વીકાનેર ઉપર ચડવાને તૈયાર થયો. એ વાત દિલ્હી પાદશાહના સાંભળવામાં આવી. એટલે તેણે કજિયાનું સમાધાન કરાવવાને સારૂ શાહજાદાને મોકલ્યો. તે અને વીરમદેવ રસ્તામાં મળ્યા. શાહજાદાએ પોતાના ભાઈનું વૈર લેવાને ધાર્યું. પણ એટલામાં તો તેને અમરસિંહનો કાગળ પ્હોંચ્યો, તેમાં લખ્યું હતું કે, "જો "તમારે મારી સામે લડવાની મરજી હોય તો હું તૈયાર છું." આ પ્રમાણે લખવાનું કારણ એવું કે તેના વિચારમાં એવું આવ્યું કે એ વીકાનેરની મદદે આવ્યો છે. આ ઉપરથી રાવને કાંઈ હરકત કર્યા વિના તેને વીકાનેર મદદે જવાની અગત્ય પડી. ત્યાં બન્ને બાજુવાળાઓને લડાઈ ચાલતી હતી, તેવામાં, રાવ રામપુર આવ્યો. જ્યારે તે ત્રીસ માઈલિને છેટે આવી પ્હોંચ્યો ત્યારે પોતાના આવવા વિષેના સમાચાર તેણે કહાવી મોકલ્યા. હવે રામપુરનો દસોંદી ચારણ કોઈ એક વેળા ઈડર ગયો હશે ત્યારે ત્યાં તેનું જોઈયે એવું સન્માન થયું નહિ હોય, તેની મનમાં આંટી રાખીને જ્યારે રાવના આવવા વિષેની વાત તેણે જાણી ત્યારે પેલા અરણા પાડાને રાવના આવવાના રસ્તામાં છૂટો મૂકયો, અને તેનો સબબ એવો ગોઠવ્યો કે રામપુરમાં ઘણું નુકશાન કરે છે માટે છોડી મૂકયો છે. રાવે તેને આવતો જોયો, ત્યારે તેણે ધાર્યું કે મને મળવાને મારા આવવા ઉપર એને છૂટો મૂકયો હશે, તે ઉપરથી તેણે તેને ઠાર કર્યો. પણ મનમાં જાણ્યું કે "મારી મશ્કરી કરવાના મનસુબાથી "આમ કર્યું હશે." તે ઉપરથી તેને ઘણો ક્રોધ ચઢ્યો અને ધાર્યું કે, "જો "મેં એને મારી નાંખ્યો હોત નહિ તો મારી લાજ જાત." આ ઉપરથી ક્રોધાયમાન થઈને બે માઈલિ ઉપર એક ગામ હતું ત્યાં રાતની રાત મે'લાણ કર્યું. જ્યારે રામપુરના રાજાના જાણવામાં એ વાત આવી ત્યારે તે વીરમદેવને મળવાને ગયો, અને તેની ક્ષમા માગીને સમજાવી આણ્યો કે, "એ "પાડાને કાંઈ મેં છૂટો મૂકયો નહતો." ઘેર આવીને જ્યારે તપાસ કર્યો ત્યારે જાણવામાં આવ્યું કે ચારણે તેને છૂટો મૂકયો હતો, અને આ કારણને લીધે તેણે ઘણો ઠપકો દીધો.

ત્યાર પછી રાવ ત્યાં એક મહિનો રહ્યા, અને પાછા જવાની વાત

કરવા લાગ્યા, ત્યારે રાણી બોલી: "મારા બાપના મરણ પછી બુંદીનો રાવ "મારા ભાઈને ન્હાનો જાણીને તેનાં કેટલાંક પ્રગણાં દબાવી પડ્યો છે. આપ "અહિં પધાર્યા છો તો કૃપા કરીને તે એને પાછાં અપાવો." આ ઉપરથી વીરમ-દેવે બુંદીના રાવને લખ્યું કે, "પ્રગણાં પાછાં આપો, નહિતર લડવાને તૈયાર "થાઓ, અને સીમાડા ઉપર આવો." તે ઉપરથી બન્ને રાવ સીમાડા ઉપર મળ્યા ને ત્યાં લડાઈ થઈ તેમાં બન્ને બાજુનાં ઘણાં માણસ માર્યાં ગયાં. તથાપિ પ્રગણાં પાછાં જિતી લીધાં અને રાવ પાછા રામપુર આવીને રાણીને પોતાની સાથે ઈડર લઈ ચાલ્યો. ત્યાર પછી તેણે સાયાજી ગઢવીને એક હાથી અને લાખ પ્રસાવનું દાન કર્યું.

થોડે દિવસે, પછી, વીરમદેવ ગંગાજીની યાત્રા કરવા સારૂ નીકળ્યો; ત્યાં સોરમઘાટ સ્નાન કરીને પાછો વળ્યો. હવે તેની ઓરમાઈ બ્હેન (રાય-સિંહની સગી બ્હેન) જે જયપુર પરણી હતી તેણે રાવના આવ્યાના સમાચાર જાણ્યા. એટલે કુંવર, તેનો પ્રધાન, અને બીજાઓને સામા તેડવા મોકલીને તેને આગ્રહથી જયપુર બોલાવી આણ્યો. રાવે જાણ્યું કે એ પોતાના ભાઈનું વેર લેવાને મને ઝેર દેશે, તેથી, ખાવાપીવામાં ઘણી સાવચેતી રાખતો હતો. તેણે ઘેર જવાને આજ્ઞા માગી ત્યારે ઝેર દીધેલો પોષાક બક્ષીસ કર્યો. જ્યારે તે ચાલતો ચાલતો ભીલોડે ઈડરવાડાની સરહદમાં આવ્યો એટલે તેને કશો ભય રહ્યો નહિ ત્યારે પેલો બ્હેનનો પોષાક પ્હેર્યો કે તત્કાળ આખે શરીરે ઝેર વ્યાપી ગયું અને એક ઘડીમાં મુડદું થઈને પડ્યો. તેને ભીલોડાના દરવાજા આગળની ટેકરી ઉપર અગ્નિસંસ્કાર કર્યો. એ સમાચાર ઈડર રાણિયોના સાંભળવામાં આવ્યા ત્યારે તેઓ તેની પછવાડે સતી થઈ.

વીરમદેવને પુત્ર હતો નહિ. પણ રાવ નારણદાસના બાકી રહેલા પુત્રો—ગોપાલદાસ, કેશવદાસ, સામલદાસ, કલ્યાણમલ, અને પ્રતાપસિંહ જીવતા હતા. કેશવદાસ અને સામળદાસને સબળવાડ અને હાથિયા વસઈ-નો ગ્રાસ મળ્યો. પ્રતાપસિંહનું મોસાળ તરસંગમે હતું, તેથી, તે ઘણોખરો ત્યાં રહેતો હતો. ત્યાં તેણે એક પ્રસંગે રાણાને કાંઈ નુકસાન કર્યું તે ઉપરથી તેણે તેને મારી નાંખ્યો, એ પણ એક કારણ હતું. તે ઉપરથી રાવ કલ્યાણ-મલજી જ્યારે ગાદિયે બેઠા ત્યાર પછી તરસંગમા માર્યું હતું.

વીરમદેવનું મરણ થતાં પ્હેલાં ગોપાળદાસ અને કલ્યાણમલ દ્વારકા યાત્રા કરવા સારૂ સાથે ગયા હતા, તે સમયે તેઓ ત્યાં શ્રીકૃષ્ણની પૂજા કરતા હતા તેવામાં, તેમના કપાળનું રૂપાનું તિલક કલ્યાણમલના ખોળામાં

પડ્યું. તે ઉપરથી તેમને શ્રીકૃષ્ણે ગાદી ઉપર બેસાડવાનો ઠરાવ કરી રાખ્યો છે, એવું માનવામાં આવ્યું હતું. તથાપિ, જ્યારે વીરમદેવ મરણ પામ્યો ત્યારે ગાદીનો ખરો વારસ ગોપાળદાસ હતો તેથી ગાદી ઉપર બેસવાની તે તૈયારી કરી રહ્યો હતો. જોશિયો શુભ ચોઘડિયું જોવાને હોરાયંત્ર માંડીને બેઠા હતા. તે વેળાએ, કલ્યાણમલ પોતાને મોસાળ ઉદયપુર હતા. તેમને પોતાના ભાઈના ગાદી ઉપર બેસવાના મુહૂર્ત્ત ઉપર બોલાવ્યા હતા. જ્યારે મુહૂર્ત્તનું ચોઘડિયું આવ્યું ત્યારે ગોપાળદાસ રાજદાગીના પ્હેરવાને બેઠો હતો. તે એક પ્હેરતો હતો, બીજો પ્હેરતો હતો અને તે વળી ફહાડી નાંખતો હતો અને એ પ્રમાણે કિયો પ્હેરવો તેનો નિશ્ચય તેના મનમાં થતો નહતો. અહિં મુહૂર્ત્તની વેળા તો થઈ રહેવા આવતી હતી. તેથી કારભારિયો અને ઠાકોરોએ જાણ્યું કે આવો માણસ તો રાજ્ય ચલાવાને યોગ્ય નહિ; આ પ્રમાણે વાત થાય છે એવામાં જ કલ્યાણમલ પાંચ સવારો લઇને ઉદયપુરથી આવી પ્હોંચ્યા. સર્વ રાજસભાએ તેમનો આદરસત્કાર કર્યો અને તેમને ગાદિયે બેસારી દીધા. જ્યારે રાજનોબત થવા માંડી ત્યારે ગોપાળદાસે તજવીજ કરાવી કે એ શું છે? તેનું તેને ઉત્તર મળ્યું કે કલ્યાણદાસ ગાદિયે બેઠા.

તે ઉપરથી ગોપાળદાસ દિલ્હી ગયો, અને ઈડરની ગાદી લેવાને પાદશાહની કુમક મળે એટલા માટે ત્યાં જઈ તેમની ચાકરીમાં રહ્યો. છેવટે તે ત્યાંથી ફોજ લઈને ચડયો. અને માંડવું મારીને પોતાને તાબે કરી લીધું. પછી ત્યાંથી ઈડર ઉપર ચડવાનો વિચાર કર્યો. માંડવાનો લાલ મિયાં પોતાનાં માણસો લઈને કોતરની ગુફામાં સંતાઈ રહ્યો હતો ત્યાં ગોપાળદાસ તેના કબજામાં સપડાઈ ગયો એટલે તેનો તથા બાવન રજપૂતોનો ઘાણ નીકળી ગયો. ગોપાળદાસ જ્યારે દિલ્હી ગયો ત્યારે તે પોતાના કુટુંબને વલા નામના ગોવાળને ગામ મૂકી ગયો હતો. ત્યાં તેઓ તેના મરણ પછી પણ રહ્યા હતા. ત્યાં તેમણે ગામ વસાવ્યું અને વલા ગોવાળને નામે તેનું વલાસણા નામ પાડ્યું. તેઓ રહેતાં રહેતાં આસપાસનો પ્રદેશ દબાવા લાગ્યા અને છેવટે હરિસિંહ અને અજબસિંહ કરીને ગોપાળદાસના બે કુંવરો હતા તેઓએ પોતાનો ગ્રાસ વ્હેંચી લીધો તે વલાસણાનો ન્હાનો ગ્રાસ અને મ્હોટો ગ્રાસ કહેવાય છે.

વીરમદેવ કાશિયે ગયો હતો તેવામાં, પાનોરા, પહાડી, જવાસ, જોરા, પાથિયા, વલેછા, અને બીજાં પ્રગણાં મેવાડ તાબામાં કરી દીધાં હતાં, તે કલ્યાણમલે ફોજ એકઠી કરીને પાછાં જિતી લીધાં. ઉદયપુરનો રાણો અમરસિંહ ફોજ લઈને તેના સામો થયો; તેમાં તોપો છૂટ્યા પછી તર-

વારો ચાલી; બંને બાજુનાં ઘણાં માણસો કપાયાં પણ તેમાં રાવની જિત થઈ. ત્યાર પછી નીચેનાં કારણને લીધે, કલ્યાણમલે તરસંગમા માર્યો.

તરસંગમાના રાણા વાઘના સાંભળવામાં આવ્યું હતું કે, કલ્યાણમલની રાણી જે ભુજના રાવની કુંવરી થતી હતી તે ઘણી રૂપવતી છે. તે ઉપરથી તેને જોવાની તેના મનમાં ઘણી આતુરતા હતી. ધનાલના ગ્રાસમાં ગઢરૂ કરીને ગામ છે તેની ધરતીમાં પચાસ હજાર રૂપિયા ખરચીને રાવની જાડેજી રાણિયે સામળાજીનું દેરૂં બંધાવ્યું છે. ત્યાં રાણી યાત્રા કરવા સારૂ આવ્યાં છે, એવું રાણા વાઘના જાણવામાં આવ્યું. એટલે, તે બ્રાહ્મણનો વેષ લઈને બીજા બ્રાહ્મણો ભેગો ભળી ગયો. રાણિયે બ્રાહ્મણોને તિલક કરીને દક્ષિણા આપવા માંડી તેમાં રાણા વાઘને પણ આપવા માંડી પણ તેણે લીધી નહિ તેથી રગઝગ થઈ અને તે ત્યાંથી જતો રહ્યો. રાવ કલ્યાણમલને આ વાતની જાણ થઈ, ત્યારે તે વેરને લીધે તેણે તરસંગમા માર્યો.

ત્યાર પછી ગઢવી સાયાજિયે કુવાવા ગામને કોટ કરી લેવાની ધારણા કરી, તે વાત રાવને ગમી નહિ. ગઢવિયે પોતાના જોશીને કહી રાખ્યું હતું કે મારૂં મોત આવે ત્યારે મને કહેજો કે હું વ્રજમાં જઈને વાસ કરૂં. આ વાત રાવની જાણમાં હતી તેથી તેમણે જોશીને બોલાવીને કહ્યું એટલે તેણે તેને કહ્યું કે તમારો આવરદા આવી રહ્યો છે, માટે હવે વ્રજમાં વાસ કરો. તે ઉપરથી ગઢવી વ્રજમાં જવાને નીકળ્યો. ત્યાં જઈને તેણે શ્રીનાથજીને તેર શેર સોનાની તાસક ભેટ કરી. ત્યાર પછી ત્યાંથી તે કાશીમાં ગયો અને જોશીના કહેવા ઉપર તેને વિશ્વાસ હતો તેથી પોતાના મરણની રાહ જોતો ત્યાં રહ્યો. પણ ત્યાર પછી તો બીજાં દશ વર્ષ જીવ્યો. જ્યારે તે ઘણો માંદો પડ્યો ત્યારે તેણે ઈડરના રાવને લખ્યું કે મારા મનમાં તમને મળવાની ઘણી ઉત્કંઠા છે. રાવ કાશિયે જવાને નીકળ્યા અને ત્યાંથી એક મંજલને છેટે આવી પ્હોંચ્યા, એટલે તો તેમના સાંભળવામાં આવ્યું કે સાયાજિયે દેહ છોડ્યો. પછી રાવે વિચાર્યું કે હું જો કાશિયે જઈશ તો લોક જાણશે કે રાવ યાત્રા કરવા સારૂ આવ્યા છે, સાયાજીને માટે આવ્યા નથી, તે ઉપરથી તેણે પોતાના મે'લાણ ઉપર ગંગાજળની કાવડ મંગાવીને ત્યાં સ્નાન કર્યું અને ઉદયપુરને રસ્તે ઘેર આવ્યા. ત્યાંથી તે ગઢવી ગોપાળદાસને પોતાની સાથે લેતા આવ્યા. તેને થેરસણ અને રામપુર એ બે ગામ આપ્યાં. તે હજી લગણ તેના વંશવાળા બાર ભાગે ખાય છે. બીજો ચારણ જે એમની સાથે આવ્યો હતો તેને થુરાવાસ ગામ આપ્યું તે તેના વંશવાળા હજી લગણ ચારે ભાગે ભોગવે છે.

પછીથી રાવને શિરોઇ સાથે કજિયો થયો, અને સરહદ ઉપર લડાઈયે ગયા. રોઇરિ અને પોશીનાની વચ્ચે બન્ને બાજુનાં વીશ વીશ કે ત્રીશ ત્રીશ માણસ મુવાં; છેવટે પોશીનાનો ઠાકોર વચ્ચે પડ્યો અને સમાધાન કરાવી આપ્યું. કલ્યાણમલ જ્યારે મરણ પામ્યા ત્યારે તેમની પછવાડે તેમના પુત્ર રાવ જગન્નાથ ગાદિયે બેઠા.

પ્રકરણ ૯.

અંબા ભવાનીનું દેવળ–દાંતા

અંબા ભવાનીનું દેરૂં આરાસુરના ડુંગરામાં આરાવલી પર્વતના ઘાટની નૈઋત્ય કોણમાં છે. અણહિલવાડથી અને સિદ્ધપુર ક્ષેત્રથી સરસ્વતી નદીને તીરે તીરે ચાલ્યા જઇયે તો, અંબાજીની પાસે, કોટેશ્વર મહાદેવ આગળ તેનું મૂળ છે ત્યાં સુધી, ઠેઠ વગડાની પણ રળિયામણી અને ફળદ્રુપ ખીણ ઉપર જ્યાં જંગલથી છવાઈ ગયેલા ડુંગરાનો રહેતાં રહેતાં છેડો આવે છે ત્યાં જઈ પ્હોંચાય છે. આ એકાન્ત વ્હેળિયાની બાજુએ જે વેળાએ સાંઝનું અંધારૂં પડી રહે છે, અને તેને લીધે કોઇયે પ્રવેશ કરાય નહિ એવું જંગલનું ગહન અંધારૂં બની રહે છે તથા જ્યાં ચિત્રા અને વાઘની બાંડિયો આવી રહી છે, અને જંગલવાસી તેમના નગ્ન સ્વરૂપે, કાળા રંગના ફરતા હોય છે, તેમ જ તેમનાં કઠોર અને ખોખરા અવાજનાં નગારાં કોઈ છેટેના ગામમાં વાગી રહેલાં હોય છે, તે વેળાએ ત્યાં આવી ચડેલા પરદેશી જનને તો આફ્રિકાની નાઇઝર નદીના કિનારાનો અને તે ઉપર ભટકતા હબસીયોના દેખાવનો ભાસ થયા વિના રહેતો નથી. થોડી વારમાં તે ચમત્કારિક અજવાળાથી આ અઘોર દેખાવ ચકચકી ઉઠે છે. ભીલ લોકો ડુંગરાને દેવ રૂપ ગણીને તેને સળગાવવાની[1] જંગલી માનતા અમલમાં લાવે છે તેનો એ ચળકાટ થાય છે. ડુંગરા ઉપરની ઝાડી સળગતી સળગતી એક ડુંગરા ઉપરથી બીજા ડુંગરા ઉપર પસરે છે, તે સમયે, વિકાળ સાપની પેઠે તે બળતું મંદ મંદ તરંગિત થતી ગતિએ ધપતું ચાલે છે. "તે જાણે કે પવનને અટકાવી દેનારા બટેટવા જંગલને "જળાવી દેનારો દાવાનલ, અને પર્વતોને સળગાવી દેનારો ભડકો હોયની" એવો સાલમિસ્ટ[2] (Psalmist)ની કલ્પનાનો ચિતાર ખડો કરાવે છે.

૧ ભીલ લોકોનાં પગનાં તળિયાં બહેરાં થઈ જાય અને પગરખાં પ્હેરવાં પડે નહિ, એટલા માટે, ડુંગરા સળગાવવાની બાધા રાખે છે અને તેને ડુંગરો નવરાવ્યો અથવા ડુંગરો ટાઢો કરચો કહે છે. ર. ઉ.

૨ ખ્રિસ્તના ધર્મપુસ્તકમાં ધર્મગીત રચનારે કલ્પના કરેલી તેનું સ્મરણ આ સ્થળે અંગરેજ વાંચકને કરાવે છે.

કેટલાક લોકો તો અંબાજીની યાત્રા કરવા સારૂ આસપાસના ગામો-માંથી, અને હિન્દુસ્થાન માંહેલા આઘેના પ્રદેશોમાંથી પણ આવે છે. તથાપિ મ્હોટો સંઘ તો વર્ષમાં ત્રણ વાર આવે છે, તેમાં મુખ્યત્વે કરીને એક સંઘ તો ચોમાસામાં ભાદ્રપદ મહિનામાં માતાજીનો જન્મદિવસ આવે છે તે પ્રસંગે ભરાય છે. જ્યાં યુરોપની રીતભાત દાખલ થઈ ગયેલી એવું મુંબઈ નગર, જેની હવા વ્યાપારની ધામધુમથી ગરદ્દવાન થઈ ગયેલી, જેની આસપાસનું દરિયાનું પાણી પશ્ચિમ ભણીનાં વ્હાણોના સઢસમૂહથી સફેદી પકડતું જણાય છે, જેમાં પૂર્વ ભણીના મહાન એપાસલનું દેવલ (કોટમાં) આવી રહ્યું છે, તેમ જ, જે ઈંગ્લંડ સરખી પરદેશી ભૂમિનો છાયાવાન આકાર કદાપિ તે હિન્દુની મનકલ્પનામાં ઉતરી શકતો હોય તો પણ તેની ખરી નજરની આસ-પાસ તેના ધર્મે એવો પડદો નાંખી દીધો છે કે જે ભૂમિ તેનાથી જોવા જવાને બની શકાતું નથી તે (ઈંગ્લંડ) ભૂમિના નવીન કાયદાઓની રૂઇથી, દબદબા-ભરેલા ઝભ્ભા ધારણ કરીને ન્યાયાધીશો મુંબઈ નગરની કોર્ટોમાં બેશી ન્યાય કરે છે તેવી મુંબઈમાંથી પણ ઘણી વાર હિન્દુ યાત્રાળુ એવી માયિક જગ્યા છોડીને, તેને મન વધારે સાચી ભાસતી આરાસુરની જગ્યાના દોહલા માર્ગ ભણી પુણ્યપ્રાપ્તિ અર્થે કુચ કરે છે.

માતાનો સંઘ ઘણો મ્હોટો થાય છે, તે જ્યાં પડાવ નાંખે છે તે ઠેકાણે સંઘમાંનો ગમે તે કોઈ, જેને માતાને નિમિત્તે ખર્ચ કરવાની ઇચ્છા હોય તે સહુને જમાડે છે. છેલ્લો ઢાળો દાંતે થાય છે. દાંતા એક ન્હાનું સરખું શહર, વગડાઉ અને ખરાબાવાળા ડુંગરાના પડખામાં છે. ત્યાં પરમાર વંશનો રાણો રાજ્ય કરે છે, તે શ્રી અંબાજીનો માનીતો સેવક છે. આ જગ્યાએથી માતાના દેરા ભણી જવાનો ચડાવ લાંબો છે, અને તે ઘણાખરા ભાગમાં રહેતાં રહેતાં ઊંચો થયેલો છે પણ વચ્ચે વચ્ચે બહુ ઉભો અને ખાડા ટેકરાવાળો છે: કેમકે શ્રી દૂર્ગાની ગાદિયે પ્હોંચવાના રસ્તાની મુસીબતો મનુષ્ય પ્રાણીના હાથની કારીગરીથી મટાડી શકાય એમ નથી. આવા ફેરફાર થતા માર્ગે ચાલતાં માતાજીનો સંઘ લાલ, ધોળા, અને પીળા રંગથી તડકામાં ચકચકી રહેલો અને ચળકાટ મારતા લ્હોડાથી અને નરમ સોનાથી ભભકાભરેલો દેખાવ દેતો ચાલ્યો જાય છે; ઘડીકમાં તે ખંડિત મેદાનમાં હારબંધ જતો દેખાય છે, અને ઘડીકમાં તે કેટલાક રંગિત ખરાબાથી ઢંકાય છે અથવા વનની ઘાડી છાયાને લીધે નજરે પડતો બંધ પડી જાય છે. આશરે અર્ધે ચડાવે ઊંચા ભાગમાં ન્હાનાભાઈનો કૂવો છે ત્યાં આગળ તે થોડી વાર ઢાળો કરે છે અને પછી ગહન ખરાબાઓ વચ્ચે પેશીને આગળ એક ખુલ્લા મેદાનમાં જઈ પ્હોંચે

છે, એટલે, તેને આરાસુરનો સુગંધીવાળો પવન વાવા માંડે છે. સંઘના લોકોની ચાલતી હારને મોખરેથી, રહી રહીને અવાજ થાય છે કે, "હવે દેવાલય "દેખાય છે." એટલે પછી જે ઘોડે અને મ્યાનામાં બેઠેલાં હોય છે તે ઉતરીને, અને પગે ચાલનારા એમના એમ લાંબા થઈને પગે પડે છે અને જેવા ઉભા થાય છે તેવા તો "અંબા માતકી જય" એવો અવાજ કરીને તેના પડઘાથી ડુંગરા ગજાવી મૂકે છે.

માતાનું દેરૂં ન્હાનું છે અને બીજાં તેના કરતાં ઓછાં પ્રસિદ્ધ દેવાલયોના કરતાં ચડિયાતી બાંધણીનું છે; તેની આસપાસ કોટ છે, ને માંહ ઈમારતો છે. તેમાં માતાના પૂજારી અને સેવકો રહે છે; તેમજ યાત્રાળુ લોકો આવે છે તે પણ તેમાં વાસો કરે છે. ત્યાં એક થાણું છે, પણ માણસના હથિયારથી માતાજીના રહેઠાણનું રક્ષણ થાય છે એમ કહેવાય નહિ, તેથી માતાજી તો બ્હારનો દરવાજો કરવાની પણ આજ્ઞા આપતાં નથી. આ દેરામાં જેની મૂર્ત્તિ પૂજાય છે તે પ્રબળ શિવની અર્ધાંગના હિમાચળ અને મેનાની પુત્રી દુર્ગા છે; ચાંપાનેરના ડુંગર ઉપરના દેરામાં રૂધિરપાનપ્રિય એવી કાલિકાનું સ્વરૂપ પૂજાય છે તેવી તે નથી, પણ તે કરતાં કાંઈક શાન્ત અને માયાના વિશેષ ગહન ભવાનીના સ્વરૂપે જગતની માતા અંબાજી છે.

આરાસુરનું આ દેરૂં ઘણા કાળનું છે. કહે છે કે શ્રીકૃષ્ણના વાળ આ ઠેકાણે લેવરાવવામાં આવ્યા હતા અને ત્યાર પછી તેમની અર્ધાંગના રૂકિમણી અહિં માતાને પૂજવા આવ્યાં હતાં, ત્યારે તેને શિશુપાળના ભયથી આ ઠેકાણેથી હરણ કરીને કૃષ્ણ લઈ ગયા હતા. ઘણા કાળથી આવતા યાત્રાળુ લોકોના પગથી માતાજીનો ઉમરો ઘસાઈ ગયો છે. યાત્રાળુ લોકો માતાનાં દર્શન કરીને વાગા, ઘરેણાં ચડાવે છે, અને પૈસા મ્હોં આગળ મૂકે છે, તેમ જ પોતાના અથવા પોતાનાં સગાંવાહાલાંના સ્વાર્પણને બદલે નાળિયેર ચડાવે છે.[૧]

નવરાત્રીની આઠમને દિવસે દાંતાનો રાણો હવન કરે છે, અને મ્હોટા

---

૧ મનુષ્ય પ્રાણીને બદલે હિન્દુઓ નાળિયેરનો ઉપયોગ કરે છે તેનું કારણ વિશ્વામિત્રની આશ્ચર્યકારક વાત ઉપરથી જણાઈ આવે છે. બ્રહ્માની ઉત્પન્ન કરવાની શક્તિ છે તે પ્રમાણે વિશ્વામિત્રે પણ ઘણી જાતિનું અનાજ ઉત્પન્ન કર્યું. તેણે નાળિયેરી ઉપજાવીને તેમાંથી મનુષ્ય પ્રાણી નીપજાવા માંડ્યાં અને પ્રારંભમાં માણસનું માથું નિપજાવ્યું. તે જોઈને બ્રહ્માએ જાણ્યું કે સૃષ્ટિ સરજવાનું મારૂં કામ એ ઋષિ લઈ લેશે તેથી તેમની તેણે આરાધના કરી, ત્યારે ઋષિ સૃષ્ટિ સરજતા બંધ પડ્યા, પણ પોતાનો મહિમા રાખવા સારૂ મનુષ્યના માથા જેવું નાળિયેરનું ફળ થાય એમ કર્યું.

વાસણમાં પ્રસાદ ભરી રાખે છે તે જ્યારે માતાજીની કોટનો ફૂલનો હાર એની મેળે ગળેથી છૂટી પડે છે એટલે તાબડતોબ પર્વતવાસી ભીલ લોકો ઉપર પડીને લૂંટી ખાય છે. દાંતાનો રાણો સંઘનું રખવાળું કરે છે તેથી તેને કર મળે છે. જો કોઈ કોઈ ઠાકોર યાત્રા કરવાને આવે છે તો તેની પાસે જે સારામાં સારો ઘોડો હોય તે રાણાને અર્પણ કરવો પડે છે. યાત્રાળુ લોકો જ્યાં સુધી રહે છે ત્યાં સુધી માતાને વાઘા, ધ્વજા, મૂલ્યવાન ધાતુનાં વાસણ, ઘંટ, અને દેવાલયના કામની અગત્યની વસ્તુઓ અર્પણ કરે છે, તે સર્વ રાણો લઈ જાય છે. રૂપાની સાત[1] પાદુકા માતાની આગળ સદા રહે છે.

આ ઠેકાણે માતાનું સ્વરૂપ કલ્યાણકારી છે તથાપિ પશુનું બલિદાન આપવામાં આવે છે, અને મધુ (દારૂ) પણ અર્પણ કરવામાં આવે છે. માતાના સર્વ પ્રકારના પદાર્થોમાં તેલ વાપરવાની બંધી છે; તેમ જ, યાત્રાળુ લોકો આવે છે તે રહે છે ત્યાં સુધી, તેલ વાપરતા નથી. દેરામાં દીવા શણગારવામાં આવે છે તે અને આરતી એ સર્વમાં ઘી વાપરવામાં આવે છે. સાંજની વેળાએ દાંતાનો રાણો ત્યાં હોય છે ત્યારે તે માતાને ચમર કરે છે, પણ ખરા પૂજારી તો ત્રણ છે–તે ઔદિચ્ય બ્રાહ્મણ સિદ્ધપુરના છે, તેઓ રાણાને ઉપજ આપીને પૂજારીનું કામ કરે છે. યાત્રાળુ ત્યાં આવે છે એટલે તેઓ તેમને કપાળે ચાંદલો કરે છે, અને જ્યારે વિદાય થાય છે ત્યારે વાંસે કંકુનો થાપો મારે છે; યાત્રાળુ લોકો પોતપોતાના ગજા પ્રમાણે તેઓને જમાડી દક્ષિણા આપે છે, અને કોઈ વેળાએ તો તેમની માગણી પ્રમાણે આપવામાં આવતું નથી, એટલે તેઓ છાપ કરતા નથી અને છાપ લીધા વિના યાત્રાળુને ચાલતું નથી.

અજાઈ માતાનું મુખ્ય દેરૂં જે માનસરોવરના કિનારા ઉપર છે તેમાં મહારાણા શ્રી માલદેવનો લેખ સંવત ૧૪૧૫(ઈ૰ સ૰ ૧૩૫૯)નો છે. અંબાજીના દેરાના માંહેલા મંડપના દ્વારમાં લેખ છે તેમાં રાવ ભારમલની રાણિયે સંવત ૧૬૦૧(ઈ૰ સ૰ ૧૫૪૫)માં માતાને જે અર્પણ કરેલું છે તે નોંધેલું છે, તે ઘણું કરીને તો તેણે પોતાના પતિના મરણ ઉપર કરેલું જણાય છે. દેરાની માંહેલા સ્તંભ ઉપર બીજા ઘણા લેખ છે તે મુખ્યત્વે કરીને સોળમા સૈંકડાના છે અને તેમાં બીજા લોકોએ દાન કરેલાં તેની નોંધ છે. એક લેખ સંવત ૧૭૭૯(ઈ૰ સ૰ ૧૭૨૩)નો છે તેમાં લખ્યું છે કે,

---

૧ ત્રણ, પાંચ, અને સાત એ સંખ્યા હિન્દુઓ શકુનિયાળ ગણે છે; તેમાં પાંચ અને સાત તો વિશેષ ગણાય છે. ત્રણથી સ્વર્ગ, મૃત્યુ ને પાતાળની ગણના થાય છે, પાંચથી પંચ તત્વ ગણાય છે; અને સાતથી સપ્ત ઋષિ ગણાય છે.

"પૃથ્વીપતિ રાજાધિરાજ રાણાજી શ્રી ૧૦૮ શ્રી પૃથ્વીસંગજી રાજ્ય કરતા "હતા ત્યારે એક વાણિયાએ યાત્રાળુ લોકાને રહેવા સારૂ પુત્રની આશાએ "એક ધર્મશાળા બંધાવી તે આશા અંબાની કૃપાથી પૂર્ણ થઈ."

શિરોઈના રાવનો દેશ અંબાજીના દેરાની પાસે છે. તેઓને ઉપજમાંથી ભાગ મળતો હતો, પણ પછીથી કહે છે કે તેણે છોડી દીધો, તે એવા કારણથી કે દેવાલય ખાતે દાન કર્યું હોય તેની ઉપજ તો ગોસાઈ ખાય. દાંતાની કન્યા શિરોઈવાળાને ત્યાં પરણાવી હતી. એક વાર એવો બનાવ બન્યો કે શિરોઈવાળાએ જે સાડી માતાને પ્હેરાવેલી તે જ સાડી પ્હેરીને દાંતાવાળની કન્યા પોતાને સાસરે શિરોઈ ગઈ. તે જોઈને તેના ધણિએ કહ્યું કે અમે માતાને પ્હેરાવેલો પોષાક તેં પ્હેર્યો છે તેથી આજથી તું મારી માતા જેવી છે, એમ કહીને તેને તેના બાપને ઘેર "પરણેલી કુંવારિકા અને રાંડેલી સ્ત્રીને વેષે" વિદાય કરી. તે દહાડાથી એવો ધારો કર્યો કે અંબાજીને અર્પણ કરેલો પોષાક દાંતાના રાજકુલની કન્યાને પ્હેરવા આપવો નહિ.

અંબા ભવાનીના દેરાની પશ્ચિમમાં આશરે બે માઈલ ઉપર એક ડુંગર છે. તેના ઉપર અસલને વારે ગબ્બરગઢ[1] કરીને એક કોટ હતો. ત્યાં ખડ્ગ છે તે વેગળેથી મ્હોટા કમાનદાર દરવાજા જેવું દેખાય છે. માતા અંબાજી ડુંગરાના પોલાણમાં રહે છે એવી વાત જે ચાલી છે તે સો વશા તો એ જ ઉપરથી ચાલી હશે. કહે છે કે, "એક વેળાએ માતાજીની ગાય આખો દહાડો "રબારીનાં ઢોરમાં ચરતી હતી, અને રાતની વેળાએ ડુંગરમાં પાછી જતી; "ગોવાળને આશ્ચર્ય લાગ્યું કે એ ગાય તે કોની હશે. પછી તેણે એવો નિશ્ચય "કર્યો કે, ગમે તે થાય પણ ગાયના ધણીને શોધી કહાડીને તેની પાસેથી "ચરાઈ લેવી. એક સાંજરે, નિત્યની પેઠે, ગાય ઘેર જવા ચાલી, એટલે "ગોવાળ તેની પછવાડે પછવાડે ગયો, અને તેની સાથે ડુંગરામાં પેઠો. એટલે "તેના જેવામાં એક ભવ્ય મ્હેલ આવ્યો: તેના મુખ્ય ઓરડામાં માતાજી "બિરાજમાન થયેલાં હતાં. તે હીંચકે હીંચતાં હતાં, અને ઘણી દાસીઓ "આસપાસ ઉભી રહી હતી. ગોવાળ હિમ્મત ધરીને માતાની પાસે ગયો, અને "પૂછ્યું કે ગાય તમારી છે? તેમણે હા કહી, તે ઉપરથી આગળ બોલવાની "ગોવાળને હિમ્મત આવી. 'એ ગાયને બાર વર્ષ સુધી મેં ચરાવી છે, ને "આજે તેની ચરાઈ લેવાને આવ્યો છું.' જવનો એક ઢગલો પડ્યો હતો તેમાંથી "થોડા આપવાને માતા અંબાજિયે એક દાસીને આજ્ઞા કરી. દાસીયે એક "સૂપડું ભરીને ગોવાળને આપ્યું, તે લઈને નિરાશ થતો ક્રોધાયમાન થઈને

૧ "જે જાય ગબ્બર તે થાય જબ્બર," એવો એ ગઢનો મહિમા કહેવાય છે. ર. ઉ.

"ચાલતો થયો, અને ઉમરો ઓળંગીને જવ ફ્હાડી નાંખ્યા. પણ ઘેર પ્હોંચ્યા "પછી તેના લૂગડામાં સોનાના જવ ચોંટી રૂહેલા તેણે દીઠા. બીજે દિવસે "ફરીને તેણે ડુંગરમાં પેસવાનો પ્રયત્ન કર્યો પણ તેને રસ્તો જડયો જ નહિ "અને માતાજીની ગાયે ફરીને દેખા પણ દીધી નહિ."

એ જ ડુંગરની પાસે એક બીજો ડુંગર છે તેને વિષે એક વધારે તાજી દંતકથા છેઃ "થોડાં વર્ષ ઉપર શિરોઈ તાબાનો એક ખેડૂત બળદની જોડ "વેચવા નીકળ્યો. તે ભટકતો હતો તેવામાં તેને એક ગોસાઈ મળ્યો તેણે "તેને કહ્યું કે, જો તું મારી પછવાડે આવે તો તને હું તારા બળદ વેચાવી "આપું. તે ઉપરથી એ ખેડુત ગોસાઈની પછવાડે ચાલ્યો, અને ડુંગરની એક "બાજુએ ગુફા હતી તેમાં બળદ સુદ્ધાંત તેને ગોસાઈ લઈ ગયો. ગુફામાં "કેટલેક આઘે ચાલ્યા પછી, તેઓ એક ભવ્ય ઓરડા આગળ આવ્યા, "તેની પાસે એક ડેલું હતું તેમાં ઘણા ઘોડા બાંધેલા હતા. ત્યાં ઘણાં માણસ "પણ કામે લાગ્યાં હતાં. તેઓ ઘોડાને અને માણસને માટે કવચ, અને "હથિયાર, તોપો, અને લડાઈનો બીજો સામાન તૈયાર કરતા હતા. તેમ જ "વળી, તોપના ગોળાનો ગંજ મારેલો હતો અને બંદુકોની ગોળિયોનો ઢગલો "કરી મૂકયો હતો. હવે ગોસાઇયે ખેડુતને પૂછીને બળદોનું મૂલ નક્કી કર્યું, "અને માંહથી આણી આપ્યું. ત્યાર પછી ખેડુતે પૂછ્યું કે 'આ કોનો મ્હેલ "છે? અને આ સરસામાન કોનો છે? ને અહિં કોણ રૂહે છે?' ત્યારે ગોસા-"ઇયે ઉત્તર આપ્યું કે એ વાત બે વર્ષ પછી તારા જાણવામાં આવશે. એ તો "અંગરેજ સરકાર સાથે લડવાની સામગ્રી છે. પછી ખેડુત પોતાને ઘેર "ગયો અને તેના જોવામાં જે આવ્યું હતું તે વિષે ગામના લોકોને જાણીતા "કર્યા. તે ઉપરથી ગામના લોકો પેલા ખેડુતને લઈને ગુફા જોવા સારૂ "ગયા પણ કહિ પત્તો હાથ લાગ્યો નહિ."[1]

---

૧ આવી દંતકથાઓ સર્વ દેશમાં ચાલતી હોય છે. એનિહેરિયર (Enheriar) (Valhalla) વલહલ્લામાં રૂહે છે. જ્યારે જગતનો નાશ થશે ત્યારે (Odin) ઓડિનના હાથ નીચે ફરીને હથિયાર સજીને આવશે. આર્થર રાજા પોતાના શત્રુઓનો નાશ કરવાની વેળાની વાટ જોતો (Avalan) આવેલનના બેટમાં આરામ ભોગવે છે. (Thurngia) થુરંગિયા માંહેલા (Kiffhauser) કિફહાસરમાં ફ્રેડરિક બાર્બેરાસ્સા પોતાના છૂટકારાની અને સારી વેળાની રાહ જુવે છે, તે આવી પ્હોંચવાની કહે છે કે નિશાની એ કે પિયર નામનું જૂનું અને સુકાઈ ગયેલું ઝાડ (Ruthsfeld). રૂથ્સફેલ્ડ ઉપર છે તે પાછું તાજું થશે અને તેને અંકુર, પાંદડાં, અને મોર આવશે તથા પર્વતની આસપાસ કાગડા ઉડતા બંધ થશે. સાલ્ઝબર્ગની પાસે વન્ડરબર્ગમાં પાંચમો ચાર્લ્સ મહારાજા રૂહે છે, તેના માથા ઉપર સોનાનો મુકુટ છે અને રાજદંડ

અંબાજીની પાસે, એક વ્હેળિયાની કોરે સ્વાભાવિક ઉગેલા મોગરા અને જુઈ તથા બીજા સુગંધીમય પુષ્પની ઘટામાં ચિતોડના કુંભા રાણાએ

પણ સોનાનો છે, તથા અમીર ઉમરાવો તેની આસપાસ વીંટાઈ બેઠેલા છે. જે ટબલે તે બેસે છે તેની આસપાસ તેની ધોળી થઈ ગયેલી દાહાડીના બે આંટા ફરી વળ્યા છે, ને તે જ્યારે ત્રીજો આંટો ફરી વળશે ત્યારે જગતનો નાશ થશે, અને આન્ટી ક્રાઈસ્ટ દેખા દેશે. ગોરી બેટની સામે આફ્રિકા ખંડના ભાગ ઉપર જાલાફ નામના લોક વસે છે તે ચમબો નામની પરિયોને માને છે તે ગાયિન પરિયોને મળતી આવે છે. સમુદ્રકિનારેથી આશરે ત્રણ માઈલ ઉપર પાપ્સ નામના ડુંગરા છે તેની ગુફામાં મુખ્યત્વે કરીને તેઓ મ્હોટા દબદબાથી રહે છે. ત્યાં મનુષ્યોની તેમાં વિશેષે કરીને યુરોપિયનોની આગતાસ્વાગતા તેઓ કેવી કરે છે, તેઓને ઉત્તમ જાતિનાં ભોજન કેવાં જમાડે છે, અને રિકાબિયો મૂકતાં જ માત્ર તેમના હાથપગ જોવામાં કેવા આવે છે તથા ગુફાની જગ્યામાં કેટલા બધા માળ છે, અને નીસરણી વિના એક માળથી બીજે માળ કેમ જવાય છે, એ વગેરેની ઘણી ચમત્કારિક વાતો ચાલે છે. આવે પ્રસંગે ઈનામ આપવામાં આવે છે તે સંબંધી મુકાબલો કરવાને એક નીચે વાત લખિયે છિયે:—

"સ્વિટઝરલ્યાન્ડમાં વાલ્કવીલ નામના ગામે પાસે એક પર્વતની બાજુએ ચેસ-"નટનું એક જંગલ છે ત્યાંથી એક રાત્રિયે એક ઠીંગણું માણસ આવ્યું, અને દાઈયણના "ઘરની પૂછપરછ કરવા લાગ્યું. તેને તેનો પત્તો લાગ્યો એટલે આતુરતાથી આગ્રહ કરીને "પોતાની સાથે તેડી ગયું. અને હાથમાં મશાલ લઈને તેને જંગલમાં લઈ ગયું. એક "ગુફા આવી તેમાં થઈને દાઈયણને લીધી તે દબદબાભરેલા એક મ્હેલ આગળ આવી "પ્હોંચી. ત્યાંથી ભભકદાર ઓરડાઓમાં થઈને મુખ્ય ઓરડામાં તેને લઈ ગયો. ત્યાં "ઠીંગણાંઓની રાણી સુતેલી હતી તેને માટે દાઈયણનો ખપ હતો. દાઈયણની મદદ-"થી રાણીને પુત્રનો પ્રસવ થયો. પછી તેનો ઉપકાર માનીને તેને વિદાય કરતી વેળાએ "તેના ઘાઘરામાં કાંઈક નાંખ્યું અને કહ્યું કે ઘેર પ્હોંચે ત્યારે શું છે તે જોજે, ત્યાર પ્હેલાં "ગમે તે થાય પણ જોતી નહિ. પછી પ્રથમ આવેલો ઠીંગણો માણસ તેને પાછો ઘેર લઈ "ચાલ્યો અને જ્યારે તે અલોપ થઈ ગયો ત્યારે પેલી દાઈયણ જે આતુર થઈ રહી હતી "તેણે ઘેર પ્હોંચતાં પ્હેલાં ઘાઘરામાં જોયું તો કોયલા દીઠા. એટલે ક્રોધાવેશમાં તેણે તે "ફહાડી નાંખ્યા અને માત્ર બે કોયલા પરીક્ષા જોવાને હાથમાં રાખ્યા. તે જ્યારે "ઘરમાં આવી ત્યારે તરત જ ભોંય ઉપર નાંખી દીધા. તે જોઈ તેનો ધણી રાજી થઈને "અને આશ્ચર્ય પામીને બોલી ઉઠયો, કેમકે તે હીરાના જેવા ચકચકતા હતા. દાઈયણે કહ્યું "કે મને તો ત્યાંથી કોયલા જ આપેલા હતા. પણ તેમના કરતાં તેના પાડોશી આવી "બાબતથી માહીતગાર હતા તેને જઈને બોલાવી લાવી. તેઓએ જોઈને કહ્યું કે આ "તો આ મૂલ્યવાન હીરા છે. તે ઉપરથી પેલી "દાઇયણ જ્યાં કોયલા ફહાડી નાંખ્યા "હતા ત્યાં દોડી ગઈ, પણ ત્યાં કાંઈ જોવામાં આવ્યું નહિ."–"કિટલી કૃત ફેરી માઇથોલોજી," થાન્સનાર્ધન "માઇથોલોજી" ઇત્યાદિ ઉપરથી. Vide, Keightley's Fairy Mythology, Thorpes Northern Mythology etc.

વસાવેલું એક ગામ છે. તે રાણાના નામ ઉપરથી કુંભારિયા કહેવાય છે. તેની પાસે ધોળા આરસ પ્હાણનાં વિમળશાહનાં બાંધેલાં જૈન ધર્મનાં દેરાસર છે. એક દંતકથા એવી છે કે "માતાએ વિમળશાહને ઘણું ધન આપ્યું, "અને તેણે પારસનાથનાં ત્રણસેં ને સાઠ દેરાં બંધાવ્યાં. માતાજિયે તેને "પૂછ્યું કે તેં કોના પ્રતાપથી એ બંધાવ્યાં? ત્યારે તેણે કહ્યું કે મારા ગુરૂજીના "પ્રતાપથી. માતાજીએ ત્રણ વાર પૂછ્યું પણ ત્રણે વેળા તેણે એનું એ ઉત્તર "આપ્યું. ત્યારે માતાએ કહ્યું કે તારાથી ન્હસાય તેમ ન્હાશ. તે ઉપરથી "વિમળશાહ દેરાસર નીચેના એક ભોંયરામાં થઈને ન્હાઠો. તે ભોંયરૂં દેલવાડાના "ભોંયરા સાથે સંધાયલું હતું, એટલે ભોંયમાં ને ભોંયમાં આબુ પર્વત ઉપર "આવી ચઢ્યો. પછી માતાએ બધાંય દેરાં બાળી મૂકયાં, અને વાત ર્‌હેવા "સારૂ માત્ર પાંચ ર્‌હેવા દીધાં. બીજાં દેરાસરના પથરા આજે પણ વિખ-"રાયલા પડેલા છે." જે જગ્યાએ વિમળશાહે ચૈત્ય બંધાવ્યાં હતાં તે બળી ગયા વિષેની વાત સાચી જણાય છે, કેમકે, તેવામાં આરાસુરના આખા ડુંગરામાં જ્વાળામુખી પર્વતનાં તત્ત્વ પ્રજ્વલિત હતાં એમ જણાય છે, અને વિમળશાહે તો ખરેખરૂં જાણેલું કે શ્રી અંબાજીના કોપથી દેરાસર બળી ગયાં, કેમકે, ત્યાર પછી, તેણે આબુ પર્વત ઉપર દેલવાડામાં ચૈત્ય બંધાવ્યું તે માંહેલા લેખમાં માતાજીની સ્તુતિ તેણે નીચે પ્રમાણે કરેલી છેઃ—

"૯. સતી અંબિકા! તારા પત્ર સરખા હાથ અશોક ઝાડના પુષ્પ "જેવા લાલ છે, તું જે સુંદર તેજવાન જણાય છે, અને કેશરીસિંહના "રથમાં બેસે છે; તું જે બે બાલક તારા ખોળામાં બેસારે છે એવા સ્વ-"રૂપથી તું સદ્દગુણી પુરૂષોનાં દુઃખનો નાશ કર!"

"૧૦. ડાહી અંબિકાએ રાત્રિની વેળાએ એક સમયે ત્યાંના અધિ-"પતિને આજ્ઞા કરી કે, આ પર્વત ઉપર શુદ્ધ જગ્યા છે માટે તું યુગાદિ-"નાથનું સારૂં દેરાસર બંધાવ."

"૧૧. શ્રી વિક્રમાદિત્યની વેળાથી એક હજાર અઠ્ઠાશી વર્ષોકાળ (ઈ૦ "સ૦ ૧૦૩૨) ગુજરયા ત્યારે શ્રી વિમળદેવે અર્બુદના સ્તૂપ ઉપર શ્રી "આદિદેવનું ચૈત્ય બંધાવ્યું; તેને હું વંદું છું."

કુંભારિયામાં નેમીનાથનું ચૈત્ય છે, તેમાં વધારે અર્વાચીન સમયનો લેખ સંવત્ ૧૩૦૫(ઈ૦ સ૦ ૧૨૪૯)નો છે, તેમાં કુમારપાળ સોલંકીના પ્રધાન ચાહડના પુત્ર બ્રહ્મદેવે દેરાસર બંધાવ્યા વિષેની સૂચના* લખેલી છે, તેમાં

* અથવા ઉંદરનું દેરાસર. પ્રબંધ ચિંતામણિમાં લખ્યું છે કે કુમારપાળે ઉંદરના રૂપિયા લઈને તેને હરકત કરી હતી તે ઉપરથી તેણે આ દેરાસર બંધાવ્યું હતું. જૂવો પૃષ્ઠ ૨૩૫.

વિશેષ એમ લખ્યું છે કે, "પાદપરા ગામમાં ઉંદરવસહિકા નામનું તેણે "ચૈત્ય બંધાવ્યું છે."

પાસે એક પાળિયો છે. તેની ઉપર એક બીજો જાણવા જેવો લેખ સંવત્ ૧૨૫૬(ઈ૦ સ૦ ૧૨૦૦)ની સાલનો છે, તેમાં લખ્યું છે કે, "શ્રી "ધારાવર્ષ, દેવ અર્બુદનો ધણી, અને જેઓના ઉપર સૂર્ય પ્રકાશે છે એવા "સર્વ મંડલિકોનો કંટક, તેણે આ આરાસનાપુરમાં વાવ બંધાવી."

આ પ્રમાણે તેઓની કુલદેવી માતાના દેવલ વિષેની વિગત આપ્યા પછી દાંતા અને તરસંગમાના રાણા વાઘ પરમારના વંશ વિષે લખિયે છિયે.

વિક્રમથકી ચાળીસમો રવપાળજી પરમાર થયો. તે દ્વારકાની યાત્રાએ ગયો. ત્યાંથી વળતાં કચ્છ આવ્યો. તેને એવો નિયમ હતો કે માતા અંબિકાની પૂજા કર્યા વિના ખાવુંપીવું નહિ. આ ઉપરથી માતા તેના ઉપર પ્રસન્ન થયાં, અને દર્શન દઈને કહ્યું કે તારે જે જોઇયે તે મારી પાસેથી માગી લે, હું આપવાને તૈયાર છું. તેણે માગ્યું કે હું નગર ઠઠ્ઠામાં રાજધાની કરીને સિંધ ઉપર રાજ્ય કરૂં એવું વરદાન આપો, તે માતાએ તેને આપ્યું. પછી તેણે નગર ઠઠ્ઠા, બામણવા અને બેલા એ ત્રણ ઠેકાણે રાજ્ય સ્થાપ્યું. રવપાળજી પછી બારમો દામોજી થયો, તેને કુંવર ન હતો, તેથી તેણે અંબાજીની બાધા રાખી. માતાએ પોતાની આંગળીમાંથી લોહી કહાડીને અને પોતાના શરીર ઉપરના મેલ સાથે મેળવીને એક કુંવર ઉત્પન્ન કરીને તેનું નામ જશરાજ પાડવાની આજ્ઞા કરી. વળી માતા બોલ્યાં: "મારા દેવા-"લયનું રક્ષણ કરવા માટે મેં એને ઉત્પન્ન કર્યો છે." દામાજીના વારામાં નગર ઠઠ્ઠા ઉપર મુસલમાનોએ હલ્લો કર્યો, તેમાં નવ વર્ષ સુધી લડાઈ થયા પછી નગર તેમને સ્વાધીન થયું, અને રાજા દામોજી માર્યો ગયો. તો પણ ત્યાર પછી જશરાજે લડાઈ ચાલુ કરીને નગર પાછું હાથ કરી લીધું.

રાજા જશરાજ પણ અંબાજીનો ખરેખરો ભક્ત હતો, અને તેને માતા પાસેથી બહુ આશ્રય મળતો હતો. એના રાજ્યમાં મુસલમાનો ફરીને ચડી આવ્યા, અને તેમણે પશુનાં હાડકાં વડે કૂવા બાંધીને અને બીજાં એવાં અપવિત્ર કામ કરીને ધરતી એવી અપવિત્ર કરી નાંખી કે અંબાજીનું ત્યાંથી મન ઉઠયું અને રાજા જશરાજને કહ્યું: "અહિંયાં વધારે વાર રહેવાની મારી "ઇચ્છા નથી; હું આરાસુર મારે ઠેકાણે જઈશ." રાજા બોલ્યો: "હું તમારો "દાસ છું, તેથી તમે જ્યાં જશો ત્યાં તમારી પછવાડે હું આવીશ." તેની આવી પ્રાર્થના સાંભળીને માતાએ કહ્યું: "બહુ સારૂં, તું મારી સાથે ચાલ, "અને હું તને ત્યાંનું રાજ્ય આપીશ." એ પ્રમાણે કહીને માતા અલોપ

થઈ ગયાં. ત્યાર પછી, જશરાજને મુસલમાનો સાથે ફરીને લડાઈ થઈ તેમાં તેણે નગરઠઠ્ઠા ખોયું, એટલે પોતાનું કુટુંબ લઈ તે આરાસુરમાં માતાજી પાસે ગયો. અંબાજીએ પોતાની અશ્વારીનો વાઘ તેને આપીને કહ્યું: "આ "વાઘ ઉપર તું બેશીને જેટલો ચક્રાવો ખાઈશ તે માંહેલો તેટલો પ્રદેશ તારે "સ્વાધીન થશે." રાજાએ તે પ્રમાણે કર્યું અને સાતસેં ને સાઠ ગામ પછ-વાડે ફરી વળ્યો. દક્ષિણમાં દોતરપટો એટલે ખેરાળુ; ઈશાન કોણમાં કોટડા; પૂર્વમાં દેરોલ; ઉત્તરમાં ભારજીની વાવ શિરોઈ જીલ્લામાં છે ત્યાં સુધીનો દેશ; અગ્નિકોણમાં ગઢવાડા; અને વાયવ્ય કોણમાં હાથીદરા ગામ સુધી તેને તાબે થયું. ભંડારાના ડુંગરને લોકો હવણાં ગબ્બર કહે છે ત્યાંથી તેને દાટેલું ધન મળ્યું. તે વડે તેણે લશ્કર એકઠું કર્યું અને પોતાના બાપનું વૈર લેવા સારૂ નગર ઠઠ્ઠે ગયો. જશરાજે ઘણા મુસલમાનોને નગર બ્હાર હાંકી મૂકયા અને ઘણાને ઠાર કર્યા; તે દેશમાં મરતાં સુધી રહ્યો પણ ત્યાં લગણ તેનો કુંવર માતાજી પાસે ગબ્બરગઢમાં હતો.

જશરાજનો કુંવર કેદારસિંહ અથવા કેસરીસિંહ હતો. તેણે તર-સિંગિયો ભીલ જે તરસંગમામાં રાજ્ય કરતો હતો તેની સાથે લડીને તેને ઠાર કર્યો અને પોતાની ગાદી ગબ્બરગઢ હતી ત્યાંથી ફેરવીને તરસંગમામાં કરી. કેદારસિંહનો કુંવર જશપાળ અથવા કુલપાળ કરીને હતો. તેણે રોહીડા ગામમાં મ્હોટો યજ્ઞ કરવા માંડ્યો, પણ તેમાં તે નિષ્ફળ ગયો, અને જે બ્રાહ્મણને ક્રિયા કરાવવાને ઠરાવ્યો હતો તેને એટલો બધો ક્રોધ ચડ્યો, કે તેણે અગ્નિકુંડમાં પડતું મૂક્યું અને શાપ દીધો કે તારા કુળમાં સર્વ પાછળ-બુધિયા થશે અને આવેલો લાગ ખોઈને પછવાડેથી પસ્તાશે.[1] પછી કેટલીએક પ્હેડિયો થયા પછી, રાણા જગતપાળની વેળામાં અલાઉદ્દીન ખુનિયે તર-સંગમા લીધું, ત્યારે રાણો માતાજીનો આશ્રય મેળવવાને સ્તુતિ કરવા લાગ્યો, તેને માતાજિયે ફરીને બીજે દિવસે લડવાનું કહ્યું, તે પ્રમાણે તે લડ્યો, અને તરસંગમા પાછું લઈ લીધું.

જગતપાળથી છઠ્ઠો કાનડદેવ થયો, તેના ભાઈ આંબાજિયે કોટડાનો પટો લઈ લીધો. કાનડદેવને બે રાણિયો હતી; તેમાંથી હુલવદનાં ઝાલીજી રામ કુંવરીને દોતર અથવા ખેરાળાનો પટો જીવાઈમાં આપ્યો હતો. રાણી પોતાના કુંવર મેઘજી સહિત ત્યાં રહેતી હતી. તેણે ખેરાળાનો ઉગમણો દરવાજો બંધાવ્યો હતો, તે આજ લગી ઝાલીજીનો દરવાજો કહેવાય છે. એ

---

૧ આ વાત ઉપર હાલનો રાણો જાલમસિંહ એમ કહે છે કે, "હા ખરી વાત, "એ શાપ મારા કાકા જગતસિંહના વારા સુધી આવ્યો."

વિના તેણે વાવ ને તલાવ બંધાવ્યાં છે. બીજી રાણી **રતન** કુંવરી ઉદયપુરની **સિસોદણી** હતી. તેણે રોહીલપુર પટ્ટણ વસાવ્યું. તે હવણાં રોહીડા ક્હેવાય છે. **રાણો** ત્રીજી વાર પરણવાને ઉદયપુર ગયો હતો ત્યાંથી **લાલ** કુંવરી **સિસોદણીને** પરણીને આવતાં રસ્તામાં તેનો ભાઈ **આંબોજી** કોટડામાં હતો તે સર્વને પોતાને ત્યાં રાખવાને આગ્રહ કરવા લાગ્યો, પણ કાનડદેવની ત્યાં ર્‌હેવાની મરજી ન હતી. ત્યારે **આંબોજી** નમ્રતાથી રાણી **લાલ** કુંવરીને ક્હેવા લાગ્યો: "પટા માટે **અમારે** બંને ભાઇયોને કજિયો થયો "છે, તે તમે **અહિયાં** આવ્યા છો ત્યારે પતાવી નહિ દ્યો તો પછી કોણ પતા- "વશે?" **રાણિયે** પછી પોતાના ધણીને સમજાવ્યો, એટલે ત્યાં ર્‌હેવાનો ઠરાવ થયો. જ્યારે જમવાની વેળા થઈ ત્યારે બંને ભાઈ જમવાને સંઘાથે બેઠા. તેમાં **આંબોજી** એકાએક ઉઠ્યો અને કાનડદેવના માથા ઉપર તરવારનો ઘા કરીને મેડા ઉપર ચડી ગયો. કાનડદેવ તેની પછવાડે દોડયો અને તેનું પ્હેરેલું લૂગડું ઝાલીને પકડી પાડી પોતાની કટારી વતે એકવીસ ઘા કર્યા, તેથી તે મરણ પામ્યો. આ પ્રમાણે બંને ભાઈ મરાયા. નવી પરણી આણેલી **રાણી** તે જ ઠેકાણે સતી થઈ. તેના ઉપર બાંધેલી છત્રી આજે પણ છે. **ઝાલી** રાણી જે **હળવદ** પોતાને પિયર હતી તે ત્યાં સતી થઈ.

જ્યારે **રાણો** કાનડદેવ ઉદયપુર પરણવાને ગયો ત્યારે **મેઘજી** તથા **વાઘજી** નામના પોતાના બે કુંવરોને તેમને મોશાળ **હળવદ** મૂકયા હતા, અને પોતાના ખવાસ **મારૂ** રાવતને **તરસંગમું** સોંપ્યું હતું. ઈડરનો **રાવ ભાણ**, **આંબાજીની** દીકરી વ્હેરે પરણ્યો હતો. તેણે બંને ભાઈના મરણ વિષેના સમાચાર સાંભળ્યા એટલે ફોજ એકઠી કરીને **તરસંગમા** ઉપર ચડાઈ કરી, અને તે કબ્જે કરી લઈને, ત્યાં થાણું બેસાર્યું, તથા **મારૂ** રાવતને કેદ પકડીને **રાવના** મ્હેલની સામે કેદખાનું છે તેમાં તેને પૂરી મૂકયો. પછી **રાવ** સામી બારિયે બેશીને નિત્યે તેને લાગે એવાં વચન કહીને ચીડાવા લાગ્યો. ત્યારે ખવાસે કહ્યું: "રાવ! "કુંવર ન્હાના છેં તેથી તમે તેમનો દેશ દબાવી પડ્યા છો. પણ એમ ધારશો "નહિ કે એમને આશ્રય આપનારૂં કોઈ નથી. વાઘ સરખો પણ પાંજરે પડ્યો "હોય છે ત્યારે કશું કરી શકતો નથી; પણ જો તમે મને એક વાર છોડો "તો હું આ તમારા મ્હેલ ખોદાવીને તેનું કાઠ રોહીડાની હરણાવ નદીમાં "નંખાવું." આવા બોલ સાંભળીને **રાવને** ક્રોધ ચડ્યો, અને થાણાવાળાને ક્હેવા લાગ્યો: "એ કૂતરાને કાહાડી મૂકચ." પણ **રાવજીની** રાણી **આંબા-જીની** દીકરી થતી હતી તે **મારૂ** રાવતનાં પરાક્રમ કરેલાં જાણતી હતી તેથી તેણે તેને છોડી મૂકવા દીધો નહિ. બીજે દિવસે જ્યારે તે રાણી ત્યાં હતી

નહિ ત્યારે રાવે તેને છોડી મૂકાવ્યો. તે કળનાથ મહાદેવમાં બે દિવસ રહ્યો, અને ત્યાર પછી, હળવદ ગયો, અને તલાવને કિનારે બેઠો. એવામાં રાણી ઝાલીજીના તાબાની એક વડારણ ત્યાં પાણી ભરવાને આવી તેને પોતાના સમાચાર કહ્યા તે ઉપરથી રાજાને જાણ થઈ એટલે તેને ઘેર બોલાવી આણ્યો.

પછી તરત જ બે કુંવર લઈને નાણાંની એક મ્હોટી રકમ સાથે રાખીને અમદાવાદ ગયો. ત્યાં મારૂ પ્રધાનને મળ્યો અને તેની સાથે બંદોબસ્ત કરી રાખ્યો; અને કુંવરોને માથે મૂકી તેમના ઉપર બળતી તાપણી મૂકીને પાદશાહની પાસે લઈ ગયો. તે જોઈને પાદશાહ બોલ્યો: "કુંવરો દાઝી મરશે, "એમને હેઠે ઉતારો." ત્યારે કુંવર બોલ્યા: "ઈડરવાળે અમારી ધરતી "લઈ લીધી છે, અને આ તો પાદશાહની ધરતી છે. અમારે રહેવા જેટલી "ધરતી રહી નથી." ત્યારે પાદશાહે કહ્યું: "હિમ્મત રાખો, અને નીચે ઉતરો." પછી તેમણે પોતાની સર્વ વાત પાદશાહને કહી એટલે ઈડર ઉપર તેમની સાથે ફોજ મોકલવાને રાજી થયો, અને નજરાણાના રૂપિયા એક લાખ લેવાના ઠરાવ્યા. લશ્કર આગળ ચાલ્યું અને ઈડર આગળ પડ્યું. રાવ ભાણે તેના સરકારને કહાવ્યું: "તરસંગમાવાળાએ તમને જે આપવાનું પયઠું હશે "તે હું આપીશ માટે તમે તમારૂં લશ્કર પાછું લઈ જાઓ." પણ સરદારે કહ્યું: "મારે તો પાદશાહના હુકમ પ્રમાણે કરવું જોઈયે." આવું સાંભળીને રાવ ભાણ પોતાના કુટુંબ સહિત ન્હાશી ગયો, અને લશ્કરે ઈડર માર્યું અને રાવનો મ્હેલ જમીનદોસ્ત કરી નાંખ્યો. મારૂ રાવતે કહ્યું: "આ મ્હેલનો એકેકો ઈંટાળો લઈને જે હરણાવ નદી આગળ લઈ "જઈને નાંખશે તેને એકેકો મ્હોર આપીશ." તે ઉપરથી ઘણા સિપાઈ-ઓએ એકેકો પત્થર લઈ જઈને હરણાવ આગળ ઢગલો કર્યો. તેનું સામળાજીનું દેવાલય બંધાવ્યું. તે ગઢા ગામ આગળ નદીને કિનારે છે. ત્યાંથી લશ્કર તરસંગમે ગયું એટલે ઈડરનું થાણું તે જગ્યા છોડીને ન્હાશી ગયું. તે પછી એ થાણું આબાદ કરીને કુંવરોને સ્વાધીન કર્યું. એટલે લશ્કરના સરદારે મારૂ રાવતને કહ્યું: "હવે મને પયઠેલાં નાણાં આપો." ત્યારે મારૂ રાવત કહે: "મારી પાસે અહિં રૂપિયા નથી, પણ મારો ભંડાર સુવા-"સણાના ડુંગરામાં છે, માટે તમે ત્યાં આવો તો આપું." એમ કહીને તે કુંવરને માતાજીને આશરે મૂકીને લશ્કરની સાથે ચાલ્યો. તેણે ફોજને વરશંગ તલાવની પાળે ઉતારી. આ તલાવ ગઢવાડામાં ટીંબા અને ભાટવાશની વચ્ચે છે. પછી તેણે કહ્યું: "હું જઈને ખજાનો ઉઘડાવીને રૂપિયા લઈ "આવું છું." એમ કહીને તે સુદાસણાના ડુંગરામાં સંતાઈ પેઠો. પછી

ફોજવાળાએ એક બે દિવસ વાટ જોઈ, પણ તે આવ્યો નહિ, એટલે તેનો શોધ કરવા માંડ્યો, તથાપિ તેનો પત્તો લાગ્યો નહિ. છેવટે, તેણે ફોજના સરદારને કહાવ્યું: "જો તમે બાંહધરી આપો તો આવીને તમારૂં પતાવી "જાઉં." પછી બાંહધરી આપી એટલે રાવત છાવણીમાં આવ્યો અને બોલ્યો: "મારી પાસે પૈસો તો નથી, પણ આ બેરાળુ પ્રગણું છે તે હું "પાદશાહને ઘેર ધરાણે મૂકું છું, તે જ્યારે મને રૂપિયા મળશે ત્યારે પ્રગણું "છોડાવી જઈશ." એમ કહીને તેણે બેરાળુ પ્રગણું લખી આપ્યું, પણ કેટલાંએક ગામોમાં વાંટા રાખ્યા.

આશકરણજી રાણાની વેળામાં, અકબરનો એક શાહજાદો કાંઈ વાંક કરીને દિલ્હીથી ન્હાશી આવ્યો. તે ઉદયપુર, જયપુર અને રાજવાડાની (રજપૂતાનાની) બીજી કેટલીયેક જગ્યાએ ગયો, પણ કોઈયે તેને પોતાના રક્ષણ નીચે રાખ્યો નહિ. છેવટે તે તરસંગમે ગયો. આશકરણજીયે તેને રાખ્યો, તે ત્યાં રહ્યો, અને તેણે કાલવાણ નામના ડુંગરા ઉપર કિલ્લો બાંધ્યો. આ જગ્યા તરસંગમાથી આશરે ત્રણ માઈલને છેટે છે. એક દિવસે શાહજાદો બહુ ખુશી થયો ત્યારે, રાણાને પોતાની વીંટી આપવા લાગ્યો. તે વીંટી ઘણી મૂલ્યવાન હતી, અને તેમાં ઊંચો હીરો જડેલો હતો. પણ રાણાએ કહ્યું: "હું એ હવણાં નહિ લઉં, પણ જ્યારે તમારી "તકરાર પતી રહેશે અને તમે જ્યારે સલાહસંપમાં જશો ત્યારે તમે "જે મને આપશો તે હું લઈશ." તેના એક માણસે તેને કહ્યું: "એ "શાહજાદો સ્થિર મનનો નથી, માટે તમે વીંટી લીધી નહિ ને આવેલો "લાગ જવા દીધો તો ઠીક કર્યું નહિ." આ વાત સાંભળીને રાણાને પોતાના કુળ ઉપર થયેલા શાપની વાત સાંભરી આવી કે તરસંગમાના રાણા પાછળ-બુધિયા છે. બીજે દિવસે તે શાહજાદા પાસે ગયો, અને બોલ્યો: "આપ "જે વીંટી કાલે મને આપતા હતા તે આજે આપશો?" પણ શાહજાદે ઉત્તર આપ્યું: "હું જ્યારે જઈશ ત્યારે તમને આપતો જઈશ." આ પ્રમાણે કહ્યું તો ખરૂં પણ તે આપ્યા વિના પશ્ચિમ ભણી ગયો. ત્યાં ભૂજના રાવ ભારમલજીએ તેને પકડીને દિલ્હી પ્હોંચતો કર્યો. આ ચાકરી ઉપરથી રાવ ભારમલજીને મોરબી પ્રગણું મળ્યું.[1] પછીથી જ્યારે પાદશાહ અને શાહજાદાને સલાહ થઈ, ત્યારે, પાદશાહે તેને પૂછ્યું: "તને કોણે કોણે "શરણે રાખ્યો?" તેણે કહ્યું: "તરસંગમાના આશકરણજિયે મને રાખીને

[1] પૃષ્ઠ ૫૦૧ મે જે વાત લખી છે તેનો આ એક ભૂલભરેલો સંબંધ છે. તે પ્રમાણે તો શાહજાદો એટલે અમદાવાદનો ત્રીજો સુલ્તાન મુઝફ્ફર હતો.

"મારી બહુ ચાકરી કરી." તે સાંભળીને પાદશાહે આશકરણજીને શરપાવ મોકલીને મહારાણાની પદવી આપી. શાહજાદાએ પણ પેલી વીંટી મોકલી દીધી, તેમાં ઘણો મૂલ્યવાન હીરો જડેલો હતો. આશકરણજીને ત્રણ કુંવર હતા—વાઘ, જાયમલ, અને પ્રતાપસિંહ.

રાણા વાઘના વખતમાં ઈડરના રાવ કલ્યાણમલની રાણી ભાણવંતી ઉદયપુરના રાણાની કુંવરી, અને વિનયામતી જાડેજી ભૂજના રાવની કુંવરી હતી. તે બંને રાણિયો પ્રતિ સોમવારે મહાદેવની પૂજા કરવા સારૂ બ્રહ્મખેડમાં આવતી હતી.[1] તે જગ્યા ભૃગુ ક્ષેત્ર કહેવાય છે. ત્યાં આગળ હરણાવ નદી વ્હે છે. ત્યાં સુધી રાણો વાઘ પોતાના સીમાડાનો દાવો રાખતો હતો, તેની કહેવત ચાલે છે જે,

"હું રાણો વાઘ, મારો હરણાવ સુધી ભાગ."

રાણા વાઘને કોઇયે કહ્યું હતું કે, ઈડરના રાવની રાણિયો બહુ સુંદર છે, અને તે ઉપરથી તેમને જોવાનો તેણે નિશ્ચય કર્યો હતો. તે એક સોમવારે ભૃગુ ક્ષેત્રમાં બ્રાહ્મણનો વેશ લઈને ગયો. રાણિયોએ મહાદેવની પૂજા કરીને બ્રાહ્મણોને કપાળે ચાંદલા કરીને દક્ષિણા આપવા માંડી. તેમાં રાણા વાઘને પણ ચાંદલો કરીને દક્ષિણા આપવા માંડી, પણ તેણે લીધી નહિ. ત્યારે તેને પૂછ્યું: "તમે શા માટે લેતા નથી?" તેણે કહ્યું: "મેં કાશિયે જઈને "નિયમ લીધો છે જે કોઈની દક્ષિણા લેવી નહિ." પછી રાણિયો ગઈ, અને રાણો પણ પાછો ગયો. તથાપિ તે રાવ કલ્યાણમલના જાણવામાં આવ્યું.

પછી રાવે રાણા વાઘેલાના ભાઈ જાયમલ સાથે મિત્રતા કરીને તેને ઈડરમાં રાખ્યો. વેગરણો જમાદાર જે નાગર બ્રાહ્મણ હતો, અને વટલીને મુસલમાન થયો હતો, તેને ને પાદશાહને કજિયો થયો, એટલે અમદાવાદ છોડીને તે ઈડર આવ્યો. તેને પણ રાવે રાખ્યો. રાવે આ જમાદારને કહ્યું: "જો તું મને "રાણા વાઘને પકડીને આપે તો હું તને વડાલી ગામ આપું." વેગરણાએ વડાલિયે જઈને તે પોતાને સ્વાધીન લીધું, અને રાણા વાઘ સાથે સારી પેઠે મિત્રતા કરી. એક સમયે રાણા વાઘને સાભ્રમતીના લાંકને આરે જમાદારે કસુંબો પીવાને બોલાવ્યો. રાણાજીનો ઉમરાવ મંજી વાછાવત જે દીવડીનો ઠાકોર હતો તેના મનમાં આવ્યું કે, આજે રાણોજી એકલા જાય છે તે નક્કી કેદ પકડાશે. એમ જાણીને, તેણે તેને લાંક જવાની ના કહી, પણ રાણાજીના

[1] અહિંયાં જે વર્ણન આપ્યું છે તે દાંતાની વાત પ્રમાણે આપ્યું છે, અને પૃષ્ઠ ૫૨૩-૪ મે આપ્યું છે તે ઈડરની વાત પ્રમાણે છે.

કુળને ઋષિનો શાપ હતો તેથી આગળ મતિ ઉપજી નહિ. તે ઉપરથી તેણે જવાને હઠ લીધી એટલું જ નહિ, પણ મંજી વાછાવતને પણ પોતાની સાથે આવવાની ના કહી. પરંતુ ઠાકોરના મનમાં એટલી બધી બ્હીક ભરાઈ ગઈ હતી કે છેટે છેટે તે તેની પછવાડે ગયો. રાણો વાઘ લાંકને આરે જઈ પ્હોંચ્યો અને વેગરણાની સાથે રાવણું કરીને દારૂ પીધો. ત્યાર પછી, વેગરણાના માણસોએ તેને ઝાલી લીધો. એક તેનો ચાકર મરાયો ને એક ન્હાશી ગયો. મંજી ઠાકોર મૂકાવાને આવી પ્હોંચ્યો, અને તેણે પોતાના ભાલા વડે એક બે માણસોને મારી નાંખ્યા, પણ પછીથી તે મરાયો. જમાદારે રાણાને વડાલી લઈ જઈને કેદ કર્યા, અને રાવને લખી મોકલ્યું: "મેં રાણા વાઘને પકડ્યો છે, માટે "તમે એમના ભાઈ જાયમલને કેદ કરજો."

એ પત્ર રાવ પાસે આવ્યો. તે સમયે જાયમલ સાથે રાવ મેડા ઉપર સોગઠાં રમતા હતા, અને નીચે નીસરણી આગળ એક રજપૂત નામે સાલુભૂત કરીને ચાંપા તથા ખાપરેટાનો ઠાકોર બેઠો હતો. કાશદે તેને જઈને કહ્યું: "રાવજી ક્યાં છે? હું વડાલીથી કાગળ લઈ આવ્યો છું." ઠાકોરે પૂછ્યું: "કાગળ શા વિષેનો છે? મને કહેવાને તારે ડરવું નહિ, "હું રાવનો ચાકર છું." કાશદે કહ્યું: "રાણા વાઘને પકડીને કેદ કર્યાનો "કાગળ છે." એટલે સાલુભૂતે કહ્યું: "રાવજી પોઢ્યા છે માટે તું અહિયાં બેશ, "હું જઈને જોઈ આવું, જો એ જાગતા હશે તો હું તને બોલાવીશ. પણ "જો ઉંઘ્યા હશે અને તું ઉતાવળો બોલીને જગાડીશ તો તે તારા ઉપર કોપશે." એમ કહીને સાલભૂતે તેને ત્યાં બેસાર્યો અને ઉપર જઈને રાવની પછવાડે અને જાયમલ દેખે એમ ઉભા રહીને તેને ઇશારત કરી કે "રાવ! તમારૂં માથું "કાપી નાંખશે." પણ તે જાયમલના સમજવામાં આવ્યું નહિ. ત્યારે ઠાકોરે નીચે આવવાની તેને ઈશારત કરી. ત્યારે જાયમલ સમજ્યો અને કંઈ સબબ બતાવી નીચે ગયો. સાલુભૂતે સર્વે વાત કહી, એટલે તે પોતાને ઉતારે જઈને ઘોડે સ્હડીને ઉત્તર દિશા ભણી બાલેશી (મહુ) જતો રહ્યો. તેણે પચીસ માઈલ સુધી લાગલાગટ ઘોડાને દોડાવ્યો તેથી તે આકોડિયા ગામની ભાગોળે પ્હોંચ્યો ત્યારે ઘોડો ફાટી પડ્યો. જાયમલ ત્યાંથી પગે ચાલીને ગામમાં ગયો, અને વરજાંગ બાદુવા ચારણના ઘરમાં સંતાયો. વરજાંગના દીકરા સદુજિયે પૂછ્યું: "તમે કોણ છો? અને તમારી હકીકત શી છે?" તે ઉપરથી જાયમલજી બોલ્યો: "રાવનાં માણસ મારી પછવાડે પડ્યાં છે, માટે મને "ઉગારી શકો તો રાખો નહિ તો, કહિં દૂર પ્હોંચાડો." ત્યારે ચારણે કહ્યું: "મારા માથા સાટે હું રાખીશ, પણ હું મરીશ ત્યાં સુધી રાવ તમને છોડશે

"નહિ. માટે આ બે ઘોડિયોમાંથી તમને જે સારી લાગે તે લઈને ન્હાશી "જાઓ; અને જ્યારે તમારો ગ્રાસ વળે ત્યારે મારી ખબર લેજો." પછી જાયમલ કેશર નામની ઘોડી લઈને નાઠો તે હેમક્ષેમ ખેરાળે જઈ પ્હોંચ્યો.

હવે રાવને કાશદ પાસેથી કાગળ મળ્યો એટલે તે વાંચીને જાયમલની પછવાડે માણુસ મોકલ્યાં તે જ્યારે આકોડિયે આવી પ્હોંચ્યાં ત્યારે મરેલો ઘોડો જોઈને તેમને ખાતરી થઈ કે એ ન્હાશીને આ ગામમાં ભરાયો છે. તેઓ ચારણને ઘેર ગયા અને અમારો ચોર આપો એમ કહીને બૂમરાણ કરવા લાગ્યા. ત્યારે ચારણે કહ્યું: "તે મને ઠગીને મારી ઘોડી લઈને ન્હાશી "ગયો છે. તે કોણ છે તે પણ હું જાણતો નથી." પછી તેઓ તેની પછવાડે વીસ પચીસ માઈલ ગયા, અને ત્યાંથી પાછા ઈડર આવ્યા. જાયમલે ખેરાળા પ્રગણામાં માણસો એકઠાં કર્યાં, અને તરસંમે જઈને તે કબ્જે કરી લીધું અને ત્યાં સામાન એકઠો કરવા માંડ્યો. એટલામાં, રાવ કલ્યાણ-મલ ફોજ લઈને ત્યાં આવ્યો. ત્યાં લડાઈ થઈ, પણ રાવનું કંઈ ચાલ્યું નહિ એટલે તે ઈડર પાછો જતો રહ્યો. રાવની સાથે કજિયો ઘણા દિવસ લગી ચાલ્યો.

દરમ્યાન રાણાની ચાકરીમાં મ્હેપો અને રાજધર કરીને બે ભાઈ મહાવડના ઠાકોર હતા અને વજાશણાનો કોળી ઠાકોર દ્હેપો કરીને હતો તેની પાસે એંશી માણસ હતાં. આ દ્હેપાએ ઈડર ઉપર હલ્લો કરવાને રજા માગી, તે તેને મળી. એટલે, પોતાના માણસને ઈડરવાડાનાં ન્હાનાં ન્હાનાં ગામમાં મૂકીને બે ત્રણ માણસ લઈને પોતે ઈડર ભણી ચાલ્યો. ત્યાં રાવના દરબારમાં ભવાયા રમતા હતા, ત્યાં ઠાકોર ગયો, અને બીજા જોવા બેઠા હતા તેમાં તે પણ ભળી ગયો. પછી રાવનો ભાઈ કેશવદાસ ત્યાં જોવાને આવ્યો હતો તેને ઓળખી રાખ્યો. આ કેશવદાસની દીકરી રાણા વાઘ ઉપર ગોખેથી કાંકરિયો મારતી હતી, ત્યારે રાણો રોવા જેવો શબ્દ કરે, તે ઉપરથી રમનારા ને જોનારા સર્વે હસે. આવો મામલો જોઈ રાણા વાઘે કહ્યું: "જ્યાં સુધી મારો કોઈ વારસ આ છોકરીને રડાવશે નહિ ત્યાં "સુધી મારો જીવ ગતે જવાનો નથી," રાણાને આવા દુ:ખમાં જોઈને દ્હેપા ઠાકોરને ઘણું માઠું લાગ્યું. હવે જ્યારે ખેલ ભજવાઈ રહ્યો અને કોઈ આપે તે લેવાને થાળી ફેરવી ત્યારે દ્હેપાએ પોતાના હાથમાંથી કડું ક્હાડીને તેમાં નાંખ્યું. ત્યારે ભવાયાએ કહ્યું: "આ કોણ આપે છે. અમે કોનાં વખાણ "કરિયે?" પણ દ્હેપાએ કંઈ કહ્યું નહિ. ત્યારે પાસે ઉભા હતા તેઓએ કહ્યું "કે કોઈ દારૂ પીધેલાએ આપ્યું હશે. તમને પરમેશ્વરે આપ્યું તો તમારે

"પૂછપરછ કરવાનું શું કારણ છે?" પછીથી તેમણે ફરીથી તાસક ફેરવી ત્યારે ઠાકોરે બીજું કડું નાંખ્યું. આ વેળાએ અર્ધી રાત ગઈ હતી, તેવામાં, રાવના ભાઈ કેશવદાસ બ્હાર ગયા. દેપો તેની પછવાડે ગયો, અને મશાલચીના હાથ ઉપર ઝટકો મારીને મશાલ પાડી નાંખી. પછી કેશવદાસનું માથું કાપી લઈને તે ન્હાશી ગયો. ત્યાં બૂમ પડી કે રાવના ભાઈ મરાયા! તે વખતે પેલી છોકરિયે રડવા માંડ્યું, અને છાતી કૂટવા માંડી, અને રાણા વાઘે આ વાત જ્યારે સાંભળી ત્યારે તેણે તરત જ આપઘાત કર્યો. જ્યાં લગી રાણો જીવતો હતો ત્યાં લગી રાવ નિત્યનિત્ય તેને કહેતો: "જો થોડાં "ગામ તું મને લખી આપે તો હું તને છોડું." પણ રાણો તે વાત માન્ય કરતો નહિ અને માત્ર એટલું જ ઉત્તર આપતો કે,

"હું રાણો વાઘ મારો હરણાવ સુધી ભાગ."

હવે જ્યારે દેપો પોતાની મેળે નકળો થયો ત્યારે પોતાનાં માણસો સાથે સંતલસ કરી રાખી, અને તે પ્રમાણે એક ડુંગર સળગાવ્યો, એટલે તેનાં માણસ જે જૂદે જૂદે ઠેકાણે મૂકયાં હતાં તેમણે તે તે ગામમાં આગ મૂકી.

પછીથી દેપો તરસંગમે આવ્યો, અને જાયમલને રામ રામ કરીને કહ્યું જે, અંબાજિયે મારી લાજ રાખી. જાયમલે તેને ભીમાલ ગામ આપ્યું. તે દેપાનો વંશના હજી લગણ વજાસણામાં ખેતી કરે છે. રાણા જગતસિંહે તેના વંશજ પાસેથી ભીમાલ ગામ પાછું લીધું, અને તેનો ચોથો ભાગ આપવાનો ઠરાવ્યો તે આજ લગી તેઓ ખાય છે.

રાવે ચારણ બાડુવા સદુજીને બોલાવીને કહ્યું જે મારા ચોરને તેં બચાવ્યો માટે તારે મારા દેશમાં રહેવું નહિ. જ્યારે રાણા જાયમલે આ વાત સાંભળી ત્યારે તેને તરસંગમે તેડાવીને પાણિયાલી ગામ આપ્યું અને પોતાનો દસોંદી સ્થાપીને પોતાની પાસે રાખ્યો.[1]

રાણા જાયમલની ચાકરીમાં મ્હેપો અને રાજધર એ બે ગઢિયા હતા. તેઓ થોડાક દિવસની રજા લઈને પોતાને ઘેર ગયા. રસ્તે જતાં ગોહડા ગામને પાદર નદી ઉપર ઉતર્યા, તેવામાં એક રબારી બકરાં લઈને આવ્યો તેને તેઓએ પૂછ્યું કે, આ બકરાં કોનાં છે? ત્યારે તેણે જવાબ દીધો કે, રાણાજીનાં છે. પછી ગઢિયાએ કહ્યું કે અમે પણ રાણાજીના છિયે માટે અમને એક બકરૂં આપ્ય. રબારિયે બકરૂં આપ્યું નહિ, એટલે જોરાવરિયે લઈને માર્યું.

૧ જે ચારણ પાસેથી આ વૃત્તાન્ત મળ્યો છે તે ચારણ સદુજીના વંશનો છે. તેને હજી પાણિયાલી ગામનો સોળમો ભાગ મળે છે.

પછી તેણે તરસંગમે જઈને રાણાને ફરિયાદ કરી કે, ના કહી છતાં ગઢિયાયે, જબરાઈથી એક બકરૂં લઈને મારી નાંખ્યું. તે વાત રાણાએ સાંભળી ને કહ્યું કે, એ લોકો બહુ ઉન્મત્ત થયા છે માટે તેમને હવેથી જોઈ લઈશું. તેમના કોઈ મિત્રે આ વાત તેમને જણાવી અને લખ્યું કે બરાબર તપાસ કર્યા વિના જો તમે પાછા આવશો તો તમને રાણો મારી નાંખશે. પછી તે ગઢિયા છ મહિના સુધી ઘેર બેશી રહ્યા, ત્યારે રાણાએ તેમને તેડું મોકલ્યું. એટલે તેઓએ કહ્યું કે, રાણાનો અમને વિશ્વાસ નથી માટે બાડુવા સદુજીની બાંહધરી આપો તો આવિયે. આ પ્રમાણે સમાચાર લઈને ચાકર પાછો આવ્યો. એટલે રાણાએ પોતાના કારભારીને બોલાવીને અને સરદારોને એકઠા કરીને ચારણ જાણે નહિ એમ તેના નામનો બાંહધરીનો કાગળ તેઓની સલાહથી મોકલ્યો. જ્યારે મ્હેપાએ અને રાજધર ગઢિયાએ તે કાગળ વાંચ્યો, ત્યારે તરસંગમે આવ્યા અને ગામને પાદર એક બાગમાં ઉતારો કરીને રાણાની હુઝૂરમાં જવાને તૈયાર થયા. તેવામાં બાડુવો સદુજી તેઓને મળવા ગયો, અને મળીને કહ્યું જે, તમે ધણી ને ચાકર ફરીને એકઠા થયા તે બહુ સારૂં થયું. તે સાંભળી તેઓ બોલ્યા કે, ખરી વાત, પણ અમે તો અહિં તમારા બાંહધરીના કાગળ ઉપરથી આવ્યા છિયે. સદુજિયે કહ્યું કે બાંહધરી વિષેનો શબ્દ પણ મને ખબર નથી; તે ઉપરથી તેમણે તેને કાગળ બતાવ્યો. ત્યારે તેણે ફરીને કહ્યું કે, આ વિષે કશું હું જાણતો નથી માટે તમારે જેમ કરવું ઘટે તેમ કરજો. ત્યારે બંને ભાઇયે માંહોમાંહે એક યુક્તિ કરી અને ન્હાનો ભાઈ મ્હોટા ભાઈની સાથે કજિયો થયાનું મિષ કરીને ચાલતો થયો. એટલે સર્વ લોક મ્હોટા ભાઈની આસપાસ વીંટાઈ વળીને સમજાવવા લાગ્યા કે, તમે જઈને તમારા ભાઈનું મન મનાવીને પાછા તેડી લાવો. મ્હેપો તે પ્રમાણે ઘોડે અશ્વાર થઈને રાજધરને પાછો બોલાવી લાવવાને બ્હાને નીકળ્યો અને જ્યારે તેઓ એકઠા થયા ત્યારે ઘોડા મારી મૂકીને માહાવડ જતા રહ્યા.

જ્યારે રાણાએ સાંભળ્યું કે ગઢિયા તો પાછા જતા રહ્યા છે ત્યારે તેના કારણ વિષે તેણે તપાસ કર્યો. તે ઉપરથી લોકોએ કહ્યું કે બંને વચ્ચે કજિયો થયો છે, અને એક રીસાવીને જતો રહ્યો છે, તેને પાછો વાળવાને બીજો ગયો છે. તો પણ રાણાએ મનમાં વિચાર્યું કે કોઇયે તેમને ભેદ કહ્યો હશે. તેથી તેણે ગઢવીને બોલાવીને પૂછ્યું કે તમે એમને મળવાને ગયા હતા કે નહીં! અને તમે કંઈ વાત કરી હતી કે કોઈ બીજાએ કરી હતી? ગઢિયાનો ચાકર વાલિયો કોળી અફીણિયો હતો અને રાણાની પાસે રહીને પાનની બીડિયો તૈયાર કરવાનું કામ કરતો હતો. ચારણે કહ્યું કે કદાપિ એ વાલિયાએ કહ્યું હશે તેથી તેઓને

તેઓ ન્હાશી ગયા હશે. રાણાએ કોળીને બોલાવીને સારી પેઠે ધમકાવ્યો, અને તેને ફહાડી મૂક્યો, એટલે એ પણ માહાવડ ચાલતો થયો. ત્યાર પછી બાડવા સદુજિયે રાણાને કહ્યું: "બહુ સારૂં કર્યું ઠાકોર! તમે મને "ઈડરના રાવ સાથે કજિયો કરાવીને અહિંયાં તેડી લાવ્યા અને મારા નામની "જૂઠી બાંહધરી મોકલીને ગઢિયાઓને અહિં બોલાવીને મારી આબરૂ લેવાનું "કામ કર્યું. હવે હું તમારા દેશમાં રહેવાનો નથી." પછી તે ક્રોધનો માર્યો નીકળ્યો અને મ્હેપાએ તથા રાજધરે તેને છાનોમાનો બોલાવ્યો હતો તેથી તે પણ માહાવડ ગયો. ત્યારે તે ઠાકોરો ગઢવીને ગામ આપવાના વિચારમાં હતા એટલામાં રાણાને તે વિષેની ખબર થયાથી તેને મનાવી આણીને પાણિયાલીમાં રાખ્યો.

પછી ઈડરની ફોજ તરસંગમા ઉપર ચડી આવી, અને એક લડાઈ થઈ, તેમાં બંને બાજુનાં ઘણાં માણસ મરાયાં. આખરે ફોજ ઈડર ભણી પાછી ગઈ. આ વેળાએ તેઓ તરસંગમાના એક નાગરને ઝાલી ગયા, અને તેને રાવ કલ્યાણમલને સોંપી દીધો. રાવે તેનું નાક કાપી નાંખવાની આજ્ઞા કરી, ત્યારે નાગર બોલ્યો: "એ તો ઠીક છે, હું કલ્યાણમલની ફોજ સાથે "હતો એવું એ ઉપરથી જણાશે." રાવે પૂછ્યું: "તારા બોલવામાં શો ભેદ "છે?" નાગરે ઉત્તર આપ્યું: "તમે મને એકલાને પકડીને મારૂં નાક કાપી "નાંખશો ત્યારે એ ઉપરથી તમારી આખી ફોજનું નાક કપાયું કહેવાશે." તે સાંભળીને રાવે તેને કંઈ કર્યા વગર ફહાડી મૂક્યો.

ફોજ જે વેળાએ પાછી જતી હતી તે વેળાએ કણબીની એક બાયડી પોતાના ધણી સારૂ ભાતું લઈ જતી હતી. રાવે તેને દીઠી અને તે ભૂખ્યો હતો તેથી પૂછ્યું: "તમારી પાસે શું છે!" તે બોલી: "ખીર છે." પછી તેણે લઈને તે ખાવા માંડી. પણ ખીર ઉની હતી તેથી તેની આંગળિયો દાઝી. એટલી પેલી બાયડી બોલી: "વાહ રે! તમે તો કલ્યાણમલ જેવા ઠગારા દેખાઓ છો?" રાવે પૂછ્યું: "એમ કેમ વારૂ?" તે બોલી: "રાવ તરસંગમું લેવાને આજ દશ "દશ વર્ષથી ફાંફાં મારે છે પણ આસપાસનાં ગામડાં પ્હેલેથી લીધા વિના મ્હેનત "કરે છે તે પેશ જતી નથી. તે પ્રમાણે તમે પણ કોરે કોરેથી ટાઢી થયેલી "ખીર ખાવાને બદલે એકદમ વચ્ચે હાથ ઘાલીને આંગળિયો બાળી." તે સાંભળીને રાવે મનમાં વિચાર કર્યો: "એ કહે છે તે બરાબર છે, એનાથી "મને ખરેખરો બોધ મળ્યો." પછી તેણે પેલા ગઢિયાઓને પોતાની છાવણી-માં બોલાવીને કહ્યું: "તમે મારી ફોજના ઉપરી થાઓ." ત્યારે તે બોલ્યા: "અમે રાણાનું લુણ ખાધું છે અને ઘણા દિવસ સુધી એના કૂવાનું પાણી

"પીધું છે. તેથી એને એક વાર સમજાવવાને અમને રજા આપો. જો તે "અમારું માનશે નહિ તો અમે તમારા કહેવા પ્રમાણે કરીશું." પછી મ્હેપો તરસંગમે ગયો અને રાણાને કહ્યું: "આ પીપળાનાં ઝાડ તરસંગમાના કિલ્લા "ઉપર આવ્યાં છે માટે કપાવી નાંખો, નહિ તો શત્રુ ઝાડ ઉપર ચડીને તમારા "મ્હેલ ઉપર મારો ચલાવશે." રાણો બોલ્યો: "અહિયાં સુધી આવે એવો "કોણ બળિયો છે? વળી પીપળાનું ઝાડ કાપવું અને બ્રાહ્મણને મારવો એ "બે બરાબર[1] છે; માટે હું એકે કપાવનાર નથી." જ્યારે ગઢિયાએ બહુ આગ્રહ કર્યો ત્યારે રાણો બોલ્યો: "જા તુંય પણ તેમના ભેગો ચડજે, હું તારાથી ડરતો નથી." પછી ગઢિયો રાવની છાવણીમાં પાછો આવ્યો, અને બોલ્યો: "રાણો તો માનતો નથી." ત્યાર પછી તેમણે ફોજના ત્રણ ભાગ કર્યા; બે ભાગ બે ગઢિયાને સોંપ્યા અને એક ભાગનું ઉપરીપણું રાવે પોતાની પાસે રાખ્યું. તેઓ તરસંગમા ઉપર જૂદે જૂદે રસ્તે ચાલ્યા, અને તે ઘેરી લઈ કિલ્લા ઉપર ચડીને શહરમાં ઉતર્યા. ત્યારે રાણો પોતાનું કુટુંબ લઈને દાંતે ન્હાશી ગયો. આ લડાઈમાં રાણાના સરદાર કામ આવ્યા, તે નીચે પ્રમાણે હતા:—ખેત, મેહેદાસ, પાહાડખાન, પ્રતાપ, ગોપાળસિંહ, અને વીરભાણ. રાણાના ઉમરાવોમાંના જગમાલે ઈડરના એક સરદાર સેનખાનને ઠાર કર્યો.

રાણો જાયમલ અને કુંવર જેતમાલ દાંતે ગયા, એટલે શત્રુ તેમની પછવાડે પડ્યા, તે ઉપરથી તેઓએ માતાજીની ઓથ ઝાલી, અને રાવના ઉપર બ્હારવટે નીકળ્યા. કલ્યાણમલ ગામે ગામ થાણું મૂકીને ઈડર પાછો ગયો. તરસંગમાના થાણાનો ઉપરી માલો ડાભી હતો; સરામાં રેહેવર હતા; થાણામાં મેઘો જાદવ હતો. રાણા જાયમલનાં માણસ અને ઘોડાં ર્‌હેતાં ર્‌હેતાં ઓછાં થઈ ગયાં અને છેવટે તે મરણ પામ્યો.

જાયમલના મરણ પછી, કુંવર જેતમાલ, માતાજીને બારે ઘણા દિવસ સુધી લાંઘવા બેઠા, પણ માતાજિયે કાંઈ ભાળ લીધી નહિ, ત્યારે છેવટે, કમળપૂજા કરવાની તેણે તૈયારી કરી. એટલે માતાજિયે તેના હાથ ઝાલ્યા અને કહ્યું: "તું તારે ઘોડે ચડીને નીકળી પડ, હું તને સાહાય્ય થઈશ. આજના

---

[1] શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે કે:—

अश्वत्थः सर्ववृक्षाणाम् देवर्षीणां च नारदः ।
गंधर्वाणां चित्ररथः, सिद्धानां कपिलो मुनिः ॥


"ઝાડમાં પીપળો મારૂં રૂપ છે, સર્વ ઋષિયોમાં નારદ મારૂં રૂપ છે, ગાંધર્વોમાં ચિત્રરથ મારૂં રૂપ છે, અને સિદ્ધમાં કપિલ મુનિ મારૂં રૂપ છે." ર. ઉ.

"દિવસમાં જેટલી ધરતી પછવાડે ઘોડે બેશીને ફરી વળીશ તેટલી તારી થશે, "અને જ્યાં અટકીશ ત્યાંથી તારી સીમા બંધ થશે." ત્યારે જેતમાલ પોતાની પાસે થોડા સવાર રહેલા હતા તેટલા લઈને નીકળી પડ્યો. પ્હેલાં તો તેઓ રેહેવરોને થાણે આવ્યા, ત્યારે અશ્વારોનું મ્હોટું દળ પાસે આવતું હોય એવું તેમના જોવામાં આવ્યું, તેથી થાણાવાળા તેમનાં ઘોડાં અને સરસામાન મૂકી દઈને ન્હાશી ગયા. ત્યાર પછી તેઓ મેઘા જાદવને થાણે જઈ પ્હોંચ્યા. ત્યાં પણ માતાજીની સાહાય્યતાથી ડુંગરાની બાજુએ ઝાડે ઝાડે એકેકો ઘોડેસ્વાર જોયો, તેથી તેઓ પણ ગભરાઈને ન્હાશી ગયા. મેઘો પોતાના ઘોડાને ન્હવરાવા વળગ્યો હતો તેને ઝાલી લઈને ઠાર કર્યો. ત્યાંથી પછી તેઓ તરસંગમે ગયા અને ત્યાંનું થાણું ન્હસાડી મૂક્યું. ત્યાર પછી ધોરાદ અને હુરાદમાંથી શત્રુઓને ક્હાડી મૂક્યા. ત્યારે રાણો જેતમાલ થાક્યો, અને ઘોડા ઉપરથી નીચે ઉતરવા લાગ્યો. એટલે બીજા રજપૂતોએ પ્રાર્થના કરીને કહ્યું: "હવણાં તમે નીચે ઉતરશો નહિ." પણ તેણે કહ્યું: "હવે મારાથી વધારે વાર ઘોડા ઉપર "બેશી રહેવાય એમ નથી." એમ કહીને તે નીચે ઉતરી પડ્યો, અને માતાજીનું વચન પૂરૂં થયું. ત્યાર પછી તરસંગમું ઉજ્જડ કરીને રાજગાદી દાંતે લઈ ગયા. દાંતેથી બે માઈલને છેટે પશ્ચિમમાં, નવા વાસના રસ્તા ઉપર દાંતોરિયા વીરનું થાનક છે તે ઉપરથી દાંતા નામ પડેલું છે. વીરને થાનકે માટીના ઘોડા કરીને લોક ચડાવે છે. દાંતે આવ્યા પછી તરત જ જેતમાલ મરણ પામ્યો.

પ્રકરણ ૧૦.

ઈડરના રાવ

ઈડરના રાવ કલ્યાણમલની પછી તેનો કુંવર રાવ જગન્નાથ ગાદિયે બેઠો. કલ્યાણમલ રાજ્ય કરતો હતો તે વેળાએ કારભારિયોની બે ટોળિયો બંધાઈ હતી. તેમાં એક વસાઈ, મુંડેટી, અને કરિયાદરાના દેસાઈ જમીનદારોની હતી, અને તેમને પોશીનાના વાઘેલા ઠાકોરો અને ડેરોલના સરદારોની સાહાય્ય હતી. બીજી ટોળી રણાસણના રેહેવર ઠાકોર ગરીબદાસ, ઈડરના મુસલમાન કસબાતિયોના મુખ્યિયો, અને વડાલીના મોતીચંદ શાહ મજમુદારની હતી. આ વેળાએ, ઈડરની ખંડણી મુદતસર ઉઘરાવાને મુસલમાનો ફોજ મોકલવા લાગ્યા, અને વડોદરાનો વૈતાલ બ્હારોટ, જેને રાવનો કિતાબ મળ્યો હતો, તે પાદશાહને ત્યાં રાઠોડ રાજાઓનો જામીન થયો હતો. ઈડરની જમાબંદી દિલ્હીની વતી અમદાવાદમાં ચૂકતી હતી. દર વર્ષે ખંડણી



ઈડર દેશમાંની એક વાવ

પૃ. ૫૪૮

ઉઘરાવી લેવાનો ચાલ પડ્યો ન હતો, પણ અમદાવાદના સૂબાની પાસે પૂરતું જોર થતું ત્યારે તે દર પાંચ કે દશ વર્ષે વસુલ કરી લેતો. રાવ જગન્નાથ ગાદિયે બેઠો ત્યાર પછી, મુસલમાની સત્તા નિત્ય નિત્ય વધતી ચાલતી હતી, અને રહેતાં રહેતાં ઈડરની ખંડણી પ્રતિ વર્ષે વસુલ કરી લેવાનો ચાલ પડી ગયો હતો. અને વૈતાલ બ્હારોટ હજી લગણ હામી ભરતો હતો. છેવટે તેનું રાવજી પાસે એટલું બધું હ્હેણું થઈ ગયું હતું કે, રાવે તે ખોટું કરવાને તેનું કાટલું ફ્હાડવાનો નિશ્ચય કર્યો. પછી એક દિવસે તેને ઉતારે એક દાસી મોકલી અને તેની સાથે તેણે વ્યભિચાર કર્યો એવો દોષ મૂકીને તેને શહરમાંથી ફ્હાડી મૂકયો. એટલે બ્હારોટ ત્યાંથી વડોદરે ગયો અને ત્યાર પછી દિલ્હી જઈ પ્હોંચ્યો. તે વિષે નીચેની હકીગતથી જણાશે.

આ બનાવ બન્યા પછી રાવ જગન્નાથને,[1] ડુંગરપુરના સિસોદરા રાવળ પૂંજા સાથે ઉચ્ચ પદ વિષે કજિયો થયો. તેઓની સીમા ઉપર શામળાજીનું દેવાલય છે ત્યાં આશરે ઈ૦ સ૦ ૧૬૫૦ ની સાલમાં મળ્યા. આ વેળાએ રાવળ પૂંજાનો રૂમાલ નીચે પડી ગયો, એટલે રાવ તેના કરતાં ન્હાનો હતો તેથી તેણે ઉપાડી લઈને રાવળને આપ્યો. પણ વાત તો એમ ચલાવી કે રાવળે જોરાવરી કરીને રાવને પગે લગાડ્યો. આ વેળાએ મોહનપુરનો ઠાકોર મોહનદાસ રેહેવર હતો, તેણે રાવની સારી ચાકરી બજાવી હતી. તેણે ડુંગરપુર ઉપર ચડાઈ કરીને રાવળને કેદ કર્યો, અને જ્યારે તે રાવને પગે પડ્યો ત્યારે તેને શિરપાવ આપીને વિદાય કર્યો. રાવળ પૂજા કરવા બેઠો હતો તે વેળાએ રાવે તેને પકડ્યો હતો, અને જે મૂર્ત્તિની તે પૂજા કરતો હતો તે ઠાકોર લઈ ગયો તે હજી લગણ મોહનપુરમાં છે. આ વિષે ભાટે જે કવિતા કરી છે તે નીચે પ્રમાણે છેઃ—

कुंडळियो—पूंजो पाय लगाडियो, ईडर हंदे राव;
जोर कियो जगनाथिये, दीनो सबळो दाव;
दीनो सबळो दाव, रात्रे रावळने रेंड्यो;
की अचरज कमधज्ज, खगों बळ पात्रो खेंश्यो;
गरपरानाथ ईजत गई, चास लगी जद ताडियो;
केळ परो झाले कर, पूंजो पाय लगाडियो.

એક દિવસે રાવ જગન્નાથ જેવામાં મોડાસામાં હતા તેવામાં દિલ્હીથી એક હકીમ આવ્યો. તેણે ધાતુપુષ્ટિનું ઔષધ આપ્યું, ને કહ્યું કે, રાણીને

---

૧ ઈડરના વાવમાં રાવ જગન્નાથ સંબંધી લેખ ઇ. સ. ૧૬૪૬ની સાલનો છે.
૨ શકોડ. ૩ તરવાર. ૪ ડુંગરપુર.

મળવાનું થાય ત્યાર પછી ખાવા માંડવું. જગન્નાથ ઈડરથી થોડે માઈલને અંતરે આવ્યા ત્યારે તેણે ઔષધ ખાધું, તેથી જ ઘણું કરીને મરણતુલ્ય થઈ ગયો તે તરત તો બચ્યો ખરો પણ તે દિવસથી તેનાથી ટટાર ઉભા રહેવાતું જ નહિ.

હવે વૈતાળ બ્હારોટે દિલ્હી જઈને પાદશાહને સોનાની રિકાબી ભેટ કરી, તેમાં પાણી ભરીને આંબાનું પાંદડું, શેલડીનો કડકો, તથા ખાખરાનાં પાંદડાંની ખીશકોલી બનાવીને તેના મ્હોમાં સાકરનો કડકો આપ્યો હતો. બાદશાહે પૂછ્યું કે આમ કરવાનું શું કારણ છે, ત્યારે બ્હારોટે ઉત્તર આપ્યું,—

"એક ઠેકાણે સોનાના થાળ જેવી ધરતી છે, તેમાં પુષ્કળ પાણી છે, "અને તેમાં આંબાનાં ઝાડ અને શેલડી થાય છે, પણ ખાખરાની ઝાડીમાં[1] "ખીશકોલી રહે છે તે સાકર ખાઈ જાય છે. જો આપ પાંચ હજાર[2] અશ્વાર "આપો તો તે દેશ હું આપના કબજામાં કરી આપું." આ ઉપરથી પાદશાહે શાહજાદા મુરાદને હુકમ મોકલ્યો કે પાંચ હજાર અશ્વાર લઈને વૈતાળ બ્હારોટની સાથે જવું. આ વેળાએ મુરાદ અમદાવાદનો સરસૂબો હતો. રાવ જગન્નાથનો વકીલ દિલ્હી હતો, તેના જાણવામાં આ વાત આવી. એટલે કાશદ મોકલીને રાવને કહાવી મોકલ્યું કે, વૈતાળ બ્હારોટની સાથે ઈડર ઉપર લશ્કર મોકલવાની તૈયારી થઈ છે. રાવે બ્હારોટનું અપમાન કરયું હતું તે વાત આ સમયે તો પોતે ભૂલી ગયો હતો, તેથી તેણે તેને દોસ્તીદાવે લખ્યું: "મારો તમારા ઉપર સંપૂર્ણ ભરોંસો છે, માટે ઈડર ઉપર ફોજ ચડવાની "છે કે નહિ તે લખી મોકલજો." વૈતાળ બ્હારોટે ઉત્તર વાળ્યો: "તમારે "જરા ડરવું નહિ." પણ ફોજ તો મુરાદની સાથે ચડી અને એકે પણ ઘા કર્યા વિના ઈડર તાબે કરી લીધું.

છપય—संवत सत्तर प्रमाण, वर्ष बारोत्तर वीमळ;
त्रीज तिथि रविवार, मास आसो पख निर्मळ;
शाहजादो मुराद, लेण गढ ईडर आयो;
करवा रोषां काज, साथ जगनाथ सजायो;
वैताळ भाट न दियो वढण. कुड करी राव का'ढियो;
पूंज राज अंग पड्या पछी, लोहा बळ ईडर लियो.

---

૧ તે દિવસે ઈડરની આસપાસ ખાખરાનું જંગલ હતું ને તે તેના કિલ્લા જેવું બની રહ્યું હતું તે વિષેનું સૂચન અહિં છે.

૨ અંગરેજીમાં પાંચસે અશ્વાર લખ્યા છે તે ભૂલ થયેલી જણાય છે. ર. ઉ.

છેલ્લી લીટીમાં પૂંજો લખ્યો છે તે રાવ જગન્નાથનો દીકરો થતો હતો, તે મુસલમાનો ઉપર બ્હારવટે નીકળ્યો હતો. તે જ્યાં સુધી જીવ્યો ત્યાં સુધી ખરેખાત મુસલમાનોથી 'ઈડરગઢ પોતાનો કહેવાયો નહિ.

गीत—रात्रे रेहेंच्या पठाण पडे रण, इंडरिये दळ आणी;
नाव! नाव! करती निशवासरे, पडे धाहे पठाणी.
पूंजेजी खळै खेत पछाड्या, तणेरी नहि तबीबी;
कंत तणे दख भांगिये कांकण, बूम करे सुख बीबी.
जोध जडे कमधज्जे जणांरे, खार्ग रोहिलां खाया;
मेली धाह दिये मुगलाणी, नाव किसीका ना'या.

રાવ જગન્નાથ ઈડરથી નાઠો તે પોળે જઈને રહ્યો અને ત્યાં પછી તરત જ મરણ પામ્યો.[૮]

મુરાદ શાહે ઈડર લઈને સૈયદ હાથા નામના મુસલમાની સરદારને અધિકારી ઠરાવીને ત્યાંના પ્રધાનોને કારભાર ઉપર રહેવા દીધા અને પોતે પાછો ગયો. ત્યાર પછી સૈયદ હાથાએ રાવોનાં આપેલાં શાસન પાછાં ખૂંચાવી લીધાં, તે ઉપરથી ભાટ અને ચારણો પોતપોતાનાં ગામડાં છોડીને માલપુરના ઠાકોરને આશરે જઈને રહ્યા, તેઓનું તેણે રક્ષણ કર્યું.[૯]

---

૧ રાત દહાડો. ૨ બૂમો અથવા નિશ્વાસ મૂકવો. ૩ રણભૂમિ. ૪ તેની. ૫ રાઠોડ રજપૂત. ૬ ખડ્ગ, તરવાર. ૭ મોગલ.

૮ આ રાવના ઉપર કવિતા થયેલી છે તેનો પ્રારંભ નીચે પ્રમાણે થાય છે.

"જગ બોળ્યું જગન્નાથિયે, નીચ કલ્યાણરો સુત."

જે ભાટ અમારા (ફારબસ) આગળ એ કવિતા બોલતો હતો, તેણે અદબ કરવાને હાથ ઉંચા કર્યા હતા તે ઉપરની બે તુક બોલ્યા પછી પાછા પડ્યા, તેની ડોક તેની છાતી ઉપર નમી ગઈ, તેની આંખ્યોમાં આંસું ભરાઈ ગયાં, અને ગળગળો થઈ બોલવા લાગ્યો: "મારે રાવજીનું વાંકું શું કરવાને બોલવું જોઈયે?" આ વેળાએ અને ત્યાર પછી પણ કેટલીક વાર તેને એ પૂરી કરવાને કહ્યું પણ તેણે કરી જ નહિ.

નીચે પ્રમાણે એ કવિતા કેટલાક ભાટ બોલે છે:

જળ ખોયું જગનાથિયા, કલ્લાતણા કપૂત;
વટલાવ્યા બ્રાહ્મણ વાણિયા, રખડાવ્યા રજપૂત. ૨. ઉ.

૯ ઈડરગઢના ઓળગુ, સાંસણ દે સુખદાય;
વિસામો દે વાંકડા, માલપરા ધરમાંય.

ભાટે કહ્યું કે, અમે ઈડરગઢના આશ્રિત છિયે, માટે અમને હે સુખદાયક ગામ આપો. હે વાંકા! અમને માલપરા ધરતીમાં વિસામો આપો. ૨. ઉ.

જગન્નાથના કુંવર પૂંજા વિષે ભાટ લોકો નીચે પ્રમાણે વર્ણન આપે છેઃ–

પૂંજો ન્હાનો હતો તેથી દિલ્હી પોષાક લેવાને ગયો. ત્યાં જયપુરનો રાજા પોતાના મ્હોટા મામા વીરમદેવના વારાનું જૂનું વૈર મનમાં રાખીને ધારવા લાગ્યો કે પૂંજાને શીરપાવ થાય તે ઠીક નહિ, અને તે ઉપરથી પાદશાહને તેણે સમજાવ્યો કે, ઈડરનો રાજકુંવર ઘણો ઉન્મત્ત છે તેથી તેની હવણાંની બાલ્યાવસ્થામાં એનું રાજ બથાવી પડવાનો સારો લાગ છે. પાદશાહે પૂછ્યુંઃ "ન્હાનો રાવ ઉન્મત્ત છે એ વિષેની મારી ખાતરી શી રીતે થાય?" રાજાએ કહ્યુંઃ "એની પાસે એક સુંદર ઘોડો છે તે તમે માગજો. જો તે "સીધેસીધો આપે તો જાણજો કે પૂંજો રાજભક્ત છે, પણ આપે નહિ તો "ઉઘાડી રીતે જણાશે કે એ દગાખોર છે." પાદશાહે તે વાત સાચી માનીને ઘોડો લેવાને માણસ મોકલ્યું, પણ જયપુરના રાજાએ અગાઉ જઈને રાવ પૂંજાને સમજાવી રાખ્યું હતુંઃ "પાદશાહ તમારૂં અપમાન કરવાને ઇચ્છે છે, અને "તમારો ન્હાશ કરવાનો નિશ્ચય કર્યો છે, માટે તમે એકદમ ઘેર પાછા જતા "રહો તો બહુ સારૂં." રાવ તે સાંભળીને જતો રહ્યો. તેની પછવાડે પાદશાહની ફોજ થઈ, અને દિલ્હીથી પચીશ માઈલ ઉપર એક ગામ હતું ત્યાં તેને ઘેરી લીધો. પણ તે એક સૂતારના ઘરમાં ભરાઈ ગયો, અને અતીતોના એક ઝુંડમાં મળી જઈને કેટલાક દિવસ સુધી તેમની સાથે ભટકતો ફર્યો. એટલામાં તો પાદશાહની ફોજે ઈડર લઈ લીધું, અને રાવ પૂંજાની માએ જાણ્યું કે મારો દીકરો મરી ગયો હશે તે ઉપરથી તે પોતાને પિયર ઉદયપુર જતી રહી. કેટલાક દિવસ પછી રાવ પૂંજો અતીતોની સાથે ઉદયપુર જઈ પ્હોંચ્યો અને ત્યાં પોતાની માને અને રાણાને મળ્યો. પછી તેણે તેનું વંશપરંપરાનું રાજ્ય પાછું અપાવાને એક ફોજ તેની મદદે મોકલી. રાવ પૂંજો તે લઇને ચાલ્યો અને ઈડર પાછું જિતી લીધું. ત્યાં તેણે પોતાનું ર્‌હેઠાણ રાખ્યું, પણ રાણિયો અને ખજાનો સરવાણમાં રાખ્યો. તેણે સંવત ૧૭૧૪ (ઈ૦ સ૦ ૧૬૫૮)માં ઈડર પાછું લીધું, અને છ મહિના રાજ્ય કર્યું. ત્યાર પછી તે ઝેર દેવાયાથી મરણ પામ્યો.

રાવ પૂંજાનો ભાઈ અરજનદાસ આ વેળાએ ધામોદની નાળમાં ર્‌હેતો હતો. ત્યાં તેણે ર્‌હેતાં ર્‌હેતાં એક હજાર શિરબંધી એકઠી કરીને અમદાવાદ પ્રગણા ઉપર વખો કર્યો. એક સમે દેવલિયાનો રાજકુંવર, વાંસવાડાનો રાજકુંવર, લુણાવાડાનો રાજકુંવર અને ડુંગરપુરનો રાજકુંવર, એ સર્વે અમદાવાદથી ઘેર જવા સારૂ નીકળ્યા હતા, ત્યાં રસ્તામાં રણાસણમાં ઉતારો કર્યો.. તેણે તે ઠેકાણે તેમની સારી ચાકરી કરી, અને જેવા ત્યાંથી રવાને થઈને

ચાલવા માંડ્યા કે રાવ અરજનદાસના જાણવામાં આવ્યું. એટલે તેણે મુદ્દામ માણસ મોકલીને તેમને કહાવ્યું જે, મને મળીને જજો. તેથી તેઓ ધામોજ ગયા, અને મસલહત કરી જે રણાસણની જગ્યા વિકટ છે, માટે ત્યાં રહીને રાવ હલ્લા કરે તો અમદાવાદ અને ઈડરે સુધી દોડ કરી શકે. એવો ઠરાવ કરીને રાવની સાથે તેઓ મળી ગયા, અને તેમનાં સર્વનાં માણસ એકઠાં કર્યાં તો પાંચ હજાર થયાં. હવે કુંવરો જ્યારથી રણાસણ આવ્યા હતા ત્યારથી રેહેવરો તપાસ રાખતા હતા કે રખેને તેઓ રાવ અરજનદાસને મળી જઈને આપણી જગ્યા ઉપર નજર કરે. રાવ અને તેના મસલહતિયા એકાએક ચડી આવ્યા તેના પ્હેલાં તો રેહેવરો તૈયાર થઈ રહ્યા હતા, અને ઝાંપા આડા રહીને જેવા તેઓ રણાસણમાં પેસતા હતા તેવો જ તેમના ઉપર તાશેરો માર્યો. તેમાં અરજનદાસ, અને ડુંગરપુર, લુણાવાડા અને દેવલિયાના કુંવરો માર્યા ગયા. વાંસવાડાનો કુંવર જીવતો રહ્યો તે ચાર જણની લાશો લઈને ન્હાઠો. તેણે પાછો ધામોજમાં આવીને તેઓને અગ્નિસંસ્કાર કર્યો. અરજનદાસને એક કુંવર હતો તે તે વેળાએ પાંચ વર્ષનો હતો. તેને તે કુંવર વાંસવાડે લઈ ગયો, અને તેના જીવતરને અર્થે વાગડ માંહેલા ટુટિયાબળનો પટો કહાડી આપ્યો. તે પટો હજુ સુધી તેના વંશવાળા ભોગવે છે.

રાવ અરજનદાસના મરણ પછી, જગન્નાથનો ભાઈ ગોપીનાથ, બ્હારવટે રહ્યો, અને તેણે અમદાવાદ સુધી વખો કરવા માંડ્યો. આ વેળાએ પાદશાહનું જોર નરમ પડેલું હતું તેથી સૈયદ હાથાએ દેસાઈયો અને મજમુદારોને બોલાવીને કહ્યું કે, રાવ જો દેશ ઉપર વખો કરે નહિ તો કાંઈક રકમ તેને બાંધી આપિયે, માટે તમે જઈને તેમને સમજાવો. પણ તેઓએ કહ્યું કે, એ કામ ભાટ અને ચારણો વિના થવાનું નથી. તે ઉપરથી સૈયદ હાથાએ ભાટ અને ચારણોને પાછા બોલાવીને રાવ પાસેથી જે શાસન મળતું તે પાળીને તેમનાં ગામ પાછાં આપ્યાં. ત્યાર પછી, જોગીદાસ ચારણ, જે કુમાવાનો હતો, તેણે ઠરાવ કરીને રાવને વોળ ગામ આપ્યું. તે હજી લગણ ઈડરના રાવને તાબે છે. સૈયદ હાથાની પછી કમાલખાન સૂબો થયો. તે ઘણો આળસુ હતો. તેણે પોતાના રાજ્ય ઉપર કશું લક્ષ આપ્યું નહિ. તેથી તેને કહાડી મૂકવાનું ગોપીનાથને ફાવ્યું, ને ઈડર પોતાને સ્વાધીન કરી લઈને આશરે પાંચ વર્ષ રાજ્ય કર્યું. રણાસણના ઠાકોર ગરીબદાસ રેહેવરને બ્હીક લાગતી હતી કે, જો રાવના તાબામાં ઈડર આવશે તો તે વ્હેલો મોડો રાવ અરજનદાસનું વૈર લેશે. આગળ લખ્યા પ્રમાણે ગરીબદાસ ઈડરમાં એક બલવાન ટોળીનો મુખી હતો, અને કસબાતિયો પણ તેનામાં સામેલ

હતા. તેમની સાહાય્યતાથી તે અમદાવાદ જઈને રાવને ક્હાડી મૂકવાને એક ફોજ લઈ આવ્યો. રાવ ગોપીનાથને બે રાણીયો હતી. એક પેથાપુરના વાઘેલાની દીકરી હતી, અને બીજી ઉદયપુરની હતી. તે સિવાય બીજી બે રાખેલી હતી. આ ચારે સ્ત્રિયોને લઈને તે ઈડરગઢમાં ગયો, પણ કસબાતિયોએ તેની પછવાડે પડીને માંહ ધસારો કર્યો. તેથી તે ડુંગરા ઉપરથી કળનાથ મહાદેવ ભણી ઉતરી પડ્યો, અને રાણિયો ગોઝારિયા મગરા ભણી દોડી ગઈ. ત્યાં તેમણે જાણ્યું કે હવે સર્વને નાશ થયો, એટલે, ફાટા તલાવમાં પડીને મરણ પામી. રાવ ગોપીનાથ કળનાથ મહાદેવમાં પેઠો હતો. તેને સવા શેર અફીણનું બંધારણ હતું તેની તલપ થઈ હતી. તેવામાં વડાલીનો એક બ્રાહ્મણ મહાદેવની પૂજા કરવાને ત્યાં આવી પ્હોંચ્યો. તેને પોતાના હાથનાં સોનાનાં બે કડાં આપીને કહ્યું કે, આમાંથી એક તને બક્ષીસ આપું છું પણ બીજાને વેચીને તેનું અફીણ મને આણી આપ તો મારાથી સરવાણ જઈ પ્હોંચાય. વળી બ્રાહ્મણને તેણે વચન આપ્યું કે, મને ઈડર પાછું મળશે તો હું તને એક ગામ આપીશ. બ્રાહ્મણ તે કડાં લઈને પોતાને ઘેર ગયો, અને જે બન્યું હતું તે પોતાની સ્ત્રીને કહી સંભળાવ્યું. ત્યારે તેની વહુએ તેને સલાહ આપી કે, હવે તમારે પાછા જવું નહિ, કેમકે રાવ જો જીવતો હશે તો કોઈ દિવસે પણ કડાં પાછાં માગશે. ગોપીનાથને આ પ્રમાણે અફીણ મળ્યું નહિ તેથી તે મરણ પામ્યો, અને ત્યાર પછી, ઈડરની ગાદી ગઈ તે ગઈ, તેમના વંશવાળાને કદિ પાછી મળી જ નહિ.

વડાલીના મજમુદાર મોતીચંદ અને વસાઈના દેસાઈ, એઓ ઈડરનો કારભાર કરવા લાગ્યા, અને પ્રધાનપણું ગરીબદાસ રેહેવર કરવા લાગ્યો. ગોપીનાથનો કુંવર કરણસિંહ જીવતા સુધી સરવાણમાં રહ્યો. તેને બે કુંવર હતા, એક ચાંદો અથવા ચંદ્રસિંહ હતો, તેની મા હુલવદના ઝાલાજીની દીકરી હતી; અને બીજો માધવસિંહ કરીને હતો તેની મા દાંતાવાળાની દીકરી થતી હતી. ચાંદો સરવાણમાં મ્હોટો થયો, અને માધવસિંહની માને અડેરણ જીવાઇમાં આપ્યું હતું ત્યાં તે ઉછર્યો. છેવટે, માધવસિંહ વખે નીકળ્યો, અને પોશીનાના પટામાં મોજે ચાંપલપુર છે ત્યાં પાદશાહની ફોજ સાંથે લડાઈ કરી. ત્યાર પછી, ત્યાંથી તે વેરાબરનો પટો દબાવી પડીને ત્યાં રહ્યો. તેનો વંશ આજે પણ ત્યાં છે.

સંવત્ ૧૭૫૨ (ઇ. સ. ૧૬૯૬)માં રાવ માન અને ગોવિંદ રાઠોડ રાવ ચાંદાના સગા થતા હતા તે, તેને મેવાડથી આવી મળી ગયા, અને તેઓ એકઠા મળીને ઈડર ઉપર વખો કરવા લાગ્યા. સંવત્ ૧૭૭૪

(ઇ૦ સ૦ ૧૭૧૮)માં દેસાઇયોએ મુસલમાન કિલ્લેદારોને હાંકી મૂક્યા ને રાવ ચાંદાને ઈડરમાં લાવ્યા. રાવ ચાંદાએ ઠીક ઠીક રાજ્ય ચલાવી શકાયું નહિ. એટલે વાઘેલા અને રેહેવરોએ ઈડરનાં ગામ દબાવી પડવા માંડ્યાં. તેમાં વાઘેલાઓએ વડાલી સુધી દેશ કબ્જે કરી લીધો, અને રેહેવરોએ પોતાની હદ સાબળી સુધી વધારી. આ વેળાએ પાલિયાનો ઠાકોર મરણ પામ્યો, તેથી તેની ગાદી ઉપર બેસનારને તરવાર અને શિરપાવ આપવાનો પ્રસંગ પ્રાપ્ત થયો, તેથી આ બ્હાનું ફ્હાડીને રાવ ચાંદાએ ઈડર છોડીને નીકળી જવા પ્રયત્ન કર્યો, પણ તેની શિરબંદિયે પોતાનો ચઢેલો પગાર લેવાને તેને અટકાવ્યો. ત્યારે વલાસણાનો ઠાકોર સરદારસિંહ તે વેળાએ ઈડરમાં હતો તેને બાંહધરી આપી, અને તેને રાજકારભાર સોંપીને પોતાની વતી મૂકીને ગયો, તે પછી કદિ પાછો આવ્યો જ નહિ.

સરદારસિંહે થોડા દિવસ સુધી રાવને નામે ઈડરમાં રાજ્ય કર્યું, પણ છેવટે ત્યાંના દેશાઇયોએ અને મજમુદારોએ તેને ગાદી ઉપર બેસાર્યો. સરદારસિંહનો પ્રધાન લેહીનો ઠાકોર સામળાજી જે વલાસણનો ભાઇયાત થતો હતો તે ઘણો હિમ્મતવાળો અને બહુ કુશળ હતો. તેણે વાઘેલાઓએ અને રેહેવરોએ દબાવેલાં ગામ પાછાં હાથ કરી લીધાં. તે જય પામતો ગયો, તેથી ઘણા જણા તેના શત્રુ થયા; અને કસબાતિયોએ સરદારસિંહને સમજાવ્યો કે સામળાજી તમારો અને અમારો ઘાણ વાળવાના વિચાર કરે છે. રાવે આ વાત માની, અને સામળાજીને ફ્હાડી મૂક્યો તે પોતાની મેળે રસ્તે પડ્યો. તેની જગ્યાએ બચ્છા પંડિતને વડોદરેથી બોલાવ્યો. ત્યાર પછી તરત જ સરદારસિંહને અને કસબાતિયોને કજિયો થયો અને સરદારસિંહ ઉઘાડો પડી ક્હેવા લાગ્યો કે જ્યાં સુધી એ લોકોનું કાટલું થયું નથી ત્યાં સુધી મારાથી ઈડરમાં ર્‌હેવાવાનું નથી. પણ આ પ્રમાણે કરવાની પોતાનામાં શક્તિ રહી નહિ, એટલે, તે વલાસણે જતો રહ્યો. ત્યાર પછી, બચ્છો પંડિત ઈડરમાં રાજ્ય કરવા લાગ્યો. તેની સાથે કસબાતિયો, મોતીચંદ મજમુદાર, અને રણાસણનો અદેસિંહ રેહેવર કારભાર કરવા લાગ્યા. આ વેળાએ દેસાઇયો પડતી દશામાં આવી પડ્યા હતા. બચ્છા પંડિતે અમદાવાદના સરસૂબાને ખંડણી આપીને ઈડરમાં રાજ્ય કરવા માંડ્યું, પણ દેસાઈયો નિરાશ થઈ ગયા હતા, અને લાલસિંહ ઉદાવત સોરઠથી મેવાડ જતાં વસાઈ આવી પ્હોંચ્યો હતો તેને સર્વ વાત કહી ત્યારે તેણે તેમને કહ્યું કે, જો તમારી મરજી હોય તો હું તમને સારો રાજા આણી આપું. દેસાઇયોએ તે વાત માન્ય કરી, અને દસ્તાવેજ કર્યો, તે ઉપરથી લાલસિંહ પોશીને જઈને મહારાજ આનંદસિંહ અને તેના ભાઈ-

ચોને ઈડર લઈ આવ્યો. સંવત ૧૭૮૭ (ઈ૦ સ૦ ૧૭૩૧)માં બચ્ચા પંડિત પાસેથી આનંદસિંહે ઈડર લીધું.

હવે રાવ ચાંદા વિષે લિખિયે છિયે. પોળોના પઢિયાર રજપૂતોને ત્યાં રાવ ચાંદો પરણ્યો હતો, તેથી તેમને લખ્યું કે, હું કાશિયે મરતા સુધી જઈ વસવાને જવા સારૂં નીકળ્યો છું તે તમને છેલ્લા રામરામ કરવાને આવું છું. એ પ્રમાણે તે પોળોમાં બે મહિના રહીને કાશિયે જવાને નીકળ્યો. પોળથી દશ માઈલ ઉપર સરસાઉ કરીને ગામ છે ત્યાં રાવ મે'લાણ કરીને પડ્યો અને પોળે પોતાના સસરાને લખ્યું કે, આજે હવે છેક છેલ્લાં મારી સાથે બેશીને મીજબાની જમવા સારૂ આવીને પાછા જજો. તેઓ આવ્યા અને રાવની સાથે સારી પેઠે ખાધું પીધું અને પોળના રજપૂતો નીશાથી ખુબ ચકચૂર થયા ત્યારે રાવે સર્વને ઠાર કરાવ્યા. ત્યાર પછી રાવ પોળે જઈને ત્યાંની ગાદિયે બેઠો; તે હજી સુધી તેના વંશવાળા પોળમાં છે.

પ્રકરણ ૧૧.

ગોહિલ.[1]

ઉત્તર ગૂજરાતની સ્થિતિમાં જેમ ફેરફાર થતો ગયો, તેમ અમે તેનું વર્ણન કરતા કરતા મુસલમાનોનું થોડો કાળ નિભે એવું રાજ્ય બંધ થઈ

---

૧ આ ગોહિલ વંશ ચંદ્રવંશી છે, અન મેવાડના સીસોદીયા ગોહિલો સૂર્યવંશી છે.

મોહોદાસ (મારવાડમાં જૂના ખેરગઢમાં)
|
ઝાંઝરજી
|
૧ સેજકજી* ઇ. સ. ૧૨૬૦ સુરાષ્ટ્રમાં આવ્યા ને સેજકપુરમાં ગાદી સ્થાપી. ઇ. સ. ૧૨૯૦ સુધી રાજ્ય કર્યું.
|
૨ રાણોજી (રાણપુર ગાદી) ૧૨૯૦–૧૩૦૯ | શાહજી (પાલીતાણા) | સારંગજી (લાઠી)
|
૩ મોખડોજી. પીરમમાં ઇ. સ. ૧૩૦૯–૧૩૪૭
|
૪ ડુંગરસિંહજી ગોઘામાં (ઇ. સ. ૧૩૪૭–૧૩૭૦) | સમરસિંહજી

---

* ઠાકોર સેજકજી ખેરગઢથી સુરાષ્ટ્રમાં ક્યારે આવ્યા, તે વિષે જુદા જુદા ગ્રન્થકાર જુદી જુદી સાલ બતાવે છે. જેમ કે—

કાઠિયાવાડ સર્વસંગ્રહ પૃષ્ઠ ૬૨ મે ઇ. સ. ૧૨૯૦. એ જ પુસ્તકના પૃષ્ઠ

ગયું, અને જે વેળાએ બંદગીનો મોઝિન ભણીથી ઉત્તર મળતો બંધ થવા આવ્યો, તથા દરેક હિન્દુના દેવાલયમાંથી છૂટ પામેલા ઘંટનાદ થવા લાગ્યા,

---

(રાજપીપળા)

૫ વીજોજી. ઇ. સ. ૧૩૭૦–૧૩૯૫

૬ કાહાનોજી. ઇ. સ. ૧૩૯૫–૧૪૨૦

૭ સારંગજી. ઇ. સ. ૧૪૨૦–૧૪૪૫
(ઉમરાળા)

૮ શિવદાસજી, ઇ. સ. ૧૪૪૫–૧૪૭૦

૯ જેઠોજી ઇ. સ. ૧૪૭૦–૧૫૦૦

૧૦ રામદાસજી. ઇ. સ. ૧૫૦૦–૧૫૩૫

૧૧ સરતાનજી ઇ. સ. ૧૫૩૫–૧૫૭૦

૧૨ વીસોજી. સિહોરમાં ઇ. સ. ૧૫૭૦–૧૬૦૦

૧૩ ધુનાજી ઇ. સ. ૧૬૦૦–૧૬૧૯

૧૪ રત્નજી ઇ. સ. ૧૬૧૯–૧૬૨૦

૧૫ હરભમજી ઇ. સ. ૧૬૨૦–૧૬૨૨   ૧૬ ગોવિંદજી ૧૬૨૨–૧૬૩૬

૧૭ અખેરાજજી ૧૬૩૬–૧૬૬૦   સત્રસાલજી ૧૬૩૬–૧૬૩૬

૧૮ રત્નજી (બીજો) ૧૬૬૦–૧૭૦૩

૧૯ ભાવસિંહજી. ભાવનગર ઇ. સ. ૧૭૦૩–૧૭૬૪

---

૨૧૨ મે ઇ. સ. ૧૨૬૦. સૌરાષ્ટ્રનો ઈતિહાસ પૃષ્ઠ ૧૩૪ શાકે ૧૧૦૨–ઇ. સ. ૧૧૮૦. કવિ દલપતરામકૃત વિજયવિનોદમાં સંવત્ વિક્રમનો ૧૧૩૨=ઇ. સ. ૧૦૭૬. એક હસ્તલિખિત ઇતિહાસ–દિવાન વિજયશંકર ગૌરીશંકર ઓઝા કૃત, એમાં વિક્રમનો સંવત્ ૧૧૩૨=૧૦૭૬. જૂના શોધક ગૌરીશંકર હીરાચંદ લખે છે કે–વિક્રમ સં. ૧૧૫૦= ઇ. સ. ૧૦૯૪. ઉપરની વિગતથી સિહોરમાં ગાદી સ્થાપનાર વિસાજી પ્હેલાંની સાલો અનિશ્ચિત જણાય છે. તેથી પીરમમાં મોખડાજી કયારે થઈ ગયા, એ વિષે હજી સુધી ચોક્કસ થયું નથી.

રાસમાળા ભાગ ૧ લો પ્હેલી આવૃત્તિની ગુજરાતી ભાષાંતરમાં મોખડાજીએ સંવત્ ૧૨૦૬ (ઇ. સ. ૧૧૫૦)માં મોખડાજીએ પ્હેલું પરાક્રમ કર્યું એમ છપાયું છે, એ પણ શક પડતું છે. ર. ઉ.

અને શિવની ધ્વજા મરાઠાના દેશી રાજ્યના વાવટા નીચે, મુસલમાનોના બહુ સંતાપેલા પ્રભાસના દેવાલયથી તે હજી લગણ જેના દેવાલયને અપવિત્ર નહિ કરેલું, અને જ્યાં પ્રવેશ થાય નહિ એવી શિવની અર્ધાંગના અંબા ભવાનીના દેરા સુધી ઠેકાણે ઠેકાણે સર્વોપરી થઇને ફરીથી ફરૂકવા લાગી, ત્યાં સુધી, અમે લખી ગયા. દક્ષિણના રાજાઓ જેમ કલ્યાણના સોલંકી રાજાઓની વેળાએ ગૂજરાત તથા સોરઠ ઉપર તેમનું રાજ્ય વધારતા આપણા જોવામાં આવ્યા તેવી જ રીતે હવેથી પણ રાજ્ય ફેલાવતા આપણા જોવામાં આવશે. તથાપિ એ વાતનો પ્રારંભ કરિયે તેના પ્હેલાં, વિસારી મૂકેલી વલભીપુરી, લોલિયાણાના ધુળમાં મળી ગયેલ મિનારા, અને હવણાં દામાજી ગાયકવાડનું ધમધમાવી દેતું નામ ધારણ કરનાર શૈવી શિખરો જે જગ્યાએ ચડવાનાં છે તે જગ્યા, એ સર્વ વાતથી અમારા વર્ણનનો પ્રારંભ થયો છે તે તે સર્વે વિષય ઉપર એક વાર ફરીને અમારે અમારૂં ધ્યાન પ્હોંચાડવાનું છે.

સારંગજી[1] ગોહિલની પછી વારા પ્રમાણે તેનો પુત્ર શિવદાસ તથા ત્યાર પછી પૌત્ર જેતાજી ગાદિયે બેઠા. જેતાજીને બે કુમાર રામદાસ અને ગંગદાસ હતા, તેમાંથી ગંગદાસને તેના ભાગમાં ચમારડી[2] ગામ મળ્યું.

---

૨૦ અખેરાજજી (બીજો) ઇ. સ. ૧૬૬૪–૧૭૭૨ — વીસાજી (વળા)

૨૧ વખતસિંહજી ઇ. સ. ૧૭૭૨–૧૮૧૫

૨૨ વજેસિંહજી ઇ. સ. ૧૮૧૫–૧૮૫૨

ભાવસિંહજી (બીજા) કુંવર પદવીમાં જ દેવલોક થયા.

૨૩ અખેરાજજી (ત્રીજા) ઇ. સ. ૧૮૫૨–૧૮૫૪

૨૪ જસવંતસિંહજી ઇ. સ. ૧૮૫૪–૧૮૭૦

૨૫ તખતસિંહજી ઇ. સ. ૧૮૭૦–૧૮૯૬ મહારાજાનો કિતાબ મળ્યો હતો.

૨૬ ભાવસિંહજી ઇ. સ. ૧૮૯૬માં ગાદિયે બેઠા છે. તેઓનો દેહાન્ત સન ૧૯૧૯

૨૭ કૃષ્ણકુમારસિંહજી ગાદિયે બેઠા ૧૯૧૯

ભાવનગરના તાબામાં ૨,૮૬૦ ચોરસ મૈલ જમીન, ૬૪૫ ગામ, આશરે ચાર લાખ માણસની વસતી, અને વાર્ષિક ઉપજ સુમારે પચીશ લાખ રૂપિયાની છે. તેમાંથી અંગ્રેજ સરકાર અને ગાયકવાડ સરકારને જમાબંદી અને જૂનાગઢના નવાબને જોરતલબીના મળી રૂ. ૧,૫૪,૪૯૯ આપે છે.

[1] પૃષ્ઠ ૪૮૮–૯માં જુવો.

[2] તે ઉપરથી ચમારડિયા ગોહિલ કહેવાયા તે આજે ભુજમાં છે. ર. ઉ.

ભાટ લોકો કહે છે કે ગોહિલ રામદાસજી કાશિયે યાત્રા કરવા સારૂ ગયો ત્યારે ત્યાં ચૌદ હજાર બ્રાહ્મણોને જમાડીને એકેક અભરામી (મ્હોર) દક્ષિણામાં આપીને યાત્રા પૂરી થઈ રહી ત્યારે સંઘ પાછો મોકલીને પોતે એકલો ઉદયપુર ગયો. ત્યાં તેને કુંભા રાણાએ[1] પૂછ્યું: "તમે કેવા રજપૂત છો?" "અને તમારે શો ગ્રાસ છે?" ત્યારે રામદાસે ઉત્તર આપ્યો: "અમે ગોહિલ "રજપૂત છિયે અને અમારે ગોઘા અને ગોહિલવાડ છે." એ ઉપરથી રજપૂત રાણાએ પોતાની સુકોમળબા કુંવરી હતી તે રામદાસને પરણાવી. આ વેળાએ મહંમદ શાહની ફોજે ઉદયપુર ઉપર ચડાઈ કરી ને લંડાઈ જામી તેમાં રામદાસે ઘણાં માણસ, હાથી, અને ઘોડાને કત્લ કરયા. તેવામાં તેના માથામાં શાલિગ્રામ હતા તેના લડાઈમાં બે ચીરા થઈને પડ્યા. હાથીનો ઘંટ તેની ઉપર પડ્યો, ને કેટલાક સમય સુધી તેમને ઢાંકી રાખ્યા. ત્યાર પછી તે ઉપર સાપનો રાફડો થયો. ગોઘામાં સરતાનજી કુંવરે લડાઈના સમાચાર જાણ્યા; અને પોતાના બાપનું ક્રિયાખર્ચ કરયું. આ વેળાએ શાલિગ્રામે તેને સ્વપ્નમાં દેખા દઈને કહ્યું: "હું તારો ઇષ્ટ દેવ ઉદયપુરની ભોંયમાં ડટાયો છું; માટે અહિંથી મને કહાડી લઈ જા." પછી સતાજિયે રઘુનાથ દવે અને બીજા માણસોને મોકલીને શાલિગ્રામ કહાડી મંગાવ્યા. તેના બે વિભાગ થયેલા સંધાઈ ગયા છે તે હજી લગી દવેના વંશવાળા[2] પાસે સિહોરમાં છે, તે તેની પૂજા કરે છે અને તેને બદલે તેને વર્ષાસન મળે છે.

રામદાસજીને શાર્દૂલજી અને ભીમજી કરીને બીજા બે ન્હાના કુંવરો હતા તેમાંથી શાર્દૂલજીને મોજે અધેવાડું તેના ભાગમાં મળ્યું અને ભીમજીને મોજે ટાણા આપ્યું. તેથી તેના વંશના હજી લગણ ટાણિયા રાવળ કહેવાય છે.

મેવાડના ઇતિહાસમાં[2] લખ્યું છે કે, અલાઉદ્દીને ઈ૦ સ૦ ૧૩૦૩ માં ચિતોડ લીધું ત્યારે તેના સામા લડનારાઓમાં પીરંમનો એક ગોહિલ હતો. અને ઇતિહાસ લખનાર કહે છે કે તે બનાવ રામદાસજી ગોહિલના વારામાં બન્યો હતો. ભાવનગરના દરબારના ભાટ લોકો પણ, આપણે ઉપર લખ્યું તે પ્રમાણે રામદાસજી ગોહિલ, મેવાડના કુંભા રાણાની સાથે સંબંધમાં આવેલો જણાવે છે. ફિરિશ્તાના માળવાના ઇતિહાસમાં લખવા પ્રમાણે એ

૧ રાણા સંગની કુંવરી સાથે પરણ્યો હતો. એ રાણો ઇ. સ. ૧૫૦૯માં ગાદિયે બેઠો હતો. તે ૧૫૩૦ માં ઝેર દેવાથી મરણ પામ્યો છે.

૨ તેનું નામ હરજીવન દવે છે. ર. ઉ.

રાણાએ માળવાના **શાહ** **મહમૂદના** સામા થઈને ઈ૦ સ૦ ૧૪૫૪માં તેને હરાવ્યો હતો. આ છેલ્લો લખેલો સન રામદાસજીની વેળાના સન સાથે ભાગ્યે જ મળતો આવે છે. કેમકે તેનો પ્રપૌત્ર ધૂનોજી ઈ૦ સ૦ ૧૬૧૯ ની સાલમાં મરણ પામ્યો છે. વધારે સંભવ એવો લાગે છે કે, ગૂજરાતના બ્હાદુર શાહે ઈ૦ સ૦ ૧૫૩૨–૩૩માં[1] ચિતોડ ઉપર ચડાઈ કરીને તે લીધું તે વેળાએ તેનું રક્ષણ કરવા રાજવાડાના સર્વે પ્રદેશમાંથી ઘણા સાહાયકારી આવ્યા હતા તેમાં ગોહિલ રાજા હતા.

રામદાસના પુત્ર **સતાજીને** **વીસોજી**, દેવોજી, **વીરોજી**, **માંકોજી**, એ ચાર કુંવરો હતા. તેમાંથી **વીસોજી** ગાદિયે બેઠો, ને ત્રણે ન્હાના ભાઇયોને પછેગામ, અવાણિયા, અને નવાણિયા ગામ સાથે અનુક્રમે બીજાં બબ્બે ગામ મળ્યાં. દેવાજીના વંશના તેના નામથી દેવાણી ગોહિલ કહેવાય છે; **વીરાજીના** વંશના, તેના કુંવર **વાછાના** નામ ઉપરથી વાછાણિયા કહેવાય છે. તેમના હાથમાં હવણાં ખોખરા, **માંચી**, અને કનાડ છે.

અમે આગળ લખ્યું છે કે, **સિંહપુર** અથવા **સિહોર** શહર અણહિલવાડના રાજાએ બ્રાહ્મણોને દાન કરી દીધું હતું, તેઓએ બ્હારના બીજા કોઈની સત્તા નહિ માનતાં, અમે જે વેળા સુધીનુ લખતા આવ્યા છિયે તે વેળા સુધી તેઓએ જ તેની ઉપર કબ્જો રાખેલો જણાય છે, પણ માંહોમાંહેના કજિયાને લીધે, પછી **વીસોજી** ગોહિલ તેમનો ધણી થયો.

જવાળામુખી પર્વતના મુખને થોડી ઘણી મળતી આવે એવી **સિહોરની** જગ્યા દેખાય છે; તે સપાટ મેદાન છે, અને તેની આસપાસ ખડબચડા ડુંગરો વિંટાઈ વળેલા છે. પ્રાચીન શહરનું એકે ઘર હવણાં રહેલું નથી. તેના મધ્ય ભાગમાં એક શિખાકૃતિનો ન્હાનો ડુંગર છે તે **સાતશેરીનો** ડુંગર કહેવાય છે. તેની ટોચે એક બેઠક છે, તેમાં કહે છે કે **સિહોરના** બ્રાહ્મણો પ્રાચીન કાળમાં સભા ભરતા, અને ન્યાય ચૂકાવતા. આ ડુંગરની તલાટીની પાસે એક સુંદર કુંડ છે તે "બ્રહ્મ કુંડ" કહેવાય છે. તે ચોખંડો છે ને વિશાળ છે. તેની આસપાસ હિન્દુ સલાટની કારીગરીનાં પૂતળાં છે. તેની ચારે બાજુએ પગથિયાં તથા વચ્ચે વચ્ચે પ્રસ્તાર છે તેથી માંહ ઉતરાય છે. કુંડના ધાબાની આસપાસ દેવાલયો આવી રહ્યાં છે. તેથી એક જાતની દેવશાળા બની રહેલી છે. તે સર્વેની ચોમેર એક કોટ છે. કુંડની દક્ષિણ દિશામાં એક અપૂર્વ ડુંગર છે. તેને ત્રણ શિખર છે. તેથી તે તરસિંગડો ડુંગર કહેવાય છે.

---

૧ ટૉડકૃત રાજસ્થાન પુ. ૧ લું પૃ. ૨૬૬. ટૉડ્સવે. ઈ. પૃ. ૨૫૮–૯, ૨૬૬

૩ ટૉડરાજસ્થાન પુસ્તક ૧ લું પૃ. ૩૧૦.

પ્રાચીન સિહોરનો કોટ કેટલીક જગ્યાએ જોતાં, આગળ જ્યાં હતો તે ઠેકાણે ઓળખી કહાડી શકાય એવો છે. આ સર્વેની ઉત્તરમાં અર્વાચીન શહર છે, અને તે આસપાસના ડુંગરાની તળાટીની જોડાજોડ છે. તેની પશ્ચિમ દિશાએ ગોમતી અથવા ગૌતમી નદી વ્હે છે. તેના કિનારા ઉપર મરી ગયેલા માણસોને દાહ દીધેલા તે ઉપર તુળશીકયારા વગેરે બાંધેલી ઘણી નિશાનિયો છે. શહરથી થોડે છેટે, અને નદીની પાસે, બીજો એક ગૌતમેશ્વર કુંડ છે.

કહે છે કે, એ જાતિના બ્રાહ્મણો વચ્ચે પ્રાચીન સિહોર શહરના બે વિભાગ કરવામાં આવ્યા હતા, તેમાં રણા બ્રાહ્મણ દક્ષિણ ભાગમાં વસતા હતા, અને જાની બ્રાહ્મણ ઉત્તર ભાગમાં વસતા હતા. જાની બ્રાહ્મણની એક કન્યા રૂપવતી હતી, તે રણા બ્રાહ્મણને દીધી હતી. તે એક સમયે પોતાના ધણીના ઘરમાં વલોણું કરતી હતી, તે વેળાએ તેણિયે માથે નહિ ઓઢતાં ચોટલો છૂટો મૂકયો હતો. તેવામાં કેટલાએક બ્રાહ્મણો, સાત શેરીના ડુંગર ઉપરથી ચોમેર જણાય તેવી જગ્યાએ બેઠકમાં બેઠા હતા, તેમાં પેલી સ્ત્રીનો ધણી પણ હતો. પણ એક બ્રાહ્મણના જોવામાં તે આવ્યો નહિ, અને તે બોલી ઉઠ્યો: "આપણે પેલી બાયડીને દેખિયે છિયે તોય પણ તે માથે "ઓઢતી નથી. જેનો ધણી હીજડો હોય તેની બાયડી આવી નિર્લજ હોય" આ સાંભળીને પેલીના ધણીને હાડોહાડ લાગી ગઈ, ને ઘેર જઈને તેનો ચોટલો ને નાક કાપી નાંખ્યાં. પોતાની ઉપર આવું ઘાતકીપણું ગુજારયું માટે તે બાઈ રડતી કકળતી પોતાને પિયર ગઈ. એટલે તેના પિયરિયા વૈર લેવાને હથિયાર લઇને દોડતા આવ્યા. ત્યાં મારામાર થઈ અને તેમાં ઘણા બ્રાહ્મણો મારયા ગયા.[૧] એ જગ્યા આવી રીતે બ્રાહ્મણોના પવિત્ર લોહીથી ખરડાઈ, તેથી, ત્યાર પછી, તે ઘોજારી અને ઉજ્જડ થઈ, તે હજી લગણ "ઘોજારી ભોંય"ને નામે પ્રસિદ્ધ છે.

પછી જાની અને રણા વચ્ચે અદાવત ચાલી, અને બન્ને ટોળીવાળા કોઈ બીજા રાજાનો આશ્રય શોધવા લાગ્યા. જાની બ્રાહ્મણો રાણજી ગોહિલના ભાઈ શાહાજીના વંશવાળો ગારિયાધારમાં હતો તેમની પાસે ગયા, અને તેને વેર વાળવાના બદલામાં સિહોર તથા તેનાં ૧૨ ગામ આપી દેવાનાં ઠરાવ્યાં. એટલે ગારિયાધારનો ઠાકોર ફોજ એકઠી કરીને સિંહપુર ઉપર ચડયો. પણ તેને અપશુકન થયા, એટલે વાટમાં વિસામો કરયો તેથી તેનો લાગ જતો

૧ એ વેળાએ સવા મણ જનોઈ ઉતરયાં હતાં એવી દંતકથા છે. ર. ઉ.

રહ્યો. તેટલામા તો રણા[1] બ્રાહ્મણો ભણીથી રાવલ વીસાજી ગોહિલ ઉમરાળેથી આવ્યો. તેણે પોતાના પિત્રાઈને ન્હસાડીને સિહોરમાં પ્રવેશ કરયો, ને બધો રાજકારભાર લઈ લઈને બ્રાહ્મણોને ભોંય આપી, ત્યારથી, વડવા નામના જૂના શહરના ખંડેરમાં ભાવસિંહે પોતાના નામનું શહર વસાવ્યું, ત્યાં સુધી, સિહોર ગોહિલોની રાજધાની ચાલતી રહી.

ભાટ કહે છે કે, "ઉમરકોટ(ઉમરાળા)[2]નું બળ કોઈ શત્રુનાથી કદિ "જિતાયું નહિ. સતમાલજીનો પુત્ર હાથમાં તરવાર ઝાલીને આખા સોરઠમાં "ફરયો. વીસલ વાઘ જેવો હતો; તેની ભોંયનું એકેકું વીઘું તેને પોતાના "આંતરડા જેવું હતું, તે સરતાનજીના પુત્ર પાસેથી કોઈ પણ શત્રુ ગમે તેવો યત્ન કરતાં પણ પામી શકે નહિ."

વીસાજીની પછી રાવળ ધૂનોજી[3] ગાદિયે બેઠો; બીજા બે ન્હાના કુંવરો ભીમાજી ને કશિયાજી હતા, તેમને હુલિયાદ અને ભડલી નામે ગામ અનુક્રમે મળ્યાં.

જેવામાં ધૂનોજી સિહોરમાં રાજ્ય કરતો હતો, તેવામાં, તેનો સગો નોંઘણજી ગારિયાધારવાળો હતો તેની ઉપર મોજે ખેરડીના કાઠી લોમા ખુમાણે ચડી આવીને તેનો ગ્રાસ દબાવ્યો. નોંઘણજી આશ્રય સારૂ સિહોર ન્હાશી આવ્યો, અને રાવળ ધૂનોજી પોતાથી બનતો આશ્રય આપવા સારૂ તૈયાર થયો; કેમકે, પાટવી વંશના રજપૂતો પેટા ભાગીદારોનો ગ્રાસ લઈ લેવાને સદા તૈયાર થઈ રહ્યા હોય, પણ જ્યારે કોઈ બ્હારનો આવીને તેમની પાસેથી ગ્રાસ લઈ લે ત્યારે તેઓને સાહાય્યતા અગત્ય કરીને કરે, શાથી કે, પછી જો પરભારયો માણસ તેમના ઉપર ફાવી જાય, તો પછી ફટાયાના ગ્રાસ ઉપર છેવટે તિલાયતના વારસનો હક્ક પ્હોંચવાને ડખલ થાય. પછી વળામાં જઈને ધૂનોજી પોતાની શિરબંધી એકઠી કરતો હતો, તેની ઉપર,

૧ ભાવનગર સ્ટાટિસટીકલ એકૌંટમાં જાનીને મદદ આપ્યાનું લખ્યું છે. રણાની મદદે ગારિયાધારના કાંધોજી આવ્યા હતા તેમને હરાવીને વીસાજીએ સિહોર લીધું. જાનીઓએ વીસાજીની મદદ માગી હતી, એ ખરૂં છે. (જુઓ કાઠીયાવાડ સર્વસંગ્રહ પૃષ્ઠ ૫૨૪) ર. ઉ.

૨ સોરઠો—કટકે ઉમરકોટ, કેદિ કળાણો નહિ;
મે ખાગા મનમોટ, સરકે સત્રસાલ રાઉત.
વિસલ વાઘ તણા કાળજી વિઘો કીયો;
સુબે સાયના, સાદર સત્રસલ રાઉત.

૩ ધૂનોજીનો સમય ઇ. સ. ૧૬૦૦–૧૬૧૯ સુધી હતો. આના બાપના વખતમાં અકબર પાદશાહે ગુજરાત જિતી લીધું, ઇ. સ. ૧૫૮૩.–સ્ટા. એ. ભા. ર. ઉ.

રાત્રિની વેળાએ લોમા ખુમાણે બસેં ઘોડા સહિત હલ્લો કર્યો, તે લડાઈમાં ધૂનોજી રાવળ ખપ્યા. (ઇ० સ० ૧૬૧૯)

પછી નોંઘણજી ગોહિલ, બારૈયાની ઝાડીમાં ગામ જવાસ છે ત્યાં ગયો અને ત્યાંના બારૈયા રાજાની દીકરી વ્હેરે પરણીને બોરૈયા કોળીની ફોજ લઇને સિહોર આવ્યો, અને ત્યાંથી પણ શિરબંધી લઈને ગારિયાધાર ઉપર આવ્યો. એટલે ગામનો પટેલ તેને મળીને ક્હેવા લાગ્યો કે, લોમાની ફોજ ઘણી છે તેથી જિતી શકાય એમ નથી. પછી ઠગાઈ કરવાની યુક્તિ કરીને પટેલ ગામમાં પાછો ગયો, ને વ્હારની બૂમ ઠોકીને ક્હેવા લાગ્યોઃ "મારાં ઢોર ઘોડાવાળા આવીને પશ્ચિમ દિશા ભણી વાળી ગયા." તે સાંભળી કાઠી તે દિશાયે ધાયા. એટલે નોંઘણજીને લાગ મળ્યો તેથી પોતાના કબીલા અને માણસો સહિત ગામમાં પેઠો. ગામના લોકો ગોહિલના ભણી હતા, તેથી, ગારિયાધાર હાથ થયું; પણ નોંઘણજીને તેની સ્ત્રિયે સલાહ આપી કે લોમો શહર પાછું લેશે. માટે તેના મ્હોં આગળ જઈને તરવાર છોડી-નાંખો. નોંઘણજીયે જઈને તે પ્રમાણે કરયું. ત્યાર પછી તેની સ્ત્રિયે લોમા ખુમાણ સાથે બ્હેનભાઈનો નાતો બાંધ્યો પણ વૈર લેવાનો અવસર મળતાં સુધી, બન્ને જણે આ એક ઉપરઉપરનો ડોળ કર્યો હતો. છેવટે નગરના જામને ત્યાં નોંઘણજી ગોહિલે દીકરી દીધી હતી તેને ત્યાં વિવાહ હતો તે ઉપર ગારિયાધારના ઠાકોરઠકરાણીને કંકોતરી આવી. પણ ઠકરાણિયે કહ્યું કે, મારો ભાઈ લોમો ખુમાણ વિવાહે આવે તો હું આવું. જામને ને મુસલ-માનોને આગળ લડાઈ થઈ હતી, તેમાં લોમાએ દગો દીધો હતો, તેથી જામને અને તેને શત્રુતા બંધાઈ હતી, પણ ઉપરના કારણને લીધે જામે લોમાને પણ કંકોતરી મોકલી, એટલે, લોમો જામનગર વિવાહે ગયો. ત્યાં તેને માણસો સહિત દરબારમાં જવાને બોલાવ્યો. હથિયાર લઇને જતાં, અટકાવી કહ્યું કે, દરબારમાં હથિયાર લઇને જવા દેવાનો અમારો ચાલ નથી માટે ડોઢિયે હથિયાર મૂકીને જાઓ. પછી તેઓ હથિયાર મૂકીને અંદર ગયા. ત્યાં જામે તથા નોંઘણે મળીને લોમાને ઠાર કર્યો. તેમ જ તેનાં સગાંવ્હાલાંનું પણ એમ જ થયું.

જ્યારે લોમાને બાંધ્યો હતો, અને તે ઘાથી અશક્ત થઈ ગયો હતો, ત્યારે જામે તેને મશ્કરીમાં પૂછ્યુંઃ "તને આવો ને આવો છોડી મૂકિયે "તો તું શું કરે?" ત્યારે તેણે ઉત્તર આપ્યુંઃ "બાઈડી જેમ તાવડીમાં "રોટલો ઉથલાવી નાંખે છે તેમ હું નગર ઉથલાવી નાંખું."

ધૂનાજી રાવળની વાત ભાટ નીચે પ્રમાણે વર્ણવે છેઃ—"લોમા[1] કાઠી "અને નોંઘણ, લડાઈમાં બળિયા, યુદ્ધમાં ઉતર્યા; વળાની સીમામાં નો- "બત વાગી, સંગ્રામમાં ગોહિલ ભળી ગયા; બાણ અને ગોળિયો ઉડવા "લાગી; તરવારની ધાર ચાલી. ઈશ પોતાની રૂદ્રમાળામાં માથાં પરોવાને "ત્યાં આવી પ્હોંચ્યા; માંસ ભક્ષણ કરનારી શક્તિયો અને હિંસ્ર પક્ષીગ્રો "ત્યાં આવી પ્હોંચ્યાં; અપ્સરા અને તેત્રીસ કરોડ દેવતા હાજર થયા. "સૂર્ય અરૂણને કહેવા લાગ્યા કે ઓ! અરૂણ, રથ રાખ અને ધૂનોજી ર- "ણસંગ્રામમાં પડે છે તે જો. એક હજાર ઘોડા ત્યાં ખોંખારી રહ્યા હતા; "નિશાન ફરકતાં હતાં; ધૂનાજીયે શત્રુથી પાછીપાની કરી નહિ. મારૂ રાજા "આવેશથી લઙ્યો, અને કાઠીની સેનાને તોડી પાડી. એના વિના બીજું "કોણ માથું આપે! નોંઘણ તો બચ્યો પણ ધૂનોજી રણમાં રહ્યો. વિરૂદના "રાખનાર બીજા રામની પેઠે, રાજાએ ક્ષત્રિયનું કુળ દીપાવ્યું. વીસલનો "દીકરો તરવાર રમતી રાખીને અપ્સરાને વર્યો અને સ્વર્ગે ગયો."

સિહોરમાં નદીને કિનારે રાવળ ધૂનાજીનો પાળિયો છે. તે શૂરવીરને ઘોડા ઉપર બેસારીને તેના હાથમાં ભાલો આપેલો છે, અને તેની આસ-પાસ તેની પછવાડે સતી થયેલી બે રાણિયોના હાથા પાળિયા છે. તેમાંથી એક સતી બાઈ શ્રી કર્માદેવીનું નામ વંચાય એવું છે. વળી પાળિયા ઉપર ધૂનાજીની મરણતિથિ છે. તે ઉપરથી જણાય છે કે તે સંવત્ ૧૬૭૫(ઈ. સ. ૧૬૧૯)ના કાર્ત્તિક વદિ[2] ૬ ઠ્ઠે મરણ પામ્યો હતો. આ પાળિયાની પાસેજ રાવળ શ્રી ધૂનાજીના પુત્ર રતનજીનો પાળિયો છે. તેની ઉપર માત્ર

---

૧ રૂપક—જુધમાં તો લોમો નોંઘણ બેઉ જુટા
ગડીઆ ત્રાબક વશારગતશામ હરત્તળે તણે શીમાડે
ભળીયા ગોહલ એણ ભલ્ય, ધમચક બાણ બંધુકા ધુબક
ધડબધડ વહે લોહ ધારા, રૂંઢમાળમાં શીશ રોપવા
વેગે ઇશ આયો તણવાર, પલચર, અપસર, સકત, પંખાણી
ઠાહર ક્રોડ તેત્રીશે થાય, તરણ કહે રથતાણ અરણ તું
મરણ દિયે ધૂનો રણમાંહે, હેંહળ કણકણ કીયા હજારા
નેજાફરહર ધરે નીશાન, દીધો પાગ નખે પાની દશ
રહો સાખી અલમારૂ આરાણ, ભડતો કાઠતણા દળ ભાગા
બંચકો આપે નેક બીઓ, એ સમે નોંઘણ ઉગરીયો
ઠાડણ ધુનો થયો રાણ, ભૂપ ખત્રીવટ ભલી ભજાડી
બરદાં વહાણ રામ બીઓ, વિશલેર કરમાલ વજાડી
વરી અપસરને સરગ દીયો. ર. ઉ.

૨ અંગરેજીમાં શુદિ છે તે ભૂલ જણાય છે. ર. ઉ.

એક વર્ષના અંતરાયનો સંવત્ ૧૬૭૬ (ઈ૦ સ૦ ૧૬૨૦) નોંધ્યો છે. રાવલ રતનજીના પાળિયાની પાસે બીજા બે સતીના પાળિયા છે, તેમાંથી એક ઉપર माताश्री–जी–इ सहगमन कृत લખેલું છે. રતનજીનું મરણ એક શૂરવીરના મરણ જેવું થયું છે, એ વિના તેના મોત સંબંધી કાંઈ વિશેષ વૃત્તાન્ત જાણવામાં આવ્યો નથી. ભાટનું તે વિષેનું વર્ણન નીચે પ્રમાણે છે:[1] "જ્યારે રતને "લડવાને માટે પોતાનો પગ મૂક્યો ત્યારે ધૂનાજીના તે કુંવરનું પાણીગ્રહણ "કરવા સ્વર્ગમાંથી અપ્સરાઓ ટોળે મળી. તેના કુટુંબ રૂપી દેવાલય ઉપર "લા [2]ગોહિલે ઉદારતારૂપી શિખર બાંધ્યું; અને ધૂનાનો દીકરો તેના ઉપર "યુદ્ધસમયના ક્ષત્રિયપણાના વાવટા ઉરાડીને ચાલતો થયો."

રાવળ રતનજીને અખેરાજજી કરીને એક ભાઈ હતો; અને હુરભમજી, ગોવિંદજી અને સારંગજી કરીને ત્રણ કુંવરો હતા, તથા લીલાજીબા (રત્નાવતી) કરીને એક પુત્રી હતી તેને ભુજના રા' ભારાજી (ભારમલજી પ્હેલા) વ્હેરે પરણાવી હતી. રાવળ હુરભમજી પોતાના બાપની પછવાડે ગાદિયે બેઠો; તે રાણી અનાજીબા સરવૈયાણી વ્હેરે પરણ્યો હતો. તેને અખેરાજજી કરીને પુત્ર હતો. જ્યારે તેનો બાપ દેવલોક પામ્યો ત્યારે તે કુંવર બે વર્ષનો હતો. એટલે તેનો કાકો ગોવિંદજી ગાદીપતિ થયો, તેનાથી ડરીને, બાળકુંવરને લઇને રાણી ભુજ જતી રહી.

વાછાણી કેશવજી, મકનજી, અને દેવાણી માલજી એઓએ સલાહ કરીને ભાંગરા રબારીને તેઓની ઓથે લીધો, ને પોતાના રાજાનો ન્હાનો

---

૧ ધુનીધાર થયે તે માંડવીયે જધ માંડીયો, રંભા રથ અડે ધારે પુગો ધુનાઉત.
કલહ કરે વાળાં રોપીને પગ હભો રતન, ઉપર અચેરતાં ધુફળ માંડી ધુનાઉત.
ઇંડું સત આગે કળ ગોહલ લાયેકીયો, ખમવટ તણી ખલે ગોધજ ખાંધે ધુનાઉત. ર. ઉ.

૨ લા ગોહિલ એ કુટુંબનો કૃત્રિમ પૂર્વજ છે. તે મરી ગયા પછી પણ ઉઠીને દાન આપતો એવી ભાટ લોકો તેની ખ્યાતિ કરે છે.

કનાદ ઉપર ખુમાણો, ખશિયા, અને સરવાઈયા સાથે લડાઈ થઈ તેમાં રતનાએ તેમને હરાવ્યા પણ તેમની પછવાડે દોડ કરતાં તે મરાયો.

રતનજી ઇ. સ. ૧૬૧૯–૧૬૨૦	}	રેડે. એ. ભા.
હુરભમજી ઇ. સ. ૧૬૨૦–૧૬૨૨	}	
ગોવિંદજી ઇ. સ. ૧૬૨૨–૧૬૩૯	}	
સત્રસાલજી ઇ. સ. ૧૬૩૬–૧૬૩૯		
અખેરાજજી ઇ. સ. ૧૬૩૯–૧૬૬૦		
રતનજી બીજો ઇ. સ. ૧૬૬૦–૧૭૦૩		
ભાવસિંહજી ઇ. સ. ૧૭૦૩–૧૭૬૪		રેડે. એ. ભા.

કુંવર ભુજમાં આશરો લઈ રહ્યો હતો તેનો પક્ષ કરી ગોવિંદજીની સામે થવાનો નિશ્ચય કર્યો. તેઓએ સિહોર ઉપર ચડાઈ કરવાને તૈયારી કરી. મુસલમાન સરકારનો આશ્રય લેવાને ગોવિંદજી અમદાવાદ ગયો તે ત્યાં જ મરણ પામ્યો. તેના સમાચાર સિહોરમાં આવ્યા ત્યારે તેનો દીકરો સત્રસાલજી ક્રિયાખર્ચ કરવા લાગ્યો. તેની ગડબડમાં કેશવજી અને તેના મળતિયા જે જૂના શહરમાં ઘોડાંટાડાં બાંધીને ઉતર્યા હતા તે પગપાળા દરબારમાં આવ્યા અને સત્રસાલજીને ઉંઘતા ઉપાડીને જૂના સિહોરમાં લાવ્યા. ત્યાંથી પોતા માંહેલા એકના ઘોડા ઉપર નાંખીને તેને અગ્નિકોણમાં લઈ જતા હતા તેવામાં તેરમા ઉપર કાઠી લોકો સિહોર આવવાને પાસે આવી પ્હોંચતા દીઠા એટલે કેશવજી તથા તેના મળતિયાઓએ તરશીંગડા ડુંગર ઉપર જઈ પ્હોંચવાનો પ્રયત્ન કર્યો પણ તેટલામાં તો કાઠી આવી ગયા તેથી તેમના સામા થયા, અને કહ્યું: "ગોવિંદજિયે અમારા રાજાની ગાદી લીધી છે "એટલા માટે અમે એનો કુંવર ઝાલી આણ્યો છે. જો એના પક્ષવાળા ખરા "વારસને ગાદી પાછી સોંપશે તો અમે કુંવર પાછો આપીશું." કાઠિયોએ વચન આપીને કહ્યું: "અખેરાજજીને ભુજથી તેડાવો, અમે તેમને ગાદી "ઉપર બેસારવામાં આશ્રય આપીશું." પછી રાવળ અખેરાજજીને પાછો આણ્યો ને ગાદિયે બેસાર્યો. સત્રાસલજીને છૂટો મૂક્યો ને તેને તેના ભાગમાં ભંડારિયા આપ્યું. તેના વંશના ગોવિંદાણી ગોહિલ કહેવાય છે.

અખેરાજજી હવણાં ન્હાનો હતો, અને સિહોરમાં હજી લગણ ગોવિંદાણી ભંડારિયાની સત્તા ચાલતી હતી તેથી કુંવરની મા અનાજીબાએ લોલિયાણાના પાદશાહી નોકર દેસાઈ મ્હેરાજ સાથે ઓળખાણ કર્યું અને તેનો દીકરો મ્હેતા રામજી મ્હેરાજને સિહોર બોલાવીને પ્રધાન કરી સ્થાપ્યો. તેથી તેને લોલિયાણાથી ફોજની મદદ મળી, એટલે, ગોવિંદાણીની સત્તા નરમ પાડી નાંખી. અખેરાજજી પછી તેનો પાટવી પુત્ર રતનજી ગાદિયે બેઠો; ને તેના ન્હાના કુંવર હરભમજી, વજરાજજી, અને સરતાનજીને અનુક્રમે વરતેજ, થોરડી, અને મોગલાણું આપ્યું; પાંચમો ધૂનોજી હતો તેનો વંશ ન હતો.

રાવળ રતનજિયે રામજી મ્હેરાજના પુત્ર દામજીને પ્રધાનપદ આપ્યું હતું; રતનજીને એક કુંવર રાવળ ભાવસિંહ કરીને હતો તેણે ભાવનગર વસાવ્યું.

ભાવસિંહ જેવામાં ન્હાનો હતો તેવામાં દામજીનો પુત્ર વલ્લભજી કારભાર કરતો હતો. તેના ઉપર ભાવસિંહનો ક્રોધ ઉપજવાને કોઇયે મશ્કર-

રીમાં કહ્યું કે, રાજ તો વલ્લભજી મ્હેતો કરે છે, તમે તો નામના જ રાજા છો. આ ઉપરથી ભાવસિંહે વલ્લભજીને પોતાના ભાલાવતે મારી નાંખ્યો. એટલે તેના ભાઇયોએ અને સંબંધિયોએ ઉચાળા ભર્યા. પણ ભાવસિંહનાં મા રથમાં બેશીને ઉચાળા આડાં આવીને તેમને સમજાવીને ક્હેવા લાગ્યાં: "કશી વાત મારા જાણવામાં નથી, ને કુંવરને પણ ખરી વાત જણા-"વવામાં આવશે ત્યારે તેને પસ્તાવો થશે. તેથી તમે પાછા વળો ને જો વળશો નહિ તો અમારા ઉચાળા પણ તમારી સાથે થશે." આ પ્રમાણે ક્હેવાથી વલ્લભજીના ભાઇયો પાછા વળ્યા ને તેમનામાં રણછોડ મ્હેતો વડીલ હતો તેમને પ્રધાન ઠરાવી રીતિ પ્રમાણે પાઘડી બંધાવીને રૂપાનો દવાત તેમની કમરે બંધાવ્યો.

ઈ૦ સ૦ ૧૭૨૩માં રાવળ ભાવસિંહે પ્રાચીનના વડવા ગામ પાસે એક નગર વસાવ્યું[૧] તેનું નામ ભાવનગર પાડ્યું, આ રળિયામણા બંદરની પાસે એક ખાડી છે તે ભાવનગરની ખાડી ક્હેવાય છે, તેમાં ન્હાના ખ-રાબાને લીધે ભાવનગર અને વળા શહરના અર્ધ માર્ગ સુધી ઘેલડી બંદર લગણ વ્હાણ ચલાવી શકાય એમ છે. ગોહિલ રાવળોનો ર્‌હેવાનો મ્હેલ, તે સાથે ત્યાંનો ગઢીનો કોઠો, તથા એક બે બીજા કોટની આસપાસના કોઠા, રાવળ વજેસિંહજિયે બંધાવેલું સરોવર, અને કેટલાંક દેવાલય, તેમ જ રાજકુટુંબિયોને અગ્નિદાહ દીધેલી જગ્યાઓ ઉપર બાંધેલી છત્રિયો એ સર્વે ભાવનગરમાં પ્રથમ જનારનું લક્ષ ખેંચે તેવાં છે. ત્યાંનાં ઘર સારી બાંધ-ણીનાં છે, તે ઘણાં ખરાં પત્થરનાં છે, પણ કેટલાંક થોડીક ઈંટોનાં અને ઘણી શોભાયમાન લાકડાની કોતરીથી દીપી નીકળે છે.

નગરની પાસે, ભોંય ભણીની બાજુએ. થોડી ઉંચાણની જગ્યા છે[૨] ત્યાંથી ગોઘા બંદરનો દેખાવ નજરે પડે છે, તથા તેની અને ભાવનગરની વચ્ચે દરિયાથી છૂટો પડેલો નિર્જન અને સપાટ પ્રદેશ છે; તેમ જ ખોખ-રાના તથા પાલીતાણા, સિહોર, અને ચમારડીના ડુંગરો આવેલા છે તે જોવામાં આવે છે, અને ખાડી વિંટળાતી અખાત ભણી વ્હેતી જણાય છે. નગરની નીચાણમાં ખાડીના કિનારાની ઉભી અને વનસ્પતિથી વિંટાઈ

---

૧ સંવત ૧૭૭૯ ના વેશાખ શુદિ ૩ ને સોમવારને દિવસે ચાર ઘડી દિવસ ચડતાં. ર. ઉ.

૨ તે ચાડિયાની ધાર ક્હેવાય છે. અસલ ધાડુ આત્રે તેની ચાડી ખાવા અથવા સૂચના આપવા ઢોલ વગાડવામાં આવે તેથી સર્વના જાણવામાં આવે કે ધાડ લઈ કોઈ ચડી આવે છે. ખબર પડવાથી તેમના સામા લડવાને તૈયાર થઈ શકાતું તેથી. તેનું નામ ચાડિયાની ધાર પડ્યું છે. ર. ઉ.

ગયેલી જગ્યાએ રૂવાપુરી માતાનું દેવલ છે. તે માતાની મૂલ ઉત્પત્તિ વલભીપુરીનો નાશ થવાની વેળાએ કુંભારની સ્ત્રિયે પાછું વાળીને જોવાથી થયેલી છે. આ માતાનું દેવળ એટલું બધું નોંધી રાખવા જેવું નથી, તથાપિ તેની છેક પાસે એક યોગીના દાહની જગ્યાએ એક લાંબો પત્થર છે તે "સત્ય–અસત્યની બારી" ને નામે આજે પ્રસિદ્ધ છે.

એથી પણ ખાડીના પાણીની લગભગ દુણો કરીને એક ટેકરો છે. તે વિષે એવી કથા છે કે એક વ્યાપારિયે રૂવાપુરી માતાની માનતા માની હતી. પણ તે પ્રમાણે પાળ્યું નહિ તેથી માતાનો કોપ થયો ને તે તેલ તથા મંજીઠ ભરીને વ્હાણો લાવ્યો હતો તે સુધાં ત્યાં ડૂબી ગયો. રૂવાપુરીના કોપની સાબીતી એવી મળી આવે છે કે આજે પણ, તે ઠેકાણા આગળ, બદલાઈ ગયેલા રંગનું પાણી થાય છે.


પીરમના રાજાની દરિયાઈ સત્તાની નિશાની દાખલ, નગરની સામી બાજુએ ખાડીમાં થોડાક ઉંચા વ્હાણના કૂવા જોવામાં આવે છે; અને તેઓના તળિયાની નીચે ધુતારપટ્ટણ ડટાઈ ગયેલું છે તે કદાપિ વલભી નગરનું બંદર હશે. જ્યારે ભરતી ઘણી ઉતરી જાય છે, ત્યારે તેનો પત્થરનો અને ઈંટોનો પાયો દેખાઈ આવે છે.

ગોહિલ રાવળોની રાજધાનીનું વર્ણન તેમના જ ભાટોએ કરેલું અમે આ ઠેકાણે દાખલ કરિયે છિયે.

"આ કલિયુગમાં સંવત્ ૧૭૭૯ ના વૈશાખ શુદિ ૩ ને દિવસે
"પંડિતોને બોલાવીને મુહૂર્ત્ત નક્કી કરયું. યોગ જોઈને પંડિતો બહુ રાજી
"થયા. તેઓ ક્હેવા લાગ્યા કે વાહ! વાહ! આ નગર તો ઇંદ્રપુરી
"સરખું થશે.' તેમના મુખમાંથી વાણી નિકળી એટલે નગરનું નામ ભાવ-
"નગર પાડયું. બ્રાહ્મણોએ ભવિષ્ય વર્ત્યું કે મોતી અને માણકથી નગર
"શોભી ર્‌હેશે અને તેના શત્રુઓ પરાજય પામશે. બ્રાહ્મણો ભવિષ્ય
"બાંધે તે પ્રમાણે ખરેખરૂં થાય! આ વાત માનીને રાવળે પોતાની ગાદી
"ત્યાં કરી; વાડિયો કરાવી, અને આકાશમાં પ્હોંચે એવી હવેલીયો
"ઉઠાવિયો; કિલ્લાના કોઠા ઉપર મ્હેલ ઝોકી રહ્યા. કોઠાઓની ઉપર
"પતંગની પેઠે નિશાન ફરકવા લાગ્યાં; સાંકડામાં સાંકડી શેરીમાં પણ
"ભિંતો કળીચૂનાથી ચકચકવા લાગી; શેરિયે શેરિયેથી પાણી ભરવા નીકળી
"પડેલી સ્ત્રિયો સિંહલદ્વીપની હાથણોના ટોળા સરખી દેખાવા લાગી.
"જૂદા જૂદા નકશા પ્રમાણે કારીગરોએ બહુ માળનાં ઘર બાંધ્યાં; બંને
"બાજુએ છજા આવી રહ્યાં છે; જાળિયો અને બાકાંમાંથી ફુલઝાડ

1856 -Raas Mala Vol 1 and 2 -Gujarati (1248)





અમદાવાદ મધ્યે સુજાતખાનની કબર
Tomb of Sujâtkhãn at Ahmedabad

(મુખ પૃષ્ઠ સામે)

RASA MALA

OR

THE HINDU ANNALS OF THE PROVINCE OF GUJARAT

BY

ALEXANDER KINLOCH FORBES

TRANSLATED INTO GUJARATI

BY

DIWAN BAHADUR RANCHHODABHAI UDAYARAM

THIRD EDITION

VOL. II

FOR

THE FORBES GUJARATI SABHA

1927

Published by HARSIDDHABHAI VAJUBHAI DIVATIA, M. A. LL. B.,
High Court Vakil; HON. SECRETARY, THE FORBES GUJARATI SABHA
Maharaj Mansions, Sandhurst Road, BOMBAY No. 4.

Printed by Natverlal Itcharam Desai at
THE "GUJARATI" PRINTING PRESS.
BAZARGATE STREET, SASSOON BUILDINGS, ELPHINSTONE CIRCLE,
FORT, BOMBAY. NO. 1.

Price Rs. 5-8-0.

एलेक्झान्डर किन्लाक फार्बस–रचित

रा स मा ळा

અથવા

ગૂજરાત પ્રાન્તનો ઈતિહાસ

તેના ગૂજરાતી ભાષામાં ભાષાન્તરકર્ત્તા

દીવાન બહાદુર રણછોડભાઈ ઉદયરામ

છપાવી પ્રસિદ્ધ કરનાર

ફાર્બસ ગૂજરાતી સભા

પુનઃ શોધિત તથા વર્દ્ધિત

ત્રીજી આવૃત્તિ

ભાગ ૨ જો

સંવત્ ૧૯૯૩.　　　સને ૧૯૩૭.

ત્રીજી આવૃત્તિ વિષે સૂચન

રાસમાળાની ત્રીજી આવૃત્તિનો પહેલો ભાગ સને ૧૯૨૨ માં પ્રકટ થયો અને આ બીજો ભાગ પ્રકટ થઇ શકે તે પહેલાં હેના ભાષાંતરકર્તા દીવાન બહાદુર રણછોડભાઇ ઉદયરામનું અવસાન થયું. હેમની ધારણા આ પુસ્તકની બીજી આવૃત્તિમાંથી કેટલીએક ઐતિહાસિક નોંધો કાઢી નાંખી પાછળથી આ નવિન આવૃત્તિના ત્રીજા ભાગમાં વિશેષ માહિતીઓ અને વિગતો સાથે **રાસમાળા** પૂર્ણિકા રૂપે આપવાની હતી. પરન્તુ હેમના અવસાનને લીધે આ યોજના પાર પડી શકી નહિ, અને તે યોજના બીજા કોઈ વિદ્વાનને હાથે પૂરી પડાવવામાં ઘણો સમય થઈ જાય અને તેથી આ બીજા ભાગને પ્રકટ કરવામાં ઘણો વિલમ્બ થાય, તેથી જે નોંધો હેમણે કાઢી નાંખી હતી તેની તે જ નોંધો આ પુસ્તકના પરિશિષ્ટ રૂપે દાખલ કરી છે. આશા છે તેમ, આ અવશેષ રહેલી સામગ્રીની સાથે બીજી પણ હજી સુધી અપ્રકટ રહેલી ઐતિહાસિક સામગ્રીઓને એકત્રિત કરીને ભવિષ્યમાં **રાસમાળા** પૂર્ણિકાની પ્રસિદ્ધિનું કાર્ય આ સભા હાથમાં લઇ સફળ કરશે.

જસમા ઓડણનો રાસડો રાસમાળાના પ્હેલા ભાગના ૧૫૦-૧૫૨ મે પાને આપેલો છે, તે અપૂર્ણ છે. પરન્તુ તેનું કેટલાક મુખપાઠો ઉપરથી એક સળંગ સંસ્કરણ ઉપજાવી, વડોદરાના રા. મંજુલાલ રણછોડલાલ મજમુદાર બી. એ., એલ. એલ., બી., એમણે આ સભાને મોકલીને ઉપકાર કર્યો છે અને તે સળંગ સંસ્કરણ આ પુસ્તકની અંતે છાપેલું છે.

સ્વ. દિવાન બહાદુર રણછોડભાઈ ઉદયરામની હયાતીમાં તેમની દેખરેખ હેઠળ અને તેમના અવસાન પછી રાસમાળાની આ તૃતીય આવૃત્તિના બન્ને ભાગોનું પ્રુફસંશોધન તથા વિશિષ્ટ શબ્દોની અનુક્રમણિકાનું કામ રા. રા. અંબાલાલ બુલાખીરામ જાની બી. એ. એ સુઘડતા તથા સંપૂર્ણતાથી કર્યું છે.

મકર સંક્રાન્તિ પૌષ શુદ ૧૨ સં. ૧૯૮૩
તા૦ ૧૪-૧-૨૭ મુંબઈ

હરસિદ્ધભાઇ વજુભાઇ દીવેટીઆ
માનદ મંત્રી, ફાર્બસ ગુજરાતી સભા.

પ્રકટકર્ત્તા
ફાર્બસ ગૂજરાતી સભાની વતી
માનદ મંત્રી
રા. રા. હરસિદ્ધભાઈ વજુભાઈ દીવેટીઆ
એમ. એ., એલ. એલ., બી. હાઇકોર્ટ વકીલ.
મહારાજ મેન્શન, સેન્ડહર્સ્ટ રોડ, મુંબઈ નં૦ ૪.

'ગુજરાતી' પ્રિંટિંગ પ્રેસમાં
નટવરલાલ ઇચ્છારામ દેસાઇએ છાપ્યું
સાસુન બિલ્ડિંગ, એલફીન્સ્ટન સર્કલ,
ફોર્ટ, મુંબઈ નં. ૧.

મૂલ્ય રૂપિયા ૫-૮-૦

અનુક્રમણિકા

વિભાગ ૩ જો

—:o:—

વિભાગ ૪ થો

વધારો

બીજા ભાગનાં ચિત્રો

विभाग त्रीजो

अने

विभाग चोथो

रासमाळा

પ્રકરણ ૧

મરાઠા પ્રથમ ગૂજરાતમાં આવ્યા ત્યાંથી તે અમદાવાદ લેવાયું ત્યાં સુધી[1]

અઢારમા સૈકડાના પ્રારંભમાં, મરાઠાના રાજ્યનો સેનાપતિ ખંડેરાવ દાભાડે, પોતાના લૂંટારા ઘોડા ગૂજરાતમાં ઝોકાવા લાગ્યો, અને ત્યાંથી ખંડણી લેવા લાગ્યો. પ્રથમ તો અમદાવાદની પડોશમાં ભટકવા લાગ્યો; પણ પછીથી ત્યાંથી પાછો જઇને નાંદોદ અને રાજપીપળાની પાસેના બળવાન દેશમાં વિશેષ સ્થાયી સ્થાપના કરી, અને ત્યાં રહીને ગૂજરાત અને દક્ષિણની વચ્ચેના વ્યાપારના ધોરી માર્ગ ઉપર સત્તા ચલાવવા લાગ્યો. ઈ૦ સ૦ ૧૭૩૦ માં બાલાપુર આગળ લડાઈ થઈ, તેમાં દાભાડેનું લશ્કર તેઓના શૂરવીરપણાથી પ્રખ્યાતિ પામ્યું, અને તે જ રણક્ષેત્રમાં એક સરદારે પ્રથમ જ કીર્ત્તિ મેળવી, તે સરદાર એવો હતો કે, ગૂજરાતના કારભારમાં અગત્યની સત્તા ચલાવવાનું તેના ભાગ્યમાં લખ્યું હતું. દામાજી ગાયકવાડને[2] સેનાપતિના હાથ નીચે હવે ઠરાવવામાં આવ્યો, અને તેને "સમશેર બહાદુર"ની પદવી આપીને તેનું માપ વધાર્યું.

---

૧ આ પ્રકરણમાં અને બીજા પ્રકરણમાં જે લખવામાં આવેલું છે તેનો આધાર ગ્રાન્ટ ડફના મરાઠાના ઇતિહાસમાંથી અને ફાર્બસ ઓરિએન્ટલ મેમ્વાર નામના પુસ્તકમાંથી લીધો છે.

૨ ગાયકવાડ

કેરોજીરાવ (દાવડી ગામનો પટેલ)

દામાજીરાવ. સ. ૧૭૩૦ સુધી — ઝીંગોજીરાવ — હરજી.

ઝીંગોજીરાવ | જંકાજી

૧ પીલાજીરાવ સ. ૧૭૩૨ સુધી — માલોજીરાવ. — બીજા કેટલાક.


માલોજીરાવ | ગોવિંદરાવ

પીલાજીરાવ | ૨ દામાજીરાવ. — ખંડેરાવ (કડી) — પ્રતાપરાવ. — બીજા કેટલાક.

ખંડેરાવ | ૧ મલ્હારરાવ.

૧

ખંડેરાવ અને તેના હાથ નીચે નવો ઠરાવેલો સરદાર એ બંને જણા ઉપરની લડાઈમાં જય પામ્યા પછી તરત જ મરણ પામ્યા. ત્ર્યંબકરાવ



ગાયકવાડના રાજ્યની સુમારે ૮૬૦૦ ચોરસ મૈલ જમીન છે, ૨૯૩૧ ગામ, વસ્તી આસરે બાવીશ લાખ માણસની અને પેદાશ દોઢ કરોડ રૂપિયાની થાય છે. આ રાજ્યને "શ્રીમંત સરકાર, સેનાખાસખેલ, સમશેર બહાદુર"નો ખિતાબ છે. મહારાણી શ્રી વિક્ટોરિયાએ "કૈસરેહિંદ"નું પદ ઇ. સ. ૧૮૭૭ ની તા. ૧ લી જાન્યુઆરીને રોજ ધારણ કર્યું ત્યારે દિલ્હીના દરબારમાં મહારાજા સયાજીરાવ પધાર્યા હતા તે વખતે તેમને "ફરજંદે ખાશી દૌલત ઇંગ્લીશિયા"ની વિશેષ પદવી આપી છે. બ્રિટિશ સરકાર તરફથી દેશી અને વિલાયતી લશ્કરની સલામતી અને ૨૧ તોપ ફોડી માન આપવામાં આવે છે.

દાભાડેને તેના બાપની જગ્યાએ સેનાપતિનો પોશાક આપવામાં આવ્યો, અને જંકાજી ગાયકવાડના દીકરા પિલાજીને, તેના કાકા દામાજીને જે અધિકાર આપવામાં આવ્યો હતો તે આપ્યો. ત્યાર પછી થોડે વર્ષે ઉદાજી પંવાર કરીને એક બીજો ચાલાક અને ઉપયોગી પક્ષકાર સરદાર હતો, તે મરાઠા અશ્વારો ગૂજરાત અને માળવામાં લઈ આવ્યો અને ગૂજરાત પ્રાન્ત, લુણાવાડા સુધી લૂંટીને ત્યાં આગળ રાજ્યની સ્થાપના કરી; અને ભોજના વંશની રાજગાદીનો કબજો કરી લઈને તે જ વંશનું નામ ધારણ કર્યું. સુજાતખાનને ગૂજરાતના સૂબા સર બુલંદખાનના હાથ નીચે આ વેળાએ ઠરાવવામાં આવ્યો હતો અને નીજામુલ્લમુલ્કને પ્રાન્તના અધિકાર ઉપરથી કહાડી મૂક્યો હતો, એટલા માટે, તેનો કાકો હામેદખાન તેની સામે થયો. હામેદખાને મરાઠા સરદાર કંતાજી કદમ ભાન્ડેને ચોથ આપવાની કબૂલ કરી, એટલે, તે ઓથે આવવાને તૈયાર થયો, અને આ બંને સરદારોએ પોતાની ફોજ એકઠી કરીને સુજાતખાનના ઉપર હુમલો કરીને ગૂજરાતની રાજધાનીથી થોડા માઇલને અંતરે, તેના ઉપર હલ્લો કરીને તેને હરાવ્યો, અને ઠેર કર્યો. જ્યારે આ બનાવ બન્યો ત્યારે સુજાતખાનનો ભાઈ રૂસ્તમઅલ્લી સુરતની ફોજનો સરદાર હતો, અને તે શહરની પાસે પિલાજી ગાયકવાડની સાથે લડતાં ફાવી ગયો હતો.

રૂસ્તમઅલ્લિયે પોતાના ભાઈની હારના અને મરણના સમાચાર સાંભળ્યા એટલે તેણે પોતાના મરાઠા શત્રુની સાથે સલાહ કરી, અને હામેદખાનના ઉપર ચડાઈ કરવામાં પોતાની સાથે સામેલ રહેવાને તેને તેડાવ્યો. આ બંદા મરાઠા સાથે સામાપક્ષવાળાએ ઠરાવ કરી રાખ્યો હતો, તો પણ, તેનું કહેણ તેણે માન્ય રાખ્યું અને કેના ભણી રહેવાથી લાભ થાય એમ છે તેનો ખરેખરો નિશ્ચય થઈ શકે એટલા માટે તે તેની સાથે અમદાવાદ ભણી ગયો. તે બંને જણા ફજીલપુર આગળ મહી નદી ઉતરીને અડાસ ભણી ચાલ્યા. હામેદખાને આ ઠેકાણે તેમના ઉપર હુમલો કર્યો, પણ રૂસ્તમઅલ્લીના તોપોના મારા આગળ તેને પાછા હઠવું પડ્યું. આ વેળાએ તો પિલાજી ગાયકવાડે કોની ભણી થવું તે વિષે પોતાના મનથી નક્કી કર્યું હતું; તે ઉપરથી તેણે રૂસ્તમઅલ્લીને કહ્યું કે, તોપો મારે સ્વાધીન કરીને શત્રુઓ નાસે છે તેમની પછવાડે દોડીને મારો ચલાવો. આ શૂરા મુસલમાને પિલાજીની નાશકારક સલાહ પ્રમાણે વર્તવાને પ્રારંભ કર્યો નહિ એટલામાં તો તેની તોપો ફેરવી દઈને તેના વિશ્વાસઘાતી સાહાય્યકારિયે તેની જ ફોજ ઉપર પાછળથી હલ્લો કર્યો. રૂસ્તમઅલ્લિયે બહાદુરીથી કેટલીક વાર સુધી

પોતાનું રક્ષણ કર્યું, પણ તેની ફોજનાં માણસો છેક ઘટી ગયાં હતાં તેથી બચવાનો સંભવ તેને લાગ્યો નહિ, અને તેણે જાણ્યું કે મને કેદ કરીને મારી દુર્દશા કરશે તે ઉપરથી તે પોતાની છાતીમાં કટાર મારીને મરણ પામ્યો.

પિલાજિયે આ ઘાતકી કર્મ કર્યું તેના બદલામાં તેને કંતાજીની સાથે ચોથમાં અર્ધો ભાગિયો કર્યો; અને બંને જણા એકઠા મળીને પોતાનો ભાગ ઉઘરાવવાને ગયા; પણ દ્રવ્યમાં ભાગ પડવાથી સદાનો કજિયો રહ્યો. કેટલીક વાર સુધી તો આ વાંધાને લીધે શહર અને ગામડાં ઉપર માત્ર વધારે બોજો પડ્યો. પણ જ્યારે મરાઠા સરદારો ખંભાતની પાસે આવ્યા અને ધારા પ્રમાણે ડર બતાવા સારૂ પરાં સળગાવા માંડ્યાં ત્યારે લોકોના જાણવામાં તેઓના કજિયાનું કારણ આવ્યું, અને કંતાજીને શ્રેષ્ઠ ગણતા હતા તેથી પિલાજીની પાસે માણસ મોકલીને આ વાત જાહેર કરી અને તેને પૈસા આપીને પાછા જવાનું કહ્યું. પિલાજીનું આ પ્રમાણે અપમાન કર્યું તેથી કોપાયમાન થઈને તેણે માણસને કેદ કર્યો; કંતાજિયે તેને છોડી મૂકવાને આગ્રહ કર્યો, અને બંને જણ પોતપોતાનો હક્ક નક્કી કરવાને હથિયાર લઈ ઉઠ્યા. કિલ્લાની સમીપ સારી પેઠે લડાઈ થયા પછી, પિલાજી હાર્યો અને ખેડાની પાસે માતર છે ત્યાં નાશી ગયો. કંતાજિયે ખંભાતમાંથી ખંડણી લીધી. અંગ્રેજની કોઠીવાળા પાસેથી પાંચ હજાર રૂપિયા માગવા માંડ્યા તે પોસાય નહિ એવી એજન્ટોએ તકરાર કરી અને કારણ જણાવ્યું કે શાહુ રાજાએ અમને વ્યાપારની છૂટ આપેલી છે, પણ કોઠીનો મુખ્ય મિસ્તર ઈન્સ ચીડાઈ જઈને જેઓને "હથિયાર સજેલા હરામખોર" કરીને કહે છે, તેઓ આ એજન્ટના આવા બોલવા ઉપર માત્ર હસ્યા.

હામેદખાનના સાહાય્યકારી તેને તજીને જાય નહિ માટે આગળથી વિચાર કરીને તેણે ઠરાવ કરી લીધો, તેમાં મહી નદીની પૂર્વ ભણીની ચોથ પિલાજીને લેવાની ઠરાવી અને પશ્ચિમ ભણીની કંતાજીને નીમી આપી. મરાઠા ચોમાસામાં પોતાને ઠેકાણે જવાનો મૂળ ચાલ હજી લગણ રાખી રહ્યા હતા. તેથી ખંભાત આગળ લડાઈ થયા પછી પિલાજી સુરત પાસે સોનગઢ ગયો. અને કંતાજી પોતાનું એક પરગણું ખાનદેશમાં હતું ત્યાં જતો રહ્યો.

સર બુલંદખાન એક ઉત્તમ પ્રકારનો અને લોકપ્રિય સરદાર હતો, તેને ગેરવાજબી રીતે કાબુલમાંથી ખશેડ્યો હતો. પણ આવી સંકટની વેળાએ પાદશાહે આર્જવ કરીને, હામેદખાનનો જબરો બળવો બેસારી દેવા સારૂ તેને પોતાના ગૂજરાતના રાજ્યમાં પાછા જવાની પ્રાર્થના કરી. તે ઉપરથી



શાહીબાગ–એક મસ્જીદની અગાશી ઉપરથી લીધેલું ચિત્ર   પૃ. ૫
The Shàhee Bàgh From The Terrace of A Mosque

ધી૦ સ૦ ૧૭૨૫ માં મોટી ફોજ એકઠી કરીને તે અમદાવાદ આવવાને નીકળ્યો. હામેદખાનને તેના મરાઠા સાહાય્યકારી આવી મળવાની આશા રહી નહિ, એટલે સર બુલંદખાનની ફોજ આવી પ્હોંચવા ઉપરથી, અમદાવાદના રક્ષણને અર્થે થોડા કિલ્લેદાર મૂકીને ત્યાંથી નીકળી ચાલ્યો. પણ મરાઠા મહી નદી ઓળંગીને તેને મેહેમદાવાદ આગળ મળ્યા એટલે તે રાજધાની નગર ભણી પાછો ચાલ્યો. શહરમાં એક ટોળી હતી તે નવા સૂબેદારની પક્ષમાં હતી, તેણે હામેદખાનના કિલ્લેદારોને હરાવીને શહરની બ્હાર કહાડી મૂક્યા; અને સર બુલંદખાનની ફોજ જે દિવસે અડાલજ આવી પ્હોંચી તે દિવસે હામેદખાનને પોતાનું મેલાણ શાહીબાગ કરવું પડ્યું. સર બુલંદખાનની ફોજને બહુ આગળ ધપાવી દીધી હતી, તેની સાથે લડાઈ થતાં બંડખોરની જિત થઈ, પણ તે પ્રાપ્ત કરી લેવામાં ઘણું નુકસાન વેઠવું પડ્યું, અને મરાઠા* બીજી લડાઈ કરવાનું જોખમ માથે વ્હોરી લે એમ ન હતું, એટલે તે પણ તેમની પેઠે લૂંટારો થઈ પડ્યો. નવા સૂબેદારે પરગણે પરગણે લશ્કરી અધિકારી મૂકી દીધા, અને જોઇયે તે કરતાં પણ વધારે જેમથી વ્યવસ્થા કરી દીધી, તથાપિ કંતાજી અને પિલાજિયે આઠે મહિના લૂંટ કરવાની જારી રાખી, અને જ્યારે ચોમાસું આવે ત્યારે જ એ ધંધો છોડીને પોતાના રહેઠાણ ઉપર જવા લાગ્યા. મરાઠાનો ઇતિહાસકર્ત્તા લખે છે કે, "ભૂલાવો ખાઇયે એવું શાન્તપણું હવે ચાલ્યું;—વર્ષાદ વરસવાનો પ્રારંભ થયો "તેની સાથે લીલાશ પાછી આવી; અને ગૂજરાતની રળિયામણી ધરતી જે "સેંકડો માઇલ સુધી, ઈંગ્લન્ડના અમીરોના સારામાં સારા બગીચાઓ સાથે "ચડસાચડશી કરી શકે એવી હતી તે, ત્વરાથી આવતી લીલોતરી અને બહુ "વૃદ્ધિ પામતી વનસ્પતિ એ સર્વ વડે તેની સ્વાભાવિક સુંદરતાથી શણગરાઈ. "જ્યાં થોડી વાર પ્હેલાં, કાંઈ નહિ પણ સદા થતા ઝગડા વિના બીજું

* મરાઠા રાજાઓની વંશાવલિ.

૧ શિવાજી	સન ૧૬૬૪ થી ૧૬૮૦ સુધી.
૨ સંભાજી	સન ૧૬૮૦ થી ૧૬૮૯ સુધી.
૩ રાજારામ	સન ૧૬૮૯ થી ૧૭૦૦ સુધી.
૪ શિવાજી બીજો	સન ૧૭૦૦ થી ૧૭૦૮ સુધી.
૫ શાહુ	સન ૧૭૦૮ થી ૧૭૪૮ સુધી.
૬ રામરાજા	સન ૧૭૪૮ થી ૧૭૭૭ સુધી.
૭ શાહુ બીજો	સન ૧૭૭૭ થી ૧૮૧૮ સુધી.
૮ પ્રતાપસિંહ (બાલા સાહેબ)	સન ૧૮૧૮ થી ૧૮૪૦ સુધી.
૯ શાહાજી (આપા સાહેબ)	સન ૧૮૪૦ થી ૧૮૪૮ સુધી.

"કાંઈ જોવામાં આવતું નહિ; જ્યાં ધોળે દહાડે ખુન અને ચોરિયો થતી; "જ્યાં જબરૂં રખોપું રાખવામાં આવતું છતાં પણ, સંઘ લૂંટાતા અને ગામડાં "બાળવામાં અથવા ઉજ્જડ કરવામાં આવતાં; ત્યાં હવે શાન્તિ પોતાનું "રાજ્ય ચલાવતી જોવામાં આવવા લાગી."

મરાઠાની લૂંટફાટ થતી અટકાવાને **સર બુલંદખા**ને પ્રયત્ન કરવા માંડ્યો. તેને સ્વાધીન દેશ હતો તેની અવસ્થા એવી થઈ ગઈ હતી કે તેનાથી પોતાના ખપમાં આવે એટલી ઉપજ કરી શકાય એમ હતું નહિ, તેથી દ્રવ્ય મોકલી દેવાને તેણે **બાદશાહ**ને લખ્યું; તથાપિ તેની માગણી ઉપર કાંઈ ધ્યાન આપવામાં આવ્યું નહિ, ત્યારે **પિલાજી** અને **કંતાજી**ને ચોથ આપવાની ઠરાવીને તેઓનાં મન મનાવ્યાં, પણ તેની આ મ્હેનત પણ વ્યર્થ ગઈ. કેમકે તેઓ સર્વ ઉપજ ઉઘરાવી ખાવા લાગ્યા, પણ કોઈ પ્રકારે દેશનું રક્ષણ કરવા લાગ્યા નહિ. છેવટે **બાજીરાવ** પેશ્વાનો ભાઈ **ચીમનાજી** આપા મોટી સેના લઈને આવ્યો, અને તેણે ધોળકા લૂંટી લીધું, તથા પેટલાદમાંથી ભારે ખંડણી વસુલ કરી લીધી. તેણે પોતાના ભાઈના કહાવ્યા પ્રમાણે કહ્યું કે ગૂજરાતની ચોથાઈ તથા સરદેશમુખી આપવાની કબૂલાત આપવામાં આવે તો બીજા સર્વ લૂંટારાઓના જુલમમાંથી અમે દેશનું રક્ષણ કરિયે. **સર બુલંદ**-ખાને છેવટે પેશ્વાનો ઠરાવ મંજુર રાખ્યો, પણ તે સાથે એવો કરાર કરી લીધો કે, બે હજાર પાંચસેં મરાઠા ઘોડેશ્વાર પેશ્વાએ જાથુ ગૂજરાતમાં રાખવા, અને રાજસત્તા સાચવી રાખવાને બંને તેટલી મદદ આપવી. વળી ઉપરના ઠરાવ સાથે, **શાહુ** રાજાની ભણીથી, **બાજીરાવે** એમ પણ કબુલ કર્યું કે, ઉચાં મન થયેલા જમીનદાર, અને લોકની સલાહ શાન્તિના ભંગ કરનારા બીજા હરકોઈને મરાઠી પ્રજા કોઈ પણ પ્રકારનો આશ્રય આપશે નહિ અથવા તેમનામાં સામેલ થશે નહિ. આ ઠરાવ મુખ્યત્વે કરીને ઉઘાડી રીતે પિલાજી ગાયકવાડને અર્થે કરેલો જણાતો હતો, કેમકે દેશના ભીલ અને કોળિયોની સાથે તે મળી ગયો હતો, તેથી મુસલમાનો ઘણું કરીને તેનાથી બહુ ડરતા હતા.

પેશ્વાએ **સર બુલંદખાન** સાથે ઉપર પ્રમાણે કરાર કર્યો કે તરત જ, ત્ર્યંબકરાવ દાભાડેએ, બીજા મરાઠા સરદારો સાથે સંપ કરવાનો, અને ગૂજરાતમાં ફોજ એકઠી કરવાનો આરંભ કર્યો. જ્યારે તેની પાસે પાંત્રીશ હજાર માણસની ફોજ થઈ, અને નિજામુલમુલ્કે આશ્રય આપવાની હા કહી, ત્યારે, દક્ષિણ ઉપર ચડાઈ કરવાની વ્યવસ્થા કરવાનો તેણે ઠરાવ કર્યો. પિલાજી ગાયકવાડ, કંતાજી અને રઘુજી કદમ **ભાન્ડે**, શિવાજી અને

આનન્દરાવ પવાર તથા બીજા કેટલાએક સરદારો તેની મદદે આવી પ્હોંચ્યા, અને તેણે જાહેર કર્યું કે, શાહુ રાજાનું રાજ્ય લેવાનો પેશ્વા લોભ કરે છે તેનો બચાવ કરવાને હું દક્ષિણ ઉપર ચડાઈ કરૂં છું. શત્રુઓ તૈયાર થઈ રહે તે પ્હેલાં બાજીરાવે તેઓની સામે જવાનો નિશ્ચય કર્યો. તેની ફોજ સંખ્યામાં ઓછી હતી, પણ તેમાં જૂની પાયગાના અશ્વાર હતા, અને કીર્ત્તિ પામેલા કેટલાક સરસ મરાઠા માનકારિયો હતા. તે લઈને પોતે સત્વર ગૂજરાત ભણી ચાલ્યો, અને થોડી વારમાં નર્મદા ઓળંગીને પેલી પાર ગયો. આ ઠેકાણે તેની ફોજના મોખરાના યોદ્ધાને, પિલાજી ગાયકવાડના દીકરા દામાજીના હાથ નીચેની ટુકડી સાથે લડાઈ થઈ, તેમાં તેની છેક હાર થઈ. તો પણ બાજીરાવ* નિરાશ થઈ ગયો નહિ. આગળ ધપીને અને ડભોઈ તથા વડોદરા બન્ને શહર પિલાજી ગાયકવાડના તાબામાં હતાં તેઓની વચ્ચે એક જગ્યા આગળ શત્રુઓની સામે ભીડાવ્યાં, તેમાં તેની ખરેખરી જિત થઈ, એટલે મરાઠી રાજ્ય ઉપર તેની સર્વ સત્તા બેઠી.

આ અગત્યની લડાઈ ઈ૦ સ૦ ૧૭૩૧ ના એપ્રિલ મહિનાની પ્હેલી તારીખે થઈ. એમાં જ્યારે બાજીરાવને તેના દેશિયો સાથે લડાઈ કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે પોતાની સદાની રીતિથી ઉલટી રીતે વર્ત્તીને તરત જ તેઓની સાથે શેળભેળ થઈ જવાનો તેણે નિશ્ચય કર્યો. સેનાપતિનાં નવાં રાખેલાં માણસોથી ટકી શકાયું નહિ, અને હલ્લો થતાં પ્હેલાં, પ્હેલે મારે જ નાશી ગયાં. તેમની સાથે કંતાજી કદમ ભાન્ડે નાઠો અને ખંડેરાવ દાભાડેનાં જૂનાં માણસ તેના દીકરાના રક્ષણ અર્થે રહ્યાં; બાજીરાવ ઘોડા ઉપર બેશીને આવા મ્હોટા પ્રસંગે જોઈયે તેવું શૂરાતન બતાવીને લડવા લાગ્યો. દાભાડે હાથી ઉપર બેઠો હતો, તેણે પોતાની ફોજ નાસતી જોઈને પોતાના હાથીને પગે સાંકળ નંખાવી દીધી. રણક્ષેત્રમાં તુમુલ યુદ્ધ થયું; પણ કોનો જય થશે તે કેટલીક વાર સુધી સમજાય એમ રહ્યું નહિ, તેવામાં ત્ર્યંબકરાવ કમાનની પણછ કાન સુધી ખેંચીને બાણનો પ્રહાર કર્યો જતો હતો, તેને અચાનક ગોળી વાગી. એટલે તે પડ્યો.

---

* પેશ્વાઓની વંશાવલિ.

૧ બાલાજી વિશ્વનાથ	સન ૧૭૧૪ થી ૧૭૨૦ સુધી.
૨ બાજીરાવ પ્હેલો (બલ્લાળ)	સન ૧૭૨૦ થી ૧૭૪૦ સુધી.
૩ બાલાજી બીજો	સન ૧૭૪૦ થી ૧૭૬૧ સુધી.
૪ માધવરાવ	સન ૧૭૬૧ થી ૧૭૭૨ સુધી.
૫ નારાયણરાવ	સન ૧૭૭૨ થી ૧૭૭૩ સુધી.
૬ સવાઈ માધવરાવ	સન ૧૭૭૩ થી ૧૭૯૫ સુધી.
૭ બાજીરાવ બીજો	સન ૧૭૯૫ થી ૧૮૧૮ સુધી.

બાજીરાવનો એ પ્રમાણે જય થયા પછી પિલાજી ગાયકવાડ રણક્ષેત્રમાંથી ઘાયલ થઈને નાઠો હતો તેના તાબાનું વડોદરા સર કરવાને તે સર બુલંદખાનની સલાહથી તૈયાર થયો, પણ પછીથી આગષ્ટ મહિનામાં સલાહ થઈ, અને ચોમાસા પછી બાજીરાવ સતારે પાછો ગયો.

દાભાડે ઉપર જય મેળવ્યાથી, જેમ બીજી દરેક મુલ્કી લડાઇયોમાં થાય છે તેમ, ઘણા લોકોને તેના ઉપર ઈર્ષા આવી તે મટાડી દેવાને તેને ઘણો પ્રયત્ન કરવો પડ્યો. અને તેનું સમાધાન કરવાને તેનાથી બન્યા એટલા ઉપાય કર્યા. તેમાં ત્ર્યંબકરાવ દાભાડેના બાળપુત્ર યશવંતરાવને તેની માના દેખરેખપણા નીચે સેનાપતિનો અધિકાર આપ્યો, અને તેઓનો પ્રથમ મુતાલિક પિલાજી ગાયકવાડ હતો તેને તે જગ્યા ઉપર કાયમ કરીને તેના વંશપરંપરાના "સમશેર બહાદુર"ના પદ સાથે "સેનાખાસખેલ"ની બીજી પદવી આપી. પછીથી ફરીને તકરાર થાય નહિ એટલા માટે, શાહુ રાજાની સમક્ષ એક લેખ તૈયાર કર્યો, અને તેમાં પેશ્વાએ અને સેનાપતિએ સહીયો કરી, તેમાં ઠરાવ એવો કર્યો હતો કે, ગૂજરાત અને માળવા એક બીજાની જે જગ્યાઓ છે તેમાં કોઈ કોઇયે પેસવું નહિ. આખા ગૂજરાતમાં પ્રાન્તની સર્વ વ્યવસ્થા સેનાપતિ કરે; પણ તે પેશ્વાની મારફતે સતારા સરકારને ઉપજનો અર્ધો ભાગ આપે.

સર બુલંદખાને બાદશાહને મદદ મોકલવાની અરજ કરતાં લખ્યું હતું કે, મારા લખવા ઉપર ધ્યાન આપવામાં આવશે નહિ તો ઘણું સંકટ વેઠવું પડશે, અને બહુ અપમાન થશે; એ ઉપર કાંઈ ધ્યાન આપ્યું નહિ એ વાત તો એક કોરે રહી, અને ગૂજરાતની ચોથ અને સરદેશમુખી મરાઠાઓને તેણે આપી, તે વાત તેને પસંદ પડી નહિ, માટે સર બુલંદખાનની જગ્યાએ મારવાડના રાજા અભયસિંહ રાઠોડને ઠરાવ્યો. તે નવા રાજ્યનો કબજો કરી લેવાને ફોજ લઇને આવ્યો તેની સામે સર બુલંદખાન કેટલી વાર સુધી થયો. પણ પછીથી તે દિલ્હી પાછો ગયો ત્યાં તેનું અયોગ્ય રીતે અપમાન કરી બીજી રીતે ઘણા હાલહવાલ કર્યા.

સર બુલંદખાનના હાથ નીચે, ભરૂચ પરગણાની ફોજદારી આ વેળાએ અબદુલ બેગ કરતો હતો. એ પરગણું નિજામુલમુલ્કને તેના અંગના પરગણા તરીકે આગળ આપવામાં આવ્યું હતું, તે ઉપરથી, અબદુલ બેગ હવે નિજામનો નોકર પોતાને માની લેવા લાગ્યો; તેની પાસેથી તેને "નેક આલમખાન"નો કિતાબ મળ્યો, અને અભયસિંહની કે મરાઠાની કોઈની તે પત કરવા લાગ્યો નહિ.

ઈ૦ સ૦ ૧૭૩૨ માં અભયસિંહના ફોજદારે ગાયકવાડ પાસેથી વડોદરૂં લઈ લીધું. પણ પ્રજાનો ભાવ પિલાજીના ઉપર વધારે હતો. તે લડવાને બ્હાર પડ્યો, કેટલીક જિતો મેળવી લીધી, અને કેટલાક મુખ્ય કિલ્લા સ્વાધીન કરી લીધા. છેવટે રાઠોડ સરદારે પિલાજીને રામશરણ કરી દેવાનો ઠરાવ કર્યો, અને તેની સાથે સલાહ કરવાને મિષે તે કામ સાધી લેવાને માણસ મોકલ્યાં. ઠાસરા પરગણાના ડાકોર ગામમાં, જ્યાં શ્રી રણછોડજીનું ધામ છે ત્યાં, આ સમયે પિલાજી પડેલો હતો. તેને વ્હેમ આવે નહિ એટલા માટે તેઓએ કેટલીક વાર અવર જવર કર્યા. એક દિવસે તેઓ છેક સાંઝ થતાં સુધી બેઠા, અને અંધારૂં થયું એટલે આજ્ઞા લઈને ગાયકવાડના તંબુમાંથી નીકળ્યા. તેમની માંહેલો એક, કાંઇક જરૂરિયાતની વાત ક્હેવાની રહી ગઈ છે એવું મિષ કરીને પાછો ગયો, અને પિલાજીના કાનમાં ક્હેવાનું ડોળ કરીને તેના કાળજાની વચ્ચે કટારી મારી.

આ પ્રમાણે પિલાજીનો ઘાત કર્યો, તો પણ, અભયસિંહની મનકામના પૂર્ણ થઈ નહિ; કેમકે વડોદરાની પાસે પાદરા ગામ છે ત્યાંનો દેસાઈ પિલાજી સાથે મિત્રતા રાખતો હતો તેથી તેણે આખા દેશના ભીલ અને કોળી લોકોને ઉભા કર્યા. પિલાજીનો ભાઈ મહાદજી ગાયકવાડ જંબુસરથી આવ્યો, અને વડોદરૂં પાછું લીધું. તે દિવસથી વડોદરૂં ગાયકવાડના વંશમાં ચાલે છે. પિલાજીનો વડો પુત્ર દામાજી મોટી સેના લઈને સોનગઢથી આવ્યો, તેણે ગૂજરાતની પૂર્વ ભણીનાં કેટલાંક મુખ્ય પરગણાં પોતાને સ્વાધીન કરી લઈને જોધપુર સુધી આક્રમણ કરયું. તેથી અમદાવાદ એક મુતાલિકને સોંપીને પોતાનું વંશપરંપરાનું રાજ્ય સંભાળવાને અભયસિંહને જોધપુર જવાની અગત્ય પડી.

દામાજી ગાયકવાડે હવે ગૂજરાતમાં પોતાની સ્થાપના કરી, અને, ત્યાર પછી બે વર્ષે, તેના બાપના પ્રતિસ્પર્ધી કંતાજી કદમ ભાન્ડેને પ્રાંતમાંથી ક્હાડી મૂક્યો. પણ બીજે વર્ષે ઈ૦ સ૦ ૧૭૩૫ માં તે હોલકરને ગૂજરાત ઉપર હલ્લો કરવાને તેડી લાવ્યો. તેઓ ઓચિંતા આવ્યા; અમદાવાદની ઉત્તરનાં કેટલાંક શહરો તેમણે લૂંટ્યાં, અને ઈડર, પાલણપુર, અને છેક બનારસ નદી સુધી ખંડણી ઉઘરાવી; પછી જેવા તેઓ એકાએક આવ્યા હતા તેવા જ પાછા એકાએક જતા રહ્યા. પછીથી તરત જ અભયસિંહને આજ્ઞા કરી ગૂજરાતના અધિકાર ઉપરથી ખશેડીને તેને ઠેકાણે નજીબ ઉદ્દાવલા મોમિનખાનને બાદશાહે ઠરાવ્યો હતો, પણ અભયસિંહના મુતાલિક ભંડારી રતનસિંહે અમદાવાદ તેને સ્વાધીન કરયું નહિ, એટલે તેને ક્હાડી

મૂકવાને દામાજી ગાયકવાડનો આશ્રય માગવાની અગત્ય પડી. ગાયકવાડે અને મોમિનખાને એકબીજાની પાઘડિયો અદલબદલ કરી, અને રતનસિંહને ફ્હાડી મૂકવાને ગાયકવાડે રંગાજીને ફોજ આપીને પોતાના નવા મળતિયા સાથે મોકલ્યો. જેવો તેઓએ અમદાવાદ ઉપર હુમલો કર્યો કે તરત તેઓને પાછા હઠાવી ફ્હાડ્યા, પણ રતનસિંહ છેવટે તાબે થયો. ઈ૰ સ૰ ૧૭૩૭ના મે મહિનાની આશરે વીશમી તારીખે અમદાવાદ તેમને સ્વાધીન થયું, અને મોગલ તથા મરાઠાનો ખંડણીમાં અને સત્તામાં બરાબર ભાગ ઠરાવ્યો. આ ગોઠવણુ એવી થઈ કે, જેથી હવે તેમના કજિયાનો કદિ પાર આવશે નહિ એ વાત અગાઉથી કલ્પનામાં આવી શકે. એ જ વર્ષમાં બાદશાહે નિજામુલમુલ્કને સમજાવીને દિલ્હી બોલાવી લીધો, અને ગૂજરાત તથા માળવાનો અધિકાર તેને તેના દીકરા ગાજી ઉદ્દીનને નામે સોંપ્યો, અને તેની સાથે એવી શરત કરી કે તારે મરાઠાને એ બન્ને પ્રાંતોમાંથી હાંકી ફ્હાડવા. પણ આ કરાર પ્રમાણે કરી શકવાની તેનામાં શક્તિ ન હતી. તેણે તેના બળવાન શત્રુ બાજીરાવ પેશ્વા સંગાથે લડાઈ કરી, અને તેની સાથે કરાર કરવો પડ્યો. તેમાં એમ ઠરાવ્યું કે બાજીરાવને આખો માળવા પ્રાન્ત અને ચંબલ તથા નર્મદાની વચ્ચેના પ્રદેશનું સંપૂર્ણ આધિપત્ય બાદશાહ પાસેથી નિજામે અપાવવું.

દામાજી ગાયકવાડ હવે તો સત્તાવાળું માણસ થઈ પડ્યું. ત્ર્યંબકરાવની વિધવાનો તે વ્યવસ્થાપક હતો તેથી દાભાડેની ટુકડી ભણીની સર્વ સત્તા પોતાની મરજી પ્રમાણે ઉપયોગમાં આણવા લાગ્યો. કેમકે યશવંતરાવ તે કામ ઉપાડી લેવા જેવો પાકી ઉમરનો થયો તો ખરો પણ આગેવાન તરીકે કામ ચલાવવા જેટલી તેનામાં આવડ ન હતી. મરાઠાઓની ગૂજરાતમાંની સર્વ સરદેશમુખી તથા કાઠિયાવાડની ખંડણી, દામાજિયે, મોમિનખાનનું ઈ૰ સ૰ ૧૭૪૩ ના ફેબ્રુઆરી મહિનામાં મરણ થયું ત્યાં સુધી ઉઘરાવવા માંડી. બાદશાહના હુકમથી અબદુલ અઝીઝખાનને ગૂજરાતનો નવો સૂબેદાર ઠરાવ્યો, તે, તે સમયે દક્ષિણમાં ઔરંગાબાદમાં હતો. ત્યાંથી કેટલાંક માણસોની ફોજ એકઠી કરીને પોતાના નવા અધિકાર ઉપર જતાં, સુરત મૂકીને ભરૂચની પાસે અંકલેશ્વર આગળ આવી પ્હોંચ્યો. પણ ત્યાં આગળ દામાજીના પક્ષવાળાઓએ તેના ઉપર એકાએક હુમલો કરીને તેની ટુકડીનો પૂરેપૂરો નાશ કર્યો, ત્યાર પછી, ફકિરઉદ્દૌલાને અમદાવાદનો કબજો લેવાને દિલ્હીથી મોકલ્યો. (ઈ૰ સ૰ ૧૭૪૪ માં) પણ દામાજીની એક ટુકડી રંગાજીના તાબાની હતી તે તેની સામે થઈ, અને કબજો લેવા દીધો

નહિ. આ વેળાએ દામાજી સતારામાં હતો તે સમય સાધીને તેના ભાઈ ખંડેરાવે પોતાને અનુકૂળ પડતો અગત્યનો ફેરફાર કરી દીધો. તેમાં રંગાજીને તેણે દૂર કર્યો, અને પોતાના એક માણસને અમદાવાદમાં રાખવાની ગોઠવણ કરી. વળી ફકિરઉદ્દૌલાને તેણે કેટલોક આશ્રય આપ્યો, પણ દામાજિયે તાબડતોબ પાછા આવીને તેઓનો સંબંધ મરાઠાઓના સ્વાર્થને હાનિકારક થઈ પડે તેના પ્હેલાં તો તે તોડી નંખાવ્યો અને ખંડેરાવને બોરસદ કિલ્લો અને મૂલ્યવાન નડિયાદ પરગણું આપ્યું, તથા વડોદરામાં તેને પોતાનો મુતાલિક ઠરાવ્યો. આ ઉપર્યુક્ત વ્યવસ્થા કરવાથી દામાજી પોતાના કુંટુંબના ઘણા માણસો ઉપર પોતાનું ઉપરીપણું જાળવી શક્યો, અને પોતાની સત્તાને ખલેલ પ્હોંચાડનારી ખરેખરી અડચણ વચ્ચે આવી હતી તે દૂર કરી. તેણે ફકિરઉદ્દૌલાને માન્ય કર્યો નહિ, અને તેને બદલે પોતાનો જૂનો મળતિયો જે મોમિનખાન હતો તેના પુત્રને અને ભાઈને આશ્રય આપ્યો.

શિવાજીના પુત્ર રાજારામની મા તારાબાઈયે ઇ૦ સ૦ ૧૭૫૧માં દામાજી ગાયકવાડને લખી મોકલ્યું કે, મરાઠી રાજ્યને અને રાજાને બ્રાહ્મણોના હાથમાંથી છોડાવવાને તમારે સતારે આવવું. તારાબાઈયે પ્રથમ રાજાને સમજાવ્યું હતું કે તારો ચાકર બાલાજી બાજીરાવ તારી સર્વ સત્તા બથાવી પડ્યો છે તે તું પાછી મેળવી લે, પણ તેમાં તે બાઈનું કાંઈ વળ્યું ન હતું તેથી ગાયકવાડ આવી પ્હોંચે છે એવા સમાચાર તેને મળ્યા, એટલે રાજાને સતારાના કિલ્લામાં બોલાવીને કેદ કર્યો. પ્રથમ તો દામાજિયે પેશ્વાના સરદારોને હરાવ્યા અને તારાબાઈને સતારે જઈ મળ્યો. પણ પછીથી તરત જ તેને પાછું હઠવું પડ્યું, અને બાલાજીની સાથે કોલકરાર કરવાની અગત્ય પડી. પેશ્વાએ દામાજીને પોતાના કબજામાં જોઈને ગૂજરાતમાંના જે કાંઈ ચડેલા રૂપિયા હતા તે અને કેટલોક બધો મુલ્ક માગવા માંડ્યો. દામાજિયે કહ્યું કે હું તો દાભાડેનો મુતાલિક છું તેથી તમારી માગણી કબૂલ રાખવાનો મને અધિકાર નથી. આવા ઉત્તર ઉપરથી પેશ્વાએ ગાયકવાડના તથા દાભાડેના કુટુંબના કેટલાક માણસોને કેદ કરીને એક ડુંગરી કિલ્લામાં રાખ્યા. પછી તેણે વિશ્વાસઘાત કરીને દામાજીની છાવણીમાં લૂંટ કરીને તેને કેદ પકડીને પુને પ્હોંચતો કર્યો ત્યાંથી તેને છોડતાં પ્હેલાં પેશ્વાએ ઘણા સખ્ત કરાર કહી બતાવ્યા, તે એવા કે,— ચડેલા રૂપિયાને બદલે પંદર લાખ રૂપિયા આપવાથી તે કરજનો નિકાલ થાય અને ગાયકવાડના તાબામાં હાલ જે દેશ છે તે, તથા હવે પછી, જે જિતી લેવામાં આવે તેનો અર્ધો ભાગ આપવો. દામાજિયે અર્ધોઅર્ધ મુલ્ક

આપવાને હા કહી, અને જે ઠેકાણેથી ખંડણી, ઉપજનો ભાગ, સરદેશમુખી અથવા લૂંટ જે કાંઈ મળે, તેમાંથી ખર્ચ બાદ કરતાં બાકીના ભાગમાંથી અર્ધો હિસ્સો આપવાને માન્ય કર્યું. વળી દશ હજાર ઘોડા સહિત પેશ્વાને જ્યારે અગત્ય હોય ત્યારે આશ્રય આપવાનું કબૂલ કર્યું. દાભાડેના મુતાલિક તરીકે તેના ગૂજરાત પ્રાન્તના ભાગને પેટે પ્રતિવર્ષે પાંચ લાખ વીશ હજાર રૂપિઆ આપવા; રાજાના માણસોના ખર્ચને પેટે મદદ તરીકે પ્રતિવર્ષે કાંઈક રકમ આપવી; આ કરારથી પેશ્વાના તાબામાં જે પરગણાં આવે ત્યાં થાણાં બેસરાવવામાં મદદ આપવી અને સૌરાષ્ટ્રના આખા દ્વીપકલ્પમાંથી ખંડણી ઉઘરાવવાના કામમાં મદદ આપવી. એ સર્વ વાત તેણે કબૂલ કરી. પેશ્વાના ન્હાના ભાઈ રઘુનાથરાવ અથવા રાઘોબાએ, ઉપરના દામાજી ગાયકવાડના સર્વ કરારનો અમલ કરી લેવા સારૂ ગૂજરાત ઉપર ચડાઈ કરી, અને દામાજીને કેદમાંથી છોડયો, એટલે એ પણ ગૂજરાતમાં જઈને પોતાની ફોજ સહિત તેને મળ્યો. તેઓ બન્ને એકઠા મળીને ખંડણી ઉઘરાવતા, અને દેશને વશ કરી લેતા ચાલ્યા; તેમાં તેઓ અમદાવાદના કિલ્લા સુધી આવી પ્હોંચ્યા ત્યાં સુધી કોઇયે તેઓનો અટકાવ કર્યો નહિ.

ગૂજરાતનું રાજધાની નગર (અમદાવાદ) તે સમયે જુવાનમર્દખાન બાબીના હાથમાં હતું. તેને મોમિનખાનના ભાઇયે પોતાનું મરણ થતાં પ્હેલાં મોગલના તાબાના ભાગ ઉપર પ્રથમથી ઠરાવ્યો હતો. પણ દામાજી જેવામાં કેદ પડ્યો હતો તેવામાં, શહરની સર્વ સત્તા તે પોતાને સ્વાધીન કરી બેઠો હતો, માત્ર ગાયકવાડનું લેણું વસુલ કરી લેવા દેતો. જ્યારે બન્ને એકઠા મળેલા મરાઠા સરદારો અમદાવાદ આગળ આવ્યા ત્યારે જુવાન-મર્દખાન પાલણપુર હતો. શહર ચઢી ઉતરીને તાબે કરી લેતાં પ્હેલાં તો તે ત્યાં આવી પ્હોંચ્યો. એટલે કિલ્લેદારોને નવો જુસ્સો ઉત્પન્ન થયાથી તેઓએ ઘણા આગ્રહથી બચાવ કર્યો. જુવાનમર્દખાન બાબીની સુલુકાઇને લીધે તેના લાભમાં પ્રતિષ્ઠિત કરાર થયો, તે એવો કે તે જો શહર છોડી દે તો તેને પટ્ટણ, વડનગર, રાધનપુર, વિજાપુર અને બીજાં કેટલાંક પર-ગણાં આપવાં. ઈ૦ સ૦ ૧૭૫૫ ના એપ્રિલ મહિનામાં છેવટે અમદાવાદ મરાઠાઓને સ્વાધીન થયું. તેની ઉપજ પેશ્વાએ અને ગાયકવાડે અર્ધો-અર્ધ વ્હેંચી લેવા માંડી, પણ પેશ્વાએ સર્વ કિલ્લેદાર પોતાના ભણીના મૂક્યા અને હમણાં જે ગાયકવાડની હવેલી કહેવાય છે, તે જ કિલામાં દામા-જીની ફોજ રહે એમ ઠર્યું.

પ્રકરણ ૨

ગૂજરાતમાં બ્રિટિશનું પ્રથમ આગમન

મિ૦ બુર્શિયરને **મુંબઈના** ગવર્નરની જગ્યા ઈ૦ સ૦ ૧૭૫૦ના નવેમ્બર મહિનાની ૧૭ તારીખે મળી ત્યારથી બ્રિટિશ અને મરાઠાઓનો સંબંધ વધારે નિકટ થવા લાગ્યો. તે વેળાએ **સુરત**માં મોગલોની સત્તા નબળી પડી જવાથી ઘણી અવ્યવસ્થા થઈ પડી હતી તે વ્યવસ્થા કરી દેવાને, અને ત્યાં પોતાના હક્ક અને વ્યાપારનું કામ સારા પાયા ઉપર સ્થાપવાને, અંગરેજોને પેશ્વાનો આશ્રય મેળવવાને બહુ અગત્ય હતી. પણ પેશ્વાથી તેમને આશ્રય આપવાનું બની આવ્યું નહિ; અને જ્યારે તેઓએ પોતાનું કાર્ય તેના આશ્રય વિના કરી લેવાનો પ્રયત્ન કરવા માંડ્યો, ત્યારે મુંબઈ બેટ ઉપર ચડાઈ કરવાનું મિષ બતાવીને, પેશ્વાએ તેઓને કાર્ય સાધી લેવા દીધું નહિ. તો પણ પોતાના માણસોનો અને અધિકારિયોનો ઘણો નાશ થવા છતાં પણ ઈ૦ સન ૧૭૫૯ ના માર્ચ મહિનાની ૪ થી તારીખે, અંગરેજોએ સુરતનો કિલ્લો પોતાને સ્વાધીન કરી લીધો. ત્યાર પછી તરત જ ગૂજરાતમાં પોતાના રાજ્યની સ્થાપના કરવાના ઉપાય તેઓએ કરવા માંડ્યા. ઇ૦ સ૦ ૧૭૭૧ માં તેઓએ, પોતાના સુરતના અધિકારની રૂઇયે **ભરૂચ**ના **નવાબ**ની ઉપર કેટલાએક દાવા કર્યા. તડ-મતડા કરવાનો વિચાર તેઓએ કેટલાક દિવસ સુધી જવા દીધો, અને નવાબની સાથે કોલકરાર કર્યા, તે જોઇયે તેવા તેના લાભમાં થયા નહિ, એટલે પછી તરત જ તેણે તે રદ કર્યા. તેથી પ્રથમ જે ચઢાઈ કર-વાનો વિચાર કરી રાખ્યો હતો તેનો હવે અંગરેજોએ અમલ કર્યો, અને ઈ૦ સ૦ ૧૭૭૨ ના નવેમ્બર મહિનાની ૧૮ મી તારીખે, ભરૂચ ઉપર હલ્લો કરી છાપો મારીને તે લીધું, તેમાં અંગરેજોનો શૂરો અને નિપુણ જનરલ, ડેવિડ વેડરબર્ન માર્યો ગયો.

તેવામાં **દામાજી** ગાયકવાડ પોતાની પછવાડે ચાર પુત્ર મૂકીને મરણ પામ્યો. તેમાં **શિયાજીરાવ** વડો પુત્ર હતો, પણ તેનો જન્મ **દામાજી**ની બીજી સ્ત્રીને પેટ થયો હતો, તેથી, પ્હેલી સ્ત્રીનો પુત્ર ગોવિંદરાવ વયે ન્હાનો હતો છતાં પણ, તેણે ગાદી ઉપર આવવાનો પોતાનો દાવો કર્યો. બાકી રહેલા બે **માણ-કજી** અને **ફતેહસિંહ** ન્હાની સ્ત્રીના પુત્ર હતા. **માધવરાવ** પેશ્વાએ પ્રથમ તો ગોવિંદરાવનો દાવો બ્હાલ રાખ્યો; પણ તેની ન્યાયની કચેરીમાં એ વાત નામંજુર કરી, એટલે, તેનો દાવો રદ કરીને **શિયાજી**ને "સેના ખાસખેલ

સમશેર બહાદુરનો" ખિતાબ આપ્યો. પણ તે મૂર્ખ હતો તેથી પેશ્વાએ, તેના ભાઈ ફત્તેહસિંહને તેનો મુતાલિક ઠરાવ્યો. માધવરાવ મરણ પામ્યા પછી, અને તેના ભાઈ નારાયણરાવનું ખુન થયા પછી, તેઓનો કાકો રાઘોબા, જે બાજીરાવનો ન્હાનો પુત્ર થતો હતો તે, થોડા દિવસ સુધી પેશ્વાના અધિકાર ઉપર આવ્યો, એટલે તેણે શિયાજીને દૂર કરીને ગાયકવાડની ગાદિયે ગોવિંદરાવની સ્થાપના કરી. એટલે ફત્તેહસિંહના હાથમાંથી રાજ્ય લઈ લેવાને ગોવિંદરાવ તરત જ ગૂજરાત આવ્યો, અને આ પ્રતિસ્પર્ધી ભાઇયોની ટોળિયો વચ્ચે સદા કજિયો ચાલવાનું કારણ ઉભું થયું.

રાઘોબાનો અધિકાર લાંબો ચાલ્યો નહિ. પુનાની ગાદીના પ્રધાનો સાથે હોલકર અને સિંધિયા મળી ગયા, અને તેઓ ઈ૦ સ૦ ૧૭૭૫ ના જાન્યુઆરી મહીનામાં તેની સામે થયા, એટલે તે ગૂજરાતમાં વડોદરે નાશી આવ્યો. તે વેળાએ તેના પક્ષનો ગોવિંદરાવ ગાયકવાડ પોતાના ભાઈને પકડવાના બેતમાં ફરતો હતો. પદભ્રષ્ટ થયેલા પેશ્વાને ગૂજરાતમાં આવવાની એક બીજી મતલબ હતી. મુંબઈ સરકારનો આશ્રય મેળવવાને તેણે જે આગળ ક્હેણ ચલાવ્યું હતું તે હવે તેણે પાછું ફરીને ચલાવવા માંડ્યું. તા૦ ૬ ઠ્ઠી માર્ચને દિવસે બંને પક્ષકારો વચ્ચે કોલકરાર થયા તેમાં રાઘોબાને ફોજની મદદ આપવાનું અંગરેજોએ કબૂલ કર્યું. અને તે પ્રમાણે ગૂજરાતમાં રાઘોબાની ફોજ હતી તેને જઈ મળવાને મુંબઈથી એક કાફલો રવાના કરવામાં આવ્યો. તે કાફલો જ્યારે સુરત આવી પ્હોંચ્યો ત્યારે રાઘોબાની ખરાબી થયેલી અંગરેજોના જાણવામાં આવી. પ્રધાનોની ફોજ તેની પછવાડે પડી, તેથી વડોદરાનો ઘેરો ઉઠાવીને મહી નદીની પાસેના અડાસના મેદાનમાં, તેઓની સાથે લડાઈ કરવાની તેને અગત્ય પડી, તેમાં તેની છેક હાર થઈ. કર્નલ કિટિંજના ઉપરીપણા નીચે અંગરેજોનો કાફલો રાઘોબાને લઇને ખંભાત આવ્યો, અને તા૦ ૧૭ મી માર્ચે તેઓ જમીન ઉપર ઉતર્યા. ત્યાર પછી, એક માસ કરતાં પણ વધારે દિવસ ગુજર્યા. પછી રાઘોબાની ફોજનાં માણસો જે પ્રથમની લડાઈમાંથી નાશી ગયાં હતાં તે ખંભાતની ઉત્તરમાં અગિયાર માઇલ ઉપર એક ધર્મજ નામે ગામ છે ત્યાં તેઓને આવી મળ્યાં; અને આ પ્રમાણે એકઠી મળેલી ફોજ મે મહિનાની ત્રીજી તારીખે માતર પ્હોંચી. તેઓએ આ ઠેકાણેથી પોતાનો રસ્તો બદલ્યો. પુને જવાના મનસુબાથી તેઓએ પાંચમી તારીખે માતર છોડ્યું, અને આઠમી તારીખે નડિયાદ આવી પ્હોંચ્યા; ત્યાં તેઓએ એક અઠવાડિયું મેલાણ રાખી શહરમાંથી ખંડણી લીધી. પછી નડિયાદ છોડીને ફોજ મહી ભણી ચાલીને અડાસ આવી. જે ઠેકાણે રૂસ્તમઅલીની હાર થઇને

તેનું મૃત્યુ થયું હતું, તથા જ્યાં આગળ રાઘોબાએ પ્રથમ હાર ખાધી હતી તેજ આ જગ્યા આગળ, તા० ૧૮ મીને દિવસે લડાઈ થઈ, તેમાં શત્રુઓને હાર ખવરાવી. પણ અંગરેજી ફોજને ઘણું નુકશાન થયું. તારીખ ઓગણત્રીશમીને દિવસે કર્નલ કિટિંજ ભરૂચ આવ્યો અને પોતાની ફોજમાંનાં જે ઘાયલ થયલાં હતાં તેઓને ત્યાં મૂકીને, નર્મદાને કાંઠે શત્રુ પડેલા હતા, તેમના ઉપર હલ્લો કર્યો. પણ તેની સાથેના મરાઠી લશ્કરની ઢંગધડા વિનાની હાલચાલ ઉપરથી તેઓ ચેતી ગયા, અને પોતાની તોપો નદીમાં ફેંકી દઈને ઉત્તર કિનારા ભણી નાશી ગયા; એટલે પછી ચોમાસાના દિવસોમાં ગૂજરાતમાં રહીને ફારી ઋતુ બેસતાં પુના ભણી જવાનો છેવટે નિશ્ચય કર્યો. બ્રિટિશ ફોજને ચોમાસાના દિવસ ડભોઈના કિલ્લામાં ફહાડવાનું ઠર્યું હતું, તેથી આઠમી જુને કર્નલ કિટિંજ ભરૂચથી નર્મદાને કિનારે થઈને તેણી મગ ચાલ્યો. બાવા પીરને આરે શત્રુના ઉપર છાપો મારવાનો પ્રયત્ન કરી રહ્યા પછી, નદી છોડી દઈને અંગરેજી લશ્કર ડભોઈ ભણી વળ્યું. અસાધારણ વાવાઝોડા સહિત ચોમાસું બેઠું, અને તેઓની સામે થવાને કોઈ બીજો શત્રુ હતો નહિ, તથા પોતાને ઠરાવેલે ઠેકાણે પ્હોંચવાને વીશ માઈલ કરતાં વધારે ચાલવાનું રહ્યું ન હતું, તો પણ બ્રિટિશ લશ્કરના અધિકારિયોને અને બીજાં માણસોને અણહિલપુરના રાજાઓએ બંધાવેલા અને કાળે કરીને ડડળી ગયેલા કિલ્લામાં જઈને રક્ષણ મેળવતાં એક પખવાડિયા કરતાં પણ વધારે દિવસ લાગ્યા.

ગૂજરાતમાં બ્રિટિશની પ્હેલી ચડાઈનો આ પ્રમાણે છેડો આવ્યો. તેમાં કદાપિ તેઓ છેક નિષ્ફળ થયા નહિ તો પણ તેમાંથી તત્કાળ ફળ તેમને કાંઈ મળ્યું નહિ. બંગાળામાં સર્વને માથે એક અધિકારી મંડળી ઠરાવીને તેને નવો અધિકાર આપવામાં આવ્યો. તેણે પદભ્રષ્ટ થયેલા પેશ્વાને આશ્રય આપ્યાની વાત નાપસંદ કરી તેથી સામી ટોળીવાળા સાથે શત્રુતા રાખવી બંધ પડી, અને જ્યારે રસ્તા પાંશરા થયા ત્યારે કર્નલ કિટિંજનું લશ્કર રાઘોબાની સાથે સુરત પાછું આવ્યું.

થોડાં વર્ષ પછી પૂના સરકાર સાથે બ્રિટિશોને મુખ્ય પક્ષકાર તરીકે ફરીને લડાઈ ઉભી થઈ તેમાં પ્રસિદ્ધ નાના ફડનવિસ તેનું કારણ હતો. ઇ०સ० ૧૭૮० ના જાન્યુઆરી મહિનાની પ્હેલી તારીખે, જનરલ ગાડર્ડ બ્રિટિશ ફોજ લઈને સુરત આગળ તાપી નદી ઉતરીને ધીરે ધીરે ઉત્તર ભણી ચાલ્યો. તેનું તોપખાનું અને સરસામાન તેને પછવાડે આવી મળ્યો ને ડભોઈ જે પેશ્વાના તાબાનું હતું તેના ઉપર હલ્લો કરવા ચાલ્યો, અને આણીગમ,

બ્રિટિશ સરકારના મુલ્કી કામદારો હતા, તેઓએ લશ્કરની ભરતી કરીને સુરત તથા ભરૂચ પરગણામાંથી નાના ફડનવિસના પક્ષકારોને હાંકી કહાડ્યા. અરાઢમી જાન્યુઆરિયે જનરલ ગાડર્ડનું લશ્કર ડભોઈ આગળ આવી પ્હોંચ્યું અને બે દિવસ પછી તોપોનો મારો ચલાવવાને મોરચો તૈયાર થયો ત્યારે તો મરાઠા કિલ્લેદાર રાત્રિની વેળાએ કિલ્લો છોડીને જતા રહ્યા. ફત્તેહસિંહને ગાયકવાડના રાજ્યના માલિક તરીકે બ્હાલ રાખવામાં આવ્યો હતો તેની સાથે સલાહનું ફ્હેણુ ચાલતું હતું. તેણે લડાઈને સમયે એક બીજાના શત્રુ સામે સહાયભૂત થવા વિષેના કોલકરાર ઉપર સહી કરી. તેની બોલી એવી હતી કે, મહી નદીની ઉત્તરે પેશ્વાનો પ્રાન્ત હતો તે ગાયકવાડે રાખવો, અને તેને બદલે સુરત તથા ભરૂચ જિલ્લાનાં ગાયકવાડનાં ગામ હોય તે તેણે અંગરેજ સરકારને સ્વાધીન કરવાં. જનરલ ગાડર્ડે પછી ઉત્તર ભણીની કુચ જારી રાખી અને દશમી ફેબ્રુઆરિયે ગૂજરાતની મુસલમાની રાજધાની આગળ બ્રિટિશ સરકારનો વાવટો પ્રથમ જ ઉડવા લાગ્યો. ત્યાંના મરાઠા સૂબાએ શરણ થવાને ના પાડી, એટલે તા૦ ૧૨ મીએ મોરચો બાંધીને એક દિવસમાં કિલ્લાની ભીંતમાં બાકોરૂં પોડ્યું. દયાને લીધે, અને શહરમાં જુલમ જાસ્તી થાય નહિ એટલા માટે બીજે આખો દિવસ હલ્લો કરવાનો વિચાર બંધ રાખ્યો, અને એવી આશા બાંધી કે કિલ્લેદારો એમની મેળે આવીને શરણ થશે. પણ તેમ તો બન્યું નહિ, એટલે પંદરમી તારીખની સવારે અંગરેજોની ટોળીઓ બાકોરામાં થઈને ધશી જવાને તૈયાર થઈ, ત્યારે કિલ્લેદારોએ તે ઠેકાણે યુદ્ધ કરયું તેમાં તેઓનાં ત્રણસેં માણસ માર્યાં ગયાં. એ પ્રમાણે ગૂજરાતની રાજધાનીનું નગર તાબે થયું. એટલામાં તો ગાડર્ડના સાંભળવામાં આવ્યું કે, સિંધિયા તથા હોલકર ઓગણત્રીશમી તારીખે નર્મદા ઉતરીને વડોદરાની લગભગ ઘોડેસવારોની મ્હોટી સેના લઈને આવી પ્હોંચ્યા છે, પણ આ બ્રિટિશ જનરલ તેમના ઉપર ચડ્યો એટલે તેઓ પાવાગઢ ભણી જતા રહ્યા.

મુલ્કી ચાકરી ખાતાનો મિ૦ જેમ્સ ફાર્બસ જે ઓરિએન્ટલ મેમ્વાર નામના પુસ્તકના રચનાર તરીકે પ્રસિદ્ધ થયો છે તેને સ્વાધીન ડભોઈ હતું. તેની આસપાસ મરાઠા અશ્વાર વિંટળાઈ વળ્યા તે કિલ્લાની ભીંત ઉપરથી દેખાતા હતા પણ ત્યાંથી તોપનો મારો પ્હોંચી શકે એમ હતું નહિ. કિલ્લાની રખેવાળી કરનાર લશ્કરમાં સિપાઇયોની ત્રણ પલ્ટણો અને તેઓના ઉપર ત્રણ યુરોપિયન કામદાર, થોડાક યુરોપિયન ગોલંદાજ તથા ખારવા અને આરબ તથા સિંધિની પાયદળની પાંચ ટુકડીઓ એટલું હતું. મરાઠી

છાવણીમાં એક મુલ્કી અને એક લશ્કરી એવા બે અધિકારીને ઓળમાં મૂક્યા હતા. તેઓએ છાની રીતે શહર માંહેલા પોતાના દેશિયોને બાતમી મોકલી કે, તમે સામા થશો તેથી કાંઈ વળવાનું નથી માટે શરણ થજો. પણ ડભોઈની માંહેલી મગ તો જૂદા જ પ્રકારનો જુસ્સો પ્રવર્ત્યો હતો. જેમ્સ ફાર્બસની પાસેના ન્હાના સરખા પુસ્તકસંગ્રહમાં વાર્ષિક રેજિસ્ટરો અને વિદ્યામાળાની ચોપડિયો મુખ્યત્વે કરીને હતી તેમાંથી નાના પ્રકારના કોલકરારના વિષય તેણે વાંચી રાખ્યા હતા, તે એવી સમજણથી કે અગત્ય પડે તો, ઘટિત સલાહનું કહેણ કરવામાં આવે ત્યારે તે ઉપયોગી થઈ પડે. આ ઉપરાન્ત તેણે કિલ્લા બાંધવાની વિદ્યા, અગ્ન્યસ્ત્રવિદ્યા, અને એવા જ બીજા વિષયનું બહુ લક્ષપૂર્વક મનન કરી રાખ્યું હતું. વળી તેણે કિલ્લાની મજબૂતી કરવાની તથા અસલની મરાઠી તોપો ઉપયોગમાં આણવાની તૈયારી પણ કરી રાખી હતી. પરંતુ જનરલ ગાડર્ડ લશ્કર લઈને અમદાવાદથી આવી પ્હોંચ્યો. તેથી ડભોઈના કિલ્લેદારોએ કરી રાખેલી તૈયારીનો ઉપયોગ કરવાનો સમય આવ્યો નહિ, અને મરાઠી લશ્કર પોતાની છાવણી ઉઠાવીને જતું રહ્યું.

ત્યાર પછી કેટલાંક કારણોને લીધે કેટલીક હારજિતની લડાઇયો થઈ તેથી ગૂજરાતમાંના તેમના હિત ઉપર માત્ર આડકતરી રીતે અસર થઈ. પછી ઇ० સ० ૧૭૮૨ ના મે મહિનાની ૧૭ મી તારીખે સાલબાઈમાં બ્રિટિશ અને મરાઠા વચ્ચે સલાહ થઈ તેમાં, મહાદજી સિંધિયો મધ્યસ્થ હતો. પણ તે સલાહના કોલકરાર ૧૭૮૩ ના ફેબ્રુઆરી મહિનાની ૨૪ મી તારીખે અમલ કરવાને કબૂલ રાખવામાં આવ્યા. તેમાં એવું ઠર્યું કે, ૧૭૭૫ માં લડાઈ થઈ તેના પ્હેલાં જેઓનો ગૂજરાતમાં જે મુલ્ક હતો તે તેમની પાસે ર્‌હે; વડોદરાના મુલ્કમાં કોઈ ભાગ પડાવે નહિ, તથા જ્યાં સુધી દુશ્મનાવટ ચાલુ રહી ત્યાં સુધીની ખંડણીનો દાવો ફત્તેહસિંહ ઉપર પેશ્વા કરે નહિ. વળી એમ ઠર્યું કે, "ઈ० સ० ૧૭૭૯ ના જાન્યુઆરી મહીનામાં વડગામ આગળ મહાદજી સિંધિયાએ મુંબઈ સરકાર પ્રતિ ઉદારતાભરેલી વર્ત્તણૂંક ચલાવેલી; તથા તે સમયે બે અંગરેજ ગૃહસ્થો ઓળમાં આપેલા તેઓની દયાભરેલી રીતે બરદાસ્ત કરી અને તેમને છોડ્યા એ ઉપરથી, તેમના વિષે જે અભિપ્રાય બાંધવામાં આવ્યો તેની નિશાની દાખલ" તેમને ગવર્નર જનરલ ઇન કૌન્સિલના અભિપ્રાય પ્રમાણે મૂલ્યવાન ભરૂચ જિલ્લો આપવો. ઉપરના ઠરાવ પ્રમાણે, જેમ્સ ફાર્બસના તાબામાં, ડભોઈ, જનોડ અને બીજાં ગૂજરાતનાં પરગણાં હતાં તે મરાઠાને પાછાં આપવાનો તેને હુકમ થયો અને સૂચના કરવામાં આવી કે મરાઠી સંસ્થાનમાંથી જે અધિકારીને એ પરગણાં કબ્જે

૨

લેવાને મોકલવામાં આવે તે અધિકારીને તે પાછાં સ્વાધીન કરવાં. તે જ પ્રમાણે ભરૂચ શહર અને પરગણું મહાદજી સિંધિયાનો ભાસ્કર રાવ કરીને માણુસ હતો તેને આપવાને ત્યાંના મુખ્ય અધિકારી અને કૌન્સિલને આજ્ઞા કરવામાં આવી.

ડભોઈ અને ભરૂચ મરાઠાઓને આમ પાછાં આપવામાં આવ્યાં તે સમયનું જાણવા યોગ્ય વર્ણન "ઓરિએન્ટલ મેમ્વોર"ના કર્તાએ આપ્યું છે તે પ્રમાણે આ ઠેકાણે અમે દાખલ કરિયે છિયે:—મિ० ફાર્બસ કહે છે કે, "ડભોઈ
"અને તેના તાબાનાં પરગણાં મરાઠાને પાછાં આપવાનાં છે એ વાત પ્રસિદ્ધ
"થઈ, અને મારો ત્યાંથી નીકળવાનો દિવસ પાસે આવ્યો, ત્યારે શહરના મુખ્ય
"મુખ્ય બ્રાહ્મણો એકઠા થઈને દરબારમાં મારી મુલાકાત લેવાને આવ્યા, અને
"આ પ્રમાણે ફેરફાર થયો તેનું, તેઓએ અંતઃકરણપૂર્વક મારી સાથે દિલસોજી
"બતાવી મને નજરાણું આપવા માંડ્યું. પણ તેનો સ્વીકાર કરવાની મેં ના
"પાડી. ત્યારે તેમને એટલું બધું માઠું લાગ્યું કે, છેવટે મારે તેમને કહેવું
"પડ્યું કે, એક વસ્તુ મારે તમારી પાસેથી માગી લેવાની હતી, તેમ કરવામાં
"મને સભ્યતા લાગી નહિ માટે અગાઉ મેં તે માગી નથી, પણ જ્યારે હવે તમે
"મને નજરાણું લેવાનો આગ્રહ કરો છો ત્યારે તો, તે વસ્તુ તમે મને આપશો તો
"મારા અંતઃકરણમાં જરા પણ સંકોચાયા વિના હું તે લઈશ. હિન્દુની પ્રાચીન
"કાળની ડભોઈમાં બાકી રહેલી ઘણી નિશાનિયો, શહરની પડી ગયેલી
"ઇમારતોનાં કોતરકામના કડકા, અહિંતહિં પડેલા ભાગી ગયેલા સ્તંભ, ખંડિત
"થયેલી મૂર્ત્તિયો, એઓ વિષે મારો કાંઈક અચંબો બતાવીને, અને તેઓનાથી
"ઉપકૃત થવાની અતિશય ઇચ્છા દર્શાવીને બ્હારના ખંડિત ભાગ માંહેથી
"ન્હાના ન્હાના કડકા પસંદ કરીને લેવા દેવાની આજ્ઞા આપવા બાબત
"મેં તેઓને વિનતિ કરી, અને કહ્યું કે, હું એ અવશેષોને યુરોપ લઈ જઇને
"મારી વાડીમાં એક દેવાલય બંધાવીને તેમાં પધરાવીશ. મારૂં આવું બોલવું
"સાંભળીને તેઓને ઘણું આશ્ચર્ય લાગ્યું, અને સર્વ ચડીચૂપ થઈ ગયા. હું
"તેઓના ધર્મનું હાસ્ય કરીશ એવી તેમને બ્હીક લાગતી હોય એવું તેઓએ
"બતાવ્યું નહિ, પણ એક ક્રિશ્ચિયન ધર્મના પુરૂષને હિન્દુ ધર્મની મૂર્ત્તિયો
"રાખવાનું શું પ્રયોજન છે તે જાણવાની આતુરતા બતાવી. યુરોપિયન
"લોકોની સામાન્ય જિજ્ઞાસા, પૂર્વ ભણીની કોતરણીના નમુના તેઓને બતા-
"વવાથી થતો આનંદ, અને મનને અસર કરનારી હજારો વાતોનાં સ્મરણ
"વડે કરીને પ્રિયકર થઈ પડતી દૂરની જે જગ્યા, ત્યાંથી આણેલી પ્રાચીન
"વસ્તુઓ હું મારા પોતાના દેશમાં જોઉં, તે સમયે મારા મનમાં જે આનંદ-

"દાયક વિચારસંકલના ઉત્પન્ન થાય, એ સર્વ વાત તેમના મનમાં ઊતારવાને "મને જરા મુશ્કેલ પડ્યું."

"કોઈ દિવસ તેઓએ સાંભળેલી નહિ એવા પ્રકારની નવતર માગણી "સાંભળીને તેઓને નવાઈ લાગી અને કેટલાક સંન્યાસિયોને પૂછીને એકાંતમાં "વિચાર કર્યા પછી થોડીક વારમાં પાછા આવવાની તેઓએ મારી "પાસે આજ્ઞા માગી, તે સમયે મારો વિયોગ થવાનો છે એમ જાણીને "તેઓની આંખ્યમાંથી આંસુ વ્હેવા લાગ્યાં. બીજે દિવસે સવારમાં "તેઓ મારી પાસે પાછા આવ્યા ત્યારે, એક રીતે, મારે જવાની વેળા "પાસે આવેલી જોઈને ખેદ પામેલા દીસવા લાગ્યા, તેમ જ બીજી રીતે, "મારી માગણી માન્ય રાખવાનો તેઓને પ્રસંગ આવ્યો તેથી રાજી થયેલા "જોવામાં આવ્યા. તેઓએ ઘણી જ ઉદારતાભરેલી રીતે મને કહ્યું કે તમે "તમારાં માણસ મોકલીને તમારી નજરમાં આવે તે વસ્તુઓ પસંદ કરી• "લ્યો, અને મિત્રાઈદાવે તમારા પોતાના દેશમાં લઈને દેવાલયમાં પધરાવો. "મેં તે પ્રમાણે કર્યું; ઉજ્જડ પડેલા દેવાલયની તૂટી પડેલી પાળોની માંહેલી "ગમની ન્હાની મૂર્ત્તિયો, અને હીરાના દરવાજાની બહારની કોતરણીના નમુના "હિન્દુ કારીગરો મોકલીને મંગાવી લીધા. અને સ્ટાનમોર ડુંગર ઉપર એ જ "કામને માટે અષ્ટકોણ આકારની જગ્યા બંધાવી છે તેમાં તેના આઠ સમુ- "દાય ગોઠવવામાં આવ્યા છે તે તે જગ્યાના શણગાર રૂપ થઈ પડ્યા છે. તેના "ઉપર લીંબોઈના ઝાડની ઘટા છે, અને પાસે એક તલાવ છે તેમાં સુંદર "કમળ આવી રહ્યાં છે, તેની પાંખડિયો અને પાંદડાં દક્ષિણ ભણીના વાયુથી "જ્યારે નાજુકપણે હાલે છે ત્યારે ગૂજરાતના પવિત્ર તલાવનું મને સ્મરણ "થાય છે."

આ ગ્રંથકર્ત્તા પછી ભરૂચ ગયો. ત્યાં પણ એવો જ દેખાવ તેના જોવામાં આવ્યો:—

"ભરૂચના લોકને બ્રિટિશના સરલ અધિકાર નીચે રૂહેવાની ટેવ પડી "ગઈ હતી તેથી નવા ફેરફારનો તેઓ ધિઃક્કાર કરવા લાગ્યા, અને ભાસ્કર "રાવને આવવાનો સાંભળીને ત્રાસ પામવા લાગ્યા; પણ મલબારના કિનારા "ઉપર ફરીને પાછી શત્રુતા થઈ એવી ગપ ચાલી હતી તેથી તેને આવવાને "વાર થઈ, એટલે ભરૂચના લોક ખોટી આશા રાખવા લાગ્યા કે હવે રાજ્યનો "ફેરફાર થશે નહિ. બ્રિટિશ સરકારનું રાજ્ય તેમના ઉપર ચાલુ રહે એટલા "માટે જૂદી જૂદી નાતના અને ધર્મના લોકોએ કોઈ પણ પ્રકારની પ્રાર્થના, "કાંઈ પણ પ્રકારની ક્રિયા, અને કોઈ પણ પ્રકારના હોમહવન કરવાને મણા

"રાખી નહિ. અમારો જવાનો દિવસ જ્યારે નક્કી થયો, ત્યારે સર્વે જાતના "લોકોનાં હૃદયમાં ખરેખરો શોક છવાયો હતો, તે જરા પણ સંદેહ વિના "મારા સ્મરણમાં રમી રહ્યું છે. ઇંગ્લિશ લોકે ભરૂચ જિતી લીધું તેના પ્હેલાં "તે મોગલોના તાબામાં હતું, અને તેના ઉપર મુસલમાન નવાબ રાજ્ય "ચલાવતો હતો; તેથી ફેરફાર કેવો થશે તે તેઓ સારી પેઠે જાણતા હતા. "પૂર્વ ભણીના બીજા સર્વ રાજાના જુલમ કરતાં મરાઠાઓનો પોતાની સ્વેચ્છા "પ્રમાણે થતો જુલમ વધારે ભારે પડે છે; તેઓ હરેક જાતનું ત્રાસદાયક "ઘાતકીપણું કરીને ધન હરી લે છે, તેમાં વ્યાપાર, ખેતીવાડી, અને ધન "તથા આબાદાનીનાં ચાલતાં સાધનને સારા રાજકર્ત્તા ઉત્તેજન આપે છે તેવું "તે આપે જ શાના? અગર જો મુસલમાનોને પણ ધનનો એટલો બધો "લોભ છે તો પણ તેઓ વધારે ઔદાર્યથી ખરચે છે. ઉપયોગી અને "શોભાયમાન કામોને ઉત્તેજન આપે છે, અને વિદ્યા તથા કળાનું પ્રતિ- "પાલન કરે છે."

"મહાદજી સિંધિયાને ભરૂચ આપવાનો દિવસ ૧૭૮૩ ના જુલાઈ "મહિનાની ૯ મી તારીખનો ઠરાવ્યો હતો. તે દિવસ ઉપર ભાસ્કર રાવ ભરૂચ "આવ્યો ત્યારે રીત પ્રમાણે દરબાર ભરીને તેનો આદરસત્કાર કર્યો અને "શહરના દરવાજાની કુંચિયો તેને હસ્તગત કરી. નર્મદા નદી ઉતરીને સુરત "જવા સારૂ અમે તરત જ નદીના કાંઠા પાસે ગયા, અને અમારી સાથે શહરના "મુખ્ય મુખ્ય લોકો બોલ્યા ચાલ્યા વિના આવ્યા. જ્યારે અમે કંપનીના "ન્હાના મછવામાં બેઠા, ત્યારે અમારા માથા ઉપર એક કાળકંત્રાણુ વાદળું "ચઢી આવ્યું, અને વર્ષાદનું એક ઝાપટું પડ્યું. તે જોઈને આમારા શોકા- "તુર મિત્રો હવે વધારે વાર મુંગે મ્હોંડે રહી શકયા નહિ, અને મરાઠા- "ઓના જુલમનો માથે આવેલો ત્રાસ વિસરી જઈને કરૂણા ઉપજે એવો "પોકાર કરી બોલી ઉઠ્યા કે, ભરૂચના દુર્ભાગ્યને લીધે આકાશ રડે છે તેનાં "આ આંસુ છે! અંગરેજોના ઉપર આધાર વિનાના અપવાદ અને પાયા "વિનાના હજારો વ્હેમ રાખવામાં આવે છે, અને જે યુરોપમાં એકદમ "માનવામાં આવતા હતા, તેની સામે હું ઉપરની વાત રજુ કરૂં છું. હિન્દુ- "સ્થાનમાં ઘણા એક મ્હોટા અધિકાર ઉપર છે તેમાંથી કેટલાએક બેશક "ઠપકાને પાત્ર છે. આપણા દેશમાં પણ જેઓ એવા જ અધિકાર ઉપર છે "તેઓમાંથી બધાય નિર્દોષ છે એમ નથી; દ્રવ્ય અને સત્તાની લાલચ કોઈ "કોઈ વેળાએ અતિ બળવાન મનવાળાઓને પણ વશ કરી લે છે; પણ મોહ "પામી જવાથી દૂર રહેવાનો કાળ પાસે આવી પ્હોંચે છે, ત્યારે નિર્દોષ

"અંતઃકરણ રહ્યું હોય તેથી જ માત્ર સુખ થાય છે. યુરોપિયન કે હિન્દુસ્થા-"નનો રહેવાશી એમાંથી ગમે તે જે ધન ઉચાપત કરનાર હોય તે હવણાં "મનુષ્યના કાયદાનો જવાબદાર હોય અથવા ન હોય તો પણ હૃદયની અંદર "બિરાજમાન થયેલો કોઈ શિક્ષક તેનું આલોકનું પ્રત્યેક સુખ નષ્ટ કરી "નાંખે છે; અને હવે પછી, કદિ ભૂલે નહિ એવો ન્યાયાધીશ તેના પોતાના "કાયદા સત્યના અને ન્યાયના ધોરણ ઉપર સ્થાપ્યા છે તેના ભંગ કરનારનું "વેર લેશે. જે લોકોનો ચાલતો સંપ્રદાય જગતમિત્રતા, ઉદારતા, અને "પરોપકારબુદ્ધિમત્તા ઉપર રચાયો હોય એવા માણસોના આખા વર્ગ ઉપર "સામાન્ય અપવાદ મૂકવો એ અઘટિત છે."

આ સમયથી ભરૂચ સિંધિયાના તાબામાં આવ્યું, તે તેણે બ્રિટિશ સરકાર સાથે લડાઈ કરી ત્યાં સુધી તેના તાબામાં જ રહ્યું. તેની પાસેથી કર્નલ વુડિંગ્ટને ૧૮૦૩ના આગસ્ટ મહિનાની ૨૯ મી તારીખે વડોદરાની સાહાય્યકારી ફોજ વડે પાછું હલ્લો કરીને લઈ લીધું.

ફત્તેસિંહ ગાયકવાડ પોતાના ઘરના મેડા ઉપરથી પડી ગયો, તેથી ૧૭૮૯ના ડિસેમ્બર મહિનાની ૨૧ મી તારીખે મરણ પામ્યો, અને રીજેન્સી માટે ફત્તેસિંહના ભાઈ માનાજી અને ગોવિંદરાવની વચ્ચે કજિયો ઉઠ્યો, તે ચાર વર્ષ પછી જ્યારે માનાજીનું મરણ થયું ત્યારે જ પતી ગયો. હવે ગોવિંદ-રાવનો ગાદીનો હક્ક થવાને કશો વાંધો રહ્યો નહિ, તો પણ પેશ્વાની રાજ-ધાની છોડીને આવવાની રજા મેળવતાં ગોવિંદરાવને કઠણ થઈ પડ્યું.* આગળ ગાયકવાડની સાથે પેશ્વાએ ઘણા ભારે કોલકરાર કરી લીધા હતા, તે ઉપરાંત પૂના સરકારને ફાયદો થાય એવી રીતે તેની પાસેથી વધુ કરાર કરી લેવાને ન્હાના ફડનવિસે ધારણા કરી. પરંતુ સાલબાઈમાં જે કોલકરાર થયા હતા તેથી ઉલટાં ચાલીને ગાયકવાડના મુલ્કમાં વિભાગ પાડવા નહિ દેવાને માટે બ્રિટિશ સરકાર વચ્ચે પડી, અને ન્હાના ફડનવીસે તેમની તકરાર વાજબી

* માનાજી વડોદરામાં હોતાં ગાદી બથાવી પડ્યો હતો. અને પેશ્વાને ૩૦,૧૩,૦૦૦ રૂપિયા નજરાણાના તથા પેશકશીના ચડેલા સુમારે ૩૪,૦૦૦ રૂપિયા આપવાનો કરાર કરી તેમની સમ્મતિ મેળવી હતી. તેથી માનાજી મરણ પામતાં, આ કરાર ગોવિંદરાવ પાસે પાળવાની શરત કીધા પછી તથા હાથી, ઘોડા અને દાગીના થઈ સુમારે એક લાખ રૂપિયાનો નજરાણો આપ્યા પછી પૂનેથી જવાની તેને પરવાનગી મળશે એમ ન્હાના ફડનવિસે ફરમાવ્યું, તે ઉપરાંત તાપી નદીની દક્ષિણ દિશાના દેશમાં ગાયકવાડનો જે હક્ક હતો તે હક્ક તથા સુરત બંદરની જકાત પેશ્વાને આપી દેવાની માગણી પણ કરી હતી. ર. ઉ.

ગણીને, ૧૭૯૩ ના ડિસેમ્બર મહિનાની ૨૯ મી તારીખે વડોદરાની રીજેન્સી માટે ગોવિંદરાવને છેવટે પૂનેથી જવાની રજા આપી.

ગોવિંદરાવ ગાયકવાડ ૧૮૦૦ ના સપ્ટેમ્બર મહિનામાં મરણ પામ્યો. બાજીરાવ પેશ્વાના ભાઈ ચિમનાજી આપાનો મુતાલિક આપાજી સેલુકર ગૂજરાતનો સરસૂબો હતો તેની સાથે તે બે વર્ષ લગી લડાઈમાં પડ્યો હતો. સેલુકર જ્યાં લગી અધિકાર ઉપર રહ્યો ત્યાં લગી લોકોના ઉપર જુલમ કરવાથી અને બલાત્કારે તેમની પાસેથી ધન હરી લેવાને લીધે ઘણો જ ધિઃકારવા લાયક થઈ પડ્યો હતો. અમદાવાદમાં જે ઈમારતમાં આગળ અદાલત બેસતી* તે એણે બંધાવી હતી. મુસલમાન સુલ્તાનોના રાજ-મ્હેલના પાયા ઉપર તેણે ચણતર ચણાવ્યું અને લોકો પાસેથી ખર્ચ લીધું, તેઓનો સરસામાન તેમની પાસેથી ખુંચાવી લઈને તેમાં વાવર્યો અને તેમની પાસે મફત મજુરી કરાવી. ઉપરાંત તેણે કેટલાંએક ઘાતકી કર્મ કર્યાં, તેમાં એક યુરોપિયન સિપાઈ પૈસાવાળો હતો તેની સાથે કપટ કર્યાનો અપવાદ તેને માથે બેઠો; તેનું નામ મોનશોર જિન હતું (અથવા સાધારણ રીતે જે મોસાજાન કહેવાતો હતો) તેની પાસેથી દ્રવ્ય લઈ લેવાને માટે તેને તોપને મ્હોંડે બંધાવીને ઉડાડી દેવરાવ્યો હતો. સુરતનો નવાબ મરણ પામ્યો એટલે ૧૮૦૦ ની સાલમાં, મુંબઈનો ગવર્નર મિ૰ ડંકન તે શહરનો અધિકાર પોતાના તાબામાં લેવાને જ્યારે સુરત આવ્યો ત્યારે તેને મુબારકબાદી આપ-વાને મિષે ગોવિંદરાવ ગાયકવાડે પોતાના વકીલો સુરત મોકલ્યા, પણ તેની ખરી મતલબ તો સેલુકરનો નાશ કરવા સારૂ બ્રિટિશ સરકારનો આશરો મેળવવાની હતી. મિ૰ ડંકન તો ગાયકવાડ પાસેથી સુરતની આસપાસનું ચોરાશી પરગણું અને સુરત બંદરની ચોથ માગી લેવાને તૈયાર થઈ રહ્યો હતો. સેલુકરની સામે મદદ મેળવવાને ગોવિંદરાવના તરફથી અરજ કર-વામાં આવી પણ તે વાત ઉપર લક્ષ દેવામાં આવ્યું નહિ, તેમ જ તે વેળાએ ચોરાશી પરગણું અને ચોથ વિષે પણ કંઈ મનમાનતો પરિણામ થયો નહિ. હવે ગાયકવાડે પોતાના સ્વતંત્ર સાધનથી સેલુકરને તોડી પાડ-વાનો નિશ્ચય કર્યો, અને વડોદરેથી અમદાવાદ ઉપર ફોજ ચાલી. સેલુકરે ઠાકોરજી અને કાઠિયાવાડથી પોતાના સરદારોને બોલાવ્યા અને શહરની બ્હાર શાહ આલમનો રોજો છે ત્યાં આગળ ગાયકવાડની ફોજ સાથે લડાઈ કરી. તેમાં તેની હાર થઈ અને તે કિલ્લામાં જઈને ભરાઈ પેઠો ત્યાં છેવટે તેનાં

* એ ઈમારત પડી જાય એવી થઈ છે એમ ઠરાવીને ઉતરાવી નાંખી છે. ર. ઉ.

માણસોએ તેને તજી દીધો તેથી તેને ગાયકવાડે કેદ કરી લીધો.* સેલુકર ન્હાના ફડનવિસ સાથે સંબંધ રાખતો હતો તેથી પેશ્વાને તેના ઉપર વૈર હતું માટે ગૂજરાતની ઉપજનો પોતાનો ભાગ ગાયકવાડને પાંચ લાખ રૂપિયા માટે પાંચ વર્ષની મુદતે પટે આપ્યો, અને ગાયકવાડના પ્રધાન રાવજી આપાજીના પીત્રાઈ ભાઈ રઘુનાથ મહીપતરાવને (જે કાકાજી કહેવાતો હતો) અમદાવાદનો સૂબો ઠરાવ્યો.

પ્રકરણ ૩

આનંદરાવ ગાયકવાડ.†

મહારાજા ગોવિંદરાવ ગાયકવાડનું મરણ સન ૧૮૦૦ના સપ્ટેમ્બર મહિનાની ૧૯ મી તારીખે મધ્ય રાત્રે થયું. બાબાજી આપાજી, અને મીર કમાલઉદ્દીનખાન મુખ્ય લશ્કરી સરદાર, તથા મંગળ પારખ અને સામળ બ્હેચર નામે બે મ્હોટા શરાફ—જેઓના તાબામાં આરબનું લશ્કર હતું તેઓએ એકઠા મળીને કામની વ્યવસ્થા કરવા માંડી. સવારના પ્રહરમાં કુટુંબની સર્વ બાઇયો એકઠી થઈ, તેમાં લખતરના ઝાલા રજપૂત દરબારના કુટુંબની ગેનાબાઈ કરીને મહારાજની રાણી હતી તે સતી થવાને તૈયાર થઈ. પણ તેના કારભારિયોએ તેને સારી પેઠે સમજાવી, અને કુરાનના તથા હિન્દુની રીત પ્રમાણે સોગન ખાઈને તેને ખાત્રીપૂર્વક કહ્યું કે તમારા સ્વામીના સમયમાં તમારી જેવી સત્તા અને પ્રતિષ્ઠા હતી તેવી તમારી સત્તા અને પ્રતિષ્ઠા અમે જાળવી રાખીશું. પછી ગોવિંદરાવના શબને અગ્નિદાહ દેવાને લઈ ગયા, અને તેનો હક્કદાર વડો પુત્ર આનંદરાવ ગાદી ઉપર બેઠો. માજી ગાયકવાડ ગોવિંદરાવનો પ્રધાન રાવજી આપાજી અમદાવાદ હતો તેણે તરત જ ત્યાંથી પાછા આવીને કારભાર ચલાવવા માંડ્યો. કાનોજીરાવ કરીને માજી રાજાનો દાસીપુત્ર હતો, તેણે પોતાના બાપની હૈયાતીમાં તોફાન કર્યું હતું તે વાત પ્રધાને બીજા કારભારી અને શરાફોને કહીને, તે લોભને લીધે આગળ પગલાં ભરે નહિ, તેનો અટકાવ કરવાનો પ્રયત્ન પ્રથમ કરવા માંડયો. પણ એ ઠરાવ કબૂલ રાખવામાં આવ્યો નહિ: અને પછી તરત જ કાનોજીરાવ, પોતાની

* અંદરખાનેથી તેમ કરવામાં ગાયકવાડને પેશ્વાની પરવાનગી હતી. પ્રથમ તો ગાયકવાડ તેને વડોદરે લઈ ગયો, ત્યાંથી બોરસદ કિલ્લામાં કેદ રાખ્યો. છેવટે બ્રિટિશ સરકારની મ્હેરબાનીથી તે છૂટયો. ૨. ઉ.

† અહિંથી અમારો આધાર ભાટ લોકોની દંતકથા ઉપર, અને લંડનમાં ઈસ્ટ-ઇન્ડિયા હાઉસમાં દફતરખાનું છે તે માંહેલા વગર છપાયેલા કાગળો ઉપર છે.

સાથે મળી ગએલા કેટલાએક કારભારિયોની મદદથી રાજ્યનો ધણી થઈ બેઠો અને આનંદરાવ ગાયકવાડને તેણે કેદ કર્યો. કાનોજીનો સ્વભાવ ઘણો જુલમી હતો તેથી તે પ્રદર્શિત કરવાનો હવે તેને પૂરેપૂરો લાગ મળ્યો. તેણે રાજ્યના સર્વ કારભારિયો ઉપર બહુ બહુ ત્રાસ વર્ત્તાવવા માંડ્યો. અને આનંદરાવ ઉપર ખરેખરી સખ્તાઈ બતાવી નહિ, પરંતુ તેનો એટલો બધો ધિઃક્કાર કરવા માંડ્યો કે તેના ભાઈની ઉઘાડી સલાહથી કાનાજીની સામે સર્વની એક ટોળી બંધાઈ. સન ૧૮૦૧ના જાન્યુઆરી મહિનાની ૨૭ મી તારીખની રાત્રે કાનાજી-રાવનું ઘર ઘેરી લઈને, કેટલોએક અટકાવ તેની તરફથી થયા છતાં, તેને પકડી લઈને આનંદ રાવની સામે લાવવામાં આવ્યો. આનંદ રાવની આજ્ઞાથી તેનાં હથિયાર મૂકાવરાવ્યાં, અને તેને બેડિયો જડીને ગૂજરાત અને માળવાની વચ્ચેના ડુંગર ઉપર રામપુર રોટિયાનો કિલ્લો છે ત્યાં લઈ જઇને કેદ કર્યો. આ બનાવ બન્યા પછી, રાવજી આપાજી ખરેખરો રાજ્યસત્તાનો ધણી થઈ પડ્યો.

એપ્રિલ મહિનો બેસતાં વેંત જ, ગજરાબાઈ કરીને ફત્તેસિંહ ગાયક-વાડની પુત્રી હતી તેને રાવજી આપાજી સાથે કજિયો થયો. એ કજિયાનું કારણ જાણવામાં નથી પણ ગજરાબાઈએ ત્યાંથી નીકળી ચાલીને સુરતમાં જઈને આશ્રય લીધો; અને વર્ષની આખેરી પ્હેલાં તો રાવજીના પ્રધાનવટાના કારભારની સામે એ કરતાં પણ વધારે ભયંકર એવો એક નારાજ થયેલો પુરૂષ ઉભો થયો. પિલાજી ગાયકવાડે કડીના રાજ્ય ઉપર પોતાના ન્હાના કુમાર ખંડે-રાવને ઠરાવ્યો હતો, અને તેવામાં પિલાજી, સેનાપતિ દ્દાભાડેનો મુતાલિક હતો તેથી તે જગ્યા ઉપર તેને કાયમ કરીને ખંડેરાવને "હિંમતેબહાદુર"નો ખિતાબ આપ્યો. ત્યાર પછી તેની પછવાડે તેનો કુમાર મલ્હાર રાવ થયો, તેને તેના રાજ્ય ઉપર ફત્તેસિંહ ગાયકવાડે સ્થાપ્યો અને તેના બાપનો ખિતાબ પણ તેને ધારણ કરવા દીધો; તથા ગાયકવાડના વડા ઘર સાથે તેનો રાજધર્મ આગળ ઉપર ચાલતો રાખવાનું તેણે કબૂલ કરવા ઉપરથી, ચારસેં અશ્વા-રોની તેની પાસે નોકરી લેવાનું અને જો તેમ કરવાની મરજી હોય નહિ તો ૧,૨૦,૦૦૦ રૂપિયા આપવાનું ઠરાવ્યું. આ પ્રમાણે ઠરવાથી તે કડીનો જાગી-રદાર નક્કી થયો, અને અગર જો તેને વડોદરાના રાજાનો પટાવત તરીકે ગણવામાં આવ્યો, તો પણ, ગાયકવાડ જેમ પોતાના રાજ્યમાં ઉપરી મરાઠા રાજ્યથી સ્વતંત્રપણે અધિકાર ચલાવતા હતા તે જ પ્રમાણે તે પણ પોતાના રાજ્યમાં ગાયકવાડથી બિલકુલ સ્વતંત્રપણે કારભાર ચલાવવા લાગ્યો.

રાવજી દિવાને બતાવેલા કારણ ઉપરથી એમ સમજાય છે કે મલ્હાર

રાવની પાસે તેણે ચઢેલી ખંડણી માગી, અથવા કાનાજી રાવની હાલહવાલ થયેલી સ્થિતિ મલ્હાર રાવથી સહન કરી શકાઈ નહિ એવું પ્રસિદ્ધપણે તે કહેવા લાગ્યો અને તે પક્ષનો ગજરાબાઈની ટોળીવાળાઓએ સ્વીકાર કર્યો; આવો મામલો થઈ પડવાથી હવે મલ્હાર રાવે ફોજ એકઠી કરવાનો આરંભ કરવા માંડ્યો; અને ઉઘાડી રીતે બોલવા લાગ્યો કે રાવજી આપાજી અને તેના ભાઈ આબાજિયે કેટલાંએક સત્તા ઉપરાંતનાં, અને જુલમનાં કામ કર્યાં છે, માટે હું તેઓને શિક્ષા કરવાનો છું, તથા કાનાજીરાવ અને ગાયકવાડના કુટુંબનાં બીજાં માણસો સાથે ખોટી વર્ત્તણૂંક ચલાવીને એ જુલમી કામદારોએ તેમના વાજબી હક્ક ખુંચી લીધા છે તે પાછા અપાવાને હું આગળ પડ્યો છું. મુકંદરાવ કરીને બીજો એક માજી રાજાનો દાસીપુત્ર હતો તે પણ ડાકોર શ્રીરણછોડજીનાં દર્શન કરવા જવાને મિષે બહુ ઝવેર અને ધન લઈને વડોદરેથી ચાલી નીકળ્યો. તેને પાછો બોલાવી આણવાને કામદારોએ પ્રયત્ન કર્યો; પણ તેણે તેમનું માન્યું નહિ, અને તોફાન કરવા લાગ્યો. એટલે તેઓએ તેના ઉપર ફોજ મોકલી તેથી તે કડી પરગણામાં નાશી ગયો, અને મલ્હાર રાવનો આશ્રય લઈને રહ્યો. મલ્હાર રાવે વિસલ નગર અને વિજાપુરના કિલ્લા જોરાવરીથી લઈ લીધા હતા, ને તે તેણે પોતાના મહારાજા આનંદરાવને માટે લઈ રાખ્યા છે એવું ડોળ બતાવતો હતો, તથા તેને વાસ્તે લડવાને સારૂ જૂદે જૂદે ઠેકાણે થઈને ચાલીશ હજાર ફોજ તૈયાર છે એવી બડાશ મારતો હતો. ગાયકવાડની ચાકરીમાં એક જૂનો નોકર શિવરામ કરીને હતો, તે પણ કામદારોની વર્ત્તણૂંક ઉપરથી કંટાળી ગયો હતો, એટલે, તે મલ્હારરાવની પાસે જઈ પ્હોંચ્યો, અને એવી વાત ચલાવી કે બીજા કેટલાક હુકમદારો પણ મારી પેઠે કરવાની તૈયારીમાં છે.

આખરે કજિયો કરી ઉઠેલી ટોળિયોની ફોજ સામાસામી આવી ગઈ. બાબાજી આપાજી અમદાવાદ આગળ શાહીબાગમાં છાવણી કરીને પડ્યો હતો, અને તેની એક ટોળી કાલિના કોટ આગળ પડી હતી. મલ્હાર રાવ પોતાની ફોજનો એક ભાગ રાખીને કડીમાં રહ્યો હતો, પણ તેનો ભાઈ હનમંતરાવ બીજો ભાગ લઈને કડીથી આઠ કોસ અગાડી આવીને બાબાજીની ફોજથી સુમારે સાત કોસને અંતરે કડીલ આગળ છાવણી કરીને પડ્યો હતો. ન્હાની ન્હાની ત્રણ લડાઇયો તો થઈ ચૂકી હતી, તેમાં મલ્હાર રાવ પોતાની જિત થયેલી માનતો હતો.

આવી સ્થિતિ હોવા છતાં, બંને પક્ષવાળાઓએ બ્રિટિશ ગવર્નરનો આશ્રય માગ્યો હતો. કાનાજીની વતી ગજરાબાઈ અને તેના કામદારે બ્રિટિશ સરકારને ચોરાશી પરગણું તથા સુરતની ચોથ આપવાને કબૂલ કરયું, (ગોવિં-

દરાવે પ્રથમ આ બે વાનાં આપવાને કબૂલ કરયું હતું, પણ તેનું મરણ થયું ત્યાં સુધી, પેશ્વાએ તે મંજુર નહિ રાખવાથી તેનો અમલ થયો નહિ હતો.) તે સાથે વળી તે કહેવા લાગ્યો કે ચોરાશી પરગણા કરતાં ચીખલી પરગણું ઘણું સરસ છે તે પણ આપીશ. આણી મગ ઈ૦ સ૦ ૧૮૦૨ ના જાન્યુઆરી મહિનામાં મહારાજ આનંદરાવની વતી તેના પ્રધાન રાવજી આપાજિયે મિ૦ ડંકન પાસે મીર કમાલઉદ્દીનખાન, અને બીજા બે વકીલો મોકલ્યા. માજી ગાયકવાડ ગોવિંદરાવના વારામાં ચોરાશી પરગણું અને સુરતની ચોથ આપવાનો ઠરાવ થયો હતો પણ તેનો અમલ થયો નહિ હતો, તે રીતસર થવા વિષેનો તેઓએ દસ્તાવેજ કરી આપ્યો. બ્રિટિશ ગવર્નરે, કેટલીક વાર સુધી બન્ને પક્ષકારોના હક્ક વિષેનો વિચાર કર્યા પછી છેવટે આનંદરાવના નામથી પૂર્ણ અધિકાર ચલાવનારા કામદારોને આશ્રય આપવાનો ઠરાવ કર્યો. આ પ્રમાણે કરવાને મિ૦ ડંકનને ઘણાં કારણ મળી આવ્યાં. આનંદરાય ગાયકવાડનાં પરગણાં જે કડીના જાગીરદારની હદની પાસે હતાં તેનો તે કબ્જો કરી બેઠો, તે જતાં બાકીનો આખો દેશ આનંદરાવના તાબામાં હતો આવી સ્થિતિવાળા પક્ષકારોનાં વચન ઉપર ભરોંસો રાખવાનું પડતું મૂકીને તેના સામાવાળા કાનાજીના પક્ષના લોકોના વચન ઉપર વિશ્વાસ રાખવાને ગવર્નરને કાંઈ વિશેષ કારણ જણાયું નહિ. વળી ગાયકવાડના રાજ્યનો ખરેખરો ઉપરી જે આનંદરાવ મહારાજ, તેણે પોતાના કામદારોના કરવા ધારેલા ઠરાવ વિષે પોતાની ઉપરછલ્લી અથવા કદાપિ ખરેખરી સમ્મતિ આપ્યાથી, તેઓ સાલબાઈના કોલકરાર પ્રમાણે ગાયકવાડના રાજ્યમાં વિભાગ થતો અટકાવવાને બ્રિટિશ સરકારને વચ્ચે પડવા સારૂ અતિ આદરસત્કારભરેલી રીતે અરજ કરતા હતા. ગવર્નરને એવી પણ સૂચના કરવામાં આવી હતી હતી કે મલ્હાર રાવ સિંધમાંથી પરરાજ્યની ફોજ લાવવાનો પ્રયત્ન કરે છે, એ પ્રમાણે જો થાય તો ગૂજરાતમાં બ્રિટિશની જે સત્તા છે તે ઝાંખી પડી જાય, અને મી૦ ડંકનને એમ પણ ધાસ્તી હતી કે, આનંદરાવના કામદારોને માગેલો આશ્રય બ્રિટિશ ભણીથી આપવામાં આવે નહિ તો તે સિંધિયાની પાસે જઈને આશ્રય માગશે.

આવી પરિસ્થિતિ હોવાથી બ્રિટિશ સરકારના મધ્યસ્થપણાને વજન આપવાને સારૂ, અને ગાયકવાડનું રાજ્ય આખે આખું સાચવી રાખવાને સારૂ ફોજની એક ટુકડી તૈયાર કરવામાં આવી. તે બે હજાર માણસની હતી, તેમાં ચારસેં યુરોપિયન હતા, અને તેનો અધિકાર મેજર અલેકઝાન્ડર વોકરને આપવામાં આવ્યો હતો. એ અધિકારીનું નામ પછવાડેથી ગૂજરાતના ઇતિહા-

સમાં યોગ્ય રીતે પ્રસિદ્ધ છે. મેજર વાંકરને માટે એવા ઠરાવ કરવામાં આવ્યો હતો કે જેમ બને તેમ તેણે તાકીદથી લશ્કરી દેખાવ મૂકી દઈને વડોદરાના બ્રિટિશ રેસીડેન્ટનું પદ ધારણ કરવું. મી૦ ડંકને વિચાર્યું કે એની હજી લગી એવી મરજી હતી કે બળનો ઉપયોગ કરયા વિના તકરારનો છેડો આણવો. આ ઠરાવ લડાઈમાં ઉતરવાને તેને વિશેષ અપ્રવૃત્ત કરશે. મેજર વૉકરને ઉઘાડી એવી સૂચના કરવામાં આવી કે મહારાજા આનંદરાવને તેમના પિતાના મોતનો દિલાસો આપવાનો હતો પણ ચોરાશી પરગણું અને ચોથ આપવા ઉપર તે કામ મુલત્વી રાખવામાં આવ્યું હતું તેનો અમલ કરવાને માટે તમને મોકલવામાં આવે છે. માટે પ્રથમ તો તમારે ગાયકવાડના વકીલો સંગાથે વડોદરે જવું. આ કારણ તો ઉઘાડું જ હતું, પણ તેની ખરી મતલબ એ હતી કે આનંદરાવના મનની ખરી સ્થિતિ કેવી છે, તથા તેનો પુત્ર હનમન્તરાવ, બાબાજીના હાથ નીચે લશ્કરમાં રહ્યો છે તેમાં તે અનુમત છે કે નહિ તે વિષેનો નિશ્ચય કરવો. તેટલી વારમાં લશ્કરી ટુકડી દરિયાને રસ્તે ખંભાત આવવાની હતી અને મેજર વૉકર વડોદરે પોતાનું કામ કરી રહે ત્યારે તે ત્યાં જઈને તેને મળવાનો હતો.

સન ૧૮૦૨ ના જાન્યુઆરી મહિનાની ૨૪ મી તારીખે મેજર વૉકરે સુરત છોડ્યું, અને ૨૯ મી તારીખે વડોદરે પ્હોંચ્યો. તે ભરૂચમાં થઈને ગયો તે વેળાએ સિંધિયાના કામદારોએ તેનો સારો આદરસત્કાર કર્યો. વડોદરેથી થોડા માઈલને અંતરે પ્રધાન તરફના માણસો તેને માટે થોભેલાં હતાં તે તેને મળ્યાં; અને શહરથી એક કોસ ઉપર તેનો આદરસત્કાર કરવાને માટે રાવજી આપાજી સામો આવ્યો હતો. તેની સાથે સર્વ મુલ્કી અને લશ્કરી કામદારો હતા તે તે ઠેકાણે મેજર વૉકરની મુલાકાત લેવાને રાહ જોઈ રહ્યા હતા. આરબ જમાદાર વગેરે પ્રત્યેક મળવા લાયક માણસો સાથે મેજર વૉકરની મુલાકાત થઈ અને સર્વેએ અતિશય ભાવ બતાવ્યો. ત્યાંથી તે શહરમાં ગયો, ત્યાં તેને ઉતારો આપવા માટે તંબુ ખડા કરાવ્યા હતા ત્યાં લઈ જવામાં આવ્યો, ત્યારે અદબસર હથિયાર રાખીને તેને માન આપવાને સારૂ ફોજ ઉભી રાખેલી હતી તથા તે જગ્યાએ તોપોના બાર કરીને તેને સલામતી આપી. બીજે દિવસે તે દિવાન તેની પાસે ગયો, અને કડી લઈ જઈને મલ્હાર રાવને ફહાડી મૂકવાની તેણે પોતાની બહુ આતુરતા તરત જ બતાવી દીધી. મેજર વૉકર તે વેળાએ એ વાતની ચર્ચા ચલાવવાને રાજી હતો નહિ, એટલા માટે વાત ફેરવીને ખંભાત આગળ આવેલી ફોજને સરસામાન પ્હોંચાડવા વિષેની વાત ચલાવી. આ મુલાકા-

તની વેળાએ એવો ઠરાવ થયો કે મેજર વૉકરે મહારાજાની મુલાકાત લેવા સારૂ ત્રીજે પ્રહરે જવું. આ ઠરાવ આનંદરાવે ફેરવાવ્યો અને કહ્યું કે મુલાકાત લેવાને પ્રથમ એમને બોલાવવા એ ઠીક નહિ. આ સભ્યતાના બદલામાં ગાયકવાડ રસ્તે જતો હતો તે સમયે મેજર વૉકર તેને મળ્યો, અને આનંદરાવ પોતાના હાથી ઉપરથી નીચે ઉતરીને તેને ભેટ્યો અને તેની સાથે તંબુએ ગયો. તેની દરબારના સર્વ કામદારો તેની સાથે હતા, અને ઘોડેસ્વાર તથા પાયદળનો પરિવાર હતો, તે ત્યાં પ્હોંચ્યો, એટલે તેને તોપની સલામતી આપવામાં આવી. મેજર વૉકરે વિનતિ કરી તે ઉપરથી પોતાની સાથે, લઈ જવાને તેણે પસંદ કર્યા તે સરદારો અને અધિકારિયોને લઇને એક ખાનગી ઓલીમાં ગયો; ત્યાં આગળ ગવર્નરની સલામ પ્હોંચાડવામાં આવી, અને માજી ગોવિંદરાવના મૃત્યુ વિષેના દિલાસાનો સંદેશો પણ ક્હેવામાં આવ્યો. મહારાજાએ જરા પણ લક્ષ આપ્યા વિના તે સાંભળ્યું, અને મેજર વૉકરને તરત જ જણાયું કે કોઈ પણ બાબત ઉપર એક લક્ષ કરી દેવાને તેનું ચિત્ત અશક્ત હતું. ત્યાં જે દેખાવ થયો તેનું વર્ણન મેજર વૉકરના શબ્દોમાં અમે નીચે આપિયે છિયેઃ—

"આનંદરાવ આશરે તેત્રીશ અથવા ચોત્રીશ વર્ષની વયનો દેખાય છે, "તેનું શરીર બળવંત છે, તેના અંગ ઉપર નબળાઈની કંઈ દેખીતી નિશાની "છે નહિ, પણ તેનો ચેહેરો ઇંગિત નથી જણાતો અને ભારે આંખોએ "કરીને નબળાઈ હોય એમ લાગે છે તે કદાપિ સ્વભાવિક હશે, અને "નાશકારક કેફી પદાર્થ ખાવાપીવાની તેને ટેવ પડેલી સાંભળવામાં આવી "છે તેથી હશે. ઘણું કરીને આ બે કારણોથી એ મહારાજાના મનને "અસર થએલી જણાય છે. પણ કામ કરવાને તે અશક્ત છે તેનું કારણ "તેના અંગના નિર્બળપણાને લીધે નહિ, પણ વિશેષે કરીને ગાંજો ફૂંકવાની "નઠારી ટેવને લીધે છે. મનના આવા નિર્બળપણાની નિશાનિયો છતાં પણ "તેનામાં સ્મરણશક્તિ હોય એમ જોવામાં આવ્યું. તેણે પોતાના કામ"દારોમાંથી કેટલાએકનાં નામ ગણાવ્યાં, તેમ જ તેને પોતાના રાજવહિ"વટનું સામાન્ય જ્ઞાન નહિ હતું એમ નથી. જો ગમે તે વેળાએ તે ગભરાઈ "ગયલો જોવામાં આવતો તો રાવજી અને કમાલઉદ્દીન તેને મદદ આપ"વાને તૈયાર રહેતા. તેનું કંઈ પણ લક્ષ જતું તો ઘરેણાં પ્હેરેલા કોઈ પણ "ભાગ ઉપર જતું. તે પોતાની પાઘડીનો શીરપેચ વારે વારે પાંશરો કરતો, "અને પોતાના હાથનું કડું કાંડેથી અંગરખાની ચૂડ ભણી ખશેડતો. આગા "મહમદના ઘડિયાળ ઉપર તેનું લક્ષ જવાથી તે લઈને તેને છોકરવાદ રીતે

"તપાસ્યું. મુલાકાત થઈ રહેવા આવી એટલે તે સાવધાન થતો હોય એમ "જણાયું, અને તેણે કહ્યું કે મારે માથે ઘણા શત્રુ છે, તે મારી જગ્યા "વિષે અને મારા મનની સ્થિતિ વિષે ખોટી વાતો ઉડાડે છે. પણ મને આશા "છે કે તમે કહેશો એટલે ગવર્નર ઠગાશે નહિ, માટે તમે તેને સાચેસાચું "લખજો. આવી અરજ કરતી વેળાએ રાવજી અને કમાલઉદ્દીન વારે વારે "બોલવા લાગતા હતા અને કહેતા હતા કે વાત ચલવાથી મહારાજાને "કેટલું બધું નુકશાન થયું છે તે સેહેલાઇથી જણાઈ આવે છે. ત્યાર પછી આનંદ-"રાવે મલ્હાર રાવની દુશ્મનાવટ વિષે વાત કહાડી અને કહ્યું કે મારા શત્રુને "શિક્ષા કરવાને તમે ઉતાવળા જશો એવી મને આશા છે. તેમને કડીમાંથી "કહાડી મૂકવાને માટે તેણે ઘણી વાર કહ્યું. આ મતલબ તેની પૂર્ણ થયલી "જોવાને તેણે બહુ આતુરતા બતલાવી; ને તે વિષે તેના કામદારો પણ ફરી-"ફરીને કહેવા લાગ્યા. મહારાજાને ખાત્રીપૂર્વક કહેવામાં આવ્યું કે ગાયકવાડ "સંસ્થાનના લાભ વિષે કંપની સરકાર સદા નજર રાખે છે અને તમારા હક્કના "વાજબીપણાને લીધે અને ઈંગ્લિશ સરકારની ફોજથી તમારા શત્રુઓની સામે, "પરિણામે તમારૂં રક્ષણ થશે. આ મુલાકાતની વેળાએ આનંદરાવ મહારાજાએ "વિનયપૂર્વક વર્ત્તણૂંક ચલાવી અને અંગરેજ સરકાર ઉપર તેનો આધાર છે "તે, તથા તેના પૂર્વજોના કંપની સાથેના ઘાડા સંબંધને લીધે કંપની સાથેની "તેની પ્રીતિ અને માન એ સર્વે તેણે વારે વારે કહી બતાવ્યું. રીત પ્રમાણે "પાનસોપારી અને અત્તર ગુલાબ આપ્યા પછી આનંદરાવ ગાયકવાડ રજા "લઈને વિદાય થયો."

તારીખ ૧ લી ફેબ્રુઆરીને રોજ મેજર વોકર, મહારાજને તેના મ્હેલ-માં જઈ મળ્યો. તે કહે છે કે, "પ્હેલી વાર કરતાં આ વેળાએ મહારાજા-"નો દેખાવ વધારે ગંભીર દેખાતો હતો; તે આનંદી દીસતો હતો અને "તેના પ્રથમના દેખાવની મૂર્ખાઈ, કેટલીએક દૂર થઈને તેને ઠેકાણે ઉદારતા "અને બુદ્ધિનો કેટલોક અંશ પ્રવેશ થએલો દીસી આવતો હતો. ખુલી રીતે "વાતચિત થયા પછી, આનંદરાવે અમને શીરપાવ આપ્યો અને તે પછી એક "ખાનગી ઓરડામાં આવવાને અરજ કરી, એટલે મુખ્ય મુખ્ય માણસોનું ટોળું "તેઓના ચાકરો સહિત ઓરડામાં ઘશી આવ્યું. આનંદરાવે રાવજીનાં "વખાણ કર્યાં, અને મલ્હાર રાવને યોગ્ય શિક્ષા કરવાની ખરેખરી ઇચ્છા "જણાવી, તેણે કહ્યું કે મારા કુંવર હનમન્તરાવને મારી ખુશીથી જ ફોજમાં "સામેલ કર્યો છે; તેનું બાર વર્ષનું વય છે એ વાત જણાવ્યા પછી તેનાં "વખાણ કરવામાં આવ્યાં. લડાઈ કરવામાં કોઈ પણ પ્રકારે મલ્હાર રાવે

"મારી પરવાનગી લીધી નથી એવી તેણે ચોખ્ખી ના કહી. પણ તેને પૂછવામાં "આવ્યું કે કાનાજીને તમારા અભિપ્રાયથી કેદ કરવામાં આવ્યો છે કે નહિ, "ત્યારે તેણે તેનો કંઈ ઉત્તર આપ્યો નહિ; તે પોતાનું માથું નીચે રાખી "રહ્યો. આંખો ફેરવી, અને ચૂપ થઈ રહ્યો. તેના કામદારે ઉત્તર આપવા "માંડ્યું, પણ તે તો ચુપ જ રહ્યો. તેણે મારા કાનમાં કહ્યું કે આરબ "જમાદાર બધા મારા કટ્ટા શત્રુ છે તેથી છૂટથી તેઓ મને વાત કરવા નહિ "દે. ત્યાર પછી અમે સર્વ વિદાય થયા."

મહારાજનો એક વિશ્વાસુ મંગળ પારખ કરીને હતો, તેણે પછવાડેથી મેજર વૉકરને કહ્યું કે કાનાજીને કેદ કરવા બાબત પૂછવામાં આવ્યું તે વખતે ધર્મની અસરને લીધે તેનાથી બોલાયું નહિ. પોતાના ભાઈને કેદ કર્યો હતો તે ગુન્હાનું અને પાપનું કામ છે એમ સમજતો હતો તો પણ તેમ કરવાની તે લોકને માટે તેને અગત્ય હતી અને એ વાત જ્યારે બની ત્યારે શોકની નિશાની ખાતર તેણે પોતાની દાઢી વધારી અને ઘણા દિવસ સુધી તેનું તેને દુ:ખ રહ્યું.

મેજર વૉકરને ગાયકવાડનું રાજ્ય એટલું બધું નબળું અને અવ્યવસ્થિત જણાયું કે બ્હારનો તેને આશ્રય મળ્યો હોત નહિ તો તે તૂટી ગયું હોત. બંદોબસ્તની અવ્યવસ્થા અને તેથી ઉત્પન્ન થતાં દુ:ખ લોકોના ઉપર એટલાં બધાં વિંટળાઈ વળ્યાં હતાં કે તે ભાગ્યે જ વિચારમાં આવી શકે—કંઈ નહિ પણ જ્યાં ત્યાં અવ્યવસ્થા જ ચાલી રહી હતી; સર્વ ખાતાના માણસોનો પગાર ચઢી ગયો હતો; પૈસા ધીરનારાઓને દેશ સાનમાં લખી આપ્યો હતો, તેઓ તેમની નજરમાં આવે તેમ તેમાંથી વસૂલ કરી લેતા હતા; એક પગારદાર નાયક પણ રાજાના કરતાં વધારે સત્તા ધારણ કરીને દેશમાં ફરતો હતો; અને લશ્કરી સરદારોએ તો આખું રાજ્ય પોતાને સ્વાધીન કરી લીધું હતું, અને મહારાજાને ખરેખરો સ્વાધીન કરી લીધો હતો; તેમ જ તેઓ પણ રાજકારભારમાં કુશળ ન હતા તેથી શરાફોના હાથમાં ખરેખરા હતા. આખા વર્ષમાં ગાયકવાડને જે ખર્ચ થતો તે ઉપજના કરતાં ચાર પાંચ લાખ રૂપિયા વધારે થતો. રાવજી આપાજી દિવાન તેની તીક્ષ્ણ બુદ્ધિ અને ડાહાપણથી રાજ્યનો વહીવટ ચલાવવાને માટે યોગ્ય પુરૂષ હતો, પણ ચાલીશ વર્ષની મુદતમાં મરાઠા રાજ્યની કેટલીક બધી શાખાઓ ઉખડી ગઈ તે જોવાથી અને ફેરફારમાં સામેલ રહેવાથી રાજ્યના ફેરફાર સાથે માહિતગાર થઈ રહ્યો હતો. આ પ્રમાણે થવાથી તે વ્હેમી થઈ ગયો હતો તેથી તેની સાવધાની મટી જઈને તેનામાં કોઈ કોઈ વેળાએ બ્હીકણપણાનો પ્રવેશ થયો હતો. તેને પોતાની રીત પ્રમાણે કરવાને છૂટ

ન હતી, અને આરબ કામદારોએ ઝુંટાવી લીધેલી સત્તા તેમની પાસેથી પાછી છીનવી લેવાને તેનામાં ધૈર્ય ન હતું. કોઈ કોઈ વાર અંગરેજ સરકારના વિચાર ઉપર વિશ્વાસ આવતો નહિ એવું જોવામાં આવ્યું છે અને બીજાઓની સાથે જ્યાં ચોકશી રાખવાની હોય ત્યાં વાતચીત કરવામાં સાલસાઈ અને નિષ્કપટપણું દર્શાવ્યું છે. એ દિવાન વિષે એમ કહેવાય છે કે, તે વારે વારે પોતાના અભિપ્રાય જણાવી દેતો અને તેના એવા સ્વભાવને લીધે રાજ્યનાં અને તેનાં પોતાનાં કામો માર્યાં જતાં હતાં.

મેજર વૉકરના અભિપ્રાયમાં એમ હતું કે ગૂજરાતમાં બ્રિટિશ સરકારની સંપૂર્ણ સત્તા સ્થાપવામાં ખરેખરૂં વિઘ્ન પાડનાર માત્ર આરબ લોકો જ હતા, તો પણ ખરૂં જોતાં તેમનાથી ડરી જવા જેવા તેઓને ગણતો નહિ. અગર જો તેઓ શૂરવીર હતા તો પણ તેમની તોરીને લીધે હાથ નીચે રહેવાને લાયક ન હતા; અગર જો તેઓ જૂદા જૂદા સરદારોના હાથ નીચે રહ્યા હતા તો પણ તેમના તે જ સંબંધને લીધે કોઈ પણ સાધારણ રીતથી તેઓનાથી મળી જઈને એક થવાતું ન હતું. તેઓની ખરેખરી સંખ્યા સાત હજાર કરતાં ઓછી હતી; તેમાં એક હજાર કરતાં વધારે એકે જગ્યાએ એકઠા ન હતા. તેમનામાંનો ચોથો ભાગ માત્ર આરબસ્તાનનો હતો. બીજા બાકી રહેલા આરબી લોહીના હતા, પણ તેમનો જન્મ ગૂજરાતમાં થયો હતો. તેઓની પાસે હથિયાર જોવા જઇયે તો મુખ્યત્વે કરીને બંદુકો હતી, તેની જાત કાંઈ સારી ન હતી, અને તેઓનું લડાઈ વિષેનું જ્ઞાન ધિક્કારવા લાયક હતું; તેમના તાબામાં જે કિલ્લા હતા તેમાં વડોદરાનો કિલ્લો હતો, તે સારામાં સારો ગણવામાં આવતો હતો, અને ખરૂં જોતાં તે એક નિયમસર હુમલાનો અટકાવ કરી શકે એવી સ્થિતિમાં હતો નહિ. બ્રિટિશ લશ્કરની બે ટૂકડિયો જે વડોદરે રાખવામાં આવી હતી, તે મેજર વૉકરના વિચાર પ્રમાણે આરબોની સાથે બરાબરી કરી શકવાને બસ હતી, અને તે એવી આશા રાખતો હતો કે આવા સાધનથી તેઓની સત્તા નરમ પાડવામાં આવે તો તેમનો પ્રભાવ તેમની જ નજરમાં નમાલો ગણાઈ જશે, અને તેઓની સંખ્યા ઓછી થતી જશે. આરબોની બે ટૂકડિયો હતી, અને તેમને માથે મંગળ પારખ અને સામળ બ્હેચર એ બે શરાફો હતા, તેમાં છેલ્લા શરાફનો સ્વભાવ ખંદો, લોભી, અને દગાફટકા કરે એવો હતો. બ્રિટિશના ભણી તેનો સારો ભાવ ન હતો, અને તેની સત્તા નીચે જે આરબોની ટુકડી હતી તેમાં માણસો વધારે હતાં.

રાવજીના સાંભળવામાં એમ આવ્યું કે મલ્હાર રાવના ઉપર ફોજ લઈ

જઈને તેને શિક્ષા કરવાને બદલે બ્રિટિશ સરકાર ઘરમેળે પતાવી દેવાને ધારે છે ત્યારે તે ઘણો જ નારાજ થયો. તે તકરાર કરવા લાગ્યો કે કડી લીધા વિના કંઈ થવાનું નથી. તેના ઉત્તરમાં તેને મેજર વૉકરે તેને સમજાવીને કહ્યું કે તમારા વિચાર પ્રમાણે કરવાથી દેશમાં નિરંતર ગડબડાટ થઈ રહેશે. કેમકે અગર જો કડી લેવાનું કામ સહેલું છે, તો પણ કદાપિ મલ્હાર રાવ હાથમાંથી છટકી જશે અને કેટલાક કાળ સુધી દેશમાં લૂંટફાટ કરીને હેરાનગતિએ પ્હોંચાડશે. રાવજિયે કહ્યું કે, મારે એવી અરજ કરવાની છે કે શત્રુને પાછો આવતાં અટકાવવાને વાસ્તે બ્રિટિશ સરકારે બે પલ્ટણો રાખવી, અને એ મદદના બદલામાં દરિયા કિનારા ઉપરનો સુગમ પડતો ભાગ આપીશું. મલ્હાર રાવના આખા દેશ સાથે કડી તો લેવી અને વળી તેને કહ્યું કે હાથી, ઘોડા એ સર્વ લેઈ લઈ ને દેશમાં કોઈ એક બીજે ઠેકાણે એક લાખ રૂપિયાની જાગીર તેને આપવી. બ્રિટિશ એલચીને એવી સૂચના કરવામાં આવી હતી કે ઘરમેળે તકરાર પતાવી દેવાનો પૂરેપૂરો અધિકાર' હાથમાં લઈ રાખવો અને જો રાવજી ગમે તે થાય તો પણ મલ્હાર રાવનો નાશ કરવાને નિશ્ચય કરીને બેઠો હોય તો બ્રિટિશ સરકારે વચ્ચે પડીને આગળ પગલાં નહિ ભરતાં ફોજને પાછી બોલાવી લેવી. છેવટે રાવજિયે કબૂલ કર્યું કે કડીના જાગીરદારે વડોદરાના મુલ્ક ઉપર હલ્લો કર્યો છે તેના બદલામાં અંગ્રેજી લશ્કર બે ત્રણ દહાડા સુધી તેની હદમાં છાવણી કરશે તો હું રાજી થઈશ; તે સાથે તેણે કહ્યું કે, મલ્હાર રાવ સલાહભરેલી રીતે ચાલવાને કબૂલ થાય તો તેની પાસેથી ખંડણી લેવામાં આવે છે તેનો ઘણો ભાગ પાછો તેને છોડી દેવામાં આવે.

મેજર વૉકરે સરકારને રિપોર્ટ કર્યો તેમાં તેણે પોતાનો અભિપ્રાય જાહેર કર્યો કે મલ્હાર રાવ જો પોતાના રાજાને શરણ થવાને ના પાડે તો ન્યાય અને રાજનીતિના ધોરણથી તે શિક્ષાને પાત્ર થાય છે. મહારાજાને એક પટાવત તરીકે તેની જાગીર ખાઈને ખંડણી આપવાને ના પાડે છે, અને તે જ્યારે માગવામાં આવી ત્યારે પરદેશી શત્રુનાથી પોતાનું રક્ષણ કરવાને બ્હાને હથિયાર લઈ ઉઠયો છે, અને તેની મતલબ તો કાંઈ ઉલટી જ પ્રસિદ્ધ કરી છે તેથી મહારાજાને પદભ્રષ્ટ કરવાના સંપૂર્ણ વિચારને લીધે રાજદ્રોહ કર્યાનું તોહોમત તેને લાગુ પડે છે. કાનાજીને માટે મલ્હારરાવ હથિયાર લઇને ઉઠયો છે એવું બ્હાનું બતાવે છે તે ઉપર થોડો આધાર રાખી શકાય છે, કેમકે તે રાજકુંવરનો ગાદી ઉપર ખરો દાવો નથી, અને મલ્હાર રાવે પોતે જ કાનાજીને પદભ્રષ્ટ કર્યો તે વાત પસંદ કરી છે એટલું જ નહિ પણ તેના પદભ્રષ્ટના

સમાચાર સાંભળીને પોતાની ખુશાલી જણાવવાને માટે જ તોપોના બ્હાર કરાવ્યા હતા. તેણે ગાયકવાડના મુલ્ક ઉપર હલ્લો કર્યો હતો તે એ બનાવ બન્યા પછી બહુ પછવાડે કર્યો હતો. તે વેળાએ તેણે કશી શત્રુતા પ્રસિદ્ધ કરી ન હતી, તેમ જ કંઈ ફરિયાદ પણ કરી ન હતી, જો મલ્હાર રાવ હઠ પકડીને ર્‌હેશે તો તેને તોડી પાડવાનું કામ લોકને પસંદ પડતું થશે, અને તે કામ પાંશરે પાંશરૂં સરાડે ચડશે તો પછી સહાયકારી લશ્કર કબૂલ રાખવામાં આવશે. આ મતલબને માટે મદદ આપવાને બ્રિટિશ સરકારને ખુલ્લી રીતે અગત્યનું છે, અને કડીની ચઢાઈનો જય થયા પછી તો પેહેલાંની ટુકડી અથવા તેના જેવી ફોજની પલ્ટણ વડોદરે મોકલીને નિરંતર રાખવાને ઠીક થઈ પડશે.

મેજર વૉકર પોતાને સોંપેલું કામ સંપૂર્ણ રીતે પાર પાડીને તારીખ ૮ મી ફેબ્રુઆરીને ત્રીજે પ્રહરે વડોદરેથી વિદાય થયો. ગાયકવાડની ફોજ આપીને બાબાજીને તેની સાથે મોકલ્યો, અને મલ્હાર રાવ સલાહ કરવાની અરજ કરે તો મહારાજાના રાજ્યને જેવી રીતે ફાયદો થાય તેવી રીતે કરવાની તેને પૂરેપૂરી સત્તા આપવામાં આવી.

પ્રકરણ ૪

મલ્હાર રાવ ગાયકવાડ

પાછળના પ્રકરણમાં કોલકરારનો વૃત્તાન્ત, આ પુસ્તકનો પ્રકાર જોતાં કોઇને બહુ વિસ્તારથી લખેલો લાગશે, પણ ગૂજરાતના હવે પછીના ભાગ્યનો ખરેખરો આધાર તેની જ ઉપર ર્‌હેલો છે, માટે તેમ કરવાની અગત્ય પડી છે. જો બ્રિટિશ પાસે માગેલો આશ્રય આપવામાં આવ્યો હોત નહિ, અને ખંભાત આગળથી લશ્કરે આગળ ડગલાં ભર્યાં હોત નહિ, તો પછવાડેથી જેમ હોલકર અને સિંધિયાનાં રાજ્યોની વલે થઈ તે પ્રમાણે વડોદરાનું રાજ્ય પણ દુઃખદાયક અંધેર કારભારવાળી અને ધણીધોરી વિનાની ગડબડાટભરેલી સ્થિતિમાં અચૂક આવી ફસ્યું હોત. પણ કામ એકદમ આગળ વધીને એવા નિયમ પર આવી ગયું કે, તે નિયમ, ગૂજરાતના સર્વ રાજ્યનો આગળ ઉપર થવાનો જે સંબંધ, તેનો દ્રઢીભૂત આધાર થઈ પડ્યો.

સુરતથી બીજી ફેબ્રુઆરિયે નીકળેલી ફોજ ખંભાતને બારે ઉતરી, અને આગળ સન ૧૭૭૫ માં કર્નલ કિટિંજના તાબાની ફોજ જે ખુલ્લી જગ્યામાં પડી હતી તે જ જગ્યાએ નારાયણ સરના કુંડ પાસે આવીને પડી, અને ઉપરી અધિકારિયોને ઉતરવાને માટે વાડી માંહેલો એક બંગલો

સોંપવામાં આવ્યો. એટલી વારમાં આણીમગ બાબાજી અને મલ્હાર રાવની ફોજ વચ્ચે અનિર્ણીત અને અવ્યવસ્થિત ન્હાની ન્હાની લડાઈયો થવા લાગી, અને તે સાથે, માલ વિનાનાં સલાહનાં ફહેણુ પણ ચાલવા લાગ્યાં. મલ્હાર રાવનું લશ્કર બધું મળીને પંદર હજારનું હતું એવું ફહેવામાં આવતું હતું.* શિવરામ કરીને માત્ર એક સરદાર દમવાળો હતો. તેની પાસે કવાયત શીખ્યાનું ડોળ ધારણ કરવાવાળા સાતસેં હિન્દુસ્થાની હતા; અને ત્રણસે કે ચારસેં મરાઠા અશ્વાર હતા. "ગોસાઈની બાયડીનું લશ્કર" એવા નામથી એક પલ્ટણ ઓળખાતી હતી, તેના ઉપર પાલ્ટરકર કરીને એક અંગરેજ ઉપરી હતો. બીજાં બસેં માણુસ હતાં તેનો ઉપરી જોકિવમ કરીને એક ફિરંગી હતો. તેણે પોતાની ટૂકડીમાં એકસરખો દેખાવ રાખવાને મ્હેનત લીધી હતી તેથી તેઓ "લાલ ડગલા" પ્હેરતા; પણ "બાકીના, પોતાને ગોઠે તેમ પોશાક પ્હેરતા અને લડતા" એમ પારકર તેમને માટે લખે છે. આ શેળભેળ લશ્કરમાં બાકી રહેલા સિંધિ, અને પઠાણ તથાં કાઠી અને કોળી હતા. તે માંહેથી કાઠી અને કોળી તો કવ્ચ પ્હેરનારા અશ્વાર હતા, અને બાબાજીની ફોજ સાથે એક બે ન્હાની લડાઇયોમાં જે હવણાં હવણાંમાં પ્રસિદ્ધિ પામ્યો હતો તે ભૂપતસિંહ તેઓનો ઉપરી હતો. એ સખ્સ વગોવાયલો નામધારી ભંકોડાનો ઠાકોર હતો. એ હવણાં તો મલ્હાર રાવની ટોળીનો બહુ નામીચો માણસ થઈ પડ્યો હતો, પણ પ્રથમ તો એનો કટ્ટો શત્રુ હતો. કાનાજીના રાજકારભારમાં, કડીના જાગીરદારના ઉપર મોકલવાનું કહીને એ ઠાકોરને વડોદરે તેડાવ્યો હતો, પણ કાનોજી કેદ થયો તે વેળાએ એને પણ કેદ કરવામાં આવ્યો હતો, તેમ છતાં તે હવે પછીના દ્વેષભાવને લીધે ભલેને મલ્હાર રાવના મુલ્ક ઉપર ચડાઈ કરવાને નીકળી ચાલે એટલા માટે રાવજિયે તેને છોડી મૂક્યો હતો.

તારીખ ૨૨ મી ફેબ્રુઆરી સુધી બ્રિટિશ ફોજે કાંઈ આગળ પગલાં ભર્યાં નહિ. એટલી વારમાં મલ્હાર રાવ, આરબ કામદારો સાથે, કાનાજીને છોડી મૂકવાનાં કપટકાર્ય રમતો હતો. અને આ બાજુ ભણી અંગરેજોએ ઢીલ કરી હતી તેથી, અને ખંભાતથી રેસીડેન્ટે પોતાનો એક વકીલ કડી મોકલ્યો હતો તેથી, સર્વ પક્ષકાર નિરાશ થઈ ગયા હતા. મલ્હાર રાવે પોતાની ફોજનાં હથિયાર છોડાવાની ના પાડી, તેમ જ, વિસલ નગર અને બીજી જગ્યાઓ

* આ ગણતરી પારકરની આપેલી છે. અને તેનાજ લખવાથી તેમાં ફેરફાર જણાય છે. મેજર વૉકર એવી ગણતરી કરે છે કે, દશથી બાર હજાર સુધી ઘોડેશ્વાર અને પાયદલ મળીને હતું તથા ઘણી ખરી ન્હાની મ્હોટી દશ પંદર તોપો હતી.

જે તેણે લેઈ લીધી હતી તે પાછી આપી દેવાને પણ ના કહી. અને કંઈ બંદોબસ્ત કરતાં પ્હેલાં મલ્હાર રાવની પાસે એ બંને વાનાં કબૂલ કરાવ્યા વિના આગળ કામ ચાલે એમ હતું નહિ, તેથી મિ૦ ડંકન જે આ વેળાએ ખંભાતમાં હતો, તેણે બાબાજીની ફોજને જઈ મળવા સારૂ લશ્કરને ઉપડી જવાની આજ્ઞા આપી. મલ્હાર રાવને ખબર આપવામાં આવી કે મહારાજાનો મુલ્ક તમે ગેરવાજબી રીતે દબાવી પડ્યા છો તે છોડાવવાને ફોજ રવાના કરવામાં આવી છે, તમે જો તે મુલ્ક પાછો આપવાને કબૂલ થશો તો માત્ર સો માણસ લઇને મિ૦ ડંકનને મળવા આવવાની રજા આપવામાં આવશે. એ વિના બીજા કોઈ ઠરાવની તમારે આશા રાખવી નહિ.

મેજર વૉકર તા૦ ૨૩ મીને દિવસે નીકળ્યો તે માર્ચ મહિનાની ૪ થી તારીખે અમદાવાદ પ્હોંચ્યો. ત્યાંથી તે બીજે દિવસે અડાલજ ગયો. ત્યાં તેણે પોતાનો ભારે સરસામાન અને માંદા માણસોને મૂકીને ચોકી રાખી. મલ્હાર રાવ હજી લગણ સલાહનું ક્હેણ ચલાવતો હતો પણ તે પ્રમાણે કરવાની તેની મરજી હોય એવી ખાત્રીપૂર્વક સાબીતી આપતો ન હતો. બ્રિટિશ ફોજ તા૦ ૧૦ને રોજ કડી માહાલમાં પેઠી; તેની સાથે ગાયકવાડની ફોજ હતી તે પછવાડે રહેવા દીધી. જો એમ કર્યું હોત નહિ તો તે તેની અવ્યવસ્થિત રીતિને લીધે વાંકમાં આવી જાત. તેઓએ સેરેતા આગળ છાવણી કરી તે ઠેકાણે મેજર વૉકરની મુલાકાત લેવાને મલ્હારરાવે પોતાની મરજી જણાવી. તે પ્રમાણે મુલાકાત તો થઈ પણ તે અવસરની સર્વ હકીકત ઉપર નજર રાખતાં સલાહશાન્તિથી તકરાર પતી જાય એમ મેજર વૉકરને લાગ્યું નહિ. મલ્હારરાવના મનમાં અવિશ્વાસ અને દગો હતો, એ વાત તે મુલાકાતની વેળાએ ઘણાં જ હથિયાર સજેલા માણસો લઈ ગયો તે ઉપરથી સિદ્ધ થાય છે. ઘોડેશ્વાર અને પાયદળ થઈને બે હજાર કરતાં પણ વધારે માણસ તેણે સાથે રાખ્યું હતું, અને સંગાથે ત્રણ તોપો હતી. બ્રિટિશ છાવણીમાં મુલાકાત લેવા જવાનો વિચાર તેણે માંડી વાળ્યો અને છાવણીથી બે મૈલ ઉપર મુલાકાતને માટે ચંદરવો બાંધવામાં આવ્યો હતો ત્યાંથી આગળ ડગલું ભરવાની પણ તેણે ના કહી. તો પણ બીજે દિવસે સાંજરે મેજર વૉકરને કેટલાંક કારણ બતાવીને તે તેને મળ્યો અને પોતાની નવી ફોજ ક્હાડી મૂકવાની અને બ્રિટિશ સરકાર ક્હે તે સર્વ વાત કબૂલ કરવાની પોતાની મરજી જણાવી. પણ તેની યોગ્યતા સચવાય એટલા માટે કોઈ વિશ્વાસુ વકીલોની મારફત કૉલકરાર ખાનગી રીતે કરાવવાની તેણે ઇચ્છા જણાવી. તે પ્રમાણે મેજર વૉકરે તેનું ક્હેવું બ્હાલ રાખ્યું. તેની

પાસે એવી માગણી કરી કે મહારાજાનો મુલ્ક જે તમે જિતી લીધો છે તે તેમનો પાછો આપવો, ગાયકવાડની પ્રજામાંથી જેઓને કેદ પકડવામાં આવ્યા છે તેઓને છોડી મૂકવા, તથા તેમની પાસેથી લીધેલી રકમ તેમને પાછી આપવી, ને મહારાજાની ખંડણી બાકી હોય તે આપવાને વ્યવસ્થા કરવી, લડાઈનો ખર્ચ આપવો; અને હવે પછીથી સારી ચાલ ચલાવવા બાબતના જામીન આપવા, એ રીતે સર્વ પ્રકારે મહારાજાનું મન મનાવવું. વળી તેણે પોતાની નવી ફોજને રજા આપવી અને હમેશાં રહેતી હોય તેટલી ફોજ કડીના કિલ્લામાં રાખવી, અને તેના નિષ્કપટપણા વિષેની મેજર વૉકરની ખાત્રી થાય ત્યાં સુધી કડીની પાસે છાવણી કરીને બ્રિટિશનું લશ્કર પડી રહે.

બ્રિટિશ ફોજને એકદમ કલોલ જવાનો ઠરાવ થયો અને ગાયકવાડની ફોજને પછવાડે આવવાનું ઠર્યું. તે ઠેકાણે મલ્હાર રાવની છેલ્લી મુલાકાત લેવાનો ઠરાવ થયો. મેજર વૉકર ૧૫ મી તારીખે કલોલ આવ્યો ત્યારે ત્યાં કોઈ જોવામાં આવ્યું નહિ, ને મલ્હાર રાવના કંઈ સમાચાર જણાયા નહિં, એટલે કડીથી આશરે ત્રણ મૈલને છેટે બુડાસણ કરીને એક ગામ છે ત્યાં તે ૧૬ મી તારીખે ગયો. બ્રિટિશ લશ્કર આવી પ્હોંચ્યું ત્યારે મલ્હાર રાવના થોડા એક ઘોડેશ્વાર જોવામાં આવ્યા તે કંઈ દુશ્મનાવટ બતાવ્યા વિના તરત જ જતા રહ્યા. પાસે એક ઉંચી જગ્યા હતી તેનો કબ્જો લઈને છેક ઉંચા ભાગ ઉપર એક તોપ તથા એક ટુકડી રાખી. આવી ઉંચી જગ્યા કબ્જામાં આવી તેથી આખો કડીનો દેખાવ, મલ્હાર રાવની છાવણી, અને તેની આખી ફોજ ધાલમેલ કરતી તથા મેદાન ઉપર પથરાઈ જતી મેજર વૉકરના જોવામાં આવી. કડીનો કિલ્લો ન્હાનો અને વાંકોચૂકો હતો; તેને ચાર દરવાજા હતા તેમાં ફત્તેહ દરવાજો હતો તેને જ માત્ર નવા મોરચા બાંધ્યા હતા, અને તેના ઉપર તોપ ચડાવી હતી. મલ્હારરાવને રહેવાની જગ્યા એક કિલ્લામાં હતી તે વેગળેથી દેખાતી હતી તેમાં તેનો મ્હોટા મિનારા જેવો બુરજ, અને ખુલ્લી અગાશી એ મુખ્યત્વે કરીને જણાઈ આવતાં હતાં તેના ઉપરથી આસપાસનો પ્રદેશ નજર તળે ચડી શકે એમ હતું.

સુમારે બપોરની વેળાએ મલ્હાર રાવની પાસેથી કાગળ લઈને માણસો આવ્યા. તે કાગળમાં એટલી બધી નમ્રતા બતાવેલી હતી કે કપટકાર્ય ઢાંકવાનું એક સાધન ઉભું કરવામાં આવ્યું છે એવું અંદેશા સરખું મેજર વૉકરના વિચારમાં કંઈ આવ્યું નહિ. નેટિવ એજંટ *સુંદરજી અને કપ્તાન

---

* શેઠ સુન્દરજી શિવજી, બ્રહ્મક્ષત્રી કચ્છ માંડવી પાસે ગુંદિયાળી છે ત્યાંનો વતની, પ્રથમ ઘોડાનો સોદાગર હતો, તેમાંથી નેટિવ એજન્ટને પદે પ્હોંચ્યો હતો. ર. ઉ.

વિલિયમ્સ સાથે કાગળનો ઉત્તર લખી આપીને મોકલ્યા. તેઓને ગયાને વીશ મિનિટ થઈ નહિ અને મલ્હાર રાવની ફોજની છાવણી આગળ પૂરા પ્હોંચ્યા નહિ એટલામાં તો તેઓને કેદ કરી લીધા, અને તેની પાસે બે તોપો હતી તેનો મારો બ્રિટિશ છાવણી ઉપર ચલાવ્યો. મેજર વૉકરે ગાયકવાડના સરદારો સાથે થોડીક મસલહત કરી ત્યાર પછી તેઓને કામ નીમવામાં આવ્યું અને તેમની સાથે એવો ઠરાવ કરવામાં આવ્યો કે આખી ફોજે ધસારો કરીને શત્રુની છાવણી ઉપર હલ્લો કરવો. કમાલઉદ્દીનખાન પાસે લગભગ એક હજાર ઘોડેશ્વારો હાજર હતા તે લઈને બ્રિટિશ ફોજની જમણી બાજુએ તે રહ્યો; અને બાબાજી પાયદલ તથા થોડા ઘોડેશ્વાર અને થોડાક ગોલંદાજ લઈને ડાબી બાજુએ રહ્યો. ગાયકવાડની ફોજ તૈયાર થયાના સમાચાર બ્રિટિશ ફોજને પ્હોંચાડવામાં આવ્યા એટલે સુમારે અઢી કલાકે પલટણ હારબંધ ચાલવા લાગી, તથા સંગાથે ચાર તોપો લીધી તે ધીરે ધીરે પણ ઘણી સરસ વ્યવસ્થાથી આગળ ચાલવા લાગી, અને કોઈક ઉંચી જગ્યા હાથ કરી લેવાને તથા શત્રુની ફોજને મોખરે જઈ પ્હોંચવાને તે જમણી બાજુ તરફ નમી. જેમ બ્રિટિશ ફોજ આગળ ચાલવા લાગી તેમ મલ્હાર રાવના તોપખાનાનો મારો વધવા લાગ્યો, અને દુર્ભાગ્યે કરીને શત્રુએ એવી જગ્યા પસંદ કરી હતી કે ત્યાંથી મારની અસર ઘણી થતી હતી, તો પણ, આશરે પાંચ વાગતાં શત્રુની ફોજથી સુમારે અર્ધા મૈલને છેટે મેજર વૉકર આવી પ્હોંચ્યો અને ત્યાં આગળથી શત્રુની છાવણી આખેઆખી દેખાવા લાગી. તેણે હલ્લો કરવાનો વિચાર અગાઉથી કરી રાખ્યો હતો, તે પ્રમાણે કરવાની તૈયારીમાં તે હતો પણ તેટલામાં તેને એવી ખબર આપવામાં આવી કે બાબાજીની ટૂકડી છાવણીથી જરાક આગળ ચાલી છે, અને તેના આરબ લોકો બ્રિટિશ ફોજની પછવાડે જવાને આનાકાની કરે છે; તેમ જ કમાલઉદ્દીનને જે ઠેકાણે રહેવાનું ઠરાવ્યું હતું તે પ્રમાણે તે કેટલીએક વાર સુધી રહી શક્યો અને હવે શત્રુના ચડિયાતા ઘોડેશ્વારના લશ્કર આગળ ટકી નહિ શકતાં પછવાડે પડી ગયો છે, એવા સમાચાર પણ તેને તે જ વેળાએ મળ્યા. ગાયકવાડની ફોજનો અસર કરે એવો આશરો મળ્યા વિના ધારેલા વિચાર પ્રમાણે કરવાનું મેજર વૉકરને ઘણું જોખમભરેલું લાગવાથી તેને તે વિચાર માંડી વાળવાની અગત્ય પડી. તેથી તેણે જમણી બાજુએ વધારે જવા માંડ્યું, કેમકે જેમ તે તેણી તરફ ચાલતો હતો તેમ તેમ શત્રુના મારાથી દૂર રહેતાં રહેતાં વધારે છેટે તે જઈ શકતો, અને તેઓના ઘોડેશ્વાર જે ઉંચી

જગ્યાયે હતા, તે જગ્યાએ જઈ પ્હોંચવાને તેને બની આવતું હતું. આ ઠેકાણે અંધારૂં થતાં સુધી ફ઼ોજ રહી અને ત્યાંથી શત્રુના ભણીનો કાંઈ અટકાવ થયા વિના પોતાની છાવણીની જગ્યાએ પાછી વળી. શત્રુના પક્ષનું ઘણું નુકસાન થયું તેમ બ્રિટિશ ફ઼ોજને પણ ભારે નુકસાન પ્હોંચ્યું. લેફ્ટનેન્ટ કીંગ રાજાની એંશીમી પલ્ટણનો હતો, અને મ્યાકડોનલ્ડ અને લોવેલ નામના બે કયાપટનો કંપની સરકારની ચાકરીમાંના હતા તે મારયા ગયા. સર્વ મળીને ૧૪૬ માર્યા ગયા તથા ઘાયલ થયા તેમાં પચીશ યુરોપિયન હતા અને એક તોપનાં પૈડાં ભાગી ગયાં તેથી તેને રણભૂમિમાં રહેવા દેવી પડી.

મેજર વૉકરની પાસે જેટલી ફ઼ોજ હતી તેટલાથી તાબડતોબ અને ઓચિંતો હલ્લો કરીને લડાઈનો અંત આણવાનું બની શકે એમ ન હતું એવી હવે તેની ખાતરી થઈ. માટે મરાઠાની રીતિ પ્રમાણે લડાઈ કરવાનો તેણે નિશ્ચય કર્યો અને બાબાજીની સલાહ લીધા પછી મોરચો બાંધીને તે જેમ કિલ્લો બાંધેલું શહર હોય તેમ શત્રુની છાવણી ઉપર જવાનું તેણે કબૂલ કરયું. તેટલી વારમાં ખંભાતમાં મિ૦ ડંકને તથા કૌન્સીલના બીજા અધિકારિયોએ બની શકે તેટલી ફ઼ોજ એકઠી કરીને મોકલવાનો પ્રયત્ન કરવા માંડ્યો. મુંબઈથી મોકલવાને નક્કી થયું હતું એટલી ફ઼ોજ રવાને થવાને વ્હાણ ઉપર ચડી, અને ગોવામાં બ્રિટિશ કમાન્ડીંગ ઓફિસર કર્નલ સર વિલિયમ કલાર્ક હતો તેને હુકમ થયો કે તમારા તાબાનું યુરોપિયન લશ્કર અને દેશી પાયદલની પલ્ટણ લઈને કડી આગળ ફ઼ોજને જઈ મળવું. ઇનટ્રેપિડ અને ટર્પસિકોડ કરીને ઈંગ્લંડના રાજાનાં બે વ્હાણ અને કાર્નવાલિસ અને અપટન કયાસલ એ નામનાં કંપનીનાં વ્હાણ હતાં તે વધારાનું લશ્કર ઉત્તર ભણી લઈ જવાના કામમાં કામે લગાડ્યાં.

કેટલીક વાર સુધી કડી આગળ બેતાલ લડાઇઓ થઈ, તેમાં સામાવાળા મેજર વૉકરના લશ્કર ઉપર ઘણું કરીને નજર રાખતા હતા અને મુખ્યત્વે કરીને ગાયકવાડના સરદારોની ફ઼ોજ ઉપર દુશ્મનાવટ જણાવતા હતા. આણીમગ મેજર વૉકરના જાણવામાં આવ્યું કે આપણી પાસે જોઇયે તેટલો દારૂગોળો નથી તથા બાબાજીની ફ઼ોજનું તોપખાનું કામમાં લાગે એવું નથી અને તેનું લશ્કર જો કે ખરેખરૂં નાહિંમતવાન નથી તેમ જ પ્રામાણિકપણા વિનાનું નથી તો પણ તેમના મનમાં હોંસ હોય એમ લાગતું નથી, અને મલ્હાર રાવની ફ઼ોજમાં વગર કવાયત શીખેલા પઠાણ, ગોસાઈ અને કોળિયો જે શૂરવીર છે તેઓના મનમાં જેટલી ઉલટ છે તેટલી તેમના મનમાં

નથી. તે ઉપરથી તેણે વિચાર્યું કે ગાયકવાડની ફોજની મદદ મળ્યા વિના હલ્લો કરવાનું કામ પાર ઉતારી શકાય એમ નથી, માટે બ્હેતર છે કે તેમ નહિ કરતાં પોતાનું રક્ષણ કરી બેશી રહેવું. વળી તે જ વેળાએ મેજર વૉકર અને મલ્હાર રાવ વચ્ચે સલાહનાં કહેણ ચાલતાં હતાં. ક્યાપટન વિલિયમ્સને કેદખાનાના દુઃખમાંથી મોકળો કરાવા સારૂ મેજર વૉકરે દરખાસ્ત કરી પણ મલ્હાર રાવે પોતાની ભણીની બહુ માગણી કરવા માંડી, તેથી છેવટે કાંઈ પરિણામ આવ્યું નહિ.

સર વિલિયમ ક્લાર્કે આવીને તા૦ ૧૨ મી એપ્રિલને દિવસે ખંભાત આગળ ફોજના ઉપરીપણાનો અધિકાર લીધો. તેણે પ્રથમ એવો મનસૂબો કરી રાખ્યો હતો કે ફોજ જેવી ઉતરે તેવી એકદમ રવાના કરી દેવી. પણ તેમનો અટકાવ કરવાને ભંકોડાનો ભૂપતસિંહ એક હજાર અશ્વાર લઈને વાટ જોઈ રહ્યો હતો તે ઉપરથી તેનાથી થતા નુકસાનમાં નહિ આવી પડવાને માટે ફોજ એકદમ રવાના નહીં કરવાનું વાજબી લાગ્યું. તેથી સર વિલિયમ ક્લાર્કે આખી ફોજ પોતાની સંગાથે લઈ ને ચાલ્યો, અને એપ્રિલ મહિનાની ૨૪ મી તારીખે બુડાસણ આગળ મેજર વૉકરને મળ્યો. તે વેળાએ ગાયકવાડનું લશ્કર બાદ કરતાં બધું પાંચ છ હજાર માણસ થયું, તેમાં બે હજાર કરતાં વધારે માણસ તો યુરોપિયન હતાં.

પ્રથમ કૉલકરાર કરવાને માટે જે કહેણ કહાડવામાં આવ્યું હતું તે પ્રમાણે ધરમેળે કબૂલ કરવાની મલ્હાર રાવની મરજી છે કે નહિ તેની ખાતરી કરવાને માટે બ્રિટિશ સેનાપતિને નક્કી કરવા સારૂ સંદેશો મોકલવાનો હતો. મલ્હાર રાવને ત્યાં મસલત થતી હતી તેવામાં સર વિલિયમ ક્લાર્કના આવી પ્હોંચવા વિષેના સમાચાર જાહેર કરવામાં આવ્યા. તે વેળાએ, શિવરામ, ભૂપતસિંહ અને પઠાણોના સરદારે ધરમેળે કજિયો પતાવી દેવામાં હરકત નાંખી માટે મુકુંદરાવ ગાયકવાડે તેઓને ઠપકો દેવા માંડ્યો અને તેમને લીધે હવે સંકટ આવી પડશે એવો તેમને માથે દોષ મૂક્યો. ટોળી માંહેલા બીજા જે આગેવાન હતા તે ચિંતાતુર થઈને એક બીજા સામું જોવા લાગ્યા; મલ્હાર રાવને પણ ડર લાગ્યો અને ગભરાયો અને કોણ જાણે શાએ કારણને લીધે કહેણનો તેણે કશોય ઉત્તર વાળ્યો નહિ. અને જેમ બનવાકાળ હશે તેમ બનવા દીધું.

કડી શહર ઉપર હલ્લો કરતાં પ્હેલાં, શત્રુની ફોજ ખાઈ ખોદીને મોરચા બાંધીને રહી હતી, તે વિખેરી નાંખવાની અગત્ય સર વિલિયમ ક્લાર્કને લાગી. તેમાં જમણી બાજુ ઘણી બળવાન થઈ ત્યાં તોપખાનું,

ઘોડેશ્વારની પલ્ટણ અને બારસેં અથવા ચૌદસેં પઠાણની યુરોપિયન સરદારના હાથ નીચેની એક પલ્ટણ તેના રક્ષણને માટે હતી. તેના ઉપર હલ્લો કરવાનું કામ તા૦ ૩૦ મી એપ્રિલને દિવસે ઈંગ્લંડના રાજાની ૭૫ મી પલ્ટણને મુખ્યત્વે સોંપ્યું, તથા તેની એક બાજુએ ૮૪ મી પલ્ટણ તથા બીજી બાજુએ કંપનીની ઉંચા કદના સિપાઈયોની ટૂકડી અને ૮૪ મી પલ્ટણનાં બાકી રહેલાં માણસો અને ચાર તોપો રાખવાનું ઠરાવ્યું. એ પ્રમાણે આખું લશ્કર લેફ્ટનન્ટ કર્નલ વુડિંગ્ટનના હુકમ નીચે તૈયાર થયું; અને કોઈને દેખાવ ન દેતાં પરોઢિયું થતાં તોપખાનાની લગભગ આવી પ્હોંચ્યું અને બાયોનેટ ચલાવીને તરત જ તે સ્વાધીન કરી લીધું. આ પ્રમાણે જેટલી તોપો હાથમાં આવી તેમાંથી કેટલીક તે જ ક્ષણે શત્રુનાં સામી ઓઢવી દીધી. બ્રિટિશ ફોજ જેમ પોતાને લાભ થાય તેમ જુસ્સાથી મંડી પડી, અને અગિયાર વાગતાં પ્હેલાં તો ખાઈ અને મોરચાનો આખો ભાગ જે કડીના મોખરા આગળ હતો તે પોતાને સ્વાધીન કરી લીધો, અને શત્રુની ફોજ પોતાનું રક્ષણ કરતી હતી તેમાં ભંગાણ પાડીને અવ્યવસ્થા કરી નાંખી.

આ પ્રમાણે જય પ્રાપ્ત કરી લેવામાં શત્રુને પોતાનો બચાવ કરવાનો હતો તેથી, વધારે માણસનું નુકશાન થયું હોત નહિ, પણ મલ્હાર રાવના લશ્કરમાંથી દારૂખાનાનો એક કંડિયો પકડાયો તે દુર્દૈવથી સળગી ઉઠ્યો અને તેથી જ કરીને ઘણું નુકસાન થયું* મલ્હાર રાવની છાવણી, અને પાસેનું કડેલ ગામ લૂંટીને બાળવામાં આવ્યું, અને તેની ફોજ શહરના દરવાજા આગળ દોડી ગઈ તેને અંદર પેસવા ન દીધી અને વેરાઈ જવાનો હુકમ આપવામાં આવ્યો. કડીની સામી બાજુએ તેઓ ફરીને પાછા કેટલીક વાર સુધી એકઠા થયા પણ

* તે પ્રસંગે થયલા નુકસાની વિગત નીચે પ્રમાણે છેઃ-

ઘાયલ થયા તથા મરાયા તેની વિગત-

યુરોપિયન......મરાયા,	૨૨	......ઘાયલ થયા,	૮૨=૧૦૪	=૧૬૨.
દેશી............ ,,	૬	...... ,,	૫૨= ૫૮	

તેમાં

અધિકારિયો મરાયા તેની વિગત-

લેફ્ટેનન્ટ ફ્રાન્સિસ ઇવી રાજાની ૮૪ મી પલ્ટણનો
,, ડેવિડ ગ્રૈસ ,, ૮૫ મી ,,

અધિકારિયો ઘાયલ થયા તેની વિગત,

લેફ્ટેનન્ટ હેનરી પાલ્યર પ્હેલી (અથવા ઉંચા કદના સિપાઈયોની) ટૂકડીનો
,, હેનરી રૂમ પ્હેલી ટૂકડી છઠ્ઠી પલ્ટણનો

ફરીને પાછા તરત જ બહુ ગડબડાટમાં આવી પડ્યા. મલ્હાર રાવને ડર પેશી ગયો, એટલે તેણે કયાપટન વિલિયમ્સને છોડી મૂકયો અને તે આફિસર સુંદરજીને લઈને સાંજની વેળાએ બ્રિટિશ છાવણીમાં આવી પ્હોંચ્યો.

બાબાજિયે આ જયના સમાચાર પોતાના ભાઈને લખી મોકલ્યા તેમાં, તે બ્રિટિશ ફોજનું શૂરવીરપણું જોઈને બહુ રાજી થયો અને તેથી કરીને હવે તેને તથા તેના ભાઈને અને મિત્રોને લાભ થવાનો અવસર આવ્યો તે લખી જણાવ્યું. તેણે લખ્યું કે, "અંગરેજો જે રીતે લડ્યા તે રીત "જોઈને, બાબા સાહેબ! હું બહુ આશ્ચર્ય પામ્યો. એમના જેવું જગતમાં "બીજું કોઈ લડી શકે એવું હોય એમ મને લાગતું નથી. છ હોરામાં તેમણે "તેમના ધાર્યા પ્રમાણે કર્યું, અને શ્રીમંતના સારા ભાગ્યને લીધે હવે "કડી બે દિવસમાં હાથ આવશે. કડેલથી કડી અર્ધો કોસ થાય છે. અંગરેજી "ટુકડી ખાઈની લગભગ છે. અંગરેજને અહિં આણવાથી જે પરિણામ થશે "તેથી તમે બહુ ડ્હાપણ ચલાવેલું ગણાશે. અને તેમના શૂરવીરપણાએ "કરીને તેમની પ્રતિષ્ઠા અને ભીતિ તમારા શત્રુઓને વિશેષ લાગશે, એટલું જ "નહિ, પણ આખા જગત્‌ને લાગશે. હવે આપણી ચિંતા એથી કરીને મટી "ગઈ છે, કેમકે, હવે આપણે આપણી નજરમાં આવે તેમ કરી શકીશું."

મલ્હાર રાવે કયાપટન વિલિયમ્સ અને સુંદરજીને છોડી મૂકયા તેથી સર વિલિયમ કલાર્કે તેને ફરીને કહાવ્યું તે ઉપરથી લડાઈને બીજે દિવસે તેણે કહેવરાવ્યું કે હું શરણ થઈશ. એટલે તેની મરજી જણાવ્યા પ્રમાણે તેને બ્રિટિશ છાવણીમાં તેડી લાવવાને એક ટૂકડી દરવાજા આગળ મોકલવામાં આવી. દરવાજા આગળ, તે પાલખીમાં બેઠો હતો ત્યાં તેના લોકોએ તેને નહિ જવાને માટે સમજાવીને અટકાવ્યો. તેથી કિલ્લો તોડી પાડવાને તોપોનો મારો ચાલ્યો, અને કામ ઘણું આગળ વધ્યું, એટલે તા૦ ૩ જી મેને દિવસે મલ્હાર રાવ પોતાના અને પોતાના કુટુંબના માત્ર બચાવની સરતે શરણ થયો. બે દિવસ પછી કડીનો કિલ્લો શત્રુઓએ ખાલી કર્યો અને તેમાં બ્રિટિશ અને ગાયકવાડની ફોજે પ્રવેશ કરવાથી તેઓના એકઠા વાવટા ઉડવા લાગ્યા. ત્યાં ન્હાની મ્હોટી થઈને સાડત્રીશ તોપો, તથા હાથી, ઉંટ અને કેટલુંક બધું દારૂખાનું તથા સરસામાન તેમને હાથ લાગ્યાં.

કડી ટૂટી કે તરત જ વડોદરામાં બ્રિટિશની સત્તા સ્થપાઈ. માર્ચ મહિનાના પ્રારંભમાં મિ૦ ડંકન અને રાવજી વચ્ચે ઠરાવ થયો, તે પ્રમાણે ગાયકવાડે ચોરાશી પરગણું અને સુરતની ચોથ આપી, અને બ્રિટિશ

ફોજના ખર્ચની જામીનગીરીને માટે સુરત અઠ્ઠાવીશીનો પોતાનો ભાગ આપ્યો. એક ગુહ્ય ઠરાવ થયો તે લડાઈનો અંત આવતાં સુધી અમલમાં લાવવાને બંધ રાખ્યો. તે ઠરાવ પ્રમાણે બે હજાર દેશી પાયદલ, એક યુરોપિયન ગોલંદાજની ટુકડી અને તેના પ્રમાણમાં ખારવા; એ પ્રમાણે ફોજને નિરંતર પગાર આપવાને ગાયકવાડ સરકારે કબૂલ કર્યું તેના ખર્ચને પેટે બંને પક્ષકારોને સુલભ પડે તે ભાગ ગાયકવાડના રાજ્યમાંથી અંગરેજને આપવાનો ઠર્યો. આરબનું લશ્કર કહાડી નાંખવાનું ઠર્યું. ગાયકવાડને બ્રિટિશે આશ્રય આપ્યો તેના બદલામાં ખુશી થઈને આનંદરાવ ગાયકવાડે, જુન મહિનાની ચોથી તારીખે સુરત અઠ્ઠાવીશીનું ચીખલી પરગણું કંપની સરકારને આપ્યું; અને ત્યાર પછી બે દિવસે એક બીજો ઠરાવ થયો તેમાં માર્ચ મહિનાનો કૉલકરાર અને ચીખલી આપવાનો ઠરાવ રીતિ પ્રમાણે બાહાલ રાખવામાં આવ્યો અને એમ ઠરાવ્યું કે જે આરબોને ઓછા કરવાના છે તેમનો પગાર આપવાને બ્રિટિશ સરકારે ગાયકવાડને રૂપિયા ધીરવા ને તેને પેટે ગાયકવાડે વડોદરા, કોલર, જનોડ, પેટલાદ, અને અમદાવાદનાં પરગણાં લખી આપવાં. તે જ દિવસે આનંદરાવ ગાયકવાડે એક દસ્તાવેજ કરી આપ્યો તેના ઠરાવ પ્રમાણે ગાયકવાડને હવે પછી મદદ આપવા સારૂ બ્રિટિશે સહાયકારી ફોજ સંવત્ ૧૮૬૦ (ઈ૦ સ૦ ૧૮૦૪)ની સાલથી રાખવી અને તેના ખર્ચને સારૂ ગાયકવાડે ધોળકા પરગણું આપવું એમ ઠર્યું. પ્હેલા વર્ષમાં લશ્કરના ખર્ચના રૂપિયા ૭,૮૦,૦૦૦ થયા હતા તેનો પણ દસ્તાવેજ થયો અને તેને પેટે ૫૦,૦૦૦ રૂપિયાની નડિયાદના ગામની જયદાદ આપવામાં આવી, તથા બાકીના રૂપિયા પૂરા કરવાને કડીની ઉપજ અને કાઠિયાવાડની સંવત્ ૧૮૫૭-૫૮(ઈ૦ સ૦ ૧૮૦૧–૨)ની મુલ્કગીરી (જમા) સોંપવામાં આવી. જુનની સાતમી તારીખે મેજર વૉકર વડોદરાનો રેસિડેન્ટ ઠર્યો. તે પ્રમાણે તે ત્યાં જુલાઈની ૬૧ મી તારીખે આવી પ્હોંચ્યો. તે સમયે ગાયકવાડે તેનો ઘણો આદરસત્કાર કર્યો. રાવજીના કહેવા ઉપરથી એના ઘરની પાસે પરામાં એક વાડી હતી ત્યાં આગળ મેજરને માટે તંબુ ઠોકાયા અને ત્યાં બ્રિટિશનો વાવટો ચઢ્યો.

આનંદરાવના રાજ્યની સામે એક બીજું બંડ થયું હતું તે શમી ગયાના સમાચાર થોડા દિવસ અગાઉ મળ્યા હતા. ગાયકવાડના કુટુંબનો સગો એક ગણપતરાવ કરીને હતો તે માજી મહારાજા ગોવિંદરાવના કરતાં પોતાનો વિશેષ હક્ક ધરાવીને સર્વ સત્તા લઈ લેવાને ઉભો થયો હતો, તો

પણ ભલા સ્વભાવના મહારાજે તેને સંખેડાનો કિલ્લો અને તેનું ન્હાનું પરગણું થોડે રૂપિયે ઇજારે આપ્યું હતું તેના રૂપિયા આપવા બંધ કરી બેઠો હતો અને મલ્હાર રાવની સાથે મળી જઈને પોતાની સ્વતંત્ર સ્થાપના કરવાને તૈયાર થયો હતો. પણ કડી જેર થયા પછી તે પોતાના કિલ્લામાં ભરાઈ પેઠો હતો. ત્યાં માત્ર બે તોપો હતી અને બીજું રક્ષણનું બરાબર સાધન નહિ છતાં ગાયકવાડનો હલ્લો સહન કરી શક્યો હતો. ગણપતરાવની સાથે મહારાજના પિતાનો એક દાસીપુત્ર મોરારરાવ કરીને હતો તે તેને મળી ગયો હતો. બ્રિટિશ ફોજની એક ટુકડી કપ્તાન બેથુનના ઉપરી-પણા નીચે જઈને તરત જ ગાયકવાડની ફોજ સાથે મળી, અને જુલાઈ મહિનાની ૭ મી તારીખે સંખેડું તાબે થયું, તેમાં કિલ્લેદારોની ખાનગી મિલ્કત અને તેમના જીવ બચાવાનો કૉલકરાર થયો. પણ ઠરાવ થતાં પ્હેલાંની રાત્રે ગણપતરાવ અને મોરારરાવ, થોડા માણસ લઈને પગે ચાલી નીકળ્યા હતા તે ગોવિંદરાવનો સાળો બાપુ પૈંવાર કરીને માળવામાં મ્હોટો જાગીરદાર હતો તેના રક્ષણ નીચે ધાર જઈ રહ્યા.

હવે ગાયકવાડની પ્રધાન ટોળીનું અને બ્રિટિશ રેસિડેન્ટનું મન કેટલાક મહિનાથી આરબોને કહાડી મૂકવાના વિકટ કામ ઉપર લાગ્યું હતું. તેઓ એટલા બધા બળિયા થઈ પડ્યા હતા કે, રાજ્યના પ્રત્યેક કામકાજમાં પોતાનું માથું ઘાલતા હતા. આ કામનું યથાસ્થિત વર્ણન આ ઠેકાણે આપ-વાની કાંઈ અગત્ય નથી. ટુંકામાં એટલું જ કે બ્રિટિશ ફોજના આશ્રય વિના તે થાય એમ ન હતું. છેવટે આરબોના જમાદારોને વડોદરાના કિલ્લામાં ઘેરી લીધા, અને કર્નલ વુડિંગ્ટનના તાબાની ફોજના જોરથી ૧૮૦૨ના ડિસેમ્બર મહિનાની ૨૬ મી તારીખે તેઓને તાબે થઈ કરાર કરવાની જરૂર પડી.

બ્રિટિશની સત્તા ગૂજરાતમાં કેમ પ્રવેશ પામી તે વિષેનો થોડો વૃત્તાન્ત ઉપર પ્રમાણે આપવામાં આવ્યો. હવે તેની હવે પછીની વૃદ્ધિ વિષે અમે ટુંકામાં લખીશું.

ઇ૦ સ૦ ૧૮૦૫ ના એપ્રિલ મહિનાની ૨૧* મી તારીખે ગાયકવાડ સાથે છેવટનો એક કોલકરાર થયો તેમાં આગળ જે ઠરાવો થયેલા તેમાં વધારો અને ફેરફાર કરવાનો જે યોગ્ય જણાયો તે કરીને ચોક્કસ ઠરાવ થયો. ગાયકવાડે પ્રથમ બે હજાર માણસની સાહાય્યકારી ફોજ રાખી હતી

* જિયોર્જનામામાં તા. ૧૨ મી લખી છે, તે ભૂલ છે.

આ તહનામાના સંબંધમાં મુલ્લા ફિરોજ પોતાના જિયોર્જનામામાં વિશેષ પડતું લખે છે. ર. ઉ.

તેને બદલે હવે ત્રણ હજાર રાખવાને કબૂલ થયો, અને તે તેના મુલ્કમાં રહેવાની ઠરી, પણ જ્યારે અગત્ય પડે ત્યારે જ તેને કામમાં લેવી એમ ઠર્યું. તેના ખર્ચને સારૂ ૧૧,૭૦,૦૦૦ રૂપિયાની ઉપજનાં પરગણાં આપવાનાં ઠર્યાં. ચોરાશી, ચીખલી, અને ખેડાનાં પરગણાં તથા સુરતની ચોથ બ્રિટિશને આપી હતી, અને ગાયકવાડને બ્રિટિશ સરકારનું દેવું હતું તેના પેટામાં બીજાં પરગણાંની ઉપજનો સમાવેશ થઈ ગયો.*

ગોવિંદરાવના સમયથી પેશ્વા અને વડોદરા સરકાર વચ્ચે કાંઈ કોલ-કરાર થયા નથી. આબા સેલુકરનું બંડ બેસારી દીધા પછી પેશ્વા પાસેથી ગાયકવાડે અમદાવાદ, કાઠિયાવાડની મુલ્કગીરી, પેટલાદ, નાપાડ, ચૂડા, રાણપુર, ધંધુકા, અને ગોઘાનાં પરગણાં, તથા ખંભાતમાં જે તેઓના કેટ-

* આનંદરાવ ગાયકવાડના રાજ્યમાંથી આનરેબલ ઇસ્ટ ઈન્ડિયા કંપનીને જે આપવામાં આવ્યું તેની યાદી ગંગાધાર શાસ્ત્રીની વિગત પ્રમાણે કર્નલ વૉકરના ૧૮૦૬ ના જાન્યુઆરી મહિનાની પ્હેલી તારીખના રિપોર્ટ સાથે જોડવામાં આવી છે, તે નીચે પ્રમાણે છે:—

ઇનામ.

ખેડાની કિલ્લેદારી	...	...	રૂ૦	૪૨,૦૦૦
ચીખલી પરગણું	...	...	,,	૭૬,૦૦૦
સુરત બંદરની ચોથ	...	...	,,	૫૦,૦૦૦
ચોરાશી પરગણું	...	...	,,	૯૦,૦૦૦
				૨,૫૮,૦૦૦

જયદાદ.

નડિયાદ પરગણું		...	...	,,	૭૫,૦૦૦
ધોળકા	,,	...	...	,,	૪,૫૦,૦૦૦
વિજાપુર	,,	...	...	,,	૧,૩૦,૦૦૦
માતર	,,	...	...	,,	૧,૩૦,૦૦૦
મહુધા	,,	...	...	,,	૧,૧૦,૦૦૦
કડીટપ્પો	,,	...	...	,,	૨૫,૦૦૦
કીમ કઠોદરાની જકાત		...		,,	૫૦,૦૦૦
કાઠિયાવાડની વાર્ષિક વરાત				,,	૨,૦૦,૦૦૦
					૧૧,૭૦,૦૦૦

૧૪,૨૮,૦૦૦

લાક હક્ક હતા તે ઇજારે લીધા હતા. પણ વસઇના કાલકરાર થયો તેમાં રાણુ- પુર, ગોઘા, અને ધંધુકા, તથા ખંભાતમાંનો પેશ્વાનો ભાગ પેશ્વાએ બ્રિટિશ સરકારને આપ્યો હતો. અને બાકી રહ્યું તેનો પટો દશ વર્ષની મુદતથી પેશ્વા સરકારે ગાયકવાડ સરકારને ૧૮૦૪ ના જુન મહિનાથી આપ્યો હતો; પણ પ્રથમની મુદત થઈ રહી ત્યારે પેશ્વાએ નવો પટો કરી આપ- વાની સાફ ના પાડી અને ગૂજરાતમાં પોતાની રાજસત્તા વધારવાની આતુરતા થઈ, તેથી ૧૮૧૫ માં ત્ર્યંબકજી ડેંગલેને સરસૂબેદાર ઠરાવ્યો; તેણે તે પ્રાંતમાંનાં પરગણાં પેશ્વાને નામે લીધાં, અને આ પ્રમાણે પોતાને સત્તા મળી તેનો બ્રિટિશ સરકાર સામે કપટકાર્ય કરવામાં ઉપયોગ કરવા માંડ્યો. પણ પેશ્વા સાથે ૧૮૧૭ માં કરાર થયો તેમાં આ તોફાની સૂબાને તેણે માન્ય રાખ્યો નહિ; અને તેણે ગાયકવાડના ઉપર હવે પછી દાવો કર- વાનો છોડી દીધો, તથા પાછલા દાવાનો ચૂકાદો કર્યો, અને તેણે ગૂજરાતની પોતાની ઉપજ, ઓરપાડ બાતલ કરતાં, બ્રિટિશ સરકારને આપી.

નવેમ્બર મહિનાની ૬ ઠ્ઠી તારીખે વડોદરામાં વિશેષ કરાર થયો, તેમાં પુનાના કરારથી ગાયકવાડને લાભ થયો હતો, તેથી ગૂજરાતમાં જે એક બીજાનાં રાજ્ય હતાં તેની યોલ પડતી વ્હેંચણી કરવાની રીતિ કબૂલ કરી, અને તેની સાહાય્યકારી ફોજમાં એક હજાર કવાયતી પાયદલ તથા ઘોડે- સ્વારની બે પલ્ટણો વધારી લેવાનો ઠરાવ કરી તેના ખર્ચના બદલામાં બ્રિટિશ સરકારને યોગ્ય પડતી વળકણ કરવામાં વચ્ચે આવતાં પરગણાં આપવાનું કબૂલ કર્યું.

પ્રકરણ ૫ મું

કાઠિયાવાડની મુલકગીરી

અણહિલપુરના રાજા અને અમદાવાદના સુલ્તાન, એ બંનેની, પોતાની પડોશના રાજાઓ સાથેની વર્ત્તણુંક, એકંદરે સમાન હતી, એવું આપણા જોવામાં આવી ગયું. કેટલાએકને જિતી લેવા જેટલું જોર પોતાનામાં છે એમ તેમને લાગતું. તેઓને તેઓ સંપૂર્ણ રીતે જિતી લેતા, પણ જેઓનો પરાજય કરી શકાય એમ ન હતું, તેઓની સાથે લડવાથી શો પરિણામ થશે એ વિષેની ખાતરી નહિ હોવાને લીધે, લડવાના કરતાં તેઓ માંહેથી ઘણા જણ પાસેથી ખંડણી લેવાનું ઠરાવીને તેઓ સંતોષ પામતા અને આ પ્રમાણેની પોતાની પ્રાપ્ત કરી લીધેલી સત્તા કાયમ રાખવા સારૂ ગૂજરાતના સુલ્તાનોએ, અને ત્યાર પછીના દિલ્હીના સૂબેદારો, જે અમદાવાદમાં

મૂકવામાં આવ્યા હતા, તેઓએ, દેશમાં પોતાનાં થાણું બેસારી દીધાં હતાં, તેથી નિયમસર ખંડણી ઉઘરાવી લેવાને બની આવતું હતું, અને જ્યાં અગત્ય પડતી હતી ત્યાં જ માત્ર ચડાઈ કરી તે વસુલ કરી લેતા હતા. આ પ્રમાણે બેસારેલાં થાણું રહેતાં રહેતાં ઉઠાડી લેવામાં આવ્યાં હતાં, અથવા ઉઠાડી મૂકવામાં આવ્યાં હતાં. તેથી મોગલ રાજ્યની સમાપ્તિની વેળાએ, જે અંધેર કારભાર અને ગડબડાટ વારે વારે થયેલો જોવામાં આવ્યો છે તેવે પ્રસંગે, ખંડણી ઉઘરાવી લેવાને માટે ઘણે ઠેકાણે પ્રતિ વર્ષે હુમલા કરવા પડેલા છે. આ રસ્તો પકડવાને મુસલમાનોને તો અગત્ય પડી હતી. અને જ્યાં તે પ્રમાણે કર્યા વિના છૂટકો ન હતો ત્યાં તેઓ તેમ કરતા હતા. પણ તેમના પછી મરાઠા થયા, તેઓને તો હુમલા કરવાનો રસ્તો મન ગમતો થઈ પડ્યો હતો અને તે રસ્તો ઝાલવાને તેઓ ચૂકતા જ ન હતા.

મરાઠાના રાજ્યની મુખ્યત્વે કરીને જેવી રાજનીતિ હતી તે પ્રમાણે જે જે દેશ ઉપર તેઓએ હથિયાર ચલાવ્યાં તે તે દેશમાંથી પૈસા કઢાવવા ઉપર તેઓએ મુખ્ય નજર રાખી હતી. કેટલાક અનુભવ ઉપરથી, જ્યારે ઘણે દિવસે તેઓની ખાતરી થઈ કે ખંડણીની રકમ નક્કી કરી તે ઉઘરાવી લેવાથી લાભ થાય છે ત્યારે તેઓએ જિતી લીધેલા દેશમાં નિયમસર કારભાર ચલાવવા ઉપર તેઓએ નજર પ્હોંચાડેલી છે. તેઓનો ઇતિહાસકર્ત્તા લખે છે કે, "મરાઠા જ્યારે પોતાની સીમા છોડીને બ્હાર જતા ત્યારે તેમને મને "પૈસો ઉઘરાવવો અને લડાઈ કરવી એ બે સમાન હતું. જ્યારે કોઈ "ગામમાં અટકાવ કરવામાં આવતો ત્યારે ત્યાંના અધિકારિયોને પકડવામાં "આવતા, અને તેઓને ધમકી બતાવીને અથવા કોઈ કોઈ વાર તો થોડો "ઘણો સખ્ત અત્યાચાર કરીને તેઓની પાસેથી ચુકાદો કરી લેતા હતા; "રોકડા પૈસા તો તેમને ભાગ્યે જ મળતા હતા; પણ જે શરાફોનો ગામડાંમાં "વેપાર ચાલતો હોય તેઓની જામીનગીરી લેવાની રીતિ પસંદ કરવામાં "આવતી હતી, કેમકે તેમની ચિઠ્ઠિયો હિન્દુસ્તાનના ગમે તે ભાગમાં હુંડિ-"યોની પેઠે વટાવી શકાતી હતી. જ્યારે ગઢના ગઢપતિઓ તેમના સામી "ટક્કર લેતા અને છેવટે તેમનાથી હારતા ત્યારે તેઓને કત્લ કરવામાં "આવતા." આ પ્રમાણે પૈસાના લાલચુ મરાઠાને માફક આવતી ચડાઇયો "મુલ્કગીરી" એવા નામથી ઓળખાતી હતી.

તેઓ ગૂજરાતમાં પ્રથમ આવ્યા ત્યારે, પોતાની પ્હેલાં થયેલા મુસલમાનોનો દાખલો જોઈ ને, અને દેશની સ્થિતિને અનુસરીને, તથા પોતાના મનના વલણને લીધે, આવી મુલ્કગીરી કરવા નીકળવાની રીતિ તેઓએ પસંદ કરી

દીધી. હાલમાં જે તાલુકા રજપૂત તાલુકદારોને સ્વાધીન હજી લગણુ છે તેઓ ત્રણ ચાર હજાર લૂટારા અશ્વાર લઈને, તોપો કે છાવણી કરવાનો સરસામાન સાથે લીધા વિના, લૂંટફાટ કરતા ચાલ્યા જતા હતા, અને ભોમિયા કબૂલ કરી શકે અથવા પોતાનું બળ ચલાવીને બની શકે તે પ્રમાણે પોતાના દાવાનો નીકાલ કરી લેતા હતા. જેમ દેશનું રાજ્ય વધારે ચાળે પડતું ગયું તેમ નક્કી કરેલા અવ્યવસ્થિત પાયદળનું લશ્કર લઈને તેઓ જાથુ મુલ્કગીરી કરવા લાગ્યા. મરાઠા સરદારોનો એવો એક નિયમ હતો કે જેમ બને તેમ વધારે ખંડણી લેવી, અથવા એમ બને નહિ તો પછી પોતાના પૂર્વના ઠરાવ કરતાં ઓછી તો પછી લેવી જ નહિ, અને આ છેલ્લા નિયમને તેઓ એટલા બધા વળગી રહેતા કે, કોઈની પાસેથી ચડી ગયેલી ખંડણી વસુલ કરી લેવાની હોય તો સામટા નીકાલ બહુ છૂટ મૂકીને કરવાને બદલે આગળના ઠરાવ પ્રમાણે બે વર્ષનું વસુલ લેવાનું તેઓ વધારે પસંદ કરતા હતા. આણી-મગ રજપૂત રાજાઓ પણ ગમે તેટલી ખંડણી આપવાને જેમ બને તેમ સામા થવામાં પ્રતિષ્ઠા સમજતા હતા અને જ્યારે કાંઈ ચાલતું નહિ ત્યારે જેમ પોતાને લાભ થાય તેમ ફડચો કરવાને તૈયાર થતા. મુલ્કગીરી લશ્કર આખો દેશ તાબે કરી લેવાને અથવા જે ગઢનો બચાવ આગ્રહથી કરવામાં આવે એવા ગઢ જેર કરવાને શક્તિવાન ન હતું; તેટલા માટે તેનાં માણસો ખુલ્લાં શહર અને ગામડાંમાં લૂંટફાટ કરવા માંડતાં, અને તે કામ શરૂ કરવાને મોસમની વેળા પસંદ કરવામાં આવતી; તેનું કારણ તાલુકદાર પાસેથી તરત જ કબૂલાત લેવાની જરૂર પાડવાનું એકલું જ ન હતું પણ ફોજને ઘાસદાણા મળવાનું સારૂં સાધન મળે માટે તે ઋતુ પસંદ કરતા હતા. જે તાલુકદાર પાસેથી ખંડણી વસુલ કરવાની હોય તેના તાલુકામાં મરાઠી ફોજ આવે ત્યારે તેના સામા થવાનો વિચાર ન હોય તો તાલુક-દારને વિશ્વાસ ઉપજે એવા એક વકીલને, સર્વ વાજબી માગણીને પૂરી પડે એટલી જામીનગીરી આપીને, પોતાના તાલુકાની સીમા ઉપર મોકલ્યા વિના ચાલે નહિ. જો તે પ્રમાણે તે મોકલે તો આગળ ચાલનારી ફોજની ટૂકડીના એક અથવા તેથી વધારે અશ્વારો જે બાંહધર કહેવાતા હતા તે તેના તાલુકાના દરેક ગામમાં મૂકવામાં આવે તેથી ત્યાં લૂંટફાટ કરવામાં આવે નહિ; પણ જો તાલુકદાર સામા થવાની મરજી જણાવે નહિ અથવા તરત પતાવી દેવાનું મન જણાવે નહિ, તો પછી પિંઢારાઓ ચોગરદમ પથરાઈ જાય; અને રસ્તામાં સર્વ પ્રકારની લૂંટફાટ ને નાશ કરતા ચાલે, તેથી તે રસ્તે થઈને ફોજ ગઈ છે એમ જણાઈ આવે. અને તે રજપૂત તાલુકદાર

માગેલી ખંડણી રજુ કરવાને કબૂલ થાય તેના પ્હેલાં તો ખેતરોમાંથી પાકેલો ફાલ રફેતફે કરવામાં આવે; અને ગામડાંને ઘાતકીપણે સળગાવી નાંખે અને નાશ કરે, ઘરની ઉઘાડી ભીંતો સિવાય કાંઈ ર્‌હેવા દે નહિ અને તાલુકાનું એકેએક વિઘું ઉજ્જડ કરી નાંખે અને એકેએક ગામ ઉજ્જડ કરીને નાશના ઢગલા કરવામાં આવે.

શિવરામ ગાર્દી જે કવાયત શીખેલા લશ્કરનો સરદાર હતો એવું આગળ જણાવેલું છે તેને સ્વાધીન મુલ્કગીરી કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું ત્યારથી મુખ્યત્વે કરીને તેઓએ મુલ્કગિરીનો દર આગળના કરતાં ઘણો વધારી દીધો હતો. મરાઠાના પ્હેલાંના અધિરાજાઓના સમયથી જે ખંડણી લેવામાં આવતી હતી તે સિવાય મરાઠા જૂદે જૂદે નામે બીજી ખંડણી લેતા હતા, જેમ કે, તેમના ઘોડાને માટે "ઘાસદાણો" અને એ કરતાં પણ જેમાં સર્વ વાત આવી જાય એવો "બીજો પ્રચૂર્ણ" ખર્ચ લેવામાં આવતો. ખંડિયા પ્રાન્તના બે ભાગ કરવામાં આવ્યા હતા, એક કાઠિયાવાડ; તેમાં સોરઠનો દ્વીપકલ્પ, ઝાલાવાડ; અને બીજો તેને લગતો દેશ આવ્યો હતો; બીજો મહીકાંઠો, તેમાં મહી નદીથી તે અંબા ભવાની અને કચ્છના રણ સુધીનો દેશ આવ્યો હતો.[1]

આરબ સિપાઈયો કેટલીક સત્તા બથાવી પડ્યા હતા. મહારાજ ગોવિંદરાવ મરણ પામ્યા હતા, અને કાન્હોજી તથા મલ્હારરાવનાં બંડ ઉભાં થયાં હતાં, એ સર્વ કારણોએ કરીને કાઠિયાવાડમાં મુલ્કગિરી કરવાને ફોજ મોકલવાનું બની આવ્યું ન હતું તેથી સન ૧૭૯૮-૯૯ ની સાલથી ખંડણી ચડી ગઈ હતી. તે ઉઘરાવાનું કામ બાબાજી આપાજીને સોંપવામાં આવ્યું. એટલે કડી જેર કર્યા પછી ૧૮૦૨ ની સાલમાં તે મુલ્કગિરી કરવાને નીકળ્યો. પણ તેટલી વારમાં કાઠિયાવાડના તાલુકદારો કિલ્લા બાંધીને સામા થવાને સજ્જ થઈ રહ્યા હતા, અને જે પૈસો ખંડણી આપવાના કામમાં આવી શકત તે નાના પ્રકારનાં ખર્ચમાં અને મુખ્યત્વે કરીને તેઓના પોતાના જ

૧ આ બંને પ્રાન્તની મુલ્કગિરીનો આંકડો ઈ. સ. ૧૮૦૨ માં ગાયકવાડ સરકારે કર્નલ વૉકરને યાદી કરી આપવા પ્રમાણે નીચે મુજબ હતોઃ–

પ્રાન્ત	ગાયકવાડના ભાગ	પેશ્વાનો ભાગ	કુલ
	રૂપિયા	રૂપિયા	રૂપિયા
કાઠિયાવાડ...	૪,૦૯,૫૨૧	૫,૩૮,૦૧૯	૯,૪૭,૫૪૦
મહીકાંઠો ...	૩,૦૦,૬૨૨	૧૫,૦૦૦	૩,૧૫,૬૨૨

કજિયા પછવાડે વાવરી નાંખ્યો હતો. વળી તેઓના સાંભળવામાં એમ આવ્યું હતું કે બાબાજિયે ચડેલો અવેજ સામટો લેવાનો નિશ્ચય કર્યો છે, તે ઉપરથી તેઓને ઘણી ધાસ્તી લાગી ગઈ હતી. મલ્હાર રાવની ટોળીમાં પાટડીનો દેસાઈ હતો તેને જિતી લઈને બાબાજી કાઠિયાવાડમાં પેઠો. તેમાં માળિયા, મોરબી, જૂનાગઢ, ભાવનગર, અને વઢવાણ સાથે લડાઈયો કરીને જિત મેળવતો ચાલ્યો; તેણે કડીના જાગીરદારને તથા તેના દીકરાને કેદ પકડીને ત્યાંનું ભયભરેલું બંડ બેસારી દીધું; અને દેશમાં જેટલી ખંડણી લ્હેણી હતી તેટલી વસુલ કરી લીધી, તથા આગળ કેટલાંક સૈકાંઓથી જોવામાં આવેલો નહિ એવો દાબ અને સત્તા આખા દેશમાં બેસારી દીધાં. બાબાજી આ પ્રમાણે પોતાની મુલ્કગીરીમાં જય પામ્યો, તેટલી આશા રાખવામાં આવી ન હતી, તથા તેટલું જોર મારવા જેટલી ખરી શક્તિ ગાયકવાડમાં ન હતી, પણ કાઠિયાવાડના તાલુકદારો બાબાજીના ઠરાવને શરણ થયા તેનું દેખીતું કારણ એ હતું કે, એ તથા એના રાજાને બ્રિટિશ સરકારની ઓથ હતી, તે તેઓ સારી પેઠે જાણતા હતા; તેઓના પોતાના જ શબ્દોમાં આપણે બોલિયે તો "ફિરંગીની ફોજ બધે પથરાઈ જશે એવો "ડર તેઓ રાખતા હતા." આ પ્રમાણે હકિકત છતાં, બ્રિટિશની નિર્દોષ રાજનીતિ, અને દયાભાવના હેતુથી તથા તેમની સારી નામનાની ખાતર બ્રિટિશની જે સત્તા હવણાં બલવાન થઈ પડેલી જોવામાં આવી તે સત્તા ઉઘાડી રીતે દેખાઈ આવે તથા તે પૂર્ણ રીતે સ્થાપિત થાય એવી તેમની ભાવના હતી.

બ્રિટિશ સરકારનો ગાયકવાડ સાથે પ્રથમ સંબંધ થયો તેવામાં જ જણાઈ આવ્યું હતું કે, વડોદરા સરકારની ઉપજનો મ્હોટો ભાગ કાઠિયાવાડની ખંડણી નિયમિત વસુલાત કરી લેવા ઉપર આધાર રાખતો હતો, તેથી પ્રતિવર્ષે નિયમસર તે ઉઘરાવી લેવાની ઘણી અગત્ય પડતી, અને હમણાં તો ઘણી બાકી ચડી ગઈ હતી તેથી તે ઉઘરાવી લીધા વિના ચાલે નહિ, એમ થઈ પડ્યું હતું. ગાયકવાડના કારભારી સારી પેઠે સમજતા હતા કે બ્રિટિશ સરકારની મદદ વિના આપણાથી એ બાકી વસુલ કરી શકાય એમ નથી, અને એ જ તેમની અશક્તિને લીધે તેઓએ સાહાય્યકારી લશ્કરની ત્રણ પાયદલની પલટણો રાખી હતી તથા અગત્ય પડે તો એક પલટણને કાઠિયાવાડ મોકલવાનો ઠરાવ પણ ઘણું કરીને એ જ કારણ ઉપરથી કરી રાખ્યો હતો. આ પ્રમાણે ગાયકવાડની મતલબ બર પ્હોંચાડી આપવાને બ્રિટિશ સરકાર મોઘમ રીતે બંધાયલી પોતાને સમજવા લાગી, અને ગાય-

કવાડની ઇચ્છેલી રીતિ પ્રમાણે અમલ કરવામાં આવે તો પોતાની હંમેશાંની રીતભાત અને રાજનીતિથી ઉલટી રીતે વર્તવું પડે તેથી સન ૧૮૦૨ ના ડિસેમ્બર મહિનાની ૧૫ મી તારીખે હિન્દુસ્તાનની વડી સરકારના અધિકાર ઉપર માર્કિવસ આફ વેલ્સલી હતો તે વેળાએ તેણે પોતાનો એવો અભિપ્રાય જણાવ્યો કે, મુલ્કગીરી કર્યા વિના કાઠિયાવાડના રાજાઓ, ઠાકોરો સાથે તેઓને પ્રતિવર્ષે ગાયકવાડને આપવાની ખંડણી વિષેનો સુલેહભરેલી રીતે ઠરાવ થાય તો ગાયકવાડની તેમ જ ગૂજરાત માંહિલા બ્રિટિશ સરકારના સ્વાર્થની સારી સેવા બજાવેલી કહેવાય. આ પ્રમાણે ખરું જોતાં મળતા પ્રસંગ એવા આવી ગયા કે, કાઠિયાવાડના કામકાજ સંબંધી બ્રિટિશ સરકારને વચ્ચે પડવાની અગત્ય આવી પડી. રજવાડાવાળા પોતાની મેળે ગાયકવાડને ખંડણી આપે એટલે ગાયકવાડે પણ પોતાનું વધી ગયલું લશ્કર ઘટાડી દેવા ઉપર પોતાની નજર પ્હોંચાડી; વળી ખંડણી ઉઘરાવાનો જે અતિ ઘણો ખર્ચ થતો તે નહિ થતાં પોતાના ખજાનામાં તે વધ્યાં કરશે એવો અગમવિચાર પણ તેઓએ કર્યો; પણ આ પસંદ પડતો ઠરાવ અમલમાં આણવાનો બધો આધાર તેઓએ પોતાના સાહાય્યકારી બ્રિટિશ સરકાર ઉપર રાખ્યો. પણ આણીમગ બ્રિટિશ સરકાર અગર જો, ઠરાવની રૂઇયે ગાયકવાડને મદદ આપવાને બંધાયલી હતી, અને એવી મદદ આપવાને મનથી ઇચ્છતી હતી; અગર જો જે ઠરાવ કરવાથી, જુલમભરેલી મુલ્કગીરીની રીતિમાં સુધારો થયે કાઠિયાવાડના તાલુકદારોને જે ફાયદા થવાના તે સારા પ્રકારનું સાટું વાળી આપે એવા પ્રકારના તેના ગણવામાં હતા; અગર જો તે તાલુકદારો, તેનું મધ્યસ્થપણું તરત જ કબૂલ રાખશે એવું માનવાને તેને કારણ હતાં; અને અગર જો તે સારી પેઠે જાણતી હતી કે, પોતે વચ્ચે પડે નહિ તો, તે વેળાનો પ્રસંગ અને અગત્ય જોતાં, વડોદરાનો ગાયકવાડ ગૂજરાતના દ્વીપકલ્પ ઉપર, પોતાની મતલબ હાંસલ કરી લેવા સારૂ, એવાં સાધનો ઉપયોગમાં આણે કે તે બ્રિટિશ સરકારની રાજનીતિની સામે છતાં વગર આશ્રય આપવે તેના આશ્રયની અસર તે સાધનોને પ્હોંચવાથી તે બળ પકડે, તો પણ મુલ્કગીરી સરખા વાંધાભરેલા કામમાં મદદ આપવાને તેને ખુશી લાગતી ન હતી.

ઉપર પ્રમાણેનાં બ્રિટિશ સરકારની રાજનીતિનાં કારણ, કેટલીક વાર સુધી માન્ય કરવામાં આવ્યાં હતાં, તો પણ સન ૧૮૦૭ ના એપ્રિલ મહિનાની ૩ જી તારીખે કામ આવતાં સુધી, એ માથે લેવાનો પ્રસંગ,

મુંબાઈ સરકારને આવ્યો ન હતો. કર્નલ વોકર જોઈતી માહીતગારી ધરાવતો હતો, અને ત્યાં તેનું વજન બંધાયું હતું; એ બે અગત્યના ગુણોએ કરીને તેને પસંદ કરવામાં આવ્યો, અને તે દિવસે ગાયકવાડની ફોજ સાથે એક લશ્કરની ટૂકડી લેઈને સોરઠના દ્વીપકલ્પમાંનું જે કામ પેશ પ્હોંચાડવાનું હતું તે પરિપૂર્ણ કરવા જવા માટે તેને હુકમ કરવામાં આવ્યો.

બ્રિટિશ સરકારના મધ્યસ્થપણાથી ગાયકવાડની મુલ્કગીરી બંધ કરાવીને તેને બદલે હંમેશાંને માટે અમુક ખંડણી આપવાનો બંદોબસ્ત કરવાને કાઠિયાવાડના તાલુકદારોની મરજી છે કે નહિ તે વિષે તેમનું મન જોવાને અગાઉથી ઉપાય કામમાં લગાડવામાં આવ્યા હતા. આ કામનો પરિણામ ઘણો સારો આવ્યો, તો પણ કાઠિયાવાડમાં બ્રિટિશ સરકારની ફોજે દેખા દીધી એટલે એ સરકારની ખરેખરી સ્વાર્થ વિનાની વર્ત્તણૂંક વિષે તાલુકદાર લોકોના મનમાં ખરેખરો ખ્યાલ આવ્યો નથી એમ કર્નલ વોકરના જાણવામાં તરત જ આવી ગયું. તે કહે છે, કે

"તાલુકદારોને, પોતાની ઉપર મોકલેલા સરક્યુલર પત્રમાં લખેલી "વાત સાચી છે એમ લાગ્યું નહિ. અને ફોજ આગળ વધવા લાગી. "તેમ તેમ તેઓ તરેહવાર કહેણ કહાવવા લાગ્યા, તેથી સર્વના વિચાર "જણાઈ આવ્યા. તેઓ સ્વાભાવિક રીતે એમ ધારવા લાગ્યા કે અમે "અમારા તરફથી મુલ્કગીરી કરવાને નીકળ્યા છિયે; તે ઉપરથી કેટલાક કહેવા "લાગ્યા કે, અમને પૈસો કહાડી લેવાની યુક્તિયો ઘણી સારી આવડે છે, "અને અમારી ફોજ ઘણી લડાયક છે, તેથી લૂંટમાં અમને ભાગિયા કરશો તો "તમારી ફોજને મ્હેનત કરવી પડશે નહિ. માળિયાના ઠાકોરે રણ ઉપરના "રસ્તાનો કબજો કરી લેવાની ઇચ્છા કરી, અને ચોરવાડ, કચ્છ, અને "સિંધ ઉપર એકઠા મળીને લૂંટફાટ કરવાને હલા કરવાનો અભિપ્રાય આપ્યો. "વળી કેટલાક એમ સમજ્યા કે, ગાયકવાડનો હક્ક યુક્તિથી ખશેડી દઈને "બ્રિટિશનો હક્ક સ્થાપી દેવાનો અમારો વિચાર છે, તેથી કંપનીની સત્તા પાળ"વાની ઘણી જ ખાતરીપૂર્વક ઇચ્છા બતાવા લાગ્યા, અને ગાયકવાડની સત્તા "નહિ માનવાનો પ્રયત્ન કરતા જણાયા. તેમ જ ગાયકવાડના પ્રામાણિકપણા "ઉપર શક ઉત્પન્ન થાય એવી ઠગાઈભરેલી યુક્તિયો કરવા માંડી. આવા "તેઓના પ્રયત્નોની સામે તૈયાર થઈ રહેવાની, અને તેઓને તરત જ તોડી "પાડવાની અગત્ય હતી. તેઓનો ઇરાદો ઠગાઈભરેલો હતો. જ્યાં એકઠો "સ્વાર્થ હોય એવા કામમાં એકસંપની અને નિષ્કપટપણાની વર્ત્તણૂંક નહિ "ચલાવવાથી જેવાં ગંભીર પરિણામ થાય તેવાં કામ કરી નાંખે એવા તેઓ

"હતા. એવા કારણ ઉપરથી કાઠિયાવાડમાં કંપની સરકારની ફોજ આવી છે તે "ગાયકવાડના સાહાય્યકારી તરીકે આવી છે, અને અમારી મતલબ ગાયક- "વાડના રાજ્યના લાભ ઉપર નજર રાખીને અને ભોમિયાઓનો સદા સ્વાર્થ "સુધારીને કંપનીના મધ્યસ્થપણાથી દેશમાં સારો બંદોબસ્ત કરી દેવાની છે, "એ વાતની ભોમિયાઓને ખાતરી કરી આપવા ઉપર મારો પ્રયત્ન મેં "ચલાવવા માંડ્યો."

કર્નલ વૉકરને તેના પ્રયત્નમાં, ગાયકવાડની ફોજના સેનાપતિ વિઠ્ઠલ રાવ દિવાને સારી મદદ કરી, તેથી તરત જ ભોમિયાઓના મનમાં વિશ્વાસ આવવા માંડયો; બ્રિટિશનો આવો સ્વાર્થ વિનાનો મનસૂબો બિન તકરારે સાધી લેવાને એક પ્રસંગ મળી ગયો, તે એ કે કંદોરણાનો કિલ્લો તેના ધણી પાસેથી નવાનગરવાળાએ લઈ લીધો હતો તે બ્રિટિશની ફોજે પાછો લઈને તેના ધણીને સ્વાધીન કર્યો. આ બનાવ ઉપરથી ભોમિયાઓના વિચાર બિલકુલ બદલાઈ ગયા; અને નબળા તાલુકદારો હતા તે સ્વપ્રવત્ આશા બાંધવા લાગ્યા, અને હવે બ્રિટિશ સરકારના વાજબીપણાથી, તેઓને નુકસાન થયલાં તેનો ન્યાય મળશે એમ ધારવા લાગ્યા. અગર જો જેઓનું રક્ષણ કરવાને બની આવ્યું તેઓનું કરવાને માટે દરેક પ્રસંગ આતુરતાથી સાધી લીધો, અને અગર જો, ઘણા બ્હારવટિયાઓને ઠેકાણે લાવવાને અને ઘણા જુલમ થતા અટકાવવાને બ્રિટિશનો એલચી ખરેખરી રીતે ફત્તેહ પામ્યો, તો પણ નિર્ણય થાય નહિ એવી અને મટાડી શકાય નહિ એવી ભોમિયાઓની વિપત્તિઓની તકરારો વિષેની પંચાતમાં પડવાને બદલે એક-સરખા ધોરણથી હવે પછી તેઓને નિર્ણય કરવાના પ્રયત્ન ઉપર લક્ષ આપ-વાની તેને અગત્ય જણાઈ. આટલા દિવસથી ખંડણીનો દર નક્કી કરેલો ન હતો, તથા તેમાં ફેરફાર થતો હતો તેને એક વાજબી ધોરણ ઉપર આણીને નક્કી કરવાનું તેને મુખ્યત્વે કરીને કઠણ પડવા માંડ્યું. વડોદરા સરકારની નાણાં સંબંધી સ્થિતિ બ્રિટિશ સરકારના જાણવામાં ખરેખરી હતી, તેથી વડોદરા સરકારની ઉપજ કદાપિ વધારી આપે નહિ પણ છેવટ હોય તેટલી ને તેટલી કાયમ રહે એવો બંદોબસ્ત બ્રિટિશ સરકાર કરી આપે એવી દેખીતી આશા રાખવાને તેઓને કારણ હતું, તેમ જ, ભોમિયા તાલુકદારોની બ્રિટિશ સરકાર વિષે ખાતરી થઈ હતી તેથી તેઓ જાણતા હતા કે અમારી પાસેથી ઘણા પૈસા કઢાવવામાં આવશે નહિ તથા અમારા ગજા ઉપરાન્તની ખંડણી લેવાનો હમેશાંનો ઠરાવ થશે નહિ.

ખંડણીનો ચાલતો દર બાબાજીના અને બીજાઓના વારામાં વધારી

મૂકયો હતો, તે મુખ્યત્વે કરીને "બીજાં પ્રચૂર્ણ ખર્ચ"ના પેટામાં વધ્યો હતો, તે ભોમિયાઓએ નારાજ થઈને કબૂલ રાખ્યો હતો, પણ તેમની ઘણામાં ઘણી ઉપજ ગણીને તે આધારે ઠરાવ્યો હતો, માટે તે હમેશાંના દર તરીકે કાયમ કરવાને યોગ્ય ન હતો. તેનાં બે કારણ હતાં, એક તો એ કે તે દર ઘણા વર્ષથી ચાલતો ન હતો, તેથી તેના ઉપર આધાર રખાય નહિ, બીજું એ કરતાં વિશેષ કારણ એ કે, તે દર ઠરાવ્યા પછી પ્રતિવર્ષે બલાત્કાર કર્યા વિના વસુલ થઈ શક્યો નહિ હોય, એ વાત પણ ઉઘાડી છે. તેથી ઘણું કરીને સર્વ તાલુકદારોને બીજાં પ્રચૂર્ણ ખર્ચને પેટે લેવા ઠરાવેલી ખંડણીમાંથી છૂટ મૂકવાની ઠરાવી, બ્રિટિશ સરકારની બાંહધરીથી નક્કી કરેલી ખંડણી પ્રતિવર્ષે ગાયકવાડને આપવાનો ઠરાવ થયો, અને તાલુક-દારોએ માંહોમાંહે લડાઈયો, લૂંટફાટ, અને ત્રાસ વર્ત્તાવીને દેશને નિરંતર દુઃખી અવસ્થામાં નાંખી દીધો હતો, તેથી હવે દૂર રહેવાને તેઓની પાસેથી કબૂલાત કરી લીધી; દરિયાકાંઠા ઉપરના ન્હાના સંસ્થાનવાળાઓએ ચાંચ-વાનો ધંધો છોડી દેવાની કબુલાત આપી, અને ખરાબા ઉપર વ્હાણો પોતાની હદમાં ભાગી જવાથી જે મળતર તેઓને થતું હતું તે ઉપરનો હક્ક તેમણે છોડી દીધો. તેમ જ જાડેજા અને જેઠવા[1] રજપૂતોએ પોતાની દીકરિયોને દૂધપીતી કરવાનું ઘાતકી કામ બંધ કરવાને કબૂલ કર્યું; આણીમગ મધ્યસ્થ રહેલી બ્રિટિશ સરકારે દેશમાં ત્રાસ થતો અટકાવવાને અને આજ સુધી મુલ્કગીરી કરવા નીકળતી ફોજથી પ્રતિવર્ષે જે નુકસાન થતું તે બંધ કરવાને વચન આપ્યું. આ પ્રમાણે સર્વ ઠરાવ નિરંતર અમલમાં આવી શકે એટલા માટે અને ગાયકવાડ સરકારને જે શ્રેષ્ઠતા આપવાથી આવા ફાયદા નિપ-જાવાનો આધાર રહ્યો હતો તે શ્રેષ્ઠતા તેમની ચાલતી રહે એટલા માટે

૧ પોરબંદરના જેઠવા. અયોધ્યાના રાજા રામચંદ્રજીના સેનાપતિ, દક્ષિણ દેશના રાજા હનુમાનજીના મકરધ્વજ થયા તેને શ્રીનગરનું રાજ્ય રામચંદ્રજી તરફથી મળ્યું. તેના મોરધ્વજે મોરબી વસાવ્યું એમ કહેવાય છે. એમ "ધ્વજ" નામના સાત રાજા થયા. તે પછી અડતાળીશ "કુમાર" પદવી ધારણ કરનાર રાજા થયા. પછી બાર રાજા "રાજન" પદવી વાળા થયા. તે પછી સતાવીશ રાજા "મહારાજ" પદવીના થયા. ૯૪ ભાણજી મહારાજના ૯૫ જેઠીજી થયા તે ઉપરથી તેમના વંશજ "જેઠવા" કહેવાયા. દંતકથા એવી બેસતી છે કે હનુમાનજી સેતુ ઓળંગીને લંકામાં જતા હતા તે વેળાએ પરસેવાનું એક બિન્દુ સમુદ્રમાં પડતાં તે એક મકરી ગળી ગઈ તે મકરીને ગર્ભ રહ્યો તેથી ઉત્પન્ન થયેલો પુત્ર મકરધ્વજ. હનુમાન મનુષ્ય કોટિના હતા, એ વિષે જુવો. C. V. Vaidya M. A. L. L. B.'s the Story of the Ramayen P. 55.

મરાઠી ઘોડેસ્વારો અને બ્રિટિશના સાહાય્યકારી લશ્કરની એક પલટણનો રસાલો કાઠિયાવાડમાં રાખવાનો ઠરાવ થયો.

આ પ્રમાણે બ્રિટિશ એલચીની સત્તાથી બંદોબસ્ત કરવાનું કામ ઘણી સારી રીતે પાર પડ્યું, તેની ખૂબીથી અતિશય ત્રાસભરેલી રીતે પૈસો કઢાવવાની રીતિમાં સુધારો થયો, તથા હવે પછીનો ખંડણીનો દર મુકરર થયો, તેથી કાઠિયાવાડના તાલુકદારો રાજી થયા, તેમ જ દેશના તાલુકદારોએ પોતાની રાજીથી તેમની મેળે ગાયકવાડ સરકારનો હક્ક (આગળ પ્રમાણે વધારે બળવાન્ સાધનને લીધે ઉપરીપણું ગણીને તે હક્ક ઠરાવવામાં આવતો હતો તેવી રીતે નહિ) રીત પ્રમાણે અને પ્રતિજ્ઞાપૂર્વક માન્ય કર્યો, અને વધારે સુધરેલાં સંસ્થાનના સંબંધનો ઠરાવ જેવા ધોરણથી થાય છે તે ધોરણ પ્રમાણે આગળને વાસ્તે તે હક્ક સ્થાપન કરવામાં આવ્યો,—"આવો લાભ", કર્નલ વૉકર કહેછે કે, "એ શબ્દના સંપૂર્ણ અર્થ પ્રમાણે ગાયકવાડની "પ્હેલાં થઈ ગયેલી કોઈ સરકાર મેળવવાને શક્તિમાન્ થઈ ન હતી."

પ્રકરણ ૬ ઠું

વાઘેલા—ધોળકાના કસ્બાતી—ઝાલા

જે વેળાએ ગૂજરાતનાં કેટલાંક પરગણાં બ્રિટિશના હાથમાં આવ્યાં, અને પછવાડેથી જે કૉલકરાર થયા તેની રૂઇયે બ્રિટિશ સરકારની સત્તા, દેશના બીજા ભાગ ઉપર ચાલી, તે વેળાએ કર્નલ વૉકરના જોવામાં જે રજપૂત તાલુકદારો હૈયાતીમાં રહેલા આવ્યા તેઓ વિષેનું આ પ્રસંગે અમે વર્ણન કરિયે છિયે.

રાજવંશી વાઘેલાઓની ન્હાની શાખા વિષે અહંમદશાહની વેળાથી તે આજદીન સુધી અમારે કાંઈ લખવાનું નથી.[૧] ધોળકા તાલુકાના સ્વતંત્ર ગરાસિયામાં સાણંદ અથવા કોંઠનો દરબાર સર્વથી ઊંચી જગ્યા ધારણ કરતો કર્નલ વૉકરના જોવામાં આવ્યો; તેની પાસે માત્ર ચોવિસ ગામ હતાં, તો પણ તે રાજાનું પદ ધારણ કરતો હતો, અને અણહિલપુરના આગળના રાજાઓના ઊંચા કુળનો પોતાને માનીને મમત રાખતો હતો. તેનું મુખ્ય શહર કોંઠ છે તેની આસપાસ રક્ષણને સારૂ કિલ્લો નથી, પણ તેની આસપાસ ગહન જંગલ વિંટાઈ વળ્યું હતું, અને તે બે હજાર પાયદળનું લશ્કર રાખતો હતો, તથા એક સો પચાસ અશ્વાર તેના રહેઠાણની ચોકી કરતા હતા. તેઓને

૧ જુઓ પ્રથમ ભાગના વિભાગ બીજાના પ્રકરણ ૩ જાનાં પાનાં ૪૫૨–૪.

રાજાના લશ્કરની પેઠે તેનું અંગરક્ષણ કરવા સારૂ અથવા લડાઇયો કરવા સારૂ રાખ્યા હતા. તેનો સગો ગાંગડનો ઠાકોર હતો, તેની પાસે માત્ર આઠ ગામ હતાં, તો પણ તેનો તાલુકો ઘણો સરસ બન્યો હતો, અને તે એક હજાર માણસનું લશ્કર રાખતો.

આ ઠાકોરો અધિરાજાને વાર્ષિક ખંડણી આપતા તેની રકમમાં વખત જોઈને ફેરફાર કરવામાં આવતો. કર્નલ વૉકર લખે છે કે, ઉપરી સરકારનો અધિકાર, તેઓના રાજકારભારમાં માથું ઘાલવાનો ન હતો પણ પોતાની ખંડણી વસુલ કરી લેવાનો અને તેઓ પોતાના તરફથી દેશની સલાહશાન્તિમાં ભંગ કરે નહિ, તેની તપાસ રાખવાનો હતો.

ધોળકાના કસ્બાતી

વાઘેલાની પડોશમાં ધોળકાના કસ્બાતી હતા, તે શૂરા મુસલમાન હતા, અને તેમની સંખ્યા ઘણી હતી, તેઓ પોતાના તાલુકાના મુખ્ય ગામમાં વસતા હતા, અને મરાઠી સરકાર તેમને રજપૂત ગરાસિયાની સત્તા સમતોલ કરવાને ઉપયોગનું સાધન ગણતી હતી. મેણા, રહેણુ, અને પરમાર એવી કસ્બાતિયોની ત્રણ જાતિ છે; તેમાંથી પ્હેલી બે જાતિવાળા, સોળમા સૈકા-ની સમાપ્તિની વેળાએ દિલ્હીથી આવ્યા હતા. મૂળીના પરમારની એક શાખા બોટાદ જઈને વશી. ત્યાં તેઓ મુસલમાન ધર્મમાં ગયા, તેથી પર-માર રજપૂતના નામ ઉપરથી તેઓ પરમાર કહેવાય છે.

ભાટની કથા એવી છે કે સન ૧૬૫૪માં બે ભાઈ વચ્ચે બોટાદ-માં કજિયો થયો, તેમાંથી એક મલેક મહંમદ કરીને હતો તે રીસાઈને ધોળકે જતો રહ્યો. તેના દીકરાના દીકરા કમાલ મહંમદને સાત દીકરા હતા, તે બસેં અશ્વાર સહિત અભયસિંહ રાઠોડ જ્યારે અમદાવાદના સૂબાની જગ્યાએ હતો ત્યારે તેની ચાકરીમાં રહ્યા હતા; અને ત્યાર પછી, નવાબ કમાલઉદીન (અથવા જવાનમર્દખાન) બાબીની પાસે રહ્યા. જ્યારે એ બાબીને અમદાવાદ પાછું આપીને જવું પડ્યું ત્યારે પરમાર જૂને-ગઢ ગયા, ત્યાં તેઓએ ઘણાં વર્ષ નોકરી કરી. છેવટે જ્યારે તેઓનો પગાર ચડી ગયો, ત્યારે ગારિયાધારના ગામેતી પાસે નવાબની જમાબંધીનું લ્હેણું હતું, અને તે પોતાનાથી વસુલ થઈ શકે એવું ન હતું, તેવું તેમને લખી આપ્યું. એ ભાઈયોને ગારિયાધારવાળા સાથે મૂળથી સારી માયા હતી, તેથી તેઓ પોતાનો કબીલો અને શિરબંધી લઈને ત્યાં ખુશીથી ગયા. ગામના લોકો બહુ દુઃખી થયા, અને આવી પડેલા પાપનું કાટલું કરી નાંખવાનો

બેત રચ્યો; પણ તેટલી વારમાં, કોઇના મનમાં શક આવે નહિ એટલા માટે, એકેકને ઘેર એકેકો અશ્વાર પરોણાગત કરવાને મૂકયો. એક દિવસ રાતની વેળાએ જ્યારે અશ્વાર ઊંઘી ગયા ત્યારે ઢોલ વગાડવાની ખબર આપવાનો ઠરાવ કરી મૂકયો હતો તે પ્રમાણે ઢોલ વાગ્યું, એટલે ત્યાંના લોકોએ પોતપોતાના ઘરમાં જે અશ્વાર હતા તેમને ઠેર કર્યા. મલેક ફત્તેહ મહંમદ તથા મલેક અચ્છો એ બે પરમાર ભાઇ ઊગર્યા, અને તેમના બાકીના ભાઇ અને આખી શીરબંધીનો નાશ થયો. જ્યારે એ સમાચાર ધોળકે પ્હોંચ્યા ત્યારે ઘણું ખોટું કામ કર્યું એમ સર્વે ક્હેવા લાગ્યા. બંને ક્હેવા લાગ્યા કે,—“જો તેઓ લડતાં માર્યા ગયા હોત તો આટલું બધું લાગત “નહિ, પણ દગો કરીને તેમને માર્યા છે માટે અમે ફકીર થઇ જઇશું.” તેમનાં સગાંવ્હાલાંયે તેઓને સમજાવ્યા કે તમારે ફકીર થવું નહિ, પણ વેર વાળવું. આ વાત તેમને ગળે ઉતરી, અને નવા ઘોડા વેચાતા લઇને નવી ભરતી કરીને, જૂનાગઢના નવાબની ચાકરી કરવાને ફરી ગયા. થોડાં વર્ષ સુધી વેર વાળવાનો લાગ તેમને મળ્યો નહિ. પણ છેવટે ગાયકવાડનું લશ્કર કાઠિયાવાડમાં મુલ્કગીરી કરવાને નીકળ્યું ત્યારે નીવાજખાન રેહેણ, ધોળકાનો કસ્બાતી મરાઠા સાથે નીકળ્યો, અને રેહેણને તથા પરમારોને સારી સલાહ હતી, તેથી મલેક ફત્તેહ મહંમદ અને મલેક અચ્છો તેમની સાથે ગયા. નીવાજખાંને ગારિયાધારની જમાબંધી ગાયકવાડને આપીને પેલા બે તાલુકદારોની ખાતર ગામ મરાવ્યું, અને ગામતળિયામાં ગધેડે હળ જોડાવીને મીઠું વવરાવ્યું. પરમારોએ ગામના ઉપરીને પકડી લીધો અને તેની બે દીકરિયોને તેઓએ રાખ તરીકે રાખી લીધી.

કમાલ મહંમદે પૈસો મેળવ્યો હતો; પણ તેના મ્હોટા દીકરા મલેક નામતે તરવારનો એવો ઉપયોગ કર્યો હતો કે તેથી તેના કુટુંબના પૈસામાં તેણે વધારો કર્યો હતો, અને કેટલાંએક ગામ પણ મેળવી લીધાં હતાં. તે કેશરીનો તાલુકદાર ક્હેવાતો હતો, અને તેને તાબે સોળ ગામ હતાં. તે ગારિયાધારમાં મરાયો ત્યારે તેનો ભાઇ ફત્તેહ મહંમદ તેનો વારસ થયો; પણ તે સન ૧૭૪૬ માં મરણ પામ્યો એટલે તેની ગાદિયે તેનો દીકરો શેરમિયાં બેઠો, તેણે પોતાના તાલુકા ઉપર સારૂં રાજ ચલાવ્યું, અને પોતાની તરવાર બજાવીને ગરાસ વધાર્યો.

શેરમિયાં સન ૧૭૯૯માં મરણ પામ્યો તેની પછવાડે તેનો દીકરો બાવામિયાં ગાદિયે બેઠો.

ફત્તેહ મહંમદના ભાઇ મલેક અચ્છાએ પોતાના બાપના ગરાસમાંથી

કાંઈ ભાગ લીધો ન હતો પણ પોતાના સારા ભાગ્યથી પોતાની મેળે ગામડાં મેળવી લીધાં, અને ધનવાડાનો તાલુકદાર બનીને તેણે નવો ગરાસ સ્થાપ્યો, તે પણ ધોળકા પરગણામાં છે. તે સન ૧૭૬૫ માં ત્રણ દીકરા મૂકીને મરણ પામ્યો. તેની પછવાડે તેનો મ્હોટો દીકરો ન્હાનામિયાં તે ગાદિયે બેઠો. તે સન ૧૭૯૯ માં મરણ પામ્યો તે વેળાએ તેને કંઈ સંતાન ન હતું. તેના ભાઇયોને તેમના બાપના ગરાસમાંથી કંઈ ભાગ મળ્યો નહતો, પણ પોતાના બળવતે ગામ મેળવી લીધાં હતાં. તેની બ્હેન મૂલબીબીને શેરમિયાંની વ્હેરે પરણાવી હતી અને તેને બીજી ઓરતના પેટનો બાવામિયાં નામે દીકરો હતો, તો પણ તે ન્હાનામિયાંનો ભાણેજ કહેવાયા તેથી તેનો તે વારસ થયો, અને પાંચ ગામ, એક હાથી, બસેં ઘોડા, અને બીજી માલ-મતા તેને મળી.

બાવામિયાં ગાદી ઉપર બેઠો કે તરત જ, ચારસેં જટ લોકોના અશ્વારોએ તેના એક ગામ ઉપર હલ્લો કર્યો, તે એવા મનસૂબાથી કે, શેરમિયાં મરણ પામ્યો છે તેથી કોઈ હરકત કરનાર નથી. શેરમિયાંયે તેઓને ઘણી વાર શિક્ષા કરી હતી, તો પણ, આ વેળાએ તેઓ ઢોર વાળી ગયા, અને કેશરિયે જઈને મેલાણ કર્યું. ત્યાં આગળ પણ લોકોને હરકત કરી, અને ત્યાંના લોકોએ તેમને કહ્યું કે આ શેરમિયાંનું ગામ છે, જો એનો અશ્વાર આવી પ્હોંચશે તો તમને હરકત પડશે. જટ લોકોએ તે વાત લક્ષમાં લીધી નહિ, પણ એટલું કહ્યું કે શેરમિયાં તો ગયો, અને તેનો દીકરો ઘોડિયામાં હિંચે છે. આવો બનાવ બન્યાના સમાચાર ધોળકામાં બાવામિયાંએ સાંભળ્યા, એટલે પોતાના ઘોડા ઉપર અશ્વાર થઈને, સાઠ અશ્વાર લઈને ચાલ્યો. આ વેળાયે તેનું વય ૨૨ વર્ષનું હતું. તે કાંઈ પણ વિચાર કર્યા વિના લૂંટારા અશ્વારો ઉપર તૂટી પડ્યો, અને બહુ સારી રીતે તરવાર ચલાવી, તેમાં જટ લોકો પોતાનામાંના પાંચ જણને મરેલા મૂકીને, અને ઘણાએકને ઘાયેલ પડેલા રહેવા દઇને ન્હાશી ગયા. જ્યારે ધોળકામાં લોકોએ જાણ્યું કે જટ લોકો ઉપર હલ્લો કરવાને તાલુકદાર ગયો છે, ત્યારે તેની મદદે અશ્વારોની એક મ્હોટી ટોળી ગઈ, પણ તેમને લડવાની વેળા હવે રહી ન હતી, અને તેઓ તે ઠેકાણે જઈ પ્હોંચ્યા નહિ એટલામાં તો બાવામિયાં પાંચ મારી નાંખેલા જટનાં માથાં તથા તેના હાથમાં આવેલા ઘોડા લઈને પોતાનાં માણસો સહિત આવતો સામો મળ્યો.

આ વેળાયે, જટ અને કાઠી લોકો, સરકારના અશ્વાર હોય તેમ, સ્વતંત્રપણે જથ્થાબંધ દેશમાં ભટકતા ફરતા હતા. બાવામિયાંના ઘરડાઓએ

તેમને ઘણી વાર હરાવ્યા હતા, અને તેટલા માટે, માંહોમાંહે પ્રાણઘાતક કજિયો ઉઠ્યો હતો, પણ તેણે પોતાની ન્હાની ઉમ્મરમાં એટલી બધી બહાદુરી બતાવી, અને રોજ તેની કીર્ત્તિ વધતી ચાલી તેથી તેની સામે થવાને જટ લોકો ડરવા લાગ્યા.

શેરમિયાંએ પેશ્વાની ચાકરી કરી હતી, પણ બાવામિયાંએ ગાયકવાડ સાથે પોતાનો સંબંધ બાંધ્યો હતો અને તે બહુ પ્રખ્યાતિ પામ્યો હતો. ગાયકવાડની ફોજ સેલુકરને ક્હાડી મૂકવા સારૂ સન ૧૮૦૦ માં અમદાવાદ ઉપર ગઈ, ત્યારે બસેં અશ્વાર લઈને બાવામિયાં તેની સાથે ગયો હતો, અને સન ૧૮૦૨ માં જ્યારે ગાયકવાડે મલ્હાર રાવની સામે થવા બ્રિટિશને પોતાની મદદે બોલાવ્યા, અને ખંભાત આગળ ઉતરેલી બ્રિટિશની ફોજ, ત્યાંથી કડી આવી પ્હોંચતાં રસ્તામાં અડચણમાં આવી પડી તે વેળાએ ગાયકવાડે બાવામિયાંને લખ્યું તે ઉપરથી બસેં અશ્વાર લઈને તે કડી લગી ફોજની સંગાથે ગયો હતો, અને બ્રિટિશની સાથે પણ તે ઘણી સારી રીતે વર્ત્તતો હતો.

બાવામિયાં ઘણી આબરૂ મેળવ્યા પછી, સન ૧૮૧૨ માં મરણ પામ્યો. તે વેળાએ તેને બાપુમિયાં અને મલેકમિયાં એ બે દીકરા હતા, તેમાંથી મ્હોટો તેની પછવાડે ગાદિયે બેઠો. આ વેળાએ તેના તાલુકા નીચે ત્રીશ ગામ હતાં.

ધોળકાના કસ્બાતી વિષે કર્નલ વૉકરે લખ્યું છે તેઓનું મુખ્ય કુટુંબ ઉપર પ્રમાણે હતું. તે લખે છે કે, તેઓ શૂરવીર અને તોફાની લોક હતા, તેમનામાંથી કેટલાએક જથ્થાબંધ અશ્વારો રાખીને, જેઓને તેમની મદદ જોઈતી હોય તેમને આશ્રય આપવાને જતા. તેઓએ ધોળકા પરગણાનો ઘણોખરો આખો સુલેહભરેલો ભાગ, અગાઉથી જમાબંધી આપીને સાનમાં લખાવી લીધો હતો, અને એવી રીતે કરવાથી તેઓએ પોતાની સત્તા ઘણી વધારી દીધી હતી.

ઝાલા રજપૂતો[1]

ઝાલા રજપૂતોયે પાટડીમાં પોતાની સ્થાપના કરી ત્યાર પછી, ઘણાં વર્ષ લગીની તેમની ચડતી કળા વિષે અમારે કાંઈ લખવા જેવું છે નહિ. હરપાલનો મ્હોટો કુંવર શેડોજી અથવા સોઢોજી કરીને હતો, તેના વંશમાં હરપાલથી પંદરમો પુરૂષ મહારાણા ચંદ્રસિંહજી ક્હેવાય છે. તેના વારામાં ઝાલાઓની મુખ્ય જગ્યા પાટડીમાંથી બદલીને હલવદમાં આણી હતી. એ શહર કચ્છના ન્હાના રણની બાજુએ છે. એ જ મહારાણાના વારામાં અથવા એના પછી તરત જ, હરપાલના વંશની આ શાખાના બીજા બે વિભાગ

૧ જુઓ ભાગ ૧ લો, વિભાગ ૨ જો, પ્રકરણ ૨ જું પાનાં ૪૦૧ થી ૪૧૦.

થઇને બે જૂદા ગરાસ અથવા તાલુકા બંધાયા હતા, તે આજ લગી પણ પોતાનું સ્વતંત્રપણું સાચવી રહ્યા છે. ચંદ્રસિંહજીનો વડો કુંવર પૃથીરાજ હતો, તેણે પોતાનો વારસો ખોયો હતો, પણ વાંકાનેર અને વઢવાણમાં તેણે ગાદિયો સ્થાપી હતી. બીજો કુંવર અમરસિંહ હતો તે પોતાના બાપની પછવાડે હુલવદની ગાદી ઉપર બેઠો. ધ્રાંગધ્રામાં હાલ જે રાજા છે તે એના વંશનો છે. ત્રીજો કુંવર અભેરાજજી થયો તેણે લખતરમાં ગાદી કરી. સાયલામાં જે કુટુંબ છે તે હુલવદના અમરસિંહના કુટુંબની શાખા છે; અને ચૂડામાં વઢવાણવાળાના ન્હાના ભાઇથી ચાલેલી શાખા છે. મિરાતે અહમદીમાં લખ્યું છે કે મહારાણા ચંદ્રસિંહજી ગૂજરાતના પાદશાહી સૂબેદાર ખાન અઝીઝ કોકાને વિરમગામમાં સન ૧૫૯૦ માં મળ્યો હતો. શેખડોજી કરીને હરપાલનો બીજો કુંવર હતો તેણે વિરમગામ પરગણાના સંચાણા (અથવા સસાણા) ગામમાં ગાદી કરી, અને ચોરાશી ગામનો ગરાસ કર્યો. તે પછવાડેથી બ્રિટીશ સરકારના મુલક સાથે ફરીને જોડી દેવામાં આવ્યો, પણ તેમાં તેના વંશવાળા હજી લગણ વાંટા ભોગવે છે. હરપાલનો ન્હાનો કુંવર માંગોજી હતો, તેણે લિંબડીમાં ગાદી કરી, પણ તે પ્રથમ શિઆણીમાં હતી, અને પછી જાંબુમાં કરી હતી.

ચંદ્રસિંહજીના પુત્ર પૃથીરાજ વિષે ભાટ લોકોની એક નીચે પ્રમાણે વાત છે:—

રાજશ્રી ચંદ્રસિંહજી હુલવદમાં રાજ્ય કરતો હતો. તેને ત્રણ કુંવર હતા; તેમાં પૃથીરાજ વડો હતો. અદાજી કરીને શિયાણીનો એક રજપૂત હતો. તેને અમદાવાદના સૂબા સાથે કજિયો થવાથી પોતાના ગામમાંથી ઊચાળા ભરીને હુલવદને પાદર જઈને ઊતર્યો. તેવામાં કુંવર પૃથીરાજજી ઘોડો ફેરવવા સારૂ નીકળ્યો હતો, તે ઘોડાને પાણી પાવા સારૂ તલાવે લઈ ગયો, અને અદાજી પણ તેજ કામ સારૂ તે વેળાએ ત્યાં આવ્યો. તલાવકાંઠે કેટલાએક લોક હતા, તેઓએ અદાજીને કહ્યું કે પૃથીરાજજી ઘોડો પાય છે, તેને પડખે તમો જશો નહિ, કેમકે તેની પડખે થઈને જે કોઈ ઘોડું નીકળે તેને તે ચાબખો મારે છે. પણ તે વાત ન ગણકારતાં કુંવરને પડખે જઈને ઘોડો પાવા માંડ્યો. ત્યારે કુંવરે તેના ઘોડા ઉપર ચાબખો ઉગામ્યો, એટલે અદાજીએ શલારીમાંથી બરછી ફહાડી અને સામે ઉગામી અને કહ્યું કે તું મારા ઘોડાને ચાબખો મારીશ તો હું તને બરછી મારીશ. આ વેળાએ પૃથીરાજ પાસે કોઈ હથિયાર ન હતું, તેથી તે શહરમાં પાછો ગયો, અને અદાજીનો ઊચાળો લૂંટવા સારૂ માણસ એકઠાં કરવા માંડ્યાં.

આ વાત ચંદ્રસિંહજીના જાણુવામાં આવી, ત્યારે તેણે પૃથીરાજને કહેવરાવ્યું કે અદાજિએ ઊચાળા લાવીને મારા ભરોંસાપર મારા ગામને પાદરે છોડ્યા છે, માટે તે ઊચાળા લૂંટાય નહિ; પણ પૃથીરાજે એ વાત માની નહિ, અને તે જ્યારે પોતાની પૂરેપૂરી તૈયારી કરી રહ્યો ત્યારે ઊચાળા લૂંટવાને નીકળ્યો. તે જાણીને ચંદ્રસિંહજી ઘોડે ચડીને અદાજીના ઊચાળા પાસે જઈને ઊતરચો. એ વાતની પૃથીરાજને જાણ થઈ, એટલે તેણે હલ્લાં કરવાનો વિચાર માંડી વાળ્યોં, અને રીસાઈને વઢવાણ જઈ રહ્યો, ત્યાં આગળથી આસપાસનો દેશ લૂંટવા લાગ્યો.

કેટલાક દિવસ પછી તેની પાસે બે હજાર શિરબંધીનો જમાવ થયો. એવામાં જૂનેગઢથી પાદશાહનો ખજાનો અમદાવાદ જતો હતો તેની ખબર પૃથીરાજને પડી, એટલે તેણે ખજાનાનાં ઊંટ લૂંટી લીધાં. તે સમાચાર, મુસલમાની સરકારમાં થવાથી પૃથીરાજનું માથું કાપી લાવનારને ઇનામ આપવાનું જાહેરનામું ફેરવ્યું અને બે હજાર અશ્વારો સહિત એક જમાદાર તેના શોધ સારૂ મોકલ્યો. પૃથીરાજનાં માણસોનું જોર કેટલું છે તે વાત જમાદારના જાણવામાં આવી, ત્યારે તેણે તેની સાથે કપટકાર્ય રચવાનો નિશ્ચય કર્યો. તેણે વઢવાણ માણસ મોકલીને પૃથીરાજને કહેવરાવ્યું કે અમે દેશની ખંડણી ઉઘરાવવા સારૂ આવ્યા છિયે માટે તમે અમારી સાથે આવો. જમાદારે કુરાન ઉપાડી સોગન ખાધા કે-જો પૃથીરાજ મારી સાથે પ્રથમ દગો નહિ કરે તો હું—એમની સાથે કદિ દગો કરવાનો નથી. એટલે પૃથીરાજ તેને આવીને મળ્યો.

ત્યાં પ્હેલેથી ઠરાવ કરી રાખ્યો હતો તે પ્રમાણે તેઓએ શિયાણી ગામ માર્યું અને અદાજીને ઠેર કર્યો. ત્યારે અદાજીની ઠકરાણીને સત ચડ્યું અને પૃથીરાજ ભણી માણસ મોકલીને પોતાના સ્વામીનું માથું તેણે મંગાવ્યું. કુંવરે અદાજીનું માથું કાપીને એક ઝાડે લટકાવ્યું હતું. તેથી પૃથીરાજે બાઈને કહેવરાવ્યું કે "તમે તમારી મેળે ઝાડ ઉપરથી માથું ઊતા-"રીને લઈ જાઓ તો આપું." અદાજીની ઠકરાણી ત્યાં આવી, અને કાછડો વાળીને ઝાડ ઉપર ચડી, ત્યારે પૃથીરાજે અદાજીને મ્હેણું મારીને કહેવા માંડ્યું કે, "છોકરા! તેં મારા ઉપર બરછી ઉગામી હતી, ખરૂં! પણ હવે "જો તારી બાયડીને કેવી ઝાડે ચડતી કરી છે." સતી પૃથીરાજના આવા શબ્દ સાંભળીને તેના ઉપર ક્રોધાયમાન થઈ અને તેને શાપ દઈને કહ્યું કે, "હા તેં તો મને ઝાડે ચડતી કરી, પણ તારી સ્ત્રીને તો તારૂં સ્નાન પણ

"કરવાનું રહેશે નહિ."[1] એવું સાંભળીને બીજા લોકોએ, તેમ જ સતિયે પૃથીરાજને ઠપકો દીધો અને ત્યાર પછી તરત જ તેને પણ પોતાના કામનો પસ્તાવો થવા લાગ્યો, પણ એ તો પછી જમાદાર સાથે ખંડણી ઉઘરાવા નીકળી પડ્યો.

એ પ્રસંગે કોઈ વગડામાં મેલાણ કરવાનું ધારેલું ત્યાં, પૃથીરાજનાં માણસો આગળ જઈ પ્હોંચ્યાં, અને તે ઠેકાણે પાણીની ઘણી તંગાશ હતી તેથી ત્યાં આગળ એક કૂવો હતો તેના ઉપર તંબુ તાણી લીધો અને જણાવ્યું કે આટલામાં એક કૂવો નથી. આ પ્રમાણે તેઓને કૂવામાંથી પાણી મળવા લાગ્યું અને જમાદારના માણસોને તો છ માઈલને છેટેથી આણવું પડ્યું. પણ પછવાડેથી જમાદારને તે વિષેની ખબર થઈ ત્યારે તેણે કહ્યું કે "પૃથીરાજે મારી સાથે પ્હેલો દગો કર્યો તેથી મારા સોગન છૂટ્યા." પછી કપટ કરીને પૃથીરાજને તેણે પકડ્યો ને પોતાની સાથે લઈ ગયો. ત્યાર પછીથી તેનું શું થયું, તે દેશમાં કોઈ જાણતું નથી.

ઉપર પ્રમાણે બનવાથી પૃથીરાજનો બાપ મરણ પામ્યો ત્યારે તે, હાજર ન હતો તેથી તેનો ન્હાનો ભાઈ અમરસિંહ હળવદની ગાદિયે બેઠો. પૃથીરાજને બે કુંવર હતા, તેમાં એક સુલ્તાનજી હતો. તેના વંશમાં વાંકાનેરનો હાલનો રાજા વખતસિંહજી છે. બીજો કુંવર રાજોજી કરીને હતો તે વઢવાણની ગાદીનો પ્રથમ પુરૂષ થયો. વીરમ દેવજીનો ભાઈ રાવ નારણદાસ હતો, તેના કુંવર રાઠોડ શ્રી ઇસબદાસજીની પુત્રી સોમકુંવર બાઈ વ્હેરે રાજોજી પરણ્યો હતો. ઈડરના રાવના ચરિત્રમાં જે બાઈ વિષે લખવામાં આવ્યું છે, તે બાઈ સો વર્ષ આ હશે. એ બાઈ પોતાના સ્વામીની પછવાડે સન ૧૬૪૩ માં સતી થઈ. એ સતીનો પાળિયો જે શ્રી રાઠોડ માતાનો કહેવાય છે તે તેના લેખ ઉપરથી ઓળખાઈ આવે છે. દુખિયારી રાણક દેવીની દેરી પાસે એક દેરાની અંદર તેની મૂર્ત્તિની સ્થાપના કરવામાં આવી છે. તે ઠેકાણે વારપર્વને દિવસે તેને રાણીના જેવો પરણતી વેળાનો પોશાક અને ઘરેણાં પ્હેરાવવામાં આવે છે અને તેના વંશવાળા તેની પૂજા કરે છે.

વઢવાણ આગળ સતિયોની દેરિયો છે. તેમાં એક હાડી માતાનું દેરૂં કહેવાય છે. આ બાઈનું નામ બાઈ શ્રી દેવકુંવર હતું. તે અમરસિંહ નામના હાડા ઠાકોરની પુત્રી થતી હતી, અને તેના સ્વામીનું નામ મહારાણા શ્રી અર્જુનસિંહ હતું. તેની પછવાડે તે સન ૧૭૪૧ માં સતી થઈ હતી. તેના ઉપર અર્જુનસિંહ પછવાડે થનાર તેના પુત્ર મહારાણા શ્રી સબળસિંહે દેરૂં

---

૧ મતલબ કે, તું કયાં અને કયારે મરી જઈશ તેની ખબર પણ તારી સ્ત્રીને (રાંડવા પૂરતી પણ) પડશે નહિ.

ચણાવ્યું હતું. એ પુત્ર હાડી રાણીના પેટનો ન હતો પણ તેની મા પરમાર વંશની શ્રી આચ્છુબા નામે હતી. હાડી માતાના દેરાની હારમાં મહારાણા શ્રી ચંદ્રસિંહની છત્રી છે. તે સન ૧૭૭૯ માં તેની પછવાડે થયલા તેના પુત્ર મહારાણા શ્રી પૃથીરાજે બંધાવી છે. તેની માતાનું નામ બાઈ શ્રી કુશળ-કુંવર હતું, તે પેથાપુરના વાઘેલા ઠાકોર શ્રી જોરાજીની પુત્રી થતી હતી. આવી થોડી ઘણી નિશાનિયો રહેલી છે તે ઉપરથી ઝાલા વંશની ઘણા વર્ષની સ્થિતિ વિષેની સૂચના આપણને મળે છે. એ વિના બીજો કાંઈ આધાર અમારી પાસે નથી.

છેલ્લા લખેલા વઢવાણના મહારાણા ચંદ્રસિંહજી વિષે નીચે પ્રમાણે ભાટની વાત છે:–

વઢવાણની પાસે મેમકા કરીને એક ગામ છે. ત્યાંનો લોહાણો ઝાલર-(વાલ)નો પોઠિયો ભરીને ભાલમાં રોઝકા ગામ ધંધુકાની પાસે છે ત્યાં વેચવા ગયો. રોઝકાના ચૂડાસમા ગરાસિયા મેપજીની એક દીકરી ઝાલા રજપૂત સાથે પરણાવી હતી તો પણ મેપજીને ઝાલા રજપૂતો સાથે કજિયો હતો. તેણે મશ્કરીમાં લોહાણાને કહ્યું કે "તારા ઝાલા શા ભાવે વેચાય છે?" લોહાણાએ ઉત્તર આપ્યું કે, "સો ભાલિયે[1] એક ઝાલો." ચૂડાસમાએ એવું ઉત્તર સાંભળ્યું તેથી તેને રીસ ચડી અને લોહાણાને માર મારી તેનો પોઠિયો ખુંચી લઈને ગામ બ્હાર કહાડી મૂકયો. એટલે તેણે વઢવાણ જઈને પોતાના રાજા ચંદ્રસિંહજીને ફરિયાદ કરી. ચંદ્રસિંહજિયે પોઠિયાની તથા ઝાલરની કિંમત પૂછી લઈને તેને આપી, પણ રોઝકાવાળા પાસેથી વેર લેવાનો તેણે પોતાના મનમાં નિશ્ચય કર્યો.

ચંદ્રસિંહજી પછી ચૂડાસમાના તાબાના મોરશિયા ગામ ઉપર બે હજાર ઘોડું લઈને ગયો. તે ગામ તેણે લૂંટી લીધું અને ઘરના કાઠવળા સુધાંનાં ગાડાં ભરીને ઘર ભણી નીકળ્યો. મેપજીના કુંવર લાખોભાઈ, તથા રામોભાઈ પોતાના બનેવી, લિંબડીવાળા હરભમજી પાસે ગયા અને વઢવાણવાળા સાથે કજિયો થયો તે તથા તેથી પોતાને નુકસાન થયું તે સર્વે વર્તમાન તેને કહ્યું. હરભમજી પોતાની સાથે સાતસેં અશ્વાર અને આઠસેં પાળા લઈને તેઓની મદદે ગયો. ગાયકવાડનો સૂબો ભગવાનભાઈ જમા ઉઘરા-વવા સારૂ બાર હજાર અશ્વાર લઈને આવ્યો હતો તે આ વેળાએ લિંબડી હતો તેને પણ તેમણે પોતાની સંગાથે લીધો. સાંજ પડી એટલે તેઓએ ભાદર

[1] ભાલિયો એટલે એક માટીનું વાસણ, અથવા ભાલનો રહેવાશી. ર. ઉ.

નદીની તીરે મેલાણુ કર્યું, અને તેઓની સાથે કેટલીક તોપો હતી માટે ચંદ્રસિંહજીનો રસ્તો રોકીને બેસવાનો નિશ્ચય કર્યો. એટલામાં તે ત્યાં આવી પ્હોંચ્યો અને તેણે તેઓની પાસે પોતાનો પડાવ કર્યો. તેને લાગ્યું કે હવે આપણાથી લૂંટનો સામાન લઈ જઈ શકાશે નહિ અને જો એક પણ ગાડું પછવાડે રહી જશે તો આપણી આબરૂ જશે. આ પ્રમાણે વિચાર કરીને તેણે તે સર્વ બાળી મૂકયું. તેને નક્કી લાગ્યું હતું કે લડાઈ થશે તેમાં આપણે બચવાના નથી, તેથી રાત્રીના પાછલા પ્રહરે ઉઠી ન્હાહી ધોઈને કસુંબો પીધો તથા ગંગાજળ આરોગ્યું, અને તુલસીદલ તથા પરવાળું મોમાં નાંખ્યાં.

આમ મરવાને તે જ્યારે તૈયાર થયો ત્યારે, તેની ચાકરીમાં ગોરિમ્બો કરીને એક આરબ જમાદાર હતો તે તેની પાસે આવ્યો અને કહેવા લાગ્યો, "ઠાકોર! "જો તમે કહો તો હું મારા પાંચસેં મકરાણી લઈને એમની તોપો ઉપર જાઉં "અને તમે ફોજ સામે જાઓ, અથવા તમે તોપો ઉપર જાઓ તો હું ફોજ "સામે જાઉં." ચંદ્રસિંહને પ્હેલી સૂચના પસંદ પડી. તે ઘોડા ઉપરથી ઉતરી પડીને ઢાલ તરવાર સજીને પગપાળો ચાલ્યો. તે વેળા તેનો એક ઉમરાવ હતો તેણે પગપાળે નહિ જવાને બહુ સમજાવ્યો પણ દરબારે ઉત્તર આપ્યું કે, "હવે આપણે જીવવાની કાંઈ આશા રહી છે?" ત્યારે ઉમરાવ બોલ્યો કે, "હવે જીવવાની આશા તો પરમેશ્વરના હાથમાં છે. બાબરો કુળદેવ અને "શક્તિદેવી તમારૂં રક્ષણ કરશે! પણ જ્યારે તમારી પાસે ઘોડો છે ત્યારે "પગપાળે લડવાની શી જરૂર છે?" આ પ્રમાણે કહીને ઘોડા ઉપર બેસવાને તેણે તેને સમજાવ્યો, અને તેની સાથે બાકીના પણ ઘોડે ચડીને શત્રુના ઉપર હુમલો કરવાને ચાલ્યા. અને ગોરિમ્બો જમાદાર પણ પોતાનું પાંચસેં માણસનું પાયદલ લઈને તોપો ઉપર સામો ચાલ્યો. તે જોઈને સામાવાળાએ નદીની સામી બાજુએ તોપો મૂકીને મારો ચલાવવા માંડ્યો, પણ તેઓ નદીમાં ઉતરી ગયા તેથી તેમના માથા ઉપર થઈને ગોળા ચાલી ગયા અને તોપો-વાળા ઉપર હુમલો કર્યો એટલે તેઓ તોપો છોડી દઈને નાશી ગયા, તેથી જમાદારના હાથમાં તોપો આવી ગઈ. આણીમગ ચંદ્રસિંહજિયે હુરભમજીની ફોજ ઉપર હુમલો કર્યો એટલે તોપોવાળા ન્હાશી ગયા જાણીને તેઓ પણ નિરાશ થઈ પાછા ફરીને નાઠા. હુરભમજી લિંબડી ન્હાશી ગયો તેની પછવાડે ઠેઠ સુધી ચંદ્રસિંહજિયે દોડ કરીને તેના સુમારે પચાશ અશ્વારો મારી નાંખ્યા.

જ્યારે લડાઈ થઈ રહી, ત્યારે ગાયકવાડના સૂબા ભગવાનભાઈયે છડીદાર મોકલીને કહેવરાવ્યું કે તોપો ગાયકવાડ સરકારની છે. ચંદ્રસિંહજિયે કહ્યું કે એ વાત મારા જાણવામાં ન હતી માટે તમારે તમારી તોપો લઈ જવી અથવા હું મારી

મેળે તમારી પાસે મોકલાવી દઈશ. પછી મરાઠા અશ્વાર જઇને તોપો લઈ આવ્યા અને ભગવાનભાઈ વડોદરે પાછો ગયો અને ચન્દ્રસિંહજી વઢવાણ ગયો.

ચન્દ્રસિંહજી અને હુરભમજીના મરણ પછી લિંબડીનો ઠાકોર હરિસિંહજી, હુરભમજીનો પુત્ર થતો હતો તેણે ચન્દ્રસિંહજીના પુત્ર પથાભાઈ (પૃથીરાજ) ઉપર બાપના વારાના વેર ઉપરથી ચડાઈ કરી, અને વઢવાણ આવ્યો, ત્યારે તેની સાથે પાંચસેં અશ્વાર અને બસેં પાયદલ હતું. અશ્વારના લશ્કરની ત્રણ ટુકડિયો કરી હતી તેમાંથી એક ટુકડી વઢવાણથી ત્રણ ગાઉ ઉપર ખારીને કિનારે પડાવ કરીને પડી. અને બીજી બે કેરાલાના તલાવ તથા પાળિયા-વાળી તલાવડી આગળ ઉતરી. તેમાંથી પચીશ અશ્વારે વઢવાણ આવીને ગામના દરવાજા પાસે, એક ખેડુત જતો હતો તેને માર્યો તથા બીજું નુકશાન કર્યું. એટલામાં પથાભાઈના ચૌદ અશ્વાર ચોકી કરવા ફરતા હતા તે આવી પ્હોંચ્યા, એટલે લિંબડીના અશ્વારો નાઠા તેઓની કેડે ચૌદ અશ્વાર થયા તે ખારી આગળ બીજા અશ્વાર હતા ત્યાં આવી પ્હોંચ્યા અને તેમની છાવણી ઉપર બંધુકો ચલાવવા માંડી, અને પાંચ માણસોને મારી નાંખ્યાં, એટલે બાકીના દોડીને કેરાલાના તલાવ આગળ બીજી ટુકડી હતી ત્યાં જઈ પ્હોંચ્યા. વઢવાણવાળા ત્યાં સુધી પણ તેમની પુછવાડે પડ્યા. રાજા પથા-ભાઈના સાંભળવામાં આવ્યું એટલે તે બસેં પાયદલ અને ત્રણસેં અશ્વાર લઈને તાબડતોબ આવ્યો અને કેરાલા આગળ દુશ્મન હતા તેઓને હરાવીને ન્હસાડ્યા. આ લડાઈમાં પરબડીના રામોભાઈ તથા લાખોભાઈ કરીને હરિ-સિંહજીના મામા હતા તે કામ આવ્યા. તેમની છત્રિયો આજે પણ તે ઠેકાણે જોવામાં આવે છે.

બીજી લડાઈ ખારી નદી ઉપર થઈ. તે વેળા હરિસિંહજી હાજર હતો. આ લડાઈમાં પેથાપુરવાળો શેરભાઈ વાઘેલો, પથાભાઈનો મામો થતો હતો, તેની ઘોડી શત્રુની ફોજ વચ્ચે થઇને પાર નીકળી ગઈ, તેની પછવાડે હરિસિંહજી પડ્યો, અને તેને ઠેર કરી નાંખ્યો. ત્યાર પછી બંને બાજુની ફોજ વેરાઈ ગઈ.[1]

---

૧ નીચે આપેલા બે દસ્તાવેજો ઉપરથી ફોજ કેવી ગોઠવણ થયેથી વેરાઈ તેનો ખુલાસો મળે છે. પ્હેલો છે તે રણવટી દસ્તાવેજ છે, તે મરાયલા માણસના વારસને નુકશાનના બદલામાં કરી આપેલો છે, અને બીજો, બ્હારવટિયાઓને તેમને ઘેર પાછા આવવાની આજ્ઞા મળવા ઉપરથી તેઓએ લખી આપેલો છે.

૧

મહારાણા શ્રી હરભમજી જોગ લ. ઝાલા ગોપાળજી, તથા ઝાલા વીસાજી, તથા ઝાલા ભાવજી, તથા ઝાલા ભાઈજી, તથા ઝાલા અજાભાઈ, તથા ઝાલા સુળોજી, તથા

થોડાં વર્ષ પછી સંવત ૧૮૬૩(ઈ૦ સ૦ ૧૮૦૭)માં ઝાલાઓ પાછા ફરીને માંહોમાંહે લડી મુવા. વઢવાણ સંસ્થાનની સીમા ઉપર ખોડુ ગામ

ઝાલા **રામસિંહજી**, તથા ઝાલા **રતનજી**, તથા ઝાલા **સંગરામજી**, તથા ઝાલા **રતનજી લાખાજી**, અને બીજા ભાયાતો સમસ્તના રામ રામ વાંચજો. બીજું **બારેજડા** ગામમાં ભાઇયો ભાઇયો વચ્ચે ઝગડો થયો, અને ઝાલા **માલજી**, તથા ઝાલા **હમીરજિયે** ઝાલા **રામસિંહજીનું** માથું કાપી નાંખ્યું; એટલા માટે **ચોરાશી** ગામમાંથી (**લિંબડીનાં**) ઝાલા **માલાજી**, તથા ઝાલા **હમીરજીને** દેશવટો દીધો છે, અને ઝાલા **માલાજી**, તથા ઝાલા **હમીરજીનો** ગરાસ **બારેજડા** અને **ઝાલિયા** ગામોમાં તેમના ભાગનો છે તે ઝાલા **રામસિંહજીના** માથા બદલે ઝાલા **કરશિયાને** **સૂર્ય**, **ચંદ્ર** તપે ત્યાં સુધી અઘાટ આપ્યો છે. ઝાલા **કરશિયાને** એ બે ગામની ઉપજ મળ્યાં જશે અને ગરાસ ભોગવશે. બીજું, ઝાલા **માલાજી**, તથા ઝાલા **હમીરજીના** વંશના કોઈને **ચોરાશી** ગામોમાં વસવા દેવામાં આવશે નહિ. એવા માણસોને જે કોઈ રાખશે તે દરબારનો ગુનેહગાર થશે (અર્થાત–**લિંબડીના** **મહારાણાનો**) અને તેને દરબાર શિક્ષા કરશે તો તેની કોઈ ફરિયાદ કરી શકશે નહિ. અમે બધા આ કરાર પ્રમાણે ચાલીશું, અને તે બાબતના નીચે લખેલા જમાન છે,– **ઓડાણાના** **રાબા** **વાસંગ**, તથા રાબા **ભગા**, તથા રાબા **નારણ**, તથા રાબા **ધના**, તથા ગઢવી **અણદા**. ઉપર લખ્યા પ્રમાણે અમે ચાલીશું. સંવત ૧૮૩૩ (ઈ. સ. ૧૭૭૭) માગસર શુદ્ધિ ૬ સોમવાર.

અત્ર મતું	તત્ર સાખ
ગોપાળજી વગેરે	શ્રી જગદીશ (એટલે **સૂર્ય**)
લ. ઝાલા **સંગરામજી**.	ઝાલા **માલજી**.
	ઝાલા **મેઘાભાઈ**.
	ઝાલા **ચાંદાભાઈ**.
	રાઠોડ **કાંદા**.
	ગોલેતર, **રાજાજી**.
	દેસાઈ **લલુભાઈ**.
	લ. **ભવાનીદાસ** ઘણી બેહજુર લખ્યું છે.

૨

નીચેનો લેખ અમે પાળીશું, જો ના પાળિયે તો વચ્ચે શ્રી **ભીમનાથજી** જમાન છે.

મહારાણા શ્રી **હરિસિંહજી**, જોગ લ. ઝાલા **કરશિયાજી** **રામસિંહ**, તથા **કેશાભાઈ** રહેવાશી **બારેજડાના**. જત અમારે શા. **ન્હાનજી** **ડુંગરશીનું** દેવું હતું, તેની સાનમાં ગામ **બારેજડા** અમે તેને લખી આપ્યું હતું. પછીથી **ન્હાનજી** સાથે અમારે કજિયો થયો, એટલે ગામ છોડીને ઉમરાળે જઈ વશ્યા, અને ત્યાં રહીને દરબારને પજવણી કરવા લાગ્યા. તેના પસ્તાવાના બદલામાં અમે **બારેજડા** ગામ દરબારશ્રીને શીત્તેર વર્ષ લગી સોંપિયે છિયે. તેટલાં વર્ષ પૂરાં થતાં સુધી દરબારે તે ભોગવવું, અને ત્યાર પછી, શા. **ન્હાનજીના** દેવા માટે બે માણસ જેમ કહેશે તેમ અમે નીકાલ કરીશું. ઉપરના


છે, તેને ઘણો જૂનો કિલ્લો છે, તે સિદ્ધરાજે બંધાવેલો કહેવાય છે. ત્યાંથી ત્રણ ગાઉ ઉપર ધ્રાંગધ્રાના રાજનું ગૂર્જરવેદી ગામ છે. એ બંને ઠેકાણે, વઢવાણ અને ધ્રાંગધ્રાનાં પોતપોતાને ગામ થાણાં રહેતાં હતાં. એક સમયે બકરી ઈદને દિવસે ગૂર્જરવેદીના થાણાના મુસલમાન સિપાઇયો ગામમાં ફર્યા પણ બકરી મળી નહિ એટલે ખોડુ ગયા. ત્યાંના ભરવાડ પાસેથી દોહોડ રૂપિયે બકરી ઠરાવીને લીધી, પણ મૂલ આપ્યા વિના જતા રહ્યા. ત્યારે ભરવાડે લિંબડીના થાણામાં ફરિયાદી કરી, એટલે થાણાવાળા, ગૂર્જરવેદિયો પાસે બકરૂં પાછું લેવા ગયા. ત્યારે ધ્રાંગધ્રાના સિપાઇયોએ મૂલ આપવા માંડ્યું, પણ તે નહિ લેતાં બકરૂં પાછું લઇને ઘેર ચાલતા થયા. જ્યારે ધ્રાંગધ્રાના માણસો પોતાના રાજ પાસે હલવદ ગયા અને બનેલા સમાચાર તેને કહ્યા ત્યારે તે ક્રોધાયમાન થઈને બોલ્યો: "તમે તમારા તહેવારને દિવસે વેચાતી લીધેલી બકરી શા વાસ્તે પાછી આપી?" તેણે પછી વઢવાણ ઉપર ચડાઈ કરવાનો ઠરાવ કર્યો, અને કાનેર, વાંકાનેર, સાયલા

કરારથી દરબારે અમને બોલાવીને ગામમાં જીવાઈ સારૂ જમીન આપી છે તે અમે ખાઈશું અને હવે પછી કાંઈ દંગો કરીશું નહિ. ઉપરના કરાર મુજબ અમે ચાલીશું તેની ખાતરીને માટે નીચેના જામીન આપિયે છિયે:-ધોળકા (ધંધુકા) કસ્બાતિયો સૈયદ બુલાકી આઝમભાઈ, તથા શેખ સાહેબ, તથા પરબડીના ચૂડાસમા રામસિંહજી, એ સર્વ પોતપોતાની માલમિલકત સુદ્ધાંત જવાબદાર છે. સં. ૧૮૫૩ (ઇ. સ. ૧૭૯૭) ભાદ્રપદ શુદિ. ૨ શનિવાર.

બીજું ઉપર લખેલા જામીનો નાકબૂલ થાય તો મેહેતા ભગવાનદાસ જમાન છે, વળી, ગઢવી દલા જીવણ તાપડિયા શાખાના, તથા ગઢવી જીવણ શાહુ ખંભળાવના, તથા ગઢવી અજા અદા, પછમગામના દેથા શાખાના, તથા રાવળ દેવકરણવાળા પાનશીણા ગામના એ સર્વે પોત પોતાની માલમિલકત સુદ્ધાંત જવાબદાર છે.

સાખ

ગઢવી દલા, ઉપર લખ્યું તે સહી.
ગઢવી અજા દેથા, ઉપર લખ્યું તે સહી.



ગઢવી જીવણ શાહુ, ઉપર લખ્યું તે સહી.
રાવળ દેવકરણ વાલા, ઉપર લખ્યું તે સહી.

શ્રી જગદીશ. (સૂર્ય)
રાઠોડ. કાંનદા.
ઝાલા બાજીભાઈ ગેડી ગામના.
વાઘેલા હઠીભાઈ ભવાનજી ગામ લોલિયાના.
શા. પિતાંબર ભવાની.
સોલંકી કાકા જેતારા.
પટેલ. મુલુ આશા.
ગોહિલ હનુજી જેઠાજી ડોકરલાના.
લખીતંગ મયારામ, ધણી બેહજાર લખ્યું છે.

અને ચૂડાના ઠાકોરોને તથા લિંબડીના હરિસિંહને મદદે બોલાવ્યા. તેમાં વાંકાનેરવાળો આવ્યો નહિ, ને બાકીના પોતાનું લશ્કર લઈને ચડાઈ કરવા સારૂ આવી મળ્યા. પછી હરિસિંહે વઢવાણવાળાને કહાવી મોકલ્યું કે "તમે "શરણ થાઓ, તમે હલવદ અને લિંબડી વચ્ચે જૂદાગરી ગણો છો? જો "તમે હનુમાન સાથે લડશો તો નક્કી હાર ખાઈ જશો. ડાહ્યો માણસ "યમને પોતાને બારણે બોલાવતો હશે? જે બનવાનું હતું તે બન્યું, પણ "હવે જો તમે હઠ પકડશો તો તમારા કિલ્લાનો નાશ થશે, અને ફિરંગિયોનું "લશ્કર આખા દેશમાં પથરાઈ જશે."[1] પણ વઢવાણના પથાભાઇયે તો સામા થવાને નક્કી કર્યું, અને ફોજ એકઠી કરીને એક વાર ધ્રાંગધ્રા અને બીજી વાર લિંબડીનાં ગામ વારા ફરતી લૂંટીને તેનું પૂરૂં કરવા માંડ્યું. જ્યારે હલવદના સાહાય્યકારી આવ્યા ત્યારે તેઓને તેણે એક દિવસ જમાડ્યા; ત્યાર પછી પોતપોતાની ગાંઠનું ખર્ચ ખાવા લાગ્યા. પછી કેટલીક લડાઇયો થયા પછી પથાભાઈને વઢવાણના કિલ્લામાં સંતાઈ પેસવું પડ્યું, એટલે સામાવાળાએ કિલ્લાને ઘેરો ઘાલ્યો અને તોપ ચલાવીને રસ્તો પાડ્યો. એ વેળાએ ભાટ અને ચારણો વચ્ચે પડ્યા અને પંચાત કરીને લડાઈ પતાવી.

આ પ્રમાણે ભાટની વાત છે, અને કર્નલ વૉકર આ બનાવ બન્યા પછી તરત જ ઝાલાવાડમાં ગયો હતો તે તેઓ વિષે નીચે પ્રમાણે લખે છે:–

"લિંબડી, વઢવાણ, અને ધ્રાંગધ્રાના ઠાકોરો વચ્ચે હવણાં લડાઈ

---

૧ જુઓ, કવિ ઝમાલે રચેલું 'બકરીની લડાઇ'નું ગીત, શ્રી ફાર્બસ ગુજરાતી સભાના સંગ્રહમાંનું હસ્તલિખિત પુસ્તક અં. ૩૫–૧–ચઃ–

हरि हंदे फरमाण लख्यो, वळी भेज्यो वढवाण
हलवद ने गढ लिंमडी, जूदां पथा म जाण,
जूदां पथा म जाण, नवी नहि धारिये;
हडमत साथे बाथ, भरतां हारिये;
कर मांह बांधव प्रीत अजारे कारणे
बुद्धि कोय जमराज तेडावे बारणे ?
वेधियां ज्यां नजीशे, दुजो जाशे दरंग
फेलाशे फरंगी घटा, चोकाशे चतरंग
चोकाशे चतरंग, सवइया चालशे
होक हवाइयां कंईक, बाण हालशे
गोंले मारी कोट, पियाले घालशां
हलहलो हीलोक, नेमाला आलशां २. उ.

"થઈ એ પણ (દેશની નઠારી સ્થિતિનું) એક બીજું કારણ છે. આ "લડાઈ થવાનો હસવા યોગ્ય પ્રસંગ એવો બન્યો કે, ધ્રાંગધ્રાના થાણાના "માણસોએ એક ભરવાડ પાસેથી મૂલ આપવાનું કરીને એક બકરૂં લીધું, "પણ ભરવાડે જઈને ફરિયાદ કરી, એટલે વઢવાણના માણસોએ તેઓના "ઉપર ચડીને, તેઓ બકરાનું માંસ પકાવતા હતા તે પાછું ખુંચાવી લીધું, "એટલે ધ્રાંગધ્રાવાળાને વેરભાવ ઉપજ્યો; એક લડાઈમાંથી બીજી સળગી, "લિંબડીનો ઠાકોર કજિયામાં સામેલ થયો અને વઢવાણનાં સાઠ ગામ "કરતાં વધારે હતાં તેમાંથી માત્ર ચાર ગામ સિવાય બાકીનાં ગામ "ઉજ્જડ થઈ ગયાં તથા વઢવાણનો કિલ્લો ટુટ્યો ત્યાં સુધી તેનો છેડો "આવ્યો નહિ. બીજા તાલુકાઓને પણ તેના પ્રમાણમાં નુકસાન થયું."

ભાટની કથા પ્રમાણે હુલવદના રાજને એક લાખ રૂપિયા ખર્ચ થયાં, લિંબડીવાળાને પચાશ હજાર, અને ચૂડા તથા સાયલાવાળાઓને દશ દશ હજાર રૂપિયા થયા.

કાઠિયાવાડનાં મરાઠીની મુલ્કગીરીનાં પરગણામાં ઝાલવાડ પણ આવી હતી. તે સર્વનો ઠરાવ કર્નલ વૉકરે કર્યો તે વેળાએ આખી ઝાલવાડ ઘણાં કારણોએ કરીને છેક હલકી દશામાં આવી ગઈ હતી. રાજાના વંશમાં જેટલા થયા હોય તેઓને ભાગ આપવાથી તેની મીલ્કતના ભાગ અને વિભાગ કરી નાંખવાની રીતિ એ જ કલહનું ખરેખરૂં મૂળ હતું અને તે એકલું ઝાલવાડમાં જ હતું એમ ન હતું. વડીલ શાખાવાળા ન્હાની શાખા-વાળાઓને તેઓનો ભાગ નહિ આપવા સારૂ જોર કરે અથવા કપટ કરે અને પોતાનો મુલ્ક વ્હેંચાઈ જાય નહિ તે માટે પ્રયત્ન કરે, તેથી રજપૂતોનાં કુટુંબોમાં નિરંતર શત્રુવટ ચાલી જતી હતી, તેમ જ બ્હાર ખાતેનાં સંકટ દેશના ઉપર ઓછાં દુઃખદાયક ન હતાં. કાઠિ, જટ, મિયાણા[1] અને બીજા લૂંટારૂ લોકો, આ દેશનાં થોડાં અને અતિ દુઃખિત ગામડાંનાં લોકોને નિરંતર ત્રાસ ઉપજાવતા હતા. ઝાડપાનની છેક ખોટ પડી ગઈ હતી, તે

૧ સિંધિ જાતિના મિયાણા કરીને લડાયક લોક માળિયામાં ઘણા રહે છે. તેઓ કેવા હતા, તે નીચેની વાત ઉપરથી જણાઈ આવે છેઃ—

એક દિવસે ગાયકવાડનો એક આરબ સિપાઈ નિમાજ પડતો હતો, ત્યાં આગળ થઈને જતાં એક મિયાણાએ તેને પૂછ્યું કે આ પ્રમાણે તું માથું નમાવે છે તે એવડો કોનાથી ડરી ગયો છે? આરબે જરા ક્રોધાયમાન થઈને ઉત્તર આપ્યું, કે હું અલ્લા વિના કોઈનો ડર રાખતો નથી. તે ઉપરથી મિયાણાએ કહ્યું કે અરે ત્યારે, તું અમારી સાથે માળિયે ચાલ; અમે ત્યાં અલ્લાથી પણ ડરતા નથી.

ઉપરથી ખેતીવાડીની દુર્દશા વધારે જણાઈ આવતી હતી. ઝાલાવાડના ઘણાખરા ભાગના ખેડુતો હથિયાર સજીને પોતાનાં ખેતરનાં રખોપાં કરતા હતા, અને પ્રત્યેક ગામમાં, કોઈ ઊંચા ઝાડ ઉપર અથવા ઊંચી જગ્યાએ માળા બાંધીને ચોકીની જગ્યા કરી રાખવામાં આવી હતી, ત્યાં આગળથી ત્રાસદાયક લૂંટારા અશ્વારો જોવામાં આવતા તેની તરત જ ખબર આપવામાં આવતી, એટલે, ઢોર, વાવરવા જેટલાં વાસણ, અને હળ એટલી મતા દરેક ગામડિયા પાસે હોય તેમાંથી ઢોરને ન્હસાડી મૂકીને જ્યાં તેનું જેવું તેવું રક્ષણ થઈ શકે એવે ગામડે પ્હોંચાડતા. તેવામાં જો લૂંટારાને હાથ આવી જાય તો રણમાં થઈને કચ્છમાં અથવા ચોરવાડમાં વેચી દેવામાં આવે, તેમ જ જરૂરિયાતની ઘણીખરી ફલદ્રૂપતાથી સ્વાભાવિક રીતે ભરચક થયેલો દેશ, પેશ્વા, ગાયકવાડ, અને જૂનાગઢના નવાબની વાર્ષિક મુલકગિરીની ચડાઇયોને લીધે વળી વિશેષ ઉજ્જડ અને વસ્તી વિનાનો થઈ જતો હતો. જ્યારે મરાઠા સૂબેદાર ઝાલવાડમાં થઇને ચડાઇયો કરતા પસાર થતા હતા ત્યારે કોઈ કોઈ વાર બળતણની એટલી બધી તંગી પડતી કે લશ્કરને તે તંગી પૂરી પાડવા સારૂ ત્યાંના ભોમિયા ઠાકોરને એક ગામ ઉજ્જડ કરી દેવાની જરૂર પડતી કે તેના કાઠથી લશ્કરનું કામ ચાલે. આ ઉપરથી તે દેશ કેટલો બધો ઉજ્જડ હશે તે ખરેખરી રીતે જણાઈ આવે છે. તેમાં વળી, આગળ લખવા પ્રમાણે, જે વેળાએ ઝાલા ગરાસિયાઓ માંહોમાંહે લડી મૂવા, અને જે વેળાએ મલ્હારરાવ નડિયાદમાંથી છૂટીને દેશમાં પેઠો, અને તેથી લડાઇનો હંગામ મચ્યો, તથા બાબાજિયે ચડેલી ખંડણી વસુલ કરી લેવા માંડી, તે વેળાએ ઝાલાવાડને માથે વિશેષ દુઃખ આવી પડ્યું હતું.

ઝાલાવાડમાં ઘણાં સંસ્થાન બંધાઈ ગયાં છે, તેઓમાં મુખ્ય, હુલવદ અથવા ધ્રાંગધ્રા, લિંબડી, વઢવાણ, વાંકાનેર, ચૂડા, લખતર અને સાયલા છે, તેઓની ઉત્પત્તિ વિષે આગળ લખાઈ ગયું છે. ધ્રાંગધ્રાના રાજને કુળની મોટપનું માન હજી લગણ આપવામાં આવે છે. દરબારી પ્રસંગને સમયે તેઓને પ્રથમ માન આપવામાં આવે છે અને હુરપાલના વંશના બીજા તાલુકદારોમાં સર્વના કરતાં ઊંચી ગાદી ઉપર તે બિરાજે છે. આ તાલુકદારનો કારભાર ઠીક ચાલતો ન હતો, અને તેના અયોગ્ય કારભારિયે મુલ્ક લૂંટી લીધો હતો. પણ તે હવે કામથી દૂર થઈ જતો રહ્યો છે. બીજા ઝાલા તાલુકદારોનાં સંસ્થાન એ કરતાં વધારે સારી સ્થિતિમાં ન હતાં, તેમાં મુખ્યત્વે કરીને ચૂડા અને લખતર મરાઠાઓની સત્તા નીચે

કેટલીક વાર સુધી પડતી દશામાં આવી પડ્યાં હતાં. લખતરના દરબારના કારભારી હીરજી ખવાસે દરબારને પૈસા ધીર્‌યા હતા, અને સંસ્થાન ઉપર તેની સંપૂર્ણ સત્તા ચાલતી હતી તેથી તેણે કિલ્લો બાંધી લેવાની તૈયારી કરી, અને પોતાની સત્તા બેસારી દેવાનો મનસૂબો કર્યો. તે ઉપરથી દરબારની એક કુંવરી ગેનાબાઈ મહારાજા ગોવિંદરાવ ગાયકવાડની વિધવા હતી, તેનો તેણે આશ્રય લીધો. વડોદરા સરકારે વચ્ચે પડીને હીરજી ખવાસનું દેવું આપી દીધું; પણ ગાયકવાડી કારભારિયોને પોતાનું નાણું વસુલ કરી લેવાનું હતું તેથી તેઓને લખતરના સંસ્થાનનો વહિવટ હાથમાં લઈ લેવાની અગત્ય પડી, માટે દરબારના ખર્ચે સારૂ ભાગ ઇલાયદો કહાડીને તેઓએ પોતાના કબ્જામાં વહિવટ લઈ લીધો.

પ્રકરણ ૭

ધોલેરાના ચૂડાસમા ગોહિલ

અમે આગળ સૂચવ્યું છે તે પ્રમાણે, ગિરનારના અસલી અને રાજવંશી કુળમાં ઉત્પન્ન થયેલા જેઓ ગણાતા હતા તેઓના આશ્રય નીચે, સોરઠના દ્વીપકલ્પમાં બ્રિટિશની પ્રથમ સ્થાપના થઈ. સોરઠના એક રાવનો ન્હાનો કુમાર બાણજી કરીને હતો તેને પોતાના ભાગમાં ચાર ચોરાશિયો અથવા ચોરાશી ચોરાશી ગામનાં ચાર પરગણાં મળેલાં કહેવાય છે; તે માંહેલું એક ધંધુકા પરગણું તેના કુમાર રાયસલજીને વારસામાં મળ્યું. તે રાયસલજીનો ચોથો કુમાર મેહેરજી હતો. તેના વંશમાંથી થયેલા ચૂડાસમા ગરાસિયા રાયસલજીના તાબામાં, આનંદરાવ ગાયકવાડના સમયમાં, ધોલેરા, રાહતલાવ બંદર, ભાંગડ, ભીમતલાવ, ગુમા, અને સૈબેલાવનાં ગામ થઈને આસરે એક લાખ વિઘાંની જગ્યા હતી, અથવા તો તેટલા ઉપર તેણે પોતાનો દાવો કર્યો હતો. પણ એ ગામો માહેલાં ત્રણ તો વગર વસ્તીનાં હતાં.

અમદાવાદના સૂબાની અને મરાઠાની વચ્ચે દેશ વ્હેંચાઈ ગયો ત્યારે ધંધુકા પરગણું કંતાજી ભાણ્ડેના હાથમાં આવી ગયું. તે તેને પોતાની ઇલાયદી જાગીર ગણીને પછી રાખી રહ્યો; પણ દામાજી ગાયકવાડે તેની પાસેથી તે લઈ લીધું, અને જ્યારે દામાજીને પેશ્વાને તાબે થવું પડ્યું, ત્યારે તે પૂના સરકારના હાથમાં ગયું. મરાઠા સરકારના રાજ્ય નીચે દેશની થાળે પડેલી સ્થિતિ નહિ હોવાને લીધે, અને રાજકર્ત્તાઓને નિરંતર અહિં તહિંથી પૈસા સંબંધી ફાંફાં મારવાની વેળા આવવાને લીધે, કુમાવિસદાર અથવા

પરગણાના ઈજારદારોને એવી સરતના ઠરાવ કરવાની અગત્ય પડતી કે ઘણો જુલમ કરીને વસુલ કર્યા વિના તેઓનાથી પોતાની બોલી પાળી શકાતી ન હતી. તેઓને સ્વાધીન જે મુલક હતો તેમાં આસપાસના સંસ્થાનોવાળા લૂંટફાટ કરતા એટલું જ નહિ, પણ ગમે તે લૂંટારો, પચાશ કે સો માણસ એકઠાં કરીને લૂંટફાટ કરવાને શક્તિમાન્ થતો. તેથી ગામડાંની ખરાબી થઈ ગઈ હતી, અને તેઓમાંથી ઘણાંખરાં તો બિલકુલ ઉજ્જડ થઈ ગયાં હતાં. ઘણાખરા ન્હાના જાગીરદારોના મનમાં એવી ઇચ્છા હતી કે, કોઈ વધારે બલવાન્ સરકારની ઓથ મેળવીને પોતાની જાગીર તેના રક્ષણ નીચે કરી દેવી કે તેથી કરીને આસપાસના સંસ્થાનવાળા-ઓ તેમાંથી દબાવી પડતા અટકે, તથા જે વેળાએ દેશ વધારે સારી સ્થિતિમાં હતો તે વેળાએ મોગલ પાદશાહોને જે ખંડણી આપવાને ઠરાવ કર્યો હતો તે કરતાં તેમની પાસેથી વધારે ખંડણી લેવામાં આવે નહિ. આ વિચારને અનુસરતી સત્તા ધારણ કરનાર, ગરાસિયાઓની નજરમાં, બ્રિટિશ સરકાર યોગ્ય છે એમ તેમને લાગ્યું તેથી તેનો આશ્રય તેઓએ માગ્યો.

મિસ્તર ડંકને તા૦ ૧૧ મી જુલાઈ સન ૧૮૦૨ માં ખંભાત મુકા-મથી ગવર્નર જનરલને કાગળ લખ્યો, તેમાં તેણે લખ્યું કે, "અહિંથી દક્ષિણ "દિશામાં વીશ માઈલ ઉપર રાહતલાવ અથવા ધોલેરા કરીને એક બંદર "છે, તેના માલીક માનાભાઈ ગોડભાઈ, રાયસલજી સતાજી, અને તેઓના "બીજા ભાયાતો છે, તે આજે ચાર વર્ષથી મને આગ્રહથી કહે કહે કરતા "હતા કે, અમારા ગામની ઉપજમાંથી ખર્ચ જતાં અર્ધો ભાગ આપવાનું "કબૂલ કરીને અમારૂં બંદર તમારે સ્વાધીન કરી લ્યો. ગૂજરાતના "દ્વીપકલ્પ સાથે આપણો વ્યાપારસંબંધ સુધારવાની અને છેવટે રાજકીય સંબંધ "વધારવાની ધારણા ઉપરથી આ પ્રમાણેનું તેઓનું માગવું મેં માન્ય રાખ્યું "છે. આવી રીતે કરવાનું કારણ તેઓને એમ ઉત્પન્ન થયું છે કે, તેમની "આજુબાજુના તાલુકદારો તેમના ગામમાં લૂંટફાટ કરે છે, તેનો અટકાવ "થાય તથા બીજું એક મુખ્ય કારણ એ છે કે, ધોલેરા કરતાં ભાવનગર-"નું બંદર ઓછું સવળ પડે એવું છે, માટે ભાવનગરનો ઠાકોર એ સરસ "બંદર દબાવી પડીને, તેની આબાદાની થતી અટકાવી પોતાનું બંદર ચડિયાતું "રાખવાને ઇચ્છે છે. આપણે તેમ થવા દેવું નહિ જોઇએ. આવી પોતાની મતલબ "પાર પાડવા સારૂ કેટલાક ગરાસિયાઓ સાથે ઠાકોર સંતલસ કરીને તેઓના "ભાગ લઈ લેવાની યુક્તિમાં ફરે છે, અને તેમનામાંનો એક ન્હાનો ભાગિયો "હાલોજી કરીને છે, તેણે તો પોતાનો ભાગ કયારનોય લખી આપ્યો છે.

"પણ તે ભાગ (ધોલેરાની ઉપજનો સેંકડે ૧૧ મા ભાગ કરતાં કાંઈ વધારે "થતો નથી) સર્વ ગરાસિયાઓના સામટા સ્વાર્થનો આપણી સાથે જે એકંદર "ઠરાવ થયો છે તે રદ કરી શકવા જેટલો થતો નથી, કેમકે પ્રમાણમાં તે "છેક ન્હાનો છે, તેમ જ વળી, એક ભાઈ મજિયારી મિલ્કત લખી આપે "તે રીતસર કહેવાય નહિ, તેમ જ આપણો દાવો દબાવી દેવા સારૂ ઠાકોરે "આવો દમ વિનાનો પ્રયત્ન પછવાડેથી કરવા માંડ્યો છે; અને સર્વ ગરાસિ- "યાઓએ એકઠા મળીને આપણી સાથે ઠરાવ કરવાને પ્રથમ દરખાસ્ત કરી "તે ઉપરથી જ એ પ્રયત્ન તેણે ચલાવવા માંડ્યો છે એમ વગર અંદેશે "અને વાજબી રીતે વિચારમાં આવી જાય એવું છે. આ ગરાસિયાઓનો "ગરાસ ધંધુકા પરગણામાં આવેલો છે, અને તેના ઉપર પેશ્વાની ખંડણી "લાગુ છે, તો પણ, ગરાસિયાઓની માંહોમાંહેની વ્યવસ્થાની વચ્ચે પડવાને "પેશ્વા માથું ઘાલતો જોવામાં આવતો નથી, ભાવનગરનો ઠાકોર ધોલેરા "લઈ લેવાને હવણાં પ્રયત્ન કરે છે, તથા જે ઠરાવની રૂઇયે તેનો ન્હાનો "ભાગ ઠાકોરને સ્વાધીન ખરેખરો કરવામાં આવ્યો છે તે ઉપરથી પણ "એ વાત પૂરેપૂરી જણાઈ આવે છે."

રાયસલજી અને માનાભાઇયે જે રસ્તો કહાડ્યો તે પ્રમાણે ધોળકા અને ધંધુકા પરગણાનાં ગામોના ઘણા એક માલીકો અને દાવાદારોએ તે રસ્તો પકડ્યો, અને સર મિગુઅલડી સોઝાની મારફતે અરજિયો કરી, તેમાં તેણે ઉલટથી આશ્રય આપ્યો. પણ આ પ્રમાણે બ્રિટિશ સરકારને જે ગામડાં આપવાની દરખાસ્ત કરવામાં આવી તે વીશ વર્ષ અથવા તે કરતાં પણ વધારે મુદતથી ભાવનગરના રાવળ, અને લિંબડીના ઠાકોર તેમ જ બીજા ઠાકોરોના કબ્જામાં હતાં તેથી, આ પ્રમાણે દાવાદાર લોકો નવા ઉઠવાથી તેઓનો દાવો બહુ જૂનો થઈ ગયેલો ગણીને કર્નલ વૉકર સામો થયો, તેથી ગામડાં લેવાની દરખાસ્ત બ્હાલ રહી નહિ. તેણે લખ્યું કે "કંપની સરકારને જે ગામડાંઓની જગ્યાઓ ઉદારતાભરેલી રીતે આપ- "વાને જે દાવાદાર ગરાસિયા ઉભા થયા છે તેઓના હક્ક પત્તા વિનાના, "દોદળા, અને તકરારી છે; તે સાથે વળી, તે જગ્યાઓ કયાં છે તેની "નિશાનિયો પણ ભાગ્યે જ રહેલી છે. વળી, તેઓની સરત એવી છે કે "જે ઉજ્જડ જમીન ખેડીને સારી સ્થિતિમાં આણેલી છે તેના હાલના "કબ્જેદારોને ખશેડીને ગરાસિયાના ફાયદાને માટે ગામ ફરીને વસાવવાં અને "તેની અર્ધી ઉપજ માત્ર કંપનીનાંજ સાધનથી તેઓને બાંધી આપવી એવી "તેઓ શરત કરે છે.*** કાઠિયાવાડમાં આપણા રાજકીય વિચાર અમ-

"લમાં લાવતાં જનકલ્યાણ ઉપર મુખ્યત્વે કરીને આપણે ધ્યાન પ્હોંચાડ-
"વાનું છે. અને માંહોમાંહે ગરાસિયા લડી મરે, અને વૈરભાવ રાખે તેનો
"લાભ લેવાને બદલે તેઓનું સમાધાન કરાવી આપવામાં કંપની સરકારને
"લાભ, પ્રતિષ્ઠા, અને માન છે."

સોરઠના દ્વીપકલ્પના કિનારા ઉપર બ્રિટિશ સરકારના હાથમાં નવી જગ્યાઓ આવી તેની છેક પાસેના તેઓના પડોશી ગોહિલ હતા તેઓના કારભાર વિષે વિષય અમે ફરીને પાછો ચલાવિયે છિયે.

ગોહિલોનો દસોંદી બારોટ કહે છે કે[1] પાદશાહનું રાજ્ય શાહુ રાજાના

---

[1] રૂપક છપ્પા.

શક્કા શાહકા ફરક્કા હુઆ શાહ હુવા ગજ શક્કા,
લગશા હલકા લગે આરબાંકા લાર.
લગે મક્કા પુર્બકા અડીને બદ્રકા લગે,
દુણા ટકા લેવે એસા પકા સુબેદાર. ૧
એહ ફરી ફરી આયા કમાયા મલક ગરી,
બણી સભા આવી કરી હાજરી બખત.
ગંદ્રવાં સંગીત ગીત કોઈ ભાત વાતા ગાતા,
તાતા થેઈ થેઈ રાજે પોરો તખત. ૨
શવાઈકી ઘોડી બાબા કાંક તોડી બોલા શાહ,
દલીકા મરોડી તોડી લીયાને સંદેશ.
હાથ જોડી દેશપતિ કોણ દેશ પેશ હુઆ,
તુઆ કોણ દેશ પેશ દેશકા નરેશ. ૩
લડી આઠ કાઠ લગે રાજરે નીમ ખેલિયા,
પાટ કીયા ભાઠ રાજ નાટ રાજ પેશ.
નરાં તરાં કાઠ બંધે તોય કાઠ આપે નાવે,
દરંગા તોપાકા કાઠ હે સોરઠ દેશ. ૪
પીર પઠા સુબેદાર બઠા દઠા કંઠા પીલા,
તઠા લખા પદા કીયા તઠાહી તાગીર.
અઠા જો સોરઠા જિતી આવતો સોરઠ આપું,
જઠા તઠા નગ્ર કઠા તઠાં હી જાગીર. ૫
ચઢાયા સુગટા પટા ઝટા પટ્ટા ચડે રોન,
વંશ ખડા સોઈ ઘટા ખેખટા વસાત,
વસ્તા રસ્તા શહેર સોઇ જાવે ઉપસતા,
રસતા ખસતા આયા છાયા ગુજરાત. ૬
જાડા શલે ખાના લહી દલીકા અસલી જાદા,
ખાગાં ઝલી આયા ભલે મુગલી ખંધાર;

હાથમાં આવ્યું, ત્યારે આરબોનું ટોળું એના ભેગું ભળી ગયું; તેથી તેણે મક્કા સુધી પોતાનું રાજ્ય વધાર્યું, અને પૂર્વમાં ભદ્રિકા સુધી પ્હોંચ્યું, તેના સુણે-

---

મહી વહી રત ચાલી રૂસ્તમ અલી માર,
હલે લાર બાર જુમલે એસી હજાર. ૭
કોલ પામી જમીદાર શીશ નામી એમ કહે,
કેઈ સામી નદે કોઉ સલામી ગામ ઠામ;
દાવો કોણ બાંધે અડે હમારો ગરીબ દાવો,
નમાવો ભાવો તો પાવી સતારે ઇનામાં. ૮
આયો ડેરા દેતા દેતા હેરા કરે ફરી આયા,
શીશકુ નમાયા ભાયા થે હો મેરા શામ;
કોટ બીયા ખેચ લીયા પેશ બીયા કીયા કેક,
કેંડે રોષ ધરી કીયા કોસ દો મકામ. ૯
પેંડે કુબો બાલા પાતી મંડે જાબી ભાવા પાસ,
શીહોરકા કોટ છંડું તો શંભુકા સોગન;
મંહુગા પ્રભાત ઝંડા ડંકુ શેહેર ચાર મેર,
મેરે તેરે ચાર પહોર રાતકા મગન. ૧૦
ચીઠી દીઠી ધ્રીઠી તાંતો ઝાંઝકોન ત્રિઠી ચઢી,
પંડા પીઠી દાખ મારા વછ ઠીકો પાપ.
ખેર ગયો પંડિતડો તણે કુંઠા આગે કહે ખડો,
બાટ બડો લડો કોટ ચડો મારા બાપ. ૧૧
નોબતાં નિશાન ગડે ચડે ફોજાં ખડે નોર,
નેડા અડે આયા અડે શીહોર નરંદ.
ભણેણે કોક બાણ ઠણેણે ઉગતે ભાણ,
ગણેણે નાળા ડાગોળા ધણેણે ગરદ. ૧૨
દોબળા ધુઆકા ગોટ તાકી ઓટ દહું દોટ,
ચલાયે કટકાં કોટ આમ સામી ચોટ;
લગે નાંહી ચોટ લડે લોઢ જાતાં કોટ લાગા,
લગે ચોટ લોટ પોટ જ્યું ખબુત્ર લોટ. ૧૩
ફડકે કડકે કેક બીયા સીસ ધુડ ફકે,
ન ધૃગંઢી રહી મહા ઝડ કેને દાન;
રદે ન થડકી બેઠા ભાવસિંહ રતનાણી,
મરેઠા કડકે બેઠા બડકે મેદાન. ૧૪
કાય તું હેરાન મળે કાનમાં દિવાન કીયો,
સામન આપકો રીયો સે નહીં સામાન;
કાય તું ગુમાન કરે મોર કહ્યો માન કંઠા,
માન આયો નહીં મારૂં લાગો આસ્માન. ૧૫

દાર એવા સત્તાવાન્ થયાં કે તેઓએ ખમણી ખંડણી લેવા માંડી. અને દેશ તાબે કરી લઈને તેઓ તેની પાસે પાછા આવ્યા. તે વેળાએ સર્વેને બોલાવ્યા, રાજસભા ભરાઈ, અને ગાંધર્વ ગાયન કરવા લાગ્યા તથા વાર્ત્તાઓ ક્હેવા માંડી; નૃત્ય થઈ રહ્યાં; રાજા ગાદિયે બિરાજમાન થયો. શાહુએ શિવાજીને કહ્યું:—"આપણે દિલ્હી તોડીને વિશાળ પ્રદેશ લીધો. હવે કિયા કિયા દેશ આપણે "જિતી લીધા છે અને કિયા કિયા જિતવાના બાકી છે?" ત્યારે શિવાજી બોલ્યોઃ— "તમારૂં લુણ ખાઈને મેં ઘણા દેશ લીધા છે, ભાટી રાજાને જિત્યો છે, પણ "સૌરાષ્ટ્ર એવો દેશ છે કે, તેમાં ઘણાં માણસો છે અને તોપોવાળા ગઢ છે, એ દેશ જિતાયો નથી." શાહુએ કંતાજી અને પીલાજી એ બે સરદારોને સરખેસરખા જોઈને એક લાખ વર્ષનો પટો તેમને આપ્યો અને કહ્યું: "જો "સોરઠ તમારાથી જિતાય તો હું તમને આપું છું; અને ત્યાં જે જે શહર હશે "તે સર્વે તમને જાગીરમાં આપીશ." એમ કહીને તેઓને રાજપદ આપીને શીરપાવ કર્યો, સેના તાબડતોબ ચાલવા માંડી; તે વસ્તીવાળી જગ્યાઓ ઉજ્જડ કરતી આગળ જઈ પ્હોંચી, અને ગૂજરાત આવીને તેનો કબ્જો કરી લીધો. દિલ્હીના સરદારો લડવાની સામગ્રી લઈને તેઓને મળ્યા. મોગલાઈ તરવારો તેઓએ ખેંચી. રૂસ્તમઅલ્લી એંશી હજાર ફોજ લઈને આવ્યો હતો તે આ લડાઈમાં પડ્યો. જમીદાર માથાં નમાવીને ક્હેવા લાગ્યાઃ—"તમે અમારા ધણી છો; દરેક ગામમાંથી તમને સલામી મળશે; "અમે ગરીબ છિયે, તમારી સાથે તે કોણ લડનાર છે! પણ તમે ભાવને "જિતી લેશો તો સતારામાં તમને ઈનામ મળશે. ભાવે અમને બહુ પીડા "કરી તેથી અમે તેને માથું નમાવીને કહ્યું કે, 'તમે અમારા ધણી છો.

ગુષ્ટી હું કરે ગીયા કંઠા તો ડાડદ ગીયા,
કુચ કીયા ડેરા પાડે ઉપાડે મકામ;
ગીયા નાંહી ઘરે ફરે જાતા જાતા મરે ગીયા,
રાવ ધરે નકે ગીયા અસા ગીયા રામ. ૧૬
ફેરે સાબ આઈ શાઉ રાવતાં બોલાયા ફેરે,
અરે સબે ઘર આયા કબાયા આલમ;
પીલા કંઠા નાઠા ફેરે, અહે કહે ફતા પાયા,
મતા પાયા ખતા પાયા ન પાયા માલમ. ૧૭
ફેર રાવ તાણ કાવે નાવકા નીયાવ ફાવે,
જાવે જાવે સોઈ જાવે કછુ આવે જોય;
ચુગો હતો લાવે જે તો છોરવાંકો છોરૂ ચાવે,
ભાવાકુળ લેવા જાવે, ન આવે ભવોય. ૧૮

"તેણે ઘણા ગઢ લઈ લીધા છે" કંતાજિયે જ્યારે આવા શબ્દો સાંભળ્યા ત્યારે તેને હાડોહાડ લાગી ગઈ, તેથી ત આવ્યો અને સિહોરથી બે કોસને છેટે તંબુ તાણ્યા અને એક બ્રાહ્મણને બોલાવીને ભાવના ઉપર કાગળ લખી મોકલ્યો, તેમાં લખ્યું કે, "સિહોરનો ગઢ આપી દ્યો, નહિ તો શંભુના તમને "સમ છે. સવાર થતામાં તમારા શહરની આસપાસ મારા વાવટા ફરકા- "વવામાં આવશે. હું રાત્રિના ચાર પ્રહર તમને આપું છું." ભાવસિંહ તેની લખેલી પત્રિકા વાંચીને કોપાયમાન થયો. તેણે બ્રાહ્મણને કહ્યું કે, "તું મને "પીઠ બતાવ કે તને મારી નાંખવાનું પાપ મારે માથે બેસે નહિ." બ્રાહ્મણ જતો રહ્યો અને તેણે કંતાજીને કહ્યું કે, "સવારમાં તમે નિકળો અને "એની સાથે લડો."

નોબતો ગડગડી, સેના ચાલી, અને સિહોરમાં જ્યાં મનુષ્યોનો ઈંદ્ર (નરેન્દ્ર) બિરાજ્યો હતો ત્યાં કંતાજી આવી પ્હોંચ્યો. કોકબાણ ઉડવા લાગ્યાં, તોપોના ગોળા રમકારા લેવા લાગ્યા, અને ડુંગરા ગાજી ઉઠવા માંડ્યા. બન્ને બાજુએથી ગોળા ચાલ્યા. કિલ્લામાં વસનારાઓને તેઓનાથી કાંઈ હરકત થઈ નહિ, પણ હલ્લો કરનારાઓને કબૂતરની પેઠે વિખેરી નાંખ્યા, જે બ્હાર હતા તેમાંથી ઘણા પડ્યા, અને ધૂળ ખાવા લાગ્યા. કિલ્લામાં રહેનારા ડગ્યા વિના રહ્યા. રતનસિંહનો પુત્ર ભાવસિંહ જરા પણ ડર્યો નહિ. મરાઠા થાકી ગયા. દિવાન બોલ્યો:-"તમે તમારી મેળે દુખી શું કરવાને થાઓ છો? "આપણું દારૂખાનું અને ફોજ બહુ ઓછી રહી છે. મારી સલાહ સાંભળો. "આકાશ જેવડો ઉંચો મેરૂ આપણા હાથમાં આવ્યો નથી." આ પ્રમાણે કહીને તેઓ પોતાના તંબુ ઉપડાવી ચાલતા થયા. કંતાજી ઘેર પાછો ગયો નહિ. તે રસ્તામાં મરણ પામ્યો. તે પોતાના રાજાને ત્યાં ગયો નહિ. પણ તે યમને ઘેર ગયો.

બીજું વર્ષ આવ્યું. ત્યારે શાહુએ વળી પાછા પોતાના રાવતોને એકઠા કર્યા. અને બોલ્યો: "દેશ જિતીને તમે સર્વ આવ્યા? પીલાજી "અને કંતાજી કહિં હાર્યા છે કે શું? જે તે જાતે પાછા આવ્યા નથી? "એમની શી વલે થઈ છે?" ત્યારે રાવતો બોલ્યા:-"જે કોઈ જાવે જાય "તે તેનાં છોકરાંનાં છોકરાંને ચાલે એટલું દ્રવ્ય લઈને પાછો આવે, પણ જે "ભાવની સાથે લડવા જાય તે કદિ પાછો આવે નહિ."[1]

---

૧ ગૂજરાતમાં એક ક્હેવત ચાલે છે કે:—

"જે જાય જાવે, તે કદિ ન આવે;
જો તે આવે તો તેનાં પરિયાંનાં પરિયાં ચાવે." ર. ઉ.

આગળ લખવામાં આવ્યું છે તે પ્રમાણે ભાવસિંહ ગોહિલે પોતાની રાજધાનીનું શહર ભાવનગર ઈ૦ સ૦ ૧૭૨૩ માં વસાવ્યું[1] તે સાહસિક અને બુદ્ધિમાન્ ઠાકોર હતો, અને તેના મરતાં પ્હેલાં વસાવેલા શહરને વ્યાપારનું મુખ્ય સ્થાન થયેલું જોવાનો[2] લાભ તેને મળ્યો હતો. તે સમયે મોગલ રાજ્ય પડતી દશામાં આવી પડ્યું હતું તેથી હુલ્લડ ચાલવાને લીધે દરિયા રસ્તે અવરજવર કરવાનું કામ ભયભરેલું થઈ પડ્યું હતું; તથા વ્યાપારને અંગે જુલમભરેલા કર લેવામાં આવતા હતા. ગોઘા અને ખંભાતને રક્ષણ મળતું બંધ થયું હતું, તથા અમદાવાદની સાથેનો લાભ-દાયક વ્યવહાર ઓછો થયો હતો તે પ્રમાણમાં એ બે બંદરોના વ્યાપારને હાનિ પ્હોંચી હતી. ત્યાં થોડા લોકો રહ્યા હતા; મહી નદીના મુખ પાસેથી તે સિંધુ નદી સુધીનો કિનારો લૂંટારા લોકોના કબ્જામાં જઈ પડ્યો હતો, તેઓ વ્યાપારિયોના માલને નજરમાં આવે તેમ લૂંટી લેતા; અને દરિયામાં ચાંચવા લોકો ફર્યાં કરતા હતા. એટલા માટે ભાવનગરમાં[3] તેના ગજા પ્રમાણે શક્તિ ધારણ કરનાર રાજા થવાથી ઘણો લાભ થાય એમ હતું અને

---

૧ એ પ્રમાણે ગોહિલ વંશના દસોંદી ભાટ કહે છે. કર્નલ વોકરના કહેવા પ્રમાણે એ નગર ઇ૦ સ૦ ૧૭૪૨-૪૩ માં સ્થપાયું. પણ એ તેની ભૂલ છે. એક દિવસ ભાવ-સિંહજી સિહોરથી રૂવાપરી માતાનાં દર્શન કરવા ગયા હતા, તેવામાં વડવા ગામ નજીકના રમણીય મેદાન આગળ જઈ ચડ્યા; આ એક બાજુ આવેલી સુંદર દરીયાની ખાડી, એક તરફ સિહોરનો મનોહર કિલ્લો અને પાલીતાણાના ડુંગરા, બીજી બાજુએ સમુદ્રનો વિસ્તાર અને પીરમ બેટનો અદ્ભુત દેખાવ ઇત્યાદિ મનોહર કુદરતી રચના જોઈ મનમાં બહુ પ્રસન્ન થયા અને ત્યાં શહર વસાવવા વિચાર ઉપજ્યો. સિહોરમાં આશરે ૧૫૦ વર્ષથી ગાદી હતી, અને તે સ્થળ ઘણી વાતે અનુકૂળ હતું, પરંતુ દરિયાઈ લ્હેરવાળા શહર વિના વ્યાપારની અઢળક ઉપજ અને જોઇતો સુધારો થતો નથી, ઇત્યાદિ વિચાર દૃઢ કરીને પંડિત બોલાવી મુહૂર્ત નક્કી કર્યું. પછી સંવત ૧૭૭૯ ના વૈશાખ શુદ ૩ ને રોજ ચડતે પ્હોરે પોતાના નામથી ભાવનગર વસાવી પોતે ત્યાં રાજધાની કરીને રહ્યા. ઇ૦ સ૦ ૧૭૨૩. ર. ઉ.

૨ સુરતના સીદી કિલ્લેદાર સાથે તેમણે નીચે પ્રમાણે ઠરાવ કર્યો હતો:—

સને ૧૭૩૯ ની સાલમાં ભાવનગરના મહારાજા અને સુરતના કિલ્લેદાર વચ્ચે એવો ઠરાવ થયો કે એક પક્ષે મહારાજાએ બંદરની જકાતની ઉપજમાંથી $૧\frac{૧}{૪}$% સવા ટકો સીદીને આપવો અને સુરતથી ચઢતા વ્યાપારીઓના માલ ઉપર ઓછી જકાત લેવી; બીજે પક્ષે સીદીએ ભાવનગર બંદરને ભાવનગર રાજ્યના વૈરી સામે મદદ કરવી, અને ભાવ-નગરના વ્યાપારીઓનો માલ સુરત જાય તેના ઉપર બિલકુલ જકાત લેવી નહિં. સને ૧૭૬૦ માં દિલ્હીના બાદશાહે સુરતના કિલ્લેદાર સીદીનો હક્ક બ્રિટિશ સરકારને સ્વાધીન કર્યો, ત્યારથી ભાવનગર રાજ્ય અને બ્રિટિશ સરકાર વચ્ચે મૈત્રીનું બીજ રોપાયું. ર. ઉ.

૩ ભાવનગરના રાજાની વંશાવલિ પ્રથમ ભાગના બીજા વિભાગના ગોહિલના પ્રકરણમાં આપી છે તે જોવી.

તે પ્રમાણે ત્યાંનો ઠાકોર વ્યાપારને આશ્રય આપવાને શક્તિમાન્ તેમ જ ઉત્સુક હતો. આ વેળાથી ગોહિલ રાવળોનો મુંબાઈ સરકાર સાથે વ્યવહાર ચાલવાનો પ્રારંભ થયો, અને કર્નલ વૉકર કહે છે કે "તે વેળાએ આ "ઇલાકાનો વ્યાપાર અને સાધન એ બન્ને હાલની વેળા કરતાં બહુ ઓછાં "હતાં, (ઈ૦ સ૦ ૧૮૦૭) એવે પ્રસંગે ભાવનગરના ઠાકોર સાથેની મિત્રતા "પરિશ્રમથી અને લક્ષ દઈને કરવામાં આવેલી જણાય છે."

ભાવસિંહની પછી ઈ૦ સ૦ ૧૭૬૪–૬૫ માં તેનો કુંવર અખેરાજજી ગાદિયે બેઠો. તે સામાન્ય રીતે ભાવાજીના નામથી પ્રસિદ્ધ હતો. તે લોભી સ્વભાવનો ન હતો, તેમ જ લડાઈ કરવામાં પણ તે ભાવ રાખતો નહિ. તે સમયે તલાજા અને મહુવા જે કોળિયાના તાબામાં થઈ ગયાં હતાં, અને જેઓ વ્યાપારીઓના ઉપર તથા દરેક જાતના લોકોનાં વ્હાણો ઉપર હલ્લા કરીને પોતાનો નિર્વાહ પોતે કરી બેઠા હતા તેઓના ઉપર હલ્લો કરીને તલાજા તથા મહુવાને તોડી પાડવાને મુંબાઈથી ફોજની ટૂકડી રવાને કરવામાં આવી ત્યારે પોતાના બંદરના વ્યાપારને ઉત્તેજન આપવાને, અને તેનું રક્ષણ કરવાની અગત્ય પડવાને લીધે, રાવળ ફોજ લઈને તેઓને મળ્યો. તલાજાની જિત કરી લીધા પછી, બ્રિટિશ સરકારે તે શહર રાવળ અખેરાજજીને આપવા માંડ્યું, પણ તેણે વિવેકને લીધે લેવાની ના પાડી. તે ઉપરથી ઇ૦ સ૦ ૧૭૭૧ અથવા ૧૭૭૨ માં તલાજા ખંભાતના નવાબને આપ્યું; ત્યાર પછી સુમારે એક વર્ષે રાવળ અખેરાજજી મરણ પામ્યો. તેની પછવાડે તેનો કુંવર વખતસિંહ ગાદિયે બેઠો.

રાવળ વખતસિંહ આતાભાઈને નામે વધારે પ્રસિદ્ધ હતો. તે તેના બાપના કરતાં વધારે લોભી અને સાહસિક હતો. ઘણા પ્રકારની પ્રાપ્તિ કરી લઈને તેણે પોતાનું રાજ્ય વધાર્યું અને વ્યાપારનું રક્ષણ કર્યું. તેનો દસોંદી કહે છે કે "સંવત ૧૮૩૬(ઇ૦ સ૦ ૧૭૮૦)માં શ્રી વખતસિંહજીયે "નૂરમહંમદને મારી ક્હાડીને તલાજુ લીધું, અને ઝાંઝમેર પણ સ્વાધીન "કરી લીધું. તેજ વર્ષમાં કોળી જસા ખશિયાને મારી ક્હાડીને મહુવા "બંદર લીધું." કર્નલ વૉકર કહે છે કે, ખંભાતના નવાબ પાસેથી તલાજા ક્હાડી લેવા સારૂ વખતસિંહે બળ અને યુક્તિ એ બંનેનો ઉપયોગ કર્યો હતો; વળી તે કહે છે કે રાવળે ત્યાર પછી તરત જ વાલાકના પરગણામાં (અસલ તે વાલા[૧] રજપૂતના તાબામાં હતું તે ઉપરથી તેનું એ નામ

૧ વલ્લભીપુરનો નાશ થવાથી ત્યાંના રાજાનો વંશ ઈડર પછી મેવાડમાં ગયો. ત્યાંથી વળી એક શાખા ગુજરાતમાં આવી, જે આજે ધર્મપુરમાં છે. મેવાડમાં બાપા-

પણું હતું.) પોતાની સત્તા બેસારી, પણ તેમાં સરવાયા જાતિના લોકોનાં ગામડાં બાતલ મૂક્યાં હતાં; વળી બ્રિટિશ સાથે મળીને મહુવા ઉપર ચડાઈ કરીને આગળ તેને તોડી પાડવામાં આવ્યું હતું તેને કિલ્લો બાંધીને ફરીને વસાવ્યું અને તેને આબાદાની પામતું એક બંદર કરી દીધું.

કર્નલ વૉકર કહે છે કે, "આ ઠેકાણે જાણવું જોઇયે કે આ મૂલ્યવાન્ દેશ "અને વિસ્તીર્ણ સમુદ્રકિનારાની પ્રાપ્તિ તેઓને થઈ તે ચાંચવાનો ધંધો કરનારા "લોકો પાસેથી થઈ, અને ભાવનગરના ઠાકોરોએ પોતાની મતલબને માટે ગમે "તે ત્રાસ અને લોભના ઉપાય કર્યા હશે તોય પણ તેઓની છેવટની મત- "લબ તો વ્યાપારનું રક્ષણ કરવાની હતી. આ રાજનીતિની સારી અસર "બહુ જ થઈ, અને વ્યાપારનું રક્ષણ કરવાની આવી નિયમિત રીતિને લીધે "કુંપની સરકારની રૈયતના કિનારા ઉપરના વ્યાપારને દરેક જાતની સુલભતા "મળી. આ રાજનીતિથી થતા ફાયદા શોધી કહાડવાનો વિચાર ભાવ- "નગરના રાવળોને પ્રથમ જ સૂઝ્યો; તેમ જ તેઓની રૈયતને લૂંટફાટ "કરીને ગુજરાન કરવાની ટેવ પડી હતી તે છોડાવી દઈને મ્હેનત કરી "પૈસા પેદા કરવાનો ધંધો કરવા ઉપર તેઓનું મન લગાડવાની સૂચના "કરીને તેઓને સુધારી દેવાનો તેમનામાં અજાયબ જેવો ગુણ હતો; જે "કિનારા ઉપર આગળ લૂંટફાટનો ધંધો ચાલતો હતો તે બંધ કરાવીને તે "ઠેકાણે વ્યાપારિયોના જાનમાલની તેઓએ નિર્ભયતા કરી દીધી, તેથી "નિરંતર ઘણા[1] લાભ થવા લાગ્યા. તેમ જ વળી, આ ઠેકાણે લખવું જોઇયે

રાવળના વંશજ રાણા રહપ(ઇ. સ. ૧૨૦૧-૧૨૩૯)ના વંશજ રામરાજા અથવા રામશાહે ગુજરાતમાં આવી અલીરાજપુરમાં ગાદી સ્થાપી.

૧ દોલત-વ-ઇખકાબ-પનાહ-સોકતવ-ઇજલાલ દર-તગાહ-ઇસાન દોસ્તોના ભરોંસાદાર મોટા ખાન-દાનવાલા રાજા આતાભાઈ બીખતસંઘ પરમેશ્વર તમને સલામત રાખે.

દોસ્તીની નીશાનીઓની મુબારકબાદી અને ઘણી દવા આપના દોસ્તીના શણ-ગારના વિચારને જાહેર કરીએ છઇએ. કેટલોક વખત થઓ છે તે દોસ્તીની રીતનો પત્ર તા૦ ૫મી માહે જીલ્હદનો આવ્યો તેનો જવાબ આથી અગાઉ લખાત પણ ઘણાં કામોને લીધે ઢીલમાં રહ્યું. આપે લખેલ હતું કે વાઘનગરના કોળીઓને આ તરફથી કાઢી મુક્યા. સુરત અને મુંબઇનાં બંદર મુબારકના વેપારીઓને માટે મજકુર બંદર સાફ થઓ એટલા માટે કે ખુશી દિલથી તેઓ હવે બંદર મજકુરના વેપારના કારોબારમાં કામે લાગે. આપ દોસ્તદારનો આ નાલાએક ચોરો ઉપર ફત્તેહ અને જય હોવાથી મારા મનની ખુશી વધી અને બંદર મજકુર આપ ઇકબાલના નીશાનના સજ્યના લાગતા-

"કે, જ્યાં લોભની વાત આવેલી ત્યાં વખતસિંહે પ્રતિષ્ઠાનો અને ન્યાયનો "વિચાર થોડો જ રાખ્યો છે. પોતાની સત્તા વધારવાને, અને પોતાની મતલબ "બર આણવાને અગર જો તેણે દમ રાખીને અને ઘણું કરીને વિચારથી "ઉપાય કામે લગાડ્યા છે, તોય પણ તેનો ઉઠાવ પોતાના સ્વાર્થને લીધે જ "માત્ર થયેલો અને તે ઉપાયનો અમલ કરતી વેળા બેદરકારપણે બળ પ્રપંચ, "અને યુક્તિ કામે લગાડેલાં છે."

આવા પ્રકારના સાધનને લીધે ગૂજરાત, સોરઠ, અને મારવાડનો માલ ભાવનગર આવવાને, અને ભાવનગરનો માલ એ દેશો ખાતે જવાને, ભાવનગર મુખ્ય સાધન થઈ પડ્યું; અને વ્યાપારિયોને ત્યાં ઉત્તેજન મળવા માંડ્યું, તેથી, ઘણા પૈસાવાળા લોક ત્યાં આવી વસવાને લલચાયા, અને એની પાસેનું ગોઘા બંદર એના કરતાં બહુ સગવડવાળું હતું, તે, તરત જ ભાગી પડવા આવ્યું.[1] ગોહિલ ઠાકોરોનો ઉત્તમ વિચાર અને રાજનીતિનો એક દાખલો આપતી વેળાએ કર્નલ વૉકર એક જાણવા જેવું પ્રમાણ આપે છે કે, ગોઘાનું બંદર તે વેળાએ પેશ્વા સરકારના તાબામાં હતું. ત્યારે તે સરકારને વ્હાણો ભાગવાથી ઓલનો માલ કબ્જામાં આવે તેના, અને મ્હોટાં વ્હાણોની દર વર્ષે ઉપજનું એક સાધન થઈ પડતું હતું, અને ગોહિ-

વળગતાને કબજે થઈ માટે આ ખુશીના પત્રથી મુબારકી આપીએ છઈએ. ને ઉમેદ છે કે એ ખુદાનો આપેલો તાલુકો તે મોટા ઇવાલા અને જોરાવર દેખાવના ખુદાની મદદથી હંમેશાં આપ ઇકબાલના નીશાનના કબજે સ્વાધીન રહો જેથી કરીને તે તરફની તમામ ચોરીઓ બંધ થાએ અને વેપારીઓનાં વહાણોને મજકુર ચોરો લૂટ કરે છે તે વેપારીઓને નફો થાએ. કદાપિ જો નવાબ હામદખાં વાઘનગરના કાઢી મુકેલા કોળીઓને આશરો આપશે તો અમો દોસ્તના દિલની સમપુરણ નાખુશીનું કારણ થશે. વિશેષ કરીને એ કે આપની ઇચ્છા પ્રમાણે અમે શક્તિવાન નથી કે હમણાં આપ દોસ્તદારની મદદ કરીએ. ઈશ્વર ઇચ્છાએ કરીને ઉમેદ છે કે મજકુર નવાબ કદિ આપ દોસ્તદારના કામ વીશે ખરાબ વિચાર કરશે નહિં. ને ખુદાની મહેરબાનીથી આપ દોસ્તદારને ઇકબાબની નીશા-નીવાળી કુંપની બહાદુરની મદદની દરખાસ્ત કરવાની જરૂર પડશે નહીં. આપ એકીન કરશો કે અમો હંમેશાં દિલથી આપના મરતબાઓ અને દોસ્તી અને ફત્તેહ અને જયનો વધારો ચાહનારા છઇએ. હવે દોસ્તી અને પ્રીતિના વધારાની ઇચ્છા વના વધારે શું લખીએ. ખુશી અને એશના દાડા હંમેશાં સુખ ભોગવવામાં રહો.

મુંબઈ, તા૦ ૧૪ ડીસેંબર સં. ૧૭૮૫.

ર. ઉ. અંગ્રેજી અક્ષરે સહી.

૧ ત્યાર પછી તો ઉલટાસુલટી થઈ ગયું છે; ગોઘાનો વ્યાપાર ચાલુ થયો છે, અને ભાવનગરનો પડતી દશામાં આવી ગયો છે. ર. ઉ.

લના તાબામાંના કિનારા ઉપર સર્વ ઠેકાણે તેઓનું રક્ષણ થતું હતું અને વ્યાપારિયોને તેમનું જે હોય તે પાછું આપવામાં આવતું હતું.

ઇ૦ સ૦ ૧૭૯૨ માં ભાટની દંતકથા પ્રમાણે, વખતસિંહને કાઠિયો સાથે વેર બંધાયું, ત્યારે તે કટક કરીને મોજે ચીતલ ગયો, એટલે બધા કાઠિયો નાશી ગયા. અને વખતસિંહજિયે ચીતલ[1] લૂંટીને ત્યાંનાં ઘોડાં, ઊંટ અને ગાડાં વગેરે ઘણોએક માલ લઈ લીધો, પછી કુંડળે જઈને વાવટો ચડાવ્યો.[2]

બધા કાઠિયો જૂનેગઢ જઈ ત્યાંના નવાબ અહંમદખાનને મળ્યા અને કહ્યું કે, વખતસિંહજિયે અમારો બધો ગરાસ ખુંચી લીધો. નવાબ પછી ફોજ લઈને આવ્યો ત્યારે ચાળીશ હજાર માણસોની ફોજ લઇને ઠાકોર

---

૧ એ ચીતળની લડાઈનું ચિત્ર સિહોરના દરબારી મ્હેલમાં છે તે ઉપરથી ગંજીફાના આકારમાં મહારાજા સર ભાવસિંહજી કે. સી. એસ. આઈ.એ છપાવી બહાર પાડ્યો છે, તે બહુ મનોરંજક છે. ર. ઉ.

૨ વખતસિંહજીયે જે ગઢો વગેરે દમ પર દમ બાંધીને એક પછી એક લીધેલા તેનું વર્ણન શ્રી ફાર્બસ ગુજરાતી સભાના હસ્તલિખિત પુસ્તકોના સંગ્રહના અં. ૩૪ ઘ. વાળા ગીતમાં કરેલું છે. તે નીચે આપેલું છે:—

ઠાકોર વખ્તસિંહજીનું ગીત સપાખરૂં

પ્રથમ લિયો ગઢ તલાજો,[1] બંદર સરતનપર,[2] તેમ ઝંઝમેર[3] અઠ બદ્રતામાં;
મવા[4], ભાદ્રોડ શિરમોડ મરદાં પરદ, શરદ ઝુલાપુરી નદી શામા. ૧
ગાંજીયા દેશ નાઘેર, ઉનાગરા, રાજુલે તખતંત્ર બાબુ રડીયા,
ઊંડલે દો ભુજે મીતપર આણીયા, છત્રપતિ કુંડલે ઝંડા ચડીયા. ૨
થરૂ કરી ચાંદગર અને સલડી થકા, વેહેદ ઇંગલિયે ડંકા વાગા,
શહર લાઠી કરી બાબરા સામળી, ભડ લીયા ગાભરા હોઈ ભાગા. ૩
ગઢપતિ રાવલેં ગુંદ્રગઢ ગાલીયો, નવડ ગઢડા ઘસ એકનો રે;
પોહોલિ બોટાદ, ભીમડાદ તેં પાણવી, કાઠીયારી અરિ હરપરાકો રે. ૪
કૌરવા જેમ ઝાંઝેરિયા કોપિયાં, મરદ ઘર અડાડય ખેલ માતે,
જોધ ભાવાહરો ભીમ પાંડવ જેહી, આંબલી પીપલી કરી આતે. ૫
હેકણી બાજુએ સમુદ્ર મોજાં હુવો, હેકણી બાજુએ હસમ હાલે,
હુંડ ભડ ચોકટી અડગ કીધો હુવો, તણા સબ માલરી જાુવો તાલે. ૬
લાજ રખ મણહરા કેક ખાલા લિયણ, કવિ એકી રસણ કહે કેતા,
પાટકે બેટ પેરંભરો પાતસા, અતલબલ ભોગવે દેશ એતા. ૭
હાથ વખતે ઘણા ભેદ વખતા હુવા, પ્રથી રમપાલરો દેશ વખતો,
શિઓરો પાટવી જગોજગ સલામત, વખતવત ભાવાણે તખત વખતો. ૮

(ઝંઝમેર=ઝાંઝમેર: નાલાપુરી=કરલા ગામ પાસે. ગુદ્રગઢ=કાઠીનું ગામ હતું. અરાડમ=પરગણું=હસમ સ્વારી.)

તેમની સામે ગયો, અને મોજે પાટણને મેલાણે નવાબ સાથે તોપોની મ્હોટી લડાઈ કરીને તેની પાસેથી મોજે રાજુલુ લીધું. પછી, જેઠવા રજપૂત જિયાજિયે નવાબ અને રાવળ વચ્ચે સલાહ કરાવી આપી અને કસુંબા પીધા. પણ રાવળને તો કાઠિયો સાથે બાર વર્ષ સુધી વેર રહ્યું.

અમદાવાદનો છેલ્લો મુસલમાન રાજકર્ત્તા કમાલઉદ્દીન અથવા જવાન મર્દખાન બાબીના કુટુંબવાળાના હાથમાં આ વેળાએ જૂનાગઢ હતું.

ઉપરની લડાઈનું વર્ણન[1] કવિતા રૂપે થયેલું છે, તેની મતલબ નીચે

---

૧ **ગીત**; શ્રી ફાર્બસ ગુજરાતી સભાના હસ્તલિખિત પુસ્તકના સંગ્રહમાં અં. ૩૪ ૬માં આ પ્રસંગનું વર્ણન કરેલું છે, તે નીચે આપેલું છે:—

વખતસિંહજીનું ગીત

ચોંપે આવીયા નવાબ સેન કાઠીઆંકી ધરેં ચાડ
અડે નકો ગઢે કોટે ગામડે અશેશ.
ચડે જટાધાર ક્રોધ કેના જાણ્ણા ઇન્દ્ર ચઢે,
વઢે વાજવનાં સામાં ચઢે વખતેશ. ૧.
ત્રંબાળાં રણકે ધોસાં ઠણકે ગરંદા હુક,
શેશરા સળકે, વોમ ઝળકે શમંદ્ર.
ભજાળી. શક્તિ તેક ભજાહું ,પ્રલકે ભાણ,
નબાબાં સાંહમો સકે અખેરાજનંદ. ૨
અસંખા રોહલા સંધી પઠાણ્ણા ઘલુર આયા,
ઘણા અરબાંણાં ધાયા બજે ત્રાસા ઘાવ.
આતાતન ભ્રાતા સોત શા મહાત વરલેં આય,
આયા ભલાં કાજ બાબી ચોડે ખેત આવ. ૩
હેઠાળાં દોવળાં દળાં તો પાકી સલામી દીધી,
કીધ ઝંડા થંડા લે મોરચાબંધી કીધ.
કીધો કો સાંકડે ફેર હેમદે વચાર કીધ,
દીધનાં દોકડા આણે રોક માર દીધ. ૪
નવારાં નવાજ ઠાઠ મધ્ય રાત લહી નાઠા.
થરૂ ટાલે હોલે કાગ ટાંગા જેમ થાય,
નંદ મોબતાંકા ભાગા એડ બેડ ગણે નાહી.
જવ નાહેડવે આતો કેડ લીધે જાય. ૫
પરાઠી કીનાઠી ફોજ લાઠી મહેલ ગઈ પરી.
અખે કાઠી કહેનકે ભાગીયાં ઊગાર,
અધિપતિ સિહોરકો માર માર થકો આયો.
શલાબતં બાંદરકા ૄ બરદાં સંભાર. ૬
એરશા ખરાઈ કરી ફરી સો પાટણે આયા.
કાયા માયા દૂર કરી ધરી ક્રોધ કામ.

પ્રમાણે છેઃ–"નવાબ પોતાની સાથે કાઠી લોકોની ફોજ લઈને તરત જ "ચઢ્યો; કિલ્લામાં, દરબારમાં, કે ગામમાં એક માણસ રહેવા દીધું નહિ. "તે જેવો ક્રોધાયમાન થઈને આવ્યો તેવો જ વખતસિંહ બીજો ઈંદ્ર હોય તેમ "યવનની સામે થવાને ચડ્યો. નોબત થઈ, અને ડંકો વાગ્યો, તેથી "પર્વતનાં શિખર ગાજી ઉઠયાં, શેષ નાગ કંપવા લાગ્યો અને દરિયાનાં "મોજાં આકાશ સુધી ઉછળવા લાગ્યાં. તેના હાથમાં સૂર્યનાં કિરણની "પેઠે બરછી ચકચકવા લાગી; નવાબની સામે તો અખેરાજનો પુત્ર ચડી "શકે, બીજાનું ગજું નહિ. અગણિત રોહિલા, સિંધી અને પઠાણ આવ્યા, "ઘણા આરબ પણ ડંકો કરતા આવ્યા. આતાભાઈ પોતાના ભાયાતોને

ઢલેતાં બજરાં સામી આધા કોશ પલે ધરી,
મારૂ હરી હરી કરી માંડીયાં મકામ. ૭
દેવતાં.દહીતાં જેમ આમ સામાં ઝુંબે દળાં,
લુંબે કાળાં ગજા નેડાહ બેલટીચાલ.
ગહકે શબદાં પંચ તુર ભેર ત્રાંબાગળાં,
લડવા વીજળાં ખલાં આંકડેલાં કાલ. ૮
ધકે પ્રલયકાળાં નાળાં ચહુ ચકે પડી હાક,
દોરંગી બેરખાં છુટી બહે દીન દીન.
લંગોર વખતાવાળા જીન તીર હોર લાગા,
મીયાં તીન પહોર મોહ માની ગયા મીન. ૯
કરાવે વશટી સાંમી અરજાં, ઊલટી કરે.
કુલાંકી પલટી રીત ઉપાડું કુરાન
દીયા મેં શાજીલા તોય કુંડલા ચીતળ દીયા
જહી માન તોય પ્રભુ દહી સારી જાન ૧૦
કરી પરવાના ઓર સરી મોર છાપ કીની.
પોરવાળા ધીર માના મીછવે પ્રવીન
બંકા ફટિ સખાયતાં હુઇરીયા હાકા બાકા
હુવા સોરઠકા સૂબા તરે શંકા હીણા. ૧૧
કુપા વાજસુર દાહા જણી રાન ભાર કશા
નાથ પેરમરા ઘેર જીતરા નીશાણ
બરા ભાંજે બાબીયારા કાઠીયારા કુજાબરા
હરા ભાવા તણા અજાજુતરા હાલાણ. ૧૨
શતં રતનેશ ભાવા અખેરાજ નીર ચાડે
રંજાડે પરજાં કોટ પાડે દિગા રેશ
મેદીની મંગળ ગાયા સોવનકી વૃખા મંડી
બડી ફતે પાયા ઘરાં આયાં વખતેશ. ૧૩

"લઈને તેમની સાથે લડવાને આગળ ચાલ્યો. 'બાબી તમે ઠીક મતલબ માટે
"આવ્યા છો! ઘોડે અશ્વાર થાઓ અને લડાઈમાં આવો.' પછી તેણે મોરચો,
"બાંધ્યો, તોપની સલામી આપી અને તેને દિલગીરીમાં નાંખ્યો. હેમદે વિચાર્યું
"કે મને પૈસાના કરતાં વધારે ઘા મળશે, એટલે રાજડંકો કર્યા વિના
"અર્દ્ધી રાત્રે તે નાઠો. કાઠિયોએ પણ અહિં તહિં કાગડાની પેઠે ન્હાસવા
"માંડ્યું. મોહોબતખાનનો દીકરો નાઠો, અને તે કિયે રસ્તે નાઠો તેનું પણ
"તેને ભાન રહ્યું નહિ. યવનની પછવાડે આતો પડ્યો. સિહોરનો ધણી
"આગળ ધપતો ગાજી ઉઠ્યો કે,—'મારો! મારો! સલાબતખાનની[1] આબરૂ-
"ની ખબર લો.' તે પોતાના દિલથી દોસ્તી દૂર કરીને કોપાયમાન થઈ
"પાટણ મેલાણ કરીને પડ્યો, તે ગામ શત્રુના સીમાડાથી એક કોશ દૂર
"હતું! હરિ! હરિ! કહીને તેણે પોતાનું મેલાણ કર્યું.

"દેવ અને દાનવ લડવાને તૈયાર થયા હોય, તેમ કાળા હાથી અને
"લાંબી કેશવાળીના ઘોડા ઉભા રહ્યા. પાંચે પ્રકારનાં વાદિત્રોના નાદ થવા
"લાગ્યા; લડવાને માટે તરવારો, વિજળીની પેઠે ઝબુકા લઈ રહી; જાણે
"છેલ્લો દિવસ આવી પ્હોંચ્યો હોય તેમ સૌને લાગ્યું; બંદુકોના ભડાકા થવા
"લાગ્યા; હારબંધ આરબોની ટુકડી દીન[2]! દીનના! પોકાર કરતી આગળ
"ચાલી. વખતસિંહનાં શૂરવીર માણસો જેમ ફાવતું આવે તેમ લડતાં હતાં. એક
"ઘડી થઈ નહિ એટલામાં મિયાં પોતે જ ઉગારવાની પ્રાર્થના કરવા લાગ્યા;
"હું કુરાનના સમ ખાઈને કહું છું કે હું ફરીને તમારા ઉપર હલ્લો કરીશ
"નાહ. હું તમને રાજુલા, કુંડલા અને ચીત્તલ આપું છું; પરવરદિગારે તમને
"આખો દેશ આપ્યો છે! તેણે પટ્ટો લખાવ્યો, અને તેના ઉપર સહિ શિક્કો
"કર્યો. પોરબંદરનો રાણો જીયોજી જેઠવો હતો તેણે તેને હિમ્મત દેવા માંડી;
"બીજા તેની સાથે હતા તે નાહિંમત થઈ ગયા હતા. સોરઠના સૂબેદારને
"આબરૂ વિનાનો કરી નાંખ્યો. તેની સાથે જેતપુરનો કુંપાવત, વાજસુર
"કાઠી, અને જસદણનો દાહો એટલા હતા. પીરમ ઉપર જિતનો વાવટો
"ફરકી રહ્યો હતો, તેવી જગ્યાના રાજાની સાથે લડવાનું તેમનું ગજું શું!
"બાબીનું બળ તૂટ્યું તો પછી કાઠીના બળનું શું કહેવાનું રહ્યું? ભાવ-
"સિંહના વંશજ અને તેનો કુંવર અદ્‌ભુત કામ કરવાવાળાએ રતનેશ, ભાવ
"અને અખેરાજની તરવારને ફરી ચળકાટ આપ્યો, આખા દેશમાં કીર્ત્તન

૧ નવાબનો પૂર્વજ. ૨ દીન શબ્દનો અર્થ મુસલમાની ધર્મ અને તે લડતી વેળાએ
દીન દીન પોકાર કરી લડવૈયાઓને શૂરાતન ચડાવવા વાપરવામાં આવે છે. ર. ઉ.

"ગવાયાં. આસપાસ રાજાઓએ સોનાના વર્ષાદ વરસાવ્યા. વખતેશ જિત "મેળવીને આનંદભર્યો ઘેર આવ્યો."[1]

---

૧ જૂનાગઢના નવાબ સાથે વખતસિંહજીએ સમાધાન કરી કસુંબા પીવાનો ડાયરો કર્યો હતો. તેમાં નવાબને કેવી રીતે નમવું પડ્યું તેનું રસીલું વર્ણન કરનારૂં એક લોકગીત શ્રી ફાર્બસ ગુજરાતી સભાના પુસ્તકસંગ્રહમાં અં. ૩૪ ચ.માં આપેલું છે, તે નીચે પ્રમાણે છે:–

(ટંટો પાર પડ્યા પછી કસુંબો પીવા પોતાના લશકરમાં ઠાકોરે નવાબને બોલાવ્યા તેનું ગીત)

મલે પાખરાં ચંચલે દલે જંગા ટોપ ઝલમલે,
સાખલે મુંગલે આતા ઉપરાં સામંદ;
સાબલે ઊજલે આયો જમવા પ્રોહોણો શુબો,
હેંદલે પેંદલે લડે પાંગલો હાંમદ. ૧
સાંભલે આપાજ ઉઠ બાદ બાપ વખતેશ,
આદરો સતાબ ખાગાં નોતરો અમાપ,
હાથ મુંછે નોખો આપ ચકાવો અબાબ લોહે,
નશીબેં આપરેં આયો પ્રોહોણો નવાપ. ૨
એતર ચટ્ટ લીઆ લારાં, ધ્રુવા ધારાં, તોપખાનાં,
મેલિ આંતર કલારાં પેસારા પસંદ;
ધ્રધકારે પાટી અંગ ચોધારાં ચોધારાં ધારાં,
મામલે અખારાનંદ વરાસા સમંદ્ર. ૩
બાણુકોક બાણ ઊડે સરધાર ઝલેબીયા,
માથે ગોલી કલી સાર, હોહોકાર માર;
કહી જોશે લખા જૈ વારવાર નાવે પાર,
અહો મજાદાર કરે પીસણાં અપાર. ૪
કટારાં કડવાં હાથ, ઝુઝમલાં કલકલા,
શુબાસેન કલમલાં હીલાલે સઞાથ;
અધ્રાચાં મુગલાં ધ્રાયાં ગલી કેનવલાં આયાં,
નોતરાંકી ભલી શોભા પેરંભકા નાથ. ૫
તીરાંશા કત સેતસે લાડુ ગોલી અશી ભાત,
લાગા બશી પશી ભરે ધતરતાં લલ.
અલે અસે દેનદાર પાણી તસાં તણે આહે,
મરે લોધડસે ધાન મશી જું મુગલ. ૬
લોદરાં બધારે લોસે અપરો કતારાં લારાં,
પડાં ચાવે પાન બીડાં પાવડાં અપાર.
કવિ કહે વારવાર પાંચ શજે જેજેકાર,
હાથ પગે કીધી ઝુંબેશ લાખાં હજતર. ૭

મલ્હાર રાવ ગાયકવાડે ફરીને બંડ મચાવ્યું હતું, તેવામાં સન ૧૮૦૩ ના ઓક્ટોબર મહિનાના આરંભમાં બાબાજી આપાજી કાઠિયાવાડમાં મુલ્કગીરી કરવા નીકળ્યો હતો તેના લશ્કરના ઘોડેસ્વારની એક ટૂકડીનો તેને સાવરકુંડલા આગળ ભેટો થયો, તેમાં મલ્હાર રાવનાં માણસો હાર્યાં, અને તેનો ખટલો લૂંટાયો; એટલે તે ભાવનગર ન્હાશી જઈને વખતસિંહ ગોહિલનો આશ્રય માગવા લાગ્યો. પણ વખતસિંહનો વિચાર તેનો પક્ષ ખેંચવાનો ન હતો તેથી દ્વારકા કે ભૂજ હોડીમાં બેસીને તેને ન્હાશી જવા દીધો. પરંતુ તેટલામાં તો બે ઈંગ્લિશ હોડિયો લગભગ હંકારી આવી, અને તેના વ્હાણુ ઉપર બે બ્હાર કર્યા. તેટલા માટે મલ્હાર રાવને ફરીને કિનારે આવવું પડ્યું, અને તે ભાવનગર ઊતર્યો, પણ રાવળે તેને આશ્રય આપવાની ના કહી એટલે ડરી જઈને એ તથા એનો દીકરો, પોતાનાં નિશાન, નગારાં, હાથી, ઘોડા, છોડી દઈ નાઠા તે શત્રુંજય અથવા પાલીતાણાને ડુંગરે આવી પ્હોંચ્યા, ત્યાં સુધી કોઈ ઠેકાણે ઢાળો કર્યો નહિ. ત્યાં માત્ર એક ચાકર સહિત તેઓ કેટલાક દિવસ સુધી ઘણા ખરા ભૂખે મરતા રહ્યા, એટલામાં પાસે વસનારા લોકોએ તેની બાતમી બાબાજીને આપી. તેઓને લઈ આવવા સારૂ તેણે ત્રણ કુંતલ ઘોડા સહિત એક સો અશ્વારની ટૂકડી રવાને કરી. પેલા ત્રણ જણાઓ મરી જવાય એવી ભૂખની પીડા સહન કરતા હતા, અને સર્વ આશાઓ તેઓએ ઊંચી મૂકી હતી, તેથી અશ્વાર જઈ પ્હોંચ્યા તેમની સામે અટકાવ કર્યો નહિ. તેઓને ગાયકવાડની છાવણીથી થોડે અંતરે આણ્યા, એટલે તેમને લેવાને બાબાજિયે સામા મ્યાના મોકલ્યા. કડીના બુદ્ધિમાન, લોભી, ઊડભંગી, અને ભાગ્યહીણ જાગીરદારની ગૂજરાતમાંના તેના છેલ્લા દેખાવની વેળાએ આવી સ્થિતિ થઈ. મે મહિનામાં તેને તેના દીકરા ખંડેરાવ સહિત બ્રિટિશ સરકારને સ્વાધીન કર્યો. પછી તેને મુંબાઈ લઈ જવામાં આવ્યો, ત્યાં તે મરતાં સુધી નજરકેદ રહ્યો.

ઇ० સ० ૧૮૦૪માં વડોદરા સરકારની મુલ્કગીરી ખંડણીનું પતાવી દેવા સારૂ ભાવનગરના રાવળ પાસે અંગરેજ સરકારનો વકીલ મોકલ્યો,—આ પ્રમાણે કરવાની સલાહ કર્નલ વોકરે ગાયકવાડને આપી હતી અને કેટલીક વાર સુધી વખતસિંહે તે વિષેની વાત સત્કારપૂર્વક સાંભળી હતી

જેડવા નમાણું ઝાલા, હાલા તણી જશે જાણીં,
દબાવું વાઘેલા પાઉં તલે કોક દન.
જીવતો જો જુને જાણીં આતાફી ન ચાણીં જમે,
સાંભળે પ્રોહોણો નાણું અલાફી સોગન.

પણ પછીથી ઘણું કરીને તેના કારભારિયોની સલાહ ઉપર તેણે કેટલાક દિવસ સુધી તો વાત ટપ્પે ચડાવી, અને છેવટે આખો ઠરાવ રદ કરી દીધો. નીકાલ થવાની આશાએ બાબાજી કેટલાક દિવસ સુધી રાવળને સીમાડે વાટ જોઈ રહ્યો હતો, તેને આગસ્ટ મહિનામાં રાવળના દેશમાં પેસવાની અગત્ય પડી. તે સિહોર ઉપર ચડી આવ્યો, તેના પીંઢારિયોએ આસપાસના પ્રદેશની ખરાબી કરી અને ગામડિયા લોકોનાં ઢોર વાળી લઈ ગયા. ગોઘા પરગણાની ધરતી ઘણું કરીને બ્રિટિશ અને રાવળની સહિયારી હતી, અને તે એક બીજાના ભાગ સાથે એવી મળી ગયેલી હતી કે એક ભાગને નુકસાન કરવામાં આવે તો બીજાને થયા વિના રૂહે નહિ એમ હતું, તે ઉપરથી બાબાજી વખતસિંહને હરકત કરશે નહિ એમ વખતસિંહના સમજવામાં આવ્યું છે એમ કર્નલ વોકરને લાગ્યું. તે ઉપરથી તે લખે છે કે, "આવા વિચાર ઉપરથી તે ગાફિલ રૂહે નહિ તથા "ગાયકવાડ સરકારની ચાલતી આવેલી ખંડણી નહિ આપવાને સામા થવાથી "પરગણાને નુકસાન થશે તેનો કંપની સરકારના નુકસાનનો ભાગ તમારી "પાસેથી ભરી લેવામાં આવશે એવી તેને સૂચના આપવાની મને અગત્ય "પડી છે. મારા એ સંદેશાનો ઉત્તર હજી લગણ મને મળ્યો નથી, અને "મને લાગે છે કે એથી કરીને કાંઈ સારી અસર થશે, કેમકે તેના કારભા- "રિયો ઉપર તે નારાજ થયો છે, અને તેઓએ તેને બદસલાહ આપી માટે "તેમને દૂર કરવાની ધમકી દીધી છે."

છેવટે ગોહિલ રાવળે મરાઠાઓના શૂરવીરપણા કરતાં, બ્રિટીશ સર- કારનો ધમકીનો વધારે ડર રાખીને ચાલતા દર પ્રમાણે ત્રણ વર્ષની ખંડણી બાબાજીને ચૂકવી આપવાને કબૂલ કર્યું. ગાયકવાડની ફોજ સામે, સિહોરે જયવંતપણે પોતાનું રક્ષણ કર્યું, તે વિષે ભાટ લોકો નીચે પ્રમાણે વર્ણન આપે છેઃ—

"વડોદરાના બલવાન્ અને કીર્ત્તિમાન્ બાબાજીના ડંકાનો અવાજ "એવો ઉઠ્યો કે તેથી કરીને આખી પૃથ્વી ગાજી ઉઠી. તેણે પોતાના શત્રુ- "ઓની સામે લડીને તેઓના સીમાડા તોડી નાંખ્યા. વગર ઢંઢોળેલો થાંભલો "તો કડીવાળો મલ્હાર રાવ હતો. કડી અને વડોદરાના ધણિયોની વચ્ચે "દુશ્મનાવટ ઉઠી. બાબાની ફોજ કડી ઉપર ચડી તે ટાણે તેના વાવટા "ફરકવા લાગ્યા, અને આકાશ ગરદથી છવાઈ ગયું. બાબો કડી ઉપર "અંગરેજ ફોજ લાવ્યો. અગણિત યોદ્ધાઓની ગર્જનાઓ થવા લાગી. તેઓએ "બે ચાર મહિના લગી કડી ઉપર તોપોનો મારો ચલાવ્યો, છેવટે મલ્હાર "રાવ કડી છોડીને ન્હાઠો. બાબાએ દુર્જય કડી ઉપર જય મેળવી લીધો,

"તેના સામું કોઈ લડી શકે એમ રહ્યું નહિ; તેણે કડી સરખો કિલ્લો જલ્દીથી "લઈ લીધો તેથી સર્વ તેને સલામ કરવાને આવ્યા.

"પાટડીના દેશાઈ કોઈને નમ્યું આપતા ન હતા, તેઓના ઉપર ફોજ "ચડી. અને તેમની સાથે લડીને એક લાખ રૂપિયા લીધા. રસ્તામાં કાંઈ "પડયું હોય તે કોઈનાથી ઉપાડાય નહિ એવી બાબાની હાક વાગી. જેવી "તેણે કડીની ચાકરી કરી તેવી પાટડીની કરી; મેવાસિયોના તેણે ઘણા કિલ્લા "તોડી પાડ્યા; તેણે જટવાડ અને લતાડ ઉપર ખંડણી બેસારી. જ્યારે "એ સૂબો કોઈ જગ્યા ઉપર આવે ત્યારે જાણે લૂંટારાઓનું ટોળું તેના "ઉપર આવી પડયું હોય એમ લાગતું. લશ્કર તૈયાર કરીને તે લડવાને ઝાલાવાડ "આવ્યો. ધ્રાંગધ્રાનો રાજ અરાડસેં ગામનો ધણી હતો, તેની પાસેથી "પ્રથમ તો ખંડણી લઈ લીધી. તેણે વઢવાણ દંડ્યું; વાંકાનેર પણ દંડ્યું; "લિંબડી અને સાયલા દંડ્યાં; તેણે મ્હોંમાગ્યા પ્રમાણે ઉઘરાવી લીધું. એ "સૂબાએ આખી ઝાલાવાડને હરાવીને દંડી નાંખી; તેણે મોરબીના ધણીને "દંડ્યો; તેમ જ માળિયા દંડયું. નમ્યું આપે નહિ એવા જામ[1]ને દંડ્યો;

---

૧ જામના ભાયાત ધ્રોળવાળા ઉપર પણ લશ્કર ગયું હતું. ધ્રોળવાળાની વંશાવળી આજ સુધીની આ રીતે છે—

ધ્રોળ

જામ લાખોજી (કચ્છ બારામાં)

- જામ રાવળજી
  ઈ. સ. ૧૫૩૯–૧૫૬૨
  (નવાનગરની ગાદી સ્થાપી)
- ૧ હરધોળજી
  - ૨ જસાજી
    - ૩ બામણીઓજી
      - ૪ હરધોળજી (બીજા)
        - ૫ મોડજી
      - ૬ પચાણજી.
        - ૭ કલોજી
          - ૮ સાંગોજી
          - ૯ જુણોજી
            - ૧૦ ખેતોજી
              - ૧૧ કલોજી (બીજા)
              - ૧૨ વાઘજી

"એ સૂબાએ ચાર હજાર તાલુકદારોને દંડ્યા. હાલાર તેણે લઈ લીધું; તોપો
"ચલાવીને જૂનાગઢના નવાબને દંડી લીધો. કાઠી લોકોને દંડીને તેમનો દેશ
"નબળો કરી નાંખ્યો. પોરના ધણી માના જેઠવાને તેણે દંડ્યો; તેમ જ
"ચૂડાસમા દંડ્યું; કોઈનાથી તેના સામું થવાયું નહિ. આખા સોરઠને દંડીને
"તે સિહોર ઉપર ચડ્યો. ફોજ એટલી બધી ચાલી હતી કે પૃથ્વી ધમધમવા
"લાગી. પાંચ કોસને અંતરે આંબલા આગળ છાવણી નાંખી. તે બોલ્યો
"કે 'આતાએ ઘણો મુલ્ક જિતી લીધો છે, તેના પ્રમાણમાં મારે એની પાસેથી
"ધન લેવાનું છે,' અને બાજુએથી તોપો અને બન્દુકો ચાલવા લાગી.
"ગોળિયોનો વર્ષાદ વરશી રહ્યો. મરાઠા થાકી ગયા; તેમના શરીરમાંથી
"લોહી વ્હેવા લાગ્યું; અને તેઓ હિંમત હારી ગયા. ઘણા મરાયા, ઘણાનાં
"મસ્તક કપાયાં, ઘણાક આંધળા થયા. વખતાના યોદ્ધાઓએ, સાંકળેથી
"વાઘ છૂટે તેમ બાબાની ફોજ લૂંટી લીધી; ધરતી મડદાંથી અને માથાથી
"ઢંકાઈ ગઈ; અને ચારે દિશાએ તેઓએ ન્હાસવા માંડ્યું.

"બાબા ઉપર આ આફત, સંવત્ ૧૮૬૦(ઇ. સ. ૧૮૦૪)માં પડી.
"પાંચ મહિના સુધી તેને ન્હાસવાનો રસ્તો મળ્યો નહિ; તેથી એ સૂબો બહુ
"દુઃખી થયો. ખંડણી ઉઘરાવાનું તો એ ક્યાંય ભૂલી ગયો; અને હવે ન્હાસવા
"વિષેના સર્વ વિચાર કરવા લાગ્યો. તે તંબુમાં ભરાઈને પોતાનું મ્હોં સંતાડી
"રહ્યો. પછી જ્યારે તેણે ભરપાયાની પ્હોંચ કરી આપી ત્યારે તેને જવાની

---

૧૩ જયસિંહજી
૧૪ જુણોજી (બીજા)
૧૫ નાથોજી
૧૬ મોડજી
૧૭ ભૂપતસિંહજી
૧૮ જયાસહજી (બીજા)
૧૯ હરિસિંહજી
૨૦ દોલતસિંહજી

ઘોળના તાબામાં ૪૦૦ ચોરસ મૈલ જમીન, ૬૧ ગામ, આસરે ૨૨,૦૦૦ માણસની વસ્તી છે અને વાર્ષિક ઉપજ સવા લાખ રૂપિયાની સુમારે છે. તેમાંથી ગાયકવાડ અને જૂનાગઢને મળી કુલ રૂ. ૧૦,૨૩૧ આપે છે. ઠાકોર સાહેબને નવ તોપનું માન છે. ૨. ઉ.

"આજ્ઞા મળી. ભાવના પૌત્રે જે જે દરખાસ્તો કરી તે તે તેણે કબૂલ કરી;
"તે દંડ ઉઘરાવાને આવ્યો, પણ ઉલટો દંડ આપવો પડ્યો એવો એક માથાનો
"તેને મળ્યો, કેમકે અઢી લાખ તેને લઈ જતાં પૂરા પાંચ બેઠા."[૧]

---

૧ આ રસભર પ્રસંગને વર્ણવનારૂં લોકગીત શ્રી ફાર્બસ ગુજરાતી સભાના હસ્ત-લિખિત પુસ્તકોના સંગ્રહમાં અં. ૩૪ છ માં આપેલું છે. તે નીચે પ્રમાણે છેઃ-

ગામ કડીથી બાબાજીનું લસ્કર આવું તેની સાથે લડાઈનું ગીત.

ગાજે સાબધી પ્રથમી ચલા બાજે જોસ્રં વાગલાં
બલાક્રમી બરાજે વડોદે અનાં વાહ.
મલાજે દોખીયાં તણી પડી ભાજે બધી મીણ,
ગાડી ખંભ કડી રાજે મલારા અથાહા. ૧
પડી આંટી કડી સાથે આવતી બડોદા પતિ
ફોજાં બાબા તણી ચડી નીશાણા ફટક.
જમી હૂઉ પડી ખેહ ગાડી અસમાન જાતી,
કડી માથે લાયો બાબો વિલાતી કટક ૨
હલકે અતાગાં સેનશૂર બીરાં બાજે હાક,
માસ દોનુ ચાર લાગા તોપું તણા માર,
ન ટકે મલારા પાગ થજાગાં કાગાં મોર નોર,
મેલી કડી પડી ભાગા ઉપડે મલાર. ૩
જિતીયો અનગ્ર કડી ચડી ખંભ બાબે જાુદ
સામ કુન લડી શકે કરે કે સલામ
કડી જશા કોટ બાબે ચડી ચોટ હાથ કીધા
કીધા પાટડી કેસરે ફોજાં કામ કામ. ૪
અનમી દેશાઈ હુતાં પાટડીકે પીઠ આદુ
લડી લડી જમે તાકી લાખુ મોઢે લીધ
પડી કો ઉઠાવે નાહી અસી સાખ આવી પડી
કડી રીત જેસી એસી પાટડીએ કીધ. ૫
કોટ મેવાશીકા પાડે વખંડે ઊજાડે કીધા
લીધી જતવાડ દંડે સાબધી લતાડ.
ધાડ ધાડ થીઓ શુબો ગઢે કોટે પડી ધાહ
વઢે વાકું ચઢે સેન આયા ઝાલાવાડ. ૬
ધ્રાંગધરા દંડે પેલા અઢારસો તણા ધણી
નશાં વઢવાણ દંડે, દંડે વાંકાનેર,
લીંબડી શાયલા દંડે મોય માગી જમે લીધ
ઝાલાવાડ દંડી શુબે કીધી જેર જેર. ૭
દંડે મોરબી, કોસામ માલીયા સહિત દંડે
અનમી જામકો ઠામ દંડે સો અબાબ.

કર્નલ વૉકર કાઠિયાવાડમાં આવ્યો ત્યારે, ભાવનગરના રાવળે મહુવા અને તળાજાનાં બંદરો, અને આગળ લખેલાં છે તે પરગણાં સિવાય તેણે ઘણું કરીને આખા વાલાકમાં, અને સાવર કુંડલાના પરગણામાં તથા બીજી છૂટી છવાઈ જગ્યાઓમાં પોતાની સત્તા ચલાવી હતી. પ્રજાને જંપવાવારો આવ્યો ન હતો, તેથી, તેની જમે પૂરેપૂરી ઉઘરાવી લેવાતી નહિ, તથા

હજારા ચીચારાં દંડે વાલીયો હાલાર હોલે
નશાં પાર ગોલે દંડે, જુનાંકા નવાબ. ૮
કાઠીયોકા દેશ દંડે, બાધા પેસ પેસ કીધા,
પ્રથમ કુંરેસ દીધા દંડે સારાપોર.
સાબા, હાલા, ઝાલા, માણા, જેઠવા ન મંડી શકયા,
સાબધી - સોરઠ દંડી નોંધાણા શીઓર. ૯
હલબલે પ્રથવી પીઠ અશા, સેન આયા હળી,
પાંચ કોશે પાલી કીધા આંબલે પડાવ.
દેશ ઘણા ખાયે આતો તેના જુયા માગું દામ,
આય મહુવા તેણ તોપોંકા અડાવ. ૧૦
હડેડે અપાર નાલાં, જંજાલ્યાં કોડે એમ,
ધડેડે બંધુકાં અસી જશી અંદ્રધાર.
બડેડે કડેડે તાં તો સાબધાં મરેઠા બેઠા,
આવતા દડેડે પુર રગ તાં અપાર. ૧૧
કટકાંકા ગાંઠ છૂટા, કે કથ્યા આવટ કુટા,
કે મરેઠા શીશ ફૂટા ભ્રગુટા કરૂર.
વખતકા જુટા જોધ લુટા સેન બાવા વાલા,
જાણ્ કે સંકલે સિંહ વછૂટા જરૂર. ૧૨
દડે મરેઠાકા તુંડ ધડેડે કરી દીધા,
જુજુવા ભંગાણ્ પડા, દો દો વાટે જાય.
નેક સેન ગાઢા અડે કે કગ્યાવ મોહા નાઠા,
માઠા દીહ બાબા વાળા હુવા સાઠા માંય ૧૩
પાંચ માસ જાવા નાયો શુબો થયો હુલાશ પુરો,
જમે તણી આશા છંડે જાવા દે તો જાય.
પાછો જાવે કેણી પાય-લોઠારો લાકડો પેંઠો
મોંઢો વાસ કરે બેંઠો બાબો દેરા માંય ૧૪
જાવા આલી દોજ તારેં ફારકતી દીધી જારેં
ભાવા હરા તણી જીભેં દીધી સાધી ભાખ.
રેશ દેવા આવ્યો તાં તો શામો પોતે પામ્યો રેશ,
લાખ અઢી કાંમ્યો તાંતો વાંમ્યો પાંચ લાખ. ૧૫

કાઠિયોની સામે થવાને તેને ફોજ વધારવી પડી હતી, તેથી તે ઘણો દેવામાં આવી પડેલો ગણાતો હતો. તેના લશ્કરમાં પાંચસેં આરબ અને બે હજાર પાંચસેં સિંધીનું પાયદલ તથા સુમારે પાંચસેં જાથુના રાખેલા ઘોડેસ્વાર હતા. તે સિવાય ગોહિલ વંશના તેના ભાયાતોનાં ગામોમાંથી ત્રણ હજાર રજપૂત અશ્વાર એકઠા કરી શકે એમ હતું; અને લૂંટફાટ કરવાની ચડાઈમાં લડતાં કરતાં આવડે નહિ એવા પણ કામમાં લાગી શકે તેવા બે હજાર પાંચસેં વણકરોનો તે જમાવ કરી શકે તેમ હતું. તેણે વળી, તેવામાં ધોળકાના પરમાર કસબાતી બાવામિયાંના સો અશ્વાર રાખ્યા હતા. તેને બદલે તેને તેના પૂર્વજના તાબાનું બોટાદ કરીને રાણપુર પરગણાનું ગામ જે કાઠી લોકોના મુખ્ય સ્થાન જસદણની સામી બાજુએ છે તે આપ્યું હતું. ગોઘા શહર મોગલોનું બંદર હતું, તેથી ખંભાતના તાબામાં હતું. તે બારૂં કહેવાતું હતું અને તેનો અર્થ બંદરના જેવો જ ઘણું કરીને થાય છે, પણ વિશેષે કરીને તેના તાબામાં તેના સીમાડાની જમીન આવેલી હતી. ગાયકવાડ અને પેશ્વા વચ્ચે ગૂજરાતની વ્હેંચણ થઈ ત્યારે, ગોઘાનું બારૂં પેશ્વાના હાથમાં આવ્યું, અને બાકી રહેલી ગોહિલવાડની મુલ્કગીરી ખંડણી ગાયકવાડને લેવાની ઠરી. પણ પછીથી તે બધું બ્રિટિશ સરકારના હાથમાં ગયું.

ગોહિલ વંશના રજપૂતોના હાથમાં બધાં મળીને આઠસેં ગામ હતાં, તેમાંથી, આશરે છસેં ને પચાસ વખતસિંહના તાબામાં હતાં, ઠાકોરોએ ઘણું કરીને દુર્ગમ જગ્યાએ પોતાનું રહેઠાણ રાખ્યું હતું, અને કેટલાકે તો પત્થરના મ્હોટા કિલ્લા બાંધ્યા હતા, પણ તેના ઉપર જોઇયે તેટલી તોપો રાખી ન હતી. તેમ જ, રક્ષણ કરવાને બીજાં પૂરતાં સાધન પણ રાખ્યાં ન હતાં. એ રજપૂતોની ન્હાના વંશની શાખાઓ થઈ છે તેમાં વળા, લાઠી, અને પાલિતાણા[૧]ની મુખ્ય છે. વળાની શાખાએ શીલાદિત્યના

---

૧ પાલીતાણા.

સેજકજી

રાણોજી — ૧ શાહજી (પાલીતાણા) — સારંગજી (લાઠી)

૧ શાહજી (પાલીતાણા)
૨ સરજાણજી

૩ અર્જુન ૪ નોંઘણજી ૫ ભારોજી ૬ બનોજી ૭ શિવોજી ૮ હદોજી ૯ ખાંધોજી ૧૦ નોંઘણજી (બીજા) ૧૧ અર્જુનજી (બીજા) ૧૨ ખાંદોજી (બીજા) ૧૩ શિવોજી (બીજા) ૧૪ સરતાનજી ૧૫ ખાંધોજી (ત્રીજા) ૧૬ પૃથરાજજી

પ્રાચીન નગરના ખંડેરમાં પોતાની સ્થાપના કરી છે; તેનો મૂળ પુરૂષ, ભાવનગરની સ્થાપના કરનાર **ભાવસિંહ** રાવળનો બીજો પુત્ર **વીસોભાઈ**[1]

૧૭ **નોંઘણજી** (ત્રીજા) ૧૮ **સરતાનજી** (બીજા)

૧૯ ઉન્નડજી ઇ. સ. ૧૭૬૬–૧૮૨૦

૨૦ ખાંધોજી (ચોથા) ઇ. સ. ૧૮૨૦–૧૮૪૦

૨૧ **નોંધણજી** (ચોથા) ઇ. સ. ૧૮૪૦–૧૮૬૦

૨૨ **પ્ર**તાપસિંહજી ઇ. સ. ૧૮૬૦–૧૮૬૦

૨૩ **સૂ**રસિંહજી ઇ. સ. ૧૮૬૦–૧૮૮

૨૪ **મા**નસિંહજી — **સા**મત સિંહજી.

પાલીતાણાના તાબામાં ૩૦૫ ચોરસ મૈલ જમીન, ૧૦૦ ગામ, પચાશ હજાર માણસની વસ્તી, વાર્ષિક ઉપજ આશરે પાંચ લાખ રૂપિયાની છે. તેમાંથી **ગાયકવાડ** ને જૂનાગઢને રૂ. ૧૦,૩૬૪ આપે છે. ઠાકોર સાહેબને નવ તોપનું માન છે.

૧ વળા

૧૯ **ભાવ**સિંહજી **ભાવ**નગર ઇ. સ. ૧૭૦૩–૧૭૬૪

૨૦ **અ**ખેરાજજી (બીજા) (ભાવનગર)

૧ **વી**સાજી (વળા.) ઇ. સ. ૧૭૬૪–૧૭૭૪

૨ **ન**થુભાઈ ઇ. સ. ૧૭૭૪–૧૭૯૮

૩ **મ**ઘાભાઈ* ઇ. સ. ૧૭૯૮–૧૮૧૪

૪ **હ**રભમજી ઇ. સ. ૧૮૧૪–૧૮૩૮

૫ **દો**લતસિંહજી ઇ. સ. ૧૮૩૮–૧૮૪૦ ૨

૬ **મ**ઘાભાઈ ઇ. સ. ૧૮૪૦–૧૮૫૩

૭ **પૃ**થિરાજજી ઇ. સ. ૧૮૫૩–૧૮૬૦

૮ **મે**ઘરાજજી ઇ. સ. ૧૮૬૦–૧૮૭૫

૯ **વ**ખતસિંહજી ૧૮૭૫ માં ગાદિયે બેઠા છે.

* એ **મ**ઘાભાઈને બે ભાઈ હતા. એક **પા**તાભાઈ, તેને **દ**રેડ વગેરે ત્રણ ગામ મળ્યાં અને બીજા **અ**દાભાઈને કાનપુર, **રં**ગપુર ને **પીં**પળ એ ત્રણ ગામ મળ્યાં. **અ**દાભાઈના **દી**પસિંહજી, પછી ગુમાનસિંહજી થયા અને ગુમાનસિંહજીના કુમાર **મા**નસિંહજી હાલ કાનપુરમાં ગાદી ઉપર છે.

હતો. તેના પૌત્ર મેઘરાજ અથવા મઘાભાઈના હાથમાં હવણાં બત્રીસ ગામ છે. પાલિતાણાની શાખા શાહાજીથી ચાલી છે, તે સેજકજી ગોહિલનો ન્હાનો કુંવર હતો અને તેને ગારિયાધારનો ગરાસ આપવામાં આવ્યો હતો; તેના તાબામાં બેતાળીસ ગામ છે, પણ તેમાંથી લગભગ અર્ધોઅર્ધ ઉજ્જડ થયેલાં છે. થોડા વર્ષ પહેલાં પાલિતાણાના ઉન્નડજી(ઉમ્મરજી)ને ગાયકવાડ સરકારનો આશ્રય માગવાની અગત્ય આવી પડી હતી, તેનો દેશ તે વેળાએ છેક પરવશપણામાં આવી ગયો હતો; કેટલાંક ગામ તેણે ગિરવી મૂક્યાં હતાં, ને બીજાં તેના શત્રુઓએ લઈ લીધાં હતાં. તેની અસલની રાજધાની ગારિયાધારમાં મરાઠાનું થાણું આવ્યું ત્યારે તેના તાલુકામાં સમાધાની રહી, પહેલા ગોહિલ રાજાનો એક બીજો કુમાર સારંગજી હતો તેના વંશનો લાઠી[1]નો

વળાના તાબામાં ૧૪૦ ચોરસ મૈલ જમીન, ૪૧ ગામ, આસરે સત્તર હજાર માણસની વસતી અને વાર્ષિક ઉપજ આશરે એક લાખ પાંસઠ હજાર રૂપિયાની છે તેમાંથી ગાયકવાડ અને જૂનાગઢને મળી કુલ રૂ. ૯૨૦૨ આપે છે.

૧ લાઠી.

સેજકજી (સેજકપુર) ઇ. સ. ૧૨૬૦-૧૨૯૦.

રાણોજી (રાણપુર) | શાહજી (પાલીતાણા) | ૧ સારંગજી (લાઠી)

૨ જસાજી.

૩ નોંઘણજી. | ૪ ભીમજી.

૫ ડુદોજી. (આરથીલા) | અર્જુનસિંહજી.

૬ લુહા શાહેજી ઉર્ફે જીજીબાવા. (લાઠી)

એના વંશજ.

લાખોજી.

સૂરસિંહજી.

વંશજ.

વખતસિંહજી.

સૂરસિંહજી હાલ ગાદીપાત છે.

લાઠીના તાબામાં ૪૮ ચોરસ મૈલ જમીન, ૮ ગામ, સાત હજાર માણસની વસ્તી, અને વાર્ષિક ઉપજ સીતેર હજારને સુમારે થાય છે તેમાંથી ગાયકવાડને તથા જૂનાગઢને રૂ. ૨૦૦૭ આપે છે.

સૂરસિંહ થયો. તેને સ્વાધીન તેના અસલના ગરાસ પૈકી માત્ર પાંચ ગામ રહ્યાં. દામાજી ગાયકવાડના વારામાં ત્યાંનો લાખાજી કરીને ઠાકોર હતો. તેણે પોતાની પુત્રી દામાજી વ્હેરે પરણાવી, તેથી જ કરીને આ શાખાનો પૂરો નાશ થતો અટકી ગયો છે. આ સંબંધ થયો તેથી લાઠીના ગોહિલોને વડોદરા સરકારનો આશ્રય મળ્યો અને મુલ્કગીરી ખંડણી બીજા પાસેથી લેવામાં આવતી તે તેને માફ કરી હતી, પણ ગાયકવાડનું ઉપરીપણું માન્ય રાખવાને માટે પ્રતિવર્ષે એક ઘોડો આપતા હતા. ગોહિલપુત્રીની પ્હેરામણીમાં ચભડા પરગણું આપ્યું હતું તે મરાઠા વરને નામે પછવાડેથી દામનગર કહેવાયું.

અમે જે તાલુકાઓ વિષે લખ્યું છે તે સિવાય, કર્નલ વોકરના કાઠિયાવાડના ઠરાવમાં બીજા ઘણા રજપૂત તાલુકાઓ આવી ગયા છે, તેમાં મુખ્યત્વે કરીને કચ્છના જાડેજા[1] રજપૂતોની શાખા છે, પણ તેમના વિષેનું મૂળ સાહિત્ય અમને મળ્યું નથી, તેમ જ અમારા લખાણની વાત સાથે તેઓના કારભારનો કશો સંબંધ આવી લાગ્યો નથી, માટે તેમના વિષે અમે કંઈ લખતા નથી.

પ્રકરણ ૮ મું

બહુચરાજી–ચુંવાળ[2]

આરાસુરી (અંબા) માતા કરતાં દેવી શ્રી બહુચરાજી બહુ આધુનિક છે, તો પણ તેના કરતાં તેનો મહિમા કાંઈ ઓછો નથી, અને આરાસુરી માતા સાથે દાંતાના પરમારોનો સંબંધ જેમ છૂટો પાડી શકાય એમ નથી, તેમ જ બહુચરાજી સાથેનો ચુંવાળ રજપૂતોનો સંબંધ જૂદો કરી શકાય એવો નથી.

---

૧ જાડેજા રજપૂતોમાં કચ્છના મહા "રાવ" મુખ્ય છે. અને તેમના ભાઇઆત ઘણા છે. કાઠિયાવાડમાં હાલાર અને મચ્છુકાંઠો જાડેજાઓનો છે. કાઠિયાવાડમાં જાડેજા–રીજા, ઠાકોર, અને તાલુકદારનાં નીચે લખ્યાં સંસ્થાન છે:—

૧ નવાનગર (જામનગર), ૨ મોરબી, ૩ ધ્રોળ, ૪ રાજકોટ, ૫ ગોંડળ, ૬ વીરપુર, ૭ કોટડા–(સાંગાણી) ૮ માળિયા, ૯ મેંગણી, ૧૦ ગવરીદડ, ૧૧ પાળ, ૧૨ ધ્રડકા, ૧૩ જાળિયા (દેવાણી), ૧૪ ભાડવા, ૧૫ રાજપરા, ૧૬ કોઠારિયા, ૧૭ શાપર, ૧૮ લોધીકા, ૧૯ વડાલી, ૨૦ ખીરસરા, ૨૧ સીસાંગ ચાંડલી, ૨૨ વીરવાવ, ૨૩ કાકસીઆળી, ૨૪ મોવા, ૨૫ કોટડા–(નાયાણી), ૨૬ દ્રાફા, ૨૭ સાતોદડ વાવડી અને ૨૮ મૂળી લાડેરી. તે સિવાય પાલનપુર એજન્સીમાં સાંતલપુર છે. તેના તાબામાં ૪૪૦ ચોરસ મૈલ જમીન, ૩૩ ગામ, આસરે અઢાર હજાર માણસની વસ્તી, અને વાર્ષિક ઉપજ સુમારે પાંત્રીશ હજાર રૂપિયાની છે.

૨ "ચુંવાળ બહુચર બાળી જોવાને જઇયે" વલ્લભ ભટ્ટ

એક દંતકથા એવી છે કે, ચારણોની કેટલીક સ્ત્રિયો શલખનપુરથી[1] નીકળીને તેની પાસે એક ગામ હતું ત્યાં જતી હતી, તેવામાં કોળિયો તેમની ઉપર ટૂટી પડ્યા, અને તેઓને લૂંટી લીધી. તેમનામાં એક સ્ત્રી બહુચરા કરીને હતી, તેણે, પોતાની ત્હેનાતમાં એક છોકરો હતો તેની પાસેથી તરવાર ખુંચાવી લઈને પોતાનાં બન્ને સ્તન કાપી નાંખ્યાં, ને તરત જ મરણ પામી. તેની બે બ્હેનો બૂત અને બલાલ કરીને હતી તેઓએ પણ આપઘાત કર્યો. પછી ત્રણે જણિયો દેવી થઈ તેમાંથી શ્રી બહુચરાજીની સ્થાપના ચુંવાળમાં થઈ; બૂત માતાની, કોંડની પાસે અરજણ છે ત્યાં થઈ; અને બલાલ દેવીની, સિહોરની દક્ષિણમાં પંદર માઈલ ઉપર બાખલકું છે, ત્યાં થઈ.

જે ઠેકાણે બહુચરાજીનો કાળ થયો તે ઠેકાણે શંકુ આકારની પથ્થરની ખાંભી કરી. ત્યાર પછી તે ઠેકાણે ન્હાનું દેરૂં કર્યું, તે હજી લગણ છે. પ્હેલાની પાસે એક બીજું દેરૂં તેનાથી જરા મ્હોટું બંધાવેલું છે, ને તેની સામી બાજુએ છેક પાસે છે તેથી પ્હેલા દેરાનું બારણું ઘણું ખરૂં ઢંકાઈ ગયું છે. પ્હેલું દેવાલય સલખ[2] રાજાએ બંધાવેલું ક્હેવાય છે, તે કોઈ કલ્પી ક્હાડેલો પુરૂષ હોય એમ ખુલ્લી રીતે જણાય છે. અને બીજું મરાઠા ફડનવીસે બંધાવેલું ક્હેવાય છે. એ દેવાલયોની પાસે, પણ બીજી બાજુ ભણી, એક મ્હોટું દેવાલય છે તેને એક શિખર, અને બે ઘુંમટ છે. તે દેરૂં સન ૧૭૮૩માં મોટા દામાજીનો ન્હાનો કુમાર અને ફત્તેસિંહનો ભાઈ માનાજીરાવ[3] ગાયકવાડ હતો તેણે બંધાવ્યું છે. એ દેવાલયની સામે એક અગ્નિકુંડ છે, તેની પછી એક ચાચર છે તેના ઉપર પ્રાણિયોનું બલિદાન આપવામાં આવે છે. દેરાની આસપાસ યાત્રાળુ લોકોને ઉતરવાને સારૂ કેટલાંક ઘર છે, અને પૂજાપાનો તથા બીજો જોઇતો પરચૂરણ સરસામાન વેચવામૂકવાનાં હારબંધ ઠેકાણાં છે. એક ખૂણામાં અષ્ટકોણની બે માળની દીપમાળ છે અને તે ઉપર ખુલ્લો ઘુંમટ છે, તે તેહેવારને દિવસે દીપકથી શણગારવામાં આવે છે ત્યારે ઝગઝગાટ થઈ રહે છે. દેવાલયોની અને તેઓનાં સંબંધની ઇમારતોની આસપાસ કોટ બાંધી લીધેલો છે તેને બન્દુકો ફોડવાને સારૂ કોશિકાં મૂકેલાં છે તથા ચારે ખૂણે ગોળાકાર ચાર બુરજ છે. કોટને ત્રણ દરવાજા છે, તે માંહેલો મુખ્ય છે તે ચોખૂણ બુરજામાં છે તે ઉપર મેડો છે તેના ઉપર નોબત અને બીજાં વાદિત્ર રહે છે. બુરજ ઉપર અગાશી છે તે ઉપરથી ખુલ્લી સપાટ પ્રદેશ ઉપર ચોગરદમ નજર પ્હોંચી વળે છે, અને ઝાડની ઘટામાં આવેલાં એવાં ગામડાંથી એ પ્રદેશ ભરચક દેખાય છે.

---

૧ "સલખનપુર સાચી મા બહુચરી." વલ્લભ ભટ્ટ. ૨ સલખન='સલક્ષણ' એવું નામ હશે. ર. ઉ. ૩ અંગરેજી પુસ્તકમાં અરનેજ નામ છે.

તેમાં ચન્દુર, પંચાસર, અને વનોદ જે અણહિલવાડના પ્હેલા રાજાની વાત સ્મરણ કરાવે છે તે, તથા વાઘેલ જે રજપૂતોની છેલ્લી થયેલી શાખાવાળાઓનું પાલણું છે તે, તથા કર્ણસાગર જે તેની ખરેખરી વેળાના દબદબાનાં રાજકીય ખંડેર સહિત રહેલું છે તે, આ ઠેકાણેથી લક્ષમાં આણી શકાય છે. શલખનપુર સમીપમાં છે, અને તે કરતાં બહુ સમીપમાં એક નેસ છે, તે માતાજીને નામેનામ બેહેચર નેસ કહેવાય છે. કોટની આસપાસ બાવળ અને બીજાં એવાં જ આછાં પલ્લવવાળાં ઝાડની વાડ બની રહી છે. કોટની બ્હાર એક ન્હાનું ચોખંડું તલાવ છે તે "માન સરોવર" કહેવાય છે, તેના પાણીથી આશ્ચર્યકારક રીતે રોગની નિવૃત્તિ થયેલી છે તેથી તેનો મહિમા વધ્યો છે. માન સરોવરની પાસે બીજાં, એ કરતાં મ્હોટાં તલાવ છે પણ તેઓનો મહિમા એના કરતાં ઓછો છે.

અમદાવાદમાં મેવાડો બ્રાહ્મણ વલ્લભ ભટ્ટ થઈ ગયો. તેણે ઈ૦ સ૦ ૧૭૪૪ માં બહુચરાજીની ઘણી ગરબિયો બનાવી, તે સર્વ એકઠી કરવાથી બહુચરાજી પુરાણ થાય છે ને તેના યોગે કરીને બહુચરાજીનો મહિમા ઘણું કરીને ચાલેલો કહેવાય છે. બહુચરાજીનો તે દુર્ગા રૂપે ગુણ ગાય છે, પણ બહુચરાજીનું નામ તેને આ વિના બીજા પ્રસંગે લાગુ પાડવામાં આવ્યું નથી. ગૂજરાતમાં શ્રી બહુચરાજીનાં દેરાં જૂદે જૂદે ઠેકાણે ઘણાંક બંધાયાં છે તેમાં તેની મૂર્ત્તિનું સ્થાપન નથી, પણ ઉગતો સૂર્ય સામો આવે એવી રીતના તાકામાં આંગી બેસાડવામાં આવે છે. નવરાત્રી અને બીજા તહેવારને દિવસે કોળિયો અને બીજા લોકો, જ્યારે તેનાં છોકરાં અને મિત્રોને માથે મોતની ધાસ્તી રાખવામાં આવે છે ત્યારે તેના નિવારણાર્થે સાધારણ હોમહવનની સાથે બકરાનો કે પાડાનો ભોગ આપે છે. આ ભોગ મ્હોટા દેરાની સામે ચચ્ચર છે તેના ઉપર ખુલ્લી જગ્યાએ આપવામાં આવે છે. બીજી વેળાએ રજપૂતો, કોળિયો અને બીજા લોકો ચાસન રીતે દારૂ અને માંસનું બલિદાન બહુચરાજીને આપે છે, અને બ્રાહ્મણ તથા વાણિયા જે વામ માર્ગમાં હોય છે ને શક્તિપૂજા કરે છે, તેઓ રાત્રિની વેળાએ છાની રીતે આપે છે. આ નૈવેદ્ય માતાને ધરાવ્યા પછી તેઓ આરોગી જાય છે. બ્રાહ્મણ અને વાણિયાઓ પણ માતાને જીવતા કૂકડા ચડાવે છે. તેથી તેઓની સંખ્યા ઘણી વધી પડે છે અને દેરાની આસપાસ ભમ્યાં કરે છે. આ કૂકડા માંહેલા એકની વાત એવી ચાલી છે કે એક હિમ્મતવાન મુસલમાન હતો તેણે તેને તળી ખાધો પણ પછી તેનું પેટ ફાડીને તે જીવતો બાહાર નીકળ્યો.

સોરઠિયો દુહો.

"કુકડિયા ભોજન કિયા, તળિયા તેલાં તાય.
"મ્લેછાંના ઘટ માંય, તેં બોલાવ્યા બેચરા."

એ ઉપરથી, કોઈ માણુસ બીજાનું લ્હેણું આપે નહિ ત્યારે ગૂજરાતમાં કહેવત ચાલે છે કે, "જોજે તને બહુચરાજીના કૂકડાની પેઠે થઈ પડતું." આંધળા, લૂલા અને બીજા ખોડીલા લોકો, તેમ જ જેઓને દીકરાની કે બીજા કશાની આશા હોય એવા લોકો બહુચરાજીની બાધા રાખે છે; તેઓ માતાને પારે જાય છે અને માન સરોવર ઉપર લાંઘવા બેસે છે અને તેઓની ઇચ્છા પૂર્ણ થવા વિષેનું માતાએ વરદાન આપ્યું એવું સાંભળ્યાની કલ્પના મનમાં ઉતરે છે ત્યારે જ ત્યાંથી ઉઠીને ઘેર પાછા જાય છે. બહુચરાજિયે જેને દીકરો આપ્યો હોય છે તેનું નામ તેના બદલામાં બેહેચર પાડે છે; જૈન ધર્મ માનનારા માણુસો પણુ બહુચરાજીની બાધા રાખે છે.

આ માતાના પૂજારી બ્રાહ્મણુ લોકો છે, પણુ વાજાં વગાડનારા અને બીજા ચાકર મુસલમાન જાતિના છે. દેરામાં જે ઉપજ આવે છે તેના ધણી કમાળિયા છે, તેઓ સ્ત્રી, પુરૂષ, ન્હાનાં, મોટાં બધાં મળીને સો છે, અને તેમને માતાએ ઉત્પન્ન કર્યા છે, એવું તેઓ માને છે. તેઓ બહુચરાજીની પૂજા કરે છે અને ત્રિશૂળ હાથમાં લઈને ફરે છે, તથાપિ તેઓ મુસલમાન ધર્મ પાળે છે અને અલ્લાઉદ્દીને જોરજુલમથી અમને વટાળ્યા છે એવું કહે છે. જે હલકી જાતની ભેટ હોય છે તે જ કમાળિયાઓને મળે છે; જે વધારે મૂલ્યવાન્ હોય છે તે, દેરાના ખર્ચને સારૂ ગાયકવાડ સરકારની દેખરેખ તળે રાખવામાં આવે છે, આમ છતાં પણુ, માતાની પાસે એક કાલરી ગામ છે, ત્યાંના રજપૂત જમીદારો કમાળિયાઓનો હક્ક લેવાય છે તેમાંથી તેમને જે ભાગ મળે છે તેના ઉપર પણુ દાવો ઉઠાવે છે. થોડાં વર્ષ ઉપર એ લોકો માંહેલા આશરે ચાળીસ જણા એકઠા થઇને બહુચરાજીના કોટને ત્રણે દરવાજે થઇને માંહે પેશી ગયા અને તેમના જોવામાં જેટલા કમાળિયા આવ્યા તેમને કત્લ કરી નાંખ્યા. ખુની લોકો તે વેળાએ ન્હાશી ગયા ત્યાર પછી દશ કમાળિયાઓને બહુચરાજીના દરવાજા આગળ ડાટવામાં આવ્યા. કમાળિયા કરતાં પણુ છેક હલકા શ્રી બહુચરાજીની સેવામાં રહે છે, તેઓ પાવૈયા કહેવાય છે અને લોકમાં ચાલે છે તે વાત સાચી હોય તો અસ્વાભાવિક વ્યવહાર તેઓ કરે છે. તેઓ બાયડિયોનો પોશાક પ્હેરીને માથે પુરૂષના જેવી પાઘડી પ્હેરે છે. તેમની સંખ્યા આશરે ચારસેંની થાય છે, તેમાંથી અર્ધી તો હુલવદ પાસે ટીકર ગામ છે ત્યાં રહે છે, અને બીજા હિન્દુ તથા મુસલમાન

ભીખારિયો બીવરાવીને તથા પજવણી કરીને જેમ ભીખ માગે છે તેમ તેમના માંહેલા બાકી રહેલા પણ દેશમાં ભટકીને ભીખ માગતા ફરે છે. કેટલાક પાવૈયા પાસે બહુ પૈસો હોય છે એવું સર્વે લોકો કહે છે.

બહુચરાજીના દેરાથી થોડા માઈલને છેટે દેતરોજ કરીને એક ગામ છે, તે ચુંવાળના મધ્ય ભાગમાં છે. આ ઠેકાણે એ દેવીનું એક બીજું દેરૂં છે તે અસલ છે એમ કેટલાએક માને છે. તે તેની પાસેના કોળી ઠાકરડાની કુળ-દેવી છે; ત્યાં નવરાત્રીને આગલે દહાડે આજલગી મેળો ભરાતો હતો અને ઠાકરડા એકઠા થઈને માતાને તેર પાડાનો ભોગ આપતા હતા. જંગલી ઠાકોરો આ વેળાએ દારૂ પીને ચકચૂર હતા તેને લીધે કજિયા ઉઠવાથી છેવટે લોહીની છોળો ઉડતી હતી, તેથી થોડા દિવસથી હવે દેતરોજનો માતાનો મેળો ભરાવા દેતા નથી, તો પણ તે દહાડો આવે છે ત્યારે ઠાકરડા દેતરોજની સીમમાં જૂદા જૂદા પડીને જાય છે અને એકેકો જણ બહુચરાજીને પાડાનો ભોંગ આપે છે.

દેતરોજના કુળવાળાની સાથે સોલંકી રાજવંશના ઘરની શાખાના મુખીનો સંબંધ થયો હતો એવું ચુંવાળના દસોંદી ભાટ કહે છે. પણ તે ક્યારે થયો હતો તે જાણવામાં આવ્યું નથી. તેના વંશજ, કોળિયોની સાથે મળી ગયા, અને તેઓ માંહેલો એક કાનજી જે રાતના ઉપર નામથી ઓળખાતો હતો તેને તાબે ચુંવાળીસ ગામ હતાં તે ઉપરથી "ચુંવાળ" કહેવાય છે.[1]

૧ આ રજપૂત ઠાકોરો, અસલી વંશની જાતિયો માથે નાયક થઈને સ્કાટલન્ડની હાયલ્યાન્ડરની જાતિઓના પરદેશી નાયકોને બરાબર મળતા આવે છે. "હાયલાન્ડની "જાતિઓના ઉપર સરદારી ચલાવનાર મહાન્ કુટુંબોના મૂળનું શોધન બહુ પ્રાચીન "સમયથી કરતાં તેઓ બહુ કરીને ટ્યુટાનિક જાતિના હતા એમ માલમ પડે છે, એ વાત "લક્ષમાં રાખવા યોગ્ય છે. મ્યાકડોનલ્ડ, મ્યાકલિયડ, અને મ્યાકીનટોશના જાગીરદાર "નૉર્વેજિયન લોહીના હતા. ફ્રેઝર, ગાર્ડન, ક્યામબેલ, ક્યુમિન અને બીજા ઘણાક "નાર્મેન હતા. એમ જણાય છે કે સેલ્ટિક લોકો અનુગામી તરીકે, જેવા ખંતીલા, શૂરા, "અને સહનશીલ હતા તે પ્રમાણે તેમના ઉપર ઉપરી તરીકે કેટલાક પૂર્વ ભણીની "જાતિના લોકોની પેઠે, જેઓ નિયમમાં રાખવાને અને હુકમ ચલાવવાને વધારે યોગ્ય "હતા એવી જાતિના લોકોમાંના નાયકની તેમને અગત્ય હતી. એ સિવાય ગાર્ડનો અને "ફ્રેઝરોની બાબતમાં એમ થયું કે તે જાતિએ, પોતાનામાં ઘણી ન્હાની જાતિયોનો સમા-"વેશ કરીને, અને તરેહવાર નાના પ્રકારના સેલ્ટિક કિતાબ કબુલ રાખેલા એવા ભટકતા "લોકોને પોતાનામાં ગ્રહણ કરીને, પોતાના નાયકનું નામ ધારણ કર્યું; તે ઉપરથી ગાર્ડન "અથવા ક્યુમિનનાં નાર્મેન નામ ભોગવનારા લોકો બહુ જ ચોખ્ખી એરસી ભાષા બોલતા "જોવામાં આવે છે. ગમે તો નાયકે જાતિનું નામ ધારણ કર્યું, અથવા જાતિયે નાયકોનું,

કહે છે કે, એક સમયે જામનગરનો દસોંદી ઝાર ગઢવી કાશીની યાત્રા કરીને દેતરોજ આવી આ કાનજી રાતને ઘેર ઉતર્યો, ત્યાં તેની ઘણી પરોણાગત કરવામાં આવી, અને એક ઘોડો બક્ષિસ આપ્યો. ચારણે ઘેર જઈને કાનજી રાતનાં જામની આગળ બહુ વખાણ કર્યાં અને કહ્યું કે મને તમારો દસોંદી જાણીને મારૂં ભારે સન્માન કર્યું. આવી વાત સાંભળીને જામે કાનજી રાતને શિરપાવ મોકલ્યો. આ વેળાએ દેતરોજનો પટેલ ગોપી પટેલ કરીને ગામમાં રહેતો હતો તે બહુ બળિયો થઈ પડ્યો હતો. કાનજી રાતને આબરૂ આપવામાં આવી તેની તેણે અદેખાઈ કરવા માંડી, અને ગામ છોડીને જવાની તેને આજ્ઞા કરી. તે પ્રમાણે કાનજી દેતરોજથી નીકળીને ત્યાંથી બે ગાઉ ઉપર જાંગરાપરૂ છે ત્યાં જઈને રહ્યો. એવામાં શ્રાદ્ધના દિવસ આવ્યા ત્યારે કાનજી રાતે પોતાના બાપના શ્રાદ્ધને દહાડે દેતરોજમાં દૂધ ઉઘરાવવા સારૂ પોતાના હજામને મોકલ્યો. હજામ દૂધ ઉઘરાવતો ઉઘરાવતો ગોપી પટેલને ઘેર ગયો, અને કહ્યું કે, તમારે પણ દૂધ આપવું જોઇયે. પટેલ કોપાયમાન થઈ ગયો, અને ઉઘરાવી આણેલા દૂધનો ઘડો પોતાના ચાકરો પાસે ફોડાવી નંખાવ્યો; તેથી હજામ રોતો રોતો કાનજી રાત પાસે ગયો. તે ઉપરથી પટેલની વર્ત્તણૂંક જોઈને કાનજીને બહુ માઠું લાગ્યું પણ તે વખતે તે ગમ ખાઈ ગયો. આ વેળાએ એક ચારણ કાનજીને ઉતારે આવ્યો, અને તેનું ગીત કહીને એક પામરી માગી. કાન-

---

"નામ ધારણ કર્યું પણ નાયકોના વધારે શ્રેષ્ઠ સુધારા ઉપર જૂની લૌકિક રીતભાતો "અને ગુણની તોડી પડાય નહિ એવી સત્તા ચાલી અને તેઓનાં કુટુંબોએ રહેતાં રહેતાં, "જે લોકો ઉપર રાજ્ય ચલાવતા હતા તેઓની સંસારી રીતભાત અને બોલી પોતા- "નામાં દાખલ કરી. આવો અદ્ભુત બનાવ આયર્લ્યાન્ડમાં પણ બનેલો છે. ત્યાં 'જાતિ- "ભ્રષ્ટ થયેલા અંગરેજો' જે સેલ્ટિક આઇરિશ લોકો ભેગા પ્હેડી દર પ્હેડીથી રહેતા "હતા તેઓએ જે લોકોને સુધારવાની આશા રાખતા હતા તેઓની રીતભાત અને "પોશાક પોતાનામાં દાખલ કરીને બ્રિટિશ સરકારનો જારી ધાક અને પાર્લામેન્ટનો "શિક્ષા કરે એવો ક્રોધ વ્હોરી લીધો."—અર્ટન્સ લાઇફ આફ્ સિમન, લાર્ડ લોવાટ.

ગૂજરાતના રજપૂત કોળી ઠાકોરોની ટીપ આ પ્રમાણે છેઃ—ચુંવાળમાં, કુકવાવ, ભંકોડા, છનિયાર, અને ડેકાવાડાના સોલંકિયો; કટોસણ, ઝિંઝુવાડા, અને પનારના મકવાણા; સાભ્રમતીના કિનારા ઉપરના ઘાંટી અને વાઘપુરના રાઠોડ; ચરોતરમાંના ઘોડાસરના ડાભી; મહીકાંઠામાંના આમલિયારાના ચોહાણ; કાકરેજના વાઘેલા આ દરેક કુટુંબવાળા પ્રથમ કોળિયોના સંબંધમાં આવ્યા એટલે જે જાતિના તેઓ રજપૂત હતા તે જાતિથી જૂદા થયા, અને જો કે એ માંહેથી ઘણાએક હિંદુની ઊજળી વર્ણને મળતો આવે એ પ્રમાણે ફેરફાર કર્યો, તથાપિ અગત્ય પડતી ગઈ તેમ તેમ કોળી લોકોની રીતભાત તેઓને દાખલ કરવી પડી. ર. ઉ.

જીની પામરી આપવાની શક્તિ ન હતી, તેથી દિલગીર થઈને એક દુહો કહ્યો:–

કોન પાપસેં અવતરે, બડે બાપકે પૂત,
માગણુ માગે પામરી, ઘરમેં મિલે ન સૂત.

કાનજિયે પોતાના મનમાં નિશ્ચય કર્યો કે આપણે હવે દેતરોજની માતાએ જઈને આપણો ભોગ આપવો. પછીથી તે સૂઈ ગયો, ત્યારે માતાએ સ્વપ્નમાં આવીને તેને કહ્યું કે, "તું ગભરાઈશ નહિ, નવરાત્રીની આઠમે દેતરોજ આવજે; ગામના ઝાંપામાં એક પાડો તને સામો મળશે "તે પાડો મને ચડાવજે. પછી પટેલનું ઘર લૂંટજે, તેમાં તારી જિત થશે. "આ સ્વપ્નની વાત ખરી છે તેની તારા મનમાં ખાત્રી થવા સારૂ હું "આ તને એક પામરી આપું છું તે ચારણને આપજે." આ પ્રમાણે કહીને માતા અલોપ થઈ ગયાં; કાનજી જાગ્યો અને તેણે જોયું તો પોતાની પાસે પામરી પડેલી હતી. તેણે સવારમાં ઉઠીને ચારણને તે આપી. પછી નવરાત્રીની આઠમ આવી ત્યારે પોતાના મિત્રોના બસેં અશ્વાર હથિયારબંધ લઈને દેતરોજ ઉપર ચડ્યો. ત્યાં ઝાંપામાં પટેલના ઘરનો એક અલમસ્ત પાડો મળ્યો, તેનો માતા આગળ ભોગ આપ્યો અને તેનું રૂધિર તેણે માતાને ચડાવ્યું. આ વેળાએ પાદશાહનું થાણું દેતરોજને પાદર કિલ્લામાં રહેતું હતું ત્યાં કાનજી રાતે પોતાના એક સો અશ્વાર તેમના ઉપર નજર રાખવા સારૂ મૂક્યા, અને બાકી રહેલા સો પોતાની સાથે લઈને પટેલને ઘેર ગયો, અને કહ્યું કે તું મને નમન કર્ય, પણ ગોપી પટેલે તેમ કરવાની સાફ ના પાડી, ત્યારે તેણે પટેલને તથા તેના છ દીકરાને ઠેર કરી નાંખ્યા. સાતમા દીકરાને તેણે જીવતો રાખ્યો. તેના વંશમાં કાલિદાસ થયો, તે આજે દેતરોજની પટેલાઈ કરે છે.

પટેલને માર્યો તે બાબતની દિલ્હી ફરિયાદ કરી, તે ઉપરથી પાદશાહે કાનજીને વશ કરવા સારૂ આઝીમખાનને મોકલ્યો. તે વેળાએ દેતરોજની આસપાસ ઘણી વિશાળ ઝાડી હતી. તે "ઝાંગરાની ઝાડી" કહેવાતી હતી, તેના સંબંધમાં એક નીચે પ્રમાણે વાત છે:––

જ્યારે દારાશાહ પોતાના ભાઈથી નાસેડુ રમી, દેતરોજ આવ્યો ત્યારે કાનજિયે કહ્યું કે "તમે અહિ રહો અમે તમને રાખીશું." ત્યારે દારાશાહે કહ્યું કે "તમારે કિલ્લો ક્યાં છે કે મને રાખી શકશો?" કાનજિયે તેનુ ઉત્તર આપ્યું કે "આ ઝાડી છે તે કિલ્લાથી પણ સરસ છે." એટલે દારાશાહ બોલ્યો કે "એટલી ઝાડી તો પાદશાહનાં ઊંટ ચરી જાય અને તેનાં લાકડાં "તો પાદશાહનાં ઘોડાંની મેખો થાય એટલાં છે. તો પણ તમને સાબાશ

"છે કે તમે આટલી હિમ્મત રાખો છો" એ પ્રમાણે કહીને દારાશાહ સિંધ[૧] ગયો. હવે આઝીમખાન ત્યાં આવી પ્હોંચ્યો અને તેણે બધી ઝાડી કપાવી નંખાવી, ત્યારે કાનજી ત્યાંથી ન્હાશી કટોસણ ગયો, ત્યાં તેનો વ્હેવાઈ જશવંતસિંહ કરીને રહેતો હતો. તે બંને મળીને આઝીમખાનની સામે થયા, પણ છેવટે તેઓને ન્હાશીને ઝિંઝુવાડે જવું પડયું. ત્યાં જેહોજી મકવાણો હતો, તેણે તેમને રાખ્યા. પણ પછીથી ત્રણે જણને કાકરેજ પરગણામાં થરા ગામમાં ન્હાશી જવું પડયું; તે વેળાએ ત્યાં કોળી ઠાકોર કુંપોજી રાજ્ય કરતો હતો. કુંપોજી તેમની સાથે મળી ગયો અને ચારે જણા ન્હાશીને કરજા ડુંગરમાં ગયા. ત્યાં તેઓ બાર વર્ષ સુધી રહ્યા. અને બ્હારવટું કરવા લાગ્યા. પછી ચંદુર ગામનો કરમશી કરીને એક વાણિયો આઝીમખાનનો મ્હેસુલ ખાતાનો કામદાર હતો, તેણે તેમનો પાદશાહ સાથે મેળાપ કરાવ્યો અને તેમનાં પરગણાં પાછાં અપાવ્યાં. તે ઉપરથી ઠાકરડાઓએ કરમશીને કૉલ આપ્યો કે અમારી જાતમાંનો ચંદુર ગામને પાદર કોઈને લૂંટશે નહિ તથા ચંદુરના કોઈ માણસને કાંઈ નુકસાન કરશે નહિ.

ગીત.

સુણે ધોંહ[૨] ગોપી તણી કચારી શાહરી, ચવે[૩] ફરિયાદ, કો કાન ચૂકો[૪];
"મરદ ઉમરાવ ગૂજરાત લે મોકલો, "ઝાંગરો કાનરો કરે ઝૂકો[૫];"
માન સન્માન આઝીમખાં મેલિયો, કરવા કાજ ધર [૬]સૂત કાંઠા[૭];
કાન, જશવંતને ઝંઝેરી[૮] કા'ડિયા, નરપતિ જેશિયા સોત ન્હાઠા.
કમો સન્માન દીવાન આઝીમ કિયો, મેહેપ[૯] કેતાક કરજોડ મળિયા;
ધડક[૧૦] આઝિમ તણી નાશ થરા ધણી, ચાર કરજા સરે ભૂપ ચડિયા.
ઉતર્યા કરજેથી ધન્ય હાં આગમણ,[૧૧] કાંહે બો[૧૨]વાત મોહેથી કથવી;
જશવંત, કાન કુંમરાજ, જેશિયો રાખિયા વાડ ઉનાડ રથવી.[૧૩]

આ બનાવ બન્યા પછી કાનજિયે દેતરોજ વગર અડચણે પોતાના તાબામાં સાચવી રાખ્યું, અને તેણે ઘણી સત્તા અને કીર્તિ મેળવી. તેમ જ વળી એમ પણ કહેવાય છે કે અકબરે તેને રાજચિહ્ન—નોબત, ચોપદાર, અને આફતાબગીરી (સૂરજમુખી) આપ્યાં હતાં.

---

૧. સિંધ જવા પ્હેલાં દારાશાહ કચ્છ ભુજ આવ્યો. ત્યાંના રાવે તેને માનથી રાખ્યો. અને જે વાડીમાં ઉતારો આપ્યો હતો તે વાડી આજ પણ "દારા વાડી"ને નામે ઓળખાય છે. ત્યાંથી તે સિંધ ગયો. ર. ઉ.

૨ ફરિયાદ. ૩ કહે. ૪ ચુકાદો કરે, પકડે. ૫ લડાઈ. ૬ સિંધુ. ૭ મહીકાંઠો. ૮ મારી હઠાવ્યા. ૯ રાજા. ૧૦ ધાક. ૧૧. હિંમત. ૧૨ બહુ. ૧૩ ચંદુરવાળા કરમશી અથવા કમાનું આડ નામ.

કાનજીની પછી તેના ત્રણ દીકરા—રામસિંહજી, અદેભાણજી અને નારણજી થયા. તેમાંથી નારણદાસની છત્રીનો ચોતરો ચુંવાળમાં ભંકોડામાં છે. અને ત્યાં એક લેખ છે તેમાં લખ્યું છે કે રાત શ્રી નારણસિંહની છત્રી ભાઈ શ્રી હરિસિંહજી, અને તેના કુમારશ્રી કાનાજિયે સન ૧૭૨૦ માં બંધાવી છે.

ન્હાના કાનાજિયે તેની પ્હેલાં થએલા કાનજીની કીર્ત્તિની બરાબરી કરેલી જણાય છે.

(દુહો.)

કાના તરકસ કાનરો, તેં બાંધ્યોજ જુવાણ[1];
બીજે બોજ ન ઉપડે, દેત રોજ દૈવાણ[2].

કાનજી રાતની પેઠે એ પણ મુસલમાનોની સાથે લડાઈમાં મચ્યો હતો.

ગીત.

દણી[3] કરંતી બકોર સોર ગઈ શાહ આગે દોડી,
ભણી બાત સુણી સાચી શ્રવણે સભાણ[4];
"આગરે કહાતો જ કે ઝાગરો કાનરો આગે."
"કાનરો ઝાંગરો દુજો હુઓ દુજો કાન." ૧
જંજાળાં લહે ભડાં ત્રંબાળાં ધરાવે જોર,
સુંઢાળા વધોંસે કાળા નાઢાણી સતાબ;
"પૈંગાળાં કાકશા ધોખા," સુણો શાહ કે પ્રજા,
"નેજાળા ધજાળા સોતા મારિયા નવાબ." ૨
મારકા હસમ મળે ફારકા જોરકા મંડે,
ધુમાડે ત્રવડી ધટા કાઢે સત્રાં ઘાણ;
ગવાડે સિંધુડા રાગ, નમાડે ત્રવંકા ગઢાં,
ભજોડે બાવરી ગાદી હરો અદેભાણ. ૩

---

૧ જુવાનીમાં. ૨ દેવ. ૩ દુનિયા. ૪ સભા.

૧ દુનિયાં સોર બકોર કરતી દોડીને પાદશાહ આગળ ગઈ. અને સાચી વાત કહી, તે પાદશાહની સભાએ સાંભળી કે, "જેમ આગળ આગરામાં લુંટારો કાન કહેવાતો હતો તેવો બીજો ઝાગર કાન પેદા થયો છે.

૨ તે જંજાળો અને યોદ્ધા સાથે લઈને જોરથી નોબતો વગડાવે છે અને તે નાઢાજીને પુત્ર કાળા સૂંઢાળા હાથિયોને વધાવે છે. પ્રજા પાદશાહને કહે છે કે, "સાંભળ! તેણે નેજા નિશાનવાળા નવાબોને માર્યા તો પાયદળને મારવું એમાં શું?"

૩ તે ઘણા જોરથી મંડીને બહુ ઘા કરી પાર મેલે છે અને ત્રેવડી ફોજ ફેરવીને શત્રુઓનો ઘાણ કહાડે છે; સિંધુ રાગ ગવરાવે છે અને ત્રેવડા વાંકા કિલ્લા નમાવે છે એ અદેભાણજીના વંશનો પોતાના બાપની ગાદી શોભાવે છે.

એ આંકી શાહસુ સદા ધરેણો કાનરો આગે,
ધરે શાહ તણી સરે મટે નહિ ધાહ;
"વાહ વાહ" હુઈ ઓ તો જામ રાવ આગે વાતાં,
શાહરા રસાલા પાડે કાનો પાદશાહ. ૪

ભાટ જે નાયકનું વર્ણન કરે છે તેનામાં શૂરવીરપણાની સાથે ઉદારતાનો ગુણ અગત્ય કરીને જોઇયે. કાનજીની ઉદારતા નીચેના છપ્પયમાં વર્ણવેલી છે:–

ઈંદ્ર[1] વુઠે પખ આઠ, માસ બાર તું ઝડ મંડે;
તે કરે સરસ કેદાર, તું વેદુઆં દરિદ્ર વિહંડે;
એ ગાજે અળી ઉપર, ગાજતો તું ધમસાણ;
એ વુઠે ધન ધાન, તું તો વુઠે કેકાણે;
દેતરોજ રાણ મોજાંદઝલ, દન દન શવદ દાખિયે;
કોનાણી તું નાઢાસ તન, ઇંદ્ર સમોવડ આખિયે.

ચુંવાળનો માત્ર ચોથો ભાગ કાનજીના તાબામાં હોય એમ જણાય છે. ચુંવાળના ચાર તાલુકા પડ્યા હતા—કોકવાવ, ભંકોડું, છનિયાર અને દેકાવાડા. પણ એ ભાગ કયારે પડ્યા હતા તે જાણવામાં આવ્યું નથી. કાનજી હૈયાત છતાં પોતાના ત્રણ દીકરાઓને ગામની વ્હેંચણી કરી આપી હતી; મ્હોટો દીકરો નથુભાઈ હતો તેને રામપુરા, કાનપુરા, અને કાંજ, એ ત્રણ ગામ મળ્યાં. બીજો દીકરો દાદો હતો તેને દશલાણું તથા નારણપુર આપ્યું; ત્રીજો ભૂપતસિંહ હતો તેને કોઇતિયું, તથા ઘટેશણું આપ્યું. બાકી રહેલાં ગામ ભંકોડા, કાંતરોળી ચુંડાણીનું પરૂં, દાંગડવું, બાલશાસન, એંદરા, અને કદવાહણ, કાનજિયે પોતાને સારૂ રાખ્યાં.

કાનજીનું મરણ થયું ત્યારે ભૂપતસિંહ બાર વર્ષનો હતો, તેને તેના ભાઇયોએ કહાડી મૂકયો, એટલે તે છનિયારના ઠાકોરને ત્યાં જઈ રહ્યો. એ

૪ શાહની સાથે સદાય કાન લડાઈ મચાવે છે, શાહની રૈયતની ધાસ્તી મટતી નથી. જામની આગળ વાતો થઈ કે, "વાહ વાહ કાનો પાદશાહી શાહનો રસાલો નાશ કરી નાંખે છે.

૧ ઇન્દ્ર તો આઠ પખવાડીયં વરસે, અને તું બાર માસ વરસે છે; તે ઇન્દ્ર કયારડાને સરસ કરે છે અને તું વિદ્વાનોનું દારિદ્ર કાપે છે; તે પૃથ્વી ઉપર ગાજે છે અને તું લડાઈમાં ગર્જના કરે છે, તે ધન અને ધાન્ય વરસાવે છે, અને તું ઘોડાં વરસાવે છે (આપે છે). ઓ! દેતરોજના રાણા! દાનના આપનાર, ચન્દ્રની પેઠે દિન દિન વધતો હું તને ઓળખું છું. ઓ! નાઢાજીના દીકરા કાન! અમે તને ઇન્દ્ર બરાબર કહિયે છિયે.

ઠાકોર એનો વેગળેનો સગો થતો હતો. ભૂપતસિંહની પાસે એક બકરો હતો, તે તેનો ઘણો માનીતો હતો, તેને અને છનિયારના ઠાકોરના બકરાને એક દિવસે લડાઈ થઈ, તેમાં તે માર ખાઇને પાછો હઠયો. આ ઉપરથી ભૂપતસિંહને પોતાના બકરા ઉપર ક્રોધ ચડ્યો, અને તેને કહ્યું, "ધિક્કાર છે તને કે તેં મારી આબરૂ લીધી." પછી તેણે બકરાનું ડોકું વ્હાડી નાંખ્યું. છનિયારના ઠાકોરને બ્હીક લાગી કે ભૂપતસિંહ એ જ પ્રમાણે મારાં બાળકો સાથે ગુસ્સે થઈને કદાપિ તેમને નુકસાન કરશે. એવો વિચાર કરીને તેણે ભૂપતસિંહને બીજે ક્યાંયે રવાને કરી દેવાનો નિશ્ચય કર્યો. ભૂપતસિંહને તેના બાપે કોઇતિયું ગામ આપ્યું હતું ત્યાં તે જઇને રહ્યો. પનારનો કુંપોજી મકવાણો હતો, તેને એક દીકરી હતી તે ભૂપતસિંહને દેવાને તેના કામદાર પથુએ તેને સલાહ આપી. કુંપોજી આખા દેશમાં મ્હોટો પ્રખ્યાત ઠાકોર હતો, તેણે પોતાના કામદારને કહ્યું કે ભૂપતસિંહને કાંઈ ધરતી નથી તો એવો વિચાર થાય જ કેમ? ત્યારે કામદારે કહ્યું કે જો તમે ભૂપતસિંહને મદદ કરશો તો તે પોતાનો ગરાસ પાછો વાળશે. આ ઉપરથી તે જવાન ઠાકરડા સાથે કુંપાજીયે પોતાની કન્યા પરણાવી, અને બે હજાર કોળિયોને એકઠા કરીને, તેના ભાઈ દાદાને, અને તેના દીકરા બનેસિંહને દશલાણામાં ઠેર કર્યા તે ઉપરથી તેનો બીજો ભાઈ નથુભાઈ ડરીને ન્હાશી ગયો. તે પ્રથમ તો કટોસણમાં જઈ રહ્યો, અને પછી, ઘાંટી ગયો, એટલે ભૂપતસિંહે આવીને પોતાનો બાપનો અને ભાઇયોનો ગરાસ લઈ લીધો અને ભંકોડામાં ગાદી કરીને રહ્યો.

ભંકોડામાં ગોસાઈના મઠમાં એક અતીત રહેતો હતો, તે ભૂપતસિંહની માની પાસે જતો હતો, તે ઉપરથી તેના વાણિયા કારભારિયોએ એ વાત ગોઠવીને ભૂપતસિંહને કહ્યું કે અતીત દરબારમાં આવે છે, તેથી તમારી ખોટી વાત થાય છે. ભૂપતસિંહને તેથી ઘણો ક્રોધ ચડ્યો, અને પોતાની તરવાર વતે તેણે તેની માને ઠેર કરી, તે ઉપરથી અતીત ન્હાશી ગયો, અને ફરીથી કદિ પાછો આવ્યો નહિ. પણ તેનો ચેલો તેના મઠનો ધણી થઈ પડ્યો.

આ વેળાએ પનારના કુંપાજી મકવાણાના "મેલીકરો," જે લૂટારા હતા, તેમણે એક બાજુએ વઢવાણ અને લીંબડીથી તે બીજી બાજુએ અમદાવાદ સુધી આખા દેશમાં ચડાઇયો કરવા માંડી. સાણંદના રાજાએ કુંપાજીને દર વર્ષે દીવાળીને દહાડે અક્કેકો ઘોડો આપીને પોતાના તાલુકામાં લૂંટફાટ કરવી નહિ એવો ઠરાવ કર્યો. કુંપાજિયે બીજાં ઘણાં ગામડાંમાંથી પાલ ઉઘરાવા માંડી. માંડલનો જેઠો પટેલ હતો તે મરાઠાઓનો બહુ માનીતો થઈ પડ્યો હતો, અને પેશ્વાની ફોજ ભોમિયા તાલુકદારો પાસેથી મુલ્કગીરી

ખંડણી ઉઘરાવવાને આવતી હતી ત્યારે તેની સાથે તે જતો. એક વાર હલવદના રાજ પાસે ખંડણીને પેટે પેશ્વાના બે લાખ રૂપિયા ચડી ગયા હતા. જેઠા પટેલ બાકી વસુલ કરી લેવાના બંદોબસ્ત સારૂ ત્યાં ગયો. તેવામાં, તે કુંવર ન્હાનો હતો તેથી, ત્યાંની રાજમાતા એ તાલુકાની વ્યવસ્થા કરતી હતી. તેણે જેઠા પટેલને કહ્યું કે હવણાં તો મારી પાસે દેવું આપવાને કાંઈ નથી, કેમકે થોડા દિવસ ઉપર વઢવાણના ઠાકોરે મારો મુલક ઉજ્જડ કરી દીધો છે, અને મને એક ઘડીની નિરાંત વળવા દેતો નથી. જેઠા પટેલે ધમકી આપીને કહ્યું કે મારા માગવા પ્રમાણે આપવામાં આવશે નહિ તો ગામ બાળી નાંખીને જોરજુલમથી લઈ લેવામાં આવશે. એમ કહીને તે ચાલતો થયો. હવે કુંપાજીને તે બાઈ ભાઈ કહીને બોલાવતી હતી, તેથી તેણિયે તેને તેડ્યો અને કહ્યું કે જેઠા પટેલ મરશે નહિ ત્યાં સુધી મને જંપ વળશે નહિ. આ વેળાએ જેઠા પનારના છરિયાળા ગામને પેશ્વાની વતી તોરણ બાંધવાને આવ્યો હતો. કુંપાજીને તેની સાથે લડાઈ કરવાનો આ સારો લાગ મળ્યો. અને પોતાની તરવારવતે તેને ઠેર કર્યો તેથી સર્વ ભોમિયા બહુ જ રાજી થયા.

આ બનાવ બન્યા પછી કુંપાજિયે એક સો પચાસ બખ્તરિયા અશ્વાર લઈને અમદાવાદની પાસે ઓડ કમોદ ગામ છે, તે ઉપર હુમલો કર્યો અને ત્યાંથી ઢોર વાળી ગયો. એ ગામમાં મરાઠાઓના સાઠ અશ્વારોનું થાણું હતું, તે વ્હારે આવ્યું, પણ તેમની સાથે કુંપોજી લડ્યો અને તેમના માંહેલા વીશ માણસોને મારીને તેમને પાછા હઠાવ્યા, તેમાં તેનાં માત્ર ચાર માણસ માર્યાં ગયાં. પણ સરખેજમાં એક બીજું થાણું હતું ત્યાંથી માત્ર છ અશ્વાર અને બે ડંકા લઈને એક વાણિયો કામદાર, કોળી લોકો ઉપર એકદમ ચડી આવ્યો, તે વેળાએ તેઓ એક ઠેકાણે મેલાણ કરીને પડ્યા હતા. મેલીકરોએ ડંકાનો અવાજ સાંભળીને ધાર્યું કે કોઈ સરદાર ઘણી ફોજ લઈને ચડી આવે છે, એટલે તેઓ ન્હાશી ગયા. કુંપોજી ઠાકોર જેવો ઘોડો દોડાવીને જતો હતો, તેવો જ તેને ભાલો ઘોંચવામાં આવ્યો એટલે તે નીચે પડ્યો. મરાઠા તેનું મડદું લઈ ગયા, અને તેઓના ગામ ઉપર કદિ હલ્લો કરવો નહિ એવું વચન કુંપાજીના દીકરા શાંતાજિયે આપ્યું ત્યારે તેને મડદું સોંપ્યું. એટલે શાંતાજિયે પનાર આગળ તેને અગ્નિદાહ દીધો, અને ઓડ કમોદ આગળ તેનો એક પાળિયો કરીને સ્થાપ્યો.

હવે ભૂપતસિંહની વાત પાછી ચાલુ કરિયે છિયે.—મલ્હાર રાવ ગાયકવાડે કડીથી ભૂપતસિંહને કહાવ્યું જે ગાયકવાડનાં ત્રણ ગામ–કાંત્રોડી, કોઇતિયું, અને ઘટેશણું, અમારા દફતરમાં લખાય છે, અને તમે ખાઓ છો

તે અમારે તાબે કરો. પણ ભૂપતસિંહે માન્યું નહિ, તેથી કેટલાંક વર્ષ સુધી તકરાર ચાલી. એક સમયે પાટણના એક વેપારીનો રેશમનો માલ ગાડામાં ભરીને લઈ જવાતો હતો, અને તે વેપારિયે છનિયારવાળા ઠાકરડાનું વળાવું લીધું હતું. તે માલ ભૂપતસિંહે દશલાણા અને ભંકોડા વચ્ચે પડાવી લીધો. પણ પછી ભૂપતસિંહે ચૌદ હજાર રૂપિયા દંડ લઈને વેપારીને તે માલ પાછો આપ્યો. તેની આવી વર્ત્તણુંકને લીધે તેને છનિયારવાળા સાથે ભારે વેર બંધાયું, તેમાં બંને બાજુનાં ઘણાં માણસ મરાયાં. અને એક પ્રસંગે ભૂપતસિંહ બંદુકની ગોળીથી ઘાયલ થયો, પણ છેવટે તેને આરામ થયો. પછી કડિયેથી મલ્હાર રાવનો ભાઈ હનમંતરાવ મરાઠી ફોજ લઈને ભંકોડે આવ્યો, અને ભૂપતસિંહને કહાવ્યું કે તમે માથે[1] પાણી ઘાલો છો તેથી અમે પાઘડી બંધાવવાને આવ્યા છિયે. ત્યારે ભૂપતસિંહે કહ્યું જે અમારે તમારી પાઘડી બાંધવી નથી અને મરાઠાઓને અમારા ગામમાં પેસવા દઈશું નહિ. આવું સાંભળીને હનમંતરાવે પાસેનાં ગામડાં આગળ પડાવ કર્યો, અને કડિયે કહાવી મોકલ્યું કે, ભૂપતસિંહને છેતરી પકડી શકાય એમ નથી. તે ઉપરથી મલ્હાર રાવે બાંહધર આપીને ભૂપતસિંહને કડી તેડાવ્યો. ત્યાં તે જઈ પ્હોંચ્યો એટલે તેની પાસે પેલાં ત્રણ ગામ ફરીને માગ્યાં, પણ ભૂપતસિંહે તે વાત માની નહિ. આ વેળાએ કાપણીની મોસમ હતી, અને ખેતરોમાં માલ ઉભો હતો, તે ઉજ્જડ કરીને પોતાનો કબીલો વિરમગામમાં મૂકીને ભૂપતસિંહ બ્હારવટે નીકળ્યો. તે વેળાએ ભૂપતસિંહની પાસે પોતાના ત્રણસેં અશ્વારો હતા અને જરૂર પડે ત્યારે પોતાની સાહાય્યતામાં બે હજાર માણસો મેળવી શકે એવું હતું. તેણે પછી ગાયકવાડનાં ગામડાં લૂંટવા માંડ્યાં.[2]

ભૂપતસિંહના પૂર્વજ કાનજી રાતને પાદશાહે નોબત, ચોપદાર અને આફતાબગીરી (સૂરજમુખી) આપ્યાં હતાં, તે પોતે પણ રાખતો હતો. ભંકોડામાંથી ભૂપતસિંહના ઉચાળા ગયા પછી, કડિયેથી મલ્હારરાવે આવીને ભૂપતસિંહની મેડિયો તોપથી પાડવા માંડી, ત્યારે એક ચારણે મશ્કરીમાં કહ્યું કે,–" ભૂપતસિંહ લડે એમાં નવાઈ શી? પણ હાલ તો એના ઘરની

---

૧ માંદું માણસ સાજું થાય છે ત્યારે તેને પ્રથમ ન્હવરાવવામાં આવે છે તેને માથે પાણી ઘાલ્યું કહે છે.

૨ ભૂપતસિંહે મરાઠાઓને સતાવ્યા વિષે નીચેનો એક દુહો પ્રસિદ્ધ છે.

દેતરાના દનીયા માંય, દખણી કરંતા કાંમઃ
વલી ને કાઢયે પોલ, ભાલાની અણીએ ભૂપતા.

ઈટો યોદ્ધાપણું ધારણ કરીને લડે છે." આવું વચન સાંભળીને મલ્હાર રાવ શરમાઈને પાછો વળ્યો. પછી ભૂપતસિંહ ઘણા દિવસ સુધી મરાઠાઓને ત્રાસદાયક થઈ પડ્યો.

(દુહા)

ભંકોડુ ને કડૉ લડે, જાણે સતારા જામ;
ભડવા[1] ચાલ્યો ભૂપતો, રાવણ માથે રામ.
કાનાણી[2] કળખો તણા, ભેજા ભરખણદાર;[3]
ભડ થઈ ડાકણ ભૂપતા, તું વાળી તરવાર.
મહિલા[4] જે મરાઠા તણી, કેમ સજે શણગાર;
ભડતો ઊભો ભૂપતો, માથે મોટો માર.
રાવે[5] રાફ[6] ન જાણિયો. ધર્યો વરાંસે પાગ;
ભડ અજરાયલ[7] ભૂપતો, જગવૈયો જડનાગ.
કડી ઉખેલી[8] કા'ડશે, કરશે કોલકરાર;
ધર[9] ભોગવશે ભૂપતો, મરશે રાવ મલ્હાર.
કાળા કંઈ ડંબર કરે, ઠાલા તુરકડાય;
ભલ તે કીધા ભૂપતા, ચોખંડ ચાકરડાય.

જ્યારે કડીમાં મલ્હાર રાવની સ્ત્રીને કુંવર અવતર્યો ત્યારે તેની દાસી ગાંધીની દુકાને સૂંઠ લેવા ગઈ, કેમકે બાળક જન્મ્યા પછી શક્તિ આવવાને સારૂ હિન્દુ સ્ત્રિયો તે ખાય છે. દાસિયે ફરી ફરીને ગાંધીને કહેવા માંડ્યું કે, "તમારી દુકાનમાં સારામાં સારી સૂંઠ હોય તે આપજો." તે સાંભળીને ગાંધી બોલ્યો કે, "સારી સૂંઠ હતી તે તો ભૂપતસિંહની મા ખાઈ ગઈ, હવે તો "કૂચા રહ્યા છે." દાસિયે પછી ઘેર જઇને જે બન્યું હતું તે મલ્હાર રાવને કહ્યું. તે ઉપરથી તે ગાંધી ઉપર કોપાયમાન થયો અને તેની દુકાન લૂંટી લીધી. પણ ભૂપતસિંહના જાણવામાં આ વાત આવી ત્યારે ગાંધીનું જેટલું નુકસાન થયું હતું તેટલું તેને ભરી આપ્યું. આ પ્રમાણે ભૂપતસિંહ અને મલ્હાર રાવ ઘણા દિવસ સુધી એક બીજાના સામા હતા. છેવટે, મલ્હાર રાવને બ્રિટિશ અને વડોદરા સરકાર સાથે લડાઈ થઈ ત્યારે તેણે ઝિંઝુવાડેથી ભૂપતસિંહને પોતાની મદદે બોલાવ્યો હતો, અને મલ્હાર રાવ જ્યારે કેદ પડ્યો ત્યારે તેનાં બઈરાંછોકરાં તેણે ભૂપતસિંહની સંભાળમાં મૂક્યાં હતાં.

૧ લડવા. ૨ કાનજી કુળના. ૩ માંસ ખાનાર. ૪ સ્ત્રી. ૫ મલ્હારરાવે. ૬ સાપનો રાફડો. ૭ જિતાય નહિ એવો. ૮ ખોદી કહાડશે. ૯ પૃથ્વી.

એ ઠાકોર વિષે એક નીચે પ્રમાણે વાત છે:—

ધાંધલપુરનો શોદડ કરીને એક કાઠી હતો તેના ઉપર જૂનાગઢના નવાબની ફોજ ચડી આવી. ત્યારે તેણે હુલવદના રાજને મદદે બોલાવ્યો, પણ તે નવાબના ડરથી આવ્યો નહિ; એટલે ભૂપતસિંહને તેણે તેડાવ્યો તેણે આવીને ધાંધલપુરનું સારી રીતે રક્ષણ કર્યું.[1]

મેથાણનો ગરાસિયો, હુલવદના રાજનો ભાયાત થતો હતો, તેનો ગરાસ હુલવદવાળો દબાવી પડ્યો હતો, તે ઉપરથી મેથાણના ઝાલાએ જેમ એવે પ્રસંગે બીજા ઠાકોરોએ મુસલમાનોને કન્યા દીધી હતી, તેમ ભૂપતસિંહને પોતાની કન્યા દીધી, તેથી ભૂપતસિંહના ડરથી દબાવેલો ગરાસ હુલવદના રાજે તરત જ મૂકી દીધો.

ભૂપતસિંહ બારશેં બારશેં બ્રાહ્મણ જમાડતો હતો તેણે પોતાના ગામમાં સદાવ્રત બાંધ્યું હતું, અને તે ગરીબ લોકોને લૂંટતો નહિ. તે ઇ૦ સ૦ ૧૮૧૪માં મરણ પામ્યો.

ચુંવાળના સોલંકી કોળીની પડોશમાં મકવાણા કોળી રહેતા હતા, તેમના તાબામાં ઝિંજુવાડા, કટોસણ અને પનારના ગરાસ હતા. કેસર મકવાણાને હરપાળ કુંવર હતો. તે ઝાલા રજપૂતોનો મૂળ પુરૂષ હતો. તે સિવાય વજેપાળ અને શાંતાજી કરીને બે કુંવરો હતા. મુસલમાનો સાથે લડાઈ થઈ તેમાં વજેપાળ ઘવાઈને કેદ પકડાયો, પછી તે મોલેસલામ થયો. એના વંશજ મહીકાંઠામાં માંડુવાના જમીનદાર છે. તેના કુટુંબના મુખ્યનું નામ લાલમિયાં છે, તેના સંબંધી ઈડરના રાવ વીરમદેવના ચરિત્રમાં સૂચવવામાં આવ્યું છે. શાંતાજિયે જોરાવરીથી સાંથલ લીધું ત્યાં, મહમૂદ બેગડાના વારામાં તેનો વંશજ કાનોજી રહેતો હતો. કાનોજી એક ભીલ

૧ શ્રી ફાર્બસ ગુજરાતી સભાના હસ્તલિખિત પુસ્તકસંગ્રહમાંના અં. ૪૬–૧–૫૭માં આ પ્રસંગનાં કવિત નીચે પ્રમાણે આપેલાં છે:—

ખરો ખેડ ખવડાં તણી ભેલ માતી ખરી. લાખ લાખાં દલાં મેલ લાડો.
જોરરર રાજ્યથી ભીરન હુઇ જદી, આવીઓ ભૂપતો તદે આડો. ૧
ખેધ ખરા શાણરા, વેધ નાતા ખરા, ધરાપર ધમધપે ગેંણ ધ્રૂજે.
ભીર શોદડ તણી તાણવા મહા ભડ, ડમર કર આવીઓ કાન દુજે. ૨
હેમરાં ડુંગરાં નરાં ચાલતાં હશમ, વશમ ગત સીંધુવા રાગ વાગે.
ઝીકતો આભસર ટેક દે ઝીલીઓ, ખેલીઓ પ્રજરાં બીચ ખાગે. ૩
અલંગારો ખેડીઓ નાઢહર ઊકરો, દલે દઇ પાણ ધમશાણ દાખે.
ભાંહરાં ધરાવે અઓ ધર ભૂપતો રાવ કાઠાં તણી ધરા રાખે. ૪

ઠાકોરની કન્યા વ્હેરે પરણ્યો હતો. તેથી તે નાતબ્હાર રહ્યો હતો; પણ મહમૂદના હાથ નીચે તે સારી નોકરી ઉપર હતો તેથી, તેણે તેને કટોસણની જાગીર આપી હતી. તેના તાબામાં ચોરાશી ગામ હતાં. કાનાજીથી તેરમો પુરૂષ નારણજી કરીને કટોસણને ઠાકોર થયો, તેની વેળાથી એ કુટુંબની ઇસ્કામતનો પત્તો ઘણી સારી રીતે લાગી શકે એમ છે, અને હિન્દુઓમાં જમીનના ભાગ કરીને વ્હેંચી લેવાની રીતિ પડી છે તેનાં કેવાં પરિણામ આવે છે, તેનો આખા ગૂજરાતમાં સારામાં સારો દાખલો, એ ઉપરથી મળી આવે છે. તો પણ તેની વિગત આપવાનો અમારો વિચાર નથી, કેમકે જમીનના વતન વિષેની માહીતગારી મેળવનારાઓને તો ઉપયોગી છે, પરંતુ સામાન્ય વાંચનારાઓનું લક્ષ ખેંચે એવું નથી. ભંકોડાવાળાઓનાં વખાણની ભાટ લોકોએ વાતો બનાવી છે, તે પ્રમાણે કટોસણના મકવાણાની કીર્તિની વાતો બનાવવાને તેઓને એટલું બધું સારૂ સાધન મળ્યું નથી, તો પણ અજબોજી, તથા અગરોજી જે નારણજીના પૌત્ર થતા હતા તેમનાં વખાણની કવિતા થઈ છે, તેમાંથી આ ઠેકાણે થોડો ભાગ પસંદ કરીને દાખલ કરિયે છિયે.

કટોસણમાં અજબાજીનો દરબાર કેવો હતો તે વિષેનું નીચેની મતલબનું વર્ણન કવિતામાં છે.[૧]

"દરબારમાં નોબતો ગડગડતી હતી; ભોંય ઉપર પાણીના છંટકાવ
"થયા હતા. ઘણા ઠાકોરો હાથ જોડીને શરણું માગતા ત્યાં આવ્યા હતા.
"ઈંદ્રની પેઠે કાનાજીના વંશવાળાની આગળ છત્રીશે વાજાં વાગતાં
"હતાં; તેના મુખ આગળ વિદ્વાનો વેદ ભણતા હતા. પરોણાઓને સાકર,
"તથા બકરાંઓનું અને ભુંડનું માંસ પૂરૂં પાડવામાં આવ્યું. નિત્ય નિત્ય
"અફીણ અને કેસરના કસુંબા ઘુંટાવા લાગ્યા. અજબાની આગળ નાચ
"થવા લાગ્યા; નિરંતર તે રંગ રાગમાં રમવા લાગ્યો; શરણાઇયો વાગવા
"માંડી; ઝુલતા હાથિયોની પેઠે ગાનારા ઠેકાણે ઠેકાણે ગાવા લાગ્યા; પૈસો
"ખર્ચવામાં ઠાકોર બળીરાજાના જેવો ઉદાર હતો; તેના રસોડામાં દૂધપાક
"અને અમૃત સરખાં ભોજન થવા લાગ્યાં; તેના ઘર ઉપર ધર્મની ધ્વજા
"ઊડવા લાગી; ચુંવાળનો ધણી આવો હતો. તેની આંણ પાદશાહ ઉપર
"પણ વરતાતી હતી. ઓ જસાના પુત્ર! હિન્દુઓના અને સીમાના પિતા,
"તું સૂર્ય સરખો મકવાણો સારો ઉઠયો. તારો ભાઈ અગરેશ ઓછો પ્રખ્યાત
"ન હતો; એ ભાઇયો લોકોના મનમાં દશરથના પુત્રોનું સ્મરણ કરાવે છે."

૧ શ્રી ફાર્બસ ગુજરાતી સભાના હસ્તલિખિત પુસ્તકસંગ્રહમાં **અજબ બરદ શૃંગાર** નામનો કાવ્યગ્રંથ ચારણ વિક્રમશીનો રચેલો છે. તે માટે **અં. ૪૮-૨-૫** જુઓ.

ભાટના વર્ણન પ્રમાણે અજબોજી આખા જગતનો જિતનાર હતો, તેણે "શાહ રાજાની દક્ષણી ફોજને હરાવી." તેમ જ "દિલ્હીની ફોજને પણ "હરાવી;" તથાપિ એ કરતાં પણ પોતાને મનગમતા વધારે પરાક્રમનું એવું જ કામ કરવાને ચૂકયો નહિ; ગામે ગામ તેણે ગ્રાસ કર્યો; દિનપ્રતિદિન લૂંટફાટ કરવામાં તેણે કીર્ત્તિ મેળવી. વિશરોડિયા, પનારા, મરતોલિયા, અને અર્ધા નાગા એવા ગામડાંના ઘણા એક ધણિયો તેના અમીર હતા; "તથાપિ તે પોતાના અંગ માટે ઉંચા પોશાક રાખવામાં પણ કમ નહતો, કેમકે તેનો ભાટ મુખ્યત્વે કરીને લખે છે કે, "તે જરિયાન અને રેશમી પોશાક પ્હેરતો."

અજબોજી અગનોતરાના દુઃખદાયક કાળની વેળાએ (ઈ. સ. ૧૮૧૪) ગરીબોને માટે પોતાના કોઠાર ઉઘાડા મૂકવાથી વધારે કીર્ત્તિને પાત્ર થયો છે, તેનું સ્મરણ, કોઈ દુઃખદાયક રાગની નહિ ફેડાઈ જતી એવી પડઘાની છાયાની પેઠે બહુ આનંદ પમાડે એવી ભાટની કવિતાને ખરેખાત ઝાંખવી નાંખે એમ છેઃ—

"પૃથ્વી દુઃખી થવા લાગી, રાજા ખાધા વિના રહ્યા, રાવ ને રાણાને "એક દાણો આપવાને રહ્યો નહિ. ધણી અને ધણિયાણી એક બીજાને છોડીને "ગયાં, માબાપે પોતાનાં છોકરાં તજી દીધાં; ધર્મ કરવાનું બધા ભૂલી ગયા; "સદાવ્રત ભાગી પડ્યાં, કૂવા તળાવમાંથી પાણી સૂકાઈ ગયાં, આકાશમાંથી "એક ફોરૂં પણ પડયું નહિ; એકેએક ગામડેથી આવી દુઃખદ ખબરો આવી "પ્હોંચી, અને જ્યારે આખો દેશ ભીખારી થઈ ગયો, ત્યારે કાનાના વંશ- "વાળાએ પોતાની ધર્મની ધજા ફરકાવી. તેણે પોતાના કોઠાર ઉઘાડા મૂક્યા; "અને જ્યારે બીજા રાજાઓએ પોતાના ગામમાં પેસવા દેવાનું બંધ કર્યું, "ત્યારે અજબેશે સર્વનો સત્કાર કરવા માંડ્યો. સ્વર્ગનો ઈંદ્ર કોપાયમાન થયો, "પણ પૃથ્વી ઉપરનો આ ઈંદ્ર તો પ્રસન્ન રહ્યો. તેણે દેશમાંથી કાળને હાંકી "ક્હાડવાનો પ્રયત્ન કર્યો."

મુસલમાનો સાથે તેને લડાઈ થઈ તેનું વર્ણન નીચે પ્રમાણે છેઃ—

"આ વેળાએ કડીમાં આણુખાન અને લેખો કરીને બે તુર્ક અમલ "કરતા હતા. તેઓ દેશના ઉપર જુલમ કરતા હતા. તેઓએ અજબાની "અને અગરાની કીર્ત્તિ સાંભળી ત્યારે કટોસણ લખી વાળ્યું કે અમારે તાબે "થઈને અમને ખંડણી આપો. અજબાએ આ સમાચાર સાંભળ્યા એટલે "કોપાયમાન થયો ને સંદેશો ક્હેવા આવનારને કત્લ કરતો હતો, પણ "અગરાએ તેને વારી રાખ્યો. તેઓએ પોતાના દીવાન મદનશાહના દીકરા "દીપચંદને તેડાવ્યો, અને તેની પાસે તરકડાઓને કોપ ઉપજે એવું ઉત્તર

"લખાવ્યું, તેમાં કેસર તથા કરંતીગઢ(કીર્તિગઢ)ના અધિપતિયોનાં પરા-
"ક્રમનું પણ સ્મરણ કરાવ્યું. મ્હોટી મ્હોટી દાઢીવાળા અભિમાનભરેલા
"મુસલમાનો એકઠા થયા, તેમણે ડાંગરવા આગળ પોતાનો પડાવ નાંખ્યો.
"એ સમાચાર જ્યારે કટોસણ પ્હોંચ્યા ત્યારે અજબાએ પોતાના ભાયાત
"મેઘરાજ, જગતો, અને સૂરજ એઓને બોલાવ્યા. તેમાં તેજલ હતો તેની
"તરવાર તો કોઈ દિવસ ભાગી ન હતી. અગરાએ મૂંછે હાથ નાંખીને તેમને
"ભાષણ કર્યું; ભાયાતોએ સોગન ખાઇને કહ્યું કે અમે અમારો ભાયાતપણાનો
"ધર્મ પાળીશું. વિક્રમશી કવિયે કહ્યું કે વાહ! વાહ! હું તમારી હિંમત જોઈને
"ખુશી થયો; એમ કહીને તેણે સાંથળના શાંતાજી, હુરખા સવાઈ, અને
"કાનો એ આદિને તેઓના બાપનાં વખાણ ગાઈ સંભળાવીને તેમને શૂર ચડાવ્યું,
"ઘણા કોળી એકઠા થયા, તેઓ ખભે ભાથા બાંધીને ધનુષ્યના ટંકાર કરતા
"આવ્યા; કેટલાક અશ્વાર હતા, કેટલાક પાળા હતા, અને કેટલાક ધાડપાડુ
"હતા. જકાણાના માણસો લઈને જોરો અને જસો આવ્યા; અગરજાનો હેમો
"આવ્યો; મરતોલીનો માનો પણ ત્યાં હાજર થઈ ગયો" અને બીજા બહુ
જણા આવ્યા. ભાટ લોકની રીત પ્રમાણે લડાઈનું સેળભેળ કરી નાંખેલું
તેમણે વર્ણન આપેલું છે તે બધું તે જ પ્રમાણે દાખલ કરવાની અત્રે અગત્ય નથી;
શેષનાગ ધ્રુજવા લાગ્યો, પર્વતને પર્વત મળે તેમ હિન્દુ અને મુસલમાનો સાથે
મળ્યા; લોહીની નદિયો વ્હેવા લાગી; આવે પ્રસંગે શિવ સદા આવીને ઉભા
રહે છે તેમ વીર, ભૂત, રાક્ષસ વગેરેને લઈને આવ્યા. સૂર્યે પોતાના ઘોડા
ખેંચી રાખ્યા તેથી તેનો રથ ખમચ્યો. "અપ્સરાઓ અને પરિયો હિન્દુ
"અને મુસલમાનોને પોતાના દૈવી સ્થળે લઈ જવાને આવી, આપો અને લેખો
"ન્હાશી જવાને પાછા ફર્યા નહિ, પણ તરવારોવાળા ક્ષત્રિયોની સાથે લઢ્યા."

આ તો સર્વ સાધારણ વર્ણન છે પણ નવાઈ જેવું તો નીચે પ્રમાણે છેઃ—

"જ્યારે અગરેશે અજબાને ઉશ્કેર્યો ત્યારે તેઓની સાથે દિવસે
"લડતા હતા તેમ રાત્રની વેળાએ પણ શત્રુની ઉપર વાઘની પેઠે તૂટી
"પડવાને અજબાએ નિશ્ચય કર્યો. એકેએક તંબુએ તેણે ખાતર પાડ્યું; પૈસો
"અને ઘરેણાં, હથિયાર અને લૂગડાં સર્વે તે લઈ ગયો. એ પ્રમાણે બે પ્રકારે
"શત્રુને ઘા વાગ્યા; અને ખાવાનું કાંઈ રહ્યું નહિ એટલે થોડા ઘણા બાકી
"રહેલા અશ્વાર અને પાળા સહિત પોબાર ગણી ગયા."

આ પ્રમાણે તેમની અવસ્થા થઈ ગઈ તેથી વરસોડાનો ઠાકોર વચ્ચે
પડ્યો, એટલે મુસલમાન રાજી થયા, અને જે વિષેનો વાંધો હતો તેનો
નિકાલ કરી દઇને કજિયો પતાવી દીધો.

પ્રકરણ ૯ મું

મહીકાંઠો

ગૂજરાતનો મુલ્કી અને લશ્કરી ભાગ, જેને મરાઠા મહીકાંઠો કરીને કહેતા હતા તે, તેના નામ પ્રમાણે કેવળ મહીના કાંઠા ઉપરનો જ પ્રદેશ નથી પણ તેનો વિસ્તાર એ નદીની ઉત્તરમાં પોસીના, અંબાજી, અને બનાસ સુધી છે, અને ખરૂં જોતાં તો ખરા ગૂજરાતના જે ભાગમાં ગાયકવાડને ખંડણી ઉઘરાવાને પોતાનું લશ્કર લઈ જવું પડતું હતું, તે સર્વ ભાગ તેમાં આવી ગયો છે. દેશના સ્વાભાવિક બંધારણ અને આકાર વિષે અમે આ પુસ્તકના પ્રારંભમાં વર્ણન કરેલું છે. અને આ પ્રાન્તના જૂદા જૂદા ભાગ જૂદા જૂદા સત્તાધારીના હાથમાં આવી ગયા છે તેનું કારણ પણ ઘણું કરીને તે જ છે. ઘણો ખરો આખો સપાટ દેશ મરાઠાના રાજ્યની સત્તા નીચે થઈ ગયો હતો. તોય પણ, ચુંવાળના જંગલમાં અને દક્ષિણમાં છેક વડોદરા સુધીના મહીના કાંઠાના પ્રદેશમાં સ્વતંત્ર જાતિના લોકોને રક્ષણ મળતું હતું, અને મહુધા, નાપાડ તથા ધોળકા, તેમ જ બીજાં ફળદ્રૂપ પરગણાંનાં ઘણાં ગામમાં, તથા વાઘેલા વગેરે રજપૂત ગરાસિયાઓનાં ગામમાંથી ખંડણી ઉઘરાવાને મુલ્કગીરી કરવી પડતી હતી; જેમ ન્હાની નદિયોની શાખા વધતી ચાલી છે તેમ તેઓના કાંઠા ઉપરની ઝાડીમાં અને કોતરોમાં ઘણા સ્વતંત્ર લોકો આવી ભરાવા લાગ્યા; અને ન્હેળિયાંનો જેમ વધારો થતો ચાલ્યો અને જંગલ પણ વધારે ઘાડું થતું ચાલ્યું તેમ, ઈડર, તથા લૂણાવાડાનાં હજી લગણ નહિ વશ થયેલાં સંસ્થાન ઈશાન કોણના પર્વતોમાં આવેલાં છે, ત્યાં સુધી સ્વતંત્ર દેશી ભરચક સમુદાયવાળા થવા લાગ્યા અને ઘાડી વસ્તીથી ભરાઈ ગયા.

મહીકાંઠામાં કણબી, વાણિયા, અને બીજા ગરીબડી જાતિના ઘણા લોકોની વસ્તી હતી, પણ દેશની સત્તા જેઓના હાથમાં હતી અને જેઓ હથિયાર ધારણ કરવાવાળા હતા તેઓ તો રજપૂત, કોળી, અથવા મુસલમાન જાતિના હતા. તેમાં કોળી લોકો, જો કે, રજપૂતોની સત્તા નીચે જોવામાં આવતા હતા, તથાપિ તેમની સંખ્યા મોટી હતી. રજપૂત બે પ્રકારના હતા—એક, ઇડરના રાજકર્ત્તા વંશ સાથે જેઓ જોધપુરથી આવી વસેલા એવા મારવાડી; તથા બીજા, અસલના રાવોને પોળોમાં ન્હસાડી મૂકવામાં આવ્યાનું આપણે વર્ણવી ગયા છિયે તેવા તેમના પક્ષકારી હતા તે. આ બે પ્રકારના રજપૂતોમાંથી મારવાડી રજપૂતોનો પોશાક અને રીતભાત મારવાડવાળાઓને મળતાં હતાં, પણ તે સાથે વળી તેઓએ તેમનાથી જૂદા પડી,

અહિં રહ્યા તેવામાં, બીજી કેટલીક કઢંગી રીતભાતનો કેટલોક વધારો કર્યો હતો. તેઓ ઘણા શૂરવીર કહેવાતા હતા પણ મૂર્ખ, આળસુ, ઢંગ વિનાના અને અક્રિણિયા તથા દારૂડિયા થઈ પડ્યા હતા. રેહેવર અને બીજી જાતિના રજપૂતો જે હજી લગણુ રાવ સોણુંગજીના વંશજ પ્રતિ પોતાની રાજભક્તિ જણાવે છે તેઓ મારવાડિયોના કરતાં વધારે સુધરેલા, વધારે પ્રતિષ્ઠિત, અને વધારે કલાગરા ગણવામાં આવ્યા છે, પણ તેઓ ઓછા વ્યવસાયી, અને ઓછા શૂરવીર છે. સર્વ રજપૂતો, ઢાલો, તરવારો, બંદુકો, અને ભાલા રાખતા. તેઓ પોતાનું રક્ષણ કરવાને ઘણી વાર લ્હોડાનું કે ચામડાનું કવચ પ્હેરતા, અને તેવું પોતાના ઘોડા ઉપર નાંખતા; તેઓ કોઈ કોઈ વાર ધનુષ્ય પણ રાખતા, તેઓની લડવાની રીતિ પોતાનાં ગામોનું રક્ષણ કરવાના હેતુ સર હતી. તેઓ કોળિયોની પેઠે જંગલમાં ભરાઈ પેસતા નહિ, પણ બચાવ કરવામાં ફાવી જાય નહિ ત્યારે જ માત્ર તેમ કરવાની તેમને અગત્ય પડતી. માલ વિનાની લડાઈયોમાં કોળી લોકોની પેઠે તેમને ફાવતું નહિ. આખા મહીકાંઠામાં કોળી અથવા ભીલ લોકોની વસ્તી ઘણી વધારે છે. ત્યાંના બીજા લોકો કરતાં તેઓ કદમાં ઘણા ન્હાના હોય છે, અને તેઓની આંખો ચંચળ અને ખંદાઈભરેલી જણાય છે. તેઓ કદાપિ પાઘડી પ્હેરે છે તો ઘણી જ ન્હાની પ્હેરે છે, પણ ઘણું કરીને તો તેઓ માથે ફાળિયું વિંટે છે. તેઓ લૂગડાં પ્હેરે છે તે થોડાં અને જાડાં પ્હેરે છે. જ્યારે ત્યારે પણ તેઓની પીઠ પછવાડે તીરનો ભાથો બાંધેલો જોવામાં આવતો, તે સાથે તેઓ પાસે એક લાંબું કામઠું રાખતા, અને કાંઈ બ્હીક જેવું જોવામાં આવતું અથવા કોઈ અજાણ્યાને એકાએક દેખતા એટલે કામઠું ચડાવા મંડી જતા. તેઓ ચમત્કારિક ત્વરાવાળા, ચંચળ, અને બળકટ હતા. ભૂખ, તરસ, થાક, અને ઉજાગરા, મનાય નહિ એવી રીતે તેઓ સહન કરી શકતા; તેઓ સાવધાન, સાહસિક, ભેદુ, યુક્તિયો શોધી કહાડવામાં કુશળ, અને રાત્રિની વેળાએ હુમલો કરવામાં, છાપો મારવામાં અને લપાઈને સંતાઈ રહેવામાં આશ્ચર્યકારક રીતે યોગ્ય ગણવામાં આવ્યા છે. તેઓનાં હથિયાર અને તેઓની ટેવ એવા પ્રકારની હતી કે ખુલ્લા લડાઈના મેદાનમાં ઉભા રહેવાને તેઓ અયોગ્ય[1] હતા, અને તેઓના ઉપર હલ્લો

---

૧ સ્કોટલંડના લો લ્યાન્ડરો ત્યાંના હાય લ્યાનડરો વિષે એવી જ તરાહનો અભિપ્રાય રાખતા. બાર્બોર્જાન સેટાન નામની કવિતામાં નીચે પ્રમાણે છે:—

"હાય લ્યાનડર લોકો ઢાલ તરવાર અને તોપની વ્યવસ્થા કરવામાં હોશિયાર છે,
"પણ રણભૂમિમાં ટકાવ કરી રહે એવા અને તોપનો અવાજ સહન કરે એવા નથી,

કરવામાં આવે ત્યારે બ્હીકણા બની જતા, પણ બ્રિટિશના કવાયત શીખેલા લશ્કરે પડાવ કરેલા ઠેકાણા ઉપર પણ હુમલો કરવામાં તેઓએ ઘણે પ્રસંગે અસાધારણ શૂરવીરપણું બતાવ્યું છે. તેઓ સ્વતંત્ર જુસ્સાના હતા, અને તેઓ પાકા ચોર કહેવાતા હતા, તથાપિ તેમના ઉપર વિશ્વાસ રાખવામાં આવે તો ત્યાં અજાએબ જેવા નિમકહલાલ ગણવામાં આવેલા છે, અને કદિ તેઓએ ઘાતકીપણું બતાવેલું નથી. તેઓને નિયમિત ઉદ્યોગ કરવો ગમતો નહિ, અને દારૂ પીવાનો તેઓને અત્યંત છંદ પડેલો હતો, તથા જ્યારે તેઓ છાકટા બનતા ત્યારે ઘણો કજિયો કરતા. તેઓને લૂંટફાટ કરવી ઘણી ગમતી, અને દેશમાં જ્યારે સર્વ ઠેકાણે બંડ ઉઠે ત્યારે તેઓને ઘણું સારૂં લાગતું. જો કોળી લોકો સંપ કરીને પોતાનો જથ્થો બાંધે તો તેઓ ઘણા ભયંકર થઈ પડે. પણ તેઓનામાં પોતાની જાતિનો પ્રેમ છતાં, તેઓ એક જ સમૂહના છે એમ તેઓએ ગણ્યું નથી, તેમ જ બ્હારના શત્રુ સામે થવાને તેઓએ પોતાનો સર્વનો એક જ સ્વાર્થ છે, એમ માન્યું નથી.

ઈડર સંસ્થાનના તાબાનાં અહ્મદનગર અને મોડાસાનાં સંસ્થાન છે તે બાદ કરતાં તેની ઉપજ ચાર લાખ રૂપિયાની ગણવામાં આવી છે. રાવોના વારામાં ઈડર સંસ્થાનનો વિસ્તાર ઘણો વધારે હતો, પણ પરાંતીજ અને ખેરાલા પરગણાં અમદાવાદના સુલ્તાનોએ જિતી લીધાં હતાં અને બીજાં પરગણાં મેવાડના રાણાઓએ અથવા ડુંગરપુરના રાવળોએ લઈ લીધાં હતાં. ઈડરના મહારાજાની ખરેખરી ઉપજ તો લાખ કે દોઢ લાખ રૂપિયાની છે ને બાકીની તેના આઠ રજપૂત પટાવતોને સ્વાધીન કરવામાં આવી છે, તેને બદલે તેઓ તેની લશ્કરી ચાકરી કરવાને, અને થોડી ખંડણી આપવાને બંધાયલા છે. આ સિવાય વીસ કે ત્રીસ રજપૂત અને કોળી ઠાકોરોને આગળના રાવોએ લશ્કરી નોકરીના પેટામાં આપેલી જમીન છે પણ તેને બદલે તેઓ મહારાજાને દર વર્ષે ખંડણી આપે છે. આખા ઈડર સંસ્થાન ઉપર ગાયકવાડની ખંડણી છે તે મહારાજા અને તેના પટાવતો પાસેથી ચૂકવી લેવામાં આવે છે, પણ પછવાડેથી રૈયતના ઉપર વધારાનો કર નાંખીને તેઓ તે આંકડો પાછો વસૂલ કરી લે છે. મહારાજાની પોતાની સરબંધી પચાસ ઘોડા અને એક સો ને પચાસ પાયદળની માત્ર છે, પણ જો અગત્ય પડે તો જોઇયે તેટલા પગારબંધી માણ-

"કેમકે તેઓ ઘણા ઉઘાડા શરીરના છે. ઉન્હાળાની રાત્રે તોપનો ઘઘડાટ, હવામાં "ગર્જના થતી હોય તેવો થાય છે તે હાયલ્યાન્ડ પોશાક પ્હેરનારાઓમાં એક માણસ "નથી કે સામે મ્હોંડે ખમી શકે."

સોનો વધારો કરી શકાય એમ છે, કેમકે તેવા લોકોની ટોળિયોની ત્યાં ખોટ નથી. નોકરી કરનારા પટાવતોની સરબંધી અશ્વાર અને પાયદલ મળીને એક હજારની થાય છે અને તે વિના છસેં બીજું લશ્કરી માણસ છે.

અહંમદનગર, મોડાસા, અને બાયડ એ ત્રણ સંસ્થાનવાળા ઈડરના મહારાજના સગા થાય છે, અને ઈડરવાડા માંહિલો દેશ તેમને સ્વાધીન છે તો પણ, ખરૂં જોતાં તેઓ ઈડર સંસ્થાનથી સ્વતંત્ર છે. અહંમદનગરનો તાલુકદાર પોતાના સગા, ઈડરવાળાનો ઘણું કરીને કટ્ટો શત્રુ છે, અને થોડાં વર્ષ ઉપર તો બંનેનો કજિયો બહુ જ વધી પડ્યો હતો, તેનું કારણ એ હતું કે, મોડાસાનો તાલુકદાર ગુજરી ગયા પછી, ઈડરના મહારાજે તેના તાલુકા ઉપર પોતાનો હક્ક કર્યો અને અહંમદનગરવાળાનો કુંવર મોડાસાવાળાએ દત્તક કરી લીધો હતો, તેથી તે પોતાના કુંવરને માટે તાલુકો રાખી રહ્યો.

ઈડરના આઠે પટાવત (એક ચોહાણ હતો તે બાદ કરતાં) રાઠોડ વંશના હતા, અને પોતાના કુળના જોધા, ચાંપાવત, કુંપાવત, અને એવાં જ બીજાં નામથી પ્રસિદ્ધ હતા. એવાં નામ પડવાનું કારણ એ હતું કે જેણે જોધપુર વસાવ્યું તે જોધો, તેના ભાઈ ચાંપો, અને તેનો ભત્રીજો કુંપો તથા મારવાડના બીજા રાજકુટુંબિયોએ તેને કુળની પ્રથમ-સ્થાપના કરી હતી, તેથી તેઓનાં નામથી તે કુળ ઓળખાતાં હતાં. તેઓની પદવી ચોક્કસ ઠરાવી હતી, અને તેઓને જે પ્રતિષ્ઠા આપી હતી તે ઘણી સંભાળથી નિયમિત કરી દીધી હતી. ઊંડણીના કુંપાવતને સર્વથી શ્રેષ્ઠ પદવી હતી. તેને ચામર, ચોપદાર અને ડંકાની પરવાનગી હતી, તથા પાલખી આપી હતી. તેને પોતાની જાગીરને પેટે કાંઈ ખંડણી આપવી પડતી નહિ; તે જ્યારે દરબા-રમાં આવે ત્યારે મહારાજ ગાદી ઉપરથી ઉઠીને તેને મળે અને જતી વેળાએ પણ તેટલું જ માન આપે. તેની બેસવાની જગ્યા મહારાજાના જમણા હાથ ભણી પ્હેલી હતી. આ કરતાં પણ તેને બીજી બે છુટયો હતી તે પરદેશી લોકોને ઘણી નવાઈ જેવી લાગે એવી હતી. તે એ કે, તેને સોનાનો તોડો પ્હેરવાની તથા મહારાજની હજુરમાં સોનાનો હુક્કો પીવાની રજા હતી. તેમાં તેઓ મ્હોટું માન સમજતા હતા. મુંડેટીના ચોહાણની જાગીર મ્હોટી હતી પણ તે સર્વ કરતાં હલકી પદવીનો પટાવત હતો. તેને મહારાજ ઉઠીને મળે અને તેના મ્હોં આગળ ડંક્કો થવા દે એટલી જ પ્રતિષ્ઠા તેને આપી હતી.

પ્રથમ વર્ગના ઉમરાવોથી બીજી પદવીનો બ્હારોટજી અથવા દસોંદી ભાટ હતો, તેની બેસવાની જગ્યા મહારાજની ગાદીની સામે હતી અને

દરબારમાં આવતી વેળાએ અને ત્યાંથી જતી વેળાએ મહારાજ તેનો આદરસત્કાર કરતા.

બીજા કેટલાક લશ્કરી જમીનદાર છે, તેઓને મ્હોટા પટાવતો પાસેથી જિલ્લામાંથી જમીન મળેલી છે અને તેઓ "જીલાયત" કહેવાય છે. તેઓ-માંથી કેટલાકનો સત્કાર દરબારમાં આવતી વેળાએ મહારાજ કરતા, પણ જતી વેળાએ તેમ કરવામાં આવતું નહિ. તેઓ દરેક ઘણુંમાં ઘણા દશ અશ્વાર રાખતા અને પોતાના જીલ્લાના પટાવતની સાથે સ્વારીએ ચડતા.

સંસ્થાનની જમાબંધીનું કામકાજ કારભારી અથવા દીવાન ચલાવતા, તે ઘણું કરીને જાતના વાણિયા હતા. બાકીનું બીજું કામકાજ પોતાના સરદારોમાંથી એક જણને સોંપવામાં આવતું, તેને "પ્રધાન" કહેતા. તેને નિરંતર મહારાજની હઝુરમાં રહેવું પડતું. પટાવતો સંબંધીનું કાંઈ પણ કામકાજ પ્રધાનની સંમતિ વિના મહારાજ એકલાથી કરી શકાતું નહિ. જો કોઈ પટાવતને દરબારમાં બોલાવવાને કાગળ લખ્યો હોય તેમાં મહારાજે સહિ કરી હોય પણ નીચે પ્રધાનની સહિ હોય નહિ તો તે માન્ય રાખવામાં આવે નહિ, એટલું જ નહિ પણ, માંહિ કાંઈક દગો છે એવો વ્હેમ પટાવતને પડે.

ઈડરવાડો પશ્ચિમ ભણી ખુલ્લો છે, તથાપિ બહુધા તેનો બચાવ થઈ શકે એવો છે. તેમાં નદિયો, ડુંગરા, અને જંગલ ઘણાં છે. ધરતી ફળદ્રૂપ છે, અને તેમાં આંબાનાં ઝાડ પુષ્કળ છે તે ઉપરથી જણાય છે કે આગળ તેમાં વાવેતર થતું હશે; ઘણો ભાગ તો હમણાં જંગલથી છવાઈ ગયો છે.

મહીકાંઠામાં લૂણાવાડાનું રજપૂત સંસ્થાન આવ્યું છે, પણ તે સંબંધીનું લખાણ અમારે હાથ આવ્યું નથી. તેમાં દાંતાનું સંસ્થાન તથા બીજા ઘણા ન્હાના ન્હાના ઠાકોરોની જાગીરો આવેલી છે (તેઓ માંહેલા દરેકની પાસે પંદરસેંથી તે ત્રણ હજાર સુધી લડવૈયા હોય છે, અને પાસેના સબળ કિલ્લા-ઓમાં રહે છે) તે માંહેથી જે પ્રસિદ્ધ છે તેના ચાર કે પાંચ જથ્થા બંધાય એમ છે. આંબલિયારા, લોહાર, અને નીરમાલીના કોળી ઠાકોરો, તથા માંડુવા, પુનાદરા, અને કરાળના મકવાણા જમીનદારો છે. તેઓના તાબામાં આશરે પંદર માઇલિ ક્ષેત્રફળની વાત્રક નદીની પાસેની ધરતી છે: બીજો જથ્થો કોળિયોનાં નવ ગામનો છે, તે વિજાપુર પરગણામાં સાબ્રમતી નદી ઉપર છે; આ જથ્થાને લગતાં દક્ષિણમાં, વરસોડા, માણસા, અને પેથાપુરનાં રજપૂત સંસ્થાન છે. બનાસની પાસેના કાંકરેજના આઠ હજાર કાંમઠાવાળા કોળી છે. તથા ચુંવાળના પાંચ હજાર છે, પણ તેમનો પ્રાન્ત બળવાન નથી, અને તેઓએ હવે પોતાની પડોશના લોકોને છેડવાનું છોડી દીધું છે.

મ્હેવાસી લોકો ઉપર દાબ બેસારવાને માટે મુસલમાન પાદશાહોએ બંધાવેલા વિશાળ અને ઘણા કિલ્લાઓનાં ખંડેર હવડ પડેલા ભાગમાં હજી પણ જોવામાં આવે છે. મુસલમાનોએ આવો બંદોબસ્ત રાખ્યો છતાં તેઓના ખરેખરા બળના સમયમાં પણ ઘણું કરીને તેઓનું ચાલ્યું હોય એમ જણાતું નથી, અને મોગલ રાજ્યની પડતી આવી તે વેળાએ દેશમાંથી થાણાં ઉઠાડી લઈને તેઓએ ત્યાંના તોફાની લોકોને ફાવતું કરવાને દેશ ખુલ્લો મૂકી દીધો હતો. મરાઠાઓના આવ્યા પછી સર્વ રીતિભાત બદલાઈ ગઈ હતી. તેઓ કિલ્લા બાંધ્યા વિના, અથવા લાગલું જ રાજ્ય સ્વાધીન કરી લેવાનો પ્રયત્ન કર્યા વિના, ખંડણી વસૂલ કરી લેતાં સુધી, પોતાના રિવાજ પ્રમાણે હુમલા કરતા હતા, અને જેમ તેઓને પ્રસંગ મળતો જતો હતો તેમ ખંડણીના દરમાં વધારો કર્યાં જતા હતા.

વર્ષા ઋતુમાં મહીકાંઠાના જે ભાગમાં પડાવ કરવાની અગત્ય પડતી ત્યાં મરાઠાનું મુલ્કગીરી લશ્કર પડાવ કરીને રહેતું હતું, અને બાકીના આખા આઠે મહિના અહિં તહિં નિરંતર ભમ્યાં કરતું. માગતાં વાંત ખંડણી આપવામાં આવતી નહિ ત્યારે, તાલુકદારના ઉપર અમુક રકમનો મોસલ કરવામાં આવતો હતો. આમ છતાં પણ, તાલુકદારથી રકમ ભરાતી નહિ ત્યારે તેના તાલુકામાં લૂંટફાટ કરનારૂં લશ્કર પેસતું, અને તેના ત્રાસથી પણ કરાર પળાવી શકાતો નહિ ત્યારે તાલુકાનો પાક કાપી નાંખતા, ઝાડની ખરાબી કરતા, અને તેની ધરતી ઉજ્જડ કરી નાંખતા. ઠરાવેલી ખંડણીના દર કરતાં વધારે ઉઘરાવી લેવાને આ પ્રમાણે કરવું પડતું, તેમ જ, ઘણાં ગામડાંવાળા પણ લશ્કર ચડી આવે ત્યારે જ ખંડણી આપવામાં માન સમજતા હતા. ખંડણી આપવામાં જ્યારે તેઓ ઘણા હઠીલા થતા, અથવા લૂંટ કરતા કે તે કરવાની ઉશ્કેરણી આપતા, ત્યારે ગાયકવાડનો સરદાર તેઓના સામી ઉઘાડી દુશ્મનાવટ બાંધતો.

બહુધા મ્હેવાસિયોનાં ગામડાં ઉપર લશ્કર સહિત ત્વરાથી ચડી આવીને છાપો મારતો, અને તેઓના મુખીને અથવા તેઓની સ્ત્રિયોને પકડી જતો. જો તેનો જય થતો તો મ્હેવાસી શરણ થતા; પણ તેનું ચાલતું નહિ તો તે ગામ મારતો અને બાળતો, એટલે ત્યાંના રહેવાસી ઘણું કરીને કોળી હોય તો તે જંગલમાં ન્હાશી જઈને તેનું કાંઈ ચાલવા દેતા નહિ. કોળિયોનાં જે બહુ જબરાં ગામ હતાં તે નદીથી ઘણી વેગળી બાજુએ ખુલ્લાં હતાં, અને બીજી બાજુઓએ ટેકરા કરી લેતા તેનું કારણ એ જ હતું કે અગત્ય પડે ત્યારે કોતરોમાં ન્હાશી જવાય. કોળિયોને આ પ્રમાણે ન્હાશી જવાને અથવા સંતાઈ

રહેવાને સાધન મળતાં હતાં, તેથી, તેમના મનમાં ઘણી હિમ્મત રહેતી હતી, અને આણીમગ, હલ્લો કરનારાઓને પેલા ટેકરા ભણીના રસ્તા કોઈ પણ પ્રકારે કોળી લોકોના જેટલા ફાવી જવા જેવા થઈ પડતા નહિ. આવે પ્રસંગે કોળિયો કામઠાં અને બંદુકો વડે ગાયકવાડના લશ્કરને ઘણી વાર લગી ટળવળાવતા હતા. પણ જો તેઓને તેમની જગ્યાએથી ન્હસાડી મૂકવામાં આવતા તો તેઓ વિખરાઈ જતા, અને ઝડપથી ઘણી લાંબી કૂચ કરીને જ્યાં શત્રુથી પ્હોંચી શકાય નહિ એવી જગ્યાએ એકઠા થઈ જતા. અને કોઈ કોઈ વાર તો લાગ ફાવતો ત્યારે, રાતની વેળાએ એવી ચુપકીથી ગાયકવાડના લશ્કરની છાવણી ઉપર હલ્લા કરતા કે કવાયત શીખ્યા વિનાના ભરકુશિયા લશ્કરમાં ગભરાટ ઉડી રહેતો. પણ ચાલતાં સુધી તો તેઓ ગાયકવાડી સરદારનાથી ન્હાસતા ફરતા, અને જે ગામડાં સાથે તેને લાગતું વળગતું હોય તેઓની લૂંટફાટ કરીને આડે રસ્તે તેની પજવણી કરતા. આણીમગ ગાયકવાડી સરદારો, કોળી લોકોની બાતમી મેળવવાને, તથા તેઓને મારી નાંખવાને, અને તેમના કુટુંબનાં માણસોને પકડવાને પ્રયત્ન કરતા. તેમ જ, તેમને ખાવાપીવાનું મળે નહિ એટલા માટે બનતી ચોકસાઈ રાખતા, તથા તેઓને જે આશ્રય આપતું હોય તેમને શિક્ષા કરતા. આ પ્રમાણે બંદોબસ્ત થવાથી કોળિયોને જ્યારે ખાવાનું મળતું નહિ ત્યારે તેઓ મહુડાં અથવા ખાવા જોગ ભાજીપાલો ખાઈને રહેતા; પણ રહેતાં રહેતાં તેમાંના માણસો પોતાને ગામ પાછા ફરતાં તેથી તેમના જથ્થામાં ઘટાડો થઈ જતો, માત્ર આદરી બેઠેલા માણસો પોતાના ઠાકોરોની સાથે વગડામાં રહેતા. એ પ્રમાણે તેઓ મરાઠાઓના હાથમાં આવતા નહિ અથવા તેમના વિષે તેઓ સરતચૂક થઈ જતા ત્યાર પછી વાંધો પતાવીને અથવા શરણ થઈને પણ ઠાકોર પોતાનાં ગામનો ફરીને કબ્જો કરી લેતા. કોળી લોકો સાથે કજિયો રાખવામાં છેવટે ગાયકવાડને ઘણે પ્રસંગે નુકસાન વેઠવું પડેલું છે.

આંબલિયારા ગામની માત્ર એક જ બાજુએ રક્ષણકારક લાંબી ન્હાની ઝાડી આવેલી અને આસપાસના સૂકા કાંટાની વાડ વિના બીજું કાંઈ પણ નહોતું, છતાં સાત હજાર માણસોના ઘેરાનો ટકાવ છ મહિના સુધી રહ્યો. અને પછી છાપો મારીને તે લેવામાં આવ્યું; પણ થોડાક કોળી લોકો ફરીને ટોળે મળીને તૂટી પડ્યા, એટલે લડાઈને ઠેકાણે તેઓના ચાર મુખ્ય સરદાર અને તોપો રહેવા દઈને ઘેરો ઘાલનારા લોકો જીવ લઈને ન્હાઠા. એક બીજે પ્રસંગે લોહારના લોકો આસરે એક હજાર ટોળે મળીને ગાયકવાડના દશ હજાર માણસના લશ્કરને પોતાની પછવાડે એક કાતરમાં થઈને વાત્રક

નદીમાં લલચાવી લાવ્યા, અને સામે કિનારે એક ન્હાની ટુકડી તેમના સામો ટકાવ કરતી હોય એવો ડોળ તેઓએ ધારણ કર્યો, એટલી વારમાં, સંતાઈ રહેલાં માણુસો બાબાજી આપાજીના લશ્કર ઉપર કોતરને આગલે ભાગે મારો ચલાવવા લાગ્યાં અને આખા લશ્કરને ન્હસાડી મૂક્યું, ને તેનો સરદાર બાબાજી પોતાના ઘોડાની ઝડપવાળી દોડને લીધે મહા સંકટમાંથી ઉગરી ગયો.

આવો પ્રસંગ જ્યારે રજપૂતોને આવતો ત્યારે તેઓ ઘણું કરીને પોતાના ગામનો હમેશ બચાવ કરતા; સાભ્રમતીના કિનારા ઉપર જબ્બર કોતરોમાં કરોડ ગામ છે, તેના ઉપર ગાયકવાડની ફોજે ઘણા હલ્લા કર્યા હતા તે સર્વેમાં તેઓને હઠાવીને ઘેરો ઉઠાવવાની જરૂર પાડી હતી. રજપૂતો કોઈ કોઈ વાર પરભાર્યા લોકોને પગાર આપીને લડાઈના કામને અર્થે લાવતા, પણ ઘણે પ્રસંગે તો, કોળી લોકોને વારે વારે બોલાવતા; તથાપિ કોળિયોને તો બીજી કોઈ જાતના લોકોને કદિ બોલાવવા પડ્યા નથી.

સુમારે અઢારમા સૈકડાની આખરે મહીકાંઠામાં મરાઠાની સત્તા ધમધોકાર ચાલતી હતી, તે વેળાએ શિવરામ ગાર્દી કવાયત શીખેલા લશ્કરનો સરદાર હતો, તે વિષે આગળ લખેલું છે, તેને પ્રાન્તની વ્યવસ્થા કરવાના કામ ઉપર નિમ્યો હતો. ફત્તેહસિંહના મરણ પછી, ગાયક્વાડના રાજ્યમાં અવ્યવસ્થા થઈ ગયાને લીધે, શિવરામે મેળવેલા જય ધોવાઈ ગયા; પણ રાવજી આપાજીના પિત્રાઈ રઘુનાથ મહીપતરાવે (અથવા કાકાજી) ઈ૦ સ૦ ૧૮૦૪ ને સુમારે વ્યવસ્થા કરી નાંખી, અને અગર જો ત્યાર પછી, ગાયકવાડી ફોજની સામે અટકાવ થયા હતા, તો પણ, તેમ કરનારા સર્વે એકસંપ થઈને સામા થવાને ઉઠ્યા હોય એમ થયું નથી. મહીકાંઠાની બાબતમાં, બ્રિટિશ સરકાર ઈ૦ સ૦ ૧૮૧૩ ની સાલમાં મધ્યસ્થ થવા લાગી, તે વેળાએ મેજર બાલેન્ટૈને, કર્નલ વોકરની ચલાવેલી સરસ રીતિ પ્રમાણે, ગાયકવાડની વતી, એ પ્રાન્તનાં ખંડિયાં સંસ્થાનો સાથે ઠરાવ કર્યા, પણ કાંઈ જ જુજ ચૂકને લીધે, તે ઠરાવ પછીથી બ્હાલ રાખવામાં આવ્યા નથી, તેમ જ, રદ્દ કરવામાં પણ આવ્યા નથી. તે વેળાએ આખો મહીકાંઠો ગાયકવાડના બચા જમાદારને સ્વાધીન હતો; તેણે ત્યાં ઘણીક ફોજ રાખી હતી, અને ગાયકવાડની સત્તા ઘણી સારી રીતે અને જોરથી ટકાવી રાખી હતી, તેણે સંસ્થાનો પાસેથી ખંડણી લેવાનો કર વધારી દીધો, અને જેઓ ઉઘાડે છોગે બંડ કરવાને ઉભા થયા તેઓને શિક્ષાએ પ્હોંચાડ્યા, પરંતુ લૂંટ થતી તે અટકાવી શકયો નહિ; બ્રિટિશ સરકારનાં પરગણાંમાં કોળી લોકો લૂંટ-ફાટ કરવા લાગ્યા તે વિષેની વારે વારે બૂમો પડવા લાગી. સન ૧૮૧૮ માં

બચા જમાદારના તાબાની ફોજનો ઘણો ભાગ, બીજાને મદદ આપવા સારૂ બોલાવી લેવામાં આવ્યો, અને ત્યાર પછી, બધાંય માણસોને બોલાવી લીધાં, તેથી, એ પ્રાન્તમાં ઘણી ખરી આગળની પેઠે જ અવ્યવસ્થા થઈ ગઈ. ત્રણ વર્ષ પછી જ્યારે મિ૦ એલ્ફિન્સ્ટન મુંબઈનો ગવર્નર ત્યાં ગયો, ત્યારે તે પ્રાન્તમાં સલાહશાન્તિ રૂહે તથા વડોદરા સરકારની ખંડણી સુલેહની રીતે ઉઘરાવી લેવામાં આવે એટલા સારૂં એની સૂચનાથી ત્યાં બ્રિટિશ એજન્સી સ્થાપવામાં આવી.

પ્રકરણ ૧૦ મું

ઈડરના મહારાજા-આનંદસિંહ-શિવસિંહ-ભવાનીસિંહ-ગંભીરસિંહ

જોધપુરના રાજા અજિતસિંહ વિષે બોલતાં ઈડરનો દસોંદી ભાટ કૂહે છે કે, તે ઘણો પ્રસિદ્ધ હતો. તેણે (દિલ્હીમાં) સાત શાહજાદાને ગાદી ઉપર બેસાડ્યા, અને તેમને પાછા ઉઠાડી મૂક્યા. છેવટે તેણે મહમદશાહને ગાદીયે બેસાડ્યો. સાત દિવસ સુધી દિલ્હીમાં અજિતસિંહની આણ વર્ત્તાઈ, અને જયપુરનો રાજા, જેસલમેરનો રાજા, ભાવલપુરનો નવાબ, શિરોઈનો રાવ અને શિખરાનો રાવ, એ પાંચ રાજા તેને શરણે રહ્યા. પાદશાહને ગાદિયે બેસાડીને ત્રણ વર્ષ લગી અજિતસિંહ દિલ્હીમાં રહ્યો, અને કુંવર અભયસિંહને પાંચ હજાર અશ્વાર સહિત પાદશાહની ચાકરીમાં મૂકીને, પોતે જોધપુર પાછો ગયો. એક દિવસે પાદશાહ જમનાજીમાં નાવ નંખાવીને અભયસિંહને સાથે લઈને સ્હેલ કરવા નીકળી પડ્યો. જ્યારે તેઓ નદીની મધ્યે આવ્યા ત્યારે, પાદશાહે કુંવરને નદીમાં નાંખી દેવાને કહ્યું, ત્યારે અભયસિંહે પૂછ્યું કે "એમ કરવાનું તમારે કારણ શું છે?" ત્યારે પાદશાહ બોલ્યો કે, "અજિતસિંહને મારી નાંખવા વિષે તમે તમારા ભાઈ વખતસિંહ ઉપર "કાગળ લખો તો હું તમને બચાવું." આ ઉપરથી અભયસિંહે ભંડારી રઘુનાથ પાસે એવો કાગળ લખાવ્યો કે "તમે અજિતસિંહને મારી નાંખશો તો હું "તમને નાગોરની ગાદી આપીશ." એ કાગળ વખતસિંહને પ્હોંચ્યો ત્યારે તેણે મધ્ય રાત્રે જઈને પોતાના પિતાને ઠાર કર્યો.[1] રાણિયો તેની સાથે સતી થવાને ચાલી; તેઓએ પોતાની સાથે આનંદસિંહ, રાયસિંહ અને કિશોરસિંહ જે અભયસિંહના ન્હાના ભાઈ થતા હતા તેમને લીધા, કેમકે જોધપુરની રીતિ પ્રમાણે તેઓની આંખ્યો ફોડી નાંખવામાં આવે નહિ. જોધપુરના રાજાનું સ્મશાન મંડોવરમાં હતું, ત્યાં જ્યારે રાણિયો આવી પ્હોંચી ત્યારે તેમને

૧ આ વાત ટૉડકૃત રાજસ્થાનના ભાગ ૧ લાને પૃષ્ઠ ૭૪૪–૭૪૫ માં સવિસ્તર છે.

સરદારોને સ્વાધીન કર્યાં. તેમાંના રાયસિંહ અને આનંદસિંહ ચોહાણુ રાણીના કુંવર થતા હતા અને કિશોરસિંહ ભાટિયાણીનો કુંવર થતો હતો. તેમને ચોહાણુ સરદાર, માનસિંહ અને દેવીદાસ, તથા માનસિંહના કુંવર જોરાવરસિંહને સ્વાધીન કર્યા. તેઓને રોઇચા ગામનો પટો હતો, તેની ઉપજ એક લાખ રૂપિયા આવતી હતી; તે છોડી દઈને કુંવરોને લઈને જોધપુરની પૂર્વમાં પંદર કોસ ઉપર ચાંદેલા ગામ છે ત્યાં પડાવ કર્યો. મારવાડમાં વડોદરાનો પટાવત મોકમસિંહ ઠાકોર હતો, તેનો પટો દશ હજાર રૂપિયાનો હતો, તેને વખતસિંહે કહ્યું કે, તમે પાછળ જઈને કુંવરોને મારી નાંખો અથવા પકડી લાવો. પછી તે આઠસેં અશ્વારો લઈને ચાંદેલે ગયો. તેને આવતો જોઈને, તેઓએ કમરો બાંધી અને પોતાના બારસેં અશ્વારોને પોતાની આસપાસ મૂકી દઇને વચ્ચે કચેરી કરી વિચાર કરવાને બેઠા. મોકમસિંહ તેઓના ડેરા પાસે જઇને ઉતર્યો, અને કહ્યું કે ત્રણે કુંવરો મને સોંપો. ત્યારે માનસિંહે કહ્યું કે "જેવા સતિયોએ કુંવરો મને સોંપ્યા છે તેવા "જ હું તમને સોંપું છું." એ પ્રમાણે કહીને પોતાની કટારી તેના મ્હોં આગળ ધરીને બોલ્યો, "જો તમારે તેમને મારી નાંખવા હોય તો હવડાં મારો." મોકમસિંહ બોલ્યોઃ–"ઠાકોર ! તમે ધણી કરી, તમે મને પણ તમારા ભેગો "ભેળવ્યો. હવે તો જે તમારૂં થશે તે મારૂં થશે." પછી ચારે જણા મારવાડમાં આડાવલો કરીને ડુંગર છે ત્યાં જઈ રહ્યા અને બ્હારવટું કરવા લાગ્યા. તેઓએ પોતાનો કબીલો વિકાનેરમાં દેશણોત ગામ છે ત્યાં ચારણોની માતા કર્ણીજી છે ત્યાં મેલ્યો. ત્યાં આજ સુધી એવો દસ્તુર હતો કે કોઈ મોટા રાજાનું ખુન કરીને પણ કર્ણીજી માતાને શરણ આવે તો તેનું કોઈએ નામ લેવાય નહિ, એવી એ માતાની સત્તા હતી.[૧]

આ બનાવ બનતાં પ્હેલાં શણાલાના પટાવત ચાંપાવત સવાઈસિંહ, માનસિંહ, પ્રતાપસિંહ અને જીવણદાસ હતા, તેઓનો પટો શિત્તેર હજાર[૨] રૂપિયાનો હતો. તેઓને મહારાજા અજીતસિંહ સાથે કજિયો થયો હતો તેથી તેમનો પટો જપ્ત થયો હતો. તેઓ પણ બ્હારવટે નીસરીને આડાવલે ગયા હતા, અને તેમના કબીલા તેમણે કર્ણીજી માતાને શરણે મૂક્યા હતા. એવામાં દિલ્હીના પાદશાહનો ખજાનો અજમેરથી દિલ્હી જતો હતો, તે તેઓએ લૂંટી લીધો. જ્યારે રાજકુંવરો આડાવલે આવ્યા

---

૧ કચ્છમાં માતાની તુંબડી નામે ગામ છે; ત્યાં કોઈ અપરાધી જતો તો તેને અભય ગણવાનો રીવાજ અદ્યાપિ સુધી હતો. ર. ઉ.

૨ મારા જાણવા પ્રમાણે તે સાત હજારનો હતો. ર. ઉ.

ત્યારે ચાંપાવતોએ એ ખજાનો તેઓને અર્પણ કરી દીધો અને તેઓની ચાકરીમાં રહેવાને તૈયાર થયા. કુંવર આનંદસિંહે તેમની વાત માન્ય રાખી અને મોકમસિંહ, જોધા માનસિંહ ચોહાણ, અને પ્રતાપસિંહ ચાંપાવત એ ત્રણે જણને કૉલ આપ્યો કે, તમે તમારા ધણીના સામધર્મી છો તેથી મને રાજ્ય મળશે ત્યારે હું તમને ત્રણેને પટો આપીશ. આડોવલેથી કુંવરોએ અને તેઓના સોબતિયોએ મારવાડ ઉપર લૂંટફાટ કરવા માંડી અને માનસિંહ ચોહાણ વિષે કવિતામાં એવું જોડાયું કે, "मरु धरा मथी, दधि जेम माने." (ભાવાર્થ,–દેવે જેમ સમુદ્રમંથન કર્યું તેમ માનસિંહે મારવાડની ધરતીનું મંથન કર્યું.) જ્યારે અભયસિંહે પાદશાહના ડરથી પોતાના બાપને મારી નાંખવાને વખતસિંહને લખ્યું હતું, ત્યારે પાદશાહે તેને ઈડર પરગણું બક્ષિસ આપીને નવ મ્હોરનો લેખ કરી આપ્યો હતો. તે લઈને અભયસિંહનો પુરોહિત બ્રાહ્મણ જગુજી દિલ્હીથી જોધપુર જતો હતો, તેવામાં આ બ્હારવટિયા, તેઓને પકડીને આડોવલા ઉપર લઈ ગયા. ત્યાં તેણે તેઓને કહ્યું કે, અભયસિંહને ઈડરનો પટો કરી આપ્યો છે, અને તમે મને જો દિલ્હી પાછો જવા દ્યો, તો હું તમારા નામનો પટો કરાવી લાવું. તેઓએ પુરોહિતના સોગન ઉપરથી તેની વાત માની. એટલે તેણે અભયસિંહની પાસે જઈને કહ્યું કે, "તમારા ભાઈ મારવાડ દેશ લૂંટીને ખરાબ કરે છે, માટે તેઓને "જોધપુરનાં બાવીશ પરગણાંમાંથી કોઈ પણ પરગણું છેલ્લી વારે આપવું તો "પડશે, તેને બદલે ઈડરનો પટો હવણાં જ આપીને સમાધાન કરો." અભયસિંહે તેને પટો આપ્યો અને તે લઈને આડોવલે ગયો.

આ વેળાએ, સંવત્ ૧૭૮૫(સન ૧૭૨૯)માં[1] ઉદાવત લાલસિંહજી

---

૧ મહીકાંઠાનો પોલિટિકલ ચાર્જ જ્યારે મેજર માઇલ્સના તાબામાં હતો, ત્યારે તા૦ ૨૧ મી સપ્ટેમ્બર સન, ૧૮૨૧ ને રોજ રિપોર્ટ કર્યો છે, તેમાં નીચે પ્રમાણે ફકરો છે:--

"સંવત્ ૧૭૮૫ માં જોધપુરના રાજાના ભાઈ આનંદસિંહ અને રાયસિંહે વાણ "અને પાલણપુરથી થોડા અશ્વાર ગડવાડાના કોળી સાથે આણીને ઘણી મુસિબત વિના "ઈડરનો કબજો કરી લીધો. તેઓને દિલ્હીનો હુકમ હતો એમ કહે છે. પણ ખરી વાત "એમ જણાય છે કે, દેશની સ્થિતિ એવી થઈ ગઈ હતી તેથી તેઓનું આવવું થયું હતું, "અને મારવાડના કુંવરો જે અમદાવાદની સુબેદારી ઉપર તે વેળાએ હતા તેઓએ "ઘણું કરીને તેમને આશ્રય આપ્યો હતો. કેટલાંક વર્ષ પછી ઉપર લખેલો દેશાઈ કે જેને "(મુરાદબખ્શે ઈડર લીધા પછી તેનો તાબો સોંપ્યો હતો તે) મારવાડિયોએ કહાડી "મૂકયો હતો એમ જણાય છે, તેની ઉશ્કેરણીથી બચાજી દેવાજી કરીને દામાજી ગાયક- "વાડના તાબામાં એક કામદાર હતો તેને પેશ્વાની ભણીથી ઈડરનો કબજો લેવાને

ત્રણસેં અશ્વારો સહિત બોરસદના નવાબની ચાકરી કરતો હતો, તે રજા ઉપર પોતાને ઘેર મારવાડ જતાં, ઈડર આવીને રમણેશ્વર તળાવ ઉપર ઉતર્યો હતો. તે વેળાએ ઈડરના દેસાઇયો આવીને તેને મળ્યા અને કહ્યું કે, ઈડરનું રાજ્ય તમને અપાવિયે. ત્યારે તેણે કહ્યું કે, ઈડરનો પટો તો મહારાજા અભયસિંહને પાદશાહે આપ્યો છે, માટે તે મારાથી લેવાય નહિ, પણ આનંદસિંહ અને મહારાજાના બીજા ભાયાત બ્હારવટે ફરે છે, તેઓને અહિં લાવિયે. આ વાત દેસાઇયોએ કબૂલ કરી એટલે લાલસિંહ આડોવલે ગયો, અને જે બન્યું હતું તે સર્વ વર્ત્તમાન કહ્યો. આ વેળાએ જેતાવત અદેરામજી અને કુંપાવત અમરસિંહ કુંવરો પાસે ચાકરીમાં હતા, તેઓએ ત્યાં ફોજ જમાવીને પાંચ હજાર અશ્વાર લઇને સિરોઈ પરગણાના રોહીડા ગામને પાદર મેલાણ કર્યું. ત્યાં પોસીનાનો વાઘેલો ઠાકોર, રાવનો પટાવત હતો તેણે રસ્તો બંધ કરીને કહ્યું કે, "હું તમને "ઈડર તરફ જવા દઇશ નહિ, કેમકે રાવજિયે ઈડર ઉપરનો પોતાનો કબ્જો "છોડી દીધો નથી." છેવટે એવો ઠરાવ થયો કે, ઠાકોરની કન્યા વ્હેરે આનંદસિંહજી પરણે, અને તે ઠાકોરને પોળના રાવ પાસેથી જે ગામ મળેલાં તે ઉપરાંત બીજાં બાર આપવાં. આ પ્રમાણે ધનાલનાં ગામ ઠાકોરને સ્વાધીન કર્યાં, અને તેની કુંવરી આનંદસિંહ સાથે પરણાવી, અને ફોજ પોસીને ગઈ. આ જગ્યાએ રાજકુંવરોએ દેસાઇયોને બોલાવ્યા. તે આવી પ્હોંચ્યા, એટલે તેમની સાથે બંદોબસ્ત કર્યો. પછી સંવત્ ૧૭૮૭(ઈ૰ સન ૧૭૩૧)ના ફાલ્ગુન શુદ્ધિ ૭ ને દિવસે ઈડરમાં પેઠા. એ જ વખતમાં મહારાજા અભયસિંહ અમદાવાદ આવ્યા. ત્યાર પછી અભયસિંહ ઈડરના મહારાજા સાથે સલાહથી

"મોકલ્યો. તેને ઈડરના માજી રાવના નોકર રેહેવર રજપૂતોએ મદદ કરી તેથી કબ્જો "કરી લીધો. આશરે સંવત્ ૧૮૦૯(ઇ. સ. ૧૭૫૩) માં ઈડર પાછું લેવાને લડાઈ થઈ "તેમાં આનંદરાવ કામ આવ્યો, અને બચાજી ત્યાં એક ટુકડી મૂકીને અમદાવાદ પાછો "આવ્યો, પણ રામસિંહે ફોજ એકઠી કરીને ઈડર ફરીને કબ્જે કરી લીધું. તે સંવત્ "૧૮૨૨(ઇ. સ. ૧૭૬૬)માં મરણ પામ્યો. શિવસિંહ, પોતાના બાપ આનંદસિંહની "પછવાડે ગાદિયે બેઠો, અને કહે છે કે તેણે ચાળીસ વર્ષ રાજ્ય કર્યું. શિવસિંહને પાંચ "દીકરા હતા, ભવાનીસિંહ (અથવા લાલજી) જે તેની પછવાડે ગાદિયે બેઠો; સંગરામસિંહ જેને અહંમદનગરનો પટો મળ્યો; જાલમસિંહ જેને મોડાસાનો મળ્યો; ઈંદ્રસિંહ "(જેને કાંઈ મળ્યું નહિ); અને ગોરવાડાનો અમરસિંહ. ભવાનીસિંહે તેના બાપના "મરણ પછી માત્ર એક જ મહિનો રાજ્ય કર્યું. ત્યાર પછી તેનો પુત્ર હવણાંનો રાજા "ગંભીરસિંહ, સંવત્ ૧૮૪૯(ઇ. સ. ૧૭૯૩)માં ગાદિયે બેઠો. ગંભીરસિંહને ઉમેદસિંહ "(અથવા લાલજી) કરીને એક કુંવર છે, તે વીશ વર્ષનો છે."

ચાલતો હતો, અને તેણે દિલ્હીથી પટો મેળવી આપ્યો હતો, એટલું જ નહિ પણ વિજાપુર અને પરાંતીજ પરગણાં તેમને અપાવ્યાં. જ્યાં લગી અભયસિંહ રહ્યો, ત્યાં સુધી ઈડરને અમદાવાદવાળાને જમા આપવી પડી નથી.[1]

મહારાજા આનંદસિંહને ઈડરમાં આવ્યાને બે વર્ષ થયાં ત્યાર પછી, બોરસદનો નવાબ ભાઈયોના ટંટાથી ન્હાસીને તેને શરણે ગયો. મહારાજાએ પોતાના સરદારોનો અભિપ્રાય લઈને પોતાના બે ભાઈયો સાથે

---

૧ કર્નલ ટૉડે (રાજસ્થાનભાગ બીજે પૃષ્ઠ ૭૬૯) નીચે દાખલ કરેલો પત્ર પોતાના પુસ્તકમાં આપેલો છે, તેની સાથે આ હકિકતનું શી રીતે મળતાપણું આણવું, તેની અમને ખબર પડતી નથી.

"અંબરના રાજા જયસિંહનો ઈડર સંબંધી કાગળ, મેવાડના રાણા સિંગરામસિંહ "ઉપર લખેલો.

"શ્રીરામજી

"શ્રી સીતારામજી,

"હું જ્યારે ઉદયપુરમાં હતો ત્યારે તમોએ મને કહ્યું હતું કે મેવાડ મારૂં ઘર છે "અને ઈડર મેવાડનું આંગણું છે, માટે તે લેવાનો લાગ તપાસતા રહેજો. તે દિવસથી "હું લાગ જોયાં કરૂં છું; તમારા મુખત્યાર મયારામે ફરીને તે વિષે લખ્યું છે, અને "દલપતરાયે બોલેબોલ તે કાગળ મને વાંચી સંભળાવ્યો છે. તે વિષે મેં અભયસિંહ "મહારાજને વાત કરી તે તમારા બધા વિચાર સાથે મળતા આવીને પરગણું તમને "નજર કરે છે, એ વિષેનું એમનું લખત આ સાથે મોકલ્યું છે.

"મહારાજા અભયસિંહ અરજ કરે છે કે, તમારે એવી રીતે બંદોબસ્ત કરવો કે, "કબ્જાવાળો આનંદસિંહ જીવતો ન્હાશી જાય નહિ, કેમકે એ મરી ગયા વગર તમારો "કબ્જો મજબુત રહેશે નહિ; આ તમારા હાથમાં છે. વળી મારી મરજી એવી છે કે, "તમારે જાતે જવું, અથવા એમ જો તમને દુરસ્ત લાગે નહિ તો ડાભાઈ નગુને પાંશરી "ફોજ આપીને મોકલજો, અને બધા રસ્તા બંધ કરી નાંખી પછી એને મારજો, ગમે તે "થાય પણ એને બચી જવા દેશો નહિ, આ વાતની ચોકસાઈ રાખજો.

"અશાડ વદિ ૭ સ. ૧૭૮૪ (ઇ. સ. ૧૭૨૮).

"શિરનામું.

"ઈડર પરગણું અભયસિંહ મહારાજની જાગીર છે, તે હજુરને નજર કરે છે; "તે કોઈ બીજાને આપવામાં આવે તો, સંભાળ રાખવી કે મુનસબદાર કદિ કબ્જો પામે "નહિ. વદિ ૮ સં. ૧૭૮૪

"હાંસિયામાં રીત પ્રમાણે રાજાના હાથથી લખ્યું છે કે, મારા રામરામ પ્હોંચે "દિવાનની હજુરમાં હતો ત્યારે મને હુકમ ફરમાવ્યો કે મેવાડને ઈડર આંગણું છે, "અને અપ્પન ઝાંપો છે, અને તે લેવાની અગત્ય છે. આ મેં મનમાં રાખ્યું હતું, અને "શ્રી દિવાનજીના પ્રતાપથી તે પૂર્ણ થયું છે.

(ટોડ રાજસ્થાન, કલકત્તાની આવૃત્તિ પૃ. ૧૬૪૧–૪૨ માં જુવો.)

ચાંપાવત સવાઈસિંહ અને પ્રતાપસિંહ, જોધા મોકમસિંહ, જેતાવત અદેરામજી, ચાંપાવત જીવણદાસ, અને કુંવર જોરાવરસિંહ એટલા જણને બે હજાર અશ્વારો સહિત બોરસદ ઉપર મોકલ્યા. ત્યાં એક મ્હોટી લડાઈ થઈ, અને કિલ્લા ઉપરથી તોપોનો મારો ચાલ્યો, તેથી દશ દિવસ સુધી કિલ્લો લેવાયો નહિ. છેવટે બોરસદના કારભારિયે આવીને કિલ્લાના દરવાજા ઉઘાડ્યા. એ લડાઈમાં કુંવર જોરાવરસિંહને તરવારના બે ત્રણ ઘા વાગ્યા, અને પચાસ મારવાડી માણસ મરાયાં, તેમ જ સામાવાળાનાં પણ આશરે તેટલાં જ મુવાં. પછી નવાબને ગાદિયે બેસાડ્યો, ત્યારે મહારાજા રાયસિંહજીને તેણે કહ્યું કે, "પરગણામાં મારો અમલ "સારી પેઠે જમાવીને પછી તમે ઈડર પધારજો." તે ઉપરથી રાયસિંહ આઠ મહિના ત્યાં રહ્યો.

આ વેળાએ રાવજિયે પોસીનાના વાઘેલા સિવાય પોતાના સરદાર રણાસરના ઠાકોર અદેસિંહ રેહેવર તથા મોનપર, સરડોઈ, રૂપાલ, અને ઘોરવાડના રેહેવર ઠાકોરોને અને આસપાસના ભોમિયાઓને એકઠા કર્યા. સરદારોએ કહ્યું કે, અમે જઇને તમારે માટે લડીશું, અને અમારાથી બનતાં સુધી ઈડર લઇશું. ત્યાંથી તેઓ દેશોતરમાં ગયા. ત્યાં ડાભી રજપુતોનાં પાંચસેં ઘર હતાં, અને ત્યાંથી ઈડર ગયા. આ વેળાએ ઈડરમાં મુસલમાન કસબાતિયોનું જોર ઘણું હતું. તેમની બે કોમ હતીઃ એક નાયકની અને બીજી ભાટીની (તેઓનાં ઘર આશરે પંદરસેં હતાં). ઈડરના દરવાજાની તથા મોરચાની સોંપણી તેઓને હતી. રાવજીના પટાવતોએ કસબાતિયોને સાધી લીધા, અને ઈડર શહર લીધું. મહારાજ આનંદસિંહની પાસે કુંપાવત અમરસિંહ અને ચોહાણ દેવીસિંહ બે સરદાર રહ્યા, તેમને લઈને પોતાના કુટુંબ સહિત તે ડુગર ઉપરના કિલ્લામાં ગયો. ત્યાં પણ દબામણી થઈ, એટલે પેલી તરફની બારિયેથી પોતાના સરદારોની સાથે કુટુંબ વિદાય કર્યું, અને પોતે ઘાંટીને દરવાજેથી નીકળીને કિલ્લાની ઉત્તરમાં ફરીને, કુટુંબની સાથે ભેગો થવાની આશાએ ચાલ્યો. મહારાજાની સાથે થોડા અશ્વારો હતા, તે પણ જૂદા જૂદા પડી ગયા. આ વેળાએ રેહેવર અશ્વારોની એક ટુકડી પાસે આવતી જોઈને પોતાનાં માણસો એકઠાં થઈ જાય એટલા માટે તેણે પોતાના નગારચીને ડંકો કરવાને કહ્યું. તે સાંભળીને નગારચિયે કહ્યું જે આપણા અશ્વારો તો વેગળા રહી ગયા છે, તેઓ તરત આવી શકશે નહિ, પણ ડંકો સાંભળીને રેહેવરો આવી પ્હોંચશે. આનંદસિંહે બે ત્રણ વાર ગુસ્સે થઇને હુકમ કર્યો એટલે તેણે તરત જ ડંકો કર્યો. રેહેવરો તે સાંભળીને

ઘોડા કૂદાવતા આવી પ્હોંચ્યા અને તેના થોડા રૂહેલા માણસોને પકડી પાડ્યા. ત્યાં આગળ લડાઈ થઈ. મહારાજની ભણીનો ચોહાણ દેવીસિંહ પ્હેલો કામ આવ્યો. પછી કુંપાવત અમરસિંહ ઘવાયો, અને નગારાવાળો રામદાન કરીને હતો તે માર્યો ગયો. પછી મહારાજનો ઘોડો મરાયો અને છેવટે પોતે પણ કામ આવ્યા. તેનાં માણસોમાંથી થોડાં બચ્યાં, અને રેહેવરોએ ઈડરનો કિલ્લો લીધો.

गीत

अखत उछळ बाण, केवाण के आरती; सबळ गज गाह विवाह सामो;
आणंद महाराज गढ परणते ईडरे, मदेहद जान देविदान मामो. १
दुगांणी चुकावतां घाव दूणा दियो, भाणने सारथी कहे भाळो;
इन्द्र ज्युं विंद अजमालसुत ओपियो, वींदरी ढाल फतमालवाळो. २
सिंधुवा राग गवरी जतां शोंहला, धीर रण धकावतां पाव धरता;
थूरता कूरता वहे पीधा थका, कम धम छरीक अर झीक करता. ३
गढपति सरग भाणेज मामो गया, फरण गर्भ वासरा टाळ फेरा;
मुह चढे लडेवा आचेया मांडहा, करां वाखाण चहुवाण केरा. ४

મહારાજા આનંદસિંહની રાણિયો—સોનંગરીજી અને વાઘેલી શિરોઈ તાબાને રોહીડે ગામ જઈને તેની પછવાડે સતી થઈ. તેમની સાથે એક દાસી પણ બળી મોઈ. તેમની છત્રિયો આજે પણ રોહીડે છે.

આ વાતની ખબર બોરસદમાં મહારાજા રાયસિંહને થઈ, એટલે તે ઈડર ઉપર ચડી આવ્યો. પ્રથમ તો તેણે મુનઈયે પોતાનું રૂહેઠાણ કર્યું અને ત્યાં ચાર મહિના રહીને ઈડરવાડામાં લૂંટફાટ કરવા માંડી, પણ ઈડર ગઢ

---

૧ બાણ રૂપી અક્ષત ઉછળ્યા, અને તરવાર રૂપી આરતી થઈ, અને સબળ હાથિયોની સામે જ્યારે મહારાજ આણંદસિંહ ઈડર ગઢ વ્હેરે પરણવા લાગ્યો ત્યારે દેવીદાન સામો ખૂબ જાન માહાલ્યો.

૨ તેણે બમણા ઘા કરીને દાવા ચૂકાવી આપ્યા, તે સૂર્યને તેનો સારથી ક્હે કે જૂવો જૂવો અજમલનો દીકરો આણંદસિંહ, ઈન્દ્રની પેઠે વર થઇને શોભ્યો, અને ફતેમાલનો પુત્ર (દેવીદાન) તે વરની ઢાલ થયો.

૩ ત્યાં સિંધુ રાગ થયા અને ગવરિયે શોહલા ગાયા, ધીર પુરૂષો રણક્ષેત્રમાં ધકાવતા પગ મૂકતા હતા. અને રાઠોડ તથા ચહુવાણ શત્રુઓને ઝીકતા સ્થિર થતા અને ઝુરતા, પીધેલા થઈને (હાથિયોની પેઠે) ચાલતા હતા.

૪ ભાણેજ અને મામો મ્હોં ચડાવી લડવા મંડી ગયા. પછી બંને ગઢપતિ સ્વર્ગમાં ગયા, એટલે તેઓને ગર્ભવાસમાં ફેરા ફરવાના ટળી ગયા. એ ચહુવાણનાં શાં વખાણ કરે?

ઉપર હલ્લો કરવાનો કાંઈ દાવ ફાવ્યો નહિ. છેવટે બે બ્હારોટ એક વિજાપુરનો કેસરીસિંહ, અને બીજો દાવડનો અનોપસિંહ કરીને હતા, તેઓની સાથે સલાહ કરીને રાવની પક્ષના સાભર કાંઠાના કોળી ઠાકોરોને ફોડવાનો ખેલ રચ્યો, અને બ્હારોટોએ જઈને તેઓને સમજાવ્યા કે જ્યારે લડાઈ થાય ત્યારે તમારે બંદુકોના ખાલી બાર કરવા. હવે રાયસિંહ સુનઈયેથી બડોળિયે ગયો. ત્યાં (મારવાડી વગેરેની) દશ હજાર માણસોની ફોજ જમાવી. ઈડરના ભટી અને નાયક એ બે કોમના કસબાતી હતા તેઓને પટા તથા જાગીર આપવાનો દિલાસો આપીને ખુટવ્યા, તો પણ તેઓએ રાવને કહ્યું કે, અમે શહરનું રક્ષણ કરીશું. રાયસિંહે હવે ઈડર ઉપર હલ્લો કરીને શહરને ઘેરો ઘાલી દીધો. તે પોતે તથા માનસિંહ ચોહાણ, કુંવર જોરાવરસિંહ, જોદ્ધા મોકમસિંહ, અને પ્રતાપસિંહ, સવાઈસિંહ, માનસિંહ અને જીવણદાસ એટલા ચાંપાવતો ઈડરના ડુંગરની મદારશાહની ટુંક કે જે ઉપરથી ઈડર દેખાય છે તે ઉપર[૧] ચડીને પછી શહરમાં ઉતરી કસબામાં આવ્યા, એટલે કસબાતિયો સામા મળવાને આવ્યા ત્યારે સરદારોએ મહારાજ રાયસિંહને પૂછ્યું કે કેમ કરવું છે? મહારાજ બોલ્યા કે, મામા માનસિંહ ફોજના આગેવાન છે માટે એમને પૂછો. તેને પૂછતાં તે બોલ્યો કે કસબાતિયોને મારી નાંખવા જે નિષ્કંટક રાજ્ય થાય. સૂચના પ્રમાણે મારવાડિયોએ કસબાતિયોના ઉપર ટૂટી પડીને આશરે એક હજાર માણસને કત્લ કરી નાંખ્યા; પછી તેમણે કિલ્લા ઉપર હલ્લો કરીને કેટલાક રેહેવરોને મારી નાંખીને તે સ્વાધીન કરી લીધો, એટલે રાવજી પોળોમાં જઈ રહ્યા ને રેહેવરો આશરે આઠ મહિના સુધી ઈડરનું રાજ્ય ભોગવીને છેવટે પોતાને ઠેકાણે ગયા.

મહારાજ આનંદસિંહજિયે શિવસિંહ કરીને એક કુંવર મૂક્યો હતો તે છ વર્ષનો હતો. તેને રાયસિંહે ગાદી ઉપર બેસાર્યો અને પોતે કારભાર ચલાવવા લાગ્યો.

પછી મહારાજ રાયસિંહે રણાસણના ઠાકોર અદેસિંહ ઉપર ચડાઈ કરી. રસ્તે જતાં એક ભીલ ફોજની સામે મળ્યો. તેણે કહ્યું કે ઠાકોર તો મરણ પામ્યા છે, ને તેની ગાદિયે તેનો કુંવર બેઠો છે. આ વાત સાંભળીને મહારાજને ઘણું દુઃખ લાગ્યું કે મારો શત્રુ તેને મોતે મુવો ને મેં મારા હાથથી મરાયો નહિ. પછી સમાચાર કહેનાર ભીલને તીરવતે મારી નાંખ્યો ને રણાસણ જઈને તેની આસપાસ ઘેરો ઘાલ્યો. એટલે ત્યાંનો જવાન ઠાકોર, લૂણાવાડે પોતાના સોલંકી બનેવીની પાસે ન્હાશી ગયો. મહારાજા

૧ તેઓની સાથે બીજાં ૧૩૦૦ માણસો પણ ચડ્યાં હતાં. ર. ઉ.

દહાડ મહિના સુધી રણાસણમાં રહ્યા, તેનાં ચોવીસ ગામ ખાલસા કર્યાં, ત્યાં પોતાનું થાણું બેસાર્યું અને કુંભા ભટીને ત્યાં મૂક્યો. રણાસણ પાંચ વર્ષ સુધી ઈડરના તાબામાં રહ્યું, પરંતુ રેહેવરો નિરંતર હેરાન કરવા લાગ્યા, તેથી હૅસોતર વગેરે બાર ગામ રાખીને બાકીનાં બાર ગામ તેઓને પાછાં આપ્યાં.

આ વેળાએ રેહેવર અને રાઠોડ વચ્ચે લડાઈ થઈ હતી, તે વિષેનું એક ગીત નીચે પ્રમાણે છેઃ—

गीत

निश दिह नगारां ध्रोह मटे नह, घड जोधारा नके घटे;
नत फोजां गजबंध मटे नह, मारूरे ना धंघ मटे. १

आफळते वढते दन आखो, चडते पडते खेत चडे;
पडिया पाखे सांझ न पडशे, पडे घणा तद सांझ पडे. २

दळ जूटे जळबोळ दहू दश, झाझा तीर पाखर रमझोळ;
केदि कैर मटशे काळो ? धर ईडर घाल्यो घमरोळ. ३

आवध भलां के भला अझांझल, सोहण भला के भला सथ;
रेहेवर भला के भला राठवड, हेमर भला के भला हथ. ४

धाहां पडे उपडे धमसां, राहां खडे न काम रडे;
सोह पडे भडे दळ सामा, धरती होय न कडेधडे. ५

શિવસિંહને ઈડરમાં મૂકીને રાયસિંહ હવે મોડાસામાં જઈને રહ્યો. તેણે ત્યાં પોતાને તથા પોતાના કબીલાને માટે મ્હેલ ચણાવ્યા. પાંચ વર્ષ પછી મરાઠાની ફોજ પૂનેથી મોડાસે આવી, તેમાં જનકાજીની સ્ત્રી મુખ્ય હતી. તેઓએ આવીને ખંડણી માગી; મરાઠાની ફોજ પંદર હજાર માણસોની હતી, તો પણ રાયસિંહે ખંડણી આપવાની ના પાડી. ફોજની આગે-

૧ રાત્રિદિવસ નગારાંનો ધમકારો મટે નહિ, અને જોદ્ધા રૂપી ગઢ પણ ઘટે નહિ, નિત્ય હાથીવાળી ફોજો મટે નહિ, અને મારવાડિયોનું ધાંધળ મટે નહિ. ૨ અફળાતાં લડતાં આખો દિન જાય, અને ચડતાં પડતાં પણ રણક્ષેત્રમાં પડે; કોઈ મુવા વિના સાંઝ પડે નહિ. પણ ઘણા પડે તો જ સાંઝ પડે. ૩ દશે દિશામાં રેલની પેઠે ફોજ જોડાય, ઘણા તીર અને પાખરની રમઝટ મચી રેહે, ઈડરની ધરતીમાં ધમરોળ ઘાલ્યો છે તેનો આવો કાળો કેર કિયે દાહાડે મટશે? ૪ આયુદ્ધ ભલાં કે ભલા યોદ્ધા, સરદાર ભલા કે માણસ ભલાં, રેહેવર ભલા કે રાઠોડ ભલા, ઘોડા ભલા કે હાથી ભલા? ૫ ફોજો ઉપડે ને ત્રાસ પડે, રસ્તા રોકાઈ જાય ને કામ સરે નહિ, ફોજ સામા સરદારો લડીને પડે; પણ ડકેધડે ધરતી થાય નહિ. (ચોથી અને પાંચમી કવિતા અંગ્રેજીમાં ફારફેર છે.) ર. ઉ.

૯

વાન સ્ત્રી હતી, તેણિયે, રાયસિંહને કહાવ્યું કે, તમે રૂપવાન છો માટે મારે તમને જોવાની ઇચ્છા છે, તેથી જો તમે અશ્વારી કરીને આવશો તો હું ખંડણી માફ કરીશ. મહારાજે કહ્યું કે હું રૂપાળો નથી, તો પણ તીર મારનાર ઘણો સારો છું. એમ કહીને કિલ્લાની ભીંત આગળ થઈને એક મરાઠો ભીસ્તી પાડા ઉપર પખાલ નાંખીને જતો હતો તેને જોઇને ચેલા કહેવા આવેલા માણસને કહ્યું કે, પાણી સુદ્ધાંત પખાલ વીંધીને પાડાની આરપાર તીર નીકળી જાય કે નહિ? એમ કહીને તેણે તીર ચડાવ્યો, અને કાન સુધી કશીને ઠોકયો, તે પાણી સુદ્ધાંત પખાલ અને પાડાની પાર નીકળી ગયો. પખાલિયે દોડ્યાં દોડ્યાં જઈને લશ્કરમાં ફરિયાદ કરી, એટલે મરાઠાનું આખું લશ્કર મહારાજ ઉપર ચડી આવ્યું. એક સો ને પચાસ મારવાડી કિલ્લેદાર હતા તેઓ મરતાં સુધી લડ્યા, પણ રાયસિંહે પોતાની સ્ત્રીને પોતાના ઘોડા ઉપર બેસારીને તેને પછવાડે લૂગડાં વતે પોતાના શરીર સાથે બાંધી લીધી ને રાયગઢ ભણી ઘોડો મારી મૂકયો. અણઘડ ગામ તેણે ખાલસા કરી નાંખ્યું હતું, તેની પાસે એક ડુંગરા ઉપર આ કિલ્લો તેણે બંધાવ્યો હતો. અહિં અશ્વાર અને પાળા થઈને બસેં માણસનું થાણું હતું. આ ઠેકાણે પોતે બે ત્રણ દિવસ રહ્યો અને પછી ત્યાંથી ઈડર ગયો.

જ્યારે મરાઠાઓએ મોડાસા લીધું ત્યારે ચાંપાવત જીવણદાસ કામ આવ્યો, અને તેનો ભાઈ પ્રતાપસિંહ રણભૂમિમાં ઘાયલ થઈ પડ્યો. મરાઠાઓએ જાણ્યું કે, એ મહારાજ રાયસિંહ છે તેથી તેને પાલખીમાં ઘાલીને અમદાવાદ લઈ ગયા અને ત્યાં કેદ કર્યો, અને એંશી હજાર રૂપિયા ભરે તો તેને છોડવો એવો ઠરાવ થયો; તે ઉપરથી તેટલી રકમ ઈડરના ખજાનામાંથી કહાડીને ઊંટ ઉપર લાદી અમદાવાદ પ્હોંચતી કરી, ને તે બધું પેથાપુર પ્હોચ્યું. એટલામાં તો, ઠાકોરે કેદમાંથી છૂટી જવાનો બેત કર્યો હતો તેથી ત્યાંથી છૂટી આવીને તેઓને મળ્યા, અને રૂપિયાનાં ઊંટ ઈડર પાછાં વાળી ગયા. રાયસિંહે કહ્યું કે એ પૈસા પ્રતાપસિંહને માટે કહાડ્યો છે, માટે તેમણે જ રાખવો. પણ પ્રતાપસિંહે કહ્યું કે, જ્યારે મહારાજે મારે માટે સર્વ સારી પેઠે પૂરૂં પાડયું છે ત્યારે મારે પૈસાની કાંઈ અગત્ય નથી. પછી સરદારોએ મળીને એવો નિકાલ કહાડ્યો કે અર્ધા રૂપિયા પ્રતાપસિંહે લેવા અને અર્ધા ખજાનામાં પાછા નાંખવા.

ભાટ લખે છે કે, સંવત ૧૭૯૭(ઈ૦સ૦ ૧૭૪૧)માં મહારાજે પોતાના સરદારોને ચાકરીને બદલે પટા આપ્યા; મુંડેટીનો પટો માનસિંહ, ચોહાણને આપ્યો, ચાંદણીનો ચાંપાવત સવાઈસિંહને, મહુને! ચાંપાવત

પ્રતાપસિંહને, ગાંઠિયોલનો જેતાવત અદેરામજીને, ટીંટોઈનો કુંપાવત અમરસિંહને, વડિયાવીનો કુંપાવત બહાદરસિંહને, મેરાસણ(બેરણા)નો જોદ્ધા ઈંદરસિંહને, અને ભાણુપરનો પટો ઉદાવત લાલસિંહને આપ્યો. આ વેળાએ ઈડરની ગાદી ઉપર રાયસિંહ અને શિવસિંહ બન્ને હતા. તેથી સરદારોએ વિચાર કર્યો કે, એક મ્યાનમાં બે તરવારો સમાય નહિ માટે કોઇક દિવસ દગો થશે; તેથી બંને મહારાજ જૂદા પડે એવો મનસૂબો કરવા સારૂ ચોહાણુની હવેલિયે બધા સરદારો એકઠા થયા. આ સમયે શિવસિંહનું વય અગિયાર વર્ષનું હતું. સર્વેએ સલાહ કરીને કુંપાવત અમરસિંહને રાયસિંહ મહારાજ પાસે મોકલ્યો. તેણે જઈને કહ્યું કે "મહારાજ! આપ મારા ઉપર રોષે ભરાઓ નહિ તો મારે "એક વાનું કહેવાનું છે." રાયસિંહે કહ્યું, "સુખે કહો," ત્યારે ઠાકોરે કહ્યું કે "સર્વ કહે છે કે, જેમ એક મ્યાનમાં "બે તરવાર સમાય નહિ તેમ જ એક રાજધાનીમાં બે રાજવિયોથી રહેવાય "નહિ, વાસ્તે આપે બીજા ગામમાં પધારવું જોઇયે." રાયસિંહ બોલ્યો, એવું "મારી આગળ કોઈ કહેતું નથી, માત્ર તમે જ કહ્યું, તો પણ મારે હવે "અહિં રહેવું નહિ, અને તમારે પણ રહેવું નહિ." એમ કહીને રાયસિંહ રાયગઢ ગયો અને અમરસિંહ મારવાડ ગયો, એટલે તેનો ટીંટોઈનો પટો ચાંપાવત માનસિંહને આપ્યો.

રાયસિંહ મહારાજને એકે કુંવર ન હતો, પણ બાઈ ઈજનકુંવરી કરીને એક પુત્રી હતી, તેને જયપુરના રાજા માધવસિંહ વ્હેરે પરણાવી હતી.

અમરસિંહને મારવાડમાં પટો મળ્યો નહિ, એટલે છ વર્ષે ઈડર પાછો આવ્યો ત્યારે તેને મણીયોલનો પટો આપ્યો. તેને શેરસિંહ અને ધીરતસિંહ એવા બે પુત્ર હતા. તેઓએ મહારાજ શિવસિંહની એવી સારી ચાકરી ઉઠાવી કે તેણે તેઓને કુકડિયાનો અને ઉંડણીનો પટો આપ્યો. મહારાજ શિવસિંહે બીજાઓને પણ પટા આપેલા છે. ફત્તેહસિંહ અને ખુમાનસિંહ જે ચાંપાવત પ્રતાપસિંહના પૌત્ર થતા હતા તેઓને મહુ અને વાંકાનેરના પટા આપ્યા. બીજા ઘણા રજપૂતોને પણ તેણે ગામ આપ્યાં. તેઓ બીજા સરદારોના જિલ્લાયત થઈ ને રહ્યાં.[1]

૧ ભટી જેતસિંહને ટોંટડા ગામ આપ્યું, તે પછી ચાંપાવત જિલ્લામાં ભળ્યો. ચાંપાવત ગમાનસિંહને ચીબોડું ગામ આપ્યું, તે મહુના જિલ્લામાં ભળ્યો. ચાંપાવત અભયસિંહને લેટાળી ગામ આપ્યું, તે સ્વતંત્ર રહ્યો. સુનઈ ગામ ભટીને આપ્યું તેઓ કુંપાવતના જિલ્લામાં ભળ્યા. પુનાસણ ગામ શિશોદિયા મહાસિંહને આપ્યું, તે ચાંપાવતના જિલ્લામાં ભળ્યા, પણ હાલ કુંપાવતના જિલ્લામાં છે. મેપ ગામ જેતાવતને આપ્યું; ઈત્યાદિ. ર. ઉ.

સંવત્ ૧૮૪૪-૪૫(ઈ૦ સ૦ ૧૭૮૮-૮૯) માં જ્યારે આપા સાહેબ ગાયકવાડની ફોજ લઇને રેહેવરો અને પોળોના રાવજી વગેરે ભોમિયાઓની ઉશ્કેરણીથી તેઓને લઇને ઈડર ઉપર ચડી આવ્યો અને કાપમકાપ અને લૂટમ-લૂટા કરવા લાગ્યો ત્યારે સરદારો પોતાના કબિલા સહિત ડુંગરામાં જતા રહ્યા, અને સર્વે પછી ધુંવા ડુંગરા ઉપર એકઠા થયા. એ ડુંગર દાંતા અને પોસીનાની વચ્ચે આવ્યો છે અને તેના ઉપર ચડવાનો માત્ર એક સાંકડો રસ્તો છે, ત્યાંથી તેઓએ આપા સાહેબ ઉપર રાત્રિની વેળાએ હલ્લા કરવા માંડ્યા અને કત્લ તથા લૂટ ચલાવવા માંડી. જ્યારે ધુંવા ડુંગર ઉપર ફોજ ચડી આવી ત્યારે સરદારો ઈડરની ઉત્તરમાં મેવાડ માંહિલા પાનવરા ભણી ન્હાશી ગયા, મરાઠા મુંડેટી ઉપર ચાલ્યા, અને તે પરગણાનાં સર્વ ગામ લૂટ્યાં અને બાળી નાંખ્યાં; તેમ જ, પોસીના, મહુ, ચાંદણી, અને બીજાં પરગણાંનાં ગામનું પણ તેમ જ કર્યું. છેવટે, મહારાજ શિવસિંહની સામે તેઓ ઈડર ઉપર ચડી આવ્યા, અને રમળસર તળાવ આગળ પડાવ કરીને રહ્યા. તેઓએ મહારાજને કહાવી મોકલ્યું કે, તમે અમારી સાથે વાત કર-વાને તરત જ હાજર થશો નહિ, તો ઈડર ઉરાડી મૂકીશું. આ ઉપરથી શિવસિંહ પોતાના પાંચે કુંવર લઈ ને તેમની પાસે ગયો. આપા સાહેબે કહ્યું કે, તમારો અર્ધો મુલ્ક અમને આપવાનો આ દસ્તાવેજ છે, તેના ઉપર તમે સહિ કરો, નહિતર આખો મુલ્ક ઉજ્જડ કરી નાંખીશું. તેઓએ આ પ્રમાણે દાવો કરવાનું મિષ એ બતાવ્યું કે, તમે તો માત્ર આનંદસિંહના વારસ છો, પણ રાયસિંહ મહારાજ પુત્ર વિના મરણ પામ્યો છે તેના ભાગ ઉપર અમારો દાવો છે અને ઈડરવાડો તે બંને મહારાજાઓએ સહિયારો લીધો છે. આવું સાંભળીને મહારાજે આપા સાહેબને ઘણો વિનવ્યો, પણ કાંઈ તેણે માન્યું નહિ, ને ઉલટી ધમકી આપી કે, જો તમે મારૂં માનશો નહિ તો તમને પકડી લઈને ઈડરમાં અમારૂં થાણું બેસારીશું. આવું સાંભળીને મહારાજે ડરી જઇને કહ્યું કે, "દેશનો લેખ કરી આપવાનું મારા હાથમાં નથી, તે તો "સરદારોના હાથમાં છે; કેમકે જે રાજ્ય ઉપર હું રાજ્ય કરૂં છું તે તેઓનાં "સાધનથી મેળવેલું છે." પંડિતે કહ્યું કે, " ત્યારે તમે સરદારોને બોલાવો." શિવસિંહ કહે કે, "તેઓ મારા તેડ્યા નહિ આવે. વળી તમે તેઓનાં ગામ ઉજ્જડ "કરી નાંખ્યાં છે, અને તેઓએ પણ તમને થોડુંક નુકશાન કરયું છે, તો "તેઓ શી રીતે આવી શકશે." આપા સાહેબે બાંહધરી આપી, અને મહારાજે પણ ખાનગી કાગળ લખ્યો કે "જો તમે આવશો નહિ તો મને કેદ કરશે." આ ઉપરથી સર્વે સરદારો આવ્યા. પણ ચાંદણીનો સરદાર સૂરજમલ આવ્યો

નહિ; તે એક સો અશ્વાર અને બસેં પાળા લઈને પોતાને ગામ ગયો. સરદારો આવ્યા એટલે રાયસિંહનો ભાગ ધમકાવીને લખાવી લીધો, તે લેખ ઉપર મહારાજાએ પ્રથમ મતું મારી આપ્યું, તે પછી સાત સરદારોએ સાક્ષિયો કરી.

આ કામ થઈ રહ્યા પછી, સરદારોએ કહ્યું કે, "સૂરજમલ સહિ કરશે "ત્યારે લેખ ખરો ઠરશે, નહિ તર ઠરશે નહિ." તે ઉપરથી પંડિતે કહ્યું, કે "તેને તેડાવો." એક આરબ જમાદાર જાન મહમદની બાંહધરી લઈને મરાઠાનો એક સરદાર, અને મહારાજાનો એક અશ્વાર એ બે તેની પાસે ગયા. ત્યાર પછી તરત જ એક સો ને વીશ અશ્વાર લઈને સૂરજમલ આવ્યો. પંડિતે તેનો આદરસત્કાર કરીને પોતાના તંબુમાં આવકાર આપ્યો અને પોતાની પાસે બેસારીને, બીજા સરદારોની પેઠે સહિ કરવાને લેખ તેને આપ્યો. સૂરજમલે તે વાંચ્યો કે તુરત ફાડી નાંખ્યો અને બોલ્યો કે, "મહારાજા પાટના ધણી છે "ને અમે તો ઠાઠના ધણી છિયે, માટે એમ નહિ થાય" એવું કહીને જમાદારને કહ્યું કે મને ચાંદણિયે પ્હોંચાડો. એમ કરી તરત જ ઊઠીને પોતાને ગામ ચાલતો થયો. આપા સાહેબ ઘણો લીલોપીળો થયો અને મહારાજાને તથા સરદારોને ખૂબ ધમકી આપી, પણ તેઓએ કહ્યું કે, એમાં અમારો કશો દોષ નથી, અમે તો લેખમાં સહિયો કરી આપી છે. ત્યારે પંડિતે કહ્યું કે મારી સાથે તમે ચાંદણી ઉપર ચડાઈ કરવાને ચાલો.[1] એ વાતની તેઓએ હા કહી. પછી ચાંદણી ઉપર જઈને તોપો ચડાવી, અને એક આખો દિવસ હલ્લો રહેવા દીધો. મહારાજ અને સરદારો દેખીતા મરાઠાની ભણી હતા પણ અંદર-ખાનેથી સૂરજમલના પક્ષમાં હતા. રાત્રિની વેળાએ સૂરજમલ ડુંગરમાં ન્હાશી ગયો, ત્યાર પછી મરાઠાઓએ ગામ લૂટીને બાળી નાંખ્યું. તેઓ ત્યાં ચાર દિવસ રહ્યા, તેટલી વારમાં, સૂરજમલ લાગ ફાવતો ગયો તેમ તેઓના ઉપર પડ્યો અને દશ બાર માણસોને ઠેર કરીને ચૌદ ઘોડા લઈ ગયો. પછી ચાંદણિયેથી મેલાણ ઉપાડીને ફોજ સાંબળિયે ગઈ, ત્યાં પણ સૂરજમલે રાત્રિની વેળાએ તેઓના ઊપર પડીને, તેમનો એક આરબ કામદાર તોપખાના ઉપર હતો અને જે "તાના, તાના, તાના," ગાતો રોટલી બનાવતો હતો તેને ઠેર કર્યો. પછી મહારાજાએ આપાજીને કહ્યું કે, એ રજપૂત ઘણો કપરો છે, ને એ કોને માર્યા વિના મૂકશે, એ ક્હેવાઈ શકાતું નથી. માટે રૂપિયા

---

૧ એ વિષે બ્હારોટો ક્હે છે કે—

સોરઠો.

નિહચે નિંદરડીહ, અરિયાને આવે નહિ;
ચકવે ચાંદરણીહ, તેં કીધી સુજ્ન કમંધ.

આપવાનો જે ઠરાવ થયો છે તે રૂપિયા ફોજ ગયેથી હું પ્હોંચતા કરીશ. પછી વીશ હજાર રૂપિયાનો એક લેખ મહારાજે કરી આપ્યો તે લેઇને મરાઠી ફોજ ગઈ અને મહારાજ ઈડર પાછા આવ્યા. તેણે તરત જ સૂરજમલને પોતાની પાસે તેડાવ્યો, અને કહ્યું કે, "તમે તમારૂં ગામ ફરી વસાવો". પછી તેને માટે હવેલી બાંધવાને ચાર હજાર રૂપિયા આપ્યા. સૂરજમલે તેમ કર્યું, પણ ત્યાર-પછી તે પોતાના શૂરવીરપણાથી અભિમાની થઈ ગયો અને કહેવા લાગ્યો કે "મહારાજ કે સરદારો કોઈનામાંય બળ નથી, ઈડરની ગાદી બચાવી તે મેં એકલાએ."

. મરાઠી લશ્કર પાછું વળ્યું તે વેળાએ અહંમદનગર, મોડાસા, અને બીજી જગ્યાઓએ થાણાં બેસારીને વળ્યું. સરદારોએ તેમાંનાં ઘણાંખરાં થાણાં ઉઠાડી મૂક્યાં, પણ કેટલીક જગ્યાએ તો બેસારેલાં રહ્યાં અને તેમાંથી પેશ્વાને અર્ધો ભાગ મળ્યો.

હવે જ્યારે ચાંપાવત સૂરજમલ ઈડરમાં કારભાર કરતો હતો ત્યારે તે રસ્તા ચોખ્ખા રખાવતો હતો અને જે તેની આજ્ઞા માનતા નહિ તેને ધમકાવતો. એક સમયે દરબારના નોબત વગાડનારાએ રાજમાર્ગમાં ગંદકી કરી તેથી સૂરજમલ તેના ઉપર કોપ્યો અને તેને પકડીને તેને ઘુંટિયે દોરડું બાંધીને મરતાં સુધી પાણીમાં ઝબકોળ ઝબકોળ કરાવ્યો. આ વેળાએ મહા-રાજા શિવસિંહ વૃદ્ધ અને નબળા થયા હતા. તેવામાં કુંવર ભવાનીસિંહ અને સૂરજમલને ઘણી મિત્રતા બંધાઈ હતી. એક વેળાએ સૂરજમલે ચાંદણિયે ઉજાણી કરી અને કુંવરને જમવા તેડ્યો. કચેરીમાં બન્ને જણ બેઠા હતા, તેવામાં કુંવરનો એક ભોજક બ્રાહ્મણ મેડા ઉપર થુંક્યો, તે જોઈને સૂરજમલને ક્રોધ ચઢ્યો અને બ્રાહ્મણને આજ્ઞા કરી કે, "તારી જીભ વતે "તું એ જગ્યા સાફ કર." બ્રાહ્મણે કહ્યું કે "મેં વાંક કર્યો છે તો હું મારા "લૂગડા વતે જગ્યા ચોખ્ખી કરૂં છું." પણ સૂરજમલ તો પોતાનો હુકમ પળાવવાની હઠ પકડી રહ્યો, ત્યારે મહારાજ કુંવરે કહ્યું કે "એણે ખોટું કર્યું "છે તેથી તમારી ખુશી હોય તો હું મારી શાલવતે ચોખ્ખું કરૂં." પણ સૂરજ-મલ તો એકનો બે થયો નહિ અને કહેવા લાગ્યો કે "એણે એની એ જ જીભથી "સાફ કરવું પડશે" ત્યારે કુંવરને ઘણો ક્રોધ ચઢ્યો અને ઉઠીને ચાલતો થયો. ઈડર આવીને તેણે સર્વ વાત માંડીને મહારાજને કહી, અને કહ્યું કે, "એ સરદારને "એટલો બધો ગર્વ ચઢ્યો છે કે, કોઈની પત કરતો નથી." મહારાજ સાંભળી રહ્યા, પણ કાંઈ ઉત્તર આપ્યું નહિ. કુંવરે પોતાનો રોષ મનમાં રાખ્યો.

એ વાતને વિસારે નાંખીને મહારાજ કુંવરે સૂરજમલને જમવાને નોતર્યો.

તેને તે ઈડર ગઢ ઉપર કિલ્લો જોવાને લેઈ ગયો, અને રૂઠી રાણીને માળિયે લઈ આવ્યો, ત્યાં તરવારવતે તેને કત્લ કર્યો. એના મોતથી ઈડર સંસ્થાનને ઘણી હાનિ પ્હોંચી, એવું નીચેની કવિતાથી જણાય છે,—

સોરઠો

ચાંપા ચૂક કર્યે, નરેન્દ્ર જો મારત નહિ;
ગુજ્જર ધરા ધરે, કર દેતો સૂજો કમધ.[1]

સૂરજમલ પોતાના મરણ પછી ભૂત થયો, અને ઘણા કાળ સુધી બહુ હરકત કરવા માંડી.

સૂરજમલના કુંવર સબલસિંહે પોતાના પિતાના મરણના સમાચાર સાંભળ્યા એટલે ડરીને બ્હારવટે નીકળ્યો; પણ તેને લાલચથી પાછો બોલાવ્યો; અને તેનાં હરસોલનાં બાર ગામ લઈ લીધાં. મુંડેટીના માનસિંહની પછવાડે તેનો કુંવર જોરાવરસિંહ થયો. રઘુનાથ કરીને તેને એક બીજો ન્હાનો કુંવર હતો તેને ગોતાનો ગરાસ આપ્યો તે તેના પછી તેના કુંવર સુરતસિંહને મળ્યો.

પટાવતોની પાસે ઘણાં ગામ જતાં રહ્યાં હતાં, અને ખાલસા ગામ થોડાં રહ્યાં હતાં, માટે મહારાજ કુમાર ભવાનીસિંહે સુરતસિંહ પાસેથી ગોતાનો ગરાસ લેવાનો પ્રયત્ન કરવા માંડ્યો. તેણે સુરતસિંહને કહાવી મોકલ્યું કે, તમારાં ગામમાંથી એક કે બે ગામ અમને આપો. આ વાત મહારાજ શિવસિંહને સારી લાગી નહિ, પણ કુંવરનો તેને ડર રહેતો હતો તેથી તેને વધારે કહેવાયું નહિ. સુરતસિંહે સંદેશાના ઉત્તરમાં બ્હારવટું લીધું, અને પોતાના કબીલાને પાલની અગ્નિકોણમાં મેવાડનાં જવાસ અને પહાદણ ગામ છે ત્યાં લઈ ગયો, અને ઈડરવાડા ઉપર હલ્લા કરી, ઢોર વાળી જઈને ખેડુત તથા ગામના વ્યાપારિયોને પકડી લઈને તેમની પાસેથી દંડ લેવા લાગ્યો. એક સમયે બ્રહ્મખેડ ઉપર તેણે હલ્લો કર્યો. ત્યાં ઈડરનું થાણું રહેતું હતું તેમાં ઘોડા અને પાયદળ થઈને એક સો માણસ હતું. આ ઠેકાણે ભારે લડાઈ થઈ. ત્યાર પછી ઈડરના કેટલાક વાણિયા સાદરી ખીણમાં ઋષભદેવની યાત્રા કરવાને જતા હતા, તેમણે પોતાની સાથે પચીશ કોળી વળાવા રાખ્યા હતા, તેઓ સહિત તેમણે થાણા ગામના આગળ ઢાળો કર્યો. ત્યાં સુરતસિંહ આવ્યો અને તેમને પૂછ્યું કે આટલા બધા વળાવા રાખવાની શી અગત્ય છે? ત્યારે તેઓએ કહ્યું કે તમે બ્હારવટે છો માટે. તે સાંભળી સુરતસિંહ બોલ્યો, કે તમારે મારી બીક રાખવી નહિ, કેમકે ઈડર તો મારે માતા સમાન છે, તેથી

[1] સૂરજમલ રાઠોડ.

તેનું લૂગડું નહિ ખેચ્યું. પછી તેમની સાથે યાત્રાને સ્થાને ગયો અને પાછાં વળતાં તેઓને ઘેર પ્હોંચાડ્યા. વ્યાપારિયો જ્યારે ઈડર ગયા ત્યારે તેઓએ મહારાજને અને કુંવરને કહ્યું કે સુરતસિંહે ઈડર શહરના લોકોનું રખવાળું કર્યું માટે એને બોલાવો. આ વાત કુંવરને ગળે ઊતરી નહિ. ત્યારે મહારાજે કુંવર જાણે નહિ એમ સુરતસિંહને કાગળ લખ્યો કે ચોરીવાડ મારૂં થાળીનું ગામ છે, માટે તમે જો તે ગામ મારશો, તો હું લાંઘણ કરીશ, અને તમને પાછા બોલાવવાની કુંવરને અગત્ય પાડીશ. આ કાગળ ઉપરથી ઠાકોરે પોતાનાં માણસ એકઠાં કરીને ચોરીવાડ લૂંટયું, અને ઢોર લઈ જઈને તથા માણસોને કેદ પકડીને ગામ બાળી મૂકયું. આ સમાચાર સાંભળીને મહારાજે લાંઘણ કરવા માંડી. તે ઉપરથી ઈડરના એક અતીતની બાંહધરી આપીને કુંવરે સુરતસિંહને તરત બોલાવ્યો. તે જ્યારે આવ્યો ત્યારે કુંવર તેના ઉપર બહુ કોપાયમાન થયો અને આટલું બધું નુકસાન પ્હોંચાડવાનું કારણ પૂછ્યું. એટલે સુરતસિંહે મહારાજનો કાગળ બતાવ્યો; અને જ્યારે શિવસિંહને આ વિષે કુંવરે પૂછ્યું, ત્યારે તે શરમાઈ ગયો, અને પિતાપુત્રની વચ્ચે જે શત્રુવટ બંધાઈ હતી તેમાં આથી કરીને વધારો થયો. દરબારે સુરતસિંહને કહ્યું કે, "મેં તમારા લાભને અર્થે જે કાગળ લખ્યો હતો, તે તમે શા માટે કુંવરને "દેખાડ્યો? તમારી બુદ્ધિ આવી ફરી ગઈ છે, તેથી તમારૂં મોત પાસે "આવ્યું હોય એમ મને લાગે છે." સુરતસિંહને પોતાનો ગરાસ પાછો મળ્યો, પણ ત્યાર પછી છ મહિને તે મરણ પામ્યો. સંવત્ ૧૮૪૧(ઈ૦ સ૦ ૧૭૮૫)માં તેના પછી તેનો કુંવર ઉદયસિંહ ગાદિએ બેઠો.

મુંડેટીના જોરાવરસિંહનો પૌત્ર દોલતસિંહ મરણ પામ્યો ત્યારે તેને કાંઈ સંતાન ન હતું, તેથી મુંડેટીનો મ્હોટો પટો પણ ઉદયસિંહને મળ્યો.

સંવત્ ૧૮૪૮(ઈ૦ સ૦ ૧૭૯૨)માં મહારાજા શિવસિંહ દેવલોક પામ્યો.* ત્યાર પછી બાર દિવસે તેનો કુંવર ભવાનીસિંહ પણ છત્રીશ વર્ષની

* નીચેના લેખ ઉપરથી ઈડરના મહારાજા વિષેની સપ્રમાણ તિથિ મળી આવે છે.

૧ ઈડરની પાસે એક જૈનની છત્રી છે, તેમાં લખ્યું છે કે "સંવત્ ૧૮૪૦ (ઈ. સ. ૧૭૮૪), શ્રી મહારાજાધિરાજ મહારાજ શ્રી શિવસિંહજી ઈત્યાદિ."

૨ ઈડર ગઢમાં વજર માતાની વાવ છે, તેમાં લેખ છે કે, "શ્રી ગણેશાયનમઃ શ્રી "રામજી, સંવત્ ૧૮૪૭ (ઈ. સ. ૧૭૯૧)ના ફાલ્ગુન શુદિ ૫ બુધવારે, શ્રી શ્રી શ્રી "૧૦૮ શ્રી મહારાજાધિરાજ શ્રી શ્રી શ્રી શિવસિંહજી, શ્રી મહારાજ કુંવર શ્રી ભવાની "સિંહજિયે આ વાવ બંધાવી છે." ઈત્યાદિ.

૩ ઈડર પાસે એક જૈન લેખ છે કે "સંવત્ ૧૮૫૯ (ઈ. સ. ૧૮૦૩) મહારાજા-"ધિરાજ, મહારાજ શ્રી ગંભીરસિંહજી." ઈત્યાદિ.

વયે મરણ પામ્યો. ભવાનીસિંહ મહારાજની પછી તેનો કુંવર ગંભીરસિંહ ગાદિયે બેઠો, તે સંવત્ ૧૮૩૫(ઈ૦ સ૦ ૧૭૭૯)માં જન્મ્યો હતો. ભવાનીસિંહને તેના સિવાય બીજા ચાર ભાઈ હતા—જાલમસિંહ, સગરામસિંહ, અમરસિંહ, અને ઈન્દ્રસિંહ. ગંભીરસિંહની બાલ્યાવસ્થામાં જાલમસિંહને ખોળામાં લઈને ગાદિયે બેશી રાજકારભાર ચલાવતો હતો. તેવામાં થોડા દિવસ પછી સરદારો ચાંપાવતની હવેલિયે એકઠા થયા, તેમાં વિજાપુરવાળો બ્હારોટ મ્હોબત તે વેળાએ દીવાન હતો, તે પણ સામેલ હતો. તેઓએ મળીને એવો નિશ્ચય કર્યો કે, એક મ્યાનમાં બે તરવાર સમાતી નથી, માટે વાજબી છે કે, જાલમસિંહે ગાદી ઉપર નહિ બેસતાં એક બાજુએ બેસવું જોઇએ. જાલમસિંહને આ વાત જાણ કરવા ઉપરથી તેણે પૂછ્યું "ત્યારે "મને હવે શી સલાહ આપો છો ?" તે સાંભળી સરદારોએ કહ્યું કે "તમે "રાજવી છો. અમે તમને શી સલાહ આપિયે." આવું સાંભળીને જાલમસિંહ તથા તેના ભાઈ સગરામસિંહ અને અમરસિંહ પોતપોતાનાં માણસો સહિત નીકળી પડ્યા અને મોડાસા, અહંમદનગર, અને બાયડનો અનુક્રમે વગર આપવે કબજો લીધો. ઇન્દ્રસિંહ જે આંખ્યે અખમ હતો, તે હુઝૂરમાં રહ્યો, તેથી તેને સુવરનો પટો મળ્યો.

સગરામસિંહની પછી કર્ણસિંહ થયો, ને કર્ણસિંહની પછી જોધપુરનો હાલનો મહારાજ તખ્તસિંહ થયો.

ઈન્દ્રસિંહે પોતાની પછવાડે ચાર કુંવર મૂકયા, તે આજે પણ હૈયાત છે.


જાલમસિંહ અને અમરસિંહ નિઃસંતાન મરણ પામ્યા.

જ્યારે ગંભીરસિંહ મહારાજ અઢાર વર્ષનો થયો, ત્યારે તેણે કહ્યું કે, ત્રણ ભાઈ વચ્ચે બે પરગણાં રહેવા દેવાં જોઇયે, અને તે પ્રમાણે કરવા સારૂ તે ફોજ તૈયાર કરીને અહમદનગર ઉપર ચડ્યો. રસ્તામાં હિંગલાજ આગળ પડાવ કરીને પડ્યો. ત્યાં જાલમસિંહ તથા સગરામસિંહ એકઠા થઇને તેના સામા ચડી આવ્યા. એટલે લડાઈથઈ. બન્ને પક્ષવાળાઓની પાસે તોપો હતી, તેથી બન્ને બાજુમાં ઘણાં માણસ પડ્યાં. સાંજ પડી એટલે લડાઈ બંધ પડી. બીજે દિવસે ચાંપાવત જોધો, અને ચોહાણ સરદારો મહારાજ પાસે આવી પ્હોંચ્યા, તથા શત્રુને કહેણ કહાવ્યું કે "અહંમદનગર અમારે સ્વાધીન કરો." આ વેળાએ ટીંટોઈના ભવાનસિંહ પટાવતે પોતાની બે ચાર દિવસ ઉપર ભરી રાખેલી બંદુક બરિયાન મૂકીને છોડવા માંડી, પણ છૂટી નહિ, એટલે પથરી સાફ કરીને છોડતાં તે ફુટી તેથી તેનો હાથ ફાટી ગયો. આવા અપશકુન થયા, એટલે મહારાજ લડાઈ કરવાનું જવા દઈને ઈડર પાછો ફર્યો. ભવાનસિંહને ટીંટોઇ

ભણી લઈ ચાલ્યા, પણ મઉ ગામ આગળ ભવનાથ મહાદેવની પાસે તેણે પોતાનો દેહ છોડ્યો.

પછી મોડાસાના ઠાકોર જાલમસિંહજિયે, પોતાની આસપાસનાં આંબલિયારાના ઠાકોર અને માલપુરના રાઠોડનાં, તથા માનપુર, અને સરડોઈનાં રેહેવરોનાં બાવન સંસ્થાનનાં ગામ મારવાડી ફોજ અને બીજી ભેળી કરીને દબાવા માંડ્યાં. પ્રથમ માલપુર ઉપર સુમારે ઈ० સ० १७९९ માં પાંચ હજાર માણસ સહિત જાલમસિંહ મહારાજે ચડાઈ કરી, ત્યારે માલપુરના રાઠોડ પાસે આઠસેં માણસ હતું. ત્રણ દિવસ સુધી લડાઈ ચાલી અને છેવટે માલપુર લીધું, અને રાવળ મરાયો. પછી મહારાજે માલપુરમાં થાણું બેસાર્યું, પણ રાવળ તખ્તસિંહે બ્હારવટે નીકળીને મોડાસાનાં ગામડાં બાળીને બહુ નુકસાન કરવા માંડ્યું. તે ઉપરથી છેવટે માલપુરની સલામીમાંથી છસેં રૂપિયા અને મગોડીની સલામીમાંથી પાંચસેં રૂપિયા પ્રતિ વર્ષે લેવાના ઠરાવીને રાવળ તખ્તસિંહનાં ગામ તેને પાછાં આપવામાં આવ્યાં.

સંવત્ १८६४(ઈ० સ० १८०८)માં પાલનપુરના પીરખાનજીની સાથે તેના ભાઈ સમશેરખાનને કજિયો થવાથી તે રીસાવીને ઘર છોડી ઈડર આવ્યો. મહારાજે પોતાનું ચાંપલપુર ગામ પોસીના પરગણામાં છે તે તેને વસવાને ઠરાવી આપ્યું, એટલે સમશેરખાન ત્યાં જઈને રહ્યો. આ બનાવ ઉપરથી પાલણપુરના પીરખાનજિયે મહારાજને લખી મોકલ્યું કે, "તમારે "મારા ભાઈને રાખવો નહિ." પણ આ વાત ઉપર મહારાજે કાંઈ લક્ષ આપ્યું નહિ, એટલે પાલણપુરનું લશ્કર ગઢવાડામાં પેઠું અને તે પરગણાનો કબજો કરી લીધો. તે ઉપરથી મહારાજાએ પોતાની ફોજ એકઠી કરીને પાલણપુરની ફોજને હાંકી કહાડી, અને તેણે દીવાનના શીશરાણા ગામમાં બેશીને તેને કહાવી મોકલ્યું કે, "જો તમારે લડવાની મરજી હોય તો અમે અહિં વાટ "જોઇને રહ્યા છિયે." પીરખાનજિયે ચડી આવવાની કાંઈ મરજી બતાવી નહિં, એટલે તે ગઢવાડામાં પેઠો હતો, તેને બદલે પાલણપુરનાં એક બે ગામ મારવાની મરજી મહારાજે જણાવી, પણ તે વેળાએ કુંપાવત નારસિંહ પ્રધાન હતો, તેણે કહ્યું કે, "મહારાજ! આપણે પાલણપુરની સીમા ઓળંગીને "આવ્યા છિયે, તેથી આપણી જિત થયેલી જ છે. તમે ધારો છો તે પ્રમાણે "ગામ મારવાથી માત્ર કજિયો વધશે." મહારાજે આ સલાહ માન્ય કરી અને ઘર ભણી પાછા વળીને ત્યાંથી તેણે દાંતા ઉપર ચડાઈ કરી. એટલે ત્યાંનો રાણો જગતસિંહ ડુંગરામાં ન્હાશી ગયો. ઈડરની ફોજે નવાવાસ અને ભીમાલ ગામ લૂટ્યાં (ત્યાંના લોક ત્યાંથી ન્હાશી ગયા) અને શેલડીનું વાવે-



મહીકાંઠા મધ્યે મહાદેવ ભવનાથનું દહેરૂં પૃ. ૧૩૮

Temple of Màhàdev Bhavnàth in Mahikántha

રત જોઇને તે કાપીને તેનાં ઝુંપડાં બંધાવીને ફોજ ત્યાં એક મહિનો રહી અને આસપાસનાં ગામડાંમાંથી ખાવાનું મેળવવા લાગી. છેવટે એવો ઠરાવ થયો કે, દાંતાના રાણાએ મહારાજને પ્રતિવર્ષે પાંચસેં રૂપિયા ખંડણીના આપવા; પછી મહારાજ ઈડર પાછો ગયો.

પ્રકરણ ૧૧ મું

[1]દાંતા, રાણા પુંજોજી

દાંતાના રાણા જેતમાલને બે કુંવર હતાઃ (જુવો પ્ર. ભા. વિભાગ બીજો પ્રકરણ ૯ ની સમાપ્તિ.) તેમાં મ્હોટો જયસિંહ હતો અને ન્હાનો પુંજોજી હતો, પુંજાજીની મા દાંતાના સરદાર ધનાલીના વાઘેલાની પુત્રી થતી હતી, બંને ભાઇને બનતું ન હતું, તેથી પુંજોજી પોતાને મોસાળ રહેતો હતો. ત્યાં પણ મોટા ભાઈની બીક લાગવાથી રાણાનું મરણ થયું, એટલે તેના મામાએ તેને સીરોઈ પરગણાના ચીત્રાસણી ગામમાં મૂક્યો. જેતમાલ ગુજર્યો ત્યારે તેના બારમા સુધી સર્વે સરદારો તથા સગાંવ્હાલા સર્વે રાણાજીના દરબારમાં સાથરે સૂતાં હતાં, અને કુંવર જયસિંહદેવ માત્ર ઢોલિયે પ્હોડતો હતો. જ્યારે ચાકર તેને માટે ઢોલિયો ઢાળવાને આવ્યો, ત્યારે બાહુવા સદુજીના દીકરા અમરાજીની પથારી ક્હાડી નાંખીને ત્યાં આગળ તેણે ઢોલિયો ઢાળ્યો, ત્યારે સૌએ પૂછ્યું કે આ કોનો ઢોલિયો ઢાળે છે? ચાકર ક્હે કે, દરબારનો. તે સાંભળી સરદારોએ કહ્યું કે, "દરબારને ગુજર્યાને તો માત્ર બે "દિવસ થયા ને એટલી વારમાં આ તે દરબાર ક્યાંથી થયા?" ત્યારે ચાકરે કહ્યું "કે, પરમેશ્વરે દરબાર કર્યા, તે હવે કાંઈ તમારાથી ખોટા થવાના નથી." આવું બોલવું સાંભળીને સરદારોને ઘણું માઠું લાગ્યું, અને વિચાર્યું જે આ કાંઈ આપણને પાર પાડશે નહિ. પછી સર્વે સરદારો એકઠા થઇને વિચાર કરીને બાહુવા અમરાજીને કહ્યું કે, "તમારી નજરમાં આવે તે ઉપાય કરો." પછી અમરાજિયે કહ્યું કે, "હું જઇને બીજો ધણી લાવું તો તો ખરો, પણ તમે સર્વ હિમ્મત "રાખીને મારી મદદે ર્‌હેજો." પછી અમરાજી બે અશ્વાર[2] પોતાની સાથે

---

૧ દાંતા તાબાના પેથાપરનો ગુજરરામ ભાણજી હતો, અને બીજો કોઠિયા સામળદાસજી હતો. ર. ઉ.

૨ ઉજ્જયણના પ્રખ્યાત વિક્રમરાજા પછી ચાલીસમા રાજા રવપાળજી પરમાર થયા. એણે ઇ. સ. ૮૦૯ માં સિંધમાં થળનું રાજ મેળવ્યું, તે પછી ચૌદમો પુરૂષ દામોજી થયા. એ મુસલમાનો સાથની લડાઈમાં મરાયા.

|

જસરાજ એણે મુસલમાનોથી હારી, થળનું રાજ છોડ્યું અને આરાસુર પાસે ગબ્બર ગઢમાં ગાદી કરી.

|

લઈને નીકળી ચાલ્યો. જ્યારે ત્રણે જણ નીકળ્યા ત્યારે કુંવર જયસિંહદેવે પૂછ્યું કે, "તમે ક્યાં જાઓ છો?" તેઓએ ઉત્તર આપ્યું કે, "અમે દરબારને

|
કેદારસિંહજી ઇ. સ. ૧૦૬૯ **તર**સંગમામાં રાજધાની કરી.
|
જસપાળ પછી કેટલીક પેઢિયે.—
જગતપાળ પાસેથી **અ**લાઉદ્દીન **ખી**લજી(ઇ. સ. ૧૨૯૫-૧૩૧૬)એ **તર**સંગમો લઈ લીધો. પછીથી જગતપાળે **તર**સંગમો **પા**દશાહ પાસેથી જિતી લીધો તેની છઠ્ઠી પેઢિયે.—
કાનડદેવ
|
મેઘજી ઉપર ઈડરના રાવ **ભાણે** ઇ. સ. ૧૪૪૫ માં ચડાઈ કરી **તર**સંગમો જિતી લીધો, પણ પછીથી **અ**મદાવાદના **સુ**લતાન **મ**હમૂદ(**બી**જા)ની મદદથી ફરી **તર**સંગમાનું રાજ મેળવ્યું.
આંશકરણજીને આશ્રયે **અ**કબર **પા**દશાહનો **શા**હજાદો આવી રહ્યો હતો, તે દિલ્હી ગયા પછી **અ**કબર **પા**દશાહે તેને વંશપરંપરા **રા**ણાજીની પદવી આપી.
|
વાઘને ઈડરના **રા**વ કલ્યાણમલ જિતી કેદ કરી લઈ ગયા, જ્યાં પોતાને હાથે આપઘાત કરી મરણ પામ્યા. તે પછી તેનો ભાઈ—
જાયમલ, એને પણ ઈડરના રાવે જિત્યો તેથી તેણે **દાં**તામાં રાજ્યશાદી કરી ઇ. સ. ૧૫૪૪.
|
જેતમાલજી.
|
પુંજોજી.
|
માનસિંહજી ઇ. સ. ૧૬૮૨ માં મરણ પામ્યા.
|
ગજસિંહજી ઇ. સ. ૧૬૮૨-૧૬૮૭.
|
પૃથિરાજજી ઇ. સ. ૧૬૮૭-૧૭૪૩ તે પછી તેના ભાઈ **વી**રમદેવજીના કુંવર.
|
કર્ણજીને **મે**ઘરાજ નામના તેના સરદારે ગાદિયેથી ઉઠાડી મૂકી **સુ**દાસણાવાળા **અ**મરસિંહજીને બેસાડ્યા હતા, પણ કર્ણજિયે **પા**લણપુરના દીવાન **બ**હાદુરખાનજીની મદદથી રાજ પાછું મેળવ્યું.
|
રત્નજી પાંચ વર્ષ રાજ કર્યું. એને કુંવર ન હોવાથી એનો ભાઈ
અભયસિંહજી ઇ. સ. ૧૭૯૫ માં મરણ પામ્યો.
|
માનસિંહજી ઇ. સ. ૧૭૯૫-૧૮૦૦ તે પછી તેનો ભાઈ—
|
જગતસિંહજી ઇ. સ. ૧૮૦૦-૧૮૨૩ તે પછી તેનો ભાઈ—
|
નાહારસિંહજી ઇ. સ. ૧૮૨૩-૧૮૪૭.
|
જાલમસિંહજી ઇ. સ. ૧૮૪૭-૧૮૬૦.
|

"કામે જઇયે છિયે." કુંવરે જાણ્યું એમ જ હશે; કારભારી કાંઈ કામને માટે મોકલતો હશે. ત્રણે જણ ધનાલિયે ગયા અને વાઘેલા ઠાકોર મોકમસિંહને પૂછ્યું કે, પુંજોજી ક્યાં છે? તેણે કહ્યું કે, એ તો ચિત્રાસણિયે છે. પછી તેઓ ચિત્રાસણિયે ગયા અને રાત્રિયે વાસો રહી સવારમાં તે ગામના ધણી સિંધીને બોલાવીને કહ્યું કે, "પુંજોજી તમારી પાસે રહે "છે, માટે તમે તેની ચાકરી કરશો?" તેણે કહ્યું કે, "ત્રણસેં ચારસેં માણસો "મારી પાસે છે; ગમે તે કામ તમે ફરમાવશો તે કરવાને હું તૈયાર છું." પછી તે પોતાના માણસ લઇને તૈયાર થયો, એટલે ગઢવી અમરાજિયે પુંજાજીને કહ્યું કે, "અમારી સંગાથે તમે દાંતે ચાલો." તે કહે કે "મને તો મારી "નાંખે, માટે હું નહિ આવું." ગઢવી કહે કે, "તમને કોઈ મારી નાંખે નહિ "તે વિષેનો હું જમાન છું, પછી પુંજાજીને લઈને તેઓ મોટા સડામાં આવીને રહ્યા. બીજે દિવસે જયસિંહને ગાદિયે બેસવાનું મુહૂર્ત હતું, તેથી ઘણી ધામધૂમ થઈ રહી હતી, અને જયસિંહદેવ દરબારમાં પોશાક પ્હેરતો હતો, એટલી વારમાં પુંજોજી આવી પ્હોંચ્યો, અને કારભારિયે અને સરદારોએ તેને ગાદી ઉપર બેસારી દીધો. દાંતાના નગરશેઠ ન્હાનાભાઈને સૌએ કહ્યું જે, તમે દરબારને ટીલું કરો. પછી તેણે તિલક કરીને પચીસ રૂપિયા ભેટ કર્યા. ત્યાર પછી સર્વે જણે જેને જેમ ઘટે તેમ ભેટ કરી. તે સમયે ચિત્રાસણીવાળા શિરબંધિઓએ આવીને પૂછ્યું, કે "અમને શી ચાકરી બતાવો છો?" ત્યારે કહ્યું કે, "તમે દરબારની ચારે બાજુએ ચોકી રાખો કે, કોઈ જવા "આવવા પામે નહિ." પછી તેઓએ પક્કો બંદોબસ્ત કર્યો. નગારાં વગડાવ્યાં અને તોપો છોડાવી, તે સાંભળીને જયસિંહદેવે પૂછ્યું કે "નગારાં કોણે "વગડાવ્યાં?" ત્યારે કોઇએ કહ્યું જે પુંજોજી પાટ બેઠા. એટલી વારમાં હુકમ આવ્યો જે, "તમારી પાસે દરબારના દાગીના હોય તે મોકલી દ્યો. અને "તમે આ જગ્યા છોડીને જાઓ." જયસિવદેવ કહે કે, "હું ક્યાં જાઉં?" તેનું ઉત્તર આપ્યું કે, "તમારી માને ગંગવા ગામ જીવાઈમાં આપ્યું છે,

---

|
હરિસિંહજી ઇ. સ. ૧૮૬૦–૧૮૭૬.
|
જસવંતસિંહજી ઇ. સ. ૧૮૭૬ માં ગાદિયે બેઠા છે.

દાંતાના તાબામાં ૭૦ ચોરસ મૈલ જમીન, ૭૮ ગામ, સુમારે ૧૨૦૦૦ માણસની વસ્તી છે, અને વાર્ષિક ઉપજ આસરે પચાસ હજાર રૂપિયા થાય છે. તેમાંથી ગાયકવાડને રૂ. ૨૩૭૧–૧–૧૧, ખંડણીના, ઈડરને ખીચડી હક્કના રૂપિયા ૫૧૩–૧૫–૩ અને પાલણપુરને રૂ. ૫૦૦ આપે છે. આ રાજ્ય મહીકાંઠામાં બીજા વર્ગનું છે.

"ત્યાં જાઓ." પછી જયસિંહદેવે કહ્યું કે, એ ગંગવાથી મારૂં ખર્ચ પૂરૂં થશે "નહિ." તે ઉપરથી તેને માંકડી ગામ આપ્યું. પછી પોતાનો કબીલો લઇને તે ગંગવે જઈ રહ્યો.

પુંજોજી ગાદિયે બેઠો, તે જ દિવસે તેને વમન થયું. ત્યારે સરદારોએ આ પ્રમાણે વમન થવાના શકુન કેવા હશે, તે જાણવા સારૂં તપાસ કરતાં, એક શકુન જાણનારે કહ્યું કે, "રાજા છલ્યો, માટે ઘણું પરગણું હાથ કરશે." પુંજોજી જ્યારે પાકી વયનો થયો, ત્યારે ધાનધારમાં કેટલીક વોળો રોકાઈ હતી તે વાળી. તેમ જ ખેરાળા પટામાં પોતાના વાંટા ડબાયલા હતા, તે પણ પાછા હાથ કરી લીધા. વળી તેણે તરસંગમો વસાવાનો મનસૂબો કર્યો, પણ તેમ કરવાનો તેને અવકાશ મળ્યો નહિ. આ વેળાએ ગામ રોડા જે હવણાં ઉજ્જડ છે તે અમરાજી બાહુવાને આપ્યું; તથા કુંડલ ગામનો કેરિયો વાંટો પચીશ આંબા સહિત આપ્યો. ત્યાર પછી થાણા ગામની સીમમાંથી થોડાં ખેતર આપ્યાં. તે એ ગઢવિયે પોતાના ઓરમાઈ ભાઈ સામોજી તથા સખાજી કરીને હતા, તેઓને આપ્યાં: પછીથી રાણો પુંજોજી સીરો-ઇનો ભાયાત જે મોજે લેમ્બજવાળો હતો તેને ઘેર પરણ્યો. એ લેંબજનો ધણી ચાંદોજી હતો, તે સીરોઇના ધણી અખેરાજ ઉપર વખે નીકળ્યો હતો, તે દાંતે આવ્યો ત્યારે તેને પુંજાજિયે વસાઈ ગામ રહેવાને આપ્યું. એ ગામ દાંતેથી અંબાજી જતાં રસ્તામાં આવે છે. ત્યાં રહીને ચાંદાજિયે સીરોઈવાળા સાથે વખો કર્યો, તેનું પાંચ વર્ષ પછી સમાધાન થયું. ત્યારે ચાંદાજિયે પોતાની બ્હેન પુંજાજીને પરણાવી, અને પોતાની વસ્તી જે વસાઈમાં કરી હતી તે દાયજામાં આપી. એ રીતે રાણા પુંજાજિયે રૂડી રીતે રાજ્ય કર્યું. તેને ત્રણ કુંવર હતા, માનસિંહ, અમરસિંહ, અને ધેંગોજી.[૧] તેમાંથી છેલ્લાને મોજે ગણછેરૂ મળ્યું.

પુંજા રાણાની પછી માનસિંહ ગાદિયે બેઠો. અમરસિંહને સુદાસણા મળ્યું. પણ એક વાર એવો બનાવ બન્યો કે, તે મિત્રાઈને લીધે મોજે ચિત્રા-સણિયે ત્યાંના ઠાકોરની સુલાકાત લેવા ગયો હતો, ત્યાંથી પાછો આવતો હતો, તેવામાં રાધનપુરના બાબીની ફોજ આવી ચડી, તેણે તેને ધાનધાર પરગણાના પલખડીના વનમાં ઠેર કર્યો. તેને બે કુંવર હતા: એક હઠિયોજી અને બીજો

૧ એક ભાટની વાતમાં પુંજાજીને ચાર કુંવર હતા એમ લખ્યું છે. માનસિંહ, અમર-સિંહ, સબળસિંહ અને સુરસિંહ. ધીંગો અથવા ગામડિયા બોલીમાં ધેંગો સબળને કહે છે, તેથી ધેંગોજી તે જ સબળસિંહ હશે. ભા. ક.

જગતોજી. તેઓને માનસિંહના કુંવર ગજસિંહે પાટ બેઠા પછી મારી નાંખ્યા, તેની વાત નીચે પ્રમાણે છે:—

એક સમયે ગજસિંહ દાંતાનાં મ્હેલમાં બેઠા હતો, તે વેળાએ પોતાની આસપાસ બેઠેલાઓને કહ્યું કે પે'લા લીંબડા ઉપરથી કૂદકારો મારીને કોઈ આ ગોખમાં પડે એવું છે? તે સાંભળીને હુઠિયોજી લીંબડે ચડીને ગોખમાં કૂદી પડ્યો. તે ઉપરથી રાણા ગજસિંહે જાણ્યું કે એ કોઈ વેળા મને દગો દેશે. પછી કેટલાક દિવસ વીતવા દીધા પછી, એક ચાવડો રજપૂત પોતાની ચાકરીમાં હતો તેને કહ્યું કે, "જો તું આ બે ભાઇયોને મારી નાંખે તો હું "તને એક પસાયતું ખેતર આપું." આ વાત સાંભળીને પેલા રજપૂતે એકને તો દાંતાની કચેરીમાં જ ઝટકાવી નાંખ્યો, અને બીજાને, દરબારની બારીની સામે ડુંગરા ઉપર ઠેર કર્યો. ત્યાં આગળ જગતાજીનું સ્થાનક આજે પણ પૂજાય છે, કોઇને તે જગતાજીનો વળગાડ થાય છે, અને કોઈના જોવામાં તે આવે છે ત્યારે તે ઠેકાણે ઉતાર મૂકાવે છે. હુઠિયાજીને ખુમાણસિંહ કરીને એક કુંવર હતો, તેની પાસેથી સુદાસણું લઈ લીધું, તેને બદલે તેને જીવાઈમાં અડેરણ ગામ આપ્યું. તેનું કારણ એમ બન્યું કે, હુઠિયાજીનું ખુન થયું એટલે તેની સ્ત્રિયે, બોમાન તે દિવસે બાળક હતો તેને લાવીને રાણા ગજસિંહના ખોળામાં મૂક્યો, અને કહ્યું કે, "આ દીકરાનું પણ તમારી નજરમાં "આવે તે કરો." તે સાંભળીને રાણાએ પોતાના મનમાં વિચાર કર્યો કે, "મેં એના બાપને મરાવી નાંખ્યો છે, પણ હું એને કાંઈ પણ આપીશ તો "ગોત્રહત્યામાંથી છૂટીશ," એમ વિચારીને તેણે તેને અડેરણ ગામ આપ્યું. જગતાજીને સંતાન ન હતું.

હવે માનસિંહની વાત પાછી ચાલુ કરિયે છિયે. તેણે ચાર પાંચ વર્ષ રાજ્ય કર્યું અને ત્યાર પછી તે મરણ પામ્યો, તે વેળાએ તેને ગજસિંહ અને જસવોજી કરીને બે કુંવર હતા. રાણપુર ગામ પ્રથમ જસવાજીને આપ્યું હતું, પણ હુઠિયાજી અને જગતાજીના મરણ પછી રાણપુર સાથે સુદાસણા પણ તેને મળ્યું. જસવાજીને પછી દાંતા પટામાંનું વસાઈ, અને જસપર ચેલાણું ગામ મળ્યું હતું.[1]

ગજસિંહે રૂડી રીતે રાજ્ય કર્યું,[2] તેને બે કુંવર હતા, પૃથીસિંહ

૧ જસવાજીના વંશને માટે આ પ્રકરણની આખેરિયે સુદાસણા વિષે નોંધ આપી છે, તે જુવો.

૨ રાણા ગજસિંહની છત્રી બાગ બાહાર ગામની પછવાડે છે, તેમાં નીચે પ્રમાણે પ્રશસ્તિ છે:-

" संवत् १७४३ वर्षे माघशर सुद ९ रवौए राणा श्री गजसंघजी वइकुंठ पधारा

અને વીરમદેવ. વીરમદેવને નાગેલ ગામ મળ્યું. પૃથીસિંહના વારામાં દામાજી ગાયકવાડની ફોજ દાંતે આવી. તેની સામે તે કેટલીક વાર સુધી થયો, પણ છેવટે ડુંગરામાં નાશી જવું પડ્યું. પછીથી બાંહધરી મળવા ઉપરથી તે મરાઠાની છાવણીમાં ગયો અને ખંડણીને પેટે કાંઈ આપવાનું કબૂલ કરયું તે મળ્યું, એટલે મરાઠા પાછા ગયા. ત્યાર પછી દિલ્હીની વતી હૈદરકુલી નવાબ ફોજ લઇને આવ્યો, તેની સાથે પણ લડાઈ કરી અને તેનાં ત્રીશ માણસ ઠેર કર્યાં. છેવટે ફોજ પાછી જતી રહી અને રાણાની જિત થઈ. ત્યાર પછી પાલણપુરનું ગામ ઘોડિયાલ હતું તેમાં દાંતાનો કાંઈ હક્ક હતો, તે પાલણપુરવાળાએ બંધ કર્યો, ત્યારે તે ગામ મારવાનો રાણાએ વિચાર કર્યો, તે વાત પાલણપુરવાળાએ જાણી ત્યારે પોતાના તાબાના મોજે મેમદપરના ભાટ લોકોને કહ્યું કે, તમે મોજે ઘોડિયાલમાં ચોકી કરવા રહો. તે ઉપરથી તે લોકો ત્યાં ચોકી રહ્યા. તે સમાચાર દાંતે આવ્યા. આ વેળાએ રહિયો ગાંધી કરીને એક વાણિયો દાંતાનો કારભારી હતો, તેણે ભાટ લોકોને દાંતે તેડ્યા અને કહ્યું કે "તમે પાલણપુરનું ગામ સાચવવા રહ્યા "તો અમારૂં પણ સાચવો. જેટલું તેઓ તમને આપશે તેટલું અમે તમને "આપીશું; ધનાલી અને શીસરાણા ઉપર પાલણપુરવાળો દાવો કરે છે તે "રાખો." ત્યારે ભાટ બોલ્યા કે, "અમે બે ઘોડે ચડાય નહિ." પછી તેઓને રજા આપી અને કહ્યું કે, "તમારે જાબતો રાખવો હોય તેમ રાખજો, "અમે ચડીને આવિયે છિયે." પછી ભાટે ધાર્યું કે મેમડપર જઇને આપણા માણસ લઈશું અને પાલણપુરથી ત્યાંનાં માણસ લઇને ઘોડિયાલ જઈશું. એટલી વારમાં રાણોજી એકદમ ચડ્યો અને ઘોડિયાલ માર્યું, લૂંટ્યું તથા ત્યાંના બાન પકડ્યાં, અને ઢોર લીધાં ને દાંતે પાછો આવ્યો. આ સમાચાર પાલણપુરવાળે સાંભળ્યા ત્યારે ભાટ લોકોને તેડાવીને ઠપકો દીધો કે, તમારી ચોકી છતાં આ કામ થયું તે ઠીક નહિ, હવે તમારૂં જોર હોય તે કરીને અમારા બાણ વગેરે પાછાં લઈ આવો. પછી ભાટે ધરણું કર્યું તેમાં સો માણસ હતાં. તેઓ પોતાને ગામથી નીસર્યા ત્યાંથી જ ગાઉ ગાઉને આંતરે એકેક માણસને બાળતા આવ્યા, અને એ પછી પુંજપર સુધી આવ્યા ત્યારે સાત આઠ માણસોને બાળી ચૂક્યા. પતો દાંતાનાં માણસોએ પુંજપર સામા

" वांसे सती ३ बली ते सतीआंनुं नाम वहौजी श्री राठिभ बारे चणी अणंदकुंवर. वहौजी
" श्री वाघेली रूपाली अणंदकुंभिर, वहौजी श्री भटिआंणी जेसलमेरी अनोपकुंवर ए सती
" त्रण थई. तारे वांसे राणाश्री गजसंघशीनी छत्री करावी सं. १७४८ ना महा
" वद ७ वार शुकरं छत्री करावी."

જઇને ભાટ લોકોને સમજાવીને પાછા વાળ્યા. રાણાજિયે તેમને કાંઈ આપવાનું કહ્યું, પણ તેમણે લીધું નહિ અને બોલ્યા કે, "અમે કાંઈ લઇયે તો "રાણાજીનું આ પાપ ધોવાઈ જાય, માટે અમારે કશુંયે લેવું નથી." એમ કહીને તેઓ પાછા ગયા. આ પાપને લીધે, પૃથીસિંહ રાણાને સાત કુંવર હતા, તેમ છતાં પણ તે નિઃસંતાન મરણ પામ્યો. તે વેળાએ તેની બે રાણિયો તેની પછવાડે સતી થઈ. તેમાં એક લેબજના દેવડા સખતસિંહની પુત્રી હતી; અને બીજી પેથાપુરના વાઘેલાની પુત્રી હતી.[૧]

પૃથીસિંહનો વંશ રહ્યો નહિ, એટલે કારભારી અને સરદારોએ મળીને વીરમદેવના કુંવર કરણજીને ગાદિયે બેસાર્યો. એ કરણજીને પોતાનો સરદાર મેઘરાજ વાઘાવત બારડ, જે દીવડી અને ભદ્રમાળાનો પટો ખાતો હતો તેની સાથે ખટપટ થઈ. આ વેળાએ દાંતામાં એક રજપૂત કોઢિયો વખતો હતો, તેને અફીણ આપતાં રાણાજી રોજ ગાળ દેતો, તેથી તેને એક દિવસ રીસ ચડી, એટલે રાણાજીને તરવારનો ઝટકો મારીને ન્હાઠો, તે મેઘરાજને શરણે રહ્યો. ત્યારે રાણાએ મેઘરાજને કહાવ્યું કે "એ અપરાધી અમને સોંપો." તેના ઉત્તરમાં મેઘરાજે કહ્યું કે, "શરણે આવે તેને પાછો સોંપવાનો રજ- "પૂતનો ધર્મ નથી, માટે એ તો અમારા માથા સાટે છે." પછી રાણાજિયે ઘણી તાકીદ કરી ત્યારે મેઘરાજે તેને મગરા(ડુંગરા)માં કહાડી મૂકયો, અને પોતે રીસાઈને નીકળ્યો તે ગંછેર ગયો. ત્યાં છ મહિના સુધી રહ્યો, પણ રાણાજિયે તેને મનાવ્યો નહિ. ત્યારે મેઘરાજે ધાર્યું જે, "હવે અહિં "રહીને શું કરવું?" પછી તે સુદાસણે ગયો. ત્યાં ઠાકોર અમરસિંહે તેને એક વર્ષ સુધી રાખ્યો, પણ રાણાજિયે તો મનામણું કર્યું નહિ. છેવટે મેઘરાજે અમરસિંહને કહ્યું કે, "ચાલો હું તમને દાંતાની ગાદી અપાવું." પછી ફોજનો સામાન તથા એક હજાર માણસો લઈને દાંતા ઉપર આવ્યો, અને દાંતામાં પેઠો. રાણો કરણજી ત્યાંથી ન્હાઠો, તે ઘોડે ચડીને દાંતાથી પાંચ ગાઉ પેપળોદરે ગયો. આ ગામ પાટવી-

---

૧ દાંતામાં એક છત્રી છે, તે ચારે બાજુએ ખુલ્લી છે; પણ માંહેલી બાજુએ ઇંટોની ભીંત ભરી લીધેલી છે; તેમાં આરસપ્હાણનો પાળિયો છે, તેમાં એક અશ્વાર અને તેની આગળ બે સ્રિયો છે. ઉપર સૂર્ય તથા ચંદ્ર કોતરેલા છે. તેની છત્રીની ઉપરની ભીંતિ આ અક્ષર કોતરેલા છેઃ-"રાણા શ્રી પૃથીસિંધની છત્રી રાણા શ્રી કરણજિયે કરાવી."

એક બીજી પ્રશસ્તિ નીચે પ્રમાણે છેઃ—

"શ્રી ગણેશાયનમઃ રાણાશ્રી પ્રથીસંઘજી શ્રીવઇકુંઠ પધારા તાહારેં સતી બેઅ બળી, "તેહનાં નામ વહુજી શ્રી દેવડી કુલકુંવેર, વહુજી શ્રી વાઘેલી પેથાપરી સરદાર કુંવર, "સંવત ૧૭૯૯(ઈ. સ. ૧૮૪૩)ના વરખે શ્રાવણ શુદિ ૨ વાર ગરૌ."

કુંવરને હાથ ખર્ચમાં હમેશથી આપવામાં આવે છે. હવે અમરસિંહ દાંતામાં ગાદિયે બેઠો અને આખું પરગણું પોતાને સ્વાધીન કરી લીધું. આ પ્રમાણે બે ત્રણ વર્ષ સુધી ચાલ્યું. છેવટે પાણિયાલીના બારુવા ગોરખદાસ તથા તેના ભાઈયોએ વિચાર્યું જે, આપણ છતાં આપણો ધણી રાજભ્રષ્ટ થયો તે કાંઈ ઠીક નહિ. પછી તેઓ રાણા કરણજી પાસે ગયા[1] અને કહ્યું જે, "આમ ઠંડા "થઈને શું બેઠા છો. કાંઈ મેહેનત કરો તો દાંતાનું રાજ્ય મળે." ત્યારે રાણાએ કહ્યું કે, "મને કશો રસ્તો સૂઝતો નથી. તમને સૂજે તે ઉપાય કરો." ગઢવિયોએ કહ્યું કે, "તમે તમારા સરદારોને એકઠા કરો." પછી તેણે સરદારોને બોલાવ્યા. ઘોરડના ઠાકોર સાહેબસિંહ ભાટી, હુડાદનો ઠાકોર અનોપસિંહ રાઠોડ; અને ગોધણીનો ઠાકોર દેવીદાસજી વાઘેલો, એટલા એકઠા થયા. આ સરદારોએ મળીને એવો ઠરાવ કર્યો કે, પાલણપુરના દિવાન બહાદુરખાનનો આશ્રય મળ્યા વિના આપણી મતલબ બર આવે એમ નથી. પણ તેમને વળી લાગ્યું કે ઝાઝા રૂપિયા વિના દિવાનજીની મદદ આપણને મળવાની નથી. ને આવી વેળાએ આપણી પાસે રૂપિયા નથી. પછી કરણસિંહે નાગેલથી પોતાના ન્હાના ભાઈ ઉમેદસિંહને બોલાવ્યો, અને તેને કહ્યું કે, "તમારી "કુંવરી પરણાવ્યા વિનાની છે તે બહાદુરખાનને પરણાવો, તો તે આપણને "આપણી જગ્યા પાછી વાળી આપે." તેના ઉત્તરમાં ઉમેદસિંહે કહ્યું કે, "જગ્યા "વળશે તો ગાદીના ધણી તમે થશો, એમાં મને શું મળશે, જે હું તરકડાને "દીકરી આપું?" ત્યારે દાંતા પાછું મળે તો કરણસિંહે તેને પાંચ ગામ આપવાનો લેખ કરી આપ્યો. એ લેખમાં મોજે નાગેલી અર્ધી, મોજે થાણું, કુંડળ, પાણોદરા, અને વડુસણ, તથા હાલનું મોજે ગઢ જે કુંડળની સીમમાં પછીથી વસાવ્યું તે, લખી આપ્યાં. ત્યારે ઉમેદસિંહે રજા આપી, જે આપણી જગ્યા વળતી હોય તો તમારી નજરમાં આવે તે કરો. પછી ગઢવિયો પાલણપુર ગયા, અને તેને મળીને પક્કો બંદોબસ્ત કર્યો કે, "તમે અમારી જગ્યા "વાળી આપો, તો અમે ઉમેદસિંહની દીકરીનું સગપણ તમારી સાથે કરિયે." આ વાત સાંભળીને દિવાનજી બહુ રાજી થયો અને બોલ્યો, "ઠીક છે, "તમારી જગ્યા વાળી આપું, ત્યાર પછી પરણાવજો." પછી નાળિયેર રૂપિયો આપ્યાં અને સગપણ કર્યું. તેઓએ દિવાનજીની ફોજ લઇને દાંતા ઉપર આવીને પુંજપરના મહુડામાં મેલાણ કર્યું. અને અમરસિંહને કહાવ્યું જે "હવે તમે દાંતામાંથી નીસરો." ત્યારે અમરસિંહે વિચાર્યું જે, "પાલણ- "પુરની ફોજ આવી. એટલે હવે આપણાથી દાંતા હાથમાં રખાશે નહિ."

૧ ગઢવી મયાનાથજી તથા ભાગચંદજી રાણા પાસે ગયા હતા. ૨. ઉ.

તેથી તેણે કહાવ્યું કે, "તમારૂં દાંતા હું તમને પાછું સોંપું, પણ તમે મારા "ગુજરાનને માટે શું આપશો?" આવું બોલવા ઉપરથી તેને પંદર ગામ હતાં તેમાં બીજા પાંચ જેતપર, ન્હાનાસડા, ટોડા, ખારી, અને બામણિયું તથા માતાજીના દાણમાંથી ચોથો ભાગ આપવાનું કબૂલ કર્યું. તે સમયે માતાએ જનાર પાસેથી જણ એકે રૂપિયો એક દાણનો લેવાતો હતો. પછી કેટલાંક વર્ષ સુધી તેમાંથી ચાર આના સુદાસણાવાળાને આપ્યા, પણ પછી હિસાબ-માં તકરાર થવા માંડી; ત્યારે રાણાજિયે દર માણસ પાસેથી બાર આના લેવા માંડ્યા. અને ચાર આના તેમના ભાગના પડ્યા મૂકયા, અને કહ્યું જે "તમારા ગામને પાદર થઈને જે આવે તેની પાસેથી તમારા ચાર આના "તમે ઉઘરાવી લેજો." તે દિવસથી સુદાસણે તેઓએ ચાર આના ઉઘરાવી લેવા માંડ્યા.

હવે રાણો કરણજી દાંતે આવીને ગાદિયે બેઠો. જ્યારે પાલણપુરની ફોજ પાછી વળી ત્યારે મોજે થાણાની સીમમાં ડુંગરી પાસે ચાર આંબા હતા તે ઠેકાણે, બાઈને નાગેલથી લાવીને દિવાનજી સાથે પરણાવી, અને પાલણપુર વળાવ્યાં.

કરણસિંહને બે કુંવર હતાઃ રતનસિંહ અને અભયસિંહ. તેમાં રતનસિંહ ગાદિયે બેઠો. તેના પ્હેલાં ધનાલીના ઠાકોર લાડખાન, અને પાહાડખાન બે ભાઇયો હતા, તેઓને મારી નાંખ્યા હતા. તે વિષેની વાત એમ છે કે, એક સમયે લાડખાનજી દાંતામાં રાણા કરણજીની સલામે આવ્યો હતો, કારણ કે તે દાંતાનો ઉમરાવ હતો. એક સમયે કુંવર રતનસિંહ રમતો હતો તેવામાં લાડખાનજિયે કહ્યું જે, "તમે કયાં સુધી કુંવરજી વાજશો?" એમ કહીને મશ્કરી કરી. તે સમયે કુંવરની ઉંમર ત્રીશ વર્ષની હતી. આ વાત કુંવરે જઈને રાણાજીને કહી. તે સાંભળી કરણજી બોલ્યોઃ "ઠીક છે ત્યારે, "તમે મને મારો અને રાણા કહેવાઓ." પછી કુંવરજિયે કહ્યું જે, "બાપજી! "તમને તો ઘણી ખમા, પણ હું એને મારીશ." રાણાજિયે કહ્યું જે તેમ કરવાની તમારી શક્તિ જોઇયે. એ વાત લાડખાનજીના જાણવામાં આવી કે તુરત તે તો અગિયારા ગણી ગયો. આ વાતને બે વર્ષ વીત્યાં. પછી રાણા કરણજી સહજ ગામ નાગેલ ગયો, ત્યાં પેલા બે વાઘેલા ભાઇયો તેમને મળવાને આવ્યા. ત્યારે કુંવરે મનસૂબો ધાર્યો કે, આજે હું તેમને મારૂં. પછી પોતાના માણસોને સમજાવીને ઠરાવ કર્યો જે, લાડખાનજીને લઈ સરસ્વતી નદિયે ન્હાવા જવું, અને પાહાડખાનજીને રાણા પાસે રૂહેવા દેવો ને પછી લાડખાનજીને ત્યાં મારી નાંખવો, ને તે વેળાએ બંદુકનો ભડાકો

કરવો. તે અવાજ સંભળાય, એટલે પાહાડખાનજીને અહિં મારી નાંખવો. એ પ્રમાણે ઠરાવ કરીને કુંવર ભાલો લઈને ન્હાવા ગયો. તે ભાલો લાડખાનજીને માર્યો, એટલે બીજા માણસોએ તેને પૂરો કર્યો. પછી બંદુકનો અવાજ કર્યો. તે સાંભળીને રાણાની પાસે માણસો હતાં તેઓએ પાહાડખાનજીને ઠેર કર્યો. પાલ્લણપુરના દ્વિવાન બહાદુરખાનને આ વાતની ખબર પડી, ત્યારે તેણે કહ્યું કે, "એ બે ઠાકોરને આપણી બાંહધરી હતી માટે તેમના "કબીલાનો આપણે જાપતો રાખવો જેથી કે, રાણાજી તેની આબરૂ લે નહિ." એમ કહીને બસેં અશ્વારો ધનાલિયે અને શેશરાણીમાં મૂકયા. તે આજ સુધી નીસર્યા નહિ, તેથી તે ગામ પાલણપુર ખાતે ખાલસા થઈ ગયાં. એ મરનારાઓને અકેકો દીકરો હતો, તેમાંથી એક મોજે ગોધાણીમાં રહ્યો, કેમકે તે ગામ તેનું હતું. ત્યાં તેના વંશ જ આજે પણ છે અને બીજે સુદાસણામાં પોતાની ફોઈને ઘેર ગયો, ત્યાં તેને ત્યાંના ઠાકોર પાસેથી વાંટો મળ્યો.

રતનસિંહે પોતાના બાપના મરણ પછી પાંચ વર્ષ રાજ્ય કર્યું, અને પછી નિઃસંતાન મરણ પામ્યો. તેની પછવાડે તેનો ન્હાનો ભાઈ અભયસિંહ ગાદિયે બેઠો. ચોપડો કરીને મરાઠો હતો, તેને આ રાણો અરજણરાવ ચોથા ભાગની ઉપજ આપવી કરીને દાંતામાં લાવ્યો. તેનું કારણ એમ હતું કે, તેને તેના પટાવતો સરદારો અને તેના ભાયાતો, તેમ જ, આસપાસના રાજા હરકત કરતા હતા. અરજણરાવ પોતાની સાથે ગાયકવાડના સો અશ્વાર લાવ્યો, તે દાંતામાં રહ્યો. ત્યાં પ્રથમ તો થોડીક સત્તા મળી તેથી સંતોષ પામ્યો, પણ બે ત્રણ વર્ષ વીત્યાં એટલે, પોતાનો ખરો હક્ક હોય તેમ રાજ્ય ચલાવવા લાગ્યો, અને પોતાના ઉતારાને ગઢી કરવા માંડી, તથા વસ્તીને હરકત કરવા માંડી. ત્યારે રાણાને બ્હીક લાગી કે, "રખેને મારી ગાદી દબાવી પડે." આવી વેળાએ તે ઘર ચણાવતો હતો, તેને માટે ગામના રજપૂતોને આંગણે વાંસ પડ્યા હતા તે તેણે જોરાવરિયે લીધા. તે વેળાએ રજપૂતોની આંખ ફાટી ત્યારે પેલા મરાઠા સિપાઈયે 'ઇકડમ તીકડમ' કરવા માંડ્યું. આ વેળાએ લડાઈ થાત, પણ પેલા રજપૂતોએ વિચાર્યું કે, આપણે લડાઈ કરીશું તો રાણાજીને મુશ્કેલ પડશે. તેઓએ જઈને દરબારમાં જાહેર કર્યું કે, "અમને "આ મરાઠા લોકોએ ઘણી હરકત કરવા માંડી છે." ત્યારે રાણો કહે કે, "જે "તમને હરકત થાય તે મને પ્હેલી હરકત છે." એમ કહીને તેણે પોતાના સરદારોને બોલાવ્યા. કુંવર શ્રી માનસિંહ આ વેળાએ પાંત્રીશ વર્ષનો હતો; તેણે રાણાજીને કહ્યું કે, "આપનો હુકમ હોય તો એ લોકોને હું કહાડું." ત્યારે રાણો કહે કે, "તું સપૂત હોય તો કહાડ." પછી કુંવરે ચોપડાને કહે-

વરાવ્યું જે "હવે તમે અહિંથી જાઓ." પણ મરાઠાઓએ એ વાત ઉપર કાંઈ લક્ષ આપ્યું નહિ, ત્યારે કુંવરે તેઓને ઘેરો ઘાલ્યો, અન્ન, પાણી, ઘાસ, બંધ કર્યું, તથા ધમકી આપી કે, 'હવે નીસરો, નહિ તો તમને મારીશું." છેવટે તેઓ નીકળ્યા. તેમને દાંતાના માણસોએ જે પ્રમાણે ઘેરી લીધા હતા તે પ્રમાણે તેઓ ગઢવાડામાં પ્હોંચાડી પાછા આવ્યા. પછી ભાલુસણાના ઠાકોર સુજાજિયે તેમને રાખ્યા અને સુદાસણાવાળા સાથે ટંટો માંડ્યો, જે અમારો વાટો સુદાસણામાં છે તે અમને આપો. ત્યારે સુદાસણાના ઠાકોર ફત્તેસિંહે દાંતામાં જઈને કુંવર માનસિંહની મદદ માગી. તે ઉપરથી કુંવર ફોજ લઈને સુદાસણે ગયો અને શત્રુઓને મારી ફહાડ્યા. ત્યારે ભાલુસણા-વાળાને બ્હીક લાગી જે, દાંતા સાથે મારે વૈર બંધાશે તો હું માર્યો જઈશ, તેથી તેણે ગાયકવાડની ફોજને રજા આપી, એટલે તેઓ અમદાવાદ ગયા, અને કુંવર માનસિંહ પક્કો બંદોબસ્ત કરીને પાછો દાંતામાં આવ્યો. ત્યાર પછી સંવત્ ૧૮૫૧(ઈ૦ સ૦ ૧૭૯૫)માં રાણો અભયસિંહ મરણ પામ્યો.

અભયસિંહને ત્રણ કુંવર હતા, તેમાં માનસિંહ તેની પછવાડે ગાદિયે બેઠો, તેની મા વસાઈની ચાવડી હતી; બીજા બે જગતસિંહ, અને ન્હાર-સિંહ કરીને હતા, તેમની મા ભટિયાણી તરસંગમાની પાસેના ઘરડના ઠાકોર સાહેબસિંહની પુત્રી થતી હતી.

માનસિંહે ગાદિયે બેસતાં વેંત જ પ્રથમ પરાક્રમ તો એ કર્યું કે, પોસીનાના ગામ ધનાલમાં સહજ ફેરો કરીને ત્યાંની ભેંસો વાળી, પણ પછવાડેથી બ્હાર આવી અને ભેંશો પડાવી ગયા. ત્યાર પછી છ મહિને પોસીનાનું ગામ ચાંગોદ માર્યું, લૂંટ્યું અને ઉજ્જડ કરી નાંખ્યું, તે આજ લગી તેવું જ છે. ઇડરનો ગંભીરસિંહ કટક કરીને જ્યારે મ્હેવાસી લોકો ઉપર ગયો, ત્યારે તેણે રાણા માનસિંહને તેડાવ્યો. તે ચાળીશ અશ્વાર લઈને ગયો, અને મુલકગીરી કરીને આવ્યો, ત્યારે મહારાજે એક હજાર રૂપિયાની કિંમતનો તેને ઘોડો આપ્યો. પછી પાંચ વર્ષ રાજ્ય કરીને માનસિંહ સંવત્ ૧૮૫૬(ઈ૦ સ૦ ૧૮૦૦)માં મરણ પામ્યો. તે વેળાએ ભાઈયોમાં અણબનાવ હતો, તેથી તેના લોક કહેવા લાગ્યા કે, એને ઝેર દીધું.

તેનો ભાઈ જગતસિંહ ગાદીએ બેઠો કે તરત તેણે ટીલા ધાડ કરીને ગઢવાડાનું નેંદરડી ગામ માર્યું, લૂંટ્યું, બાળ્યું, અને ત્યાંનાં બાન પકડ્યાં. આ પ્રમાણે કરવાનું કારણ એવું કે, ત્યાંના ભીલ લોકો નવા વાસની ભેંશો લઈ ગયા હતા, ત્યારે ત્યાંના પટેલે આવીને દાંતે ફરિયાદ કરી જે, "પાવડો લાવો, મારા ધણી માનસિંહનાં હાડકાં કહિં પણ હોય તો હું તે શોધી ફહાડું.

"તે ધણી હોય તો મારી ભેંશો નેંદરડીવાળા લઈ શકે નહિ." બીજી એક વેળાએ તે કટક કરીને પોસીના ઉપર ચાલ્યો, ત્યારે ત્યાંના ઠાકોર કેશરીસિંહે હુડાદ તથા પોસીના વચ્ચે સામો આવીને એક ઘોડો રાણાજીને નજર કર્યો અને જમાન આપીને મેળાપ કર્યો. પછી તે ફોજ ત્યાંથી પાછી વળી ને ગઢવાડા પરગણામાં આવી અને મહાવડ ઉપર જોર કરયું. ત્યારે ત્યાંના ઠાકોર વખતાજિયે આવીને એક ઘોડો નજર કર્યો તથા જમાન આપીને મેળાપ કર્યો. પછી ન્હાના કાઠોરણના ગઢિયા હાથીજી ઉપર ચોરીનો મુદ્દો હતો, તેની પાસેથી એક ઘોડો નજરાણામાં લીધો; ત્યાંથી ફોજ ઘર ભણી પાછી વળી.

ફરીને સંવત ૧૮૭૦(ઇ. સ. ૧૮૧૪)માં રાણાજિયે ફોજ કરીને ધનાલની બધી ભેંશો વાળી આણી. પછી બીજે ફેરે દેરોલના રાજાનું મોજે બાવળી કોઠિયું મારયું અને લૂંટયું. બીજે વર્ષે પોસીનાના ઠાકોરના ભાઈનું મોજે ખેરોજ માર્યું અને લૂંટયું. ત્યાં રાણાનાં બે માણસ મરાયાં. અહિં તેનો ભાઈ ન્હારસિંહ પરણ્યો હતો, તે તેની પાસે આવીને કહેવા લાગ્યો કે, "આ વેળાએ મને બટ્ટો લાગશે જે, ન્હારસિંહજિયે સાથે આવીને સસ-"રાનું ગામ મરાવ્યું." આ ઉપરથી ફોજ પાછી વળી, અને ધરોઈ મારવા ચાલ્યા. આ જગ્યાએ બારડ કીરતાજી જે ફોજમાં હતો તેને સામાવાળે ખૂટવ્યો, તેથી તેણે તે ગામને પાદર જઈને રાણાજીને કહ્યું જે, શકુન સારા થતા નથી, માટે પાછા વળો. પછી પાછા વળીને મોજે થાણે આવીને મેલાણ કર્યું. આ ઠેકાણે રાણાએ પોતાના કારભારી અને સરદારોને બોલાવીને પૂછયું કે, "આ શિરબંધિયોને ચડેલો પગાર કયાંથી આપીશું?" ત્યારે સરદારોએ કહ્યું જે, "મોજે પાવડીનો ઠાકોર રતનસિંહ તથા અંધારિયાનો "ઠાકોર અણદોજી આપણા પરગણામાં મ્હેવાસિયોને મોકલીને લૂંટફાટ કરાવે છે, "માટે તેઓનાં બે ગામ લૂંટિયે એટલે ત્યાંનો માલ આવશે, તેમાંથી પગાર "ચૂકાવી આપીશું." પછી ત્યાંથી અંધારિયા ઉપર ગયા, ત્યારે ત્યાંનો ઠાકોર ન્હાશીને મોજે પાવડીમાં પેઠો અને મોરચો બાંધીને પાવડીના ગામ મોજે સુમણવાસમાં સૌ તૈયાર થઈને લડવા સારુ બેઠા. મોજે થાણેથી પાછલી રાત્રે રાણાજીની ફોજ ચડીને અંધારિયે ગઈ, ત્યારે તે ગામ ઉજ્જડ દીઠું, એટલે તે ફોજ સુમણવાસ ઉપર ગઈ. ત્યાં મોરચામાંથી બંદુકો છૂટી, તે ઉપરથી રાણાજીની ફોજમાંના આગળ ચાલનારાઓએ ગોળિયો ચલાવી, તેથી અંધારિયાનો ઠાકોર અણદોજી મરાયો, એટલે સુમણવાસમાં બીજાં માણસ હતાં તે ન્હાશીને ડુંગરા ઉપર ચડી ગયાં. પછી ગામ માર્યું અને લૂંટયું,

ત્યાર પછી તરત જ રાણોજી જઈને પાવડીમાં ઉતર્યો, અને તે ગામ પણ માર્યું તથા લૂંટ્યું, અને માલ લઈને પાછા વળ્યા, તે મ્હોટે સડે આવીને પડાવ કર્યો. આ ઠેકાણે પાવડીનો ઠાકોર બાંહધરી લઈને રાણાજી પાસે આવ્યો, અને મોજે અંધારિયામાં રાણાજીનો ત્રીજો ભાગ ઠરાવ્યો, અને સામસામાં લખત કરીને બંદોબસ્ત કર્યો. પછી આસપાસના મ્હેવાસિયોના જમાન લઈને સંવત્ ૧૮૭૨(ઇ. સ. ૧૮૧૬)માં રાણાએ ફોજ વેરી નાંખી અને પોતે દાંતામાં ગયો.

ઠાકોર વખતાજી જીતાજિયે એક વેળા રાણા જગતસિંહને કહ્યું કે, ખાભીવાસ તથા કણબીવાસથી મારો ખર્ચ પૂરો થતો નથી, માટે "મને કાંઈ વધારે આપો." રાણાએ કહ્યું જે, "તમારા બાપને જે મળેલું છે, "તેથી કાંઈ વધારે હવે તમને મળવાનું નથી." આવું સાંભળીને વખતાજી રીસાઇને ડીસે દિવાન સમશેરખાનની પાસે ગયો, અને તેને કહ્યું કે, " મને ફોજ "આપો તો હું જઈને દાંતા પરગણામાં કાંઈ નુકસાન કરૂં, તો મને કાંઈ મળે." દિવાનને રાણાજી સાથે મિત્રતા હતી, તેથી તેણે રાણાજીને લખ્યું જે, "તમે વખતાજીનું સમાધાન કરો, નહિ તો તે કાંઈ તમારૂં નુકસાન કરશે." પછી રાણાજિયે વખતાજીને તેડાવીને પોતાનાં ગામ ઉંટડી તથા ભૂતવાસ એ બે અતીતને ઘેર ધરેણે હતાં, તે છોડાવી લઈને રાખે તો લખી આપવાને કહ્યું. તે પ્રમાણે વખતાજિયે તે બે ગામ છોડાવી લીધાં. પણ તે બંને ગામ ઉજ્જડ હતાં, તેથી તે બંનેની ધરતીમાં એક જ ગામ અભાપરૂં વસાવ્યું અને ત્યાં પોતાનો કબીલો રાખીને પોતે દાંતામાં કારભારૂં કરવા રહ્યો. તે બે વર્ષ પછી ગુજર્યો, ત્યારે તે અભાપરૂં પોતાના ભાઈ ભવજીને તથા પોતાના દીકરાઓને રહ્યું.

આ વેળાએ કુંડળનો ઠાકોર સરદારસિંહ નિઃસંતાન ગુજરી ગયો, ત્યારે રાણાજી જગતસિંહ તથા તેના ભાઈ ન્હારસિંહે જઈને કુંડળનાં પાંચ ગામ જપ્ત કર્યાં અને તે ઠાકોરની સર્વ જણસભાત દાંતામાં લઈ આવ્યા. પણ કુંડળમાં તેનું ખર્ચપાણી કર્યું, તથા ત્યાંની ઠકરાણીને જીવકમાં ત્રણ કોસ આપ્યા. પણ ભવજી જીતાજિયે વારસા બાબત દાવો કર્યો અને કહ્યું કે, "કુંડળમાંથી મને કાંઈ આપવું જોઇયે." ત્યારે રાણા જગતસિંહે કહ્યું જે, "તમને જે તમારા બાપ જીવતાનું જીવક—ખાભીવાસ તથા કણબીવાસ— "મળેલું છે તે તમે ખાઓ. આમાંથી તમને કાંઈ મળવાનું નથી." તે ઉપરથી ભવજી રીસાઈને પાલણપુર ગયો અને તેની સાથે જમાદાર મેરૂ સિન્ધી જે રાણાજીનો જૂનો ચાકર રીસામણે હતો તે પણ ગયો. હવે ભવજિયે

પાલણપુર જઇને માઇલ સાહેબને અરજી કરી જે, "કુંડળના વારસા ઉપર "મારો અને રાણાજીનો હક્ક બરાબર પ્હોંચે છે અને તે રાણાજી આખો "દબાવી પડ્યા છે, માટે એ ગામ હું અંગ્રેજ સરકારને લખી આપું છું, "તેમાંથી સરકારની નજરમાં આવે તે મને આપજો." આ વાત રાણાજીના કોઈ હિતસ્વિયે રાણાજીને લખી જણાવી. તે ઉપરથી તેણે પોતાના ભાઈ ન્હારસિંહને તથા જીવલો કલાલ કારભારી હતો, તે બન્નેને પાલણપુર મોકલ્યા. અને પોતાના તમામ પરગણા ઉપર સાત આની ભાગ અંગ્રેજ સરકારને લખી આપીને દાંતામાં અંગ્રેજ સરકારની જામી લાવ્યા. એટલે ભવજીના હાથ હેઠે પડ્યા. પછી ભવજિયે પાલણપુરના દિવાનજી ફત્તેહ-ખાનની ચાકરીમાં ર્‌હેવાનું કબૂલ કર્યું, ત્યારે વાનજીયે નાગેલમાંનો પોતાનો ચોથો ભાગ તેને આપ્યો. પછીથી રાણાજિયે પણ મોજે કરણપુર આપ્યું અને કસુંબા પાયા. અંગ્રેજ સરકારનું થાણું દાંતામાં સંવત્ ૧૮૭૬ (ઇ૦ સ૦ ૧૮૨૦)માં મૂકર્યું હતું.

આ જગતસિંહના વારામાં કાકરેજના મ્હેવાસી કોળિયોએ બસેં અશ્વાર અને પાંચસેં પાયદલ સહિત દાંતાના તાબાનાં રતનપર તથા પુંજપર ઉપર ચડીને ત્યાંની ભેંશો લીધી. તેની વ્હારે જગતસિંહ પચાસ અશ્વાર તથા બસેં પાળા લઇને ચડ્યો. તેઓનો મેળાપ મ્હોટા સડા આગળ થયો, એટલે લડાઈ થઈ, તેમાં ધાડનાં પચીસ માણસ મરાયાં, અને રાણાજીનો જમાદાર ભીખો ભટી રજપૂત જખ્મી થયો અને તેની ઘોડી ભાગી, તે ભેંશો પાછી વાળી લાવ્યા, અને રાણો જ્યારે દાંતે ગયો ત્યારે ભીખા જમાદારને સોનાનાં કડાં તથા એક ઘોડી વગેરેનો શિરપાવ કર્યો.

એ જગતસિંહને દીકરો ન હતો, તેથી તેણે પોતાના ભાઈ ન્હારસિંહને કહ્યું જે, "તમારા બે કુંવર જાલમસિંહ તથા હરિસિંહ છે, તેમાંથી એક મારે "ખોળે આપો." ન્હારસિંહે વિચાર્યું જે, "દીકરાને ગાદી મળે ત્યારે બાપને હેઠે "બેસવું પડે, તથા તેની સલામ ભરવી પડે." માટે તેણે તે વાતની ના પાડી. ત્યારે કોઈ લોકોએ જગતસિંહને કહ્યું જે, "ન્હારસિંહ તમને ઝેરથી અથવા "હથિયારથી મારવાના વિચારમાં છે." આ વાત તેના હૃદયમાં ઉતરવાથી તે મ્હેલમાં બંદોબસ્ત કરીને પેશી ર્‌હેવા લાગ્યો, કચેરીમાં બેસે નહિ. તેનો પરિણામ એવો થયો કે આસપાસના ગામના ભીલ અને કોળી લોકોએ લૂંટફાટ કરવા માંડી. ત્યારે લોકોએ આવીને અરજ કરવા માંડી જે, "આપ આવી રીતે કાંઈ બંદોબસ્ત રાખશો નહિ અને મ્હેલમાં બેશી "ર્‌હેશો તો રાજ્ય શી રીતે ચાલશે?" રાણા જગતસિંહને કોઈ પણ કારભારી

ઉપર વિશ્વાસ ન હતો, માત્ર જીવા કલાલની સલાહ પ્રમાણે જ તે ચાલતો; તેથી લોકો નિંદા કરવા લાગ્યા, જે રાણાજિયે કલાલને કારભારી કર્યો છે. આ પ્રમાણે હકિકત છતાં દાંતામાં શિસોદિયો રજપૂત ગમાન નામે હતો તેની વડારણને જીવાએ જબરાઈથી લીધી, તેમ જ એ જીત્રાને બે બાયડિયો હતી તેમાંથી એકની સાથે પેલો ગમાન લાગેલો હતો, તેથી બન્ને જણાને માંહોમાંહે ઘણી અદાવત ચાલતી હતી. પણ રાણાજીના ડરથી પેલા કલાલને ગમાન કાંઈ કહી શકતો ન હતો. તથાપિ કેટલાક કારભારિયો વગેરે લોકોની જીવા ઉપર ઈતરાજી થઈ હતી.

એક સમયે કલાલ કળતર કરવા નીકળ્યો, ત્યારે પેલા ગમાનનો વાડો પસાયતા જેવો હતો, તેનું પણ કળતર કરવા માંડ્યું. તે ઉપરથી તે રજપૂતે કહ્યું કે, "મારો વાડો કળતરમાં લખશો નહિ." પણ તે વાત તેણે માની નહિ, અને હુકમ બજાવીને ઉલટી ગાળો દીધી. તેથી રજપૂતને ઘણો ગુસ્સો ચઢ્યો, અને કલાલને મારી નાંખવાનો તેણે વિચાર કર્યો. પ્રથમ તો તે પોતાની માને તથા ભાઈને મોજે હુડાદ પોસીને જઈને મૂકી આવ્યો. પછી પરોઢમાં ઉઠીને કલાલના ઘરના રસ્તા સામો બેઠો. તેવામાં પેલો જીવો કલાલ કળશિયો લઈને દિશાએ ચાલ્યો. તેણે પેલા રજપૂતને રસ્તામાં દીઠો, એટલે પૂછ્યું કે, "તું ક્યાં જાય છે?" રજપૂતે ઉત્તર આપ્યું કે, "મારે પર- "ગામ જવું છે, માટે શકુન જોવા બેઠો છું." આવું સાંભળતાં કલાને કાંઈક ડર લાગ્યો ખરો, પણ થોડે વેગળે ચાલીને ઝટપટ દિશાએ જઈ પાછો વળ્યો. અને રજપૂતથી વેગળે વેગળે ઉતાવળથી ચાલીને ઘેર જવા લાગ્યો. આવો પ્રસંગ જોઈને રજપૂતે ધાર્યું કે આ તો જતો રહેશે. પછી તેણે જઈને પછવાડેથી બાથ ભીડી, એટલે બન્ને જણા બથ્થોબથ્થ આવ્યા. કલાલને લાગ ફાવ્યો, એટલે તેણે રજપૂતના માથામાં કળશિયો માર્યો. ત્યારે રજપૂતે પોતાના હાથમાં છરી હતી તે કલાલના પેટમાં બે વાર ઘોંચી. પછી કલાલ છૂટીને ન્હાઠો તે ઢેડના ઘરમાં પેસવા લાગ્યો. તેવામાં વેગળે ઢાલ તરવાર પડી હતી તે લઈને રજપૂત દોડ્યો તે જઈને ઢેડના બારણા વચ્ચે કલાલને ઠેર કર્યો. અને તેના કાનમાં મરચિયો વગેરે દાગીના હતા તે ફહાડી લઈને ચાલ્યો. ત્યારે લોકોએ બૂમો પાડવા માંડી, તેઓને રજપૂતે કહ્યું જે "બોલશો તો તમને પણ મારી નાંખીશ." એટલે તે લોકો ચૂપ રહ્યા, અને તે રજપૂત મગરામાં ન્હાશી ગયો. આ વાત રાણાજીને શામચંદ ગાંધિયે જઈને જાહેર કરી. તે વાત રાણાજિયે ઉંઘમાંથી અચાનક જાગીને સાંભળી, અને પોતાને જીવઉકાળો થયો.' પોતે પછી હુકમ કર્યો જે "જીવાને

"મારનારને મારી નાંખો." પછી ચારે મગ અશ્વારો ચડ્યા, પણ સૌ જીવાના મુવાથી રાજી હતા, તેથી આઘા પાછા જઇને પાછા આવ્યા, અને કહ્યું જે "ખૂની અમારે હાથ આવ્યો નહિ." આ બનાવ બનવા ઉપરથી જગત્સિંહના મનમાં આવ્યું જે, મારા કારભારીને ન્હારસિંહે મરાવ્યો, અને હવે મને પણ મારશે. આ પ્રમાણે તે લોકોની આગળ કહેવા લાગ્યો. ત્યારે ન્હારસિંહે રાણાજીને કહેવરાવ્યું જે, "તમે મારે માથે બદનામ શા વાસ્તે "મૂકો છો? હું તમારા ગામમાંથી જાઉં છું." આ પ્રમાણે કહીને પોતે અહંમદનગર જવા સારૂ તૈયાર થયો. ત્યારે લોકોએ રાણાજીને કહ્યું જે, ન્હારસિંહજી રીસાઈ જાય છે માટે તેમને પાછા વાળો; એ જાય તેમાં તમારી શોભા નહિ. આવું સાંભળીને રાણાજિયે માણસ મોકલીને ન્હારસિંહને પાછા વાળ્યા. પછી લોકોએ તે બન્ને ભાઇયોને કસુંબા પાયા. આ વાતને એક મહિનો થયો, એટલે કોઇયે રાણાજીને વ્હેમ ઘાલ્યો જે, તમને ન્હારસિંહ મારશે. આ વાત માનીને રાણાજી સુદાસણે ગયો અને ત્યાં બે મહિના સુધી ઠાકોર મોહોબતસિંહને ઘેર રહ્યો. ત્યારે ન્હારસિંહ તથા કારભારિયો મળીને મનાવા ગયા; અને મનાવીને દાંતામાં તેડી લાવ્યા. ત્યાં દસ બાર દિવસ રહીને ન્હાઠો, તે પેથાપુરમાં અતીતના મઠમાં જઈને રહ્યો, અને કહ્યું જે, મને તો ન્હારસિંહ મારી નાંખશે. પછી ત્યાં એક મહિનો રહ્યો, ત્યાર પછી ફરીને મનાવી આણ્યો, તેવામાં તેને તાવ વગેરે મંદવાડ થયો, તે એક મહિનો માંદો રહીને સંવત્ ૧૮૭૯(ઇ૦ સ૦ ૧૮૨૩)ના ફાગણ વદિ ૭ ને દિસે ગુજરી ગયો.

જગત્સિંહ રાણાના મરણ પછી ન્હારસિંહ ગાદિયે બેઠો.

સંવત્ ૧૮૯૨(ઈ૦ સ૦ ૧૮૩૬)માં ઉદેપુરના રાણા જવાનસિંહ શ્રી અંબાજીની યાત્રા કરવા પધાર્યા, ત્યારે તેણે રાણા ન્હારસિંહને ભેટ લેવાને બોલાવ્યો. પોતે અંબાજીમાં ઉતર્યો હતો. તેણે ન્હારસિંહને કહેવરાવ્યું જે આપણી મુલાકાત કેવા પ્રકારે થશે, એ વિષેની નોંધ કાંઈ તમારા દફતરમાં છે? આ ઉપરથી ન્હારસિંહે સૌ કારભારિયોને પૂછીને તપાસ કરાવ્યો, પણ કાંઈ દાખલો મળ્યો નહિ, ત્યારે ઘરડા ઘરડા લોકોને પૂછતાં મને પણ (આ વૃત્તાંત લખાવનારને) પૂછ્યું, એટલે મેં દાખલો બતાવ્યો જે, રાણો કાનડદેવ ઉદેપુર પરણ્યો હતો, ને સિસોદણીજી કોટડાને પાદર સતી થયાં હતાં તેની છત્રી હાલ સુધી છે.[1] પછી આ વાત

[1] પ્હેલા ભાગના પ્રકરણ ૯ મામાં દાંતાના વિષયમાં જુવો.

ઉદેપુરના જવાનસિંહને કહેવરાવી, જે દાંતાના રાણાજીને તમારે માન આપવું યોગ્ય છે. તે ઉપરથી તેણે ન્હારસિંહને મળવાને બોલાવ્યો અને તેણે ઉભા થઈને તાજિમ આપી. ન્હારસિંહે તેને એક ઘોડો તથા સો રૂપિયાના મૂલની એક બંદુક ભેટ કરી. જવાનસિંહે પણ તેના બદલામાં એક ઘોડો તથા એક મોતીની માળા ન્હારસિંહને આપી. પૂજારી ભટજીને સોનાનાં કડાં આપ્યાં. પછી બે દિવસ રહીને જવાનસિંહ સીધાવ્યો, ત્યારે કુંવર જાલમસિંહ પોતાના અશ્વારો લઈને તેને શિરોઈ સુધી વળાવી આવ્યો.

સંવત્ ૧૮૯—માં ન્હારસિંહ ચંદ્રગ્રહણ ઉપર આબુજીની યાત્રાએ ગયો. તે વેળાએ કુંવર જાલમસિંહ પણ સંગાથે હતો. તે પર્વત ઉપર મારવાડ, મેવાડ, અને ગૂજરાત ઇત્યાદિ ઠેકાણાના સંઘ આવ્યા હતા. ગ્રહણની વેળાએ લોકોએ નખી તલાવમાં ન્હાવા માંડ્યું. ત્યારે અતીતે આવીને કહ્યું જે, આ વેળાએ કોઈયે તલાવમાં ન્હાવું નહિ, જે કોઈ ન્હાશે તે મરણ પામશે. કેટલાક યાત્રાળુ લોકોએ માન્યું અને તેઓ ન્હાયા નહિ પણ ઘણા ભાગે માન્યું નહિ અને તેઓ ન્હાયા. આ વેળાએ ચોસઠે જોગણિયોના રથ આકાશ-માંથી હેઠા ઉતર્યા અને તેઓએ ન્હાવા માંડ્યું. સવારના પ્રહરમાં કોગળિયું ચાલ્યું અને જેઓ આગલે દિવસે ન્હાયા હતા તે સર્વે મરી ગયા, માત્ર થોડા જ બચ્યા. રાણો અને કુંવર ગ્રહણ મુક્ત થયા પછી ન્હાયા હતા, તેથી તેઓને કાંઈ થયું નહિ, તેમ જ તેમના સંબંધમાંથી કોઈ મરણ પામ્યું નહિ. ત્યાં તેઓ ચાર દિવસ રહ્યા, અને પછી અંબાજી ગયા.

પછીથી મુંબઈથી ગવર્નર સાહેબ સાદરે આવ્યો, અને મળવા માટે તેણે મહીકાંઠાના સર્વ ભોમિયાઓને બોલાવ્યા, ત્યારે રાણો ન્હારસિંહ તથા કુંવર જાલમસિંહ પણ સાદરે ગયા. તેમણે સાહેબને એક ઘોડો, કીનખાબનો એક તાકો, મંદીલ ઇત્યાદિની ભેટ કરી. એટલે સાહેબે શાલજોટા અને પાઘડિયોનો શિરપાવ રાણાને તથા કુંવરને કર્યો. એ જ પ્રમાણે સાહેબે સર્વે ભોમિયા-ઓના શિરપાવ લીધા, અને આપ્યા ત્યાર પછી સાહેબ મુંબાઈ પાછો ગયો, અને ભોમિયા સૌ સૌને ઠેકાણે ગયા. હિન્દુ રાજાઓમાં મુખ્ય, ઈડરના મહા-રાજા ગંભીરસિંહ, અહંમદનગરના મહારાજા કરણસિંહ અને રાણા ન્હારસિંહ હતા; મુસલમાન સરદારોમાં પાલણપુરનો દિવાન ફત્તેહખાંન, રાધનપુરનો નવાબ અને વડગામનો દિવાન સમશેરખાંન એટલા હતા.

તે પછી રાણો ન્હારસિંહ પોતાના પરગણાના બંદોબસ્ત માટે મેજર માઈલ પાસે પાલણપુર ગયો, અને તેને જઈને અરજ કરી કે, અમારા પરગ-ણામાં બંદોબસ્ત રાખવા સારૂ અંગરેજ સરકારની જામી રાખી છે, પણ અંગરેજ

સરકારનો મ્હેતો કે પાળો નહિ આવતાં પાલણપુરના દિવાનજીના મ્હેતા તથા પાળા શા માટે આવે છે? અમે કાંઈ તેમની સાથે બંદોબસ્ત કર્યો નથી. આ તકરારનો ખુલાસો જ્હારસિંહને મેજરે ખાતરીપૂર્વક આપ્યો નહિ; અને નવરાત્રિ નજદીક આવ્યાં. તેથી રજા લઇને રાણીજી માતાએ પધાર્યા. છેવટે જ્યારે લાંગ[1] સાહેબ સાદરે આવ્યો. ત્યારે તેણે દિવાનજીની જપ્તી ઉઠાડી. તેના પ્હેલાં તે આસરે સત્તાવીસ વર્ષ સુધી રહી.

જ્હારસિંહ સંવત્ ૧૯૧—[2]માં મરણ પામ્યો, તેને જાલમસિંહે ગાંગવાને પાદર અગ્નિદાહ દીધો. તે જગ્યાએ પછી તેણે છત્રી બંધાવી.

દાંતાવાળાના વંશની સુદાસણાની શાખા વિષેની નોંધ.

જ્યારે રાણા માનસિંહનો કુંવર ગજસિંહ દાંતાની ગાદિયે હતો, અને તેનો ભાઈ જસવાજી રાણપુરનું જીવક ભોગવતો હતો, ત્યારે પુંજાજી રાણાનો કુંવર અમરસિંહ જે રાણા માનસિંહનો ભાઈ થતો હતો તે સુદાસણે હતો. આ વેળાએ સુદાસણાને તાબે માત્ર સુદાસણું જ હતું. અમરસિંહ શૂરવીર યોદ્ધો હતો, અને તે જસવાજીનું રાણપુર પોતાને તાબે કરવા ઇચ્છતો હતો, તેથી રાણપુર ઊપર ચડી આવીને તેણે ત્યાંનાં ઢોર ઘણી વાર વાળી આણ્યાં હતાં. એક સમયે તેણે રાણપુર ઉપર ફેરો કરીને ભેંશો વાળી ત્યારે જસવાજિયે ક્હાવ્યું જે, "કાકા! મારે દૂધ ખાવાની ભેંશ હતી તે તો તમારે "લેવી યોગ્ય ન હતી." ત્યારે અમરસિંહે ઉત્તર મોકલ્યું કે, "રાણપરની "ધરતીમાં પાડા ઘણા છે, માટે જો તમને દૂધ પીવાનું મન થાય તો તેમાંથી "કોઈનું પીજો." પછી જસવાજિયે આ વાત દાંતે જઈને રાણા માનસિંહને સંભળાવી ને દિલગીર થયો. માનસિંહે કહ્યું જે, "આ સમયે અમરસિંહ "છેડવા જેવો નથી, માટે કોઈ સમયે જોઈ લઈશું." પછી રાણા માનસિંહે અદાવત રાખીને મ્હેવાસિયોને અને ગઢિયાને સલાહ આપી જે, "તમે અમર"સિંહને મારી નાંખો તો તમને ઇનામ આપું." આ ઉપરથી તે લોકો સુદાસણાને હરકત કરવા લાગ્યા. એક સમયે ગઢિયા લોકોએ સુદાસણાનાં ઢોર લીધાં, તેની વ્હારે અમરસિંહ ચડ્યો અને મોજે ભાલુસણે જતાં તે ઢોર પડાવી લાવ્યો, ત્યારે સુદાસણાના એક ખેડુતે આવીને કહ્યું જે, "તમે તમામ

---

[1] કર્નલ લાંગે ઘણાં વર્ષ સુધી મહીકાંઠાના પોલિટિકલ એજન્ટની નોકરી કરી છે, ત્યાં તેનું નામ સર્વ ઠેકાણે પ્રસિદ્ધ છે અને યોગ્ય રીતે તેના નામને માન આપવામાં આવે છે.

[2] સંવત્ ૧૯૦૨ના જેઠ સુદિ ૧૦ ને સોમવારે, એ રાણાને ગાંગવાને પાદર સરસ્વતીને કાંઠે દાહ દીધો છે, એ વાત ખરી, પણ તેની છત્રી દાંતાને પાદર કરાવેલી છે. ર. ઉ.,

"ઢોર પાછાં વાળ્યાં, પણ મારો એક બળદ સો રૂપિયાનો છે તે એમાં નથી, "માટે તમે કાંઈ મારી વ્હાર કરી નથી." આવું સાંભળીને અમરસિંહ પાછો ધાડ પછવાડે ગયો, અને તે બળદને પાછો વાળવા માંડ્યો, પણ તે ભડકીને ન્હાઠો ને પાછો વળ્યો નહિ. ત્યારે અમરસિંહે જાણ્યું જે, "આ બળદને "ધાડવાળા લઈ જશે તો મારી આબરૂ જશે." એમ વિચારીને બરછી મારી તેથી બળદ મરી ગયો, અને અમરસિંહ પાછો આવ્યો. તે ચાર મહિના જીવીને મરણ પામ્યો. એટલે લોકો ક્હેવા લાગ્યા જે બળદની હત્યા લાગી તેથી એ મરાયો. તે એવી રીતે કે પોતે મોજે ચિત્રાસણીના ઠાકોરને મિત્રાચારીને લીધે મળવા ગયો હતો, ત્યાંથી પાછો વળ્યો, ત્યારે તેની સાથે એક મીર હતો, તેને કહ્યું જે, "આ વેળામાં બ્હારવટિયા ઘણા છે, અને તું મારી "સાથે દોડી શકીશ નહિ, માટે મારી સાથે આવીશ નહિ." ત્યારે મીરે કહ્યું જે, "બાપજી! હું તમારી સાથે દોડી આવીશ." પછી તે ચાલ્યો. તેવામાં રાધનપુરના બાબીના ઘોડા ફેરો કરવા આવ્યા હતા તેની સાથે મોજે પલખડી આગળ અમરસિંહને ભેટો થયો. તે વેળાએ ન્હાસતાં મીરની ઘોડી થાકી એટલે અમરસિંહે કહ્યું જે હેઠો ઉતરીને તારી ઘોડીને મારી નાંખ્ય અને તું મારી પછવાડે મારે ઘોડે બેશ. પછી તે મીર તો હેઠો ઉતરી શકયો નહિ અને પેલા ઘોડા આવી પ્હોંચ્યા, એટલે મીરે બૂમ પાડી જે બાપજી! મને મેલીને જશો નહિ. આવું સાંભળીને અમરસિંહ તેની મદદે પાછો વળ્યો, ત્યાં તેની છાતીમાં ગોળી વાગવાથી મરણ પામ્યો.

અમરસિંહના કુંવર હઠિયાજીના[1] મરણ પછી તેનો કુંવર ખુમાણસિંહ માત્ર અઢાર મહિનાનો હતો, તેથી જસવાજિયે સુદાસણું પોતાને કબજે કરી લીધું. એટલે હઠિયાજીની ઠકરાણિયે આવીને રાણાજીને કહ્યું કે, "હવે મારૂં "ગુજરાન શાથી ચાલશે?" ત્યારે રાણાએ તેને મોજે અડેરણ આપ્યું, ત્યાં તેના વંશજ આજે પણ છે.

જસવાજી સુદાસણે રહ્યો. તેને પાંચ કુંવરો થયા, તેમાં વડો કુંવર સરદારસિંહ હતો, તે તેની પછવાડે ગાદિયે બેઠો; અજબોજી અને ધનરાજજીને રાણા પાસેથી મોજે શેલાણું મળ્યું; નાથજી અને જોરજી એ બેને જસવાજીનું વસાવેલું જસપર મળ્યું. જસવાજીના વારામાં ગાયકવાડની ફોજ આવી તેમાં વિઠુબા નામનો સૂબો મુખ્ત્યાર હતો. તેણે ફોજ આણીને સુદાસણાને હરકત કરવા માંડી. તે વેળાએ ભોજરાજ રાવળ, તોગો ગણોલ, ઘેલોજી બાહુવો, અને પાણિયાળીનો ગઢવી એટલા જણ

૧ પૃષ્ઠ ૧૩૯ મે જૂવો.

કામ આવ્યા. પછી તે ફાજ ગામ મારીને પાછી ગઈ; ત્યારે લોકો ડુંગરામાંથી પાછા આવી વસ્યા. આ સમયે ગાયકવાડની ફાજ દર ત્રણ અથવા ચચ્ચાર વર્ષે આવતી હતી. જ્યારે ગામના લોકો દશ બાર ગાઉ ઉપર ફાજ આવ્યાનું સાંભળે ત્યારે ત્રઘાયો ઢાલ વગડાવે, અને બૂમ પડાવે જે, "ન્હાશી જજો, "ફાજ આવે છે!" તે ઉપરથી લોકો ન્હાશીને ડુંગરોમાં સંતાઈ પેસે. જ્યારે ફાજ આવી પ્હોંચે ત્યારે ગામ લૂંટે તથા બાળી નાંખે; પછી તેઓ ત્યાં ઘણા દિવસ પડાવ રાખે તો પતાવી દેવા સારૂ ફાળો નાંખીને થોડા ઘણા જમેબંધીના રૂપિયા આપીને પાછા તે લોકો ગામમાં વસતા હતા.[૧]

જસવોજી ગુજરયા પછી, સરદારસિંહ પાટ બેઠો. જ્યારે રાણો ગજ-સિંહ ઘરડો થયો, પણ તેને કુંવર થયો નહિ, ત્યારે સરદારસિંહને તેણે ખોળે લીધો. ત્યાર પછી, ગજસિંહને પૃથીરાજ નામે કુંવર થયો. ગજસિંહના મરણ પછી સરદારસિંહે દાવો કર્યો કે, "દાંતાની ગાદીનો વારસ હું છું." આ દાવાને પેટે, મોજે વસાઈ, ડાવોલ, ડાલેસણું, અને બીજાં કેટલાંક ગામ આપીને સમાધાન કર્યું. એ સરદારસિંહના ભાઇયો પણ જીવાઈ સારુ વખે નીસર્યા હતા, તેઓને ખેતરપાદર આપીને પતાવ્યું.

સરદારસિંહના વડા કુંવરનું નામ ઉમેદસિંહ હતું. ચાર ન્હાના ચંદ્રસિંહ, વખતસિંહ, સરતાનસિંહ, અને પ્રતાપસિંહ કરીને હતા, તેઓને મજિયારૂં મોજે વસાઈ આપ્યું. જ્યારે સરદારસિંહ ફાજ કરીને મોજે ટીંબા ઉપર ફેરો કરીને વળ્યો અને ત્યાંનાં ઢોર તથા બાન લીધાં ત્યારે ટીંબાની જ્હાર ચ્હડી, ને બન્ને બાજુવાળાઓનો ભેટો થયો. તે લડાઈમાં કુંવર ઉમેદસિંહ કામ આવ્યો. તે વેળાએ તેને ત્રણ કુંવર હતા, તેમાં અમરસિંહ પાટવી કુંવર હતો ને બીજા બે જગુજી અને અગરસિંહ હતા, તેમને જીવાઈમાં પાંચ ગામ સહિયારા ભાગમાં મળ્યાં.

સરદારસિંહના મરણ પછી તેનો પૌત્ર અમરસિંહ ગાદિયે બેઠો. ખિલોડ જીલ્લો જે સુદાસણા અને તારિંગાની વચ્ચે છે, તે દાંતાના પટાવત હુડિયાલ રજપૂત ખાતા હતા. પણ તેમને મ્હેવાસી લોકો બહુ પજવતા હતા તેથી તેઓ ત્યાંથી નીકળી જઈને વડનગર પરગણાના મોજે કરબટિયે રહ્યા. એટલે તે જીલ્લો સુદાસણાવાળાએ દબાવ્યો, અને એ વાતમાં રાણાજીની પણ ખુશી હતી. એ અમરસિંહના વારામાં ગાયકવાડની ફોજને પાછી ન્હસાડી

---

૧ આ વાત કહેનાર કહે છે કે આવાં નાસેણાંમાં મારે પણ ઘણી વાર ન્હાસવું પડ્યું છે.

મૂકી હતી તેમાં ફોજનાં કેટલાંક માણસ મરાયાં હતાં પણ ઠાકોરનું એકે માણસ મરાયું ન હતું. દાંતાની ગાદી હાથ કરી લેનાર પણ આ અમરસિંહ હતો.[1]

અમરસિંહને ફત્તેહસિંહ કરીને કુંવર હતો, અને ફત્તેહસિંહને મોહોબતસિંહ અને પનજી એવા બે કુંવરો હતા. મોહોબતસિંહના વારામાં સંવત ૧૮૬૦ (ઈ. સ. ૧૮૦૪)માં ગાયકવાડની ફોજ લઈને કાકાજી આવ્યો તે સાથે ખૂબ લડાઈ થઈ, તેમાં ફોજનાં સાઠ માણસ મરાયાં અને ઠાકોરનું એકે માણસ મરણ પામ્યું નહિ. જે માણકનાથ બાવાએ અમદાવાદમાં માણકચોક તથા માણક બુરજાથી પોતાનું નામ રખાવ્યું અને જે તરસંગમે તથા સુદાસણે રહેતો હતો તેની જગ્યા ત્યાં હમણાં સુધી છે, તે આ વેળાએ ન હતો, પણ તે દેવરૂપ થયેલાએ આ ઠાકોરને સાહાય્યતા કરી, તેથી ઠાકોરની જિત થઈ એવું લોકો કહે છે. મોહોબતસિંહે રણુશીપુર ઉપર ફેરો કરીને ત્યાંનાં ઢોર તથા બાન લઈને પાછો વળ્યો. તેનું ચડી જવાનું કારણ એવું કે, તેનું ગામ ડાવેલ હતું, ત્યાંની ભેંસો તે જગ્યાના ભીલ લોકો વાળી ગયા હતા.

મોહોબતસિંહને ચાર કુંવર હતા: હરિસિંહ, રતનસિંહ, પરબતસિંહ અને મોકમસિંહ. હરિસિંહે ચાર વર્ષ સુધી ગાદી ભોગવી, ત્યાર પછી રતનસિંહે બે વર્ષ ભોગવીને તે મરણ પામ્યો. તેની પછી તેનો કુંવર ભૂપતસિંહ ગાદિયે બેઠો, તે એક વર્ષ જીવ્યો, એટલે હાલનો પરબતસિંહ ગાદીએ બેઠો. મોકમસિંહ તો ન્હાનપણમાં જ મરણ પામ્યો હતો.

પ્રકરણ ૧૨

ઈડરના મહારાજા ગંભીરસિંહ

ખુમાણસિંહે મહારાજની સારી ચાકરી કરી હતી, તે ઉપરથી તેણે તેને કહ્યું જે, "તમને વધારવાની મારી ઘણી મરજી છે, પણ હું જ્યારે "તમને વધારીશ ત્યારે તમે મારા સામા લડવા ઉઠશો, એવો મને શક રહે "છે." ત્યારે ખુમાણે સમ ખાઈને કહ્યું કે, "હું આપના સામી કદિ તરવાર "પકડીશ નહિ." આ ઉપરથી મહારાજે તેને વાંકાનેર[2] ગામ આપ્યું તથા તે કચેરીમાં આવે ત્યારે મહારાજ તેને ઉભા થઇને મળે, એવો એક મ્હોટો તાજમી સરદારનો કરબ આપ્યો.

---

૧ પૃષ્ઠ ૧૩૯ મું જૂઓ.

૨ આ વાંકાનેર ઈડરવાડામાં છે, તે સોરઠના વાંકાનેર સાથે એક સમજવું નહિ. ર. ઉ.

ગામ **પાનોલ** એક ચારણનું હતું. તે નિઃસંતાન મરણ પામ્યો, ત્યારે તેના ઘરમાં તેની વિધવા માએ તથા તેની સ્ત્રીએ પોતાના એક સગાને તથા તેના બે દીકરાને રહેવા દીધા અને તે છોકરાને પરણાવ્યા, તથા બન્ને જણ વચ્ચે **પાનોલ**નો છઠ્ઠો ભાગ લખી આપીને તેઓને જૂદા રાખ્યા. તથાપિ આખા ગામનો કબજો લેવાની આશાએ તે બન્ને ભાઈયોએ પેલી બાઈયોને મારી નાંખવાનો વિચાર કર્યો. તે પ્રમાણે ઘરડી ડોશીને તો તેઓએ કટાર વતે મારી નાંખી ને ચારણની વહૂ છટકી ગઈ, તે મહા સંકટથી ઈડર જઈ પ્હોંચી અને **મહારાજ** આગળ ફરિયાદ કરી. ત્યારે મહારાજે આસપાસના ચારણોને એકઠા કરીને કહ્યું કે, “તમે જઈને બન્ને “ખુનિયોને કહો કે, તમારે **પાનોલ**માં રહેવું નહિ.” આ પ્રમાણે તેઓએ જઈને કહ્યું પણ તેમણે હુકમ માન્યો નહિ. ત્યારે **મહારાજે** પોતાના એકેક સરદારને બોલાવીને હુકમ કર્યો જે, “તમે જઈને એ ખૂની ચારણોને મારી “નાંખો, અને **પાનોલ** ખાલસા કરો.” ત્યારે તે સરદારોએ ઉત્તર આપ્યું જે, “કહો તો અમારૂં એકેકું ગામ આપને હવાલે કરિયે, પણ ચારણને મારવો “યોગ્ય નથી; માટે તેઓનો અપરાધ ક્ષમા કરવો જોઇયે.” પછી **મહારાજે** રૂપિયા ખર્ચીને સિંધના હૈદરાબાદમાંથી પચાસ હબશિયો તેડાવ્યા. તેઓ આવીને હાજર થયા. ત્યારે બધા સરદારોએ મહારાજને વાર્યા, પણ તેણે માન્યું નહિ, ત્યારે સર્વે ખુમાણસિંહ પાસે જઈને કહેવા લાગ્યા જે, “મહા- “રાજની તમારા ઉપર સંપૂર્ણ કૃપા છે માટે તમે જઈને સારી પેઠે કહો તો “જરૂર ચારણોનો બચાવ થાય.” પછી ખુમાણસિંહે આવીને મહારાજને કહ્યું કે, “કૃપા કરીને એ ચારણોનો અપરાધ ક્ષમા કરો તો બહુ સારૂં.” ત્યારે મહારાજે કહ્યું જે, “તમારી એ વાત હું માનનારો નથી.” આવું સાંભળીને ખુમાણસિંહ કહે કે, “હવે હું કોઈ વેળાએ આપને વિનવવા આવનાર “નથી.” મહારાજે કહ્યું કે, “તમારી ઇચ્છા હોય તો આવજો, નહિતર “આવશો નહિ.” આ ઉપરથી તેને દુઃખ લાગ્યું, તેથી તરત જ ત્યાંથી ઉઠી પોતાને ઘેર ગયો.

હવે મહારાજે ચારણોને મારવા સારૂ હબશિયો મોકલ્યા, એ વાતની ખાવતનિયોને જાણ થવાથી એક જણે પોતાના બે છોકરાનાં ગળાં કાપી નાંખ્યાં, તથા બે હબશિયોને ઠેર કર્યા, અને પોતે પોતાના હાથે મરણ- તોલ ઘવાયો. તેનો બાપ પણ પોતાને હાથે મુવો. પણ તેનો ભાઈ ઘેર હતો નહિ તે ઉગર્યો. પછી હબશી લોકો ઈડર પાછા આવ્યા. ત્યાર પછી જે ચારણ ઉગર્યો હતો તે પોતાના ૫૦૦ નાતીલાઓને એકઠા કરીને ઘલીને

ધરણું વેરાવી નંખાવ્યું. ચારણોના મરણનું દુઃખ માનીને ખુમાણસિંહ હિમાળે ગળવા ચાલ્યો, ત્યારે મહારાજે જઇને તેને વાંકાનેરમાં રોકયો. તે પોતાના સરદારો સહિત ગયો હતો. તેણે ઘણી મ્હેનત કરી પણ ખુમાણ-સિંહે માન્યું નહિ. મહારાજે કહ્યું કે, ચારણોના મરણને માટે તમે જતા હો તો તેના વારસને પાનોલને બદલે બીજું કોઈ મ્હોટું ગામ આપિયે. ત્યારે ખુમાણ-સિંહે કહ્યું કે "હું આપને વિનવવા આવ્યો તે વેળાએ મારૂં માન્યું હોત તો હું "રહેત; પણ હવે કોટી ઉપાય કરો પણ હું રહેનાર નથી." એમ કહી તે વાંકાનેરથી ચાલ્યો. તે વેળાએ તેની સાથે અગિયાર માણસો હિમાળે ગળવા સારૂ ચાલ્યાં. તે સમયે તેની ઠકરાણિયો તથા ગામની રૈયત ઘણી શોકાતુર થઈ. મહારાજ ગંભીરસિંહે રસ્તામાં આડા જઇને છેલ્લી વાર કહ્યું જે "હું "તમારા આગળ પાઘડી ઉતારીશ." ત્યારે ખુમાણસિંહે સમ ખાઇને કહ્યું જે, "તમે પાઘડી ઉતારશો તો હું મારૂં માથું આપની આગળ મૂકીશ." પછી મહારાજ કાંઈ બોલી શકયો નહિ. ખુમાણસિંહે માથે ભગવું લુગડું બાંધ્યું હતું, અને હથિયાર વિના રૂપાના તારે વીંટેલી એક સોટી હાથમાં રાખી હતી અને ઘોડે ચઢયો હતો. તેની સાથે કોઈ સગાં, કોઈ મિત્ર તથા ચાકર થઇને અગિયાર જણ હતા; તેમાં મોજે વાત્રડીનો એક ભીલ હતો. તેને ત્યાંના ભીલોએ દુઃખ દીધું હતું માટે તે કહેતો હતો કે "હું હિમાળે ગળતાં પ્રભુ પાસે માગીશ "જે હું ચાંદણીનો ઠાકોર થાઉં અને વાત્રડીના ભીલોને મારૂં." તે વિના બીજા લોકોને તો ગૌલોક પ્રાપ્તિની આશા હતી.

ખુમાણસિંહનો કુંવર ધીરજી આ વેળાએ વીશ વરસનો હતો તેને વાંકાનેરની ઠકરાત મળી. તે પછી મહારાજ કુંવર ઉમેદસિંહની ચાકરીમાં રહ્યો. તેણે કૃપા કરીને વધારે ભોંય આપી તથા તેની સ્વારીમાં મોખરે ચાલવા ઘોડે નોબત આપી.

મહારાજ ગંભીરસિંહની વાંકાનેરના[1] ધીરજી ઉપર ઘણી મ્હેરબાની હતી, તેનું કારણ એવું જે, પોળના રાવોએ ઈડરની ગાદીનો દાવો કરીને ઈડર જીલ્લાનાં ઘણાં ગામ લૂંટયાં, માર્યાં ને બાળ્યાં હતાં તેથી મહારાજે

૧ છપ્પય—વંકનેર પતિવદાં, શહડ ખુમાણ ધમડ શિવ,
મહર વંશકો મીસ, ખાપ ચાંપો ખળ ખંડવ;
ભાટી શક્તો ભીમ, આદુ માડેચ એ રાડો,
ચીબોડે ગુલસિંહ, જીઓ ગુણ લોક જિરાડો;
મોચરી હુત દરજો મેહર, બારટ સથ બેસીઓ,
ચતુર પુરૂષ મુક્તિ ચતુર, હિમાચળ ચઢતાં મુએ.

૧૧

મનમાં ધાર્યું જે મારે એક વાર પોળો મારવી. ઇ૦ સ૦ ૧૮૦૮ માં તેણે છ હજાર બંદુકદાર શિરબંધી રાખ્યા અને પોતાના સર્વે સરદારોને ઈડર તેડીને તેમને સંગાથે લઈ વડાલી ગયો ત્યાં સુધી કોઈને ખબર પડવા દીધી ન હતી કે પોળો ઉપર ચડાઈ છે. તેઓએ જઈને પોળોથી બે ગાઉ પર મેલાણુ કર્યું.

જ્યારે મહારાજની ફોજ ઈડરથી નીકળી ત્યારે પોળના રાવ અને તેના અસલના સરદારો રેહેવર અને વાઘેલા ઠાકોરોને જાણ થવાથી તેઓ તૈયાર થઈ રહ્યા હતા, કેમકે તેઓના હેરકો ખબર કહાડવા સારૂ ફરતા હતા. પોળમાં પેસવાનો રસ્તો એવો છે કે ઉગમણી આથમણી નદી વ્હે છે; તે ઉભી નદીમાં ચાલીને પોળના બે દરવાજામાં જવાય છે. એ રીતે પોળ વચ્ચે નદી છે અને જવાઆવવાનો રસ્તો એટલો જ છે; બાકી ચારે દિશા ભણી મોટો પ્હાડ છે. તે બંને દરવાજા વચ્ચે રાવે ભીંત ચણાવીને રસ્તો બંધ કર્યો અને તે બન્ને ઠેકાણે પોતાના ભાઇયો તથા શિરબંધીઓને બંદુકો લઈને બેસાર્યા, અને મહારાજનો કોઈ આદમી નજરે પડે તો તેને ગોળાથી મારી નાંખવા લાગ્યા.

એ રીતે મહારાજનાં ચાળીશ માણસો મુવાં. તેણે ચાર મહિના સુધી મેલાણ રાખ્યું પણ કશો ઉપાય ચાલ્યો નહિ, ત્યારે ઘણી દિલગીરી ઉપજી. આ વેળાએ તેણે ચારસેં જોડી સોનાનાં કડાં કરાવીને આસપાસના ભીલોને વ્હેંચી આપ્યાં, અને તેઓને કહ્યું કે, "પોળોમાં જવાય એવો રસ્તો બતાવો." ભીલોએ કહ્યું જે, "બીજો કહિં રસ્તો તો નથી, પણ પોળોથી દક્ષિણાતો "ડુંગર છે, ત્યાં નીસરણિયો મૂકીને એકેક આદમી હથિયાર વિના ચડે તો "ઘણી મુશ્કેલીથી ચડી શકે એમ છે." મહારાજે એકદમ નીસરણિયો મંગાવી અને તે ઠેકાણે પોતે જાતે આવીને ઉભો રહીને એક એક શિરબંધિયોને તથા સરદારોને ચડાવ્યા. તે વેળાએ બધા સરદારોના મનમાં એમ હતું જે કુંપાવત ઉપર મહારાજની કૃપા છે, માટે તેઓ આગળ થઈને આ કામ બજાવશે, આપણે કાંઈ જરૂર નથી. આણી મગ વાંકાનેરના ધીરજી અને બીજા ચાંપાવતોએ મળીને ઘરમેળે વિચાર કર્યો જે, આપણા ભાઇને જે (ટાકા ટુંકાના) ઠાકોરે માર્યો હતો, તે હાલ રાવજી પાસે છે માટે તેનું વેર લેવાની આ વેળા છે; પછી કુંપાવતની પછવાડે ચાંપાવત ધીરજી વગેરે ચાલ્યા અને ઠેઠ પોળ પાસે જઈને આરબોને કહ્યું જે મરફો બજાવો. પછી તેઓએ મરફો બજાવ્યો તથા બંદુકોના ભડાકા કર્યા, ત્યારે રાવજી કબીલા સુદ્ધાં ડુંગર ઉપર ચડી ગયો; અને તેઓના મોરચાવાળા પણ ન્હાશી ગયા. એટલે મહારાજ પોળોમાં પેઠા, અને દરબારમાં ગાદી તકિયા નંખાવીને બીરાજ્યા.

ત્યાં તેને ચમર થવા લાગ્યું. એ પ્રમાણે એક મહિના સુધી તે ત્યાં રહ્યા. તેના મનમાં એમ હતું જે કબીલો તેડાવીને અહિં રહેવું. પણ રાવજિયે ઈડર જીલ્લાનાં ગામ નિત્ય નિત્ય મારવા માંડ્યાં, ત્યારે સરદારોએ મહારાજને કહ્યું કે, "આપણે પોળો લીધી, આબરૂ વધારી. માટે હવે આ દરબાર "સિવાય ગામનાં ઘર ખાળી મૂકીને ઈડર જઈયે તો બહુ સારૂં; નહિ તો રાવજી "ઈડરમાં પેશી જશે." પછી મહારાજે તેવી રીતે કર્યું અને ત્યાંથી મેલાણ ઉપાડીને ઈડર જીલ્લાના ભીલોડા ગામમાં આવ્યા. ત્યાં શિરબંધિયોએ પોતાનો બે ત્રણ મહિનાનો પગાર ચઢ્યો હતો તે લેવાની ઉતાવળ કરી, અને બે દિવસ સુધી મહારાજને હુક્કો પીવા દીધો નહિ તથા ખાવા પણ દીધું નહિ. છેવટે મહારાજે સર્વે ખાલસા ગામોના પટેલોને બોલાવીને કહ્યું જે, "તમે અમારા ગામની બધી પેદાશ ખાઈ જાઓ છો, અને અમને "થોડી દેખાડો છો, માટે આ શિરબંધિયોએ મને રોકયો છે તેનો કાંઈ ઉપાય "કરો." ત્યારે પટેલોએ પોતપોતાની ખુશીથી ગજા પ્રમાણે દંડ આપ્યો. પછી મહારાજ ઈડરમાં પાછા આવ્યા. આ અશ્વારીમાં ચાંપાવતોએ સારી ચાકરી બજાવી તેથી મહારાજની તેમના ઉપર કૃપા થઈ હતી.

આ વેળાએ સિંધના સિંધિયોની પાંચ હજાર ફોજે આવીને ડુંગરપુર ઉપર ચડાઈ કરીને તે લીધું અને ત્યાંના રાવળને ત્થાનામાં બેસારીને પોતાની ફોજ સાથે ફેરવવા લાવ્યા. ત્યાંથી વાંસવાડા ઉપર ગયા. ત્યાં ઘણી જબરી લડાઈ થઈ, અને બંને બાજુનાં ઘણાં માણસ મરાયાં. પછી વાંસવાડાનાં કેટલાંક ગામ તેઓએ દબાવ્યાં, ત્યારે વાંસવાડાના પટાવત અરજણસિંહે ફોજ એકઠી કરીને સિંધિયોને ફહાડી મૂકયા. એ લડાઈ પાંચ વર્ષ સુધી ચાલી, તેથી અરજણસિંહના શિરબંધિયોનો પગાર ચડી ગયો તે આપવા મળ્યો નહિ, ત્યારે અરજણસિંહે ફોજ સુદ્ધાં લૂણાવાડા તથા વાડાશિનોર ઉપર ચડીને ત્યાંથી ખંડણી લીધી. પછી ઈડરવાડામાં પેસતાં મોજે પાલ ઉપર આવ્યા. તે સમયે પાલવાળા સાથે વાંકાનેરના ધીરજીને અદાવત હતી અને અરજણસિંહ સાથે ધીરજીને મિત્રતા હતી તેથી ધીરજી જઈને અરજણસિંહને મળ્યો. આ વાત સાંભળીને પાલનો ઠાકોર (રાયસિંહ) પણ જઈને અરજણસિંહને મળ્યો, અને કહ્યું જે, "મોજે ટોરડાવાળા ઠાકોર પાહાડજી સાથે "મારે વૈર છે માટે તેને મારો તો હું તમને રૂપિઆ આપું." આ વાત અરજણસિંહે કબૂલ કરી; પણ તે ટોરડાવાળા સાથે ધીરજીને મિત્રાઈ હતી માટે ધીરજીયે મના કરી, પણ અરજણસિંહે માન્યું નહિ, ત્યારે ધીરજી રીસાઈને ચાલી નિસર્યો, અને કહ્યું જે "હું ટોરડામાં જઈને બેસું છું. તમે મારા

"સામા લડવા વ્હેલા આવજો." એમ કહી પોતે ટોરડે ગયો, ત્યાંના ઠાકોરે પણ શિરબંધી એકઠી કરી, પણ ઘણા થોડા લોક એકઠા થઈ શક્યા, તેથી તેણે ઈડરમાં જઈને કુંવર ઉમેદસિંહને કહ્યું જે, "આ સમયે તમે મને "આશ્રય આપો, નહિ તો હું ફોજ સાથે લડીને મરીશ અને ટોરડા શત્રુના "હાથમાં જશે." આવું સાંભળીને કુંવર પણ પોતાનો સરંજામ લઈને ટોરડે પધાર્યા. શત્રુની સંખ્યા પોતાનાથી વધારે છે, એ વાતની ખબર સામા-વાળાને થવાથી તે ફોજ સહિત પાછા વળીને જતા રહ્યા. અને સૌ સૌને ઠેકાણે ગયા. આ સમયે પણ ધીરજીની રીતભાત જોઈને મહારાજ તેના ઉપર બહુ રાજી થયા.

ચાંદણીના સૂરજમલનો કુંવર સબળસિંહ જ્યારે દેવ થયો, ત્યારે તેના બે કુંવર સામસિંહ અને માલમસિંહ કરીને હતા તેઓની વચ્ચે ગાદીના કબ્જા સારૂ ટંટો થયો. મ્હોટો કુંવર સામસિંહ કંઇક અપોચિયો હતો. તે રીસાઈને વાંકાનેર જતો રહ્યો, ને ન્હાનો કુંવર માલમસિંહ ટીટાઈ જઇને ત્યાંના ઠાકોર કનકાજીને કહેવા લાગ્યો કે, "તમે મને ચાંદણીની "ગાદિયે બેસારશો તો હું તમારા કુંવરને મારે ખોળે લઈશ." આ ઉપરથી કનકાજી ચાંદણિયે જઇને કહેવા લાગ્યો જે, "માલમસિંહ ગાદિયે બેસશે." પણ વાંકાનેરનો ધીરજી આવીને કહેવા લાગ્યો જે, "સામસિંહ ખરો હક્ક-"દાર છે માટે એ ગાદિયે બેસશે" એમ કહીને બન્ને ઠાકોરો લડી પડ્યા અને પછી પોતપોતાને ઠેકાણે જતા રહ્યા. ત્યાર પછી કુંકાજિયે તરત જ ચારસેં શિરબંધી એકઠી કરીને વાંકાનેર ઉપર ચડાઈ કરી. ધીરજી તેના સામો થયો અને તેનાં દશ બાર માણસ મારી નાંખ્યાં; તેવામાં આસપાસના ઠાકોરોએ વચ્ચે પડીને કહ્યું કે, "બીજા લોકોના કજિયા માટે તમે શું કર-"વાને મારંમારા આવો છો?" એ પ્રમાણે સમજાવીને કનકાજીને પાછો ફેરવ્યો. પણ બન્નેના મનમાં પાકું વૈર બંધાયું. હવે ચાંદણીનો કારભારી, ગંભીરસિંહ મહારાજ પાસે આવ્યો. અને કહેવા લાગ્યો જે, "મહારાજ! "ચાંદણીના કુંવરને ગાદિયે બેસારવા સારૂ આપ પધારો." ત્યારે મહારાજે કહ્યું જે, "ગાદિયે બેસારવા સારૂ ધીરજી અને કનકાજી આવ્યા હતા તે શું થયું?" ત્યારે કારભારિયે કહ્યું કે, "આપ ધણી છતાં તેઓનાથી ગાદિયે બેસારાય "નહિ, આપ પધારો ત્યારે જ તેનાથી ગાદિયે બેસાય." ત્યારે પછી મહા-રાજે કહ્યું જે, "ગામ કોટડું મને આપો તો હું આવું. અને તમને હું "શીઓલી ગામ બદલામાં આપીશ." પછી કારભારિયે સામસિંહની સલા-હથી મોજે કોટડું મહારાજને લખી આપ્યું. પછી મહારાજે ત્યાં જઈને

ટિલાયત કુંવર **સામસિંહને** તરવાર બંધાવીને ગાદિયે બેસાડ્યો, પણ ગામ આપવા બાબત તેણે કારભારીને કહ્યું હતું તે તો કાંઈ આપ્યું નહિ, તથાપિ **ચાંદણીના** ફટાયા કુંવરને તેના ભાગનું એક ગામ આપ્યું.[1]

---

૧ **મેજર માઇલ્સે મહીકાંઠા** વિષે તા૦ ૨૧ મી સપ્ટેમ્બર સન ૧૮૨૧ માં રિપોર્ટ કરયો છે, તેમાં નીચે પ્રમાણે છે:–

"**ચાંદણીના સબલસિંહનો** બાપ **સૂરજમલ** આશરે ચાળીસ વર્ષ ઉપર મરી "ગયો છે. **સબળસિંહનામાં** સાધારણ પક્ષની સમજણ છે એમ કહેવાય છે, અને તેના "નઠારા કારભારને લીધે **મહુનો** ઠાકોર **ફત્તેહસિંહ** પછવાડેથી **ચાંપાવતોમાં** મુખ્ય સત્તા "ધારણ કરી બેઠો હતો. ફત્તેહસિંહ ઇ. સ. ૧૮૦૫ માં મરણ પામ્યો. ત્યાર પછી **અન**-"રસિંહ તેની પછવાડે થયો અને તે પણ ઇ. સ. **૧૮૧૯** માં મરણ પામ્યો. તેનો "કુંવર **ગોપાળસિંહ** બાળક છે, અને ત્યાર પછીથી આણી મગના વહિવટમાં ઘણો "ગડબડાટ આવી પેઠો છે. **ગોપાળસિંહ** આશરે પંદર વર્ષની ઉંમરનો છે. **સબળસિંહના** "બે મ્હોટા દીકરા **માલજી** અને **શામજી** વચ્ચે કાંઈક કજિયો ઊઠવાથી **ચાંપાવતોના** "પટામાં થોડી વારથી ભાગ પડ્યા છે. **માલજીની** ભણી **ટીંટોઇનો** ઠાકોર **કનકાજી** થયો "છે. **શામજીની** ભણી **ઈડરનો** રાજા અને **ધીરજી** છે. ઘણું બંડ અને કાપાકાપ થયા "પછી પરિણામ એવો થયો છે કે **બેર** કસબો અને **હરસોલનું** અર્ધું પરગણું ઈડરના "રાજાએ **કનકાજીની** સંમતિથી લઈ લીધું છે, અને તેણે બાકીનો ભાગ પોતાના કબ્જામાં "લઈ લીધો છે. માલીકો છેક આધાર વિનાના થઈ ગયા છે. તે, સર્વ તરફેણ વાળાઓની "ચાલ વિષે ફરિયાદ કરે છે."

લેફ્ટનેંટ કર્નલ બાલનટેને સાદરા મુકામથી તા૦ ૧૫ મી ઓક્ટોબર **સન** ૧૮૨૨ ને રોજ રિપોર્ટ કરયો છે, તેમાં નીચે પ્રમાણે છે:–

"**ચાંદણી**–આ પટાના માલિકો જે કજિયો કરી ઉઠયા હતા તેઓએ **પ્રથમ** તો "તેને છોડી દેવાનું ધાર્યું અને તેની વ્હેંચણી કરવી, એ **કનકાજી** તથા **ધીરજીયે** મચા"વેલા બંડનું **મૂળ** હતું, તેમાં તેઓ પટો દબાવી પડે નહિ એટલા માટે **ગંભીરસિંહે** "પછવાડેથી પેરવી કરી. એ કારણથી **ચાંપાવતનું** બંડ ઊઠયું. **માલજી** અને **શામજી** એ "બે **સબળસિંહના** દીકરા છે અને એમ જણાય છે કે તે બન્ને, પટાનો વહિવટ ચલા"વવાને સર્વે વાતે અયોગ્ય છે. માટે તેના ઠરાવનું કામ સરદારોનું એક કમીશન કરીને "તેઓને સોંપેલું હતું તેઓએ જે ઠરાવ કરયો છે, તેની મતલબ નીચે પ્રમાણે છે:–

"**માલજી** અને **શામજીની** તકરારનો નીવેડો કરવાનું કામ અમને સોંપ્યું છે, પણ "તેઓના જામીન થવાનું અથવા અમારી વ્યવસ્થા અને ઠરાવ પ્રમાણે તેઓને મળતા "કરવાનું કામ અમને અશક્ય લાગે છે. બંને ભાઈ હદપારની કેફની સત્તા નીચે આવી "ગયા છે, તે વળી તેમની ડાગળી ખસતાં સુધી; અને બંને જણાએ, આવી સ્થિતિને "લીધે અતિશય ધિ:કારવા લાયક કામ કર્યાં છે; અમારા વિચાર પ્રમાણે, તેઓ ઠેકાણે "આવે એમ લાગતું નથી. તે ઉપરથી અમે અમારો એવો અભિપ્રાય આપિયે છિયે કે, "નીચે પ્રમાણે તેમને માટે ઠરાવ કરવો અમારી નજરમાં બહુ ઘટિત અને વાજબી છે. "ઇત્યાદિ ઇત્યાદિ.

ટોરડાના બનાવ પછી એક મહિને, ચાંદણી સંબંધી ટંટાને લીધે, ધીરજિયે માણુસો એકઠાં કરીને ટીંટોઈ ઉપર ચડી જવાની તૈયારી કરી; પણ બીજા ઠાકોરો જઈને વચ્ચે પડ્યા, અને તેને પાછા વળી જવાને સમજાવા લાગ્યા. આ ઉપરથી કનકાજિયે ટોરડાવાળો જે ધીરજીનો મિત્ર થતો હતો તેની ઉપર હુમલો કર્યો.

તે સમાચાર સાંભળીને ધીરજી ત્યાં જઈ પ્હોંચ્યો. ત્યાં ખુબ લડાઈ થઈ તેમાં ટીંટોઈવાળાનાં દશ માણુસ માર્યાં ગયાં ને તેને પાછા હઠવું પડ્યું.

તો પણ કનકાજિયે ઘેર પાછાં આવીને ટોરડા ઉપર બીજી વાર હલ્લો કરવા સારૂ ફરીને શિરબંધી એકઠી કરવા માંડી, તે વાત જાણીને ધીરજિયે કુંવર ઉમેદસિંહને ટોરડાની મદદ સારૂ બોલાવ્યો. તે વેળાએ મહારાજ ગંભીરસિંહે તેને ના પાડી પણ તે ગયો. કનકોજી ફોજ લઈને ટોરડાને પાદર આવ્યો, ત્યારે તેણે જાણ્યું કે “રાજાનો કુંવર માંહ છે. માટે તેને કાંઈ થાય “તો ઠીક નહિ.” તેથી ટોરડાને પાદર થઈને મોજે પાલ ગયો, અને ત્યાંના વોળ લીધી. ત્યાં જવાનું બીજું કાંઈ કારણ ન હતું પણ પેટભરાઈ સારૂ પૈસો લૂંટવાને તે ગયો હતો. ત્યાર પછી તેણે બીજાં ગામડાંમાં જઈને ત્યાંની વોળ લીધી. અને ત્યાંથી કુંવરને કાગળ લખ્યો કે, “આપ તો મારા ધણી “છો, માટે આપને ટોરડામાં રહેવું ઘટતું નથી. એ તો અમે અને તેઓ “સમજીશું. જો તમે મારા સામા લડવા આવશો તો મારાં ભાલોડાં તથા “ગોળિયોને આંખ્યો નથી, તેથી દુનિયામાં તમે મને નીચું જોવરાવશો.” આ કાગળ વાંચીને કુંવરજીને ઉલટો ક્રોધ ચડ્યો, એટલે પોતાના શિરબંધિયો આપીને ધીરજીને કનકાજી સામે લડવા મોકલ્યો. ટીંટોઈના ઠાકોરનો એક આરબ જમાદાર પોતાની ઘોડી ફેરવતો હતો તેના સામી ધીરજીના માણુસોએ ગોળી વાહી તેથી ઘોડી મરી ગઈ. તે વાત આરબે જઈને કનકાજીને કરી અને કહ્યું જે, “હવે અમે તેમના સામા લડીશું.” ત્યારે કનકાજીએ કહ્યું જે, “આપણે ત્યાં લડવા જવું નહિ, પણ બંદુકદાર માણસોને રસ્તા “ઉપર આ કોતરમાં બેસારી મૂકો, અને આપણે સામા ઉભા રહીશું તેથી “તેઓ આપણા ઉપર આવશે, એટલે તેમના ઉપર ગોળિયો ચલાવવી.” તેઓએ તે પ્રમાણે કર્યું અને તેનો પરિણામ એ આવ્યો કે ધીરજીના સત્તર અશ્વાર માર્યા ગયા, અને તેને ટોરડે પાછાં જવું પડ્યું.

ઉપરની લડાઈ થઈ તે વેળાએ ધીરજિયે એક બારગીરને પોતાનો પોશાક આપ્યો હતો તે માંહ મરાયો. તેવામાં સર્વે મરી ગયેલા બારગીરોના પોશાક કનકાજીનાં માણુસ લઈ ગયાં તેમાં ધીરજીનો પોશાક પણ

ગયો. તે જોઇને તેઓએ ધાર્યું જે ધીરજી પણ મરાયો છે. તે ઉપરથી ટીંટોઈના ઠાકોરે લાલ પાઘડી ઉતારીને ધોળું ફાળિયું બાંધ્યું, એટલે તેના કુંવર લાલજિયે કહ્યું જે "હવે શોક કરો છો ત્યારે આગળથી શા વાસ્તે "વિચાર કર્યો નહિ?" તેણે ઉત્તર આપ્યું કે, "તમે બધાયે મળીને મારૂં "મન ફેરવ્યું હતું, તેથી એમ બન્યું" પછીથી ખબર કઢાવી તો જાણવામાં આવ્યું કે ધીરજી કુશળ છે, એટલે તે રાજી થઇને પછી ટીંટોઇયે ગયો.

પછી ધીરજીને બહુ દિલગીર દેખીને કુંવરે કહ્યું જે, "તમારે હવે શોક "રાખવો નહિ, જે મુવા તે હવે પાછા આવવાના નથી, પણ હવે હું તમને "કશી વાતની કમી રહેવા દઇશ નહિ. તમારા ઘોડાચાકરો હું તમને નવા "આપીશ." ધીરજી કહે કે, "કનકાજિયે મારી લાજ લીધી, માટે આપણે ટીંટોઈ મારવું જોઇયે." ત્યારે કુંવરે સોગન ખાધા જે, "ટીંટોઈ માર્યા વિના "મારે ઈડર પાછા જવું નહિ." પછી ધીરજી કુંવરને લઈને ટીંટોઈ ગયો. કુંવર ઉમેદસિંહે મહારાજને કાગળ લખ્યો જે, "આપને મારી મદદે પધા- "રવું ઘટે તો આપનો સરંજામ લઇને પધારજો, નહિંતર હું ટીંટોઈવાળા સાથે "લડીને મરીશ." મહારાજને આ પ્રમાણે કરવું ગમતું ન હતું, પણ કુંવરનું રક્ષણ કરવા સારૂ પોતાનું લશ્કર લઈ જઈને ટીંટોઈને પાદર જઈ કુંવરને મળ્યો. શિરોઇનો એક પ્રતિષ્ઠિત ચારણ ખોડીદાનજી કરીને હતો, તેને ત્યાંના ઠાકોરે દેશવટો દીધો હતો, કારણ કે, તે ઠાકોરનો જામીન થયો હતો, પણ તે કરાર પ્રમાણે નહિ ચાલ્યો ત્યારે ચારણે તેને તાકીદ કરી, એટલે તેણે ચારણને દેશવટો દીધો. તે આ સમયે ટીંટોઈના ઠાકોર પાસે હતો. જ્યારે મહારાજની ફોજ આવી પ્હોંચી ત્યારે તેણે ડુંગરી ઉપર કિલ્લો બંધાવ્યો હતો તેમાં લડાઇનો સામાન લઈ જઇને પોતાનું રક્ષણ કરવાને તૈયાર થયો. પણ ખોડીદાનજિયે જઈને મહારાજને વિનતિ કરી જે, "તોપો લઇને અહિ "પોતાના સરદાર સામે લડવા આવવું આપને યોગ્ય નહિ." એ રીતે મહા- રાજને તથા કનકાજીને તેણે સમજાવ્યા, પણ ધીરજી તથા કુંવરજી માનતા ન હતા; છેવટે કનકાજીયે રૂપિયા આપ્યા, એટલે સમાધાન થયું, પછી કુંવરજી તથા મહારાજ પાછા ઈડર ગયા.

આટલું થયા છતાં પણ ધીરજીનું મન માન્યું નહિ. તેણે પોતાને ઘેર જઇને કુંવર ઉપર રીસ લાવીને તેની જીવાઈનું ગામ ભીલોડું હતું ત્યાં જઈને ત્યાંનાં ઢોર વાળ્યાં, અને તે વેચી ખાધાં. ત્યારે કુંવરે ધીરજીને ઠપકાનો કાગળ લખ્યો. તેનું ઉત્તર ધીરજિયે લખ્યું જે, "મારાં ઘોડાંને તથા માણ- "સોને તમે કેમ મરાવ્યાં?" ત્યાર પછી દરબારનું ભુતાવડ ગામ છે ત્યાંનાં

ઢોર તથા બાન પકડ્યાં, તથા કુંવરની જીવાઈનું બીજું ગામ વસાઈ હતું તે માર્યું. તે વેળાએ રક્ષણ કરવા જતાં તેનાં બે ચાર માણસોને ગોળાઓ વાગી. વળી તેણે શીલાસણ, રેંટોડુ અને બીજાં ગામ લૂટ્યાં, ત્યારે છેવટે બે હજાર માણસોની ફોજ રાખીને બે તોપો તથા સરદારોને સાથે લઈને કુંવરજી વાંકાનેર ઉપર ચડ્યો. તે વેળાએ ધીરજી પણ સામો લડવાને તૈયાર થયો, અને બસેં શિરબંધી રાખ્યા. કુંવરે વાંકાનેર જતાં રસ્તામાં વસાઈ આગળ પંદર દિવસ મેલાણ રાખ્યું. ત્યાં અર્ધી રાત્રે ધીરજી આવ્યો અને તોપખાના ઉપર આરબ હતો તેને મારી નાંખીને જતો રહ્યો. બીજે દિવસે ઉમેદસિંહ ત્યાંથી ઉપડીને ભીલોડે ગયો અને ત્યાંથી વાંકાનેર આવ્યો. ત્યાં ત્રણ દિવસ સુધી લડાઈ થઈ. તેમાં કુંવરના દશ માણસ મરાયાં, અને ધીરજીનાં ત્રણ માણસ મરાયાં. ત્રણ દિવસ સુધી લડાઈ કરી પણ ગામ ભેલાયું નહિ, ત્યારે કુંવરે ઈડર મહારાજને પત્ર લખ્યું જે, "ત્રણ દિવસ થયા વાંકાનેર ભેલાતું નથી, માટે બીજા વધારે શિરબંધી મોકલજો." આ ઉપરથી મહારાજે બસેં પાળા અને પચાસ અશ્વારો મોકલ્યા. આ વેળાએ ઘણાં માણસોએ ધીરજીને સમજાવ્યો કે "કુંવર હઠ ઉપર આવ્યો છે, તે વાંકાનેર સાર્યા "વિના જશે નહિ, અને તમે માત્ર ત્રણ ગામના ધણી છો તેથી પ્હોચી "શકશો નહિ. તમે ત્રણ દિવસ ટકાવ કર્યો, તેથી તમને શાબાશ છે પણ "હવે તો તમે ન્હાશી જાઓ." ત્યારે ધીરજિયે પોતાના દરબારમાં બિછાયત કરી; ઢોલિયો ઢાળીને આગળ દારૂના સીસા તથા મીઠાઈ મેલીને થોડા રૂપિયા ભેટ મૂકયા અને ત્યાર પછી પોતે ન્હાશી ગયો. પછી કુંવરે ગામ લૂંટ્યું, બાળ્યું, તથા ત્યાંના આંબા મહુડા કપાવી નાંખ્યા, કૂવા પૂરાવી નાંખ્યા, અને ત્રણ દિવસ રહીને પાછો ઈડર ગયો. તેટલી વારમાં ધીરજી પોતાના કબીલા સુદ્ધાંત ડુંગરપર ગયો. ત્યાંના રાવળે ગામ આપ્યું. ત્યાં રહીને તે ઈડર જિલ્લામાં લૂટફાટ કરવા લાગ્યો, અને ઘણું નુકસાન કર્યું. ત્યારે મહારાજે બાંહધર આપીને ધીરજીને ઈડરમાં તેડાવી લીધો ને મનાવ્યો, તથા તેનાં ગામ તેને હવાલે કર્યાં. વળી કુંવરે તેને પોતાની ચાકરીમાં રાખ્યો.[1]

---

૧ ધીરજી પોતાના તા૦ ૨૯ મી મે, સન ૧૮૨૧ ના મેજર માઈલ્સ ઉપરના કાગળમાં નીચે પ્રમાણે લખે છે:–

"મને તમારો કાગળ પ્હોંચ્યો છે, અને તેમાં લખેલા સમાચાર જાણ્યા છે. હું "વાંધાભરેલી ચાલ ચલાવું છું એમ તમે સાંભળ્યું છે, એવું લખો છો એ વાત ખરેખર "સાચી છે. પણ અંગરેજ સરકારના મુલકમાં મેં લૂંટફાટ કરી નથી, અને કારણ વિના "કોઈને હરકત કરી નથી. ઈડરના રાજાના હાથની લખેલી મારી પાસે ચિઠ્ઠી છે. તે

ત્યાર પછી એક વર્ષે કુંવરે ધીરજીને કેટલાક રૂપિયા આપીને તેટલામાં જેટલા ઘોડા આવે તેટલા ખરીદવાને કાઠિયાવાડ મોકલ્યો. એ રૂપિયા

"મને આપ્યા પછી એમણે પોતાનો મનસૂબો ફેરવ્યો છે. એમણે મારૂં એક ગામ લીધું "છે અને મારા સાથિયોના મોતનું કારણ પણ-એ જ છે. તેનો કશો બદલો મને વાળી "આપ્યો નથી. વળી એમણે મને દશ ઘોડાનું નુકસાન કરાવ્યું છે તે પણ ભરી આપ્યું "નથી. જે જે બાબતનું મહારાજે મને વચન આપેલું તે બધુંયે જૂઠું પડ્યું છે. એમના "કામને માટે મેં ચૌદ હજાર રૂપિયા ઉપાડીને ખર્ચ્યા છે, તેમાંથી એક પૈસો પણ "એમણે મને આપ્યો નથી ને ઉલટું મારૂં ગામ લઈ લીધું છે; અને મને મારી નાંખવા "માટે મારા શત્રુઓને ઉશ્કેરે છે. રાજાની લખેલી ચિઠ્ઠી જો તમારે જોવી હોય તો હું "મોકલું, તે વાંચીને મને પાછી મોકલાવી દેજો; અને મારો વાંક જણાશે તો પછી જેમ "તમે ક્હેશો તે પ્રમાણે કરીશ. જેઓ મારા દુશ્મન છે, અને જેમના ઉપર મારો દાવો "છે તે વિના કોઈને મેં હેલોહરકત કરી નથી. અંગરેજ સરકાર મ્હોટી છે, પણ મારો "હક્ક મહારાજા ઉપર છે તે મને અપાવવો જોઇયે, અને આંપાવત પટાનાં બધાં ગામ "એ દબાવી પડ્યા છે તે પાછાં અપાવવાં જોઇયે. ત્યાર પછી મારે કશું માગવાનું નથી; "અને અંગરેજ સરકારની ચાકરી કરવાને તૈયાર રહીશ. ઈડર પરગણામાં મારા ઘણા "શત્રુ છે. મારી પાસે તમે માણસ મોકલજો એટલે તેની સાથે હું ઉપર લખેલો કાગળ "મોકલીશ. હું તેની ચાર દિવસ સુધી વાટ જોઇશ. મારા શત્રુઓનું માનશો નહિ, "મારે ઈડર દરબાર સાથે કજિયો છે." ઇ. ઇ.

કર્નલ બાલેનટૈને બારોટ દામોદર મોહોબતસિંહને ધીરજી પાસે મોકલ્યો હતો, તે તા૦ ૩૦ મી સપ્ટેમ્બર સન ૧૮૨૧ ને રોજ છાવણીમાં આવ્યો અને નીચે પ્રમાણે ખબર આપી:-

"હું છાવણીમાંથી ગયો કે તરત ઠાકોર ધીરજી મને આવીને મળ્યો. તે પ્રથમ "તો પોતાના કારણના વાજબીપણાથી મનમાં સંતોષ પામેલો જણાયો. પણ પછીથી "પોતાની ભૂલ કબુલ કરી. ઈડરવાળાનું નુકશાન કરવાનું એ કામ તેનું પ્હેલવેરકું જ "હતું, પણ હવણાં ઘણો પશ્ચાત્તાપ કરે છે, અને મને ક્હે છે કે લાલજી મહારાજ "(કુંવર ઉમેદસિંહ) સાથે તમે વચ્ચે પડીને મારો નીકાલ કરાવી આપો. તે મ્હોટી "ફોજ લઈને આ વેળાએ વાંકાનેરની પડોશમાં ચડી આવ્યા છે. ઠાકોરે મને વારે વારે "અરજ કરી તે ઉપરથી તેમ કરવાને મને મન થયું:-તેણે નીચે પ્રમાણે કોલકરાર કરવાની "મને સત્તા આપી છે:-

"પ્હેલું. તો આજ સુધી લૂંટી લીધેલી માલમતા પાછી આપવી.

"બીજું. વાંકાનેરની સામે ફોજ રાખવાને જે ખર્ચ થયો હોય તેનો ભાગ આપવો.

"ત્રીજું. તેણે પોતાના એક હુમલામાં એક બ્રાહ્મણનું ખુન કર્યું છે તેનો, ધન "આપીને કે પછી ભોંય આપીને, નિકાલ કરવો અને,

"છેલ્લું. તે મહારાજની ચાકરીમાં હાજર થાય."

લઇને ધીરજી ચાલ્યો તે માણુસા પાસે વરસોડે જઇને તે રૂપિયા ખર્ચીને પોતે પરણ્યો. તેને એક બીજી ઠકરાણી હતી. નવી ઠકરાણીને માટે લૂગડાં

“આ ઉપરથી હું એકદમ **લાલજી મહારાજ** પાસે ગયો અને સર્વે વાત સારી
“પેઠે સમજાવીને કહી અને કહ્યું કે, એની એ અરજ કબૂલ રાખવી, તેમાં વળી **અંગરેજ**
“**સરકાર**ને એ બાબતની જાણ થતાં સુધી તો એમ કરવું જોઇયે એમ સમજાવ્યું. પણ
“**લાલજી મહારાજે** એકદમ કહ્યું કે **ધીરજિયે** મારૂં જીવાતનું ગામ માર્યું છે, માટે હું
“એમ કરવાનો નથી. એમ કહીને એમનો વિચાર **ધીરજી**ને જાણ કરીને પાછાં આવવાની
“મને રજા આપી. પછી ગામ (**વાંકાનેર**) ઉપર હુમલો કરચો, અને આ વેળાએ **ધીર**-
“**જિયે** નિશ્ચયપૂર્વક બચાવ કરચો નહિ, એટલે આખું ગામ લૂંટીને બાળી નાંખ્યું.”

લાલજી મહારાજનો કર્નલ **બાલેન્ટૈન** ઉપર કાગળ, તા૦ ૯ મી સપ્ટેમ્બર, સન ૧૮૨૧ નો:—

“ગયા બાર મહિનાથી **ધીરજિયે વાંકાનેર**થી અમારા પરગણામાં ઘણું નુકશાન
“કરવા માંડ્યું છે. ત્યાં આગળ તેણે ઘણાં માણસ રાખ્યાં છે. તેમાંથી લૂંટારા મોકલ્યાં જ
“કરે છે. તે સિવાય વળી **ઈડર** કિલ્લામાંથી એક વાણિયાને બાન તરીકે પકડી ગયો છે.
“તેમ છતાં ચાર મહિના સુધી અમે એને સમજાવ્યો પણ માન્યું નહિ. ત્યારે ફોજ રાખ-
“વાની અમને જરૂર પડી. તે વતે અમે **વાંકાનેર** ઉપર હલ્લો કરીને **ચાંપાવત ધીર**-
“જીનો કબ્જો છોડાવી દીધો છે, એટલે તે નાશી જઈ ને ડુંગરપુરના મુલ્કમાં ભરાઈ પેઠો છે.”

ધીરજીનો કર્નલ **બાલેનટૈન** ઉપર કાગળ, તા૦ ૮ મી સપ્ટેમ્બર, સન ૧૮૨૧ નો:—

“મને તમારો કાગળ પોહોંચ્યો છે. તેમાં મારા શત્રુએ ખોટું સમજાવ્યું છે તે લખ-
“વામાં આવેલું છે; પણ તમારી જો મરજી હોય તો **મહારાજ**ની ચિઠ્ઠી તમને વાંચવા
“સારૂં મોકલું. તે ઉપરથી તમારા જાણવામાં આવશે કે, એમની ઉશ્કેરણી ઉપરથી મેં
“મારી આવી કરણી ચલાવી છે. એક વેળાએ મેં એમની ચાકરી ઉઠાવી તેમાં આઠ
“દશ માણસ અને આઠ દશ ઘોડાં મરાયાં અને ઘાયલ થયાં. આ વાત પ્હેલાં મેં
“**મેજર માઇલ્સ**ને જાહેર કરી છે. લખાણની મતલબથી **મહારાજ** આડા ગયા, ત્યારે
“એમનાં પરગણાંમાં પગપસારો કરવાની મને જરૂર થઈ છે. ત્યાર પછીથી **મહારાજે**
“મારા ગામ ઉપર હલ્લો કરીને તે માર્યું છે, તેમાં હું તેમના સામો થયો નથી, તેમાંથી
“તેણે પચાસ હજારની મિલ્કત લૂંટી લીધી છે. આ વાત ખરી છે કે ખોટી તે વિષે
“તમે **અહમદનગરના મહારાજ**ને પૂછજો, અને **મેજર માઇલ્સ** પણ ઘણી બાબતોથી
“તમને જાણીતા કરશે. જો હું તમારી નજરમાં અપરાધી જણાઉં તો તમારી નજરમાં
“આવે તેવો જવાબ મારી પાસેથી લેજો. પ્હેલો **મહારાજે** મને ઉશ્કેર્યો અને પછીથી
“તેને પરિણામ જોવાને મને તજી દીધો. હું હવણાં જંગલમાં છું. મારી પાસે આઠસેં
“માણસ અને સો ઘોડાં છે ને ભૂખે મરે છે, અને જો મારા ગામ વિષે કાંઈ કરવામાં
“આવશે નહિ તો પછી ઈડરવાડામાં મારે લૂંટફાટ કરવી પડશે. બીજું, હું મારાં માણસો
“અને ઘોડાં સહિત તમારી ચાકરી કરવાને ઇચ્છું છું, કેમકે હવે ફરીને **મહારાજ**ની ચાકરી
“હું કરવાનો નથી.”

ઘરેણાં ખરીદ કરતાં થોડા રૂપિયા રહ્યા તેનાં બે ઘોડાં ખરીદી લાવીને ઈડર આવીને કુંવરને હાજર કર્યાં. ત્યારે ઉમેદસિંહે પૂછ્યું કે બાકીના રૂપિયા કયાં ગયા? ત્યારે તેણે ઉત્તર આપ્યું જે, "તે રૂપિયા મારા ધણીના હતા અને "મેં મારા કામમાં વાવર્યા. હું કોઈના ઘરમાં ચોરવા ગયો નથી." આવું સાંભળીને કુંવર તો કાંઈ બોલ્યો નહિ, પણ મહારાજે તાકીદ કરીને કહ્યું જે, "અમારા રૂપિયા લાવો." ત્યારે ધીરજીએ કહ્યું જે, "રૂપિયા તો મારા ઘરમાં નથી. આપ ચાહે તે કરો." આવું સાંભળીને મહારાજે તેના ઉપર મોસલ કર્યા ત્યારે ધીરજિયે તે રૂપિયાને પેટે પોતાનું ગામ ઘાંટી મહારાજને લખી આપ્યું. પણ ધીરજીના મનમાં બહુ દુઃખ લાગ્યું તેથી તે વખે નીકળ્યો, અને કબીલા સુદ્ધાંત મેવાડ જીલ્લાના મ્હેવાસમાં પાટિયા વલેચા નામનું ભીલનું ગામ છે, ત્યાં એક વર્ષ રહીને ઈડર જીલ્લામાં લૂંટફાટ કરવા લાગ્યો. એક સમયે ટીંટોઈના ગામ બામણવાનાં ઢોર લઈ ગયો. તે વેળાએ તેની પાસે વીશ અશ્વારો હતા, પણ એક દિવસમાં વીશ ગામોમાં બૂમ પડાવતો હતો. તથાપિ ઈડર જીલ્લામાં બીજા ભીલ લોકો જે લૂંટફાટ કરતા તેઓનાં માથાં કાપી કાપીને ટોપલામાં ભરીને મહારાજને ભેટ મોકલતો. વસાઈ, બળોલી, ભીલોડા, ઇત્યાદિ ઘણાં ગામ ધીરજિયે બાળ્યાં, તથા ત્યાંનાં ઢોર અને બાન લીધાં. ચારણ, ભાટનાં ગામ સિવાય ખાલસાનું કોઈક જ ગામ ધીરજિયે લૂંટ્યા વિના રાખ્યું હશે.[1]

એક સમયે મહારાજે દરબારમાં કહ્યું જે, "મેં અધિકાર આપીને "ધીરજીને વધાર્યો ત્યારે તે મારાં ગામ મારે છે, પણ એવો તરવારિયો છે "ત્યારે બીજા રજવાડામાં જઇને પટો કેમ લેતો નથી?" આ વાત ધીરજીને કાને ગઈ, એટલે મ્હોટે ઉદયપુરના રાણા શ્રી ભીમસિંહ[2] પાસે તે ગયો. એ રાણોજી ઈડરમાં જ્યારે મહારાજ ગંભીરસિંહની બ્હેન વ્હેરે પરણવા આવ્યો હતો, ત્યારે ધીરજીને તેની સાથે ઓળખાણ થયું હતું તથા તે વખો કર્યાથી દેશાવરમાં પ્રસિદ્ધ થયો હતો. તેથી રાણાજિયે એક ભારે ઉપજનો પટો કરી આપ્યો. તેનો લેખ લીધો પણ જાગીર તેણે લીધી નહિ; અને કહ્યું જે, "અહિ રહેવાથી કોઈ કેહેશે જે પોતાના બાપની જગ્યા વાળી શકયો નહિ.

---

૧ કર્નલ બાલેન્ટૈનનો સરકાર ઉપર કાગળ, તા. ૨૨ મી માર્ચ, સન ૧૮૨૨ નોઃ—
"કાંઈ પણ કારણ વિના ધીરજી ફરીને બ્હારવટે નીકળી પડ્યો છે. અતિશય ઘાતકી "કામ કરવામાં તે ગુંથાયો છે. ભીલોડાના પંદર સોળ બ્રાહ્મણોને તેણે ઠેર કે ઘાયલ "કર્યા છે અને બીજાં ઘણાં ઘાતકી કામ કર્યાં છે, એવી તેની વાત ચાલે છે."

૨ ઉદયપુરની ગાદીનો ૬૪ મો રાજા, એનો સમય ઇ. સ. ૧૭૭૮ થી ૧૮૨૮ સુધી.

"તેથી મારી પ્રતિષ્ઠા જાય." પછી ત્યાં ચાર મહિના સુધી રહીને પાછો ઈડર જીલ્લામાં આવ્યો. અને પોતાનો કબીલો મારવાડમાં કુડા ગામ છે, ત્યાં રાખીને પોતે પાછો ઈડરનાં ગામ લૂંટવા લાગ્યો.

આ વેળાએ કર્નલ બાલેનટૈને દેશનો ઠરાવ કરવાના વિચારે ઈડરના સર્વે સરદારોને સાદરે બોલાવ્યા. તેઓના મનમાં ઘણી નારાજી થઈ ગઈ હતી અને તેમાંના ઘણાખરા તો મહારાજને લ્હેણી ખંડણી આપવાને ના પાડતા હતા, કેટલાએક તો પોતાના ઘોડા ખંડી વાળવાને આપ્યા અને કહ્યું જે અમારી પાસે રૂપિયા નથી પણ અમે તો દરબારના ચાકર છિયે, અને અમારાં માથાં રાજાનાં છે. એકલા કુંપાવતોએ બરાબર જવાબ દીધો. એક મહિના લગી વિચાર કરીને બ્રિટિશ એજન્ટે મુંડેટી, ટીંટોઈ, ટોરડા, અને વાંકાનેરના ઠાકોરોને બેડિયો જડી અને બીજાઓ ઉપર જોરાવરી કરીને મહારાજનો ભાગ અપાવ્યો. વાંકાનેરના ધીરજીને ચારણની બાંહધરી આપીને બોલાવ્યો તે પાંત્રીશ શિરબંધી લઈને આવ્યો, પણ તેમને મહારાજે ફ્હાડી મૂકયા, અને તેનો ભત્રિજો ઉદજી કરીને જવાન કુંવર હતો તેને તેની પાસે રહેવા દીધો. જ્યારે સરકારના સિપાઈ ધીરજીને ઝાલવાને આવ્યા, ત્યારે ઉદજિયે તે માંહેલા કેટલાકને ઠર કર્યા, તથા બીજાઓને ઘાયલ કર્યા ત્યાર પછી તે મરાયો.

(દુહા–સોરઠા)

ભાઈ તણે શિર ભાર, પડિયો ધીરા ઉપરે;
શત્રાં વજાડે સાર, અપછર વરિયો ઉદલો.
કર આરબ કટકાહ, પ્રશણ પગાંતલ પાડિયા;
બબે હોય બટકાહ, એકણ ઘાવે ઉદલા.

એ ધીરજી છ મહિના સુધી કેદ રહીને, પછી બેડિયો તોડીને, કોટ ઉપરથી પડતું મૂકીને ન્હાશી ગયો. મુંડેટીનો ઠાકોર ચાર મહિના સૂધી કેદ રહ્યો, તે જમાન આપીને તથા મહારાજનો દાવો ચૂકાવીને છૂટયો. અને તેજ વેળાએ ટીંટોઈ તથા ટોરડાના ઠાકોર પણ એવીજ રીતે છૂટયા.[૧]

---

૧ ધીરજીના કામની કર્નલ બાલેનટૈનની યાદી તા. ૩૦ મી આકટોબર ૧૮૨૩:-
"ધીરજિયે બ્રાહ્મણોનાં ખુન કર્યાં, અને બીજા ગુનાહ કર્યા તે વિષે અગાઉ "વિગતવાર સરકારને જાહેર કરવા ઉપરથી તેનો દંડ કરવાનો, તેને દાબમાં રાખવાનો, "અને તેની જાગીર તેના પાસેના સગાને આપી દેવાનો હુકમ થયો છે. તેને શિક્ષા "કરવા સારૂ ફોજ મોકલી, પણ આ પ્રસંગે તેણે બારોટ દામોદર મોહોબતસિંહની "મારફત શરણ થવાની ઇચ્છા જણાવી, તે ઉપરથી, ગાયકવાડની ખંડણી વગેરે "બાબત જામીનનો બંદોબસ્ત કરતાને કર્નલ બાલેનટૈને બીજા સરદારોને ડભોડામાં

ધીરજી જેવામાં વડોદરે કેદમાં હતો તેવામાં તેણે સામળાજીને એવી માનતા માની હતી કે, હું કેદમાંથી છૂટીશ તો એક મૂલ્યવાન ભેટ કરીશ. છેવટે

‘એકઠા કરયા. ત્યારે **ધીરજી**ને પણ બોલાવ્યો, અને તેને કહાવ્યું કે, તમારે ગંભીરસિ-
“હની સામે જે ફરિયાદ જાહેર કરવી હોય તે કરજો. **ધીરજિ**યે બાંહધર માગ્યો, તે
“ગંભીરસિંહ પાસેથી મેળવી આપવામાં આવ્યો. તે આવીને હાજર થયો, અને તેને
‘આશા મળી, તથા તેના ગુજરાન સારૂ તેને પૈસા ધીરવામાં આવ્યા અને આખા.
“**આં**પાવત પરગણાનો ઠરાવ **ગંભીરસિંહ** પાસેથી મહા મુશ્કેલિયે કરાવી આપ્યો. પછી
“તેની પાસે જમીન માગ્યા, પણ **દે**ગામ જવાનું બ્હાનું બતાવીને **ધીરજી** સટકી ગયો,
“અને રસ્તામાં **વસાઈ**માંથી બાન પકડ્યાં, **અહંમદનગર**ના એક વ્હોરાને ઠેર કરયો,
“**ભીલો**ડાનાં ઢોર વાળી ગયો, અને બીજા અનર્થ કરવા માંડ્યાં. ઠાકોર **ગોપાળસિંહ**
“ત્યારે બાળક હતો અને **દાં**તાના મુલ્કમાં રહેતો હતો, તેને હવણાં તેણે પોતાની અને
“**પાહાડજી**(**ટોરડાના**)ની સાથે મળી જવાને સમજાવ્યો અને પછી તરત જ ત્રણે
“મળીને કાગળ લખ્યો કે, અમે મુલ્ક લૂંટીશું. **ધીરજી** ડુંગરામાં ભરાઈ પેઠો. તે ઉપરથી
“તેને શોધવાને પક્કો તપાસ થવા લાગ્યો; અને **ભાટી પાહાડજી, કનકાજી** અને બીજા
“દૃષ્ટા સપડાઈ ગયા. તે ઉપરથી **ધીરજી** ડરવા લાગ્યો અને **ઉદયપુર** ન્હાશી ગયો. ત્યાં
“**રાણો** અને તેના સરદારો **ધીરજી**ના ઘાતકી કર્મથી અજાણ હતા, તેથી ત્યાંના રેસિ-
“ડેણ્ટની (સર ડેવિડ **ઓચટરલ**) અને તેની વચ્ચે મધ્યસ્થ થયા. એટલે **રાણા**ને રાજી
“રાખવાને રેસિડેણ્ટે **ધીરજી**ની તરફેણનો કર્નલ **આલેનટૈન** ઉપર કાગળ લખ્યો. તેમાં
“લખ્યું કે, ઉદયપુરના **રાણા**ની ખાતર **ધીરજી**ના ગુનાહ ઉપર આખાડા કરવા, અને
“હવે પછી તે માટે વાજબી અને ખરેખરો ઠરાવ એની તરફેણમાં ગંભીરસિંહ સાથે
“કરી આપવો. આ ઉપરથી **કર્નલ બાલનટૈન** રેસિડેણ્ટને લખ્યું કે **ધીરજિ**ને **સાદરે**
“મોકલજો. **ધીરજિ**યે રેસિડેણ્ટની રૂબરૂ **ગોપાળસિંહ**ની સાથે જવાનો બંદોબસ્ત કરયો
“અને, તેની રજા લઈને, તેના કાગળ સાથે તથા માણસો સહિત, તેમ જ **રાણા**ના
“એક આબરૂદાર પુરોહિત **લાલજી**ને સાથે લઈને નીકળ્યો. **ધીરજિ**યે **ગોપાળસિંહ**ને ધમ-
“કાવી ફહાડીને તેનો જમીનનો ભાગ પોતે લખાવી લીધો હતો. તેણે **ગોપાળસિંહ**ને
“ઉદયપુર મૂક્યો, અને રસ્તામાં તેના ચાકર પાસેથી તેનું જવેર ખુંચાવી લીધું; અને
“**ગોપાળસિંહે** જ્યાં જ્યાં પૈસો કે લુગડાં સંતાડી રાખ્યાં હતાં તે **ધીરજિ**યે જોરજુલ્મથી
“લઈ લીધાં. જ્યારે તે **સાદરે** આવ્યો ત્યારે તેણે કહ્યું કે **ગોપાળસિંહે** તેના તર-
“ફની મને સત્તા આપી છે. તે પુરોહિત **લાલજી**ની સમક્ષ **પોલિટિકલ એજન્ટ**ને
“શરણ થયો, **ગોપાલસિંહ**ને પાછો બોલાવવાનું વચન આપ્યું, અને તે બાબતનો એક
“લેખ લખી આપીને **કનકાજી** તથા **પાહાડજી**ને વચ્ચે જમીન આપ્યા. હવે **ધીરજી**ને
“તેના ગુજરાનને અર્થે પૈસા મળ્યા અને ઘેર પાછાં જવાની તેને રજા આપી. ત્યાં જઈને
“ત્યાં **સરકાર**નું થાણું હતું તે ઉઠાડી મૂકવાની અરજી કરી. તે પ્રમાણે અમલ કરવામાં
“આવ્યો. પણ તેણે **ગોપાળસિંહ**ને તેડાવી મંગાવ્યો નહિ, પણ બ્હારોબ્હાર તેના સાંભ-
“ળવામાં આવ્યું કે ઠરાવ થવાને વિચાર ચાલે છે તેથી તે આવીને **સાદરે** શરણ થયો.

જ્યારે તે કિલ્લાની ભીંત ચડી ઉતરીને છૂટી ગયો ત્યારે તે **સામળાજી** ગયો અને માનતા પૂરી કરી. ત્યાંથી પછી છાનોમાનો કાઠિયાવાડમાં ગયો, ત્યાં ઘોડા ખરીદ કરીને, અશ્વાર રાખી ફરીને ઈડર જિલ્લામાં પેઠો અને

"એટલે **ધીર**જીને બોલાવાનો સમન થયો. તેનું ઉત્તર તેના ચાકરે **અ**હંમદનગરથી લખી "મોકલ્યું પણ લખ્યા તારીખ **વાં**કાનેરની ઘાલી, અને જ્યારે ચાકરને પૂછ્યું કે તારો "ધણી કયાં છે? ત્યારે ઉત્તર આપ્યું કે **વી**જાપુર છે. પછી કર્નલ **બા**લેનટૈન તેના જામી "નદાર ઉપર લાગુ થયો અને તેના તથા તેઓના ઉપર મોસલ કર્યા. **ધીર**જી **સાદ**રે "આવ્યો એટલે કર્નલ **બા**લેનટૈન રોજ તેને બોલાવતો; ત્યારે આજ પતાવું, કાલ પતાવું "એમ કહીને કશું કર્યા વિના દિવસ કહાડવા લાગ્યો. તેના જામિનો આવીને છૂટી પડ્યા "અને કહેવા લાગ્યા કે હવે અમે કશું જોખમ અમારે સાથે રાખતા નથી. એટલે તેના ઉપર "મોસલ કર્યા. **ધીર**જિયે કહ્યું કે મોસલ જો ખશેડશો નહિ, તો હું આત્મઘાત કરીશ"અને "પછવાડેથી શું નીપજશે તે કહેવાઈ શકાશે નહિ, કેમકે મારા માણસ હવે મારા હાથમાં નથી."

તા૦ ૧૫ મી નવેમ્બર, ૧૮૨૩.

"**ધીર**જીના ઉપર મોસલ કર્યા છે ત્યારથી દશ દિવસ થયાં એની ચાલ "ઉદ્ધતાઈભરેલી અને ધમકી દેનારી થઈ પડી છે. તે કહે છે કે, જોઇયે તેવા જામીન "આપવાની મારી તો મરજી છે, પણ મારા હથિયારદાર માણસોની ચાલ વિષે હું "જવાબદાર નહિ. આમ કહેતાં છતાં તે પોતાનાં માણસો સહિત છાવણીમાં લશ્કરી "દમામ બતાવવાને આવજાવ કરીને પોતાનું વચન લાગલું જ તોડે છે.**** જેવી તેની "આશા રાખી શકાય તેમ **ધીર**જી હુજ્જતપણાથી અને આદરી બેઠો હોય તેમ તેનાં "હથિયારદાર માણસો ઓછાં કરી નાંખવાની મારી તતબીરની સામે થયો અને તેના "પરિણામમાં જે કજિયો ઉઠયો. તેમાં તેનો માણસ એક **આરબ** ઉપર ઘા કરવા જતો "હતો તે અજાણે એના ઉપર થયો અને પાછલા ભાગમાં ઘવાયો; વળી એ જ કજિયામાં "એક **આરબ** ઘવાયો. તેનાં બે માણસ ઘાયલ થયાં અને તેમાંથી એક જે બહુ જ ઘવાયો "હતો તે ત્યારે જ મરણ પામ્યો."

મુંબઈ **સર**કારનો કોર્ટ અફ **ડા**યરેકટરો ઉપર ડિસ્પાચ,

તા૦ ૧ લી સપ્ટેમ્બર સન ૧૮૨૬.

"ત્રણ ઠાકોરને (**ધીર**જી, કનકાજી, અને **પા**હાડજી) છેવટે **વ**ડોદરે મોકલી દીધા. "કેમકે તેઓ **મ**હીકાંઠામાં રહે તે દુરસ્ત લાગ્યું નહિ. તેમાં **રા**જાને (ઈડરના) સમજાવ- "વામાં આવ્યું છે કે તેઓ **વ**ડોદરે છે તેથી તેઓના તમારા પ્રતિના પ્રજાધર્મને કોઈ "વાતે ખલેલ પ્હોંચતું નથી. તેમ જ તેઓના પાસેના સગાઓને તેઓની જાગીર આપ- "વાનો, અને તેઓને માટે તથા તેમનું કુટુંબ જે તેમની સાથે **વ**ડોદરે રહેવાનું નહિ "તેમને માટે પણ બંદોબસ્ત કરયો હતો. તા૦ ૨૪ મી સપ્ટેમ્બર સન ૧૮૨૪ ને "રોજ **ધીર**જી **વ**ડોદરામાંથી ન્હાઠો; તેને ટીંટોઈના ઠાકોરના દીકરા **લાલ**જિયે તે કામમાં "મદદ કરી. (તે તો કેદમાં જ રહ્યો.) તેણે **મ**હીકાંઠામાં પ્રવેશ કર્યો એટલે તેની પછ- "વાડે ડીસેથી થોડી ફોજ રવાને કરવી પડી."

આગળની પેઠે લૂંટફાટ કરવા લાગ્યો. કર્નલ બાલેન્ટૈને ગામો ગામ થાણાં મૂકી દીધાં. પણ ધીરજિયે રાત્રની વેળાએ તેઓના ઉપર પડીને ઘણા સિપાઇઓને મારી નાંખ્યા. એક વેળાએ ધીરજિયે એક ગામનાં બાન પકડ્યાં ત્યારે ત્યાં સરકારનું થાણું અને ઈડરના અશ્વાર હતા, તે તેની પછવાડે પડ્યા. પણ રસ્તામાં વચ્ચે એક વાંધું બહુ મ્હોળું આવ્યું તે ધીરજીની ઘોડી કૂદી ગઈ. પછી તેણે પછવાડે ફરીને જોયું અને કહ્યું જે, "આ વાંધું કૂદી શકે તે "ધણી મારી કેડે આવજો." પછી સર્વે પાછા વળ્યા.

ટીંટોઈના ઠાકોર કનકાજીનો કુંવર લાલજી આ વેળાએ ધીરજી સાથે ભળી ગયો. પછી તે બન્ને બ્હારવટિયા ડુંગરપુરના મ્હેવાસમાં ગયા ત્યાં તેઓને રક્ષણ મળ્યું, એટલે ત્યાં રહીને ઈડરવાડામાં લૂટફાટ કરવા લાગ્યા.

આ વેળાએ ડુંગરપુરના રાવળનું વય બત્રીશ વર્ષનું હતું, પણ તેને લાગ્યું, જે હવે આપણને કુંવર થશે નહિ માટે એક દત્તક કરી લઉં. પછી પોતાના ગોત્રના દેવળિયાના રાજાના કુંવર દલપતસિંહને તેડાવીને રાખ્યો, તથા તેને વારસો લખી આપ્યો. આ કુંવર બ્હારવટિયાની તરફેણમાં ન હતો, તેથી તેઓને તેનો વિશ્વાસ ન હતો, માટે પોતાના કબીલા સામળાજીની પાસે એક જગ્યાએ રાખ્યા હતા, પણ તેઓ ડુંગરપુર જિલ્લામાં રહેતા હતા, અને ઈડરવાડામાં લૂંટફાટ કરતા હતા. તે ઉપરથી ડુંગરપુરના કુંવરે છાની રીતે એવો ઠરાવ કર્યો હતો કે, જે મને એ બ્હારવટિયો નજરે બતાવે તેને સો રૂપિયા ઇનામ આપું. એક વેળાએ ધીરજી અને લાલજી ડુંગરપુર જિલ્લાના એક ગામમાં આવ્યા હતા, તેમાં ધીરજીની આંખ્યો દુખવા આવી હતી, તેથી તે હેરાન હતો. તેઓ એક જણને ત્યાં રસોઈ કરાવતા હતા, તે વાતની કુંવરને જાણ થઇ એટલે તેણે સો અશ્વાર મોકલ્યા. તેઓ તે ગામમાં આવી પ્હોંચ્યા, એટલે નગારૂં કર્યું. તે સાંભળીને ધીરજી અને લાલજી ઘોડે અશ્વાર થઈને સટકી ગયા. ડુંગરપુરના અશ્વાર તેમની પછવાડે પડ્યા, તે નજરોનજર થઈ ગયા, એટલે બ્હારવટિયાઓને કહેવા લાગ્યા જે, "તમે રજપૂત થઈને ન્હાસો છો એ શું?" ધીરજિયે ઉત્તર આપ્યું જે, "તમે "ઘણા છો અને અમે માત્ર બે છિયે, માટે આ સમયે તો ન્હાશી જવું એ જ "ઠીક છે." પણ લાલજિયે તો પોતાનું ઘોડું ધીમે ધીમે ચલાવા માંડ્યું, એટલે ડુંગરપુરવાળા આવી પ્હોંચ્યા, ત્યારે તેણે ઘોડાને દોડાવા માંડ્યો પણ તે દોડ્યો નહિ, તે લાગ જોઈને એક આરબે ઘોડાની પીઠ ઉપર તરવાર વાહી, એટલે લાલજિયે પણ પોતાની તરવાર તેના ઉપર ચલાવી. એટલામાં બીજા અશ્વારે લાલજીના ઉપર ભાલો માર્યો, પણ તે બચાવી લઈને તેણે તેના

ઉપર ભાલો નાંખ્યો તે સુસરો ઉતરી ગયો તેથી તે મરણ પામ્યો. લાલજીનું ઘોડું હજી લગણ ચાલ્યું નહિ. તેથી તે હેઠો ઊતરી પડ્યો અને બીજા બેને મારીને પોતે પછી મરાયો. પણ ધીરજિયે જાણ્યું જે લાલજી પછવાડે આવે છે તેથી તે આગળ દોડી ગયો.[1]

પછી ધીરજી કોઈને ઘેર ઉતર્યો છે, એવું સંભળાય કે તરત તે ઘરધણીને ઘેર સરકારના પચાશ અશ્વારો જઈ પ્હોંચે, અને તેને હરકત કરે. એક વેળાએ ધીરજી પોતાને ગામ આવ્યો, તે ગામ એક ચારણના ગામની પાસે હતું, તેથી તેના ઉપર શક લાવીને તેના ઉપર બે અશ્વાર મોસલ કર્યા. ધીરજિયે આ વાત સાંભળી, ત્યારે તે તાબડતોબ ચારણને ગામ આવી પ્હોંચ્યો અને એક અશ્વારને ઠાર કર્યો, પણ બીજો ન્હાશી ગયો. ચારણે બારવટિયા ઠાકોરને ત્રાસ બતાવાને પોતાના હાથને અને જાંઘને ઘા કર્યા અને પોતાના કુટુંબની એક વૃદ્ધ ડોશીના ગળામાં કટારી ખોશી. અશ્વારોના ઉપર હલ્લો થયાના સમાચાર મહારાજે જાણ્યા ત્યારે તેને લાગ્યું કે, ચારણે તેમ કરવાની ઉશ્કેરણી કરી હશે, માટે તેના ગામ ઉપર ફોજ મોકલવાની આજ્ઞા કરી, પણ વધારે ચોક્કસાઈ કરતાં જે ખરી વાત હતી તે જણાઈ આવી.

આવી વેળાએ ધીરજી પોતાના મિત્રોના ગામને પાદર પણ નીકળતો નહિ, તેમ જ તેને ખરો મિત્ર કોઈ હતો પણ નહિ. તેણે મેવાડના ડુંગરામાં પોતાનો પડાવ રાખ્યો, પણ ઠેઠ પાટણ[2] સુધી લૂટફાટ કરવા

---

૧ મેજર થામસના ઉપરીપણા નીચે બ્હારવટિયાઓની પછવાડે ડુંગરપુર ઉપર ફોજ ચડી, અને તા૦ ૧૧ મી માર્ચ સન ૧૮૨૫ ને રોજ કિલ્લો લીધો. પછીના જુન મહિનામાં ડુંગરપુરના જવાન ઠાકોરે લાલજીને મારી નાંખ્યો, તે કામથી તેનો બાપ કે જેનો તે દત્તક થઈ રહ્યો હતો તે ઘણો કોપાયમાન થયો." અંગરેજી દફતર ઉપરથી.

२ सोरठा

पाटण घोडा पाय, मगरी रही मेवाडरी;
आभो उंडल मांह, धारे तो ले धीरतो. १
मालव धरती मांडी, पूना लग धाड़ां पडे;
कलकत्ते कमाड, धाके जडियां धीरता. २
तुं धीरा तरवार, नव सहसा झालत नहि;
नक्षत्री निर्धार, खंड नवे होते खरी. ३

૧ મેવાડની ડુંગરી ઉપર રહીને પાટણને પાદર ઘોડા પાય, જો ધીરો ધારે તો આકાશને પોતાની બાથમાં લઈ લે.

લાગ્યો અને સરકારના અશ્વારો ઉપર હુમલા કરીને ગામડાંમાંથી ઢોર અને બાન લઈ જવા લાગ્યો. ત્યાર પછી તેણે રાયગઢની આસપાસના મુલ્ક ઉપર હલ્લા કરવા માંડ્યા. એ રીતે તેણે ચૌદ વર્ષ સુધી વખો કર્યો. છેવટે ઇ. સ. ૧૮૨૭ માં ઈડરના ડુંગરામાં તે સંતાઈ રહ્યો હતો તેવામાં તેના મિત્રોના તરફથી તેને ફોડવાનો જે દારૂ મળ્યો હતો, તે સૂકવવાને તેણે જાજમ ઉપર પ્હોળો કર્યો હતો, તેમાંથી શિરબંધીયોને વ્હેંચી આપતાં કોઈની જામગરી લાગ્યાથી બધો દારૂ સળગી ઉઠ્યો. તેથી ધીરજીને પીડા થઈ ને મરણ પામ્યો. તે વેળાએ તેનું વય આશરે પીસતાળીશ વર્ષનું હતું. ધીરજીનું કદ નીચું હતું અને તે શરીરે પાતળો હતો. ઈડરના કોઈ પણ સરદારના વખા કરતાં ધીરજીનો વખો ઘણો કહેવાયો. આખા મહીકાંઠામાં તેનાં પરાક્રમનાં ઘણાં વખાણ થાય છે અને તેના રાસડા, ગીત, તથા કવિત ઘણાં છે.

ધીરજી મરણ પામ્યો ત્યારે તેનો કબીલો મારવાડમાં હતો. તેની બે ઠકરાણીમાંથી ચાવડીજીને તેના એક ચાકરે જઈને ધીરજી પ્હેરતો તે પાઘડી બતાવીને સમાચાર કહ્યા, એટલે તે જ પાઘડી સાથે સતી થઈ. તેને કાંઈ સંતાન ન હતું. બીજી ઠકરાણીને એક કુંવર અને એક કુંવરી હતી, તે લઈને તે વાંકાનેર ગઈ.[1]

---

૨ ધીશની ધાકથી માળવેથી તે છેક પૂના સુધી ત્રાસ વર્ત્તાઈ જવા માંડ્યો ને કલકત્તા શહરના દરવાજા પણ ભીડી દેવા પડ્યા.

૩ અરે ધીરા! તેં જો નવા પ્રકારની સહસા કરીને તરવાર ઝાલી હોત નહિ તો નવે ખંડ પૃથ્વી નક્ષત્રી છે, એમ કહેવાત.

૧ બ્હારવટિયા ઠાકોરને પકડવાને બ્રિટિશ સરકારે જે જે પ્રયત્ન કર્યા તે તે નિષ્ફળ ગયા, કેમકે મહીકાંઠાના સર્વે ઠાકોરો તેના ઉપદ્રવ વિષે ઘણું કરીને સરખી રીતે અખાડા કરી જતા હતા. તેને લીધે મુખ્યત્વે કરીને એમ બન્યું હતું, એવું મુંબઈ સરકાર કહે છે. ધીરજીની સાથે સલાહનાં કહેણ કરવા અને તેની ફરિયાદનો તપાસ કરીને જે વાજબી લાગે તેનો ઇન્સાફ આપવાનું વચન આપવાને વડોદરાના રેસિડેણ્ટને સૂચવવામાં આવ્યું. મિ. વિલ્લોબી તે દાહાડે રેસિડેન્સીનો ઉપરી હતો. તેણે બ્હારવટિયા સાથે કહેણ ચલાવવા માંડ્યું, પણ તે ચાલતું હતું તેવામાં જ તેના મરણના સમાચાર તેના સાંભળવામાં આવ્યા. એટલે તે વિષે તે ગૃહસ્થે તા. ૬ ઠી આગસ્ટ ૧૮૨૭ ને રોજ રિપોર્ટ કરી વાળ્યો. વાંકાનેરના ઠાકોર ધીરજીને કજા થઈ, ત્યાર પછી તે છ દિવસ જીવ્યો, અને તેનું મરણ પાસે આવ્યું જાણીને તેણે પોતાના એક રજપૂત માણસને હકિકત કહેવાને મી. વિલ્લોબી પાસે મોકલ્યો અને પોતાના કુટુંબની સંભાળ રાખવા વિષેની અરજ કહાવી.

પ્રકરણ ૧૩

ઈડરના મહારાજ ગંભીરસિંહજી

કુંવર ઉમેદસિંહ શીતળાના રોગથી ઈ૦ સ૦ ૧૮૨૪ માં મરણ પામ્ તે વેળાએ તેનું વય સત્તાવીશ વર્ષનું હતું. તેની રાણિયોમાંથી બે જણિયે તેની પછવાડે સતી થઈ; તેમાંની એક ઘરોળના ઠાકાર રતનસિંહ ચોહાણના દીકરી હતી, અને બીજી માણુસાના ચાવડાની દીકરી હતી. એક ખવાસણ રાખ પણ સતી થઈ. બીજી બે રાણિયોને સત ચડયું નહિ, તે વાંસવાડા તથા દેવળિયાના રાજાની પુત્રિયો થતી હતી, તે વિધવાઓ પોતાને પિયર જઈને રહી.

(कुंवर उमेदसिंहनुं गीत.)

देण मोज आ घाट गज बाज अत दूथियां, ज्ञान गंभीरसुत समत गूढो;
चाव चित रखण चहुवाण अरु चावडी वभो सुरपत तणो लेण वूढो
साल सम वादियां, दखण दल साझणो, झाल अर डाटणो, खगां बळ झोक;
तरण जेम भाल उद्योतकारी तवां, लाल सतियां सहित गयो सुरलोक. २
करी खोटी हरी अळा उपर कहां, सरी न हस पातां गरजसा भेद;
राणियां तलक साथे करी राटवड, अमरची परी अंद्र हुवो उमेद. ३
चमर ढळतां थकां साम चहुवाणरो, आथ कवियाणरो करन एहनाण;
धणी होय मालियो कुंवर जोधाणरो, भुवन शक्र तणे हिन्दुवाणरो भाण. ४
सूर अर शशिलग हरो गज साहरो, परम पद पामसी असी पूरो;
भेटशे वभो सुर तणो उमेदसी, भेटशे पछी गौलोक भूरो. ५

---


૧ કવિયોને ગ્રાસ, હાથી, ઘોડા ઘણા આપનારો, ગૂઢ જ્ઞાનવાળો, સુમતિવાળો ગંભીરસિંહનો પુત્ર, તેનું મન ચાહીને રાખનારી ચહુવાણી તથા ચાવડીજી સુદ્ધાંત ઇન્દ્રનો વૈભવ લેવા ગયો.

૨ શત્રુનું સાલ, દક્ષિણી(મરાઠા)ની ફોજ તોડનારો, તરવારના જોરથી શત્રુને ઝાલીને ડાટનારો, જેનું કપાળ સૂર્યના જેવું તેજસ્વી કહું છું તે લાલ સતિયો સુદ્ધાંત દેવલોકે ગયો.

૩ પૃથ્વી ઉપર! હરિ તેં ખોટું શું કરવાને કરયું? માગણોની ગરજ સરી નહિ. રાણીયોમાં મુખ્ય રાઠોડણી સાથે જઇને દેવની અપ્સરા થઈ, અને ઉમેદસિંહ ઇંદ્ર થયો.

૪ માથે ચમર ઢળતાં છતાં ચહુવાણીનો પતિ, કવિયોની દોલત, એંધાણી રાખવા સારૂ ધણી થઈને જોદ્ધા કુળનો કુંવર, હિંદુઓનો સૂર્ય, ઇન્દ્રને ઘેર ચાલ્યો.

૫ સૂર્ય ચંદ્ર તપતા સુધી ગજસિંહના વંશનો પરમપદ પામશે, એ ઉમેદસિંહ દેવનો વૈભવ પામશે, પછી તે ભૂરો ગૌલોક જશે.



કુઆરા આગળ એક રાજપુત સ્મશાનસ્તંભ (ઉમેદસિંહજીની છત્રી) પૃ. ૧૭૯
Rajput Funeral Monument Beside A Reservoir

કુંવરનું મરણ સાંભળીને ઈડરનો એક બ્રાહ્મણ હતો તેને ચિંતા થઇ કે હવે રાજ્યની કેવી વલે થશે! તેથી તેણે કોઠી સાથે માથું પછાડ્યું, એટલે કોઠીની ઉપર લ્હોડાનો દશ શેરો હતો તે ગબડીને તેના માથા ઉપર પડ્યો, તેથી માથું ફૂટી ગયું ને મરી ગયો. મહારાજે માથાસૂળ ગામ કુંપાવતો પાસેથી લીધું હતું તે આ વેળાએ તેણે એ બ્રાહ્મણના દીકરાને લખી આપ્યું, તે આજે પણ તેના વંશવાળા ખાય છે.[1]

ત્યાર પછી મહુના ઠાકોર ગોપાળસિંહનાં ગામ મહારાજે માર્યાં હતાં, માટે તે ઇ. સ. ૧૮૨૯ માં બ્હારવટે નીકળ્યો. તેની પાસે આશરે વીસ અશ્વાર હતા, તે લઈને પોતાને ચિત્રોડ ગામ ગયો. ત્યાંનો એક વાણિયો મરી ગયો હતો, તેની મ્હોંકાણે ઈડરનું મહાજન, બૈરાં, છોકરાં થઈને આશરે સો માણસ આવ્યું હતું, તે ત્યાં ચાર રાત્ર રહીને ઠાકોરને મળીને, ઈડર ભણી પાછું ચાલ્યું. તેઓને વળાવીને ચિત્રોડનું મહાજન પાછું વળ્યું. પછી ઠાકોર ગોપાળસિંહજિયે તેઓને પકડયાં અને ડુંગરમાં લઈ ગયો. આ સમાચાર ઈડર પહોંચ્યા, એટલે ત્યાંનું બધું મહાજન પોકાર કરતું દરબારમાં ગયું, એટલે મહારાજે ઉપરની બારીએથી ડોકું બ્હાર કાહાડીને પૂછ્યું કે, "શું છે?" ત્યારે તેઓ બોલ્યા જે, "અમારાં માણસો મ્હોંકાણે ગયાં હતાં "ત્યાંથી ગોપાળસિંહ તેમને પકડી ગયા. તમે અમારા ઉપર શું ધણીયાપું કર્યું? "અમારે માથે કોઈ ધણી હોય તો આમ થાય?" તે સાંભળીને મહારાજે કહ્યું કે, "તમારો ધણી તો રમેશ્વરની[2] પાળે સૂતો. તમારે માથે ધણી ક્યાં છે? "હું તો હવે ઘરડો થયો છું." પછી મહારાજ અશ્વારી કરીને નીકળ્યો, તે ચિત્રોડે તથા મહુએ જઈને એમ ને એમ પાછો આવ્યો. વળી વાણિયા પાછા આવીને શોરબકોર અને દુઃખના પોકાર કરવા લાગ્યા, કેમકે તેઓને એવો શક પડ્યો કે ગોપાળસિંહે કેદ પકડાયલી સ્ત્રીયોની આબરૂ લીધી છે. ત્યારે મહારાજે પોતાને માથેથી પાઘડી ફ્હાડી નાંખી, અને ફાળિયું બાંધીને કહ્યું જે, "હું તમારા માણસ લાવી આપીશ ત્યાર પછી "પાઘડી બાંધીશ; પણ મનમાં એવી પ્રતિજ્ઞા કરી જે, ગોપાળસિંહને મારી "નાંખ્યા પછી પાઘડી બાંધીશ." ત્યાર પછી ગોપાળસિંહે તે વાણિયાઓનો

---

૧ તા. ૧૭ મી મે, ૧૮૨૪ ના રોજનો કર્નલ બાલનટૈન ઈડરના રાજાના એકના એક કુંવરના મરણ વિષેનો રિપોર્ટ કરે છે, અને તેને લગતું તા. ૨૪ મીને રોજ લખે છે કે, "લાલજી સાહેબની ત્રણ રાણિયો તેની પછવાડે સતી થઈ, ગંભીરસિંહ અતિશય શોકમાં છે.

૨ એ વાત કુંવર ઉમેદસિંહને લાગુ કરવામાં આવી છે, કેમકે તેની છત્રી એ તલાવને કિનારે કરવામાં આવી છે.

દંડ લઈને તેમને છોડી મૂક્યા, અને પોતે કબીલા સુદ્ધાંત મહુના ડુંગરામાં રહીને ઈડર જિલ્લામાં લૂંટફાટ કરવા લાગ્યો. છેવટે મહારાજે પોતાની ફોજ સુદ્ધાંત જઈને મહુ પાસે ભવનાથ મહાદેવ નજીક મેલાણ કર્યું, અને વીજાપુરના મ્હારોટ દામોદર મોહોબતસિંહને બાંહધર આપીને ગોપાળસિંહને તેડાવ્યો. તે આવ્યો એટલે મહારાજે તેને કસુંબા પાઈને કહ્યું જે, "તું મારૂં "છોરૂં છું, તારા જેવું મારે કોણ છે? તને દેખું છું ત્યારે મને કુંવર "ઉમેદસિંહ જોયા જેટલો સંતોષ થાય છે." એવાં વચન કહીને તેને મહુમાં રાખ્યો. પછી મહારાજ ઈડર ગયો પણ કહેવા લાગ્યો જે, "ગોપાળસિંહ વિના મને અન્ન પણ ભાવતું નથી." આમ કહી તેણે તેને ઈડરમાં તેડાવ્યો.

ઇ૦ સ૦ ૧૮૩૦ માં મહારાજ પરગણામાં અશ્વારી ફરવા નીકળ્યો, તે સમયે પોશીનામાં ખેરોદના ઠાકોર બદસિંહને પકડીને બેડિયો જડી. તેનું કારણ એવું જે:—

હુડાદ પોશીનાનો ઠાકોર ઇ૦ સ૦ ૧૮૨૮ માં ગુજરી ગયો, ત્યારે તેનો કુંવર પર્વતસિંહ અઢાર વર્ષનો હતો, પણ તે શૂરવીર ન હતો. જામતસિંહ અને બદસિંહ તેના પિત્રાઈ ભાઈ થતા હતા. તેમાંથી જામતસિંહનો વિચાર પર્વતસિંહ જે ખરો વારસ હતો તેને ગાદિયે બેસારવાનો હતો, પણ બદસિંહને પોતાને બેશી જવું હતું. તથાપિ તેનો ઉપાય ચાલ્યો નહિ, એટલે ઈડરમાં મહારાજની પાસે આવીને કહેવા લાગ્યો જે, "જો તમે મને પોશીનાની "ગાદિયે બેસારો તો હું તમને એ પટાનો ચોથો ભાગ લખી આપું." આ વાત મહારાજે માન્ય કરી. પરંતુ તે કુંવરે તથા જામતસિંહે જાણ્યું, એટલે તેઓ પણ ઈડરમાં આવીને મહારાજને કહેવા લાગ્યા જે, "કુંવર છતાં "પિત્રાઈને ગાદિયે બેસારવાનો શિરસ્તો નથી, માટે તેમ કરવું એ આપને યોગ્ય "નથી." ત્યારે મહારાજે કહ્યું જે, "એ મને ચોથો ભાગ લખી આપે છે માટે "હું એને બેસારીશ." આવું સાંભળીને તેઓને કશો ઉપાય નહિ સૂઝ્યાથી તેમણે પણ કહ્યું જે, "અમે તમને ચોથો ભાગ લખી આપિયે છિયે." ત્યારે મહારાજ કેહે જે, "ચોથો ભાગ તો એય લખી આપે છે, તમે "એનાથી શું વધારે આપો છો જે તમને ગાદિયે બેસારૂં?" પછી કેટલીક હા ના થયા પછી કુંવરે ત્રીજો ભાગ લખી આપ્યો, એટલે તેને ગાદી ઉપર બેસારવા સારૂ જામતસિંહ પોશીને ગયો. ત્યારે બદજિયે મહારાજને છ આની ભાગ લખી આપવાનું કહ્યું, એટલે મહારાજે હુકમ લખ્યો જે કુંવરને ગાદિયે બેસાર્યા વિના પાછા અહિં આવજો. તે ઉપરથી તે પાછો

આવ્યો, એટલે મહારાજે કહ્યું જે, "બદજી છ આની[1] ભાગ લખી આપે "છે માટે એ ગાદિયે બેસશે." આ વિષેની ભાંજગડ બે મહિના સુધી ચાલી, છેવટે કુંવરે અરધો ભાગ લખી આપ્યો. ત્યારે મહારાજે સુવેરના કુંવરને પચાસ બંદુકદાર, પચાસ અશ્વાર, હાથી, નગારૂં તથા ચોપદાર આપીને કુંવરને ગાદિયે બેસારવા સારૂ તથા દરબારનો અર્ધો ભાગ તપાશી લેવા સારૂ મોકલ્યો. કુંવરે તે પ્રમાણે જઈને પર્વતસિંહને ગાદિયે બેસાર્‍યો, એટલે બદસિંહે ખેરોજમાં પોતાને ઘેર જઈને પોશીના પટાના ગામને હરકત કરવા માંડી, તે ઉપરથી નવા ઠાકોરે ઈડર ફરિયાદ કરી. મહારાજે બદજીને ઈડર તેડાવ્યો, પણ તેણે જાણ્યું કે મને મારી નાંખશે તેથી તે આવ્યો નહિ. પછી બાંહધર આપીને તેને તેડાવ્યો, એટલે તે આવ્યો તો ખરો પણ મહારાજનો ભરોંસો રાખતો નહિ. તેવામાં શિરોઈનો કારભારી ત્યાં કાંઈ કામ વાસ્તે આવ્યો હતો તેના ભેગો બદજી આવીને ઉતર્યો, એટલે મહરાજે તેને દરબારમાં બોલાવીને ઠપકો દીધો, પણ તેણે કાંઈ માન્યું નહિ. ત્યારે મહારાજે તેને પકડવાનો વિચાર કર્યો પણ શિરોઈનો કારભારી સામો થશે એવો તેને ડર લાગ્યો, તેથી એ વિચાર જવા દીધો, અને તેને શીખામણ દઈને રજા આપી. એટલે બદજિયે ઘેર જઈને પાછી એ જ રીતે પોશીના પટાને હરકત કરવા માંડી. ત્યારે વળી મહારાજે બાંહધર આપીને તેડાવ્યો, પણ તેણે ઈડર આવવાની ના કહી. એટલે મહારાજે તેના બે કારભારી, એક બ્રાહ્મણ અને એક ભાટ હતો તેમને ફોડ્યા અને કહ્યું કે, "તમે બદજીને દરબાર સુધી લાવશો "તો તમને અકેકું ગામ આપીશ." પછી તેઓ બદજીને ભોળવીને ઈડરમાં લાવ્યા, ત્યારે મહારાજે તેની ઘણી આગતાસ્વાગતા કરી. પછી તેને કચેરીમાં બોલાવ્યો પણ તે આવ્યો નહિ, ત્યારે ઘણો વિશ્વાસ આપીને તેડાવ્યો અને મહારાજે સિંધી મેરૂ જમાદારને કહ્યું જે, "બદજી આવે એટલે તેને તરત

---

૧ હિન્દુઓમાં જેમ આના અથવા રૂપિયાના ૧/૧૬ માં ભાગ વ્હેંચાય છે તે જ પ્રમાણે વેલ્સમાં હજી લગણ એના જેવી જ રીત ચાલે છે. વ્હાણના ભાગ સંબંધી એક મુકરદમો કોર્ટમાં ચાલતો હતો તેમાં બધા સાક્ષિયો વેલ્સ લોક હતા. તેઓ પોતાના ભાગની વાત કહેતાં વ્હાણને વજનની વાત લાગુ પાડતા હતા તે સાંભળીને સર્વેને આશ્ચર્ય લાગતું હતું. તેનો ખુલાસો ઇન્ટરપ્રિટરે નીચે પ્રમાણે કર્યો:–વ્હાણ બંધાવાનું હોય તેના ચોસઠ ભાગ કરવામાં આવે છે અને બધા ભાગીદારો મળીને જે ભાગ રાખે છે તે સર્વે એકંદર એક પૌન્ડ ગણવામાં આવે છે. આ પ્રમાણે ૪/૬૪ જેનો ભાગ હોય તેને એક ઔંસનો ભાગિયો કહે છે ૨/૬૪ તો અર્ધ ઔંસનો ભાગિયો કહે છે; ૧/૬૪ નો ¼ ઔંસનો ભાગિયો કહે છે; એ રીતે પ્રમાણ ગણાય છે.

"પકડી લેવો." પછી તે કચેરીમાં આવતો હતો તેવો જ તેને પકડીને તે પોતાને ઉતારે લઈ ગયો અને કેદ કરીને તેના પગમાં બેડિયો નાંખી.

ઈ૦ સ૦ ૧૮૩૦ માં મહારાજ અશ્વારી ફરવાને નીકળ્યો ત્યારે બદજીને કેદમાં સાથે લીધો: પણ બે મહિના પછી તેનો બેરોદ પટો બેતલબ કરીને ફેલજામીન લઇને તેને રાજી કરી છોડી મૂક્યો, એટલે તેણે ઘેર જઇને પેલા બે કારભારિયોને બોલાવીને વિશ્વાસ આપી રાખ્યા, પછી બ્રાહ્મણનું માથું કાપી નાંખીને તે કૂતરા પાસે ચુંથાવ્યું, અને ભાટને પણ મારી નાંખવાની યુક્તિ કરી પણ તે ત્યાંથી સટકી ગયો.

મહારાજ પોતાની અશ્વારી લઈને નીકળ્યા, ત્યારે અહંમદનગરના રાજા કરણસિંહ, મહુના ઠાકોર ગોપાળસિંહ, અને સર્વે સરદારો સાથે હતા, તેવામાં ઉપર લખેલા બે સરદાર, તથા મુંડેટીના ઠાકોર જાલમસિંહ એ ત્રણે મળીને ઘરમેળે ઠરાવ કરીને મોજે પાલ ઉપર અશ્વારી લઈ જવાનો વિચાર કર્યો, અને મહારાજ તથા તેના કારભારી દરજણસિંહનો વિચાર રેહેવર ઉપર જવાનો હતો. પણ પેલા સરદારોએ ભોળવીને પાલ ભણીને રસ્તે અશ્વારી ચલાવી અને સરંજામ આગળ મોકલીને પાલ મારવાની પોતાના માણસોને આજ્ઞા આપીને તેઓ મહારાજની સાથે રહ્યા. તેઓએ ત્યાં જઇને પાલ મારી અને ત્યાંનાં બધાં ઘર બાળી નાંખ્યાં. ત્યાંનો ઠાકોર મોહોબતસિંહ ડુંગરામાં ન્હાશી ગયો. તે ન્હાશી જાય એવો તો ન હોતો પણ પોતાના ધણીની ફોજ જાણીને ન્હાશી ગયો. પછી મહારાજ આવ્યા અને ગામ બળી ગયેલું જોયું, ત્યારે ત્રણે સરદારોને ઘણો ઠપકો દીધો, અને પાલને પાદર મેણાલ કર્યું. ત્યાંના ઠાકોર મોહોબતસિંહે ભીલ ભેગા કરીને ફોજને પાછા જવાના રસ્તા બંધ કર્યા. તેથી ત્યાં દશ દિવસ સુધી પડાવ રાખ્યો અને પાલમાંથી મળેલી લૂંટ ઉપર ગુજારો કરવા માંડયો. દરજણસિંહના માણસોએ કશું લૂંટયું નહિ પણ પેલા એકસંપી થયેલા સરદારો આસપાસનાં ગામ લૂંટતા હતા તેથી મહારાજને ઘણી ચીડ ચડતી હતી, એ ફોજમાં એક વ્યાપારી[1] હતો તેનાં ઊંટ સામાન લઇને ઇડરથી આવતાં હતાં તેઓને તથા તેનાં માણસોને ભીલોએ ઘાયલ કરીને બધો સામાન લૂંટી લીધો. એ સમાચાર ફોજમાં આવ્યા, અને પાલના ઠાકોર મોહોબતસિંહે પણ કહાવ્યું કે, "મહારાજે મારૂં ગામ રૂપિયા ભરતાં છતાં વગર વાંક "કરવે માર્યું છે તેથી હવે ફોજ લઇને પાછાં જતાં કઠિણ પડશે." ત્યારે મહારાજે કહાવ્યું જે, "મારે પાલ મારવી ન હતી, પણ આ ત્રણ સરદારોએ

૧ એ વ્યાપારી ઈડરનો ગોસાઇ દોલતગરજી મણિગરજી કરીને હતો. ર. ઉ.

"મારી છે." ત્યારે તેણે કહાવ્યું કે "તેઓને તો હું પ્હોંચી વળત પણ આપ "શા વાસ્તે તેમની સાથે પધાર્યા?" પછી મહારાજે તેને તેડાવ્યો પણ તે આવ્યો નહિ ત્યારે તેણે બંદોબસ્ત કરી આપ્યો કે, "પાલ વસાવ્યા પછી બે વર્ષ સુધી કશી મારે જમાબંધી લેવી નહિ. એવો ઠરાવ કરીને ત્યાંથી મેલાણ ઉઠાવ્યું, અને મનમાં ખોટું લાગ્યું, તેથી બીજે કહિં નહિ જતાં પાછા ઈડર ગયા, અને ફોજ વેરી નાંખી.

મહારાજે ગોપાળસિંહને પોતાની પાસે રાખ્યો હતો, તેવામાં તેને અને હરજણસિંહ પ્રધાનને માંહોમાંહે દ્વેષભાવ બંધાયો હતો. મહારાજે ગોપાળસિંહને કહ્યું જે, "ઈડરનો કારોબાર તમને આપવો છે, અને એક "વાત વળી તમે પેટમાં રાખો તો તમને કહું." તેણે કહ્યું કે "હું પેટમાં રાખીશ." ત્યારે મહારાજ કહે જે, "હરજણસિંહને મારી નાંખીશું?" ગોપાળસિંહ કહે કે, "આ વાત તમે સાચી કહો છો કે મારી મશ્કરી કરો છો?" ત્યારે મહારાજ કહે કે, "સાચી કહું છું." ત્યારે કહ્યું કે વચન આપો, એટલે મહારાજે વચન આપ્યું. પછી ગોપાળસિંહે મહુ જવાની રજા માગી તે શિરપાવ આપીને તેને આપી તે ઘેર જઈને પાછો આવ્યો, ત્યારે મહારાજે કુંવર ઉમેદસિંહની ઢાલતરવાર તેને બક્ષિસ આપી. પણ ઘણા લોકો ગોપાળસિંહને કહેતા કે, "કોઈ સમયે મહારાજ તમને મારી નાંખશે. "જૂવો કે, મોજે ચાંદણીના ઠાકોર સુરમલને ભવાનસિંહે દગાથી માર્યો "હતો. મેઢાસણના ઠાકોર ઝુમાનસિંહના કુંવર જયસિંહને પણ તેણે "દગાથી માર્યો હતો, એમના ઘરની એવી રીત છે," પણ આવી વાત ગોપાળસિંહે માની નહિ. ટોરડાનો ઠાકોર પાહાડસિંહ તેનો સસરો થતો હતો તેણે સમજાવ્યો તથાપિ ગોપાળસિંહને ગળે એ વાત ઉતરી નહિ અને ઉલટું એવું ઉત્તર આપ્યું કે "ટીટોઈના ઠાકોર કનકાજીને ઈડરના "દરબારથી વેગળો રાખ્યો; વાંકાનેરના ઠાકોર ધીરજીને પણ વેગળા "રાખ્યા અને મને પણ એવો વ્હેમ બતાવીને વેગળો રાખવા ઇચ્છો છો?"

પછી ગોપાળસિંહની મા ગુજર્યાં, ત્યારે ઘણા આગ્રહથી રજા લઈને પોતે મહુ ગયો અને તેની ક્રિયા કરી. ત્યાં પણ ઘણાં માણસોએ કહ્યું કે તમે ઈડર જશો નહિ, પણ ગોપાળસિંહે કોઈની વાત માની નહિ. ત્યારે તેની એરમાન માએ, અને ઠકરાણિયે યુક્તિ કરી રાખ્યા પ્રમાણે, જ્યારે ગોપાળસિંહ ઈડર વાપ્યો ત્યારે, એક સ્ત્રી કાળાં અને કાના ફૂટેલાં હાલ્લાંમાં પાણી ભરીને સામી આવી, એ વગેરે અપશુકન કરી બતાવ્યા. તો પણ ગોપાળસિંહ તો ઈડર ગયો.

ત્યાર પછી ઘણે દિવસે ઈ૦ સ૦ ૧૮૩૧ માં મહારાજે પોતાના કસબાતીને વાત જાણ પડવા ન દેવા વિષે પક્કા સોગન દઇને કહ્યું જે "આજ "ગોપાળસિંહને તમે મારી નાંખો." આ વાત કોઇયે કબૂલ કરી નહિ, ત્યારે મેરૂ જમાદાર સિંધી હતો તેને બોલાવીને એ જ રીતે સોગન દીધા પછી કહ્યું. તેણે તે પ્રમાણે કરવાની હા કહી. આગલે દિવસે મહારાજે ગોપાળસિંહને કહ્યું જે, "કાલે શિવરાત્રી છે, માટે તમે સવારના પ્રહરમાં વ્હેલા "આવજો. એટલે આપણે દરજણસિંહને મારવાનું ધાર્યું છે તે કરીશું." ગોપાળસિંહે તે પ્રમાણે નાહી જમીને તૈયાર થઈ ડોઢિયે જઈ હુઝૂરને ખબર કરાવી ત્યારે નિત્યના ધારા પ્રમાણે દરવાને તેઓનાં હથિયાર ડોઢિયે મૂકાવ્યાં. ત્યાં મેરૂ જમાદારનાં માણસ બંદુકો ભરીને તૈયાર હતા અને ગોપાળસિંહને મારવાને તેની આવવાની જ માત્ર રાહ જોતા હતા. દરબારમાં જે પ્રતિષ્ઠિત માણસો હતા અને જે ગોપાળસિંહના પક્ષના હતા, તે સર્વેને મહારાજે કાંઈ ચાકરી બતાવીને પરગણામાં મોકલ્યા હતા. જ્યારે ગોપાળસિંહ દરબારમાં આવ્યો ત્યારે મહારાજ વડી રાણીના[1] મ્હેલમાં ગાદી તકિયા નંખાવીને બિરાજ્યા હતા, ત્યાં ગોપાળસિંહને બોલાવ્યો. તે વેળાએ દરબારને આરોગવાનો થાળ આવ્યો, ત્યારે મહારાજે ગોપાળસિંહને કહ્યું જે "તમે "મારા ભેગા જમવાને બેસો" ત્યારે તેણે ના કહી, પણ ઘણો આગ્રહ કરીને તેને જમવા બેસાર્યો. જમી રહ્યા પછી મુખવાસ આપ્યો. ગોપાળસિંહના સસરા પાહાડસિંહે તેને કોઈ લઈ જઈને કહ્યું જે, "મારા મનમાં એમ જણાય "છે જે, આજ એ આપણને મારશે, માટે મારી પુત્રી ચૌદ વર્ષની તમને "પરણાવી છે તેની ખાતર હું તમને કહું છું કે તમે તમારો બચાવ કરો.' ત્યારે ગોપાળસિંહે કહ્યું કે, "તમને ખોટો વ્હેમ આવે છે." પછી ગોપાળસિંહનો સસરો હુક્કો પીવાને મિષે ઘણી મુશ્કેલીથી પોતાનો જીવ બચાવીને ઉતારે પ્હોંચ્યો અને ત્યાંથી અશ્વાર થઇને સટકી ગયો. ત્યાર પછી જમાદારે પક્કો બંદોબસ્ત કર્યો કે કોઈ પણ ત્યાંથી બ્હાર છટકી જઈ શકે નહિ.

પછી મહારાજે ચાકરને આજ્ઞા કરી કે, "અત્તરની શીશી લાવો." પછી ચાકર જે જે શીશી મેડી ઉપરથી લાવ્યો તે તે પસંદ કરી નહિ. છેવટે પોતે શીશી લેવા જવાને બ્હાને જઇને દાદર બંધ કર્યો. તેણે જમાદારને કહ્યું જે, "હવે એ જીવતો જશે તો તારૂં માથું કપાવીશ." એટલે

---

૧ તેમનું નામ દોલતકુંવરબા હતું, અને તે ઓશવાના ભાટી ઠાકોરની કુંવરી હતાં. એ ભાટી ઠાકોર મારવાડના જેસલમેરવાળાનો ભાયાત થતો હતો, જ્યારે મહારાજ દેવ થયા ત્યારે એ રાણી પણ તેમની સાથે સતી થઈ હતી. ર. ઉ.

ચારે તરફનાં બારણાં બંધ થયાં અને ચારે તરફથી બંદુકો છૂટી, ત્યારે
ગોપાળસિંહ સાથે બાર માણસો હતાં તે તેની આસપાસ વીંટાઈ રહ્યાં, પણ
ગોળિયો વાગ્યાથી તેઓ મરાયાં, અને ગોપાળસિંહ જખમી થયો. ત્યારે
મહારાજે ડોકિયું કરીને કહ્યું જે, "ગોપાળસિંહ! તારે ઈડરની વાણિયણોને
"પકડવી ઘટતી હતી કે? હવે તારે જે જોર કરવું હોય તે કર. આ લે બે
"તરવારો બાંધ." એમ કહીને બે તરવારો નાંખી. પછી ગોપાળસિંહે ભટિ-
યાણીજી રાણીને પોકાર મારીને કહ્યું જે, "હું તમારા મ્હેલમાં તમારે શરણે
"છું." એટલે રાણિયે મહારાજને કહ્યું કે "હવે ગોપાળસિંહને મારશો તો હું
"પણ તેની સાથે મરીશ." ત્યારે મહારાજ કહે કે, "હવે એ ઉગરશે તો મને
"મારશે, અથવા ઘણી હરામખોરી કરશે." રાણી કહે કે, આપણે પક્કો
બંદોબસ્ત કરીશું પણ હવે તો એને મરાય નહિ. પછી એ રીતે બે દિવસ
અને એક રાત ગઈ. બીજી રાત્રે ગોપાળસિંહે વિચાર્યું જે, "રાજગઢ
"ઠેકીને ન્હાશી જાઉં," આવા વિચારથી તે બ્હાર નીકળ્યો એટલે સિપાઇ-
યોએ તેને તરવારથી ઠાર કર્યો. પછી મહારાજે ભંગિયાને બોલાવીને
હુકમ કર્યો જે એ સર્વેનાં મડદાંના કડકા કરીને સમળિયોને ખવરાવો.
આવી વાત સાંભળીને મહાજનના મુખ્ય શેઠિયાઓએ આવીને અરજ કરી
જે, "મહારાજ! જે ગુન્હેગાર હતા તેઓને તમે શિક્ષા કરી. હવે તેમની
"માટી સાથે તમારે કાંઈ વેર નથી, માટે તેઓને બળાવો." પછી ગાડામાં
મડદાં ભરીને સ્મશાનમાં લઈ જઈ એક ચિતામાં બાળ્યાં. એ ત્રણ દિવસ
સુધી દરબારમાં મહારાજ સુદ્ધાંત કોઇયે અન્ન ખાધું ન હતું.

ગોપાળસિંહના કુંવર બે હતા, એક ભારથસિંહ, સાત વર્ષનો હતો અને
બીજો પર્વતસિંહ ત્રણ વર્ષનો હતો. તેઓ તથા તેઓનો કબીલો તથા તેમની
તરફના જે લોકો હતા તે ઉપરના સમાચાર સાંભળીને ડુંગરામાં ન્હાશી ગયાં.
ત્યારે મહારાજે મહુ જઇને પાસે મેલાણ કર્યું અને ગોપાળસિંહના કુંવરોને
પાછા બોલાવીને તેમને તેમની જગ્યા પાછી સોંપી.

ટીપ—મહુના ગોપાળસિંહની ઉપર પ્રમાણે અવસ્થા થઈ તે સંબંધી
અંગરેજી દફતરમાં કાંઈ લખાણ થયેલું જોવામાં આવતું નથી. લેફટેનન્ટ
કર્નલ બાલનટૈનના પછી મહીકાંઠામાં પોલિટિકલ એજંટની નેમણુંક થઈ
નથી, તેથી કરીને એવા પ્રકારનું કામ અંગરેજ સરકારને કાને જઈ પ્હોંચે
નહિ એમ છૂપું રાખવામાં આવે અથવા તે ઉલટી રીતે સમજાવી પણ દેવાય;
તથાપિ મહારાજ ગંભીરસિંહ વિષે જે કાંઈ બીજું લખાણ થયું છે તે ઉપરથી

ખરેખરી ધારણા થઈ શકે કે ઉપરના જેવા કૃત્યનો સંભવ બની શકે ખરો. દગાફટકા કરવાનો તેનો ચાલ હજી લગણ પણ આખા ઈડરવાડામાં પ્રસિદ્ધ છે, અને ભાટ લોકોએ તેનાં બીજાં ઘણાં કૃત્યોની નોંધ રાખેલી છે તે ઉપરથી પણ દીસી આવે છે.

ઇ૦ સ૦ ૧૮૨૧ માં રાજા ગંભીરસિંહ વિષે મેજર માઈલ્સ નીચે પ્રમાણે લખે છે:—"ઈડરના હવણાંના રાજાની ચાલ વિષે લોકો કહે છે કે, તે દગા-
"ફટકા, અસ્થિરતા અને ઠગાઈભરેલી છે. જો એની મતલબ સરતી હોય
"તો એ કોઈ માણસના ગુણની કે તેની કાયનાતની દરકાર કરે એવો નથી.
"તે વિશ્વાસ કરવા જેવો માણસ નથી એ વાત બધે જાણીતી છે, અને
"મારા સાંભળવામાં એવું આવ્યું છે કે આખા ઈડરવાડામાં એવો કોઈ એક
"માણસ ભાગ્યે જ મળી આવશે કે જે એના વચન આપ્યા પ્રમાણે અથવા
"ઠરાવ કર્યા પ્રમાણે પળવાને સોગન ખાય તે ઉપર જરા પણ આધાર
"રાખે. તે પોતાની ઉપજની વ્યવસ્થા કરવામાં નજર પ્હોંચાડીને કામ કર-
"નારો ગણાતો નથી, પણ તેની ગણના ઉડાઉમાં થાય છે. તે તેના માગના-
"રાઓની અને સિપાઇયોની સાથે ઠગાઈ કરવાના તેનાથી બને તેટલા ઉપાય
"કરે છે. તે બ્રાહ્મણો અને ગોસાઇયોના કબ્જામાં સંપૂર્ણ છે. તેઓ તેને
"ભારે વ્યાજથી નાણાં ધીરે છે અને તેની ઉપજ અગાઉથી ઓઇયાં કરી
"જાય છે. આવી એની ખોટી રીતભાત કહેવાય છે, તે કેટલીક બાબતમાં
"ખરી છે, પણ બીજી કેટલીક બાબતમાં વધારીને કહેવાતી જણાય છે.
"રાજનામાં પ્હોંચ હોય એમ જણાય છે. તેની સાથે દગાફટકા અને યુક્તિયો
"કરવાનું તેનું ખાસ વલણ પણ જણાઈ આવે છે. જનપરીક્ષાના જ્ઞાનને
"લીધે તે તેના કારભારિયો અને સંબંધિયોના કરતાં શ્રેષ્ઠ ગણાયો છે અને
"રાજનીતિની વ્યવસ્થામાં તેઓ તેની બરાબરી કરી શકે નહિ ત્યારે પોતાની
"દીર્ઘદૃષ્ટિ અને કુશળતાની ખામી જણાવવાને બદલે તેના છળભેદનો વાંક
"તેના ઉપર ઢોળી પાડવાને વધારે ખંતીલા દીસી આવ્યા છે. વળી, તેની
"સ્થિતિ, અને તેની આસપાસના લોકો તથા જેની તકરારમાં તે આવે છે
"તેને અનુસરીને તેની ચાલચલગતનો વિચાર બાંધવો જોઇયે. દરેક જાતની
"વાત લક્ષમાં લેતાં છતાં પણ કબૂલ કરવું જોઇયે કે રાજા ગંભીરસિંહ એક્કો
"અને પૂરો ગોમુખવ્યાઘ્ર હતો. તેનામાં દગોફટકો અને ક્રૂરતા સંપૂર્ણ રીતે મળેલાં
"હતાં. આવા ગુણને લીધે રજપૂતોમાં, રાઠોડ જાત જાણીતી છે. તે શેક્સ-
"પિયર કવિના[1] ગ્લોસ્ટરની પેઠે આ પ્રમાણે આત્મગત ભાષણ કરી શકે કે—

૧ શેક્સપિયરે છઠ્ઠા હેનરી રાજા વિષે ત્રણ ભાગમાં નાટક રચ્યું છે, તે માંહેલા

"હું હસી શકું, અને હસું એટલી વારમાં ખુન કરૂં, અને મારા હૃદયમાં
"ડંખે છે તેને સંતોષ પમાડું, અને ખોટાં આંસુ પાડીને મારા ગાલ ભીના
"કરૂં, અને સર્વ પ્રસંગને અનુસરતો મારો ચેહેરો કરૂં."

પ્રકરણ ૧૪

ઈડરના મહારાજા ગંભીરસિંહ

પોતાના પિતા ઉદયસિંહની પછી સુમારે ઈ૦ સ૦ ૧૮૦૪ માં મુંડેટીના પટાની ગાદિયે જાલમસિંહ બેઠો. ગોતાનો ઠાકોર, ઉદયસિંહનો ભાઈ થતો હતો તે મરણ પામ્યો ત્યારે તેની પછવાડે કુંવર ન હતો, તેથી જાલમસિંહે તેનો પટો પોતાના પુત્ર ઉમેદસિંહને આપવાનો વિચાર કર્યો. એ ઉમેદસિંહની મા વરસોડાના ચાવડા ઠાકોરની પુત્રી થતી હતી. ગોતાનો પટો ઈલાયદો હતો માટે ઈડરના દરબાર તાજમ આપે ત્યારે ઉમેદસિંહનાથી ગાદિયે બેસાય, માટે તે વિષે પૂછવા સારૂ જાલમસિંહે પોતાના કારભારીને ઈડર મોકલ્યો. ત્યારે દરબારે કહ્યું જે, "તમે જે દિવસનું મુહૂર્ત્ત "ઠરાવશો તે દિવસે ઉમેદસિંહને પાઘડી બંધાવાને અમે ત્યાં આવીશું," દિવસ નક્કી ઠર્યો, ત્યારે દરબારની વતી કુંવર ઉમેદસિંહ મુંડેટી ગયો. એ કુંવરનું સગપણ જાલમસિંહની રાઠોડ કુળની ઠકરાણીથી થયેલી દીકરી બાઈ ગુલાલકુંવરબા સાથે કરેલું હતું અને તે સૂરજમલ અને શેરસિંહની સગી બ્હેન થતી હતી. તેથી ચાવડા ઠકરાણીના પુત્રને પાઘડી બંધાવવાને બદલે રાઠોડ ઠકરાણિયે પોતાના કુંવર શેરસિંહને ગોતાની પાઘડી બંધાવાને પોતાના જમાઈને ઉશ્કેર્યો. આથી કરીને આગળ ઉપર નીપજવાની આફતનું બી રોપાયું, અને જાલમસિંહને પોતાની ઠકરાણી રાઠોડીજી તથા તેના કુંવરના ઉપર ઘણું માઠું લાગ્યું અને તેના તથા મહારાજના ઉંચા જીવ થયા.

પછી શેરસિંહ તે દિવસથી ગોતે જઈ રહ્યો.[1] તેના પટાનું બીજું ગામ રતનપર વલાસણાના ઠાકોરના ખાસકી ગામની પાસે સેઢાસેઢ છે. આ બન્ને ગામમાં પોતપોતાનું થાણું રહેતું હતું. આ બે ગામના ખેડુતો વચ્ચે

ત્રીજા ભાગના અંક ૩ જાના બીજા પ્રવેશમાં જાુવો. ચોથા એડવર્ડ રાજાનો આ ગ્લોસ્ટરનો ડયુક ભાઈ હતો અને તે ત્રીજા રીચર્ડને નામે તેની પછવાડે રાજા થયો હતો. તેણે પોતાના ભાઈ એડવર્ડના બે કુમારને ઘાતકીપણે મારી નાંખ્યા હતા. ર. ઉ.

૧ ઠાકોર અભયસિંહની ઠકરાણી રાઠોડીજી ગોતે હતાં, તેને ખોળે જઈને રહ્યો, એટલે ગોતાનો સર્વ વારસો તેને મળ્યો. ર. ઉ.

સીમા વિષે ચોમાસામાં તકરાર ઉઠી. તે વેળાએ બન્ને પક્ષકારોને વેરી નાંખવામાં આવ્યા. પછી તેઓએ પોતપોતાના ધણી પાસે ફરિયાદ કરી ત્યારે બન્ને ધણિયોએ પોતપોતાના માણસોને એવું ઉત્તર આપ્યું કે, "તમે "મરદ હતા કે કોણ હતા? એમાં અહિં શું ફરિયાદ કરવા આવ્યા? લડી મરિયે "નહિ?" પછી બીજે દિવસે બન્ને ભણીના ખેડુતો હથિયારબંધ થઈને હળ લઈને ગયા, અને ખૂબ લડાઈ થઈ. શેરસિંહના ભણીનું એક માણસ મરાયું, અને બીજાં ઘાયલ થયાં; અને સામી બાજુનાં ઘણાં માણસ ઘાયલ થયાં. આ વાત સાંભળીને શેરસિંહે મુંડેટી જઈને પોતાના પિતાને કહ્યું કે, વલાસણવાળાએ મારૂં એક માણસ મારયું માટે તમે મને આશ્રય આપો, નહિ તો, ત્યાં ઘણું લશ્કર છે, તેમ છતાં પણ હું તો વલાસણને પાદર જઈ લડીને મરીશ. આવું સાંભળીને જાલમસિંહ કટક કરીને વલાસણે ગયો, અને લડાઈ થઈ. મુંડેટીવાળાએ ઈડરના મહારાજને એ વાતની ખબર કરી, ત્યારે તેણે કહ્યું કે, વલાસણવાળા જ્યારે તમારાં માણસોને મારશે ત્યારે આપણી મારવાડિયોની શી લાજ રહેશે? વળી કોઈ સમે તેઓ તમારી મુંડેટી પણ દબાવી પડશે. માટે તમારે જોઇયે તો દરબારના શિરબંધી તથા નાણાં મંગાવજો. પછી વલાસણવાળાએ મહારાજની મદદ માગી, કેમકે તેના પટામાં અર્ધો-અર્ધ ભાગ મહારાજનો હતો. તો પણ મહારાજે જાલમસિંહને જેવો જવાબ દીધો હતો તેવો જ તેને દીધો, કેમકે, તેની એવી મરજી હતી કે "એમાંથી એક "જે માર્યો જશે તેનું સાલ મારે ઓછું થશે." આ વેળાએ વલાસણમાં એક બાવી રૂહેતી હતી. તે પુરૂષનો પોષાક પ્હેરતી અને તેણે માનદાસ (મહાનદાસ) એવું પુરૂષનું નામ રાખ્યું હતું. તે ચોવટ કરવામાં પ્રસિદ્ધ હતી, અને તે જ પ્રમાણે ઈડરમાં આવીને તડાકો મારીને મહારાજની હુઝૂરમાં કહેવા લાગી જે, "વલાસણના માણસોએ મારવાડિયોને અપમાન પ્હોંચે એવી રીતે ન્હસાડી "મૂક્યા." દરજણસિંહ પ્રધાન આ વેળાએ દરબારમાં હતો, તેને એ વાત સાંભળીને ઘણું લાગ્યું. કેમકે, તેનો દીકરો તથા તેનો ભાઈ મુંડેટીના ઠાકોરની પક્ષે ગયા હતા. તેણે જાલમસિંહને લખ્યું કે, "વલાસણું મારયા વિના આવો "તો ઈડરમાં મ્હોડું દેખાડશો નહિ. રૂપિયા જોઇયે તો મંગાવી લેજો." આ કાગળ વલાસણ પ્હોંચતાં પ્હેલાં આગલે દિવસ થોડી ઘણી લડાઈ થઈ હતી, પણ પાસેના એક ઠાકોરે વચમાં પડીને સમાધાન કરયું હતું. જાલમસિંહને કારભારીનો કાગળ પ્હોંચ્યો, એટલે તેણે હલ્લો કર્યો. તેમાં ખાસકીનો ઠાકોર મરાયો, ગામ લૂંટયું, બાળ્યું, અને ત્યાંનાં ઢોર તથા બાન લીધાં. તે વેળાએ તો તેટલેથી જ તકરાર બંધ પડી, અને મારવાડી પાછા ઘેર ગયા. અંગરેજ સરકારના

બંદોબસ્તે કરીને વલાસણુવાળાથી વેર વળાયું નહિ, પણ તેઓ એમ ધારે છે કે અંગરેજ સરકારનું રાજ્ય હશે નહિ, ત્યારે મુંડેટી ઉપર વેર વાળીશું.

ઈ૦ સ૦ ૧૮૨૦ માં ચોહાણ વંશનો છેલ્લો સગોત્રી ગુજર્યો, એટલે મહારાજા ગંભીરસિંહે તેના ગામ ઉપર દાવો કર્યો, તે એવા મુદ્દા ઉપરથી કે, એ ગામ મુંડેટીના પટાથી ઇલાયદું છે, માટે હવે અમે ખાલસે કરીશું. જાલમસિંહ સામો થયો, અને કહ્યું કે, "તમે મારો હક્ક છીનાવી લેશો તો હું "બ્હારવટે નીકળીશ." આ વેળાએ કર્નલ બાલન્ટૈન ઈડરવાડાનો ઠરાવ કરવામાં ગુંથાયો હતો. તેણે જાલમસિંહને કેદ કર્યો, પણ ચાર મહિના પછી તકરારી ગામ પાછું આપવાને કબૂલ કર્યું, અને મહારાજને બીજા તેના હક્ક જે આપવાના હતા તે આપ્યા તથા બીજા દશ વર્ષ સુધીના સારી ચાલના જામીન આપ્યા, ત્યારે તેને છોડ્યો.[1]

---

૧ કર્નલ બાલન્ટૈનના સાદરા મુકામના તા૦ ૧૫ મી આક્ટોબર ૧૮૨૨ ના સામાન્ય રિપોર્ટમાં નીચે પ્રમાણે છેઃ—

"એ ઠાકોરની (મુંડેટીના જાલમસિંહની) ચાલ, ગયા એપ્રિલ મહિનાની ૭ મી "તારીખના મારા રિપોર્ટમાં મેં સરકારની જાણમાં આણી છે, અને તેના દંગાની વાત "સાબીત કરી છે. ત્યાર પછી, એ ઠાકોરે દંડ ભરીને ઈડર સાથનો વાંધો પતાવી દીધો "છે, અને તેને તેનો પટો પાછો આપવામાં આવ્યો છે. * * * દરેક પટાવતને "જિલાયત હોય છે, અને તેનો જેવો રાજા સાથે મર્ત્તબો હોય છે તેવો તેઓની સાથે "જિલાયતનો છે. ચાકરીને પેટે તેઓ જમીન ભોગવે છે, અને તે આ બંદોબસ્તમાં "સામેલ ગણવામાં આવી છે. આ પટામાં ચાર જિલાયતો છે, પણ જિલાયતોની જમીન "પણ ઈડરે બક્ષીસ કરેલી છે, અને એટલા માટે તેનો સરખો હક્ક અને મર્ત્તબો છે. "એની હકિકત આ પ્રમાણે છેઃ—હાલના રાજવંશની જ્યારે ઈડરમાં સ્થાપના થઈ "ત્યારે હાલના જિલાયતોના પૂર્વજો રાજાના પટાવતોના અનુયાયી, સગા, અથવા પક્ષકાર "હતા, અને ઈડર પાસેથી તેમના પ્રમાણે સરખા ભોગવટાની જમીન પામ્યા. પટાવત "પોતાના જિલાયત પાસેથી જમીન લઈ શકતો નથી, પણ તેની પાસેથી ચાકરી લે "છે, અને ફેર માત્ર એટલો છે કે તેઓ પોતાના તરતના ઉપરિયોને ઇલાયદા જમીન "આપે છે. તેથી તેઓની વતી ઉઘાડી રીતે તે પટાવતો જવાબદાર છે. * * * આ "ઠાકોર ગંભીરસિંહનો વ્હેવાઈ થાય છે. એની દીકરી ટિલાયત કુંવર ઉમેદસિંહ વ્હેરે "પરણાવી છે. પણ આ સંબંધથી એકસંપ થવાને બદલે ઉલટો કુસંપ થયેલો જણાય "છે. જાલમસિંહ પોતે પોતાના રાયની કુંવરી વ્હેરે પરણ્યો છે. તેને તેના પેટનો તેનો "વારસ સુરજમલ કરીને કુંવર છે. મા અને દીકરાને તેની સાથે ઘણા દિવસથી અણ-"બનાવ છે. કેટલાક દાહાડા લગી તો તેઓ ઈડરના આશ્રય નીચે જઈને રહ્યાં, અને "ગંભીરસિંહે સુરજમલ અને તેની માને સારૂ જીવાઈ મેળવી આપવાના કામમાં ભાગ "લીધો હોય એમ જણાય છે, પણ તેમાં તેનું કાંઈ વળ્યું નથી. જાલમસિંહે આ વિષે "ખોટું લગાડ્યું ને મેં એને બોલાવાને સમન કર્યો તે વેળાએ ખરેખરો ફિસાદ કરવા જતો "હતો. ત્યારથી કુંવર સિરોઈવાળાને ત્યાં ચાકરિયે ગયો છે, અને તેની મા પોળ પાછી ગઈ છે."

ઈ૦ સ૦ ૧૮૨૬ માં ગોરલનો ઠાકોર મરણ પામ્યો, તેને ચાંદબા કરીને એકની એક પુત્રી હતી, તેને મહારાજ ગંભીરસિંહ વ્હેરે પરણાવી હતી, તેથી મહારાજે કહ્યું કે, મારા સસરાએ પોતાનું ગામ મને કન્યાદાનમાં આપેલું છે, માટે તે ખાલસા કરીને હું મારૂં થાણું રાખીશ, અને મારી સાસુને અન્નવસ્ત્ર વગેરે જે જોઇશે તે આપીશ. ઠાકોરની વિધવાને આ પ્રમાણે ગામની ઉપજમાંથી આપવાનું કબૂલ કર્યું એટલે તે પણ મહારાજના ઠરાવને મળતી આવી ગઈ. પણ મુંડેટીના જાલમસિંહે કહ્યું કે સ્વર્ગવાસી ઠાકોરનો હું દત્તક છું માટે તેની ક્રિયા હું કરીશ, એમ કહીને જોરાવરીથી મૂછ મૂંડાવી સપિંડી શ્રાદ્ધ વગેરે ક્રિયા તેણે કરી. એ ક્રિયા મહારાજને પોતાને કરવાની મરજી હતી. ગંભીરસિંહને ડર લાગ્યો કે એ બ્હારવટે નીકળશે, તેથી વળી કોઈ સમયે જોઈ લઈશું. હવણાં તો એને રાજી રાખવો. આમ વિચારીને તે ગામ મુંડેટીને તાબે કર્યું. એક વર્ષ પછી જાલમસિંહે પોતાના પાટવી કુંવર સૂરજમલને કહ્યું કે, "પ્રથમ ગોતા ગામ ઉમેદસિંહને આપવાનો મારો વિચાર હતો. "તે તમારી માએ તમારા સગા ભાઈ શેરસિંહને અપાવ્યું માટે આ ગોરળનો "પટો ઉમેદસિંહને આપો." આ વાત સૂરજમલે કબૂલ કરી નહિ, ત્યારે જાલમસિંહ ગુસ્સે થઈ, રીસાવીને જોધપુરમાં મહારાજ મોનસિંહ પાસે ગયો ત્યાં છ મહિના સુધી રહ્યો.[૧] પણ ત્યાં કોઈ પટો મળ્યો નહિ, અને ગાંઠની ખર્ચી ખાવી પડી; વળી ઉમેદસિંહ તેની સાથે હતો તેથી ખર્ચ વધારે થવા લાગ્યું, એટલે જોધપુરથી કોટે ગયો. ત્યાં તેને કામ મળ્યું એટલે એક વર્ષ સુધી ત્યાં રહ્યો. પોતે ધાર્યું હતું કે હું રીસાઈને જોધપુર જઈશ, એટલે સૂરજ-

---

૧ તા૦ ૨૪ મી ડિસેમ્બર સન ૧૮૨૬ ને રોજ કર્નલ બાલન્ટૈન વડોદરાના રેસિડેન્ટને નીચે પ્રમાણે લખે છેઃ—

"આ પ્રસંગે મને, ગંભીરસિંહે અને મુંડેટીના કુંવર સુરજમલે અરજ કરી કે, "ઠાકોર જાલમસિંહે કેટલાક દિવસથી મુંડેટી છોડી છે, અને જોધપુરના રાજા માન- "સિંહ પાસે જઈ રહ્યાની વાત જાણવામાં આવી છે તે વાત સરકારને કાને "નાંખો. ગયે વર્ષે ઠાકોર ઘણો ભાગ કોટે હતો, અને તેના બીજા કુંવરને માટે ત્યાં "ચાકરીમાં રહ્યો છે. કુટુંબમાં કલહ છે એ જ આનું કારણ છે, અને ઠાકોરની એવી ઈચ્છા "છે કે તેનો વડો પુત્ર અને વારસ સૂરજમલ છે તેનો હક્ક ફહાડી નાંખવો." કર્નલ બાલન્ટૈને ભલામણ કરી કે ખાલી પડેલી જાગીર ઉપર સૂરજમલને બ્હાલ કરવો. પણ રેસિડેન્ટને એમ લાગ્યું કે સૂરજમલને એના બાપની વતી જાગીરનું કામકાજ ચલાવવાને ઠરાવવો એટલું બસ છે. આ છેલ્લી ભલામણ મુંબઈ સરકારે મંજુર કરી. અને ૧૮૨૭ ના એપ્રિલ મહિનામાં તે ઠરાવ અમલમાં આણ્યો, પણ આવતા જુન મહિનામાં તે રદ કરવામાં આવ્યો.

મલ મને મનાવાને આવશે અને મારૂં વચન માન્ય કરશે, પણ તે તો કાંઈ થયું નહિ. સૂરજમલ મુંડેટીમાં રહીને ઘણો પટો ભોગવતો હતો; માત્ર ત્રણ ગામ જાલમસિંહના કારભારીના હાથમાં હતાં. એક વર્ષ થઈ ગયું, એટલે જાલમસિંહ ઈડર પાછો આવ્યો, અને સૂરજમલને કહાવી મોકલ્યું કે, "તું "ગોરલ ગામ ઉમેદસિંહને આપ, નહિતર હું મુંડેટીનો પટો ઈડરના મહારાજને "લખી આપીશ." આવી ઘણી ધમકી દીધી પણ તેણે કાંઈ માન્યું નહિ, ત્યારે તેના બાપે ફોજ કરવા માંડી. જ્યારે સૂરજમલે આ વાત જાણી ત્યારે તેણે પોતાના બાપને લખી મોકલ્યું કે, "તમે શિરબંધી શા માટે રાખો છો, આ "મુંડેટીનો પટો તમારે જેને સોંપવો હોય તેને સુખે સોંપો, હું વળી ભાવનગર "કે ગમે ત્યાં જઇને રળી ખાઈશ." ઠાકોરે તેના ઉત્તરમાં તેને લખ્યું કે, "હું "જીવું ત્યાં સુધી તમારે હવણાં બે ગામનો ભોગવટો કરવો, ને મારા મુવા "પછી આખો પટો તમારો છે, પણ હવણાં મુંડેટીમાંથી નીકળો." સૂરજમલે એ વાત માન્ય કરી નહિ ને રીસાઈને અહંમદનગર જતો રહ્યો. ત્યાં તેણે ત્રણસેં બંદુકોવાળા એકઠા કર્યા અને તેના બાપના જીલાયતો જે પોતાના ભણી હતા તેઓને તેડાવ્યા. તે ૧૮૨૯ ના માર્ચ મહિનામાં મધ્ય રાત્રે નાદરીની પડોશમાં આવી પ્હોંચ્યો; કેમકે એનો બાપ ત્યાં હતો, અને એકાએક હલ્લો કરવાને ઇરાદે બંદુકોવાળાને સૂચના કરી કે તમારે બંદુકો છોડવી નહિ. તો પણ તેઓ પાસે આવી પ્હોંચ્યા, એટલે બંદુકોના ભડાકા કર્યા. એટલે સૂરજમલ આવ્યાની જાણ થઈ ગઈ. તેના સામા તેના બાપના માણસો થયા, પણ જાલમસિંહે જાણ્યું જે, "સામી ફોજનાં ઘણાં માણસ છે, માટે "આપણે ન્હાશી જવું તે ઠીક છે." આમ વિચારી પોતાની ચાવડી ઠકરાણીને લઇને ન્હાઠો. પછી દાંતાના એક ગામમાં તેને મૂકીને પોતે ડુંગરામાં જતો રહ્યો. સૂરજમલે આવીને નાદરી ગામ લીધું અને ત્યાં પોતાનું થાણું બેસાડયું, પછી ત્યાંથી મુંડેટી આવીને પોતાનું રહેઠાણ ત્યાં કર્યું.

કુંવર ઉમેદસિંહને મરી ગયાને પાંચ વર્ષ થઈ ગયાં, એટલે તેની ઉથલેલ કન્યા ગુલાબબાઈ જે સુરજમલની બ્હેન થાય તેને પોતાને વ્હેરે પરણાવાને મહારાજ ગંભીરસિંહે માગું કર્યું. પણ મુંડેટીનો ઠાકોર તથા તેની રાઠોડ ઠકરાણીને તે વાત ગમી નહિ, કેમકે, મહારાજની આ વેળાએ વૃદ્ધાવસ્થા થઈ હતી; તથાપિ પોતાના બાપની સામે મહારાજ જો સૂરજમલને આશ્રય આપે તો તેણે તે પ્રમાણે કરવાને હા કહી. જ્યારે જાલમસિંહ ડુંગરોમાં ગયો, ત્યારે તેણે જાણ્યું કે સૂરજમલ પોતાની બ્હેનને મહારાજા સાથે પરણાવી દેશે, તે માટે તેણે તે બાઈની માને છાનું લખ્યું જે એ પુત્રીને અહિં

મોકલી દેજો કે તેનો કોઈ યોગ્ય વર સાથે સંબંધ કરવામાં આવે. પછી તે બાઈને ઠકરાણિયે ત્યાં મોકલી દીધી, એટલે જાલમસિંહે તેને સલાણાનો રાજા જે રતલામનો ભાયાત થાય તેની સાથે પરણાવી.

જાલમસિંહે છસેં આરબ તથા મકરાણી બંદુકદાર એકઠા કર્યા હતા તેટલા લઈને રાત્રિની વેળાએ **નાદરી** ઉપર હલ્લો કર્યો. તે વેળાએ સૂરજમલનો થાણદાર કાનજી બહુ બહાદુરીથી લડ્યો અને હલ્લો કરનારાઓને પાછા હઠાવી દીધા.

સોરઠો.

વાકરિયો થૈ વાઘ, આયો ખડ અદમાલરો;
કનિયો કાળો નાગ, નિશ્ચળ કીધી નાદરી.[૧]

જાલમસિંહ, ડુંગરામાં એનાં માણુસ એક ધાડી ઝાડીમાં રહેતાં હતાં ત્યાં જતો રહ્યો અને રસ્તામાં સૂરજમલના એક ગામને બાળતો ગયો. મુંડેટીમાં સૂરજમલ થાણું રાખીને રહ્યો હતો ત્યાં હલ્લો કરવાને થોડા દિવસ પછી તેણે તૈયારી કરી. તે વાત સૂરજમલના હેરક અથવા શેરિયાઓએ જઈને કહી, એટલે તેણે ઈડરમાં પોતાના કારભારીને લખ્યું કે, "મહારાજે "આશ્રય આપવાને કૉલ કરેલો છે તે પ્રમાણે આ વેળાએ તેમને તેડતા "આવજો." ગંભીરસિંહે તે પ્રમાણે જવાને હા કહી અને ફોજ કરવા માંડી. પણ તે દિવસ તો જતો રહ્યો, અને બીજે દિવસે ફોજ લઈને મહારાજ ઉત્તર દિશા ભણી ચાલ્યો, ત્યારે કારભારિયે કહ્યું કે, મુંડેટી તો બીજી દિશાએ રહી, ને આપ આ દિશામાં ક્યાં પધારો છો? ત્યારે તે કહે કે, "અમે "જઈને ઠાકોરને આવવાનો રસ્તો રોકીશું, અને તેઓને મુંડેટી ઉપર જતા "અટકાવીશું." પણ ઠાકોરે તો આગલી રાત્રે જઈને હલ્લો કર્યો હતો. સૂરજમલના માણુસોનું ઇમારતોએ કરીને રક્ષણ થયું અને સામાવાળાનાં પાંત્રીશ માણુસ મુવાં, પણ બુરજામાં સૂરજમલના પાંચ સાત બંદુકદાર હતા અને ત્યાં દારૂનાં કુલ્લાં હતાં તે સળગવાથી તેનાં માણુસો મુવાં અને સૂરજમલને પણ જમણા હાથને પ્હોંચે ગોળી વાગી પણ ગામ તો આબાદ રહ્યું. બીજે દિવસે, પાસેના ગામનો એક ઠાકોર આવ્યો, તે વેળાએ મુંડેટીના સારા સારા લોકોએ વચ્ચે પડીને જાલમસિંહને કહ્યું કે, "તમે કોની સાથે લડો "છો? તમારા દીકરાનું તમારે હાથે મોત થશે તેમાં તમારી શોભા નહિ."

૧ તે ખીજવેલો વાઘ અદમાલજીનો પુત્ર આવ્યો, પણ કાળીનાગ જેવા કનૈયાએ નાદરી ગામ નિશ્ચળ કર્યું.

આમ કહી ગામ બ્હાર તેને મુકામ કરાવીને પંચાત કરી, તેમાં એ ગામ સૂરજમલ હાલ ભોગવે અને પછીથી જાલમસિંહ ગુજરે ત્યારે તેને આખો પટો મળે, એવો ઠરાવ કર્યો. આ પ્રમાણે સૂરજમલ પોતાની માને લઈને મુંડેટી છોડી પોતાને સ્વાધીન કરેલે ગામ ગયો અને જાલમસિંહ ફરીને પાછો મુંડેટીમાં પેઠો.

આવો નીકાલ થયો, છતાં પણ, સૂરજમલને પોતાના પિતાની બ્હીક રહી. તેથી સારૂં રક્ષણ થઈ શકે એવી જગ્યા શોધવા લાગ્યો. પણ કોઇ સરદારોએ તેને સંઘર્યો નહિ. પછી કુવાવે કિલ્લો હતો તેથી ત્યાં ગયો. તે ચારણના શાસનનું ગામ હતું તે તેને ત્યાં રહેવા દેવાને રાજી ન હતો, પણ સૂરજમલે કહ્યું કે હું ઘાયલ છું માટે પાટો છૂટતાં સુધી મારે રહેવું છે. તથાપિ એ વેળાએ મહારાજા તે ગામની પડોશમાં આવી ચડ્યો હતો, તેની પાસેથી સૂરજમલને રાખવા વિષેનો પરવાનો લખાવી લીધો. સૂરજમલ ત્યાં કેટલીક વાર સુધી રહ્યો, અને પછી પોતાના કબીલાને ત્યાં મૂકીને અહંમદનગરમાં રાજા કરણસિંહની ચાકરી કરવા ગયો. ત્યાં તેણે તેને એક ગામ અને ઘોડેનોબત આપી.

ઈ॰ સ॰ ૧૮૩૩ ના વર્ષમાં રાજા ગંભીરસિંહ દેવ થયો. તેની પછવાડે ચૌદ રાણિયો સતી થઈ, પણ હવણાંના મહારાજ જવાનસિંહની મા પોતાના બાળકને ઉછેરવાને રહ્યાં.

छपय

पडे नक्षत्र भुवपंथ, धडाके कंप हुइ धर;
सुरभी निसासा होय शब्द कठिण विललात कर;
इन्द्र व्रषां तुछ अंब, व्रषां अनमंत उपलवह;
तेज खंड भये तंड, मंड, घुमंड मारुतह;
अस उद्‌घट ओसुगन आगमन, हा भावी बल होयहो;
तण माट हुवो ओत्तम वपू, भूप भाणकुल भाण भो.* १

---

૧ પૃથ્વી ઉપર ઘણા તારા ખરયા, પૃથ્વી ડોલી, ગાયો દુઃખથી બરાડીને નિસાસા નાંખવા લાગી, ઇન્દ્રે થોડું પાણી વરસાવ્યું તે સાથે ઘણા કહરા પડ્યા, સૂર્ય તેજભંગ થયો, પવન ઘુમાડિયાં ખાવા લાગ્યો, એવા અઘટિત અપશકુન થવા લાગ્યા, તે ઉપરથી ભાવી બનાવનું જોર થયું અને સૂર્યવંશી સૂર્ય જેવો રાજા ઉત્તમ દેહ પામ્યો. ભાવાર્થ કે દેવસ્વરૂપ પામ્યો.

* પૃથ્વીકંપ અને તારા ખરવા વિષેનું આ ઠેકાણે લખવામાં આવ્યું છે, તે પ્રમાણે ખરેખરૂં બનેલું છે. ઇ. સ. ૧૮૩૩ નું વર્ષ જો કે દુકાળનું ન હતું તો પણ અસાધારણ

भूपत पडे गंभीर, अभंग हिन्दुवाण उजागर;
सुनी सवे रनीवास, हरखी सतियां कहे हरहर;

તંગાસનું વર્ષ થઈ પડ્યું હતું. તે વર્ષમાં તા૦ ૧૦ મી ડિસેમ્બરને રોજ મુંબઈ સરકાર કોર્ટ આફ ડિરેક્ટરોને નીચે પ્રમાણે લખે છે:—

"પાલણપુરનો પોલિટિકલ સુપરિન્ટેનડેન્ટ રિપોર્ટ કરે છે તેમાં લખે છે કે, "ચોમાસાના પાકનો છેકાછેક નાશ થઈ ગયો છે, તેથી કરીને ૧૮૧૨–૧૩(અગનોતરો)- "ના વર્ષ પછી વધારે ચડી ગયેલો ભાવ કદિ જોવામાં આવ્યો ન હતો, તેટલો અનાજ "વગેરેનો ભાવ ચડી ગયો છે. દાણાની આયાત થવાને સુગમ પડે, અને ગરીબ લોકોને "થતું દુઃખ જેમ બને તેમ ઓછું પડે, એટલા માટે, લેફ્ટનેન્ટ પ્રેસકટની સૂચના "ઉપરથી પાલણપુરના દિવાને આવતા અનાજના માલ ઉપરની જકાત બિલકુલ કહાડી "નાંખી છે, અને સારા ભાગ્યે કરીને આ પરગણાનો ઘણો ખરો ભાગ રવીના કામને "લાયકનો છે, તેથી કૂવા ખોદવા વગેરે બાબતોમાં ખેડુતોને બધા પ્રકાર- "નો આશ્રય આપવાનો બંદોબસ્ત કરયો છે, તેથી કરીને હાલમાં ચાલતી મોંઘવારી "કેટલેક દરજ્જે ઓછી થશે, તો પણ એક ધાસ્તી રહે છે કે કોળી અને બીજા ફિસા- "દખોર લોકો આખા ગૂજરાતમાં વસે છે તે દાણાનો પાક કથળી જવાથી કામમાં "ગુંથાયા વિનાના રહેવાથી નવરા પડશે, અને હવણાંના અનાજના આકરા ભાવને "લીધે નિરાશ થઈ જવાથી ટોળિયો બંધાઈને રૈયતની શાન્તિનો ભંગ કરવાની ધાસ્તી "બતાવશે, તેને માટે બનતી સાવધાની રાખવાના ઉપાય કામે લગાડવામાં આવ્યા છે.

"તા. ૧૬ મી આગસ્ટના રોજના મિ. ઘુઈલોબીના લખવા પ્રમાણે ઘણું કરીને "આખા કાઠિયાવાડમાં તે દિવસ સુધી વર્ષાદ વરશ્યો ન હતો અને પાક બચી શકે "એટલો પડવાની આશા પણ ન હતી. એનો પરિણામ એવો થયો કે અનાજ તથા "ઘાસની ઘણી જ તાણ પડી, અને બ્રિટિશ તથા ગાયકવાડની ખંડણીમાં છૂટ મૂકવાની "જરૂર પડશે એમ થયું. અનાજનું મૂલ ત્રણ ગણું વધી ગયું અને તે દિવસ લગણ "પણ વધ્યાં કર્યું; ઘાસની તંગી મુખ્યત્વે કરીને પડવા લાગી, અને ઘણાં ઢોર નિત્ય "નિત્ય મરવા લાગ્યાં. મિ. ઘુઈલોબી વિશેષ લખે છે તેના અભિપ્રાય પ્રમાણે, ખંડણી "ભરનારાઓએ રીતસર અર્ધી રકમ ભરી છે તે પાછી આપવી પડશે.

"ભુજની વાયવ્ય અને નૈઋત્ય કોણના પરગણાંમાં ઘણા માઠા સમાચાર જાણીને "રેસિડેન્ટે ત્યાં જાતે જઈને તપાસ કરી ખાતરી કરી લીધી, તેથી તે સમાચાર વધારીને "જાહેર કરેલા જણાયા નહિ. ઘણે ઠેકાણે આ વર્ષમાં વર્ષાદ થયો નથી, અને ગયા વર્ષની "તંગાશને લીધે ઘાસમાં છેક ખૂટ પડી ગઈ તેથી ઘણાં ઢોર ભૂખે મરી ગયાં. આ "પ્રાન્તમાં કેટલેક પ્રસંગે તાણ પડેલી ત્યારે લોકો ગૂજરાત, કાઠિયાવાડ અને સિન્ધમાં "કુટુંબ તથા ઢોર લઈ ગયેલા, પણ આ વર્ષ એ સાધન અટકી પડ્યું છે; દરબારે "શહેરની પાસે તલાવ ઊંડું ખોદાવાને મજુરોને રોજ એક શેર અનાજ આપીને તેમનું "દુઃખ ઓછું કરવાનો નિશ્ચય કરયો છે, તેમાં તેના કારભારિયે પા શેર પોતાને હિસાબે "તે ઉપરાંત આપવાનો ઠરાવ કરયો છે.

तके वंश तारवा, सघा त्रहूपखां चढावां;
साथ करा सामरो, किरत नव खंड कहावा;
इम धार वात मनमें अडग, परम ज्योत पिछानिया;
पति तणी अबे छेटी पडे, मुज राजधर्म केहो राणियां. २

नेह नाव नारियां, केक मन इरख करेवे;
नेह नाव नारियां, धंख चित उमंग धरेवे;
नेह नाव नारियां, बडी ठकरात बजावे;
नेह नाव नारियां, मींत मरदंग गवावे;
तन भवान तणी इम कहे त्रिया,सुकुल वाट किय सारियां;
नावरे साथ वलवे नहि, नेह नावकि नारिया. ३

अण समये एटला, मरमछद वचन उचारे;
सतियां कर संकल्प, अग्निस्नान हि ऊर धारे;
प्रथम दौलत कुंवरी, भजे चंडी भटियाणी;
जसु कुंवरी चहुआणी, जगतमातासी जाणी;
सत अधिक सती सिसोदणी, कुंवरी अधिक चडती कला;
सती संग करत महॅाराजरो, वध्यो सुजस चहुवे वला. ४

कुंवरी लाल आइडी, सति सुता जनक सरीखि;
बखत कुंवरीं चावडी, प्रकट सुरासरी परीखी;
चंद कुंवरीं चहुवाणी, अखां ज्यम भवा अनोपम;
पारवती ज्यम प्रकट, कुंवरीं वदनां सतरे क्रम;

"આ રિપોર્ટ કર્‌યા પછી થોડો વર્ષાદ થયો હતો, પણ આ પ્રમાણે આશા થયેલી "જતી રહી હતી, અને ઘણાં તીડ પડીને આખા દેશ ઉપર પથરાઈ જઈને દરેક જાતના "અનાજનો નાશ કરયો તેથી મોસમનો દેખાવ ઉલટો વધારે ભયાનક થઈ પડ્યો. "આવા મારથી લોકો નિરાશ થઈ ગયા છે તેથી પાછોતર વાવણી કરવાને તેઓને સમ- "જાવી શકાય એમ નથી, અને એમ લાગે છે કે, દરબાર પોતાની સદાની ઉપજના "ચોથા ભાગ કરતાં વધારે ઉઘરાવી શકશે નહિ.

૨ જેનું હિન્દુઓમાં તેજ અભંગ થયેલું નહિ એવો ગંભીર રાજા પડયો, એ વાતની "અંતઃપુરમાં જાણ થઈ એટલે સતિયો હરખીને શિવ-શિવ કહેવા લાગી, 'મારા ધણીનો, "મારી માનો અને મારા બાપનો વંશ તારવાને હું મારા પતિનો સંગાથ કરીશ કે નવ "ખંડમાં કીર્ત્તિ થાય" એવો મનમાં અડગ નિશ્ચય કરીને તેઓએ પરમ જ્યોતિને જોવાનું કહ્યું કે મારે મારા પતિનું છેટું પડે તો પછી મારો રાણીનો રાજધર્મ શો.?

पासवान उमय नाथी, वनां, खुशी उमंग चित खलभली;
गढपति लार गंभीर रे, मेंहेलां बलण कज हलमली. ५
उमेदां उमंगी, हुई सत करण हजूरण;
जसुबाई धाबहिनी, जके तन उटी जालण;
सु मुरतां सब जान, आप सत काल ऊमंगे;
जेठी, दोली जोड, लार पति वेऊए लगे;
अणवार तीय कथ ओचरे, कलजुग लता न कामरी;
सतिपुरे जाय वसशां सही, सेवा करणां सामरी. ६
मरदानाके मांह, तवेंकृत अडग तणी तक;
पिछे सदन निज पहूचीं, करे स्नान गंगोदक;
अधिक पोशाकां अंग, जरी गरकश जाणे जण;
तनभूषण मोतियां, पहींरी मज माती आपोपण;
वरणाव करे तणही वखत, धर्म सुभारथ उर धरी;
भवानरांनद साथे भली, सती बलण कज संचरी. ७
नेऊवानुं नत वर्ष, संवत बधते एक- सत्तर;
व्रखा ऋतु, बण व्रखा, भया सम गत भासंकर;
श्रावण दिन पख श्याम, सोम अगियारस जाणो;
पतंग चढते घडी पंदर, प्रान गंभीर प्रयाणो;
सो रात दिवस रनिवासरह, सतियां करत चलामणो;
निसि होत असो नृप राजरो, हवो प्रभात हलामणो. ८
गाज नाद घणकार, तांत झणकारत वामा;
त्रहक त्रहक त्रंबाल, डहक करताल दमामा;
अमंगल मंगल असो, तसो तण घढी ब्रतायो;
जण बनितारो जूथ, सपुह जातरा सिधायो;
सो गंभीरनृप सतियां सहित, द्दा हसत मुखहेंडली;
ले चल्यो अस्त पामण कजे, मयंक उडगण मंडली. ९

---

૮ સંવત ૧૭૯૦ મા વરસાદના દહાડામાં, પણ વષોદ વિનાને શ્રાવણ વદિ ૧૧ ને સોમવારને દિવસે પંદર ઘડી દિવસ ચડતાં ગંભીરસિંહનો પ્રાણ ગયો. તે દિવસ ને આખી રાત્રિ તેનું શબ અંતઃપુરમાં રહ્યું, કેમકે તેની પછવાડે સતિયો તૈયારી કરી શકે, પછી રાત્રિ વીત્યા પછી પ્રભાતમાં રાજાનું સિધાવવું થયું.

૯ ઘણકાર શબ્દની ગર્જના થઈ, તાંતવાળાં વાદિત્રોના ઝણકારા થયા, ત્રંબાળુ

हा हस्ती हिंडती, आणंद करती उकसती;
पग पग जश पावती, कर्म अश्वमेध करंती;
दाण पुण्य देयती, नेह तोडती पुरंनर;
ध्यान स्वामि धारती, पिंड मानती तृणापरि;
कुण बिरद एहि सतियां कहुं, पण मे एहेडी पारखी;
स्त्रियां नाम अवळा अवर, आ सबळा शूरा सारखी. १०
अंत थान उपरां, आय सतियां अणवारे;
पतंग करी प्रणाम, आदि कथ एह उचारे;
हे दिनकर! हे देव! सदतुम सती सहाई;
शुद्ध ईडर सामरो, सामतण भोन सदाई;
करजोड अरज वंदन करे, उर पर ध्यान अनूपरां;
मरडाय शक्ति हाली मसत, अरडरथी रही उपरां. ११
भूपत धन्य भाटियां, पृथवि जश वास प्रमाणां;
सिसोदा धन्य साख, साख धन्य हे चहवाणां;
धन्य साख चावडा, डमर सौभाग्य वडाले;
धणी साथ ध्रुव धडे, पावक तन सती प्रजाले;
के साख साख धॅन्य धॅन्य कबीन्द्र, पतिंधॅन्य नृपतो परणियां;
सामरो नाव भव सिंधुसें, तारण झोका तरणियां. १२

ત્રહક ત્રહક વાગવા લાગ્યું, કરતાલ ડહક ડહક વાગવા લાગી, અમાંગલિક સમયે જેમ માંગલિક થાય તેવું તે સમયે વર્ત્તાયું. જાણે સ્ત્રિયોનું ટોળું લઈને રાજા જાત્રાએ સિધાવ્યો. તે ગંભીર રાજા સતિયો સહિત હાથીના મુખ આગળ હાથણિયો ચાલે તેમ અથવા અસ્ત પામવાને ચંદ્ર તારાની મંડળી લઇને ચાલે તેમ ચાલ્યો.

૧૦ તે હસતી હસતી, આનંદ કરતી, અને ઉલ્કંઠા ધરતી, પગલે પગલે જશ પામતી અને અકેકા અશ્વમેધ યજ્ઞનું કામ કરતી, પુણ્યદાન કરતી, નગરવાસિયો સાથેનો સ્નેહ તોડતી, ધણીનું ધ્યાન ધરતી, પોતાના શરીરને તણખલા સમાન માનતી ચાલિયો. તે સતિયોનું વિરૂદ તે હું શું કહું? પણ મેં તો એવી પરીક્ષા કરી કે, બીજી સ્ત્રિયોનું નામ તો અબળા પણ આ તો સબળા શૂરવીરોના સરખી છે.

૧૧ સ્મશાનમાં સતિયો આવી પ્હોંચી એટલે સૂર્યને નમસ્કાર કરીને પ્રથમ તો એમ કહ્યું કે, 'હે દિનકર! હે દેવ! તમે સતિયોના સહાય ખરા છો, અમારો ધણી આવતા અવતારમાં ઈડરનો આ ધણી હજો, અને તેની ધરતીમાં અમે સદા હજો,' આ રીતે હાથ જોડી, પગે પડીને અરજ કરી, અને મનમાં સારૂં ધ્યાન ધરીને તે શક્તિયો મરડાઈને ઉત્તમ થઈ ચાલિયો અને ડર્યા વિના ચિતા ઉપર જઈને પડિયો.

૧૨ ભાટી રાજાને ધન્ય છે, જેનો જશ પૃથ્વી ઉપર વશી રહ્યો, સિસોદિયા

मंड वंश मरजाद, मंड आनंद अतिय मन;
मंड रसन हरिमंत्र, मंड वैराग साधुजन;
मंड कंप कायरां, मंड क्षत्रिय पुरुषातन;
कमधमंड थरुकीर्त्ति, कीर्त्ती कर मंड सुजस कर्म;
वड मंडी धर्म संसार विच, साम साथ तन छंडियां;
पतनी गंभीर चितापरे, ए पग मंडे मंडियां. १३*

શાખાને ધન્ય છે, **ચોહાણ**ની શાખાને ધન્ય છે, **ચાવડા**ની શાખાને ધન્ય છે કે જેઓનો આડંબર અને સૌભાગ્ય મ્હોટાં છે, સ્વામીની સાથે અચળ ધડે સતિયો પોતાનાં શરીર પ્રજાળે છે; તેમની દરેક શાખાને કવીંદ્ર ધન્ય કહે છે, જે રાજાને તે પરણી તે રાજાને પણ ધન્ય છે. પોતાના ધણીને ભવસાગરમાં તારનારી તે નૌકા રૂપ છે.

૧૩ વંશની મરજાદા માંડી, મનમાં અતિશય આનંદ માંડ્યો, જીભે હરિમંત્ર માંડ્યો, સાધુ જનના મનમાં વૈરાગ્ય માંડ્યો, કાયરને કંપ થવા માંડ્યો, ક્ષત્રિયોને મનમાં શૂર ચડવા માંડ્યું, **રાઠોડ**ની અચળ કીર્ત્તિ માંડી, કીર્ત્તિ કરે એવાં સુજસનાં કર્મ માંડયાં, જગત્માં મ્હોટાં ધર્મ માંડીને સ્વામીની સાથે શરીર છોડયાં, ગંભીરસિંહની ચિત્તા ઉપર તેની સ્ત્રિયોએ પગ માંડ્યો, તે સાથે એટલા વાનાં મંડાયાં.

* **કોર્ટ** આફ્ ડિરેકટરોને **મુંબઈ સરકારે** તા. ૮ મી ઓકટોબર સન ૧૮૩૩ ને રોજે ડસ્પાચ મોકલ્યો તેમાંથી રાજા ગંભીરસિંહના મરણસમયની નીચી લખેલી હકિકત અત્રે દાખલ કરિયે છિયે:—

"ઈડરના રાજા ગંભીરસિંહનું મરણ તા. ૧૨ આગસ્ટને રોજ થયું. તે પ્રસંગે "ગૂજરાતના **પોલિટિકલ** કમિશનરે પોતાના પેહેલા આસિસ્ટન્ટ મિ. **એરસ્કિન**ને "ઈડર મોકલ્યો હતો. તે એવા વિચારથી કે તે સમયે ફિસાદ થાય તો અટકાવવામાં "આવે તથા માજી રાજાના કુંવરને ગાદી ઉપર બેસારીને તેનું રાજ્ય જારી રાખવાનો "**અંગરેજ સરકાર**નો વિચાર છે તે કેટલાક ઠાકોરોને દેખાડી આપવામાં આવે. રાજાના "અગ્નિદાહની વેળાએ જે ખેદકારક અને કરૂણાજનક બનાવ બન્યો તે વિષેના રિપોર્ટ "અમે દિલગીરી સાથે **આનરેબલ કોર્ટ**ને કરિયે છિયે.

'રાજા બેભાનપણામાં કેટલાક દિવસ પડી રહ્યો, પછી મરણ પામ્યો તે વાત "અગ્નિદાહ દીધા પછી કેટલીક વાર સુધી યુવાન રાજાની માના જાણવામાં આવવા "દીધી ન હતી; પણ બીજી સાત રાણીયો રાજાની સાથે બળી મરવાને તૈયાર થઈ, "અને તે પ્રમાણે તા. ૧૩ આગસ્ટની સવારમાં તે ઘેલી થયેલી સ્ત્રિયો, બીજી બે "રાજાનાથી બીજી નાતની રાખી હતી તે, એક હજુરિયો ચાકર અને ચાર ઘરની દાસિયો "એટલાં જણ આખા ઈડરની વસ્તીની આંખ આગળ અને દિવાન ઇત્યાદિ કામદારોની "સમક્ષ ચિતામાં બળી મૂવાં. આવા કમકમાટ ઉપજાવે એવા કામમાં સર્વે કામદારોને "આશ્રય હતો. રાજાના કુટુંબના કોઈ પણ માણસે એવું નહિ બનવા દેવાને કશો "પ્રયત્ન કર્યો નહિ અથવા ઈડરમાં જેની કંઈ પણ સત્તા ચાલતી હોય એવાએ એ લોકોને "એવા નાશકારક કામમાંથી પાછાં વારયાં નહિ. મિ. **એરસ્કિન** લખે છે કે, એક રાણીને

પ્રકરણ ૧૫.

મહીકાંઠાનું થાળે પડવું.

ઇ. સ. ૧૮૨૮ માં રાજા ગંભીરસિંહે રૂપાલના ઠાકોર ફત્તેહસિંહનું ગામ ક્રીડી મારયું, તે ઉપરથી ફત્તેહસિંહે મેજર માઇલ્સના આગળ ફરિયાદ કરી. એ મેજર પાલણપુર[1] ખાતાનો અંગરેજ સરકારનો એજંટ હતો, તથા તે વેળાએ થોડી મુદતને માટે મહીકાંઠા ઊપર દેખરેખ રાખવાને તેને ઠરાવ્યો હતો. મહારાજે ગામ લૂંટયું તે માટે ફત્તેહસિંહના લાભમાં તેણે નુકસાન ભરી આપવાનું હુકમનામું કરી આપ્યું. હુકમનામાનો આંકડો ઘણો મ્હોટો હતો, તેથી, ઇડરમાં કહેવત ચાલી કે, "ક્રીડીનો કુંજર થયો." એ હુકમનામાના રૂપિયા મહારાજે આપ્યા ન હતા ને એ તો મરણ પામ્યો. એટલે રૂપાલના ઠાકોરે બ્હારવટે નીકળવાનો વિચાર કર્યો, અથવા બને તો ઇડરનું કોઈ સારૂં બાન પકડવાને ધારયું, કે જેથી કરીને તેની છોડામણનું વળતર તેને મળે. આવે પ્રસંગે ઇડરના કારભારી ખેમચંદનો ભાઈ અખેચંદ, જે વ્યાપારી હતો તે અફીણ તથા કાપડ વગેરે માલ લઈને પ્રતાપગઢથી ઇડર જવા નીકળ્યો હતો;| તેની સાથે દશ બંદુકદાર હતા; તે રૂપાળમાં રાતવાસો રહ્યો. ત્યાંના ઠાકોરે તેને મીજબાની આપીને તેની સારી મ્હેમાનગિરિ કરી. તેના બંદુકદારોને વ્હેલા જમાડીને માલ સાથે

"ગર્ભ હતો અને તેને કેટલાક મહિના થયા હતા; અને બીજી હતી તેને રાજાનો સંગ પણ "થયો ન હતો તેણે બળી મરવાની પોતાની નામરજી જણાવી હતી. એક જે વર્ષે મ્હોટી "હતી અને પદવીમાં બીજી હતી તે સાઠ વર્ષની હતી, અને સર્વના કરતાં જે જવાન હતી, અને જેને પરણ્યાને માત્ર ઓગણીસ મહીના થયા હતા તે છેક વીસ વર્ષની હતી. લોકોના મનમાં ધર્મ- "નો વ્હેમ પણ છતાં આવા ઘાતકી કામમાં જે આગેવાન હતા તેઓ પ્રતિ કમકમાટ અને ધિ- "ક્કારનો સામાન્ય ભાવ બતાવવામાં આવ્યો હતો, અને સર્વેના સમજવામાં એમ આવ્યું હતું "કે, જો યોગ્ય ઉપાય કામે લગાડવામાં આવ્યા હોત તો ત્રણ જીવ કરતાં વધારેનો ભોગ થયો હોત નહિ. એક નજરે જોનારે કહ્યું કે, જ્યારે ચિતા સળગી ત્યારે મ્હોટી રાણિયે "કારભારિયોને કહ્યું કે, મેં તો સતી થવાનો નિશ્ચય જ કરયો હતો અને ગમે એટલું "મને સમજાવવામાં આવત તો પણ મારો વિચાર હું ફેરવનાર હતી જ નહિ, તથાપિ "કોઈના ભણીથી વારવામાં કે દયા બતાવવામાં આવી નથી એ આશ્ચર્યકારક વાત છે. "છેવટે તેણિયે કહ્યું કે, તમારા રાજાના આખા કુટુંબનો નાશ કરાવીને જે લૂંટ મેળવવાની "આશા રાખો છો તે તમે જઈને ભોગવો. કારભારિયો પોતાના સ્વાર્થને લીધે જ જેને "કુંવર છે તે રાણીને ઉગારવાને લલચાયા છે, કેમકે રાજાના એકના એક કુંવરની તે "મા છે, તેનો જો નાશ કરાવવામાં આવે તો તેમના વિચાર ઉપર વ્હેમ રાખવામાં આવે."

૧ આ વેળાએ મેજર માઈલ્સ નહિ, પણ લેફ્ટનેન્ટ પ્રેસ્કટ પાલણપુરનો સુપરિન્ટેન્ડેન્ટ હતો એમ જણાય છે.

વિદાય કર્યા, અને શેઠને એકલા રાખીને કહ્યું કે, "અમે તમને ઠેઠ "ઈડર સુધી પ્હોંચાડવા આવીશું." જમી પરવાર્યા પછી શેઠને લઈને ઠાકોર દશ અશ્વાર સહિત તેને પ્હોંચાડવા નીકળ્યો. પણ, પોતે ધારેલા કામને યોગ્ય એવી જગ્યાએ આવી પ્હોંચ્યો, એટલે પોતાના પરોણાને કેદી બનાવી દીધો, અને તેને ઝાડીમાં લઈ ગયો. વાણિયાએ તેને કહ્યું: "મને છોડો "તો હું તમે માગો તેટલા રૂપિયા આપું." પણ ફત્તેહસિંહે કહ્યું કે, "મારે "તમારા રૂપિયા લેવા નથી, પણ તમારો ભાઈ ઈડરનું કારભારૂં કરે છે તે "અમારા હુકમનામાના રૂપિયા અપાવે, અથવા તે રૂપિયા વળી રૂહે ત્યાં "સુધી અમારી પાસેથી દરબારના હક્કના રૂપિયા લે નહિ, એવો બંદોબસ્ત "કરાવી આપે એવો કાગળ લખો." વાણિયાએ તે પ્રમાણે કાગળ લખી "મોકલ્યો. તેના ઉત્તરમાં ખેમચંદે લખ્યું જે, "ઈડર ઉપર અંગરેજ સરકાર- "ની[1] જપતી છે માટે એ વાત મારા હાથમાં નથી." આ ઉપરથી રૂપાલના

---

૧ મુંબઈ સરકાર, પોતાના તા. ૧૬ મી સપ્ટેમ્બર સન ૧૮૩૪ ના કોર્ટ ઑફ્ "ડિરેકટરો ઉપરના ડિસ્પાચમાં લખે છે કે, "ગંભીરસિંહના મરણ પછી રાજ્યની સત્તા "છાજુરામ કરીને એક હલકો માણસ દબાવી પડ્યો હતો. તે પ્હેલાં માજી રાજાના "વડા કુંવર ઉમેદસિંહના હાથ નીચે રહ્યો હતો અને તે કુંવરની ઘણી મીલ્કત સટોરી "લેવામાં પાર પડ્યો હતો. ત્યાર પછી લાલજી સાહેબના મરણ ઉપર ગંભીરસિંહે તેને "પોતાનો દિવાન ઠરાવ્યો, અને તે કેટલીક વેળા સુધી તેને નામનો જ મુખ્ય કારભારી "હતો. તો પણ ગંભીરસિંહ પછવાડેથી પોતાનું કામ પોતે ચલાવી લેતો હતો. તેણે "પોતાના મરણની અગાઉ કેટલીક વાર સુધી એના ઉપરથી પોતાનો વિશ્વાસ ઉઠાવી "લીધો હતો, અને જો કે રાજાના મરણ સુધી દિવાનનો અધિકાર નામનો જ તે રાખી "રહ્યો હતો, તો પણ રાજ્યના કારભારમાં રાજાએ તેને સામેલ કર્યો ન હતો "અને તેની સલાહ પણ લેવામાં આવતી ન હતી. રાણીના ભાઈ પિતાજીના સાધનથી "રાણીની કૃપા સંપાદન કરી લેવાનાં તેને સાધન મળ્યાં, અને મુંડેટીનો ઠાકોર જાલમસિંહ "જે એનાં નઠારાં કામોમાં સામેલ હતો તેની ઓથ મળવાથી બધું કામ ચલાવવા "લાગ્યો, અને અમે અમારો તા. ૮ મી ઑક્ટોબર ૧૮૩૩ નો રીપોર્ટ સતિયોના "પ્રસંગનો કર્યો છે ત્યારથી લૂંટવાની રીત તેણે ચાલુ કરી છે. મનુષ્યપ્રાણીના ઘાતકી "ભોગનો તે મુખ્ય કર્તાહર્તા હતો, અને તે સમયે તેણે દયા વિનાની ચાલ ચલાવી "તથા ઘણે પ્રસંગે રૈયતના ઉપર જુલ્મ કર્યા. તેથી આખા ઈડરવાડામાં તે સર્વના "મનમાં ધિક્કારભરેલો થઈ પડ્યો. * * * આવા કારભારને લીધે દેખીતું છે કે, બાળ- "કુંવરની મિલ્કતની બ્રિટિશ સરકાર રક્ષક છે. તે મિલ્કતમાં અતિશય નુકશાન થાય "અને દરબારની ઉપજ એટલી બધી લૂંટાય કે ગાયકવાડ સરકાર સાથનો ઠરાવ "પાળવાને જો કે અશક્ય ના થઈ પડે તો પણ આપણને ઘણું મુશ્કેલ થઈ પડે, એટલા "માટે, બાળ રાજાની ન્હાની ઉંમરમાં તેના રાજ્યનો કારભાર ચલાવનારા ઠરાવવાને

ઠાકોરે અખેચંદને ઘણું દુઃખ દેવા માંડ્યું. તેને લાંઘણો કરાવી, માર માર્યો અને તેના કાનમાં દારૂ ભરીને સળગાવ્યો, ત્યારે વાણિયાએ કહ્યું કે, "જે "રૂપિયાની તમારે તકરાર છે તેથી બમણા રૂપિયા હું મારી ગાંઠના આપું." પણ ફત્તેહસિંહ કહે કે, "એમ તો થાય નહિ, તમારા રૂપિયા મને પચવા દો "નહિ." છેવટે ખેમચંદે મુંડેટીના સૂરજમલને બોલાવ્યો અને તેને ઘણા રૂપિયા આપવા કરીને ખત લખી આપ્યું કે, "મારા ભાઇનો છૂટકારો "થયેથી તે આપવા." સૂરજમલ કુવાવે રહેતો હતો, ત્યાંથી રૂપાલના ઠાકોરનો શોધ કરવાને નીકળ્યો. ગામ વાવડીના ભીલોને રૂપાલ સાથે વેર હતું, કેમકે ફત્તેહસિંહની જાતના રેહવરોએ ઘણા ભીલોનાં ખુન કર્યાં હતાં. ફત્તેહસિંહની ભાળ કહાડવા સારૂ સૂરજમલે આ ભીલોને લાલચ દઇને કામે લગાડ્યા. ભીલોએ ભટકનારા જૂદા જૂદા માણસોને વેષ લઇને ફત્તેહસિંહનું રહેઠાણ શોધી કહાડ્યું. સૂરજમલને આ બાતમી મળી, એટલે તેણે છુપા શિરબંધી રાખવા માંડ્યા. અહંમદનગર અને મોડાસામાં તેણે બસેં બસેં રાખ્યા, અને બીજા બસેં ટીંટોઇમાં રાખ્યા. સૂરજમલ પોતે કુવાવે રહેતો હતો, તેને તેના જિલાયત વગેરે આવી મળ્યા, એટલે બંદુકદાર શિરબંધી લઇને પેલા ભીલોને આગેવાન કરીને ચાલ્યો. તે પેલી ઝાડી નજદીક ગયો, એટલે અખેચંદનો બ્રાહ્મણ રસોઇયો એક ટેકરા ઉપર ચડીને આસપાસ જોતો હતો તેના ઉપર બંદુક છોડી; તેને પગે ગોળી વાગી તથા ઠાકોર ફત્તેહસિંહનો એક ભીલ હતો તેને ગોળી વાગવાથી તે મરણ પામ્યો. તેની ખબર થવાથી જાળામાં એક ખાડો હતો તેમાં અખેચંદને બેસારીને ઠાકોર જમૈયો તાકિને વાણિયા ઉપર ચડી બેઠો, અને કહ્યું કે, "કાંઈ બોલીશ તો હું તને તરત મારી નાંખીશ." તેમજ બીજા ખાડામાં પેલા બ્રાહ્મણને લઈને કુંવર ગોકળજી રહ્યો, તેથી તેઓ ઘોંઘાટ કરી શકયા નહિ, અને સૂરજમલના ઘોડા આસપાસ ફર્યા અને કાંઈ જોવામાં આવ્યું નહિ, એટલે પાછા ફરયા અને રૂપાલ આવીને પડાવ કર્યો. ત્યાં તેઓ ત્રણ દિવસ રહ્યા. પછી ગામ ચાંદણિયે જઇને પંદર દિવસ રહ્યા. આ ઠેકાણેથી ખેમચંદને કહાવ્યું કે અમારે શિરબંધીના પગાર આપવા છે માટે અમને રૂપિયા આપો. પણ વાણિયાએ અગાઉથી રૂપિયા આપવાને ના કહી અને કહાવ્યું કે "તમે અમારૂં કામ સુધાર- "વાને બદલે ઉલટું બગાડયું છે." શિરબાંધયોએ ચડેલો પગાર માગવા

"પોલિટિકલ કમિશનરે ભલામણ કરી તે પ્રમાણે નીચે લખેલા શખ્સોને ઠરાવવામાં "આવ્યા છે:—રાણી, કુકડિયાના દરજનસિંહ (પ્રધાન), હમીરસિંહ (સૂરના), માજી "રાજાનો પિત્રાઈ અને મુંડેટીના જાલમસિંહનો કારભારી મીરજી શેઠિયો."

માંડ્યો. અને સૂરજમલને કાંઈ રૂપિયા મળ્યા નહિ એટલે રૂપાલ પાછા જઇને તેણે તે લૂંટીને ઢોર વાળ્યાં તથા બાન ઝાલ્યાં. ઢોર શિરબંધીના પગારને પેટે ખંડી આપ્યાં અને બાનનો દંડ આવ્યો તે પણ તેઓને આપતાં પૂરો પગાર આપી શકાયો નહિ, માટે સૂરજમલ તેઓને લઇને રૂપાલના બોખાર ગામ ઉપર ગયો ને તે લૂંટ્યું. આ બનાવ બનતાં પ્હેલાં રૂપાલના ઠાકોરે વેપારીની અફીણની પોઠ લૂંટીને બોખારના એક બ્રાહ્મણના ઘરમાં ભર્યું હતું તે વાત સૂરજમલના જાણવામાં આવી એટલે તેણે બ્રાહ્મણ પાસે તે માગ્યું. બ્રાહ્મણ અને તેની સ્ત્રિયે તરત જ ત્રાગું કરવા માંડ્યું. તેઓએ પોતાને હાથે ઘાયલ થઇને, જેઓ તેમના ઘરમાં પેસવા આવ્યા તેમને લોહી છાંટવા માંડ્યું એટલે રજપૂતો પાછા હઠ્યા, અને તે ગામનાં ઢોર અને બીજી માલમતા લઈને આગળની પેઠે જ શિરબંધિયોને વહેંચી આપી. ઈડરના કારભારિયે મુંડેટીના ઠાકોરના માગવા પ્રમાણે અપાયું નહિ, એટલે તે જિલ્લાનાં બે ત્રણ ગામ લૂંટ્યાં ત્યાર પછી તે ફારકીની ઝાડીનું જંગલ મુંડેટીની પાસે છે ત્યાં જઈને રહ્યો, અને ત્યાં રહીને ઈડરનાં ગામો ઉપર ચીઠ્ઠી લખીને સીધું, ઘાસ, અફીણ, તંબાકું, અને શેલડી વગેરે મંગાવવા લાગ્યો. ગામવાળા પ્હોંચાડે નહિ તો તે ગામ મારે; આવું છતાં પણ શિરબંધિયોનો પગાર આપી શકાયો નહિ, તેથી ફારકીમાં પગાર વાસ્તે તેઓએ સૂરજમલને બે ત્રણ દિવસ સુધી ધાન ખાવા દીધું નહિ, અને ઘણી ધમકી દીધી, ત્યારે તેઓને ધીરજ આપીને ત્યાંથી વડાળની સીમમાં એક તળાવ પાસે પડાવ કર્યો અને આસપાસનાં ગામોમાંથી જોરાવારયે ખોરાક ઉઘરાવી લેવા મંડ્યો.

ઈ૰ સ૰ ૧૮૩૫ માં અહંમદનગરનો રાજા કરણસિંહ દેવ થયો, ત્યારે મિ૰ એરસ્કિન, અંગરેજ સરકારનો એજંટ, ત્યાંથી થોડા માઇલની વેગળાપ્રયે વખતાપુરમાં હતો. ત્યાં તેણે સમાચાર સાંભળ્યા, એટલે તે સતિયો થતી અટકાવાને અહંમદનગર ગયો. ત્રણ દિવસ સુધી મડદું પડ્યું રહ્યું અને તેના પેટમાં ચીરીને મસાલો ભર્યો તેથી મડદું બગડ્યું નહિ. પછી ત્રીજે દિવસે સૌએ મળીને કેટલાક રજપૂતોને મિ૰ એરસ્કિન પાસે મોકલ્યા. તેઓએ જઈને અરજ કરી જે, "સાહેબ! અમે સતિયોને બાળત્કારથી બાળતા "નથી, તેઓ પોતાની મેળે બળે છે, અને એવો અમારો વંશપરંપરાનો "ચાલ છે." મિ૰ એરસ્કિને તે માણસોને કબ્જામાં રાખ્યા, અને કશો ઉત્તર ક્હેવરાવ્યો નહિ. એટલે ગામના રજપૂતો હતા, તેઓએ આસપાસના ભીલોને એકઠા કર્યા સૂરજમલને તેડાવ્યો અને નિશ્ચય કર્યો કે સતિયોને

છાનીમાની બળવા દઈશું, તેમ છતાં જાણ થયે અંગરેજ સરકારનો એજંટ અટકાવ કરશે તો સામા લડીશું. સૂરજમલ વેળાસર આવી પ્હોંચ્યો નહિ. ભીલ લોકોએ શહરની બાજુએ અંગરેજ સરકારના એજંટના મુકામથી વેગળે છાનીમાની ચિતા ખડકી ને તેમાં કપાસ, ઘી, નાળિયેરની કાચલી ઇત્યાદિ દાહ્ય પદાર્થો ભર્યા. મિ૦ એરસ્કિને શહરને સર્વ દરવાજે ચોકીદાર રાખ્યા હતા, તેથી રાત્રિની વેળાએ કિલ્લો કોચીને તેમાંથી અર્ધી રાત્રે હથિયાર સજીને સતિયોને લઈને ચાલ્યા. તે વેળાએ ત્રણ રાણિયોને સત ચડ્યું હતું; તેમાં શિરોઈના દેવરા ઠાકોરની પુત્રી, વરસોડાની ચાવડીજી અને રણાસરના રેહેવરની પુત્રી હતી. રજપૂતો અને ભીલોને મિ૦ એરસ્કિનના મુકામ આડા રાખ્યા હતા, પણ જ્યારે સતિયો બળવા લાગી, ત્યારે ચિતાનો ભડકો ઘણો મ્હોટો થયો એટલે તેણે તપાસ કરવા માણસ મોકલ્યાં. તેઓને ભીલોએ અટકાવ્યા અને તેમના ઉપર તીર ફેંકવા માંડ્યાં. પછી એજંટ પોતે પોતાની ટુકડી લઈને ચડ્યો, પણ તેટલામાં તો કામ પૂરું થઈ ચૂક્યું હતું, અને રજપૂતો જતા રહ્યા હતા; તો પણ ભીલોનાથી એક બ્રિટિશ કામદાર મરાયો હતો.[1]

સતિયો બળી મુવા પછી સૂરજમલ બીજે દિવસે અહંમદનગરની પડોશમાં આવ્યો અને પોતાના અશ્વારોને તપાસ ક્હાડવાને મોકલ્યા. તેઓએ ત્યાં જઇને જે નીપજ્યું હતું તે આવીને ઠાકોરને કહ્યું એટલે તેણે ત્યાંથી ઉપડીને વડાળીના તળાવે જઈ પડાવ કર્યો.

---

૧ મિ. એરસ્કિનનો વડોદરાના રેસિડેન્ટ ઉપર કાગળ તા. ૯ મી ફેબ્રુઆરી સન ૧૮૩૫:—

"આશરે આઠ વાગતાં મુકામ ખશેડ્યો હતો, અને ત્યાર પછી બહુ શાન્ત હતું. "પણ પાછલી રાતના અઢી વાગતાં ચિતા સળગ્યા વિષેની બૂમ પડી. અમે પ્રથમ જે "જગ્યાએ મુકામ કર્યો હતો તેની અને નદીની વચ્ચે ગાયકવાડના અશ્વારોએ છાવણી "કરી હતી; આ નદીને કિનારે ચિતા ખડકી હતી, અને આજે સવારે મને જાહેર કરવામાં "આવ્યું કે સ્ત્રિયોની બૂમરાણ અને કાલાવાલાનો ઘુંઘાટ એટલો બધો થયો હતો કે જે "ઊંઘી ગયાં હતાં તે સર્વે જાગી ઉઠ્યાં હતાં. આ જુલ્મનું કામ કરી શકવાને બસ થાય "એટલાં માણસ લીધાં હતાં, વધારે લીધાં ન હતાં, અને સ્ત્રિયોને કિલ્લાના ટુટી પડેલા "ભાગ ઉપરથી ઘસડી લઈ ને,કરણસિંહના બે દીકરા સાથે ખુની લોકો હતા તેઓ તેમને નદી-"કિનારે લઈ ગયા, અને ઘણી જ ઉતાવળ કરીને ચિતામાં નાંખીને ચિતાને તેલ, ઘીથી ખૂબ "સળગાવી દઈ ને ત્રાસદાયક કામ પરિપૂર્ણ કર્યું. સતીનો અટકાવ કરવાને કાંઈ પણ પ્રયત્ન "થઈ શકે એટલી વેળા રહી ન હતી; કેમ કે જ્યારે મને ખબર મળી ત્યારે તો મ્હોટા "આગના ભડકા મારા જોવામાં આવ્યા હતા અને જણ્યું હતું કે સર્વ હવે પતી ગયું છે."

અંગરેજી દફતરમાંથી વધારે હકિકત મળે છે તે આ પ્રકરણની સમાપ્તિની ટીપ જોવામાં આવશે.

મી૦ એરસ્કિને સૂરજમલને લખી મોકલ્યું કે, "તમે સસલાની પેઠે "ન્હાસો છો તો અમે શિકારી કૂતરાની પેઠે તમારી પછવાડે આવિયે છિયે." આવો પ્રસંગ જોઈને ઠાકોરે પોતાના કબીલાને પાનવરે પ્હોંચતો કર્યો અને પોતે, ધુંઆની પ્રસિદ્ધ ડુંગરી ધાડી ઝાડીથી વિંટળાઈ ગયેલી છે ત્યાં જઈ રહ્યો. એજંટની પાસે નવી ટુકડી આવી પ્હોંચી, એટલે તે અગિયાર ગોરા કામદાર લઈને ગોતા ઉપર ચડ્યો. ત્યાં સૂરજમલના ઘર આગળ એક ઘેટો બાંધ્યો હતો તે લેવાને એક તુર્કી અશ્વાર આવ્યો તેને ગોળી વાગવાથી તે મરણ પામ્યો. ત્યાર પછી બીજાં ઘણાં માણસો મરાયાં, તેમાં એક ગોરો કામદાર કામ આવ્યો તથાપિ ગામ લેવાયું નહિ. રાત્રિની વેળાએ સૂરજમલની કાકી, પોળના રાવની વિધવા હતી તે, કેટલાક ભીલ લઈને પાનવરે જતી રહી. સવારમાં લડાઈ ચાલી તે બપોર સુધી રહી, પણ ગામ લેવાયું નહિ. આ વેળાએ ઘરોઈનો કાળી ઠાકોર અંગરેજો સાથે હતો તેને ને સૂરજમલને વેર હતું, તેથી તેણે કહ્યું કે, હું ગામ ભેલાડું. પછી તેઓએ ખાતર પાડીને ઘોડા કહાડ્યા ને ફોજે ગામમાં પેશીને ગામ બાળ્યું. તેમાં ઘણા રજપૂતો મરાયા અથવા ઘાયલ થયા. રતનો રાઠોડ ઘણા જણને મારીને પડ્યો. તેની તરવાર ઝાડને વાગ્યાનાં નિશાન આજે પણ ત્યાંના લોક દેખાડી આપે છે.

સોરઠો

આગે કહેતા એમ, શિર પડિયા ધડ ઊઠસે;
નર રતના! તેં નેમ, સો રાખ્યો ભડ શેરરા.[1] ૧

ત્યાંથી થોડા ગાઉ ઉપર ધુંઆના ડુંગરામાં સૂરજમલ હતો ત્યાં તેણે બંદુકોના ભડાકા સાંભળ્યા, તથા ગામ બળતું દીઠું, ત્યારે તેણે પોતાનાં માણુસો બાતમી કહાડવા મોકલ્યાં. ગામમાંથી ન્હાશી જતા લોકો તેમને સામા મળ્યા. તેઓને પૂછીને બધી ખબર આવીને સૂરજમલને કહી. તે ઉપરથી તે પોતાના રજપૂત અશ્વાર અને ચારસેં બંદુકોવાળા લઈને ગોતા ઉપર ગયો. તે વેળાએ અંગરેજી ફોજની ટુકડી તે ગામના તળાવમાં પડી હતી.

---

૧ કહે છે કે રત્નો તરવાર લઈને લડવા પડ્યો, તેમાં તેનું માથું કપાઈ પડ્યું. ત્યાર પછી તેનું ધડ દશ વીશ ડગલાં ચાલીને લડ્યું તે ગળીનો તાંતણો આડો નાંખ્યો ત્યારે તે ધડ પડ્યું. તે ઉપરથી કવિએ સોરઠો કર્યો કે, આગળ લોક એમ કહેતા કે માથું પડ્યા પછી ધડ લડે છે તે નિયમ ઓ શેરસિંહના દીકરા! તેં રાખ્યો.

કહે છે કે માથું ઊતરી ગયા પછી ધડ જેનું લડે છે તે જાતનો હિન્દુ હોય તો તેના ધડ ઉપર ગળિયલ કપડું અથવા ગાયનું લોહી નાંખે તો પડી જાય, અને લડનાર મુસલમાન હોય તો તે પર અગ્નિ નાંખ્યાથી પડી જાય છે. ર. ઉ.

જે મરણ પામ્યા હતા તેઓને ડોળિયોમાં ઘાલેલા હતા, અને કેટલાક તળાવ આગળ ખાતાપીતા હતા. તેવામાં સૂરજમલે પોતાના બંદુકદારોને ડુંગરી ફેરવીને ગોતા તથા વડાળી વચ્ચે વાંધું છે ત્યાં આગળ મોકલ્યા, અને જ્યારે અંગ્રેજ સરકારની ફોજ ચાલી ત્યારે પછવાડેથી પોતે અશ્વારો સહિત ચાલ્યો અને ફોજ એક ઝાડીમાં જઈ પ્હોંચી, એટલે ત્યાંથી તેણે તેઓના ઉપર ઉપાડો કર્યો તથા ફોજને વચમાં ઘાલીને ઘણાં માણસોને કત્લ કર્યાં. અહિયાં પણ એક અંગરેજ કામદાર મરાયો એમ લોક કહે છે.

ફોજની ટુકડી વડાળી પ્હોંચી, અને ત્યાંથી ઈડર થઈને સાદરે[1] ગઈ;

---

૧ કચાપટન ડેલામેને ઈડરથી તા૦ ૨૨ મી ફેબ્રુઆરી, ૧૮૩૫ ને રોજ મી૦ એરસ્કિનને પત્ર લખ્યું હતું તે માંહેથી ગોતા સંબંધીની વાત નીચે ઉતારી લઇયે છીયેઃ–

“સૂરજમલ જે જગ્યા રોકી બેઠેલો કહેવામાં આવ્યું હતું ત્યાં હું ગઈ કાલે પરો-
“ડિયું થતાં જઈ પ્હોંચ્યો, એટલે તે જગ્યા છોડીને તે ગયેલો માલમ પડ્યો. તપાસ
“કરતાં મને માલમ પડ્યું કે ગોતા ગામ જે બે ગાઉને છેટે છે તેણી મગ બે દિવસ
“થયાં તે ગયો છે. એ ગામ તેના ભાઈના તાબામાં છે, અને સંભવ એવો લાગ્યો કે,
“તે પાસેની કોઈ જગ્યાએ તેની સાથે હશે. મેં તે ગામ ઉપર કુચ કરી અને આગળનાં
“માણસ ગામના ધોરી રસ્તા ઉપર જઈ પ્હોંચ્યાં, એટલે ઉંચી ગઢી ઉપરથી એકદમ
“તેમના ઉપર ભડાકો કરયો, અને થોડી વારમાં તો ઘણે ઠેકાણેથી બંને બાજુ ભણીથી
“બાર થવા લાગ્યા. પરિણામ એ થયો કે ચાર પાંચ માણસો જે મારયાં ગયાં તે બાદ
“કરતાં ગામમાં જે પચીસ માણસ હતાં તે બધાંય કેદ પકડાયાં.

“મને લખવાને ખેદ થાય છે કે, આપણને અતિ ભારે નુકશાન થયું છે, તે
“આપણે જે મતલબ હાંસલ કરી લેવાની તેના પ્રમાણમાં અગાઉથી ધારણા કરી રાખવા
“કરતાં બહુ વધારે થયું છે. એક મજબુત ઉંચી ગઢી ઉપર આશરે સાત માણસો ચડી
“જઈને પોતાની જગ્યા સાચવી રહ્યા હતા તેઓનાથી એ બધું નુકશાન થયલું છે. એ
“ગઢી એક ચોકમાં આવેલી હતી, એના ઉપર ચડવાને માત્ર એક ન્હાની બારી વિના
“કાંઈ સાધન હતું નહિ. એ બારી ચોકની પડખાની ઈમારતોનાં બાકાંમાંથી નજરે
“પડે એમ હતી, અને ત્યાં જવાના ગુચપુચિયા માર્ગમાં શત્રુના પ્હેરેગીર મૂકેલા હતા.
“તેઓનો મારો તાક્યા પ્રમાણે થતો હતો, અને તેઓએ પોતાનો બચાવ કરયો તે
“શૌર્યના ઉદાહરણ તરીકે અતિશય માન આપવાને યોગ્ય હતો. આપણને જે નુકશાન
“પ્હોંચ્યું તે વિષે મે પ્રથમ મારો ખેદ જણાવ્યો છે. મને લખવાને ખેદ ઉપજે છે કે,
“મરણ પામેલાઓની સંખ્યામાં લેફ્ટનેન્ટ પાટ્રિજર આવી ગયો છે. આગળ ધસારો કરવાની
“શૂરથી આગેવાની કરતાં તે પડ્યો અને તેને આ ઠેકાણે આણ્યો ખરો; પણ ગઈ કાલે
“રાત્રિના દશ વાગતાં તેણે દેહ છોડ્યો છે. વાર થાય નહિ એટલા માટે એનું મડદું
“મેં તમારી છાવણી ભણી આ ક્ષણે મોકલી દીધું છે અને આશા રાખું છું કે આ
“કાગળ તેના આવી પ્હોંચતાં પ્હેલાં તમને પ્હોંચશે.

સૂરજમલ ત્યાંથી ધુઆને ડુંગર પાછો ગયો. પછી તેણે ગલોડા ગામના એક વાણીયાને પોતાના ગુજરાનના પૈસા મેળવવા સારૂ બાન પકડ્યો અને તેને પાનવરે લઈ ગયો. પછી બે તોપો લઈને બ્રિટિશ એજંટ અહમદનગર ગયો અને પછી ઈડર આવ્યો. ઈડર આવીને તેણે મુંડેટીના ઠાકોર જાલમસિંહને બોલાવીને કહ્યું કે, "તમારા દીકરાને પકડવાને તમે આગળ ચાલો." સૂરજમલ આ વેળાએ ફારકીમાં હતો, તે સમાચાર જાલમસિંહે એજંટને કહ્યા, પણ તે જ

"ગોતા ગામ ઘણું ખરૂં બળી ગયું છે. મારે આ ઠેકાણે તમારી જાણમાં લાવવાને "જાહેર કરવું જોઈયે કે, દેશ કેવો છે એ વિષે તમને જે ખબર મળી હતી અને તે તમે "મને લખી જણાવી હતી તે ઘણી ખરી ખોટી હતી. ખરાબાના ટેકરાનો ઘાડાં જંગ-"લથી છવાઈ ગયેલો દેશ છે, અને ઘોડેશ્વાર જે ઉપયોગમાં આવે છે તે વિષેનો વિચાર "કરતાં, ત્યાં બિલકુલ ચાલી શકે એમ છે નહિ, અને એથી પાયદલને અતિ ઘણો ગેર-"ફાયદો થાય છે. ગઈ કાલે અમે એ ગામ છોડી દીધું તે વેળાએ એ વિષેનો દાખલો "મળ્યો. સૂરજમલ (જે પાસે હતો તે) પોતાના અનુગામી સહિત આવ્યો અને જંગ-"લમાં રહીને ઘોડેશ્વારના આગલા ભાગ ઉપર તેણે મારો ચલાવ્યો, તેમાં એક અશ્વાર "મારચો ગયો; એના ઉપર હુમલો કરવાનું કામ અશક્ય હતું, અને જો એમ કર્યું "હોત તો, એનાથી આપણને જે નુકશાન થયું છે તેમાં માત્ર વધારો થાત. મારી "પાસે પાયદલ હતું તેને સ્વાધીન કેદિયો આપીને આગળ ચાલતું કર્યું હતું, તેથી તે "ખપમાં આવે એમ હતું નહિ.

"મારો ઈરાદો રાતોરાત વડાલીમાં મુકામ કરવાનો હતો, પણ સવારમાં મેં ખુલ્લી "જગ્યા અને એક તળાવ જોયું હતું પણ તેથી આપણું કામ સરે એમ હતું, નહિ એવું "મને પછવાડેથી લાગ્યું. તેના શોધમાં ગામની આ બાજુએ ભૂલથી એક કોસ આગળ "વધી ગયા, એટલે કુચ જારી રાખવાથી આ ઠેકાણે આઠ વાગતાં આવી પ્હોંચ્યા, ત્યારે "માણસ અને ઘોડાં અતિશય થાકી ગયાં હતાં.

"જે માણસો ઘાયલ થયાં તથા મરણ પામ્યાં તેનું પત્રક આ સાથે મોકલ્યું છે. "જે માણસો ખૂટે છે તેઓ સો વશા શત્રુના હાથમાં પકડાયાં હશે અથવા મરણ "પામ્યાં હશે. મારી ધારણામાં એમ આવે છે કે તેઓના મનમાં લૂંટ મેળવવાની આશા "હશે, તેથી આપણી ટોળીનાં માણસોને એકઠાં કરવાને બ્યુગલ કરવામાં આવી તે સમયે, "સૂરજમલ તથા તેના અનુગામિયો છેક પાસે હતા, તેની તેમને ખબર નહિ હોય તેથી "તેઓ ગામમાં રહી ગયાં હશે.

"સૂરજમલ એક બલવાન દેશમાંથી બીજા વધારે બલવાન દેશમાં ન્હાસતો ફરશે "તેથી એને પકડવાનું અથવા એનો ન્હાશ કરવાનું કામ મને કઠિણ લાગે છે. આવા "પ્રકારના દેશમાં એના લશ્કર ઉપર માત્ર બસેં માણસોથી હલ્લો કરવાને મને ઠીક "લાગતું નથી. હું એને ન્હસાડી શકું એમાં મને કાંઈ શક રહેતો નથી, પણ આપણને "દશ ગણું નુકશાન થાય અને તે વળી, મને લાગે છે કે જે લાભ મેળવી લેવાનો તેના "પ્રમાણમાં કશા હિસાબમાં નહિ."

વેળાએ તેણે સૂરજમલને કહાવ્યું કે, "તારા ઉપર સાહેબની અશ્વારી "આવે છે માટે તું ન્હાશી જજે." જ્યારે અશ્વારી ફારકિયે પ્હોંચી ત્યારે સૂરજમલ ન્હાશી ગયો તે એવી ઝડપથી કે, તેની જાજમ, ઉંટનો કાઠડો વગેરે સામાન રહી ગયો, તેથી તેણે જે વાણિયાને બાન પકડ્યો હતો તે પણ છૂટી ગયો. ફારકી તથા પોળ્યો વચ્ચે ડુંગરમાં ઘોડાધરો નામે એક ધરો છે, ત્યાં સૂરજમલ ગયો. બ્રિટિશ એજંટે જાલમસિંહને ધમકી દેવા માંડી ત્યારે વિચાર્યું કે હવે ફોજ તેની પછવાડે જશે નહિ તેથી તેણે કહી દીધું કે એ તો ઘોડાધરે છે. પણ અંગરેજ સરકારની ફોજ તો તેણીમગ ચાલી ને મુંટેડીના ઠાકોરને પોતાના દીકરાને ચેતાવવા જેટલો અવકાશ મળ્યો નહિ. સૂરજમલ ફોજ ઉપર મારો ચલાવીને ત્યાંથી ન્હાઠો. ન્હાસતી વેળાએ તેનો ભાઈ શેરસિંહ તેની સાથે હતો તે ગભરાઈ જવાથી પાછળ રહી ગયો તે માર્યો જાત, પણ તેના માણસોએ તેને ઉંચકીને ડુંગરા ઉપર ચડાવી દીધો. સૂરજમલ ત્યાંથી ફરીને પાનવરે ગયો.

જાલમસિંહને પોતાના પુત્ર સૂરજમલ સાથે વેર હતું તેવામાં તેને કુવાવે રાખ્યો હતો. તે ખારે તેણે બ્રિટિશ એજંટને સમજાવ્યું કે રૂપાલનો ઠાકોર (ફતેહસિંહ), અહંમદનગરનો રાજા પૃથ્વીસિંહ અને તખતસિંહ સતી વિષેની તકરારને લીધે વખે છે. તેઓ તથા સૂરજમલ એ સર્વે કુવાવે ભેગા થયા છે. એવું સાંભળીને એજંટ પોતાના અશ્વાર લઇને ત્યાં ગયો અને જે ચારણોનું તે ગામ હતું તેઓને તેણે તેડાવ્યા (તેમાં આ વાત કહેનાર પણ હતો) અને પૂછ્યું કે સૂરજમલ ક્યાં છે ? તેઓ કહે કે અમે જાણતા નથી, એટલે ગામ સામી તોપો માંડીને ગોળા ચલાવવા માંડ્યા ને કિલ્લો તોડી પાડ્યો, ગામ લૂંટ્યું ને બાળ્યું. ગામના લોકોએ ન્હાસવા માંડ્યું તેઓને પકડ્યા, અને તેમનાં ઢોર સુદ્ધાંત તેઓને વડાલીમાં અંગરેજની છાવણી હતી ત્યાં પ્હોંચતા કર્યા. ત્યાર પછી સૂરજમલને પકડવા સારૂ ફોજ ત્યાંથી પાનવરે ગઈ. ત્યાં લડાઈ થઈ. તે વેળાએ હલ્લો કરનારી ટુકડીનો અંગરેજ કામદાર અને પચાશ માણસ મરાયાં. પાનવર લીધું અને બાળ્યું, તથા ગામના લોકો તેમાંથી ન્હાશી ગયા. ત્યાર પછી મેવાડમાંનું માનપુર લશ્કરે બાળ્યું. સૂરજમલ પોતાની ઠકરાણી જોધીજીને લઇને ડુંગરામાં ન્હાઠો; તે આવી જંગલની જગ્યાએ એવી દુ:ખદાયક સ્થિતિમાં તેની સાથે ગઈ કે, તેને પગમાં ઘણા કાંટા વાગ્યા, ને તેની પુત્રીને પછીથી ઈડરના મહારાજ જવાનસિંહ વ્હેરે પરણાવી છે. આ પુત્રી કેડે બેસારી હતી, તેથી તે છેક થાકી ગઈ.

જ્યારે અંગરેજ સરકારની ફ઼ોજ પાછી સાદરે ગઈ, ત્યારે, પાનવર પાછું ફ઼રીને વશ્યું, અને સૂરજમલ પોતાના કબીલાને ત્યાં રાખીને પોતે કુવાવે ગયો. ત્યાં રહી. ડુંગરામાંથી ઈડર જિલ્લામાં લૂંટફ઼ાટ કરવા લાગ્યો. આ વેળાએ સિદ્ધપુરના મઠનો મહંત મરણ પામ્યો હતો, તેની ગાદી માટે તેના બે ચેલા વચ્ચે તકરાર ઉઠી તે માંહેલો એક રાજ ભારથી કરીને હતો, તેણે પોતાનો પોશાક બદલીને રજપૂતનો ધારણ કર્યો, અને બ્હારવટે નીકળી સૂરજમલ સાથે મળી ગયો. તેણે તેને કહ્યું કે, "તમે મારી સાહ્યતા "કરો તો હું તમોને માણસોનું બધું ખર્ચ આપું." સૂરજમલે તે વાત માન્ય કરી, ને તેઓ સિદ્ધપુર પરગણામાં લૂંટફ઼ાટ કરવા લાગ્યાં. સૂરજમલ અને રાજ ભારથી એક વાર અઢાર અશ્વારો લઈને સિદ્ધપુરની પાસે સરસ્વતીને કિનારે ઉતર્યા, ત્યાં રસોઈ કરાવી; તેઓને આવતા જતા લોકો પૂછે કે તમે કોણ છો? ત્યારે કહે કે અમે ઈડરના છિયે, અને પાલણપુર મ્હોંકાણે જઇયે છિયે. આવી વાત બંધ બેસતી હતી, કેમકે, તેવામાં પાલણપુરના વડગામનો દિવાનજી ગુજર્યો હતો. સાંજની વેળાએ બધા રજપૂતો બજારમાં ગયા, અને ત્યાંના નગરશેઠને પકડવાનો વિચાર કર્યો. પણ તેનો તેઓને પત્તો લાગ્યો નહિ, ત્યારે, બીજો એક લખુ શેઠ કરીને હતો તેને ઘેર ગયા, અને ગુમાસ્તાને કહ્યું કે, "અમારે એક હુંડી વટાવવાની છે, "તમારો શેઠ ક્યાં છે?" તેણે કહ્યું કે, "મારા શેઠ મેડા ઉપર જમવા બેઠા છે લાવો "હુંડી હું વટાવી આપું." રજપૂતો ઘોડા ઉપરથી હેઠા ઉતર્યા, અને મેડા ઉપર ચડીને શેઠને નીચે ઘસડી લાવ્યા, અને ઘાસના ભારાની પેઠે તેને ઘોડા ઉપર નાંખીને લઈ ચાલ્યા. તે વેળાએ બજારમાં બૂમાબૂમ થઈ. તેઓ દરવાજા આગળ આવી પ્હોંચ્યા ત્યારે ત્યાં દરવાન દરવાજો બંધ કરતો હતો તેને એક રજપૂતે ગાળ દીધી, અને તરવાર ખેંચી, એટલે, તેણે દરવાજો ઉઘાડ્યો; આવો મામલો જોઈ સૂરજમલ તથા તેના માણસોએ ઓડનો રસ્તો ઝાલ્યો. સિદ્ધપુર ગાયકવાડી થાણું હતું તે બ્હારે ચઢ્યું પણ તે હળવે હળવે પછવાડે ગયું, કેમકે, તેઓને કાંઈ ઇનામ મળવાની આશા ન હતી, તેથી, ધાડ પાડનારા સાથે લડવાની તેમની મરજી ન હતી; છેવટે તેઓ થોડે જઇને પાછા આવ્યા. સૂરજમલ ઓડેથી ધુંઆના ડુંગરમાં રહીને પાનવરે ગયો. ત્યાં લખુ શેઠે કહ્યું જે, "તમે "મને દુઃખ દેશો નહિ, જો તમે મને છોડી દ્યો તો જેટલો માગો તેટલો "દંડ હું આપું." ત્યારે તેણે કહ્યું કે, "અમારે દંડ જોઇતો નથી, પણ અતી-"તનો ટંટો પતાવવો છે." વાણિયાએ હુંડી લખી આપી, તે લઇને તેના માણસો રૂપિયા લઈ પોતાને માટે તથા પોતાના કેદીને સારૂ જોઇતો સરસામાન લાવ્યા.

સિદ્ધપુરના મહાજને વડોદરા સરકારને અરજી કરી કે લખુ શેઠનો છૂટકારો થશે નહિ તો અમે સૌ સિદ્ધપુરમાંથી ઉચાળા ભરીશું. આ ઉપરથી ગાયકવાડ સરકારે શાહુકારને છોડાવા સારૂ ક્યાપટન ઔટરામને લખ્યું. તે આ વેળાએ મહીકાંઠાનો પોલિટિકલ એજંટ હતો. તેણે ઈડર જઇને સઘળા બ્હારવટિયાઓને જમાન તથા બાંહધર આપીને તેડાવ્યા. પ્હેલંહેલો સૂરજમલ આવ્યો, તેનો અપરાધ માફ કરવા ઉપરથી તેણે પોતાના હાથમાંથી તરવાર નાંખી દીધી, અને એજંટને કહ્યું કે મારા શિરબંધી પગાર સારૂ મને નડશે ને મારી પાસે તો ખાવા જેટલું પણ નથી. તેને પછી મુંડેટી પટાનાં બે ગામ આપ્યાં, એટલે, વીશ અશ્વાર રાખીને બીજાઓને તેણે રજા આપી; તેને ઈડરના મહારાજે ભીલોડાની થાણુદારી આપી. તેના માણસોને પગારદાર કરીને રાખ્યા, તેના પગારનો પણ નીકાલ થયો. તેના જિલાયતો તેની સાથે વખામાં હતા, તેઓનાં ગામ પણ પાછાં સોંપાવ્યાં. તેનો સોબતી રાજ ભારથી ગાયકવાડને શરણ થયો, તેને તેણે કેટલાક મહિના સુધી કેદખાનામાં નાંખ્યો, પછી તેની પાસેથી દંડ લેઇને તેને સિદ્ધપુરના મઠની ગાદિયે સ્થાપ્યો, તે આજે ઘણો પૈસાવાળો કહેવાય છે. એ જ પ્રમાણે અહંમદનગર, રૂપાલ, અને બીજાં ગામોના બ્હારવટિયાઓને તેમની જગ્યા પાછી સોંપી અને આખા ઈડરવાડામાં સલાહશાન્તિ કરી દીધી.

ઈ૦ સ૦ ૧૮૩૮માં મુંડેટીનો ઠાકોર જાલમસિંહ મરણ પામ્યો તેની ગાદિયે સૂરજમલ બેઠો અને તેના ભાઈ શેરસિંહને રતનપુર અને ગોતા ગામ રહ્યાં.

મહીકાંઠા સંબંધી છેવટ લખાણ સાથે જોડેલી ટીપ, અંગ્રેજી દફતરમાં લખ્યા પ્રમાણે.

નોટ–તા૦ ૧૭ મી સપ્ટેમ્બર સન ૧૮૩૫ ના રોજનો મુંબઈ સરકારનો ડિસ્પાચ.

"ગયા ફેબ્રુઆરી મહિનાની ૧૬ મી તારીખે મી૦ એરસ્કિન અહંમદનગર આવી પ્હોંચ્યો, અને ત્યાં તે, આ ઓચિંતા બનાવ કરતાં કેવળ જૂદા જ પ્રકારનું બંડ બેસારી દેવાને, ત્રણસો માણસથી ગયો હતો, તે સમયે તેને એમ જાણ કરવામાં આવ્યું કે, 'આ પરગણાનો રાજા કરણસિંહ આજનો દિવસ કહાડે એવી આશા નથી.' આ ઉપરથી મી૦ એરસ્કિને તપાસ કર્યો કે, જેમ ૧૮૩૩ ના આગસ્ટ મહિનામાં ઈડરનો રાજા દેવ થયો, તે વેળાએ, જેમ બન્યું હતું તેમ આ રાજાને સાત સ્ત્રીઓ છે તેઓને જોરાવરીથી સતી કરવામાં આવનાર છે કે નહિ. તેને આ વિષે મનપતીજ બાતમી મળી

શકી નહિ. તા૦ ૬ ઠ્ઠી ફેબ્રુઆરીની રાત્રે રાજા અસુરો મરણ પામ્યો, તે વાત બીજે દિવસે સાંજ પડતાં સુધી સંતાડી રાખી, પણ પછીથી, ઉઘાડી રીતે વાત ચાલી કે, સાત રાણીઓમાંથી પાંચ રાણીઓ સતી થવાની છે. સાતમી તારીખના બગબગામાં, મી૦ એરસ્કિને, રાજાનો પૃથીરાજ કરીને સુમારે સત્તર વર્ષનો કુંવર હતો તેને, તથા રાજાનો ભત્રિજો, સૂરનો હમીરસિંહ કરીને હતો, તે બંનેને પોતાની હુઝૂરમાં બોલાવ્યા, અને મનુષ્યપ્રાણીનો ઘાત થાય એવા ઘાતકી કામ વિષે બ્રિટિશ સરકારને ઘણો ધિક્કાર છે એ વાતની તેમને જાણ કરી, તથા એવા કામની સામે તેનાથી થાય તે ઉપાય કરીને આડે આવવાનો તેનો વિચાર હતો તે પણ જણાવી દીધો, અને કહ્યું કે, સતી કરવાની ત્રાસદાયક ક્રિયા વિષે આગળ ગણકારવામાં આવતું નહિ, પણ હવે તો, જો તેમ થાય તો ગુનોહ થયો એમ બ્રિટિશ સરકાર ગણે છે. પૃથીરાજ અને હમીરસિંહ સતી થવાની અગત્ય વિષે સમજાવવા લાગ્યા, અને મિ. એરસ્કિન તેઓને પોતાના વિચાર સાથે મેળવી લેવાને પ્રયત્ન કરવા લાગ્યો. એમાં એનો બીજો આખો દાહાડો નીકળી ગયો.

આ પ્રમાણે તેઓ વિવાદ ચલાવતા હતા, તે પોતાની બધી મતલબ સાધી લેવાને અવકાશ મેળવવા સારૂ હતું. દરમ્યાન તેમણે બળવાન ફોજ એકઠી કરીને તેના આશ્રયથી સતી કરવાનો તેમનો વિચાર પૂર્ણ કરવા સારૂ અહંમદનગર જિલ્લામાંથી હથિયારબંધ ભીલ અને બંદુકદાર માણસો એકઠાં કરવાને ગામેગામ માણસો મોકલ્યાં હતાં, તે વિષે મિ૦ એરસ્કિનના જાણવામાં કાંઈ પણ હતું નહિ. સાંજ પડવા આવી તે વેળાએ, ચારે મગ હથિયારવાળા માણસોનાં ટોળેટોળાં શહર ભણી જતાં, આપણા મેલાણ આગળથી જણાવા લાગ્યાં. એટલે મિ૦ એરસ્કિને ટુકડીના કમાન્ડિંગ આફિસરને, તે લોકોનાં હથિયાર છોડાવાની આજ્ઞા કરી, કેમકે, રાજાને બાળવાને માટે એવા પ્રકારના માણસોનું લશ્કર એકઠું કરવાની કાંઈ અગત્ય જેવું હતું નહિ. તેથી કાંઈક દુષ્ટ કામ કરવાના ઈરાદાથી તેઓ એકઠા થયા હતા, એ વાત ઉઘાડી જ હતી. એક બે ટોળિયોનાં હથિયાર તો મૂકાવ્યાં, અને તેઓને કહ્યું કે, બીજે દિવસે તમારાં હથિયાર પાછાં આપવામાં આવશે. પછી તેઓને જવા દીધા. એટલામાં એવી બાતમી મળી કે, ઘણાં હથિયાર સજેલાં માણસો કિલ્લામાં એકઠાં થયાં છે, અને પચાસ કે સાઠ બંદુકવાળા કોળિયો, અને બીજા કરણસિંહના કોટવાલના ઉપરીપણા નીચે જામગરિયો સળગાવીને અને કામઠાં ચડાવીને, લેફ્ટનેન્ટ લુઈ જે શહરના કિલ્લા આગળ કવાયત કરાવતો હતો તેની લગભગ જઈ પ્હોંચ્યાં છે. કોટવાલ ઘોડા ઉપર બેઠો હતો, તેને લુઇએ બોલાવ્યો અને પોતાને હુકમ મળ્યો હતો તે કહી સંભળાવ્યો અને કહ્યું કે, તમારા હાથ નીચેનાં માણસોનાં હથિયાર તમે મૂકાવો. પણ આવું સાંભળીને કોટવાલે તો પોતાની પછવાડે માણસો હતાં તેમને તરત હુકમ કરયો કે, લુઈના ઉપર મારો ચલાવો. માણસોએ વગર આનાકાની કરવે તેનો હુકમ માન્યો, અને લેફ્ટનેન્ટ લુઇને એક પડખામાં ઘાયલ કરયો. પછી તે ટુકડી શહરમાં દોડી ગઈ, દરવાજા ઉતાવળથી બંધ કરી દીધા, અને કોટ ઉપર ચડીને આપણા લશ્કર ઉપર ખૂબ મારો ચલાવ્યો. તે વેળાએ આપણું લશ્કર કિલ્લાથી બસેં કદમ છેટે હતું. શહરમાં થોડી તોપો હતી તે રાતની વેળાએ જો બુરજા ઉપર ચડાવી દીધી હોય તે આપણાં ઘણાં માણસોનો ઘાણ કહાડી નાંખે એવી બ્હીક હતી, તેથી થોડાં કદમ પછવાડે

પડવાનો વિચાર ઘટિત જણાયો. અને તેટલી વારમાં મિ૦ એરસ્કિને અમદાવાદ અને હરસોલના લશ્કરી અમલદારોને તોપો મોકલી દેવાનું કહાવ્યું કે દરવાજો તોડીને શાહરનો કબ્જો કરી લેવામાં આવે. બીજે દિવસે સવારમાં (તા. ૯ મીએ) અઢી વાગતાં સુધી સર્વ શાન્ત રહ્યું હતું, તેવામાં ચિતા સળગાવ્યા વિષેની વાત જાણવામાં આવી. પણ જે ઘાતકી કામ થવા માંડ્યું હતું તેનો અટકાવ કરવાને હવે સમય રહ્યો ન હતો. આ જંગલી કામ કરનારાઓએ જે ઉપાય કામે લગાડ્યા હતા તેમાં તેઓ ખરેખરા ફત્તેહ પામ્યા, અને ભાગ્યહીણ સ્ત્રિયો, તેઓના નાશ કરનારાઓના જંગલી વ્હેમનો ભોગ થઈ પડી. આ વિષેનું યથાસ્થિત વર્ણન અમે આનરેબલ કોર્ટને આ ઠેકાણે લખી જણાવતા નથી, પણ મિ૦ એરસ્કિનનો રિપોર્ટ હાંસિયામાં નોંધેલો છે તે ઉપરથી જાણવામાં આવશે. (આ પત્ર ૨૫૮–૫૯ માં પૃષ્ઠની ટીપમાં આપેલું છે.)

"ઝમકમાટ ઉપજાવનારૂં કામ પૂરૂં થયું, પછી માજી રાજાના બે કુંવર, રજપૂત અને બીજા લોકની એક ટોળી સાથે શાહરની બાહાર નીકળી આવ્યા. સવારના પ્રહરમાં તેઓએ શત્રુવટની કાંઈ નિશાની આપણી ટુકડી ભણી બતાવી નહિ, માત્ર બે ભિસ્તિયો નદી ઉપર જતા આવતા હતા તેઓના ઉપર થોડીક ગોળિયો ચલાવી, ઘણા ખરા ભીલ અને કોળિયો તો શાહરમાંથી રાત્રે જ જતા રહ્યા હતા. આ વેળાએ મિ૦ એરસ્કિનને જે બાતમી મળી હતી તે ઉપરથી તેને માનવાને કારણ છે કે, જે સતિયો થઈ તેઓ વિષે તો બલાત્કારના ઉપાય કામે લગાડવામાં આવ્યા હતા. પણ પૃથીરાજ મિ. એરસ્કિનની સલાહ પ્રમાણે ચાલવાને તૈયાર થયો હતો, તેની મરજીની સામે એ કામ કરવામાં આવ્યું હતું.

"જે લશ્કર હતું તે સિવાય, તા. ૯ મીની સાંજે પચાસ માણસની એક ટુકડી હરસોલથી આવી પ્હોંચી. ક્યાપટન લાર્ડનર ઉપરી હતો તેનો વિચાર તે સાંજે શાહરનો કબ્જો લઈ લેવાનો હતો, પણ નીચે લખેલી અડચણ નડી હોત નહિ તો વધારે અડચણ વેઠયા વિના તે પ્રમાણે કરી શક્યો હોતઃ—

"સતી થતાં પ્હેલાં કેટલાક મહિના અગાઉ, મુંડેટીના ઠાકોર જાલમસિંહ ચોહાણના મ્હોટા કુંવર સૂરજમલે બળવાખોર લોકોની એક મ્હોટી ટોળી જમાવી હતી, અને તેનો પોતે નાયક થયો હતો. અમદાવાદની ખુશાલચંદ નાહાલચંદની પ્હેડીનો મુકાદમ ખેમચંદ હતો. તેનો ભાઈ ડુંગરપુરનો શાહુકાર હતો તેને છોડાવવાને અને રૂપાલના હિંમતસિંહ તથા ફત્તેહસિંહ સાથે સૂરજમલ અને તેના સંબંધિયોને ઘણા કાળથી વેર ચાલ્યું આવતું હતું, તેમની સામે થવાને માટે, એ લશ્કર ઉભું કરવાની પ્રસિદ્ધ મતલબ હતી. તેણે તેના શત્રુઓની સાથે કેટલાંક ધીંગાણાં મચાવ્યાં, તે અફળ જવાથી, અને પગારને માટે તેના માણસોએ હુજ્જત કરવા માંડી તેથી, તે સંકડામણમાં આવી પડ્યો; અને તેના જોવામાં આવ્યું કે ડુંગરપુરના મુલ્કમાં રૂપાલનો ઠાકોર સીમા દબાવતો જાય છે તેને લાગલી શિક્ષાએ કોઇયે પ્હોંચાડ્યો નથી, એટલે તેણે વિચાર્યું કે સામાન્ય લૂંટફાટ કરવામાં આપણાં માણસોને ઠીક કામે લગાડી દેવાશે. તે ઉપરથી તેણે ઘાસદાણાનાં ગામ માંહેલું દરોવી કરીને એક ગામ માર્યું, અને તેની લૂંટ પોતાના અચકાઈ રહેલા માણસોને વ્હેંચી આપી. જ્યારે આ વાત વિષે મી૦ એરસ્કિનને જાણ કરવામાં આવ્યું, ત્યારે ઈડર-

નો વહિવટ એવી અવ્યવસ્થિત સ્થિતિમાં આવી પડ્યો હતો કે, તે થાળે પાડતાં સુધી સૂરજમલની ખબર લેવાને થોભી રહેવાનું વાજબી લાગ્યું, અને તેને માત્ર એક શીખામણનો કાગળ લખી મોકલ્યો. પણ ન્હાની મારવાડમાં હરસોલ કરીને એક બીજું ઘાસદાણાનું ગામ હતું તે સૂરજમલે માર્યું એવા સમાચાર પછી તરત જ તેના સાંભળવામાં આવ્યા. તે ઉપરથી મી૦ એરસ્કિને સૂરજમલ ઉપર પાંચ મોસલ કરીને તેની બધી શિરબંધી વિખેરી નાંખવાની તાકીદ કરી. પણ તેણે તો પાંચે મોસલને વિદાય કર્યા, અને શિરબંધી વિખેરી નાંખવાની ના કહી, તે ઉપરથી, વીસ મોસલ કરવામાં આવ્યા, પણ તેથી કશો લાભદાયક પરિણામ થયો નહિ.

સૂરજમલે પાંચ મોસલોને પોતાની છાવણીમાંથી ક્હાડી મૂક્યા, તેમાંથી એકે, તા૦ ૯ મી ફેબ્રુઆરીની સાંજે ચાર વાગતાં આવીને એવી ખબર આપી કે, સૂરજમલ અહંમદનગરથી ચાર માઈલને છેટે વખતાપુરમાં છાવણી કરીને પડ્યો છે, તેની પાસે આશરે એક હજાર મકરાણી અને સાઠ અથવા પંચોતેર અશ્વાર છે, અને તેનો વિચાર બ્રિટિશ ફોજ ઉપર હલ્લો કરવાનો છે. આવા સમાચાર મળ્યા, એટલે, મી૦ એરસ્કિને ટુકડીના કમાન્ડિંગ આફિસરને સૂચના કરી કે, તમારે થોડી વાર લગી અહંમદનગર ઉપર ધસારો કરવાને થોભવું અને સેનાના ઉત્તર વિભાગના કમાન્ડિંગ આફિસરને લખી વાળ્યું કે સૂરજમલની શિરબંધીને વશ કરવાને અને વધી ગયેલાં જે બંડ ઉઠ્યાં છે તે બેસારી દેવાને જેટલી મદદ મોકલવી તમને અગત્ય લાગે તેટલી ઉતાવળથી મોકલી દેજો.
* * * * * * * * *

"તા૦ ૩ જી માર્ચને દિવસે બ્રિટિશ લશ્કરે અહંમદનગરનો કબ્જો લીધો, અને તા૦ ૬ ઠ્ઠીને દિવસે મી૦ એરસ્કિને એવી આશા જણાવી કે હવે હું થોડી વારમાં મહીકાંઠાનું કામ થાળે પાડી શકીશ."

મુંબઈ સરકારનો ડિસ્પાચ તા૦ ૧૫ મી ઓક્ટોબર ૧૮૩૫

"આ પ્રમાણે મહીકાંઠામાં ત્રણ બંડખોરની ટુકડિયો હથિયાર લઈ ઉઠી; ૧ લો પૃથીસિંહ, અને તેના આશ્રિત; ૨ જો રૂપાલનો ઠાકોર, અને તેનો સાથી ઘોરવાડાનો ઠાકોર, અને તેમના અનુગામી; અને ૩ જો સૂરજમલ અને તેના સોબતી. * * *

"ક્યાપટન ડેલામેન, બસેં પાયદલ, એક ઘોડેશ્વારની ટુકડી, અને એક સો પચાસ ગાયકવાડી પાયગાના મિશ્રિત લશ્કર સહિત સૂરજમલના ઉપર હલ્લો કરવાને ચડ્યો, અને તા૦ ૧૭ મી ફેબ્રુઆરીને દિવસે, ઈડરવાડામાં વડાલિયે સૂરજમલ પડ્યો હતો એમ સાંભળવામાં આવ્યું હતું, ત્યાં જઈ પ્હોંચ્યો. પણ ત્યાંથી તે ન્હાશી ગયો હતો; અને બે માઈલ ઉપર તેના ભાઈ શેરસિંહના ગોતા ગામમાં જઈ રહ્યો હતો એમ માનવામાં આવ્યું, એટલે ક્યાપટન ડેલામેને તે ગામ ઉપર કુચ કરવાનો નિશ્ચય કર્યો. ત્યાં જઈને તે જગ્યા તેણે લીધી, અને શત્રુનાં ચાર પાંચ માણસ ઠેર કર્યાં અને ગામમાં પચીસથી તે ત્રીસ સુધી જેટલાં જીવતાં રહ્યાં હતાં તે સર્વેને કેદ કરી લીધાં. પણ આપણા ભણી બહુ ભારે નુક્સાન થયું, અને લેફ્ટનેન્ટ પાર્ટિજર કરીને એક ૧૭ મી રેજિમેંટ એન, આઇનો (N. I.) હતો તે મારચો ગયો. આ શોકદાયક પરિણામ થવાનું કારણ એમ થયું કે, ત્યાં એક મજબુત ઉંચી ગઢી હતી, તેના ઉપર માણસો

હતાં, તેઓએ મરણિયાં થઈને તે સાચવી રાખી, અને આપણી ટૂકડી પાસે તોપ હતી નહિ, કેમકે, ટૂકડી ચાલી નીકળી ત્યારે તેનો ખપ પડશે એમ ધારવામાં આવ્યું ન હતું. * * *

"ફોજનો વધારો થયો, એટલે, રૂપાલના ઠાકોર ઉપર હલ્લો કરવાનું ચાલતું કર્યું. સન ૧૮૩૫ ના ફેબ્રુઆરી મહિનાની સમાપ્તિએ આપણી ફોજની ટૂકડિયે, આપણા ભણી નુકસાન થયા વિના કાનોરા ને દોઢર ગામ લઈને તેમનો ન્હાશ કરચો, અને દોઢર ગામની પડોશમાં ગોસાઈનો એક મઠ હતો તેનું પણ એમ જ થયું, તથા તા૦ ૫ મી માર્ચ, ૧૮૩૫ ને દિવસે પીરમાલી ગામ તથા રૂપાલના ભીલોના સર્વે કિલ્લા જે બહે નહિ એવા બ્હારવટિયાઓના છેક તાબામાં થઈ ગયા હતા તે સર્વે જેર કરવામાં આવ્યા. વળી રૂપાલ ગામ આપણી ફોજે સ્વાધીન કરી લીધું. * * રૂપાલના બંડખોરોને વિખેરી નાંખ્યા પછી ૨૪ મી પલ્ટણ મેજર મારિસના ઉપરીપણા નીચે હતી તેણે સૂરજમલની સાથે લડાઈ ચાલુ કરી એ ટૂકડી તા૦ ૧૧ મી માર્ચે, સુંડેટીની પડોશમાં ડુંગરા વચ્ચે ઘેરલ કરીને સૂરજમલના મુખ્ય કિલ્લા માંહેલો એક હતો ત્યાં આવી પ્હોંચી અને તે કિલ્લો લીધો, તથા ત્યાંના કિલ્લેદારોને વિખેરી નાંખ્યા. તેમાં શત્રુનાં આઠ માણસ મરાયાં અને સત્તર કે અઢાર ઘાયલ થયાં. સૂરજમલ તો એ જગ્યા છોડીને ગયો હતો પણ તેના ભાઈ શેરસિંહે, અને આશરે બસેં કે બસેં ને પચાસ મકરાણિયોએ તેનો બચાવ કરચો. * * સન ૧૮૩૫ ના માર્ચે મહિનાના મધ્ય ભાગની વેળાએ સૂરજમલ અને તેના સોબતિયોની પછવાડે ડુંગરામાં વધારે આઘે લશ્કરે પ્રવેશ કરીને ધસારો કરચો અને ફારકા, પાનવરા, માનપુર, અને બાડરવાડાના કિલ્લાઓનો ન્હાશ કરચો. પાનવરા ગામ એક ભીલ ઠાકોરનું ર્‌હેઠાણ હતું. તે આસપાસના લોકોમાં ઘણા દિવસથી ત્રાસ વર્ત્તાવતો હતો, અને તે સૂરજમલને આગ્રહી અને ખરેખરો આશ્રય આપનાર હતો. આ ધિંગાણામાં ૧૭ મી પલ્ટણનો આપણો એક આફિસર લેફટનેન્ટ ક્રુઇકશાંક અને સત્તર સિપાઇયો ઘવાયા, અને શત્રુના ૬૭૦ માણસ ઘવાયાં તથા મરાયાં. * * *

"અમે કબુલ કરિયે છિયે કે, આ ડિસ્પાચમાં જાહેર કરેલાં કામો વિષેની અમારા મનમાં ખેદદાયક અસર રહી ગઈ છે, કારણ કે, અતિશય ખાડા ટેકરાવાળો અને વિકટ દેશ, જેનાથી આપણે છેક અજાણ્યા તેમાં આપણા લશ્કરે ભારે સંકટ વેઠયાં, અને ખાવા પીવાની તંગાશનું દુઃખ સહન કર્યું, ત્યારે આપણી સામે હથિયાર લઈ ઉઠેલા લોકો વિખેરી નાંખી શકયા એ ખરૂં, પણ તેમના નાયકો પકડાયા નથી, અને જે કારણો માટે આ મુલ્કમાં એક સાહાસિક નાયકને તેની લૂંટફાટમાં હથિયારદાર માણસો જ્યારે જોઇયે ત્યારે મળી જવાને સુલભ પડતું આવ્યું છે તે કારણો તો હજી લગણ ઉભાં છે. આ જગ્યાના લોકો ખરૂં જોતાં લડવૈયા છે, અને જો કે, નિરંતર લૂંટારા નથી તો પણ. કાંઈક તેમ થવાને સદા રાજી હોય છે; અને દેશની આપણને માહિતગારી નથી તેથી કરીને, થોડા હિંમ્મતવાળા અને સારીપેઠે હથિયાર સજેલા માણસોને પોતાના કરતાં વધારે માણસોની સામે દરેક વેળાએ ફત્તેહમંદીથી સામા થઈ શકવાને માટે જેવું અસાધારણ જોર જોઇયે તેવું તેઓની પાસે છે અને જે ઠાકોરોની સાથે હવણાં આપણો સંબંધ છે અથવા તેમના ઉપર આપણી સત્તા ચાલે છે, તે વિના બીજાઓ ઉપર

આપણું બળ ચાલી શકતું નથી, તેથી કરીને દબાવી નાંખે એટલી ફોજ કામમાં લાવીને અથવા ટુંકામાં કહિયે તો આખા દેશમાં ઠેરઠેર થાણાં બેસારી દીધા વિના, અને તેગ કરતાં અતિશય ખર્ચ થાય તે કરયા વિના, વશમાં રહી શકે નહિ એવા લોકોને કબ્જામાં રાખવાની આપણે આશા રાખવી એ ફોકટ છે.

"આવાં કારણો ઉપરથી મુલ્કના આખા તકરારી ભાગની ખરી માપણી કરવાનો વિચાર અમારા મનમાં ઉત્પન્ન થયો છે, અને અમારા પ્રમુખે (સર **રૉબર્ટ ગ્રાન્ટ**) એક બીજી વધારે સૂચના કરી છે તેની સાથે **બોર્ડ**ના બીજા મેમ્બરો મળતા આવ્યા છે, તે એ છે કે, **મ**હીકાંઠાની લડાયક વસતી ઉપર સત્તા બેસારવાનો પ્રયત્ન કરવો, તથા દેશમાં સલાહશાન્તિ કરવાના ઉપાય યોજવા તથા **ખાન**દેશમાં જેમ આપણે સુધારા કરવાનાં સાધન કામે લગાડવામાં જય પામ્યા છિયે તેવાં સાધનોને પુષ્ટિ આપવી."

મુંબઈ સરકારનો ડિસ્પાચ, તા. ૩૧ મી ડિસેમ્બર સન ૧૮૩૫

"**ક્યા**પટન **ઔટ**રામના (હવણાં **મે**જર જનરલ સર જેમ્સ **ઔટ**રામ, કે. સી. બી. (**ઔડ**) **અ**યોધ્યા પ્રાન્તનો **ચીફ** કમિશનર) **ખાન**દેશમાં સોંપેલા કામના પ્રકાર ઉપરથી, અને થોડા વર્ષથી **ડાં**ગમાં સલાહશાન્તિ ચાલુ કરવામાં એ અમલદારે જે કુશળતા અને ચપળતા બતાવી છે, તે ઉપરથી, આ અગત્યના વિશ્વાસુ કામને માટે તે વિશેષે કરીને યોગ્ય ઠરી ચૂકયો છે; આવાં કારણો ઉપરથી અમારા પ્રમુખે એવો અભિપ્રાય આપ્યો કે, ઉપર જે કામો કરવાની સલાહ આપવામાં આવી છે તેને લગતી સૂચનાઓ આપીને **ક્યા**પટન **ઔટ**રામને ગૂજરાતમાં સત્વર જવાને ફરમાવવું."

મુંબઈ સરકારનો ડિસ્પાચ, તા. ૧૫ મી મે સન, ૧૮૩૬.

"**ક્યા**પટન **ઔટ**રામ તેના પોતાના તા. ૧૪ મી નવેમ્બર ૧૮૩૫ ના રોજના કુશલતાભરેલા અને રસિક રિપોર્ટમાં ખુલ્લી રીતે પોતાનો વિચાર જાહેર કરે છે કે, **મ**હીકાંઠાના બ્હારવટિયા અથવા દંગાખોર ઠાકોરોનું સમાધાન કરી આપવાનું ગમે એટલું ઘટિત છે તોય પણ તેઓ માંહેલા કેટલાક એવા છે કે તેઓની સાથે ક્ષમાપૂર્વક ચાલવું અશકય છે. જે માણસો ઉઘાડી રીતે **બ્રિ**ટિશ **સ**રકારની સત્તાની સામે થાય તેઓનો સખ્ત દાખલો બતાવી આપવો જોઇયે. ટુંકામાં એ જ કે, એવાને બંડખોર ઠરાવવો જોઇયે, અને જ્યારે તે પકડાય ત્યારે **કો**ર્ટમાર્શિયલ કરી શિક્ષાયે પ્હોંચાડવો જોઇયે. **ક્યા**પટન **ઔટ**રામના આ વિચારને પછવાડેથી **પો**લિટિકલ કમિશનરે, અને જેઓના અભિપ્રાય ઉપર કેટલુંક વજન આપવું જોઇયે એવા કેટલાક બીજા અધિકારિયોએ ટેકા આપવા ઉપરથી **મ**હીકાંઠામાં સદાની સલાહશાન્તિ ખરેખરી ચાલે એવા સખ્તાઈભરેલા વિશેષ ઉપાય અગત્ય જણાય તેમ કામે લગાડવાનો વિચાર સર્વાનુમતે નિવેદન કરયો.

"આ વિષય ઉપર જેવું સારી પેઠે ધ્યાન આપવું જોઇયે તે પ્રમાણે આપીને, અમે કેવળ ઉલટી જ રાજનીતિ ચલાવવાનો ઠરાવ કરયો, અને પાછળનાં કૃત્ય ક્ષમા કરવાનું જાહેર કરીને, અને જે બ્હારવટિયા હવણાં બ્હારવટે છે તેઓમાંથી કોઈને પણ બાતલ કરયા વિના, જો તેઓ આપણી સત્તાને શરણ થવાને કબુલ થાય, અને હવે પછી સારી ચાલ ચલાવવાના જામીન આપે, તો તેઓની સાથે સલાહ કરવી એમ ઠરાવ્યું છે. આ આપણી રાજનીતિ ફળદાયી થશે, એવી અમને પક્કી આશા છે

એટલું જ નહિં, પણ અમારી પૂરી ખાતરી છે કે **મ**હીકાંઠામાં આ વિના બીજા કોઈ પણ સાધનથી સલાહશાન્તિ કરી શકાય એવું છે જ નહિ. * * *

"પ્રથમ તો મુખ્ય મુખ્ય બ્હારવટિયાઓ (અથવા બંડખોરો)એ બ્હારવટું કરવાનો રસ્તો પકડ્યો છે તે, એવા કામ ઉપરના ખરા પ્રેમને લીધે પકડ્યો છે એમ અમને લાગતું નથી, પણ કુટુંબના કજિયાથી, તેઓનાં મન નહિ મનાવ્યાથી, અથવા **બ્રિ**ટિશ રાજનીતિને લીધે દુર્દૈવ થવાથી તેઓએ એ રસ્તો પકડેલો છે. આ વિષે અમારા જાણવામાં જે કાંઈ આવેલું છે તે પરિપૂર્ણ નથી, તથાપિ **મ**હીકાંઠામાં બંડ ઉઠીને ઘણી વાર સુધી ચાલ્યાં કરે છે તે ઉપર લખેલાં સર્વ કારણ ભેગાં બનવાથી, અથવા તે માંહેલા અકેકા નિરાળા કારણને લીધે બને છે, એમ માનવાને મજબૂત કારણો છે.

"બીજી રીતે જોતાં **ક્યા**પટન **ઑ**ટરામ અને બીજા અમલદારોએ પાકી સલાહશાન્તિ કરવાને પ્રારંભમાં જે સખત દાખલા બતાવી આપવાની રાજનીતિ ચલાવવાની ભલામણ કરી હતી તે પણ અમલમાં આણી ચૂક્યો એમ અમે તો માનિયે છિયે. ગયા વર્ષમાં આપણે લશ્કરી ઠાઠમાઠ ચલાવ્યો તેથી નારાજ થયેલા ઠાકોરોમાંથી કોઈ પણ આપણા હાથમાં આવ્યો ન હતો એ વાત ખરી છે, તોય પણ, તેઓનું જોર તૂટી ગયું હતું અને તેઓના અનુગામી વિખરાઈ ગયા હતા, તેઓના મજબૂત કિલ્લા, શહરો અને ગામડાંમાંથી ઘણાં બાળી નાંખવામાં અથવા મારવામાં આવ્યાં હતાં અને તેઓનાં માણસોમાંથી ઘણાં મરાયાં હતાં, અથવા ઘાયલ થયાં હતાં, અથવા કેદ પકડાયાં હતાં."

મુંબઈ સરકારનો ડિસ્પાચ, તા. ૨૬ મી એપ્રિલ સન ૧૮૩૭ નો.

(સાર)

ક્યાપટન **ઑ**ટરામે **મ**હીકાંઠાના **પે**ાલિટિકલ **એ**જંટનું કામ તા. ૨૦ મી જાન્યુઆરી સન ૧૮૩૬ ને દિવસે હાથમાં લીધું. સલાહની રૂઈએ સમાધાન કરવાની **સ**રકારની **સૂ**ચનાને અનુસરીને તા. ૭ મી ફેબ્રુઆરીને દિવસે, તેણે બ્હારવટિયાઓને કાગળો મોકલ્યા તેમાં લખ્યું કે, "તમારી પાછલી ચાલચલગત વિષે માફ કરીને વિશેષ ઠરાવથી તમારૂં સમાધાન કરવામાં આવશે, માટે અમારા મેલાણમાં તમારે આવવું." કાગળમાં જે દિવસે હાજર થવાનું લખ્યું હતું તેમાં **સૂ**રજમલની બાબતમાં તેને દશ દિવસની વધારે **છૂ**ટ આપી હતી. તે તા. ૮ મી માર્ચને રોજ આવીને હાજર થયો, અને ખેદ જણાવ્યો તથા જો માફ કરવામાં આવે તો તેણે જામીન આપવાની કબુલાત આપી. પછી તે જામીન લઈ આવવાને અને પોતાનાં માણસોને રજા આપીને વિદાય કરવાને ગયો.

ત્યાર પછી આશરે દસ દિવસે **ક્યા**પટન **ઑ**ટરામનું ઈડર આવવું થયું, ત્યારે ત્રણ મહિના ઉપર એક વેપારીને તે લઈ ગયો હતો તેનો છૂટકારો કરાવવાને વચ્ચે પડવાની વિનતિ કરવા સારૂ **સિ**દ્ધપુરથી એક મુખત્યાર આવ્યો. **બ્રિ**ટિશ **એ**જંટે તરત જ **સૂ**રજમલને કાગળ લખ્યો તેમાં તે શાહુકારને છોડી મૂકવાનું લખ્યું, અને જણાવ્યું કે, જો એને છોડવામાં આવશે નહિ, તો તમને માફ કરવામાં આવશે નહિ. **ઑ**ટરામની આ રિતિ **સ**રકારને પસંદ આવી નહિ અને સર **રાર્બટ ગ્રાણ્ટે** તે ઉપર ટીકા લખી કે, **ક્યા**પટન **ઑ**ટરામને જે કામ સોંપવામાં આવ્યું છે અને જે તેણે માથે લીધું છે તે યુદ્ધ વિષયક સત્તા વાપરી કાર્યસાધના કરી લેવાનો વિચાર ધારણ કરી લીધો છે એવી

પ્રથમથી જ મને બ્હીક લાગતી હતી. આમ છતાં પણ, સૂરજમલે તેને ઉત્તર લખ્યું કે એ શાહુકારને પકડવાની મદદ જે અતીતે મારી પાસે માગી હતી તે અતીત તેને લઈ ગયો છે, એટલે, હું રજુ કરી શકતો નથી. એણે આ પ્રમાણે લખ્યું છતાં પણ શાહુકારને રજુ કરવાનું દબાણ ઔટરામ કરવા લાગ્યો, એટલે સૂરજમલને પાનવરા ભણી ન્હાશી જવાની અગત્ય પડી. ક્યાપટન ઔટરામે તેને એકદમ બંડખોર ઠરાવીને તેનું માથું કાપી લાવે તેને ઈનામ આપવાનું જાહેરનામું ફહાડ્યું અને પોતે ફોજની એક ટૂકડી લઈને તેની પછવાડે પડ્યો. પાનવરાનો રાણો ફોજ આવતી જોઈને ડરી ગયો અને સમજ્યો કે ૧૮૩૫ ના માર્ચ મહિનામાં તેનું ગામ મારવામાં આવ્યું હતું તેમ ફરીને કરવામાં આવશે એવી બ્હીકથી સૂરજમલનું રક્ષણ કરવાને અથવા તેને આશ્રય આપવાને ના પાડી. તે ઉપરથી, સૂરજમલ એકદમ શરણ થયો. સરકારે લખ્યું કે,

"ક્યાપટન ઔટરામે શૂરાપણથી અને ઉન્મત્તપણાથી પગલાં ભર્યાં તેનો સારા "ભાગ્યે કરીને સારો પરિણામ આવ્યો તેથી અમને આનંદ થયા વિના રૂહેતો નથી, 'તોય પણ સૂરજમલનું બ્હારવટું અમે ઉડભંગપણાનું ગણિયે છિયે, છતાં પણ ફોજની ટૂકડીને "કૃચ કરવાની અગત્ય ન હતી, પણ ક્યાપટન ઔટરામને ઘટે એવી કુશળતાથી તેણે "વ્યવસ્થા કરી હતી અને તે પ્રસંગને અનુસરતી હતી એમાં અમને કશો શક રૂહેતો "નથી; તો પણ આ ઉપરથી અમે તેને સૂચવાવ્યું કે એ જય થયો છે તે અમારી સલાહ "પ્રમાણે ચાલવાથી નહિ પણ એથી વિરૂદ્ધ રીતે ચાલવાથી થયો છે એમ માન્ય કરવાને "અમે ખરેખર રાજી છિયે. તે સાથે વળી તેને જાહેર કરી દેવું કે હવેથી અમારી "સૂચના પ્રમાણે બરાબર તમારે વર્તવું, અને ખરેખરૂં તે ઉપર ધ્યાન આપવું."

તા. ૭ મીને રોજ સૂરજમલ (તેને તેટલા આંતરામાં તેની આપેલી પ્રતિજ્ઞા ઉપરથી કેદી તરીકે લેખવામાં આવ્યો હતો) સિદ્ધપુરના શાહુકારને લઇને પોલિટિકલ એજંટની પાસે આવીને રજુ થયો, અને જે બન્યું હતું તેની સાથે તેઓનું બોલવું મળતું આવ્યું એટલે સૂરજમલને કાંઈ દંડની શિક્ષા કર્યા વિના તેને છોડી મૂકવાનું ક્યાપટન ઔટરામને દુરસ્ત લાગ્યું. આવી વગર ધારેલી કૃપાને માટે તે ઠાકોર ઘણો ઉપકૃત થયેલો દેખાયો.

સરકાર લખે છે કે, "સૂરજમલને જ્યારથી ક્ષમા આપવામાં આવી છે ત્યારથી "એણે જે વર્તણૂંક ચલાવી છે તે જોઇને અમને ખુશી પેદા થાય છે. તમારી આનરેબલ "કોર્ટને વિદિત કરવાને અમને પ્રસંગ મળ્યો છે તેથી અમને ખુશી થાય છે કે મહીકાંઠામાં "સલાહશાન્તિ અને સારો બંદોબસ્ત પાછો ચાલુ કરવામાં ક્યાપટન ઔટરામની સાથે "એ ઠાકોરે પણ પ્રયત્ન કર્યો છે. ખુમલા બ્હારવટિયાનો ન્હાશ થયો અને એવા માણસોનું "ટોળું વિખેરી નાંખવામાં આવ્યું તે ઘણું કરીને આ ઠાકોરના આશ્રયને લીધે જ છે."

તા. ૧ લી સેપ્ટેમ્બર સન ૧૮૩૬ પ્હેલાં બાકી રૂહેલા સર્વે બ્હારવટિયા શરણ થઈ ગયા અને પાનવરાને રસ્તે ઉદયપુરથી તે ઈડર સુધી એક રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો તેથી એક અગત્યની મતલબ હાંસલ થઈ, અને જે ઠાકોરોને લાગતુંવળગતું હતું તેઓએ અમુક મુદત સુધી તે રસ્તે થઇને જનારા મુસાફરો પાસેથી નાકું નહિ લેવાની તેમની મરજી જણાવી.

પાનવરામાં પોલિટિકલ એજંટનું મેલાણ હતું, તેવામાં, એ પ્રખ્યાતિ પામેલા અમલદારે "સીમાના કજિયા પતાવી દેવા પછવાડે પોતાનો પ્રયત્ન ચલાવ્યો તેમાં તે "પાર પડ્યો. એ કજિયા માંહેલો એક કૂર કજિયો તો બાપની પછી તેના દીકરા સુધી "ચાળીસ વર્ષથી ચાલતો આવ્યો હતો. સીમા ઉપરના ઠાકોરોએ ચૂરોપિયનોને ફોજના "સરદાર તરીકે અથવા તો પોતાના શત્રુ તરીકે જોયા હતા, તે સિવાય બીજી રીતે "તેમના જોવામાં તેઓ કોઈ વાર આવ્યા ન હતા એવા લોકોના મનમાં વિશ્વાસ ઉપ-"જાવવા સારૂ ડુંગરામાં વધારે ઉજ્જડ ભાગમાં જવાનો તેણે પ્રસંગ સાધ્યો; અને ઘણાં "વર્ષથી ચાલતી આવેલી ઘણી તકરારો અને કજિયા કે જેને માટે ગૂજરાતના પોલિટિકલ "અમલદારો સાથે ઘણા લખાણના તુમાર ચાલવાનું કારણ ઉભું થયેલું હતું તે પતાવી "દેવામાં જય પામ્યો. **ક્યાપ્ટન ઔટરામે** પોતાના વિષેનો એવો વિશ્વાસ બેસારી દીધો "હતો કે ઘણા બ્હારવટિયાઓ તેને મધ્યસ્થ થવાને રાજીથી વિનવતા."

ક્યાપ્ટન ઔટરામની અનુકૂલ કરી લેવાની વ્યવસ્થાથી જે જે પરગણામાં થઈ ને બ્રિટિશની ફોજ પસાર થઈ તે તે પરગણામાં મિત્રતાભરેલો ભાવ બતાવવામાં આવ્યો તે વિષે તા. ૩૦ મી એપ્રિલ સન ૧૮૩૯ ના તેના કાગળ માંહેલો થોડો ભાગ અત્રે દાખલ કરીને અમે આ લખાણ બંધ કરિયે છિયે:—

"આપણી ફોજ દેશમાં શત્રુને બદલે મિત્ર તરીકે કૂચ કરતી ચાલી છે. પ્રથમ તો "ભીલ લોકો તેને જોઈ ને સર્વે ન્હાશી જવા લાગ્યા, પણ પછવાડેથી પાછા આવવાની "તેમને હિંમ્મત મળતી ગઈ, અને આપણા તરફથી તેઓ પ્રતિ જે વર્તણૂંક ચલાવવામ "આવી તે જોઈ ને તેઓ આશ્ચર્ય પામ્યા અથવા તેમનાં ગામ આગળ પડાવ કરવામ "આવ્યો હોય તેવામાં તેઓ ન્હાશી ગયા હોય ત્યાંથી પાછા આવવાને માટે ડરે, પણ "તેઓ પાછા આવે ત્યારે તેમની ગેરહાજરીમાં કાંઈ નાશ કરવામાં આવ્યો હોય નહિ "તે જોઇને તેઓને નવાઈ લાગે. આપણા માણસો અને ગામડાના લોકો વચ્ચેનો માંહો-"માંહનો વ્યવહાર માયાથી ચલાવવામાં આવ્યો હતો. તેનો પરિણામ આપણી ફોજ "પાછી વળી ત્યારે સુખદાયક અને વિશ્વાસભરેલી રીતે તેઓનો આવકાર થયો તે ઉપરથી "જણાઈ આવે છે. ખરૂં જોતાં આ વર્ષમાં મહીકાંઠામાં ફેરણી કરવામાં આવી તે એક "પાપ તરીકે તેને ટાળવાને બદલે શાન્તિની વૃદ્ધિ કરનારી અને સુખકારક ગણીને તેનો "આવકાર કરવામાં આવ્યો."

विभाग चोथो

પ્રકરણ ૧

હિન્દુની જ્ઞાતિયો

આખા ગૂજરાતમાં બ્રિટિશ સરકારની સત્તા સર્વોત્કૃષ્ટપણાથી વર્તાવા લાગી ત્યાં સુધીનું વર્ણન કરતા અમે આવ્યા. હવે આ સમાપ્તિપ્રકરણોમાં, એ દેશના હિન્દુઓની હવણાં જે સંસારી રીતભાત છે તેનો સામાન્ય ચિતાર અમારા વાંચનારાઓની હુઝૂરમાં રજુ કરવાનો અમારો હેતુ છે. આ કામ ઘણું કઠિણ છે, અને તે બર આણવાને અમને આશ્રય મળેલો છે, તેમ છતાં પણ, બહુ અપૂર્ણ રીતે બજાવવા કરતાં બીજી રીતે બજાવી શકવાની આશા નથી. અગર જો કે હિન્દુસ્થાન" અને બ્રિટન તળે ઉપર વસતાં હોય એમ એક બીજાની સામે હતાં તેમ હવણાં નથી, તો પણ, બીજા પૂર્વ ભણીના લોકો સંબંધી છસો વર્ષ ઉપર જે વિચાર બાંધવામાં આવેલો તે ઘણી બાબતમાં હવણાંના હિન્દુઓને હજી લગણ લાગુ પાડી શકાય છેઃ—જે મસોરાના ખુની રણક્ષેત્રમાં સારેસનના હાથમાં સેંટ લુઈ પડયો તેની જરા વાર આગમચ વિલિયમ લાંગસ્પી બોલ્યો કે "આપણે નવા આવનારા જવાન માણસ અને પરદેશિયો, પૂર્વ ભણીની "માહિતગારી ધરાવતા હોઇયે નહિ એમાં કાંઈ આશ્ચર્ય પામવા જેવું છે ? "પશ્ચિમથી પૂર્વ જેટલે છેટે છે, તે જ પ્રમાણમાં, પશ્ચિમ ભણીના લોક પૂર્વ ભણીના લોકથી તેવા જ જૂદા પડે છે*" હિન્દુઓને તેમની અતિ ઘણી પ્રતિબંધ કરનારી સંસારી બાબતોથી એટલા બધા બાધ વચ્ચે નડે છે કે તેથી કરીને તેમને પરદેશિયોની સાથે વ્યવહાર બાંધવાને બહુ અશક્ય થઈ પડે છે, અને તે પરદેશી તેમની રીતભાતથી જાણીતો થવાને ઇચ્છે તો, તે જો સરકારી અમલદાર હોય છે તો, તેને વળી વધારે મુશ્કેલીભરેલું થઈ પડે છે. પણ જે લોકોમાં તેને પોતાના જીવતરમાં સારામાં સારાં વર્ષ ફુહાડવાનાં છે તે લોકો વિષેની માહિતગારી મેળવવાને પ્રયત્ન કરવાની જેગવાઈ બને નહિ તો માત્ર અજ્ઞાન રહેવાથી તેઓને એક પંચાત આવી પડે છે તે એ કે, એ લોકોના મનોભાવ જેથી ઉશ્કેરાતા હોય અને ખરી હકિકતો તેમના સંબંધીની હોય તે વિષેની માહિતગારી હોય નહિ, તેથી નિરંતર તે વિષે તે ખોટું સમજે, અને ખોટી રીતે તેનો પરિણામ બતાવી આપે.

*માથ્યુ પારિસના ઇંગ્લિશ ઈતિહાસ પ્રમાણે.

આડમ્સ અને પૉટ્ટરે પોતાના ગ્રંથનાં પૃષ્ટોમાં જે રીતભાતો વિષે લખેલું અંગરેજોના વાંચવામાં આવે છે, અને જે રીતભાતો ઉપર સંગ્રહસ્થાનના ખેરવાળા દિવાનખાનાઓમાં વિચાર કરી તુલના કરવામાં આવે છે તેઓની સાથે અંગરેજોની હાલ ચાલતી રીતભાતો કરતાં ઓગણીશમા સૈકામાં રહેલા હિન્દુ સરખા લોકની રીતભાતો બહુ વધારે મળતી આવે છે, એ વાત કદાપિ અંગરેજોના વિચારમાં ભાગ્યે જ ઉતરી શકશે. એટલા માટે અમને ભય લાગે છે કે અમે નીચે જે વર્ણન આપિયે છિયે તે હાલની ચાલતી રીતભાતો જોઇને લખેલું છે તેને બદલે અમારા વાંચનારાઓને પ્રાચીન શોધ ઉપરથી ઉપજાવી કહાડેલું જણાશે. પણ એ વિષે અમે નમ્રતાપૂર્વક કહિયે છિયે કે એમ નથી. ખરી વાત છે કે અમે જે વર્ણન આપ્યું છે તે પ્રાચીન રીતભાતનું હોય એમ જણાશે, કારણ કે હિન્દુની હાલની રીતભાત ટુંકામાં જોતાં કર્ણ અને જયસિંહના વારામાં જેવી હતી તેવી જ છે, પણ જે વસ્તુઓનું અમે વર્ણન આપિયે છિયે તે હમણાં હૈયાત છે.

હિન્દુ લોકોની રીતભાતમાંથી પહેલી રીતભાત જે પરદેશિયોનું ધ્યાન ખેંચે છે તે જ્ઞાતિ વિષેની છે. ઈ૦ સ૦ ૧૮૨૭ માં મિ૦ બ્યારોડેલને સુરતમાં હિન્દુઓની રીતભાત વિષેની હકિકત એકઠી કરવાના કામ ઉપર લગાડયો હતો (એ કામ ત્યાર પછી બધું બંધ કરવામાં આવ્યું હતું) ત્યારે તે શહરમાં બસેં ને સાત કરતાં ઓછી જ્ઞાતિયો ન હતી. આ જ્ઞાતિયો માંહેલા પ્રત્યેકને એક બીજાની સાથે વ્યવહાર રાખવાને કાંઈ કાંઈ પણ બાધ હતા. (આ વિષય અમે વિસ્તારથી લખવાન છિયે.) તેઓનાથી એક બીજામાં લગ્ન થાય નહિ, તેમ જ એક બીજાનું જમાય નહિ કે પાણી સરખું પણ પીવાય નહિ.

મૂળમાં જોવા જઈયે તો હિન્દુસ્થાનમાં બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય, અને શૂદ્ર એવી માત્ર ચાર (વર્ણો) જ્ઞાતિયો હતી, હવણાં વંશપરંપરાની ચાલતી આવેલી જ્ઞાતિયોના જેવી તેની ગણના થઈ ગઈ છે. તથાપિ કેટલીક મુદત સુધી તે માત્ર જૂદા વિભાગ જ ગણાતા હતા એવું જોવામાં આવશે. શૃંગ ઋષિનો જન્મ હરિણનાથી થયેલો લખ્યો છે; કૌશિક ઋષિ કુશ અથવા દર્ભમાંથી થયો. ગૌતમ ઋષિની ઉત્પત્તિ સસલાથી થઈ છે; વાલ્મિકિની ઉત્પત્તિ સાપના રાફડામાંથી થઈ છે; દ્રોણાચાર્ય પડિયામાંથી ઉપજ્યા; એ વિના બીજા ઋષિઓમાંથી કોઈ ખારવાની પુત્રીથી, કોઈ ગણિકાથી, કોઈ ચાંડાલણીથી, કોઈ દાસીથી થયેલા છે, તેમ છતાં પણ, સર્વે બ્રાહ્મણો હતા. ક્ષત્રિયોની સાથે બેશીને ઋષિયો જમતા હતા એવું મહાભારતમાં ઘણે ઠેકાણે લખેલું

છે; અને કાલિદાસ કવિ જે બ્રાહ્મણ હતો તે રાજાની પુત્રી વ્હેરે પરણ્યો હતો; અને રાજા ઠરયો તે ક્ષત્રીય જ્ઞાતિનો હોવો જોઇયે.

સપ્ત ઋષિ બ્રાહ્મણ હતા, તે સાતની વચ્ચે એક સ્ત્રી હતી. તે હવણાં આકાશના તારા થઈ ગયેલા છે અને સપ્ત ઋષિના ખાટલાને નામે પ્રસિદ્ધ છે. તે વિષ્ણુના સ્વર્ગનું દ્વાર જે ધ્રુવનો તારો તેની આસપાસ પ્રકાશે છે. અને તેઓની પાસે તેઓની સ્ત્રી અરૂંધતી ઓછા અજવાળાથી પ્રકાશે છે. ઘણુ-ખરા બ્રાહ્મણોની ઉત્પત્તિ એ સપ્ત ઋષિનાથી થઈ છે. કદાપિ તે બ્રાહ્મણોમાં ભેદ પડી ગયો છે તે (હિન્દુનાં શાસ્ત્રમાં હાલમાં જે જ્ઞાતિયો પડી ગઈ છે તેનાં નામ નથી) તેઓના મ્હોટા સૂદ્ધારક, શંકરાચાર્યના વારાથી પડેલો જણાય છે. તે ઈ૦ સ૦ ની પ્હેલાં દોહોડ સદી ઉપર બૌદ્ધ મતની સામે થવાને ઉઠ્યો. બ્રાહ્મણોમાં ભેદ પડેલો તેના જોવામાં આવ્યો, તેઓ ચાર વેદમાંથી પોતપોતાને પ્રિય વેદ હતો તે ઝાલી બેઠા, અને અથર્વ વેદ ગ્રહણ કરનારાઓનો ધિઃકાર કરવા લાગ્યા. વેદમાં પ્રાણિયોનું બલિદાન લખ્યું છે તે વાત કોરે રહેવા દઇને બૌદ્ધમતના લોકપ્રિય અભિપ્રાય પ્રમાણે આ મ્હોટા સૂદ્ધારકે માંસભક્ષણની મના કરી; તેણે વળી એમ સલાહ આપી કે વંશપરંપરાથી જે જે વેદને માનતા આવ્યા છે તેણે તે વેદ માનવો અને બીજા વેદ માનનારા સાથે શત્રુતા રાખવી નહિ. શંકરાચાર્ય આ પ્રમાણે મતભેદ તોડી નાંખવાને પ્રયત્ન કરવા લાગ્યા પણ ઉલટો તે તેના વિના ચિંતવ્યે મતભેદ ઉભો કરવાનું કારણ થઈ પડ્યા. તેના મરણ પછી તેના નામનો એક જૂદો પંથ પડ્યો, અને જે બ્રાહ્મણો માત્ર વિન્ધ્યાચળ પર્વત વચ્ચે પડવાને લીધે જ એક બીજાથી જૂદા હતા તેઓના હવે બે પંથ પડી ગયા. તેમાં એક તેનો મત સ્વીકારવા લાગ્યા અને બીજા તેની સામે થવા લાગ્યા. દ્રવિડ બ્રાહ્મણોએ માંસાહાર તજી દીધો અને ગૌડ બ્રાહ્મણો તે ચાલ રાખી રહ્યા. તેથી એક બીજાનો પાણીવ્યવહાર બંધ થઈ ગયો.

હિન્દુસ્થાનના બીજા ભાગ કરતાં, ગૂજરાતમાં બ્રાહ્મણોની ઘણી નાતો પડી ગયેલી છે એમ ધરાય છે. ઔદિચ્ય બ્રાહ્મણો, જે સંખ્યામાં અતિશય વધી ગયા છે, તેમના મૂળ વિષે અણહિલવાડના રાજા મૂળરાજના ઇતિ-હાસમાં જોવું.[૧] તેઓ ઉત્તરમાંથી આવ્યા માટે ઔદિચ્ય કહેવાયા અને પ્હેલે પ્રસંગે સુમારે એક સહસ્ર આવ્યા માટે સહસ્ર કહેવાયા. પોતાના રહેવાના ઠેકાણા ઉપરથી સિદ્ધપુરિયા અને સિહોરિયા ઔદિચ્ય કહે-વાયા, અને આ પ્રમાણે જેમ જૂદી શાખાઓ પડતી ગઈ, તેમ રીત-

૧ પ્હેલા ભાગને પૃષ્ઠ ૯૦-૯૧ જુવો.

ભાતમાં રહેતાં રહેતાં ફેરફાર પડવા માંડ્યો. જે ટોળાએ મૂળરાજનું દાન લીધું નહિ તે ટોળકિયા ઔદિચ્ય કહેવાયા. ત્યાર પછી તેમનામાંથી જેઓની નબળી દશા થઈ ગઈ, તેઓ મોચી, દરજી, ત્રાગાળા અને બીજા કોળી સરખા હલકા લોકોના ગોર થયા, અને તેઓને નાત બ્હાર મૂકયા તેથી તેમના ઘણા વિભાગ થઈ ગયા. કેટલાક સુરત અથવા કચ્છ–વાગડ અને મારવાડમાં જઈ વસ્યા અને પોતાના દેશની મૂળની રીતભાત પકડવા લાગ્યા અને જ્યાં રહ્યા ત્યાંનું નામ ધારણ કરી બેઠા, જેવા કે મારવાડી ઔદિચ્ય બ્રાહ્મણ.

શ્રીમાળી બ્રાહ્મણોની ઉત્પત્તિનું એક શ્રીમાલમાહાત્મ્ય કરીને પુસ્તક છે, તે સ્કંદ પુરાણનો ભાગ છે, એમ તેઓ માને છે, તેમાં લખે છે. કે ઝાલોરમાં શ્રીમાલ (હવણાં તે ભીનમાલ કહેવાય છે) નગર પ્રથમ વસાવ્યું ત્યારે ગંગરદમથી બ્રાહ્મણોને ત્યાં તેડાવ્યા તેમાં જેઓ ત્યાં જઈ વસ્યા તેઓ ત્યાંની એક નાત થઈ પડ્યા. પ્રખ્યાત સંસ્કૃત કવિ માઘ થઈ ગયો તે શ્રીમાળી બ્રાહ્મણ હતો. જ્યારે શ્રીમાલની પડતી દશા આવી ગઈ, અને અણહિલવાડની ચડતી થતી ચાલી, ત્યારે કેટલાક બ્રાહ્મણો પોતાની કુલદેવીને લઇને ત્યાં આવીને વસ્યા, અને કેટલાક ગૂજરાત, કચ્છ, કે સોરઠમાં જઈ વસ્યા. કેટલાક મારવાડ, અને મેવાડમાં જઈ રહ્યા. કેટલાએક ભોજનને અર્થે જૈન ધર્મ સ્વીકાર્યો તે ભોજક કહેવાયા, શ્રીમાળી બ્રાહ્મણો યજુર્વેદી અને સામવેદી છે, તથા તેમનામાં સાત ગોત્ર છે. તેઓ એકલા ગૂજરાત વિના, માંહોમાંહે કન્યાવ્યવહાર રાખે છે. ઔદિચ્ય બ્રાહ્મણોની પેઠે શ્રીમાળીઓ પણ ગૌતમ ઋષિનાથી પોતાની ઉત્પત્તિ થયેલી માને છે. ગૂજરાતના પશ્ચિમ ભણીના માહાલોમાં આ બે જાતિના બ્રાહ્મણો વચ્ચે હવણાં ઉચ્ચપણાનો વાંધો ચાલે છે.

બધી જાતિના બ્રાહ્મણો એક બીજામાં પરણતા નથી, તથાપિ ખાવાનો વ્યવહાર રાખે છે, તો પણ ગૂજરાતમાં નાગર બ્રાહ્મણની એક નાત છે, તે બીજી નાતનું ખાતી પણ નથી. ગૂજરાતના નાગર બ્રાહ્મણો અસલ વડનગરના રહેવાસી છે. એ શહર ઘણું જૂનું છે. અને કનકસેનના વંશવાળાઓએ તેની સ્થાપના કરી છે એવી દંતકથા ચાલે છે. વિસલદેવ ચોહાણે જ્યારે વિસલનગર[1] વસાવ્યું ત્યારે તેણે હોમ કર્યો હતો, તે સમયે ઘણા વડનગરા બ્રાહ્મણો તે અવસરે હાજર હતા. તેઓએ દાન લેવાની ના પાડી ત્યારે વિસલદેવે યુક્તિથી તેમનામાંથી કેટલાએકને ભૂમિદાન લેવાની અગત્ય પાડી. તેઓને આખી નાતે થઈને નાત બ્હાર મૂકયા ત્યારથી તેમની એક વિસલ-

૧ પ્હેલા ભાગને પૃષ્ટ ૧૩૨ જૂવો.

નગરા નાગર બ્રાહ્મણની જૂદી નાત થઈ. એવાજ બનાવ સાઠોદ અને બીજે ઠેકાણે બન્યા, તે ઉપરથી સાઠોદરા, ચિત્રોડા, પ્રશ્નોરા અને કૃષ્ણોરા નાગર બ્રાહ્મણ થયા. આ નાતમાં એક બારડની જાત જૂદી પડી છે, તે નાતમાં કન્યા નહિ મળવાથી બીજી નાતની કન્યા વ્હેરે પરણવાથી થઇ છે. તેમનું આ પ્રમાણે લગ્ન થવાથી તેઓનો ઘણો ધિઃક્કાર થયો. અને તેઓને પોતાનું ગામ છોડી જવાની અગત્ય પડી; પણ ત્યાર પછી આ નાત વધતી જાય છે. તેમનામાં પુનર્વિવાહ કરવાની છૂટ છે.[1]

ગૂજરાતમાં આ પ્રમાણે બ્રાહ્મણની મુખ્ય નાતો છે, તે માત્ર આટલી જ છે એમ સમજવું નહિ. ઘણું કરીને એમ કહેવામાં છે કે ચોરાશી જાતના બ્રાહ્મણ છે.

ભાગવતમાં એમ લખ્યું છે કે, બ્રહ્માના મરિચિ થયા તે મરિચિના કશ્યપ થયા, તેને સૂર્ય અથવા વિવસ્વત પુત્ર થયો તે ક્ષત્રીય થયો. મરિચિના ભાઈ અત્રિને ચન્દ્ર થયો, તે પણ ક્ષત્રીય થયો. રજપૂતોની ઘણી ખરી શાખાઓ ચન્દ્ર કે સૂર્ય વંશમાંથી થઈ છે. રત્નકોશની સંસ્કૃત ટીકામાં લખ્યું છે કે ક્ષત્રિય જાતનો પ્રથમ પુરુષ મનુ થયો. તેનાથી છત્રીશ શાખાઓ થઈ તે માંહેલા કેટલાએકે પરાક્રમ કરીને ઉપનામ મેળવી લીધાં, કેટલાક રાજાનું પદ પામ્યા, કેટલાએક ખેડુત થઈ ગયા, અને કેટલાક શૂદ્રમાં ભળી ગયા. ચંદ બ્હારોટ લખે છે કે, આબુ પર્વત ઉપર જ્યારે ઋષિયો રહેતા હતા, અને તેઓને અસુર અથવા રાક્ષસો પીડા કરવા લાગ્યા ત્યારે ત્યાં વશિષ્ટ ઋષિ હતા તેમણે અગ્નિકુંડમાંથી પરિહાર, સોલંકી, પરમાર અને ચોહાણ એવા ચાર જાતિના રજપૂત ઉત્પન્ન કર્યા. તેમનામાંથી પછી છત્રીશ જાતિયો થઈ તે નીચે પ્રમાણે છેઃ—

छपय

रवि, शशि, जादव वंश, ककुत्स्थ, परमारु, तोंवर,
चहुवाण, चालुक्य, छिंद, सिलार, आसीवर,
दोयमत्त, मकवान, गरुअ, गोहिल, गहो लुत,
चापोत्कट, परिहार, राव राठोड, रोस जुत,

[1] આ પ્રમાણે પુનર્વિવાહ કરવાનો ચાલ નથી. સાઠોદરા નાગરોમાં એક કન્યાનો તેના વર સાથે હસ્તમેળાપ થયો ન હતો તેવામાં એકાએક અર્ધી ક્રિયાએ વર મરણ પામ્યો એટલે કન્યાના પિતાએ તેને બીજા વ્હેરે પરણાવી. નાતના લોકોએ કહ્યું કે અર્ધી ક્રિયા થઈ છે તેથી એ કન્યા રંડાઈ માટે એનું ફરી લગ્ન થાય નહિ. પણ પેલાએ કહ્યું કે, શાસ્ત્ર પ્રમાણે બાધ નથી. આ પ્રમાણે જે લોકો એની સાથે નાતબ્હાર રહ્યા તેઓની બારડ જાતિ જૂદી થઈ. ર. ઉ.

देवरां, टांक, सिंधव, अनग, मोतिक, प्रतिहार, दधिखट,
कारट पाल, कोटपाल, हुन, हरितक, गोर कमाड जट.

दुहो

ध्यान पालक, निकुंभबर, राजपाल, अवनीश,
काळ छर के आदि दे, बरने बंश छत्रीस.

હવણાં એક સાધારણ છંદ બધા વહિવંચા લોકો બોલે છે, તેમાં પરમાર, રાઠોડ, જાદવ, ચોહાણ, અને સોલંકી, એવી પાંચ જાતિ અગ્નિ-કુંડમાંથી થઈ કહી છે; અને એ પાંચમાંથી તેઓની નવ્વાણું શાખાઓ થઈ. રજપૂત લોકો કહે છે કે, અમે ખરા ક્ષત્રિય છિયે, પણ બ્રાહ્મણો તે વાત માન્ય રાખતા નથી; અને કહે છે કે, ક્ષત્રિય તો હવે પૃથ્વી ઉપર રહ્યા જ નથી. એનું કારણ એમ કે, બ્રાહ્મણોમાં ખાવા પીવા ઈત્યાદિનાં ઘણાં લફરામાં ચોખ્ખાઈ માનવાનો ચાલ પડી ગયો છે, અને રજપૂતોની કન્યા મુસલમાનો જોરાવરીથી વરચા છે; તેથી હવે બ્રાહ્મણથી બીજી પાયરીની ક્ષત્રિયની જ્ઞાતિ હિન્દુઓમાં ગણાતી નથી. એઓની પાયરી વાણિયાઓએ છીનાવી લીધી છે; વાણિયા મૂળ જેવા જઇએ તો વૈશ્ય જાતિના છે, પણ તે રજપૂતોનું પાણી પીતા નથી, અને ઉજળી વર્ણમાં બ્રાહ્મણ-વાણિયા ગણાય છે. રજપૂતો માંસાહાર અને મદ્યપાન કરે છે તે તેમની આસપાસની બીજી જ્ઞાતિયોવાળા ખોટું ગણે છે ને રજપૂતો તો ગૌહિંસા અને પુનર્વિવાહ એ બે જ માત્ર વર્જિત કરે છે. જ્ઞાતિયોમાં શાખાઓ અથવા તડ પડી જાય છે તેઓને એક બીજામાં ખાધાવ્યવહાર રાખવામાં કશો બાધ હોતો નથી, તેથી તે જૂદી જ્ઞાતિયો ગણી શકાય નહિ.

પ્રત્યેક રજપૂત ઠાકોરને ત્યાં દાસિયો હોય છે અથવા જેને પ્રથમ વેચાતી લીધી હોય તેનાથી થયેલી હોય છે, તે સર્વ જાતિની હોય છે અને ઘણી વાર તો હબશણો જોવામાં આવે છે. કાઠિયાવાડમાં આવી દાસિયો "છોકરીયો" ને નામે ઓળખાય છે અને મહીકાંઠામાં "વડારણ" કહેવાય છે. આ સ્ત્રિયોનાં આચરણ ચોખ્ખાં હોતાં નથી, અને ઘણું કરીને પરણેલી હોતી નથી. પણ કદાપિ પરણી હોય છે તો તે પોતાની જાતિવાળા સાથે; બીજી જાતનું કોઈ તેઓની સાથે છંદમાં પડે તો તે પુરૂષ માટે ઘણું જ હલકું ગણવામાં આવે છે. જ્યારે કોઈ વડારણને મહિના રહે ત્યારે તે જેની દાસી હોય તે રાણી તેને બોલાવીને, જેના મહિના રહ્યા હોય તેનું નામ બલાત્કારથી કહેવરાવે. તે માણસ પછી જે દ્રવ્યવાન હોય તો તેની પાસેથી

દંડ ભરી લેવામાં આવે; પણ પેલી વડારણને દોષવાળી ગણવામાં આવતી નથી. તેને છોકરૂં થાય તે પછી ગોલો ક્‌હેવાય છે. કદાપિ ઠાકોરની ઉંચા દરજ્જાની ચાકરીમાં તે હોય છે તો ખવાસ ક્‌હેવાય છે. તે ઉંચી પદવિયે પ્‍હોંચે છે તો પણ ઠાકોરનો ગુલામ જ ગણાય છે. જ્યારે ઠાકોરની કુંવરીને પરણાવવામાં આવે છે ત્યારે કેટલાંક દાસદાસિયો તેની સાથે તેને સાસરે જઈ ર્‌હે છે, અને તેઓ સાસરવાસાનો એક ભાગ ગણાય છે. તેઓ ઘરનું બધું હલકું કામકાજ કરે છે, અને તેઓનો ઠાકોર જ્યારે મરણ પામે છે ત્યારે તેની સાથે (કેટલાંક) ચિતામાં બળી મરે છે.

વૈશ્ય હજી લગી મુખ્યત્વે કરીને ખેતીવાડી અને વ્યાપાર કરે છે. ગૂજરાતમાં ઘણાખરા ખેડુતો કણબી છે. તેઓની ત્રણ[1] મ્હોટી જ્ઞાતિયો છે. લેઉઆ, કૈડવા અને આંજણા. તેઓ પોતાની ઉત્પતિ ક્ષત્રીય જાતિમાંથી થયેલી ગણે છે, અને તેઓ માંહેલા ઘણા ખરા તો રજપૂત જાતિના જેવાં ઉપનામથી ઓળખાય છે. વૈશ્ય જાતિમાં વાણિયા મુખ્ય છે તે વાત આગળ લખી છે. તેઓની ચોરાશી જૂદી જૂદી નાતો થઈ છે અને જે પરગણાના અથવા ગામના તેઓ ર્‌હેવાશી હોય તેના નામથી ઓળખાય. તેઓનામાં દશા અને વીશા એવો ભેદ પણ છે. વળી ધર્મભેદને લીધે, મેશરી અથવા વૈષ્ણવ અને શ્રાવક અથવા જૈન વાણિયા પણ ક્‌હેવાય છે. જેનો જેવો ધર્મ તે પ્રમાણે વાણિયાઓના વહીવંચા જૈન મતના સાધુ અથવા ભાટ હોય છે, અને ભાટની ઉત્પત્તિ ઘણું કરીને કોઈ રજપૂત જાતિમાંથી થયેલી છે. એક કુલમાંથી જેઓની ઉત્પત્તિ થઈ હોય છે તેઓ એક બીજા સાથે પરણતાં નથી.

ઘરનું હલકું કામકાજ કરનાર માણસોની શૂદ્ર જાતિ ક્‌હેવાય છે, જેવા કે હજામ અથવા ગાંયજો, (વાળંદ) ઘોબી, અને બીજા મૂળ જાતિના જેવા કે ભીલ, કોળી, મેર, અને બીજા શૂદ્ર ગણાય છે, તેમ જ નાતબ્હાર મૂકવાથી થયેલી બીજી નાતો પણ એવી જ ગણાય છે. વળી જૂદા જૂદા ધંધા કરનારાઓની જૂદી જૂદી નાતો થઈ છે. દેશી રાજાના રાજ્યમાં શૂદ્રનાથી બાપદાદાના વારાથી ચાલતો આવેલો ધંધો છોડી શકાતો નથી. તેઓ સારાં લૂગડાંલત્તાં પ્‍હેરી શકતા નથી, તેમ જ ર્‌હેવાને સરસ પ્રકારનું ઘર બંધાવી શકતા નથી. અસલને વારે નીચ વર્ણના લોકોને ગામમાં ર્‌હેવાની આજ્ઞા ન હતી, અને બીજાનાથી ઓળખાઈ આવે એવાં લૂગડાં પ્‍હેરવાનો

૧ કણબીની ચોથી નાત મુમના છે.

તેઓને હુકમ હતો.[1] આ પ્રમાણે છતાં પણ શૂદ્ર લોકોના વહીવંચા હોય છે. તેઓ તેમને અસલ ક્ષત્રીય કુળમાંથી નીપજેલા કહીને રાજી કરે છે. ઢેડ સરખાનાં પણ ચોહાણ, વાઘેલા એવાં ઉપનામ હોય છે, તથા તેમને તુરી જાતના ગવૈયા હોય છે, અને ગરોડા કરીને તેઓના ગોર હોય છે. તે બ્રાહ્મણ પેઠે જનોઈ પ્હેરે છે અને બ્રાહ્મણમાંથી પોતાની ઉત્પત્તિ થયેલી માની લે છે. ઢેડ લોકો ઘણું કરીને કબીરપંથી હોય છે. તેઓનો અભિપ્રાય તેઓને રૂચે તેવો એમ છે કે એક નાત બીજી નાતનાથી જૂદી નથી. એ લોકમાં પણ ઢેડ અને ઓળગાણા એવા ભેદ છે. અને ઢેડ જો ઓળગાણાનું ખાય તો તે વટલાય અને તેને નાતબ્હાર મૂકે. છેલ્લી વારે એટલી વાત જાણવાની અગત્ય છે કે ઓળગાણા સરખો પણ હિન્દુ કહેવાય છે, અને તે મ્લેચ્છ અથવા જે હિન્દુ હોતા નથી તેઓના કરતાં શ્રેષ્ઠ ગણાય છે. એક એવી વાત છે કે, મુસલમાન પાદશાહે પોતાનાં હિન્દુ પ્રધાનને પૂછ્યું કે સર્વના કરતાં નીચી જાત કઈ? પ્રધાને કહ્યું કે, "એ વિષેનો વિચાર કરવાની મને મ્હેતલ આપો." પાદશાહે તે પ્રમાણે મ્હેતલ આપી. એટલે તેણે ઢેડવાડે જઈને તેઓને કહ્યું કે, "તમે પાદશાહને ગુસ્સો ઉપજાવ્યો છે, માટે તમને વટાળીને મુસલમાન "કરવાનો તેમનો વિચાર છે." ઢેડ લોકો આવું સાંભળીને ઘણા જ ભયભીત થઈ ગયા અને ટોળે મળીને પાદશાહને મ્હેલ જઈ વેગળે રહી બૂમો પાડી કહેવા લાગ્યા કે, "અમે પાદશાહનો અપરાધ કર્યો હોય તો અમને બીજી શિક્ષા "કરો, પણ વટાળશો નહિ." આવું સાંભળીને પાદશાહ હસ્યો અને પોતાનો પ્રધાન, જે જાણી જોઇને આ સર્વ ગણકાર્યા વિના બેહેલો હતો, તેને કહેવા લાગ્યો, "ત્યારે નીચામાં નીચી જાત તો મારી જ તો!"

જૈન લોકોમાં મુખ્યત્વે કરીને અપવાસ કરવામાં અને જીવહિંસા નહિ કરવામાં ધર્મ ગણાય છે. તેઓનામાં નાતનો અટકાવ નથી. તો પણ બીજા હિન્દુઓમાં જે સાધારણ રીતભાતો છે તે શ્રાવકો પાળે છે. જો કોઈનાથી નનામા ઢેડને અડાયું હોય તો તેને અગ્નિ કે પાણીનો સ્પર્શ કરવો પડે છે. કોઈ હિન્દુને ઢેડ પાસેથી કાંઈ વસ્તુ લેવી હોય છે તો તે વસ્તુને પાણી છાંટ્યા પછી અડે છે. કોળી અને ભરવાડ સરખા પણ ઢેડને અડ્યાથી અભડાય છે અને શુદ્ધ થવાને ઉપર પ્રમાણે કરે છે.

સન ૧૮૫૩ના આગસ્ટ મહિનામાં ગૂજરાતના એક કોળિયે ફોજદારી કચેરીમાં જુબાની આપતાં કહ્યું કે, ભગવાન અને રોડો બે ભરવાડ મારી

૧ પ્રથમ પુસ્તકના સાતમા પ્રકરણમાં જસમા ઓડણની વાતમાં જુવો.

પાસે આવીને કહેવા લાગ્યા, "અમે ઢેડને અડકયા છિયે તેથી અભડાયા છિયે, "માટે અમને દેવતા આપો." મેં હુક્કાની ચલમમાંથી એક અંગારો નાંખ્યો, તેનો વારા ફરતી બન્ને જણે પોતાના માથા સાથે સ્પર્શ કર્યો, ત્યાર પછી તેમણે મારો હુક્કો લઈને પીધો. ભાવાર્થ એવો કે અગ્નિના સ્પર્શથી તેઓ ચોખ્ખા થયા ત્યારે તેણે તેઓને હુક્કો આપ્યો.

નાતમાં તડ પડી જાય છે, તેનું એક વધારે કારણ એ છે કે નાત મ્હોટી હોય છે તો જમણવાર કરતાં ખર્ચ ઘણો થઈ જાય છે. પૈસાદાર માણસ લોકપ્રિય થવા સારૂ અગત્ય હોય તે કરતાં પણ ખુશીથી એક બે વધારે નાતો કરે છે, તે જોઈને બીજાની નાખુશી છતાં પણ ખોટું દેખાશે એમ સમજીને તણાઈ મરીને વધારાની નાતો કરવી પડે છે. એટલે છેવટે, તેવી નાતો કરવાનો ચાલ પડી જાય છે, તેથી ગરિબને રૂપિયા કરજે કહાડીને પણ નાત કરવી પડે છે. આ કારણને લીધે કોઈ પણ કારણથી નાતમાં વાંધો પડે તો તેનો લાગ લઈને જૂદાં પડવાનો પ્રસંગ તાકે છે. જો નાતના ઘણા માણસોનું એકમત થાય છે તો પછી તડ પાડવાને વાર લાગતી નથી; પણ વાંધાવાળા થોડા હોય છે તો પછી તેમને ઘણી પજવણી સ્હેવી પડે છે. નાતના લોકો તેમની સાથે સંબંધ રાખવાને ના કહે છે, તેમનાં છોકરાં સાથે કોઈ વિવાહ કરતું નથી, કોઈ તેમને દેવતા આપતું નથી, તેમ જ ગામના કૂવામાંથી પાણી સરખું પણ કહાડવા દેતા નથી. જેઓને નાતબ્હાર મૂકેલા હોય છે તેઓની સ્ત્રિયોને અને પરણેલી દીકરિયોને તેઓનો સંસર્ગ કરવા દેતા નથી. તેમનામાં કોઈ મરી જાય છે તો નાતના લોકોને નમી પડીને અથવા કોઈ બીજી રીતે વાંધો પતાવી દે છે ત્યારે તેઓ દાહ દેવા જાય છે, પરનાતીલાથી તે કામ થતું નથી.

કેટલીક નાતોમાં પુરુષોને તેમની મરજીમાં આવે તેટલી સ્ત્રિયો પરણવાની છૂટ છે. કેટલાક રજપૂત વીશ વાર પરણે છે, અને ઔદિચ્ય બ્રાહ્મણ પાંચ કે છ વાર પરણે છે. બીજી નાતોમાં એવો ચાલ હોય છે કે, પ્હેલી સ્ત્રી જીવતી હોય ત્યાં સુધી બીજી વાર કોઈનાથી પરણાય નહિ. રજપૂત લોકોમાં વિધવાનાં પુનર્લગ્ન થવા દેતા નથી, પણ બીજી કેટલીક નાતોમાં એક વાર કરતાં વધારે વાર સ્ત્રી પરણી શકે છે. કોઈ વાર તો ધણીધણીઆણીને બનાવ નથી હતો તેથી પોતાની ખુશીથી છૂટાછેડા કરવા દેવામાં આવે છે, તેમાં સ્ત્રી પોતાનો છેડો ફાડીને ધણીને આપે છે અને ધણી તેને છૂટા થયાનો દસ્તાવેજ કરી આપે છે. કેટલીક નાતોમાં એવો ધારો છે કે કન્યાને બાર વર્ષની અંદર પરણાવવી જ જોઇયે. કેટલીક નાતોમાં કુલીન

વર ખોળે છે, અને છોકરી ત્રીસ વર્ષની થતાં સુધી કોઈ વાર કુંવારી રાખે છે. કેટલીક નાતોમાં એવો ચાલ છે કે મરેલા માણસની ઉત્તરક્રિયા કરવામાં આવે નહિ, તો તે ઘર નાતબહાર મૂકવાને યોગ્ય થાય છે; અને વળી બીજી કેટલીક નાતોમાં એવી ક્રિયા સમૂળગી કરતા જ નથી.

હિન્દુઓમાં ખાવાની બાબતમાં ઘણા પ્રકારની મનાઈ હોય છે તે પ્રમાણે કોઈ ચાલે નહિ તો તેને નાતબ્હાર મૂકે છે. તેનો સામાન્ય ધારો એવો છે કે, કોઈ બીજી નાતવાળાનું તેમાં મુખ્યત્વે કરીને પોતાના કરતાં નીચી નાતવાળાના હાથનું રાંધેલું ખવાય નહિ. જો બ્રાહ્મણની રસોઈને શૂદ્ર અડકે તો તે પછીથી શૂદ્રને ખાવા યોગ્ય જ થાય છે. કેટલીક નાતોમાં એવો ધારો છે કે જે ઠેકાણે રસોઈ કરી હોય ત્યાંથી બીજે ઠેકાણે લઈ જવાય નહિ. વાસણ વિષે પણ એવી જ જાતનાં બંધન છે. બ્રાહ્મણે કોઈ વાસણ ઉપયોગમાં આણ્યું હોય તો ફરીથી વાપરતાં પ્હેલાં પાણીથી ઉટકવું જોઇયે; પણ વૈશ્ય રાખ વડે ઉટકી નાંખે તો તેની નાતના ધારા પ્રમાણે ચાલી શકે છે. કાંસું, પથ્થર, કલાઈ, લાકડું અને માટી એઓનાં બનાવેલાં વાસણ પરનાતવાળાએ વાપર્યાં હોય તો તે બ્રાહ્મણના ખપમાં આવતાં નથી. તેમ જ બ્રાહ્મણના ખપનાં એવી જાતનાં વાસણને વૈશ્ય કે શૂદ્ર જાતિનું કોઈ અડકે તો તેનાં ખપનાં તે રહેતાં નથી. જરૂરિયાત કે પ્રસંગ આવી પડવાને લીધે પાણીની એટલી બધી છોછ ગણવામાં આવતી નથી, તો પણ સામાન્ય ધારો એવો છે કે પરજાતિવાળાના વાસણમાં પાણી ભરેલું હોય તો તે હિન્દુના ખપમાં આવતું નથી, તેમ જ હિન્દુના પાણીને તેઓ અડકે છે તો તે વટલાય છે. તથાપિ પશ્ચિમ ગૂજરાતમાં ઉન્હાળાના દિવસમાં પાણીની ઘણી અગત્ય પડે છે ત્યારે પરજાતિવાળાઓનું ત્રાંબા પીતળ આદિ ધાતુનું વાસણ હોય તો તે પાણી તથા માટી વતે સારી પેઠે માંજ્યા પછી તેમાં ભરી આણેલું પાણી બ્રાહ્મણના ખપમાં આવે છે. ચામડાની ડોળ માંજવાની અગત્ય રહેતી નથી, માત્ર તેને ધોઈ નાંખવી જ જોઇયે, કેમ કે મોચીને ઘેરથી તે આવેલી હોય છે તેથી. તે નાતના કરતાં વધારે વટાળો થઈ શકવા જેવું પછી કાંઈ બાકી રહેતું નથી. કેટલાક બ્રાહ્મણ એવા ચોખ્ખાઈવાળા હોય છે કે ડોળથી કહાડેલું પાણી પીતા નથી અને તેથી ન્હાતા પણ નથી. પશ્ચિમ ગૂજરાતમાં ઘણું કરીને ગામ દીઠ એકેકો કૂવો હોય છે; ત્યાં ઢેડ પાણી કહાડી જાય છે, ત્યાર પછી બ્રાહ્મણ અને બીજી નાતના લોકો સામી બાજુએથી પાણી કહાડે છે. ઘણું કરીને ગામમાં ઘણા કૂવા હોય છે, તેમાં એક કૂવો ઢેડ લોકોનો ઇજારદો હોય છે. કૂતરૂં કે

બીજુ કોઈ પ્રાણી કૂવામાં પડી મરણ પામે છે તો કૂવો ગોઝારો થાય છે અને પાંચ વાર તેને ઉલેચી નંખાવ્યા પછી ગંગાજળ અને ગાયનું મૂત્ર રેડે છે ત્યારે પવિત્ર થાય છે. બ્રાહ્મણ કે વાણિયાની સ્ત્રી પાણી ભરીને જતી હોય ને તેના સામું મડદું મળે તો તે પાણી અપવિત્ર થયું સમજી રેડી દેવામાં આવે છે. અથવા મડદું સામું આવતાં પ્હેલાં કોઈ ખૂણાની થોડા છેટાની જગ્યા આવે છે તેમાં પેશી જઈને મડદું દેખાય નહિ એમ અવળે મ્હોડે લાજ તાણી ઉભી રહે છે ત્યારે પાણી અપવિત્ર થતું નથી. કોઈ પ્રાણીનું મડદું પડ્યું હોય અને તે ઘણું કરીને કૂવે જવાના રસ્તા ઉપર હોય તો તેને ત્યાંથી ફ્હાડી નંખાવીને જગ્યા પવિત્ર કર્યા વિના કોઈ પાણી ભરવા જતું નથી. બ્હેડા ઉપર કાગડો બેશીને ઘડામાં પોતાની ચાંચ બોળે તો કેટલીક સ્ત્રિયો પાણી રેડી દે છે; પણ આવો બનાવ બનવાનો સંભવ ઘણો હોય છે, તેથી કેટલીક સ્ત્રિયો તે ગણકારતી નથી. ઈંગ્લંડ અને યૂરોપના બીજા દેશોમાં કાગડાને માનશકુનિયાળ ગણવામાં આવે છે, તે પ્રમાણે ગૂજરાતમાં તેવો વ્હેમ છે તેથી કદાપિ એવો ચાલ પડ્યો હશે એમ ધારવામાં આવે છે.

પ્રકરણ ૨

ખેડુત

યૂરોપ ખંડના દેશોના ખેડુતો, જેમ પોતપોતાના ખેતરમાં રહે છે, તેમ ગૂજરાતના ખેડુતો રહેતા નથી, પણ સર્વદા ગામડાંમાં રહે છે. ખેડુતોને રહેવાનાં ઘરોના સમુદાયને જ ગામ ક્હેતા નથી પણ તેના તાબાની જેટલી સીમ હોય છે તે સુદ્ધાંતને ગામ ક્હે છે. અમે આગળ લખ્યું છે તે પ્રમાણે, આ પ્રાન્તનો ઘણો ભાગ સરસ ઝાડોની ઘટાથી છવાઈ ગયેલો છે. કચ્છના રણની પડોશની જગ્યાઓમાં, જ્યાં ઝાડપાન ઓછાં હોય છે, ત્યાં, ગામની સાથે ઝાડોનો જથ્થો હોય છે. શહરની પેઠે ગામની પાસે નદી કે તલાવ હોય છે, તેમ જ, ઘણું કરીને મસ્જીદ અને દેવાલય પણ હોય છે. આ પ્રાન્તના સરસ ભાગનાં ખેતરની પછવાડે મજબૂત અને ઉંચી એવી બારે માસ વાડ કરેલી હોય છે, તે સાથે, જ્યાં ત્યાં પુષ્કળ સારાં ઝાડ હોય છે, તેથી એક બીજાની સીમા એવી મળી જાય છે કે, મનુષ્યપ્રાણીના અવાજના ક્હોરબકોર, રેહેંટિયાના ચીંચરૂકા, અથવા કૂતરાનું ભસવું, એ જો સાંભળવામાં આવે નહિ તો મુસાફર વગર જાણે, ઓચિંતો ગામમાં આવીને

ઉભો રહે. વાઘ્રો અને ઝાડ ઉપર મોરથી માંડીને તે ચકલી સુધી સર્વ જાતિનાં પક્ષીનાં ટોળાં હોય છે; સર્વ પ્રકારનો શિકાર અહિં ઘણો હોય છે, અને વાંદરાંની સેના અહિં તહિં ભટકતી ફરે છે. તેમ જ, દેશના ઝાલાવાડ સરખા બીજા ભાગમાં, પાણીની સપાટી ઉપર આંખ ફરી વળતી હોય તેમ, વગર અડચણ થયે, આંખ ફેરવતાં વાંત જ, ઘણાં ગામ ઓળખી શકાય છે, અને હરિણનું ટોળું કે જથ્થાબંધ આવતા અશ્વારો એક માઈલને છેટે હોય તો ઘણી સ્હેલાઈથી જોઈ શકાય છે.

ખેડુત લોકો ઉદ્યોગી અને નિયમશીલ હોય છે. તેઓની રીતભાત ઘણી સાદી હોય છે. તેઓ પરોડિયે ઉઠે છે, અને પોતાનાં ઢોરને ચાર નીરીને થોડી વાર પોતાને ઘરકામે લાગે છે. ઢોર ઘાસ ખાઈ રહે છે એટલી વારમાં ખેતરમાં જવાને તૈયાર થઈ રહે છે અને ઢોરને હાંકીને સીમમાં જાય છે. તેઓ આખો દિવસ ખેતરના કામકાજમાં રોકાયલા રહે છે. આશરે નવ વાગતાં તેમની સ્ત્રિયો ઘેર રાંધીને તેઓને માટે ખાવાનું ખેતરમાં લઈ જાય છે, અને રાત્રે તો વાળું કરવાની વેળાએ સૂર્ય અસ્ત પામતાં ઘેર આવે છે. કેટલાક કણબિયો તો દહાડામાં ચાર વાર ખાય છે.

કણબી કચેરીમાં આવે છે ત્યારે તો ઘણું કરીને ગરીબ અને નમી પડતો જણાય છે, પણ પોતાની જાતના લોકોની આગળ તો આડો અને હિમ્મતવાન હોય છે. એને ગમે તે વિના ચાલશે, પણ કોઈને એના વિના ચાલવાનું નહિ એવું બોલવાનું એને ગમે છે, અને તે વિષે તે ઘણી કહેવતો કહે છે, જેમકે, "જ્યાં વર્ષાદનું ગાજણું, ત્યાં કણબીનું પાદરૂં." "કણબીની પાછળ "લાખો જણ, પણ કણબી કોઈની પાછળ વણ." કણબીને જ્યાં જોઈયે ત્યાં એના બળદ પ્હેલા; જ્યાં એકનું કહેવા બેશિયે ત્યાં બીજાનું કહ્યા વિના ચાલે જ નહિ; સારાંશ એ કે, એ બન્નેને એક બીજાથી જૂદા પાડી શકાય નહિ. પોતાના બળદ વિષેનો તેનો મમત કોઈનાથી ખાળી શકાય નહિ, કેમ કે ઈશ્વરે તેઓને જેવી સ્થિતિમાં મૂક્યા છે તે સ્થિતિને તેઓ આશ્ચર્યકારક રીતે માફક આવે છે, અને તેઓની પ્રસિદ્ધિ પણ ઘણી છે. જ્યારે મેવાડના રાજા કરણની હાર થઈ અને જહાંગીર પાદશાહે તેની મુલાકાત લીધી ત્યારે તેને ઘણું માન આપવાને તે બહુ આતુર હતો તેથી તેને પોતાની જમણી બાજુએ બેસાર્યો અને નવાઈની સર્વ જાતની વસ્તુઓ તેને તુષ્ટિદાનમાં આપી, તે સાથે ગૂજરાતના બળદની એક જોડ પણ આપી. કણબી પોતાના બળદને હાંકતી વેળાએ તરેહવાર જાતની વ્હાલમાં ગાળો દઈને હાંકે છે. તે સોરઠનો હોય તો કહેશે કે "તને કાઠી ઝાલે!" જો તે ઈડરવાડાનો હોય

અથવા તેવા જ કોઈ પ્હાડી પ્રદેશનો હોય તો ક્હેશે કે, "તને વાઘ ખાય!" આખા ગુજરાતમાં એમ ક્હેવાનો ચાલ છે કે "તારો ધણી મરે." આવું ક્હેવામાં તેનો ભાવાર્થ એવો કે, પોતે નહિ પણ તેનો મ્હેલાનો ધણી; કદાપિ બહુ સંભાળથી ક્હે તો ક્હેશે કે, "તને વેચનારો મરે!"

વૈશાખ શુદિ ૩ એ અખાત્રીજનો તેહેવાર ક્હેવાય છે ત્યારે ગામના ધણી હોય તે સર્વે ખેડુતોને એકઠા કરે છે, અને તેઓને ક્હે છે કે હવે તમારે ધંધે લાગવાનો સમય થયો; ત્યારે તેઓ ક્હેશે કે, "ના! ના! ગયા વર્ષમાં "અમારે ઘણા રૂપિયા ભરવા પડ્યા. તમે અમારે માથે ઘણા વેરા નાંખ્યા; "અને ખરૂં પૂછાવો તો અમારે માથે કોઈ ધણી નથી; લોક અમારાં ઘર "બાળી નાંખે છે, અને અમારી ધરતી ઉજ્જડ કરી નાંખે છે, ને તમે તો "અમારી સંભાળ લેતા નથી, અને અમારી વ્હારે ધાતા નથી." ગામનો ધણી આવું સાંભળીને જેવા તેવા સબબ ગોઠવે છે, તેમાં ઘણું કરીને તો બધું મ્હેતાને માથે ઢોળી પાડે છે ને ક્હે છે કે, "બધો વાંક લુચ્ચા મ્હેતાનો "છે, તેને હવે ક્હાડી મૂકીશું. મારૂં હેત તમારા ઉપર છે તેટલું બીજા "કોઈના ઉપર નથી, તમે તો અમારાં છોકરાં છો." આવું જે ગામનો ધણી ક્હે છે તે કાંઈ વધારે ક્હેતો નથી, કેમકે તે સારી પેઠે જાણે છે કે, "ખેડુતો વિના આપણી જમીન કશા કામની નથી." અને વળી ગૂજરાતમાં બીજા દેશોની પેઠે, "જેમ લોકોનો વધારે જથ્થો તેમ રાજાની શોભા, પણ "જેમ લોકોની ભાગતી તેમ રાજાની હાણુ."

આ પ્રમાણે ધણી રગઝક થયા પછી, અને ગામના મુખીને ઠાકોર પાઘડી બંધાવે છે તથા સલામી ઓછી લેવા વિષેની લાંબી આશા દે છે. ત્યાર પછી સારે મુહૂર્તે ખેતીના કામનો પ્રારંભ થાય છે. પ્રથમ તો ખેડુતો ઘઊં, કપાસ ગયા વર્ષનું જે હોય તેનો રહેલો ભાગ ઉખેડી નાંખે છે ને છાણ એકઠું કરીને ઉકેડો કર્યો હોય તેનું ખાતર અથવા સુકાઈ ગયેલા પાણીની તર ખોદી લાવીને ખેતરમાં પૂરે છે. ત્યાર પછી, ખેડવાની, વાવવાની અને બીજી વિધિયો અનુક્રમે થાય છે. તે વિષેનો બધો વિચાર, નીચેની કવિતા ઉપરથી ધ્યાનમાં આવશે. ગૂજરાતના ખેડુતોની સ્ત્રિયો આખા ગૂજરાતમાં એ મતલબની કવિતા ગાય છેઃ—

સાંભળ રે શ્રીકૃષ્ણ! અમારી વીનતિ;
કણબી કેરા દુઃખની કહું કથાય જો.
દે દુઃખ ટાળી અવનીના આધાર તું;
અમથી રાખો તેમ રામ! રહેવાય જો. સાંભળ રે૦ ૧

ચડે વાદળાં માસ અષાડો આવતાં;
  મેઘ તણું તો પડવા માંડે નીર જો;
રાશ પરોણો કણુબી કેરા હાથમાં;
  ભીંજી જાયે છે કણુબી કેરૂં શરીર જો. સાંભળ રે૦ ૨
શ્રાવણ માસે મેહુલો વરસે શરવડે,
  લદબદ પલળી જાયે નર ને નાર જો;
છોકરાની વહુ સસરા પાસે જઈ કહે,
  સસરાજી કાંઈ વાવો ડાંગર જાર જો. સાંભળ રે૦ ૩
ભલે આવિયો ભાદરવો મહિનો હવે,
  કણુબી કેરી નારી લદબદ થાય જો;
ચાર તણો ભારો માથે તો નીગળે,
  છૈયાં કેડે રડતાં પલળી જાય જો. સાંભળ રે૦ ૪
આસોમાં આશા તો રાખી અતિ ઘણી,
  વાટ જોયલો મેઘ વરસવા કાજ જો;
જાર બાજરી ડુંડે આવી બેસતાં,
  ડાંગર પાણી વણ સૂકાયે આજ જો. સાંભળ રે૦ ૫
કાર્ત્તિકમાં ઉઘરાતદાર તે આવિયો,
  કરે આંકડો સીમ માંહ તૈયાર જો;
"એક સિંગ કે કણુ નવ કાંઈ ઉપાડશો,"
  એવી રાય તણી આજ્ઞાનો સાર જો. સાંભળ રે૦ ૬
માગશર મહિનો આવ્યો રૂડી રીતથી,
  પ્હેલો હપતો ઉઘરાવા મંડાય જો;
મુખી તલાટી ચોરે બેસે જઈ ચડી,
  દુખિયો કણુબીઓ બહુ રીતે લૂટાય જો. સાંભળ રે૦ ૭
પોષે બીજો પાક રબીનો થાય છે,
  રૂનાં કાલાં ફાટી થાય સમાં જ જો;
જૂની બંધી દૂર કરી છે આ સમે,
  પણ તે માત્ર જ નવી ચલાવા કાજ જો. સાંભળ રે૦ ૮
આવ્યો માઘ મહિનો રૂડી રીતથી;
  લીલાં કચ સૌ ખેતર તો દેખાય જો;
રાજાનો જે કર તે સઘળો આપિયો,
  પણ માથા પર હીમ તણું ભય થાય જો. સાંભળ રે૦ ૯

ફાગણુ મહિનો આવ્યો રૂડી રીતથી,
હીમે ઘહુંનો કીધો પૂરો નાશ જો;
"ચાલો આપણુ સટિયે" પણુ શા કામનું,
મુખિયે મૂકી ચોકી ચારે પાસ જો. સાંભળ રે૦ ૧૦
ચૉરે તો સૌ થાય એકઠા ચૈત્રમાં,
માગે "લાવો કર જે તમ પર થાય જો;"
કૉંતનારી વિધવાની મજુરી લે લૂંટી,
સર્વે જોર જુલમથી લૂંટી જાય જો. સાંભળ રે૦ ૧૧
જમીનદાર વૈશાખે આવીને લૂંટે,
ગાય ભેંસના દૂધ દહીનું જે કાંય જો;
છાશ વિના છૈયાં સૌ ટળવળ બહુ કરે,
પણુ પાપિયો ચાલુ રહે લૂંટ માંય જો. સાંભળ રે૦ ૧૨
જેઠ મહિનો આવ્યો રૂડી રીતથી,
ચીડાઈ ગયલો કણુબી થંડો થાય જો;
સમ ખાતાં ને આશા તેને આપતાં,
ખેતરમાં ખાતર તે પૂરવા જાય જો. સાંભળ રે૦ ૧૩
બારે મહિના રૂપામાં પૂરા થયા,
તેમાં કણુબી કેરી કથી કથાય જો;
જે કોઈ ગાય અને શીખે ને સાંભળે,
વાસ સ્વર્ગમાં તેનો ઝટ થઈ જાય જો.
સાંભળ રે૦ શ્રી કૃષ્ણુ! અમારી વિનતિ. ૧૪

જ્યારે અનાજ પાકે છે ત્યારે રાજા અથવા ઠાકોર કળતર કરવાને પોતે જાતે જાય છે અથવા પોતાના માણુસને મોકલે છે. કળતરનું કામ બહુ રીતથી કરવામાં આવે છે, પણુ જે સાધારણુ ચાલ છે તે અમે લખિયે છિયે:—

જમીનદાર અથવા તેનો માણુસ ગામના મુખીને લઈને ખેતરે ખેતર ફરે છે. મુખી હોય છે તે એક વીઘે જેટલું અનાજ ઉતરવાનું હોય તેનું આશરે કળતર કરે છે. અને તે કહે છે કે અનાજ આટલા મણુ ઉતરશે. જમીનદાર પણુ પોતે પોતાની મેળે કળતર કરે છે. અને તે કહે છે કે અનાજ આટલું ઉતરશે. એટલે તાબડતોબ ખેડુત હોકારા કરવા મંડી જાય છે અને બોલે છે કે, "પૃથ્વીપતિ! તમે કહો છો એટલું તો કદિયે "ઉતરવાનું નથી; અને હું ગરીબ માણુસ બહુ માર્યો જઇશ!" ધણી

રગઝક ચાલ્યા પછી એક આંકડો નક્કી થાય છે, તે ખેડુતે ધારયું હોય તે કરતાં ગમે તેટલી તેની તરફેણમાં ઠરયો હોય તો પણ તેની સામે વાંધો ઉઠાવ્યા વિના તે રહેતો નથી. જમીનદારના ભાગના ખેડુત પછી જામીન આપે છે, ત્યાર પછી લણવાની તેને રજા મળે છે.

જમીનદારનો ભાગ જૂદી જૂદી જગ્યાએ જૂદો જૂદો હોય છે. જેમ કે ઝાલાવાડમાં કોઈ વાર એક તૃતીયાંશ હોય છે; અને કોઈ વાર અર્ધો અથવા બે તૃતીયાંશ હોય છે. ડાંગર અને બીજું અનાજ જેને તળાવ કે કૂવામાંથી પાણી પાવું પડે છે, તેમાંથી ઘણું કરીને એક તૃતીયાંશ ભાગ આપવો પડે છે. રવિના ઘહું અને જવ પાયલી જમીનમાં થાય છે, તેમાંથી એક ચતુર્થાંશ આપવો પડે છે. જમીનદારનો ભાગ કેટલાક પાસેથી બહુ જ થોડો માત્ર નામનો જ લેવામાં આવે છે, પણ હળવેરો, કે બળદ કે દાહાડિયાં જેટલાં રાખવામાં આવે તેના ઉપરનો વેરો ઠરાવીને જમીનદાર પોતાની ઉપજ પૂરી કરી લે છે. ચોમાસુ ઘહું પાણી પાયા વિના જે થાય છે તેના ઉપર ભાગ લેવાની ગણતરી જૂદા પ્રકારની છે; જેમ કે, ભાલમાં ચુડાસમા જાતના રજપૂત જમીનદાર છે, તેઓની રીત પ્રમાણે ચાસ પાડ્યા હોય તેનાં તેખળાં ગણવામાં આવે છે. ખેતરના એક ભાગમાં બીજા ભાગ કરતાં પાક વધારે ઉતરે એમ હોય માટે એક ખેતરના ત્રણ ભાગ કરવામાં આવે છે, પ્રત્યેક ભાગમાંથી પ્હેલો, મધ્યનો, અને છેલ્લો ચાસ કાપવામાં આવે છે, અને દાણા તેમાંથી છૂટા કરીને તોલ કરે છે. પછી ચાસનાં જેટલાં તેખળાં થયાં હોય તે આંકડાનો અને અનાજના વજનના આંકડાનો ગુણાકાર કરીને એકંદર વજનની સરાસરી કહાડવામાં આવે છે. એક એકરે એક મણ બીનો ભાગ બાદ કરવામાં આવે છે, તથા સેંકડે દશ લેખે ખેડુતની મજુરી પણ બાદ કરે છે. ત્યાર પછી જે બાકી રહે તેના બે ભાગ કરે છે, તેમાંથી એક ભાગ જમીદાર લે છે અને બીજો ભાગ ખેડુતને રહે છે.

ભાગ વસુલ કરી લેવાની અસલની રીતિ નીચે પ્રમાણે છે:-ગામ ખાતાની ખલવાડ હોય તેમાં અનાજ કાપી લાવીને ઓઘો કરવાની કબૂલાત આપે, એટલે ખેડુતને કાપણી કરવાની પરવાનગી મળે. પછી બળદનો પગર કરચે દાણા છૂટા પડી તૈયાર થાય એટલે જમીનદાર, ગામના મુખ્ય લોક, વસવાઇયા તથા તોળવાને વાણિયા, ખેડુત અને ખળાની ચોકી કરનારા એટલા એકઠા થાય અને પછી દાણા વ્હેંચી લેવામાં આવે. ઠાકોરનો સુમારે ચાળીશમો ભાગ વેગળો કઢાડ્યા પછી, ગામના વસવાઇયા, વૈદ્ય, યુવરાજ કુંવરના ગજવા ખર્ચનો ભાગ, ચોકીવાળાનો ભાગ, વાણિયાની

તોળામણી, મુખીનો ભાગ, ગામમાં દેવીનું કે વિષ્ણુનું દેરૂં હોય તેનો ભાગ, કૂવા તલાવનો ભાગ, કૂતરાનો અને બીજા પરચૂરણ ભાગ જૂદા ક્હાડે. જ્યારે એ પ્રમાણે જોખાઈ રહે ત્યારે ખેડુત બૂમો પાડીને ત્રાજવું ઝાલી ક્હેશે કે, “હવે થયું થયું.” એટલે પછી બાકી રહેલી લૂટ જમીનદાર અને ખેડુત અર્ધોઅર્ધ વ્હેંચી લે. અસલ જોખ્યા વિના આશરેથી ટોપલા ભરીને માપ ક્હાડવાનો ચાલ હતો, એમ જણાય છે.

જ્યારે ઠાકોરને પોતાની કુંવરીને ભાગ આપવાનો હોય છે અથવા બીજું એવું જ જરૂરિયાતનું ખર્ચ કરવાનું હોય છે ત્યારે તે ખેડુતોના ઉપર નાંખે છે. વળી પોતાના દસોંદી ભાટને અથવા બીજા કોઈ ભિક્ષુકને હળદીઠ અથવા ખળાદીઠ કેટલુંક લેવાનું ઠરાવી આપે છે. આવા પ્રકારનો ઠરાવ એક વર્ષને માટે કે પછી જાથુનો કરી આપે છે. કોઈ વાર તો ઠાકોરનાં ગામોની ઉપજમાંથી અમુક રકમનો કર લેવાનો ઠરાવે છે. ઘણું કરીને જોવા જઇયે તો ગૂજરાતના સર્વે ખેડુતો એટલા બધા દેવાદાર થઈ ગયા હોય છે કે તે પીડામાંથી છૂટવાને તેઓની પાસે કાંઈ સાધન હોતું નથી. તેમના લેણદાર ઘણું કરીને મેશ્રી કે શ્રાવક હોય છે. વાણિયો વેપારનો આરંભ કરતાં થોડી વાર કસબામાં રહે છે અને થોડી વાર પાસેના ગામડામાં રહે છે. તે થોડા રૂપિયા શહરમાંથી વ્યાજે ઉપાડે છે અને તે વડે ઘી, તેલ, ગોળ, અને બીજી એવી વસ્તુઓ લઇને ગામડામાં દુકાન ક્હાડે છે. ખેડુતો પાસે રોકડાં નાણાં હોતાં નથી, તેથી રાત્રે બે ત્રણ ઘડી સુધી દીવો ચાલે તેટલું તેલ અથવા મીઠું મરચાં વગેરે ગાંધિયાટાનો પરચુરણ સામાન દાણા કે રૂ આપીને ખરીદ કરે છે. તેઓને પોતાના માલના ભાવની ખબર હોતી નથી, તેથી વાણિયો જેટલું આપે છે તે લે છે, અને તે પોતાનો મોકળો જીવ બતાવવાને થોડું વધારે આપે છે તેથી ખુશી થાય છે, અને જાણે છે કે આવી રીતે આપણું કામ સરલું તે ઠીક થયું. આ પ્રમાણે જે કાચું પાકું એકઠું થયું હોય તે વાણિયો શહરમાં લાવીને સારે ભાવે વેચે છે,—એ પ્રમાણે પોતાની મૂડીમાં તે વધારો કરે છે અને પોતાની ગામડાની દુકાનનું કામકાજ જરા જરા વધારે ચલાવે છે. ખેડુતનો બળદિયો મરી ગયો હોય તો બીજો લેવાને પેલો વાણિયો તેને ખુશીથી વ્યાજે નાણાં ધીરે છે. અથવા કદાપિ ખેડુતને પોતાનું છોકરૂં પરણાવવું હોય છે, કે પછી પોતાના માબાપનું બારમું કરવું હોય છે તો આ અવસરે જે અગત્યની વસ્તુઓ જેવી કે, ઘી, ગોળ, લૂગડાં ઇત્યાદિ તેને આપીને બમણું મૂલ તેને નામે ઉધારે છે. કોઈ વાર તો ખેડુત પોતાની મેળે શહરમાં ખરીદ કરવાને જાય

પણ ત્યાંના વેપારીની સાથે સોદો કરવાને પેલા ગામડાના વેપારી વાણિયાને દલાલનું કામ કરવા લઈ જવો પડે છે, કેમકે તે જાણે છે કે શહરનો વાણિયો પોતાની નજરમાં આવે તેટલું મૂલ માગશે. વળી એમ કરવાનું એક બીજું કારણ હોય છે તે એ કે તે બીચારાની પાસે રોકડા પૈસા હોતા નથી, તેથી પેલા વાણિયા વિના બીજો કોઈ તેને ધીરનાર હોતો નથી, કેમ કે તે જ્યાં વેપાર કરતો હોય ત્યાં બીજો કોઈ આવીને તેના ગ્રાહક સાથે વહિવટ ચલાવે તો હિન્દુ લોકોની તરેહવાર રીતિ પ્રમાણે તેની માલમતા લૂંટી લીધા બરોબર જ ગણાય. આવે પ્રસંગે વાણિયાનું ખરેખરૂં કામ થઇ જાય છે. તે ખેડુતને ક્હેશે કે, "મારી પાસે રોકડા રૂપિયા નથી, પણ તારે "સામાન જોયતો હોય તો આપણે બે સંગાથે જઈ વેચાતો લઇશું, અને "તેના મૂલના રૂપિયા હું મારે નામે મંડાવીશ." તેણે પોતાના ધૂતી ખાવાના ગ્રાહકના પૂર્વજોનાં વખાણ સાંભળ્યાં હોય તે તેને ક્હી સંભળાવે છે, અને આવે પ્રસંગે સારૂં ખર્ચ કરીને આબરૂ રાખવાની કેટલીક અગત્ય છે તે તેને સમજાવે છે. વળી તે ક્હે છે કે, "આવો દિવસ કાંઈ રોજ રોજ આવતો નથી, "પણ આખી ઉંમરમાં એક બે વાર આવે છે તેથી તેમાં ખર્ચેલો પૈસો નાંખી "દીધો ક્હેવાય નહિ, ને પૈસો પેદા કરવો એ તો સ્હેલું કામ છે." વળી તે ક્હે છે કે, "મને તમારો પૂરો ભરોંસો છે, માટે તમારે જેટલા રૂપિયા "જોઇશે તેટલા ધીરવાને હું તૈયાર છું." આ પ્રમાણે તેને ઊંચો ચડાવીને પછી દેવાના ઊંડા ખાડામાં બુડાડી નાંખે છે.

હિન્દુઓની ચડતીની વચ્ચે આવનાર નાણાં સંબંધી અને ખર્ચ સંબંધી તેમના જે આવા ઉંધી સમજણના વિચાર છે તેના જેવું બીજું એકે નથી. તેમનામાં વેપારી માણસની આબરૂ ગણાય છે એટલું જ નહિ પણ તે મ્હોટું માણસ—મહાજન મનાય છે, તેનો અર્થ એવો કે તે પૈસાવાળો છે, પછી ગમે તો તે નીચ અને સ્વાર્થી હોય અને ઘણું કરીને તે તેવો જ હોય છે. એ જ રીતે જમીનવાળો અથવા ખેડુત "ધીરજવાળો" ક્હેવાય છે, એટલે તેના પડોશી અવગણના કરે છે તેનો અનાદર કરવા જેટલી તેનામાં હિમ્મત હોતી નથી તેથી પોતાની મેળે, નિવારણ થાય નહિ એવા સંકટમાં પડે છે.

હવે પેલા વાણિયા ભાઈની વાત ચલાવીયે છિયે; જ્યારે ઉડાઉ રીતનો ખર્ચ કરવાનો સમય પાર પડે છે, ત્યારે વાણિયો નામું લઇને ખત લખવા આવે છે. તે ખેડુતને ક્હે છે કે, "તમારે ઘીવાળાને આટલું આપવાનું છે, "લૂગડાંવાળાને આટલું આપવાનું છે," એ પ્રમાણે બધું ગણાવે છે તેનું પેલો ખેડુત હાનું ડોકું હલાવે છે, પછી વાણિયો કોથળી છોડામણ માગે તેના રૂપિયા

તો રોકડા આપવા પડે છે, કેમ કે તે શુભ શુકનની નિશાની છે, તેથી ખેડુત સેંકડે એક ટકાને વ્યાજે ગમે ત્યાંથી પણ લઈ આવીને તેને આપે છે.

એ વિના તેને ખત લખનારને આપવું પડે છે, એટલું જ નહિ પણ સાક્ષિયો કરનારાને પણ આપવું પડે છે. દર સેંકડે દર માસે બે ટકા પ્રમાણે વ્યાજ દાખલ કરે છે ને જો સમધારણ વ્યાજ લે છે તો એક ટકો લખાવે છે. ખત લખાઇને તૈયાર થાય છે એટલે તેની નીચે ખેડુત પોતાની હળની નિશાની કરે છે. બીજે વર્ષ ફસલની વેળા આવે છે, અને સરકારને ભાગ આપવામાં આવે છે, ત્યાર પછી તે ખેડુતનો બાકીનો ભાગ લઈ જવાને પેલો માગનારો પ્રયત્ન કરે છે. ખેડુત ઘણા કાલાવાલા કરે છે ત્યારે તેને થોડા દિવસ ખાવાને ચાલે એટલું રહેવા દે છે ને બાકીનું તેને ખાતે જમે કરે છે. કોઈ વાર તો વાણિયો બધું લઈ જાય છે, અને ખેડુત પોતાના ગુજરાનને માટે કહે છે ત્યારે કહે છે કે "તમે શું કરવાને ચિન્તા "રાખો છો? જ્યારે તમારી પાસે થઈ રહે ત્યારે જોઇયે એટલું મારી "દુકાનેથી લઈ જજો." આ પ્રમાણે ખેડુતને, ખાવાના દાણા સારૂ અને બીજને માટે, વાણિયાની દુકાને જવું પડે છે. દાણા લઈ જાય છે તેનો ધારો એવો છે કે, જેટલા લઈ જાય તે કરતાં નવો પાક આવે ત્યારે બમણા આપવા. નવા પાકમાંથી સરકારનો ભાગ આપતાં બાકી રહે તે ગયે વર્ષ ઉછીના આણેલા દાણા પાછા આપવામાં વરી જાય છે ને ખતના લેણાના વ્યાજ જેટલું પણ તેને પેટે આપવાને રહેતું નથી. એટલે મુદ્દલમાં વ્યાજ પાછું ઉમેરાય છે, તેથી વર્ષોવર્ષ દેવાની રકમ વધતી જાય છે. પછી વેપારી (જે સરકારી અદાલતના ધારાથી જાણીતો હોય છે તે) મુદત થાય છે એટલે ખત ફેરવાવી લે છે અને તેને ચોફેરથી બાંધી લે છે.[1]

ખેડુતનો પેલો લેણદાર હવે તો ઘણું કરીને શહરમાં રહેતો હોય છે, તેથી ઉઘરાણિયે આવે છે ત્યારે ખેડુતને ઘેર ધામા નાંખે છે, અને તે જેટલા દિવસ રહે છે તેટલા દિવસ તેને મિષ્ટાન્ન કરાવી જમાડવો પડે છે. વાણિયાનો દીકરો પરણવાનો હોય છે, અથવા તેને યાત્રા કરવા જવું હોય છે તો પેલા દેણદારને ગાડી બળદ લઇને આવવું પડે છે, અને આવે પ્રસંગે ચાંદલો પણ

૧ આ લોકોની આવી દુર્દશા હોય છે તેથી જ તેઓ પોતાના દેણદારના ઉપર એટલા બધા સખત રહે છે. કહ્યું છે કે, "એક પૈસાદાર જુલ્મગાર માણસને ગરીબ "કરી મૂકે છે, પણ એક ગરીબ જુલ્મગાર તેને માટે કાંઈ બાકી મૂકતો નથી."

"એક ગરીબ માણસ જે ગરીબના ઉપર જુલ્મ કરે છે તે ધોઈ નાંખતો વર્ષાદ "કાંઈ ખાવાનું રહેવા દેતો નથી તેના જેવો છે." જુઓ કહેવતોની ચોપડીમાં ૨૮-૩૦

કરવો પડે છે. રહેતાં રહેતાં લેણદાર ચડીને બોલે છે અને ખેડુતને કહે છે કે, "અમારા રૂપિયા આપ, નહિતર તારૂં ઘર અને બળદ વેચી નાંખીશ." ખરૂં જોતાં ખેડુતો કહે છે તે પ્રમાણે તે, "રાજા કરતાં પણ વધારે જુલ્મગાર "થાય છે."

થોડા વર્ષમાં વાણિયો પોતાના ઘણા ગ્રાહક વધારીને પૈસાદાર થઈ પડે છે, અને હવે તે એવા હલકા ગ્રાહક મૂકીને કોઈ મ્હોટું ભક્ષ ખોળવાને ઠાકોર કે જમીનદાર સાથે કાંઠું કરવાને તકાસે છે. પ્રથમ તો તે તેના કારભારીને મળીને તેને રાજી કરે છે અને આશા દે છે. તે ઉપરથી તે કારભારી પોતાના ધણીની આગળ પેલા વાણિયાનાં સારાં વખાણ કરે છે, અને કહે છે કે "આપને "જેટલાં નાણાં જોઇયે તેટલાં ધીરવાને તે તૈયાર છે" જ્યારે પ્રસંગ આવે છે ત્યારે પેલો શાહુકાર કે શેઠ (તે હવે તો એટલા મરતબા સુધી પ્હોંચ્યો હોય છે) કારભારીની સમક્ષ ખત તૈયાર કરે છે, અને જમીનદારનું મતુ કરવા માટે લઈ આવે છે. ઠાકોર પછી પોતાનો સહિ શિક્કો કરામણી નજરાણો, ન્હાના છોકરાની પેઠે રગઝક કરીને માગે છે, અને ખતમાં શું લખ્યું છે અને તેમાં લખ્યા પ્રમાણે પોતાને પાળવું પડશે તેનો વિચાર કર્યા વિના બિલાડું ખેંચી આપે છે. આવાં થોડાં કાંટાં થાય છે એટલે પછી ટળાય નહિ એવો પરિણામ નીપજે છે. શાહુકાર અદાલતમાં ફરિયાદી કરે છે; ગરાશિયાનો કારભારી (જે પોતે કશા ફાંદામાં આવી જાય નહિ અને પોતાની પત ઉઘાડી પડે નહિ એટલા માટે કશો હિસાબ રાખતો નથી તે) આવી ઓપટીની વેળામાં પોતાના ધણીને તજી જાય છે. ગરાશિયો પછી ફરિયાદીનો જવાબ દેવા હાજર થાય છે, અને કહે છે કે ખતમાં સહિ કરી છે પણ મારા ઉપર ફરિયાદી થઈ છે તેનો દશમો ભાગ પણ મેં ઉપાડ્યો નથી. ત્યારે તેને કહેવામાં આવે છે કે, તમારા બચાવનો જવાબ આપવાને તમે તમારો હિસાબ રજુ કરો, ત્યારે તે કહે છે કે, મારા કારભારિયે હિસાબ તો રાખ્યો નથી. ત્યારે તેને કહેવામાં આવે છે કે, વાદીનો દાવો સાબિત થાય એટલા માટે તમે તમારો હિસાબ રજુ કરતા નથી, ને જૂઠું બોલો છો. ઠાકોરને બીજો પૂરાવો આપવાનો હોતો નથી તેથી તેના ઉપર હુકમનામું થાય છે અને તેનો ગરાસ જપ્ત થાય છે.

આ વિષે અમે હવે પછીના પ્રકરણમાં લખીશું. પણ તેટલી વાર અમે અમારા વાંચનારાઓને એક વાત ધ્યાનમાં લેવાની વિનતિ કરિયે છિયે કે, આ પ્રસંગને ખરેખરો લાગુ પડે એવો દાખલો અમે ઉપર દાખલ કર્યો છે એ વાત ખરી, તથાપિ આખા ગૂજરાતમાં જે રીત ચાલે

છે તેનો ખરો ચિતાર આપ્યો છે, અલબત્ત ઠેકાણાને અનુસરીને જ્યાં જેટલો ફેર પડવો જોઇયે તેટલો ગણી લેવાની જરૂર છે ખરી.[૧]

---

૧ "મરાઠી રાજ્યના વારામાં દેવું ફહાડવામાં આવેલું તે અદાલતનાં હુકમનામાંની "રૂહથી જોરથી વસુલ કરતાં રૈયતને સંકટ આવી પડેલાં તે વિષે બોલતાં ઇ. સ. ૧૮૨૧ "માં મિ. એલ્ફિન્સ્ટન આ વિષય સંબંધી બોલે છે."

તે કહે છે કે, "દાવાના વાજબીપણાને માટે લખી આપેલું ખત, જોઇયે તેટલો "પૂરાવો છે એ વાત કબુલ કરવામાં આવે તો પણ તેની જ સાથે તેથી કકળાટનું મૂળ "રોપાયું, એમ આવી બાબતમાં ગણવાનું નથી; કારણ કે કોઈ માણસને વખતો વખત "રૂપિયા ધીરવામાં આવે અને તેને પેટે પાછું વસુલ આપવામાં આવે તેથી કરીને "ગુંચવણભરેલું ખાતું થઈ પડે, એટલે ઠગાઈ પકડી ફહાડવાને દેવાદારને અશક્ય થઈ "પડે. આ પ્રમાણે ચાલેલા ખાતામાં લેણદારની મ્હોટી બાકી દેણદાર પાસે નીકળે છે, "અને દેણદાર પ્રતિવર્ષે પોતાના દેવાને પેટે થોડું થોડું પોતાની ઉપજમાંથી ભરતો "જાય છે તથા આવતા વર્ષને માટે નવો ઉપાડ કરવાનો હોય છે તેથી તે ખરેખરો લેણ-"દારના કબજામાં આવી ગયો છે, એટલે તેને નારાજ કરવાને બદલે, ગમે તેમાં પણ "ખિલાડું ખેંચી આપે છે. માટે તેવા પ્રકારમાં જ્યાં પાછલો હિસાબ કરીને ખત લખી "આપવામાં આવ્યું હોય ત્યાં તે ખત જાણે થયું જ નથી એમ ગણી તેનું મૂળથી ખાતું "તપાસીને પછી જે હિસાબે બાકી નીકળે તેટલાનું હુકમનામું વાદીને કરી આપવું. દેણ-"દાર ખેડુત સરકારની સલામી ભરી શકે એ પ્રમાણે કાંધાં કરીને જો પોતાનું દેવું આપી "શકે એમ હોય તો પછી સર્વે તકરાર પતી ગઈ એમ સમજવું; પણ દેવું વસુલ કરવા "સારૂ ગમે તે થાય તો પણ ખેડુતનાં ઢોર અથવા તેનાં ખેતીવાડીનાં ઓજાર વેચાવી "નાંખવાનો અટકાવ કરવાની સંભાળ રાખવી જોઇયે."

ગૂજરાતના કણબિયો જેમ વાણિયાઓના હાથથી સોસે છે. તેમ જ મોંગોલ તાતાર લોકો ચીના વ્યાજખોરિયાના હાથથી દુઃખ વેઠે છે.

"એક મોંગોલ કહે છે કે, અમારી પાસે ભીખ માગતા તેઓ આવ્યા, અને દયાની "ખાતર અમે તેઓને થોડી જમીન ખેડવાને આપી, પણ મોંગોલ લોકો તેઓ જેમ "કરે તેમ કરવા લાગ્યા. તેઓ ચીનાઈ દારૂ પીવા લાગ્યા, તેમની તંબાકુ પીવા લાગ્યા, "તેઓ ઉધારે લૂગડાં ખરીદવા લાગ્યા અને જ્યારે હિસાબ માંડી વાળવાનો વખત "આવ્યો, ત્યારે તેના મૂલ કરતાં સેંકડે ચાળીસ કે પચાસ ટકા તેઓએ વધારે મજરે "લીધા. પછી મોંગોલ લોકોને તેમનાં ઘરબાર, જમીન, અને પોતાનાં ઘેટાં વગેરે સર્વે "છોડી દેવાની જરૂર પડી.

"ત્યારે ન્યાયાધીશ પાસેથી તમે ન્યાય મેળવી ના શકો?

"અરે એ તો અશક્ય છે! કિતાત જાણે છે કે કેમ બોલવું અને કેમ જુઠાણું "કરવું. મોંગલ કાંઈ ચીના પાસેથી દાવો જિતી જાય નાહ. મારા લામા પ્રભુ ચેચેકટ-"નના રાજ્ય માટે સઘળું જાય છે."

એમ હકની તાર્તરીમાં કરેલી મુસાફરીના પુસ્તકનું મિસ્ટ્રેસ પરસી સિન્નેટે ભાષાન્તર

કર્યું છે તે જૂવો. એ પુસ્તકના એક બીજા ભાગમાં, એક અતિશય જાડા કિતાતનું આપેલું એવી જ રીતનું વર્ણન છે. તે પોતાને "તાતારીને ઓઇયાં કરી જનારો" એવું પદ આપે છે અને તે નામનું રખોપું નીચે પ્રમાણે કરે છેઃ—

"શું ? તમે તાતારોને ઓળખતા નથી ? તમે શું જાણતા નથી કે તેઓ જ્યારે "અમારાં શાહરોમાં આવે છે ત્યારે છોકરાંના જેવા જ સાદા હોય છે ? જે જે વસ્તુ તેઓ "દેખે છે તે તે લેવાનું તેમને મન થાય છે; તેમની પાસે પૈસા તો ભાગ્યે જ હોય છે, પણ "અમે તેમને મદદ કરવાને તૈયાર થઇયે છિયે. અમે તેઓને ઉધાર માલ આપિયે છિયે, "એટલે પાછી તેઓએ વધારે મૂલ આપવું જ જોઇયે એ દેખીતું છે. પૈસા આપ્યા વિના "જ્યારે લોકો માલ લઈ જાય ત્યારે થોડું વ્યાજ સેંકડે ત્રીસ કે ચાળીશ ટકા લેખે "ચડવું જ જોઇયે. પછી રહેતાં રહેતાં વ્યાજ ચડી જાય છે અને વ્યાજનું વ્યાજ થાય છે; "પણ આ પ્રમાણે માત્ર તાતાર લોકો સાથે જ બને છે. ચીનમાં તો એ પ્રમાણે કાય- "દાની છૂટ નથી; પણ અમને તો ઘાસનાં ખેતર ઉપર રખડવાની અગત્ય પડે છે, માટે "વધારે નફો લેવાનો અમારો તો હક્ક છે. કેમ એ વાજબી નથી ? એક તાતારે ફુલાડેલું "દેવું કદિ વળી શકતું નથી; ને પ્હેડી દર પ્હેડી ચાલ્યાં કરે છે; પ્રતિવર્ષે વ્યાજની ઉઘ- "રાણી કરવામાં આવે છે અને તેને બદલે ઘેટાં, બળદ, ઉંટ, ઘોડો અને એવું જ બીજું "જે પૈસા મળે તેના કરતાં સારૂ ગણવામાં આવે છે તે મળે છે. ઓછા મૂલે અમે જાન- "વર ખંડી વાળિયેં છિયે; અને બજારમાં તેનું સારૂં મૂલ ઉપજાવિયે છિયે; આહા ! એ "તો બહુ મઝાનું, તાતારની સાથે ધીરધાર એ તો સોનાની ખાણુ."

"એમ હક કહે છે કે યાઓ આંગટી (દેવું ઉઘરાવનારો) આ પ્રમાણે પોતાના "કામકાજની રીતની હકિકત કહેતાં સારી પેઠે હસતો હતો."

પણ આવો વહિવટ ફક્ત તાતાર અને હિન્દુઓમાં જ ચાલે છે એમ નથી. પણ નીચે લખેલું ખરેખરૂં એવા જ પ્રકારની ખરી રીત બતાવનારૂં વર્ણન વાંચીને તમારા વાંચનારા શું કહેશે ? "ઓગણીસમા સેંકડાના મધ્યમાં ઇંગ્લંડ જેવું છે તેવું," એવા નામના ગ્રન્થમાંથી એ ફકરો લીધેલો છે. કર્ત્તા વિલિયમ જોન્સ્ટન એસ્કવાયર મરે. ૧૮૫૧ ભાગ ૨ જો પૃષ્ઠ ૨૦૦.

એ ગૃહસ્થ (મિ. જાન્સ્ટન કેણ્ટના પાદરીના લખાણનો ઉતારો લેતાં) લખે છે "કે ગામડાંની દુકાનો સાથે ચડસાચડસી કરવાને બીજું કોઈ હોતું નથી તેથી કરીને "ત્યાંની દુકાનોવાળા ભાવ વધારે લે છે. એક મજુરને (એમ ધારવામાં આવે છે કે) "થોડુંક ધીરવામાં આવે છે, એટલે પછી તેની પાસે તે નાણું માગવામાં આવે નહિ. "એટલા માટે તેને પેલા દુકાનદાર સાથે ઘરાકી બાંધવી પડે છે અને તેટલી વાર તે "નિરૂપાય થઇ રહે છે. એ વાત ખરી છે કે દુકાનદારો મોત અને બીજાં કારણોને લીધે "પૈસાનું નુકસાન ભોગવે છે, પણ તેમને આવડો બધો નફો મળે છે તેના પ્રમાણમાં તે "કાંઈ ગણતરીમાં નથી; અને તે પ્રત્યેક જણને ઓળખે છે તથા તેનામાં પરીક્ષા કરવાની "સારી સમજણ હોય છે તેથી પ્રથમથી જ કૂડા માણસ સાથે કામ પાડતો નથી. દુકાન- "વાળા સામાન્ય રીતે એ જ ધારો ચલાવે છે. લંડનમાં સામટું જે દુકાનેથી મળતું હોય ત્યાં કામળિયોનું બમણું મૂલ બેસે; પગરખાંનું પણ ભારે મૂલ પડે. આવાં કારણથી

પ્રકરણ ૩ જું

શહરનો નિવાસ—બ્રાહ્મણ—વાણિયા—રજપૂત—ભાટ

ગૂજરાતનાં શહરો માંહેલી ઘરની બાંધણી વિષે લાંબું વર્ણન લખીને સમજાવવાની અગત્ય નથી. પ્રત્યેક ઘરમાં એક જ જાતના ત્રિભાગ સરખા અનુક્રમે હોય છે, પણ જેવી જગ્યા તે પ્રમાણે અગત્યનો માત્ર ફેરફાર કરવામાં આવે છે. ગામડાંમાં જે ઘર હોય છે તેને ઓરડો ને પડસાલ બે જ હોય છે ને મ્હોં આગળ એક અડાળી હોય છે. ઘણાંખરાં ઘર પકવેલી ઈંટોનાં ચણેલાં હોય છે અને તે ઉપર નળિયાં ચડાવે છે.

શહરની આસપાસ ઘણું કરીને કિલ્લો હોય છે અને અંદર મોહોલ્લા અથવા શેરિયો પાડેલી હોય છે. તેને માટે આવવાજવાનો માત્ર એક જ દરવાજો અથવા ખડકી બેસારેલી હોય છે, તેથી અંદરખાનેના કિલ્લા જેવું બની રહે છે. સરકારની કચેરિયો વિના બીજી સાર્વજનિક ઇમારતો હોય છે, તે માત્ર ધર્મ સંબંધી હોય છે; જેવી કે, મસ્જીદો, દેવાલય, સરા, અપાસરા, ઇત્યાદિ. ગમે તે કોઈ શહર અથવા કસબાની ભાગોળે નદી કે ખોદાવેલું તળાવ હોય છે અને પાસે દેવદર્શનની જગ્યાઓ થોડી કે ઘણી પણ હોય છે ખરી.

શહરમાં વસનારા બ્રાહ્મણવાણિયાનું નિત્યનું કામ ઘણું કરીને નીચે પ્રમાણે હોય છે. તેઓ મળસકાના ચાર વાગતાં સૂતા ઉઠે છે અને પોતાના કુલદેવનું સ્મરણ કરે છે; જેમ કે, "હે મહાદેવ! હે ઠાકોરજી! (વિષ્ણુ), હે અંબા મા!" પંડિત અથવા ભણેલો પુરૂષ હોય છે તે સંસ્કૃત શ્લોક બોલે છે, તેનો ભાવાર્થ એવો છે કે,—"ભવનું ભય નિવારણ કરનાર અને દેવતા-"ઓના પતિનું હું પ્રભાતે સ્મરણ કરૂં છું."[1]

ભગત હોય છે તે કોઈ કવિનાં બનાવેલાં પ્રભાતિયાં ગાય છે અથવા નીચે પ્રમાણે માનસિક પૂજા કરે છે:—

મજૂરને ઘરવાખરો ચલાવવો કઠિણ પડે છે, અને તેને જે મજૂરી મળે છે, તેનો પોતાને પાલવે એવો ઉપયોગ કરી શક્તો નથી. તેથી ક્હે છે કે-એટલી મજૂરીથી મારૂં પૂરૂં થતું નથી. એ દુકાનદારોને ચાલતો ભાવ બતાવવામાં આવે અથવા ખર્ચ ચડાવીને ભાવ લેવાનું ક્હેવામાં આવે તો કાંઈ ઉપયોગનું નહિ. "અમારે અહિંથી ખરીદો કે પછી "અમારૂં દેવું આપો" એ જ તેમનું ક્હેવું છે. મને લાગે છે કે ગરીબની નઠારી સ્થિતિ જોવામાં આવે છે તેનું આ પણ એક કારણ છે.

૧ આચારાર્ક નામના સંસ્કૃત ગ્રન્થમાં ઘણા પ્રકારની પ્રાર્થના લખેલી છે, તેમાંથી જે પ્રાર્થનાનો આ ભાગ છે, તે નીચે પ્રમાણે છે,—

"મારા દેવ કોઈ સારી હવેલીમાં સરસ પલંગ ઉપર મ્હોડયા છે. "હું પાસે જઈને તેમની પગચંપી કરું છું તેથી તે જાગે છે, અને શાલ "ઓઢીને પલંગમાંથી ઉઠે છે. હું ઊના પાણીવતે તેમના ચરણપ્રક્ષાલન કરૂં છું "અને તેમને અત્તર ચોપડું છું. હું એમને ઊને પાણિયે ન્હવરાવું છું અને "પીળા વાગા ધરાવું છું તથા શાલજોડા ઓરાડીને પાટલે બેસાડું છું. પછી "હું એમને તિલક કરૂં છું, સોનાના શણુગાર સજાવું છું, તથા કોટે ફૂલના હાર "પ્હેરાવું છું; મ્હોં આગળ અગરબત્તી સળગાવું છું, અને દીવા કરૂં છું, તથા "દૂધ, સાકરનું નૈવેદ્ય ધરાવું છું. હું પછી તેમના મ્હોં આગળ આરતી ઊતારૂં "છું. પછી હું એમને માથે મુકુટ પ્હેરાવું છું. જામો ધરાવું છું, ફેંડ બંધાવું છું "અને બીજો પોષાક સજાવું છું. પછી હું એમને પગે પડું છું, અને એમની "પ્રાર્થના કરૂં છું તેથી દેવ મારા ઉપર પ્રસન્ન થાય છે."

આરતી ઊતારવા વિષે હવે પછીના પ્રકરણમાં લખવામાં આવશે.

બ્રાહ્મણ અને ભગતને સૂર્ય ઉગતાં પ્હેલાં ન્હાવાનો નિયમ હોય છે. તે પ્રમાણે તેઓ સૂતા ઉઠે છે, એટલે પ્રાર્થના કરીને ઊને પાણિયે ન્હાય છે અથવા નદી કે તળાવ ઉપર ન્હાવા જાય છે. ન્હાયા પછી આગલા દિવસનું ધોયેલું અબોટિયું હોય તે પ્હેરીને પૂજા કરે છે. પ્રત્યેક બ્રાહ્મણના ઘરમાં દેવમંદિર હોય છે, તેમાં દેવાસન ઉપર સાત આઠ મૂર્ત્તિયો બેસારે છે, જેવા કે, સાલિગરામ (વિષ્ણુની મૂર્તિ), બાળ મુકન્દ (એ જ દેવનું ન્હાનું સ્વરૂપ), શિવ, ગણપતિ, દુર્ગા દેવી, સૂર્ય, હનુમાન ઇત્યાદિ. તે આ મૂર્તિયોને દિનદિન પ્રત્યે ન્હવરાવે છે, શણુગાર સજાવે છે, મુકુટ ધારણ કરાવે છે, પુષ્પ ચડાવે છે અને ચંદન ઇત્યાદિ વડે ષોડશોપચારી પૂજા કરે છે, તે વિષે હવે પછી લખવામાં આવશે.

બ્રાહ્મણ સવારની પૂજા ઘણું કરીને આ પ્રમાણે કરે છેઃ—તે સૂર્યની સ્તુતિ કરે છે, અને તેને અર્ઘ્ય આપે છે; ત્યાર પછી ગૌમુખીમાં એક સો આઠ

प्रात: स्मरामि भवभीतिहरं सुरेशं गंगाधरं वृषभवाहनमंबिकेशं ।
खट्वांगशूलवरदाभयहस्तमीशं संसाररोगहरमौषधमद्वितीयम् ॥ १
प्रातर्नमामि गिरिशं गिरिजार्धदेहं सर्गस्थितिप्रलयकारणमादिदेवम् ।
विश्वेश्वरं विजितविश्वमनोभिरामं संसाररोगहरमौषधमद्वितीयम् ॥ २
प्रातर्भजामि शिवमेकमनंतमाद्यं वेदांतवेद्यमनघं पुरुषं महांतम् ।
नामादिभेदरहितं षड्भावशून्यं संसाररोगहरमौषधमद्वितीयम् ॥ ३
प्रात: समुत्थाय शिवं विचिंत्य श्लोकत्रयं येऽनुदिनं पठंति ।
ते दु:खजालं बहुजन्मसंचितं हित्वा पदं यांति तदैव शंभो: ॥ ४

રૂદ્રાક્ષના મણકાની માળા હોય છે, તેમાં જમણો હાથ ઘાલીને ગાયત્રી મંત્રનો અથવા કુલદેવનો જપ કરે છે. આ પ્રમાણે ત્રણ માળા કરીને પછી જમવાને તૈયાર થાય છે.

ઘરના મધ્ય ભાગમાં ચોક હોય છે, તેની એક બાજુએ રસોડું હોય છે દિવસમાં બે વાર ખાવાની સામાન્ય રીત છે, પણ પૈસાદાર લોકો ચચ્ચાર વાર ખાય છે. બપોરે દશ અગિયાર વાગતાં ન્હાઈ પૂજા કરીને જમે છે; બ્રાહ્મણ બીજી વાર જમતી વેળાએ ફરીને આખે શરીરે ન્હાય છે; ક્ષત્રીય અને વૈશ્ય માત્ર હાથ પગ ધૂવે છે. ત્યાર પછી પીતામ્બર અથવા અબોટિયું કેડે પ્હેરે છે. પ્રત્યેક જણને બેસવા માટે પાટલો હોય છે. અને ખાવાની થાળ મૂકવાને પણ એવો જ બીજો પાટલો સામો મૂકે છે, ખાવા સારૂ કાંસા પીતળનાં વાસણ વાપરવામાં આવે છે. થાળમાં રોટલી, અથાણું ઇત્યાદિ મૂકે છે અને વાડકીમાં દાળ, શાક, મુરબ્બો વગેરે લે છે. પાટલાની એક બાજુએ જળપાત્ર મૂકે છે, તે રૂપાનો કે ત્રાંબાપીતળનો કળશ હોય છે, ને તેના ઉપર પવાલું કે ટોયલી ઢાંકેલી પાણી પીવા સારૂ રાખે છે. રોટલી ખાઈ રહ્યા પછી ભાત, દહીં અથવા એવું બીજું કાંઈ આવે છે. પર્વનો દિવસ હોય છે ત્યારે ભાતભાતની સામગ્રી કરવામાં આવે છે. જમી રહ્યા પછી હાથ ને મ્હોંડું માત્ર ધોવામાં આવે છે. ઘરના બધા પુરૂષો સંગાથે જમવાને બેસે છે; ત્યાર પછી સ્ત્રિયો તે વાસણ ધોઈ જમવા બેસે છે. ને ઘરના ચાકર હોય છે તે ઘરનાં સર્વ માણસ જમી રહ્યા પછી જમવા બેસે છે. તેમને ખાવાનાં વાસણ જૂદાં હોય છે. નીચ વર્ણ કોઈ અડકે તેથી અપવિત્ર થવાય નહિ એટલા માટે પુરૂષો જમી રહ્યા પછી સોપારી ખાય છે. કદાપિ કોઈના સ્પર્શથી અપવિત્ર થવાય તો પંચગવ્યનું સેવન કરવાથી અને બીજી વેળા નહિ જમવાથી પવિત્ર થવાય છે.

સાંજની વેળાએ આઠ વાગતાં વાળું કરે છે, તે ભોજન બપોરના કરતાં હલકું હોય છે.

બ્રાહ્મણને જ્યારે રાંધવું હોય છે ત્યારે ગાયના છાણવતે ચોકો કરી લે છે. જ્યારે તે ઘેર હોય છે ત્યારે તો તેના ઘરમાં રસોડું હોય છે તે કામ લાગે છે. પણ પ્રસંગ આવે તો કોઈ ઝાડની નીચે અથવા માફક આવે એવી કોઈ જગ્યાએ ઉપર પ્રમાણે ચોકો કરે છે. ચોકામાં ચૂલો કરીને તેને પણ ગાયના છાણથી લીપી લે છે. પૂરવિયા આ વિષે એટલા બધા ચોક્કસ હોય છે કે, બે ભાઈ હોય તથાપિ તેઓ જૂદા ચોકા કરે છે અને એક બીજાના ચૂલાના દેવતા સરખા પણ કામ લાગતા નથી. તે ઉપરથી કહેવત ચાલી છે

કે, "બાર પૂરવિયા અને તેર ચોકા" કારણ કે બાર જણ હોય તો તેરમો ચોકો દેવતા સારૂ જોઈયે.

જ્યારે રસોઈ તૈયાર થાય છે ત્યારે બ્રાહ્મણ જમતાં પ્હેલાં તર્પણ કરે છે. તે માટે એ ત્રાંબાના વાસણમાં પાણી ભરીને તેમાં થોડા જવ, તલના દાણા નાંખે છે, પછી તુલશીનાં પાદડાં અને ચંદન ઇત્યાદિ નાખે છે. પછી દર્ભ હાથમાં રાખીને પોશો ભરીને તર્પણ કરે છે, એટલે કે તે સર્વ દેવને પાણી અર્પે છે. તે જ પ્રમાણે માણસ, પ્રાણી, ઝાડ, નદિયો, દરિયા, ભૂત, પ્રેત, ઋષિ, પૂર્વજ અને બીજા સર્વેને અર્પે છે. પછી પોતાના પૂર્વજોનાં નામ દઈ જાય છે, પિતૃપક્ષનાં અને માતૃપક્ષનાં, તેમ જ પોતાનાં બીજાં સગાંવાહાલાંનાં નામ પણ દે છે. પછી વૈશ્વદેવ કરે છે, એટલે ત્રાંબાના અથવા માટીના કરી રાખેલા પાત્રમાં દેવતા ભરીને તેમાં છાણું મૂકી ઘી તથા ચોખા હોમે છે. અને દેવતાનાં નામ ભણી જાય છે. પછી જમણની જેટલી વસ્તુઓ હોય તે સર્વે દેવને આરોગાવે છે. બ્રાહ્મણ પોતાના ભોજનમાંથી ગૌગ્રાસ, અતિથિભાગ, શ્વાન-ભાગ, કીડીગ્રાસ, અને કાગવાસ એવા પાંચ ભાગ કહાડે છે. પછી તે જમવા બેસે છે, પણ જમતાં પ્હેલાં અંજલિમાં પાણી લઈને ગાયત્રી મંત્ર વડે પ્રાશન કરે છે. અને બ્રહ્મા, વિષ્ણુ, અને શિવ એ ત્રણનું અપોશન મૂકે છે. પ્રથમ પંચ ગ્રાસ પંચ પ્રાણને આપે છે એ પંચ પ્રાણ જીવ ધારણ કરવાને અગત્યના ગણવામાં આવે છે.

જમી રહ્યા પછી નર્કના પ્રાણિયોને સારૂ રહેલું હોય તે ભોંય મૂકે છે. વાંચનારને આ બધી ક્રિયા માથાકૂટભરેલી અને દુઃખદાયક લાગશે; પણ નિત્યના અભ્યાસે કરીને બ્રાહ્મણ તો આનું વર્ણન કરતાં જે વાર લાગે તે કરતાં પણ ઘણી થોડી વારમાં બધું કરી રહે છે.

બીજી નાતો ઉપરનું પોતાનું શ્રેષ્ઠપણું સાચવી રાખવા સારૂ બ્રાહ્મણ સમજે છે કે, ચોખ્ખાઈની ઘણી અડચણો વેઠવાની અગત્ય છે. તેમાં નાગર બ્રાહ્મણની "નવણ" તો ઘણી જ ચોક્કસાઈભરેલી છે. બ્રાહ્મણ ન્હાયા પછી રેશમનું કે ઊનનું લૂગડું પ્હેરે છે, અથવા જો રૂનું લૂગડું પ્હેરે છે, તો પાણીમાં બોળીને નીચોવી નાંખ્યા પછી કોઈ અડકે નહિ એવી એકાન્ત જગ્યામાં સૂકવેલું હોય છે તે પ્હેરે છે. આ પ્રમાણે પ્હેરી તે જમવાને બેસે છે, પણ અભડાઈ જાય એવી ઘણી જ બાબતો હોય છે, તેને માટે ચોક્કસ રહે નહિ તો અભડાયાથી જમાતું નથી. જો તે માટીના વાસણને અડે તો અભડાય,° પણ તે વાસણ કોરૂં હોય, એટલે તેમાં કોઈ દિવસ પાણી ભર્યું હોય નહિ તો ચાલે. લૂગડાંનો કે ચામડાનો અથવા કાગળનો કડકો બેસતાં નીચે આવી ગયો હોય અથવા તેને અડકાયું હોય તો તેથી તે અભડાય છે, પણ કાગળ

ઉપર અક્ષર પડ્યા હોય તો તે અભડાતો નથી, કેમકે તે સરસ્વતી રૂપ છે. તથાપિ લૂગડા કે ચામડા ઉપર અક્ષર લખ્યા હોય તો તેને અડવાથી અભડાય છે. એટલા માટે ગીતા અથવા બીજા પાઠનું કે શાસ્ત્રનું પુસ્તક સૂતરના દોરાથી નહિ, પણ રેશમથી બાંધવું પડે છે. ચામડાથી તો પૂઠું બંધાય જ નહિ, ને લોટની ખેળ અથવા લહીને બદલે આંબલીના કચુકાની ખેળ વાપરવી પડે છે. છાપેલું પુસ્તક બ્રાહ્મણના ખપમાં આવે નહિ, કેમકે, છાપવાની શાહીમાં અપવિત્ર પદાર્થ આવે છે. કેટલાક મૃગચર્મ અને વાઘના ચામડાને અડકવાથી અભડાઈ ગયા ગણતા નથી. કાચા સૂતર કે રૂથી બ્રાહ્મણ અભડાતો નથી. પણ જે નવણમાં હોય નહિ એવા માણસે તેની દીવટ વણી હોય ને તેને અડકે તો અભડાય છે; પણ જો તે તેલમાં કે ઘીમાં બોળી હોય તો પછી બાધ રહેતો નથી. હાડકાંથી અભડાય છે, પણ સ્ત્રીની ચૂડિયો હાથીદાંતની હોય તો તેથી અભડાતા નથી, તથાપિ જે દેશમાં ઘણું કરીને એવો ચૂડો પ્હેરવાનો ચાલ નથી, ત્યાં તો તેથી અભડાય છે. એક જ નાતનું ન્હાનું છોકરૂં જ્યાંસુધી ખાતાં શીખ્યું હોય નહિ, ત્યાં સુધી તેને અડકાય તો અભડાવાતું નથી; પણ તે અન્ન ખાવા શીખ્યું હોય તો પછી તેનાથી અભડાય છે. ગધેડું, કૂતરૂં, કે ભૂંડને અડવાથી અભડાય છે; કેટલાક ક્હે છે કે બિલાડીને અડાય તો પણ અભડાવાય, પરંતુ કેટલાક ક્હે છે કે એથી અભડાવાતું નથી, તેનું કારણ એવું કે બિલાડીને સાચવવાનું કામ ઘણું કઠિણ છે. જે બ્રાહ્મણ નવણમાં ખાતો હોય અથવા ખાઈને ઉઠ્યો હોય, તે જો કોઈ બીજો નવણમાં હોય ને ખાધું ના હોય એવા માણસને અડકે તો તેઓ તેથી અભડાય છે.

વાણિયા અને બીજા સર્વે વેપારી લોકો સવારમાં ઉઠીને મંદિરે દર્શન કરવા જાય છે. કેટલાક લોકોને એવો વ્હેમ હોય છે કે સૂતાં ઉઠીને કોઈ સારાનું મ્હોં જોયું હોય તો આખો દિવસ સારો જાય, તેથી આંખો બંધ કરીને, જેનું મુખ શકુનિયાળ હોય તેવાનું પ્રથમ જૂવે છે. વાંઝિયાનું, ગધેડાનું અથવા કજિયાખોર માણસનું મુખ નઠારૂં ગણવામાં આવે છે. બીજા કેટલાક, સવારના પ્રહરમાં, પીપળાની પૂજા કરે છે. ત્યાર પછી જમીને સોપારી ખાઈ, ચૌટામાં જાય છે, અને સાંજ સુધી, પોતાના ધંધામાં લક્ષ આપે છે, અને ત્યાર પછી વાળુ કરીને ઘેર આવતાં, રસ્તામાં દેવનાં દર્શન કરતા આવે છે.

ઘરખર્ચીને માટે જે જે પદાર્થ જોઇયે, તે તે ખરીદવાનું અને તેનો હિસાબ રાખવાનું કામ પુરૂષનું છે. ઘરધંધાનું બીજું બધું કામ સ્ત્રીને શિર છે.

ગરીબની સ્ત્રી મળસકે ત્રણ વાગતાં ઉઠે છે, અને ત્રણ દિવસ સુધી ચાલે એટલો લોટ ત્રણ હોરા(કલાક)માં દળી રહે છે, કદાપિ તેમને દળ-

વાનું હોતું નથી તો પણ તેઓ એ જ વેળાએ ઉઠીને ઢોર દોહોવા, વલોણું વલોવવા, અને માખણ તાવીને ઘી કરવાના કામમાં રોકાય છે. છ વાગતાંમાં તો લૂગડાં પ્હેરીને બ્હેડું લઈ તળાવે કે નદિયે જાય છે, ત્યાં ન્હાઇને પાણી ભરી ઘેર આવે છે. કેટલીક સ્ત્રિયો ઘેર ન્હાઇને પછી પાણી ભરવા જાય છે; પૈસાદાર લોકોને ઘેર એવાં કામકાજ સારૂ ચાકર હોય છે.

પાણી ભરી આવીને પછી રસોઈ કરવા માંડે છે. રસોઈ તૈયાર થાય છે, એટલે ઘરના પુરૂષો થોડે છેટે હારબંધ જમવા બેસે છે; તેઓ જમી ઉઠે છે ત્યાર પછી સ્ત્રિયો બેસે છે. જમી રહ્યા પછી પુરૂષો પોતાને કામે જાય છે; અને સ્ત્રિયો વાસણ માંજવામાં, ચૂલા અબોટ કરવામાં, પુંજા ફ્હાડવામાં, અને દળણું કરવામાં રોકાય છે. ત્રીજે પ્રહરે ત્રણ વાગતાં, તેઓને થોડી નવરાશ મળે છે, તે વેળાએ પોતાના બાળકોની તેઓ સંભાળ લે છે અથવા પોતાના લાંબા વાળમાં ધૂપેલ ઘાલવામાં અને ઓળવામાં રોકાય છે. સાંજ પડે છે એટલે, દીવા શણગારવામાં, વાળું બનાવવામાં, અને પથારિયો કરવામાં રોકાય છે.

જ્યારે નાત હોય છે, ત્યારે જમવા જનાર ન્હાઇને અબોટિયું પ્હેરી પાણીવાસણ લઈ જમાડનારને ઘેર જાય છે, અને જો તેનું ઘર ઘણે છેટે હોય છે તો જોઇતો સામાન લઇને જમાડનારને ઘેર જઈને ન્હાય છે. બધા ભરાય છે એટલે ઘર આગળ બે હારો થઇને જમવા બેસે છે; તેઓ જમી રહે છે ત્યાર પછી તે પ્રમાણે સ્ત્રિયો બેસે છે. કેટલીક જગ્યાએ સ્ત્રિયો ને પુરૂષ સંગાથે જમવા બેસે છે, પણ સ્ત્રિયો જરા છેટે બેસે છે. જેને ઘેર નાત હોય છે તે સર્વેને જમાડીને પછી પોતે જમવા બેસે છે. સાબ્રમતીની પશ્ચિમની સ્ત્રિયો જમતી વેળાએ સૂતરાઉ લૂગડાં પહેરે છે, તેથી પૂર્વ ભણીની બાજુના લોકો તેઓનો ધિક્કાર કરે છે. કેમકે તેમની સ્ત્રિયો રેશમી પોષાક પ્હેરે છે. કેટલીક જગ્યાએ એવો ધારો હોય છે કે, નાત જમવા બેઠી હોય તેની વચ્ચે થઈને તે જ નાતનાથી પણ જવાતું નથી, કેમકે જો તે લૂગડાં પ્હેરીને જાય તો તેથી બધા અભડાય છે, માટે ઘરધણીને બંને બાજુના રસ્તા બંધ કરવાની પરવાનગી મેળવવી પડે છે. કેટલીક નાતોમાં પોતાની નાતનો અથવા પોતાનાથી ઉંચી નાતનો માણસ લૂગડાં સુદ્ધાંત નાત વચ્ચે થઈને જાય તો કાંઈ બાધ ગણવામાં આવતો નથી. પણ તેને પોતાનાં પગરખાં ફ્હાડીને જવું પડે છે, અને પાઘડી માથે હોય તે હાથમાં ઝાલવી પડે છે, તેમ જ તેની પાસે ચામડાના પૂઠાની ચોપડી કે બીજી કાંઈ વસ્તુ રાખવા દેવામાં આવતી નથી. નાત જમવા બેઠી હોય તેની બન્ને બાજુને

નાકે પાંચ છ માણસો કૂતરાં હાંકવાને બેસે છે. આ કામ તેમનાથી પૂરેપૂરૂં સચવાતું નથી અને જ્યારે કૂતરૂં ધાલમાં પેશી જાય છે ત્યારે ચોગરદમથી મારો! મારો! ના પોકાર કરીને બૂમરાણ કરી મૂકે છે, અને છેવટે તે કોઈના ભાણામાં પગ મૂકીને તેના ઉપર થઈને કૂદી જાય છે, અથવા બે માણસની વચ્ચે થઈને દોડે છે તેથી તેઓને અભડાવીને જતું રહે છે. આ પ્રમાણે બનવાથી જે અભડાયા હોય તે પોતાના ભાણામાં હોય એટલું ખાઈ જાય છે, કેમકે એમ કરે નહીં તો અન્નદેવનું અપમાન કર્યું ઠરે, અથવા જેઓ નાકે બેઠેલા હોય છે તેમની પાસે ભાણું ઉપડાવીને તેઓને માટે નવાં ભાણાં પીરસાવે છે.

જ્યારે સલાહશાન્તિ હોય છે, ત્યારે રજપૂત આળસમાં અને નિત્યના જેવી એકસરખી રીતે પોતાની વેળા ગાળે છે. ઘણું કરીને તે સૂર્યોદય થયા પછી ઉઠે છે, અને હુકકો ભરી મંગાવે છે; તે પીધા પછી ચ્હા કે કાપી પિયે છે,[૧] પછી ન્હાવામાં અને લૂગડાં પ્હેરવામાં રોકાય છે. તેથી સવારના પ્રહરનો ઘણો ભાગ વીતી જાય છે. તેટલામાં જમવાની વેળા થાય છે. જમી ઉઠ્યા પછી પાછો હુકકો ગગડાવા જોઇયે છિયે, ત્યાર પછી વાતો કરવા મંડી જાય છે. એટલામાં પ્હોડવાની વેળા થાય છે. તે ત્રણ વાગતાં સુધી ઊંઘે છે, પછી ઉઠીને મ્હોં ધુવે છે, ત્યાર પછી દિવસનું અગત્યનું કામ જે કસુંબા ઘોળાવી પાવાપીવાનું અને અફીણ વ્હેંચવાનું છે તેમાં રોકાય છે. પછી પોતાના સોબતિયોને કચેરીમાં બોલાવે છે, અથવા તેમને સાથે લઈને વાડિયે જાય છે. ત્યાં વાડકીમાં અફીણ ઘોળી રાખ્યું હોય તે રજુ કરવામાં આવે, તે ગલણીમાં રેડીને, ઠાકોરની હથેલીમાં આપે છે; પછી કસુંબો મને સદતો નથી એમ કહેતા જાય છે, અને એક પછી એક હથેળીમાં રંગ દઇને પીતા જાય છે. તે વેળાયે દેવ, મિત્ર કે બીજાઓના આકરા સોગન દેવામાં આવે છે. એક જણ પીને ચાકર પીકદાની ધરે છે તેમાં કોગળા કરી ઠાકોરના હાથ ધોઈ પોતાના લૂગડાથી લુવે છે ને પછી બીજાને માટે જગ્યા ખાલી કરી પોતે પોતાની જગ્યાએ જઈ બેસે છે. આ પ્રમાણે કસુંબાપાણી કર્યા પછી ઠાકોર અને તેના સોબતિયો કચેરીમાં બેસે છે, અને સેતરંજ, ગંજીફો, કે સોકટાં ખેલે છે અથવા રામજણી આવીને તેનું એકસૂરી ગાણું ગાય છે, અથવા ગવૈયા કે પછી તેઓને સદા ખુશ કરનારા ભાટ અને

૧ ચ્હા પીવાનો ચાલ ઘણું કરીને એ લોકોમાં જોવામાં આવતો નથી. કદાપિ હમણાં કોઈ પીતા હશે તો એ ચાલ નવી દાખલ થયેલી જાણવી. હુક્કો પીધા પછી દાતણ, પાણી વગેરે કરે છે ત્યાર પછી બીજી વિધિ કરે છે. ૨. ઉ.

ચારણો આવે છે. સૂર્ય આથમે છે ત્યારે મશાલચી આવીને ખડો રહે છે. અને કચેરીમાં દીવા પ્રકટે છે એટલે દરબારમાં બેઠેલા સર્વે લોકો ઉભા થઈને ઠાકોરની ગાદીને સલામ કરે છે, પછી પાછા બેસે છે એટલે રમવાનું ગાવાનું, નાચવાનું અને વાતો કહેવાનું કામ અગાઉની પેઠે ચાલે છે. ત્યાર પછી કચેરી બરખાસ્ત થાય છે.

અમારા આગળના લખાણ ઉપરથી જાણવામાં આવ્યું હશે કે, ઠાકોરને ઘણી ઠકરાણીયો હોય છે. તે દરેકને જૂદે જૂદે મ્હેલે રાખે છે. જેનો જ્યારે વારો આવે છે ત્યારે ઠાકોર તેને મ્હેલે વાળું કરીને રહે છે. ઠાકોર જમવા બેસે છે તે વેળાએ ઠકરાણી પોતાની દાસિયો સહિત તેની હાજરીમાં રહે છે, અને પછવાડે રહી પંખો કરે છે, અને નાના પ્રકારની વાતો ચાલે છે, એ ખરી હોય તો (કેમકે તે વેળાયે કોઈ અજાણ્યાને આવવા દેતા નથી) મર્મના વચન બોલતી વાતો કરતી જાય છે. તેમાં માર્મિક વચનોનું કથન કરતી પોતાના પતિને રીઝવતી, ખુશ ખુશ કરી નાંખે છે.

ભાટ અને ચારણો રજપૂતોની સાથે ઘણો સંબંધ ધરાવે છે. તેઓની ઉત્પત્તિ વિષે કશું જાણવામાં આવ્યું નથી, પણ તેઓ કહે છે કે અમે મહાદેવ અથવા શિવથી ઉત્પન્ન થયા છિયે. કેટલેક ઠેકાણે તેઓ ખેતીવાડીનું કામ કરે છે, અને કેટલેક ઠેકાણે કાંધાં પાંજરાં અને વ્યાજ-વટાંતરનું કામ કરે છે, પણ તેઓનો ખરો ધંધો તો જમાની કરવાનો અને તેઓના રજપૂત યજમાનોની વહી રાખવાનો છે.


અણહિલપુરના રાજવંશનો મુસલમાનોએ ન્હાશ કર્યો ત્યારથી, તે બ્રિટિશ સરકારે વ્યવસ્થા કરીને, અમે આગળ લખ્યું છે, તે પ્રમાણે સર્વે થાળે પાડ્યું ત્યાં સુધી, થોડી ઘણી પણ રાજ્યની અવ્યવસ્થા અને ગડબડાટ ચાલ્યો છે તે વેળામાં, રાજ્યસંબંધી કોલકરાર, ખાનગી લેખપત્ર, અને વ્યાપારનું કામકાજ નિર્વિઘ્ને ચાલવાને જે કાંઈ વેળાને અનુસરીને સાધન હતાં તેમાં ભાટ લોકોની જમાની એ પણ એક હતું. ગમે તો મુખ્ય રાજાને અર્ધો સ્વતંત્ર ઠાકોર પાસેથી ખંડણી ઉઘરાવી લેવા વિષેનો ઠરાવ કરી લેવાનો હોય, અથવા કોઈ માણસે કોઈ ઠાકોરના કોપનું કારણ ઉત્પન્ન કર્યું હોય ને તેને માટે ક્ષમા મેળવવાની અને પોતાના અંગનું નિર્ભયપણું મેળવી લેવાની ખાતરી કરી લેવી હોય, અથવા કોઈ નાણું ધીરનારને પોતાના પૈસા પાછા મળે તેને માટે જામીન જોયતો હોય અથવા જ્યાં લૂંટ થતી હોય એવા પરગણા વચ્ચે થઇને કોઈ વ્યાપારીનો વિના જોખમે માલ લઈ જવો હોય તો, ભાટની બાંહધરી અથવા જામીનગીરી

માન્ય રાખવામાં કશું નુકસાન ધારવામાં આવતું નહિ. તે દેવતાઓથી ઉત્પન્ન થયેલા અને તેઓના માનીતા તેથી કોઇને પત ન કરે એવા માણસો પણ તેઓનું માન રાખતા અને તેઓ પણ કરાર પ્રમાણે પળાવી લેવાને સાધનવાળા હતા, તથા તેમાં તેઓ ભાગ્યે જ પાછા પડતા હતા. આ સાધનમાં ત્રાગાં અને ધરણાં એ મુખ્ય હતાં. ત્રાગું કરતી વેળાએ ભાટ પોતાનું કે પછી પોતાના કુટુંબના કોઈ માણસનું શરીર અથવા અવયવ કાપીને, જેને માટે ત્રાગું કરવું પડ્યું હોય તેના ઉપર ઇશ્વરનો કોપ કરાવવાને, અને વૈર વાળવાને પ્રાર્થના કરતા; ધરણું કરતી વેળાએ, જે કરાર પ્રમાણે પળતો હોય નહિ તેને ત્યાં કેટલાક એકઠા થઇને લાંઘવામાં અને તેના ઘરનાં માણસોને પણ લાંઘણ કરાવવામાં આવતી હતી, અને જયારે તે કરાર પ્રમાણે અમલ કરે ત્યારે તેનો છૂટકો કરવામાં આવતો હતો. પણ બ્રિટિશ સરકારનું રાજ્ય થયા પછી, આવી જંગલી રીતિઓ રહેતાં રહેતાં ઘસાઈ ગઈ છે અને ભાટની જમાનીનો ચાલ પણ નીકળી ગયો છે.

વહીવંચાના કામને લીધે અને કવિતાના ગુણને લીધે, ભાટ લોકો લાંબી મુદ્દતથી લોકોને ઘણા મનગમતા થઈ પ્રસિદ્ધ થતા આવ્યા છે. ચોમાસું ઉતરે, અને જવર અવર પાછો ચાલુ થાય છે ત્યારે કોઈ શહર કે કસબાના ભાટવાડામાંથી ભાટ પોતાની પ્રતિવર્ષની ફેરણી કરવા નીકળી પડે છે. જે રજપૂત ઠાકોરો તેના યજમાન હોય છે, અને જેઓની પાસેથી તેને જમીન મળી હોય છે, અથવા વર્ષાસન મળે છે, તેઓને ત્યાં, વારા ફરતી જાય છે, અને ઘણું કરીને તેમને ત્યાં લગ્ન કે બીજો એવો પ્રસંગ આવે છે તે અવસરે જઈ પ્હોંચાય એમ પ્રયાણ કરે છે ત્યાં તેનો સત્કાર થયા પછી, તે વહી અથવા ચોપડો ક્હાડે છે તે તેના પોતાના બખતરિયા અક્ષરથી કે તેના બાપના અક્ષરથી લખેલો હોય છે. તેમાં તે ઠાકોરની વંશાવલિ હોય છે. જો તે ઠાકોર ટિલાયત હોય છે તો તે કુટુંબના સ્થાપનારથી નામ લખેલાં હોય છે; જો ફટાયો હોય છે તો જયાંથી તેનું પાંખિયું છૂટયું પડ્યું હોય ત્યાંથી નામ ચાલે છે. તેમાં વચ્ચે વચ્ચે કવિતા કહી સંભળાવે છે, અને તેના અર્થની સમજણ પડે તેમ દૃષ્ટાંતો આપે છે, અને વાતો ક્હે છે. કુટુંબની વંશાવલિ હોય છે એટલા જ માટે વહી એ તેઓના સંતોષનું કારણ છે એમ નથી: પણ સગપણ કરવાનું હોય છે ત્યારે સંબંધ જોવાને કાજે, ઘણી સ્ત્રિયો પરણવાના ચાલથી ઘણા દીકરા થયા હોય તેઓને પોતાના પૂર્વજોની મિલ્કતમાંથી ભાગ લેવાને પોતાનો હિસ્સો સાબીત કરવાને પણ કામ લાગે છે. ભાટ પ્રથમ આવી ગયો હોય ત્યાર પછી, કુટુંબમાં

કોઈનો જન્મ થયો હોય, કોઈનું લગ્ન થયું હોય, અથવા કોઈ મરી ગયું હોય તો તે નોંધે છે, તથા પોતાના યજમાનના લાભનો હર કોઈ બનાવ નોંધવા જેવો બન્યો હોય તો તે પણ નોંધી લે છે. ભાટ લોકો આ પ્રમાણે નોંધ લે છે તે ઉપર જરા પણ શક લેવામાં આવતો નથી.

ભાટ લોકોની રીતભાત તેઓના રજપૂત યજમાનોને મળતી છે. તેઓનો પોષાક પણ રજપૂતોને મળતો જ છે. પણ કટારી કેડમાં ખોશ્યાવિના તેઓ બ્હાર નીકળતા નથી. ભાટ લોકો સહી સાક્ષી કરે છે ત્યારે પોતાની કટારી કાગળ ઉપર ચિતરે છે અને તે ત્રાગું કરીને મરી જાય છે ત્યારે તેની છત્રી ઉપર કટારીનું નિશાન કાહાડવામાં આવે છે. ભાટ લોકોનું વહીવંચાનું કામ છે તે વંશપરંપરાનું છે, તેથી તેઓ જ્યારે ફેરણિયે નીકળે છે ત્યારે તેમની સાથે ચાકરો લઈ જાય છે, એટલું જ નહિ (માત્ર સ્ત્રિયોને ઘેર મૂકે છે) પણ તેમના છોકરાઓને પણ લે છે, તેથી ન્હાનપણથી તેઓને પોતાના યજમાનોનું ઓળખાણ થાય છે, અને તેઓના વંશના ઇતિહાસની તેઓને માહિતગારી મળે છે, તેમ જ કહિયે તો, તેઓની છત્રિયો જોવામાં આવે છે તથા ટુંકામાં તેઓને પોતાના પૂર્વજોની જે વિદ્યા છે તે સર્વેની માહિતગારી મળે છે.



ભાટ લોકોના ઈતિહાસ રૂપ વર્ણનના કવિત્વના માપની પરીક્ષા વાંચનાર પોતાની મેળે કરી શકે એ પ્રમાણે અમે કેટલેક દરજ્જે તેને સાધનભૂત કર્યો છે. કદાપિ તે વિષે એમ પણ કહી શકાય કે, (જેમ જોનસન આસ્શિયનની કવિતા વિષે ધારતો હતો તેમ) "જો એક વાર તમે પ્રારંભ "કરો તો તે ઢબ પ્રમાણે જેટલું લખવું હોય એટલું લખી દેવા જેવું બીજું "કાંઈ રહેલું નથી." જ્યારે કવિયો વંશપરંપરાનો ધંધો લઈ બેસે છે ત્યારે ઉપર પ્રમાણેની ટીકા તેઓની કવિતાને લાગુ પડ્યા વિના ભાગ્યે જ રહે છે. તેઓની અતિશયોક્તિ હદપાર હોય છે, અને તેઓની ન્હાની [1]માછલિયોને મ્હોટા મગરમચ્છ પ્રમાણે બોલાવવાને યોગ્ય કરે છે. તેઓનું વર્ણન અને તેઓની ઉપમા આપવાની રીતિ જૂદી જૂદી કવિતામાં એવા તો ફેરફાર વિનાની હોય છે કે તેને તેની તે જ કહિયે તો પણ ચાલે. પરંતુ અમને લાગે છે કે ભાટ લોકોની કવિતા ગમે તેવી જંગલી ઢબની હોય છે

૧ આવા પ્રકારનું વિવેચન ગોલ્ડસ્મિથે જોનસન વિષેનું કરેલું છે: "જો "તેને ન્હાની માછલિયોની વાત લખવી હોય તો, તેઓને મ્હોટા મગરમચ્છની "પેઠે બોલતી કરે."

તથાપિ તેમાં ઘણો જુસ્સો અને અસર કરવાની શક્તિ હોય છે તે માન્ય કરવું જ જોઇયે. ઇગ્લંડની રાણિયોનું જન્મચરિત્ર લખનાર જે રીતિ બતાવે છે તે જ રીતિને બરાબર અનુસરીને ભાટ લોકોના ઇતિહાસવિષયક વર્ણનની તુલના કરવી જોઇયે. મિસ સ્ટ્રિકલ્યાન ક્‍હે છે કે "જે લોકો ઇતિહાસનો "અભ્યાસ કરે છે તેઓએ દંતકથાનો ધિક્કાર કરવો જોઇયે નહિ, કેમકે "પ્રત્યેક બનાવની સત્યતા વિષે તો દંતકથા બરાબર હોય છે, પણ તેમાં "તારીખનું કાંઈ ઠેકાણું હોતું નથી." ભાટ લોકોએ જે વૃત્તાન્ત લખી રાખ્યો છે, અને તે મ્હોંડેથી સમજાવ્યા વિના સમજાઈ શકાય એવો છે તે બીજા દેશના લોકોની સમકાલીન લાવણી રૂપ કવિતાને મળતો છે, અને જે લખેલું નથી તે સામાન્ય દંતકથાઓને મળતું છે. વંશાવલિ જે લખેલી હોય છે, અને જે કલ્પિત સમયથી ચાલતી આવેલી નથી તે ઘણી ખરી નિઃસંશય સાચી હોય છે. જે બાબતમાં વધારે ચોક્કસ ર્‌હેવાની અગત્ય હોતી નથી તેમાં પણ તેઓ જો કે છાસમાં પાણી ઉમેરવાનું કરે છે, તથાપિ, ખરા બનાવના સાહિત્ય વિષે ચોક્કસ ર્‌હેવાનું પણ કહે છે. તેઓની રીતિ નીચે પ્રમાણે છે.

દુહો

જૂઠ બિના ફીકી લગે અતિ જૂઠ દુઃખ ભૌન;
એતી જૂઠ લગાઇયે જ્યું આટેમેં લૌન.

અને નીચે લખેલી ગીતિની મતલબવાળી કવિતામાં કહે છે કે;—

દુન્દ વડી સુખ સૂઁચવે નદી સૂચવે છે ઝરાનોઁ હૈયાત;
વર્ષા ગરમી સૂઁચવે કવન જણાવે બનીં ગઈ વાત.

ભાટ લોકોના વર્ણનમાં એક વિષય એવો છે કે જેના સામી આપણાથી તકરાર ઉઠાવી શકાય એમ નથી અને તે વિષય રીતભાત વિષેનો છે; તેમાં અતિશયોક્તિ કરી હોય તેનો વાંધો છોડી દેતાં, અમારે લખવું જોઇયે કે, ભાટ લોકોએ અંબરનાથી[1] ઉલટા પ્રકારની ક્રિયા કરીને તેઓની દંતકથાની

૧ "કુટુંબની દંતકથાઓ, અને વંશાવલિયો, કે જેને વિષે સર એવરાર્ડનો વિવાદ "ચાલ્યો છે તે અંબરથી કેવળ ઉલટા પ્રકારનો ગુણ ધરાવે છે. અંબર પોતે જાતે મૂલ્ય- "વાન પદાર્થ છે, પણ ઘણું કરીને તેમાં માખ્યો, તૃણ, અને બીજી હલકી વસ્તુઓની "મેલવણી થયેલી હોય છે, અને આણીમગ જોતાં, દંતકથાઓને અને વંશાવલિયોનો "અભ્યાસ કશા લેખામાં નહિ એવો અને તુચ્છ છે, તોય પણ, પ્રાચીન રીતભાતમાં જે "મૂલ્યવાન અને નવાઈનું છે તેને અમર કરવાનું કામ સારે છે, અને ઘણી ચમત્કારિક "અને બારીક વાતો સંઘરી રાખે છે તેમ બીજા સાધનથી સાચવી રાખવા અને સમ- જાવવાને બની શકત નહિ." વેવરલી પ્રકરણ ૪ થું.

જંગલી સામગ્રીના સંગ્રહમાં જે ભાગ ઇતિહાસના વિષયમાં મુખ્યત્વે કરીને ઘણો મૂલ્યવાન છે એવા ભાગનો વધારે સંગ્રહ કર્યો છે. પ્રસિદ્ધિ પામેલા ઇતિહાસકારો પોતાની લખવાની શૈલિના ઉંચાપણા વિષે અભિમાન ધરાવે છે તેઓના કરતાં ફિલ્ડીંગ પોતે જે લખવાની શૈલિમાં ઉત્કૃષ્ટપણું પામ્યો હતો તે શૈલિ ખપની અને યોગ્યતાવાળી છે, એવું ક્હેતાં ક્હે છે કે, તેઓના લખાણમાં નામ અને તારીખો વિના બીજું કાંઈ સાચું નથી, અને એથી ઉલટું મારા લખાણમાં નામ અને તારીખો વિના બીજું બધું સાચું છે. હાજલિટ લખે છે કે, જો આ પ્રમાણે હોય તો એનો હાથ ઉપર ખરો.

ભાટ લોકોની કવિતા, જેના જે ગુણદોષ છે તે સહિત, તેમાં સત્યતાનો અલ્પાંશ છે તે સહિત, અને તેમાં નકામી કુથલીનો ભાગ ઘણો છે તે સહિત હવણાં તો ઘણીખરી બંધ પડી જવા આવી છે, તે કદિ ઉદય પામે એમ નથી. જે તરવારો વિષેના ગુણાનુવાદ તેમાં થયા છે તે તરવારો ભાગી પડી છે, અથવા તો, કટાઈ ગઈ છે, અને જે જાતિનાં કાર્યથી તે પ્રદીપ્ત થઈ હતી તે જાતિ પણ બહુ ઝડપથી ઓછી થતી જાય છે. કદાપિ અમને એમ લાગે છે કે, જે કવિતા ક્ષત્રીના પુત્રોને શાન્તિની વેળામાં વિનોદ પમાડનારી અને સંકટની વેળામાં હિમ્મત આપનારી કેટલાંક સૈકાંથી થઈ પડી હતી તે કવિતા ઉપર લક્ષ ખેંચવાનું અમારા આ લાચાર અને અયોગ્ય પૃષ્ઠોના ભાગ્યમાં પણ ઘણું કરીને છેલ્લી વારનું જ હશે.

પ્રકરણ ૪.

મુસલમાન અને મરાઠાના વારામાં રાજપૂતોનો જમીનનો વહિવટ

ચડાઇયો કરનારા મુસલમાનો રણભૂમિમાં જયવંત થયા છે, તથાપિ અલ્લાઉદ્દીન ખીલજીના વારા સુધી, ગૂજરાતની સ્થાયી જિત કરી લેવાને તેઓએ કાંઈ કર્યું નથી. મહમૂદ ગજનવીના કરતાં કુતુબુદ્દીન ઈબકે ચડાઇયો કરીને ભાગ્યે જ વધારે સારવાળી અસર કરી છે, અને કદાપિ જો અણહિલવાડના પ્હેલા સોલંકી વંશની સમાપ્તિ થઈ હોત નહિ તો, અણહિલપુરના રાજ્યે આ વેળાએ દીલ્હીના સ્થાપિત થયેલા રાજ્યના શસ્ત્રની સામે ટક્કર ઝીલી હોત. બીજા ભીમદેવના મરણ પછી, ગાદી ખાલી રહી નથી એ વાત ખરી, પણ રાજકીય સત્તા તો ત્યાર પછી અપેક્ષામાં રહી છે અથવા કદાપિ ચલાવવામાં આવી છે તો તે નામની ચલાવવામાં આવી છે. રાજાઓ સો વશા પોતાની અધુરા અધિકારની ખાંપણને લીધે નુકશાન વેઠીને ગાદીના તાબાની

ધરતી પણ ખબરદારીથી રાખી શકયા નહિ, અને સીમાની બ્હારની હતી તે તો ઘણીખરી બધી તેઓની સત્તામાંથી જતી રહી. ચંદ્રાવતીના તેઓના પરમાર પટાવતો હતા તેઓને ચોહાણોએ દબાવી દીધા; વશમાં થઈ ગયેલા કચ્છના રાવ સ્વતંત્ર થઈ ગયા. સોરઠના રાવોએ તે પ્રાન્તની સત્તા પાછી હાથ કરી લીધી, અને તેમણે પોતાના આશ્રિતો રાખ્યા તે તરત જ પોતાના ધણીના જેવા બલવાન્ થઈ પડ્યા. અસલી જાતિના લોકોએ ગાદીની નબળાઈનો લાગ જોઇને પોતાનું માથું ઉચું કરવા માંડ્યું. ધંધુકાના મેર અને ઈડરના સોડ લોકોએ રાજશ્રીયુક્ત દબદબો દેખાડવા માંડ્યો. ગોઘાના અને પીરમના બારૈયાઓએ અણહિલપુરના રાજાઓની દરિયાઈ સત્તાનું જે કાંઈ રહ્યું હતું તે સર્વે સ્વાધીન કરી લીધું, અને જેવામાં સોરઠના રાવોની ઉપર ખાંટ, ભીલોએ દબાણ કર્યું તેવામાં તેઓના સગાઓએ વાઘેલાઓની ધરતીનો ન્હાશ કરી નાંખ્યો. આ વેળાએ વળી ઘણા પરદેશી સરદારો દેશમાં પેશી ગયા એવો પ્રસંગ આવી ગયો. તેઓને પ્રથમ તો ગાદીના પટાવતો તરીકે રાજી થઇને રાખવામાં આવ્યા, પણ પછવાડેથી તેઓના અશાન્ત લોભને લીધે, તેઓ દેશની વધારે નબળાઈનું કારણ થઈ પડ્યા. ઈડરના ડુંગરામાં એક રાઠોડે બરાબરિયું રાજ્ય સ્થાપ્યું, અને એક ઝાલાએ વડીલના મુલ્કનો ઉપયોગી ભાગ મેળવી લઇને તે માત્ર નામ સિવાય બધી વાતે સ્વતંત્ર થઈ પડ્યો, અને ઉલટો, પોતે પોતાના રાજાને મુલ્ક આપ્યો છે એવું ડોળ ઘાલવા લાગ્યો. ઉત્તરમાંથી ગોહિલ, સિન્ધમાંથી સોઢા પરમાર, અને કાઠી[1] તેમ જ બીજી જાતિના લોકો આવીને ગૂજરાતમાં પેઠા, અને ચૂડાસમા, વાળા અને અસલી રહેવાશી મેર લોકોની સાથે લગ્નસંબંધમાં આવીને તેઓની મદદથી ભોમિયાઓની ભોંય ખુંચાવી લેવાનો પ્રયત્ન કરવા લાગ્યા, અને તેઓની તરવારો એક બીજા ઉપર ઉગામવા લાગ્યા. ખરું જોતાં તો કાંઈ એકલા મુસલમાનોએ ગૂજરાત ઉપર હુમલો કર્યો છે એમ નથી. જે ફોજે તેનું રક્ષણ કરવું જોઇતું હતું, તેના જૂદા જૂદા તફા પડી ગયા, અને પોતે જે જમીન સ્વતંત્રપણે દબાવી પડ્યા હતા તે સાચવી રહેવાને તેઓ ખરેખરા આતુર હતા, પણ એકંદરે તેઓ એક સામાન્ય હેતુથી જોડાયલા ન હતા અને તેઓએ પોતાનો એક સામાન્ય આગેવાન કબૂલ કર્યો ન હતો. આવી સ્થિતિને લીધે અલ્લાઉદ્દીન ખીલજીના સરદારોની સામે તેઓના પૂર્વાધિકારિયો કરતાં નબળો અટકાવ કરવામાં આવ્યો, તેમ જ વળી છેવટે તેઓ જે લૂંટ મેળવી શકયા તે પણ પોતાની કિમ્મતના કરતાં ઘણી ઓછી મતાની થઈ ગઈ હતી.

૧ કાઠી કચ્છમાંથી આવ્યા છે. ર. ઉ.

ગૂજરાત કબ્જે થયા પછીના મુસલમાનના પ્હેલા સમયનું વર્ણન તેજ લોકોનું લખેલું આપણને મળ્યું છે તે ઉપરથી જણાય છે કે, આખા દેશમાં, ધણી વિનાની અંધાધુંધી ચાલી તે થોડીક તો દેશને થાળે પાડવાની તેમનામાં શક્તિ નહિ તેથી ચાલી, પણ ઘણીક તો, પાદશાહોએ સ્વાર્થી રાજનીતિ માત્ર હિન્દુઓ ઉપર જ છૂટથી ચલાવી એટલું જ નહિ પણ તેઓના પોતાના કામદારો ઉપર ચલાવી, તેથી ચાલી. તેઓના સરદારોને તેઓએ જાયુ બદલ્યાં કરેલા આપણા જોવામાં આવ્યા તેમાંથી કદાપિને કેટલાક કાફરોના હાથથી સ્વધર્મને અર્થે પ્રાણાર્પણ કરવાનું પદ મેળવી ગયા, અથવા જ્યારે તેઓ પોતાના શત્રુઓની સામે વધારે જયવંત થવા લાગ્યા ત્યારે જે પાદશાહની તેઓ ચાકરી કરતા હતા તેઓએ તેમને પદભ્રષ્ટ કર્યા અથવા તો પછી તેમનું કાટલું ફ્હાડી નાંખ્યું. તે દરમિયાન તો ચોગરદમ દગો ઉઠી રહ્યો. તેમાં પ્રથમ તો હિન્દુઓ જ હતા, પણ પછીથી કેટલીક વારે, પરદેશી મુસલમાની કામદારો, અને છેવટે તો, સૂબાઓ પોતેજ, પાદશાહોની સત્તાની સામે બંડ મચાવાને સામીલ થયા હતા. છેવટે મહમદ તુઘલુખે જાતે, એ કામ ઉપાડી લીધું, તો પણ તે બધી વ્યવસ્થા કરી શકયો નહિ, માત્ર થોડી જ કરી શકયો. ત્યાર પછી, ઉપજ લેવાનો ધારો, અતિશય વધારી મૂકેલા ઘારણના ઇજારા આપવા માંડીને પાછો અમલમાં આણ્યો, અને પાદશાહી સત્તા તળેથી પ્રાન્તને ખશેડી નાંખવાનો પ્રયત્ન ચાલવા લાગ્યો, તેથી સૂબો ઠરાવવામાં આવ્યો; અને તે સૂબાએ આવીને ગૂજરાતમાં પગ મૂકયો કે તરત જ, જે રાજ્ય છૂટું પડી જતું અટકાવવાનું જે તેનું કામ હતું, તેને બદલે, પોતેજ તે રાજ્ય ઇલાયદું સ્વાધીન કરી બેઠો.

આ સમયે પ્રખ્યાત રજપૂત ઠાકોરો સાથે મુસલમાનો સંબંધમાં આવ્યા છે, તેમાં માત્ર સોરઠનો રાહ, અને તેનો પટાવત મોખડો ગોહિલ, એ બે હતા. જુનાગઢે મુસલમાનના હલ્લાની સામે અટકાવ કર્યો, અને જો કે પીરમનો ન્હાશ કરવામાં આવ્યો અને તેનો સ્થાપનાર માર્યો ગયો, તોય પણ ગોહિલ વંશની સત્તા તૂટ્યા વિનાની જેવી ને તેવી રહી; ગોઘા અને બાકીનો તેમનો મુલ્ક તેઓના તાબામાં રહ્યો, અને તેની ન્હાની શાખાવાળો, રાજપીપળાના ડુંગરામાં ધણી થઈ પડવાને, જોઇયે તેટલી સત્તાવાળો થઈ પડ્યો.

ગૂજરાતની સંપૂર્ણ જિત કરી લેવાને સુલ્તાનોએ ડગલાં ભર્યાં, તેમાં તેઓના જયનો વિસ્તાર કેટલો થયો તે આપણા જોવામાં આવ્યું. મહમૂદ બેગડાએ સોરઠના રાવોને, અને ચાંપાનેરના રાવળોને રાજ્યભ્રષ્ટ કરી નાંખ્યા; તથાપિ ઈડરના રાવોએ, પોતાના ઉપર વારંવાર થયેલા હુમલાની સામે જય-

વંતપણે પોતાની સ્વતંત્રતા સાચવી રાખી. અને ચાવડા, ઝાલા, ગોહિલ, અને બીજાઓ પોતપોતાની જમીનનો કબ્જો સાચવી રહ્યા. આ પ્રમાણે પોતાની હૈયાતી સાચવી શક્યા છે તે જ માત્ર મ્હોટા હિન્દુ જમીનદાર છે એમ નથી, કિન્તુ દેશના દરેક ભાગમાં જે વંશપરંપરાની રજપૂતોની નાના પ્રકારની જાગીરો છે તે દરેક પરગણાની જમીનનો કાંઈ ઓછો ભાગ રોકતી નથી.

મિરાતે એહમદીના મુસલમાન કર્ત્તાએ, સામાન્ય વર્ણન નીચે પ્રમાણે આપ્યું છેઃ–"સુલતાન અહંમદ ગૂજરાતીના વારામાં, સર્વ જમીનદારોએ "બંડ મચાવ્યું, અને હરકતો કરવા લાગ્યા; તથાપિ તેઓને શિક્ષાએ પ્હોંચા- "ડીને ન્હસાડી મૂકયા, અને પ્રત્યેક ઠેકાણે, સુલ્તાનના નોકરો મૂકી દેવામાં "આવ્યા. આમ થતાં તેઓને વસવાનું ઠેકાણું તેમના કબ્જામાં રહ્યું નહિ "એટલે, નિરાશ થઈને, એ કાફરો ટોળે થઈને રસ્તામાં લૂંટ કરવા લાગ્યા. "અને ગામડાં મારવા લાગ્યા. નિર્ધણિયાપણું વધ્યું, ગડબડાટ ચાલ્યો, ખેતી- "વાડીની ખરાબી નજરે પડવા લાગી, અને રઇયત દુઃખ પામવા લાગી. "જેઓને વિચાર કરવો જોઇતો હતો તેઓએ લાંબી નજર પ્હોંચાડીને આ, "સંકટોનો છેડો આણ્યો અને દરેક ગામનો જમીનદાર સામો થાય નહિ "એટલા માટે, તેના જમીન લીધા. દરેક ગામની જમીનના ત્રણ હિસ્સા, "જે તળપત કહેવાય છે તે, સરકારની મિલકત ગણાઈ, અને એક હિસ્સો, "જે વાંટો કહેવાય છે તે, જમીનદારોને આપ્યો, તેના બદલામાં તેઓ ચોકીવાળા "પૂરા પાડે, અને પોતપોતાના ગામનું રક્ષણ પોતે કરે, તથા સરકારને જ્યારે "ખપ પડે, ત્યારે નોકરી કરવાને તૈયાર રહે, એમ ઠરાવવામાં આવ્યું. એ "લોકોએ જાણ્યું કે, સરકારને નમ્યું આપ્યા વિના આપણાથી નિરાંતે વશી "શકવાનું નથી. તેથી તેઓ શરણ થયા, અને તેમના વાંટામાંથી સલામી "આપવાને કબૂલ થયા. આ વેળાથી, તેમની પાસેથી સલામી અને પેશકશી "લેવાનું ઠર્યું. હળદરવાસ, ઘોડાસર, આતરસુંબા, માંડુવા, અને બીજી કેટ- "લીક જગ્યાઓના જમીનદારોને વટાળીને મુસલમાન કર્યા. એટલે તેઓએ, "પોતાના તાલુકાનું રક્ષણ કરવાની કબૂલાત કરાવી લીધી. મુસલમાની ધર્મને "ઉત્તેજન આપવા માટે, તેઓને પાદશાહની દરબારથી એ ગ્રાસ આપવામાં "આવ્યો હતો, પણ તેઓએ સરકારને પેશકશી આપવાને કબૂલ કર્યું હતું. "જે મુખ્ય જમીનદારો ઉપર જિતનો હાથ પ્હોંચી શકયો નહિ તેમની પાસેથી "દર વર્ષે પેશકશી ઉઘરાવા લાગ્યા."

તથાપિ મુસલમાની ઈતિહાસકર્ત્તાના લખાણથી આપણા જોવામાં આવ્યું છે કે, સંકટ વેઠ્યા વિના, નિરંતર લશ્કર રાખ્યા વિના, એ ઉઘરાણું

તેઓ વસુલ કરી શકયા નથી. સુલ્તાનોની ફોજ, વર્ષોવર્ષ, આ હિન્દુ ઠાકોરોના ઉપર ચડતી હતી (જેમ અણુહિલપુરના રાજાઓની સેના, આગળ સોરઠ, કચ્છ, અને માળવા ઉપર ચડતી તેમ) અને બની શકે એમ હોય તો, તેઓને તાબે કરી લેતા, અને જો તેમ બનતું નહિ તો, તેમનાથી ફહડાવી શકાય એટલી પૈસાની રકમ ફહાડી લઇ જતા હતા.

ભાટ લોકોએ પણ ઉપરના જેવું જ સામટું વર્ણન ખ્યાતોમાં આપેલું છે, તે તેઓએ પોતાની રીત વિનાની પણ સાદી ઘરગથ્થુ વાતોમાં લખ્યું છે. તેમાં ક્ષત્રિયોના પુત્રોમાંથી કેટલાએક મુસલમાની ધર્મમાં કેમ દાખલ થયા; અને બીજા વધારે આગ્રહી હતા તેઓએ બ્હારવટાના જીવતરનો કઠિણ માર્ગ પસાર કરીને તેઓની ભોંયનો જુજ ભાગ કેવી રીતે પાછો મેળવી લીધો; અને થોડાક જે વધારે ભાગ્યશાળી હતા તેઓએ પોતાના ધુમાડો પેઠેલા ર્‌હેઠાણેથી, વારે વારે દોડી જઇને, ડુંગરાઓની ગુફામાં પોતાનાં ર્‌હેઠાણ કરતા, અને ઉંઘ આવે નહિ એવી સ્થિતિમાં ઉશીકાને સ્થાને ઢાલ મૂકતા, પોતાના ઉપર જુલ્મ કરનારા નહિ સરખા થઈ ગયા ત્યાંસુધી, કેવી વિષમ લડાઇયો મચાવી, એ સર્વ આપણા જોવામાં આવી ગયું છે.

અકબર પાદશાહનું વલણ, પોતાની પૂર્વે થઈ ગયેલાઓના કરતાં વધારે મોકળા મનની રાજનીતિ ચલાવવાનું થયું હતું. આપણા જોવામાં આવ્યું છે કે, મ્હોટા હિન્દુ ઠાકોરોને સરકારી[1] લશ્કરી ખાતામાં રાખ્યા હતા, અને ત્યાર પછી પાદશાહી ઉમરાવોના મર્તબામાં તેઓને છૂટથી દાખલ કર્યા હતા, તેમાં તેઓની સાથે એવી સરત કરી હતી કે, તેઓ ઘોડેશ્વારના પોષાક ઉપર સરકારની નિશાની રાખે, અને પ્રાન્તના સૂબાને અગત્યના સર્વે પ્રસંગે આવી મળે. પાદશાહી સૂબેદારની સત્તા મ્હોટું લશ્કર રાખીને કાયમ રાખી હતી, અને તે લશ્કર ઘણું કરીને અમદાવાદમાં રાખવામાં આવતું, તેથી તે શહર એક વિશાળ છાવણીનું સ્થાન થઈ પડ્યું હતું. રાજધાની નગરની છેક પાસેનો ફરતો પ્રદેશ, અને બીજી જગ્યામાં જ્યાં પાદશાહની સત્તા ચાલતી હતી તે ખાલસા હતો, અથવા તો સરકારના નોકરો તેની વ્યવસ્થા ચલાવતા હતા, અને ઝાલોર, સોનગઢ જે ખાનદેશના મોખરા ઉપર છે, ત્યાંસુધી, અને દ્વારકાંથી તે માળવાની સીમા સુધી, સરકારી સૂબેદારને ઉપરી અધિકારી તરીકે માનવામાં આવતો હતો[2] વચ્ચે અમદાવાદમાં લશ્કર ર્‌હેતું હતું તે

---

૧ જૂઓ પ્હેલા પુસ્તકના પ્રકરણ ૭ માં અકબર વિષેનું વર્ણન.

૨ પેશ્વા સરકારનો અમદાવાદના સરસૂબાનો વકીલ અમરતલાલ કરીને લગભગ ત્રીસ વર્ષ સુધી હતો, તેણે કર્નલ વોકરને ગૂજરાતની હકિકત વિદિત કરેલી તે જુવો. કચ્છે, કોઇને પણ પેશકશી આપી નથી. ર. ઉ.

સિવાય બીજી ઘણી જગ્યાએ સરકારી થાણાં મૂક્યાં હતાં. આમ છતાં પણ પાદશાહના આખા મુલ્કની વચ્ચે વચ્ચે જે હિન્દુ ઠાકોરોની જમીન હતી તેઓ મોગલ સરકારના વારામાં, રાજા, રજપૂત, કોળી, અથવા ગરાસિયા ગમે તે હો તો પણ, જમીનદારના એક નામથી ઓળખાતા હતા. જમીનદારો પાસેથી અથવા તેમનાં ગામોમાંથી જે ઉપજ વસુલ આવતી તેનો દર ઠરાવી રાખેલો હતો, અને એક રકમ નક્કી કરેલી હતી. સરકારનો ભાગ, હિસ્સો જૂદો કહાડીને અથવા ઉપજની કિંમત ઉપરથી ઠરાવવામાં આવ્યો ન હતો; પણ દરેક માલિકે ઉલટો પોતાને ફાવે તેવો સરસ ઠરાવ હાંસલ કરી લીધો હતો. પાદશાહોના વારામાં પણ, અમદાવાદના સુલ્તાનોની પેઠે જમીનદારોની પાસેથી ઉત્પન્ન વસુલ કરી લેવાને સદા લશ્કર હાજર રાખવાની જરૂર પડતી હતી.

ઈતિહાસકર્ત્તા કહે છે કે, "જો સુબેદાર મ્હોટી ફોજ લઈને વાત્રક "જે પશ્ચિમમાં છે તેના કિનારા ભણી, અને વળી તે દિશા ભણીની "સીમાએ વાંસવાડા અને ડુંગરપુર જે અમદાવાદથી સુમારે સો કોશ "છે ત્યાં સુધી જાય, અને વાંસવાડાથી દક્ષિણ ભણી, સુંથ અને "ઝાલરિયા તથા બારિયા પરગણાં, અને રાજપીપળા, માંડવી, અને "રામનગર ભણી (જે દરિયા કિનારે છે) ઉત્તરે જાય તો ત્યાંના જમીન-"દારોની પેશકશીનો નિકાલ થાય; જો તે ડુંગરપુર ભણી વાયુ કોણમાં જાય, તો "ઈડર જીલ્લો, સિરોઈ, દાંતા, ગિરના ડુંગરા, શણુબાવા ફાફર, ખંડિયા "નગર, અને કચ્છનો તાલુકો; કચ્છનું વાગડ પ્રગણું એટલાનું પતી "જાય. અને ત્યાંથી ઝાલાવાડ, મોરબી, હલવદના જમીનદાર, ઇસલામ "નગરની (ભૂજ[1]) સરકાર, જગતરાણા ભાઉ, સોરઠ સરકાર, પોરબંદર, "ચાનાઇ કેસોજી, ઉના, અને કાઠિયાવાડના બીજા—ગોહિલ, લોલિયાણા "ધંધુકા, અને ધોળકા, એટલાનું પતાવીને ખંભાયત જીલ્લામાં થઈને "ખંભાયત જે દરિયાકિનારે છે, ત્યાં આવી પ્હોંચે."

મ્હોટા જમીનદારો માંહેથી ઘણાએ ઔરંગજેબના વારા સુધી ચાકરી કરવાનું જારી રાખ્યું; પણ ત્યાર પછી, તેઓએ પોતાનું પૂરેપૂરૂં સ્વતંત્રપણું પાછું મેળવી લીધું. એ જ અવ્યવસ્થાના સમયમાં, ન્હાના જમીનદારો હતા તેઓ પણ એવો જ પ્રયત્ન કરવા લાગ્યા અને જે જમીન

---

[1] નવાનગર; જેણે બંડખોર સુબાને આશ્રય આપ્યો હતો તેથી તે કબજે કરી લઈને તેનું નામ ઇસલામ નગર પાડ્યું હતું. ર. ઉ.

તેઓની પાસેથી જોરાવરિયે લઈ લેવામાં આવી હતી તે પાછી મેળવી લેવામાં થોડા ઘણા સફળ થયા.

એ જ મુસલમાન ગ્રંથકર્ત્તા ક્‌હે છે કે, "કેટલોક કાળ જતાં, રજપૂત,
"અને કોળી લોકો જે જબરા થઈ પડ્યા હતા, તેઓ બખેડા કરવા લાગ્યા,
"અને શહરોમાંથી ઢોર વાળી જવા લાગ્યા, તથા લણવાના દિવસોમાં
"લોકોને મારી નાંખવા લાગ્યા. લોકોને આવી પીડામાંથી છૂટવાને કાંઈ
"સાધન રહ્યું નહિ, એટલે, તેમના ઉપર આવો જુલમ કરનારા લોકોને
"વર્ષ દહાડે કાંઈ રકમ આપવાની ઠરાવીને, અથવા, ખેડવા લાયક એક
"અથવા તે કરતાં વધારે ખેતરો આપીને તેઓએ પોતાનો છૂટકારો મેળવી
"લીધો, અને આ પ્રકારે છૂટકારાને માટે જે હક્ક આપવાનો ઠરાવ્યો તે
"ગરાસ અથવા વોળ ક્‌હેવાઈ. આવા પ્રકારની ર્‌હેતાં ર્‌હેતાં રીતિ પડી ગઈ,
"તે પછી, પ્રાન્તના સૂબેદારોની નબળાઈને લીધે પાકેપાયે થઈ ગઈ.
"એટલે પછી પરગણાંમાં રજપૂત, કોળી, અથવા મુસલમાન ર્‌હેવા-
"સિયોના આવા પ્રકારના ગરાસ બંધાઈ ગયા વિનાના બહુ જ થોડા જ
"બાકી ર્‌હી ગયા છે."

"આ લોકો, મૂળમાંથી જ વશમાં ર્‌હે એવા હતા નહિ, અને ચોરિયો,
"લૂંટફાટ, અને દંગા કરવાની ટેવ પડી ગઈ હતી, તેથી, પ્રાન્તમાં સૂબે-
"દારની નબળાઈ જોવામાં આવે કે બંડ મચાવતા હતા. આ કારણને
"લીધે કેટલાક સૂબેદારોએ, આગળ અને હવણાંના વખતમાં, પ્રાન્તના
"કિલ્લા મજબૂત કરીને ત્યાં થાણાં બેસાર્યાં. થાણાનો પગાર સરકારે નક્કી
"કર્યો અને સિપાઇયો થાણું છોડી દઈને જતા ર્‌હે તો દંગો થાય એટલા
"સારૂ પગારને માટે થોડી જમીન ઇલાયદી રાખી. હવે જેમ પ્રાન્તમાં
"ગડબડાટ વધવા લાગ્યો તેમ ઉપર લખવામાં આવ્યા તે બંડખોર
"લોકોએ, જ્યાં થાણાં બેસાર્યાં હતાં એવા ન્હાના કિલ્લા જમીનદોસ્ત કરી
"નાંખ્યા, અને બીજાં ગામોમાં વશીને ગરાસને બદલે સરકારનો તલપદ
"ભાગ બથાવી પડ્યા."

"હવણાં (ઇ૦ સ૦ ૧૭૪૭–૪૮ થી ૧૭૫૬ સુધી) સૂબેદાર ફોજનો
"જમાવ કરે છે, અને તલપદ બથાવી પડેલા વાંટાદારો પાસેથી દરેક
"જગ્યાની મગદુર તપાશીને તે પ્રમાણે ખંડણી ઉઘરાવે છે, અને પોતાના
"અમલદારના જામીન લે છે; પણ જ્યારે મ્હોટા જમીનદાર ખંડણી આપ-
"વાને ના પાડે ત્યારે પછી જોરાવરીથી લેવાનું પ્રાન્તના સૂબેદારનું શું
"ગજું ? અને તેઓ એવા નિમકહરામ થઈ ગયા છે કે તેમના ભણીનું

"વળાવું જો હોય નહિ તો તેનાથી શહરના દરવાજામાંથી પસાર થઇ "શકાય નહિ."

રજપૂત ઠાકોરોની સત્તા ઓછી થઈ ગઈ તેનાં, મુસલમાનની જિત સિવાય કેવળ જૂદા જ પ્રકારનાં કેટલાંક કારણ છે. બાપની જાગીરમાં કુટુંબના ન્હાના ભાઈનો ભાગ ખરેખરો પ્હોંચે છે. મ્હોટા તાલુકામાંનો આવો હક્ક જેવો પ્રસંગ તે પ્રમાણે જીવાત સારૂ થોડો જમીનનો ભાગ ઇલાયદો કહાડવાથી પતી જાય, અને તે ન્હાનો ભાઈ અથવા ફટાયો ટિલાયતનો પટાવત થાય; પણ જ્યારે ફટાયાની જાગીર હોય ત્યારે તેના દીકરા પોતાની બાપની જમીન સરખે ભાગે વ્હેંચી લે અથવા ન્હાના ભાઇયો એક ન્હાનો ભાગ સરખે હિસ્સે વ્હેંચી લઈને મ્હોટો ભાગ ટિલાયતને માટે રહેવા દે. આ રીત જો ખરેખરી એવા જ નિયમ પ્રમાણે નિરંતર ચાલવાનો પ્રસંગ આવ્યો હોત તો દેખીતું જ છે કે જેમ ઘણા જમીનદારોનું થયું છે તેમ ભાગના ભાગ પડી જવાથી થોડી પ્હેડિયે જમીનદારનો તાલુકો વ્હેંચાઈ જઈને તેઓ દરેક કેવળ ખેડુતની સ્થિતિયે આવી પ્હોંચ્યા હોત. પણ જ્યાં મધ્યસ્થ સરકાર હતી નહિ, અને જ્યાં આસપાસ ઘરના અને સરકારના કજિયા સદા મચી રહ્યા હતા, તેવામાં ફટાયા અથવા ન્હાના વંશના જે સારા રજપૂતો હતા તેઓએ પોતાની તરવારના બળથી પોતાનો વારસો વધારી દીધો. ઘણાક તો, પોતાના બાપદાદાની મિલ્કતનો હિસ્સો મૂકી દઈને, ઘણે આઘે જઈને, લશ્કરી ચાકરિયે રહ્યા. જ્યાં લાંબી મુદત સુધી લડાઇયો ચાલ્યાં કરે તેવી સ્થિતિમાં તે જાતના ઘણા લોકો કામ આવી જાય એ વાત દેખીતી છે તે પ્રમાણે, થવાથી, જમીનના ન્હાના વિભાગ પડી જતા અટકી પડ્યા. ભાયાતનો હક્કદાર વારસ છેવટે ટિલાયત હોય છે. કોઈ કોઈ વાર જ્યારે ભાયાતનો ભાગ તેનું પૂરું થાય એટલો હોતો નથી, ત્યારે, પોતાના કુટુંબના મુખ્યને ત્યાં ઘરાણે મૂકે છે અથવા વેચાતો આપે છે; કોઈ કોઈ વાર તો મરજીથી અથવા અગત્ય પડવાથી પોતાના ટિલાયત વિના બીજા કોઈ પાસેના શક્તિમાન પડોશીને પોતાનો આખો ગરાસ અથવા તેનો થોડો ભાગ પોતાનું રક્ષણ મેળવી લેવા સારૂ અથવા તે પજવણી કરે નહિ એટલા માટે આપે છે; આ સિવાય, રજપૂત ઠાકોરોના ખજાના ઉપર બીજા પ્રકારનો મારો છે, તે એ કે ધર્મ કરવાનું મન થવાથી અથવા માનની ઇચ્છાને લીધે, બ્રાહ્મણ, ગોસાઈ, અને બીજા યાચના કરનારાઓને અથવા કીર્ત્તિનો સિક્કો કટાર રાખનારા ભાટ અને ચારણોને કાંઈ આપવાની અગત્ય પડે છે. આ લોકો યાચકોના

સામાન્ય નામથી દેશના કેટલાક ભાગમાં ઓળખાય છે. ઈડરના રાવ વીરમદેવ અને બીજાઓએ લાખપસાવનાં મહા ભારે દાન કરેલાં આપણા જોવામાં આવ્યાં છે. આ દાન માત્ર નાણાં, પોષાક, જવાહીર, ઘોડા અથવા બીજી મૂલ્યવાન વસ્તુઓનાં જ આપતા એમ નથી, પણ જમીનનાં આપવામાં આવતાં તે, તે ઉપર શબ્દ લખવામાં આવ્યો છે તે ઉપરથી પસાયતું કહેવાય છે અને તેને કોઈ પ્રકારનો કર પ્રથમના આપનાર ભણીથી લાગુ કરવામાં આવ્યો નથી, પણ છેવટે કોઈ હોય નહિ ત્યારે પોતાનો વારસ થવાનો છેલ્લો હક્ક રાખેલો છે. કુંભાર, મશાલચી, અને બીજા ઘરકામ કરનારા ચાકરોને પણ પસાયતાં આપવામાં આવેલાં છે.

આગળ લખ્યું છે તે પ્રમાણે, ગરાસ એ શબ્દ ધર્મનાં દાન કરેલાં અને જેને પછવાડેથી ચોક્કસપણે પસાવ એવો શબ્દ ચલાવવામાં આવ્યો છે તેને મૂળથી લગાડેલો છે. તથાપિ ભાટ લોકોના વર્ણનમાં કટુંબના ભાયાતોના ગુજરાને અર્થે જે જમીન આપવામાં આવતી તેને તે હમેશાં લગાડેલો છે, અને જો કે, આવા એકલા જ પ્રકારમાં નહિ, તો પણ શબ્દના ચાલતા અર્થમાં ઘણા કાળ સુધી તે શબ્દ વપરાયલો છે. છેવટે, ગામડાના લોકોએ પોતાના લૂંટફાટ કરનારા પડોશિયોને રક્ષણ કરવાને અથવા પજવણી કરવી મૂકી દેવાને અર્થે વોળ અથવા એવા જ પ્રકારને માટે જે કાંઈ આપેલું તેને પણ ગરાસ એ શબ્દ લગાડેલો છે. આ પ્રમાણે ગરાસિયા એવો કિતાબ મૂળમાં જોતાં આબરૂભરેલો અને તે ધારણ કરનાર રાજવંશીકુટુંબનો ભાયાત છે એવું બતાવી આપનાર છતાં, છેવટે કલંકભરેલો શબ્દ થઈ પડયો; તેમ જ, એના ધારણ કરનારા ચોરનો ધંધો લઈ બેઠેલા લૂંટારા અને ભંકોડાના કુંપાજીના મેલીકર જેવા રાતના ઘરાક જેવો અર્થ સૂચવનારો થઈ પડયો.

ઉપર લખેલો ગરાસનો અર્થના પ્રકાર સંભારી રાખવાની ઘણી અગત્ય છે, કેમકે તે ઉપર લક્ષ નહિ આપવાથી કદાપિ ગેરઇન્સાફનું કારણ ઉત્પન્ન થયું નથી, તથાપિ ગુંચવણમાં પડવા જેવું થયું છે. રાવ ચાંદાએ પોતાના વંશપરંપરાના ઈડર સંસ્થાન ખુંચાવી લેનારા પાસેથી જે ગરાસ અથવા વોળ મેળવી લીધો તે, અને રાજપીપળાના ડુંગરાના લૂંટારૂઓએ રક્ષણ વિનાના ગામડિયા પાસેથી અને ચુંવાળવાળાઓએ ફરતા વેપારિયો પાસેથી જે ગરાસ અથવા વોળ મેળવી લીધી તેની સાથે, ગરાસના મૂળ અર્થને ગુંચવી નાંખવો જોઇયે નહિ; તેમ જ એ હક્કો અને રજપૂત કુટુંબના ભાયાત ગરાસિયાના

કબ્જામાં આવેલી કુટુંબની જમીન ઉપરનો નિયમિત અને કાયદાસર હક્ક, એની સાથે ગુંચવી નહિ નાંખવાની વધારે ચોકશી રાખવી જોઇયે.

કાઠિયાવાડના જૂદાજૂદા જમીનદારોની અડકો વિષે કર્નલ વૉકરનું નીચે લખેલું વર્ણન આખા ગૂજરાતને સામાન્યપણે લાગુ પડી શકે છેઃ-

"રાજા એવી પદવી કુટુંબના મુખ્યને જ માત્ર લગાડાય છે. તે સ્વતંત્ર "હોવો જોઇયે એટલે પોતાના કુટુંબના બીજા કોઈને જમા આપતો "હોય નહિ એમ હોવું જોઇયે. મોગલ કે મરાઠાઓને જમા આપવામાં "આવતી હોય તો તેથી કરીને તેના સ્વતંત્રપણાને આંચ લાગતી નથી. "રાજાનું શિરનામું 'મહારાજા' રાજશ્રી—એ પ્રમાણે થાય છે. રાણાની "પદવી રાજાના કરતાં કોઈ રીતે ઉતરી નથી, પણ તેનું મૂળ ખાતરી-"પૂર્વક શોધી કઢાતું નથી. (રાવની પદવી વિષે પણ એમ જ છે) ત્યાર પછી "ઉતરતી પદવી રાવળની છે, તે ભાવનગરના ઠાકોરની ખરેખરી લાગુ "પડતી અડક છે,-જે તેના પૂર્વજોને ડુંગરપુરના રાવળ પાસેથી આશ્રય "મળવા ઉપરથી તેઓએ માનની નિશાની ખાતર ધારણ કરી છે. એમનું "શીરનામું 'રાવળશ્રી—એ પ્રમાણે કરવામાં આવે છે. રાજા, રાણા (રાવ) "અને રાવળના દીકરાઓને કુંવર, અને તેમના દીકરાઓને ઠાકોર કહેવામાં "આવે છે, પણ જો તેઓને જાગીરનો વારસો મળ્યો હોય તો. વળી "ઠાકોરનો દીકરો તેના બાપની હૈયાતીમાં કુંવર કહેવાય છે તેના મરણ "પછી મ્હોટો હોય છે, તે ઠાકોર થાય છે, અને બીજા ભોમિયા, અને "ગરાસિયા કહેવાય છે. રાવળ પછીની પાયરી ઠાકોરની છે, તે જેઓ રાજાના "જેટલી પદવી ધરાવાને યોગ્ય નથી હોતા, અથવા જેઓ કુટુંબની નિરાળી "પણ કનિષ્ઠ શાખાના મુખ્ય હોય છે તેઓને લગાડવામાં આવે છે. "કુટુંબના ટિલાયત પ્રતિ ઠાકોરોને ભાયાત તરીકે ખંડણી આપીને ઘોડો "નજર કરી કે ચાકરી કરીને નમ્યું આપ્યાની નિશાની બતાવવી પડે છે. "ઠાકોરો પોતાના તાબાની જગ્યામાં રાજાના જેટલા સ્વતંત્ર છે. જેઓ "રાજા કે ઠાકોર નથી પણ તેઓના કરતાં નીચી પદવીના છે, અને "જેઓને જમીનનો હિસ્સો મળેલો હોય છે તેઓને ભોમિયા કહેવામાં "આવે છે. તેઓના તાબામાં જે જમીન છે તેના તેઓ પ્રાચીન વંશપરંપરાના "હક્કદાર છે, અને તે હક્કને ગરાસ એ શબ્દ લગાડવામાં આવે છે, કે જે, "અસલ અથવા કદીમ(બે મુસલમાની શબ્દો છે તેનો અર્થ મૂળ જૂનું "થાય છે)ના જેવો અર્થ બતાવે છે, તે ઉપરથી ગરાસિયાનું સામાન્ય નામ "અમે તેઓને લગાડયું છે."

સન ૧૭૫૫ માં અમદાવાદ ભાગ્યું ત્યારથી મરાઠી સત્તાની સ્થાપના થઈ ગણવી જોઇએ. પણ તેના પ્હેલાં કેટલાંક વર્ષ આગમચ પિલાજી અને દામાજી ગાયકવાડ, તથા બાજીરાવ પેશ્વા અને બીજાઓના ઉપરીપણા નીચે તેઓએ પ્રતિ વર્ષ હલ્લા કરવા જારી કર્યા હતા, અને વડોદરા પોતાના કબ્જામાં કરી લીધું હતું. આ વેળા સુધી મરાઠાઓના જે હલ્લા કરવામાં આવતા હતા તે માત્ર લૂંટફાટ કરવાને માટે જ હતા અને લૂંટ મેળવવાની તેઓની મતલબ હતી; અને અગર જો તેઓએ મોગલ સરકારના કામદારો પાસેથી ચોથ લેવી ઠરાવી હતી તો પણ તેઓની ફોજના બળ ઉપર તે વસુલ કરી લેવાનો આધાર રહેતો હતો. અમદાવાદ તૂટ્યા પછી પેશ્વાએ અને ગાયકવાડે આખો દેશ અર્ધોઅર્ધ વ્હેંચી લીધો હતો, અને મોગલ તથા મરાઠાઓ વચ્ચે ઉપરીપણા-સંબંધમાં લડાઇયો થતી હતી તેમાં જમીનદાર લોકો ત્રાહીતપણે જોયાં કરતા હતા, અને તેઓના પરગણામાં જેની સત્તા ચાલતી તેઓને જમા આપતા હતા, અને તે જમા અથવા ખંડણી પણ એ જ પ્રમાણે તેઓ વ્હેંચી લેતા હતા. મોગલ કે મરાઠા, એ જમીનદારોના રાજકારભારની વચ્ચે પડ્યા નથી; અને મરાઠાનું રાજ્ય ચાલતું હતું તેવામાં, અકબરના વારામાં જે હક્ક અને છૂટો તેઓને પળતાં હતાં તે પ્રમાણેજ પળવા લાગ્યાં, તથા તેઓનો મરતબો તેજ પ્રમાણે જારી રહ્યો. પણ મરાઠા હથિયારથી દર વર્ષે તેઓની પાસેથી વધારે જમા ખેંચતા ગયા.*

મિ૦ એલ્ફિન્સ્ટન કહે છે કે, "બન્ને નદિયો વચ્ચે આવેલી ખુલ્લી "જગ્યામાં, અને દક્ષિણ ભણીના મેદાનમાં, મરાઠી સરકારોને પોતાના "કામદારો રાખીને, દરેક ગામડામાં ઇન્સાફ કરવાને હક્ક હતો, અને તેઓને "ગામડાંની જમીનમાંથી અમુક ભાગ મળતો હતો, માટે તેઓની ઉપજનો "હિસાબ તેઓ તપાસતા હતા. બીજાં બધાં ગામડાં જમા આપીને પોતાનું "સ્વતંત્રપણું રાખી રહ્યાં. ઘણાં ખરાં ગામ જે તે નદિયોના કિનારા ઉપર "વશ કરી લીધેલા દેશની વચ્ચે હતાં તે નિયમિત, પ્રતિવર્ષે, પાસેના "મુલકી કામદારને ત્યાં જમે ભરતાં હતાં; પણ જેઓની જગ્યા વધારે "મજબૂત હતી, અથવા જેઓ વધારે છેટે હતા તેઓ મુલ્કગીરી ફોજથી "આપવાને અગત્ય પાડ્યા વિના જમા આપતાં ન હતાં. જે ગામોનો ઇનસાફ "કરવાનો અને ઉપજ તપાસવાનો હક્ક થયો હતો તે રૈયતી કહેવાતાં હતાં, "અને જે એકલી જમા આપતાં હતાં તે મ્હેવાસી કહેવાતાં હતાં; પણ

* પેશ્વાના એજંટ અમૃતલાલે કર્નલ વૉકરને હકીકત આપ્યા પ્રમાણે.

"ઈડર અને લૂણાવાડા જેવા રાજાઓને છેલ્લો શબ્દ લાગુ કરવામાં "આવ્યો ન હતો. જમાબંધી ઉઘરાવનાર કામદારને પ્રતિવર્ષે જે ખંડણી "આપવામાં આવે છે તે જમાબંધી કહેવાય છે; લશ્કરી અમલદાર જે ઉઘ- "રાવી લે છે તે ઘાસદાણો કહેવાય છે. ઘણા મ્હેવાસિયો એવા છે કે, કુમા- "વિસદારને ન્હાની રકમ આપવાને ખુશી હોય છે, પણ મ્હોટી રકમ તો "લશ્કર લાવીને અડાવ્યા વિના વસુલ આપે જ નહિ. એ લોકો જમાબંધી "અને ઘાસદાણો બન્ને આપે છે; તેમાં જમાબંધી દરવર્ષે કુમાવિસદારને "આપે છે અને ઘાસદાણો પ્રસંગ પજે લશ્કર લઈને અમલદાર જાય છે તેને "આપે છે. એ બન્ને પ્રકારના કર તે જમા કહેવાય છે અને એ બેમાંથી "એકેય જમીનની ઉપજનો મુકરર ઠેરવેલો હિસ્સો નથી."

અહિયાં રજપૂત જમીનદારો વિષે ગરાસિયાના સામાન્ય નામથી લખ- વામાં આવ્યું છે તેમના સંબંધમાં કર્નલ વૉકર નીચે પ્રમાણે લખે છે:—

"સર્વેને પોતપોતાનાં ગામોમાં દેહાન્ત શિક્ષા, અને તેની ક્ષમા કરવાની "તથા ન્યાય કરવાની સત્તા છે, અને શિક્ષા કરવાને, અથવા કોઈ અપરાધી કે "હુકમ નહિ માનનારને શિક્ષા કરી હોય તે માફ કરવાની પરવાનગી મેળ- "વવા, પરગણાના મુખ્ય કસબામાં રહેનાર ઉપરી સરકારને લખાણ કર- "વાની અગત્ય તેમને કદિ લાગી નથી. અને વળી, સરકારની સામે કોઇયે "અપરાધ કર્યો હોય તો, જે ગરાસિયાની તે રૈયત હોય તે તેને શિક્ષાએ "પ્હોંચાડવાને ઘટતા ઉપાય લે એમ કરવામાં આવે છે. તેઓના હદ "બ્હારના સંબંધ વિષે પણ તેઓએ એ જ પ્રમાણેની છૂટનો ઉપયોગ કરેલો "જણાય છે. આવાં ન્હાનાં સંસ્થાનવાળાઓને પોતાની હદ બ્હારનાં કામ "ઘણાં હોય નહિ, અને જે હોય તે ઘણું કરીને તેમના પાડોશી સાથે હોય, "પણ તેઓ એક બીજા પ્રતિ સલાહ, શાન્તિ અને લડાઈનો હક્ક ભોગવે છે. "તેઓના વેપારના ફેલાવાને અને રક્ષણ અર્થે, જેવા સંબંધની જરૂર હોય છે "તેવા સંબંધ તેઓ બાંધે છે. તેઓ કિલ્લા બાંધે છે, અને શિરબંધી રાખે છે. "જમા આપનાર કોઈ સંસ્થાનના બ્હારના કે ઘરના કામકાજથી જમા "લેનાર સંસ્થાનને, જો કાંઈ અડચણ જેવું હોય નહિ તો તે, કદિ તેના "કામકાજમાં આડે આવતું નથી. સર્વેના સમજવામાં એવી જ તરેહથી છે "કે જમે આપવાથી જમે આપનારના સ્વતંત્રપણાને ખલેલ પ્હોંચતી નથી."* * *

"તેઓના વંશપરંપરાના જમીનના કબ્જા સાથે, તેને લગતા હક્ક "અને છૂટ તેઓ ભોગવે છે. ગામોના ગરાસિયા માલિકો, પોતાનો અને માલ "મિલ્કતનો બચાવ કરવા માટે, રજપૂતો અને બીજાઓને જમીન આપીને

"ચાકરિયે રાખે છે; ગામના હરેક કારીગરને, જ્યારે જ્યારે ખપ પડે ત્યારે "ત્યારે, તેઓ વેઠે બોલાવે છે; જે શખ્સની જમીન હોય તેમાં ઉગેલાં ઝાડનાં "ફળ ભોગવતો હોય, તથાપિ તે ઝાડ પડી જાય ત્યારે તેઓના ઉપર તેમ-"નો હક્ક થાય છે. લગ્ન કરવા દેવાને માટે તેમનો ઠરાવેલો કર આપવો "પડે છે, અને તેમને ઘેર બાળક અવતરે છે ત્યારે પણ વધાઈ એકઠી થાય "છે; રૈયતની પાસેથી તેમને જે ઉપજ મળે છે તેમાં તેઓ પોતાની મર-"જીમાં આવે તે પ્રમાણે વધારો ઘટાડો કરે છે."

જૂદી જૂદી જાતના અનાજની ઉપજમાંથી ઠાકોરોને જે ભાગ મળતો તે તેમની મુખ્ય ઉપજ હતી. વાડિયોની પેદાશ, શેરડી, કપાસ, તંબાકુ અફીણ અને બીજો પાક કે જેનું કળતર કરવાને મુશ્કેલ પડે છે, તેને માટે સલામી લેવાનો ઠરાવ હતો, જમીનની સલામીના એક ભાગ તરીકે તેઓએ કેટલીક વાર હળવેરો લીધેલો છે. કેટલીક વાર જમીનની ઉપજનો ભોગ થોડો ઠરેલો તેને બદલે જૂજ સલામી તેઓએ લીધેલી છે. ભાયાતને જમીન આપેલી હોય તેવે ઠેકાણે તેઓએ જમીનની ઉપજનો ભોગ તેમને લેવા દઈને રોકડ નાણાં પોતે લેવાનો ચાલ રાખેલો છે. ખેડુત લોકોએ થોડાં વર્ષ લગી દાણાની ઉપજ આપવાને બદલે તેના હક્કની જૂજ સલામી આપેલી છે. ઘણું કરીને સઘળાં ઝાડોની ઉપજ જમીનદારને પળતી. નિર્ધણિયાતો માલ, અને રખડતાં ઢોર પણ તેના જ હક્કનાં ગણાતાં હતાં. વેપારીના માલ ઉપર તેનું નાકું પ્હોંચતું; દારૂ વેચનાર ઉપર, તેમ જ ચામડાં રંગનાર, તથા ચામડાં સાફ કરનારના ઉપર તેનો વેરો હતો. તેમાં છેલ્લો લખેલો વેરો તો ગામનાં સર્વે ઢોરનાં ચામડાં ઉખાડી લેવાની પરવાનગી આપવા બાબ-તનો બાંભ વેરો તેઓ ઉઘરાવી લેતા.

લગ્ન ઉપરનો વેરો અર્ધા રૂપિયાથી તે બે રૂપિયા સુધીનો જૂજ હતો. ફોજદારી ગુન્હાનો ઉપજેલો દંડ ઠાકોરને મળતો હતો, અને અદાલતની ફરિયાદમાં કેટલીક વાર તો અપાવેલા દાવાનો ચોથો ભાગ મળતો હતો.

દરેક મહાલના રૈયતના ભાગનું કામકાજ મરાઠાઓએ કુમાવિસદાર અથવા જમાબંધી વસુલ કરનારને સોંપ્યું હતું. આ અધિકારીને પરગણામાં માત્ર થોડા કાળ સુધી રહેવાને બની આવતું, કેમકે એની જગ્યા લેવાને કોઈ બીજો માણસ વધારે આપવાનો ઠરાવ કરે તો તેને પેલાની જગ્યાએ નીમવામાં આવતો, તે માટે પ્હેલો ઠરેલો હોય તે પરગણાની જાથુ ઉપજ ઉપર અથવા રૈયતના સુખ ઉપર કાંઈ આધાર નહિ રાખતાં તેનાથી ઉસે-ડાય તેટલું તે ઉસેડતો. પૈસાદાર થઈ જવાને તેને એક રસ્તો હતો, તે એ

કે ફોજદારી ગુન્હાનો દંડ તે લેતો; અને ગમે તેવા મહાભારે અને ઘાતકી-પણાના ગુન્હા હોય તો પણ તે દંડ વિના બીજી વધારે સખ્ત શિક્ષા કરીને જવા દેવામાં આવતા નહિ. અદાલતના કજિયા ઘણું કરીને જમીનના કબ્જા વિષેના લેણદેણના, અને નાતજાત સંબંધીના થતા; તે કુમાવિસદારની સત્તા નીચે પંચ ઠરાવીને તેમને સોંપવામાં આવતા, અને કુમાવિસદાર તો તેનો અમલ કરાવી આપવાને જ વચ્ચે પડતો, તથા જે રકમ આપવાની હોય તેનો ચોથો ભાગ પોતાની મેળે ચડાવી જતો.

રજપૂત ઠાકોરોનાં સંસ્થાનોમાં કદાપિ મુલ્કી કે ફોજદારી કજિયા ચૂકવવામાં આવતા તો તે કામ ગરાસિયાના હાથમાં જ રહેતું. ભાટ અને ચારણ લોકોની સત્તા ઘણી ચાલતી હતી, અને તેઓની જેમાં જમાની હોય તે પ્રમાણે તેઓ પળાવતા હતા. કજિયા જ્યારે પંચાયતને સોંપવામાં આવતા, ત્યારે, તેવી બાબતમાં કુમાવિસદારના કરતાં ગરાસિયાની રીતિ સારી હતી. કજિયાવાળા પાસેથી ઠાકોર જુજ રકમ લેતો, તે તેઓ આપી શકે એવી હતી, અને તે ધર્માદા વાપરવામાં આવતી.[1]

મુખ્યત્વે કરીને, તપ્તદિવ્ય અને સમ ખવરાવીને ન્યાય કરવામાં આવતો હતો. ગાયકવાડના રાજ્યમાં અને કાઠિયાવાડ તથા મહીકાંઠાના મુલ્કગીરી માહાલોમાં હજી લગણ પણ એવી રીતિ ચાલે છે. ફરિયાદીની પાસે ગમે તેવો પૂરાવો હોય, તોય પણ, તેનો ઉપયોગ કરવાને બદલે, પ્રતિવાદી પણ ફરિ-યાદીની પાસે એ જ રીતે કરાવવાને ચ્હાતો. આ પ્રમાણે બન્ને પક્ષકારો-માંથી એક જણ બીજાને ઉપર પ્રમાણેની રીતથી અજમાવી જોવાના કામમાં સફળ થતો, એટલે, તકરારી બાબતનો ઘણી વાર નીવેડો થઈ જતો; કેમકે, મુખ્યત્વે કરીને આબરૂદાર માણસો આ પ્રમાણેના ધોરણવતી પોતાની તક-રાર સાબીત કરવાની કડાકૂટ કરવી તે કરતાં લડી મરવાનું મૂકી દેવાનું વધારે પસંદ કરતા.

રેનાડોટની આરેબિયન મુસાફરોની ચોપડીમાં આ ચાલને બરા-બર મળતું આવે એવું વર્ણન છે, તેઓ કહે છે કે, "ઇન્ડીયોમાં એક "માણસ મોતની શિક્ષા કરવા જેવું અપરાધનું કોઈ બીજાના ઉપર "તહોમત મૂકે તો અપરાધીને પૂછવામાં આવે છે કે તપ્તદિવ્ય કરવાને તું

---

૧ પેશ્વા અને ગાયકવાડ પાસેથી કંપનીને ગૂજરાતમાં જે દેશ મળ્યો તે વિષેનો મિ૦ ડિગલે કર્નલ વૉકરને તા૦ ૧૮ મી જુન સન ૧૮૦૪ માં રિપોર્ટ કરેલો, તેની સાથેના પરિશિષ્ટ પ્રમાણે છેલ્લી બાબત વિષે પણ ઉપર જૂવો.

"રાજી છે કે નહિ; જો તે હા ક્હે તો લ્હોડાના કડકાને ખૂબ ધિક ધિકા-
"વીને લાલચોળ કરે છે, પછી અપરાધીને ક્હે છે કે, તારો હાથ આગળ
"ધરય. પછી તે હાથ ધરે છે એટલે વડનાં પાંદડાં સોત તેના હાથમાં ઉપરા
"ઉપરી મૂકીને તેના ઉપર ધીકાવેલો લ્હોડાનો કડકો મૂકે છે.[1] આ પ્રમાણેની
"સ્થિતિમાં તે કેટલીક વાર સુધી આગળ પાછળ ચાલે છે, અને પછીથી
"લ્હોડાનો કડકો ફ્હાડી નાંખે છે. ત્યાર પછી તરત જ ચામડાવતી તેનો
"પંજો મઢી લેઈને તેના ઉપર રાજાનો શિક્કો કરે છે. ત્રણ દિવસ પછી તેના
"હાથમાંથી ચામડું ફ્હાડી નાંખીને જુવે છે અને જો દાઝયાની નિશાની
"જોવામાં આવે નહિ તો તેને નિરપરાધી ઠરાવે છે; અને તેને જે શિક્ષા
"કરવાની ધમકી દીધી હોય છે તેમાંથી મુક્ત કરે છે; તથા તેના ઉપર
"ત્હોમત મૂકનારને સોનાની મૂર્ત્તિ દંડમાં આપવી પડે છે."

"કોઈ કોઈ વાર દેગડામાં પાણી ખૂબ ઉકળાવે છે તે એટલું બધું
"કે કોઈનાથી તેને અડકાય નહિ; પછી તેમાં લ્હોડાનું કડું નાંખીને તેમાં
"હાથ ઘાલીને તે કડું ફ્હાડી લેવાનું અપરાધીને ફરમાવવામાં આવે છે."
ત્હોમત મૂકનારને આવી બાબતમાં પણ સોનાની મૂર્ત્તિ આપવી પડે છે.

હાલનો એક ગૂજરાતી ગ્રન્થકર્ત્તા ક્હે છે કે, "અમાસ ગામને પાદર
"એક લીંબડો છે, તે 'ચોરલીંબડો' ક્હેવાય છે, તે ઠેકાણે ચોરોને ઉન્હા
"સમ દેવામાં આવે છે. જ્યારે ચોર પકડવામાં આવે, અથવા કદાપિ
"કાંઈ વાંધો ઉઠે અને કોણ ચોર છે તે નક્કી થાય એમ હોય નહિ, ત્યારે
"બન્ને પક્ષકારોને, કે પછી એક જણાને, ઉન્હા સમ ખવરાવામાં આવે
"છે. પંદર વર્ષ ઉપર એક સોનીને સમ ખવરાવવામાં આવ્યા હતા તે
"જોવાને હું ગયો ન હતો પણ તેની વાત મેં નીચે પ્રમાણે સાંભળી છે:—

"રાજાના કારભારિયે ચોરલીંબડા આગળ લ્હોડાનું એક મોલું ઉન્હું કરાવીને
"સોનીના પ્રતિવાદીને કહ્યું કે એ તું ઉઠાવ. લોકો ક્હે છે કે, કોળિયે કાર-
"ભારીને લાંચ આપી હતી તેથી મોલું લેતી વેળાએ કોળિયે સૂર્યને પગે
"લાગીને કહ્યું કે હે સૂરજ બાપજી ! જો હું સાચો હોઉં તો મને તારજે !
"એમ કહીને જેવો તે મોલાને અડકયો કે તરત જ પેલો કારભારી બોલી ઉઠયો
"કે કોળી તરી ચુકયો. પછી સોનીને કહ્યું કે તું સાચો હોઉં તો આ મોલું
"ઉપાડ. પછી સોની અંગરખું પાઘડી ઉતારીને ત્યાં આગળ ગંગા વાવ છે
"ત્યાં ન્હાવા ગયો, અને ઘણો ખેદ પામીને વિચારવા લાગ્યો કે આ વાવમાં

૧ આવાં તપ્તદિવ્ય કરીને સોગન ખવરાવેલા માણસો અમે અમારી નજરે જોયલા છે. પાંદડાં માણસને નુકસાન થવાથી બચાવે છે.

"પડીને જીવ આપું. તે વેળાએ વાવમાંથી શબ્દ થયો કે 'હિંમત રાખ.' આવું "સાંભળીને સોનિયે આગળ પાછળ જોયું પણ ત્યાં આગળ કોઈ તેના જોવામાં "આવ્યું નહિ, ને ઉપરથી તેણે ધાર્યું કે, કોઈ દેવે મને આજ્ઞા કરી છે. "ન્હાયા પછી, તે હિંમત રાખીને બ્હાર નીકળ્યો, પણ જ્યારે તેણે મોલા "સામું જોયું અને તે ઘણું ધિકધિકતું તેણે દીઠું ત્યારે તો તે ઘણો જ ડરી "ગયો, પણ તેટલામાં તો મોલા ઉપર કીડિયોની હાર ચાલતી તેના જોવામાં "આવી, એટલે તેને હિંમત આવી. પછી તે સૂર્યને પગે લાગીને બોલ્યો કે, "ઓ સૂરજ બાપજી! જો હું સાચો હોઉં તો મને તારજે. એમ કહીને "હાથવતી તેણે દેવતામાંથી મોલું બાહાર ક્હાડી લીધું અને પોતાની ડોકમાં "નાંખ્યું. ત્યારે કારભારિયે કહ્યું કે, તું તારી મેળે તર્યો; હવે મોલું હેઠે "નાંખી દે; પણ સોનિયે કહ્યું કે, 'મને બાઈરાજ (ઠકરાણી) પાસે જવા "દ્યો, પછી મોલું કહાડી નાંખીશ.' તે વેળાએ બે ભરવાડ પાસે ઉભેલા "હતા તેમાંથી એક પોતાની લાકડીવતે સોનીની કોટમાંથી મોલું ક્હાડી "નાંખ્યું તે ભોંય ઉપર જ્યાં પડ્યું ત્યાં ધૂળ ઘણી તપવા લાગી. પછી "કોળીને કહ્યું કે તું પણ એ જ રીતે આ મોલું તારી કોટમાં નાંખ, પણ "તે કોળીથી તે પ્રમાણે થઈ શકયું નહિ, એટલું જ નહિ, પણ પ્હેલી વાર "તેણે હાથ અડકાડ્યો હતો તેથી તે દાઝયો હતો અને ફોલ્લો પડ્યો હતો "તેથી કોળી જૂઠો પડ્યો, અને સોની સાચો ઠર્યો. પછી ગામના લોકો એ "તમાસો જોવાને ભેગા થયા હતા, તે ઘેર વેરાઈ જતી વેળાએ ક્હેવા લાગ્યા "કે આ કળિયુગમાં પણ પરમેશ્વર પૃથ્વી છોડીને જતો રહ્યો નથી."

"એ જ રીતે કોઈ વેળા લ્હોડાની સાંકળ અથવા ગોળો તપાવીને "અપરાધી પાસે ઉપડાવવામાં આવે છે; અને કોઈ વાર તાવડામાં તેલ "ઉકળાવીને તેમાં વીંટી કે ત્રણ પૈસા નાંખીને તે ક્હાડાવવામાં આવે છે. મારા "સાંભળવામાં આવ્યું છે કે, એક અપરાધિયે ઉન્હા સમ ખાવા કબૂલ "કર્યું, એટલે કડાઇમાં તેલ ખૂબ ઉકળાવ્યું, અને તેમાં નાળિયેર નાંખ્યું તે "ફાટી ગયું એટલે તેમાં પૈસા નાંખીને સમ ખાનાર પાસે ક્હડાવ્યા તે 'ક્હાડનારને પોતાની સાચી વાતને લીધે તેલ ઠંડા પાણી જેવું લાગ્યું.

" ધોલેરા પાસે ભડિયાદ ગામમાં ભડિયાદરો પીર છે, ત્યાં જઈ ને "કેટલાક લોકોને સમ ખવરાવે છે, તે એવી રીતે કે, લ્હોડાની બેડી અપરાધીના "પગમાં પ્હેરાવીને તેને પીરની સામો ચલાવે છે તેવામાં તે બેડી તૂટી પડે છે, એટલે સમ ખાનાર સાચો ઠરે છે. અમારા સાંભળવામાં આવ્યું છે કે એ બેડી બનાવવામાં યુક્તિ કરે છે તેથી તે તૂટી પડે છે."

"ભાવનગરમાં સમ ખવરાવવાનો એક બીજા પ્રકારનો ધારો છે. "ત્યાં એક પથ્થરમાં બારી જેવું બાકોરૂં છે તેમાં થઈને, જેના ઉપર શક "આવતો હોય તે ચાલ્યો જાય તો તે સાચો ઠરે છે, અને જે નીસરી શકે "નહિ તે જૂઠો ઠરે છે. તે સત્યઅસત્યની અથવા ધર્મપાપની બારી કહેવાય છે.

"ટાઢા સમ ખવરાવાની રીતિ એવી છે કે, સમ ખાનાર કહેશે કે "શિવની મૂર્ત્તિ ઉપરથી ફૂલ ઉપાડી લેવાને, અથવા કોઈ દેવને પગે હાથ "મૂકવાને હું તૈયાર છું. જો સામો માણુસ વાત કબૂલ કરે તો તે પ્રમાણે "સમ ખાવાથી તે સાચો ઠરે છે. હિન્દુને ઘણા આકરા ટાઢા સમ "ખવરાવવામાં આવે છે ત્યારે બ્રાહ્મણના ગળે હાથ મૂકાવે છે, અથવા એ "કરતાં પણ ઘણા સખ્ત સમ ખવરાવવા હોય છે ત્યારે ગાયને ગળે પાળી "મૂકાવે છે. એનો અર્થ એવો કે જો તે જૂઠા સમ ખાય તો તેને બ્રાહ્મણ "અથવા ગાય માર્યા (બ્રહ્મહત્યા કે ગૌહત્યા) જેટલું પાપ બેસે. આ સર્વ "પ્રકારના સમમાં ઘણો ભરમ રહેલો છે અને કંઈ મ્હોટી તકરાર આવી પડે "છે ત્યારે તેનો ઉપયોગ કરવામાં આવે છે; ન્હાની તકરારને માટે હલકા "સમ દેવામાં આવે છે.

"બ્રાહ્મણ જનોઈના સમ ખાય છે; રજપૂત તરવારના સમ ખાય છે; "વાણિયો શારદા અથવા સરસ્વતિ(ચોપડા)ના સમ ખાય છે; ખેડુત બળદ-ના સમ ખાય છે; મુસલમાન રોજાના અથવા પીરના સમ ખાય છે; શ્રાવક "પોતાના ધર્મના સમ ખાય છે અથવા 'પચખાણ કહે છે. કેટલાક લોકો "દીકરાના, રજકના, આશાના, જુવાનીના, ભાઈના, બાપના, માના, અથવા "આંખોના સમ ખાય છે; તેનો ભાવાર્થ એવો છે કે, જો જૂઠા સમ ખાય "તો જેના સમ ખાય તેની હાનિ થાય. બાયડિયો પોતાના ધણીના કે "છોકરાના સમ ખાય છે; રાંડીરાંડને સમ ખાવા પડે છે ત્યારે કહે છે કે, "'હું જૂઠું બોલતી હોઉં તો મને સાત ભવ આવા મળો.' વૈષ્ણવ પોતાની "કંઠીના સમ ખાય છે, વેરાગી માળાના, કારીગર કિસબના, ખારવા "રત્નાગરના, ધનવંત લક્ષ્મીના, અને નિશાળીઓ વિદ્યાના સમ ખાય "છે; સોની, માતા એટલે ગમે તે કોઈ દેવીના પણ મુખ્યત્વે કરીને વાઘેશ્વરી-"ના સમ ખાય છે, તથાપિ શરીરે કોઈ માતાના (જાડાના) સમ ખાધા "છે એમ માની લઇને તેની અસર પોતાને નડે એમ માનતો નથી. જો "કોઈ શખ્સ પોતાના પૂર્વજના કે કોઈ મરી ગયેલાના સમ ખાય તો તે "મજુર થતા નથી. છોકરાઓ બે દાંત વચ્ચે જીભ દબાવીને પછી સમ "ખાય તો (અંગરેજ નિશાળિયો ડાબી બાજુએ દબાવીને ખાય છે) તેની

"ચિંતા રાખવામાં આવતી નથી. કાંઈ અમુક કાર્યને માટે કોઈને કોઈયે "સમ ખવરાવ્યા હોય તો સમ ખવરાવનાર કહે કે 'સમ ફોક છે,' એટલે "સમ છૂટે છે. ગામડામાં એવા સમ ખાવાના વિશ્વાસથી ઘણો વ્યવહાર "ચાલે છે અને કેટલાક તો જૂઠા સમ ખાતા જ નથી."

મહીકાંઠામાં અહંમદનગરની પાસે પીર ભડિયારાની બીજી એક જગ્યા છે, ત્યાં આગળ પણ લોકોની તપાસ સમ ખવરાવીને કરવામાં આવે છે. પીરના સમ ખવરાવવાની બીજી રીત એવી છે કે, પીરને લૂગડાના ઘોડા ચડાવવામાં આવે છે, તે સમ ખાનાર પાસે ઉપડાવે છે. કડીની પાસે મેલડી માતાનું દેરૂં છે. તે માતાના સમ ખવરાવતી વખતે અપરાધી માતા આગળ આરતી ઉતારીને કહે છે કે, "જો હું જૂઠું બોલતો હોઉં તો મેલડી માતા મને આટલા દિવસમાં પૂછે!" સાદરાની પાસે ઢબોડામાં હનુમાનનું એક દેવાલય છે તે ઢબોડિયા હનુમાન કહેવાય છે. જો કોઈને હલકા સમ ખવરાવવા હોય તો આ હનુમાનને પગે હાથ મૂકાવે છે; પણ જો ભારે સમ ખવરાવવા હોય તો અપરાધીને હનુમાનના ઉપર ચડાવેલા તેલનો પ્યાલો પાય છે. સામળાજીમાં દેવના ઉપર ચડાવેલું ફૂલ ઉપાડવાનું કહેવામાં આવે છે.

પાલણપુર અને દાંતાની આસપાસના પરગણામાં તકરાર પતાવી દેવાની રીતિ નીચે પ્રમાણે ચાલે છે: નદી અથવા જ્યાં જોઇયે એટલું પાણી હોય ત્યાં, પ્રતિવાદી પોતાના મિત્રોને લઈને જાય છે, અને વાદી પણ સાથે તીરકામઠું લઇને જાય છે. પ્રતિવાદીને પોતાના ઉપર આવેલું તોહોમત મટાડવું હોય છે તો વાદી કામઠાવતે તીર ફેંકે છે તે પ્રતિવાદીનો મિત્ર લઈને પાછો આવે ત્યાં સુધી તેને પાણીમાં ડુબકી મારીને રહેવું પડે છે.

ભાવનગરમાં જેવો પથ્થર છે તેવા જ પ્રકારના પણ વિશેષ ચમત્કારિક એક પથ્થર વિષેનું વર્ણન કર્નલ ટોડ આપે છે, તે શત્રુંજય પર્વતની પાસે છે. તે કહે છે કે, "નેમીનાથની ચોરી પાસે સપાટ સાદો પથ્થર છે, "તેમાં ત્રણ ફૂટ ઉંચે પંદર ઇંચના પરિઘનું એક કાણું છે, તે મુક્તદ્વાર કહે- "વાય છે, તેમાં થઇને જે પોતાનું શરીર સંકોચીને નીકળી શકે તે ખચિત "મુક્ત થાય. પૈસાવાળાના છોકરાઓ, જેઓની ચરબી વધી ગયેલી હોય "તેઓ, પોતાની ઘણી ચરબી ઓછી કરે નહિ તો, થોડા જ આ અજ- "માયેશ ખમી શકે એમ છે. આશ્ચર્યની વાત એ છે કે મુક્તદ્વારની પાસે જ "એક પથ્થરની ઊંટની મૂર્ત્તિ છે તે જીવતા ઊંટ જેવડી છે, અને આ બધા

"ઉભા પથરા સૂળ એટલે સોય કહેવાય છે. તેથી આપણા બાયબલમાં "લખેલું મનમાં સાંભરી આવ્યા વિના રહેતું નથી."[1]

ડભોઈની પાસે એવી જ જાતનો એક પથ્થર છે તે મામા ડોકરી કહેવાય છે અને તે વિષે ઓરિયેંટલ મેમ્વારના કર્તાએ લખેલું છે.

આ પ્રમાણેની સમ આપીને ચોકશી કરવાની રીતિ, અને બીજી એવા જ પ્રકારની, ગૂજરાતના જૂદા જૂદા ભાગમાં નિત્ય ચાલતી જ છે, તે સર્વેનો એક જ હેતુ છે. આરોપિતનો ન્યાય કરવાનું ન્યાયાધીશોનું ગજું નહિ હોવાને લીધે આરોપિતને જે સમ દેવામાં આવે તે કબૂલ કરવાથી અથવા તે નાકબૂલ કરવાથી તે નિરપરાધી છે કે અપરાધી છે એ વાત તેમને જ મ્હોંડે નક્કી કરાવવામાં આવતી હતી. આ પ્રમાણે તે બધાય પરમેશ્વર પાસેથી ન્યાય પામવાના ઉપાય હતા.[2]

---

૧ એ લખાણ નીચે લખેલી મતલબનું છે, "સોયના નાકામાં થઈને ઊંટને "નીકળી જવાનું કામ સ્હેલું છે, પણ દ્રવ્યવાન્ માણસને સ્વર્ગના રાજ્યમાં પ્રવેશ કર-"વાનું કામ કઠિણ છે." ર. ઉ.

૨ ગ્લાસ્ટનબરીના પ્રાચીન દેવલની પવિત્રતાના પૂરાવા સંબંધી માલ્મસબરીનો વિલિયમ કહે છે કે, "માણસના સ્મરણમાં છે કે, સર્વે લોકો પાણીના અથવા અગ્નિના "સાધનથી સોગન ખાતા પ્હેલાં તેઓએ ત્યાં પોતાની અરજિયો મૂકી અને તેઓનો "છૂટકારો થયો તેથી પ્રસન્ન થયા, માત્ર એક જ બાતલ રહ્યો." પણ તે કોણ તે વિષે આપણને બાતમી આપવાને તે ના કહે છે. જો આ લખાણ ખરૂં હોય તો અમને ભય લાગે છે કે, આટલા બધા સાધુ પુરૂષો જેમાં ભેગા રહે એવા આ સ્થાનની પવિત્રતા કોઈ કોઈ પ્રસંગે અસત્યને આશ્રય આપવાને સાધનભૂત થયેલી ખરી.

કેણ્ટરબરીમાં '**સેણ્ટ થામસ આ બેકેટ**'નું દેવલ છે, ત્યાં આવા જ પ્રકારના ચમત્કાર બન્યા વિષેનું એક મઠવાસી ઇતિહાસકર્ત્તા જણાવે છે અને કહે છે જે ઉપરના સાધુએ ધર્મને માટે પ્રાણત્યાગ કર્યો તે સમયે તે વિદ્યમાન હતો અને તેના ગ્રન્થ ઉપરથી જણાઈ આવે છે કે, પાણીના સાધનથી સોગન દેવાની રાજકીય અધિકારિયોને વારે વારે અગત્ય પડતી. તે કહે છે કે "જંગલ વિષેના કાયદાની રૂઇયે બે જણ ઉપર "હરિણ ચોરવાનો અપરાધ મૂકવામાં આવ્યો; આ વિષેની તપાસ પાણીના સાધનથી "સોગન આપીને કરી, તેમાં એક સપડાઈ ગયો એટલે તેને ફાંસીએ દીધો. બીજાએ શેણ્ટ "થામસની સહાય થવા પ્રાર્થના કરી તેથી બચી ગયો. એક બીજાના ઉપર સરાણનો "એક પથ્થર અને હાથનાં મોજાંની જોડી ચોરવા વિષેનો અપરાધ મૂકવામાં આવ્યો, "અને પાણીના સાધનથી સોગન આપીને, તેની તપાસ કરી તેમાં સપડાઈ ગયો એટલે "તેની આંખ્યો કહાડી લેવામાં આવી, અને તેનાં અવયવ કાપી નાંખ્યાં, પણ તેણે "સેંટની પ્રાર્થના કરી તે ઉપરથી સર્વે હતું તેવું થઈ ગયું."

આ ઉપરથી જણાય છે કે, ઈંગ્લંડમાં ટાઢાકન્હા સોગન આપવાનો ચાલ માત્ર

દેશના ચાલ પ્રમાણે, જે ગામની હદમાં ચોરી થઈ હોય ત્યાંથી બીજે ગામ પગલું જાય નહિ તો ત્યાંના લોકોને વળતર ભરી આપવું પડતું.

ચોક્કસ પ્રસંગ ઉપર જ હતો, એમ નથી. ખરૂં જોતાં મૂળ **એંગ્લો સાક્સન** કાયદાના ધારાનો એ એક મુખ્ય આધાર હતો, અને તે વેળાએ અપરાધિયોને તપાસવાની માત્ર એ જ રીતિ ચાલતી હતી. **ત્રીજા હેનરી રાજાના** વારા લગી, ટાઢા ઉન્હા સોગન આપીને તપાસ કરવાનો ધારો ફ્હાડી નાંખવામાં આવ્યો ન હતો. **બ્લાક્સ્ટોન** આપણને ક્હે છે તે પ્રમાણે, તે સમય લગી, ઇંગ્લંડમાં અને **સ્વિડન**માં ધર્મ-સત્તાધીશોએ અને સંસારી રાજ્યકર્ત્તાઓએ માત્ર દેવલોમાં અને બીજાં પવિત્ર સ્થાનોમાં એ ધારા ચલાવવાની છૂટ આપી હતી. આ પ્રમાણે ખરી વાત છતાં એ ધારો ફ્હાડી નાંખવાને દેવલ સાથે સંબંધ ધરાવનારા લોકો મુખ્ય સાધન હતા, કેમકે, **હેનરીના** રાજ્યના ત્રીજા વર્ષના દરબારી કાગળો, **લૅંકેશાયર**, કમ્બરલાણ્ડ, અને **વેસ્ટમોરલાણ્ડ**(તે દિવસના ઉત્તર ભણીના વિભાગ)ના ફેરણી કરીને ન્યાય કરનારા ન્યાયાધીશોના ઉપર લખેલા આપણા જોવામાં આવ્યા છે તેમાં તેઓએ લખ્યું છે કે, અગ્નિ કે પાણીના સાધનથી અપરાધિયોની તપાસ કરવાનો ધારો **રોમન ચર્ચ**-વાળાઓ ભણીથી બંધ કરવામાં આવ્યો તેને બદલે, જેઓએ ચોરીના, ખૂનના, દ્વેષથી ઘર બાળવાના અને એવા જ બીજા અપરાધ કર્યા હોય તેઓની તપાસ બીજી કોઈ રીતિથી કરવી એ વિષે, ન્યાય કરવાના સરકિટ ઠરાવમાં આવ્યા તેની અગાઉ કાંઈ ઠરાવ કરવામાં આવ્યો નથી, માટે જેઓએ ઉપર લખેલા પ્રકારના અપરાધ કર્યા હોય તેઓની તપાસ ન્યાયાધીશોએ તે વેળાએ ઠરાવેલા નવા ધારા પ્રમાણે કરવી એવું કાઉન્સીલના અનુમતથી રાજા ઠરાવે છે. સુમારે તે જ સમયમાં બીજા **વાલ્ડેમાર** રાજાએ **ડેન્માર્ક**માં તપ્તદિવ્યથી તપાસ કરવાની રીતિ ફ્હાડી નાંખી. તો પણ, તે સમય પછીની કેટલીક રીતિઓમાં એવાં ચિહ્ન રહી ગયાં છે કે જેથી તપ્તદિવ્યથી સોગન આપવાનો આગળ રીવાજ હતો એમ જૂના લેખો ઉપરથી જણાઈ આવે છે; જેમ કે, મીડ સમર ઇવ (દક્ષિણાયન) જે જુન માસની તા૦ ૨૧ મિયે બેસે છે તે દિવસે થતા ઉત્સવની વેળાએ સળગતા અગ્નિ ઉપર થઈને કૂદી જવાની કુશળતા બતાવવામાં આવતી, પણ પાછળથી, તેને વ્હેમ ગણી પાદરિયોએ એવી ક્રિયામાં સામીલ રહેવું નહિ એવી તેમના વડા ધર્માધ્યક્ષ ભણીથી મના કરવામાં આવી છે. જે જાદુઓરિયા હોય તેમને પારખી ફ્હાડવા માટે, પાણીમાં નાંખી તરાવવાનો અથવા, **ચર્ચબાયબલ** (દેવલમાં ક્રિશ્ચિયન ધર્મપુસ્તક રાખવામાં આવતાં તે) સામું મૂકી તેમને તોળવાનો રીવાજ લાંબી મુદતથી ચાલતો હતો, તેમાંથી જેઓ પાણી ઉપર તરી આવેલા એવા લોકો વિષે **જેમ્સ** રાજાના **ડીમેનોલોજી** નામના પુસ્તકમાંથી **બાણ્ડે** ઉતારો કરી લીધો છે તે એ છે કે, "કારમા-
"પણાની અતિ ઘણી અપવિત્રતાની અલૌકિક નિશાની દાખલ પરમેશ્વરે એવું ઠરાવેલું
"જણાય છે કે જેઓએ **બાપ્ટિઝમ**નું પવિત્ર જળ ઉતારી નાંખ્યું છે અને જેઓએ
"તેથી થતો લાભ સ્વીકાર્યો નથી તેઓને જળ પોતાના અંતરમાં સંઘરશે નહિ." ગમે તેમ કોઈની ખાતરી કરી આપવા સારૂ પાણી કે અગ્નિમાં પાર પડી જવાની કહેવત

એટલા માટે શકવાળું કોઈ આવીને ગામની સીમમાં ભરાઈ પેસે નહિ તે સારૂ ચોકશી રાખવાનું કામ પોલિસવાળાઓને માથે હતું. વળી આગલી રાત્રે અજાણ્યાં પગલાં પડેલાં હોય તો પરોડિયામાં તપાસી રાખીને સાચવી રાખવાનું તેઓને માથે હતું કે તે વિષે પૂછવામાં આવે તો ખાતરી થાય એવી રીતથી પગલું પકડીને આગળ ચલાવવવાને તેઓનાથી બની આવે.[1]

તરીકેની બોલવાની પદ્ધતિ પડી ગઈ છે, એ પણ એક સો વશા તો ટાઢા ઉન્હા સોગન સંબંધીની નિશાની રહી ગઈ છે. કેદીને તેના અપરાધપત્રના ઉત્તરમાં તેની તપાસ "પરમેશ્વર અને દેશથી" અથવા વધારે ઘટિત રીતે બોલિયે તો "પરમેશ્વર અથવા દેશથી એટલે ટાઢા ઉન્હા સોગન અથવા જુરીથી કરવા વિષેનું લખી આપવાને ફરમાવવામાં આવે છે, એમાં પણ, ટાઢા ઉન્હા સોગન આપવાની રીતિની નિશાની રહી ગયેલી આપણા જોવામાં આવે છે.

ઇંગ્લંડના અંદરના પ્રાન્તોની આપણી કોર્ટમાં અને સ્કોટલાંડની શેરીફ કોર્ટોમાં પક્ષકાર સોગન ખાય તે ઉપર મુકદ્દમાનો આખો અથવા થોડો પણ આધાર ગણવામાં આવે છે, એમાં પણ, ટાઢા ઉન્હા સોગનની પ્રાચીનની રીતિ ભણી આપણે વળિયે છિયે.

બેન્થમ નામનો એક ન્યાયશાસ્ત્રી કહે છે કે, "એવા મુકદ્દમા આવે કે જેમાં "સાક્ષિયો મળી શકે નહિ, અને જેમાં વાદી પ્રતિવાદીના હા કે ના કહેવા ઉપર જ "આધાર રાખવાનો હોય, તેમાં, વાદીને તેના પ્રતિવાદીના અંતઃકરણને વિનવવાનું રહે "છે, તે સાધનનો ઉપયોગ શું તેને નહિ કરવા દેવો જોઇયે? એનું ઉત્તર હું એવું આપું "છું, કે એવા સર્વે મુકદ્દમામાં (અને તેઓ ખરા દિવાની વહિવટના દાખલા નથી, પણ "ઉન્હા તપાવેલા લ્હોડાથી, ઉકાળેલા પાણીથી, ઉન્હા ટાઢા સોગન ખવરાવવામાં "આવે છે તેના જેવું એ પણ એક છે) એ બહુ સારૂં છે," ઇત્યાદિ

૧ જે ચાલતી રીતિ વિષે અમે આ ઠેકાણે લખ્યું છે, તેના સરખી જ રીતિ, એક વાર આપણા પોતાના જ દેશમાં ચાલતી હતી, એ એક આશ્ચર્ય પામવા જેવું છે. રસલ તેના યૂરોપના અર્વાચીન ઇતિહાસના પેહેલા ભાગને પૃષ્ઠ ૫૩ મેં લખે છે કે, "એંગ્લો "સેક્શન લોકોના ફોજદારી કાયદા, બીજા ઘણા જંગલી લોકોની પેઠે, ઘણા સખ્ત "હતા નહિ. ગમે તે પ્રકારનું ખૂન કરવામાં આવે તેને માટે, અને ગમે તે પદવીના "માણસના ખૂનને માટે અને રાજા તથા ધર્મગુરૂનું ખૂન કરવામાં આવે તો પણ તેને "બદલે પૈસા અપાવાનું બસ ધારવામાં આવતું હતું, તેમાં રાજાના કરતાં ધર્મગુરૂનું "માથું, કેંટના કાયદા પ્રમાણે વધારે મૂલનું ગણવામાં આવતું હતું. તેમ જ સર્વે પ્રકા- "રના જખમને માટે પણ ઠરાવવામાં આવતું હતું; અને જે પુરૂષ તેના પડોશીની સ્ત્રી "સાથે વ્યભિચાર કરતાં પકડાયો હોય, તેને એથલબર્ટના કાયદાની રૂઇયે, દંડ અપા- "વવાની, અને તેને બીજી સ્ત્રી ખરીદી આપવાની આજ્ઞા કરવામાં આવતી હતી. લૂંટની "શિક્ષાના પ્રકાર ઘણા હતા, પણ તેમાં દેહાંત દંડની શિક્ષા ન હતી. જો કોઈ માણ- "સના ચોરિયે ગયેલા ઢોરનું પગલું, જેના તાબાની ભોંયમાં જઈ પ્હોંચ્યું હોય તે ત્યાંથી "આગળ કહાડી આપે નહિ તો, તેને તેનું મૂલ આપવું પડતું હતું.

દેશના વંશપરંપરાના ઠાકોરોની હકુમત નીચે જે મુલક હતો તે, અને જે મધ્યસ્થ સરકારના અમલ નીચે બિલકુલ હતો તે સિવાય, ગૂજરાતની કેટલીક જમીનનો ભાગ વચલી સ્થિતિનો હતો, તે એક વર્ગના લોકોના અમલ નીચે હતો, અને તે લોકોનો તેના ઉપર વંશપરંપરાનો હક્ક ન હતો, તો પણ, તેને સારી પેઠે મળતો આવે એવા પ્રકારનો હક્ક મેળવી લેવાને તેઓ ફત્તેહ પામ્યા હતા. આવા વર્ગના લોકોમાંથી, આગળ પડતા દાખલા તરીકે ધોળકાના કસબાતિયોનો દાખલો અમે પસંદ કરિયે છિયે. કર્નલ વૉકર કહે છે કે, "મોગલ રાજ્યની સમાપ્તિ થવાની અગાઉ, જેઓએ યોગ્યતા મેળવી "રાખી હતી એવા કસબાતિયો, જે હથિયારના બળથી ભાગ્યશાળી થયા હતા "તે ધોળકામાં વસ્યા. તેઓના જથ્થાને લીધે અને તેઓની શૂરી ચાલને લીધે "તેઓની સત્તા ઘણી હતી, અને તેમનાથી લૂટફાટ કરનાર કાઠી ડરી જતા "હતા. દેશના આ ભાગમાં જ્યારે મરાઠાઓએ શ્રેષ્ઠતા મેળવી લીધી ત્યારે "તેમને તેઓ ઉપયોગી થઈ પડ્યા હતા. આ સમયે, રાજ્યના ફેરફાર થતા, "અને વારે વારે લડાઇયો ઉઠતી હતી તેથી ગૂજરાત નિર્ધણિયાતી સ્થિતિમાં "આવી પડ્યો હતો, અને ધોળકા પરગણું લગભગ વગર ખેડાણનું ઉજ્જડ "મેદાન થઈ પડ્યું હતું. આ અવ્યવસ્થા ટાળવાને અને દેશમાં જેની સત્તા "ચાલતી હોય અને જેઓની પાસે પૈસો હોય એવા માણસોના આશ્રય "વિના પરગણું આબાદ કરવાને ગાયકવાડ સરકારની શક્તિ ન હતી. આ "પ્રસંગે કસબાતિયોએ એવી માગણી કરી કે 'દરેક ગામ જે અમે આબાદ "કરિયે તે એક ચોક્કસ ભાવથી ઇજારે આપો તો કેટલાંક ગામો અમે "આબાદી ઉપર આણિયે.' આ તેમની માગણી કબૂલ રાખવામાં આવી, "અને ત્યાર પછી, જેમ જેમ ગામડાં તૂટવા માંડ્યાં, તેમ તેમ, કસબાતિયોને "ઇજારે આપવાનો ચાલ પડી ગયો."

"પણ ઍંગ્લો સૅક્શન લોકોમાં અપરાધની શિક્ષા ચમત્કારિક હતી તે પ્રમાણે "ઢોંગભરેલા પૂરાવા પણ તેવા ઓછા હતા નહિ." ગ્રન્થકર્ત્તા પછીથી ટાઢાઉન્હા સોગન આપવાની રીતિનું વર્ણન આપે છે.

પ્રકરણ ૫.

બ્રિટિશની સત્તા નીચે રજપૂતોની જમીનનો વહિવટ.

મિ० એલ્ફિન્સ્ટને તા० ૬ ઠ્ઠી એપ્રિલ ૧૮૨૧ને[1] દિવસે નોંધ કરી છે તેમાં બ્રિટિશની સત્તાનો ગૂજરાતમાં પ્રવેશ થયો તેથી થતી અસર વિષે લખ્યું છે. મહીકાંઠાની ઉત્તર ભણીના બ્રિટિશના મુલ્કના અમદાવાદ અને ખેડા એવા નામના બે જિલ્લા પાડ્યા છે. તેઓમાં તે કહે છે કે, "ખાલસા "અને ગરાસિયા એવા બે પ્રકારનાં ગામ આવ્યાં છે." મોગલ અને મરાઠા સરકાર પોતાને હાથે જે ગામોની વ્યવસ્થા કરતા હતા તે ખાલસા કહેવાય છે, અને ઠાકોરોની વંશપરંપરાની સત્તા નીચે જે ગામ હતાં તે ગરાસિયા ગામ કહેવાય છે. "ખાલસા ગામનો સર્વે વહિવટ સરકારથી કરવામાં આવે "છે, અને ગરાસિયા ગામ ગરાસિયાઓના કબ્જામાં રહે છે. તેઓની પાસેથી "સરકારને મ્હેસુલ લેવાનું હોય છે, પણ આગળ તો બધો બંદોબસ્ત "તેઓની પાસે રખાવવામાં આવતો હતો. ગરાસિયા ગામના ખરેખરા બે "ભેદ પડેલા છે, તેમાં, જે ગામ રજપૂત અથવા ગરાસિયા લોકોના તાબામાં "હોય છે તે ગરાસિયા ગામને નામે ઓળખાય છે, અને જે કોળિયોના "તાબામાં છે તે સામાન્ય રીતે મ્હેવાસ કહેવાય છે. રજપૂત લોકો, જો કે "પરદેશી છે તો પણ, જ્યારે મુસલમાનોએ ગૂજરાત ઉપર હલ્લો કર્યો ત્યારે, "તે દેશ તેમના તાબામાં હતો; તે સમયે તેઓ કેટલાક તાલુકા અને ગામો "રાખી રહ્યા, અને છેવટે, મોગલોની નબળી સ્થિતિ થઈ ગઈ ત્યારે, બીજા "તાલુકા અને ગામો, પગપેસારો કરીને, પાછાં સ્વાધીન કરી લીધાં. તેઓ "કોળિયો કરતાં વધારે સુધરેલા તેમ જ વધારે શૂરવીર જાતિના છે; અને "કોળી લોકોના કરતાં તેમના દાવાને વધારે માન આપવામાં આપેલું જોવામાં "આવે છે, તેનું કારણ પણ કદાપિ આ હકિકતને લીધે જ હશે; તેમ જ "પ્રાન્તનું રાજ્ય તેઓએ વધારે આધુનિક સમયથી કબ્જે કરી લીધેલું છે "તેને લીધે, પણ હોય. કોળી લોકો, જો કે સો વશા તો મૂળના રહેવાશી "છે, તો પણ, ઘણું કરીને તેઓ હુલ્લડખોર અને કાંઈ નહિ તો ટંટાખોરિયા "ગામડિયા ગણાયલા જણાય છે; અને તેઓએ આગળની સરકારોની નબ-

---

૧ ઈસ્ટ ઈંડિયા હાઉસ ઇત્યાદિનાં દફ્તરમાંથી પસંદ કરેલા કાગળો, કોર્ટ ઑફ ડાયરેક્ટરની આજ્ઞાથી ૧૮૨૬ ની સાલમાં છાપવામાં આવ્યા છે, તેના ત્રીજા ભાગને પૃષ્ઠ ૬૭૭ થી ૬૯૭ સુધી જુવો. સંગ્રહકર્ત્તા કહે છે કે "અસલ છે તે ઘણે ઠેકાણે "સમજાય નહિ એવું અને ખાંપણવાળું છે." એટલા માટે જ્યાં જણાઈ આવ્યું ત્યાં અમે ખરાં નામ દાખલ કરવાને ચૂક્યા નથી.

"બાઈ જોઈ સરકારનો વાજબી હક્ક અટકાવ્યો હતો અથવા તો તે આપ-
"વાને અખાડા કર્યા હતા. બન્ને જાતિના લોકો સરકારને રકમ ભરે છે
"અને તે વધારવાનો હક્ક સરકારને હોય એમ જણાઈ આવે છે. તેઓનાં
"ગામોની અંદરખાનેની વ્યવસ્થાની આડે આવવાનો, અથવા તેઓની ઉપ-
"જની સ્થિતિ કેવી છે તે તપાસવાનો રીવાજ ન હતો. આપણી સરકારે,
"તેમની અંદરખાનેના વહિવટમાં હમેશ હાથ નાંખ્યા વિના પોતાનો હક્ક
"સ્થાપિત કર્યો છે. પણ હવણાં થોડા સમયથી ગરાસિયા અને મ્હેવાસનાં
"ગામોમાં તલાટિયો રાખીને તેઓની ઉપજની તપાસ કરવા માંડી છે.
"ધંધુકા, રાણપુર, અને ગોઘાનાં આખાં પરગણાં, મુખ્ય કસબા વિના,
"ગરાસિયા રજપૂતોના હાથમાં છે. તે જ પ્રમાણે, ધોળકાનો ઘણો ખરો
"ભાગ પણ તેમના જ હાથમાં છે; મરાઠા જુલમથી દબાવી પડતા હતા,
"તેવામાં વિરમગામમાં પણ થોડાં ગામ હતાં તે ઓછાં કરવામાં આવી ગયાં.
"ધોળકાના કસબાતી જો કે મુસલમાન છે, અને પાટડીના ધણી કણબી
"છે, અને બન્ને જણા બીજાઓથી તેમના ભોગવટાના વહિવટની બાબ-
"તમાં જૂદા પડે છે, તોય પણ, તેમની ગણના એ જ વર્ગમાં થાય છે, પણ
"બહુ વધારે સંખ્યા તો રજપૂતોની છે. તેઓ તેમના પડોશી અને જાત-
"ભાઈ ઝાલાવાડિયો સાથે મળતા આવે છે, પણ તેઓ વધારે બુદ્ધિશાળી
"અને પ્રતિષ્ઠિત છે. લીંબડી અને ભાવનગરના ઠાકોરોના તાબામાં બીજી
"જગ્યાએ મ્હોટા તાલુકા છે તો પણ, એ પરગણામાં તેઓ આપણી રૈયત
"દાખલ છે. તેઓ સર્વે, શાન્ત અને કહ્યાગરા છે. તેઓનાં ધોળકાનાં ગામો
"ઉપર તલાટી રાખવામાં આવ્યા છે, અને રૈયતનો ભાગ બાતલ મૂકતાં તેઓની
"સર્વ ઉપજ તેમના હિસ્સાની સેંકડે વીશ ટકા લેખે રહેવા દઈને હવણાં સરકાર
"ભણીથી ઉઘરાવી લેવામાં આવે છે. પોલીસનું કામ, તેઓની સત્તા વિના સ્વતંત્ર
"રીતિથી, મુખી પટેલોને સ્વાધીન કરવામાં આવ્યું છે, અથવા તો, પોલિસના
"આવા હલકા અધિકારી ઉપર જે સર્વે દાબ રાખવામાં આવે છે તે પ્રમાણે
"રાખીને તેઓને જ સ્વાધીન રાખવામાં આવ્યું છે. બીજાઓની સાથે હજી
"લગણ પણ મ્હેસુલ સંબંધી બાબતનો વહિવટ તેમના અગાડીના ધારા પ્રમાણે
"ચાલે છે. પણ તેઓને અદાલતની હકુમત નીચે રાખવામાં આવ્યા છે, અને
"તેઓ મેજિસ્ટ્રેટના એજંટ તરીકે રહેલા છે, અથવા, તેમની જગ્યાએ તેમના
"પટેલ દાખલ થયા છે. મુખ્ય મ્હેવાસિયો જોવા જઇયે તો ચુંવાળ, પરાંતીજ,
"હરસોલ, અને મોડાસા પરગણાના કોળિયો છે. ચુંવાળના કોળિયો તો
"છેક હલકા પડી ગયા છે, અને તેમણે તલાટિયોની નિમણુંક કબુલ રાખી

"છે, અને સેંકડે પચીશ ટકા જતાં, બાકીનું સર્વે મ્હેસૂલ આપે છે; પણ "પરાંતીજ, હરસોલ, અને મોડાસાવાળા તેઓનું સ્વતંત્રપણું રાખી રહ્યા છે "અને કેટલીક રીતે તો તેમણે પોતાનો હુલ્લડી અને લૂંટારૂ જુસ્સો તેવો જ "ચાલતો રાખ્યો છે." * *

"આપણા રાજ્યની વૃદ્ધિ થતી જતી હતી એવી વેળાએ, વ્યવસ્થા કરી "દેવામાં, અસાધારણ જાતની અડચણો નડતી હતી તે, આશ્ચર્ય ઉપજાવે "એવી રીતે તે ફીટાડી દેવામાં આવી. એ પ્રકાર અતિશય અચંબો ઉપજાવે "એવો છે. ગાયકવાડ, પેશ્વા, અને ખંભાતના નવાબના તાબાના મુલકનું "આપણા મુલક સાથે ચાલતું શેળભેળપણું, અને કાઠિયાવાડ તથા મહીકાંઠાનાં "અવ્યવસ્થિત ખંડિયાં સંસ્થાન, આપણા તાબાની સીમામાં આવેલા, સંખ્યા-"બંધ અર્ધા વશમાં આવેલા એવા ગરાસિયા અને મ્હેવાસી, ઘણું કરીને "પ્રત્યેક ગામમાં પાર વિનાના, અને જેનાં જોઇએ એવાં લક્ષણ નક્કી થયેલાં "નહિ એવા જમીનના ભોગવટાના વહિવટ, અને લોકોનો ઘણો ભાગ જોઇયે "તો હુલ્લડી તથા લૂંટારૂ, એ સર્વે વાનાં એકઠાં મળ્યાં, તેથી કરીને, કુંપની સર-"કારના તાબાના મુલકના બીજા હરકોઈ ભાગ કરતાં, મહી નદીની પેલી "મેરનો ભાગ, વહિવટ ચલાવવાને ઘણો કઠિણ થઈ પડ્યો. આ પ્રમાણે છતાં "પણ, સરકારની સાવચેતીથી, અને જૂદા જૂદા ઠેકાણાના અધિકારિયોની "વિચારશક્તિ અને સાવચેતીથી કોઈ અચાનક અથવા ભારે પડતા ફેરફારને "લીધે પ્રજાનાં મન ઉશ્કેર્યા વિના, અને પોતાની મેળે ગભરાટમાં પડ્યા "સિવાય, અતિશય સલાહશાન્તિથી આપણી સત્તા અને આપણો વહિવટ "સ્થાપવામાં આવ્યો. કેટલાંક વર્ષથી આપણા નવા નવા સુધારા વેગથી "આગળ વધતા ચાલે છે, અને જો કે ઉતાવળથી સુધારો કરવાનો "ભય હવે ઓછો થઈ ગયો છે, તો પણ તે આગળ ધપાવાનું મંદ પાડવું "જોઇયે, અથવા તો અમુક સીમા બાંધવી અને તેની પાર ધપી જવાની "ઇચ્છા રાખવી નહિ.

"જૂના ખેડા જીલ્લાનાં પરગણાં જ્યારે પ્રથમ આપણા હાથમાં આવ્યાં "ત્યારે તે સર્વે કર્નલ વૉકરને સ્વાધીન કર્યાં, અને તેઓના ઉપર તેના "આસિસ્ટન્ટો વહિવટ ચલાવવા લાગ્યા. સર્વે કારભાર તેના જૂના ધોરણ "પ્રમાણે ચાલવા દીધો. અને સર્વે વાતની ખરી હકિકત શી છે તે વિષે કાંઈક "બાતમી મેળવવા સિવાય બીજું કાંઇ પણ કરવામાં આવ્યું નહિ. જ્યારે "નિયમસર કલેક્ટરો ઠરાવવામાં આવ્યા, ત્યારે પણ, લાંબા વખત સુધી, "ચાલતો વહીવટ જારી રાખવામાં આવ્યો.

"ગરાસિયા લોકો પાસેથી લેવાતી જમામાં વધારો ગમે ત્યારે કરવો "હોય તો તે પ્રમાણે કરવાને તેઓ પાત્ર હતા. તે પ્રમાણે વધારો કરવામાં "આવ્યો એટલો જ માત્ર મ્હેસુલ ખાતામાં ફેરફાર કર્યો પણ જ્યાં સુધી "તેઓ ખેડા નીચે હતા ત્યાં સુધી ખંડણી સંબંધી નિયમ પાળવામાં આવ્યા "હતા, અને ધોળકાના કસબાતી બાપુમિયાંના માત્ર એકલા અને થોડા સમ-"યના પ્રકાર સિવાય, તેઓની ઉપજના સાધન અથવા કારભાર વિષે પૂછ-"પરછ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો ન હતો.

"ન્યાય ખાતાનો કાયદો ચલાવવામાં આવ્યો એ પણ એક ખરેખરો "મ્હોટો નવીન ફેરફાર થયો; અને તે બહુ વ્હેલો દાખલ કરવામાં આવ્યો; "પણ તેની અસર ઉતાવળી જણાવા લાગી કે નહિ, એ શકભરેલું દેખાય છે. "ગરાસિયા ગામોના રહેવાશિયોમાંથી ઘણા એક આપણી અદાલતોમાં ફરિયાદ "કરવાને આવ્યા હોય એમ જણાયું નથી; પણ જે કજિયામાં વાદી ખાલસા-"ગામનો રહેવાશી હોય તેવે પ્રસંગે તેની ખાતર વચ્ચે પડવું સરકારને સ્વા-"ભાવિક અને યોગ્ય લાગતું.

"પ્હેલા ફેરફારો જે વધારે આકરા લાગ્યા, તે મુખી, પટેલ અને તલા-"ટિયો (તેમાં મુખ્યત્વે કરીને તલાટિયો) ઠરાવવાનો કાયદો થયો તેથી ઉત્પન્ન "થયા. જે ગરાસિયાઓના તાબામાં એક કરતાં વધારે ગામ હતાં તેઓને "મુખી પટેલ ઠરાવવાની અગત્ય પાડવામાં આવી, અને તેઓ જ્યારથી નીમાયા "ત્યારથી માત્ર મેજીસ્ટ્રેટ એકલાના જ જવાબદાર રહ્યા. જેઓની પાસે "અકેક ગામ હતું તેઓને તેમને પોતાને જ મુખી પટેલ ઠરાવ્યા; બીજા "પ્રકારવાળાઓને ગામ દીઠ બીજો અકેકો માણસ નીમવાની અગત્ય પાડી "અને તે માણસને માત્ર મેજીસ્ટ્રેટનો જ જવાબદાર ઠરાવ્યો, ગરાસિયાઓનો "નહિ. ધોળકાનાં ગરાસિયાઓનાં સર્વે ગામોમાં તલાટિયો દાખલ કરવામાં "આવ્યા, અને ધંધુકા, રાણપુર, તથા ગોઘાનાં ગરાસિયા ગામોમાં દાખલ "કરવાનો અભિપ્રાય આપવામાં આવ્યો. ધોળકાના ભરણાના ધોરણમાં એક "વધારે ફેરફાર થયો છે, તે એ કે, સરકારને ખંડણી આપવી પડતી હતી "તેને બદલે ગરાસિયાને જે ઉપજ રહેતી હતી તેના અમુક પ્રમાણમાં આપ-"વાનું ઠર્યું, અને તે પ્રમાણ સરકારી હિસ્સાના માત્ર સેંકડે વીસ ટકા લેખે "છે, જેમાંથી તલાટીના પગાર સુદ્ધાં બધું ગામખર્ચ વસુલ થઈ જાય છે.

"જમીનદારોની ઉપજ ઉપર આ ફેરફારની જે અસર થઈ તે ત્રણ, મુખ્ય "ગરાસિયાના ભરણાના આંકડા બતાવીને જણાવી છે, તે સાથે બે કસબાતિયો "જે તેઓના કરતાં જૂદા પ્રકારના છે તેઓના આંકડા પણ મેં આપ્યા છેઃ-

	૧૮૦૨	૧૮૧૭	૧૮૨૦
	રૂપિયા	રૂપિયા	રૂપિયા
કોઠનો ઠાકોર	૪૮,૦૦૦	૫૭,૦૦૦	૭૨,૦૦૦
ગાંગડનો ઠાકોર ...	૧૫,૫૦૦	૧૯,૦૦૦	૨૩,૦૦૦
ઉંટેલિયાનો ઠાકોર ...	૬,૦૦૦	૬,૦૦૦	૧૧,૦૦૦
બાપુમીયાં કસબાતી ...	૫૦,૦૦૦	૭૩,૦૦૦	૮૯,૦૦૦
લતીફખાન કસબાતી...	૧૧,૦૦૦	૧૩,૦૦૦	૧૬,૦૦૦

"એઓની ભરણાની રકમ, તેમાં મુખ્યત્વે કરીને ગરાસિયાઓની બહુ "વધી ગઈ છે, અને પાછળનાં પંદર વર્ષ કરતાં, ગયાં ત્રણ વર્ષમાં તો "બહુ જ વધારો થયો છે.

"તલાટિયોની નિમણુંક જમીનદારોને ઘણી અણગમતી થઈ પડી છે, અને "ધોળકાવાળાઓએ તો મને ખાતરીપૂર્વક કહ્યું કે, 'અમારી ખંડણીમાં "વધારો થયો તેના કરતાં તલાટીની નિમણુંક અમને બહુ આકરી લાગે "છે. તે જાણે સરકારની ભણીનો કર્ત્તાહર્ત્તા હોયની એવો ડૉળ ધારણ કરે છે "અને અમારી રૈયતની ફરિયાદી સાંભળે છે, તેમ જ અમારા આખા ગામમાં "ગડબડાટ કરી મૂકે છે, તથા તેઓએ અમારા લોકોમાં અમારો બોજ છેક "હલકો પાડી નાંખ્યો છે.'

"તાલુકદારો સાથે આપણે જેમ જેમ વિશેષ સંબંધમાં આવતા ગયા તેમ "તેમ અદાલત વિષે પણ તેમને વળી બહુ લાગવા માંડ્યું; અને જે સ્થિતિના "લોકોને લાગુ પડે એવી કાયદાની યોજના હતી તેના કરતાં આટલા બધા "જૂદા પ્રકારની સ્થિતિના લોકોને તે લાગુ પાડવામાં આવ્યા, અને તે લોકોએ "જે વેળાએ દસ્તાવેજો લખી આપ્યા હતા તે વેળાએ તેમાં લખ્યા પ્રમાણે "જ પળાવાની અગત્ય પાડવામાં આવશે એવું ધારેલું નહિ, તેમની પાસે, "તે પળાવવામાં આવ્યા તેના પ્હેલાં તેમાં કાંઈ ફેરફાર કર્યો નહિ, એ "આપણને એક ખેદ પામવાનું કારણ છે; કોઠનો રાજા જે કર્નલ વૉકરના "૧૮૦૪ની સાલના રિપોર્ટની વેળાએ ૧૫૦ ઘોડેશ્વાર અને ૨૦૦૦ શિર- "બંધી રાખતો હતો તેના ઉપર મેજીસ્ટ્રેટે સમન્સ ફહાડેલો તે ઉપર "લક્ષ નહિ આપવાથી તેને કેદમાં નાંખવામાં આવ્યો; અને પાટડીનો "ઠાકોર, કે જેણે, એક વાર ગાયકવાડની ફોજના હલ્લાની સામે બે મહિના "લગી ટકાવ કર્યો હતો તેણે, પોતાના સ્વતંત્રપણાને સમયે, લડાઈને માટે

"અને ખંડણી આપવાને કરજ કહાડેલું, તે આપી શકયો નહિ, તે ઉપરથી "તેને કેદમાં નાંખ્યો. આ પુરુષો એવા છે કે, જેઓને કર્નલ વૉકરે, અને "આપણી સત્તા પ્રથમ સ્થાપતી વેળાએ જે ગૃહસ્થો આપણું કામ કરવા "રહેલા હતા તે સર્વેએ, હું માનું છું કે, રાજાઓ કરીને લેખેલા, અને "તેઓની પાસેથી આપણી ખંડણી વસુલ કરી લેવા સિવાય, કોઈ વાતે "વચ્ચે પડવાનો આપણને હક્ક નહિ, અને જેઓની હવણાં સર્વે સત્તા અને "મર્તબો, તેમ જ ઘણી ખરી તેમની સર્વ ઉપજ છીનાવી લેવામાં આવી છે, "એવો તેઓની સ્થિતિમાં જે ફેરફાર થઈ ગયો છે તે આ પ્રમાણે બતાવી "આપવા કરતાં વધારે બલકટ રીતે હું દર્શાવી શકતો નથી. ઘણા ખરા "આ સર્વે ફેરફાર ગયાં ત્રણ વર્ષમાં થયા છે. આવો એકાએક ફેરફાર થયો "તે લાગ્યા વિના રહે નહિ, અને જો કે તેઓના ઉપર કદાપિ અન્યાય "થયો નહિ હોય, તો પણ, તેઓને સખ્તાઈ ઘણી સ્હેવી પડી છે, એ વાત "આપણે માન્ય કરવી જોઇયે."

રજપૂત તાલુકદારોની સાથે ન્યાયથી વર્ત્તવામાં આવ્યું છે કે નથી આવ્યું, એ મુદ્દા વિષે મિ૦ એલ્ફિન્સ્ટનના મનમાં ઢચુપચુ હતું દેખાય છે. આ મહાન્ પુરૂષનું વિદ્યાવિષયક મહાન્ કાર્ય પરિપૂર્ણ થયેલું જોવાને સર્વે ઇચ્છા રાખે તે પ્રમાણે થયું હોત તો, જે તકરારી બાબતનો નિર્ણય કરવાને મુંબઈના ગવર્નર તરીકે તેની નારાજી હતી તે સંબંધી કદાપિ હિન્દુસ્થાનના ઇતિહાસકાર તરીકે તેણે પોતાનો અભિપ્રાય આપ્યો હોત. પણ તેમ બન્યું નથી એટલે ઢચુપચુ થવાનાં તેના મનમાં શાં કારણ હશે તે વિષે આપણે માત્ર કલ્પના કરી શકિયે છિયે.

સ્થાનિક તાલુકદારોના અધિકાર વિષે બ્રિટિશ સરકાર એકસરખી રીતિએ તો ચાલી જ નથી. જ્યારે સન ૧૮૦૨ માં ધોલેરાનો મુલ્ક જે તે સમયે પેશ્વાની સત્તા નીચે હતો, અને જે, ધંધુકા પરગણાનો એક ભાગ હતો તે, બ્રિટિશ સરકાર ભણીથી તેમને સોંપવામાં આવ્યો, અને મરાઠા (પેશ્વા) રાજાના હક્કની દરકાર રાખ્યા વિના, મરાઠા રાજાના હક્કની સામે બ્રિટિશે સ્વતંત્ર રાજા તરીકે તે ઉપર પોતાના વાવટા ચડાવ્યા ત્યારે સ્થાનિક તાલુકદારોનો રાજા તરીકેનો હક્ક, જે પછવાડેથી વારે વારે નાકબૂલ કરવામાં આવ્યો તે, તે અવસરે, તેઓએ કબૂલ રાખ્યો હતો એટલું જ નહિ, પણ નક્કીપણે સ્થાપિત કરી બતાવ્યો હતો, એમ છતાં પણ આ વાત વીત્યાને તેર વર્ષ થયાં તેવામાં, ગોઘા પરગણું મરાઠાઓએ તેમને આપ્યું હતું તે ઉપરના ભાવનગરના રાવળના અધિકાર વિષેનો વાંધો

ઉઠ્યો ત્યારે બ્રિટિશ સરકારે બહુ પ્રયાસે પણ, નભી શકે નહિ એવી ઇતિહાસ સંબંધીની તકરારો બતાવીને, રાવળનો તેના ઉપર અધિકાર ચલાવવાનો હક્ક ચાલી શકતો નથી એવું સાબીત કરવાને પ્રયત્ન કર્યો. સર્વેના ઉપર ઉપરીપણાનો જે વહિવટ સ્થાપન કરવાને આપણે ઇચ્છિયે છિયે તે મુસલમાન અને મરાઠાનાં રાજ્ય, જે હવણાં પડી ભાગ્યાં છે, તેમના વારામાં ખરેખરો ચાલતો હતો એવું ધારણ પકડી, એ સામાન્ય તકરાર, અગત્ય વિનાનો અને ચાલી શકે નહિ એવો યત્ન કરીને પ્રતિપાદન કરતાં ગુંચવી નાંખી છે. આ મુદ્દા વિષે વાંચનાર તેનો પોતાનો અભિપ્રાય બાંધવા માટે આગળનાં પૃષ્ટો શક્તિમાન્ કરશે. કદાપિને તે અમારા મત સાથે મળતો આવશે કે, હવણાં જેટલું પ્રતિપાદન કરવામાં આવ્યું છે તેટલે સુધી તેમનો "જિતનો હાથ" પ્હોંચ્યો ન હતો, અને ભોમિયા ઠાકોરોને જો કે ખંડિયા કરી નાંખવામાં આવ્યા હતા, તો પણ, તે માંહેલા ઘણા જણ, પોતપોતાના સ્થાન ઉપરનો અધિકાર સાચવી રહ્યા હતા. તપાપિ રજપૂત તાલુકદારોના રાજા તરીકેના પદની, અથવા ઓછા એવા ભાવાર્થના શબ્દની, અમે એવી ગણના કરતા નથી કે, જે સ્કોટિશ હાયલાંડના સેલ્ટિક Celtic તાલુકદારોને લાગુ પડી શકે નહિ, તેમ જ તેમના જમીનદારી હક્કના ન્હાશ કરવાના કામને પણ અમે સ્કોટલંડના વંશપરંપરાના અધિકારના ન્હાશને જેવું અન્યાયનું કામ લેખિયે છિયે તેના કરતાં વધારે અન્યાયનું કામ ગણતા નથી,—ભાવાર્થ એવો કે, એ ને તે બરાબર છે. અમદાવાદના સુલ્તાનોએ, અને એથી વિશેષ દિલ્હીના પાદશાહોએ હિન્દુ રાજાઓ ઉપર ઉપરીપણું ચલાવ્યું, તે કદાપિ વધારે નહિ. તો પણ, ક્રોમાર્ટી[1] Cromarty અથવા આરગાઇલમાં[2] Argyle ઉપર સ્ટૂઅર્ટ[3] વંશના રાજાઓ રાખી રહ્યા હતા તેટલું તો હતું જ. અને અણહિલપુરની સમૃદ્ધિના સમયમાં તેના રાજાની સત્તા સર્વોત્કૃષ્ટ ચાલતી હતી એમાં તો કશો સંશય નથી.

૧ **ક્રોમાર્ટી**—સ્કોટલાંડના ઉત્તર ભાગમાં આવેલું એક પરગણું છે. ત્યાં હાઇલાંડર્સ નામના સેલ્ટિક જાતના લોકો રહેતા હતા. અને સ્કોટલાંડના સ્ટુઅર્ટ રાજાઓના વખતમાં લાંબા સમય સુધી લૂંટફાટ તથા મારફાડ કરવામાં પ્રખ્યાત હતા.

૨ **આરગાઇલ**—સ્કોટલાંડના પશ્ચિમ કાંઠા ઉપર આવેલું પરગણું છે. વળી એ ન્ન નામનું કુટુંબ, એ પરગણામાં ઇસવી સનના બારમાં સૈકામાં પ્રસિદ્ધ થયું, ત્યારથી બધા સ્ટુઅર્ટ રાજાઓના વખતમાં તે કુટુંબના માણસોએ સ્કોટલાંડના ઇતિહાસમાં સારો ભાગ ભજવ્યો છે.

૩ **સ્ટુઅર્ટ રાજાઓ**—મૂળ પુરૂષ રોબર્ટ બીજો સન ૧૩૭૧ માં સ્કોટલાંડની ગાદિયે આવ્યો. ત્યાર પછી તેના વંશજોએ સન ૧૬૦૩ સુધી સ્કોટલાંડ ઉપર રાજ્ય

બ્રિટિશના પ્રદેશની સરહદમાં સ્થાનિક તાલુકદારોની જમીનદારીની સત્તા ઘણા કાળ સુધી નભી શકી હોત નહિ એ વાત દેખીતી છે; અધિપતિપણું સ્થાપિત કરવાને માટે સોનેરી સિંહોનો વાવટો, હિન્દુસ્થાનના પ્રાન્તો માંહેથી એકલા ગૂજરાતમાં જ ફરકાવવામાં આવ્યો હતો એમ નથી; અને જ્યારે શિવાજી તથા તૈમુરના વંશજો એકસરખી રીતે દબાઈ ગયા ત્યારે, જેઓના વધારે જૂના થઈ ગયેલા હક્ક અથવા વળી જેઓની સત્તા દેખીતી રીતે વધારે હલકી પડી ગઈ હોય એવા બીજા ઉગરી જાય એવી આશા રાખી શકાય નહિ. વળી ખુદ જિતનાર પ્રજામાં, પ્રજાસત્તાક વલણના વિચારોએ જય મેળવી લીધો હતો, તેની તેવી અસર, જિતી લીધેલા ઉપર, મોડી વ્હેલી પણ થયા વિના ર્‌હેતી નથી; ઈંગ્લંડની ભૂમિ ઉપર (સ્વતંત્ર વલણ રૂપી) આવી પડેલું તોફાન, થોડી મુદતમાં, સોરઠના કિનારા ઉપર અથડાતાં મોજાંઓ(વાળી સ્થિતિમાં) વધારે ઉછાળા મારે એ નિઃસંશય હતું; અને જે સત્તાએ મેક કેન્ઝી[1]

ચલાવ્યું. તે વર્ષમાં ઇંગ્લાંડની રાણી ઇલીઝાબેથ મરણ પામતાં, તે વખતનો **સ્કોટલાંડ**નો **રાજા** જેમ્સ **છઠ્ઠો** તે ઈંગ્લાંડનો પણ રાજા થયો. એ બન્ને રાજ્ય જોડાઈ ગયાં, અને **સ્કોટલાંડ**નો જેમ્સ **છઠ્ઠો** તે ઈંગ્લાંડ ને **સ્કોટલાંડ**નો પ્હેલો જેમ્સ ક્હેવાયો, આ **સ્ટુઅર્ટ** રાજાઓના સમયમાં પ્રજાસત્તાક વલણના વિચારો રૈયતમાં પ્રસરવા લાગ્યા હતા, તેનું પરિણામ એ થયું કે, પ્હેલા **ચાર્લ્સ** રાજાને તેઓએ ગર્દન મારચો, અને છેલ્લા રાજા જેમ્સ **બીજા**ને ૧૬૮૮ માં ગાદિયેથી ઉઠાડી મૂકવામાં આવ્યો, ત્યારથી **સ્ટુઅર્ટ** **રાજા**ઓના વંશનો અંત આવ્યો. તેના કુમાર **જેમ્સ એડવર્ડે** સન ૧૭૧૫ માં **સ્કોટલાંડ** જઈ ગાદી પાછી મેળવવા તજવીજ કરી, પણ તેનો પ્રયત્ન નિષ્ફળ ગયો, ત્યાર પછી છેક સન ૧૭૪૫ માં જેમ્સ **એડવર્ડ**ના કુંવર **ચાર્લ્સે** વળી એક વાર પ્રયત્ન કર્યો, તેમાં પણ તે ફત્તેહ પામ્યો નહિ. આ વખતથી **સ્ટુઅર્ટ** વંશના રાજકુમારોનો ઇતિહાસ સાથેનો સંબંધ તૂટી જાય છે.

[1] **મેક કેનઝી** અને **મેક શીમી**—**સ્કોટલાંડ**ના ઉત્તર ભાગમાં વસનારી હાઈલાંડરને નામે ઓળખાતી અર્ધી જંગલી એવી ઘણીક જાતોમાંની બે જાતિ, છે. આ જાતોનાં નામ ઘણું કરીને **મેક** શબ્દથી શરૂ થાય છે, જેનો અર્થ **પુત્ર** એમ થાય છે. એટલે તે પછી આવતો બીજો શબ્દ તે જાતનો મૂળ પુરૂષ સૂચવે છે. એ પ્રમાણે **મેક** કેન્ઝી એટલે કેન્ઝીવાળી જાત, અને **મેક શીમી** એટલે **શીમી**વાળી જાત. એ લોકો શૂરવીર અને લડાયક હતા. અને તેઓના પ્હાડી મુલકમાં સેંકડો વર્ષો સુધી, દરેક જાત સ્વતંત્રપણે કુટુંબી રાજ્યબંધારણ પ્રમાણે વર્ત્તતી. **સ્ટુઅર્ટ** રાજાઓના સમયમાં વખતો વખત તેઓમાંની એક અથવા વધારે જાત, રાજા સામે અથવા પોતપોતામાં લડતી. સન ૧૭૧૫ માં **જેમ્સ એડવર્ડે** જ્યારે ઈંગ્લાંડની ગાદી મેળવવાનો પ્રયત્ન કરયો ત્યારે તેમાંની એકથી વધારે જાતોએ તેને મદદ કરી હતી. વળી સન ૧૭૪૫ માં **ચાર્લ્સે** જ્યારે ફરી એવો જ

અને મેક **શી**મીનો વંશપરંપરાનો અધિકાર છીનાવી લીધો તે સત્તાના ઝપાટામાંથી **સાણંદ**ના વાઘેલા અને **પીરમ**ના ગોહિલ ઉગરી જવાની આશા રાખી શકે નહિ. જ્યાં રાજકીય સત્તા ચાલતી બંધ પડી ગઈ ત્યાં રાજકીય હક્ક પણ બંધ પડ્યા એમ માનવું જોઇયે, અને સૂર્યની આગળ જેમ ન્હાનો અગ્નિ ઝંખવાઈ જાય છે તેમ, મ્હોટા અધિપતિપણા આગળ, ન્હાના અધિકાર ઝંખવાઇ જવા જ જોઇયે.

તો પણ જ્યારે આપણે અમુક દૃષ્ટાન્તો ઉપર ધ્યાન આપિયે છિયે ત્યારે મિ૦ એલ્ફિન્સ્ટનને ઢચુપચુ થવાનાં કારણ વધારે ઉઘાડી રીતે દેખાઈ આવે છે. **કોંઠ**[૧] અથવા **સાણંદ**નો ઠાકોર, જે જેતા અથવા અજીતસિંહ વાઘેલાનો વારસ હતો, અને જે, અણહિલપુરના છેલ્લા મહારાજા કર્ણની ગાદીનો હક્કદાર નહિ તો પણ, તેના વંશજ તરીકેનું અભિમાન ધરાવનાર હતો, તેની જાગીર અને સ્થિતિ વિષેનું ઉદાહરણ આ કથનના પૂરાવામાં લઈ શકાય એમ છે. એની જાગીર વિષે કર્નલ વૉકરની સાક્ષી તરીકે, તેના જ શબ્દોનો ઉતારો કરિયે છિયે. તે કહે છે કે, "મ્હેવાસ ગામો (ધોળકાનાં) સ્વતંત્ર સ્થિતિમાં "છે, અને ઘાસદાણાની જમા બહુ મુસિબતની સાથે આપે છે. આ જમા "મ્હોટી ફોજથી, અથવા જે ઠાકોરોને લાગતું વળગતું હોય છે તેમની "સાથે કરાર કરવાથી મેળવવામાં અથવા ઠરાવવામાં આવે છે. કરાર કર"વાથી ઘણું કરીને તેઓને છૂટ મળે છે. આવા તાલુકદારોમાંથી કેટલાએક, "વધારે અથવા ઓછી સત્તાવાળા ગરાસિયા હોય છે, પણ કોંઠનો જમીનદાર "રાજાનું પદ ધારણ કરે છે, અને તે બહુ શ્રેષ્ઠ વંશમાંથી ઉત્પન્ન થવા વિષે "દાવો ઉઠાવે છે એમ કહેવાય છે. આ ઠાકોરો માંહેલા પ્રત્યેકને ત્યાં હથિ"યાર સજેલા કેટલાક અનુગામિયો હોય છે તે તેને ત્યાં ખુશીથી રહે છે, "અને તે રાજી થઇને આપે તે ઉપર અથવા અન્યોન્ય મળીને લૂંટ મેળવે

પ્રયત્ન કરયો, ત્યારે પણ, કેટલીક જાતોએ બહુ જ ભાવથી તેને મદદ કરી હતી. આમાં આ જાતના લોકોની ભારે હાર થઈ અને ત્યાર પછી, પોતપોતાનાં સંસ્થાનોમાં સ્વતંત્રપણે વર્તનારી આ જાતોની હકુમત છીનવી લેવામાં આવી; તેમ જ લડાઈનાં સાધનો પણ તેમની પાસેથી લઈ લેવામાં આવ્યાં. અને તેમના સરદારોને તેમની જાગીરની માત્ર પેદાશ ખાવાનો હક્ક રાખવામાં આવ્યો; તેમ જ તેમનો લડાયક પોષાક પણ તેમને પ્હેરવાની મના કરવામાં આવી, ત્યાર પછી કાળે કરીને તેઓ ખેતીવાડીના શાન્ત ધંધામાં લાગી ગયા. ર. ઉ.

૧ કર્ણ, પછી **સાર**ંગદેવ, પછી **વીર**સિંહ, પછી **મહીપ**, એણે દિલ્હીની સામે બ્હારવટું કરીને રાજ્ય મેળવ્યું. તેના મ્હોટા કુંવર જેતાએ કલોલ પરગણું મેળવ્યું, અને વરસિંહે **સાણંદ** પરગણું મેળવ્યું. ર. ઉ.

"તે ઉપર પોતાનું ગુજરાન ચલાવે છે. પણ કોંઠના રાજાની ચાકરીમાં બે "હજાર શિરબંધી છે, અને એક સો ને પચાશ અશ્વાર છે, તે તેના ગામના "રખેવાળનું કામ કરે છે, અને અધિરાજાની ફોજની પેઠે, તેઓને રાજાના "શરીરનું રક્ષણ કરવાને અથવા શત્રુવટ મચાવવાને રાખવામાં આવે છે. "કોંઠ ગામની આસપાસ કોટ નથી, પણ તે જંગલની વચ્ચે છે, અને તેની "ચારે મગ કિલ્લા આવેલા છે. કોંઠવાળાના અધિકાર નીચે ચોવીશ ગામ "છે. ઘણું કરીને પ્રતિવર્ષે ૪૨,૬૨૩ રૂપિયાની જમા આપે છે; પણ પ્રસંગને "અનુસરતો આ રકમમાં ફેરફાર થાય છે. * * * મરાઠા લોકોએ આપેલા "નામ પ્રમાણે જે મ્હેવાસિયો કહેવાય છે તે, ધોળકામાં એટલા બધા સત્તા- "વાળા છે કે, તેઓ લગભગ મુલ્કગીરીથી જમા આપનારાઓની હારના "ગણાય છે, અને તેમની પાસેથી વાર્ષિક જમા અથવા ઘાસદાણાનો હક્ક "મેળવવાને તેમના ઉપર પ્રતિવર્ષે મુલ્કગિરી કરવાની અગત્ય પડે છે. જો "ફોજ બહુ વધારે હોય તો લાગલો જ જમાનો આંકડો વધારીને તરત જ "વસુલ કરવામાં આવે. અને ફોજ જો કદાપિ બલવાન્ હોય નહિ તો એક "ન્હાની લડાઈ થાય તેનો પછી પરિણામ ગમે તે થાઓ પણ સામા થવું "એ મ્હેવાસને માટે આબરૂવાળું ગણાય છે; પછી સીમમાં લૂંટફાટ ચાલ્યા "પછી જેવો પ્રસંગ તે પ્રમાણે વધારે ઓછો ફડચો થઈ જાય છે."

ઉપર લખવામાં આવ્યું એવા તાલુકદારો, જે મ્હેસુલ આપતા ન હતા, પણ જે માત્ર લડાયક ફોજના દબાણને લીધે જમા આપતા હતા તેઓની અને મુલ્કગિરીથી જમા આપનારાઓની વચ્ચે ખરૂં જોતાં નહિ જણાઈ આવે એવો ફેર છે. પરંતુ બન્ને વર્ગોના તાલુકદારોના ભાગ્યમાં વિશાળ ફેરફાર થયો. સાણંદનું સંસ્થાન પશ્ચિમમાં જો કાંઈક વિશેષ છેટે આવ્યું હોત, અને જે રેષા ધોળકા પરગણાને પાસેના કાઠિયાવાડના મુલ્ક-ગિરી સંસ્થાનથી જુદું પાડે છે તેની પે'લી મેર આવ્યું હોત તો, તે તાલુક-દારનાં વંશપરંપરાનો અધિકાર અને પ્રતિષ્ટા એ બન્ને રહ્યાં હોત, અને તેને જે જમા આપવી પડત તે કદાપિ જરા વધારેલી, પરંતુ ભવિષ્ય કાળને માટે નક્કી કરેલા જાથુના આંકડાની ઠરી હોત. એમ જ જ્યારે નીપજ્યું નથી ત્યારે, થોડાં વર્ષની અંદર તેની જમા રૂપિયા ૪૩,૦૦૦ થી ૭૨,૦૦૦ સુધી વધારી નાંખવામાં આવી, અને તે સાથે, એક પરદેશી અધિરાજાના પ્રતિનિધિ તરીકે, તેના આશ્રિતો, તેના પોતાના જ ઘરમાં, તેના ઉપર સત્તા ચલાવવા લાગ્યા, અને મિ૦ એલ્ફિન્સ્ટન કહે છે તે પ્રમાણે, તેની "સર્વે સત્તા અને મર્તબો, તેમ જ ઘણી ખરી તેની સર્વ ઉપજ છીનાવી

લેવામાં આવી.” અદાલતમાંથી નિકળેલા સમન્સની મતલબ તે સોવશા તો ભાગ્યે જ સમજ્યો હશે તેથી તે પ્રમાણે હાજર નહિ થવાથી ખરેખાત તેને બંદીખાને નાંખવામાં આવ્યો. આવો બનાવ બનવાથી અણહિલપુરના રાજવંશી કુટુંબના આ વંશજના ઉપર આવી સખ્તાઈ ગુજરવાને માટે, અને સંકટને માટે તેને ફરિયાદ કરવી પડે એ સ્વાભાવિક છે તેમ જ તેના પડોશી લીંબડીના અને વઢવાણના ઝાલા ઠાકોરે જે તેના કુટુંબના અગાડીના પટાવતો હતા તેઓ, સારા ભાગ્યે કરીને, બ્રિટિશની સત્તા નીચે આવી પડવાને બદલે, મરાઠાની સત્તા નીચે આવી પડ્યા તેથી તેમનું વધારે સારૂ ભાગ્ય ઉઘડ્યું, એટલા માટે તેઓને તેમની અદેખાઈ કરવી પડે, એમાં ભાગ્યે જ આશ્ચર્ય પામવા જેવું છે.

જો આ વિષય અમે વિસ્તારથી લખિયે તો બહુ લંબાણ થઈ જાય, અને વાંચનારને કંટાળો આવે એટલા માટે અમે માત્ર એક કે બે બાબત વિષે લખિયે છિયે. ધોળકાના કસબાતિયો, જે મૂળથી જ માત્ર ચોક્કસ મુદતને માટે પટો રાખનારા છે તેમની, અને જમીન ઉપરના સદાના હક્કવાળા રજપૂત જમીનદારોની વચ્ચે જોઇયે એટલું અંતર રાખવામાં આવ્યું નથી. અને વળી, એ લોકોના હક્ક એવા છે કે જેને માટે કર્નલ વૉકર બહુ “સત્યતાથી કહે છે કે, એ હક્કો જેના લેખ રહેલા નથી એવા, બહુ જ “આઘેના, પ્રાચીન કાળથી વંશપરંપરાના ક્રમે કરીને હાલના ભોગવનારાઓને “પ્રાપ્ત થયા છે અને જગપ્રસિદ્ધ માન્યતાથી તે તેઓના છે એમ ગણવામાં “આવ્યું છે, તથા હમણાં લગી પણ તેમાં કાંઈ ઘટાડો થયા વિના જેવા ને “તેવા તેમના ભોગવટામાં રહ્યા છે. આ હક્કો તેઓ પોતાનાં હથિયારના “બળથી યુગોના ફેરફારની સામે ટક્કર ઝીલીને સાચવી રહેલા છે. વળી “મુસલમાનોએ તેઓના હક્ક છીનવી લેવાને એમનાથી થઈ શક્યું એટલું “તો કર્યું, અને તેમના રાજ્યની હૈયાતી જતી રહી તથાપિ તેઓ તેમની “પછવાડે જેવા ને તેવા કાયમ રહ્યા છે.’

જાડેજા ગરાસિયાના જમીનના વહિવટ વિષે બોલતાં, મુંબઈ[1] સરકાર રજપૂત ભાયાતની સ્થિતિ વિષેનું ઘણું ચોખ્ખું વર્ણન આપે છે. તે કહે છે કે, “અંજાર(કચ્છના તાલુકા)ના જાડેજા, અગાડીના રાવોના ન્હાના “ભાઇયોના વંશજ છે, એ ન્હાના ભાઇયોને ગરાસ આપવામાં આવ્યો હતો, “તેમાં પછી, જેમ વર્ષ થતાં ગયાં તેમ, તેઓના વંશજ વધતા ગયા તે

૧ સિલેક્શન ઑફ પેપર્સ નામના સંગ્રહના ત્રીજા ભાગને પૃ. ૭૫૦ મે તા૦ ૩૧ મી મે ૧૮૧૮ ના રોજનો મુંબઇનો રેવેન્યુ ખાતાનો કાગળ છે તે પ્રમાણે.

"પ્રમાણે ભાગ અને વિભાગ પડતા ગયા. તેઓ પોતાના કર્મભાગના ધણી "છે, અને તે ભાગ તેઓને પોતાના જન્મના હક્કથી મળેલો છે, તેને માટે "મૂળ જોવા જઇયે તો રાવને તેઓએ પૈસા સંબંધી કશો સ્વીકાર આપ્યો "નથી; પણ જ્યારે સામાન્ય ભય આવી પડે ત્યારે, તેઓ ગરાસ ખાય તેના "બદલામાં, જે ઠરાવો કરવામાં આવેલા તેમાં ચાકરી કરવાનો પણ ઠરાવ "સદા ગણવામાં આવેલો છે, અને જ્યારે ભાયાતો એકઠા થયેલા ત્યારે "તેમના ઘોડાને માટે ચંદી અને તેમને માટે ખાવાનું અને અફીણ મળેલું "છે. * * * તેઓના નિરાળા લાભને માટે જે જમીન આપવામાં આવેલી, "તે તેઓ ખેડી ખાય તો તેની સલામી લેવામાં આવતી નહિ એવો આગવો "ગરાસ કહેવાય છે, અને ગૂજરાતમાં તેને જીવાઈ કહે છે; પણ જો રૈયત "તેનું ખેડાણ કરે તો સરકારનો વેરો તેના ઉપર લાગુ પડે અને જમીનના "માલિક તરીકેની સાથ ગરાસિયાને મળે."

આવા પ્રકારની હકિકતના ઘણા દાખલા અમારા આ ચાલતા પુસ્તકમાં આપ્યા છે, અને ખરેખર જો જાગીર ઉપરનો હક્ક કદાપિ જગતમાં હોય તો (જે વાત અમે જાણિયે છિયે કે કેટલાક ભાગ્યે જ માન્ય કરશે) ગૂજરાતના ગરાસિયાઓ જેવો હક્ક ધરાવતા હતા તે કરતાં જમીન ઉપરના વધારે સારા હક્કનો દાખલો ખોળી કહાડવો બહુ કઠિણ છે. તથાપિ કોર્ટ ઑફ ડાયરેકટરોનો મત જૂદા પ્રકારનો થયો. તેઓના વિચારમાં એમ આવ્યું કે, જાડેજા ગરાસિયાઓને જમીન મળી હતી તે "ચાકરી કરવાની સરતે "મળી હતી." તેઓ કહે છે કે, "હિન્દુસ્તાનના બીજા ભાગોમાં, ચાકરીને "બદલે જેઓને જાગીર આપવામાં આવી છે તેઓની પાસેથી ચાકરી "લેવાની અગત્ય નહિ રહેવાથી, તેમના હક્ક વિષે ઠરાવ કરવાનું જેવું ગુંચ-"વાડાભરેલું થઈ પડેલું છે તે જ પ્રમાણે આ હક્કના નિર્ણય વિષે પણ ગુંચવાડા-"ભરેલું થઈ પડ્યું છે. આ ઇનામી ગરાસની અમને લાગે છે કે, સ્વતંત્ર "મિલ્કતમાં ગણના કરવી જોઇયે નહિ; અને જ્યારે નોકરી કરવાની બંધ "થાય છે, અથવા જ્યારે તેની ગરજ રહેતી નથી, ત્યારે સરકારના નિવેડા "ઉપર તેનો આધાર રહે છે."

મુંબઈના ડિસ્પાચમાં માત્ર એટલું જ લખ્યું હતું કે, ગરાસિયા લોકો જે કરારોથી જમીન ભોગવે છે તેમાં એક શરત ચાકરી કરવાની પણ છે; અને આપણા પોતાના (ઈંગ્લંડ) દેશના ઇતિહાસ ઉપરથી, લશ્કરી ચાકરી કરવાના ધોરણથી વંશપરંપરાની જમીનની જાગીર મળી હોય તે, રાજાને ચાકરીની ગરજ નહિ પડવાના જ માત્ર સબબ ઉપરથી, સરકાર ખાલસા

થઈ ગયેલી ગણવામાં આવે છે, એવો અભિપ્રાય ભાગ્યે જ બાંધી શકાશે. વળી ગૂજરાતમાં જે વહિવટ ચાલતો હતો તે ખચિત જ જૂદા પ્રકારનો હતો, એ વાત લક્ષમાં રાખવાની અગત્ય છે, તે એ કે, ગરાસિયા પાસેથી નોકરી લેવાની રાજાની મરજી હોય અથવા ન હોય તો પણ ગરાસિયા લોકોના હક્કો તો કાયમી જ હતા.

સન ૧૮૧૯ માં કોર્ટ ઑફ ડાયરેકટરોએ કહ્યું છે કે, "ગરાસિયા લોકો "પાસેથી સલામી[1] અથવા જમા લેવાનો આપણો રાજ્યહક્ક છે તેમાં "વધારો કરવાની આપણી સત્તા ખુલ્લી રીતે સાબીત થઈ ચૂકી છે એવું "અમારૂં માનવું છે. અગાડી રાજ્યસત્તા વિષે તકરાર ઉઠવાથી તેના ઉપર "ગરાસિયા, ભીલ, અને કોળિયોએ પોતાનો દાવો કર્યો એટલે તેના ઉપરનો "સર્વે હક્ક કુંપનીનો છે એવું પ્રતિપાદન કરવામાં આવ્યું તે ઠરાવ ઉપરથી "પણ ઉપરનો વધારો કરવાનો કુંપનીનો હક્ક સ્વાભાવિક રીતે સાબિત થઈ "શકે છે. એ ઠરાવનો હેતુ, બીજી રૈયતની સાથે, આ વર્ગવાળાઓને સરખા "ધોરણના ગણવાનો છે, અને તેમ થવાથી, સાર્વજનિક લાભનાં કાર્યોના "ભારનો પ્રમાણમાં હિસ્સો આપવાની જવાબદારી, તેમની મિલ્કત ઉપર "લાગુ થાય છે. માત્ર અમુક વર્ષની મુદત સુધી અથવા નિરંતર સરકાર "ભણીની માગણી ખસુસ કરીને માફ કરવાના અથવા તેને હદવાળી "કરવાના કારણથી જે બાબતમાં તે તે જવાબદારી ઠરી શકતી હોય નહિ "તેટલી જ માત્ર બાતલ રહી શકે છે." •

ગરાસિયા પાસેથી લેવાની જમામાં (ખંડણી તરીકે) વધારો કરવાનો હક્ક ભાગ્યે જ એવા પ્રકારનો હતો કે તે સંબંધી દબાણ અંગ્રેજ સરકાર કરી શકે. જો તે હક્કો હૈયાતીમાં છે એમ ગણિયે તો તે નક્કી મુસલમાનો પાસેથી પ્રાપ્ત થયો હતો તો મુસલમાનોના તેમના જ વર્ણન પ્રમાણે તેનો આધાર બીજા કશા ઉપર નહિ પણ જોરજુલમ ઉપર હતો, અને તેની હદ પણ એ જ ધોરણ ઉપર બંધાઈ છે. ઉપરના લંબાણના છેલ્લા ભાગના ધોરણ ઉપર આધાર રાખ્યો હોત તો પણ અમને એમ લાગે છે કે, કોંડના રાજાની બાબત (એ જ દૃષ્ટાંતને વળગી રહેતાં) પ્રથમ જેવી થઈ છે તે કરતાં તેની તરફેણમાં તે વધારે લાભદાયક થઈ હોત અને તે થોડી ઘણી આ પ્રમાણે થઈ હોત,–એનો મુલ્ક બ્રિટિશના અધિકાર નીચે રહ્યો હોત; મહીકાંઠા અથવા કાઠિયાવાડમાં જે ધોરણથી, જમા ઠરાવવામાં આવી તે ધોરણ પ્રમાણે નજર રહેતાં, માજી સર-

[1] આ જમાની મૂળ ઉત્પત્તિ વિષે મુસલમાન ગ્રન્થકર્ત્તાએ આપેલું વર્ણન પૃષ્ઠ ૩૨૩ મે છે તે જુવો, તેમાં સલામી અને વાંટા એ શબ્દોનો ખુલાસો આપ્યો છે.

કારોને તેણે જે જમા આપેલી તેના ઉપર યોગ્ય વિચાર કરીને તેવી જમા નક્કી કરવામાં આવી હોત; અને (સરકારની તંગી પૂરી પાડવામાં ઘટિત ભાગ આપવો જોઇયે તે કરતાં એ જમા ઓછી પડેલી ધારવામાં આવી હોત તો) તે ઉપરાંત, તેના પોતાના સંસ્થાનમાં તેની પાસે પોલિસ રખાવીને અને ન્યાયખાતું સ્થપાવીને, અથવા સરકારી પોલિસના અને સરકારી અદાલતોના ખર્ચનો ભાગ લઇને "સાર્વજનિક લાભનાં કાર્યોના ખર્ચનો પ્રમાણમાં હિસ્સો આપવાની જવાબદારી" તેની પાસેથી પૂરી કરી લીધી હોત. પણ જેમ મરાઠા કે મુસલમાનના રાજ્યમાં ચાલતું તેમ સરકાર ભણીથી વચ્ચે પડ્યા વિના તેની જમીનના ખેડુતો સાથેનો તેનો વહિવટ પોતાને જ ચલાવવા દીધો હોત. ગરાસિયાઓની સાથે વધારે કઠોરપણાથી વર્તણૂંક ચલાવવામાં આવી તે કદાપિ જે ગડબડાટ વિષે અમે સૂચવ્યું છે તેને લીધે હતું.

કોર્ટ ઑફ ડાયરેક્ટર પોતાનું લખાણ આગળ ચલાવે છે કે,—"તો પણ "એ વાત ઉઘાડી છે કે, ગરાસિયા જે છૂટાને માટે દાવો કરે છે તે બધી "નહિ તો થોડીનું પણ મૂળ, સરકારના હક્ક સાચવી રાખવાનું કામ જેઓને "સ્વાધીન કરવામાં આવેલું તેઓના પ્રમાદ, નબળાઈ, અથવા લાંચિયાપણાને "લીધે રોપાયલું જણાય છે; તેઓના વાંટા જમીન ઉપરના હક્ક દગા, પ્રપંચ "અને જોરજુલમના સાધન વિના બીજી સારી રીતિથી ઓછા જ મેળવેલા "છે (!); તોડા ગરાસના નામથી જે હક્ક તેઓ ઉઘરાવી લે છે તેનું મૂળ પણ "ઘણું કરીને એવા જ પ્રકારનું છે; અને કેટલાક પ્રકારમાં તો તે છૂટો નજીવા "અને તુરંગી બનાવોથી ઉત્પન્ન થયેલી તે પછી પછવાડેથી નબળાઈને લીધે "ચાલવા દેવામાં આવી, અને બીકને મારે પાળવામાં આવી."

ગરાસિયાઓનો જમીનનો બન્ને પ્રકારનો ભોગવટો, પોતપોતાના પ્રકારમાં અને મૂળમાં એક બીજાથી કેવળ ભિન્ન છે, તો પણ, બન્ને ભોગવટો ગરાસના એક જ નામથી ઓળખાય છે એટલે તેઓમાં શો ફેર છે તેની બરાબર ખુજ કરવામાં પ્રથમ આવેલી નહિ, તેથી કરીને ગરાસિયાના આખા વર્ગ વિષે કોર્ટનું ઉપર લખ્યા પ્રમાણે વલણ થયેલું એવી અમે ધારણા કરી હતી, પણ ત્યાર પછી, ત્રણે વર્ષે કોર્ટે ફરીને લખાણ કર્યું તેમાં પણ એ જ પ્રકારનું વલણ જોવામાં આવે છે. એમ કહે છે કે "ગરાસિયાઓને, અને બીજી "જાતના જે લોકો જોરાવરીની રીતિ વાપરીને આગળ વધેલા છે તેઓને જે "જાગીર મળે છે તે તેમની પાસેથી લશ્કરી ચાકરી કરાવવાના ઠરાવથી, "પણ જે કરાવવાની હમણાં અગત્ય નથી તેને માટે આગળના વખતથી

"સરકારથી આપવામાં આવેલી છે, અથવા તો એ લડાયક જાતિના લોકો "રૈયત ઉપર લૂંટફાટ કરવાનો જુલમ ગુજારતા હતા તેમાંથી પોતાનો છૂટકારો "મેળવવાને જે ખુંચાવી લેવા દીધેલું તે છે, એમ જણાય છે. તેઓએ જે "જે મેળવી લીધેલું છે તે સર્વ ઉપર અમારી નજર ઇતિરાજીભરેલી પડ્યા વિના "રહેતી નથી, અને જો કે અમે સહેલાઈથી ધારી શકિયે છિયે કે વેળાને "અનુસરીને કામ ક્હાડી લેવા સંબંધી વિચારો સબુરી પકડવાની બળકટ રીતે "ભલામણ કરે તો પણ જેમ જેમ તેઓના હક્કનો વિસ્તાર ઓછો થતો "જશે તેમ તેમ સદા અમે આનંદ પામતા જઈશું."

ન્યાય અને વાજબીપણાનો વિચાર રહેવા દેતાં સ્થાનિક ઠાકોરોની વિરૂદ્ધ નિઃસંશય ઘણું બોલવાને મળી આવે એમ છે ખરૂં. તેઓનો ખપ રહ્યો નથી એવી તકરાર ક્હાડી શકાય; તેઓની પાસેથી ચાકરી લેવાની વધારે ગરજ રહી નથી; તેઓને તેમના આળસ અને કંટાળામાંથી ખશેડીને જેમ સલાહશાન્તિના કામમાં પાછા આણી શકાય એવો સંભવ ઓછો રહ્યો છે, તેમ લશ્કરી ક્વાયત શીખવવામાં આવે તે પ્રમાણે શીખ્યેથી લડાઈનો પ્રસંગ આવે ત્યારે એક વાર ફરીને કામના થઈ પડે એવો સંભવ પણ ઓછો છે. તો પણ એ વાત સ્મરણમાં રાખવી જોઇયે કે હમણાંની વેળાએ પણ અનુભવી અધિકારિયોનો એવો અભિપ્રાય જાણવામાં આવ્યો છે કે, પોતાના કરતાં ઘણા વિશેષ લશ્કર સામે ક્ષત્રિયોના પુત્ર જે સત્તા ઘણા કાળથી રાખી રહ્યા હતા તે સત્તા ઓછી કરી નાંખવાને લીધે ગૂજરાતની અંદરખાનેની સલાહશાન્તિને ધોક્કો પ્હોંચ્યો છે; ગરાસિયા લોકોની સાથે વધારે ઉદારતાભરેલી વર્ત્તણૂંક ચલાવી હોત તો તેઓની રીતભાત સુધરી હોત નહિ એવું કોઈ પણ કારણથી નક્કી ઠરે એમ નથી; અને હાલના સમયમાં પણ, જમીનદારોનો વર્ગ તેઓના વંશપરંપરાના હક્કે કરીને પ્રતિષ્ઠા ધારણ કરી પોતાના દેશના રક્ષણ કરનારા ધોરા થઈ પડે એવા અભિપ્રાયને ટેકો આપનારા છેક નથી એમ નથી; તથાપિ બ્રિટિશ સત્તાનો ગૂજરાતમાં પ્રવેશ થયો તેની જ સાથે અજિતસિંહ વાઘેલા અથવા મોખડાજી ગોહિલના વંશજોને જેમ ફરિયાદ કરવાનાં સરસ આધારવાળાં અને ખરેખરાં કારણ ઉત્પન્ન થયાં, તે પ્રમાણે, આ દેશના રહેવાશિયોના ગમે તે ભાગને એવાં જ કારણ ઉત્પન્ન થાય તેને માટે પોતાના દેશ ઉપર પ્રેમ રાખનાર હરકોઈ જનને વધારે નહિ તો ખેદ કરવા દેવા જેવું પણ થયું છે.

સ્થાનિક ઠાકોરોના લાભમાં જે અભિપ્રાય ઉપર દર્શાવવામાં આવ્યા છે તેની સાથે મિ૦ એલ્ફિન્સ્ટને જે અભિપ્રાય બતાવેલા જણાય છે તે

વિરૂદ્ધ પડતા નથી. ગરાસિયાઓને સરકારી ભાગના સેંકડે વીશ ટકા મળતા હતા તેને બદલે ત્રીશ ટકા મળે એવી રીતે તેઓનું ભરણું નક્કી કરવા માટે એના એ જ ધોરણ ઉપર પાંચસાલી ફેરફાર કરવાનું રાખીને ધોળકામાંથી તલાટિયો ક્હાડી નાંખવાનો તેણે અભિપ્રાય આપ્યો; ગરાસિયાઓને તેઓના ન્યાયની કોર્ટો સાથેના સંબંધમાં ચોક્કસ અંશે છૂટો આપવા વિષે તેણે ભલામણ કરી; અને તાકીદ કરી કે, "જૂના દેવાને માટે તેઓના ઉપર "કરેલા સર્વે દાવા દસ્તાવેજની રૂઇએ કર્યા હોય તો પણ જે સમયે તે દેવું "કરવામાં આવ્યું હોય તે સમયે પક્ષકારો જે સ્થિતિમાં આવી પડ્યા હોય "તે સ્થિતિમાંથી ઉત્પન્ન થતી બધી બાબતો, કે જેથી કરીને દેવાના પ્રકારને "અસર થઈ શકે, તે સર્વે ધ્યાનમાં લઈને તેની તપાસ ચલાવવી જોઇયે; "અને વળી ગરાસિયાને પકડવાને અને કેદ કરવાને બદલે, ગરાસિયાના "ગૂજરાનને માટે યોગ્ય ભાગ રહેવા દઈ ને ધીરે ધીરે દેવું વાળી દેવાને બની "આવે એટલી તેની જાગીરનો ભાગ જપ્ત કરવાને જડજોએ કલેકટરના ઉપર "લખાણ કરવું." મિ૦ એલ્ફિન્સ્ટને વળી સૂચવ્યું કે, "જ્યાં જ્યાં સોઈ "આવતી જાય ત્યાં ત્યાં ગરાસિયાને પોલિસના ઉપરી તરીકે ઠરાવવો, અને "તેની મુખી પટેલની જગ્યાએ ચાલતી રીતે નિમણુંક કરવી નહિ, કેમકે "રજપૂત ઠાકોર એ અધિકાર કબૂલ કરવામાં હલકું સમજે."

મ્હેવાસિયો (જે શબ્દ તે એકલા કાળી ઠાકોરોને લગાડતો જણાય છે) સંબંધી મિ૦ એલ્ફિન્સ્ટન ભલામણો કરે છે તે વળી વધારે આગળ પડતી છે, અને વાઘેલાની બાબતમાં બોલતાં અમે જે વર્ણન આપ્યું છે તેને પરિપૂર્ણ મળતી આવે છે. એ ગવર્નર ક્હે છે કે, "એમ જણાય છે કે, તેઓ "(મ્હેવાસિયો) હવણાં પરતંત્રપણાની જેટલી પાયરિયે છે તેના કરતાં કદિ "પણ વધારે પરતંત્ર હતા એવી ઇતિહાસમાં કંઈ નિશાની મળી આવતી "નથી; અને એ ઉપરથી સિદ્ધ થાય છે કે, તેઓને વધારે હલકા કરવાનો "હક્ક આપણે આપણા પૂર્વાધિકારિયો પાસેથી મેળવી લીધો નથી, અને "આપણા પોતાના નિર્ભયપણાને વ્હટે એટલો આપણા પડોશિયોના ઉપર "દાબ ચલાવવાને સૃષ્ટિનો નિયમ આપણને છૂટ આપે છે તે નિયમ ઉપર "તેમ કરવાનો આપણા હક્કનો આધાર રહેવો જોઇયે; અને એટલા માટે "તેમના સંબંધી કામમાં હાથ ઘાલવાની આપણી હદ આટલી જ રહેવી જોઇયે.

"દેશમાં લશ્કરની તંગી વિષે વિચાર કરતાં, આપણે ગૂજરાતમાં "પ્રથમ આવ્યા ત્યારથી મ્હેવાસિયોએ આપણને તરદી આપી નથી એ "આશ્ચર્યની વાત છે; અને આવી સલાહશાન્તિનું જોખમ મ્હેસુલમાં થોડોક

“વધારો થાય એટલા માટે, અથવા પોલિસમાં તરંગભરેલો સુધારો
“કરવાની ખાતર કાંઈ કરવું એ ન્યાય અને રાજનીતિ એ બન્નેથી વિરૂદ્ધ છે.
“સુધારો ખરેખરો થશે એ વાત મને શક કરતાં પણ વિશેષ લાગે છે; કેમકે,
“જ્યાં કોળિયોએ ઉદ્યોગની અને નિયમમાં રૂહેવાની ટેવ પાડી હોય નહિ
“ત્યાં તેઓની ચાલ વિષે જવાબદાર તેઓની જાતિવાળાઓને ઠરાવવાથી જ
“માત્ર તેઓને દાબમાં રાખી શકાય એમ છે; અને, જો આપણે દરેક માણ-
“સને આપણી પોલિસના લાગલા જ અખ્તિયાર નીચે આણવાને શાન્તપણે
“પાર પડિયે તો ચોરિયો ઘણી વધી પડે એમાં મને શક રૂહેતો નથી. તેથી
“હું એવો અભિપ્રાય આપું છું કે મ્હેવાસી ગામડાંમાં, જમાને માટે અને
“લોકમાં સલાહશાન્તિ જાળવવાને માટે ઠાકોરને માથે જવાબદારી નાંખવી.
“જો અગત્ય પડે તો તેની પાસેથી જામીનગીરી લેવી, અને ચોરિયે ગયેલો
“માલ તેની પાસેથી ભરી લેવો, તથા અપરાધિયો આપણને સ્વાધીન કરે
“એમ ઠરાવવું; પણ મુખીપટેલને જે કાયદા લાગુ પડતા હોય તે માંહેલા
“કોઈની પણ સત્તા નીચે તેને ગણવો નહિ, અને તેના ગામમાં જે અપરાધ
“થાય તેમાંથી ક્રિયા અપરાધની પૂછપરછ ચલાવવી તે સંબંધી અધિકાર
“મેજિસ્ટ્રેના હાથમાં રાખવો. અલબત્ત જેટલા ભારે અપરાધ હોય તે બધા-
“ની ચોકશી કરવી અને ઠાકોર પાસેથી અપરાધી મેળવી લેવો. તેની માગ-
“ણીનો અમલ નિત્યનો દંડ ઠરાવીને અને મોસલ કરીને કરવો. હઠીલાપણાથી
“કસુર કરે તો ઠાકોરને પકડીને, અને સામો થાય તો સાર્વજનિક શત્રુ
“લેખીને તેના ઉપર હલ્લો કરીને તેને શિક્ષાએ પ્હોંચાડવો. ઠાકોરના પિંડને
“લગતી કોઈ ભારે ફરિયાદ હોય તો તેને પકડતાં પ્હેલાં કલેક્ટરે ટુંકામાં
“તપાસ કરવી, અને જ્યારે તેને પકડવાની અગત્ય પડે ત્યારે ચાલતી રીતિ
“પ્રમાણે ક્રિમિનલ જડ્જને સ્વાધીન કરી દેવો. લૂંટફાટની બાબતમાં નહિ
“ગણકારવાના અપરાધ જે ઠાકોરો નિરંતર કરતા હોય તેઓને પદભ્રષ્ટ કરીને
“કેદ કરી દેવા, અને તેને ઠેકાણે કુટુંબના કોઈ બીજા શખ્સને નીમવો;
“અથવા તેઓનાં ગામોમાં થાણાં બેસારવાં અને મ્હેવાસી છૂટો જે પળતી
“હોય તે સઘળી છીનાવી લેવી.

“તલાટિયો નીમવા નહિ, અને જમાની રકમમાં ચાલતાં લગી ફેરફાર
“કરવો નહિ. સરકારનો હક્ક જાળવી રાખવા માટે ઘટે તેવી બાબતો ઉપર
“થોડોઘણો વધારો કરવો; પણ સામાન્યપણે, ખેતીવાડીના ઉપર લોકોનું
“લક્ષ રહે એટલા માટે તેઓને ઉત્તેજન મળવા સારૂ લાભનો મ્હોટામાં
“મ્હોટો ભાગ ગામડાંઓને માટે રહેવા દેવો. ઘણા ખરા મુકદ્દમામાં દિવાની

"રીતે ન્યાયનો રસ્તો નીકળવા દેવો જોઇયે, પણ કેટલાંક ગામોમાં પ્રથમ "મેજીસ્ટ્રેટને ફરિયાદ કરવામાં આવશે તો ઠીક પડશે. પછી તે અદાલતમાં "દાખલ કરાવવી કે પંચાયત ઠરાવીને મોસલ કરી તેનો ચુકાદો કરવો તે "વિષે તે નક્કી કરશે."

આ વિષયની ખરી અગત્ય જોતાં એને માટે જેટલી જગ્યા રોકી છે તે ઘણી જ ઓછી છે તો પણ અમે એને માટે જેટલી જગ્યા આપી શકિયે તે કરતાં વધારે લંબાણ થયું છે, માટે હવે એને આટોપિયે છિયે. અને અમારા વાંચનારાઓને એનું સ્મરણ દેવરાવિયે છીયે કે મિ૰ એલ્ફિન્સ્ટનની સલાહની વ્યાવહારિક યોગ્યતા, હવણાંના સમયમાં કોઈ પણ કારણે કરીને જતી રહી નથી; કેમકે વ્હેલી કે મોડી એક પળ એવી આવવી જ જોઇએ કે જે વેળાએ, જેઓની સત્તા બહુ ઓછી થયા વિનાની રહેલી અને જેઓની ટેવો થોડી જ બદલાયલી એવા ગરાસિયા અને મ્હેવાસિયો ગૂજરાત પ્રાન્તના જે ભાગોમાં હજી લગણ હૈયાત છે તે ભાગો અગત્ય કરીને અંગ્રેજ સરકારના લાગલા જ રાજ્ય નીચે દાખલ થઈ જશે.

ગૂજરાતમાં બ્રિટિશ સરકારની સ્થાપના થવાથી ત્યાંના એક ભાગના લોકો મુસીબત નીચે આવી પડ્યા, તોય પણ ઘણા ભાગને તેથી લાભ થયો છે એ જોઈને સંતોષ થાય છે. મિ૰ એલ્ફિન્સ્ટન કહે છે કે, "આ જિલ્લાઓમાં "મારો મુકામ થવાથી લોકોની ખરી સ્થિતિ સંબંધી ગમે તે વિચાર બાંધવાને "મને બની આવે એમ ધારવું નહિ. ઉતાવળથી નજર કરતાં જે ખરી વાત "જણાઈ આવે છે તે એ છે કે ગરાસિયા નબળા પડી ગયા છે અને દબાઈ ગયા છે; "દેસાઈ અને પટેલ સહિત સર્વે વતનદારો પાસેથી અધિકાર અને સત્તા છીનાવી લે-"વામાં આવી છે તેને બદલે તેઓના અંગતું અને તેઓની મિલ્કતનું નિર્ભયપણું તે-"ઓને આપવામાં આવ્યું છે; આપણી મ્હેસુલની રીતિમાં ફેરફાર કરવામાં આવ્યો "તેથી નાણાવટિયોને તેમના લાભનું એક મ્હોટું કામ મળતું બંધ થઈ ગયું છે, "અને આટલાં બધાં દેશી સંસ્થાન પડી ભાગ્યાં, તથા માલમિલ્કત સરખી "રીતે વ્હેંચાઈ ગઈ તેથી વ્યાપારની ભાગતી થવાથી પણ એક બીજું "નુકસાન થયું છે; ભાટ લોકો એક વાર ગૂજરાતમાં વજનદાર થઈ પડ્યા "હતા તે હવણાં કશા લેખામાં રહ્યા નથી; અને રૈયત જે આગળ દુઃખ "સહન કરતી હતી તેને બદલે ઘણું ધન, સુખ, અને નિર્ભયપણું પામી. જેઓ "વ્યાપારના કામમાં લાગેલા હતા તે, અને કદાપિ ગરાસિયાઓ એ બે જ "વર્ગના લોકો ખેદ જણાવે છે. હવે વંશપરંપરાના ઠાકોરો નથી, સ્થાપિત "લશ્કરી નાયકો નથી. અને વિદ્યા અથવા ધર્મને દેખીતું પણ સ્વાર્પણ કરવાથી

"પ્રતિષ્ઠાને પાત્ર થાય એવા માણુસો પણ નથી. જેઓએ સહન કર્યું છે, "તેઓની મિલ્કત લોકોના ઉપર દબાણ કરવાથી બંધાઈ હતી, અને રૈયતના "અતિ પ્રતિષ્ઠિત અને અતિ ઉદ્યોગી ઘણા મ્હોટા ભાગની ચડતી થવાથી "તેઓનો પડવાનો બદલો વળી ગયો છે. રૈયતના એ ભાગના લોકોને આપણું "રાજ્ય સુખદાયક થઈ પડયું છે એમાં કંઈ શક નથી. આપણા રાજ્યે "પિંડારાઓના હલ્લા થતા બંધ કરી નાંખ્યા છે, અંદરખાનેની અવ્યવસ્થા "થતી અટકાવી છે, સમ અને અપક્ષપાત ન્યાય આપવા માંડ્યો છે, અને "જુલ્મ તથા બલાત્કારથી પૈસા ખેંચી લેવાના પ્રત્યેક પ્રકાર ઘણા ખરા 'નિકંદન કરી નાંખ્યા છે. સાભ્રમતીની આ કોરનો દેશ જે આપણા કબ્જા- "માં ઘણી વારથી છે તેનો દેખાવ આવી સ્થિતિમાં હોય એવી આશા "રાખી શકાય એવો છે. ઉચ્ચ વર્ગના લોકોની અગાડીની સમૃદ્ધિ તેઓનાં "ઉત્તમ પ્રકારનાં ઘરોએ કરીને જણાઈ આવે છે; અને રૈયતની ચડતી તેઓનાં "રહેઠાણના સુખે કરીને, તેઓના પોષાકની સફાઇયે કરીને, અને તેઓની "ધરતીની ઉંચી ખેતિયે કરીને જણાઈ આવે છે. ખેતરોના સુધારાની અને "ફળદ્રૂપતાની બાબતમાં બંગાળાના ઘણા પ્રાન્તો ઉપર શ્રેષ્ઠપણું મેળવી "શકે એમ નથી; પણ પુષ્કળ ઝાડો અને વાડોની બાબતમાં સુંદર અને "ખરેખરાં સારી બાંધણીનાં ગામોની બાબતમાં, અને લોકોના યોગ્ય તથા "ખીલતા દેખાવોની બાબતમાં ગૂજરાતના પૂર્વ ભણીના જિલ્લા સાથે મુકા- "બલો કરવાની હારમાં ટકી શકે એવું હિન્દુસ્થાનમાં કાંઈ પણ મેં જોયું નથી."

રૈયત અથવા ખેડુતની સ્થિતિમાં જે સુધારો થયો હતો તે સમજવાને માટે દેશી રાજ્યના વારામાં તે કેવો હતો તે આપણે જાણવું જોઇયે. કર્નલ વૉકરે જે વર્ણન આપ્યું છે તે પૂર્વકથન તરીકે અમે અત્રે દાખલ કરિયે છિયે, અને તે એવું બતાવવાને કે એણે જેવું વર્ણન આપ્યું છે તે પ્રમાણે બ્રિટિશના લાગલા જ અધિકાર નીચે ગૂજરાતના જે ભાગ નથી, ત્યાં હવણાંના સમયમાં એ જ પ્રમાણે વહિવટ ચાલે છે. તે કહે છે કે,

"(બાહારખલી જમીનના) જમીનદારો, રૈયતની ઉપર જમાબંધી ઠરાવ- "વાનો અને તેઓને ઠીક પડે તેમ જમીન પટે આપવાનો હક્ક ધરાવે છે. "યૂરોપનો જમીનદાર જેવો હક્ક ધરાવે છે તેવા જ હક્ક આ બાબતમાં તેઓ "ધરાવતા જણાય છે, પણ તેઓનો જમાબંધીનો દર સામાન્યપણે સરકારના "દરની નીચે હોય છે. આ બાબતમાં સરકાર વચ્ચે પડતી હોય એમ જણાતું નથી. "પણ એ વાત સારી પેઠે જાણીતી છે કે એક પક્ષવાળાના ભણીથી જુલ્મ થાય "ત્યારે, અથવા બીજી પક્ષવાળાની ચૂક થાય ત્યારે, બન્ને જણાઓને ફરિયાદ

"કરવાનો હક્ક છે, અને રૈયતને જો તેના જમીનદારનો ઠરાવ રૂચતો આવે "નહિ તો બીજા પરગણામાં જાય. આ ઉપાય સાધારણ છે, અને ગામના "સર્વે રહેવાશિયો, અથવા તેમનામાંથી જેઓને ગોઠતું આવ્યું હોય નહિ "તેટલો જથ્થો, ખાનગી જમીન કે પછી સરકારી જમીન ખેડતા હોય તો, "બીજા પરગણામાં જઈ વસે અને ત્યાંની નવી જમીન કબૂલ કરે, અથવા "તેઓએ માગેલા ઠરાવ પ્રમાણે જમીનદાર કબૂલ કરીને તેમને પાછા બોલાવે "ત્યાં સુધી તે ઠેકાણે રૂહે. આ પ્રમાણે લોકો બીજે ઠેકાણે જઈ વસે નહિ "એટલા માટે જૂદા જૂદા ઠેકાણાના કુમાવીસદારો એકસંપ કરીને, પોતાના "જમીનદાર સાથે કજિયો કરીને જાય તેઓને પોતપોતાની હદમાં રાખે નહિ; "પણ વારેવારે એમ બને કે ખેડુતોની સાથે તેમના જમીનદારોએ માઠી "ચાલ ચલાવી હોય તેનો લાભ લઈને તેઓને પોતાને ત્યાં રાખી લે છે. આ "ઠેકાણે લખવું જોઇયે કે સરકારી જમીનના ખેડુત અથવા રૈયતને પણ "જૂના ભોગવટાનો હક્ક છે, અને જે જમીન તેના ઘરડાએ અથવા તેણે "ઘણી વાર સુધી ખેડી હોય તે તેની પાસેથી ખુંચાવી લેવાનું કામ જુલ્મ-"ભરેલું ગણાય, અને તેવો કાયદો અથવા શિરસ્તો જે એક જ છે તેની "રૂઇયે પણ તેમ કરવાને સત્તા મળતી નથી; એટલા માટે તેને એ રીતે ફુહાડી "મૂકવાનું ભાગ્યે જ બને છે."

ખેડુતને મુખ્યત્વે કરીને એવો ભરોંસો હોય છે કે મારી નાતના લોકો નક્કી મારો પક્ષ ખેંચશે, એટલે જમીનદારથી મને ફુહાડી મૂકી શકાશે નહિ, કેમકે, જે ચાલ ચલાવવાથી તેઓને પણ જગ્યા છોડીને જવાનું કારણ ઉત્પન્ન થાય એવું કરવાને તે હિમ્મત ચલાવી શકે નહિ. પૂર્વ ભણી ચાલતી ક્હેવત આગળ અમે લખી છે તે ઉપરથી જણાઈ આવે છે કેઃ—"લોકનો "જથ્થો બંધાય તેમાં રાજાની પ્રતિષ્ઠા છે. અને લોકની તૂટ થાય તેમાં રાજાની "હાણ છે." બ્રિટિશ રાજ્યની છાયા નીચે પરદેશી હુમલાથી અને અંદરખાનેના કજિયાથી જ રૈયતનું રક્ષણ થાય છે એટલું જ નહિ, પણ જે જમીન તેના તાબામાં છે તેના ધણીપણાનો ખરેખરો હક્ક (જે આગળ કદિ પણ તેમને હતો નહિ) તેને પ્રાપ્ત થયો છે, અને જે તેના ક્હેવાતા જમીનદારની કબૂલાત વિના હવણાં તે વેચી શકે છે, અને જ્યાં સુધી તે સલામી ભર્યાં જાય ત્યાં સુધી સરકાર પણ તેને ખશેડી શકતી નથી.

બ્રિટિશ રાજ્યકર્ત્તાઓનું એક બીજું ખાતું, તેની ક્રિયામાં ખેતી કરનારી વસ્તીને જો કે એટલું બધું લાભદાયક ન હતું, તો પણ, વ્યાપારી વસ્તી, જે વ્યાજ, વોરાવટ પણ કરનારી હતી, તેઓને જે ગેરલાભ થતા હતા તે કાંઈ

પ્રમાણમાં ઓછા દૂર કરી શક્યું નથી. ન્યાયપ્રકરણનો ધારો જે યૂરોપિયન નિયમને અનુસરીને રચાયલો છે, તે, કાચા સમયે દાખલ થયો, તેથી માઠી અસરો થઈ, તે વિષે મિ૰ એલ્ફિન્સ્ટને ઉંડો ખેદ જણાવેલો આપણા જોવામાં આવ્યો છે. ત્યાર પછી, ચારે વર્ષે (ઇ૰ સ૰ ૧૮૨૫માં) બિશપ હેબર (તેના મર્ત્તબા વિષે જ વિચાર કરતાં) હજી વધારે અપક્ષપાત બોલનારો કહેવાય, તેણે એ અસરો ભભકદાર રીતે આ પ્રમાણે વર્ણવેલી છે.—

તે કહે છે કે, "હિંદુસ્થાનમાં, જેમ બીજે ઠેકાણે છે તેમ, અહિંની "જગ્યામાં (ગૂજરાતમાં) અદાલતોનો ધારો, તેઓનું શ્રમસાધિત અને ગુંચવણ- "ભરેલું કારખાનું, તેઓની અસલ અને ખર્ચાળ ઢીલો, અને દેણદાર લ્હેણદારના "કાયદાની સખ્તાઈ, એ સર્વેને લીધે બહુ પીડાકારક છે. મિ૰ એલ્ફિન્સ્ટને "અદાલતમાં ચાલતી ફારશી ભાષા કહાડી નાંખીને ગૂજરાતી ભાષામાં કામ "ચલાવવાનો ઘણો અગત્યનો સુધારો દાખલ કર્યો, તોય પણ, હજી ઘણાં "સંકટ બાકી રહી ગયાં છે, અને આ જગ્યા એક મગ દરિદ્રતાથી અને બીજી "મગ વ્યાજવોરાવટથી એવી ખવાઈ ગઈ છે કે જેથી કરીને અતિશય દુઃખકારક "પરિણામો નિરંતર થયાં કરે છે, અને હુકમનામાથી, દાવા કહાડી નાંખવાથી, "અને કોર્ટનાં બીજાં કૃત્યોથી ભારે સંતાપ ઉત્પન્ન કરાવેલો છે, અને તેઓનો હેતુ "માણસ અને માણસની વચ્ચે ન્યાય કરવાનો હોવા છતાં પણ, ઘણી વાર ગામો "ને ગામો ઉજ્જડ કરી નાંખ્યાં છે, પ્રાચીન કુટુંબોનાં સત્યાનાશ વાળી નાંખ્યાં "છે, માણસોનાં વંશપરંપરાનાં ઘણાં કાળનાં અને ભોગવટાનાં ઘર તેઓના મસ્તક "ઉપર તોડી પાડ્યાં છે, અને જડજોના ઉપર ઘણા લોકોનો ધિઃકાર અને "તેમના સંબંધી ત્રાસ ઉપજાવ્યો છે, દેશી સુબેદારો બીજા પ્રકારમાં ગમે તેવા "જુલ્મગાર હશે, તોય પણ, તેમનામાંથી કોઇયે પણ ખાનગી દેવું આપવામાં "આવી સખ્તાઈ વાપરવાને હિંમત ચલાવી નથી, અથવા તેમ કરવાને વિચાર "કર્યો નથી. તો પણ આથી કરીને એક સારી અસર થઈ છે તે એ કે દેવું "ઘણી સેહેલાઇથી વસુલ કરી લેવાને માટે વ્યાજનો દર ઓછો કરવામાં "આવ્યો છે, પણ દેવું ગમે તે રીતે કહાડ્યું હોય તો પણ તે આપવાને "માટે અદાલતનો આ ધારો વણકર પાસેથી તેની શાળ છીનાવી લેવરાવે છે, "ખેડુતની પાસેથી તેનો હળ ખુંચાવી લે છે, અને ખંડિયા ઠાકોરની ગઢી "ઉપરથી તેનું છાપરૂં ખેંચાવી પાડે છે; અને દુકાળની વેળામાં ગામના લોકો "એક વાર પોતાનું ગામ છોડીને જાય છે તો પછી તેઓ થોડાઘણા દેવાદાર "હોય છે તેથી જે ધારો સારી વેળાએ તેમને ઘેર અને તેમની ધરતીમાં ફરીને "પાછા આવવાને અશક્ય કરી દે છે, એવાં માઠાં પરિણામ આગળ ઉપર "લખેલો બદલો કશા લેખામાં નથી."

"ખૂણામાં આવી પડેલા આલબ્યિયન બેટની" રીતભાતોના નમુના પ્રમાણે ઉષ્ણકટિબંધની રીતભાતોનો, મધ્યે કાંઈ બીજો ઉપાય કર્યા વિના, એકદમ સુધારો કરવાને માટે યત્ન કરવામાં આવે, અને આલફ્રેડ રાજાના વારાની રૈયત સાથે આટલો બધો પાસેનો મળતાપણાનો સંબંધ ધરાવનારી સ્થિતિવાળી પ્રજાને ચોથા જ્યોર્જ રાજાની પ્રજાને માફક આવે એવા કાયદા લાગુ કરવામાં આવે તો તેથી કાંઈ ઓછો ન્હાશકારક પરિણામ નીપજવાની આશા રખાય નહિ.

પ્રકરણ ૬.

ધર્મોપચાર--પર્વ.

હિન્દુ દેવાલયોનો સાધારણ આકાર લક્ષમાં આવી જાય એટલા માટે આ સાથે એક ચિત્ર આપ્યું છે. જે ગંભારમાં મૂર્ત્તિ રહે છે તેના ઉપર સદા શિખર વાળી લેવામાં આવે છે; અને મંડપ છૂટો હોય છે, તેમાં શિવનું દેવાલય હોય છે તો નંદી અથવા પોઠિયો બેસારેલો હોય છે, વૈષ્ણવી મંદિરોમાં ઘણું કરીને બે મંડપ હોય છે તેમાં એક છૂટો હોય છે અને બીજો બંધ હોય છે. આ દેવાલયોને તેમ જ જૈનધર્મનાં દેરાસરોને કોઈ કોઈ વાર ત્રણ શિખરો હોય છે તેમાં મધ્યનું બીજાં બેના કરતાં વધારે ઉંચું હોય છે. દેવાલયની આસપાસ ધર્મશાળા અથવા અડાળી ઉતારી લીધેલી હોય છે તેમાં પૂજારી રહે છે અથવા યાત્રાળુ કે બીજા પરગામના લોકો ઊતરે છે. કેટલાંક દેવાલય તેમાં મુખ્યત્વે કરીને જૈન ધર્મનાં દેવાલયની આસપાસ ન્હાની દેરડિયો હોય છે અને રહેવાનાં રહેઠાણ જૂદાં કરેલાં હોય છે. તે સર્વેની આસપાસ ઘણુંકરીને વંડો વાળી લે છે. ખરૂં જોતાં એક મ્હોટું દેવાલય ન્હાના ગામડા સરખું દેખાય છે; તેના સંબંધી સ્થાન ખરેખરાં રહેવાનાં ગૃહસ્થી ઘર હોય એવાં જણાય છે અને તે ઉત્તમ પ્રકારની લાકડકામની કોરણીથી શણગારેલાં હોય છે. બ્હારની બાજુએ જેવાં તેવાં ચિત્રોથી ભીંતો ચીતરેલી હોય છે, તેમાં લગ્નના અવસરો અને બીજા ગૃહોત્સવનાં ચિત્રો અથવા ઘણી વાર તો દેવતાનાં પરાક્રમનાં ચિત્રો આલેખેલાં હોય છે. હિન્દુ ધર્મનાં સ્થાનો પાસે કુંડ, ભમરિયા કૂવા વાવ કે પછી તલાવ એવું કાંઈ પણ જળાશય અવશ્ય કરીને હોવું જોઇયે તે પ્રમાણે હોય છે. મધ્ય યુગનાં ક્રિશ્ચિયન દેવલોની પેઠે ગૂજરાતનાં હિન્દુઓનાં દેવાલય ઉત્તમ પ્રકારના સૃષ્ટિ સૌંદર્યવાળે સ્થાને ઘણું કરીને બંધાવેલાં હોય છે. ગહન અંધારાવાળી ઝાડી, પર્વતના દેખાવની મનોહર સુંદરતા, નદીકિનારાના ચળકાટ, વાદળાંથી લપેટાઈ ગયેલાં શિખરોની રમણીયતા, અથવા દરિયાના

અખાતની ગંભીરતાભરેલી શાન્તતા એ સાહાય્યભૂત સાધનો છે તેનો લાભ શી રીતે લેવો તે શિવ અને આદિનાથના ધર્મવાળા સારી પેઠે સમજે છે.

શિવના દેવળમાં પૂજા કરનારા ઘણું કરીને ગોસાઈ હોય છે; વિષ્ણુના મંદિરમાં બ્રાહ્મણ કે મરજાદી હોય છે. દેવીના દેરામાં ભરડા અથવા અતીત હોય છે—અને કોઈ કોઈ વાર તો બહુચરાજી સરખી જગ્યાએ મુસલમાન[1] હોય છે. જૈન ધર્મના દેરાસરમાં પૂજા કરનાર ગમે તે નાતનો હોય છે. આશ્ચર્ય-કારક બાધ માત્ર એટલો જ છે કે તે શ્રાવક અથવા જૈન ધર્મનો હોવો ન જોઇયે. નીચી જાતિના બ્રાહ્મણ જે ભોજક કહેવાય છે. અને જેઓને વિષે આગળ લખવામાં આવેલું છે તેઓને ત્યાં રાખવામાં આવે છે. મઠધારી ગોસાઈયોની સંખ્યા ઘણી છે તેઓને ત્યાં શિવમાર્ગી હોય છે, તેઓ ભગવાં વસ્ત્ર ધારણ કરે છે અને આડું તિલક[2] કરે છે વૈરાગી વૈષ્ણવમાર્ગી હોય છે. તેઓ ધોળાં વસ્ત્ર પ્હેરે છે અને ઉભું તિલક કરે છે. દેવીના દાસ હોય છે તે વધારામાં કંકુનો ચાંલ્લો કરે છે, જૈનના સાધુ સામાન્ય રીતે જતિના નામથી ઓળખાય છે પણ સર્વ ધર્મના ત્યાગિયોનું સામાન્ય નામ સંન્યાસી કહેવાય છે. હવણુંના ઘણા ખરા સંન્યાસિયો થયેલા જોવામાં આવે છે, તેઓ પોતાની માલમતા ખોઈ બેસવાથી, છૈયાંછોકરાં મરી જવાથી, અથવા કોઈ બીજાં દુઃખ જે તેમનાથી સહન થઈ શકેલાં નહિ તેના મારયા થયેલા હોય છે. સંન્યાસ ગ્રહણ કરવાને કોઈ ગુરૂ કરી રાખે છે, ત્યાર પછી સારૂં મુહૂર્ત્ત જોઇને જો તે દ્વિજ હોય છે તો જનોઈ તોડી નાંખે છે અને મુંડન કરાવી સંન્યાસીનાં વસ્ત્ર ધારણ કરે છે તથા દીક્ષા લઈ સંન્યાસી થાય છે અને ભિક્ષા-વૃત્તિ ઉપર પોતાનો નિર્વાહ કરે છે કેટલાએકને તો બહુ ન્હાનપણમાં સંન્યાસ ગ્રહણ કરાવવામાં આવે છે; જેઓને પુત્ર થતા નથી તેઓને બે દીકરા આપવામાં આવે તો એક દીકરો અર્પણ કરવાની બાધા રાખે છે; અને

---

૧ કમાલિયા એ શબ્દ આરબી કમાલ ઉપરથી થયો છે. 'છેવટને પદે પ્હોંચેલો' એવો તેનો અર્થ થાય છે. તેઓ ત્યાં પૂજારી નથી, પૂજા તો બ્રાહ્મણ કરે છે. કમાલિયા મૂળ ત્યાંના રહેવાશી હોતાં, ત્યાં જઇને બહુચરાજી વશ્યાં છે, એ વાત વલ્લભ કવિના કવનથી પણ સિદ્ધ છે. 'કમાલિયા કુલ તમે વશ્યાં મહાકાલી રે."

૨ "મુવેલાને માટે તમે તમારા શરીરમાં કાંઈ કાપા કરશો નહિ, તેમ જ તમારા ઉપર તમે કાંઈ નિશાની ચીતરશો નહિ. હું જ ધણી છું." લેવિટિકસ. અધ્યાય ૧૯ પદ ૨૮. બિશપ પાટ્રિક એવી નોંધ કરે છે કે કોઈ માણસ કોઈ કલ્પિત દેવનો ભક્ત હોય તેની ડરાવી રાખેલી ખૂણ અથવા ઓળખ તરીકે આ ચીતરેલું ચિન્હ અથવા નિશાની છે, એમ સમજવામાં હતું.

જૈનમાં જ્યારે ચેલા ઓછા હોય છે ત્યારે અને ઘણું કરીને તેમ જ હોય છે એટલે દીક્ષા આપવાને સાધુઓ છોકરા વેચાતા લે છે.[1]

અમે માનસિક પૂજાનું આગળ વર્ણન આપ્યું છે તે ઉપરથી વાંચનારના લક્ષમાં આવ્યું હશે કે, ચાકર જેમ પોતાના ધણીની સેવા કરે તે પ્રમાણે મૂર્ત્તિની આગળ દાસ થઈ તેની સેવા કરવી એ હિન્દુઓની સાધારણ પૂજા કરવાની રીતિ છે. જે વિષ્ણુના મંદિરમાં સંભાળથી સેવા કરવામાં આવે છે તેમાં નિત્ય પાંચ પ્રકારની પૂજા થાય છે. તે ઉપરથી પ્રાચીન ગૃહસ્થાશ્રમની રીતિ પણ થોડી ઘણી તે પ્રમાણે હશે એવો વિચાર જણાઈ આવે છે. સવારમાં માણુસ ઉંઘીને ઉઠે છે તે સમયે દેવને જગાડવાને દેવાલયમાં ઘંટ વાગે છે; ટકોરખાનામાંના નાદ થાય છે, શંખ ફૂંકાય છે, પૂજારી ન્હાઈ ધોઇને ઠાકોરજીની પૂજા કરી આરતી કરે છે.[2] આઠ નવ વાગતાં

---

૧ શંભુપુરી કરીને આવી જાતનો એક ગોસાઈ અમને થોડાં વર્ષ ઉપર મળ્યો હતો, તેણે અમને નીચે પ્રમાણે પોતાના પૂર્વાશ્રમની હકિકત કહી હતી:—

"હું વિકાનેરમાં જનમ્યો હતો, અને તે દેશમાંના સુરૂના ઠાકોર પૃથીસિંહ શિવ"
"સિંહનો દીકરો છું. મારૂં રજપૂત તરીકેનું નામ ખેતસિંહ હતું અને મારી જાત
"રાઠોડની હતી. જ્યારે હું ચાર કે પાંચ વર્ષનો હતો ત્યારે વિકાનેરના રાજા સુરતસિંહે
"સુરૂની જાગીર લઈ લીધી એટલે તે પાછી મેળવવા સારૂ મારા બાપ બ્હારવટે નીકળ્યા.
"હું તેર વર્ષનો થયો ત્યાં સુધી મારા બાપની સાથે બહારવટે રહ્યો. પછી વિકાનેરથી
"બાર કોસ ઉપર માતા શ્રી કરણીજીનું દેરૂં છે ત્યાં મને મૂક્યો. જ્યારે રાજાએ આ
""વાત સાંભળી ત્યારે મને દરબારમાં તેડાવી લીધો અને શિરપાવ કરીને તેની સાથે
"રહેવાનું મને કહ્યું; પણ દગો કરવા વિષેનો તેનો ઇરાદો જાણવામાં આવ્યો એટલે
"મારવાડમાં પોકરણની પાસે હોઠી કરીને છે ત્યાં હું ન્હાશી ગયો. ત્યાં મહાદેવનું દેરૂં છે
"અને એક મઠ છે તેનો મહંત ચંદનપુરી કરીને ઉપરી હતો. હું મઠમાં દશ દિવસ
"રહ્યો, ત્યાંની રીતભાત જોઇને મારા મનમાં આવ્યું કે, બ્હારવટે રહેવા કરતાં અહિં
"રહેવું સારૂં છે. એટલે મારા વાળના ગુચ્છા પછી ફહાડી નાંખવામાં આવ્યા અને મને ચેલો
"કરીને ગુરૂ ઉપદેશ કરવામાં આવ્યો. હું મઠમાં દશ વર્ષ સુધી રહ્યો, ત્યાર પછી હિંગ-
"લાજ યાત્રા કરવાને ગયો, અને ત્યાર પછી હિન્દુની યાત્રાના એક સ્થાનેથી બીજે સ્થાને
"ફરતો ફર્યો છું અને કાશી, જવાળામુખી, હરદ્વાર, દ્વારકાં, અને બીજી જગ્યાએ યાત્રા
"કરી છે. હું હવણાં આશરે ચાળીસ વર્ષનો થયો છું. આશરે દશ વર્ષ ઉપર હું મારા
"કુટુંબના લોકોને મળવા ગયો હતો. મારો મ્હોટો ભાઇ બીરજજી જીવતો હતો, તેમ જ
"મારો કાકો માનસિંહ અને તેનો દીકરો રઘુનાથ પણ જીવતા હતા. પણ મારા બાપ
"તો મરી ગયા હતા. તેઓએ મને રહેવાનો આગ્રહ કર્યો પણ હું તો નીકળી ચાલ્યો."

૨ પ્રથમ મંગલા, પછી બાળભોગ, પછી શૃંગાર, રાજભોગ, ઉત્થાપન, કડછા સંધ્યાકાળે થાય છે; ત્યાર પછી શૃંગાર અને છેવટે શયન. ર. ઉ.

ઋતુને અનુસરીને ઠાકોરજીને વસ્ત્ર ધારણ કરાવે છે. શિયાળામાં રૂ ભરેલો ડગલો પેહેરાવે છે, અને મુખ આગળ સઘડી સળગાવીને મૂકે છે; ઉન્હાળાની ઋતુમાં શરીરે ઠંડક થવા સારૂ ચંદનનો લેપ કરે છે અને બારીક લૂગડાના વાગા ધરાવે છે, તથા ઘરેણાં પ્હેરાવે છે અને ફૂલ ચડાવે છે. ફુવારા ચલાવે છે અને પૂજારી વા ઢોળે છે. ચોમાસામાં દેવને લાલ રંગના વાગા ધરાવે છે અને શાલ ઓરાડે છે. આ વેળાએ ષોડશોપચારી (સોળ[1] પ્રકારની) પૂજા સાથે થાળ ધરાવવામાં આવે છે, તે પ્રકાર અમે હવણાં લખિયે છિયે. થાળમાં દ્રવ્યવાન્ પુરૂષો ભોજન કરે છે તે પ્રમાણે દૂધ ભાત ઇત્યાદિ પદાર્થ હોય છે. ત્રીજી વારની પૂજા બપોરી વેળાએ કરવામાં આવે છે, આ વેળાએ પણ દેવને ચંદન લગાવવામાં આવે છે અને નવાં ફૂલ ચડાવે છે, દીવા પ્રકટાય છે, અગરબત્તી સળગાવવામાં આવે છે અને ઋતુ પ્રમાણે ભોજનનો થાળ ધરાવવામાં આવે છે. પછી દેવને પ્હોડાડે છે તેથી શોરબકોર સર્વે બંધ કરવામાં આવે છે. દેવ બપોરે ત્રણ વાગ્યે પ્હોડણ કરીને ઉઠયા એવું જણાવવાને માટે ચોઘડિયાં વાગે છે. પછી મેવો આરોગાવે છે અને સેતરંગ, સોગઠાં, ઈત્યાદિ રમવાની સામગ્રી રજુ થાય છે. ખરેખરી પૂજા તો સાંજની વેળાએ ચોથી થાય છે તે છે અને તે ષોડશોપચારી વિધિ સહિત થાય છે. દેવને મંદિરમાં પધરાવે છે, બેસવાને આસન મૂકે છે, પગ ધોવા પાણી રજુ કરે છે, જલપ્રદાન છંટકાવ થાય છે, મુખપ્રોક્ષણ કરવા સારૂ પ્યાલો ભરીને આગળ મૂકે છે. પછી દેવને નવરાવે છે તે છઠ્ઠા પ્રકારની પૂજા કહેવાય છે. ત્યાર પછી વાગા અને પવિત્રાં ધરાવે છે, અત્તર ચોળે છે. અને સુગંધીવાળાં પુષ્પ ચડાવે છે અને અગરબતી સળગાવે છે, મુખ આગળ દીવા પ્રકટવામાં આવે છે એ અગિયારમી પૂજા છે. પછી ભાતભાતનાં ભોજન કરાવે છે, અને પાનસોપારી આરોગાવે છે તથા સવારની પેઠે આરતી કરે છે. પછી પ્રદક્ષિણા ફરવામાં આવે છે તે પંદરમી પૂજા કહેવાય છે ને છેલ્લી વારે નમસ્કારત્મક સ્તુતિ કરવામાં આવે છે.

કેટલાક લોકો એક વાર પ્રદક્ષિણા ફરે છે, કેટલાક સાત વાર ફરે છે અને કેટલાક એક સો ને આઠ વાર ફરે છે. પ્રત્યેક વેળાએ ફરનાર નીચેનો શ્લોક ભણે છેઃ-

पापोऽहं पापकर्माऽहं पापात्मा पापसंभवः
त्राहि मां पुंडरीकाक्ष ! सर्वपापहरो हरिः

---

૧ **સોળ પ્રકારની**--૧ આવાહન, ૨ અર્ચન, ૩ પાદ્ય, ૪ અર્ધ્ય, ૫ આચમનીયક, ૬ સ્નાન, ૭ યજ્ઞોપવીત, ૮ ગંધ, ૯ માલ્ય, ૧૦ ધૂપ, ૧૧ દીપ, ૧૨ નૈવેદ્ય, ૧૩ તાંબૂલ, ૧૪ ફળ, ૧૫ પ્રદક્ષિણા, અને ૧૬ નમસ્કાર.

यानिकानि च पापानि मंरुमंद्रसमानि च
तानि सर्वाणि नश्यंतु प्रदक्षिणां पदेपदे.

હું પાપ રૂપ છું, હું પાપકર્મવાળો છું, હું પાપનો ભરેલો આત્મા છું, અને પાપમાંથી હું ઉત્પન્ન થયો છું, માટે હે સર્વ તાપના હરવાવાળા હાર ભગવાન્! મને તાર. મારાં ગમે તેવાં પાપ મેરૂ મંદરના જેવડાં હોય તો પણ તે સર્વે પ્રદક્ષિણાને પગલે પગલે નાશ પામો.[1]

છેલ્લું પંચોપચારી પૂજન રાત્રિની વેળાએ કરવામાં આવે છે. દેવને ચંદનપુષ્પ ચડાવવામાં આવે છે, અગરબત્તીનો ધૂપ થાય છે, દીવા પ્રકટાય છે, અને દૂધ તથા પૂરી અને બીજી સામગ્રી વાળુને માટે ધરાવવામાં આવે છે; પછી તેમને પ્હોડાડવાનો સમય થાય છે અને મૂર્ત્તિ જો ઉંચકી લેઈ જવાય એમ હોય છે તો ઉપાડીને સુખશય્યામાં પ્હોરાડે છે. નહિતર તેજ ઠેકાણે તેને શાલ આદિ ઓરાડવામાં આવે છે.

વિષ્ણુનાં મંદિરોમાં ઘણું કરીને બે મૂર્ત્તિયો હોય છે, રામ અને સીતા અથવા રાધા અને કૃષ્ણ. રામના ભાઈ લક્ષ્મણની મૂર્ત્તિ પણ ઘણે ઠેકાણે હોય છે. રામ અને કૃષ્ણના જન્મદિવસને સમયે તેમ જ બીજા પર્વને દિવસે મૂર્ત્તિયોને મુકુટ ધારણ કરે છે, અને રાજકીય શૃંગાર ધરાવે છે. હોળીના દિવસોમાં દેવને પીળા વાગા ધરાવે છે તથા પીચકારી અને કેસુડાંનો રંગ પાસે મૂકવામાં આવે છે; તેથી હોળી ખેલવામાં તેઓ સામેલ થાય છે એમ ધારવામાં આવે છે. જળયાત્રાનું પર્વ આવે છે, ત્યારે વિષ્ણુની મૂર્ત્તિને નદિયે કે તલાવે લઈ જઈ ન્હવરાવે છે અને હોડી ચાલે એટલું પાણી હોય છે તો ઠાકોરજીને તેમાં બેસારીને જળક્રીડા કરાવે છે.

---

૧ એની સાથે નીચેનું મેળવો:—"મિસલેટોનાં પાંદડાં અથવા ડાખલિયો વિના "એકે પણ બલિદાન અપાતું નહિ; અને તે આપવાને માટે વર્તુલાકારના ધર્મસ્થાનમાં "(સર્કલમાં) પેસતાં પ્હેલાં તેઓએ તેની આસપાસ સૂર્યના માર્ગ પ્રમાણે પ્રદક્ષિણા કરી "અને બલિદાન આપ્યા પછી પણ તેજ પ્રમાણે તેઓએ કર્યું.

'સર્કલની આસપાસની પ્રદક્ષિણા "ડિયાસ સોઇલ" કહેવાય છે. ડિયાસ=દક્ષિણ "અને સોઇલ=સૂર્ય. લગ્નાવસરે સ્ત્રીને પ્રસવ થયા પછી બાળકને ધર્મસંસ્કારોપચાર "કરવામાં આવે ત્યારે, અને ભૂમિદાહની વેળાએ દેવલની આસપાસ એવી પ્રદક્ષિણા "કરવામાં આવે છે. આ ક્રિયા ડ્રુઇડ એકલાજ કરતા એમ નથી; પાલાશની ચિતાની "આસપાસ પણ પ્રદક્ષિણા કરેલી જણાય છે; Virgil Æ. Lib. XI. 188-190.

"તેઓ ચકચક્તિ હથિયાર સજેલા એવા ત્રણ વાર ચિતાની આસપાસ દોડ્યા. ચિતાનો સશોક અગ્નિ ત્રણ વાર તેઓએ પાણીમાં નાંખ્યો; અને પછી પોકો મૂકી.

Lachlan Skav's Hlstowy of Meray

શિવના અને દેવીનાં દેવલોમાં પ્હેલા, બીજા, અને ચોથા વિધિની જ પૂજા માત્ર કરવામાં આવે છે. જૈન ધર્મવાળા મૂર્ત્તિને ન્હવરાવે છે, પછી લુવે છે, ચંદન ચડાવે છે અને ઘરેણાં પ્હેરાવે છે તથા સાંજની વેળાએ આરતી કરે છે. શ્રાવક લોકો, અને તેમાં મુખ્યત્વે કરીને તેમની સ્ત્રિયો, જ્યારે દેરાસરે જાય છે, ત્યારે સુશોભિત કોથળીમાં ચોખા ઘાલીને લઈ જાય છે. મૂર્ત્તિની પાસે ભંડારની પેટી હોય છે, તેની ઉપલી બાજુએ કાણું કરાવેલું હોય છે તેમાં ચોખા નાંખે છે, તે આઠ દશ દિવસે ઉઘાડીને કહાડી લઈ જનાવરને નાંખે છે, અથવા તેમાં જીવાત પડે નહિ માટે કોઈ ભીક્ષાર્થીને આપી દે છે. કેટલાક લોક પેટીમાં પૈસા નાંખે છે ને તેનું નામ ભંડાર કહેવાય છે. તેથી અગાઉ તે જ નાંખવાનો ચાલ હશે.

ગૂજરાતમાં હિન્દુઓ વર્ષની ત્રણ ઋતુ કલ્પે છે, શિયાળો, ઉન્હાળો અને ચોમાસું. શિયાળાના કાર્ત્તિક, માર્ગશીર્ષ, પૌષ, અને માઘ માસ ગણાય છે; ઉન્હાળાના ફાલ્ગુણ, ચૈત્ર, વૈશાખ અને જ્યેષ્ઠ માસ ગણાય છે; અને ચોમાસાના આષાઢ, શ્રાવણ, ભાદ્રપદ અને આશ્વિન માસ ગણાય છે.[1] એકેકા માસના શુદિ અને વદિ એવા બે ભાગ છે.[2] તેમાં શુદિ પક્ષ એ અજવાળિયું કહેવાય છે.

---

૧ ગૂજરાતી મહિનાને મળતા ઇંગ્રેજી મહિના નીચે પ્રમાણે (આસરેથી) છેઃ—

શિયાળો	કાર્ત્તિક	નોવેમ્બર.
	માર્ગશીર્ષ	ડિસેમ્બર.
	પૌષ	જાન્યુઆરી.
	માઘ	ફેબ્રુઆરી.
ઉન્હાળો.	ફાલ્ગુન	માર્ચ.
	ચૈત્ર	એપ્રિલ.
	વૈશાખ	મે.
	જ્યેષ્ઠ	જુન.
ચોમાસુ.	આષાઢ	જુલાઈ.
	શ્રાવણ	આગસ્ટ.
	ભાદ્રપદ	સેપ્ટેમ્બર.
	આશ્વિન	ઓક્ટોબર.

ર. ઉ.

૨ શુદિ અને વદિ એ શબ્દો છે, તે બબ્બે શબ્દ મળી એક શબ્દ થયલો છે. શુ=શુકલ પક્ષ+દિ=દિન એમ "શુદિ"; અને વ અથવા બ=બહુલ, એટલે કૃષ્ણ+દિ=દિન એમ "વદિ" થયલા છે. ર. ઉ.

પ્હેલા પર્વ વિષે અમે આ ઠેકાણે લખિયે છિયે, તે અશ્વિનના છેલ્લા ત્રણ દિવસથી બેસે છે. આ મહિનાની વદિ અથવા કૃષ્ણ પક્ષની તેરશ તે ધનતેરશ કહેવાય છે. સવારના પ્રહરમાં ન્હાઈને મુહૂર્ત્ત હોય છે ત્યારે હિન્દુઓ હળદર, દહીં આદિથી ધન ધોઈને પાટલા ઉપર મૂકે છે, તેની પૂજા કરે છે, તેને ફૂલ ચડાવે છે, ધૂપ કરે છે અને બીજો સર્વે પ્રકારનો વિધિ કરે છે. તે જ વેળાએ ભરવાડ ગોવાળિયા અને બીજા લોક પોતાનાં ઢોરનાં શીંગડાં આદિ રંગવાની ધામધુમમાં મંડી જાય છે. માછી પોતાની જાળની પૂજા કરે છે.[1] જમતાં પ્હેલાં આ પ્રમાણે પૂજા કરીને પછી કુટુંબનાં માણસ એકઠાં થઈને ભોજન કરે છે. ગોવાળિયા પોતાનાં ઢોર દોડાવતા ગામમાં ફરે છે અને ત્યાંથી પાછા આવીને ઘરમાં રોશની કરે છે. બીજે દિવસે કાળી ચૌદશ આવે છે, તે સમયે હનુમાનની પૂજા કરે છે, અને રાત્રીની વેળાએ મંત્ર સાધવામાં આવે છે. આ દિવસે પણ દીવા પ્રકટવામાં આવે છે અને ત્યાર પછી ગયા દિવસના કરતાં વધારે દીવા ઘેરઘેર પ્રકટવામાં આવે છે તે ઉપરથી તેનું નામ "દીવાળી"[2] કહેવાય છે.

---

૧ "તેટલા માટે તેઓ તેમની જાળને બલિદાન આપે છે, અને ગલના આંકડાં "આગળ ધૂપ કરે છે; કેમકે તેમને લીધે તેઓને રસાલ અથવા ભારે ભાગ મળતો હતો અને તેઓને પુષ્કળ માંસ મળતું હતું."—*Vide Habakkuk I. 15.* અને ક્રિશ્ચિયન ઈયરનો કર્ત્તા નીચેની લીટિયોમાં ઇસારો કરે છે:—

"સદાકાળના કિનારા ઉપર દેવદૂતો આપણો અર્ઘ્ય માન્ય કરે તેવામાં રખે ને "આપણને નિરંતર બાતલ કરે, એટલા માટે આપણી પોતાની જાળોને આપણે નમન કરતા નથી."

૨ દીપ અથવા દીવ=દીવો+આલી=હાર. જૈનધર્મિયો કહે છે કે દીવાળીનું પર્વ "અમારામાંથી નીકળ્યું છે, તે એવે પ્રકારે કે ચોવીસમા તીર્થંકર વીર પ્રભુએ હસ્તિપાળ રાજાની નગરીમાં છેલ્લું ચોમાસું ગાળ્યું તે અવસરે રાજસભામાં પીત દેશણા દેતા હતા, તેવામાં આસો વદિ અમાસની પાછલી બે ઘડી રાત્રે શાન્તિ નક્ષત્રમાં મોક્ષે ગયા, ત્યારે દેવતા ત્યાં આગળ આવ્યા તેમના તેજથી ચારેમેર પ્રકાશ થયો. વીર પ્રભુ મોક્ષે ગયા એટલે ભાવ દીપક લઈ પામ્યા ત્યારે લોકોએ દ્રવ્ય દીપક પ્રકટ કર્યા. ભાવાર્થ કે પ્રભુ મોક્ષે ગયા તેથી જગત્‌માં તેમના વિના અંધારૂં થયું ત્યારે લોકોએ દીવા પ્રકટીને અજવાળું કરયું."

રામે રાવણને વિજયાદશમિયે મારયો તે પછી અયોધ્યા પધારયા તે દિવસ આસો વદિ અમાસનો હતો; તે દિવસે પ્રજાએ આનંદમાં દીવા પ્રકટયા ત્યારથી મહિમા ચાલ્યો.

વળી શ્રીકૃષ્ણના સમયમાં બ્રહ્મદેશના રાજા નરકાસુરને મારી તેણે હરણ કરેલી ૧૬,૧૦૮ રાજ કુમારિયોને મુકત કરી અને તે પોતાને ઘેર ન જતાં કૃષ્ણને પરણી તેમને લઈ શ્રીકૃષ્ણ આસો વદિ અમાસે દ્વારકા આવ્યા, ત્યારે દીપોત્સવ થયો, તે હજી પણ ચાલે છે. ર. ઉ.

કાર્તિક શુદિ પ્રતિપદાને દિવસે હિન્દુઓ દેવની આગળ અન્નકૂટ પૂરે છે. આ દિવસે પ્રાચીન સમયે ઇન્દ્રની પૂજા કરવામાં આવતી હતી, પણ કૃષ્ણાવતાર થયો ત્યારે કૃષ્ણે સ્વર્ગના રાજાની પૂજાને બદલે શ્રીગોવર્ધન પર્વતની પૂજા કરવાનો ચાલ ચલાવ્યો.[1]

હવણુંના હિન્દુઓ ગોવર્ધન પર્વતની સ્થાપના કરે છે, તેના ઉપર ધ્વજારોપણ કરે છે અને ઝાડની એક બે ડાળિયો ખોસે છે તથા ફૂલ ચડાવે છે. વ્યાપારી લોકો પોતાના ચોપડા બદલે છે, ષોડશોપચારથી શારદાપૂજન કરવામાં આવે છે, માત્ર ન્હવરાવવાનો વિધિ કરતા નથી. પ્હેલા પાનાને કુંકુના ચાંદલા કરીને છાંટા નાંખે છે અને નીચે પ્રમાણે લખીને પૂજાની સામગ્રીની વસ્તુઓનાં નામ નામનાં જ લખે છેઃ-

"શ્રી,
"શ્રી ગણેશાયનમઃ
"શ્રી શારદાજી સત્ય છે.
"શ્રી લક્ષ્મીજીનો ભંડાર ભરપૂર હજો.
"શ્રી અંબાજી માતા સત્ય છે.
"શ્રી બહુચરાજી સત્ય છે.

"સંવત્ ૧૯૦૮ કાર્તિક શુદિ ૧ શનિવારે શ્રી ભાવનગરમાં રાવળ "શ્રી વિજયસિંહ રાજ્ય કરે છે; તેમના તિલાયત કુંવર શ્રી દાજીરાજ છે, "અને દેશાઈ સુરજરામ પ્રધાન છે. આ ચોપડો શા૦ મોતીચંદ સુરચંદનો છે.

જ ——————— ૩ ———————

કંકુ શેર ૦ાા	કંકુ શેર ૦ાા
સાકર શેર ૧	સાકર શેર ૧
સોપારી શેર ૦ા	સોપારી શેર ૦ા
જાયફળ નંગ ૭	જાયફળ નંગ ૭

વૈશાખ શુદિ ૩ નો દિવસ ગૂજરાતી ભાષામાં અખાત્રીજ (અક્ષય તૃતીયા) કહેવાય છે. તે દિવસે દરિયામાં ચોમાસાનું તોફાન થવાનો આરંભ ગણાય છે, એટલે દરિયો વ્હાણુ ચલાવવાને કામનો રહેતો નથી. એ દિવસ બહુ શકુનિયાળ ગણાય છે. બીજને દિવસે હિન્દુઓ ગામની બ્હાર જઈને અનાજનું ગામ રચે છે, અને વિવિધ પ્રકારના અનાજની ઢગલિયો કરે છે, તથા રાજાને ઠેકાણે એક પૈસો મૂકીને તેની સ્થાપના કરે છે. પ્રધાનને ઠેકાણે

૧ આ વાતની વિગત શ્રીમદ્ ભાગવતના દશમસ્કંધ તથા "પ્રેમસાગર"ના ૨૫ થી તે ૨૮ મા અધ્યાયમાં છે.

સોપારી મૂકે છે અને થોડું રૂ, થોડી ખાંડ, અને બીજી વસ્તુઓ મૂકે છે. ત્રીજની સવારમાં લોક પાછા આવીને જૂવે છે ને રાત્રિની વેળાએ કીડિયોએ આવીને જે દાણાની ઢગલીને નુકસાન કરેલું જોવામાં આવે છે, તે જાતના દાણાનો પાક આવતા વર્ષમાં બરાબર થશે નહિ એમ તેઓ ધારણા કરે છે. જે દિશા ભણી રૂ ઉડીને ગયું હોય છે તે દિશામાં રૂનો ખપ જાગશે, અને તે જ પ્રમાણે રાજા અને પ્રધાનને ઠેકાણે સ્થાપના કરેલા પૈસાને અને સોપારીને ત્યાં ને ત્યાં રહેવા દીધા હોય છે તો તેઓને કોઈ હરકત કરશે નહિ અને ખશેડવામાં આવ્યા હોય છે, તો હરકત થશે, એવી ધારણા ધારવામાં આવે છે. આ રીતિ ગૂજરાત કરતાં માળવામાં હજી લગણ ઘણી ચાલે છે એમ કહેવાય છે. રત્નમાળના કર્ત્તા કૃષ્ણાજી બ્રાહ્મણે શકુનની યથાસ્થિત વિગત પોતાના ગ્રંથમાં લખી છે. રણભૂમિમાં જતાં નીચે લખ્યા પ્રમાણે એક સેનાને અપશકુત થયા તેથી તે હારી:–

"પ્રથમ ચાલતાં સન્મુખ છીંક થઈ, કૂતરૂં રડવા લાગ્યું–એ શકુન સારા નહિ. જમણી બાજુએ બિલાડું ઉતર્યું, ગધેડું ભૂક્યું અને ગીધ પક્ષી ભયંકર રીતે બોલવા લાગ્યાં. સન્મુખ વિધવા અને સંન્યાસી આવી મળ્યાં, તિલક વિનાનો દ્વિજ મળ્યો, ઉદાસી મળ્યો, લોટનું વાસણ લઈને કોઈ મળ્યું, અને છૂટે કેશે સ્ત્રી મળી."[1] તોય પણ એક બીજે પ્રસંગે તેવી જ સેનાને ઉપરાછાપરી સારા શકુન થયા તેથી તે આનંદ પામી:–"હાથમાં[2] પુસ્તક ધારણ કરેલું એવો દ્વિજ પડિત મળ્યો; છોકરા સહવર્ત્તમાન સધવા પાણિયારી મળી; હથિયાર સજેલો ક્ષત્રી અશ્વાર મળ્યો. હાથમાં ફૂલની છાબ લીધેલી એવો માળી મળ્યો; વાછડા સાથે અર્ચિત ગાય મળી."[3]

---

૧ चोपाई–प्रथम चलत सनमुख भई छीका, रोवत स्वान शुकन नहि नीका;
उतरत दछिन भाग मांजारा, बोलत रासभ गिध भयकारा.
मिल सनमुख विधवा संन्यासी, तिलकहीन द्विज कोउ उदासी;
पिष्ट पात्र धर विखरित केशा, भिल ऐसे शंकित नहि लेशा.

२ चोपाई–मळ्यो द्विज पंड्डित पुस्तकधार, मिलि सधवा ससुता पनिहार;
मिल्यो अश्वार छत्री सहृथ्यार, मिल्यो फूलपात्र ग्रही स्वकार.
मिली सुरभी सवछा अरचीत, विलोकी भईं नृपकी वहु प्रीत;

૩ બ્રાણ્ડ કહે છે કે, "બહુ પ્રાચીન કાળથી, છીંક થાય તે અમંગલસૂચક ગણાતી આવી છે." ઈયુસ્ટથિયસે હોમર ઉપર લખતાં ઘણા દિવસ ઉપર લખ્યું છે કે, ડાબી બાજૂએ છીંક થાય તે માનશકુનિયાલ ગણાય છે, પણ જમણી બાજુએ થાય તે શકુનિયાલ

હવણુંનો એક ગૂજરાતી ગ્રંથકર્ત્તા કહે છે કે, "અખાત્રીજની સવારે, "કોઈ એક ગામમાં પાંચ જણા ટાઢા શકુન જોવાને ગામની ભાગોળે "ગયા. શિયાળ અને બીજાં પ્રાણિયોના શબ્દના શકુન સાંભળીને તેઓ ઘર "ભણી પાછા જવાને જતા હતા, તેવામાં તેમના માંહેલો એક જણ ખમચ્યો "અને નીચે બેશી ગયો અને બીજા ચાર જણા તેને માટે ઉભા રહ્યા. આ "વેળાએ એક ખેડુતની સ્ત્રી તેના ધણી સાથે વાતો કરતી હતી, તે તેમના "સાંભળવામાં આવી; તેમાં તેણિયે બળદને કહ્યું કે, 'આ વર્ષમાં વેચાતો લેવો "પડશે કે નહિ?,' ખેડુતે ઉત્તર આપ્યું કે 'આ ચાર જે ઉભા છે તેમની તો "કાંઈ ધાસ્તી નથી, પણ આ એક બેઠો છે તેની આશા મને ઓછી છે; "એ આ વર્ષમાં મરી જશે એમાં કાંઈ સંદેહ નહિ." આવા શકુન સાંભળીને "જે માણસ બેઠેલો હતો તેને લાગ્યું કે 'હવે આ વર્ષમાં હું જીવીશ નહિ.' "મારા સાંભળવામાં આવ્યું કે તે એટલો બધો ડરી ગયો કે જેટલી મુદત "કહી હતી તેટલાની અંદર ખરેખાત તે મરણ પામ્યો."

"એક ઘરડી કણબણના છાપરા ઉપર એક હોલો બેશીને બોલતો હતો, "તે સાંભળીને તે રડવા કૂટવા માંડતી. એક વાર ત્યાં એક બ્રાહ્મણ આવી "પ્હોંચ્યો, તેને તે ડોશી કહેવા લાગીઃ ઓ મહારાજ ! આ મારો પીટ્યો હોલો "મારી વાંસે થયો છે, એણે મારા ધણીને, મારા બે છોકરાને, અને મારી "છોકરી એટલાંને ખાધાં અને હવે તે મારા જીવ વાંસે થયો છે; નિત્ય "આવીને મારા ઘર ઉપર બેશીને બોલે છે. બ્રાહ્મણે તેને મંત્રીને સાત "કાંકરા આપ્યા તે સાત દિવસ સુધી હોલા સામા નાંખ્યા, ત્યાર પછી તે "ફરીને પાછો આવ્યો નહિ, તે ઉપરથી તે ઘરડી ડોશિયે બ્રાહ્મણને પરમેશ્વર "જેવો જાણ્યો."

"ગૂજરાતમાં લોકો એમ માને છે કે નિત્ય જો હોલો કે ઘૂડ પક્ષી ઘર "ઉપર આવીને બેસે તો ઘરના કોઈ માણસનું મરણ નીપજે. વળી જો

ગણાય છે. ક્રિશ્ચિયન દેશમાં, માણસ છીંક ખાય ત્યારે તેને આશીર્વાદ દેવામાં આવે છે, અને એ ચાલ સામાન્યપણે પ્રવર્ત્યો છે, તે મૂર્તિપૂજાના સમયથી ચાલ્યો છે.

એ જ ગ્રંથકર્ત્તા લખે છે કે રાત્રિની વેળાએ જે પાડોશમાં કૂતરૂં રડતું હોય તેમાં જે માંદું હોય તે મરી જશે, એવા તે માનશકુન સૂચવે છેઃ વળી અજાણ્યાં બિલાડાં અવર-જવર કરે તે પણ એવા જ અપશકુન ધારવામાં આવે છે. ટુંકામાં ગૂજરાતમાં જે શકુન પ્રસિદ્ધ છે, તે ઈંગ્લંડ અને બીજા ઘણા દેશ જે ખરેખરા સુધારાનો ગર્વ કરતા (અથવા હજી કરે છે) ત્યાંના શકુનની સમાન ગણી શકાય.

"કાગડો[૧] માણુસના ઉપર બેસે અથવા તેના ઉપર ગરોલી પડે તો તેનો આવરદા "ઘટે એમ માને છે. આવા સંકટમાંથી ઉગરી જવા સારૂ, જેને ઉપર પ્રમાણે "બનાવ બન્યો હોય તે તે અવસરે પ્હેરેલાં લૂગડાં બ્રાહ્મણને આપી દે "છે અને ન્હાઈ નાંખે છે. જો આવો બનાવ રાજાને બને તો તે હોમ "કરાવે છે. જ્યારે આકાશમાંથી તારા ખરે, અથવા ધરતીકંપ થાય, અથવા "જંગલી પ્રાણિયો ગામડામાં પેસે, અથવા ગમે તે ઉત્પાત થાય ત્યારે સામ- "વેદ પ્રમાણે રાજાને વિધિ કરવો પડે છે. જો રાજા આ પ્રમાણે કરવાને "કસુર કરે તો લોકો એમ માને છે કે જે દેશ ઉપર તે રાજ્ય કરતો હોય "તે દેશ ઉપર ભારે ઉત્પાત થાય. તોય પણ ઉપાય ગમે તો કરો અથવા "ના કરો તથાપિ જેમ બનવાનું હોય છે તેમ બન્યાં જાય છે."

---

૧ ઘૂડ અને કાગડા નિરંતર અપશકુનિયાળ પક્ષી ગણવામાં આવ્યા છે–*Vide Brand's "Popular Antiquities,"* એમાં બીજાં દૃષ્ટાન્તોની સાથે નીચેનાં પણ છે:--

"ધુમાડિયાની ટોચો ઉપર ઘૂડ જ્યારે ઘુઘવે ત્યારે કોઈના મરણ વિષે તમારા સાંભળવામાં આવશે એ વાત નક્કી છે," Reed's Old Plays, VI. 257

"અગાઉથી ભવિષ્ય સૂચવનાર કાગડો તેના ઝુંપડા ઉપર બેઠો અને અપશકુનિયાળ બોલ્યો, તેથી આપણને આપણા ભાગ્ય વિષેની ચેતવણી આપી." Gay's Pastorals.

"તારા જન્મની વેળાએ ઘૂડ ઘુઘવ્યો, એ ખોટી નિશાની છે; ભાગ્યહીણ વેળા "સૂચવનાર રાતનો પક્ષી બોલ્યો; કૂતરાં રડ્યાં, અને વિકરાળ તોફાનોએ ઝાડો હોદળાવી "નાંખ્યાં; ધ્રૂમાડિયાના માથા ઉપર કાગડો બેઠો, અને ચીંચીં કરતી શુંકળિયે ખેદયુક્ત બેશૂર અવાજ કર્યો." *Third Part of King Henry VI. Act. V, sc. 6.*

સિન્ધુ નદી ઉપર મછવા ફેરવવાવાળા પોતાનાં વ્હાણો ઉપર કાગડાને બેસવા દેતા નથી, અને તેને અતિશય અપશકુનિયાળ ગણે છે. બીજી જાતિના કાગડાની પેઠે **સ્વીડ**નમાં **શુ**ષ્કલી, ગુહ્યાર્થસૂચક, અને હડહડતી ડાકણનું પક્ષી ગણાય છે અને તે પીશાચ અને રાત્રિની બીજી ગુહ્ય શક્તિઓના તાબાનું છે. જ્યારે ડાકણો "વાલપરજી" (walpergi) રાત્રેયે "બ્લોકલી" (Blo Kulle) ભણી અશ્વાર થઈને જાય છે, ત્યારે તેઓ પોતાની મેળે **શુ**ષ્કલીનું રૂપ ધારણ કરે છે. જ્યારે આ પક્ષીઓનાં રૂવાટાં ઉન્હાળામાં ખરી જાય છે અને ડોક તે વિનાની થઈ જાય છે, ત્યારે ગામડાના લોકો કહે છે કે તેઓ **બ્લો**કલી પાસે જઈ આવેલી છે, અને તેમણે, એ દુષ્ટની ઘાસવહી આણવા માંડી છે તેથી ઘૂસરાએ કરીને તેઓનાં રૂવાટાં ખરી પડ્યાં છે. **ડેન્માર્ક**માં કાગડો શકુન જોવાનું પક્ષી ગણાય છે પણ તે ખસુસ કરીને અપશકુનિયાળ ગણાતો નથી. **ઓલાફ** ટીગવાસન એક **ક્રિશ્ચિયન** છતાં પણ કાગડો ડાબે કે જમણે પગે ઉભો રહે તો તે જોઈને તે સારા કે નઠારાનું ભવિષ્ય વર્ત્તતો, તે ઉપરથી તેના શત્રુઓએ તેની **ક્રકબીન** (કાગડાનો પગ) એવી ખીજ પાડી. ઉત્તર **જર્મની**માં કોઈ ઘર ઉપર કાગડો કાકા કરતો ઉડે તો તે ઘરમાંનું કોઈ માણસ જલદી મરશે, એવું માનવામાં આવતું.

"ગૂજરાતી ભાષામાં "ઓખાહરણ" એ એક લોકપ્રિય કવિતાનું પુસ્તક છે. તેમાં લખ્યું છે કે, બાણાસુર અને તેની રાણી એક દિવસને સમયે પ્રાતઃકાળમાં દરિયાકિનારા ઉપરના પોતાના શોણિતપુરના[૧] મ્હેલના ઝરૂખામાં બેઠાં હતાં, તે સમયે એક ચાંડાલણી રસ્તામાં ઝાડુ ફુહાડવાને આવી અને રાજારાણીનાં મુખ જોવાય નહિ એટલા માટે તેણિયે પોતાની સાવરણી આડે ધરી. તે જોઈને રાજાએ તેને બોલાવીને ધમકી દઈ પૂછ્યું કે તેં સાવરણી આડી કેમ ધરી? ત્યારે તેણે પ્રથમ એમ કહ્યું કે, "હું નીચ જાત છું તેથી "તમને મ્હોં દેખાડું તો તમે મને મારી નંખાવો, એટલા માટે મેં એમ કર્યું." આ વાત રાજાએ માની નહિ અને ધમકી આપીને ખરૂં કારણ કહેવાને આજ્ઞા કરી અને કહ્યું કે "તારા વાંકની તને ક્ષમા કરીશું," ત્યારે તેણે કહ્યું કે, "મહારાજ! તમને કાંઈ સંતાન નથી ને સવારના પ્હોરમાં વાંઝિયાનું મુખ "જોવું અપશકુનિયાળ ગણાય છે માટે મેં એમ કર્યું." આવું સાંભળીને રાણીને ઘણું દુઃખ થયું અને તે સારી પેઠે રડવા લાગી; અને રાજાને કહેવા લાગી: "આ રાજમ્હેલ બાલકના પારણા વિનાનો મને ગોસાઇના મઠ જેવો અને "શ્મશાન જેવો લાગે છે; માટે તમે સંતાન સારૂ શિવની પ્રાર્થના કરો." એટલે બાણાસુરે કૈલાસમાં જઇને શિવનું ઉગ્ર તપ કરવા માંડયું. ત્યારે શિવે પાર્વતીને પૂછ્યું કે "આ આગ્રહી તપસ્વીનું હવે શું કરવું?" પાર્વતીને ગણેશ અને ઓખા (ઉષા) એવાં બે સંતાન હતાં, તેમાંથી એક પણ આપવાની તેણે ના કહી. પણ શિવે ઘણો આગ્રહ કરીને તેને ઓખા અપાવી, અને પોતાના સંતાનની પેઠે તે પુત્રીને ઉછેરવાની આજ્ઞા કરી.

ત્યાર પછી કેટલેક વર્ષે બાણાસુરને શિવે ઘણું બળ આપ્યું હતું તેથી ગર્વિષ્ઠ થઈને, કોઈ પ્રતિપક્ષી લડવાને મળ્યો નહિ એટલે મહાદેવના જ સામો થયો, તે ઉપરથી મહાદેવને ઘણો કોપ ચઢ્યો અને શાપ દીધો કે ઓખાનો વડસસરો તારા હાથનું બળ નરમ પાડશે. આવો બનાવ બન્યો તેથી બાણાસુરે તે કન્યાને ઠેર કરવાનો નિશ્ચય કર્યો, પણ તેના પ્રધાને તેને સમજાવ્યો કે, ઓખાને કુંવારી રાખજો; એટલે પછી કાંઈ બ્હીક રહેશે નહિ. તેણે તે પ્રમાણે કરવાને દરિયાકિનારે એકદંડિયો મ્હેલ બંધાવ્યો, તેના ઉપર કોઈનાથી ચડાય એવું રાખ્યું નહિ. ત્યાં ઓખાને અને તેની સખીને રાખ્યાં. અને મ્હેલની આસપાસ ચોકી મૂકી દીધી અને આજ્ઞા કરી કે બન્નેને માત્ર ખાવા જેટલી જ સામગ્રી સમય થાય ત્યારે દોરડું નીચે નાંખે તેણે બાંધવી, અને તે

૧ શોણિતપુર મિસર દેશ(ઇજીપ્ત)માં હતું.

ઉપર તેમણે ખેંચી લેવી. ઓખાએ આ કારાગૃહની જગ્યાએથી પણ વરને માટે પોતાની માતા પાર્વતી અથવા ગૌરીની પ્રાર્થના કરવા માંડી. તેણિયે ત્રણ વાર ગૌરીની પ્રાર્થના કરી તે ઉપરથી દેવિયે તેને કહ્યું કે તું ત્રણ સ્વામી વ્હેરે પરણીશ. પણ ઓખાએ પ્રાર્થના કરી કે બે વાર મને રંડાપો આવે એમ થવું જોઇયે નહિ. તે ઉપરથી ગૌરીયે કહ્યું કે, "એક વાર સ્વપ્નમાં પરણીશ, "બીજી વાર છાની રીતે પરણીશ, અને ત્રીજી વાર પ્રસિદ્ધ રીતે પરણીશ પણ "ત્રણે વેળાએ તું એક જ ધણી સાથે પરણીશ." ગૌરીના કથન પ્રમાણે શ્રી કૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્નના કુંવર અનિરુદ્ધ વ્હેરે તે પરણી. અને શ્રીકૃષ્ણે (શિવ તેની વતી લડ્યા તો પણ) બાણાસુરનું બળ ખુંચી લીધું.[1]

આ પ્રમાણે "ગૌરીપૂજન"નુ પર્વ ચાલ્યું. તે ચોમાસાના પ્હેલા મહિના આષાઢ શુદિ ૧૨ ને દિવસે બેસે છે. તે દિવસની તૈયારીને માટે પાંચથી તે દશ વર્ષની બાલકિયો માટીની ગૌરીની મૂર્તિ બનાવીને તેને વસ્ત્ર પ્હેરાવે છે અને બંને બાજુએ ઘહું અને જુવારીના જવારા વાવ્યા હોય તે મૂકે છે. બારશની સવારમાં તેઓ પથારીમાંથી ઉઠે છે તેવી નદિયે (કે તળાવે) ન્હાવા જાય છે, ત્યાંથી પાછી આવીને ગામની બધી છોકરિયો એક ઠેકાણે એકઠી થાય છે. અને ત્યાંથી શ્રી કૃષ્ણનાં ગીત કે ગામના ધણીનાં ગીત ગાતી ગાતી જે બ્રાહ્મણને સ્વાધીન ગૌરીની મૂર્ત્તિ સોંપેલી હોય છે તેને ત્યાં જાય છે, ત્યાં ષોડશોપચારી પૂજન કરે છે અને તેના મ્હોં આગળ જે મૂકે છે તે બ્રાહ્મણને મળે છે. છોકરીની મા કે પછી મ્હોટી બ્હેન ત્યાં આવીને છોકરીને કહે છે તે પ્રમાણે તે ગોરમા પાસે માગે છે કે મને "સારો વર આપજો." પછી તે ગોરને ઘેરથી પોતાને ઘેર જાય છે અને રસ્તામાં પીપળાના ઝાડની, ગાય, કૂવો અને છેવટે પોતાના બાપના ઘરના ઉમરાની પૂજા કરે છે. ગોરોનું વ્રત કરનાર આખા દિવસમાં માત્ર એક જ વાર ખાય છે, પણ આ ચાલ માત્ર કહેવા જેવો જ રહ્યો છે,[2] સાંજે ચાર વાગતાં ફરીથી બધી બાલકિયો પોતાના બાપના ગજા પ્રમાણે લૂગડાંલત્તાં અને ઘરેણાં પ્હેરીને દર્શન કરવાને નીકળે છે અને સર્વે દેવની એક પછી એક પૂજા કરે છે. ગોરોનો દિવસ છોકરિયો ઘણું કરીને ગામના તળાવને કિનારે રાત્રિ પડતાં સુધી કહાડે છે. તે વેળાએ ટોળું વળીને ચાલતી ચાલતી

---

૧ બાણાસુરના હાથ છેદી નાંખ્યા એવી કથા છે. આ કથા પરથી મેં બાણાસુરમદમર્દન એ નામનું નાટક રચ્યું છે. ર. ઉ.

૨ એને અકોતે બેઠાં છે એમ કહે છે, કેમકે જ્યાં સુધી ઉઠીને હાલચાલ કરે નહિ ત્યાં સુધી બેઠાં બેઠાં ખાવામાં બાધ ગણવામાં આવતો નથી. આ વ્રતને કચ્છ-કાઠિયાવાડમાં મોળાકોત (મોળું એટલે લૂણ વિનાનું અકોત ખાવું) કહે છે. ર. ઉ.

જેમ કોઈ મરી ગયું હોયને સ્ત્રિયો કૂટે તેમ "હાય રે, ડેડા, હાય! હાય!" એમ કહીને કૂટે છે અથવા ડેડાને બદલે તેમના રાજાનો શત્રુ જે કોઈ બીજો રાજા હોય તેને નામે કૂટે છે કે પછી લોકનો અણગમતો કોઈ પુરુષ હોય તેને નામે કૂટે છે.

જે બાલક્રિયોની સગાઈ કરી રાખેલી હોય છે તેને સાસરેથી ગોરોના પર્વને દિવસે લૂગડાં અને ઘરેણાં મળે છે.

ગૂજરાતી સ્ત્રિયોમાં એક દુહો પ્રવર્ત્તી ગયો છે કે શ્રાવણના પ્હેલા પાંચ દિવસમાં જો વર્ષાદ થાય નહિ તો દુકાળ પડેઃ—

"શ્રાવણ શુદિ પંચમી સુધી, જો નવ વરસે મેહ,
કંથ પધારો માળવે અમે જઈશું પિહેર."

જ્યારે ઘણા દિવસ સુધી વર્ષાદ વરસતો નથી ત્યારે હિન્દુઓ ધારે છે કે ઈન્દ્ર આપણું ગામ ઉજ્જડ કરી નાંખવા ઇચ્છે છે તેથી તેની ઇચ્છાને સ્વાધીન થઈ તેનો કોપ શમાવવા સારૂ લોકો ટોળે ટોળાં થઇને ગામ ઉજ્જડ કરી જતા હોય તેમ બ્હાર ઉજાણિયે નીકળે છે. જ્યાં દેશી રાજા હોય છે ત્યાં ઉજાણીને આગલે દિવસે રાજા ઉજાણી કરવાની દાંડી પીટાવે છે અને તે દિવસે કોઈ ગામમાં દેવતા સળગાવે તો તેની પાસેથી દંડ લે છે.

વર્ષાદ આણુવાનો એક બીજો ઉપાય કરે છે તે એ કે પોતપોતાના ગામની માતા જેને આવતાં હોય તે ભુવાને બોલાવે છે. તે આવીને થોડા જંત્રમંત્ર કર્યા પછી માતા આવ્યાં હોય એમ ધૂણવાને મંડી જાય છે. હિન્દુઓ તેને માતા સમજીને ક્હે છે કે "માતાજી! વર્ષાદ કેમ વરસતો નથી?" ભુવો પછી હાથપગ પછાડી અને આંખો ફ્હાડીને કહેશે કે "તમે મને "નૈવેદ્ય કરતાં નથી તો પછી વર્ષાદ કેમ વરસે?" તેઓ કેહેશે કે "અમે "ભૂલ્યાં માતાજી! અમે તમારાં છોકરાં છિયે, તમે જ્યારે કેહશો ત્યારે અમે "તમને નૈવેદ્ય કરીશુ." ત્યાર પછીથી માતાનો જે પ્રથમ વાર આવે ત્યારે માતાને માટે કેવું નૈવેદ્ય કરવું તે ભુવો કહે. પછી તે નૈવેદ્ય જોગણીને મનુષ્યની ખોપરીમાં ખાવાનું પ્રિય છે તથી તેને બદલે માટીના એક ઠીકરામાં પૂરીને ગામને ઉગમણે દરવાજે થઈને, અગાડીથી કુંડાળું કરીને પાણી છાંટી રાખ્યું હોય છે ત્યાં જઈને મૂકે છે. પ્રત્યેક ઘરનાં માણસોને પોતપોતાનું નૈવેદ્ય ધરાવવાનું હોય છે તેથી કોઈ વાર તો એવાં પાત્રની સંખ્યા ઘણી વધી જાય છે. પછી કૂતરાં કે ઢેડ તે ખાઈ જાય છે. અને જો ત્યાર પછી વર્ષાદ વરસે છે તો તેને માતાજિયે મોકલ્યો એમ માનવામાં આવે છે.

વર્ષાદ વરસે એટલા માટે વળી બીજી એક રીતિ કરવામાં આવે છે.

તે એ કે, શિવની જળાધારીમાં પાણી જવાનું પોલાણ હોય છે તે બંધ કરીને લિંગ બૂડી જાય એમ ટંકોટંક પાણી ભરે છે અને વર્ષાદ આવે નહિ ત્યાં સુધી આઠ દિવસ લગણ લાગલાગટ એમ કરે છે.

આવે પ્રસંગે કણબીની અને ભીલ વાઘરીની સ્ત્રિયો વર્ષાદને વિનવતી ફળિયે ફળિયે નીચેની મતલબનાં તેનાં ગીત ગાતી ફરે છેઃ—

ખેડુતે હળ છોડી દીધું, ઓ! મેઉલા!
તેની દયાને માટે તું વરસ, ઓ! મેઉલા!
ભલાએ ભલીને ઘેર મોકલી, ઓ! મેઉલા!
તેનાં બાળક તેનાથી વિખૂટાં પડ્યાં ઓ! મેઉલા!
નદીમાં નદીનાં નીર ખૂટિયાં, ઓ! મેઉલા!

તે બાયડીની સાથે એક છોકરૂં હોય છે તેના માથા ઉપર એક ટોપલી-માં માટીની મૂર્તિ કરીને તેમાં લીંબડાની ત્રણ ડાખળિયો ખોશેલી હોય છે તે લઈને ઘેરઘેર ગાતી ફરે છે, એટલે ઘરમાંથી સ્ત્રી આવીને તેના ઉપર પાણી રેડે છે, તેથી છોકરૂં આખે શરીરે ન્હવાઈ જાય છે ને પછી પેલી સ્ત્રીને દાણા આપે છે.

શ્રાવણ મહિનાના અંધારા પક્ષમાં નાગપાંચમ આવે છે, ત્યારે શેષ-નાગની પૂજા કરવા સારૂ ઘરની એક ભીંત ધોળીને તેના ઉપર નાગપાશ ચીતરે છે. અને આવતા વર્ષને માટે તેની કૃપા સંપાદન કરી લેવા સારૂ તેની પૂજા કરે છે, અને શેષનાગને વિનવે છે કે "બાપજી! તમે મને પ્રસન્ન "હજો." હિન્દુ રીત પ્રમાણે રાજાની સલામી આપવાનો આ દિવસ છે. આ પર્વ "નાગપંચમી[1]" કહેવાય છે.

તેને બીજે દિવસે "રાંધણ છઠ્ઠ" આવે છે અને તે દહાડે સાતમને દિવસે "શીતળા સાતમ" (ટાઢીશિયળ) આવે છે તેને માટે રસોઈ રાંધી મૂકે છે. સાતમને દિવસે ગૃહસ્થના ઘરના ચૂલામાં શીતળાદેવી ભટકતી ફરે એમ ધારવામાં આવે છે માટે તે દિવસે જો દેવતા શળગાવવામાં આવે તો દેવીનો કોપ થાય. જે ગ્રંથકારના પુસ્તકમાંથી અમે અગાડી ઉતારો કરી લીધો છે તે શીતળા દેવીનું વર્ણન નીચે પ્રમાણે આપે છેઃ—

"અમારા પડોશીની દીકરી વર્ષ ચારની હતી, તેને આ વર્ષમાં બળિયા "નીકળ્યા. તે તેના માબાપની વૃદ્ધાવસ્થાને લીધે બે દીકરા વચ્ચે એક જ "દીકરી હતી, તેથી, તેના ઉપર બાપ અને મા બન્નેનું ઘણું હેત હતું. "દીકરીનો ખાટલો ઘરમાં ઢાળીને આડા પડદા બાંધ્યા, લીંબડાની ડાખ-

[1] શાસ્ત્રમાં અજવાળિયાની પાંચમ તે નાગપંચમી ગણી છે. ર. ઉ.

"લિયો બારણે ખોશી, અને એક રામપાત્રમાં ગધેડાનાં લીડાં, ગાયનું મૂત્ર
"તથા લીંબડાનાં પાંદડાં એટલાં વાનાં ભેળાં કરીને રાખ્યાં હતાં. તેના ઘરનું
"માણુસ કાંઈ કામ સારૂ ઘરથી બ્હાર જઈ આવે તો તે રામપાત્રમાં
"જમણા પગનો અંગુઠો બોળીને ઘરમાં પેસે, તથા કોઈ સગું, પડોશી
"અથવા બીજું માણુસ જોવા સારૂ આવે તો તે પણ રામપાત્રમાં પગ
"બોળી ઘરમાં પેસે, કારણ કે, જે માણુસ બળિયાના ખાટલા પાસે જતું
"હોય તેના ઉપર પણ બીજા માણુસનો પડછાયો પડવા દેતા નથી; પણ
"પેલા રામપાત્રમાં પગ બોળે તેના પડછાયાનો બાધ ગણતા નથી. રજસ્વ-
"ળાનો પડછાયો તથા પુરૂષસંગમાં આવેલી બાયડીનો પડછાયો બળિયાના
"રોગવાળા બાળક ઉપર પડવા દેતા નથી, તથા ન્હાઈને શરીર લોહ્યું હોય
"નહિ એવા માણુસનો પડછાયો પણ પડવા દેતા નથી. આ છેલ્લાને માટે
"શી અડચણ હશે તે મારા સમજવામાં આવતું નથી. ઘરનાં સર્વે માણુસો
"લીંબડાનાં પાંખડાં પાસે રાખે છે, કારણ કે કોઈ અપવિત્ર માણુસનો પડ-
"છાયો તેના ઉપર પડે નહિ. આ પ્રમાણેની સર્વે સંભાળ રાખવાનો બંદો-
"બસ્ત મારા પડોશિયે કર્યો હતો. પછી જેમ જેમ દિવસ વધતા ગયા તેમ
"તેમ એ રોગ વધ્યો, એટલે ભણેલા બ્રાહ્મણ પાસે શીતલાસ્તોત્રના પાઠ
"કરાવ્યા. એ સ્તોત્ર રૂદ્રયામલ ગ્રંથમાં છે, અને તેમાં શીતળા દેવીનું વર્ણન
"કરેલું છે કે, 'શીતળાને ગધેડાની અસ્વારી છે, નાગે વેષે છે, અર્ધું સૂપડું
"માથે ઓઢ્યું છે, હાથમાં ઉઢાણિયો છે, બીજા હાથમાં સાવરણી છે, અને
"તે ચાંડાલ જાતિની છે.' એવું દ્વિ અર્થી વખાણ કરીને પછી લખ્યું છે કે,
"હે મહાન્ દેવી! તું જગતની માતા છે અને બ્રહ્મા, વિષ્ણુ મહેશ્વર, તથા
"ઈંદ્ર આદિક દેવ તારી નિરંતર પૂજા કરે છે, તે માટે હું તારી વિનંતિ કરૂં
"છું કે, આ બાળકને તું સુખ કરજે.' પછી એવા પાઠ બ્રાહ્મણ પાસે કરાવ્યા,
"તથા શીતળાને પ્રસન્ન કરવા સારૂ, ગધેડાને ઘાસ ખવરાવ્યું, અને ઘહુંના
"ઠોઠા ખવરાવ્યા. પણ રોગ તો વધતો ગયો. ત્યારે બાધાઓ રાખવા માંડી
"કે છોડીને સુખ થશે તો તેના ભારોભાર ગોળ તોળીને બ્રાહ્મણને વ્હેંચી
"દઈશ, તથા ખજુરની તુલા કરીશ. આવી નિત્ય બાધાઓ રાખી. વળી
"એવી પણ બાધા રાખી કે, આ છોડીને બહુચરાજી તેડી જઈ પગે લગા-
"ડીશું અને ત્યાં પચીસ બ્રાહ્મણ જમાડીશું. અને એ છોકરીના વાળ ત્યાં
"ઉતરાવીશું.[1] વળી તેની માએ બાધા રાખી કે, આ છોડીને બળિયા દેવને

---

[1] ગૂજરાતમાં ઘણું કરીને છોકરિયોના વાળ ઉતરાવવામાં આવતા નથી, પણ કચ્છ-કાઠિયાવાડમાં ઘણીખરી નાતોમાં જોવામાં આવે છે. શાસ્ત્રમાં ચૌલ વિધિનો સંસ્કાર ક્હેલો

"પગે લગાડ્યા પ્હેલાં હું કાંચળી નહિ પ્હેરૂં, અને માથે બળતી શઘડી લઈને "મ્હોડામાં ખાસડું ગૂ ભરેલું લઇને ત્યાં હું જઈશ. અને રૂપાનાં નયન "(ચખાઇ), કાગળનો તા, અને સાકર તોલા બે અને દ્રાક્ષ આદિ ટાઢકની "પડી લઈ જઈશ, તેમ જ, કોરો ઘડો ટાઢા પાણીનો લઈ જવાની પણ "તેણે બાધા રાખી. વળી તેના બાપે બાધા રાખી કે, બળિયે પગે લગાડ્યા "પ્હેલાં હું પાઘડી નહિ પ્હેરૂં, અને બળિયાની જગ્યા ચાર ખેતરવાહ રહેશે "ત્યાંથી લોટતો જઈશ. ત્યારે બાયડિયે કહ્યું કે તમારે શરીરે સુખ નથી, માટે "બે ખેતરવાહને છેટેથી ગડથોલાં ખાવાં માનો. ત્યારે તેણે કહ્યું કે, 'મારી "દીકરીને જીવતી રાખશે તો હું આટલું દુઃખ ભોગવીશ.' એ પ્રમાણે આખો "દહાડો એક પછી બીજી દેવની બાધા આખડિયો રાખવામાં ગયો, પણ "છોકરીને સારૂં થયું નહિ. ત્યારે માબાપ રોવા લાગ્યાં, એટલે જોવા આવ-"નારાંએ ધીરજ આપી કે તમે રોશો નહિ, બળિયા બળિયા કરો. ત્યારે એની "માએ કહ્યું કે મુવો પીટયો બળિયો, મારો પેલા ભવનો વેરવી, ગોઝારો, "મારી દીકરીનો જીવ લેવા આવ્યો છે. પછી બીજા માણસ કહે કે બાઈ! "એમ બોલો નહિ એ તો જેમ રાજા કારભારીનો દંડ લેવા સારૂ ઘણો ત્રાસ "દેખાડે તેમ બળિયો માનતાઓ સારૂ અકળામણ દેખાડે, તેથી અકળાવું "નહિ, અને આપણા ઘરને છોકરેછઇયે જાણ્યે અજાણ્યે બળિયાની ઠેકડી "કરી હોય તે સારું વિનતિ કરો. પછી બળિયાની વિનતિનાં વચન કહ્યાં તે "લખતાં મને લાજ આવે છે, તે આ પ્રમાણે છેઃ–'ઓ બળિયા! અમે કોઈ "દહાડો જાણ્યે અજાણ્યે, તારી ઠેકડી કરી હોય તો તું ક્ષમા કરજે, અમે "ભૂલ્યાં, અમે જખ મારી, તારૂં ગૂ ખાધું, ભલો થઇને હવે તું મારી દીકરીને "સુખ કર. આટલું કરતાં છતાં પણ તે દીકરી મરી ગઈ. ત્યાર પછી બળિયાને "ઘણી ઘણી ગાળો દઇને હાય ગોઝારા હાય હત્યારા! કરીને કૂટણામાં કૂટયો, "તથા બળિયાના નામને રોઇયો. પછી માસ એક જતે તેના જ દીકરાને બળિયા "નિસર્યા એટલે પછી એ જ રીતે બળિયાની બાધાઓ રાખી. છોકરો સાજો "થયો ને બધી બાધાઓ પૂર્ણ કરી."

"શીતળા સાતમ" પછી જન્માષ્ટમી[1] આવે છે તે દિવસે શ્રીકૃષ્ણનો જન્મ થયો છે. આઠમને દિવસે ઉપવાસ કરવો પડે છે. મહારાજનો જન્મ

છે ખરો, પરંતુ વિધવાનો ચોટલો મુંડાવી નાંખે છે તેથી છોકરિયોનું મુંડન કરાવે તો વિધવાસૂચક અપશકુન થયા ગણાય છે. મુંડન કરાવવાથી વાળ કાળા ભ્રમર જેવા શોભાયમાન થાય છે. ર. ઉ.

[1] શ્રાવણ વદિ ૮ શ્રીકૃષ્ણની જન્મતિથિ છે. ર. ઉ.

મધ્ય રાત્રે થયેલો છે તેથી જ્યાં જ્યાં કૃષ્ણમંદિર હોય છે. ત્યાં ત્યાં આખી રાત્રિ રાજાના કુંવરના જન્મને દિવસે જેટલો વિધિ કરવામાં આવે છે તેટલો તે રાત્રિયે કરવામાં આવે છે. બાળકૃષ્ણની મૂર્તિને પાલણામાં ઝુલાવે છે, તેના મ્હોં આગળ વાદિત્ર વજડાવે છે; અને વિવિધ પ્રકારનાં નૈવેદ્ય ધરાવામાં આવે છે, જન્મ થવાની વેળા આવે છે ત્યારે ઘણા સેવકોની મંદિરમાં ભીડ થાય છે.

શ્રાવણ મહિનાની પુનમનો દિવસ "બળેવ"નું પર્વ ગણાય છે. એ દિવસે વિષ્ણુના વામન અવતારને બળી રાજા સાથે તકરાર થઈ હતી. આ પર્વને દિવસે બ્રાહ્મણો નદીકિનારે કે તળાવે જઈને શાલિગ્રામની પૂજા કરે છે, અને "દેહશુદ્ધપ્રાયશ્ચિત્ત" કરે છે, એટલે આખા વર્ષમાં જે પાપ કર્યાં હોય તે બાળી નાંખવાને અને શુદ્રના શરીરને સ્પર્શ થયો હોય તેથી શુદ્ધ થવાને ક્રિયા કરે છે; તે વિષે હવે પછી લખવામાં આવશે. બ્રાહ્મણોના પૂર્વજ સપ્તઋષિ થઈ ગયા, તેમની, અને તેઓની અર્ધાંગના અરૂંધતીની, કુશ ગ્રાસની ગુંથીને આઠ મૂર્ત્તિયો કરે છે. આ દિવસે તેઓ જૂનું જનોઈ બદલીને નવું પ્હેરે છે. તે જનોઈ તેઓએ કે પછી બીજા કોઈ બ્રાહ્મણોએ એક બે માસ અગાઉ તૈયાર કરી રાખેલું હોય છે અને તૂટે નહિ એવું મજબુત કરવાને તેઓ સંભાળ રાખે છે. કેટલાક બ્રાહ્મણો જે વિધિમાં ઘણા જ ચોક્કસ હોય છે તેઓ નવાં જનોઈ કરવાં સારૂ પોતાના ઘરમાં કુંડામાં કપાસના છોડ વાવે છે અને તેના રૂનું જનોઈ બનાવે છે. સપ્તઋષિની કુશ ગ્રાસની મૂર્ત્તિ સાથે જનોઈનો સ્પર્શ કરીને પછી તેઓ પ્હેરે છે અને જૂનું જનોઈ તોડીને જળમાં નાંખી દે છે. પ્હેરતાં પ્હેલાં દર્ભ અને જનોઈ હાથમાં લઈને ધુવે છે, પછી ઋષિઓને જળમાં પધરાવે છે; અથવા તો આખા વર્ષ સુધી પૂજા કરવાને ઘેર લઈ જાય છે. આ સમયે ઋષિને ચોમાસાના નવા પાણીના અર્ઘ્ય આપવામાં આવે છે અને તેમના દ્વારાએ દેવોને તે પ્હોંચાડવામાં આવે છે.

પછી ગોર પોતાના યજમાનોને રાખડી (રક્ષા) બાંધે છે. તે રેશમની કે સૂતરની હોય છે. અસલને વારે એ મહિનામાં રોગ ચાલતો હતો તેથી દોરો બાંધવા ઉપરથી એ ચાલ પડેલો છે એમ કહેવાય છે.[૧] પછી બ્રાહ્મણો ગામમાં આવીને પોતાના યજમાનોને અને સગાંવ્હાલાંને રાખડિયો બાંધે છે.

---

૧ વિષ્ણુએ વામન અવતાર લઈ બલિરાજાને સપ્ત પાતાળ (૧ અતલ, ૨ વિતલ, ૩ સૂતલ, ૪ તલાતલ, ૫ રસાતલ, ૬ મહાતલ, અને ૭ પાતાલમાંના ત્રીજા સુતલ લોકનું રાજ્ય આપી, નિરંતર પોતે તેની ચોકીમાં રહેવા લાગ્યા. પછી દેવતાઓ વિષ્ણુનાં દર્શન વિના મુંઝાતાં શ્રાવણ સુદિ ૧૫ ને દિવસે, લક્ષ્મીજીને સમજાવી બલિરાજાની બ્હેન તરીકે યાચના કરવા મોકલ્યાં. દેવિયે ત્યાં જઈ, પોતાનો ભાઈ ગણી,

ભાદ્રપદ શુદિ ચોથનો દિવસ ગણેશચતુર્થી ક્હેવાય છે. તે દિવસે ગણેશનો જન્મ થયેલો છે. માટીના ગણપતિ બનાવીને ભારે પોષાક તેમને પ્હેરાવે છે અને સ્થાપના કર્યા પછી તે અગિયારસ સુધી નિત્ય પૂજા કરે છે અને તે દેવને જે પ્રિય ભોજન (મોદક) છે તેનું નિત્ય નૈવેદ્ય ધરાવે છે. અગિયારશને દિવસે મ્હોટી ધામધુમથી ગાજતે વાજતે ગણપતિને જળમાં પધરાવવાને લઈ જાય છે. એક બ્રાહ્મણ પછી પોતાના હાથમાં ગણપતિ લઇને તરામણા પાણીમાં જઇને ગણપતિને બૂડાડિને તરતો તરતો કિનારે પાછો આવે છે અને બાકીના બધા લોકો જે સામે કિનારે જોયાં કરતા હોય છે તેઓ કેટલીક વાર સુધી મુગા રૂહે છે. પછી ઉઠે છે અને ધ્વજા, છત્ર, ચામર ફરીને પાછાં ઉચ્યાં કરે છે. બંદુકોના અવાજ કરે છે. ઘોડે-સ્વારો પોતાના ઘોડાને કુંડે નાંખે છે અને બાજિયા લેવરાવે છે. હાથિયો જેમ ઝૂલતા ઝૂલતા ચાલે છે તેમ તેઓનાં ઘંટ વાગે છે અને શહરમાં અશ્વારી પાછી જાય છે.

ગણપતિને લાડુ પ્રિય છે માટે તે ગણેશચતુર્થીને દિવસે ગરીબ લોક બનાવે છે. એ દેવની મૂર્ત્તિના હાથમાં લાડુ ઝલાવે છે તેનું કારણ પણ એ જ છે. ગણપતિને નૈવેદ્ય ધરાવ્યા પછી કોળ અને ઉંદર જે ગણપતિના માનીતા વાહન ગણાય છે તેઓને ખવરાવવા સારૂ તેમના ઘરમાં કોઠિયો ને પેટિયો ઘણી હોય છે તેઓને વચાળે તેનો ગોર કરીને નાંખે છે.

ગણેશચતુર્થીને દિવસે ચન્દ્ર જોવામાં આવે તો ઘણું ખોટું ગણવામાં આવે છે તેનું કારણ એવું સમજવામાં છે કે, જે જૂવે છે તેને માથે આખા

બલિરાજાને રક્ષા (રાખડી) બાંધી આશિષ્ દીધી. તે પરથી બલિરાજા પાસે વિષ્ણુએ ચોમાસાના ચાર માસ પાતાળમાં રૂહેવું અને આઠ માસ પોતાના સ્થાનમાં રૂહેવું, એમ ઠરાવ્યું. ત્યારથી રક્ષાબંધનનો રીવાજ ચાલ્યો ક્હેવાય છે. રક્ષા બાંધનાર આ રીતે આશીર્વાદ આપે છે:—

> येन बद्धो बली राजा, दानवेन्द्रो महाबल: ।
> तेन त्वामपि बध्नामि, रक्षे मा चल मा चल ॥

(મહાબલ વાળો દાનવોનો ઈંદ્રિ, એવો જે બલિરાજા તે જેનાથી બંધાયો તેથી હું તને બાંધું છું. હે! રક્ષા! તું ચલાયમાન થજે મા, થજે મા.)

કોઈ ક્હે છે કે અભિમન્યુ (પાંડવ અર્જુનનો કુંવર) ચક્રાવાના યુદ્ધમાં ચડ્યો ત્યારે તેની દાદી કુંતાજિયે તેને રક્ષા બાંધી હતી. તે ઉપરથી રાખડી બાંધવાનો ચાલ પડ્યો. ૨ ઉ.

વર્ષની અંદર ગમે ત્યારે પણ આળ આવે છે. પણ જો તે કારણે નીચેના શ્લોકનો[1] અહર્નિશ જપ કરવામાં આવે છે તો આળ આવતું નથી. કેટલાક લોક ચન્દ્ર જોવાય નહિ એટલા માટે ઘરમાં પેશીને બારિયો બંધ કરી દે છે. કેટલાકને કોઈ કામને પ્રસંગે બ્હાર જવું પડે છે અને ચન્દ્ર જોવામાં આવે છે તો ગાળો ખાવા માટે લોકોના છાપરા ઉપર ઈંટો નાંખે છે તે એવી સમજથી કે ગાળો ખાવામાં આવે, એટલે બીજું આળ માથે આવે નહિ અને એટલાથી જ પતી જાય.

ગણેશચતુર્થીની પછીનો દહાડો "ઋષિપંચમી" ક્હેવાય છે. આ દિવસે ગૂજરાતનાં લોકો સામો ખાય છે તે એવા વિચારથી કે ઋષિઓ નિવાર ખાઈને રૂહેતા હતા માટે આપણે પણ એક દિવસ એવી જ જાતનું અનાજ ખાઇને રૂહેવું.

ચોમાસામાં બીજી ઋતુ કરતાં જીવોત્પત્તિ વિશેષ થાય છે એવી ધારણા કરીને કેટલાક જૈનધર્મી બે માસના અપવાસ કરે છે; તે "પચુસણ"[2] ક્હેવાય છે. ખરેખરો પોસો કરવામાં આવે તો એ મહાતપ છે. શ્રાવક હોય છે તે ન્હાતા નથી, અને ગમે તે પ્રકારની ધોવાની સ્વચ્છતા રાખવાથી દૂર રૂહે છે. કશું ખાતા પણ નથી, ને માત્ર ઉકાળેલું પાણી ઠંડુ પડ્યા પછી પીને

---

૧ સત્યભામાના બાપ સત્રાજિત જાદવે, સૂર્યની આરાધના કરી ત્યારે સૂર્યે તેના ઉપર પ્રસન્ન થઇને સ્યમંતક મણિ આપ્યો. તેની પૂજા કરવાથી દિન દિન પ્રતિ ૨૦ ભાર સોનું ઉત્પન્ન થતું હતું. એ મણિ સત્રાજિતનો ભાઈ પ્રસેનજિત કોટે પ્હેરીને શિકાર ખેલવા ગયો, તેને સિંહે મારયો, અને તે સિંહને જાંબુવતે મારીને મણિ લઈ લીધો, અને પોતાના બાલકને પાલણે બાંધ્યો. કૃષ્ણે પોતાના સસરા પાસે મણિ જોયો હતો ત્યારે તેનાથી એમ ક્હેવાઈ જવાયું હતું કે "આવો મણિ તો કોઈ રાજા સરખા "પાસે શોભે, તમારી પાસે શોભે નહિ." આવું કૃષ્ણનું ક્હેવું ને ઉપર પ્રમાણે મણિનું ખોવાવું એ બન્નેનો યોગ આવી ગયો તેથી કૃષ્ણને માથે મણિ ચોરયાનું આળ આવ્યું ને એવું થવાનું કારણ એમ થયું કે, કૃષ્ણનાથી ચોથનો ચન્દ્રમા જોવાયો હતો. આળ ઉતારવા કૃષ્ણે જાતે શોધ કરયો અને જાંબુવતને પગલે પગલે તેને ઘેર જઈ પ્હોંચ્યા. ત્યાં તેની સાથે ૨૧ દિવસ સુધી યુદ્ધ કર્યું ને જય મેળવી મણિ લીધો, તથા જાંબુવતે પોતાની પુત્રી જાંબુવતી તેમને પરણાવી, એ જ વાતનો સારસૂચક નીચે પ્રમાણે શ્લોક છે, તેનો જપ કરવાથી આળ આવે નહિ એમ લોકો માને છે.

सिंहः प्रसेनमवधीत् सिंहो जांबवता हतः।
सुकुमारक ! मा रोदिस्तव एष स्यमंतकः ॥ ર. ઉ.

૨ પર્યુષણ એટલે સેવન, તે ઉપરથી માગધી ભાષામાં પજ્જુસણ થયું અને તે ઉપરથી 'પચુસણ' શબ્દ થઈ ગયો. ર. ઉ.

રહે છે, ઘણા ખરા જૈનધર્મી કેટલાક દિવસના અપવાસ કરે છે, અને પચુસણનો છેલો પોસો જે ઋષિપંચમીને દિવસે આવે છે તે તો સર્વે કોઈ કરે એમ માનવામાં આવે છે. પોસા કરવાથી ઘણા લોકનું મરણ નીપજ્યું હોય તે જાણવામાં આવે એ હેતુ ઉપરથી (એમ કહેવામાં છે) દરેક શ્રાવક પોતાનાં સગાંવ્હાલાંને ઘેર જાય છે.[1] તે જેવો પોતાના સગાંવ્હાલાંને ઘેર જાય કે તુરત તેને ખભે ખભો અડકાડીને મળે છે અને નીચે પ્રમાણે કહે છે:—

"બાર મહિના, ચોવીશ પખવાડિયાં, બાવન અઠવાડિયાં, એટલા કાળમાં "મેં કંઈ પણ તમોને દુઃખ લાગે એવું કહ્યું હોય અથવા કર્યું હોય તેની મને "ક્ષમા કરજો."[2]

જૈનધર્મના સાધુઓ, તેમાં મુખ્યત્વે કરીને જે ઢુંડિયા[3] કહેવાય છે

---

૧ જેમ દીવાળીના પડવા(કાર્તિક શુદિ ૧)ને દિવસે એકબીજાને મળવાનો હિન્દુઓમાં રીવાજ છે તેમ જૈન લોકોમાં પચુસણને બીજે દહાડે એક બીજાને મળી આખા વર્ષમાં જાણ્યે અજાણ્યે થયલા અપરાધની (ગુન્હા) ક્ષમા માગવાનો રીવાજ છે; તેને ખમત ખમણા કહે છે.

૨ આ કથન મૂળ માગધી ભાષામાં કહેવામાં આવતું તેમાં હવણાં ઘણા અશુદ્ધ ફેરફાર થઈ ગયા છે:–बार मासाणं, चोवीस पख्खाणं, त्रणसें साठ राई दियाणं. કેટલાક આમ પણ કહે છે,–अडतालीस आईत वार, त्रणसें साठ दाहाडानो मिच्छामिडुक्कडं (इच्छामि दुष्करं) એ પ્રમાણે અન્યોન્ય કહે છે. આખા વર્ષમાં એક બીજાને વૈર બંધાયું હોય છે તો ઉપરના વચનથી સર્વે અપરાધ ક્ષમા કરી અન્યોન્ય સલાહ કરવાનો એ વાક્યનો મૂળ હેતુ છે, અને તે હેતુ ઘણો નિર્મળ અને લાભદાયક છે, પણ તે પ્રમાણે સર્વે સમજીને વર્તતા હોય તો ઘણું સારૂં છે. પોતાના ગુરૂની પાસે ક્ષમા માગવામાં આવે છે તે વધારે વિસ્તારવાળી છે અને તેનો હેતુ પણ ઉત્તમ પ્રકારનો છે. ર. ઉ.

૩ સંવત્ ૧૭૦૦(ઈ. સ. ૧૬૪૪)ની પહેલાં ઢુંડિયાનો પંથ ઉત્પન્ન થયો ન હતો એમ કહેવાય છે. ઢુંડિયા શબ્દનો અર્થ "શોધનાર" અને તે ઉપરથી જૈન ધર્મનો સુધારો કરનારા તરીકે એ પંથવાળાઓએ તે નામ ધારણ કર્યું. તેઓના પ્રતિપક્ષી 'તપા' પંથવાળા 'ઢુંડ' એટલે 'છોતરૂં' તે ઉપરથી ઢુંડિયા (ઢુંડિયા) એટલે 'સાવક દાણાનાં છોતરાં' એવો અર્થ લગાવે છે. ઢુંડિયા લોકોને દેવાલય નથી હોતું અને મૂર્તિયો પણ પૂજતા નથી. જીવહિંસા થાય નહિ એવા વિચારથી તેઓ ન્હાતા નથી, અને ઉકાળીને ઠંડું કરેલું પાણી હોય તે વિના બીજું પીતા પણ નથી. ઢુંડિયા સાધુઓ સૂગ ચડે એવા હોય છે, તે પોતાની પાસે માલમિલકત રાખતા નથી. જે સ્થાનકમાં તે રહેતો હોય છે તે પણ તેના પંથિયોનું હોય છે. તે વ્હોરવા જાય છે ત્યારે જ માત્ર પોતાનું રહેઠાણ છોડે છે. તે પોતાના હાથમાં ઓગો રાખે છે, તે વતી જે જગ્યા ઉપર તેને બેસવાનું હોય છે અથવા જે રસ્તા ઉપર તેને ચાલવાનું હોય છે તેના ઉપર કાંઈ જીવજંતુ

તે પર્યુસણમાં "સંથારા"નું વ્રત લે છે, એટલે ખાધા પીધા વિના પ્રાણત્યાગ કરે છે. આ પ્રમાણે કરવાનો સાધુ નિયમ લે છે, એટલે દેશાવરમાં વાત ફેલાય છે, અને તેનાં દર્શન કરવાને ચોમેરથી શ્રાવક લોક આવે છે. કહે છે કે પંદર દિવસ સુધી એ સાધુ બેશી શકે છે અને ત્યાર પછી પથારિયે સુવે છે અને આસપાસ બેઠેલા ભીનું લૂગડું કરીને તેના સોસાઈ જતા શરીરે દાબે છે, પણ કોઇ પણ જાતિનું ખાવાનું નહિ આપવાને બહુ કાળજી રાખે છે.

જ્યારથી, સાધુ વ્રત ધારણ કરે છે, ત્યારથી, તેની માંડવીની તૈયારિયો થવા માંડે છે, ઝળકા અને રંગીન કાગળો ચ્હોડીને શૃંગારેલી માંડવીમાં (પાલખીમાં) તેને બેસારે છે અને નિશાનનગારાં સહિત ધામધુમથી કહાડે છે તે વેળાએ, જે સ્ત્રિયોને છોકરાં થતાં હોય નહિ તે સાધુની માંડવી તળેથી નીકળી જાય છે અને તેનાં લૂગડાંના કડકા લેવાની પેરવીમાં પડે છે.

ભાદ્રપદ શુદિ ચૌદશ તે "અનંત ચૌદશ" કહેવાય છે, એ નામ પૃથ્વીધર શેષશાઇના નામ ઉપરથી પડેલું છે. ગમે તે કાર્યસિદ્ધિને માટે અનંતનું વ્રત ધારણ કરવામાં આવે છે, તે ચૌદ વર્ષ સુધી કરવું પડે છે, પણ તે કરવામાં ઘણી ખટપટ નથી. દર વર્ષે ચૌદ ગાંઠનો નવો દોરો જમણે હાથે બાંધવો પડે છે. વ્રત ધારણ કરતી વેળાએ વિષ્ણુની પૂજા કરે છે, અને નરજાતિ હોય એવા નામના પદાર્થના ભોજનનું નૈવેદ્ય ધરાવે છે. દર વર્ષે નવો દોરો ચૌદ વર્ષ સુધી બદલ્યા પછી ઉદ્યાપન કરવામાં આવે છે તે દિવસે હોમ કરે છે, પછી વિષ્ણુને સારૂ જૂદાં જૂદાં ધાન્યનાં મંડળ પૂરીને ચૌદ ત્રાંબાનાં કોડિયાં તથા નાળિયેર

હોય તે દૂર કરે છે. દમ લેતાં તેના મ્હોમાં જીવજંતુ આવીને ન્હાશ પામે નહિ, એટલા માટે, લૂગડાનો કડકો બાંધી લે છે, તેને મુમતી કહે છે. તેનાં લૂગડાં અને શરીર અતિશય મેલાં હોય છે અને તે ઉપર જીવ પખરાઈ જાય છે.

કાઠિયાવાડ માંહેલા ગોંડલમાં, મ્હોટું શ્રાવકનું દેરાસર છે, ત્યાં, આસરે પંદર વર્ષ ઉપર, ઢુંઢિયા અને તપા વચ્ચે ધાંધળ ઉઠી હતી, તેમાં ઢુંઢિયાની જિત થવાથી તેઓએ મૂર્તિયોનો ન્હાશ કર્યો. ત્યાર પછી વાંકાનેરમાં પણ એવી જ લડાઈ ઉઠી હતી, તેમાં સગાંવ્હાલાં એકબીજા ઉપર હથિયાર લઈને ઉઠ્યાં હતાં. ઝાલા ઠાકોરનાં માણસ લડાઈ થતી અટકાવવાને વચ્ચે પડ્યાં, તેથી બન્ને પક્ષવાળા જુસ્સાભેર તેમના ઉપર તૂટી પડ્યા હતા.

કચ્છના તપાઓને એવું ભય લાગ્યું કે ઢુંઢિયા આપણે ઠેકાણે થઈ જશે, એટલે તેમણે શ્રાવકના બે વિભાગ કરી નાંખ્યા. અમદાવાદમાં તપા અને ઢુંઢિયા એકઠા જમે, છે પણ કન્યા આપતા લેતા નથી. ઢુંઢિયાઓ પોતાના વધારે વૈરાગ્યને લીધે તેમના પ્રતિપક્ષિયો કરતાં આજ સુધી ઘણા સધર્મી મેળવી શક્યા છે, અને એક નવો અને વધારે સખતાઈવાળો પંથ સમવેગી કરીને તપાઓમાં નીકળ્યો છે. ર. ઉ.

મૂકે છે, પછી દેવની સ્થાપના કરીને પૂજન કરવામાં આવે છે. આ વેળાએ બાધા મૂકનાર બીજાં જે કોઈને વ્રત લેવાની ઇચ્છા હોય છે તેને ચૌદ દોરા આપે છે અને સ્ત્રીપુરૂષના જોડાને ઉમામહેશ્વર ઠરાવીને પૂજા કરે છે અને ચૌદ જોડી વસ્ત્ર આપે છે.

અનંતનું પુસ્તક એક પુરાણ ગણાય છે તેમાં કેટલીક કથા છે તેમાં કૃષ્ણે યુધિષ્ઠિર અને બીજા પાંડુપુત્રોને કહ્યું છે કે હું અનંતનો અવતાર છું, માટે એ વ્રત તમે ધારણ કરો. તેનો મહિમા વર્ણવતાં સત્ય યુગમાં એક બ્રાહ્મણની સ્ત્રિયે એ વ્રત ધારણ કર્યું હતું, તેથી પોતાના સ્વામીને ધન કેવી રીતે મળ્યું અને અજ્ઞાનપણે તેના ધણિયે દોરો છોડાવી નંખાવ્યો તેથી તે કેવી રીતે ઓગળી ગયું તેનું કારણ જ્યારે જાણવામાં આવ્યું ત્યારે બ્રાહ્મણે પશ્ચાત્તાપ કરીને અનંતની પ્રાર્થના કરી, એટલે, તેમણે ધન કેવી રીતે આપ્યું, તથા તે સાથે તેને ધર્મ આપીને મરણ પામ્યા પછી વિષ્ણુ લોકમાં વાસ કરવાની આશા કેવી આપી, અને એવી જ બીજી ચમત્કારી વાતો, અનંતની[1] પૂજા કરવાથી કેમ બની તે વર્ણવેલું છે, પણ તે સર્વ આ ઠેકાણે દાખલ કરવાને બની આવે એમ નથી.

આશ્વિન શુદિ પડવાથી તે નવમી સુધી નવરાત્રીના ત્હેવાર ચાલે છે. એ પર્વ શિવની અર્ધાંગના દુર્ગા અથવા કુલદેવીનું ગણાય છે. પર્વને પ્હેલે દિવસે, ભીંતને ધોળીને તેના ઉપર સિન્દુરવતી ત્રિશૂલ ચીતરે છે. માતાનું સ્થાનક પર્વત ઉપર અથવા જંગલ કે એવી જ બીજી જઈ શકાય[2] નહિ એવી જગ્યાએ હોય છે. તેનું અનુકરણ કરવા ત્રિશૂલની આગળ માટી પૂરીને ઢગલામાં ઘઉં, જવ ઇત્યાદિ વાવીને તે ઉપર ત્રાંબાનું પાણીવાસણ મૂકીને તેમાં નાળિયેર મૂકી ષોડશોપચાર પૂજા માંહેલા પ્રથમ ઉપચારથી તેનું આવાહન કરે છે. ત્રિશૂલની પાસે ગરબો કોરાવીને તેમાં દીવો કરી મૂકે છે. ગામડામાં તો ફળિયા વચ્ચે મંડપ કરી ત્યાં મૂકે છે અને દીવા શણગારી તેની આસપાસ તાળિયો પાડીને ગરબા ગાય છે. નવરાત્રીના નવે દહાડા લગી માતાની આગળ ઘીનો દીવો અખંડ બાળે છે, અને ઘરમાંથી જે નવરાત્રી કરતું હોય છે અને

---

૧ શેષ એટલે કાંઈ પણ વસ્તુનું બાકીનું, જેમ કે હસ્તલિખિત પુસ્તકનાં લખવામાં આવેલાં નહિ એવાં કોરાં પાનાં, અને તે ઉપરથી જગતની આસપાસના અને આધારભૂત અવકાશને પણ તે લાગુ પાડવામાં આવે છે. આ પણ વળી "નાગ" (ગતિ હીન) અનંત અને શેષનાગને વળી ભૂધર (ભૂ=પૃથ્વીનો ધર=ધારણ કરવાવાળો) શબ્દ લગાડવામાં આવે છે. અનંતની ચતુર્દશીની કથામાં આ વર્ણન છે. ર. ઉ.

૨ એ ઉપરથી જ દેવીનું નામ, દુર્ગા એટલે જેની પાસે જવાને કઠિણ, એમ પડ્યું છે.

અન્ન ખાતું નથી તે દીવાની સંભાળ રાખે છે. તેની દીવટ સંકોરે છે અને ઘી પૂરે છે. ગોર પૂજા કરાવે છે, અને ચંડીપાઠ કરી જાય છે. આઠમને દિવસે હવન થાય છે. આરાસુરી માતાને દેરે અને ચુંવાળદેવીને પારે કાળી લોકો આવે પ્રસંગે પોતાના સગાંવ્હાલાં કે છોકરાં માંદાં પડ્યાં હોય તેની બાધા રાખી હોય તે પ્રમાણે જીવનું બલિદાન આપે છે. નવમીને દિવસે માટી ઉપર વાવેલા જવારા ઉગ્યા હોય તે નદીમાં કે તળાવના પાણીમાં પધરાવે છે કે જેથી કરીને તે અપવિત્ર થાય નહિ. દીવો ગરબામાં મૂકેલો હોય છે તે સુદ્ધાંત ગરબો લાવીને માતાને ત્યાં મૂકે છે. નવરાત્રીના દિવસોમાં રજપૂત ઠાકોરો અને બીજા ક્ષત્રિય કુળના માણસો પોતાના અને પોતાના આશ્રિતોનું આખા વર્ષમાં ભલું થાય એટલા માટે કુલદેવીના દેરા આગળ પશુવધ કરી બલિદાન આપે છે. નાળ(તોપ)ને તેઓ દુર્ગાદેવીનું સ્વરૂપ સમજીને તેના ઉપર ત્રિશૂળ કાહાડે છે, ચાંલ્લા કરે છે, અને દીવા સળગાવે છે.

નવરાત્રીની નવમીની પછીનો દિવસ "દસરા" કહેવાય છે. એ દિવસે પાંડુપુત્રોએ વૈરાટ નગરમાં પ્રવેશ કર્યો હતો, અને શ્રી રામચંદ્રે લંકાના રાવણ રાજાને મારી નાંખ્યો હતો; તેથી તે એક પર્વ ગણવામાં આવે છે. આ બન્ને વાતો મહાભારત અને રામાયણમાં વર્ણવામાં આવી છે. અર્જુને અને તેના ભાઈયોએ શમી વૃક્ષ ઉપર પોતાનાં હથિયાર રાખ્યાં હતાં તે ઉપરથી દસરાને દિવસે હિન્દુઓ શમીની પૂજા કરવા જાય છે. તેને અપરાજિતા અથવા કદિ જિતાય નહિ એવી દેવીને નામે પંચામૃત[1] છાંટે છે. પાણીનું પ્રક્ષાલન કરે છે, અને વસ્ત્ર ચડાવે છે, તેના મુખ આગળ દીવો પ્રકટે છે, ધૂપ કરે છે, અને ચંદનના છાંટા નાંખે છે, પછી નૈવેદ્ય ધરાવે છે. ત્યાર પછી પ્રદક્ષિણા ફરતાં ફરતાં નીચે પ્રમાણે શ્લોક ભણે છેઃ—

शमी शमयते पापं शमी शत्रुविनाशिनी ।
अर्जुनस्य धनुर्धारी रामस्य प्रियवादिनी ॥
अर्जुनस्य धनुर्धारी, रामस्य प्रियदर्शिनी ।
लक्ष्मणप्राणदातृ च, सीताशोकनिवारिणी[2] ॥

તે પછી તે એક પછી એક દશે દિગ્પાલનું પૂજન કરે છે, તેમાં પ્રથમ તો પૂર્વ દિશાના અધિષ્ઠાતા ઈન્દ્રની નીચે પ્રમાણે પ્રાર્થના કરે છેઃ–

---

૧ દૂધ, દહીં, ખાંડ, ઘી, અને મધ એટલાનું મિશ્રણ. ર. ઉ.

ર અસલમાં જે શ્લોક દાખલ કરેલો છે તે ધર્મસિંધુ નામના ગ્રંથમાં શમીપૂજનનો વિધિ છે તેમાં જેવામાં આવતો નથી. પણ એ વિષેનું એક નિરાળું અષ્ટક છે, તેમાં કદાપિ હશે. ર. ઉ.

"पूर्वस्यां यानि कार्याणि तानि कार्याणि साधय"

"પૂર્વમાં તમારે જે કાંઈ કામ હોય તે સર્વે પરિપૂર્ણ કરો."

એ જ પ્રમાણે બાકીના નવની પ્રાર્થના કરે છે. આ વેળાએ, બળેવને દિવસે રાખડી બાંધી હોય તે તોડી નાંખે છે.

રજપૂત ઠાકોરો દસરાની સાંજે ગઢ રક્ષણ કરનારી ગઢેચી દેવીનું પૂજન કરે છે. શમીપૂજન કરીને ઘર ભણી પાછા વળે છે, ત્યારે, ટોળિયો થઈને ભાલા ફેરવે છે, ઘોડા દોડાવે છે અને સેના જેમ રણક્ષેત્રમાં જતી હોય એવો પ્રકાર મચાવે છે, તોપની સલામતી પણ આપવામાં આવે છે.

ઘણા હિન્દુઓ ઘેર જતી વેળાએ શમીના થડ આગળની માટી, થોડાં તેનાં પાંદડાં, સોપારી, અને દુર્ગાની સ્થાપના કરી હોય તે વેળાએ ત્યાં જે જવારા વાવ્યા હોય તે લે છે. પછી તે સર્વેને એકઠું કરીને બાંધી રાખે છે અને પરગામ જવું હોય છે ત્યારે સંગાથે લેતા જાય છે. જવારા શણગાર તરીકે પાઘડીમાં પણ ઉભા ખોસે છે.

પ્રકરણ ૭.

લગ્ન.

ગૂજરાતના હિન્દુઓની જૂદી જૂદી નાતો બંધાયલી છે અને પ્રત્યેક નાતમાં જૂદાં જૂદાં પાંખિયાં બંધાયાં હોય છે. જ્યારે તેઓમાં લગ્ન થવાનું હોય છે, ત્યારે પોતાના પાંખિયામાં જ લગ્ન કરે છે. બ્રાહ્મણો લગ્ન કરતી વેળાએ ગોત્ર જૂવે છે. ગોત્રનું નામ તેમના પૂર્વજના નામથી પડેલું હોય છે, તે ક્યારે પડેલું તે ચોખ્ખી રીતે તેમના જાણવામાં હોતું નથી. તેથી એક જ ગોત્રમાં તેઓ લગ્ન કરતાં નથી. બીજા જે હિન્દુઓને બ્રાહ્મણોની પેઠે પોતાના પૂર્વજોની વાત જાણવાનું સાધન હોતું નથી તેઓ બ્રાહ્મણોની પેઠે એટલા બધા ચોક્કસ રહેતા નથી પરંતુ ધોરણ તો તે જ રાખે છે. વહીવંચા અથવા નાતભાટ હોય છે તે ઘણું કરીને વીશ પેઢી સુધી તપાશી આપી શકે છે, અને અમુક પ્હેડી સુધી લગ્ન થાય કે ના થાય એવું જે ઠરાવેલું હોય છે તે પ્રમાણે નાતભાટની સૂચના સાથે મેળવી જોઇને લગ્ન કરવું કે નહિ તેનો નિશ્ચય થાય છે. આ નિયમ સિવાય બીજો એક ચાલ છે, તે ઓછો વજનદાર છે, તથાપિ બધે પાળવામાં આવે છે. તેમાં એમ ઠરાવ્યું છે કે મોસાળપક્ષની પાંચ પ્હેઢી લગી તથા ઓરમાઈ મોસાળની ત્રણ પ્હેઢી સુધીમાં લગ્ન થાય નહિ. વળી એમ પણ ઠરાવ્યું છે કે કાકીની બ્હેન સાથે પણ લગ્ન થઈ શકે નહિ.

એક જ નાતમાં જૂદાં જૂદાં કુળ હોય છે તે સર્વની ગણના સરખી થતી નથી. ઘણું કરીને જે કુળના પૂર્વજોએ નાતને જેવો લાભ કર્યો હોય તે પ્રમાણે બીજા કુળ કરતાં તેની વિશેષ કુલીનતા બંધાઈ છે.[1] કન્યાનાં માબાપને, પોતાની પુત્રી સારા કુળમાં પરણાવવાની સદા કાળજી રાખવામાં આવે છે. પુત્રીને નીચા કુળમાં પરણાવવી, એ હલકું ગણવામાં આવે છે, અને રપૂજત, તેમ જ વળી, ગૂજરાતના કણબિયો(પાટીદાર)માં દૂધ પીતી કરી દેવાનો ચાલ એ જ વિચાર ઉપરથી પડેલો છે.[2]

---

૧ મારા "કુળ વિષે નિબંધ"માં આ સંબંધી વધારે ખુલાસાથી લખેલું છે. ર. ઉ.

૨ "ઉચ્ચ જાતિના રજપૂતો તેમની પુત્રિયોને દૂધપીતી કરે છે તેનાં કારણ ઘણાં "છે. પુત્રનું લગ્ન કરતી વેળાએ નાતના ચાલ પ્રમાણે બહુ ભારે ખર્ચ કરવો પડે છે, તેને માટે, આ અપરાધ કરવાની લાલચ મુખ્યત્વે કરીને ઉત્પન્ન થાય છે. તે ચાલ આ "પ્રમાણે છે,--વરકન્યાનાં માબાપ વિવાહ નક્કી કરે છે, એટલે કન્યાના બાપને વરના "બાપ ઉપર નાણાંની એક રકમ મોકલવી પડે છે. આ રકમ મ્હોટી હોતી નથી. દેજ "(દાયજો) અથવા પ્હેરામણી પછડી હોય છે તેનો સુમારે દશમો ભાગ હોય છે. આ "એક બ્હાનાના રૂપિયા જેવું છે, અને જ્યારે ચાંદલાનો વિધિ પરિપૂર્ણ થાય છે એટલે "પછી કન્યાના બાપથી ઠરાવ ફેરવી શકાતો નથી.

"આ પછી લગ્ન આવે છે, તે સમયે અર્ધી પ્હેરામણી આપવામાં આવે છે, અને "જાન જે "બરાત" કહેવાય છે તેનો દિવસ નક્કી કરવામાં આવે છે. બરાતમાં સર્વે "સગાંવ્હાલાંને નોતરવામાં આવે છે અને તેઓને જમાડવામાં અતિશય ભારે ખર્ચ "થાય છે; જેમ વધારે માણસોને કન્યાનો બાપ જમાડે તેમ તે વધારે શોભા અને "માન સમજે છે. આ વેળાએ તે બાકી રહેલી પ્હેરામણી આપે છે. આ રકમ કુટુંબોના "કુલીનપણા પ્રમાણે નિરનિરાળી હોય છે, તો પણ કન્યાના બાપને દેવામાં અને સંકટમાં "નાંખવાને ઘણું કરીને પૂરતી હોય છે. સારી પ્હેરામણી આપ્યા વિના ઉંચા કુળનો વર "મળતો નથી; અને જાન તથા પરજાન જમાડવાનું ભારે ખર્ચ કરે નહિ તો લોક તેને "ગરીબ અને મખ્ખીચૂસ કહીને ધિક્કારે છે. એટલા માટે જ ઉચ્ચ કુલના અને મમતીલા "ઠાકોરોને પુત્રિયો જન્મે તેનો અભાવ હોય છે. બીજું કારણ એ છે કે કોઈ માણસ "તેમને સાળા અથવા સસરા કહે તેનો ધિઃકાર આંધળા અભિમાનને લીધે હોય છે. "દૂધપીતી કરવાનો ચાલ એકલા એકલા રજપૂતોમાં જ છે એમ નથીઃ **આહીર**ની જાતિમાં "પણ છે. **આહીર**ના એક ગામમાં એંશી છોકરા વચ્ચે માત્ર દશ દીકરીઓ હતી. તે "ગામના મુખ્ય મુખ્ય લોકોને અમે સમજુત આપી હતી તે અમને સાંભરે છે. તેઓએ "કહ્યું કે, સાહેબ! 'વાણિયા અને બીજી એવી જ જાતિના લોકોને દીકરીયો આવે તે સર્વ "ઠીક છે, પણ અમારી જાતિને ત્યાં ભાગ્યે જ અથવા કદિયે દીકરી જન્મતી નથી." (વાયુકોણના પ્રાન્તોમાંના જમીનના ભોગવટાના વહિવટ વિષે વિષય ઓકટોબર ૧૮૫૦ ના માસના "**બનારસ મેગેઝીન**"માં છપાયો છે તે ઉપરથી.) ર. ઉ.

છોકરાના માબાપને ઓછા પ્રકારની કાળજી રાખવી પડે છે એમ નથી, પરંતુ તેનો પ્રકાર જૂદો છે. ચોક્કસ મનુષ્યો હોય છે તે આવે પ્રસંગે ઘણાં ખર્ચ કરતાં નથી, પણ એવા લોક ઓછા છે તેથી ચાલતો ધારો એવો પડી ગયો છે કે લગ્નના અવસરને માટે દેવું કરવું પડે છે અને ડાહ્યું કે ઘેલું ગમે તે હોય, તો પણ, લગ્નને પ્રસંગે તેઓને પોતાના ગજા ઉપરાંત ખર્ચ કરવો પડે છે. પરણ્યા વિના રહેવું એ ઘણું નીચું ગણવામાં આવે છે. જે માણસને સંતાન થતું ના હોય તે વાંઝિયું ગણાય છે; સવારના પ્રહરમાં તે મળે તો અપશુકન થયા એવું ગણવામાં આવે છે; તે મરી જાય છે ત્યારે પ્રેત થાય છે, અને પોતાની અસલની જગ્યાએ રહીને, વાંઝિયા રહેવાથી તેને જે સુખ મળી શકવાનાં નહિ તે સુખ બીજાઓને ભોગવતા જોઇને દાઝવું પડે છે.

કેટલીક નાતોમાં તરેહવાર ચાલ છે તે આ ઠેકાણે લખવા યોગ્ય છે. કૈડવા કણબીની નાતમાં, એક પ્રકારના નક્ષત્રનો યોગ આવે છે ત્યારે લગ્ન થાય છે અને તે પ્રતિતેર વર્ષે આવે છે માટે તેમનાં પ્રસવ થયા વિનાનાં છોકરાને, (પછી તે છોકરો હોય કે છોકરી) પરણાવી મૂકવાં પડે છે[1] આવો ચાલ એ લોકોમાં છે એવું તેઓ કહેતા નથી. પણ બીજા લોકો કહે છે. ભરવાડ લોકો સુમારે પ્રતિ દશ વર્ષે એક વાર લગ્નનો દિવસ ઠરાવે છે અને રજપૂત ઠાકોર પાસેથી અથવા તેમના ઉપર જે રાજા હોય તેની પાસેથી જમીનનો એક ભાગ વેચાતો લઈને તે ઠેકાણે લગ્ન કરે છે. આ લોકોને પણ ઉપરના કારણને લીધે બબ્બે અને ત્રણ ત્રણ મહિનાનાં છોકરાં પરણાવવાં પડે છે. એક વાર જે જગ્યામાં લગ્નની ક્રિયા કરવામાં આવે છે તે ઠેકાણે બીજી-વાર તેવાજ કામમાં તે વાપરી શકાતી નથી. તેમજ તેને ખેડવાના ઉપયોગમાં નહિ આણતાં પડતર રાખવી પડે છે. આ ઠેકાણે ભરવાડ લોકો લાકડાનો

પાટીદાર લોકોમાં કન્યાના બાપને ઘણો ખર્ચ થતો અને તેથી ઘણું કરીને તેઓ દેવામાંથી કદિ મુક્ત થતા નહિ. કન્યાના બાપને કાયર થઈ જાય એ પ્રમાણે તેના સંબંધી વેઠવું પડતું અને તેથી કંટાળી જઈને દૂધ પીતી કરતા. પણ નડિયાદના પ્રસિદ્ધ દેશાઈ બિહારીદાસ અજુભાઈ ઉરફે ભાઉ સાહેબ અને તેમના વડા પુત્ર હરિદાસના શ્રમથી એ જાતિના લોકો સુખી થાય અને ખર્ચમાં આવી પડે નહિ એવા નાતના ધારા અમલમાં આવ્યા છે, અને તેથી તેમણે પોતાના દુઃખસહનકર્ત્તા જ્ઞાતિવાળાઓનો આશીર્વાદ મેળવ્યો છે. ર. ઉ.

૧ રાજમહાલના ડુંગરામાં એવો ચાલ છે કે જ્યારે બે પડોશીની સ્રિયોને ગર્ભ હોય છે ત્યારે તેઓ ઠરાવ કરી રાખે છે કે આપણને જો દીકરો અને દીકરી અવતરે તો એક બીજા સાથે પરણવવાં. એશિયાટિક રીસર્ચીસ ભાગ ૪ થો, પૃષ્ઠ ૬૩.

કોતરેલો એક સ્થંભ રોપે છે. તે લગ્નસ્થંભ કહેવાય છે અને તેને લીધે તે જગ્યા ઓળખાઈ આવે છે.

વરકન્યાના લગ્નનો ઠરાવ નાળિયેર આપીને કરવામાં આવે છે. ધનાઢ્ય હોય છે તે નાળિયેરને સોના તથા જવેરથી મઢે છે. જેને ગરજ હોય છે તેના ભણીથી માગું કરવામાં આવે છે અને વર કે કન્યાના બાપને જો કોઈ સારા કુળમાં સંબંધ કરવો હોય છે તો પોતાના કુળના પ્રમાણમાં પૂરત કરી આપવી પડે છે. જો બંને કુળ સમાન હોય તો કન્યાનો બાપ માગું કરે છે અને એકે જણને કાંઈ આપવું પડતું નથી. વર જ્યારે ઉંચા કુળનો હોય છે ત્યારે તેને કન્યા મળતાં અડચણ પડતી નથી, અને ઘણી વાર બહુ લોક તેને માગાં કરે છે. ગોર અથવા કોઈ વરનું સગું હોય છે તે કન્યાને ઘેર જઈને જાતે ચોક્કસાઈ કરે છે કે કન્યા આંધળી, લંગડી કે કાંઈ ખાંપણવાળી તો નથી, તેમ જ તે સર્વ પ્રકારે ગ્રહણ કરવા યોગ્ય છે કે નહિ. આવે પ્રસંગે ઘણી વાર ગોરનું ખીસ્સું ભરાય છે, અને પોતાનો લાભ સાધવાને માટે તે ઘણી વાર પોતાના યજમાનને ઠગે છે, એટલે, કન્યામાં કાંઈ ખાંપણ હોય છે તો તે દબાવી રાખે છે, અથવા તેના કુળની ખોટી ઉપમા વધારે છે. આવે પ્રસંગે ગોર દગો કરે છે તે ઉપરથી હિન્દુઓમાં એક કહેવત ચાલી છે કે, "નરકમાં બૂડી મરવા જેટલો પાપનો બોજો રાજા ત્રણ માસમાં "એકઠો કરે છે, ધર્મશાળાનો ઉપરી ત્રણ દિવસમાં કરે છે, પણ ગોર તો "ત્રણ ઘડીમાં કરે છે."

માગું કબૂલ કર્યા પછી, વધારે બંધન કરનારો વિધિ થાય છે. વરને ઘેર બંનેના ભણીનાં સગાંવ્હાલાં મળે છે. ત્યાં વરનો બાપ ગણેશની પાષાણની કે ધાતુની મૂર્ત્તિ પાણીવતે નવરાવીને દૂધથી ન્હવરાવે છે ને ફરી પછી પાણીથી ન્હવરાવે છે, એટલે શાસ્ત્રમાં લખ્યા પ્રમાણે પંચામૃતથી ન્હવરાવવા જેવું કરીને પછી ચાંલ્લો કરે છે. વિઘ્નરાજ એટલે વિઘ્નનાશક ગણપતિની તે પૂજા કરતાં નીચે પ્રમાણે શ્લોક ભણે છે:

वक्रतुण्ड महाकाय सूर्यकोटिसमप्रभ ।
अविघ्नं कुरु मे देव सर्वकार्येषु सिद्धिद ॥ १ ॥

હે વાંકામુખવાળા! મ્હોટી કાયાવાળા, કોટી સૂર્યના જેટલું તેજ જેમાં છે એવા, અને સર્વ કાર્યમાં સિદ્ધિ આપનાર, મારા કામમાં વિઘ્ન આવે નહિ એવું કરય.

કન્યાનો બાપ પછી વરના બાપને નમસ્કાર કરે છે, અને શુભ લક્ષણસૂચક એવું જે કંકુ તેથી તેના પગ રંગે છે, તથા તેની પોશમાં સોપારી,

હળદર અને પુષ્પ આપે છે, તે એવું બતાવવાને કે, મેં મારી કન્યા દીધી. ત્યાર પછી તે વરને ચાંદલો કરે છે અને તેના હાથમાં નાળિયેર આપે છે. તે નાળિયેર મઢેલું આપવાની તેનામાં શક્તિ હોતી નથી તો તેના ઉપર કંકુનાં ટપકાં કરે છે અને ઉપર રુપાનાણું મૂકે છે, પછી ગોર પ્હેઢીનામું ભણી જાય છે અને વિધિનો પાર આવે છે. ઘરની સ્ત્રિયો તથા પાડોશીની બાયડિયો મળીને પ્રસંગને અનુસરતાં ગીત ગાય છે, ત્યાર પછી, તેમને ધાણા નાંખેલો ગોળ આપે છે.

સાધારણ ધારો એવો છે કે કરેલો વિવાહ ફોક થાય નહિ; પરંતુ જૂદી જૂદી નાતોના ધારા જૂદા જૂદા છે. રજપૂત લોકોમાં એવો ધારો છે કે વિવાહ કર્યા પછી વર મરી જાય તો જે કન્યા બ્હેરે તેનો વિવાહ કર્યો હોય તે વિધવા થઈ એમ ગણવામાં આવે છે. અને તે પરણે તરમાં આવી શકતી નથી, તેમ જ એથી ઉલટી રીત બ્રાહ્મણોમાં જોવામાં આવે છે તે એ કે હસ્તમેલાપ થયો હોય નહિ અને બીજી ગમે તે ક્રિયા થઈ હોય પરંતુ તેઓ પોતાની મેળે બંધાઈ ચૂકેલા સમજતા નથી. ઘણી ખરી નાતોમાં, વિવાહ થયેલી કન્યાનો વર મરી જાય તો તેને વિધવા ગણવામાં આવતી નથી અને બીજી ઘણી નાતોમાં વિવાહ કરેલો વર જીવતો હોય છતાં તેને ઘણો સખ્ત રોગ થયો હોય તો નાતની આજ્ઞા મેળવીને બીજા બ્હેરે પરણી શકે છે.

કૈડવા કણબિયોને જ્યારે વર મળતો નથી, ત્યારે, ઘણી વાર તેઓ પોતાની કન્યાને ફૂલના દડા બ્હેરે પરણાવી મૂકે છે, પછી બીજે દિવસે દડાને કૂવામાં નાંખી દે છે અને એ પ્રમાણે વરનો નિવેડો થઈ ગયો, એટલે તે પુનર્લગ્ન અથવા નાતરૂં કરવાને યોગ્ય થાય છે. એવો જ એક ધારો કન્યાને હાથવર સાથે પરણવાનો છે. નાતનો ગમે તે કોઈ પુરૂષ અગાઉથી કબૂલ થાય છે કે મને આટલા રુપિયા આપશો તો કન્યા સાથે હાથમેળાવો થાય પછી તરત જ હું તેના ધૂટાછેડા કરીશ. આવી સરતે પરણીને છૂટી થયેલી કન્યા નાતરું કરે છે.

ખર્ચ થાય નહિં એટલા માટે ઉપર પ્રમાણે વિધિ કરવામાં આવે છે. નાતરું કરતી વેળાએ કન્યાના બાપને ખર્ચ કરવો પડતો નથી. પણ માત્ર વરની સાથે તેના સગાંવહાલાં જે આવે છે તેઓને જમાડવાં પડે છે. કન્યાનાં વસ્ત્ર વર પૂરાં પાડે છે. પરણાવ્યા વિનાની કન્યાનું નાતરું થઈ શકતું નથી.

જ્યારે કન્યાનું વય નવ કે દશ વર્ષનું થાય છે ત્યારે જોશીને બોલાવીને લગ્નનું મુહૂર્ત ઠરાવે છે. તેમાં કુટુંબમાં કાંઈ શોક હોય તો વીતવા દે છે, લગ્નનો દિવસ ઠરયા પછી વર અને કન્યાનાં સગાંવ્હાલાંને કંકોતરિયો મોકલવામાં

આવે છે. તે લખીને પછી તેમાં કંકુના છાંટા નાંખે છે અને તેની મતલબ ઘણું કરીને નીચે પ્રમાણે હોય છેઃ–

"સ્વસ્તિ શ્રી અમદાવાદ મહાશુભ સ્થાને પૂજ્યારાધે અનેક સર્વે શુભોપમા-
"યોગ્ય, પરોપકારી, સર્વસદ્દગુણના નિધાન, સકળકળાગુણજાણ, ઉત્તમોત્તમ,
"ચૌદવિદ્યાગુણજાણ, શેઠજી શ્રીપાંચ, શેઠ સામળદાસ બેહુચરદાસ તથા શેઠ
"કરમચંદ પ્રેમચંદ, દિનદિન અધિક પ્રતાપ જોગ શ્રી મહુવા બંદરથી લી૦
"શા૦ આત્મારામ ભૂધરદાસના જયગોપાળ વાંચજો. વિશેષ લખવા કારણ
"એ છે જે, અત્રે સર્વ કુશળ છે. તમારી કુશળતાના પત્ર લખજો. બીજું બ્હેન
"કંકુબાઈનાં લગ્ન ચૈત્રવદિ બીજ ને બુધવારનાં નિરધાર્યાં છે, માટે તે ઉપર
"સાથ સર્વેને તેડીને વેહેલા પધારજો, તમો આવ્યાથી મંડપને શોભા મળશે."

પછી તિથિ લખવામાં આવે છે, કોઈ વાર તો આગળ ઉપર કંકોતરી લખી હોય ને તે પ્રસંગે કોઈ આવ્યું હોય નહિ ત્યારે નીચે પ્રમાણે વધારે લખવામાં આવે છેઃ–

"તમે ભાઈ છગનના લગ્ન ઉપર આવી શક્યા ન હતા, તેથી આ ફેરો
"જો આવશો નહિ તો તમારે ને અમારે ફરીને ભેગાં બેશીને પાણી પીવાનો
"વ્યવહાર રહેશે નહિ. થોડું લખ્યું ઘણું કરી વાંચજો."

લગ્નના વીશ દિવસ આગમચ ઘરને ચોખ્ખું કરીને શોભાવવામાં આવે છે, અને ધનવાન્ લોકો તો મોતીનાં અને ભરતનાં તોરણ બાંધે છે, અને ગરીબ લોક આસોપાલવનાં બાંધે છે. ઘરને આંગણે મંડપ બાંધવામાં આવે છે. ગરીબના ઘરનો મંડપ સાધારણ થાય છે. પણ ધનવાન્નો ઘણો શોભાયમાન્ બનાવી દે છે, તકતા બાંધી દે છે, અને હાંડિયો લટકાવે છે, મૂલ્યવાન પડદા લગાવે છે અને મખમલના ગાલીચાથી અને ભભકદાર ચીજોથી આખો મંડપ ઝગઝગાટ કરી મૂકે છે. મંડપના એક ખૂણામાં એક લાકડાનો થંભ જે માણિક્યસ્તંભ ક્હેવાય છે તે ઉભો કરવામાં આવે છે, તેને પુષ્પ ચડાવે છે અને બીજા શૃંગારથી શોભાવીને તેની પૂજા કરે છે. મંડપમાં ગ્રહ, ગણપતિ–વિઘ્નરાજ અને પૂર્વજની પૂજા થાય છે–છેલ્લાની પૂજા એટલા માટે થાય છે કે કુટુંબમાં કોઈના જન્મથી કે મરણથી સૂતક આવી પડે નહિ.

રહેવાના ઘરમાં ગોત્રજની સ્થાપના કરે છે. ભીંતને ધોળીને ઉપરથી એક, તેની નીચે બે અને તેની નીચે ત્રણ એ પ્રમાણે શંકુ આકારે ચડતા સાત સુધી કંકુના ચાંદલા કરે છે ને તેની નીચે ઘીના સાત ચાંલ્લા કરે છે તે ગરમીથી પીગળે છે તેથી તેના નીગાળા ઉતરે છે. એ પ્રમાણે ગોત્રજનું ઝાડ પૂજા કરવાને થાય છે.

વરરાજાને, તેમજ કન્યાને (પોતાના બાપને ઘેર) પોતાના ઘરની છત પ્રમાણે શણગારવામાં આવે છે. જો તે રજપૂત હોય છે તો કીનખાબનો કે જરીનો સુરવાળ પ્હેરે છે. જો તે બ્રાહ્મણ કે વાણિયો હોય છે તો રેશમી કોરનું ધોતિયું પ્હેરે છે, અને ત્યાર પછી લાલ પીળો જામો પ્હેરે છે, અને દુશાલો અથવા ખેસ રાખે છે; માથે શિરબંધ અથવા લાલ રંગની પાઘડી પ્હેરે છે. કન્યાનો બાપ તેને પીળો ઉતરિયો આપે છે. કન્યા ધોળા રેશમની કાંચળી પ્હેરે છે અને પીળો કે લાલ ચણિયો પ્હેરે છે તથા ઉપર ચૂંદડી ઓઢે છે. વિવાહના દિવસમાં કન્યા માથે મોડ ઘાલે છે અને તેના ઉપર મ્હોટો ચોખંડો લાલ કકડો નાંખે છે તે ઓજલ પડદાનું કામ સારે છે. વરને અને કન્યાને જમણે હાથે મીંઢળ બાંધવામાં આવે છે તે લગ્ન થઈ રહ્યા પછી છોડી નાંખે છે. હિન્દુમાં ગરીબના છોકરાનું લગ્ન થવાનું હોય છે ત્યારે વરને એક સોનાની ઉતરી અને પરવાળાની માળા એટલું ધર્યા વિના ચાલતું નથી. તે કોઈની પાસેથી માગી લાવે છે અથવા ભાડે આણે છે. તે આ વેળાએ વરરાજાનું પદ ધારણ કરે છે. તેની સાથે તેના સમોવડિયા સોબતિયો હોય છે તેઓ અણુવર[1] કહેવાય છે અને ઘણું કરીને વરના કરતાં ન્હાના હોય છે તેથી વરના ભણીનો કન્યાને સંદેશો આદિ કહેવા જાય તો કન્યાને તેની લાજ કહાડવી પડતી નથી. વળી તે વરરાજાનો જામદાર થાય છે. લગ્નની ક્રિયા થઈ રહ્યા પછી ગૉરનો પોષાક અને સાળાની કટારી ઈત્યાદિ જે આપવું પડે છે તે આપે છે અને તેને માટે જે ખરીદવું હોય છે તે ખરીદે છે.

રાત્રિની વેળાએ વરરાજા પોતાના નવા મેળવેલા રાજશ્રી ડૉળમાં દેખાવ દે છે. વરઘોડાની આગળ વાજિંત્ર વાગે છે અને ગવૈયા તથા નાચણો ત્યાર પછી રજુ થઈ જાય છે; તેઓની પછવાડે વરરાજાનાં સગાંવ્હાલાં અને બીજા પરોણા ચાલે છે. તેઓ ઘોડે કે હાથિયે બેઠેલા હોય છે તથા તેમની આસ-પાસ મશાલચી હોય છે, તેમજ ઘોડેસવાર અને પાડા પણ પડખે ચાલે છે; બંદુકોના અવાજ થાય છે, અને ચોગરદમ ગુલાલ ઉડી રહે છે, રણશિંગાંના અવાજ થાય છે, અને ઢોલના અવાજ કાનને બ્હેરા કરી નાંખે એવા થાય છે; આસપાસ ગરદ ઉડે છે, તેથી મશાલો દેખાય નહિ એવી ઝાંખી થઇ જાય છે. પછી વરરાજા પોતાના શણગારેલા ધોળા ઘોડા ઉપર અશ્વાર થયેલા આવે છે, તેની અગાડી એક છડીદાર ચાલે છે, તેણે લાલ ડગલો પ્હેરી લીધેલો હોય છે, એક જણાએ તેના ઉપર છત્ર ધારણ કરેલું હોય છે.

---

૧ કન્યા દર્શીયાં કરવા જાય છે તેની સાથે જે છોકરો જાય છે તે અણુવર કહેવાય છે. જૂદી જૂદી નાતોમાં જૂદી જૂદી રીતો પડી ગઈ છે, માટે પાઠાફેર જોવામાં આવે છે. ર. ઉ.

વરરાજાના હાથમાં જડિત્ર નાળિયેર આવી રહ્યું હોય છે. તેની પછવાડે સાંઢ ઉપર ડંકા નાંખી દીધા હોય છે, તે ચાલે છે એટલે ડંકાને જડેલી લાલ કિનારી ફરફર થઈ રહે છે અને ડંકાનો અવાજ દબદબાભરેલો થાય છે. ત્યાર પછી પછવાડે સ્ત્રિયોની હાર લગ્નનાં ગીત ગાતી ચાલે છે.

જે વેળાએ અણુહિલવાડમાં સિદ્ધરાજ જયસિંહ માળવો જિતીને આવ્યો તે વેળાએ, દબદબાથી રાજઅશ્વારી ચાલેલી તથા કુમારપાળની વેળામાં શિવભક્તોની સાથે વાદ કરીને શ્વેતામ્બરધારિયો જિતીને દબદબાની સાથે પાછા આવતા તે સમયનું થોડું ઘણું ભાન આવા વરઘોડા ઉપરથી આપણને થાય છે. વરરાજાનાં સગાંવ્હાલાં, જેમ જેમ તેમના ઘર આગળ થઈને વરઘોડો ચાલતો જાય છે તેમ તેમ સાજન મહાજનને નાળિયેર લાવીને આપે છે. બીજી બધી અશ્વારિયો અથવા કદાપિ ગામનો ધણી ચડ્યો હોય તો પણ તે વરરાજાના વરઘોડાને રસ્તો આપે છે, અને કદાપિ બે વરરાજા સામા સામી મળે છે, તો બંને જણા અર્ધોઅર્ધ રસ્તો આપે છે. આ પ્રમાણે ગામ વચ્ચે થઈને વરઘોડો જે ઘેરથી નિકળ્યો હોય છે ત્યાં પાછો આવે છે. ત્યાં વરની મા ન્યુનચન કરે છે, તેમાં ખૂણુ કરી બતાવીને, પુત્રપ્રેમ આગળ બીજું અગત્યનું પણ કશા કામનું નથી એમ વગર બોલ્યે ભાવ કરી બતાવે છે. તેના માથા ઉપર પૂરી અને પછી પાણીનું એક વાસણ ફેરવીને નાંખી દે છે; ત્યાર પછી સંપુટ લે છે તે બે કોડિયાંને એક બીજા ઉપર મૂકીને વચ્ચે ચોખા પૂરીને બાંધી લઈ બનાવેલું હોય છે; તે એક જાતનો કોઠાર ભરેલો દર્શાવે છે, તે વરાજાના પગ આગળ મૂકે છે, તે પછી, જમણે પગે ભાગી નાંખીને માને ભેટવાને ઘરમાં પ્રવેશ કરે છે.

વરરાજાને પરણવાનો દિવસ ઠરાવેલો હોય છે તેની અગાઉ વરનાં સગાંને ઘેરથી વારા ફરતી ફૂલેકાં ક્હાડવામાં આવે છે, તે જાન નીકળતાં સુધી ચાલે છે અને જાન જ્યારે કન્યાને ત્યાં પ્હોંચે છે ત્યારે વસ્તીની બહાર મેલાણ કરે છે.

કન્યાનો બાપ રાત્રિએ પોતાના ભણીથી સામૈયું[૧] લઈને જાન ઉતરી હોય છે ત્યાં જાય છે, તેમાં સાથે સ્ત્રિયો અને મશાલો ઇત્યાદિ હોય છે. ગામમાં જાનીવાસાની જગ્યા ઠરાવી રાખી હોય છે ત્યાં જાનને લઈ જાય છે. કન્યાને

૧ આ પ્રમાણે સામૈયાનો અથવા માન આપવાને સામા જવાનો ચાલ એકલા લગ્નની જ બાબતમાં નથી, પણ જ્યારે કોઈ માનવંતો જન આવે છે ત્યારે પણ તે ચાલ સાધારણ છે. ઉદાહરણને માટે જગદેવ પરમારની વાતમાં પ્હેલા ભાગના આઠમા પ્રકરણમાં જૂવો. વળી એવો ચાલ યૂરોપના જમીનદારી સંસ્થાનોમાં પણ હતો. ર. ઉ.

ઘેર તોરણ બાંધેલું હોય છે, તે વર જો રજપૂત જાતિનો હોય છે તો પોતાના ભાલાવતે તોડી પાડે છે અને બીજી વર્ણનો હોય છે તો એમ ને એમ રહેવા દે છે, તે એની મેળે ગમે ત્યારે તૂટી પડે છે.

જે દિવસે લગ્ન થવાનું હોય છે તેની સવારમાં કન્યાની મા અને તેનાં સગાંવ્હાલાં તેને શણગારે છે અને ચૂડો પેહેરાવે છે તે હાથી દાંતનો લાલ રંગેલો હોય છે. વરરાજાને પણ તેના મિત્રો શણગારી રાખે છે અને ગાજતે વાજતે કન્યાને માંડવે લઈ આવે છે. ત્યાં આગળ કન્યાની મા ન્યુનચન કરે છે. તે વરરાજાને ચાંલ્લો કરે છે, બળદનું ધૂસરૂં, સાંબેલું, વલોવવાનો વાંસ, ત્રાક, સરિયો, ઘઉંના લોટની પૂરી અને રાખની થપોલી તેના મ્હોં આગળ ધરીને ફ્હાડી નાંખે છે. રાખની થપોલી ધરવાનું કારણ એમ જણાવે છે કે તમારા શત્રુની આંખમાં ધૂળ પડશે. પછીથી સંપુટ મૂકે છે.

ન્યુનચન થઈ રહ્યા પછી, વરરાજા મંડપમાં આવે છે. ત્યાર પછી, કન્યાનો બાપ તેના પગ ધોઈને કંકુનો ચાંલ્લો કપાળે કરે છે અને કન્યાને તેની પાસે આણીને બેસારે છે.[1] આગળ ગોમદની ક્રિયા થતી તેના સ્મરણાર્થે જ્યારે વરરાજા મંડપમાં વિરાજે છે ત્યારે એક બાજુએ ગાયને લાવીને બાંધે છે, તેને ઘાસ નીરે છે, પછી વરરાજા અને તેના મિત્રો તેની પૂજા કરે છે. લગ્નના મુહૂર્તને માટે પાણીની ઘડી માંડે છે, અથવા કેટલીક વાર તો ગોધલી સમય પસંદ કરે છે. જ્યારે સમય થાય છે ત્યારે કન્યાનો બાપ તેનો હાથ વરરાજાના હાથમાં આપે છે અને તેની સાથે તુળસીપત્ર સમર્પણ કરે છે અને ક્હે છે કે "આ હું કૃષ્ણાર્પણ કરૂં છું." હસ્તમેળાપ કરાવ્યા પછી ગોર બંનેને વરમાળ આરોપે છે. તે નાડાના ચોવીશ તાંતણાની બનાવેલી હોય છે. આ વેળાએ વરરાજાના ગોઠિયા, બંનેના હાથ મેળવેલા હોય છે, તેના ઉપર લાલ લૂગડું નાંખીને તેમના હાથમાં સોપારી આપે છે. વરકન્યાનું જોડું એક પ્રહર લગી મંડપમાં બેઠેલું રહે છે.

મંડપની બહારની બાજુએ ચોરી બાંધેલી હોય છે તેને અકેકે ખૂણે એક ઉપર એક એવાં ધાતુનાં કે માટીનાં નવ વાસણ ગોઠવવામાં આવે છે અને વાંસના આધારથી તેવી સ્થિતિમાં તે રહી શકે છે, મધ્યમાં વેદી કરેલી હોય છે અને તેની આસપાસ વરકન્યા બેસે છે. ગોર હવન કરે છે અને વરકન્યાના છેડા ગાંઠે છે. પછી કન્યાની મા કંસાર લાવે છે. તેમાંથી કન્યા વરને આરોગાવે છે અને પછી વર કન્યાને આરોગાવે છે. આ સર્વે વિધિ

૧ ઉચ્ચ વર્ણમાં વરની સમક્ષ કેટલોક વિધિ થઈ રહ્યા પછી કન્યાનો મામો કન્યાને માયરામાં પધરાવે છે. કેટલીક નાતોમાં સર્વે વિધિ બે દિવસે પૂરો થઈ રહે છે. ૨. ઉ.

ચાલે છે તેવામાં સ્ત્રિયો ગીત ગાયાં કરે છે, તે ઘણું કરીને સીતા અને રૂક્મિણિ જે રામ અને કૃષ્ણની સ્ત્રિયો કહેવાય છે તેમના સંબંધી હોય છે; અથવા કેટલાંક હસવા જેવાં અને બીભત્સ હોય છે. ગૂજરાતના પ્રખ્યાત કવિયો માંહેલા એક કવિયે "સીતાવિવાહ" જોડેલો છે તેની થોડી ટુંકો અમે નીચે દાખલ કરિયે છિયે:–

મહા ગુરુને પાય હું લાગીને, નમું ગણપતિ રાય;
સિદ્ધિ બુદ્ધિ હું જાચું છું તે થકી, મનની ઇચ્છા પૂરાય.
રામ કેરો વિવાહ હું ગાઉં છું.
જાણું પિંગળ નહિ, પણ મન વિષે, કવિતા રચવાના કોડ,
શક્તિ સર્વે યોજીને હું ગાઉં છું, કવિયો દેશો માં ખોડ,
રામ કેરો વિવાહ ગાઉં છું.
દશરથ રાજા અયોધ્યા તણો ધણી, તેના કુંવર શ્રી રામ;
જનકપુરીનો જનક રાજા પામિયો, કુંવરી સીતાજી નામ.
રામ કેરો વિવાહ હું ગાઉં છું.
છે આ વૈકુંઠપતિ શ્રી રામજી, સીતા લક્ષ્મી કહેવાય,
બન્ને માનવી દેહ ધરી વરચાં, ગાતાં તે પાપ જાય.
રામ કેરો વિવાહ હું ગાઉં છું.
જન્મ્યાં જાનકી કયમ તે પ્રથમ કહું, પછી વિવાહનીવાત,
ઋષિ વસતા ત્યાં રાવણે કયમ કરી, કરચો મહા ઉતપાત.
રામ કેરો વિવાહ હું ગાઉં છું.

છેલ્લી વારે વરકન્યા ચાર વાર મંગળ ફેરા ફરે છે, અને પછી લગ્નની ક્રિયા સંપૂર્ણ થાય છે.

વર જો રજપૂત હોય છે તો જાતે પરણવા જવાને બદલે ઘણી વાર પોતાનું ખાંડુ મોકલે છે. તે તેને ઠેકાણે ગણવામાં આવે છે અને પોતે હાજર હોય તેમ સર્વ ક્રિયા તેની સાથે થાય છે પણ મંગળફેરા માત્ર બે વાર ફરવામાં આવે છે અને બાકીના બે વરકન્યા એકઠાં થાય છે ત્યારે પૂરા કરવામાં આવે છે. આવો ચાલ પડવાનું મૂળ કારણ સો વશા તો, કેટલાકની બાબતમાં છૂપાં લગ્ન કરવાની અગત્ય પડેલી તે ઉપરથી પડ્યો હશે[1] તે પછી સુલભ પડવા માંડ્યું અને મુખ્યત્વે કરીને ખર્ચ ઓછો થવા માંડ્યો તેથી એવો જ ચાલ ચાલતો રાખ્યો.

૧ ટૉડકૃત રાજસ્થાનના પ્હેલા ભાગને પૃષ્ઠ ૩૦૮ મે મેવાડના રાણા રતનષે લખેલું છે તે જુવો.

મંગળફેરા ફરી રહેવા આવે છે ત્યારે ધ્રુવનો તારો અને સપ્ત ઋષિના તારાનાં દર્શન કરાવે છે, ત્યાર પછી, તેમના સગાંવ્હાલાં ચાંલ્લા કરી રૂપિયા આપે છે, તે તેમનાં માબાપ પોતાની પાસે રાખે છે.

વરકન્યા પછી વરને ઘેર આવે છે, અને તેની મા બંનેને ન્યુનચન કરે છે. ત્યાર પછી વરકન્યા ગોત્રજની પૂજા કરે છે અને સોપારી, ખારેકો, અને રૂપિયા એ ત્રણે વાનાં સાત સાત લઈને એક વાડકીમાં ઘાલીને દાવ રમે છે; તેમાં જે જિતે તેનું ચલણ થાય એમ માને છે. કન્યાનો બાપ જાન વિદાય કરતી વેળાએ છાબપૂજા કરતાં વરનાં સગાંવ્હાલાંને ચાંદલા કરે છે અને પાઘડિયો બંધાવે છે[૧]

જ્યારે જાનને વિદાય કરવામાં આવે છે, ત્યારે કન્યા ભણીના લોકો કેસુડાનું પાણી છાંટે છે અને પછવાડે અંગરખાને કંકુના થાપા મારે છે. વળી વરને રથે ખાવાનું માટલું અને રામણ દીવો બાંધે છે. તે એવું બતાવવાને કે આ લગ્ન થયું તેથી વરના કુટુંબમાં કન્યાના બાપે દીપકનો પ્રવેશ કરાવ્યો. તેમ જ વળી વરકન્યાનાં નાળિયેર જે વિધિ થતાં લગી તેમના હાથમાં રહેલાં હોય છે તે વધેરી નાંખવા સારૂ ગાડિયોના ચીલા વચ્ચે મૂકે છે. ગામમાંથી વાધે છે એટલે વરરાજાનાં સગાં, બ્રાહ્મણ કરીને ભાટ અને ગવૈયા આદિને કાંઈ આપીને વિદાય કરે છે. પછી જાનૈયા ગામને તળાવે ગયા હોય તે સર્વેને એકઠા કરીને તૈયાર થઈ ઘેર આવવા નીકળે છે.

કન્યા પોતાના વરની સાથે તેને ઘેર જાય કે ત્યાં આશરે મહિનોક રહે છે અને પછીથી પોતાના બાપને ઘેર પાછી આવે છે, જ્યારે તે આશરે બારેક વર્ષની થાય છે ત્યારે તેને તેડવા મોકલે છે. પોતાના બાપનું ઘર છોડીને જવું પડે છે તેથી, તેટલી જ ઊંમરનું અંગ્રેજનું છોકરૂં નિશાળે જવાને રડે તેમ તે રડે છે એટલે તેનાં માબાપ તેને સમજાવે છે અને ક્હે છે કે, તારી બ્હેનો અને કાકા આદિની છોકરિયો પણ તારી પેઠે પોતાને સાસરે ગઈ છે. તને પાછી તેડી લાવવા વ્હેલું તેડું મોકલીશું. વળી ત્યાં તારી માશી છે તે તને રોજ આવીને મળશે. તેઓ વરના બાપને ક્હે છે કે, 'અમારી દીકરીની સંભાળ રાખજો, આજ લગી અમે એને ગામમાંથી કદિ

---

૧ મોસાળું કરે છે ને લૂગડાં છાબમાં અથવા ઢાલમાં ચોગરદમ લટકતાં મૂકીને જેમ લઈ જાય છે, એવી રીતે આ વેળાએ પણ કરે છે, એમ મૂળમાં લખ્યું છે, પણ લગ્નની ક્રિયામાં જૂદે જૂદે ઠેકાણે ઘણો ફેરફાર થઈ ગયો છે, તેથી આ પ્રકરણમાં કેટલીક જગ્યાએ ઘણો ફેરફાર આવે છે તે તેથી કરીને હશે અથવા તો કર્ત્તાના સમજવામાં ઉલટું આવ્યું હશે. ર. ઉ.

"બ્હાર કહાડી નથી અને એક ઘડી એની માને મૂકીને રહી નથી; તમે એને "એની માશીને મળવા જળવા દેજો; અને કોઈ બ્હીવરાવે નહિ માટે સંભાળ "રાખતા રહેજો." ઉત્તરમાં સસરો કહે છે કે, "બીજાના કરતાં મારે એની "ઘણી કાળજી રાખવાની છે, માટે તમારા કરતાં હું એની વધારે સંભાળ "રાખીશ." બીજી પરણેલી છોકરીઓ પણ તેને હિમ્મત આપે છે, અને કહે છે કે, "કાંઈ ચિંતા નહિ; હું પણ જઈને પાછી નથી આવી કે શું?" કન્યા બાપના ભણી ફરીને તેને કહે છે "બાપા! તમે મને કયારે તેડવા આવશો? "વ્હેલા આવજો હો!" તે કહે છે કે, "હું દશ પંદર દિવસ સોરો આવીશ" પણ આખા વર્ષ સુધી કદાપિ તેનો જવાનો નક્કી વિચાર હોતો નથી. કન્યા પછી તેને પોતાના સમ ખવરાવે છે અને પોતાની માને કહે છે કે, "મા! તું એમને આવવાનું સંભારજે, અને મારી ઢીંગલી ને રમકડાં આપી "દઈશ નહિ." છેવટે તે જાનની સાથે વિદાય થાય છે, અને ત્યાર પછી ઘણું કરીને તે પોતાને સાસરે રહે છે, તેમાં કોઈ કોઈ વાર પોતાને પિયર આવી જાય છે.

યૂરોપ ખંડના દેશોમાં સ્ત્રિયોને પુરૂષો જે માન આપે છે અથવા તે તેમની પાસેથી તેઓ હક્ક બજાવી લેવા ઇચ્છે છે તેવું માન હિન્દુ સ્ત્રિયોને મળતું નથી અને તેની તેઓ આશા પણ રાખતી નથી. તુલસીદાસના વિખ્યાત રામાયણમાં તેણે નીચે પ્રમાણે એક ચોપાઈ કહી છે, તેમાં સ્ત્રીનું સન્માન જરા પણ જણાવ્યું નથી; તે પંક્તિ જૂના વિચારવાળા બહુ પસંદ પડે એમ છે:—

"ઢોલ, ગમાર, નીચ, પશુ, નારી, એ સબ તાડનકે અધિકારી."

એક વાત એવી છે કે, એક પાદશાહે પોતાના દિવાનને કહ્યું કે એક છેક શરમ વિનાનું, એક ઘણું શરમાળ, એક ઘણું બ્હીકણ અને એક જરા પણ બ્હીક વિનાનું, એવાં ચાર માણસ મને આણી આપો. દિવાન સલામ કરીને ગયો. અને થોડી વાર પછી એક સ્ત્રીને લઈને રજુ થયો. પાદશાહે કહ્યું કે, "મેં ચાર માણસ મંગાવ્યાં ને તમે એક લઈને કેમ આવ્યા?" દિવાને ઉત્તર આપ્યું કે. "જહાંપનાહ! ચારે ગુણ એ એકમાં છે. એનો મ્હોટો ભાઈ "હોય ત્યારે એ લાજ કહાડશે, પણ વિવાહમાં એવાં બીભત્સ ગીત ગાશે "કે તે સાંભળીને નઠારા માણસને પણ શરમ આવે. એનો ધણી રાત્રિએ "જો પીવાનું પાણી માગે તો કહેશે કે બીક લાગે એટલું બધું અંધારૂં છે "પણ જો તેને પોતાના યારને મળવાનું હોય ને પ્હાડ ઓળંગવાનો હોય તો "અંધારાના ભાર નહિ."

સ્ત્રિયોને અપમાન આપવાનો ચાલ મુસલમાનોના આવ્યા પછી પડેલો જણાય છે. અસલના વારામાં રાજાની સાથે રાણિયો દરબારમાં બિરાજતી, અને ઋષિની સાથે તેઓની સ્ત્રિયો સભામાં બેસતી. આજે પણ હોમ કરવો હોય તો સ્ત્રી વિના થઈ શકે નહિ, અને જો તે હોય નહિ તો તેની પ્રતિમા કરીને તેને સ્ત્રીનાં લૂગડાં પ્હેરાવીને બેસારવી પડે. ઔરસ પુત્રને માટે જે આવશ્યકતા છે તેથી પણ પરણેતરની ક્રિયા પવિત્ર માનવામાં આવી છે. જે રજપૂતણોનાં હિમ્મત અને ધૈર્ય વિષે ઘણી અસલની વાતો આપણા સાંભળવામાં આવેલી છે, તેઓનું સન્માન, આજે જેઓ તેઓના વગર ધંધાર્યું ધણિયોને ઓછું માન આપે છે તેઓ પણ રાખી રહ્યા છે. વાણિયો કહે છે કે, "ડાહીના ગાંડા અને ગાંડીના (ભાવાર્થ તેની પોતાની સ્ત્રીના, અથવા માના) ડાહ્યા."[1]

---

૧ કૅપ્ટન મૅકમરડો પોતાના કચ્છના વર્ણનમાં લખે છે કે, (મુંબઇની લિટરરી સોસાઈટીના ટ્રાન્ઝેક્શનના બીજા ભાગના ૨૨૬ મા પૃષ્ઠ પ્રમાણે) કુટુંબનો ઉપરી આ પ્રમાણે બેદરકાર છે અને જે પ્રતિષ્ઠાભરેલું કહેવાય તે સર્વે ખોઈ બેઠો છે. અને આણી મગ જોઇયે તો તેની સ્ત્રિયો (કેમકે જાડેજાઓને એક કરતાં વધારે હોય છે) ચંચળ, ઉદ્યોગી, અને પ્રપંચી છે. તેઓ ઝાલા, વાઘેલા, સોઢા, અથવા ગોહિલ રજપૂતોની પુત્રિયો છે. તેઓ માણુસ વ્હેરે નહિ પણ ગરાસ વ્હેરે પરણે છે. પ્રત્યેક સ્ત્રીને પોતપોતાનો વાસ, ચાકર, ઢોર, ગાડિયો ઇત્યાદિ અને એક ગામ અથવા ધણીની સમૃદ્ધિ પ્રમાણે વધારે ઓછું જૂદે જૂદું હોય છે. હિન્દુની બીજી નાતની સ્ત્રિયો કરતાં રજપૂતની સ્ત્રિયો વધારે પ્રસિદ્ધ છે. તેઓ ઉદાર સ્વભાવની, નિર્ભયા અને સાહસિકી છે અને તેમના શરીરની અપૂર્વ સુઘડતા અને વૃદ્ધાવસ્થા થઈ છતાં પણ બીજી કોઈ અન્ય જાતિ જોવામાં આવતી નથી એવી શરીરના દેખાવ વિષે તેઓની ચિંતાને માટે તેઓનાં યોગ્ય રીતે વખાણ થાય છે. રજપૂતાણીના અંગરાગ અને માર્જન યૂરોપની ઉચ્ચ વર્ગની સ્ત્રિયોના જેવાં હોય છે અને મુખ અથવા ચામડીને શોભા આપવાને અતિ પ્રિય ભાગ ઉપર અંગરાગ કરવાની કળા જાણે છે; અને આ કુલિનાના હૃદયમાં દ્રવ્ય અને પદવી ઉપરના પ્રેમ પછી તેના શરીરની સુંદરતા સુધારવા વિષેનો અતિ ઉત્કટ ખ્યાલ હોય છે.

તેઓ કોમળ કામવિકારવાળી હોય છે; પણ તેઓના દારૂડિયા પતિયોની સાથે તેઓ શી રીતે પ્રેમ બાંધે? અને તેઓને ઉંચા વર્ગના પુરૂષો સાથે સોહાઈ કરવાનો લાગ હોતો નથી. તેઓ વિષે જે નઠારી વાત ચાલે છે તે મારે અહિં લખવી પડે છે તેથી હું ખેદ પામું છું કે સુંદર અને મનોહરા રજપૂતાણી સેવકો અને હલકા ચાકરોની સાથે છંદમાં પડવાને લલચાય છે.

એ જ ગ્રંથકર્તા ઉમેરણી કરે છે કે, "રજપૂત સ્ત્રિયો પોતાના અંગની સુંદરતાનો "બગાડ થવાની બ્હીકથી તેમના બાળકોને ભાગ્યે જ ધવરાવે છે," બીજે ઠેકાણે તે આ

સ્ત્રિયોનું પોતાના વશમાં રહેવાપણું ખરેખરૂં હોવાને બદલે માત્ર બતલાવવાને જ હોય છે, અને બ્હાર પણ એવો જ દેખાવ દેખાડવાને તેઓ ઓછી ખંતીલી છે એમ નથી. તેમના ધણીની સત્તા તેમના ઉપર હોતી નથી તો તેની જાણ પાડવા દેતી નથી. વળી યૂરોપિયન લોકોની રીતિ ઉલટી છે તેને માટે તેઓ આશ્ચર્ય પામે છે અને ધિઃકાર બતાવે છે અને નીચે પ્રમાણે બનાવટની વાત કહે છે, તે જો એ પ્રમાણે લાગુ કરવામાં આવી હોત નહિ તો તેની મતલબ સમજી શકાત નહિ.

તેઓ કહે છે કે, "જ્યારે રાવણે **સી**તાનું હરણ કરયું ત્યારે તેણે તેને "લંકાના દૈત્ય અને તેઓની સ્ત્રિયોને સ્વાધીન કરી. એટલે તે સ્ત્રિયો "તેની ચાકરીમાં રહી અને મુખ્યત્વે કરીને તેઓએ **સી**તાને એટલું બધું "માન આપવા માંડયું કે તે ઉપરથી **સી**તાએ દૈત્યોને આશીર્વાદ દીધો કે "કલિયુગમાં તમે **હિ**ન્દુસ્થાનનું રાજ્ય પામશો, પણ મારા વચનનું પણ "રાખીને તેના બદલામાં તમે તમારી સ્ત્રિયોનું માન રાખજો."

"**સી**તાના આશીર્વાદથી અંગ્રેજોનું **હિ**ન્દુસ્થાન ઉપર રાજ્ય થયું અને તેઓના ઉપર તેમની સ્ત્રિયોની સત્તા ચાલવા લાગી, એવું તેઓ બેસારી દે છે. એ વાત ઉપરના અભિપ્રાયથી જ જણાઈ આવે છે.[1]

હિન્દુની સ્ત્રીને અધરણી આવે છે ત્યારે તેને માનીતી થઈ પડવાનો પ્રસંગ મળે છે. અને અસાધારણ રીતે તેની સંભાળ રાખવામાં આવે છે. તેને જ્યારે ગર્ભ ધારણ કરયાને ચાર મહિના થાય છે ત્યારે કોઈની નજર વાય નહિ એટલા માટે હનુમાનની મળી અને ચકલાની ધૂળની પોટલી કાળા લૂગડામાં બાંધીને તેની રાખડી કરીને તેને હાથે બાંધે છે અને તે દિવસે વરો કરે છે. ત્યાર પછી ઈંગ્લંડમાં ચાલ છે કે "સુંદરિયો અને બાનુઓને "જ્યારે

પ્રમાણે લખે છે,—"સ્ત્રિયોનો આકાર અને સ્તનનો દેખાવ બગડી જાય તે અટકાવવાને જ "સારૂ માત્ર તેઓ ગર્ભસ્રાવ કરે છે એવું હું કચ્છમાં આવ્યો તેના પ્હેલાં મેં કદિ "સાંભળ્યું ન હતું. આ રીત ગરાસિયા લોકોમાં પણ ખાસ છે અને એક સ્ત્રિયે પાંચ વાર "આવી રીતે ગર્ભસ્રાવ કરેલો મારે મ્હોંએ માની દીધો, તથાપિ એવો બનાવ વારે વારે "બનતો નથી." એ જ પુસ્તકને પૃષ્ઠ ૨૨૯–૨૩૪

૧ ગૂજરાતમાં ઘણા લોકો એમ માને છે કે **યૂ**રોપિયન લોકો **સી**તાને માને છે અંગ્રેજ અથવા **પો**ર્ટુગીઝ પાદરિયો સામાન્ય રીતે "**સી**તા પાદરિયો" કહેવાય છે. અને બ્રાહ્મણ અથવા વૈરાગિયોને **યૂ**રોપિયનો પૂછે કે તમે કોણ છો ત્યારે તે પરદેશિયોને બરાબર ઓળખાઈ આવે એટલા માટે કહે છે કે. "અમે **સી**તા પાદરી છિયે." **રો**મન **ક્યાથો**લિક ધર્મવાળા કુમારિકા **મે**રીની પૂજા કરે છે તે ઉપરથી કદાપિ એ વિચાર ચાલ્યો હશે.

મહિના રહ્યા હોય ત્યારે જે વસ્તુઓની તેઓને ઇચ્છા થાય તે વસ્તુઓ તેઓને આપવી જોઇયે" તે પ્રમાણે દોહદલક્ષણ પૂરવાનો હિન્દુસ્થાનમાં પણ ચાલ છે અને તેની પાસે તે દિવસથી ઘરનું કશું કામકાજ કરાવતાં નથી.

ગર્ભ ધારણ કર્યાને છ કે આઠ માસ થાય છે ત્યારે સીમંતોન્નયનનો વિધિ કરે છે. તે સ્ત્રીને કોઈ સગાને ઘેર લઈ જાય છે, ત્યાં તેને ન્હવરાવે છે ત્યાર પછી લૂગડાંઘરેણાંથી તેને સારી પેઠે શણગારે છે, અને ગાજતે-વાગતે સર્વે મળીને તેને પાછી પોતાના વરને ઘેર તેડી લાવે છે. તે અવસરે તેનાં સગાંવ્હાલાં આગળ ચાલતાં તેને ચાલવાના રસ્તા ઉપર સોપારી અને પૈસા વેરે છે. ઘેર તે સ્ત્રીનો બાપ પોતાને ગામથી આવ્યો હોય છે તે લૂગડાં આદિ એક ઢાલ અથવા છાબમાં ગોઠવીને નાળિયેર સહિત તેને અર્પણ કરે છે. તેમજ પોતાના જમાઇને પાઘડી બંધાવે છે તથા દીકરીની સાસુને છાયલ કે જેવું તેનું ગજું હોય તેવું લૂગડું આપે છે. સાસુ ઉમરા આગળ આવીને ન્યુનચન વિધિ કરીને વહૂને ઘરમાં આણે છે અને પછી ગર્ભસંસ્કાર થાય છે. ત્યાર પછી પોતાનાં સગાં સાથે તે સ્ત્રી પોતાને પિયર જાય છે.

તેને જો દીકરો અવતરે છે તો તેના બાપને ઘેર વધામણીનો કાગળ લખીને મોકલે છે. તે પછી વધામણી લઈ જનારને પાઘડી બંધાવે છે. જો તે છોકરાનો બાપ ઠાકોર કે રાજા હોય છે તો ઢોલ વગડાવે છે અને કેદિયોને છોડી મૂકે છે, કોઈ કોઈ વાર તો નવા અવતરેલા કુંવરનાં કંકુવતે પગલાં કાગળ ઉપર પડાવીને તે કાગળ મોકલી દે છે. આગળ કંકોતરી લખવાની રીતિ લખેલી છે તેના જેવી જ વધામણી લખવામાં આવે છે, પણ ફેરફાર માત્ર નીચે પ્રમાણે છેઃ-

"બ્હેન કંકુબાએ (ફલાણે દિવસે ફલાણી ઘડિયે) પાઘડી બાંધનાર "દીકરાનો જન્મ આપ્યો છે, તેના જન્માક્ષર ઘણા સારા છે."

જો પુત્રી અવતરી હોય છે તો "ચુંદડી ઓઢનાર દીકરી" એમ લખે છે. આ પ્રમાણે વિશેષ લખવાનું કારણ એમ છે કે આગળ લોકો કાના માત્ર વિના બોડિયા અક્ષર લખતા (અને કેટલીક જગ્યાએ હવણાં પણ લખે છે) તેથી એવું વિશેષણ લખવામાં આવે નહિ તો "દકર" અક્ષર ઉપરથી દીકરો અને દીકરી બે વંચાય.

જેવો જન્મ થાય છે કે તુરત હાથમાં નાળિયેર લઈને સ્ત્રીનું કોઈ સગું હોય છે તે જોશીને ઘેર જાય છે, ત્યાં તે વર્ષ, મહિનો, તિથિ, વાર, અને ઘડી તથા રાશી નોંધી રાખે છે, તે ઉપરથી પછી જોશી જન્માક્ષર કે જન્મ-પત્રિકા તૈયાર કરે છે.

જન્મ પછી છઠ્ઠે દિવસે **વિધાત્રીને** નામે બ્રહ્માની પૂજા કરે છે. તેનું કારણ એમ સમજવામાં છે કે તે દિવસે તેના કપાળમાં વિધાત્રી તેના જીવન-ચરિત્રના લેખ લખે છે. **વિધાત્રીના** ઉપયોગને અર્થે કોરો કાગળ, લેખણ, અને ખડિયો મૂકે છે પણ તેમાં કાળી શાહી પૂરવાને ઠેકાણે રાતી પૂરે છે, કેમકે શકુનિયાળ એવા જે રાતા અક્ષર, તે વડે **વિધાત્રી** લેખ લખે. તે દિવસે વળી જન્મેલા બાળકને રૂપાનો કે સોનાનો કંદોરો, અને કડાં સાંકળાં હાથે પગે પ્હેરાવે છે.

જન્મને તેરમે દિવસે તે બાળકનું નામ પાડવામાં આવે છે તેનો પ્હેલો અક્ષર રાશી પ્રમાણે જોશી નક્કી કરી રાખે છે. નામ પાડતી વેળાએ પાસેના સગાનું નામ પડી જાય નહિ તેની ખાસ સંભાળ રાખવામાં આવે છે, પણ રજપૂતોમાં તો તેના બાપનું જે નામ હોય તેવું પણ પાડવા દે છે. છોકરાની ફોઈ તેનું નામ પાડે છે. ચાર સ્ત્રિયો પોતાના હાથમાં પીપળાનું એકેકું પાંદડું લઇને છોકરાને એક લૂગડામાં સૂવારી તેનો એકેકો છેડો ઝાલીને તેને હિંદોળતાં નીચેની કઢંગી કવિતા બોલે છે,—

"ઓળી ઝોળી પીપળ પાન ફોઇયે પાડ્યું ફલાણું નામ."

પછી બાયડિયોને અને છોકરાંને પતાસાં વ્હેંચવામાં આવે છે.

છોકરો સવા વર્ષનો થાય છે ત્યારે તેને પ્હેલું જ અન્ન ચાટાવતી વેળાએ "અન્નપ્રાશન" નામનો વિધ કરે છે; તે જોવાને સગાંવ્હાલાંને પાછાં નોતરે છે. બ્રાહ્મણો વળી એક વાર ફરીને ગોત્રજની પૂજા કરે છે અને હોમ કરે છે.

છોકરો આગળ જતાં કેવો ધંધો કરશે તે નક્કી કરવા સારૂ જૂદા જૂદા ધંધાનાં જે સાધન હોય છે તે તેના મુખ આગળ મૂકી દે છે.

देवताग्रेऽथ विन्यस्य शिल्पभाण्डानि सर्वशः ।
शस्त्राणि चैव शास्त्राणि ततः पश्येत्तु लक्षणम् ॥
प्रथमं यत् स्पृशेद्बालः स्वेच्छया स्थापितं तदा ।
जीविका तस्य बालस्य तेनैव तु भविष्यति ॥

ભાવાર્થ,–દેવતાના મુખ આગળ શિલ્પના સર્વ પ્રકારનાં ભાંડન (સાહિત્ય), સર્વ પ્રકારનાં હથિયાર, અને સર્વ પ્રકારનાં શાસ્ત્ર મૂકીને પછી બાળકને તેની ઇચ્છા પ્રમાણે સ્પર્શ કરવા દેવો, તેમાં તે પ્રથમ જેનો સ્પર્શ કરે તેનાથી તેની ઉપજીવિકા ચાલવાની એમ જાણવું.

"કલમ, કડછી કે બરછી," એવી ગૂજરાતીમાં કહેવત છે તેનો અર્થ એવો છે કે એ ત્રણમાંથી જે ચલાવતાં આવડે તેની હોંશીયારી ગણાય છે. તે ઉપરથી ઉપર જે "વાસણ" (ભાંડન) લખ્યું છે તે "રસોઈ" નું સૂચન કરાવે છે.

અન્નપ્રાશનનો વિધિ કરતાં પ્હેલાં જો બાળક મરી જાય છે તો તેને બાળવાને બદલે દાટે છે. એ જ પ્રમાણે ગ્રીક લોકોમાં પણ દાંત ફૂટતાં પ્હેલાં બાળક મરી જતું તો તેને દાટવાનો ચાલ હતો એમ જણાય છે. રોમન લોકોમાં પણ જે બાળક ચાળીશ દિવસનું થયું હોય નહિ, ને મરી જાય તો તેને બાળવાનો ચાલ હતો, અને "જેન્સકોર્નેલિવા" નામના ગોત્રના માણસો એ વિધિ મુખ્યત્વે કરીને કરતા હતા, એમ ક્હેલું છે.

પ્રકરણ ૮

ઉત્તરક્રિયા.

(કવિત્ત.)

"શુભ ને આનંદની જે વસ્તુ નિર્માં સર્વ તે તો
અશુભ ને શોકને ઠેકાણે થઈ જાય છે;
મંડપની મઝા બધી પલટાઈ જાય છે ને
સ્મશાનનો શોક સર્વ તે ઠેકાણે થાય છે;
લગ્નની વેળાના હાર ગોટા આદિ પુષ્પ તે તો
મડદાના દાહસ્થાન ઉપર નંખાય છે;
મંગલગીતને સ્થાને શોકદ રાજિયા ગાય
એવી રીતે વસ્તુઓ તો બધી પલટાય છે."

ગૂજરાતના હિન્દુઓમાં દાહ દેવાની સાધારણ રીતિ છે તેથી ઉલટી રીતે, જે બાલકને અન્નપ્રાશન સંસ્કાર થયો હોય નહિ તેનો વિધિ થાય છે, અને તે જ પ્રમાણે સંન્યાસીનો પણ થાય છે. સંન્યાસીની પછવાડે રડારોળ કે કોઈ પ્રકારનો શોક કરવા દેવામાં આવતો નથી. તેના શબને પાલખીમાં બેસારીને વાજાં વગાડતા અને ગુલાલ ઉડાડતા અથવા કોઈ બીજા પ્રકારથી ખુશી બતાવતા ભૂમિદાહ દેવા લઈ જાય છે; તેને ચિતામાં બાળી મૂકવાને બદલે બેઠેલી ઢબમાં ભોંયમાં દાટે છે અને તેના ઉપર ન્હાનો ચોતરો કરી પછી તે ઉપર તેનાં પગલાંની સ્થાપના કરે છે.

વય થયે અથવા નબળાઈથી માણસનું શરીર ઘસાઈ જાય છે અને તેનું મરણ થવાનો કાળ પાસે આવે છે, ત્યારે તે સાવધાન હોય તે વેળાએ તેણે દેહશુદ્ધ પ્રાયશ્ચિત્ત કરવું જોઈયે, એમ શાસ્ત્રમાં લખ્યું છે. આ પ્રમાણે કરવા સારૂ વેદમાં નિપુણ એવો એક બ્રાહ્મણ કે પછી બીજા વધારેને યજમાન બોલાવે છે. પછી પ્રાયશ્ચિત્ત કરનાર ન્હાઈને ભીને લૂગડે, વગર

ખાધે, નોતરેલા બ્રાહ્મણોની પ્રદક્ષિણા કરે છે, ત્યાર પછી તેઓને પગે લાગે છે. પછી, તેણે "જન્મથી તે પ્રાયશ્ચિત્ત કરતાં સુધીમાં, ન્હાનપણમાં, કે "જુવાનીમાં, કે ઘડપણમાં; છાનાં કે ઉઘાડાં, જાણ્યે કે અજાણે, ન્હાનાં કે "મ્હોટાં, મન, કર્મે કે વચનથી, જે જે પ્રકારનાં પાપ" કર્યાં હોય તે માની દેવાની આજ્ઞા કરવામાં આવે છે. આ પ્રમાણે જે પાપ માની દેવામાં આવે છે, તે આખા જગત્‌માં જે નીતિના માર્ગ કહેવાય છે તે તોડવાથી થયાં હોય તે જ માત્ર હોય છે એટલું જ નહિ પણ પુરાણોમાં જે જે પ્રકારનાં પાપ કહ્યાં છે તે સર્વે આવી જાય છે. એટલે, જો તેણે ગાયની હત્યા કરી હોય, ગુરૂની ગાદી ઉપર બેઠો હોય, દારૂ પીધો હોય, બળતણને માટે ઝાડ કાપ્યું હોય, કોઈને વટાળ્યું હોય, અથવા કોઈ જીવજંતુનો પ્રાણ લીધો હોય, જે ખાવા યોગ્ય નહિ તે ખાધું હોય, જેની ચાકરી કરવી જોઈયે નહિ તેની ચાકરી કરી હોય, ખાટલા ઉપર બેશીને પાણી પીધું હોય, ગાય, બળદ, પાડો, ગધેડું કે ઊંટ ઉપર બેઠો હોય,–પાલખીમાં બેશીને તે બ્રાહ્મણ પાસે ઊંચકાવી હોય, અથવા એ બધાય કરતાં જો તેણે બ્રાહ્મણની આજ્ઞાલંઘ કરી નાંખી હોય, તો તે સર્વે માની દેવું પડે છે. પછી એ સર્વે પાપ ધોઈ નાંખવાનો વિધિ બતાવાને વેદના જાણ પુરૂષો, જે પેલા બ્રાહ્મણો, તેઓની તે યજમાન પ્રાર્થના કરે છે, અને કહે છે કે,–

आब्रह्मस्तंनपर्यंतं भवेद्व्यप्तमिदं जगत् ।
यक्षरक्षःपिशाचादि सदेवासुरमानुषम् ॥
सर्वे धर्मविवेक्तारो गोतारः सकला द्विजाः ।
मम देहस्य संशुद्धिं कुर्वंतु द्विजसत्तमाः ॥
मया कृतं महाघोरं ज्ञातमज्ञातकिल्बिषम् ।
प्रसादः क्रियतां मह्यं शुभानुज्ञां प्रयच्छथ ॥
पूज्यैः कृतपवित्रोऽहं भवेयं द्विजसत्तमैः,

ભાવાર્થ–બ્રહ્માથી તે તૃણ લગી આ જગત્–યક્ષ, રાક્ષસ, પિશાચાદિ, દેવ, અસુર, અને મનુષ્ય, તમારાથી ભરેલું છે. અહો સકલ બ્રાહ્મણો! તમે સર્વે ધર્મના જાણ, અને તેના રક્ષક છો. અહો! પૂજ્ય બ્રાહ્મણો! તમે મારો દેહ પવિત્ર કરો. મેં જાણતાં અજાણતાં મહા ઘોર પાપ કર્યાં છે, મારા ઉપર કૃપા કરો, અને મને શુભ અનુજ્ઞા કરો. અહો! પૂજ્ય દ્વિજ! તમારી પૂજા કરવાથી હું પવિત્ર થઈશ.

કેટલીક વાર તો આ આજ્ઞાપક બ્રાહ્મણોના ચરણ ધોવાનું તેને કહેવામાં આવે છે, અને તેથી શુદ્ધ થયેલું પાણીનું આચમન કરીને તેઓની શ્રેષ્ઠતા નીચે લખેલા શ્લોક પ્રમાણે માન્ય કરવાને સૂચવવામાં આવે છેઃ-

पृथिव्यां यानि तीर्थानि तानि तीर्थानि सागरे।
सागरे यानि तीर्थानि विप्रस्य दक्षिणे पदे ॥
दैवाधीनं जगत्सर्वं मंत्राधीनाश्च देवताः।
ते मंत्रा ब्राह्मणाधीना ब्राह्मणो मम दैवतम् ॥

પૃથ્વીની માંહ્ય જેટલાં તીર્થ છે[1] તેટલાં બધાંય સાગરમાં છે, અને જે તીર્થો સાગરમાં છે તેટલાં બધાંય બ્રાહ્મણના જમણા પગમાં છે.

સર્વ જગત્ દૈવને આધીન છે, સર્વ દેવતા મંત્રને આધીન છે, અને તે મંત્ર બ્રાહ્મણના આધીનમાં છે. (શ્રીકૃષ્ણ કહે છે કે) બ્રાહ્મણ મારૂં દૈવત છે.

પછી બ્રાહ્મણો ઉત્તર આપે છે કે "તમે શુદ્ધ થાઓ." (શુદ્ધિર્ભવતુ)

પછી તેઓ અપવાસ અને પ્રાયશ્ચિત્ત કરવાનું કહે છે અથવા દશ હજાર ગાયત્રીમંત્ર જપવાનું કહે છે, અથવા એક હજાર તેના હોમ કરવાનું કહે છે, અથવા ધર્મનાં સર્વ કામમાં ખરેખરો ઉપાય બ્રહ્મભોજનનો છે, તે કરવાનો સાધારણ ચાલ છે. યજમાન મુંડન કરાવે છે તે વેળાએ બ્રાહ્મણ નીચેનો મંત્ર ભણે છેઃ-

महापापोपपापानि ब्रह्महत्यासमानि च।
केशानाश्रित्य तिष्ठंति तस्मात्केशान्वपाम्यहम्.

અર્થ-મહા પાપ, ઉપપાપ, અને બ્રહ્મહત્યા સમાનનાં પાપ વાળનો આશ્રય કરીને રહે છે, માટે હું વાળ મુંડાવી નંખાવું છું.

મુંડન કરાવતી વેળાએ ચોટલી રહેવા દેવામાં આવે છે. યજમાનને દશ પ્રકારનાં સ્નાન કરવાની આજ્ઞા કરવામાં આવે છે. યજ્ઞભસ્મથી, મૃત્તિકાથી, ગોમયથી, ગોમૂત્રથી, દૂધથી, દહીંથી, માંખણથી, ગંધથી, કુશાગ્રથી, અને પાણીથી. પ્રત્યેક સ્નાનની વેળાએ તે તે સ્નાનને લાગુ પડતો મંત્ર ભણવામાં આવે છે. પ્રાયશ્ચિત્તકર્ત્તા પછી ચોખ્ખાં વસ્ત્ર પ્હેરે છે અને શાલિગ્રામની પૂજા કરે છે; અને બ્રાહ્મણ હોમ કરે છે તેવામાં તેને દશ દાન આપવાં પડે છે.

गोभूतिलहिरण्याज्यवासोधान्यगुडानि च।
रौप्यं लवणमित्याहुर्दश दानान्यनुक्रमात् ॥

---

૧ તીર્થ એટલે યાત્રાની જગ્યાઓ. નદીકિનારે તીર્થ ઘણાં હોય છે તેથી અહિંયાં જે સૂચન કર્યું છે તે નદિયો વિષે છે.

ગાય, ધરતી, તિલ, સોનું, ઘી, વસ્ત્ર, ધાન્ય, ગોળ, રૂપું, અને મીઠું, એવાં અનુક્રમે દશ પ્રકારનાં દાન કહેલાં છે.

આ દાન આપ્યા પછી, પ્રાયશ્ચિત્તકર્તા, બ્રાહ્મણોને છાયાદાન એટલે વાડકામાં ઘી ભરીને તેમાં પોતાનું મુખ જોઈને તે આપી દે છે. પછી તે બ્રાહ્મણોને કહે છે કે "મારૂં આ પ્રાયશ્ચિત્ત પ્રમાણ કરો." તેઓ ઉત્તર આપે છે કે, "અમે પ્રમાણ કર્યું."

ઉપર જે ક્રિયાનું વર્ણન કર્યું તે યાત્રાળુ તીર્થે આવે છે ત્યારે કરે છે, તેમ જ જેને નાતબ્હાર મૂક્યો હોય છે તેને પાછાં નાતમાં આવવું હોય છે ત્યારે પણ કરવી પડે છે. દેહશુદ્ધપ્રાયશ્ચિત્ત કર્યા વિના જો કોઈ મરી જાય તો તેનો દિકરો જ્યારે તેની ઉત્તરક્રિયા કરવા માંડે છે ત્યારે તેને તે કરવું પડે છે. જો કદાપિ તે કરે નહિ તો બાપ અને દીકરો બન્ને નર્કમાં પડે છે.

મરણ પામેલાં પ્રાણિયોનો ન્યાય કરવાને યમ રાજા જે નગરમાં બિરાજે છે ત્યાં જતાં માર્ગમાં વૈતરણી નદી આવે છે તે ઓળંગવાનું સાધન, આપણે આ દુનિયામાં હોઇયે ત્યારે મેળવી રાખવું જોઇયે.[1] શ્રીકૃષ્ણ પોતે કહે છે કે, "જે કોઈ પોતાના પ્રારબ્ધકર્મયોગે વૈતરણી સુખે કરીને તરવાને "ઇચ્છતું હોય, તેણે, આ જગતમાં છતાં, જ્યારે પોતાના હૃદયનો નિશ્ચય "થાય ત્યારે અથવા કોઈ સારે પ્રસંગે, સારી ગાયનું દાન કરવું." આ પ્રમાણે કરવાનો એક હલકો વિચાર એવો છે કે પ્રેત લોકોની નદી ઉતરતી વેળાએ, દાન આપેલી ગાય તેમાં આગળ ચાલે અને તેને પૂછડે બાઝીને દાન આપનારથી પાર ઉતરી શકાય. કદાપિ કબ્જો છૂટી જાય તો, એવું માનવામાં છે કે પાણી તેના ઉપર ફરી વળે.[2] જે ગાય દાનમાં આપવાની હોય તેનાં શીંગડાં સોને મઢવાં જોઇયે, અને ખરિયો રૂપે જડી લેવી જોઇયે. રંગે કાળી કે ધોળી જોઇયે. ગાયની સાથે દોહોવા સારૂ બ્રાહ્મણને ત્રાંબડી આપવી જોઇયે. ગાયને કાળો ઓઢો (ઝુલ) ઓરાડવો જોઇયે. પ્રેતને સારૂ લૂગડાં, પગરખાં, એક વીંટી અને એક છત્રી, તેમ જ, સાત પ્રકારનાં ધાન્ય અર્પણ કરવાં જોઇયે. તેમ જ વૈતરણી નદીપ્રદર્શક ત્રાંબાનું એક પત્ર મધ ભરીને

૧ મરણ પામેલાના ઉપયોગમાં આવવા સારૂ જે દાન કરવામાં આવે છે તે વિષે આ પ્રકરણની છેવટે ટીપ આપી છે તે જૂઓ.

૨ ગૂજરાતના ગોવાળિયા ઢોર ચરાવે છે તેમની ચરાવાની જગ્યા જે ગામમાં તે રહેતા હોય છે તેની નદીને સામે કાંઠે હોય છે, તેથી નદી ઓળંગીને ઢોર સામી તેડે જાય છે તેમાંથી એક ઢોરને પૂછડે બાઝીને ગોવાળિયા પાર ઉતરે છે, તે અમે ગૂજરાતમાં ઘણી વાર જોયલું છે.

રનો ઢગલો કરીને તે ઉપર મૂકવું જોઇયે. યમની સોનાની મૂર્ત્તિ કરાવી તેના હાથમાં લ્હોડાનો દંડ અપાવે છે તથા શેલડીની હોડી કરાવવી પડે છે. યજમાન યમરાજની પૂજા કરવા સારૂ મૂર્ત્તિમાં તેનું આવાહન કરે છે, અને નીચે પ્રમાણે શ્લોક ભણીને તેની પૂજા કરે છે;—

दंडहस्तं महाकायं महिषोपरिसंस्थितम् ।
रक्ताक्षं दीर्घबाहुं च, धर्मराज नतोऽस्म्यहम् ॥

પાડા ઉપર અશ્વારી કરનાર, હાથમાં દંડ ધારણ કરનાર, મહાકાયાવાળા, લાલ આંખોવાળા, અને લાંબા હાથવાળા, ધર્મરાજા! હું તને નમન કરૂં છું.

આ પ્રમાણે કરી રહ્યા પછી, યજમાન ગાયની અને યમમૂર્ત્તિની પૂજા કરે છે, બ્રાહ્મણને નમસ્કાર કરે છે, અને સર્વેની આસપાસ પ્રદક્ષિણા કરે છે. પછી બ્રાહ્મણને દાન આપતી વેળાએ યજમાન ગાયનું પૂછડું તથા દર્ભ અને તુલસી હાથમાં રાખે છે અને નીચે લખેલો મંત્ર ભણે છે.—

यममार्गे महाघोरे तां नदीं शतयोजनाम् ।
तर्तुकामो ददाम्येतां तुभ्यं वैतरिणीं नमः ॥

યમના મહા ઘોર માર્ગમાં સો યોજન પ્હોળી વૈતરણી નદી છે તે તરવાને સારુ (હે બ્રાહ્મણ!) તને આ ગાય આપું છું.

धेनुके मां प्रतीक्षस्व यमद्वारे महापथे ।
उत्तारणार्थं देवि मां वैतरण्यै नमोऽस्तु ते ॥

અહો ગાય! યમદ્વારના મહામાર્ગની માંહે મને ઉતારવાને માટે મારી વાટ જો. હે દેવી! તને વૈતરણી રૂપીને હું નમસ્કાર કરૂં છું.

છેલ્લી વારે બ્રાહ્મણના ભણી મુખ કરીને, અને તેને નમસ્કાર કરીને ગાય આપે છે અને કહે છે કે:-

विष्णुरूप द्विजश्रेष्ठ मामुद्धर महीसुर ।
सदक्षिणा मया दत्ता तुभ्यं वैतरिण्यै नमः ॥

હે દ્વિજશ્રેષ્ઠ! હે વિષ્ણુ રૂપ! હે મહીસુર (પૃથ્વી ઉપરના દેવ)! તમને નમસ્કાર કરીને, દક્ષિણા સહિત, આ વૈતરણીરૂપી ગાય હું આપું છું, માટે મારો ઉદ્ધાર કરો.

જ્યારે કોઈ હિન્દુ મરવાની તૈયારી ઉપર આવે છે ત્યારે તેને માટે ચોકો કરવામાં આવે છે, અને તે ઉપર જવ, તિલ અને દર્ભ નાંખવામાં આવે છે. પછી મરનાર માણુસનાં ઘરેણાં અને બીજાં વધારાનાં લૂગડાં હોય છે તે ઉતારી લેવામાં આવે છે. તેનું મુંડન કરાવે છે, અને મૂછો ઉતરાવે છે, તથા સ્નાન કરાવે

છે. પછી ચોકો કરાવ્યો હોય ત્યાં તેને ઉત્તરમાં, અને દેવલોક ભણી પગ કરાવી અને (દક્ષિણે) યમપુરી ભણી માથું કરાવીને સૂવારે છે. તેના હાથમાં, એક પાત્રમાં, લાડુ અને તે ઉપર રૂપિયો મૂકીને આપે છે અને કોઈ ગરીબ બ્રાહ્મણને તે મરનાર માણસ પાસે અપાવે છે. દ્રવ્યવાન્ માણસો હોય છે તે ગાય, સોનું, અથવા બીજી મૂલ્યવાન વસ્તુનું દાન કરે છે, અને પોતાના મરણ પામતા સગાને કહે છે કે, અમે તમારાં અસ્તિ કાશિયે લઈ જઈને ગંગાજીમાં પધરાવીશું, અથવા (મરનારને પુણ્ય થવા સારૂ) મથુરા, દ્વારકા, સોમનાથ કે બીજા કોઈ તીર્થની યાત્રા કરીશું. મરતા માણસને માટે, ધર્મના કામમાં દ્રવ્ય ખર્ચવાને અથવા વ્રત કરવાને હાથમાં જળ લઈને પ્રતિજ્ઞા કરવામાં આવે છે. કોઈ વાર તો, યમનો દંડ લ્હોડાનો છે માટે તેને પ્રસન્ન કરવા સારૂ લોખંડનું દાન કરવામાં આવે છે. આવાં દાન જેને માટે આપવામાં આવે છે, તેને, અને આપનારને બન્નેને સ્તુતિપાત્ર ગણાય છે. કહ્યું છે કે,—"મરણ પામતા બાપને હાથે જે દીકરો દાન કરાવે છે તેને તેના "કુળનો દીપક ગણવામાં આવે છે."

આ વેળાએ મરણ પામતા માણસની પાસે ઘીનો દીવો પ્રકટીને મૂકે છે, તેના મ્હોમાં ગંગાજળ મૂકે છે. તેમ જ દહી અને તુળસીપત્ર પણ મૂકવામાં આવે છે.

એમ કહેવામાં છે કે માણસને કંઠે પ્રાણ આવ્યા હોય, અને તે કહે કે મેં આ સંસારનો ત્યાગ કર્યો, તો તે મરણ પામ્યા પછી વૈકુંઠ પામે છે અને પછી તેને જ•મમરણ રહેતું નથી. એટલા માટે કેટલાક માણસો સમજે છે કે, હવે આપણું મોત પાસે આવ્યું છે એટલે આતુર સંન્યાસ ગ્રહણ કરવાનો વિધિ કરે છે. કોઈ સંન્યાસીને બોલાવીને દીક્ષા લે છે, અને ભગવાં વસ્ત્ર ધારણ કરે છે, એટલે, તેણે સંસાર અને તેને લગતી બધી પંચાત છોડી દીધી ગણાય છે.[૧]

---

૧ આ મંદ સંન્યાસિયો આપણને અગાડીના કેટલાક ક્રિશ્ચિયન સાધુઓ વિષેનું, તેમાં મુખ્યત્વે કરીને, મહાન કૉન્સ્ટનટૈનનું સ્મરણ કરાવે છે; સાધુનો ધોળો વેષ અને પવિત્રતાનો નવો સંસ્કાર કરી લેવાની જે આવશ્યકતા છે તે પ્રમાણે કરવાને કૉન્સ્ટનટૈનને એટલું બધું અપ્રિય લાગતું હતું કે, ગિબ્બન કહે છે તે પ્રમાણે મરણના આકરા હાથથી તેના શરીર ઉપરનો રાજપોષાક દૂર થવાની છેક પાસે વેળા આવી ત્યારે તેને તે પ્રમાણે કરવાને સમજાવવાને બની આવ્યું.

ઍંગલો સેક્શનનો ઈતિહાસકર્ત્તા કહે છે કે, "હેનરી રાજા, અને તેના ભત્રિજા "ફ્લાન્ડર્સના અર્લને લડાઈ ચાલતી હતી એટલા માટે તે આખું આ વર્ષ (સન ૧૧૨૮) "નોર્મેંડીમાં હતો; પણ તે અર્લ લડાઈમાં એક ચાકરના હાથથી ઘવાયો અને એવો ને "એવો સૈંટ બર્ટિનના મઠમાં ગયો ત્યાં તેને સાધુ કર્યો. ત્યાર પછી, તે પાંચ દિવસ જીવીને "મરણ પામ્યો, અને તેને ત્યાં જ ભૂમિદાહ દીધો-પરમેશ્વર એના આત્માની "શાન્તિ કરો."

મરણાવસરે દુઃખ થાય છે તે, જીવને શરીર છોડીને જવું ગમતું નથી તેમ છતાં યમના જુલ્મગાર દૂત તેને બલાત્કારે લઈ જાય છે તેથી થાય છે એવું તેઓ માને છે, કેમકે મૂળથી તેમને ગળે એવી જ વાત ઉતારવામાં આવેલી હોય છે. ખેદ અને ભયના માર્યા તેઓ રામના નામના પોકાર કરીને પોતાની દુષ્પટ મનોવૃત્તિનું સમાધાન કરે છે. થોડી વારમાં તો મરવા સૂતેલા માણસના ધમપછાડા બંધ પડી જાય છે, અમર આત્મા પોતાના–પંચ-મહાભૂતના ખોળિયામાંથી વિદાય થાય છે. તે ક્યાં જતો હશે "તે હવે ફીક્કા, "કડક અને ઉઘાડા સ્થાનમાં પ્રવેશ કરશે?"

આ રસિક વિષયને અહિંથી રહેવા દઈને હવણાં તો મડદાનું સાંધણુ ચલાવિયે છિયે અને શોક કરનારા લોકો શરીર જે ધૂળમાંથી થયેલું છે તેને તેમાં પાછું ભેળવી નાંખે છે તે ઉપર લક્ષ આપિયે છિયે.

જ્યારે જીવ જતો રહે છે ત્યારે મરણ પામેલા માણસના ઘર આગળ તેનાં સગાંવ્હાલાં અને આડોશીપાડોશી ભેગાં થાય છે; અને કરૂણા-રસજનક નાટકના ખેલની પેઠે રડવાકૂટવાનું શરૂ કરે છે. પાસેનાં સગાં હોય છે તે "ઓ બાપ રે! ઓ ભાઇ રે!" એવા પોકાર કરતાં ઘરમાં પેસે છે. બાયડિયો ઘરને આંગણે હારબંધ ઉભી રહીને તાલ પ્રમાણે કૂટતી રાજિયા ગાય છે. જેઓ ઘરડાં થયાં હોય છે અને તેથી કરીને યમદૂતનું સ્વાભાવિક ભક્ષ થઈ રહેલાં જણાઈ આવે છે તેઓના કરતાં જવાન માણસો માટે વધારે વાર લગી અને વધારે હૃદયભેદક રીતે શોક કરે છે. રાજિયામાં સંબંધ વિનાનાં શોકનાં જૂદાં જૂદાં વાક્યો હોય છે તે એક બે સ્ત્રિયો સંગાથે ગાય છે અને બીજી તે પ્રમાણે ઝીલે છે. નીચે અમે એક પરજિયાનો થોડો ભાગ દાખલ કર્યો છે તે, જે આગળ વર રાજા થયેલો અને પછીથી કાચી ઉમ્મરમાં મરણ પામેલો ત્યારે તેના વિષે તેને એક રાજવી અને શૂર-વીર ગણીને શોક પ્રદર્શિત કરેલો છે.

હાય! હાય રે! ગામગોંદરે રડારોળ થાય છે,
વોય! રાજવી! વોય! વોય!
હાય! હાય! આ તો રામજી કેરો કોપ જાગિયો,
વોય! રાજવી! વોય! વોય!
હાય! હાય રે! હવે વરશ્યો મેહુલો ઘણા લોહીથી,
વોય! રાજવી! વોય! વોય!
હાય! હાય રે! હવે સાગરે સિમાડો નિજ છાડિયો,
વોય! રાજવી! વોય! વોય!

હાય! હાય રે! કન્યા વાધતી લૂંટાઈ ઘર આંગણે,
વોય! રાજવી! વોય! વોય!
હાય! હાય રે! જમરાજના લૂંટારા દોડી આવિયા,
વોય! રાજવી! વોય! વોય!
હાય! હાય રે! વરરાયને તેઓએ ઝાલી મારિયો,
વોય! રાજવી! વોય! વોય!
હાય! હાય રે! એનો મંડપ નીચે ઢોળી પાડિયો,
વોય! રાજવી! વોય! વોય!
હાય! હાય! એની ચૉરીનાં માટ ભાગી નાંખિયાં,
વોય! રાજવી! વોય! વોય!
હાય! હાય! એનો જીવડો લૂંટાયો જુલ્મે કરી.
વોય! રાજવી! વોય! વોય!

* * * * * *

આ શોકજનક વિલાપ કઢંગો લાગે છે તો પણ પરભાર્‍યા દરિયાવાસી અંગરેજ સરખાને પણ બહુ હૃદયભેદક થઈ પડે છે, અને જ્યારે તેના ઉંચાનીચા થતા સ્વર આઘેથી કાને પડે છે ત્યારે કાંકરાવાળા દરિયાકિનારા ઉપર શાન્ત સાયંકાળને સમયે, મોજાં આવે છે અને પાછાં વળે છે તેથી નિયમિત અને શોકજનક અવાજ થાય છે, તેનું આબેહુબ ભાન કરાવે છે.

રાજિયો પૂરો થાય છે પછી બાયડિયો હાંફતી અને થાકીને લોથ બની ગયેલી બેશી જાય છે, પણ રડવાનું તો ચાલતું જ રાખે છે, અને તે સાથે મા હોય છે તો તે આવો બોલ બોલે છે કે, "અરે દીકરા! હવે મારી "ખબરો કોણ લેશે? હવે મને આગ કોણ મૂકશે?" ધણીયાણી હોય છે તો તે આવો બોલ બોલે છે:–"અરે વિપ્ર! (જો બ્રાહ્મણ હોય તો) તમે "મને દગો દઈ, નાંખીને ગયા; તમે મારાં છોકરાંને પરણાવ્યા વિના એકલી "મને મૂકીને ચાલતા થયા!" અગર બ્હેન કહેશે કે, "અરે ભાઇ! હું "મારે સાસરેથી આવીશ ત્યારે મને હવે આવકાર કોણ દેશે? અરે! હવે "મારા બાપના ઘરમાં પીંપળો ઉગશે!"[૧]

---

૧ ગ્રીક લોકોમાં મરી ગયલાને માટે શોક કરવામાં આવતો હતો તેમાં મૂળ જેવા જઇયે તો સ્ત્રિયો લાંબા રાગ કહાડીને રડતી હતી એમ જણાય છે, પણ હોમરની વેળા જેટલા અગાઉના વખતથી રીતિઓ એટલી બધી નિયમસર થઈ ગઈ કે મડદાના બિછાના આગળ ગાનારા શોક કરવાને માટે હાજર રહી કામ ચલાવતા હતા અને સ્ત્રિયો તેઓને તે કામમાં માત્ર આશ્રય આપવા લાગતી હતી. (જુવો મુલરનું પુસ્તક)

આ પ્રમાણે સ્ત્રિયો રડતી હોય છે તેવામાં પુરૂષો મડદાને સ્મશાન લઈ જવાની તૈયારી કરે છે. વાંસની ખાટલી અથવા ઠાઠડી બાંધીને નવું લૂગડું મંગાવ્યું હોય છે તે વતે મડદાને બાંધી લે છે. લોટના પિંડ કર્યા હોય છે તેમાંથી શબ અને પાન્થકના પિંડમાંથી શબનો પિંડ દર્ભ ઉપર તેને સૂવાર્યો હોય છે ત્યાં મૂકે છે અને બીજો પાન્થકનો ઘરના ઉંબર ઉપર મૂકે છે.


જે સ્ત્રી પોતાને પિયરથી સાસરે જાય છે તેને માથે ધૂપેલ ઘાલે છે અને તેને જોયતાં લૂગડાં આપે છે તે સાસરવાસો કર્યો કહેવાય છે. જો આવી સ્ત્રી પોતાને પિયર મરી જાય છે અથવા જે ગામમાં પોતાનું પિયર હોય તે ગામમાં મરી જાય છે તો તેનો બાપ તેને છેલ્લો સાસરવાસો કરે છે. એટલે મડદાને માથે ધૂપેલ ઘાલે છે, નવાં લૂગડાં પ્હેરાવે છે અને ચુંદડી ઓરાડે છે.

અડીને સગાં થતાં હોય છે તે ન્હાઈને અબોટિયાં પ્હેરીને તૈયાર થાય છે ને મડદાને[1] ઠાઠડીમાં બાંધીને ઉચકી ચાલે છે તે વેળાએ તેના પગનો ભાગ અગાડી રાખે છે. ઠાઠડીની આગળ એક માણસ દેવતાની ભરેલી એક તોલડી લઈને આગળ ચાલે છે. સગાંવ્હાલાં અને પાડોશી ઉઘાડે માથે, અને પગરખાં પ્હેર્યા વિના પ્હેરેલે ધોતિયે અને ઓડેલે અંગવસ્ત્રે[2]

છાતીમાં કૂટવાનો નઠારો ચાલ ગૂજરાતની સ્ત્રિયોમાં હજી લગણ ચાલે છે, તેથી થતા માઠા પરિણામને લીધે કેટલાક પરોપકારી હિન્દુઓનાં મનમાં ગ્રીક્ લોકોના જેવા શોક કરનારાઓને દાખલ કરવાનું આવેલું છે, એમ અમે માનિયે છિયે. જુડાના રાજા જોશિયોના પુત્ર જેહોયએકિમનું ભવિષ્યકથન કરતી વેળાએ પેગમ્બર જેરીમયા કહે છે કે, "અરે "મારા ભાઈ! અથવા અરે બ્હેન! એમ કરીને તેને માટે શોક કરશો નહિ; અરે ઓ "ધણી! અથવા અરે તારો મહિમા! એમ કહીને પણ એને માટે શોક કરશો નહિ." એ પેગમ્બરના આવા બોલવા ઉપરથી મરણ પામેલાની પછવાડે શોકનું રડવું અથવા રાજિયા ગાતી વેળાએ એમ બોલવાનો વહિવટ હતો એવું જણાઈ આવે છે.—vide Jeremiah xxii. v. 18, and note with referenes in D'oyly ana Mant. See also Amos V. 16: Ecclesiastics xii. 5, 6.

૧ કર્નલ ટૉડ કહે છે કે, શૂરો રજપૂત મરી જાય છે ત્યારે તેને જીવતો હોય ને જેમ હથિયાર સજતો હોય તેમ ઢાલ તરવાર બંધાવે છે; અને તેના ઘોડાનું બલિદાન આપવામાં આવતું નથી પણ તે દેવને ભેટ કરવામાં આવે છે અને તે પૂજારીની મતા થઈ પડે છે. રાજસ્થાન ભાગ ૧ લો પૃષ્ઠ ૭૩.

૨ એ જ પ્રમાણે ઇઝરાયલ લોકો તેઓના શોકની વેળામાં કહે છે: "તમે તમારાં "મસ્તક ઉઘાડાં કરી નાંખશો નહિ. તેમ જ તમારાં લૂગડાં ફાડી ફહાડી નાંખશો નહિ, Leviticus X. 6."રડવાનું જવા દે, મરણ પામેલાને માટે કાંઈ શોક કર નહિ. તારા માથાનો પોષાક તારા મસ્તક ઉપર બાંધ, અને પગરખાં પ્હેર." Ezekieli xxlv. 17



અમદાવાદમાં દૂધેશ્વરનું સ્મશાન   પૃ. ૩૪૫
Place of Cremation near Ahmedl

અગ્નિદાહ, જળદાહ, અને ભૂમિદાહ, એ સર્વેનો ખુલાસો, ઉપર જે ક્રિયાનું વર્ણન આપ્યું છે તેમાં થઈ જાય છે.

દ્રવ્યવાન્ હોય છે તેની દાહની જગ્યાએ એક ગાય આણીને તેનું દૂધ તે ઉપર દોહી નાંખવામાં આવે છે, પછીથી તે ગાય બ્રાહ્મણને આપી દે છે. અમદાવાદમાં દૂધેશ્વર કરીને સ્મશાન છે, તેનું નામ એ જ ઉપરથી પડેલું છે. સાભ્રમતીમાહાત્મ્યમાં લખ્યું છે કે દધીચિ ઋષિને જે જગાએ અગ્નિદાહ દીધો હતો; તે જગ્યાએ ઇન્દ્ર અને દેવતા કામધેનુ ગાય લઈ આવ્યા અને તેનું દૂધ તે જગ્યા ઉપર દોહ્યું.

દાહની ક્રિયા થઈ રહ્યા પછી, ડાઘુ ન્હાય છે, અને લૂગડાં ધુવે છે તથા સારનાર હોય છે તે, પ્રેતને "દાહથી ઠંડું પાડવા સારું" તલ અને પાણી છે.[1] ન્હાયા પછી સ્ત્રિયો અને પુરૂષો મરનારને ઘેર ફરીને પાછાં જાય અને પછીથી વેરાય છે.

ધણી મરી ગયા પછી તેની વહુ ચૂડો ભાગે છે. બ્રાહ્મણની નાતની સ્ત્રિયો દશમાને દહાડે પોતાના માથાના વાળ મૂડાવી નંખાવે છે. એક વર્ષ સુધી તે ખૂણે રૂહે છે, અને શોક પાળે છે, ત્યાર પછી તેના પિયરનાં આવીને તેનો શોક મૂકાવા પોતાને ઘેર તેડી જાય છે. કદાપિ કોઈને શોક મૂકાવનાર સગું હોતું નથી તો તે બહુચરાજી, પ્રભાસ કે પછી નર્મદાજી યાત્રા કરવા સારૂ નીકળે છે. વિધવા થઈ એટલે તે નાતજાતમાં જમવા જતી નથી. હવણાંના સમયમાં, જો વિધવા પંદર વર્ષની હોય છે તો કેટલીક નાતોમાં સૌભાગ્યવંતીનો વેષ રાખવા દે છે, પણ તે જ્યારે ત્રીસ વર્ષની ઉમ્મરની થાય છે ત્યારે તેનો બાપ કે કોઈ પાસેનું સગું મરી જાય છે ત્યારથી વિધવાપણાનો શોક પાળવાનું ચાલતું કરે છે. જો તે વિધવા પૈસાદાર હોય છે તો ચૂડાને બદલે સોનાની ચૂડ પ્હેરે છે; જો તે રજપૂત જાતિની હોય છે તો કાટવું પ્હેરે છે,

---

૧ મુરના "એપિક્યુરિયન"માં દોષવિસ્મરણ કરાવનાર પાત્ર વિષે લખેલું છે; તેનું સ્મરણ વાંચનારને કરાવિયે છિયે:—

"આ પ્યાલામાંથી પી-ઓસિરિસ પોતાના નીચેના રહેઠાણમાં એ જ પિયે છે; 'અને નીચે જે મરણ પામેલા જાય છે તેના ઓઠ ઠંડા પાડવા સારૂ એ જ તેને આપે છે."

"આ પ્યાલામાંથી પી; એ માંહેલું પાણી લીથના વ્હેળિયાનું તાજું છે, એથી "કરીને પાછળનું તેનાં બધાં પાપ સહિત, અને બધાં દુઃખ અને ખેદ સહિત અગાડીનાં "વિસ્મરણ થઈ ગયેલાં સ્વપ્ન જેવું દેખાશે."

તો પણ આવા સુખદાયક દોષવિસ્મરણના લાભની આશા રાખવાનું હિન્દુઓને હોય એમ લાગતું નથી. પણ એથી ઉલટું ધર્માત્માને પાછલા જન્મનું સ્મરણ થવાની શક્તિ આપવી, એ તેના પુણ્યકર્મનો એક મહિમા ગણવામાં આવે છે.

અને બ્રાહ્મણ કે વાણિયાની નાતની હોય છે તો મેળા કોરપાલવના સાદા. સાલ્લા પ્હેરે છે. પણ શાસ્ત્રમાં તો ધોળો સાલ્લો પ્હેરવાની છૂટ છે, અને ઘરેણું પ્હેરવાની મના કરેલી છે.

વિધવા વિના બીજાને શોક પાળવાની મુદત મરનારની ઉમ્મર ઉપર અને તેના સગપણ ઉપર આધાર રાખે છે. જે શોક પાળે છે તેઓ વિવાહવાજનમાં કે નાતવરામાં જતાં નથી. કેટલીક ખાવાની વસ્તુઓ તજે છે અને ધોળાં કે મોળિયાં લૂગડાં પ્હેરે છે. પરગામનાં સગાંને કૃષ્ણાક્ષરી (કાળોતરી, ચિઠ્ઠિ) લખીને ખબર આપે છે અને તે ઢેડની[1] સાથે મોકલે છે. તેના શીરનામા ઉપર "લૂગડાં ઉતારીને વાંચજો" એમ લખ્યું હોય છે, કારણ કે તેમ કરવાથી અડચણ પડે નહિ અને તે માણસ અભડાય નહિ. આ ઠેકાણે તેનો એક નમુનો આપિયે છિયે, તે ઉપરથી તે કેવા પ્રકારની હોય છે તે તથા હિન્દુ-ઓને મરણનો ક્રિયાખર્ચ કેવો ઘેલાઈભરેલો અને ઉડાઉપણાથી કરવાની ફરજ પડે છે તે જણાઈ આવે:–[2]

કૃષ્ણાક્ષરીનો નમુનો

"શહર અમદાવાદ મધ્યે મ્હેતા કલ્યાણરાય કેશવરાય, તથા મ્હેતા
"જમિયતરામ નભેરામ (મરનારનો જમાઈ તથા ફુવો) જોગ શ્રી સુરતથી
"લ૦ મ્હેતા ભવાનીરામ મંછારામના નમસ્કાર વાંચજો. બીજું લખવા કારણ
"એ છે જે:––ચઈતર શુદિ ૨ ને બુધવારની રાત ઘડી ૬ જતાં જાદુરામ
"વેહેમશંકર સ્વર્ગવાસ પામ્યા છે, તે ઘણું માઠું થયું. પણ શ્રી પરમેશ્વરે કર્યું
"તે ખરૂં, એમાં કોઈનું જોર ચાલતું નથી. બીજને દિવસે ત્રીજા પ્હોર સુધી
"જાદુરામના નખમાં પણ રોગ ન્હોતો પણ સાજા સારા હતા; તથાપિ
"પાછલો બે ઘડી દિવસ રહ્યો એટલે કાગળિયાનો ઉપદ્રવ થઈ આવ્યો. તેને
"માટે અમે ઘણા ઉપાય કર્યા અને ઘણી બાધા આખડિયો રાખી, પણ
"આવરદા આવી રહેલો તેથી કશો ઉપાય ચાલ્યો નહિ. આપણાં સગાં બધાં
"યાત્રાએ ગયાં હતાં, તેથી આ પ્રસંગે હું તથા વિવેકરામ(એક પાડોશી) બે
"જણ ઘેર હતા, તે અમે પણ ઔષધ લેવા ગયા હતા, તેવામાં જ ભાઈ

---

૧ કેટલેક ઠેકાણે રાવળિયા અથવા એવી જ કોઈ હલકી નાતના હોય છે, તે એવી કાળોતરી લઈ જાય છે અને દૂરનાં ગામોમાં હવે ટપાલમાર્ગે મોકલાય છે. ર. ઉ.

૨ આ વિષય સંબંધી ટૉડ રાજસ્થાનના પ્હેલા ભાગને પૃષ્ઠ ૨૦૭ મે મેવાડના મહારાજા સિંગરામસિંહ અને અમ્બરના મહાન્ જયસિંહનાં મના કરનારાં મૂલ્યવાન આજ્ઞાપત્ર છે તે જુવો. જયસિંહે તો આ પ્રસંગને માટે એકાવન માણસ જમાડવાની હદ બાંધી છે, અને ઓછા પૈસાવાળા હોય તેઓને નાતવરા કરવાની મના કરી છે.

“જાદુરામને અકળામણ થઈ આવી, પણ તેના સારા ભાગ્યે અને તેના આ
“ભવ તથા પૂર્વ ભવના ઘણા પુણ્યના યોગથી અમે બે જણા તુરત જ આવી
“પ્હોંચ્યા, અને મરણવેળા રૂડી રીતે સાચવી, પુણ્યદાન કરાવ્યું ભોંય, લીધા,
“[illegible] મ્હોંમાં ગંગાજળ મૂક્યું. જો અમે આવ્યા હોત નહિ તો ખાટલામાં
“દેહ મૂકત, અને તેથી પૂતળવિધાન કરવું પડત.

“બાઈ અજ્ઞાનતાને (મરનારની છોકરી અને કલ્યાણરાયની વહૂ) રોવા
“કૂટવા દેશો નહિ. ફાવે તે કરિયે તથાપિ આપણે હવે એનું મ્હોં દેખવાના
“નથી. માટે હવે તો હિમ્મત રાખીને ઘરની લાજ રાખી આબરૂ પ્રમાણે નાતમાં
“ખર્ચ કરવો. પાંચ દશ રૂપિયા વત્તા થાય તો તેની ચિંતા કરવી નહિ, કેમકે,
“તે;તો રળતેખપતે મળશે, પણ માબાપનું કારજ ફરી આવનાર નથી. રૂ.૫૦૦)
“ની કિંમતનું ઘર છે, ઘરેણું રૂ. ૨૦૦) નું છે તથા વાસણકુસણ થઇને સામાન
“રૂ. ૧૦૦) નો છે, એ રીતે એકંદર રૂ. ૮૦૦)ની મતા છે; પણ સુરતની નાત
“ત્રણ દિવસ જમાડવામાં રૂ. ૧૧૦૦) નો ખર્ચ થશે માટે રૂ. ૩૦૦) વ્યાજે
“ઉપાડવા પડશે, તે હવણાં તો છોકરાં ન્હાનાં છે, પણ તે મ્હોટાં થશે એટલે
“રળી ખપીને દેવું વાળશે. એની કાંઈ ચિંતા રાખવી નહિ, કહેવત છે કે
“જેને બાળા તેને શા દકાળા?’ માટે દીકરા છે તો દેણાનો શો ભાર છે?
“કાલે સવારે તે વાળી દેશે માટે તમે ખરા સગા હો તો કારજ સુધારવા
“આવી પ્હોંચજો ને આ કાગળ વાંચીને એક ઘડીને છઠ્ઠે ભાગે તૈયાર થજો.
“પાણી પીવા ઉભા રહેશો નહિ. જો તમે આવશો નહિ તો નાતનો અપજશ
“તમારે માથે બેસશે, અમારે લેવા દેવા નથી.

લિ૦ ભવાનીરામ મંછારામ.”

પ્રેતને જોઇતી વસ્તુઓ મળી આવે એટલા માટે જે વસ્તુઓ દાન કરવામાં આવે છે તેને લગતી ટીપ:-

એક હિન્દુ કથા છે કે, “એક માણસને ત્રણ મિત્ર હતા, તેમાંથી બે જણના
“ઉપર તે અતિશય પ્રેમ રાખતો હતો; અને ત્રીજો સર્વના કરતાં સ્વચ્છ મનવાળો હતો,
“તથાપિ, તેને માટે તે બેદરકાર રહેતો હતો. એક દિવસ તેના ઉપર અપરાધ મૂકવામાં
“આવ્યો તે વિષે તે નિર્દોષ હતો, તો પણ, ન્યાયાધીશે તેને તેડાવ્યો; એટલે તેણે
“પોતાના મિત્રોને કહ્યું કે મારી પક્ષમાં સાક્ષી પૂરવાને માટે તમારામાંથી મારી સાથે
“કોણ આવે છે? પ્હેલા મિત્રે તો લાગલું જ કહી દીધું કે મારે તો બીજું કામ છે. બીજો
“હતો તે તેની સાથે ન્યાયાધીશના દરવાજા સુધી ગયો, પણ તેનાથી ડરી જઈને
“પાછો ફરીને ચાલતો થયો. ત્રીજાનો તેને બીલકુલ ભરોસો ન હતો તે તેની સાથે
“અંદર ગયો, તેની પક્ષમાં બોલ્યો અને તેના નિર્દોષપણાની એવી હોંસથી સાક્ષી પૂરી કે

"ન્યાયાધીશે તેને છોડી મૂક્યો અને તે સાથે તેને રીઝ આપી. આ જગત્‌માં માણસના "ત્રણ મિત્ર છે. તેનો જ્યારે મરણાવસર આવે છે અને ઈશ્વર પોતાના ન્યાયાસન આગળ 'તેને બોલાવે છે ત્યારે તેઓ તેની સાથે કેવી રીતે વર્ત્તે છે? સોનું તેનું વાહલું મિત્ર "છે; તે તેને પ્રથમજ તજી દે છે. તેનાં સગાંવ્હાલાં તેના દાહસ્થાન સુધી તેની સાથે "જાય છે, અને પછીથી પોતાને ઘેર પાછાં આવતાં રહે છે. તેનાં શુભ કૃત્ય માત્ર તેની "સાથે ન્યાયાસન સુધી જાય છે, આગળ પડે છે, તેની ભણી બોલે છે, અને "તેને દયા ને કૃપા સંપાદન કરી આપે છે."

આ પ્રમાણે કથા છે તે વિષે મિ. ટ્રેન્ચ એવું કથન કરે છે કે (Notes on the Parables, Sixth edition. P.51) આ યુક્તિથી રચેલી વાત છે ખરી, તો પણ યાહુદીનો સ્વધાર્મિકતાનો આ જાણવા યોગ્ય દાખલો છે. તથાપિ એના કરતાં એ સંબંધની સચ્ચાઈનો વધારે વિલક્ષણ વિચાર ઇઝરાયલ—ઈશ્વરનાં પસંદ કરેલાં છોકરાંમાં, લૌકિક રીતે ચાલતો આવેલો જણાય છે. હવે પછીની થવાની સ્થિતિમાં સુખ થવાના ખેત સારૂ, તેઓના પોતાના વિચાર હજી લગણ આ જગતના કામકાજ, પ્રતાપ, અને આનંદને વળગી રહેતા હતા, અને મરણ પામેલાનો સંબંધ હાલના જીવતરના કામકાજ સાથે સદાનો બંધ થઈ ગયો હોય એમ તેઓ સમજી શકતા ન હતા. આ પ્રમાણે, ખુશીથી છૂટાછેડા કર્યા હોય નહિ તો પૃથ્વી ઉપર મેળવી લીધેલા પતિ તરીકેના હક્કો, ધણી અને ધણિયાણી મરણ થવાથી છૂટાં પડે તોય પણ, તેમની નજરમાં નહિ સરખા થયેલા ગણાતા નહિ, અને મરણ પામેલો અલેક્ઝાન્ડર, તેની વીસારી દેનારી ગ્લાફિરા જે સંબંધ ધરાવનાર આરકેલાસના હાથમાં પડી હતી તેના ઉપર દાવો કરે, એ વાતની તેમને નવાઈ ન હતી. ત્યારે મૂર્ત્તિપૂજકોના લૌકિક ધર્મમાં સદાય એવા વિચાર ચાલ્યાં કરે છે કે મરણ પામેલાનો આત્મા મનુષ્યપ્રાણીના વ્યવહારમાં પછવાડેથી પણ પોતાનું વળગતું રાખે છે અને તેના સંબંધી અગાઉ વિચાર કરી રાખવામાં આવે અથવા તેને વીસારી મૂકવામાં આવે તે પ્રમાણે તેને સુખી કે દુઃખી કરાય છે, એવું જાણવાથી આશ્ચર્ય પામવા જેવું નથી. જે જાતિયો ક્રિશ્ચિયન ધર્મ સ્વીકાર્યા વિનાની રહી તે પછી પ્રાચીન સમયની કે અર્વાચીન સમયની, સુધરેલી કે જંગલી પણ તેઓએ એકસરખે અવાજે એવો વિચાર ધારણ કરેલો છે કે ઘટિત ઉત્તરક્રિયાઓ કરીને પ્રેતનો રસ્તો સરલ કરી આપવો જોઇયે. અને તેને અગત્ય પડતી વસ્તુઓ પૂરી પાડવી જોઇયે. પ્રાચીન સમયના લોકો શબના મુખ ઉપર નાણું મૂકતા હતા તેનું કારણ એમ હતું કે પ્રેતને નરકની નદી ઉતરવાને કે રાતની ફી આપવાને કામ લાગે; તે સાથે વળી, પ્રેતલોક(નરક)ના દ્વારપાળ સેરબેરસનો કોપ શાન્ત પાડવા સારૂ લોટની રોટલી, અને મધ મૂકવામાં આવતાં હતાં. રોમન લોકો મરણ પામેલાની ઘોરમાં પ્રેતલોકના દેવતાઓને શાન્ત પમાડવાને માટે દુધ, મધ, પાણી, દારૂ, અને તેલ મૂકતા. સ્કાન્ડિનેવિયાના શૂર પુરૂષોને ઓડિનના ભણીથી ખાતરીપૂર્વક કહેવામાં આવેલું હતું, તે પ્રમાણે, તેઓ નિશ્ચયાત્મક માનતા હતા કે, હથિયારો, યુદ્ધના ઘોડા, અને ચાકરો તેમની સાથે ઘોરમાં દાટવામાં આવતાં હતાં તે તેઓ જ્યારે વાલહાલ(લડાઈમાં મરણ પામેલા શૂરા પુરૂષોને વસવાનો અમર મ્હેલ)માં પ્રવેશ

કરવાના હોય, અને ત્યાંના શૂર દેવતાના આસન આગળ રજુ થવાના હોય, તે દિવસે ઉપયોગમાં આવે.

"**લા**પલંડર લોકોમાં, હવણાં ચાલ છે તે પ્રમાણે, તેમનામાંથી કોઈ મરી "જાય ત્યારે તેને અંધારામાર્ગમાં ચાલવું પડે માટે અજવાળું કરવાને ચકમક અને "તે કામમાં લાગે એવી બીજી બધી વસ્તુઓ તેની સાથે રાખે છે. અને **અ**મેરિકાનો અસલી "શિકારી પોતાના મરણ પામેલા મિત્રની સાથે બંદુક દાટે છે, એટલા માટે કે, પ્રેતલોકમાં "તેને શિકારની પછવાડે લાગવાને કામ આવે. **મો**ન્શોર હુક લખે છે કે, કેટલીક વાર "**તા**તાર **પા**દશાહોને દાટવામાં આવે છે તે રીતિ ઉડાઉપણાની અને જંગલીપણાની "ઘણી ટોચે પ્હોંચેલી જણાય છે: **પા**દશાહના શબને ઇંટોની ઈમારતમાં મૂકવામાં "આવે છે તે ઈમારતને માણસ, સિંહ, વાઘ, હાથી અને બૌદ્ધાના શાસ્ત્રમાં કલ્પેલી "નાના પ્રકારની વસ્તુઓથી શણગારવામાં આવે છે. ઈમારતમાં મધ્ય ભાગના વિશાળ "ભોંયરામાં પ્રતાપવાન્ પ્રેતની સાથે સોનું, રૂપું, જવાહિરનો ખજાનો અને મૂલ્યવાન "પોષાક રાખે છે.

"આ રાક્ષસી પ્રકારના દાટણામાં ઘણી વાર કેટલાક બધા ગુલામોના જીવની "ખુવારી થાય છે; છોકરિયો અને છોકરાઓ જે પોતાના રૂપને માટે પ્રસિદ્ધિ પામેલાં "હોય છે તેઓને લઈને રૂંધાઇને મરી જતાં સુધી પારો પી જવાનો બલાત્કાર કરવામાં "આવે છે; કહે છે કે આ પ્રમાણે કરવાથી તેમનો રંગ અને તાજાપણું એવું રહે છે કે "જાણે તેઓ જીવતા હોય. તેઓને પછી પોતાના **પા**દશાહની જીવતાં સેવા ઉઠાવતા "હતા તેમ કરવાને તેની આસપાસ ઉભા ગોઠવે છે. તેઓના હાથમાં, હુકો, પંખા, "સુંઘવાની તમાકુની શીશી, અને બીજી **તા**તર દરબારની પારવની. ઢોંગી રાજસામ-"ગ્રિયો આપે છે.

"આ દાટેલો ખજાનો સાચવવા સારૂ ભોંયરામાં એક પ્રકારનું કામઠું ગોઠવવામાં "આવે છે તે એવા પ્રકારથી કે, એકની પછવાડે બીજો, એવાં કેટલાંક બધાં તીર છૂટયાં "કરે છે. આ કામઠું અથવા તો એઓને કામઠાં કહેવાં જોઇયે તે એકઠાં બાંધેલાં હોય "છે અને તીર ચડાવી મૂકેલાં હોય છે. ભોંયમાં મૂકેલા આ સંચાની ગોઠવણ એવી "કરેલી હોય છે કે તેનું ઢાંકણું ઉઘાડવામાં આવે એટલે પ્હેલો તીર છૂટે, અને પ્હેલો "છૂટયો, એટલે તેની પછવાડે બીજો છૂટે અને એ પ્રમાણે છેવટના સુધી થયાં કરે. "કામઠું કરનારા આ ઘાતકી સંચાને અગાઉથી તૈયાર કરી રાખે છે, અને **ચી**નાઓ "જ્યારે ઘર સૂનું મૂકીને કહિં જાય છે ત્યારે પોતાના ઘરનું રક્ષણ કરવાને કામઠું ખરીદે છે."

સતી વિષે અમારે હવણાં બોલવાનું છે તે પણ આ એક મહા ચિત્તભ્રમણપણું જે યોગ્ય રીતે કહેવાય છે તેનું એક બીજું પાસું છે. **આ**ફ્રિકામાં અને **પો**લિનિશિયાના હબસિયોમાં પણ, એના જેવી જ રીતિ છે--મિ૦ **લ્યા**ન્ડર કહે છે કે, "અહિયાં "જેનામાં એવી રીતિ છે કે જ્યારે હાકમ મરણ પામે છે ત્યારે તેની માનીતી સ્ત્રિયો-"માંથી બે જણીને તેના મરણને દિવસે આ જગત તજવું પડે છે, તે એટલા માટે કે "તેની હવે પછીની ગતિમાં સંસારી ગંમત પમાડનાર થોડું પણ સાધન થઈ પડે; પણ

“માજી સૂબાની પતિવ્રતા સ્ત્રિયોને પોતાના માનવંતા પતિની સંગાથે ઘોરમાં વાસો કર-
“વાને કાંઈ પણ લોભ અથવા ઇચ્છા ન હતી, એટલે તેની દાહની ક્રિયા થતાં પ્હેલાં તે
“ક્યાંક જઈને સંતાઈ રહી. તે ત્યાર પછી તેની બીજી સ્ત્રિયોની ભેગી છૂપી રહી. તથાપિ એ
“અભાગણી સ્ત્રિયો માંહેથી એક,--કે જેના તાબામાં અમારૂં ઘર છે,—હવણાંના સૂબાના
“ઘરમાં સંતાઈ રહી હતી, ત્યાંથી તેને શોધી ક્હાડવામાં આવી, અને ગમે તો ઝેરનો પ્યાલો
“પિયે અથવા પૂજ્ય ગુરૂના ધોકાથી માથું ભાગવા દે, એ બેમાંથી જે ફાવે તે કરવાની
“છૂટ તેને આપવામાં આવી. તેમાંથી પ્હેલે રસ્તે મરવાનું તેને ઓછું ભયંકર લાગ્યું, એટલે
“તે પ્રમાણે કરવાનું માન્ય કર્યું.”—Journal of an Expedition to explore the
Course and Termination of the Niger, Vol. i., PP, 92, 93.

“જેમ સૂબાની સ્ત્રિયોના પાતવ્રતપણાનો દાખલો બતાવવાને માટે અને તેની
,‘સાથે અદૃશ્ય જગત્‌માં જવાને માટે તેઓને ફાંસો દઇને મારી નાંખવામાં આવે છે,
“તે જ પ્રમાણે, એવા પ્રકારનું મરણ દરબારિયો અને નકીબ ઉપર ઠરાવવામાં આવે છે,
“અને તેમાં સદાય આબરૂ અને માન સમજવામાં આવે છે. જે સ્ત્રીનાં છોકરાં સૂબાની
“પછવાડે જીવતાં હોય છે તે સ્ત્રિયોને ફાંસો દઈને મારી નાંખવાને વધુ પસંદ કરવામાં આવે
“છે. તેનાં કારણ ઘણાં છે, તે માંહેલું મ્હોટામાં મ્હોટું એ છે કે, એ છોકરાં સૂબાનાં
“ખરેખરાં છે તેની એ એક ખરેખરી સાબીતી થઈ પડે છે અને તેઓની મરણ પામેલી
“માતાઓના તાબામાં જે જગ્યાઓ હોય છે તેના વારસ તરીકેના પોતાના હક્કનો
“દાવો કરી શકે છે. જો કોઈ છોકરાની મા પોતાને ફાંસાથી મારી નાંખવા દે નહિ,
“તો તેના પતિવ્રતપણા વિષે લોકોના મનમાં શક રહી જાય; અને તે સ્ત્રીના તાબાની
“જગ્યા હોય ત્યાં તેનાં છોકરાં જાય, અને પોતાના હક્ક તરીકે તે મિલ્કત ઉપર દાવો
“કરે, તો તે જગ્યાનો માલિક એ બનાવનો લાગ લઈને, છોકરાને મ્હેણું મારે છે કે તમારી
“મા પતિવ્રતા નથી, માટે અમે તમને કશું લઈ જવા દઇશું નહિ. કારણ કે, તમારી
“માના અપાતિવ્રત્યે કરીને વારસ તરીકેના તમારા સર્વે દાવા અને હક્ક છૂટી પડ્યા છે,
“અને તમારી મા તમારા બાપની સાથે દટાવાને સામેલ થઈ નથી, એ ઉપરથી સૂબાના
“કરતાં તે કોઈ બીજા પુરૂષને વધારે ચ્હાતી હતી એની નાકબુલ જવાય નહિ એવી આ
“સાબીતી છે. ટુઈ ક્લિક્લિના ભાઈની ત્રીસે સ્ત્રિયો ફાંસાથી મરવાને તૈયાર થઈ; પણ
“તે પોતાના દેશના લોકોની સાથે એકંદરે સરખાવતાં જરા વધારે ડાહ્યો હતો, અને
“પોતાના દેશની રીતિ પ્રમાણે ઘસડાયો જાય એવો હતો નહિ, તેથી, જેઓને પોતાના
“ભાઈનાથી છોકરાં થયેલાં હતાં, તે સર્વેને, મરવા દેવાની અલબત્ત તેણે રજા આપી,
“પણ જે જુવાન સ્ત્રિયોને છોકરાં થયાં નથી, તેઓને પોતાના જીવનું બલિદાન આપ-
“વાનું કાંઈ કારણ નથી એમ તેણે કહ્યું; તે એમ જાણીને કે સર્વેને સારી રીતે પોતાની
“સ્ત્રિયો કરી શકાશે તેથી ઘણો લાભ થશે—કારણ કે સૂબાને જેમ વધારે સ્ત્રિયો હોય
“તેમ તેની મ્હોટાઈ ગણાય છે.

“ચૌદ જણિયોએ આ ઠરાવ લાગલો જ માન્ય કર્યો, અને મારા જાણ-
“વામાં જેટલું આવ્યું છે તે પ્રમાણે ટુઇ ક્લિક્લિ સરખો આવો મ્હોટો રાજા,
“જેની અમોહાધિનતા વિષે શક નાંખવાને કોઈથી હિમ્મત ચલાવી શકાય નહિ, તેવાની

“સલાહથી અને અભિપ્રાયથી, લોકની નજરમાં આવો પ્રતિષ્ઠિત રસ્તો આવે તેવે
“રસ્તે મુખ્યત્વે કરીને જીવથી ઉગરી જવાને માટે, તેઓ બહુ રાજી હતી, પણ એક
“જવાન હતી તે (જેના સુદ્ધાંત ઉગરનારી પંદર થતી હતી, અને બીજા કોઈ
“કારણ કરતાં એને જ માટે બીજિયોને ઉગરવાને એણે અભિપ્રાય આપ્યો હતો કે
“જેથી તેની ધારેલી ઈચ્છા પૂર્ણ થાય એવું સદાય ધારવામાં હતું) પરણેતરનો ધારો
“તોડીને જીવવા માટે રાજાએ આપેલા અભિપ્રાયની યોગ્યતા વિષે શંકા લેવા લાગી.
“તેણિયે ટુઈ કિલકિલને પૂછ્યું કે જેને માટે હું તમા રાખતી હતી તે માણસ ક્યાં છે?
“અથવા, તમારો ભાઈ મરણ પામ્યો તો શું હું જીવવાને યોગ્ય છું? ટુઇ કિલકિલને તેના
“મરણ પામેલા ભાઈ કરતાં હલકો ગણ્યો તેથી તેને એટલી બધી ચીડ ચડી કે એને
“ફાંસો દેવાને બે સ્ત્રિયો તૈયાર રહી હતી અને જેઓએ એની ડોકમાં પ્રથમ લૂગડાનો
“ફાંસો નાંખ્યો હતો તે ખૂબ જોરથી ખેંચવાને આજ્ઞા કરી, તે પ્રમાણે તેમણે અમલ
“કરયો અને જેવી તે દુઃખનાં ચિહ્ન બતાવા લાગી કે તુરત ફાંસો નરમ કરવાની આજ્ઞા
“કરી તે એવા વિચારથી કે મરણના દુઃખનો થોડો ઘણો અનુભવ તેણે કરયો એટલે
“હવે પોતાની મૂર્ખાઈ વિષેનો તે પસ્તાવો કરશે; પણ તેનો વિચાર તો કેવળ જૂદા જ
“પ્રકારનો હતો, કેમકે, તેણિયે ફાંસાના બન્ને છેડા પોતાના હાથમાં લીધા અને સખ્ત
“ખેંચવા માંડ્યું, તે એવી રીતે કે, ફાંસો દેનારિયાએ જે કામ અધૂરૂં મૂક્યૂં હતું તે
“પૂરૂં થઈ જાય; અને રાજા જે તેની મૂર્ખાઈભરેલી હઠીલાઈ ગણતો હતો તેની હવે
‘ખાતરી થઈ અને તેને સત્વર ઠેકાણે કરવાને પેલી સ્ત્રિયોને કહ્યું. આ જુવાન સ્ત્રી
“પોતાની સુંદરતાને માટે પ્રખ્યાત હતી, અને મનુષ્ય પ્રાણીમાં હોઈ શકે એવી પરિ-
“પૂર્ણ સુંદર ખરેખાત તે હશે. જો સુંદરતા સાથે ગોરાપણાને કાંઈ સંબંધ હોય તો,
“ખામી માત્ર એટલી જ હતી કે તે ગોરી ન હતી, કેમકે, વલણદાર છબિયો બતાવીને
“તેઓને હું પૂછતો કે આના જેવો તેણીનો અણસારો હતો ત્યારે તેઓ સદા ક્હેતા
“કે એ કરતાં તો ક્યાંય ચડિયાતી હતી.” Journal of a cruize among the Islands of the Western Pacific, including the Feejees and others inhabited by the Polynesian Negro Races, in Her Majesty's Ship Havannah. By John Elphinstone Erskine, Captain R. N. With Maps and Plates. John Murray.

વિધર્મી હિન્દુઓ, જૈન, આ વિષય સંબંધી ચાલતા વિચાર છે તે કરતાં વધારે વાજબી વિચાર આપતા જણાય છે, તેનું કારણ બીજું કાંઈ નહિ પણ બ્રાહ્મણોની રીતભાતની સામે થવાનો જુસ્સો છે. મજેરીના પથના ગોરજિયો પાસેથી જે હકિકત એકઠી કરીને જે એશિયાટિક રિસર્ચીઝના નવમા ભાગમાં છાપેલી છે તેમાં એ લોકોએ એવો અભિપ્રાય બતાવ્યો છે કે “બીજી જાતિના મૂર્ખ લોકો શાસ્ત્રના જાણકાર નથી તેથી
“સગું મરણ પામે છે તેની પછવાડે વ્યર્થ નાણું ખર્ચી નાંખે છે. કેમકે ક્રિયાથી અને
“બીજાઓને જમાડ્યાથી તે મરી ગયેલું માણસ શી રીતે સંતોષ પામી શકે? ‘દીવાની
“જોત એક વાર ઓલાઈ ગયા પછી તેમાં વધારે તેલ પૂરિયે તોયપણ તે અજવાળું
“આપી શકતી નથી,’ એટલા માટે મરી ગયેલાની પછવાડે વરા કરવા ને ક્રિયાઓ

"કરવી એ વ્યર્થ છે, અને જો સગાંને રાજી કરવાની ઈચ્છા હોય તો તે જીવતાં હોય "ત્યારે કરવું સારૂં છે. આ જગતમાં જે માણસ પિયે છે, આપે છે, અને ખાય છે તે જ "તેને લાભદાયક છે, પણ તેનો અંત આવે છે ત્યારે તે પોતાની સંગાથે કાંઈ લઈ જતું "નથી." આ જૈનનો વિચાર એક અંગ્રેજ કવિના નીચેના વિચાર સાથે મળતો આવે છે.

"કેમકે નિઃશબ્દ કબરમાં વાતચીત કરવાની નથી, મિત્રોનાં આનંદદાયક પગલાં પડવાનાં નથી, આશકમાશુકના અવાજ નીકળવાના નથી, ચોક્કસાઈ રાખનાર પિતાની "શીખામણ મળવાની નથી, કશું સંભળાવાનું નથી, કેમકે ત્યાં કાંઈ છે નહિ, પણ સર્વ "પ્રકારનું વિસ્મરણ, ધૂળ, અને અપાર અંધકાર છે!"

પ્રકરણ ૯.

મરણ પછીની ગતિ—શ્રાદ્ધ—ભૂત-ચાલતા વેહેમ.

ગરૂડ પુરાણ અને બીજાં હિન્દુનાં પુરાણોમાં લખ્યું છે કે, કોઈ માણસ મરી જાય ત્યારે તેના દીકરાએ અથવા તેનું જે વારસ હોય તેણે પિંડ આપવા જોઇયે અને જો તે આપે નહિ તો મરનાર ભૂત થાય. પ્હેલા છ પિંડ કેવી રીતે મૂકવામાં આવે છે તે વિષે અમે વર્ણન આપ્યું છે. જો ચોથો પિંડ મૂકયા પછી ક્રિયા આગળ ચાલે નહિ, અથવા, કદાપિ અગ્નિદાહ દેવામાં કાંઈ હરકત આવી પડે, તો જીવ ભૂત થઈને રહે છે. એ જ રીતે જો છઠ્ઠો પિંડ માત્ર આપવામાં આવે તો જીવ પ્રેત થઇ રહે છે, કેમકે મરનારે જે ઘરમાં દેહ છોડયો હોય તેના છાપરાની પાંખ ઉપર બાર દિવસ લગી જીવ વાસો કરે છે. માટે મરનારનાં દયાલુ સગાં સૂર્ય ઉગતાં ઘરના છાપરા ઉપર દૂધનું વાસણ મૂકે છે ને એક પાણીનું મૂકે છે. બીજાં પુરાણોમાં એમ છે કે આવી સ્થિતિમાં જીવ અગ્નિદાહની જગ્યાયે અથવા ચકલે વાસો કરે છે અને વળી બીજી જગ્યાયે એમ પણ લખેલું છે કે તે અગ્નિ, હવા અને પાણી તથા જે ઘરમાં તેનુ આગળ સ્થાન હતું તેમાં વાસો કરે છે.[1]

૧ એમ કહેવાનું કારણ એવું કે તરત દેહ છોડીને જે જીવ જાય છે તેનો અવર-જવર પેલા દેહ સાથે ચાલતો રહે છે, અને જુઇશ લોકોની દંતકથા (દેહમાંથી આત્મા ગયા પછી કેટલીક વેળા સુધી પોતાનો સંબંધ છોડતો નથી અને ભમ્યાં કરે છે ઇત્યાદિ) જે ઘણી ઉંડી સત્યતા ઉપર રહેલી ગણાય તે પ્રમાણે કેટલીક મુદત સુધી તે ભમ્યાં કરે છે. અને જે સ્થાનમાં તેણે ઘણી વેળા સુધી વાસો કરેલો હોય છે તેની પાસે આંટા ખાયાં કરે છે, અને તે સંબંધે કરીને તેની સાથે સાંકળી ગયેલો છે અને હવણાં પણ સદાને માટે વિખુટો પડ્યો નથી એમ જાણે છે. વિદ્યાના આધારથી પણ એવી કલ્પના કરવામાં આવી છે કે, દેહમાં જીવનો રણકારો છેલ્લેવેરકો વાગી રહેલો ધારવામાં આવે છે તે કરતાં તે બહુ વધારે વાર લગી પ્હોંચે છે; વળી કેટલીક વાર સુધી તેને

પ્રેતનું નવું શરીર બંધાય એટલા માટે દશમા સુધી એકેકો પિંડ મૂકવામાં આવે છે. જ્યારે દશ દિવસ પૂરા થાય છે ત્યારે હાથના અંગૂઠાના ઉપલા ભાગ જેવડું શરીર બંધાય છે. પ્રેતને ભૂખ ને તરસ લાગી હોય તેને માટે દશમે દહાડે પણ એક પિંડ મૂકવામાં આવે છે. દશમાને દહાડે દશ વાર ભેગા પિંડ મૂકવાનો હવણાં ગૂજરાતમાં સાધારણ ચાલ પડી ગયો છે.

દશમે, અગિયારમે, બારમે, અને તેરમે શ્રાદ્ધ કરવું જોઇયે અને ત્યાર પછી માશિયે અને સંવત્સરિયે પણ કરવામાં આવે છે. જેનો દીકરો શ્રાદ્ધ કરતો નથી તે વાંઝિયો મરી જાય છે, અને નરકમાં જાય છે. શ્રાદ્ધને દિવસે દાન કરવામાં આવે છે તે, પ્રેતને યમના નગર લગી દુઃખદાયક પ્રવાસ કરવો પડે છે તેમાં જોઇતી વસ્તુઓ મેળવવાના કામમાં આવે છે. તે દાન, વરુણ લઈને કૃષ્ણને આપે છે, પછી તે સર્વનિરીક્ષક નારાયણ—સૂર્યને આપે છે. તે લઈને મરણ પામેલાના જીવને આપે છે. મરણશય્યા આપવામાં આવે છે તે પ્રેતને પાલખીનું કામ સારે છે; તેમ જ પગરખાં, છત્રિયો, અને પંખા પણ માન્ય કરવા જેવાં દાન છે; વળી પ્રેતને રસ્તામાં અજવાળું મળે એટલા માટે શિવના દેવળમાં દીવા કરવામાં આવે છે.

તળાવને આરે, અથવા નદીકિનારે શ્રાદ્ધ કરવામાં આવે છે, શ્રાદ્ધ કરનાર હજામત કરાવી મૂંછો મૂંડાવીને તરભાણું, તથા તલ અને દર્ભ લઈને તર્પણ કરે છે તે વિષેનું વર્ણન કરવામાં આવ્યું છે. શ્રાદ્ધ કરનાર દર્ભની એક મૂર્ત્તિ બનાવીને તેને નવરાવ્યા પછી પુષ્પ ચડાવે છે, અને શ્રાદ્ધની ક્રિયાના સાક્ષીભૂત તરીકે વિશ્વેદેવની મૂર્ત્તિ બનાવીને પાસે મૂકે છે. પછી મરનારનું અને દેવનું આવાહન કરવાનો મંત્ર ભણવામાં આવે છે. વિષ્ણુને માટે શાલિગ્રામ પણ મૂકવામાં આવે છે, અને પછી ચાલતી રીતિ પ્રમાણે સર્વની પૂજા કરવામાં આવે છે, ત્યાર પછી નૈવેદ્ય કરીને મંત્ર ભણવામાં આવે છે. અને તે મંત્ર ઉપરથી સર્વને સિધાવવાની વિનતિ કરેલી ગણાય છે. ગાયને

જીવતરનું પરિપૂર્ણ સ્મરણ થઈ આવે છે. ઘણી વાર એવો બનાવ બને છે કે ઉપરથી મરણકાળના ધમપછાડા બતાવી આપવાનું સર્વે લાગલું જ બંધ પડી જાય છે, અને મરનારની ખરી મૂર્ત્તિ કે જે કેટલાંક વર્ષોની હોય તેવી, પરિપૂર્ણ શાન્તિમાં અને ઘણી ખરી માનસિક સુંદરતામાં ફરીને દેખા દે છે તે શી રીતે બનતું હશે તેનો ખુલાસો ઉપરના કારણ ઉપરથી કરી શકાય.

Trench's "Notes on the Miracles," Fourth Edition, P. 187

શ્વાસ નાંખવામાં આવે છે. આ પ્રમાણે ક્રિયા કર્યા પછી, મરનારનાં સગાંવ્હાલાં અને અમુક સંખ્યામાં બ્રાહ્મણોને પોતાના ગજા પ્રમાણે જમાડવામાં આવે છે.[૧]

જે માણુસને દીકરો હોય નહિ તેણે પોતાના આત્માની શાન્તિને અર્થે મરતાં પ્હેલાં ઉત્તરક્રિયા કરવી જોઇયે. જો તેની ઉત્તરક્રિયા કરવામાં આવે નહિ તો પછી તેને ભૂખાળવો ભૂત થઈને રાત્રિદિવસ દુઃખે ભટકી મરવું પડે છે, અથવા જીવડાં રૂપે તેને વારે વારે અવતરવું અને મરવું પડે છે, અથવા તે સ્ત્રીના પેટમાં ગર્ભ ધારણ કરીને અજવાળું જોતાં પ્હેલાં મરણ પામે છે અથવા માત્ર મરવાને જ અવતરે છે. વળી જેઓની ઉત્તરક્રિયા કરવામાં આવતી નથી, અથવા ખોટી રીતે કરવામાં આવે છે, તે જીવ નરકમાં દુઃખ ભોગવ્યા પછી ભૂત થઈને પૃથ્વી ઉપર આવે છે, અને જેની ભૂલથી તેની આવી માઠી અવસ્થા થઈ હોય છે તેને દુઃખ દેવા માંડે છે. તે તેઓને દુઃખ દેવાને તત્વ રૂપ બને છે અથવા બીજો રોગ થઈ પડે છે, ભાઇયોમાં તે કજીયો કરાવે છે, ઢોરનું મોત આણે છે, પુત્રની ઉત્પત્તિ થવા દેતો નથી, મનમાં ઘાતકી અને ખૂની વિચાર ઉત્પન્ન કરાવે છે, અને શાસ્ત્ર ઉપરથી, દેવ ઉપરથી, યાત્રાના સ્થાન ઉપરથી, અને પૂજ્ય બ્રાહ્મણ ઉપરથી શ્રદ્ધા ઉઠાડી દે છે.[૨]

---

૧ લક્ષમાં રાખવું કે Superstiti (જેની વ્યુત્પત્તિ વિષે ઘણી તકરાર ઉઠેલી છે) શબ્દનો અર્થ તેમના "પૂર્વજો પ્રતિ પછવાડે જીવતાં રહેલાનાં ધર્મ" એવો થાય છે, એમ કેટલાએક ધારણા કરેલી છે. આ ધારણા પ્રમાણે હિન્દુ શાસ્ત્રમાં પિતૃની પૂજા કરવાની અગત્ય જણાવે છે, તે ઉપરથી એ શબ્દના મુખ્ય અર્થનો ખુલાસો થાય છે— Vide Morris's Essay towards the Conversion of Hindoos, P. 196.

૨ મરણ પામેલાની ઉત્તરક્રિયા વિષે તેનાં સગાંવ્હાલાં લક્ષ આપે નહિ તો પ્રેતના સુખમાં ખલેલ પ્હોંચે છે એવો અભિપ્રાય એકલા હિન્દુસ્થાનમાં જ ચાલે છે એમ નથી. પુરાતન કાળના વિષય સંબંધી લખનાર પંડિત ગોઝ (બ્રાણ્ડે ઉતારો કરી લીધેલો છે તે પ્રમાણે) નીચે મુજબ લખે છે;—

"ખૂન થયેલા માણુસોનાં શરીર, છૂપી રીતે ડાટયાં હોય ત્યાંથી કહાડી લઈને "ક્રિશ્ચિયન ધર્મની વિધિ પ્રમાણે, કોઈ પવિત્ર જગ્યામાં લઈ જઈને ડાટવામાં આવે "નહિ, ત્યાં સુધી, પ્રેતને શાન્તિ વળે નહિ. આ વિચાર મૂર્તિપૂજકોના "પ્રાચીન વ્હેમ માંહેલી એક નિશાની છે; પ્રાચીન લોકો એમ માનતા હતા, "કે કેરાનને (વૈતરણી નદી જેવી પ્રેતને આચેરાત અને સ્ટિક્સ નદી ઉતારનાર) "વગર ડાટેલા માણુસોનાં પ્રેત ઉતારવાની આજ્ઞા ન હતી, પણ તેઓ એક સો વર્ષ "સુધી સ્ટિક્સ નદીના કિનારા ઉપર અવરજવર કરતાં હતાં; પછીથી તેઓને પાર "ઉતારવામાં આવતાં."

ગરૂડ પુરાણમાં વળી એ કરતાં વધારે લખ્યું છે કે મરણાવસરે જો તેનો જીવ સંસારની કોઈ વસ્તુમાં, તેનાં બાળકોમાં, તેની સ્રીમાં, તેના ધનમાલમાં રૂહે તો તેનો જીવ એકાએક છૂટતો નથી, પણ બલાત્કારે તરફડિયાં મારીને પછી દેહ છોડે છે અને ભૂત થાય છે. આપઘાત કરનાર, સાપના ઝેરથી મરનાર, વિજળી પડવાથી જીવ ખોનાર, અથવા બૂડી મરનાર, અથવા ડટાઈ મરનાર, અથવા એવું ગમે તે કમોત પામનાર ભૂત થાય છે. તેમજ જે મેડા ઉપર કે ખાટલામાં તે મરણ પામે છે અને જેને ભોંય ઉતારવામાં આવતું નથી તે પણ ભૂત થાય છે. તેમ જ મરણ પામ્યા પછી જેના મડદાને શૂદ્ર અડકે તેની પણ એવી જ વલે થાય છે. એ આદિ મરણ પામેલાના જીવને ભૂત થવાના ઘણા ખરા પ્રકાર છે. વેદના કર્મકાંડના ગ્રંથોમાં અકાળ મૃત્યુના દોષનિવારણના ઉપાય બતાવેલા છે તે પ્રમાણે મરનારનો વારસ કરે તો મરનારની અવગતિ થતી નથી.[1]

ઉપર પ્રમાણે માને છે તે સાથે વળી મ્હોટા માણસના મરણાવસર વિષે નીચે પ્રમાણે વ્હેમ છેઃ—“વેરસ્ટરશાયરના ઘણા ભાગના હલકા લોકોમાં એક વ્હેમ ચાલે “છે કે જ્યારે કોઈ મ્હોટા માણસનું મરણ થાય છે ત્યારે તોફાન, ભારે વર્ષાદ, અથવા “બીજો કોઈ દૈવકોપ થાય છે તે તેને ભૂમિદાહ દેવામાં આવે છે ત્યાં સુધી શમતો “નથી. ડયુક આફ વેલિંગ્ટનના મરણાવસરે આ વ્હેમને ઘણો આધાર મળ્યો હતો. એ “પ્રસંગે કેટલાંક અઠવાડિયાં લગી ભારે વર્ષાદ વરસ્યા પછી, અને એક ભારેમાં ભારે “રેલ થયા પછી, આકાશ સ્વચ્છ થયું, અને વર્ષાદ શમ્યો, તેથી રેલ ઉતરી ગઈ. ઘણા “મ્હોટા માણસોના મરણાવસરે મહા ઉત્પાત થયેલા આપણા ઇતિહાસમાં જોવામાં આવે “છે તે ઉપરથી ઉતરતી પંક્તિના લોકોના મનમાં આવો વિલક્ષણ વિચાર બંધાઈ જવાનું “કારણ મળેલું જણાય છે. ડયુકને ભૂમિદાહ દેતાં પ્હેલાં, એ અઠવાડિયામાં ચો પાસ “સામાન્યપણે એમ જ કહેવામાં આવતું કે, “અરે ડયુકને જ્યાં સુધી ડાટયો નથી ત્યાં “સુધી વર્ષાદ બંધ પડવાનો નથી.” Notes and Queries.

રાજમહાલના ડુંગરના ડેમાનોને (અથવા શકુનદ ધર્માધ્યક્ષને) આ નિયમ ઉલટી રીતે લાગુ પડે છે. એને ડાટવામાં આવે તો એ પ્રમાણે થાય છે.

“જ્યારે ડેમાનો મરી જાય છે ત્યારે જે ખાટલા ઉપર તે મરી ગયો હોય તે “સુદ્ધાંત જંગલમાં લઈ જઇને એક ઝાડની છાયા નીચે મૂકે છે અને ડાળપાંદડાંથી “ઢાંકી લે છે. ભૂમિદાહ દેવાની હરકત લેવામાં આવે છે તેનું કારણ એમ છે કે તેમ “કરવાથી તે ભૂત થાય છે એવો વ્હેમ છે. જો ડાટવામાં આવે તો તે પાછો આવીને “ગામના લોકોનો ન્હાશ કરે, અને જો તેનું શબ ઝાડ નીચે મૂકવામાં આવે તો તેને “પોતાની પિશાચી સત્તા કોઈ બીજે ઠેકાણે કામ લગાડવાની અગત્ય પડે.” *Vide* Asiatic Researches IV., P. 70.

૧ પ્રાચીન ગ્રીક લોકોના અભિપ્રાય પ્રમાણે, જેઓને ડાટવામાં આવેલા નહિ,

મરી ગયા પછી જીવ સ્વર્ગમાં કે નરકમાં જાય છે, તે વિષેનું વર્ણન કરવાની અગાઉ જગતમાં ભૂત ભમતાં ફરે છે તે વિષે આ ઠેકાણે લખિયે છિયે.

ભૂત તથા પ્રેત ઘણું કરીને શ્મશાનમાં રહે છે, તથા યજ્ઞમાં કામ આવે નહિ એવાં આમલી કે બાવળનાં ઝાડમાં રહે છે; તે ઉજ્જડ જગ્યામાં રહે છે, તથા જે ઠેકાણે તે મરણ પામ્યું હોય ત્યાં રહે છે, તેમ જ ચકલામાં પણ રહે છે એટલા માટે લોકો ત્યાં ઉતાર મૂકે છે.[1]

ભૂતના ગળાનું બારૂં સોયના નાકા જેટલું હોય છે અને તેને બાર મ્હેડાંની નિરંતર તરસ રહે છે. જ્યાં જ્યાં પાણીનાં સ્થાન હોય છે ત્યાં ત્યાં વરૂણદેવની ચોકી મૂકેલી હોય છે, તેથી ભૂતથી પાણી પી શકાતું નથી, અને તેને લીધે તેની તરસ સદા વધતી જ જાય છે. ભૂત સર્વ પ્રકારના મળમૂત્ર ઉપર પોતાનો ગુજારો ચલાવે છે. જેનું સપિંડશ્રાદ્ધ થયેલું હોય છે તે પણ આ જગતની વસ્તુમાં તેનો ભાવ રહી જાય છે તો તેથી તે ભૂત થાય છે.

એટલા જ માત્ર નહિ, પણ જેઓનું અકાલ મરણ થયેલું હોય તેઓને ભૂતરૂપે ભટકવું પડે છે. બિશપ પિયરસન કહે છે કે, "જેઓનાં શરીર ડાટવામાં આવ્યાં ન હોય તેઓના "આત્માને પ્રેતલોકમાં પ્રવેશ કરવા દેવામાં આવતો નહિ એવી ધારણા હતી, અને "જેઓનું અકાળ મૃત્યુ થાય, અથવા દુર્મરણ થાય તેઓના આત્માને પણ તેમના સ્વાભા-"વિક મરણનો સમય આવતાં લગી તે જગ્યાની બ્હાર રાખવામાં આવતા."

૧ આરેબિયન જીન પણ ચકલાંએ આંટા માર્યાં કરે છે; સ્કોટિશ અધોભૂમિની પિશાચિયો ત્રણ જમીનદારની જમીનના સંયોગવાળી જગ્યાએ ડાટેલા માણસની પાંસ-ળિયોનાં કામઠાં રાખે છે. વળી જૂવો. (Midsummer Night's Dream, Act II SC. 2:)—

"જેઓનો ચકલામાં અથવા જળમાં દાહ થયેલો તેટલા બધા નર્કમાં જવાને "શાપિત થયેલા પિશાચ છે."

માથ્યુના બારમા અધ્યાયના ૪૩ મા પાદમાં અને લ્યુકના અગિયારમા અધ્યા-યના ચોવીસમા પાદમાં દુષ્ટ પિશાચોને "સૂકી જગ્યાઓ" સુપ્રત કર્યા વિષે લખેલું છે તેની સાથે ગૂજરાતની વેરાન જગ્યાઓ બરાબર મળતી આવે છે.

"ડેન્સ રિચર્ડ પિનસને ૧૪૯૩ માં પાપરનો સંવાદ છાપ્યો છે, તેમાં વર્ષના "પ્રારંભે ચાલતા વ્હેમો માંહેલા નીચે લખેલા પણ કહેલા છે:—"જેઓ દુર્ભાગી અથવા "માનશકુનિયાળ દિવસો ટાળવાની કાળજી રાખે છે, અથવા ચાંદરાત કે બેસતા વર્ષે "મૂર્ખાઈભરેલી ક્રિયાઓ કરે છે, તેઓ, ભૂત અથવા પિશાચો તૃપ્ત કરવા રાત્રિની "વેળાએ બેંચ ઉપર માંસ અથવા દારૂ મૂકે છે."–*Vide Brand,*

તે પવિત્ર ભૂત પૂર્વજદેવ ક્હેવાય છે, અને તે પોતાના ઘરમાં કે પછી પીપળાના ઝાડ ઉપર રહે છે.[૧]

ભૂતપ્રેત પરાક્રમ કરે છે તે નીચે પ્રમાણે છે: તે મડદાના શરીરમાં પેશીને બોલે છે, તથા પોતાના આગળના શરીર જેવા આકારમાં દેખા દે છે; જીવતા માણસના શરીરમાં પેશીને પોતાની મરજી પ્રમાણે બોલાવે છે; તથા તેને તાવ આદિ અનેક પ્રકારની પીડા કરે છે; કોઈ વાર ઢોરનું રૂપ ધારણ કરીને એકાએક ભડકો થઈ જાય છે તેથી લોક ડરી જાય છે; કોઈ વાર છાનુંમાનું રહીને ભણકારાની પેઠે બોલે છે. વળી એમ સાંભળવામાં આવ્યું છે કે, એક ભૂત કોઈ માણસ સાથે બાથોબાથ આવ્યું અને તે માણસને ઉપાડીને બીજે ઠેકાણે મૂકી આવ્યું. વળી એમ પણ ક્હેવાય છે કે સ્ત્રિયોને ભૂતનાથી મહિના રહે છે.[૨]

---

૧ હિન્દુસ્થાનના બીજા ભાગો માંહેલા ભૂત સંબંધી સૂચના વિષે આ પ્રકરણની સમાપ્તિયે જ ટીપ છે તે જૂવો. મૂળમાં આ વિષય સંબંધી અમારૂં લખાણ મુખ્યત્વે કરીને ભૂતનિબંધ નામના પુસ્તક ઉપરથી ઉપજાવી ક્હાડેલું છે. એ પુસ્તક ઝાલાવાડના શ્રીમાળી બ્રાહ્મણ ત્રવાડી દલપતરામ ડાહ્યાભાઇયે ગૂજરાતી ભાષામાં લખેલું છે અને સન ૧૮૪૯ માં ગૂજરાત વર્નાક્યુલર સોસાઈટી ભણીથી ઈનામ મેળવ્યું છે. આ પુસ્તકનો કર્ત્તા તેવામાં એ સોસાઇટીનો મંત્રી હતો ત્યારે એ પુસ્તકનું અંગ્રેજી ભાષાન્તર મુંબઈમાં સન ૧૮૫૦ માં પ્રસિદ્ધ કર્યું હતું.

૨ પ્રત્યેક સમયે અને પ્રત્યેક દેશમાં, સ્ત્રિયોએ કુમાર્ગ પકડ્યો હોય તો તે દેવતાઈ અભિગમન ઠરાવીને છુપાવી રાખવાને રાજી થયેલી જણાય છે. હિરોડોટસ ક્હે છે કે, "જ્યારે ડેમારેટસ આ પ્રમાણે બોલ્યો ત્યારે તેની માએ તેને આ પ્રમાણે ઉત્તર આપ્યું:- "પુત્ર ! તું મને સાચેસાચું બોલવાની આટલી બધી આતુરતા જણાવે છે તો હું તારાથી "કશું છાનું રાખીશ નહિ. આરિસ્ટન મને પોતાને ઘેર લઈ ગયો, ત્યાર પછી ત્રીજી "રાત્રિયે એના જ આકારના એક ભૂતે મારા ઓરડામાં પ્રવેશ કર્યો, અને મારી સાથે "સૂતા પછી, મારે માથે મુકુટ મ્હેલ્યો, અને ફરીને તે પાછું જતું રહ્યું."

એ જ પ્રમાણે યુરિપિડીઝના બ્યાકો નામના ગ્રન્થમાં નાયક ક્હે છે કે:—

"એને માટે મારી માની બ્હેનોએ (એમ કરવું તેમને ઘટારત નહિ) ક્હ્યું કે, તું "જોવનાથી ઉત્પન્ન થયો નથી, પણ કોઈ મનુષ્યપ્રાણીના પ્રેમથી ગર્ભ રહ્યાથી ક્યાડમસ- "(સેમેલીના પિતા)ની નીચ યુક્તિ પ્રમાણે સેમેલિયે પોતાની ચૂક જોવને માથે નાંખી "દીધી છે." * * * * * *

બ્રિટિશ ઇતિહાસ માંહેલા મર્લિન અને આર્થર એ બન્ને ભૂતના પુત્ર હતા. જિયોફ્રિના ઇતિહાસના પુસ્તક ૬ ઠાના પ્રકરણ ૧૮ અને પુસ્તક ૮ માના પ્રકરણ ૧૯ પ્રમાણે તેમાં પ્રથમ લખેલા પ્રકાર વિષે સ્પેન્સર નીચે પ્રમાણે લખે છે:—

હિન્દુઓનાં પુરાણો કરતાં જૈન શાસ્ત્રના ગ્રંથોમાં ભૂત વિષે જૂદા પ્રકારનું લખેલું છે. તેઓ કહે છે કે, આઠ જાતિના વ્યંતર દેવ અને આઠ જાતિના વાણવ્યંતર પૃથ્વીની નીચે રહે છે. તેમાં એક એક જાતિનાને બબ્બે ઈન્દ્ર છે. તેમાંથી એક ઉત્તરમાં રાજ્ય કરે છે અને એક દક્ષિણમાં કરે છે. અને તેઓના શરીરના વર્ણ કાળા, ધોળા, કે આશમાની રંગના હોય છે. વ્યંતર તથા વાણવ્યંતર દેવ પૃથ્વી ઉપર આવીને માણસના શરીરમાં પેંશીને કુતૂહલ કરે છે અને માણસને પોતાનાં ઘણાં રૂપ બતાવે છે. આ જાતિના દેવોની નીચે ભવનપતિ દેવ રહે છે તે પણ કોઈ કોઈ વાર પૃથ્વી ઉપર દેખા દે છે. એમની નીચે નારકી જીવ રહે છે. પૃથ્વી ઉપરથી ઉંચે આકાશમાં સૂર્ય, ચન્દ્ર, તારા અને બીજા પાંચ પ્રકારના જ્યોતષી દેવ રહે છે. તે ઉપર બાર દેવ લોકમાં વૈમાનવાસી દેવ રહે છે. તેઓ કોઈ સમયે પોતાની ઈચ્છાથી અને કોઈ મંત્રને વશ થઈને પૃથ્વી ઉપર આવે છે, પણ કોઈને દુઃખ દેતા નથી. તેમના ઉપર નવ ગ્રીવેક તથા પંચ અનુત્તર વિમાની દેવ રહે છે. તેઓ ઘણા સામર્થ્યવાન્ હોય છે અને કદિ આપણી પૃથ્વી ઉપર આવતા નથી. પૃથ્વીથી ઉંચે તથા નીચે જે દેવ કહ્યા તેમાં જે જીવ તપસ્વી હોય તથા સારા પરિણામવાળો હોય તે ઉપજે છે પણ કેવળ પાપવાળો જીવ તે દેવમાં જવા પામતો નથી. અસલને વારે માણસો આદમ એટલે

"અને ભવિષ્યકથન કરનારા લોકો કહે છે કે એ માનવ પિતાનો અથવા કોઈ "જીવતા માણસનો પુત્ર ન હતો, પણ સુંદર સાધ્વી સ્ત્રીના ઉપર માયિક પિશાચના "વ્યભિચારી પ્રપંચથી ચમત્કારિક રીતે ગર્ભ રહી ઉત્પન્ન થયો હતો."

સ્કોટલંડમાં એવો દાખલો જોવો હોય તો ડમેલઝિયરની સ્ત્રી અને ટ્વીડનાં પિશાચની વાત જૂઓ—Note M., Lay of the Last Minstrel. હિન્દુસ્થાનમાં એવો દાખલો જોવો હોય તો અમારા પોતાના જ પુસ્તકમાં શિલાદિત્યનો વૃત્તાંત જૂઓ; તેમ જ વળી ઉષા (ઓખા) અને અનિરૂદ્ધનો દાખલો છે; તથા કમળાકુંવરીનો પણ છે, in Captain Westmacott's Article on Chaadwr in Assam, Journal Bengal Asiatic Society, IV. 187, *et cet.* આ વાર્ત્તાઓ સંબંધી બટલર આ પ્રમાણે કહે છેઃ—

"પ્રાચીન શૂરવીરોએ કર્યું તે પ્રમાણે નહિ. તેમણે તો પોતાના નીચ રીતે જન્મ થયાનું સંતાડી રાખવાને (તેઓની શકભરેલી રીતે ઉત્પત્તિ થયેલી જાણીને અને પોતે શૂરવીર જાતિના છે એવું પદ લેવાને) જ્યુપિટર અને બીજા દેવતાઓને તેમની માના યાર ઠરાવ્યા (જે વિષે પ્રાચીન કાળના હોમરે પ્રથમ જ ચાબખા બનાવ્યા છે.)"

Hudibras Part I. Canto II. V. 211--218.

ત્રણ ઉપવાસ કરીને દેવોને અહિં તેડાવતા હતા, પણ આ સમયમાં તો કોઇ પ્રકારે કોઈના તેડાવ્યા તે આવતા નથી.[1]

ભૂત વિષેના લોકમાં ચાલતા વ્હેમો છે, તેમાં ભૂત, પિશાચ માણુસના શરીરમાં પ્રવેશ કરે છે તે વિષે વ્હેમ મુખ્યત્વે છે. જૂદા દેશોમાં અને જૂદી વેળાએ માણુસનામાં ભૂત શી રીતે પેંસે છે તથા તેઓની સત્તા તેમના ઉપર કેટલી ચાલે છે એ સંબંધી કઠિણ અને સામાન્ય વિષય વિષે લખવાને અમને ઠીક લાગતું નથી.[2] પણ આ ઠેકાણે અમારા વાંચનારને

---

૧ બિશપ પિયરસન કહે છે કે, "આ પ્હેલું આકાશીય સ્વર્ગ, જ્યાં ઈશ્વર "પોતાનો તંબુ મારે છે, અને જ્યાં 'તે વાદળાંને પોતાનું વાહન કરે છે, અને પવ- "નની પાંખ ઉપર ચાલે છે; તે બીજું સ્વર્ગ કે જે સૂર્ય અને ચન્દ્ર, બે મહાન્ "પ્રકાશ, અને અગણિત તારા તેઓ માંહેલા એક કરતાં બહુ મ્હોટા છે, તેઓનું "સ્થાનક છે, તેના કરતાં મહિમામાં વધારે કનિષ્ટ છે તે પ્રમાણે જગ્યામાં તેવું નથી. અને "તોય પણ એ બીજું સ્વર્ગ, ત્રીજું સ્વર્ગ જે સેંટ પાલનું સ્થાનક છે તે કરતાં જેટલું "નીચે છે તેટલું પ્હેલા સ્વર્ગથી ઉચું નથી. એ સ્વર્ગમાં ઈશ્વરનો મહિમા વશેલો છે, "તેથી તેનું તેજ તારાવાળા આકાશની ઝાંખી પડતી સુંદરતા ઉપર જેટલું શ્રેષ્ઠપણું "મેળવે છે તેટલું શ્રેષ્ઠપણું સૂર્યનું તેજ ભમતા વાદળની કાળાશ ઉપર મેળવી શકતું નથી. "કેમકે જગત્‌ના આ મ્હોટા દેવલમાં ઈશ્વરનો પુત્ર મુખ્ય યાજક છે. જે સ્વર્ગ આપણે "જોઇયે છિયે તે માત્ર પડદો છે, અને જે તેના ઉપર છે તે પવિત્રમાં પવિત્ર છે. આ "પડદો મૂલ્યવાન્ અને મહિમાવાન્ છે, પણ એક દિવસ ફાટવાનો છે. અને દયાસ્થાન "તથા દેવદૂતના કરતાં પણ બહુ વધારે મહિમાવાળી જગ્યામાં આપણને દાખલ કરશે. "કેમકે આ ત્રીજું સ્વર્ગ આશીર્વાદ પામેલા દેવદૂતો જે નિરંતર મહાસન આગળ ઉભા "રહે છે તેઓનું યોગ્ય સ્થાનક છે.

(આ રૂપક ઈઝરાયલ લોકોના દેવલનું છે. એ દેવલને ત્રણ ખંડ હોય છે; પ્હેલા ખંડમાં તેઓ માંહેલાં સર્વે કોઈ જઈ શકે છે; બીજા ખંડમાં માત્ર યાજકોથી જ જવાય છે. આ બીજા ખંડ અને ત્રીજા ખંડની વચ્ચે પડદો રહે છે, તે જે યાજક કેટલીક ક્રિયાઓ કર્યા પછી યોગ્ય થયો હોય છે તે પોતાના હાથમાં બલિદાન લઈને ઉંચો કરી માંહ પ્રવેશ કરે છે, બીજા કોઈથી જવાતું નથી. માંહ્ય સામું દયાસ્થાન કરેલું હોય છે, તેના ઉપર વાદલ કહાડેલું હોય છે અને આસપાસ બે દેવદૂત કહાડેલા હોય છે.

એ પ્રમાણે પ્હેલું સ્વર્ગ સાધારણ છે. બીજા સ્વર્ગમાં સેંટ પાલ જેવાથી જ જવાય છે, ત્યાર પછી પડદો આવે છે તે ઉપાડીને ખ્રિસ્ત પોતાના લોહીનું બલિદાન પોતાના હાથમાં લઈને દયાસ્થાનમાં મહાયાજક રૂપે પ્રવેશ કરીને મધ્યસ્થ થાય છે.

૨ તો પણ આ વિષય ઉપર થોડાં પ્રમાણોને માટે, આ પ્રકરણની સમાપ્તિયે ન ટીપ છે તે જૂવો. ડાકટર જોનસનના શબ્દો પ્રમાણે "દુષ્ટ માણસો હોય "ત્યારે દુષ્ટ પિશાચ કાં ન હોય; ને દેહવાન્ દુષ્ટ પ્રાણી હોય ત્યારે અદેહવાન

સૂચવવાની અગત્ય છે કે, ગૂજરાતમાં ભૂત માણસોમાં કેવી રીતે પ્રવેશ કરે છે તે સંબંધી વર્ણનનો આધાર અમે એક ગ્રંથ ઉપર રાખિયે છિયે. તેનો કર્ત્તા ખરેખરો વ્હેમ વિનાનો છે અને પોતાના દેશિયોને એવા પ્રકારે બોધ કરે છે કે "ભૂત સરખું કાંઈ છે જ નહિ, પણ જેનો શક પડે છે તેના સાધારણ "રીતે ખુલાસા થઇ શકે છે."[1]

એ ગ્રંથકર્તા ક્‌હે છે કે,"કેવળ ભૂત નથી એમ કહિયે તો તે હિન્દુ શાસ્ત્રથી "ઉલટી વાત છે. ખ્રિસ્તિના બાયબલમાં અને મુસલમાન શાસ્ત્રમાં પણ "ભૂતની હૈયાતી કબૂલ રાખેલી છે માટે ભૂત જાતિ છે, એ વાત જૂઠી પાડી "શકાય નહિ[2] પણ આ સમયમાં તો એવી રીતે કે, જ્યારે ભૂતોની વાતો "સાંભળેલી દશ હજાર ભેળી કરિયે ત્યારે તેમાં એક વાત સાચી હશે એવા "અનુમાનથી તથા શાસ્ત્રના વિશ્વાસથી હું લખું છું. પણ મારા દેખવામાં "સાચી વાત આજ સુધી આવી નથી.

"હિન્દુ શાસ્ત્રમાં ભૂતની વાતો વિસ્તારીને લખી છે, તેનો અભિપ્રાય "જણાય છે કે, જે માણસો પવિત્રપણે ર્‌હેશે નહિ તથા જૂઠું બોલવા આદિ "દોષ કરશે તે મરીને ઘણું દુઃખ પામશે; તે માટે પવિત્ર ર્‌હેવું, અને પાપ "કરવું નહિ. વળી દુષ્ટ ચાલવાળાના શરીરમાં પેશીને ભૂત દુઃખ દેશે તે માટે "સારી ચાલ રાખવી. એટલો જ શાસ્ત્રકરવાવાળાનો અભિપ્રાય જણાય છે. "પણ તે ઉપરથી લોકોને ઘણો ભ્રમ ઉત્પન્ન થઈને બહુ દુઃખ થાય છે, "માટે મને એ વાત દુરસ્ત લાગે છે કે લોકોમાંથી ભૂતનો ભ્રમ જાય અને "જેમ ક્‌હેવત છે કે 'મનસા ભૂત અને શંકા ડાકણ' એનો અર્થ બરાબર "સમજાય તો બિચારા ભોળા લોકો હેરાન થાય નહિ."

બીજે ઠેકાણે એ ગ્રન્થકર્ત્તા ક્‌હે છે કે, "જ્યારે કોઈ માણસનું મન "કાંઈક વાયુ આદિકના રોગથી ઉદાસ થાય છે ત્યારે મનમાં મુંઝાય અને "કાંઈ બોલે નહિ તે સમયે તેનાં સગાં તથા પાડોશી ભેગાં થઈને પૂછે છે કે,

---

"દુષ્ટ પ્રાણિયો હોય તે અમે અમારી મેળે વધારે આશ્ચર્યકારક લેખી શક્તા નથી." અને દેહમાં ભૂત આવતાં એવું માનવાને અમારા મનમાં કાંઈ આનાકાની નથી, પણ હવણાં તે આવે છે કે નહિ તે કોણ જાણે.

૧ પૃષ્ઠ ૩૫૬ની ટીપ અંક ૧ જૂવો.

૨ *Vide* Bishop Hall's Contemplations:—"સારાં અને નઠારાં બન્ને પ્રકારનાં ભૂત છે, એવી સત્યતા સદા નિઃસંશય મૂર્ત્તિપૂજક, યાહુદી, અને ક્રિશ્ચિયનો માનતા આવેલા છે, પણ વ્હેમના આંધળા સમયમાં થોડી સત્યતા સાથે વધારે કપટ-કાર્ય ભળેલાં હતાં અને ઠગારા માણસો અને જૂઠાં પિશાચ મળીને વિશ્વાસુ જગત્‌ને ઠગતાં હતાં."

"તમને શું થાય છે? ત્યારે તે માણુસ ક્હે છે કે મારો જીવ મુંઝાઈ જાય છે. "અને મને કાંઈ ખબર પડતી નથી ને એમ થાય છે કે હવણાં રોવા માંડું. "પછી પૂછનારા લોકો ક્હે છે કે તું ક્યાં ગયો હતો, અને કોઈ ઠેકાણે બીન્યો કે "ઝબક્યો છું! પછી તે માણુસ વિચાર કરવા લાગે છે તેવામાં ત્યાં ઉપરા-"ઉપરી જે માણુસ આવે છે તે પૂછવા લાગે છે, એટલે બિચારો ભોળો "માણુસ રોવા લાગે છે. પછી સર્વે લોકો ક્હે છે કે, આ તો ક્યાંકથી વળ-"ગાડ લાવ્યો છે અને એ ભોળો માણુસ પણુ મનમાં નિશ્ચય કરે છે કે "મને ભૂત વળગ્યું છે. પછી તે તાંરમાં શરીર ધ્રુજાવા લાગે છે. એમ થોડે "થોડે ધ્રુજ વધતાં ઘણું ધૂણવા લાગે છે, તે એવું કે ભૂતના ભ્રમ વિનાનું "માણુસ જાણી જોઈને પોતે એના જેવા ચાળા કરવા લાગે તો તેના જેવું "બરાબર ધૂણતાં આવડે નહિ. અને ઝાઝા દિવસના અભ્યાસથી આવડે "પણ ખરૂં એમ જણાય છે, અને ભ્રમવાળો માણુસ જરૂર એમ સમજે છે "કે આ મારા શરીરમાં ભૂત આવીને ધૂણે છે પણ હું ધૂણતો નથી."[1]

નિબંધકર્ત્તા વળી લખે છે કે, "મારો સગો એક બ્રાહ્મણ મરી ગયા "પછી સાત મહિને તેની બાયડીના શરીરમાં આવીને ધૂણવા લાગ્યો તે "બાયડી જાતે ઘણી ગરીબ છે, પણ ધૂણતી વેળાએ એવો ધમધમાટ કરવા "લાગી કે તેની સામે ઉભાં રહીને જવાબ દેવાની શક્તિ કોઈને રહે નહિ.

---

૧ તીનેવલીમાં જે બને છે તેનું વર્ણન નીચે આપેલું છે, તે આની સાથે બરાબર મળતું આવે છે: "જો કોઈ માણુસને ટાઢિયો તાવ ચડવા માંડે અથવા પિત્તવિકારથી "માથું ભમવા માંડે તો તેની વગર કેળવાયલી મનઃકલ્પનાથી એમ માની લે છે કે મને ભૂત "વળગ્યું. પછી તે આડુંઅવળું માથું હલાવા માંડે છે, એક ટશે ને ટશે જોઇ રહે છે "અને બીજો બધો ડોળ પણ તે જ પ્રમાણે કરી દઈને ધૂણવાને મંડી જાય છે; અ "આસપાસ ઉભાં રહેલાં હોય છે તે દોડી જઇને પુષ્પ, ફૂલફલાદિ ભેટ લઈ આવે છે "અથવા કૂકડા કે ઘેટાનું બલિદાન આપવાને તે લાવીને રજુ કરે છે. See "The Tinnevelly Shanars," by the Rev. K. Caldwell, B. A., printed for the Society for the Propagation of the Gospel, in A. D. 1850. વળી ટ્વેલ્ફ્થ નાઇટ નામે શેકસપિયરના નાટકમાં ત્રીજા અંકના ચોથા પ્રવેશમ અતિશય રમુજી દેખાવ છે, તેનો મૂળની સાથે મુકાબલો કરો. એમાં માલવોલિયોને ભૂત આવ્યું હોય એમ ઠરાવ્યું છે; તે આનંદી જણાય છે અને ઉદાસી જણાતો નથી તેથી તેનું ઘેલાપણું ભૂત વળગ્યું હોય તેના સરખું જણાતું નથી, પણ ઓબિનિયા નીચે પ્રમાણે બોલે છે તેથી આ વિષેનો ભેદ ભાગી જાય છે:—

" જો ઉદાસીપણું, અને આનંદીપણું એ બે ઘેલાપણાનાં સરખાં જ કારણ હોય તો "હું તેના જેવી ઘેલી છું."

"આવે સમયે તે મરનારનો એક મિત્ર ત્યાં આવ્યો એટલે તે ધૂણનારિયે "કહ્યું કે આવ ભાઈ! આપણે એક દિવસે એકાન્તે બેઠા હતા, ત્યારે મેં તને "શું કહ્યું હતું તે સંભારી જો. એટલે એણે કહ્યું કે, હા, એ વાત મને સાંભરે "છે. પછી તેનો પાડોશી વાણિયો ત્યાં આવ્યો, તેને એ ધૂણનારિયે કહ્યું કે અલ્યા "વાણિયા! મેં તને રૂપિયા આપ્યા છે તે હજી સુધી કેમ મારી બાયડીને તેં "કહ્યા નથી? એટલે એ વાણિયે કહ્યું કે, હા, તમારા રૂપિયા સાડી પંચોતેર "મારી પાસે છે તે હું તમારી વહૂને આપીશ. પછી તો એ બાઇયે નિત્ય "ધૂણવા માંડ્યું અને એવી વાતો કહેવાથી લોકોમાં અચરજ જેવું થયું તેનો "અમે તપાસ કરી જોયો ત્યારે એવું જણાયું કે એ બ્રાહ્મણ પોતાના મિત્ર સાથે "એકાન્તે નિરંતર વાતો કરતો હતો, તેથી એ બાઇયે તો અનુમાનથી કહ્યું; "પણ એ ભોળે માણસે એમ જાણ્યું કે મારે મિત્રે મને એક દિવસ કહ્યું "હતું કે મારે દીકરો નથી તેથી હું મરીશ તો મારી ગતિ નહિ થાય, "કેમકે શાસ્ત્રમાં લખ્યું છે કેઃ—

अपुत्रस्य गतिर्नास्ति स्वर्गो नैव च नैव च ।

"ભાવાર્થ—જેને પુત્ર નથી, તેની ગતિ નથી અને નક્કી તેને સ્વર્ગ "પણ મળતું નથી.

વાણિયે પણ એમ જાણ્યું કે એ બાયડીના શરીરમાં "આવીને "બોલે છે તે કહી દેશે, તેથી હું પ્હેલો જ કાં કહું નહિ? એમ જાણીને "સાચી વાત કહી દીધી. બહુ લોકોને એ વાણિયા ઉપર ભ્રમ પણ "હતો, તેથી બાઇયે અનુમાનથી કહ્યું હશે, પણ સાચી વાત ઠરી.[1] પછી

---

૧ મરણ પામેલાંના પિશાચ સાથે વ્યવહાર ચલાવવાને મનુષ્યપ્રાણીના હૃદયમાં બલકટ વલણ હોય છે. "તેઓનાં છેલ્લાં મૃત્યુપત્રોની વ્યવસ્થા કરવાનું આપણા ઉપર "પડેલું હોય છે તે; તેમનાં છોકરાંની અંદર તેમની મ્હોંકળા અને રીતભાત જે આબેહુબ "રહી ગયેલી હોય છે તે; છોકરાંની સંભાળ રાખવાનું કામ આપણને સુપ્રત "કરેલા તેમના અપૂર્ણ રહેલા પ્રયોગનું સ્પષ્ટીકરણ; આપણને આપેલા સુખના ભોગ, "એ સર્વે તેમને આપણી સાથે ગુંથી નાંખે છે. આપણે ઈચ્છિયે તોય પણ આપણને "આવતાં સ્વપ્ન પણ આપણા મ્હોં આગળથી તેમને ખસેડી દેતાં નથી; આપણી વાર્ત્તાઓ "તેમના વિષે હોય છે; આપણાં દેવલો જે આપણી સદાની જવરઅવરની જગ્યા "છે તેઓની આસપાસની હવણાંની ઘોરો ઉપરના લેખ (જે ઘોરો અસલના વારાથી "દરવાજાના ઝાંપા આગળ હારબંધ હોય છે.) જે શાન્ય સ્થિતિમાં છે અને તેવા છે, તેથી "મારા હાલના કામને માટે ઠીક પડે એવા છે તે સર્વે, મનુષ્યપ્રાણીનાં હૃદયમાં મરણ "પામેલાની સાથે વાતચિત કરવાના ભાવ છે તે બતાવી આપે છે; વિદ્યાખાતામાં બહુ

"હું એક દિવસ ત્યાં ગયો ત્યારે મને સર્વ લોકોએ કહ્યું કે તમારે પણ "કાંઈ પૂછવું હોય તો પૂછો, બરાબર દાખલો મેળવી આપશે. પછી એ "ધૂણનારીનો ધણી જેમ મને બોલાવતો હતો તેમ તેણે મને બોલાવ્યો, "ત્યારે મેં કહ્યું કે આપણે બેને લેવડદેવડના હિસાબમાં ભૂલ રહે છે, તે "બહુ સારૂં થયું કે આજે તમે આવ્યા છો તો તેનો ખુલાસો થશે ત્યારે તે "બાઇયે ધૂણતાં ધૂણતાં મ્હોંડેથી હિસાબ ગણી આપ્યો એટલે તેના "ધણીના હાથનો લખેલો ચોપડો મેં તેના મ્હોં આગળ મૂક્યો અને કહ્યું "કે આ ચોપડામાંથી તમારૂં લખેલું નામું વાંચીને મને સમજાવો. તે "સમયે એ બાઈનાથી એમ બોલાઈ જવાયું કે હું ચોપડાના અક્ષર ભણી "નથી. તે સાંભળીને સૌ લોકો હસવા લાગ્યા, અને મારા મનમાં નિશ્ચય "કર્યો કે, આ ભૂતની વાત કેવળ જૂઠી છે. મેં એ બાઈને જે જે પૂછ્યું તેનું "ઉત્તર તેનાથી આપી શકાયું નહિ. અને બીજા લોકો પૂછતા હતા કે તમારા મામાનું "નામ શું, કાકાનું નામ શું? તેના ઉત્તર તરત થતાં હતાં. પણ મેં પૂછ્યું "કે ફલાણે ફલાણે દાહાડે આપણે બે જણા વાંચતા હતા તે ચોપડીનું નામ શું? "ત્યારે તેનો જવાબ ન થયો. ત્યારે મેં જાણ્યું કે બીજું તો સર્વે કહેવાય."

ગૂજરાતમાં એવો ચાલ છે કે વગડામાંનાં ઝાડ કોઈ કાપીને લઈ જાય તે સારૂ ઝાડની રક્ષા કરવાને અર્થે તેઓની ઉપર સિંદુરનાં ત્રિશૂલ કરે છે અથવા તેનો જોગ આવે નહિ તો આસપાસથી ઈંટાળા પથરા એકઠા કરીને ઝાડના થડમાં નાંખે. ત્યાર પછી જે કોઈ ત્યાં આગળ થઈને જાય તે એક બે ઈંટાળા નાંખતું જાય. તેનું કારણ તે એમ સમજે છે કે આ ઠેકાણે કોઈ દેવનું સ્થાન છે. તેમાં કેટલાક તો કારણ સમજ્યા વિના દેખાદેખીથી ઈંટાળા નાંખે છે. જો પથરાવાળી જમીન હોય નહિ તો જૂના લુગડાનો કટકો તે ઝાડને વળગાડે છે. પછી બીજા પણ લૂગડાં ચડાવતા જાય છે અને "ચિથરિયા મામા"નું સ્થાનક એ રીતે થઈ પડે છે. આવાં સ્થાનક ઘણું કરીને જે દેશમાં ઝાડની અછત હોય છે ત્યાં બહુ જોવામાં આવે છે. તેના વળગાડના ભ્રમથી માણસ હેરાન થાય છે. સ્ત્રિયોએ માનની ખાતર ભૂતને મામાનું નામ આપેલું છે. પુરૂષો ઓછા વ્હેમી હોય છે પણ સ્ત્રિયો તે ઠેકાણે થઇને જાય તો એક પથરો નાંખવાને કે એક લુગડું ચડાવવાને ભાગ્યે જ ભૂલી

"વૃદ્ધિ પામેલા લોકોનાં લખાણ અને અતિશય જંગલી લોકોના વ્હેમ અને રીતભાત "એ બંને સરખી રીતે તે ભાવ દર્શાવી આપે છે." Four Sermons Preached before the University of Cambridge, in November, 1849, by the Rev. F. F. Blunt, B. D., Margaret Professor of Divinity P. 2

જાય છે. જો કદાપિ પાસે વધારાનું લૂગડું હોય નહિ તો તેને બદલે પ્હેરેલા લૂગડાંમાંથી તાંતણા ફાડીને પણ ચડાવે છે. જો ભૂલી જાય તો એ ભ્રમથી કોઈક બાયડી ધૂણીને બોલે છે, જે "હું મામો છું, એ "મારા સ્થાન પાસેથી નીકળી, પણ મને ચિંથરૂંયે[1] ચડાવ્યું નહિ, તેથી હું "એને વળગ્યો છું." કોઈક ઠેકાણે વગડામાં ડુંગરની ધાર જેવું હોય ત્યાં કેટલાક પથરાનો ઢગલો કરવામાં આવે તો પછી ત્યાં થઈને દરેક જનાર દેવનું સ્થાનક સમજીને એકેકો પથરો ચડાવતું જાય અને અહિં જો કોઈ દેરડી ચણાવે તો તેનું ઘર મંડાય. કોઈ માણસ મરાયું હોય અથવા ઘાયલ થયું હોય ત્યાં આગળ પણ એવાં સ્થાનક થાય છે.[2]

---

૧ સ્ત્રિયો વધારે વ્હેમી હોય છે તે વિષે આપણો દુર્દર્શી જેમ્સ રાજા નીચે પ્રમાણે કારણ બતાવે છેઃ-

"કારણ સ્હેલું છે, કેમકે પુરૂષના કરતાં સ્ત્રીનામાં મનની નબળાઈ વધારે હોય છે "તેથી કરીને પિશાચની મહા જાળમાં સપડાઈ જવાનું વધારે સ્હેલું છે, આ વાત ઈવને "પ્રારંભમાં સાપે ઠગવાથી સાચી ઠરી ચૂકી છે અને તે વેળાથી સ્ત્રીજાત સાથે તે વધારે "હળી ગયું છે."

હારાવતીમાં આને મળતા ચાલ વિષેનું કર્નલ ટૉડ વર્ણન આપે છેઃ-"અર્દ્ધે રસ્તે; "અમે છૂટા પથ્થરની છાપરા વિનાની જગ્યા પસાર કરી, તેમાં ભીલની દેવી હતી, "આ થાનક કાંટાની ઝાડીમાં ઝાડોની ઘટામાં હતું. ત્યાં વટેમાર્ગુઓએ દુષ્ટ પિશાચોથી, "અથવા મને તો લાગે છે કે, તેમને ભીલ લોકો જ તેઓએ ધારેલા તેઓનાથી, પોતાનું "રક્ષણ થવાને વનદેવીને ભાતભાતના રંગનાં વસ્ત્ર ચડાવેલાં ડાખળિયોએ લટકી રહ્યાં "હતાં." તે પોતાની ટીપમાં એક વધારે વાત કહે છે કે, આવા પ્રકારનો ચાલ આફ્રિ- "કામાં ચાલે છે, તે વિષેનું વર્ણન, પાર્કે આપેલું છે." Rajasthan I; 662.

૨ આવા પ્રકારના શંકુ આકારના પથ્થરના ઢગલા (ચગા) મરણ પામેલાના સંબંધમાં કરવામાં આવેલા એવું સ્કોટના નીચેના કથન ઉપરથી જણાય છે.-

"શંકુ આકારના ઘણા એક પુરાતન મિનારા ઉપર, જ્યાં મહાન્ હાકેમોની વાનીનાં "પાત્ર ઢંકાયલાં પડી રહ્યાં છે."

Scott, *Vide* "The Lay of the Last Minstrel," Canto III, 29, and Note 2, U.

અસફ્ખાનની સરદારી નીચે, અકબરના લશ્કરની સામે લડતાં, ગઢ મંડલાની રાજ્યકર્ત્રી રાણી દુર્ગાવતી મરણ પામી, અથવા તો તે રાણીના કુટુંબના એક લેખમાં (*Vide* As. Res. XV., P. 437,) લખે છે કે, "દુર્ગાદેવી જે હાથી ઉપર બેઠી "હતી, તેના હાથમાં તરવાર હતી, તે વતે તેણિયે પોતાનું માથું કાપી નાંખ્યું; તે "પરમાત્માની સાથે મળી ગઈ; તેણિયે સૂર્યનું મંડલ ભેદ્યું. જ્યાં આગળ તે પડી, ત્યાં "જ તેને ભૂમિદાહ દીધો, એવું, બેંગાલ એશિયાટિક સોસાઇટીના વૃત્તપુસ્તક, ૧૫ને પૃ.

પૂર્વજ દેવ (પિતૃ), એટ્રુસકન લાર અથવા ગ્રિશિયન નાયકની પેઠે પોતાના રહેઠાણની જગ્યાએ ભટકતા ફરે છે, અને તેઓ તે જગ્યાના રહેવાસિયોના ભય મટાડે છે, અને સુખ કરે છે. ઘણી વાર તે સર્પ થાય છે

“૬૨૮ માં એક જણ લખે છે, અને તેની દાહભૂમિ ઉપર રસ્તે થઈને જનારા લોકો,
“તે પર્વત ઉપર ધોળા પથ્થરની સારી જાત છે તેમાંથી સુંદરમાં સુંદર પથ્થર શોધી
“ફહાડીને ચડાવા જોઇયે એમ સમજે છે; તેની પાસે બે ખરાબા છે તે તેની નોબતો
“પથ્થર રૂપ થઈ ને પડેલી છે એમ લોકો માને છે; અને આશ્ચર્યકારક વાતો એવી ચાલે
“છે કે, રાતના શાન્તપણાની વેળાએ પાસેનાં ગાંમડાંના લોકોને કોઈ કોઈ વાર તેના અવાજ
“સંભળાય છે.”

લોગન પોતાના પુસ્તકમાં (‘Scottish Gael,’ ii., 371) લખે છે કે હાય-
“લાંડર લોકોમાં ચગામાં પથ્થર નાંખવાનો જાણીતો થયેલો ચાલ બે પ્રકારના જૂદા
“જૂદા વિચારથી પડેલો છે. એક કારણ તો એમ છે કે, મરણ પામેલાને માટે તેઓ
“માન ધરાવતા હોય તેની ભૂમિદાહ ઉપરની જગાનું કદ વધી મ્હોટું થવાથી તેના વિષે
“સ્મરણ ઘણી મુદ્દત સુધી રહ્યાં કરે છે એમ તેઓ માને છે, અને તે જ ઉપરથી, માણસ
“જ્યારે જીવતું હોય છે ત્યારે તેને તૃપ્ત કરવાના વિચારથી તેને એમ કહેવામાં આવે છે કે
“હું તમારી ચગામાં પથ્થરોનો વધારો કરવાને ચૂકીશ નહિ. આ ઉપરથી એમ જણાઈ
“આવશે કે આવા પ્રકારનું લક્ષ આપવાથી અને મ્હોટી કબરથી આત્મા બહુ રાજી થાય છે,
“એમ માનવામાં હતું. પણ સેલ્ટ લોકોના કરતાં જરમન લોકોના વિચાર જૂદા પડેલા
“જણાય છે, કેમકે મરણ પામેલાના ઉપર મ્હોટી કબરો કરવામાં આવે તો તેને તે
“દુ:ખદાયક થઈ પડે છે, એવા વિચારથી તેઓ ભૂમિદાહને સ્થાને માટીનાં ઢેફાં
“ગોઠવે છે. ચગા વધારવાને પથ્થરો નાંખવાનું બીજું કારણ એ છે કે, અપરા-
“ધિયોના દહનસ્થાનની જગ્યા, ધિ:કાર અથવા શાપની સાથે, એથી કરીને ઓળખમાં
“રહે. આ ચાલ ડાકટર સ્મિથના કહેવા પ્રમાણે, ડ્રુઈડોએ દાખલ કરેલો છે. આવા
“બે કેવળ ભિન્ન વિચાર જણાવવાને એક જ રીતિ ચલાવવામાં આવે એ આશ્ચર્યકારક
“વાત છે; તોય પણ, ખરી વાત તો એમ જ છે. અને ગ્રંથકર્ત્તા પોતાની યુવાવસ્થામાં
“આપઘાત કરેલાની ઘોર આગળથી પસાર થતાં ચાલ પ્રમાણે પથ્થર નાંખવાને કદિ
“વિસરી ગયો નથી. આમ કરવાનું ખરૂં કારણ તો એમ જણાય છે કે, સેલ્ટિક પુરાણ
“પ્રમાણે, મરણ પામેલાનાં પિશાચને ઘોરની આસપાસ આંટા મારવાનું સૂજ્યું હોય
“છે તે શાન્તિ પામે.

ડાન નામની એબરડિનશાયરની કવિતાની ટીપમાં આૅલફોર્ડ પરગણા સંબંધી
નીચે પ્રમાણે છે:—“જેઓને વિષે બહુ વાતો ચાલેલી એવા લેનટર્ક સરખા મ્હોટા
“ચગો cairns અહિંયાં ઘણા છે; તેઓ વિશાળ કદના છે; કેટલાક લોકો એમ ધારે
“છે કે, ભયને સમયે ચેતવણી આપનારાં એ સ્થાન છે, પણ એ માંહેલા ઘણા ખરા,
“નીચવાણની જગ્યામાં છે, તેથી મને લાગે છે કે, દેશનું ભલું કરનારા મહાન લોકોની
“ભૂમિદાહની જગ્યાઓ હશે. હવણાં સુધી પણ હલકી મતિના લોકોને કાંઈ બક્ષિસ

અને ઘરની પાસે રહે છે, તેને ઘરનાં માણસ માન આપે છે. ગૂજરાતમાં એમ માનવામાં છે કે જ્યાં ધન ડાટયું હોય ત્યાં સર્પ રહે છે અને જેનો જીવ પોતાના ધનમાં રહી ગયેલો હોય છે એવા સર્પ થઇને તે ઉપર રહે છે.

નિબંધકર્ત્તા કહે છે કે, "એક શ્રાવક વાણિયાને ઘેર બે પરોણા આવ્યા.

"આપવામાં આવે છે ત્યારે તેના બદલામાં એક સામાન્ય વાક્ય કહેવામાં આવે છે કે "ખરે જો હું તમારી પછવાડે જીવતો હોઈશ તો તમારી ચગામાં એક પથરો ઉમેરીશ.' "અને આજે પણ, ઘણા ઘરડા લોકો, આવી ચગા આગળ થઈને જતા હોય તો "તેમાં પથરો નાંખ્યા વિના રહેતા નથી. ઘણા લોકોની ધારણા એવી છે કે, જ્યાં "આગળ શરીર ડાટયું હોય છે ત્યાં આગળ તેનું ભૂત ભટક્યાં કરે છે, અને જેમ જેમ તેના "ઉપરની ચગા ઉંચી કરવામાં આવે છે, તેમ તેમ તે પૃથ્વી ઉપરથી આકાશમાં ઉંચું ચડે છે.'

હોક લોકર (Speaking of Grenadilla in his Views in Spain, quoted in Ellis's Edition of Brand's Popular Antiquities) કહે છે કે, "કેટલાક અભાગિયા દુઃખી માણસો રસ્તામાં કમોતે મારયા ગયા હતા, ત્યાં આગળ "ઉભા કરેલા બે ત્રણ ક્રોસ આગળ થઈને અમે ચાલ્યા. સો વશા તો એ માણસો માંહેલા "કેટલાક અચાનક બનાવ બનવાથી મરણ પામ્યા હતા, પણ બધાયનું ખૂન ઘાતકી "રીતે કરવામાં આવેલું કહેવાયું અને વાત ઉપરથી અમારા જાણવામાં આવી ગયું કે, "જે બીના, આગળ એક સો વાર કહેવામાં આવેલી હતી તેની તે જ છે. આવા અકાળ "મૃત્યુ થયેલાની ઘોર ઉપર પથ્થર નાંખવાની પુરાતન રીતિ હજી લગણ આખા સ્પેન "દેશમાં ચાલે છે. હેત અથવા વ્હેમથી ઉશ્કેરાઈને મરણ પામેલાને માટે પ્રાર્થના કરીને "આવા પ્રકારનું સ્મરણાર્પણ આપવામાં આવે છે; પણ એ કારણ સિવાય, એક ત્રાહિત "જન સરખો પણ, મરણ પામેલાને જે માન આપવાનું આપણા દેશાચારમાં મૂળથી "જણાય છે, તેવા માનની ખાતર, મરણ પામેલાની ચગામાં પથ્થર નાંખવામાં સંતોષ "માની લે છે."

અમે જે નીચે દાખલો આપિયે છિયે (From Lepsius's "Letters from Egypt." Bohn, P. 216) તેમાં પથ્થર નાંખવાનું વલણ કેવળ જૂદા પ્રકારનું જણાઈ આવે છે.

"આ પર્વતની હારમાં (Gehel el Magopa) પ્રવેશ કરતાં પ્હેલાં, એક "જગ્યા, જે પથ્થરોના ઢગલાથી છવાઈ ગઈ હતી, અને તેઓની નીચે કોઇને ડાટેલું હતું "નહિ, તો પણ, મડદાંને ડાટવાના ઢગલા અથવા ચગા ધારી શકાય ત્યાં આગળ અમે "આવ્યા. જ્યારે જ્યારે ખજુરના વેપારી આ રસ્તે આવે (જેઓ માંહેલા કેટલાક "તેમના ગુંથેલા મ્હોટા ગોળ કંડિયા સહિત, અને તેમના ઊંટના હાંકનારા સહિત "અમને બીજે દાહાડે મળ્યા,) ત્યારે ત્યારે આ જગ્યાએ તેમની પાસે ખેરાત માગવામાં "આવે. જો કોઈ કાંઈ આપે નહિ, તો તેના કઠણ હૃદયને માટે અપશુકનની નિશાની "દાખલ, આસપાસ પડેલા પથ્થરોની આવી ખાલી ઘોર અથવા ચગા કરે છે. આવી જ "તરેહની ઘોરોનો એક જથો કોરસ્કોના રણમાં અમારા જોવામાં આવ્યો."

“ઘરધણી ચોટામાં ગયો હતો અને તેની સ્ત્રી હતી તે તેમને બેસારીને પાણી
“ભરવાને ગઈ. પરોણા ઘરધણીની વાટ જોતા બેઠા હતા તેવામાં, એક
“મ્હોટો સર્પ નીસર્યો. એટલે એક પરોણે ઉઠીને લાકડીવતી દબાવ્યો, અને
“બીજો પરોણો, સર્પને ઝાલવા સારૂ સાણસાની શોધ કરવા લાગ્યો. તેવામાં
“પેલી બાઈ પાણી ભરીને આવી, તે પેલા સાપને ડાબેલો જોઇને બોલી કે
“એને છોડી મૂકો, એ તો અમારો પૂર્વજ દેવ છે, તે મારી સાસુના શરીરમાં
“આવીને ધૂણતો ત્યારે મારા સસરાનું નામ લેતો, અને ક્હેતો કે મારો જીવ
“ધનમાં રહ્યો છે, તેથી હું સર્પ થયો છું; તે આ ઘરમાં રહું છું એમ
“બોલતો હતો. એક દિવસે એ અમારા એક પડોશીને કરડ્યો હતો તેને
“ઉતારવાને એક જતિ બોલાવ્યો, તે આવ્યો એટલે ધૂણીને કહ્યું કે, મારા
“દીકરા સાથે એણે લડાઈ કરી તેથી હું એને કરડ્યો છું, તે ફરીને ન લડ-
“વાનો કોઈ જામીન થાય તો ઉતરૂં. પછી એ પ્રકારે કરચું ત્યારે ઉતર્યો.
“તે દિવસથી અમારાં પાડોશીને ઘેર પણ આ સર્પ નીસરે તો તેને કોઈ
“ઝાલતા નથી. કદાપિ ઝાલીને બાર ગાઉ ઉપર મૂકી આવે તો પણ આજ
“ઠેકાણે એ સર્પ પાછો આવે. એ ઘણી વાર મારા પગની ઠેસે આવ્યો હશે
“પણ મને કોઈ દિવસ કરડ્યો નથી. કોઈ વાર હું પાણી ભરવા ગઈ હોઉં
“અને મારૂં છોકરૂં ઘરમાં રોતું હોય તો એ સર્પ તે છોકરાને હિંચોળે છે,
“એવું મારા જોવામાં ઘણી વાર આવ્યું છે. એમ કહીને સર્પને ઝાલવા
“દીધો નહિ, પણ નમસ્કાર કરીને જવા દીધો. પછી જે તેણે એ પરોણાએ
“તેને દબાવ્યો હતો તેણે પાઘડી ઉતારીને ક્હ્યું કે હે સર્પ બાપજી! તમને
“દબાવ્યા તે મારો અપરાધ ક્ષમા કરજો. અમે તમારાં છોકરાં છિયે. એ
“સર્પને પછી એક દિવસે મ્હોટે બીલાડે મારી નાંખ્યો, એટલે એ ઘરવાળે તેના
“કડકા સ્મશાનમાં લઈ જઈને બાળ્યા અને તેની ચિતામાં પાંચ શેર ઘી,
“એક નાળિયેર, અને અર્ધો શેર સુખડ નાંખી.”

“ધોળકા નામના પ્રાચીન શહરમાં એક બ્રાહ્મણે કોઈ જગ્યા વેચાતી
“લીધી, તેમાં ખોદતાં ભોંયરૂં નીસર્યું. તેમાં ધન ઘણું હતું, તે ઉપર એક
“મ્હોટો સર્પ ર્‌હેતો હતો. તે સર્પે એક દિવસે બ્રાહ્મણને સ્વપ્નમાં આવીને
“ક્હ્યું કે, અહિયાં મારૂં ધન છે તે ઉપર હું રહું છું, માટે આ ભોયરૂં તારે
“ખોદવું નહિ, અને આ મિલ્કતની ઈચ્છા તારે રાખવી નહિ. જો એવી
“ઇચ્છા રાખીશ તો હું તારો વંશ ચાલવા નહિ દઉં. પછી સવારમાં એ
“બ્રાહ્મણે તેલની કડાઇયો ઉકાળીને ભોંયરામાં રેડી, તેથી પેલો સર્પ મરી
“ગયો. પછી ભોંયરૂં ઉઘાડીને ધન ક્હાડી લીધું, અને સર્પને ઘરના ચોકમાં

"સારી રીતે અગ્નિદાહ દીધો. પછી તે મિલ્કતવતી મ્હોટી ઈમારતો કરાવી, "પણ તેનો વંશ રહ્યો નહિ, અને તેની દીકરિયોનો પણ વંશ રહ્યો નહિ, "તથા તેનું જેણે ખાધું તેનો પણ વંશ રહ્યો નહિ, તથા વકીલનો તથા "ગોરનો પણ વંશ રહ્યો નહિ. આ વાત આસરે વર્ષ ચાલીશ ઉપર નીપજી છે."

આવી વાતો ગૂજરાતમાં ઘણી ચાલે છે, અને અમે આગળ લખ્યું છે તે પ્રમાણે લોકોના માનવામાં એમ છે કે, જ્યાં ધન ડાટેલું હોય ત્યાં નક્કી સર્પ હોય.[૧]

જીવતા માણસમાં ભૂત ભરાઈ પેસે છે તેને કહાડવાના ઉપાય જે ગૂજરાતમાં ચાલે છે તે વિષે 'ભૂતનિબંધ'માં વેદના કર્મકાન્ડમાંથી, અથવા બૌદ્ધ શાસ્ત્રો ઉપરથી, અને મુસલમાનની રીતિ ઉપરથી જે લખવામાં આવ્યું છે તે પ્રમાણે અહિં અમે દાખલ કરિયે છિયે. કોઈ કોઈ વાર તો, જેને પીડા થતી હોય તેને સારૂં થાય એ વાત ઉપર મુખ્યત્વે કરીને ધ્યાન આપવામાં આવે છે. અને કોઈ કોઈ વાર તો, કસુરથી જેની ભૂતગતિ થઈ હોય તેનો તેના દુઃખદાયક ભટકારામાંથી છૂટકો કરાવાનો ઉપાય કરવામાં આવે છે. એ બાબતનો એકેકો દાખલો અમારા વાંચનારની આગળ અમે રજુ કરિયે છિયે:-

નિબંધકર્ત્તા કહે છે કે, "આશરે ત્રીશ વર્ષ ઉપર, એક ચારણ કાઠિ"યાવાડના સાયલાના ઠાકોર પાસે રૂપીયા માગતો હશે, તે દરબાર આપતે "ન હતો, તેથી, પેલો ચારણ પોતાની નાતનું ચાળીશ માણસ લઈને ધરણું "કરીને આવ્યો. તે ગામને દરવાજે આવતાં દરબારને જાણ થયાથી તેણે દર"વાજા બંધ કરાવ્યા, ત્યારે ચારણના માણસોએ ગામ બ્હાર પડાવ કર્યો અને "તેમણે ત્રણ લાંઘણો કરી. પછી ચોથે દાહાડે ત્રાગાં કર્યાં, તેમાં કેટલાક "પુરૂષોએ પોતાના હાથ કાપ્યા, અને ત્રણ ડોશિયોનાં માથાં કાપીને દરવાજે "તોરણ બાંધ્યું, કેટલીક સ્ત્રિયોએ પોતાનાં સ્તન કાપ્યાં, ચાર ડોસાને ગળે "ઘાલ્યાં, બે છોડિયોને ગઢ સાથે પછાડી, અને પેલો ચારણ પિંડે તેલમાં "બોળેલો ડગલો પ્હેરીને બળી મુવો. તે બળતી વેળાએ એમ બોલ્યો કે, "હું તો મરૂં છું, પણ એ દરબારની મેડીમાં માથા વિનાનો ખવ્વીસ થઈને "રહીશ, ઠાકોરનો જીવ લઈશ તથા તેનો વંશ પણ રહેવા દઈશ નહિ. "તે બળી મુવો ત્યાર પછી બીજાં માણસો પોતાને ઘેર પાછાં ગયાં.

૧ ઓરીએન્ટલ મેમ્વારની મૂળ આવૃત્તિના ભાગ બીજાને પૃષ્ઠ ૩૮૪ મે આવી જાતની ઘણી વાત છે.

"ચારણના મરણ પછી ત્રીજે દિવસે, ભૂતે રાણીને મેડી ઉપરથી નીચે
"નાંખી દીધી, તેને શરીરે ઘણું વાગ્યું. બીજાં ઘણાં માણસોના જોવામાં
"માથા વિનાનો ખબ્વીસ આવ્યો. પછી તે ઠાકોરના શરીરમાં આવીને ધૂણવા
"લાગ્યો. રાતમાં તેની મેડી ઉપર પથ્થર નાંખવા લાગ્યો તથા એક દાસીને
"વળગીને તેનો જીવ લીધો. એવી ઘણીક રંજાડ તે ભૂતે કરી, તેથી ધોળે
"દહાડે દરબારની મેડીમાં કોઈ જઈ શકે નહિ એમ થઈ ગયું. પછી તે
"ભૂતને કહાડવા સારૂ કોઈ જોગી, જતિ, ફકીર, બ્રાહ્મણ, આદિને દેશ-
"પરદેશથી બોલાવ્યા. પણ જે કોઈ એ ભૂતને કહાડવા આવીને ઠાકોરને
"ધૂણાવા બેસે, તેને જ, એ ભૂત ઠાકોરના શરીરમાં આવીને મારવા લાગે,
"અને એવા હાકોટા કરે કે તેથી કહાડનારની હિમ્મત રહે નહિ. વળી
"પોતાના હાથને પણ બચકાં ભરે. એવી રીતે વર્ષ પાંચ થયાં અને એ
"ક્રમથી પાંચ માણસ મરી ગયાં, પણ કોઈનો ઉપાય ચાલ્યો નહિ. પછી
"કોઈ પરદેશી જતિ તે દેશમાં આવ્યો હશે તેને ગાડી મોકલીને રૂડી
"રીતિથી તેડાવ્યો. તે જતિ સાથે કેટલાંક માણસ હતાં, અને જાદુવિદ્યા
"જાણવામાં તે ઘણો કુશળ ગણાતો હતો. તે એ ગામમાં આવ્યો.
"પછી તેણે કેટલીક જણસો મંગાવીને પેલી મેડીમાં બેશીને પ્રયોગ
"કર્યો. પ્રથમ તે મેડીને મંત્રેલા સૂત્રનો આંટો દીધો; તથા દૂધ ને પાણી
"મંત્રીને ફરતી ધારાવાડી દીધી, લ્હોડાના ખીલા મંત્રીને મેડીમાં ચાર ખુણે
"ચાર તથા બારણે બે માર્યા. પછી, તે મેડી લીપાવીને માંહે કોઈ દેવનું
"સ્થાપન કર્યું, તરવાર ઉઘાડી મૂકી, દીવા ઘીના તથા તેલના કર્યા. પછી તે મંત્ર
"સાધવા બેઠો. દિન એકતાળીશનો પ્રયોગ કર્યો. કેટલાક પ્રકારના ઉતાર
"મૂકાવ્યા તથા કેટલાક પ્રકારનાં બલિદાન લઈને રોજ સ્માશાનમાં જવા
"લાગ્યો. પણ ઠાકોર તો બીજી જગ્યામાં રહ્યા રહ્યા ધૂણીને કહે કે, અલ્યા
"મૂડિયા? તું મને કહાડવા આવ્યો છું, પણ હું જનાર નથી, અને એમાંથી
"તારા જીવનું પણ જોખમ થશે, એમ બોલતો, જતિ તો મેડીની બારિયે
"તથા જાળિયો વાશીને પ્રયોગ કરવા બેસતો. પણ લોકો એમ કહે છે કે એ
"સમયે પણ તે મેડા ઉપર પથરા પડતા અને બારિયોનાં કમાડમાં
"તથા જાળિયોમાં પથરા વાગતા. આ પ્રમાણે પ્રયોગ પૂરો થયેથી જતિના
"માણસો ઠાકોરને મેડી ઉપર થાપના પાસે તેડી લાવ્યા, અને ત્યાંથી બોલ્યું
"સંભળાય એટલામાં એ દરબારના માણસને રહેવા દીધું ;નહિ. પછી દાણા
"નાંખીને તથા થાળી વગાડીને તેને ધૂણાવ્યો. તેણે ધૂણતાં કાંઈ મસ્તી
"કરવા માંડી, તે સમયે પેલા જતિયે તથા તેના માણસોએ મળીને પેલા

"ઠાકોરને મારવામાં કાંઈ કસર રાખી નહિ. એવી રીતે એનું શરીર નિર્બળ
"કરીને પછી તે દરબારનાં બીજાં માણસોને પણ પાસે બોલાવ્યાં. ત્યાં હવન
"કરીને એક લીંબુ આગળ મૂકીને ભૂતને કહ્યું જે, તું આમાં પેશ. પછી
"ધૂણનાર બોલ્યો જે તું તો શું, તારો પીર આવે તો પણ હું આ શરીરમાથી
"નીસરનાર નથી. એમ કેટલીએક મ્હેનત કરતાં સવારથી તે બપોર
"વેળા થઈ. પછી એ મેડીથી નીચે ઉતરીને ચોકમાં માંડલું કર્યું, કેટલાક
"પ્રકારના ધૂપ મંગાવ્યા, મંત્રીને પાણી છાંટયું; એમ કરીને પેલા ભૂતને
"લીંબુમાં ઉતાર્યું. એટલે જે સમયે લીંબુ ઠેકવા લાગ્યું. તે સમયે જોનારા
"સૌ માણસોએ જતિનાં વખાણ કરવા માંડ્યાં, અને એવો શોરબકોર
"કરવા લાગ્યા કે, લીંબુમાં ભૂત ઉતર્યું, ભૂત ઉતર્યું. પછી પેલું લીંબુ
"ઠેકતું જોઇને ધૂણનાર આશ્ચર્ય પામીને ધૂણતો રહી ગયો અને મનમાં
"જરૂર સમજ્યો કે, મારા શરીરમાંથી ભૂત આ લીંબુમાં ઉતર્યું. પછી
"પેલા જતિયે ગામના સૌ લોક દેખતાં ગામને ઉગમણે દરવાજે ક્હાડયું
"ને લીંબુ ઠેકતાં ઠેકતાં આડુંઅવળું ચાલે તો જતિ સોટી અડકાડે
"એટલે પાંશરે રસ્તે ચાલે. આ વેળાએ ડાકલાં વગાડનારા ભેગા લીધા
"હતા તથા ત્રિધાઇયાં, ઢોલ આગળ વાગતાં હતાં. કેટલાક માણસોના
"હાથમાં ઉઘાડી તરવારો અપાવી હતી. ઠાકોરને પણ સંગાથે લીધા હતા.
"ભૂત આગળ ચાલતું ગયું તેમ પછવાડે રાઇના દાણા, સરસવ તથા મીંઠું
"વેરાવતા હતા. એ રીતે લીંબુ ગામને સીમાડે લઈ જઈને સાત હાથ
"ખાડો ખોદાવીને તેમાં ઉતાર્યું. પછી તે ખાડામાં રાઈ, સરસવ તથા મીંઠું
"પૂરાવ્યું અને તે ઉપર ધૂળ તથા પથરા ગોઠવીને તેની સાંધોમાં સીસું
"ગાળીને રેડાવ્યું અને ખાડાની ચારે બાજુએ સવા સવા ગજ લાંબા
"ખીલા મંત્રીને ઠોકયા. જ્યારે લીંબુ સીમાડે પ્હોંચ્યું, ત્યારે કેટલાક લોક
"ક્હેવા લાગ્યા કે આપણા ગામના સીમાડાની બ્હાર એ ભૂતને ડાટે તો
"ઠીક. પણ એ વાત સાંભળીને બીજા ગામના લોકો ઘણાક ત્યાં જોવા
"સારૂ આવ્યા હતા તેમણે કહ્યું કે તમારા ગામનો સીમાડો છોડીને
"અમારી હદમાં ભૂતને ડાટશો તો અમારે ને તમારે મ્હોટો ટંટો થશે.
"પછી તે જતિએ ભ્રમવાળા લોકોને કહ્યું કે ચિંતા રાખશો નહિ. એ
"ભૂતને હાથ સાત ઊંડું પૃથ્વીમાં ડાટીશું, અને તેમાં મીઠું નાંખીશું તેથી
"એનું શરીર ખવાઈને થોડા દિવસમાં મરી જશે, અને ઉપર સીસું રેડીશું
"એટલે ભૂતનાથી ઉપર નીસરી શકાશે નહિ. પછી તે ઠાકોરની હદમાં
"ડાટીને ગામમાં આવ્યા અને કોઈના જોવામાં ફરીને ભૂત આવ્યું નહિ.

"જતિને ઠાકોરે ઘણો શિરપાવ આપ્યો, અને લોકોએ નિશ્ચય કર્યો કે આવા "ભૂત કાહાડનારા સમર્થ હિન્દુસ્થાનમાં થોડા જ હશે." પણ તેનું કારણ નિબંધકર્ત્તા કહે છે કે કોઈને સમજાયું નહિ. એ નિબંધકર્ત્તાના લખવા પ્રમાણે લીંબુમાં પારો[1] ઘાલવાથી ઉપાયની અસર થઈ.

"જ્યારે કોઈ માણુસને તાવ આવે છે, અથવા અવાચક થઈ જાય છે, અને "દાંત સજ્જડ થઈ જાય છે, ત્યારે તેનાં સગા એમ સમજે છે જે એને ભૂતનો "વળગાડ થયો છે. પછી તેને બોલાવે છે તો પણ બોલતું નથી, એટલે તેને "બોલાવા સારૂ ચંડીપાઠના જાણનાર બ્રાહ્મણને તેડવા જાય છે. તેને આવતાં "કાંઈ વાર લાગે તો તે સમે વળગાડવાળાનું સગું અથવા પડોશી આવીને "કહે છે કે, એને મરચાંનો ધૂમાડો દ્યો અથવા કૂતરાના નરકનો ધૂમાડો "દ્યો એટલે એના શરીરમાં જે હશે તે બોલશે. પછી તેવો ધુમાડો દીધાથી "કોઈ સમયે બોલે છે, અને કોઈ સમયે નથી પણ બોલતું. પછી ચંડીપાઠ "ભણનાર બ્રાહ્મણ આવે તે પ્રથમ પોતે પવિત્રપણે આસન ઉપર બેશીને "એક બાજઠ ઉપર નવું રાતું લૂગડું પાથરે છે, તે ઉપર ઘઉંના દાણાથી અષ્ટ-"દળ યંત્ર કરે છે, તેના નવ કોઠામાં ઘહુની નવ ઢગલિયો કરીને તેમાં નવ "દુર્ગાનું આવાહન કરે છે, તેમનાં નામ;—૧ શૈલપુત્રી, ૨ બ્રહ્મચારિણી, "૩ ચન્દ્રઘંટા, ૪ કુષ્માણ્ડા, ૫ સ્કંદમાતા, ૬ કાત્યાયની, ૭ કાળરાત્રી, "૮ મહાગૌરી, ૯ સિદ્ધિદા. પછી તેમાં પાણી ભરીને કળશ મૂકે છે, તેના "ઉપર શ્રીફળ મૂકે છે અને તેની પૂજા કરે છે. ગૂંગળનો ધૂપ અને ઘીના "દીવા કરવામાં આવે છે. પછી વળગાડવાળાને સ્વચ્છ કરીને સામો બેસારે "છે. અને નવાર્ણુવ મંત્રથી (નવ અક્ષરના) અક્ષત મંત્રીને અથવા પાણી "મંત્રીને તે ધૂણવા માંડે ત્યાં સુધી છાંટે છે. તેને ધૂણવાનો વધારે તાર આવે "એટલા માટે પાણી ભરવાની ત્રાંબાની ગોળી ઢાલી ઉંધી પાડીને વેલણુવતે વગાડે "છે. નવાર્ણવમંત્રથી અક્ષત કે પાણી મંત્રેલું તેના ઉપર છાંટીને ભૂતને બોલાવે "છે, ત્યારે પોતાના ઘરના માણુસનું નામ લે છે કે હું ફલાણો છું, મારો "ધનમાં જીવ રહી ગયો છે, અથવા બાયડીમાં જીવ રહી ગયો છે, તેથી "મારી અવગતિ થઈ છે. મારી માલમતા તમે વાવરો છો માટે મારા છોક-"રાની ચાકરી નહિ કરો તો હું તમને પીડા કરીશ. વળી મારી શુભ ગતિ

---

૧ ટૉડ રાજસ્થાનના બીજા ભાગને પૃષ્ઠ ૬૮૮ મે કોગળિયું મટાડી દેવાનો ઉપાય કરવામાં આવે છે તેનું વર્ણન ઉપર પ્રમાણે જ આપ્યું છે. તેમ જ એમ. હક્ની મુસાફરીના પુસ્તકમાં તાતાર લામા ઘણી ખરી ઉપરની રીત પ્રમાણે તે દેશનું ભૂત (Tchutgour) કેમ કહાડી મૂકે છે તે વિષે વર્ણવે છે.

"થવા સારૂ હું કહું તે ઉપાય કરો. પછી ઉપાય કરવાની હા કહીને, હવેથી "ભૂત કોઈને પીડા કરે નહિ તે વિષેના તેને સમ ખવરાવીને દુર્ગાની સ્થા- "પના ઉપર હાથ મૂકાવે છે, અથવા ચંડીની પોથી ઉપર હાથ મૂકાવે છે. "ચંડીપાઠ માર્કંડેય પુરાણમાં છે, તેમાં એક શ્લોક લખ્યો છે જે,—

ग्रहभूतपिशाचाश्च यक्षगंधर्वराक्षसाः ।
ब्रह्मराक्षसवैतालाः कूष्माण्डा भैरवादयः ॥ १ ॥
नश्यन्ति दर्शनात्तस्य कवचे हृदि संस्थिते ।
मानोन्नतिर्भवेद्राज्ञ स्तेजोवृद्धिकरं परं ॥

ભાવાર્થ—ગ્રહ, ભૂત, પિશાચ, યક્ષ, ગાંધર્વ, રાક્ષસ, બ્રહ્મરાક્ષસ, વૈતાલ, કુષ્માણ્ડ, ભૈરવ આદિ મલીન દેવ છે તે જે મનુષ્યના હૃદયમાં ચંડીનું કવચ હોય તેનાથી દૂર નાશી જાય છે. જો રાજા પાઠ કરે તો તેનું પ્રતિષ્ઠા વધે છે. તેમ જ તેના રાજ્યનું તેજ વધે છે.[1]

જ્યારે કોઈ માણસને ભૂત ધૂણે છે ત્યારે તે કહે છે કે, "મને "સોમેશ્વર પાટણ લઈ જઈને મારી શુભ ગતિ કરો, તે એવી રીતે કે, તમે "ઘરનાં સર્વ માણસ ત્યાં જાઓ અને તમારા એકના શરીરમાં હું ત્યાં આવીશ "એટલે મારી ગતિ થશે." વળી ઠરાવેલી જગ્યાએ જઈ પ્હોંચતાં સુધી કેટલીક બાધા રાખવાનું ભૂત કહે છે. એટલે ઘરનાં માણસોમાંથી એક જણ તે બાધા રાખે છે. કોઈને તો તે અડદ ખાવા નહિ એવી બાધા આપે છે; કોઈને દૂધની આપે છે, અથવા છાશ, ગોળ કે ગળ્યા માત્રની આપે છે, બહુ આકરી બાધા આપવી હોય તો ઘીની આપે છે, અથવા આંટિયો ખાવાની આપે છે. ઘણું કરીને આવી બાધા ઘરની સ્ત્રી હોય તે રાખે છે. કોઈકને ઉભાં ઉભાં કાળી ઠીબરીમાં લઈને ડાબે હાથે ખાવાની બાધા આપે છે; કોઈ પુરૂષને, માથે પાઘડી બાંધવી નહિ એવી બાધા આપે છે, એટલે તેને બદલે તે ન્હાનું ફાળિયું માથે વીંટે છે; કોઈને જોડાની અને પગરખાંની બાધા આપે છે અથવા તીર્થે પગે ચાલીને જવાની આપે છે. સ્ત્રીને કાંચળી નહિ પ્હેરવી એવી બાધા આપે છે, તે જ્યારે જોગ આવે છે ત્યારે તીર્થમાં જઈને બાધા મૂકે છે. જો કદાપિ તીર્થમાં જવાય નહિ, અને ફરી કોઈ તેના ઘરનું માણસ માંદું પડે તો ભૂત ધૂણીને કહે છે કે, તમે બાધા રાખી છે તે પ્રમાણે

---

૧ બોમ્બે લિટરરી સોસાઇટીના ટ્રાન્ઝાક્શનના પુસ્તક ૩ જાને પૃષ્ઠ ૭૫ મે જુવો. નવી આવૃત્તિ પૃ. ૭૯ થી ૯૬ સુધી દસરાના પર્વ વિષેનો નિબંધ છે, તેમાં દુર્ગા-ચંડી વિષે વર્ણન છે

ઉતારવામાં આવતી નથી અને હું ઘણો મુંઝાઉં છું તેથી તમને પીડા કરૂં છું. પછી તે તુરત તીર્થમાં જઈને બાધા મૂકી આવે છે.

બીજી રીતિ નીચે પ્રમાણે છે:-જ્યારે કોઈ માણસ માંદું પડે છે ત્યારે તેના ઉપર એક ઘરેણું ઉતારીને કોરે મૂકે છે અને ક્હે છે કે આટલા બ્રાહ્મણ જમાડ્યા વિના હું એને ફરીને પ્હેરીશ નહિ. ગરીબ માણસ હોય છે તે થાળી અથવા લોટો એ જ રીતે ઉછીતો કરે છે.

પ્રભાસ અથવા **સોમેશ્વર પાટણ**ની યાત્રા ઘણું કરીને કાર્તિક શુદિ ૧૧ થી શરૂ થાય છે તે પંચરાત્રી ચાલે છે અને તે પંચરાત્રી પૂર્વજની ક્હેવાય છે. ઘણું કરીને આખા કુટુંબને યાત્રાએ જવું પડે છે. તેમાં તે માણસનો ભાઈ તેની વહૂઓ વગેરે સર્વેએ જવું જોઈયે, કેમકે જો કોઈ પછવાડે રહી જાય છે તો બીજા કોઈની સાથે **ભૂત પ્રભાસ** નહિ જતાં ઘેર રહી જાય છે.[1] પછી સર્વ જણ પગે ચાલીને, જોડા પ્હેર્યા વિના કે પાઘડી ઘાલ્યા વિના, અથવા જેવી બાધા રાખી હોય તે પ્રમાણે પાળીને જાય છે. ત્યાં પ્હોંચે છે એટલે

---

૧ "તેઓ ક્હે છે કે **નિસ**ને ક્હાડી મૂકવાને આપણે ઇચ્છિયે તો તે કામ ઘણું "કઠણ થઈ પડે છે. (**સ્કોટલંડ**માં ઘરનું કામકાજ કરે એવાં સખનાં રહેનારાં **પિશાચ**ને "**બ્રૌની** ક્હે છે, અને **જર્મની**માં જેને **કોબોલ્ડ** ક્હે છે. તેને જ **સ્કાન્ડીનેવિઆ**માં **નિસ** "ક્હે છે.) એક ઘરમાં એક માણસ રહેતો હતો ત્યાં **નિસે** હદપાર ઢોંગ કરવા માંડ્યા "તેથી તેને ત્યાં એકલું પડતું મૂકીને બીજે ઠેકાણે જઈ રહેવાનો તેણે નિશ્ચય કરચો. કેટ-"લાંક ગાડાં ભરાય એટલો સામાન લઈ ગયા પછી બાકી રહેલો છેલ વેરકો સામાન "લેવાને તે પાછો આવ્યો. તે સામાન માત્ર ખાલી પીપ, નળા અને બીજો એવા જ "પ્રકારનો હતો. બધો સામાન ગાડામાં ખડકાઈ રહ્યો એટલે પોતાના નવા રહેઠાણમાં "સુખ થવાની ઈચ્છાથી પેલા માણસે પોતાના જૂના રહેઠાણને અને **નિસ**ને છેલ્લી સલામ "કરી, કે ત્યાર પછી તુરત જ તેને કાંઈ કારણને લીધે ગાડાના પાછલા ભાગમાં જોવાને "જવું પડ્યું. તે વખતે જુવે છે તો ત્યાં તેની સાથે જવાને એક પીપમાં "**નિસ** ભરાઈ પેઠેલું તેના જોવામાં આવ્યું, એટલે તેની આટલી બધી મ્હેનત વ્યર્થ "ગઈ તેથી નિરાશ થતાં તે ભલો માણસ ઘણું આશ્ચર્ય પામ્યો; પણ પેલું **નિસ** તો "અતિશય હસવા લાગ્યું, અને પીપમાંથી પોતાનું માથું ઝડપથી ક્હાડીને આભા બની "ગયેલા ખેડુતને ક્હેવા લાગ્યું, "હા હા! આપણે હવે કુચ કરિયે છિયે, જોયું."

"આ વાત **જર્મની**, **ઈંગ્લંડ**, અને **આયર્લંડ**માં ચાલે છે. **જર્મન** દેશની વાતમાં, "કોબોલ્ડને બાળી નાંખવાને પેલો ખેડુત કોઠાર સળગાવી મૂકે છે એમ છે, અને ગાડું "હાંકી જતાં તેનો ભડકો જોવાને તે પાછળ જુવે છે તો તેણે કોબોલ્ડને તેની પછવાડે "ગાડામાં જોયું અને તે બૂમ પાડી ઉઠ્યું કે "અમને બ્હાર નીકળી આવવાને વેળા "મળી, અમને બ્હાર નીકળી આવવાને વેળા મળી.:—*Vide* Keightley's Fairy Mythology.

સોમપુરા બ્રાહ્મણ હોય છે, તે તેમના સામા આવેલા જ હોય છે. એ લોકોનો એવો ધારો હોય છે કે, જ્યારે સંઘ આવે છે ત્યારે તેમાંથી પોતાના યજમાન જે હોય તેમને પોતાને ઘેર લઈ જાય છે. યાત્રા જનાર માણસનું કોઈ પૂર્વજ, આગળ યાત્રાએ આવેલું હોય, તેણે જેને ગોર કર્યો હોય તે, અથવા તેના કુટુંબનો જે હોય તે, પેલાના ગોરપણાનો દાવો કરે છે. ત્યાં પ્હોંચ્યા પછી બીજે દિવસે સવારે હજામત કરાવી, મૂંછો મૂડાવીને સરસ્વતિયે જઈને દેહશુદ્ધપ્રાયશ્ચિત્ત અને શ્રાદ્ધ કરે છે. (એ વિષેનું વર્ણન પછવાડે કરવામાં આવ્યું છે) પછી ગોરની સૂચના પ્રમાણે સ્નાન કરે છે. સ્ત્રીપુરૂષને એક વસ્ત્રે ન્હાવાની બાધા હોય તો તે પ્રમાણે કરીને ન્હાય છે. પછી ગોર, યાત્રાળુઓને કહે છે કે, "નદીમાં જઈને તીર્થદેવને નમસ્કાર કરો." તેઓ તે પ્રમાણે કરે છે, તેવામાં ગોર નીચે પ્રમાણે શ્લોક ભણે છેઃ--

गंगे च यमुने चैव गोदावरि सरस्वति।
नर्मदे सिन्धु कावेरि जलेऽस्मिन्सन्निधिं कुरु ॥

ગંગા, યમુના, ગોદાવરી, સરસ્વતી, નર્મદા, અને કાવેરી નદી આ જળમાં પ્રવેશ કરો.

પછી સંસ્કૃતમાં, વર્ષ, મહિનો, તિથિ અને વાર ભણીને બોલે છેઃ-- "મન, વાચા અને કર્મથી જે જે મેં પાપ કર્યાં હોય તે ધોઈ નાંખવા સારૂ "હું આ તીર્થમાં સ્નાન કરૂં છું; તે જ શ્રીપરમેશ્વરની કૃપા સંપાદન કરવાને "અર્થે, દેહ શુદ્ધ કરવાને કાજે, અને પૂર્વજની ગતિ પમાડવાને અર્થે હું "સ્નાન કરૂં છું." પછી ગોર ન્હાનારને કહે છે કે "હવે તમે તમારૂં સ્નાન "પૂર્ણ કરો." આ પ્રમાણે સર્વેને, એક પછી એક ન્હવરાવે છે. તેઓ જેવા ન્હાઈને ઉપર આવે છે કે, માગણ લોકો, તેમાં મુખ્યત્વે કરીને બ્રાહ્મણો હોય છે તે, તેમને વળગી પડે છે, એટલે, દક્ષિણા વ્હેંચી આપે છે. ત્યાં આગળ એક પીપળાનું ઝાડ છે, તે શ્રીકૃષ્ણના વારાનું છે એમ લોક ધારે છે. યાત્રાળુ લોકો આ પીપળાની પૂજા કરીને, પછી તેને ઠંડુ પાણી રેડે છે; તેનું કારણ એવું કે પૂર્વજ દેવના પીવામાં તે પાણી આવે. પછી તેની આસપાસ પ્રદક્ષિણા ફરે છે. એ પીપળાને જોઈને વળગાડવાળું માણસ તુરત ધૂણવા મંડી જાય છે, અને આંખો ફેરવી દે છે. પછી ગોર તેને કહે છે કે "હવે તમે અહિં 'રૂહો, તમે જે ધર્મ કરવાને કહેશો તે પ્રમાણે કરવામાં આવશે." જો તે વાત ભૂત માન્ય કરે છે તો પછી કહે છે કે ૧૦૮ બ્રાહ્મણ જમાડો, અને નીલ (વાછડો વાછડી) પરણાવો. જે રીતે માણસ પરણે છે તે રીતે વાછડો વાછડી પરણાવીને તે બન્નેનાં પૂછડાં એકઠાં એક જણ ઝાલી રૂહે છે.

મરનારનાં કુટુંબી તે પૂછડાં ઉપર પાણી, દૂધ, અને તલ સહિત તર્પણ કરે છે. તેનું વર્ણન વેદના કર્મકાણ્ડમાં કરેલું છે તેમાં એક શ્લોક એવો છે કે,—

भूतयोनिषु ये जाता प्रेतयोनिषु ये गताः।
ते सर्वे तृप्तिमायान्तु नीलंपुच्छेषु तर्पिताः ॥

ભાવાર્થ—જે કોઈ મારા પૂર્વજમાંથી ભૂત જાતિમાં ઉપજ્યા હોય તથા પ્રેત જાતિમાં ગયા હોય તે સર્વે આ નીલને વાછડા વાછડીનું જોડું, પૂછડે તર્પિત કરવાથી તૃપ્ત થાઓ.

આવા શ્લોક આશરે ૧૨૫ છે તે ભણીને જળ રેડે છે, તથા જેટલાં પોતાનાં કુટુંબી મરી ગયાં હોય તેને સંભારીને પાણી રેડે છે. પછી રાંધેલા ચોખાના ૧૦૮ પિંડ કરીને પૂર્વજોને નામે મૂકે છે. બીજાંનાં નામ આવડતાં ન હોય, એટલે નીચેનો શ્લોક ભણીને મૂકે છેઃ—

विद्युच्चोरहता ये च दंष्ट्रिभिः पशुभिस्तथा।
तेषामुद्धरणार्थाय इमं पिंडं ददाम्यहम् ॥

ભાવાર્થઃ—મારા પૂર્વજમાંથી જે કોઈ વિજળીથી, ચોરથી, દાંતવાળાં જાનવરોથી, તથા પશુથી મરણ પામ્યાં હોય તેઓનો ઉદ્ધાર થવા સારૂ આ પિંડ હું આપું છું.

આમ છતાં પણ, કોઈ વાર તો ભૂત કહે છે કે, "અહિં મને સારૂં "લાગતું નથી, માટે હું મારા ઘરમાં જઈને રહીશ, ત્યાં એક ગોખમાં "મારા નામનું શ્રીફળ મૂકીને તેની પૂજા કરજો." પછી ગોર તેને બહુ કાલાવાલા કરીને કહે છે કે, "સરસ્વતીના કિનારા ઉપરની આવી રમણીય "જગ્યા મૂકીને તમે જાઓ છો? ના ના નક્કી તમારે તો અહિયાંજ રહેવું." આટલું કહેતાં છતાં પણ કેટલાંક ભૂત તો ઘેર પાછાં જાય છે. જો તે રહેવાની હા કહે છે તો તેના કહેવા પ્રમાણે પ્રભાસમાં પુણ્યદાન કરે છે.

સાંજ પડે છે ત્યારે હજારો યાત્રાળુ લોકો એકઠા થઇને સરસ્વતીનું પૂજન કરે છે. ત્યાર પછી પડિયામાં ઘીના દીવા પ્રકટી વ્હેતા મૂકે છે, તેથી કરીને નદીમાં ઝગઝગાટ થઈ રહે છે.[૧]

આ પ્રમાણે યાત્રા પૂરી થાય છે એટલે સર્વે યાત્રાળુ લોકો ઘેર જાય છે.

જો કદાપિ ભૂત નીચી જાતનું હોય છે તો તેને ભૂવા લોકો કહાડી મૂકે છે. તેઓને શૂદ્ર દેવી પ્રસન્ન હોય છે; જેવાં કે, બહુચરાજી, ખોડિયાર,

---

૧ ચાણાક્યની પાપશુદ્ધિમાંથી આ રીત ખરેખરી ચાલેલી જણાય છે. જુવો ભાગ પ્હેલાને પૃષ્ઠ ૧૦૪ મેં.

ગઢેચી, શીકોતર, મેલડી, અને બીજી બ્રાહ્મણથી તે નીચી જાત સુધી સર્વે જ્ઞાતના ભૂવા હોય છે જે દેવીનો તેને હાથો હોય છે તેનું સ્થાનક તેણે પોતાના ઘરમાં કરેલું હોય છે. ત્યાં આગળ ભૂવો ભૂત ક્હાડવા જવાની આજ્ઞા લે છે, તેમાં જો વધાવો આવે છે તો ભૂવો ભૂત કહાડવા જાય છે તેની સાથે કાંશીજોડાવાળા અને ડાખલાવાળા હોય છે ને વળગાડવાળાને સામો બેસારીને વગાડતાં દેવિયોના દુહા ગાય છે:—

માનસરોવરી માય, ચાલ ચુંવાળના ચોકની.
બરદાલી બેહેચરા, આવે ઉગમણ ગોખની.

* * * * *

અથવા

ખરી દેવિ ખોડિયાર, દીહે વાહો ડુંગરે
સમરી સાચ દેનાર, આવે માતા આકરી!

* * * * *

વળગાડવાળાના સામો ભૂવો બેઠેલો હોય છે તે, પોતાને માતા આવ્યાં હોય એવું ડોળ ધારણ કરીને ભૂતને ડરાવવાનાં જૂદા જૂદા પ્રકારના ઉપાય કરે છે. આ કામ કોઈ કોઈ વાર તો પાંચ પાંચ છ છ દહાડા સુધી ચાલે છે; છેવટે વળગાડવાળો માણસ (ભૂત રૂપે) બોલી ઉઠે છે કે, "હું જાઉં છું, "હું જાઉં છું." પછી દેવીને નામે કેટલાક રૂપિયા ખર્ચવાના સમ ખાય છે એટલે તેનો નિકાલ કરે છે.[1]

---

૧ શયતાન જે પરમેશ્વરની સામાન્ય નકલ કરનાર છે, તે આ બાબતમાં પણ તેની 'નકલ કરે છે' એવું બિશપ હાલે વિશ્વાસ વિષે અવલોકન કરતાં કહ્યું છે, તે બીજી બાબતો વિષે પણ આપણે સદાય લાગુ પાડી શકિયે. રાજાઓ વિષેના ત્રીજા અધ્યાયના ૧૫મા પદમાં એલાઇશા વિષે લખેલું છે કે, તેણે ગવૈયાને બોલાવ્યો, અને એવો બનાવ બન્યો કે તે ગવૈયાઓએ જ્યારે વગાડવા માંડ્યું ત્યારે ઈશ્વરનો હાથ તેના ઉપર આવ્યો. ઉપર જણાવેલો ગ્રંથકર્ત્તા ક્હે છે કે એલાઇશાએ સંગીત મંગાવ્યું, તે કાંઈ તેમના કાનને માટે ન હતું, પણ એલાઇશાના પોતાના હૃદયને માટે હતું કે તેથી તેને મનોવિકાર અથવા ભૂત અતિશય ઉછાળા માર્યા પછી સારી રીતે શાન્ત પામે, અને પરમેશ્વરનું શાન્તિભરેલું દર્શન પામવાને યોગ્ય વલણ ધારણ કરે. (આહાબ એક દુષ્ટ રાજા હતો તેણે ઇડમની લડાઈ સારૂ ઇહોશાફાટ નામના ભલા રાજાને કહ્યું, ત્યારે તેણે ઉત્તર આપ્યું કે એ કામ ઈશ્વરને ગમતું હોય તો તેમાં હું આશ્રય આપું. આહાબે કહ્યું કે હા તેમ છે. પછી તેઓ એલાઈશા પાસે તે સંબંધી વચન કઢાવાને ગયા. આહાબ દુષ્ટ હતો માટે તેનું મ્હોં જોવાને એલાઇશા રાજી ન હતો, પણ પેલા ભલા રાજાની ખાતર તે થોભ્યો અને પેલા દુષ્ટને જોઇને તેના મનોવિકારે (ભૂતે) ઉછાળા માર્યા, તેથી શાન્ત થવાને તેણે ગાણાવાળાને બોલાવ્યા.) ર. ઉ.

માતા—મેલડી—અને શિકોતરની ઉપાસના કરવાવાળા ઘણા પ્હાડી દેશમાં એક કોળી અને ભરવાડ હોય છે તેમના ઘરમાં તેમનું (સ્થાનક) એક ઓટલા ઉપર કરીને પડદો રાખે છે, ને લાકડાની ન્હાની મૂર્ત્તિને (સિંદુર અને ઘીથી) લાલ રંગેલી હોય છે. આ લોકોને જ્યારે કોઈની સાથે શત્રુવટ થાય

ક્રિશ્ચિયનધર્મપ્રસારક ખ્રિસ્તના ચેલાનાં કૃત્ય વિષેના સોળમા અધ્યાયના ૧૬ મા પદમાં પિશાચ વળગેલી અથવા ભવિષ્ય ક્હેનાર ભૂતના વળગાડવાળી સ્ત્રી વિષે લખ્યું છે, તે દેવી આવેલા માણસ વિષે અમે લખિયે છિયે તેને કેટલીક બાબતમાં મળતું છે.

એક ભંગિયા ભૂવાના ઉપાસનથી નીચે લખેલો દાવો કરવામાં આવ્યો હતો-તે મુંબઈની સદર દિવાની અદાલતે ફૈસલા પસંદ કરીને છપાવેલા છે, તેના પ્હેલા પુસ્તકને ૯૧ મે પાને નીચે પ્રમાણે દાખલ છે:—

પિતામ્બર નરોત્તમ. અપ્પીલનો વાદી.

મકનદાસ, કૂબેર, અને રાયજી મકન, અપ્પીલના પ્રતિવાદી.

"આ દાવો અપ્પીલના વાદિયે અપ્પીલના પ્રતિવાદિયો ઉપર આબરૂનું નુકસાન "ભરી લેવાને રૂ. ૯૯૫)નો કરયો હતો.

"પક્ષકાર દશા દિશાવાલ વાણિયા હતા. અપ્પીલના વાદિયે પોતાની અરજીમાં "બતાવ્યું છે કે, અમારી નાતનો એક ઈશ્વર મૂળજી કરીને સંવત્ ૧૮૮૦ના કાર્ત્તિક "શુદિ ૮ (તા૦ ૪ નોવેમ્બર સન ૧૮૨૯) ને રોજ નાત કરવાની રજા માગવા સારૂ "વહિવટ પ્રમાણે ન્હાનાભાઈ વિષ્ણુરામ કરીને તેમનો નાતગોર હતો તેને ઘેર ગયો "રજા આપતી વેળાએ અપ્પીલના પ્રતિવાદિયેએ ઈશ્વરને કહ્યું કે, જો તું અપ્પીલના "વાદિનું ઘર ટાળે તો અમે તારે ઘેર જમવા આવિયે. આ વિષે કારણ પૂછતાં, એ "લોકોએ કહ્યું કે, અપ્પીલના વાદીના ઘરમાં કોઈ માંદું હતું ત્યારે ભંગિયાને બોલાવીને "ડાખલું વગડાવ્યું હતું, તેથી તે નાતબાહાર થયો. નાતગોરે, અને બીજાઓએ સમજાવીને "કહ્યું કે માત્ર ડાખલું વગડાવ્યાથી તેને નાતબ્હાર મૂકાય નહિ, પણ તે વાત અપ્પીલના "પ્રતિવાદિઓએ સાંભળી નહિ. આ કારણથી ઈશ્વર મૂળજીએ નાત કરી નહિ, અને "બીજાઓએ કરવા ધારી હતી તેમણે પણ કરી નહિ, તેથી અપ્પીલના વાદિયે આબરૂને "નુકસાન પ્હોંચ્યા વિષે દાવો બાંધ્યો.

"અપ્પીલના પ્રતિવાદિયોએ અપ્પીલના વાદીની આબરૂને નુકસાન પ્હોંચાડયાની "વાત ઇનકાર કર્યો, અને કહ્યું કે, કદાપિ અપ્પીલનો વાદી ક્હે છે તે પ્રમાણે અમે "કહ્યું હોય, તો પણ અમે નાતના પટેલ અથવા મુખ્ય પુરૂષો નથી, તેથી અમારા "ક્હેવાથી કાંઈ અસર થવાની નહિ, અને વળી, અપ્પીલના વાદિયે દાવામાં જે દિવસ "બતાવ્યો છે તે દિવસથી નાતની જમણવારોમાં તેને નોતરાં દેવામાં આવ્યાં છે. "વધારામાં આ લોકોએ ઈશ્વર મૂળજી તથા અપ્પીલના વાદી ઉપર એવો આરોપ "મૂકયો કે, શત્રુવટથી એમણે અમારા ઉપર તોહોમત મૂકયું છે.

"બીજા આસિસ્ટન્ટ જડ્જની રૂબરૂ આ મુકદ્દમો ચાલ્યો ત્યારે અપ્પીલના વાદિયે "જવાબ આપ્યો, અને અપ્પીલના પ્રતિવાદિયે તેના રદિયા આપ્યા. અપ્પીલના પ્રતિ-

છે. ત્યારે તેને દેરૂં મોકલવાનું કહીને બ્હીવરાવી મારે છે. કદાપિ તે બ્હીક
બતાવતો ન હોય, તો પણ, સર્વના માનવામાં આવી જાય છે કે જેનું દેરૂં
એના ઘરમાં છે તે એની માતા, નક્કી એના શત્રુની ખબર લેશે. જેને ઘેર
દેરૂં મોકલવામાં આવે છે તેનું ઘર, પૃથ્વી હાલતી હોય ને થાય તેમ ઝોલે
ચડે છે, નળિયાં હલમલી જાય છે, ઘરનાં ઢોર ધ્રુજી જાય છે, અને ઘરધણી
પોતે દેવીથી ત્રાસ પામી જાય છે. આ પ્રમાણે બને છે એટલે પછી તે વળ-
ગાડવાળા માણસને આસપાસ બેઠેલા પૂછે છે કે "તું કોણ છે?" ત્યારે આળસ
મરડી, હાથ પગ પછાડીને બોલી ઉઠે છે કે "હું શિકોતર છું, મને બ્હેચ-
"રિયા કાળિયે મોકલી છે. જો બ્હેચરિયાને રાજી કરવામાં આવશે તો
"અને તે મને પાછી બોલાવી લેશે તો, હું જઈશ, નહિતર ઘરનાં બધાં
"માણસોનો અને ઢોરનો હું જીવ લઈશ." પછી બ્હેચરિયાને તેડવા મોકલીને
તેને કહે છે કે, "ભાઈ! તમે ગમે તે લઈને પણ તમારા દેરાને પાછું બોલાવી
"લ્યો." એટલે બ્હેચરિયો પોતાને વળગાડ થયો હોય એવો ડોળ કરે છે અને
એક લૂગડાનો કાકડો કરીને તેલમાં બોળી સળગાવે છે પછી તે ઘરનાં સર્વે
માણસના ઉપર અને ઢોર ઉપર ઉતારીને બે ત્રણ વાર પોતાના મ્હોંમાં
ખોસે છે અને પછી સળગતો બ્હાર કહાડીને પોતાનો શરીરમાં દેરાને

"વાદિયોએ કરેલો તિરસ્કાર અને તે સર્વેને જાણ થયેથી નાતો થવાની હતી તે થઈ
"નહિ, એ વાત સાબિત કરવા સારૂ **આ**સિસ્ટન્ટન *જજ્જે* ઈશ્વર **મૂ**લજી તથા નાતગોર
"ન્હાનાભાઈ **વિ**ષ્ણુરામની સાક્ષી લીધી. તે ઉપરથી, સદરહુ મુદ્દો સાબિત થવા વિષે
"**આ.** *જજ્જ*ની ખાતરી થવાથી, તે મુદ્દાને માટે રજુ કરેલા બીજા ચૌદ સાક્ષિયો લીધા
નહિ. વળી जो भंगियाए डाखलुं त्रगाड्युं हतुं ते घरमां पेठो न हतो पण ब्हार रहीने वगाड्युं हतुं
"अने अप्पीलना वादीनी वहू मांदी हती तेना उपर जरा पण पाणी छांट्युं न हतुं तेथी घर अपवित्र
"थई शेक नही એ મુદ્દો સાબિત કરવાને અપ્પીલના વાદિયે ચાર સાક્ષી રજુ કરયા હતા.
"આ મુદ્દાનો પૂરાવો પૂરતો જાણીને **આ.** *જજ્જે* બીજા બે સાક્ષિયો રજુ રાખેલા લીધા
"નહિ, અને ઠરાવ કરયો કે, અપ્પીલનો વાદી પોતાની આબરૂને નુકસાન પ્હોંચ્યાનું
"સાબિત કરી શક્યો છે, અને **ભૂ**ત કહાડવાની ગમે તે જાતિની માત્ર ક્રિયા કરવાના કારણ
"ઉપરથી તેને નાતબ્હાર મૂકવો એ પૂરતું કારણ નથી, તેથી આબરૂને નુકસાન કરવાનો
"કાંઈ સબબ ન્હોતો માટે **આ**સિસ્ટન્ટ *જજ્જે* આબરૂનું નુકસાન તથા અપ્પીલના
"વાદિયે જમણ ખોયું તે ધ્યાનમાં લઈને બધા ખર્ચ સાથે રૂ. ૯૯) નુકસાનના અપાવ્યા
અને અપ્પીલના પ્રતિવાદિયોએ દાવો નાસાબિત કરવાને જે સાક્ષિયોને સમન્સ કરાવી
"બોલાવ્યા હતા તેમની કોર્ટને અગત્ય નહિ જણાયાથી રજા આપી.'

આસિસ્ટન્ટ *જજ્જ*નું આ હુકમનામું, *જજ્જે* ફેરવ્યું, પણ છેવટે અપ્પીલકોર્ટે મુદ્દામાં
મંજુર રાખીને (સન ૧૮૩૨) અસલ વાદીને એક રૂપિયો તથા બધું ખર્ચ અપાવ્યું.

પાછું લીધું એમ જણાવે છે. આ ચમત્કાર જોઈને જોનારા દંગ થઈ જાય છે. કોઈ વાર તો વળગાડવાળાનું સગું હોય છે તે ગામના ઠાકોરને ત્યાં ફરિયાદે જાય છે. મનમાં ઢચુપચુ થતા ઠાકોર બ્હેચરિયાને તેડવા મોકલે છે અને પોતાને કાંઈ વચ્ચે પડવાની પંચાત નથી અને એના ઉપર કાંઈ સત્તા ચલાવાની નથી એવું ડોળ બતાવીને દેરૂં પોતાને ઘેર બોલાવી લેવાનું તેને કહે છે. બ્હેચરિયો સમજે છે કે ઠાકોરની સાથે વધારે હુજ્જત કરવી, એ ઠીક નહિ એટલે માતાને પાછી બોલાવી લેવાનું વચન આપે છે.

કોઈ કોઈ વાર તો ઠાકોર પોતે પોતાનું દેરૂં રાખે છે. એક અમારા ઓળખાણવાળો ઠાકોર હતો તેને કેસરબાઈ માતા આવતાં હતાં. જ્યારે તેના ખેડુત ગામ છોડીને જવાની મરજી જણાવતા ત્યારે તે તેમને કહેતો કે મારી માતા તમારી પછવાડે આવશે, એટલે ખેડુતો બ્હીને ગામ છોડી જતા રહેતા. વળી એમ પણ કહે છે કે તે પોતાના લ્હેણદારોને એ જ રીતે બ્હીવરાવીને લ્હેણું પતાવી દેતો હતો.

દેરાનો વળગાડ કહાડવાને કેટલીક વાર ભૂવાને પણ બોલાવવામાં આવે છે.

જોતિષમાં કેટલીક તિથિઓ લખેલી છે તે દિવસે કોઈ સ્ત્રી જન્મી હોય છે તો તે વિષકન્યા અથવા ખોટી નજરવાળી કહેવાય છે: તે ડાકણના નામથી ઓળખાય છે અને જેના ઉપર તેની નજર પડે તેને વળગાડના જેટલી પીડા થાય એમ ધારે છે. કોઈને કાંઈ બેચેની થાય છે તો તેને લાગે છે કે કોઈ ડાકણની નજર લાગવાથી થયું છે. ઘણું કરીને ચારણ કે વાઘરીથી નાતની બાયડિયો ડાકણ હોય છે. નજર લાગે નહિ એટલા માટે ઘણી સાવધાની રાખવામાં આવે છે; તેમાં લ્હોડું પાસે રાખવામાં આવે છે, કે કાળી નિશાની શરીરે કરે છે, અથવા મંત્ર કે માદળિયું પાસે રાખવામાં આવે છે.

ગૂજરાતમાં છ પ્રકારના મંત્ર ચાલે છે, તે મંત્ર શાસ્ત્રમાં વર્ણવેલા છે: ૧ "મારણ મંત્રમાં માણસને મારી નાંખવાની શક્તિ છે, ૨ મોહન "મંત્ર કાનને તથા આંખોને ભ્રમ ઉપજાવે છે. ૩ સ્તંભન મંત્ર ચાલતું હોય "તેને બંધ કરે છે. ૪ આકર્ષણ મંત્ર વડે કોઇને ખેંચી લેવું હોય "તો તેને ખેંચી શકે છે. ૫ વશીકરણ વડે કોઈને વશ કરવું હોય તો તેમ "થાય છે, ૬ ઉચ્ચાટન એટલે કોઇને પીડા કરવાના મંત્ર હોય છે.

ઇ૦ સ૦ ૧૮૪૫ની સાલમાં ભાવનગરના રાવલ વજેસિંહનો ટીલાયત કુંવર દાદુભા સિહોરમાં મરણ પામ્યો. આવા સમયમાં તેના ઓરમાઇ ફટાયા ભાઈ નારૂભાએ પચીશ બ્રાહ્મણોને ભાવનગરમાં પ્રયોગ કરવા બેસાર્યા હતા. દાદુભા પણ પોતાના મરણ પ્હેલાં થોડી વાર અગાઉ ભાવનગરમાં

રાવળની સાથે દરિયો પૂજવાના વાર્ષિક ત્હેવારને દિવસે હાજર થવાને આવ્યો હતો, ત્યાં આગળથી તે માંદો પડયો. આ વાત ઉપરથી સિહોરના લોકને ભ્રમ પડયો કે નારૂભાએ પોતાના ભાઈનો જીવ લેવા સારૂ બ્રાહ્મણો પાસે પ્રયોગ કરાવ્યો અને નારૂભાની મા ન્હાનીબાએ કુંવરને શણગારવાના ફૂલમાં દ્રિદલ મંત્રાવીને નાંખ્યાં હતાં. દાદુભાની માએ પોતાના દીકરાની રક્ષા કરવા સારૂ પોતાની પાસેનો બધો પૈસો ખર્ચીને ઘણા દેશી પરદેશી મંત્રજંત્ર જાણનારા બ્રાહ્મણ, જતિ, ફકીર, આદિને ભેગા કર્યા. લોકોમાં ચાલતા વ્હેમ સંબંધી નિબંધ ઉપરથી જે અમોએ ઘણો ભાગ લીધેલો છે તેનો કર્ત્તા પણ રાણિયે બોલાવેલા બ્રાહ્મણોમાં હતો. બધા મળીને આશરે ૧૦૦ જણ હતા, તેમાં કેટલાએક મૃત્યુંજયના મંત્રથી મહાદેવ ઉપર અભિષેક કરતા હતા, તથા કેટલાક બગલામુખી આદિ દેવીના પાઠ કરતા. એક કલકત્તાનો વાણિયો હતો, તે મંત્રજંત્રમાં ઘણો કુશળ હતો. સર્વેએ પોતાનું ચાલ્યું એટલું કર્યું, તથાપિ કુંવર દાદુભા તો દેવલોક પામ્યો. તે ઉપરથી વાતો ચાલી કે નારૂભાએ હવન કરાવ્યો, તેમાં બકરાંના મ્હોંમાં ડાંગર ભરીને તેમને કુંડમાં હોમ્યાં તથા પ્રયોગમાં બેસનારા બ્રાહ્મણો તેલમાં તથા લોહીમાં ન્હાયા હતા. તેમાં ગિરજાશંકર કરીને એક મુખ્ય હતો તેને બ્હીક લાગી જે કુંવરના ભણીનાં માણસ મને મારી નાંખશે. તે ઉપરથી નારૂભાએ તેને પાંચ સિપાઈ આપ્યા હતા તે તેની સાથે જ્યાં જાય ત્યાં જતા હતા. ઘણા લોકો એમ સમજે છે જે, આ બ્રાહ્મણે પ્રયોગ કરીને દાદુભાને માર્યો છે.

એ પ્રમાણે બીજી ઘણી વાતો મારણમંત્રની સંભળાય છે. કોઈ માણસ અચાનક મરી જાય છે, તો એવું ધારવામાં આવે છે કે, એને મૂઠ મારીને મારી નાંખ્યો. મૂઠ માર્યાથી ઝાડ સૂકાય, પથ્થર ફાટે, એવી ગપ્પાંની વાતોનો લખતાં પાર આવે નહિ એમ છે.

મોહનમંત્રની વાતો મંત્રશાસ્ત્રમાં છે. તેઓના રચનારાઓને તે વેળાએ એ વિષે જે જ્ઞાન હશે તે કરતાં હવણાં ગૂજરાતમાં વધારે મોહનવિદ્યા સંભળાય છે. તે એવી રીતે કે, આંખોને તથા કાનોને મોહ ઉપજાવવાની કળાઓ જાણનારા, કોઈ ઘરેણું કૂવામાં નાંખી દઈને, બીજી જગ્યાએથી ક્હાડી દેખાડે છે, તથા અજાણ્યા માણસોનાં નામ બોલી દેખાડે છે, તથા લૂગડું બાળી દેખાડીને સાજું કરે છે. આંબાનું ઝાડ તુરત ઉત્પન્ન કરે છે. ચામડાનો સર્પ કરે છે; કાંકરાના રૂપિયા કરે છે, ઠાલા હાથમાંથી હરેક પ્રકારની જણસો ક્હાડે છે, તે દેખીને મૂર્ખ લોકો એમ સમજે છે કે, કોઈ દેવની સાહાય્યતા વિના આવું કામ થઈ શકે નહિ.

સ્તંભન મંત્ર વિષે એવું લખવામાં આવ્યું છે કે, એથી શત્રુનું લશ્કર આવતું હોય તો થોભી રહે તથા વાજાંવાળા લોકોનાં વાજિંત્ર બંધ થઈ જાય, સામાવાળિયાની બુદ્ધ બંધ થઈ જાય, વ્હેતું પાણી બંધ થઈ જાય, અને નાસતો ચોર ઉભો રહે.

આકર્ષણ મંત્ર વિષે નીચે લખેલી વાત બહુ સાધારણ છે. કોઈ એક રાણિયે પોતાની દાસીની પાસે, ચૌટામાંથી પુલેલ તેલ મંગાવ્યું હતું, તે લઈ ને દાસી આવતી હતી, તેવામાં, તેને એક જતિ મળ્યો. તેણે કહ્યું કે, એમાંથી મને એક શળી ભરીને લેવા દે, એમ કહીને તેણે આકર્ષણ મંત્ર ભણીને પેલી શળી તેલમાં ફેરવી, પણ તેની દાસીને કાંઈ ખબર પડી નહિ. કટોરામાં તેલ ફરતું દેખીને રાણિયે દાસીને પૂછ્યું કે, રસ્તામાં તને કોઇ મળ્યું હતું? ત્યારે તેણે કહ્યું કે, આપણા ગોરજિએ એક શળી ભરી લીધી છે, એ વિના બીજું કોઈ મને રસ્તામાં મળ્યું નથી. રાણિયે તે સાંભળીને એક મ્હોટો પથ્થર પડ્યો હતો, તેના ઉપર તેલ રેડી દીધું. એટલે, રાતમાં તે પથ્થર ઉડીને પેલા જતિના અપાસરામાં પડયો. પછી એ વાતની રાજાને જાણ કરી ત્યારે તેણે જતિને મારી નાંખ્યો.

આપણા જોવામાં આવ્યું તે પ્રમાણે બીજા ભીમદેવના સલાહકાર અમરસિંહ શેવડાએ, માણસ, સ્ત્રિયો, અને દેવને વશ કરી લીધાં હતાં, તે વશીકરણ મંત્રની સાહાય્યતાથી. તેનો ધણી પણ મંત્રવિદ્યા જાણતો હતો એવું તેને માથે બ્હેતાન છે.[1]

કોઈ એક રાજા હશે તેને બે રાણિયો હતી. તે દરેકને એક બ્રાહ્મણે વશીકરણ મંત્રની ચીઠી આપી. તેમાં લખ્યું હતું કે "જો મ્હોટી રાણી પસંદ "કરવામાં આવશે તોય ઠીક છે ને ન્હાની રાણી પસંદ કરવામાં આવશે તોય- "પણ ઠીક છે." બન્ને રાણિયોએ પોતપોતાના મનમાં જાણ્યું કે, ચાલો આપણું કામ થયું. રાજાને આ વાતની ખબર પડી આવી, એટલે, તેણે જે માદળિયામાં ચીઠીયો ઘાલી હતી, તેમાંથી કહાડી લઈને વાંચી જોયું તો તેથી હસવું આવ્યું. એ જ પ્રમાણે, ભવિષ્ય વર્તનારા બ્રાહ્મણો, કોઈ સ્ત્રીને બાળક અવતરવાનું હોય છે ત્યારે તેમને ચીઠીયો મંત્રીને આપે છે, અને કહે છે કે, કશું પણ અવતર્યાં અગાઉ વાંચવી નહિ. તેમાં લખે છે કે "પુત્ર નહિ પુત્રી." એનો અર્થ, પુત્ર નહિ પણ પુત્રી એમ થાય, અને એથી ઉલટો પણ થાય. કોઈ કોઈ વાર તો પુરૂષને છાનું રાખવાના સોગન દઈને કહી રાખે છે કે, તમારી સ્ત્રીને દીકરો અવતરશે અને તેની સ્ત્રીને પણ તેવા જ સોગન દઈને

[1] જુવો પ્રથમ આવૃત્તિ ભાગ ૧ લો પૃષ્ઠ ૨૫૧–૫૨.

કહી રાખે છે કે તમને દીકરી અવતરશે. જ્યારે જે અવતરવાનું હોય છે તે અવતરે છે, ત્યારે પેલા વહૂવરના જોડાને તે કહે છે કે, તમારા બેમાંથી કોઈને શ્રદ્ધા હતી નહિ માટે ખરી વાત તમારાથી સંતાડી રાખી હતી.[1]

---

૧ ડાકટર હેનરીના ગ્રેટ બ્રિટનના ઇતિહાસના સાંધણમાં પૃષ્ઠ ૩૮૪ મેં સ્કોટના ધંતર મંત્રના શોધનો ઉતારો કરી લેતાં આન્ડ્રુસ કહે છે કે, હાસ્યજનક મંત્ર ઉપર વિશ્વાસ રહેવાથી ચમત્કાર ઉત્પન્ન થયેલા છે તે વિષે વાતો આપણા ટીખળી ગ્રન્થ-કર્ત્તાએ લખી છે તે અતિશય હસવું આવે એવી છે. તેમાં એક વાત એવી છે કે દુઃખ પામનાર માણસના આગળ એક ગરીબ સ્ત્રી થોડાક શબ્દો બબડી જઈને બધા રોગનું નિવારણ કરી દેતી હતી, અને તેને બદલે, તેને એક પેની ને એક પાઉં મળતો હતો. છેવટે, આ જગત્માં અને આવતી દુનિયામાં બળી મરવાનો તેને ત્રાસ લાગ્યો, તેથી તેણે કબુલ કર્યું કે મારૂં બધું જાદુ આ સબળ અક્ષરોમાં રહેલું છે. તે એ અક્ષરો માંદા માણસના કાનમાં ઝીણે સ્વરે કહેતી હતી, તે આ પ્રમાણે છે:—

"Thy loaf in my hand,
"And thy penny in my purse,
"Thou art never the better.
"And I—am never the worse."

જેઓએ વાંચેલું હોય તેઓને અમે સ્મરણ કરાવિયે છિયે કે ઉપરની તુકોનો ઉપયોગ "Bride of Lammermoor" ના સમાપ્તિના પ્રવેશો માંહેલા એકમાં કરેલો છે. વળી સર જ્યોર્જ હેડના "આપુલિયસ"ના ભાષાન્તરમાં આવા પ્રકારનો એક ગૂઢાર્થ પ્રત્યુત્તર છે, તે જૂવો:—

ઇંગ્લિશ શિલ્પશાસ્ત્રી માંહેલા વિષે એવું કહેવામાં આવ્યું છે કે, જ્યારે એણે વીન્ડસર કૅસલની ઇમારત પૂરી કરી ત્યારે એક ભીંત ઉપર તેણે નીચે પ્રમાણે શબ્દો કોરાવ્યા:—

"This made Wykcham."

તેની ગરૂરીના એક દાખલા તરીકે તેના શત્રુઓએ આ બતાવવાનો પ્રયત્ન કરચો, પણ તેણે એ વાક્યનો સત્વર અર્થ સમજાવી દીધો કે, મેં કિલ્લો કરચો છે એમ એનો અર્થ નથી, પણ મને કિલ્લાએ કરચો છે એમ એનો અર્થ છે.

જ્યારે ક્રિસસ સાયરસના ઉપર ચડ્યો ત્યારે તેને ઉત્તર આપવામાં આવેલું છે તે સારી પેઠે પ્રસિદ્ધ છે; "ક્રિસસ હેલિસ ઉતરવાથી એક મ્હોટા રાજ્યને ઉંધું વાળી નાંખશે !" આ ઉપરથી ક્રિસસે એવી ધારણા કરી કે શત્રુની સત્તા હું ઉંધી વાળી નાંખીશ, પણ ખરૂં જોતાં તેણે પોતાની જ સત્તા ઉંધી વાળી દીધી. બંને પ્રકારમાં ઉપરનું વચન ખરૂં પડી શકે એવું છે.

વળી શેકસપિયરના લખાણમાં પણ એમ જ છે.–

"The Duke yet lives, that Henry shall depose;
But him outlive, and die a violent death.
why, this is just,
Aio te, Æacida, Romanos vincere posse."
Second Part of King Henry VI., Act I sc. 4.

ભૂત ક્હાડવાના કામમાં એક મંત્ર ઘણો ચાલે છે તે એક જ વિષે અમે વર્ણન આપિયે છિયે; એ બૌદ્ધ મંત્ર છે અને ઘંટાકરણ વીરનો મંત્ર ક્હેવાય છે. એ મંત્રથી જેવું શુભ અશુભ કામ સાધી લેવાનું હોય તે પ્રમાણે શુદિ અને વદિમાં તેનો આદર કરવામાં આવે છે. સાધનાર બગીચામાં, દેવ-મંદિરમાં કે ઘરમાં કોઈ ચોખ્ખી જગ્યા હોય ત્યાં, મંત્ર સાધવા એકાન્તમાં બેસે છે. પ્રથમ તો—

ॐ ह्रीँ क्लीँ गंगाजलाय नमः

એ મંત્રથી સ્નાન કરે છે. ત્યાર પછી,

ॐ ह्रीँ क्लीँ आनंददेवाय नमः

એ મંત્રથી શુદ્ધ વસ્ત્ર પ્હેરે છે, ત્યાર પછી

ॐ ह्रीँ श्री भूमादिदेवतायैनमः

એ મંત્રથી પૃથ્વીની પૂજા કરીને તે ઠેકાણે બેસે છે. પછી ધૂપ તથા ઘીના અને તેલના દીવા સળગાવે છે. પછી કાગળ ઉપર કે તાડપત્ર ઉપર ઘંટાકરણ વીરની મૂર્ત્તિ ક્હાડે છે તેમાં તેના કાનમાં ઘંટા પ્હેરાવેલી ચીતરે છે, અને નીચે લખેલો મંત્ર તેમાં લખીને તેનો જપ કરે છેઃ—

ॐ नमो घंटाकर्णो महावीरः सर्वव्याधिविनाशकः ।
विस्फोटकभये प्राप्ते रक्ष रक्ष महाबल ॥ १
यत्र त्वं तिष्ठसि देव लिखितोऽक्षरपंक्तिभिः ।
रोगास्तत्र प्रणश्यंति वातपित्तकफोद्भवाः ॥ २
तत्र राजभयं नास्ति याति कर्णे जयाक्षरं ।
शाकीनीभूत वैताला राक्षसाः प्रभवंति न ॥ ३
नाकाले मरणं तस्य न च सर्प्पेण दृश्यते ।
अग्निचोरभयं नास्ति ॐघंटाकर्ण नमोऽस्तु ते ॥ ४

ठः ठः ठः स्वाहा

આ મંત્ર બેતાળીશ દિવસમાં થઈને તેત્રીશ હજાર વાર જપવો પડે છે. પછી ધૂપ દેવામાં આવે છે એટલે મંત્ર પરિપૂર્ણ થાય છે. તે પછી માદળિયામાં રાખે તો ભૂતપ્રેતાદિક ન્હાશી જાય, રાજાનો ભય ઉપજે નહિ, બુદ્ધિબળ વધે, શત્રુ વશ થાય; અથવા તેની સ્ત્રી તેને વશ થાય, (કોઈવાર આ કામ કઠિણ થઈ પડે છે,) તેમ જ ઘરની ભીંત ઉપર તેને ચ્હોડવામાં આવે તો

સાપ, ઊંદર અને બીજાં ઝેરી પ્રાણી તેમાંથી જતાં રહે છે, તેમ જ ભૂત પણ ન્હાસવા માંડે છે.[1]

---

૧ રક્ષણી (વજરબુટ્ટી) અને લંપટતાના ઉપર દાબ રાખનાર સાધન તરીકે વધારે કુલીન રોમન છોકરાઓની ડોકમાં માદળિયું ઘાલવા વિષે પ્લુટાર્ક કહે છે. પણ યાહુદી લોકો જેમ ખ્રિસ્તની વેળા પછીથી તેમનાં રક્ષણીને મંત્ર અથવા રક્ષા તરીકે ખોટાથી બચી જવાનું સાધન ગણતા હતા, તેમ, ખ્રિસ્તના સમયમાં પણ, તેની ગણના તેઓ એ પ્રમાણે કરતા હતા એવો સંભવ છે. ખ્રિસ્તના પછી સુમારે ૫૦૦ વર્ષે લખેલું હિબ્રુ ટારગમ અથવા યાહુદી લોકોનું ખાલડી ભાષામાં ધર્મપુસ્તક છે, તેમાં એક વાક્ય ચમત્કારિક છે, તે ખ્રિસ્તે (Matt xx iii. 5) શું કહ્યું છે તે બતાવી આપે છે, તથા હવણાંના યાહુદી લોકોના પોતાનાં રક્ષણી વિષે શા વિચાર છે તે જણાવે છે. તે વાક્ય આ પ્રમાણે છે:—"ઈઝરાયલના ઈશ્વરપૂજક સમાજે કહ્યું છે કે, "સર્વે 'લોકોમાંથી મને પસંદ કર્યો છે, કેમકે હું મારા ડાબા હાથ ઉપર અને મારા માથા "ઉપર રક્ષણી બાંધું છું, અને મારા બારણાની જમણી બાજુએ, લેખ બાંધ્યો છે તેનો "ત્રીજો ભાગ મારા સૂવાના ઓરડાની સામે આવેલો છે કે જેથી કરીને દુષ્ટ પિશાચો મને "નડવાને શક્તિમાન્ થાય નહિ."—See Parkhurst's Greek Lexicon; also Bishop Patrick, and Calmet puoted by D'Oyly and Mant, in a note on the passage in St. Matthew.

રેફરમેશનના પ્હેલાં, એડિમ્બરોનાં બાંધેલાં ઘરોના દ્વાર ઉપર આવાં વાક્યો છે:— "*In thee, O Lord, is all my trust;*" "*In Deo est honor ot gloria;*" "*Blissit be ye Lord in al his giftis.*' તે મંત્ર અથવા રક્ષણી તરીકે લખવામાં આવેલા કહેવાય છે; તે એવા ઈરાદાથી કે ઘરમાં દુષ્ટ પિશાચો રહી શકે નહિ, અને દેવતાનું નામ નિરંતર દાખલ કરવામાં આવેલું છે તે ઉપરથી આ વાતને ટેકો મળે છે—*See Chamber's Traditions of Edinburgh.*

સેન્ટ ઈફ્રેમ (Ephrem) કહે છે કે "જેમ યાહુદિયોમાં બલિદાન આપેલા ઘેટાના લોહીવતી ચોકઠા ઉપર નિશાનિયો કરવાનો ચાલ હતો, તેમ, પ્રાચીન કાળના ક્રિશ્ચિયનો પોતાનાં બારણાં ઉપર અમૂલ્ય અને જીવદ ક્રૉસ કહાડતા હતા." કોગળિયાનો ઘરમાં પ્રવેશ થાય નહિ, એટલા માટે મુસલમાનો કૂરાનની કલામો લખીને પોતાના ઘરમાં ચોડે છે, તે ઘણી વાર અમારા જોવામાં આવ્યું છે.

નાઈગર નદીનાં મૂળનો શોધ કરવાને જે લોકો ગયા હતા, તેઓ માઉઝા (Maussa) ગામમાં એક મ્હોટા ઝુપડામાં ઉતર્યા હતા, તે વિષે તેઓ આ પ્રમાણે વર્ણન આપે છે (ભાગ પહેલો પૃ. ૨૧૭):—"એના મધ્ય ભાગમાં મ્હોટા ઝાડનું એક થડ છે "તેને આધારે છાપરૂં રહેલું છે; તેમાં બારણાને ઠેકાણે બે બાકાં રાખ્યાં છે તે એક "બીજાની સામે છે, અને તેમના ઉપર ભીંતે લટકાવેલા આરબી ભાષામાં લખેલા બે "મંત્રના કાગળ છે તે એટલા માટે રાખેલા છે કે આગથી ઘર બળી જાય નહિ." વળી એ જ પુસ્તકના બીજા ભાગને પૃષ્ઠ ૨૩૧-૩૨ મે જુવો.

આ મંત્રમાં ઉપર ઉપરથી અર્થ વિનાની અને શેળભેળ ભાષા જણાઈ આવે છે, તો પણ શાસ્ત્રીય નિયમને અનુસરીને તેની રચના કરવામાં આવેલી છે, એમ કહેવામાં આવે છે.

નિબંધકર્ત્તા કહે છે કે, આગળના કરતાં હવણાં ભૂત ઘણાં ઓછાં થઈ ગયાં છે, તેનાં કારણ લોકમાં ચાલે છે તે માંહેલું એક તો ઘણું નવાઈ જેવું છે: "કેટલાક અજ્ઞાની લોકો કહે છે કે, અંગ્રેજ સરકારની પડઘમના "ઘોષથી ભૂત ન્હાશી ગયાં. તેનું કારણ કે પડઘમની એક બાજુએ ગાયનું "ચામડું મઢેલું હોય છે (તેના શબ્દથી હિન્દુના દેવ ન્હાશી ગયા) તથા "બીજી બાજુએ સુવરનું ચામડું છે (તેના શબ્દથી મુસલમાન લોકોના "દેવ નાશી ગયા) તેથી ભૂત ઓછાં થયાં અને મંત્રજંત્ર પણ જૂઠા પડ્યા." ક્લોડિયસ બ્યુચાનન જેણે સેણ્ટ ટોમ ક્રિશ્ચિયનનાં કેટલાંક દેવલ જોઈ આવીને તેનું વર્ણન લખ્યું છે તે તેમાં લખે છે કે, ઉપરના શિખરની અંદર ઘંટ લટકાવવાને બદલે કેટલાક દેવલના ઘંટ તેના બીજા ભાગમાં લટકાવવામાં આવ્યા હતા; તેનું કારણ જ્યારે પૂછવામાં આવ્યું ત્યારે એવું ઉત્તર મળ્યું કે હિન્દુનું કોઈ દેવાલય પાસે હોય છે, ત્યારે અમારા દેવળના ઘંટનો મ્હોટો નાદ સાંભળવો તેમને ઠીક લાગતો નથી, કેમકે તેઓ કહે છે કે એથી અમારા દેવ ત્રાસે છે.[1]

"આવા ધર્મના મંત્રનો, રૂશિયામાં હજી લગણ એવા પ્રકારનો અને એ કરતાં વધારે, "ઉપયોગ કરવામાં આવે છે. ઘણું કરીને વ્યાપારિયો, તેમાં મુખ્યત્વે કરીને જાહેર બજાર- "ના વ્યાપારિયો પોતાની દુકાનમાં વસતા નથી (હિન્દુઓની પેઠે) અને આ પ્રમાણે "તેઓને રક્ષણ વિનાની રહેવા દે છે, પણ તેઓ સાંકળ અને દાંડાથી પાકો બંદોબસ્ત "કરે છે તો પણ, તેનાથી તેનું રક્ષણ થાય છે એમ તેઓ ઘણું કરીને માનતા નથી, "પણ પોતાના દેશના લોકના વ્હેમથી તેનું રક્ષણ થાય છે એમ માને છે. તેઓ "બારણાંને અને બારિયોની ફરેરીને છાપ કરે છે; અને તેઓનો સાધુ સેણ્ટ નિકોલાસ "આવા પ્રકારની જગ્યાનો રક્ષક છે, એમ તેઓ માને છે. તેથી કોઈ ચોર ચોરી કરવાને "હિમ્મત ચલાવતો નથી, બાકી સાંકળો અને દાંડા તો તેમના જોર આગળ ટકી શકે નહિ. * * * મૂર્ત્તિપૂજાના સમયમાં બુદ્ધની પૂજા તેના સમાન હશે."—Russia, by Thompson: Smith, Elder, and co, 1848.

૧ મુસલમાન બાંગ પોકારતા હોય છે ત્યારે તેનો અવાજ કાને પડે નહિ, એટલા માટે હિન્દુઓ કોઈ કોઈ વાર પોતાના કાન બંધ કરે છે. શિખ સરકારે તાણીને બાંગ પોકારવાનો ચાલ ખરેખરો બંધ કર્યો છે. *Vide* Shore's notes on Indian Affiairs, Vol. II. p. 412.

જ્યારે નવમા સૈંકડાના મધ્યમાં સેણ્ટ આનશારની સત્તાથી જટલાંડમાં ક્રિશ્ચિયન ધર્મની સંપૂર્ણ છૂટ મળી, ત્યારે "તેઓને બીજી છૂટો મળી તે સાથે ઘંટ વગાડવાની

टीप. अ.–अन्य देशमां भूत

ભૂતનિબંધ વિષે નીચેની ટીકા, "બૉમ્બે કવાર્ટરલી મેગેઝીન અને રિવ્યુ"ના ઓકટોબર ૧૮૫૦ ના અંકમાં પ્રકટ થયલા, "હિન્દુસ્થાનમાં ભૂતનો વળગાડ, ભવિષ્યકથન, અને વૈદ્યોપચારી ચમત્કારિક ક્રિયા" એવા મથાળાના વિષયમાંથી અત્રે દાખલ કરી છે:—

ભૂતનિબંધ પ્રસિદ્ધ થતાં પ્હેલાં ડબ્લિન યુનિવર્સિટી મેગેઝીનમાં વારણ વિષેનો વિષય શિરૂ થયો હતો, તેનાં કેટલાંક સાંધણ છપાયાં હતાં પણ તે રૂહી રૂહીને આવતાં હતાં તેથી તેના ચાલતા સંબંધમાં અંતરાય પડી ગયો હતો[1] શુદ્ધ અને મલિન એવા દુપ્પટ પ્રકારના વળગાડની પિશાચી સત્તાવાળી બધી ભૂતવિદ્યાનો મરાઠાઓમાં ચાલતા વારણ શબ્દમાં સમાવેશ થાય છે. (વારણ એ શબ્દ ગ્રીકના ન્યુમા શબ્દની સાથે મળતો આવે છે,) તો પણ આ દેખીતું દુપ્પટપણું માત્ર ઉપર ઉપરથી છે એવું લખનાર ધારે છે. અને તે મનુષ્યના સંવર્ધનની બે અવસ્થા બતાવવાને માટે છે; આ જૂદી જૂદી અવસ્થાઓ લોકસમૂહના સંબંધ સાથે વિચારતાં એકની પછી બીજી એમ જૂદે જૂદે કાળે ચાલે છે અથવા તો તેના તે જ દૈહિક અને આત્મિક ચમત્કારથી લોકસમૂહ ઉપર જૂદી જૂદી વેળાએ, અથવા જૂદા જૂદા વર્ગના માણસો ઉપર બે છેક જૂદી આત્મિક અસરો કરીને એક જ વેળાએ તેના જૂદા જૂદા અંગભાગમાં સંગાથે રૂહે છે. વારણ સંબંધી વિષયમાં જે સત્યતાઓ નિશ્ચયપૂર્વક લખવામાં આવેલી છે તેને ભૂતનિબંધ બહુ પુષ્ટિ આપે છે. એ સત્યતાઓ વાંચવા ઉપરથી યૂરોપિયન વાંચનારાઓને કદિ અપ્રતીત આવી હોય એમ નહિ થયું હોય, પણ કેટલુંક આશ્ચર્ય તો લાગ્યું. એ વાંચનારાઓ એવા હતા કે, એવા બનાવ બનેલા તે જગ્યાએથી દૂર વસેલા, તેમ જ જે સુધારાના સમયમાં તે બનાવ બનેલા હોય તેમાં તેઓની

"છૂટ પણ મળી." મૂર્ત્તિપૂજકો; જાદુના ડરથી, આ ચાલ પ્રથમ ચલાવવા દેતા નહિ. ઈંગ્લાંડમાં મડદાને દેવલમાં લઈ જવામાં આવે છે ત્યારથી તે ત્યાંથી ઘોર આગળ લઈ જાય છે ત્યાં સુધી ઘંટ ચાલુ વગાડ્યાં જ કરવામાં આવે છે તેથી પિશાચો નાશી જાય છે એવી ધારણા થતી.––*Vide* Brand's Popular Antiquities.

"દેવલના શિખરમાંથી થતા ઘંટનાદે કરી સ્કાન્ડીનેવિયામાંથી ટ્રાલો ઘણાંખરાં ન્હાશી ગયાં અને બ્રિટનીના કારીગરોને પણ એ જ કારણે કરીને ટકી રૂહેવાનું ઘણું ભયભરેલું થઈ પડ્યું"––*Vide* Keightley's Fairy Mythology.

૧ માર્ચ ૧૮૪૮ થી તે એપ્રિલ ૧૮૫૦ સુધીના જૂદા જૂદા અંકોમાં.

સ્થિતિ નહિ અને જે પોતાની કેળવણીને લીધે ભૂતના વળગાડ સંબંધી, એ વિષય લખનારનાથી તેના ભેદની વાતમાં કદાપિ અવશ્ય કરીને જૂદા પડેલા નહિ પણ પિશાચની સત્તાનાં (જે પેલા ખૂનીની મૂળથી જ સત્તા છે, અને જેને મરણની સત્તા છે, તથા જે મારતા, અને માણસના દેહને જેટલા પ્રકારની પીડા થઈ શકે તેટલી કરીને દુઃખ દેતા સિંહની પેઠે ભટકતા ફરે છે.) તરતનાં સાધન, તેની રીત, અને ક્રમ જે ભૂતના દેખાવામાં કામે લાગેલાં સર્વે એકસરખી રીતે માન્ય રાખે છે, તેમાં તેઓ અતિશય જૂદા પડે છે.

"મરાઠા અને ગુજરાતના લોકો પ્રમાણે સિંગાલી લોકોમાં એવા જ પ્રકારનું માનવામાં આવે છે, અને ઘણું કરીને એવા જ પ્રકારની રીતિઓ ચાલે છે. લંકામાં ત્યાંની વસ્તીમાં ચાલતા આવા આશ્ચર્યજનક તરંગની સત્તા અને તેના પ્રસાર વિષે ત્યાં વસનાર એક અંગ્રેજ પાદરિયે આશ્ચર્ય અને ગમ્મતની સાથે ઘણી વાર સુધી અવલોકન કર્યું છે, તેથી ત્યાં ચાલતા ચમત્કારો તેના જોવામાં જેવા આવ્યા છે તેના જેવા જ વારણના વર્ણનમાં લખેલા ચમત્કારો તેને લાગ્યા છે, અને એક પ્રવાસિયે બન્ને ઠેકાણાની રીતિઓના સમાનપણા વિષે લખેલો કાગળ અમારી પાસે રજુ છે તેને તે ખરો ઠરાવી આપે છે.

"તથાપિ આજને સમયે પણ, તે માત્ર હિન્દુસ્થાનમાં જ છે એમ નથી, હવણાંના પ્રવાસિયોએ, દેશી અમેરિકન જાતિના હાકેમોના અપવાસની વિધિઓ અને સિબેરિયન જાદુગરોની ક્રિયાઓ વિષે વર્ણન આપ્યું છે તે, વારણને સાધનાર અને તેને કાલાવાલા કરનાર ભકતોની ક્રિયાઓ સાથે ઘણું મળતું આવે છે.

"પણ હિન્દુની ભૂત વિષેની રીતિનું ઘણું ચમત્કારિક અને પરિપૂર્ણ મળતાપણું એવી જગાએ જોવામાં આવે છે કે આ ઓગણીસમા સૈકામાં એ પ્રમાણે હોય એવી આશા આપણે રાખિયે નહિ. આયર્લાંડના લૌકિક વ્હેમ વિષે ડબ્લિન યુનિવર્સિટી મેગેઝીનમાં ગયા વર્ષમાં બે ત્રણ લાંબા વિષયો દાખલ થયા છે, અને સિડ નામની પરિયો અથવા પૃથ્વી ઉપરની દેવિયો વિષે, અને મનુષ્યપ્રાણીના અંગ ઉપરની તેઓની સત્તા વિષે જે વિગત આપી છે તે લોકોના ચાલતા વિચારની સાથે એકંદરે ચમત્કારભરેલું મળતાપણું બતાવે છે; એટલું જ નહિ, પણ કેટલીક બાબતોમાં તો,—મુખ્યત્વે કરીને સ્ત્રિયોના વળગાડ, હૃદયનું શૂન્યપણું, તાવ, અને બીજા મટે નહિ એવા વિલક્ષણ રોગ—ભૂતનિબંધમાં અને વારણના વિષયમાં લખેલી બાબતો સાથે અતિશય બારીક ને

ચમત્કારિક વિગતની સાથે મળતું આવે છે. હિન્દુસ્થાનની પિશાચવિદ્યાનું વર્ણન આપવાના પ્રથમ પ્રયત્નમાં લખેલી વાતો કે જેનો ઘણો ભાગ બહુ ચમત્કારિક પ્રકારનો છે તે એક બીજાથી આટલા બધા છેટાની જગ્યાઓની વાતોની સાથે સાદૃશ્યતા બતાવવાથી નક્કી થાય છે, એ ચમત્કારિક અને તૃપ્તિદાયક છે. કારણ ઉપરથી કાર્યની આશા આપણે ખરેખર રાખિયે, તે ન્યાયે ભૂત વિષે શ્રદ્ધા અને દક્ષિણ તથા કોકણનાં ગામડાંમાં જે પ્રકટપણું જોવામાં આવ્યું તેને મળતું બ્રાહ્મણી ગૂજરાતમાં અને બૌદ્ધમતવાળી લંકામાં પણ હોય; જંગલી ઇન્ડિયનોનાં જ્યાં રહેઠાણ છે એવાં ગંભીર જંગલો અને ધોધવાવાળી જગ્યાઓમાં ધર્મની ઘેલછાભરેલી જોમને લીધે એવા જ પ્રકારની અસરો આપણને માલૂમ પડી આવે, તે ઉપરથી અમને એટલું આશ્ચર્ય લાગ્યું હોત નહિ, અથવા સાઇબિરિયાનાં ભયંકર મેદાનો ઉપર વસનારા લોકો કે જેઓનામાં ઈશ્વરી જ્ઞાનનાં કિરણ પ્રકાશ પામ્યાં નથી, અથવા ઈશ્વરી પ્રેમ જ્યાં પ્હોંચ્યો નથી તેમનામાં જોવાથી પણ નવાઈ લાગત નહિ; પણ હિન્દુસ્થાનથી આટલા બધા દૂરના ખ્રિસ્તિ બેટમાં એવી જ જાતની આસ્થા કિંચિત્ ફેરવાળા અલૌકિક પડદા નીચે જોવામાં આવે, તેથી ખરેખર આશ્ચર્ય પામવા જેવું છે.

ભૂતનો મૂળ અર્થ જોવા જઇયે તો "તત્ત્વ" થાય છે. ગુજરાતમાં ભૂતને શયતાન તરીકે ગણવામાં આવતાં નથી, (પ્રભુ અને મનુષ્યના પિશાચી મહાશત્રુ વિષેનો વિચાર તેમનામાં નથી), પણ " મરણ પામેલાં સ્ત્રીપુરૂષનાં "પ્રેત જે તે સ્થિતિમાં પણ મનુષ્યના મનોવિકાર, ઇચ્છાઓ અથવા "ચિંતાઓમાં અસુખી થઈ લપટાઈ રહેલાં ગણાય છેઃ-

"અરેરે! ગરીબ ભૂત!'

"અને જીવતા માણસના દેહમાં થોડી વાર " પેશીને તેના સાધન વડે દુઃખ "દેવાને, ફસવણી કરવાને, અથવા સુખ ભોગવવાને તેના ઉપાય શોધે છે."

હિન્દુસ્થાનના બીજા વિભાગોમાં તેઓ જૂદા જૂદા આકારથી પ્રસિદ્ધ છે. મ્હૈસુરના હિન્દુઓ વિષે ક્હેતાં અબ્બી ડુબોઈસ ક્હે છે કે, એ લોકોમાં અસુર(ભૂત)ની પૂજા સર્વત્રપણે વ્યાપી ગઈ છે અને તે પ્રમાણે કરવામાં આવે છે. તેઓ તેને ભૂત ક્હે છે, તેનો વળી 'તત્ત્વ' એવો પણ અર્થ "થાય છે; જાણે કે તે તત્ત્વ તે બીજું કાંઈ નહિ પણ જે દુષ્ટ પ્રેતોના કોપ "અને જોમથી સ્વભાવ અથવા સૃષ્ટિના સર્વે ગડબડાટ અથવા ગભરાટ ઉત્પન્ન "થાય છે તેઓનું તે ધારણ કરેલું રૂપ છે. અતિ દુષ્ટ ભૂત પણ વળી પિશાચ "અથવા દૈત્યના સામાન્ય નામથી ઓળખાય છે.

"અપદેવતાની પૂજાને માટે ઘણા ભાગમાં દેવાલય આપણા જોવામાં "આવે છે. વળી કેટલાંક પરગણાં એવાં છે કે જેમાં અપદેવતાની પૂજા "પ્રબળપણે વર્તે છે. જે ડુંગરાની લાંબી હાર મ્હૈસુરની પશ્ચિમ ભણીના "ભાગમાં વિસ્તાર પામી છે તે જગ્યા એવી છે, અને ત્યાંના ઘણાખરા રહે- "વાશિયો અપદેવતા વિના બીજાની પૂજા કરતા નથી. પ્રત્યેક ઘરમાં અને "પ્રત્યેક કુટુંબમાં પોતપોતાનું ઠરાવી રાખેલું ભૂત હોય છે તે તેનો ઇષ્ટ દેવ "ગણાય છે; અને તેને પ્રતિદિન તેઓ શાન્તિકારક બલિદાન આપે છે અને "તેની સ્તુતિ કરે છે; તે, તેમના ઉપર પોતે કપટકાર્ય ચલાવતું બંધ પડે "એટલા જ માટે નહિ, પણ તેમની પડોશનાં ભૂત અને તેમના શત્રુ તેમનું "ખોટું કરે તેથી રક્ષણ કરવા માટે કરે છે. એ ભાગોમાં અપદેવતાની "મૂર્તિ દરેક ઠેકાણે જોવામાં આવે છે. તેનો ભયંકર આકાર હોય છે "અને ઘણે ઠેકાણે તો આકાર વિનાનો પથ્થર બેસારેલો હોય છે. આ "પ્રત્યેકનાં જૂદાં જૂદાં નામ હોય છે અને જેઓ બીજાઓના કરતાં જે પ્રમાણે "શક્તિમાન્ અને જુલ્મી હોય છે તે પ્રમાણે તેઓને પસંદ કરવામાં આવે છે."

"સર્વે અપદેવતાને પ્રાણીનાં બલિદાન ઉપર પ્રેમ હોય છે, અને તેટલા "માટે તેઓના ઉત્સુક ભક્તો તરફથી પાડા, ભૂંડ, ઘેટાં, કૂકડાં અને બીજાં "એવાં જ પ્રાણિયોનો ભોગ આપવામાં આવે છે. જ્યારે ચોખાનું નૈવેદ્ય "ધરાવવામાં આવે છે ત્યારે ચોખાને લોહીમાં રગદોળવા પડે છે; અને વળી "તેઓને માદક દારૂથી પણ શાન્ત કરવામાં આવે છે. ફૂલ ચડાવતી વેળાએ "જેટલાં લાલ રંગનાં હોય છે તેટલાં જ ચડાવામાં આવે છે.

"ભૂતની પૂજા સંબંધી અને તે કેમ ચલાવવી તે વિષે હિન્દુઓના "ચોથા વેદમાં લખેલું છે. તે અથર્વ વેદ કહેવાય છે, અને આટલા કારણ "માટે જ તેને બહુ સંભાળથી બ્રાહ્મણોએ સંતાડી રાખ્યો છે.

"એકસરખી રીતે મારા જોવામાં આવ્યું છે કે લાગલી જ અપદેવ- "તાઓની પૂજા અરણ્યોમાં, એકાન્ત જગ્યાઓમાં, અને પ્હાડી મુલ્કોમાં "ઘણી ચાલેલી છે; એનું કારણ એમ છે કે, એવા લોકો શહરી લોકો "કરતાં ઓછા સુધરેલા અને વધારે અજ્ઞાન અને બ્હીકણ હોય છે, અને "તેટલા જ માટે વ્હેમની વાતો ભણી તેમનું વલણ વધારે હોય છે, તેથી "જે જે તેમને વિપત્તિઓ આવી પડે છે તથા પીડા થાય છે તે સર્વે તેમના "અપદેવતાના કોપથી થઈ એમ તરત તેઓ માની લે છે.

"જંગલી લોકોનો ઘણો જથ્થો જે મલબાર કિનારાનાં જંગલોમાં વિખ- "રતો વસેલો છે, અને કાહુ, કુરૂમ્બેર, સોળિગુએર, અને ઈરૂલરનાં જંગ-

"લોમાં અને પર્વતોમાં રહેલો છે, તે ભૂત વિના બીજા કોઈ દેવતાને "માનતા નથી."

'જર્મન ઇવાનજેલિક મિશન' જે ત્યાં છે તેનો દશમો રિપોર્ટ બેંગલોરમાં ૧૮૫૦ ની સાલમાં છપાયો છે, તેમાં નીચે પ્રમાણે છેઃ—

"બેંગલોરથી ૩૦ માઈલ ઉપર ઉત્તર દિશામાં, એક અચિલા કરીને "ગામ છે. ત્યાં ગયાં વર્ષથી ધર્મને અર્થે મંડળ થયું છે, અને મિશનને "કેટલીક મુદત ઉપર પડિયણ જમીનનો મ્હોટો ભાગ કૃપા કરીને અર્પણ "કરેલો છે. આ જગ્યાની પાસે વસનાર એક નામીચો કેરાજી પૂજારી છે, "તેણે મૂર્ત્તિપૂજાનો ધર્મ છોડી દીધો છે, અને ભૂતના દેવાલયને તોડી "પાડીને તે બાયબલ શાસ્ત્રના પંથમાં ભળ્યો છે."

ત્યાર પછી બોલમા ગામના બિલ્લાવર ફકિરનું વૃત્તાન્ત ચાલે છે; તેણે ઘણા દિવસ વિચાર કર્યો, ત્યાર પછી "છેવટે તેને બાયબલ શાસ્ત્રના ઉપર "પ્રેમ થયો. આખા એક વર્ષ લગી તે ચૂપ જ રહ્યો, પણ આશરે ત્રીજા "અદવાડિયા ઉપર, રીત પ્રમાણે વળગાડ આણીને તેના કુટુંબના ભૂતની "પૂજા કરવાની તેના માબાપે આજ્ઞા કરી ત્યારે તેણે ઉઘાડી રીતે જાહેર "કર્યું કે હું એ પ્રમાણે કરીને નીચ થવાનો નથી. આવી જાતની પૂજા "બધી જૂઠ્ઠી અને પાપભરેલી છે."

મ્હૈસુર કરતાં વધારે દક્ષિણમાં, અને કન્યાકુમારીની પડોશમાં તીનેવલી કરીને દેશ છે, ત્યાંના શાનારો વિષે અતિ રમુજી વિષયમાં રેવરેંડ મિ૰ કાલ્ડવેલ અપદેવતાના બે ભેદ જૂદા પાડે છે, તેમાંથી બીજા ભેદવાળા (જો કે તેઓને તે હજી પણ શયતાન કરીને લખે છે) ગૂજરાતનાં ભૂતો સાથે ઘણું કરીને બરાબર મળતા આવે છે. પ્હેલા ભેદવાળા, કાળી અને મુખ્યત્વે કરીને ભદ્રકાળી જે "આમન" અથવા માતાને નામે પ્રસિદ્ધ છે તેઓની મૂર્ત્તિઓને ગણે છે. તેઓની પૂજાનો વિધિ નોંખી વિશેષતાએ કરીને જણાઈ આવે છે અને સો વશા તો ગૂજરાતની ખોડિયાર, બહુચરાજી ઇત્યાદિ સ્થાનિક માતાઓના પૂજાવિધિ સાથે મળતો આવે છે; "ઘણાં ભૂત અથવા અપદેવતાઓનું મૂળ માત્ર શાનર અથવા તામિ"લમાં છે, અને બ્રાહ્મણના ધર્મ સાથે તેના કોઈ પણ પ્રકારમાં અથવા "ભેદમાં કશો સંબંધ ધરાવતું નથી." એ ભૂતનું તે નીચે પ્રમાણે વર્ણન આપે છેઃ—

"ભૂતનો ઘણો ભાગ મૂળમાં મનુષ્યપ્રાણી હતો એવી ધારણા કર"વામાં આવી છે; અને જે માણસોનું એકાએક મરણ અથવા કમોત

"થયેલું તેમાં મુખ્યત્વે કરીને જેઓ પોતાના જીવતરમાં ભયંકર થઈ પડેલા "એવા ભૂત થાય છે એવી ઘણી વાર ધારણા કરવામાં આવે છે. (ચાંદણીના "સૂરજમલ વિષે બીજા ભાગને પૃષ્ઠ ૧૩૫ મે જૂઓ) "ભૂત પરિણામે "પુરૂષ કે સ્ત્રી, નીચ જાતિનાં કે ઊંચ જાતિનાં, હિન્દુ કે કોઈ બીજા લોક- "માંનાં હોય છે. આવા પ્રકારના ફેરફારે કરીને તેમના વર્ત્તનક્રમની રીતિમાં "જો કદાપિ ફેરફાર થાય છે તો તે જૂજ થાય છે. બધાં ભૂત સત્તાવાન્, દ્વેષી "અને નડતર કરનારાં હોય છે; અને બધાંય પ્રાણીનાં બલિદાનની અને "ગાંડાઈભરેલા નાચની ઇચ્છા કરનારાં હોય છે. જે ફેર જણાઈ આવે છે, "તે માત્ર તેઓના દેવાલયની બાંધણીમાં, અથવા તેઓની મૂર્ત્તિમાં, તેમના પૂ- "જારિયો ઓળખાઈ આવવા જેવું કાંઈક પ્હેરે છે તેમાં, તેઓના પૂજાના વિધિમાં "થોડો ફેરફારભરેલો પ્રકાર હોય છે તેમાં, અને કોઈને બલિદાનમાં બકરો "જોઇયે છિયે, કોઈને ભુંડ અને કોઈને કૂકડો, અથવા પરિયાર ભૂતને તે "સાથે માદક દારૂ જોઇયે છિયે, તે ઉપરથી જણાઈ આવે છે; ઘણાં "ખરાં ભૂત, ઝાડ ઉપર રહે છે, એવી ધારણા કરવામાં આવી છે. કેટલાંક "અહિં તહિં ભટકતાં ફરે છે; અને નિર્જન સ્થળોમાં આવજા કરે છે, "કેટલાંક ઘટાવાળી એકાંત જગ્યામાં સંતાઈ પેસે છે. કોઈ કોઈ વાર "તો તે તેમને માટે જંગલી દેવાલયો બાંધેલાં હોય છે તેમાં અથવા "ઘરોમાં વસે છે; અને ઘણી વાર એવો બનાવ બને છે કે તેઓને "માનનારાઓનો આત્મા ક્હાડીને તેનામાં પેસવાનો તરંગ ઉઠાવે છે. આવો "બનાવ બને છે ત્યારે જેનામાં તે પેસે છે તેને ભાન રહેતું નથી, અને તે "ચિચિયારિયો પાડે છે, ચાળા કરે છે, અને ભવિષ્યકથન કરે છે, તે બધી "ભૂતની ક્રિયા ધારવામાં આવે છે."

ઉત્તર હિન્દુસ્થાનમાં પણ ભૂત હોય છે એવું નીચેના લખાણથી જણાઈ આવશે. હિન્દુસ્થાનના વાયવ્ય કોણના પ્રાન્તો વિષે લખનાર એક જણ કહે છે કે, "છોટા નાગપુરમાં નોકરી લેવામાં આવી ખામિયો છે તે સાથે વળી એક "બીજી છે અને તે કેટલાકના મનને તો મ્હોટી આફત વેઠવાની લાગે છે. "મંત્રજંત્ર અને જાદુ ઉપરનો વિશ્વાસ આખા હિન્દુસ્થાનમાં પ્રસરી ગયો છે, "અને જેઓએ બહુ વિદ્યા સંપાદન કરેલી તેવાઓ પણ આ ભ્રાન્તિમાંથી "મુક્ત નથી. દેશના વધારે સુધરી ગયેલા ભાગમાં એકસરખી રીતે એવું "માનવામાં છે કે, દક્ષિણના લોકો મંત્રની બાબતમાં ઘણા બલવાન છે અને "ડુંગરા તથા જંગલોમાં ભૂતાવલી ઘણી છે.[1]

[1] "બનારસ મેગેઝીન"ના ભાગ ૩ ના પૃષ્ઠ ૩૪૦ મે રામગઢ પરગણાની સરકારી અધિકારી તરીકે મુલાકાત લીધેલી તેની નોંધ જુવો.

બિશપ ગોબાટ [In his Journal of a Residence in Abyssinia] આબિસિનિયામાં જાદુખોરિયા(એ જેવું નામ આપે છે તે પ્રમાણે)ને માનવાનો ચાલ છે, તે વિષે લખે છે. ત્યાંના દેશિયો તેમને "બાઉ-દાસ" કહે છે.

એવી ધારણા કરવામાં આવી છે કે "આ બાઉદાસો પોતાને ફાવે "ત્યારે અદૃશ્ય થઈ જાય છે, તેમ જ જ્યારે કોઈ બળદ ઇત્યાદિ મારે છે, "ત્યારે તેનામાં માંસને ઠેકાણે ખાલી જગ્યા પડી ગયેલી જોવામાં આવે છે, "અથવા તો પાણી ભરાઈ ગયેલું હોય છે, ત્યારે તે માંસ બાઉદાસ ખાઈ "ગયું છે એમ ધારવામાં આવે છે; વળી મંદવાડ વિના અને સારી ભૂખ "લાગતી હોવા છતાં પણ માણસો હાડકાંના પિંજરા રૂપ બની જાય છે ત્યારે "માંહ્યથી બાઉદાસ તેમને ખાઈ જાય છે; અને તરસના કાન વિંધેલા હોય "છે અને કોઈ કોઈ વાર તો તેમને કુલરાં પ્હેરાવેલાં હોય છે તેવાને મુખ્યત્વે "કરીને ઘણી વાર મારી નાંખવામાં આવે છે એમ ધારવામાં આવે છે."

આબીસિનિયાના લોકોના માનવામાં એવું છે કે, "જે તરસ (જનાવર) "જોવામાં આવે છે તેનો ઘણોખરો ભાગ બાઉદાસોએ દેહાન્તર કરવાથી "બનેલો છે; અને જે માણસને બાઉદાસનો વળગાડ થયો હોય છે તે બૂમો "પાડે છે તે તરસના ભૂંકવાની સાથે મળતી આવે છે. વળી તેઓ એમ "પણ માને છે કે સર્વે ફલાશાઓ (યાહુદિયોની એક જાત), ઘણાક "મુસલમાનો, અને કેટલાક ક્રિશ્ચિયનો પણ બાઉદાસ હોય છે."

ડાકટર ગોબાટ કહે છે કે, "જ્યારે હું સખ્ત તાવથી પીડા પામતો "હતો, ત્યારે મારી આસપાસના માણસો એમ ધારતાં હતાં કે જાદુખોરિયા-"ઓની અસર મને પ્હોંચી છે."

જે પોતાની મેળે અદૃશ્ય થઈ જાય અથવા તરસનું રૂપ ધારણ કરીને મનુષ્ય જાતિ ઉપર શિકાર કરે એવાં કોઈ મનુષ્યપ્રાણિયો ખરેખર છે જ નહિ, એવી વાત સદરહુ પાદરી પોતાની આસપાસના માણસોના મનમાં ઉતારી શક્યો એમ જણાય છે, પણ બાઉદાસની હૈયાતી છે જ નહિ અને પીડા કરવાની સત્તા તેને નથી, એ વાત તેઓના મનમાં તે ઉતારી શક્યો નહિ. આ આબીસિનિયાના લોકોનો ખરો સિદ્ધાંત શો છે? તેની તપાસ કરવાને ડાકટર ગોબાટ એટલો બધો આતુર ન હતો, પણ પોતાની તકરા-રમાં જે પ્રત્યુત્તરો તેને મળેલા છે, તે ઉપરથી એમ જણાય છે કે, મનુષ્ય-પ્રાણી વિના બીજા પ્રકારના બાઉદાસો છે, એમ એ લોકો માનતા હતા, અને તે નવી સ્થાપનામાં લખેલા ચરની સાથે મળતા આવે છે. ભૂત

[Bhoots] અને બાઊદાસ [Bowdas] એ બે શબ્દો નામમાં અને પ્રકારમાં મળતા આવે છે, તેથી જ્યારે એક વાર બળવાન આબીસિનીયાના રાજ્ય સાથે હિન્દુસ્થાનનો વ્યાપાર ચાલતો હતો, અને જે હવણાં બિલકુલ બંધ પડી ગયો છે, તે વેળાએ આપણને એ બે એક જ મૂળ ઉપરથી ઉત્પન્ન તો થયા નહિ હોય એવી તેની તપાસ કરવાનું સૂઝી આવે છે.

ડાકટર ગોબાટ લખે છે (અને વ્હેમ લોકોને કેટલા દુઃખી કરે છે તેનો એ દાખલો છે) કે "આબિસિનિયાના લોકો ચંચળ છે, પણ જ્યારે તેઓ "બેચેન થાય છે ત્યારે એમ જાણે છે કે આપણા ઉપર ભૂત અને જાદુગરોની "સત્તા ચાલી છે, તેથી તેઓ બમણાં દુખી થાય છે."

નાથનિયલ પિયર્સે આબિસિનિયાની હકીકતભાત વિષે ન્હાનું પણ ખરૂં વર્ણન લખ્યું છે, તે મુંબઈની "લિટરરી સોસાઇટીના ટ્રાન્ઝાક્શન"ના ત્રીજા ભાગમાં છપાયું છે તેમાં ઉપરના વિષય વિષે નીચે પ્રમાણે લખેલું છેઃ—

"આબિસિનિયામાં ઘણા પ્રકારના રોગ થાય છે, તે ભૂતથી થાય છે, "એમ તેઓ કહે છે; તે વિષે ખરૂં વર્ણન હું આપું છું. એકને ટ્રેગ્રીમાં "બદર કહે છે અને આમેરરમાં ટબ્બીહ કહે છે તે મારા દેશના લોકોને "ફેફ્ર ચડી આવવાથી મેં પીડા પામતા જોયા છે, તેના જેવો જ એ એક "ધ્રુજારો છે, એમ મને લાગે છે; પણ તે લોકો એથી ઉલટું કહે છે, અને જે "લોકો ચાકુ બનાવવાનું, ભાલા કરવાનું, અને હળ બનાવવા વગેરેનું લ્હોડાનું "કામ કરે છે અને જે માટીનાં વાસણ બનાવે છે તેઓનાથી એ રોગ "થાય છે એમ માને છે. એ બધા લોકો બદર અને ટબ્બીહના નામથી "ઓળખાય છે અને તેમનો મુસલમાનો કરતાં પણ બહુ ધિક્કાર થાય છે "તથા તેઓ ક્રિસ્ચિયન ધર્મ પાળે છે તો પણ, તેમને સંસ્કાર પામવાની "આજ્ઞા નથી."

પછી ટ્રેગ્રેટિયર નામનો એક બીજો રોગ થાય છે તે સંબંધી પિયર્સ વર્ણન આપ્યાં જાય છે, પણ તે વિષે તો એ એવું કબુલ કરે છે કે, "એમાં "શયતાનનું નક્કી કાવતરૂં છે" એમ મને લાગે છે. આ ઠેકાણે લખવું જોઇયે કે ટબ્બીહ અને બદર એ માત્ર એક જ શબ્દના સો વશા ફેરફાર પામેલા શબ્દ છે.

આફ્રિકામાં ફેટિશના વળગાડ વિષે જૂવો "લાન્ડર્સ ટ્રાવેલ્સ" ભાગ બીજો, પૃષ્ઠ ૧૨૦, ૧૨૩–૨૬, ૨૩૧.

ટાંકિવનના ભૂત વિષેનું વર્ણન નીચે પ્રમાણે છે:—

"બે મ્હોટા જાદુગરોમાંથી એક ટેઓ (ચીન ભણી ઇન્ડીઝમાં ટાંકિ- "વનમાં) કરીને છે તે લોકોને એમ સમજાવે છે કે હું જે બનવાનું હોય

"તે અગાઉથી કહી શકું છું. આ ઉપરથી લોકોને જ્યારે પોતાનાં છોકરાંનાં "લગ્ન કરવાં હોય છે, કાંઈ જમીન વેચાતી લેવી હોય છે, અથવા કાંઈ "મ્હોટું કામ આરંભવાનું હોય છે ત્યારે તેને એક ભવિષ્યકથન કરનાર "માનીને પૂછે છે.

"તે એક પુસ્તક રાખે છે તેમાં માણસ અને પશુના આકાર કહાડેલા "હોય છે અને ગોળ તથા ત્રિકોણ કહાડેલા હોય છે, તથા તે ત્રણ પિત્તળના "કડકા રાખે છે, તેઓના ઉપર માત્ર એક બાજુમાં કાંઈક અક્ષરો કહાડેલા "હોય છે; તે કડકાને ત્રણએક પ્યાલામાં મૂકીને પછી સારી પેઠે હલાવીને "જમીન ઉપર નાંખે છે, તે વેળાએ જો અક્ષરનું પાસું ઉપર રહ્યું હોય છે "તો તે બોલી ઉઠે છે કે આ માણસ જગત્માં સર્વ કરતાં સુખી થશે. "પણ એથી ઉલટું જો અક્ષરનું પાસું ઉંધું પડે છે તો તે ઘણા ખોટા શકુન "ગણવામાં આવે છે.

"જો એક બે અક્ષર ચતા પડ્યા હોય તો પછી તે પોતાના પુસ્તકમાં "જોઇને જેવું કહેવું તેને યોગ્ય લાગે છે તેવું કહે છે; જે લોકોને પીડા થઈ "હોય તેઓને જો (Tay Baw Phou) ટે બૌ ફૌએ મોકલ્યા હોય તો તેમની "પીડાનું કારણ જાણવાનો તે ઢોંગ કરે છે; અને તેમના શરીરમાં મરી ગયેલા "માણસનું પ્રેત પ્રવેશ કરીને પીડા કરતું હોય છે તેને બોલાવાનો ઢોંગ મચાવે છે.

"જ્યારે તેઓ માંદા પડે છે ત્યારે તેમને બીજા જાદુગર (Tay Phow "Thony) ટે ફૌ થૌથોની (ટાંકિવનમાં) પાસે જવું પડે છે. જ્યારે તેને લાગે છે "કે પીડા થવાનું કારણ ભૂત છે ત્યારે તે તેમને બલિદાન આપવાનું ફરમાવે છે, "અને ચોખા તથા માંસનું ભોજન તેને મળે છે; તેનો ઉપયોગ શી રીતે કરવો "તે સારી પેઠે તે જાણે છે. આટલું કરતાં છતાં પણ, માંદું માણસ સાજું થાય "નહિ તો તેનાં સગાંવ્હાલાં, કેટલાક સિપાઇયો સાથે માંદા માણસના ઘરને ઘેરી "વળીને ભૂતને હાંકી કહાડવા માટે ત્રણ વાર બંદુકોના બ્હાર કરે છે.

"એ જાદુગર, માણસના (જો તે ખારવો કે માછી હોય છે તો) "મનમાં મૂર્ખાઇભિરેલી એવી વાત ઉતારે છે કે જળદેવતા (વરૂણ) તને "પીડા કરે છે; પછી આ અપદેવતાને પોતાના સ્થાનમાં પાછા મોકલવાને "માટે પાસેની નદી ભણી માંદા માણસના ઘર આગળથી મુકરર કરેલા અંતર "પ્રમાણે ત્રણ જૂદે જૂદે ઠેકાણે ત્રણ દિવસ લગી સારા જમણનો ઉતાર મૂકાવે "છે, ગાલીચા પથરાવે છે, અને ઝુપડાં બંધાવે છે.

"પણ આવી પીડાઓનું કારણ બરાબર જાણવા સારૂ એ જાદુગર "તેઓને ટે બૌ પાસે મોકલે છે. તે કહે છે કે, મરણ પામેલા (ભૂત રૂપે) પીડે

"છે તેનો મંદવાડ છે; અને વખત આવે કે, એ દુઃખ દેનારા ભૂતને મારામાં "પેસારવાનો ઉપાય હું કરીશ (કેમકે આત્માનું દેહાન્તર થાય છે એ વાત "તેઓ માને છે). પીડા કરનારાં ભૂતને પોતે પકડ્યા પછી પાણીના "સીસામાં ઉતારે છે અને માંદું હોય તે સાજું થાય ત્યાં લગણ તેમાં "રહેવા દે છે; જો તે માણસ સાજું થાય છે તો સીસો ભાગી નાંખીને "ભૂતને જ્યાં જવું હોય ત્યાં જવાને છોડી મૂકે છે, અને જો તે મરી જાય "છે તો પછી એવું કામ ફરીને નહિ કરવાની શીખામણ દઈ ને જાદુગર તેને "છોડી મૂકે છે."–N. Bailey's English Dictionary, by Mr. Buchanan, Fifth Edition. London: W. Johnston, Ludgate-Street, 1760.

બેલીનું પુસ્તક હવણાં ઘણું સાધારણ થઈ પડેલું નથી તેથી તેમાં આત્માના દેહાન્તર વિષે નીચેનો ચમત્કારિક અને રસિક વિષય છે; તેમાં અમારા કામને લાગુ પડે એવું વધારે છે, માટે આ પ્રસંગે અમે તેમાંથી ઉતારો કરી લઇયે છિયે:—

"દેહાન્તર અથવા આત્માનું એક દેહમાંથી બીજા દેહમાં જવું, એ "વિષે હવણાંના યાહૂદી લોકો ગમે તે કહે, પણ પ્રાચીન અથવા નવીન "સ્થાપનામાં એ વિષે કાંઇ લખવામાં આવ્યું નથી.

"એવો સંભવ છે કે, ખાલ્ડિયામાં યાહૂદી લોકોએ આ વિચાર ગ્રહણ "કરી લીધો, તે બાબેલનમાં લાંબી મુદત સુધી તેમણે કેદખાનું ભોગવ્યું તે "સમય દરમ્યાન હશે, અથવા તો, ગ્રીક લોકોએ પૂર્વ ભણીના લોકો પાસેથી એ "વિચાર ગ્રહણ કરેલો હતો તેમની સાથેના તેઓના વ્યવહારે કરીને ગ્રહી લીધો "હશે. ખ્રિસ્તની વેળામાં, આવો વિચાર, યાહુદિયોમાં બહુ સાધારણ થઈ પડ્યો "હતો, એ વાત નક્કી છે. તેઓના કહેવા ઉપરથી આ વાત ઉઘાડી જણાઈ "આવે છે કે, ખ્રિસ્ત એ જોન ધી બાપટિસ્ટ હતો, એમ કેટલાક ધારતા "હતા; અને વળી કેટલાક તો ધારતા હતા, કે તે એલિયાસ છે, કે અગર "જેરમિયાસ અથવા પ્રાચીન ભવિષ્યવક્તાઓમાંનો છે, અને જ્યારે જીસસ "ખ્રિસ્તનાં અદ્ભુત કર્મ સંબંધી વાત હેરડ હાકેમના સાંભળવામાં આવી "ત્યારે તેણે કહ્યું કે મેં જે જોન ધી બાપ્ટિસ્ટનો શિરચ્છેદ કર્યો છે તે જ "એ ફરીને પાછો ઉઠ્યો છે."

"જોસેફસ અને ફેલો જે ઘણા પ્રાચીન સમયમાં થઈ ગયા છે અને 'સર્વ યાહુદિયોમાં જે ઘણા જ્ઞાની હતા તથા જે પવિત્ર ગ્રંથકારોના કરતાં 'બીજી પદવીના છે અને હવણાં જેઓની પ્રસિદ્ધિ છે તેઓ કહે છે કે,

"દેહાન્તર વિષેનો વિચાર અમારા લોકોમાં ઘણો સાધારણ હતો. જોસેફ્-
"સના લખવા પ્રમાણે ફારિસિસોનો એવો અભિપ્રાય હતો કે સારા માણ-
"સોનો આત્મા મરણાવસરે એક દેહ છોડ્યા પછી બીજા દેહમાં પ્રવેશ કરે છે.
"બીજે ઠેકાણે તે લખે છે કે, દુષ્ટ માણસોનો આત્મા કોઈ કોઈ વાર જીવતા
"માણસોના દેહમાં પેસીને તેમને વળગે છે અને પીડા કરે છે. ફૈલો કહે
"છે કે, આત્માઓ હવામાંથી આવીને દેહોમાં પ્રવેશ કરી તેઓને જીવતા કરે
"છે; અને તે શરીરોના મરણ પછી તેમાંથી નીકળીને પાછા હવામાં જાય છે;
"તેમાંથી કેટલાકને તો સ્થૂળ પદાર્થનો ઘણો ધિઃક્કાર હોય છે અને શરીર-
"માં ફરીને પ્રવેશ કરવાને ત્રાસે છે; પણ કેટલાકને પાછા આવવાની
"ઇચ્છા થાય છે અને જે ઇચ્છાએ કરીને તેઓનું વલણ થયેલું હોય છે તે
"સ્વાભાવિક ઇચ્છા પ્રમાણે વર્તે છે. યાહુદી વિદ્વાનો આ મતને ગોટાવાળા
"અને ગુહ્ય શબ્દોમાં લપેટી રાખે છે. તેઓ એમ માને છે કે, ઈશ્વરે સર્વે
"આત્મા માટે એમ ઠરાવેલું છે કે તેઓએ સંપૂર્ણતાએ પ્હોંચવું જ જોઇયે, તે
"પ્રમાણે એક જન્મમાં તેઓ પ્હોંચી શકતા નથી, એટલા માટે તેઓને ઘણી
"વાર પૃથ્વી ઉપર આવવું પડે છે, અને ઘણાં શરીરોમાં એક પછી એક
"ક્રમ પ્રમાણે અવતાર લેવા પડે છે, કે જેથી કરીને સર્વે આત્માએ ધાર્મિકતા
"પૂર્ણ કરે અને વિધિ તથા નિષેધની આજ્ઞાઓ પાળી શકે. આ પ્રમાણે
"કર્યા વિના જે પદે તેઓએ પ્હોંચવું જોઇયે એવી ઈશ્વરની ધારણા છે, તે
"પદે તેઓ પ્હોંચી શકે નહિ. તેઓ કહે છે કે, કેટલાક લોકો તેમની ભર-
"જુવાનીમાં મરણ પામે છે તેનું કારણ શું? તેનું કારણ એ જ કે તેઓએ
"જોઇતી સંપૂર્ણતા મેળવી છે અને આ નાશવાન અને ક્ષણિક દેહ સાથે
"કાંઈ કરવાનું બાકી રહ્યું નથી. બીજાઓને મોઝિઝની પેઠે (તેઓ કહે છે કે)
"'પ્રતાપની સાથે મરવું પડે છે; કારણ કે તેઓએ પોતાના સર્વ ધર્મ તે
"સ્થિતિ લગી પરિપૂર્ણ કર્યા નથી હોતા અને કેટલાક વળી એથી ઉલટી
"રીતે ડાનિયલની પેઠે સંતોષની સાથે મરણ પામે છે, અને વળી, મરણની
"ઇચ્છા કરે છે, કેમકે આ જગતમાં તેમને કાંઈ કરવાનું બાકી રહેતું નથી.

"દેહાન્તરના બે પ્રકાર છે. એક તો એક દેહ જીવંત છતાં તેમાં
"આત્મા પ્રવેશ કરે છે, જેમ કે હેરડ હાકેમે એવી ધારણા કરી હતી કે,
"જાન ધી બાપ્ટિસ્ટે અદ્ભુત કર્મ કરવા સારૂ જીસસ ખ્રિસ્તના શરીરમાં
"પ્રવેશ કર્યો છે, તેમ બીજી વેળાયે તેઓએ એમ લખ્યું છે કે, આત્માને
"સંપૂર્ણતાની ખામી હોય તે મેળવી લેવા સારૂ જીવંત દેહમાં તેઓ પ્રવેશ
"કરે છે. જેમ કે તેઓએ કહ્યું કે, મોઝિઝનો આત્મા મેશિયાના આત્માની

"સાથે જોડાવાનો છે, ઇત્યાદિ. દેહાન્તરનો બીજો પ્રકાર એવો છે કે, આત્માએ "જૂના દેહમાં જે પાપ કર્યાં હોય તે ધોઈ નાંખવાને અથવા તો પવિત્રતાનું "વિશેષ પદ મેળવી લેવા સારૂ તે નવા બંધાયલા શરીરમાં પ્રવેશ કરે છે. "યાહુદિયો ધારે છે કે, આવા પ્રકારના દેહાન્તર ઓછામાં ઓછા ત્રણ "અથવા ચાર વાર થાય છે. તેઓ કહે છે કે, કેટલાક વિશેષ ઉચ્ચ પ્રકારના "આત્માને સ્થૂલ પદાર્થનો ઘણો ધિઃકાર હોય છે; અને જીવંત દેહમાં તેઓ "પાછા પ્રવેશ કરે છે તો તેમને ઘણો પશ્ચાત્તાપ થયા વિના રહેતો નથી. "બીજા જે વિશેષ નીચ અને વિષયી હોય છે તેઓનું વલણ સદા દેહ ભણી "થયેલું રહે છે અને માત્ર આ વિષયવાસના પરિપૂર્ણ કરવાના કારણ માટે "વારેવારે દેહમાં પ્રવેશ કરે છે. આવા પ્રકારના દેહાન્તર અવાચક, પશુ "અને નિર્જીવ પદાર્થોનાં પણ થાય છે એમ તેઓ કહે છે: અને આવો "અભિપ્રાય ધરાવનારા લોકો છે તેઓની સંખ્યા કાંઈ ઓછી નથી. યાહુદી "વિદ્વાનો માંહેલા ઘણા પ્રખ્યાત છે, તેઓનો એવો અભિપ્રાય છે, અને "તેઓ એવું અભિમાન રાખે છે, કે પૈથાગોરાસ, પ્લેટો, અને વર્જિલ તથા "પ્રાચીન વિદ્વાનોએ ઉપરનો અભિપ્રાય અંગીકાર કર્યો હતો, તેઓએ "અમારા ભવિષ્યવાદિયોના લેખમાંથી તે જાણી લીધો હતો.

"આવા પ્રકારનો વિચાર પૂર્વમાં ઘણા પ્રાચીન કાળનો છે. ચીના "એમ કહે છે કે, ઈન્ડિયા(હિન્દ)માં આ મત પ્રથમ પ્રસિદ્ધ કરનાર કસેકિયા "કરીને એક ઈન્ડિયન (હિન્દી) વિદ્વાન્ હતો અને તે ખ્રિસ્તના પેહેલાં સુમારે "૧૦૦૦ વર્ષ ઉપર જન્મ્યો હતો; ત્યાંથી પછી ખ્રિસ્તની પછી ૫૬ વર્ષે ચીનમાં "પાછો પ્રસર્યો. ચીનાઓ એવો ઢોંગ કરે છે કે, કસેકિયાએ ૮૦૦૦ વાર અવ-"તાર લીધો હતો, અને તેનો છેલ્લો અવતાર શ્વેત હસ્તીનો હતો. ચીનાઓ "અને (હિન્દીઓ) ઈન્ડિયનો પોતાની મેળે મરણ પામવાને આઘુંપાછું જોતા "નથી અને તેમનાં છોકરાંનું પોષણ કરવાની તેને શંકા પડે છે ત્યારે તેમને મારી "નાંખે છે; તે આવા અભિપ્રાયને લીધે જ. આ દેશના એક રાજાની વાત "એવી બની છે કે, તેને સહિયડ નીકળવાથી તેનું મુખ ગોબા પડવાથી "બેડોળ બની ગયું, તેથી આવો ભયંકર દેખાવ ધારણ કરીને તેને જીવવું "ગમ્યું નહિ, એટલે પોતાના ભત્રીજાને પોતાનું ડોકું કાપી નાંખવાની આજ્ઞા "કરી. પછી તેને અગ્નિદાહ દેવામાં આવ્યો. એક ઇન્ડિયન વિદ્વાન કાલાનસ "કરીને હતો તે મહાન્ શિકંદર પાદશાહની વેળામાં પોતાની મેળે બળી મૂવો. "તેની વાત સારી પેઠે પ્રસિદ્ધ છે. ઇન્ડિયનોમાં દેહાન્તર સંબંધી વિચાર "એવો પેશી ગયો છે કે તેમાં કાંઈ શંકા લેવા જેવી વસ્તુ તે ગણતા જ નથી,

"અને તે ઉપરથી મોતની તેઓ કાંઈ દરકાર કરતા નથી. અને તેઓના બાપ-"દાદાઓએ અને પાસેનાં સગાંઓએ પ્રાણિયોનો અવતાર લીધો હોય એમ "માનીને જ તેઓ કોઈ પણ જીવતાં પ્રાણિયોનો જીવ લેવાથી દૂર રહે છે. તેઓ "ઘાતકી પશુઓની સામે એટલો બધો પોતાનો બચાવ કરતા નથી, અને જે "પરદેશિયો પ્રાણિયોની હત્યા કરવાના હોય છે, તેમની પાસેથી ધર્મની "ખાતર તેમને છોડાવે છે."

ટીપ બ–વળગાડ

તત્વજ્ઞાનવિષયક અને શંકાશીલ વિચારની પક્ષના સાક્ષી તરીકે અમે બેનિયમને રજુ કરિયે છિયે. એ ગ્રન્થકર્ત્તા કહે છે કે, "જો આપણે મનુષ્યના "હૃદયની અંદર વધારે ઊંડા ઉતરિયે તો, અદ્ભુત કર્મ જાણે આપણી "શક્તિ વધારતું હોય અને અલૌકિક સાધનોની ઉપર આપણને સત્તા "આપતું હોય તેમ તેને માનવાનું છાનું વલણ તેમાં હોય એમ આપણા "જાણવામાં આવશે. વળી જ્યારે આવાં કેવળ કલ્પિત પ્રાણિયો સંબંધી "તકરાર હોય છે, ત્યારે તેની સાબિતી વિષે બારીકીથી ચોકશી કરવાને "વિવેકબુદ્ધિ, જોઇયે એટલી, નિષ્પક્ષપાત નથી હોતી. વચ્ચે બ્હીક આવે "છે; સંશય ભયભીત દેખાય છે; આ અદૃશ્ય કાર્યાધીશોને રખેને આપણે "કોપાયમાન કરતા હોઇયે, એવી ધાસ્તી રહે છે; અને તેઓને નહિ માનના-"રાઓના ઉપર તેઓએ વેર લીધેલું તે સંબંધી ઘણી વાતો લોકનાં મ્હોંમાં "ચાલતી હોય છે. આવાં કારણોએ કરીને વેતાલ, ભૂત વળગાડવાળાં મનુષ્ય "અપદેવતા, પિશાચ, જાદુગરો અને છૂમંત્રવાળાઓ સંબંધમાં વિશ્વાસ બેશી "ગયો છે. આ બધા ભયંકર ચરોએ ખુલ્લા દરબારમાં પોતાના ખેલ મચા-"વવાનું બંધ કર્યું છે, પણ હજી લગણ તેઓ ઝુપડાંમાં દેખા દે છે."

પિશાચ ઉપરનો વિશ્વાસ અન્યથા કરવાથી થતી અસર વિષે હેબરે પોતાના સદાના મધુર અને સુસ્વર અવાજમાં વર્ણન આપેલું છે, પણ એ ઉપરથી એ વિષેની અશ્રદ્ધા જે સર્વોત્કૃષ્ટ પ્રમાણોથી વિરૂદ્ધ છે તે વિષે ભલામણ તે કરતો નથી:—

"દુષ્ટ પિશાચો ઉપરનો વિશ્વાસ, પછી તે ખરો કે ખોટો, એ એક "ઉદાસીભર્યો અને બેચેનકર્ત્તા છે. એ વિષે અવિચાર્ય અને અતિશય સૂક્ષ્મ "રીતિથી વિચાર કરવામાં આવે તો તેનો ઘણો જ માઠો પરિણામ નીપજે "છે: એથી કરીને કેટલાએક અતિશય ધિઃક્કાર ઉપજાવે એવા અપરાધ

"કરેલા છે, અને કેટલાંક અસહ્ય દુઃખમાં રગદોળાયા છે; ધર્મ સંબંધી અને "જાદુ સંબંધી ઢોંગનું એ સાધારણ મૂળ છે; અને એનો ખોટો ઉપયોગ "થવાથી બચપણની બ્હીકથી તે ઉન્મદના ઘેલાપણા સુધી મનુષ્યના દુઃખના "અગણિત પ્રકારો નીપજેલા માલમ પડી આવે છે. * * *"

એ જ ગ્રંથકર્ત્તા આગળ કહે છે કે, "જો ગડરાના[1] ધારેલા ભૂત-"ગ્રસ્તના ઇતિહાસમાં એ બાબતની સાથે સંબંધ ધરાવનાર આપણા ખ્રિસ્ત "અને તેના વ્યગ્ર રોગી વિના બીજું કોઈ ન હતું એમ સમજિયે; અને "શયતાનને નામે જેણે ઉત્તર આપ્યું તે દુઃખ સહન કરનારની અવ્યવસ્થિત "થઇ ગયેલી કલ્પના જ હોય; તેમ જ જો રોગીને પીડા કરનાર પોતે ડુક્ક-રોમાં ભરાઈ પેસે એવી ઇચ્છા માત્ર ઉન્માદની ઘેલછાએ જ કરી હોય; "તો આપણો ખ્રિસ્ત સાદી વિનતિથી તૃપ્ત નહિ થતાં અને ઘેલા માણસના "બકબકાટ પ્રમાણે પોતાનું વચન પાળવાનો સંતોષ નહિ માનતાં ડુક્કરોના "ટોળાને એવા જ પ્રકારના રોગથી પીડિત કરીને ચમત્કારિક રીતે ઢોંગને "સ્થાપિત કરે, એવી શું આપણે ધારણા કરી શકિયે?"

બિશપ હોર્સલી કહે છે કે, "આવા તાર્કિક સમયમાં સમ્ભ્રમ જે વળ-"ગાડ કહેવાય છે તેના કારણ વિષે આપણે ઓછા જ મળતા આવિયે છિયે. "જો આપણે ધર્મશાસ્ત્રના ઉપર આધાર રાખિયે તો રોગીની કલ્પના અને "ચેતનાસ્પદ ઉપર નરકના દૂતોની એ સ્વતંત્ર સત્તા હતી એમ જણાઈ "આવે છે. ખરી વાત આ પ્રમાણે જ હતી, એમ માનવાને મને પોતાને "વધારે અડચણ માલમ પડતી નથી. તર્કવાદ માનનારાઓ શ્રદ્ધામાં કાચા "હોય છે એમ હું માનું છું, અને તેઓ તર્કશક્તિમાં પણ બળવાન્ નથી "હોતા. તેઓ જૂની વાતોના શકયપણા વિષેની અજમાયસ, તે સમયના "ઇતિહાસકર્ત્તાઓની સાક્ષી છતાં પણ હવણાંના સમયના અનુભવ ઉપરથી "કરે છે. મારા વિચારનું વલણ તો એમ થયેલું છે કે, મનુષ્યોનાં તન "ઉપર તેમ જ તેઓનાં મન ઉપર નરકના પ્રેતોની સત્તા બહુ જ ઓછી "થઈ ગઈ છે, અને જ્યારે પ્રભુના પુત્રે પોતાનું મહાકાર્ય સાધ્યું ત્યારે

---

૧ પાલેસ્તેનની ઉગમણ દિશામાં એ એક પ્રાન્ત છે, તેમાં એક માણસને શયતાનનો વળગાડ થયો હતો તેનાથી સર્વે ડર ખાઈ જતા હતા. એક વાર તે ભટકતો હતો તેવામાં તેને ખ્રિસ્ત મળ્યો અને શયતાનને નીકળી જવાને આજ્ઞા કરી, ત્યારે શય-તાને વિનતિ કરી કે, આ ડુક્કરોના ટોળામાં આજ્ઞા હોય તો પેસું? ખ્રિસ્તે હા કહી, તેથી તેણે ડુક્કરોમાં પ્રવેશ કર્યો એટલે પછી ડુક્કરો સમુદ્રમાં દોડી જઈને મરણ પામ્યાં અને શયતાનના ખસવાથી પેલો માણસ સુખી થયો. ર. ઉ.

"મનુષ્યના પગ નીચે શયતાનને છેલ્લી વારકી કચરી નાંખવાની જે તેની "ઇચ્છા હતી, તેના એક આરંભ દાખલ તે હતું; તથા આ બનાવ બનતાં પ્હેલાં "મનુષ્યો નરકનાં ચરોની ઇન્દ્રિયગોચર નિર્બાધ સત્તા નીચે હતાં તેમાંથી તે "દિવસથી તેઓ મુક્ત થયાં છે. જ્યારે સિત્તેર જણ આપણા ખ્રિસ્તની પાસે "આવીને તેમના આનંદની વાત ક્હેવા લાગ્યા, કે તમારા નામથી અમે "શયતાનને વશ કરી શકયા છિયે, તે સમયે તેણે ચમત્કારિક કથન કર્યું છે, "તે ઉપરથી પણ ઉપરની વાતનું સૂચન થાય છે. તેણે તેઓને ક્હ્યું કે, "આકાશમાંથી વિજળીની પેઠે શયતાનને પડતાં મેં જોયો. આપણા ખ્રિસ્તે "તેને પોતાની સત્તાના આકાશમાંથી પડતો જોયો; ત્યારે જે સત્તા તેણે "ખોઈ તેની અસર હવે વધારે વાર જોવામાં આવે નહિ તેમાં શી નવાઈ "છે? આ વિષય સંબંધી વધારે ચોકશી કરચા વિના ઉપરનાં સામાન્ય ધોરણો "ઉપરથી, વળગાડ એ નામ જેવો અર્થ સૂચવે છે તે પ્રમાણે ખરેખરો હતો; "અને પ્રથમકાલિક ખ્રિસ્તિયન મતમાં પણ સામાન્યપણે તે પ્રસારેલો હતો "અને હું તો તેના ઉપર શ્રદ્ધા રાખું છું તથા તમો સર્વેને તે પ્રમાણે "રાખવાની ભલામણ પણ કરૂં છું."

એક આધુનિક ગ્રંથકર્તા[1] ક્હે છે કે, "આ વિષયનો આ પ્રમાણે વિચાર "કરવામાં એક ખામી છે, તે હજી પણ ક્હાડી શકાય એમ છે; તે એ "કે, જો આ વળગાડ એ જૂદા પ્રકારના ચિત્તભ્રમ કરતાં પણ કાંઈ વધારે છે "તો હવણાં ભૂતગ્રસ્તો નથી એમ કેમ બને છે? અને જગત્માંથી તેઓ "છેક જતા રહ્યા છે પણ હવે એકે નથી એવી જ ધારણા સિદ્ધ કરવાને "બાકી રહેલી છે. * * *

"ચિત્તભ્રમ અને મૂર્છાવાયુના ઘણા બનાવોમાં ભૂતગ્રસ્તોને ઘણી મળતી "આવે એવી એક સ્થિતિ થાય છે, પણ રોગી અને સામાન્યપણે વૈદ્ય તેની ગણના જૂદા પ્રકારમાં કરે છે."

અમે નીચે એક ઉતારો આપિયે છિયે તેથી આ વિષયનો ઘણો ખરો ખુલાસો થઈ જાય છે:—

"વળી વિશેષ, પ્રભુનો પુત્ર દેહ ધારણ કરીને આવ્યો તેથી નરકની "સત્તા ઘણી તૂટી ગઈ એમાં આપણે સંશય ક્હાડી શકતા નથી; અને "એની જ સાથે શયતાનની સત્તા ઉપર દાબ બેસારવામાં આવ્યો; વિજળીની "પેઠે શયતાનને આકાશમાંથી પડતાં મેં જોયો,' બાપ્ટિઝમ આપવાથી અને

૧ આ વિષે વિગતવાર વર્ણન માટે ટ્રેન્ચે ચમત્કાર (Miracles) વિષે લખ્યું છે તેમાં ગડરાના ભૂતગ્રસ્તો વિષે પ્રકરણ છે તે જૂઓ.

"ધર્મપુસ્તકનો ઉપદેશ કરવાથી તેનો કોપ અને બલાત્કાર ઘેરાઈ ગયો છે, "અને તેનો અટકાવ કરવામાં આવ્યો છે. હવણાં પણ મૂર્ત્તિપૂજકોની "ભૂમિમાં, તેમાં મુખ્યત્વે કરીને, જ્યાં શયતાનને શાન્તપણે જમ્પીને બેસવા "વારો મળ્યો ન હોતો, પણ જ્યાં ખ્રિસ્તના ધર્મપુસ્તકનો પ્રથમ પ્રવેશ "થવાથી અજવાળા અને અંધારા વચ્ચેની લડાઈના મહાન્ પરિણામદર્શક "ભેદને માર્ગ મળતો હતો, ત્યાં પણ જૂદી રીત થઈ છે. ત્યાં તો આવાં દુષ્ટ "પિશાચ, પછી એટલાં બધાં કે એ કરતાં ઓછાં, હોય એવી આશા રાખવામાં "આવે જ. લ્યુથેરન પાદરી રેનિયસે હિન્દુસ્તાનથી એક ઘણું રસિક લખાણ "કરી મોકલ્યું છે, તેમાં પોતાના અનુભવની વાત એવી લખી છે કે, દેશી "ક્રિશ્ચિયનો, તેમાં વળી ઘણાક તો ખરા ક્રિશ્ચિયનો પ્રમાણે વર્ત્તતા નથી "એવા છે, તો પણ મૂર્ત્તિપૂજકોના આત્મા ઉપર અને શરીર ઉપર શયતા- "નની સત્તા ચાલેલી જેવી વારેવારે જોવામાં આવે છે તેવી તેમનામાં જોવામાં "આવતી નથી. અને એક ચમત્કારિક દાખલો આપીને તે બતાવે છે, "અને તે એવો કે જેમાં ઠેઠ સુધી પોતાના જોવામાં આવ્યું છે, તે એ કે, "અંધારાના રાજ્યમાં ખ્રિસ્તના નામ ઉપરથી જે હુમલો કરવામાં આવે "છે તેમાં બધા પ્રકારની પૈશાચિક ટક્કરો બહુ જોમભરેલા પ્રયત્નથી "ચલાવવામાં આવે છે, તે જ પ્રમાણે જે માણસોને પૈશાચિક ઇચ્છાનાં "લાગલાં જ સાધન કરી મૂકેલાં હોય છે તેમની મારફત સત્યતા તોડી "પાડવાના પ્રયત્નો લાગુ કરવામાં આવે છે."

તો પણ એક બીજો ગ્રંથકર્ત્તા[1] કહે છે કે, "આવા વળગાડ "એકલા ચુસ્ત મૂર્ત્તિપૂજકોમાં જ છે એમ નથી. જેઓએ તરત જ ક્રિશ્ચિયન "ધર્મની કેળવણી લેવા માંડી હતી તેઓમાં, અને વધારે મુદતથી ક્રિશ્ચિ- "યન થયેલા એવા કેટલાક દેશિયોમાં પણ વળગાડનાં ચાલતાં આવેલાં "ચિહ્ન, જે પ્રમાણે શાનાર લોકો માને છે તે પ્રમાણે જોવામાં આવેલાં, "એવા ઘણા દાખલા મને મળી આવ્યા છે. ટીનેવલીના ઘણા ખરા પાદરિ- "યોને જે અનુભવ થયેલો તેની સાથે મને લાગે છે કે આ મળતું આવે છે. "વળગાડવાળામાંથી ભૂતને કહાડી મૂકવાની ચાલતી રીત પ્રમાણે, ભૂત કહાડ- "વાનો પ્રયત્ન કરવાની સત્તા, તેનાં સગાંવ્હાલાંને નથી એમ તેઓ સમજે છે. "એટલા માટે યુરોપિયન ઉપાય કામે લગાડીને ભૂત કહાડવા સારૂ કેટલીક વાર "પાદરિયોને તેડાવે છે. તેઓ જ્યાં જ્યાં અજમાયસ કરવાને ગયેલા છે, ત્યાં

૧ The Rev. R. Caldwell B. A. in his Sketch of the Tinnevelly Shanars.

"ત્યાં ઘણું કરીને, પોતાની તેમ જ લોકોની ખાતરી થાય એવી રીતે જય પામેલા "છે. કેટલાંક ભૂત તો જેઓને વળગ્યાં હોય તેમનામાંથી નીતિના બળથી અને "ઉપાયથી રહેતાં રહેતાં નીકળી જાય છે; પણ ઘણી વાર તો તેમને ફ્હાડ-"વાનો ખરેખરો અસરકારક ઉપાય ઉલટી કરાવનાર અર્ક થઈ પડે છે."

"મૂર્ત્તિપૂજકોના દેશમાં ભૂતના ખરેખરા વળગાડ કદિ બનતા નથી, "એમ હું તકરાર કરતો નથી. જ્યાં શયતાન નિર્બાધ સત્તા ચલાવે છે અને "જ્યાં ભૂતના વળગાડ વારે વારે થાય છે અને તે ખરા છે એવો વિશ્વાસ "સાધારણ થઈ પડયો છે, ત્યાં એ પ્રમાણે માનવાને કાંઈ આધાર હશે "એમ ધારવું, એ સ્વાભાવિક છે. લૌકિક ભ્રમમાં ઘણું કરીને કાંઈકિ ખરી "વાત હોય છે. આ વિષય વિષે પૂરાવા સારૂ મારૂં મન તૈયાર થઈ રહેલું "છે; અને પ્રત્યેક દેશીને નજરે જોનારાઓએ કહેલા ચમત્કારિક દાખલા "ઉપર વિચાર કરતાં, એવા પ્રકારનું કોઈ દિવસ કાંઈ જોવાને મેં આશા "રાખી હતી; પણ એ વિષે વિશેષ ચિહ્ન જોવામાં આવે એવા લાગ "મેં ભૂત પૂજનારા લોકોમાં લગભગ બાર વર્ષ સુધીની લાંબી મુદત સુધી "જોયા પણ હજી લગણ મને મળ્યા નથી. એક શકભરેલા દાખલા વિના "મારા સાંભળવામાં આવ્યું છે તે પ્રમાણે, સર્વે બ્રિટિશ અને અમેરિકન "પાદરીયોને આવો જ અનુભવ થયેલો છે. આપણા જર્મન ભાઇયો વધારે "ભાગ્યશાળી જણાય છે."

અમે આ ઠેકાણે એટલું વધારિયે છિયે કે મિ૰ કાલ્ડવેલ અને તેના મિત્રોએ સો વશા તો ઘણા જ પૂરાવાની ઇચ્છા કરી છે.

પ્રકરણ ૧૦

મરણ પછીની ગતિ–અધોલોક, સ્વર્ગ, મોક્ષ.

અગ્નિદાહ દેવામાં આવે છે તે દિવસથી રોજ સાંજે, મરનારને ઘેર બેસવાને લોકો આવે છે; તે વેળાએ બ્રાહ્મણ ગરૂડપુરાણ વાંચે છે. તેમાં મરણ પછી જીવની ખરેખરી ગતિ થવાની તેની પરીક્ષાનાં સાધન વિષે શ્રીકૃષ્ણે ગરૂડને કહી સંભળાવ્યું[1] છે; એમાં શ્રીકૃષ્ણે કહ્યું છે કે,

૧ નૈમિષારણ્યમાં શૌનકાદિ ઋષિઓ યજ્ઞ માટે એકઠા થયા હતા, તેની સમાપ્તિની વેળાએ મુખ્ય પૌરાણિક જે સૂત હતા, તેમને બીજા ઋષિઓએ પૂછ્યું કે પ્રાણીના મરણ પછી અન્ય શરીરની પ્રાપ્તિ શી રીતે થાય છે તે વિષે ઘણા મતભેદ છે, તેમાંથી ખરૂં શું છે તે સમજાવો. આ ઉપરથી, શ્રીકૃષ્ણ અને ગરૂડનો આ વિષે સંવાદ થયેલો તે સૂતે કહી સંભળાવ્યો છે.

કેટલાક જીવ તો લાગલા જ સ્વર્ગમાં જાય છે. કેટલાક, મોક્ષ પામેલાની સાથે જરા ઓછાં નાશવાન સુખ ભોગવે છે. આવા પ્રસાદવાન જીવ વિષે અમે આગળ ઉપર લખીશું, પણ હવણાં તો, જે ઘણા જીવ યમના ઘસાઈ ગયેલા દ્વારને માર્ગે અથડાયાં કરે છે, તેઓ વિષે લખિયે છિયે.

ગરૂડપુરાણ, કૃષ્ણ દ્વૈપાયન-મહર્ષિ શ્રીવેદવ્યાસપ્રણીત છે તેના ઉત્તરખંડમાં પ્રેતખંડ છે. તેના ૪૫ અધ્યાય છે, તેમાં આ વિષે કથન આવે છે. બીજું પુસ્તક ગરૂડપુરાણનો સારોદ્ધાર એવા નામનું છે. તેના ૧૬ અધ્યાય છે. તે ઝુંઝુણૂ નગરના શ્રી શાર્દૂલ મહીપતિના પુરાણી મિશ્ર શ્રી સુખલાલજીના પુત્ર હરિનારાયણના પુત્રે રચ્યું છે. અને બીજું એક એ જ નામનું છે, તેના ૧૦ અધ્યાય છે.

કેટલાકનો એવો અભિપ્રાય છે કે, જેમ ખડમાંકડી (તૃણ જલૌકા) પોતાના આગલા પગ પ્રથમ ગોઠવ્યા પછી પાછળના પગ ઉપાડે છે, તેમ જ પ્રાણીનો જીવ, એક ખોળિયું મૂકીને તરત જ બીજા ખોળિયામાં પ્રવેશ કરે છે. બીજા કેટલાકનો એવો અભિપ્રાય છે કે મરનારની પછવાડે પિંડ આપવામાં આવે છે તેમાંથી નવો દેહ રચાય છે, તેમાં જીવને પ્રવેશ કરવો પડે છે, અને તેને દેહ દ્વારા કર્મજન્ય નાના પ્રકારનાં દુઃખ ભોગવવાં પડે છે.

પ્રાણીનો મરણનો સમય થાય છે ત્યારે તેને દૈવી દૃષ્ટિ થાય છે, એટલે તે યમદૂતને પ્રત્યક્ષ દેખે છે, તેમ જ આ લોક તથા પરલોક તેને દૃષ્ટિગોચર થતા હોય એવો આભાસ થાય છે. આવા આશ્ચર્યજનક બનાવથી તેનાથી કાંઈ બોલી શકાતું નથી. યમદૂતો હાજર હોવાને લીધે, તેનો ઇન્દ્રિયસંઘાત વિકલ થઈ જાય છે: ચૈતન્ય જડ થઈ જાય છે; અને તેના પ્રાણ પોતાના સ્થાનથી ખસવા માંડે છે; શ્વાસ નિજ સ્થાનથી ચલાયમાન થાય છે; તેમ જ તેને એક ક્ષણ આ સમયે, કલ્પ જેવડી થઈ પડે છે; અને જાણે ૧૦૦ વિંછી દંશતા હોય એવી પીડા થાય છે; આવા પાપીના પ્રાણવાયુ અધોદ્વારથી નીકળી જાય છે. નગ્ન, ભયંકર દેખાવના, ક્રોધયુક્ત દૃષ્ટિવાળા, યમપાશ તથા દંડ ધારણ કરીને દાંત કકડાવતા, ઉર્ધ્વ કેશવાળા, કાગડાના જેવા કાળા, વક્રતુંડવાળા નખાયુધ, યમદૂતને જોઈ તેના મનમાં અતિત્રાસ ઉત્પન્ન થાય છે. અંગુષ્ટ પ્રમાણનો પુરૂષ (જીવ) હાહાકાર કરતો શરીરમાંથી બ્હાર નીકળે છે, એટલે યમદૂત તેને તરત ગ્રહી લે છે, ને જીવ પોતાનું શરીર જોતો રૂહે છે. પછી યાતના દેહમાં તે જીવને ઘેરીને પાશ ગળે બાંધી દીર્ઘ માર્ગે, અપરાધીને જેમ રાજભટો લઈ જાય છે તેમ, બે યમદૂત રસ્તામાં નરકનો ભય બતાવતા તેની તર્જના કરતાં, તેને લઈ જાય છે. બે અથવા ત્રણ મુહૂર્તમાં તેને યમ પાસે પ્હોંચાડે છે. પછી તેને આકાશમાર્ગે થઇને જ્યાં તેનું શબ પડ્યું હોય છે ત્યાં પાછો આણે છે, એટલે તેને પોતાના દેહમાં પ્રવેશ કરવાની ઇચ્છા થાય છે પણ તેમ યમદૂત કરવા દેતા નથી, તેથી તે રૂદન કરે છે.

આતુર સમયે પુત્રે અષ્ટ મહાદાન તથા પાછળથી પિંડ આપ્યા હોય તેનું ભક્ષણ તે કરે છે, તથાપિ તેને તૃપ્તિ થતી નથી; જેની પછવાડે, પિંડદાન આપવામાં આવતું નથી તે પ્રેતરૂપ થઈ, અતિ દુઃખ પામતા, નિર્જન અરણ્યમાં કલ્પ પર્યંત ભટકતા

જે માણસોએ ઉપરના ગમે તે લોકમાં પ્રવેશ કરવાનો પોતાનો ખરો હક્ક મેળવી રાખ્યો નથી તેઓના જીવને મોતની છાયાની ખીણમાં થઈને યમરાજના ન્યાયાસન આગળ રજુ થવું પડે છે. તેઓએ જે પ્રમાણે સુકૃત કે દુષ્કૃત કરવાં હોય છે તે પ્રમાણે તેઓને તેમના પ્રવાસમાં સુખ કે પછી નાના પ્રકારનાં દુઃખ સહન કરવાં પડે છે. પુરાણ રચનારાઓનો દેખીતો અભિપ્રાય એમ જણાય છે કે, મનુષ્ય પ્રાણીના મન ઉપર તેની આશા કરતાં ભય વધારે સહેલાઈથી અસર કરે છે; તેઓએ ઘણું કરીને મરણ પછીના સર્વ ભય વિષે જ વર્ણન આપેલું છે.

તેરમા પછી, નવું શરીર પામેલા પ્રેતને યમદૂતો જ યમપુરીનો રસ્તો પકડાવે છે; ઘાતકી જીવ હોય છે તેને તો યમદૂતો રસ્તામાં ત્રાસ ઉપજાવીને, અને નાના પ્રકારની પજવણીયો કરીને કાયર કાયર કરી નાંખે છે. તેઓ પ્રેતને કૂહે છે કે, "ચાલ દુષ્ટાત્મન્! ઉતાવળો, અમે તને યમપુરી લઈ જઈને કુંભીપાકાદિ નરકમાં નાંખીશું!" આવા ભયંકર પ્રસંગમાં તેમના ધમ-

---

ફરે છે, પાપકર્મ કર્યાં હોય તેનું ફલ ભોગવ્યા વિના તેનો ક્ષય થતો નથી, અને યમયાતના ભોગવ્યા વિના તેને મનુષ્યદેહ પ્રાપ્ત થતો નથી. માટે દશ દિવસ સુધી, મરનારના પુત્રે પિંડ આપવા જોઈયે. આ પિંડમાંથી પ્રત્યેકના ચચ્ચાર વિભાગ કરવામાં આવે છે, તેમાં બે ભાગ દેહને અર્થે છે, ત્રીજો ભાગ યમદૂતોને મળે છે, ચોથો ભાગ તેને ખાવા મળે છે: આ પ્રમાણે નવ દિવસ પિંડપ્રાપ્તિ થયા પછી, દશમે દિવસે, તે પિંડમાંથી એક હાથ જેવડો તેનો દેહ બંધાય છે, એટલે માર્ગગમન કરવાને તે શક્તિમાન્ થાય છે, એ દેહ માર્ગમાં અશુભ ફળ ભોગવે છે.

પ્રથમ દિવસના પિંડમાંથી તેનું માથું બને છે.

બીજા દિવસના પિંડમાંથી ગર્દન તથા સ્કંધ બને છે.

ત્રીજા દિવસના પિંડમાંથી હૃદય બને છે, અને ચોથામાંથી પૃષ્ઠ બને છે.

પાંચમામાંથી નાભી, અને છઠ્ઠાથી કેડ, તથા ગુહ્યેન્દ્રિય બને છે.

સાતમામાંથી બે સાથળ, આઠમા અને નવમામાંથી જંઘો અને પાદ બને છે.

આ પ્રમાણે દેહ બંધાયા પછી, દશમે દિવસે, તેને ભૂખ અને તરસ લાગે છે. એટલે અગિયારમા અને બારમાએ તેને પિંડ આપે છે, તે ખાય છે.

તેરમા પછી તે યમપુરીને માર્ગે જવા માંડે છે. યમપુરી ૮૬ હજાર યોજનં દૂર છે. પ્રતિદિવસે ૨૦૦ યોજન ચાલતો જીવ ૪૭ દિવસે યમપુરીમાં પ્હોંચે છે. ત્યાં રસ્તામાં તેને ૧૬ પુર આવે છે, તેમાં સૌમ્યપુર અથવા યામ્યપુર પ્રથમ આવે છે. ત્યાં તે ૧૮મે દિવસે પ્હોંચે છે. એક માસનો પિંડ આપવામાં આવેલો હોય તો તેને આ સ્થાને ખાવાને મળે છે, અહિં તે પોતાનું દુષ્કર્મ કરેલું સંભારતો 'હાય! હાય!' કરી રડે છે.

કીના બોલ સાંભળતો અને પોતાનાં સગાંવ્હાલાંનું રૂદન જે જગત્ સાથેનું તેનું છેલ્લું બંધન, તે કાન દઈને, અંતર વધવાને લીધે તે દુઃખભરેલા અવાજો સંભળાય નહિ ત્યાં સુધી, સાંભળતો, 'હાય! હાય!' કરી વિલાપ કરતો દુઃખમય માર્ગે ચાલે છે.

પૃથ્વીની નીચે ચોર્યાંશી હજાર[1] યોજનને છેટે દક્ષિણમાં યમપુરી છે, એ દિશાએ થઈને દુષ્ટ જીવને લઈ જવામાં આવે છે; તેના રસ્તામાં કાંટા છવાઈ ગયેલા હોય છે, તેથી પગ વિંધાઈ જાય છે; અને ધીકાવેલા ત્રાંબાના જેવી ધરતી છે. આવા દુઃખદાયક માર્ગ આવે છે તેમાં દિવસે વિસામો લેવાને ઝાડની છાયા હોતી નથી, અને અંધારાની વેળાએ તેને ઘેરે એવો કોઈ દયાળુનો હાથ મળતો નથી. પ્રેતને આરામ લીધા વિના ચાલ્યાં જ કરવું પડે છે. "હાય! હાય! રે મારા પુત્ર!" એમ ક્હીને તે પોકાર મારે છે. "મેં બ્રાહ્મણને કાંઈ દાન આપ્યું નહિ." એમ ક્હીને પોતાનાં પાપકર્મ સંભારે છે. યમકિંકર તેને દુઃખથી ડાટી નાંખે છે; વાંદરાને જેમ તેનો ઘાતકી રક્ષક ખેંચે છે તેમ અંકોડાવતી પ્રેતને તે ખેંચે છે. એટલે તે પોતાના મનમાં ખેદ પામીને ક્હે છે. "મેં બ્રાહ્મણોનું પૂજન કર્યું નહિ; હોમહવન કર્યા નહિ, મુક્તિની જેથી પ્રાપ્તિ થાય એવા ગંગાજળનો આદર કર્યો નહિ; માટે અહો! દેહ! તું તારાં કર્મ ભોગવ." વળી તે ક્હે છે કે, "જ્યાં મનુષ્ય પ્રાણી, અને પશુ-પક્ષીને જળાશયની અગત્ય હતી ત્યાં તે મેં બંધાવ્યાં નહિ; પશુને માટે ગોચર રાખ્યું નહિ, નિત્યદાન કર્યું નહિ, ગવાન્હિક[2] ન કર્યું; કોઈને વેદ કે શાસ્ત્ર અર્પણ કર્યાં નહિ, અને મારાં સત્કર્મ કરેલાં પણ મારે સ્વાધીન રહ્યાં નહિ."

અઢાર દિવસ પૂરા થાય છે ત્યારે પ્રેત સૌમ્યપુર[3] આવી પ્હોંચે છે;

---

૧ ગરૂડપુરાણમાં મનુષ્યલોકથી યમલોકનું અન્તર ૮૬ હજાર યોજન છે, એમ લખ્યું છે, એ જ પ્રમાણે ગરૂડપુરાણના સારોદ્ધારમાં પણ છે.

૨ એક ગાયને એક દિવસમાં જેટલાથી તૃપ્તિ થાય તેટલું ખાવાનું (જુવો ટીપ અં ૫)

૩ વેદ કે શાસ્ત્રમાં ક્હેલાં વચન મેં પ્રમાણ કર્યાં નહિ અને પુરાણમાં બતાવેલા ધર્મમાર્ગનું પણ મેં સેવન કર્યું નહિ (જુવો ટીપ અંક પાંચ).

જો મરનાર સ્ત્રી હોય તો તે ક્હે છે કેઃ—

મેં હિતકર પતિનું વચન પાળ્યું નહિ; પતિવ્રતાધર્મ પાળ્યો નહિ; ગુરૂ, એટલે સાસુ સસરા આદિ પૂજ્યવર્ગ વિષે ગૌરવ (સેવા) ન કર્યું; વળી ક્હે છે કે, ધર્મબુદ્ધિથી પતિની સેવા કરી નહિ. વૈધવ્ય પ્રાપ્ત થયા પછી પણ તપ કર્યું નહિ. માટે હે દેહિન! તું તારૂં કર્મ ભોગવ.

આ પ્રમાણે ૧૭ દિવસ સુધી તે એકલો પ્રેત, વાયુવેગે ચાલે છે.

ત્યાં પ્રેતનો સમુદાય ઘણો એકઠો થાય છે, અને વસ્તી પણ પ્રેતની જ છે. ત્યાં આગળ પુષ્પભદ્રા નદી છે, ત્યાં આગળ એક વિશાળ ઝાડ[1] છે, તેની નીચે યમકિંકર વિશ્રામ લેવાને બેસે છે; અને પ્રેત સ્ત્રીપુત્રાદિકનું સુખ સંભારીને દુઃખી થાય છે, તેને આ ઠેકાણે, તેના વારસોએ શ્રાદ્ધ કર્યું હોય તો તે ખાવાને મળે છે, અને બીજાને તો જ્યાં કાંઈ લઈ શકાય નહિ, અને કોઈ આપનાર મળે નહિ એવા પ્રવાસમાં કાંઈ સાહિત્ય અગાઉથી કરી રાખ્યું નથી હોતું, તેને પશ્ચાત્તાપ કરી કરીને સહેવું પડે છે.

એક બીજા પખવાડિયા પછી તે સૌરિપુર[2] આવી પ્હોંચે છે. ત્યાં જંગમ નામે રાજા રાજ્ય કરે છે. તે યમના જેવો ભયંકર છે. આ ઠેકાણે પ્રેત ઢાળો કરે છે; અને તે દિવસે તેના વારસે શ્રાદ્ધ કર્યું હોય, તો તે ખાવાને

---

૧ પ્રિયદર્શન નામનો વડ છે. આ ઠેકાણે તે શોચ કરે છે. તેને ત્યાંના યમદૂત કહે છે કે જેનો તું શોચ કરે છે તેમાંનું અહિં તો તારૂં કોઈ નથી માટે તારાં કર્મથી જે કાંઈ તેં ભેગું કર્યું હોય તેનો ભોગ કર. હે મૂઢ! અહિંથી જા.

૨ ત્રિપક્ષીનું શ્રાદ્ધ કરતી વેળાએ મળેલો પિંડ અને જળ આ સ્થાને તેને ખાવા ને પીવા મળે છે.

અહિં જે જંગમ રાજા છે તે (कामरूपधृक्) સ્વેચ્છા પ્રમાણે સ્વરૂપ ધારણ કરે એવો છે, એમ ગરૂડપુરાણમાં લખ્યું છે અને તેના સારોદ્ધાર નામના પુસ્તકમાં कालरूपधृक એટલે કાળના જેવું રૂપ ધારણ કરનાર એમ લખ્યું છે.

ઉપર જે અંક ૨-૩ ની ટીપમાં જણાવેલું છે તે સૌમ્યપુરમાં રહી તે પ્રેત નીચે પ્રમાણે બોલે છેઃ—

जलाशयो नैव कृतो मया तदा ।
मनुष्यतृप्त्यै पशुपक्षितृप्तये ॥
गोतृप्तिहेतो न च गोचरः कृतः ।
शरीर ! हे निस्तर यत् त्वया कृतम् (१००)

અહિં ખડ્ગના આઘાતથી પીડાય છે, ત્યારે બોલે છે કેઃ—

न नित्यदानं न गवाह्निकं कृतम् ।
पुस्तं न दत्तं न हि वेदशास्त्रयोः ॥
पुराणदृष्टौ न हि सेवितोऽध्वा ।
शरीर ! हे निस्तर यत् त्वया कृतम् ॥ १०१ ॥

અર્થ—મનુષ્ય અને પશુપક્ષીની તૃપ્તિ માટે મેં કોઈ જળાશય કરાવ્યાં નથી, ગાયોની તૃપ્તિને માટે તેમને રહેવાને સ્થાન પણ બંધાવ્યાં નથી; હે શરીર! એમાંથી તેં જે કાંઈ કર્યું હશે તેથી તારૂં તારણ થશે. (૧૦૦)

મળે છે. ત્યાર પછી ત્યાંથી **નગેંદ્રભવન**,[૧] ગંધર્વ,[૨] શૈલાગમ,[૩] ક્રૌંચ,[૪] ક્રૂરપુર[૫]

મેં કોઈ વાર નિત્યદાન કર્યું નથી; ગાયોની આજિવિકા માટે કાંઈ સાધન કર્યું નથી; વેદ શાસ્ત્રનાં પુસ્તકોનું દાન કર્યું નથી. पुस्तं न दत्तं પુસ્તક ન આપ્યું, દાન ન કર્યું.) પુરાણમાં દર્શાવેલો માર્ગ સ્વીકારયો નથી, માટે હે શરીર! એમાંથી જો તેં કાંઈ કર્યું હશે તો તેથી તું તરીશ.

જ્ઞાનમાર્ગ, યોગમાર્ગ, કર્મમાર્ગ, ભક્તિમાર્ગ, એઓનું તેં સેવન કર્યું નથી, તેમ જ સાધુના સમુદાયથી કોઈ પણ ધર્મમાર્ગનું શ્રવણ કર્યું નથી તો તું તારૂં કરયું ભોગવ. (૧૧૧)

હે માતા! હે પિતા! હે ભાઈ! હે પુત્ર! હે સ્ત્રિયો તમોયે મને કાંઈ ઉપદેશ કરયો નહિ, જેથી આ દશાને પ્રાપ્ત થયો છું.

મા, ભાઈ, બાપ, પુત્ર આદિમાંથી કોઈ પણ મારી પાસે છે કે નહિ, કે જે આ દુઃખસમુદ્રમાં પડેલો એવો જે હું પાપી તેનો ઉદ્ધાર કરે.

૧ **નગેન્દ્રભવનના** (જેમાં વિશાળ ઝાડનાં ઝુંડ છે.) રસ્તામાં **રૌદ્રવન** (અસિપત્ર આદિ) આવે છે. આ સ્થાને નિર્દયો એને ખેંચે છે તેથી દુઃખ પામે છે, બે મહિને અહિં પ્હોંચે છે. અને બે માસનો માસિયો (દ્વૈમાસિક) તેના વારસ કરે છે તે વેળાએ પિંડ આદિ આપેલું હોય તે અહિં તેને મળે છે અને તેનું તે ભક્ષણ કરે છે. પછી ત્યાંથી આગળ **યમકિંકર** જેને **ગંધર્વ** નગર ભણી લઈ જાય છે.

૨ આ નગર વેગળેથી દૃશ્યમાન્ છે, પણ સમીપ આવતાં તે અદૃશ્ય થઈ જાય છે માટે એનું નામ **ગંધર્વ** નગર રાખ્યું છે. આ ઠેકાણે તે ત્રીજે માસે આવી પ્હોંચે છે, અને ત્રૈમાસિક પિંડ આપવામાં આવે છે, તે ખાય છે.

૩ ચોથે મહિને પ્રેત **શૈલાગમ** નગરમાં આવે છે (शैल+आगम=પથ્થરનું ત્યાં આવવું એટલે વર્ષવું થાય છે. માટે એનું નામ પાડયું છે.) આ સ્થાને નિરંતર પથ્થરનો વર્ષાદ થાય છે. ચતુર્થ માસિક શ્રાદ્ધ વેળાએ આપેલા પિંડ આદિ પ્રેતને આ સ્થાને ખાવાને મળે છે અહિં તે બોલે છે કે,

न ज्ञानमार्गो न च योगमार्गो।
न कर्ममार्गो न च भक्तिमार्गः ॥
न साधुसंघात् किमिति श्रुतं मया ।
शरीर ! हे निस्तर यत् त्वया कृतम् ।। १११ ।।

જ્ઞાનમાર્ગ, યોગમાર્ગ, કર્મમાર્ગ, અને ભક્તિમાર્ગનું હે શરીર, તેં સેવન કરયું નહિ; તેમ જ, તેં સાધુના સમુદાય પાસેથી પણ કાંઈ (ધર્મમાર્ગ) સાંભળ્યો નહિ, તો તું તારૂં કરયું ભોગવ.

૪-૫ **પ્રેત ક્રૌંચપુર**માં પાંચમે મારો આવે છે, એમ **સારોદ્ધાર**માં લખ્યું છે અને સાડા પાંચ માસે **ક્રૂરપુર**માં આવે છે એમ જણાવ્યું છે, પણ **ગરૂડપુરાણ**માં પાંચમે માસે

થઈને વિચિત્ર[1] નગર આવી પ્હોંચે છે. તેમાં રસ્તામાં રૌદ્રવન જોઈને રૂદન કરે છે; પથ્થરોનો વર્ષાદ તેના ઉપર વર્ષે છે, અદૃશ્ય હાથથી તેના ઉપર માર પડે છે. ત્યાં વિચિત્ર નામનો રાજા રાજ્ય કરે છે. તે યમનો ભાઈ થાય છે. જ્યારથી પ્રેત વિચિત્ર નગર છોડે છે, ત્યારથી તેના પ્રવાસના અતિ દુઃખદ ભાગનો પ્રારંભ થાય છે.

હવે તે વૈતરણી નદીને માર્ગે ચડે છે. વળી અસિપત્ર વન એટલે જે વનમાં ઝાડનાં પાંદડાં તરવારના જેવી ધારનાં અને લાંબાં હોય છે, તેનો ત્રાસ તેને સહન કરવો પડે છે.

ક્રૂરપુરમાં આવે છે અને સાડા પાંચ માસે ક્રૌંચપુરમાં આવે છે એમ લખ્યું છે. આ સ્થાને પાંચ માસનું શ્રાદ્ધ તથા ઉન છમાસી કરવામાં આવે છે તે વેળાએ આપેલાં પિંડજલ ખાવાપીવાને મળે છે. આ સ્થાને પીડાથી કપાયલો પ્રેત આ પ્રમાણે વિલાપ કરે છેઃ-

हा मातर्हा पितर्भ्रातः सुता हाहा मम स्त्रियः ॥ ११३ ॥
युष्माभिर्नोपदिष्टोऽहमवस्थां प्राप्त ईदृशीम् ॥

હે માતા! હે પિતા! હે ભાઇયો! હે પુત્રો! અરે મારી સ્ત્રિયો! તમે મને શિખામણ દીધી નહિ, તેથી મારી આવી અવસ્થા થઈ. આવું સાંભળીને યમદૂત તેને કહે છે કેઃ-હે મૂર્ખ? તેં તારા કર્મથી મેળવેલું ચિરકાળ સુધી આ માર્ગમાં ભોગવ. તારાં માતાપિતા, સ્ત્રીપુત્ર અને મિત્ર અહિં કયાં છે? પછી એક ઘડી આ સ્થાને રહીને તે વિલાપ કરતો ચાલે છે.

૧ **વિચિત્ર** નગર અથવા **ચિત્રભુવન**માં છ માસે આવે છે. ત્યાં **વિચિત્ર** રાજા છે તે **યમ**નો અનુજ (ન્હાનો ભાઈ) થાય છે. આ સ્થાને છ માસીનો પિંડ તથા જલઘટ મળે છે તે ખાઈ પીને આગળ ચાલે છે અને તે પ્રાસ(ભાલા)ની અણીથી પીડાયલો વિલાપ કરે છે કેઃ-

माता भ्राता पिता पुत्रः कोऽपि मे वर्त्तते न वा ।
यो मामुद्धरते पापं पतन्तं दुःखसागरे ॥

હું જે દુઃખદરિયામાં પડેલો પાપી છું તેનો ઉદ્ધાર કરવાને મારી માતા, ભાઈ, પિતા, પુત્ર કોઈ છે કે નથી?

આ પ્રમાણે વિલાપ કરતો, **તરણી** નદી આગળ આવી પ્હોંચે છે, ત્યાં કૈવર્ત (ખારવા) આવીને કહે છે. વિતરણી એટલે ગાયનું દાન તેં કર્યું હોય તો તે પુણ્યથી તારી શકાય એવી આ **વૈતરણી** નદી પાર ઉતરવા આ વ્હાણ આણ્યું છે. આવું વચન સાંભળીને પ્રેત અરે દૈવ! એમ કહેતો દાન દીધું નથી તેથી રડે છે, અને નદીમાં ડચકાં ખાય છે. માછલાંને બડિષથી (કાંટાએ લોઠ વળગાડેલો હોય છે તેથી) મચ્છીમાર ખેંચે છે તેમ પ્રેતને અદ્ધર રહેલા યમદૂત મ્હોંમાં કાંટા નાંખીને ખેંચે, એટલે વિલાપ કરતો ખેંચાતો તે સામે પાર જાય છે.

શ્રીકૃષ્ણ ક્હે છે કે "વૈતરણી નદી મહા ભયંકર છે. પ્રેત એને કિનારે "આવે છે કે તે જોઇને ત્રાશી જાય છે; એની પ્હોળાઈ એક સો યોજનની "છે. તેની રેતી માણસના માંસની બનેલી હોય છે, અને મનુષ્યનું લોહી "અને પરૂ આદિથી તે ભરેલી વ્હે છે, તે જેમ દેવતા ઉપર માખણ તાવતાં "ફીણ આવે તેમ દીસે છે; તેના કિનારા હાડકાંના છે; તે ઘણી અગાધ અને "દુસ્તર છે, તેમાં તે પાપી નીચે જાય છે અને ઊંચો આવે છે, કીડા અને "જીવોનો તેમાં પાર નથી; તેમાં વિકરાળ મગર અને ઘોર પક્ષિયો હોય છે, "તે પક્ષિયોની પાંખોના જેટલો છાંયડો પડે, તે વિના બીજા કશાનો છાંયડો "પણ હોતો નથી. ત્યાં ગીધ પક્ષી હોય છે તેઓની ચાંચો તીક્ષ્ણ હોય છે." ભયંકર દેખાવથી કૃષ્ણ જેમ ત્રાસી ગયા હોય તેમ આવું વર્ણન કરતાં ગરૂડને ક્હે છે કે, "અહો ગરૂડ! જગત્‌ના પ્રલય વેળાએ જેમ બારે સૂર્ય તપે તેમ "તે ઠેકાણે અગ્નિ વર્ષે છે. આવા કમકમાટ ઉપજાવે એવા ઠેકાણામાં કેટ-"લાંક પાપિયોને અને તેમાં મુખ્યત્વે કરીને જેઓએ વૈતરણી ઉતરવાનું સાધન "મેળવી રાખ્યું નથી હોતું તેમને, સદાકાળ ત્યાં ર્‌હેવું પડે છે; અને બીજા-"ઓને કૈવર્ત્ત મછવામાં બેસારીને પાર ઉતારે છે.

"જે પ્રેત વૈતરણી નદીના ભયંકર સ્થાનમાંથી બચીને આવે છે, તેને બહ્વાપદ,[૧] દુઃખદ,[૨] નાનાક્રંદ, સુતપ્ત ભવન, શીતાઢ્ય, રૌદ્ર, પયોવર્ષણ અને

---

૧ સાતમે મહિને તે **બહ્વાપદ પુરમાં** જાય છે, ત્યાં સાતમા મહિનાના શ્રાદ્ધનાં પિંડ આદિનું ભક્ષણ કરે છે. અહિં પરિઘ(ભૂંગળ)ના પ્રહારથી પીડાતો તે બોલે છે કે મેં કોઈને દાન કીધું નથી, હોમહવન નથી કર્યા, તપ નથી કર્યું, તીર્થસ્નાન નથી કર્યું અને કોઈ પ્રકારે પોતાનું હિત થાય એવું કર્યું નથી, માટે હે મૂઢ જીવ! જેવું કર્મ કર્યું છે તેવું ભોગવ.

૨ આઠમે માસે આકાશમાં ચાલતો પ્રેત **દુઃખદપુરમાં** આવે છે. ત્યાં આઠમા માસના શ્રાદ્ધના પિંડ ખાય છે. ત્યાંથી ચાલી નવમા માસમાં **નાનાક્રંદ** નામના પુરમાં આવે છે. આ સ્થાને **યમદૂતો** તેને મુશલનો માર મારે છે. નાના પ્રકારના આક્રંદ કરતા દારૂણ ગણોને જોઈ ને પ્રેતનું હૃદય શૂન્ય થઈ જાય છે, અને દુઃખથી રડે છે. પછી **સુતપ્તભવનમાં** આવે છે, ત્યાં એને **યમદૂતો** હળથી માર મારે છે અને દશમા માસના શ્રાદ્ધનો પિંડ ખાય છે. તો પણ તેથી તેને સુખ થતું નથી. ૧૧ મે માસે **રૌદ્રપુરમાં** આવે છે. રસ્તામાં તેના વાંસામાં માર મારવામાં આવે છે, ત્યારે તે ક્હે છે કે ઉત્તમ પથારીમાં જે પીઠ પડતી તે ક્યાં? અને પીઠે પડતો આવો માર ક્યાં? સાડા અગિયાર માસે તે **પયોવર્ષણ** પુરમાં આવે છે. ત્યાં એને **યમદૂતો** કુઠાર(કુહાડા)નો માર મારે છે, એટલે તે ક્હે છે કે, મારા ચાકર મારા મસ્તક ઉપર સુગંધી તેલનું મર્દન કરતા હતા તે ક્યાં? અને આ **યમકિંકર** ક્રોધથી મસ્તક ઉપર માર મારે છે તેની વ્યથા ક્યાં? આ સ્થાને પ્રેતને દુઃખદાયક

"બહુભીતિપુરમાં વાસ કરવો પડે છે. આ છેલ્લા પુરમાં એક વર્ષ પૂરૂં થઈ "રહે છે ત્યારે આવી પ્હોંચે છે. સોળ **શ્રાદ્ધ**થી આ ઠેકાણે એને હસ્ત "જેવડું જ શરીર[1] પ્રાપ્ત થાય છે, અને આટલી વાર સુધી જે જૂના શરીર "સહિત એને પ્રવાસ કરવો પડ્યો હતો તે ન્હાશ પામી જાય છે; જેમ કે, "રામની સામે પરશુરામે હથિયાર ઉપાડ્યાં, એટલે તેનામાંથી દેવતાઈ અંશ "જતો રહ્યો તેમ."

આ સમયે જો **સપિંડ શ્રાદ્ધ** થયેલું હોય છે તો, ઘણા જણ મુક્તિ પામી જાય છે. જીવ **બહુભીતિપુર**માં રહે છે, ત્યાં તેણે જો પૃથ્વી ઉપર પુણ્ય કરેલું હોય છે તો તે પ્રમાણમાં તેને ઓછું દુઃખ ભોગવવું પડે છે.

એક મજલ આગળ ચાલે છે, એટલે જીવ **યમપુરી**માં આવી પ્હોંચે છે, તે વિસ્તીર્ણ, એક હજાર યોજનની છે, તેના દ્વાર આગળ **ચિત્રગુપ્ત**નું સ્થાન આવે છે. તેને લ્હોડાની ભીંતો છે. **યમ**નો આ સેવક એક મોતીથી મઢી લીધેલા ભવ્ય આસન ઉપર બેસે છે; અને અરેબિયન લોકોના **યમદૂત** (azrael) અઝરાયેલની પેઠે, માણસનાં સારાં ખોટાં સર્વ કર્મ નોંધી રાખે છે. એના સ્થાનની પાસે મનુષ્યને દુઃખ દેનારા તેના હાથ નીચેના સેવકો

થઈ પડે છે એવા મેઘ વર્ષે છે. ત્યાં ઉનાબ્દિક (ઉનવર્ષી) શ્રાદ્ધના પિંડનું ભક્ષણ કરે છે. અને જ્યારે વર્ષ પૂરૂં થાય છે ત્યારે **શીતાઢ્ય નગર**માં જાય છે. અહિં છરીથી તેની જીભ કાપવામાં આવે છે. આ સ્થાને હીમ કરતાં પણ સો ગણી ટાઢ પડે છે તેથી પીડા પામતો અને ભૂખથી પીડાતો પ્રેત દશે દિશા ભણી જુવે છે કે કોઈ પણ મારો બંધુ અહિં ઉભો છે કે જે મારૂં દુઃખ ટાળે. આ વેળાએ તેને **યમકિંકર** કહે છે કે તેં જો કાંઈ પુણ્ય કર્યું હોય તો તારૂં દુઃખ ટળે. વર્ષીના શ્રાદ્ધના પિંડ ખાવાથી તેને ધીરજ આવે છે.

૧ આ શરીર હસ્તપુર જે તેને પ્રાપ્ત થયું છે, તે શરીરથી દુઃખ ભોગવતો આવે છે. પૃ. ૪૯૬ ની ટીપમાં છે એ વાત પુસ્તકને આધારે છે, માટે આ ઠેકાણે અંગરેજીમાં લખતાં ભૂલ થયેલી જણાય છે, અથવા તો લેખો કે કોઈ બીજા પુસ્તક ઉપરથી લીધું હશે, કેમ કે, આ સમયે તેને કર્મભોગ માટે યાતનાદેહ પ્રાપ્ત થાય છે, તે પોતાના શરીર સદૃશ થાય છે, અને તેમાં અંગુષ્ટ માત્ર જીવ જે ૧૭ તત્ત્વના **લિંગ** શરીરનો અભિમાની છે તે પ્રવેશ કરે છે અને તે ખેચર એટલે અદ્ધર ગતિ કરનાર થાય છે. આવું શરીર પ્રાપ્ત કરેલું એવો જીવ **યમદૂત**ની સાથે **યમપુરી**માં જાય છે.

યમપુરીના ચાર દરવાજા છે, તેમાંથી દક્ષિણ દ્વારના માર્ગનું આ વર્ણન છે.

મૂળ અંગરેજી પુસ્તકમાં શેળભેળ લખાણ છે, તેનો ક્રમ સમજવા માટે આ સ્થાને વિસ્તાર આપવામાં આવ્યો છે. ર. ઉ.

જ્વર, લૂતા, વિસ્ફોટક, કોઢ, શીતળા, અને બીજા સર્વે રોગ વસે છે.[૧] એ સર્વે ચિત્રગુપ્તના હાથ નીચેના સેવકજન છે, અને દ્વારપાળ છે, તે તેની સૂચના પ્રમાણે, જીવને નરકનો માર્ગ બતાવે છે.

યમપુરીમાં ગાંધર્વ અને અપ્સરાઓ વસે છે. બ્રહ્માના તેર પુત્ર શ્રવણ[૧] ત્યાં દ્વારપાળ છે. તેઓ દૂરનું શ્રવણ કરી શકે અને વેગળેનું જોઈ શકે એવી શક્તિ ધરાવે છે, અને સ્વર્ગ, મૃત્યુ તથા પાતાલમાં ફરે છે. ચિત્રગુપ્તના આવા પ્રકારના દ્વારપાલ, મૃત્યુલોકનાં કર્મથી તેને સદા જાણીતો રાખે છે. તેઓની સ્ત્રિયોની શક્તિ પણ એવા જ પ્રકારની છે. કોઈ ગમે એટલી મ્હોટાઇયે પ્હોંચે તો પણ, આવી લાલચોથી લલચાયા વિના રહે નહિ એવું પુરાણોના રચનારની નજરમાં આવેલું, તે મત પ્રમાણે તેઓએ લખ્યું છે કે, ઉપર લખેલ શ્રવણો પણ તેમને દાન આપવાથી પ્રસન્ન થાય છે.[૨] તેમાં મુખ્યત્વે કરીને એક જે ધર્મધ્વજ કહેવાય છે તેને જો કોઇયે સપ્ત ધાનનાં દાન વડે પ્રસન્ન કર્યો હોય તો તે જીવના પક્ષમાં બોલે છે.

યમનો મ્હેલ પચાશ યોજન લાંબો અને વીશ યોજન ઉંચો છે, તે બધો રત્નજડિત છે; ચોગરદમ ઘંટનાદ થઈ રહે છે; દ્વારોએ પુષ્પોના હાર ઝુકી રહેલા હોય છે; દુર્ગ ઉપર નિશાન ફરકી રહે છે; અંદરની બાજુએ પાતાળનો રાય વિશાળ રાજ્યાસન ઉપર બિરાજમાન થાય છે. તેની આગળ શંખનાદ કરીને પ્રાણિયોને તેમની કરણીનો ન્યાય કરવાને રજુ કરવામાં આવે છે.

૧ જેમ અસલને વારે એરીબસના ઘણી વારના પદભ્રષ્ટ થયેલા રાજાના રાજ્યમાં ઉમરાને જ મ્હોંએ અને મુખ્યત્વે કરીને ઓરકસના સંકટમાર્ગમાં ખેદ અને પ્રતિહિંસકોએ પોતાનો ઉદ્વેગનો માળો બાંધ્યો છે, અને અહિયાં નજલો, ખેદયુક્ત વૃદ્ધાવસ્થા, ત્રાસ અને ખોટાં કર્મ કરાવનારી ભૂખ, છેક નાચી પંક્તિની દરિદ્રતા, અને જોતાં ત્રાસ ઉપજે એવા આકારો એઓનું રહેઠાણ છે.

૨ બહુભીતિપુરથી ૪૪ યોજનને છેટે ધર્મરાજપુર છે, તેમાં પાપિયોના અનેક પ્રકારના હાહાકાર થઈ રહેલા છે. તેને જોઈને પેલો પાપી જીવ પણ હાહાકાર કરે છે, તે સાંભળી યમરાજાના પુરચારી લોકો ધર્મધ્વજ નામના પ્રતીહારને તેના આવવાની જાણ કરે છે, એટલે ચિત્રગુપ્તની આગળ તેની કરણી વિષેનો વૃત્તાન્ત ફહી સંભળાવે છે. તે સાંભળીને ચિત્રગુપ્ત ધર્મરાજાને નિવેદન કરે છે. ધર્મરાજા યથાયોગ્ય સર્વનાં કર્મ જાણે છે, તો પણ તેવી જ રીતે જાણનાર ચિત્રગુપ્તને પૂછે છે અને ચિત્રગુપ્ત શ્રવણને પૂછે છે. જો મરણ પામી આવેલો જીવ સ્ત્રીવર્ગનો હોય છે તો તેની કરણી વિષે શ્રવણની સ્ત્રીયો જે શ્રવણી કહેવાય છે તે કહી સંભળાવે છે. તેરમાને દિવસે શ્રવણકર્મ (શ્રવણી) કરવામાં આવે છે તેથી આ શ્રવણો સંતુષ્ટ થાય છે, પણ આ ક્રિયા કરવામાં ન આવી હોય તો તેમને ક્રોધ આવે છે. ર. ઉ.

સજ્જનોની નજરે તો તે પ્રતાપવાન્ મહારાજા જણાય છે, પણ જે દુર્જનો છે તેઓને મહાવિકરાળ સ્વરૂપનો દીસી આવે છે; સજ્જન તેની હુઝુરમાં જાય છે, એટલે તે પોતાના રાજ્યાસન ઉપરથી ઉઠીને તેનો આદરસત્કાર કરે છે, અને પછી તેને સ્વર્ગમાં જવાની આજ્ઞા આપે છે; પણ દુર્જનના ઉપર ડોળા ફુહાડીને તેને પોતાના દૂતોને સ્વાધીન કરે છે, એટલે તેઓ તેને નરકમાં નાંખે. અને ત્યાં "તેઓ પોતાનાં કુકર્મ" બાળી નાંખીને ચોખ્ખા થવા સારૂ અગ્નિકુંડમાં બળ્યાં કરે.

ચોર્યાશી લક્ષ પ્રકારનાં નરક છે; તેમાં રૌરવ, મહારૌરવ, તામિસ્ર, અંધતામિસ્ર, કુંભીપાક, અને બીજાં થઈને એક વીશ તો ઘોર નરક છે. જીવને ત્યાં શિક્ષા થયા પછી તે ચાર પ્રકારની જાતિના એક વીશ[1] લાખ દેહ ધારણ કરે છે, જેવા કે અંડજ એટલે ઈંડામાંથી નીપજે છે તે, ઉદ્‌ભિજ્જ એટલે વનસ્પતિ જેવા નીપજે તે, સ્વેદજ એટલે જે પરસેવા આદિ પ્રવાહી પદાર્થમાંથી પેદા થાય છે તે; અને જરાયુજ જે સ્ત્રીપુરૂષના યોગથી થાય છે તે.

યમ જે જીવને ઉપરના લોકમાં મોકલે છે તેમાંથી કેટલાક સ્વર્ગ અથવા દેવલોકમાં જવા જેવા હોય છે; કેટલાક થોડા ધર્માત્મા હોય છે, તે અશુદ્ધ દેવમાં રહે છે, જેવા કે શિવના ગણ, યક્ષ, ભૈરવ, વૈતાળ, ભૂત.[2] જે સ્ત્રી ઓછી ધર્માત્મા હોય છે તે યક્ષણી, શાકિની, વગેરે થાય છે. અને દુર્ગા અથવા બીજી મેલી દેવીની સાથે રહે છે. એ મલિન દેવ પૃથ્વીની ઉપર ભુવર્ લોક છે તેમાં રહે છે.[3] ભુવર્ લોક ઉપર સ્વર્ગ લોક છે તેનું વધારે વર્ણન આ ઠેકાણે આપવાની અગત્ય છે.

---

૧ એટલે કદાપિ એક વીશ નરક છે, તે દરેકની અકેકી જાતિના અકેક લાખ હશે, એવા ચાર વર્ગના ચોર્યાશી લક્ષ અવતાર લખે છે.

૨ હલકા પ્રકારનાં ભૂત વિષે આગળ લખ્યું છે તે, અને આ એક સમજવા નહિ.

૩ જૂવો મનુ અધ્યાય ૨ પદ ૭૬. વળી જૂવો "હવાના રાજ્યનો રાજા," "આ જગતના અંધકારના રાજ્યકર્ત્તા" સેંટ પાલનું ઈફીઝીયાનો પ્રતિ કથન અધ્યાય ૨ પદ ૨, તથા અધ્યાય ૬ પદ. ૧૨. છેલ્લા વાક્ય ઉપર મિ. વાલપિયે નીચે પ્રમાણે લખ્યું છેઃ–

"હવા અથવા સ્વર્ગની નીચેનું આકાશ દુષ્ટ પિશાચોથી વસેલું હતું, એવો ઈઝરાયલ લોકોનો તથા લૌકિક અભિપ્રાય હતો તે મિ. મીડના અવલોકન પ્રમાણે સેંટ પાલે માન્ય રાખેલો છે અને ધર્મપુસ્તકનો તેને આધાર મળેલો જણાય છે."

મિલ્ટન પોતાના પેરેડીઝ લૉસ્ટના ૧૦ મા પુસ્તકમાં (૧૮૨–૧૯૦) એ વિષેનું સૂચન કરે છેઃ–

"આ ભવિષ્યકથનમાંથી એ પ્રમાણે નીકળ્યું, પછી બીજી ઈવ જે મેરી તેના "પુત્ર ખ્રિસ્તે જ્યારે હવાના રાજા શયતાનને આકાશમાંથી વિજળીની પેઠે પડતો જોયો

"વિદ્યાના ચમત્કાર" (Curiocities of Literature) એવા નામના ગ્રંથના કર્ત્તાએ, રાજાઓને દેખીતાં હસવાલાયક માનનાં પદની યાદી આપી છે, તેમાં કંડિયાના રાજાનું 'દેવ"નું પદ નોંધેલું છે. જ્યારે મિ૦ ડી ઈઝરાયલીને રાજાનો આવો કિતાબ તરેહવાર રીતનો લાગ્યો ત્યારે બેશક તેનો સાધારણ અર્થ (પૃથ્વી=ભૂમિનો પતિ=પ્રભુ-દેવ) તેના સમજવામાં આવ્યો નથી, પણ દેવ એટલે જગતનો પરમેશ્વર એવો અર્થ તે સમજ્યો છે.

દેવ એ શબ્દનો અર્થ સદા ઉપર પ્રમાણે થતો નથી. કંડિયન રાજાઓ સિવાય, બીજા રાજાઓને એ શબ્દ લગાડેલો આપણા જોવામાં આવ્યો છે, તેમ જ અર્થને મળતો Divus દિવસનો કિતાબ રોમન લોકોએ જુલિયસ અથવા અગસ્તસને લગાડેલો છે. વળી કુમારપાળ જેવા રાજાઓ, જે પ્રજાને પ્રિય થઈ ગયા છે, તેઓને પણ એવું પદ આપવામાં આવ્યું છે, એટલું જ નહિ પણ વળી, તેનો કૃતઘ્ની ક્રમાનુયાયી જોરજુલમભરેલું રાજ્ય કરીને અપ્રિય થઈ ચાલતો થયો, તેને પણ બેદરકારપણે એવો કિતાબ આપવામાં આવેલો છે, તો પણ દેવ એ શબ્દનો અર્થ હિન્દુના મનમાં સદા આવે છે, તે સાધારણ રીતે તો 'પૃથ્વીની ઉપરના કોઈ લોકનો રહેવાશી' એવો છે, પણ વિશેષ ચોક્કસ રીતે તો સ્વર્ગના ગમે તે કોઈ રહેવાશીને લાગુ પાડવામાં આવે છે.

મોક્ષને માટે શિવ કે વિષ્ણુની પ્રાર્થના કરવામાં આવે છે. આગળના સમયમાં આ બન્ને દેવને એક બીજાની વિરૂદ્ધ ગણવામાં આવતા નહિ. ચંદ બ્હારોટ પોતાના રાસાના પ્રારંભમાં કહે છે, "કવિયે હરિના ગુણ ગાયા "છે, તેજ પ્રમાણે તેણે હરના ગુણ ગાયા છે. જે માણસ હર અને હરિને "ઇશ અને શ્યામને જૂદા કહે છે તે નરકમાં જશે. સર્વના કરતાં (સ્વર્ગ "કરતાં પણ) મહા ઉચ્ચ મોક્ષ છે, તેનો નારાયણની સાથે યોગ છે. જે "માણસ મહેશ્વરની નિંદા કરશે, તે તેની પાસે જઈ શકશે નહિ."

પણ હાલમાં તો કોઈ પણ બન્નેની સંગાથે પ્રાર્થના કરતું નથી, તે તો એકને પકડી રહે છે અને બીજાને તેનાથી ઉતરતો ગણે છે. આ પ્રમાણે વ્યવહારમાં જોતાં, કોઈ પણ હિન્દુ, દેવ એ શબ્દ ઈશ્વરના અર્થમાં એક કરતાં વિશેષ દેવને લગાડી શકતો નથી.

"ત્યારે તે સાચું ઠર્યું; પછી તેણે પોતાની ઘોરમાંથી ઉઠીને તેનું રાજ્ય અને સત્તા "છીનાવી લઈને ઉઘાડી રીતે તેના ઉપર જીત મેળવી અને સ્વર્ગારોહણ કરીને, જે શય- "તાને બીજાઓને વશ કરી લીધા હતા તેને તેના લાંબી મુદ્દત સુધી લઈ લીધેલા "હવાના રાજ્યમાંથી કેદ કરી લીધો, તેને તે આખરે આપણા પગની નીચે કચરી નાંખશે."

આમ છતાં પણ, તેત્રીસ કરોડ દેવતા, હિન્દુનાં શાસ્ત્રોમાં કહ્યા છે, તેઓ સ્વર્ગ એટલે જ્યાં ઈન્દ્ર રાજ્ય કરે છે ત્યાં, ઠરાવેલી મુદત સુધી વસે છે—તેઓ દેવતાઓથી એટલા બધા દૂર છે કે, જેઓ મુક્તિ પામીને તેમનાથી આગળનું પદ પામે છે, તેમની તેઓ અદેખાઈ[1] કરે છે, ઈન્દ્રને અમર લોકોનો રાજા એવું વડાઈનું પદ છે, તે માત્ર તાણી તુશીને લાગુ પાડવા સરખું છે. ગીતામાં કહે છે કે, "પુણ્ય કર્મોને લીધે તેઓ સુર રાજાના મ્હેલમાં જાય છે, અને દેવતાના સરસ સ્વર્ગીય પદાર્થનું ભક્ષણ કરે છે. જેઓએ આ સ્વર્ગનું ઉત્તમ સ્થાન ભોગવ્યું, પણ તેમનાં પુણ્યકર્મ જો થઈ રહ્યાં તો તે મૃત્યુ લોકમાં પાછા આવે છે"[2] અને તેઓની ગણના એક કવિ "ક્ષણભંગુર વસ્તુઓ વિષે કહે છે તેમાં થાય છે, તેઓની ખીલતી મગરૂરી એવી કરમાઈ જતી અને એવી અનિશ્ચિત છે કે થોડો કાળ તેના રવાહા કરી જતા દાતરડાથી સત્વર કાપી નાંખે છે."

તેઓ નિરંતર સ્વર્ગમાં વાસ કરી રહેતા નથી, તેમ જ આ મૃત્યુ લોકમાં જન્મ પામવાથી અને એવા ચોર્યાશી લક્ષના ફેરામાંથી બચી જતા નથી. તેઓનો સ્વર્ગમાં રહેવાનો કાળ પૂરો થાય છે ત્યારે તેઓ પૃથ્વી ઉપર આવે છે અને તેમનું દેવ પદ પાછું મનુષ્યપદથી ઢંકાઈ જાય છે. આ ઉપરથી, જ્યારે આકાશમાંથી ખરતા તારા હિન્દુઓના જોવામાં આવે છે ત્યારે તેમના માનવામાં એમ આવે છે કે, આગલા જન્મમાં પુણ્ય કરેલાં

---

૧ જુવો પ્રથમ ભાગમાં ૨૨ મા પ્રકરણમાં બીજા ભીમદેવના વિષયમાં મુચકુંદ ઉપરની ટીપ.

૨ સર વિલિયમ જોન્સના ગ્રંથના પુસ્તકના ૧૩ મા ભાગનું પૃષ્ઠ ૨૯૫.

ગીતા, અધ્યાય ૯ મો શ્લોક ૨૦, ૨૧.

त्रैविद्या मां सोमपाः पूतपापा यज्ञैरिष्ट्वा स्वर्गतिं प्रार्थयन्ते ।
ते पुण्यमासाद्य सुरेंद्रलोकमश्नंति दिव्यान्दिवि देवभोगान् ॥
ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं क्षीणे पुण्ये मर्त्यलोकं विशंति ।
एवं त्रयी धर्ममनुपन्ना गतागतं कामकामा लभंते ॥

(ત્રણ વેદને જાણનારા, યજ્ઞોથી મારૂં પૂજન કરીને સોમપાન કરવાવાળા, પાપરહિત થયેલા સ્વર્ગની પ્રાપ્તિ યાચે છે. તેઓ પુણ્યના ફળરૂપ સુરલોક એટલે સ્વર્ગ મેળવે છે, અને સ્વર્ગને વિષે દિવ્ય દેવભોગ ભોગવે છે. તે વિશાલ સ્વર્ગલોક ભોગવીને પુણ્યનો ક્ષય થાય છે ત્યારે મનુષ્યલોકમાં પ્રવેશ કરે છે. એ પ્રમાણે ત્રણે વેદે પ્રતિપાદન કરેલા કામ્ય કર્મનો આશ્રય કરવાવાળા તથા દિવ્ય ભોગની કામનાવાળા આવાગમન કરે છે. સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર આવે છે અને પાછા જાય છે.)

તેથી સ્વર્ગનું સુખ ભોગવીને કોઈ દેવ, અરેરે! પોતાની વિશેષ સુખની સ્થિતિના જેવાતેવા સ્મરણુ સાથે આ પૃથ્વી ઉપર ફરી અવતરવાને આવે છે.

ઠરાવેલા કાળ સુધી જ માત્ર ઇન્દ્ર રાજ્ય કરે છે, અને ત્યાર પછી જે સો અશ્વમેધ કરીને ઇન્દ્રાસન પામવાને યોગ્ય થયો હોય તેને ઈન્દ્ર થવાનો વારો આવે છે. એમ છતાં પણ જ્યાં સુધી એની સત્તા રહેવાની હોય છે ત્યાં સુધી તે એક અતિ પ્રૌઢ રાજા છે; આકાશમાં થાય છે તે ઇન્દ્રધનુષ્ય એનું કામઠું છે, વિજળી તેના હથિયારનો ચળકાટ છે, અને આકાશમાં મેઘ-ગર્જના થાય છે તે તેના દબદબાભરેલા ડંકાનો અવાજ છે.

આ જગતમાં જે વસ્તુઓ અતિશય પ્રિય છે તે સર્વે એક ઠેકાણે સામટી પ્રાપ્ત થાય એવી જગ્યાનું નામ પરલોક માનવામાં આવેલું છે. મનુષ્ય પ્રાણીની કલ્પના એ કરતાં વિશેષ આગળ દોડી નથી. "આ જગત્‌ની "વસ્તુઓ પરલોકની વસ્તુઓ વિષેનો કાંઈ પણ ભાસ કરાવનારી ગણવાને "બદલે પરલોકના જેવી જ ગણવામાં આવે છે[૧] હિન્દુનો સ્વગ વિષે "વિચાર સાધારણુ નિયમથી ઉલટો નથી, તો પણુ તેની ખાંપણુ તે "વિચાર કરનારાઓના જેવામાં આવી નથી એમ નથી. વેદાન્તસારમાં "ચાર પ્રકારનાં મુક્તિ પામવાનાં સાધન બતાવ્યાં છે, તે માંહેલો બીજો "પ્રકાર સર્વે ઇન્દ્રિયસુખનો અભાવ અને દેવતાઓના સુખની પણુ વાંછના "નહિ કરવા વિષે છે." અમરાવતી નગરી જે સ્વર્ગની રાજધાની છે, તેમાં

---

૧ Vide Sermons, chiefly expository, by Richard Edmond Tyrwhitt, M. A, Oxford. J. H. Parker, 1847. Vol. I. pp. 537–540

આવા કથનની સત્યતાનો જેવો જોઇયે એવો દાખલો લાગલો જ પસંદ કરિયે તેવો 'ઈરાનના પ્રાચીન ભવિષ્યવક્તાના પવિત્ર લેખ'(The Desatir, an apochry-phal work)માંથી નીચેનું વાક્ય આપિયે છિયે. એ પુસ્તક બનાવટી હોય તો પણ તેમાંના બેહસ્ત વિષે વિચાર ખરેખરા ઈરાની છે:--

"બેહસ્તમાં એવી મોજ છે કે, તે જેણે ભોગવી હોય તેના જ મનમાં તે વિષે "વિચાર આવે. આ નીચેની આખી દુનિયા બરાબર, કોઈ ગરીબમાં ગરીબ માણસને "બક્ષિસ મળે અને તેથી તેને જે ચાલુ સુખ મળે, તે બેહસ્તના છેક હલકી પદવીના "સુખ બરાબર છે. વળી ઓરતોની ખુબસુરતીથી, દાસિયોથી અને ગુલામોથી, ખાન-"પાનથી, પોષાકથી, સરસ ગાલીચા અને જોઇયે તેવી બેઠકોથી જે સુખ મળે છે તે "એવું છે કે, આ નીચેની દુનિયામાં તે તો મળી જ શકે નહિ. બેહસ્તના વસનારા-"ઓને અતિ શ્રેષ્ઠ મેઝદામે એવા બદનની બક્ષિસ કરેલી છે કે તેને વિયોગ થઈ શકતો "નથી, બુજરગપણું આવતું નથી, અને તેને કોઈ પણ જગતની ઈજા કે નાપાકી "લાગી શકતી નથી."

કલ્પતરૂ કરીને ઝાડ છે તે ત્યાંના રહેવાસિયોને ત્યાં કે નીચેના લોકમાં ઇચ્છિત વસ્તુઓ મેળવી આપે છે, અને આ જગતનું સુખ મેળવવાને મૃત્યુલોકનાં માનવી તેમની સ્તુતિ દ્વારા જે ઉપમા આપે છે, તે પણ, તેઓને તેથી જ પ્રાપ્ત થાય છે; અને એટલા જ માટે સ્વર્ગના દેવલોક પૂજાય છે. દેવતાઓને જ્યાં લગી સ્વર્ગમાં રહેવાનું હોય છે ત્યાં લગી તેઓને અજર અમરદેહ પ્રાપ્ત થાય છે. તેઓ અમૃતનું પાન કરે છે; હિન્દુ લોકોના સુખની અવશ્ય સામગ્રી, જે ગાયનાં ગવ્યાદિ (દૂધ, દહિ, ઘી) તે તેમને કામધેનુ ગાય પૂરાં પાડે છે. ગંધર્વ ગાયન કરીને આનંદ પમાડે છે. પ્રીતિનો આનંદ તેમની પાસેથી છીનવી લેવામાં આવે છે એમ નથી. જેમ આરેબિયર બેહસ્તમાં હૌરી અને ઓદિનના મ્હેલમાં વાલ્કિરિયર પરિયો હોય છે તેમ ઇન્દ્રના પ્રાચીન સ્વર્ગમાં અપ્સરાઓ હોય છે. વલહલની કુમારિકાઓની પેઠે કત્લ થયેલાઓને પસંદ કરનારી અપ્સરાઓ રણક્ષેત્રની કાપાકાપીમાં કામ આવનાર શરવીરોને સ્વર્ગમાં લઈ જવાને તૈયાર થઈ ભમતી ફરે છે. મુસલમાની સિપાઈ જે "થોડા નુકસાનને માટે પોતાના જીવનું જોખમ ખાય છે તે "બેહેસ્તમાં હૌરીનો સદાનો પ્યાર મેળવે છે" તેના કરતાં એવા જ પ્રકારની પ્રતિષ્ઠાથી રજપૂત ઠાકુરોની અત્યુત્કંઠા ઓછી રહેતી નથી.

આમ છે તથાપિ એકલા યોદ્ધાને જ તેના મરણથી દેવતાના પદની પવિત્રતા પ્રાપ્ત થાય છે એમ નથી.[1] જે ભરૂચ (ભૃગુક્ષેત્ર), પ્રભાસ, સિદ્ધપુર અથવા આબુ ઉપર મરણ પામે છે તેને ઇન્દ્રના સ્વર્ગની પ્રાપ્તિ થાય છે.[2]

---

૧ ઈકિર મ્યાનના રણક્ષેત્રમાં રૂશિયન સિપાઇયો ઘાયલ થઈ પડ્યા હતા, તેમની દયાની ખાતર બરદાસ્ત કરવા એક ફ્રેન્ચ ટુકડી લાગી હતી, તેમણે તે વેળાએ જે વર્ણન આપ્યું છે તેમાંથી નીચેનો ઉતારો કરી લીધો છેઃ—"પરદેશી લશ્કર માંહેલો એક "પોલાંડનો માણસ તે વેળાએ ત્યાં હાજર હતો, તેણે પેલા ગરીબ માણસોને થોડાક "પ્રશ્ન પૂછ્યા. તેઓએ તેને કહ્યું કે અમારા પોપે અને લશ્કરી સરદારોએ અમને ખાતરી "કરી આપી છે કે ઓટોક્રાટ(રૂશિયાના રાજાની પદવિ)ના પવિત્ર ધર્મના મૂર્તિપૂજક "શત્રુઓએ રૂશિયન કેદિયોને અતિશય કમકમાટ ઉપજે એવી રીતે દુઃખ દેવરાવ્યું છે, "અને ઝારના જે કુમારો ધર્મની લડાઈમાં આ પ્રમાણે મરણ પામે છે તે જો પાપી "થયા નહિ હોય તો પાંશરા સ્વર્ગમાં જશે અને તેવા થયા હશે તો પોતાના જ દેશમાં "ફરીને પાછા જન્મ લેશે."

૨ "આ મોંગોલ ધોરોની અતિ પ્રસિદ્ધ જગ્યા ચાનસી પરગણામાં પાંચ બુરજના "પ્રખ્યાત લામાના મઠ આગળ છે, ત્યાંની જગ્યા એવી પવિત્ર ગણાય છે કે, જેઓને "ત્યાં દાટવામાં આવે, તેવો નક્કી ઉત્તમ અવતાર પામે. પર્વતના મધ્ય ભાગમાં કેટલાક "યુગ સુધી બુદ્ધે, આ ઠેકાણે વાસ કર્યો હતો તેથી તેમાં આવી ચમત્કારિક પવિત્રતા આવેલી

પણ જેઓ માત્ર શ્રદ્ધાવાન્ હોય છે તેઓને જ આવી આશા લાગુ પડે છે. જે ઘાતકી, માછલાંનો નાશ કરે છે તે નર્મદાને જુવે છે, પણ તેની પવિત્રતા તેને નકામી છે. બ્રાહ્મણોને જે વર્ષાસન આપે છે તે પોતાનાં માબાપને સ્વર્ગે લઈ જાય છે, એટલું જ નહિ પણ તેમના પૂર્વજોને પણ લઈ જાય છે, જે બ્રાહ્મણને કન્યાદાન આપે છે તે પોતાના પિતૃપક્ષને તારે છે; વળી જે, વાવ, કુવો, તળાવ, વાડી, દેવમંદિર, બંધાવે છે અથવા જીર્ણોદ્ધાર કરાવે છે તે અમરાપુરીમાં જાય છે. બ્રાહ્મણને આંબા આપનાર અથવા નિત્યદાન કરનાર વિમાનમાં બેશીને સ્વર્ગમાં જાય છે અને તેને ચાર દૂત ચામર કરે છે. જે શિવની કમળપૂજા કરે છે, અથવા ભૈરવજવ ખાય છે, અને ગંગાના જળમાં ઝંપલાવે છે અથવા જળશાયી થાય છે અથવા એવા બીજા કોઈ પ્રકારે, હિન્દુ શાસ્ત્રમાં લખેલી પાવન કરનારી રીતે, સ્વાર્પણ કરે છે, તે પણ સ્વર્ગમાં જાય છે. આવા પ્રકારના સ્વાર્પણમાં સતી થાય છે તે બહુ પ્રસિદ્ધ અને બહુ સાધારણ છે. જે સ્ત્રી પોતાના ધણીની સાથે બળી મરે છે તે તેની સાથે સ્વર્ગમાં રહે છે; તે પોતાની અને પોતાના પૂર્વજોની સાતે પ્હેડીને તારે છે, કદાપિ જો તેઓનાં પાપકર્મને લીધે તેઓને નરકની પ્રાપ્તિ થઈ હોય તો પણ તેઓ સ્વર્ગમાં જાય છે. બ્રહ્મપુરાણમાં લખ્યું છે કે "જ્યારે "ચિતા તૈયાર થતી હોય ત્યારે પતિવ્રતા અર્ધાંગનાને સ્ત્રીનો શ્રેષ્ઠ ધર્મ કહી "સંભળાવવો, જે સ્ત્રી પતિવ્રતા અને નિષ્કલંકવાળી હોય છે તે પોતાના ધણીના "મડદા સાથે બળી મરે છે" અને ગરૂડપુરાણ ક્હે છે કે, "જે સતી થાય "છે તે તેત્રીશ કરોડ વર્ષ સુધી પોતાના ધણી સાથે સ્વર્ગનું સુખ નિરંતર "ભોગવે છે, અને તે મુદત પૂરી થાય છે ત્યારે તે ઉત્તમ કુળમાં જન્મ પામીને "તે જ પ્રિયતમ વ્હેરે પરણે છે."

"ગણાય છે. ઢોકોરા વિષે આગળ ક્યારનુંયે લખવામાં આવેલું છે. તે સન ૧૮૪૨ માં "પોતાના માબાપનાં અસ્થિ ત્યાં લઈ ગયો, અને તેણે વર્ણન આપ્યું છે તે પ્રમાણે "એક નળીના મ્હોંના જેવડા છિદ્રમાંથી બુદ્ધને મ્હોડામ્હોડ જોવાનો લાભ તેને મળ્યો "હતો. પર્વતની માંહે પલાંઠી વાળીને તે બેઠેલો છે, પોતે કાંઈ કરતો નથી, અને તેની "આસપાસ સર્વે દેશના લામા તેની પ્રાર્થના કરતી સ્થિતિમાં વિંટળાઈ વળેલા છે.

"તારતરીનાં રણોમાં મોંગોલ લોકો, પોતાને ખભે તેમનાં સગાંનાં અસ્થિ લઈને "ચાલતા, વારે વારે જોવામાં આવે છે અને સંઘ મળીને પાંચ બુરજને ઠેકાણે પ્રવાસ "કરીને સોનાને સટે થોડા ફીટ જમીન વેચાતી લઈને તેના ઉપર સમાધિસ્થાન "ચણે છે. કેટલાકને તો આ પવિત્ર સ્થાને પ્હોંચવાને આખા વર્ષ લગી પ્રવાસ કરવો "પડે છે, અને અતિશય સંકટ વેઠવાં પડે છે." Huc's Travels.

જ્યારે કોઈ મરી જાય છે, ત્યારે, કેટલેક પ્રસંગે તેની સ્ત્રી બીજી સ્ત્રીઓ રોતી કૂટતી હોય તેના ભેગી ભળવાને બદલે, થોડી વાર લગી બોલ્યા ચાલ્યા વિના શાન્ત બેશી રહે છે. પછી તરત જ આંખો ફેરવી દઈને ઘેલછાના ચાળા કરવા માંડે છે અને "જય અંબા," "જય રણછોડ," એમ કરતી બોલી ઉઠે છે. એટલે "તેને સત ચઢ્યું" એમ કહેવામાં આવે છે. આ નવી દેવીના હાથના હિંગળોકના થાપા બારણાની સાખોએ, કલ્યાણ થવાને સારૂ, મરાવે છે. પછી છોકરાને માથે હાથ મૂકાવે છે. તેનાં ઘરનાં અને સગાંવ્હાલાં તેની પાસેથી આશીર્વાદ માગી લે છે, અને હવે પછી શું બનવાનું છે તે પૂછે છે. તેના શત્રુ તેનો કોપ શમાવવાને કાલાવાલા કરે છે, અથવા શાપ દે નહિ એટલા માટે કંપતા સંતાઈ જાય છે. રાજા અને ઠાકોરો નાળિયેર લઇને તેની પાસે આવે છે; અને કુમારિકાના પોષાક પ્હેરાવીને તેને ઘોડા ઉપર બેસારે છે; અને તે પછી વાજતે ગાજતે સાજન સહિત પોતાના ધણી સાથે બળી મરવાને જાય છે. તેણે કુમારિકાનો દબદબાભરેલો પોષાક પ્હેરલો હોય છે, અને જેમ પરણવા જતી હોય તેમ સાજન સહિત ગામ વચ્ચે થઇને જાય છે. ગામના લોકો તેને પગે લાગે છે. તે કહે છે કે "ચાલો ઉતાવળ કરો, મારે મારા ધણીનું છેટું પડશે, મારો ધણી ઘણી વાર "થવાથી કોપશે." તે પોતાના ધણીને ચિતા દ્વારા ભેટવા આતુર થઈ રહી હોય છે, અને આખે રસ્તે "જય અંબા!" "જય રણછોડ!" કરતી જ રહે છે. જ્યારે તે ગામને દરવાજે જઈ પ્હોંચે છે ત્યારે ત્યાં હિંગળોકના થાપા મારે છે.

સતીની ચિતા ઘણી જ મ્હોટી કરેલી હોય છે. ભારે ગાડાનાં પયડાં ખડકી દેવામાં આવ્યાં હોય છે, તેની સાથે સતીને જકડીને બાંધવામાં આવે છે, અથવા કોઈ વાર તો લાકડાંની મઢી કરવામાં આવે છે, તે પછી તેના ઉપર સળગી ઉઠે છે. તેમાં તે પોતાના ધણીનું માથું પોતાના ખોળામાં લઇને બેસે છે, અને મરણ ભાગી જરા પણ ડર્યા વિના, પોતાને હાથે ચિતા સળગાવે છે. સતીની ચીસ સાંભળવામાં આવે તો તે ઘણું ખોટું ગણાય છે; તેથી જેવી ચિતા સળગવા માંડે છે કે તરત જ સર્વે, "જય અંબા!" "જય રણછોડ!"ના પોકાર કરી મૂકે છે, અને રણસિંગાં અને ઢોલનગારાંના બ્હેર મારી મૂકતા ભારે અવાજ, સર્વ બળી, ભસ્મ થઈ જતાં સુધી, થયાં કરે છે.

આવા ભયંકર દેખાવના બનાવ આગળ થતા હતા, પણ હવે તે બહુ જોવામાં આવતા નથી, તો પણ, હજી કોઈ કોઈ વાર તે બને છે.[૧] રજપૂત

૧ સન ૧૮૫૩ ના ઓકટોબર મહિનાની પેહેલી તારીખે ગાયકવાડના તાબાના કડી પરગણાના આલુવા ગામના વાઘેલા ઠાકોરની સ્ત્રી સતી થઈ હતી.

લોકોમાં જ માત્ર આ કામ જોરાવરીથી કરાવામાં આવતું; હિન્દુની કેટલીક નાતોમાં, જેમકે દાખલાને માટે નાગર બ્રાહ્મણોમાં એવો બનાવ બિલકુલ બનેલો હોતો નથી.

જે જગ્યા આગળથી, મૃત્યુલોકનાં માનવી સ્વર્ગમાં ગયેલાં, તે જગ્યાઓએ ગૂજરાતમાં એંધાણ રહેલાં છે. તેમાં કેટલાક તો પાળિયા હોય છે અને તેમને સિંદુર લગાવેલું હોય છે, અથવા અમે આગળ વર્ણન કર્યું છે એવા ઢગલા કરેલા હોય છે, પણ ઘણું કરીને મોરોડિયાં વધારે જોવામાં આવે છે. તે કોઈ ઠેકાણે એકલાં જ હોય છે અને ઘણે ઠેકાણે તો ન્હાની મ્હોટી છત્રિયો ચણાવેલી હોય છે. પાળિયા બેસારેલા હોય છે, તે પથ્થરની છાટ ઉપર મરનાર શૂર પુરૂષની મૂર્ત્તિ કોરેલી હોય છે, તેને ઘોડે બેસારેલો હોય છે, અથવા રથ ખેડતો કહાડેલો હોય છે, અથવા મરણની વેળાએ જેવી તેની સ્થિતિ હોય તે પ્રમાણે કહાડેલો હોય છે. સતીના પાળિયા ઉપર સૌભાગ્યવતીના પંજાની નીશાની કૂહાડેલી હોય છે. છાતીમાં કે ગળામાં કટાર ખોશેલો આકાર કહાડેલો હોય તો ત્યાં આગળ ભાટે ત્રાગું કરેલું જણાઈ આવે છે. પાળિયાની નીચે મરનારનું નામ તથા મરણતિથિ અને બીજી તેને લગતી હકિકત કોરવામાં આવે છે. આવા ઘણા પાળિયા તળાવની ચોગરદમ બેસારેલા કે ગામના દરવાજાની પાસે જથ્થાબંધ જોવામાં આવે છે. દરેક પાળિયાની પૂજા, મરનારનાં સગાં, તેના સંવત્સરિયે કે કોઈ એવા જ બીજા પ્રસંગે કરે છે; અને તેના કુટુંબમાં કોઈનું લગ્ન થાય છે ત્યારે વર-કન્યા તેને પગે લાગવાને જાય છે.

કેટલાંક આવાં સ્થાન બહુ પવિત્ર થઈ પડે છે. જો કોઈ માણસ કાંઈ ધારેલા વિચારમાં ફળદ્રુપ થાય છે તો તે જગ્યાએ બ્રાહ્મણ જમાડે છે અથવા ત્યાં દેરૂં બંધાવે છે. એટલે તે દેવનો પ્રતાપ વધે છે અને પછી સર્વે તેને માને છે.

આગળ આપણા જોવામાં આવ્યું છે કે, દેવી બહુચરાજીનું દેરૂં, એક ચારણની સ્રીના મરણની એંધાણી રાખવા પાળિયો ઉભો કરેલો તે સ્થાને બાંધવામાં આવ્યું છે. બીજું એક ઘણું પૂજાય છે એવું દેરૂં કચ્છના રણમાં હળવદથી આડેસર જતાં માર્ગમાં છે, તે ઘરણાજી પરમાર કરીને એક રજપૂત ઠાકોર, પોતાના ગામનાં ઢોર કોળિયોનું ધાડુ વાળી ગયું હતું, તેની પછવાડે પડતાં, પોતે તરત પરણેલો તે કેસરિયા વાગા સહિત મરાયો હતો, તેનું છે. જેઓને દેવતાપણું પ્રાપ્ત થયેલું એવા હવણાંના બનાવોમાં સદુબા ભાટણનો વૃત્તાન્ત જાણવા જેવો જાણીને અત્રે લખિયે છિયે.

અસાઇની (Assaye) જિતમાં નેપોલિયનની સત્તા નરમ કરી નાંખવામાં આવી ત્યાર પછીના વર્ષમાં અહંમદના નગરમાં પેશ્વા અને ગાયકવાડ બન્નેની સત્તા ચાલતી હતી; અને તેઓની કચેરિયો ભદ્રમાં અને હુવેલીમાં હતી. આવા સમયમાં, કેટલાક નઠારા લોક જે ચાડિયાને નામે પ્રસિદ્ધ હતા, તેઓ ચાડિયો ખાવાનો ધંધો ચલાવતા હતા. ચાડિયાઓથી સરકારના ખજાનામાં પૈસો આવતો હતો, અને તે વેળાની સરકારને માત્ર એક જ વિચાર હતો, કે ગમે તેમ કરીને પણ પૈસો વધારવો, તેથી જેનાથી જેટલો પૈસો સરકારને મળતો હતો તેના પ્રમાણમાં તે તેટલો માનીતો થઈ પડતો. પૈસા લૂંટવાનો સાધારણ રસ્તો ચાડિયાઓએ શોધી કહાડ્યો હતો કે આબરૂદારની સ્ત્રીના ઉપર વ્યભિચારનું ત્હોમત મૂકવું. વળી નઠારી ચાલની સ્ત્રી હોય તેની પાસે કોઈ પૈસાદારનું નામ દેવરાવે કે, એને ને મારે સંબંધ છે, એટલે હિન્દુ રાજ્યકર્ત્તા તેની નઠારી ચાલ સારૂ તેને દંડી નાંખે. આમાંથી ચાડિયા પોતે કેટલોક ભાગ રાખતા, પણ વળી, પોતાની જગ્યાનું લવાજમ મેળવી રાખવાને સંભાળ રાખતા હતા.

આ ચાડિયામાં ઘણો નામીચો એક હતો. તેનું નામ ઉત્તમ હતું. તે જાતનો વાણિયો હતો. તે શહરમાં શાહપુરમાં રૂહેતો હતો. તેની પાસે ભાટવાડો છે. આ ચાડિયાએ હરિસિંહ બ્હારોટની સ્ત્રી સદુબા કરીને હતી તેના ઉપર ખોટી નજરે જોવા માંડ્યું, પણ તેમાં તેનું કાંઈ વળ્યું નહિ. એટલે તેનું વૈર રાખીને તેના ઉપર વ્યભિચાર કર્યાનું ખોટું ત્હોમત મૂક્યું; અને એક રાત્રિયે પેશ્વા સરકારનાં માણુસો લઇને તેને પકડવા ગયો. ભાટણે પોતાના નિરપરાધિપણા વિષે ઘણું કહ્યું, અને ચાડિયાના ઘણા કાલાવાલા કર્યા, પણ તેથી કાંઈ વળ્યું નહિ. ચાડિયાએ તો પોતાનું વૈર અને પોતાને થવાનો પૈસાનો લાભ મૂકી દીધો નહિ; સરકારી માણુસોએ તેને ખેંચી લઈ જવા માંડી, એટલે, ભયભીત થયેલી સ્ત્રિયે પોતાના ધણીને કહ્યું કે ત્રાગું કરીને મારી આબરૂ રાખો. હરિસિંહે પોતાના એક બાળકને લઈ આવીને ઝબે કરી નાંખ્યું, અને ભાટવાડાની વચ્ચે એક આંબાના ઝાડની ડાળિયે લટકાવ્યું. આમ થયું, તોય પણ, ઉત્તમને કાંઈ અસર થઈ નહિ તેણે તો માણુસોને કહ્યું કે "શું જુવો છો ? એને લ્યો ઘસડીને." સદુબા ખૂબ જુસ્સામાં આવી ગઈ, અને તેણિયે પોતાના ધણીની પ્રાર્થના કરી કે મારા માથા ઉપર તમે તરવાર ફેરવી વાળો. તે જ ક્ષણે ઘેલા બની ગયેલા ભાટે તે બાઈનું માથું ધડ ઉપરથી જૂદું કરી નાંખ્યું.

રાત વીતી ગઇ, એટલે, વાત બધે ચાલી, અને ભાટ તથા બીજા લોકો,

જે ત્રાગાં કરવાવાળા હતા, તે પેલા ખેદદાયક ઠેકાણે એકઠા થયા; અને તેમણે જાણ્યું કે આજે હરિસિંહની આવી વલે થઈ તો કાલે આપણી પણ થાય. એવા વિચારથી અને સદુબા તથા તેના દીકરાની લાશનો દેખાવ જોઇને તેઓને પણ જુસ્સો ચઢ્યો. એટલે તેમના હાથમાં જે હથિયાર આવ્યું તે લઈને ચાડિયાઓને કત્લ કરવાને ચાલ્યા. તે દિવસે સવારથી ભાટ લોકો, અઝીમખાનની મદ્રેસાના મ્હોં આગળ જળાશય હતું અને જ્યાં આગળ થઇને આગળ ભદ્રમાં જવાનો રાજમાર્ગ હતો ત્યાં આગળ એકઠા થયા. રામચંદ્ર મોલેલકર કરીને પેશ્વાનો કામદાર હતો તે લોકોનું ટોળું જોઇને ડરી ગયો; અને ભદ્રના દરવાજા બંધ થતા હતા તે લાગ સાધીને ઉત્તમ ચાડિયો માંહ પેશી જઇને સરકારને શરણે ગયો. એક બીજો પ્રસિદ્ધ ચાડિયો જીવણ ઝવેરી કરીને હતો, તે ગાયકવાડની હવેલીમાં સંતાઈ પેઠો. તે દિવસે આખો દહાડો ભાટ લોકો ભૂખ્યા ને તરશ્યા ચાડિયાઓને ખોળતા ફર્યા. કેટલાકને તેઓએ માર્યાં, કેટલાકને ઘાયલ કર્યાં, અને કેટલાકને મારી નાંખ્યા. આ બનાવની એક કવિતા જોડાયલી છે, તેમાં કહ્યું છે કે, એક ચાડિયો કૂવામાં સંતાઈ પેઠો હતો, તેને લોકોએ ઉપર ખેંચી કહાડ્યો અને તેના ટૂકડે ટૂકડા કરી નાંખ્યા.

બીજે દિવસે ગાયકવાડની હવેલિયે ભાટ લોકો એકઠા થયા, અને જીવણ ઝવેરીને મારી નાંખવાના પોકાર કરવા લાગ્યા. ત્યાંનો કામદાર લોકમેલાપી હતો, તેણે તેમને ટાઢા પાડ્યા અને કહ્યું કે હું તમારે સ્વાધીન ચાડિયો કરૂં તો સરકારનું અપમાન થાય, પણ હું જીવણ ઝવેરીને હાલહવાલ કરીને શહર બ્હાર કહાડી મૂકીશ. આની ખાતરીને સારૂ તેણે ચાડિયાને બંધાવીને તેનું મ્હોં કાળું કર્યું અને ભાટ લોકોને બતાવ્યો, એટલે ભાટ લોકો ટાઢા થઈ ને વેરાઈ ગયા.

ભદ્ર આગળથી તો તેઓ એમના એમ પાછા ગયા નહિ. પેશ્વા સરકારના કામદારને તો ભાટ લોકોના કહેવા પ્રમાણે ઉત્તમને ગધેડા ઉપર બેસારીને કાળુપર દરવાજે થઈ ને લઈ જવાની સિપાઇઓને આજ્ઞા કરી ને ત્યાંથી તેને શહર બ્હાર કરવો પડ્યો. દરવાજો મૂકીને જતાં સુધી એકઠા મળેલા લોકો છાનામાના ચાલ્યા. ત્યાંથી પછી અગાડી નીકળીને સિપાઈયોને સૂચના કરી કે હવે તમે અહિંથી સરી જાઓ. આ અણુસારો તેઓ સમજી ગયા અને તાબડતોબ તેઓ શહરમાં આવી પેઠા, એટલે લોકોને હાથ તેઓનું ભક્ષ આવ્યું. તેમણે ઉત્તમ ચાડિયાને ગધેડા ઉપરથી નીચે ઢોળી પાડીને મરતાં સુધી પથ્થરે પથ્થરે માર્યો, તેનો તેના ઉપર ઢગલો થયો

અને તેમાં દટાઈ તે મરણ પામ્યો. આ પ્રમાણે વૈર વાળવાનું કામ પૂરૂં થયું ત્યાર પછી તેઓ પોત પોતાને ઘેર વીખરાઈ ગયા.

બીજે વર્ષે, જુલાઈ મહિનામાં જે ઠેકાણે પેલી ભાટણ મરણ પામી હતી તે ઠેકાણે એક દેરૂં ચણાવીને તેમાં દેવી સદુબાની સ્થાપના કરી એવું તે ઉપરના લેખથી જણાય છે. ત્યાં આગળ એક તુળશીક્યારો કરાવીને તુળશી રોપ્યાં, અને જે, આ દુનિયામાં પોતાની લાજ, પોતાનો જીવ આપ્યા વિના રાખી શકી નહિ, તે કલ્પતરૂ ગુણના પ્રતાપથી, તેને જે દીવો ધૂપ માની, ચુંદડી ઓરાડી, આવી શકિતમાન્ દેવીને પ્રસન્ન કરે, તેઓને આ જગતની વાંચ્છના પૂરી પાડવાને તે શકિતમાન્ થઈ.

જે મૃત્યુ લોકના માનવીનાં પુણ્ય એવાં હોય કે તેથી કરીને સ્વર્ગના દેવ કરતાં પણ તેની યોગ્યતા વિશેષ થાય, તો તેને મુક્તિ મળે છે. ઉપરના પદને અને ઇન્દ્રના સ્વર્ગને સંબંધ છે તે, વલ્હલ અને સ્કાણ્ડીનેવિયન[૧] જિમલિના સંબંધ જેવો છે; એમ જણાઈ આવશે. સુવર્ણમય મ્હેલમાં, સર્વે વસ્તુઓની નૂતન અવસ્થા થયા પછી, ન્યાયીને સદા આનંદ પ્રાપ્ત થાય છે. જેઓને મુકતપદ પ્રાપ્ત થાય છે તેમાં, ગરૂડ પુરાણમાં શ્રી કૃષ્ણે ગણાવ્યું છે કે, જે, બ્રાહ્મણ, ગાય, સ્ત્રી, અથવા બાળક એટલાને માટે પોતાનો જીવ આપે છે, તે આવી જાય છે. વળી તેણે વિશેષ કહ્યું છે કેઃ—

अयोध्या, मथुरा, माया, काशी, काञ्ची, अवंतिका ।
द्वारावती पुरी चैव, सप्तैता मोक्षदायिकाः ॥

અયોધ્યા, મથુરા, માયા, કાશી, કાઞ્ચિ, અવન્તિકા અને દ્વારામતી એ સાતે મોક્ષદાયક પુરીઓ, નગરીઓ છે.

"જ્યાં શાલિગ્રામનું ચક્ર છે, જ્યાં દ્વારામતીનું ચક્ર છે, અને જ્યાં આ બન્ને છે, ત્યાં નિઃસંશય મુક્તિ છે."

સર્વે પ્રાણિયોને ત્રણ દેહ,—જેવા કે, સ્થૂલ, સૂક્ષ્મ, અને કારણ,—તેમ જ આત્મા છે. આ દેહ વિષે અમે સામાન્ય વર્ણન આપિયે છિયે. સ્થૂળ દેહ એ સ્પર્શનીય શરીર છે, અને તેને દશ ઇન્દ્રિયો છે, તેમાં પાંચ તો, આપણે જેને પંચેન્દ્રિય કહિયે છિયે તે છે. વળી તેને ચાર અંઃતકરણ છે, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર, સૂક્ષ્મ દેહને પાંચ ઇન્દ્રિયો અને ચાર અંતઃકરણ છે. કારણ દેહને ત્રણ ગુણ છે, રજ, તમ અને સત્વ,—જે બ્રહ્મા, શિવ, અને વિષ્ણુમાં શ્રેષ્ઠપણે વર્ત્તે છે. જે આત્મા આ ત્રણે દેહથી વિરક્તિ પામે છે, તે મોક્ષપદ પામે છે.

૧ Valhhalla bears to the Scandinavian Gimli.



સદુબા દેવીનું દહેરૂં
Temple of Devi Sadubá

પૃ. ૪૨૨

મુક્તિ ચાર પ્રકારની છેઃ સામીપ્ય, અથવા દેવ લોકમાં વાસ; સાન્નિધ્ય, અથવા તેની સમીપ વસવાપણું; સારૂપ્ય, અથવા સમપદ; અને સાયુજ્ય, એટલે પરબ્રહ્મ સાથે ઐક્ય. પ્રથમ લખેલી ત્રણ પ્રકારની મુક્તિ જે પામે છે તેઓને મરવા અવતરવાનું રહેતું નથી, તેમ જ તેમનાં પાપકર્મની શિક્ષા પણ રહેતી નથી, અને તેઓને પોતાના પુણ્યનું સુખ ભોગવવાની ઈચ્છા પણ રહેતી નથી; તે ઉપરથી તેઓ પાપને પાત્ર નથી. તો પણ એમ કહેવામાં છે કે, તેઓને થોડો અહંકાર રહે છે તેથી પરમેશ્વરના શાપને તેઓ પાત્ર થાય છે, અને તેઓને પૃથ્વી ઉપર આવીને થોડી મુદત વાસો કરીને શાપમુક્ત થવું પડે છે.

વેદાન્તી એમ માને છે કે, આત્માની પરબ્રહ્મ સાથે ઐકતા થઈ જાય છે. શૈવી, અથવા વૈષ્ણવી એમ માને છે કે, તે કૈલાસ અથવા વૈકુંઠમાં વસે છે.[1] બ્રહ્મા સત્ય લોકમાં વસે છે અને તેની આસપાસ ઋષિઓ અને બીજા ગૌણ દેવતા રહે છે. તે મનુષ્ય સૃજાવે છે, અને તેમના લેખ

---

૧ બધાં મળીને અરાઢ પુરાણ છે; તેમાં દશ શૈવી છે. આઠ વૈષ્ણવી છે; તેઓનો વિષય એક બીજાને મળતો હોતો નથી. શિવનો માર્ગ માનવાવાળા વિષ્ણુને, શિવનો પ્રથમ દાસ લેખે છે, અને વિષ્ણુના સેવક શિવને એ પ્રમાણે લેખે છે. લૌકિક પ્રયોજન અર્થે હિન્દુઓના બે ધર્મ કરી શકાય, કેમકે, લોકોના મન ઉપર વેદાન્તિયોની ઝાઝી સત્તા બેસતી નથી, અને શક્તિ પંથવાળા, ત્રિમૂર્તિના બે મ્હોટા પંથવાળા બેમાંથી ગમે તે એકના પેટા નીચે આવી જાય છે. બંને પંથવાળા કૈલાસ અને વૈકુંઠમાં સ્વર્ગ માને છે, પણ શૈવી વૈકુંઠને અને વૈષ્ણવી કૈલાસને માત્ર ઉપસ્વર્ગ ગણે છે. એક બીજાના સામા પંથવાળાનું સ્વર્ગ મહાપ્રલયની વેળાએ ઈંદ્રના સ્વર્ગની સાથ ચાલતું થાય છે, પણ તેમનું પોતાનું સ્વર્ગ ફરીને પાછું થાય છે, તેથી એટલું બધું નાશ પામતું નથી—કૈલાસનો મહા કૈલાસમાં સમાવેશ થાય છે અને વૈકુંઠ ગૌલોકમાં મળી જાય છે.

અમારે આ ઠેકાણે લખવું જોઇયે કે, હિન્દુઓ ગોડ અથવા અલ્લાના નામથી ક્ષોભ પામતા નથી (ક. દલપતરામ એક દુહામાં કહે છે કે, ‘મુસલમાન અલ્લા કહે, ગોરા લોકો ગોડ; હિન્દુ માને હેતથી, પરમેશ્વરનો પાડ. ર. ઉ.)—કેમકે એ શબ્દો પરમેશ્વર, વેન્દાન્તીના પરમાત્મા, શૈવીના શિવ, અને વૈષ્ણવીના વિષ્ણુનો અર્થ સૂચવનાર છે, એમ તેઓ ગણે છે. માણસના કામકાજમાં કાંઈ પરમેશ્વર લાગલો જ આડો આવતો નથી એમ તેઓ માને છે—એના નામનો પ્રવેશ કરવાથી અગત્ય કરીને ધર્મપુસ્તક વિષે શંકા, કહાડવામાં આવતી નથી. પણ જ્યારે ખ્રિસ્ત અથવા મહમદના નામનો ઉપયોગ કરવામાં આવે છે ત્યારે પ્રકાર બદલાઈ જાય છે. આ પૃથ્વી ઉપર આવેલા એક માણસ પ્રમાણે હિન્દુઓ તેમને સમજે છે અને રામ અથવા કૃષ્ણના જેવા મ્લેચ્છ લોકો તેમને માને છે અને તેમનાં પોતાનાં ધર્મપુસ્તકોમાં તેમના વિષે જે શ્રદ્ધા હોય છે તેની સાથે તેઓ ઉપરની તેમની શ્રદ્ધા અગત્ય કરીને મળતી આવતી નથી.

લખે છે. વૈકુંઠ એ વિષ્ણુનું સ્થાન છે—જે તેણે રામાવતાર ધારણ કરવા છોડ્યું હતું. ત્યાં જગતનો રક્ષણ કરનાર બેસે છે, અર્ધાંગે લક્ષ્મી છે, અને હનુમાન્, ગરૂડ અને બીજા બધા પુરાણમાં લખેલા દેવતા તેની આસપાસ રહે છે. ધ્રુવ જે ઉત્તર નક્ષત્ર છે, તે દ્વારપાળ છે. કૈલાસમાં શિવ રહે છે, ગહન દુર્ગા તેને અર્ધાંગે છે અને પ્રલયના અક્ષય કામની કડાકૂટ કર્યાં કરે છે. તેની આગળ તેના જેવી વિભૂતિ ધારણ કરેલી અને જટાઓ બાંધી લીધેલી એવા ગણપતિ અને ભૂતાદિ ગણ નાચ કરીને નિરાશી દેવને પ્રસન્ન કરે છે.

જ્યારે ચાર યુગ—સત્ય, દ્વાપર, ત્રેતા, અને કલિ, ૭૧ વાર થઈ રહેશે ત્યારે ઇન્દ્રના રાજ્યની અવધિ આવશે, અને સ્વર્ગમાં બીજાનાં રાજ્ય ચાલશે. જ્યારે ચૌદ ઈન્દ્ર રાજ્ય કરી રહેશે ત્યારે બ્રહ્માનો એક દિવસ પૂરો થશે, અને જેમ રાત્રિ પડતી જશે તેમ સ્વર્ગ, મૃત્યુ, અને પાતાળનો નાશ થશે અને સવારમાં પાછાં ફરીને દેખાશે. જ્યારે તેનાં સો વર્ષ થશે ત્યારે મહાપ્રલય થશે, એટલે આખા બ્રહ્માણ્ડનો-નાશ થશે.

આ ભયંકર તોફાનનો ધૂમાડો જેવો શમી જાય છે એટલે, હિન્દુની કલ્પના તેની પાર, જેનામાં તેનો વિશ્વાસ ચોંટી રહેલો એવા પરમેશ્વર જેમાં વિરાજેલા એવું સ્વર્ગ પ્રકટ થતું જુવે છે. વૈષ્ણવ ગૌલોક દેખે છે અને તેમાં ચાર હસ્તવાળા વિષ્ણુને નિરંતર રાજ્યકર્ત્તા જુવે છે. ત્યાંથી શ્રીકૃષ્ણ પૃથ્વી ઉપર આવ્યા, અને તેના ભક્ત વ્રજના ગોવાળ અને ગોવાલણીને રૂપે, વૃન્દાવનના ચોકમાં સદા નાચ કરવાને હવે એકઠા થાય છે. પ્રલય કરનાર દેવના ભક્ત અતિશય ઊંચાઈના હિમાલયના શિખર ઉપર અકથ શાન્તિ રૂપે મહા કૈલાસનો વિશ્રામ ભોગવે છે. ત્યાં મનુષ્યપ્રાણીના જીવતરનું દુઃખદાયક અને વારંવાર થતું જન્મમરણનું બંધન, જે અહિયાં ક્ષણિક લાગે છે, તેથી મુક્ત રહે છે, અને જેમ ચન્દ્રનું પ્રતિબિંબ પાણીની ચંચળ સપાટી ઉપર દેખા દઈને આકાશમાં એકાએક જતું રહે છે, અને પરપોટા જેમ પળમાં થાય છે અને પળમાં દરિયામાં શમાઈ જાય છે તેમ, તેનો આત્મા પરબ્રહ્મમાં ભળી જઈને શાન્તિ પામવાનો છે.

સમાપ્ત

વાઘેલા વિષે ભાષાન્તરકર્ત્તાનો વધારો

ચૌલુક્ય વંશનો ભાયાત ધવલક નામનો હતો તેને વ્યાઘ્રપલ્લી(વાઘેલ)નો ગ્રાસ મળ્યો હતો. તે કુમારપાળની માશી વ્હેરે પરણ્યો હતો. આગળ જ્યાં વૈરાટપુરી હતી તે સ્થાન તેને ઉત્કૃષ્ટ જણાયાથી પોતાના નામથી તેણે ધવલક્કપુર (ધોળકા) વસાવી એ ભાગમાં પોતાના ગ્રાસનો જમાવ કરેલો જણાય છે; ઘણા કાળથી વાઘેલના તેઓ ધણી હતા, તેથી વાઘેલાની અવટંકથી ઓળખાતા હતા. ધવલનો સમય ઇ. સ. ૧૧૬૦ નો છે.

એના પછી એનો કુંવર અર્ણોરાજ થયો, તે કુમારપાળનો મસિયાઈ ભાઈ હોવાથી, તેના દરબારમાં રહેતો હતો. તે સોલંકી વંશનો અંકુર ગણાતો હતો, અને રાજ્યની ચાકરી સારી કરવાથી તે રાજ્યનો તે સમયે તેને સામંત કરીને સ્થાપ્યો હતો. કુમારપાળના સમયમાં એની સારી વૃદ્ધિ થયલી જણાય છે. ચતુર્વિંશતિપ્રબંધમાં ગૂજરાતની ભૂમિ જે રાજાઓએ ભોગવી તેનાં નામ જણાવ્યાં છે; તેમાં લઘુભીમ પછી અર્ણોરાજનું નામ આવે છે અને આ વેળાએ મહા મંડળેશ્વરની પંક્તિમાં તો તેઓ દાખલ થઈ ગયલા છે.

એક સમયે આનાક અથવા અર્ણોરાજ કુમારપાળના ધવલગ્રહમાં તેની ચોકીને માટે રાત્રે સૂતો હતો ત્યારે, તેના ચાકરે આવીને કુંવર જન્મ્યાની વધામણી ખાધી. તે વેળાએ કુમારપાળે ભવિષ્ય કહ્યું હતું કે, "એના જન્મની વધામણી ખાવાને ચાકર આવ્યો તેને દ્વારપાળે અટકાવ્યો નહિ તેથી હું રાજી થાઉં છું, કેમકે તે પુત્ર મહાગુણી થઈ ગૂજરાતનો રાજા થશે, પણ કુંવર જન્મ્યાની તમને વધામણી ખાઇને તે આ જગ્યાએથી નીચે ઉતર્યો તેથી આ ધવલગ્રહમાં અને આ નગરમાં (અણહિલવાડ પાટણમાં) નહિ પણ કોઈ બીજા નગરમાં રાજ્ય કરશે."

"श्री चौलुक्यकुलोत्पन्न महामंडलेश्वर राणक श्री लवणप्रसाददेव।" એ પ્રમાણે જેનું નામ શિલાલેખો આદિમાં લખાયું તે એ કુંવર, જેને કેટલાએક લાવણ્યસિંહ અને લાવણ્યપ્રસાદ પણ કહ્યો છે, અને "શ્રીમાન લૂણિગદેવ"[1] એમ પણ લખ્યો છે તે આ કુંવર.

કીર્તિકૌમુદીમાં લખ્યું છે કે, મૂળરાજ પછી તેનો ન્હાનો ભાઈ ભીમ

---

૧ ખંભાતમાં ચિન્તામણિ પાર્શ્વનાથનું દેરૂં છે, તેમાં સંવત્ ૧૩૫૨ નો શિલાલેખ છે, તેમાં કહ્યું છે કે—"श्रीमान् लूणिगदेव एव विजयी" ઇત્યાદિ.

૨૮

(બીજો ભીમદેવ) ગાદિયે બેઠો, તે બાળક ભોળો હોવાથી તેના પ્રધાનોએ તથા ખંડિયા રાજાઓએ તેનો સઘળો દેશ વ્હેંચી લીધો. એ વાત ચૌલુક્ય વંશની બીજી એક શાખામાં ઉત્પન્ન થયલા ધવલના પુત્ર અર્ણોરાજથી સહન ન થઈ, તેથી તેણે લડાઇમાં પોતાની તરવારથી તે દુષ્ટ લોકોને કાપી નાંખ્યા, અને પોતાનો યશ અમર કર્યો. આ પ્રમાણે અર્ણોરાજની ચ્હડતી થતાં, તેણે પોતાના પુત્ર લવણપ્રસાદને માટે રાજ્ય પ્રાપ્ત કરી લેવાનો માર્ગ સરલ કર્યો હતો.

જે વિરાટ નગરીમાં આવીને પાંડવો રહેલા, અને ઇ. સ. ૧૪૪ વર્ષના સમયમાં જ્યાં સુર્યવંશી પ્રતાપી કનકસેન રાજા આવી વસેલો, તથા ત્યાંની રમણીય જગ્યા જોઇને સિદ્ધરાજ જયસિંહની પ્રતાપી માતા મયણલ્લ દેવિએ મયણલ્લસર (મલ્લાવ) બંધાવેલું તે ધવલક્ક (ધોળકા)[1] નગરીને અર્ણોરાજે પોતાની રાજધાની કરી હતી. ત્યાં રહીને લવણપ્રસાદે પોતાનો દેશ વધારવાનો પ્રયત્ન કર્યો છે. તેને વીરધવળ નામનો કુંવર હતો, તે પણ પોતાના પિતાની સાથે પરાક્રમ કરવામાં ભેગો રહ્યો હતો.

સુકૃત સંકીર્ત્તનના કર્ત્તા અરિસિંહના લખવા પ્રમાણે, એક દિવસે ચિન્તાતુર થયલા હૃદયવાળા ભીમદેવને સ્વપ્નમાં કુમારપાળે દેખા દઇને કહ્યું કે "મારો તારા ઉપર સ્નેહ હોવાથી હું તારી પાસે આવ્યો છું. દુષ્ટ અમાત્યો તારી અવજ્ઞા કરે છે, તો પણ, તારૂં રાજ્ય ટકી રહ્યું છે તે મારી પ્રસન્નતાને લીધે જ. માટે હું તને કહું છું તે સાંભળ. લાવણ્યપ્રસાદ[2] રણમાં ચડીને પોતાની તરવારરૂપી જીભ પ્રસારીને, શત્રુને આખો ને આખો ગળી જાય એવો છે. એની તરવારે યુદ્ધપ્રસંગમાં પ્રતાપરૂપી અગ્નિમાં તપીને વારંવાર શત્રુ પાસેથી પ્રાપ્ત કરી લીધેલા યશરૂપી જળનું પાન કર્યું હોય તોપણ તે શાન્ત થતી નથી. એના પ્રતાપાગ્નિથી સંતપ્ત થયલા એના શત્રુ ટાઢા પડી શાન્ત

---

૧ ધોળકા અમદાવાદ તાલુકામાં છે. સન ૧૮૮૧ની સાલમાં એમાં ૧૧,૮૮૦ હિન્દુ અને ૫,૬૫૮ મુસલમાન અને બીજા ૧૭૮ થઇને ૧૭,૭૧૬ માણસની વસ્તી હતી. જૂના સમયના મ્હેલનાં ખંડેર અહિં છે. તેની આસપાસ સાધારણ કોટ ચાર માઇલના ઘેરાવાનો છે. વાઘેલાઓનું રાજ્ય ગયું. ત્યાર પછી, મુસલમાનો આવ્યા ત્યારે પણ, દિલ્લીના પાદશાહના સૂબા અહિં રહેતા હતા, તે સમયની સારી મસ્જીદો અને ઇમારતોનાં ખંડેર હજી પણ જોવામાં આવે છે. મરાઠાઓએ ઈ. સ. ૧૭૫૭ માં આ શહર લીધું હતું, તેમની પાસેથી ઈ. સ. ૧૮૦૪ માં બ્રિટિશ સરકારના તાબામાં આવ્યું છે. ૧૮૧૩ ના દુકાળ પછી તેની આગળના જેવી આબાદી રહી નથી. ધોળકામાં જે કસબાતી વસે છે તેમના પૂર્વજ અલ્લાઉદ્દીન ખૂનીના વારામાં ત્યાં આવી રહેલા છે. ઈ૦ ગેઝેટિયર.

૨ श्री धवलांगज, भीमपल्लीपुरप्रभु ધવલના અંગથી ઉત્પન્ન થયેલો અર્ણોરાજ, જે ભીમપલ્લીનો ધણી (सुतस्तस्यास्ति लावण्यप्रसाद) તેનો કુંવર લાવણ્યપ્રસાદ.

થવા માટે એની તરવારના પાણીમાં પેસી જાય છે. ત્યાં પણ, તેની તરવારના પ્રકાશ પામતા જળની ઠંડી લ્હેર તેમને એવી લાગે છે કે, તેથી તેઓ છેક ઠરી જાય છે એવી તેમને ટાઢ ચ્હડે છે. તે મટાડવા તેઓ તાપવા માટે સૂર્યમંડળમાં પ્રવેશ કરે છે, એવા પરાક્રમી આ લાવણ્યપ્રસાદને તું ઐશ્વર્ય સોંપીશ તો સુખી થઇશ. એનો પુત્ર વીરધવળ એવો જ પરાક્રમી છે. તે એમ ઇચ્છે છે કે એક વાર ભાર્ગવે (પરશુરામે) ક્ષત્રિયોનો ક્ષય કરી નાંખ્યો હતો તે પાછો પૃથ્વીમાં ક્યારે આવે કે હું તેનું વૈર લઊં."

"એનામાં એવી વીરલક્ષ્મી છે કે તેનો પ્રતાપ જોઈ એના શત્રુઓ રણભૂમિમાંથી પલાયન કરી જાય છે, અને તેઓ પોતાનાં શસ્ત્રઅસ્ત્રનો ઉપયોગ કરી શકતા નથી, તેથી તે બિચારા લાજતા હોય એમ જણાય છે. એવા આ પરાક્રમી વીરધવલને તું તારો યુવરાજ કરીશ તો સુખે રાજ્ય ચલાવી શકીશ."

આ પ્રમાણે કહીને કુમારપાળ અદૃશ્ય થઈ ગયો. એટલે ભોળો ભીમ જાગૃત થઈ ગયો, અને સવારના પ્રહરના પોતાના નિત્યકર્મથી પરવારીને પોતાની ભવ્ય રાજસભામાં તેણે પ્રવેશ કર્યો. તે વેળાએ તેના સામંતો, અને માંડલિક રાજાઓ પણ તેની સભામાં હાજર થઈ ગયા હતા. તેમાં લાવણ્યપ્રસાદ અને વીરધવળ ભણી તેણે અમૃતના કુંભ સદૃશ બે આંખો ઢાળીને જોયું, અને શિષ્ટ સભાસદો સમક્ષ લવણપ્રસાદને કહ્યું કે, "તમારા પિતા, જેણે શત્રુઓને પરાભવ પમાડ્યા છે તેનો અધિકાર તમે પામ્યા છો, તો તમને હું "સર્વેશ્વર"નું પદ આપું છું, અને આ ધવલક (ઊજળા) ગુણવાળો જે વીરધવળ તેને મારો યુવરાજ બનાવું છું, એમ કહીને તેમને યુવરાજ પદનો અભિષેક કર્યો અને પોષાક આપ્યો. પછી તેમણે કરેલી પ્રાર્થના લક્ષમાં લઇને વસ્તુપાળ અને તેજપાળને તેમના મંત્રી ઠરાવ્યા.

ચતુર્વિંશતિ પ્રબંધના અંતર્ગત વસ્તુપાળ પ્રબંધમાં[૧] એમ લખ્યું છે કે, બંને ભાઈ શત્રુંજય, ગિરનાર આદિ તીર્થની યાત્રા કરીને પાછા વળતાં ધોળકે આવ્યા, તેવામાં ગૂર્જર દેશાધિષ્ઠાત્રી મહણદેવી વીરધવળને સ્વપ્નમાં દેખા દઇને કહેવા લાગી કે, "આ ગૂર્જરધરા વનરાજ આદિ ચાપોત્કટ (ચાવડા) રાજાઓએ ૧૯૬ વર્ષ ભોગવી; ત્યાર પછી મૂળરાજ, ચામુંડરાજ, દુર્લભરાજ, ભીમ, કર્ણ, જયસિંહ, કુમારપાળ, અજયપાળ, લઘુભીમ, અને અર્ણોરાજ એ ચૌલુક્યોએ ભોગવી; હવે તમે પિતાપુત્ર બંને તેના ભોક્તા છો. સ્વામીના અભાવે કરીને ગૂર્જરધરા કાળબળને લીધે પાપી મ્લેચ્છ લોકોથી ગાયની પેઠે

૧ ગુજરાતી ભાષાન્તર, દ્વિવેદી મ. ન. કૃત, વડોદરા દેશી કેળવણી ખાતું, પૃષ્ઠ ૧૮૪–૨૩૩.

મત્સ્યન્યાયે પીડામાં પડેલી છે. માટે તમે જો વસ્તુપાળ અને તેજપાળને મંત્રી બનાવો તો રાજ્યનો પ્રતાપ અને ધર્મ વૃદ્ધિ પામે. હું તમારા પુણ્યના બળથી આકર્ષાઇને આવી છું. અને તમને શીખામણ આપું છું." આમ કહીને તે દેવી અદૃશ્ય થઈ ગઈ.

આવો ને આવો ઉપદેશ તેણે લવણપ્રસાદને પણ કર્યો હતો. સવારે પિતાપુત્ર બન્ને મળ્યા ત્યારે સ્વપ્નની વાત એક બીજાને નિવેદન કરી, અને બંનેને ઘણો હર્ષ થયો. પછી તે જ ક્ષણે પોતાના કુલગુરૂ સરસ્વતીના પુરૂષાવતાર શ્રી સોમેશ્વર સ્વસ્ત્યયન માટે આવ્યા, તેમને બધી વાત નિવેદન કરી. એટલે તેણે કહ્યું કે, "હે દેવ! તમારા પ્રાચીન પુણ્યથી દેવતા તમને સાક્ષાત્ દર્શન દે છે તો તેના કહેવા પ્રમાણે છે. મંત્રીબળ વિના રાજ્યનું કાંઈ બળ જાણવું નહિ. જેને વિષે દેવિયે આપને કહ્યું છે તેઓ અહિં આવેલા છે, અને મને મળ્યા છે, રાજ્યસેવા કરવાની તેમને ઇચ્છા છે. તેઓ બ્હોતેર કળાના જાણ, ન્યાયનિષ્ઠ, ધર્મજ્ઞ છે. જો આજ્ઞા હોય તો તેમને આપની પાસે તેડી લાવું." રાણાએ હા કહી, એટલે તે તેમને તેડી લાવ્યો અને તેમને નમસ્કાર આસનાદિથી માન અપાવ્યું. પછી પિતાની આજ્ઞા લઈ વીરધવળ બોલ્યો કે અમારા ઉપર રાજ્યભાર આવી પડયો છે તો કારભાર ઉપાડી લેવા તમ સરખા અમાત્યની અમને અગત્ય છે. ગમે તે ધર્મકર્મ આદિથી પૃથ્વી ઉપર વિભૂતિ તો આવી મળે છે, પરંતુ એવાં સુકૃત દુર્લભ છે કે જેના યોગે કરીને ઉત્તમ પુરૂષરત્ન હાથ લાગે. વસ્તુપાળે કારભાર લેવાની હા કહી, પણ એવી વિનતિ કરી કે અમારા ઘરમાં ત્રણ લક્ષ દ્રવ્ય છે, કદાપિ આપને પિશુન વચન ઉપર વિશ્વાસ આવે, અને અમને રજા આપવાની ઇચ્છા થાય તો અમારા દ્રવ્ય સહિત અમને દિવ્ય કરાવીને રજા આપશો. રાણાએ કહ્યું કે ઠીક છે, આ વાતમાં કાહાલિકને વચ્ચે રાખીને તમારી ખાતરી કરી આપિયે છિયે. એમ કહી પ્રધાનમુદ્રા તેજપાલના હાથમાં આપી. સ્તંભતીર્થ (ખંભાત) અને ધવલક્કા(ધોળકા)નું આધિપત્યપણું વસ્તુપાળને સોંપ્યું.

કીર્ત્તિકૌમુદીમાં લખ્યું છે કે, એક સમયે રાત્રિના પાછલા પ્રહરમાં લાવણ્યપ્રસાદ જાગી ઊઠયો, અને પોતાના પુરોહિત સોમેશ્વર દેવને, અને પોતાના પુત્ર વીરધવળને પોતાની પાસે બોલાવ્યા. પુરોહિત આવી પ્હોંચતાં તેને પ્રણામ કરી બેસવાને આસન આપ્યું, એટલે, તે આશીર્વચન કહીને બેઠો; તેમ જ કુમાર પણ પોતાના પિતાને પ્રણામ કરીને બેઠો. પછી રાત્રે પોતાને સ્વપ્ન આવ્યું હતું તે કહેવા લાગ્યો:–

"જાણે આજે હું હિમાચળ પર્વતના શિખર ઉપર ગયો. તે સ્થાન વિદ્યાધરોની સ્ત્રિયોથી શણુગરાયલું હતું. પાર્વતી સહવર્ત્તમાન મહાદેવ મણિ-વેદિકા ઉપર આસન માંડી બેઠા હતા. તેમની ધવલ કમળથી પૂજા કરવાને હું પ્રવૃત્ત થયો; પૂજા કરી રહ્યા પછી સમાધિમુદ્રા ધારણ કરીને બેઠો. એટલામાં કોઈ એક સુંદર સ્ત્રી મારી નજરે પડી. તેનું મુખ ધોળું હતું, ધોળાં વસ્ત્ર પ્હેર્યાં હતાં, ધોળા ચંદનથી તે વિલેપન થઇ હતી, હાથમાં ધોળી માળા ધારણ કરી હતી. આવી સ્ત્રીને જોઇને હું ઘણો વિસ્મય પામ્યો. તે પાસે આવી એટલે મેં તેને પૂછ્યું કે તું કોણ છું? અને કોની સ્ત્રી છું? અહિં શા માટે આવી છું? એટલામાં તો તે બોલી ઉઠીઃ હે વીર! શત્રુઓના યૂથથી પીડાતી હું ગૂજરાતની રાજ્યલક્ષ્મી છું. શત્રુવર્ગને નાશ કરવાને ગૂજરાતના જે રાજાના ભુજદંડ ઉપર મારો નિવાસ હતો, અને જે હાથિયોના દંતુશલ ઉપર હું થનથનાટ કરી રહી હતી તે રાજા અને તે હાથિયો હવે નથી. હવણાં ચક્રવર્ત્તિપદ ઉપર જે રાજા છે તે બાળક છે; તેથી તે શત્રુઓના સૈન્યને નાશ કરી શકે એમ નથી. તેમ જ જે મંત્રિયો અને માંડલિકો પોતાના સ્વામીની સ્ત્રીરૂપ થયલી રાજ્યલક્ષ્મી ઉપર હાથ નાંખે છે તેનું નિવારણ કરવાને કેવો ઉપાય થઈ શકે? હવણાં કોઈ એવો પુરૂષ નથી કે જે મને આવા સંકટમાંથી ઉગારે. મારા કવચ રૂપ જે આમશર્મા હતો (જૈનનો ધર્મોપદેશક) તે આ વેળાએ નથી. સુંજાલસુત (કર્ણનો ધર્મોપદેશક) જેણે ક્ષત્રિયોરૂપી સર્પોને મંત્ર વડે ગર્વ-રહિત કર્યા હતા તે પણ આ ટાણે નથી. લડાઈમાં શૂરવીર એવો રાષ્ટ્રકૂટ (રાઠોડ) પ્રતાપમલ્લ પણ નથી. અરે! જગદેવ પરમાર અને પુરોહિત કુમાર જેવા વિના હું પોતાના જ રાજાઓથી શત્રુઓની પેઠે આ દશાને પ્રાપ્ત થઈ છું. જે નગરી મૂળરાજના વંશમાં ઉત્પન્ન થયલા રાજાઓના તેજથી ઝગઝગાટ મારતી હોવાને લીધે જેમાંથી અંધકારને નાશ થઈ ગયો હતો તે નગરીમાં હવણાં રાત્રિની વેળાયે એક દીવો સરખો પણ હોતો નથી. મદોન્મત્ત હાથિયો અહિંતહિં ફરેયાથી તેમના ઘંટનાદે કરીને જેની શેરિયો ગાજી ઉઠતી હતી તે રાજધાનીની નગરી હવે રાત્રિની વેળાએ શિયાળોના શબ્દથી પુત્કાર કરતી દેખાય છે. જેના તળાવની અંદર ક્રીડા કરતી સ્ત્રીઓનાં મુખકમલ પરાવર્ત્તન પામવાથી તે જાણે કમળપુષ્પોથી ભરેલું હોય એવું જણાતું હતું તે તળાવ હવણાં જાણે વાયુએ કરીને ઉડેલા છાંટાના મિષથી રૂદન કરતું હોય એવું જણાય છે. જે નગરી ઝાડોની ઘટાના વેષ્ટનથી લીલા કચ જેવા મસ્તકવાળી જણાતી હતી તે નગરી, હવે ઝાડો કપાઈ

જવાથી, જાણે માથું મુંડાવેલ સ્ત્રીના જેવી બોડી થઈ ગયલી દેખાય છે; કુંડલ સમાન જેનો કોટ તૂટી જવાથી તે કુંડળ વિનાની દેખાય છે; અને સર્વ પ્રકારના વિષયોનો ત્યાગ કરવાવાળી જાણે વિધવા સ્ત્રી ન હોય એવી ગૂજરાતના રાજાની રાજધાની, દીનતાને પ્રાપ્ત થયલી, ગરીબડી સરખી દેખાય છે. માટે અહો શત્રુવિનાશક! નાશ થતાં બાકી રહેલી તે રાજધાનીનો તું ઉદ્ધાર કર. એમ લલકારીને મને પાણી ચ્હડાવતી તે સ્ત્રી મારા ગળામાં ધોળાં પુષ્પનો હાર પ્હેરાવીને મારી નિદ્રાની સાથે તે ક્યાંય ઉડી ગઈ તેની મને ખબર પડી નહી!"

આ પ્રમાણે સ્વપ્નની વાત કહીને રાજા વિરામ પામ્યો, એટલે, સોમેશ્વર દેવે કહ્યું કે, આ સ્વપ્નનું ફળ અતિ ઉત્તમ છે, તે એ કે, ગૂજરાતની રાજલક્ષ્મી આપને પ્રાપ્ત થશે, અને આપ તેનું એવી રીતે પાલન કરશો કે તે આપને કદાપિ પણ છોડશે નહિ. એમ કહી પુરોહિત પોતાને ઘેર ગયો. ત્યાર પછી એક દિવસે, વસ્તુપાળ અને તેજપાળના ગુણોથી સંતુષ્ટ થયલા લાવણ્યપ્રસાદે તેમને બોલાવી પોતાના રાજ્યનું પ્રધાનપદ આપ્યું..

સાત દિવસ થયા ત્યાર પછી એક જૂનો અધિકારી જે ઘણો દુરાચારી હતો તેનો વસ્તુપાળે એકવીશ લાખ દામ (દ્રમ્મ) દંડ કર્યો. તે દામનો ઉપયોગ કરીને તેણે ઘોડા, હાથી, ખરીદ કર્યા અને પગારદાર પાળા રાખ્યા. આ પ્રમાણે ઉત્તમ સૈન્યની તૈયારી કરી, અને તેની મદદથી ધવલક્ક(ધોળકા)ની પાછળ પાંચસેં ગામ હતાં તેમના ગ્રામણી (પટેલ) ભ્હેંકી ગયા હતા, અને તેઓએ લોકોને કનડીને ઘણા કાળનું ધન એકઠું કર્યું હતું તે તેમને દંડીને તેમની પાસેથી છીનવું લીધું. કેટલાક જૂના વેપારિયોની પાસેથી પણ પૈસા હરી લીધા. આ પ્રમાણે ઘણું ધન ભેગું કરતા ગયા, અને લશ્કર વધારતા ગયા. લવણપ્રસાદ ધોળકામાં રહ્યો તેની પાસે વસ્તુપાળને રાખ્યો; અને તેજપાળ, વીરપાળને (વીરધવળને) પોતાની સાથે લઇને આખા ગૂજરાતમાં ભ્રમણ કરવા લાગ્યો. તેણે આ વિજયયાત્રા(ફેરણી)માં ઘણી સમૃદ્ધિ મેળવી લીધી. એક વાર વીરધવલને તેજપાળે કહ્યું કે "દેવ! સોરઠમાં ઘણા ધનવાન ઠાકોરો છે, તેની પાસેથી ખંડણી લઈ શકાય એમ છે, માટે એ વિષે આપની શી ઈચ્છા છે? સ્વાદ પડેલા અને ધનલોભથી લલચાયલા વીરધવળે કહ્યું કે હા, આપણે એ પ્રમાણે કરવું.[1] પછી સૌરાષ્ટ્ર ભણી

[1] વીરધવળ પ્રબંધમાં લખે છે કે, લક્ષ્મી જોઇને વીરધવળને લોભ વધ્યો અને તે તેજપાળ પ્રતિ બોલ્યો કે સૌરાષ્ટ્ર દેશમાં ધનવંતા ઠાકોર છે, તેમને દંડ્યા હોય તો ઘણું ધન મળે.

જતાં વાટમાં વર્ધમાનપુર (વઢવાણ) આવ્યું. ત્યાંના ગોહિલ વંશના ઠાકોરો પાસેથી ખંડણી લીધી. ત્યાંથી ચાલ્યા તે વામનસ્થળી (વનથળી) આવ્યા. આ ઠેકાણે વીરધવળના સાળા[1] સાંગણ અને ચામુંડરાજ રાજ્ય કરતા હતા. આ બન્ને મહાઉદ્દામ વીર્યવાળા રજપૂત હતા. વીરધવળે સૌજન્યમર્યાદા સાચવવા માટે પોતાની રાણી જયતલદેવી સાથે પોતાના સાળાને કહેણ મોકલ્યું. તેણે જઇને પોતાના ભાઇયોને કહ્યું કે, "તમારા બનેવી મહા પરાક્રમી છે. જેઓ કોઈ દિવસ દંડાયા નથી એવા અદંડ્યને પણ દંડે છે, તથા જેઓ અભંગ છે તેઓને ભાંગી નાંખે છે. તે ગૂર્જર દેશમાંથી ગામેગામ અને નગરેનગર ખંડણી લેતા અહિં તમારી પાસેથી ખંડણી લેવા આવ્યા છે; માટે ધન, ઘોડા, આદિ જે કાંઈ આપવા સરખું હોય તે આપીને વિદાય કરો." આવું પોતાની બ્હેનનું બોલવું સાંભળીને મદે કરીને ઉન્મત્ત થયલા તેના ભાઇયો બોલ્યા: "બ્હેન! તમે એમ જાણો છો કે, અમે તમારા પતિ સાથે યુદ્ધ કરીશું તેમાં તે મરાશે તો તમને રંડાપો આવશે; માટે સંધિ કરવાની ભાંજઘડમાં તમે પડ્યાં છો; પણ એ વાતની તમે ચિંતા કરશો નહિ. અમે તમારા પતિને મારી નાંખીશું ખરા

શાસ્ત્રી વ્રજલાલ કાલિદાસે વીરધવલપ્રબંધ એવા નામનો વિષય સને ૧૮૬૬ની સાલના બુદ્ધિપ્રકાશના ૧૩મા પુસ્તકમાં લખ્યો છે. આવો પ્રબંધ સંસ્કૃતમાં કે પ્રાકૃતમાં રચેલો એમને મળ્યો હશે કે નહિ, તે વિષે કાંઈ જાણવામાં નથી. એમના પુસ્તકસંગ્રહમાં આ અને વિસલદેવપ્રબંધ નામનું કોઈ પુસ્તક હોય એમ જણાતું નથી. પણ એક વાર પોતે રેલ્વેમાં બેશીને જતા હતા તે વેળાએ જૂનાં પુસ્તકોનું એક પોટકું હતું તે ગાડીમાં રહી ગયું હતું એમ મને કહેતા હતા. તે પ્રસંગ એ હતો કે મારે પિંગળનાં પુસ્તકો જોઇતાં હતાં તે વિષે એમણે મને કહ્યું કે રેલ્વે ગાડીમાં મારૂં પોટકું રહી ગયું તેમાં પિંગળના થોડાંક પુસ્તક હતાં તે પણ ગયાં. આ પુસ્તકો જેને હાથ પડ્યાં હશે તેને કાંઈ કામનાં નહિ હોય અને આપણને તે મળતાં નથી તેથી ખેદ થાય છે.

વીરધવળપ્રબંધ એવા નામનો કોઈ સ્વતંત્ર ગ્રંથ હોય એમ અમને લાગતું નથી. એ લખાણ વાંચતાં કીર્ત્તિકૌમુદી, ચતુર્વિંશતિ પ્રબંધ, સુકૃતસંકીર્તન, વસ્તુપાળ તેજપાળચરિત્ર આદિ ગ્રંથો ઉપરથી સંગ્રહ કરીને લખ્યો હોય એમ મેલવણી કરવાથી જણાય છે. એમની પાસે કીર્તિકૌમુદીનું હસ્તલિખિત જૂનું પુસ્તક હતું તે તેમણે પ્રો. કાથવટેને આપ્યું હતું અને તે ઉપરથી એ ગ્રન્થ છપાવવામાં તેમને એ પુસ્તકનો સહેજ આશ્રય મળ્યો હતો.

૧ પછવાડે ભાગ ૧ લા પૃષ્ઠ ૩૬૩ માં પંચગ્રામ ભૂમિના પ્રસંગમાં લખતાં જયતલદેવીના બાપ શોભણદેવ સાથે વીરધવલ ઘાયલ થઈ પડ્યાનું લખ્યું છે. પણ આગળ વાંચવામાં (આવશે કે, તે શોભણ દેવ સાથે પંચગ્રામમાં લડ્યો નથી, પણ ભદ્રેશ્વરના ભીમસિંહ પઢિયાર) સાથે ત્યાં લડ્યો છે. તેમાં તે પોતાના ઉપરવટ નામના ઘોડા ઉપરથી પડી ગયો છે, પણ મારયો ગયો નથી.

પણ અમે બાપને ઠેકાણે રહીને તમારૂં પાલણપોષણ કરીશું." આવું તેમનું અયોગ્ય કથન સાંભળીને જયતલદેવી[1] બોલીઃ "પરાક્રમ કરતાં મારા પતિનો વધ થશે તેથી હું ડરતી નથી; પરંતુ એમાં મારા બાપના વંશનું ઉચ્છેદન થશે તેની મને બ્હીક છે; મારો પતિ કેવો છે તે શું તમે નથી જાણતા? એમની બરોબરી કરી શકે એવો કોણ છે? એ તો પોતાના ઉપરવટ નામના ઘોડા ઉપર ચ્હડીને બાણ ફેંકતા, ભાલા ફેરવતા, ખડ્ગ ખેલાવતા, આખા જગતમાં જાણે પોતે એકલા જ વીર હોય એવા મારી આંખોને ટ્હાડી કરે એવા છે. અરે! એ તો પોતાના અરિના પૂરેપૂરા કાળ છે. જેણે પારકો હાથ અને પારકી શક્તિ જોઈ નથી ત્યાં સુધી બળ દાખવીને તેવા બડાઇયો મારે."

આ પ્રમાણે કહીને જયતલદેવી પોતાના પતિ પાસે ચાલી ગઈ, અને જે વાત બની હતી તે બધી કહી સંભળાવી; તે સાંભળીને તેની આંખો ક્રોધથી લાલચોળ થઈ ગઈ, ભ્રકુટી ચ્હડી ગઈ, અને તેની આખી આકૃતિ **ભી**મસેનના જેવી બની ગઈ. તેણે સંગ્રામ કરવાની તૈયારી કરી. પેલા બે વીર ભાઇયો પણ સૈન્ય લઇને સામા આવ્યા. ભારે યુદ્ધ મચ્યું; બન્ને પક્ષના હજારો યોદ્ધા રણમાં રોળાયા; ધૂળ વડે આખું ગગન છવાઈ ગયું; તુમુલ યુદ્ધ થયું; તેથી પારકું કોણ અને પોતાનું કોણ એમ કોઈ કોઇને ઓળખી શકયા નહિ. આવામાં બંને લશ્કરમાં એવી હાક વાગી કે "**વીર**ધવળ પડ્યો" પણ એટલામાં તો તે દિવ્ય અશ્વ ઉપર બેઠેલો **સાંગણ** અને **ચાંમુંડરાજ**ની લગભગ જઈ પ્હોંચ્યો, અને તેમને લલકારીને ક્હેવા લાગ્યો કે "અરે! સોરઠિયાઓ! થાઓ સામા, આવી જાઓ અને બળ હોય તો તમારાં ખડ્ગ ખખડાવો; નહિ તો દંડ આપીને બચી જાઓ; એમાંથી જે સારૂં તે તમારૂં." અંત આવી રહ્યો હતો તેથી લડવાનું તેમને સૂઝયું. સામાસામી યુદ્ધ મચ્યું. **વીર**ધવળે એવું પરાક્રમ દાખવ્યું કે દેવતાનાં ડોકાં ડોલાયમાન થઈ ગયાં. તેણે **સાંગણ** અને **ચામુંડરાય**ને સામટા હણી નાંખ્યા. ક્ષેત્રની શુદ્ધિ કરી, પોતાના અને પારકા જે મરાયા હતા તેમને ગતિયે પ્હોંચાડ્યા અને ઘાયલની ખબર લીધી.

પછી ત્યાંથી **વીર**ધવળ વનસ્થલીમાં ગયો. ત્યાં તેના સાળાના ધનકોષમાં સો પ્હેડીનું એકઠું કરેલું સર્વ પ્રકારનું ધન, કોટી સંખ્યા પ્રમાણનું હતું તે, સર્વે લઈ લીધું. ૧૪૦૦ દિવ્ય તુરંગ લીધા, ૫૦૦ તેજી ઘોડા લીધા, તે સાથે

---

૧ ખંભાતમાં કુન્તનાથનું દેરૂં છે તેમાંના લેખમાં वयजलदेवी નામ છે. જુઓ ભાવનગર લેખમાળાને પૃષ્ઠ ૧૨૫. નીચે પ્રમાણે છેઃ—

बहुविग्रहसंगरचितमहसावनपरमहेलया श्रितया
जयलक्ष्म्येव सदेव्या वयजलदेव्या दिदेव नरदेवः

વળી માણુ, મોતી આદિ જે હાથ લાગ્યું તે લીધું. જયજયકાર વર્ત્તાવી દીધો. ત્યાં તે આખો એક માસ રહ્યો, પછી પોતાના સાળાના કુંવરને ત્યાંની ગાદિયે સ્થાપીને અને તેમની પાસેથી ખંડણી લેવાનો કરાર કરીને ત્યાંથી ચાલ્યો; તે **વાજા**, **નગજેંદ્ર**, **ચૂડાસમા**, **વાલાક**, આદિ ઠાકોરોની પાસેથી દંડ લેતો લેતો ઠેઠ **દ્વારકા-બેટ** સુધી પ્હોંચી વળ્યો. આ પ્રમાણે ઘણા ધનનો સંગ્રહ કરીને આખા **સૌરાષ્ટ્ર**માં જય મેળવતો પોતાના મંત્રી **તેજપાળ** સહિત **ધોળકા**માં આવી પ્હોંચ્યો. ત્યાં તેનું શોભાયમાન સામૈયું થયું અને ત્યાં એક પછી એક ઉત્સવ થવા લાગ્યા.

આ સમયે કચ્છ દેશ માંહેલા **ભદ્રેશ્વર** વેલાકુલ બંદરમાં **ભીમસિંહ પ્રતિહાર (પઢિયાર)** પોતાના બળ ઉપર ઝુઝતો હતો, તે કોઇની આજ્ઞા પાળતો નહતો, તેમ વળી તે સમૃદ્ધિમાન્ પણ હતો. આવું તેનું આચરણ જોઇને **વીરધવળે** તેને કહેવરાવ્યું કે "તારે અમારી આજ્ઞાને સ્વાધીન થઇને રહેવું જોઇયે." તેના ઉત્તરમાં તેણે ઉલટું એમ કહેવરાવ્યું કે, "હું તારી આજ્ઞામાં શાનો રહું? પણ તારે અમારી આજ્ઞામાં રહેવું જોઇયે." આવી તેની ઉદ્ધત વર્ત્તણુંક ઉપરથી **વીરધવલને** રોષ ચ્હડ્યો, અને સાથે ચ્હડી જવાને માટે ગૂજરાતના રજપૂતોને તેણે એકઠા કરવા માંડ્યા. આણીમગ **ભીમસિંહ** પણ સેના આદિથી પ્રબળ થઈ બેઠો હતો.

આવા પ્રસંગમાં **જાબાલીપુર(જબલપુર)**માં **ઉદયસિંહ** નામે રાજકુલ **રાવળ** રાજ્ય કરતો હતો; તે **ચાહમાન (ચોહાણ)** કુળના ભૂષણરૂપ શ્રી **અશ્વરાજ**ની શાખાના **કૈતુપુત્ર સમરસિંહ**નો કુંવર થતો હતો. આ **ઉદયસિંહ**ના ત્રણ પિત્રાઈ હતા અને તે ત્રણે એક માતાના પુત્ર હતા, તેમાં એકનું નામ **સામંતપાલ** હતું, બીજાનું નામ **અનંગપાલ** હતું અને ત્રીજો **ત્રિલોકસિંહ*** નામે હતો. આ ત્રણે ભાઈ શૂરા તથા દાતાર હતા. તેમને રાજ્યભણીથી ગ્રાસ મળ્યો હતો, પણ તેટલાથી તેઓ સંતુષ્ટ નહતા, માટે પોતાનું કર્મ અજમાવા **ધોળકા** ભણી નીકળી આવ્યા. અને **વીરધવળને** કહેવરાવ્યું કે અમે ત્રણ ક્ષત્રિયો રાજાની સેવામાં રહેવાને માટે આવ્યા છિયે, જો આપની ઇચ્છા હોય તો મળવા આવિયે. **વીરધવળે** તેમને પોતાની હુઝૂરમાં બોલાવ્યા, અને તેમનો સર્વ વૃત્તાન્ત પૂછી લીધો. તેમાં તેમણે જણાવ્યું કે અમારે પ્રત્યેકને **લૂણસાપુ**નો બે બે લાખ દ્રામ ઉપજે એટલો ગ્રાસ છે, તોપણ અમારૂં પૂરૂં થતું નથી તેથી અમે આવ્યા છિયે. જો અમને રાખવાની આપની ઇચ્છા હોય તો અમે એક એક લાખ દ્રામ લઈશું, અને આપ રીઝો એવી આપની યોગ્ય સેવા

---

* વ્રજલાલ શાસ્ત્રી **ત્રિલોકપાળ** લખે છે.

બજાવીશું. રાણાએ કહ્યું કે "એવડી રકમથી સોથી વધારે યોદ્ધા રાખી શકાય. તમે એવડી તે શી ધાડ મારવાના હતા કે આવડી મોટી રકમ માગો છો? રીતસર માગણી કરો તો વિચાર થાય." ત્રણે ભાઇયોએ કહ્યું કે "ત્યારે તો આપની ઇચ્છા; અમે એથી ઓછે રહેવાને રાજી નથી." **વીરધવળે** તેમને પાનનાં બીડાં આપીને વિદાય કર્યા. પણ વસ્તુપાળ અને તેજપાળ તે સમયે હાજર હતા, તેમણે કહ્યું કે "સ્વામિન્! આ ત્રણ પુરૂષો ખરેખરા શૂરવીર છે, એમને પાછા જવા દેવા ઘટિત નથી. આવા પુરૂષોનો સંગ્રહ કરવાથી ધનનો સંગ્રહ થાય છે. કહ્યું છે કે:—

ગીતિ

નારી, નર ને વારણ[1], વાજી[2], પાષાણ[3] ને વળી વારી[4];
વસ્ત્રો વિવિધ તણાં પણ, તેમાં અંતર ગણાય અતિભારી."

તેમણે કહ્યું આ બધું છે તો એકનું એક, પણ તે પ્રત્યેકમાં અતિ ઘણું અંતર છે. મનુષ્ય તો એકનું એક, પણ એક પુરૂષ એક દામનો ગણાય અને તેવો જ બીજો પુરૂષ લાખો દામનો ગણાય. એક કચ્છી કહેવત છે કે

"આણંદ ચે પરમાણંદા, માડુએં માડુએં ફેર,
હિકડા લખેં ન જુડે, બેયા ત્રાંબિયેજા તેર."

માટે આવા પરાક્રમી પુરૂષોને જવા દેવા જોઇયે નહિ. **વીરધવલની** કૃપણતા આગળ પ્રધાનોનું કાંઈ ચાલ્યું નહિ.

પેલા ત્રણે ભાઈ સામા પક્ષવાળા **ભીમસિંહને** ત્યાં ગયા અને **વીર**-ધવળના કૃપણપણાની વાત નિવેદન કરી. **ભીમસિંહે** બળિયા સાથે બાથ ભીડી હતી, તેને આવા શૂરા પુરૂષોને રાખવાનું ટાણું હતું, એટલે તે તેમના ઉપર તુષ્ટમાન્ થયો અને માગ્યા કરતાં બમણો ગ્રાસ બાંધી આપીને તેમને રાખ્યા. તેમણે **ભીમસિંહને** લલકારીને કહ્યું કે "આપ ભલે **વીરધવળને** કહાવો કે એ જો ક્ષત્રિય બચ્ચો હોય તો યુદ્ધ માટે સત્વર આવે. નહિ તો આપણને શરણ થાય." **ભીમસિંહે** ભાટ મોકલીને તે પ્રમાણે તેને કહાવ્યું.

વાઘને છંછેડીને કોઈ સામો રહી ટકી શકે નહિ, તેમ **વીરધવળને** આવાં વાક્ય સાંભળીને પગથી તે માથા સુધી જવાળા લાગી. તેણે સત્વર પોતાની સેના સજ્જ કરાવી. અને ભાટને આગળ મોકલીને **ભીમ**-સિંહને કહેવરાવ્યું કે ભલે તું લડવાને માટે પંચગ્રામ આગળ આવીને ઉભો રહે. **ભીમસિંહ** સજ્જ થઇને કહેલે સ્થાને પોતાની સેના સહિત હાજર થઈ ગયો. સામસામી બાજુએ બંને સેના પડી, તેમાં ક્ષત્રિયોના સિંહનાદ

---

૧ હાથી. ૨ ઘોડો. ૩ નાના પ્રકારના પથ્થર–હીરા, લીલમ, લાલ ઇત્યાદિ. ૪ પાણી.

થવા લાગ્યા; નાચણોના નાચના થણથણાટ અને મધુર સ્વરના આલાપ થવા લાગ્યા; દાનેશ્વરિયો દાન માગનારાઓને દાન આપવા લાગ્યા; જાણે હવે આપણે જીવવું કે જાવું (મરી જવું) એટલો જ વિચાર મનમાં લાવીને નિશ્ચિત થવા લાગ્યા. આ ટાણું જોઇને વસ્તુપાળ અને તેજપાળે વીરધવળને કહ્યું કે મહારાજ ! આપે પેલા ત્રણ મારવાડી સુભટોને સંઘરયા નથી તે આ ભીમસિંહે સંઘરયા છે, અને તેમના બળથી જ તે આજે ગાજે છે. વીરધવળે કહ્યું કે, એમના જેવા તો આપણી પાસે પણ છે. આપણો સોઢિય વંશનો જેહુલ, ચૌલુક્ય, સોમવર્મા, અને ગુલગુલલ્ય ક્ષેત્રવર્માં એ શું એમનાથી જાય એવા છે ? વિચારશીલ વીર પુરૂષોએ વીતી વાતનો કશો વિચાર મનમાં આણવો નહિ, પણ "अर्थं साधयामि किंवा देहं पातयामि" એટલો જ વિચાર આ ટાણે કરવો ઉચિત છે. આ પ્રમાણે વાતવિનોદ થઈ રહ્યો હતો એટલામાં, તે જ ત્રણ ભાઇયોએ દૂત મોકલીને કહેવરાવ્યું કે, સવારમાં આપણે યુદ્ધમાં ઉતરવાનું છે, માટે સજ્જ રહેજો, અને ત્રણ લાખ દામ ખર્ચીને જે સુભટો રાખ્યા હોય તેમનાથી આપ આપના શરીરનું સારી રીતે રક્ષણ કરાવજો. પ્રાતઃકાળમાં રણસમયે અમે પ્રારંભમાં આપના ઉપર જ ઉતરી આવીશું. રાણાએ પ્રસન્નમુખ વડે કહ્યું કે ભલે તમે પણ પ્રાતઃકાળમાં મુક્તિનો સમય સાધવાને સજ્જ થઇને રહેજો. તમને સદાના સુખી કરવાને અમે પ્રથમ તમારી જ ખબર લેઇશું.

સંદેશહાર એ પ્રમાણે સંદેશો લઇને પાછો ગયો. મારવાડિયોએ જાણ્યું કે શું બનશે તે ઈશ્વર જાણે. માટે આપણે પણ આ પ્રસંગ સાચવી લેવો. એમ વિચારીને તેમણે ત્રણેએ પોતપોતાનો વર્ષનો પગાર લઇને ત્રણ લક્ષ દ્રામ યાચકોને દાન કરી દીધા, ને પછી આપ આપણે ઘોડે ચ્હડ્યા. બંને બાજુએથી યુદ્ધ આરંભાયું. શસ્ત્રોનો પ્રહાર ચાલવા લાગ્યો; અને તેની ગીર્દિ એટલી બધી થઈ ગઈ કે, મેઘની સમાન ચોગરદમ અંધકાર જામી રહ્યો. તેમાં સુભટોની તલવારો વીજળીની પેઠે ચમકારા દેવા લાગી અને કૃતાંતાગ્નિ જેવાં બાણનો સણસણાટ કરતો વર્ષાદ વરસવા લાગ્યો. વીરધવળ સાવધ થઇને લડતો હતો, તેના રક્ષક, મંત્રી આદિ તેને સંભાળતા અને યુદ્ધ કરતા બરાબર મચ્યા હતા, એવામાં પેલા ત્રણ મારવાડી વીર પુરૂષોએ સમીપમાં દેખા દીધી. અને વીરધવળને લલકારીને ચેતના આપી બોલ્યા કે આ આપ છો અને આ અમે છિયે. આપ હવે સાવધાન રહો ને આપનું જ રક્ષણ કરો અને આપના યોદ્ધાઓને પણ આપ એવી જ આજ્ઞા કરો. વીરધવળે કહ્યું:—"અતિ અભિમાન આરંભવામાં આખરે અન્ત જ આવશે. બાહુમાં બળ હોય તો સુખે બતાવો." આમ વાગ્‌વિનોદ ચલાવતા શસ્ત્રઅસ્ત્ર વાપરવાનો પણ વિનોદ કરવા લાગ્યા.

અન્યોન્ય રાખવી જોઇએ તે કરતાં પણ વિશેષ સંભાળ, અને સાવધાની રાખવા લાગ્યા, અને આસપાસના યોદ્ધાઓએ ઘણી સાવચેતી રાખી છતાં પણ ત્રણ ભાઇયો વીરધવળની છેક ભેટાભેટ થઈ ગયા અને પ્રત્યેકે એકેકો ભાલો તેના કપાળની લગોલગ લાગુ કરીને કહ્યું કે હવે તને હણી નાંખવાને જરા પણ વાર નથી. પણ તે દિવસે અમે તારી પાનની બીડી ખાધી છે માટે આ ટાણે અમે તને જતો મૂકિયે છિયે. એમ કહેતાં વાંત જ તેને મૂકીને તેની આસપાસ જે તટસ્થ યોદ્ધા હતા તેમને મારી પાડ્યા. તો પણ ત્રણે મારવાડિયોનાં શરીર શરના પ્રહારોએ કરીને ચાળણીના જેવાં છિદ્રમય થઈ ગયાં. એમ છતાં પણ વીરધવળને તેના ઉપરવટ ઘોડા ઉપરથી ધશી પાડ્યો ને ઘોડાને પોતાને ઉતારે બાંધી દીધો ને છાનો રાખ્યો. રજ છવાયાથી અંધારૂં ઘોર થઈ રહ્યું હતું, તેવામાં વીરધવળને તેના સુભટોએ ઉપાડી લીધો. સંધ્યાકાળનો સમય થયો એટલે લડાઈ બંધ પડી. બન્ને બાજુના લડવૈયા પોતપોતાના મેલાણમાં ગયા.

રાત્રિયે ભીમસિંહના સેવકો કહેવા લાગ્યા કે અમે વીરધવળને પાડ્યો તે સાંભળીને મારવાડી બોલ્યા કે જો એમ હોય તો તેનું એંધાણ બતાવો. પણ તેઓ તો એવું કાંઈ બતાવી શક્યા નહિ. મારવાડિયોએ ઉતારે જઇને ઉપરવટ ઘોડો ભીમસિંહની આગળ રજુ કરી દીધો. તે જોઇને તે ઘણો પ્રસન્ન થયો અને તેમની પ્રશંસા કરી કહેવા લાગ્યો કે ખરા રજપૂતને આપેલું ધન સોગણું ઉગી નીકળે છે. તેનું પ્રમાણ આ શૂરવીર સુભટો છે. યુદ્ધમાંથી શત્રુઓનો હય હણી આણવો એ જ સુભટોનો મોટો શણગાર છે. આ પ્રમાણે પ્રસન્ન થતા તેઓ વાતો કરી રહ્યા. એટલામાં રાત્રિ વીતી ગઈ.

આણીમગ વીરધવળના ઉપર સાચવીને મારવાડિયોએ તેના કપાળમાં ભાલ્લા તાક્યા હતા, તો પણ તેથી તે થોડો ઘણો ઘવાયો હતો અને તેથી નિર્બળ થયો હતો, તથાપિ પ્રાતઃકાળમાં ઉઠીને સોકટાં બાજી ખેલવા મંડી ગયો. ભીમસિંહના હેરકોએ આવો પ્રકાર જોઇને તેને જણાવ્યું કે તમે તો શત્રુને હણ્યો એમ સમજો છો, પણ એ તો એ બેઠો બેઠો સોકટાં ખેલે છે. આ ઉપરથી ભીમસિંહના કારભારિયોએ તેને કહ્યું કે દેવ! એ તો જડમૂળ ઘાલીને પડેલો છે, આખા દેશનો ધણી છે. એની સાથે હવે વિરોધ કરવો સારો નથી, માટે સંધિ કરવામાં લાભ[1] છે.

૧ વ્રજલાલ શાસ્ત્રી આથી ઉલટું કહે છે. તે લખે છે કે, વીરધવળના મંત્રિયોએ ભીમસિંહને કહેવરાવ્યું કે રાજા વીરધવળનાં ઊંડાં મૂળ છે. એની સાથે તારે વિરોધ કરવામાં કાંઈ ફળ નથી, માટે એની સાથે સંધિ કરવો તે સારૂં છે.

આ વાત ભીમસિંહને ગળે ઉતરી, છતાં પણ સંગ્રામની તૈયારી તો ચાલતી જ રાખી. બન્ને સૈન્ય ફરીને બાઝી પડવાની તૈયારીમાં હતાં, એટલામાં ભાટની દ્વારાએ સમાધાન થઈ ગયું. ઉપરવટ અશ્વ રાણાને પાછો સોંપ્યો. માત્ર એકલું ભદ્રેશ્વર ભીમસિંહે રાખવું, એ વિના બીજાું કાંઈ દબાવી પડવું નહિ, એમ તેણે કબૂલ કર્યું; તેમ જ નેકી પોકારતી વેળા અને એવા જ બીજા પ્રસંગે રાજાના બિરૂદનો ઉપયોગ થાય છે તેવો તેણે કરવો નહિ, એમ ઠરયું. પછી વીરધવળ દાન કરતો કરતો ધોળકે પાછો આવ્યો.

આ બનાવ પછી, વીરધવળે ધીરે ધીરે ભીમસિંહની જડ ફ્હાડી નાંખી અને તેને સ્વાધીન જે ભૂમિ બધી પોતાને સ્વાધીન કરી લીધી.

આ સમયે અણહિલવાડમાં ચક્રવર્ત્તી રાજા બીજો ભીમદેવ હતો. તેને માંડલિક રાજા ગાંઠતા નહતા એમ આગળ લખવામાં આવ્યું છે. તેઓ રહેતાં રહેતાં સ્વતંત્ર થઈ પડ્યા હતા. તેમને વીરધવળે એક પછી એક, એમ વશમાં આણી મૂક્યા. કેટલાક તો યુદ્ધ કર્યા વિના, ધન આપીને નમી પડ્યા. વીરધવળને આ પ્રકારે ઘણી ધનપ્રાપ્તિ થઈ. તેના સાધનથી તે રહેતાં રહેતાં પોતાનું લશ્કર વધારતો ગયો. તેણે. મહાન્ કુલના નામાંકિત ચૌદ રાજવંશી રજપૂતો પોતાની પાસે રાખ્યા. તેઓ નિરંતર તેની પાસે રહેતા હતા. જમવામાં પણ તેઓ તેની સાથે જ સામેલ થતા હતા. તેમને પ્હેરવા ઓઢવાને પણ પ્રત્યેકની યોગ્યતા પ્રમાણે તે જ પૂરૂં પાડતો હતો. અને વાહન પણ તે જ પ્રમાણે તેમને આપવામાં આવ્યાં હતાં. આવા એકદિલના શૂરવીર રજપૂતોની સાહાય્યથી, પોતાના સૈન્યના બળથી, અને પોતાના ભુજબળના પ્રતાપથી તેણે ઘણા બળિયાઓને વશ કરી દીધા હતા. આવા સહવાસનું કામ તેણે તેજપાળને સોંપ્યું હતું અને તે તેનો સેનાપતિ હતો.

મહીકાંઠામાં ગોધ્રા (ગોદ્રહ) કરીને એક શહર છે. ત્યાં તે સમયે ઘૂઘુલ નામે એક માંડલિક રાજા રાજ્ય કરતો હતો. તેણે વીરધવલની અવજ્ઞા કરવા માંડી હતી. ગૂર્જર દેશમાં જે સંઘ આવે તેને રોકીને તે નાના પ્રકારની પજવણી કરતો હતો, તથા માલ લઇને વણઝારા આવતા જતા હતા તેમને લૂંટી લેતો હતો. આવો મામલો જોઇને મંત્રિયે એક ભાટ મોકલીને તેને ક્હેવરાવ્યું કે અમારા સ્વામીની આણ તું માણતો નથી, તો જેવી સાંગણ ચામુંડની વલે થઈ તેવી તારી થશે. આવું સાંભળીને તે ઘણો ક્રોધાયમાન થયો, અને પોતાના ભાટને એક કાજળભરેલી ડાબડી અને બઈરાંને પ્હેરવાની એક સાડી આપી અને ફરમાન કરયું કે આ વીરધવળને આપીને ક્હેજે કે મારા અંતઃપુરમાં બધા રાજલોક જ ભરેલા છે.

વીરધવળના ભાટને રજા થઈ, એટલે તે બે ભાટ ધોળકે ગયા અને રાણાના દરબારમાં જઇને તેના સમીપમાં પેલી કાજળની ડાબડી મૂકી અને પ્હેરવાની સાડી રજુ કરી દીધી, ને તેને સૂચના કરવા પ્રમાણે તેણે કૂહી દીધું. વીરધવળે શાન્તતા બતાવીને તેનું બોલવું સહન કર્યું, અને ભાટનો સત્કાર કરીને તેને વિદાય કર્યો. પછી સભા વચ્ચે બીડું ફેરવીને કૂહ્યું કે, ઘૂઘુલની સામે લડવાને કોણ બીડું ઝડપે છે? કોઇએ ઝડપ્યું નહિ, એટલે તેજપાળે તે ઉઠાવ્યું. પોતાની સાથે પેલા ચૌદ રજપૂતોને લઈ ગયો. ગોધરા જ્યારે થોડે છેટે રહ્યું ત્યારે તેણે પોતાના લશ્કરના બે વિભાગ કરીને એક ટૂકડી ગોધરા ભણી મોકલી, અને બીજી પાછળ છૂપી રાખી. આગલી ટૂકડિયે ગામને પાદર જઇને ગોવાળિયાઓને લાપટઝાપટ કરી ને ગોધરાની ગાયો વાળી આણી. એટલે ગોવાળિયા રડતા કકળતા ઘૂઘુલ પાસે રાવ કરવા ગયા. તેણે વિચાર્યું કે આ પ્રમાણે મારા રાજધાની નગરને પાદરેથી કોઈ દિવસ કોઈ ગાયો વાળી ગયું નથી તે આ શું કૂહેવાય? આ તો કાંઈ નવાઈ જેવી વાત છે. અમારા પાદરમાં આવીને કોના માથામાં લોઢાના ગજ વાલ્યા છે કે તે આ પ્રમાણે ગાયોનું હરણ કરી જાય.

ઘૂઘુલ ઘોડેસવાર થયો, અને લશ્કર લઇને ગાયો વાળનારને પગલે પગલે સામો ચાલ્યો ગયો. હરનારા ઘૂઘુલની સામે બાણ ફેંકે, દેખા દે અને નાસતા પણ જાય, ઉભા રહીને યુદ્ધ કરે નહિ. એમ યુક્તિ કરીને ઘૂઘુલને તેજપાલની મ્હોટી સેનાની લગભગ લઈ આવ્યા. એટલે તે સમજી ગયો કે પ્રપંચ કરીને મને ગૂજરાતની સેના સામે લઈ આવ્યા પણ કાંઈ ચિન્તા નહિ. એમ કહીને પોતાના સુભટોને લલકારીને કૂહેવા લાગ્યો કે જુવો છો શું? ચાલો આગળ અને યુદ્ધ માટે સજ્જ થાઓ. એમ કહી પોતે પૂરેપૂરો સાવધ થયો અને મારો ચલાવવા મંડ્યો. તેજપાળની સેના પણ યુદ્ધના આદરમાં આવી ગઈ. ઘણી વાર લગી મારમમારા ચાલી. ઘૂઘુલે તેજપાલ મંત્રીની સેના વિખેરી નાંખી, અને ચારે બાજુએ નસાડી મૂકી. આ પ્રમાણે ઘૂઘુલની જિત થવાનો સમય પાસે આવ્યો જાણીને તેજપાળે શુદ્ધરાજકુળના સાત રજપૂતોને કૂહ્યું કે શત્રુ તો મહાબળિયો છે. તમે આ પ્રમાણે તટસ્થ કેમ થઈ રહ્યા છો? આપણી સેના અસ્તવ્યસ્ત થઈ ગઈ છે તેવામાં આપણે નાશીશું તો આપણી શી ગતિ થશે? આ પ્રમાણે હાર ખાવી તે કરતાં લડીને મરી પડવામાં યશ છે, માટે ચાલો તૂટી પડો, આપણે ભેગા ભળીને શત્રુનો ઘાણ વાળી નાંખિયે. આમ ઉશ્કેરવાથી સાતે રજપૂતોને શૂર ચડ્યું, અને આઠે જણા શત્રુ ઉપર ધસારો કરતા અને બાણોનો

પ્રહાર કરતા જોઇને જે ભાગી ગયા હતા તેઓ પણ એકઠા થઈ ગયા. આ સમયે કૂહે છે કે તેજપાળને પોતાની કુલદેવિયે દર્શન દીધાં અને કપર્દિ યક્ષ પ્રત્યક્ષ થઈ ગયો. તે ઉપરથી તેના અંતઃકરણમાં ખાતરી થઈ કે હવે આપણો જય થશે. તેથી તેણે ખૂબ ધસારો કર્યો. અને ઘૂઘુલની લગભગ થઈ ગયો. તુમુલ યુદ્ધ મચી રહ્યું અને ઘૂઘુલને તેજપાળે કહ્યું કે "હે મંડલિક! તેં જે હાથે અમારા રાજાને કાજળની ડાબડી અને સાડી મોકલી છે તે હાથનું હવે તું બળ બતાવ." ઘૂઘુલે ઉત્તર આપ્યું કે ઉતાવળો થા માં; હવણાં જ હું મારા હાથ તને બતાવું છું. એમ કહીને તેજપાળ ઉપર તેણે શસ્ત્રઅસ્ત્રના પ્રહાર કર્યા. અતિ દારૂણ દ્વંદ્વ યુદ્ધ થયું તેમાં મંત્રિયે ઘૂઘુલને ઘોડેથી પાડી નાંખ્યો અને તેને જીવતો ને જીવતો બાંધીને લાકડાનું પાંજરૂં તૈયાર સાથે રાખ્યું હતું તેમાં પૂરી દીધો. પછી સેના સહિત તેણે ગોધરા નગરમાં વિજયપ્રવેશ કર્યો. ત્યાં જઇને પોતાનો એક સેવક તેના કુળનો એક રજપૂત હતો તેને ઘૂઘુલની ગાદિયે બેસાર્યો. તેનો અરાડ કોટી સુવર્ણકોષ લઈ લીધો, એક[1] હજાર ઘોડા લીધા, શુદ્ધ મુક્તાફળ ચાર મુડા થાય એટલાં લીધાં, તેમ જ દિવ્ય આભૂષણ અને દિવ્ય અસ્ત્ર આદિ જે ગમ્યું તે લઇને મંત્રી ધોળકે આવ્યો.

ઘૂઘુલને રાજસભામાં આણીને મૂકયો, તેને પેલી સાડી પ્હેરાવી, તથા કાજળની દાબડીમાંથી કાજળવતી તેની આંખો આંજીને તે ડાબડી તેને ગળે બાંધી. આ પ્રમાણે તેનું કર્યું તેને જ નડ્યું અને આવડું બધું અપમાન તેનાથી સહન થયું નહિ તેથી ત્યાં ને ત્યાં પોતાના દાંત વડે જીભ કરડીને મરી ગયો. આખા ધોળકામાં વિજયની વધાઇયો ગાજી રહી, અને મ્હોટી સભા ભરીને તેજપાળને માન આપીને તેને કૃપા દર્શાવવામાં આવી.

આ પ્રમાણે ઘૂઘુલને ધોળકે લાવતા પ્હેલાં, તેજપાળ ગોધરેથી ચાલ્યો તે દર્ભાવતી (ડભોઈ) આવ્યો. અહિયાં પણ ઘણી અવ્યવસ્થા ચાલતી હતી. લૂંટફાટ કરનારી ટોળિયો ચોગરદમ ભટકતી ફરતી હતી, અને અચાનક લોકો ઉપર હુમલા કરીને તેમને લૂંટી લેતી હતી. આથી કરીને આ બાજુ ભણીનો બધા પ્રકારનો વ્યવહાર અને વ્યાપાર બંધ પડી જવા જેવો થયો હતો. આવી અવ્યવસ્થા બંધ પાડવાને માટે રાણાને ઘણી ઉત્કંઠા હતી, અને જ્યારથી ગોધરા અને લાટ દેશના સામન્તોને જિતી લઇને તેમના ઉપર રાણાએ સત્તા બેસારી હતી ત્યારથી તેઓ રાણાનું ધુસરૂં ઉછાળી નાંખવાને અને

---

૧ વ્રજલાલ **શાસ્ત્રી** ૪ હજાર ઘોડા અને એક મુંડક (મુડો) શુદ્ધ મુક્તાફળ લીધાં એમ લખે છે; અને એ વધારે સંભવિત છે.

પાછા સ્વતંત્ર થવાને ઉપાયો યોજતા હતા, અને દેશમાં લૂંટફાટ કરવાને સાધનભૂત થઈ પડ્યા હતા. જૂદી જૂદી ટોળિયો બાંધીને ઘૂઘુલ તો તેમાં સામેલ થઈ જતો હતો, માટે તેજપાળે તેને જે પાંજરામાં પૂર્યો હતો તે પાંજરૂં એક મોટા હાથી ઉપર બાંધી લઇને તેને પોતાની સાથે જ ફેરવતો હતો. તેને જોવાને લોકોનાં ટોળેટોળાં ભેગાં થતાં હતાં અને પોતાને પજવણી કરનારાને આવી દુર્દશામાં જોઇને સર્વેને આનંદ થતો હતો; તેમ જ હવે દેશમાં સમાધાની થઈ જશે, એવી પણ તેમના મનમાં બહુ સારી અસર થતી હતી.

ડભોઈની આસપાસ કોટ કરવાની ઘણી અગત્ય જણાવાથી આ જ વેળાએ તેજપાળે તે ચણાવાનો પ્રારંભ કર્યો, અને બીજા ધર્મનાં સ્થાન ચણાવવાની ગોઠવણ કરી.

નર્મદાતટ ઉપર આવેલા ચાણોદ નામના પવિત્ર ધામની યાત્રા કરવાને ઘણા લોક જાય છે તેની સંભાળ લેવાની અગત્ય પણ આ સમયે તેજપાળના ધ્યાનમાં રહેલી જણાય છે. આ ધામ નર્મદા અને ઓર નદીના સંગમ ઉપર આવેલું છે. ત્યાં ઘણું કરીને મૂળથી જ બધા- ધર્મવાળાનાં ધામ હોવાનું જણાય છે. આજે પણ મુખ્ય દેવળોમાં કપિલેશ્વર મહાદેવ, કાશીવિશ્વનાથ, ચંડિકા, આદિત્યેશ્વર, રામચંદ્રજી, શ્રીવેરાઈ માતા, કમળેશ્વર, હનુમાનજી અને શેષશાયી ભગવાન્‌નાં મંદિરો છે. તેમાં છેલ્લા ધામની યાત્રા કાર્તિક શુદિ ૧૩ થી ભરાય છે તે વદિ ૨ સુધી રહે છે. આ સમયે આખા ગૂજરાતના લોકમાંથી જે ભાવિક હોય છે તે ત્યાં જાય છે. ચૈત્ર શુદિ ૧૫ ને દિવસે સંગમ આગળ પણ મોટી યાત્રા ભરાય છે. આવા નામાંકિત ધામની સમીપમાં બધા પ્રકારની સમાધાની રહે તો ત્યાં યાત્રાળુ લોક જઈ શકે.

અહિં આવીને તેજપાળે પોતાના સ્વામીના નામથી વીરધવળેશ્વરનું દેરૂં બંધાવવાનો પ્રારંભ કર્યો.

એક ભવ્ય ધર્મશાળા પણ બંધાવવા માંડી, ચાણોદની પાસે કુંભેશ્વર આગળ પાંચ મઠ બંધાવવા માંડ્યા. અહિંથી ઉપડ્યો તે પાવાગઢ ગયો. ત્યાં સર્વભદ્રનું દેરૂં બંધાવવા માંડ્યું અને ત્યાં બે માસ સુધી મેલાણ કર્યું. એટલી વારમાં જે જે લૂંટફાટ કરનારા અને ઉપદ્રવ કરનારા તેના જાણવામાં આવ્યા તે સર્વેનો તથા ધાડ પાડનારાઓનો સંહાર વાળી દીધો. આ પ્રમાણે આખા પ્રદેશમાં સલાહશાન્તિ સ્થાપી, અને પ્રજાના મનમાં ભયનો ત્રાસ પેશી ગયો હતો તે દૂર કરીને પેલા ઘૂઘુલનો વરઘોડો કરતો દેશમાં આવ્યો.

વસ્તુપાળને ધોળકા અને સ્તંભતીર્થ(ખંભાત)ના અધિકારની મુદ્રા આપ્યા પછી એક શુભ મુહૂર્ત્તે તે ખંભાત ગયો. આ પ્રસંગે નગરના લોકોએ

મોટી ધામધુમ કરી; આખા નગરમાં ઠેરઠેર ઉત્સવ થઈ રહ્યો; ઘેરઘેર તોરણ બંધાયાં; સ્ત્રિયો ભાતભાતનાં વસ્ત્રાલંકાર પ્હેરી ગીત ગાતી ગાતી, માથે ચકચકિત કળશો મૂકી, સામૈયામાં ભેગી ચાલી; નાના પ્રકારનાં વાદિત્ર વાગવા લાગ્યાં; અને આખું નગર ખાલી થઈ જઇને તેને લેવાને સામું ગયું, અને એમ ક્હેવાયું કઃ—

ગીતિ–ધરતી ધાન્ય વડે જ્યમ, સર' જળ, ને વન ફૂલ ફળ બહુ ભાત;
ત્યમ વસ્તુપાલપગલે, ક્હેવાયું ધન્ય ખૂબ ખંભાત.

વસ્તુપાળના પ્હેલાં જે અધિકારિયો થઈ ગયા હતા, તેમના સમયમાં જે જે પીડા અને અડચણ પ્રજાને હતી તે બધી તેણે મટાડી દેવાના ઉપાયો યોજ્યા; નાના પ્રકારના સુધારાની યોજના કરી; સર્વેને સુખી કરવાને માટે દુષ્ટ અધિકારિયો અને દરબારી કામકાજ કરનારા ભણીથી થતો રોગનો જે શળો પ્રજાને ફોલી ખાતો હતો તે બધો તેણે મટાડી દીધો. તે રૂડા પ્રકારે પ્રજાનું પાલન કરતો હતો, પ્રજાને કોઈ પણ પ્રકારની પીડા કરવી નહિ એમ વારે વારે તે પોતાના સેવકજનોને ટોકણી કરતો હતો; સર્વ પ્રકારના ન્યાયના ઉદયનાં કિરણ તેણે પ્રસરાવી દીધાં હતાં. આખા પ્રાન્તમાંથી ચોરી, વ્યભિચાર એવા દુર્ગુણોનો નાશ કરવાને માટે તે ઘણો પ્રયત્ન કરતો હતો. ક્હે છે કે, ગુણિકાઓ પણ પોતાનાં હાટ બંધ કરીને એકપતિવ્રત ધારણ કરીને બેઠી હતી. તેના સમયમાં જે સારા માણસો હતા તેમનો ભાવ પૂછાવા લાગ્યો, અને નરતા પુરૂષોનો તિરસ્કાર થવાથી તેઓનો અન્ત આવવા લાગ્યો. ભાવાર્થ એટલો જ કે તેમને પોતાનો નિભાવ કરવાને સદ્‌ગુણી થવાની અગત્ય પડી.

ખંભાત બંદર હોવાથી કેટલાક વ્હાણવટિયો ચોર હતા; તેઓ લોકોની સ્ત્રિયો કે બાળકોને હરીને વ્હાણમાં ઘાલીને પરદેશ લઈ જઈ વેચી ખાતા હતા, એવા દુષ્ટ કામનો તેણે અટકાવ કર્યો. નાની નાની બાબતોમાં પણ ગરીબ લોકને અડચણ ન પડે એવા ઉપાય યોજવા લાગ્યો. વલોણું કરનારા લોભી નગરવાસિયો પૈસા સાટે છાશ વેચતા હતા તેથી ગરીબોને છાશ સરખી પણ મળી શકતી ન હતી, માટે છાશ વેચવાનો ચાલ તેણે બંધ કરી દીધો. તે સર્વેને એવી રીતે સમજાવીને વાત કરતો કે, એની વાણી અમૃત જેવી લાગતી હતી.

વસ્તુપાળ પોતે સારો વિદ્વાન હતો, કાવ્ય કરી જાણતો હતો, અને કાવ્યકળા પણ જાણતો હતો, તેથી એના આશ્રયે સારા વિદ્વાનો આવીને રહેતા હતા, અને તેમને ઘણું માન આપતો હતો. સ્તંભતીર્થ નગરીની આસપાસ તેણે સારાં સરોવર ખણાવીને તેની શોભા વધારવા માટે બાગબગીચા

કરાવ્યા હતા. વાવો ચણાવીને પ્રવાસિયોને પાણીથી તૃપ્ત થવા માટે પાણીની પરબો મંડાવી હતી. તે જૈન ધર્મ પાળતો હતો, છતાં પણ સર્વ ધર્મને માન આપતો હતો. વેદધર્મ ઉપર તેને સારી આસ્થા હતી. મતલબ એટલી જ કે તે વિદ્વાન્ હતો તેથી સર્વ શાસ્ત્રતત્વ જાણતો હતો ને જૈનધર્મ તેના કુળમાં ચાલતો આવેલો પળાતો હતો તેથી તેમાં તે વધારે તત્પર રહેતો હતો, તો પણ તે અંધધર્માભિમાની ન હતો. રાજ્યને અને રાજના કારભારિયોને ધર્મ સંબંધી વિષયમાં તટસ્થ રહેવાની અગત્ય છે, એમ તે બરાબર સમજતો હતો. ખંભાતમાં તેણે સારાં સારાં ઘર ચણાવી, તેમાં એક વર્ષ ચાલે એટલો ધાન્યાદિ સામાન પૂરી, વિદ્વાન્ બ્રાહ્મણોને તે અર્પણ કરીને એક બ્રહ્મપુરી સ્થાપી હતી. તેથી બ્રાહ્મણો પોતે જેમ સામવેદનું ગાન કરી ધૂમ મચાવી રહેતા હતા તેમ તેમની સ્ત્રિયો વસ્તુપાળનાં વખાણનાં ગીત ગાઇને શેરિયોને ગીતના આલાપની છાયાથી છાઈ નાંખતી હતી. સંન્યાસિયોને નિવાસ કરવાને અર્થે તેણે મઠ બંધાવ્યા હતા. જૈન ધર્મના સાધુઓને અને આર્યાઓ (આરજા)ને માટે પૌશધશાળા (પોશાળ) કરાવી હતી. આ પ્રમાણે તે સન્માર્ગનાં આચરણ કરીને ન્યાયથી પ્રજાને પાળતો હતો, તેથી તેને સર્વે માન આપતા હતા.

સિંધુરાજપુત્ર શંખ

આ સમયે સિંધુરાજપુત્ર શંખ નામે હતો તે ઉન્મત્ત થઈ ગયો હતો. એને કેટલાક સિન્ધ દેશનો રાજા કહે છે; કેટલાક ગોહલવાડનો કહે છે અને વડુવા બંદરનો પણ કહે છે. એનો દેશ ગૂજરાતના રાજાએ જિતી લીધો હતો, તેથી તેની બળતરા એના મનમાં ઘણી હતી. ગોહિલવાડમાં વડવા (વડુઆ) ગામ ઘણું પ્રાચીન ગણાય છે; તે ભાગના રાજ્યકર્ત્તાની તે આગળ રાજધાની હતી અને આ સમયે શંખ ત્યાં રહેતો હતો. પાછળ પૃષ્ઠ ૩૬૩ માં આ વિષે થોડુંક કથન આપ્યું છે, તેનો વિસ્તાર આ સ્થાને આપવાની અગત્ય છે. કીર્ત્તિકૌમુદીમાં શંખને ખંભાત ઉપર ચ્હડી આવવાનું કારણ જણાવ્યું નથી, પણ વસ્તુપાળતેજપાળ સંબંધમાં તે વિસ્તારથી જણાવ્યું છે, તે એવું છે કેઃ—

વસ્તુપાળે જ્યારે ખંભાતમાં પ્રથમ જ પ્રવેશ કર્યો ત્યારે ત્યાંના સંભાવિત લોકોએ તેના માનાર્થે જે જે કર્યું તે કશામાં ત્યાંના એક મુસલમાન વ્હાણવટી વેપારિયે ભાગ લીધો નહિ. તેનો વ્યાપાર સર્વ બંદરો સાથે ચાલતો હતો, તેથી, તેની પાસે ઘણું ધન એકઠું થયું હતું. તેમ જ તેને બંદરોના રાજ્યકર્ત્તા સાથે પણ સારો પરિચય થયો હતો. શંખને અને તેને તો સારો

સંબંધ હતો. તેથી તે કોઈની પરવા રાખતો ન હતો. તે ધનમદથી છકેલો હતો. આવી તેની રીત વસ્તુપાળના જાણવામાં આવી, ત્યારે તેની ઉદ્ધતાઈ મૂકાવવા તેની પાસે એક ભાટ મોકલીને કહેવરાવ્યું કે, રાજ્યના પ્રતિનિધિ તરીકે અહિંના બધા શાહુકારો મને મળવાને આવે છે અને તમે કેમ આવતા નથી? તેના ઉત્તરમાં તેણે કહેવરાવ્યું કે પ્રથમથી જ હું કોઈ અધિકારીને ત્યાં મળવા જતો નથી, અને તેમ કરવાની મારા ઘરની રીતિ નથી. અધિકારિયો ઉલટા મને મળવા આવે છે, અને તે પ્રમાણે તમે મને મળવા આવ્યા નથી એની મને નવાઈ લાગે છે, કેમકે હું તો સ્થાનપતિ છું. મારામાં તમારાથી કાંઈ ન્યૂન નથી. તમારે કાંઈ જોઇતું હોય તો સુખેથી મંગાવો, હું મોકલીશ. આવાં વચન તેણે કહેવરાવ્યાં, તેથી વસ્તુપાળને રોષ ચહડ્યો અને તેને ફરીને કહેવરાવ્યું કે, તમે તમારી યોગ્યતા પ્રમાણે વર્ત્તો, નહિ તો તમારા દુર્વિનયને માટે મારે તમારૂં શાસન કરવું પડશે.

પેલા મુસલમાન વ્યાપારિયે આનો કાંઈ પ્રત્યુત્તર કહાવ્યો નહિ. પણ શંખને આ વર્ત્તમાન તેણે કહાવીને સૂચવ્યું કે વસ્તુપાળ નક્કી મારૂં અપમાન કરશે, માટે હવે મારે કેમ કરવું? શંખના બળ વિષે એમ કહેવાય છે કે, તે ખેરના લાકડાનું જાડું મુશળ (સાંબેલું) પચાસ વાંસની વચ્ચે બાંધી ઘાલ્યું હોય તો પણ તે તરવારના માત્ર એક જ ઘાથી કાપી નાંખતો હતો એવો તે અતિ બળિયો હતો. તેનું ઘણું સૈન્ય હોવાથી તે સાહણ-સમુદ્ર કહેવાતો હતો. પોતાના મળતિયાને આ પ્રમાણે દબાણ થતું જાણીને તેણે વસ્તુપાળને કહાવ્યું કે તમારા નગરમાં રહે છે તે સદીક મારો મિત્ર થાય છે અને અમારો જ વ્હાણવટી છે, તેને તમારે હું છતાં કનડગત કરવી નહિ. આવું સાંભળીને વસ્તુપાળને વધારે ક્રોધ ચહડ્યો અને તેને કહેવરાવ્યું કે સ્મશાનનાં ભૂતડાંથી પણ હું ડરતો નથી, માટે જો તમારે અમારી સાથે વિગ્રહ કરવો હોય તો સુખેથી સેના લઇને આવજો. શંખે સેનાની તૈયારી કરવા માંડી, એવું જાણીને વસ્તુપાળે પણ ધોળકેથી લડવૈયા બોલાવ્યા, અને બધા પ્રકારની તૈયારી કરવા માંડી.

અહિંથી હવે કીર્ત્તિકૌમુદીના કર્ત્તા સોમેશ્વરનું કથન મળતું આવે છે.

દેવગઢના સિંઘણની સેના જ્યારે ચહડી આવી હતી, ત્યારે ૪ મારવાડી રાજા પણ લવણપ્રસાદની પૂંઠે આવ્યા હતા. અને લાટ તથા ગોધરાના માંડલીક રાજાઓને ફોડ્યા હતા, પણ તેઓના ઉપર લવણપ્રસાદે ધસારો કરી હરાવ્યા હતા; આમ છતાં પણ, દેહધારીને જેમ છ* પ્રકારના વિકારો પજવે છે,

* (૧ કામ, ૨ ક્રોધ, ૩ લોભ, ૪ મદ, ૫ મત્સર, અને ૬ મોહ; અથવા ૧ અસ્તિ, ૨ વર્દ્ધતે, ૩ જાયતે, ૪ અપક્ષીયતે, ૫ વિપરિણયતે, અને ૬ વિનશ્યતિ.)

તેવા આ છ રાજાઓને ગણીને તેઓ સર્વેને જિતવા માટે તે નૃપવીરે ફરીને યોગ કર્યો. એ સંધિનો લાગ લઇને સિન્ધુરાજ પુત્ર શંખ જે ગર્વથી આખા વિશ્વને તૃણ સમાન માનતો હતો તેણે વસ્તુપાળની પાસે એક પ્રણિધિ મોકલ્યો. ચુલુક ભૂપતિનો આ અમાત્ય, ભયનો સમય હોય તો પણ તેમાં તે નિરાકુલ રહી શકતો હતો તેની પાસે તે પ્રણિધિ આવ્યો, પ્રણામ કર્યા અને પછી વિનયને લીધે જેમાં મદ ગુપ્ત રહેલો છે એવી વાણી વદવા લાગ્યો: સમરભૂમિમાં સુભટોએ ફેંકેલા શસ્ત્રઅસ્ત્રનો પ્રહાર અમારા સ્વામી વિના બીજા કોણ ઝીલી શકે; કેમકે આ ભુવનમાં નિરાશ્રય લોકોનું શરણ અમારા સ્વામી સરખા વિના બીજું કોણ થઈ શકે એમ છે? અથવા બીજા અર્થમાં કહું તો સુભટોએ છોડી દીધેલાં શસ્ત્રઅસ્ત્ર જે નિરાશ્રય થઈ પડે છે તેને ધારણ કરવાને શરણું આપવા માટે અમારા સ્વામી શંખ સરખા વિના બીજા ઓછા જ આ જગતમાં છે. સિંઘણની સાથે લડતાં અમારા શંખનું લશ્કર નાશ પામ્યું હતું તો પણ જેને ઘણા યાદવોએ મહા શ્રમથી ઝાલી લીધો હતો તથાપિ તેમના તથા બીજાના હૃદયમાં પોતાના ગુણને લીધે તે વિશ્રાંતિ પામ્યો હતો.

યાદવોમાં સિંહ રૂપ સિંઘણે એ શંખને જેતાં વાંત જ તેના બંધનમાંથી તેને મુક્ત કરાવ્યો ને તેને પોતાની બાથમાં લઇને ભેટી પડ્યો. ગુણી ક્યાં પ્રતિષ્ઠા નથી પામતા? સર્વત્ર પામે છે. એમનામાં સારા ગુણ હોવાથી જ સિંઘણે આ પ્રમાણે એમને માન આપ્યું છે. વળી એ કેવી માતાના પુત્ર છે તે તમે જાણો છો? સિંઘણની સેના સાથેના ભયંકર યુદ્ધમાં તે યાદવોના હાથમાં પકડાઈ ગયો અને હવણાં જણાવ્યા પ્રમાણે સિંઘણે તેને છોડી મૂક્યો, એટલું જ નહિ પણ ઉલટો તેમને તે ભેટ્યો, તેથી શત્રુનું આવું બળ અને તે સાથે વળી આવો તેમનો ન્યાય જેઇને તે માતાના મનમાં જેટલી લજ્જા ઉત્પન્ન થઈ તે, કેદમાં પકડાયો તેની માઠી ખબર સાંભળી હતી ત્યારે તેને તેટલી બધી થઈ નહતી. આવી માતાનો, આવો કુળદીપકપુત્ર શંખ જે પોતાના કુળમાં દીપક જેવો, અને જે સંકટમાં પણ પોતાનો કુળધર્મ છોડતો નથી એવો છે માટે હે મંત્રીશિરોમણે![1] એમણે જે મારી સાથે કહાવ્યું છે તે તમારા હિતનું વચન છે, તે હું મારા મુખ દ્વારા નિવેદન કરૂં છું, તે સાંભળ:—

---

૧ પંડિત જ્યેષ્ઠારામ પાસેથી અમને એક હસ્તલિખિત જૂની પ્રતિ મળી છે, તેના અક્ષર જેતાં તે ઘણી પ્રાચીન છે, પણ ખેદકારક વાત એ છે કે તે અપૂર્ણ હોતાં માત્ર ચાર સર્ગ છે. તેમાં:—

शृणु तन्मंत्रिशिरोमणे स्वपथ्यं । એમ પાઠ છે, અને છાપેલી પ્રતિમાં "मंत्रीमणे" છે જુઓ સર્ગ ૪, શ્લોક ૭૨.

આપ સરખા બુદ્ધિશાળી મંત્રી હોવાને લીધે, શ્રી લવણપ્રસાદના કુંવર, સત્ય માર્ગ વિષમ હોય તો પણ તેમાં સ્ખલન પામતા નથી, કેમકે, આપ તેના કરનું અવલંબન કરીને પગલેપગલે તેને આશ્રય આપો છો. આપ છએ ગુણમાં કુશળ છો, એમ હું જાણું છું, તો પણ આપને આટલી બધી ધીરજ ક્યાંથી આવી છે? કેમકે આપના સ્વામીને કષ્ટ પડતાં છતાં પણ આપ એકલા નિઃશંકપણે અધિકાર ચલાવ્યાં કરો છો. આ નગર અમારા બાપના ભોગવટાનું છે, એ વાત આપ પણ જાણો છો, તો અમે અમારો માલ પાછો લેવા આવ્યા છિયે; આપ સમજુ છો માટે આ નગર (ખંભાત) આપ અમને અર્પણ કરી દ્યો. જો તમારા મનમાં નિશ્ચય હોય અને આ નગર ઉપર અધિકાર ચલાવવાની વાસના હોય તો તુરત આવીને અમને નમી પડો, એટલે અમારી પ્રસન્નતા થઈ તો પછી અધિકારની મુદ્રા તમારાથી દૂર રહેશે નહિ, નહિ તો પછી અમે અમારા નગરમાં કોઈ બીજો અધિકારી સ્થાપીશું. પણ જો તમે અમને ભજશો તો તમારી પાસે હવણાં જે અધિકારમુદ્રા છે તે સ્થિર રહેશે. કારણ કે જેનામાં પ્રભુત્વ છે તેને ગુણ પ્રિય હોય છે, અને તમે ગુણી છો તો પછી તમારાથી અમે છેટા નથી. પણ જો આ પ્રમાણે કરવાની તમારી ઇચ્છા ન હોય અને કોઈ બીજી રીતે કરવાની ધારણા હોય તો તે પણ અમને પ્રિયકર થઈ પડશે, કારણ કે ગમે તેવો પણ અસાધ્ય વિરોધ સિદ્ધ કરવાને અમારો આ ખડ્ગદંડ સદા જાગૃત છે. ખોટા ગર્વમાં તણાઇને જે માગણી કરનારો પ્રભુને અન્યથા કરે છે તો તેના એવા અઘટિત કાર્યથી કોપેલા પ્રભુ તેને દંડ દે છે, અને છેવટે તેને પોતાના જીવ સહિત લક્ષ્મી આપી દેવી પડે છે.

પ્રણિધિનાં આવા પ્રકારનાં વચનથી તેને દુઃખ તો થયું, તો પણ તેણે પોતાનો મનોવિકાર પ્રકટ કર્યો નહિ, કેમકે પવનથી ઉડેલા રજ વડે ગંગાનો પ્રવાહ મલિન થતો નથી. અને ઉપર પ્રમાણે બોલતાં પ્રણિધિને જગતબંધુ વસ્તુપાલ સચિવે કહ્યું કે, તમારા સ્વામીનું તમે ચરિત્ર કહી સંભળાવ્યું તે કોને ચમત્કારી ન લાગે? પણ ખરી વાત છે, કેમકે, દાવાનળ જેવા યાદવરાજાએ સૂર્ય જેવા સિંધુરાજના પુત્ર(શંખ)ના દુઃસહ તેજે કરી સૂકેલા અંગવાળા મહાન્ વૃક્ષ જેવા લક્ષ્મદેવને વિના શ્રમે બાળી નાંખ્યો. યુદ્ધમાં અતિ પ્રીતિવાળા અમારા સ્વામી વીરધવળના બળ વિષેની વાયકા, સ્તુતિનો કોલાહલ કરતી જવાન સ્ત્રિયોના શબ્દો દ્વારા, મૃત્યુલોકના બીજા સુભટોના કર્ણમાર્ગે પ્હોંચી જાય છે, એમ છતાં પણ તે તમારા સ્વામીના સાંભળવામાં આવી ન હોય એમ ન બને. જે નગર અશ્વસૈન્યની સાહાયતા છતાં પણ

અમારા નૃપસિંહે સિંહની[1] પાસેથી વિગ્રહ કરીને લીધેલું છે તેમ છતાં તે ફરીને પાછું લેવાની માગણી કરે છે તેથી મને તો એમ સમજાય છે કે એમની મતિ વિપરીત થઈ છે. મારો સ્વામી ઘણા રાજાની સાથે લડવાને અસમર્થ છે એમ તમારો રાજા માને છે, એ વાત મિથ્યા છે; એઓ તો બધાંને પ્હોંચી વળવાને પૂરેપૂરા સમર્થ છે. તેમ છતાં પણ, જે દૃઢ નિશ્ચયવાળા વીરપુરૂષ હોય છે તેમને ક્રિયા કરવામાં દૈવ પણ સહાય થાય છે. તટ ઉપર બેઠેલા બકની ચેષ્ટા અને સિદ્ધેશ્વર પાસેનું યુદ્ધ શું એણે નથી જોયું? કે જેથી તે મનસ્વી અમારા વીરધવળની પૃથ્વી રમત કરતાં લેવા ઇચ્છે છે? બાપની મતા લેવા દીકરો યોગ્ય છે, એવો વ્યવહાર અન્ય પુરૂષોમાં ઉચિત છે, પણ બીજાની સંપત્તિની લાલચ રાખનારા રાજાઓ માટે તો ખડ્ગદંડ એ જ ખરો વ્યવહાર છે. માટે તમે તમારા સ્વામી પાસે જાઓ અને મારા વચન પ્રમાણે તેને ક્હો. તે સાથે વળી એમ પણ ક્હેજો કે દેવ! તમે બધું જાણો છો, માટે આવો જે ગર્વ રાખો છો તે મૂકી દ્યો, નહિ તો હું તમારી સામો લડવાને તૈયાર છું. એટલે તમારે હવે જે કરવું હોય તે વિચારીને ભલે કરજો.

સચિવમાં ઇન્દ્ર સરખા વસ્તુપાલનું આવું વચન સાંભળીને ક્રોધાયમાન થઇને તે પ્રણિધિ ફરીને કઠોર વચન બોલ્યો કે, અરેરે મદમંદમતિ! આવું તે તમે શું બોલો છો? મારા દેવનો નિયમ તમે જાણ્યો નથી. તમારી સાથે શસ્ત્ર ધારણ કરવામાં અમારો સ્વામી લજવાય છે; જેણે એકલાએ રણભૂમિમાં ઘટ્ટસેનાવાળા સિંઘણની અવગણના કરી છે એવાના બળ વિષેનો વિચાર તમારા ખ્યાલમાં લાવીને તમે નીતિના જાણ છો માટે આવું મિથ્યા અભિમાન મૂકી દ્યો, અને આ કવચ ઉતારી નાંખો.

આ પ્રમાણે વસ્તુપાલને કહીને તે પ્રણિધિ ત્યાંથી ચાલ્યો, અને પોતાના સ્વામીને આવીને મળ્યો. તે બુદ્ધિમાન્ પ્રણિધિયે તેને વસ્તુપાળનો નિશ્ચય આપની સામે યુદ્ધ કરવાનો ખરેખરો છે, એમ સર્વે વૃત્તાન્ત નિવેદન કરીને કહ્યું. તે સાંભળીને પવનથી જેમ સિંધુ ઉછળે તેમ સિંધુરાજપુત્ર ઉછળ્યો. વનને બાળી નાંખવાને અગ્નિ જેમ પવનથી પ્હોંચી વળે છે તેવી દશા શત્રુની કરવા માટે અગ્નિ રૂપ શંખે તેના સામી કૂચ કરી પ્હોંચી જવાની ઇચ્છા પ્રકટ કરી. કલ્પનો અંત આવવાને સમયે ક્રોધાયમાન્ થયલા શંભુ કાળની સાથે મળીને જેમ ભયંકર દેખાય તેમ કોપાવિષ્ટ થયલો સિંધુરાજપુત્ર પોતાના હાથમાં કરપાળ (ખડ્ગ) ધારણ કરવાથી કાળકૃતાન્ત જેવો ભયંકર દેખાવા લાગ્યો. યુગના અન્તસમયે મહાદેવના નેત્રમાંથી

૧ સંગ્રામસિંહ-શંખ.

અગ્નિ વ્હેતો દેખાય એમ એના કપાળે ભ્રૂકુટીની ઘટના એવી થઈ કે તેથી જાણે એની આંખમાંથી અગ્નિ ખરતો હોય એમ અધિક દીસવા લાગી. મલકતા મુખવાળો અને વિષ્ણુ સમાન કાન્તિવાળો શંખ ક્રોધે કરી શ્વેત વિજળી સહવર્ત્તમાન મેઘના જેવો ભયંકર દેખાવા લાગ્યો. ઘોડાની ખરીથી ઉડતા રજકણે કરીને છવાયલા પટલ રૂપ વાદળથી અકાળ સમયે રાજહંસોને વર્ષા ઋતુનો ભાસ કરાવતો હોયની તેવી રીતે તેણે કૂચ કરી. કેતુપત્રમય છત્રથી છવાયલી તેની સેના તેના હાથમાં રહેલી જયશ્રીની જાણે ચાલતી બગીચાની લેખા ન હોય એવી દીસતી હતી. મોટા આટોપવાળો તે તરતમાં વટકૂપ-સરના તટ ઉપર આવીને પડ્યો, અને વાદિત્રના ઘોષ થવા લાગ્યા, તેથી શત્રુના આગમનની સૂચના મળી ગઈ.

વાદિત્રના ઘોષ વસ્તુપાળના કાન પાસે આવતાં તેની વક્ર ભ્રૂકુ-ટીની રચના એવી થઈ કે તે તેની સાથે જતો ન હોય એવો દેખાયો. પણ મંત્રિયે ગંભીરતાથી પોતાનો તે ભાવ બતાવ્યો નહિ, તથાપિ તેનો એ ભાવ ખડાં થયલાં તેનાં શિરોરૂહ(રોમાંચ)થી દેખાઈ આવતો હતો. સંગ્રામમાં પ્રવેશ કરતાં અનિવાર્ય અને જેનું સૈન્ય સજ્જ છે એવો શંખ તૂટેલા બંધનવાળા હાથીની પેઠે ધીરે ધીરે સંચરવા લાગ્યો. ચૌલુક્ય રાજાનો તે અમાત્ય શત્રુનું સૈન્ય આવતું હતું એટલામાં ત્રાસયુક્ત ચિત્તથી પોતાની સેના ગોઠવવા મંડી પડ્યો. ચંદન, અગરૂ, કપૂર, કસ્તુરી અને કુસુમની માળાઓ ધીર પુરુષોએ સ્વર્ગની અપ્સરા સાથે મળવાની ઇચ્છાથી ધારણ કરી ન હોય એમ તેઓ મરણિયા થઇને કેસરિયાં કરીને રહ્યા. આ પ્રસંગે, યુદ્ધના આરંભમાં ઉત્પન્ન થતી સત્વની ઉછળતી સંપત્તિનું કવચ એ અમાત્યના શરીરમાં સમાઈ રહેતું નહતું. અશ્વરાજના પુત્ર(વસ્તુપાલ)નો ઘોડો પોતાના જમણા પગની ખરીથી ધરતી ખણતો જય થવાનું ભવિષ્ય સૂચવતો હતો, એવા ઘોડા ઉપર તેણે વેગથી પલાણ નાંખ્યું. વીરનૃપ એવો જે વીરધવળ પોતાનો સ્વામી તેની મુદ્રા તે સદા કરમાં ધારણ કરે છે તો પણ, તે જ સમયે વીરશૂદ્રકની[1] મુદ્રા તેણે પોતાના હૃદયમાં ધારણ કરી. ભુવન-

---

૧ મૃચ્છકટિક નાટકની પ્રસ્તાવનામાં જુઓ, શૂદ્રકોઽગ્નિં જુહાવ એમ એક પ્રતિમાં છે અને બીજીમાં નીચે પ્રમાણે છે:—

ऋग्वेदं सामवेदं गणितमथ कलां वैशिकीं हस्तिशिक्षां
ज्ञात्वा, शर्वप्रसादाद्व्यपगततिमिरे चक्षुषी चोपलभ्य ॥
राजानं वीक्ष्य पुत्रं परमसमुदयेनाश्वमेधेन चेष्ट्वा ।
लब्ध्वा चायुः शताब्दं दशदिनसहितं शूद्रकोऽग्निं प्रविष्टः ॥ १ ॥

પાળ આદિ સુભટો સેનાને મોખરે હતા, તો પણ પુરવાસિયોએ વસ્તુપાળને તેની શૂરવીરતાથી અગ્રેસર ગણ્યો. વીર પુરુષોમાં મુકુટમણિ આ વસ્તુપાળ શંખની સેનાના અગ્ર ભાગે, રણસંગ્રામના સ્થળની મધ્યમાં, અને રત્નાકરની પારે જઇને

ઋગ્વેદ, સામવેદ, ગણિતશાસ્ત્ર, કામવિદ્યા, વૈશ્યવિદ્યા અને હસ્તિવિદ્યા જાણનાર, શિવની કૃપાથી જ્ઞાનચક્ષુ મેળવનાર **શૂદ્રક** રાજાએ પોતાના પુત્રને રાજ્ય આપી અને ઉન્નતિકારક અશ્વમેધ યજ્ઞ કરી એક સો વર્ષ ને દશ દિવસનું આયુષ્ય અર્પણ કરી અગ્નિમાં પ્રવેશ કર્યો. તો આપણે હવે યુદ્ધયજ્ઞમાં પ્રવેશ કરવો છે, એમ સચિવે ચિંતવ્યું.

વીરશૂદ્રક એ એક બ્રાહ્મણનો પુત્ર હતો. **ચ**તુર્વિંશતી પ્રબંધમાં **સા**તવાહનનો પ્રબંધ છે તેમાં એની વાત છેઃ—

પ્રતિષ્ઠાન (**પૈં**ઠણ) નગરમાં **સા**તવાહનના સમયમાં ૫૦ **વીર** નગરમાં રહેતા હતા અને ૫૦ બ્હાર રહેતા હતા. ત્યાં એક બ્રાહ્મણનો દીકરો **શૂદ્રક** નામે રહેતો હતો તે મહા મદોન્મત હતો. તેનું વય ૧૨ વર્ષનું હતું. તેણે બાવન હાથની એક શિલા ઉપાડતાં વીરોને જોયા, તે કોઈ ચાર આંગળ, કોઈ છ આંગળ, અને કોઈ આઠ આંગળ ઉંચી કરી શકતા હતા તે જોઇને આ **શૂદ્રકે** શિલાને ઉંચે ઉછાળી અને વીરોને કહ્યું કે એ નીચે પડે એટલામાં તમે ઝાલી લ્યો; પણ તે તો એમ કહેવા લાગ્યા કે એ શિલા પડતાં પ્હેલાં અમે ચગદાઇ મરિયે નહિ એમ કરો. શિલા નીચે પડવા પ્હેલાં **શૂદ્રકે** એવો પ્રહાર કર્યો કે તેના ત્રણ કકડા થઈ ગયા.

તેમણે **માયાસુર** નામના અસુરનું માથું ગોદાવરીના પુરમાં જઇને કાપી લાવીને રાજા આગળ રજુ કર્યું હતું. આ અસુરના માથાએ ગાણાથી રીઝવીને રાણીનું હરણ કર્યું, તેનો અપવાદ **શૂદ્રક** ઉપર આવતાં **સા**તવાહને તેને શૂળિયે ચ્હડાવવાની આજ્ઞા કરી. છેવટે રાણી જ્યાં હોય ત્યાંથી લઈ આવવાના કરારે તેને છોડયો. તે પોતાના બે કૂતરા સાનમાં મૂકીને રાણીને ખોળવા નીકળ્યો. **માયાસુરનો** પત્તો લાગ્યો નહિ, એટલે ચિતા સળગાવી બળી મરવાને તૈયાર થયો, તેની પેલા દેવતાધિષ્ઠિત કૂતરાને ખબર પડી, એટલે તેઓ તેની પાસે આવી પ્હોંચ્યા. પછી તેઓ જે માર્ગે તેને દોરી ગયા તે માર્ગે તે કોલ્લાહપુર ગયો; ત્યાં મહાલક્ષ્મીનું મંદિર હતું તેની આરાધના કરી પ્રસન્નતા મેળવી. દેવતાઓને રીઝવવા હોમ કર્યો તેમાં ભંગાણ પાડવા **માયાસુરે** પોતાના ભાઈ કોલ્લાસુરને મોકલ્યો, તે સેના લઈ આવ્યો. **શૂદ્રક** આ લડાઇમાં મરાયો તે જોઈ દેવતા અસુરોની સાથે લડ્યા ને કોલ્લાસુરને હણ્યો ને **શૂદ્રકને** સજીવન કરી **મહાર્ણવને** તીરે મૂક્યો; અહિં વડના ઝાડે ઊંધે મસ્તકે ટાંગેલો તેણે એક અસુર જોયો, તે **માયાસુરનો** ન્હાનો ભાઈ થતો હતો. તેણે **માયાસુરને** બોધ કરીને રાણીને પાછી મોકલવા બહુ બહુ સમજાવ્યો, તેથી તેની આવી દશા કરી હતી તે વાત **શૂદ્રકને** તેણે કહી સંભળાવી. **શૂદ્રકે** તેને છોડ્યો અને તેની સાથે દેવતાગણ સહિત **માયાસુરને** સ્થાને ગયો. તેણે પોતાના સ્થાનની આસપાસ અગ્નિનો કોટ કર્યો હતો તેમાં પેઠા. ત્યાં મોટું યુદ્ધ થયું, તેમાં **માયાસુરને** **શૂદ્રકે** હણ્યો અને ઘંટાવલંબિ વિમાનમાં બેશી રાણીને લઇને પૈંઠણમાં આણ્યો, તેથી **સાતવાહન** રાજા ઘણો પ્રસન્ન થયો.

ઊભો રહ્યો. યુદ્ધનો સમય પાસે આવતાં પણ સચિવોત્તમે ભાષણથી પોતાના શૌર્યનો પ્રકાશ ન કર્યો, કારણ કે એના જેવા પુરુષો તો માત્ર ક્રિયાસાર એટલે કે બોલવા કરતાં કરી બતાવીને પોતાનું બળ પ્રકટ કરનારા હોય છે. પ્રભુ-

---

આવા પરાક્રમી વીર શૂદ્રકની મૂર્ત્તિ એવું જ પરાક્રમ કરવાને માટે વસ્તુપાળે પોતાના હૃદયમાં ધારણ કરી.

શાલિવાહન, શાલવાહન, સાલવાહણ, સાલવાહન, સાલાહણ, સાતવાહન અને હાલો એવાં જૂદાં જૂદાં નામ ફેરફારથી થઈ ગયલાં જૂદાં જૂદાં પુસ્તકોમાં જોવામાં આવે છે.

પ્રબંધચિન્તામણી અંતર્ગત શાલીવાહનપ્રબંધમાં શૂદ્રકની કથામાં નીચે પ્રમાણે પાઠફેર જોવામાં આવે છેઃ—

શાલિવાહન રાજા, દક્ષિણ ખંડ માંહેલા મહારાષ્ટ્ર દેશમાં પ્રતિષ્ઠાન (પૈઠણ) નામના પુરમાં રાજ્ય કરતો હતો. તેની ઉત્પત્તિ એવી છે કે, પ્રતિષ્ઠાન નગરમાં કોઈ બે પ્રવાસિયો પોતાની સુરૂપા નામની વિધવા બ્હેન સહિત આવીને કુંભારને ત્યાં ઉતર્યા હતા. ગોદાવરી નદી માંહેલા નાગહ્રદ ભણી તે વિધવા સ્ત્રી પાણી ભરવા ગઈ તેવામાં નાગહ્રદમાંથી નાગરાજ બ્હાર આવ્યો. તેણે તે સ્ત્રીની સુંદરતા જોઇને કામવશ થઇને સુરૂપા વિધવાની ઇચ્છા વિરૂદ્ધ તેનો સંગ કર્યો, તેથી ગર્ભ રહ્યો. એટલે તેના ભાઈ તેને કુંભારને ત્યાં જ મૂકીને જતા રહ્યા. સમય થતાં પેલી વિધવાને મહાપ્રતાપી તેજસ્વી પુત્ર પ્રસવ્યો, તે કુંભારને ત્યાં ઉછરી મ્હોટો થયો. કુંભારના ધંધામાં નિપુણ થતાં માટીના હાથી, ઘોડા, મનુષ્ય આદિ ઘડવા લાગ્યો, અને તે સાતવાહનના નામથી ઓળખાવા લાગ્યો. ઉજ્જણના વિક્રમાર્ક રાજાને કોઈ જોશિયે એમ કહ્યું કે આપણું ચક્રવર્ત્તિ રાજ્ય સાતવાહન લઈ લે એવો યોગ છે. આ ઉપરથી વિક્રમ તેની ઉપર ચ્હડી ગયો, અને તેનું ઘર ઘેરી લીધું. આવો મામલો જોઈ તેની માએ નાગરાજનું સ્મરણ કરતાં તે હાજર થઈ ગયો, અને અમૃતકુંભ અને મહાશક્તિ તેને આપતાં માટીનું સૈન્ય ઘડેલું હતું તેને અમૃત છાંટતાં તે સજીવન થયું; એટલે શક્તિની સહાયતાથી તે વિક્રમની પછવાડે થયો અને તેની ઘણી સેના મારી નાંખી, તેને હઠાવતો તાપીના કિનારા સુધી લઈ આવ્યો. વિક્રમે હારીને આ સ્થાને તેની સાથે સંધિ કર્યો, તેમાં એવો કરાર કર્યો કે તાપીની દક્ષિણના દેશમાં સાતવાહનનું રાજ્ય પ્રવર્ત્તે અને ઉત્તર ભણી વિક્રમનું ચાલે.

સાતવાહન આવો કરાર કરી પ્રતિષ્ઠાન પાછો આવ્યો અને ત્યાં રાજ્ય ચલાવવા લાગ્યો તથા પોતાનો સંવત્સર પણ પ્રવર્ત્તાવ્યો. આ રાજાના સમયમાં પૈઠણમાં એક બ્રાહ્મણનો શૂદ્રક નામનો પુત્ર ઘણો બળવાન્ હતો. તે પાષાણના કડકા હાથમાં લઇને તે ચોળીને લોટ કરી નાંખતો. આવા તેના બળની વાત શાલિવાહનને કાને પડતાં તેણે તેને બોલાવીને નગરનો કોટવાળ બનાવ્યો.

આ સમયે માયાસુર કરીને એક દૈત્ય વામમાર્ગી હતો. તેણે જગત્‌ના સમસ્ત સુખની પ્રાપ્તિ કરી લેવાને તામસી દેવીનું આરાધન કરવાની ઇચ્છા કરી. વામમાર્ગના ગ્રંથોના અભિપ્રાય પ્રમાણે મંત્રસિદ્ધિ કરવા પદ્મિની સ્ત્રી જોઇયે, તેથી તેનો શોધ

ક્ષિત થયલા મુખવાળા આ સચિવને યુદ્ધને માટે તૈયાર ઊભેલો જોઈને, રણરસમાં પ્રતિષ્ઠાવાળા **શંખે** હાથમાં કરપાળ ફેરવ્યો. **વસ્તુપાળ** યુદ્ધમાં સામો ઊભો હતો તેથી કરીને **શંખ** નગરીમાં પ્રવેશ કરી શક્યો નહિ. જેમ રોષથી રૂદ્ર બનેલો **શનિ**ગ્રહ **દશરથ**[1] રાજા હોતાં **રોહિણી** નક્ષત્ર(શકટના આકારનું પાંચ તારાનું જૂથ)માં પ્રવેશ કરી શક્યો નથી, તેમ **વસ્તુપાળની** સેનાના ચાલવાથી ઊડેલો રેણુનો સમૂહ ઉગતા પ્રતાપરૂપી અગ્નિના ધૂમાડાના ગોટા ન હોય એમ જણાવા લાગ્યો. તે ધૂળ રૂપી અંધારાના ઉદયમાં છવાયલો, **વીર**ધવળનો પ્રતાપ મંત્રીના મુખપ્રકાશથી પ્રકટ થતો જણાયો. **શંખનું** સૈન્ય બોહોળું હતું, તો પણ, તેના થકી મંત્રીને ક્ષોભ થયો નહિ, કારણ કે, જેઓનું મન રણના આરંભમાં રહેલું હોય છે તેઓની સંખ્યા થોડી હોય તો પણ આપણે ઘણા છિયે એમ તેઓ માની લે છે.

પોતાનું અદ્વૈત—અદ્વિતિયપણું—કરવાને રણમાં ઊભેલા તે ધીર **શંખની** સાથે વાદ કરે એવો સભાસમર્થ જો કોઈ હોય તો તે એક આ મંત્રી જ

કરવા લાગ્યો. પૈંઠણમાં **શાલિવાહનની** રાણી **ચંદ્રલેખા** પદ્મિની છે એમ જાણતાં તેનું હરણ કરવા તે ત્યાં આવ્યો; અને વ્યંઢલનું રૂપ ધારણ કરીને **ચંદ્રલેખાના** અંતઃપુરમાં નોકર રહ્યો. રાણીને ગાયનનો શોખ હતો એ વાત જાણવાથી તેણે ગાયનના છંદમાં રાણીને ફસાવી અને એક વાર લાગ આવ્યો, એટલે રાજાની ગેરહાજરીનો લાભ લઈ મધ્ય રાત્રિયે તેને બાથમાં ઘાલીને લઈ ચાલ્યો. પર્વતની એક ગુફા ધારી મૂકી હતી ત્યાં યજ્ઞકુંડ રચી રાખ્યો હતો તેની સામા એક ઝાડને થડે તેને નગ્ન બાંધી. શાલ્મલિ વૃક્ષની ડાળિયે પોતાના પગના અંગુઠા ભેરવી ઉંધે મસ્તકે કુંડ ઉપર ટિંગળાઇને અપૂર્વ મંત્રનો તે જપ કરવા લાગ્યો.

આણીમગ પૈંઠણમાં હાહાકાર વર્ત્તાઈ ગયો. રાણીનું હરણ કરી જનારને પકડી રાણીને લઈ આવે તેને અર્ધું રાજ્ય આપવાની દાંડી પીટાઈ. **શૂદ્રક** વિના બીજો કોઈ આ કામ કરવા તત્પર થયો નહિ. પોતાના બે કૂતરા લઇને તે ચાલ્યો. ફરતો ફરતો કોલ્હાહપુરમાં આવ્યો અને **મહાલક્ષ્મી** દેવીનું આરાધન કરવા બેઠો. દેવિયે પ્રસન્ન થઈ એક ખડ્ગ આપ્યો અને દૈત્યની જગ્યા બતાવી. રસ્તામાં **માયાસુરનો** ઓરમાઈ ભાઈ મળ્યો તે **શૂદ્રકને** પર્વતની ગુફા બતાવીને જતો રહ્યો. **શૂદ્રકે** બધો બનાવ જોઈ લીધો અને ટિંગાઈ રહેલા **માયાસુરનો** તિરસ્કાર કરી તેનું માથું ખડ્ગ વડે કાપી નાંખ્યું. તે અગ્નિકુંડમાં પડતાં તે દિવસ પૂર્ણાહુતિનો હતો, તેથી **વામમાર્ગની** દેવી પણ પ્રસન્ન થઈ. રાણીને વૃક્ષેથી છોડીને પાછો લઈ આવ્યો અને રાજાને સોંપી.

૧ **રોહિણી** નક્ષત્ર, શકટ—ગાડાના આકારનું પાંચ તારાનું જૂથ છે. તેને ભેદીને જો **શનિશ્ચર** ગ્રહ આરપાર જાય તો દુકાળ પડે એમ કહેવાય છે. **દશરથ** રાજાને કહેવામાં આવ્યું કે **શનિશ્ચર** શકટભેદ કરનાર છે, તે ઉપરથી તેણે **શનિશ્ચરની** સાથે યુદ્ધ કર્યું અને તેને હરાવીને કરાર કરી લીધો કે તેણે કોઈ દિવસ પણ શકટભેદ કરવો નહિ.

હતો-અથવા બીજી રીતે કહિયે તો આત્માનું અદ્વૈત કરવાને સભાસમર્થ એવો આ સચિવ એકલો જ સ્યાદવાદી-જૈન મત પ્રમાણે સ્યાદવાદ જાણનાર હતો.

બન્ને સેનાનો સંયોગ થતાં એવો કોઈ ઘટ્ટ ધ્વનિ થયો કે, જેની આગળ સમુદ્રનો મહા ધ્વનિ પણ મંદ થઈ પડ્યો. બંને ભણીની સેનાના કોપના આટોપવાળા સુભટોએ ધનુષ્યો નીચે નમાવ્યાં અને ભ્રૃકુટિયો ઊંચે ચડાવી. કાણ્ડ—બાણનો ધનુષ્યની પણછ સાથે સંધિ (સંયોગ) થયો, પણ વીરપ્રકાણ્ડ ઉત્તમ વીર પુરૂષોનો તો પરસ્પર વિગ્રહ થયો. પિશુન—ચુગલીખોર જેમ એકને કાને લાગીને બીજાના જીવિતનો ઘાત કરે છે, તેમ બાણ, વીરને કાને લાગીને બીજાઓના જીવિતનો વ્યય કરતાં હતાં. યુદ્ધ રૂપી મહાતીર્થમાં પણછ-માંથી છૂટેલાં બાણ શત્રુના અસ્ત્રને તોડી નાંખીને પરપુરૂષ એટલે શત્રુઓના અંગમાં લીન થઈ ગયાં. અથવા બીજા પ્રકારે કહિયે તો—મહાતીર્થમાં વસતા શિખા વિનાના અને ત્રણ ગુણથી મુક્ત થયેલા સંન્યાસિયો સૂર્યમંડળને ભેદીને પરપુરૂષ—પરમાત્મા વિષે લીન થાય છે. બાણો ભાથાને છોડી દઈ ચાપને પ્રાપ્ત થયાં, કેમકે સપક્ષ(પીછાંવાળો—પક્ષવાળા)નું એવું લક્ષણ છે કે સંકટ વેળાએ પાસે હાજર રહેવું. શત્રુનું વક્ષસ્થળ ચીરીને બાણ આરપાર નીકળી ગયાં, કારણ કે તે નિર્ગુણ એટલે પણછમાંથી છૂટેલાં છે, કેમકે જે નિર્ગુણ હોય તે ધીરના હૃદયમાં ચિરકાળ રહી શકતા નથી. ખડ્ગધારિયોની સાથે ખડ્ગધારિયો થયા, ભાલાવાળા ભાલાવાળા સાથે અડ્યા, યોદ્ધા યોદ્ધા સાથે ભીડ્યા, અને અશ્વારો અશ્વાર સાથે લડવા મંડી ગયા.

મંત્રીશ(વસ્તુપાળ)ના હાથમાં આવેલી તરવાર બદ્ધમુષ્ટી (મૂઠબંધ) છતાં પણ જાણે દાનને માટે તત્પર થઈ ન હોય! તેમ ક્ષણ વારમાં તેણે પોતાનો કોશ (મ્યાન) છૂટો મૂકી દીધો—ભાવાર્થ કે લોભિયો માણસ બદ્ધમુષ્ટી છતાં ઉદાર પુરૂષના સંબંધમાં આવી દાન આપવાને તત્પર થતાં પોતાનો કોશ-ભંડાર છૂટો મૂકી દે છે-વ્યય કરી નાંખે છે, તેમ આ ઉદાર મંત્રીના હાથમાં આવેલી મૂઠવાળી તરવારને દાન એટલે શત્રુનું ખંડન કરવાને પોતાના કોશ-મ્યાનમાંથી છૂટી મૂકી દીધી-વસ્તુપાળે લડવાને માટે તરવાર મ્યાનમાંથી ખેંચી કહાડી. રણભૂમિ જાણે કે, વીરોના કપાઈ પડેલા હાથ અને પગરૂપી કમળે કરી પૂજાઈ હોય, દૂર્વા જેવા કેશવાળા શિરરૂપી ફળે કરી અર્ઘ અપાયલી હોય તેવી ભાસવા લાગી.[1] વસ્તુપાળ જૈનધર્મી હોવાથી તેણે યુદ્ધ કરવામાં અહિંસા રૂપી વ્રતનો ભંગ કર્યો, તો પણ તેની તે વિષે નિંદા કેમ કરાય? ન કરાય,

૧ અર્ઘસંપુટમાં દ્રો તથા સોપારી આદિ પદાર્થ રાખવામાં આવે છે તેથી અર્ઘ સંપાદન કરાય છે, તેમ અહીં દ્રોને ઠેકાણે કેશ ને ફળને ઠેકાણે શિર, એમ સમજવું.

કારણ કે તેણે પુરૂષવ્રત-યુદ્ધમાં જય પ્રાપ્ત કરી લેવાની પ્રતિજ્ઞા-નો તેવા જ પ્રકારનો નિર્વાહ કર્યો. વળી તે શૂર મંત્રિયે અહિંસાવ્રતના ભંગથી ઉત્પન્ન થયલા માનસિક ખેદને ધોઈ નાંખવાને જાણે શરવૃષ્ટિથી દિવ્ય સ્નાન કર્યું ન હોય એમ બન્યું.-એટલે કે, તીરના પ્રહારથી એ પણ છવાઈ ગયો. પાછળથી પ્રભુભણીથી આપવામાં આવતો ઉત્સાહ, અને આગળ માગધભણીથી આપ-વામાં આવતું ઉત્તેજન એ બે યોદ્ધાઓના પરાક્રમની વિશેષ વૃદ્ધિનાં કારણ થયાં. ખાસ વસ્તુપાળને ઉદ્દેશીને શંખે મૂકેલાં બાણ તેને ભેદી શક્યાં નહિ, કારણ કે મહાન્ પુરૂષોની રક્ષા માટે કોઈ એક નહિ દેખવામાં આવે તેવો કેડ બાંધીને ઊભો રહેલો હોય છે. શત્રુના ઉપર કૂચ કરતાં, સુભટના રૂધિ-રની નદીનો દુસ્તર પ્રવાહ વસ્તુપાળની આગળ દુસ્તર થઈ પડ્યો હતો તો પણ તે નહિ થાકતાં આગળ ધપી ગયો.

શંખ જેનું બીજું નામ છે એવા વીર સંગ્રામસિંહે રણમાં રિપુનો સંભવમાં ન આવે એવો આધાર જોઈ, તેમ જ પરપક્ષે આરંભેલો પોતાની સમક્ષ થતો સૈનિકોનો સંહાર જોઈ યુદ્ધમાં તેણે પોતાના જુસ્સાનું મ્હોટું પરાક્રમ પ્રકટ કર્યું. આ સંગ્રામસિંહની[૧] ભૃકુટીરૂપી પલ્લવનો વિકાસ પણ શત્રુઓ સહન ન કરી શકે તેવો છે તો પછી તેનો ખડ્ગોલ્લાસ તો કોણ જ સહન કરી શકે? અંક-ખોળામાં જાણે આવી પડતો હોય એવા શંખની સામે જેણે પોતાના જીવિતની અપેક્ષા રાખી નથી એવો ભુવનપાળ[૨] નામે ભટ્ટ દેખાવા લાગ્યો. એટલે શંખનો મિત્ર જે સામંત તેણે શત્રુની સેનામાં, આડે આવતાઓને મારીને સેનાના બે વિભાગ પાડી દઈને ખુલ્લા થયલા માર્ગમાં ગુલકુળમાં ઉત્તમ ભૂષણ જેવા ભુવનપાળ ઉપર ધસારો કર્યો. જેની બરાબરી બીજા કોઈ કરી શકે નહિ એવા એ બન્નેનું દ્વંદ્વ યુદ્ધ થયું, તેમાં એક બીજાનાં શસ્ત્રો કપાઈ ગયાં, એટલે મલ્લની પેઠે કેશાકેશી અને ભુજાભુજી ઉપર આવી ગયા. સ્વર્ગમાં રહેનારાઓને અનિમેષ-પણું પ્રાપ્ત થયલું હોય છે, એટલે તેમની આંખો કદિ પણ ઉઘાડમીચ થતી નથી

---

૧ શાસ્ત્રી વ્રજલાલે બુ. પ્ર. પુ. ૧૩ પૃ. ૧૭૬ માં લખ્યું છે કે-"સંગ્રામસિંહ અને સંખ્યસિંહ નામે બે વસ્તુપાળના નામાંકિત યોદ્ધાઓએ શંખનું ઘણું સૈન્ય કાપ્યું" આમ લખવામાં સમજફેર થયાનું જણાય છે. સંગ્રામસિંહ એ શંખનું બીજું નામ છે. જુવો કીર્ત્તિકૌમુદી સર્ગ ૫ નો શ્લોક ૪૧ મો वीरः संग्रामसिंहोऽथ संख्ये शंखाऽपराह्वयः શંખ છે (અવિવય) બીજું નામ જેનું એવા (संख्ये યુદ્ધમાં) વીર સંગ્રામસિંહ-આમાં સંખ્ય શબ્દ યુદ્ધવાચક છે તે ઉપર લક્ષ નહિ રહેવાથી સંખ્યસિંહ નામ કલ્પેલું જણાય છે.

૨ વસ્તુપાળ તેજપાળ પ્રબંધમાં ભૂણપાળ નામ છે.

તે પ્રમાણે સ્વર્ગની અપ્સરાઓ આ બન્નેનું યુદ્ધ આકાશમાંથી જોવા લાગી. તેમની આંખોનું અનિમેષપણું આ પ્રસંગે જ સાફલ્ય થયું. ભુવનપાળ તરત જ સામંતને યમ પાસે મોકલાવી ફરીને પાછો સંગ્રામસિંહ (શંખ) સાથે સંગ્રામ કરવા આવ્યો, તેમાં શંખે ખડ્ગપ્રહારથી ભુવનપાળના શરીરના ટુકડેટુકડા કરી નાંખ્યા, તો પણ તેનું પૌરૂષ (પરાક્રમ) તે ખંડિત કરી શક્યો નહિ. વીર મંત્રીનો આ વીર ભુવનપાલ, જેનું માથું શંખે તરવારથી કાપી નાંખ્યું,[1] એટલે તે તો પોતાના પ્રાણ આપીને પોતાના પ્રભુપ્રસાદના ઋણમાંથી મુક્ત થયો.

રણને મોખરે ભુવનપાળનું મૃત્યુ થયલું સાંભળીને તેનું વૈર વાળવા મંત્રી યુદ્ધમાં અધિક તત્પર થયો. યુદ્ધ કરનારા સર્વે યોદ્ધાઓનો પ્રિય અને સુલભ એવો જે યશ તે પ્રાણ રૂપી મૂલ્ય આપીને ખરીદ કરી લેવા, તરવાર ધારણ કરેલી એવો વીર વીરમ યુદ્ધ રૂપી દુકાનમાં દાખલ થયો. શંખ ભણીનો જયંતપત્તિ (પાળો) અને મંત્રીનો આ વીરમ પત્તિ, એ બે જયશ્રી મેળવવામાં વિવાદ કરતાકરતા (ન્યાય મેળવવા માટે) મહાદેવની સભામાં પ્હોંચી ગયા.

રણની મધ્યે જેણે પોતાના આત્માનો વ્યય કર્યો એવા વીર ચાચિગ દેવે પોતાના હાથની ચાલાકીની કીર્ત્તિ વૈરિયોના મુખમાં પણ પેસારી દીધી, એટલે ભાવાર્થ એવો કે, શત્રુ પણ તેના પરાક્રમના ગુણ ગાવા લાગ્યા. પોતાની સેનાનાં માણસ મરાયાં, તો પણ, યુદ્ધમાં સોમસિંહ ઘાયલ થઈ ઊભો રહ્યો, તથાપિ તેણે સ્તોમને પદે પદે કર્યો-કચરી નાંખ્યો અથવા તો એનો ભાવાર્થ એમ પણ સમજાય છે કે સોમસિંહ ઘાયલ સ્થિતિમાં ઊભો રહ્યો, છતાં તેણે પગલે પગલે વખાણ કર્યાં. પોતાના સ્વામીના શત્રુને માર્યા વિના હું મરાયો છું એવી જેણે લાજ લાગી હોય એમ સમજી વિજય એવો અલોપ થઈ ગયો કે તે તો ફરી પાછો જણાયો જ નહિ. શંખે ભુવનસિંહ ભટને દઢ માર્યો, અને તેનો હેતુ તેને ભૂતલ ઉપર પાડવાનો હતો, પણ તે તો નીચે પડવાને બદલે તરત જ ઉંચો સ્વર્ગે પ્હોંચી ગયો. પ્રાણ કરતાં પણ શસ્ત્ર પ્રિય એવો ક્ષત્રિયોનો નિશ્ચય છે, તે ઉપરથી ઉદયસિંહે યુદ્ધમાં પોતાના પ્રાણ છોડ્યા, પણ શસ્ત્ર છોડ્યું નહિ. પોતાના ખડ્ગથી કપાયલા વીરોનાં મસ્તકો વડે વિકટ બનેલા એવા યુદ્ધમાર્ગમાં, ક્રોધાંધ બનેલા વિક્રમસિંહે ચાલવા માંડ્યું. જેના મનમાં વિકાર થયો છે એવા વિકૃત બુદ્ધિના અથવા વૈકુંઠમાં જવાની જેના મનમાં ઈચ્છા થઈ છે એવો વિકુંઠ બુદ્ધિવાળો, તથા દુર્જન પોતાના

---

૧ શાસ્ત્રી વ્રજલાલ લખે છે કે, શંખે સંગ્રામસિંહનું શરીર ખડ્ગ વડે ચૂરેચૂરા કર્યું, પછી ભુવનપાળને તેણે હણ્યો. પણ એમ નથી. ઉપર લખવા પ્રમાણે શંખ ને સંગ્રામસિંહ એ એકજ પુરૂષ છે.

ભણી આંગળી કરશે એવી બ્હીક રાખતો કુન્તસિંહ ચળકતા ભાલા જેમાં ચળકી રહ્યા છે એવા યુદ્ધમાં પરાક્રમ કરવા પડ્યો. તેવા ને તેવા પોતાની આગળ ઉભેલા હીરા[1] જેવા સચિવને જોઇને શંખના મનમાં પણ ચમત્કાર પ્રસર્યો. કુળસિંહ પોતાના બાણુના પાન(ફળ)થી શત્રુઓનાં અંગ વીંધી નાંખતો, શત્રુઓએ પ્રહાર કરેલાં તેનાં પોતાનાં અંગોમાંથી આરપાર નીકળેલા બાણુના પાનરૂપ નવપલ્લવ વડે શોભતા ઝાડના જેવો શોભવા લાગ્યો. શંખની કોપસંપત્તિ વસ્તુપાળને જોઇને વિરામ પામતી હતી, તેનું કારણ એમ જણાય છે કે તેણે તેને વિકાર રહિત સાક્ષાત્ પરમ પુરૂષ છે એવો જાણ્યો. ચૌલુક્ય-ચન્દ્રના આ સચિવેન્દ્રને અવાર્ય શક્તિવાળો સમજીને રજથી દિશાઓને ઢાંકી મૂકતો એવો, તથા મહાબળ (વાયુ) ઘણા પત્રવાળા વૃક્ષને કંપાવે છે તેમ, ઘણા પત્ર એટલે વાહનવાળા રાજારૂપી વૃક્ષને જેણે કંપાવેલાં છે એવો મહાબળ શંખ વાહનને છોડી દઇને ઊભો રહ્યો. ભટોએ કરેલું ઉપમર્દન જેણે અનુભવ્યું છે એવો આ મંત્રીશ્વર અગ્નિમાં તપાવેલા સુવર્ણપિંડની પેઠે, આનંદનાં અશ્રુ જેની આંખમાં ભરાયલાં છે એવા લોકે પૂજેલું અત્યંત તેજ ધારણ કરતો હતો. જેમ યોગી શરીરનો સંહાર કરવા આવતા કાળને યોગબળે જિતીને શરીરનું કુશળ કરે છે, તેમ મહાનિયોગી (મોટા અધિકારી) અને કુશાગ્ર બુદ્ધિવાળા વસ્તુપાળે પુરનો સંહાર કરવા આવતા શંખને જિતીને પુરનું કુશળ કર્યું, વીર રસે કરીને જેની રોમરાજિ રોપિત થઈ છે એવા મંત્રિએ ક્ષત પામેલા ભટોના માંસ ઉપર રણભૂમિના આવતા ગૃધ્ર પક્ષિયોથી ભરેલી યુદ્ધભૂમિ જોઇતિ, પ્રમદાએ બોલાવેલા યશ ગાવાવાળા સૂત જેની કરવિભૂતિ પદે પદે ગાય છે તેવી રીતે ત્યાંથી પાછો ફર્યો.

આ પ્રસંગમાં સોમેશ્વર કીર્તિકૌમુદીમાં આટલું જ કહે છે, પણ સૂરિશ્રી રાજશેખર[2] વિશેષમાં એમ કહે છે કે, જ્યારે ભારે યુદ્ધ મચી રહ્યું ત્યારે મંત્રીનુ સૈન્ય બહુ હણાયું, અને ચારે પાસ નાસવા માંડ્યું. તે સમયે પોતાનો એક માહેચ્યક (માહિચ્ચક) નામે રજપૂત હતો તેને વસ્તુપાળે કહ્યું કે, આ તો આપણને મૂળથી ઉખેડી નાંખે એવો ખેલ છે. તમે સાથે છો તો એવું કાંઈ કરો કે જેથી વીરધવલની પ્રતિષ્ઠા જાય નહિ. આવું સાંભળીને બીજા કેટલાક પોતાના રજપૂતોને લઇને તેની સામે ગયો અને બોલ્યો: "શંખ ! આ તારી વડુઆ ગામડી ન હોય, આ તો ક્ષત્રિયોનો

૧ આમાં વસ્તુપાળને હીરા જેવો કહેવાનું કારણ શંખ તે શંખલો અને સચિવ તે હીરો એમ મુકાબલો કરવાના હેતુથી "હીર" શબ્દ યોજ્યો છે.

૨ જુવો રા. રા. મણિલાલ નભુભાઇનું ભાષાંતર પૃ. ૧૯૯.

સંગ્રામ છે. શંખે પણ કહ્યું, તું ઠીક બોલી જાણે છે, પણ આ તારા ધણીના પટેલનું પાદર નથી પણ શત્રુનો દેશ છે, ને સુભટોનું ક્રીડાક્ષેત્ર છે.'' આ પ્રમાણે વાદાવાદ થતાં દ્વંદ્વયુદ્ધ થયું, તેમાં માહેચક મંત્રીની સમક્ષ મંત્રીના પ્રતાપથી શંખને પાડ્યો. સેનામાં જયજયકાર થઈ રહ્યો. કોઈ કહેવા લાગ્યું કે વસ્તુપાળે શંખને હણ્યો. અને કોઈ કહે કે ભૂણપાળ (ભુવનપાળ) નામના ભટે હણ્યો. મંત્રિયે તેનું રાજ્ય લઈ લીધું; વેલાકુલની (બંદરની) બધી સમૃદ્ધિ લઈ લીધી, પછી તે રણજયપતાકા ઉડી રહેલા અને ઉંચાં તોરણથી શણગારેલા સ્તંભતીર્થમાં પેઠો.

જિન હર્ષગણિના વસ્તુપાળતેજપાળચરિતના ચોથા પ્રસ્તારમાં સદીક સંબંધી નીચે પ્રમાણે વૃત્તાન્ત છેઃ—

જ્યારે વસ્તુપાળ ખંભાતનો અધિકાર લઇને આવ્યો ત્યારે હેવો કરીને એક વાણિયો પોતાની કર્મકથા તેને કહેવાને રજુ થઈ ગયો. તે બોલ્યો કે, નોડે વંશનો એક સદીક નામે વ્હાણવટી છે. તેને છેક ચાંડાલથી તે રાજા સુધી સર્વે કોઈ માન આપે છે, તેથી તે અભિમાની થઈ ગયો છે, પોતાના વિના પરને તે તણખલાની તુલ્ય ગણે છે; એની પાસે અખૂટ ધન છે; સર્વે બંદરોમાં એની વિખ્યાતિ છે, અને સર્વે ઠેકાણે એનો વ્યવહાર રૂડો ચાલે છે. વળી, તે અદીન અને રણાંગણમાં વીરરત્ન છે. ઇન્દ્રનો ઘોડો જે ઉચ્ચૈશ્રવા (જેની કાનસુરી ઉંચી રહે છે એવો) કહેવાય છે તેની ઓલાદના ૧૪૦૦ ઘોડા એને ઘેર બાંધ્યા રહે છે. અને તેઓ (स्वर्णप्रक्षरशालिनः) સોનેરી પાખર(પ્રખર)થી શોભિતા છે. ૧૪૦૦ પાળા તેને ઘેર રહે છે, તેઓ યુદ્ધવિદ્યામાં કુશળ છે, અને તેઓ આખી પૃથ્વીને બ્હીવરાવી મારે છે. વળી તેને ઘેર ૩૦૦ તો મનોહારી હાથિયો છે. સુવર્ણ, મણિ, માણિકય, તાર (રૂપું), મુક્તાફળ આદિ તેના ઘરમાં અસંખ્ય છે. આવા વૈભવથી શોભી રહેલા મ્હેલ જેવી હવેલીમાં તે વસે છે. આવા સદીકને ત્યાં મારો બાપ સગર નામે હતો તે ગુમાસ્તી કરતો હતો, અને જૂદે જૂદે બંદરે એનાં વ્હાણ જતાં હતાં તેમાં કરાણી થઇને તે જતો હતો. આદન (એડન) બંદરેથી એક વાર તે સોનાની ધૂળ મળી તે લઈ આવ્યો, અને તેને કામધેનુ પ્રાપ્ત થઈ હોય એમ છૂપી રીતે સંભાળીને પોતાના ઘરમાં ઘાલી દીધી. પણ આ વાતની ખબર કોઇયે સદીકને આપી, એટલે તેણે કોપાયમાન થઇને અમારૂં આખું ઘર લૂંટી લીધું, ને મારા પિતાને મારી નાંખ્યો. મારા ઘરમાં હવે ખાવા પીવા કાંઈ રહ્યું નથી, માટે તમારી ચાકરીમાં રહીને મારૂં ગુજરાન કરવા ઇચ્છું છું. હું જાતનો પોરવાળ વાણિયો છું. આ વાત સાંભળીને

વસ્તુપાળના મનમાં આવ્યું કે આવી રીતે અબળિયાને બળિયા સંતાપે છે, અને પક્ષિયો સરખા પણ પોતાની જાતનો પક્ષપાત કરે છે તો મારે આનું રક્ષણ કરવું. કેમકે,

ગીતિ–અધિકાર જેહ પામી, આશ્રિતોનું કરે ન પોષણ તો;
ભ્રષ્ટ થતાં અધિકાર જ, પામે અધિકારિતા[1] ઘણી જન તો.
ઉપકાર સુજન પર ને, અરિપર અપકાર તો અતિ કરવા;
ડાહ્યા ઇચ્છા આણે, નૃપની સેવા વિષે જઈ પડવા.

આવા વિચાર એના મનમાં આવવાથી પોતાના મનમાં સદીકને ઠેકાણે લાવવાનો વિચાર થયો, અને દેવચંદને શાંત પડવાને કહ્યું કે ધિરજ રાખ, સમય આવશે એટલે હું તારૂં કામ સદ્ય કરીશ. એમ કહીને અમૃત જેવી વાણીથી તેને આશ્વાસન કરી, પ્રસન્ન હૃદય થઇને દેવચંદને કોષાધિકારીની પાસે નામું લખવાને માટે રાખ્યો.

થોડો સમય ગયા પછી, તેણે પોતાના માણસને સદીક પાસે મોકલાવ્યો. તેણે વસ્તુપાળના આશીર્વચન સાથે કહ્યું કે "તમે શ્રીમંતોમાં શ્રેષ્ઠ છો, વ્યવહારિયામાં ધુરંધર છો, વળી વીર પુરૂષોમાં ઇન્દ્રના સરખા છો, અને આ પૃથ્વીમાં ધનને લીધે કુબેરના સરખા છો, તમે દાનશીલ છો તેથી ચારેમગનાં બંદરોમાં તમારી કીર્ત્તિનો વાસ વશી રહ્યો છે, તેથી તમારી સાથેના સુહૃદભાવથી કાંઇક તમારા ભલાની વાત કહું છું; કેમકે મ્હોટા પુરૂષો કહી ગયા છે કે, સર્વેને હિતનું વચન ક્હેવું, તેમાં વળી જે મ્હોટા હોય તેને તો અવશ્ય ક્હેવું જોઇયે. અહો! વ્યવહારિયામાં અગ્રણી સદીક! સાંભળો, જેમ સર્વ વ્રતમાં બ્રહ્મચર્ય વ્રત શ્રેષ્ઠ ગણાય છે, તેમ સમસ્ત ગુણ છતાંય, રાજા સરખો પણ જો વિનયવાન્ હોય તો પ્રાજ્ઞજનો તેનાં વખાણ કરે છે. લાવણ્ય વિનાની કશી વાત કોઇને ગોઠતી આવતી નથી; તેમ વિનય વિના કોઈ પણ પ્રકારની ચતુરાઈ વખણાતી નથી. જેમ ચારે મગ ખીલી રહેલી મોલની શોભાને દુર્વાત[2] દૂષણ લગાડી નાશ કરી નાંખે છે, તેમ દેહધારીનામાં જો દુર્મદ હોય તો તેના સર્વે સદ્ગુણોને દૂષણ લગાડે છે. માટે ઉદય આપનારી એવા વિનયની વૃત્તિ મનમાં આણીને તમારે કશો ભય રાખ્યા વિના મારી પાસે આવવું જોઇયે."

આવાં તે માણસનાં વચન સાંભળીને, રાજી થવાને બદલે, ઉલટો કોપાયમાન થયો, અને લાલચોળ થઈ ગયલા મુખ વડે બોલવા લાગ્યો કે–"મારા જોવામાં આ પૃથ્વી ઉપર ઘણા રાજા આવી ગયા, તથા તેમના

૧ અધિક+અરિતા=શત્રુતા. ૨ નઠારો પવન.

કારભારી પણ ઘણા જોયા, તોપણ તેમાંથી કોઇયે તારા જેવું નિષ્ઠુર વચન મને કહેવરાવ્યું નથી. સર્વે કોઈ વણતેડ્યા મારે ઘેર પોતાનું કામ સાધી લેવાને મને મળવાને ચાલ્યા આવે છે. સમુદ્રમાં જઈ મળનારા નદીના પ્રવાહને કાંઈ સમુદ્ર બોલાવતો નથી, તથાપિ તે તેની મેળે તેને જઈ મળે છે, એવો મારો વ્યવહાર છે. ચક્રવર્તી રાજા જેમ રાંકને ઘેર કદિ જતો નથી, તેમ હું રાજા સરખાને ઘેર પણ જનારો નહિ; તો કૂતરાના દેડકા સરખો આ દુર્બુદ્ધિયો મંત્રી મને પોતાને ત્યાં બોલાવવાનો આ નગરમાં નવો ચાલ પાડવા કયાંથી ઉભો થયો છે? અલ્યા માણસ! તું તેને કહે કે, કલ્પવૃક્ષ જેમ આશા પૂરે છે તેમ હું કલ્પવૃક્ષ જેવો છું, અને સર્વની આશા પૂરૂં છું, માટે જો તારે કાંઈ જોઇતું હોય તો તે તું મંગાવી લે, હું તે તને ઘેર બેઠાં મોકલાવી દઈશ. ઉંદરના હાથમાં ડાંગરનો એક કણ આવે તે લઇને કૂદમકૂદા કરી રહે છે, તેમ અલ્પ લક્ષ્મી પ્રાપ્ત થવાથી ગર્વિષ્ઠ થઇને મારા સરખા, ગુણમાં અધિક એવા મહાન્ પુરૂષ, યશસ્વી, પ્રશસ્ત મનવાળાને પોતાની પાસે બોલાવવાનો અહંકાર કરે છે, તેથી મને તો સમજાય છે કે, એનો વિનાશ થવાનો છે. માટે, અહો દૂત! તું તારા ધણીને જઇને કહે કે, તારે જો મને મળવું હોય તો રમાએ કરીને રમણીય એવી મારી આ મોહોલાત છે તેમાં તું આવ. જો તું મારી પાસે આવીશ તો આ નગરમાં તું રહી શકીશ."

દૂતે આવીને સદીકનું ઉપર કહેલું સર્વ કથન મંત્રીને કહી સંભળાવ્યું. એટલે ફરીને મંત્રિયે સદીકને કહેવડાવ્યું કે, "તારાથી થાય તે પ્રમાણે તારૂં રક્ષણ કરીને તારે ઘરમાં રહેવું. તારો આવો દુર્વિનય સર્વને અપમાન દેનારો છે, માટે સૂર્યના આવવાથી જેમ અંધકાર મટી જાય છે તેમ તારો આવો દુર્વિનય મટાડી દેવાને હું આવ્યો છું. સાપે દંશેલા અંગુઠાને કાપી નાંખવાથી જેમ સુખ થાય છે તેમ દુષ્ટ જનનો નાશ કરવાથી ન્યાયી અને ધાર્મિક પુરૂષોનો પવિત્ર યશ ફેલાતાં તે સુખી થાય છે." આ પ્રમાણે ફરીને કહેવરાવ્યું છતાં પણ સદીકને તે વાત ગોઠી નહિ, કેમકે:—

ગીતિ—નાશ નિકટ જે જનનો, તેને કોનું કથન કદા ન રૂચે;
ગર્જુ નિજનું નવ જાણે, ખૂંટા રૂપ હિત વચન જ પણ ખૂંચે.

આ સર્વ વૃત્તાન્ત સદીકે શંખને લખી મોકલ્યો. તેનું પરિણામ એ થયું કે ઉપર જણાવ્યા પ્રમાણે શંખ લડવા આવ્યો અને તેમાં તે મરાયો.

હર્ષગણિ વિશેષમાં એમ કહે છે કે—

કિરાત એટલે ભિલ્લ અથવા એવી જ કોઈ હલકી જાતિનો કોઇએક સિંહભટ નામે હતો, તેના ભાઈ સિંધુરાજનો દીકરો શંખ અથવા સંગ્રામ-

સિંહ જે શૂરવીર હોતાં પરાક્રમી પુરૂષોમાં જેની પ્રથમ ગણના થતી હતી, તેને વસ્તુપાળે ક્ષણમાત્રમાં જિત્યો, અને ગાજતાંવાજતાં ઘણી ધામધૂમથી તેણે ખંભાતમાં પુરપ્રવેશ કર્યો.

પોતાની સાથે જે માંડલિકો (ધાત્રીપાળ) હતા, તેમના સહિત સેના લઇને તે સદીકને ઘેર ગયો. ત્યાં તે પોતાના ૧૪૦૦ દૈત્યના જેવા પરાક્રમી માણસો સહિત લડાઈ કરવાને સજ્જ થઈ રહ્યો હતો. એ માણસો સોનાના પાખરવાળા ૧૪૦૦ ઘોડા ઉપર અશ્વાર થયા હતા; તેઓએ સચીવના સૈન્ય ઉપર બાણોનો વર્ષાદ વરસાવી મૂક્યો. વસ્તુપાળના સૈન્યે પણ તેમના ઉપર મારો ચલાવ્યો, અને તેમને યશશ્રેયી કર્યા. પછી જે સદીક અહંકારનાં વચન બોલીને બડાઈ મારી હતી તેને ઝાલી લીધો અને તેની હવેલીમાં પેશીને તેમાંથી ૫૦૦૦ હેમની ઈંટો લીધી, ૧૪૦૦ ઘોડા લીધા અને રત્નમાણિક્ય તથા મ્હોટાં મ્હોટાં મોતીના છડા લીધા. આ પ્રમાણે જયપ્રાપ્તિ કરી લીધા પછી, તેણે કુમારપાળના દેરાસરમાં જઈ ઋષભદેવની મહાપૂજા કરાવી, તે ઉપર સોનાનો ધ્વજ ચડાવ્યો અને ત્યાર પછી ધોળકે ગયો.

ત્યાં જઇને ચૌલુક્ય રાજા વીરધવળની આગળ સમગ્ર લૂંટનો માલ રજુ કરી દીધો.

તે પ્રસંગે સર્વે પ્રસન્ન થયા અને વીરધવળની આજ્ઞા લઇને એક કવિએ તેના વાસ્તવિક ગુણ ગાયા કે—

ગીતિ–"હે! વસ્તુપાળ! તારૂં, અપૂર્વ પાંડિત્ય તો સરસ ભાખું;
ચૂરો શંખ કરીને, ઉજ્જ્વળ પરિપૂર્ણ વિશ્વ કરી નાંખ્યું."

"હે વસ્તુપાળ! તારી અપૂર્વ પંડિતાઈની સરસાઈ શી કહું? એક શંખના ચૂરેચૂરા કરી નાંખીને તેથી બનેલા સાગોળવતી અખિલ વિશ્વને તેં ધોળી નાંખ્યું. ભાવાર્થ કે શંખને મારવાથી તારી ઉજ્જ્વળ કીર્ત્તિ આખા વિશ્વમાં ફેલાઈ ગઈ.

રણશૂરવૃત્ત–"લીલાથી સરિતા સઘળીનો, કરે કોળિયો ને ગાજે;
આકાશે ઉછળે ઉરમિયો, સીમા પાર વિણ તો રાજે;
નાચંતા કૂદતા મકરો ને, વળી કાચબા બંધુ છે;
એ સૌ જ્યાં સુધી છેડ અગસ્ત્યે, નથી કીધ તો સિંધુ છે."

આ કવિની કવિતાથી રાણો રાજી રાજી થઈ ગયો અને તેને ત્રણ હજાર દીનાર રાજીપામાં આપ્યા.

વસ્તુપાળને તેણે પંચાંગપ્રસાદ (પોશાક) આપીને ત્રણ વિરૂદ આપ્યાં.

(૧) सदीकान्वयसंहारी—સદીકનો વંશોચ્છેદક.

(૨) शंखमानविमर्दन—શંખના માનનું વિમર્દન કરનાર.

(૩) वराहप्रोल्लसत्पुण्यप्रवाहो ज्ञातिपालने—જ્ઞાતિ પાળવામાં વરાહની પેઠે જેનો પુણ્યપ્રવાહ દીપતો છે એવો.

વિષ્ણુએ વરાહનો અવતાર લઇને આદિદૈત્ય હિરણ્યાક્ષને મારીને પૃથ્વીનો ઉદ્ધાર કર્યો, એમ ભાગવતના તૃતીય સ્કંધમાં કથન છે, તે પ્રમાણે વસ્તુપાળે કરવાથી તેને આવું બિરૂદ આપવામાં આવ્યું.

આ પ્રમાણે તેને માન મળવા પછી, ઉત્સવ સહવર્ત્તમાન, તે પોતાની હવેલીએ આવ્યો, અને જે રાજમાન્ય સર્વ જન હતા, તેમનો તેમની યોગ્યતા પ્રમાણે તેણે સત્કાર કર્યો. તેમ જ બ્રાહ્મણોને દક્ષિણા આપી, અને બીજા માગણ જનોને ત્યાગ (દાન) આપીને રાજી કર્યાં. ત્યાર પછી રાણાની આજ્ઞા લઇને તે પાછો ખંભાત ગયો.

એક લેખ[૧] એવો છે કે, વસ્તુપાળે આ સર્વ વર્ત્તમાન લવણપ્રસાદને નિવેદન કર્યું, તેમાં જણાવ્યું કે "સદીક એવો ધનવાન છે કે એના ઘરનો પુંજો (गृहरेणु) પણ મૂલ્યવાન્ છે. લવણપ્રસાદે આજ્ઞા કરી કે એ ગૃહરેણુ વસ્તુપાળે પોતે રાખવી અને બાકીનો બધો માલ દરબાર ખાલસા કરવો. આ પછી તુરત જ સૈયદ(સદીક)નાં વ્હાણમાંથી કેટલાકને આગ લાગી અને મૂલ્યવાન્ ધાતુનો મ્હોટો જથ્થો રેણુ (રજ) કરી નાંખવામાં આવ્યો, તે રાજાની આજ્ઞાથી વસ્તુપાળની મતા ગણવામાં આવી."

આ પ્રમાણે સ્વસ્થતા થયા પછી, સોમેશ્વર કહે છે કે, બંધુજનસમુદાયે ઉત્પન્ન કરાવેલા ઉપરોધ(વિરોધ)થી લવણપ્રસાદનું મન વિરૂદ્ધ હતું તો પણ તેણે તે વીરોની સાથે સંધિ કરીને દુઃસહ પરાક્રમવાળા પોતાના પુત્ર વીરધવળને સાથે લઇને પોતાનો જેમાં સ્વાર્થ રહેલો એવી નગરીમાં આવ્યો. જેના ઉત્સાહ ભાગી ગયા છે એવા પ્રતિપક્ષી રાજાઓ તો ક્યાંય જાણે ગરક થઈ ગયા, અને આ વીર રાજા યુદ્ધરૂપી સમુદ્રની પેલી તીરે પ્હોંચી ગયો; અને તેનો મહામાત્ય, સોમવંશમાં જન્મેલો વસ્તુપાળ જે ચતુર મૂર્તિ ચાણાક્ય ગણાતો હતો તેણે પ્રિયકર ગુણોએ કરીને પ્રત્યેક દિશામાં કીર્ત્તિસમૂહ વિસ્તાર્યો, અને ઉપર પ્રમાણે શંખને એણે હણ્યો, તેથી કવિ કહે છે કેઃ—

श्रीवस्तुपाल, प्रतिपक्षकाल, त्वया प्रपेदे पुरुषोत्तमत्वम् ।
तीरेऽपि वार्धेरकृतेऽपि मात्स्ये, रूपे पराजीयत येन शंखः ॥

---

૧ કાથવટેની કીર્ત્તિકૌમુદી પૃ. xx. આ વિષય તેમણે શામાંથી લીધો હશે તે હજી લગણ મારા વાંચવામાં આવ્યું નથી.

અહો, શત્રુઓના કાળરૂપ વસ્તુપાળ! તેં શંખને હણ્યો, તેથી તું પુરુષોત્તમ-વિષ્ણુ-જેવો થયો, એટલું જ નહિ પણ તે કરતાં પણ વધ્યો; કેમકે, શંખ અસુરને હણવા માટે વિષ્ણુને તો મત્સ્યરૂપ ધારણ કરીને સમુદ્રમાં પ્રવેશ કરવો પડ્યો, પણ તેં તો તેવું રૂપ ધારણ કર્યા વિના સમુદ્રને કાંઠે રહીને શંખને હણ્યો.

દેવગિરિનો સિંઘણ

આ સમયમાં દેવગિરિ જે પછવાડેથી દૌલતાબાદ કહેવાયું તેનો યાદવ[1]

---

[1] સેઉણ અથવા ખાનદેશના પ્રાચીન યાદવની વંશાવલી.

૧ દૃઢપ્રહાર; જેની ચંદ્રાદિત્યપુર રાજધાની હતી.

૨ સેઉણચંદ્ર પહેલો; જેના નામ ઉપરથી દેશનું નામ પડ્યું.

૩ ધાડિયપ્પા પહેલો.

૪ ભિલ્લમ પહેલો. એની ભાર્યા ઝંઝરાજતનયા લસ્થિયવ્વા રાષ્ટ્રકૂટ વંશની હતી.

૫ રાજગિ (વ્રતખંડ પ્રમાણે)-શ્રીરાજ (ભગવાનલાલે પ્રસિદ્ધ કરેલા દાનપત્ર પ્રમાણે.)

૬ વાદુગિ—વદ્દિગ પહેલો. (રાજગિનો શો સગો થાય? તે જાણવામાં નથી.)

૭ ધાડિયપ્પા બીજો. | ૮ ભિલ્લમ બીજો, શક ૯૨૨

૯ વેસુગિ પહેલો

૧૦ અર્જુન

૧૧ ભિલ્લમ ત્રીજો, શક ૯૪૯ (ચાલુક્યવંશના જયસિંહનો જમાઈ.)

૧૨ વાદુગિ બીજો.

(સગપણ જાણવામાં નથી) ૧૩ વેસુગિ બીજો.

(સગપણ જાણવામાં નથી) ૧૪ ભિલ્લમ ચોથો.

(સગપણ જાણવામાં નથી) ૧૫ સેઉણચંદ્ર બીજો, શક ૯૯૧ ઇ. સ. ૧૦૬૯ ચાલુક્ય વંશના બીજા વિક્રમાદિત્યનો મિત્ર

૧૬ પરમાર દેવ. | ૧૭ (પહેલો.) સિંઘણ (સિંહરાજ)

૧૮ મલ્લુગિ

રાજા જૈત્રપાલ કરીને હતો તેનો કુમાર સિંઘણ (સિંહણ-સિંહન) શક

અમરગંગેય — ગોવિંદરાજ

અમરમલ્લગિ. — બલ્લાળ.

૧૯ ભિલ્લમ પાંચમો, ગુજર્યો શક ૧૧૧૩, અથવા ઇ. સ. ૧૧૯૧.

ભિલ્લમે ચાલુક્યનું સાર્વભૌમ્યરાજ્ય પોતાને સ્વાધીન કરી લઇને યાદવનું સાર્વભૌમ્યરાજ્ય સ્થાપ્યું, તેથી તે દેવગિરિનો પ્હેલો ભિલ્લમ કહેવાયો.

૧ ભિલ્લમ પહેલો.

(શક ૧૧૦૯-૧૧૧૩ અથવા ઈ. સ. ૧૧૮૭-૧૧૯૧)

૨ જૈત્રપાલ-જૈતુગિ.

(શક ૧૧૧૩-૧૧૩૨ અથવા ઇ. સ. ૧૧૯૧-૧૨૧૦)

૩ સિંઘણ (સિંહન) બીજો.

કોલ્હાપુરનું રાજ્ય પોતાના રાજ્ય સાથે ભેળવી લીધું. ગૂજરાત ઉપર બે સવારી કરી.

(શક ૧૧૩૨-૧૧૬૯ અથવા ઇ. સ. ૧૨૦૯, ૧૨૧૦-૧૨૪૭)

જૈત્રપાલ-જૈતુગિ.

(સિંઘણની હયાતીમાં મરણ પામ્યો)

૪ કૃષ્ણ, કન્હાર-કંધાર, શક. ૧૧૬૯-૧૧૮૨, ઇ. સ. ૧૨૪૭-૧૨૬૦

૫ મહાદેવ. શક ૧૧૮૨-૧૧૯૩, ઇ. સ. ૧૨૬૦-૧૨૭૧ — આમણ.

અંક ૪ તથા ૫ સિંઘણના પૌત્ર થાય.

૬ રામચંદ્ર-રામદેવ (એનો પ્રધાન હેમાદ્રી નામે બ્રાહ્મણ હતો, તેણે કેટલાક ગ્રન્થ રચ્યા છે.)
શક ૧૧૯૩-૧૨૩૧,
ઇ. સ. ૧૨૭૧-૧૩૦૯

૭ શંકર (શક ૧૨૩૧-૧૨૩૪ ઇ. સ. ૧૩૦૯-૧૩૧૨.)

એને મલેક કાફુરે ઠેર કર્યો અને દેવગિરિ અથવા દૌલતાબાદ પોતાનું રહેવાનું સ્થાન કર્યું.

૮ હરપાળ. શક ૧૨૪૦ ઇ. સ. ૧૩૧૮ માં તેણે બંડ કરીને મુસલમાનોને હાંકી કહાડ્યા, એટલે મુબારિક તે(રામચંદ્રનો જમાઈ-મેહુણા)ના ઉપર ચ્હડાઈ કરીને તેને કેદ કરયો અને જીવતાં તેની ચામડી ઉકેલી નાંખીને મારી નાંખ્યો. ત્યાર પછી મુસલમાની રાજ્ય થયું.

૧૧૩૨ માં ગાદિયે બેઠો. તેણે जज्जल[1] નામના રાજાનો પરાભવ કરીને તેના મત્ત હાથી પડાવી આણ્યા; कक्कूल[2] નામના રાજાની રાજ્યશ્રી હરણ કરી લીધી; અર્જુનનો સમૂળગો નાશ કર્યો; આ અર્જુન ઘણું કરીને માળવાનો રાજા હશે; જનાર્દન કરીને એક કરિવાહિની હતો તેની પાસેથી ગજશિક્ષા સિંઘણે જાણી લીધી હતી, તેના યોગે કરીને તે અર્જુનનો સમૂળગો નાશ કરવાને સમર્થ થયો હતો. વળી તેણે ભોજને પકડીને કેદ કરી લીધો હતો.

લક્ષ્મીધર રાજા જે રંભાગિરીકેસરી કરીને કહેવાતો હતો તેને નમાલો કરી મૂક્યો, પોતાના અશ્વસમૂહથી ધારના રાજાને ઘેરી લીધો, અને બલ્લાળના હાથમાં જેટલો દેશ હતો તેટલો પોતાને સ્વાધીન કરી લીધો.

આ સઘળું કાર્ય સિંઘણને પોતાની બાળલીલાતુલ્ય[3] હતું. મથુરા અને કાશીના રાજાઓને લડાઈમાં ઠેર કર્યા, અને સિંઘણનો એક સરદાર જે ન્હાનો છોકરો હતો, તેણે હમીરને જિતી લીધો.[4] ધારવાડ જીલ્લામાં તિલિવલ્લીમાં કોરેલો એક લેખ છે તેમાં પણ કહ્યું છે કે, તેણે जज्जलदेवનો પરાજય કર્યો, હોયસલ વંશના बल्लाल રાજાને જિતી લીધો, પન્હાલાના ભોજ રાજાને પોતાની સત્તા નીચે આણ્યો, અને માળવાના રાજાને નરમ પાડી દીધો.[5] એક ઠેકાણે[6] વળી એમ પણ લખ્યું છે કે, ગૂજરાતના રાજારૂપી હાથી ઉપર તે અંકુશરૂપે હતો. સિંઘણ વિષેનો એક લેખ શક ૧૧૩૫ નો ગદકમાં છે, તે ઉપરથી એમ જણાય છે કે, શક ૧૧૩૫ પ્હેલાં એણે વીર બલ્લાળના રાજ્યનો દક્ષિણ ભણીનો દેશ પોતાને સ્વાધીન કરી લીધો હશે.[7]

---

૧ જનરલ કનિંગહામના આર્કિયાલાજિકલ રિપોર્ટ ભાગ ૧૭ ને પૃષ્ઠ ૭૫, ૭૬–૭૯ માં ચેદી વંશની પૂર્વ ભણીની શાખાના કુળની વંશાવળી આપી છે, તેમાં આ નામ જોવામાં આવે છે, તે છત્રીસગઢ પ્રાંતનો અધિપતિ હતો.

૨ ચેદી વંશની પશ્ચિમ શાખા હતી, જેની રાજધાની ત્રિપુર અથવા તેવુર હતી. કોક્કલ નામ તે શાખામાં છે તેજ આ.

૩ હેમાદ્રીના વ્રતખંડની રાજપ્રશસ્તિના શ્લોક. ૪૩, ૪૪, ઇન્ડિયન એન્ટીક્વેરીનો ભાગ ૧૪, પૃ. ૩૧૬.

૪ રોયલ એશયાટિક સોસાઇટીના પુસ્તકની નવી માળા ભાગ ૧ લો, પૃ. ૪૧૪. (બોમ્બે ગેઝેટિયર ભા. ૧ લો. વિભાગ બીજો, પૃ. ૨૩૬–૨૫૨)

૫ બોમ્બે બ્રાન્ચ રો. એ. સો. ના પુસ્તકનો ભાગ ૯, પૃ. ૩૨૬

૬ મેજર ગ્રાહામનો કોલ્હાપુર વિષે રિપોર્ટ છે તેમાંનો અંક ૧૩ નો લેખ.

૭ ઇન્ડિયન એન્ટીક્વેરી ભાગ ૨ જો. પૃ. ૨૯૭.

સિંઘણ પોતાની રાજધાની દેવગિરિમાં રાજ્ય કરતો હતો. પન્હાલાના[1] ભોજ રાજા વિષે ઉપર લખવામાં આવ્યું છે તે શિલાહાર રાજકુલનો કોઈ રાજા હતો. તેનો પરાભવ કરીને યાદવોએ તેનું કોલ્હાપુરનું રાજ્ય પોતાના રાજ્ય સાથે ભેળવી દીધેલું જણાય છે. ઉત્તર કોકણમાં એક બીજી શાખા રાજ્ય ચલાવતી હતી તેનો જેમ આગળ ઉપર યાદવોએ અન્ત આણ્યો હતો તે પ્રમાણે તેમણે આ શાખાનો પણ છેડો આણ્યો. આ સમય પછીના કોલ્હાપુરના જે લેખ જોવામાં આવે છે તેમાં યાદવ વંશના રાજાઓનાં નામ હોય છે, તે સાથે તેમણે ત્યાંનો કારભાર ચલાવવાને જે અધિકારિયો નીમેલા તેમનાં નામ પણ છે. આ પ્રાંતમાંના ખેદ્રાપુરમાં સિંઘણનો લેખ છે, તેમાં શક ૧૧૩૬ માં એ રાજાએ કોપેશ્વર નામના દેવસ્થાનમાં એક ગામ આપ્યાનું કોરેલું છે.

સિંઘણે ગૂજરાત ઉપર ઘણી વેળાએ સ્વારિયો કરેલી હોય, એમ જણાય છે. આંબેમાં એક લેખ છે તેમાં એમ કોરેલું છે કે મુદ્ગલ ગોત્રનો ખોળેશ્વર કરીને એક બ્રાહ્મણ સંસ્થાનિક, યાદવ રાજાનો મ્હોટો શૂરો સેનાપતિ હતો; તેણે ગૂર્જર રાજાનો ગર્વ બેસારી દીધો; માલવ રાજાને કીડાની પેઠે કચરી નાંખ્યો; આભીર રાજાના કુળનો સમૂળગો નાશ કરી નાંખ્યો; અને તે પોતાના સ્વામીના શત્રુઓને દાવાગ્નિતુલ્ય મનાતો હતો, એવા તેણે સિંઘણને મન ચિન્તા રહે એવું કાંઈ રહેવા દીધું નહિ. એના પછી એના દીકરા રામને સેનાપતિ ઠરાવ્યો અને એના ઉપરીપણા નીચે એક મ્હોટી સેના ગૂજરાત ઉપર ફરીને મોકલાવી દીધી. તે નર્મદા નદી સુધી પ્હોંચી ગયો, ત્યાં લડાઈ થઈ તેમાં તેણે ઘણા ગૂર્જર સુભટોને કાપી નાંખ્યા, પણ છેવટે પોતે ત્યાં માર્યો ગયો.[2] આ વૃત્તાન્ત ઉપરથી વધારે વાર નહિ તો બે વાર પણ સિંઘણે ગૂજરાત ઉપર અશ્વારી કર્યાનું સ્પષ્ટ જણાય છે. અને સોમેશ્વરની કીર્તિકૌમુદી ઉપરથી લવણપ્રસાદ અને વીરધવલના સમયમાં તેણે ગૂજરાત ઉપર હુમલો કર્યાનું લખેલું છે, તે ઉપરથી સિદ્ધ થાય છે. તેમાં લખ્યું છે કે[3]:—

ગૂજરાતનો રાજા લાવણ્યસિંહ ધર્મથી પોતાની પ્રજાનું પાલન કરતો હતો. એવામાં, દક્ષિણના રાજા સિંઘણે પોતાના હેરક મોકલીને ગૂજરાત દેશના રાજાની મનોહર રાજ્યલક્ષ્મી તેમના દ્વારાએ જોઇને તે પ્રાપ્ત કરી લેવાને માટે પોતાની સેનારૂપી દૂતી મોકલીને તેનું ગ્રહણ કરવા માટે આ.

---

૧ મેજર ગ્રાહામના રિપોર્ટમાંનો અંક ૧૦ નો લેખ.

૨ આર્કિયાલોજિકલ સર્વે આફ વેસ્ટર્ન ઇન્ડિયાના ભાગ ૩ જાને પૃ. ૮૫ મે જુઓ.

૩ કીર્ત્તિકૌમુદી સર્ગ ૪ થો, શ્લોક ૪૩–૫૩–૫૫ થી ૬૦

દેશ કર્યો. સેના ચ્હડી આવી, એટલે સિંહની ગર્જના સાંભળીને હરિણ જેમ ચકિત થઇને ચારે દિશાએ ભયભીત થઇને જોયાં કરે તેમ તે સેનામાંથી થતા સિંહનાદ સાંભળીને ગૂર્જર રાજના પુરવાસિયો ભયભીત થઇને વારંવાર દિશાઓ ભણી જોયાં કરતા હતા. કોઈ પણ નવું ઘર ચણાવવાનો આદર કરતું નહિ; તેમ જ કોઈ ધાન્યનો સંગ્રહ પણ કરતું નહિ; અને પરચક્ર આવવાની શંકાથી પ્રજાઓનું ચિત્ત સ્થિરતા પામતું ન હતું. આવા સમયમાં ધાન્યનો સંચય કરવામાં હાનિ છે, એવું સર્વે સમજતા હતા, તેથી તેની ઉથલપાથલ થવામાં અને ઉચાળા ભરવામાં ગાડાંની અગત્ય પડવાથી ગાડાંવાળાનો ભાવ ઘણો વધી પડ્યો હતો; જેનું નિવારણ કરી શકાય નહિ એવી વિપત્તિનો ઉદય થવાનો હોતાં દેહધારિયોને માત્ર ચક્રવૃત્ત(વિષ્ણુ)નું શરણ લેવાનું પ્રાપ્ત થયું હતું. મદના કારણને લીધે, જેમ જેમ રિપુરાજાની સેના સમીપ આવતી જતી હતી, તેમ તેમ મનુષ્યોના સમુદાયને શત્રુથી વધારે ભય થતો હતો. મ્હોટા શૂર સુભટો હોવાથી યાદવ રાજાનું ગર્વિષ્ટ થઈ ગયલું સૈન્ય આવે છે એમ જાણીને શ્રી લવણપ્રસાદ દેવે કોપ કરીને પોતાના કપાળને ભ્રમર ચડાવીને કુટિલ કર્યું. અતિશય પરાક્રમવાળા ચુલુક્ય રાજાના કંઠમાં જેની કાન્તિ પ્રસરી રહી હતી એવી હિરણ્યમયી સ્રક્ તે જાણે ભયભીત થયલી ચુલુક્ય ભૂપની રાજ્યલક્ષ્મિયે તેના કંઠમાં બાહુવલ્લી નાંખેલી હોયની એમ વિરાજતી હતી. આ રાજાની યુદ્ધસામગ્રી થોડી હતી તેમ છતાં પણ શત્રુની મોટી સેનાની સામે થયો, કારણ કે રણસંગ્રામ ચાલુ થયા છતાં સુભટોનાં પગલાં તો તેના સામાં જ પડે છે. શત્રુનો બળ (સેના) રૂપી સમુદ્ર તાપી નદીના તટ ઉપર ચ્હડી આવ્યો, એટલે તેના કરતાં પણ અધિક તાપ આપનારો તથા જેના બાહુનું અતિશય બળ છે એવો તે શૂર રાણો વેગથી મહિ નદીના કાંઠા ઉપર આવી પ્હોંચ્યો. લોકોના મનમાં નાના પ્રકારના વિચાર આવતા હતા, કેટલાક કહેતા હતા કે શત્રુની સેના ઘણી છે, તેથી જિતી શકાય નહિ એવું છે, એમ વારંવાર વિચાર કરતા, તથાપિ સંદેહમાં પડતા માણસો નક્કી કરી શકતા ન હતા કે આનું તે શું પરિણામ આવશે? શત્રુની સેના ક્યાં આગળ છે? અથવા તે ક્યાં પડાવ કરીને પડેલી છે? તે દૂતોથી જાણવામાં આવવું જોઇયે, તેને બદલે તેઓ ગામડાં બાળી નાંખતા હતા તેથી ગગનરૂપી અંગણમાં ઉડેલા ભયંકર ધૂમાડા જોઇને તે ક્યાં છે તેની ધારણા કરી શકતા હતા.

જે ભૃગુકચ્છ(ભરૂચ)ની ભૂમિમાં ઘાસ આદિ કાંઈ પણ શેષ રહ્યું નહતું તેવી જગ્યાએ ઘણા કાળથી ફરતી એવી સંખ્યાબંધ અને દુર્જય એવી યાદવોની વૃષ્ણિ નામની જાતિ હતી તેની આ જિતી ન શકાય એવા વીર

કેસરિયે (રાણાએ) કાંઈ પણ ગણના કરી નહિ. મત્સરનો પ્રબંધ પ્રસર્યો ,એવા સમયમાં આ વીર પુરૂષે તરત જ રણમાં ભયંકર એવો પોતાનો કૃપાણ (બે ધારવાળો ખડ્ગ) એક હાથમાં ધારણ કર્યો અને બીજા હાથમાં સંગ્રામમાં ઝંપલાવી પડતા પોતાના પુત્ર વીરધવળને ધારણ કર્યો. આ પ્રમાણે આ પિતાપુત્ર બંને બીજા રાજાની સાથે યુદ્ધમાં મચેલા હતા તેવામાં તેને સપડાવાનો લાગ સારો છે એમ ધારીને મારવાડના ચાર રાજા તેમના ઉપર ચ્હડી આવ્યા; એટલે એ બન્ને જણા પેલા ચારે રાજાની સેના ઉપર તૂટી પડ્યા. આ ઉપરથી લડાઈના મથક ઉપર કોનું કેટલું સુભટપણું છે તે વાંચનારાઓએ સમજી લેવું. આગળ પાછળની સેના વચ્ચે આવી ગયલો રાણો હવે નક્કી હારી જશે, અને આપણા ઉપરથી તેમનું ધુંસરૂં ઉછાળી નાંખવાનો સારો લાગ મળશે, એવી આશા રાખીને ગોધરા[૧] અને લાટના માંડળિક રાજાઓએ મારવાડી રાજાઓ સાથે ગુપ્ત સંધિ કર્યો, અને પોતાના અધિરાજાને આવા સંકટના સમયમાં તજી દઇને શત્રુ ભણી થઈ જઈ તેમના લશ્કરમાં ભળી ગયા. પણ આ બે વીર પુરૂષો તો આ બે સામંતો પોતાની સેનામાં હતા તેથી પોતાના કટકને બલિષ્ટ માનતા ન હતા, તેમ જ તેઓના જતા ર્‌હેવાથી તે નિર્બળ બની ગયું હોય એમ માનતા ન હતા; કારણ કે ભિદ્ય અને ઉદ્ધ્ય નામના હ્રદનું જળ સમુદ્રમાં આવવાથી તે ચયી થતો નથી, અથવા તો ક્ષયી થતો નથી. આગળ સિંઘણનું સૈન્ય હતું અને પાછળ ચાર મરૂરાજા અને આ બે ફૂટેલા રાજા થઇને છ હતા, તો પણ અચિંત્ય શક્તિવાળા આ બે વીરનો મુખરાગ વિપર્યય પામતો નહતો. આગળ ભાગતા યદુવીરોની પછવાડે તે શૂરવીરો મદોન્મત્ત હાથીની પેઠે તેમની પૂંઠ મૂકતા ન હતા. તેવામાં પછવાડેથી વ્યથા થવાને લીધે તેઓએ તેમને જતા મૂક્યા. અને સકોપ થઇને આ છ જણા ઉપર તૂટી પડ્યા. જગતમાં જેમણે અખિલ પ્રદેશ બાળી નાંખ્યો હતો, અને જેને લીધે ઘણા ચોર(મલીમ્લુચ)નો પ્રસાર થયલો હતો, એવો તે રાજાઓનો પરસ્પર વિગ્રહ ગ્રહોની સમાન હતો. ચુલુક્ય વંશમાં ઉત્પન્ન થયલા આ બે શૂરવીરોને ઘણા વિપરીત રાજાઓથી ઘેરાઈ ગયા જાણી, સર્વે માણસોનો સમુદાય સૂર્ય અને ચન્દ્ર જેમ મેઘથી દુર્દિન થાય છે, તેમ માનવા લાગ્યો. ચુલુક્ય રાણો પાછો વળ્યો હતો, તો પણ યાદવો તેમની પાછળ ધાયા નહિ; કેમકે સિંહ જે માર્ગનો આશ્રય કરીને પછી તે પાછો મૂકી દે છે, તો પણ તત્ક્ષણમાં હરિણો તે

૧ ગોધરામાં સંવત્ ૧૧૦ માં ચાલુક્ય વંશના હળકંહદેવજિયે ટુકટોડામાંથી આવીને સ્થાપના કરી હતી તેના વંશજ સં. ૯૧૬ માં વીરમદેવજી હતા; તેના વંશજ.

માર્ગમાં અનુગમન કરી શકતા નથી. આ પ્રમાણે હોતાં પ્રસરતા અતિશય તીવ્ર પ્રતાપને લીધે રૌદ્ર જણાતો એવો તે શૂરવીર લવણપ્રસાદ ચંદનાદ્રિ- (મલયાચળ)ની દિશા છોડીને હિમાલયની દિશા ભણી જવાને પ્રવૃત્ત થયો.

સિંઘણની સેના સાથેના પ્રસંગ વિષે ઉપર પ્રમાણે સોમેશ્વર લખે છે; પણ આ પ્રસંગે બંને જણને સલાહ કરી લેવામાં લાભ હતો, એમ સમજાયાથી તેમણે સંધિ કર્યો હોય, એમ કેટલાક ધારે છે.[1] અને આવી ધારણા કરવાનો એક બનાવ બન્યાની વાત આગળ ધરવામાં આવે છે–તે એ કે લેખપંચાશિકા નામનો, નાના પ્રકારના લેખ લખવાની પદ્ધતિનો એક ગ્રંથ, જે ઘણું કરીને સંવત્ ૧૨૮૮ માં રચાયલો જણાય છે, તેની એક પ્રતિ સંવત્ ૧૫૩૬ ની સાલમાં લખાયલી સરકારે ખરીદ કરેલા સંગ્રહમાં છે, તેમાં એક યમલપત્ર એટલે બે જણાયે મળીને કરેલો કરાર નીચે પ્રમાણે છેઃ—

संवत् १२८८ वर्षे वैशाख शुदि १५ सोमेऽद्येह श्रीमद्विजयकटके महाराजाधिराजश्री श्रीमत्सिंहणदेवस्य महामंडलेश्वर राणक श्री लावण्यप्रसादस्य च संराज (साम्राज्य અથવા सम्राट्) कुलश्री श्रीमत्सिंहणदेवेन महामण्डलेश्वर राणश्री लावण्यप्रसादेन पूर्वरूढ्यात्मीय २ (ઝગડો કર્યો એટલે બે વાર आत्मीय વાંચવું) देशेषु रहणीयं । केनापि कस्यापि भूमिनाक्रमणीया ।

સંવત્ ૧૨૮૮ વર્ષે વૈશાખ શુદિ ૧૫ સોમવારે શ્રીમદ્વિજયકટકને વિષે મહારાજાધિરાજ શ્રી શ્રીમદ્ સિંહણદેવ તથા મહામંડલેશ્વર રાણક શ્રી લાવણ્યપ્રસાદ વચ્ચે થયલો કરાર એવો જે ચક્રવર્ત્તી રાજ્યવાળા કુળના શ્રીમદ્ સિંહણદેવ તથા મહામંડલેશ્વર રાણાશ્રી લાવણ્યપ્રસાદ તેમણે પૂર્વની રૂઢિ પ્રમાણે પોતપોતાના દેશમાં રહેવું; કોઇયે પણ કોઇની પણ ભૂમિ બલાત્કારે લેવી નહિ.

આ પછી કરારપત્રમાં એમ પણ છે કે, બેમાંથી કોઈના ઉપર કોઈ શત્રુ હલ્લો કરે તો તેને છોડાવવા બંનેનાં લશ્કરે એકઠાં થઇને જવું, તેમ જ વળી, કોઈ રાજપુત્ર કાંઈ મૂલ્યવાન્ વસ્તુ લઇને એક બીજાના દેશમાં જાય તો તેને રહેવા દેવાનો આશ્રય આપવો નહિ.

---

૧ જુવો પાછળ પૃષ્ઠ ૪૪૭ કીર્ત્તિકૌમુદીનો સર્ગ ૫ નો શ્લોક ૬૭ મો.

संधाय बन्धु जनता जनितोपरोधा द्वीरैर्विरुद्धहृदयोपि समं नृपस्तैः ॥

पुत्रेण तेन सहदुःसहपौरुषेण स्वार्थी ससाद नगरीं लवणप्रसादः ॥ ६७ સર્ગ. ૫

ઉપર કહેલા સામા પક્ષના વીરોની સાથે સંધિ કરવાને લવણપ્રસાદનું મત વિરૂદ્ધ હતું, તથાપિ તેના ઘણા બંધુજનોએ તેમ કરવાની સલાહ આપવા ઉપરથી તે તેમની સાથે સંધિ કરીને દુઃસહ પરાક્રમવાળા પુત્રને લઇને પોતાનો જેમાં સ્વાર્થ રહેલો છે એવી નગરીમાં આવ્યો.

ઉપરનો લેખ કરારના નમુના તરીકેનો છે ખરો, પણુ જો તે પ્રમાણે બનાવ બન્યો ન હોય તો વિગતવાર અને નામવાર દાખલ કરાય નહિ.[૧]

જગડૂ શાહ અને પાર દેશનો પીઠદેવ

ચૌલુક્ય વંશના એક ભૂષણુ રૂપ નરેશ્વર શ્રી **ભીમ**દેવ પ્હેલાએ **ભદ્ર**પુર[૨] (**ભદ્રે**શ્વર)નો કોટ ચણાવ્યો હતો, તે પાર દેશથી સેના લઇને **પીઠ**દેવ[૩]

---

૧ મારી પાસે આવા જ પ્રકારનો **"લેખપદ્ધતિ"** નામનો એક જૂનો ગ્રન્થ છે, તે પંડિત **જેષ્ઠારામ** પાસેથી મને મળ્યો છે, તેમાં જે જે સમયના જે જે રાજ્યકર્ત્તાઓ અને બીજા પુરૂષો થઈ ગયા તે તેનાં નામ અને તે સમય જૂદા જૂદા લેખોમાં દાખલ કરેલા છે, તેમાં સંવત્ ૮૦૨ તથા સંવત્ ૧૨૮૮ ના લેખ ઘણા છે. અમારા આ પુસ્તકમાં ઉપરનો યમળ પત્ર નથી, કેમ કે તેમાં થોડાં પાનાં ખૂટતાં જણાય છે.

સંવત્ ૧૩૩૨ **અણુહિલપત્તન**માં મહારાજાધિરાજ **સારંગ**દેવનું નામ છે.

સંવત્ ૧૩૬૬ **સીતાપુર** ગ્રામનો છે.

સંવત્ ૧૩૯૯ માં **મોડાસા**નિવાસિ **શકલ** શ્રી **વાઘપા**દનું નામ છે.

સંવત્ ૧૪૦૧ માં **પંચાલ** દેશ વિષે **રાણાશ્રી રણમલ્લ**દેવનું નામ છે.

જ્યાં નામ નથી ત્યાં **અમુક** એવો શબ્દ લખ્યો છે.

૨ કચ્છમાં **સુનરા** તાલુકાનું ગામ છે.

૩ **થરપારકરનો** રાજા જેની વંશાવળી નીચે પ્રમાણે છે:—(**તોફતુલા** કિસમ પ્રમાણે તેમાં **મુન્તખબુ** તવારીખ ઉપરથી લીધું છે.)

સુમરો (હિ. સ. ૪૪૫ થી ૪૪૬ ઇ. સ. ૧૦૫૩ થી ૧૦૫૪ સુધી, વર્ષ. ૧)
|
ભુંગર (હિ. સ. ૪૪૬–૪૬૧ ઇ. સ. ૧૦૫૪ થી ૧૦૬૯ સુધી, વર્ષ ૧૫ રાજ્ય કર્યું.)
|
દોદા (દૂદા) પ્હેલો. (હિ. સ. ૪૬૧ થી ૪૮૫ ઇ. સ. ૧૦૬૯ થી ૧૦૯૨ સુધી, ૨૪ વર્ષ રાજ્ય કર્યું)

થારી (દીકરી) સંઘાર ન્હાનો હતો માટે રાજ્ય કર્યું.

સંઘાર. (હિ. સ. ૪૮૫–૫૦૦; ઇ. સ. ૧૦૯૨ થી ૧૧૦૭ સુધી, ૧૫ વર્ષ રાજ્ય કર્યું.)
|
ખફીફ. (હિ. ૫૦૦ થી ૫૩૬; ઇ. સ. ૧૧૦૭થી ૧૧૪૩ સુધી, ૩૬ વર્ષ રાજ્ય કર્યું.)
|
ઉમર. (હિ. સ. ૫૩૬–૫૭૬; ઇ. સ. ૧૧૪૩ થી ૧૧૮૩ સુધી, ૪૦ વર્ષ રાજ્ય કર્યું.)
|
દોદો સાનો બીજો. (હિ. સ. ૫૭૬–૫૯૦; ઇ. સ. ૧૧૮૩ થી ૧૧૯૭ સુધી; ૧૪ વર્ષ રાજ્ય કર્યું.)
|
Pwan hun **પિથુ.** (પિથૂ-ફેતૂ)

પીઠદેવ (ઇ. સ. ૧૧૯૭ થી ૧૨૩૦ / સં ૧૨૫૩ થી ૧૨૮૬ / હિ. સ. ૫૯૦–૬૨૩) ૩૩ વર્ષ રાજ્ય કર્યું.

આવ્યો તેણે તોડી પાડ્યો અને રસ્તામાં આખા દેશમાં ઘણો ભંજવાડ કર્યો, અને પોતાના પ્રચંડ ભુજરૂપી દંડનું પરાક્રમ બતાવતો સમૃદ્ધિમાન્ થઈ પોતાને પાર દેશ પાછો ચાલ્યો ગયો.

ત્યાર પછી ફરીને કોટ ચણાવવાનો જગડૂ શાહે આદર કર્યો. એ વાતની પીઠદેવને ખબર પડી, એટલે તેણે પોતાનો એક સંદેશહારી ત્યાં મોકલીને કહાવ્યું કે, "જો ગધેડાને માથે બે શીંગડાં ઊગવાનો સંભવ હોય તો તું આ ઠેકાણે ફરીને કોટ ચણાવી શકે." આવું તે દૂતનું વચન સાંભળીને જગડૂ શાહે તેને કહ્યું કે "ઠીક છે, ગધેડાને માથે બે શીંગડાં ઉગાડીને પણ હું અહિં વપ્ર (કોટ) બંધાવવાનો પ્રયત્ન કરીશ."

વાચાળ દૂતે ઉત્તર આપ્યું કે "ઘણા ધનના અભિમાનમાં તણાઈને તું મારા ધણીની સાથે વિરોધ કરી તારા કુળનો વૃથા નાશ કરવાનું શું કરવાને કરે છે?" સાંભળ:—

ગીતિ–દીપક પ્રભાવ પેખે, તો પણ તેમાં પતંગ જઈ પડતો;
પરિણામે તે પોતે, નિજ કાયાનો વિનાશ ઝટ કરતો.

"મારો ધણી મહા તેજસ્વી પુરૂષ છે તેની સાથે બગાડીને કોઈ સુખી થયો નથી. એ કેવા છે તે તું જાણે છે? એણે પ્રચંડ ભુજરૂપી દંડ ધરનાર સર્વ શત્રુ રાજાઓનો પ્રતાપ એક ક્ષણમાં હરી લીધો છે, તે તારા જેવા વૈશ્યની સાથે લડાઈમાં ઉતરવાને શરમાય એમ છે. માટે મારા ધણિયે જે સંદેશો કહાવ્યો છે તેને માન આપીને કોટ ચણાવવાનો આદર તું મૂકી દે. અને મારૂં કહ્યું માને તો તારી આ બધી સાહેબીનો ઉપભોગ તારાં સગાં વ્હાલાં સહિત તું કર."

આવું સાંભળીને જગડૂ જે સામાનાં મન વરતી લેવામાં કુશળ હતો તે બોલ્યો કે, કોટ ચણાવવાનું કામ મેં આદર્યું છે તે પૂરૂં કરીશ, તારા ધણીથી કાંઈ ડરતો નથી.

આ પ્રમાણે ઇન્દ્ર સમ કાન્તિવાળા જગડૂ શાહ ભણીથી તિરસ્કાર પામીને તે સંદેશહારી પોતાના ધણી પાસે જઈ પ્હોંચ્યો અને જે બન્યું હતું તે સર્વ તેને કહી સંભળાવ્યું.

આણી મગ જગડૂ શાહ સમઝ્યો કે વડાની સાથે વૈર બંધાયું, એટલે પૂરી તૈયારી રાખવી જોઇએ. તે ઉપરથી તે અણહિલપુર ગયો અને પ્રશસ્ત (ઉમદા) નરેશ્વર શ્રી લવણપ્રસાદને ભેટ કરી. ચૌલુક્યકુલદીપક, જગડૂને સારી પેઠે ભેટીને મળ્યો, અને પોતાની પાસે વરાસને બેસારી તેનો આદરસત્કાર કરી પૂછ્યું કે "હે કૃતિન્! તમારા સકલ કુળમાં ક્ષેમ

કુશળ છે? અને ભદ્રપુરમાં સર્વ સારી પેઠે છે? અમારા નિર્દેશ વિના ઓચિંતું તમારે અહિં શા કારણસર આવવું થયું? અહો સદ્‌ગુણુરાજમાન્! મુમુક્ષુનું ચિત્ત જેમ સુસમાધિથી સ્થિર રહે છે, ધરાતલ જેમ મેરૂ પર્વતથી સ્થિર રહે છે તેમ મારૂં રાજ્ય તમારા થકી ત્યાં સ્થિર વિરાજે છે."

રાજાનું આવું ક્‌હેવું સાંભળીને જગડૂ પોતાના હૃદયમાં અતિ આનંદ પામતો સર્વ સભા સાંભળતાં બોલ્યો કે, "અહો મહારાજા! આપ સર્વ શત્રુઓનો નાશ કરવાવાળા સમર્થ આ પૃથ્વી ઉપર સત્તા ચલાવો છો તો પછી મારા કુળની તથા ભદ્રેશ્વરની કુશળતા હોય એમાં શી નવાઈ છે? તો પણ મારે ક્‌હેવું જોઇયે કે, એક અતિ ક્રોધી એવો પીઠદેવ રાજા આપની આજ્ઞાની અવજ્ઞા કરે છે. અહો દેવ! પ્રજાના આનંદને માટે જ આપનો ઉદય થયો છે, અને આપનો પ્રભાવ પ્રતિ દિવસ વધતો જાય છે, એવા સૂર્ય સમાન આપની સ્પર્ધા ધુંધુંરાજારૂપ તે કરીને આપની અવજ્ઞા કરે છે. વળી જેમ જળનો પ્રવાહ નદીના તટને તોડી નાંખે છે તેમ ચૌલુક્ય વંશના આભરણરૂપ શ્રી ભીમદેવ મહારાજે પૂર્વે ચણાવેલો ભદ્રેશ્વરનો દુર્ગ તેણે પાડી નંખાવ્યો છે, અને મને એવી ધમકી આપી છે કે જો કોઈ કાળે ગધેડાને માથે બે શીંગડાં ઉગે તો તું આ ઠેકાણે સુંદર દુર્ગ ચણાવી શકે. આ ઉપરથી હું મારી પ્રતિજ્ઞા પાળવાને સારૂ આપની પાસે ઉતાવળો આવ્યો છું, માટે ક્ષત્રિયના મહાન્ છત્રીશ કુળમાં ઉત્પન્ન થયલા સુભટોની સેના ત્યાં રાખવા માટે અપાવો."

એટલે લવણપ્રસાદે માગ્યા પ્રમાણે સેના તેને આપી, અને તે લઇને જગડૂ ભદ્રેશ્વર નગરમાં આવી પ્હોંચ્યો. આ સમાચાર પીઠદેવે સાંભળ્યા એટલે તે પોતાનું સ્થાન છોડીને કોણ જાણે ક્યાંય જતો રહ્યો! અહિં જગડૂ શાહે કોટ ચણાવવા માંડ્યો. પણ એમ ક્‌હેવાય છે કે દિવસે જેટલો ભાગ તૈયાર થાય તેટલો ભદ્રદેવ રાત્રે તોડી નાંખતા હતા. એટલા માટે તેને રીઝવવા સારૂ તે ભદ્રદેવનું તેણે કોટ ઉપર સ્થાપન કરાવ્યું. છ માસમાં કોટ પૂરો ચણાઈ રહ્યો, એટલે તેણે રાજાનું સૈન્ય પાછું વિદાય કર્યું.

આ પાસ પીઠદેવ પણ ભયથી ક્‌હિં પણ ટકી શક્યો નહિ, એટલે તેણે જગડૂની સાથે સલાહ કરી. એક પ્રસંગે તે ભદ્રેશ્વર આવ્યો ત્યાં જગડૂ શાહે તેની સારી આગતાસ્વાગતા કરી અને ચોગરદમ ઉંડી ખાઈથી વીંટળાયલો એવો પર્વત સમાન દુર્ગ તેને દેખાડ્યો. જગડૂ શાહે કોટના એક ખૂણામાં પથ્થરનો ગધેડો બનાવી રાખ્યો હતો, તેને માથે સોનાનાં બે શીંગડાં જડાવ્યાં હતાં, અને બીજી ગોઠવણ પણ પીઠદેવની માનું અપમાન થાય

એવી કરાવી રાખી હતી કે જેથી તે જોઇને પીઠદેવ અતિશય સંતાપ પામી ત્રાશી ગયો અને તેના મ્હોંમાંથી લોહીની ઉલટી થવા લાગી તેથી તેના પ્રાણ ગયા.

આ વાત સિંધુરાજના જાણવામાં આવી, એટલે તે પણ ડરી ગયો અને જગડૂને માનદાનથી પ્રસન્ન કર્યો.

જગડૂ શાહે ધર્મકાર્ય કરાવ્યાં, તેમાં તેણે મ્લેચ્છ પાસેથી મેળવેલા ધન વડે મસ્જીદ[1] ચણાવી હતી એમ લખ્યું છે; તે સાથે વળી લખવામાં આવ્યું છે કે, ચૌલુક્ય રાજાના લશ્કરની સાહાય્યથી જગડૂ શાહે નિરંકુશ મોગલોને જિતી લઇને જગતમાં સ્વાસ્થ્ય સ્થાપ્યું.[2]

આ સમયે મોગલોના વારંવારના હુમલાથી ભરતખંડનો વાયવ્ય કોણનો અને ઉત્તરનો ઘણો ભાગ તેમ જ પશ્ચિમ ભણીનો કેટલોક પ્રદેશ ખેદાનમેદાન થઈ ગયો હતો. દિલ્લીના સુલતાને તે પ્રદેશની રક્ષા માટે પોતાના સૂબેદાર મૂક્યા હતા, તેઓએ ત્યાંના ધણી થઈ પડવાના પ્રયત્નમાં ચલાવેલી ચાલચલગતથી રૈયતને ઘણી હેરાનગતિ થઈ છે. ભોળો ભીમ, પૃથ્વીરાજ ચોહાણ, અને જયચંદ્ર આદિ જેમ માંહોમાંહે લડીને નિર્બળ થઈ જવાથી શાહાબુદ્દીન-ગોરી આદિ મ્લેચ્છો ભરતખંડમાં રાજ્ય મેળવી લેવાને ફાવી ગયા;[3] તેમ જ આ ગજનીના રાજ્યકર્ત્તાઓના સામા બીજા મ્લેચ્છો થયા, તેથી તેમની તથા તેમની સાથે દેશની ખરાબી કેવી રીતે થઈ અને મોગલો તેમના ઉપર કેવી રીતે ફાવી ગયા તે જાણવાને તે પ્રસંગનો વૃત્તાન્ત જેમણે વાંચેલો હશે તેમના સમજવામાં સારી પેઠે આવેલું હોવું જોઇયે કે, સિંધુની પશ્ચિમ ભણીનો પ્રદેશ તેઓ દબાવી પડ્યા હતા, અને તેમનો અવરજવર અને હુમલા આસપાસના મુલ્કો ઉપર થતા હતા.

આ સમયે ભદ્રેશ્વર એ કચ્છનું મોટું બંદર હતું; ત્યાંના વ્યાપારિયો ઘણા છેટેના દેશો સાથે વેપાર ચલાવતા હતા. ત્યાંનાં વ્હાણ સમુદ્ર કિનારાના દેશો ભણી જતાં હતાં, અને તે દેશનાં વ્હાણ કચ્છ ભણી આવતાં હતાં.

---

૧ मसीतिं कारयामास बीमलीसंज्ञितामसौ ॥
भद्रेश्वरपुरे म्लेच्छलक्ष्मीकारणतः खलु ॥ ६ ॥ ६४ ॥

૨ चौलुक्यनृपचक्रेण मुद्गलान्स निरर्गलान् ॥
विजित्य जगति स्वास्थ्यं व्यतनोद्* व्यक्तविक्रमः ॥ ६६.

૩ જુઓ પાછળ પૃષ્ઠ ૩૦૫ થી ૩૦૮.

* શાસ્ત્રી પ્રભાશંકરની જગડૂ ચરિત્રની પ્રતિ જે અમે જોઈ છે, તેમાં व्यतनोदति એવો પાઠ છે અને ડા. બૂલર व्यतनोद्व्यक्त એવો પાઠ આપે છે.

જગડૂ શાહ[1] એક મોટો વેપારી હતો. તેનાં વ્હાણ પરદેશ જતાં હતાં, અને મ્લેચ્છોની સાથે વેપાર કરીને તેમની પાસેથી પણ એણે ધન પ્રાપ્ત કર્યું હતું. મોગલોના થતા હુમલા તેણે લવણપ્રસાદ અને વીરધવળની ફોજની મદદથી અટકાવી, તેમનું દ્રવ્ય પ્રાપ્ત કરી લીધું હોય એવો પણ સંભવ જણાય છે. આ વેળાએ સોમનાથ–દેવપટ્ટન બંદર સાથે પણ મ્લેચ્છોનો

---

૧ જગડૂ કચ્છ માંહેના હવણાંના મુનરા તાલુકાના ભદ્રેશર (મૂળના ભદ્રેશ્વર વેલાકૂલ બંદર) ગામનો રહેવાશી હતો. સર્વાનંદસૂરિયે "શ્રી જગડૂ ચરિત" નામનું કાવ્ય રચ્યું છે તે રા. બ. મગનલાલ દલપતરામ ખખ્ખરે છપાવી પ્રસિદ્ધ કર્યું છે, તેમાં પ્રારંભમાં ઉપોદ્ઘાત, પછી ભાષાંતર, પૂરવણી અને ત્યારપછી સંસ્કૃત મૂળ કાવ્ય એ પ્રમાણે ક્રમ રાખ્યો છે. મૂળમાં આવેલી સર્વ પ્રસિદ્ધ જગ્યાઓ તથા માણસો વિષેનો ખુલાસો ડા. બૂલરના ઇન્ડિયન સ્ટડીઝ અંક ૧ પ્રમાણે તથા તે ઉપરાંત બહુ શ્રમ લઇને રચ્યો છે. તેમાં જગડૂની વંશાવળી નીચે પ્રમાણે છે:–

વિચહુ (શ્રીમાળી વાણિયો.)
(જેણે કૂવા, વાવ, અન્નસત્રો, દેરાસર, અને પરબો બંધાવ્યાં તથા સંઘની સેવા કરેલી હતી.)

|

વરણાગ.
(કંથા નગરી જે હવણાં કંથકોટ કહેવાય છે તેમાં રહેતો હતો. એ સંઘ કહાડીને શત્રુંજય તથા રૈવતાચળ(ગિરનાર)ની યાત્રા કરી આવ્યો હતો.)

|

વાસ.

વીસલ.	વીરદેવ.	નેમિ.	ચાહડ.	વસ.
લક્ષ	સુલક્ષણ.	સોલ. (સોલક, ભદ્રેશ્વરમાં આવી વશ્યો, તેની સ્ત્રી લક્ષ્મી)		સોઢી.

સોલ.

જગડૂ (સ્ત્રી યશોમતી.); પ્રીતિમતી પુત્રી યશોદેવ વ્હેરે પરણાવી હતી તે તરત જ વિધવા થઇ.	રાજ. (સ્ત્રી રાજલદેવી.)	પદ્મ. (સ્ત્રી પદ્મા.)

વિક્રમસિંહ. (વિક્રમસી)	ધાંધો.	હંસી (પુત્રી) (હાંસબાઇ.

વ્યાપાર ચાલતો હતો, અને અર્જુનદેવના સમયમાં સંવત્ ૧૩૨૦ માં ત્યાંના પણ નાખુદા નુરૂદ્દીન પિરોઝે એક મસ્જીદ બંધાવી હતી, અને તે કામમાં ત્યાંના હિન્દુ આગેવાનોનો આશ્રય પણ હતો. તે પ્રમાણે ભદ્રેશ્વરમાં જગડૂ શાહે મસ્જીદ બંધાવી હોય એમાં નવાઈ નથી.

આ પ્રમાણે જ્યાં અગત્યનું જણાયું ત્યાં લવણપ્રસાદે અને વીરધવળે દેશની સમાધાની કરવાના અને આસપાસના રજવાડાઓને પોતાને સ્વાધીન રાખવાના ઉપાય યોજ્યા. મહારાષ્ટ્ર દેશ સુધી પ્હોંચી જઈને તે પ્રદેશ પોતાના વશમાં આણી મૂક્યો. વીરધવળના પરાક્રમની ખાતરી થવાથી લવણપ્રસાદે બધું કામ તેના માથા ઉપર નાંખી દીધું. તેણે પણ વસ્તુપાળ અને તેજપાળને પડખે રાખીને સાવધાનીથી રાજ્યતંત્ર ચલાવવા માંડ્યું. સમુદ્રને કિનારે આવેલા રાજાઓ ઉપદ્રવ કરતા હતા તેમને કેટલાંક કાર્યોમાં સાહાય્ય થઈ મંત્રિયે ફાવવા દીધા; તેઓ પણ રાજી થયા, અને તેમણે સારાં સારાં નજરાણાં મોકલવા માંડ્યાં. સર્વ સ્થાને સારી સ્વસ્થતા થઈ, અને ખેતીવાડી ખીલવા માંડી, એટલે, પ્રજાને ખાવાપીવાની ખામી રહી નહિ. રૈયતનું રક્ષણ કરવાનો સારો બંદોબસ્ત રાખવાથી કોઈ પ્રકારનો ભય રહ્યો નહતો. વીરધવળ નીતિથી રાજ્ય ચલાવતો હતો, તેથી કોઈ કોઈની સાથે વિરોધ કરી શકતું નહિ. જંગલના ભીલ લોકોને ખરેખરા દાબમાં રાખ્યા છે. પાલ્યના વનમાં જાળાં ઉપર લૂગડાં ઘરેણાં ટાંગી રાખવામાં આવતાં પણ તે કોઈ લઈ શકવાની હિમ્મત કરી શકતું નહિ. રાજ્ય કરવામાં તેણે સૂર્યનો ગુણ ધારણ કર્યો હતો; સૂર્ય પોતાનાં કિરણ દ્વારા પૃથ્વી ઉપરનું પાણી લઈ લે છે અને પાછી તેની અગત્ય પડે છે ત્યારે વર્ષાદ રૂપે વરસાવી પાછું આપી દે છે, તે પ્રમાણે આ રાણો કર લઇને તેથી ભેગું કરેલું ધન પ્રજાને સુખી કરવાના કામમાં વાપરતો હતો. પ્રવાસ કરનારા અને યાત્રિક લોકોને માટે ગામે ગામ તેણે અન્નક્ષેત્ર સ્થાપ્યાં હતાં, તેમાં ભૂખ્યાંને ભાવતાં ભોજન મળતાં હતાં, મુખવાસને માટે તંબોળ પણ મળતાં હતાં. રોગિયોના રોગ ટાળવા માટે ઔષધશાળાઓ સ્થાપી હતી, અને તેમાં સારા અનુભવી અને કુશળ વૈદ્યો રાખ્યા હતા, તેઓ પ્રજાના રોગ મટાડી દઇને પ્રજાને સુખી કરવામાં પોતાના આયુષ્યનો ઉપયોગ કરતા હતા. એક પંથવાળા લોકો બીજા પંથવાળાને કોઈ પ્રકારની કનડગત કરતા નહિ; તેમ જ એક વર્ણની પ્રજા બીજા વર્ણની પ્રજાવાળા ઉપર કોઈ રીતનો દ્વેષ રાખતી નહતી. દેશ પરદેશના વિદ્વાન્ લોકોનું તે સારૂં સન્માન કરતો હતો. વિદ્વાન, કળાકુશળ પંડિતોની સભામાં તે સદા બિરાજતો હતો. એના દરબારનો

પુરોહિત સોમેશ્વર નામે કવિ સારો વિદ્વાન્ હતો; તેના વિષે આગળ લખવામાં આવશે. સોમાદિત્ય, કમળાદિત્ય, નાના પંડિત ઈત્યાદિ ૧૦૮ પંડિતો એના દરબારમાં હતા. પરદેશના કવિ આવે તેમની પરીક્ષા કરીને જેની જેવી યોગ્યતા તેનો તે પ્રમાણે સત્કાર થતો હતો.[૧]

મહારાજાને છાજતી સર્વ પ્રકારની સ્થિતિ થઈ, એટલે એક સમયે વસ્તુપાળ અને તેજપાળે વીરધવળને વિનતિ કરી કે દેવ ! આપે આ ગૂર્જર ધરતી સ્વાધીન કરી લીધી, બીજા દેશના રાજાઓને ખંડિયા રાજા બનાવી દીધા, એટલે હવે સર્વ પ્રકારે આપની મહારાજાની પદવીની યોગ્યતા થઈ ચૂકી, તો હવે કોઈ સારૂં મુહૂર્ત્ત જોઇને "મહારાજાધિરાજપદ" ધારણ કરવાનો અભિષેક કરવાનો ઉત્સવ કરિયે. આવું મંત્રિયોનું કથન સાંભળીને વીરધવળ બોલ્યોઃ—

अजित्वा सार्णवामुर्वीमनिष्ट्वा विविधैर्मखैः ।
अदत्वा चार्थमर्थिभ्यो भवेयं पार्थिवः कथम् ॥

સમુદ્ર પર્યંત પૃથ્વી જિત્યા વિના, વિવિધ યજ્ઞો કર્યા વિના, યાચકોને ધન આપ્યા વિના હું રાજા કેમ થાઉં? મારે તો મારૂં "રાણા"નું પદ ઠીક છે.

વીરધવળની ભલમનસાઈની એક વાત એવી છે કે, તે એક સમયે ગ્રીષ્મ ઋતુની રાત્રિયે ચન્દ્રશાળામાં સૂતો હતો, અને એક ખવાસ તેના પગ ચાંપતો હતો; તેણે તેના પગની આંગળિયે રત્નજડિત અંગુઠી પ્હેરેલી હતી તે કહાડી લીધી. વીરધવળ જાગૃત સ્થિતિમાં હતો તેથી તેના જાણવામાં આવ્યું તો ખરૂં પણ તે બોલ્યો નહિ, અને સવાર થતાં ભંડારી પાસેથી તેવી જ બીજી અંગુઠી મંગાવીને પ્હેરી લીધી. રાત્રે તે સૂતો એટલે પેલો ખવાસ જઈને નિત્ય પ્રમાણે પગચંપી કરવા લાગ્યો, અને તપાશીને જુવે છે તો પ્રથમના જેવી જ બીજી અંગુઠી તેના જોવામાં આવી તેથી તે વિચારમાં પડી ગયો. તેવામાં વીરધવળે હસતાં તેને કહી દીધું કે ભાઈ! એ અંગુઠી હવે લેતો નહિ, કાલે એક કહાડી લીધી તેની કાંઈ ચિન્તા નહિ. આવું તેનું વચન સાંભળતાં જ તેને જાણે વજ્રઘા થયો હોય એમ ભયભીત થઈ ગયો; કેમકેઃ—

(ગીતિ)

હસતો પણ નૃપ હણુશે, સ્પર્શ કરંતો કવિવર પણ હણશે,
દુર્જન માન દિયંતો, ફૂંકંતો પણ ભુજંગ તો હણશે.

વીરધવળ આ ખવાસની ગભરાટભરેલી સ્થિતિ જોઈને બોલ્યો કે, તારે ગભરાવું નહિ, તને આવી આદત પડી છે તેમાં અમારો જ વાંક છે.

૧ શાસ્ત્રી વ્રજલાલ કાળીદાસ ગુ. પ્ર. પુ. ૧૩ મું.

જો દરબારમાંથી તને પૂરી જીવાઈ મળતી હોય તો તારું મન આવાં ખોટાં કામ કરવા ઉપર લલચાય નહિ. હવેથી તને બેસવાને એક ઘોડો આપીશું અને અર્ધ લાખની તારી જીવાઈ કરી આપીશું. આવું સાંભળીને તે બહુ રાજી થયો, અને પોતે કરેલા અયોગ્ય કામને લીધે મુંઝાવા લાગ્યો. વીરધવળ આ પ્રમાણે ક્ષમાવાળો હતો તેથી જગતમાં તેનાં વખાણ થતાં હતાં, અને તે ઘણો દયાળુ હતો એમ લોક કહેતા હતા.

વીરધવળ દિવસે દિવસે વધારે પ્રબળ થવા લાગ્યો. તેના બુદ્ધિશાળી મંત્રિયો પણ લોક રાજી રહે એવું વર્તન કરવા લાગ્યા. એવામાં દિલ્લીથી તેમનો મોકલેલો હેરક આવી પ્હોંચ્યો. તેણે આવીને વસ્તુપાળને કહ્યું કે, મોજઉદ્દીન પાદશાહનું લશ્કર પશ્ચિમ દિશા ભણી કૂચ કરતું ચાલ્યું છે, ચાર પ્રયાણ થઈ ગયાં છે; આબુને રસ્તે આવવાનો તેનો મનસૂબો જણાય છે અને તેની દૃષ્ટિ ગૂજરાત ઉપર છે, માટે તમારે ચેતતાં રહેવું જોઇયે. આ ખબર સાંભળતાં જ વસ્તુપાળ તેને રાણા પાસે લઈ ગયો અને બધી હકીકત સાંભળીને રાણો બોલ્યો કે, "મંત્રીશ! મ્લેચ્છો ઘણા બળિયા છે; તેમણે ગર્દભી વિદ્યા જેણે સિદ્ધ કરી લીધેલી એવા ગર્દભભિલ્લનો પરાભવ કર્યો છે; જેમણે નિત્યે સૂર્યબિંબમાંથી નીકળતા તુરંગમથી રાજપાટી ચલાવનાર શિલાદિત્યને પણ પીંજ્યો છે; સાતસેં યોજનના વિસ્તારવાળી ભૂમિના પતિ જયચંદ્રને પણ તેમણે હણી નાંખ્યો છે; જે પૃથ્વીરાજે વીશ વીશ વાર શાહાબુદ્દીન સુરત્રાણને ઝાલીને મૂકી દીધેલો તેવાને પણ તેઓએ પકડી લીધો છે. એવા એ દુર્જય છે તો આપણે કેમ કરવું?" વસ્તુપાળ બોલ્યો કે "મને તેમની સામો જવાની આજ્ઞા કરો, એટલે હું સમયને અનુકૂળ આવે એમ કરીશ."

પછી સારા સારા એક લાખ અશ્વાર લઇને તેણે મ્લેચ્છોની સાથે પ્રયાણ કર્યું. ત્રીજે પ્રયાણેથી તેણે આબુનો નાયક ધારાવર્ષ જે ગૂજરાતનો ખંડિયો રાજા હતો તેની પાસે પોતાનો હેરક મોકલ્યો, અને કહેવરાવ્યું કે મ્લેચ્છોની સેના જેવી આબુને રસ્તે આવે તેવી તેને અંદર પ્હેલાં તો આવવા દેજો અને પછવાડેથી ઘાંટી રોકી લેજો. એવી રીતે આબુના માર્ગમાં યવનની ફોજ અંદર પેઠી અને જેવું તેમણે થાક ખાવાને મેલાણ કર્યું કે તરત જ પછવાડેથી ધારાવર્ષે તે ઘાંટી રોકી લીધી. આગલી બાજુએથી વસ્તુપાળે તેના ઉપર હુમલો કર્યો, અને જાણે બીજો કાળ ન હોય એવો જાતે તેમના ઉપર તૂટી પડ્યો, ને એવી કાપાકાપી ચલાવી કે, યવનની ફોજમાં ત્રાસ ત્રાસ વર્તાઈ ગયો, ભૂમરાણ થઈ પડ્યું. કેટલાક દાંતે પોંચા કરડવા લાગ્યા, કેટલાક તોબા તોબા પોકારવા લાગ્યા, નાસમનાસા કરવા લાગ્યા, પણ વસ્તુ-

પાળે કોઇને છોડ્યા નહિ. કહે છે કે, તેણે ત્યાં જ એક લાખ માણસોને કાપી નાંખ્યા અને તેમનાં માથાંનાં ગાડાં ભરીને વસ્તુપાળ પાછો વળ્યો અને પોતાના ધણીને આવીને નમ્યો.

રાણો તેના આ પરાક્રમથી ઘણો રાજી થયો, અને તેનાં સારાં વખાણ કર્યાં કે, "તમે આવું મહાભારત કામ કરી આવ્યા, છતાં તમે કાંઈ બડાઈ હાંકતા નથી, વિકટ આટોપ રાખતા નથી, ઉંચું મુખ કરીને અભિમાન ધારણ કરતા નથી, ગર્વથી ધરતી ઉપર થણુથણાટ કરી રહ્યા નથી, અવજ્ઞા પ્રદર્શિત કરીને કોઇના ઉપર નજર ફેરવતા નથી, પણ આ યુદ્ધસાગર જે ઓળંઘી જવાને માટે ઘણો જ વિકટ તેમાં પાર પડીને તમે એકલાએ જ આ પૃથ્વીતળને વિષે ધવલ કીર્ત્તિનો ભાર માથે ધારણ કર્યો છે." આ પ્રમાણે તેનાં વખાણ કરીને ઉત્તમ પારિતોષિક આપ્યું. પછી વસ્તુપાળ પોતાને ઘેર આવ્યો એટલે તેને માન આપવાને એટલા બધા લોક આવ્યા અને તેને પુષ્પે વધાવવા અને તેના ગળામાં પુષ્પમાળા આરોપવાનો એવો સમારંભ થયો કે ફૂલનો એક હાર એક દ્રમ્મ વિના મળી શકતો ન્હોતો.

નાગપુરમાં સાધુ દેલ્હા કરીને હતો, તેનો પુત્ર સાધું પૂનડ નામે હતો, તેને મોજઉદ્દીન સુરત્રાણની બીબિયે પોતાનો ભાઇ કર્યો હતો, તે અશ્વપતિ, ગજપતિ અને નરપતિ સર્વેને માન્ય થઈ પડ્યો હતો. તેણે સંવત્ ૧૨૭૩ ઇ. સ. ૧૨૧૭ માં બંબેરપુરની રાજ્યયાત્રા કરી હતી. તે સંવત ૧૨૮૬ માં એટલે ઇ. સ. ૧૨૩૦ માં યાત્રા કરવાને મોજઉદ્દીનની આજ્ઞા લઇને નાગપુરથી નીકળ્યો. તે પોતાની સાથે ૧૮૦૦ ગાડાં, ઘણા બળદ આદિ લઇને મોટા દબદબાથી તે માંડલ્યપુર સુધી આવ્યો. તેજપાળ તેની સામો ગયો અને તેને ધોળકે લઈ આવ્યો. વસ્તુપાળ પણ સંઘની રજનો લાભ લેવાને સામો ગયો. બધાંને ઘેર લાવી જમાડી બહુ સંતોષ્યા અને સર્વેની આગતાસ્વાગતા કરીને બધાંને પ્હેરામણી આપી. સંઘનું પ્રતિપાલન કરવાથી ઘણું પુણ્ય થાય છે એમ સમજીને સંઘવાળાની સર્વ પ્રકારે રૂડી ચાકરી કરી, તે એટલે સુધી કે, સંઘના પ્રત્યેક જણનું તેજપાળે અર્ઘપાદ્યપૂજન કર્યું. પછી વસ્તુપાળ નાગપુરના સંઘવી પૂનડની સાથે શત્રુંજય ગયો. તેને ત્યાં સારી રીતે યાત્રા કરાવી. પૂનડ પછી ત્યાંથી નાગપુર ગયો, અને વસ્તુપાળ ધોળકે પાછો આવ્યો.

મોજઉદ્દીનની માનું યાત્રા (હજ) અર્થે પ્રયાણ

પૂનડ પાછો ગયો ત્યાર પછી કેટલેક દિવસે મોજઉદ્દીન પાદશાહની મા મક્કે હજ કરવા જવા માટે ખંભાતમાં આવી, અને એક મુસલમાન વ્હાણ-

વટીને ઘેર ઉતરી. આ વાત કોઈ એક હેરકે મંત્રીને કહી. ત્યારે વસ્તુપાળે તેને આજ્ઞા કરી કે તે પાછી જળમાર્ગે યાત્રા કરવા જાય ત્યારે મને ચેતાવજો. આ સૂચના પ્રમાણે તે જવા નીકળી, એટલે તેને ખબર આપી. તે સાંભળીને તેણે પોતાના કૌલિકો(કોળિયો)ને મોકલીને બુઢ્ઢી મમા પાસે જે કંઈ હતું તે સર્વે લૂંટી લેવરાવ્યું, અને તે સર્વે સાચવી રખાવ્યું. આવો મોટો બનાવ બન્યો તેથી પેલો વ્હાણવટી રોતો રોતો મંત્રી પાસે આવીને ફરિયાદ કરવા લાગ્યો કે, અમારા યૂથની એક વૃદ્ધ ડોશી હજ કરવા જતી હતી તેને તમારા પાદરમાં જ લૂંટારાઓએ લૂંટી લીધી છે. વસ્તુપાળે અજાણ્યા થઇને પૂછ્યું કે, એ ડોશી કોણ છે? નૌવિત્તકે કહ્યું કે એ તો મોજઉદ્દીન સુરત્રાણની મા છે, અને સર્વેને માન્ય છે. આ વાત સાંભળીને મંત્રીયે માયાપ્રયોગ કર્યો ને ઘણી હણોહણ કરી મૂકી અને પોતાના સર્વે માણસોને ધમકી આપીને કહ્યું કે આ લૂંટનો માલ ગમે તેમ કરીને તાબડતોબ આણી આપો. એમ કહીને બુઢ્ઢી મમાને તે આગ્રહપૂર્વક પોતાને ઘેર તેડી લાવ્યો અને સારી રીતે તેની આગતાસ્વાગતા કરી. પોતાને ઘેર રાખી, પછી લૂંટમાં તેનો જે જે માલ ગયો હતો તે સર્વે આણીને રજુ કરાવી દીધો. આથી એ બુઢ્ઢી મમ્મા બહુ રાજી થઈ.

પછી વસ્તુપાળે તેને કહ્યું કે–"માજી! તમે મક્કે હજ કરવા જાઓ છો, તો હું તમને એક આરસપ્હાણનું તોરણ ઘડાવી આપું છું." એમ કહીને તેને રોકી, અને તાબડતોબ તેવું તોરણ તૈયાર કરાવ્યું, તે તેના દેખતાં બરાબર મેળવીને પાછું છૂટું કરી નાંખ્યું; અને સૂત્રથી બાંધીને તેને આપ્યું, અને તે ગોઠવવા સૂત્રકારોને તેની સાથે મોકલ્યા. તેમ જ મક્કે જવાના ત્રણ માર્ગમાંથી જે માર્ગે જવાની ડોશિયે ઇચ્છા જણાવી, તે માર્ગનો તેણે પાકો બંદોબસ્ત પણ કરાવી આપ્યો, અને સાથે પુષ્કળ ધન આપ્યું. ડોશી મક્કે પ્હોંચી એટલે પેલું તોરણ સૂત્રકારોએ બરાબર ગોઠવીને મસ્જીદને દ્વારે બાંધ્યું. દીપ-તૈલાદિ પૂજા કરી અને રાણાના ભણીથી વર્ષાસન બાંધી આપ્યું. નાના પ્રકારનાં દાન કર્યાં, આથી તેનો ઘણો યશ વધ્યો.

ડોશી ત્યાંથી પાછી ફરીને ખંભાત આવી, એટલે વસ્તુપાળે તેનો પ્રવેશોત્સવ કર્યો ને પોતાને હાથે તેનું ચરણપ્રક્ષાલન કર્યું. પછી તેની ભક્તિપૂર્વક પરોણાગત કરી, અને દશ દિવસ રાખી. પછી તે દિલ્લી જવાને તૈયાર થઈ, એટલે મંત્રીયે કહ્યું કે—"માતા! જો આજ્ઞા હોય તો હું આપને મૂકવા સાથે આવું." સુરત્રાણમાતા બહુ પ્રસન્ન થઈ અને બોલી કે—"ત્યાં તો મારૂં રાજ્ય છે, માટે તમે સુખે મારી સાથે ચાલો." આ પ્રમાણે

પરવાનગી મળી, એટલે તેણે વીરધવળની આજ્ઞા લીધી અને પાંચસે ઘોડા, વછેરા તથા વસ્ત્રગંધાદિ લઈને સાથે ચાલ્યો.

દિલ્લી પાસે આવવાનો સમય થયો, તેની સુરત્રાણને ખબર મળી કે માતા પાછાં પધારે છે, એટલે તે સામૈયું કરીને આવ્યો અને માતાને પૂછ્યું કે "યાત્રા રૂડે પ્રકારે થઈ?" ત્યારે તે બોલી કે—"દિલ્લીમાં તારા જેવો શાહજાદો છે અને ગૂર્જરધરામાં વસ્તુપાળ જેવો બીજો દીકરો છે, તો પછી મારી યાત્રા સુખદ કેમ ન થાય?" પાદશાહે કહ્યું કે—"તે વસ્તુપાળ ક્યાં છે? તેમને અહિં કેમ તેડી લાવ્યાં નથી?" માતા કહે કે "હું તેડી લાવી છું અને તે અહિંથી બે ગાઉ ઉપર છે." એમ કહી અશ્વપાળ મોકલીને તેને પોતાની પાસે તેડાવ્યો.

વસ્તુપાળે આવીને પાદશાહને નજર મૂકી પ્રણામ કર્યો. એટલે પાદશાહ તે પ્રસન્ન થઈને બોલ્યો કે—"અમારાં માતાજી તમારાં બહુ વખાણ કરે છે, તમે એમની સારી ચાકરી કરી છે, તો મારી એમ ઇચ્છા છે કે તમે મારી પાસેથી કાંઈ માગી લ્યો."

ત્યારે વસ્તુપાળ બોલ્યો કે—"મારે કશાની ખામી નથી, એટલે બીજું તો કાંઈ માગી લેવાનું નથી, પણ જો આપની ઇચ્છા હોય તો એક માગણી કરૂં છું અને તે એ છે કે—આપે ગૂજરાતના રાજા સાથે સંધિ રાખવો, એટલે કે અમારી ગૂર્જરધરા ઉપર કોઈ વાર પણ ચ્હડાઈ કરવી નહિ. અને બીજું એ માગું છું કે મમ્માણી ખાણમાંથી પાંચ પથરા મને લેવા દેવા."

તરત જ પાદશાહે પ્રસન્ન થઇને વસ્તુપાળની એ બન્ને માગણી માન્ય રાખી, અને મૂલ્યવાન્ પોશાક આપીને તેને વિદાય કર્યો. પૂનડે પાંચે પથરા પછવાડેથી મોકલી દીધા. તે શત્રુંજય આદિ તીર્થમાં વપરાયા.

પછી વસ્તુપાળ ધોળકે આવ્યો અને પોતાના સ્વામીને નમન કરીને કાંઇ પણ અભિમાન બતાવ્યા વિના સર્વ વૃત્તાંતથી જાણીતો કર્યો. તે સાંભળીને વીરધવળ ઘણો રાજી થયો અને દશ લાખ સુવર્ણ તેને તુષ્ટિદાનમાં આપ્યા. પણ મંત્રી એવો દાનેશ્વરી હતો કે પોતાને ઘેર પ્હોંચતાં સુધીમાં તે દાન કરી દેવામાં વાપરી નાંખ્યા. આવો પ્રસંગ જોઈ એક કવિએ કહ્યું કેઃ—

ગીતિ—"દ્વિજરાજ એક દેખી, સંકોચાઈ કમળ તુરત જાય;
દ્વિજરાજ લક્ષ પેખી, વિકાસી તુજ કરકમળ જ દીપાય."

"એક જ દ્વિજરાજ (ચન્દ્ર) દેખીને કમળ તુરત જ સંકોચાઈ જાય છે, પણ હે વસ્તુપાળ! તારા હાથરૂપી કમળને તો એથી ઉલટું થાય છે તે સંકો-

ચાઈ જવાને બદલે એક લાખ દ્વિજરાજ(બ્રાહ્મણો)ને દેખતાં છતાં તે વિકસિત થઇને દેદીપ્યમાન થાય છે."

વળી વસ્તુપાળ કેવો છે?:—

ગીતિ—અરિ ઉર ઉચ્ચાટ કરવા, શ્રી આકર્ષી નિજ કર ગૃહી લેવા;
નૃપમનહૃય વશ કરી લે, ઉત્તમ તે સિદ્ધ મંત્ર છે એવા.

આવાં તેનાં વખાણ થતાં સાંભળીને તે પોતે ઉત્તમ હતો, માટે લજવાઈને નીચું જોવા લાગ્યો. તે વેળાએ મહાનગરવાસી નાનાક કવિએ કહ્યું કે:—

કવિત્ત—"એક જ તું અવનીમાં દાન તણો દેવાવાળો,
એમ તારે વિષે વાણી, સજ્જનો ઉચ્ચારે છે;
સાંભળતાં આવાં વેણ, લાજ તો લાગે છે તુંને,
તેથી તું ભુવનતળ નજરે નિહાળે છે.
સરસ્વતી મુખશોભા, દેનાર ઓ વસ્તુપાળ!
એનું એક કારણ તો, મને એમ ભાસે છે;
તારા જેવો દાનશીલ, બળી તો પાતાળ વશ્યો,
તેને અહીં આણવાને, ભૂમિમાં તકાસે છે."

ત્યાર પછી કૃષ્ણનગરીના કવિ કમળાદિત્યે પ્રકારાન્તરે કહ્યું કે:—

કવિત્ત—ચલા એવી લક્ષ્મી જેવી, લાગફલા કરી દીધી,
અર્થીનો સંયોગ એ તો પામી એવા કારણે;
પરિણામ એ થયો કે, કીર્તિરૂપી પુત્રી જાઇ,
એની શી કહેવાની વાત! રહી એ તો બારણે.
ત્રણ ભુવન કહેવાય, સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ,
તેની માંહ ઠેર ઠેર, ભટકતી ગાજે છે;
એવી એની વાત સુણી, લાજના મારયા જનો તો,
લાજ માંહે લપેટાઈ, નીચું ધાલી લાજે છે.

વીરમ અને વીસલ

વીરધવળ રાણાને બે કુમાર હતા, તેમાં એકનું નામ વીરમ હતું અને બીજાનું નામ વીસલ હતું. શૂર પુરૂષોમાં વીરમનાં વખાણ થતાં હતાં. વર્ષાકાળમાં એક દિવસે આકાશમાં વિજળીનો ઝબકારો થયો, તેથી તેણે જાણ્યું કે-વિજળી મારા ઉપર પડશે. તેથી તેની સામે તરવાર ખેંચી કહાડી. ધોળકામાં વૈષ્ણવોમાં એવો રિવાજ હતો કે એકાદશીને દિવસે તેઓ એક ઝાડ નીચે જઇને જેની જેવી શ્રદ્ધા તે પ્રમાણે તે એકસો આઠ (૧૦૮) દ્રમ્મ

કે બોર, કે આમળાં લાવીને મૂકતા હતા. **વીરમે** તે દિવસે ત્યાં જઇને એક સો આઠ દ્રમ્મ મૂક્યા. ત્યાર પછી ત્યાં એક વાણિયો હતો, તેણે ૧૦૮ મોતી[1] મૂક્યાં. આવું પોતાના કરતાં તેનું અધિક કૃત્ય જોઇને **વીરમને** ક્રોધ ચ્હડ્યો, અને બોલ્યો કે—"અલ્યા બકાલ! તું અમારાથી અધકું કેમ મૂકે છે?" એમ કહીને તેના ઉપર તરવાર તાણી, એટલે તે જીવ લઇને નાઠો. તે **વીરધવળની** રાજસભામાં જઇને એકદમ અંદર પેશી ગયો. **વીરમ** પણ તેની પછવાડે ધાયો, એટલે કોલાહલ થઈ રહ્યો. એથી આ વાત **વીરધવળના** જાણવામાં આવી. આગળ વાણિયો અને પાછળ **વીરમ**, એમ તેની સમક્ષ થઈ ગયા; એટલે **રાણાએ વીરમને** ધમકાવીને કહ્યું કે—"અરે! ઉદ્ધત! આ તું શું કરે છે? તારાથી એ વાણિયાએ અધિક કર્યું, તેમાં તારા બાપનું શું ગયું? તું શું અમારો ન્યાય જાણતો નથી? જા, નીકળ મારા દરબારમાંથી તારૂં કાળું મ્હોં મને ફરીને બતાવીશ નહિ; વાણિયા તો મારો જંગમ ભંડાર છે. હું બેઠો છું ત્યાં સુધી એનું નામ કોણ લે એમ છે? જોઉં તું ખરો." આ પ્રમાણે તેનો તિરસ્કાર કરીને તેને **વીરમગામ** ગ્રાસમાં આપીને ત્યાં મોકલી દીધો. વિરમ કોણિક કુમારની પેઠે લજ્જા પામતો, પિતાથી ધિક્કાર પામેલો, જીવતાં જ મુવા સરખો થઇને **વીરમગામમાં** જઈને રહ્યો. તેને બાપના ઉપર ઘણો ક્રોધ ચડ્યો, પણ કરે શું?

વીરમ વડો હતો, અને **વીસલ** તેનાથી ન્હાનો હતો, પણ તે ડાહ્યો ને સમજુ હતો, તેથી **વીરધવળની** તેના ઉપર કૃપા હતી, અને તેના ઉપર તે સદા પ્રસન્ન રહેતો હતો. **વીસલનામાં** વિક્રમના જેવા ઉત્તમ ગુણ હતા. **વસ્તુપાળનું** વલણ પણ **વીસલ** ઉપર હતું. **વસ્તુપાળ** જાણતો હતો કે **વીરમ** લાંઠિયો છે, તેથી એનો કોઈ વિશ્વાસ કરતું નહિ; કેમકે કોઈ વેળાએ કોણ જાણે શુંએ કરી નાંખશે એવી તેના વિષે ધાસ્તી રહેતી હતી. તેથી રાજ્ય-સૈન્ય પણ સાવચેત રાખવામાં આવતું હતું.

આવા સમયમાં **વીરધવળને** મ્હોટો વ્યાધિ થયો. એ વાત **વીરમના** જાણવામાં આવી. એટલે તે તેને જોવા આવવાને મિષે ધોળકામાં આવ્યો. **વસ્તુપાળ** તેનો ભાવાર્થ સમજી ગયો, અને તેણે ઘોડા, હાથી, રાજભંડાર, આદિ ઠેકાણે પાકી ચોકશી રખાવી, અને પોતાના ખરા વિશ્વાસુ માણસો હતા, તેમને જોખમવાળે કારખાને મૂકી દીધા; એટલે **વીરમનું** કાંઈ ચાલ્યું નહિ. **ધોળકામાં** પોતાનું સૌધ (મ્હોટું મંદિર) હતું, તેમાં જઇને **વીરમ** રહ્યો. ત્રણ દિવસ મંદવાડ ભોગવીને **વીરધવળ** દેવ થયો. પ્રજા શોકસમુદ્રમાં પડી, નગરમાં હડતાલ પડી.

---

૧ પ્રોફેસર મ. ન. દ્વિવેદી "આલુ" લખે છે, જુઓ પૃ. ૨૨૫.

એ સંધિમાં **વીરમ**દેવ સજ્જ થઇને ગાદિયે બેસવાને પોતાના અવાસમાંથી નીકળ્યો કે તરત વસ્તુપાળે **વીસલદેવ**ને રાજ્યસિંહાસન ઉપર બેસારી દીધો અને તેના નામની તત્ક્ષણ આણ ફેરવી દીધી. રાજ્યાંગ માત્રની પૂરેપૂરી સંભાળ રખાવીને વસ્તુપાળ ફોજ લઇને **વીસલદેવ** સહિત **વીરમ** ઉપર ચ્હડી ગયો. સામાસામી યુદ્ધ મચ્યું, પણ **વીરમ** સમજ્યો કે હવે આપણું કાંઈ ફાવવાનું નથી. એટલે તે ત્યાંથી નાઠો. તે **જાબાલીપુર** (જબલપુર)માં પોતાનો સસરો ઉદયસિંહ હતો તેની ઓથે ગયો.

વસ્તુપાળ પણ તેનો આ નિશ્ચય કળી ગયો, એટલે તેણે સોળ યોજન જઈ શકે એવા પુરૂષો ઉદયસિંહ ભણી મોકલ્યા ને કહાવ્યું કે "**વીરમ** રાજ્યનો શત્રુ થઈ ત્યાં આવે છે, તેને તમે આશ્રય આપશો તો તમે તમારો જીવ અને રાજ્ય બન્ને ખોઈ બેસશો." આ પ્રમાણે અગાઉથી સૂચના મળી, એટલે તેણે વીરમ વિરૂદ્ધ બધી ગોઠવણ કરી રાખી. તે જેવો આવીને જાબાલીપુરના બગીચામાં મેલાણ કરવા જાય છે, એવામાં કહી રાખ્યા પ્રમાણે નગરરક્ષકોએ તેના ઉપર બાણનો એવો પ્રહાર ચલાવ્યો કે તેનું આખું અંગ ચાલણીના જેવું કરી નાંખ્યું. **વીરમ** ત્યાં પડ્યો, એટલે તેનું માથું કાપીને ઉદયસિંહે **વીસલદેવ**ને મોકલી દીધું. આ પ્રમાણે સ્વકુટુંબના કજિયાથી તો **વીસલદેવ**નું રાજ્ય નિષ્કંટક થયું.

વીરધવળના મરણથી પ્રજાનાં નેત્રામાંથી જળ વ્હેવા લાગ્યાં, તે એટલે સુધી કે, જોવાની તેમની શક્તિ ઘટી ગઈ. અંતઃપુરવાસિયો જેમાં રાણિયો આદિ મુખ્ય હતી તેમની તથા સામંત અને મંત્રિયોની અશ્રુધારાથી તે સમયે નિરાધાર થઈ પડેલું ધરાતળ ચારે બાજુએથી ભીંજાઈ ગયું. આટલા દિવસ કોઈ પ્રકારનો શોક ન હોવાથી તેની આખી રાજધાની અશોક હતી તે હવે ક્ષણમાત્રમાં શોકમય થઈ ગઈ.

ગીતિ—પળપર હસી હસી રાચો, તે પછી પળમાં દુઃખ દરિયે બૂડો;
એવા અસાર ભવને, ધિક ધિક કહી કવિ કવે કુડો ભૂંડો.

લોકોના કકળાટ સહિત **વીરધવળ**નું[1] ચિતારોહણ થયું, તેમાં અંતઃપુરજનોએ પણ પ્રવેશ કર્યો. વસ્તુપાળને પણ પૂરો આવેશ આવી ગયો, અને કાષ્ઠભક્ષણ કરવાને તત્પર થયો. તેને રાજ્યપૂજ્ય વૃદ્ધ અને હિતેચ્છુક પુરૂષોએ નિવાર્યો તો પણ તેમનું માન્યું નહિ ત્યારે, આવી શોકાવેગની વ્યથામાં નિમગ્ન થઈ ગયલા ધિસખ (બુદ્ધિ જેની સખા છે એવો) મંત્રીને જોઇને તેના

[1] પાછળ પૃ. ૩૬૩ માં **વીરધવળ**ની ચિતામાં ૧૮૨ જણાં પડી મરણ પામ્યાનું લખ્યું છે, તે કિયા લખાણ ઉપરથી હશે તેનો પત્તો મળતો નથી.

અતિ, ચૌલુક્ય કુળના રાજાને પુરોહિત સોમેશ્વરદેવ બોલ્યો કે, આખા રાજ્યતંત્રનો આધાર તમારા એકલા જ ઉપર છે અને તમે વિશ્વાધાર ધર, શેષનાગના જેવા છો. તમારા જીવવાથી સર્વ કોઈ જીવી શકે એમ છે. અહો મહામતે! વીરધવળના વિદાય થવાથી આ રાજ્યલક્ષ્મી નિર્નાથ બની ગઈ છે, તો પણ હવણાં તમે છો તો તેને આધાર હોવાથી તે સનાથા છે, માટે જો તમે અહિં આવું સાહસકર્મ કરો તો દુરાત્મા દુર્જનોના મનોરથ પૂર્ણ થાય. આવું સાંભળીને તે મતિમાન સચિવ મૃત્યુ પ્રાપ્ત કરી લેવાના સાહસમાંથી વિરામ પામ્યો, અને સભા સમક્ષ શોકાર્ત્ત થતો ગદગદ કંઠે બોલ્યોઃ—

કવિત્ત—એક પછી એક એમ, ષટ ઋતુ ક્રમે આવે,
તેમાં ફેરફાર કહિ, કાળે ન જણાય છે;
વીર વીરધવળે, વિહાર કર્યો અહિં થકી;
ઉલટું થવાથી ઋતુ, ઉલટાઈ જાય છે.
વર્ષા ઋતુ પૂઠે થાય, પણ જન આંખોમાંથી
આંસુધારા વર્ષી વર્ષા, પ્રથમ જ થાય છે;
હૃદયના તાપ રૂપી, ગ્રીષ્મ ઋતુ ક્રમ છોડી
પરિતાપ પમાડતી, પોતે પલટાય છે.

એ પ્રમાણે કહેતો, નિસાસા નાંખતો, મંત્રી મુંગો રહ્યો; અને દહન-ક્રિયા પૂરી થતાં, સૌ સૌને ઠામે પાછા ગયા. મહાત્મા વીસલદેવે પોતાના વીરધવળ પિતાના સુકૃતને અર્થે જે કરવું ઘટે તે સર્વે ક્રિયાઓ કરી, અને આ પ્રસંગે, મહામાત્ય વસ્તુપાળ જે સતકૃતજ્ઞશિરોમણિ હતો તેણે એક કરોડ સુવર્ણ તેની પછવાડે ધર્મ કરી નાંખ્યા.

પછી શુભ મુહૂર્ત્તે વીસલદેવને વિધિપૂર્વક રાજ્યાભિષેક કરવાની વસ્તુ-પાળે તૈયારી કરી. રાજ્યપુરોહિત સોમેશ્વરદેવને આ વિધિમાં આગેવાન કર્યો અને અર્ધચંદ્રાકાર ભાળમંડળ જે વિશાળ વિસ્તાર પામેલું હતું તેને વિષે વસ્તુપાળે સ્વહસ્તે વીસલદેવને અર્ધચંદ્રાકાર તિલક કર્યું. પછી સર્વાંગ રાજ્યની રક્ષા કરવા માંડી.

વીરમ સંબંધી બીજી હકીગત

પાછળ (પૃષ્ઠ ૪૭૦ મે) લખવામાં આવ્યું છે કે, વીરમને તેના સસરાએ મારી નાંખ્યો. પણ શ્રીહર્ષગણિ ઉપલી બાબત સંબંધી કથન નીચે પ્રમાણે કરે છેઃ—

સર્વાંગે સજ્જ થયલી ચતુરંગિણી સેના લઇને વસ્તુપાળ પુરૂષમાં અધિક તેજને લીધે ખરા મોરચાને સ્થાને ઉભો. તેની આસપાસ તેજ-

પાળ આદિ વીર વિંટળાઈ વળેલા હતા, તે સહવર્ત્તમાન, વીરમની સામે થયો. મર્યાદા વિનાની બંનેની સેના સામાસામી આવી ગઈ. પછીથી એક ક્ષણુ વારમાં વીરવરમાં અગ્રણી એવા મંત્રિયે પ્રાણુ હરનારાં બાણોવતી, ધન-વંતરી વૈદ્ય જેમ રોગને ત્રાસ આપે તેમ, શત્રુઓને ત્રાસ પમાડ્યો. કૃપાળુ તેજપાળે એક પળમાં વીરમનો પરમ સહાયક તેનો મામો હતો તેને મારી નાંખ્યો. બુધ ભેગો હોવાથી ચન્દ્રમાને રાહુ ગ્રહણુ કરી શકતો નથી, તેમ રાહુ સમાન વીરમ જે ક્રૂર ગણાતો હતો તે બુદ્ધરૂપ બુદ્ધિમાન વસ્તુપાળ મંત્રીની સહાયથી ચન્દ્ર જેવો વીસલ દુર્જય છે એમ સમજીને, રણુભૂમિ છોડીને, નિસ્તેજ થઈ, પોતાના કેટલાક સાહાય્યકારી ઠાકોરો સહવર્ત્તમાન જાબાલીદુર્ગમાં પોતાના સસરાને શરણે ગયો.

ચાહુમાન કુળનો સૂર્યરૂપ ઉદયસિંહ નામનો ત્યાંનો રાજા હતો. તેણે પોતાના જમાઇને કેટલોક ગ્રાસ આપીને ત્યાં રાખ્યો. તે દુરાત્મા વીરમ પોતાના સસરાના બળના પ્રતાપે કરીને ત્યાં સ્થિર થયો; પણુ તેના આખા રાજ્યમાં લૂંટફાટ કરીને સર્વેને સંતાપવા લાગ્યો. યોગિની-નગરી(દિલ્લી)ના માર્ગે વચ્ચે રહીને આવતા જતા વેપારિયોના સમૂહને વારંવાર તે દુરાત્મા એક જળાશય આગળ લૂંટી લેવા લાગ્યો. આવા એના ભયને લીધે ત્યાંની આખી પ્રજા પ્રત્યેક ગામ અને પ્રત્યેક નગર આદિમાં સુખશાન્તિથી રહી શકી નહિ. અહિં આવો મામલો ચાલતો હતો તેવામાં ચૌલુક્ય રાજાના ચાકર પુરૂષો ત્યાં જઈ પ્હોંચ્યા. તેમના કથનથી, અને વીસલની સહિના ખાસ લેખ ઉદયસિંહ ઉપર લખેલા તેને પ્હોંચ્યા તે ઉપરથી ભાવાર્થ સમજીને તેણે જાણ્યું કે હવે વીરમને હણ્યા વિના બીજો કશો ઉપાય રહ્યો નથી. એટલે વીરકુંજર જેવો વીરમ પોતાનો જમાઈ થતો હતો તોપણુ તેના મનમાં પ્રથમ વિશ્વાસ બેસારીને પછીથી તેણે તેને મરાવી નંખાવ્યો. એટલે વીસલદેવનું રાજ્ય નિષ્કંટક થયું. તેથી પ્રજા, અમાત્ય, માંડલિક રાજાઓ આદિ રાજી થયા.

સૂર્ય જેવા દેદીપ્યમાન અને જેણે અનેક રાજાઓ ઉપર જિત મેળવી છે એવા મંત્રીરાજના પ્રતાપથી તેની આગળ પતંગિયા જેવા ભૂપાળો હાથી, રત્ન આદિ પ્રાભૃત (ભેટ) લઇને પ્રજાપાલન કરનારા વીસલદેવને નમન કરવા આવ્યા.

શુક્ર અને બૃહસ્પતિ સમાન બે મંત્રીશ્વરો જેની પાસે રહેલા છે એવો વીસલદેવ શુક્ર અને ગુરુ જેની સમીપ રહેલા છે એવા સૂર્યની પેઠે દિન પ્રતિદિન અધિક પ્રતાપ પામવા લાગ્યો.

વીસલદેવ અને ડાહલેશ્વર વચ્ચે સંગ્રામ

શ્રી કર્ણ[૧] રાજાનો વંશજ નરસિંહદેવ નામે ડાહલનો ભૂપતિ જે શત્રુ રૂપી હાથિયોમાં સિંહના જેવો પરાક્રમી હતો. ચૌલુક્ય વંશમાં સૂર્ય સમાન નવીન નૃપતિની આજ્ઞાને, ઘણો ગર્વિષ્ટ થઈ આ ડાહલભૂપતિ પોતાના મુકુટ ઉપર ચ્હડાવી લેતો નહતો, તેમ જ પોતાનાં ચરણુની સેવા કરનારા બીજા જે ભૂપતિ હતા તેમને આ દુષ્ટ બુદ્ધિવાળો દુર્મતિ આપતો હતો. આવો મામલો જોઇને વસ્તુપાળ મંત્રિયે એનું હિત ચાહીને સામવાણીવાળો એક લેખ મનુષ્ય દ્વારા તેના ઉપર મોકલાવ્યો તેમાં લખ્યું હતું કેઃ—

"ધર્મ અને નીતિના આધાર હે રાજન્! જો તમે તમારા શ્રેયની અભિલાષા રાખતા હો તો ગૂર્જરાધિપતિનું આ શાસન તમારે મસ્તકે ચ્હડાવવું, તે એ કે, હે દેવ! તમારે અમને કાંઈ ઉત્તમ ભેટ (પ્રાભૃત) મોકલવી, તથા ભૂભુજ(રાજા)ને ભેદની દુર્મતિ તમારે આપવી નહિ. જો તમે આ પ્રમાણે વર્તશો નહિ તો તમારી સંપત્તિનો નાશ થશે; કારણ કે બળિયાની સાથે બાથ ભીડવામાં મ્હોટો અનર્થ થાય છે."

આવો લેખ વાંચીને સમૃદ્ધિવાળા ડાહલેશ્વરને ઘણો ક્રોધ ચ્હડ્યો, અને યુદ્ધના રાજડંકાના ઘોષથી દિશાના હાથિયોને પણ બ્હીવરાવતો, અનેક પ્રકારની સેનાથી મર્યાદાપર્વતોને કંપાવતો, પોતે જાતે જ ત્વરાથી ગૂજરાત દેશના રાજા ઉપર ચ્હડી આવ્યો. એટલે પોતાના દેશની સમીપમાં આવેલો, તથા કાળરૂપ જાણે હોય એવો તેને સમજીને વ્યાકુળ થયલા વીસલદેવે પોતાના મંત્રીશને પૂછ્યું કે, રાહુના જેવો ક્રૂર આ મારો શત્રુ,

---

૧ ચેદી અથવા ડાહલ દેશની રાજધાની તેવર અથવા ત્રિપુર હતી. આ દેશ નવ લાખનો ગણાતો હતો. પાછળ પૃ. ૧૧૫ મે તથા ૨૭૫ માં કર્ણ રાજા આવે છે તે ચેદી સંવત્ ૯૦૭ ઇ. સ. ૧૧૫૨ માં હતો એમ **ઈ. આ. ભાગ** ૧૮નાં પૃ. ૨૧૧-૨૧૩ પૃષ્ઠોમાં લેખ છે તે ઉપરથી જણાય છે. બીજો લેખ ચેદી સં. ૯૦૨ તથા ૯૦૯ નો પણ છે અને તે એપિગ્રાફિ ઈન્ડિકા ભાગ ૨ જાના પૃ. ૭-૧૭માં દાખલ છે. આ રાજા ગયકર્ણના નામથી પ્રસિદ્ધ છે, અને એના પુત્રનું નામ નરસિંહદેવ છે. વીસલદેવના સમયનો નરસિંહદેવ કોઈ બીજો હોવો જોઇયે. એ વિષે અમે નીચે વંશાવળી આપિયે છિયે તેથી વિશેષ ખુલાસો થશે.

સોમવંશી યદુનો પુત્ર ક્રોષ્ટા થયો, તેના કુળમાં રોમપાદ થયો, તેના વંશમાં ઉશિક નામે રાજા થયો, તેનો પુત્ર ચેદિ નામે રાજા થયો. તેને સ્વાધીન તે વેળાએ જે દેશ હતો તે ચેદી દેશ કહેવાયો, અને તેની રાજધાનીનું નામ શુક્તિમતી હતું. ત્યાર પછી કેટલોક સમય ગયા પછી તેના બે વિભાગ પડ્યા, એક પૂર્વ ચેદી અને બીજો પશ્ચિમ ચેદી.

પશ્ચિમ ચેદી અથવા ડાહલ રાજ્યની રાજધાની ત્રિપુર અથવા તેવર છે. જબલ-

સંગ્રામસિંહ (શંખ)ના પુત્ર આદિ રાજાઓથી ઘણો ઉશ્કેરાયલો આવી પ્હોંચ્યો છે, તો હે મહામાત્ય! હવે આપણે શું કરવું તે કહો. રાજાનું આવું બોલવું સાંભળીને વીરકેસરી એવો મંત્રી વસ્તુપાળ મલકતે મ્હોંએ બોલ્યો કે, હે રાજન્! ભય રાખો નહિ, એ ક્ષુદ્ર શત્રુઓ શા હિસાબમાં છે? આપના ચૌલુક્ય ગુરૂનાં પુણ્યનો પ્રતાપ હજી સર્વોત્તમ જય પામી રહેલો છે.

પુરની પશ્ચિમમાં થોડા માઇલને છેટે નર્મદા નદીની તીરે આ નગર છે. ત્યાંના રાજા કલચુરી અથવા હૈહય કહેવાય છે.

ડાહલ અથવા પશ્ચિમ ચેદીના કલચુરી રાજા.
(કનિંગહામના લખવા પ્રમાણે).

ક્રમ.	ચેદી સંવત્	ઇસવી સન.	વિશેષ હકીકત.
		૨૪૯	ચેદી સંવતનો પ્રારંભ.
૧	૨૭૧	૫૨૦	શંકરગણ.
૨	૩૦૧	૫૫૦	બુદ્ધ અંક ૧ નો પુત્ર મંગળિશ ચાલુક્યે હરાવ્યો.
૩	૪૩૧	૬૮૦	હૈહયસ જેને વિનયાદિત્ય ચાલુક્યે હરાવ્યો.
૪	૪૮૧	૭૩૦	હૈહયા કુમારી જે વિક્રમાદિત્ય ચાલુક્યને પરણી.
૫	૬૨૬	૮૭૫	કોકલ્લ પેહેલો. કનોજના ભોજદેવનો સમકાલીન.
૬	૬૫૧	૯૦૦	મુગ્ધતુંગ.
૭	૬૭૬	૯૨૫	યુવરાજદેવ.
૮	૬૯૧	૯૪૦	લક્ષ્મણ જેણે બિલ્હરીમાં લક્ષ્મણસાગર બાંધ્યું.
૯	૭૧૬	૯૬૫	યુવરાજદેવ બીજો વાક્પતિનો સમકાલીન.
૧૦	૭૩૧	૯૮૦	કોકલ્લ બીજો જેનો લેખ ખજુરાહોમાં છે.
૧૧	૭૫૬	૧૦૦૫	ગાંગેયદેવ મહમૂદનો સમકાલિન ઇ. સ. ૧૦૩૦.
૧૨	૭૮૬	૧૦૩૫	કર્ણદેવ ચે. સં. ૭૯૩=૧૦૪૨ ઇ. સ.
૧૩	૭૨૧	૧૦૭૦	યશઃ કર્ણદેવ.
૧૪	૮૫૬	૧૧૦૫	ગયકર્ણદેવ ચે. સં. ૯૦૨=૧૧૫૧ ઇ. સ.
૧૫	૯૦૨	૧૧૫૧	નરસિંહદેવ ચે. સં. ૯૦૭-૯૦૯-૯૨૬-૯૨૮.
૧૬	૯૩૦	૧૧૭૯	જયસિંહદેવ (નરસિંહનો ભાઈ.)
૧૭	૯૩૨	૧૧૮૧	વિજયસિંહદેવ ચે. સં. ૯૩૨=૧૧૮૧ ઇ. સ.

અંક ૧૨ ના કર્ણદેવ વિષે જુઓ પાછળ પૃ. ૧૩૦ થી ૧૩૧.

અંક ૧૪ ના ગયકર્ણ વિષે પાછળ પૃ. ૨૮૯ આ કુમારપાળનો સમય છે.

અંક ૧૫ ના નરસિંહદેવનો સમય ઇ. સ. ૧૧૭૭ અથવા સંવત્ ૧૨૩૩ નો આવે છે. એનો છેલ્લો લેખ ચે. સં. ૯૨૮ નો છે, ત્યાર પછી એના ભાઈ જયસિંહદેવનો ચે. સં. ૯૩૦ એટલે ઇ. સ. ૧૧૭૯ અથવા વિ. સં. ૧૨૩૫ આવે છે. એ હિસાબે બીજા ભીમદેવના સમયનો પ્રારંભ સંવત ૧૨૩૪ માં થાય છે. તે વેળાએ નરસિંહદેવ હોવાનું જણાય છે.

આવું કહ્યા પછી મહા તેજસ્વી એવા પોતાના ભાઈ તેજપાળને વસ્તુપાળે અને રાજાએ ડાહલરાજાની સન્મુખ મોકલ્યો. અને યુદ્ધમંત્રી તેજપાળે ડાહલરાજાની સાથે યુદ્ધ મચાવી દીધું. તેથી શત્રુની સેના રણભૂમિમાં મંડલાકાર ગોઠવાયલી હતી તે ભયભ્રાન્ત થઈ ગઈ, અને અત્યંત શૂર ચ્હડાવવાને વાગતાં રણવાદિત્રોના ઘોષથી ભૂમિ અને આકાશ વચ્ચે સમાયલી અંતરિક્ષરૂપી કંદરા (ગુફા) ગાજી ઉઠી. વીરકુંજરો પરસ્પર એક બીજાને નામ દઈ હાંક મારતા યુદ્ધમાં સામાસામી મચી પડ્યા; તેમ જ બીજા જે સ્વામિભક્ત હતા તે પણ લ્હડવા મંડી પડ્યા; આ પ્રમાણે કેટલીક વાર સુધી સંગ્રામ ચાલ્યો. મંત્રિયે મૂકેલાં બાણરુપી (દુર્દિન) વાદળથી સૂર્ય જેમ નિસ્તેજ થાય તેમ ક્ષણ વારમાં ડાહલાધિપતિ નિસ્તેજ થયો, અને મનમાં નિરાશ થઈ ગયો, અને ભયભ્રાન્ત થઈ જવાથી મંત્રીરાજ તેજપાળની આજ્ઞા પ્રમાણે એક લાખ સોનૈયા ભેંટ કરી દીધા.

આ પ્રમાણે તેજપાળ જયશ્રીને પોતાના હાથમાં લઇને ધોળકે આવ્યો. તે વેળાએ આખા નગરને ધ્વજા, પતાકા આદિ જયચિહ્નોથી શણગારવામાં આવ્યું હતું. તેજપાળ દરબારમાં ગયો એટલે વીસલદેવ ઉઠીને તેને ભેટીને માનની સાથે મળ્યો અને આ સન્માર્ગ પાળવાવાળા તેજપાળને પોતાના પિતા પ્રમાણે ગણીને માન આપ્યું, અને ઘણા સ્નેહભાવથી રાજસભાની વચ્ચે તેનાં વખાણ કરીને એક લાખ મ્હોરો તે લઈ આવ્યો હતો તે તેને તુષ્ટિદાનમાં આપી દીધી. અને નીચે પ્રમાણે તેની પ્રશંસા કરી:—

"શ્રીમાન્ મંત્રી તેજપાળ! તમે ચિરકાલ તેજસ્વી રહો. ચિન્તામણિની પેઠે તમારાથી નિશ્ચિંત થયલા સર્વે લોકો આનંદ પામે છે."

વસ્તુપાલની નિવૃત્તિ

આ બનાવ બન્યા પછી, વસ્તુપાળ પોતાના પુત્ર જૈતસિંહ (જયંતસિંહ) તથા તેજપાળને સ્વાધીન રાજ્યનો અધિકાર સોંપીને પોતે શત્રુંજય અને ગિરિનાર આદિ તીર્થસ્થાને યાત્રા કરવા સીધાવ્યો, અને પોતાને તુષ્ટિદાન આદિમાં જે જે ધન મળ્યું હતું તે સર્વે ત્યાં ખરચી નાંખ્યું. તે વિષે તેને અનુમોદન આપતી વેળાએ દેવેન્દ્રસૂરિએ તેને ઉપદેશ આપ્યો કે કોઈના પણ પ્રાણનું રક્ષણ થાય એવા ઉપાયો યોજવાથી, જગતનો ઉપકાર કરવાથી, શ્રીજિનની ભક્તિ કરવાથી, ધાર્મિકોનો સત્કાર કરવાથી, સજ્જન મનુષ્યોનાં મનની તૃપ્તિ કરવાથી, સત્પાત્રને દાન આપવાથી, જીર્ણોદ્ધાર કરવાથી, યતિયોને વિતરણ વિધિ કરવાથી, ધર્મશાસનપત્રો કરી આપવાથી, પુણ્યશાળી પુરૂષોને ભાગ્યોદયથી પ્રાપ્ત થયેલી લક્ષ્મીનું બહુધા સાફલ્ય થાય છે.

વિસનગરની સ્થાપના

બીજા ભીમનું મરણ સંવત્ ૧૨૯૮ માં થયું તેની પ્હેલાં એટલે સંવત ૧૨૯૫થી વીસલદેવ ધોળકામાં રહીને ત્યાંના રાણા તરીકે કામ ચલાવતો હતો. તેની પડખે વસ્તુપાળ અને તેજપાળ ર્‌હેલા હતા. તેમને વિષે હર્ષગણી ક્હે છે કે,—સૂર્યની પાસે જેમ ગુરૂ અને શુક્ર આવતાં તેના તેજનો દિવસે દિવસે અધિક પ્રકાશ થાય છે તેમ વીસલદેવની પાસે નિત્ય ર્‌હેલા કવિયોના સદ્-ગુરૂ વસ્તુપાળ અને તેજપાળથી તેના રાજ્યતેજનો પ્રકાશ પ્રતિદિવસ અધિક થવા લાગ્યો. મંત્રી દ્વારાએ વીસલ નૃપે પોતાના નામથી પૃથ્વી ઉપર એક નવું નગર વસાવ્યું. તે અનેક ધર્મસ્થાનથી મનોહર થઈ રહ્યું હતું. વળી જેની આસપાસ ફરતાં ૧૨ ગામથી શોભતું હતું તે નગર વેદધર્મના પ્રાકારરૂપ બ્રાહ્મણોને વસવા સારૂ તે પુણ્યવાન્ વીસલે આપ્યું હતું. તેમાં સત્ય, શૌચ, અને દયાવાળા, વિશિષ્ટ આચારમાં તત્પર ર્‌હેલા, અને વેદપાઠથી પવિત્ર થયેલા બ્રાહ્મણો વસાવ્યા, તથા તેમને વસ્ત્ર, આચ્છાદન, અને ભોજન આદિ માટે રાજશાસન કરી આપ્યાં હતાં. આ પ્રમાણે તેમને માટે ગોઠવણ થવાથી તેઓ નિશ્ચિત રહી શકતા હતા, અને ઘરખટલો (પરિગ્રહ) ચલાવવાની ભાંજઘડમાં પડવાની તેમને અગત્ય ર્‌હેતી ન હતી. આ નગરમાં તેણે બ્રહ્માનો પ્રાસાદ બનાવ્યો હતો, તેમાં સૌંદર્ય એવું આણ્યું હતું કે જાણે આખા જગત્‌ના શિલ્પકારની કારીગરી તેમાં આવી ગઈ ના હોય એમ દીસતું હતું; તેમાં હાથી, ઘોડા, પુરૂષ આદિની ઉત્તમ કોરણી હતી. આ ધર્મસ્થાન વીરધવળના પુણ્યાર્થે કરાવવામાં આવ્યું હતું.

વસ્તુપાળતેજપાળના રાજ્યાધિકારનું અપહરણ

શ્રી વીરધવળના સામ્રાજ્યનો વિસ્તાર જે કાંઈ થયો હતો તે બધો ક્રમે કરીને મંત્રીના પ્રભાવથી થયો હતો, અને તે પાછો વીસલના સમયમાં વૃદ્ધિ પામ્યો હતો તે બધો પ્રતાપ વસ્તુપાળનો હતો. તો પણ વીસલે છેવટે તેના ઉપર કેવળ લઘુતાથી જોવા માંડ્યું એ ખેદકારક છે. તે રાજાનો સિંહ નામે મામો હતો તે દરબારમાં અધિકારી હતો તથા તે સમર્થ ગણાતો હતો, અને તે પોતે પાર્થિવ હતો તેમ જ સૌ કરતાં અગ્રણી હતો. આવા પિશુન અને પાપી મામાની પ્રેરણાથી રાજાએ તેજપાળના કરકમળમાંથી રાજ્યમુદ્રારત્ન લઈને વિષની પેઠે લોકના સંહારક, નાગર જાતિના નાગડ મંત્રીના હાથમાં આપ્યું. બાવળના ઝાડ ઉપર જેમ કલ્પવેલી આરૂઢ થાય તેમ નાગડના હાથમાં રાજમુદ્રા આરૂઢ થઈ.

હર્ષગણી આ વિષે માત્ર આટલું જ કહે છે, પણ રાજશેખર એક બીજો વૃત્તાંત આપે છે. તે કહે છે કેઃ—

વીરધવળે જે રાજ્ય પ્રાપ્ત કર્યું. હતું તે કરતાં **વીસલદેવનું** રાજ્ય કાંઇક ન્યૂન થયું પણ વધ્યું નહિ. તથાપિ તે જેમ જેમ ફાવતો ગયો તેમ તેમ પ્રસંગે પ્રસંગે વસ્તુપાળ ઉપર કરડી નજરથી જોવા લાગ્યો.

ગીતિ—સંપત્તિને અગ્રે, જયમ જયમ વધતો પુરૂષ જઈ ચ્હડશે;
તે જો નહિ વિવેકી, તો તે ગુરૂને લઘુ કરીને ગણશે.

વસ્તુપાળ ગુરૂ હતો તેને લઘુ કરી લેખ્યો. તે મહામાત્ય હોતાં શ્રી શ્રીકરણનો અધિકારી હતો તેને માત્ર લઘુ શ્રીકરણનો અધિકાર આપ્યો. અધિકારીની ગણના રાજા ભણીથી ઓછી થવા લાગે એટલે લોકમાં તેનો વક્કર પણ ઓછો થતો જાય છે. અધિકારના પ્રતાપની આંચ આવવાથી જેના સામું જોઈ શકાય નહિ એવાની સામે વિપરીત સમય આવતાં હલકાં પણ બાથ ભીડવાને તત્પર થઈ જાય છે. રાજાના **સમરાક** નામના એક પ્રતિહારે આગળ અન્યાય કરીને અપરાધ કર્યો હતો તેથી વસ્તુપાળે તેને સંતાપ્યો હતો તેનું વૈર લેવાને તે હવે રાજાને કાને ચ્હડ્યો, અને ભમાઈ ગયલા રાજાને એમ ભરમાવ્યો કે, આ મંત્રિયો પાસે અતિશય ધન એકઠું થયું છે તે તેમની પાસેથી લઇને રાજભંડારમાં નાંખશો તો કામ લાગશે. રાજાને તે વાત રૂચી અને તેમને બોલાવીને કહ્યું કે, તમારી પાસે ધનનો ભંડાર ભરેલો છે તે લાવીને મારી પાસે રજુ કરી દ્યો. મંત્રિયોએ કહ્યું કે અમારી પાસે જે કંઈ ધન હતું તે અમે શત્રુંજય આદિ ઠેકાણે ધર્મસ્થાનો કરાવીને તેમાં ખરચી નાંખ્યું છે. રાજા કહે કે, જો તેમ હોય તો દિવ્ય કરીને ચોખ્ખા થાઓ. વસ્તુપાળ કહે કે ભલે આપ આજ્ઞા કરો તે દિવ્ય કરવાને અમે તૈયાર છિયે. રાજાએ એક મ્હોટો સાપ પકડી મગાવીને ઘડામાં ઘાલી મંત્રીને કહ્યું કે ઘડામાં હાથ ઘાલી તે નાગને બહાર કહાડવાનું દિવ્ય કરો. આવું અઘટિત કાર્ય નહિ કરવાને લવણપ્રસાદે **વીસલને** બહુ વાર્યો, પણ તે અભિમાનથી મદોન્મત્ત થયલા રાજાએ પોતાના વૃદ્ધ પિતામહનું વચન રાખ્યું નહિ.

છેવટે **સોમેશ્વરે** કહ્યું કે,[૧] જ્યારે આ મંત્રિયોને રાખવાનો તમારા પિતા વીરધવળે વિચાર કર્યો ત્યારે તેજપાળે પ્રાર્થના કરી હતી કે સહકુટુંબ મારે ત્યાં ભોજન કરવાને પધારો, ત્યાર પછી અમે આપની ઇચ્છાને અનુસરીને આપ જે

૧ પ્રબંધચિન્તામણિની અંતર્ગત શ્રી કુમારપાળમંત્રીશ્વર વસ્તુપાળતેજપાળ નામનો ચતુર્થ પ્રકાશ.

ઉચ્ચ પદવી અમને આપવા ધારો છો તે શિર ચ્હડાવીશું. વીરધવળે આ તેમની વિનતિ સ્વીકારી, અને રાણી જયતલ દેવી સહિત તેને ઘેર પધારીને તે પાવન કર્યું; નાના પ્રકારની રસોઇ અનુપમા દેવિયે કરાવી હતી તે આરોગાવ્યા પછી તેણે પોતાના કાનનાં કર્પુરમય તાડંકની જોડ વિવિધ પ્રકારનાં રત્નો જડેલી હતી તે તથા મણિમોતીનો સુશોભિત સુવર્ણ એકાવલી હાર રાણીને અર્પણ કર્યો. તેજપાળે પણ રાણાની આગળ નાના પ્રકારની સુંદર સોગાતોનો એક થાળ ભરીને અર્પણ કર્યો. તેનો માત્ર નામનોજ સ્વીકાર કરીને રાણાએ એવો લેખ કરી આપ્યો કે તમારી પાસે વર્ત્તમાન વિત્ત છે તે તમારા ઉપર કુપિત થઇયે તો પણ પ્રતીતિપૂર્વક રહેવા દઇયે. આ લેખ અને મહામાત્ય-પદની રાજ્યમુદ્રા તેના હાથમાં મૂકીને પંચાંગ પ્રસાદ આપી રાણાશ્રી દરબારમાં પાછા પધાર્યા. સોમેશ્વરની આ વાત સાંભળીને વીસલદેવ શાંત પડ્યો અને મહા ભયંકર દિવ્ય કરાવવાનું બંધ રાખ્યું.

કોઈ એમ પણ કહે છે કે, પ્રારંભમાં મંત્રી થતાં પ્હેલાં તેમની પાસે ત્રણ લાખની પૂંજી હતી તેટલી જ સોગન ખવરાવીને તેમની પાસે રહેવા દઇને રજા આપી.

ઉપરનો બનાવ બન્યા પછી મંત્રિયો ધોળકામાં રહેતા હતા, તેવામાં એક પૌષધશાળામાંથી પૂંજો કહાડીને એક સાધુ જેવો નીચે નાંખ્યો કે તેવો જ રાણાનો મામો સિંહ વાહને ચ્હડીને ત્યાંથી પસાર થતો હતો તેના ઉપર પડ્યો, એટલે તે ક્રોધાયમાન્ થઈ ગયો અને વાહન ઉપરથી ઉતરી પડી પૌષધશાળામાં ચ્હડી જઈ, પેલા સાધુને ધમકાવી બોલ્યો કે જંબુક! તું શું સિંહકુળને નથી ઓળખતો? એમ કહી તેને ખૂબ માર મારીને ચાલતો થયો.

આ બનાવ બન્યો તે વેળાએ વસ્તુપાળ જમવા બેઠો હતો અને પ્હેલો જ કોળિયો તેણે મ્હોંમાં મૂક્યો તેવામાં જ પેલો સાધુ રોતો રોતો આવીને અરજ કરવા લાગ્યો. તેની બધી વાત સાંભળીને લાગલો જ હાથ ધોઇને ઊઠ્યો અને સાધુને ધીરજ આપીને બેસાર્યો. પોતાના નોકરોને લાગલા જ એકઠા કરીને તે બોલ્યો કે, ક્ષત્રિયો! તમારામાંથી કોઈ એવો શૂર છે કે જે મારા અંતરનો ભડકો શમાવે! આવું તેનું આકરૂં વચન સાંભળીને ભૂણપાળ (ભુવનપાળ) નામનો એક રજપૂત હતો તે બોલ્યો કે દેવ! આજ્ઞા કરો તે પ્રમાણે કરવાને હું તૈયાર છું. મારા ઉપર આપનો ઉપકાર એટલો બધો છે કે મારો જીવ આપતાં સુધી પણ હું ઋણમુક્ત થાઉં એમ છે નહિ. મંત્રિયે કોપીને કહ્યું કે રાણાનો મામો સિંહ જેઠવો

ધણો ફાટ્યો છે. એણે આ સાધુને માર માર્યો છે, માટે તેનો જમણો હાથ કાપી લાવીને મારા મ્હોં આગળ રજુ કરો.

આવું આગ્રહભર્યું મંત્રીનું વચન સાંભળીને તે રજપૂત ચાલ્યો ચાલ્યો સિંહની ડેલિયે મધ્યાહ્ન સમયે ગયો. એટલામાં દરબારમાંથી સિંહ અને આવ્યો, તેને જોઇને પેલા રજપૂતે કહ્યું કે, વસ્તુપાળ મંત્રિયે આપને કાંઈક છાની વાત ક્હેવાને મને મોકલ્યો છે, માટે જરાક પડખે આવો તો કહું. સિંહ જેવો એક બાજુએ તેની વાત સાંભળવા ગયો કે તેવો જ તેનો જમણો હાથ ઝટ્ટ ઝાલીને કાપી લીધો અને બોલ્યો કે હું વસ્તુપાળનો ભૃત્ય છું. હવે ફરીને તમે શ્વેતામ્બરોનો પરાભવ કરવાને આવજો.

એમ કહીને ત્યાંથી દોડતો દોડતો તે રજપૂત વસ્તુપાળ પાસે જઈ પ્હોંચ્યો. વસ્તુપાળે તેનાં બહુ વખાણ કર્યાં અને સિંહનો હાથ પોતાની હવેલીની ટોંચે લટકાવરાવ્યો. પછી પોતાના ઘર આગળ વિશ્વાસુ માણસોનો જમાવ કરીને સાવધાનીથી તૈયાર રહેવા માટે તેમને ક્હેવા લાગ્યો કે જેને પોતાનો જીવ વ્હાલો હોય તેનું હવે અહિં કામ નથી, માટે એવો જે ભીરૂ હોય તેણે પોતાને ઘેર જતા રહેવું. અમે તો હવે આદરીને બેઠા છિયે અને અમારો જીવ હાથેલિમાં આવી રહ્યો છે. આવું તેનું બોલવું સાંભળીને તેના ભૃત્યો બોલ્યા કે હવે જીવવાનો સંભવ રહ્યો નથી તો અમારે આપની સાથે જ મરવું, એ વધારે સારૂં છે. એમ કહી સર્વે સજ્જ થઇને રહ્યા. હવેલીના દરવાજા બંધ કરી દીધા, અને તેની ચારે બાજુએ ફરતી ચોકી મૂકી દીધી. મંત્રી પણ બખ્તર પ્હેરી, ધનુષ્ય ખભે ભેરવી, તથા હાથમાં તરવાર ધારણ કરી, પોતાની હવેલીમાં તૈયાર થઈ રહ્યો. આણીમગ સિંહ પણ સિંહની પેઠે તાડન કરવાને તૈયાર થઈ ગયો. તેના સર્વે જેઠવા ભાઇયો ભેગા થઈ ગયા, અને ચાકરો પણ તૈયાર ઊભા. તે સર્વેના દેખતાં સિંહે પ્રતિજ્ઞા કરી કે "વસ્તુપાળને તેના પુત્ર, પશુ અને બાંધવ સહિત હણું નહિ તો મારૂં નામ સિંહ નહિ." સર્વે ભેગા થઈ ચાલ્યા પણ તેમાંથી એક વૃદ્ધ હતો તેણે કહ્યું: "આવું ભારે સાહસ કરતાં પ્હેલાં આપણે રાણાને જઇને ક્હેવું અને ત્યાર પછી જે કરવું હોય તે કરવું." આ ક્હેવું બધાને ગળે ઉતર્યું અને તેઓ દરબારમાં ગયા. રાણાને જે બન્યું હતું તે કહી સંભળાવ્યું, ત્યારે તે વિચાર કરીને બોલ્યો કે, વિના અપરાધે વસ્તુપાળ કોઇને પીડા કરે એવો નથી, માટે તમે પણ કાંઈ અઘટિત કર્યું હશે, તેથી હવે તમે આટલેથી જ અટકો. જે યોગ્ય હશે તે હું મારી મેળે તપાસ કરીને કરીશ.

જેઠવાને વિદાય કર્યા પછી રાણાએ સોમેશ્વરદેવને પૂછ્યું કે, "ગુરૂ! આપણે હવે શું કરવું?"[1] તે બોલ્યો કે "હું વસ્તુપાળ પાસે જાઉં છું અને જેમ કરવું ઉચિત હશે તેમ કરીશ." તે વસ્તુપાળની હવેલિયે ગયો અને અંદરથી પરવાનગી મેળવીને તેની પાસે પ્હોંચ્યો, અને બોલ્યો કે, મંત્રી! ન્હાની સરખી વાત તમે આટલી બધી શા માટે વધારી નાંખી? બધા જેઠવા ભેગા થયા છે. રાજા પણ પોતાના મામાની ખાતર ઘણા કોપાયમાન થયા છે. માટે તમે આ બધી ઉપાધિ મૂકી દ્યો તો સમાધાન કરવાનો હું પ્રયત્ન કરૂં. મંત્રિયે કહ્યું કે હું મરણિયો થઇને તૈયાર રહ્યો છું, ગુરૂનો પરાભવ થાય એ સહન થઈ શકે એવું નથી; મેં જગતમાં જે કરવાનું તે કરી લીધું છે; હવે તો આ કજિયામાં હોમાવાની મારી વૃત્તિ તૈયાર થઈ રહી છે.

ગીતિ—જીવિત તણું સાફલ્ય જ, એવો યશ ચોગરદમથી લૂટ્યો;
યશ-અંગ જો રહ્યું તો, પરાળ રૂપ આ શરીર ભલે છૂટો.

આપ હવે મારી ચિન્તા કરો નહિ. મેં તો જે આદર્યું છે તે હું કરીશ. આવાં તેનાં વચનોથી સોમેશ્વરે ધાર્યું કે આવા મરણિયા થયેલાને બોધ લાગે એવો નથી, તેથી ત્યાંથી તે ઉઠ્યો, રાણા પાસે ગયો અને તેને કહ્યું કે, આ પ્રસંગમાં મંત્રી મરવાને તૈયાર થઈ રહ્યો છે, તેણે સર્વ પ્રકારની યોજના કરી રાખી છે, તે ઘણો શૂર છે અને પોતાના જીવિતને તૃણવત્ ગણે છે, તેથી તે કાં તો મરશે કે મારશે. એ મંત્રી આગળ ઉપર આપણને કોઈ ભારે કામમાં ઘણો ઉપયોગી છે. એણે આ દરબાર ઉપર ભારે ઉપકાર કર્યા છે. આપની સામ્રાજ્યદીક્ષાનો ગુરૂ એ છે. સમસ્ત જગતનો તે ઉપકારક છે, માટે પિતાતુલ્ય માન આપવાને તે યોગ્ય છે. આ કજિયામાં સિંહનો પૂરો વાંક છે, એણે અવિચાર્યું કામ કર્યું છે, અને ધર્મની લાગણી પોતાની વિરૂદ્ધ ઉશ્કેરી છે. એ સર્વે વાત લક્ષમાં લઇને વસ્તુપાળનો જો અપરાધ ગણવામાં આવે તોપણ એને ક્ષમા કરવા સરખું છે, કેમકે:—

---

૧ આ સંબંધમાં હર્ષગણિ નીચે પ્રમાણે વિશેષ જણાવે છે કે:—

વીસલ રાજ્યવ્યવહારકુશળ હતો, તેમ છતાં પણ તેને આ બનાવથી ઘણું માઠું લાગ્યું અને મામાનો પક્ષ કરીને સૈન્ય મોકલીને મંત્રીનું ઘર ઘેરી લીધું. મંત્રીના સુભટો ઉદ્ધત હતા, તેથી તેઓએ પણ સામું યુદ્ધ કર્યું. એટલે રાજધાનીના સમગ્ર લોક ભયભ્રાન્ત થયા. આવો બનાવ જોઇને રાજા પોતે યુદ્ધ કરવાને તત્પર થયો અને ઈન્દ્રને પણ જિતી જાય એવી પોતાની સેના સજ્જ કરાવી. આવું જાણીને સૂર્ય સમાન તેજસ્વી એ વસ્તુપાળ પણ પોતાના વીર બંધુઓ સહિત વિશેષ તૈયારી કરવા લાગ્યો. આવો બારિક મામલો જોઇને સોમેશ્વર વસ્તુપાળ પાસે ગયો.

ગીતિ—જુજ જૂના ભૃત્યોના, જે નૃપ બે ત્રણ વાંક સહન કરે;
પ્રભુ તે કયમ વખણાય જ કૃતઘ્ન પણ અવગુણ અતિ હૃદય ધરે.

આપ જો આવા મંત્રીને માટે ખોટો વિચાર લાવશો તો પછી અમારા મનમાં પણ આપને માટે શો વિચાર આવશે, તે પણ આપે વિચારવાનું છે. સોમેશ્વરે આ પ્રમાણે ઘણી રીતે રાણાને સમજાવીને તેનું મન શાંત કર્યું, અને રાણાને સર્વ પ્રકારે સ્વાધીન કરી લીધો; એટલે તે બોલ્યો કે, મંત્રીને ધીરજ આપીને તથા સમજાવીને મારી પાસે સન્માનપૂર્વક લઈ આવો.

વસ્તુપાળને ત્યાં ગુરૂ પાછા ગયા અને તે જેવી સ્થિતિમાં તે સજ્જ હતો તેવી જ સ્થિતિમાં તેને તેના વીર પુરૂષો સહિત દરબારમાં લઈ આવ્યા. તેને જોતાં વાંત જ તે કૃતી રાણાના મનમાં તેના બધા ગુણ અને ઉપકાર જે નાના પ્રકારના હતા તે ઉભરાઈ ગયા. તેની આંખોમાં પાણી ભરાઈ આવ્યું અને તેને પોતાના પિતાતુલ્ય ગણીને ભેટી પડ્યો. પછી તેને તેના નિત્યના સ્થાન ઉપર બેસારીને શાન્ત પાડ્યો. સિંહને તે જ ક્ષણે બોલાવીને મંત્રીની ક્ષમા મંગાવી અને તેને પગે લગાડ્યો. અને પોતાનો એમ અભિપ્રાય સિદ્ધ કર્યો કે, સત્યશીલ, તપોનિષ્ઠ, જગતમાં મ્હોટાઈ પામેલા એવા સર્વજ્ઞ મનના સૂર્ય રૂપ મહાપુરૂષો પ્રતિ જે કોઈ, કોઈના ધર્મ વિરૂદ્ધ તેમનું મન દુઃખવશે તેની ગતિ આ સિંહની પેઠે થશે.

વસ્તુપાળ આ પ્રમાણે જય મેળવીને પાછો પોતાની હવેલિયે ગયો. રસ્તામાં લોકનાં ટોળેટોળાં તેનું પરાક્રમ અને શૌર્યનો દેખાવ જોઇને પ્રસન્ન થયાં અને તેની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ. પૌષધાલય ઉપર જયપતાકા આરોપણ કરાવ્યા.[૧]

તે પછી વસ્તુપાળ પંચાસર આદિ દેવતાઓનાં દર્શન કરવા પાટણ ગયો. અને ત્યાંથી પાછો વળી આવ્યા પછી વિક્રમ સંવત્ ૧૨૯૮ ના વર્ષમાં તેને સહજ તાવ આવવા લાગ્યો. તેણે તેજપાળ તથા તેના પુત્રપૌત્ર સમક્ષ અને પોતાના પુત્ર જયંતસિંહને બોલાવીને કહ્યું કે, હે વત્સ! મળધારી એવા શ્રી નરચંદ્રસૂરિએ સંવત્ ૧૨૮૭[૨] ના ભાદ્રપદ વદિ ૧૦ ને દિવસે પોતાના દિવગમન-

૧ આ પ્રસંગ પછી સમરાક પ્રતિહારના પ્રપંચથી વસ્તુપાળને દિવ્ય કરાવવાની ભાંજગડ ઉઠી છે તે વસ્તુપાળચરિત્રમાં દાખલ કરી છે, જે મેં પાછળ પૃષ્ઠ ૪૮૭ મે વસ્તુપાળપ્રબંધના ક્રમ પ્રમાણે આપી છે.

૨ ગુ. ભા. માં રા. મણિલાલે સંવત્ ૧૨૯૭ લખ્યો છે, પણ મારી પાસેની સંસ્કૃત પ્રતિમાં સંવત્ ૧૨૮૭ છે. મારી પાસે એક છૂટું પાનું છે, જે પ્રાચીન છે, તેમાં લખ્યું છે કેઃ—

वत्साः श्रीनरचंद्रसूरिभिरस्माकमुक्तमस्ति यद्विक्रमात् संवत् १२९८ वर्षे भाद्रपद वदि १० दिने स्वर्गारोहो भविष्यति तेषां वचांसि न चलंति गीःसिद्धसंपन्नत्वात् ततो वयं श्रीशत्रुंजयं गमिष्यामः

સમયે મને કહ્યું છે કે, સંવત્ ૧૨૯૮ ના ભાદ્રપદ વદિ ૧૦ ને દિવસે તમારે પણ સ્વર્ગગમન કરવાનું છે. તો તેમનું વચન ચલિત થાય નહિ. એની વાણી વચનસિદ્ધિવાળી હતી, માટે હવે આપણે શત્રુંજય જઇયે; કેમકે,

गुरुर्भिषग् युगाधीश, प्रणिधानं रसायनम् ।
सर्वभूतदयापथ्यं संतु मे भवरुग्भिदे ॥

સંસારરૂપી રોગ મટાડવાને માટે ગુરૂને મેં વૈદ્ય માન્યો છે, યુગાધીશ-(પાર્શ્વનાથ)ની સમીપમાં રહેવું, એ જ રસાયન માન્યું છે અને પ્રાણીમાત્ર ઉપર દયા કરવી, એ જ પથ્ય માન્યું છે.

આ અભિપ્રાય તેના કુટુંબિયોને પણ રૂચતો આવ્યો અને શત્રુંજય જવાની સામગ્રી તૈયાર કરાવી. એવા પ્રસંગમાં તેને જોવાને સોમેશ્વર કવિ આવ્યા. સેવકોએ તેને બેસવાને સારાં આસન નાંખી આપ્યાં, પણ કોઈ ઉપર તે બેઠા નહિ, ત્યારે તેને તેનું કારણ પૂછતાં તે બોલ્યા કે,

अन्नदानैः पयःपानै धर्मस्थानैर्धरातलम् ।
यशसा वस्तुपालेन रुद्धमाकाशमंडलम् ॥

"વસ્તુપાલે અન્નદાનનાં સ્થાનકો કરીને, પાંણી પીવાનાં જળાશયો બાંધીને, તથા ધર્મસ્થાનો કરીને આ પૃથ્વીનું તળ રોકી લીધું છે, તેમ જ પોતાના યશથી આખું આકાશમંડળ રૂંધી લીધું છે, તો પછી કોઈ જગ્યા ખાલી રહેતી નથી; એટલે અમે ક્યાં બેસિયે ?" એ પ્રમાણે વાક્‌વિનોદ થયા પછી કવિયે આજ્ઞા લીધી. વીસલદેવની છેલ્લી આજ્ઞા લેવા જતાં રાજાને અશ્રુપાત થયો.

પછી તે નાગડ મંત્રી પાસે ગયો. તેણે આસન આપીને તેનો સત્કાર કર્યો. તે વેળાએ વસ્તુપાળ બોલ્યો કે, "જન્માંતરની શુદ્ધિ માટે અમે વિમળ-ગિરિ ભણી પ્રસ્થાન કરિયે છિયે. તમારે જૈન મુનિયોનું રૂડી રીતે રક્ષણ કરવું કે, જેથી ક્લેશી લોક તેમને પીડે નહિ. વનરાજથી માંડીને જૈન મંત્રિયોએ રાજ્યની સ્થાપના કરી છે. એ વાત દ્વેષી લોકોને પસંદ પડતી નથી, માટે એ વિષે તમારે ધ્યાનમાં રાખવું.

નાગડ મંત્રિયે કહ્યું કે—"શ્વેતામ્બરોનું ભક્તિભાવથી ગૌરવ કરીશ, એ વિષે તમારે ચિન્તા રાખવી નહિ, તમારૂં ભલું થાઓ".

આવું સાંભળીને વસ્તુપાળને સંતોષ થયો અને ત્યાંથી ઉઠીને પ્રયાણ કરવા માંડ્યું. તે જ્યારે લીંબડીની પાસે ચારેક મૈલને છેટે અંકેવાળિયા ગામ છે ત્યાં સુધી આવ્યો, ત્યારે તેને વધારે મંદવાડ જણાવા લાગ્યો. એટલે એની સાથે જે જૈન સૂરિયો હતા તે નિર્યામણા કરવા લાગ્યા. વસ્તુપાળ સમાધિયે કરીને

સર્વે સાંભળવા લાગ્યો, અને અનશન વ્રત ધારણ કર્યું. એક પ્રહર ગયા પછી તે બોલ્યો કેઃ—

न कृतं सुकृतं किंचित्सतां संस्मरणोचितम् ।
मनोरथैकसाराणामेवमेवं गतं वयः ॥ १ ॥

ગીતિ—સત્પુરૂષો સંભારે, એવું કંઈ પણ સુકર્મ નવ કીધું;
ખોટા મનોરથોમાં, વય મારૂં સૌ વહાવી મેં દીધું.

વળી આ મહાશયે એવો પણ વિચાર જણાવ્યો કે,—

नृपव्यापारपापेभ्यः सुकृतं स्वीकृतं न यैः ।
तान्धूलिधावकेभ्योऽपि मन्येऽधमतरान्नरान् ॥ २ ॥

ગીતિ—નૃપકારભારપાતક, શમવા સ્વીકારી સુકર્મ નવ લીધું;
તેણે ધૂળધોયાથી, અધમપણું પણ અધિક કરી દીધું.

यन्मयोपार्जितं पुण्यं जिनशासनसेवया ॥
जिनसेवैव तेनास्तु भवेभवे सदा मम ॥ ३ ॥

ગીતિ—જિનશાસનસેવાથી, પુણ્ય તણી પ્રાપ્તિ જે કરી રાખી;
તો જિનશાસનસેવા, ભવે ભવે તે મને મળો આખી.

या रागिष्वपिरागिण्यः स्त्रियस्ताः कामयेत कः ॥
तामहं कामये मुक्तिं या विरागिणि रागिणी ॥ ४ ॥

ગીતિ—સ્ત્રીપર રતિ કુણ કરશે, જે રાગીપર સદાય રે' રાગી;
હું ઈચ્છું છું મુક્તિ, વિરાગપર જે રહે સદા રાગી.

मंदाक्रान्ता—शास्त्राभ्यासो जिनपदनतिः संगतिः सर्वदा यैः
सद्वृत्तानां गुणगणकथा दोषवादे च मौनम् ॥
सर्वस्यापि प्रियहितवचाभावना चात्मतत्त्वे
संपद्यंतां मम भवभवे यावदाप्तोऽपवर्गः ॥ ५ ॥

કવિત્ત—શાસ્ત્ર તણો અભ્યાસ ને, જિનપદનતિ નિત્ય,
દોષવાદ વિષે મૌન, આર્યસહવાસ છે.
આત્મા કેરા તત્વ વિષે, ભાવના ભરેલી રહે,
સદાચારીના ગુણની, કથા વિષે વાસ છે.
પ્રિયકર થાય અને, હિતકર જે છે પૂરી,
એવી વાણી સૌની અતિ, પ્રીતિથી વદાય જે,
આવાં રૂડાં વાનાં મને, ભવેભવ પૂરેપૂરાં,
મોક્ષ મળતા સુધીમાં, મળજો સદાય જે.

આવા વિચારવાળો મહા પુરૂષ, ગગનને વિષે જેમ ચન્દ્રમા ભૂષણ છે તેમ, જિનશાસનના ભૂષણરૂપ વસ્તુપાળ અસ્ત પામ્યો, યુગાદિ દેવનો પોતાના મુખથી જપ કરતો સ્વર્ગારોહી થયો. સંસારગ્રંથી જેમની છૂટેલી એવા ભવાતીત સાધુ પણ આ સમયે મ્હોટે સ્વરે રોવા લાગ્યા, તો પછી સંસારિયો સહોદરાદિ મહા વિલાપ કરી રડે, એમાં શી નવાઈ? પછી તેજપાલ તથા જયન્તસિંહ મંત્રીના દેહને શત્રુંજય લઈ ગયા અને ત્યાં એક જગ્યાએ તેને અગ્નિસંસ્કાર કર્યો. તેમાં ચંદન, અગર, કર્પૂર, કસ્તૂરી, અને મલયચંદન તથા એવી બીજી અનેક સુગંધી વસ્તુઓ નાંખી. આ પ્રમાણે વિધિ કરીને તેજપાળ તથા જયન્તસિંહ આદિ સર્વે ધોળકે પાછા આવ્યા અને વીસલદેવને મળ્યા. તે વસ્તુપાળની સ્વર્ગપ્રાપ્તિ સાંભળીને તીવ્ર દુઃખરૂપી મહા સમુદ્રમાં નિમગ્ન થયો; તથા તેનામાં ઔદાર્ય, ધૈર્ય, ગાંભીર્ય, આદિ ગુણસંપત્તિ હતી તેનું વારંવાર સ્મરણ કરતાં પણ વિરામ પામ્યો નહિ, અને તેણે કષ્ટસાધ્ય વિવિધ પ્રકારનાં સામ્રાજ્યકાર્ય કર્યાં હતાં તે પ્રતિ દિવસ તેને સાંભરી આવવા લાગ્યાં.

જે સ્થાને તેને અગ્નિદાહ કરવામાં આવ્યો હતો તે સ્થાને ઝગઝગાટવાળા આરસપ્હાણોથી સ્વર્ગારોહ નામનો પ્રાસાદ કરાવ્યો. તે ત્રૈલોક્યમાં સુંદર હતો, તેમાં જગત્પ્રદીપ નામે શ્રી ઋષભદેવની મૂર્ત્તિ પધરાવી. વસ્તુપાળે અંકેવાળિયા (અર્કપાલિક ગ્રામ) ગામમાં દેહ છોડ્યો હતો, માટે એ ગામ ઉપરના પ્રાસાદના ખર્ચ માટે આપી, શ્રી ચૌલુક્ય-ઈશ્વર જે વીસલદેવ તેણે શાસનપત્ર દેવદાયમાં કરી આપ્યું. પછી પ્રજાપાળ એવા વીસલદેવે તેજપાળનું સન્માન કરીને તેને લઘુશ્રીકરણના પદે સ્થાપ્યો તથા વસ્તુપાળના પુત્ર જૈત્રસિંહ(જયન્તસિંહ)ને મંત્રીના પરાક્રમ ગુણ થકી જિતી લીધેલું એવું પટલાદ્રપુર-(પેટલાદ)નું ઐશ્વર્ય પ્રસન્ન થઈને આપ્યું.

તેજપાળે લઘુશ્રીકરણનો અધિકાર દશ વર્ષ સુધી ચલાવ્યો. અને તેટલા સમયમાં તેને સંપત્તિનું સ્થાન બનાવી દીધું. તેણે પણ અર્થિયોને નાના પ્રકારનાં દાન દીધાં. પછી શંખેશ્વર પાર્શ્વનાથનાં દર્શન કરવાને સહકુટુંબ ગયો અને ચન્દ્રોન્માનપુરમાં[1] સંવત્ ૧૩૦૮ માં તેનો દેહાન્ત થયો.

જૈત્રસિંહે વીસલદેવની આજ્ઞા લઈને, તેજપાળના કલ્યાણને અર્થે તેના દહનસ્થાને જિનાધીશ મંદિર મંદરપર્વત સમ કરાવ્યું, તથા ત્યાં સરોવર, ધર્મશાળા અને બે સત્રાલય કરાવ્યાં. આ પ્રમાણે વસ્તુપાળ અને તેજપાળની કારકીર્દિનો અંત આવે છે. તેમણે ૬૩ સંગ્રામમાં જય પ્રાપ્ત કર્યો હતો. આ સંગ્રામમાંથી કેટલાકનું વર્ણન ઉપર આપવામાં આવ્યું છે. બાકીનાનો વૃત્તાન્ત

૧ આ ગામ ચંદુર હશે, જ્યાં વનરાજની છત્રી છે.

ગ્રંથકર્ત્તાઓએ આપ્યો હોત તો તેથી એ વાત વિશેષ અજવાળામાં આવત. તેમણે ૩૨ પથ્થરના નવા કોટ કરાવ્યા એમ લખે છે, પણ કિયા કિયા નગરને કોટ કરાવ્યા એ વિગત પૂરેપૂરી આપણી આગળ રજુ થઈ હોત તો તે વધારે સારૂં થાત. "સરસ્વતીકંઠાભરણ" આદિ ૨૪ વિરૂદાવલિ તેને પ્રાપ્ત થઈ હતી, એટલે કે ૨૪ ઇલકાબ તેને મળ્યા હતા, પણ તેમાંથી માત્ર થોડાક જ આપણા જાણવામાં આવ્યા છે.

વસ્તુપાળ અને તેજપાળનું વિશેષ વૃત્તાન્ત

ઉપર પ્રમાણે રાજ્યકાર્ય સંબંધમાં આ બંને ભાઇઓનો વૃત્તાન્ત આપણે જાણ્યો. પણ તેમનાં તે વિનાનાં બાકીનાં કાર્ય અને તેમના કુટુંબ વિષે જાણીતા થવા માટે અહિં અમે વિશેષ વૃત્તાન્ત આપિયે છિયે.

વંશાવળી[1] નીચે પ્રમાણે છે:—

- ચંડપ. (ગૂર્જરરાજાનો મંત્રી હતો. કીકૌ.)
  - ચંડપ્રસાદ. (નૃપવ્યાપારમુદ્રા ધારણ કરતો હતો.)
    - સૂર. ૦
    - સોમ (સિદ્ધરાજનો કોષાધિકારી.)
      - અશ્વરાજ (આશારાજ) કુમારદેવી–કુંવરબાઈ.
        - લૂણિગ. ૦
        - મલ્લદેવ. લીલુકા–લીલું, પાનું.
          - પૂર્ણસિંહ.
            - પેથડ.
        - વસ્તુપાળ. લલિતાદેવી. સૌખ્યલતા.
          - જૈત્રસિંહ. (જયન્તસિંહ.)
        - તેજપાળ અનુપમાદેવી.
          - કુલદેવી.
          - લૂણસિંહ. (લાવણ્યસિંહ.)
      - વિજય. ૦
      - તિહૂણપાલ. ૦
      - કેલી(દીકરી.)

૧ "પ્રાગવાટ્વંશવર્ણન" એવા મથાળાનું એક પ્રાચીન પાનું અમારી પાસે છે, તે કીર્ત્તિકૌમુદીના પરિશિષ્ટ અમાં, તેમ જ ભાવનગર લેખમાળાના પૃ. ૧૭૪ માં આબુ પર્વત ઉપરના દેલવાડામાં આદિનાથના દેરાસરની પાસેની ધર્મશાળાની એક ભીંતમાં સંવત્ ૧૨૬૭ (ઈ. સ. ૧૨૧૧) ફાલ્ગુન વદિ ૧૦ સોમવારનો શિલાલેખ છે,તે ઉપરથી લખેલું છે.

અશ્વરાજને ઉપર લખેલા ચાર પુત્ર ઉપરાંત સાત પુત્રિયો હતી: ૧ જગલ્દ્દ, ૨ માઊ, ૩ સાઊ, ૪ ધણુદેવી, ૫ સોહગા, ૬ વયજુ—વયજૂકા અને ૭ પદ્મદેવી–પદમલદેવી.

કોઈ એક[૧] સમયે ભટ્ટારક શ્રી હરિચંદ્રસૂરિ પાટણમાં વ્યાખ્યાન કરતા હતા, તેવામાં સ્ત્રીપુરૂષોનો મેળાવડો સારો થયો હતો. એ શ્રોતાઓમાં આશરાજ પ્રધાન પણ સાંભળવા આવ્યા હતા; તેમ જ કુમારદેવી નામની એક અતિ રૂપવતી વિધવા તે મેળાવડામાં આચાર્યની દેશના સાંભળવા બેઠી હતી. આશરાજનું મન પણ તે વિધવામાં નિમગ્ન થયું હતું. જ્યારે વ્યાખ્યાન થઈ રહ્યું અને સભા વિસર્જન થઈ, ત્યારે આશરાજે સૂરિને પૂછ્યું તે ઉપરથી ગુરૂએ કહ્યું કે, ઈષ્ટદેવના આદેશ થકી આ બાઇની કૂખે સૂર્ય અને ચન્દ્રમાનો ભવિષ્યમાં અવતાર થવાનો હોય એમ અમને સમજાય છે. કેમકે, તેનામાં તેવાં સામુદ્રિક ચિહ્ન અમારા જોવામાં આવ્યાં છે. આવી આશ્ચર્યજનક વાત સાંભળીને આશરાજે તેની સાથે પુનર્લગ્ન કર્યું. પછી તેને પેટ વસ્તુપાળ અને તેજપાળ સૂર્ય અને ચન્દ્રરૂપ થયા.

એમનાં ધર્મકાર્યની થોડીક વિગત નીચે પ્રમાણે છે:—

બાઊલા ગામમાં ૩૭,૦૦૦ ધન ખરચીને નેમીનાથપ્રાસાદ કરાવ્યો.

(બહુલાદિત્યનો મ્હોટો મંડપ.)

સંવત્ ૧૨૭૭ માં તેજપાળે મ્હોટી યાત્રા આરંભી તેમાં સંઘમાં

૫,૫૦૦ સારાં વાહન હતાં;

૩૦૦ દિગમ્બર સાધુ હતા;

૨,૧૦૦ શ્વેતામ્બર સાધુ હતા;

૧,૦૦૦ ચોકી કરવા અશ્વાર હતા;

૭૦૦ રાતી ઉંટડિયો હતી;

સંઘના રક્ષણને અર્થે સાથે ચાર મ્હોટા સામંત હતા; તે સહિત પાલિતાણે પ્હોંચ્યા,

પાદલિપ્તપુર(પાલિતાણા)માં મહાવીર સ્વામીનું દેવાલય કરાવ્યું હતું અને જેથી લલિત સરોવર શોભતું હતું; તેને કાંઠે આવાસ (તંબુ) ખડા કરાવ્યા. વિધિપૂર્વક તીર્થારાધના કર્યા પછી, મૂળ પ્રાસાદમાં સુવર્ણ કળશની સ્થાપના કરી. મોઢેરપુરાવતારે શ્રી વૃષભદેવનું તથા પાર્શ્વનાથનું એમ પ્રૌઢ જિનયુગલનું સ્થાપન કર્યું.

---

૧ પ્રબંધચિન્તામણિના અંતર્ગત કુમારપાળ અને વસ્તુપાળપ્રબંધ સર્ગ ૪ થો, શાસ્ત્રી રામચંદ્રના ભાષાન્તરનું પૃ. ૨૯૮.

મહાવીર નામના પોતે કરાવેલા દેવાલયની સામે પોતાની આરાધક મૂર્ત્તિ સ્થાપી.

દેવકુલિકાના મૂળ મંડપશ્રેણીની બંને બાજુએ ચતુષ્કિકા(ચોકી)ની બે પંક્તિયો સ્થાપન કરી.

શકુનિકાવિહારે સત્યપુરાવતારે ચૈત્યની આગળ રૂપાનું (રજતમૂલ્ય) તોરણ બંધાવ્યું.

સંઘને ઉતરવાને કેટલીક ધર્મશાળા કરાવી.

સત્યક નામના ધાર્મિક પુરૂષની દેવકુલિકા, અને નંદીશ્વરાવતારે પ્રાસાદ તથા ઈન્દ્રમંડપ એ રીતે શત્રુંજય ઉપર ત્રણ સ્થાન કરાવી, ત્યાં પોતાની તથા પોતાની સાત પેઢીના પૂર્વજોની ઘોડા ઉપર બેસારેલી પ્રતિમાઓ સ્થાપી.

શ્રી લવણપ્રસાદ તથા વીરધવળની હાથી ઉપર બેસારેલી મૂર્ત્તિ કરાવી.

પોતાના સપ્ત[1] ગુરૂની મૂર્તિઓ સ્થાપી, અને તેમની આગળ પોતાની આરાધક મૂર્ત્તિ કરાવી. તેની પાસે ચોકી ઉપર મહંમલ્લ (માલવ) દેવ અને લૂણિગ જે તેના મ્હોટા ભાઈ હતા, તેની આરાધક મૂર્ત્તિ સ્થાપી.

પ્રતોલી એટલે ધોરી રસ્તા બંધાવ્યા, અનુપમા સરોવર બાંધ્યું, અને કપર્દિ યક્ષનો મંડપ તોરણ સહિત બંધાવ્યો.

નંદીશ્વર નામે કર્મસ્થળે સોળ થંભનો પ્રાસાદ સમુદ્રકિનારે બંધાવ્યો. તેનો પાયો પોચાણ ભોંયમાં હોવાથી આ પ્રાસાદ તેને ત્રણ વાર બંધાવવો પડ્યો હતો; અને એને માટે પાવક(પાવા)ગઢથી કંટેલિયા જાતના પથ્થર મંગાવ્યા હતા.

---

૧ સોમેશ્વર વસ્તુપાળનું ગુરૂકુળ નીચે પ્રમાણે જણાવે છે:—

ચંપના વંશના ધર્મગુરૂ.—

- નાગેંદ્ર જાતના.
  - મહેન્દ્ર.
    - શાન્તિ સૂરિ.
      - આનંદ સૂરિ.
        - હરિભદ્ર સૂરિ,
          - વિજયસેન સૂરિ.
            - અભ્યુદય સૂરિ.
      - અમર સૂરિ.

પાલિતાણુ(પાલિતાણા)માં વિશાળ પૌષધશાળા બંધાવી.

સંઘ લઈને ગિરનાર ગયા. તેની ઉપત્યકામાં તેજલપુરના વપ્ર (કોટ) ચણાવ્યા, તેમાં આશરાજવિહાર તથા કુમારદેવીના નામનું સરોવર બંધાવ્યું. તે સાથે પોતાને માટે ધવલગૃહ કરાવ્યું, તથા પૌષધશાળા બંધાવી.

પ્રભાસપાટણમાં અષ્ટાપદ પ્રાસાદ કરાવ્યો. ત્યાં સોમનાથ મહાદેવનું પૂજન કર્યું. આ વેળાએ એક વૃદ્ધ પુરૂષ હાજર હતો, તેણે કુમારપાળને જે સ્થળે મહાદેવે દર્શન દીધાં હતાં તે સ્થળ બતાવ્યું.

પોતાના મ્હોટા ભાઈ લૂણિગ માંદા પડ્યો ત્યારે એણે એવી ઈચ્છા જણાવી હતી કે આબુ પર્વત ઉપર મારા નામનું એક દેવમંદિર કરાવજો. વસ્તુપાળે તેના મરણ પછી આબુ ઉપર જઈને ચન્દ્રાવતીના રાજા પાસેથી જગ્યા લઈ, વિમળશાહનું દેવળ જે સંવત્ ૧૦૮૮માં બંધાયલું હતું તેની પાસે લૂણિગવહસિકા એ નામનો ભવ્ય પ્રાસાદ બંધાવ્યો, પણ તેજપાળના નામથી આ દેવલ પ્રસિદ્ધ છે. તેનું ચિત્ર કર્નલ ટૉડે પોતાના પશ્ચિમ હિન્દુસ્થાનના પ્રવાસના પુસ્તકના પ્રારંભમાં આપ્યું છે. આ ચિત્ર મિસિસ બ્લેરે આબુ ઉપર જઈને પોતાને હાથે આલેખી લીધું હતું, તે ઉપરથી છપાયું છે. આ મડમે એવી કુશળતાથી આ લેખનક્રિયા કરી છે કે, જેથી કર્નલ ટૉડ તેના ઉપર અતિશય રાજી થઈ જવાથી તેણે પોતાનું ઉપર જણાવેલું પુસ્તક એ મડમને અર્પણ કરતાં જણાવ્યું છે કે,—"તમે આબુને ઈંગ્લંડમાં આણ્યો છે."

આ દેરાસરનું વર્ણન પાછળ પૃષ્ઠ ૩૬૯-૩૭૦ મે આપ્યું છે.

ઉપરનાં સર્વ ધર્મકાર્ય કરાવવાનું માન તેજપાળની પત્ની અનુપમા દેવીને ઘટે છે. અનુપમા તે અનુપમા જ હતી. પ્રથમ યાત્રાને સમયે આ બે ભાઈ શત્રુંજય આદિની યાત્રા કરવા ગયા ત્યારે રસ્તામાં હડાલા ગામે પોતાની સિલક તપાશી તો ત્રણ લાખ આશરે રહેલી જણાઈ. સુરાષ્ટ્રમાં ભય છે એમ સમજીને એક લાખ ડાટી મૂકવાને મધ્યરાત્રિયે એક પીપળા નીચે ખોદતાં, કોઈકનો ડાટેલો સોનામ્હોરોએ ભરેલો એવો શૌલ્ય કળશ (ચરૂ) નીકળ્યો. આ વેળાએ અનુપમા દેવી હાજર હતી, તેને વસ્તુપાળે પૂછ્યું કે, આને આપણે ક્યાં મૂકિયે? તેણે આ અમાત્યોને કહ્યું કે મનુષ્યની સાથે કાંઈ આવતું નથી; ધન તો આવે છે અને જાય છે માટે આ અને બીજું તમારી પાસે જે ધન છે તે તમે તે પર્વતની ટોંચે એવી રીતે રાખો કે પ્રત્યેક મનુષ્ય જોઈ શકે, પણ તે લઈ શકે નહિ. આ પ્રમાણે કહેવાનો ભાવાર્થ એવો હતો કે, આબુ, શત્રુંજય અને ગિરનાર ઉપર ધર્મસ્થાનો બંધાવો. એવું તેનું કથન

તેમને યોગ્ય લાગ્યું અને તે પ્રમાણે કરવાને તેમણે પણ નિશ્ચય કર્યો. વળી એવા જ પ્રસંગમાં એક જૈન સાધુના મુખથી દ્વિઅર્થી શ્લોક સાંભળવામાં આવ્યો કે:—

कोशं विकाशय कुशेशयसंश्रितालौ
प्रीतिं कुरुष्व यदयं दिवसस्तवास्ते ।
दोषोदये निबिडराजकरप्रतापे
ध्वान्तोदये तव समेष्यति कः समीपम् ॥

૧ અહો કમળ! દિવસ છે એટલી વારમાં તારા આશ્રિત ભ્રમરને વિષે પ્રીતિ કર, કેમકે રાત્રિ પડશે એટલે અંધકારનો ઉદય થશે, તેમ જ ચન્દ્રમાનાં ઘાટાં કિરણનો પ્રતાપ પડશે તો પછી તારી પાસે કોણ આવશે?

૨. અહો કમળ સરખા કોમળાંગ પુરૂષ! તારો દિવસ (પાંશરો) છે–તારૂં ચલણ છે, એટલી વારમાં તારા આશ્રિતોની પંક્તિને માટે તારો ભંડાર તું ઉઘાડો મૂક (એટલે તેમને પૈસો વ્હેંચી આપ), કેમકે, જ્યારે તારા દોષ પ્રકટ થશે અને તારા ઉપર રાજાના કરનો પ્રતાપ છે તે જતો રૂહેશે ત્યારે તારી પાસે કોણ આવશે?

આવો ખરેખરો બોધ તેમના હૃદયમાં ઉતરવાથી તેમણે ધર્મકાર્ય આદર્યાં.

આબુ ઉપરના પ્રાસાદનું કામ ટાઢને લીધે કારીગરો ઉતાવળથી કરી શકતા નહતા, તે ઉપરથી અનુપમાની સૂચનાથી સઘડિયો સળગાવીને તેમના આગળ રાખવામાં આવતી, અને તેમના માટે ભોજન તૈયાર રહેતું હતું.

આવી ધર્મશીલ અનુપમાનું મૃત્યુ થયું, ત્યારે તેજપાળને અતિશય ખેદ થાય, એ સ્વાભાવિક છે. તે અતિશય શોકગ્રસ્ત થતાં તેનું નિવારણ કરવા વિજયસેન જૈનાચાર્ય તેની પાસે ગયા. તેથી તેજપાળને જરા લાજ આવી, એટલે આચાર્ય બોલ્યા કે, અમે તમારૂં કપટ જોવા આવ્યા છિયે, તે એ કે, તમે જ્યારે ન્હાના હતા, અને તમારૂં સગપણ ચન્દ્રાવતીના જાણીતા ગાંગા શેઠ ને ત્રિભુવનદેવીનાથી થયલી તેમની પુત્રી અનુપમા દેવી વેરે, તેના ભાઈ ધણિગની મારફત કર્યું ત્યારે તે વાત તમને ગમી નહતી. કેમકે એ કન્યા કૂટડી નથી એમ તમને કોઇયે કહ્યું હતું, તેથી તમે એ સગપણ ભાગે એટલા માટે ચન્દ્રપ્રભજિનના મંદિરમાં પ્રતિષ્ઠા પામેલા ક્ષેત્રપાળને આઠ દ્રમનું નૈવેદ્ય ધરાવવાની માનતા કરી હતી, અને હવણાં તમે એ જ સ્ત્રીને માટે આટલો બધો ખેદ કરો છો, એ શું કપટ ન કહેવાય? તેજપાળે પોતાના ગુરૂના બોધનાં વચન સાંભળીને પોતાના મનને સમજાવવાનો પ્રયત્ન કરવા માંડ્યો.

વસ્તુપાળ તેજપાળનાં જૂદાં જૂદાં ધર્મકાર્યની ટીપઃ—

૧,૩૧૩ નવીન જૈનધામ કર્યાં.
૩,૩૦૦ જૈનેંદ્ર જીર્ણસદનનો જીર્ણોદ્ધાર કર્યો.
૧,૨૫,૦૦૦ જિનબિંબ સ્થાપ્યાં.
૧,૦૦,૦૦૦ ગિરીશલિંગ(મહાદેવ)ની સ્થાપના કરી.
૧૨૦૦ મિથ્યાદૃષ્ટિવાળાનાં દેવગૃહ કર્યાં.
૭૫૦ વિશાળ બ્રહ્મશાળા કરાવી.
૭૦૧ તપસ્વી લોકોને રહેવાનાં સ્થાન કરાવ્યાં. (તપસ્વિકાપાલિકમઠ.)
૭૦૦ સત્રાગાર (અન્નક્ષેત્ર) બાંધ્યાં.
૯૮૪ યતિયોની નવી પુણ્યશાળા બાંધી.
લુણિગ વસહિકામાં પૌષધશાળા બંધાવી.
૮૪ સરોવર કરાવ્યાં.
૪૬૪ પુષ્કરિણી[1] (કુંડ), જેમાં કમળ થાય, માટે એવું નામ આપવામાં આવ્યું છે.
૩,૦૦૦ માહેશ્વરાયતન (મહાદેવનાં દેવાલય) બંધાવ્યાં.
૧૦૦ પત્થરનાં પર્વ બંધાવ્યાં.
૩૦૦ ઈંટની પર્વો જેમાં ગળાઇને પાણી આવે એવી બંધાવી.
૨૪ દંતમય જૈનરથ, જે સોનાના કળશ અને સ્વર્ણમય કમળથી શોભિત એવા કરાવ્યા.
૧,૦૦૦ વર્ષાસન તપસ્વિયોને માટે કરાવી દીધાં.
૬૪ વિમળવાપિકા બંધાવી.
૭૦૦ ઉંચાં પૌષધ મંદિર કરાવ્યાં.
૭૦૦ શૈવ મઠ બંધાવ્યા.
૫૦૦ વિદ્યાસ્થાન બંધાવ્યાં, જેમાં પ્રતિદિવસ ૩,૫૦૦ જૈન મુનિયોને ભોજન મળતું હતું.

આ વિના સ્નાત્રપૂજામાં વપરાતાં સિંહાસન તથા કુંભની તો સંખ્યા જ ન હતી.

---

૧ ૧૦૦ ધનુષ્યનું સમચોરસ. એક ધનુષ્ય ચાર હાથપૂર ગણાય છે. એ હિસાબે ૪૦૦×૪૦૦=૧,૬૦,૦૦૦ હાથ ક્ષેત્રફળ થાય એવી બાંધણી કરવી, તેનું નામ પુષ્કરણી કહેવાય છે.

રાજશેખરસૂરિ કહે છે કેઃ—

૧૮,૯૬,૦૦,૦૦૦ દ્રવ્ય શત્રુંજય ઉપર ખર્ચ્યું.
૧૨,૮૦,૦૦,૦૦૦ ગિરિનાર ઉપર વાપર્યું.
૧૨,૫૩,૦૦,૩૦૦ આબુ શિખર ઉપર વાપર્યું.
૧૮,૦૦,૦૦,૦૦૦ ખરચી ત્રણ સ્થાને સરસ્વતીભંડાર સ્થાપ્યા.
૩,૦૦,૦૦૦ ખરચી ખંભાતમાં જ્ઞાનભંડાર સ્થાપ્યા.

એકંદર ત્રણ અબ્જ ચૌદ લાખ અને અઢાર હજાર દ્રવ્ય તેણે ખર્ચ્યું.

અણહિલવાડમાં લવણપ્રસાદની સત્તા

અણહિલવાડમાં બીજા ભીમદેવની પાસે **રાજચિન્તાકારી**નું પદ ધારણ કરીને લવણપ્રસાદ રહેલો હતો. તેવામાં એણે પોતાની સત્તાથી પોતાના કુટુંબના લાભને અર્થે શું શું કરાવી લીધું છે તે જણાવવાને માટે અમે નીચે કેટલીએક હકીકત આપિયે છિયે.

એક વૃત્તાન્ત[1] એમ પણ છે કે "**વીર**મ શૈવી હોતાં જૈનધર્મની વિરૂદ્ધ હતો તથા **નાગર** જ્ઞાતિના અધિકારિયોની ભણી એનું વલણ હતું, તેથી વસ્તુપાળનો વિચાર **વીર**મને પાછળ પાડી નાંખવાનો હતો. **વીર**ધવળનું વલણ બે પુત્રોમાંથી કોને પોતાની પછવાડે **રાણો** ઠરાવવો તે વિષે ઢચુપચુ થતું હતું. માટે મંત્રિયે એક રાત્રિયે **વીસલ**ના લાભનો ઠરાવ કરાવી લીધો, અને એક ઝડપથી ચાલનારી સાંઢણી ઉપર બેસારીને રાતોરાત **વીસલ**ને ધોળકેથી પાટણ બોલાવી લીધો, અને સવારનો પ્રહર થતાં વાંત જ **વીસલ**ને રાજ્યાભિષેક કરી દીધો. આ પ્રમાણે કાર્ય સિદ્ધ થયું એટલે ઔષધના પ્યાલામાં વૃદ્ધ રાજાને કાંઈ પાઈ દીધું તેથી તે ઊકલી ગયો. આવો બનાવ બનતાં પછવાડે કોઈ વાંધો લેનાર રહ્યું નહિ."

આ વૃત્તાન્ત અમને બરાબર બંધબેસતું લાગતું નથી, કેમકે **વીર**ધવળ ધોળકામાં માંદો પડ્યો હતો અને ધોળકાની ગાદિયે **વીસલ**ને બેસારવાનો હતો તેમ અમે પ્રથમ લખ્યું છે તે પ્રમાણે થઈ ગયું હતું.

સંવત્ ૧૨૯૫ ના માર્ગશીર્ષ શુદિ ૧૪ ગુરૂવારનું બીજા **ભીમ**દેવના સમયનું શાસનપત્ર છે. ધૂસડી ગામમાં **રાણા** લુણપસા(લવણપ્રસાદ)ના કુંવર **રાણા વીર**મે બંધાવેલા **વીર**મેશ્વર મહાદેવના દેવળ સારૂ તથા **ભીમ**દેવની મહારાણી શ્રી **સૂમલદેવી**ના નામથી શ્રી સૂમલેશ્વર દેવના નૈવેદ્ય, અંગભોગ, અને પંચોપચાર પૂજાને અર્થે મઠાધિપતિ રાજકુલ શ્રી **વેદગર્ભ**રાશીને શાસન કરી આપ્યું છે.

---

૧ ઇન્ડીયન એન્ટીક્વેરી ભાગ ૧૧ મો, પૃ. ૧૦૦

આ ઉપરથી જણાય છે કે સંવત્ ૧૨૯૫ સુધી **વીર**મદેવ જીવતો હતો. વળી એક ઠેકાણે એમ પણ લખવામાં આવ્યું છે કે, **ભી**મદેવ મરણ પામ્યો ત્યારે **વીર**ધવળ તો ક્યારનોય દેવ થયો હતો, અને ધોળકામાં તેને સ્થાને **વી**સલ ગાદિયે બેઠો હતો. લવણપ્રસાદ એટલો બધો વૃદ્ધ થઈ ગયો હતો કે રાજ્યનો ભાર ઉપાડવાને તે સમર્થ રહ્યો ન હતો, તેથી એવો બોજો પોતાને શિર ઉપાડવાને તેના મનમાં સંકલ્પવિકલ્પ થયાં કરતો હતો. **વીર**મ ભણી તેનું વલણ હતું. **સહસ્રલિંગ સરોવરની** પાળે રાજ્યશામિયાના ખડા કરાવ્યા હતા. ત્યાં તેણે **વીર**મને રાજ્યાભિષેક કરવાને બોલાવ્યો. પણ **વીર**મે તો આવતાં વાંત જ પોતાના વૃદ્ધ પિતામહનું અપમાન કર્યું, તેથી તેણે પોતાની ધારણા બદલી નાંખી.

આ પ્રસંગે **નાગડ પાટણ**માં હતો, તેને ધોળકેથી **વી**સલદેવને લઈ આવવા મોકલ્યો. બંને ભેગા થતાં માંહોમાંહે મળી ગયા અને એક બીજાના વિશ્વાસપાત્ર રહેવાના સમ ખાધા. પછી **વી**સલ **પાટણ**માં આવ્યો. ત્યાં તેને બીજા **ભી**મદેવના ક્રમાનુયાયી લેખે આખી ગૂજરાતનો મહારાજાધિરાજ ઠરાવવાનો અભિષેક કરવામાં આવ્યો. તેમ જ **નાગડ**ને મહામાત્ય ઠરાવ્યો. હવે ધોળકેથી રાજધાની ફહાડી નાંખીને **પાટણ** સાથે ભેળવી દેવામાં આવી. લવણપ્રસાદનો પ્રેમ **વીર**મ ઉપર ઘણો હતો તેથી કદાપિ તે ગમે ત્યારે પણ પોતાનો અભિપ્રાય ફેરવી દઇને **વીર**મને ગાદી ઉપર બેસારવાની ધારણા કરે એટલા માટે તેનું સાલ વચ્ચેથી ફહાડી નાંખ્યું. **વીર**મગામ અને બીજાં ગામ **વીર**મને આપીને એને પણ શાન્ત કર્યો, પણ પછવાડેથી તેણે પોતાની મૂર્ખાઈ અને ઉદ્ધતાઈ કરીને પોતાને હાથે જ અન્ત આણ્યો.

આ ઉપરના કથન ઉપરથી જાણવામાં આવશે કે એક વૃત્તાન્તની સાથે બીજા વૃત્તાન્તનો વિરોધ આવે છે. **વીર**ધવળ મરણ પામ્યો, એટલે ધોળકાની ગાદિયે સંવત્ ૧૨૯૫ માં **વી**સલ બેઠો અને **વીર**મને તેના સસરાએ મારી નાંખ્યો અથવા તો તે જીવતો રહ્યો હોય તો **વીર**મગામનો ગ્રાસ ખાઇને બેશી રહ્યો હોય તેની આપણે કાંઈ ભાંજગડ રહી નથી. કેમકે ત્યાર પછી તે રાજ્યપ્રકરણમાં કોઈ પણ પ્રસંગે દેખા દેતો નથી. તેના ઉદ્ધત સ્વભાવ પ્રમાણે તે સખનો રહે એવો નહતો, તેથી અમને તો એમ સમજાય છે કે, **વી**સલ ધોળકાની ગાદિયે બેઠો તેની સાથે જ તે પતી ગયલો છે. ઉપરના શાસનમાં જણાવ્યા પ્રમાણે સંવત્ ૧૨૯૫માં તેનું નામ આવે છે અને એ જ સાલમાં **વી**સલ ધોળકાનો **રાણો** થયો છે. ત્યાર પછી સંવત્ ૧૨૯૮માં **બીજો ભી**મદેવ મરણ પામ્યો, એટલે **પાટણ**ની ગાદિયે કોણ

બેસે તેની ભાંજઘડ ઊઠી છે. **લવણપ્રસાદ** અણહિલવાડના રાજ્યનો ચિન્તાકારી રાજહિતચિંતક ઠરેલો હતો તેની સત્તા ત્યાં પૂર્ણ ચાલતી હતી.

પાછળ પૃષ્ઠ ૩૩૩ માં જણાવ્યા પ્રમાણે **બીજા ભીમ**દેવની કારકીર્દિમાં વચ્ચે જયન્તસિંહદેવ અણહિલપુરનો અધિષ્ઠિત થઈ પડ્યો છે, એવું જે શાસન ઉપરથી નીકળે છે તે શાસન સંવત્ ૧૨૮૦ ના પૌષ શુદિ ૩ ભોમવારનું છે, તે પણ જાણવા જેવું છે. સોલંકી વંશના રાણક લવણપ્રસાદે, (સોલું૦ રાણક આનાઉ. લૂણપસાક) પોતાના પિતા આનાક(અર્ણોરાજ)ના નામથી શ્રી આનલેશ્વર દેવનું દેવલ પોતાની માતાના નામથી વસાવેલા **સલખણપુર** ગામમાં ચણાવ્યું હતું; તથા તે માતાના નામથી **સલખણેશ્વર** દેવનું દેરૂં બંધાવ્યું હતું. તે બન્ને ધામના ખર્ચને માટે **વર્દ્ધિપથક**(વઢિયાર)માં આવેલું **સાંપાવાડા** ગામ આપ્યું હતું તથા તે ઉપરાંત **અંગભૂત**[1] અથવા ગંભૂતપથકમાં આવેલા શેષદેવતી ગ્રામમાંનો **ભૂમિખંડ** એક આપેલ હતો. આ ઉપરથી જણાય છે કે **લવણપ્રસાદ** આ વેળાએ પણ સત્તાધારી હતો, અને ત્યાર પછી પાછો **ભીમ**દેવ પોતાને સ્થાને સ્થાપિત થયો ત્યારે પણ તે **ભીમ**દેવને સાચવીને બેઠો હતો અને તેની કારકીર્દિમાં તેના પોતાના કુટુંબના સ્વાર્થના કાર્યમાં નીચે પ્રમાણે શાસનપત્ર કરાવી લેવામાં આવ્યાં હતાં:—

૧ સંવત્ ૧૨૮૭ ના અષાઢ શુદિ ૮ શુક્રવાર **વર્દ્ધિપથક** માંહેલું દેવાઉગ્રામ સ્વસીમા સહિત તથા તે ઉપરાંત માંડવીમાં આવતા પદાર્થોમાંના કેટલાક પદાર્થો ઉપર દાણ નાંખ્યું અને તેની ઉપજ **સણખલપુર**માં (સોલુ રાણા આનાઊ લૂણાપસા) **સોલંકી રાણા આનાકસુત લવણપ્રસાદે** કરાવેલા શ્રી **આનલેશ્વરદેવ** તથા શ્રી **સણખલેશ્વર** દેવના નિત્ય નૈમિત્તિકાદિ પૂજાર્થે તથા **સત્રાગાર**માં બ્રાહ્મણોને ભોજનાર્થે અર્પણ કરી, અને તેનો વહિવટ કરવાનું કામ **મંડલ** (**માંડલ**) ગામમાં શ્રી **મૂળેશ્વર મહાદેવ**ના મઠના સ્થાનપતિ **વેદગર્ભરાશી**ને પ્રથમ ગ્રાસ[2] કરી આપ્યો હતો તેને સોંપ્યું.

---

૧ આગળ સંવત્ ૧૨૬૩ ના શ્રાવણ શુદિ ૨ રવિવારે **બીજા ભીમ**દેવે આ અંગભૂત પથકમાં આવેલા ઈંદિલા ગામનું શાસન કરી આપ્યું છે. **ચાહુઆણ રાણા સમરસિંહ**ની કુમારી **લીલાદેવી** જે **ભીમ**દેવની મહારાણી હતી તેણે **લીલાપુર** ગામ પોતાના નામથી વસાવ્યું હતું તેમાં પોતાના પતિ **ભીમ**દેવના નામથી **ભીમેશ્વર** દેવનું દેવલ ચણાવ્યું હતું તથા પોતાના નામથી શ્રી **લીલેશ્વર** મહાદેવનું દેવલ બંધાવ્યું હતું, તેના પ્રસંગમાં પર્વ (મથા) મંડાવા તથા સત્રાગારના ખર્ચમાં એ ગામનો લેખ કરી આપ્યો હતો.

૨ સંવત્ ૧૨૮૩ ના કાર્તિક શુદિ ૧૫ ગુરૂવારે **ચાળીસા** પથકમાં **મંડલ** (**માંડલ**) ગામમાં **મૂળેશ્વર મહાદેવ**ની નિત્ય પૂજા કરવાને અર્થે તથા **માંડળ**ના મઠમાં આવનારા સાધુસંન્યાસી(તપોધન)ના ભોજનાર્થે ખર્ચ ચલાવવા માટે સ્થાનપતિ **વેદગર્ભરાશી**ને (**માંડળ**ના મઠના ઉપરીને) **નતાઉલી** ગામ આપ્યું હતું, તે પ્રસંગે દૂતક મહાસાંધિવિગ્રહિક ઠક્કુર શ્રી **વહુદેવ** હતો.

૨ સંવત્ ૧૨૮૮ ના ભાદ્રપદ શુદિ પ્રતિપદા સોમવારનું એક શાસન છે. સલખણપુરમાં આનલેશ્વર તથા સલખણેશ્વર મહાદેવનાં દેવલ છે તેને અર્થે અને મઠસ્થાનાધિપતિ વેદગર્ભરાશીના મઠના ભટ્ટારકોને ભોજન કરવાને અર્થે અને સત્રાગારના ખર્ચમાં એક ગામ આપ્યું છે તથા મઠના ઉપરીના દીકરા સોમેશ્વરને તે ગામની ભૂમિ હળ ૨૦ (વીસ સાંતી ધરતી) આપી છે. શાસનમાંથી ગામનું નામ વાંચી શકાય એવી સ્થિતિમાં નથી પણ તેની સીમા નીચે પ્રમાણે છે:—

પૂર્વમાં, સાંપરા ગામ તથા છત્રાહરૂ ગામની સીમાએ સીમા.

દક્ષિણમાં ગુંઠાવાડા ગામની સીમાએ સીમા.

પશ્ચિમમાં, રાણાવાડા ગામની સીમાએ સીમા.

ઉત્તરમાં, ઉંદિરા ગામ તથા આંગણવાડા ગામની સીમાએ સીમા.

એ પ્રમાણે સીમાની વચ્ચે આવેલું ગામ જે વાલૌય પથકમાં છે તે આપ્યું છે. એમાં દૂતક સાંધિવિગ્રહિક ઠક્કુર શ્રી વહુદેવ છે.

૩ પાછળ જણાવેલું સંવત્ ૧૨૯૫ ના માર્ગ શુદિ ૧૪ ગુરૂવારનું શાસન છે તે ધૂસડી ગ્રામે સોલંકી રાણા લૂણપસા(લવણપ્રસાદ)ના સુત રાણક વીરમે શ્રી વીરમેશ્વર મહાદેવનું દેવલ બંધાવ્યું તેના તથા ભીમદેવની મહા· રાણીશ્રી સુમલદેવીના નામથી બંધાવેલા શ્રી સૂમલેશ્વર મહાદેવના દેવલના નિત્ય નૈવેદ્ય, અંગભોગપંચોપચાર પૂજાના ખર્ચ સારૂ મઠાધિપતિ રાજકુલશ્રી વેદગર્ભરાશીને ભોજુયા ગામ પાસે વસાવેલું (सलखण) પુર સ્વસીમા સહિત અર્પણ કરવામાં આવ્યું તથા ધૂસડી ગામમાં ગો(હ)ણસરની સમીપમાં બે સાંતીની ધરતી(ભૂમિ હલ બે પૂર)ની વાડી આપી છે. દૂતક મહા સાંધિ-વિગ્રહિક ઠક્કુર શ્રી વયજલદેવ છે; આ સ્થાન વર્દ્ધિ પથકમાં છે અને બે તામ્ર પટ્ટમાંથી પ્હેલામાં તેના છેવટના ભાગમાં " महाराज्ञीश्री सूमलदेव्याश्र " એમ સહિ કરી છે.

૪ સંવત્ ૧૨૯૬ ના માર્ગશિર્ષ વદિ ૧૪ રવિવારનું શ્રી ભીમદેવના નામનું બીજું એક શાસન છે. તે વીરમેશ્વરદેવ અને શ્રી સૂમલેશ્વરદેવના દેવળના ચાલુ ખર્ચ માટે વર્દ્ધિ પથકમાં આવેલું રાજસિયાણા (રાજ્યસિ-યાણી) ગામ વહિવટ કરનાર ઉપર જણાવેલા મઠાધિપતિને આપ્યું છે, તેની સીમા નીચે પ્રમાણે છે;—

પૂર્વમાં, ડેઢવસણ (ડેઢવસણ) તથા રીવડી ગામની સીમાએ સીમા છે.

દક્ષિણમાં, લઘુ ડોભડા ગામની સીમાએ સીમા છે.

પશ્ચિમમાં, મંડલી (માંડલ) ગામની સીમાએ સીમા છે.

ઉત્તરમાં, સહજવસણુ અને ઢાલઉડુ (ઢાલઉદ્ર) ગામની સીમાએ સીમા છે.

એ પ્રમાણે ગામનો લેખ કરી આપ્યો છે, તેનાં બે તામ્રપત્ર થયાં છે; તેમાં પ્હેલા ઉપર તેના છેવટના ભાગમાં "महाराज्ञीश्री सूमलदेव्याश्र" એવી સહિ છે.

દૂતક મહા સાંધિવિગ્રહક ઠક્કર શ્રી વયજલદેવ છે. એ રીતે ચાર શાસનપત્ર લવણપ્રસાદે કરાવી દીધેલાં જણાય છે.

ત્રિભુવનપાલદેવ

સંવત્ ૧૨૯૮ થી ૧૩૦૦; ઈ. સ. ૧૨૪૨ થી ૧૨૪૪.

બીજો ભીમદેવ સંવત્ ૧૨૯૮ સુધી અણહિલવાડની ગાદિયે હતો. છેલ્લું તેનું શાસનપત્ર સં. ૧૨૯૬ નું છે, એથી પણ ત્યાં સુધી તે "મહારાજા" હતો, એ વાત સિદ્ધ થાય છે. તેના મરણ પછી ત્રિભુવનપાળ તેના વારસ તરીકે તેની ગાદિયે બેઠો, એમ મેરૂતુંગ આદિના લખાણથી જણાય છે. કેટલાક ક્હે છે કે એ ભીમદેવનો પુત્ર થતો હતો. આ નવા મહારાજાનું એક શાસનપત્ર સંવત્ ૧૨૯૯ ના ચૈત્ર શુદિ ૬ સોમવારનું[1] છે. ફાગણ

---

૧ અસલ નીચે પ્રમાણે છે:-જુવો ઈન્ડિયન એન્ટીક્વેરી ભાગ ૬, પૃ. ૨૦૮

(१) स्वस्ति राजावली पूर्व्ववत्समस्तराजावली समलंकृतमहाराजाधिराजपरमेश्वर परम भट्टारक चौलुक्य कु—

(२) ल कमल विकासनैकमार्त्तंड श्री मूलराजदेव पादानुध्यात महाराजाधिराज परमेश्वर श्री चामुंडराज—

(३) देव पादानुध्यात महाराजाधिराज परमेश्वर श्री वल्लभराजदेव पादानुध्यात महाराजाधिराज पर—

(४) मेश्वर श्री दुर्लभराजदेव पादानुध्यात महाराजाधिराज परमेश्वर श्रीमद्भीमदेव पादानुध्यात महा—

(५) राजाधिराज परमेश्वर त्रैलोक्यमल्ल श्री कर्ण्णदेव पादानुध्यात महाराजाधिराज परमेश्वर परम भ—

(६) ट्टारक अवन्तीनाथ त्रिभुवन गंडबर्बरक जिष्णु सिद्धचक्रवर्त्ति श्री जयसिंहदेव पादानुध्यात महाराजा—

(७) धिराज परमेश्वर परमभट्टारक स्वभुजविक्रमरणांगण विनिर्जित शाकंभरी भूपाल श्री कुमारपाल—

માસની અમાવાસ્યાને દિવસે સૂર્યગ્રહણ હતું ત્યારે અણહિલવાડમાં સ્નાન કરીને તથા ચરાચર ગુરૂ ભગવંત ભવાનીપતિનું અર્ચન કરીને, મહારાજાધિરાજ, પરમેશ્વર, પરમભટ્ટારક, શૌર્યોદાર્યગાંભીર્યાદિગુણાલંકૃત ત્રિભુવનપાળદેવ, એમણે સંસારને અસાર જાણીને પિતૃ તથા પોતાના પુણ્યયશની વૃદ્ધિને અર્થે ભાંષર તથા રાજપુરી ગામ રાણાશ્રી લુણપસા (લવણપ્રસાદ) એમણે માઊલ તલપદમાં પોતાની માતા રાણી શ્રી સલખણ દેવીના શ્રેયને અર્થે

---

(८) देव पादानुध्यात महाराजाधिराज परमेश्वर परमभट्टारक महामाहेश्वर प्रबल बाहुदंडदर्प्परूप—

(९) कंदर्प्प हेलाकरदीकृत सपादलक्ष क्ष्मापाल श्री अजयपालदेव पादानुध्यात महाराजाधिराज पर—

(१०) मेश्वर आहव पराभूत दुर्जयगर्ज्जनकाधिराज श्री मूलराजदेव पादानुध्यात महाराजाधिराज पर—

(११) मेश्वर परमभट्टारक अभिनव सिद्धराज सप्तमचक्रवर्त्ति श्रीमद्भीमदेव पादानुध्यात महाराजाधि—

(१२) राज परमेश्वर परमभट्टारकशौर्योदार्य गांभीर्यादि गुणालंकृत श्री त्रिभुवनपालदेव, स्वभुज्यमा—

(१३) न विषय पथक दंडाहीपथकयोरन्तर्व्वर्त्तिनः समस्तराजपुरुषान् ब्राह्मणोत्तरांस्तन्नियुक्ताधिकारिणो—

(१४) जनपादांश्च बोधयत्यस्तु वः संविदितं यथा ॥ श्रीमद्विक्रमादित्योत्पादित संवत्सर शतेषु द्वादशसु नव—

(१५) नवत्युत्तरेषु चैत्रमासीय शुक्लषष्ठ्यां सोमवारे ऽत्रांऽकऽतोऽपि संवत् १२९९ वर्षे चैत्र शुदि ६ सोमेऽ—

(१६) स्यां संवत्सर मास पक्षवार पूर्व्विकायां सां० लौ० फागुण मासीय अमावास्यायां संजात सूर्यग्रहण पर्व्वणि—

(१७) संकल्पितात् तिथावद्येह श्रीमदणहिल्लपाटके स्नात्वा चराचरगुरुं भगवंतं भवानीपतिमभ्यर्च्य संसा—

(१८) रासारतां विचिंत्य नलिनीदलगतजललवतरलतरं प्राणितव्य माकलय्य ऐहिकामुष्मिकं फलमंगी—

(१९) कृत्य पित्रोरात्मनश्च पुण्ययशोभिवृद्धये भांषरग्राम राजपुरिग्रामौ स्वसीमा [पर्यन्तौसवृक्ष]

(२०) मालाकुल काष्ट तृणोदकोपेतौ सहिरण्य भागभोग सदंडौ दशापराधौ [सर्वादायस]

કરાવેલા સત્રાગાર(અન્નક્ષેત્ર)માં કાર્પિટકોને (કાપડિયોને) ભોજન કરાવવા સારૂ શાસનમાં આપ્યાં છે.

ભાંષર ગામની ચતુઃસીમા નીચે પ્રમાણે છેઃ—

પૂર્વમાં કુરલી ગામ તથા દાસયજ ગામની સીમાએ સીમા છે.

દક્ષિણમાં કુરલી તથા ત્રિભ ગામની સીમાએ સીમા છે.

પશ્ચિમમાં અરઠઉર તથા ઉંઝા ગામની સીમાએ સીમા છે.

ઉત્તરમાં ઉંઝા, દાસયજ, તથા કામ્બલી ગામની સીમાએ સીમા છે.

ઈં૦ એ૦ ભાગ ૬ પૃષ્ટ. ૨૦૯

(१) मेतौ नवनिधानंसहितौ पूर्व्वप्रदत्तदेववादय ब्रह्मदायवर्जं राणा० श्री लुणपसा माउल—

(२) तलपदे स्वीयमातृ० राज्ञा श्री सलखणदेवी श्रेयोऽर्थं कारित सत्रगारे कार्प्पटिकानां भोजनार्थं शासनोदक पूर्व्व—

(३) मस्माभिः प्रदत्तौ ॥ भांषरग्रामस्याघाटा यथा ॥ पूर्व्वस्यां कुरलीग्रामदासयज-ग्रामयोः सीमायां सीमा । दक्षिणस्यां

(४) कुरलीग्राम त्रिभग्रामयोः सीमायां सीमा । पश्चिमायां अरठ उरग्राम उंझाग्रामयोः सीमायां सीमा । उत्तरस्यां

(५) उंझाग्रामदासयजग्रामकाम्बलीग्रामाणां सीमायां सीमा ॥ राजपुरिग्रामस्याघाटा यथा ॥ पूर्व्वस्यां कूलाव (सण)

(६) ग्रामडांगरौ आग्रामयोः सीमायां सीमा ॥ आग्नेयकोणे चंडावसणग्राम इंद्रावड-ग्रामयोः सीमायां सीमा ।

(७) दक्षिणस्यां आहीराणाग्राम सीमायां सीमा । पश्चिमायां सिरसाविनंदा वसण-ग्रामयोः सीमायां सीमा । वायव्य—

(८) कोणे उंट ऊयासिरसाविग्रामयोः सीमायां सीमा । उत्तरस्यां नंदावणग्राम सीमायां सीमा । ईशानको—

(९) णे कुईयलग्राम सीमायां सीमा ॥ एवममीभिराघाटै रुपलक्षितौ ग्रामावेताव-गम्य तन्निवासिजन—

(१०) पदैर्यथादीयमानदानी भोग प्रभृतिकं सदाज्ञा श्रवण विधेयैर्भूत्वाऽमुष्मै सत्रागाराय समु [प] नेतव्यं ॥ सामा—

(११) न्यं चैतत्पुण्यफलंमत्वास्मद्वंशजैरन्यैरपि भाविभोक्तृभिरस्मत्प्रदत्त धर्म्मदायोऽयम-नुमंतव्यः । पालनीय—

(१२) श्च । उक्तं च भगवता व्यासेन ॥ षष्ठिर्वर्षसहस्राणि स्वर्गे तिष्ठति भूमिदः। आछेत्ता चानुमंता च तान्येव नरकं व—

રાજપુરી ગામની ચતુઃસીમા નીચે પ્રમાણે છેઃ—

પૂર્વમાં ફૂલાવસણુ તથા ડાંગરૌઆ ગામની સીમાએ સીમા છે.

અગ્નિકોણમાં ચંડાવસણુ તથા ઈંદ્રાવડ ગામની સીમાએ સીમા છે.

દક્ષિણમાં આહીરાણા ગામની સીમાએ સીમા છે.

પશ્ચિમમાં સિરસાવી અને નંદાવસણુ ગામની સીમાએ સીમા છે.

વાયવ્ય કોણે ઉંટઊચા તથા સિરસાવી ગાગની સીમાએ સીમા છે.

ઉત્તરમાં નંદાનેસણુ ગામની સીમાએ સીમા છે.

ઈશાન કોણે કુઇયલ ગામની સીમાએ સીમા છે.

આ શાસનનો લખનાર આક્ષપટલિક ઠ. સોમસિંહ સાતિકુમાર નામે કાયસ્થ જ્ઞાતિનો છે.

દૂતક ઠક્કર શ્રી વયજલદેવ છે.

આ શાસન માંડલના શ્રી મૂલેશ્વરદેવના પૂ ારી સ્થાનપતિ શ્રી વેદ-ગર્ભરાશીને કરી આપ્યું છે; તે તેમણે સંતાનપરંપરા આ બે ગામનું આયપદ સત્રાગારના કામમાં વાપરવું.

---

(१३) सेत् ॥ १ याता यांति महीभुजः क्षितिमिमांयास्यंति भुक्त्वाऽखिलां नोयाता न च याति यास्यति नवा केनाऽ—

(१४) पिसार्द्ध धरा । यत्किंचिद्भुवि तद्विनाशि सकलं कीर्त्तिः परं स्थायिनी मत्वैवं वसुधाधिपाः परकृता लोप्या न

(१५) सत्कीर्त्तयः ॥ बहुभिर्वसुधा भुक्ता राजभिः सगरादिभिः । यस्य यस्य यदा भूमी तस्य तस्य तदा फलं ॥ ३ ॥

(१६) लिखितमिदं शासनं कायस्छान्वय प्रसूत दंड० सातिकुमार सुत आक्ष पटलिक ठ० सोमसिंहेन ॥ ६ ॥

(१७) दूतकोऽत्र ठ० श्री वजलदेव इति शासनमिदं मांडल्यां श्रीमूलेश्वरदेवम [भ्यर्च्य]

(१८) स्थानपति श्री वेदगर्भराशेः समर्प्पितमिति ततोऽनेन तथै तदीयसंतानपरंपर-याऽपि आचंद्रार्क्कं अन—

(१९) योर्ग्रामयोरायपदं सत्रागारेऽस्मिन् उपयुक्तं कार्यं ॥ कल्याणमस्तु साधूनां ॥७॥७॥७॥ अनयोर्ग्रा—

(२०) मयोः सीमायां तांबुलिकवणिज्यारकपथिक प्रभृतीनां मध्यात् यः कोपि चौरैर्गृह्यते तस्य प्र—

(२१) तिकार अनयोर्ग्रामयोः सत्कभोक्तारपाश्वात् प्रती–तिर्लभ्या ॥ उद्ध-

(२२) लागभागो नहि ॥

श्री त्रिभुवनपालदेवस्य

આગળ જણાવેલા બીજા શાસન પ્રમાણે આ પણ લવણપ્રસાદના ધર્મકાર્યની પુષ્ટિને માટે થયલું છે. એમાં તેની માતા સલખણદેવીને રાણીનું પદ આપેલું છે અને તે અર્ણોરાજની સ્ત્રી થાય. સંવત્ ૧૨૯૬ ની સાલનું શાસનપત્ર જે ભીમદેવના સમયમાં થયું છે તેમાં જે અધિકારીઓનાં નામ છે તે જ નામ આ શાસનમાં છે, અને આ સર્વે ઉપરથી બધું રાજમંડળ લવણપ્રસાદના તાબામાં વર્તતું હોય એમ જણાય છે.

ત્રિભુવનપાળે લવણપ્રસાદની છાયામાં રહીને બે વર્ષ રાજ કર્યું છે, તેમાં તેની વિશેષ કારકીર્દિ હજી લગણ કાંઈ જાણવામાં આવી નથી. તેના રાજ્યનો અંત સંવત્ ૧૩૦૦ માં આવ્યો છે. અને તેની જ સાથે મૂળરાજ સોલંકી અથવા ચાલુક્ય કુલની સમાપ્તિ થાય છે. એ વંશ જ્યાં સુધી હૈયાત રહ્યો ત્યાં સુધી લવણપ્રસાદ અને વીરધવલે અણહિલવાડની ગાદી ઉપર કોઈને હાથ નાંખવા દીધો નથી, એટલું જ નહિ પણ વિસલદેવ જે રાજ્યનો લોભી જણાય છે તેને પણ તે ઉપર તલપ મારવા દીધી નથી. તેને ધોળકામાં રહીને સર્વેને ધુમંધુમા કરવા દીધી છે અને આખા ગૂજરાતનું રાજ્ય સચવાવી રાખી તેમાં વૃદ્ધિ કરાવી છે. ત્રિભુવનપાળ પછી એ વંશનું કોઈ રહેલું નથી, એટલે પછી એ જ વંશની બીજી શાખા જે વાઘેલાને નામે નોખી પડેલી હતી તેનો વીસલદેવ નાગડ પ્રધાનની સાથે અણહિલવાડમાં આવે છે અને ત્યાંનો મહારાજાધિરાજ થાય છે.

વીસલદેવ વાઘેલો

અણહિલવાડનો મહારાજાધિરાજ

સંવત્ ૧૩૦૦ થી ૧૩૧૭;

ઇ. સ. ૧૨૪૪ થી ૧૨૬૧

મી. જે. ફાર્બ્સે ઓરિએન્ટલ મેમ્વાર નામનું પુસ્તક રચ્યું છે, તેના ચતુષ્પત્રી આવૃત્તિના ભાગ ૨ જાને પૃ. ૩૩૫–૩૩૭ અથવા સન ૧૮૩૪ માં અષ્ટપત્રી આવૃત્તિ છપાઈ છે તેના ૧ લા ભાગને પૃષ્ઠ ૫૪૩–૫૪૫ મે અને જેનો ઉતારો જેમ્સ બર્જેસના કાઠિયાવાડ અને કચ્છની એન્ટીકવીટીના રિપોર્ટને પૃ. ૨૧૯ મે કર્યો છે તેમાં લખે છે કે "આ નગરમાં (ડભોઈમાં) મહા મૂલ્યવાન્ અને શોભાયમાન્ ઉપદ્વાર (ન્હાના દરવાજા) અને બીજાં ભવ્ય બાંધકામ ચણાવવામાં આવ્યાં છે, તે શા કારણથી, તે વિષે ભાટ અને ચારણો, જે ગૂજરાતના ઇતિહાસકો તરીકે માત્ર ગણી શકાય એમ છે તેઓ નીચેની કથા કહે છે, તેમાં કેટલીક કલ્પિત વાતો ભળી ગયલી છે ખરી, તથાપિ તે ઘણું કરીને ખરી છે. તેઓની દંતકથા એવી છે કે,

"ડભોઈથી ઘણે છેટે, ગોદાવરી નદીને કિનારે, પ્રાચીન ગ્રીક જેને પૈઠણ અથવા પટ્ટન કહેતા હતા, તે પટ્ટનમાં સિદ્ધરાવ જયસિંહ (જયનો સિંહ) નામે હિન્દુ રાજા ઘણાં સૈકાં ઉપર રાજ્ય કરતો હતો.

"પૂર્વદેશવાસિયોની ચાલતી આવેલી રીતિ પ્રમાણે આ રાજાને સાત રાણિયો અને કેટલીક પાશવાનો હતી; તેમાં તેની મહિષી ઘણી માનીતી હતી, તેનામાં અતિ ઉત્તમ ગુણ હતા, અને સર્વોત્કૃષ્ટ સુંદરતા હતી, તેથી તેનું હુલામણાનું નામ રત્નાલી (રત્નની પંક્તિ) પાડ્યું હતું; તે અંતઃપુરની બીજી સ્ત્રિયો કરતાં આ વિષે અને અન્ય સર્વે પ્રકારની ચતુરાઈમાં ચ્હડિયાતી હતી. બીજી રાણિયોમાંથી કેટલીકને તો કુંવર હતા અને આ રાણીને કશું પણ સંતાન હતું નહિ, તો પણ તે ઉપર જણાવેલા ગુણોને લીધે રાજા આગળ સુહાગણી હતી. પૂર્વ દેશના અંતઃપુરમાં કેવાં કેવાં કૂડકપટ ચાલે છે અને કેવી કેવી અદેખાઈનો પ્રપંચ મચી રહે છે; એ વાત સર્વપ્રસિદ્ધ છે; તથાપિ પટ્ટનમાં તો એવું પરિબળ વિશેષે કરીને હતું; ત્યાં તો રણવાસની બાનુઓ રત્નાલીની બહુ જ અદેખાઈ કરતી હતી, અને રાજાનું મન તેના ઉપરથી ઉતારી દેવાના, બની શકે એટલા, પ્રપંચભરેલા ઉપાયો યોજતી હતી. તેવામાં વળી તેને પણ દહાડા રહ્યા છે એવી વાત જાણવામાં આવી, એટલે તો તેના ઉપર દ્વેષ આણવાની કાંઈ સીમા રહી નહિ. હિન્દુઓની રીતભાત પ્રમાણે, સંતાનનો પ્રસવ થાય નહિ એટલા માટે ધંતરમંતર અને દોરાચિઠ્ઠિયો કરવા માંડી. આ માનીતી મહિષી (સુલતાના) તેમના જેવી જ વ્હેમી અને વિશ્વાસુ હતી, તેથી તેના ઉપર ધંતરમંતર કરવામાં આવ્યા છે, એ વાત ઠસી ગઈ. અને ધાર્યું કે જ્યાં સુધી હું આ મ્હેલાતમાં રહીશ ત્યાં સુધી બાળક અવતરશે નહિ.

"આ પ્રમાણે તેના મનમાં વ્હેમ ઠસી જવાથી તેની અસર નિવારવા માટે નર્મદા નદીના કિનારા ઉપરના પ્રસિદ્ધ દેવાલયે જઇને નિવાર્યવિધિ કરવા માટે ઘણા પરિજનોને લઇને ચાલી. ઘણો લાંબો પંથ કાપતી કાપતી જે સ્થાન ઉપર હાલ ડભોઈ વસેલું છે અને જે નદીથી ૧૦ મૈલને છેટે છે, તથા જ્યાં પવિત્ર ઝાડીની ઘટા અને સરોવર છે ત્યાં તે સંધ્યાકાળને સમયે છેક મોડી આવી પ્હોંચી. બીજી સવારે કુચ કરી જઈ પ્હોંચવાના વિચારથી તેણે આ ઠેકાણે ડેરાતંબુ ઠોકાવીને પડાવ નાંખ્યો. આ સ્થાને એક ગોસાઈ રહેતો હતો, તેણે સંસારનો ત્યાગ કર્યો હતો, અને પોતાનો કાળ યોગસાધનમાં ક્હાડ્યો હતો. રાણી પધાર્યાની વાત તેણે જાણી, એટલે તેને મળવાની ઇચ્છા તેણે જણાવી. આવા પવિત્ર યોગીશ્વરોની ઇચ્છાનો

ઘણું કરીને અનાદર કરવામાં આવતો નથી. તેણે કહ્યું કે, આ ઘટાવાળી જગ્યા પવિત્ર છે, અને આ સ્થાને તમને કુમાર પ્રસવશે, માટે અહિંથી આગળ તમારે જવું નહિ. રાણિયે તેની આજ્ઞા પાળી, અને સંતાનનો જન્મ થતાં સુધી ત્યાં જ રહેવાનું નક્કી કર્યું. અહિં તેને કુંવર અવતર્યો, તે વીસ માસ સુધી પેટમાં રહ્યો એટલા માટે એનું નામ **વી**સલ પાડ્યું."

"આ આનંદદાયક વધાઈ રાજાને પ્હોંચાડવામાં આવતાં તેણે **વીસલ**દેવને પોતાનો યુવરાજ ઠરાવ્યો; અને એની માતાને મન આ જગ્યા વશી ગઈ હતી, અને જ્યાં તે આશીર્વાદ પામી હતી, તેમ જ અતઃપુરમાં આવી બીજી અદેખી રાણિયો ભેગાં વસવું ભયભરેલું હતું, એટલા માટે, તલાવનો વિસ્તાર વધારવાની, ઝાડીવાળી ઘટા વિસ્તીર્ણ કરવાની, અને એ ઠેકાણે નગર વસાવવા માટે તેની આસપાસ દઢ કોટ ચણાવી તેને સુશોભિત કરવા તેમાં ઉંચા પ્રકારની કોરણીનાં કામ કરવાની તેણે આજ્ઞા કરી. આ પ્રસિદ્ધ નગર બાંધવાને માટે તેણે કુશળ શિલ્પકારો કામે લગાડ્યા, અને તેમના ઉપર દેખરેખ રાખવાને માટે સર્વે કરતાં વધારે નિપુણતાવાળો એક જણ ઠરાવ્યો; તેણે પ્રારંભ કર્યો ત્યારથી તે ૩૨ વર્ષ સુધી આ મહાભારે કામ પૂરૂં થતાં સુધી પોતાનું જિવતર ત્યાં ગાળ્યું. આ સમયે **વીસલ**દેવ પોતાના પિતાની પછવાડે **પટ્ટણ**ની ગાદિયે બેઠો હતો, પણ વિશેષે કરીને પોતાની જન્મભૂમિમાં આ ઠેકાણે રહેતો હતો. તેણે આ કામ પૂરૂં થતાં કારીગરોને જેની જેવી યોગ્યતા તેને તે પ્રમાણે રીઝ આપી. પણ જે કારીગરની રસજ્ઞતા અને કુશળતાથી આવી અસાધારણ સુંદરતાનું કામ થયું તેની વધારે બુજ કરવાના હેતુથી તેને કહ્યું કે તારી નજરમાં આવે તે ઈનામ તું માગી લે. આ શિલ્પકારે માનપૂર્વક કહ્યું કે, હું આપની કૃપાથી સર્વે વાતે સુખી છું, તેથી મારે ધન કે રત્નની વાંછના નથી, પણ આ નગરનું હજી લગણ કાંઈ નામ પાડવામાં આવ્યું નથી માટે હું મારા નામથી એનું નામ ડભોવે પાડવું એમ માગી લઉં છું. આ તેની માગણી માન્ય રાખવામાં આવી અને ત્યારથી તે આજ સુધી એનું નામ થોડાક ફેરફારથી ડભોઈ રહેલું છે."

ઉપરના લખાણમાં અણહિલવાડ **પાટણ**ને બદલે ગોદાવરીના તટ ઉપરનું પૈઠણ જણાવ્યું છે તે તો દેખીતી જ ભૂલ છે. આપણે જાણિયે છિયે કે **સિદ્ધરાજ**ને કુંવર નહતો. તેથી ભાટે **વીરધવલ**ને બદલે તેનું નામ અડાવી દીધું છે, તેનું કારણ માત્ર એટલું જ છે કે, **સિદ્ધરાજે** અને તેની માતા **મીનલદેવિયે** આવાં સર્વોપયોગી બાંધકામ ઘણાં કરાવ્યાં છે, તેથી તેનું નામ આવા કામના પ્રસંગમાં ઘણી પ્રખ્યાતિ પામેલું છે. એ વિષે પાછળ

પૃ. ૨૪૨ માં લખાણુ છે, તે પ્રમાણે **સિદ્ધરાજ**નું નામ ડભોઈના સંબંધમાં પણ ક્હેવાય એની નવાઈ નથી. દર્ભાવતી નગરી સિદ્ધરાજના સમય પ્હેલાંની જ વશેલી છે, અને **વીસલદેવ**નો ત્યાં જન્મ થયાથી તેનાં જૂનાં બાંધકામનો જીર્ણોદ્ધાર થયલો છે અને કેટલાંક નવાં પણ બંધાવવામાં આવ્યાં છે. આટલી વાત ધ્યાનમાં લેતાં બાકીની દંતકથા, બીજો એથી ફેરફાર જાણુવા સરખો વૃત્તાન્ત મળી આવે નહિ ત્યાં સુધી, માન્ય રાખિયે તો એમ ઠરે છે કે, **વીસલદેવ**ની માતાનું નામ રત્નાળી હતું અને તે **વીરધવળ**ની માનીતી મહિષી હતી. તેને **વીરમદેવ** મ્હોટો કુંવર છતાં પણ **વીસલદેવ**ને યુવરાજ તરીકે માન્ય રાખ્યો છે અને તેની પછવાડે તે ધોળકાની ગાદિયે રાણો થઇને બેઠો છે, એ બનાવ પણ દંતકથા પ્રમાણે મળતો આવે છે.

કચ્છમાં **પદ્ધર** અથવા પુવરાવાળો ગઢ, **લાખા** ફૂલાણીના ભત્રીજા **પુઅરા**એ બંધાવ્યો હતો. તેવી કારીગરી બીજે ઠેકાણે જઇને કરી પોતાના ગઢની નામનાને પાછી પાડી શકે નહિ એટલા માટે જે શિલ્પકારે તે ગઢ અને તેમાંનો શોભીતો નવલખો બાંધ્યો છે તેનો જમણો હાથ કાપી નાંખ્યો હતો. તેવી જ રીતે ડભોઈના કુશળ શિલ્પકારને વિષે એવી દંતકથા ચાલે છે કે, તેણે ડભોઈના કોટ તથા દરવાજા અને દેવલો આદિની ભવ્ય કારીગરી કરી બતાવી હતી તેવી બીજે ઠેકાણે કરે નહિ, એટલા માટે, મહાકાલીના દેવલના એક ભાગમાં તેને પૂરાવી દેવામાં આવ્યો હતો, પણ તેની સ્ત્રી તેને પ્રતિ દિવસ ખાવાપીવાનું આપી આવતી હતી, તેથી તેણે છ વર્ષ આવી ભયભરેલી સ્થિતિમાં ક્હાડ્યાં. એટલામાં એક એવો પ્રસંગ આવ્યો કે, રાજાને તેની ઘણી અગત્ય જણાઈ, એટલે તેને સંભારીને પોતાના અઘટિત કૃત્યને માટે પશ્ચાત્તાપ કરવા લાગ્યો ત્યારે તેની ક્ષમા માગીને તેને ક્હેવામાં આવ્યું કે તેને એક ભોંયરામાં પૂર્યો છે, ત્યાં તે હજી લગણ જીવતો છે. આ વાત સાંભળીને રાજા બહુ રાજી થયો અને તેને બ્હાર ક્હડાવ્યો.

ડભોઈના **હીરાભાગોળ** નામના દરવાજા ઉપરની પ્રશસ્તિ છે તે પણ **વીસલદેવ**ના સમયમાં તેના પુરોહિત સોમેશ્વર દેવની રચેલી છે.

પંદરોતરો કાળ.

જૈન યતિયો જ્યોતિષમાં પણ પ્રવીણ હતા, તે પ્રમાણે સર્વશાસ્ત્રમાં પ્રવીણ એવા **પરમદેવસૂરિ**એ જગડૂશાહને એકાન્તમાં કહ્યું કે—

> ૨ ૧ ૩ ૧
> द्वीन्द्वग्नि चन्द्र वर्षेषु व्यतीतेष्वथ विक्रमात् ।
> दुर्भिक्षं सर्वदेशेषु भाविवर्षत्रयावधि ॥ ॥ ६८ ॥

प्रेष्याखिलेषु देशेषु विदग्धानात्मपूरुषान् ।
सर्वेषामपि धान्यानां त्वं तैः कारय संग्रहम् ॥ ॥ ६९ ॥

વિક્રમ સંવત્ ૧૩૧૨ પૂરા થશે ત્યારે સર્વ દેશમાં ત્રણ વર્ષ સુધી કાળ પડશે. માટે જૂદા જૂદા દેશોમાં હોંશિયાર વાણોતરોને મોકલીને બધી જાતિના ધાન્યનો સંગ્રહ કરાવો.

જગડૂ શાહે દેશેદેશ માણસો મોકલીને મળી શકયા તેટલા અનાજનો ભારે સંગ્રહ કરાવ્યો. બનવાકાળ પ્રબળ છે, તેથી પૃથ્વીતળને વિષે વર્ષાદ વરસ્યો નહિ અને મોંઘવારી થતાં પણ અનાજ મળવા માંડ્યું નહિ, ત્યારે ભૂખે મરતાં લોકોને જગડૂ શાહે મફત અનાજ આપવા માંડ્યું; તેમ જ, પરદેશમાં પણ ગરીબ લોકોને અનાજ પ્હોંચાડવા પોતાનાં માણસો મોકલાવ્યાં. દુકાળનાં બે વર્ષ વિત્યા પછી રાજાઓના અનાજના કોઠાર પણ ખાલી થઈ ગયા. એક દ્રમ્મના ગણ્યાગાંઠ્યા તેર ચણા મળવા માંડ્યા. વીસલદેવનો કોઠાર ખાલી થઈ ગયો, ત્યારે તેણે પોતાના મંત્રી નાગડને જગડૂની પાસે મોકલ્યો, એટલે તે અણહિલપુરમાં ગયો અને પોતાની સાથે વેપારિયોને લઈ જઈને દિવ્ય રત્નો નજરાણે કરીને રાજાને નમન કરીને બેઠો. તે સમયે એક ચારણ બોલ્યો કેઃ—

सोलपुत्र ! भवत्तुल्यं पुण्यं नोऽन्यस्य विद्यते ।
नृवामकुक्षो कः पश्येत्कर्बुरान्त्रं प्रविश्य च ॥

ગીતિ–હે સોલપુત્ર! તુજ વણ, પેખું પુણ્ય ન અવરનું કાંઈ કટકે;
જનવામ કુક્ષ પેશી, આંતરડાં કર્બુર કુણ પેખી શકે.

આવું અર્થાન્તરન્યાસવાળું ચારણનું વચન સાંભળીને ચૌલુક્યપૃથ્વીપતિ (વીસલદેવ) રાજી થયો, અને વ્યવહારવર જગડૂને કહ્યું કે અહિંયા તમારા સાતસો કણના કોઠાર છે એમ સાંભળ્યું છે, માટે તે તમારી પાસેથી લેવા માટે મેં તમને અહિં બોલાવ્યા છે. રાજાનું આવું વચન સાંભળીને જગડૂ શાહ હસતે વદને એમ બોલ્યો કે, મારો તો અહિયાં એક કણ સરખો પણ નથી. જો મારા આવા બોલવામાં આપને સંદેહ આવતો હોય તો કણકોઠારે ઈંટોમાં જડાવી લીધેલો ત્રાંબાના પતરામાંનો લેખ જોશો, એટલે ખાતરી થશે.

રાજાએ તે લેખ કઢાડી મંગાવી વાંચ્યો તો તેમાં કોતરેલું હતું કેઃ—

जगडूः कल्पयामास रंकार्थं हि कणानमून्

જગડૂએ આ કણ રંકને અર્થે જ રખાવ્યા છે.

પછી જગડૂએ રાજસભા વચ્ચે વીસલદેવને કહ્યું કે જગતમાં દુકાળથી પીડાઈને જનો મરી જાય તો તેનું પાપ મને બેસે, એમ કહીને તે

૩૪

ત્રિવીર પુરૂષે આઠ હજાર કણના મૂડા રાજાને આપ્યા. આવું જોઇને સોમેશ્વર આદિ કવિયો હાજર હતા તેમણે જગતમાં સ્તુતિ કરવાને યોગ્ય એવા જગડૂની નીચે પ્રમાણે પ્રશંસા ગાઈ સંભળાવી:—

એક કવિ બોલ્યો કે (કવિત-રૂપકાલંકાર)

એ તો છે ઉદયાચલ શ્રી શ્રીમાલ કુલ કેરો
પ્રકાશ દેનાર રવિ રૂપ દ્યુતિ રાજે છે;
સુધર્મની વેલીની જે, દઢ આધાર આપવા,
વંશરૂપ ખડો રહી, મેઘસમ ગાજે છે;
કલિકાલ રૂપી કાળીનાગનો દમનહાર,
દામોદર રૂપ એવો અવનિમાં આજે છે;
અવનિ આકાશ માંહ, વાસના વિચરી ભારે,
એવો પ્રજાપોષક આ, વિજયી વિરાજે છે. ૧

બીજો કવિ બોલ્યો:—(કવિત-આક્ષેપાલંકાર)

મુરજિત જેહ હરિ, તેણે બલિ નૃપતિને,
પાતાળ ફેંકીને સારી વાત તે શી સાધી છે?
તેમ જ રૂદ્રાણી કેરા પતિ રૂદ્રદેવ તેણે,
રતિપતિને બાળીને, શી કીર્ત્તિ સંપાદી છે?
આખી અવનિને પીલી, કાળો કેર કરનાર,
દુષ્ટ આ દુકાલ કેરો, છેદક જે થાય છે;
અતિ દાન આપવામાં તત્પર રહેલ એવો,
હવણાં તો એક નર જગડૂ ગવાય છે. ૨

ત્રીજો કવિ બોલ્યો:—(કવિત-અતિશયોક્તિ)

વિવિધ વિષય બ્રહ્મા એક કોરે મૂકી કરી,
પરબ્રહ્મ એકને તે આપ રહ્યા સ્મરે છે;
ક્ષિતિધરસુતા એવાં ઉમાના આશ્લેષ વિષે,
રસિક બની રહેલા ઉમાપતિ સ્મરે છે;
ચરણો પ્રસારી કરી શ્રીને ખોળે સુખ સૂતા,
સાગર વિષયે હરિ ઉંઘતા બિરાજે છે;
ખરેખાત જગતમાં એકલો આ જગડૂશા
લોકને ઉદ્ધારવાને એકપગે જાગે છે. ૩

ચોથો કવિ બોલ્યો:—ગીતિ (   )

કર ચાર છતાં ભૂભૃત (પર્વત), એક જ ઉદ્ધારિયો હરિયે તો;
બહુભૂભૃત (રાજા) ઉધાર્યા, 'જગડૂશા'યે દ્વિકર છતાં પણ તો. ૪

પાંચમો કવિ બોલ્યોઃ—દુહો (   )

લોકપાળ સૌ નામના, ઇન્દ્ર આદિ લેખાય;
લોકપાળ તો એકલો, જગડૂ જગ દેખાય. ૫

છઠ્ઠો કવિ બોલ્યોઃ—(કવિત–વ્યતિરેકાલંકાર)

જીમૂતકેતુનું રાજ્ય જતું રહ્યું ત્યારે તેણે,
મલય ઉપર જઈ વાસ કીધો જે સમે;
જીમૂતવાહન તેનો પુત્ર તેણે શંખચૂડ,
એકલો ઉગાર્યો જેને ગરૂડ ઘણો દમે;
દુષ્ટ આ દુકાલ રૂપ કાલ દૈત્યમુખમાંથી,
અખિલ અવનિ જેણે એકલે ઉગારી છે;
એવા એ ઉદાર શુભ ગુણવાળા જગડૂની,
બરાબરી કેમ થાય જેની નામદારી છે. ૬

આવા ભાવાર્થની બીજા કવિયો પણ કવિતા બોલ્યા છે, તેમાં એક કવિયે ઇતિહાસનું સૂચન થાય એવી કવિતા નીચે પ્રમાણે કહીઃ—

કવિત્ત–ગર્વ થકી ગાજતો જે, પીઠદેવ હતો તેની,
સ્ત્રિયોનાં અંજન કરી, શોભા હરનાર જે;
સિંધના હુમીર કેરા, અરિના પરાક્રમની,
ચતુરાઇભરી એવી, કથા કથનાર જે;
મદ થકી ઉન્મત્ત, મુગલોની કીર્ત્તિ કેરા,
પ્રપંચ પ્રતાપ નાશ કરનાર રવિ જે;
શ્રીમદ ગૂર્જર કેરા, રાજ્યનો વધારનાર,
જગડૂ વિજયી થાઓ, કવે એમ કવિ જે.

જગડૂ શાહ વિવેકી હતો તેથી તેની ઉપર પ્રમાણે કવિયોએ પ્રશંસા કરી ત્યાં સુધી તે પોતાનું મસ્તક નીચું રાખીને બેઠો હતો. તેણે કવિયોનો ઘણો સારો સત્કાર દ્રવ્ય આપીને કર્યો, અને ચૌલક્યભૂપ વીસલદેવની આજ્ઞા લઇને પાછો ભદ્રેસર આવ્યો.

ત્યાર પછી સિંધ દેશના રાજા હમીરે માગણી કરવાથી તેને ૧૨,૦૦૦ મૂડા અનાજના આપ્યા.

ઉજ્જણના રાજા મદનવર્મને તેણે અનાજના ૧૮,૦૦૦ મૂડા આપ્યા હતા.
દિલ્હીના રાજા મોજદ્દીનને ૨૧,૦૦૦ મૂડા અનાજના આપ્યા હતા.
કાશીના રાજા પ્રતાપસિંહને ૩૨,૦૦૦ મૂડા કણના આપ્યા હતા.

સ્કંધીલ(કંધાર)નો રાજા જે ચક્રવર્ત્તી કહેવાતો હતો તેને ૧૨,૦૦૦ મૂડા અનાજ આપ્યું હતું.

એ સિવાય ૧૧૨ દાનશાળા તેણે સ્થાપી હતી.

લજ્જાપિંડ એટલે ગોળમાં બાંધેલા ધાણીના લાડુમાં સોનાના દીનાર ઘાલીને એવા ઘણા લાડુ દાન મેળવવામાં લજ્જા પામનારા કુલીનોને રાત્રીની વેળાએ તે આપતો હતો.

આ દુકાળમાં તેણે ૯,૯૯,૦૦૦ અનાજના મૂડા તથા અઢાર કરોડ દ્રમ્મ (દામ) યાચકોને આપ્યા હતા.

આ પ્રમાણે વીસલદેવના સમયમાં પડેલા દૂકાળમાં બની શકે એટલું પ્રજાનું રક્ષણ થયું હતું.

વીસલદેવ પરાક્રમી રાજા થઈ ગયો, તેનું ઉપનામ મહિમલ્લ હતું. તે વિદ્વાનોને સારો આશ્રય આપતો હતો તેથી તેની પાસે ઘણા કવિયો આવી રહ્યા હતા.

વીસલદેવ અને તેના ક્રમાનુયાયી જે થયા તે વિષે ઘણો વિસ્તાર આપી શકાય એમ છે, પણ તેમના વિષે પાછળ જે છપાયું છે તેટલા જ ઉપર વાંચનારનું લક્ષ સબંધને અર્થે ખેંચીને આ પ્રકરણ અમે આટોપી દઇયે છિયે.

પરિશિષ્ટ

બીજી આવૃત્તિમાંથી કાઢી લીધેલી નોંધો

[સ્વ. દિ. બ. રણછોડભાઈ ઉદયરામે પ્રસ્તુત **રાસમાળા ત્રીજી** આવૃત્તિ માટે સુધારતાં કેટલીક નોંધો કાઢી નાંખી, પાછળથી વિશેષ વિગતો સાથે તેને સવિસ્તર આપવાની ધારણા રાખી હતી અને તે માટે તેઓએ **રાસમાળાપૂરણિકા**ની યોજના પણ કરી હતી અને કેટલેક સ્થાને તેનો અંકવાર ઉલ્લેખ પણ કરેલો છે. પરંતુ **રાસમાળા** ભાગ **બીજો** છપાઈ રહેવા અગાઉ તેઓનું અવસાન થયું અને ધારેલી યોજના વ્યવહારમાં ઉતારી શકયા ન હતા. તેમણે તે માટે સંગ્રહ કરેલી વિગતોનાં કાગળિયાં એકત્રિત છે; પણ તેમાંથી તેમની યોજના અનુસાર **રાસમાળાપૂરણિકા**નો ગ્રન્થ કદાચિત તૈયાર કરાવવામાં આવશે તોયે ઘણો વિલંબ લાગવા સંભવ હોવાથી **રાસમાળા**ની બીજી આવૃત્તિ(સને ૧૮૯૯)માંથી, જે નોંધો કાઢી લીધી હતી, તેની તે જ આ પરિશિષ્ટમાં દાખલ કરી છે.

૧

(પાનું ૪ થું, ભાગ ૧ લો, પાદનોંધ, લીટી ૨૧ મી.)

શ્રીજૈન ધર્મના ચોવીશ તીર્થંકરો

૧ જૈન ધર્મના ચોવીશ **તીર્થંકરો**નાં નામ, તેમનાં માતપિતાનાં નામ, લાંચ્છન એટલે **તીર્થંકર**ની પ્રતિમા નીચે તેનું ચિહ્ન થાય છે તે, કે જે ઉપરથી કયા **તીર્થંકર**ની પ્રતિમા છે તે ઓળખાય છે, અને તેમની જન્મભૂમિ, એ સહુ નીચેના કોઠામાં સમજ સારૂ નીચે સંક્ષેપમાં આપેલું છે:—

અનુક્રમ	તીર્થંકરનાં નામ.	તેમની માતાનાં નામ.	તેમના પિતાનાં નામ.	(લાંચ્છન) ચિહ્ન.	તેમની જન્મભૂમિ.
૧	ઋષભદેવ	મરૂદેવી	નાભી	ઋષભ, વૃષ	વિનીતા
૨	અજિતનાથ	વિજયા	જિતશત્રુ	હાથી	અયોધ્યા
૩	સંભવનાથ	સેના	જિતારી	ઘોડો	સાવથી
૪	અભિનંદન	સિદ્ધાર્થા	સંવર	વાનર	વિનીતા
૫	સુમતિનાથ	મંગલા	મેઘ	કૌંચ પક્ષી	કોશલા
૬	પદ્મપ્રભુ	સુશિલા સુસીમા	ધર	રાતું કમળ	કોશાંબી
૭	સુપાર્શ્વનાથ	પૃથ્વી	પ્રતિષ્ઠ	સાથીઓ	વાણારસી
૮	ચન્દ્રપ્રભુ	લક્ષ્મણા	મહાસેન રાજા	ચંદ્રમા	ચંદ્રપુરી
૯	સુવિધિનાથ	રામા	સુગ્રીવ રાજા	મચ્છમગર	કાકંદી
૧૦	શીતળનાથ	નંદા	દઢરથ	શ્રીવત્સ	ભદિલપુર:
૧૧	શ્રેયાંસનાથ	વિષ્ણુ	વિષ્ણુ	ખડ્ગી	સિંહપુર
૧૨	વાસુપૂજ્ય	જયા	વસુપૂજ્ય રાજા	પાડો	ચંપાપુરી
૧૩	વિમળનાથ	શ્યામા	સુતવર્મા	સુઅર-શૂકર	કપીલપુર
૧૪	અનંતનાથ	સુયશા	સિંહસેન	સિંચાણો, શ્યેન	અયોધ્યા
૧૫	ધર્મનાથ	સુવ્રતા	ભાનુરાજા	વજ્ર	રત્નપુરી
૧૬	શાન્તિનાથ	અચિરા	વિશ્વસેન	હરિણ	અથીનાપુ-
૧૭	કુંથુનાથ	શ્રીમાતા	સૂર	બોકડો	ગજપુરી
૧૮	અરનાથ	દેવી	સુદર્શન	નન્દાવર્ત્ત	નાગપુરી
૧૯	મલ્લિનાથ	પ્રભાવતી	કુંભ	કળશ	મિથિલા


અનુક્રમ	તીર્થંકરનાં નામ.	તેમની માતાનાં નામ.	તેમનાં પિતાનાં નામ.	(લાંચ્છન) ચિહ્ન.	તેમની જન્મભૂમિ.
૨૦	મુનિસુવ્રત	પદ્મા	સુમિત્ર	કાચબો	રાજગીરી
૨૧	નેમિનાથ	વિપ્રા	વિજય	નીલકમળ	મહીલા
૨૨	નેમિનાથ	શિવાદેવી	સમુદ્રવિજય	શંખ	સોરિપુર
૨૩	પાર્શ્વનાથ	વામા	અશ્વસેન	સર્પ	વાણારસી
૨૪	મહાવીર	ત્રિશલા	સિદ્ધાર્થરાજા	સિંહ	ક્ષત્રિકુંડ

૨

(પાનું ૨૦ મું, ભાગ ૧ લો, પાદનોંધ, લીટી ૨૪ મી)

વલ્લભીપુરના રાજવંશની વંશાવલિ

૨ **સૂર્ય** વંશના પ્હેલા રાજા **મનુનો** કુંવર **ઈક્ષ્વાકુ અયોધ્યાનો** પ્હેલો રાજા થયો, તેની ૫૭ મી **પેઢિયે રામચન્દ્રજી થયા**, તેમણે **લંકાના** રાજા **રાવણ** (બ્રાહ્મણ જાતનો) હતો, તેની ઉપર **હનુમાનજી** (તેના વંશજ આજે **કાઠિયાવાડમાં પોરબંદરના રાણા** છે) વગેરેની મદદથી ચ્હડાઇ કરી તેને જિત્યો. **રામચન્દ્રને પ્રાચીન** વખતથી દેવાંશી અવતાર તરીકે લોકો માને છે અને તેમની મૂર્તિઓ ઈશ્વરરૂપે પૂજાય છે. તેના વડા કુંવર **લવે અયોધ્યા** છોડી, **પંજાબમાં રાવી** નદીને કાંઠે પોતાને નામે **લાહોર** શહર વસાવી પોતાનું રાજ્ય ત્યાં સ્થાપ્યું. તેનો ૬૩ મો પુરુષ **કનકસેન** થયો. તેણે **લાહોરથી ગૂજરાતમાં** આવી **કોઈ પરમાર** કુળના **રાજાને** જિતી, **વડનગર** વસાવી, પોતાની રાજધાની કરી. તેનો **મહામદનસેન**, તેનો **સુદંત**, તેનો **વિજયસેન (અજયસેન)** અથવા **વિજય** થયો. એણે **વિજયપુર**, **વિદર્ભ**, અને **વલભીપુર** વસાવ્યાં. આ **વિજયસેન**, સેનાપતિ **ભટ્ટાર્કને** નામે પ્રસિદ્ધ છે. એણે **વલભીપુરમાં** પોતાની ગાદી સ્થાપી. તેના વંશનું ઝાડ નીચે પ્રમાણે તારવેલું છેઃ—



ઉપર જણાવેલા રાજાઓ અને તેના વંશજ નીચેના ક્રમ પ્રમાણે વલભી નગરની ગાદિયે બેઠા.:—

૧ વિજયસેન ઉર્ફે સેનાપતિ ભટ્ટાર્ક, ઈ. સ. ૫૦૯; ગુપ્ત સંવત ૧૯૦ ?

૨ ધરસેન ૧ લો; એને પણ સેનાપતિનું બિરૂદ હતું.

૩ દ્રોણસિંહ; આ રાજાથી માંડી પછી સહુએ મહારાજાપદ ધારણ કરેલું છે.

૪ ધ્રુવસેન ૧ લો; ઇ. સ. ૫૨૬, ગુપ્ત સંવત ૨૦૭. આ રાજાના ઇ. સ. ૫૩૫ ના તામ્રપટમાં તેની ફોઈની દીકરી દુદા(દુહા)ને બૌદ્ધમત પાળનારી હોવાનું અને તેણે વલભીપુરમાં બૌદ્ધમતનો અપાસરો કરાવ્યાનું લખ્યું છે.

૫ ધરપત્ત; આ રાજાને પણ મહારાજા પદ હતું.

૬ ગુહસેન ઇ. સ. ૫૩૯ થી ૫૬૯ સુધી. એને ગુહિલ પણ કહેતા. ગુહસેન એ સંસ્કૃત નામ છે, કાર્તિક સ્વામીના જેવી સેના જેની એવો એ નામનો અર્થ થાય છે. ગોહિલ અને ગેલોટી (જે હાલ સીસોદિયાને નામે ઓળખાય છે) જે કાઠિયાવાડ અને રજપૂતસ્થાનમાં રાજ્યકર્ત્તા થયેલા છે તે આ ગુહિલના વંશજ છે. ગુહિલપુત્ર ઉપરથી ગુહિલુત્ત કે ગેલોત અથવા ગેલોતી કે ગેલોટી થયા. આ ગુહસેનનો મોટો કુંવર ધરસેન ૨ જો વલભીપુરમાં તેની પછી ગાદિપતિ થયો, અને બીજા કુંવર ગુહાદિત્ય અથવા ગોહાએ ઈડરનું રાજ્ય મેળવ્યું. તેના વંશજ ઈડરથી ચિત્તોડ (મેવાડ) ગયા અને હજી ત્યાંના (ઉદેપુરમાં) મહારાજા છે. આ ગુહસેન પારશી મહારાજા નસરવાનની કુંવરી પરણ્યો હતો, એમ કહેવાય છે.

૭ ધરસેન ૨ જો; ઇ. સ. ૫૭૧, ગુપ્ત અથવા વલભી સંવત્ ૨૫૨; તે શિવ. મતનો મોટો ઉપાસક હતો.

૮ શીલાદિત્ય ૧ લો ઉર્ફે, ધર્માદિત્ય; ઇ. સ. ૫૯૪(ગુપ્ત ૨૭૫)થી ઇ. સ. ૬૦૯ (ગુપ્ત ૨૯૦) સુધી.

૯ ખરગ્રહ ૧ લો; ઇ. સ. ૬૧૦ થી ૬૧૫ સુધી.

૧૦ ધરસેન ૩ જો; ઇ. સ. ૬૧૫થી ૬૨૦ સુધી.

૧૧ ધ્રુવસેન ૨ જો (ધ્રુવપટ્ટ); ઉર્ફે બાલાદિત્ય; ઈ. સ. ૬૨૦ થી ૬૪૦ સુધી. આ રાજાએ કવિતા સંબંધી રસજ્ઞતાના ગુણ સાથે પાસેના દેશો ઉપર જિત મેળવી વલભીની સત્તા વધારેલી છે. આ રાજા ઉપર કાન્યકુબ્જ(કનોજ)ના રાજા, મહાન્ શ્રીહર્ષદેવે (ઈ. સ. ૬૦૭ થી ૬૪૮) ચ્હડાઈ કરી ત્યારે ભરૂચ-(ભૃગુકચ્છ) ના દદ્દ(દાદા) બીજાએ મદદ આપી હતી.

૧૨ ધરસેન ૪ થો, ઇ. સ. ૬૪૦ થી ૬૪૯ સુધી. આ રાજા વલભીના બધા રાજાઓમાં મહાસત્તાધારી અને સ્વતંત્ર થયો છે. આ રાજાના સમયમાં "ભટ્ટી-કાવ્ય" નામનું પ્રસિદ્ધ કાવ્ય રચાયલું છે, તેમાં આને નરેંદ્ર કહ્યો છે.

૧૩ ધ્રુવસેન ૩ જો; ઇ. સ. ૬૫૦ થી ૬૫૬ સુધી.

૧૪ ખરગ્રહ ૨ જો, ધર્માદિત્ય ૨ જો, ઉર્ફે પદ્માદિત્ય; ઈ. સ. ૬૫૬ થી ૬૬૫ સુધી.

૧૫ શીલાદિત્ય ૨ જો, ઉર્ફે સેવાદિત્ય; ઈ. સ. ૬૬૫ થી ૬૬૬ સુધી.

૧૬ **શીલાદિત્ય** ૩ જો, ઉર્ફે **હરાદિત્ય**; ઈ. સ. ૬૬૬ થી ૬૭૫ સુધી.

૧૭ **શીલાદિત્ય** ૪ થો, ઉર્ફે **સૂર્યાદિત્ય**; ઈ. સ. ૬૭૫ માં ગાદિયે બેઠો; તે કઈ સાલ સુધી હતો તે નક્કી નથી. પણ તેનો એક શાસનલેખ ઈ. સ. ૬૯૧ (ગુ. સં. ૩૭૨)નો છે.

૧૮ **શીલાદિત્ય** ૫ મો, ઉર્ફે **સોમાદિત્ય**; આનો એક લેખ ઈ. સ. ૭૨૨, ગુપ્ત સંવત્ ૪૦૩નો છે.

૧૯ **શીલાદિત્ય** ૬ ઠ્ઠો; તેનું એક શાસન ઈ. સ. ૭૬૦ ગુપ્ત અથવા વલભી સંવત્ ૪૪૧ નું છે.

૨૦ **શીલાદિત્ય** ૭ મો, ઉર્ફે **ધ્રુભટ** (ધ્રુવભટ); આનો શાસનલેખ ઈ. સ. ૭૬૬ ગુપ્ત સં૰ ૪૪૭ નો છે. આના સમયમાં વલભીનું રાજ્ય ગયું.

૩

તુમાર વંશ અને તેની વંશાવલિ

(પાનું ૩૦૬ હું, ભાગ ૧ લો, પાદનોંધ, લીટી ૨૨ મી)

૧ **તુમાર** વંશમાં જે ત્રણ **અનંગપાળ** થઈ ગયા છે, તેમાં આ ત્રીજો **અનંગપાળ** હતો. **ચોહાણ**, **રાઠોડ** અને **તુમાર** વંશનો સંબંધ સમજવા આ ઠેકાણે **કન્નિંગહામના** **મધ્યકાલિક** શિક્કાના પુસ્તક ઉપરથી નીચે પ્રમાણે વૃત્તાન્ત આપેલો છેઃ—

કનોજ અને દિલ્હીના તુમાર (તુંવાર)

વિક્રમાદિત્યના સમયથી ૭૯૨ વર્ષ સુધી ઇન્દ્રપ્રસ્થ નગર ઉજ્જડ થયલું પડ્યું રહ્યું હતું, તે **તુમાર** રજપૂત **અનંગપાળે** ફરીને સ્થાપ્યું, અને તેનું નામ દિલ્હી પાડ્યું. કેટલાક લખનારા તેની સ્થાપનાના વર્ષમાં ફેરફાર જણાવે છે, પણ તેથી **વિક્રમ** સંવત્ ૭૯૨, અથવા ઈ. સ. ૭૩૫ કરતાં થોડાં વર્ષનો જ માત્ર ફેર પડે છે.

ઇ. સ. ૧૦૨૨ માં જ્યારે **મહમૂદ** ગજનિયે કનોજ લીધું, ત્યારે ત્યાં રાજ્યકર્ત્તા જયપાળ **રાજા** હતો, અને તે જ આ વેળાએ **દિલ્હીનો** **તુમાર** વંશનો રાજા હતો. એ **મહમૂદને** શરણ થયો, તેથી **કાલંજરના** **ચંદેલ** રાજા ગંડે તેના ઉપર હલ્લો કરીને તેને મારી નાંખ્યો. ત્યાર પછી તેની પછવાડે કુમારપાળ થયો, **તેનું** નામ પણ **દિલ્હીના** રાજ્યકર્ત્તાઓની ટીપમાં જયપાળ પછીથી જ આવે છે. કુમારપાળ પછી તરત જ **અનંગપાળ** બીજો થયો, તેના વિષે સં. ૧૧૧૭ અથવા ઇ. સ. ૧૦૬૦ નો લેખ છે કે—

दिल्हीका कोट कराया–
लाल कोट कहाया.

સુમારે ઈ. સ. ૧૦૫૦ માં **રાઠોડ** વંશના **ચન્દ્રદેવે** કનોજ જિતી લીધું, ત્યારે કુમારપાળના મરણ પછી **અનંગપાળ** દિલ્હી ગયલો અને ત્યાં તેણે કોટ ચણાવ્યો હશે.

તુમાર અથવા **તુવાર**, જેને **ફારસી** લખનારા **બોવર**, **પોવર** અને બીજા **તોવાર**, **તોમાર**, **તોમર**, **તોઅર**, **તુવાર** કરીને લખે છે, તે ઉચી જાતિના રજપૂત ગણાયા છે. અને તેઓએ **મેવાડના** **સિસોદિયા** સાથે અંગસંબંધનો વ્યવહાર રાખેલો છે. ઈ. સ. ૧૩૭૫ થી ૧૫૧૮માં છેલ્લા રાજા **વિક્રમાદિત્યને** ઈબ્રાહિમ **લોદિયે** જિત્યો, ત્યાં સુધી **ગ્વાલિયરનો** કિલ્લો **તુમારોને** કબજે હતો. **ગ્વાલિયરની** ઉત્તર બાણીનો જિલ્લો હજી સુધી પણ **તુઆરઆરને** નામે ઓળખાય છે, અને **દિલ્હીની** દક્ષિણનો મોટો જિલ્લો "તોઆરવતી" કહેવાય છે.

અનંગપાળ પ્હેલાએ તુવાર વંશની સ્થાપના કરીને વિક્રમ સંવત્ ૭૯૨(ઈ. સ. ૭૩૬)માં દ્િલ્હી સ્થાપી, એ વાત તો સર્વમાન્ય છે. વળી દ્િલ્હી આગળ લોહસ્તંભ છે, (પંચધાતુનો હશે) તે ઉપર "સં. ૪૧૮ રાજ તુંવર આદિ અનંગ" એમ આપેલું છે. તો આ સંવત્‌ને ગુપ્ત સંવત ગણતાં પણ ૪૧૮+૩૧૮=૭૩૬, ઇ. સ. આવે છે. વળી મુહમ્મદ ખિલજી જે ઈ. સ. ૧૩૦૦ માં થયો, તેના સમયમાં અમીર ખુશરૂ નામનો સાયર હતો, તે અનંગપાળ બીજા વિષે લખે છે કે–"તે મહારાય હતો, અને તે પાંચસેં કે છસેં વર્ષ ઉપર થઈ ગયો." આ ઉપરથી પણ તેનું વર્ષ ઈ. સ. ૭૦૦ ને ૮૦૦ ની વચ્ચે આવે છે.

ઉપરના વૃત્તાન્ત ઉપરથી તુમાર વંશના રાજાઓની ટીપ નીચે પ્રમાણે તારવી શકાય છે:–

દિલ્હી અને કનોજના રાજાઓની ટીપ.

અંક.	ઈસવી સન.	તુમાર વંશના રાજાનું નામ.	અઈન અકબરી પ્રમાણે			
			રાજાનું નામ.	કેટલું રાજ્ય કર્યું.		
				વર્ષ.	માસ.	દિવસ.
૧	૭૩૬	અનંગપાળ પ્હેલો (બિલનદેવ)	અનંગપાળ તેનોર.	૧૮	૦	૦
૨	૭૫૩		બસદેવ.	૧૯	૧	૧૮
૩	૭૭૨		ગંગૂ.	૨૧	૩	૨૮
૪	૭૯૩		પૃથ્વીમલ્લ.	૧૯	૬	૧૯
૫	૮૧૩		જયદેવ.	૨૦	૭	૨૮
૬	૮૩૩		નિરપાળ.	૧૪	૪	૯
૭	૮૪૮		આદેરેહ.	૨૬	૭	૧૧
૮	૮૭૪		બિલ્લરાજ.	૨૧	૨	૧૩
૯	૮૯૫		બીક.	૨૨	૩	૧૬
૧૦	૯૧૮		રેખપાળ.	૨૧	૬	૫
૧૧	૯૩૯	સુખપાળ (અથવા તેજપાળ)	સુખપાળ.	૨૦	૪	૪
૧૨	૯૬૦	ગોપાળ.	ગોપાળ.	૧૮	૩	૧૫
૧૩	૯૭૮	સલક્ષણપાદ.	સોલેખન.	૨૫	૧૦	૨
૧૪	૧૦૦૩	જયપાળ.	જયપાળ.	૧૬	૪	૧૩
૧૫	૧૦૧૯	કુમારપાળ.	કુંવરપાલ.	૨૯	૩	૧૧
૧૬	૧૦૪૯	અનંગપાળ. (બીજો)	અનંગપાળ.	૨૯	૬	૧૮
૧૭	૧૦૭૯	વિજયપાળ (અથવા તેજપાળ).	બીજપાલ.	૨૪	૧	૬
૧૮	૧૧૦૩	મહિપાળ.	મહેતપાલ.	૨૫	૨	૨૩
૧૯	૧૧૨૮	અનંગપાળ. (ત્રીજો);	આકપાળ.	૨૧	૨	૧૫
૨૦	૧૧૪૯	એને પુત્ર નહોતો, તેથી તેની કુંવરી કમળાદેવી સોમેશ્વરને પરણાવી હતી, અને તેના પુત્ર પૃથ્વીરાજને એણે ખોળે લીધો હતો.	પૃથ્વીરાજ.	૨૨	૨	૧૬
				૪૩૭	૧	૨૮

તુમાર વંશ સિવાય ઉપરના સ્થળના રાજ્યકર્ત્તા તરીકે ઈ. સ. ૮૩૫ માં રામચન્દ્રદેવનું નામ આવે છે, તેમ જ ત્યારપછી ભોજદેવનું નામ આવે છે; તે ઉપરથી એમ જણાય છે, કે તુમારો પ્હેલાં રઘુવંશી રાજ્યકર્ત્તા હતા, કેમકે ઉપરના બે રાજા રઘુવંશી છે. આ વંશ વિષે અલબિરૂની એમ લખે છે કેઃ—

"વાસુદેવે જેમ મથુરા પ્રસિદ્ધ કર્યું, તેમ જ પાંડવોએ કનોજ પ્રખ્યાતિમાં આણ્યું છે." આ ઉપરથી જણાય છે કે તુમાર તે પાંડવવંશી, એટલે ચન્દ્રવંશી, અને તેમના પ્હેલાંના કનોજના રાજા રઘુવંશી, એટલે સૂર્યવંશી હતા. તેમ જ તેમના પછીના રાઠોડ વંશના હતા.

કનોજના રાઠોડોની વંશાવલિ

કનોજના રાઠોડોની વંશાવળી કનિંગહામે બંગાળ એશીયાટિક સોસાઇટીના પુસ્તક ૩૩ અંક ૩ ના પૃ. ૨૩૨ માં સન ૧૮૬૪માં આપી છેઃ—

ચન્દ્રદેવ ઈ. સ. ૧૦૫૦; વિ. સં. ૧૧૦૬
મદનપાળ ઈ. સ. ૧૦૮૦; વિ. સં. ૧૧૩૬
ગોવિન્દચન્દ્ર ઈ. સ. ૧૧૧૫; વિ. સં. ૧૧૭૧
વિજયચન્દ્ર ઈ. સ. ૧૧૬૫; વિ. સં. ૧૨૨૧
જયચન્દ્ર ઈ. સ. ૧૧૭૫; વિ. સં. ૧૨૩૧

બંગાળ એશીયાટિક સોસાઇટી પુસ્તક (સને ૧૮૫૮ના) અં. ૩ પૃ. ૨૧૭-૨૨૦ માં ફ્રિડ્જ એડવર્ડ હોલે તામ્રપટ્ટની નકલો છપાવી છે, તેમાં,–

મદનપાલનું દાનપત્ર સં. ૧૧૫૪, ઈ. સ. ૧૦૯૮ નું છે.

ગોવિન્દચન્દ્રનું દાનપત્ર સં. ૧૧૮૨, ઈ. સ. ૧૧૨૬ નું છે.

રાઠોડોએ ચન્દ્રદેવના ઉપરીપણા નીચે ઈ. સ. ૧૦૫૦ માં કનોજ જિતી લીધું. આ રાજાના નામના શિક્કા મળી આવ્યા નથી, પણ તેના પુત્ર મદનપાલનો લેખ સં. ૧૧૫૪ અથવા ઇ. સ. ૧૦૯૭ નો મળી આવ્યો છે; તેમ જ તેના પૌત્ર ગોવિન્દચન્દ્રદેવનો લેખ સં. ૧૧૭૭ અથવા ઇ. સ. ૧૧૨૦ નો મળ્યો છે. આ લેખને સમયે તે યુવાન્ પુરૂષ હતો. આ ઉપરથી મદનપાળનો ગાદી ઉપર બેસવાનો સમય ૧૦૮૦ નો ગણી શકાય; તેમ જ ચન્દ્રદેવનો સમય સુમારે ઇ. સ. ૧૦૫૦ નો લેખાય. એક પ્હેડીનાં પચીસ વર્ષ ગણતાં રાઠોડોએ ઇ. સ. ૧૦૫૦ પછી કનોજ તરત જિતી લીધેલું માની શકાય છે.

ચૌહાણ વંશનું પેઢીનામું

ચૌહાણ વંશ સંબંધી વિશ્વાસપાત્ર વૃત્તાન્ત તેમના પોતાના જ લેખો ઉપરથી મળી શકયો છે. 'પૃથીરાજ રાસો'તો બનાવટી છે, પુરાણો નથી, પણ અર્વાચીન છે, એમ ડૉક્ટર બુલરે બંગાળના એશિયાટિક સોસાયટીના પ્રોસીડીંગમાં (સન ૧૮૯૩ પૃ. ૯૩-૯૪) જણાવ્યું. એટલે તે ચંદના એ રાસા ઉપરથી કર્નલ ટૉડે જે વંશાવળી ઉપજાવી છે, તે માલ વિનાની ગણવા સરખી છે, એમ કનિંગહામનું લખવું છે. પણ આ ઝગડાનું છેવટ હજી આવ્યું નથી. શ્રીયુત્ મોહનલાલ આદિ આ વિષે પ્રતિપક્ષી છે. ડાકટર બુલર બે લેખનું પ્રમાણ આપે છે, તેમાં એક લેખ વિ. સં. ૧૦૩૦ નો છે; અને બીજો વિ. સં.

૧૨૨૫નો છે, અને પૃથ્વિરાજવિજય, જે કાશ્મિરના પંડિતે લખ્યો છે, તે ઉપરથી નીકળતું પ્હેડીનું નામું ખરૂં ઠરે છે. તેમ જ વળી કનિંગહામને મદનપુરનો લેખ મળ્યો છે, તેમાં લખ્યું છે કે,

उँम्र ! अरुनो राजस्य पौत्रेण श्री
सोमेश्वरसूनुना जेजाक—
भुक्ति देसोयम् पृथिवीराजेन
लुणीतः सं. १२३९

આ ઉપરથી જણાય છે કે जेजाकभुक्ति=जहाहुती (અથવા મહોબા)ની જિત સં. ૧૨૩૯ અથવા ઈ. સ. ૧૧૮૨ માં થઈ.

પૃથ્વીરાજવિજય નામના કાવ્ય પ્રમાણે પ્હેડીનામું નીચે પ્રમાણે આવે છે:-

અજયરાજ (જેણે **અજમેર** વસાવ્યું.)—
|
આનાજી-અર્ણોરાજ-આમ્મલદેવ—
અરૂણો (ઇ. સ. ૧૧૨૦ ?)
|
- જેનું નામ ખબર નથી અને જેણે પોતાના પિતાને મારયો તે.
  |
  પૃથ્વીભટ.
- **વિસલદેવ** (ઈ. સ. ૧૧૫૦ ?) અથવા **વિગ્રહરાજ.**
  |
  ૦
- **સોમેશ્વર**
  કમળાદેવી
  | ૧૧૬૧
  પૃથ્વીરાજ
  (ઇ. સ. ૧૬૬૨-૧૧૯૧-૯૩)

અનંગપાળ ત્રીજાની કુંવરી **કમળાદેવીને સોમેશ્વર** વ્હેરે પરણાવી હતી, તેથી તેનો પુત્ર **પૃથ્વીરાજ અનંગપાળની તુવાર** ગાદીનો વારસ થયો. **સોમેશ્વર** અને **પૃથ્વીરાજના** નામના શિક્કા મળે છે, પણ **વિસલદેવના** તેમ જ તેના ભત્રીજા **પૃથ્વીભટના** નામના શિક્કા મળી આવ્યા નથી. તેમ જ **અરૂણો**(અથવા **અમલ્લદેવ**)ના નામના શિક્કા પણ હજી લગણ મળી આવ્યા નથી. **વિસલદેવનું** રાજ્ય તે **સાકંભરી** (**સંભર**) એમ **દિલ્હીના લાટલેખમાં** લખ્યું છે. અને **પૃથ્વીરાજવિજયમાં ચૌહાણનું** રાજ્ય તે **અજયમેર** અથવા **અજમેર** લખ્યું છે. **હમીર મહાકાવ્યમાં** તેને **સપાદલક્ષ** (સવા લાખનો દેશ) કરીને જણાવ્યું છે, અને **અજમેર** તથા **હાંસી** તેની રાજધાની છે, એમ લખ્યું છે.

ઈ. સ. ૧૧૯૨ ની સાલના શિક્કામાં એક તરફ જમણી બાજુને મુખે હાથમાં ભાલા સહિત ઘોડેસવાર છે; અને **તે** ઉપર "श्री पृथ्वीराज" એવું નામ છે; તેમ જ એના **એ** શિક્કાની બીજી બાજુએ બેઠેલા પોઠિયાનું ચિત્ર છે, **તે** સાથે "**स्री महमद साम**" એવા **અક્ષર છે. મહમદ** સામ અથવા **શાહબુદ્દીન** ગોરિયે **પૃથ્વીરાજને** જિત્યો તેથી **તે** સાલમાં એવા શિક્કા પાડેલા જણાય છે. અને **તેનું** કારણ **મિનહજના** લખાણથી બંધબેસતું થઈ પડે છે. તે એ કે, **હીજરી** સન ૫૮૭(ઇ. સ. ૧૧૯૧)માં **શાહાબુદ્દીને દિલ્હીને** ઘેરો ઘાલ્યો, એટલે **પૃથ્વીરાજ** ખંડિયો રાજા થયો. **અઇબેક** (કુતુબુદ્દીન જેને

શાહબુદ્દીને સુબો ઠરાવ્યો હતો તે) પછી હાંસી ગયો. પણ હી. સ. ૫૮૯(ઈ. સ. ૧૧૯૩)માં પાછો દિલ્હી આવ્યો; અને તે શહર લીધું. આ બન્ને બનાવની વચ્ચેનું વર્ષ ઉપરના શિક્કાનું છે. ત્યારપછીના મહમદ ગોરીના શિક્કામાં ગોવિન્દચન્દ્રના શિક્કાની નકલ કરીને તેમાં ચતુર્ભુજા લક્ષ્મી બેઠેલી આલેખેલી છે. અને તે ઉપર શ્રી મહમદ બિન સામ એવા અક્ષર છે.

૪

રાજપીપળા સંસ્થાનના રાજાઓની વંશાવલિ

(પાનું ૪૫૦ મું, ભાગ ૧ લો, પાદનોંધ, લીટી ૩૨ મી)

મોખડાજી (પીરમ) ઈ. સ. ૧૩૪૭

ડુંગરસિંહજી (ભાવનગરની શાખા)

૧ સમરસિંહજી ઉર્ફે અર્જુનસિંહજી

૨ ભાણુસિંહજી

૩ ગેમલસિંહજી

૪ વિજયપાળજી

૫ રામશાહજી ઉર્ફે હરિસિંહજી

૬ પૃથ્વીરાજજી

૭ દીપાજી

૮ કર્ણભાજી

૯ અભયરાજજી

૧૦ સુજનસિંહજી

૧૧ ભૈરવસિંહજી

૧૨ પૃથ્વીરાજજી બીજો

૧૩ દીપસિંહજી

૧૪ દુર્ગશાહજી

૧૫ મોહરાજજી

૧૬ રાયશાલજી

૧૭ ચન્દ્રસેનજી

૧૮ ગંભિરસિંહજી

૧૯ સુભયરાજજી

૨૦ જયસિંહજી

- મુગલરાજજી
  - ૨૨ શૂરમાલજી
  - ૨૩ ઉદયકરણજી
  - ૨૪ ચન્દ્રભાજી
  - ૨૫ છત્રસાલજી
  - ૨૬ વૈરિસાલજી; ઈ. સ. ૧૭૧૫માં દેવ થયા.
  - ૨૭ જિતસિંહજી; નાંદોદમાં ગાદી સ્થાપી; ઇ. સ. ૧૭૧૫-૧૭૫૪
  - ૨૮ પ્રતાપસિંહજી; ઇ. સ. ૧૭૫૪-૧૭૬૪
    - ૨૯ રાયસિંહજી ૧૭૬૪-૧૭૮૬
      - ૩૧ રામસિંહજી ઇ. સ. ૧૮૦૩-૧૮૧૦
    - ૩૦ અજબસિંહજી, ઇ. સ. ૧૭૮૬-૧૮૦૩
      - નાહારસિંહજી
        - ૩૨ વૈરિશાલજી, ઈ. સ. ૧૮૧૦-૧૮૬૦ (બીજા)
        - ૩૩ ગંભિરસિંહજી ઈ. સ. ૧૮૬૦
        - છત્રસિંહજી
- ૨૧ મૂળરાજજી

રાજપીપળાના તાબામાં ૧,૫૧૪ ચોરસ મૈલ જમીન, ૬૭૦ ગામ, સુમારે ૧,૧૫,૦૦૦ માણુસની વસ્તી; અને વાર્ષિક ઉપજ આસરે છ લાખ રૂપિયા થાય છે. તેમાંથી રૂ. ૬૫,૦૦૧ ગાયકવાડ સરકારને ખંડણીના અને ૧૩,૩૫૧ રાજપીપળા તથા ગાયકવાડ સરકારનાં સહિયારાં ગામો વગેરેનો મોબદલો થયો તેની કસરના આપે છે. મહારાજાને ઈંગ્રેજ સરકાર તરફથી દેશી લશ્કરની સલામતી અને ૧૧ તોપ ફોડી માન અપાય છે.

૫

રાહ મંડલિકને નાગબાઈનો શાપ

(પાનું ૪૬૨ મું, ભાગ ૧ લો, પાદનોંધ, લીટી ૩૧ મી)

૧ **રાહ મંડલિક (ત્રીજો)** એ **સોરઠનો ચૂડાસમો** રાજા ૩૦ મો થયો તે ઇ. સ. ૧૪૫૧ થી ૧૪૭૩ સુધી ગાદીપતિ હતો. એના પિતાએ ઘણી સંભાળથી વિદ્યા ભણાવી હતી. તે રણની રમતમાં અને હથિયાર વાપરવામાં એક્કો હતો. તે યોગ્ય ઉમ્મરનો થયો ત્યારે તેનું **અર્જુન ગોહિલની** કુંવરી કુન્તાદેવી વ્હેરે લગ્ન થયું. **અર્જુન ગોહિલ મુસલમાનો** સાથની લડાઇમાં કામ આવ્યો હતો, તેથી તેની કન્યા તેના ભાઈ **આર્થિલા(હાલ લાઠી)**-માં રાજ્ય કરનાર **દુદા ગોહિલને** ઘેર ઉછરી હતી. તે **દુદો** લૂંટનો ધંધો કરતો હોવાથી એને સજા કરવાનું **અમદાવાદના સુલતાને રાહ મંડલિકને** લખ્યું. તે ઉપરથી તેને **રાહે** સમજાવ્યો, પણ તેણે પોતાની ટેવ નહિ છોડવાથી, તે ઉપર ચ્હડી જઈ, તેનો અને તેના શહરનો **રાહે** નાશ કર્યો.

આ **રાહના** સમયમાં **નરસિંહ મ્હેતો** ભક્ત થયો. તેને **રાહે** હાર માટે સંતાપ્યો હતો, તેથી **રાહનો** નાશ થયો, એવું **વૈષ્ણવ** લોકો માને છે.

પણ **ચારણ** લોકો કહે છે કે **માણિયા** ગામમાં એક ચારણ જાતિની સ્ત્રી ગંગાબાઈ ઉર્ફે **નાગબાઈ** નામની રહેતી હતી. તે બાઈ સુરૂપા તેમ પતિવ્રતા હતી. તેનાં વખાણ સાંભળી **રાહ મંડલિક તે** ગામ ગયો. ત્યાં **તે** બાઇની છેડ કરી, તે ઉપરથી તેણે શાપ દીધો કે "જેવી રીતે હું તારી આગળથી ફરી જાઉં છું, તેવી રીતે તારી ભાગ્યદેવી, તારાથી વિમુખ થઈ, તારા શત્રુ **મુસલમાનને** વરશે." એમ કહી તે ચાલતી થઈ. **મંડલિક** શરમિંદો થઈ **જૂનેગઢ** પાછો ગયો. કહે છે કે **નાગબાઈ** નીચેનો દુહો બોલી હતી:—

ગંગાજળ ગઢેશા પંડ તારૂં હુતું પવિત્ર;
વીંજાને રગત ગયાં, મને તો વાળા મંડલિક.

વળી ભાટો કહે છે કે **જૂનાગઢથી** બાર મૈલ દક્ષિણે **વડાલ** તાલુકાનું **દાતરાણા** ગામ છે, ત્યાં **રાહ મંડલિકને** શાપ દેનાર ચારણિયાણી **નાગબાઇનો** જન્મ થયો હતો. એના બાપનું નામ **હરજોગ દામો** હતું. તેને પ્રથમ સંતાન ન હતું. પણ **હીરાગર બાવાની** કૃપાથી **નાગબાઈનો** જન્મ થયો હતો. એના ધણીનું નામ **રાવસૂર-ભારસૂર** હતું. એના વંશજો આજે પણ **દાતરાણામાં ગોરવિયાલા** ચારણ કહેવાય છે. **દાતરાણામાં નાગબાઇની** દેરી છે. કહે છે કે **નાગબાઈના** દીકરા **નાગાજનની** વહૂ **મીનબાઇની** ખૂબસૂરતીથી **રાહ મંડળિક** મોહિત થયો. તેને જોવાને તે ગામ ગયો. ચારણોની રીતિ છે કે રાજા પધારે ત્યારે ચારણિયાણિયો થાળમાં કંકુ અક્ષત લઈ પોંખવા જાય છે. તેમ **રાહ મંડળિક નાગબાઈને** ઘેર આવ્યો ત્યારે **મીનબાઈ** તેને પોંખવા આવી. ત્યારે **રાહ તે** બાજુથી ફરી જઈ બીજી બાજુ મ્હોં કરી ઉભો **ને** ઓવારણાં લેવા દીધાં નહિ. કારણ કે એમ કરવા દે તો પોતાની બદદાનત પાર પડે નહિ. **મીન**-બાઇયે આ વાત પોતાની સાસુ **નાગબાઇને** કહી ત્યારે તેણે કહ્યું કે એ દિશા અચોખી હશે, તેથી **રાહે** તેમ કર્યું હશે, માટે બીજી દિશાએ પોંખ. તે ઉપરથી **મીનબાઈ** તે દિશામાં ફરી પોંખવા આવી, પણ રાજા ફરી ગયો; અને એ રીતે ફરતાં ફરતાં તેણે

કોઈ પણ દિશાથી પોંખવા દીધું નહિ. ત્યારે મીનબાઈયે તે વાત સાસુ પાસે કહી, ત્યારે તેણે વહૂને કહ્યું જે તેનું નસીબ જ તેનાથી ભાગતું ફરે છે. પછી મીનબાઈ ઘરમાં જતી હતી ત્યારે રાહે તેની મશ્કરી કરી, તેથી નાગબાઇએ તેને શાપ આપ્યો. એના જે ઘણાક દુહા કાઠિયાવાડમાં બોલાય છે, તેમાંના કેટલાક અહીં આપ્યા છે:—

ચાંપે જે ચારણ ભણે, તું વાસું માને વીર;
હીણ્યું નજર હમીર, માવિત્રાંન્યુ નોય મંડળિક. ૧
ચૂડારા ચારણ તણું, વચન જ માને વીર!
નેવાં તણાં નીર, મોભે ન ચડે મંડળિક. ૨
(તોળિ) તપસામેં ખામિ પઈ, (તિયમાણી) કિરિયા ઘટસે કોટ;
(તાં) ખૂટામણની ખોટ, મું બિસારસ મંડળિક. ૩
પિસે જૂનાની પોળ, દામો કુંડ દેખિશ નહિ;
(તે દિ) રતન થાશે રોળ, (તેદિ) મું સંભારસ મંડળિક. ૪
પોથાં ને પુરાણ, ભાગવતે ભાળસો નહિ;
કલમો પઢસો કુરાન (તે દિ) મું સંભારસ મંડળિક. ૫
નહિ વાગે નિસાણ, નકીબ હુકળસે નહિ;
મેડી ત્યાં મસાણ, (તેદિ) મું સંભારસ મંડળિક. ૬
નહિ હોય ઘોડાનાં ઘેર, પાલખિયું પામસ નહિ;
ગિરનારે ગર મેર, (તે દિ) મું સંભારસ મંડળિક. ૭
જીસે રા'ની રીત, રા'પણું રે'શે નહિ;
ભમતો માગસ ભીખ, મું સંભારસ મંડળિક. ૮
રાણિયું રીત પખે, જાય બજારે બીસસે;
(તે દિ) ઓજલ આળસતે, મું સંભારસ મંડળિક. ૯
પોતાના પરિયા તણી, લાજ જ લોપે મા;
જૂનાણું જતાં, મરવું હતું મંડળિક. ૧૦
ઘોડા ને ઘોડલિયું લઇ, જૂને પાછો જા;
માનને મોદ્દલ રા', મત કિં ફરિ મંડળિક. ૧૧

બીજી વાત એવી ચાલે છે કે રાહ મંડળિકે પોતાના વિમળશાહ નામના પ્રધાનની સુંદર સ્ત્રી મનમોહિનીને પતિત કરી, તેથી તેનું વૈર લેવા પ્રધાન અહમદાબાદના પાદશાહ મહમૂદ (બેગડા) ત્રીજા પાસે જઈ જૂનાગઢ ઉપર ચ્હડાઈ લાવ્યો.

૬

રાહ ખેંગારના વંશજોની વંશાવલિ

(પાનું ૪૬૫ મું, ભાગ ૧ લો, લીટી ૨૪ મી)

સોરઠના ચૂડાસમા રાજા દશમા રાહ ખેંગાર (બીજા)ને સિદ્ધરાજ જયસિંહે ઇ. સ. ૧૧૧૫-૧૬માં મારચો, તે પછી જૂનાગઢનું રાજ્ય ખાલસા કરી ત્યાં પોતાની તરફથી સજ્જણ નામનો થાણદાર નીમ્યો હતો. પણ ત્યાંની પ્રજાએ પાછળથી બળવો

કરી તેને કાઢી મૂકી, રાહ ખેંગાર(બીજા)ના નજીકના વારસને ગાદિયે બેસાર્યો. તે ૧૧ રાહ નાઘણ (ત્રીજો). તેણે ઈ. સ. ૧૧૨૫થી ૧૧૪૦ સુધી રાજ્ય કર્યું. તે પછી તેનો કુંવર ૧૨ રાહ કવાટ બીજો ઈ. સ. ૧૧૪૦થી ૧૧૫૨ સુધી રહ્યો. તે પછી તેનો કુંવર ૧૩ રાહ જયસિંહ ઉર્ફે રાહ ગારિયો બીજો (અથવા દયાસ બીજો) થયો ઈ. સ. ૧૧૫૨ થી ૧૧૮૦ સુધી; તે પછી તેનો કુંવર ૧૪ રાહ રાયસિંહ ઈ. સ. ૧૧૮૦ થી ૧૧૮૪ સુધી; પછી તેનો કુંવર, ૧૫ રાહ મહીપાળ ત્રીજો ઈ. સ. ૧૧૮૪થી ૧૨૦૧ સુધી રહ્યો; એને ગજરાજ કહેતા. એના સેનાપતિનું નામ ચૂડામણિ હતું. પછી તેનો કુંવર, ૧૬ જયમલ ઇ. સ. ૧૨૦૧ થી ૧૨૩૦ સુધી રહ્યો. એની કીર્તિનો "જયમલજશવર્ણન" નામનો ગ્રંથ છે.

પછી તેનો કુંવર, ૧૭ રાહ મહિપાળ ત્રીજો ઉર્ફે રાહ મેહેપો ઇ. સ. ૧૨૩૦ થી ૧૨૫૩ સુધી થયો. એના પ્રધાનનું નામ મોતીશાહ હતું, તેના સમયમાં કોટડા પાસે કાઠિયોએ બળવો કરચો તે સમાવવા માટે મોતીશા પ્રધાન ચ્હડી ગયો, પણ હાર ખાઈ પાછો આવ્યો. પછી ઢોકના વાળા રાજા અર્જુનસિંહની મદદથી તેણે કાઠિયોને નસાડચા. પણ કાઠિયોએ પાછા આવી ઢોંકનાં ગામ લઈ લીધાં. એ રાહના સમયમાં ગોહિલ રજપૂતોનો મુખ્ય સરદાર સેજકજી મારવાડથી પ્હેલ વેહેલો આવ્યો, તેને રાહે આશરો આપ્યો, અને શાહપુર ગામ જાગીરમાં આપ્યું. આજે સેજકજીના વંશજ ભાવનગર, પાલીતાણા, લાઠી, અને રેવાકાંઠાના રાજપીપળામાં રાજ કરે છે.

રાહ મેહેપા પછી તેનો કુંવર, ૧૮ રાહ ખેંગાર ત્રીજો ઇ. સ. ૧૨૫૩થી ૧૨૬૦ સુધી થયો. એની પાસે ઢોંકના વાળા તથા કલ્યાણ શેઠ મુખ્ય હતા. એના પિતાના સમયમાં ઢોંકનાં ગામો કાઠિયોએ લઈ લીધાં હતાં, તે આ રાહે અર્જુનસિંહને પાછાં અપાવ્યાં. રાહ અને અર્જુનસિંહ મિત્ર હતા. તેણે એક મેરની સ્ત્રીની આબરૂ લીધી તે ઉપથી મેરે બન્નેને મારી નાંખ્યા.

તે પછી તેનો કુંવર, ૧૯ રાહ મંડલિક ૧ લો ઈ. સ. ૧૨૬૦ થી ૧૩૦૬ સુધી રહ્યો. આ રાહ ઉપર રાઠોડ અને વાઘેલા ચ્હડી આવ્યા હતા. આના સમયમાં દિલ્હીના પાદશાહ અલાઉદ્દીન ખીલજીનું લશ્કર ગૂજરાતના રાજા કર્ણ વાઘેલા ઉપર અલપખાન અને નસરતખાનની સરદારી તળે આવ્યું, તેણે ગૂજરાત જિત્યા પછી જૂનાગઢ ઉપર ચડી આવી ઘણું નુકસાન કર્યું. પછી સોમનાથ પાટણ ઉપર જઈ, જ્યાં સુલતાન મહમૂદ ગજનવિયે ઇ. સ. ૧૦૨૪ માં ચ્હડાઈ કરી દેરૂં તોડી નાંખી નુકસાન કર્યું હતું ત્યાં સોલંકી રાજા ભીમદેવ પ્હેલાએ સોમનાથનું દેરૂં ફરી બંધાવ્યું હતું અને સોલંકી રાજા કુમારપાળે તેનો મોટા ખર્ચથી જીર્ણોદ્ધાર કરચો હતો, તે તોડી નાંખ્યું. ઘોઘાથી માધવપુર સુધીનો દરિયાકાંઠો જિતીને સોમનાથમાં એક સૂબો મૂકયો ઈ. સ. ૧૩૦૪.

રાહ મંડલિક પછી તેનો કુંવર ૨૦ રાહ નોંઘણ ૪ થો ઈ. સ. ૧૩૦૬ થી ૧૩૦૮ સુધી રહ્યો. તે પછી તેનો કુંવર ૨૧ રાહ મહિપાળ ૪ થો ઈ. સ. ૧૩૦૮થી ૧૩૨૫ સુધી રહ્યો. એણે સોમનાથના દહેરાનો સૌથી છેલ્લો અને પ્રખ્યાત જીર્ણોદ્ધાર કરચો. એ કામમાં તેના કુંવર ખેંગાર ચોથાએ પણ મ્હેનત લીધી હતી. પછી ૨૨ રાહ ખેંગાર ચોથો ઈ. સ. ૧૩૨૫ થી ૧૩૫૧ સુધી રહ્યો. તેણે સોમનાથના મુસલમાન સૂબાને

કહાડી મૂક્યો. દિલ્હીના મહમૂદ તઘલુખે તેનું રાજ લીધું, પણ તેના ગયા પછી તે દેશ તાબે કરી દરિયાના અઢાર બેટ રાજ્યમાં ઉમેર્યા; ઝાલા, ગોહિલ વગેરે ૮૪ રાજા ઉપર સત્તા બેસાડી.

તે પછી તેનો કુંવર ૨૩ રાહ જયસિંહ બીજો ઈ. સ. ૧૩૫૧ થી ૧૩૬૯ સુધી થયો. એણે રાજ્ય જમાવી વધારો કર્યો. એના વખતમાં દિલ્હીના પાદશાહ ફીરોજ-શાહ તુઘલુખે સૌરાષ્ટ્ર ઉપર ચડાઈ કરી, સોમનાથ પાટણમાં મુસલમાનનું થાણું બેસાડ્યું.

તેના પછી તેનો કુંવર, ૨૪ રાહ મહીપાળ પાંચમો (ઉર્ફે મહીપતિ) ઈ. સ. ૧૩૬૯થી ૧૩૭૩ સુધી થયો. એણે વંથલી (વામનસ્થલી) પાછી મેળવી. એના પછી એનો કુંવર, ૨૫ રાહ મોકલસિંહ (મુક્તસિંહ) ઈ. સ. ૧૩૭૩ થી ૧૩૯૭ સુધી રહ્યો. એણે આસપાસ સલાહસંપ રાખી, વિદ્યા વધારી, વંથલીમાં ગાદી સ્થાપી. આ પ્રદેશ ઉપર ગૂજરાતના ઝફરખાં જે મુજફ્ફરખાનને નામે પ્રસિદ્ધ થયો, તેણે ખંડણી બેસાડી. તે પછી તેનો કુંવર ૨૬ રાહ મંડલિક બીજો ઈ. સ. ૧૩૯૭ થી ૧૪૦૦ સુધી થયો.

તે પછી તેનો ભાઈ, ૨૭ રાહ મેલિંગદેવ ઇ. સ. ૧૪૦૦ થી ૧૪૧૫ સુધી થયો. એના ઉપર અહમદાબાદના સુલતાન અહમદશાહ પ્હેલાએ ઈ. સ. ૧૪૧૩-૧૪ માં ચડાઈ કરી, પણ પરાજય પામી પાછો ગયો. એના પછી એનો કુંવર, ૨૮ રાહ જયસિંહ ત્રીજો ઇ. સ. ૧૪૧૫ થી ૧૪૪૦ સુધી થયો. એણે ઝાંઝમેર (ઝાઝરકોટ) આગળ ચોવનોને હરાવ્યા. એના પછી એનો ભાઈ, ૨૯ રાહ મહીપાળ છઠ્ઠો ઇ. સ. ૧૪૪૦ થી ૧૪૫૧ સુધી થયો. એણે પોતાના કુંવર મંડલિક ત્રીજાને બહુ ભણાવી વિદ્વાન બનાવ્યો, તેમ શસ્ત્રવિદ્યામાં પણ કુશળ કરચો, પણ નઠારી સોબતથી તે ખરાબ ચાલનો થયો. રાહ મહીપાળે પોતાની હૈયાતીમાં જ પોતાના પુત્રને ગાદિયે બેસાડ્યો.

૩૦ રાહ મંડલિક ત્રીજો ઈ. સ. ૧૪૫૧ થી ૧૪૭૨ સુધી રહ્યો. આ હીણભાગી રાજાના સમયમાં જૂનાગઢના રજપૂત રાજ્યનો છેડો આવ્યો.

રાસમાળા ભાગ ૨ જો

ગુજરાતનાં દેશી રાજ્યો

૭

(અનુસંધાન પાના ૧ લાની લીટી ૪ થીની ૧ લી પાદનોંધ)

"કૈસરેહિન્દ" તરફથી હિન્દુસ્થાનમાં મોટાં મોટાં રાજ્યોને બાદશાહી વાવટા પ્હોંચાડવામાં આવ્યો છે અને તે ગૂજરાત, કચ્છ, અને કાઠિયાવાડનાં નીચે જણાવેલાં રાજ્યોને આપવામાં આવ્યો છેઃ—

૧ ગાયકવાડ, વડોદરા, ૨ કચ્છ, ૩ જૂનાગઢ, ૪ જામનગર, (નવાનગર) ૫ ભાવ-નગર, ૬ ધ્રાંગધ્રા, ૭ મોરબી, ૮ વાંકાનેર, ૯ પાલીતાણા, ૧૦ ધ્રોળ, ૧૧ લીંબડી, ૧૨ રાજકોટ, ૧૩ ગોંડલ, ૧૪ વઢવાણ, ૧૫ પોરબંદર, ૧૬ પાલણપુર, ૧૭ રાધનપુર, ૧૮ ઈડર, ૧૯ રાજપીપળા, ૨૦ છોટાઉદયપુર, ૨૧ બારિયા, ૨૨ લુણાવાડા, ૨૩ વાડા-સીનોર, ૨૪ સુંથ, ૨૫ ધરમપુર, ૨૬ વાંસદા, ૨૭ સચીન, અને ૨૮ ખંભાત.

ખંભાતના નવાબ

૮

(અનુસંધાન પાનું ૪ લીટી ૨૬ની પાદનોંધ)

૧ ખંભાત.

૧ મિરજાં જાફર નજામુદૌલા ઉર્ફે મામીનખાન.
ઇ. સ. ૧૭૩૦–૧૭૪૩.

૨ મુફતાખીરખાન નુરૂદીન મહમદખાં ઉર્ફે મામીનખાં (બીજો).
ઇ. સ. ૧૭૪૩–૧૭૮૩.

૩ મિયાં મનુ ઉર્ફે મહમદકુલી (દત્તક).
ઇ. સ. ૧૭૮૩–૧૭૮૯.

૪ ફત્તેહઅલીખાં નજામુદઉલા મુમતાજઉલ મુલ્ક ઉર્ફે મામીનખાં (દત્તક) (ત્રીજો)
ઇ. સ. ૧૭૮૯–૧૮૨૩.

૫ બંદેઅલીખાં ઉર્ફે મામીનખાં (ચોથો) (ભાઈ).
ઇ. સ. ૧૮૨૩–૧૮૪૧.

૬ હુશેનયાવરખાં ઉર્ફે મામીનખાં (પાંચમો) (ભત્રીજો).
ઇ. સ. ૧૮૪૧–૧૮૮૧.

૭ જાફરખાંનજી.
ઇ. સ. ૧૮૮૧ માં ગાદીએ બેઠા છે.

ખંભાતના રાજ્યની ૩૫૦ ચોરસ મૈલ જમીન. ૮૫ ગામ, આસરે ૮૬,૦૭૦ માણસની વસ્તી. આસરે ચાર લાખ રૂપિયા વાર્ષિક ઉપજ છે, તેમાંથી રૂ. ૨૫,૪૭૫ ખંડણી બદલના ઇંગ્રેજ સરકારને આપવામાં આવે છે. વળી ખંભાતને બંદરે જકાત લેવાય છે તેમાં ઇંગ્રેજ સરકારનો ભાગ છે. નવાબ સાહેબ બ્રિટિશ છાવણીમાં જાય ત્યારે દેશી લશ્કરની સલામતી તથા ૧૧ તોપ ફોડી માન આપવામાં આવે છે.

રાધનપુરના નવાબ

૯

(અનુસંધાન પાનું ૧૨ લીટી ૨૬ની પાદનોંધ)

૧ રાધનપુરના નવાબ.

બહાદુરખાન (અફગાનીસ્તાનથી હિન્દમાં આવ્યા.)
(તે વખતે મોગલ પાદશાહ શાહજહાં હતો.)

શેરખાન

જાફરખાન ઉર્ફે સફદરખાન. | બાહાજખાન (સોરઠમાં રાણપૂર)

જાફરખાનના પુત્રો:

મહમદશેર ઉર્ફે ખાનજીખાં કે ખાનજહાન. એને જવાન મર્દાનખાનનો ઇલકાબ હતો. તે સન ૧૭૨૯ માં મરણ પામ્યો. | સલાબત મહમદખાં (જૂનાગઢ અને વાડાસીનોરની શાખા)

૧ કમાલુદ્દીનખાં (૧૭૫૭-૧૭૬૫) {એને પણ જવાન મર્દીનખાનનો ઈલિકાબ હતો. એણે રાધનપુરમાં રાજ્ય મેળવ્યું.}

૨ ગજ્જુદ્દીનખાનજી (૧૭૬૫-૧૭૮૩)

૩ શેરખાનજી સને ૧૮૧૩-૧૮૨૫ | કમાલુદ્દીનખાનજી

૪ જોરાવરખાનજી સને ૧૮૨૫-૧૮૭૪

૫ બિસમિલાખાનજી (સન ૧૮૭૪-૧૮૯૬) | ફતેજંગખાનજી | સુરતજાખાનજી | નંદેઅલીખાનજી

૬ મહમદ શેરખાનજી.

રાધનપુરની ૧૧૫૦ ચોરસ મૈલ જમીન, ૧૫૮ ગામ, સુમારે એક લાખ માણસની વસ્તી, અને વાર્ષિક ઉપજ છ લાખ રૂપિયાની થાય છે. ખંડણી આપવાની નથી. બ્રિટિશ છાવણીમાં જાય ત્યારે દેશી લશ્કરની સલામતી અને ૧૧ તોપ ફોડી માન આપવામાં આવે છે.

મોરબીના ઠાકોર

૧૦

(અનુસંધાન પાનું ૪૯ મું, લીટી ૫માની પાદનોંધ)

૧ ભુજની ગાદીના જાડેજા રાજાના વંશજ મોરબી અને માળિયાના ઠાકોર છે.

૧૧ રાવશ્રી ખેંગારજી (કચ્છ ભુજ) ઈ. સ. ૧૫૧૦-૧૫૮૬.

૧૨ ભારમલજી ઈ. સ. ૧૫૮૬-૧૬૩૨

૧૩ ભોજરાજજી ઈ. સ. ૧૬૩૨-૧૬૪૬ | મેઘજી

૧૪ ખેંગારજી (બીજા) ૧૬૪૬-૧૬૫૫ | ૧૫ તમાચીજી ઈ. સ. ૧૬૫૫-૧૬૬૬

૧૬ રાયધણજી ઈ. સ. ૧૬૬૬-૧૬૯૮

નોંઘણજી — હાલોજી (કચ્છ કોઠારા) | રવોજી — ૧ કાયોજી (મોરબી) ઈ. સ. ૧૬૯૮-૧૭૩૪ | ૧૭ પ્રાગમલજી (પ્હેલા) (ભુજ) ઈ. સ. ૧૬૯૮-૧૭૧૬

૨ અલિયોજી ઈ. સ. ૧૭૩૪-૧૭૪૦ | મોડજી (માળિયા)

૩ રવોજી (બીજા) ૧૭૪૦-૧૭૬૪

૪ પચાણજી ઈ. સ. ૧૭૬૪-૧૭૭૨

૫ વાઘજી ઈ. સ. ૧૭૭૨-૧૭૮૫

૬ હમીરજી ઈ. સ. ૧૭૮૫-૧૭૯૦

૭ જીઓજી ઈ. સ. ૧૭૯૦-૧૮૨૯

૮ પૃથિરાજજી ઈ. સ. ૧૮૨૯-૧૮૪૬

૯ રવોજી (ત્રીજો) ઈ. સ. ૧૮૪૬-૧૮૭૦

હરભમજી

૧૦ વાઘજી (બીજા) ઈ. સ. ૧૮૭૦ માં ગાદિયે બેઠા છે.

મોરબીના તાબામાં ૭૪૦ ચોરસ મૈલ જમીન, ૧૨૫ ગામ, આસરે નેવું હજાર માણસની વસ્તી, અને આઠ લાખ રૂપિયાની સુમારે વાર્ષિક પેદાશ છે. તેમાંથી ગાયકવાડ અને ઈંગ્રેજ સરકારને જમાબંધીના મળી કુલ રૂ. ૬૧,૫૫૯ દર વર્ષે આપે છે. ઠાકોર સાહેબ બ્રિટિશ છાવણીમાં જાય ત્યારે દેશી લશ્કરની સલામતી અને અગિયાર તોપ ફોડી માન આપવામાં આવે છે.

માળીયાના ઠાકોર

૧૧

(અનુસંધાન પાનું ૫૧ મું, લીટી ૨૧ મીની પાદનોંધ)

૧ માળિયા

જુઓ ઉપરમી નોંધ ૧૦ મીમાં જણાવેલાં કચ્છના જાડેજા રાયધણજીના બીજા પુત્ર રવોજીના પુત્ર મોડજીએ માળીયાની ગાદી સ્થાપી.

કાયોજી (મોરબી)

અલિયોજી (મોરબી) — ૧ મોડજી (માળિયાં)

૨ નાથોજી — દેવોજી (વાંદરવો)

૩ ભીભાજી, અભેરાજજી, દેરાજજી (નવુંગામ), ગોડજી (વાંઢયા), પથુજી (ચિત્રોડ), કુંભાજી (વિજપાસર), પરબતજી (કુંભારડી)

૪ ડોસાજી

૫ સંતોજી

મૂળવાજી (કુંવર પદવીમાં દેવ થયા.) | કલ્યાણસિંહજી (ખીરઈ) | જાલમસિંહજી (વરડુસર)

૬ મોડજી (હાલ છે)

રાયસિંહજી (પાટવી કુંવર) | અભયસિંહજી (કુંવર)

માળિયાના તાબામાં ૯૬ ચોરસ મૈલ જમીન, ૧૨ ગામ, આસરે અગિયાર હજાર માણસની વસ્તી, અને વાર્ષિક ઉપજ સુમારે અડસઠ હજાર રૂપિયાની છે, તેમાંથી ગાયકવાડને જમાબંધી, અને જૂનાગઢને જોરતલબી મળી કુલ રૂ. ૧,૩૬૭ આપવામાં આવે છે.

જામનગરના રાજાઓ

૧૨

(અનુસંધાન પાનું ૫૮ મું લીટી ૧૧ મીની પાદનોંધ)

૧ જામ રાવલજી, ઈ. સ. ૧૫૩૯–૧૫૬૨

૨ વિભોજી, ઈ. સ. ૧૫૬૨–૧૫૬૯

૩ સતાજી, ઈ. સ. ૧૫૬૯–૧૬૦૭

અજાજી | ૪ જસાજી ૧૬૦૭–૧૬૨૪ | વિભાજી (રાજકોટ-સરધાર)

૫ લાખાજી ઈ. સ. ૧૬૨૪–૧૬૪૫ | | મેહેરામણજી

૬ રણમલજી ઈ. સ. ૧૬૪૫–૧૬૬૧ | ૭ રાયસિંહજી ઇ. સ. ૧૬૬૧–૧૬૬૪ | સાહેબજી (રાજકોટ) | કુંભોજી (ગોંડલ)

૮ તમાચીજી, ઈ. સ. ૧૬૬૪–૧૬૯૦

૯ લાખાજી (બીજા), ઈ. સ. ૧૬૯૦–૧૭૦૯

૧૦ રાયસિંહજી (બીજા), ઈ. સ. ૧૭૦૯–૧૭૧૮

૧૧ તમાચીજી (બીજા), ઈ. સ. ૧૭૧૮–૧૭૪૩

૧૨ લાખાજી (ત્રીજા), ઇ. સ. ૧૭૪૩–૧૭૬૮

૧૩ જસાજી (બીજા),
ઈ. સ. ૧૭૬૮–૧૮૧૪

૧૪ સતાજી (બીજા)
ઈ. સ. ૧૮૧૪–૧૮૨૦

૧૫ રણમલજી (બીજા) (દત્તકપુત્ર)
ઈ. સ. ૧૮૨૦–૧૮૫૨

૧૬ વીભાજી (બીજા) (દત્તકપુત્ર)
ઈ. સ. ૧૮૫૨–૧૮૯૫

૧૭ જસવંતસિંહજી, ઇ. સ. ૧૮૯૫ માં ગાદિયે બેઠા.

જામનગરના તાબામાં ૩,૭૯૧ ચોરસ મૈલ જમીન, ૬૩૩ ગામ, ૩,૧૬,૦૦૦ માણસની વસ્તી અને વાર્ષિક ઉપજ આસરે વીશ લાખ રૂપિયાની છે. **તેમાંથી ગાયકવાડ અને અંગ્રેજ સરકારને** જમાબંધી તથા **જૂ**નાગઢના **ન**વાબ સાહેબને જોરતલબીના મળી કુલ રૂ. ૧,૨૦,૦૯૩ આપે છે. આ રાજ્ય પ્હેલા વર્ગનું છે. **જામ સા**હેબ **બ્રિ**ટીશ છાવણીમાં જાય ત્યારે તેમને લશ્કરી સલામતી અને ૧૧ તોપ ફોડી માન આપવામાં આવે છે.

પોરબંદરના જેઠવા

૧૩

(અનુસંધાન પાના ૫૩ માની પાદનોંધની લીટી ૭ મીનું)

અયોધ્યાના રાજા **રા**મચંદ્રજીના સેનાપતિ, દક્ષિણ દેશના રાજા **હ**નુમાનજીના **મ**કરધ્વજ થયા, તેને **શ્રી**નગરનું રાજ્ય **રા**મચંદ્રજી તરફથી મળ્યું. તેના પુત્ર **મોર**ધ્વજે **મોર**બી વસાવ્યું એમ કહેવાય છે. એવા "ધ્વજ" નામાન્ત પદવાળા સાત રાજા થયા. તે પછી અડતાલીશ "કુમાર" નામાન્ત પદ ધારણ કરનાર રાજા થયા. પછી બાર રાજા "રાજ" નામાન્ત પદવીવાળા થયા. તે પછી સત્તાવીશ રાજા "મહારાજ" નામાન્ત પદવીના થયા. ૯૪ **ભાણ**જી મહારાજ, તેના ૯૫ જેઠીજી થયા; અને તે ઉપરથી તેમના વંશજ "જેઠવા" કહેવાયા. જેઠીજીના ૯૬ **વીર**ણજી, ૯૭ **વી**કુજી, ૯૮ **ગો**વિંદજી, ૯૯ **ના**ગજી, ૧૦૦ **ચાં**પસેનજી, ૧૦૧ **આ**દિતજી, ૧૦૨ **મે**હજી, ૧૦૩ **ના**ગજી, ૧૦૪ **ભાણ**જી, ૧૦૫ **શિવ**જી, ૧૦૬ **રા**મદેવજી, ૧૦૭ **બા**ખુજી, ૧૦૮ **રાણો**જી, ૧૦૯ **સંગ**જી થયા. **સંગ**જીએ **રાણા** પદવી ધારણ કરી, અને તે પછી આજ સુધી **પોરબંદરના** રાજા **રાણા** કહેવાય છે.

સંગજીના ૧૧૦ **ભાણ**જી થયા; તેના ૧૧૧ **શિયો**જી થયા. તેણે **શ્રી**નગરથી ગાદી બદલાવી **ધુ**મલીમાં આણી. તેનો કુંવર ૧૧૨ **હાલામણ** થયો. એણે **મા**ણામોર અને **બા**ળંભાના **રા**જસિંહજી **પ**રમાર ઠાકોરની કુંવરી **સોન** તરફથી આવેલો અધુરો દુહો પૂરો કરયો. તે ઉપરથી તેને તે પરણવા આવી. પણ તેના પિતા **શિયો**જીએ **સોન**નું રૂપ જોઈ પોતે પરણવા માગણી કરી, એટલું જ નહિ પણ **હાલામણ**ને દેશવટો દીધો. **હાલામણ** કચ્છમાં ગયો. ત્યાંનો રાજા **જામ** ફૂલજી (ઇ. સ. ૮૫૫–૮૮૦) તેનો સગો થતો હતો, તેથી તેણે એને આશ્રય આપ્યો અને **હ**બાય ડુંગર પાસેના **અણ**ઘોર ગઢમાં રહ્યો. ત્યાં એક ટેકરી ઉપર **હાલામણ** હમ્મેશાં બેસતો, તેથી તેના નામ ઉપરથી આજ પણ તેને **હાલામણ** ટેકરી કહે છે. **જામ ફૂલ**જીના પિતા **જામ સોડ**જીની એક અનૌરસ કુંવરી દેવલદેવી નામે અતિ સુરૂપા હતી. તે **હાલામણ**ને પરણી. આ રાણીથી **ચંદ**સિંહજી અને દેવીસિંહજી નામના બે કુંવર થયા. **શિયો**જી દેવલોક પામ્યા. તે પછી **હાલામણ** પોતાને દેશ જઈ **ધુ**મલીમાં ગાદીપતિ થયા.

હાલામણના ૧૧૩ ભાણજી, ૧૧૪ મેહજી, ૧૧૫ નાગજી, અને ૧૧૬ વિકુજી થયા. તે પછી ૧૧૭ નાગભાણજી, ૧૧૮ વિક્યિાજી, ૧૧૯ ખેતોજી, ૧૨૦ રાણોજી, ૧૨૧ ખીમોજી, ૧૨૨ વિક્રમાનજી, ૧૨૩ ખેતોજી, ૧૨૪ રામદેવજી, ૧૨૫ સતાજી, ૧૨૬ બખુજી, ૧૨૭ રાણોજી, ૧૨૮ બાણજી, ૧૨૯ નાગજી, ૧૩૦ વકુજી, ૧૩૧ ભાણજી, ૧૩૨ વીરમજી, ૧૩૩ ખિમકર્ણજી, ૧૩૪ નાગજી, ૧૩૫ શિંગુજી, ૧૩૬ આદિતજી, ૧૩૭ હરિયાદજી, ૧૩૮ બખુજી, ૧૩૯ શરતાનજી, ૧૪૦ ભાણજી, ૧૪૧ વિકુજી, ૧૪૨ ફાનજી, ૧૪૩ વનવીરજી, ૧૪૪ નગજણજી, ૧૪૫ ભાણજી, ૧૪૬ હરિયાદજી, ૧૪૭ સંગજી (ઇ. સ. ૧૧૨૦–૧૧૫૦), અને ૧૪૮ રાણોજી થયા. રાણોજી તેજ સાલમાં ગુજરી જતાં તેનો ભાઈ ૧૪૯ નાગજી (૧૧૫૦–૧૧૫૫), ૧૫૦ ભોરમલજી (ઇ. સ. ૧૧૫૫–૧૧૭૩), ૧૫૧ ભાણજી (૧૧૭૩–૧૧૭૯), ૧૫૨ મેધજી (૧૧૭૯–૧૧૯૦), ૧૫૩ નાગજી (૧૧૯૦–૧૧૯૩), ૧૫૪ વિકિયોજી (૧૧૯૩–૧૨૨૦), ૧૫૫ વજસીજી (ઇ. સ. ૧૨૨૦–૧૨૪૫), ૧૫૬ ભોજરાજજી (ઇ. સ. ૧૨૪૫–૧૨૭૦), ૧૫૭ રામદેવજી (ઇ. સ. ૧૨૭૦–૧૨૯૧), ૧૫૮ રાણોજી (૧૨૯૧–૧૩૦૨), અને ૧૫૯ નાગજી (૧૩૦૨–૧૩૦૭) થયા.

નાગજીના ૧૬૦ ભાણજી (૧૩૦૭–૧૩૬૦) થયા. એના વખતમાં સિંધથી જામ ઉન્નડજીનો કુંવર બામણિયોજી, જે કચ્છના જાડેજાની બીજી શાખાના મૂળ પુરૂષ લાખા જાડાણી(ઇ. સ. ૧૧૪૭–૧૧૭૫)ના કાકા હાલાજીનું સિંધમાં રાજ્ય હતું તેનો વંશજ થતો હતો. તેણે ઇ. સ. ૧૩૧૩ માં ચ્હડી આવીને ઘુમલીનો નાશ કરચો. તેથી રાણા ભાણ જેઠવે રાણપર વસાવી ત્યાં ગાદી સ્થાપી.

તે પછી ૧૬૧ જસધળજી (ઇ. સ. ૧૩૬૦–૧૩૯૨), ૧૬૨ રાણોજી (૧૩૯૨–૧૪૨૦), ૧૬૩ સંગજી (૧૪૨૦–૧૪૬૧), ૧૬૪ ભાણજી (૧૪૬૧–૧૪૯૨), અને ૧૬૫ રાણોજી (૧૪૯૨–૧૫૨૫) થયા.

તે પછી તેનો ભત્રીજો ૧૬૬ ખીમાજી (૧૫૨૫–૧૫૫૦) થયો. આના સમયમાં કચ્છથી જાડેજા જામ રાવળજીએ ચ્હડી આવી, નાગની બંદર લઈ, ત્યાં નવાનગર (જામનગર) ઇ. સ. ૧૫૩૯ માં વસાવી, રાજ્યગાદી સ્થાપી.

ખીમાજીના ૧૬૭ રામદેવજી (ઇ. સ. ૧૫૫૦–૧૫૭૪), તેના ૧૬૮ ભાણજી, ૧૬૯ ખીમાજી (૧૫૭૪–૧૬૨૫), ૧૭૦ વીકમાનજી (૧૬૨૫–૧૬૭૧), ૧૭૧ સુરતાનજી (૧૬૭૧–૧૬૯૯), ૧૭૨ ભાણજી (૧૬૯૯–૧૭૦૯), ૧૭૩ ખીમોજી (૧૭૦૯–૧૭૨૮) અને ૧૭૪ વિક્રમાનજી (૧૭૨૮–૧૭૫૭) થયા.

તે પછી ૧૭૫ સુલતાનજી (૧૭૫૭–૧૮૦૪) થયા. એણે પોરબંદરમાં સને ૧૭૮૫ માં ગાદી સ્થાપી અને પોતાના પૂર્વજોના સમયમાં ઘટેલું રાજ્ય વધાર્યું. તેના ૧૭૬ હાલોજી (૧૮૦૪–૧૮૧૨), ૧૯૭ ખીમોજી (૧૮૧૨–૧૮૩૧), અને ૧૭૮ વિક્રમાનજી થયા, તે ઇ. સ. ૧૮૩૧ માં ગાદીએ બેઠા. તેમના પાટવી કુંવર માધવસિંહજી ઇ. સ. ૧૮૬૯ માં દેવલોક પામ્યા અને તેમનો કુંવર ભાવસિંહજી હતો.

પોરબંદરના તાબામાં ૫૬૬ ચોરસ મૈલ જમીન, ૧૦૩ ગામ, અને આસરે ૭૧,૦૦૦ માણસની વસ્તી છે. વાર્ષિક ઉપજ ચાર લાખને સુમારે થાય છે. તેમાંથી ગાયકવાડ અને ઇંગ્રેજ સરકારને જમાબંધી તથા જૂનાગઢના નવાબને જોરતલબીના મળી કુલ રૂ. ૪૮,૫૦૪ આપવામાં આવે છે.

જૂનાગઢના બાબી નવાબ

૧૪

(અનુસંધાન પાના ૫૫ માની લીટી ૨૫ મીની પાદનોંધ)

બહાદુરખાનજી
- શેરખાનજી
  - જાફરખાનજી ઉર્ફે સફદરખાન
    - મહમ્મદશેર (ખાનજહાન જવાનમર્દખાં) (રાધનપુર)
    - સલાબત મહમ્મદખાન
      - ૧ મહમ્મદબહાદુર ઉર્ફે શેરખાન (બીજા), જૂનાગઢ ઈ. સ. ૧૭૩૦-૧૭૫૮
        - ૨ મોહોબતખાનજી, ઇ. સ. ૧૭૫૮-૧૭૭૫
          - ૩ હામદખાનજી, (ઈ. સ. ૧૭૭૫-૧૮૧૧)
            - ૪ બહાદુરખાનજી, (ઈ. સ. ૧૮૧૧-૧૮૪૦)
              - ૫ હામદખાનજી ઇ. સ. ૧૮૪૦-૧૮૫૧
              - ૬ મોહોબતખાનજી ઇ. સ. ૧૮૫૧-૧૮૮૨ માં
                - ૭ બહાદુરખાનજી ઇ. સ. ૧૮૮૨-૧૮૯૨
                - ૮ રસુલખાનજી ઇ. સ. ૧૮૯૨ ગાદિયે બેઠા.
        - સરદાર મહમ્મદ (વાડાસિનોર)
  - બાહાદરખાન (સોરઠમાં રાણપુર)

જૂનાગઢના તાબામાં ૩૨૮૩ ચોરસ મૈલ જમીન, ૮૯૦ ગામ, આશરે ૩,૮૮,૦૦૦ માણસની વસ્તી છે અને વાર્ષિક ઉપજ સુમારે ત્રીશ લાખ રૂપિયાની છે. તેમાંથી ગાયકવાડ તથા ઇંગ્રેજ સરકારને જમાબંધીના રૂ. ૬૫,૬૦૪ આપે છે. નવાબ સાહેબ બ્રિટિશ છાવણીમાં જાય ત્યારે લશ્કરી સલામતી તથા પંદર તોપ ફોડી માન આપવામાં આવે છે.

હળવદના ઝાલા રાજાઓ

૧૫

(અનુસંધાન પાના ૫૮ માની લીટી ૨૭ મીની પાદનોંધ)

૧ હરપાળ મકવાણા, તેને શક્તિદેવી સોલંકીથી ૧ સોઢોજી, ૨ શેખડોજી, ને ૩ માંગોજી, એ ત્રણ કુંવર થયા.

૨ સોઢાજી	ઈ. સ. ૧૧૩૦-૧૧૬૦
૩ દુર્જનસાલજી	ઈ. સ. ૧૧૬૦-૧૧૮૫

૪ ઝાકળદેવજી	ઇ. સ. ૧૧૮૫–૧૨૧૦
૫ અર્જુનસિંહજી	ઇ. સ. ૧૨૧૦–૧૨૪૦
૬ દેવરાજજી	ઇ. સ. ૧૨૪૦–૧૨૬૫
૭ દુદોજી	ઇ. સ. ૧૨૬૫–૧૨૮૦
૮ સૂરસિંહજી	ઇ. સ. ૧૨૮૦–૧૩૦૫
૯ સાંતલજી	ઇ. સ. ૧૩૦૫–૧૩૨૫
૧૦ વિજયપાલજી	ઇ. સ. ૧૩૨૫–૧૩૨૬
૧૧ મેઘરાજજી	ઇ. સ. ૧૩૨૬–૧૩૩૧
૧૨ પચ્ચીસિંહજી	ઈ. સ. ૧૩૩૧–૧૩૪૦
૧૩ ઉદયસિંહજી	ઇ. સ. ૧૩૪૦–૧૩૫૨
પૃથીરાજજી	એણે થલા પરગણું લઇને રાજ્યનો હક્ક છોડ્યો.
૧૪ વેગળજી	ઇ. સ. ૧૩૫૨–૧૩૬૮
૧૫ રામસિંહજી	ઇ. સ. ૧૩૬૮–૧૩૮૫
૧૬ વીરસિંહજી	ઇ. સ. ૧૩૮૫–૧૩૯૨
૧૭ રણમલજી	ઇ. સ. ૧૩૯૨–૧૪૦૮
૧૮ સતરસાલજી	એણે પાટડીથી બદલીને માંડલમાં ગાદી કરી. ઇ. સ. ૧૪૦૮–૧૪૨૦
૧૯ જેતસિંહજી	એણે માંડલથી બદલીને કૂવામાં ગાદી કરી. આ ગામનું નામ પ્રથમ કંકાવતી હતું. ૧૪૨૦–૧૪૪૧; એનો ભાઈ રાઘવદેવજી નરવર–(માળવા)માં ગયો.
૨૦ વનવીરજી	ઇ. સ. ૧૪૪૧–૧૪૬૦
૨૧ ભીમસિંહજી	ઇ. સ. ૧૪૬૦–૧૪૬૯
૨૨ વાઘોજી	ઇ. સ. ૧૪૬૯–૧૪૮૬. એને મહમ્મદ બેગડે માર્યો ને પોતાનો થાણદાર કૂવે મૂક્યો.
૨૩ રાજોધરજી	ઇ. સ. ૧૪૮૬–૧૫૦૦ સુધી, એણે કૂવેથી હલવદ ગાદી કરી.
૨૪ રાણોજી	ઇ. સ. ૧૫૦૦–૧૫૨૩ એના મ્હોટા ભાઈ અજોજી ને સજોજી હતા, તેઓએ મેવાડમાં સાદરીની ગાદી મેળવી.
૨૫ માનસિંહજી	ઇ. સ. ૧૫૨૩–૧૫૬૪
૨૬ રાયસિંહજી	ઇ. સ. ૧૫૬૪–૧૫૮૪
૨૭ ચંદ્રસિંહજી	ઇ. સ. ૧૫૮૪–૧૬૨૮

આ ઉપરથી જણાય છે કે, ચંદ્રસિંહજી હરપાળજીથી ૨૭ મા પુરુષ થાય છે. તેના કુંવર પૃથીરાજજીને બે કુમાર હતા, તેમાંના સુલતાનજીએ વાંકાનેરમાં ગાદી સ્થાપી, અને રાજજીએ વઢવાણમાં સ્થાપી. ચંદ્રસિંહજીનો બીજો કુંવર

૨૮ **આશકર્ણજી** હતો; તે ૧૬૨૮ થી ૧૬૩૪ સુધી હલવદની ગાદિયે બેઠો. ત્યાર પછી તેનો ન્હાનો ભાઈ

૨૯ **અમરસિંહજી** સને ૧૬૩૪ થી તે ૧૬૫૪ સુધી ગાદિયે રહ્યો અને એનો ભાઈ જયસિંહ લખતર ગયો.

ધ્રાંગધ્રાના રાજાઓ

૧૬

(અનુસંધાન પાના ૬૧ માની લીટી ૧૪ મીની પાદનોંધ)

ઉપરની હલવદના રાજાઓની ૧૫ મી નોંધમાંના ૨૯ મા **અમરસિંહથી** ચાલુ.

૨૯ રાજ **અમરસિંહજી**, (ઇ. સ. ૧૬૩૪-૧૬૫૪)

૩૦ **મેઘરાજજી**, (ઇ. સ. ૧૬૫૪-૧૬૬૧)

૩૧ ગજસિંહજી, (ઇ. સ. ૧૬૬૧-૧૬૭૩)

૩૨ **જસવંતસિંહજી**, (ઇ. સ. ૧૬૭૩-૧૭૧૮)

૩૩ **પ્રતાપસિંહજી**, (ઇ. સ. ૧૭૧૮-૧૭૩૦)

૩૪ **રાયસિંહજી બીજા**, (ઇ. સ. ૧૭૩૦-૧૭૪૫)

૩૫ ગજસિંહજી, (ઇ. સ. ૧૭૪૫-૧૭૮૨) **સેંસભાઇ (સાયલા)**

૩૬ **જસવંતસિંહજી**, (ઈ. સ. ૧૭૮૨-૧૮૦૧)
એણે **ધ્રાંગધ્રામાં** ગાદી આણી

૩૭ **રાયસિંહજી ત્રીજા**, (ઇ. સ. ૧૮૦૧-૧૮૦૪)

૩૮ **અમરસિંહજી**, (ઇ. સ. ૧૮૦૪-૧૮૪૩)

૩૯ **રણમલસિંહજી**, (ઇ. સ. ૧૮૪૩-૧૮૬૯)

૪૦ **માનસિંહજી**, (ઇ. સ. ૧૮૬૯માં ગાદિએ બેઠા.)

જસવંતસિંહજી (એ પાટવી કુંવર હતા, ઇ. સ. ૧૮૮૦ માં દેવ થયા.)

અજિતસિંહજી (પાટવી કુંવર) **દોલતસિંહજી** (કુંવર)

ધ્રાંગધ્રાના તાબામાં ૧,૧૫૬ ચોરસ મૈલ જમીન, ૧૨૫ ગામ, વસ્તી આશરે એક લાખ માણસની છે, અને વાર્ષિક ઉપજ સુમારે છ લાખ રૂપિયાની છે, તેમાંથી નામદાર ઇંગ્રેજ **સરકારને** જમાબંધીના અને **જૂનાગઢને** જોરતલબીના મળી કુલ રૂ. ૪,૪૭૭ આપે છે. **રાણા** સાહેબ **બ્રિટિશ** છાવણીમાં જાય ત્યારે લશ્કરની સલામતી તથા ૧૫ તોપ ફેરી માન આપવામાં આવે છે.

વાંકાનેરના રાજાઓ

૧૭

(અનુસંધાન પાના ૬૧ માની લીટી ૧૬ મીની પાદનોંધ)

હળવદ ઉપરની ૧૫ મી પાદનોંધમાંના ૨૭ મા ચંદ્રસિંહજીથી ચાલુ (જુઓ પૃષ્ઠ ૫૩૭ મું.)

૧ સુલતાનજી વાંકાનેરમાં ગાદી સ્થાપી. ઈ. સ. ૧૬૩૪ સુધી.
(હરપાળથી ૨૭ મા ચંદ્રસિંહજી, તેમના કુંવર પૃથીરાજ તેના કુંવર.)

૨ માનસિંહજી, ઈ. સ. ૧૬૩૪–૧૬૫૩

૩ રાયસિંહજી, ઈ. સ. ૧૬૫૩–૧૬૭૯

૪ ચંદ્રસિંહજી, ઈ. સ. ૧૬૭૯–૧૭૨૧

૫ પૃથિરાજજી, ઈ. સ ૧૭૨૧–૧૭૨૮

તે પછી એનો ભાઈ.

૬ કેશરીસિંહજી, ઈ. સ. ૧૭૨૮–૧૭૪૯

૭ ભારોજી, ઈ. સ. ૧૭૪૯–૧૭૮૪

૮ રાયસિંહજી, એ કુંવરપણામાં જ મરણ પામ્યા હતા.

૯ કેશરીસિંહજી, ઈ. સ. ૧૭૮૪–૧૭૮૭

૧૦ ચંદ્રસિંહજી, ઉર્ફે ડેસાજી, ઈ. સ. ૧૭૮૭–૧૮૩૯

૧૧ વખતસિંહજી, ઈ. સ. ૧૮૩૯–૧૮૬૦

૧૨ જસવંતસિંહજી, એ કુંવર પદવીમાં જ મરણ પામ્યા.

૧૩ બનેસિંહજી, ઈ. સ. ૧૮૬૦–૧૮૮૧

૧૪ ગગુભા, ઉર્ફે અમરસિંહજી, ઈ. સ. ૧૮૮૧ માં ગાદિયે બેઠા.

વાંકાનેરના તાબામાં ૩૯૫ ચોરસ મૈલ જમીન, ૭૬ ગામ, આસરે ત્રીસ હજાર માણસની વસ્તી, અને વાર્ષિક ઉપજ સુમારે બે લાખ રૂપિયા થાય છે; તેમાંથી ઇંગ્રેજ સરકારને જમાબંધીના રૂ. ૧૭,૪૨૨ અને જૂનાગઢના નવાબને જોરતલબીના રૂ. ૧,૪૫૭ એમ કુલ રૂ. ૧૮,૮૭૯ આપવામાં આવે છે. રાજ સાહેબ બ્રિટિશ છાવણીમાં જાય ત્યારે નવ તોપ ફોડી માન આપવામાં આવે છે.

લીંબડીના રાજા

૧૮

(અનુસંધાન પાના ૬૨ માની લીટી ૨૫ મી લીટીની પાદનોંધ)

૨ હરપાળ મકવાણો, (ઈ. સ. ૧૦૯૦–૧૧૩૦) તેનાથી હરભમજી ૩૦ મો પુરૂષ.

સોઢોજી (પાટડી)

૧ માંગુજી લીંબડી ઈ. સ. ૧૧૩૦ થી ૧૧૭૦ સુધી. એને જાંબુની ચોર્યાશી મળી.

૨ મધુપાળ, એ જૂનાગઢના ચૂડાસમા રાજાની કન્યા પરણ્યા હતા.

૩ ધાવળ (ધમળ), જાંબુ ઉપર મુસલમાનોએ હુમલો ઈ. સ. ૧૧૯૪ માં કર્યાથી ધમળમાં ગાદી સ્થાપી.

૪ કલોજી (કાલુજી)

૫ ધનરાજ

૬ લાખોજી, એણે કોઠી કુંદણીમાં રાજ્યધાની કરી.

૭ ભોજરાજજી

૮ કર્ણસિંહજી

૯ આશાકર્ણજી

૧૦ સાંગોજી

૧૧ શેષમલજી

૧૨ સારંગજી

૧૩ લાખોજી (બીજા), એણે જાંબુમાં ગાદી રાખી હતી.

૧૪ વજેરાજજી

૧૫ નાગજી; એને અમદાવાદના સુલતાન અહમદશાહ સાથે વેર હતું.

૧૬ ઉદયભાણજી, એણે જાંબુનો કિલ્લો ફરી બંધાવ્યો.

૧૭ ખેતોજી

૧૮ ભોજરાજજી (બીજા)

૧૯ નાગજી (બીજા)

૨૦ ખેતોજી (બીજા); એ સરધારના ગોહા વાઘેલાનું આણું ભડલીના સરવૈયા રાવ ભીમની પુત્રીને તેડી આવતાં કોઠી કુંદણીના પાદરે ઉતર્યું હતું તે કન્યાનું તે રાજીખુશીથી હરણ કર્યું. તેથી સરધાર ને ભડલીનું લશ્કર ચ્હડી આવ્યું; તેમાં બારે વર્ષે ખેતોજી મરાયા ને જાંબુમાં અમદાવાદના સુલતાનનું થાણું બેઠું.

૨૧ સાંગુજી (બીજા), એણે સરધારના વાઘેલાને માર્યો: અને જામ્બુનું થાણું ઉઠાડી ત્યાં ગાદિયે બેઠા.

૨૨ સોઢોજી

૨૩ **આશકર્ણજી (બીજા)**, એણે **શીહાણી**માં રાજ્યગાદી સ્થાપી.

૨૪ **અદેરાજજી**

૨૫ **વૈરીસાલજી**, એણે **જામ્બુ**માં રાજગાદી કરી.

૨૬ **અખેરાજજી**, (**આશકર્ણજી** ઉર્ફે કર્ણસિંહજી)

૨૭ **ભોજરાજજી**

૨૮ **અદેરાજજી(બીજા)**, એણે **વઢવાણ**ના **ચંદ્રસિંહને ઘાઘરેટ** ગામ પાસે લડાઈ થઈ તેમાં હરાવ્યો.

૨૯ **વૈરીસાલજી (બીજા)**; એણે **લીંબડી**માં રાજ્યગાદી સ્થાપી, જે આજ સુધી ચાલુ છે.

૩૦ **હરભમજી** (ઈ. સ. ૧૭૮૬ સુધી); એણે **કાઠિયો**ને હરાવ્યા; ને **લીંબડી**નો કિલ્લો બાંધવાનું શરૂ કર્યું.

૩૧ **હરિસિંહજી**, (ઈ. સ. ૧૭૮૬–૧૮૨૫), એના સમયમાં **ઈંગ્રેજ સરકાર** સાથે ખંડણીનો ઠરાવ થયો, ને એણે **લીંબડી**નો કિલ્લો પૂરો કર્યો.

૩૨ **ભોજરાજજી**, (ઈ. સ. ૧૮૨૫–૧૮૩૭)

૩૩ **હરભમજી બીજા**, (ઈ. સ. ૧૮૩૭–૧૮૫૬), એનું બીજું નામ **દાજીરાજ** હતું.

૩૪ **ફત્તેહસિંહજી**, (ઈ. સ. ૧૮૫૬–૧૮૬૨)


૩૫ **જશવંતસિંહજી** (ઈ. સ. ૧૮૬૨ માં ગાદિયે બેઠા.)

લીંબડીના તાબામાં ૩૩૨ ચોરસ મૈલ જમીન, ૭૨ ગામ, આસરે ૪૩,૦૦૦ માણસની વસ્તી, અને વાર્ષિક ઉપજ આસરે સાડાચાર લાખ રૂપિયાની થાય છે, તેમાંથી **ઈંગ્રેજ સરકાર**ને જમાબંધી અને **જૂનાગઢ**ના **નવાબ**ની જોરતલબી મળી કુલ રૂ. ૪૫,૫૩૩ આપવામાં આવે છે. ના. **ઠાકોર** સાહેબ **બ્રિટિશ** છાવણીમાં જાય ત્યારે નવ તોપ ફોડી માન આપવામાં આવે છે.

વઢવાણના રાજાઓ

૧૯

(અનુસંધાન પાના ૬૪ માની ૧૫ મી લીટીની પાદનોંધ, હળવદની ૧૫ મી પાદનોંધમાંના ૨૭ મા **ચંદ્રસિંહજી**થી ચાલુ (જુઓ પૃષ્ઠ ૫૩૭ મું)



માધવસિંહજી
(બુંદીકોટે રીસામણે ગયો)

૪ ભગતસિંહજી
(ઈ. સ. ૧૬૮૧–૧૭૦૬)

અદનસિંહજી ૫ અર્જુનસિંહજી અભયસિંહજી (ચૂડા) માનસિંહજી (ઝમર)

અદનસિંહજી (ઈ. સ. ૧૭૦૭–૧૭૩૯)

જાલમસિંહજી
(રાજસ્થાનમાં
ઝાલાવાડનું
રાજ સ્થાપ્યું)

૬ સબળસિંહજી. (ઈ. સ. ૧૭૩૯–૧૭૬૫) સરદારસિંહજી. (વણા) નાનાભાઈ. (દુધરેજ) રામાભાઈ. (ખેરાળી) કુશીઆજી. (ગુંદીયાળા)

૭ ચંદ્રસિંહજી (ઈ. સ. ૧૭૬૫–૧૭૭૮) લાખોજી (વડોદ) પતાભાઈ (શાજપર)

૮ પૃથિરાજજી, (૧૭૭૮–૧૮૦૭)

૯ જાલમસિંહજી, (ઈ. સ. ૧૮૦૭–૧૮૨૭)

૧૦ રાજસિંહજી, (ઈ. સ. ૧૮૨૭–૧૮૭૫)

ચંદ્રસિંહજી, (બાપની હયાતીમાં મરણ પામ્યા)

૧૧ દાજીરાજજી, (ઈ. સ. ૧૮૭૫–૧૮૮૫) ૧૨ કાળુભા (બાળસિંહજી)
(ઈ. સ. ૧૮૮૫ માં ગાદિયે બેઠા.)

વઢવાણના તાબામાં ૨૩૮ ચોરસ મૈલ જમીન, ૩૧ ગામ, આશરે ૪૩,૦૦૦ માણસની વસ્તી, અને વાર્ષિક ઉપજ સુમારે સાડા ત્રણ લાખ રૂપિયાની છે. તેમાંથી અંગ્રેજ સરકારને જમાબંધી, અને જૂનાગઢના નવાબને જોરતલબીના મળી, કુલ રૂ. ૨૮,૬૯૧ આપે છે. ઠાકોર સાહેબ બ્રિટિશ છાવણીમાં જાય ત્યારે નવ તોપ ફોડી માન આપવામાં આવે છે.

ચૂડાના રાજાઓ

૨૦

(અનુસંધાન પાના ૬૯ માની ૨૪ મી લીટીની પાદનોંધ)

વઢવાણના રાજાની વંશાવળીની ૧૯ મી પાદનોંધમાંના રાજોજીના પુત્ર ભાવસિંહજીના પુત્ર માધવસિંહજીથી ચાલુ (જુઓ પૃષ્ઠ ૫૪૨ મું)

ઝાલા માધવસિંહજી (બુંદી કોટેથી પાછા આવ્યા)

અર્જુનસિંહજી (વઢવાણ)

૧ અભયસિંહજી, ઈ. સ. ૧૭૦૭-૧૭૪૭ (ચૂડા)
૨ રાયસિંહજી, ઈ. સ. ૧૭૪૭-૧૭૬૮
૩ ગજસિંહજી, ઈ. સ. ૧૭૬૮-૧૭૮૦
૪ હઠીસિંહજી, ઈ. સ. ૧૭૮૦-૧૮૨૦
૫ અભયસિંહજી (બીજા), ઈ. સ. ૧૮૨૦-૧૮૨૬
૬ રાયસિંહજી (બીજા), ઈ. સ. ૧૮૨૬-૧૮૪૪
૭ ચેચરસિંહજી, ઈ. સ. ૧૮૪૪ માં ગાદિયે બેઠા

માધવસિંહજી (પાટવી કુમાર)

ચૂડાના તાબામાં ૭૭ ચોરસ મૈલ જમીન, ૧૩ ગામ, આસરે સાડાતેર હજાર માણસની વસ્તી, અને વાર્ષિક પેદાશ સુમારે રૂપિયા નેવું હજારની છે. તેમાંથી ઇંગ્રેજ સરકારની જમાબંધી અને જૂનાગઢના નવાબની જોરતલબીના મળી કુલ રૂ. ૭,૧૪૩ આપે છે.

લખતરના ઠાકોરો

૨૧

(અનુસંધાન પાના ૬૮ માની ૧૨ મી લીટીની પાદનોંધ)

હળવદના રાજાઓની વંશાવલિની ૧૫ મી પાદનોંધમાંના ૨૭ મા ચંદ્રસિંહજીથી ચાલુ (જુઓ પૃષ્ઠ ૫૩૭ મું.)

રાજ ચંદ્રસિંહજી

પૃથિરાજજી (વાંકાનેર ને વઢવાણ) — આશકરણજી, અમરસિંહજી (હળવદ) — ૧ અભયસિંહજી (લખતર)

૨ વજેરાજજી
૩ સેસમાલજી
૪ ગોપાલસિંહજી
૫ કરણસિંહજી
૬ અભયસિંહજી (બીજા)
૭ રાયધરજી
૮ ચંદ્રસિંહજી (બીજા)
૯ પૃથિરાજજી, ઈ. સ. ૧૮૩૫ સુધી
૧૦ વજેરાજજી, ઈ. સ. ૧૮૩૫-૧૮૪૬
૧૧ કરણસિંહજી, ઈ. સ. ૧૮૪૬માં ગાદિયે બેઠા.

લખતરના તાબામાં ૨૪૨ ચોરસ મૈલ જમીન, ૪૧ ગામ આસરે ત્રેવીસ હજાર માણસની વસ્તી અને વાર્ષિક ઉપજ સુમારે રૂ. એક લાખની છે. તેમાંથી ઇંગ્રેજ સરકારને ખંડણીના અને જૂનાગઢના નવાબને જોરતલબીના મળી રૂ. ૭,૩૫૧ આપવામાં આવે છે.

સાયલાના ઠાકોરો

૨૨

(અનુસંધાન પાના ૬૯ માની ૨૪ મી લીટીની પાદનોંધ)

ધ્રાંગધ્રાના રાજાઓની વંશાવળીની ૧૬ મી પાદનોંધમાંના ૩૪ મા પુરૂષ રાજરાયસિંહજીના પુત્રથી ચાલુ (જુઓ પૃષ્ઠ ૫૩૮ મું.)

૧ સેસાભાઈ, (ઈ. સ. ૧૭૪૫–૧૭૯૪)
|
૨ વીકમાનજી, (ઈ. સ. ૧૭૯૪–૧૮૧૩)
|
૩ મદારસિંહજી, (ઈ. સ. ૧૮૧૩–૧૮૩૭)
|
૪ સેસાભાઈ (બીજા), ઈ. સ. ૧૮૩૭–૧૮૩૯
|
૫ કેશરીસિંહજી, (ઈ. સ. ૧૮૩૯–૧૮૮૨)
|
૬ વખતસિંહજી, (ઈ. સ. ૧૮૮૨ માં ગાદિયે બેઠા)
|
૭ મદારસિંહજી, (પાટવી કુંવર)

સાયલાના તાબામાં ૨૨૬ ચોરસ મૈલ જમીન, ૩૭ ગામ, આશરે સત્તર હજાર માણસની વસ્તી, અને વાર્ષિક ઉપજ સુમારે પોણો લાખ રૂપિયા થાય છે, તેમાંથી ઈંગ્રેજ સરકારને ખંડણીના અને જૂનાગઢના નવાબને જોરતલબીના મળી કુલ રૂપિયા ૧૫,૫૧૧ આપવામાં આવે છે.

ધરમપુરના રજપૂત રાજાઓ

૨૩

(અનુસંધાન પાના ૭૮ માની પાદનોંધની બીજી લીટીનું)

૧ વલભીપુરનો નાશ થવાથી ત્યાંના રાજાનો વંશ ઇડર પછી મેવાડમાં ગયો. ત્યાંથી વળી એક શાખા ગૂજરાતમાં આવી, જે આજે ધરમપુરમાં છે. મેવાડના બાપા રાવળના વંશજ રાણા રહપ(ઇ. સ. ૧૨૦૧–૧૨૩૯)ના વંશજ રામરાજા અથવા રામશાહે ગૂજરાતમાં આવી અલીરાજપુરમાં ગાદી સ્થાપી.

૧ રામરાજા, ઇ. સ. ૧૨૬૨–૧૨૯૫.
|
૨ સોમશાહ, ઇ. સ. ૧૨૯૫–૧૩૩૫.
|
૩ પુરંદરશાહ, ઇ. સ. ૧૩૩૫–૧૩૬૦
|

૪ ધરમશાહ, ઇ. સ. ૧૩૬૦-૧૩૯૧.

૫ ગોપુશાહ, ઇ. સ. ૧૩૯૧-૧૪૩૨.

૬ જગતશાહ, ઇ. સ. ૧૩૪૨-૧૪૭૦.

૭ નારાયણશાહ, ઇ. સ. ૧૪૭૦-૧૫૦૦.

૮ ધરમશાહ (બીજા), ઇ. સ. ૧૫૦૦-૧૫૩૧.

૯ જગતશાહ (બીજા), ઉર્ફે જયદેવ, ઇ. સ. ૧૫૩૧-૧૫૬૬.

૧૦ લક્ષ્મણદેવ, ઇ. સ. ૧૫૬૬-૧૬૦૦.

૧૧ સોમદેવ, ઇ. સ. ૧૬૦૦-૧૬૩૫.

૧૨ રામદેવ, ઇ. સ. ૧૬૩૫-૧૬૮૦.

૧૩ શોહેદેવજી, ઇ. સ. ૧૬૮૦-૧૭૧૧.

૧૪ રામદેવજી (બીજા), ઇ. સ. ૧૭૧૧-૧૭૬૪.

૧૫ ધરમદેવજી (ધરમપુરમાં ગાદી સ્થાપી), ઇ. સ. ૧૭૬૪-૧૭૭૪.

૧૬ નારણદેવજી (દત્તક), ઇ. સ. ૧૭૭૪-૧૭૭૭.

૧૭ સોમદેવજી (દત્તક), ઇ. સ. ૧૭૭૭-૧૭૮૭.

૧૮ રૂપદેવજી, ઇ. સ. ૧૭૮૭-૧૮૦૭.

૧૯ વિજયદેવજી, ઇ. સ. ૧૮૦૭-૧૮૫૭.

૨૦ રામદેવજી (ત્રીજા), ઇ. સ. ૧૮૫૭-૧૮૬૦.

૨૧ નારાયણ દેવજી (બીજા), ઇ. સ. ૧૮૬૦-

૨૨ મોહનદેવજી   હરિદેવજી   બળદેવજી   પ્રભાતદેવજી

વિજયદેવજી (પાટવીકુમાર)   નૃસિંહદેવજી (કુમાર)

ધરમપુરના તાબામાં ૭૯૪ ચોરસ મૈલ જમીન અને ૨૭૫ ગામ છે. આશરે એક લાખ માણસની વસ્તી, અને વાર્ષિક ઉપજ સુમારે અઢી લાખ રૂપિયા થાય છે. તેમાંથી મરાઠા રાજા દાણની ચોથ લેતા તે બદલ હાલમાં નવહજાર રૂપિયા ઉચક ઇંગ્રેજ

સરકારને આપવામાં આવે છે. આ રાજ્યને ઇંગ્રેજી વલસાડ પરગણાનાં કેટલાંએક ગામોમાંથી ગરાસનો હક્ક મળે છે. મહારાજા બ્રિટિશ છાવણીમાં જાય ત્યારે નવ તોપ ફોડી માન આપવામાં આવે છે.

ઘોળના ઠાકોરોની વંશાવળી.

૨૪

(પાના ૮૮ માં આપેલી છે.)

પાલીતાણાના રાજાઓની વંશાવળી.

૨૫

(પાના ૯૨ મા આપેલી છે.)

લાઠીના ઠાકોરોની વંશાવળી.

૨૬

(પાના ૯૪ માં આપેલી છે.)

કચ્છના જાડેજા

૨૭

(અનુસંધાન પાના ૯૫ માની ૧૧ મી લીટીની પાદનોંધ ૧ લીનો આરંભ)

૨ રાસમાળાના પ્હેલા ભાગની નોંધમાં જાડેજા સંબંધી ટુંકામાં વૃત્તાન્ત આવી જાય છે અને કચ્છના હાલ સુધીના રાજા નીચે મુજબ:—

૧૧ રાવ શ્રી ખેંગારજી (પ્હેલા), ઇ. સ. ૧૫૧૦–૧૫૮૬.

|

૧૨ રાવ શ્રી ભારમલજી (પ્હેલા), ઇ. સ. ૧૫૮૬–૧૬૩૨.

|

૧૩ રાવ શ્રી ભોજરાજજી, ૧૬૩૨–૧૬૪૬ — મેઘજી

૧૪ ખેંગારજી (બીજા), ૧૬૪૬–૧૬૫૫ (ભોજરાજજીના)

૧૫ તમાચીજી, ૧૬૫૫–૧૬૬૬. (મેઘજીના)

|

૧૬ રાયધણજી પ્હેલા, ૧૬૬૬–૧૬૯૮.

|

૧૭ પ્રાગમલજી (પ્હેલા), ૧૬૯૮–૧૭૧૬.

|

૧૮ ગોડમલજી (પ્હેલા), ૧૭૧૬–૧૭૧૯.

|

૧૯ દેશળજી (પ્હેલા), ૧૭૧૯–૧૭૫૨.

|

૨૦ લખપતજી, ૧૭૫૨–૧૭૬૧.

|

૨૧ ગોડજી (બીજા), ૧૭૬૧–૧૭૭૯.

|

૨૨ રાયધણજી (બીજા), ૧૭૭૯-૧૮૧૪.
|
૨૩ ભારમલજી (બીજા), ૧૮૧૪-૧૮૧૯.
|
૨૪ દેશળજી (બીજા), ૧૮૧૯-૧૮૬૧.
|
૨૫ પ્રાગમલજી (બીજા), ૧૮૬૧-૧૮૭૩.
|
૨૬ ખેંગારજી (ત્રીજા) ૧૮૭૬ માં ગાદિયે બેઠા. — કરણજી.
|
વિજયરાજજી (પાટવી કુમાર) — ગોડજી (કુમાર)

કચ્છનું ક્ષેત્રફળ ૧૫,૫૦૦ ચોરસ મૈલ, તેમાં જમીન ૬,૫૦૦ મૈલ અને રણ ૯,૦૦૦ ચોરસ મૈલ છે. તેનાં ગામ ૯૩૫ છે. વસ્તી આસરે પાંચ લાખ સાડી અઠ્ઠાવન હજાર માણસની છે, અને પેદાશ રૂપિયા ત્રીસ લાખ સુમારે છે. કચ્છના રાજા પ્રથમ જામના ખિતાબથી ઓળખાતા હતા. ૧૧ મા રાજા રાવશ્રી ખેંગારજી પ્હેલાને અમદાવાદના સુલતાન મહમૂદ બેગડાએ 'રાવ" પદવી આપી, ત્યારથી કચ્છના રાજા રાવ (રાઓ) કહેવાય છે. ૧૭ મા રાજા, રાવ શ્રી પ્રાગમલજી પ્હેલાએ જામનગરનું રાજ્ય જામ તંમાચીને પાછું દઈ દીધુ ત્યારથી "મહારાવ"નું પદ ધારણ કર્યું. ૨૦ મા રાજા, રાવ શ્રી લખપતજીને કાબુલના પાદશાહે "મહારાજાધિરાજ"નો અને દિલ્હીના પાદશાહે "મિરઝા"નો ઇલ્કાબ આપ્યો. અને ૨૬ મા રાજા શ્રી ખેંગારજી ત્રીજાને અંગ્રેજ સરકારે "સવાઈ બહાદુર"નો વંશપરંપરાનો ખિતાબ આપ્યો છે. એટલે કચ્છના મહારાજા "મહારાજાધિરાજ મિરઝા મહારાઓ શ્રી ખેંગારજી સવાઈબહાદુર" લખાય છે. એમના અંગને "જી. સી. આઈ. ઈ."નો ખિતાબ છે. રાવ શ્રીને બ્રિટિશ સરકાર તરફથી લશ્કરની સલામતી અને સત્તર તોપ ફોડી માન અપાય છે.

રાજકોટના જામની વંશાવળી

૨૮

(અનુસંધાન પાના ૧૦૦ માની ૪ થી લીટીની પાદનોંધ)

૧ જામનગરથી ઉતરેલા રાજકોટ અને ગોંડલ વગેરેમાં ઠાકોરો છે. તેમાંથી રાજ-કોટવાળાનો ફાંટો નીચે પ્રમાણે ચાલ્યો:-

જામ રાવળજી (નવાનગર)
|
વીભોજી
|
સતાજી

જસાજી (નવાનગર)

૧ વીભોજી ઇ. સ. ૧૬૦૮-૧૬૩૫ (સરધાર)

૨ મ્હેરામણજી પ્હેલા ઇ. સ. ૧૬૩૫-૧૬૫૦

૩ સાહેબજી, ઇ. સ. ૧૬૫૦-૧૬૭૫ — કુંભોજી (ગોંડળ)

૪ આમણીઓજી, ઇ. સ. ૧૬૭૫-૧૬૯૪

૫ મ્હેરામણજી (બીજા), ઇ. સ. ૧૬૯૪-૧૭૨૦

૬ રણમલજી, ઇ. સ. ૧૭૨૦-૧૭૪૬ (રાજકોટ)

૭ લાખોજી, ઇ. સ. ૧૭૪૬-૧૭૯૬

૮ મ્હેરામણજી (ત્રીજા), એ સારા કવિ હતા અને પ્રવીણસાગર નામનો ગ્રન્થ બનાવ્યો.

૯ રમણમલજી (બીજા), ઇ. સ. ૧૭૯૬-૧૮૨૫

૧૦ સૂરાજી, ઇ. સ. ૧૮૨૫-૧૮૪૪

૧૧ મ્હેરામણજી (ચોથા), ઇ. સ. ૧૮૪૪-૧૮૬૨

૧૨ બાવાજીરાજ, ઇ. સ. ૧૮૬૨-

૧૩ લાખાજી, ઇ. સ. ૧૮૯ માં ગાદિયે બેઠા.

રાજકોટના તાબામાં ૨૬૯ ચોરસ મૈલ જમીન છે, ૬૦ ગામ, આશરે ચાળીશ હજાર માણસની વસ્તી, અને વાર્ષિક ઉપજ સુમારે એક લાખ પંચાશી હજાર રૂપિયાની છે. તેમાથી ઈંગ્રેજ સરકારને જમાબંધી અને જૂનાગઢના નવાબને જોરતલબીના મળી કુલ રૂ. ૨૧,૩૨૧ આપવામાં આવે છે. ઠાકોર સાહેબને નવ તોપનું માન છે.

ગોંડળના ઠાકોરોની વંશાવળી.

૨૯

જામના ભાયાત ગોંડળવાળા ઠાકોરોની વંશાવળી નીચે પ્રમાણે:—

જામ રાવળજી (જામનગર)

વીભોજી

સતાજી

જસાજી (જામનગર) — વીભોજી

મ્હેરામણજી

સાહેબજી (રાજકોટ) — ૧ કુંભોજી (ગોંડળ)

૧ કુંભોજી (ગોંડળ):

૨ સગરામજી — સાંગોજી (કોટડા સાંગાણી)

૨ સગરામજી
૩ હાલોજી
૪ કુંભોજી (બીજા)
સગરામજી

સગરામજી:

૫ મૂળજી — ૮ દેવાજી, ઇ. સ. ૧૮૦૦-૧૮૧૨

૫ મૂળજી:

૬ હાલોજી (બીજા) ૭ દાજીભાઈ

૮ દેવાજી:

૯ નાથોજી ઇ.સ.૧૮૧૨-૧૮૧૪ — ૧૦ કાહાનોજી ઇ.સ.૧૮૧૪-૧૮૨૧ — ૧૧ ચંદ્રસિંહ ઇ.સ.૧૮૨૧-૧૮૪૧ — ૧૨ ભાણોભાઈ ઇ. સ. ૧૮૪૧-૧૮૫૧

૧૩ સગરામજી (બીજા) ઇ. સ. ૧૮૫૧-૧૮૭૦

૧૪ ભગવતસિંહજી ઇ. સ. ૧૮૭૦ માં ગાદિયે બેઠા.

ગોંડળના તાબામાં ૬૯૯ ચોરસ મૈલ જમીન, ૧૭૯ ગામ, આશરે એક લાખ છત્રીસ હજાર માણસની વસ્તી, અને વાર્ષિક ઉપજ રૂપિયા સાડા બાર લાખ સુમારની છે, તેમાંથી ઈંગ્રેજ સરકારને જમાબંધી અને જૂનાગઢના નવાબને જોરતલબીના મળી રૂ. ૧,૧૦,૭૨૧ આપવામાં આવે છે. ઠાકોર સાહેબને નવ તોપનું માન છે. ગોંડળથી કોટડા સાંગાણીના ઠાકોર ઉતર્યા છે.

કોટડા સાંગાણીના ઠાકોરોની વંશાવળી

૩૦

(અનુસંધાન પાના ૧૦૦ મીની પાદનોંધ ૨૬ મીનું)

કુંભોજી (ગોંડળ)

સગરામજી (ગોંડળ) — ૧ સાંગોજી, ઇ. સ. ૧૬૫૪-૧૬૯૯ (કોટડા સાંગાણી)

૨ તેજોજી, ઇ. સ. ૧૬૯૯-૧૭૨૭

૩ જશાજી, ઇ. સ. ૧૭૨૭–૧૭૫૫

૪ હોથીજી, ઇ. સ. ૧૭૫૫–૧૮૧૨

૫ ભોજરાજજી, ઇ. સ. ૧૮૧૨–૧૮૨૫   ૬ ખાણિયાજી, ઇ. સ. ૧૮૨૫–૧૮૩૮

૭ સબળજી, ઇ. સ. ૧૮૩૮–૧૮૪૦   ૮ વેરોજી, ઇ. સ. ૧૮૪૦–૧૮૬૨

૯ તાગોજી, ઇ. સ. ૧૮૬૨–૧૮૭૯

૧૦ મૂળવોજી, ઇ. સ. ૧૮૭૯ માં ગાદિયે બેઠા.

કોટડા સાંગાણીના તાબામાં ૩૭ ચોરસ મૈલ જમીન, ૧૮ ગામ, આસરે ૮૬૦૦ માણસની વસ્તી, અને વાર્ષિક ઉપજ પોણો લાખ રૂપિયા સુમારે છે, તેમાંથી ઇંગ્રેજ સરકારને જમાબંધીના અને જૂનાગઢના નવાબને જોરતલબીના મળી કુલ રૂ. ૧૧,૬૧૬ આપવામાં આવે છે.

લુણાવાડાના રાજપૂત રાજાઓ

૩૧

(અનુસંધાન પાના ૧૧૭ માની લીટીની પાદનોંધ)

૧ ભાટ લોકોના કહેવા પ્રમાણે અણહિલવાડ પાટણના રાજા મૂળરાજ સોલંકીનો વંશજ ધવળદેવ નામનો સોલંકી ઇ. સ. ૧૧૦૪ માં ધોળકે અને ત્યાર પછી ઇ. સ. ૧૧૩૪ માં કાલરીગઢ (એ ગામ ચુંવાળમાં છે) ગયો. ધવળદેવનો પરપૌત્ર વીરભદ્ર કાલરી છોડી વીરપુર (એ ગામ હાલ વાડાસિનોરના રાજ્યમાં છે) ગામે આવ્યો. વીરપુરમાં વીરો બારૈયો નામનો ઠાકોર હતો, તેને મારી ઇ. સ. ૧૨૨૫ માં તેનું રાજ્ય લઈ લીધું, અને ત્યાં પોતાનું રાજ્ય સ્થાપ્યું. તેની પછી વીરપુરની ગાદિયે ડીકાજી, માનસિંહ, માહાવસિંહ, ગમસિંહ, પૃથીપાળસિંહ, વિક્રમસિંહ અને વિઠ્ઠલસિંહ, એ પ્રમાણે રાજા થયા. છેલ્લા વિઠ્ઠલસિંહે વીરપુરમાંથી ગાદી ઉઠાવીને લુણાવાડાની નજીકમાં મહી નદીના કિનારા પાસે ડીલ્લા ગામમાં સ્થાપી; તેમના વંશજ ભીમસિંહજીએ ઇ. સ. ૧૪૩૪ માં ડીલ્લામાંથી ગાદી ઉઠાવીને લુણાવાડામાં સ્થાપી.

૧ ભીમસિંહજી, ૨ ગંગદાસ, ૩ ઊદો રાણો, ૪ રાઘવ રાણુસિંહ, ૫ માલો રાણો, ૬ વનવીરજી, ૭ અખેરાજજી, ૮ કુંભો રાણો, ૯ જિતસિંહજી, ૧૦ ત્રિલોકસિંહજી, ૧૧ દયાળદાસજી, ૧૨ ચંદ્રસિંહજી (ઇ. સ. ૧૬૭૪ સુધી).

૧૩ વીરસિંહજી, (ઇ. સ. ૧૬૭૪–૧૭૧૧).

૧૪ નાહારસિંહજી, (ઇ. સ. ૧૭૧૧–૧૭૩૫)

કુમાર જિતસિંહજી

૧૫ વખતસિંહજી, (૧૭૩૫-૧૭૫૭)
૧૬ દીપસિંહજી, (૧૭૫૭-૧૭૮૨)
૧૭ દુરજનસાલજી, (૧૭૮૨-૧૭૮૬)
૧૮ પ્રતાપસિંહજી, (૧૭૮૬-
૧૯ ફત્તેહસિંહજી, (-૧૮૪૯)
૨૦ દલપતસિંહજી (દત્તક), (૧૮૪૯-૧૮૫૧)
૨૧ દલેલસિંહજી (દત્તક), (૧૮૫૧-૧૮૬૭)
૨૨ વખતસિંહજી (દત્તક), (૧૮૬૭ માં ગાદિયે બેઠા)

લુણાવાડાના તાબામાં ૩૮૮ ચોરસ મૈલ જમીન, ૩૫૦ ગામ, સુમારે પોણો લાખ માણસની વસ્તી છે, અને વાર્ષિક ઉપજ આશરે એક લાખ ચાળીશ હજાર રૂપિયાની છે. તેમાંથી ઇંગ્રેજ સરકારને રૂ. ૧૨,૦૦૧ અને ગાયકવાડ સરકારને રૂ. ૬૦૦૦ ખંડણી બદ્દલ આપવામાં આવે છે. આ રાજ્યને રૂ. ૮૪૦ ગોધરા પરગણામાંથી અને રૂ. ૧૨૭ મહીકાંઠા ઇલાકાના સાઠંબા તાલુકામાંથી મળે છે. આ રાજ્ય રેવાકાંઠા ઇલાકાનું બીજા વર્ગનું છે. મહારાજાને નવ તોપનું માન મળે છે.

દાંતાના રાણાઓની વંશાવલિ

૩૨

(પાના ૧૩૯ માં આપેલી છે)

પાલણપુરના દિવાન

૩૩

(અનુસંધાન પાના ૧૫૫ માની ૨૮ મી લીટીની પાદનોંધ)

(સોનગઢમાં) ૧ મલેક યુસફ, (સન ૧૩૯૫ સુધી).

૨ હસન, (સન ૧૩૯૫-૧૪૪૦)

૩ સાલાર, (૧૪૪૦-૧૪૬૧) ૪ ઉસમાન પ્હેલો, (૧૪૬૧-૧૪૮૩) હેમતખાન

૫ બુધન, (૧૪૮૩-૧૫૦૫)

૬ મુજાહિદખાન, (૧૫૦૫-૧૫૦૯) ૭ અલીશેર, (૧૫૦૯-૧૫૨૫)

૮ સિકંદરખાન, (૧૫૨૫-૧૫૪૮)

૯ ગજનીખાન, (૧૫૪૮-૧૫૫૦) ૧૦ ખાનજી, (૧૫૫૦-૧૫૭૬)

૧૧ ગજનીખાન (બીજો), (૧૫૭૬–૧૬૧૪) ૧૩ ફીરોજખાન, (૧૬૧૬–૧૬૭૪)

૧૨ પાહાડખાન, (૧૬૧૪–૧૬૧૬)
o

૧૪ મુજાહિદખાન (બીજો), (૧૬૭૪–૧૬૯૯) ૧૫ સલીમખાન
(પાલણપુરમાં ગાદી સ્થાપી) (૧૬૯૯–૧૭૦૦)

૧૬ કમાલખાન (પહેલો), ઇ. સ. ૧૭૦૦–૧૭૦૮

૧૭ ફીરોજખાન બીજો
(ઇ. સ. ૧૭૦૮–૧૭૨૨)

૧૮ કરીમદાદખાન ૨૦ બહાદુરખાન કમાલખાન પીરખાન
(ઇ. સ. ૧૭૨૨–૧૭૩૦) (૧૭૪૪–૧૭૭૮)

ઉસમાનખાન ફત્તેહખાન

૧૯ પાહાડખાન (બીજો) ૨૧ સલીમખાન (બીજો)
(ઇ. સ. ૧૭૩૦–૧૭૪૪) (૧૭૭૮–૧૭૮૧) ૨૪ સમશેરખાન
o (૧૭૯૪) ૨૫ ફીરોજખાન ત્રીજો
o (૧૭૯૪–૧૮૧૨)

૨૨ શેરખાન
(૧૭૮૧–૧૭૮૮)

સોન બીબી

૨૩ મુબારીઝખાન ૨૬ ફત્તેહખાન ચોથો
પદભ્રષ્ટ (૧૮૧૨–૧૮૫૪)

૨૭ જોરાવરખાનજી
(૧૮૫૪–૧૮૭૮)

અહમદખાનજી
o

ઉસમાનખાનજી

સિકંદરખાનજી
o

૨૮ શેરમહમદખાનજી
(૧૮૭૮ માં ગાદિયે બેઠા.)

પાલણપુર તાબે ૩,૧૫૦ ચોરસ મૈલ જમીન, ૪૫૨ ગામ, સુમારે બે લાખ ચોત્રીસ હજાર માણસની વસ્તી, અને વાર્ષિક ઉપજ સુમારે ચાર લાખ રૂપિયાની છે. તેમાંથી રૂ. ૫૦,૦૦૧) ગાયકવાડ સરકારને ખંડણીના આપવામાં આવે છે; અને દાંતાના રાણા પાસેથી રૂ. ૫૦૦) લે છે. સર શેરમહમદખાનજીને કે. સી. આઈ. ઇ.નો ખિતાબ આપવામાં આવ્યો છે. અને ૧૧ તોપનું માન મળે છે.

વાડાસિનોરના નવાબો

૩૪

(અનુસંધાન પાના ૧૬૩ માની ૨૩ મી લીટીની પાદનોંધ)

બહાદુરખાન બાબી

જાફરખાન, ઉર્ફે સફદરખાન

મહમદશેરખાન (રાધનપુર) સલાબતખાન, (ઇ. સ. ૧૭૨૫–૧૭૩૦)

મહમદ બહાદુર, ઉર્ફે શેરખાન, (૧૭૩૦–૧૭૫૮)

સોહબતખાન (જુનાગઢ) ૧ સરદાર મહમદ

૨ જમીયતખાન એક બેટી (નેવરખાન સાથે પરણી હતી)

૩ સલાબતખાં

0

૫ એદલખાનજી (૧૮૨૨–૧૮૩૧) ૪ આદમખાન (૧૮૨૦–૧૮૨૨) (પદભ્રષ્ટ થયો)

૬ જોરાવરખાનજી (ઇ. સ. ૧૮૩૧–૧૮૮૨)

૭ મનોવરખાનજી ઇ. સ. ૧૮૮૨ માં ગાદિયે બેઠા. બુધુમિયાં

વાડાસિનોરના તાબામાં ૧૮૯ ચોરસ મૈલ જમીન, ૧૧૮ ગામ, આસરે છેંતાલીસ હજાર માણસની વસ્તી, અને વાર્ષિક પેદાશ સુમારે રૂપિયા એંશી હજારની થાય છે, તેમાંથી રૂ. ૧૧,૦૮૦ ઈંગ્રેજ સરકારને, અને રૂ. ૩૬૦૦ ગાયકવાડ સરકારને ખંડણી બદલ આપવામાં આવે છે અને રૂ. ૫૬૧ સાઠંબાના ઠાકોર તરફથી વાડાસિનોરને મળે છે. નવાબ સાહેબને નવ તોપનું માન છે.

ઈડરના રાજાઓની વંશાવળી

૩૫

(અનુસંધાન પાના ૧૯૮ માની પાદનોંધનું પરિશિષ્ટ)

ઈડરમાં કોણે ક્યાંથી આવીને રાજ્ય કર્યું તે સમજવા વિસ્તારપૂર્વક વંશાવળી નીચે પ્રમાણે આપવામાં આવે છે:—

જયચંદ, (કનોજનો છેલ્લો રાજા ઇ. સ. ૧૧૯૩)

શેખજી, (કુંવર પદવીમાં જ દેવલોક પામ્યા.)

સિયોજી

યશોધામ, આસ્તાનજી ૧ સોનીગજી રાવ (ભીમે કુડી પરગણાનું સોમેવા—ઓખામંડળ—(રા. મા.) જાગીરમાં આપ્યું, પછી ૪ થી ઈડર જિત્યું) અજમાલ-અજી

- ૨ એહેમલજી
- ૩ ધવલમલજી
- ૪ લુણકરણજી
- ૫ ખરહતજી
- ૬ રણમલજી ,, (વિ. સં. ૧૪૪૯) એ પરાક્રમી થયો. એણે ઈડર અને મેવાડ વચ્ચેનો ભાગર દેશ યાદવ વંશવાળા પાસેથી લેઈ લીધો. અને ત્યાંની રાજધાની ઝારડગઢમાં કેટલીક મુદ્દત રહ્યો.
- ૭ પુંજોજી
  - ૮ નારણદાસ
  - ૯ રાવ ભાણ
    - ૧૦ સુરજમલજી
      - ૧૧ રાયમલજી (રાણા સંગની દીકરી પરણ્યા, પછી સસરાની મદદથી ભારમલ પાસેથી ગાદી લેઈ લીધી.)
    - ૧૨ ભીમજી (રાયમલજી પાસેથી ગાદી છીનવી લીધી.)
      - ૧૩ ભારમલજી (રાયમલજીના મરણ પછી ગાદિયે બેઠો)
        - ૧૪ પુંજોજી (બીજો)
          - ૧૫ નારણદાસ (બીજો)
            - ૧૬ વીરમદેવ (અકબરના સમયમાં મુસલમાનો ઈડરમાં પેસવાથી તે પોળોમાં રહ્યો.)
            - ગોપાલદાસ (ઈડર ઉપર હલ્લો કરતાં મરાયો.)
            - ૧૭ કલ્યાણમલ
              - ૧૮ જગન્નાથ (શાહાજાદા મુરાદે ઈડર લીધું, તેથી તે પોળમાં ન્હાશી ગયો અને ત્યાં જ મરણ પામ્યો)
                - ૧૯ પુંજો (ત્રીજો) (બ્હારવટે નીકળી ઈડર પાછું લીધું)
                - ૨૦ અરજનદાસ (રેહેવરોએ મારી નાખ્યો.)
              - ૨૧ ગોપીનાથ (દત્તક) (બ્હારવટે રહી ઈડર લીધું, અને અફીણ વગર મુઓ.)
                - ૨૨ કરણસિંહ (સરવાણમાં રહ્યો)
            - રાયસિંહ (એને વીરમદેવે માર્યો.)

૨૩ ચાંદો
(એને દેશાઈઓએ ઈડરમાં આણ્યો; એણે **પરિહારોને** મારી પોળો લીધી. એણે ઇ. સ. ૧૭૧૮માં ઈડર ખોયું. ત્યાર પછી શેખજીના વડા પુત્ર યશોધામના વંશમાં નીચે બતાવ્યા પ્રમાણે **આનંદસિંહે** ઈડર લીધું, તે આજ સુધી તેના વંશજો પાસે છે.)

માધવસિંહ
(વેરાબરનો પટો મેળવ્યો, અને ત્યાં તેના વંશજ આજ સુધી છે.)

શેખજી.
|
(તેનો વડો પુત્ર)
યશોધામ
|
દુહર
|
રાયપાળ
|
કાનલ
|
જાલન
|
ચાંદો
|
થીદો
|
સીલકો
|
વીરમદેવ
|
ચાદો (બીજો), (એણે પરિહારો પાસેથી મંડોલ લઈ ત્યાં રાજગાદી કરી)
|
રણમલ
|
જોધો, (એણે, સં. ૧૫૧૫ ઇ. સ. ૧૪૫૯ જેઠ માસમાં મંડોરથી ઉઠાવીને જોધપુર વસાવી, ત્યાં રાજગાદી કરી.

- **સૂરજમલ** (સં. ૧૫૪૬-૧૫૭૨) (ઇ. સ. ૧૪૮૫-૧૫૧૬)
  - ભગવાનદાસ, (કુંવર પદવીમાં જ મરણ પામ્યો)
    - ગંગાદાસ, (ઇ. સ. ૧૫૧૬-૧૫૩૨)
- **સાંતલ**, (વિ. સં. ૧૫૧૩ માં મરાયો)
- છઠ્ઠો દીકરો **વીકો** (વીકાનેર વસાવ્યું)

માલદેવ, (જોધપુરનો કોટ તથા મ્હેલ બંધાવ્યો ઇ. સ. ૧૫૩૨–૧૫૭૩)

ઉદયસિંહ, (એને અકબરે મહારાજાની પદવી આપી. ઇ. સ. ૧૫૭૩–૧૫૯૫)

સૂરસિંહ (સૂરસાગર તળાવ જોધપુરમાં બંધાવ્યું. ઇ. સ. ૧૫૯૫–૧૬૨૦ સવાઈ રાજાની પદવી જહાંગીરે આપી.)

ગજસિંહ, (ઇ. સ. ૧૬૨૦–૧૬૩૮)

જસવંતસિંહ, (ઇ. સ. ૧૬૩૮–૧૬૭૯ કાબુલનો સૂબો થયો, એનાથી ઔરંગજેબ ડરતો હતો)

અજિતસિંહ, (કાબુલમાં જન્મ્યો હતો. ઔરંગજેબના વૈરથી ૨૧ વર્ષ વનવાસ વેઠ્યો; ઇ. સ. ૧૭૦૧ માં ગાદિયે બેઠો. એણે ઇ. સ. ૧૭૧૧ માં દિલ્હી જિતી ૭ દિવસ ત્યાંની ગાદિયે બેઠો હતો. તે ઇ. સ. ૧૭૨૪ માં દેવ થયો.)

અભયસિંહ, જોધપુર ૧૭૨૪–૧૭૫૦

૧ આનંદસિંહ (ઇ. સ. ૧૭૩૧–૧૭૪૨ ઈડરમાં ગાદી સ્થાપી, અંકસુના ચાંદા પછી થયો.)

૨ શિવસિંહ (ઇ. સ. ૧૭૪૨–૧૭૯૧)

૩ ભવાનીસિંહ (બાર દિવસ રાજ્ય કર્યું)

૪ ગંભીરસિંહ (ઇ. સ. ૧૭૯૧–૧૮૩૩)

૫ જવાનસિંહ (ઇ. સ. ૧૮૩૩–૧૮૬૮)

૬ કેસરીસિંહજી (ઇ. સ. ૧૮૬૮ માં ગાદિયે બેઠા.)

સંગ્રામસિંહ (અહમદનગરનો પટો મળ્યો)

કરણસિંહ (૧૮૩૫ સુધી)

તખ્તસિંહ (ઇ. સ. ૧૮૪૩ માં જોધપુરની ગાદી મળી)

જશવંતસિંહ

સરદારસિંહ, જોધપુરના મહારાજા.

બીજા ત્રણ ભાઈ હતા, તેમાં જાલમસિંહને મોડાસા, હમીરસિંહને બાયડ, અને ઈંદ્રસિંહને સુવર મળ્યું.

ઈડર સંસ્થાનમાં ૨૫,૦૦૦ ચોરસ મૈલ જમીન છે, સુમારે ૯૦૦ ગામ છે, અને ૨,૫૮,૦૦૦ માણસની વસ્તીનો સુમાર છે. વાર્ષિક ઉપજ આશરે છ લાખ રૂપિયાની થાય છે. તેમાં અઢી લાખ રૂપિયા ખાલસાના અને સાડાત્રણ લાખ પેટા જાગીરદારોના છે. મહારાજા ૩૦,૩૪૦ રૂપિયા ગાયકવાડને ખંડણીના આપે છે, અને મહીકાંઠાના બીજા જમીનદારો પાસેથી તેઓ ૧૯,૧૪૦ રૂપિયા ખીચડી હક્કના લે છે. ઈડર પટાના જાગીરદારો પ્રત્યેક પોતાની ઉપજના દર હજાર રૂપિયાની ઉપજે ત્રણ અશ્વાર મહારાજની નોકરીમાં આપે છે. મહારાજશ્રીને અંગ્રેજ સરકાર ભણીથી ૧૫ તોપનું માન આપવામાં આવે છે.

જસમા ઓડણનો રાસડો

૩૬

[પ્રસ્તુત રાસડાનું એક નાનું અને અપૂર્ણ સંસ્કરણ 'રાસમાળા' ભાગ ૧ લાના પાના ૧૫૦–૫૨ની પાદનોંધમાં આપેલું છે, તેની લીટીઓ–તુકો ૩૩ છે, ત્યારે આ નવીન સંસ્કરણ, જે રા. રા. મંજુલાલ રણછોડલાલ મજમુદારે અનેક સંસ્કરણો ઉપરથી સંશોધી આનુપૂર્વી સાથે ઉપજાવી કાઢેલું છે, તે ૧૬૮ લીટીઓનું છે. વાસ્તવિક રીતે દંતકથા પ્રમાણે સિદ્ધરાજ સોલંકીના સમયમાં પ્રસ્તુત રાસડામાં નોંધેલો પ્રસંગ બન્યો હોવો જોઇએ અને સામાન્ય રીતે બનતું આવ્યું છે તેમ તત્કાલ કે કંઇક તેના નિકટવર્તી સમયે તે રચાયો પણ હોવો જોઇએ. પરંતુ દુર્ભાગ્યે તે મૂળ સ્વરૂપમાં મળી નથી શક્યો, એટલે તે સમયની ભાષા અને વિચારદર્શનનું પ્રતિબિંબ પણ આપણને મળવું દુર્ઘટ બન્યું છે. તેમ તેનાં વિવિધ સંસ્કરણો પણ મોટે ભાગે કંઠસ્થ હોઇને પૂર્ણ દશામાં મળી ન શકવાથી તેમ તેનો પ્રતિબિંબિત સમય પણ જાણી નહીં શકાયાથી કીયે કીયે કાળે, કેટકેટલી અવધિએ તેમાં વધારો–ઘટાડો થતો ગયો તે પણ તારવી શકાતું નથી. અને એ સહજ છે તેમ કાલપ્રવાહ વધતાં રાસડાનું પૂર વધતું જ જાય અને હરેક સંસ્કરણ કંઈક ને કંઇક, અલબત્ત કદાચ અચેત રીતે તો કદાચ સચેત રીતે પણ વધે. આ કારણે રાસડો પ્રામાણિક મૂળ સ્વરૂપમાં સંશોધી પ્રકટ કરી શકાયો નથી.

સ્વ. સા. દિ. બ. રણછોડભાઈ ઉદયરામની આતુર ઇચ્છા બને ત્યાં સુધી જૂની ભાષામાં અને જૂના કાળમાં પ્રતિબિંબિત થયલો જસમાનો રાસડો મેળવી પરિશિષ્ટમાં પ્રકટ કરવાની હતી અને તેમણે તે માટે સબળ મથન પણ કર્યું હતું, તેના કેટલાંક સંસ્કરણો પણ મેળવવા તજવીજ કરી હતી. પણ તેઓ આ આવૃત્તિ પ્રકટ થાય તે અગાઉ સ્વર્ગસ્થ થયા, અને તેમણે મેળવેલાં સંસ્કરણો અસ્તવ્યસ્ત અને અપ્રાપ્ય થયાં, એટલે તેને અભાવે રા. રા. મંજુલાલ રણછોડલાલ મજમુદારે સંશોધેલું સંસ્કરણ જો કે ખંડિત છે, છતાં સંશોધનમાં ઉપયોગી થઈ પડે એમ હોવાથી તેને અહીં આપેલું છે. પ્રાચીન કંઠસ્થ ગુર્જર સાહિત્યના સંશોધકોએ આટલેથી વિરામ ન પામતાં પ્રસ્તુત રાસડાનું પ્રાચીનતર સંસ્કરણ અવશ્યે મેળવી પ્રકટ કરવું ઘટે છે.

પ્રસ્તુત રાસડાનો પ્રસંગ રાસમાળા ભાગ ૧ લામાં પાનાં ૧૫૦–૧૫૨ માં વાર્તારૂપે વર્ણવેલો છે. અહીં નોંધવાજોગ બાબત એ છે કે વાર્તામાં માળવેથી ઓડોને પાટણમાં સહસ્રલિંગ તળાવ ખોદવાને બોલાવી આણવાનું જણાવેલું છે. પણ આ રાસડાના એકકેય સંસ્કરણમાં માળવાનો ઉલ્લેખ નથી, પરંતુ રા. મજમુદારના સંસ્કરણમાં આરંભમાં વાગડમાંથી (લીટી ૨૧ મી) તેમને બોલાવ્યાનો, 'મઉ ચાલી રે મેવાડ' (લીટી ૭૫ મી) એથી મારવાડથી આવ્યાનો અને "જસમા તારો સોરઠ પડ્યો મેહેલ" (લીટી ૧૪૨) તેમ "ભલો મારો સોરઠ દેશ"(લીટી ૧૪૪)થી તે સોરઠમાંથી આવ્યાનું સૂચવાયું છે, જ્યારે રાસમાળા ભાગ ૧ લાની પાદનોંધમાં આપેલા સંસ્કરણમાં માળવા, મારવાડ, વાગડ, કે સોરઠનો પણ ઉલ્લેખ નથી.

સામાન્ય રીતે ઓડ લોક માટી ખોદવાના અને તે ગધેડાં ભરી લેઈ જવાના કામ

૩૮

માટે વિખ્યાત છે અને તે **વાગડ** અને **મારવાડના** હોવાનું લેખાય છે. જો કે **આણંદ** તાલુકાના **ઓડ** અને ઉમરેઠ ગામોમાં કૂવા ઘણા ઊંડા હોવાથી પ્રચલિત કહેવત છે કે "**ઓડ** ઉમરેઠના ઊંડા કૂવા, દીકરી દીધી તેના બાપ શેં ન મૂવા?" પણ તેને અને **ઓડ** લોકોના મૂળ સાથે સંબંધ હોવાનું સમજાતું નથી. **ઓડ** લોક ઊંડાં ખોદણકામમાં પાવરધા ગણાતા હોવાથી **સિદ્ધરાજે** તેમને **વાગડ–મારવાડથી** બોલાવેલા હોવા સંભવે છે. **વાગડ** એ કચ્છના રણની સરહદનો અને રાધનપુર આગળનો ભાગ છે, તે **માર**-વાડની પણ લગોલગ જ છે. તો પ્રશ્ન એ થાય છે કે **સોરઠથી** તેમને કેમ બોલાવ્યા? અનુમાન થાય છે તેમ રાસડાના કોઈ એક **સોરઠપ્રિય** સંસ્કર્તાએ **પાટણથી** **સોરઠની** વિશિષ્ટતા ફેર બતાવવા કદાચ એટલું ઉમેરણ કરી દીધું હોય.

વળી બીજી વાત નોંધવાજોગ એ છે કે **વાગડથી** **માંડવગઢ** નહીં જવાનું જસમાને તેનાં સગાં કહે છે; **પાટણ** વિષે કાંઈ કહેતાં નથી, જો કે રાજા **જેસંગ–જયસિંહનો** સાથે સાથે ઉલ્લેખ છે. **માંડવગઢ** (**માંડુ**) **માળવામાં** છે, અને **સિદ્ધરાજ** **માળવા** ઉપર હુમલ્લા લઈ જવા ગયો હતો, એટલે કદાચ તેણે **માળવેથી** **ઓડોને** **વાગડ–મારવાડથી** **પાટણ** આવવા કહાવેલું હોય, તો તે સંગત થાય છે. આપેલી વાર્તામાં **ઓડ** લોક **મોઢેરા** તરફ નાઠા હોવાનું અને તે રસ્તે જતાં તેમને **સિદ્ધરાજે** મરાવેલા હોવાનું જણાવેલું છે. આથી **મોઢેરાનો** ઉલ્લેખ **વાગડ** ગામથી **ઓડોને** બોલાવ્યા હોવાનું સૂચવે છે, કારણ સ્વાભાવિક રીતે બીનેલા લોક સ્વભૂમિ તરફ જ સંરક્ષણ અર્થે દોડે.

આવા રાસડાથી તે તે કાળના લોકોની રહેણીકરણી, પહેરવેશ આદિનો ખ્યાલ સારી રીતે આવી શકે છે. દાખલા તરીકે પ્રસ્તુત રાસડાની ૭૯ થી ૧૦૫ મી સુધીની પંક્તિના સંવાદથી **ઓડ** લોકોનું ખાણું, પીણું, સોણું, ઢોરઢાંખરનું રખેવાળું અને પહેરવેશ વગેરે કેવાં હતાં તે સમજાય છે. આ દૃષ્ટિએ જો પવાડા અને રાસડાઓ વિચારાય તો તેમાંથી ઘણુંક જાણવાજોગ સાધન મળી શકે. કંઠસ્થ સાહિત્યનું આ એક અણમોલું અંગ છે અને ઇતિહાસના–સામાજિક પ્રાદેશિક તેમ રાજકીય ઇતિહાસના ખૂટતા તૂટતા અંકોડાઓથી મળી રહે છે. **અં. બુ. જાની**]

સંપાદક અને સંશોધક: **રા. મંજુલાલ મજમુદાર,** બી. એ. એલ એલ. બી.

આ રાસડાની એક્કેય હસ્તલિખિત પ્રત મળી શકી નથી. બહુધા કંઠસ્થ સ્વરૂપ-માં જ તે મળી આવ્યો છે. એટલે એક અખંડિત સ્વરૂપમાં તે ન હોય, એ સ્વાભાવિક છે. રાસડામાં લીટીઓનો ક્રમ પણ ભિન્ન ભિન્ન મળી આવ્યો હતો.

સંશોધન કરેલા રાસડામાંનો કેટલોક ભાગ **રાસમાળાના** **પ્રથમ** **ભાગમાં** (તૃતીય આવૃત્તિમાં) **સિદ્ધરાજના** ઇતિહાસમાં (પાના ૧૫૧–૨) પાદનોંધમાં આપેલા ભાગ સાથે મળતો આવતો હતો. એ પ્રસિદ્ધ ખંડ સિવાય બીજો એક ખંડ, '**શારદા**' માસિકના પ્રથમ વર્ષના એક અંકમાં પ્રકટ થયો હતો. આ બે મુદ્રિત ખંડો ઉપરાંત કેટલાંક વર્ષોથી તપાસ કરતાં મ્હને ત્રણ ઠેકાણેથી આ રાસડાનાં versions–જુદાં જુદાં સંસ્કરણો મળ્યાં હતાં.

મ્હારા મામા રા. રા. **અમૃતલાલ જતનલાલ દેસાઇ** બી. એજી. **ઘોઘામાં** મહાલ-કરી હતા ત્યારે ત્હેમણે એક ચારણ પાસેથી ઉતરાવીને મ્હને **જશમાનો** એક રાસડો

લખી મોકલ્યો હતો, પણ તે વખતે મ્હારી સંશોધનની દૃષ્ટિ નહોતી. એટલે માત્ર રાસડાથી સંતોષ માન્યો અને તેને ઉતરાવનાર ચારણનાં નામઠામ મેળવવાની માથાકૂટ કરી નહોતી.

તે જ પ્રમાણે મ્હારા મિત્ર, રા. રા. રમણલાલ વસંતલાલ દેસાઇ, એમ. એ. વિજાપુરમાં વહીવટદાર હતા ત્યારે મ્હને કેટલુંક કંઠસ્થ સાહિત્ય ત્હેમણે ભાટચારણો પાસેથી મેળવી આપ્યું હતું. તેમાંથી 'તાપીદાસકૃત અભિમન્યુ આખ્યાન'ની મ્હારી સંશોધિત આવૃત્તિમાં અભિમન્યુ સંબંધી લોકસાહિત્ય મ્હેં દાખલ કરેલું છે; ત્હેમાંનો એક કકડો ત્હેમણે મેળવી આપ્યો હતો. તે જ ભાઈએ જસમાનો એક રાસડો પણ મ્હને મેળવી આપ્યો હતો.

લૂણાવાડાના ઇતિહાસશોધરસિક મહેતાજી છગનલાલ વિદ્યારામ રાવળે મ્હને જસમાનો એક રાસડો આપ્યો હતો. તેમણે પણ કોઇ ડોશી પાસે સાંભળીને તે ઉતારી લીધો હતો. તે ભાગ 'પ્રાચીન કાવ્યસુધા'ના એક ભાગમાં દાખલ કરવાનો ત્હેમનો વિચાર હતો; પણ તે હજી પ્રકટ થઈ શક્યો નથી.

આ પ્રમાણે બે મુદ્રિત ખંડ તથા ત્રણ કંઠસ્થ સાહિત્ય તરીકે જળવાઈ રહેલા આ રાસડાના અવશેષો ઉપરથી આ સળંગ રાસડો ઉપજાવી કાઢવો પડ્યો છે. જે જે ક્રમમાં ઉપલા રાસડાના ખંડો મ્હને પ્રાપ્ત થયા તે બધાને અર્થસંગતિ પ્રમાણે સંશોધીને, પુનરૂક્તિઓ ટાળી કાઢી, એક અખંડ સ્વરૂપમાં આ રાસડો ગોઠવવાની છૂટ લીધી છે. જ્યાં અર્થ તૂટતો લાગ્યો ત્યાં '+ +' આ ચિહ્ન મૂક્યાં છે. અંત ભાગ પણ ખંડિત હોય એમ મ્હને લાગે છે. આવી પરિસ્થિતિમાં પાઠાન્તરની બહુ કિમ્મત નથી; છતાં તે ભવિષ્યના સંશોધકને માર્ગદર્શક થશે, એમ ધારી પાદનોંધમાં તે નોંધ્યા છે.

જેસંગ બેઠો ભરી રે સભાય, જાચક આવ્યા જાચવા રે;
જાચક જાચ્યો રાત્ય બે રાત્ય, (રાય રે) જેસંગે માન દીધલાં.
"રાજા! તારી રાણીઓ જોય, એક રે ન મળે જસમા ઓડણી;
રાજા! રે જસમાનું રૂપ, એ રે નારી તમ ઘર શોભતી."— ૪

× × × ×

રાજા પહોઢ્યો મેડી મોઝાર, રાણી રાજાને રે રીઝવે;
પાછલી પરોડાની રાત, રાણીએ રાજા જગાવિયો.
પાછલી રાતે ને પરોડ, રાણીને સપનું લાધીયું:
"ઊઠ રાજા! પોઢંતો જાગ, પાણી વિના પોરા મરે.
બળ્યો તારો પાટણ દેશ, ધણી વિના ઢોરાં મરે;
રૂડો મારો સોરઠ દેશ, સાવજડાં સાજેલ પીએ.
તેડાવો દૂધમલ ભાણેજ, ઓડાંને લખી કાગળ મોકલે."— ૧૧

× × × ×

લીલી ઘોડી પાતળિયો અસવાર, દૂધમલ આવીને ઊતર્યાં.
"ઊઠ દાસી દીવડલો અજવાળ્ય, દીવાની હલાલે કાગળ લખવા."

"શેની બાઇ! વણું રે દીવેટ? શેણે રે અજવાળું ઝમરખ દીવડો?"
"નરમા+ની વણ્ય રે દીવેટ, ઘીનો અજવાળ્ય ઝમરખ દીવડો."
બાળ્યાં બાળ્યાં રે સવામણ ઘી, સવારે કાગળ ઊકલ્યા. ૧૭

× × × × ×

"કેટલા લખું મામા! ઓડ?", "સવા લાખ લખો ભાણેજ! ઓડણી;
"જેસંગ રાજા ખોદાવે તળાવ, ઓડોને તેડાં મોકલ્યાં."
કાગળ આલ્યા બારોટાંને હાથ, (રાય રે) બારોટાંએ ભાથા ભીડિયા;
મૂલજી ખેડયો માઝમ રાત, વાગડ જઈને વાસો વસ્યા. ૨૧

× × × ×

"ગાયો ચારતલ ભાઇ રે ગોવાળ! કહે કયાં રે વાસો ઓડાં તણો?"
"હું તો ન જાણું મારા વીર, આઘેરો જઈ ઘર પૂછજે."
"હળ રે ખેડંતા ખેડુઆળ! કિયા રે જસમાના ઓરડા?"
"હું યે ન જાણું મ્હારા વીર! આઘેરો જઈ-ઘર પૂછજે."
"છાણાં રે વીણંતી છાણુકેર! કિયા રે જસમાના ઓરડા?"
"હું તો ન જાણું મારા વીર! આઘેરો જઇ ઘર પૂછજે."
"પાણી રે ભરંતી પાણિયાર! કિયા રે જસમાના ઓરડા?"
"હું યે ન જાણું મારા વીર! આઘેરો જઇ ઘર પૂછજે."
"ચૉરે બેઠા ચારણ ભાટ! કિયા રે જસમાના ઓરડા?"
"અમે ય ન જાણું મારા વીર! આઘેરો જઇ ઘર પૂછજે."
"શેરી રમતાં નાનાં બાળ! કિયા રે જસમાના ઓરડા?"
બાળક ચાલ્યાં રે સંગાથ, બતાવે જસમાના ઓરડા.
લોઢે જડી રે પડશાળ, ઘુઘરિયાળો જસમાનો ઝાંપલો,
બારણે બીજોરીનું ઝાડ, ચોકમાં પારસ પીંપળો.
ઊંચી મેડી રે અગનાશ, પોપટ ભણે રે પાંજરે.
ટોડલે ટહૂકે છે ધન મોર, ગોખમાં ઘૂમે પારેવડાં.
વળીએ વેરાણાં રે હીર, મોભારે મોતી જડ્યાં,
બારસાખે બેઠા ગણેશ, સાખે બેઠી નવરંગ પૂતળી. ૩૯

× × × ×

+ "ચંપાવરણી વણો રે દીવેટ, ભૂરી ભેંસોનાં ઘી ઘણાં" પાઠાન્તર

હેમનો ચૂડીલો બાઇને હાથ, સાંગામાંચી ઇમનાં બેસણાં;
આથમણી વાળી રે પૂંઠ, ઊગમણું દાતણ કરે.
પારસ પીંપળાની હેઠ, જસમા બેઠી દાતણ કરે;
સોનાં બટેરાં રે હાથ, તુલસીને ક્યારે ફેરા ફરે.

× × × ×

બારોટે કર્યા રે જુહાર, જસમાએ આશિષ સંભળાવીયાં.
કાગળ આલ્યો જસમાને હાથ, જસમાએ આલ્યાં બેસણાં.
કાગળ લીધો જસમાએ હાથ, કે વાંચીને માથું ધુણિયું:
"કેટલા લખ્યા છે રે ઓડ? કેટલી લખી (હાસી) ઓડણી.
અધ લાખ લખ્યા છે રે ઓડ, બે લાખ લખી છે ઓડણી."
અક્ષર વાંચ્યા એક ને બેય, જસમાની આંખે આંસું ઢળ્યાં,
આપશું કર્યો રે વિચાર, ક્યારિયેથી જેઠને બોલાવિયા.
"ઘેલી જસમા? ઘેલું મ બોલ, એ દેશે આપણ ન જાઇએ.
એ દેશના કૂડીલા લોક, કૂડીલા કાગળ મોકલે."
આપશું કર્યો રે વિચાર, ચૉરેથી સસરો બોલાવિયા.
કાગળ દીધો સસરાને હાથ: "રાય રે જેસંગે તેડાં મોકલ્યાં."
"'ઘેલી જસમા! ઘેલું મ બોલ,' સસરે વાંચીને માથું ધૂણિયું:
"એ દેશના ઠગારા લોક, ઠગીને કાગળ મોકલે;
વહુ! તારૂં રૂપ સુરૂપ, એણે રે રૂપે લાંછન લાગશે."
"સસરા! તું હઇયે મ હાર, નહિ રે ટળું જસમા ઓડણી;
ઘેલા બાપુ! ઘેલડું શું બોલ, એક વાર જાઉં ગઢ માંડવે."
સાસુ વહુને થઈ વઢવાડ: "વહુ રે! ન જાશો એ દેશમાં.
વહુ! તારૂં રૂપ સુરૂપ, એણે રે રૂપે લાંછન લાગશે.
એ મુલકના ધૂતાર છે લોક, કે ધૂતી જાશે જસમા ઓડણી."
"ઘેલી સાસુ! ઘેલડિઆં શાં બોલ, કસબ પોતાનો સહુ કરે."
જસમાને વારે છે બાપ: "મ જાજો દીકરી રે ગઢ માંડવે."
"ઘેલા બાપા! ઘેલડું શું બોલ, એક વાર જાઉં ગઢ માંડવે."
જસમા આપશું કર્યો રે વિચાર, પોઢંતા પિયુ જગાડિયા;
કાગળ આલ્યો પિયુડાને હાથ: "રાય રે જેસંગે તેડાં મોકલ્યાં."
"કેટલા લખ્યા છે રે ઓડ? કેટલી લખી સાથે ઓડણી?"
"અધ લાખ સૂંઢાડોને ઓડ, સવા લાખ સૂંઢાડોને ઓડણી."

× × × ×

હારે રે દળાવ્યા જસમાએ ઘઉં, કળશી દળાવ્યો મીઠો બાજરો;
વિજયા દશમ કેરી રાત, ઓડોએ ઊચાળા ખડકિયા.
શરદ પુનમકેરી રાત, ઓડોએ ઊચાળા* પલાણિયા;
ઓડ ચાલ્યાં સમીરે સ્હાંજ, જસમા ચાલી પરોઢિયે.
ઓડ આવ્યા અડધે રે પંથ, રાય રે જેસંગ સામો મળ્યો.
મઉ રે ચાલી મેવાડ, પાંછેરૂં પાટણ રહ્યું.
"અરે વંકા રાજા! પોઢયો હો તો જાગ, ઓડ આવ્યા તલાવ ખોદવા.
રાજાને થઇ રે વધાઇ, રાય રે જેસંગ સામા આવિયા. ૭૬

× × × ×

"ઓડાંને ગાંદરે ઊતાર્ય, કે જસમાને [1]ઊતારા રંગમહોલમાં."
"મોહોલે તારી રાણીને બેસાર્ય, અમારે ઓડાંને ભલાં [2]છાપરાં."
"ઓડાંને સાથરા નંખાવ, કે જસમાને હિંડોળા ખાટલા."
"હિંડોળે તારા કુંવરો બેસાડ, કે અમારે ઓડાંને ભલા સાથરા." ૮૦
"ઓડાંને ઊતારા દેવરાવ, કે જસમાને ઉતારા ઓરડા."
"ઘેલા રાજા! ઘેલાં શાં બોલ, અમારે ઓડાંને ભલાં ઝુંપડાં."
"ઓડાંને દાતણિઆં દેવરાવ, કે જસમાને દાતણ દાડમી."
"ઘેલા રાજા! ઘેલડિઆં શાં બોલ, અમારે ઓડાંને ભલી ઝીલડી."
"ઓડાંને નાવણિયાં દેવરાવ, કે જસમાને નાવણ કુંડીઓ."
"ઘેલા રાજા! ઘેલાં શાં બોલ, અમારે ઓડાંને ભલાં ખાબડાં."
"ઓડાંને ભોજનિયાં દેવરાવ, કે જસમાને ભોજન [3]લાપશી."
"લાપશી તારી રાણીને જમાડ, અમારે ઓડાંને [4]ભલી રાબડી."
"ઓડાંને ખીચડી નંખાવ, કે જસમાને કૂર કમોદના."
"કૂર તારા કુંવરોને જમાડ, અમારે ઓડાંને ભલાં ખીચડાં." ૯૦
"ઓડાંને તેલ અલાવ, કે જસમાને ઘી ગૌરી તણાં."
"ઘી તારા કુંવરોને જમાડ, અમારે ઓડાંને ભલાં તેલડાં."
"ઓડણોને મુખવાસિયા દેવરાવ કે જસમાને મુખવાસ એળચી."

---

* 'ફેરવ્યા'

(૧) 'મહેલ મેડી તણા.' (૨) 'ગાંદરાં.' (૩) 'લાડવા.' (૪) ભલા 'રોટલા.'

"એળચી તારી રાણીઓને ખવરાવ, અમે રે ઓડાંને ભલી મોથડી."
"ઓડણોને પોઢણિયા દેવરાવ, જસમાને પોઢણુ ઢોલિયો."
"ઢોલિયે તારી રાણીને સુવરાવ, અમારે ઓડાંને ભલી ગોદડી." ૯૬

× × × ×

"જસમાજી ! મારે મહેલે આવ, કહે તો બતાવું મારી રાણીઓ."
"તારી રાણીઓ જોઇ તું બેસ, રાણીઓ–સરખી મારે દાસીઓ.
જેવું તારી રાણીઓનું રૂપ, તેવી રે મારે ઘેર ભોજાઇઓ."
"જસમાજી ! મારે મોહોલે આવ, કહો તો બતાવું મારા કુંવરો."
"જેવું[1] તારા કુંવરોનું રૂપ, કુંવર સરીખા મારે જણ ભાગીયા."
"જસમાજી ! મારે મોહોલે આવ, તને રે દેખાડુ મારા હાથીઓ."
"તારા[2] હાથી જોઇ તું બેસ, તારા હાથી સરીખાં મારે આખલાં."
"જસમાજી ! મારે મહોલે આવ, તને રે દેખાડુ મારા ઘોડીલા."
"તારા ઘોડા જોઇ તું બેસ, ઘોડીલાં સરખાં મારે ખોલકાં." ૧૦૫

× × × ×

"કેવડું ખણાવશો તળાવ ? કેવડી ખણાવશો તલાવડી ?"
"લાખે ખણાવશું તળાવ, અરધ લાખે રે તળાવડી."
"કઈ પાસ ગોડું રે તળાવ ? કઈ પાસ ગોડું રે તલાવડી ?"
"ઊગમણું[3] ગોડ રે તલાવ, આથમણી ગોડ રે તલાવડી." ૧૦૯

× × × ×

અરે ખોદે ખોદે રે જસમા, સરોવર સહસ્રલિંગમાં.
એ તો માટી લઇને પાલપે ચઢે છે રે, સરોવર સહસ્રલિંગમાં.
એનાં કંકુવરણાં પગલાં પડે છે રે, સરોવર સહસ્રલિંગમાં.
એની છાયા સૂરજમાં ઢળે છે રે, સરોવર સહસ્રલિંગમાં.
એના પરસેવાનાં મોતીડાં ઝરે છે રે, સરોવર સહસ્રલિંગમાં.
એને ગાલે તે નારંગાં ઢળે છે રે, સરોવર સહસ્રલિંગમાં.
"રૂડીઆ ! રૂપાળીને સાથમાં શે લાવ્યો રે, સરોવર સહસ્રલિંગમાં ?
રાજા, જાણશે તો બાંધશે દાવો રે, સરોવર સહસ્રલિંગમાં."
આ શી રૂડી આંબલિયાની ડાળ, રાજાએ તંબુ તાણિયા.

---

(૧) 'તારા કુંવર જોઈ તું બેસ.' (૨) 'જેવું તારા હાથીઓનું રૂપ, તેવી રે મારે ઘેર ભેંસડી.' (૩) આથમણાં ગોદો તળાવ, ઉગમણી ગોદો તલાવડી.

જેસંગ બેઠો સરોવરિયા પાળઃ "કિયો રે જસમાનો ઘરધણી?"
ઉગમણા વાયરા રે વાય, જસમાનો છેડો[1] ખસી ગયો. ૧૨૦
જોયું રે રૂપાળી કેરૂં રૂપ, જોયો રે ચતુરાઇભર્યો ચોટલો.
પેટ એનું પોયણકેરૂં પાન, પાંસળિયે દીવા બળે;
પારણું બાંધ્યું આંબલિયાની ડાળ, આવતાં જતાં રે નાખે હીંચકો.
દીઠું દીઠું જસમાનું રૂપ, રાય રે જેસંગ મૂરછાઈ ગયો;
"લાવો સવા, લાવો સૂંઠ, મૂરછા તે રાયની વાળિયે."
"શું કરૂં સવા? શું કરૂં સૂંઠ? જસમા! તું હાલ મારા મહેલમાં?
જસમાનો પરણ્યો દેખાડ, કિયો રે જસમા કેરો ઘરધણી?"
"સોના કોદાળો છે હાથ, લાલ લુંગીની વાળી રે ઘાટડી."
"કિયા એના દિયર જેઠ? કિયો રે, ઓડાં તણો રાજવી?"
"સોનઇઆ હીંસ છે હાથ, [2]રૂપલા વેઢ ઓડા આંગળી. ૧૩૦
એ એના દિયર જેઠ, એ રે રાજા! એનો ઘરધણી!" ૧૩૧

× × × ×

"જસમા માટી થોડેરી ઉપાડ, [3]તારી રે કેડે લચક લાગશે."
"ઘેલા રાજા! ઘેલું મ બોલ, અમારી[4] કેડું લોઢે જડી.

× × × ×

"ઘેલા રાજા! ઘેલું મ બોલ, અમારે ઓડાંનો કસબ થિયો."
"જસમા માટી થોડેરી ઉપાડ, એ રે રૂવે તારાં છોકરાં." ૧૩૫

× × × ×

"જસમા તારે હીર ને ચીર, ઓડાની લોબડીએ શું મોહી રે?"
"હીર ને ચીર તારી રાણીને પહેરાવ, અમારે ઓડાંને ભલેં લોબડી."
"જસમા તારે જમવાં પાંચ પકવાન, રૂડિયાને શું મોહિ રે?"
"રૂડિયો છે મારો ભરથાર, એના સમો બીજો કોઈ નથી રે."
"જસમા તારે સોનાનો ચુડીલો, કાચલીને ચુડે શું મોહી રે?"
"સોના ચૂડો રાણીને પહેરાવ, અમારે ઓડાંને ભલી કાચલી."
"જસમા તારો સોરઠ પડ્યો મહેલ, આવી રે જા પાટણરાજને."
"બળ્યો તારો પાટણવાડો દેશ, સારંગડાં તૃષાએ મરે રે."

---

(૧) ફરૂકિયા. (૨) કેડે કટારાં વાંકડાં. (૩) કેડોનો લાંક લળી જશે.
(૪) કેડોનો લાંક લોઢે જડ્યો.

"ભલો મારો સોરઠ દેશ, સારંગડાં કલ્લોલ કરે.
ઘેલા રાજા! ઘેલું મ બોલ, તારે સ્વાધીન થવાની નથી રે!" ૧૪૫

× × × ×

ફટ ફટ! શો કીધો કેર, ગરીબ ઓડાંને દૂભાવિયાં રે.
લાખ લાખ માર્યાં છે રે ઓડ, અધલાખ મારી રાજાએ ઓડણી.
માર્યા જસમાના દિયર જેઠ, માર્યો રે જસમાનો ધરધણી.
લોહીના વરસ્યા રે વરસાદ, તલવારે તાળી પડી.
"નારિયેળીના પોઠી મગાવ, ઓડાંને ઉપર બાંધિયે.
ડોસીડાંનાં હાટ ઉઘડાવ, ઓડાંનાં ખાંપણ વહોરીએ.
અગર ચંદન કાઠી મગાવ, ઓડાંને દાગ દેવરાવિયે.
સુખડ ચંદન વૃક્ષ વઢાવ, ઓડાંને દેન દેવરાવિયે." ૧૫૩

× × × ×

"જેસંગ રાજા! ઊંચેરૂં [1]જોય, સમળી ફરે સોના તણી.
"જેસંગ રાજા! ઊંચેરૂં જોય, ભડકલમાં ચરકલી બળે."
રાજા ઊંચેરૂં જોવા જાય, જસમા યે ઝંપલાઈ ગયાં રે. ૧૫૬

× × × ×

"બળતેરી બોલું સરાપ: [2]ઘણું રે જીવો રાજા વાંઝિયો.
બળતેરી બોલું સરાપ: રૂપે ન સરજે ઓડણી રે!" ૧૫૮

× × × ×

જેસંગ રૂવે રે હૈયાફાટ, આંખે ભાદરવો ઝરે:
"જસમાજી! તારે દરબાર, હું કેમ ન સરજ્યો રે પ્હાણકો?
આવા રૂડા જસમા! તારા પગ, પથરો જાણી તું પહાની ઘસત.
જસમાજી! તારે દરબાર, હું કેમ ન સરજ્યો ખીલડો?
આવા રૂડા જસમાના હાથ, કાને સાહી ખીલે બાંધત.
જસમાજી! તારે દરબાર, હું કેમ ન સરજ્યો કૂતરો?
આવો રૂડો તારો કંઠ, 'હીરલો' કહી બોલાવત."
જેસંગ રૂવે રે હૈયાફાટ, આંખે શ્રાવણ કેરાં સરવડાં! ૧૬૬

(ખંડિત)

(૧) 'જુ ને, ઉંચે ઉડે સોના ચરકલી.'. (૨) 'સાતે જનમારા જેસંગ વાંઝિયો.

વિશિષ્ટ શબ્દોની અનુક્રમણિકા

રાસમાળાં ભાગ ૧ લો અને ભાગ ૨ જો

અ

આ

કે. કૈ. કો. કૌ.

૩

ચિ. ચી. ચુ. ચૂ.

ચે, ચો. ચૌ. ચં.

ઝ, ઝા, ઝી.

થા

દ. દા. દુ. દે. દો.

ન. ના. ની. ને.

ફિ. ફુ. ફૂ. ફે.

બ.

મિ. મી. મુ.

મે. મો. મ્હે. મં.

ય. યા. યુ. યો.

લી. લુ. લૂ. લે. લો.

વ.

સિ.

હે. હૈ. હો. હૌ.

સમાપ્ત.